بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

મિર્અતુલ મનાજીહ

શરહે

મિશ્કાતુલ મસાબીહ

(ભાગ : ૫)

અઝ

હકીમુલ ઉમ્મત મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ

અનુવાદક

પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી

(ખલીફા હુઝૂર તાજુશ્શરીઅહ, તંત્રી : બરકાતે ખ્વાજા-માસિક)

પ્રકાશકો

અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા

સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)

GRWB/059/Bharuch/02 C/o. ફયૂઝાને રઝા મંઝિલ,

મુ.પો. દયાદરા–૩૯૨૦૨૦, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www. barkatekhwaja.net Email :anjuman2006@hotmail.com

noorani art

Mob. 9427464411

001

હદ્દિયો ₹500

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ



اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا رَسُوۡلَ اللّٰہِ ﷺ
وَعَلٰی آلِکَ وَاَصۡحَابِکَ یَا حَبِیۡبَ اللّٰہِ ﷺ



સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન

કિતાબનું નામ : **મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ (ભાગ : ૫)**

અઝ : **હકીમુલ ઉમ્મત મુફ્તી અહમદ યારખાં નઈમી** رحمۃ اللہ علیہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, **Email : anjuman2006@hotmail.com**

કંપોઝિંગ & ડિઝાઈન : સાદિક યાકૂબ પટેલ–દયાદરા (મો. ૯૪૨૭૮૧૭૩૯૯)
મુઝમ્મિલ ઈલ્યાસ પટેલ–ઈખર (૯૭૨૩૮૬૨૭૨૮)

પેજીસ : **૮૮૮★ કિંમત : ₹500 /- ★ પ્રત : ૧૫૦૦ ★ આવૃત્તિ :** પ્રથમ

પ્રકાશન વર્ષ : ૧૨, રબીઉલ અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૪૬ ★ **પ્રકાશન નં. :** ૨૭૭
અંગ્રેજી તા. ૧૬/સપ્ટેમ્બર/૨૦૨૪, સોમવાર

પ્રાપ્તિસ્થાન : **અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**
મુ.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦,
મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭
Email : anjuman2006@hotmail.com
www.barkatekhwaja.net તથા **Barkate Khwaja App** જરૂરથી જુઓ.

પ્રકાશકો

અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા	**સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)**
C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭	C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. **દયાદરા**, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦, મો. ૯૪૨૭૪૬૪૪૧૧, ૯૬૬૪૫ ૨૧૪૭૭

બેંક ઓફ બરોડા–દયાદરા બ્રાન્ચ A/c. No. 34620100000303 Razvi Kitab Ghar, IFSC Code : BARB0DAYADR	**Mo. 9427464411 (PhonePe/Paytm/Gpay)**

નોંધ : અંજુમને રઝાએ મુસ્તફા કે ઈસ્લામિક વેલ્ફેર મિશનના ડોનરો કે મેમ્બરોએ પત્ર લખવાની જરૂર નથી તેમને ડાયરેક્ટ કિતાબો મળી જશે. મેમ્બર ફી **રૂ. ૮૦૦/–** ભરીને મેમ્બર થઈ શકાશે.

અ.....નુ.....ક.....મ.....ણિ.....કા.....

વિષય	પેજ નં
➠ **કલેમાતે ખૈર**	
(અઝ :મુહમ્મદ શાકિર નૂરી રઝવી–મુંબઈ)	21
➠ **અનુવાદકની ક़લમે...**	
(અઝ :પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી)	22
🗁 **નિકાહ વિશે વર્ણન**	25
નિકાહનો અર્થ અને એની શરઈ હૈસિયત	25
હૂરો સાથે નિકાહ વિશે વર્ણન	25
શબાબનો અર્થ	26
નવાફિલ કરતાં નિકાહ અફઝલ છે	26
જીવનભર નિકાહ ન કરવાની મનાઈ	26
સંસાર ત્યાગ ઈસ્લામમાં નથી	27
નેક પત્ની ખુદાની અમાનત	28
બુરી પત્ની ખુદાનો અઝાબ !	28
કુરૈશની સ્ત્રીઓની પ્રશંસા	28
સ્ત્રી ફિત્નાગર છે તેનાથી બચવાનો ઈલાજ શું છે ?	29
નહૂસત સ્ત્રી, ઘર તથા ઘોડામાં છે	30
કુંવારી સાથે નિકાહ મુસ્તહબ	31
પોતાની પત્ની સાથે આનંદ પ્રમોદ બેહતર	31
સફરથી ઘરે પહોંચતા પહેલાં ખબર કરો	32
ત્રણ શખ્સોની મદદ કરવા વિશે	32
છોકરીના વાલીઓને સંબોધન	33
મહોબ્બત કરનારી તથા અધિક બાળકો જાણનારી સાથે નિકાહ કરો	34
મહોબ્બત ચાહનારાઓ માટે નિકાહ શ્રેષ્ઠ ચીજ	35
મો'મિનને ખૌફે ખુદા બાદ નેક પત્ની મહાન નેઅમત	36
નિકાહ કરી લીધો અડધો દીન સંપૂર્ણ કરી લીધો	37
મોટી બરકતવાળો નિકાહ તે જે ઓછા ખર્ચમાં થાય	37
🗁 **પર્દાના હુકમ વિશે વર્ણન**	38
એક ચાદરમાં બે પુરૂષ કે બે સ્ત્રી ભેગાં નગ્ન ન સૂએ	38

વિષય	પેજ નં
કયા કયા અંગો સતર (છુપાવવાની ચીજ) છે ?	40
કોઈ પુરૂષ કોઈ પરણીત સ્ત્રી પાસે રાત ન ગુજારે	40
મેહરમ વિશે વર્ણન	40
ગૈર મેહરમ સ્ત્રી પાસે બેપર્દા ન જાવ	41
ભાભી દિયર જેઠથી, સાળી બનેવીથી પર્દો કરે	41
ઈલાજ માટે ગૈર મેહરમે બીમારીની જગા જોવી જાઈઝ	42
ગૈર મેહરમ સ્ત્રી પર અચાનક નજર પડે તો ?	42
જરૂરત વિના સ્ત્રી ઘરેથી ન નીકળે	42
નિકાહ માટે સ્ત્રી જોવામાં શાનો લેહાઝ રાખવો	43
નિકાહના પૈગામ પહેલાં જોઈ લેવાનો હુકમ	43
મસાઈલની તા'લીમમાં ખુલાસાથી કહેવું શરમ વિરુદ્ધ નથી	44
સ્ત્રી છુપાવવાની ચીજ છે	45
પુરૂષને હરામ છે કે અજનબી સ્ત્રીને જુએ	45
પીરે તથા ઉસ્તાદે મુરીદા તથા શાગિર્દાને બપર્દા જોવી જાઈઝ નથી	45
બાંદીના કોઈનાથી નિકાહ કર્યા બાદ તેનું સતર જોવું નાજાઈઝ	46
પુરૂષની જાંગ સતર છે	46
કોઈની સામે જાંગો ન ખોલો	47
મુર્દા બાલિગની પણ જાંગ ન જુઓ	47
એકાંતમાં પણ નગ્ન થવાથી બચો !	48
સ્ત્રીઓનું પુરૂષોને જોવું પણ સખત હરામ છે	48
સ્ત્રી પુરૂષ એકલાં હોય ત્યારે તેમાં ત્રીજો શૈતાન હોય છે	50
જે સ્ત્રીઓના પતિ ગૈર હાજર હોય ત્યાં ન જાવ	50
શૈતાન દરેકના લોહીના ભ્રમણ સાથે ભ્રમણ કરે છે	51
બાલિગ ગુલામ પોતાની માલિકા માટે અજનબી છે	51
હઝરત આઈશાએ કદાપિ રસૂલુલ્લાહ ﷺનું સતર નથી જોયું	54
તદ્દન નગ્ન સંભોગ કરવાથી ઔલાદ બેશરમ પેદા થશે	54

વિષય	પેજ નં
નીચી નજર અને ઈબાદતમાં લિજ્જત	54
જે જુએ અને જેને જુએ બંને પર લઅનત !	55
નિકાહમાં વાલી વિશે વર્ણન	56
કુંવારીના નિકાહ તેણીના રજા વિના ન કરે	56
વિધવાના નિકાહ તેની ઝબાની ઈજાઝતથી થશે	58
બાળકીઓનું રમકડાં તથા ઢીંગલીઓથી રમવુ જાઈઝ	58
નાબાલિગાનો નિકાહ વાલી કરી શકે	58
અમુક સંજોગોમાં નાબાલિગ ઔલાદના નિકાહ જરૂરી	59
છોકરીની બાલિગ થવાની વય કમસે કમ નવ વરસ	59
હઝરત આઈશા رضی اللہ عنہا નો ઈન્તેકાલ હિ.સ. ૫૭માં થયો	59
નિકાહમાં વલીની ઈજાઝત સંબંધે શાફઈ હનફી મતભેદ	60
ફાસિદ નિકાહથી સોહબત પર મહેર લાજિમ	60
વાલીપણામાં મતભેદ પર હાકિમ વલી થશે	61
ગવાહ વિના નિકાહ કરવા ઝિના છે	61
બાલિગ કુંવારીની ખામોશી ઈજાઝત છે	61
યતીમ નાબાલિગના નિકાહ દાદા કરી દે તો રદ કરવાને પાત્ર નથી	62
ગુલામ માલિકની રજા વિના નિકાહ કરે તો ઝાની	62
બાલિગ છોકરીનો બાપ જબરદસ્તી નિકાહ ન કરી શકે	62
બાળકનું સારુ નામ રાખો કે નામની અસર પડે છે	63
નબીઓ કે સહાબીઓના નામ પર નામ રાખો	63
જરૂરત પૂરતો ઈલ્મે દીન જરૂર શીખવાડો	64
બાળકોને ન પરણાવનાર બાપ પર બાળકના ગુનાહનો વબાલ જશે	64
નિકાહનું એલાન તથા ખુત્બા વિશે	66
બાળકોનું ગીત ગાવું મુબાહ છે	66
નિકાહ વખતે દફ પર સારા શેઅરો પઢવા	67
સહાબાનો અકીદો હતો કે હુઝૂર ﷺ ઈલ્મે ગયબ જાણે છે	67
બાલિગા સ્ત્રીઓના ગીતનો અવાજ, વાજિંત્રો વગેરે નાજાઈઝ	68
હઝરત આઈશાના નિકાહ તથા વફાત શવ્વાલમાં થયા	68

વિષય	પેજ નં
થયા એ વહેમો બાતિલ છે	68
મહબૂબાએ મહબૂબે રબ્બુલ આલમીન	68
નિકાહની શર્તો પતિ પત્ની જરૂર પૂરી કરે	69
કોઈના નિકાહના પયગામ પર પયગામ ન આપે	69
કોઈ સ્ત્રી આગલી પત્નીની તલાકની માગણી ન કરે	69
સાટા પદ્ધતિથી મના કર્યું	70
સ્ત્રીઓ સાથે મુત્આની મનાઈ	71
પાલતુ ગધેડાનો ગોશ્ત હરામ	71
તશહહુદમાં હુઝૂરને દિલમાં જલ્વાગર (હાજર) જાણીને સલામ અર્ઝ કરે	72
જે શાનદાર કામ અલ્લાહની હમ્દથી શરૂ ન થાય તે અપૂર્ણ છે	76
નિકાહોનું એલાન કરો	76
જુમ્આના દિવસે જુમ્આ બાદ મસ્જિદમાં નિકાહ મુસ્તહબ	77
દફ વગેરે વાજિંત્રોમાં ઝાંઝર હરામ	77
અન્સારની શાદીમાં દફ તથા ગાવાનો રિવાજ હતો	78
એક જ સમયે બે વલીઓ થકી નિકાહ કરી દેવાનો મસ્અલો	79
સહાબાએ કિરામનો ખૌફ તથા તક્વો	79
ખસ્સી થઈ જવાની મનાઈ	80
હઝરત અલી رضی اللہ عنہ મુત્આને હરામ માનતા હતા	80
મુત્આ ઝિના છે, ઈસ્લામમાં તમામ પ્રકારના ઝિના હરામ	80
નાની બાળકીઓનું શાદીમાં જાઈઝ ગીત ગાવું જાઈઝ	81
હરામ કરેલી સ્ત્રીઓ વિશે વર્ણન	83
એક જ સમયે બે બહેનો, ફોઈ કે માસી સાથે નિકાહ હરામ	83
દૂધના સંબંધથી કયાં સગાઓ હરામ થશે	84
દૂધ પીવાના ગાળામાં મુત્લક્ન દૂધ પીવાથી હુર્મત સાબિત	86
મોટુ બાળક દૂધ પી લે તો રઝાઅત સાબિત નથી	87
કોઈ સ્ત્રી વિના કારણે કોઈ બાળકને દૂધ ન પીવડાવે અને પીવડાવે તો જાહેર કરી દે	88
અજાણતામાં દૂધ બહેનથી નિકાહ થઈ જાય તો જાણ થતાં તરત અલગ થઈ જાવ	88

વિષય	પેજ નં
કાફિરા કેદી સ્ત્રી સાથે ઈસ્બરાઅ બાદ સોહબત હલાલ	89
બે બહેનોને એક સાથે નિકાહમાં રાખવા વિશે હુકમ	90
ઈસ્લામમાં મુજરિમોને જાહેરમાં સજા શા માટે ?	91
મત્રાઈ મા (Step Mother) સાથે નિકાહ કરવા પર તેના ક़ત્લનો હુકમ	91
મુર્તદને ક़ત્લ કરવા તથા માલ છીનવી લેવાનો હુકમ	91
બાળકને અઢી વરસ બાદ દૂધ પીવડાવવાથી દૂધ સંબંધ સાબિત નથી	92
જ દૂધની મજૂરી આપવાથી દૂધનો હક્ક़ અદા ન થશે	93
અબૂ તુફૈલ દુનિયાથી પર્દો કરનાર અંતિમ સહાબી	93
કયામે તા'ઝીમીની સાબિતી	93
મત્રાઈ માની પણ અનહદ તા'ઝીમ કરવી જોઈએ	94
ઈસ્લામ લાવ્યા બાદ વધુ પત્નીઓવાળાને ફક્ત ચાર રાખવા હુકમ	94
ઈસ્લામ લાવ્યા બાદ બે બહેનો પત્ની તરીકે હોય તો એકને અપનાવે	95
પતિ પત્ની જો મુસલમાન થઈ જાય તો નિકાહ યથાવત રહેશે	96
પતિ પત્ની ઈદ્દત ગુજરતાં પહેલાં ઈમાન લાવે તો પ્રથમ નિકાહ કાયમ રહેશે	97
સૈયદના ઝયનબના નિકાહ ઈસ્લામ બાદ અબુલ આસ સાથે ફરીથી થયા	98
હુઝૂર ﷺ ખુશીના વખતે ઉભા થઈ જતા	99
વંશથી સાત અને સાસરીની સાત સ્ત્રીઓ હરામ	99
સંભોગ કરેલ સ્ત્રીની પુત્રીથી નિકાહ હરામ અને સંભોગ ન કરેલીની પુત્રી સાથે તલાક़ બાદ નિકાહ જાઈઝ	100
સોહબત કરવા વિશે વર્ણન	102
સ્ત્રી સાથે ગુદામાં સંભોગ ક़તઈ હરામ	102
અ़ઝ્લ કરવા વિશે મસ્અલો	103
બાંદી સાથે અ़ઝ્લ કરવા વિશે	103
અ़ઝ્લ કરનારનું બાળક સહીહુન્નસબ થશે	104
અ़ઝ્લથી તક़દીર નથી બદલાય શક્તી	104

વિષય	પેજ નં
અરબવાસી કેદીને ગુલામ બનાવવામાં નહીં આવે	104
જલક़ એટલે હસ્તમૈથુન હરામ છે	105
દરેક વિર્યથી બાળક પેદા નથી થતુ જેથી અ़ઝ્લ કરવું બેકાર છે	105
હુઝૂર ﷺ અહકામના માલિક છે	107
અઝલ કરવું છુપી રીતે ઝિંદા દફનાવવું છે	107
પત્ની સાથે સંભોગના હાલાત બીજાને ન બતાવો	107
પત્નીની છુપી અયબો લોકોને ન બતાવો	108
ગુદામાં તથા હૈઝની હાલતમાં સંભોગ હરામ	108
છોકરીની ગુદામાં સંભોગ સખત હરામ અને એવું કરનારને ક़ત્લ કરવામાં આવે	109
પોતાની પત્ની સાથે ગુદામાં સંભોગ કરનાર મલઊન છે	109
અલ્લાહ તેને રહમતની નજરથી ન જોશે	110
આઝાદ સ્ત્રીથી વિના ઈજાઝત અ़ઝલ જાઈઝ નથી	111
વિવિધ મસાઈલ વિશે વર્ણન	112
હઝરત બરીરાનો બનાવ	112
મહેર વિશે વર્ણન	116
મહેરની વ્યાખ્યા અને તેની માત્રા વિશે	116
હુઝૂર ﷺએ એક સ્ત્રીના નિકાહ કુર્આનના મહેરથી કર્યા	116
હુઝૂર ﷺની આમ બીવીઓની મહેર પાંચસો દિરહમ હતા	118
હુઝૂર ﷺનાં બીવી ઉમ્મે હબીબાની મહેર ચાર હજાર દિરહમ હતા	118
હઝરત ફાતિમા ઝહરાની મહેર દોઢસો તોલા ચાંદી હતી	120
આવા હતા ઈસ્લામી ખલીફા !	120
પત્નીને કાંઈ આપ્યા વિના સુહાગરાત ન કરે	120
સ્ત્રીને હક્ક़ છે મહેર માફ કરે મહેર મિષ્લથી ઓછી કરે	121
હઝરત ઈબ્ને મસ્ઊદ પોતાના ઈજતેહાદી મસ્અલાના સહીહ હોવા પર ઘણા ખુશ થયા	121
નજ્જાશી બાદશાહે ઉમ્મે હબીબાના નિકાહ હુઝૂર સાથે ગાઈબાના કર્યા	123
વલીમા વિશે વર્ણન	125
વલીમો સુન્નત છે ભલે એક જ બકરી હોય	125

વિષય	પેજ નં
હઝરત સફિય્યા رضی اللہ عنہا ના નિકાહ અને વલીમા વિશે	127
દરેક દા'વત ખાસ કરીને વલીમાની કબૂલ કરવા વિશે	128
બુઝુર્ગોના ફાતિહાના ખાણા તબર્રુક છે, સૌ ખાય	128
તે દા'વત બુરી છે જેમાં ફક્ત માલદારોને જ બોલાવવામાં આવે	129
ગોશ્તનો વેપાર સહાબાની સુન્નત છે	130
મહેમાન માટે આયોજનપૂર્વક ખાણા તૈયાર કરવાં સુન્નત	131
હઝરત ઈબ્રાહીમ عليه السلام એ આટાને દૂધમાં ભેળવીને પરાઠા બનાવ્યા	131
દા'વત સંબંધી કેટલાક મસાઈલ	131
નબીના માટે યોગ્ય નથી કે તે સજાવેલા ઘરમાં પ્રવેશે	132
સિંહને કહ્યું કે હું રસૂલુલ્લાહ ﷺ નો ગુલામ છું !	132
ઘમંડના કારણે દા'વત કબૂલ ન કરનાર નાફર્માન	133
વિના દા'વતે જનાર ચોર બનીને ગયો અને ડાકૂ બનીને નીકળ્યો	133
દા'વતો ભેગી થાય તો નજીકના દરવાજાવાળાની કબૂલ કરે	133
પ્રથમ દિવસનું હક્ક, બીજા દિવસનું, ત્રીજા દિવસનું રિયા	134
હરીફાઈ કરનારાઓની દા'વત ન સ્વીકારે	134
બદ્દકારોની દા'વત કબૂલ ન કરે	134
વારી વિશે વર્ણન	137
ભેટ, ખર્ચો, કપડાં, ઘરેણાં અને રાત ગુજારવામાં ન્યાય વાજિબ	137
હુઝૂર ﷺ એ વિસાલ વેળા નવ બીવીઓ છોડી	137
હુઝૂર ﷺ દરેક પાસે વારી પ્રમાણે તશરીફ લઈ જતા	138
પત્ની પોતાની વારી સોતનને આપી શકે છે	138
હુઝૂર પત્નીને સફરમાં સાથે લઈ જવા ડ્રો કરતા	139
જે પત્નીઓમાં ન્યાય ન કરે તેનુ પાસુ કયામતમાં વાંકુ હશે	142
ઈબાદતમાં વ્યસ્ત બની બીવી બચ્ચાંથી બેખબર થવું સખત મના	142
સરફ સ્થળે હઝરત મૈમૂનાથી નિકાહનો બનાવ	142

વિષય	પેજ નં
કબ્રની ઝિયારતના આદાબ	143
અઝવાજે મુતહ્હરાતની વફાત વિશે વર્ણન	144
વિના વાંકે પત્નીને તલાક આપવી જાઈઝ	144
પત્ની સાથેની વર્તણૂંક વિશે વર્ણન	145
સ્ત્રી વાંકી પાંસળીથી પેદા થઈ, તેનામાં સખત મિજાઝી રહેશે	145
સ્ત્રી તાલીમો તર્બિયતથી સુધરી જાય છે પણ સીધી નથી થતી	146
પત્નીઓ બાબતે સબ્રથી કામ લો	146
બની ઈસ્રાઈલના કારણે ગોશ્ત બગડવાનુ શરૂ થયું	146
સ્ત્રીમાં જીદ તથા હઠ હઝરત હવ્વાનો વારસો	147
પત્નીઓને સખ્ત માર મારવાની મનાઈ	147
બાળકીઓએ ઢીંગલીઓથી રમવું જાઈઝ	148
હઝરત આઈશાને હુઝૂરે બાળકોની તીરંદાઝી દેખાડી	149
હઝરત આઈશાનું ગુસ્સામાં પણ અદબ જાળવવું	150
રાફઝીઓના વાંધાનો જવાબ	150
સોહબતના આદાબ	151
હુઝૂર ﷺ નો ઈલ્મ સૌથી અધિક છે	151
માગેલાં કપડાં પહેરનારો બેઈજ્જત થાય છે	152
ઈલા એટલે ચાર મહીના સુધી પત્નીથી અલગ રહેવાનો મસ્અલો	152
પુરૂષ સ્ત્રીનો હાકિમ છે, નાફર્માની કે અયોગ્ય માગણી પર સજા આપી શકે	155
સજા આપી શકે છે	155
અબૂ બક્ર ઉમરે પોતપોતાની પુત્રીઓની ગરદન હુઝૂર સામે મરડી	155
પોતાની જવાન પરણીત ઔલાદને સજા આપી શકે છે	156
જેને ચાહે અલગ કરે જેને ચાહે વારી રાખે કે ન રાખે	156
હઝરત આઈશા સાથે હુઝૂર ﷺ ના દોડવાનો બનાવ	158
કઈ ચીજોમાં હરીફાઈ જાઈઝ છે, બંને બાજુથી શર્ત જુગાર છે	158
સૌથી સારો તે છે જે ઘરવાળાં સાથે મિલનસાર હોય	158

વિષય	પેજ નં
મરેલાની ગીબત બદતરીન ગુનોહ છે	159
પતિની આજ્ઞાંકિત પત્ની જન્નતના દરેક દરવાજેથી જઈ શકે છે	159
જો હું કોઈને સજદાનો હુકમ આપતો તો સ્ત્રીઓને પતિના સજદાનો હુકમ કરતો	160
તે સ્ત્રી જન્નતમાં જશે	160
પતિથી ઝઘડતી પત્નીને હૂર શું કહે છે ?	161
હૂરોના ઈલ્મનો આ આલમ છે તો હુઝૂરના ઈલ્મનો શો આલમ હશે	161
પતિ પર પત્નીનો શું હક્ક છે ?	162
પત્નીને લિબાસ તથા ઘરેણાં પહેરાવવાં સુન્નત	162
પત્નીને કયા કારણે મારી શકે ?	162
તેણીને ગાળો ન આપો	163
સુધારણા માટે પત્નીથી બોલચાલ બંધ કરી શકાય છે	163
હુઝૂર ﷺએ પોતાની કોઈ પત્નીને કદી મારી નથી	164
નસીહતથી પત્નીની સુધારણા કરવી બેહતર	165
કમજોર પર મહેરબાની ખુદા વ રસૂલની સુન્નત	166
હઝરત કૈસ رضی اللہ عنہ એ હુઝૂર ﷺને સજદો કરવાની રજા ચાહી	167
કબ્રોને સજદો કરવો હરામ	168
પતિના ખાતર નમાઝ ટૂંકાવવું અને નફ્લી રોઝા ન રાખવા	169
હુઝૂરને અખત્યાર છે ચાહે કઝાને અદા અને અદાને કઝા કરી દે	170
હુઝૂર ﷺને ઊંટે સજદો કર્યો	171
હુઝૂર ﷺને ઝાડ, પથ્થર તથા જાનવરે હમેશાં સજદો કર્યો	171
હુઝૂરનું પોતાને ભાઈ કહેવું આજીજી ઈન્કેસારી માટે છે	172
જેનામાં આ ચાર ખૂબીઓ હોય તેને ખયરે કષીર આપવામાં આવી	173
દિલી શુક્રની હક્ીકત	174
ખુલઅ તથા તલાક્ પિશે વર્ણન	175

વિષય	પેજ નં
સહાબાની આદત કે જેનાથી નારાજ હોય તેના પર ખોટો આક્ષેપ ન કરતા	175
કોર્ટ થકી નિકાહ રદ કરવા શરીઅત વિરૂધ્ધ તથા ગલત છે	176
ખુલઅ એ તલાક્ છે ફસ્ખે નિકાહ નથી, એમાં મર્દ એક તલાક આપે	176
માસિકની હાલતમાં તલાક્ આપવી હરામ પણ લાગુ થઈ જશે	176
કોઈ ચીજને પોતાના માટે હરામ કરી લેવી ક્સમ છે એનો કફ્ફારો	178
મગાફીરની બૂ અને હુઝૂર ﷺની કસમનો કિસ્સો	179
વિના જરૂરત તલાક માગનારી પર જન્નતની ખુશ્બુ હરામ	180
ખુદાની નજીક નાપસંદીદાતરીન તલાક્ છે	181
નિકાહથી પહેલાં તલાક નથી જો નિકાહ પર નિર્ભિત ન હોય	181
રૂકાનાની હદીષ	183
ત્રણ ચીજો નિકાહ તલાક તથા રુજૂઅ ઈરાદાપૂર્વક કે મજાકથી હોય લાગુ થઈ જાય છે	184
જબરદસ્તી તલાક્નો મસ્અલો	185
પાગલ અને બુધ્ધિ ગુમાવી બેસનારની તલાક્ નથી	186
નશાવાળાની તલાક પડી જશે	186
લોંડીની બે તલાકો અને ઈદ્દત બે હૈઝ	187
એકી સાથે ત્રણ તલાકો આપવાથી ત્રણ જ લાગુ થશે	188
હુઝૂર ﷺને દુઃખ પહોંચાડવું અને પહોંચી જવામાં ફરક	189
કોઈએ સો તલાકો આપી દીધી તો ?	190
કેટલીક વાર તલાક્ આપવી મુસ્તહબ કે વાજિબ પણ હોય છે	191
ત્રણ તલાક્ પિશે વર્ણન	192
હલાલામાં બીજો પતિ જ્યાં સુધી સંભોગ ન કરે પહેલા માટે જાઈઝ ન થશે	192
હલાલામાં હલાલ થવા માટે જરૂરી મસાઈલ	193
હુઝૂર ﷺએ હલાલો કરનાર અને જેના માટે કરવામાં આવે બંને પર લા'નત કરી	193
ઈલાનો મસ્અલો	194

વિષય	પેજ નં
ઝેહારનો મસ્અલો અને કફ્ફારો	195
સલમા બિન સખરાના માટે ૧૬ સાઅ ખજૂરો ઝેહારના કફ્ફારામાં અપાવી	196
કફ્ફારાથી પહેલાં જો સોહબત થઈ જાય તો એક જ કફ્ફારો છે	196
વિવિધ મસાઈલ વિશે વર્ણન	199
બેકુસૂરને સજા આપવી ગુનોહ છે	201
લિઆન વિશે વર્ણન	202
લિઆન સિવાય કોઈ મુસલમાન પર લઅનત નથી કરી શક્તા	202
પતિ તથા પત્ની હાકિમની સામે જઈને લિઆન કરે	203
લિઆન બાદ હાકિમના ફૈસલાથી સ્ત્રી બિલ્કુલ ખારિજ થઈ જાય છે, હવે તેણીને તલાક઼ની જરૂર નથી રહેતી	204
સહાબાથી ગુનાહ થયા પણ ગુનાહ પર કોઈ કાયમ ન રહયું, બલ્કે તૌબા કરી લીધી	204
સોહબતથી મહેર મોઅક્કદા થાય છે, મુલાઈનાથી મહેર અપાવવામાં નહીં આવે	206
ઝિનાના જૂઠા આક્ષેપની સજા ૮૦ કોરડા છે	207
ઈલ્મે ગયબ પર એક શંકાનું નિવારણ	208
લિઆનથી કોઈ ફાસિક નથી થતુ	209
ક઼ેસાસ, સજાઓ તથા રજ્મ કેવળ હાકિમ જ લાગુ કરે	209
ક઼ૌમનો સરદાર ગૈરતમંદ હોવો જોઈએ	209
હુઝૂર ﷺ સર્વ કમાલની ખૂબીઓમાં સર્વ મખ્લૂક઼થી અફઝલ છે	211
હમ્દે ઈલાહી શ્રેષ્ઠ ઈબાદત છે	211
હયા તથા ગૈરત અલ્લાહની ખૂબીઓ છે, જેને એ મળી ગઈ તેને સર્વ કાંઈ મળી ગયું	212
બાળકમાં રંગની વિવિધતા હોવી એ રબની કુદરત છે જેથી એના પર શક ન કરે	212
રંગરૂપ એ કમજોર નિશાનીઓ છે, કેવળ એના આધારે આક્ષેપ ન મૂકે	213
માલી દાવાની જેમ સૌનો દાવો થઈ શકે	214
પૂર્વ તથા પશ્ચિમમાં રહેનાર પતિ પત્નીને ઔલાદ પેદા થવાનો મસ્અલો	215
ઈસ્લામમાં ઝાનીથી વંશ સાબિત નથી	215
અંદાઝાથી વંશ સાબિત ન થશે	216
પોતાને ગૈર બાપ તરફ સંબંધિત કરનાર પર જન્નત હરામ !	216
જે બાપ પોતાના બાળકનો જાણી જોઈને ઈન્કાર કરશે તે જન્નતથી વંચિત રહેશે	218
ફાહિશા બદ્કાર પત્નીને તલાક઼ આપી દેવી બેહતર	219
અજ્ઞાત વંશવાળા બાળકની નિસ્બતનો મસ્અલો	220
વિના કારણે કોઈના પર બદ્ગુમાની કરવી ગૈરત નથી પણ ફિત્ના ફસાદ છે	221
જાહિલિયતના જમાનાના ઝિના પર ઝિનાની સજા લાગુ ન થશે	223
મુસલમાન સ્ત્રીના નિકાહ કાફિર પુરૂષથી નથી થઈ શક્તા	223
ઈદ્દત વિશે વર્ણન	226
ઈદ્દતના સમયમાં ભરણપોષણ તથા મકાન આપવાનુ હોય છે	227
નિકાહના પયગામના મોક઼ા પર એકબીજાની ખબર આપવી જાઈઝ	228
નિકાહમાં વડીલોથી સલાહ લેવી સુન્નત	229
ઈદ્દતમાં સ્ત્રી મજબૂરીથી મકાન બદલી શકે છે	229
ફાતિમા બિન્તે ક઼ૈસની હદીષ અમલને પાત્ર નથી	230
સગર્ભાની ઈદ્દત ગર્ભનુ બહાર થવું છે	231
સ્ત્રી પર ઈદ્દતમાં સોગ વાજિબ છે	232
ઈદ્દતમાં કાળો સૂરમો લગાડવાનો મસ્અલો	232
વિધવા સ્ત્રી પર ઈસ્લામથી પહેલાં થતા જુલ્મની દાસ્તાન	232
ઈસ્લામમાં વિધવાની ઈદ્દત ચાર મહીના દસ દિવસ	232
પત્ની સિવાય સૌના પર ત્રણ દિવસથી વધુ સોગ નથી	233
રાફઝીઓની પયરવી કરવામાં ન આવે	233
સોગવાળી વિધવા ન રંગેલાં કપડાં પહેરે ન સુરમો લગાડે ન ખુશ્બુ વાપરે	233

વિષય	પેજ નં
વફાતની ઈદ્દતમાં ઉલમાનો મતભેદ	234
ઈદ્દતવાળી ક્યારે મકાન બદલી શકે	235
વફાતની ઈદ્દતવાળી માટે દિવસમાં ઈલ્વાનો લેપ પણ જાઈઝ નથી	236
જો તલાક઼ની ઈદ્દતના ત્રીજા હૈઝમાં પતિ મૃત્યુ પામે તો ?	237
તલાક઼ની ઈદ્દત દરમ્યાન સ્ત્રીને હરામનો ગર્ભ રહી જાય તો ઈદ્દત ગર્ભ જણવાથી પૂરી થશે	238
બાળકને દૂધ પીવડાવવાના કારણે હૈઝ ન આવે તો ?	239
🗁 **ઈસ્તિબરા (અલગ રહેવા) વિશે વર્ણન**	240
ઈસ્તિબરા વિના લોંડીથી સોહબત લઅનતનો સબબ છે	240
ઝિનાથી સગર્ભા સ્ત્રી સાથે નિકાહ હલાલ પણ સંભોગ હરામ	241
વહેંચણી પહેલાં ગનીમત કોઈની માલિકીમાં નથી	241
ઈસ્તિબરાના મસ્અલામાં ઈમામ માલિકની હદીષ	242
🗁 **નફ઼્કાત (ભરણ પોષણ) વિશે વર્ણન**	244
પત્ની પોતાની તથા બાળકોની જરૂરત મુજબ પતિના માલથી તેની જાણ બહાર લઈ શકે	244
ગુલામ તથા લોંડીનો ખર્ચ માલિક પર ફર્ઝ છે	245
અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રએ ખુદ ખાવા ખાતા પહેલાં ગુલામોને ખવડાવ્યું	246
જાનવર પર જુલ્મ કરવામાં માણસ પર જુલ્મ કરવાથી અધિક ગુનોહ	247
ગુલામ કે નોકર ખાણુ તૈયાર કરે તો તેને પોતાની સાથે ખવડાવે	247
ગુલામ પોતાના માલિકની ખૈરખ્વાહી કરે અને ખુદાની ઈબાદત કરે તો તેને ડબલ સવાબ	248
ગુલામ પર તોહમત લગાડવાની સજા નથી પણ તઅઝીર છે	250
તમે તથા તમારા માલ બાપનાં છે	251
જરૂરતના સમયે દરેક (નજીકનાં) સગાનું ભરણપોષણ માલદાર સગા પર વાજિબ છે	252
યતીમની દેખભાલ કરનાર જો મિસ્કીન ગરીબ હોય તો યતીમનો માલ ખર્ચી શકે અમુક શરતો	252

વિષય	પેજ નં
સારા અખ્લાક઼વાળા હોવું બરકત છે બદ્અખ્લાક઼ નહૂસત છે	254
સદક઼ો બુરી મૌતથી બચાવે છે, નેકી ઉમર વધારે છે	254
જ્યારે તમે કોઈને મારો અને તે ખુદાનો ઝિક્ર કરી દે તો હાથ રોકી લો	255
દરેક બે નજીકના સગામાં જુદાઈ ન પાડો	255
કમજોરો, ગુલામ તથા માબાપ પર પ્રેમભાવ તથા નરમી રાખો	257
નમાઝીને નમાઝ જ દુરુસ્ત કરી દેશે, મારપીટની જરૂરત ન રહેશે	257
શરઈ, ક઼ૌમી તથા મુલ્કી કુસૂર માફ઼ નથી કરી શકાતા	259
જે ગુલામ તથા જાનવર માફ઼કસરનો હોય તેની કદર કરો, જે માફ઼ક ન હોય તેને વેચી દો	259
જાનવરનો ચારો પાણી માલિક પર વાજિબ છે	260
વૃદ્ધોને પેન્શન આપવાનો આધાર આ હદીષ છે	260
સફ઼રમાં સાથી બીમાર પડે તો તેના માલથી ઈલાજ તથા કફ઼ન દફ઼ન કરી શકાય છે	261
બીવી બચ્ચાંને છોડીને એકલો ખાય તે બદ્તરીન શખ્સ	263
🗁 **બાળકની યુવાની તથા બાળપણમાં તેના ઉછેરનું વર્ણન**	265
છોકરા છોકરીની બાલિગ થવાની ઉમર વિશે	265
હઝરત અલીને હુઝૂરે ફ઼રમાવ્યું : તમે મારાથી હું તમારાથી	266
મા, નાની બાદ માસીને બાળકીના ઉછેરના હક઼્ક઼	268
સાત વરસનો સમજદાર બાળક બાપને મળશે	269
નાના બાળકના ઉછેરની હક઼્દાર મા છે	269
🗁 **આઝાદી વિશે વર્ણન**	0
મુસલમાન ગરદનને આઝાદ કરવાનો બદલો શું ?	273
લોકોને પોતાની બુરાઈથી બચાવવું સદક઼ો	274
પોતાને ગુનાહોથી બચાવવું એ ખુદ પર એહસાન	275
જન્નતમાં પહોંચાડી આપનાર અમલ	275
જન્નતી થવાનો અમલ	276

વિષય	પેજ નં
મસ્જિદ બનાવનાર માટે જન્નતમાં ઘર બનશે	277
બિન ઈરાદે ક़त्ल થાય તો क़ેસાસ નથી દિયત છે	279
બેહતરીન સદક़ો સિફારિશ છે	279
🗁 **સંયુકત ગુલામ આઝાદ કરવા વિશે વર્ણન**	280
મરતી વખતે સદક़ા ખૈરાત ભેટ આપવું દુરુસ્ત	282
મુર્દાને દીની કુસૂરના કારણે બુરો કહી શકાય	282
પુત્ર પોતાના બાપનો બદલો નથી આપી શક્તો પણ	282
સિંહને કહ્યું, રસૂલુલ્લાહ ﷺનો ગુલામ છું !	287
🗁 **क़સમો અને મન્નતો વિશે વર્ણન**	292
મૂર્તિઓ તથા બાપદાદાઓની क़સમ ખાવાની મનાઈ	292
જે માલથી જૂગાર રમવાનો ઈરાદો હોય તેને સદક़ો કરી દે	293
જે ચીજથી દુનિયામાં પોતાને क़ત્લ કરશે એ જ ચીજથી અઝાબ આપવામાં આવશે	294
જે માલ વધારવા જૂઠો દાવો કરે તે માલ ઘટશે	205
હુકૂમત તથા સરદારીની ખ્વાહિશ ન કરો	296
આ આશયે હુકૂમત હાંસલ કરવી ઈબાદત છે	296
એ क़સમ તોડવી અને કફ્ફારો આપવો વાજિબ	297
क़સમ તોડવામાં અલ્લાહના નામની બેહુર્મતી છે જેથી કફ્ફારો આપે	297
क़સમો કઈ જગાએ તોડવી જાઈઝ છે ?	297
એવી क़સમો પૂરી કરવી ગુનોહ	298
બેકારની કસમો પર પકડ નથી	298
તલાક નેકીઓ અને નિકાહ સાથે સાથે ઈન્શાઅલ્લાહ ! કહી દીધું તો....	302
તમને વંચિત રાખનાર સગાથી પણ સદ્વર્તાવ જ કરો	302
🗁 **નઝરો વિશે વર્ણન**	304
ગુનાહ તથા નાફર્માનીની મન્નત પૂરી ન કરવી	304
નઝરનો કફ્ફારો તે જ છે જે કસમનો છે	306
ખામોશ રહેવાની, છાંયડામાં ન બેસવાની નઝર તોડી નાખે અને કફ્ફારો આપે	306
પગપાળા ચાલવાની મન્નત ન માને	307

વિષય	પેજ નં
ઈબાદતોમાં ખુદાની રઝા સાથે રસૂલની રઝાની નિય્યત શિર્ક નથી	308
સર્વ માલની ખૈરાતની નઝર માનનાર થોડા દિવસનો ખર્ચ રાખીને સર્વ ખૈરાત કરી દે	308
કાફિરોની ધાર્મિક નિશાની અપનાવવી કુફ્ર અને क़ૌમી નિશાની હરામ	311
ખાસ જગાના ફકીરો પર સદક़ો કરવાની મન્નત માને તો તેને ત્યાં પૂર્ણ કરે	311
જે શખ્સ ૧૧મી શરીફ, મીલાદ શરીફની નજર માને તે જરૂર પૂરી કરે	312
કાફિરો સાથે મળતાપણુ હરામ અથવા કુફ્ર છે	312
હઝરત અબૂ લુબાબાની તૌબાનો બનાવ	312
બાબા ફરીદુદ્દીન ગંજશકર ૧૨ વરસ કૂવામાં લટકીને ઈબાદત કરતા રહ્યા	312
મસ્જિદે હરામ મસ્જિદે નબવીમાં નમાઝ પઢવાના ફઝાઈલ	314
સ્ત્રીએ ઉઘાડા માથે નીકળવું હરામ	315
નઝર (મન્નત)ના બે પ્રકાર તથા તેના હુકમો	316
ફત્વા માટે મોટા આલિમ પાસે મોકલવામાં નાનમ ન સમજવી	318
મો'મિનને જાણી જોઈને क़ત્લ કરવું જહન્નમમાં પડવું છે	318
🗁 **क़ેસાસ વિશે વર્ણન**	319
મુસલમાનોના ઈજમાઅ વિરુદ્ધ અક़ીદો રાખવો કુફ્ર છે	320
જે મો'મિનના क़ત્લમાં મદદ કરે તેના વિશે હદીષ	320
क़યામતના દિવસે મામલાઓમાં સૌ પ્રથમ ખૂનનો ફૈસલો થશે	320
જાનના ડરથી કાફિર કલ્મો પઢે તો તેને क़ત્લ કરવામાં ન આવે	321
ઈસ્લામ લાવ્યા બાદ કુફ્રના સમયના જુર્મોનો કેસાસ નથી	321
જંગની હાલતમાં કાફિરના क़ત્લ તથા ઝખ્મનો क़ેસાસ નથી	321
શરઈ હુકમો જાહેરી સ્થિતિ પર લાગુ થાય છે	323

વિષય	પેજ નં
હઝરત અલી સાથે લડનારે આપના પર થૂકી દીધું તો આપે તેને છોડી આપ્યો	323
ક़રારવાળાને મારનાર જન્નતની ખુશ્બુ ન પામશે	323
આત્મહત્યા કરનાર હમેશાં માટે દોઝખમાં રહેશે	324
ફાંસી ખાનાર, ભાલો મારનાર આગમાં એ જ કરતો રહેશે	325
મેં તેના પર જન્નત હરામ કરી દીધી	325
તુફૈલ ઈબ્ને અમ્રને દુઆ આપી તો તેમની આંખો વચ્ચે નૂર પેદા થયું	326
મૈયતનો સફેદ લિબાસ અને સફેદ ચહેરો ખ્વાબમાં જોવું બખ્શિશની નિશાની	327
એક સહાબીની બખ્શિશ હુઝૂરની ખિદમતમાં હાજરીના કારણે થઈ	327
મો'મિનનો ખ્વાબ વહીયે ઈલાહીના પ્રકારથી છે	327
જે ફાયદા હુઝૂરની હયાતમાં મળતા હતા તે આજે પણ મળે છે	327
ક़ેસાસમાં દિયત લેવા દેવાનો મસ્અલો	328
બોથલ પદાર્થ પથ્થર વગેરેથી મારવા પર ક़ેસાસ છે	329
મરણોત્તર નિવેદનની દલીલ	329
ક़ેસાસમાં ભલામણ કરવી બેહતર છે	330
હૈદરી યુગમાં રાફઝી પેદા થઈ ચૂક્યા હતા	331
કાફિરના ક़ત્લ પર મુસલમાનથી ક़ેસાસ લેવામાં આવશે	332
દુનિયાનું નષ્ટ થવું ખુદાને ત્યાં મુસલમાન આરિફના કત્લથી આસાન છે	332
એક ક़ત્લના કારણે ઘણા બધાને અઝાબ થઈ શકે છે	333
ક़યામતના દિવસે ક़ત્લ થનાર કાતિલને લાવશે	333
મો'મિનના ક़ત્લથી બચો !	334
હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ નું બાગીઓને સંબોધન	334
જાહિલિયતના જમાનામાં ઝિના પર ગર્વ થતો	335
નાહક્ક़ ક़ત્લની નહૂસતથી માણસ તૌફીક़થી મેહરૂમ થઈ જાય છે	335
નાહક્ક़ ક़ત્લ બખ્શિશને પાત્ર નથી, તેને સજા જરૂર મળશે	336

વિષય	પેજ નં
પુત્રને કારણે પિતાથી ક़ેસાસ નહીં દિયત લેવામાં આવે	336
સુરાકાને કિસ્રાના કંગન પહેરવાની બશારત	338
બળવામાં ક़ત્લ થવાના વિશે મસ્અલો	341
અલ્લાહ તેનો દરજો બુલંદ કરશે અને તેની ખતા માફ કરશે	342
ષડયંત્રથી ક़ત્લ કરવા પર સર્વ ખૂનીઓને ક़ત્લ કરી દેવામાં આવે	343
ક़ત્લ થનાર પોતાના ખૂનીને ક़યામતમાં લાવશે	343
જે હુકૂમતમાં ક़ત્લ ખૂનરેજી થાય તેનો બાદશાહ પણ ક़યામતમાં પકડાશે	344
તેની પેશાની પર લખ્યું હશે આ અલ્લાહની રહમતથી નિરાશ છે	344
પકડનાર અને ક़ત્લ કરનાર વિશે હુકમો	344
દિયતો વિશે વર્ણન	346
ક़ત્લના પ્રકારો વિશ મસાઈલ	349
વિવિધ અંગોની દિયત વિશે વિગતવાર મસાઈલ	351
જીભ કાપવાની કે દાઢી મૂંડી કાઢવાની પૂરી દિયત સો ઊંટ	352
હાથ પગોની આંગળીઓની દિયત સરખી	353
કાફિરને અમાન આપવા વિશે મસ્અલો	354
ગનીમતમાં કોનો કોનો હિસ્સો રહેશે	355
ઝિમ્મી કાફિરની દિયત વિશે મસ્અલો	355
સગાને કત્લ કરનાર તેના વારસાથી વંચિત રહેશે	360
કત્લે ખતામાં ફાંસી નથી આપવામાં આવતી	360
આંખ પર ઝખ્મ કરનારની દિયત વિશે	361
મેડિકલના જ્ઞાન વિના ઈલાજ કરનારનો હુકમ	362
તે જુર્મ જેની જમાનત નથી	366
સ્વ બચાવમાં કોઈનાથી કોઈ ક़ત્લ થઈ જાય તો તેનો ક़ેસાસ નથી	367
ચોર ડાકૂથી સામનો કરતાં મરી જનાર શહીદ	367
કોઈના ઘરમાં તાક ઝાંક કરનાર વિશે હુકમ	368
મુસલમાનોની ખૈરખ્વાહીની ઉમદા તા'લીમ	368

વિષય	પેજ નં
પોતાના ભાઈ તરફ હથિયારથી ઈશારો કરનાર પર ફરિશ્તા લા'નત કરે છે	371
જે માલમાં મિલાવટ કરે કે ધોકો આપે તે અમારામાંથી નથી	371
અલ્લાહ એ લોકોને અઝાબ આપશે જેઓ લોકોને આપે છે	372
મખ્લૂક્ને સતાવવી રબની નારાઝગીનો સબબ છે	373
જાલિમ હાકિમો તથા આજની નગ્નતા દર્શાવતી સ્ત્રીઓની ખબર પહેલેથી હુઝૂરે આપી	374
કોઈને ચહેરા પર મારવાની મનાઈ	375
કોઈના ઘરમાં પર્દો હટાવી ઝાંકવું બદતરીન ગુનોહ	376
જેને પોતાના દીન, ખૂન તથા માલ માટે કત્લ કરવામાં આવ્યો તે શહીદ	307
વિના જરૂરત કૂતરો પાળવો જ મના છે	378
કસમ લેવા વિશે વર્ણન	379
નાનાઓએ વાતચીતમાં મોટાઓ પર અગ્રતા ન લેવી જોઈએ	379
ફત્વા તથા ફૈસલાનો તફાવત	381
આવો અજોડ ન્યાય ક્યાંય જોવા નહીં મળે	381
મુર્તદો તથા ફસાદીઓના કત્લ વિશે	383
રાફઝીઓની શરૂઆત અહીંથી થઈ	384
હઝરત અલી رضی اللہ عنہ એ અધર્મીઓને આગમાં સળગાવી દીધા	384
ઈબ્ને અબ્બાસ નજીક મુર્તદની સજા કત્લ	384
વહાબી દેવબંદીઓ ખારજીની જેમ છે	385
ખારજી મખ્લૂક્માં બદ્તરીન	385
મુર્તદને ઈસ્લામી બાદશાહ જ કત્લ કરે	386
ખારજી ફિર્કાને નીકળવાની ખબર	386
ઉક્લ કબીલાના લોકોને ઊંટનું દૂધ તથા પેશાબ પીવાનો હુકમ આપ્યો	389
મુજરિમ કેટલાય જુર્મ કરી લે તો હાકિમ સર્વ કેસાસો એકત્ર કરી શકે	389
મુર્તદ કોઈ રહમને પાત્ર નથી	390

વિષય	પેજ નં
સખત સજાથી જ જુર્મો બંધ થઈ શકે	390
કીડીઓને સળગાવવી મના છે	390
વિના જરૂરત શિકાર મના છે	391
એક કૌમ એવી હશે જે કુર્આન પઢશે પણ ગળેથી નીચે નહીં ઉતરે	391
બેદીન સર્વ મખ્લૂક્ કરતાં બદ્તર	393
હસી મજાકમાં કોઈને બીવડાવવું જાઈઝ નથી	395
નબીની ગુસ્તાખ યહૂદણનું એક સહાબાએ ગળુ ઘોંટી દીધું	398
જાદૂગરને કત્લ કરી દેવાનો હુકમ	398
ખારજીઓનો આખરી ગિરોહ દજ્જાલ સાથે હશે	399
નિશ્ચિત સજાઓ વિશે વર્ણન	403
ઝિનાની સજા વિશે વિગતે વર્ણન	403
હુઝૂર ﷺનો દરેક હુકમ કુર્આની હુકમ છે	405
રજ્મનો હુકમ કુર્આન, હદીષ, સહાબાના ઈજમાઅ, ઉમ્મતના ઈજમાઅથી સાબિત છે જેથી એનો ઈન્કાર કુફ્ર છે	406
આપસમાં જુર્મની માફી માગી લો કે હાકિમ સુધી પહોંચશે તો લાઝમી સજા લાગુ થશે	422
શરઈ સજા કેવળ હાકિમ આપી શકે	423
હાકિમનું માફીમાં ગલતી કરવું સજામાં ગલતી કરવાથી બેહતર	423
બળાત્કારે સ્ત્રીથી ઝિના કરવા પર સ્ત્રીને માફી છે	424
ગુદા મૈથુન કરવા પર કરનાર કરાવનાર બંનેને કત્લ કરી દો	427
ચોપગાંથી સંભોગ કરે તેને કત્લ કરી દો	428
સૌમાં અધિક ખતરનાક ગુનોહ ગુદા મૈથુન	429
હઝરત આઈશા رضی اللہ عنہا ની ઈજ્જત (સચરિત્રતા)નું એલાન કુર્આનમાં	430
જે કૌમમાં ઝિના ફેલાય જાય તેમને દુકાળ પકડી લે છે	434
લાંચ આપવી લેવી હરામ	434
છોકરા સાથે હરામકારી કતઈ હરામ	434
સ્ત્રી સાથે ગુદા મૈથુન હલાલ જાણનાર મુર્તદ છે	435
સખત સજાઓથી જ અમાન રહી શકે છે	436

વિષય	પેજ નં
🗁 ચોરીની સજા વિશે વર્ણન	**438**
દસ દિરહમના માલની ચોરી પર હાથ કપાશે	**438**
ફળો તથા મરઘી વગેરેની ચોરીનો મસ્અલો	**440**
એક ચોરને છેવટે ક़त्ल જ કરવામાં આવ્યો	**445**
જે હુઝૂર ﷺએ ફર્માવ્યું તે થઈને રહ્યું	**446**
સહાબાનો અક़ીદો હતો કે હુઝૂર આગલી પાછલી હાલતોથી જાણકાર છે	**449**
🗁 હદોમાં સિફ઼ારિશનું વિશે વર્ણન	**450**
હક્ક़ બાતિલની જાણ વિના અંધાધુંધ મદદ કરનાર ખુદાના ગઝબમાં	**453**
ચોરીનો કેસ દાખલ થતા પહેલાં માફ થઈ શકે, પછી નહીં	**454**
🗁 શરાબની સજાઓ વિશે વર્ણન	**456**
નશાની હાલતમાં મોઢેથી કુફ્રી શબ્દો નીકળી જાય તો ?	**456**
શરાબીની સજા ૮૦ કોરડા	**456**
મુસલમાનની ક़त्ल ત્રણ જુર્મો સિવાય જાઈઝ નથી	**457**
સજા પામેલ મુજરિમને બદ્ દુઆ ન કરવી	**459**
હુઝૂર ﷺ આપણા અમલોથી ખબરદાર છે જેથી હુઝૂરથી શરમ કરવી	**460**
🗁 સજા પામેલને બદ્દુઆ ન કરવા વિશે	**464**
એક સહાબીનો મઝાકમાં લકબ ‘હેમાર’ હતો	**464**
પોતાના ભાઈની બેઈજ્જતી મુરદાર ગધેડામાંથી ખાવા કરતાં બુરુ	**466**
હુઝૂર ﷺ જન્નતની નહેરો પણ જોઈ રહ્યા છે	**468**
🗁 અનિશ્ચિત સજા વિશે વર્ણન	**470**
🗁 શરાબ અને તેને પીનારાને ચેતવણીઓ વિશે	**473**
નશો પીએ તેને દોઝખીઓનુ પરુ પીવડાવશે	**476**
અઝાનનો જવાબ ન આપનાર તથા અફીણના બંધાણીનો ખાત્મો ખરાબ થવાનો અંદેશો	**476**
શરાબને સિરકો બનાવી દેવામાં આવે તો પાક તથા હલાલ થઈ જશે	**477**
શરાબ દવા નથી તે નર્યો બીમારી છે	**478**

વિષય	પેજ નં
શરાબને દવા રૂપે વાપરવા વિશે હુકમ	**478**
શરાબ પીનારની ૪૦ દિવસની નમાઝ કબૂલ ન થશે	**478**
૪૦ની સંખ્યાની બરકતો	**479**
હુક્કો કે તંબાકુવાળા પાનથી નશો થાય તો તે પણ હરામ	**483**
એહસાન જતાવીને સદક़ા બાતિલ ન કરો	**483**
હરામી બાળકની પ્રકૃતિમાં શૈતાની દખલ હોય છે	**485**
ત્રણ શખ્સો પર જન્નત હરામ !	**486**
દય્યૂષ કોણ છે ?	**486**
જાદૂનું સમર્થન કરનાર જન્નતમાં ન જશે	**487**
અલ્લાહ તઆલા શરાબીથી એટલો નારાજ હશે જેટલો મૂર્તિપૂજકથી	**487**
શરાબ પાન અને મૂર્તિપૂજા સમાન !	**488**
ઉપસહાંર : ભાંગ, ચરસ, અફીણ, તંબાકુ વિશે	**488**
🗁 હાકિમ તથા ક़ાઝી બનવા વિશે	**489**
યઝીદ પલીદ ન સુલ્તાન હતો ન હાકિમ	**489**
ઈસ્લામી સુલ્તાન શરીઅત વિરુદ્ધ હુકમ કરે તો પાળવામાં ન આવે	**489**
ફાસિક़ તથા ફાજિર ક़ાઝી તથા હાકિમ બની શકે	**489**
જે નવા મઝહબો ઉભા કરે તેઓ મુસલમાનોમાં વિભાજન કરે છે તેમનાથી જંગ કરો	**501**
વર્તમાન લોકોશાહી ખુદાનો અઝાબ તથા તેની લઅનત છે	**502**
દુનિયવી હુકૂમત તલબ કરવી મના છે	**502**
દીન તથા મસ્લકની ખિદમત માટે હુકૂમત હાંસલ કરવી જરૂરી	**503**
હુકૂમત ક़યામતના દિવસે બેઈજ્જતી તથા શર્મિંદગી છે	**503**
નેક આદિલ બાદશાહ નૂરના મિમ્બરો પર હશે	**504**
સૌથી તેના હેઠળનાઓ વિશે સવાલ થશે	**506**
માણસની દરેક હરકતની નિગરાની થાય છે જેથી ગલત કામથી બચો	**507**
ખયાનત કરનાર વાલી પર જન્નત હરામ	**507**
પ્રજાની ભલાઈ સાથે હિફાઝત ન કરનાર જન્નતની	

વિષય	પેજ નં
ખુશ્બુ નહીં પામે	508
બદ્તરીન સુલ્તાન તે છે જે પ્રજાની કમ્મર તોડે	508
જે ક઼ૌમની સુલ્તાન કે હાકિમ સ્ત્રી હોય તે નિષ્ફળ રહેશે	511
સ્ત્રી ઈમામ કે ક઼ાઝી નથી બની શકતી	512
મુસ્લિમ ઉમ્મતના ઈજમાઅનું અનુસરણ કરો	513
ઈબાદતો સાથે મામલાઓની દુરુસ્તગી જરૂરી	513
હઝરત અલી رضی اللہ عنہ વિશે ફર્માને રસૂલ	515
સત્તા તથા હોદ્દાના ઈચ્છુકો માટે બોધદાયક વાત	516
હાકિમો સાવધાનીપૂર્વક વર્તે કે તલ્વારની ધાર પર છે	517
જ હઝરત કઅબ ઈબ્ને ઉજરાનો ઈસ્લામ લાવવાનો બનાવ	517
જાલિમ હાકિમોના દરજ્જાને સોય વેચનાર પણ જાલિમનો સહાયક	518
જાલિમ બાદશાહનો દરબારી બને તે પોતાના દીન દુનિયાને તબાહ કરશે	519
જાલિમ બાદશાહો પાસે હક્ક઼ વાત કહેવી મહાન જેહાદ	521
સુલ્તાનના માટે સારો વઝીર ખુદાની રહમત	522
ખુલ્ફાએ રાશિદીનના વઝીર હઝરત અલી હતા અને હઝરત અલીના સલાહકાર ખારજી વગેરે બન્યા	522
લોકોમાં ખામીઓ શોધવાનું પરિણામ શું આવે ?	523
બદ્ગુમાનીઓએ ઘર, વસ્તીઓ બલ્કે દેશો ઉજાડી દીધા	523
હુઝૂર ﷺને લોકોના અંજામ તથા મૃત્યુ બાદના ઠેકાણાની ખબર છે	524
સહાબા કહેતા : અલ્લાહ તથા રસૂલ સારી રીતે જાણે છે	525
દેશમાં ન હડતાળો થાય ન અશાંતિ પણ ક્યારે ?	525
રબ જ્યારે ચાહે વરસાદ મોકલે સબબો એના મોહતાજ છે	526
છુપી રીતે તથા જાહેરમાં અલ્લાહથી ડરજો	526
હઝરત મુઆવિયહને સલ્તનતની બશારત તથા નસીહત	528
હિ.સ. ૭૦ની શરૂઆત અને લોંડીઓની હુકૂમતથી પનાહ માગવાની સૂચના	529
જેવા તમારા અમલો એવા તમારા બાદશાહ હશે	529
મુસલમાન ભાઈને ડરાવવા ઘૂરીને જોવું મના	531

વિષય	પેજ નં
મુસલમાનને રહમની નજરે જોવું સવાબ	531
બાદશાહોથી રાહતમાં રહેવાનો ઈલાજ	532
બાદશાહોની સખ્તી આપણા અમલોનું પરિણામ	532
વાલીઓ (હાકિમો) પર આસાની કરવી	534
તમારા અમલો એવા ન હોય કે લોકો ઈસ્લામથી ભડકી જાય	534
ક઼યામતમાં મુજરિમોના જુર્મ નિશાનીઓથી માલૂમ પડશે	536
હઝરત ઉમર رضی اللہ عنہ ની હાકિમોને નોટીસ	539
ફૈસલાઓમાં અમલ કરવો અને તેમનાથી ડરવું	541
ગુસ્સાની હાલતમાં ફૈસલો ન કરો	541
ચારેવ મઝહબ હનફી, શાફઈ, માલિકી, હંબલી દુરુસ્ત શાથી ?	541
જેને ક઼ાઝી બનાવવામાં આવ્યો તેને વિના છરીએ ઝબહ કરવામાં આવ્યો	542
જન્નતી ક઼ાઝીની ત્રણ ખૂબીઓ	543
ફત્વા તથા ફૈસલાનો ફરક સમજો	544
ફૈસલા કિતાબ, સુન્નત, ઈજમાઅ તથા ઈજતેહાદથી કરે	545
હઝરત અલી رضی اللہ عنہ જેવો ક઼ાઝી તથા હાકિમ નથી થયો	547
જાલિમ હાકિમ ૪૦ વરસ સુધી જહન્નમના ખાડામાં પડતો રહેશે	547
જાલિમ હાકિમની ક઼યામતમાં શું હાલત થશે ?!	548
નફ્સે અમ્મારા શૈતાન કરતાં વધુ ખતરનાક	550
ફારૂકી ન્યાયમાં પોતાના પારકાનો લેહાઝ નથી	550
હક્ક઼ ફૈસલા પર યહૂદી મુસલમાન થઈ ગયો	550
હાકિમોની રોજી અને તેમના તોહફાઓ વિશે	554
સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના પગારની માત્રા	556
દીની ખિદમતોનો પગાર લેવો દેવો દુરુસ્ત	556
જુલ્મથી બચવા હક્ક઼ ફૈસલો કરાવવા લાંચ આપવી જાઈઝ	559
ફૈસલાઓ તથા ગવાહીઓ વિશે	563
ખોટી કસમથી કોઈનો હક્ક઼ મારનારનો અંજામ	565

વિષય	પેજ નં
એકની ગવાહી ખબર હોય છે ગવાહી નહીં	568
દાવેદાર જો પ્રતિવાદીને ફાસિક કહે તો તેની સાબિતી નથી, અને પ્રતિવાદીના ગવાહોને કહે તો અદાલત ફિસ્કની સાબિતી લેશે	569
જે કોઈ ચીજનો દાવો કરે જે તેની નથી તો તે અમારામાંથી નથી	570
શ્રેષ્ઠ લોકો હુઝૂરના સમકાલિન પછી જે એમનાથી જોડાયેલા હશે પછી એમનાથી	571
જ્યારે બે શખ્સો એક ચીજનો દાવો કરે અને દલીલ ન હોય તો ?	572
કાફિરની ગવાહી મુસલમાન વિરુદ્ધ વિશ્વસનીય નથી, ક़સમ વિશ્વસનીય છે	576
કોઈનો માલ જૂઠી ક़સમથી મારી ખાનાર અલ્લાહથી ક़ોઢી બનીને મળશે	577
નબી પાક ﷺના બે શબ્દોએ દિલની હાલત બદલી નાખી !	578
કુફ્ર તથા શિર્કની વ્યાખ્યા	578
ક़સમના પ્રકારો વિશે ચર્ચા	579
ખયાનત કરનાર તથા ખુલ્લમ ખુલ્લા ગુનાહ કરનારની ગવાહી સ્વીકાર્ય નથી	578
ફાસિક તથા ખયાનત કરનાર વિશે સમજૂતી	578
કોરડા લગાડવામાં આવેલાની ગવાહી મરદૂદ છે	578
દુશ્મનની ગવાહી દુશ્મન વિરુદ્ધ અસ્વીકાર્ય	582
કોની કોની ગવાહી મરદૂદ છે ?	582
જ્યારે કોઈને કરજ આપે તો ગવાહી લખાણથી પાકુ કરી લે	582
કેદ કરવું પણ શરીઅતના હુકમોથી છે	585
હાકિમ બંને પક્ષોમાં સમાન રીતે વર્તે	585
🗁 જેહાદ વિશે વર્ણન	586
મુજાહિદોનો જન્નતનો દરજો	586
વારંવાર જિંદગી તથા શહાદતની તમન્ના	589
દુનિયા અને તેમાં જે કાંઈ છે એ સૌથી બેહતર	590

વિષય	પેજ નં
સહાબીનો મર્તબો શું છે ?	591
મુજાહિદનો દરેક અમલ ક़યામત સુધી ચાલુ રહેશે	591
રાહે ખુદાની ધૂળને આગ નથી સ્પર્શતી	592
સૌથી લાભદાયી જિંદગી કોની ?	592
મુજાહિદનાં બીવી બચ્ચાંની હિફાઝત કરનારને જેહાદનો સવાબ	594
ગાઝીની પત્નીનો એહતેરામ કેટલો લાઝમી ?	595
જેહાદવાળી ઊંટણીના બદલામાં સાતસો ઊંટણીઓ	595
શામ તથા રોમના મુસલમાન મોટાભાગે જેહાદ કરતા રહેશે	596
જેહાદને મન્સૂખ માનનાર કાફિર	597
રાહે ખુદાનો ઝખ્મી ક़યામતમાં કઈ રીતે આવશે ?	597
શહીદ વારંવાર દુનિયામાં આવવાની તમન્ના કરે છે	598
શહીદોની રૂહો લીલા પક્ષીઓના શરીરમાં જન્નતમાં રહે છે	598
કેટલાક જરૂરી મસાઈલ	600
શહીદનું કરજ સિવાય સર્વ કાંઈ માફ	601
સાચા દિલથી શહીદ થવાની તમન્ના રબીઅ સહાબિયાનો હઝરત હારિષાની શહાદત વિશે સવાલ	603
સહાબાનો અક़ીદો : હુઝૂર મદીનામાં રહીને જન્નત દોઝખને જોઈ રહ્યા છે	604
જન્નતના સો દરજાઓ છે	605
બદર નામ પડવાનું કારણ	605
જન્નત તલ્વારોના સાયામાં અને માના પગો નીચે	606
શહીદ કોણ કોણ છે	607
શહીદ શબ્દની સ્પષ્ટતા	607
સરિય્યા, ગઝવા તથા ફોજનો તફાવત	608
નિફાકના હિસ્સા પર મરનાર કોણ ?	609
જેહાદનો મૂળ હેતુ શું હોવો જોઈએ	609
મદીનામાં રહ્યા છતાં જેહાદના સવાબમાં ભાગીદાર	610
માબાપની ખિદમત જેહાદ કરતાં અગ્રસ્થાને	611
નફ્લી જેહાદ તથા અન્ય નફ્લી ઈબાદતો માટે મા બાપની ઈજાઝત જરૂરી	611

વિષય	પેજ નં
હિજરત ક્યામત સુધી ચાલુ છે	612
ઈસ્લામમાં જેહાદ કદી મન્સૂખ નથી	613
મસીહનો અર્થ શું છે ?	613
જેહાદના પ્રકારોની વિગત	613
મુસલમાનો ! ઈસ્લામી સલામનો રિવાજ પાડો	614
શહીદનો અમલ વધતો રહે છે	615
શહીદના લોહીથી કસ્તૂરીની સુગંધ આવશે	615
તે શખ્સ આગમાં ન જશે જે ખુદાના ડરથી રડે !	618
રાહે ખુદામાં ચાલવાની ધૂળ અને દોઝખના ધૂમા ભેગા ન થશે	618
કંજૂસ કદી કામિલ મો'મિન નથી થઈ શકતો	619
અલ્લાહની રાહમાં ફરવું ઘરે ૭૦ વરસો સુધી નમાઝો પઢવા કરતાં અફઝલ	619
નફ્લી ઈબાદત ખાતર ફર્ઝ વાજિબ ત્યજી નથી શક્તા	
ગોશાનશીની ક્યારે અફઝલ ?	620
ખુદાની રાહમાં ઘોડો બાંધવાની ફઝીલત	620
શહીદ, પાકદામન, પાકબાઝ જન્નતમાં પ્રથમ પ્રવેશશે	621
અફીફ, મુતફ્ફિફની સ્પષ્ટતા	622
હિજરતના પ્રકારો	623
હજ્જે મબરૂર શું છે ?	624
શહીદના છ દરજાઓ છે	624
શહીદને સકરાતમાં મામૂલી તકલીફ થાય છે	626
અલ્લાહને બે ટીપાં ખૂબ જ પસંદ છે	627
દરિયાઈ સફર, હજ્જ, ઉમરા, જેહાદને આડરૂપ નથી	628
દરિયાઈ સફરનો સવાબ	629
હકીકી શહીદ અને હુકમી શહીદ	629
ગાઝીને પરત થતાં પણ જેહાદનો સવાબ	630
તમો ઘણા દેશના વિજયી થશો	631
જેહાદમાં મજૂરી પામનાર સવાબથી વંચિત	631
મુજાહિદનું દરેક કાર્ય ઈબાદત	633
રિયા (દેખાડો કરવા)ના પ્રકારો	634

વિષય	પેજ નં
મકબૂલ તથા મરદૂદ જેહાદનો ફરક છે	634
જે હાલમાં જીવશો એ હાલમાં કબરોથી ઉઠશો	635
અસલ મુજાહિદો પોતાના નફ્સથી જેહાદ કરવું છે	635
જો હાકિમ શરીઅતનો હુકમ લાગુ ન કરે તો.....	635
ઈસ્લામમાં સન્યાસીપણુ નથી	636
જેહાદથી જન્નતમાં ઉપરવાળો દરજો મળે છે	639
જન્નત તલ્વારોના સાયામાં છે	639
શહીદોને મુર્દા ન કહો	640
મો'મિનના ત્રણ પ્રકાર	642
પ્રકારો તથા ભાગોનો ફરક	642
કયો જેહાદ અફઝલ ?	643
કાફિરોના નાસમજ બાળકો જન્નતી થશે	644
જન્નતની પ્રાપ્તિ ત્રણ રીતે છે	645
દરેક દિરહમના બદલામાં સાત લાખ દિરહમ !	645
શહીદના પ્રકારો	646
અંબિયાનો કોઈ બરાબરીયો નથી	649
શહાદત ગુનાહોને મિટાવી દે છે	
તલ્વાર ગુનાહોને મિટાવી દે છે	650
શહીદની નમાઝે જનાઝા બાબતે ઈમામ શાફઈ	650
તથા અબૂ હનીફામાં મતભેદ	650
શહીદ જે દરવાજેથી ચાહે જન્નતમાં જાય !	650
મુનાફિક શહીદ થવાથી પણ જન્નતી ન થશે	650
એક પેહરેદાર મુજાહિદના જન્નતી હોવાની ગવાહી	651
મુસલમાન મુડદાંને ભલાઈ સાથે યાદ કરો	652
🗁 **જેહાદની તૈયારી પિશે વર્ણન**	653
રોમ ફતહ થશે એ ગયબી ખબર હુઝૂર ﷺએ આપી	653
તીરંદાઝી છોડનાર અમારામાંથી નથી	654
હઝરત ઈસ્માઈલ عليه السلام તીરંદાઝ હતા	654
ઘોડાના વાળોમાં બરકત છે, તેની સેવા સુન્નત	656
ઘોડો પાળનારના મીઝાનમાં તેનો પેશાબ તથા લીડ હશે !	657
ઘોડાદોડ શરત વિના જાઈઝ તથા દુરુસ્ત છે	658

વિષય	પેજ નં
ત્રણ ખેલ (રમત) જાઈઝ છે	659
ઈસ્લામમાં વૃદ્ધ થનાર માટે બશારત	661
બે તરફની માલી શર્ત હરામ	662
હાર જીતની જાઈઝ સ્થિતિ	663
બેહતર ઘોડો સફેદ પેશાની કાળા રંગનો	664
ઘોડાનુ મુબારકપણુ લાલાશમાં છે	665
દીની ચીજો સજાવવી સુન્નતથી સાબિત	666
ખચ્ચર પેદા કરવું મકરૂહ	667
તલ્વાર પર સોના ચાંદીનો ઉપયોગ મના છે	669
હુઝૂર ﷺએ બે બખ્તરો પહેર્યાં	669
મોટો ઝંડો કાળો નાનો સફેદ	669
સફરના તરીકા વિશે વર્ણન	672
હુઝૂર ﷺ જુમેરાતના દિવસે સફર અધિક પસંદ કરતા	672
જ્યાં કૂતરો રહેતો હોય ત્યાં ફરિશ્તા નથી રહેતા	673
ઝાંઝર શૈતાનનું વાજિંત્ર	674
વસંત તથા પાનખર ઋતુઓમાં સફરના હુકમો	675
મુસાફરે મુસાફર સાથે કેવી રીતે વર્તવું	676
સફર અઝાબનો ટુકડો છે	677
મુસાફરના પરત થતાં સ્વાગત કરવું સુન્નત	678
પોતાની પત્નીને પોતાની સાથે સવાર કરવું સુન્નત	678
મુસાફરનો રાતના ઘર આવવા વિશે હુકમ	679
મુસાફરનુ ઘરે પહોંચતાં દા'વત માટે જાનવર ઝબહ કરવું સુન્નત	680
મુસાફરનું જતાં તથા આવતાં મસ્જિદમાં બે રકાત પઢવું સુન્નત	680
સફર શરૂ કરવાના સમયો અને તેના ફાયદા	681
વહેલી સવારે કામ કરનાર માટે હુઝૂરની દુઆ	681
રાતમાં સફર કર્યા કરો કે રાતમાં જમીન લપેટાય જાય છે	682
સફરમાં મુસાફર કેટલા હોવા જોઈએ ?	682
બેહતર એ છે કે ઈમામ અમીર હોય	683
બેહતર મુસાફર અને બેહતર લશ્કર કોણ ?	683

વિષય	પેજ નં
હુઝૂર ﷺ સફરમાં લશ્કરની પાછળ રહેતા હતા	684
મુસાફરો સફર તથા રોકાણ દરમ્યાન એક જગાએ રહે	684
બદરના જંગના સામાનની વિગત	685
એક ઊંટ પર હુઝૂર, અબૂ લુબાબા, અલી મુર્તઝા, વારાફરતી સવાર થતા	686
જમીન પર તમારી જરૂરત પૂરી કરો	686
પોતાના જાનવરના સીનાના પોતે અધિક હક્કદાર	687
અમુક ઘર તથા ઊંટ શૈતાનોનાં હોય છે	687
મોટાઈ દેખાડવા ફાલતુ જાનવરો સવારી સાથે રાખવાં કેવું ?!	688
રસ્તા બંધ કરવાની મનાઈ	689
સફરથી ઘરે પરત થવાના સમયો	690
સફર દરમ્યાન હુઝૂર ﷺનો સૂવાનો તરીકો	690
હુઝૂર ﷺનો હુકમ સર્વ ઈબાદતો પર અગ્રતા ધરાવે છે	691
ચિત્તાનુ ચામડુ હોય ત્યાં રહમતના ફરિશ્તા નથી રહેતા	692
કૌમનો સરદાર એ ખાદિમ છે	692
કાફિરોને ઈસ્લામની દા'વત	694
હિરક્લ બાદશાહના નામે હુઝૂરનો પત્ર	694
બિસ્મિલ્લહના ફાયદા	695
ગેરને સલામનો તરીકો	695
હુઝૂર ﷺ થકી સમયના રાજાઓના નામે પત્રો	696
જેહાદમાં ત્રણ વાતોની દા'વત અને ચાર ચીજોની મનાઈ	699
મુહાજિરો વિશે હુકમ	701
ગનીમત અને ફઈની વહેંચણી	701
જંગની તમન્ના ન કરો, અને શરૂ થતાં અડગ થઈ જાવ	703
અલ્લાહથી ફઝૂલ તથા રહમત માગો	704
જન્નત તલ્વારોના સાયા હેઠળ છે	704
ખૈબરની ફતહ	704
બિસ્મિલ્લાહના ફાયદા	705
જેહાદ કરવાના સમયો	707
નમાઝીઓનું મુજાહિદો માટે દુઆ કરવું નબીઓની સુન્નત	708

વિષય	પેજ નં
જેહાદ તથા જંગમાં મુસ્લિમ તથા કાફિરનો ભેદ જરૂરી	708
હઝરત ખાલિદ رضی اللہ عنہ નો પત્ર રૂસ્તમ તથા મિહરાનના નામે	708
હઝરત ખાલિદે ઝહેર ખાધુ પણ અસર ન થઈ !	709
જેહાદમાં કત્લ કરવા પિશે વર્ણન	710
જન્નતના શોખમાં ખજૂરો ફેંકી દીધી !	710
જંગમાં ધોકો છે	711
સ્ત્રીઓ જેહાદમાં ઝખ્મોની દવા કરી શકે છે	712
જંગમાં સ્ત્રીઓ, બાળકો વિશે હુકમો	713
જંગમાં સ્ત્રીઓ બાળકોના કત્લ વિશે હુકમો	713
શુભ ઉદ્દેશ હેઠળ ઝાડે કાપવાં સળગાવવાં જાઈઝ છે	714
જંગે બદરમાં સહાબાને કેટલીક હિદાયતો	715
લશ્કરમાં કોડવર્ડ નક્કી કરવો પેહચાન માટે	716
હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની સેનામાં કોડવર્ડ શું હતો ?	717
જંગ દરમિયાન નારએ તકબીર બેહતર છે	718
સવારના સમયે હુમ્લો બેહતર	719
જંગમાં સ્ત્રી તથા મજૂરને કત્લ ન કરો	720
જંગમાં કોઈ વૃદ્ધને કત્લ ન કરવો, પણ...	721
જનાબ હમ્ઝા, અલી તથા ઓબૈદાની બદરમાં જંગ	721
હુઝૂર ﷺ મુસલમાનોની પનાહ છે	723
મુસલમાનો ! હશ્રમાં હુઝૂરને મોઢુ બતાવવાનું છે !	723
કેદીઓના હુકમ પિશે વર્ણન	726
કાફિરના ખબરી જાસૂસની સજા	726
જાસૂસની સાબિતી માટે નિશાનીઓ જ પૂરતી છે	728
સરદારની તા'ઝીમ માટે ઉભા થવું સુન્નત	728
હુઝૂર ﷺ ના વર્તાવથી કાફિરોના સરદારે ઈમાન લાવીને શું કહ્યું	730
મુત્ઈમની સિફારિશથી કેદી મુક્ત થઈ શક્તા હતા	735
એંસી કાફિરોનું અચાનક હુમ્લો કરવું	735
હુઝૂર ﷺ નું મુડદા કાફિરો પાસે જઈ વાત કરવું અને હઝરત ઉમરનું સવાલ કરવું	736

વિષય	પેજ નં
કુરેશના સરદારોને એક કૂવામાં ફેંક્યા	736
મુડદાંના સાંભળવા વિશે મસ્અલો	739
મુડદાંના સાંભળવાના મુન્કિરોની દલીલો	739
મુડદાંના સાંભળવા વિશે માનનારાની દલીલો	739
હવાઝિન કબીલાના કેદીઓની મુક્તિનો બનાવ	742
ઈજાઝત વિના સરદાર, ગાઝીનો માલે ગનીમત પરત ન કરી શકે	742
હાકિમ કે અન્ય કોઈની માલિકીનો માલ તેની રજા વિના	744
ઈસ્લામમાં હલીફ વિશે હુકમો	745
કેદી વિશે હુકમો	745
હઝરત ઝયનબનું અબુલ આસના ફિદિયામાં હાર મોકલવું અને અબુલ આસનું ઈમાન લાવવું	746
બદરના કેદીઓને છોડવામાં તથા ફિદિયો લેવામાં મતભેદ	748
રબના ઈરાદા તથા રબની રઝામાં ફરક	749
બની કુરૈઝાના કેદી	750
સુલહે હુદૈબિયા	750
બની ખુઝૈમાના કેદીઓ સંબંધે ઈબ્ને ઉમર તથા ખાલિદમાં મતભેદ	762
અમાન પિશે વર્ણન	754
હઝરત ઉમ્મે હાનીનો અમાન આપવાનો બનાવ	754
સ્ત્રી અમાન આપી શકે છે	755
અમાન આપ્યા બાદ કત્લ કરનાર વિશે	756
અમ્ર બિન અબ્સાનું અમીર મુઆવિયાને ચેતવવું	756
અબૂ રાફેઅના ઈસ્લામ સ્વીકારનો બનાવ	758
મુસૈલમાનો એલચી દરબારે નબવીમાં	759
કાસિદ સફીરોને કત્લ કરવામાં નથી આવતા	760
મુસૈલમાના બે કાસિદ હુઝૂર ﷺ ના દરબારમાં	760
ગનીમતોની વહેંચણી પિશે વર્ણન	762
ગનીમત, ફઈ, જિઝિયા તથા ખિરાજનો ફરક	762
આગલી ઉમ્મતોના માલે ગનીમત તથા કુર્બાનીને આગ સળગાવી દેતી	762
હઝરત અબૂ કતાદાનો બનાવ	763

વિષય	પેજ નં
રબના કરમથી નજર હટવાનું પરિણામ !	764
ઈમામે આ'ઝમ, શાફઈ, માલિકમાં માલે ગનીમત વિશે મતભેદ	765
ગનીમતમાં સવાર તથા પગપાળાના હિસ્સા વિશે વર્ણન	766
હઝરત રબાહનો ફઝારી ડાકૂથી મુકાબલો	767
જંગના સમયે કેટલાક જાણવા જેવા મસ્અલા	770
ગનીમતના પાંચ હિસ્સાઓની વહેંચણી	771
જે માલ પર હર્બી કાફિર કબજો કરી લે તેનો હુકમ	771
ખૈબરની જમીનની વહેંચણી	772
ઝકાત વગેરે પર નાજાઈઝ કબજો કરનારની સજા	779
ખયાનત કરનાર વિશે ઉગ્ર ચેતવણીરૂપ હદીષ	775
અલ્લાહના મહબૂબોથી મદદ માગવી જાઈઝ	776
હુઝૂર ﷺ સૌના ઉઘાડા છુપા અમલો તથા તેના આખેરતમાં અંજામને જાણે છે	778
ખયાનતની કંબલ અઝાબનો સબબ બની	779
ગનીમતમાં મળેલ ખાવાની ચીજો વિશે હુકમ	779
આપણા માટે ગનીમતો હલાલ કરી આપી	780
જંગમાં કાફિરને કત્લ કરનારને તેનો સામાન મળે	781
હઝરત ઉમૈર, લહમના મૌલાનો બનાવ	782
સવાર તથા પગપાળા ગાઝીના હિસ્સા વિશે	784
હિ.સ. ૫૧માં યઝીદ સેનાપતિ હતો ત્યારે કુસ્તુન્તુનિયા જીતાયુ નથી	786
હઝર અબૂ મૂસા અશ્અરીનો બનાવ	786
મામૂલી મણકા ગનીમત વહેંચાયા પહેલાં લીધા હતા તો હુઝૂરની નમાઝથી વંચિત થઈ ગયા !	788
ગનીમતમાંથી મામૂલી વાળો લેવા પર હુઝૂરની નારાઝગી !	788
હડપ કરનાર તૌબા કરે તો શું કરે ?	789
ખયાનત કરનારને છુપાવનાર પણ તેના જેવો જ છે	789
હઝરત અલી رضی اللہ عنہ ની ઝુલ્ફિકાર તલ્વારથી તેહકીક	791
ગનીમતના માલથી સવારી, કપડાં ખાવા વગેરેના ઉપયોગના અહકામ	792

વિષય	પેજ નં
સોય દોરો પણ ગનીમતમાં જમા કરવું	793
તમારી ગનીમતોમાં મારા માટે વાળ બરાબર હલાલ નથી	795
નૌફલ તથા અબ્દુશશમ્સની ઔલાદને ખમ્સથી ભાગ આપવા સંબંધે	795
જંગે બદરમાં અબૂ જહલના કત્લનો બનાવ	796
અબૂ જહલનો કત્લ	798
અબૂ જહલ ફિરઔન કરતાંય વધુ ઘમંડી	800
ઈમાનની ગવાહી આપવાનો શો હુકમ છે ?	801
હઝરત ઉષ્માનની ગેરહાજરીમાં તેમની બયઅત તથા ગનીમતનો હિસ્સો	802
પહેલી ઉમ્મતોમાં જેહાદ કેવળ યૂશઅ عليه السلام એ કર્યો	803
હઝરત યૂશઅ عليه السلام એ સૂરજને રોકી દીધો	804
ગનીમતના મરદૂદ થવાનો બનાવ અને એક શખ્સના હાથનું ચોંટી જવું	805
પહેલી કોઈ ઉમ્મતને માટે ગનીમત હલાલ ન હતી	805
જિઝિયા વિશે વર્ણન	807
મજૂસીથી જિઝિયો તથા શાદી વિશે હુકમ	808
જિઝિયાની માત્રા વિશે	808
એક જમીનમાં બે કિબ્લા યોગ્ય નથી	809
મુસલમાન પર જિઝિયો નથી	810
હઝરત ઉમર رضی اللہ عنہ એ શું જિઝિયો નિશ્ચિત કર્યો ?	811
સુલહ વિશે વર્ણન	812
સુલહ વખતે રસૂલુલ્લાહ કટ કરી ઈબ્ને અબ્દુલ્લાહ હાથ વડે લખ્યું	817
દમે એહસાર એટલે શું ?	817
અબૂ બસીરનું મદીના ન રોકવાનું કારણ	819
હુદૈબિયામાં સુલેહનામાની શર્તોથી સહાબાને આશ્ચર્ય અને હુઝૂરની સ્પષ્ટતા	820
સ્ત્રીઓ સાથે બયઅતનો સુન્નત તરીકો	821
કરારનું મહત્વ હુઝૂર ﷺ ના શબ્દોમાં	822
સ્ત્રીઓનુ હાથમાં હાથ લઈ બયઅતની ખ્વાહિશ કરવું અને જવાબ	823

વિષય	પેજ નં
અરબ દ્વિપથી યહૂદીઓને કાઢવા વિશે	**826**
તબ્લીગ નરમીથી કરવી બેહતર	**826**
દુનિયા તથા આખેરત અલ્લાહ રસૂલની છે કહેવું શિર્ક નથી	**827**
હઝરત ઉમરે યહૂદને ખૈબરથી તડીપાર કર્યા	**828**
મુશ્રિકોને અરબદ્વિપથી કાઢી મૂકો....	**829**
ફઈ વિશે વર્ણન	**832**
'ફઈ'નો અર્થ અને તેના હુકમો	**832**
ફઈ અને ગનીમતનો તફાવત	**833**
ઘરવાળાં માટે સાલભરનું રાશન ખરીદવું સુન્નત	**833**
ફઈનો માલ અધિકતર જેહાદની તૈયારીમાં ખર્ચ થતો	**833**
ઈસ્લામી સુલ્તાન ફઈના માલમાં હક્કદાર નથી	**835**
ફઈમાં ખમ્સ નથી	**836**
નબીઓનો છોડેલ માલ વક્ફ હોય છે	**838**
શિકાર તથા ઝબીહાઓના વિશે વર્ણન	**841**
શિકારના હુકમો	**841**
અહલે કિતાબથી ખરીદ વેચાણ અને હદિયા દુરુસ્ત છે	**843**
પોતાનો શિકાર ત્રણ દિવસ બાદ પામે અને ગંધાય નહીં ખાય	**844**
માબાપને ગાળ આપવાની બે સ્થિતિઓ	**846**
દરેક ધારવાળી ચીજથી ઝબહ દુરુસ્ત છે	**846**
હાડકા વડે ઝબહ કરવું મના છે	**847**
ઝબહ પહેલાં છરી તેજ કરી લેવી તેમજ જાનવરને ખવડાવી પીવડાવી લેવું	**849**
માણસ કે જાનવરને ચહેરા પર મારવું મના	**849**
જાનવરોનો ડામ દેવા વિશે	**850**
શું ઝબહ ગળા તથા સીના વગર નથી થતું ?	**851**
પેટના બચ્ચાનું ઝબહ એની માનુ ઝબહ છે	**856**
જીવંત જાનવરનું અંગ કાપી ખાવું હરામ	**858**
દરિયાઈ જાનવરોમાં કેવળ માછલી હલાલ	**859**

વિષય	પેજ નં
કૂતરા વિશે વર્ણન	**860**
કૂતરાના પ્રકારો અને તેના હુકમો	**860**
હિફાઝત તથા શિકાર માટે કૂતરો પાળી શકાય	**861**
તદ્દન કાળા કૂતરાના કત્લનો હુકમ	**861**
હલાલ તથા હરામ જાનવર વિશે વર્ણન	**864**
હરામ જાનવરનું દૂધ તથા ઈંડુ પણ હરામ	**865**
નીલ ગાય હલાલ છે	**865**
હલાલ હરામ ઓળખવાનો કાયદો	**865**
હુઝૂર ﷺએ ગોહ ખાવાથી મના ફર્માવ્યું	**867**
તીડ હલાલ છે અને ખાવું સુન્નત છે	**868**
એક મહીના સુધી ખાધી એવી મોટી માછલી !	**868**
વાસણમાં માખી પડે તો આખી ડૂબાડી ફેંકી દેવી	**869**
નવ વિવાહિત યુવાન અને સાપ વિશે બનાવ	**871**
કાંચડાને મારવા વિશે હુકમ	**874**
નબીની અદાવત તથા મહોબ્બતનો અંજામ	**874**
ઉંદર ઘીમાં પડી જાય તો શું કરવું ?	**876**
બટેર (તેતર) હલાલ છે	**877**
ગોહ હરામ છે	**878**
બિલાડી હરામ છે	**878**
નહોરવાળાં અને પંજાવાળાં પ્રાણી હરામ	**878**
ઝિમ્મીઓનો નાહક્ક માલ ખાવો હરામ	**879**
માછલી તથા તીડ અને કલેજી તથા તલી હલાલ	**880**
માછલી પાણીમાં મરીને તરી જાય તો ન ખાવ	**880**
મરઘાંને બુરો કહેવાની મનાઈ	**882**
ઘરમાં સાપ નજર આવે તો શું કરવું ?!	**882**
જે સાપને બદલાના ડરથી છોડી આપે તે અમારામાંથી નથી	**883**
દરેક પ્રકારના સાપોને મારી નાખો	**884**
ચાર જાનવરોને મારવાની મનાઈ	**886**
પાલતુ ગધેડો શરૂમાં હલાલ હતો, ખૈબરમાં હરામ થયો	**888**

કલેમાતે ખૈર

અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી *(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

કામ વો લે લીજીયે તુમકો જો રાઝી કરે
ઠીક હો નામે 'રઝા' તુમપે કરોળોં દુરૂદ

અલ્હમ્દુલિલ્લાહ ! રહમતે આલમ નૂરે મુજસ્સમ عَلَیۡہِ التَّحِیَّۃُ وَالثَّنَاء કે સદકાઓ તુફૈલ **મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ (જિલ્દ : ૫)** ઈસ વક્ત ગુજરાતી ઝબાનમાં આપકે હાથોંમે હૈ. આપ સોચેં કે હદીષકી કિતાબ ગુજરાતીમેં ટ્રાન્સલેટ કરના કિત્ના ટફ હૈ, લેકિન અલ્હમ્દુલિલ્લાહ ! હુઝૂરે અકરમ ﷺ કી હદીષોં કી ખિદમત કી ગરઝસે કે રહમતે આલમ ﷺ કા પૈગામ લોગોં તક પહુંચાને કે લિયે ઈસ ઉમ્રમેં ભી અલ્હાજ શબ્બીર પટેલ રઝવી સાહબને યહ ખિદમત અંજામ દી હૈ ઔર ઈસ વક્ત આપકે હાથોંમેં મિશકાત શરીફ કી યહ જિલ્દ મૌજૂદ હૈ. આપ હઝરાત ઈસસે ખૂબ ફાઈદા ઉઠાએં ઔર રસૂલે આ'ઝમ عليه الصلوة والسلام કે ઈર્શાદાત કો પઢને કે લિયે ન પઢેં, અમલ કરને કે લિયે પઢેં. ઈન્શા અલ્લાહ ! ઈસકી બરકતેં અલ્લાહ તઆલા આપકો દોનોં જહાનમેં અતા ફર્માએગા. અલ્લાહ તઆલા મિશકાત શરીફ કે મુઅલ્લિફ કો ઔર સાથ હી સાથ મુતર્જિમ કો ઔર ઈસે શાએઅ કરનેમેં જિન લોગોંને સાથ દિયા સબકો દોનોં જહાં કી ભલાઈયાં નસીબ ફર્માએ ઔર ખિદમતે દીનકી મજીદ તૌફીક નસીબ ફર્માએ.

آمِیۡن بِجَاہِ النَّبِیِّ الۡکَرِیۡمِ عَلَیۡہِ اَفۡضَلُ الصَّلٰوۃِ وَ التَّسۡلِیۡمِ

–મુહમ્મદશાકિર નૂરી રઝવી

(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી, ૨–રબીઉલ અવ્વલ શરીફ, હિ.સ. ૧૪૪૬)

પ્રકાશન ટાણે અનુવાદકના બે બોલ....

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ
اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આજે દેશમાં કે દુનિયાભરમાં મુસલમાન મઝલૂમની સ્થિતિમાં આવી ગયો છે. કોઈ હાલ પૂછનાર નથી એવી પોઝિશન થતી જઈ રહી છે, બાતિલ શક્તિઓ એક જૂથ થઈને સંગઠિત રીતે જાણે મુસલમાનો પર ક્યાંક તૂટી પડી છે તો ક્યાંક તૂટી પડવા તલપાપડ છે અને તેમનો સામનો કરવા માટે તેની પાસે કોઈ શક્તિ કે સહારો નથી. આવા ક્રિટિકલ સમયમાં પણ આપણે નિરાશ થવું ન જોઈએ બલ્કે આપણી હિદાયત માટે જે કિતાબ અલ્લાહ રબ્બુલ ઈઝ્ઝતે તેના પ્યારા મહબૂબ ﷺ પર ઉતારી છે તેના થકી જ માર્ગદર્શન મેળવવું જોઈએ. આવો ! રબનું કુર્આન આપણને શું આદેશ આપે છે જોઈએ :

રબ ફર્માવે છે :–

اِنۡ یَّنۡصُرۡکُمُ اللّٰہُ فَلَا غَالِبَ لَکُمۡ ۚ وَ اِنۡ یَّخۡذُلۡکُمۡ فَمَنۡ ذَا الَّذِیۡ یَنۡصُرُکُمۡ مِّنۡۢ بَعۡدِہٖ ؕ وَ عَلَی اللّٰہِ فَلۡیَتَوَکَّلِ الۡمُؤۡمِنُوۡنَ

"જો અલ્લાહ તમારી મદદ કરે તો કોઈ તમારા પર ગાલિબ (સવાર) નથી થઈ શકતુ. અને જો તે તમને છોડી આપે તો એવો કોણ છે જે પછી તમારી મદદ કરે ?! અને મુસલમાનોને અલ્લાહ પર જ ભરોસો છે. *(સૂરએ આલે ઈમરાન, ૩/૧૬૦)*

સારાંશ કે આપણે અલ્લાહ પર ભરોસો કરવો જોઈએ અને એની મદદ મેળવવા પ્રયાસો કરવા જોઈએ, કેમ કે એની મદદ મળી જાય તો કોઈ તમારો વાળ વાંકો વાળી નહીં શકે અને જો એ આપણને છોડી આપે તો કોઈ જ નથી જે આપણી મદદ કરી શકે ! પણ અલ્લાહની મદદ આપણને કેવી રીતે મળી શકે ?! આવો, એ પણ તેના પ્યારા કલામથી જ સાંભળીએ જાણીએ :–

ફર્માને રબ છે : وَلَیَنۡصُرَنَّ اللّٰہُ مَنۡ یَّنۡصُرُہٗ ؕ اِنَّ اللّٰہَ لَقَوِیٌّ عَزِیۡزٌ **"અને બેશક ! અલ્લાહ જરૂર મદદ ફર્માવશે તેની જે એના દીનની મદદ કરશે, બેશક ! જરૂર અલ્લાહ કુદરતવાળો ગાલિબ છે.** *(સૂરએ હજ્જ, ૨૨/૪૦)*

પ્યારા દીની ભાઈઓ ! બહેનો ! આ બે આયતોને વારંવાર પઢો અને તર્જુમાનું મનન કરો. આપણે મદદ માટે ક્યાંય ફાંફાં મારવાની જરૂર નથી કેમ કે અલ્લાહનું કુર્આન સ્પષ્ટ આદેશ આપે છે અને એનું પાલન પણ કાંઈ ખર્ચાળ કે કઠિન નથી. એના દીનની મદદ શું છે ?! કે તેની રાહમાં જાન માલની કુર્બાની આપવા સદા તૈયાર રહો, અને એ સંજોગ નથી તો બસ ઈલ્મે દીન હાંસલ કરો અને એના પર સંપૂર્ણપણે અમલ કરો. તેના પર અમલ કરો, સુન્નતે મુસ્તફા عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء વિશે જાણકારી મેળવો અને અમલ કરો, અને બીજા લોકોને શીખવાડો. ઈસ્લામી શરીઅતનું જ્ઞાન મેળવો અને તેના પર અમલ કરો. અહલે સુન્નત વ જમાઅત પર મજબૂતીથી રહેવા અક્વીદાઓનું જ્ઞાન મેળવો અને પછી અમલમાં યથાશક્તિથી લાગેલા રહો, કેમ કે સુન્ની સહીહ અક્વીદાવાળા હશો તો જ અમલો પણ કબૂલ થશે. ઈમાન તથા અમલની રક્ષામાં લાગેલા રહો અને અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَનાં ફર્માનોને યથા શક્તિ ફેલાવતા રહો તો એ અલ્લાહના દીનની મદદ છે, તો અલ્લાહની મદદ તમને બંને જહાનમાં મળતી રહેશે, એ કુર્આનનું એલાન છે.

આ જ નેક આશય સાથે કે અલ્લાહના દીનની મદદ કરનારાઓમાં અમ ગુનેહગારોનું નામ પણ નોંધાય જાય તો દુનિયા તેમજ આખેરતને સંવરી જવાની યક્વીનન ! ઉમ્મીદ છે. રબ તઆલા તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં આ ફાંફાંને કબૂલ ફર્માવે અને આપણને બંને જહાનની કામયાબી નસીબ ફર્માવે. તો નબીએ કરીમ عليه الصلوٰة والسلامનાં પ્યારાં ફર્માનો, આપની મુબારક હદીષોને સમજૂતી સાથે રજૂ કરવાનો ક્રમ આપણી સંસ્થા **અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા** થકી જારી છે અને જારી રહેશે ઈન્શા અલ્લાહ ! અત્યારે મુબારક પ્રસ્તુત કિતાબ **મિર્અતુલ મનાજીહ શરહે મિશ્કાતુલ મસાબીહ (જિલ્દ : ૫)** જે સુન્ની આલમના મહાન આલિમ મુસન્નિફ, હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી ﷺની લખેલી કિતાબ છે જે ગુજરાતી ભાષામાં આપના સમક્ષ હાજર છે.

અલ્લાહના દીનની મદદની નિય્યતથી જ તમો આવી કિતાબોને તમારા ઘરોમાં વસાવો, વાંચો, વંચાવો અને એનો ફેલાવો કરો અને રસૂલે પાક ﷺના ફર્માનોને સમજીને તેના પર અમલ કરો તો કામયાબી આપણા કદમો ચૂમશે. ઈન્શા અલ્લાહ ! પણ જો ખુદા વ રસૂલનાં ફર્માનો વિરુદ્ધ ૨૪ કલાકની આપણી રોજનીશી રહે તો પછી અલ્લાહ વ રસૂલની મદદની ઉમ્મીદ રાખવી એ મૂર્ખાઈ ગણાશે. માટે હજી સમય છે સમજી જાવ. પાછલી ગુનાહોભરી જિંદગીની તૌબા કરી લો અને દીનની મદદમાં લાગી જાવ.

આ કિતાબ તથા આવી કિતાબોના પ્રકાશનમાં લાખોનો ખર્ચ થાય છે તો તમારી શક્તિ પ્રમાણે પ્રકાશન કાર્યમાં મદદ કરો એ પણ ખુદાના દીનની મદદ છે, તો જરૂરથી શક્તિ પ્રમાણે મદદ પણ કરશો. અલ્લાહ કરીમ તેના હબીબ ﷺના સદકામાં નેકીની તૌફીક આપે.

آمِيْن بِجَاهِ النَّبِيِّ الْكَرِيْمِ عَلَيْهِ اَفْضَلُ الصَّلٰوةِ وَ التَّسْلِيْمِ

-પટેલ શબ્બીર અલી રઝવી

(તંત્રી : બરકાતે ખ્વાજા માસિક-દયાદરા)

તારીખ : ૭-સપ્ટેમ્બર-૨૦૨૪

સ્થળ : દયાદરા

બાગે જન્નત મેં...

અઝ : ઉસ્તાદે ઝમન હઝરત મૌલાના હસન રઝા બરેલ્વી رحمۃ اللہ علیہ

બાગે જન્નત મે નિરાલી ચમન આરાઈ હૈ,
ક્યા મદીને પે ફિદા હો કે બહાર આઈ હૈ.

ઉનકે ગૈસૂ નહીં રહમત કી ઘટા છાઈ હૈ,
ઉનકે અબરૂ નહીં દો ક઼िબ્લોં કી યક જાઈ હૈ.

સંગે રેઝોંને હ़યાતે અ–બદી પાઈ હૈ,
નાખૂનોં મેં તેરે એંજાઝે મસીહાઈ હૈ.

સરે બાની ઉન્હેં રહમત કી ઘટા લાઈ હૈ,
હાલ બિગળા હૈ તો બીમાર કી બન આઈ હે.

જબ તેરી યાદ મેં દુન્યા સે ગયા હૈ કોઈ,
જાન લેને કો દુલ્હન બનકે ક़ઝા આઈ હૈ.

દર્દે દિલ કિસ કો સુનાઉં મેં તુમ્હારે હોતે,
બેકસોં કી ઈસી સરકાર મેં સુનવાઈ હૈ.

આપ આએં તો મુનવ્વર હૂઈ અંધી આંખેં,
આપ કી ખાકે ક़દમ સુરમ એ બીનાઈ હૈ.

જાન દી તૂને મસીહા ઓ મસીહાઈ કો,
તૂ હી તો જાને મસીહા વો મસીહાઈ હૈ.

ચશ્મે બેખ્વાબ કે સદક़े મેં હૈ બેદાર નસીબ,
આપ જાગે તો હમેં ચૈન કી નીંદ આઈ હૈ.

હાથ ફૈલાયે હૂએં દોડ પળે હૈં મંગતા,
મેરે દાતા કી સવારી સરે હશ્ર આઈ હૈ.

ના ઉમ્મીદો તુમ્હેં મુજદા કે ખુદા કી રહમત,
ઉન્હેં મહેશર મેં તુમ્હારે હી લીયે લાઈ હૈ.

અય **'હસન'** હુસ્ને જહાં તાબ કે સદકે જાઉં,
ઝર્રે–ઝર્રે સે અયાં જલ્વ–એ–ઝૈબાઈ હૈ.

بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

نَحۡمَدُہٗ وَ نُصَلِّی عَلٰی رَسُوۡلِہِ الۡکَرِیۡمِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَارَسُوۡلَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَا نَبِیَّ اللّٰہِ

اَلصَّلٰوۃُ وَالسَّلَامُ عَلَیۡکَ یَاحَبِیۡبَ اللّٰہِ اَلصَّلٰوۃُ وَ السَّلَامُ عَلَیۡکَ یَا نُوۡرَ اللّٰہِ

صَلَّی اللّٰہُ تَعَالٰی عَلَیۡکَ وَسَلَّمَ

કિતાબુન્નિકાહ كتاب النكاح

(નિકાહ વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

★ નિકાહનો અર્થ અને એની શરઈ હૈસિયત ★

૧. નિકાહ نكح (નિકાહ એ નકહ)થી મળવાના અર્થમાં. કેમ કે નિકાહના કારણે બે શખ્સ એટલે પતિ પત્ની કાયમી ધોરણે મળીને જિંદગી ગુજારે છે, બલ્કે નિકાહથી સ્ત્રી પુરૂષના ખાનદાન, બલ્કે નિકાહથી ક્યારેક બે દેશો મળી જાય છે. એટલા માટે એને નિકાહ કહે છે. શરીઅતની ઈસ્તેલાહ (બોલી)માં આ શબ્દ સંયુક્ત છે, સોહબત તથા અક્દ (નિકાહ) બંને માટે બોલવામાં આવે છે. નિકાહનો રુકન (આધાર સ્તંભ) પતિ પત્નીનો ઈજાબ તથા ક્બૂલ છે, શર્ત બે ગવાહો છે. નિકાહ તથા ઈમાન આ બે એવી ઈબાદતો છે જે આદમ عليه السلام થી શરૂ થઈ અને ક્યામત સુધી રહેશે. નિકાહ બેહતરીન ઈબાદત છે કે એનાથી માનવવંશની સલામતી છે. એ જ સાલેહીન તથા ઝાકિરીન તથા આબિદીનની પેદાઈશનો ઝરીયો છે. નિકાહ પુરૂષ માનવનો કેવળ સ્ત્રી માનવ સાથે જ થઈ શકે છે, ન જિન્નાતથી થઈ શકે છે, ન દરિયાઈ માનવથી ન કોઈ જાનવાર સાથે, કેમ કે નિકાહ સમજાતી હોવું શર્ત છે. *(દુર્રે મુખ્તાર, શામી)*

★ હૂરો સાથે નિકાહ વિશે વર્ણન ★

જન્નતમાં માનવ પુરૂષોના નિકાહ હૂરો સાથે થવું એ ત્યાંની વિશિષ્ટતામાંથી છે, નહીં તો હૂરો માનવ એટલે આદમની ઔલાદ નથી, એટલા માટે આદમ عليه السلام ને જ્યારે જન્નતમાં રાખવામાં આવ્યા તો તેમને ત્યાંનાં ફળ વગેરે ખાવાની તો ઈજાઝત હતી પણ હૂરોને હાથ લગાડવાની ઈજાઝત ન હતી, બલ્કે તેમની સમજાતી પત્ની હવા પેદા કરવામાં આવ્યાં. તેમજ ઈદરીસ عليه السلام અને શહીદોની રૂહો જેઓ જન્નતમાં છે તેમને ત્યાં ખાવા પીવાની ઈજાઝત છે પણ હૂરોની ઈજાઝત નથી. આ ઈજાઝત ક્યામત પછી થશે, કેમ કે ક્યામત પહેલાં નિકાહ માટે સમજાતી હોવું શર્ત છે. હસન ઈબ્ને ઝિયાદનો ક્વૌલ છે કે માણસ પુરૂષનો નિકાહ જિન્ની સ્ત્રી સાથે જાઈઝ છે, તેનાથી ઉલ્ટુ નહીં, પણ તેના પર ફત્વો નથી. (દુર્રે મુખ્તાર) યાદ રાખશો કે નિકાહ સુકૂનની (નોર્મલ) સ્થિતિમાં **સુન્નત** છે. અને ઝિનાના અંદેશાની સ્થિતિમાં એટલે જોશની અધિક્તાની હાલતમાં **ફર્ઝ**, અને નામર્દ માટે જુર્મ છે. જે સ્ત્રીના ભરણપોષણ માટે શક્તિમાન ન હોય અથવા જે જુલ્મનો સહીહ અંદેશો કરતો હોય તેના માટે મકરૂહ છે.

(મિર્ક્વાત, અશિઅહ, લમ્આત તથા દુર્રે મુખ્તાર વગેરે)

★ હદીષ : (૧)-૩૦૮૦ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا مَعْشَرَ الشَّبَابِ مَنِ اسْتَطَاعَ مِنْكُمُ الْبَاءَةَ فَلْيَتَزَوَّجْ فَإِنَّهُ أَغَضُّ لِلْبَصَرِ وَأَحْصَنُ لِلْفَرْجِ وَمَنْ لَمْ يَسْتَطِعْ فَعَلَيْهِ بِالصَّوْمِ فَإِنَّهُ لَهُ وِجَاءٌ»

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે, ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે હે યુવાનોની જમાઅત[૧] ! તમારામાંથી જે નિકાહની શક્તિ ધરાવે તે જરૂરથી નિકાહ કરે[૨]. કેમ કે નિકાહ નિગાહ નીચી કરનાર છે અને શર્મગાહનો રક્ષક[૩] અને જે શક્તિ ન ધરાવે તે રોઝા લાઝિમ કરે, એ રોઝા એની હિફાઝત છે[૪].'' (મુસ્લિમ, બુખારી)

★ શબાબનો અર્થ ★

૧. معشر عشيرة થી બન્યું કુંબા (કુટુંબ)ના અર્થમાં. ગિરોહ અહીં ત્રીજા અર્થમાં છે, એટલે ગિરોહે શબાબ (યુવાનોની જમાઅત) شاب (શાબ) યુવાનના બહુવચનના અર્થમાં છે. ફાઈલ બહુવચન બરવઝને ફઅ્આલ આવે છે. બાલિગપણાથી લઈને ત્રીસ વરસની ઉમર યુવાનીની છે. શાફઈઓની નજીક ત્રીસ વરસ સુધી યુવાની છે. માનવ ઉમરની હદો અને તેનાં નામ અમારી કિતાબ ''હાશિયતુલ કુર્આન''માં જુઓ. યુવાનોને એટલા માટે સંબોધન કર્યું કે આગળની વાત એમના જ પાત્ર છે.

★ નવાફિલ કરતાં નિકાહ અફઝલ છે ★

૨. باء، بات، باهت، باه આ ચારેવ શબ્દના એક જ અર્થ છે : ઘર અથવા મંઝિલ. વળી સોહબત તથા નિકાહ પર પણ આ શબ્દ બોલાવા લાગ્યો છે. એના માટે ઘરની જરૂરત હોય છે. એનાથી بَاءٌ يَبوء પરત થવાના અર્થમાં. અહીં મઝાફ ગુપ્ત છે, એટલે કે જે નિકાહના ખર્ચાની શક્તિ ધરાવતો હોય. આ અમ્ર નિસ્બતના માટે છે, એટલે કે જેનામાં નિકાહના ખર્ચાઓ વેઠવાની શક્તિ હોય તે નિકાહ કરે. આ હદીષ અહનાફની દલીલ છે કે નવાફિલ કરતાં નિકાહ અફઝલ છે. શાફઈઓને ત્યાં નવાફિલમાં મશગૂલ રહેવું નિકાહ કરતાં અફઝલ છે.

૩. એટલે કે પત્નીવાળો માણસ પાક દામન તથા નેક હોય છે, ન તે પર સ્ત્રીઓને તાકે છે, ન તો એનું દિલ બદ્કારી તરફ વળે છે. સારાંશ કે નિકાહ માણસ માટે સુરક્ષાત્મક કિલ્લો છે.

૪. وِجَاءٌ નો અર્થ છે ખસ્સી કરી દેવી જેનાથી માણસ નામર્દ થઈ જાય છે. એટલે કે રોઝો માણસની શહવત (વાસના)ને એ રીતે મારી દે છે જાણે કે ખસ્સી કરી દેવું. કેમ કે ભૂખથી નફ્સ કમજોર પડી જાય છે અને વાસનાની શક્તિ નફ્સ થકી અધિક થાય છે. સૂફીઓ ફર્માવે છે કે નફ્સને તોડવાના માટે ભૂખથી અધિક કોઈ ચીજ નથી, એટલા માટે લગભગ દરેક દીનમાં રોઝાનો હુકમ છે.

★ જીવનભર નિકાહ ન કરવાની મનાઈ ★

★ હદીષ : (૨)-૩૦૮૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ سَعْدِ بْنِ أَبِي وَقَّاصٍ قَالَ: رَدَّ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى عُثْمَانَ ابْنِ مَظْعُونٍ التَّبَتُّلَ وَلَوْ أَذِنَ لَهُ لَاخْتَصَيْنَا

''હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હઝરત ઉષ્માન ઈબ્ને મજઊનને નિકાહ વિનાના રહેવાની ઈજાઝત ન આપી[૧] જો આપ એને એની ઈજાઝત આપી દેત તો અમે ખસ્સી થઈ જાત[૨].'' (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે હઝરત ઉષ્માન ઈબ્ને મઝઊને જે મુહાજિરોના સરદારોમાંથી છે. તેમણે હુઝૂરે અન્વર ﷺથી દુનિયા ત્યાગની જિંદગી ગુજારવાની ઈજાઝત કે નિકાહ ન કરે, આખુ જીવન ઈબાદત રિયાઝતમાં પસાર કરે. હુઝૂરે અન્વર ﷺએ એનાથી મના કરી આપ્યું. યાદ રાખશો કે تبتل એ تبتل થી બન્યુ, અર્થ : કટ કરવું કે અલગ થઈ જવું. રબ તઆલા ફર્માવે છે : وَتَبَتَّلْ اِلَيْهِ تَبْتِيْلًا (અને સૌનાથી કટ થઈને એના થઈ જાવ. સૂ. મુઝમ્મિલ, ૭૩/૮) હવે દુનિયામાંથી અલાહિદગી (સંસાર ત્યાગ)ને તબલ કહેવામાં આવે છે. એનાથી છે બતૂલ. હઝરત મરયમ رضی اللہ عنہا ને બતૂલ કહે કે તે નિકાહથી અલગ રહે છે. ફાતિમા ઝહ્રાનો લકબ પણ બતૂલ છે કે આપ દુનિયવી ઉલઝનોથી અલગ રહ્યાં. કદી દુનિયામાં દિલ ન લગાડયું.

★ સંસાર ત્યાગ ઈસ્લામમાં નથી ★

૨. ક્યાં તો ખસ્સી થવાથી જાહેરી અર્થ મુરાદ છે કે અમે લોકો દુનિયા ત્યાગવા માટે ખસ્સી કરાવી લઈએ છીએ. કદાચ એ બુઝુર્ગોને તે સમયે આ મસ્અલો માલૂમ ન હતો કે માણસને તથા હરામ જાનવરને ખસ્સી કરવી હરામ છે. અને હલાલ જાનવરને ખસ્સી કરવું તેમના બચપનમાં જાઈઝ છે, મોટુ થવા પર હરામ છે, એટલા માટે આવું ફર્માવી રહ્યા છે. અથવા ખસ્સી હોવાથી મુરાદ બિલ્કુલ જ સ્ત્રીઓથી અલાહિદગી અપનાવે, એટલે જાણે અમો ખસ્સી થઈ જતા. (લમ્આત તથા મિર્કાત) આ પણ ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ની દલીલ છે કે નવાફિલથી નિકાહ અફઝલ છે. હદીષ શરીફમાં નિકાહના ઘણા ફઝાઈલ આવેલા છે. ખુદ આપણા નબી ﷺનો અમલ બતાવી રહ્યો છે કે નિકાહ આ'લા ઈબાદત છે, નહીં તો હુઝૂર સંસાર ત્યાગની જિંદગી ગુજારતા. જેથી ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો ફૌલ ખૂબ જ મજબૂત છે.

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે સ્ત્રી સાથે ચાર કારણોસર નિકાહ કરવામાં આવે છે : તેણીના માલ પર, ખાનદાન પર, સુંદરતા પર, અને દીન પર. તમે દીનવાળીને અપનાવો[૧]. ધૂળમય બને તમારા હાથ[૨]."
(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (3)-૩૦૮૨ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " تُنْكَحُ الْمَرْأَةُ لِأَرْبَعٍ: لِمَالِهَا وَلِحَسَبِهَا وَلِجَمَالِهَا وَلِدِينِهَا فَاظْفَرْ بِذَاتِ الدِّينِ تربت يداك "

૧. એટલે કે સામાન્યતઃ લોકો સ્ત્રીના માલ, જમાલ (સુંદરતા) તથા ખાનદાન પર નજર રાખે છે. એ જ ચીજોને જોઈને નિકાહ કરે છે, પણ તમે સ્ત્રીની શરાફત તથા દીનદારી સર્વ ચીજો કરતાં પહેલી જુઓ, કેમ કે માલ તથા સુંદરતા નાશવંત ચીજો છે, દીન બાકી રહેનારી (લા ઝવાલ) દોલત છે. તેમજ દીનદાર મા દીનદાર બાળકો જણે છે. ડૉ. ઈકબાલે શું સરસ કહ્યું છે ! :–

બેઅદબ માં બા અદબ ઔલાદ જન સકતી નહીં–મઅદને ઝર મઅદને ફૌલાદ બની સકતી નહીં

મા ફાતિમા જેવી હોય તો ઔલાદ હસ્નૈન જેવી હોય છે. ડૉ. ઈકબાલ કહે છે :

(ફારસીનો અર્થ :) બતૂલ બની જાવ અને આ જમાનાની નજરથી છુપાય જાવ જેથી તમારી ગોદમાં એક હસીન પરવરિશ પામી શકે.

૨. એટલે કે જો તમે અમારા આ ફર્માન પર અમલ નહીં કરો તો પરેશાન થઈ જશો. નબી કરીમ ﷺએ કે જે સ્ત્રીનો કેવળ માલ જોઈને નિકાહ કરશે તે ફકીર રહેશે. જે કેવળ ખાનદાન જોઈને નિકાહ કરશે તે બેઈજ્જત થશે. અને જે દીન જોઈને નિકાહ કરશે તેને બરકત આપવામાં આવશે. (મિર્કાત) માલ એક ઝટકામાં અને સુંદરતા એક બીમારીમાં જતી રહેશે.

★ નેક પત્ની ખુદાની અમાનત ★

★ હદીષ : (૪)-૩૦૮૩ ★	''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે દુનિયા એક વર્તવાનો સામાન છે[૧] અને દુનિયાનો બેહતરીન સામાન નેક પત્ની છે[૨].'' (મુસ્લિમ)
وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الدُّنْيَا كُلُّهَا مَتَاعٌ وَخَيْرُ مَتَاعِ الدُّنْيَا الْمَرْأَةُ الصَّالِحَةُ» . رَوَاهُ مُسلم	

૧. કે ઈન્સાન તેને વર્તીને છોડી જાય છે. રબ તઆલા ફર્માવે છે : قُلْ مَتَاعُ الدُّنْيَا قَلِيْلٌ (તમે ફર્માવી દો કે દુનિયાનું વર્તવું થોડું છે. સૂરએ નિસાઅ, ૪/૭૭) સૂફીઓ ફર્માવે છે કે જો દુનિયા દીનથી મળી જાય તો લાઝવાલ (સદા રહેનારી) દોલત છે. ટીપાને હજાર ખતરા છે, દરિયાથી મળી જાય છે રવાની તુગ્યાની (વહેણ, તેજ પ્રવાહ) સર્વ કાંઈ તેમાં આવી જાય છે અને ખતરાઓથી બહાર થઈ જાય છે.

★ બુરી પત્ની ખુદાનો અઝાબ ! ★

૨. કેમ કે નેક પત્ની પુરૂષને નેક બનાવી દે છે, તે આખેરતની નેઅમતોમાંથી છે. હઝરત અલી رضی اللہ عنہ એ ربنا اتنا فی الدنیا حسنة ની તફસીરમાં ફર્માવ્યું કે ખુદાયા ! અમને દુનિયામાં નેક પત્ની આપ, આખેરતમાં આ'લા હૂર અતા ફર્માવ, અને આગ એટલે ખરાબ પત્નીના અઝાબથી બચાવ. (મિર્કાત) જેવી રીતે સારી પત્ની ખુદાની રહમત છે, એ જ પ્રમાણે બુરી પત્ની ખુદાનો અઝાબ છે.

★ હદીષ : (૫)-૩૦૮૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)	''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ઊંટ પર સવારી કરનારી સ્ત્રીઓમાંથી સારી સ્ત્રીઓ કુરૈશ સ્ત્રીઓ છે[૧] ઔલાદ પર બચપનમાં ખૂબ જ મહેરબાન અને પતિના માલની બેહતરીન રક્ષક[૨].'' (મુસ્લિમ, બુખારી)
وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:«خَيْرُ نسَاء ركبن الْإِبِل صَالح نسَاء قُرَيْش أَحْنَاهُ عَلَى وَلَدٍ فِي صِغَرِهِ وَأَرْعَاهُ عَلَى زَوْجٍ فِي ذَاتِ يَدِهِ»	

★ કુરૈશની સ્ત્રીઓની પ્રશંસા ★

૧. એટલે કે અરબની સ્ત્રીઓમાં કુરેશ ખાનદાનની સ્ત્રીઓ ખૂબ જ આ'લા છે કેમ કે અરબવાસીઓની સામાન્ય સવારી ઊંટ છે એટલા માટે આ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો. જેથી હદીષ પર એ વાંધો નથી કે હઝરત મરયમ તો કુરૈશી બીબીઓ કરતાં અફઝલ હતાં. (મિર્કાત) યાદ રાખશો કે સ્ત્રીને ઘોડાની સવારી મના છે. لعن اللّٰہ الفرج علی السروج (ઘોડે સવારી કરનારી સ્ત્રીઓ પર અલ્લાહની લા'નત)

૨. કુરૈશી સ્ત્રીઓની બેહતરીના કારણ વિશે વર્ણન છે. આ વાક્યની ઘણી શરહો (ખુલાસો) છે. સૌથી સરળ શરહ એ છે કે કુર્શી સ્ત્રીઓ બાળકો પર મહેરબાન હોય છે, તેમનો ઉછેર ખૂબ જ ઉમદા રીતે કરે છે, અને પતિની શુભેચ્છા હોય છે કે તેની જાન તો શું તેના માલની પણ હિફાઝત કરે છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે બાળકોથી મુરાદ યતીમ અથવા માલ વિનાના બાળકો છે. અને પતિની ચીજથી મુરાદ તેણીની પોતાની જાત છે, એટલે તે પત્નીઓ પતિના લાવારિસ બાળકોની પણ ખૂબ જ પરવરિશ કરે છે અને પોતાની પવિત્રતાની રક્ષા કરે છે, એવું

સમજીને કે હું મારા પતિની છું. احناء حنو થી બન્યું શફકત (હેત)ના અર્થમાં, અને ؛ ઝમીર "ખલ્ક"ની તરફ પલટે છે. એટલે કે સર્વ મખ્લૂકમાં કુરૈશી સ્ત્રીઓ બાળકો પર અધિક મહેરબાન છે. અથવા એનો મરજઅ (પનાહની જગા) સ્ત્રી વંશ છે અને વંશ પુ.વાચક છે જેથી ઝમીર પુ.વાચક વર્ણન થઈ.

★ સ્ત્રી ફિત્નાગર છે તેનાથી બચવાનો ઈલાજ શું છે ? ★

"હઝરત ઓસામા ઈબ્ને ઝયદથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મેં મારા પાછળ પુરૂષો પર અધિક નુકસાનકર્તા ફિત્નો સ્ત્રીઓથી વધીને કોઈ નથી છોડયો[૧]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૬)-૩૦૮૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أُسَامَةَ بْنِ زَيْدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا تَرَكْتُ بَعْدِي فِتْنَةً أَضَرَّ عَلَى الرِّجَالِ من النِّسَاء»

૧. એટલે કે **દુનિયામાં પુરૂષો માટે સ્ત્રીઓ ઘણા જ ફિત્નાનો સબબ છે કે સ્ત્રીના સબબે આપસની અદાવત, લડાઈ, ઝઘડા બલ્કે ખૂનરેજીઓ ઘણી થશે.** સ્ત્રી જ જ્યારે દુનિયાનો ઝરીયો છે અને જ્યારે દુનિયા સર્વ ગુનાહોની જડ છે. مِنْ بَعْدِيْ ફર્માવવામાં એ તરફ નિર્દેશ છે કે હુઝૂર ﷺના જમાનામાં સ્ત્રીઓના ફિત્નાનો ઝહૂર સહાબાએ કિરામ પર ન થયો કેમ કે તે હઝરાત નૂરે મુસ્તફવીથી ખૂબ જ મુનવ્વર હતા, બાદમાં એનો ઝહૂર થયો. આજે પણ સ્ત્રીઓના કારણે ઝઘડા ફસાદ તથા કત્લ તથા ખૂન ખૂબ જ થઈ રહ્યાં છે. ઉલમા ફર્માવે છે કે જમીનમાં પ્રથમ કત્લ સ્ત્રીના કારણે થયો કે કાબીલે પોતાના ભાઈ હાબિલને અકલીમા સ્ત્રીના કારણે માર્યો. (શેઅર)

ઝઘળે કી બુન્યાદેં તીન, ઝન હૈ, ઝર હૈ ઔર ઝમીન

સ્ત્રીઓના ફિત્નાથી બચવાનો એક જ ઝરીયો છે તે એ કે ઈસ્લામી શરીઅતની મજબૂતીથી પાબંદી.

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે દુનિયા મીઠી તથા હર્યીભર્યી છે[૧] અને યકીનન ! અલ્લાહ તઆલા તમને એમાં બીજાઓની પાછળ માલિક કરશે[૨] તો જોશે કે શું અમલ કરો છો. જેથી દુનિયાથી સાવધાની વર્તો[૩] અને સ્ત્રીઓના બારામાં સાવચેત રહો, કેમ કે બની ઈસ્રાઈલનો પ્રથમ ફિત્નો સ્ત્રીઓના સંબંધે થયો[૪]." (મુસ્લિમ)

★ હદીષ : (૭)-૩૦૮૬ ★

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِنَّ الدُّنْيَا حُلْوَةٌ خَضِرَةٌ وَإِنَّ اللَّهَ مُسْتَخْلِفُكُمْ فِيهَا فَيَنْظُرُ كَيْفَ تَعْمَلُونَ فَاتَّقُوا الدُّنْيَا وَاتَّقُوا النِّسَاءَ فَإِنَّ أَوَّلَ فِتْنَةِ بَنِي إِسْرَائِيلَ كَانَتْ فِي النِّسَاء» . رَوَاهُ مُسلم

૧. એટલે કે દુનિયા જોવામાં સારી જણાય છે, દિલને પસંદ આવે છે. કેમ કે અરબવાસીઓ લીલોતરીને ખૂબ જ પસંદ કરતા હતા જેથી તેને હર્યીભર્યી કરવામાં આવી. તેમજ તેને લીલોતરીવાળી કરવામાં નિર્દેશ છે કે દુનિયા નજીકમાં નાશ પામનારી છે, જેવી રીતે લીલોતરી ખૂબ જ જલ્દી સૂકાય જાય છે, એવી જ રીતે દુનિયા ઘણી જ જલ્દી ખત્મ થઈ જાય છે.

૨. એમાં એ તરફ નિર્દેશ છે કે જેવી રીતે દુનિયા તમારાથી પહેલાં બીજાઓની પાસે હતી, પછી તેમનાથી બદલાયને તમારી પાસે આવી. તમો પાછલા લોકોના ખલીફા બન્યા, એવી જ રીતે તમારાથી તબદીલ થઈને બીજાઓની પાસે પહોંચશે. (શેઅર)

چناں کہ دست بدست آمد است ملک بما　　بدست یک دگراں ہم چنیں بخواہد رفت

અર્થાત : જે રીતે આ દુનિયા બીજાઓથી આપણા સુધી પહોંચી છે એ જ રીતે આપણા હાથથી બીજાઓના હાથમાં જતી રહેશે.

તમે પાછલાઓના ખલીફા છો, આવનારી પેઢીઓ તમારી ખલીફા બનશે. અથવા એ મતલબ છે કે દુનિયાનો હકીકી માલિક તો રબ તઆલા જ છે, તમો સૌ એના વર્તવામાં એના ખલીફા અથવા વકીલ છો. જેથી માલિકની મરજી વિના તેને ઉપયોગમાં ન લાવો. અથવા સહાબાએ કિરામને આગાહી છે કે મારા બાદ અરબ તથા અજમની દોલતો, દેશો તમારા કબજામાં આવનારા છે તો જરા હુરુસ્ત રહેજો.

૩. એટલે કે એનાથી ધોકો ન ખાવ અથવા નાજાઈઝ રીતે ન વાપરો અથવા એમાં મશગૂલ થઈને ભૂલી ન જાવ. તેને આપવાનું પણ આવડે છે અને છીનવી લેવાનું પણ. જે સીવી શકે તે ઉકેલી પણ શકે છે, કેમ કે (શેઅર) ہر کہ دانہ دوخت او دانہ دریدہ **અર્થાત :** જે સીવવાનું જાણે છે તે ફાડવાનું પણ જાણે છે. દુનિયાને એવી રીતે વાપરો જેવી રીતે બુદ્ધિશાળી માખી મધ લે છે કે કિનારામાં રહીને ચૂંસી લે છે, કે જો એમાં પડે તો મૃત્યુ પામે. દુનિયા શરીર પર રહે દિલમાં ન આવે. તમે દુનિયામાં રહો તમારામાં દુનિયા ન રહે.

૪. આ ફર્માને આલીમાં એ કિસ્સાની તરફ નિર્દેશ છે કે એક ઈસ્રાઈલીએ પોતાના કાકાને દરખાસ્ત કરી કે તમારી પુત્રીને મારી સાથે પરણાવી દો. તેણે ના પાડી. તેના ભત્રીજાએ તેને કત્લ કરી નાખ્યો કે જેથી તેના મૃત્યુ બાદ તેની પુત્રી સાથે નિકાહ કરે અને તેના માલનો વારસ બની જાય. એ જ બનાવ પર ગાયના ઝબહનો બનાવ ઉપસ્થિત થયો જે સૂરએ બકરહમાં વર્ણન થયેલ છે. (મિર્કાત તથા લમ્આત) અથવા એમાં બલ્આમ ઈબ્ને બાઊરાના બનાવની તરફ નિર્દેશ છે જેને ઈસ્મે આ'ઝમ યાદ હતું અને તે મકબૂલુદ્ દુઆ હતો. જ્યારે મૂસા عليه السلام એ કૌમે જબ્બારીન પર લશ્કર મોકલ્યું તો બલ્આમની કૌમે મૂસા عليه السلام પર બદ્ દુઆ કરવા માટે તેને દરખાસ્ત કરી. તે ન માન્યો ત્યારે કૌમે તેની સમક્ષ સ્વરૂપવાન સ્ત્રી પેશ કરી અને કહ્યું કે જો તું મૂસા عليه السلام પર બદ્દુઆ કરે તો અમે આ તેણીના નિકાહ તારી સાથે કરી દઈશું. ત્યારે તેણે મૂસા عليه السلام પર બદ્દુઆ કરવા ચાહ્યું જે ખુદ એના પર પડી અને તેની જીભ કૂતરાની જેમ બહાર નીકળી પડી. જેના સંબંધે કુર્આને કરીમ ફર્માવે છે : فَمَثَلُهُ كَمَثَلِ الْكَلْبِ (તો એનો હાલ કૂતરાની જેમ છે, તો એના પર હુમ્લો કરે. તો જીભ કાઢે અને છોડી આપે તો જીભ કાઢે..... સૂરએ અઅરાફ, ૭/૧૭૬) એનો વિગતવાર બનાવ તફસીરોમાં છે અને એના સ્થાને મિર્કાતમાં વર્ણન પામેલ છે. આ સ્થિતિમાં ફિત્નાથી મુરાદ ક્યાં તો મોટો ફિત્નો છે અથવા અવ્વલિયતથી મુરાદ ઈઝાફી અવ્વલિયત છે ન કે હકીકી. કેમ કે બની ઈસ્રાઈલમાં મામૂલી ફિત્ના એનાથી પહેલાં પણ થઈ ચૂક્યા હતા.

★ નહૂસત સ્ત્રી, ઘર તથા ઘોડામાં છે ★

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે નહૂસત સ્ત્રીમાં અને ઘરમાં અને ઘોડામાં છે. (મુસ્લિમ, બુખારી) અને એક રિવાયતમાં છે કે નહૂસત ત્રણ ચીજોમાં છે : સ્ત્રીમાં, ઘરમાં અને ઘોડામાં છે[૧]."

★ હદીષ : (૮)-૩૦૮૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الشُّؤْمُ فِي الْمَرْأَةِ وَالدَّارِ وَالْفَرَسِ» . مُتَّفَقٌ عَلَيْهِ. وَفِي رِوَايَةٍ: " الشُّؤْمُ فِي ثَلَاثَةٍ: فِي الْمَرْأَةِ والمسكن وَالدَّابَّة "

૧. شؤمએ شامથી બન્યું, યમનનું વિરુદ્ધાર્થી. યમનનો અર્થ છે બરકત, જેથી شؤمનો અર્થ છે નહૂસત. આ હદીષના ઘણા અર્થો કરવામાં આવ્યા : એક એ કે જો કોઈ ચીજથી નહૂસત હોત તો આ ત્રણ ચીજોમાં હોત. બીજુ એ કે **સ્ત્રીની નહૂસત એ છે કે ઔલાદ ન જણે અને પતિની નાફર્માન હોય. મકાનની નહૂસત એ છે કે સાંકડુ હોય, ત્યાં અઝાનનો અવાજ ન આવે અને તેના પડોશી ખરાબ હોય. ઘોડાની નહૂસત એ છે કે માલિકને સવારી ન આપે, નાફર્માન હોય** જો કે અહીં شؤمથી મુરાદ બદ્‌ફાલ નથી કે એના કારણે રોજી ઘટી જાય અથવા માણસ મરી જાય કે ઈસ્લામમાં બદફાલી મના છે. જેથી આ હદીષ طِيَرةની હદીષની વિરુદ્ધ નથી. **યાદ રાખશો કે અમુક બંદા તથા અમુક ચીજો મુબારક તો હોય છે કે એમનાથી ઘરમાં માલમાં, ઉમરમાં વધારો થાય છે.** જેમ કે ઈસા عليه السلام ફર્માવે છે : وَّجَعَلَنِيْ مُبٰرَكًا (અને એણે મને મુબારક કર્યો. સૂરએ મરયમ, ૧૯/૩૧) **પણ કોઈ ચીજ તેમાં વિરુદ્ધાર્થમાં મન્હૂસ નથી.** હા ! કાફિર, કુફ્ર, અઝાબનો જમાનો મન્હૂસ છે. રબ તઆલા ફર્માવે છે : فِيْ يَوْمِ نَحْسٍ (જેની નહૂસત એમના પર હમેશાં માટે છે. સૂરએ કમર, ૫૪/૧૯)

★ કુંવારી સાથે નિકાહ મુસ્તહબ ★

★ હદીષ : (૯)-૩૦૮૮ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ جَابِرٍ: قَالَ: كُنَّا مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي غَزْوَةٍ فَلَمَّا قَفَلْنَا كُنَّا قَرِيبًا مِنَ الْمَدِينَةِ قُلْتُ: يَا رَسُولَ اللَّهِ إِنِّي حَدِيثُ عَهْدٍ بعرس قَالَ: «تَزَوَّجْتَ؟» قُلْتُ: نَعَمْ. قَالَ: «أَبِكْرٌ أَمْ ثَيِّبٌ؟» قُلْتُ: بَلْ ثَيِّبٌ قَالَ: «فَهَلَّا بِكْرًا تلاعبها وتلاعبك» . فَلَمَّا قدمنَا لِنَدْخُلَ فَقَالَ: «أَمْهِلُوا حَتَّى نَدْخُلَ لَيْلًا أَيْ عشَاء لكَي تمتشط الشعثة وتستحد المغيبة»

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમે નબી કરીમ ﷺની સાથે એક જેહાદમાં હતા, તો જ્યારે અમે પરત થયા, મદીના મુનવ્વરાની નજીક થયા તો મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું નવો શાદી શૂદા છું[૧]. ફર્માવ્યું, શું તમે નિકાહ કરી લીધા ? મેં અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, કુંવારી સાથે કે વિધવા સાથે ? મેં કહ્યું, બલ્કે વિધવા સાથે. ફર્માવ્યું, કુંવારી સાથે કેમ ન કર્યો ? કે તેણી સાથે પૂરી ઉલ્ફત કરતા, તેણી તમારાથી ભરપુર મહોબ્બત કરતી[૨]. પછી જ્યારે અમે પહોંચી ગયા અને ઘરે જવા લાગ્યા તો ફર્માવ્યું, થોભો ! કે આપણે રાતમાં એટલે ઈશાના સમયે દાખલ થઈએ[૩] કે જેથી વેરવિખેરવાળા કાંસકા વડે ઠીક કરવામાં આવે અને ગુપ્ત જગા સાફ કરી લેવામાં આવે લોટા વડે[૪]. '' (મુસ્લિમ, બુખારી)

૧. કોઈક કારણે નબી કરીમ ﷺએ હઝરત જાબિરના નિકાહમાં શિર્કત ન કરી (હાજરી ન આપી) હશે અને તેમણે હજી સુધી હુઝૂર ﷺને તેની ખબર કરી ન હતી, એનો મોકો મળ્યો ન હતો. નહીં તો સામાન્ય રીતે સહાબા આવા મોકાઓ પર હુઝૂર ﷺની હાજરી જરૂરી સમજતા હતા.

★ પોતાની પત્ની સાથે આનંદ પ્રમોદ બેહતર ★

૨. એટલે કે બેહતર હતું કે તમે કોઈ કુંવારી સ્ત્રી સાથે નિકાહ કરતા, કેમ કે વિધવા સ્ત્રીના દિલમાં પ્રથમ પતિ અને પ્રથમ સાસરીના ખયાલ રહે છે. થોડી સરખી તકલીફમાં એ લોકોને યાદ કરે છે. એટલા માટે પતિ સાથે પ્રેમ

જેવો કુંવારી સ્ત્રીને હોય છે તેવો વિધવાને નથી હોતો. હુઝૂર ﷺનું ખુદ પોતે વિધવાઓ સાથે નિકાહ કરવું અન્ય મસ્લેહતોને કારણે હતું. હુઝૂરે અન્વર ﷺએ આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا સિવાય કોઈ અન્ય કુંવારી પત્ની સાથે નિકાહ નથી કર્યો. આ હદીષથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે કુંવારી છોકરી સાથે નિકાહ કરવા મુસ્તહબ છે, એવું જ ફ઼ક़ીહો કહે છે. બીજુ એ કે પોતાની પત્ની સાથે હંસી ગમ્મત, આમોદ પ્રમોદ બેહતર છે કે એમાં સેંકડો હિકમતો છે.

★ સફરથી ઘરે પહોંચતા પહેલાં ખબર કરો ★

૩. એટલે કે પોતાના ઘરે પોતાના મદીના પહોંચવાની ખબર તો મોકલી દો, પણ રાત આવતા પહેલાં પોતે ન જાવ. જે હદીષમાં ફર્માવ્યું કે રાતમાં સફરથી પરત ઘરે ન પહોંચો, ત્યાં વગર ખબર આપ્યે પહોંચવું મુરાદ છે. સુન્નત એ છે કે મુસાફર પહેલાં પોતાના ઘરે પોતાના આવવાની ખબર મોકલે પછી ત્યાં પહોંચે.

૪. એટલે કે આ મોડુ કરવામાં મસ્લેહત એ છે કે તમારી પત્ની તમારા આવવાની ખબર સાંભળીને નહાય ધોઈ લેશે, વાળોમાં કાંસકો તથા આંત્રિક સફાઈ કરી લેશે, જેનાથી તમે તેણીને સારી હાલતમાં પામશો અને એનાથી આપસની મહોબ્બત વધશે. ક્યારેક અચાનક ઘરે પહોંચી જવાથી પત્નીને એવી હાલતમાં જોવાનું થાય છે કે તબીઅતમાં ઘૃણા તથા નફરત પેદા થઈ જાય છે. યાદ રાખશો કે સામાન્યતઃ સ્ત્રીઓ અસ્તરા વડે આંત્રિક સફાઈ નથી કરતી બલ્કે ચૂના વગેરેથી કરે છે. એટલા માટે મુહદ્દિષોએ تستحد થી "ચુના વગેરેથી સફાઈ કરી લેવુ" મુરાદ લીધું છે. આ હદીષથી નિર્દેશરૂપે જણાય છે કે સ્ત્રીઓએ આંત્રિક સફાઈ માટે અસ્તરાનો ઉપયોગ કરવો જુર્મ નથી.

(વિભાગ : ૨) الفصل الثانی

★ ત્રણ શખ્સોની મદદ કરવા વિશે ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ત્રણ શખ્સોની મદદ કરવું અલ્લાહના કરમના જિમ્મા પર લાઝિમ છે[૧]. તે મુકાતિબ ગુલામ જે અદાનો ઈરાદો ધરાવતો હોય[૨] તે નિકાહ કરનાર જે પાકદામનીનો ઈરાદો કરે[૩] અને અલ્લાહની રાહમાં જેહાદ કરનાર ગાઝી[૪]."

(તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૦)-૩૦૮૯ ★

عَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " ثَلَاثَةٌ حَقٌّ عَلَى اللَّهِ عَوْنُهُمْ: الْمُكَاتَبُ الَّذِي يُرِيدُ الْأَدَاءَ وَالنَّاكِحُ الَّذِي يُرِيدُ الْعَفَافَ وَالْمُجَاهِدُ فِي سَبِيلِ اللَّهِ ". رَوَاهُ التِّرْمِذِيّ وَالنَّسَائِيّ وَابْن مَاجَه

૧. આ વાક્યનો અર્થ એ છે કે રબ તઆલા એ ત્રણ શખ્સોની ગયબથી મદદ કરે છે. તેનો વાયદો છે. અને જે કોઈ એ ત્રણેવની મદદ કરે તો રબ તઆલા એમનાથી ઘણો જ રાજી થાય છે, કેમ કે એની મદદ સુન્નતે ઈલાહિયા છે.

૨. મુકાતિબ તે ગુલામ છે જેને મૌલાએ (માલિકે) કહી આપ્યું હોય કે તું આટલી રકમ મને આપી દે તો તું આઝાદ છે. એવા ગુલામની મદદ કરવી અને તેને આઝાદ કરાવવાની કોશિશ કરવી ઘણો જ સવાબ છે. એ જ પ્રમાણે કરજદારને કરજથી મુક્તિ અપાવવી, મઝલૂમ કેદીને કેદથી છોડાવવું ઘણો જ સવાબ છે.

૩. નિકાહ ખુદ સુન્નત છે અને જ્યારે કે એમાં ભલી નિય્યત સામેલ થઈ જાય તો નૂરુન્ અલા નૂર છે. એનાથી

જાણવા મળ્યું કે નિકાહમાં દહેજ મળવાની, વાસના સંતોષવાની, કોઈ મોટા માણસથી સગાઈ જોડવાની નિય્યત ન કરે. કેવળ પોતાને ગુનાહોથી બચાવવા માટેની નિય્યત કરે. આવા ثواب (નિકાહ કરનારની આર્થિક, શારીરિક મદદ કરવી સવાબ છે, પણ **આર્થિક મદદ નિકાહની જરૂરતો પૂરી કરવા માટે હોય ન કે હરામ રસમો અદા કરવા** માટે.)

૪. જેથી ગાઝી ફી સબીલિલ્લાહને ખાવા, હથિયાર, સવારી પૂરી પાડવું ઘણુ જ અફઝલ છે કે એની મદદ એ હકીકતમાં રબ તઆલાના દીનની મદદ છે.

★ છોકરીના વાલીઓને સંબોધન ★

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, ***રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમને નિકાહનો પયગામ તે શખ્સ આપે[૧] જેની દીનદારી તથા અખ્લાક તમને પસંદ છે તો નિકાહ કરી આપો[૨].*** *જો એવું નહીં કરો તો જમીનમાં ફિત્ના તથા* , FAFRMIFQ FNBOFY. HX[૩]. *" (તિર્મિઝી)*

★ હદીષ : (૧૧)-૩૦૯૦ ★

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا خَطَبَ إِلَيْكُمْ مَنْ تَرْضَوْنَ دِينَهُ وَخُلُقَهُ فَزَوِّجُوهُ إِنْ لَا تَفْعَلُوهُ تَكُنْ فِتْنَةٌ فِي الْأَرْضِ وَفَسَادٌ عَرِيضٌ» . رَوَاهُ التِّرْمِذِيُّ

૧. એમાં સંબોધન છોકરીના વાલીઓથી છે કેમ કે સામાન્યતઃ સ્ત્રીના ખાસ કરીને કુંવારી છોકરીના વાલીઓ સાથે જ નિકાહની વાતચીત કરવામાં આવે છે, એટલા માટે તેમને સંબોધન કર્યું. એનાથી જણાય રહ્યું છે કે સુન્નત એ છે કે છોકરાવાળા પયગામ આપે છોકરીવાળાઓને, જો કે એનાથી ઉલ્ટુ પણ જાઈઝ છે.

૨. એટલે કે જ્યારે તમારી છોકરી માટે દીનદાર, આદતો તથા તૌર તરીકામાં દુરુસ્ત છોકરી મળી જાય તો કેવળ માલની હવસમાં અને લખપતિના ઈન્તેઝારમાં યુવાન છોકરીના નિકાહમાં મોડુ ન કરો. છોકરાના ખુલ્કથી મુરાદ તંદુરસ્તી, ખૂબીવાળા લક્ષણોવાળી, અને ભરણપોષણ પર કુદરત સૌ સામેલ છે.

૩. એટલા માટે કે જો માલદારની રાહ જોવામાં છોકરીઓના નિકાહ ન કરવામાં આવ્યા તો આ બાજુ છોકરીઓ ઘણી કુંવારી બેસી રહેશે અને બીજી બાજુ છોકરા ઘણા અપરણીત રહેશે, જેનાથી ઝિના ફેલાશે અને ઝિનાના કારણે છોકરીવાળાઓને શરમ અનુભવવી પડશે. પરિણામ એ થશે કે ખાનદાન અપાસમાં લડશે, ખૂના મરકી થશે, જેવું કે આજકાલ જાહેર થઈ રહ્યું છે. યાદ રાખશો કે આ હદીષના આધારે ઈમામ માલિક ફર્માવે છે કે કિફાયત (યોગ્યતા)માં કેવળ દીનનો લેહાઝ છે અન્ય કોઈ ચીજનો લેહાઝ નથી. અન્ય ઈમામ ફર્માવે છે. યોગ્યતામાં ચાર ચીજો લક્ષમાં રાખવામાં આવે છે : દીન, આઝાદ હોવું, વંશ, ધંધો. જેથી **મુસ્લિમના નિકાહ કાફિર સાથે નથી થઈ શકતા.** એ જ પ્રમાણે સાલેહ (નેક) છોકરીના નિકાહ ફાસિક તથા બદકાર પુરૂષો સાથે ન કરવા જોઈએ. આઝાદ છોકરીના નિકાહ ગુલામ સાથે, આ'લા ખાનદાનવાળીના નિકાહ નીચ બેઈજ્જત ખાનદાનવાળાથી, ઉચ્ચ ધંધાવાળાના નિકાહ નીચ ધંધાવાળા સાથે ન થવા જોઈએ. જો છોકરી કફૂ વિરુદ્ધ નિકાહ કરી લે જેથી તેના વાલીઓની બેઈજ્જતી થાય તો નિકાહ દુરુસ્ત ન થશે. (મિર્કાત, લમ્આત તથા અશિઅહ)

★ હદીષ : (૧૨)-૩૦૯૧ ★

وَعَنْ مَعْقِلِ بْنِ يَسَارٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «تَزَوَّجُوا الْوَدُودَ الْوَلُودَ فَإِنِّي مُكَاثِرٌ بِكُمُ الْأُمَمَ» . رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

''હઝરત યઅમલ ઈબ્ને યસારથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે મહોબ્બત કરનારી, બાળકો જણનારી સ્ત્રીઓ સાથે નિકાહ કરો[૧] કેમ કે હું તમારા કારણે ઉમ્મતો પર ગર્વ કરીશ[૨]. ''

(અબૂ દાઉદ, નિસાઈ)

★ મહોબ્બત કરનારી તથા અધિક બાળકો જણનારી સાથે નિકાહ કરો ★

૧. કેમ કે પતિ પત્નીની મહોબ્બતથી ઘરની આબાદી છે અને બાળકોની પેદાઈશથી નિકાહનો હેતુ પૂર્ણ થાય છે. પતિ પત્ની વચ્ચેની અદાવત ઘર તબાહ કરી નાખે છે. યાદ રાખશો કે વિધવા સ્ત્રીના આ બંનેવ ગુણો તેની ગુજરેલી જિંદગી પરથી માલૂમ થશે અને કુંવારીનાં આ ગુણો તેના ખાનદાનની સ્ત્રીઓ પરથી જાહેર થશે, કેમ કે મોટાભાગની સ્ત્રીઓ પોતાની ખાનદાની સ્ત્રીઓ પરથી ઓળખવામાં આવે છે. *(અશિઅહ)*

૨. એટલે કે કાલે કયામતમાં મને એ ચીજથી ઘણી ખુશી થશે કે મારી ઉમ્મત સર્વ ઉમ્મતોથી અધિક હોય અને ઈન્શા અલ્લાહ ! એવું જ થશે. જન્નતવાળાઓની કુલ ૧૨૦ સફો હશે જેમાંથી ૮૦ સફો રસૂલુલ્લાહ ﷺની ઉમ્મતની હશે, અને ૪૦ સફો સર્વ નબીઓના ઉમ્મતીઓની હશે. બલ્કે દુનિયામાં પણ સંખ્યાની અધિક્તા કૌમની પ્રગતિનો ઝરીયો છે. આજે રાયની અધિક્તાથી સલ્તનત, મંત્રી મંડળ વગેરે બને છે. મિર્કાતે આ હદીષનો એ મતલબ પણ બતાવ્યો કે મહોબ્બતવાળી, બાળકો જણનારી સ્ત્રીઓને નિકાહમાં રાખો કે જો એવી સ્ત્રીમાં અન્ય કોઈ બીજી શિકાયત પણ હોય તો તેની પરવા ન કરો. મહોબ્બત તથા ઔલાદ અલ્લાહની મહાન નેઅમત છે.

★ હદીષ : (૧૩)-૩૦૯૨ ★

وَعَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ سَالِمِ بْنِ عُتْبَةَ بْنِ عُوَيْمِ بْنِ سَاعِدَةَ الْأَنْصَارِيِّ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «عَلَيْكُمْ بِالْأَبْكَارِ فَإِنَّهُنَّ أَعْذَبُ أَفْوَاهًا وَأَنْتَقُ أَرْحَامًا وَأَرْضَى بِالْيَسِيرِ» . رَوَاهُ ابْنُ مَاجَه مُرْسلا

''હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને સાલિમ ઈબ્ને ઉત્બા[૧] ઈબ્ને ઉવૈમ ઈબ્ને સાએદા અન્સારીથી[૨] તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રિવાયત કરે છે[૩] ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમે કુંવારીઓને અપનાવો[૪] કે તે મોઢાની મીઠી, ગર્ભની સાફ અને થોડા પર રાજી થઈ જનારી હોય છે[૫]. (ઈબ્ને માજહ, અર્સલન)[૬]

૧. સાલિમ તથા ઉત્બા બંનેવ તાબઈ છે, ઉવૈમ સહાબી છે.

૨. ઉવૈમ ઈબ્ને સાએદા સહાબી છે, અન્સારી અવસી છે. બંનેવ બયઅતે ઉકબામાં શરીક થયા. બદર તથા સર્વ ગઝવાઓમાં સામેલ રહ્યા. ફારૂકી યુગમાં વફાત પામ્યા. ૬૫ વરસની ઉમ્ર શરીફ થઈ. આપનાથી હઝરત ઉમર رضی اللہ عنہ એ રિવાયતો લીધી. *(મિર્કાત તથા અકમાલ)*

૩. એટલે કે અબ્દુર્રહમાન પોતાના પિતા સાલિમથી રિવાયત કરે છે અને સાલિમ પોતાના પિતા ઉત્બાથી રાવી જે અબ્દુર્રહમાનના દાદા છે. એટલા માટે સાહિબે મિશકાતે (લેખકે) આ હદીષને મુરસલ કહી, કેમ કે ઉત્બા તાબઈ છે. જો અહીં સાલિમના દાદા ઉવૈમ મુસદ હોત તો હદીષ મુરસલ શાથી થાત ? ઉવૈમ તો સહાબી છે. *(મિર્કાત વગેરે)*

૪. એટલે કે બેહતર એ છે કે કુંવારીઓ સાથે નિકાહ કરો. આ عليكم ઈલ્ઝામ માટે નથી, બલ્કે ઈસ્તેહબાબ (મુસ્તહબ હોવા) માટે છે, જેથી આ હદીષ આ આયતની વિરુદ્ધ નથી કે : وَاَنْكِحُوا الْاَيَامٰى مِنْكُمْ وَالصّٰلِحِيْنَ (અને નિકાહ કરો પોતાનામાં તેમના જે અપરણીત હોય અને તમારા લાયક બંદાઓના અને કનીઝોના. સૂરએ નૂર, ૨૪/૩૨)

૫. એટલે કુંવારી છોકરી વાતો મીઠી કરે છે કેમ કે તેણે પહેલાં કોઈ પતિ જોએલો નથી હોતો કે જેથી બંને પતિઓની સરખામણી કરતી રહે, અને જરા સરખી વાતમાં પ્રથમ પતિને યાદ કરીને મોં મચકોડે. તેમજ કુંવારી છોકરી સંપૂર્ણ યુવાન છે, ગર્ભમાં ઉષ્મા, તબીઅતમાં મજબૂત વાસના છે, જેથી તેણી થકી ઔલાદ પણ અધિક થવાની ઉમ્મીદ છે. તેમજ પતિની થોડી કમાણી પર ગુજારો કરવામાં ખચકાટ નહીં અનુભવે કેમ કે તેણીએ એનાથી પહેલાં માલદાર પતિને જોયો જ નથી, કે જેથી તેણીની આદત વધારે ખર્ચ કરવાની પડી ચૂકી હોય.

૬. આ હદીષને ઈમામ સિયૂતીએ જામેએ સગીરમાં ઈબ્ને માજહ તથા બયહકી઼ના હવાલાથી ઉ़વૈમ ઈબ્ને સાઅ़દાથી રિવાયત કરી. આ સ્થિતિમાં આ હદીષ મુત્તસિલ છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ મહોબ્બત ચાહનારાઓ માટે નિકાહ શ્રેષ્ઠ ચીજ ★

★ હદીષ : (૧૪)-૩૦૯૩ ★
عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَمْ تَرَ لِلْمُتَحَابَّيْنِ مثل النِّكَاحِ» . رَوَاهُ ابْن مَاجَه

*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે **બે મહોબ્બત ચાહનારાઓ માટે નિકાહ જેવી કોઈ ચીજ નથી જોવામાં આવી**."*

૧. આ હદીષની રિવાયત બે પ્રકારની છે. لم ترى મુખાતબ મઅરૂફના સેગાથી અને لم يُرَ ગાઈબ મજહૂલના સેગાથી. એટલે કે હે સાંભળનારા ! તેં નિકાહના જેવી કોઈ અન્ય ચીજ મહોબ્બત પેદા કરનારી નથી જોઈ અથવા તને નથી જોવામાં આવી. **મક़સદ એ છે કે જે બે વ્યક્તિઓ અથવા ખાનદાનોમાં મહોબ્બત પેદા કરવી હોય તો તેમના આપસમાં એકબીજાને ત્યાં છોકરીઓ પરણાવી દો, ઈન્શા અલ્લાહ ! મહોબ્બત પેદા થઈ જશે.** કહેવત મશહૂર છે કે રોટી બેટી મહોબ્બતની જડ છે. અથવા એ મતલબ છે કે મહોબ્બત બાદ નિકાહ ખૂબ જ ઉલ્ફત (ચાહના)નો ઝરીયો છે. એટલા નિકાહથી પહેલાં આપસમાં હદિયા તોહફા આપવામાં આવે છે. અથવા એ મતલબ છે કે જો કોઈ પુરૂષને કોઈ સ્ત્રીથી મહોબ્બત થઈ જાય તો તેણી સાથે ઝિના ન કરે, નહીં તો પછી અદાવત પેદા થઈ જશે, બલ્કે નિકાહ કરે ત્યારે મહોબ્બત કાયમી રહેશે. (લમ્આત, અશિઅહ) યાદ રાખશો કે નિકાહ મહોબ્બતની ઝંજીર (સાંકળ) ત્યારે છે જ્યારે કે રઝાએ ઈલાહી માટે કરવામાં આવે. જો કેવળ માલ તથા જમાલના માટે કરવામાં આવે તો ક્યારેક અદાવત તથા દુશ્મનીનો સબબ પણ બની જાય છે, જેવું કે આજે ઘણી બધી જગાએ જોવામાં આવી રહ્યું છે, હદીષ સહીહ છે પણ આપણી કાર્યપદ્ધતિ ગલત છે.

★ હદીષ : (૧૫)-૩૦૯૪ ★

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَرَادَ أَنْ يَلْقَى اللهَ طَاهِرا مطهراً فليتزوج الْحَرَائِر».رَوَاهُ ابْن مَاجَه

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે અલ્લાહ તઆલા સાથે પાક સાફ મળવા ચાહતો હોય તે આઝાદ સ્ત્રીઓ સાથે નિકાહ કરે[૧]. ''

૧. તાહિરથી મુરાદ છે ગુનાહોથી પાક, મુતહ્હરથી મુરાદ છે બુરાઈઓથી સાફ. જેથી મુતહ્હર, તાહિરની સરખામણીમાં આમ છે. અથવા તાહિરથી મુરાદ છે ખુદ પાક અને મુતહ્હરથી મુરાદ છે તેનાં બાળ બચ્ચાં પાક. એટલે કે જો તમે ચાહો છો કે તમો પોતાના ખાનદાનની સાથે પાક તથા સાફ દુનિયાથી જાવ તો આઝાદ સ્ત્રી સાથે નિકાહ કરો, કેમ કે સામાન્યતઃ આઝાદ સ્ત્રીઓ લોંડીઓ કરતાં અધિક પાકીઝા, સુસંસ્કૃત અને વિનમ્ર હોય છે. બાળ બચ્ચાંની સહીહ તા'લીમો તર્બિયત, ઘરની વ્યવસ્થા પણ આઝાદ સ્ત્રીથી જ સારો થાય છે, કેમ કે સામાન્યતઃ લોંડીઓ અસંસ્કારી અને ગૈર વ્યવસ્થાવાળી હોય છે. આ મોટાભાગે નિયમ છે. અરબવાસીઓ કહે છે કે આઝાદ સ્ત્રી ઘરની સુધારણા છે, લોંડી ઘરનો બગાડ. લોંડી ઘરેથી જઈને પોતાના માલિકની ખિદમતમાં મશગૂલ રહેશે તો ઘરને ક્યારે સંભાળશે ?

★ મો'મિનને ખૌફે ખુદા બાદ નેક પત્ની મહાન નેઅમત ★

★ હદીષ : (૧૬)-૩૦૯૫ ★

وَعَنْ أَبِي أُمَامَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ يَقُولُ: «مَا اسْتَفَادَ الْمُؤْمِنُ بَعْدَ تَقْوَى اللَّهِ خَيْرًا لَهُ مِنْ زَوْجَةٍ صَالِحَةٍ إِنْ أَمَرَهَا أَطَاعَتْهُ وَإِنْ نَظَرَ إِلَيْهَا سرته وَإِن أقسم عَلَيْهِ أَبَرَّتْهُ وَإِنْ غَابَ عَنْهَا نَصَحَتْهُ فِي نَفْسِهَا وَمَاله» . روى ابْن مَاجَه الْأَحَادِيث الثَّلَاثَة

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી ﷺથી રિવાયત કરે છે કે હુઝૂર ﷺ ફર્માવે છે કે મો'મિને અલ્લાહથી ખૌફ પછી નેક પત્નીથી બેહતર કોઈ નેઅમત ન પામી[૧] કે જો તે પત્નીને હુકમ આપે તો તેણી તેની આજ્ઞાનુ પાલન કરે[૨] અને જો તેને જુએ તો પસંદ આવે[૩] અને જો એના પર કસમ ખાય લે તો તેની કસમ પૂરી કરે[૪] અને જો તેનાથી ગાયબ થાય તો પોતાની જાત તથા પતિના માલમાં ભલાઈ ઈચ્છે[૫]. આ ત્રણેવ હદીષો ઈબ્ને માજહએ રિવાયત કરી. ''

૧. એટલે કે મો'મિનના માટે સૌથી મોટી નેઅમત તો ''ખૌફે ખુદા'' છે, જો નસીબ થઈ જાય, કેમ કે એ ખૌફના કારણે જ તે ગુનાહોથી બચે છે, નેકીઓ કરે છે. દીન તથા દુનિયાની ભલાઈનો ઝરીયો તકવો છે. ત્યારબાદ નેક પત્ની જેમાં આગલી ત્રણ ખૂબીઓ હોય, કે એવી પત્ની પતિને તકવા પર કાયમ રાખશે અને મુત્તકી ઔલાદ જણશે.

૨. એટલે કે પતિના દરેક જાઈઝ હુકમમાં તેની આજ્ઞાંકિત હોય, કેમ કે નાજાઈઝ હુકમમાં કોઈનું આજ્ઞાપાલન નથી. (અહમદ, મિર્કાત)

૩. એટલે કે તેની સીરત (સ્વભાવ, અખ્લાક વગેરે) પણ સારી હોય અને સૂરત (દેખાવ) પણ હોય. કેમ કે સીરતનું ઉમદા હોવું ખૂબસૂરતી કરતાં અફઝલ છે. એટલા માટે સારી સીરત (આદતો, તૌર તરીકા) વગેરેનું વર્ણન પ્રથમ કર્યું. **ખૂબસૂરતીથી કેવળ આંખો લિજ્જત પામે છે. સારી સીરતથી દિલ તથા રૂહને આનંદ થાય છે.** ખૂબસૂરતી નજીકમાં જ નાબૂદ થનારી છે, સારી સીરત હોવી અવિનાશી, ખૂબસૂરતી કેવળ દુનિયા બલ્કે જવાનીમાં જ કામ આવે છે.

સારી આદતો દીન તથા દુનિયામાં કામ આવનારી છે. સૈયદુલ ફુસહા ﷺની વાણીમાં હજારો હિકમતો હોય છે.

૪. એટલે કે પતિ જો પોતાની પત્નીના કોઈ એવા કામમાં ક़સમ ખાઈ લે જે એ પત્ની પર કઠિન તથા અઘરુ હોય તો તે કેવળ પોતાના પતિની ક़સમ પૂરી કરવાના ખાતર એ તકલીફ સહન કરીને તે કામ કરે. જેમ કે પતિ કહે કે, ખુદાની ક़સમ ! તું તારા પીયર નહીં જાય. તો તે કેવળ એ ક़સમ પૂરી કરવા ખાતર ત્યાં ન જાય. મા બાપને પોતાની સાસરીમાં બોલાવીને મુલાકાત કરી લીધા કરે.

૫. સુબ્હાનલ્લાહ ! કેટલો સમૃદ્ધ તથા પાકીઝા કલમો છે. એટલે કે પતિની ગૈર મૌજૂદગીમાં પોતાની શર્મગાહ, આંખ, કાન, પગોની હિફાઝત કરે. સમજે કે હું મારા પતિની દોલત છું, મારી આંખ, કાન વગેરે મારી પાસે એની જ અમાનત છે. ગૈર મર્દ (પર પુરૂષ)ને જુએ નહીં, ગૈરનું ગીત તો શું તેનો અવાજ પણ ન સાંભળે, પતિની ઈજાઝત વિના ઘરેથી ક़દમ બહાર ન કાઢે. એવું ન બને કે પતિ ઘરમાં નથી પત્નીને ડર નથી. તેમજ પતિનો માલ તેની રજા વિના ખર્ચ ન કરે. الا فی الضرورات (બલ્કે જરૂરત મુજબ)

★ નિકાહ કરી લીધો અડધો દીન સંપૂર્ણ કરી લીધો ★

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે બંદાએ નિકાહ કરી લીધો તો પોતાનો અડધો દીન સંપૂર્ણ કરી લીધો, હવે બાકીના અડધામાં અલ્લાહથી ડરો[૧]."

★ હદીષ : (૧૭)-૩૦૯૬ ★

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا تَزَوَّجَ الْعَبْدُ فَقَدِ اسْتَكْمَلَ نِصْفَ الدِّينِ فَلْيَتَّقِ اللَّهَ فِي النِّصْفِ الْبَاقِي»

૧. કેમ કે દીનમાં ફસાદ (ખરાબી)નાં બે કારણો છે, શર્મગાહ અને પેટના સંબંધે નિષ્કાળજીઓ. જેને ખુદા નિકાહની તૌફીક આપી દે તો તેની શર્મગાહની રક્ષા થશે. હવે જોઈએ કે પોતાના પેટને હરામ ખોરાકથી બચાવે. **ઈમામ ગિઝાલી رَحْمَةُ اللهِ عَلَيْهِ ફર્માવે છે કે શર્મગાહ અને પેટ પર જ શૈતાનનું હેડ ક્વાર્ટર છે. જ્યારે અહીંથી એને કાટી મૂક્યો તો ઈન્શાઅલ્લાહ ! બીજા અંગોથી પણ નીકળી જશે.** *(અઝ મિર્ક़ાત મઅ ઝિયાદત)*

★ મોટી બરકતવાળો નિકાહ તે જે ઓછા ખર્ચમાં થાય ★

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **મોટી બરકતવાળો નિકાહ તે છે જેમાં બોજ ઓછો હોય[૧]**. આ બંને હદીષો બયહક़ીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી."*

★ હદીષ : (૧૮)-૩૦૯૭ ★

وَعَن عَائِشَةَ قَالَتْ: قَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ أَعْظَمَ النِّكَاحِ بَرَكَةً أَيْسَرُهُ مُؤْنَةً» . رَوَاهُمَا الْبَيْهَقِيّ فِي شعب الْإِيمَان

૧. આ કલમો (વાક્ય) ખૂબ જ સમૃદ્ધ છે એટલે જે નિકાહમાં બંને પક્ષોનો ખર્ચ ઓછો કરાવવામાં આવે. મહેર પણ મામૂલી હોય, દહેજ ભારે ન હોય, કોઈ બાજુ બંને પક્ષે કરજદાર ન થઈ જાય, કોઈ બાજુથી સખત શર્ત ન હોય. અલ્લાહના તવક્કુલ પર છોકરી આપવામાં આવે. તે નિકાહ ઘણો જ બાબરકત છે, આવી શાદીખાના આબાદી છે. આજે આપણે હરામ રસ્મોમાં બેહૂદા રિવાજોના કારણે શાદીને ખાના બર્બાદી બલ્કે ખાનાઓની બર્બાદી બનાવી નાખીએ છીએ. અલ્લાહ તઆલા આ હદીષે પાક પર અમલની તૌફીક़ આપે. (આમીન)

باب النظر الى المخطوبة وبيان العورات

બાબુન્નઝર ઈલલ મખ્તૂબતિ વ બયાનુલ અવરાત

(જે સ્ત્રીને પયગામ આપવામાં આવે તેને જોઈ લેવી અને સતરનું બયાન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. مخطوبة خطبه થી બન્યું. جاء خطبه – અને خطبه ઝેર તથા પેશથી. બંને શબ્દો ખિતાબથી લેવામાં આવેલ છે, કોઈની સાથે વાત કરવાના અર્થમાં, એના મુખાતબ છે. પણ ખુત્બો ''ખ''ના પેશથી. એનો ફાઈલ (કર્તા) ''ખતીબ' છે. ખુત્બા ''ખ''ના ઝબરથી, એનો ફાઈલ ખાતિબ મફઉલ મખ્તૂબ. ખુત્બા ''ખા''ના પેશથી દરેક વઅઝ તથા ખિતાબને કહે છે. અને ખિતાબ ''ખ''ના ઝેરથી નિકાહના પયગામને કહે છે. જે સ્ત્રી કે તેના વાલીઓને આપવામાં આવે. જેથી મખ્તૂબા તે સ્ત્રી છે જેના નિકાહનો પયગામ આપવામાં આવ્યો હોય અથવા આપવાનો હોય. મખ્તૂબાને નિકાહના પયગામથી પહેલાં જોઈ લેવી અથવા જોવડાવી લેવી મુસ્તહબ છે. ઈમામ માલિકને ત્યાં ઈજાઝતથી જાઈઝ છે અને વિના ઈજાઝતે મના છે. (અશિઅહ) પણ બેહતર એ છે કે પયગામથી પહેલાં જોવામાં આવે અને તે પણ કોઈ બહાના થકી કે સ્ત્રીને જાણ ન થાય કે જેથી નાપસંદગીની સ્થિતિમાં સ્ત્રીને રંજ ન થાય. અવરાત ઔરતનું બહુવચન છે. આ શબ્દ ''આર'' (એટલે શરમ)થી બન્યો. સતરને એટલા માટે ઔરત કહે છે કે તેના જાહેર થવાથી શર્મ આવે છે. એટલા માટે ઔરતને ઔરત કહે છે કે તેણીની બેપર્દગી શરમ તથા પસ્તાવાનો સબબ છે. બુરી વાતને હુકમે અવરા કહે છે, જેને બોલવું ગૈરત તથા શરમનો સબબ છે. *(મિર્કાત)*

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ નબી કરીમ ﷺ ની ખિદમતમાં આવ્યો[૧] બોલ્યો, મેં એક અન્સારી સ્ત્રી સાથે નિકાહ કરી લીધો છે[૨]. ફર્માવ્યું, તેને જોઈ લો[૩] કેમ કે અન્સારીની આંખમાં કાંઈક હોય છે[૪]. ''(મુસ્લિમ)

★ હદીષ : (૧)-૩૦૯૮ ★

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: جَاءَ رَجُلٌ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: إِنِّي تَزَوَّجْتُ امْرَأَةً مِنَ الْأَنْصَارِ قَالَ: «فَانْظُرْ إِلَيْهَا فَإِنَّ فِي أَعْيُنِ الْأَنْصَارِ شَيْئًا» . رَوَاهُ مُسْلِمٌ

૧. એ શખ્સ ગૈર અન્સારી હતો તેને અન્સારી સ્ત્રીઓના બારામાં કાંઈ ખબર ન હતી. જો અન્સારી હોત તો પોતે જ સર્વ ચીજોથી ખબરદાર હોત, તેને જણાવવાની જરૂરત જ ન રહેત.

૨. આ તર્જુમો જ યોગ્ય છે કેમ કે નિકાહ બાદ સ્ત્રીને જોઈ જ લેવામાં આવે છે. તેમજ પછી જોવું બેકાર છે કેમ કે નિકાહ તો થઈ જ ચૂક્યો. تزوج થી મુરાદ ''નિકાહનો ઈરાદો'' છે.

૩. જોવાથી મુરાદ ચહેરો જોવું છે કે ખૂબસૂરતી તથા બદસૂરતી ચહેરામાં જ હોય છે. અને એનાથી મુરાદ એ જ સૂરત છે જે હમણાં વર્ણવવામાં આવી. એટલે કે કોઈ બહાના થકી જોઈ લેવું અથવા કોઈ વિશ્વસનીય સ્ત્રી થકી જોવડાવી લેવું, ન કે બાકાયદા સ્ત્રીનું ઈન્ટરવ્યું લેવું, જેમ કે આજકાલના બેદીનોએ સમજ્યું છે.

૪. ક્યાં તો હુઝૂરે અન્વર ﷺએ અન્સારની સ્ત્રીઓને તેમના પુરૂષો પર કયાસ કરી કેમ કે પુરૂષોની આંખો માંજરી હતી, તો સ્ત્રીઓની પણ એવી જ હશે. અથવા કોઈએ હુઝૂર ﷺને એ અર્ઝ કર્યું હશે. અથવા એટલા માટે કે હુઝૂર ﷺ દરેક ઉઘાડા ગુપ્તથી માહિતગાર છે અથવા હુઝૂરે અન્વર ﷺથી મુસલમાન સ્ત્રીઓને પર્દો નથી, કેમ કે હુઝૂર વાલિદ છે. પણ આ સ્પષ્ટતા થોડીક કમજોર જેવી છે, કેમ કે એહતેરામ તથા અદબમાં વાલિદ છે ન કે શરઈ એહકામમાં. જેથી હુઝૂરથી પર્દો ફર્ઝ છે. જે સ્ત્રીઓ હુઝૂર ﷺની સામે આવી છે તે રજાઈ (દૂધના સંબંધથી) બહેન વગેરે હતી અથવા કોઈ અન્ય રીતે મેહરમ હતી. (અશિઅહ તથા મિર્કાત) આ હદીષથી જાણવા મળ્યું કે અમુક સ્થિતિઓમાં ગીબત એટલે કોઈકની બુરાઈ પીઠ પાછળ વર્ણવવી જાઈઝ છે, જ્યારે કે કોઈક ખરાબીને રોકવાનો હેતુ હોય. આજે મુહદ્દિષો હદીષના રાવીઓના અયબો વર્ણવે છે.

★ હદીષ : (૨)-૩૦૯૯ ★ (مُتَّفِق عَلَيْهِ)
وَعَنِ ابْنِ مَسْعُودٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تُبَاشِرُ الْمَرْأَةُ الْمَرْأَةَ فَتَنْعَتُهَا لِزَوْجِهَا كَأَنَّهُ ينظر إِلَيْهَا»

"હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ન મેળમેળાપ કરે કોઈ સ્ત્રી બીજી સ્ત્રીથી, પછી પોતાના પતિ સમક્ષ તેણીની પ્રશંસા કાંઈક એ પ્રમાણે કરે કે જાણે તે તેણીને જોઈ રહ્યો છે." (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે એ મના છે કે સ્ત્રી પોતાના પતિ સમક્ષ અન્ય સ્ત્રીઓની સુંદરતાનું વર્ણન કરે એ પણ ફિત્નાનો સબબ છે. કેમ કે (શેઅર) : بسا ایں دولت از گفتار خیزد نہ تنہا عشق از دیدار خیزد **અર્થાત** : ઈશ્ક કેવળ દીદારથી જ પેદા નથી થતો અમુક વખતે મહેબૂબની વાતો સાંભળવાથી પણ ઈશ્ક થઈ જાય છે.

અમુક વખતે સાંભળીને ઈશ્ક પેદા થઈ જાય છે. એટલા માટે ફકીહો ફર્માવે છે કે **ઈશ્કિયા બિભત્સ ગીતો અને સ્ત્રીઓના હુસ્નના શેઅરો સાંભળવા હરામ છે** કે ફિત્નાનો સબબ છે. આ બીમારી સામાન્યતઃ સ્ત્રીઓમાં જોવા મળે છે કે અન્ય સ્ત્રીઓના હુસ્નનો ઉલ્લેખ પોતાના પતિઓથી કરતી રહે છે, એ સખત જુર્મ છે. આ હદીષના આધારે અમુક ફકીહો ફર્માવે છે કે જાનવરની બયએ સલમ (એડવાન્સ પેમેન્ટથી વેચાણનો કરાર) જાઈઝ છે કે અમુક વર્ણન રૂબરૂ જાહેરની જેમ હોય છે. શક્ય છે કે જાનવરના સર્વ ખૂબીઓ વર્ણવી દેવામાં આવે. જેથી તે નિશ્ચિત થઈ જાય. જુઓ ! સરકાર ﷺ ફર્માવે છે, "જાણે તે તેણીને જોઈ રહ્યો છે." પણ આપણા ઈમામ સાહબને ત્યાં મના છે, કેમ કે જાનવરોના બાતિની અવસાફ (આંત્રિક ખૂબીઓ) વર્ણનમાં નથી આવી શકતા, અને બયએ સલમમાં પૂરેપૂરો ઈલ્મ (જાણકારી) હોવો જોઈએ.

★ એક ચાદરમાં બે પુરૂષ કે બે સ્ત્રી ભેગાં નગ્ન ન સૂએ ★

★ હદીષ : (૩)-૩૧૦૦ ★
وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَنْظُرُ الرَّجُلُ إِلَى عَوْرَةِ الرَّجُلِ وَلَا الْمَرْأَةُ إِلَى عَوْرَةِ الْمَرْأَةِ وَلَا يُفْضِي الرَّجُلُ إِلَى الرَّجُلِ فِي ثَوْبٍ وَاحِدٍ وَلَا تُفْضِي الْمَرْأَةُ إِلَى الْمَرْأَةِ فِي ثوب وَاحِد» . رَوَاهُ مُسلم

"હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ન કોઈ પુરૂષ કોઈ પુરૂષનુ સતર જુએ અને ન કોઈ સ્ત્રી કોઈ સ્ત્રીનું સતર[૧] અને ન પુરૂષ બીજા પુરૂષથી એક કપડામાં ભેગો થાય અને ન સ્ત્રી કોઈ સ્ત્રી સાથે એક કપડામાં ભેગી થાય[૨]." (મુસ્લિમ)

★ કયા કયા અંગો સતર (છુપાવવાની ચીજ) છે ? ★

૧. ડૂંટીથી ગુઠણ સુધીનાં અંગો મુત્લક़ન (કોઈ અપવાદ વિના) છુપાવવાં વાજિબ છે, કે ન પુરૂષ પુરૂષનાં એ અંગો જુએ ન સ્ત્રી સ્ત્રીનાં. પરંતુ **સ્ત્રી પુરૂષ અજનબીના માટે માથાથી પગ સુધી પર્દાને પાત્ર છે** અને નમાઝ માટે સ્ત્રી માથાથી પગો સુધી શરીર ઢાંકે સિવાય ચહેરા, પહોંચાં સુધી હાથ અને ઘૂંટીઓની નીચેના પગોના. ફક़ીહો ફર્માવે છે કે દાઢી મૂંછ વિનાનો અમરદ (ઓછી વયનો સુંદર છોકરો) પણ અમુક હુકમોમાં સ્ત્રીની જેમ છે, કે તેને જોવાથી પણ બચે. (અશિઅહ) જરૂરત પ્રમાણે શરીઅતના હુકમો વિવિધ છે, જેમ કે બાળક જણતી વખતે દાયણ સતર જુએ છે, એ જ પ્રમાણે અમુક સ્થિતિઓમાં પુરૂષને નગ્ન કરવો પડે છે. મેહરમ પુરૂષ પોતાની મેહરમા સ્ત્રીનો ચહેરો હાથ પગો, માથુ જોઈ શકે છે. પતિ પત્નીના વચ્ચે આપસમાં કોઈ પર્દો નથી, એનાથી કોઈ અંગ છુપાવવું વાજિબ નથી. હા ! શર્મગાહને જોવું બીનાઈ (દૃષ્ટિ)ને કમજોર કરે છે. મા બાપ પોતાનાં જવાન પુત્ર પુત્રીઓને ચૂમી શકે છે, સૂંઘી શકે છે. એ જ પ્રમાણે યુવાન પુત્ર પુત્રી પોતાનાં મા બાપને ચૂમી શકે છે. જોવા તથા ચૂમવાના સંપૂર્ણ હુકમો શામી આલમગીરી વગેરે "બાબુલ્ મસ વન્નઝર" જુઓ."

૨. એટલે કે પુરૂષ પુરૂષની સાથે એ જ પ્રમાણે સ્ત્રી સ્ત્રીની સાથે નગ્ન ન સૂએ કે એ હરામ પણ છે અને બેશર્મી પણ. જેથી બે નગ્ન પુરૂષો એક ચાદર ઓઢીને ન સૂએ, એ જ પ્રમાણે બે નગ્ન સ્ત્રીઓ પણ. સુબ્હાનલ્લાહ ! કેવી પાકીઝા તા'લીમ છે.

★ કોઈ પુરૂષ કોઈ પરણીત સ્ત્રી પાસે રાત ન ગુજારે ★

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ખબરદાર ! કોઈ પુરૂષ કોઈ શાદી શુદા સ્ત્રીની પાસે રાત ન ગુજારે[૧], પણ એ કે તેણીનો પતિ અથવા મેહરમ સગો[૨]."

(મુસ્લિમ)

★ હદીષ : (૪)-૩૧૦૧ ★

وَعَنْ جَابِرٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِيَّاكُمْ لَا يَبِيتَنَّ رَجُلٌ عِنْدَ امْرَأَةٍ ثَيِّبٍ إِلَّا أَنْ يَكُونَ ناكحا أَو ذَا محرم» . رَوَاهُ مُسلم

૧. એટલે કે **જે સ્ત્રી સાથે નિકાહ દુરુસ્ત છે તેની સાથે રાતમાં એકલા રહેવું હરામ છે.** પરણીતની શર્ત એટલા માટે છે કે કુંવારી છોકરી સામાન્યતઃ શરમાળ હોય છે, તેણી પોતે જ કોઈની સાથે ઉઠતી બેસતી નથી. પરણીત બેબાક (નિઃસંકોચ) હોય છે, નીડર પણ હોય છે, કેમ કે તેનો ઝિના છુપાય શકે છે કે ઔલાદ પણ થઈ જાય તો લોકો સમજશે કે તેના પતિની છે. રાત ગુજારવાની શર્ત એટલા માટે લગાડી કે રાતનું એકાંત દિવસના એકાંતની સરખામણીમાં અધિક ખતરનાક છે, નહીં તો તદ્દન અજનબી સ્ત્રી સાથે એકાંત હરામ છે.

★ મેહરમ વિશે વર્ણન ★

૨. મેહરમ તે પુરૂષ છે જેના નિકાહ તે સ્ત્રી સાથે હમેશાં માટે હરામ છે. મેહરમ બે પ્રકારના છે એક તે જે ઝી રહમ પણ હોય, જેમ કે બાપ, બેટો, ભાઈ વગેરે. બીજા તે જે ઝીરહમ ન હોય. જેમ કે રઝાઈ (દૂધ) ભાઈ અને જમાઈ. યાદ રાખશો કે બનેવી આ હુકમથી બહાર છે કે તેણી સાથે નિકાહ જો કે હરામ છે પણ કાયમી હરામ નથી. બહેનની તલાક़ કે મૃત્યુ બાદ હલાલ છે, જેથી અસાલી સાળી તેના બનેવીથી પર્દો કરે, બલ્કે યુવાન સાસુ પણ યુવાન જમાઈ સાથે એકાંતમાં રહેવાથી સાવધાની વર્તે, એ જ પ્રમાણે યુવાન સસરો પણ યુવાન વહુ સાથે એકાંતમાં

રહેવાથી સાવધાની રાખે, ભલે એમના માટે એકાંત દુરુસ્ત છે.

★ ગૈર મેહરમ સ્ત્રી પાસે બેપર્દા ન જાવ ★

''હઝરત ઉક્બા ઈબ્ને આમિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સ્ત્રીઓની પાસે જવાથી બચો[1] કોઈએ કહ્યું, યા રસૂલલ્લાહ ! દિયરના વિશે બતાવો. ફર્માવ્યું, દિયર તો મૌત છે[2]. '' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૫)-૩૧૦૨ ★

(مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِيَّاكُمْ وَالدُّخُولَ عَلَى النِّسَاءِ فَقَالَ رَجُلٌ: يَا رَسُولَ اللَّهِ أَرَأَيْتَ الْحَمْوَ؟ قَالَ: «الْحَمْوُ الْمَوْتُ»

૧. પાછલી હદીષમાં એકાંતનું વર્ણન હતું. અહીં બેપર્દા સામ સામે આવવાનું વર્ણન છે. એટલે કે ગૈર મેહરમ સ્ત્રીની પાસે બેપર્દા ન જાવ ભલે ઝી રહમ જ હોય. જેમ કે કાકા/મોટાની પુત્રી, માસીની પુત્રી, ફોઈની પુત્રી. કેમ કે એમનાથી પર્દો હોવો જોઈએ કે ભલે ઝી રહમ તો છે પણ મેહરમ નથી. તેણીઓ સાથે નિકાહ દુરુસ્ત છે.

★ ભાભી દિયર જેઠથી, સાળી બનેવીથી પર્દો કરે ★

૨. એટલે કે ભાભીનું દિયર સાથે બેપર્દા થવું મૌતની જેમ તબાહીનો સબબ છે. અહીં મિર્કાતે ફર્માવ્યું કે حمو (હમૂ)થી મુરાદ કેવળ દિયર છે એટલે પતિનો ભાઈ જ છે, બલ્કે પતિનાં તે સર્વ સગાઓ મુરાદ છે જેમનાથી નિકાહ દુરુસ્ત છે. જેમ કે પતિના કાકા, મામા, ફુવા વગેરે. એ જ પ્રમાણે પત્નીની બહેન (સાળી) અને તેણીની ભત્રીજી, ભાણકી વગેરે સૌના માટે આ જ હુકમ છે. યાદ રાખશો કે દિયરને મૌત એટલા માટે કહ્યું કે આદત પ્રમાણે ભાભી દિયરથી પર્દો નથી કરતી, બલ્કે તેની સાથે મજાક મસ્તી પણ કરે છે. અને જાહેર છે કે અજનબી ગૈર મેહરમ સ્ત્રી સાથે મજાક મસ્તી કેટલાક અંશે ફિત્નાનો સબબ છે. આજે પણ અધિક ફિત્નો દિયર ભાભી, સાળી બનેવીમાં જોવા મળે છે.

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે હઝરત ઉમ્મે સલમાએ રસૂલુલ્લાહ ﷺ થી ફસ્દની (હિજામાની) ઈજાઝત માગી[1] તો હુઝૂરે અબૂ તયબહને હુકમ આપ્યો કે તેમની હિજામા કરે (લોહી ચૂંસવવું)[2] ફર્માવે છે કે મારો ખયાલ છે કે અબૂ તયબહ તેમના દૂધ ભાઈ હતા અથવા નાબાલિગ છોકરા હતા[3]. ''

(મુસ્લિમ)

★ હદીષ : (૬)-૩૧૦૩ ★

وَعَن جَابِرٍ: أَنَّ أُمَّ سَلَمَةَ اسْتَأْذَنَتْ رَسُولَ اللَّهِ فِي الْحِجَامَةِ فَأَمَرَ أَبَا طَيْبَةَ أَنْ يَحْجُمَهَا قَالَ: حَسِبْتُ أَنَّهُ كَانَ أَخَاهَا مِنَ الرَّضَاعَةِ أَو غُلَاما لم يَحْتَلِم. رَوَاهُ مُسلم

૧. અર્ઝ કરી, મને ઈજાઝત આપવામાં આવે કે લોહી ચૂંસનાર (હિજામા)વાળાથી લોહી ચૂંસાવું. જાણવા મળ્યું કે સ્ત્રીના માટે બેહતર એ જ છે કે હકીમ ડોકટરનો ઈલાજ પતિની ઈજાઝતથી કરાવે. ખાસ કરીને જ્યારે કે ઈલાજમાં બેપર્દા થવું પડતુ હોય, કેમ કે હિજામામાં લોહી ચૂંસાવવાની જગાને જોવી પડે છે.

૨. અબૂ તયબહનું નામ નાફેઅ છે. મુહીસા ઈબ્ને મસ્ઊદ અન્સારીના આઝાદ કરેલા ગુલામ છે. સહાબી છે. મદીના મુનવ્વરામાં હિજામાના ઘણા જ નિષ્ણાત હતા. *(અકમાલ)*

★ ઈલાજ માટે ગૈર મેહરમે બીમારીની જગા જોવી જાઈઝ ★

૩. ઉલમા ફર્માવે છે કે ઈલાજ, હિજામા, ખત્ના માટે બીમારની જગા અજનબી ડોકટર હકીમ પણ જોઈ શકે છે. (મિર્કાત તથા અશિઅ્હ) આ હદીષથી જાણવા મળ્યું કે જો એવા ઈલાજના માટે સ્ત્રીનો મેહરમ હકીમ હોય તો અજનબીના બદલે તેનાથી ઈલાજ કરાવવો બેહતર છે. એ પણ જાણવા મળ્યું કે નાબાલિગ બાળકથી પર્દો નથી.

★ ગૈર મેહરમ સ્ત્રી પર અચાનક નજર પડે તો ? ★

"હઝરત જરીર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ થી અચાનક નજર પડી જવા વિશે પૂછયું તો હુઝૂરે મને નજર ફેરવી દેવાનો હુકમ આપ્યો[૨]. " (મુસ્લિમ)

★ હદીષ : (૭)-૩૧૦૪ ★

وَعَن جرير بْنِ عَبْدِ اللَّهِ قَالَ: سَأَلْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ نَظَرِ الْفُجَاءَةِ فَأمرني أَن أصرف بَصرِي. رَوَاهُ مُسلم

૧. એટલે કે જો અજનબી સ્ત્રી પર વિના ઈરાદે નજર પડી જાય તો એમાં શું ગુનોહ છે અને એનો કફ્ફારો શું છે ?

૨. એટલે કે આ અચાનક નજર પડી જવામાં તો ગુનોહ નથી પણ તરત નજર હટાવી લો. જો બીજીવાર જોઈ લીધું અથવા તેને જોતા રહ્યા તો ગુનેહગાર થશો, કેમ કે એમાં ગુનાહનો ઈરાદો જોવામાં આવ્યો. આ હદીષના આધારે અમુક ઉલમાએ ફર્માવ્યું કે સ્ત્રીએ મોં છુપાવવું વાજિબ નથી બલ્કે પુરૂષે નજર નીચી રાખવી જરૂરી છે, કેમ કે સરકાર ﷺએ પુરૂષને નજર ફેરવી લેવાનો હુકમ આપ્યો. (મિર્કાત) પણ આ દલીલ કરવું ઝઈફ છે. આગલી હદીષમાં આવશે કે સ્ત્રી પણ અજનબી પુરૂષને ન જુએ ભલે પુરૂષ અંધ હોય. અહીં એ સ્થિતિ મુરાદ છે કે સ્ત્રી બેપર્દા ન હતી પછી પુરૂષની નજર પડી ગઈ.

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે સ્ત્રી શૈતાનના સ્વરૂપમાં તો આવે છે અને શૈતાનના સ્વરૂપમાં જ જાય છે[૧]. જ્યારે તમારામાંથી કોઈને કોઈ સ્ત્રી ગમી જાય અને તેના દિલમાં કાંઈક વસવસો થઈ જાય તો પોતાની પત્ની તરફ ઈરાદો કરે, તેણીથી ઈરાદો કરે[૨]. યકીનન ! એ અમલ તેના દિલના વસવસાને દૂર કરશે." (મુસ્લિમ)

★ હદીષ : (૮)-૩૧૦૫ ★

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ الْمَرْأَةَ تُقْبِلُ فِي صُورَةِ شَيْطَانٍ وَتُدْبِرُ فِي صُورَةِ شَيْطَانٍ إِذَا أَحَدَكُمْ أَعْجَبَتْهُ الْمَرْأَةُ فَوَقَعَتْ فِي قَلْبِهِ فَلْيَعْمِدْ إِلَى امْرَأَتِهِ فَلْيُوَاقِعْهَا فَإِنَّ ذَلِكَ يَرُدُّ مَا فِي نَفسه» . رَوَاهُ مُسلم

★ જરૂરત વિના સ્ત્રી ઘરેથી ન નીકળે ★

૧. એટલે કે અજનબી સ્ત્રીને આવતાં આગળથી જુઓ અથવા જતી વખતે પાછળથી જુઓ તો પુરૂષના દિલમાં વસવસા અને બુરા વાસનામય ખયાલ દિલમાં પેદા કરે છે, જેવી રીતે શૈતાન બુરા ખયાલ તથા વસવસા પેદા કરે છે. જેથી તેણીથી એવું જ ડરવું જોઈએ જેવી રીતે શૈતાનથી ડરો છો. **કોઈ મુત્તકી પરહેઝગાર પોતાના તકવા પર, પરહેઝગારી પર વિશ્વાસ ન કરે અને અજનબી સ્ત્રીઓથી સાવધાની વર્તે.** એમાં નિર્દેશ કરવામાં આવ્યો કે વિના જરૂરતે સ્ત્રી ઘરથી ન નીકળે અને પુરૂષ અજનબી સ્ત્રીઓને કપડાં પરથી પણ ન જુએ કે ફિત્નાનો અંદેશો

છે. તેમજ **સ્ત્રી માટે જરૂરી છે કે ફખ્ર દર્શાવતો લિબાસ, ઉમદા બુરખો ઓઢીને બહાર ન નીકળે કેમ કે ભપકાદાર બુરખો પર્દો નથી બલ્કે શણગાર છે.** *(નવવી તથા મિર્કાત)*

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૯)-૩૧૦૬ ★

عَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا خَطَبَ أَحَدُكُمُ الْمَرْأَةَ فَإِنِ اسْتَطَاعَ أَنْ يَنْظُرَ إِلَى مَا يَدْعُوهُ إِلَى نِكَاحِهَا فَلْيَفْعَلْ» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈક કોઈ સ્ત્રીને નિકાહનો પયગામ આપવા લાગે[૧] તો જો તેણીને જોઈ શકે જેને નિકાહની દા'વત આપે છે તો જરૂર કરે[૨].'' (અબૂ દાઊદ)

★ નિકાહ માટે સ્ત્રી જોવામાં શાનો લેહાઝ રાખવો ★

૧. આ તર્જુમો ખૂબ જ યોગ્ય છે. એટલે કે નિકાહનો પયગામ આપ્યા બાદ તેણીને ન જુએ, નહીં તો નાપસંદગીની સ્થિતિમાં સ્ત્રીને સદમો લાગશે, બલ્કે જોયા પછી પયગામ આપે. જોવાની રીતો અગાઉ વર્ણન થઈ ચૂકી કે ક્યાં તો કોઈક હીલા બહાનાથી જોતે પોતે જુએ અથવા કોઈ વિશ્વાસુ સ્ત્રી થકી જોવડાવી લે. મિર્કાતે પણ خطب નો અર્થ પયગામનો ઈરાદો કર્યો.

૨. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે નિકાહમાં સ્ત્રીના વંશ નસબ, દીનદારી વગેરેની સાથે દેખાવનો પણ લેહાઝ રાખે. અન્ય ચીજોની તેહકીકાત તો અન્ય રીતે પણ થઈ શકે છે પણ દેખાવની તેહકીક જોઈને જ થઈ શકે છે. જે હદીષોમાં દેખાવ તથા સુંદરતાના આધાર પર નિકાહ કરવાથી મના કર્યું છે ત્યાં કેવળ દેખાવનો જ લેહાઝ કરી લેવો અને દીનદારીની પરવા ન કરવું મુરાદ છે. જેથી હદીષોમાં ટકરાવ નથી. બીજુ એ કે પુરૂષ તો સ્ત્રીને જોવાની કોશિશ કરે પણ સ્ત્રી પુરૂષને જોવાની કોશિશ ન કરે, કેમ કે પુરૂષની તંદુરસ્તી, અખ્લાક તથા કમાણી જોવામાં આવે છે. હુસ્ન (સુંદરતા) સ્ત્રીનું ઘરેણુ છે અને આ ચીજો પુરૂષનું ઘરેણુ છે.

★ નિકાહના પૈગામ પહેલાં જોઈ લેવાનો હુકમ ★

★ હદીષ : (૧૦)-૩૧૦૭ ★

وَعَنِ الْمُغِيرَةِ بْنِ شُعْبَةَ قَالَ خَطَبْتُ امْرَأَةً فَقَالَ لِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَلْ نَظَرْتَ إِلَيْهَا؟» قُلْتُ: لَا قَالَ: «فَانْظُرْ إِلَيْهَا فَإِنَّهُ أَحْرَى أَنْ يُؤْدَمَ بَيْنَكُمَا» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

''હઝરત મુગીરા ઈબ્ને શુઅ્બાથી રિવાયત છે. ફર્માવે છે કે મેં એક સ્ત્રીને નિકાહનો પયગામ આપ્યો[૧] તો મને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે શું તમે તેણીને જોઈ લીધી છે ? મેં કહ્યું, નહીં. ફર્માવ્યું, તેણીને જોઈ લો કે એ જોવું તમારી આપસની હમેશાંની મહોબ્બતનો ઝરીયો છે[૨].''

(અહમદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી)

૧. ક્યાં તો પયગામ આપવા ચાહ્યું અથવા હજી સામાન્ય વાતચીત થઈ. પાકી વાત થઈ ગયા પછી અને નિકાહનો ઈરાદો કરી ચૂક્યા પછી આ હુકમ નથી આપ્યો.

૩. કેમ કે જો તમે જોયા વિના નિકાહ કરી લીધા અને નિકાહ બાદ જોવા પર તમને પસંદ ન આવી તો ક્યાં તો તેણીને તલાક઼ આપશો અથવા તેણીને મહોબ્બત વિના રાખશો. જેનાથી તમારી જિંદગી પણ કડવી થઈ અને તે સ્ત્રીની પણ. જોઈને નિકાહ કરવામાં આ અંદેશો નથી.

"હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ની નજર એક સ્ત્રી પર પડી ગઈ જે સારી જણાઈ[૧] તો હુઝૂરે અન્વર ﷺ બીબી સૌદાની પાસે તશરીફ઼ લાવ્યા. તેણી ખુશ્બુ તૈયાર કરી રહ્યાં હતાં અને તેમની પાસે સ્ત્રીઓ હતી. તેમણે એકાંતનો મોકો આપી દીધો. હુઝૂરે હાજત પૂર્ણ કરી.[૨] પછી ફર્માવ્યું, જે પુરૂષ કોઈ સ્ત્રીને જોઈ લે જે તેને સારી લાગે તો તે પોતાની પત્નીની પાસે આવી જાય કે તેણીની પાસે પણ તે જ છે તે તેની પાસે છે.[૩]" (દારમી)

★ હદીષ : (૧૧)-૩૧૦૮ ★

وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: رَأَى رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ امْرَأَةً فَأَعْجَبَتْهُ فَأَتَى سَوْدَةَ وَهِيَ تَصْنَعُ طِيبًا وَعِنْدَهَا نِسَاءٌ فَأَخْلَيْنَهُ فَقَضَى حَاجَتَهُ ثُمَّ قَالَ: «أَيُّمَا رَجُلٍ رَأَى امْرَأَةً تُعْجِبُهُ فَلْيَقُمْ إِلَى أَهْلِهِ فَإِنَّ مَعَهَا مثل الَّذِي مَعهَا» . رَوَاهُ الدَّارِمِيّ

★ મસાઈલની તા'લીમમાં ખુલાસાથી કહેવું શરમ વિરુદ્ધ નથી ★

૧. એ નજર અચાનક પડી હતી, જોઈને ન હતી. અને પસંદ આવવું ગૈર ઈરાદી હતું. બશરિયતના તકાઝા હેઠળ આ ગમી જવું ન ગુનોહ છે ન ખતા. જેવી રીતે યૂસુફ़ عليه السلام નું ઝુલેખાની તરફ આકર્ષણ સ્વભાવિક ગૈર ઈખ્તિયારી હતું. રબ તઆલા ફર્માવે છે : وَلَقَدْ هَمَّتْ بِهٖ ۚ وَهَمَّ بِهَا لَوْ لَاۤ اَنْ رَّاٰ بُرْهَانَ رَبِّهٖ (અને બેશક ! સ્ત્રીએ તેનો ઈરાદો કર્યો અને તે પણ સ્ત્રીનો ઈરાદો કરત જો પોતાના રબની દલીલ ન જોઈ લેત. સૂ. યૂસુફ़, ૧૨/૨૪) યક઼ીનન ! ઝુલેખાએ હઝરત યૂસુફ़નો ઈરાદો કરી લીધો. અને યૂસુફ़ عليه السلام એ ઝુલેખાનો. એટલે કે ઝુલેખાનો ઈરાદો ઈખ્તેયારી હતો અને યૂસુફ़ عليه السلام નો ઈરાદો ગૈર ઈખ્તિયારી જે જુર્મ નથી. અમુક મુફ़સ્સિરોએ એનો અર્થ કર્યો કે યૂસુફ़ عليه السلام પણ ઈરાદો કરી લેતા જો રબની દલીલ ન જોતા. રોઝાદાર ગરમીની સખ્તીમાં ઠંડુ પાણી જોઈને તેના પ્રતિ આકર્ષાય છે, પણ પી લેવાનો વહેમ પણ નથી કરતો. જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

૨. ગાલિબ (અધિકતર ગુમાન) એ છે કે હઝરત ઈબ્ને મસ્ઊદે અંદાઝાની રીતે આ બનાવ માલૂમ કરી લીધો હશે. અને શક્ય છે કે હુઝૂર ﷺ એ ખુદ વર્ણવ્યો હોય, કેમ કે આ બનાવમાં મુસલમાનોને તક઼વાની તાલીમ આપવામાં આવી છે, જેથી એનું વર્ણન કરી દેવું શરમની વિરૂધ્ધ નથી. યુનાની તબીબ (ડોક્ટર) અનુભવના માટે ગુપ્ત વાતો બતાવે પણ છે અને કરીને દેખાડે પણ છે. મુડદા (સ્ત્રી)ના ગુપ્તાંગમાં કાણુ પાડીને દરેક ચીજ બતાવે છે, જુઓ લાહોરના મ્યૂ હોસ્પિટલના શબઘરની હાલતો ! આ હદીષ પર બેશરમીનો વાંધો ઉઠાવવો ચકળાલ્વીઓની અતિશય કક્ષાની મૂર્ખાઈ છે.

૩. سبحان اللہ ! કેટલા ઉમદા તરીક઼ાથી સમજાવ્યું કે સંભોગની લિજ્જત તો પોતાની શક્તિ પર આધારિત છે. જેટલા પ્રમાણમાં વિર્ય ગાઢ હશે અને પુરૂષમાં શક્તિ અધિક હશે એટલા પ્રમાણમાં અધિક લિજ્જત મેહસૂસ થશે. સ્ત્રીની સુંદરતાને એમાં દખલ નથી. જે લિજ્જત એ જોયેલી સ્ત્રી સાથે સંભોગ કરવામાં મળતી હોય તે જ પોતાની પત્ની સાથે સંભોગ કરવામાં છે, તો પછી હરામકારીથી મોં કાળુ શા માટે કરો છો ? આજે એ વાતો સમજાવવાના માટે સીનેમાઓમાં ફિલ્મો દેખાડવામાં આવે છે.

★ સ્ત્રી છુપાવવાની ચીજ છે ★

''તેમનાથી જ રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું કે સ્ત્રી છુપાવવાને પાત્ર (છુપાવવાની ચીજ) છે[૧] જ્યારે સ્ત્રી નીકળે છે તો તેને શૈતાન ઘૂરે છે.[૨]'' (તિર્મિઝી)

★ હદીષ : (૧૨)-૩૧૦૯ ★

وَعَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «اَلْمَرْأَةُ عَوْرَةٌ فَإِذَا خَرَجَتِ اسْتَشْرَفَهَا الشَّيْطَانُ» . رَوَاهُ التِّرْمِذِيّ

૧. ઔરત (સ્ત્રી)નો અર્થ مَا يُعَارُ مِنْ اِظْهَارِهٖ જેનું જાહેર થવું શરમને પાત્ર હોય. **સ્ત્રીનું બેપર્દા રહેવું પિયરવાળાઓ માટે પણ શરમનો સબબ છે અને સાસરીવાળાઓ માટે પણ.**

૨. استشراف નો અર્થ છે કોઈ ચીજને ધ્યાનપૂર્વક જોવી, અથવા એનો અર્થ છે લોકોની નજરમાં સારૂ કરી આપવું જેથી લોકો તેને ધ્યાનપૂર્વક જુએ. (મિર્કાત તથા અશિઅહ) એટલે કે જ્યારે સ્ત્રી બેપર્દા થાય છે તો શૈતાન લોકોની નજરમાં તેની ભલી (સારી દેખાવું) કરી આપે છે કે તેઓ ચાહયે ન ચાહયે તેને તાકે છે. કહેવત મશહૂર છે કે પરાયી સ્ત્રી અને પોતાની ઔલાદ સારી લાગતી હોય છે. અને પરાયો માલ તથા પોતાની બુધ્ધિ અધિક જાણતી હોય છે. સરકાર ﷺનું આ ફર્માન બિલ્કુલ જોવા પણ મળે છે કે પોતાની સુંદર પત્નીઓથી નફરત કરતા હોય છે અને બીજી કદરૂપીઓ પર આશિક બને છે !

★ પુરૂષને હરામ છે કે અજનબી સ્ત્રીને જુએ ★

''હઝરત બુરૈદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ જનાબે અલી رضی اللہ عنہ થી ફર્માવ્યું, હે અલી ! એક નજર પછી બીજી નજર ન કરો કે તમને પ્રથમ નજર જ જાઈઝ છે, બીજી જાઈઝ નથી.[૧]'' (અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ, દારમી)

★ હદીષ : (૧૩)-૩૧૧૦ ★

وَعَنْ بُرَيْدَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لِعَلِيٍّ:«يَا عَلِيُّ لَا تُتْبِعِ النَّظْرَةَ النَّظْرَةَ فَإِنَّ لَكَ الْأُولَى وَلَيْسَتْ لَكَ الْآخِرَةُ».رَوَاهُ أَحْمَدُوَالتِّرْمِذِيُّ وَأَبُوداوُدَ والدارمي

★ પીરે તથા ઉસ્તાદે મુરીદા તથા શાગિર્દાને બપર્દા જોવી જાઈઝ નથી ★

૧. પ્રથમ નિગાહ (નજર, દૃષ્ટિ)થી મુરાદ તે નજર છે જે વિના ઈરાદે પરાઈ સ્ત્રી પર પડી જાય અને બીજી નજરથી મુરાદ ફરીથી બીજીવાર તેણીને ઈરાદાપૂર્વક જોવું છે. જો પ્રથમ નજર પણ જમાવી રાખી તો પણ તે બીજી નજરના હુકમમાં ગણાશે, એના પર પણ ગુનોહ થશે. એનાથી જાણવા મળ્યું કે **ઉલમા તથા પીરો માટે પણ જાઈઝ નથી કે પોતાની શાગિર્દા અથવા મુરીદાને ઈરાદાપૂર્વક જુએ. હઝરત અલી** رضی اللہ عنہ **ઉલમા તથા વલીઓ પીરોના સરદાર છે તેમને આ હુકમ થઈ રહ્યો છે.** વિચાર કર ! અને ડર ! કે એમનાથી વધીને પાકબાઝ કોણ હોય શકે છે ?! જાઈઝથી મુરાદ છે જેના પર ગુનોહ ન થાય. જાઈઝ નહીં, નાજાઈઝનું વિરૂધ્ધાર્થી હોય છે, ક્યારેક ફર્ઝ ક્યારેક વાજિબનું કે لَكَ (લક)નો ''લામ'' નફઅનો હોય, એટલે કે વિના ઈરાદાવાળી નજર તમારા માટે લાભદાયી છે કે જ્યારે તમે તરત જ નજર નીચી કરી લેશો તો સવાબ પામશો, તો દેખીતી રીતે બીજી નજર નુકસાનકર્તા થશે.

★ બાંદીના કોઈનાથી નિકાહ કર્યા બાદ તેનું સતર જોવું નાજાઈઝ ★

★ હદીષ : (૧૪)-૩૧૧૧ ★	*''હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે. તે પોતાના પિતાથી તે નબી કરીમ ﷺ થી રાવી (રિવાયત કરે છે) ફર્માવે છે કે જ્યારે તમારામાંથી કોઈ પોતાના ગુલામના નિકાહ પોતાની લોંડી સાથે કરી આપે તો તેનું સતર કદાપિ ન જુએ[૧] અને એક રિવાયતમાં છે કે ડૂંટીની નીચે અને ઘુટણની ઉપર કદી ન જુએ.[૨]'' (અબૂ દાઉદ)*
وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا زَوَّجَ أَحَدُكُمْ عَبْدَهُ أَمَتَهُ فَلَا يَنْظُرَنَّ إِلَى عَوْرَتِهَا» . وَفِي رِوَايَةٍ: «فَلَا يَنْظُرَنَّ إِلَى مَا دُونَ السُّرَّةِ وَفَوْقَ الرُّكْبَةِ» . رَوَاهُ أَبُو دَاوُد	

૧. એટલે કે લોંડીનુ સતર મૌલા (માલિક) પણ જોઈ શકે છે, સ્પર્શી પણ શકે છે, પણ જ્યારે કે તેના નિકાહ કોઈની સાથે કરી આપે, ભલે પછી પોતાના જ ગુલામ સાથે કરી દે ત્યારે સતરને સ્પર્શવું તો શું જોઈ પણ નથી શકતો કે હવે એ લોંડી આ બારામાં એના માટે અજનબી (પરાઈ) થઈ ગઈ. તેણી સાથે સોહબત પણ હરામ થઈ ગઈ અને સોહબતના સબબો પણ.

૨. આ વાક્ય પ્રથમ વાક્યની તફસીર છે, એટલે કે એવી લોંડીને જોવાથી જે મના કરવામાં આવ્યુ એનાથી મુરાદ સતર જોવું છે. ચહેરો, હાથ પગ તો હજી પણ જોઈ શકે છે, કેમ કે હજી પણ માલિકે તેણી પાસેથી ખિદમત લેવાનો તો હક્ક છે, અને ખિદમતમાં એ અંગો જરૂર જોવાં પડી જાય છે. (ચહેરા, હાથ, પગ) આ વાક્યથી જાણવા મળ્યું કે લોંડીનું સતર પુરૂષની જેમ છે, એટલે ડૂંટીથી ઘુટણ સુધી. આઝાદ સ્ત્રીનું પૂરુ શરીર સતર છે, સિવાય ચહેરો અને પહોંચાઓ સુધી હાથ અને ઘૂંટીથી નીચેના પગો. ફક્રીહોનો આ હુકમ આ જ હદીષથી કાઢેલો (માખૂઝ) છે.

★ પુરૂષની જાંગ સતર છે ★

★ હદીષ : (૧૫)-૩૧૧૨ ★	*''હઝરત જરહદથી[૧] રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે શું તમને ખબર નથી કે જાંગ સતર (છુપાવાની ચીજ) છે ?[૨]'' (તિર્મિઝી, અબૂ દાઉદ)*
وَعَنْ جَرْهَدٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أَمَا عَلِمْتَ أَنَّ الْفَخِذَ عَوْرَةٌ» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد	

૧. جَرْهَدٍ (જરહદ) બરવઝને جعفر (જઅફર) ઈબ્ને ખુવૈલદ છે. સહાબી છે. અસ્હાબે સુફ્ફામાંથી છે. મદીનાવાસીઓમાંથી છે. હિ.સ. ૬૧માં વફાત પામ્યા. આપનાથી આપના પુત્રો અબ્દુલ્લાહ, અબ્દુર્રહમાન, સુલૈમાન તથા મુસ્લિમે હદીષો નક્ફ કરી.

૨. આ સવાલ ધમકાવવાના રૂપે છે એટલે આ મસ્અલો જાણવો જરૂરિયાતે દીનથી છે. **શું તમે અત્યાર સુધી એટલો જરૂરી મસ્અલો પણ ન શીખ્યો કે પુરૂષની જાંગ સતરે ઔરત (છુપાવવાની ચીજ) છે.** આ હદીષના કારણે ઈમામ અબૂ હનીફા તથા શાફઈ તથા ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضوان الله تعالى عليهم اجمعين પુરૂષની જાંગને સતર માને છે. ઈમામ માલિક رضي الله عنه ને ત્યાં સતર નથી. જેથી જાંગ ખોલીને નમાઝ દુરુસ્ત નથી. પણ યાદ રાખશો કે આ મતભેદ પુરૂષની જાંગના બારામાં છે, સ્ત્રીની જાંગને સૌ સતર માને છે.

★ કોઈની સામે જાંગો ન ખોલો ★

''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ તેમને ફર્માવ્યું, હે અલી ! ન પોતાની જાંગ ખોલો[૧] અને ન કોઈ જીવંત મરેલાની જાંગ જુઓ.[૨]'' (અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૬)-૩૧૧૩ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللّٰهُ عَنْهُ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَهُ: «يَا عَلِيُّ لَا تُبْرِزْ فَخِذَكَ وَلَا تَنْظُرْ إِلَى فَخِذِ حَيٍّ وَلَا مَيِّتٍ» . رَوَاهُ أَبُو دَاوُد وَابْن مَاجَه

૧. એટલે કે **કોઈની સામે જાંગ ન ખોલો અને ન વિના જરૂરતે એકાંતમાં ખોલો, રબ તઆલાથી શર્મ કરો, કેમ કે જાંગ સતર છે.** આના પરથી **આજકાલના ચડ્ડી પહેરવાવાળા બોધ લે જેમની અડધી જાંગો ખુલ્લી હોય છે અને તેઓ નિઃસંકોચ લોકોમાં ફરે છે. અલ્લાહ તઆલા ઈમાની ગૈરત નસીબ કરે.**

★ મુર્દા બાલિગની પણ જાંગ ન જુઓ ★

૨. એટલે કે કોઈ મુર્દા બાલિગ મુસલમાનની જાંગ ન જુઓ અને કોઈ પોતાના જીવંતની જાંગ ન જુઓ જેનું તમારાથી સતર (છુપાવવું જરૂરી) છે, જેને છુપાવવું ફર્ઝ છે. જેથી આ હદીષ ઈમામ માલિકની વિરૂધ્ધ છે. બીજુ એ કે મુર્દાનો એહતેરામ ઝિંદાની જેમ છે કે તેનું સતર જોવું હરામ છે. **જેથી ગુસલ આપનારા પણ મૈયતને સતર ઢાંકીને ગુસલ આપે. તેણે પણ સતર જોવું જાઈઝ નથી.**

''હઝરત મુહમ્મદ ઈબ્ને જહશથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ મઅમર પાસેથી પસાર થયા જો કે તેમની જાંગો ખુલ્લી હતી[૨] તો ફર્માવ્યું, હે મઅમર ! તમારી જાંગો ઢાંકી લો કેમ કે જાંગો સતર છે.[૩]'' (શરહે સુન્નહ)

★ હદીષ : (૧૭)-૩૧૧૪ ★

وَعَنْ مُحَمَّدِ بْنِ جَحْشٍ قَالَ: مَرَّ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى مَعْمَرٍ وَفَخذه مَكْشُوفَتَانِ قَالَ: «يَا مَعْمَرُ غَطِّ فَخِذَيْكَ فَإِنَّ الفخذين عَورَة» . رَوَاهُ فِي شرح السّنة

૧. મુહમ્મદ ઈબ્ને જહશ ઈમ તથા હાના ઝબરથી છે. તેમના હાલાત જાણી નથી શકાયા. લગભગ આપ સહાબી છે, અને આ હદીષ મુરસલ નથી બલ્કે મુત્તસિલ છે. *(અશિઅહ)*

૨. મઅમર ઈબ્ને અબ્દુલ્લાહ કુર્શી અદવી સહાબી છે. ઘણા પૂરાણા મુસલમાન છે. મદીનાવાસીઓમાં ગણના થાય છે. કેમ કે એ હઝરત પહેલેથી સતર ઢાંકવાની આદતવાળા ન હતા તેમજ તેમને ખબર ન હતી કે જાંગ પણ સતર છે, એટલા માટે બેખયાલીમાં જાંગ ખોલેલા બેઠા હતા. જેથી આ હદીષ પર વાંધો નથી કે સહાબી ઉઘાડી જાંગે કેમ બેઠા હતા.

૩. એટલે કે ઘુટણોથી ડૂંટી સુધીનું શરીર સતર છે, તેને છુપાવવું વાજિબ છે. નારાજી એટલે પ્રદર્શિત ન કરી કે એ હઝરત મસ્અલાથી અજાણ હતા અથવા બેખયાલીમાં તેમની જાંગ ખુલી ગઈ હતી. સારાંશ કે બેખબરી તથા બેખયાલીમાં અને જાણી જોઈને જુર્મ કરવો એમાં ફરક છે.

★ એકાંતમાં પણ નગ્ન થવાથી બચો ! ★

★ હદીષ : (૧૮)-૩૧૧૫ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِيَّاكُمْ وَالتَّعَرِّيَ فَإِنَّ مَعَكُمْ مَنْ لَا يُفَارِقُكُمْ إِلَّا عِنْدَ الْغَائِطِ وَحِينَ يُفْضِي الرَّجُلُ إِلَى أَهْلِهِ فَاسْتَحْيُوهُمْ وَأَكْرِمُوهُمْ» . رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે નગ્ન થવાથી બચો[૧] કેમ કે તમારી સાથે તે છે જે તમારાથી કદી જુદા નથી થતા પેશાબ જાજરૂ સિવાય, અને એ સમયે કે જ્યારે પુરૂષ પોતાની પત્ની પાસે જાય છે[૨] તો એમનાથી શરમ કરો અને તેમનું માન સાચવો.[૩]'' (તિર્મિઝી)

૧. એટલે કે એકાંતમાં પણ સતર ન ખોલો, જેવું કે આગલા લખાણથી જાહેર છે.

૨. એનાથી મુરાદ અમલો લખનારા અને મુહાફિઝ ફરિશ્તા છે જેઓ દરેક સમયે માણસ સાથે રહે છે. અને શક્ય છે કે કેવળ કાતિબીન (નેકી બુરાઈ લખનારા) ફરિશ્તા મુરાદ હોય, કેમ કે હાફિઝીન તો પેશાબ પાખાના વખતે પણ સાથે રહે છે. જાણવા મળે છે કે તે ફરિશ્તા શરમાળ છે. માણસનું સતર જોવામાં શરમ કરે છે તો આપણે પણ તેમનાથી શરમ કરવી જોઈએ. અલ્લાહના બંદાઓથી શરમ કરવી ઈમાની તકાઝો છે.

૩. એટલા માટે જાજરૂ તથા સંભોગ વખતે વાત કરવી મના છે કે વાત લખવા માટે કાતિબીન ફરિશ્તાએ આપણી પાસે આવવું પડશે અને તેઓ એ વખતે નજીક આવવા નથી ચાહતા. આ હદીષથી જાણવા મળ્યું કે જરૂરત વગર સતર ખોલવું મના છે. એટલા માટે ફકીહો ફર્માવે છે કે જાજરૂ, પેશાબ માટે બેસતી વખતે ઉભા થતી વખતે નગ્ન ન થવું જોઈએ બલ્કે જમીનની નજીક પહોંચીને કપડુ ઉઠાવે.

★ સ્ત્રીઓનું પુરૂષોને જોવું પણ સખત હરામ છે ★

★ હદીષ : (૧૯)-૩૧૧૬ ★

وَعَنْ أُمِّ سَلَمَةَ: أَنَّهَا كَانَتْ عِنْدَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَمَيْمُونَةُ إِذْ أَقبل ابْن مَكْتُوم فَدَخَلَ عَلَيْهِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «احْتَجِبَا مِنْهُ» فَقُلْتُ يَا رَسُولَ اللَّهِ أَلَيْسَ هُوَ أَعْمَى لَا يُبْصِرُنَا؟ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَفَعَمْيَاوَانِ أَنْتُمَا؟ أَلَسْتُمَا تُبْصِرَانِهِ؟» رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُد

''હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે કે તે તથા બીબી મૈમૂના રસૂલુલ્લાહ ﷺ ની પાસે હતાં[૧] એવામાં જનાબ ઉમ્મે મકતૂમ આવ્યા અને આપની ખિદમતમાં હાજર થઈ ગયાં.[૨] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમો બંનેવ એમનાથી પર્દો કરો[૩] મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! શું એ નાબીના નથી ! કે અમને જોતા નથી.[૪] તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, શું તમે બંને પણ નબીના છો ? અને શું તમો એમને નથી જોતી ?[૫]'' (અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ)

૧. એ રીતે કે હુઝૂરે અન્વર ﷺ જનાબ ઉમ્મે સલમાના ઘરમાં હાજર હતા અને બીબી મૈમૂના મળવા માટે ત્યાં આવ્યાં હતાં. એટલા માટે મૈમૂના શબ્દને મઅતૂફ ફર્માવ્યો અને મઅતૂફ અલૈહથી એનુ કાંઈક અંતર કરી આપ્યું. જેમ કે રબ તઆલા ફર્માવે છે : وَاِذْ يَرْفَعُ اِبْرٰهٖمُ الْقَوَاعِدَ مِنَ الْبَيْتِ وَاِسْمٰعِيْلُ (અને જ્યારે ઉઠાવતા હતા

ઈબ્રાહીમ એ ઘરની પાયાની ઈંટો અને ઈસ્માઈલ. –સૂરએ બક૨હ, ૨/૧૨૭) જેથી જાણ થાય કે કા'બાનો પાયા રાખવામાં ઈબ્રાહીમ عَلَيْهِ السَّلَام અસલ હતા અને હઝરત ઈસ્માઈલ તેમના સહાયક હતા.

૨. આપ તે જ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મકતૂમ છે જેમના વિશે સૂરએ અબસ નાઝિલ થઈ. આપ ૨જા લઈને દોલતખાના (ઘરમાં) હાજર થયા.

૩. ક્યાં તો હઝરત અબ્દુલ્લાહના અંદર આવતી વખતે અંદર પહોંચતા પહેલાં હુઝૂરે અન્વર ﷺએ આ હુકમ આપ્યો અથવા આપ પહેલા પ્રવેશી ગયા અને પ્રવેશ કરતાં જ આવું ફર્માવ્યું, પ્રથમ સંભાવના અધિક મજબૂત છે કે પર્દો કરાવવામાં આવે છે, પછી આવનારાને બોલાવવામાં આવે છે.

૪. અર્ઝ કરવાનો મક૬સદ એ છે કે પુરૂષને હરામ છે કે અજનબી સ્ત્રીને જુએ, સ્ત્રી માટે અજનબી પુરૂષને જોવો હરામ નથી. અને હઝરત અબ્દુલ્લાહ નાબીના (અંધ) છે, એમને જોતા નથી પછી અમે પર્દો શા માટે કરીએ.

૫. જનાબે આલી (ﷺ)નો મક૬સદ એ છે કે સ્ત્રી તથા પુરૂષ બંને પક્ષે પર્દો વાજિબ છે કે ન તો પુરૂષ અજનબી સ્ત્રીને જુએ અને ન અજનબી સ્ત્રી પુરૂષને જુએ. આ હદીષના આધારે અમુક ઉલમાનું ફર્માન છે કે સ્ત્રી પણ અજનબી પુરૂષને નથી જોઈ શકતી. અમુકે ફર્માવ્યું કે જોઈ શકે છે. તેમની દલીલ હઝરત આઈશા સિદ્દીક૬ા رَضِيَ اللهُ عَنْهَا ની તે રિવાયત છે કે હુઝૂરે અકરમ ﷺએ તેમને હબશીઓનો ખેલ બતાવ્યો એ રીતે ખુદ હુઝૂરે અન્વર ﷺ પર્દો બનીને આપની સામે ઉભા થઈ ગયા કે કોઈ પુરૂષ આપને ન જોઈ શકયો, પણ આપ હબ્શીઓ તથા તેમના ખેલને જોતા રહ્યાં. આ ખેત બતાવવાનો બનાવ હિ.સ. ૭માં થયો જ્યારે કે જનાબ આઈશા رَضِيَ اللهُ عَنْهَا ની ઉમર શરીફ ૧૬ વરસની હતી અને પર્દાનો હુકમ આવી ચૂક્યો હતો. તેમજ જમાઅતની નમાઝમાં ઔરતો માટે હાજરીનો હુકમ હતો. પુરૂષોથી અલગ રહીને નમાઝ પઢતી હતી. પુરૂષોની પાછળ (તેમની સફ) રહેતી હતી કે પુરૂષ તો તેણીઓને ન જોઈ શકતા હતા, પણ સ્ત્રીઓ યક૬ીનન ! પોતાની આગળવાળા પુરૂષોને જોઈ શકતી હતી. જેથી હક્ક૬ એ છે કે હઝરત આઈશાની હદીષ જાઈઝ હોવાના વર્ણન માટે છે અને આ હદીષ સાવધાનીના વર્ણન માટે છે. આ સર્વ તેહક૬ીક૬ તે પાકબાઝો માટે છે જ્યાં બેહયાઈનો ખયાલ પણ પેદા ન થાય, પરંતું જો એનો ખતરો હોય તો **સ્ત્રીઓનું પુરૂષોને જોવું પણ સખત હરામ છે.** (અઝ : લમ્આત તથા મિર્ક૬ાત તથા અશિઅહ મઅ ઝિયાદા)

(હદીષ : ૩૧૧૭) *"હઝરત બહ૬ઝ ઈબ્ને હકીમથી તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રિવાયત કરે છે[૧] ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારાં સતર છુપાવો, સિવાય પોતાની પત્ની અથવાં માલિકીની લોંડીના.[૨] મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! જણાવો કે જ્યારે પુરૂષ એકલો હોય તો ? ફર્માવ્યું કે અલ્લાહ હક્ક૬દાર છે કે તેનાથી શરમ કરવામાં આવે.[૩]" (તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)[૪]*

★ હદીષ : (૨૦)-૩૧૧૭ ★

وَعَنْ بَهْزِ بْنِ حَكِيمٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «احْفَظْ عَوْرَتَكَ إِلَّا مِنْ زَوْجَتِكَ أَو مَا ملكت يَمِينك» فَقلت: يَا رَسُول الله أَفَرَأَيْت إِن كَانَ الرَّجُلُ خَالِيًا؟ قَالَ: «فَاللَّهُ أَحَقُّ أَنْ يستحيى مِنْهُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

૧. આ બહઝ અને તેમના પિતા હકીમ બંનેવ તાબઈ છે. હા ! બહઝના દાદા મુઆવિયહ ઈબ્ને અયદા સહાબી છે, જે હુઝૂર عَلَيْهِ الصَّلٰوةُ وَالسَّلَام ની વફાતના પછી બસરામાં રહ્યા. ખુરાસાનમાં વફાત પામ્યા. અહીં جدّه નો મરજઅ

બહઝ છે, એટલે હકીમે પોતાના પિતા જે બહઝના દાદા છે તેમનાથી રિવાયત કરી, જેથી હદીષ મુત્તસિલ છે. *(અશિઅહ)*

૨. સહીહ એ કે અહીં હિફાઝતથી મુરાદ બેપર્દગીથી હિફાઝત છે એટલે પોતાની પત્ની, માલિકીની લોંડીથી તો પર્દો નથી બાકી સૌથી સતર છુપાવવું વાજિબ છે. તેની સમર્થક આ આયતે કરીમા છે : وَالَّذِيْنَ هُمْ لِفُرُوْجِهِمْ حٰفِظُوْنَ ۙ﴿۵﴾ اِلَّا عَلٰٓى اَزْوَاجِهِمْ اَوْ مَا مَلَكَتْ اَيْمَانُهُمْ (અને તેઓ જેઓ પોતાની શર્મગાહોની હિફાઝત કરે છે પણ પોતાની પત્ની તથા પોતાના હાથની માલ લોંડીઓથી કે એના પર કાંઈ પૂછતાછ નથી. સૂ. મઆરિજ, ૭૦/૨૯,૩૦) જાણવા મળ્યું કે એકાંતમાં પણ વિના કારણે નગ્ન ન રહે.

૩. એટલે કે અલ્લાહ તઆલા પોતાના બંદાનું નગ્ન થવું પસંદ નથી કરતો, અને તે તો તમને નગ્નતાની હાલતમાં જોઈ રહ્યો છે. જેથી એના ફર્માનની વિરુદ્ધતાથી શરમ કરો. હદીષનો મક્સદ એ નથી કે રબ તઆલા કપડાં પહેરેલાનું સતર નથી જોતો કે કપડુ તેના માટે આડ બની જાય છે. એનાથી જાણવા મળ્યું કે એકાંતમાં પણ વિના કારણે નગ્ન ન રહે.

૪. આ હદીષ અહમદ, બયહકી, હાકિમ વગરેએ પણ થોડાક ફરક સાથે રિવાયત કરી.

★ સ્ત્રી પુરૂષ એકલાં હોય ત્યારે તેમાં ત્રીજો શૈતાન હોય છે ★

★ હદીષ : (૨૧)-૩૧૧૮ ★

وَعَنْ عُمَرَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يَخْلُوَنَّ رَجُلٌ بِامْرَأَةٍ إِلَّا كَانَ ثالثهما الشَّيْطَان» . رَوَاهُ التِّرْمِذِيّ

"હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવે છે કે કોઈ શખ્સ કોઈ સ્ત્રીથી એકાંત નથી કરતો પણ તેમાં ત્રીજો શૈતાન પણ હોય છે[૧]" (તિર્મિઝી)

૧. એટલે કે જ્યારે કોઈ શખ્સ કોઈ અજનબી સ્ત્રીની સાથે એકાંતમાં હોય છે ચાહે બંનેવ કેટલાય પાકબાઝ હોય અને કોઈ હેતુસર ભેગાં થયાં હોય, તો શૈતાન બંનેને બુરાઈ માટે જરૂર ઉત્તેજિત કરે છે અને બંનેના દિલોમાં જરૂર જોશ પેદા કરે છે. ખતરો છે કે ઝિના કરાવી દે. એટલા માટે એવા એકાંતથી ખૂબ જ સાવચેત રહેવું જોઈએ. ગુનાહોના સબબોથી પણ બચવું લાઝિમ છે. તાવ રોકવા માટે શરદીને રોકો.

★ જે સ્ત્રીઓના પતિ ગૈર હાજર હોય ત્યાં ન જાવ ★

★ હદીષ : (૨૨)-૩૧૧૯ ★

وَعَنْ جَابِرٌ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا تَلِجُوا عَلَى الْمُغَيَّبَاتِ فَإِنَّ الشَّيْطَانَ يَجْرِي مِنْ أَحَدِكُمْ مَجْرَى الدَّمِ» قُلْنَا: وَمِنْكَ يَا رَسُولَ اللَّهِ؟ قَالَ: «وَمِنِّي وَلَكِنَّ الله أعانني عَلَيْهِ فَأسلم» . رَوَاهُ التِّرْمِذِيّ

*"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ عَلَيْهِ التَّحِيَّةُ وَالثَّنَاء થી રાવી ફર્માવ્યું, જે **સ્ત્રીઓના પતિ ગેર હાજર હોય તેમની પાસે ન જાવ.**[૧] કેમ કે શૈતાન તમારામાંથી દરેકના લોહીના ભ્રમણની સાથે ફરતો રહે છે[૨] અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપના પણ ?[૩] ફર્માવ્યું, મારા પણ, પરંતું અલ્લાહે મને એના પર મદદ આપી જેથી તે મુસલમાન થઈ ગયો.[૪]" (તિર્મિઝી)*

૧. એટલે કે તે અજનબી (પરાઈ) સ્ત્રીઓની પાસે જવાથી ખૂબ જ બચો જેમના પતિઓ પરદેશમાં છે. આ

પાબંદી એટલા માટે લગાડી કે પતિવાળી સ્ત્રી સંભોગની લિજ્જતથી વાકેફ છે અને પતિની ગેર હાજરીથી તેણીની વાસના ગાલિબ છે. એવી સ્ત્રી માટે મામૂલી હરકત પણ ખતરનાક છે. કેરોસીનમાં ભીંજાવેલ રૂ અને પેટ્રોલ દૂરથી આગ લઈ લે છે.

★ શૈતાન દરેકના લોહીના ભ્રમણ સાથે ભ્રમણ કરે છે ★

૨. એટલે સ્ત્રી પુરૂષ બંનેની રગ રગમાં શૈતાન અસર કરે છે. જેવી રીતે લોહી દેખાતુ નથી પણ શરીરમાં ભ્રમણ કરે છે, એ જ પ્રમાણે નજર નથી આવતો પણ પોતાનું કામ કર્યે જાય છે. છુપો દુશ્મન ઉઘાડા દુશ્મન કરતાં અધિક ખતરનાક છે. રબ તઆલા ફર્માવે છે : اِنَّهٗ يَرٰىكُمْ هُوَ وَ قَبِيْلُهٗ مِنْ حَيْثُ لَا تَرَوْنَهُمْ ؕ (બેશક ! તે તથા તેનો કુંબો તમને ત્યાંથી જુએ છે કે તમે તેમને નથી જોયાં. *(સૂ. અઅરાફ, ૭/૨૭)*

૩. સહાબાએ કિરામ સમજતા હતા કે અંબિયાએ કિરામ માસૂમ હોય છે એટલા માટે એમની પાસે શૈતાન ફરકતો પણ નહીં હોય. એટલા માટે આ સવાલ કર્યો. જવાબમાં બતાવી દેવામાં આવ્યું કે પવિત્રતા શૈતાનના આવી જવાની વિરૂધ્ધ નથી. શૈતાન માસૂમો પાસે પણ પહોંચી જાય છે.

૪. અહીં એના પરથી મુરાદ ક़રીન (સાથે રહેનારો) શૈતાન છે જે દરેક સમયે માણસની સાથે રહે છે અને اسلمનો એ જ અર્થ બરાબર છે કે તે ઈસ્લામ લઈ આવ્યો, હવે તે મારું આજ્ઞાપાલન કરે છે. એટલે મારી સાથે રહેનારો શૈતાન મારી સોહબતની બરકતથી મુસલમાન થઈ ગયો. સુબ્હાનલ્લાહ ! પારસની પાસે રહેવાથી લોખંડ સોનુ બની જાય છે, નબીની પાસે રહેવાથી શૈતાન મુસલમાન બની ગયો. જાણે તેની હક़ીકત જ બદલાઈ ગઈ. આ હદીષથી તે લોકો બોધ લે જેઓ કહે છે, સિદ્દીક़ સાયાની જેમ હુઝૂરની સાથે રહેવા છતાં મો'મિન ન બની શકયા. અરે ! હુઝૂરની સોહબત તો હક़ીક़ત બદલી નાખે છે. અમુક લોકોએ એને أُسَلِّم પઢયુ છે મઝરિઅ મજહૂલ મુતકલ્લિમ, એટલે કે મને તેની બુરાઈથી મેહફૂઝ રાખવામાં આવે છે. પણ પ્રથમ અર્થ ખૂબ જ અધિક કવી (મજબૂત) છે.

★ બાલિગ ગુલામ પોતાની માલિકા માટે અજનબી છે ★

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ જનાબે ફાતિમા رضی اللہ عنہا પાસે એવા ગુલામ સાથે તશરીફ લાવ્યા કે જે આપ તેમને બખ્શી ચૂક્યા હતા[૧] અને જનાબે ફાતિમા પર એવું કપડુ હતું કે જ્યારે તેનાથી માથુ ઢાંકે તો પગો સુધી ન પહોંચતુ, અને જ્યારે એનાથી પોતાના પગો ઢાંકતી તો આપના માથા સુધી ન પહોંચતુ[૨] અને જ્યારે રસૂલુલ્લાહ ﷺ એ મુશ્કેલી જોઈ જે આપ પામી રહ્યાં હતાં તો ફર્માવ્યું કે તમારા પર કોઈ વાંધો નથી કે આ આવનાર તમારા પિતા છે અને તમારા ગુલામ[૩]" (અબૂ દાઊદ)

★ હદીષ : (૨૩)-૩૧૨૦ ★

وَعَنْ أَنَسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَتَى فَاطِمَةَ بِعَبْدٍ قَدْ وَهَبَهُ لَهَا وَعَلَى فَاطِمَةَ ثَوْبٌ إِذَا قَنَّعَتْ بِهِ رَأْسَهَا لَمْ يَبْلُغْ رِجْلَيْهَا وَإِذَا غَطَّتْ بِهِ رِجْلَيْهَا لَمْ يَبْلُغْ رَأْسَهَا فَلَمَّا رَأَى رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَا تَلْقَى قَالَ: «إِنَّهُ لَيْسَ عَلَيْكِ بَأْسٌ إِنَّمَا هُوَ أَبُوكِ وغلامك» . رَوَاهُ أَبُو دَاوُد

૧. بِعَبْدٍ ની ب મુસ્તહબની છે, સાથેના અર્થમાં આ ગુલામનું નામ જાણી ન શકાયુ. હુઝૂરે એ ગુલામ હઝરત ફાતિમા رضی اللہ عنہا ને પહેલાં જ આપ્યો હતો. આજે આપવા માટે તશરીફ લાવ્યા ન હતા. જેવું કે وَهَبَهُ ભૂતકાળથી માલૂમ થયું.

૨. એટલે એ વખતે આપની પાસે કેવળ ઓઢણી અથવા ચાદર હતી, તે પણ એટલી નાની જે એકી સમયે માથુ તથા પગ બંને ન છુપાવી શકતી હતી.

૩. જાણવા મળે છે કે હુઝૂરે અન્વર ﷺએ ગુલામ સાથે દરવાજા પર ઉભા હતા. પ્રવેશની ઈજાઝત માગી. જવાબમાં મોડુ થયું તો તેહકીક કરવા પર જનાબે ફાતિમાની આ પરેશાની જાણવા મળી ત્યારે આવુ ફર્માવ્યું. ફર્માને આલીનો ખુલાસો એ છે કે હું તમારા પિતા છું અને આ બીજો તમારી માલિકીનો ગુલામ છે, એ બંનેથી તમારે પર્દો નથી કરવાનો. માથુ ખુલ્લુ રહેવા દો અને અમને આવવાની ઈજાઝત આપી દો. આ હદીષના આધારે શાફઈ ફર્માવે છે કે જેવી રીતે માલિકથી લોંડી પર પર્દો લાઝિમ નથી એવી જ રીતે માલિકીના ગુલામથી માલિકણ પર પર્દો વાજિબ નથી. પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની નજીક બાલિગ ખાદિમ પોતાની માલિકણના માટે અજનબી પુરૂષની જેમ છે કે તેનાથી પર્દો વાજિબ છે ભલે ગુલામ ખસ્સી જ હોય. ઈમામ શાફઈનું આ હદીષથી દલીલ કરવું કાંઈક ઝઈફ જેવું છે કેમ કે એ ગુલામ નાબાલિગ તથા શહવતને પાત્ર ન હતો. અરબીમાં ગુલામ નાબાલિગ બાળકને કહે છે. જેના પર કુર્આન મજીદ તથા હદીષો તથા લુગત (શબ્દકોશ)ની કિતાબો સાક્ષી છે. યાદ રાખશો કે નાબાલિગ અને પોતાના મેહરમ ગુલામથી પર્દો નથી. અને આયત : مَا مَلَكَتْ اَيْمَانُهُمْ (જે એમના હાથમાં માલિકીમાં છે. સૂ. મુઅ્મિનૂન, ૨૩/૬)માં ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં લોંડીઓ મુરાદ છે. (અઝ : મિર્કાત તથા અશિઅહ) યાદ રાખશો કે ઈમામે આ'ઝમને ત્યાં બાલિગ ગુલામ તેને આઝાદ કરનારી માલિકણના માટે અજનબી પુરૂષની જેમ છે કે તેનો ચહેરો, હાથ, પગ જરૂરત માટે જોઈ શકે છે, પણ ઈમામ શાફઈને ત્યાં મેહરમની જેમ છે કે તેનુ માથુ, બાવડાં, પિંડલી પણ જોઈ શકે છે. અહીં હઝરત ફાતિમાના માથા મુબારકનું વર્ણન છે એટલા માટે તે આ દલીલ પકડે છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૨૪)-૩૧૨૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ أُمِّ سَلَمَةَ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ عِنْدَهَا وَفِي الْبَيْتِ مُخَنَّثٌ فَقَالَ: لِعَبْدِ اللَّهِ بْنِ أَبِي أُمَيَّةَ أَخِي أُمِّ سَلَمَةَ: يَا عَبْدَ اللَّهِ إِنْ فَتَحَ اللَّهُ لَكُمْ غَدًا الطَّائِفَ فَإِنِّي أَدُلُّكَ عَلَى ابْنَةِ غَيْلَانَ فَإِنَّهَا تُقْبِلُ بِأَرْبَعٍ وَتُدْبِرُ بِثَمَانٍ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يدخلن هَؤُلَاءِ عَلَيْكُم»

''હઝરત ઉમ્મે સલમાથી રિવાયત છે કે નબી કરીમ ﷺ તેમની પાસે હતા અને ઘરમાં એક હિજડો[૧] હતો. અબ્દુલ્લાહ ઈબ્ને ઉમૈયા જે જનાબ ઉમ્મે સલમા رضی اللہ عنہا ના ભાઈ છે તેમને કહી રહ્યો હતો કે હે અબ્દુલ્લાહ ! કે કાલે અલ્લાહ તમને તાઈફની ફતહ આપે[૨] તો હું તમને ગીલાનની પુત્રીનો પતો આપુ છું[૩] જે આવે છે ચારથી અને જાય છે આઠથી[૪]. ત્યારે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે આ લોકો કદાપિ તમારી પાસે ન આવ્યા કરે[૫]. '' (બુખારી, મુસ્લિમ)

૧. مخنّث (મુખન્નસ) નૂનના ઝબરથી પણ પઢવામાં આવે છે અને નૂનના ઝેરથી પણ. મુખન્નસ (હિજડો) તે છે જે હાલ ચાલ, બોલ ચાલમાં સ્ત્રીઓની જેમ હોય. જો કુદરતી એવી હાલત હોય તો તે ગુનેહગાર નથી. અને જો પુરૂષ છે છતાં સ્ત્રીનું રૂપ ધારણ કરે છે તો હદીષના ફર્માન મુજબ મલઊન છે કે હુઝૂર ﷺએ પુરૂષ બનનારી સ્ત્રી પર અને સ્ત્રી બનનારા પુરૂષો પર લઅનત કરી. આ કુદરતી હિજડો હતો. ઉમ્મુલ મો'મિનીન હઝરત ઉમ્મે સલમાએ

સમજ્યું કે غير أولي الاربه માં દાખલ છે જેનાથી પર્દો નથી, એટલા માટે એને ઘરમાં આવવાની ઈજાઝત આપી દીધી. હુઝૂરે અન્વર ﷺએ તેની આ વાતચીત સાંભળીને તેને غير أولي الاربه માં દાખલ ન કર્યો. એ હિજડાનું નામ માતગ અથવા હૈત હતું.

૨. કાલથી મુરાદ ભવિષ્યનો સમય છે. આવું તાઈફ ફતહ થતા પહેલાં બન્યું હતું જ્યારે તાઈફ પર હુમ્લો થવાનો હતો. ફતહે તાઈફથી મુરાદ તાઈફ કિલ્લાને ફતહ કરવું છે.

૩. ગીલાન તાઈફના એક શખ્સનું નામ હતું. તેની એ પુત્રીનું નામ બાદિયા હતું. એ તાઈફ ફતહ થયા બાદ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઔફના નિકાહમાં આવી. (અશિઅહ)

૪. એટલે કે એ છોકરી એટલી જાડી છે કે જાડાપણાના કારણે તેના પેટમાં ચાર કરચલીઓ છે જેને અરબીમાં عنكه કહે છે. જ્યારે સામે આવે છે તો ચારે કરચલીઓ પૂરી જોવા મળે છે અને જ્યારે પીઠ ફેરવીને જાય છે તો તે ચારેવ કરચલીઓના બંને બાજુ કિનારા જોવા મળે છે. દરેક કરચલીના ચાર છેડા છે, તો બેના આઠ થયા, સામાન્યતઃ પુરૂષ જાડી સ્ત્રીને પસંદ કરે છે, એટલા માટે તે હિજડો તેની જાડાઈ વર્ણવી રહ્યો છે.

૫. આ હુકમથી પહેલાં હિજડાઓનું ઘરોમાં આવવું મના ન હતું, કેમ કે તે સ્ત્રીને લાયક નથી હોતા. જેમ કે ઘણા જ નાના છોકરા અથવા ઘણા જ વૃદ્ધ પુરૂષ અથવા ખસ્સી કરેલ અથવા ગુપ્તાંગ કપાયેલો હોય છે. પણ આજે જાણ થઈ કે હિજડાઓનું ઘરોમાં આવવું ખરાબીનો સબબ છે, જેમ કે તે બીજી સ્ત્રીઓનું વર્ણન આપણાથી કરે છે તેમ આપણી સ્ત્રીઓનું વર્ણન બીજે જરૂર કરશે. એટલા માટે તેમને મુસલમાનોનાં ઘરોએથી રોકી દેવામાં આવ્યા. ફકીહો ફર્માવે છે કે ખસ્સી, ગુપ્તાંગ કપાયેલ, બલ્કે આવારા બદમાશ સ્ત્રીઓ પણ આ હુકમમાં સામેલ છે કે મો'મિના સ્ત્રીઓ તેમનાથી પર્દો કરે કે તેમની ખરાબી પુરૂષોની ખરાબીથી પણ અધિક છે.

''હઝરત મિસ્વર ઈબ્ને મખ્રમાથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે મેં એક ભારે પથ્થર ઉઠાવ્યો તો મારા ચાલવાની હાલતમાં મારૂ કપડુ ઉતરી ગયું, હું તેને લઈ ન શક્યો[૨]. મને રસૂલુલ્લાહ ﷺએ જોયો તો મને કહ્યું, પોતાના પર કપડુ લઈ લો અને નાગા ન ચાલો[૩].'' (મુસ્લિમ)

★ હદીષ : (૨૫)-૩૧૨૨ ★

وَعَنِ الْمِسْوَرِ بْنِ مَخْرَمَةَ قَالَ حَمَلْتُ حَجَرًا ثقيلاً فَبينا أَنَا أَمْشِي سَقَطَ عَنِّي ثَوْبِي فَلَمْ أَسْتَطِعْ أَخْذَهُ فَرَآنِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ لِي: «خُذْ عَلَيْكَ ثَوْبَكَ وَلَا تَمْشُوا عُرَاة» . رَوَاهُ مُسلم

૧. આપની કુન્નિયત અબૂ અબ્દુર્રહમાન છે. ઝહરી છે. કુર્શી છે. અબ્દુર્રહમાન ઈબ્ને ઔફના ભાણીયા છે. હિ.સ. ૨માં મક્કા મોઅઝ્ઝમામાં પેદા થયા અને બક્ક ઈદ હિ.સ. ૮માં હિજરત કરીને મદીના મુનવ્વરા હાજર YI FPCh ZT pQDFG[UGL رضی اللہ عنہ ની શહાદત સુધી મદીના પાકમાં જ રહ્યા, ત્યાર બાદ મક્કા મોઅઝ્ઝમા ચાલ્યા ગયા. અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના ઈન્તેકાલ પછી યઝીદ ઈબ્ને મુઆવિયહની બયઅતથી ઈન્કાર કરી આપ્યો. **જ્યારે યઝીદે મક્કા મોઅઝ્ઝમાનો ઘેરાવ કરીને કા'બા મોઅઝ્ઝમા પર પથ્થર વરસાવ્યા તો આપને એક પથ્થર વાગ્યો એનાથી હતીમ શરીફમાં નમાઝ પઢવાની હાલતમાં શહાદતનો જામ પી લીધો.** આ બનાવ રબીઉલ અવ્વલ હિ.સ. ૬૪માં બન્યો.

૨. એટલે કે કોઈ મોકા પર ભારે પથ્થર ઉઠાવવો પડયો અને કેવળ તેહબંદ બાંધેલ હતું તે પડી ગયું જેથી આપ તદ્દન નગ્ન થઈ ગયા, અને હાથ રોકાયેલ હતા જેથી આપ તેહબંદ ઉઠાવી ન શક્યા.

૩. عراءનું બહુવચન છે. અને ક़ાઝીની ક़ઝાત નાહીની નહાત. આ હુકમ આમ છે કે કોઈ બાહોશ શખ્સ ભલે બાલિગ ન હોય પણ નગ્ન ન રહે ન ફરે. સતર ઢાંકવું ફર્ઝ છે.

★ હઝરત આઈશાએ કદાપિ રસૂલુલ્લાહ ﷺનું સતર નથી જોયું ★

★ હદીષ : (૨૬)-૩૧૨૩ ★	''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺનું સતર કદાપિ નથી જોયું.'' (ઈબ્ને માજહ)
وَعَنْ عَائِشَةَ قَالَتْ: مَا نَظَرْتُ أَوْ مَا رَأَيْتُ فَرْجَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم قطّ. رَوَاهُ ابْن مَاجَه	

★ તદ્દન નગ્ન સંભોગ કરવાથી ઔલાદ બેશરમ પેદા થશે ★

૧. અમુક રિવાયતોમાં છે કે ન મેં હુઝૂરની કદી શર્મગાહ જોઈ ન હુઝૂરે મારું સતર કદી જોયું. આ છે આ સૈયદુલ મહબૂબનની શરમ તથા હયા ! યાદ રાખશો કે પતિ પત્ની એકબીજાની શર્મગાહ જોઈ શકે છે. એ જોવું વાસનામાં (શહવતમાં) અધિક્તાનો સબબ છે. એમાં શરીઅતની રૂએ કાંઈ વાંધો નથી પણ એનાથી દૃષ્ટિ કમજોર પડે છે. તેમજ આ કામ ઉચ્ચ કક્ષાની શરમની વિરુદ્ધ છે. એટલા માટે હુઝૂર ﷺનો એના પર અમલ રહ્યો. અમુક લોકો કહે છે કે **સંભોગ વખતે બંનેના બિલ્કુલ નગ્ન થવા અને એકબીજાને જોઈને સંભોગ કરવાથી ઔલાદ બેશરમ પેદા થાય છે.** અને સંભોગ દરમ્યાન વાતો કરવાથી અંદેશો છે કે ઔલાદ ગુંગી થાય. હુઝૂર ﷺના આમાલ શરીફમાં લાખો હિકમતો છે.

★ નીચી નજર અને ઈબાદતમાં લિજ્જત ★

★ હદીષ : (૨૭)-૩૧૨૪ ★	''હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. તે નબી કરીમ ﷺથી રાવી. ફર્માવે છે, ***એવો કોઈ મુસ્લિમ નથી જે અચાનક કોઈ સ્ત્રીની ખૂબીઓ પ્રથમ વાર જુએ તો પોતાની નજર નીચી કરી લે પણ અલ્લાહ તેને એવી ઈબાદત આપે છે જેની તે લિજ્જત પામે છે.***'' (અહમદ)
وَعَنْ أَبِي أُمَامَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَا مِنْ مُسْلِمٍ يَنْظُرُ إِلَى مَحَاسِنِ امْرَأَةٍ أَوَّلَ مَرَّةٍ ثُمَّ يَغُضُّ بَصَرَهُ إِلَّا أَحْدَثَ اللَّهُ لَهُ عِبَادَةً يَجِدُ حلاوتها» . رَوَاهُ أَحْمد	

૧. એટલે કે જો કોઈ પુરૂષની નજર અજનબી સ્ત્રીના હુસ્નો જમાલ (સુંદરતા) અથવા ઘરેણા કે લિબાસ પર અચાનક પડી જાય અને તેનું દિલ ચાહે કે જોતો રહે પણ ખુદાના ખૌફથી દિલને મારે અને નજર નીચી કરી લે.

૨. એટલે કે આ સબ્ર અને દિલને રોકવાની બરકતથી ખુદા તઆલા તેને કોઈ ઈબાદતની લિજ્જત નસીબ કરશે. ક્યાં તો નમાઝની અથવા રોઝાની અથવા હજ્જ તથા ઝિયારતની. યાદ રાખશો કે ખાણા વગેરેની જેમ ઈબાદતમાં પણ લિજ્જતો છે જેને મહેસૂસ કરવાના માટે બાતિની હોશ દુરુસ્ત હોવા જોઈએ. આ અમલ એ હોશ દુરુસ્ત થવા માટે ખૂબ લાભદાયી છે. રબ તઆલા અમલની તૌફીક આપે. એનો મતલબ એ છે કે ક્યાં તો રબ તઆલા તેને એ જ ઈબાદતોમાં લિજ્જત આપશે અથવા કોઈ નવી ઈબાદતની તૌફીક આપશે, જેમ કે જેહાદ વગેરે અને પછી તેની લિજ્જત પણ આપશે.

★ જે જુએ અને જેને જુએ બંને પર લઅનત ! ★

"હઝરત હસનથી[૧] ઈરસાલન રિવાયત છે. ફર્માવે છે, મને ખબર પહોંચી છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ લઅનત કરે જોનારા પર અને તે તેણી પર જેને જોવામાં આવે[૨]."

(બયહકી, શોઅબુલ ઈમાન)

★ હદીષ : (૨૮)-૩૧૨૫ ★

وَعَنِ الْحَسَنِ مُرْسَلًا قَالَ: بَلَغَنِي أَنَّ رَسُولَ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَعَنَ اللَّهُ النَّاظِرَ وَالْمَنْظُورَ إِلَيْهِ» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ

૧. હસનથી મુરાદ ખ્વાજા હસન બસરી رضی اللہ عنہ છે. કેમ કે આપ તાબઈ છે. કેમ કે આપ તાબઈ છે અને સહાબીનું નામ આપે લીધુ નથી એટલા માટે હદીષ મુરસલ અને આપનુ આ ઈરસાલ કરવું છે. અહનાફ (હનફીઓ)ને ત્યાં ષિકહનું ઈરસાલ મોઅતબર (વિશ્વાસપાત્ર) છે.

૨. હદીષમાં અમુક અંશે ટૂંકાણ છે. મતલબ એ છે કે **જે પુરૂષ અજનબી સ્ત્રીને વિના જરૂરત ઈરાદાપૂર્વક જુએ તેના પર લઅનત છે, અને જે સ્ત્રી ઈરાદાપૂર્વક વિના જરૂરત અજનબી સ્ત્રી પોતે પોતાને દેખાડે તેના પર પણ લઅનત છે.** સારાંશ કે એમાં ત્રણ શર્તો લગાડવી પડશે : અજનબી (પિરાઈ) સ્ત્રીને જોવી, વિના જરૂરતે જોવી, ઈરાદાપૂર્વક જોવી.

باب الولی فی النکاح واستیذان المرأة

બાબુલ વલી ફીન્નિકાહ વ ઈસ્તીઝાનુલ મિર્અત

(નિકાહમાં વલીનું બયાન અને સ્ત્રીથી ઈજાઝત લેવા વિશે[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. વલી મુતવલ્લીના અર્થમાં છે. અહીં વલીથી મુરાદ તે છે જે સગી નજીકની છોકરીના નિકાહનો મુતવલ્લી કે વ્યવસ્થાપક હોય. અહનાફને ત્યાં નાબાલિગાનો નિકાહ વલીની ઈજાઝત વિના નથી થઈ શકતો. તેમજ નાબાલિગાના માટે વલીને જબરદસ્તીનો હક્ક નથી, બાલિગા ચાહે કુંવારી હોય કે વિધવા કે તલાક પામેલી. હા ! દીવાની (પાગલ) બાલિગા અને લોંડીના નિકાહના માટે વલી અથવા માલિકની ઈજાઝત શર્ત છે. તેમજ એ બંને પર વલી તથા માલિકને જબરદસ્તીનો હક્ક છે.

★ કુંવારીના નિકાહ તેણીના રજા વિના ન કરે ★

★ હદીષ : (૧)-૩૧૨૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تُنْكَحُ الْأَيِّمُ حَتَّى تُسْتَأْمَرَ وَلَا تُنْكَحُ الْبِكْرُ حَتَّى تُسْتَأْذَنَ» . قَالُوا: يَا رَسُول الله وَكَيف إِذْنُهَا؟ قَالَ: «أَن تسكت»

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે વિધવાનો નિકાહ ન કરવામાં આવે ત્યાં સુધી કે તેણીથી રજા લઈ લેવામાં આવે[૧]. અને કુંવારીના નિકાહ તેણીની રજા વિના ન કરવામાં આવે[૨] લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! કુંવારીની ઈજાઝત કેવી છે ? ફર્માવ્યું, તેણીની ખામોશી[૩].'' (મુસ્લિમ, બુખારી)

૧. અરબીમાં اَيِّمْ પતિ વિનાની સ્ત્રીને કહે છે, કુંવારી હોય કે વિધવા કે તલાક પામેલી મુરાદ છે, કેમ કે કુંવારીનું વર્ણન આગળ આવી રહ્યું છે.

૨. ફર્માને આલીનો ખુલાસો એ છે કે બાલિગા આકિલા છોકરીના નિકાહ તેણીની રજા વિના નથી થઈ શક્તા, ચાહે તે કુંવારી હોય કે શાદી શુદા કે તલાકવાળી. આકિલા, બાલિગા પોતાના નફ્સની મુખ્તાર છે, કોઈ વલી તેના પર જબરદસ્તી નથી કરી શકતો.

૩. એટલે કે આકિલા બાલિગાના નિકાહમાં તેણીની ઈજાઝત જરૂરી છે, પણ ઈજાઝતની પદ્ધતિમાં ફરક છે કે કુંવારીની ખામોશી કે આંસૂંઓથી રડવું જ ઈજાઝત છે, એ શર્તે કે વાલી કે વાલીનો વકીલ ઈજાઝત લે. અને વિધવા તથા તલાકશુદામાં સ્પષ્ટપણે ઈજાઝત આપવી જરૂરી છે. યાદ રાખશો કે અહનાફને ત્યાં બાલિગ થયેલ તથા સગીરા હોવાનો એતેબાર છે અને શાફઈઓને ત્યાં કુંવારી તથા કુંવારી ન હોવું મોઅતબર (વિશ્વસનીય) છે. એટલે બાલિગા છોકરી ચાહે કુંવારી હોય કે પરણીત હોય તેના નિકાહ માટે ઈજાઝત શર્ત છે. નાબાલિગા છોકરીનો વલી જ નિકાહ કરી શકે છે, તેણીની પોતાની ઈજાઝત શર્ત નથી, ચાહે કુંવારી હોય કે કુંવારી ન હોય. એ પણ યાદ રાખશો કે જે

છોકરી બીમારી અથવા હેઝની અધિકતા અથવા ઝિનાના કારણે ષયબા થઈ ગઈ તે કુંવારી જ છે કે તેણીની ખામોશી જ ઈજાઝત છે.

★ હદીષ : (૨)-૩૧૨૭ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الْأَيِّمُ أَحَقُّ بِنَفْسِهَا مِنْ وَلِيِّهَا وَالْبِكْرُ تَسْتَأْذِنُ فِي نَفْسِهَا وَإِذْنُهَا صِمَاتُهَا» . وَفِي رِوَايَةٍ: قَالَ: «الثَّيِّبُ أَحَقُّ بِنَفْسِهَا مِنْ وَلِيِّهَا وَالْبِكْرُ تُسْتَأْمَرُ وَإِذْنُهَا سُكُوتُهَا» . وَفِي رِوَايَةٍ: قَالَ: «الثَّيِّبُ أَحَقُّ بِنَفْسِهَا مِنْ وَلِيِّهَا وَالْبِكْرُ يَسْتَأْذِنُهَا أَبُوهَا فِي نَفْسِهَا وَإِذْنُهَا صِمَاتُهَا» . رَوَاهُ مُسلم

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, પતિ વિહોણી સ્ત્રી પોતાના નફ્સ કરતાં પોતાના વાલીની અધિક હક્કદાર K[અને કુંવારીથી તેના નફ્સના વિશે ઈજાઝત લેવામાં આવે, અને તેણીની ઈજાઝત તેણીની ખામોશી છે[૩]. એક અન્ય રિવાયતમાં છે કે શાદીશુદા પોતાના નફ્સની પોતાના વાલી કરતાં અધિક હક્કદાર છે, અને કુંવારીથી ઈજાઝત લેવામાં આવે. તેણીની ઈજાઝત તેની ખામોશી છે. અને એક રિવાયતમાં ફર્માવ્યું, શાદીશુદા પોતાના નફ્સના કરતાં પોતાના વાલીની ઘણી જ હક્કદાર છે. અને કુંવારીથી તેનો બાપ ઈજાઝત લેશે તેના નફ્સના પ્રમાણે, અને તેણીની ઈજાઝત તેની ખામોશી છે[૪].'' (મુસ્લિમ)[૪]

૧. આ હદીષ અહનાફની દલીલ છે કે પતિ વિહોણી બાલિગા છોકરી ચાહે કુંવારી હોય કે વિધવા અથવા તલાક્વાળી તેણી પોતાના નફ્સની મુખ્તાર છે કે જો તેણીનો વલી કોઈ અન્ય સાથે તેણીના નિકાહ કરી આપે અને તેણી ખુદ કોઈ બીજા સાથે નિકાહ કરે તો તેણીનો પોતે કરેલો નિકાહ વિશ્સનીય થશે, ન કે વલીનો કરેલો નિકાહ. જાણવા મળ્યું કે આક્વિલા બાલિગાના નિકાહના માટે વલીની ઈજાઝત શર્ત નથી, તેના વગર પણ નિકાહ થઈ શકે છે. જેમ કે من وليها થી માલૂમ થયું.

૨. અહીં કુંવારીનો ઉલ્લેખ અલગથી કર્યો એ આ હુકમને વર્ણન કરવા માટે છે, એટલે કુંવારી તથા અકુંવારીના હુકમમાં કેવળ એ છે કે કુંવારીની ખામોશી ઈજાઝત છે અને અકુંવારીની નથી, તેણીએ સાફ શબ્દોમાં ઈજાઝત આપવી પડશે. બાકી મુખ્તાર હોવામાં બંને સરખી છે. આ હદીષ અહનાફની મજબૂત દલીલ છે.

૩. ખુલાસો એ છે કે આ હદીષ ઘણી રિવાયતોથી મરવી છે જેના શબ્દોમાં અમુક અંશે ફરક છે, પણ અર્થ તથા હેતુ સૌનો એક સમાન છે. તે એ કે આક્વિલા બાલિગા છોકરી ચાહે કુંવારી હોય ચાહે વિધવા ચાહે તલાક્વાળી પોતાના નફ્સની મુખ્તાર છે કે તેણીની ઈજાઝત વિના નિકાહ નથી થઈ શકતા. અને તેના નિકાહના માટે વલી શર્ત નથી. અને કુંવારીની ખામોશી તેની ઈજાઝત છે પણ ખામોશી ત્યારે ઈજાઝત માનવામાં આવશે જ્યારે કે ઈજાઝત લેનાર તેનો વલી અથવા વલીનો વકીલ હોય, અને દુલ્હાનું નામ એડ્રેસ વગેરે બતાવીને ઈજાઝત માગવામાં આવે જેનાથી તેણીને દુલ્હાની પૂરી ખબર થઈ જાય. જો એમાંથી કોઈ ચીજ ઓછી રહી તો ખામોશી ઈજાઝત ન થશે.

૪. તેમજ આ હદીષ અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ ઈબ્ને માજહએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયતથી મરફુઅન નક્લ કરી, અલબત્ત શબ્દોમાં થોડોક ફરક છે. *(મિર્કાત)*

★ હદીષ : (3)-૩૧૨૮ ★

وَعَن خنساء بنت خذام: أَنْ أَبَاهَا زَوَّجَهَا وَهِيَ ثَيِّبٌ فَكَرِهَتْ ذَلِكَ فَأَتَتْ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَرَدَّ نِكَاحَهَا. رَوَاهُ الْبُخَارِيُّ وَفِي رِوَايَةِ ابْنِ مَاجَه: نِكَاح أَبِيهَا

''હઝરત ખન્સા બિન્તે ખઝામથી[૧] રિવાયત છે કે તેમના પિતાએ તેમનો નિકાહ કરી આપ્યો કે તે પરણીત હતાં. તેમણે એ નિકાહ નાપસંદ કર્યો[૨] તો તેણી રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયાં. આપે તેમનો નિકાહ રદ કરી આપ્યો[૩]. (બુખારી) અને ઈબ્ને માજહની રિવાયતમાં છે કે તેણીના બાપે કરેલ નિકાહ રદ કરી આપ્યો.''

૧. આપનું નામ ખન્સા બિન્તે ખઝામ ઈબ્ને ખાલિદ છે. અન્સારિયા છે. અસદિયા છે. સહાબિયા છે. હક્ક એ છે કે તેમના પિતાનું નામ ખુઝામ નુક્તાવાળી ઝાલથી છે ન કે દાલથી.

૨. એટલે કે તે બાલિગા હતાં. પહેલાં તેમનો નિકાહ થઈ ચૂક્યો હતો. વિધવા કે તલાક પામેલ હતાં. હવે પિતાએ તેણીની નાપસંદગી છતાં નિકાહ કરી આપ્યા.

★ વિધવાના નિકાહ તેની ઝબાની ઈજાઝતથી થશે ★

૩. યાદ રાખશો કે હનફી મઝહબમાં બાલિગા પર વલીને જબરદસ્તીનો હક્ક નથી, ભલે કુંવારી હોય કે વિધવા. અને શાફઈ મઝહબમાં અકુંવારી પર વલીને જબરદસ્તીનો હક્ક નથી. ચાહે બાલિગા હોય કે નાબાલિગા. આપણે ત્યાં આ નિકાહ રદ થવાનુ કારણ છોકરીનું બાલિગ હોવું હતું અને શાફઈઓને ત્યાં તેનું અકુંવારી હોવું. જેથી આ હદીષ ન આપણી વિરુદ્ધ છે ન શાફઈઓની વિરુદ્ધ છે. કેમ કે હઝરત ખન્સા નિકાહનો ઈન્કાર કરી ચૂકી હતી, એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ નિકાહ રદ કરી આપ્યા, નહીં તો તેણી ખામોશ રહી હોત તો તેમને અખત્યાર મળત કે નિકાહ જાઈઝ રાખે કે રદ કરે.

★ બાળકીઓનું રમકડાં તથા ટીંગલીઓથી રમવુ જાઈઝ ★

★ હદીષ : (૪)-૩૧૨૯ ★

وَعَنْ عَائِشَةَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ تَزَوَّجَهَا وَهِيَ بِنْتُ سَبْعِ سِنِينَ وَزُفَّتْ إِلَيْهِ وَهِيَ بِنْتُ تِسْعِ سِنِينَ وَلُعَبُهَا مَعَهَا وَمَاتَ عَنْهَا وَهِيَ بِنْتُ ثَمَانِيَ عَشْرَةَ. رَوَاهُ مُسلم

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ તેમની સાથે નિકાહ કર્યો જ્યારે તે સાત વરસની છોકરી હતાં[૧] અને વિદાય થઈ ત્યારે તે નવ વરસની છોકરી હતાં. તેમનાં રમકડાં તેમની સાથે હતાં[૨] અને હુઝૂરે તેમને છોડીને વફાત પામી ત્યારે તે ૧૮ વરસનાં હતાં[૩].'' (મુસ્લિમ)

★ નાબાલિગાનો નિકાહ વાલી કરી શકે ★

૧. એટલે કે છ વરસ પૂરા કરીને સાતમા વરસમાં પ્રવેશી ચૂક્યાં હતાં. જેથી આ રિવાયત તે હદીષોની વિરુદ્ધ નથી જેમાં આપની ઉમર એ વખતે છ વરસની વર્ણવેલી છે. મતલબ કે આપ તે વખતે બાલિગા ન હતાં. જાણવા મળ્યું કે નાબાલિગા છોકરીનો નિકાહ વાલી કરી શકે છે. નિકાહ કરવા માટે બાલિગ થવું શર્ત નથી. રબ તઆલા ફર્માવે છે :

وَالّٰٓئِيْ يَئِسْنَ مِنَ الْمَحِيْضِ (અને તમારી સ્ત્રીઓમાં જેમને હૈઝની ઉમ્મીદ ન રહી, જો તમને કાંઈ શક હોય તો તેમની ઈદ્દત ત્રણ મહીના છે. –સૂરએ તલાક઼, ૬૫/૪) એટલે કે જે છોકરીઓને હજી હૈઝ (માસિક) આવેલ ન હોય અને તેમને તલાક઼ થઈ જાય તો તેમની ઈદ્દત ત્રણ મહીના છે. જો નાબાલિગા બાળકીનો નિકાહ દુરુસ્ત ન હોત તો તેને તલાક઼ કેવી અને તેણીની ઈદ્દત ત્રણ મહીના કેવી ? આજે અમુક હદીષના મુન્કિરો નાબાલિગા છોકરીના નિકાહનો ઈન્કાર કરે છે, તેમનો આ ઈન્કાર સ્પષ્ટ આયતના વિરુદ્ધ છે.

★ અમુક સંજોગોમાં નાબાલિગ ઔલાદના નિકાહ જરૂરી ★

અહીં મિર્ક઼ાતે ફ઼ર્માવ્યું કે હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ના નિકાહ છ વરસની ઉમરમાં મુતવાતીર હદીષથી સાબિત છે. હઝરત ક઼દામા ઈબ્ને મઝઊને ઝુબેરની પુત્રીના નિકાહ સર્વ સહાબીઓની મૌજૂદગીમાં એ દિવસે કર્યા જે દિવસે તે પેદા થઈ. નાબાલિગ બાળકોના નિકાહ બાબતે સર્વ ઉમ્મત એકમત છે. અને **નાબાલિગા બાલિગ થઈને બાપ દાદાના કરેલા નિકાહ તોડી નથી શકતી, બાકીના વાલીઓના કરેલા નિકાહ તોડી શકે છે.** (મિર્ક઼ાત) અમુક સંજોગોમાં નાબાલિગ ઔલાદના નિકાહ કરવા જરૂરી થઈ જાય છે. બાપ મુત્યુ નજીક છે અને બાળકી નાની છે. તે ચાહે છે કે હું તેના જિંદગીમાં નિકાહ કરીને જઉં કે જેથી મારા બાદ આ યતીમ છોકરી ધક્કા ન ખાય અને મારી રૂહને તકલીફ઼ ન થાય. સારાંશ કે આ ઈજાઝતમાં સેંકડો હિકમતો છે.

★ છોકરીની બાલિગ થવાની વય કમસે કમ નવ વરસ ★

૨. ગાલિબ એ છે કે હઝરત ઉમ્મુલ મો'મિનીન એ વખતે બાલિગા થઈ ચૂક્યાં હતાં. છોકરીની બાલિગ થવાની ઉમર કમસે કમ નવ વરસ છે અને જો બાલિગ થવાની નજીક પણ હોય તો પણ વિદાય થઈ શકે છે. આ હદીષની બિના પર ઉલમાએ ફ઼ર્માવ્યું કે બાળકીઓને રમકડાં તથા ઢીંગલીઓ વડે રમવું જાઈઝ છે. ઢીંગલીઓથી તેને સીવવું, પરોવવું, ઘરનાં કામોનો તરીકો આવડી જાય છે. જો રમકડાં અને ઢીંગલીઓને આંખ, નાક, ન હોય ત્યારે તો તેના જાઈઝ હોવામાં કોઈ શંકા જ નથી.

★ હઝરત આઈશા رضی اللہ عنہا નો ઈન્તેક઼ાલ હિ.સ. ૫૭માં થયો ★

૩. એટલે કે હઝરત ઉમ્મુલ મો'મિનીન નવ વરસ હુઝૂર ﷺ ની સાથે રહ્યાં. હુઝૂર ﷺ ની વફાતના સમયે આપની ઉમ્ર શરીફ઼ ૧૮ વરસની હતી અને ૫૩ વરસની ઉમરમાં વફાત પામ્યાં. હિ.સ. ૫૭માં ૩૫ વરસો એવી રીતે પસાર કર્યાં કે ન હુઝૂરનો વારસો પામ્યાં, ન રહેવા ઘર મળ્યું, ન કોઈની સાથે નિકાહ જાઈઝ હતા. આ છે હઝરત સિદ્દીક઼ા رضی اللہ عنہا ની કુર્બાની !

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૫)-૩૧૩૦ ★
عَنْ أَبِي مُوسَى عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا نِكَاحَ إِلَّا بِوَلِيٍّ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

''હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રિવાયત કરે છે. આપે ફ઼ર્માવ્યું, વલી વિના નિકાહ નથી[૧]. '' (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ, દારમી)

★ નિકાહમાં વલીની ઈજાઝત સંબંધે શાફઈ હનફી મતભેદ ★

૧. આ હદીષના આધારે ઈમામ શાફઈ ફર્માવે છે, સ્ત્રીના નિકાહના માટે વલીની ઈજાઝત શર્ત છે, સ્ત્રી બાલિગા હોય કે નાબાલિગા. આપણે ત્યાં નાબાલિગ છોકરા કે છોકરીના નિકાહમાં વલીની ઈજાઝત શર્ત છે, બાલિગના માટે નથી. આ હદીષ જાહેરી અર્થમાં ઈમામ શાફઈની પણ વિરુદ્ધ છે, કેમ કે તે બાલિગ છોકરાના નિકાહ વલીની ઈજાઝત વિના જાઈઝ માને છે. જ્યારે અહીં છોકરા કે છોકરીની પાબંદી નથી. આપણા ઈમામ સાહબને ત્યાં આ હદીષમાં નાબાલિગ અથવા પાગલ અથવા લોંડી કે ગુલામ મુરાદ છે. અથવા અહીં મુસ્તહબ ન હોવાનો નકાર છે, એટલે કે વલી વિના છોકરા છોકરીના નિકાહ બેહતર નથી. અશિઅતુલ લમ્આતમાં છે કે આ હદીષ સહીહ નથી. તેમજ જાહેરી અર્થમાં આ હદીષ કુર્આને કરીમની પણ વિરુદ્ધ થશે. કેમ કે ૨બ તઆલા ફર્માવે છે : فَلَا تَعْضُلُوْهُنَّ اَنْ يَّنْكِحْنَ اَزْوَاجَهُنَّ (તેમને ન રોકો તેનાથી કે પોતાના પતિઓથી નિકાહ કરી લે. સૂ. બકૃરહ, ૨/૨૩૨) સ્ત્રીઓ પોતાના પતિઓથી નિકાહ કરે તો તમે તેમને ન રોકો. અને પાછલી મુસ્લિમની હદીષની વિરુદ્ધ છે કે : الايم احق بنفسها من وليها (મુસ્લિમ, અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ, માલિક) જેથી ઈમામે આ'ઝમની સ્પષ્ટતા ખૂબ જ મજબૂત છે.

★ ફાસિદ નિકાહથી સોહબત પર મહેર લાજિમ ★

★ હદીષ : (૬)-૩૧૩૧ ★	*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે સ્ત્રી વલીની ઈજાઝત વિના પોતાના નિકાહ કરી લે તો તેણીના નિકાહ બાતિલ છે, તેણીના નિકાહ બાતિલ છે, તેણીના નિકાહ બાતિલ છે[૧]. પરંતુ જો પુરૂષે તેણી સાથે સોહબત કરી લીધી તો તેણીને મહેર મળશે, એના બદલામાં કે તેણે તેણીની શર્મગાહથી ફાયદો ઉઠાવ્યો[૨]. પછી જો વાલીઓ મતભેદ કરે તો બાદશાહ તેનો વલી છે. જેનો કોઈ વલી નથી[૩]."* *(અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ, દારમી)[૪]*
وَعَنْ عَائِشَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أَيُّمَا امْرَأَةٍ نَكَحَتْ بِغَيْرِ إِذْنِ وَلِيِّهَا فَنِكَاحُهَا بَاطِلٌ فَنِكَاحُهَا بَاطِلٌ فَنِكَاحُهَا بَاطِلٌ فَإِنْ دَخَلَ بِهَا فَلَهَا الْمَهْرُ بِمَا اسْتَحَلَّ مِنْ فَرْجِهَا فَإِنِ اشْتَجَرُوا فَالسُّلْطَانُ وَلِيُّ من لَا ولي لَهُ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ والدارمي	

૧. આ હદીષ પાછલી હદીષની જેમ ઝઈફ તથા મુઝતરિબ છે. જેમ કે આ હદીષથી આઈશા સિદ્દીકૃાનો ઈમામ ઝહરીએ ઈન્કાર કર્યો. જુઓ તહાવી, ઈબ્ને જરીહ કહે છે કે મેં ઈબ્ને શહાબને આ હદીષ વિશે પૂછ્યું તો તેમણે એનાથી ઈન્કાર કર્યો. (મિર્કૃાત) ઈમામ અહમદે પણ આ હદીષની સેહત (સહીહ હોવા)થી ઈન્કાર કર્યો (અશિઅહ) જો સહીહ માની લેવામાં પણ આવે તો સ્ત્રીથી મુરાદ લોંડી કે પાગલ સ્ત્રી મુરાદ છે અથવા તે સ્થિતિ મુરાદ છે કે સ્ત્રી ગૈર કફૂમાં વલીની ઈજાઝત વિના નિકાહ કરે કે એ નિકાહ દુરુસ્ત નથી. નહીં તો આ હદીષ કુર્આને કરીમની પણ વિરુદ્ધ જશે. અને પાછલી હદીષ મુસ્લિમની છે. ૨બ તઆલા ફર્માવે છે : فَلَا تَحِلُّ لَهٗ مِنْۢ بَعْدُ حَتّٰى تَنْكِحَ زَوْجًا غَيْرَهٗ (પછી જો ત્રીજી તલાકૃ તેણીને આપી દીધી તો હવે તે સ્ત્રી તેને હલાલ ન થશે જ્યાં સુધી બીજા પતિ પાસે ન રહે. સૂરએ બકૃરહ, ૨/૨૩૦, કન્ઝુલ ઈમાન) એટલે કે તલાકૃવાળી સાથે નિકાહ પ્રથમ પતિ ન કરે ત્યાં સુધી કે તે સ્ત્રી બીજા પતિ સાથે નિકાહ કરે. સારાંશ કે હનફી મઝહબ આ બારામાં ખૂબ જ

મજબૂત છે, જ્યારે આઝાદ સ્ત્રી પોતાના માલની મુખ્તાર છે તો પોતાના નફ્સની પણ મુખ્તાર છે.

૨. એટલે આવા નિકાહનો હુકમ એ છે કે જો પતિ તેણી સાથે સંભોગ કરી લે પછી ક़ાઝી તે બંનેની અલાહિદગીનો હુકમ આપે તો તેણીને નિશ્ચિત થયેલ મહેર કે મહેર મિષ્લ મળશે. જાણવા મળ્યું કે અહીં બાતિલથી મુરાદ ફાસિદ છે કે ફાસિદ નિકાહનો આ જ હુકમ છે કે હાકિમ અગલ કરાવી દેશે પણ સોહબત થઈ ચૂકવાની સ્થિતિમાં સ્ત્રીને મહેર મળશે. ફાસિદ તથા બાતિલ નિકાહનો તફાવત અને તેના એહકામ અમારા ફતાવામાં જુઓ.

★ વાલીપણામાં મતભેદ પર હાકિમ વલી થશે ★

૩. એટલે કે જો કોઈ સ્ત્રીના નિકાહમાં એક દરજાના વાલીઓ વિવિધ હોય કે કોઈ વાલી ક્યાંક બીજે. અને જેમ કે સ્ત્રીના અમુક ભાઈ કે અમુક કાકાઓ વાલી હોય, અને આ મતભેદ ઉપસ્થિત થાય તો પછી સમયનો હાકિમ સુલ્તાન અથવા સુલ્તાનનો નિયુક્ત કરેલ હાકિમ વાલી થશે, તે જ્યાં ચાહે નિકાહ કરે. કેમ કે વાલીઓનો મતભેદ તેમને અમાન્ય કરી દે છે અને જેનો વાલી ન હોય તેનો વલી (વાલી) સુલ્તાન હોય છે, તો આનો વાલી પણ સુલ્તાન થશે.

૪. એને નિસાઈ, હાકિમે પણ રિવાયત કરી અને તિબ્રાનીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી અમુક શાબ્દિક ફેરફાર સાથે રિવાયત કરી.

★ ગવાહ વિના નિકાહ કરવા ઝિના છે ★

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે તે સ્ત્રીઓ ઝાનિયા છે જે પોતાના નિકાહ ગવાહો વિના કરી લે[૧]. અને અધિક દુરુસ્ત એ છે. આ હદીષ હઝરત ઈબ્ને અબ્બાસ પર મૌકૂફ છે[૨]." (તિર્મિઝી)

★ હદીષ : (૭)-૩૧૩૨ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الْبَغَايَا اللَّاتِي يُنْكِحْنَ أَنْفُسَهُنَّ بِغَيْرِ بَيِّنَةٍ» . وَالْأَصَحُّ أَنَّهُ مَوْقُوفٌ عَلَى ابْنِ عَبَّاس. رَوَاهُ التِّرْمِذِيّ

૧. بغايا નું બહુવચન છે અને بغاء باغية باغيا થી બન્યુ ઝિનાના અર્થમાં. એટલે જે **સ્ત્રી કોઈની સાથે એકાંતમાં ગવાહ વિના નિકાહ કરી લે તો એ નિકાહ દુરુસ્ત નથી. અને સોહબત ઝિનાની જેમ હરામ થશે.** કેમ કે નિકાહના માટે બે ગવાહ શર્ત છે. એના સર્વ સહાબા, તાબઈન, બલ્કે સર્વ મુસલમાનોની એકમતી છે કે ગવાહ વિના નિકાહ થતા જ નથી. (મિર્ક़ાત તથા લમ્આત)

૨. એટલે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો પોતાનો ક़ૌલ છે પણ આવી મૌકૂફ હદીષ પણ મરફૂઅના હુકમમાં હોય છે કે આ વાત સહાબી પોતાના ઈજતેહાદથી નથી કહેતા બલ્કે હુઝૂર ﷺ થી સાંભળીને કહે છે.

★ બાલિગ કુંવારીની ખામોશી ઈજાઝત છે ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, યતીમ છોકરી છે તેની જાનના બારામાં ઈજાઝત લેવામાં આવે. પછી જો તેણી ખામોશ રહે તો તે જ તેણીની ઈજાઝત છે, અને જો ના પાડી દે તો તેના પર જબરદસ્તી નથી[૨].

★ હદીષ : (૮)-૩૧૩૩/(૯)-૩૧૩૪ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْيَتِيمَةُ تُسْتَأْمَرُ فِي نَفْسِهَا فَإِنْ صَمَتَتْ فَهُوَ إِذْنُهَا وَإِنْ أَبَتْ فَلَا جَوَازَ عَلَيْهَا» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيّ

(તિર્મિઝી, અબૂ દાઉદ) નિસાઈ અને દારમીએ હઝરત અબૂ મૂસાથી રિવાયત કરી.	وَرَوَاهُ الدَّارِمِيّ عَن أَبِي مُوسَى

૧. અહીં યતીમાથી મુરાદ બાલિગા કુંવારી છોકરી છે. જેમ કે રબ તઆલા ફર્માવે છે : وَاٰتُوا الْيَتٰمٰٓى اَمْوَالَهُمْ (અને યતીમોને તેમના માલ આપો. સૂરએ નિસાઅ, ૪/૨) અહીં બાલિગોને યતીમ કહેવામાં આવ્યાં એટલે જે પહેલાં યતીમ હતી.

★ યતીમ નાબાલિગના નિકાહ દાદા કરી દે તો રદ કરવાને પાત્ર નથી ★

૨. એનો મતલબ પહેલાં વર્ણન થઈ ચૂક્યો કે બાલિગા છોકરીનો નિકાહ તેણીની ઈજાઝત વિના નથી થઈ શકતો. હા ! કુંવારીની ખામોશી અથવા આંસૂઓ આવવાં અથવા ધીમા અવાજે રડવુ ઈજાઝત છે, એ શરતે કે ઈજાઝત લેનાર વલી કે વલીનો વકીલ હોય. યાદ રાખશો કે અકુંવારી નાબાલિગાનો નિકાહ જો દાદા કરી આપે તો નિકાહ દુરુસ્ત પણ છે અને લાઝિમ પણ, કે છોકરી બાલિગા થઈને ફસ્ખ નથી કરી શકતી. અને જો દાદા સિવાય કોઈ અન્ય નજીકનો વાલી કરી દે તો નિકાહ દુરુસ્ત તો છે પણ લાઝિમ નથી. છોકરી બાલિગ થઈને ફસ્ખ કરી (તોડી) શકે છે. ફસ્ખ માટે શરત એ છે કે બાલિગ થવાની નિશાની જોતાં જ ફસ્ખ કરે અને હાકિમથી ફૈસલો કરાવે.

★ ગુલામ માલિકની રજા વિના નિકાહ કરે તો ઝાની ★

★ હદીષ : (૧૦)-૩૧૩૫ ★	*''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું કે જે ગુલામ પોતાના માલિકની ઈજાઝત વિના નિકાહ કરે તે ઝાની છે[૧] (તિર્મિઝી, અબૂ દાઉદ, દારમી)*
وَعَنْ جَابِرٌ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أَيُّمَا عَبْدٍ تَزَوَّجَ بِغَيْرِ إِذْنِ سَيِّدِهِ فَهُوَ عَاهِرٌ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ والدرامي	

૧. ઈમામ શાફઈ તથા અહમદને ત્યાં ગુલામના નિકાહ માલિકની ઈજાઝત વિના થતા જ નથી, જેથી જો બાદમાં માલિક ઈજાઝત પણ આપી દે તો પણ દુરુસ્ત નથી. પણ ઈમામે આ'ઝમ અને ઈમામ માલિકને ત્યાં નિકાહ માલિકની ઈજાઝત પર મૌકૂફ રહે છે. તે જો જાઈઝ રાખે તો જાઈઝ, નહીં તો બાતિલ. જેવો કે ફુઝૂલ નિકાહનો હુકમ છે. આ હદીષનો મતલબ એ પણ થઈ શકે છે કે માલિકના ઈન્કાર છતાં ગુલામ નિકાહ કરે તો નિકાહ બાતિલ છે અને સંભોગ હરામ. અથવા માલિકની ઈજાઝતથી પહેલાં સંભોગ દુરુસ્ત નથી. જેમ કે સર્વ મૌકૂફ નિકાહનો હુકમ છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ બાલિગ છોકરીનો બાપ જબરદસ્તી નિકાહ ન કરી શકે ★

★ હદીષ : (૧૧)-૩૧૩૬ ★	*''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે એક કુંવારી છોકરી[૧] રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થઈ. તેણે વર્ણવ્યું કે તેના બાપે તેણીના નિકાહ કરી આપ્યા જ્યારે કે તેણી નાપસંદ કરતી હતી.[૨] તેણીને નબી કરીમ عليه الصلوٰة والسلام એ અખ્તયાર આપી દીધો.[૩]'' (અબૂ દાઉદ)[૪]*
عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: إِنَّ جَارِيَةً بِكْرًا أَتَتْ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَذكرت أَن أَبَاهَا زَوجهَا وَهِي كَارِهًا فَخَيَّرَهَا النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ. رَوَاهُ أَبُو دَاوُدَ	

૧. તે છોકરી બાલિગા હતી જેવું આવનારા લખાણથી માલૂમ પડે છે. અમુક શરહકર્તાઓએ કહ્યું કે તે ખન્શા બિન્તે ખઝામ હતાં જેમનો બનાવ પહેલાં આવી ગયો. પણ એ દુરુસ્ત નથી કેમ કે તે કુંવારી ન હતી, આ છોકરી કુંવારી છે. અમુકે ફર્માવ્યું કે એ છોકરીનું નામ વાલિફા છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

૨. સ્થિતિ એ હતી કે બાપે તે છોકરીને પૂછયા વિના નિકાહ કરી આપ્યા. છોકરી દિલથી નારાજ હતી. નિકાહ વખતે છોકરીએ ઈન્કાર કર્યો ન હતો, નહીં તો નિકાહ થઈ જ ન શકતા, અને છોકરીને અખત્યાર ન મળતો. જેથી આ હદીષ તદ્દન સ્પષ્ટ છે, એના પર કોઈ વાંધો નથી.

૩. એટલે કે આ નિકાહ તારી રજા પર મૌકૂફ છે, જો તું ચાહે તો જાઈઝ રાખ અને ચાહે તો ફસ્ખ કરી દે (તોડી નાખ). એનાથી જાણવા મળ્યું કે બાલિગા છોકરી પર બાપ વગેરે જબરદસ્તી નથી કરી શકતા. જો તેણીને પૂછયા વગર નિકાહ કરી આપશો તો નિકાહ ફુઝૂલી થશે, છોકરી જાઈઝ રાખે કે ન રાખે. આપણે ત્યાં આ અખત્યારનું કારણ છોકરીનું બાલિગ હોવું હતું. ઈમામ શાફઈને ત્યાં તેણીનું કુંવારી હોવું છે.

૪. આ હદીષ અહમદ, નિસાઈ, ઈબ્ને માજહએ પણ નકલ કરી. ઈબ્ને કત્તાન કહે છે કે હદીષ સહીહ છે.

★ હદીષ : (૧૨)-૩૧૩૭ ★
وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صلى الله عَلَيْهِ وَسلم: «لَا تزوج الْمَرْأَة الْمَرْأَةَ وَلَا تُزَوِّجُ الْمَرْأَةُ نَفْسَهَا فَإِنَّ الزَّانِيَةَ هِيَ الَّتِي تُزَوِّجُ نَفْسَهَا» . رَوَاهُ ابْنُ مَاجَهْ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ન તો એક સ્ત્રી બીજી સ્ત્રીના નિકાહ કરે[૧] અને ન સ્ત્રી ખુદ પોતાના નિકાહ કરે[૨] કેમ કે તે સ્ત્રી ઝાનિયા છે જે પોતાના નિકાહ ખુદ કરે.[૩]'' (ઈબ્ને માજહ)

૧. એટલે પુરૂષ વાલીના હોવાની હાલતમાં સ્ત્રી છોકરીની વાલી નથી. તે નિકાહ ન કરાવે. જેથી બાપ કે દાદા કે ભાઈ કે કાકા વગેરેના હોવાની સ્થિતિમાં મા માસી વગેરે વાલી નથી, બલ્કે તે લોકો વલી છે. અથવા આ હુકમ ઈસ્તેહબાબી (મુસીહબ રૂપે) છે. એટલે કે બેહતર એ છે કે સ્ત્રી છોકરીના નિકાહ ન કરે, બલ્કે જો કોઈ વલી ન હોય તે સમયે હાકિમની રાયથી નાબાલિગાનો નિકાહ તેમની ઈજાઝતથી દુરુસ્ત છે.

૨. એટલે ગવાહ વિના એકાંતમાં નિકાહ ન કરે અથવા ગૈર કફૂમાં નિકાહ ન કરે, નહીં તો નિકાહ થશે નહીં. એના પર ફતવો છે. જુઓ દુર્રે મુખ્તાર. એ મતલબ નથી કે બાલિગા વાલી વિના નિકાહ નથી કરી શકતી, નહીં તો તે ખરાબી લાઝિમ થશે જે પહેલાં રજૂ કરવામાં આવી.

૩. એટલે જે સ્ત્રી ગવાહ વિના અથવા વાલીઓના નારાજ હોવા પર ગૈર કફૂમાં નિકાહ કરી લે તે નિકાહ દુરુસ્ત ન થશે અને સંભોગ હલાલ થશે નહીં.

★ બાળકનું સારુ નામ રાખો કે નામની અસર પડે છે ★

★ હદીષ : (૧૩)-૩૧૩૮ ★
وَعَنْ أَبِي سَعِيدٍ وَابْنِ عَبَّاسٍ قَالَا: قَالَ رَسُولُ اللَّهِ

''હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી અને ઈબ્ને અબ્બાસથી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે જેને બાળક પેદા થાય તો જોઈએ

صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «من وُلِدَ لَهُ وَلَدٌ فَلْيُحْسِنِ اسْمَهُ وَأَدَبَهُ فَإِذَا بَلَغَ فَلْيُزَوِّجْهُ فَإِنْ بَلَغَ وَلَمْ يُزَوِّجْهُ فَأَصَابَ إِثْمًا فَإِنَّمَا إِثْمه على أَبِيه»

*કે તેનું નામ સારુ રાખે[૧] અને તેને સારી તાલીમ આપે[૨] પછી જ્યારે તે બાલિગ થઈ જાય તો તેના નિકાહ કરી આપે[૩] **જો બાળક બાલિગ થઈ ગયો અને તેના નિકાહ ન કર્યા, તેણે કોઈ ગુનોહ કરી લીધો તો તેનો ગુનોહ તેના બાપ પર છે.[૪]**"*

★ નબીઓ કે સહાબીઓના નામ પર નામ રાખો ★

૧. કેમ કે સારા નામની અસર નામવાળા પર પડે છે, સારુ નામ તે છે જે અર્થ વિનાનું ન હોય, જેમ કે બુધવા, તુલવા વગેરે. અને ગર્વ તથા તકબ્બુર ન જોવા મળે, જેમ કે બાદશાહ, શહનશાહ વગેરે, અને ન બુરા અર્થ હોય જેમ કે આસી (પાપી) વગેરે. બેહતર એ છે કે અંબિયાએ કિરામ عَلَيْهِمُ السَّلَامُ, હુઝૂર ﷺ, સહાબાએ એઝામ, અહલે બયતે અત્હાર رضوان الله تعالى عليهم اجمعين ના નામો પર નામ રાખે. જેમ કે ઈબ્રાહીમ, ઈસ્માઈલ, ઉષ્માન, અલી, હસન, હુસૈન વગેરે. સ્ત્રીઓનાં નામ આસિયા, ફાતિમા, આઈશા વગેરે. અને જે પોતાના પુત્રનું નામ મુહમ્મદ રાખે તે ઈન્શા અલ્લાહ ! બખ્શાઈ જશે. અને દુનિયામાં તેની બરકતો જોશે. આજકાલ ખૂબ જ વાહિયાત નામો રાખવામાં આવી રહ્યાં છે, દા.ત. નસીમ અખ્તર, રયહાના, ગુલફામ વગેરે.

★ જરૂરત પૂરતો ઈલ્મે દીન જરૂર શીખવાડો ★

૨. જરૂરત પૂરતો દીનનો ઈલ્મ જરૂર શીખવાડે, દુનિયાનો ઈલ્મ તથા હુન્નર પણ એટલા પ્રમાણમાં જરૂર શીખવાડે કે બાળક કોઈનો મોહતાજ ન રહે.

૩. એનાથી જાણવા મળ્યું કે બેહતર એ જ છે કે નિકાહ બાલિગ થવા પર કરે, જો કે નાબાલિગ બાળકના પણ નિકાહ દુરુસ્ત છે. બાલિગ બાળકની આદતો વગેરે માલૂમ પડી જાય છે, પણ નાબાલિગના વિશે નથી કહી શકાતુ કે કઈ આદતો અને કેવા પ્રકારનો થશે. (અશિઅહ)

★ બાળકોને ન પરણાવનાર બાપ પર બાળકના ગુનાહનો વબાલ જશે ★

૪. આ તે સ્થિતિમાં છે કે બાળક ગરીબ હોય, પોતે નિકાહ કરવા શક્તિમાન ન હોય. અને જો બાપ અમીર હોય, ઔલાદના નિકાહ કરી શકે છે પણ લાપરવાહી કે અમીરની તલાશમાં નિકાહ ન કરે ત્યારે બાળકના ગુનાહનો વબાલ તે લાપરવા બાપ પર થશે. (મિર્કાત) કેમ કે બાપની ઉણપ તેના ગુનાહનો સબબ છે. યાદ રાખશો કે અહીં اثما ફિતરી ગુનાહના હસ્રના માટે છે અને કસબી (કોશિશ કરીને કરેલ) ગુનાહના હસ્ર માટે છે. એટલે ગુનાહનો ઝરીયો બનવાનો વબાલ કેવળ બાપ પર હશે. જો કે ગુનાહની કોશિશ કરવાનો વબાલ ખુદ બાળક પર છે. હદીષથી તે લોકો બોધ ગ્રહણ કરે જેઓ કેવળ માલદારોની તલાશમાં બાળકનો નિકાહ અરસા સુધી નથી કરતા. એનાથી બદતર એ છે કે પોતાની કુંવારી યુવાન છોકરીઓને સ્કૂલ કોલેજોમાં મોકલી દે છે જેનાં બુરાં પરિણામો આજે આંખોની સામે છે.

★ હદીષ : (૧૪)-૩૧૩૯ ★

وَعَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ وَأَنَسِ بْنِ مَالِكٍ رَضِيَ اللَّهُ عَنْهُ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " فِي التَّوْرَاةِ مَكْتُوبٌ: مَنْ بَلَغَتِ ابْنَتُهُ اثْنَتَيْ عَشْرَةَ سَنَةً وَلَمْ يُزَوِّجْهَا فَأَصَابَتْ إِثْمًا فَإِثْمُ ذَلِكَ عَلَيْهِ «. رَوَاهُمَا الْبَيْهَقِيُّ فِي» شُعَبِ الْإِيمَانِ "

''હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ તથા અનસ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત છે. તે રસૂલુલ્લાહ ﷺ થી રાવી. ફર્માવ્યું, તૌરાતમાં લખ્યુ છે[૧] કે જેની છોકરી ૧૨ વરસની થઈ જાય અને તે તેણીના નિકાહ ન કરે[૨] પછી તે કોઈ ગુનોહ કરી બેસે તો તેણીનો ગુનાહ તેના બાપ પર છે[૩] આ બંને હદીષો બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી.''

૧. એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ તૌરાત તથા ઈન્જીલથી તથા તેના હુકમોથી ખબરદાર છે. જો કે તે કિતાબોની ભાષા ઈબ્રાની છે અને હુઝૂર અરબી છે છતાં વાકેફ છે. કેમ ન વાકેફ હોય કે હુઝૂર عليہ الصلوٰۃ والسلام તો જાનવરો ફરિશ્તાઓની બોલીઓ પણ જાણી લે છે. *(શક્તિમાન)*

૨. એટલે કે કુફૂ (જાતી, ખાનદાન, સંસ્કૃતિ, સમાજ વગેરેમાં સમરૂપ) મળતો હોય અને એ શખ્સ નિકાહ કરી દેવા પર ક़ાદિર (શક્તિમાન) હોય છતાં કેવળ માલદારની તલાશમાં લાપરવાહીથી નિકાહ ન કરે. આ હદીષથી જાણવા મળ્યું કે રબ તૌફીક़ આપે તો છોકરીના નિકાહ ૧૨ વરસની ઉપરથી પહેલાં કરી આપે. હવે તો ૨૫, ૩૦ વરસ સુધીની છોકરીઓ ઘરોમાં બેસી રહે છે, ન લખપતિ મળે છે ન નિકાહ થાય છે. રબ તઆલા મુસલમાનોની આંખો ખોલે.

૩. એટલે કે એનો ગુનોહ બાપ પર પણ છે કેમ કે તે એનો સબબ બન્યો.

باب اعلان النكاح والخطبة والشرط

બાબો એલાનિન્નિકાહ વલ્ ખુત્બા વશ્શર્ત

(નિકાહનું એલાન, ખુત્બો અને શર્તનું વર્ણન[૧])

الفصل الاول (વિભાગ : ૧)

૧. خطبہ (ખુત્બા) ح ના પેશથી ગદ્યવાળી વાણી જેમાં હમ્દ તથા નઅત તથા વઅઝ તથા નસીહત હોય. નિકાહમાં ઈજાબો કુબૂલથી પહેલાં ખુત્બો પઢવો સુન્નત છે. ઈમામ શાફઈને ત્યાં ખરીદ વેચાણ, ભાડુ વગેરે સર્વ જાઈઝ ક૬રારોમાં ખુત્બો સુન્નત છે. (અશિઅહ) ખુત્બો એલાન પર મઅતૂફ છે અને શક્ય છે કે નિકાહ પર મઅતૂફ હોય. એટલે કે નિકાહનું એલાના અને ખુત્બાનું એલાન. અને બની શકે છે કે ખુત્બાના 'ખ' ના ઝબરથી હોય, અર્થ નિકાહનો પયગામ યાદ રાખશો કે નિકાહનું એલાન સુન્નત છે. ચાહે એ રીતે એલાન થાય કે નિકાહ જામેઅ મસ્જિદમાં જુમ્આની નમાઝ બાદ જાહેરમાં થાય અથવા ગોળો અથવા ટગારી (એલાનના સાધનો) અથવા દફ વગાડીને. તે સમયના મશહૂર જાઈઝ સાધનો હક્ક એ છે કે દફ તથા ટગારી વગાડવી ક૬રાર થતી વખતે, કોઈના આગમનની ખબર પર, નિકાહના સમયે મુસ્તહબ છે, વિના કારણે મના છે. શર્તથી મુરાદ નિકાહમાં શરતો મૂકવી છે. જેમ કે તફ્વીઝે તલાક૬ (તલાક૬નો હક્ક૬ સ્ત્રીને સોંપવો) અથવા પતિએ પોતાની સાસરીમાં રહેવાની શરત વગેરે. ફાસિદ શરતથી સોદો તો ફાસિદ થઈ જાય છે પણ નિકાહ ફાસિદ નથી થતા. શોએબ عليه السلام એ મૂસા عليه السلام થી શર્ત રાખી હતી કે તમે આઠ કે દસ વરસ સુધી મારું કામ કરો, એ શર્ત નિકાહથી પહેલાં હતી.

★ બાળકોનું ગીત ગાવું મુબાહ છે ★

★ હદીષ : (૧)-૩૧૪૦ ★
عَن الرّبيع بنت معوذ بن عَفْرَاءَ قَالَتْ: جَاءَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَدَخَلَ حِينَ بُنِيَ عَلَيَّ فَجَلَسَ عَلَى فِرَاشِي كمجلسك مني فَجعلت جويرات لَنَا يَضْرِبْنَ بِالدُّفِّ وَيَنْدُبْنَ مَنْ قُتِلَ مِنْ آبَائِي يَوْمَ بَدْرٍ إِذْ قَالَتْ إِحْدَاهُنَّ: وَفِينَا نَبِيٌّ يَعْلَمُ مَا فِي غَدٍ فَقَالَ: «دَعِي هَذِهِ وَقُولِي بِالَّذِي كُنْتِ تَقُولِينَ» . رَوَاهُ الْبُخَارِيُّ

''હઝરત રબીઅ બિન્તે મુઅવ્વઝ અફરાથી[૧] રિવાયત છે. ફર્માવે છે, જ્યારે મારી વિદાયગીરી કરવામાં આવી તો નબી કરીમ ﷺ તશરીફ લાવ્યા અને જે રીતે તમે મારી પાસે બેઠા છો એ જ પ્રમાણે હુઝૂર મારા બિસ્તર પર બેસી ગયા[૨] તો અમારી બાળકીઓ દફ વગાડવા લાગી અને મારા બાપદાદાઓ જેઓ બદરના દિવસે શહીદ થયા હતા તેમના મર્સિયા ગાવા લાગી[૩] કે જ્યારે એમનામાંથી એકે આ શેઅર કહ્યો કે અમારામાં તે નબી છે જે કાલની વાત જાણે છે[૪] તો હુઝૂરે ફર્માવ્યું, એ છોડો[૫] એ જ કહો જે પહેલાં કહેતી હતી.[૬]'' (બુખારી)

૧. અફરા મુઅવ્વઝની માનુ નામ છે. સહાબિયા અન્સારિયા છે. બયઅતુર્રિઝવાનમાં શરીક થયાં, ખૂબ જ લાંબી ઉમર પામ્યાં. મહાન દરજાવાળાં બીબી છે. રબીઅનાં દાદી છે.

૨. આ સંબોધન ખાલિદ ઈબ્ને ઝકવાનથી છે જે રબીઅથી રિવાયત કરી રહ્યા છે. એટલે જેવી રીતે તમે મારા IA: TZ 5 Z DFZL5 F; [AþFKM/ [JLH ZLT[Ch Ƶ عليه الصلوة والسلام મારી પાસે મારા બિસ્તર પર બેઠેલા હતા. જાહેર એ છે કે આપ એ વખતે બાપર્દા હશે અને ઘર મહેમાનોથી ભરેલુ હશે, કેમ કે વિદાયનો દિવસ હતો. અને જો બેપર્દા બેસેલ હોય તો, ક્યાં તો આ બનાવ પર્દો ફર્ઝ થતા પહેલાંનો છે અથવા હુઝૂરની વિશિષ્ટતામાંથી છે કે ઔરતો પર આપનાથી પર્દો નથી. ગમે તેમ પણ હદીષ પર કોઈ વાંધો નથી. *(મિર્કાત તથા લમ્આત)*

★ નિકાહ વખતે દફ પર સારા શેઅરો પઢવા ★

૩. આ બાળકીઓ નાબાલિગા અને બાલિગ થવા નજીક હતી અને **કેવળ દફ વગાડીને ગાતી હતી, ઝાંઝર વગેરે કોઈ વાજિંત્ર ન હતું, શેઅરો ગંદા ન હતા.** એનાથી જાણવા મળ્યું કે **નિકાહ કે વિદાયગીરી પર નાની બાળકીઓનું આ રીતે ગાવું દુરુસ્ત છે.**

★ સહાબાનો અકીદો હતો કે હુઝૂર ﷺ ઈલ્મે ગયબ જાણે છે ★

૪. આ શેઅર ન તો કોઈ કાફિરનો છે, કે કાફિરને હુઝૂર ﷺની નઅત સાથે શો સંબંધ ! ન તે બાળકીઓનો છે, કેમ કે બાળકીઓ શેઅરો બનાવવાનું નથી જાણતી, એ યકીનન ! કોઈ સહાબીનો છે. જાણવા મળ્યું કે **સહાબાએ કિરામ હુઝૂર ﷺના ઈલ્મે ગયબને માનવાવાળા હતા.** હુઝૂર ﷺની પાક બીવીઓએ પૂછયું હતું કે આપના પછી અમારામાંથી સૌ પ્રથમ કોણ આપની પાસે પહોંચશે ? શહીદોની માઓ પૂછતી હતી કે મારો પુત્ર ક્યાં છે ? કઈ હાલતમાં છે ? સારાંશ સહાબીઓ હુઝૂરના ઈલ્મે ગયબને માનવાવાળા હતા. હુઝૂર ﷺએ એ શાઈરને મુશ્રિક કે કાફિર નથી કહ્યો ન એ શેઅરને બુરો કહ્યો.

૫. શા માટે છોડી દો ? ક્યાં તો એટલા માટે કે દફ તથા ખેલ દરમ્યાન નઅત શરીફ ન હોવી જોઈએ કે એમાં નઅતની બેઅદબી છે. (અશિઅહ) અથવા એટલા માટે કે મર્ષિયા દરમ્યાન નઅત ન પઢો કે નઅત તથા મર્ષિયાને ભેગા કરવું સારુ નથી. અથવા એટલા માટે કે અમારી સામે અમારી તારીફ શા માટે કરો છો ? અથવા ઈલ્મે ગયબની નિસ્બત અમારી તરફ ન કરો, જો કે રબ તઆલાએ અમને ઈલ્મે ગયબ આપ્યો છે, પણ અમને આલિમુલ ગયબ વગેરે ન કહો. (અઝ મિર્કાત) જુઓ, ઈસા عليه السلام ને ખાલિક નથી કહેતા, પણ કુર્આને કરીમમાં છે : اَنِّیْۤ اَخْلُقُ لَكُمْ مِّنَ الطِّیْنِ ----الايه (હું તમારા માટે માટીથી પક્ષી જેવી મૂરત બનાવુ છું પછી એમાં ફૂંક મારુ છું તો તે તુરંત પક્ષી બની જાય છે. સૂ. આલે ઈમરાન, ૩/૪૯) સારાંશ કે આ હદીષમાં વહાબી દલીલ નથી પકડી શકતા.

૬. જાણવા મળ્યું કે આ ગીત દુરુસ્ત હતાં અને તેને ગાવું તે બાળકીઓ માટે દુરુસ્ત હતું. આ મુબાહ બાબત છે.

★ હદીષ : (૨)-૩૧૪૧ ★

وَعَن عَائِشَةَ رَضِيَ اللهُ عَنهُ قَالَتْ: زُفَّتِ امْرَأَةٌ إِلَى رَجُلٍ مِنَ الْأَنْصَارِ فَقَالَ نَبِيُّ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا كَانَ مَعَكُمْ لَهْوٌ؟ فَإِنَّ الْأَنْصَارَ يُعْجِبُهُمُ اللَّهْو» . رَوَاهُ الْبُخَارِيّ

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે એક સ્ત્રી પોતાના અન્સારી પતિને ત્યાં મોકલવામાં આવી[૧] તો નબી કરીમ عليه الصلوة والسلام એ ફર્માવ્યું કે તમારી સાથે કોઈ ખેલ ન હતો, કેમ કે અન્સારને ખેલ પસંદ છે.[૨]" (બુખારી)

૧. એક અન્સારી બીબી વિદાય થઈને પોતાના પતિના ઘરે ગઈ. તે બુઝુર્ગોનાં નામો જાણી ન શકાયાં.

★ બાલિગા સ્ત્રીઓના ગીતનો અવાજ, વાજિંત્રો વગેરે નાજાઈઝ ★

૨. અહીં ખેલથી મુરાદ બાળકીઓનાં ગીત છે અથવા બાલિગા સ્ત્રીઓના ધીમા અવાજથી જાઈઝ શેઅરો પઢવાનો અવાજ જે ઘરથી બહાર ન આવે અને ગૈર લોકો ન સાંભળે. એમને ખેલ એટલા માટે કહેવામાં આવ્યું કે ખુશીનો સબબ છે, જેમ કે તીરંદાઝી, ઘોડાબાઝી, પોતાની પત્ની સાથે ગમ્મતને ખેલ કહેવામાં આવ્યું. હરામ ખેલ, તમાશા, ગાયનો, વાજિંત્રો મુરાદ નથી. જેથી ચકળાલ્વી એના પર વાંધો નથી ઉઠાવી શકતા. જાણવા મળે છે કે એવા મોકા પર ગીત અન્સારને પહેલેથી જ પસંદ હતાં. એ પસંદીદગી પર વાંધો નથી કરવામાં આવ્યો જેનાથી જાણવા મળ્યું કે એ પસંદીદગી બુરી નથી.

★ હઝરત આઈશાના નિકાહ તથા વફાત શવ્વાલમાં થયા ★

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ મારી સાથે નિકાહ પણ શવ્વાલમાં કર્યા અને સુહાગરાત પણ.[૧] રસૂલુલ્લાહ ﷺ ની કઈ પત્ની મારા કરતાં અધિક મહબૂબા હતી.[૨]'' (મુસ્લિમ)

★ હદીષ : (૩)-૩૧૪૨ ★

وَعَنْهَا قَالَتْ: تَزَوَّجَنِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي شَوَّالٍ وَبَنَى بِي فِي شَوَّالٍ فَأَيُّ نِسَاءِ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ أَحْظَى عِنْدَهُ مِنِّي؟ . رَوَاهُ مُسلم

★ એ વહેમો બાતિલ છે ★

૧. અરબવાસીઓ શવ્વાલના મહીનામાં નિકાહ અથવા રુખસતી (વિદાય)ને મનહૂસ જાણતા હતા અને કહેતા કે આ મહીનાના નિકાહ કામયાબ નથી હોતા. પતિ પત્નીના દિલ નથી મળતાં. કહેતા હતા કે شوال (શવ્વાલ) شول થી બનેલ છે જેનો અર્થ છે મિટાવવું, જમીન પર ખેંચવું. આપ તેમના આ ખયાલને રદિયો આપી રહ્યા છે. **અમુક રાફઝીઓ પણ બે ઈદોની વચ્ચે અને મુહર્રમમાં નિકાહ મન્હૂસ માને છે. એ સૌ બાતિલ (ખોટા) વહેમ છે.** *(મિર્કાત)*

★ મહબૂબાએ મહબૂબે રબ્બુલ આલમીન ★

૨. મક્સદ એ છે કે મારા તો નિકાહ પણ અને વિદાયગીરી પણ. અને હું સર્વ પાકબીવીઓમાં હુઝૂરની અધિક મહબૂબા હતી. જો આ નિકાહ અને વિદાયગીરી મુબારક ન હોત તો હું આટલી મક્બૂલ શાથી હોતી ?! ઉલમા ફર્માવે છે કે માહે શવ્વાલમાં નિકાહ મુસ્તહબ છે. યાદ રાખશો કે જનાબ ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીક્ા, ખદીજતુલ કુબરા પછી હુઝૂર ખૂબ જ મહબૂબા હતાં. આપનો લક્બ છે : મહબૂબાએ મહબૂબે રબ્બુલ આલમીન. આપના જ સીના તથા ગોદમાં હુઝૂર عليه الصلوة والسلام ની વફાત થઈ. આપના જ ઓરડામાં રસૂલ ﷺ દફન થયા.

''હઝરત ઉક્બા ઈબ્ને આમિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સર્વ શરતોમાં અધિક વફાને પાત્ર એ છે જેનાથી તમે પત્નીઓને હલાલ કરી.[૧]'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૪)-૩૧૪૩ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَحَقُّ الشُّرُوطِ أَنْ تُوفُوا بِهِ مَا اسْتَحْلَلْتُمْ بِهِ الْفروج»

★ નિકાહની શર્તો પતિ પત્ની જરૂર પૂરી કરે ★

૧. આ શર્તથી મુરાદ ક્યાં તો મહેર છે અથવા પત્નીનાં રોટી, કપડાં વગેરે. પણ હક્ક એ છે કે એનાથી મુરાદ સર્વ તે જાઈઝ શર્તો છે જે નિકાહથી પહેલાં અથવા નિકાહ વખતે લગાડવામાં આવે. અહીં મિર્કાતે ફર્માવ્યું કે આ જગાએ પતિ પત્ની બંનેવથી સંબોધન છે. એટલે કે નિકાહ વખતે જે શરતો પતિ તરફથી લાગી તે તો પત્ની જરૂર પૂર્ણ કરે, જેમ કે પતિનું આજ્ઞાપાલન અને તેની ઈજાઝત વિના ઘરેથી ન જવું, જેને મળવાથી રોકે તેને ન મળવું. અને જે શર્તો સ્ત્રી તરફથી પુરૂષ પર લાગી તેને પુરૂષ જરૂર પૂર્ણ કરે જેમ કે ઘરેણા કે મકાન નામે કરી દેવાની શર્તો અને ખાસ શર્તો પર તફવીઝે તલાક (પત્નીને તલાક હક્ક આપવો). મક્સદ એ છે કે આમ તો સર્વ જાઈઝ શર્તો અને વાયદા જરૂર પૂર્ણ કરવામાં આવે, પણ નિકાહના વાયદા જરૂર પૂર્ણ કરવા જોઈએ. એટલા માટે નિકાહના સમયે પતિ પત્નીને કલ્મા પઢાવવામાં આવે છે જેથી કલમો પઢીને વાયદા થાય.

★ કોઈના નિકાહના પયગામ પર પયગામ ન આપે ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે કોઈ શખ્સ પોતાના ભાઈના પયગામ પર પયગામ ન આપે ત્યાં સુધી કે તે પહેલાં ક્યાં તો નિકાહ કરે અથવા છોડી આપે.[૧]"

★ હદીષ : (૫)-૩૧૪૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَخْطُبُ الرَّجُلُ عَلَى خِطْبَةِ أَخِيهِ حَتَّى يَنْكِحَ أَو يترك»

૧. એટલે કે કોઈ સ્ત્રીના માટે કોઈ જગાએથી પયગામ તથા સલામ આવી રહ્યા છે અને બંને પક્ષ લગભગ રાજી પણ થઈ ગયા છે તો બીજો વ્યક્તિ પયગામ આપીને પહેલાના પયગામને ખરાબ ન કરે. જ્યારે ત્યાંથી વાતચીત કટ થઈ જાય ત્યારે પયગામ આપે. આ હુકમ મુસ્તહબના રૂપે છે. અને જો કેવળ પયગામમાં રઝામંદી ન થઈ તો બીજો પણ પયગામ આપી શકે છે. એ જ હુકમ સોદા વિશે પણ આવ્યો છે. ત્યાં પણ આ જ મુરાદ છે, નહીં તો લીલામ વખતે બોલી પર બોલી આપવામાં આવે છે. આ સ્પષ્ટતા પર આ હદીષ તદ્દન સ્પષ્ટ છે.

★ કોઈ સ્ત્રી આગલી પત્નીની તલાકની માગણી ન કરે ★

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે કોઈ સ્ત્રી પોતાની બહેનની તલાકની માગણી ન કરે[૧] જેથી તેનો પ્યાલો ફારિગ કરી આપ[૨] અને જેથી પોતે નિકાહ કરી લે[૩] કેમ કે એના માટે એ જ છે જે એના મુકદ્દરમાં છે[૪]"

(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૬)-૩૧૪૫ ★

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَسْأَلِ الْمَرْأَةُ طَلَاقَ أُخْتِهَا لِتَسْتَفْرِغَ صَحْفَتَهَا وَلْتَنْكِحَ فَإِنَّ لَهَا مَا قُدِّرَ لَهَا»

૧. એટલે કે જો કોઈ પત્નીવાળો શખ્સ કોઈ સ્ત્રીને નિકાહનો પયગામ આપે તો એ સ્ત્રી એવી માગણી ન કરે કે તમે પોતાની પત્નીને તલાક આપી દો ત્યારે નિકાહ કરીશ. જેથી બહેનથી મુરાદ શોક્ય બનનારી સ્ત્રી છે, કેમ કે ઈસ્લામી બહેન છે. એમાં અખ્લાકની તાલીમ છે.

૨. એટલે તે શોક્યનો હિસ્સો ખુદ કબજે કરે, તેના ખાવા, પીવા, એશો આરામ પર ખુદ કબજો કરે.

૩. لِتَنْكِحَ નો લામ અમ્ર નથી બલ્કે લામના અર્થમાં છે અને આ વાક્ય لِتَسْتَفْرِغَ પર મઅતૂફ છે, જેથી હદીષનો મતલબ સ્પષ્ટ છે. સ્ત્રી પર શોક્ય પર નિકાહ કરી લેવાનો હુકમ નથી આપવામાં આવ્યો, બલ્કે પહેલીની તલાક઼ની માગણીથી રોકવામાં આવી. આ لِتَنْكِحَ નો ફાઈલ (કર્તા) ક્યાં તો ખુદ એ સ્ત્રી છે અથવા તેની શોક્ય. એટલે જેથી તે શખ્સ પહેલી પત્નીને તલાક઼ આપી દે અને તે કોઈ અન્ય જગાએ નિકાહ કરી લે. અને શક્ય છે કે لِتَنْكِحَ નો લામ, લામે અમ્ર હોય અને અર્થ એ થાય કે તે સ્ત્રીએ જોઈએ કે તે પુરૂષની પ્રથમ પત્નીની તલાક઼ની માગણી ન કરે બલ્કે કોઈ બીજા સાથે નિકાહ કરે.

૪. જેથી પહેલીને તલાક઼ અપાવવાથી તેનું પોતાનું નસીબ બદલાય જશે નહીં.

★ સાટા પદ્ધતિથી મના કર્યું ★

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ નિકાહે શિગારથી મના કર્યું[૧] શિગાર એ છે કે એક શખ્સ પોતાની પુત્રીનો નિકાહ કરે એ શર્ત પર કે તે બીજો પોતાની પુત્રીનો નિકાહ કરી દે[૨] અને એ બંનેવ વચ્ચે કોઈ મહેર ન હોય[૩]" (મુસ્લિમ, બુખારી) અને મુસ્લિમની રિવાયતમાં છે કે ફર્માવ્યું, ઈસ્લામમાં શિગાર નથી.[૪]

★ હદીષ : (૭)-૩૧૪૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْ الشِّغَارِ وَالشِّغَارُ: أَنْ يُزَوِّجَ الرَّجُلُ ابْنَتَهُ عَلَى أَنْ يُزَوِّجَهُ الْآخَرُ ابْنَتَهُ وَلَيْسَ بَيْنَهُمَا صَدَاقٌ

૧. شغار (શિગાર) બન્યું છે شغر (શગર)થી, અર્થ શહેરનું ખાલી થઈ જવું અથવા કોઈને જગાએથી હટાવવું, દૂર થઈ જવું. (અશિઅહ)

૨. પુત્રીનું વર્ણન દાખલા રૂપે છે, એમાં બહેન, ભત્રીજી, ભાણકી સૌ સામેલ છે, કે કોઈ શખ્સ પોતાની પુત્રી અથવા બહેન અથવા ભત્રીજી વગેરેનો નિકાહ તેનાથી કે તેના પુત્ર વગેરે સાથે કરી આપે.

૩. એટલે કે દરેક નિકાહ બીજાના નિકાહની મહેર હોય, એના સિવાય અન્ય કોઈ મહેર ન હોય. યાદ રાખશો કે જો આ નિકાહ આપસમાં એકબીજાની મહેર ન હોય, કેવળ નિકાહ બશર્તે નિકાહ હોય તો એકમતીએ જાઈઝ છે, જેવું કે પંજાબમાં સામાન્યપણે થાય છે કે આમને સામને રિશતો લેવામાં આવે છે, પરંતું જો કોઈ નિકાહની મહેર ન હોય, દરેક નિકાહ બીજા નિકાહની મહેર હોય તો ઈમામ શાફઈને ત્યાં નિકાહ ફાસિદ છે. આપણે ત્યાં બંને નિકાહ દુરુસ્ત છે પણ આ શર્ત ફાસિદ છે દરેક છોકરીને મહેર મિષ્લ મળશે.

૪. એટલે કે જાહિલિયતના દોરમાં અરબમાં નિકાહે શિગાર (સાટા પદ્ધતિથી નિકાહ) થતો હતો. ઈસ્લામે તેને મના કરી આપ્યો. યાદ રાખશો કે જો આ શર્ત દુરુસ્ત રહેત તો શગાર બનત. જ્યારે અહનાફે આ શર્ત બાતિલ ઠરાવી અને દરેક છોકરીને મહેર મિષ્લ અપાવી જેથી શિગાર ન રહ્યો, જેથી આ હદીષ અહનાફની વિરુદ્ધ નથી. જેવી રીતે અન્ય ફાસિદ શરતોથી નિકાહ ફાસિદ નથી થતો બલ્કે શરત ફાસિદ થઈ જાય છે એ જ પ્રમાણે આ નિકાહ પણ શર્તી છે જેમાં નિકાહ દુરુસ્ત છે અને શર્ત ફાસિદ છે. જેમ કે કોઈ શખ્સ સુવ્વર કે શરાબના બદલામાં નિકાહ કરે તો નિકાહ દુરુસ્ત છે પણ એ શર્ત ફાસિદ છે, મહેર મિષ્લ આપવામાં આવશે.

★ સ્ત્રીઓ સાથે મુત્આની મનાઈ ★

''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ખૈબરના દિવસે સ્ત્રીઓના મુત્આથી મના કર્યું[૧] અને પાલતુ ગધેડાઓના ગોશ્તથી[૨].'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૮)-૩૧૪૭ ★

(مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللّٰهُ عَنْهُ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْ مُتْعَةِ النِّسَاءِ يَوْمَ خَيْبَرَ وَعَنْ أَكل لُحُوم الْحمر الإنسية

૧. મૃત્આનો શાબ્દિક અર્થ છે નફો, એનાથી છે તમત્તુઅ કરવું. એ ઈસ્લામમાં બે વાર હલાલ થયું બે વાર હરામ. જેમ કે ફતહે ખૈબરથી થોડાક પહેલા એ હલાલ રહ્યો અને ખૈબરના દિવસે હરામ કરી દેવામાં આવ્યો. ફરી ફતહે મક્કાના વરસે જંગે અવતાસથી થોડાક અગાઉ ત્રણ દિવસ માટે હલાલ કરવામાં આવ્યો પછી હમેશાં માટે હરામ કરી દેવામાં આવ્યો. જેથી આ હદીષ આવનારી હદીષની વિરુદ્ધ નથી. (અઝ : મિર્કાત, નવવી, તથા અશિઅહ વગેરે)

★ પાલતુ ગધેડાનો ગોશ્ત હરામ ★

૨. انسیہ ક્યાં તો અલિફના પેશથી છે, એટલે પ્રેમભાવ તથા મહોબ્બત રાખનાર ગધેડો. અથવા અલિફના ઝેરથી એટલે જેને માણસો પામી લે છે અથવા પાલતુની શર્ત જંગલી ગધેડા એટલે ગોરખર (નીલ ગાય)ને કાઢવાના માટે છે કે તે હલાલ છે. ઈસ્લામમાં પહેલાં ગધેડુ હલાલ હતું પછી ફતહે ખૈબરના દિવસે હમેશાં માટે હરામ કરી દેવામાં આવ્યું.

''હઝરત સલમા ઈબ્ને અકૂઅથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ અવતાસના વરસે મુત્આની ત્રણ દિવસ ઈજાઝત આપી પછી તેનાથી મના કરી આપ્યું[૧].'' (મુસ્લિમ)

★ હદીષ : (૯)-૩૧૪૮ ★

وَعَنْ سَلَمَةَ بْنِ الْأَكْوَعِ قَالَ: رَخَّصَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَامَ أَوْطَاسٍ فِي الْمُتْعَةِ ثَلَاثًا ثُمَّ نَهَى عَنْهَا. رَوَاهُ مُسلم

૧. એટલે કે ખૈબરમાં મુત્આ હરામ કરવામાં આવ્યો હતો. પછી એક સખત જરૂરતના હેઠળ જંગે અવતાસમાં ત્રણ દિવસ માટે હલાલ કરવામાં આવ્યો, પછી કાયમી ધોરણે હરામ કરી દેવામાં આવ્યો. અરબમાં એટલા પ્રમાણમાં ઝિના આમ હતો કે ખુદાની પનાહ ! ઈસ્લામનો મહાન મો'જિઝો કે ત્યાં ઝિના બંધ કરાવવું છે. એકદમ ઝિના બંધ થઈ શકતો ન હતો એટલા માટે તેના પર પાબંદી લગાડવા માટે મુત્આની ઈજાઝત આપવામાં આવી કે નિશ્ચિત સમય પૂરતો (ટેમ્પરરી) નિકાહ કરી લો પછી સમય મર્યાદા પૂરી થતાં નિકાહ પૂરો. તેના બાદ સ્ત્રી ઈદ્દત પસાર કરે તેનો ખર્ચ અને જો નિકાહથી બાળક પેદા થઈ જાય તો તેનો ઉછેર તે મુતાઈ (ટેમ્પરરી નિકાહ કરનાર) પુરૂષના માથે રહેશે. આ પાબંદીથી ઘણે અંશે લોકો સાવધાન થઈ ગયા. પછી હમેશાં માટે મુત્આ પણ હરામ કરી દેવામાં આવ્યો.

જુઓ શરાબ હરામ કરવાનુ હતું તો પ્રથમ એના પર પાબંદી લગાડવામાં આવી કે નશામાં નમાઝ ન પઢો, જેનાથી શરાબપાન ઘણે ખરે અંશે ઓછુ થઈ ગયું, પછી એકદમ હરામ કરી દેવામાં આવી. મુઅ્તા નિકાહ તદ્દન

હરામ છે. તેના બાદ જે સંભોગ થશે તે કેવળ ઝિના (વ્યભિચાર) થશે, જેના પર ઝિનાના સર્વ હુકમો લાગુ થશે. મુત્આના હરામ હોવા પર કુર્આની આયતો તથા હદીષો સાક્ષી છે. રબ તઆલા ફર્માવે છે : مُّحْصِنِيْنَ غَيْرَ مُسٰفِحِيْنَ (સ્થાયી રાખીને ન (માત્ર) પાણી કાઢવા. –સૂરએ નિસાઅ્, ૪/૨૪) અને ફર્માવે છે : فَمَنِ ابْتَغٰى وَرَآءَ ذٰلِكَ فَأُولٰٓئِكَ هُمُ الْعٰدُوْنَ (તો જે એ બે સિવાય કાંઈક અધિક ચાહે તે જ હદથી વધનારો છે. –સૂરએ મુઅમિનૂન, ૨૩/૭) પત્ની તથા લોંડીના સિવાય અન્ય કોઈ સ્ત્રી તલાશ કરો કે તમે હદથી આગળ વધનારા છો. મુત્આવાળી પત્ની ન પત્ની છે ન લોંડી છે, એટલા માટે તેને વારસો નથી મળતો. એની ચર્ચા અમારી કિતાબ ફિહરિશ્તુલ કુર્આનમાં જુઓ, અને આ જગાએ મિર્કાતમાં જુઓ. હિદાયામાં છે કે ઈમામ માલિકને ત્યાં મુત્આ નિકાહ હલાલ છે અને નિશ્ચિત સમયની શર્ત બાતિલ છે. ફત્હુલ કદીરમાં છે કે આ નિસ્બત ગલત છે, હક્ક એ છે કે મુત્આની હુર્મત (હરામ હોવા) પર રસૂલની ઉમ્મતનો ઈજમાઅ છે. સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને તેના નસ્ખની ખબર ન પહોંચી તો શરૂમાં જાઈઝ હોવુ માનનારા રહ્યા પણ ખબર પહોંચી જતાં તે પણ હરામ હોવાના માનનારા થઈ ગયા. જુઓ મુસ્લિમ તથા નવવીમાં અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસનો રજૂઅ. આ જગાએ મિર્કાતમાં પણ બયાન કર્યું. અમુકના સિવાય શીઆના મોટાભાગના ફિર્કા મુત્આ હરામ જાણે છે. (મિર્કાત) હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નું ફર્માન આગળ મિશ્કાતમાં પણ આવી રહ્યું છે કે મુત્આ ઈસ્લામના શરૂમાં હતો પછી હરામ થઈ ગયો.

(વિભાગ : ૨) الفصل الثانی

★ તશહહુદમાં હુઝૂરને દિલમાં જલ્વાગર (હાજર) જાણીને સલામ અર્ઝ કરે ★

★ હદીષ : (૧૦)-૩૧૪૯ ★

عَنْ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ قَالَ: عَلَّمَنَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ التَّشَهُّدَ فِي الصَّلَاةِ وَالتَّشَهُّدَ فِي الْحَاجَةِ قَالَ: التَّشَهُّدُ فِي الصَّلَاةِ: «التَّحِيَّاتُ لِلَّهِ وَالصَّلَوَاتُ وَالطَّيِّبَاتُ السَّلَامُ عَلَيْكَ أَيُّهَا النَّبِيُّ وَرَحْمَةُ اللَّهِ وَبَرَكَاتُهُ السَّلَامُ عَلَيْنَا وَعَلَى عِبَادِ اللَّهِ الصَّالِحِينَ أَشْهَدُ أَنْ لَا إِلَهَ إِلَّا اللَّهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُولُهُ». وَالتَّشَهُّدُ فِي الْحَاجَةِ: «إِنَّ الْحَمْدَ لِلَّهِ نَسْتَعِينُهُ وَنَسْتَغْفِرُهُ وَنَعُوذُ بِاللَّهِ مِنْ شُرُورِ أَنْفُسِنَا من يهد اللَّهُ فَلَا مُضِلَّ لَهُ وَمَنْ يُضْلِلْ فَلَا هَادِيَ لَهُ وَأَشْهَدُ أَنْ لَا إِلَهَ إِلَّا اللَّهُ وَأَشْهَدُ أَنَّ مُحَمَّدًا عَبْدُهُ وَرَسُولُهُ» . وَيَقْرَأُ ثَلَاثَ آيَاتٍ (يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اتَّقُوا اللَّهَ حَقَّ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, અમને રસૂલુલ્લાહ ﷺ એ નમાઝમાં અને હાજતોમાં તશહહુદ શીખવાડયું[૧] ફર્માવ્યું, નમાઝમાં તશહહુદ એ છે કે સર્વ પાકીઓ અને નમાઝો, ખૂબીઓ અલ્લાહને છે, સલામ થાય આપ પર હે નબી ![૨] અને અલ્લાહની રહમત અને તેની બરકતો. સલામ થાય અમારા પર અને અલ્લાહના સર્વ નેક બંદાઓ પર[૩]. હું ગવાહી આપુ છું એ કે નથી કોઈ મઅબૂદ અલ્લાહ સિવાય અને ગવાહી આપુ છું કે બેશક ! મુહમ્મદ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. અને હાજતના ખુત્બામાં એ છે કે તમામ હમ્દ અલ્લાહ માટે છે[૪] અમે તેનાથી મદદ માગીએ છીએ[૫] અને તેનાથી માફી માગીએ છીએ[૬] અને પોતાના નફ્સોની શરારતોથી અલ્લાહની પનાહ લઈએ છીએ[૭]. જેને અલ્લાહ હિદાયત આપે તેને કોઈ ગુમરાહ કરનારૂ નથી અને જેને અલ્લાહ ગુમરાહ કરે તેને હિદાયત

تُقَاتِهِ وَلَا تَمُوتُنَّ إِلَّا وَأَنْتُمْ مُسلمُونَ)(يَا أَيُّهَا النَّاسُ اتَّقُوا رَبَّكُمُ الَّذِي خَلَقَكُمْ مِنْ نَفْسٍ وَاحِدَةٍ وَخَلَقَ مِنْهَا زَوْجَهَا وَبَثَّ مِنْهُمَا رِجَالًا كَثِيرًا وَنِسَاءً وَاتَّقُوا اللَّهَ الَّذِي تساءلون وَالْأَرْحَامَ إِنَّ اللَّهَ كَانَ عَلَيْكُمْ رَقِيبًا)(يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا اتَّقُوا اللَّهَ وَقُولُوا قَوْلًا سَدِيدًا يُصْلِحْ لَكُمْ أَعْمَالَكُمْ وَيَغْفِرْ لَكُمْ ذُنُوبَكُمْ وَمَنْ يُطِعِ اللَّهَ وَرَسُولَهُ فَقَدْ فَازَ فَوْزًا عَظِيما) رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ وَفِي جَامِعِ التِّرْمِذِيِّ فَسَّرَ الْآيَاتِ الثَّلَاثَ سُفْيَانُ الثَّوْرِيُّ وَزَادَ ابْنُ مَاجَهْ بَعْدَ قَوْلِهِ: «إِنَّ الْحَمْدَ لِلَّهِ نَحْمَدُهُ» وَبَعْدَ قَوْلِهِ: «من شرور أَنْفُسنَا وَمن سيئات أَعمالنَا» وَالدَّارِمِيُّ بَعْدَ قَوْلِهِ «عَظِيمًا» ثُمَّ يَتَكَلَّمُ بِحَاجَتِهِ وَرَوَى فِي شَرْحِ السُّنَّةِ عَنِ ابْنِ مَسْعُودٍ فِي خطْبَة الْحَاجة من النِّكَاح وَغَيره

આપનાર કોઈ નથી. અને ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ નથી અને ગવાહી આપુ છું કે મુહમ્મદ તેના બંદા તથા રસૂલ છે[૯] અને ત્રણ આયતો પઢે[૧૦] હે ઈમાનવાળાઓ! અલ્લાહથી ડરો જેવો તેનાથી ડરવાનો હક્ક છે[૧૧] અને કદાપિ ન મરો પણ એ હાલમાં કે તમે મુસલમાન હોવ[૧૨] હે ઈમાનવાળાઓ![૧૩] એનાથી ડરો જેના નામ પર એકબીજાથી માગો છો[૧૪] અને રહમી સગાઈઓથી ડરો[૧૫] બેશક! અલ્લાહ તમારા પર હાફિઝ છે. હે ઈમાનવાળાઓ! અલ્લાહથી ડરો! અને સીધી વાત કહો[૧૬] રબ તમારાં કામો સીધાં કરી આપશે અને તમારા ગુનાહો બખ્શી આપશે અને જે અલ્લાહ રસૂલની આજ્ઞાનું પાલન કરે તે ઘણો જ કામયાબ છે[૧૭] (અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી) અને જામેઅ તિર્મિઝીમાં છે ત્રણેવ આયતોની તફસીર[૧૮] સુફયાન ષૌરીએ કરી અને ઈબ્ને માજહએ الحمدلله *(અલ્હમ્દુલિલ્લાહ!) પછી* نحمده *(નહ્મદુહુ) પઢયું. અને* من شرور انفسنا *પછી* ومن سيئات اعمالنا *અધિક ઉમેર્યું. અને દારમીએ* عظيما *(અઝીમા) પછી ફર્માવ્યું[૧૯] કે પછી પોતાના કામની વાત કરે. અને શરહે સુન્નહમાં હઝરત ઈબ્ને મસ્ઊદથી* خطبة الحاجة *(ખુત્બતુલ હાજાત)માં ફર્માવ્યું, નિકાહ વગેરે[૨૦].*

૧. હાજતથી મુરાદ નિકાહ વઅઝ વગેરે છે કે દરેક શાનદાર કામ કરતી વખતે અલ્લાહ રસૂલનો ઝિક્ર ખૂબ જ બેહતર છે.

૨. એની શરહ કિતાબુસ્સલાતમાં આવી ગઈ કે નમાઝી પોતાના દિલમાં હુઝૂર ﷺને જલ્વાગર (મૌજૂદ) જાણે અને પછી પોતાને હુઝૂરની સામે હાજર જાણીને સલામની નિય્યતે આ કલમા પઢે, સમજે કે હુઝૂર મારી સલામ સાંભળી રહ્યા છે અને મને જવાબ આપી રહ્યા છે.

૩. علينا થી મુરાદ તો આપણા જેવા સર્વ ગુનેહગાર બંદાઓ છે અને નેક બંદાઓથી મુરાદ અંબિયા, અવલિયા હઝરાત છે. જેથી એના પર કોઈ વાંધો નથી. એની સંપૂર્ણ શરહ કિતાબુસ્સલાતમાં અત્તહિય્યાતના મોકા પર વર્ણન થઈ ગઈ.

૪. હાજતથી મુરાદ નિકાહ, વઅઝ વગેરે સર્વ જરૂરી ચીજો છે કે દરેક જગાએ પ્રથમ એ ખુત્બો પઢે પછી કામ કે વાત કરે. اَن નૂનની તશ્દીદથી પણ થઈ શકે છે. ત્યારે તો الحمد પર ઝબર થશે, અને નૂનના જઝમથી પણ. ત્યારે

તો حمد પર પેશ થશે. રબ તઆલા ફર્માવે છે وَاٰخِرُ دَعْوٰىهُمْ اَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِيْنَ (અને તેમની દુઆનો અંત એ છે કે સર્વ ખૂબીઓથી દાદ પામેલ અલ્લાહ, જે રબ છે સર્વ જહાનનો. સૂ. યૂનુસ, ૧૦/૧૦)

૪. હમ્દે ઈલાહી કરવા માટે પણ તેની મદદ માગે છે, અન્ય ઈબાદતો માટે પણ અને સર્વ કામોમાં પણ, અને તેની મદદ હાલમાં સામેલ ન હોય તો આપણે કાંઈ નથી કરી શકતા.

૫. અમે ગુનેહગાર ગુનાહ કરીને માફી માગીએ છીએ, અબરાર (પરહેઝગારો) ગુનાહ ન કરીને પણ માફીના તલબગાર છે, અને ખેયાર (સાલેહ લોકો) નેકીઓ કરીને પણ માફી માગે છે કે એ રબની શાનને પાત્ર નેકીઓ અમારાથી ન થઈ શકી.

૭. કેમ કે આપણો સૌથી મોટો દુશ્મન આપણો નફ્સ છે જે દોસ્તીના રંગમાં ધોકો આપે છે, અને સતત આપણી સાથે રહે છે. અલ્લાહના કરમ વિના તેની બુરાઈઓથી આપણે નથી બચી શકતા. હુઝૂર ﷺનું આ ફર્માવવું આપણી તાલીમના માટે છે, નહીં તો અંબિયાએ કિરામ હઝરાતના નફ્સે અમ્મારા (ગુનાહ પ્રતિલઈ જનાર નફ્સ) હોતા જ નથી, મુત્મઈન્ના (નેકી પ્રતિ દોરનાર નફ્સ) હોય છે. તેમના નફ્સોમાં ભલાઈ જ ભલાઈ છે.

૮. એટલે જેને અલ્લાહ હિદાયત પર અડગ રાખે તેને નફ્સ તથા શૈતાન દુનિયાની કોઈ ચીજ બહેકાવી નથી શકતી. અને જેમાં રબ તઆલા ગુમરાહીની આદત રાખી દે તેને ક્યાંયથી હિદાયત નથી મળી શકતી. અબૂ જહલ મક્કામાં રહીને હુઝૂરે અન્વરને જોઈને પણ હિદાયત ન પામી શકયો ચામાચિડીયાની આંખ સૂરજથી નૂર નથી લેતી. યાદ રાખશો કે શિર્કની નિસ્બત નફ્સની તરફ કસબી છે અને ગુમરાહ કરવાની નિસ્બત રબ તઆલાની તરફ ખલ્કી છે. આપણે કાસિબે શર (બુરાઈ કમાનાર) છીએ જ્યારે ખુદા તઆલા ભલાઈ તથા બુરાઈનો ખાલિક છે.

૯. હુઝૂર સૈયદુલ મખ્લૂકાત છે અને સનદુલ મૌજૂદાત ﷺ સર્વ ખલ્ક (મખ્લૂક)ના રસૂલ છે. આવી આમ રિસાલત હુઝૂર ﷺ સિવાય કોઈ અન્યને નથી અતા થઈ.

૧૦. يقرا ના કર્તા ક્યાં તો રસૂલુલ્લાહ ﷺ છે. એટલે કે હુઝૂર ﷺએ આપણી તાલીમના માટે આયતો પઢી. અથવા એનો કર્તા દરેક ખતીબ (સંબોધન કરનાર) છે એટલે ખુત્બો પઢનાર આ હમ્દો ષના તથા નઅત બાદ ત્રણ આયતો પઢે. *(મિર્કાત)*

૧૧. અલ્લાહથી ડરવાનો હક્ક એ છે કે તેની ઈતાઅત (આજ્ઞાપાલન) કરવામાં આવે, નાફર્માની ન કરવામાં આવે. તેને યાદ રાખવામાં આવે. કદી ભૂલવામાં ન આવે. આ આયતના નુઝૂલ પર સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એટલો ખૌફે ખુદા જે તેને હક્કને લાયક હોય એ કોણ કરી શકે છે ? ત્યારે આ આયતે કરીમા ઉતરી : فَاتَّقُوا اللّٰهَ مَا اسْتَطَعْتُمْ (તો અલ્લાહથી ડરો જ્યાં સુધી બની શકે. સૂ. તગ્ાબૂન, ૬૪/૧૬) જેટલા પ્રમાણમાં શક્તિ ધરાવો, અલ્લાહથી ડરો. જેથી આ બીજી આયત પ્રથમ આયતની તફસીર છે, નાસિખા નથી. (મઆલિમુત્તંઝીલ તથા મિર્કાત) એટલે કે જેટલા પ્રમાણમાં થઈ શકે અને જેટલુ શક્ય બને અલ્લાહથી ડરો.

૧૨. એટલે કે હમેશાં ઈમાન પર કાયમ રહો, કે જ્યારે પણ તમને મૌત આવે તો ઈમાન પર આવે. અલ્લાહ તઆલા નસીબ ફર્માવે, ઈસ્લામમાં ઈમાન તથા અમલો સૌ સામેલ છે.

૧૩. લગભગ આ કિરાઅત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی الله عنہما ની છે. આપણી કિરાઅત يٰۤاَيُّهَا النَّاسُ اتَّقُوْا رَبَّكُمُ ---الايه (હે લોકો ! તમારા રબથી ડરો જેણે તમને એક જાનથી પેદા કર્યાં.... –સૂરએ

નિસાઅ, ૪/૧) એ જ દુરુસ્ત છે.

૧૪. એટલે કે જ્યારે કોઈનાથી માગો છો તો અલ્લાહના નામ પર માગો છો કે ખુદાને માટે અમને આ આપો. જેના નામથી તમને ભીખ મળે છે તેને રાજી પણ કરો કે તેનાથી ડરો.

૧૫. اَرحام આપણી ક़िराअતમાં મન્સૂબ છે શબ્દ અલ્લાહ પર મઅતૂફ. એટલે કે રહમ (સગાઈ) કટ કરવાથી ડરો. અને શક્ય છે કે અરહામ મજરૂર હોય ﷲની ઝમીર પર. એટલે લોકો પાસેથી સગાઈ સંબંધના વાસ્તાથી માગો છો જેથી સગાઈના સંબંધનો પણ લેહાઝ રાખો.

૧૬. દુરુસ્ત વાતથી મુરાદ કલ્મએ તૈયેબહ છે અથવા દરેક સાચી વાત, અદ્લો ઈન્સાફની વાત. એટલે હમેશાં કલમએ તૈયેબહ પઢયા કરો, સાચુ બોલ્યા કરો, ઈન્સાફની વાત કર્યા કરો.

૧૭. એટલે કે માણસની કામયાબી માલ, દૌલત, ઈજ્જત તથા હુકૂમતથી નથી, અલ્લાહ રસૂલની ઈતાઅત (ફર્માંબરદારી)થી છે, કેમ કે માલ તથા દૌલત ફાની (નાશવંત) છે અને આ ફર્માંબરદારીનો સવાબ બાકી અને લાઝવાલ (નષ્ટ ન થનારો) છે.

૧૮. એટલે કે સુફ્યાન ષૌરીએ આ હદીષ તથા ખુત્બો પણ નકલ કર્યો. એ વર્ણવેલ આયતોની તફ્સીર પણ કરી.

૧૯. દારમીનો અતફ, ઈબ્ને માજહ પર છે. એટલે ઈબ્ને માજહએ તો ان الحمدللّٰه પછી نحمده અધિક ઉમેર્યું. અને من شرور انفسنا પછી ومن سيات اعمالنا વધાર્યું. અને રાવીએ عظيما પછી એ શબ્દો અધિક ઉમેર્યા કે પછી તે વાત કરે જેના માટે ખુત્બો પઢયો.

૨૦. એટલે બીજી રિવાયતોમાં તો ખુત્બએ હાજતમાં કેવળ નિકાહનો શબ્દ છે, પણ શરહુસ્સુન્નહમાં છે : નિકાહ વગેરે ફર્માવ્યું. જેનાથી જાણવા મળ્યું કે આ ખુત્બો કેવળ નિકાહ માટે જ નથી, વઅઝ વગેરે અન્ય દીની કલામો માટે પણ છે. હિસ્ને હસીનમાં આ ખુત્બામાં અન્ય પણ શબ્દો સામેલ છે. જેમ કે ત્યાં ورسوله પછી છે : ارسله بالحق بشيرا و نذيرا بين يدى الساعة من يطع اللّٰه ورسوله فقد رشد ومن يعصيهما فلا يضر الا نفسه ولا يضر اللّٰه شيئا. સારાંશ ખુત્બામાં વધઘટ થઈ શકે છે. બેહતર એ છે કે નકલ થયેલા શબ્દો જરૂરથી પઢે. (અઝ : મિર્ક़ાત વગેરે)

★ હદીષ : (૧૧)-૩૧૫૦ ★
وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ:«كُلُّ خُطْبَةٍ لَيْسَ فِيهَا تَشَهُّدٌ فَهِيَ كَالْيَدِ الْجَذْمَاءِ» .رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે દરેક તે ખુત્બો જેમાં કલ્મએ શહાદત ન હોય તે કોઢવાળા હાથની જેમ છે[૧] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે, ગરીબ છે.

૧. جذماء ક્યાં તો جذم થી બનેલ છે, કપાઈ જવાના અર્થમાં. અથવા جزام થી કોઢના અર્થમાં. અહીં અર્થો દુરુસ્ત છે. એટલે કે જે ખુત્બો શહાદત, તૌહીદ તથા રિસાલતથી ખાલી હોય તે કપાયેલા કે રક્તપિત્તવાળા હાથની જેમ છે કે જાહેરમાં હાથ જણાય છે પણ હાથવાળાને લાભકારક નથી, એવી જ રીતે એવા ખુત્બામાં શબ્દો તો સાંભળ વામાં આવે છે પણ ન તે ઈન્દલ્લાહ (અલ્લાહ નજીક) ક़બૂલ છે ન એના પર સવાલ ન એનામાં બરકતો. જાણવા

મળ્યું કે કલ્મએ શહાદત ઘણો જ લાભદાયી અમલ છે, એ મુસલમાનનો જિંદગી તથા મૌતનો વઝીફો છે.

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે શાનદાર કામ[૧] અલ્લાહની હમ્દથી શરૂ ન થાય તે અધૂરું છે.[૨]" (ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૨)-૩૧૫૧-(અ) ★

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كُلُّ أَمْرٍ ذِي بَالٍ لَا يُبْدَأُ بِالْحَمْدِ لِلَّهِ فَهُوَ أَقْطَعُ» . رَوَاهُ ابْنُ مَاجَهْ

૧. بَال નો શાબ્દિક અર્થ છે. દિલ, ખયાલ, ધ્યાન, ઈસ્તેલાહમાં તેનો અર્થ છે શાન, સારો અંજામ, હાલ, શરીફ. કેમ કે એવા કામની તરફ દિલ ધ્યાનિત થાય છે એટલા માટે તેને بَال (બાલ) કહે છે. આ શર્ત લગાડીને મકરૂહ મના કામોને કાઢી નાખ્યાં. જેથી હુક્કો પીતી વખતે બિસ્મિલ્લાહ અને પીને અલ્હમ્દુલિલ્લાહ કહેવું મકરૂહ છે. એ જ પ્રમાણે શરાબ, જુગાર, ઝિના પર પઢવું હરામ છે, બલ્કે કુફ્નો અંદેશો છે. એ જ પ્રમાણે જૂઠ તથા ગીબત વગેરે પર એને પઢવું સખત મના છે.

૨. قطع નો અર્થ છે, مقطوع البركة એટલે અપૂર્ણ, અધૂરું. અમુક રિવાયતમાં છે : فهو جذم એનો અર્થ પણ એ જ છે. નવવીએ શરહે મુસ્લિમમાં ફર્માવ્યું કે અમે અમારી કિતાબ અર્બઈનમાં આ હદીષ અબ્દુલ ક઼ાદિર ઝિહાદ અન કઅબ ઈબ્ને માલિકની રિવાયતથી હસન અસ્નાદ સાથે નક઼્લ કરી. ઈબ્ને માજહએ પોતાની સુનનમાં અને નિસાઈએ પોતાની કિતાબ "અમલુલ યૌમ વલ્લૈલ"માં રિવાયત કરી. સારાંશ આ હદીષ ઘણી બધી અસ્નાદોથી રિવાયત પામેલી છે. *(અશિઅહ)*

★ જે શાનદાર કામ અલ્લાહની હમ્દથી શરૂ ન થાય તે અપૂર્ણ છે ★

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે શાનદાર કામ અલ્લાહની હમ્દથી શરૂ ન થાય તે અપૂર્ણ છે.[૧]" (ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૨)-૩૧૫૧-(બ) ★

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كُلُّ أَمْرٍ ذِي بَالٍ لَا يُبْدَأُ بِالْحَمْدِ لِلَّهِ فَهُوَ أَقْطَعُ» . رَوَاهُ ابْنُ مَاجَهْ

૧. આ પાછલી હદીષની જેમ છે કેવળ فيه એમાં અધિક છે. મતલબ એક જ છે. આ જ હદીષના આધારે લેખકો પોતાની દીની કિતાબો બિસ્મિલ્લાહ અને અલ્હમ્દુલિલ્લાહથી શરૂ કરે છે. મોટાભાગના હઝરાત બિસ્મિલ્લાહ તથા અલ્હમ્દુલિલ્લાહને પોતાની કિતાબોની શરૂઆતમાં લખે છે અને અમુક કેવળ મૌખિક કહી લે છે, લખતા નથી. જેમ કે ઈબ્ને હાજબે કાફિયામાં અને ઈમામ મુહમ્મદ ઈબ્ને ઈસ્માઈલે પોતાની કિતાબ બુખારી શરીફમાં કર્યું. મોટી વાત તો એ છે કે કુર્આને પાકના શરૂમાં પણ બિસ્મિલ્લાહ અને અલ્હમ્દુલિલ્લાહ પૂરી છે.

★ નિકાહોનું એલાન કરો ★

"હઝરત આઈશા رضي الله عنها થી રિવાયત છે ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે એ નિકાહોનું એલાન કરો[૧] અને કહો મસ્જિદમાં[૨] એમના પર દફ બજાવો[૩]" (તિર્મિઝી) અને એવું ફર્માવ્યું કે આ હદીષ ગરીબ છે.[૪]"

★ હદીષ : (૧૩)-૩૧૫૨ ★

وَعَنْ عَائِشَةَ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَعْلِنُوا هَذَا النِّكَاحَ وَاجْعَلُوهُ فِي الْمَسَاجِدِ وَاضْرِبُوا عَلَيْهِ بِالدُّفُوفِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيبٌ

૧. જો એલાનથી મુરાદ ગવાહોની મૌજૂદગીમાં નિકાહ કરવું છે તો એ હુકમ વાજિબ રૂપે છે. કેમ કે ગવાહ નિકાહના માટે શર્ત છે અને જો એનાથી મુરાદ મશહૂર કરવું, દફ વગાડવું છે તો હુકમ મુસ્તહબ રૂપે છે. *(મિર્કાત)*

★ જુમ્આના દિવસે જુમ્આ બાદ મસ્જિદમાં નિકાહ મુસ્તહબ ★

૨. ફકીહો ફર્માવે છે કે મુસ્તહબ એ છે કે નિકાહ જુમ્આના દિવસે જુમ્આની નમાઝ બાદ જામેઅ મસ્જિદમાં સર્વ નમાઝીઓની સામે થાય કે નિકાહનું એલાન પણ થઈ જાય અને સાથોસાથ જગા અને સમયની બરકત પણ હાંસલ થઈ જાય. તેમજ નિકાહ ઈબાદત છે અને ઈબાદતના માટે ઈબાદતખાના એટલે મસ્જિદ યોગ્ય જગા છે.

★ દફ વગેરે વાજિંત્રોમાં ઝાંઝર હરામ ★

૩. નિકાહના વખતે નિકાહની જગાએ દફ વગાડવામાં આવે અથવા ખારિજે મસ્જિદમાં, ન કે મસ્જિદની અંદર. જેથી આ હદીષના કારણે મસ્જિદમાં દફ વગાડવાની હિલ્લત (હલાલ હોવા)નો કૌલ બિલ્કુલ દુરુસ્ત છે. (મિર્કાત) ફકીહો ફર્માવે છે કે **વાજિંત્રોમાં ઝાંઝર તદ્દન હરામ છે કે કોઈ રીતે જાઈઝ નથી.** એના સિવાય અન્ય વાજિંત્રો જો ખેલકૂદ માટે હોય તો હરામ, અને જો એલાન વગેરેના સહી મક્સદથી હોય તો હલાલ.

(અઝ : મિર્કાત વ ફત્હુલ કદીર)

૪. આ હદીષની સનદોમાં ઈસા ઈબ્ને મૈમૂન છે જે મુહદ્દિષોની નજીક ઝઈફ છે (અશિઅહ) પણ કેવળ નિકાહના એલાનની હદીષ અહમદ, ઈબ્ને હબ્બાન, તિબ્રાની ફિલ્કબીર, અબૂ નુઐમ ફિલ્ હિલ્યહ, હાકિમ ફિલ્ મુસ્તદરકે અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરથી મરફુઅન નકલ કરી. મસ્જિદમાં હોવું, દફ વગાડવી એ ગરીબ છે, પણ મુસ્તહબ હોવાના બયાન માટે પૂરતી છે.

''હઝરત મુહમ્મદ ઈબ્ને હાતિબ હુમજીથી[૧] રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, હલાલ તથા હરામની દરમ્યાન ફરક નિકાહમાં અવાજ અને દફ છે.[૨]'' (અહમદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૪)-૩૧૫૩ ★

وَعَنْ مُحَمَّدِ بْنِ حَاطِبٍ الْجُمَحِيِّ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: "فَصْلَ مَا بَيْنَ الْحَلَالِ وَالْحَرَامِ: الصَّوْتُ وَالدُّفُّ فِي النِّكَاحِ ".رَوَاهُ أَحْمد وَالتِّرْمِذِيّ وَالنَّسَائِيّ وَابْن مَاجَه

૧. આપનો જન્મ હબ્શામાં થયો. ઘણી જ નાની ઉમરમાં પોતાના કાકા ખત્તાબ ઈબ્ને હારિષ ઈબ્ને મઅમરની સાથે મદીના પાકની તરફ હિજરત કરી અને ખૂબ જ નાની ઉમરમાં હુઝૂરે અન્વર ﷺ ની ઝિયારત કરી. ઉમ્મતમાં સૌથી પ્રથમ તેમનું જ નામ મુહમ્મદ રાખવામાં આવ્યું. હિ.સ. ૭૪માં મક્કા મોઅઝ્ઝમામાં વફાત થઈ. ત્યાં દફન થયા. *(અશિઅહ)*

૨. અવાજથી મુરાદ એલાન કરવાનુ સાધન વગેરેનો અવાજ છે. દફમાં પણ સામેલ છે. એનો મતલબ એ નથી કે દફ વિના અથવા એલાન વિના નિકાહ થતા જ નથી, બલ્કે નિકાહના એલાન પ્રતિ આકર્ષવાનો હેતુ છે. મતલબ એ છે કે હલાલ નિકાહ એલાનિયા થાય છે, શંકાસ્પદ તથા રામ ગુપ્ત રીતે કરવામાં આવે છે, કે ન કોઈને ખબર પડે ન કોઈ વાંધો ઉઠાવે. જેમ કે નિકાહ પર નિકાહ કરવા અથવા ઈદ્દતમાં નિકાહ કરવા વગેરે.

★ હદીષ : (૧૫)-૩૧૫૪ ★
وَعَنْ عَائِشَةَ قَالَتْ: كَانَتْ عِنْدِي جَارِيَةً مِنَ الْأَنْصَارِ زَوَّجْتُهَا فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا عَائِشَةُ أَلَا تُغَنِّينَ؟ فَإِنَّ هَذَا الْحَيَّ مِنَ الْأَنْصَارِ يُحِبُّونَ الْغِنَاءَ» . رَوَاهُ ابْن حبَان فِي صَحِيحه

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, મારી પાસે અન્સારની એક છોકરી હતી[૧] જેના મેં નિકાહ કર્યા તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે આઈશા ! તમે ગીત કેમ નથી ગાતાં[૨] કેમ કે આ અન્સાર કબીલાવાળા ગીત ગાવું પસંદ કરે છે.[૩]''

૧. એ બાળકી ક્યાં તો હઝરત ઉમ્મુલ મો'મિનીનની કોઈ અઝીઝ સગાની હતી અથવા યતીમા હતી જેની આપે પરવરિશ કરી હતી. પ્રથમ સંભાવના કૂવી (મજબૂત) છે જેવું કે આગલી હદીષથી જણાય રહ્યું છે.

૨. એટલે જાતે કેમ ગીત નથી ગાતાં અથવા કોઈ છોકરીને ગાવાનુ કેમ નથી કહેતાં, અથવા કોઈ ગાનારી કેમ નથી ગાતી. આ સગો ક્યાં તો વાહિદ મુખાતબાનો છે અથવા ગાઈબાનો છે. *(મિર્કાત)*

★ અન્સારની શાદીમાં દફ તથા ગાવાનો રિવાજ હતો ★

૩. એટલે કે અન્સાર શાદી વિવાહમાં ગીત વગેરેને પ્રિય રાખતા હતા. અને નિકાહ પણ અન્સારી બાળકીનો છે, તો ગીત બેહતર હતું. ગીતની તેહકીક પહેલાં થઈ ચૂકી છે કે શાદીમાં નાની બાળકીઓનું દફ વગાડવું, ગાવું અથવા બાલિગા સ્ત્રીઓનું ધીમા અવાજે જાઈઝ ગીત ગાવુ જાઈઝ છે. એ જ અહીં મુરાદ છે. યુવાન સ્ત્રીઓએ મોટા અવાજે ઈશ્કિયા હરામ ગીતો, ખાસ કરીને ત્યારે કે અજનબી પુરૂષો સુધી અવાજ પહોંચે એ સખત હરામ બલ્કે મહાન ખરાબીઓનો સબબ છે. જેમ કે પાકીઝા ગીત શાદીઓ પર અરબમાં રિવાજ પામેલ હતાં એનો નમૂનો આગળ આવી રહ્યો છે.

★ હદીષ : (૧૬)-૩૧૫૫ ★
وَعَن ابْن عَبَّاس قَالَ: أنكحت عَائِشَة ذَات قَرَابَةٍ لَهَا مِنَ الْأَنْصَارِ فَجَاءَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «أَهَدَيْتُمُ الْفَتَاةَ؟» قَالُوا: نعم قَالَ: «أرسلتم مَعهَا من تغني؟» قَالَتْ: لَا فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ الْأَنْصَارَ قَوْمٌ فِيهِمْ غَزَلٌ فَلَوْ بَعَثْتُمْ مَعَهَا مَنْ يَقُولُ:أَتَيْنَاكُمْ أَتَيْنَاكُمْ فحيانا وحياكم ". رَوَاهُ ابْن مَاجَه

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે જનાબ આઈશાએ પોતાના એક સંબંધી અન્સારીના નિકાહ કર્યા તો રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા. ફર્માવ્યું, શું તમે છોકરીને મોકલી દીધી ?[૧] અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, શું એની સાથે એને મોકલી જે ગીત ગાય ? બોલ્યા, નહીં. તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું કે અન્સાર એવી કોમ છે જેમાં ગઝલખ્વાનીનો રિવાજ છે[૨] તમે એની સાથે મોકલતાં જે કહેત, અમે આવી ગયાં, અમે આવી ગયાં, અલ્લાહ અમને પણ અને તમને પણ જિંદગી આપે.[૩]'' (ઈબ્ને માજહ)

૧. એટલે કે કેવળ નિકાહ કર્યો છે અથવા વિદાય પણ કરી આપી અને છોકરી પતિની પાસે મોકલી પણ આપી ?

૨. જાણવા મળે છે કે મક્કાના મુહાજિરોમાં શાદીના મોકા પર ગીત તથા ગઝલનો રિવાજ ન હતો. મદીનાના અન્સારોમાં રિવાજ હતો.

૩. આ તે પાકીઝા ગીત છે જેની ઈજાઝત આપવામાં આવી હતી. ગીત શું છે ? અલ્લાહની હમ્દ છે, તબ્લીગ છે, દુઆ છે અને પ્યારાઓથી મળવા પર ખુશીનું પ્રદર્શન છે. એવા શેઅરો તો એક પ્રકારની ઈબાદત છે. આ હદીષોના આધારે વર્તમાનકાળ ના ફિલ્મી ગીતોનું જાઈઝ હોવું સાબિત કરવું એ સખત મૂર્ખામી છે અને હદીષના મુન્કિરોનું ઈન્કાર કરવું જેહાલત છે.

★ એક જ સમયે બે વલીઓ થકી નિકાહ કરી દેવાનો મસ્અલો ★

★ હદીષ : (૧૭)-૩૧૫૬ ★

وَعَنْ سَمُرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أَيُّمَا امْرَأَةٍ زَوَّجَهَا وَلِيَّانِ فَهِيَ لِلْأَوَّلِ مِنْهُمَا وَمَنْ بَاعَ بَيْعًا مِنْ رَجُلَيْنِ فَهُوَ لِلْأَوَّلِ مِنْهُمَا» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد وَالنَّسَائِيّ والدارمي

(હદીષ : ૩૧૫૬) *"હઝરત સમુરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે સ્ત્રીના નિકાહ બે વલી કરી આપે તો તે એ બંનેવમાંથી પહેલાના માટે થશે.[૧] અને બે શખ્સોના હાથે ચીજ વેચી દે તો એ બંનેવમાં પહેલાની છે.[૨]" (તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, દારમી)[૩]"*

૧. એટલે જે સ્ત્રી બાલિગા કે નાબાલિગાના નિકાહ એક દરજાવાળા બે વાલી જેમ કે બે ભાઈ અથવા બે કાકા બેખબરીમાં અથવા ખબર હોવાની સ્થિતિમાં બે શખ્સો સાથે કરી આપે તો એમાં પહેલા નિકાહ દુરુસ્ત છે બીજા નિકાહ બાતિલ છે. ભલે બીજા પતિએ સંભોગ પણ કરી લીધો હોય. એના પર ફત્વો છે. અતા ફર્માવે છે, જો બીજાએ સંભોગ કરી લીધો હોય તો એ જ નિકાહ દુરુસ્ત છે, પહેલો બાતિલ છે. ઈમામ શાફઈને ત્યાં બંને નિકાહ બાતિલ છે.

૨. એની પણ બે સ્થિતિઓ છે : જો કોઈએ એક ચીજ આગળ પાછળ બેના હાથે વેચી તો પ્રથમ સોદો દુરુસ્ત છે બીજો બાતિલ. અને જો એક સાથે બેના હાથે વેચી અને બંને ગ્રાહકોએ એક સમયે કબૂલ કરી તો બંને સોદા દુરુસ્ત છે અને એ ચીજ બંનેની સંયુક્ત થઈ ગઈ.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૧૮)-૩૧૫૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: كُنَّا نَغْزُو مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَعَنَا نِسَاءٌ فَقُلْنَا: أَلَا نَخْتَصِي؟ فَنَهَانَا عَنْ ذَلِكَ ثُمَّ رَخَّصَ لَنَا أَنْ نَسْتَمْتِعَ فَكَانَ أَحَدُنَا يَنْكِحُ الْمَرْأَةَ بِالثَّوْبِ إِلَى أَجَلٍ ثُمَّ قَرَأَ عَبْدُ اللَّهِ: (يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا لَا تُحَرِّمُوا طَيِّبَاتِ مَا أَحَلَّ اللَّهُ لَكُمْ)

"હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે જેહાદ કરતા હતા. અમારી સાથે પત્નીઓ ન હતી. તો અમે અર્ઝ કરી. શું અમે ખસ્સી થઈ જઈએ ?[૧] એનાથી અમને મના કર્યું[૨] પછી અમને મુત્આ કરી લેવાની ઈજાઝત આપી[૩] તો અમારામાંથી એક કોઈ સ્ત્રી સાથે કપડાના બદલામાં એક સમય સુધી નિકાહ કરી લેતો હતો[૪] પછી અબ્દુલ્લાહે આ આયત પઢી, હે ઈમાનવાળાઓ ! એ પાકીઝા ચીજોને હરામ ન જાણો જે અલ્લાહે તમારા માટે હલાલ કરી.[૫]" (મુસ્લિમ, બુખારી)

★ સહાબાએ કિરામનો ખૌફ તથા તક્વો ★

૧. આ હદીષથી સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની બહાદુરીની શક્તિ, તક્વો અને ખૌફે ખુદાની જાણ થઈ

કે વાસના (શહવત)નો ગલ્બો (પ્રભાવ) છે, પત્ની સાથે નથી તો ઝિના તો શું હાથથી વિર્ય કાઢવાનો પણ ખયાલ નથી કરતા, ખસ્સી થઈને પોતાને કમીવાળા કરી લેવું મંજૂર છે પણ ગુનોહ કરવો મંજૂર નથી.

★ ખસ્સી થઈ જવાની મનાઈ ★

૨. જાણવા મળ્યું કે માણસે ખસ્સી કરવું હરામ છે, ચાહે આઝાદ હોય કે ગુલામ. જાનવરની ખસ્સી કરવું જોઈઝ છે જ્યારે કે એમાં ફાયદો હોય.

૩. આ કારણ હતું મુત્આની ટેમ્પરરી ઈજાઝતનું કે શરાબની જેમ તેને પણ ધીમે ધીમે હરામ કરવામાં આવ્યું.

૪. યાદ રાખશો કે મુત્આ અને મુઅક્કત નિકાહ (ખાસ સમય માટે)ના શબ્દોમાં ફરક હોય છે. મુત્આમાં استمتع કહે છે અને ટેમ્પરરી નિકાહમાં تزوجت الى فلان مدة બોલે છે. મુત્આની હુર્મત (હરામ હોવા) પર ઉમ્મતનો ઈજમાઅ છે અને મુઅક્કત નિકાહને જમહૂર (બહુમતી) ઉલમા હરામ ફર્માવે છે. ઈમામ ઝફર ફર્માવે છે કે નિકાહ દુરુસ્ત છે અને આ મુદ્દતની શર્ત બાતિલ છે. એટલે ટેમ્પરરી નિકાહ કાયમી થશે.

★ હઝરત અલી رضی اللہ عنہ મુત્આને હરામ માનતા હતા ★

૫. એનાથી જાણવા મળે છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ મુત્આ અથવા મઅક્કફ નિકાહને જાઈઝ માનનારા હતા. પરંતું અહીં મિર્ફાતે ફર્માવ્યું કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما અને હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ બંને મુત્આના જાઈઝ હોવાને માનનારા હતા, પરંતું બંનેવે તેનાથી રુજૂઅ કરી લીધુ. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ તો સઈદ જુબેર رضی اللہ عنہ ના સમજાવવા પર રુજૂઅ કર્યું અને હઝરત ઈબ્ને મસ્ઊદે તેમના બાદ રુજૂઅ કર્યું. સારાંશ કે જ્યારે એ બંનેને તેના નાસિખની ખબર પડી તો રુજૂઅ કરી લીધુ. હઝરત અલી رضی اللہ عنہ તો મુત્આની હિલ્લત (હલાલ હોવા)ના માનનાર હતા જ નહીં, તે પહેલેથી જ મન્સૂખ માનતા હતા. **આશ્ચર્યની વાત છે કે રાફઝી મુત્આના હલાલ હોવા માટે હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ નો પ્રથમ ફૌલ તો માની લે છે અને હઝરત અલી رضی اللہ عنہ નો ફૌલ નથી માનતા ! હઝરત અલી رضی اللہ عنہ મુત્આને હરામ કહે છે.**

★ મુત્આ ઝિના છે, ઈસ્લામમાં તમામ પ્રકારના ઝિના હરામ ★

★ હદીષ : (૧૯)-૩૧૫૮ ★
وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: إِنَّمَا كَانَتِ الْمُتْعَةُ فِي أول الْإِسْلَام كَانَ الرجل يقدم الْبَلدة لَيْسَ لَهُ بِهَا مَعْرِفَةٌ فَيَتَزَوَّجُ الْمَرْأَةَ بِقَدْرِ مَا يرى أَنَّهُ يُقِيمُ فَتَحْفَظُ لَهُ مَتَاعَهُ وَتُصْلِحُ لَهُ شَيْئَهُ حَتَّى إِذَا نَزَلَتِ الْآيَةُ (إِلَّا عَلَى أَزوَاجهم أَو مَا ملكت أَيْمَانهم)قَالَ ابْنُ عَبَّاسٍ: فَكُلُّ فَرْجٍ سِوَاهُمَا فَهُوَ حرَام. رَوَاهُ التِّرْمِذِيّ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે મુત્આ ઈસ્લામના શરૂમાં હતો, કે શખ્સ કોઈ શહેરમાં જતો જ્યાં તેની જાન પહેચાન ન હોતી[૧] તો કોઈ સ્ત્રી સાથે એ સમય સુધીના માટે નિકાહ કરી લેતો કે સમજતો કે હું આટલુ રોકાઈશ. તે સ્ત્રી તેના સામાનની રક્ષા કરતી, તેનું ખાણુ દુરુસ્ત કરતી[૨] ત્યાં સુધી કે આ આયતે કરીમા ઉતરી : પણ પોતાની પત્નીઓ પર અને તેમના પર જેમના તે માલિક છે[૩] ફર્માવ્યું હઝરત ઈબ્ને અબ્બાસે કે બે સિવાય સર્વ શર્મગાહો હરામ છે.[૪]" (તિર્મિઝી)

૧. જે એ નવાંગતુકની વ્યવસ્થા કરતો અને તેને કોઈ એવા શખ્સની જરૂરત હોતી જે અહીં તેની વ્યવસ્થા કરે.

૨. شوى શોથી બન્યું શેકવાના અર્થમાં એટલા માટે શેકેલા ગોશ્તને લહમ મશ્વી કહે છે, અહી ખાવા પકાવવાના અર્થમાં છે : અમુકે ફર્માવ્યું કે શઈ ચીજોના અર્થમાં છે એટલે સબબો. *(મિર્કાત)*

૩. એટલે કે આ આયતના નુઝૂલ પર મુત્આ હરામ થઈ ગયો, કેમ કે મુત્આ પામેલ ઔરત ન પત્ની છે ન લોંડી, તો દેખીતી રીતે રંડી ઝાનિયા હશે. અને ઈસ્લામમાં ઝિનાના સર્વ પ્રકારો સાથે હરામ થઈ ચૂક્યા છે.

૪. ખુલાસો એ છે કે હવે પત્ની તથા લોંડી સિવાય સર્વ સ્ત્રીઓ હરામ છે. અને મમ્તૂઆ (મુત્આવાળી) સ્ત્રી આ બંને સિવાયની છે, એટલા માટે મુત્આવાળી સ્ત્રીને આ મુત્આ કરનાર પતિનો વારસો નથી મળતો ન તે સ્ત્રીનો વારસો તે મુત્આ કરનાર પતિને મળે. રાફઝીઓને ત્યાં હુર્મતે મુસાહરત (આપસમાં શાદી દ્વારા સંબંધ બનાવવાનું હરામ) હોવું સાબિત છે. એનાથી જાણવા મળ્યું કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ મુત્આના હલાલ હોવાના ખયાલથી રુજૂઅ કરી લીધુ. મુસ્લિમ શરીફમાં છે કે હઝરત અલી رضی اللہ عنہ એ સાંભળ્યું કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما મુત્આ હલાલ જાણે છે તો આપે ફર્માવ્યું, હે ઈબ્ને અબ્બાસ ! ખબરદાર ! મેં હુઝૂર નબી કરીમ ﷺ ને ખુદ સાંભળ્યા કે આપે ખૈબરના દિવસે મુત્આ અને પાલતુ ગધેડો હરામ કર્યા. એ જ મુસ્લિમ શરીફમાં ઉર્વા ઈબ્ને ઝુબેરની રિવાયતથી છે કે અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેરે મક્કા મઓઝ્ઝમામાં ફર્માવ્યું, અમુક આંખો તથા દિલના આંધળા હજી સુધી મુત્આ જાઈઝ હોવાનો ફત્વો આપી રહ્યા છે. તો હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે ઈમામુલ મુત્તકીન ﷺ ના જમાના મુત્આ થતો હતો. એના પર હઝરત ઝુબેરે ફર્માવ્યું, સારું તમે પોતાના પર અનુભવ કરીને જોઈ લો. જો તમે મુત્આ કરો તો હું તમને પણ સંગસાર કરી દઉં. એનાથી જાણવા મળ્યું કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ જનાબે અલી رضی اللہ عنہ ના ફર્માન પર મુત્આથી રુજૂઅ ન કર્યું. ઘણા અરસા બાદ રુજૂઅ કર્યું. (મિર્કાત) સર્વ સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના મુત્આ જાઈઝ હોવાના ફત્વાની વિરૂધ્ધ થઈ ગયા હતા, ત્યાં સુધી કે તેમના વિરૂધ્ધ શેઅર લખવામાં આવ્યો જેમાં બે શેઅર આ છે :

هل لك رخصة الاطراف آنسه　　تكون مثواك حتى مصدر الناس

قد قلت للشيخ لما طال محبسه　　يا صاح هل لك فى فتوى ابن عباس

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ એ શેઅર સાંભળીને ફર્માવ્યું કે કસમ રબની મેં મુત્આ હલાલ હોવાનો ફત્વો નથી આવ્યો, મુત્આ તો લોહી, સુવ્વર, મુરદારની જેમ હરામ છે. *(મિર્કાત)*

★ નાની બાળકીઓનું શાદીમાં જાઈઝ ગીત ગાવું જાઈઝ ★

"હઝરત આમિર ઈબ્ને સઅદથી રિવાયત છે. ફર્માવે છે, હું કઝાં ઈબ્ને કઅબ અને અબૂ મસ્ઊદ અન્સારીની પાસે એક શાદીમાં ગયો તો એકાએક કેટલીક બાળકીઓ ગાઈ રહી હતી. મેં કહ્યું, હે

★ હદીષ : (૨૦)-૩૧૫૯ ★

وَعَنْ عَامِرِ بْنِ سَعْدٍ قَالَ: دَخَلْتُ عَلَى قَرَظَةَ بْنِ كَعْبٍ وَأَبِي مَسْعُودٍ الْأَنْصَارِيِّ فِي عُرْسٍ وَإِذَا جِوَارٍ

يُغَنِّينَ فَقُلْتُ: أَيْ صَاحِبَيْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَهْلَ بَدْرٍ يُفْعَلُ هَذَا عِنْدَكُمْ؟ فَقَالَا: اجْلِسْ إِنْ شِئْتَ فَاسْمَعْ مَعَنَا وَإِنْ شِئْتَ فَاذْهَبْ فَإِنَّهُ قَدْ رَخَّصَ لَنَا فِي اللَّهْوِ عِنْدَ الْعُرْسِ. رَوَاهُ النَّسَائِيّ

રસૂલુલ્લાહ ﷺ ના સહાબીઓ! અને હે બદરવાળાઓ! તમારી પાસે આ કામ કરવામાં આવી રહ્યું છે?![૨] તો એ બંને સાહબ બોલ્યા, જો તમે ચાહો તો બેસો અને અમારી સાથે સાંભળો, અને જો ચાહો તો ચાલ્યા જાવ! અમને શાદીના મોકા પર ખેલકૂદની ઈજાઝત આપવામાં આવી છે.[૩]" (નિસાઈ)

૧. આમિર ઈબ્ને સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ મશહૂર તાબઈ છે અને કૈઝ઼ા ઈબ્ને કઅબ (ق.ز.ظ)થી અને અબૂ મસ્ઊદ બંને સહાબી છે. બદરી છે.

૨. એટલે કે ઈસ્લામમાં ગાવુ મુત્લક્ન્ હરામ છે અને તમારી સામે બાળકીઓ ગાઈ રહી છે છતાં તમે બંનેવ જલીલુશ્શાન સહાબી મના નથી કરતા. લોકો તમારા મના ન કરવાના કારણે તેને જાઈઝ સમજશે. અહીં બહુવચન બેના માટે બોલવામાં આવ્યું.

૩. એટલે શાદી વિવાહમાં નાની બાળકીઓને જાઈઝ ગીત ગાવાની ઈજાઝત છે, જાઈઝ કામને અમે શા માટે રોકીએ.

باب المحرمات

બાબુલ મુહર્રમાત

(હરામ કરેલી સ્ત્રીઓ વિશે પ્રકરણ[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. મુહર્રમાત તેહરીમથી બન્યુ, એટલે હરામ કરવામાં આવેલા સ્ત્રીઓ જેમની સાથે નિકાહ દુરુસ્ત નથી. યાદ રાખશો કે સ્ત્રીઓ ત્રણ કારણે હરામ થાય છે : વંશ, સસુરાલી રિશ્તો, દૂધ એટલે રઝાઅત (દૂધ ભાઈ બહેન). વંશના કારણે ચાર પ્રકારની સ્ત્રીઓ હરામ છે : (૧) પોતાની ઔલાદ જેમ કે પુત્રી, નવાસી, પૌત્રી અને તેમની ઔલાદ. (૨) આપણા ઉસૂલી એટલે જેમની ઔલાદમાં આપણે છીએ, જેમ કે : મા, દાદી, નાની વગેરે ઉસૂલી. (૩) આપણા નિકટતા ઉસૂલી એટલે મા બાપની મુત્લક઼ ઔલાદ જેમ કે બહેન, ભાણકી, ભત્રીજી અને તેમની સર્વ ઔલાદ (૪) પોતાના બઈદી ઉસૂલી એટલે દાદા નાનાની નજીકની ઔલાદ, જેમ કે મામી, ફોઈ કે ખુદ તો હરામ છે પણ તેમની ઔલાદ હલાલ છે. અને સાસરીની સગાઈથી પોતાની પત્નીની ઔલાદ અને તેની મા, દાદી વગેરે. **ઉસૂલી હરામ:** પોતાની ઔલાદ, પુત્રો, પૌત્રાઓ, નવાસાઓની પત્ની, એ જ પ્રમાણે ઉસૂલી પત્નીઓ, જેમ કે બાપ, દાદા, નાનાની પત્નીઓ. રઝાઅત એટલે દૂધના સંબંધની સર્વ વંશિક (નસબી) સગાઈની જેમ સ્ત્રીઓ હરામ છે. (શેઅર)

از جانب شیر دہ ہمہ خویش شوند　　واز جانب شیر خوار زوجان و فروع

અર્થાત : દૂધ પીવડાવનારી તરફથી સર્વ રિશ્તા હરામ થશે અને દૂધ પીનાર તરફથી તે તથા તેનો પતિ અથવા પત્ની અને તેના ફુરૂઅ (શાખો) હરામ થશે.

★ એક જ સમયે બે બહેનો, ફોઈ કે માસી સાથે નિકાહ હરામ ★

મહારિમ સ્ત્રીઓને નિકાહમાં ભેગી કરવી હરામ છે એટલે જે છોકરીઓ એકબીજા પર હરામ હોય તેમને નિકાહમાં ભેગી નથી કરી શકતા. જેમ કે બે બહેનો, ફોઈ, ભત્રીજી, માસી ભાણકી વગેરે. વિગત ફિક઼્હની કિતાબોમાં જુઓ.

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે ન સ્ત્રી અને ન તેણીની ફોઈને ભેગી કરવામાં આવે.[૧] અને સ્ત્રી અને તેની માસીને.[૨]" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧)-૩૧૬૦ ★ (مُتَّفِق عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يُجْمَعُ بَيْنَ الْمَرْأَة وعمتها وَلَا بَين الْمَرْأَة وخالتها»

૧. એટલે એવી સ્ત્રીઓને ન નિકાહમાં ભેગી કરો ન સોહબતમાં. જેથી ફોઈ ભત્રીજી વગેરે એકી સમયે એક શખ્સના નિકાહમાં નથી રહી શકતી, અને એ બંનેવ એક શખ્સની લોંડીઓ હોય તો માલિક એ બંને સાથે સોહબત નથી કરી શકતો.

૨. સંભોગ હરામ હોવા વિશે કાયદો એ છે કે એવી બે સ્ત્રીઓને નિકાહમાં ભેગી કરવી હરામ છે કે તેમનામાંથી જેને પણ પુરૂષ ધારી લેવામાં આવે તો બીજી તેના પર હરામ હોય. જુઓ માસી ભાણકી, જો માસી પુરૂષ હોત તો

મામા હોત કે ભાણકી તેના પર હરામ હોત. જો ભાણકી પુરૂષ હોત તો ભાણીયો હોત તો માસી તેના પર હરામ થાત, જેથી મા અને મત્રાઈ પુત્રીને નિકાહમાં ભેગી કરી શકાય છે. જો પુત્રી છોકરો હોત તો એ મત્રાઈ મા તેના પર હરામ હોત પરંતુ જો મા પુરૂષ હોત તો તેના પર આ મત્રાઈ પુત્રી હરામ ન હોત, જેથી હુર્મત (હરામ હોવું) એક તરફથી છે.

★ હદીષ : (૨)-૩૧૬૧ ★

وَعَنْ عَائِشَةَ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَحْرُمُ مِنَ الرَّضَاعَةِ مَا يحرم من الْولادَة» . رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે દૂધના સંબંધથી તે જ સ્ત્રીઓ હરામ થાય છે જે જન્મના સંબંધથી હરામ થાય છે.[૧]'' (બુખારી)

★ દૂધના સંબંધથી કયાં સગાઓ હરામ થશે ★

૧. દૂધ પીનારા બાળક પર દાઈ (પીવડાવનાર)ના સર્વ સગાઓ હરામ છે જે પોતાના વંશથી હરામ થાય છે. દાયણનો પતિ, પુત્ર, દિયર, જેઠ, ભાઈ વગેરે, પણ દૂધ પીનાર બાળકની ઔલાદ તથા પત્ની આ તરફવાળાઓ પર હરામ થઈ. રઝાઅત રઝઅથી બન્યું પિસ્તાન (સ્તન) ચૂંસવાના અર્થમાં. યાદ રાખશો કે દૂધના સંબંધથી હુર્મત તો આવશે પણ એ સંબંધથી વારસો મળશે નહીં, તેમજ એ સબંધના કારણે પર્દો લાઝિમ ન થશે, તેની સાથે સફર તથા એકાંત જાઈઝ થશે.

લતીફા : ઈમામ બુખારી ગલતીથી બકરી તથા ગાયના દૂધથી હુર્મતે રઝાઅત (દૂધ સબંધનું હરામ હોવું)નો ફત્વો આપી દીધો હતો જેના પર સર્વ ઉલમા તેમનાથી વિરૂધ્ધ થઈ ગયા અને આપે બુખારા છોડવું પડયું. *(ફત્હુલ ક઼દીર તથા મિર્ક઼ાત)*

૨. આ હદીષ મુસ્લિમ, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહએ પણ રિવાયત કરી જેથી એને મુસ્તફ઼ અલૈહ કહેવું જોઈતુ હતુ. *(મિર્ક઼ાત)*

★ હદીષ : (૩)-૩૧૬૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهَا قَالَتْ: جَاءَ عَمِّي مِنَ الرَّضَاعَةِ فَاسْتَأْذَنَ عَلَيَّ فَأَبَيْتُ أَنْ آذَنَ لَهُ حَتَّى أَسْأَلَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَجَاءَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَسَأَلْتُهُ فَقَالَ: «أَنَّهُ عَمُّكِ فَأْذَنِي لَهُ» قَالَت: فَقلت: يَا رَسُولَ اللَّهِ إِنَّمَا أَرْضَعَتْنِي الْمَرْأَةُ وَلَمْ يرضعني الرَّجُلُ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّه عمك فليلج عَلَيْك» وَذَلِكَ بَعْدَمَا ضرب علينا الْحجاب

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, મારા દૂધના કાકા આવ્યા અને મારી પાસે આવવાની ઈજાઝત માગી[૧] મેં તેમને ઈજાઝત આપવાથી ઈન્કાર કર્યો ત્યાં સુધી કે રસૂલુલ્લાહ ﷺ થી પૂછી લઉં. પછી રસૂલુલ્લાહ ﷺ તશરીફ઼ લાવ્યા તો મેં હુઝૂર ﷺ થી પૂછયું. ફર્માવ્યું, તે તમારા કાકા છે, ઈજાઝત આપી દો.[૨] ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! મને સ્ત્રીએ દૂધ પીવડાવ્યું છે. પુરૂષે નથી પીવડાવ્યું[૩]. ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તે તમારા કાકા છે, તમારી પાસે આવી શકે છે.[૪] આ બનાવ અમારા પર પર્દો ફર્ઝ થયા પછીનો છે.[૫]'' (મુસ્લિમ, બુખારી)

૧. એ આવનાર હઝરતનું નામ અફ઼લહ હતું. કુન્નિયત અબુલ જઅદ છે, અબૂ ક઼અબસના ભાઈ છે. અબૂ

ક़અબસની પત્નીએ હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا ને દૂધ પીવડાવ્યું હતું.

૨. એનાથી જાણવા મળ્યું કે દૂધની માનો તે પતિ જેનાથી એ દૂધ તે પુરૂષ તે પીનારા બાળકનો બાપ બની જાય છે અને તેના ભાઈ કાકા તેના પિતા દાદા. ફક़ીહો એને લબનુલ ફહલ કહે છે.

૩. ઉમ્મુલ મો'મિનીન સમજ્યાં દૂધથી હુર્મત (હરામ હોવું) આવે છે અને દૂધ તો સ્ત્રીનું છે જેથી તેના સગાં હરામ થવાં જોઈએ ન તેના પતિનાં, એટલા માટે આવો સવાલ કર્યો.

૪. જવાબનો ખુલાસો એ છે કે દૂધ ભલે એ માનુ છે પણ તેના પતિથી છે એટલા માટે બંને પક્ષે હુર્મત થશે. સુબ્હાનલ્લાહ ! શું ફિલોસોફીભર્યો હિકમતપૂર્ણ જવાબ છે.

૫. જેથી આ હુકમ આયતે હિજાબથી મન્સૂખ નથી, આ હુકમ મોહકમ છે.

''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું તમને આપના કાકા હમ્ઝાની પુત્રીમાં આકર્ષણ છે. તેણી કુરૈશમાં હસીનતરીન છોકરી છે[૧] તો આપે તેમને કહ્યું, શું તમને ખબર નથી કે હમ્ઝા મારા દૂધના ભાઈ છે ?[૨] અને એ કે અલ્લાહ દૂધના સંબંધથી તે સ્ત્રીઓ હરામ કરી જે વંશ (નસબ)થી હરામ કરી.[૩]'' (મુસ્લિમ)

★ હદીષ : (૪)-૩૧૬૩ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: يَا رَسُولَ اللَّهِ هَلْ لَكَ فِي بِنْتِ عَمِّكَ حَمْزَةَ؟ فَإِنَّهَا أَجْمَلُ فَتَاةٍ فِي قُرَيْشٍ فَقَالَ لَهُ: «أَمَا عَلِمْتَ أَنَّ حَمْزَةَ أَخِي مِنَ الرَّضَاعَةِ؟ وَأَنَّ اللَّهَ حَرَّمَ مِنَ الرَّضَاعَةِ مَا حرم من النّسَب؟» . رَوَاهُ مُسلم

૧. એટલે દરા બિન્તે હમ્ઝા આપની કાકાની છોકરી નજીકની સગાઈવાળી પણ છે અને કુરેશમાં ખૂબ જ હસીના તથા જમીલા (સુંદર) તથા ખૂબસીરત (સારા સંસ્કારવાળી) પણ છે, તેણી સાથે આપનો નિકાહ ખૂબ જ યોગ્ય રહેશે.

૨. કેમ કે અબૂ લહબની લોંડી બીબી षૌબિયાએ પ્રથમ હઝરત હમ્ઝાને દૂધ પીવડાવ્યું પછી ચાર વરસ બાદ હુઝૂરે અન્વર ﷺ ને દૂધ પીવાડવ્યું. જાણવા મળ્યું કે દૂધની હુર્મતમાં એક સાથે દૂધ પીવું શર્ત નથી બલ્કે એક સ્તનનું દૂધ હોવું પૂરતુ છે. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺ ને ચાર સ્ત્રીઓએ દૂધ પીવડાવ્યું : વાલિદા મુતહ્હરા આમિના ખાતૂન, षૌબિયા, ઉમ્મે અયમન, હલીમા સઅદિયા. અને સર્વ દૂધ પીવડાવનારીઓ ઈમાન લાવી. ત્રણ બીબીઓ તો પોતાની જિંદગીમાં જ અને હઝરત આમિના ખાતૂન رضی اللہ عنہا ને હુઝૂર ﷺ એ ઝિંદા કરીને તેમને કલમો પઢાવ્યો અને શરઈ મો'મિના તથા સહાબિયા બનાવ્યાં. (મિર્ક़ાત, નક़્લન અન સિયૂતી)

૩. ખુલાસો એ છે કે હઝરત હમ્ઝા મારા કાકા પણ છે અને દૂધના ભાઈ પણ અને દૂધના ભાઈની પુત્રી હરામ હોય છે કે તે ભત્રીજી છે. જેથી દરા બિન્તે હમ્ઝા મારા માટે હરામ છે.

''હઝરત ઉમ્મે ફઝ્લથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, એક વાર કે બેવાર દૂધ પીવું હરામ નથી[૨] અને હઝરત આઈશાની એક રિવાયતમાં છે કે ફર્માવ્યું, એક બે ચૂંસણીઓ હરામ નથી કરતી, અને ઉમ્મે ફઝ્લની બીજી રિવાયતમાં છે

હદીષ : (૫)-૩૧૬૪/(૬)-૩૧૬૫/(૭)-૩૧૬૬

[5]- 3164

وَعَنْ أُمِّ الْفَضْلِ قَالَتْ: أَنَّ نَبِيَّ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا تُحَرِّمُ الرضعة أَو الرضعتان»

3165-[6]وَفِي رِوَايَةِ عَائِشَةَ قَالَ: «لَا تُحَرِّمُ الْمَصَّةُ والمصتان» 3166-[7]وَفِي أُخْرَى لِأُمِّ الْفَضْلِ قَالَ: «لَا تُحَرِّمُ الإملاجة والإملاجتان» . هَذِهِ رِوَايَات لِمُسلم	*કે ફર્માવ્યું કે એક બે વાર મોમાં સ્તન આપવો હરામ નથી કરતુ.[3] મુસ્લિમની રિવાયતો છે.''*

૧. આપનુ નામ લુબાબા બિન્તે હારિષ છે. કુન્નિયત ઉમ્મુલ ફઝ્લ છે. હઝરત અબ્બાસનાં પત્ની હઝરત ફઝ્લ ઈબ્ને અબ્બાસ અને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસનાં વાલિદા (મા) છે. હઝરત ખદીજા પછી સૌ પ્રથમ આપ જ ઈમાન લાવ્યાં.

★ દૂધ પીવાના ગાળામાં મુત્લક્ન દૂધ પીવાથી હુર્મત સાબિત ★

૨. હઝરત ઈમામ શાફઈને ત્યાં પાંચ ઘૂંટ દૂધ પીવું દૂધની હુર્મત પેદા કરે છે અને ઈમામ અબૂ ઓબૈદ અબૂ ષૌર, દાઉદને ત્યાં ત્રણ ઘૂંટડાથી હુર્મત સાબિત થઈ જાય છે. એ લોકોની દલીલ આ હદીષ છે. અને ઈમામ શાફઈની દલીલ આગલી હદીષ. આપણા ઈમામે આ'ઝમને ત્યાં મુત્લકન (થોડુ કે વધારે) દૂધ પીવું દૂધ સંબંધની હુર્મત પેદા કરે છે ભલે ગમે તેટલુ પીએ, એક ઘૂંટડો કે અડધો કે વધારે, શર્ત એ કે દૂધ પીવાના સમયની મુદ્દતમાં હોય. આ મુદ્દત મોટાભાગના ઉલમાને ત્યાં બે વરસની ઉમર છે. ઈમામે આ'ઝમને ત્યાં અઢી વરસ છે. ઈમામે આ'ઝમની દલીલ કુર્આને પાકની આ આયત છે : وَاُمَّهٰتُكُمُ الّٰتِيْٓ اَرْضَعْنَكُمْ (તમારી માઓ જેમણે દૂધ પીવડાવ્યું. સૂ. નિસાઅ, ૪/૨૩) આયતે કરીમામાં ارضعن મુત્લક્ છે, ત્રણ કે પાંચ ઘૂંટની એમાં કોઈ શર્ત નથી. તેમજ કુર્આને કરીમમાં છે. وَاَخَوٰتُكُمْ مِّنَ الرَّضَاعَةِ (અને દૂધની બહેનો. સૂ. નિસાઅ, ૪/૨૩) અહીં પણ રઝાઅત (દૂધ સંબંધ) મુત્લક્ (બિનશર્તી) છે. અને આ હદીષે ખબરે વાહિદ છે. જેના કુર્આની મુત્લક્ને મુક્ૈયદ (શર્તી) નથી કરી શકતા. તેમજ હઝરત આઈશાની હદીષ છે. يحرم من الرضاعة مايحرم من النسب અહીં પણ દૂધ સંબંધ મુત્લક (બિન શર્તી) છે. સારાંશ કે એ આયત અને આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે.

૩. املاج ملج થી બન્યું હોટથી પકડવુંના અર્થમાં. املاج નો અર્થ છે હોઠ વડે પકડાવવું, બાળકના મોંમાં સ્તન આપવો. મતલબ એ જ છે જે હમણા વર્ણવ્યું.

★ હદીષ : (૮)-૩૧૬૭ ★ وَعَنْ عَائِشَةَ قَالَتْ: كَانَ فِيمَا أُنْزِلَ مِنَ الْقُرْآنِ: «عَشْرُ رَضَعَاتٍ مَعْلُومَاتٍ يُحَرِّمْنَ» . ثُمَّ نُسِخْنَ بِخَمْسٍ مَعْلُومَاتٍ فَتُوُفِّيَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَهِيَ فِيمَا يُقْرَأُ مِنَ الْقُرْآنِ. رَوَاهُ مُسلم	*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે નાઝિલ થયેલી કુર્આની આયતોમાં આ આયત પણ હતી કે દસ જણાતી (માલૂમ પડતી) ચૂસકીઓ હરામ છે, પાંચ જણાઈ આવતી ચૂસકીઓથી મન્સૂખ કરવામાં આવી[1] રસૂલુલ્લાહ ﷺ એ વફાત પામી જ્યારે કે કુર્આનથી પઢવામાં આવતી હતી.[2]'' (મુસ્લિમ)*

૧. એટલે કે પહેલા દિવસે દસ ઘૂંટવાળી આયત નાઝિલ થઈ. પછી ઘણા અરસા પછી દસ ઘૂંટવાળી આયત તિલાવત તથા હુકમમાં પાંચ ઘૂંટવાળી આયતથી મન્સૂખ થઈ. અને આ પાંચ ઘૂંટવાળી આયત એટલા અરસા બાદ તિલાવત તથા હુકમમાં મન્સૂખ થઈ કે હુઝૂરે અન્વર ﷺ ની વફાત પામતા સુધી અમુક ગામડા અને દૂર દરાઝના

ઈલાકાવાળાઓને તેના નસ્ખ (મન્સૂખ થવા)ની ખબર ન થઈ અને તેઓ એ બેખબરીમાં વફાત બાદ પણ તેની તિલાવત કરતા રહ્યા. પછી ખબર પડવા પર તેની તિલાવત બંધ કરી. હદીષનો એ મતલબ નથી કે હુઝૂર ﷺની વફાત બાદ પણ એ આયત કુર્આને કરીમમાં હતી, બાદમાં સહાબાએ કાઢી નાખી, નહીં તો વાંધો ઉઠશે કે જનાબ અલી رضی اللہ عنہ તથા અન્ય અહલે બયતે અત્હાર કુર્આન બગડતુ તથા ઓછુ થતુ જોઈને ખામોશ કેમ રહ્યા ? તેમણે કુર્આન બગડવા કેમ આપ્યું ? યાદ રાખશો કે આ હદીષ ખબરે વાહિદ છે. એનાથી કુર્આની મુલ્તક઼ આયતોને શર્તી નથી કરી શકાતી. જેવું કે પહેલાં વર્ણવવામાં આવી ચૂક્યું છે. જેથી આ હદીષ ઈમામ શાફઈની દલીલ નથી બની શકાતી.

૨. એટલે કુર્આની હુકમ મુજબ પહેલાં હુકમ એ હતો કે જો બાળક દસ ઘૂંટ દૂધ કોઈ સ્ત્રીનું પીએ ત્યારે દૂધની હુર્મત આવશે. પછી દસનો હુકમ મન્સૂખ થઈને પાંચનો હુકમ રહ્યો. આ હદીષ આપણી વિરૂધ્ધ છે અને ઈમામ શાફઈની દલીલ છે કેમ કે તેમને ત્યાં પાંચ ઘૂંટથી હુર્મત આવે છે.

''તેમનાથી જ રિવાયત છે કે નબી કરીમ ﷺ તેમની પાસે તશરીફ઼ લાવ્યા, જો કે તેમની પાસે એક શખ્સ હતો. કદાચ આપને એ નાપસંદ આવ્યું[૧] તો હઝરત આઈશાએ અર્ઝ કર્યું કે આ મારા ભાઈ છે. ફ઼ર્માવ્યું, વિચાર કરી લો તમારા ભાઈ કોણ છે ? દૂધ પીતા હોવું ભૂખના જમાનાથી હોય છે.[૨]'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૯)-૩૧૬૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهَا: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ دَخَلَ عَلَيْهَا وَعِنْدَهَا رَجُلٌ فَكَأَنَّهُ كَرِهَ ذَلِكَ فَقَالَت: إِنَّه أَخِي فَقَالَ: «انظرن من إخوانكن؟ فَإِنَّمَا الرضَاعَة من المجاعة»

૧. કેમ કે એ શખ્સ હક઼ીક઼તમાં જનાબ ઉમ્મુલ મો'મિનીનનો રઝાઈ (દૂધ) ભાઈ ન હતો. હઝરત ઉમ્મુલ મો'મિનીન ગલતીથી તેને પોતાનો દૂધ ભાઈ સમજી બેઠાં હતાં, અને આપે તેને ઘરમાં આવવાની ઈજાઝત આપી દીધી હતી.

★ મોટુ બાળક દૂધ પી લે તો રઝાઅત સાબિત નથી ★

૨. એટલે કે **જો મોટુ બાળક કોઈ સ્ત્રીનું દૂધ પી લે તો એનાથી દૂધના સંબંધના (રઝાઅતના) હુકમો સાબિત થશે નહીં. જ્યારે બાળક એટલુ નાનુ હોય કે સ્ત્રીનું દૂધ તેની ભૂખ દૂર કરી દે અને તે એ દૂધ પર જ ગુજારો કરી શકે ત્યારે દૂધ પીવું શરઅન વિશ્વસનીય છે, અને તે ઉમર બે કે અઢી વરસની છે.** કેમ કે એ શખ્સે એ ઉમર પછી દૂધ પીધુ છે એટલા માટે એ તમારો રઝાઈ (દૂધના સંબંધનો) ભાઈ નથી. આ હદીષથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે અઝવાજે મુતહ્રાત (નબીની પાક બીવીઓ) એહતેરામમાં (માનની દષ્ટિમાં) મુસલમાનોની માઓ છે ન કે એહકામમાં. જેથી તેમના પર પર્દો ફ઼ર્ઝ છે. તેમની ઔલાદ સાથે ઉમ્મતનો નિકાહ દુરુસ્ત છે. તેમને ઉમ્મતનો વારસો મળશે નહીં. બીજુ એ કે અઢી વરસ બાદ દૂધ પીવું રઝાઅત (દૂધ સંબંધ)ની હુર્મત સાબિત નથી કરતું.

''હઝરત ઉક઼બાથી[૧] રિવાયત છે કે તેમણે અબૂ ઈહાબ ઈબ્ને અઝીઝની પુત્રીથી નિકાહ કર્યા તો એક સ્ત્રી આવીને બોલી કે મેં ઉક઼બાને અને જેમનાથી તેમણે નિકાહ કર્યા છે તેને દૂધ પીવડાવ્યું છે.[૨] તો તેને ઉક઼બાએ

★ હદીષ : (૧૦)-૩૧૬૯ ★

وَعَنْ عُقْبَةَ بْنِ الْحَارِثِ: أَنَّهُ تَزَوَّجَ ابْنَةً لِأَبِي إِهَابِ بْنِ عَزِيزٍ فَأَتَتِ امْرَأَةٌ فَقَالَتْ: قَدْ أَرْضَعْتُ عُقْبَةَ وَالَّتِي تَزَوَّجَ

بِهَا فَقَالَ لَهَا عُقْبَةُ: مَا أَعْلَمُ أَنَّكِ قَدْ أَرْضَعْتِنِي وَلَا أَخْبَرْتِنِي فَأَرْسَلَ إِلَى آلِ أَبِي إِهَابٍ فَسَأَلَهُمْ فَقَالُوا: مَا عَلِمْنَا أَرْضَعْتَ صَاحِبَتُنَا فَرَكِبَ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِالْمَدِينَةِ فَسَأَلَهُ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كَيْفَ وَقَدْ قِيلَ؟» فَفَارَقَهَا عُقْبَةُ وَنَكَحَتْ زوجا غَيره. رَوَاهُ الْبُخَارِيّ

કહ્યું કે મને ખબર નથી કે મને દૂધ પીવડાવ્યું છે.[૩] અને ન તમે મને એની ખબર આપી. તેમણે અબૂ ઈહાબના ઘરવાળાઓ પાસે મોકલ્યા, તેમનાથી પૂછયું. તે લોકો બોલ્યા, અમને ખબર નથી અમારી પુત્રીને તેણીએ દૂધ પીવડાવ્યું છે[૪] તો એ નબી કરીમ ﷺની તરફ મદીના સવાર થઈને પહોંચ્યા અને આપનાથી પૂછયું તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એ નિકાહ કેવી રીતે થઈ શકે છે જ્યારે કે આવું કહેવામાં આવ્યું ?[૫] જેથી ઉક્બાએ તેને છોડી આપી, તેણે બીજા પતિ સાથે નિકાહ કરી લીધા.[૬]" (બુખારી)

૧. આપ નોફલ ઈબ્ને અબ્દે મુનાફની ઔલાદથી છે. ફતહે મક્કાના દિવસે ઈસ્લામ લાવ્યા. મક્કાવાસીઓમાં આપની ગણના છે. સહાબી છે.

★ કોઈ સ્ત્રી વિના કારણે કોઈ બાળકને દૂધ ન પીવડાવે અને પીવડાવે તો જાહેર કરી દે ★

૨. જેથી ઉક્બા અને તેમની સાથે નિકાહ કરેલ સ્ત્રી દૂધનાં ભાઈ બહેન છે, તેમનો આ નિકાહ દુરુસ્ત ન થયો. ફકીહો ફર્માવે છે કે કોઈ સ્ત્રી વિના કારણે દરેક બાળકને દૂધ ન પીવડાવે. અને જેને પીવડાવે તેને મશહૂર કરી આપે જેથી ભાવિમાં નિકાહમાં સાવધાની રહે. *(મિર્કાત)*

૩. એટલે કે મને ન તો મારાં ઘરવાળાંએ એ બતાવ્યું ન બીજા કોઈના થકી એ માલૂમ થયું.

૪. એટલે કે ન તો ઉક્બાનાં ઘરવાળાંઓને આ બનાવની જાણ હતી ન તેમની નિકાહ કરેલ સ્ત્રીનાં ઘરવાળાંઓને. જો એમનામાંથી કોઈને એની ખબર હોત તો નિકાહ કરેલ સ્ત્રીનાં ઘરવાળાઓને. જો એમનામાંથી કોઈને એની ખબર હોત તો નિકાહ જ ન થાત.

★ અજાણતામાં દૂધ બહેનથી નિકાહ થઈ જાય તો જાણ થતાં તરત અલગ થઈ જાવ ★

૫. એટલે કે ઉક્બા ! તમારા જેવા મુત્તકીની સાવધાનીથી એ વાત ખૂબ જ દૂરની છે કે જે સ્ત્રીના વિશે રઝાઈ (દૂધ) બહેન હોવાનો વહેમ પણ થઈ જાય તેને પોતાના નિકાહમાં રાખો. બેહતર એ જ છે કે તેણીને અલગ કરી દો. આ હદીષના આધારે અહનાફ પણ કહે છે કે કેવળ એક સ્ત્રીની ખબર પર સ્ત્રીને અલગ કરી દેવી અફઝલ છે. પણ **રઝાઅત (દૂધના સંબંધ)ની સાબિતી બે પુરૂષ અથવા એક પુરૂષ બે સ્ત્રીઓની ગવાહી પર થશે.** ઈમામ શાફઈને ત્યાં ચાર સ્ત્રીઓની ગવાહીથી પણ રઝાઅત સાબિત થઈ જાય છે. ઈમામ માલિકને ત્યાં બે સ્ત્રીઓની ગવાહીથી પણ રઝાઅત સાબિત થઈ જાય છે. સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નું ફર્માન હતું કે એક દાયણ દાયણની ખબર તથા કસમથી પણ રઝાઅત સાબિત થઈ જાય છે. હનફી મઝહબ ઘણો જ મજબૂત છે. આ હદીષમાં હુર્મતનો ફત્વો નથી બલ્કે તકવા તથા સાવધાનીનો મશ્વરો છે. એટલા માટે સરકારે આલી ﷺએ દાયણને ન બોલાવી ન તેનાં બયાન લીધાં ન કોઈ અન્ય સાબિતી માગી. દાયણની ખબર પર ખબર સાંભળીને આ આદેશ આપ્યો.

૬. એટલે ઉકબાએ તલાક઼ આપી દીધી, ઈદ્દત બાદ તે સ્ત્રીએ બીજે ઠેકાણે નિકાહ કરી લીધા. મિર્ક઼ાતે ફર્માવ્યું કે ઉક઼બા ઈબ્ને હારિષ, ઉમ્મે યહ્યા ઈબ્ને અબૂ ઈહાબથી નિકાહ કરી લીધો. એક હબ્શી લોંડીએ કહ્યું, મેં એ બંનેને દૂધ પીવડાવ્યું છે, પછી ખુદ તે લોંડીએ બારગાહે રિસાલતમાં આ અર્ઝ કર્યું, એના પર આ આદેશ મુબારક થયો.

''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ હુનૈનના દિવસે એક લશ્કર અવતાસની તરફ઼ રવાના કર્યું.[૧] એ લોકો દુશ્મનના મુકાબલામાં આવ્યા. તેમના પર જેહાદ કર્યો પછી ગાલિબ આવી ગયા. તેમની કેટલીક સ્ત્રીઓ કેદ કરી લીધી[૨] નબી અકરમ ﷺ પછી સહાબાએ તેમની સોહબતમાં વાંધો જાણ્યો તેમના મુશ્રિક પતિના કારણે.[૩] ત્યારે આ બારામાં આ આયત અલ્લાહ તઆલાએ ઉતારી કે તમારા પર પતિવાળી સ્ત્રીઓ હરામ સિવાય એના જેના તમે માલિક થઈ જાવ.[૪] એટલે તે એમના માટે હલાલ છે જ્યારે કે તેમની ઈદ્દત પસાર થઈ જાય.[૫]'' (મેસ્લિમ)

★ હદીષ : (૧૧)-૩૧૭૦ ★

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيُّ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ حُنَيْنٍ بَعَثَ جَيْشًا إِلَى أَوْطَاسٍ فَلَقُوا عَدُوًّا فَقَاتَلُوهُمْ فَظَهَرُوا عَلَيْهِمْ وَأَصَابُوا لَهُمْ سَبَايَا فَكَأَنَّ نَاسًا مِنْ أَصْحَابِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ تَحَرَّجُوا مِنْ غِشْيَانِهِنَّ مِنْ أَجْلِ أَزْوَاجِهِنَّ مِنَ الْمُشْرِكِينَ فَأَنْزَلَ اللَّهُ تَعَالَى فِي ذَلِكَ(وَالْمُحْصَنَاتُ مِنَ النِّسَاءِ إِلَّا مَا ملكت أَيْمَانكُم)أَيْ فَهُنَّ لَهُمْ حَلَالٌ إِذَا انْقَضَتْ عِدَّتُهُنَّ.رَوَاهُ مُسلم

૧. અવતાસ તાઈફ઼ શરીફ઼ના ઈલાકામાં એક વાદી (મેદાન) છે જેમાં હવાઝિન ક઼બીલો વસતો હતો. હુનૈનની સાથે તે પણ ફ઼તહ થયું.

૨. سبايا બહેવચન છે سبيّةનું કેદી સ્ત્રીના અર્થમાં. અવતાસમાં કાફ઼िર પુરૂષો પણ કેદ હતા, સ્ત્રીઓ પણ. અહીં કેવળ સ્ત્રીઓનું વર્ણન છે એ કારણે જે આગળ વર્ણન થયું છે.

૩. એ હઝરાત સમજ્યા કે, કેમ કે એ સ્ત્રીઓ નિકાહ પામેલી છે, તેમના પતિઓ જીવંત છે તેમનાથી તલાક઼ મેળવ્યા વિના તેમનાથી સોહબત હલાલ નથી.

૪. એટલે કે કેદ થયેલી કાફ઼िરા સ્ત્રીઓ તમારી લોંડીઓ બની ગઈ. એના એહકામ તે નથી જે આઝાદ મુસ્લિમ સ્ત્રીઓના છે. એમના કેદ થતાં જ તેમના નિકાહ ખત્મ થઈ ગયા.

★ કાફ઼िરા કેદી સ્ત્રી સાથે ઈસ્બરાઅ બાદ સોહબત હલાલ ★

૫. ઈદ્દતથી મુરાદ એક હૈઝ અથવા એક મહીનો પસાર થઈ જવો, જેને ફ઼ક઼ીહો ઈસ્તબરાઅ્ કહે છે. કાફ઼िરા કેદી સ્ત્રીથી ઈસ્તબરાઅ બાદ સોહબત હલાલ છે. આ તફ઼સીર કોઈ હદીષના રાવીની છે. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની મજબૂત દલીલ છે કે કાફ઼िરા કેદી ચાહે મુશ્રિકા હોય કે અહલે કિતાબ એનાથી ઈસ્તબરાઅ બાદ માલિક માટે સોહબત હલાલ છે. ઈમામ શાફ઼ઈને ત્યાં કિતાબિયા કેદી સાથે તો સોહબત હલાલ છે, મુશ્રિકા કેદી સાથે સોહબત હરામ છે. તે અહીં ફર્માવે છે કે કદાચ એ કેદી સ્ત્રીઓ મુસલમાન થઈ ચૂકી હતી. પણ આ તાવીલ ખૂબ દૂરની છે. *(મિર્ક઼ાત)*

(વિભાગ : ૨) الفصل الثاني

★ બે બહેનોને એક સાથે નિકાહમાં રાખવા વિશે હુકમ ★

★ હદીષ : (૧૨)-૩૧૭૧ ★

عَنْ أَبِي هُرَيْرَةَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى أَنْ تُنْكَحَ الْمَرْأَةُ عَلَى عَمَّتِهَا أَوِ الْعَمَّةُ عَلَى بِنْتِ أَخِيهَا وَالْمَرْأَةُ عَلَى خَالَتِهَا أَوِ الْخَالَةُ عَلَى بِنْتِ أُخْتِهَا لَا تُنْكَحُ الصُّغْرَى عَلَى الْكُبْرَى وَلَا الْكُبْرَى عَلَى الصُّغْرَى. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ والدارمي وَالنَّسَائِيّ وَرِوَايَته إِلَى قَوْله: بنت أُخْتهَا

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ એનાથી મના કર્યું કે સ્ત્રી સાથે નિકાહ કરવામાં આવે તેણીની ફોઈથી તેણીની ભત્રીજી પર[૧] અથવા સ્ત્રી સાથે તેણીની માસી પર અથવા માસીથી તેણીની ભત્રીજી પર[૨] ન નાનીથી મોટી પર નિકાહ કરવામાં આવે ન મોટીથી નાની પર[૩] (તિર્મિઝી, અબૂ દાઊદ, દારમી, નિસાઈ) અને નિસાઈની રિવાયતમાં ભાણકી સુધી છે.[૪]''

૧. આ જગાએ એ સ્ત્રીઓનું વર્ણન છે જેમને નિકાહ કે સોહબતમાં ભેગી નથી કરી શકતા. કુર્આન કરીમે ફર્માવ્યું : وَاَنْ تَجْمَعُوْا بَيْنَ الْاُخْتَيْنِ (અને બે બહેનો ભેગી કરવી સૂ. નિસાઅ, ૪/૨૩) **બે બહેનો ભેગી કરવી હરામ છે.** પણ હદીષે પાકમાં કાંઈ જુદી તફસીલ વર્ણન થઈ અને ફકીહોએ એના માટે કાઈદા કુલ્લિયા વર્ણવી આપ્યો કે જે બે સ્ત્રીઓમાં હુર્મત (હરામ હોવું) બંને બાજુ હોય કે જેને પુરૂષ માનવામાં આવે તેના પર બીજી સ્ત્રી હરામ હોય, તેમને ભેગી કરવી હરામ છે. અહીં ફોઈ અને ભત્રીજીથી ત્રણેવ પ્રકારની ફોઈઓ તથા ભત્રીજીઓ મુરાદ છે. સગી હોય કે અલાતી (મત્રાઈ જે બીજીમાથી હોય) કે જે બીજા બાપથી હોય મા એક હોય (અખ્યાફી) એટલે બાપની સગી બહેન, અલાતી, અખ્યાફી બહેન, એ જ પ્રમાણે સગાભાઈની પુત્રી અલાતીભાઈની અને અખ્યાફી ભાઈની, એ સૌને ભેગી કરવી હરામ છે.

૨. નાની મોટીથી મુરાદ સગાઈમાં નાની મોટી છે, માસી તથા ફોઈ મોટી છે ભલે ઉમરમાં નાની હોય. આ વાક્ય પાછલા વાકયની સ્પષ્ટતા છે.

૩. આ પ્રકારની બે સ્ત્રીઓને ભેગી કરવાની હુર્મતનું કારણ એ છે કે એ સ્ત્રીઓ ઝી રહમ મેહરમ હોય છે અને તેમનુ શોક્ય બનવું ઝઘડા ફસાદનો ઝરીયો છે, જેથી આ ભેગા કરવું સગાઈ કટ થવાનો સબબ છે. યાદ રાખશો કે આવી બે સ્ત્રીઓનું હકીકી નિકાહમાં ભેગી કરવું હરામ અને હુકમી નિકાહમાં ભેગી કરવું પણ હરામ છે. જેથી ફોઈને તલાક આપ્યા બાદ જ્યાં સુધી ફોઈ ઈદ્દતમાં છે ત્યાં સુધી તેની ભત્રીજી સાથે નિકાહ નથી કહી શકતા. કેમ કે ઈદ્દત હુકમી નિકાહ છે. હા ! ફોઈના ઈન્તેકાલ બાદ તરત જ તેની ભત્રીજી સાથે નિકાહ કરી શકે છે, કે પતિ પર ઈદ્દત નથી.

★ હદીષ : (૧૩)-૩૧૭૨ ★

وَعَنِ الْبَرَاءِ بْنِ عَازِبٍ قَالَ: مَرَّ بِي خَالِي أَبُو بردة بن دِينَار وَمَعَهُ لِوَاءٌ فَقُلْتُ: أَيْنَ تَذْهَبُ؟ قَالَ: بَعَثَنِي النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِلَى رَجُلٍ تَزَوَّجَ امْرَأَةَ أَبِيهِ آتِيهِ

''હઝરત બરાઅ ઈબ્ને આઝિબથી રિવાયત છે. ફર્માવે છે, મારા પાસેથી મારા મામા અબૂ બર્દા ઈબ્ને દીનાર પસાર થયા[૧] મેં કહ્યું, આપ ક્યાં જાવ છો ? ફર્માવ્યું, મને નબી કરીમ ﷺ એ એ શખ્સની તરફ મોકલ્યો છે જેણે પોતાના બાપની પત્ની સાથે નિકાહ

કરી લીધા છે કે એનું માથુ આપની પાસે લાવું. (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ અને ઈબ્ને માજહ)"

દારમીની રિવાયતમાં છે કે મને હુઝૂરે હુકમ આપ્યો K[S[T[GLUZNG DFZLNë V G[T[GMDF, , . , ë ૅ. *અને આ રિવાયતમાં મામાને બદલે કાકા કહ્યું". "*

بِرَأْسِهِ. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد

૧. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં خال ના બદલે عم છે. એટલે મારા કાકા પસાર થયા. પણ એ ગલત છે, સહીહ خال છે, એટલે મામા પસાર થયા.

★ ઈસ્લામમાં મુજરિમોને જાહેરમાં સજા શા માટે ? ★

૨. એ ઝંડો હુઝૂર નબી કરીમ ﷺએ આપને આપ્યો હતો જેથી એ વાતની નિશાની બને કે આપ સરકારી કામથી જઈ રહ્યા છે, અને લોકોમાં એ સજાનું એલાન થઈ જાય. **ઈસ્લામમાં મુજરિમોને એલાનિયા (જાહેરમાં) સજા આપવામાં આવે છે. ચોરના હાથ બજારમાં કાપવામાં આવે છે, ઝિના કરનાર ઝાનીને જાહેરમાં ચાર રસ્તા પર સંગસાર કરવામાં આવે છે, જેથી લોકોને બોધ મળે. મુર્તદો તથા બાગી લોકોને કત્લ બાદ તેમનાં માથાં બજારમાં લટકાવવામાં આવે છે.**

★ મત્રાઈ મા (Step Mother) સાથે નિકાહ કરવા પર તેના ક઼ત્લનો હુકમ ★

૩. એટલે કે તેણે પોતાની સોતેલી મા (બાપની બીજી પત્ની) સાથે નિકાહ કર્યા છે. મને તેને ક઼ત્લ કરીને માથુ બારગાહે આલીમાં હાજર કરવાનો હુકમ મળ્યો છે. લગભગ આ શખ્સ કોઈ ઈસ્લામનો દાવેદાર હશે પછી તેણે આ હરકત કરી લીધી હશે. આ શખ્સ મુજરિમ તથા મુર્તદ ઠરાવવામાં આવ્યો. જો આપણા દેશમાં મજૂસી (પારસી) રહેતા હોય જેઓ પોતાની મા, બહેન, પુત્રી સાથે નિકાહ કરી લે છે તો આપણે તેમને આ હરકતથી રોકીશું નહીં કે એ એમનો ધાર્મિક રિવાજ છે, અને આપણે ત્યાં કાફિરોને ધાર્મિક આઝાદી છે. જેથી આ હદીષ આ ફિક઼્હી હુકમની વિરુદ્ધ નથી.

★ મુર્તદને ક઼ત્લ કરવા તથા માલ છીનવી લેવાનો હુકમ ★

૪. એનાથી પણ જણાય રહ્યું છે કે પહેલાં એ શખ્સ મુસલમાન હતો, બાદમાં આ નિકાહને હલાલ સમજીને કાફિર તથા મુર્તદ થઈ ગયો. જેથી એને ક઼ત્લ કરવાનો અને તેનો માલ છીનવી લેવાનો હુકમ બહાર પાડવામાં આવ્યો. ફક઼ીહો ફર્માવે છે કે જે ઈસ્લામનો દાવેદાર હરામ સ્ત્રીઓ સાથે નિકાહ જાઈઝ માને તે મુર્તદ છે, અને જે હરામ સમજીને એ નિકાહ કરે તે બદતરીન ફાસિક઼ છે. અને જેને હુર્મત (હરામ હોવા)ની ખબર જ ન હોય તે નિકાહ કરી લે તેને તરત જ અલગ થવાનો હુકમ આપવામાં આવે. બીજા શખ્સે જો સોહબત પણ કરી લીધી તો એ સોહબત તદ્દન ઝિના ગણશે અને બાળકનો વંશ તેનાથી સાબિત ન થશે. અને ત્રીજા શખ્સે જો સોહબત કરી લીધી તો એ વતી (સંભોગ) શંકાવાળો થશે, બાળક સહીહ વંશવાળો થશે. યાદ રાખશો કે જે શખ્સ હરામ સ્ત્રીને હરામ જાણીને નિકાહ કરી લે તો ઈમામ શાફઈ તથા અહમદ તથા માલિકને ત્યાં તેના પર ઝિનાની હદ (શિક્ષા) છે અને ઈમામ અબૂ હનીફાને ત્યાં તેના પર હદ (સજા) નથી બલ્કે સખત તઅઝીર (શિક્ષા) છે. અહીં પ્રથમ પ્રકારનો માણસ મુરાદ

છે, એટલે હલાલ જાણીને નિકાહ કરનાર. એટલા માટે એને ક़त्ल કરાવવામાં આવ્યો અને તેનો માલ લેવામાં આવ્યો. નહીં તો ઝાની (વ્યભિચારી) પર રજ્મ (સંગસાર) છે અને તેનો માલ તેના વારસોનો છે. હા ! મુર્તદનો એ હુકમ છે જે અહીં વર્ણન થયો. *(અઝ : કુતુબે ફિક़હ તથા મિક़ાત વગેરે)*

૫. શક્ય છે કે બુર્દા ઈબ્ને નિયાઝ હઝરત બરાઅના નસબી (વંશથી) મામા હોય અને દૂધ કાકા હોય. જેથી આ બંને રિવાયતો દુરુસ્ત છે, નહીં તો એ વંશની રીતે મામા છે કાકા નથી. હઝરત બુર્દા ઈબ્ને નિયાઝ ઉક़બા ષાનિયાની બયઅતમાં શરીક થયા. પોતાના સિત્તેર સાથીઓ સાથે બદર તથા સર્વ ગઝવાતમાં સામેલ રહ્યા. અહદે મુર્તઝવીમાં સર્વ જંગોમાં હઝરત અલી رضی اللہ عنہ ની સાથે રહ્યા. *(અશિઅહ)*

★ બાળકને અઢી વરસ બાદ દૂધ પીવડાવવાથી દૂધ સંબંધ સાબિત નથી ★

"હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ, નથી હરામ કરતુ દૂધ પીવડાવવાથી પણ સ્તનનું તે દૂધ જે આંતરડાં ચીરે[૧] અને દૂધ છોડવતાં પહેલાં હોય[૨]." (તિર્મિઝી)

★ હદીષ : (૧૪)-૩૧૭૩ ★

وَعَنْ أُمِّ سَلَمَةَ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:«لَايُحَرِّمُ مِنَ الرَّضَاعِ إِلَّا مَا فَتَقَ الْأَمْعَاءَ فِي الثَّدْيِ وَكَانَ قبل الْفِطَام» . رَوَاهُ التِّرْمِذِيّ

૧. تَنْحِتُوْنَ الْجِبَالَ بُيُوْتًا એટલે જે દૂધ સ્ત્રીના સ્તનમાંથી હોય અને બાળકનાં આંતરડામાં પહોંચીને તેની ભૂખ દૂર કરે, ચાહે સ્તનથી જ પીવડાવવામાં આવે અથવા ચમચી વગેરેમાં લઈને પીવડાવે. ખુલાસો એ છે કે બાળકને દૂધ પીવાડવવાની મુદ્દતમાં જે દૂધ પીવડાવવામાં એના પર રઝાઅતના એહકામ (હુકમો) લાગુ થશે, બાદમાં નહીં.

૨. એટલે જે મુદ્દત દૂધ પીવડાવવાની અઢી વરસની ઉમર છે, ત્યાર બાદ જો પીવડાવવામાં આવ્યું તો તેનાથી રઝાઅતની હુર્મત સાબિત ન થશે. જેથી જો કોઈ બાળકનું દૂધ પહેલાં જ છોડાવી દેવામાં આવ્યું તો એ છોડાવવું વિશ્વસનીય નથી. યાદ રાખશો અઢી વરસની ઉમર બાદ બાળકને સ્ત્રીનું દૂધ પીવડાવવું મના છે કે એ દૂધ માનવ હિસ્સો છે જેને વિના જરૂરતે વાપરવું હરામ છે. અમુક કાન તથા આંખના દર્દમાં છોકરીવાળી સ્ત્રીનું દૂધ લાભદાયી થાય છે. જો હોશિયાર નિષ્ણાત ડોકટર કહે કે એના સિવાય કોઈ ઈલાજ નથી તો એને ઈલાજ પૂરતુ કાન કે આંખમાં ટપકાવવુ જાઈઝ છે. (મિક़ાત) આ હદીષ એ હદીષોની નાસિખ છે જેનાથી સાબિત છે કે યુવાન છોકરાને દૂધ પીવડાવી દેવાથી હુર્મત આવી જાય છે. એના પર સહાબાએ કિરામ બલ્કે ઉમ્મતે રસૂલુલ્લાહ ﷺ નો ઈત્તેફાક़ (એકમતી) છે. હઝરત ઈબ્ને અબ્બાસ, અલી, ઈબ્ને ઉમર, ઈબ્ને મસઊદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પર મૌકૂફ પણ છે. એને ઈમામ તિર્મિઝીએ સહીહ કહી. અબૂ દાઊદમાં હઝરત ઈબ્ને મસઊદની રિવાયતથી છે કે એ જમાનામાં દૂધ પીવું હુર્મત સાબિત કરશે, જ્યારે કે દૂધથી ગોશ્ત બને અને હાડકાં વધે. જે સહાબાથી જવાન બાળકને દૂધ પીવડાવવાની રિવાયત આવી છે એ હઝરાતે એનાથી રુજૂઅ કરી લીધુ (વાત પરત લઈ લીધી). એની ખૂબ જ ઉમદા તેહક़ીક़ મિક़ાત વગેરેએ કરી છે.

★ હદીષ : (૧૫)-૩૧૭૪ ★
وَعَنْ حَجَّاجِ بْنِ حَجَّاجٍ الْأَسْلَمِيِّ عَنْ أَبِيهِ أَنَّهُ قَالَ: يَا رَسُولَ اللَّهِ مَا يُذْهِبُ عَنِّي مَذَمَّةَ الرِّضَاعِ؟ فَقَالَ: " غُرَّةٌ: عَبْدٌ أَوْ أَمَةٌ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَالدَّارِمِيُّ

''હઝરત હજ્જાજ ઈબ્ને હજ્જાજ અસ્લમીથી રિવાયત છે. તે પોતાના બાપથી રાવી[૧]. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ કઈ ચીજ મને દૂધ પીવાનો હક્ક અદા કરાવી શકે છે ?[૨] ફર્માવ્યું, ગુલામ અથવા લોંડીની પેશાની[૩]. (તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, દારમી)

૧. આ હજ્જાજ અસ્લમી સહાબી છે. તેમના પુત્ર હજ્જાજ ઈબ્ને હજ્જાજ તાબઈ છે. આ તાબઈ હિ.સ. ૧૩૧માં મરવાન હેમારના જમાનામાં વફાત પામ્યા આ તે હજ્જાજ જાલિમ નથી કેમ કે તે હજ્જાજ ષકફી છે. જુઓ *(અશિઅહ તથા મિર્કાત)*

★ દૂધની મજૂરી આપવાથી દૂધનો હક્ક અદા ન થશે ★

૨. મુઝમ્મા તથા ઝમામ ફતહ તથા કસરાથી, હક્ક તથા હુર્મત તથા એહતેરામના અર્થમાં, એટલે જેને વેડફનારની બુરાઈ કરવામાં આવે. મતલબ એ છે કે એ કઈ ખિદમત પોતાની દૂધની માની કરું જેનાથી તેના દૂધનો હક્ક અદા થાય. જાણવા મળ્યું કે દૂધની મજૂરી આપી દેવાથી તેનો હક્ક અદા નથી થઈ જતો.

૩. એટલે પોતાની દૂધ પીવડાવનારીને ઉચ્ચ કક્ષાની લોંડી કે ગુલામ આપી દો જે તેણીની સેવા કરે. ખિદમતનો બદલો ખિદમત છે. અને દાયણ ખુદ કોઈની લોંડી હોય અથવા તેનો પતિ કોઈનો ગુલામ હોય તો તેને ખરીદીને આઝાદ કરી દો, છતાં પણ તેનો એહતેરામ (માન) તથા ખિદમત બાળક પર લાઝિમ છે.

★ હદીષ : (૧૬)-૩૧૭૫ ★
وَعَنْ أَبِي الطُّفَيْلِ الْغَنَوِيِّ قَالَ: كُنْتُ جَالِسًا مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذْ أَقْبَلَتِ امْرَأَةٌ فَبَسَطَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رِدَاءَهُ حَتَّى قَعَدَتْ عَلَيْهِ فَلَمَّا ذَهَبَتْ قِيلَ هَذِهِ أَرْضَعَتِ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ. رَوَاهُ أَبُو دَاوُدَ

''હઝરત અબૂ તુફૈલ ગઝનવીથી[૧] રિવાયત છે. ફર્માવે છે, હું હુઝૂર નબી કરીમ ﷺની સાથે બેઠો હતો, એવામાં એક બીબી સાહેબા આવ્યાં. તો નબી કરીમ ﷺએ પોતાની ચાદર બિછાવી દીધી ત્યાં સુધી કે તે એના પર બેસી ગયાં[૨] તો પછી જ્યારે તે ચાલ્યાં ગયાં તો કહેવામાં આવ્યું કે તેમણે નબી કરીમ ﷺને દૂધ પીવડાવ્યું છે[૩]. '' (અબૂ દાઉદ)

★ અબૂ તુફૈલ દુનિયાથી પર્દો કરનાર અંતિમ સહાબી ★

૧. આપનુ નામ આમિર ઈબ્ને વાષિલા છે. લૈષી, કત્તાની છે. કુન્નિયત અબૂ તુફૈલ છે. આઠ વરસ હુઝૂર ﷺની ખિદમતમાં રહ્યા. હિ.સ. ૧૦૨માં મક્કા મોઅઝ્ઝમામાં ઈન્તેકાલ કર્યો. પૃથ્વીના પટ પર આપ જ અંતિમ સહાબી છે જેમની વફાત પર સહાબિયત ખત્મ થઈ. (મિર્કાત) હઝરત અલી رضی اللہ عنہ ની સાથે તેમની સર્વ જંગોમાં રહ્યા.

★ કયામે તા'ઝીમીની સાબિતી ★

૨. હુઝૂરે અન્વર ﷺના બંને અમલ માન સન્માન દર્શાવવા અને ખુશી પ્રદર્શિત કરવા માટે હતા. જાણવા મળ્યું કે ''કયામે તા'ઝીમી'' જાઈઝ છે અને માણસ ચાહે કેટલોય અઝીમત (બુઝુર્ગી)વાળો હોય પણ પોતાના

મુરબ્બી (પાલન કરનાર)નુ માન સન્માન કરે, ઈજ્જત કરે. જુઓ, આ તે આસ્તાનુ છે જ્યાં જિબ્રઈલે અમીન ખાદિમાના શાનથી હાજરી આપે છે, પણ એ બીબી સાહિબાના માટે ચાદર બિછાવવામાં આવી. આમાં આપણને લોકોને તા'લીમ છે કે જ્યારે દૂધ પીવડાવનારી દાયણનો આ અદબો એહતેરામ છે સગી માનો એહતેરામ કેવો હોવો જોઈએ ?!

★ મત્રાઈ માની પણ અનહદ તા'ઝીમ કરવી જોઈએ ★

૩. આ બનાવ ખાસ જંગે હુનૈનના દિવસનો છે કે હુઝૂરે અન્વર ﷺએ જંગથી ફારિગ થયા (પરવાર્યા) હતા, સહાબીઓની જમાઅતમાં બેઠેલા હતા એવામાં બીબી હલીમા સઅદિયા رضی اللہ عنہا તશરીફ લાવ્યાં. હુઝૂરે અન્વર ﷺ તેમના માટે ઉભા થઈ ગયા અને જે ચાદર શરીફ ઓઢેલી હતી તે એમના માટે બિછાવી આપી. જ્યાં સુધી આપ બેઠેલાં રહ્યાં કોઈ અન્ય સાથે વાતચીત ન કરી. તેમની જ પ્રતિ ધ્યાનિત રહ્યા. જ્યારે આપ પરત થયાં તો ખૂબ જ હદિયો તોહફા અર્પણ કર્યા અને તેમને થોડેક દૂર સુધી સન્માનપૂર્વક વિદાય કરવા માટે તશરીફ લઈ ગયા. પછી ખુદ હુઝૂર ﷺએ અથવા કોઈ અન્ય સહાબીએ હાજરજનોને કહ્યું કે આ હુઝૂર ﷺને દૂધ પીવડાવનાર જનાબ હલીમા છે જેમણે હુઝૂર ﷺને દૂધ પીવડાવ્યું છે. આ પૂરો બનાવ મવાહિબે લદુન્નિયામાં વાંચશો. થોડુક મિર્કાતે પણ અહીં જ વર્ણન કર્યું. આજના નવા યુવાન આ હદીષો પઢે અને બોધ ગ્રહણ કરે કે આપણે લોકો સગી માનો પણ અદબ નથી કરતા !

★ ઈસ્લામ લાવ્યા બાદ વધુ પત્નીઓવાળાને ફક્ત ચાર રાખવા હુકમ ★

★ હદીષ : (૧૭)-૩૧૭૬ ★
وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُ أَنَّ غيلَان بن سَلَمَةَ الثَّقَفِيَّ أَسْلَمَ وَلَهُ عَشْرُ نِسْوَةٍ فِي الْجَاهِلِيَّةِ فَأَسْلَمْنَ مَعَهُ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَمْسِكْ أَرْبَعًا وَفَارِقْ سَائِرَهُنَّ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيّ وَابْن مَاجَه

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે ગીલાન ઈબ્ને સલમા ષકફી ઈસ્લામ લાવ્યા[૧] તેમની જાહિલિયતના સમયમાં દસ પત્નીઓ હતી. તે પણ તેમની સાથે ઈસ્લામ લાવી[૨]. તો નબી કરીમ ﷺએ ફર્માવ્યું, ચારને રાખી લો બાકીનીને અલગ કરી દો[૩].''
(અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજહ)

૧. આપ તાઈફના ફતહ બાદ ઈસ્લામ લાવ્યા. બની ષકીફના ખૂબ જ ઈજ્જતદાર આદમી હતા. ફારૂકી યુગમાં વફાત પામ્યા.

૨. જાહિલિયતના જમાનામાં સ્ત્રીઓની સંખ્યા નિશ્ચિત ન હતી, જેટલી જોડે ચાહો નિકાહ કરી લો અને પોતાની સાથે રાખો. આ ફાયદાથી આપના નિકાહમાં દસ પત્નીઓ હતી.

૩. એનાથી અમુક મસઅલા જાણવા મળ્યા : એક એ કે કાફિરોના નિકાહ દુરુસ્ત છે કે જો તે બંનેવ પતિ પત્ની ઈમાન લઈ આવે તો હવે નિકાહ નવેસરથી કરવાની જરૂરત નથી. રબ તઆલાએ અબી લહબની પત્ની જમીલાને તેની પત્ની માની. ફર્માવ્યું : وَّامْرَاَتُهٗ ؕ حَمَّالَةَ الْحَطَبِ (અને તેની પત્ની લાકડીઓનો ભારો માથા પર ઉઠાવતી. સૂરએ તબ્બત, ૧૧૧/૪) બીજુ એ કે સમયના કાફિરો કુફ્ના નિકાહ પર ફાયમ રાખવામાં આવશે, ભલે તેમના નિકાહ ઈસ્લામી ફાયદા પર ન થયા હોય. હા ! જો કોઈ કાફિરના નિકાહમાં મેહરમ સ્ત્રી હશે તો તેને અલગ કરાવી દેવામાં આવશે. ત્રીજુ એ કે ચારથી વધુ પત્નીઓ જો હોય તો ઈસ્લામ લાવ્યા બાદ ચાર જ રાખવી પડશે, અને એમાં પતિને અધિકાર રહેશે કે જેને ચાહે રાખે. ચોથુ એ કે આ અલગ થવામાં શરઈ તલાકની જરૂરત નથી, પતિનું કેવળ

અલગ કરી દેવું જ પૂરતુ છે. યાદ રાખશો કે ચારની પાબંદી પત્નીઓના સંબંધે છે, લોંડીઓ જેટલી ચાહે રાખે.

★ હદીષ : (૧૮)-૩૧૭૭ ★

وَعَنْ نَوْفَلِ بْنِ مُعَاوِيَةَ قَالَ: أَسْلَمْتُ وَتَحْتِي خَمْسُ نِسْوَةٍ فَسَأَلْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «فَارِقْ وَاحِدَةً وَأَمْسِكْ أَرْبَعًا» فَعَمَدْتُ إِلَى أَقْدَمِهِنَّ صُحْبَةً عِنْدِي: عَاقِرٍ مُنْذُ سِتِّينَ سنة ففارقتها. رَوَاهُ فِي شرح السّنة

''હઝરત નુફૈલ ઈબ્ને મુઆવિયહથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હું ઈસ્લામ લાવ્યો જો કે મારા કબજામાં પાંચ પત્નીઓ હતી. તો મેં નબી કરીમ ﷺ થી પૂછયું તો ફર્માવ્યું, એકને અલગ કરી દો અને ચારને રાખી લો[૨]. જેથી એમનામાંથી મેં મારી પૂરાની સોહબતવાળી જે સાઈઠ વરસની વાંઝણી હતી[૩] એના પ્રતિ ધ્યાન કર્યું અને તેને અલગ કરી આપી. (શરહે સુન્નહ)

૧. આપ દયલમી છે. સહાબી છે. ફતહે મક્કાથી પહેલાં ઈસ્લામ લાવ્યા અને ફતહે મક્કામાં શરીક થયા. ઈસ્લામથી પહેલાં સાઈઠ વરસ કુફ્રમાં પસાર કર્યા અને ઈસ્લામ લાવ્યા બાદ સાઈઠ વરસ અધિક જીવ્યા. યઝીદ ઈબ્ને મુઆવિયહના જમાનામાં વફાત પામ્યા. *(અશિઅહ, મિર્કાત)*

૨. એટલે કે હવે ઈસ્લામ લાવ્યા પછી તમને કેવળ ચાર પત્નીઓ રાખવાની ઈજાઝત છે. જેથી તેમનામાંથી એકને અલગ કરી દો. જાણવા મળ્યું કે કાફિરો જો ચારથી વધુ પત્નીઓ રાખે તો તેમને અમે મના કરીશું નહીં અને તે સૌનાથી જે ઔલાદ થશે તે હલાલ થશે, ચારની પાબંદી કેવળ મુસલમાન પર છે.

૩. عَاقِرٍ સિફત અથવા બદલ છે. اقرم નો. મતલબ એ છે કે એ પાંચમાં એક સ્ત્રી મારી પાસે સાઈઠ વરસની વાંઝણી અને વૃદ્ધા હતી તેને મેં અલગ કરી આપી. બાકીની પત્ની ઉમરમાં પણ તેનાથી ઓછી અને વાંઝણી પણ ન હતી તેમને રાખી લીધી.

★ ઈસ્લામ લાવ્યા બાદ બે બહેનો પત્ની તરીકે હોય તો એકને અપનાવે ★

★ હદીષ : (૧૯)-૩૧૭૮ ★

وَعَنِ الضَّحَّاكِ بْنِ فَيْرُوزٍ الدَّيْلَمِيِّ عَنْ أَبِيهِ قَالَ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ إِنِّي أَسْلَمْتُ وتحتي أختان قَالَ: «اختر أيتها شِئْتَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

''હઝરત ઝહાક ઈબ્ને ફીરોઝ દયલમીથી રિવાયત છે તે પોતાના પિતાથી રાવી[૧]. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું મુસલમાન થઈ ગયો છું અને મારા પત્નીપણામાં બે બહેનો છે. ફર્માવ્યું, તે બંનેમાંથી જેને ચાહો અપનાવી લો[૨].''

(તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

૧. ઝહાક તાબઈ છે અને તેમના પિતા ફીરોઝ સહાબી છે. તેમને ચરી પણ કહેવામાં આવે છે, કેમ કે છેવટે આપ ચરમાં રહ્યા. ફારસી વંશવાળા સનઆની છે. અસ્વદ ઉન્સી તમીમીને આપે જ કત્લ કર્યો જે નબુવ્વતનો દાવેદાર હતો. ઉષ્માની ખિલાફતકાળમાં વફાત પામ્યા.

૨. આ હદીષ ઈમામ શાફઈની દલીલ છે કે જ્યારે કોઈ કાફિર મુસલમાન થાય અને તેના નિકાહમાં બે સગી બહેનો હોય, એટલે કે પત્ની પણ અને સાળી પણ તો તેને અખત્યાર હશે જેને ચાહે રાખે જેને ચાહે અલગ કરી આપે. આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં જો એ બંને બહેનો સાથે એકી વખતે નિકાહ કર્યો હોય તો બંનેવને અલગ

કરવી પડશે. અને જો આગળ પાછળ નિકાહ કર્યા તો પહેલીને રાખે અને બીજીને અલગ કરી આપે.

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, એક સ્ત્રી મુસલમાન થઈ. તેણે નિકાહ કરી લીધો[૧]. પછી નબી કરીમ ﷺ ની ખિદમતમાં તેનો પતિ હાજર થયો. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું મુસલમાન થઈ ગયો છું અને એ સ્ત્રીને મારા ઈસ્લામ વિશેની જાણ છે. જેથી રસૂલુલ્લાહ ﷺ એ તેણીને બીજા પતિથી અલગ કરી આપી અને પહેલાં પતિ તરફ પલ્ટાવી દીધી[૨] અને એક રિવાયતમાં છે, તે બોલ્યો કે એ મારી સાથે મુસલમાન થઈ હતી. ત્યારે હુઝૂર ﷺ એ તેણીને પરત કરી આપી[૩]." (અબૂ દાઉદ)

★ હદીષ : (૨૦)-૩૧૭૯ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: أَسْلَمَتِ امْرَأَةٌ فَتَزَوَّجَتْ فَجَاءَ زَوْجُهَا إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ إِنِّي قَدْ أَسْلَمْتُ وَعَلِمَتْ بِإِسْلَامِي فَانْتَزَعَهَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ زَوْجِهَا الْآخَرِ وَرَدَّهَا إِلَى زَوْجِهَا الْأَوَّلِ وَفِي رِوَايَةٍ: أَنَّهُ قَالَ: إِنَّهَا أَسْلَمَتْ مَعِي فَرَدَّهَا عَلَيْهِ. رَوَاهُ أَبُو دَاوُد

૧. કદાચ એ બીબીએ પોતાનુ નિકાહ પામેલ હોવું વર્ણવ્યું નહીં હોય એટલા માટે તેના બીજા નિકાહ કરી આપ્યા હશે. નહીં તો સ્ત્રીના ઈસ્લામ લાવવા પર ત્રણ સ્થિતિઓમાં નિકાહ ખત્મ થાય છે : એક તો સ્ત્રીની ઈદ્દત પસાર થઈ જવી કે પતિ ઈદ્દત પસાર થતા સુધી ઈમાન ન લાવે. અથવા પતિ પર ઈસ્લામ પેશ કરવો અને તેનુ ઈન્કાર કરી દેવું અથવા એ બંનેમાંથી કોઈ એકનું દારુલ ઈસ્લામમાં આવી જવું અને બીજાનું દારુલ હર્બમાં જ રહી જવું, એનાથી ઉલ્ટુ કે બંનેવ દારુલ ઈસ્લામમાં હતાં અને એમનાથી એક દારુલ હર્બમાં ચાલ્યો ગયો. આ અહનાફનો મઝહબ છે.

૨. علمت માં બે સંભાવનાઓ છે એક એ કે સેગો વાહિદ મુતકલ્લિમ હોય એટલે કે મેં સમજી વિચારીને જાણી પહેચાનીને ઈસ્લામ કબૂલ કર્યો હતો. મારું ઈમાન કેવળ તક્લીદી (અનુસરેલ) ન હતું. બીજુ એ કે સેગો વાહિદ ગાઈબનો હોય, એટલે તે સ્ત્રીને ખબર હતી કે હું મુસલમાન થઈ ચૂક્યો છું પણ તેણીને ન તો પોતાના નિકાહનો ઉલ્લેખ કર્યો અને મારા ઈસ્લામ લાવી ચૂક્યાનું, જેના કારણે તેણીના નિકાહ બીજા શખ્સ સાથે કરી દેવામાં આવ્યા.

★ પતિ પત્ની જો મુસલમાન થઈ જાય તો નિકાહ યથાવત રહેશે ★

૩. એટલા કે બીજા નિકાહ અમાન્ય ઠરાવ્યા એટલા માટે એ બીજા પતિથી તલાક ન અપાવી, બલ્કે અલગ થઈ જવાનો હુકમ આપી દીધો અને પ્રથમ નિકાહને કાયમ રાખ્યા એટલા માટે પહેલા પતિથી ફરીવાર નિકાહ ન કર્યો, બલ્કે પરત કરી આપ્યા. હા ! જો બીજો પતિ સોહબત કરી ચૂક્યો હોય તો પ્રથમ પતિએ એક હૈઝ આવતા સુધી સોહબતથી અલિપ્ત રહેવાનો હુકમ આપ્યો હશે, જેને ઈસ્તબરાઅ્ કહે છે અને વતી બિશુબહ (શંકાવાળો સંભોગ)ના માટે એ જ હુકમ છે અને જો સોહબત ન કરી હોય તો તેને પણ હુકમ ન આપ્યો. આ હદીષ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ની દલીલ છે કે કેવળ સ્ત્રીના ઈસ્લામ લાવવા પર નિકાહ ફસ્ખ નથી થતા, બલ્કે નિકાહ તૂટવા માટે આ ત્રણ ચીજોમાંથી એક જરૂરી છે. જેનું હમણા વર્ણન કરવામાં આવ્યું. હઝરત ઈમામ શાફઈને ત્યાં સ્ત્રીનું મુસલમાન થઈ જવું નિકાહ તૂટવાનો સબબ છે. (અશિઅહ)

૪. એનાથી જાણવા મળ્યું કે જો સ્ત્રી મુસલમાન થઈને પુરૂષના ઈસ્લામના ઈન્કારનો દાવો કરે અને પુરૂષ કહે કે મેં ઈન્કાર કર્યો ન હતો, સાથે જ મુસલમાન થઈ ગયો હતો તો પુરૂષની વાત માન્ય રહેશે ન કે સ્ત્રીની.

★ હદીષ : (૨૧)-૩૧૮૦ ★

وَرُوِيَ فِي «شَرْحِ السُّنَّةِ» : أَنَّ جَمَاعَةً مِنَ النِّسَاءِ رَدَّهُنَّ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِالنِّكَاحِ الأول على أَزوَاجهنَّ عِنْد اجْتِمَاع الإسلاميين بَعْدَ اخْتِلَافِ الدِّينِ وَالدَّارِ مِنْهُنَّ بِنْتُ الْوَلِيدِ بْنِ مُغِيرَةَ كَانَتْ تَحْتَ صَفْوَانَ بْنِ أُمَيَّةَ فَأَسْلَمَتْ يَوْمَ الْفَتْحِ وَهَرَبَ زَوْجُهَا مِنَ الْإِسْلَامِ فَبعث النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِلَيْهِ ابْنَ عَمِّهِ وَهْبَ بْنَ عُمَيْرٍ بِرِدَاءِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَمَانًا لِصَفْوَانَ فَلَمَّا قَدِمَ جَعَلَ لَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ تَسْيِيرَ أَرْبَعَةِ أَشْهُرٍ حَتَّى أَسْلَمَ فَاسْتَقَرَّتْ عِنْدَهُ وَأَسْلَمَتْ أُمُّ حَكِيمٍ بِنْتُ الْحَارِثِ بْنِ هِشَامٍ امْرَأَةُ عِكْرِمَةَ بْنِ أَبِي جَهْلٍ يَوْمَ الْفَتْحِ بِمَكَّةَ وَهَرَبَ زَوْجُهَا مِنَ الْإِسْلَامِ حَتَّى قَدِمَ الْيَمَنَ فَارْتَحَلَتْ أُمُّ حَكِيمٍ حَتَّى قَدِمَتْ عَلَيْهِ الْيَمَنَ فَدَعَتْهُ إِلَى الْإِسْلَامِ فَأَسْلَمَ فَثَبَتَا عَلَى نِكَاحِهِمَا. رَوَاهُ مَالِكٌ عَنِ ابْنِ شِهَاب مُرْسلا

'અને શરહે સુન્નહમાં રિવાયત કરવામાં આવી કે સ્ત્રીઓની એક જમાઅત છે જેમને નબી કરીમ ﷺ એ પહેલા નિકાહના આધાર પર તેમના પતિઓ પર કરી. બંનેના ઈસ્લામોના ભેગા થવાના સમય[૧], દીન તથા દેશ અલગ હોવા છતાં[૨] એમનામાંથી જ વલીદ ઈબ્ને મુગીરાની પુત્રી પણ છે જે સફવાન ઈબ્ને ઉમૈયાની પત્ની હતાં તે ફતહના દિવસે ઈસ્લામ લાવ્યાં અને તેમના પતિ ઈસ્લામથી ભાગી ગયા તો તેમના કાકાના પુત્ર વહબ ઈબ્ને ઉમૈરે તેમની પાસે રસૂલુલ્લાહ ﷺ ની ચાદર અમાન રૂપે સફવાનના માટે મોકલી[૩] પછી જ્યારે તે આવ્યા તો તેમને રસૂલુલ્લાહ ﷺ એ ચાર મહીના દેશ નિકાલ કર્યો[૪] ત્યાં સુધી કે તે મુસલમાન થયા[૫] પછી તેમનાં પત્ની તેમની પાસે રહ્યાં[૬] અને ઉમ્મે હકીમ બિન્તે હારિષા ઈબ્ને હિશામ એટલે ઈકરામા ઈબ્ને અબૂ જહલની પત્ની ફતહે મક્કાના દિવસે ઈમાન લઈ આવ્યાં અને તેમના પતિ ઈસ્લામથી ભાગી ગયા[૭] ત્યાં સુધી કે યમન પહોંચી ગયા[૮] ઉમ્મે હકીમ ચાલ્યાં ત્યાં સુધી કે તેમની પાસે યમનમાં પહોંચી ગયાં પછી તેમને ઈસ્લામની દા'વત આપી જેથી તે મુસલમાન થઈ ગયા અને એ બંનેવ પોતાના નિકાહ પર કાયમ રહ્યાં[૯]. '' (માલિક અન ઈબ્ને શિહાબ મુરસલન)[૧૦]

૧. એટલે કે જ્યારે પતિ પત્નીની ઈદ્દત ગુજરતા પહેલાં જ મુસલમાન થઈ જાય તો પ્રથમ નિકાહ કાયમ રહેશે, નવેસરથી નિકાહની જરૂરત ન રહેશે.

★ પતિ પત્ની ઈદ્દત ગુજરતાં પહેલાં ઈમાન લાવે તો પ્રથમ નિકાહ કાયમ રહેશે ★

૨. એ શાફઈ મઝહબ છે, મુલ્ક બદલાવા છતાં તેમના નિકાહ કાયમ રહેશે અને વાક્ય તેમની દલીલ છે. (મિર્કાત) અહીં ચાર સ્થિતિઓ છે : બેમાં આપણે તથા શાફઈ એકમત છીએ અને બેમાં અલગ પડીએ છીએ : (૧) એક એ કે કાફિર પતિ પત્ની આપણા દેશમાં ઝિમ્મી અથવા મુસ્તામીન બનીને આવ્યાં અને બંને એક સાથે મુસલમાન થઈ ગયાં તો એકમતીએ નિકાહ બાકી રહેશે. (૨) કાફિર પતિ પત્નીમાંથી એકને કેદ કરીને દારુલ ઈસ્લામમાં લાવવામાં આવ્યું તો એકમતીએ નિકાહ ખત્મ થઈ ગયો. આપણે ત્યાં દેશ બદલાઈ જવાના કારણે અને ઈમામ શાફઈને ત્યાં ઈસ્લામી કેદી હોવાના કારણે. (૩) એ બંનેમાંથી એક આપણા દેશમાં ઝિમ્મી અથવા મુસ્તામીન બની આવ્યું પછી મુસલમાન થઈ ગયું તો આપણે ત્યાં નિકાહ ફસ્ખ થઈ ગયો પણ શાફઈને ત્યાં નહીં. (૪) બંને કાફિર પતિ પત્ની કેદ કરીને દારુલ ઈસ્લામ લાવવામાં આવ્યાં તો ઈમામ શાફઈને ત્યાં નિકાહ ફસ્ખ થઈ ગયો કેદી

હોવાના કારણે, પણ આપણે ત્યાં નહીં. બંને પક્ષની દલીલો હિદાયાના શરૂમાં જુઓ. *(મિર્કાત)*

૩. એટલે કે વહબ ઈબ્ને ઉમૈરે સફ્વાન ઈબ્ને ઉમૈયાના માટે હુઝૂર ﷺથી અમાન લઈ લીધી અને એ અમાનની ખબર સફ્વાનની પાસે મોકલી અને સાબિતીના માટે હુઝૂર ﷺની ચાદર શરીફ કાસિદ (સંદેશવાહક) સાથે કરી આપી જેથી સફ્વાન કાસિદનું સમર્થન કરીને પોતાને અમાનમાં સમજી લે અને મક્કા મોઅઝ્ઝમા આવી જાય. અથવા હુઝૂર ﷺએ વહબ ઈબ્ને ઉમૈરને અમાન તથા પોતાની ચાદર આપીને સફ્વાન પાસે મોકલ્યા. આ સ્થિતિમાં برد آئه પૂરતુ હતું, પણ ઝમીરની જગાએ ઈઝહાર કરી આપ્યો જેથી માલૂમ પડે કે ચાદર હુઝૂર ﷺની હતી ન કે વહબની.

૪. تيسير નો અર્થ છે સૈર કરવાની હરવા ફરવાની ઈજાઝત. અથવા એનો હુકમ બીજો છે. اربعة اشهر એનો ઝર્ફ મઝાફ ઈલૈહ છે. જેમ કે કહેવામાં આવે છે سارق الليل એટલે રાતમાં ચોરી કરનારો, રાતનો ચોર. મતલબ એ છે કે હુઝૂર ﷺએ તેમને ઈજાઝત આપી અથવા હુકમ આપ્યો કે ચાર મહીના સુધી અમ્નો અમાનથી ઈસ્લામી દેશો અને મુસલમાનોમાં ગશ્ત તથા ચક્કર લગાડે.

૫. એટલે દિલથી મુસલમાન થઈ ગયા અને ઈસ્લામ તેમની રગ રગમાં વસી ગયો. ઈસ્લામની શાનો શૌકત જોઈને અને મુસલમાનની મુલાકાતથી, નહીં તો તે તો મુસલમાન પહેલેથી જ થઈ ગયા હતા. યાદ રાખશો કે સફ્વાન પોતાની પત્નીના બે મહીના પછી ઈમાન લાવ્યા. *(મિર્કાત)*

૬. ક્યાં તો પહેલા જ નિકાહથી અથવા નવા નિકાહથી જે એમની સાથે કરવામાં આવ્યો. જેથી આ હદીષ સ્પષ્ટપણે ન આપણી વિરુદ્ધ છે ન શાફઈઓની. (મિર્કાત) તેમજ અહીં ઈખ્તેલાફે દારૈન (દેશોની વિવિધતા) ન થઈ, કેમ કે સફ્વાન દારુલ કુફ્રમાં મુકીમ થયા ન હતા, કેવળ મક્કા મોઅઝ્ઝમાથી ભાગીને ત્યાં શરણ લીધુ હતું, નહીં તો એવી સ્થિતિમાં કે પત્ની ઈસ્લામ કબૂલ કરે અને પતિ કાફિર રહે તો દેશોના બદલવાથી નિકાહ ફસ્ખ થઈ (તૂટી) જાય છે.

૭. એટલે ઈસ્લામની શૌકત તથા મુસલમાનોની તાકત જોઈને પોતાની જાનના ડરથી ભાગી ગયા. યાદ રાખશો કે જનાબ ઈકરમા તેમનામાંથી છે જેમના વિશે એલાન થઈ ગયું હતું કે જ્યાં મળે કત્લ કરી દેવામાં આવે, જેવું કે ફતહે મક્કાના બનાવમાં આવે છે. વહશી, ઈબ્ને હન્ઝલ, ઈકરમા, હિંદા પણ એમનામાંથી છે.

★ સૈયદના ઝયનબના નિકાહ ઈસ્લામ બાદ અબુલ આસ સાથે ફરીથી થયા ★

૮. હક્ક એ છે કે ઈકરમા યમનમાં પ્રવેશ્યા ન હતા બલ્કે કિનારા પર રહ્યા જે હિજાઝ તથા યમનની હદ છે, જેથી તેમનામાં અને તેમની પત્નીમાં દેશની વિવિધતા ન જોવા મળી, જેથી નિકાહ ફસ્ખ થવાનું કોઈ કારણ ન હતું. (ફત્હુલ કદીર, મિર્કાત) એ જે રિવાયતોમાં છે કે હઝરત અબુલ આસ ઈબ્ને રબીઅ મક્કામાં કાફિર થઈને રહ્યા અને તેમનાં પત્ની ઝયનબ બિન્તે રસૂલુલ્લાહ ﷺ મદીના પાકમાં મો'મિના મુહાજિરા બનીને રહ્યાં. પછી ત્રણ કે છ વરસો બાદ આપ ઈસ્લામ લાવ્યા, અને હુઝૂરે અન્વર ﷺએ હઝરત ઝયનબને તેમની પત્ની તરીકે રાખ્યાં. ત્યાં હક્ક એ જ છે કે હુઝૂર ﷺએ તેમના નવા નિકાહ કર્યા. જેવું કે તિર્મિઝી, ઈબ્ને માજહ અને ઈમામ અહમદની રિવાયતોમાં છે અને જે રિવાયતોમાં છે કે الى النكاح الاول ત્યાં على سببه છે કે પહેલા નિકાહના કારણે તેમની સાથે જ નિકાહ કર્યો, બીજા પતિ સાથે નિકાહ ન કર્યા. જેથી રિવાયતોમાં ટકરાવ ન થાય. અથવા એ મતલબ છે કે બીજો નિકાહ પ્રથમ નિકાહની જેમ કર્યો, મહેર વગેરેમાં કોઈ ફરક નથી કર્યો. યાદ રાખશો કે હઝરત ઝયનબ બિન્તે રસૂલુલ્લાહ ﷺ અને તેમના પતિ અબુલ આસમાં દીનનો મતભેદ દસ સાલથી વધુ રહ્યો. કેમ કે બીબી ખદીજા

અને તેમની પુત્રીઓ જેમાં ઝયનબ પણ સામેલ છે શરૂ તબ્લીગમાં ઈમાન લાવ્યાં અને અબુલ આસ ફતહે મક્કાથી થોડાક પહેલા ઈમાન લાવ્યા. હુઝૂરે અન્વર ﷺએ હિજરતથી પહેલાં તેમના નિકાહ ફસ્ખ (૨૬) ન કર્યા, કેમ કે એ જમાનામાં મુશ્રિકો સાથે મો'મિના સ્ત્રીઓના નિકાહ હરામ ન હતા. એટલા માટે જ્યારે બીબી ઝયનબ મુહાજિરા થઈને મક્કા મુકર્રમાથી રવાના થયાં તો સગર્ભા હતાં. માર્ગમાં ગર્ભ પડી ગયો. સારાંશ હઝરત ઝયનબનુ મો'મિના થઈને અબુલ આસના નિકાહમાં રહેવું જ્યારે કે તે કાફિર હતા, પ્રથમ તો એ કારણે હતું કે એ વખતે એવા નિકાહ દુરુસ્ત હતા, પછી હિજરત બાદ દેશ બદલવાના કારણે નિકાહ ફસ્ખ થયા. પણ બાદમાં એ નિકાહના કારણે નવેસરથી નિકાહ કરવામાં આવ્યા. એની ઉમદા તેહક़ીક़ અહીં જ મિર્ક़ાતમાં જુઓ.

૯. મિશ્કાતના કર્તાનો મક़સદ આ હદીષોથી એ છે કે પતિ પત્નીમાં જ્યારે કુફ્ર તથા ઈસ્લામનો મતભેદ પડી જાય તો કોઈના કેદ થયા વિના નિકાહ ફસ્ખ નથી થતો (તૂટતો નથી) ભલે બંનેના દેશ અલગ અલગ થઈ ગયા હોય, એક દારે ઈસ્લામમાં આવી જાય અને બીજુ દારે હર્બમાં રહે. આ શાફઈનો મઝહબ છે, અહનાફનો મઝહબ એ છે કે દાર તથા મુલ્ક વિવિધ થતાં જ નિકાહ ફસ્ખ થઈ જાય છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ કુર્આની આયત છે. રબ તઆલા ફર્માવે છે :

''اِذَا جَآءَكُمُ الْمُؤْمِنٰتُ مُهٰجِرٰتٍ فَامْتَحِنُوْهُنَّ ؕ اَللّٰهُ اَعْلَمُ بِاِيْمَانِهِنَّ ۚ فَاِنْ عَلِمْتُمُوْهُنَّ مُؤْمِنٰتٍ فَلَا تَرْجِعُوْهُنَّ اِلَى الْكُفَّارِ ؕ لَا هُنَّ حِلٌّ لَّهُمْ وَلَا هُمْ يَحِلُّوْنَ لَهُنَّ''

(જ્યારે તમારી પાસે મુસલમાન સ્ત્રીઓ કુફ્રસ્તાનથી પોતાનાં ઘર છોડીને આવે તો તેમની કસોટી કરો, અલ્લાહ એમના ઈમાનનો હાલ બેહતર જાણ છે. પછી જો તમને ઈમાનવાળીઓ જણાય તો તેમને કાફિરોને પરત ન આપો. ન તેણી તેમને હલાલ ન તે તેણી માટે હલાલ. સૂરએ મુમ્તહિના, ૬૦/૧૦) لا ترجعوهن થી જાણવા મળે છે કે મો'મિના દારે ઈસ્લામમાં પહોંચી અને તેણીના કાફિર પતિવાળા નિકાહ ફસ્ખ (૨૬) થયા. જેથી આ હદીષોના એવા અર્થ કરવા જોઈએ જે કુર્આની આયતોની વિરુદ્ધ ન હોય, જે અમે હમણા વર્ણવી આપ્યો.

★ હુઝૂર ﷺ ખુશીના વખતે ઉભા થઈ જતા ★

૧૦. ઈબ્ને શિહાબ ઈમામ ઝહરીની કુન્નિયત છે. ઈતિહાસકારો ફર્માવે છે કે જ્યારે ઈકરમાને પોતાના અમાનની ખબર મળી તો ખુશીથી ઉછળી પડયા અને ખૂબ જ જલ્દી બારગાહમાં હાજર થઈને મુસલમાન થયા. હુઝૂર ﷺ તેમના આગમન પર ખુશીથી ઉભા થઈ ગયા. યાદ રાખશો કે હુઝૂર ﷺ હઝરત ઈકરમા ઈબ્ને અબૂ જહલ, અદી ઈબ્ને હાતિમ, ઝયદ ઈબ્ને ષાબિત, જઅફર ઈબ્ને અબી તાલિબના આગમન પર ખુશીમાં ઉભા થયા હતા. (મિર્ક़ાત) હઝરત ફાતિમા رضی اللہ عنہا ના આગમન પર હમેશાં ઉભા થઈ જતા હતા.

(વિભાગ : 3) الفصل الثالث

★ વંશથી સાત અને સાસરીની સાત સ્ત્રીઓ હરામ ★

★ હદીષ : (૨૨)-૩૧૮૧ ★	*''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે નસબ (વંશ)થી સાત સ્ત્રીઓ હરામ છે[૧] અને સાસરીની સગાઈથી સાત. પછી આપે આ આયત*
عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: حُرِّمَ مِنَ النَّسَبِ سَبْعٌ وَمِنَ الصِّهْرِ	

તિલાવત કરી : હરામ કરવામાં આવી તમારા પર તમારી માઓ[૨]. છેવટ સુધી. (બુખારી)	سَبْعٌ ثُمَّ قَرَأَ: (حُرِّمَتْ عَلَيْكُم أُمَّهَاتكُم)الْآيَة. رَوَاهُ الْبُخَارِيّ

૧. તે સાત સ્ત્રીઓ આ પ્રમાણે છે : મા, પુત્રી, બહેન, ફોઈ, માસી, ભત્રીજી, ભાણકી.

૨. યાદ રાખશો કે નિકાહના કારણે અમુક સ્ત્રીઓ કાયમી ધોરણે હરામ થઈ જાય છે : પોતાની સાસુ, પુત્રીની પત્ની, પૌત્રાની પત્ની, દાદાની પત્ની, મદખૂલબિહા (જેનાથી સંભોગ કર્યો હોય)ની પુત્રી. અને ટેમ્પરરી ધોરણે કેટલીક સ્ત્રીઓ હરામ થાય છે : પત્નીની બહેન, તેની ફોઈ, તેની માસી. જે આયતથી હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ દલીલ કરી છે, એટલે : وَلَا تَنْكِحُوْا مَا نَكَحَ (અને બાપદાદાની નિકાહ પામેલી સાથે નિકાહ ન કરે. સૂરએ નિસાઅ, ૪/૨૨) એમાં ન તો પત્નીની માસી અને ફોઈનો ઉલ્લેખ છે, ન સસરાની પત્નીનો. જેથી આયતથી દલીલ કરવું કાંઈક કમજોર છે. અથવા કહો કે મોટાભાગનાનું વર્ણન છે, ન કે કુલનું.

★ સંભોગ કરેલ સ્ત્રીની પુત્રીથી નિકાહ હરામ અને સંભોગ ન કરેલીની પુત્રી સાથે તલાક઼ બાદ નિકાહ જાઈઝ ★

"હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે, તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રાવી (રિવાયત કરે) છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે શખ્સ કોઈ સ્ત્રી સાથે નિકાહ કરે પછી તેણી સાથે સોહબત કરે તો તેણીની પુત્રીના નિકાહ હલાલ નથી[૧], અને જો તેની સાથે સંભોગ નથી કર્યો તો તેની પુત્રી સાથે નિકાહ કરી શકે છે[૨] અને જે શખ્સ કોઈ સ્ત્રી સાથે નિકાહ કરે તો તેના તે સ્ત્રીની મા સાથે નિકાહ હલાલ નથી, તેણી સાથે સોહબત કરી હોય કે ન કરી હોય[૩] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ અસ્નાદની તરફથી સહીહ નથી[૪]. એને ઈબ્ને લહીઅહ, મુષ્ઝના ઈબ્ને સબાહે અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત કરી, અને તે બંને હદીષમાં ઝઈફ઼ માનવામાં આવે છે[૫]."	**★ હદીષ : (૨૩)-૩૧૮૨ ★** وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أَيُّمَا رَجُلٍ نَكَحَ امْرَأَةً فَدَخَلَ بِهَا فَلَا يَحِلُّ لَهُ نِكَاحُ ابْنَتِهَا وَإِنْ لَمْ يَدْخُلْ بِهَا فَلْيَنْكِحِ ابْنَتَهَا وَأَيُّمَا رَجُلٍ نَكَحَ امْرَأَةً فَلَا يَحِلُّ لَهُ أَنْ يَنْكِحَ أُمَّهَا دَخَلَ أَوْ لَمْ يَدْخُلْ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ لَا يَصِحُّ مِنْ قِبَلِ إِسْنَادِهِ إِنَّمَا رَوَاهُ ابْنُ لَهِيعَةَ وَالْمُثَنَّى بْنُ الصَّبَّاحِ عَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ وَهُمَا يُضَعَّفَانِ فِي الْحَدِيثِ

૧. જાહેર છે કે અહીં દખૂલથી મુરાદ હક઼ીક઼ી સંભોગ છે, કેવળ એકાંત (ખલ્વત) પૂરતી નથી. જે પત્ની સાથે સોહબત કરી લેવામાં આવે તેની પુત્રી હરામ થશે. કુર્આને કરીમ ફર્માવે છે : وَرَبَآئِبُكُمُ الّٰتِيْ فِيْ حُجُوْرِكُمْ مِّنْ نِّسَآئِكُمُ الّٰتِيْ دَخَلْتُمْ (એ પત્નીઓથી જેમની સાથે તમે સોહબત કરી ચૂક્યા છો. તો પછી જો તમે એમનાથી સોહબત ન કરી હોય તો એમની પુત્રીઓથી વાંધો નથી. સૂરએ નિસાઅ, ૪/૨૩)

૨. એ રીતે કે પ્રથમ એ પત્નીને તલાક઼ આપે, પછી તેની પુત્રી સાથે નિકાહ કરે. રબ તઆલા ફર્માવે છે : فَاِنْ لَّمْ تَكُوْنُوْا دَخَلْتُمْ بِهِنَّ فَلَا جُنَاحَ عَلَيْكُمْ (પછી જો તમે એમનાથી સંભોગ ન કર્યો હોય તો તેમની પુત્રીઓથી

વાંધો નથી. *–સૂરએ નિસાઅ, ૪/૨૩*)

૩. આ હુકમનું સમર્થન આ આયતે કરીમાથી છે : وَأُمَّهَٰتُ نِسَآئِكُمْ (પત્નીની માઓ અને તેમની પુત્રીઓ. –સૂરએ નિસાઅ, ૪/૨૩) કે તમારા પર તમારી પત્નીઓની માઓ હરામ છે. અહીં પત્નીઓમાં સોહબતની શર્ત નથી.

૪. એટલે એ હદીષના શબ્દો અસ્નાદની રૂએ સહીહ નથી, હદીષોનો અર્થ બિલ્કુલ સહીહ છે, કેમ ન હોય કે કુર્આને કરીમ એનું સમર્થન કરી રહ્યું છે.

૫. એટલે કે મુહદ્દિષોની નજીક ઈબ્ને લહીઅહ અને મુષ્ષના ઈબ્ને સબાહ ઝઈફ માનવામાં આવે છે. યાદ રાખશો કે અમુક મુહદ્દિષોએ તેમને ઝઈફ માન્યા છે અને ઘણા મુહદ્દિષો એમને ઝઈફ નથી માનતા. જેથી આ હદીષ તેમની નજીક ઝઈફ છે જે એ રાવીઓને ઝઈફ માને છે, અહનાફની નજીક ઈબ્ને લહીઆ ઝઈફ નથી. જુઓ તહાવી તથા મિર્કાત.

باب المباشرة

બાબુલ્ મુબાશિરહ

(સોહબત કરવા વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. مباشرة بُشرة થી બન્યું અર્થ જાહેર ચામડી, એટલા માટે માણસને બશર કહે છે. એટલે જાહેરી અને ખુલ્લી ચામડીવાળો, કે ન એના પર વાળ છે ન પાંખ જે ચામડી ઢાંકી લે. મુબાશિરતનો અર્થ છે ચામડીથી ચામડી મિલાવવી, એનાથી મુરાદ છે સોહબત (સંભોગ) કરવું. આ પ્રકરણમાં સ્ત્રી સાથે સોહબતના હુકમો વર્ણન પામશે. યાદ રાખશો કે પોતાની પત્નીથી જીવનમાં એકવાર સોહબત કરવી ફર્ઝ છે કે એના વિના તેણી દાવો કરી શકે છે, અને ચાર મહીનામાં એકવાર જરૂરી છે. એના સિવાય યથાશક્તિ કરી શકે છે. રોઝામાં અને હૈઝ તથા નિફાસ (માસિક તથા સુવાવડ પછી લોહીના સ્ત્રાવના દિવસો)માં હરામ છે. જુમ્આના દિવસે નમાઝ પહેલાં સોહબત મુસ્તહબ છે. જે હાલતોમાં સોહબત નુકસાનકર્તા હોય તેમાં સોહબત મકરૂહ છે એની વિગત શામી વગેરે ફિક્હની કિતાબોમાં જુઓ.

★ **હદીષ : (૧)-૩૧૮૩** ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ جَابِرٍ قَالَ: كَانَتِ الْيَهُودُ تَقُولُ: إِذَا أَتَى الرَّجُلُ امْرَأَتَهُ مِنْ دُبُرِهَا فِي قُبُلِهَا كَانَ الْوَلَد أحول فنزلت: (نساؤكم حرث لكم فأتوا حَرْثَكُمْ أَنى شِئْتُم)

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, યહૂદી કહેતા હતા કે જ્યારે પુરૂષ પોતાની પત્નીની પાછળની તરફથી તેણીના ગુપ્તાંગમાં સોહબત કરે તો બાળક ત્રાંસી આંખવાળો થાય છે[૧]. ત્યારે આ આયત નાઝિલ થઈ કે તમારી પત્ની તમારી ખેતીઓ છે, તો પોતાની ખેતીઓમાં જે રીતે ચાહો જાવ[૨]." (મુસ્લિમ, બુખારી)

★ સ્ત્રી સાથે ગુદામાં સંભોગ કતઈ હરામ ★

૧. સ્ત્રીની ગુદા (મળદ્વાર)માં સંભોગ કરવો સર્વ ધર્મોમાં હરામ છે. ઈસ્લામમાં કતઈ હરામ છે કે એનો ઈન્કાર કરનાર કાફિર છે, અને (હરામ જાણીને પણ) તેમાં પડનારો ફાસિક્ ફાજિર છે. અહીં એ મતલબ છે કે પુરૂષ સ્ત્રીની પાછળ ઉભો રહીને કે બેસીને ગુપ્તાંગમાં સોહબત કરે તો બાળકની આંખમાં ખરાબી થાય છે કે તે ત્રાંસી આંખોવાળો થાય છે.

૨. આ આયતમાં نساؤكم થી મુરાદ મુત્લક્ન સ્ત્રીઓ છે, ચાહે પોતાની પત્ની હોય અથવા પોતાની લોંડીઓ. અને અહીં اين અર્થમાં નથી બલ્કે كيف ના અર્થમાં છે, એટલે તઅમીમ (સામાન્યકરણ) મકાનના માટે નથી બલ્કે તઅમીમ કૈફિયતના માટે છે એટલા માટે حرثكم ઈર્શાદ થયું. એટલે પોતાની ખેતીઓમાં જે રીતે ચાહો જાવ, ઉભા રહીને, બેસીને, સૂઈને, આગળથી કે પાછળથી, શર્ત એ છે કે ગુપ્તાંગમાં સોહબત થાય કે ગુપ્તાંગ જ ખેતી છે, ન કે અન્ય જગાએ. આ આયતની તેહક્ીક્ અમારી તફસીરે નઈમી, પારા–૨માં જુઓ. મક્સદ એ છે કે જેવી રીતે ખેતીમાં બીજ ગમે તે રીતે રાખી દો તો ખુદાના ફઝ્લથી પેદાવાર થાય છે. એ જ પ્રમાણે પોતાની પત્ની કે લોંડીની પાસે કોઈ પણ રીતે જાવ તો મુક્દ્દરમાં જેવું બાળક છે તેવું થશે, આગળ પાછળ થવાથી બાળક પર અસર નથી પડતી.

★ અ़ઝ્લ કરવા વિશે મસ્અલો ★

★ હદીષ : (૨)-૩૧૮૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعنهُ كُنَّا نَعْزِلُ وَالْقُرْآنُ يَنْزِلُ. مُتَّفَقٌ عَلَيْهِ. وَزَادَ مُسْلِمٌ: فَبَلَغَ ذَلِكَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَلم ينهنا

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે અમે અ़ઝ્લ (સંભોગ વખતે ગુપ્તાંગને બદલે બહાર જ વિર્ય કાઢવું) કરતા હતા અને કુર્આન ઉતરી રહ્યું હતું. (મુસ્લિમ, બુખારી) મુસ્લિમે એ વધારે કર્યું કે આ ખબર GALSZLD ﷺ ને પહોંચી તો અમને મના ન કર્યુ[૧]."

૧. عزل (અ़ઝલ)નો અર્થ છે અલાહિદગી. ઈસ્તેલાહ (સામાન્ય બોલી)માં અ़ઝલનો અર્થ છે, વિર્યસ્ખલન વખતે સ્ત્રીથી અલગ થઈ જવું અને વિર્ય બહાર કાઢવું જેથી ગર્ભ ન રહી જાય. લોંડીમાં તો જો કે જાઈઝ છે અને પોતાની આઝાદ નિકાહવાળી પત્નીની ઈજાઝતથી જાઈઝ છે, ઈજાઝત વિના મકરૂહ છે. આ જ આમ ઉલમા તથા આમ સહાબાનો મઝહબ છે. *(મિર્કાત)*

★ બાંદી સાથે અ़ઝ્લ કરવા વિશે ★

★ હદીષ : (૩)-૩૧૮૫ ★

وَعَنْهُ قَالَ: إِنَّ رَجُلًا أَتَى رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: " إِن لِي جَارِيَةً هِيَ خَادِمَتُنَا وَأَنَا أَطُوفُ عَلَيْهَا وَأَكْرَهُ أَنْ تَحْمِلَ فَقَالَ: «اعْزِلْ عَنْهَا إِنْ شِئْتَ فَإِنَّهُ سَيَأْتِيهَا مَا قُدِّرَ لَهَا» . فَلَبِثَ الرَّجُلُ ثُمَّ أَتَاهُ فَقَالَ: إِن الْجَارِيَة قد حبلت فَقَالَ: «قَدْ أَخْبَرْتُكَ أَنَّهُ سَيَأْتِيهَا مَا قُدِّرَ لَهَا» . رَوَاهُ مُسلم

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે એક માણસ રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયા. બોલ્યા કે મારી એક લોંડી છે જે અમારી ખિદમતગાર છે[૧] અને હું તેણી પાસે જઉં છું[૨] અને એ નાપસંદ કરું છું કે તે સગર્ભા થાય[૩] તો ફર્માવ્યું, જો તું ચાહે તો તેનાથી અ़ઝ્લ કર પણ એના પર ગુજરશે એ જ જે એના મુક़દ્દરમાં છે[૪] પછી તે શખ્સ કાંઈક રોકાયો પછી ખિદમતમાં હાજર થઈને બોલ્યો કે લોંડી તો સગર્ભા થઈ ગઈ[૫]. ત્યારે ફર્માવ્યું કે અમે તો તમને પહેલાં જ ખબર આપી દીધી હતી કે જે એના મુક़દ્દરમાં છે તે તેણીને પહોંચશે[૬]." (મુસ્લિમ)

૧. جَارِيَةٌ છોકરીને પણ કહે છે, લોંડીને પણ કહે છે. અહીં બીજા અર્થમાં છે, એટલા માટે ફર્માવ્યું કે એ ખાદિમા છે, આઝાદ છોકરી નથી, બલ્કે લોંડી છે.

૨. એટલે હું એની સાથે સોહબત કરું છું, જેમ કે માલિક પોતાની લોંડીથી કર્યા કરે છે.

૩. એટલે કે મને એ ડર છે કે જો અ़ઝલ ન કરું તો કદાચ તે સગર્ભા થઈ જાય અને પછી ન તો તેનું વેચાણ જાઈઝ રહે ન હેબા (તોહફા રૂપે) વગેરે. બલ્કે મારા મૃત્યુ બાદ આઝાદ થઈ જાય. કેમ કે લોંડીથી માલિકનું બાળક થઈ જાય તે ઉમ્મે વલદ બની જાય છે કે માલિકના મૃત્યુ બાદ આઝાદ થઈ જાય છે. તેનું વેચાણ, વસિયત, ભેટ આપવું વગેરે જાઈઝ નથી. મક़સદ એ છે કે જો આપની ઈજાઝત હોય તો અ़ઝલ કરી લીધા કરું.

૪. سبحان الله ! કેવી ઉમદા તા'લીમ છે, એટલે કે અ़ઝ્લ કરવું મના તો નથી પણ બેકાર જરૂર છે કે અ़ઝલથી તકદીર નથી બદલાય જતી. જે ટીપાથી બાળક બનવાનુ છે તે બનીને રહેશે. તમારી તદબીર તકદીરને નથી બદલી શકતી.

એનાથી જાણવા મળ્યું કે લોંડી સાથે અ़ઝલ જાઈઝ છે, અને એમાં ખુદ માલિક મુખ્તાર છે, લોંડીની ઈજાઝત જરૂરી નથી.

૫. એટલે અ़ઝ્લ કરવા છતાં તેણી સગર્ભા થઈ ગઈ.

★ અ़ઝ્લ કરનારનું બાળક સહીહુન્નસબ થશે ★

૬. એટલે કે તદબીરથી તક़દીર નથી બદલતી, જેથી અ़ઝલ કરવા છતાં ગર્ભ ક़ાયમ થઈ શકે છે. એ રીતે કે વિર્ય એક ટીપુ શર્મગાહમાં પડી જાય અને તેને ખબર ન પડે. જોવામાં આવ્યું છે કે અમુક ઔલાદવાળાઓએ ઔલાદથી બચવા માટે ફ્રેંચ લેધર સંભોગ વખતે વાપર્યું છતાં ગર્ભ રહી ગયો. આજકાલ કુટુંબનિયોજનના નામથી જન્મ રોકવાની તદબીરો કરવામાં આવે છે, પણ અનુભવ કરી રહ્યો છે કે જન્મો પહેલાં કરતાં અધિક થઈ રહ્યાં છે. હુઝૂરેવાલાના આલી ફર્માનો અટલ છે. આ હદીષથી જાણવા મળ્યું કે અ़ઝ્લ કરનારનું બાળક સહીહુન્નસબ થશે. પતિ એવું નથી કહી શક્તો કે મેં તો અ़ઝલ કર્યું હતું જેથી આ બાળક મારું નથી હરામી છે, કેમ કે અ़ઝલથી પણ ગર્ભ રહી જાય છે. એ પણ જાણવા મળ્યું કે ભલે અ़ઝલ બેકારની ચીજ છે પણ જાઈઝ છે, કેમ કે સરકાર ﷺએ ન તો અ़ઝ્લથી મના કર્યું અને ન એ બાળકના વંશના ઈન્કારની રજા આપી.

★ અ़ઝ્લથી તક़દીર નથી બદલાય શક્તી ★

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ ﷺની સાથે ગઝવએ બની મુસ્તલકમાં ગયા[૧] તો અમે અરબના કેદીઓમાંથી અમુક કેદી મેળવ્યા[૨] અમને સ્ત્રીઓ પ્રતિ આકર્ષણ હતું અને અમારે પત્ની વિના રહેવું મુશ્કેલ થયું. અમે અ़ઝલને પસંદ કર્યું[૩] જેથી અમે અ़ઝલ કરવાનું વિચાર્યું[૩] પણ અમે વિચાર્યું કે શું અમે અ़ઝ્લ કરીએ જ્યારે કે રસૂલુલ્લાહ ﷺ અમારી દરમિયાન છે એમને પૂછયા પહેલાં ?[૪] તો અમે આપનાથી એના વિશે પૂછયું, તો ફર્માવ્યું કે તમારા માટે અ़ઝલ કરવામાં કોઈ વાંધો નથી[૫] નથી કોઈ રૂહ જે ક़યામત સુધી આવનારી હોય, પણ તે આવીને રહેશે[૬]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૪)-૩૧૮૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: خَرَجْنَا مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ غَزْوَةَ بَنِي الْمُصْطَلِقِ فَأَصَبْنَا سَبْيًا مِنْ سَبْيِ الْعَرَبِ فاشتهينا النِّسَاء واشتدت عَلَيْنَا الْعُزْبَةُ وَأَحْبَبْنَا الْعَزْلَ فَأَرَدْنَا أَنْ نَعْزِلَ وَقُلْنَا: نَعْزِلُ وَرَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَيْنَ أَظْهُرِنَا قَبْلَ أَنْ نَسْأَلَهُ؟ فَسَأَلْنَاهُ عَنْ ذَلِكَ فَقَالَ: «مَا عَلَيْكُمْ أَلَّا تَفْعَلُوا مَا مِنْ نَسَمَةٍ كَائِنَةٍ إِلَى يَوْمِ الْقِيَامَةِ إِلَّا وَهِيَ كَائِنَةٌ»

૧. બની મુસ્તલક़ કબીલો બની ખઝાઆની એક જમાઅતનું નામ છે જે ખુઝૈમા ઈબ્ને સઅદ ઈબ્ને ઉમરની ઔલાદથી છે. ખુઝૈમાનો લક़બ મુસ્તલક़ હતો કે તે ખૂબ જ ખુશ અવાજવાળો હતો. બની ખુઝાઆમાં સૌ પ્રથમ ગાયન (ગીત) તેણે જ ગાયું. આ ગઝવો હિ.સ. ૫માં થયો. એ ગઝવામાં હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا ને તોહમત લગાડવામાં આવી અને આપની સફાઈમાં સૂરએ નૂરની ૧૮ આયતો નાઝિલ થઈ. જેનો પ્રસંગ મશહૂર છે.

★ અરબવાસી કેદીને ગુલામ બનાવવામાં નહીં આવે ★

૨. આ હદીષના આધારે શાફઈઓ કહે છે કે અરબના મુશ્રિકોને જેહાદમાં કેદ કરી શકાય છે અને તેમને લોંડી ગુલામ બનાવી શકાય છે, કેમ કે બની મુસ્તલક़ અરબ છે અને તેમની સ્ત્રીઓને લોંડી બનાવવામાં આવી. ઈમામે

અબૂ હનીફા رضی اللہ عنہ ફર્માવે છે કે અરબના કાફિરોને કેદી બનાવીને લોંડી ગુલામ નથી બનાવી શકાતા, કેમ કે એ લોકો મોહતરમ છે. ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ની દલીલ આ હદીષ છે : امرت ان اقاتل الناس حتی یقولوا لا اله الا الله۔ الناس થી મુરાદ અરબના મુશ્રિકો છે. એ હદીષ ક્યાં તો આ હદીષથી મન્સૂખ છે, અથવા એ ગિરફતાર થનાર અરબી વંશવાળા ન હતા, બહારના હતા. કબીલા બની મુત્લકમાં રહેતા હતા. من العرب નો એ જ મતલબ છે.

૩. કે જેથી લોંડીઓથી સોહબત પણ કરી શકે અને ગર્ભ પણ ન રહે, જેનાથી તેમનુ વેચાણ કે ભેટ આપવું થઈ શકે.

★ જલક એટલે હસ્તમૈથુન હરામ છે ★

૪. એ હઝરાત સમજ્યા કે અઝ્લ હરામ હશે કે એમાં વિર્યને વેડફી કાઢવું છે. જેમ કે જલક એટલે હસ્તમૈથુન હરામ છે કે એમાં પાણી વેડફવું છે.

૫. અહીંથી મુરાદ ખતરો છે ન કે શરઈ મનાઈ. એટલે અઝ્લ ન કરવું ખતરનાક નથી અને અઝ્લ કરવું ફાયદાકારક નથી. કેમ કે જે બાળક દુનિયામાં આવનારુ છે તે આવીને રહેશે. જેથી હદીષ તદ્દન સ્પષ્ટ છે. આ શબ્દોના અન્ય ઘણા અર્થો કરવામાં આવ્યા છે. અમુક નુસ્ખાઓમાં لا (લા) નથી ان تفعلوا છે, અમુકે ફર્માવ્યું કે لا (લા) છે પણ વધારાનું છે. અર્થ એ છે કે અઝ્લ કરવામાં તમારા પર વાંધો નથી, જાઈઝ છે.

૬. એટલે કે તમારા અઝ્લ કરવાના કારણે આવનારી રૂહ આવવાથી રોકાશે નહીં, જેથી અઝ્લ કરવું ભલે હલાલ છે પણ છે બેકાર.

★ દરેક વિર્યથી બાળક પેદા નથી થતુ જેથી અઝ્લ કરવું બેકાર છે ★

★ હદીષ : (૫)-૩૧૮૭ ★
وَعَنْهُ قَالَ: سُئِلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنِ الْعَزْلِ فَقَالَ: «مَا مِنْ كُلِّ الْمَاءِ يَكُونُ الْوَلَدُ وَإِذَا أَرَادَ اللَّهُ خَلْقَ شَيْءٍ لَمْ يَمْنَعْهُ شَيْءٌ» . رَوَاهُ مُسْلِمٌ

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ને અઝ્લના વિશે પૂછવામાં આવ્યું, તો ફર્માવ્યું કે દરેક વિર્યથી બાળક પેદા નથી થતુ[૧] અને અલ્લાહ તઆલા જ્યારે કોઈ ચીજ પેદા કરવા ચાહે છે તો તેને કોઈ ચીજ રોકી નથી શકતી[૨].'' (મુસ્લિમ)

૧. જેમ કે જોવામાં આવ્યું છે કે ઘણીવાર સોહબત કરવામાં આવે છે પણ ગર્ભ નથી રહેતો અને એ સ્ત્રીથી કેવળ એક જ વાર સોહબત કરવામાં આવે તો ગર્ભ રહી જાય છે, જ્યારે પુરૂષ પણ તે જ હોય છે અને સ્ત્રી પણ તે જ હોય છે.

૨. આ سبب માં ઘણી વિશાળતા છે, એટલે ફ્રેંચ લેધર, ગર્ભ વિરુદ્ધ દવાઓ, કુટુંબ નિયોજનની તદબીરો (યુક્તિઓ) વગેરે કોઈ ચીજ આવનારા બાળકને નથી રોકતી. આજે તકદીરની સામે સાયન્સે પણ માથુ નમાવી દીધું છે.

★ હદીષ : (૬)-૩૧૮૮ ★
وَعَنْ سَعْدِ بْنِ أَبِي وَقَّاصٍ: أَنَّ رَجُلًا جَاءَ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: إِنِّي أعزل عَن

''હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સ રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયો. તેણે અર્ઝ કરી કે હું મારી પત્ની સાથે અઝ્લ કરું છું[૧] તેને રસૂલુલ્લાહ ﷺ એ

امْرَأَتِي. فَقَالَ لَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «لم تفعل ذَلِكَ؟» فَقَالَ الرَّجُلُ: أُشْفِقُ عَلَى وَلَدِهَا. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَوْ كَانَ ذَلِكَ ضاراً ضرّ فَارس وَالروم» . رَوَاهُ مُسلم

ફર્માવ્યું કે તું એવું શા માટે કરે છે ? તો બોલ્યો કે તેણીના બાળક પર ખૌફ કરું છું[૨] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જો આ કામ નુકસાનકર્તા હોત તો ફારસીઓ અને રોમીઓને નુકસાન આપત[૩]."

૧. અ़ઝલનો અર્થ અલાહિદગી તથા દૂરી. અહીં એના બે મતલબ થઈ શકે છે. હું મારી પત્નીથી અલગ રહું છું કે સોહબત નથી કરતો, અથવા તેણીથી સોહબત તો કરું છું પણ પાણી અલગ ફેંકુ છું જેથી તે સગર્ભા ન થઈ જાય, કેમ કે તેનું દૂધ પીતુ બાળક છે અને ગર્ભ રહી જવાથી દૂધ ખરાબ થઈ જશે.

૨. આ વાક્યના પણ બે અર્થ થઈ શકે છે : એક એ કે મારી પત્ની સગર્ભા છે જેથી હવે સંભોગ કરવામાં ખતરો છે કે ગર્ભને નુકસાન થાય અથવા સગર્ભાને નુકસાન થાય. જેનાથી ગર્ભ પડી જાય અથવા મારુ બાળક દૂધ પીતુ છે તો ખતરો છે કે સોહબત કરવાથી તેણી સગર્ભા થઈ જાય જેનાથી દૂધ ઓછુ પણ થઈ જાય અને ભારે પણ કે બાળક ભૂખ્યુ પણ રહે અને બદ્હજમી પણ થાય. એને 'ગ़ીલા' કહે છે કે દૂધ પીતા બાળકના સમયમાં સ્ત્રી સાથે સંભોગ કરવો.

૩. એટલે ફારસી તથા રૂમી લોકો ગર્ભની હાલતમાં પોતાની પત્નીઓને સોહબત કરે છે અને સ્ત્રીઓ સગર્ભા થઈ જવા પર પણ બાળકને દૂધ પીવડાવતી રહે છે છતાં બાળકને કોઈ નુકસાન નથી થતું. જેથી તમારો આ ખયાલ ગલત છે કે ગ़ીલા બાળકને નુકસાનકર્તા હોય છે. જાણવા મળ્યું કે અનુભવ વિશ્વસનીય છે અને વિશ્વાસ પર હુકમો લાગુ થઈ જાય છે. એ મતલબ પણ થઈ શકે છે કે ફારસી તથા રૂમી લોકો સગર્ભા પત્નીઓથી સંભોગ કરે છે, તેમના ગર્ભને નુકસાન નથી થતું. જાણવા મળ્યું કે સરકાર ﷺ કૌમોના આંત્રિક હાલાતથી પણ ખબરદાર છે. ઉલમાએ જોઈએ કે જમાના તથા જમાનાવાળાઓના હાલાતથી બાખબર રહે.

★ હદીષ : (૭)-૩૧૮૯ ★

وَعَن جذامة بِنْتِ وَهْبٍ قَالَتْ: حَضَرْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي أُنَاسٍ وَهُوَ يَقُولُ: «لقد هَمَمْت أَن أَنْهَى عَنِ الْغِيلَةِ فَنَظَرْتُ فِي الرُّومِ وَفَارِسَ فَإِذَا هُمْ يُغِيلُونَ أَوْلَادَهُمْ فَلَا يَضُرُّ أَوْلَادَهُمْ ذَلِكَ شَيْئًا» . ثُمَّ سَأَلُوهُ عَنِ الْعَزْلِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " ذَلِكَ الوأد الْخَفي وَهِي (وَإِذا الموؤودة سُئِلت)رَوَاهُ مُسلم

"હઝરત જઝામા બિન્તે વહબથી[૧] રિવાયત છે. ફર્માવે છે, હું રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં અમુક લોકોની સાથે આવી[૨] હુઝૂર ફર્માવી રહ્યા હતા કે, મેં ઈરાદો કર્યો હતો કે ગ़ીલાથી મના કરું[૩] પણ મેં ફારસીઓ તથા રોમીઓમાં વિચારણા કરી તો તે લોકો પોતાની ઔલાદનો ગ़ીલા કરે છે અને તેમની ઔલાદને એ અમલ કાંઈ પણ નુકસાન નથી આપતો[૪]. પછી લોકોએ હુઝૂરને અ़ઝલના વિશે પૂછ્યું તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે, આ છુપી રીતે જીવતુ દફન કરવું છે[૫] અને આ ઝિંદા કબરમાં દફન કરવું. આ આયતમાં છે કે જ્યારે જીવંત દાબી દીધેલી બાળકીથી સવાલ કરવામાં આવશે[૬]." (મુસ્લિમ)

૧. આપ જુઝામા બિન્તે વહબ અસદિયા છે. હઝરત આઈશા رضی اللہ عنہا ની ભાણકી, મક્કા મોઅઝ્ઝમામાં ઈમાન લાવ્યાં પછી પોતાની જમાઅતની સાથે હિજરત કરીને મદીના મુનવ્વરા હાજર થયાં. *(અકમાલ, અશિઅહ, મિર્કાત)*

૨. એટલે કે પોતાના કુંબા (કુટુંબ)ના લોકોની સાથે હિજરત કરીને મદીના મુનવ્વરા હુઝૂર ﷺની ખિદમતે અક્દસમાં હાજર થયાં.

૩. غ ના ઝેર (કસ્રા)થી પણ છે અને ઝબર (ફતહ)થી પણ. જે સ્ત્રી દૂધ પીવડાવી રહી હોય અથવા સગર્ભા હોય તેનાથી સંભોગ કરવાને ગ઼ીલ કહે છે. મશહૂર છે કે આ બંનેવ જમાનાઓમાં સોહબત નુકસાનકર્તા હોય છે, પણ એ ગલત છે, જેવું કે અનુભવ સાક્ષી છે.

★ હુઝૂર ﷺ અહકામના માલિક છે ★

૪. એટલે ડોકટરો પણ કહે છે અને અરબમાં મશહૂર પણ છે કે ગ઼ીલ નુકસાનકર્તા છે, એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ ચાહ્યું કે તેને શરીઅતની રૂએ મના ઠરાવવામાં આવે. કેમ કે ચીજ શરઅન પણ મના છે, ઝહેર ખાવું હરામ છે કે એ ખુદકશી (આત્મહત્યા) છે. પણ ફારસ તથા રોમનો અમલ માલૂમ કરીને ખબર પડી કે આ ખયાલ ગલત છે, કાંઈ નુકસાનકર્તા નથી. એટલા માટે એને મના ન કર્યું. જાણવા મળ્યું કે હુઝૂર એહકામના માલિક છે.

૫. જેમ કે પેદા થયેલ બાળકીને જીવતી દફન કરી દેવી જાહેરી واد, વાદ છે, અને અ઼ઝલ કરીને વિર્યથી બાળક ન બનવા દેવું અને પોતાનું વિર્ય વેડફી નાખવું એ છુપો واد, છે. અમુક ઉલમા અ઼ઝલને મના કરે છે. તેમની દલીલ આ છે, પણ હક્ક઼ એ છે કે અ઼ઝલ જાઈઝ છે અને આ હદીષ મન્સૂખ છે. *(મિર્કાત)*

★ અઝલ કરવું છુપી રીતે ઝિંદા દફનાવવું છે ★

૬. આયતનો વિષય એ છે કે ક઼યામતમાં જીવંત દાટેલી બાળકીથી સવાબ થશે કે તેને કે તને તારાં માબાપે કયા કસૂરમાં જીવતી દાટી હતી. તે અર્ઝ કરશે કે વિના વાંકે ! ત્યારે એ માબાપોને સખત સજા આપવામાં આવશે. સરકાર ﷺનો હેતુ એ છે કે એ જ સવાલ અ઼ઝૂલ કરનારને પણ થઈ શકે છે કે આ અમલ પણ વાદ (واد) આપવા એટલે જીવતી દાટવાના જેમ છે.

★ પત્ની સાથે સંભોગના હાલાત બીજાને ન બતાવો ★

★ હદીષ : (૮)-૩૧૯૦ ★	*"હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે સૌથી મોટી અમાનત અલ્લાહની નજીક ક઼યામતના દિવસે, એક અન્ય રિવાયતમાં આ પ્રમાણે છે કે ક઼યામતના દિવસે અલ્લાહની નજીક બદ્તરીન દરજાવાળો તે શખ્સ હશે[૧] જે પોતાની પત્ની પાસે જાય અને પત્ની તેની પાસે આવે અને પછી તેનુ રાઝ જાહેર કરે[૨]." (મુસ્લિમ)*
وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:إِنَّ أَعْظَمَ الْأَمَانَةِ عِنْدَ اللَّهِ يَوْمَ الْقِيَامَةِ " وَفِي رِوَايَةٍ: إِنَّ مِنْ أَشَرِّ النَّاسِ عِنْدَ اللَّهِ مَنْزِلَةً يَوْمَ الْقِيَامَةِ الرَّجُلُ يُفْضِي إِلَى امْرَأَتِهِ وَتُفْضِي إِلَيْهِ ثُمَّ ينشر سرها ". رَوَاهُ مُسلم	

૧. જો આ الرجل من اشر الناس ની ખબર હોય ત્યારે તો મતલબ સ્પષ્ટ છે કે ક઼યામતના દિવસે બદ્તરીન શખ્સ એ હશે, અને જો ان اعظم الامانة ની ખબર હોય તો الرجل થી પહેલાં ખયાનત ગુપ્ત છે, એટલે બદ્તરીન

ખયાનત તે શખ્સની ખયાનત છે. સારાંશ બંને અર્થો દુરુસ્ત છે. મક્સદ એ છે કે ખયાનત કેવળ માલની જ નથી હોતી બલ્કે માલ, રાઝ અને ઈજ્જત વગેરે સૌમાં હોય છે, બલ્કે માલમાં ખયાનત કરતાં અનંતગણુ બદતર રાઝદારીમાં ખયાનત છે.

★ પત્નીની છુપી અયબો લોકોને ન બતાવો ★

૨. એટલે ક્યાં તો પોતાની પત્નીના છુપી અયબો લોકોને બતાવે અથવા તેનું હુસ્ન, તેની ખૂબીઓ લોકોને બતાવે અથવા સંભોગ વખતની વાતચીત, તે વખતની સ્થિતિઓ લોકોને કહેતો ફરે. જેમ કે આમ આઝાદ નવ જવાનોનો દસ્તૂર છે કે પ્રથમ રાતની વાતો પોતાના દોસ્તોને નિઃસંકોચપણે બતાવે છે. અહીં મિર્કાતે એક હિકાયત વર્ણન કરી કે કોઈકની પોતાની પત્ની સાથે લડાઈ રહેતી હતી. તેના એક દોસ્તે પૂછયું કે તારી પત્નીમાં ખરાબી શું છે ? તે બોલ્યો કે તમે મારા આંત્રિક મામલાઓને પૂછનાર કોણ છો ? છેવટે તેણીને તલાક્ આપી દીધી. એ પ્રશ્નકર્તાએ કહ્યું કે હવે તો એ તમારી પત્ની ન રહી, હવે બતાવો કે તેણીમાં શું ખરાબી હતી ? એ બોલ્યો, તે સ્ત્રી ગૈર થઈ ચૂકી તો મને કોઈ ગૈરની અયબો બતાવવાનો શું હક્ક છે ? આ છે પર્દાપોશી !

(વિભાગ : ૨) الفصل الثانی

★ ગુદામાં તથા હૈઝની હાલતમાં સંભોગ હરામ ★

★ હદીષ : (૯)-૩૧૧ ★	*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ની તરફ આયત* نساؤكم حرث لكم *વહી કરવામાં આવી[૧] જેથી તમો તમારી ખેતીઓમાં આવો. આગળથી આવો અને પાછળથી. પણ ગુદા અને હૈઝથી બચો[૨]." (તિર્મિઝી)*
عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: أُوحِيَ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: (نساوكم حرث لكم فَأتوا حَرْثَكُمْ)الْآيَةَ: «أَقْبِلْ وَأَدْبِرْ وَاتَّقِ الدُّبُرَ وَالْحَيْضَةَ» . رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه	

૧. એટલે કે યહૂદીની રદમાં આ આયતે કરીમા ઉતરી કે તેઓ કહેતા હતા કે જો પતિ પોતાની પત્ની પાસે પાછળથી તેના ગુપ્તાંગમાં સોહબત કરે તો બાળક ત્રાંસી આંખવાળુ થાય છે. આ આયતમાં તેમનો રદ કરવામાં આવ્યો.

૨. આ એ આયતની તફસીર છે, એટલે પતિને અધિકાર છે કે પોતાની પત્ની સાથે આગળથી સોહબત કરે કે પાછળથી, પણ શર્ત એ જ છે કે ગુપ્તાંગમાં જ કરે. એટલા માટે રબ તઆલાએ ફર્માવ્યું કે પોતાની ખેતીની પાસે આવો, અને જાહેર છે કે ખેતી ગુપ્તાંગ છે ન કે ગુદા. તેમજ ગુપ્તાંગમાં પણ હૈઝ (માસિક)ની હાલતમાં સોહબત હરામ છે. કેમ કે એ હાલતમાં ગુપ્તાંગ પણ ગુદાની જેમ ગંદકીની જગા બની હોય છે અને સોહબત નુકસાનકર્તા બને છે. હક્ક એ છે કે **જે શખ્સ હૈઝ (માસિક)માં સોહબત હલાલ જાણે તે કાફિર છે** કે તે નસ્સે કુર્આની (કુર્આની આયતની દલીલ)નો મુન્કિર છે.

★ હદીષ : (૧૦)-૩૧૨ ★	*"હઝરત ખુઝૈમા ઈબ્ને ષાબિત رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા હક્કથી શરમ નથી કરતો[૨] સ્ત્રીઓ પાસે તેમની ગુદાઓમાં ન જાવ.[૩]" (અહમદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી)*
وَعَنْ خُزَيْمَةَ بْنِ ثَابِتٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّ اللَّهَ لَا يستحيي مِنَ الْحَقِّ لَا تَأْتُوا	

النِّسَاءَ فِي أَدْبَارِهِنَّ» . رَوَاهُ أَحْمد وَالتِّرْمِذِيّ وَابْن مَاجَه. والدارمي	

૧. આપની કુન્નિયત અબૂ અમ્મારા છે અન્સારી અવસી છે. લક્બ મુશ્શહાદતૈન છે. બદર વગેરે ગઝવાતમાં શરીક રહ્યા. ફતહે મક્કાના દિવસે અવસ અન્સારનો ઝંડો આપના હાથમાં હતો. જંગે સિફ્ફીનમાં અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہ ની સાથે હતા. જ્યારે અમ્માર બિન યાસિર શહીદ થયા તો તલ્વાર સંભાળી લીધી અને જંગ કરી, ત્યાં સુધી કે શહીદ થઈ ગયા. *(અકમાલ, મિર્કાત, અશિઅહ)*

૨. મિર્કાતે ફર્માવ્યું કે મક્સદ એ છે કે અમે હક્ક વાત ફર્માવવાથી શરમ નથી કરતા, દરેક મસ્અલો જાહેર કરી આપીએ છીએ. પણ કેમ કે આપનુ ફર્માન પર્દા પાછળ હક્કનો આદેશ છે એટલા માટે એને રબ તઆલાની તરફ નિસ્બત કરી. એમાં ઉલમાએ તાકીદ કરી છે કે શરમના કારણે શરઈ મસાઈલ વર્ણન કરવામાં ઉણપ ન વર્તવામાં આવે.

★ છોકરીની ગુદામાં સંભોગ સખત હરામ અને એવું કરનારને કત્લ કરવામાં આવે ★

૩. نِسَآء થી મુરાદ મુત્લક્ન (બિનશર્તી, કોઈ અપવાદ નહીં) સ્ત્રીઓ છે, ચાહે આપણી પત્નીઓ હોય કે આપણી લોંડીઓ. યાદ રાખશો કે અજનબી સ્ત્રી સાથે ગુદામાં સોહબત ઝિનાના હુકમમાં છે, જેની સજા ઝિનાની જેમ છે. પોતાની પત્ની અથવા પોતાની લોંડીથી ગુદામાં સોહબત કરવી હરામ તો છે પણ તેના પર ઝિનાની સજા નથી, બલ્કે તઅઝીર (દંડ શિક્ષા) છે. છોકરા સાથે ગુદામાં સોહબત સખત હરામ છે. આકિલને કત્લ કરવામાં આવે, જેની સાથે આ કામ કરવામાં આવ્યું ને પાગલ હોય અથવા ઘણો નાનો બાળક હોય અથવા મજબૂર કરવામાં આવ્યો હોય તો એના પર સજા નથી, નહીં તો એ પણ સજાને પાત્ર છે. જુઓ ફિકહની કિતાબો તથા મિર્કાત. મિર્કાતે ફર્માવ્યું કે **જે ગુદામાં સોહબત હરામ હોવાનો ઈન્કાર કરે તે કાફિર નથી, કેમ કે તેની હુર્મત (હરામ હોવુ) કતઈ ષબૂત, કતઈ નસની દલીલથી સાબિત નથી.** પણ ફકીર અહમદ યારખાંની તેહકીક એ છે કે તે કાફિર છે. એની ચર્ચા અમારી તફસીરે નઈમી, ભાગ–૨માં જુઓ, એની કતઈ હુર્મત કતઈ કિયાસથી સાબિત છે.

★ પોતાની પત્ની સાથે ગુદામાં સંભોગ કરનાર મલઊન છે ★

★ હદીષ : (૧૧)-૩૧૯૩ ★
وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَلْعُونٌ مَنْ أَتَى امْرَأَتَهُ فِي دُبُرِهَا».رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُدَ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે લઅનતી છે તે જે પોતાની પત્ની પાસે તેની ગુદામાં જાય.[૧]''

(અહમદ, અબૂ દાઊદ)

૧. એટલે કે જ્યારે પોતાની પત્ની અથવા લોંડી સાથે ગુદામાં સોહબત કરનારો લઅનતી છે, તો અજનબી સ્ત્રી સાથે આવી હરકત કરનારો કેવો મરદૂદ લા'નતી જહન્નમી થશે.

★ હદીષ : (૨)-૩૧૯૪ ★
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ الَّذِي

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે શખ્સ પોતાની પત્ની

★ હદીષ : (૧૨)-૩૧૯૪ ★
يَأْتِي امْرَأَتَهُ فِي دُبُرِهَا لَا يَنْظُرُ اللَّهُ إِلَيْهِ» . رَوَاهُ فِي شرح السّنة

પાસે તેની ગુદામાં જાય તો અલ્લાહ તેની તરફ રહમતની નજરથી જોશે નહીં[૧]" (શર્હે સુન્નહ)

૧. એટલે એવા શખ્સને અલ્લાહ તઆલા કાલે ક़યામતમાં રહમતની નજરથી જોશે નહીં. એટલે કે એ શખ્સ અત્યંત બદબખ્ત છે કે કયામતમાં અલ્લાહની રહમત વંચિત છે. કુર્આને કરીમમાં આ શબ્દો કાફિરોના માટે ગઝબને પ્રદર્શિત કરવા માટે ઈર્શાદ થયેલ છે : لَا يَنْظُرُ اِلَيْهِمْ يَوْمَ الْقِيٰمَةِ وَلَا يُزَكِّيْهِمْ ۪ وَلَهُمْ عَذَابٌ اَلِيْمٌ (અને ન તેમને પાક કરે અને તેમના માટે દર્દનાક અઝાબ છે. સૂ. આલે ઈમરાન, ૩/૭૭) જે રબ તઆલાની રહમતથી વંચિત રહ્યો તે જહન્નમી થયો.

★ અલ્લાહ તેને રહમતની નજરથી ન જોશે ★

★ હદીષ : (૧૩)-૩૧૯૫ ★
وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَنْظُرُ اللَّهُ إِلَى رَجُلٍ أَتَى رَجُلًا أَوِ امْرَأَةً فِي الدبر» . رَوَاهُ التِّرْمِذِيّ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા તેને રહમતની નજરથી ન જોશે જે છોકરા પાસે કે સ્ત્રી પાસે ગુદામાં થાય.[૧]" (તિર્મિઝી)

૧. આ ફર્માન ક્યાં તો ખબર અથવા બદદુઆ છે. એટલે જે છોકરા અથવા કોઈ સ્ત્રી, પોતાની હોય કે પરાયી ગુદામાં સંભોગ કરે તેને અલ્લાહ તઆલા ક़યામતમાં રહમતથી નજરથી ન જુએ કે ન જોશે. અને શક્ય છે કે ક़યામતની પણ શર્ત ન હોય, દુનિયા તથા આખેરતમાં એવા લોકો રબ તઆલાની રહમતથી વંચિત છે. કેમ કે તેમને ન દુનિયામાં ભલાઈની તૌફીક છે ન આખેરતમાં ક़બૂલિયત. યાદ રાખશો કે હદીષો ઝન્નિયહ (ધારણાવાળી) કે એનાથી ક़તઈ હુર્મત સાબિત નથી થઈ શકતી. એટલા માટે ફ़ક़ીહો તથા ઉસૂલના ઉલમાએ આ ફેઅલ (કામ)ની ક़તઈ હુર્મત (હરામ હોવું) ક़તઈ ક़યાસથી સાબિત કરી છે. તેમણે હૈઝની હાલતમાં સંભોગ પર ક़યાસ કર્યો.

★ હદીષ : (૧૪)-૩૧૯૬ ★
وَعَنْ أَسْمَاءَ بِنْتِ يَزِيدَ قَالَتْ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «لَا تَقْتُلُوا أَوْلَادَكُمْ سِرًّا فَإِنَّ الْغَيْلَ يُدْرِكُ الْفَارِسَ فيدعثره عَن فرسه» . رَوَاهُ أَبُو دَاوُد

"હઝરત અસ્મા બિન્તે યઝીદથી[૧] રિવાયત છે, ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે પોતાની ઔલાદને છુપી રીતે ક़ત્લ ન કરો, કેમ કે ગ़યલ સવારને ઓળખે છે તો તેને ઘોડા પરથી પાડી દે છે.[૨]" (અબૂ દાઊદ)

૧. અસ્મા બિન્તે અબૂ બકર સિદ્દીક़ અલગ છે અને અસ્મા બિન્તે અનીસ અલગ છે, અને અસ્મા બિન્તે યઝીદ અલગ છે. આ ત્રણેવ અસ્મા સહાબિયા છે. અસ્મા બિન્તે યઝીદ અન્સારિયા છે. ઘણી જ આક़िલા (બુદ્ધિમાન) અને બહાદુર બીબી હતાં. આપે જ જંગે યરમૂકમાં તંબૂ નીચેથી નવ કાફિર ક़ત્લ કર્યા.

૨. غيل (ગ़યલ)નો અર્થ પહેલાં દર્શાવવામાં આવેલો છે કે દૂધ પીવડાવનારી સ્ત્રીથી સોહબત કરવી જેનાથી તે સગર્ભા થઈ જાય, સ્ત્રીનું દૂધ ભારે તથા ગરમ થઈ જાય છે જે બાળકને નુકસાન કરે છે. મતલબ એ છે કે સગર્ભા સ્ત્રીના દૂધનું નુકસાન જવાનોમાં અસર કરે છે કે સવારને સવારીથી ફેંકી દઈને હલાક કરી દે છે. પાછલી હદીષોમાં આનાથી ઈન્કાર હતો.

અમુક ઉલમાએ ફર્માવ્યું કે પાછલી જુઝામાની હદીષ જાઈઝના વર્ણન માટે હતી, આ અસ્માની હદીષ કરાહતના માટે છે, એટલે કે દૂધ પીવાની હાલતમાં સોહબત કરવી જાઈઝ છે, બેહતર નથી. એ જ પ્રમાણે સગર્ભા સ્ત્રીનું દૂધ બાળકને પીવડાવવું જાઈઝ છે પણ બેહતર નથી. અમુકે ફર્માવ્યું કે પાછલી હદીષે હકીકી તાષીરના ઈન્કાર માટે હતી. આ હદીષ મજાઝી તાષીરની સાબિતી માટે છે. અમુક ઉલમાએ ફર્માવ્યું, આ હદીષ મન્સૂખ છે, પાછલી નાસિખ (મન્સૂખ કરનાર) હતી. સારાંશ આ અમલ જાઈઝ છે, મના નથી.

(વિભાગ : 3) الفصل الثالث

★ આઝાદ સ્ત્રીથી વિના ઈજાઝત અ़ઝલ જાઈઝ નથી ★

''હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ એનાથી મના કર્યું કે આઝાદ સ્ત્રીથી તેણીની ઈજાઝત વિના અ़ઝલ કરવામાં આવે.[૧]'' (ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૫)-૩૧૯૭ ★

عَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَن يعْزل عَن الْحرَّة إِلَّا بِإِذْنِهَا. رَوَاهُ ابْن مَاجَه

૧. એટલે કે લોંડીથી તેણીની ઈજાઝત વિના પણ અ़ઝલ કરવું જાઈઝ છે અને આઝાદ પત્નીથી તેણીની ઈજાઝતથી અ़ઝલ કરી શકે છે, કેમ કે સોહબત આઝાદ પત્નીનો હક્ક છે અને વિર્ય સ્ખલન સોહબતની ચરમ સીમા છે જેનાથી સ્ત્રીને તસલ્લી થાય છે.

બાબ باب
(પ્રકરણ[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. એટલે આ પ્રકરણ સોહબત વગેરે વિશે વિવિધ હદીષોનું છે એટલા માટે એના બાબનો તર્જુમો નિશ્ચિત ન કર્યો, કેવળ પ્રકરણ (બાબ) દર્શાવી આપ્યું જાણો કે આ બાબુલ મુતફર્રિક़ાત (વિવિધતાવાળુ પ્રકરણ) છે.

★ હદીષ : (૧)-૩૧૯૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ عُرْوَةَ عَنْ عَائِشَةَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لَهَا فِي بَرِيرَةَ: «خُذِيهَا فَأَعْتِقِيهَا» . وَكَانَ زَوْجُهَا عَبْدًا فَخَيَّرَهَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَاخْتَارَتْ نَفسهَا وَلَو كَانَ حرا لم يخيرها

''હઝરત ઉરવા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. તે જનાબ આઈશાથી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ એ તેમને હઝરત બરીરાના વિશે ફર્માવ્યું કે તેમને ખરીદી લો[૨] પછી આઝાદ કરી દો અને તેમનો પતિ ગુલામ હતો[૩] એટલા માટે રસૂલુલ્લાહ ﷺ એ તેમને અખત્યાર આપ્યો. તેમણે પોતાને અખત્યાર કરી લીધુ અને જો તે આઝાદ હોત તો બરીરાને અખત્યાર ન આપત.[૪]'' (મુસ્લિમ, બુખારી)

૧. ઉરવા ઈબ્ને ઝુબૈરા હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا ના ભાણીયા એટલે હઝરત અસ્મા બિન્તે અબૂ બકર સિદ્દીકના સાહબઝાદા છે. તાબઈનમાંથી છે. મદીનાના સાત મહાન ફક़ીહોમાંથી છે. હિ.સ. ૨૨માં પેદાઈશ છે.

૨. હઝરત બરીરાના હાલાત કિતાબુલ બુયૂઅમાં વર્ણન થઈ ચૂકેલ છે કે આપ પહેલાં એક યહૂદીની લોંડી હતાં, તેનાથી હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا એ ખરીદી લીધાં. તેમની સાથે ઘણા શરઈ અહકામ સંબંધિત છે.

૩. તેમનું નામ મુગીષ હતું. એ શરૂમાં ગુલામ હતા પછી આઝાદ કરી દેવામાં આવ્યા હતા. બરીરાની આઝાદીના સમયે એ આઝાદ હતા જેવું કે અબૂ દાઊદ વગેરેની રિવાયતોથી સાબિત છે. એમની આઝાદીની રિવાયતોમાં બરીરાની આઝાદીના સમય સુધીના હાલ વર્ણન પામેલ છે. અબ્દિયત (ગુલામપણા)ની રિવાયતોમાં પાછલો હાલ વર્ણન પામેલ છે, જેથી ન તો હદીષોમાં ટકરાવ છે, ન તો હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની વિરૂધ્ધ છે. એ કે ઈસ્લામમાં ગુલામ તો આઝાદ થઈ શકે છે પણ આઝાદ મુસલમાન ગુલામ નથી બની શકતો. યાદ રાખશો કે જો લોંડી આઝાદ થાય તો તેણીને આઝાદીનો અધિકાર મળે છે, તેનો પતિ આઝાદ હોય કે ગુલામ. શાફઈઓને ત્યાં જો પતિ ગુલામ હોય તો લોંડીને આઝાદીનો અધિકાર મળશે, નહીં તો નહીં. જો બંને એક સાથે આઝાદ થાય તો અધિકાર નથી અને જો પતિ આઝાદ હોય તો પણ તેણીને આઝાદીનો અધિકાર નથી.

૪. આ હઝરત ઉરવાનો કોલ છે ન કે આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا નો, અને ક़ૌલ પણ તેમના પોતાના ઈજતેહાદથી છે જેથી ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ને નુકસાનકર્તા નથી.

★ હઝરત બરીરાનો બનાવ ★

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે બરીરાનો પતિ હબ્શી ગુલામ હતો જેને મુગીષ કહેવામાં આવતો હતો, જાણે હું તેને જોઈ રહ્યો છું કે બરીરાની પાછળ મદીનાની ગલીઓમાં રડતો ફરે છે[૧] અને તેનાં આંસુ તેની દાઢી પર વહી રહ્યાં છે[૨] નબી કરીમ ﷺએ જનાબ અબ્બાસને ફર્માવ્યું, હે અબ્બાસ ! શું તમે આશ્ચર્ય નથી પામતા મુગીષની મહોબ્બતથી જે બરીરાથી છે. અને બરીરાની મગીષથી નફરતથી ?![૩] પછી નબી કરીમ ﷺએ ફર્માવ્યું, બેહતર હતું કે તેના તરફથી રજૂઅ કરી જતી (ફરી મિલાપ કરી લેતી)[૪] તેણી બોલી, યા રસૂલલ્લાહ ! શું આપ મને આ હુકમ આપો છો ? ફર્માવ્યું, હું ભલામણ કરું છું. બોલ્યાં, મને એની હાજત નથી.[૫]" (બુખારી)

★ હદીષ : (૨)-૩૧૯૯ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: كَانَ زَوْجُ بَرِيرَةَ عبدا أسود يُقَالُ لَهُ مُغِيثٌ كَأَنِّي أَنْظُرُ إِلَيْهِ يَطُوفُ خلفهَا فِي سِكَكِ الْمَدِينَة يبكي وَدُمُوعُهُ تَسِيلُ عَلَى لِحْيَتِهِ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِلْعَبَّاسِ: «يَا عَبَّاسُ أَلَا تَعْجَبُ مِنْ حُبِّ مُغِيثٍ بَرِيرَةَ؟ وَمِنْ بُغْضِ بَرِيرَةَ مغيثاً؟» فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَوْ راجعته» فَقَالَتْ: يَا رَسُولَ اللَّهِ تَأْمُرُنِي؟ قَالَ: «إِنَّمَا أَشْفَعُ» قَالَتْ: لَا حَاجَةَ لِي فِيهِ. رَوَاهُ الْبُخَارِيّ

૧. એટલે કે બરીરાની ખુશામત કરતો હતો. તેણીની પાછળ પાછળ રડતો રડતો ફરતો હતો. કહેતો હતો કે તું નિકાહ ફસ્ખ (ફોગ) ન કર ! મને ન છોડ !

૨. એટલે કે એ નક્શો આજે પણ મારી આંખો સમક્ષ છે, મારાથી ભૂલાતો નથી મુગીષનું બરીરાની પાછળ પાછળ રડતાં રડતાં ફરવું અને આંસુઓથી તેની દાઢી પલળી જવું.

૩. જણાય છે કે બરીરાનો આ બનાવ હિ.સ. ૯ કે ૧૦ માં થયો. કેમ કે ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પોતાના પિતા અબ્બાસ رضی اللہ عنہની સાથે મક્કા મોઅઝ્ઝમાથી આવીને મદીના મુનવ્વરામાં વસ્યા અને જનાબ અબ્બાસ ગઝવએ તાઈફના પછી મદીના મુનવ્વરામાં વસ્યા છે. અને હઝરત ઈબ્ને અબ્બાસ આ બનાવ પોતાની આંખો વડે જોતા હતા. યાદ રાખશો કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاને તોહમતનો બનાવ એનાથી કેટલાય પહેલાંનો છે અને એ મોકા પર હુઝૂરે બરીરાને હાલ પૂછયો છે. એનુ કારણ એ હતું કે બરીરા હઝરત આઈશા رضی اللہ عنہاની ખિદમત પહેલાં પણ કર્યા કરતાં હતાં અને આપની પાસે રહેતાં હતાં, ખરીદારી બાદમાં થઈ. *(મિર્કાત)*

૪. એટલે તમારા માટે સવાબ અને દીન તથા દુનિયાની બેહતરી એમાં છે કે તમે નિકાહ ન તોડો અને તમારો નિકાહ ફસ્ખ કરવાનો હક્ ન વાપરો.

૫. એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે નબી કરીમ ﷺ પોતાના ઉમ્મતીની શફાઅત ઉમ્મતીથી કરી શકે છે. બીજુ એ કે હુઝૂરના હુકમ અને સિફારિશ (ભલામણ)માં ફરક છે. ત્રીજુ એ કે રસૂલ ﷺનો હુકમ માનવું લાઝિમ છે પણ રસૂલની સિફારિશ માનવું વાજિબ નથી, બલ્કે ઉમ્મતીને અખ્તયાર છે, જેમ કે નબીની રાય કે એનો પણ એ જ હુકમ છે.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (3)-૩૨૦૦ ★

عَنْ عَائِشَةَ: أَنَّهَا أَرَادَتْ أَنْ تَعْتِقَ مَمْلُوكَيْنِ لَهَا زَوْجٌ فَسَأَلَتِ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَمَرَهَا أَنْ تَبْدَأَ بِالرَّجُلِ قَبْلَ الْمَرْأَةِ. رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે તેમણે પોતાના બે પતિ પત્ની માલિકીવાળાંને આઝાદ કરવા ચાહ્યું[૧] તો નબી કરીમ ﷺ ને પૂછ્યું. હુઝૂર ﷺ એ તેમને હુકમ આપ્યો કે સ્ત્રી કરતાં પહેલાં પુરૂષથી શરૂઆત કરો.[૨]" (અબૂ દાઉદ, નિસાઈ)

૧. زوج મજરૂર છે તેનો સંબંધ મમ્લૂકૈનથી છે. એટલે કે આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની પાસે એવાં બે કનીઝ તથા ગુલામ હતાં જેમનામાં પતિ પત્નીનો સંબંધ હતો કે સ્ત્રી પત્ની હતી અને પુરૂષ તેનો પતિ હતો. અમુક નુસ્ખાઓમાં ઝવજૈન છે મમ્લૂકૈનની સિફત. અમુક નુસ્ખાઓમાં આ પ્રમાણે લખાણ છે. مملوكة لهازوج મતલબ એક જ છે.

૨. એટલે કે આઈશા ! ન તો પતિ પત્નીને એક સાથે આઝાદ કરો, ન સ્ત્રીને પહેલાં પુરૂષને પછી. બલ્કે પ્રથમ પુરૂષને આઝાદ કરો પછી સ્ત્રીને. કેમ કે પુરૂષ સ્ત્રી કરતાં અફઝલ છે, જેથી પુરૂષને આઝાદ કરવું પણ સ્ત્રીને આઝાદ કરવા કરતાં અફઝલ થયું, અને અફઝલ કામ કરવું બેહતર છે. જેથી આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની વિરૂધ્ધ નથી, ન ઈમામ શાફઈની દલીલ છે, કેમ કે તેમને ત્યાં જો પતિ પત્ની એક સાથે જ આઝાદ થાય તો લોંડીને (નિકાહ) ફસ્ખ કરવાનો હક્ક નથી મળતો, પછી પુરૂષને પ્રથમ આઝાદ કરવાનો શો મતલબ.

★ હદીષ : (૪)-૩૨૦૧ ★

وَعَنْهَا: أَنْ بَرِيرَةَ عَتَقَتْ وَهِيَ عِنْدَ مُغِيثٍ فَخَيَّرَهَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَقَالَ لَهَا: «إِنْ قَرِبَكِ فَلَا خِيَارَ لَكِ» . رَوَاهُ أَبُو دَاوُدَ

"તેમનાથી જ રિવાયત છે કે બરીરા આઝાદ થઈ, જ્યારે કે તેણી મુગીષની પાસે હતી. તો તેમને રસૂલુલ્લાહ ﷺ એ અખત્યાર આપ્યો અને ફર્માવ્યું કે જો એ તમારી નજીક આવી ગયો તો તમને અખત્યાર નથી.[૧]" (અબૂ દાઉદ)

૧. એનાથી જાણવા મળ્યું કે જો લોંડી આઝાદ થયા બાદ પોતાના પતિથી સોહબત કરાવે તો તેણીને (પતિથી) આઝાદીનો અધિકાર (ખિયારે અતક્) જતો રહે છે, હવે તેણી નિકાહ તોડી નથી શકતી. કેમ કે આ સોહબત રાજી હોવાની નિશાની છે. ફક્રીહો ફર્માવે છે કે જો લોંડીના નિકાહ તેનો માલિક કરી આપે તો લોંડીને (નિકાહથી) આઝાદીનો અધિકાર મળશે, અને જો લોંડી માલિકને પૂછયા વિના પોતે જ પોતાના નિકાહ કોઈની સાથે કરી લે તો તે નિકાહ માલિકની ઈજાઝત પર મૌકૂફ રહેશે. પરંતું હજી માલિકને પૂછવામાં ન આવ્યુ હતું એવામાં લોંડી આઝાદ થઈ ગઈ તો તેને ખિયારે ફસ્ખ (નિકાહ તોડવાનો અધિકાર) ન મળશે, નિકાહ લાઝિમ થશે. આ મસ્અલાનો માખઝ આ હદીષ થઈ શકે છે.

પૂર્ણ સમજૂતી : યાદ રાખશો કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની નજીક લોંડીને આઝાદ થવા પર ગમે તેમ પણ ખિયારે અતક્ (નિકાહ ફસ્ખનો અધિકાર) મળે છે. તેનો પતિ આઝાદ હોય કે ગુલામ. કેમ કે લોંડીની તલાક્રો બે થાય છે, અને આઝાદ સ્ત્રીની તલાક્રો ત્રણ. તલાકની અધિકતા સ્ત્રીની આઝાદી પર આધારિત છે. કેમ કે લોંડી આઝાદ થઈને તલાકમાં વધારાની હક્દાર છે. જેથી તેને અધિકાર છે કે પતિને એ વધારાનો માલિક બનવા દે અથવા ન થવા

દે, નિકાહ રાખે કે તોડી નાખે. ઈમામ શાફઈ તથા માલિક તથા અહમદને ત્યાં જો પતિ ગુલામ છે તો સ્ત્રીને ફસ્ખનો હક્ક છે. જો આઝાદ છે તો એ જ ફરીક્રૈન (ઉભય પક્ષો ઈમામ શાફઈ વગેરે)ની દલીલ હઝરત બરીરાનો બનાવ છે. આપણે ત્યાં એ સાબિત છે કે બરીરાની આઝાદી પર મુગીષ આઝાદ હતો એટલા માટે કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી મુગીષના વિશે ત્રણ રાવીઓથી રિવાયતો છે : અસ્વદ, ઉરવા ઈબ્ને ઝુબેર, ઈબ્ને કાસિમ અસ્વદની રિવાયત છે કે તે આઝાદ હતા. ઉરવા ઈબ્ને ઝુબેરની રિવાયતોમાં મતભેદ છે. એક રિવાયતમાં છે કે ગુલામ હતા. બીજી રિવાયતમાં છે કે આઝાદ હતા. અને બંને રિવાયતો સહીહ છે. આ રિવાયતોમાં ટકરાવના કારણે અસ્વદની રિવાયત સ્વીકાર્ય છે. તેમનું આઝાદ હોવું મોહક્કક (યકીની) છે. *(મિર્કાત)*

(બાબુસ્સદાક़) بابالصداق
(મહેર વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

★ મહેરની વ્યાખ્યા અને તેની માત્રા વિશે ★

૧. صداق સાદના ઝબરથી પણ છે અને ઝેરથી પણ. સદક़થી બન્યું, અર્થ : સચ્ચાઈ માલૂમ કરવાનો ઝરીયો. મહેરને સદક़ એટલા માટે કહે છે કે તેનાથી પુરૂષની સાચી મહોબ્બત માલૂમ પડે છે. આપણે ત્યાં મહેર કમસે કમ એક દીનાર એટલે દસ દિરહમ (પોણા ત્રણ રૂપિયા) છે. *[નોંધ : મહેરની ઓછામાં ઓછી રકમ માટે ૩૦.૬૨૬ ગ્રામ ચાંદી × ચાંદીના એક ગ્રામની વર્તમાન કિંમત = જે આવે, તેટલી કમસે કમ મહેર રાખવી. જેમણે ઓછી આપી હોય તે અત્યારે પણ ચૂકવી આપે. વધુમાં વધુ ગમે તેટલી મહેર આપી શકાય. (વર્તમાનકાળ એટલે ઈ.સ. ૨૦૨૩માં મહેરની કમસે કમ રકમ ૧ ગ્રામ ચાંદીના રૂા. ૭૫/– લેખે ગણીએ તો ૭૫ × ૩૦.૬૨૬ = રૂા. ૨૨૯૬.૯૫ એટલે કે સાવધાની પૂરતુ કમસે કમ રૂા. ૨૫૦૦/– મહેર ચૂકવવી જોઈએ. ટૂંકમાં ચાંદીના ભાવને જે તે સમયે જોઈને મહેર ગણવી.) –અનુવાદક]*/ઈમામ માલિકને ત્યાં ચોથાઈ દીનાર એટલે અઢી દિરહમ. ઈમામ શાફ़ઈની નજીક જે ચીજ સોદા કિંમત બની શકે છે તે નિકાહમાં મહેર પણ બની શકે છે. એટલે એક પૈસો પણ મહેર થઈ શકે છે.

★ હુઝૂર ﷺએ એક સ્ત્રીના નિકાહ કુર્આનના મહેરથી કર્યા ★

★ હદીષ : (૧)-૩૨૦૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ سَهْلِ بْنِ سَعْدٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ جَاءَتْهُ امْرَأَةٌ فَقَالَتْ: يَا رَسُولَ اللَّهِ إِنِّي وَهَبْتُ نَفْسِي لَكَ فَقَامَتْ طَوِيلًا فَقَامَ رَجُلٌ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ زَوِّجْنِيهَا إِنْ لَمْ تَكُنْ لَكَ فِيهَا حَاجَةٌ فَقَالَ: «هَلْ عِنْدَكَ مِنْ شَيْءٍ تُصْدِقُهَا؟» قَالَ: مَا عِنْدِي إِلَّا إِزَارِي هَذَا. قَالَ: «فَالْتَمِسْ وَلَوْ خَاتَمًا مِنْ حَدِيدٍ» فَالْتَمَسَ فَلَمْ يَجِدْ شَيْئًا فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَلْ مَعَكَ مِنَ الْقُرْآنِ شَيْءٌ» قَالَ: نَعَمْ سُورَةُ كَذَا وَسُورَةُ كَذَا فَقَالَ: «زَوَّجْتُكَهَا بِمَا مَعَكَ مِنَ الْقُرْآنِ» . وَفِي رِوَايَةٍ: قَالَ: «انْطَلِقْ فَقَدْ زَوَّجْتُكَهَا فَعَلِّمْهَا مِنَ الْقُرْآنِ»

''હઝરત સહલ ઈબ્ને સઅદથી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં એક સ્ત્રી આવી[૨] બોલી, યા રસૂલલ્લાહ ! ﷺમેં મારી જાન આપને હેબા કરી (ભેટ ધરી)[૩] પછી ઘણીવાર ઉભી રહી[૪] તો એક માણસ ઉઠીને બોલ્યો, યા રસૂલલ્લાહ ! તેણીના નિકાહ મારી સાથે કરી આપો, જો હુઝૂરને એની જરૂરત ન હોય.[૫] તો હુઝૂરે ફ઼ર્માવ્યું, શું તારી પાસે કાંઈ છે જે તું તેણીને મહેર આપે ?[૬] બોલ્યો, મારી પાસે આ તેહબંદ સિવાય કાંઈ નથી. ફ઼ર્માવ્યું, તલાશ તો કર ભલે લોખંડની વીંટી હોય.[૭] તેણે શોધ્યું પણ કાંઈ ન મળ્યું[૮] તો રસૂલુલ્લાહ ﷺએ ફ઼ર્માવ્યું, શું તારી સાથે કાંઈક કુર્આન પણ છે ?[૯] બોલ્યા, હા ! ફ઼લાણી ફ઼લાણી સૂરત. જેથી હુઝૂરે ફ઼ર્માવ્યું કે મેં આના નિકાહ તારી સાથે કરી આપ્યા એ કુર્આનના કારણે જે તને યાદ છે.[૧૦] અને એક રિવાયતમાં એવું છે કે ફ઼ર્માવ્યું, જાવ ! મેં તમારા નિકાહ એની સાથે કરી આપ્યા, જેથી એને કુર્આન શીખવાડો.[૧૧]'' (મુસ્લિમ, બુખારી)

૧. આપનું નામ પહેલાં હઝ્ન હતું તો હુઝૂર ﷺએ સહલ રાખ્યું. આપની કુન્નિયત અબુલ અબ્બાસ છે. અન્સારી છે. હુઝૂર ﷺની વફાતના સમયે આપની ઉમર ૧૫ વરસની હતી. હિ.સ. ૯૧માં આપની વફાત થઈ. મદીના મુનવ્વરામાં આખરી સહાબી આપ જ રહી ગયા હતા. *(અકમાલ)*

૨. એ બીબી સાહિબા ક્યાં તો મૈમૂના બિન્તે હારિષ હતાં અથવા ઝયનબ બિન્તે ખુઝૈમા, અથવા ઉમ્મે શરીક બિન્તે જાબિર અથવા ખૌલા બિન્તે હકીમ હતાં. અલ્લાહ બેહતર જાણનાર છે. *(મિર્કાત)*

૩. એટલે કે આપ મને મહેર વિના તમારી પત્ની તરીકે કબૂલ કરી લો. આ હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે. ૨બ તઆલા ફર્માવે છે : وَامْرَاَةً مُّؤْمِنَةً اِنْ وَّهَبَتْ نَفْسَهَا لِلنَّبِيِّ (અને ઈમાનવાળા સ્ત્રી પોતાની જાન નબીને નઝર કરે જો નબી તેને નિકાહમાં લાવવા ચાહે, એ ખાસ તમારા માટે છે, ઉમ્મતના માટે નથી. સૂ. અહઝાબ, ૩૩/૫૦) અને ફર્માવે છે : خَالِصَةً لَّكَ مِنْ دُوْنِ الْمُؤْمِنِيْنَ (જો તેણી પોતાની જાન નબીને નઝર કરે, જો નબી તેણીને નિકાહમાં લાવવા ચાહે એ ખાસ તમારા માટે છે. સૂ. અહઝાબ, ૩૩/૫૦) એનાથી જાણવા મળ્યું કે શબ્દ હેબા (ભેટ ધરવું)થી નિકાહ દુરુસ્ત છે કે એ શબ્દો એ બીબી સાહિબા તરફથી નિકાહનો ઈજાબ (૨જા) હતી. નિકાહનું સંપૂર્ણ થવું હુઝૂરના કબૂલ કરવા પર મૌકૂફ હતું.

૪. પણ હુઝૂર ﷺએ કોઈ જવાબ ન આપ્યો, કેમ કે તેણી સાથે નિકાહ કરવા મંઝૂર ન હતું અને ના પાડી નહીં કે જેથી તે બીબીને શર્મિંદગી ન થાય.

૫. અથવા એ રીતે મારાથી નિકાહ કરી આપો કે તેણીને એ નિકાહ પર રાજી કરી આપો. અથવા હુઝૂર સુલ્તાનુલ મુસ્લિમીન છે અને જેનો કોઈ વાલી ન હોય તેનો વાલી સુલ્તાન હોય છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે એ બીબી સાહિબાએ હુઝૂરને બીજા સાથે નિકાહ કરી આપવાના વકીલ બનાવ્યા ન હતા.

૬. અહીં મહેરથી મુરાદ મેહરે મોઅજ્જલ છે જે નિકાહના સમયે આપવામાં આવે છે જેને આજકાલ ચઢાવો કહેવામાં આવે છે, નહીં તો તરત જ માગણી ન થાય, કેમ કે મહેરની માગણી ખાસ નિકાહના સમયે નથી થતી.

૭. લોખંડની વીંટીથી મુરાદ મામૂલી હકીર ચીજ છે ન કે કે ખાસ લોખંડની વીંટી, કેમ કે લોખંડની વીંછી પુરૂષ સ્ત્રી બંને માટે હરામ છે, જેથી આ હદીષથી એ સાબિત નથી થતુ કે સહાબાએ કિરામ લોખંડનાં કડાં વીંટીઓ પહેરતા હતા.

૮. અલ્લાહુ અકબર ! આ છે સહાબાએ કિરામ હઝરાતની આર્થિક સ્થિતિ કે આખા ઘરમાં કેવળ અલ્લાહ વ રસૂલનું નામ છે, સામાન કાંઈ પણ નથી, વાસણ કુસણ પણ નથી. આ હાલતમાં તેમણે દુનિયામાં ઈસ્લામ ફેલાવ્યો.

૯. એટલે કે શું તને કુર્આન મજીદની કેટલીક સૂરતો યાદ છે ? આ સવાલ આગલી વાતની પ્રસ્તાવના રૂપે છે, નહીં તો દરેક મુસલમાનને કુર્આન મજીદની અમુક આયતો તથા સૂરતો જરૂર યાદ હોય છે કે નમાઝમાં કુર્આનની તિલાવત ફર્ઝ છે અને મુસલમાન દરેક મોકા પર : بسم الله، اعوذ، انا لله، سبحان الله، لاحول વગેરે પઢયા જ કરે છે.

૧૦. જમહૂર (બહુમતી) ઉલમાની નજીક بما معك માં ب સબાબિયા છે ન કે એવઝ અથવા મુકાબલાની છે. કેમ કે તને કુર્આન મજીદની સૂરતો યાદ છે એટલા માટે મેં તારા નિકાહ એની સાથે કરી આપ્યા, કેમ કે આલિમ ગૈર આલિમ કરતાં અફઝલ છે. અમુક લોકોએ કહ્યું કે કુર્આનની તાલીમ અથવા અન્ય ખિદમતોને નિકાહની મહેર બનાવી શકીએ છીએ, અને આ ب એવઝની છે. એ વાક્યનો અર્થ એ કરે છે કે આ કુર્આની આયતોની તાલીમના બદલામાં

મેં તારા નિકાહ એની સાથે કરી આપ્યા. અને હઝરત શોએબ عليه السلام ના બનાવથી દલીલ પકડે છે કે આપે પોતાની પત્ની સફૂરાના નિકાહ મૂસા عليه السلام સાથે આઠ દસ સાલની ખિદમતના બદલામાં કર્યા, કેમ કે ફર્માવ્યું : اِنِّيْٓ اُرِيْدُ اَنْ اُنْكِحَكَ اِحْدَى ابْنَتَيَّ هٰتَيْنِ عَلٰٓى اَنْ تَاْجُرَنِيْ ثَمٰنِيَ حِجَجٍ (કહ્યું, હું ચાહું છું કે મારી બંને પુત્રીઓમાંથી એક તમને પરણાવું એ મહેર પર કે તમે આઠ વરસ મારી નોકરી કરો, પછી જો પૂરા દસ વરસ કરી લો તો તમારા તરફથી છે. સૂ. અલ ક़સસ, ૨૮/૨૭) પણ એ ક़ૌલ દુરુસ્ત નથી, કેમ કે કુર્આને કરીમ ફર્માવે છે : اَنْ تَبْتَغُوْا بِاَمْوَالِكُمْ (કે પોતાના માલોના બદલામાં તલાશ કરો. સૂ. નિસાઅ, ૪/૨૪) જાણવા મળ્યું કે નિકાહ માલના બદલામાં થવો જોઈએ, અને કુર્આને કરીમની તાલીમ માલ નથી. શોએબ عليه السلام ની શરીઅતના એહકામ અલગ હતા. બલ્કે હક્ક़ એ છે કે હઝરત શોએબ عليه السلام એ દસ વરસની ખિદમતને નિકાહની શર્ત ઠરાવી હતી, ન કે નિકાહની મહેર. એટલા માટે على ફર્માવ્યું ب નથી ફર્માવ્યું. તેમજ ફર્માવ્યું : عَلٰٓى اَنْ تَاْجُرَنِيْ (એ મહેર પર. સૂ. ક़સસ, ૨૮/૨૭) મારી ખિદમત કરો. અને મહેર સ્ત્રીની મિલ્કત હોય છે ન કે સસરાની. અને મૂસા عليه السلام ને આટલા દિવસ પોતાની ખિદમતમાં રાખવું અલ્લાહના કલીમના લાયક બનાવવાના હતા, કેમ કે આપ ફિરઔનની પાસે અત્યાર સુધી રહ્યા તો હવે કોઈ શયખની સોહબતની જરૂરત હતી. *अगर कोई शोअैब आअे मीर – शबानीसे कलीमी दो क़दम है*

૧૧. યાદ રાખશો કે આ હદીષના આધારે અમુક લોકોએ સમજ્યું છે કે મહેરની કોઈ માત્રા નિશ્ચિત નથી, પણ એ ગલત છે. આ હદીષ એનું સમર્થન નથી કરતી. કેમ કે કોઈ ઈમામની નજીક કુર્આન મહેર નથી બની શકતુ. સૌને ત્યાં મહેર માલ હોવો જોઈએ. હા ! માલની મામૂલી માત્રામાં મતભેદ છે, અને અહીં કુર્આન પર નિકાહ કરવામાં આવ્યો. જાણવા મળ્યું કે નિકાહની મહેરનું અહીં વર્ણન નથી. ઈમામે આ'ઝમ رضی الله عنه ને ત્યાં મહેરની કમસે કમ માત્રા દસ દિરહમ છે, કેમ કે દારુત્નીએ હઝરત જાબિરથી મરફુઅન રિવાયત કરી કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે સ્ત્રીના નિકાહ વાલી કરે, કફૂમાં કરે, દસ દિરહમથી ઓછા પર હાથ ન કાપવામાં આવે અને દસ દિરહમથી ઓછી મહેર નથી. દારુકુત્ની તથા બયહક़ીએ હઝરત અલી رضی الله عنه થી મુરફુઅન રિવાયત કરી કે દસ દિરહમથી ઓછી મહેર નથી, જેથી દસ દિરહમથી ઓછાની રિવાયતમાં ચઢાવો મુરાદ છે. *(મિર્ક़ાત, અશિઅહ વગેરે)*

★ હુઝૂર ﷺ ની આમ બીવીઓની મહેર પાંચસો દિરહમ હતા ★

★ હદીષ : (૨)-૩૨૦૩ ★
وَعَنْ أَبِي سَلَمَةَ قَالَ: سَأَلْتُ عَائِشَةَ: كَمْ كَانَ صَدَاقُ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَتْ: كَانَ صداقه لأزواجه اثْنَتَيْ عَشْرَةَ أُوقِيَّةً وَنَشٌّ قَالَتْ: أَتَدْرِي مَا النَّشُّ؟ قُلْتُ: لَا قَالَتْ: نِصْفُ أُوقِيَّةٍ فَتِلْكَ خَمْسُمِائَةِ دِرْهَمٍ. رَوَاهُ مُسْلِمٌ. وَنَشٌّ بِالرَّفْعِ فِي شَرْحِ السنّة وَفِي جَمِيعِ الْأُصُول

"હઝરત અબૂ સલમા رضی الله عنه થી રિવાયત છે. ફર્માવે છે, મેં જનાબ આઈશાથી પૂછ્યું કે નબી કરીમ ﷺ ની મહેર કેટલી હતી ?[૧] ફર્માવ્યું, આપની મહેર આપની બીવીઓના સંબંધે બાર ઔક़િયા અને નશ હતી[૨] બોલ્યા, શું તમે જાણો છો કે નશ શું છે ?, કહ્યું, નહીં ! ફર્માવ્યું, અડધા ઔક़િયા તો આ પાંચસો દિરહમ થયા. (મુસ્લિમ) અને નશ પેશથી છે, શર્હે સુન્નહ અને સર્વ ઉસૂલની કિતાબોમાં.[૩]"

★ હુઝૂર ﷺ નાં બીવી ઉમ્મે હબીબાની મહેર ચાર હજાર દિરહમ હતા ★

૧. આ સવાલ આમ અઝવાજે પાકના સંબંધે હતો, નહીં તો બીબી ઉમ્મે હબીબાની મહેર ચાર હજાર દિરહમ

હતી. જે નજાશી હબ્શાના બાદશાહે અદા કરી હતી.

૨. એટલે સાડા બાર ઔક્રિયા મહેર હતી. એક ઔક્રિયા ચાલીસ દિરહમનો થાય છે. કુલ પાંચસો દિરહમ એટલે લગભગ એકસો પાંસઠ રૂપિયા થયા. દિરહમ સાડા ચાર આનાનો થાય છે.

૩. نشن ના પેશ અને શીનની તશ્દીદથી, અર્થ : અડધી રોટી. અને દરેક અડધાને નશ કહે છે. મિશ્કાતના અમુક નુસ્ખાઓમાં نُشًّا ઝબરથી છે, પણ પેશની રિવાયત શરહ વગેરે કિતાબોના પ્રમાણે છે.

(વિભાગ : ૨) الفصل الثانى

''હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું, ખબરદાર ! સ્ત્રીઓના મહેરમાં વધારો ન કર્યા કરો[૧] કેમ કે એ દુનિયામાં ઈજ્જત અને અલ્લાહની નજીક પરહેઝગારી હોત તો એના અધિક પાત્ર નબી કરીમ ﷺ હોત[૨] મને નથી ખબર કે રસૂલુલ્લાહ ﷺએ પોતાની કોઈ પત્નીથી નિકાહ કર્યા હોય અથવા પોતાની કોઈ પુત્રીના નિકાહ કરાવ્યા હોય બાર ઔક્રિયાથી અધિક પર.[૩]
(અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ, દારમી)

★ હદીષ : (3)-૩૨૪ ★

عَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: أَلَا لَا تُغَالُوا صَدُقَةَ النِّسَاءِ فَإِنَّهَا لَوْ كَانَتْ مَكْرُمَةً فِي الدُّنْيَا وَتَقْوَى عِنْدَ اللّٰهِ لَكَانَ أَوْلَاكُمْ بِهَا نَبِيُّ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ مَا عَلِمْتُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ نَكَحَ شَيْئًا مِنْ نِسَائِهِ وَلَا أَنْكَحَ شَيْئًا مِنْ بَنَاتِهِ عَلَى أَكْثَرَ مِنَ اثْنَتَيْ عَشْرَةَ أُوقِيَّةً. رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

૧. એમાં સંબોધન એ લોકો પ્રતિ છે જેઓ મહેરની અધિકતાને પોતાના માટે ફખ્ર સમજતા હતા. જેમ કે આજે પણ યુપી સીપીમાં સામાન્યતઃ મુસલમાન મહેરની અધિકતા પર ફખ્ર કરે છે. લાખ સવા લાખની મહેર હોય છે, જ્યારે કે દુલ્હાની હૈસિયત બે હજારની પણ નથી હોતી. વિચારે છે કે મહેર ફક્ત એક રસ્મ છે, આપે કોણ છે ?!

૨. કેમ કે હુઝૂર ﷺ દુનિયામાં મહાન ઈજ્જતોના માલિક છે, અને અલ્લાહ તઆલાની નજીક તેમની શાનનો તો કોઈ છે જ નથી. રબ તઆલાએ દરેક ઈજ્જત હુઝૂર પર ખત્મ કરી આપી. જો મહેરની અધિકતામાં ઈજ્જત હોત તો રબ તઆલા એ પણ પોતાના મહબૂબને અતા કરત.

૩. આ ફર્માનમાં કસરની ગણના નથી કરી, નહીં તો હુઝૂરે અન્વર ﷺની મહેર સાડા બાર ઔક્રિયા હતી. જેથી આ હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીક્રા رضی اللہ عنہا ની પાછલી હદીષની વિરૂધ્ધ નથી. યાદ રાખશો કે હઝરત ઉમ્મે હબીબા બિન્તે અબૂ સુફ્યાન رضی اللہ عنہا ની મહેર ચાર હજાર દિરહમ હતી, પણ તે હુઝૂર ﷺએ નિશ્ચિત કરી ન હતી હબ્શા બાદશાહ નજાશીએ નક્કી કરેલ હતી. એ પણ યાદ રાખશો કે રબ તઆલાલાનું ફર્માન : وَّاٰتَيْتُمْ اِحْدٰىهُنَّ قِنْطَارًا (અને તેણીને ઢગલા માલ દઈ ચૂક્યા છો. સૂ. નિસાઅ, ૪/૨૦) જાઈઝ હોવાના વર્ણન માટે છે. અને જનાબ ઉમરનું ફર્માને આલી મુસ્તહબ રૂપે હોવાના વર્ણન માટે છે, જેથી આ ફર્માન કુર્આને કરીમના વિરૂધ્ધ નથી. અથવા અહીં વધુ મહેર નિશ્ચિત ન કરવાનુ વર્ણન છે અને કુર્આન મજીદમાં વધુ મહેર જે અદા કરી દેવામાં આવે પરત ન લેવાનું વર્ણન છે, જેથી બંનેમાં ટકરાવ નથી.

★ હઝરત ફાતિમા ઝહરાની મહેર દોઢસો તોલા ચાંદી હતી ★

જનાબ ફાતિમા ઝહરા رضی اللہ عنہا ની મહેર ૧૯ મિષ્કાલ સોનુ હતી એનાથી મુરાદ મુઅજ્જલ છે, કેમ કે જનાબ અલી મુર્તઝા رضی اللہ عنہ એ પોતાનુ બખ્તર આપને આપ્યું જે ૧૯ મિષ્કાલ સોનાનુ હતું. *(મિર્કાત)*

★ આવા હતા ઈસ્લામી ખલીફા ! ★

લતીફો : અહીં મિર્કાતે એક અજીબ લતીફો (ટુચકો) વર્ણવ્યો કે એકવાર હઝરત ઉમર رضی اللہ عنہ એ હુકમ આપ્યો કોઈ શખ્સ ૪૦ ઔકિયાથી વધુ મહેર નિશ્ચિત ન કરે, જો કરશે તો વધારાની બયતુલ માલમાં સામેલ કરી લેવામાં આવશે. એના પર એક સ્ત્રીએ અર્ઝ કરી, રબ તઆલા ફર્માવે છે : وَّاٰتَيْتُمْ اِحْدٰىهُنَّ قِنْطَارًا (અને તેણીને ઢગલા માલ આપી ચૂક્યા છો તો એમાંથી કાંઈ પરત ન લો. સૂ. નિસાઅ, ૪/૨૦) તમે વધારાનુ બયતુલ માલમા કેવી રીતે જમા કરશો ?! તો હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું, આજે એક સ્ત્રી સાચુ કહી રહી છે અને પુરૂષ ગલતી પર છે.

★ હદીષ : (૪)-૩૨૦૫ ★
وَعَنْ جَابِرٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ أَعْطَى فِي صَدَاقِ امْرَأَتِهِ مِلْءَ كَفَّيْهِ سَوِيقًا أَوْ تَمْرًا فَقَدِ اسْتَحَلَّ» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે પોતાની પત્નીની મહેરમાં ખોબો ભરીને સત્તુ અથવા ખારેકો આપી દે TÎ [TÎ LG[C, F; SZL, LWLP° *'' (અબૂ દાઊદ)*

૧. આ હદીષના આધારે ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે મહેરની ઓછી માત્રા પણ નિશ્ચિત નથી, જે ચાહે નક્કી કરી આપે. કેમ કે એક ખોબો સત્તુ અથવા ખારેકો અરબમાં એક દિરહમનાં પણ નથી થતાં. આપણા ઈમામ સાહબ ફર્માવે છે કે આ હદીષ અસ્નાદની રીતે સહીહ નથી. જો સહીહ હોય તો પણ એનાથી મેહરે મોઅજ્જલ એટલે નિકાહના સમયનો ચઢાવો મુરાદ છે. એટલા માટે અહીં اعطیٰ ફર્માવવામાં આવ્યું, નહીં તો મહેર તુરત જ અદા કરવી લાઝિમ નથી. મતલબ એ છે કે જે શખ્સ નિકાહના સમયે કોઈ મામૂલી સરખી ચીજ પણ સ્ત્રીને હદિયો આપી દે તો ઉર્ફ તથા અરબના રસમો રિવાજના હિસાબથી પણ તેણે પોતાના પર સ્ત્રીને હલાલ કરી આપી. હલાલથી મુરાદ રુકાવટ દૂર થવું છે ન કે શરઈ હલાલ. કેમ કે વિના કાંઈ આપ્યે પણ સ્ત્રી કેવળ નિકાહથી હલાલ થઈ જાય છે. અબૂ દાઊદ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત કરી કે મને હુઝૂર ﷺ એ હુકમ આપ્યો કે હું એક નિકાહ પામેલી સ્ત્રીને તેના પતિની પાસે વિદાય કરીને મોકલી આપુ ભલે પતિ કાંઈ ન આપે. *(મિર્કાત)*

★ પત્નીને કાંઈ આપ્યા વિના સુહાગરાત ન કરે ★

હઝરત ઈબ્ને અબ્બાસ, ઈબ્ને ઉમર, ઈમામ ઝહરી ફર્માવે છે કે બેહતર એ જ છે કે સ્ત્રીને કાંઈ આપ્યા વિના સુહાગરાત ન કરે. એનો માખઝ આ હદીષ હોય શકે છે. આ હદીષ અમુક કારણોસર ઝઈફ છે : એની અસ્નાદમાં મુબશ્શિર ઈબ્ને ઓબૈદ અને હજ્જાજ ઈબ્ને અરતાબ છે, આ બંને મુહદ્દિષોની નજીક ઝઈફ છે. તેમજ એમાં ઈસ્હાક઼ ઈબ્ને હસન પણ છે જે મજહૂલ છે. મુસ્લિમ ઈબ્ને રોમાન પણ છે જેમના હાલાતથી મુહદ્દિષો અજાણ છે. *(અઝ : મિર્કાત)*

★ હદીષ : (૫)-૩૨૦૬ ★

وَعَنْ عَامِرِ بْنِ رَبِيعَةَ: أَنَّ امْرَأَةً مِنْ بَنِي فَزَارَةَ تَزَوَّجَتْ عَلَى نَعْلَيْنِ فَقَالَ لَهَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَرَضِيتِ مِنْ نَفْسِكِ وَمَالِكِ بِنَعْلَيْنِ؟» قَالَتْ: نَعَمْ. فَأَجَازَهُ. رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત આમિર ઈબ્ને રબીઆથી[૧] રિવાયત છે કે બની ફઝારાની એક સ્ત્રીએ બે જોડાઓ (બૂટ) પર નિકાહ કર્યા[૨] તો તેણીને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, શું તમે બે જોડાઓના બદલામાં પોતાના જીવ તથા માલથી રાજી થઈ ગયો[૩] બોલ્યાં, હા ! તો હુઝૂરે આ નિકાહ જાઈઝ ઠરાવ્યા.[૪]'' (તિર્મિઝી)[૫]

૧. આપ કદીમુલ ઈસ્લામ (ઈસ્લામના શરૂથી) સહાબી છે. હિજરત કરનારા સહાબીઓમાંથી છે. બદર વગેરે સર્વ ગઝવાતમાં સામેલ રહ્યા. *(અશિઅહ)*

૨. એ રીતે કે પતિએ નિકાહના સમયે તેને કેવળ જોડાઓ (પગરખાં)ની જોડ આપી.

૩. એટલે કે આ ચઢાવા પર તમે ખુશ છો કે કાંઈ અન્ય પણ જોઈએ છે ? એનાથી જાણવા મળ્યું કે સ્ત્રીથી નિકાહની ઈજાઝત લેતી વખતે પતિના નામની સાથે મહેર બલ્કે ચઢાવાનો પણ ઉલ્લેખ કરી આપવો બેહતર છે. માલથી મુરાદ ક્યાં તો દહેજનો માલ છે અથવા ઔરતની માલિકીનો માલ છે, કેમ કે સ્ત્રી પોતાની જાન માલ દહેજ સર્વ કાંઈ લઈને પતિની પાસે જાય છે. સ્ત્રીનો માલ પુરૂષનો બને છે, એટલા માટે પતિ પોતાની ઝકાત પોતાની પત્નીને નથી આપી શકતો.

★ સ્ત્રીને હક્ક છે મહેર માફ કરે મહેર મિષ્લથી ઓછી કરે ★

૪. અમુક ઉલમાએ આ હદીષના આધારે ફર્માવ્યું કે જો સ્ત્રી પોતાની મહેર બિલ્કુલ માફ કરી દે અથવા મહેર મિષ્લથી પણ ઓછી કરી આપે તો તેણીને હક્ક છે. તેઓ આ હદીષનો અર્થ એ કરે છે કે કેવળ જોડાઓ (પગરખાં) પર રાજી થઈ ગયાં.

૫. ઈમામ ઈબ્ને હુમામ ફર્માવે છે કે, જો કે આ હદીષને ઈમામ તિર્મિઝીએ સહીહ કહી, પણ સહીહ નથી. કેમ કે એની અસ્નાદમાં આસિમ ઈબ્ને ઓબૈદ છે. ઈબ્ને મુઈન, ઈબ્ને જવઝીએ તેમને ઝઈફ કહ્યા. ઈબ્ને હબ્બાને ફર્માવ્યું કે આસિમ પુષ્કળ ખતાવાળા છે. જો આ હદીષ સહીહ હોય તો પણ જોડા મહરે મોઅજ્જલ એટલે નિકાહનો ચઢાવો હતા અને શક્ય છે કે એ જોડા દસ દિરહમ કિંમતના હોય.

★ હઝરત ઈબ્ને મસ્ઊદ પોતાના ઈજ્તેહાદી મસ્અલાના સહીહ હોવા પર ઘણા ખુશ થયા ★

★ હદીષ : (૬)-૩૨૦૭ ★

وَعَنْ عَلْقَمَةَ عَنِ ابْنِ مَسْعُودٍ: أَنَّهُ سُئِلَ عَنْ رَجُلٍ تَزَوَّجَ امْرَأَةً وَلَمْ يَفْرِضْ لَهَا شَيْئًا وَلَم يدْخل بِهَا حَتَّى مَاتَ فَقَالَ ابْنُ مَسْعُودٍ: لَهَا مِثْلُ صَدَاقِ نِسَائِهَا. لَا وَكْسَ وَلَا شَطَطَ وَعَلَيْهَا الْعِدَّةُ وَلَهَا الْمِيرَاثُ فَقَامَ

''હઝરત અલ્કમાથી રિવાયત છે. તે હઝરત ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરે છે[૧] કે તેમને એ શખ્સના બારામાં પૂછવામાં આવ્યું જેણે કોઈ સ્ત્રીથી નિકાહ કર્યા અને તેના માટે કાંઈ નિશ્ચિત ન કર્યું અને ન તેણીથી સોહબત કરી ત્યાં સુધી કે મરી ગયો[૨]. તો જનાબ ઈબ્ને મસ્ઊદે ફર્માવ્યું કે એ સ્ત્રી માટે પોતાના જેવી સ્ત્રીઓની મહેર છે, જેમાં ન કમી થાય ન વધારો, અને

مَعْقِلُ بْنُ سِنَانٍ الْأَشْجَعِيُّ فَقَالَ: قَضَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي بِرْوَعَ بِنْتِ وَاشِقٍ امْرَأَةٍ مِنَّا بِمِثْلِ مَا قَضَيْتَ. فَفَرِحَ بِهَا ابْنُ مَسْعُودٍ. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد وَالنَّسَائِيّ والدارمي

એના પર ઈદ્દત પણ છે અને તેણીના માટે વારસો પણ[૩]. તો મઅકિલ ઈબ્ને સિનાન અશ્જઈ ઉઠયા[૪] ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ અમારા કબીલાની એક સ્ત્રી બરૂઅ બિન્તે વાશિક્ના વિશે આવો જ ફૈસલો કર્યો[૫] જેવો આપે ફૈસલો કર્યો. ત્યારે ઈબ્ને મસ્ઊદ તેનાથી ઘણા જ ખુશ થયા[૬]." (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, દારમી)[૭]

૧. લગભગ આ અલ્ક્મા ઈબ્ને અબી અલ્ક્મા છે. અલ્ક્માનું નામ બિલાલ છે. હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ના સાથીઓમાંથી છે. મશહૂર તાબઈ છે. અલ્લાહ બેહતર જાણનાર છે. અલ્ક્મા ઈબ્ને અબી વક્કાસ નહીં, તે તો સહાબી છે.

૨. મસ્અલાની સ્થિતિ એ છે કે કોઈ એક સ્ત્રીથી વિના મહેરે નિકાહ કર્યા તો મહેરનો ઉલ્લેખ જ ન કર્યો અથવા મહેરની ના પાડી દીધી કે મહેર કાંઈ ન આપીશ, અથવા એવી ચીજ મહેર નક્કી કરી જે મહેર બનવાને પાત્ર નથી દા.ત. હવા અથવા પાણીના ગ્લાસ પર નિકાહ કર્યો પછી ખલ્વતે સહીહા (સહીહ એકાંત)થી પહેલાં મરી ગયો તો તેની પત્નીને મહેર મળશે કે નહીં ? જો મળશે તો શું ?

૩. જવાબનો ખુલાસો એ થયો કે એ સ્ત્રીને પુરુ મહેર મિથ્લ મળશે, વફાતની ઈદ્દત વાજિબ થશે, એટલે ચાર મહીના દસ દિવસ અને ચોથાઈ છોડેલો માલ મળશે. હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં આ ફત્વો તો આપ્યો પણ દિલમાં ખયાલ કરતો હતો કે માલૂમ નહીં સહીહ છે કે ગલત, કેમ કે આપે એના વિશે હદીષ સાંભળી ન હતી. કુર્આને કરીમથી આ હુકમ મુસ્તંબત કર્યો હતો કે શું આ ખબરે ઈસ્તંબાત સહીહ છે કે નહીં. *(મિર્કાત મઅ ઝિયાદત)*

૪. આપ સહાબી છે. ફતહે મક્કાના દિવસે ગઝવામાં શરીક હતા. ક્બૌમે અશ્જઅનો ઝંડો આપના હાથમાં હતો. યઝીદ ઈબ્ને મુઆવિયહના જમાનામાં જંગે હુર્રાના દિવસે પોતાના પુત્રની સાથે શહીદ થયા. *(અશિઅહ)*

૫. એટલે આ જ સ્થિતિવાળો મસ્અલો બારગાહે રિસાલત ﷺમાં પેશ થયો હતો. અને નબી કરીમ ﷺએ બિલ્કુલ આ જ હુકમ આપ્યો હતો. આપનો ઈજતેહાદ હદીષના પ્રમાણે છે. યાદ રાખશો કે આ હુકમ વફાતની સ્થિતિમાં છે. જો આવી સ્ત્રીને ખલ્વત (એકાંત) પહેલાં તલાક્ થઈ જાય તો ન એના પર ઈદ્દત છે ન મહેર, બલ્કે કપડાંની એક જોડ મળશે. તલાક્ની ઈદ્દત ખલ્વતથી વાજિબ થાય છે અને મહેર મિથ્લ કદાપિ અડધી થઈને નથી મળતી. આ હદીષ ઈમામે આ'ઝમની મજબૂત દલીલ છે. તેમનો મઝહબ તદ્દન આના જેવો જ છે. અમુક ઈમામોને ત્યાં આ સ્થિતિમાં સ્ત્રીને મહેર નથી મળતી.

૬. રિવાયતમાં છે કે હઝરત ઈબ્ને મસ્ઊદ આ સાંભળીને એટલા ખુશ થયા કે ઈસ્લામ પછી આવી ખુશી આપને કદી થઈ ન હતી.

૭. બયહક્કીએ ફર્માવ્યું કે હદીષ ઘણી અસ્નાદોથી મરવી છે જે સૌ સહીહ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ નજ્જાશી બાદશાહે ઉમ્મે હબીબાના નિકાહ હુઝૂર સાથે ગાઈબાના કર્યા ★

''હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا થી[૧] રિવાયત છે કે તે અબ્દુલ્લાહ ઈબ્ને જહશના નિકાહમાં હતાં[૨] તો તે હબ્શાની ભૂમિમાં જ વફાત પામી ગયા[૩] એ બીબીના નિકાહ નજ્જાશીએ નબી કરીમ ﷺ થી કરી આપ્યા[૪] અને હુઝૂર તરફથી તેમને ચાર હજાર મહેર આપવામાં આવી. અને એક રિવાયતમાં છે, ચાર હજાર દિરહમ મહેર આપી. અને એક રિવાયતમાં છે, ચાર હજાર દિરહમ મહેર આપી. તેમણે શરજીલ ઈબ્ને હસનાની સાથે રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં મોકલી આપ્યાં[૫].'' (અબૂ દાઉદ, નિસાઈ)

★ હદીષ : (૭)-૩૨૦૮ ★

عَنْ أُمِّ حَبِيبَةَ: أَنَّهَا كَانَتْ تَحْتَ عَبْدِ اللَّهِ بْنِ جَحْشٍ فَمَاتَ بِأَرْضِ الْحَبَشَةِ فَزَوَّجَهَا النَّجَاشِيُّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَمْهَرَهَا عَنهُ أَرْبَعَة آلَاف. وَفِي رِوَايَة: أَرْبَعَة دِرْهَمٍ وَبَعَثَ بِهَا إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَعَ شُرَحْبِيل بن حَسَنَة. رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

૧. ઉમ્મે હબીબા رضی اللہ عنہا નું નામ શરીફ રમલા છે. અબૂ સુફ્યાનનાં સાહબઝાદી અમીર મુઆવિયાનાં બહેન, મુસલમાનોની મા એટલે રસૂલુલ્લાહ ﷺ નાં પત્ની છે. આપની માનુ નામ સફિય્યા બિન્તે આસ, એટલે હઝરત ઉષ્માનનાં ફોઈ છે. આપનો ઈન્તેકાલ મદીના મુનવ્વરામાં હિ.સ. ૪૪માં થયો. ફ઼ક़ીરે क़ब्रे अन्वरની ઝિયારત કરી છે. (رضی اللہ عنہا)

૩. ઓબેદુલ્લાહ ઈબ્ને જહશ હબ્શાની ભૂમિમાં ઈસાઈયતની હાલતમાં મૃત્યુ પામ્યા. હઝરત ઉમ્મે હબીબા رضی اللہ عنہا ઈસ્લામ પર क़ાયમ રહ્યાં.

૪. એ રીતે કે **હુઝૂર ﷺ હિજાઝમાં તશરીફ઼ફર્મા રહ્યા અને હઝરત ઉમ્મે હબીબા હબ્શામાં, નજાશી બાદશાહે ઉમ્મે હબીબા رضی اللہ عنہا થી ઈજાઝત લઈને મજમાની સામે તેમના નિકાહ હુઝૂરે અન્વર ﷺ થી કરી આપ્યા અને નિકાહની ખબર હુઝૂરને મોકલી આપી. હુઝૂરે એ નિકાહ સહાબાના મજમામાં क़ુબૂલ કરી લીધા. એને ગાઈબાના નિકાહ કહે છે. હજી પણ જાઈઝ છે.** નજાશી હબ્શાના બાદશાહનો લક़બ હતો. તેમનું નામ અસ્હમા હતું. હુઝૂર ﷺ નો જમાનો પામ્યો પણ ઝિયારત ન કરી શક્યા, એટલા માટે તાબઈનમાંથી છે. તેમણે મુસલમાનોની ઘણી ખિદમતો અંજામ આપી. અશિઅતુલ લમ્આતમાં છે કે હુઝૂર ﷺ એ અમ્ર ઈબ્ને ઉમૈયા ઝમરીને પોતાના નિકાહના વકીલ બનાવીને હબ્શા મોકલી આપ્યા હતા. આ સ્થિતિમાં તો નજાશી ઉમ્મે હબીબા رضی اللہ عنہا ના નિકાહના વકીલ થયા અને અમ્ર ઈબ્ને ઉમૈયા હુઝૂરના વકીલ થયા. પણ પ્રથમ રિવાયત અધિક क़વી (મજબૂત) છે.

૫. અહીં મિર્क़ાતે ફર્માવ્યું કે આ નિકાહના મોક़ા પર ખાલિદ ઈબ્ને સઈદ ઈબ્ને આસના થકી નજાશીએ બીબી ઉમ્મે હબીબાને હુઝૂર ﷺ તરફથી નિકાહનો પૈગામ આપ્યો. અબરહા લોંડી, હઝરત જઅફર ઈબ્ને અબી તાલિબ અને અન્ય મુસલમાન નિકાહમાં શરીક થયા. હુઝૂર ﷺ ની તરફથી નજાશીએ અને ઉમ્મે હબીબાની તરફથી ખાલિદે નિકાહનો ખુત્બો પઢયો અને ચારસો દીનાર એટલે ચાર હજાર દિરહમ પોતાના ખિસ્સામાંથી નજાશીએ મહેર અદા કરી, બાદમાં સર્વ હાજરજનોને ખાવા ખવડાવ્યું. પછી હઝરત શરજીલની સાથે હુઝૂર ﷺ ની ખિદમતમાં ઉમ્મે હબીબા رضی اللہ عنہا ને મોકલી આપ્યાં. યાદ રાખશો કે આ ખાલિદ બીબી ઉમ્મે હબીબાના વાલિદ એટલે અબૂ

સુફયાન કાકા છે અને નજાશીએ આ નિકાહ એટલા માટે કર્યો કે જેથી અબૂ સુફયાન હુઝૂર ﷺની તરફ આકર્ષિત થાય. જંગ હલકી પડી જાય. આ નિકાહ હિ.સ. ૬માં થયો. હુસ્ના શરજીલની માનુ નામ છે.

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે અબૂ તલ્હાએ ઉમ્મે સુલૈમ સાથે નિકાહ કર્યો[૧] તો એમની વચ્ચ મહેર ઈસ્લામ હતી કે હઝરત ઉમ્મે સુલૈમ અબૂ તલ્હાથી પહેલાં ઈસ્લામ લાવ્યાં પછી તેમણે જ નિકાહનો પયગામ આપ્યો. તો એ બોલ્યા કે હું મુસલમાન થઈ ચૂકી છું, જો તમે પણ મુસલમાન થઈ જાવ તો તમારી સાથે નિકાહ કરી લઈશ. જેથી તે મુસલમાન થઈ ગયા. પછી એ તેમની આપસમાં મહેર થઈ[૨].'' (નિસાઈ)

★ હદીષ : (૮)-૩૨૦૯ ★

وَعَنْ أَنَسٍ قَالَ: تَزَوَّجَ أَبُو طَلْحَةَ أُمَّ سُلَيْمٍ فَكَانَ صَدَاقُ مَا بَيْنَهُمَا الْإِسْلَامَ أَسْلَمَتْ أُمُّ سُلَيْمٍ قَبْلَ أَبِي طَلْحَةَ فَخَطَبَهَا فَقَالَتْ: إِنِّي قَدْ أَسْلَمْتُ فَإِنْ أَسْلَمْتَ نَكَحْتُكَ فَأَسْلَمَ فَكَانَ صداق مَا بَينهمَا. رَوَاهُ النَّسَائِيّ

૧. હઝરત અબૂ તલ્હાનું નામ ઝયદ ઈબ્ને સહલ છે. અન્સારી, બુખારી છે. પોતાની કુન્નિયતમાં મશહૂર થયા. અને ઉમ્મે સુલૈમના નામમાં મતભેદ છે. બિન્તે મલ્હાન છે. પહેલાં માલિક ઈબ્ને નઝરના નિકાહમાં હતાં. તેમનાથી હઝરત અનસ પેદા થયા. પછી માલિક શિર્કની હાલતમાં કત્લ કરવામાં આવ્યા ત્યારે હઝરત અબૂ તલ્હાએ નિકાહનો પયગામ આપ્યો ત્યારે હઝરત ઉમ્મે સુલૈમે એ જવાબ આપ્યો જે આગળ આવી રહ્યો છે.

૨. આ હદીષ જાહેરી અર્થમાં સર્વ ઈમામોની વિરુદ્ધ છે, કેમ કે સર્વ ઈમામોને ત્યાં એ શર્ત છે કે મહેર માલ હોય. રબ તઆલા ફર્માવે છે : اَنْ تَبْتَغُوْا بِاَمْوَالِكُمْ (કે પોતાના માલોના બદલામાં તલાશ કરો. સૂરએ નિસાઅ, ૪/૨૪) જેથી આ વાકયનો અર્થ કયાં તો એ છે કે હઝરત ઉમ્મે સુલૈમ رضی اللہ عنہا એ મહેર માફ કરી આપી તેમના ઈસ્લામના કારણે અથવા એ મતલબ છે કે મહરે મોઅજજલ એટલે નિકાહનો ચઢાવો કાંઈ ન લીધો. સારાંશ આ વાક્ય તાવીલને પાત્ર છે.

બાબુલ વલીમા باب الوليمة

(વલીમા વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. ولیمہ ولم (વલીમા, વલમ)થી બન્યું, અર્થ : મળવું, ભેગા થવું. એનાથી التيام ઘાનુ ભરાઈ જવું, મળી જવું. નિકાહ બાદ જે દા'વત ખાવાની આપવામાં આવે છે તેને વલીમા કહે છે કે તે પણ પતિ પત્નીના મિલનની દા'વત છે. હક્ક એ છે કે વલીમો સુન્નત છે, સુહાગરાત પછી કરવામાં આવે એ બેહતર છે કે સુહાગરાતની સવારે થાય. ઈમામ માલિકને ત્યાં એક અઠવાડિયાની અંદર અંદર કરી શકાય છે.

★ વલીમો સુન્નત છે ભલે એક જ બકરી હોય ★

(مُتَّفِقٌ عَلَيْهِ) ★ હદીષ : (૧)-૩૨૧૦ ★

عَنْ أَنَسٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَأَى عَلَى عَبْدِ الرَّحْمَنِ بْنِ عَوْفٍ أَثَرَ صُفْرَةٍ فَقَالَ: «مَا هَذَا؟» قَالَ: إِنِّي تَزَوَّجْتُ امْرَأَةً عَلَى وَزْنِ نَوَاةٍ مِنْ ذَهَبٍ قَالَ: «بَارَكَ اللَّهُ لَكَ أَوْلِمْ وَلَوْ بِشَاةٍ»

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ પર ઝર્દી (પીળાશ)ની અસર જોઈ[૧] તો ફર્માવ્યું, આ શું ? અર્ઝ કરી, મેં એક સ્ત્રી સાથે ઠળીયા જેટલા સોના પર નિકાહ કરી લીધા છે[૨] ફર્માવ્યું, અલ્લાહ તમને બરકત આપે વલીમો કરો, ભલે એક બકરીથી જ હોય[૩]."

(મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે તેમના શરીર તથા કપડાં પર પીળા રંગની અસર જોઈ જે પત્ની સાથે મેળાપના સબબે વિના ઈરાદો લાગી ગયેલ હતી. નહીં તો હઝરાત સહાબાએ કિરામ શાદીમાં પોતાના પર જાફરાન ઘસતા ન હતા, કેમ કે પુરૂષ માટે એ રંગ મના છે. હા ! શાદીથી પહેલાં દુલ્હા દુલ્હનને જે હળદર ઘસવામાં આવે છે જેમાં ખુશ્બુ તથા સફાઈવાળી ચીજો હોય છે એ વિના કરાહતે જાઈઝ છે કે એ સાબુની જેમ શરીરની સફાઈ તથા નરમીના માટે છે. અમુક સાબુ ઘણા ખુશ્બોદાર હોય છે જેમ કે લકસ વગેરે, એ જ પ્રમાણે આ હળદર છે.

૨. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે નવાત એક ખાસ વજનનું નામ છે જે પાંચ દિરહમ બરાબર હોય છે, જેમ કે નશ વીસ દિરહમનો છે, અને ઔકિયા ચાલીસ દિરહમનો પણ એ દુરુસ્ત નથી. નવાતનો અર્થ છે ખજૂરનો ઠળિયો, એ જ અહીં મુરાદ છે.

૩. હક્ક એ છે કે આ હુકમ મુસ્તહબ રૂપે છે. આ હદીષથી જાણવા મળ્યું કે : (૧) નિકાહ કરનારને બરકતની દુઆ આપવી સુન્નત છે. (૨) વલીમો કરવો સુન્નત છે. (૩) વલીમો વિદાય બાદ પણ થઈ શકે છે. (૪) વલીમો પતિની યથાશક્તિ હોય, તેના માટે માત્રા નિશ્ચિત નથી. અમુક ઉલમાને ત્યાં વલીમો વાજિબ છે, એ હઝરાત આ હુકમ વાજિબના માટે માને છે, પણ હક્ક એ જ છે જે અમે અર્ઝ કરી.

(مُتَّفِقٌ عَلَيْهِ) ★ હદીષ : (૨)-૩૨૧૧ ★

وَعَنْهُ قَالَ: مَا أَوْلَمَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ

"તેમનાથી જ રિવાયત છે કે નથી વલીમો કર્યો રસૂલુલ્લાહ ﷺ એ પોતાની કોઈ પત્ની પર જેવો

વલીમો હઝરત ઝયનબ પર કર્યો[૧]. એક બકરીથી વલીમો કર્યો." (મુસ્લિમ, બુખારી)	عَلَى أَحَدٍ مِنْ نِسَائِهِ مَا أَوْ لَمْ على زَيْنَب أَوْ لَمْ بِشَاة

૧. બીબી ઝયનબ رضی اللہ عنہا નું નામ શરીફ પહેલાં મુબરદ હતું. હુઝૂર ﷺએ બદલીને ઝયનબ રાખ્યું. આપ ઝયનબ બિન્તે જહશ છે. આપના મા ઉમૈમા બિન્તે અબ્દુલ મુત્તલિબ ઈબ્ને હાશિમ છે. પ્રથમ હુઝૂર ﷺએ એમના નિકાહ ઝયદ ઈબ્ને હારિષા સાથે કર્યા હતા. તેમણે થોડાક સમય બાદ તલાક઼ આપી દીધી. ઈદ્દત બાદ હુઝૂરે પોતે જ જનાબ ઝયદને નિકાહનો પયગામ આપીને જનાબ ઝયનબની પાસે મોકલ્યા. હઝરત ઝયદ, બીબી ઝયનબના ઘરે પહોંચ્યા અને તેમની તરફ પીઠ કરીને ઉભા રહ્યા અને હુઝૂરનો પયગામ આપ્યો. આપ બોલ્યાં કે હું મારા રબથી મશ્વરો કરી લઉં. આમ કહીને આપ આપના ઘરની મસ્જિદમાં ઈબાદતમાં મશગૂલ થઈ ગયાં. આ બાજુ હુઝૂર ﷺ પર આ આયતે કરીમા નાઝિલ થઈ : فَلَمَّا قَضٰى زَيْدٌ مِّنْهَا وَطَرًا زَوَّجْنٰكَهَا (પછી ઝયદની ગરઝ તેનાથી નીકળી ગઈ તો અમે તેણી તમારા નિકાહમાં આપી દીધી. સૂરએ અહઝાબ, ૩૩/૩૭) આ આયતના નુઝૂલ પર હુઝૂર ﷺ વિના ઈજાઝતે આપના ઘરમાં પ્રવેશ્યા. બીબી ઝયનબ ફખ્ર કરતાં હતાં કે સર્વ બીવીઓના નિકાહ તેમના સગાંઓએ ફર્શ (જમીન) પર કર્યા, મારા નિકાહ મારા રબે અર્શ પર કર્યા. મુનાફિકોએ ટોણો માર્યો કે હુઝૂરે પોતાના મોં બોલ્યા પુત્રની પત્ની સાથે નિકાહ કરી લીધા. ત્યારે આ આયતે કરીમા : مَا كَانَ مُحَمَّدٌ اَبَآ اَحَدٍ مِّنْ رِّجَالِكُمْ ----الايه (મુહમ્મદ તમારા પુરૂષોમાં કોઈના બાપ નથી, હા ! અલ્લાહના રસૂલ છે. અને સૌ નબીઓના પાછલા, અને અલ્લાહ સર્વ કાંઈ જાણે છે. –સૂરએ અહઝાબ, ૩૩/૪૦)

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ જ્યારે હઝરત ઝયનબથી સુહાગરાત કરી તો વલીમો કર્યો[૧] લોકોને ગોશ્ત રોટીથી ધરવી આપ્યા[૨]." (બુખારી)	**★ હદીષ : (૩)-૩૨૧૨ ★** وَعَنْهُ قَالَ: أَوْلَمَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ حِينَ بَنَى بِزَيْنَبَ بِنْتِ جَحْشٍ فأشبع النَّاس خبْزًا وَلَحْمًا. رَوَاهُ الْبُخَارِيّ

૧. આ જ વલીમાનો તે બનાવ છે કે અમુક હઝરાત ખાવા ખાઈ ચૂક્યા પછી ત્યાં જ સરકાર ﷺના દોલતખાનામાં પહોંચી ગયા અને અમુક હઝરાત ખાવા ખાઈ ચૂક્યા પછી ત્યાં જ વાતોમાં મશગૂલ રહ્યા. જેનાથી હુઝૂર ﷺને તકલીફ થઈ, ત્યારે આ આયતે કરીમા નાઝિલ થઈ : يٰٓاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْا لَا تَدْخُلُوْا بُيُوْتَ النَّبِيِّ--الايه (હે ઈમાનવાળાઓ ! નબીનાં ઘરોમાં હાજર ન થાવ જ્યાં સુધી રજા ન મેળવો. દા.ત. ખાવા માટે બોલવવામાં આવો, ન એ રીતે કે ખુદ તેના પાકવાની રાહ જુઓ. હા ! જ્યારે બોલાવવામાં આવે તો હાજર થાવ અને જ્યારે ખાઈ ચૂકો તો વિખેરાઈ જાવ, ન એ કે બેઠેલા રહી વાતોમાં દિલ બહેલાવો..... સૂરએ અહઝાબ, ૩૩/૫૩)

૨. એટલે દા'વતમાં બોલાવેલા હાજરજનોને પેટ ભરીને રોટી ખવડાવી અથવા ષરીદ બનાવીને અથવા જેવી રીતે આજકાલ સામાન્યતઃ ખાવામાં આવે છે એ રીતે. એ વલીમા સિવાય બાકી વલીમાઓમાં ખારેકો, પનીર વગેરે ખવડાવવામાં આવેલ.

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ હઝરત સફિય્યાને આઝાદ કર્યાં અને તેમની સાથે નિકાહ કરી લીધો[૧]. અને તેમની	**★ હદીષ : (૪)-૩૨૧૩ ★** (مُتَّفِق عَلَيْهِ) وَعَنْهُ قَالَ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ أَعْتَقَ صَفِيَّةَ

આઝાદીને તેમની મહેર ઠરાવી[૨]. તેમના પર હરીસાથી વલીમો કર્યો[૩]." (મુસ્લિમ, બુખારી)	مُتَّفق عَلَيْهِ

૧. બીબી સફિય્યહ હઝરત હારૂન عليه السلام ની ઔલાદમાંથી હતાં. હઝરત મૂસા عليه السلام નાં ભત્રીજી હય્ય ઈબ્ને અખ્તબના પુત્રી હતાં. ગઝવએ ખૈબરમાં કેદ થઈને આવ્યાં એટલે મુહર્રમ હિ.સ. ૭માં. પહેલાં કનાના અબુલ હકીકના નિકાહમાં હતાં જે ગઝવએ ખૈબરમાં મુસલમાનોના હાથે કત્લ થયો. પ્રથમ દહિયા કલબીના હિસ્સામાં આવ્યાં. તેમનાથી હુઝૂર ﷺએ સાત ગુલામોના બદલામાં ખરીદી લીધાં, આપ મુસલમાન થઈ ગયાં. હુઝૂરે આપને આઝાદ કરીને તેમની સાથે નિકાહ કર્યા કે જેથી યહૂદી સરદારની પુત્રી, હઝરત હારૂન عليه السلام નબીની ઔલાદ નબીના જ નિકાહમાં રહે. હિ.સ. ૫૦માં વિસાલ થયો. મદીના પાકમાં દફન થયાં. આ ગુનેહગારે કબ્રે અન્વરની ઝિયારત કરી છે. (رضی اللہ عنہا)

૨. એટલે કે આઝાદી સિવાય અન્ય કોઈ મહેર તેણીને ન આપી. આ ક્યાં તો હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે કે આપના પર પત્નીની ન મહેર વાજિબ છે ન વાર નિશ્ચિત કરવું લાઝિમ છે. રબ તઆલા ફર્માવે છે : وَتُـْٔوِیْۤ اِلَیْكَ مَنْ تَشَآءُ (અને પોતાની પાસે જગા આપો જેને ચાહો. સૂરએ અહઝાબ, ૩૩/૫૧) અથવા એ મતલબ છે કે મહેર મોઅજ્જલ એટલે નિકાહનો ચઢાવો કાંઈ ન આપ્યો, અથવા મતલબ એ છે કે નિકાહના વખતે મહેરનો ઉલ્લેખ ન કર્યો, બાદમાં મહેર મિષ્લ આપી, જેવો કે આજે પણ એ જ હુકમ છે, નહીં તો સ્ત્રીને આઝાદ કરવી મહેર નથી બની શકતું, મહેર તો માલ હોવો જોઈએ. રબ તઆલા ફર્માવે છે : اَنْ تَبْتَغُوْا بِاَمْوَالِكُمْ (કે પોતાના માલોના બદલામાં તલાશ કરો. સૂરએ નિસાઅ, ૪/૨૪) જેથી આ હદીષ ન તો કુર્આને કરીમની વિરુદ્ધ છે ન ઈમામોના મઝહબની વિરુદ્ધ છે.

૩. અરબવાસીઓ ખજૂર તથા માખણ અને ખારેક તથા ઘી મિલાવીને ખાય છે તેને હૈસ કહેવામાં આવે છે, આજકાલ તેને હરીસા પણ કહે છે. હરીસા ઘણા પ્રકારનો હોય છે. વિવિધ તરીકાઓથી અને વિવિધ ચીજોથી બનાવવામાં આવે છે.

★ હઝરત સફિય્યા رضی اللہ عنہا ના નિકાહ અને વલીમા વિશે ★

★ હદીષ : (૫)-૩૨૧૪ ★	
وَعَنْهُ قَالَ: أَقَامَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَيْنَ خَيْبَرَ وَالْمَدِينَةِ ثَلَاثَ لَيَالٍ يُبْنَى عَلَيْهِ بِصَفِيَّةَ فَدَعَوْتُ الْمُسْلِمِينَ إِلَى وَلِيمَتِهِ وَمَا كَانَ فِيهَا مِنْ خُبْزٍ وَلَا لَحْمٍ وَمَا كَانَ فِيهَا إِلَّا أَن أمربالأنطاع فَبُسِطَتْ فَأَلْقَى عَلَيْهَا التَّمْرَ وَالْأَقِطَ وَالسَّمْنَ. رَوَاهُ الْبُخَارِيّ	*"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે નબી ﷺએ ખૈબર તથા મદીનાની વચ્ચે ત્રણ રાતો રોકાણ કર્યું[૧] આપના પર હઝરત સફિય્યાની સુહાગરાત કરવાની હતી. તો મેં મુસલમાનોને આપના વલીમા તરફ દા'વત આપી. એ વલીમામાં ન રોટીઓ હતી ન ગોશ્ત. એમાં એના સિવાય અન્ય કાંઈ ન હોતું કે દસ્તરખાનોનો હુકમ આપ્યો, તે બિછાવી દેવામાં આવ્યા[૨] પછી એના પર ખારેકો અને માખણ તથા ઘી રાખી દેવામાં આવ્યું[૩]." (બુખારી)*

૧. એટલે કે બીબી સફિય્યા ગઝવએ ખૈબરમાં મુસલમાન થયાં અને હુઝૂર ﷺના નિકાહમાં આવ્યાં, પણ

સુહાગરાત ત્યાં ખૈબરમાં ન થઈ, બલ્કે મદીના મુનવ્વરા પરત થતાં કોઈ મંઝિલ પર થઈ. ત્યાં ત્રણ દિવસ રોકાણ રહ્યું અને ત્યાં જ વલીમો થયો.

૨. طَعَامબહુવચન છે طَبَقનું. નતઅ ચામડાના દસ્તરખાનને કહે છે. કેમ કે ખાનારા લોકો અધિક હતા એટલા માટે દસ્તરખાન બિછાવવામાં આવ્યાં.

૩. જંગે ખૈબરમાં હઝરત સફિય્યાના ભાઈ, પિતા, પતિ કત્લ થઈ ગયા હતા. જ્યારે હુઝૂરે અન્વર ﷺએ તેમને આઝાદ કર્યાં તો તેમને કહ્યું કે તમને અખત્યાર છે કે તમે અમારી સાથે રહો અથવા પોતાના ઘરે ખૈબર ચાલ્યાં જાવ. આપ બોલ્યાં કે હું તો કુફ્રના જમાનામાં તમન્ના કરતી હતી કે આપની ગુલામીમાં રહું, હવે તો અલ્લાહે મને ઈસ્લામની નેઅમત આપી દીધી. હુઝૂરે અન્વર ﷺએ પૂછયું કે તમારી એક આંખ લીલી કેમ છે ? બોલ્યાં, મેં ખ્વાબમાં જોયું કે એક ચાંદ મારી ગોદમાં આવીને પડયો. મેં મારો આ ખ્વાબ મારા પતિ કનાનાને વર્ણવ્યો તો તેણે મને થપ્પડ મારી અને બોલ્યા કે શું તું યષરબી બાદશાહ (નબી કરીમ ﷺ)ની પાસે જવાની ઈચ્છુક છે ?! આ તે થપ્પડની અસર છે. (મિર્કાત) રબ તઆલાએ તેમનો એ ખ્વાબ પૂરો કરી આપ્યો.

''હઝરત સફિય્યા બિન્તે શયબાથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺએ પોતાની અમુક બીવીઓનો બે મુદ જવથી વલીમો કર્યો[૨].'' (બુખારી)

★ હદીષ : (૬)-૩૨૧૫ ★

وَعَنْ صَفِيَّةَ بِنْتِ شَيْبَةَ قَالَتْ: أَوْلَمَ النَّبِيُّ صلى الله عَلَيْهِ وَسلم على النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى بَعْضِ نِسَائِهِ بمدين من شعير. رَوَاهُ الْبُخَارِيّ

૧. આપ જહબી છે. એમાં મતભેદ છે કે સહાબિયા છે કે નહીં. અકમાલમાં ફર્માવ્યું કે આપ તાબઈનમાંથી છે. શયબા ઈબ્ને ઉષ્માન ઈબ્ને અબી તલ્હા જહબીનાં પુત્રી છે. વલીદના જમાના સુધી રહ્યાં.

૨. લગભગ એ બીબી ઉમ્મે સલમા છે જેમનું નામ હિંદયા રમલા છે. પહેલાં અબૂ સલમા ઈબ્ને અસદના નિકાહમાં હતાં. પોતાના પતિ સહિત હબ્શાની તરફ હિજરત કરી ગયાં. અબૂ સલમાના ઈન્તેકાલ પછી હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہએ પણ નિકાહનો પયગામ આપ્યો, અને હઝરત ઉમર رضی اللہ عنہએ પણ. આપે તે બંનેવ સાહબોને ના પાડી દીધી પછી હુઝૂર ﷺના નિકાહમાં આવ્યાં. તેમના નિકાહનો મોટો બનાવ છે જે મિર્કાત વગેરેમાં વર્ણન થયેલ છે. (બે મુદ અડધો સાઅ થાય છે એટલે સવા બે શેર)

★ દરેક દા'વત ખાસ કરીને વલીમાની કબૂલ કરવા વિશે ★

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ વલીમાની તરફ બોલાવવામાં આવે તો ત્યાં જાય[૧]. (મુસ્લિમ, બુખારી) અને મુસ્લિમની રિવાયતમાં આ પ્રમાણે છે કે કબૂલ કરે, વલીમો હોય કે એની જેમ[૨].''

★ હદીષ : (૭)-૩૨૧૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا دُعِيَ أَحَدُكُمْ إِلَى الْوَلِيمَةِ فَلْيَأْتِهَا» . مُتَّفَقٌ عَلَيْهِ. وَفِي رِوَايَةٍ لِمُسْلِمٍ: فَلْيُجِبْ عُرْسًا كَانَ أَو نَحوه

૧. આ હદીષના આધારે અમુક ઉલમાએ ફર્માવ્યું કે વલીમાની દા'વત કબૂલ કરવી વાજિબ છે. અમુકે ફર્માવ્યું

કે ફર્ઝે કિફાયા છે. તે હઝરાત વાજિબ હોવાના માટે આ હુકમ માનતા હતા. પણ હક્ક એ છે કે વલીમો હોય કે કોઈ અન્ય ખાવાની દા'વત તેને કબૂલ કરવી સુન્નત છે. ત્યાં જવું પણ સુન્નત રહ્યું. ખાવું એના અખત્યારમાં છે, જેવું કે આગલી હદીષમાં આવી રહ્યું છે. યાદ રાખશો કે દા'વત કબૂલ કરવી વાજિબ અથવા ફર્ઝે કિફાયા અથવા સુન્નત ત્યારે છે જ્યારે કોઈ રુકાવટ મૌજૂદ ન હોય, નહીં તો નહીં. જેનું ખાવા શંકાસ્પદ હોય, હરામની આવકથી ખાવા પકાવવાની મજબૂત સંભાવના હોય, અથવા વલીમામાં કેવળ માલદારોને જ બોલાવવામાં આવેલા હોય અને ગરીબોને છોડી આપ્યા હોય અથવા દા'વતમાં કોઈ તકલીફદાયક ચીજ મૌજૂદ હોય, અથવા દસ્રખાન પર ગાયનો વાજિંત્રો હોય અથવા ત્યાં શરાબપાન ચાલુ હોય, અથવા લાંચ રૂપે આમંત્રણ હોય, અથવા અસભ્ય લોકોની સંગત હોય, તો કબૂલ કરવું સુન્નત છે. સૂફીઓ ફર્માવે છે કે હવે આ જમાનામાં જાહેર કરતાં એકાંત અફઝલ છે, બુરી સોહબતથી એકાંત અફઝલ છે. *(અઝ : મિર્કાત, અશિઅહ, તથા લમ્આત)*

★ બુઝુર્ગોના ફાતિહાના ખાણા તબર્રુક છે, સૌ ખાય ★

૨. જાહેર એ છે કે આ લખાણ કે "વલીમો હોય કે એના જેમ" એ કોઈ રાવીનો પોતાનો કૌલ છે જે સમજૂતી રૂપે સામેલ કરવામાં આવેલ છે. એટલે વલીમો, ખત્ના, અકીકો, કોઈના આગમન પર દા'વત, એ જ પ્રમાણે સંજોગો અનુરૂપ દા'વત સો કબૂલ કરવી જોઈએ. ખત્મે ફાતિહાનાં ખાણા ફકીરો ખાય, માલદાર બચે તો અફઝલ. બુઝુર્ગોના ફાતિહાના ખાણા તબર્રુક છે, સૌ ખાય.

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈને ખાવા માટે બોલાવવામાં આવે તો કબૂલ કરે, પછી જો ચાહે ખાઈ લે અને જો ચાહે તો છોડી આપે[૨]." (મુસ્લિમ)

★ હદીષ : (૮)-૩૨૧૭ ★

وَعَنْ جَابِرٍ: قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا دُعِيَ أَحَدُكُمْ إِلَى طَعَامٍ فليجب وَإِنْ شَاءَ طَعِمَ وَإِنْ شَاءَ تَرَكَ» . رَوَاهُ مُسْلِمٌ

૧. આ હુકમ પર મુહક્કિકોના મઝહબ પ્રમાણે મુસ્તહબરૂપે (ઈસ્તેહબાબી) છે. એમાં પણ તે સર્વ કાયદા વિશ્વસનીય છે જે હમણા પાછલી હદીષમાં વર્ણવવામાં આવ્યા. મતલબ એ છે કે દરેક જાઈઝ દા'વતમાં જવું બેહતર છે, ખાવા ન ખાવાનો અખત્યાર છે. કેમ કે ન ખાવાથી લોકો ઘમંડી કહે છે અને એનાથી અદાવત પેદા થવાનો ખતરો છે. જમાઅતમાં હળીમળીને રહેવું જોઈએ.

૨. આ હદીષ અબૂ દાઉદ, અહમદ, તિર્મિઝીએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી થોડાક ફેરફાર સાથે રિવાયત કરી અને તિબ્રાનીએ હઝરત ઈબ્ને મસ્ઊદથી આ પ્રમાણે રિવાયત કરી, જો ત્યાં ખાવા ન ખાય તો બરકતની દુઆ કરી દે, અને જો રોઝાદાર હોય તો ત્યાં જઈને એ મજબૂરી દર્શાવી દે.

★ તે દા'વત બુરી છે જેમાં ફક્ત માલદારોને જ બોલાવવામાં આવે ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે બદ્તરીન ખાણુ તે વલીમાનુ ખાવા છે જેના માટે માલદારને તો

★ હદીષ : (૯)-૩૨૧૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ

وَسَلَّمَ: «شَرُّ الطَّعَامِ طَعَامُ الْوَلِيمَةِ يُدْعَى لَهَا الْأَغْنِيَاءُ وَيُتْرَكُ الْفُقَرَاءُ وَمَنْ تَرَكَ الدَّعْوَةَ فَقَدْ عَصَى اللهَ وَرَسُولَه»

બોલાવવામાં આવે અને ગરીબોને છોડી દેવામાં આવે[૨]. અને જેણે દા'વત છોડી તેણે અલ્લાહ વ રસૂલની નાફર્માની કરી[૩]." (મુસ્લિમ, બુખારી)

૧. કેમ કે એવા વલીમામાં અધિક્તર નામના જ હોય છે, લિલ્લાહિયત નથી હોતી. આજકાલ ખુશીની દા'વતોમાં સામાન્ય રીતે અમીરો અને મોત વગેરે ગમીની દા'વતોમાં ગરીબ તથા તલબા બોલાવવામાં આવે છે, જેનું પરિણામ એ છે કે ગરીબ દુઆઓ કરે છે કે ખુદા કરે અમીર મરે જેથી અમને ખાવા તથા ખૈરાત મળે ! જો વલીમા તથા અન્ય ખુશીની દા'વતોમાં પણ ગરીબોને બોલાવવામાં આવે તો આ ગરીબો ખુશીની પણ દુઆઓ કરતા. આજકાલ મશ્હૂર છે કે નાટકીયા, જોકર, વાજાંવાળા તો ખુશીની દુઆઓ કરે છે અને ગરીબો ગમીની. સારાંશ કે હુઝૂરે અન્વર ﷺના દરેક ફર્માનમાં સેંકડો હિકમતો છે. અમુક લોકો એ દા'વતોમાં ગરીબોને પણ બોલાવે છે પણ તેમને સૌથી પાછળ બેઈજ્જતીપૂર્વક ખવડાવે છે, એ અધિક વધુ બુરૂ છે, ગરીબો પણ આપણા ભાઈ છે.

૩. આ વાક્ય તે ઉલમાની દલીલ છે જે દા'વતને કબૂલ કરવાને વાજિબ અથવા ફર્ઝ કહે છે. જમહૂર (બહુમતી) ઉલમા ફર્માવે છે કે એનાથી મુસ્તહબ પર અમલની તાકીદનો હેતુ છે, અથવા તે શખ્સ મુરાદ છે જે ઘમંડના કારણે મુસલમાનોની દા'વતમાં ભાગ ન લે, જેમ કે આજે અમુક ઈન્કાર કરનારાઓને જોવામાં આવે છે.

★ ગોશ્તનો વેપાર સહાબાની સુન્નત છે ★

★ હદીષ : (૧૦)-૩૨૧૯ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي مَسْعُودٍ الْأَنْصَارِيِّ قَالَ: كَانَ رَجُلٌ مِنَ الْأَنْصَارِ يُكْنَى أَبَا شُعَيْبٍ كَانَ لَهُ غُلَامٌ لَحَّامٌ فَقَالَ: اصْنَعْ لِي طَعَامًا يَكْفِي خَمْسَةً لَعَلِّي أَدْعُو النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ خَامِسَ خَمْسَةٍ فَصَنَعَ لَهُ طعيما ثُمَّ أَتَاهُ فَدَعَاهُ فَتَبِعَهُمْ رَجُلٌ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا أَبَا شُعَيْبٍ إِنَّ رَجُلًا تَبِعَنَا فَإِنْ شِئْتَ أَذِنْتَ لَهُ وَإِنْ شِئْتَ تركته» . قَالَ: لَا بل أَذِنت لَهُ

"હઝરત અબૂ મસ્ઊદ અન્સારીથી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ અન્સારી હતો જેની કુન્નિયત અબૂ શોએબ હતી. તેનો એક ગુલામ ગોશ્ત વેચનાર હતો. તે બોલ્યો કે મારા માટે ખાવા તૈયાર કરો જે પાંચને પૂરતુ હોય, જેથી હું નબી કરીમ ﷺ ને દા'વત આપુ. પાંચના પાંચેવ[૧] જેથી ગુલામે તેના માટે કાંઈક ખાણુ તૈયાર કર્યું[૨] પછી હુઝૂરની બારગાહમાં આવ્યો, આપને દા'વત આપી. એમની સાથે એક શખ્સ આવી ગયો[૩]. તેને નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, હે અબૂ શોએબ ! એક શખ્સ અમારી સાથે આવી ગયો છે, તમે જો તેને ઈજાઝત આપો તો ઠીક, અને જો ચાહો તો છોડી આપો[૪] અર્ઝ કરી, નહીં ! બલ્કે મેં તેને ઈજાઝત આપી[૫]." (મુસ્લિમ, બુખારી)

૧. એટલે ચાર હઝરાત લગભગ ખુલફાએ રાશિદીન رضوان الله تعالى عليهم اجمعين હુઝૂરે અન્વર ﷺની સાથે હોય અને પાંચમા હુઝૂર ﷺ હોય. તેણે ચહેરાએ અન્વર પર ભૂખની અસરો જોઈ હતી, જેવું કે અમુક રિવાયતોમાં છે ત્યારે એ વ્યવસ્થા કરી હતી. જાણવા મળ્યું કે ગોશ્તનો વેપાર પણ સહાબાની સુન્નત છે.

★ મહેમાન માટે આયોજનપૂર્વક ખાણા તૈયાર કરવાં સુન્નત ★

૨. મિર્કાતે ફર્માવ્યું : طعيمًا ની તફસીર "કમી"ના માટે નથી, કેમ કે અબૂ શોએબે ઘણુ ખાણુ તૈયાર કરાવ્યું હતું, બલ્કે અર્થ એ છે કે ખૂબ જ આયોજનપૂર્વક ખાણુ તૈયાર કરાવ્યું જે ખૂબ જ સ્વાદિષ્ટ હતું. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺએ સ્વાદિષ્ટ ખાણા પણ ખાધાં. મરઘી પણ ખાધી છે, એક જ સમયે અનેક ખાણા નથી ખાધાં. એટલા માટે ફકીહો ફર્માવે છે કે એકી સાથે અનેક ખાણા બિદઅત છે, જાઈઝ નથી. (જુઓ શામી વગેરે) એનાથી જાણવા મળ્યું કે મહેમાન માટે આયોજનપૂર્વક સ્વાદિષ્ટ ખાણુ તૈયાર કરવું સુન્નત છે.

★ હઝરત ઈબ્રાહીમ عليه السلامએ આટાને દૂધમાં ભેળવીને પરાઠા બનાવ્યા ★

હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ عليه السلامએ મહેમાનો માટે આટાને દૂધમાં ભેળવીને બનાવેલ પરાઠાની શરૂઆત કરી. (જુઓ અમારી કિતાબ તફસીરે નઈમી, પારા–૧)

૩. લગભગ આ છઠ્ઠો માણસ રસ્તામાંથી સાથે થઈ ગયો હતો અને લગભગ તેને કહી પણ આપ્યું હશે કે તમારા માટે જો ઈજાઝત મળી જશે તો ખાઈ લેજો, નહીં તો પરત થઈ જજો, એના પર ખોટુ ન લગાડતા.

૪. સુબ્હાનલ્લાહ ! અહીં તો એક અધિક વ્યક્તિ માટે ઈજાઝત માગી રહ્યા છે અને હઝરત જાબિર તથા તલ્હા رضی اللہ عنہما ના ઘરે પાંચ માણસની દા'વતમાં કેટલાય સો હઝરાતને લઈ ગયા, અને ખાવા ખવડાવ્યું. અહીં શરઈ મસ્અલો બનાવવાનો હેતુ હતો અને ત્યાં પોતાનું માલિકીપણુ અને ખુદાવંદી સલ્તનતના ઈઝહારનો હેતુ હતો. કેમ કે હુઝૂર ﷺ આપણા સૌના માલિક છે. આખી ઉમ્મત હુઝૂર ﷺની લોંડી ગુલામ છે. માલિકને હક્ક છે કે પોતાના ગુલામની દા'વતમાં જેને ચાહે બોલાવે, કેમ કે ગુલામનો માલ માલિકનો માલ છે. તેમજ ત્યાં તે સેંકડો હઝરાતને હુઝૂરે ખુદ પોતાના મો'જિઝાથી ખાવા ખવડાવ્યું કે ત્યાં ખાવા ખાવાથી ઓછુ ન થયું. જે ચીજ ખર્ચ કરવાથી ઓછી ન થાય, ત્યાં બોલાવવામાં ન બોલાવવાનો સવાલ જ પેદા નથી થતો. કૂવા નદીથી વિના બોલાવ્યે સૌ પાણી પીએ છે, પણ ઘડાનુ પાણી માલિકને પૂછીને પીવામાં આવે છે. ઈસાલે સવાબનો પણ એ જ હાલ છે. **જો કોઈ ખાસ મૈયતના માટે ખાવા પકાવવામાં આવ્યું છે તો તમે એની સાથે આખી ઉમ્મતને સવાબ પહોંચાડી શકો છો.**

★ દા'વત સંબંધી કેટલાક મસાઈલ ★

૫. એનાથી દા'વત સંબંધી ઘણા બધા મસાઈલ જાણવા મળ્યા : **એક** એ કે કોઈ શખ્સ વિના બોલાવ્યે દા'વતમાં ન જાય. **બીજુ** એ કે બોલાવેલો માણસ પણ પોતાની સાથે કોઈ ન બોલાવેલાને ન લઈ જાય, સિવાય આમ રિવાજ પ્રમાણે. જેમ કે બાદશાહની દા'વતમાં તેનો બોડી ગાર્ડ વગેરે જઈ શકે છે, હવે એના પર આમ રિવાજ થઈ ગયો છે. **ત્રીજુ** એ કે ન બોલાવેલ શખ્સના માટે ઈજાઝત લઈ લેવી જોઈએ. **ચોથુ** એ કે ન બોલાવેલ શખ્સ ઈજાઝત વિના નિમંત્રકના ઘરમાં ન પ્રવેશે. **પાંચમુ** એ કે મહેનત ખાતી વખતે કોઈ આવી જનારા માણસને આગ્રહ ન કરે કે આવો ખાણુ ખાઈ લો. કેમ કે મહેમાન ખાણાનો માલિક નથી. **છઠ્ઠો** એ કે દસ્તરખાનવાળો બીજા દસ્તરખાનવાળાને કોઈ ચીજ એ દસ્તરખાનની ન આપે. હા ! એક દસ્તરખાનના માણસો એકબીજાને જે ચાહે આપે. અમુક ફકીહ તો ફર્માવે છે કે મહેમાન અજનબી કૂતરાને હાડકુ પણ નથી નાખી શકતો. જો માલિકનો કૂતરો છે તો તેને નાખે. (અઝ : મિર્કાત, શામી વગેરે મઅઝિયાદત) અમુક ફકીહો ફર્માવે છે કે જો મહેમાન કોઈ કારણે પોતે ખાવા ન ખાય તો પોતાનો હિસ્સો બીજાને ઈજાઝત વિના ખવડાવી શકે છે. અલ્લાહ બેહતર જાણનાર છે. *(મિર્કાત)*

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૧૧)-૩૨૨૦ ★

عَنْ أَنَسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَولم على صَفِيَّة بسويق وتمر. رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ બીબી સફિય્યા પર સત્તુ તથા ખારેકોથી વલીમો કર્યો[૧]. (અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

૧. એટલે એ વલીમામાં સત્તુ તથા ખારેક મિલાવીને ખાધી અથવા સત્તુ અલગ અને ખારેકો અલગ. જેથી આ હદીષ પાછલી હદીષની વિરુદ્ધ નથી કે હુઝૂરે એ વલીમામાં હૈસ આપ્યું, કેમ કે સત્તુ અને ખારેકો મિલાવીને પણ હૈસ બનાવવામાં આવે છે અથવા સત્તુ અલગ આપવામાં આવ્યા અને હૈસ અલગ.

★ નબીના માટે યોગ્ય નથી કે તે સજાવેલા ઘરમાં પ્રવેશે ★

★ હદીષ : (૧૨)-૩૨૨૧ ★

وَعَنْ سَفِينَةَ: أَنَّ رَجُلًا ضَافَ عَلِيَّ بْنَ أَبِي طَالِبٍ فَصَنَعَ لَهُ طَعَامًا فَقَالَتْ فَاطِمَةُ: لَوْ دَعَوْنَا رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَكَلَ مَعَنَا فَدَعَوْهُ فَجَاءَ فَوَضَعَ يَدَيْهِ عَلَى عِضَادَتَيِ الْبَابِ فَرَأَى الْقِرَامَ قَدْ ضُرِبَ فِي نَاحِيَةِ الْبَيْتِ فَرَجَعَ. قَالَتْ فَاطِمَةُ: فَتَبِعْتُهُ فَقُلْتُ: يَا رَسُولَ اللَّهِ مَا رَدَّكَ؟ قَالَ: «إِنَّهُ لَيْسَ لِي أَوْ لِنَبِيٍّ أَنْ يَدْخُلَ بَيْتا مزوقا» . رَوَاهُ أَحْمد وَابْن مَاجَه

"હઝરત સફિય્યા رضی اللہ عنہا થી[૧] રિવાયત છે કે એક શખ્સ હઝરત અલી બિન અબી તાલિબનો મહેમાન થયો. આપે તેના માટે ખાણુ તૈયાર કર્યું[૨] તો જનાબ ફાતિમા બોલ્યાં કે કાશ ! આપણે રસૂલુલ્લાહ ﷺ ને બોલાવતાં તો આપ પણ અમારી સાથે ખાત[૩]. જેથી આપને બોલાવ્યા. હુઝૂર ﷺ તશરીફ લાવ્યા તો આપે આપના બંને હાથ દરવાજાની ચોખટો પર રાખ્યા. ઘરની અંદર એક ખૂણામાં પર્દો જોયો[૪] જેથી આપ પરત થઈ ગયા[૫]. જનાબ ફાતિમા ફર્માવે છે કે હું આપની પાછળ ગઈ અને બોલી, યા રસૂલલ્લાહ ! કઈ ચીજે આપને પરત કર્યા ? મારા માટે અથવા નબીના માટે એ યોગ્ય નથી કે સજાવેલા ઘરમાં પ્રવેશ કરું[૬]."

(અહમદ, ઈબ્ને માજહ)

૧. આપનું નામ રબાહ અથવા મહેરાન અથવા રોમાન છે. જનાબ ઉમ્મે સલમાના ગુલામ હતા. આપે એ શર્ત પર તેમને આઝાદ કર્યા કે જીવનપર્યંત આપની ખિદમત કરે. તે બોલ્યા, આપ એ શર્ત ન પણ લગાડો તો પણ હું હુઝૂરની ખિદમત કરત. શરીર મારું આઝાદ થયું પણ દિલ મારું હમેશાં તેમનું ગુલામ રહેશે.

★ સિંહને કહ્યું કે હું રસૂલુલ્લાહ ﷺનો ગુલામ છું ! ★

એક સફરમાં કોઈ ગાઝી થાકી ગયો તો તેનો બધો બોજ આપે ઉઠાવી લીધો. પોતાનો બોજ અને હુઝૂરે અન્વર ﷺનો સામાન. એ ગાઝીનો સામાન સર્વ કાંઈ ઉઠાવીને ચાલી પડયા. સરકાર ﷺએ ફર્માવ્યું, તમે તો આજે સફીના એટલે કશ્તી બની ગયા ત્યારથી આપનો લક્બ સફીના પડી ગયો, અસલી નામ ગુમ થઈને રહી ગયું. જેમ

કે જનાબ અબૂ હુરૈરહ્નું નામ ગુમ થઈને રહી ગયું. **સિંહને આપે જ કહ્યું હતું કે હું રસૂલુલ્લાહ ﷺનો ગુલામ છું અને સિંહ કૂતરાની જેમ આપની પાછળ પાછળ થઈ ગયો.**

૨. ضَافَ ضيف થી બન્યું. અર્થ : મહેમાન. એ તો મદીના મુનવ્વરાનો જ હતો કે બહારથી આવ્યો હતો.

૩. એટલે કે આજે મહેમાનના કારણે ખાણુ કાંઈક ઉમદા પકાવવામાં આવ્યું છે, બેહતર થાત કે રસૂલુલ્લાહ ﷺ આપણી સાથે ખાતા.

૪. ક્રિરામ બારીક તથા ઉમદા પર્દાને કહે છે. હઝરત ફાતિમા رضی اللہ عنہا એ સજાવટના માટે ઘરની દીવાલ પર એ પર્દો લટકાવી દીધો હતો.

૫. એટલે દૂર દૂરથી પરત થઈ ગયા, ઘરમાં દાખલ ન થયા. કેમ ? નાપસંદગી પ્રદર્શિત કરવા માટે.

૬. અમુક ઉલમાએ ફર્માવ્યું કે એ પર્દો નક્શીકામવાળો હતો અને એના પર જાનદારોની તસ્વીર હતી. એટલા માટે હુઝૂર ﷺ ત્યાં તશરીફ ન લાવ્યા. એનાથી જાણવા મળ્યું કે જો દા'વતમાં કોઈ મના કામ થતુ હોય તો ન થાય. પણ એ ગલત છે. જો નાજાઈઝ પર્દો હોત તો સરકારે આલી ﷺ મના કરત, બલ્કે દસ્તે અક્દસથી ફાડી નાખત. પર્દો સાદો હતો, જાઈઝ હતો પણ દુનિયવી સજાવટ તથા ટીપ ટોપ અહલે નબુવ્વતને લાયક ન હતી, એટલા માટે મના તો ન કર્યું પણ અમલી રીતે નાપસંદગી જાહેર કરી આપી જેથી ભાવિમાં જનાબ ઝહ્રા رضی اللہ عنہا પોતાનુ ઘર નેક અમલોથી જ સજાવેલુ રાખે. દુનિયાની સજાવટ શણગાર આખેરતના નુકસાનનો ઝરીયો બની શકે છે.

★ ઘમંડના કારણે દા'વત કબૂલ ન કરનાર નાફર્માન ★

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેને દા'વત આપવામાં આવે પછી તે કબૂલ ન કરે તો તેણે અલ્લાહ અને રસૂલની નાફર્માની કરી[૧] અને જે વિના દા'વતે પહોંચી જાય તો ચોર બનીને ગયો[૨] અને ડાકૂ થઈને નીકળ્યો[૩]. '' (અબૂ દાઉદ)

★ હદીષ : (૧૩)-૩૨૨ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ دُعِيَ فَلَمْ يُجِبْ فَقَدْ عَصَى اللَّهَ وَرَسُولَهُ وَمن دخل على غَيْرِ دَعْوَةٍ دَخَلَ سَارِقًا وَخَرَجَ مُغِيرًا» . رَوَاهُ أَبُو دَاوُد

૧. એટલે કે જે વિના કારણે કેવળ ઘમંડના કારણે દા'વત કબૂલ ન કરે તે નાફર્માન છે. જેથી હદીષ બિલ્કુલ સહીહ છે.

★ વિના દા'વતે જનાર ચોર બનીને ગયો અને ડાકૂ બનીને નીકળ્યો ★

૨. કેમ કે જેવી રીતે ચોર માલિકની ઈજાઝત વિના ઘરમાં ઘુસી જાય છે, માલ પણ લઈ લે છે, એ જ પ્રમાણે આ છે.

૩. سبحان الله ! કેવા પાકીઝા અખ્લાક્ની તા'લીમ છે કે વિના કારણે દા'વત કબૂલ ન કરવી એ તકબ્બુર શૈખી (ઘમંડ) છે, અને દા'વત વિના પહોંચી જવું કમીનાપણુ છે, બંનેથી બચવું જોઈએ.

★ દા'વતો ભેગી થાય તો નજીકના દરવાજાવાળાની કબૂલ કરે ★

''રસૂલુલ્લાહ ﷺના સહાબીઓમાંથી એક સાહબથી[૧] રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું

★ હદીષ : (૧૪)-૩૨૩ ★

وَعَنْ رَجُلٍ مِنْ أَصْحَابِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ

કે જ્યારે બે દા'વત આપનારા ભેગા થઈ જાય તો તેમનામાંથી અધિક નજીક દરવાજાવાળાની દા'વત કબૂલ કરો[૩]. " (અહમદ, અબૂ દાઊદ)	وَسَلَّمَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا اجْتَمَعَ الدَّاعِيَانِ فَأَجِبْ أَقْرَبَهُمَا بَابًا وَإِنْ سَبَقَ أَحَدُهُمَا فَأَجِبِ الَّذِي سَبَقَ» . رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُدَ

૧. એ સહાબીનું નામ ન જાણી શકાયું, પણ કેમ કે સર્વ સહાબીઓ આદિલ મુત્તકી છે એટલા માટે આ અજાણતા નુકસાનકર્તા નથી. સહાબી સિવાય જો કોઈ અન્ય રાવીનો પતો ન લાગે તો હદીષ મજહૂલ નામકબૂલ થાય છે.

૨. એટલે કે જ્યારે તમારા બે પડોશી એકી સાથે દા'વત આપે અને બંને દા'વતો ટકરાતી હોય તો અધિક નજીકવાળા પડોશીની દા'વત કબૂલ કરી લો, કે એનો હક્ક વધુ છે. આ નજીક હોવામાં દરવાજાની નિકટતા અધિક વિશ્વસનીય છે ન કે ઘરની નિકટતા. રબ તઆલા ફર્માવે છે : وَالْجَارِ ذِى الْقُرْبٰى (અને નજીક પડોશીઓ અને દૂરના પડોશીઓ. સૂરએ નિસાઅ, ૪/૩૬)

૩. એટલે કે નજીક દૂરનો ફરક ત્યારે થશે જ્યારે બંને તમને એક જ સમયો દા'વત આપે, પરંતુ જો એમનામાંથી એક આપની પાસે પ્રથમ પહોંચી જાય અને બીજો બાદમાં આવે તો પહેલાની દા'વત કબૂલ કરો કે પહેલાને અગ્રતા છે અને હક્કદાર છે.

★ પ્રથમ દિવસનું હક્ક, બીજા દિવસનું, ત્રીજા દિવસનું રિયા ★

"હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે પહેલા દિવસનુ ખાણુ હક્ક છે. બીજા દિવસનું સુન્નત છે[૧] અને ત્રીજા દિવસનું ખાણુ નામના કમાવા માટેનું છે[૨] જે સંભળાવવા ચાહશે અલ્લાહ તેને સંભળાવી દેશે[૩]." (તિર્મિઝી)[૪]	**★ હદીષ : (૧૫)-૩૨૨૪ ★** وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «طَعَامُ أَوَّلِ يَوْمٍ حق وَطَعَام يَوْم الثَّانِي سنة وَطَعَام يَوْم الثَّالِثِ سُمْعَةٌ وَمَنْ سَمَّعَ سَمَّعَ اللَّهُ بِهِ» . رَوَاهُ التِّرْمِذِيّ

૧. આ વાક્યના કેટલાય અર્થો થઈ શકે છે : એક એ કે પ્રથમ દિવસથી મુરાદ શાદી તથા બરાતનો દિવસ છે, અને હક્કથી મુરાદ મુસ્તહિક છે, એટલે બરાતવાળા દિવસનું ખાવા મહેમાનોનો હક્ક છે જેઓ બારાતમાં ભાગ લેવા માટે આવ્યાં છે. અને બીજા દિવસે સુહાગરાત પછી વલીમાનું ખાણુ સુન્નત છે, મોઅક્કદા કે મુસ્તહબા. આ સ્થિતિમાં હદીષ તદ્દન સ્પષ્ટ છે. મુરાદ એ દિવસ પછીનો દિવસ એટલે સુહાગરાત પછીની સવારે. દા'વતે વલીમા હક્ક દુરુસ્ત છે, અને બીજા દિવસનું ખાણુ પણ સુન્નત છે એટલે બિદઅત કે સુન્નત વિરુદ્ધ નથી. ત્રીજુ એ કે સુહાગરાતની સવારે ખાવા આપવું ફર્ઝ કે વાજિબ છે, જેમાં વિના કારણે શરીક ન થવું ગુનોહ છે. બીજા દિવસનું પણ ખાણુ સુન્નત છે. આ ત્રીજો અર્થ એમના મઝહબ પર છે જેઓ વલીમાને વાજિબ કહે છે. ફકીર (લેખક)ની નજીક પ્રથમ અર્થ અધિક મજબૂત છે. ચોથુ એ કે સુહાગરાતની સવારે વલીમાનુ ખાણુ આપવું બરહક્ક છે. પરંતુ જો કોઈ કારણે એ દિવસે ન આપી શકે તો બીજા દિવસે આપી દેવું પણ વલીમાની સુન્નતમાં સામેલ છે.

૨. એટલે કે સતત ત્રણ દિવસ સુધી ખાવા આપવું કેવળ નામના માટેનું છે, સવાબ નથી. અથવા સુહાગરાતના ત્રીજા દિવસે ખાવા આપવું સુન્નત નથી, કેવળ નામના માટેનું છે. આ હદીષ હઝરત ઈમામ માલિકની દલીલ છે કે

તેમને ત્યાં વલીમો સાત દિવસ સુધીમાં થઈ શકે છે. (અઝ : મિર્કાત)

૩. એટલે કે **જે દુનિયામાં કેવળ પોતાની રિયાકારીના માટે કોઈ કામ કરશે તો અલ્લાહ તઆલા કાલે ક્યામતમાં તેને બેઈજ્જત કરશે. એલાન થશે કે આ રિયાકાર હતો.** અથવા જે દુનિયામાં કેવળ નામના ખાતર નેકી કરશે તેનો બદલો અહીં નામના થઈ જશે પણ ક્રિયામતમાં કોઈ સવાબ મળશે નહીં. સવાબ માટે ઈખ્લાસ જોઈએ.

૪. આ હદીષ તિબ્રાનીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી નકલ કરી. એનો વિષય એ છે કે શાદીમાં એક દિવસ ખાણુ સુન્નત છે, બે દિવસનું ખાણુ અફઝલ, અને ત્રણ દિવસનું ખાણુ દેખાડો છે. *(મિર્કાત)*

★ હરીફાઈ કરનારાઓની દા'વત ન સ્વીકારે ★

★ હદીષ : (૧૬)-૩૨૨૬ ★	*''હઝરત ઈકરમા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. તે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરે છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે બે હરીફાઈ કરનારાઓનું ખાવા ખાવાથી મના કર્યું[૨] અબૂ દાઉદ અને મોહયુસ્સુન્નહએ ફર્માવ્યું કે સહીહ એ છે કે આ હદીષ ઈકરમાની રિવાયતથી નબી ﷺ થી મુરસલન રિવાયત પામેલી છે[૩].''*
وَعَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْ طَعَامِ الْمُتَبَارِيَيْنِ أَنْ يُؤْكَلَ. رَوَاهُ أَبُو دَاوُدَ وَقَالَ مُحْيِي السُّنَّةِ:وَالصَّحِيحُ أَنَّهُ عَنْ عِكْرِمَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مُرْسَلًا	

૧. આ ઈકરમા ઈબ્ને અબૂ જહલ નથી બલ્કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના આઝાદ કરેલા ગુલામ છે. બરબરના રહેવાસી છે. મદીનાના ફકીહોમાંથી છે.

૨. એટલે કે જ્યારે બે શખ્સો એકબીજાના મુકાબલામાં દા'વત કરે, દરેક એવું ચાહે કે મારું ખાવા બીજાથી વધી જાય કે જેથી મારી ઈજ્જત થાય અને બીજાની નામોશી ! તો એવી દા'વત કબૂલ ન કરે. દા.ત. શાદીમાં દુલ્હન તથા દુલ્હાવાળા મુકાબલા (હરીફાઈ)માં દા'વત કરે તો કોઈની દા'વત કબૂલ ન કરો. અથવા કોઈ બિરાદરીમાં કોઈની શાદીમાં દા'વત થઈ. થોડા દિવસ પછી બીજાને ત્યાં શાદી થઈ. તેણે વધી વધીને ખાણા પકાવ્યાં, એ નિય્યતથી કે પહેલાંનુ નામ નીચુ થઈ જાય અને મારું નામ ઊંચુ થઈ જાય ! તો એ દા'વતો કબૂલ ન કરો. બુઝુર્ગાને દીન એવી દા'વતો કબૂલ કરતા ન હતા. આજકાલ મુસલમાન આ જ હરીફાઈની રસ્મોમાં તબાહ થઈ ગયા, અને નામ કોઈનું પણ નથી થતું.

૩. એટલે કે સહીહ એ છે કે એની અસ્નાદમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નું નામ નથી. હઝરત ઈકરમાએ હુઝૂર ﷺ સુધી મરફૂઅ કહ્યું છે, એને મુરસલ કહે છે કે તાબઈ હુઝૂરની તરફ નિસ્બત કરે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૧૭)-૩૨૨૬ ★	*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, બે જિદ્દીઓની દા'વત કબૂલ ન કરવામાં આવે ન તેમનું*
عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ	

وَسَلَّمَ:«الْمُتَبارِيَانِ لَا يُجَابَانِ وَلَا يُؤْكَلُ طَعَامُهُمَا».قَالَ الْإِمَامُ أَحْمَدُ: يَعْنِي المتعارضين بالضيافة فخراً ورياء	*ખાવામાં આવે[૧] ઈમામ અહમદે ફર્માવ્યું કે જિદ્દીઓથી મુરાદ દા'વતમાં ફખ્ર તથા રિયાના માટે હરીફાઈ કરનારા છે[૨]."*

૧. એટલે કે જે લોકો હરીફાઈની દા'વતો કરે તો એમના ઘરે દા'વતમાં ન જાવ અને જો તે ખાણુ તમારે ત્યાં મોકલી આપે તો ન લો, બલ્કે પરત કરી દો જેથી તેમને નસીહત થાય. એમાં તબ્લીગ પણ છે, સુધારણા પણ છે અને કૌમને તબાહીથી બચાવવું પણ છે. **આજે શાદીઓમાં વાજાં, ગાયનો, ખાણા, દહેજ વગેરે સૌમાં હરીફાઈ થાય છે અને મુસલમાન તબાહ થઈ રહ્યા છે.**

૨. એટલે અહીં એકબીજાના વિરોધીઓથી બદલો લેનારા અથવા એહસાન કરનારા મુરાદ નથી કે એ બંને અમલ જાઈઝ બલ્કે સુન્નત છે. હુઝૂરે અન્વર ﷺએ એહસાનો પણ કર્યા અને લોકોના હદિયા વગેરેના બદલા પણ આપ્યા છે.

★ બદ્કારોની દા'વત કબૂલ ન કરે ★

★ હદીષ : (૧૮)-૩૨૨૭ ★	
وَعَن عمرَان ين حُصَيْنٍ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِجَابَة طَعَام الْفَاسِقين	*"હઝરત ઈમરાન ઈબ્ને હુસૈનથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ બદ્કારોની ખાવાની દા'વત કબૂલ કરવાથી મના કર્યુ[૧]."*

૧. અહીં ફાસિકોથી મુરાદ તે લોકો છે જેમની કમાઈ એકલી હરામની હોય, તેમની દા'વત કદાપિ કબૂલ ન કરે.

★ હદીષ : (૧૯)-૩૨૨૮ ★	
وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا دَخَلَ أَحَدُكُمْ عَلَى أَخِيهِ الْمُسْلِمِ فَلْيَأْكُلْ مِنْ طَعَامِهِ وَلَا يَسْأَلْ وَيَشْرَبْ مِنْ شَرَابِهِ وَلَا يَسْأَلْ»رَوَى الْأَحَادِيثَ الثَّلَاثَة الْبَيْهَقِيّ فِي «شُعَبِ الْإِيمَانِ» وَقَالَ: هَذَا إِنْ صَحَّ فَلِأَنَّ الظَّاهِرَ أَنَّ الْمُسْلِمَ لَا يُطْعِمُهُ وَلَا يسْقِيه إِلَّا مَا هُوَ حَلَال عِنْده	*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી કોઈ પોતાના મુસલમાન ભાઈની પાસે જાય તો તેનું ખાવા ખાય અને પૂછતાછ ન કરે, અને તેનું પાણી પીએ અને પૂછતાછ ન કરે[૧] આ ત્રણેવ હદીષો બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી અને ફર્માવ્યું કે આ હદીષ જો સહીહ હોય તો એટલા માટે છે કે જાહેર એ જ છે કે મુસલમાન તેને ન ખવડાવશે પીવડાવશે પણ તે જ જે તેની નજીક હલાલ હોય[૨]."*

૧. એટલે ફોગટમાં તેને એ ન પૂછો કે આ ખાવા, પાણી, દૂધ ક્યાંથી આવ્યું છે, તારી કમાઈ કેવી છે, હરામ છે કે હલાલ ? કે એમાં વિના કારણે મુસલમાન ભાઈ પર બદ્ગુમાની છે અને ઘરવાળાને તકલીફ આપવું છે. **યાદ રાખશો કે મિશ્ર (હરામ હલાલ) આવકવાળાને ત્યાં દા'વત ખાવી દુરુસ્ત છે.** અલ્લાહ તઆલાએ મૂસા عليہ السلامની પરવરિશ ફિરઔનને ત્યાં કરાવી અને હુઝૂરે અન્વર ﷺની પરવરિશ અબૂ તાલિબને ત્યાં કરાવી. તે હઝરાતે ફિરઔન, અબૂ તાલિબની આવકની તેહકીકાત નથી કરી.

૨. એટલે કે ઘર માલિક મુસલમાન છે અને મુસલમાન પર સારું જ ગુમાન કરવું જોઈએ.

બાબુલ ક़िસ્મ باب القسم

(વારી વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

★ ભેટ, ખર્ચો, કપડાં, ઘરેણાં અને રાત ગુજારવામાં ન્યાય વાજિબ ★

૧. ક़સ્મ (قسم) ક़ાફના ઝબર અને સીનના જઝમથી છે. અર્થ : વહેંચવું, હિસ્સો નક્કી કરવો. એનાથી તક़સીમ (વહેંચણી) છે. અહીં પત્નીઓ વચ્ચે રાત પસાર કરવાના હિસ્સા નક્કી કરવા, વારી નક્કી કરવું મુરાદ છે. યાદ રાખશો કે એકથી અધિક પત્નીઓમાં અદ્લો ઈન્સાફ કરવો ખૂબ જ મહત્વનો તથા વાજિબ છે. દિલના આકર્ષણમાં તો સમાનતા અશક્ય છે, તેનો હિસાબ થશે નહીં. રબ તઆલા ફર્માવે છે : وَلَنْ تَسْتَطِيْعُوْٓا اَنْ تَعْدِلُوْا بَيْنَ النِّسَآءِ وَلَوْ حَرَصْتُمْ (અને તમારાથી કદાપિ ન થઈ શક્શે પત્નીઓ સમાન રીતે રાખો. સૂરએ નિસાઅ, ૪/૧૨૯) રહ્યું ભેટ, ખર્ચો, કપડાં, ઘરેણા, હદિયો, તોહફો અને રાત ગુજારવું એ સૌમાં અદ્લો ઈન્સાફ વાજિબ છે. હા ! બાળકોવાળી પત્નીને એકલી પત્ની કરતાં અધિક ખર્ચ આપવામાં આવે બાળકોના કારણે. મિર્ક़ાતે અહીં ફર્માવ્યું કે ચાર પત્નીઓથી નિકાહ કરવો એ વખતે હલાલ છે જ્યારે જુલ્મનો ખતરો ન હોય. રબ તઆલા ફર્માવે છે : فَاِنْ خِفْتُمْ اَلَّا تَعْدِلُوْا فَوَاحِدَةً (પછી જો ડરો કે બે પત્નીઓને સમાન રીતે રાખી શક્શો નહીં તો એક જ કરો. સૂરએ નિસાઅ, ૪/૩) જો તમને ઈન્સાફ ન કરવાનો ખતરો પણ હોય તો એક જ નિકાહ કરો. એ ખતરા પર એકથી અધિક નિકાહ કરવા સખત મના છે. એ પણ ખયાલ રાખશો કે સોહબત એટલે સંભોગમાં બરાબરી વાજિબ નથી, બલ્કે દરેક પત્ની પાસે રાત પસાર કરવામાં સમાનતા જરૂરી છે. રાત અસલ હેતુ છે. દિવસ તેના તાબામાં છે. જો કોઈ માણસ રાતમાં નોકરી કરતો હોય તો દિવસમાં રહેવામાં બરાબરી કરે. એકની વારીમાં બીજી પાસે ન રહે, ન અમુક પત્નીઓને ભેગી રહેવા મજબૂર કરે. એ જે હદીષોમાં છે કે હુઝૂર ﷺ એક રાતમાં સર્વ અઝવાજે પાક (પાક બીવીઓ) પાસે તશરીફ લઈ ગયા અને દરેક વખતે ગુસ્લ કર્યું, એ ક્યાં તો આપની વિશિષ્ટતાઓમાંથી છે કે આપના પર પત્નીઓમાં અદ્લ વાજિબ ન હતો. અથવા અદ્લ વાજિબ થવાથી પહેલાંનુ છે અથવા તે પત્નીઓની ઈજાઝતથી હતું. *(લમ્આત, મિર્ક़ાત, અશિઅ્હ)*

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ નવ પત્નીઓ છોડીને વફાત પામી[૧] જેમનામાંથી આઠના માટે વારીઓ નિશ્ચિત કરતા હતા[૨]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧)-૩૨૨૯ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قُبِضَ عَنْ تِسْعِ نِسْوَةٍ وَكَانَ يقسم مِنْهُنَّ لثمان

★ હુઝૂર ﷺએ વિસાલ વેળા નવ બીવીઓ છોડી ★

૧. (૧) હઝરત આઈશા (૨) હફ્સા (૩) સૌદા (૪) ઉમ્મે સલમા (૫) સફિય્યા (૬) મૈમૂના (૭) ઉમ્મે હબીબા (૮) ઝયનબ (૯) જુવૈરિયા. આ પત્નીઓ હુઝૂર ﷺની વફાત વખતે મૌજૂદ હતી. હઝરત ખદીજા પહેલાં જ વફાત પામી ચૂક્યાં હતાં. અહમા બિન્તે જૂં અને આઈશા ખથ્અમિયા વગેરેને તલાક़ થઈ ચૂકી હતી.

★ હુઝૂર ﷺ દરેક પાસે વારી પ્રમાણે તશરીફ લઈ જતા ★

૨. એનું કારણ આગળ આવી રહ્યું છે કે બીબી સૌદાએ પોતાની વારી હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ને બખ્શી આપી હતી એટલા માટે એમને ત્યાં બે દિવસ રોકાણ રહેતું હતું, બાકી સાતને ત્યાં એક એક દિવસ, અને દૌરો જનાબ આઈશા સિદ્દીકા પર ખત્મ થતો હતો. આ વારીઓ નિશ્ચિત કરવું આપના પર શરઅન વાજિબ ન હતું. રબ તઆલા ફર્માવે છે : وَتُؤْوِيْٓ اِلَيْكَ مَنْ تَشَآءُ (અને પોતાની પાસે જગા આપો જેને ચાહો. સૂરએ અહઝાબ, ૩૩/૫૧) *(મિર્કાત)*

★ હદીષ : (૨)-૩૨૩૦ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)	*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે બીબી સૌદા જ્યારે વૃદ્ધ થઈ ગયાં[૧] તો બોલ્યાં, યા રસૂલલ્લાહ ! ﷺ મેં મારી વારીનો દિવસ હઝરત આઈશાને આપી દીધો. જેથી પછી રસૂલુલ્લાહ ﷺ જનાબ આઈશાના માટે બે દિવસ આપતા હતા, એક દિવસ તેમનો અને બીજા દિવસ સૌદાનો[૨]." (મુસ્લિમ, બુખારી)*
وَعَنْ عَائِشَةَ أَنَّ سَوْدَةَ لَمَّا كَبِرَتْ قَالَتْ: يَا رَسُولَ اللَّهِ قَدْ جَعَلْتُ يَوْمِي مِنْكَ لِعَائِشَةَ فَكَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُقَسِّمُ لِعَائِشَةَ يَوْمَيْنِ يَوْمَهَا وَيَوْمَ سَوْدَةَ	

★ પત્ની પોતાની વારી સોતનને આપી શકે છે ★

૧. આપનું નામ શરીફ સૌદા બિન્તે ઝમ્આ છે. શરૂના મો'મિનોમાંથી છે. પહેલાં પોતાના કાકાના પુત્રના નિકાહમાં રહ્યાં જેમનું નામ સકરાન ઈબ્ને અમ્ર હતું. તેમની વફાત બાદ હુઝૂરે આપની સાથે નિકાહ કર્યા. આ નિકાહ બીબી ખદીજાની વફાત બાદ અને જનાબ આઈશાના નિકાહથી પહેલાં મક્કા મોઅઝ્ઝમામાં થયા. ત્યાં જ વિદાયગીરી થઈ. છેવટમાં આપે આપની વારી હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہ ને ભેટ આપી દીધી. શવ્વાલ હિ.સ. ૫૪માં વફાત થઈ. મદીના મુનવ્વરામાં કબ્રે અન્વર છે. ફકીરે ઝિયારત કરી છે. (رضی اللہ عنہا)

૨. એનાથી જાણવા મળ્યું કે પત્ની પોતાની વારી પોતાની શોકયને આપી શકે છે, કેમ કે હક્કોને હેબા કરવું (ભેટ ધરવું) દુરુસ્ત છે, પછી બાદમાં જો ચાહે તો તેને પરત પણ લઈ શકે છે. આ રીતે પોતાના ભરણ પોષણ, મહેર વગેરે માફ કરી શકે છે. એની વિગત ફિકહની કિતાબોમાં ખાસ કરીને ફત્હુલ કદીરમાં જુઓ. અમુક રિવાયતોમાં છે કે નબી કરીમ ﷺ એ હઝરત સૌદાને તલાક આપવાનો ઈરાદો કર્યો હતો. તેમણે અર્ઝ કરી કે હું ચાહું છું કે કયામતના દિવસે આપની પત્ની તરીકે ઉઠું, મને તલાક ન આપો. જેથી એવું જ કરવામાં આવ્યું. (رضی اللہ عنہا)

★ હદીષ : (૩)-૩૨૩૧ ★	*"તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ પોતાની એ બીમારીમાં પૂછતા હતા જેમાં આપની વફાત થઈ કે અમે કાલે ક્યાં રહીશું[૧] હઝરત આઈશાનો દિવસ શોધતા હતા. પછી સર્વ અઝવાજે પાકે આપને ઈજાઝત આપી દીધી કે હુઝૂર જ્યાં ચાહે રહે[૨] જેથી આપ હઝરત આઈશાના મકાનમાં રહ્યા ત્યાં સુધી કે તેમને ત્યાં વફાત પામ્યા[૩]." (બુખારી)*
وَعَنْهَا أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَسْأَلُ فِي مَرَضِهِ الَّذِي مَاتَ فِيهِ: «أَيْنَ أَنَا غَدًا؟» يُرِيدُ يَوْمَ عَائِشَةَ فَأَذِنَ لَهُ أَزْوَاجُهُ يَكُونُ حَيْثُ شَاءَ فَكَانَ فِي بَيْتِ عَائِشَةَ حَتَّى مَاتَ عِنْدَهَا. رَوَاهُ الْبُخَارِيُّ	

૧. એટલે કે કાલે અમારો ક્યામ કઈ બીબી સાહિબાને ત્યાં હશે, અને આઈશાની વારી ક્યારે આવશે. (رضوان الله تعالىٰ عليهم اجمعين) કેમ કે જનાબ આઈશા સિદ્દીક્વાથી બેપનાહ (અતૂટ) મહોબ્બત હતી. આ છે હુઝૂરે અન્વર ﷺનો અદ્લો ઈન્સાફ. જ્યારે આટલુ કરે ત્યારે એકથી અધિક પત્નીઓ રાખે. આજે મુસલમાનોની ચાર પત્નીઓની ઈજાઝતની આયતને તો પઢી લીધી અને અદ્લની આયતથી આંખો બંધ કરી લીધી. આજે જેટલા પ્રમાણમાં જુલ્મ મુસલમાન પોતાની પત્નીઓ પર કરી રહ્યા છે તેનું દૃષ્ટાંત નથી મળતુ. નબી કરીમ ﷺની તા'લીમ શું છે અને ઉમ્મતનો અમલ શું છે ! (શેઅર)

ع بہ بیں تفاوت راہ از کجا است تا بہ کجا۔ **અર્થાત :** જો આપણા રસ્તા કેટલા અલગ થઈ ગયા છે. (એટલે કે નબી ﷺની તા'લીમ અને ઉમ્મતના અમલમાં ખૂબ જ ફરક છે.

૨. આ એ પાક બીવીઓની અત્યંત કક્ષાની અદબ છે, નહીં તો એ સર્વ જાણતી હતી કે હુઝૂર ﷺ હઝરત આઈશા સિદ્દીક્વા رضی الله عنها ના ઘરે તશરીફ લઈ જવા ચાહતા હતા.

૩. આપની જ વારીમાં આપના જ ઘરમાં આપના સીના અન્વર પર વફાત પામી. અને આપના જ ઘરમાં ક્યામત સુધી આરામ ફર્મા થયા.

જિસકા પેહલૂ હૈ નબી કી આખરી આરામગાહ–જિસકે હુજરે મેં નબી હૈં તાક્યામત જા ગઝીં

★ હુઝૂર પત્નીને સફરમાં સાથે લઈ જવા ડ્રો કરતા ★

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે સફરનો ઈરાદો કરતા તો પોતાની અઝવાજે પાકની દરમિયાન કુર્આ નાખતા (ડ્રો કરતા) હતા[૧] પછી એમનામાંથી જેનો હિસ્સો નીકળી આવતો તેને પોતાની સાથે લઈ જતા." (મુસ્લિમ, બુખારી)[૨]

★ હદીષ : (૪)-૩૨૩૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهَا قَالَتْ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَرَادَ سَفَرًا أَقْرَعَ بَيْنَ نِسَائِهِ فأيهن خَرَجَ سَهْمُهَا

૧. એ રીતે કે દરેક પત્નીનું નામ કાગળની ચિટ્ઠીઓ પર લખીને તેની ગોળીઓ બનાવીને કોઈ બાળક થકી એક ગોળી ઉઠાવડાવતા. એમાં જેનું નામ નીકળી આવતુ તેને સફરમાં લઈ જતા. ડ્રો કરવાની અન્ય પણ કેટલીક રીતો છે પણ આ અધિક રિવાજ પામેલ છે.

૨. આ હદીષના આધારે ઈમામ શાફઈ ફર્માવે છે કે ઘરની જેમ સફરમાં લઈ જવામાં પણ વારી વાજિબ છે અને ડ્રો થકી લઈ જવું વાજિબ છે. પણ આ દલીલ અતિશય ઝઈફ છે કેટલાક કારણોસર કે : **એક** એ કે જો સફરમાં વારી વાજિબ હોત તો ડ્રોની જરૂરત ન પડતી, બલ્કે ક્રમસર લઈ જવું વાજિબ હોત, કે પહેલા સફરમાં ફલાણી બીવી ગઈ હતી તો હવે ફલાણી ચાલે. **બીજુ** એ કે આ હુઝૂરે અન્વર ﷺનો ફેઅલ શરીફ (અમલ) છે અને ફેઅલથી હુકમ વગર વાજિબ હોવું સાબિત નથી થતુ. હુઝૂર ﷺએ એનો હુકમ નથી આપ્યો. **ત્રીજુ** એ કે આ અમલ શરીફ પણ હુઝૂર ﷺએ પોતાના તરફથી કર્યો. ખુદાવંદી હુકમ ન હતો. આપના પર બીવીઓમાં અદ્લ ઘરમાં જ વાજિબ ન હતો તો શું જરૂરત કે સફરમાં વાજિબ હોતો. જેથી હક્ક એ જ છે કે સફરમાં વારી નિશ્ચિત કરવું વાજિબ નથી, જેને ચાહે લઈ જાય, જેને ચાહે છોડી દે. અમુક પત્નીઓ ઘરની વ્યવસ્થા માટે યોગ્ય હોય છે, અમુક સફરની વ્યવસ્થા માટે યોગ્ય હોય છે. હા ! મુસ્તહબ છે કે ડ્રો કરીને (ચિટ્ઠી ફરકાવીને) લઈ જાય. સરકાર ﷺનો આ અમલ શરીફ મુસ્તહબ હોવાના વર્ણન માટે છે. જુઓ મિર્ક્વાત, લમ્આત, ફત્હુલ ક્વદીર વગેરે.

★ હદીષ : (૫)-૩૨૩૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي قِلَابَةَ عَنْ أَنَسٍ قَالَ: مِنَ السُّنَّةِ إِذَا تَزَوَّجَ الرَّجُلُ الْبِكْرَ عَلَى الثَّيِّبِ أَقَامَ عِنْدَهَا سبعا وَقسم إِذا تَزَوَّجَ الثَّيِّبَ أَقَامَ عِنْدَهَا ثَلَاثًا ثُمَّ قَسَمَ. قَالَ أَبُو قِلَابَة: وَلَو شِئْت لَقلت: إِن أَنَسًا رَفْعَهُ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ

''હઝરત અબૂ ક઼લાબાથી[૧] રિવાયત છે. તે જનાબ અનસથી રિવાયત કરે છે. ફ઼માવે છે કે સુન્નતથી છે[૨] એ કે જ્યારે કોઈ શખ્સ વિધવા પર કુંવારીથી નિકાહ કરે તો તેની પાસે સાત દિવસ રહે અને વારી નિશ્ચિત કરે, અને જ્યારે વિધવાથી નિકાહ કરે તો તેણી પાસે ત્રણ દિવસ રહે પછી વારી મુકર્રર કરે[૩] અબૂ ક઼લાબાએ ફ઼માવ્યું કે જો હું ચાહું તો કહી શકુ છું કે જનાબ અનસે આ હદીષ નબી કરીમ સુધી મરફૂઅ કરી[૪].'' (મુસ્લિમ, બુખારી)

૧. આપ જલીલુશ્શાન તાબઈ છે. આપનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદ જરી છે. આપના પર ક઼ઝા (ન્યાયાધીશનો હોદ્દો) પેશ કરવામાં આવી તો ક઼બૂલ ન કરી, બલ્કે ક઼ાઝી બનાવી દેવાના ખૌફ઼થી અજાણ જંગલમાં રહેવા સહેવા લાગ્યા. હિ.સ. ૧૦૯માં શામમાં વફ઼ાત પામ્યા.

૨. આ સુન્નતે ક઼ૌલી પણ છે અને ફેઅલી પણ છે કે રસૂલુલ્લાહ ﷺએ એના પર અમલ પણ કર્યો અને હુકમ પણ આપ્યો.

૩. એટલે કે કુંવારી નવી પત્ની પાસે સાત દિવસ રોકાય, પછી પૂરાણી પત્નીઓ પાસે પણ સાત સાત દિવસ જ રોકાણ કરે. અને વિધવા નવી પત્ની પાસે ત્રણ દિવસ રહે. પછી પૂરાણી પત્નીઓની પાસે પણ ત્રણ ત્રણ દિવસ રોકાણ કરે. સારાંશ કે આ સાત કે ત્રણ દિવસ વારીઓમાં ગણના પામશે. આ જ અહનાફ઼નો મઝહબ છે. કુર્આને કરીમ ફ઼માવે છે : فَإِنْ خِفْتُمْ أَلَّا تَعْدِلُوا فَوَاحِدَةً (પછી જો ડરો કે બે પત્નીઓને સરખી રીતે નહીં રાખી શકો તો એક જ કરો. સૂરએ નિસાઅ, ૪/૩) આવનારી હદીષો પણ આ જ અર્થનું સમર્થન કરી રહી છે. ઈમામ શાફ઼ઈને ત્યાં એનો અર્થ એ છે કે નવી પત્ની પાસે સાત કે ત્રણ દિવસ રોકાણ કરીને પછી વારી નિશ્ચિત કરે. આ રોકાણ એ વારીઓમાં ગણના પામશે નહીં. પણ અહનાફ઼નો ક઼ૌલ ઘણો જ મજબૂત છે. કેમ કે શાફ઼ઈઓનો તરીક઼ો અદલની વિરુદ્ધ છે, અદ્લ સર્વ બીવીઓમાં જોઈએ, નવી હોય કે પૂરાણી. કુર્આને કરીમ અને અન્ય હદીષોમાં મુત્લક઼ન અદ્લનો હુકમ છે, નવી જૂનીમાં ફ઼રક નથી કરવામાં આવ્યો. શાફ઼ઈઓને અર્થના કારણે આ હદીષ કુર્આને કરીમની પણ વિરુદ્ધ હશે તથા અન્ય હદીષોની પણ વિરુદ્ધ થશે.

૪. એટલે ભલે હઝરત અનસ رضی اللہ عنہ એ મને આ હદીષ મરફૂઅન નથી સંભળાવી, પોતાનો ક઼ૌલ સંભળાવ્યો. પણ મને એમના પર વિશ્વાસ છે કે તે આવી અઝીમુશ્શાન વાત પોતાની તરફ઼થી નથી કહી શકતા. હુઝૂર ﷺથી સાંભળીને જ કહી રહ્યા છે.

★ હદીષ : (૬)-૩૨૩૪ ★

وَعَنْ أَبِي بَكْرِ بْنِ عَبْدِ الرَّحْمَنِ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ حِين تَزَوَّجَ أُمَّ سَلَمَةَ وَأَصْبَحَتْ عِنْدَهُ قَالَ لَهَا: «لَيْسَ بِكِ عَلَى أَهْلِكِ هَوَانٌ إِنْ شِئْتِ

''હઝરત અબૂ બકર ઈબ્ને અબ્દુર્રહમાનથી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ જ્યારે ઉમ્મે સલમાથી નિકાહ કર્યા અને તે આપની પાસે રહ્યાં તો ફ઼માવ્યું કે તમારા કારણે તમારા ક઼બીલાવાળાઓની બેઈજ્જતી નથી[૨] જો તમે ચાહો તો તમારી પાસે સાત

سَبَّعْتُ عِنْدَكِ وَسَبَّعْتُ عِنْدَهُنَّ وَإِنْ شِئْتِ ثَلَّثْتُ عِنْدَكِ وَدُرْتُ».قَالَتْ: ثَلِّثْ. وَفِي رِوَايَةٍ: إِنَّهُ قَالَ لَهَا: «لِلْبِكْرِ سَبْعٌ وَلِلثَّيِّبِ ثَلَاثٌ» . رَوَاهُ مُسلم

દિવસ રોકાણ કરું અને બાકીની પત્નીઓ પાસે પણ સાત દિવસ રોકાણ કરું[૩] અને જો તમે ચાહો તો તમારે ત્યાં ત્રણ દિવસ રોકાણ કરું પછી દૌરો કરું[૪]. તે બોલ્યાં કે ત્રણ દિવસ રોકાણ કરો[૫]. અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે કુંવારીના માટે સાત દિવસ છે અને વિધવા માટે ત્રણ દિવસ[૬]." (મુસ્લિમ)

૧. આપ અબૂ બક્ર ઈબ્ને અબ્દુર્રહમાન ઈબ્ને હારિષ ઈબ્ને હિશામ છે. એટલે અબૂ જહલના ભાઈના પુત્ર, તાબઈ છે. મખ્ઝૂમી છે. વલી ઈબ્ને અબ્દુલ મલિકની ખિલાફતમાં મૃત્યુ પામ્યા.

૨. ઉમ્મે સલમાના અહલ (ઘરવાળાં)થી મુરાદ ક્યાં તો ખુદ હુઝૂર ﷺ છે અથવા હઝરત ઉમ્મે સલમાનો કબીલો તથા ખાનદાન. મતલબ એ છે કે જો અમે તમારી પાસે ઓછુ રોકાણ કરીએ તો તેનું કારણ એ નથી કે તમારી મહોબ્બત ઓછી છે અને તમે અમને ભારે પડો છો, જેથી તમારા કબીલાવાળાઓ માટે આ વાત તૌહીનની હોય. *(લમ્આત)*

૩. એટલે જો અમે તમારી પાસે અત્યારે સાત દિવસ રોકાણ કરીશું તો બાકીની પત્નીઓ પાસે પણ સાત સાત દિવસ જ રહીશું. જાણવા મળ્યું કે વારી પહેલેથી નિશ્ચિત થઈ જાત તો બાકી અઝવાજની પાસે ચાર ચાર દિવસ રોકાણ થતું. કેમ કે ત્રણ દિવસ તો ઉમ્મે સલમા رضی اللہ عنہا ના ખાસ હક્કના થાત, બાદમાં વારી નિશ્ચિત થાત. જેથી આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે.

૪. એ રીતે કે બાકીની પત્નીઓ પાસે પણ ત્રણ ત્રણ દિવસ રોકાણ કરું. જેથી આ વાક્ય પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની વિરુદ્ધ છે.

૫. મતલબ એ જ છે જે હમણા રજૂ કરવામાં આવ્યો કે પુરૂષ જો કુંવારી સ્ત્રીથી શાદી કરે તો સાત દિવસ તેણી પાસે રહે, પછી બાકીની પત્નીઓ પાસે સાત સાત દિવસ રહે. અને જો વિધવા સ્ત્રી સાથે નિકાહ કરે તો ત્રણ દિવસ તેણી પાસે રહે, પછી બાકીની સ્ત્રીઓ પાસે પણ ત્રણ ત્રણ દિવસ જ રહે. એની પ્રથમવારીમાં પણ બરાબરી તથા સમાનતા રહેશે. એ વારીએ નવી માટે ખાસ અલગ ન થશે. નહીં તો હઝરત ઉમ્મે સલમાથી પૂછવામાં ન આવત.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૭)-૩૨૩૫ ★

عَنْ عَائِشَةَ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَقْسِمُ بَيْنَ نِسَائِهِ فَيَعْدِلُ وَيَقُولُ: «اللَّهُمَّ هَذَا قَسْمِي فِيمَا أَمْلِكُ فَلَا تَلُمْنِي فِيمَا تَمْلِكُ وَلَا أَمْلِكُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ والدارمي

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ ﷺ પોતાની અઝવાજેપાક (પાક બીવીઓ)ના દરમિયાન વારી નિશ્ચિત કરી રહ્યા હતા. ખૂબ જ ઈન્સાફ કરતા હતા[૧] અને કહેતા હતા, ઈલાહી ! આ મારી વહેંચણી છે એમાં જેનો હું માલિક છું, તો તું મને એમાં એતાબ (કોપ) ન કર જેનો તું માલિક છે, હું માલિક નથી[૨]." (તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી)

૧. દરેક રીતે ન્યાય કરતા હતા, વારીમાં ખર્ચામાં, હદિયો તથા તોહફામાં. આ એક વાક્ય સર્વ પ્રકારના અદ્લો ઈન્સાફને સમાવે છે, પણ વારીનો ન્યાય મુસ્તહબરૂપે હતો ન કે વાજિબ રૂપે. કેમ કે આપના પર વારી વાજિબ ન હતી.

★ કોઇ પત્નીથી ખાસ આકર્ષણ તથા દિલી મહોબ્બત એ ખુદા તરફથી છે ★

૨. એટલે કે વર્તાવમાં તો દરેક રીતે બિરદારી કરું છું, રહ્યું દિલી આકર્ષણ અને દિલી મહોબ્બત તો તે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી અધિક છે. દિલ તારા કબજામાં છે અને આકર્ષણની અધિકતા તારા તરફથી છે, એમાં મારા પર એતાબ ન કરતો. એનાથી જાણવા મળે છે કે પતિ પર વર્તાવમાં અને હક્કોની અદાયગીમાં બરાબરી કરવી લાઝિમ છે. દિલી આકર્ષણ જો કોઈ પત્ની સાથે અધિક હોય તો એનો ગુનોહ નથી. રબ તઆલા ફર્માવે છે : وَلَنْ تَسْتَطِيْعُوْٓا اَنْ تَعْدِلُوْا بَيْنَ النِّسَآءِ وَلَوْ حَرَصْتُمْ فَلَا تَمِيْلُوْا كُلَّ الْمَيْلِ فَتَذَرُوْهَا كَالْمُعَلَّقَةِ (અને તમારાથી કદાપિ ન થઈ શકશે કે પત્નીઓને સમાન રીતે રાખો અને ચાહે કેટલી પણ લાલચ કરો, તો એ તો ન થાય કે એક તરફ પૂરા ઝુકી જાવ કે બીજીને લટકતી છોડી આપો. સૂરએ નિસાઅ, ૪/૧૨૯)

★ જે પત્નીઓમાં ન્યાય ન કરે તેનુ પાસુ કયામતમાં વાંકુ હશે ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવે છે કે જ્યારે કોઈની પાસે બે પત્નીઓ હોય પછી તેમનામાં ન્યાય ન કરે તો તે કયામતમાં એ રીતે આવશે કે તેનું એક પાસુ વાંકુ હશે[૧]. " (તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી)

★ હદીષ : (૮)-૩૨૩૬ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا كَانَتْ عِنْدَ الرَّجُلِ امْرَأَتَانِ فَلَمْ يَعْدِلْ بَيْنَهُمَا جَاءَ يَوْمَ الْقِيَامَةِ وَشِقُّهُ سَاقِطٌ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ والدارمي

★ ઈબાદતમાં વ્યસ્ત બની બીવી બચ્ચાંથી બેખબર થવું સખત મના ★

૧. એ પાસુ વાંકુ હોવાથી તેને ચાલવા ફરવામાં સખત તકલીફ પડશે અને તમામ મેહશરમાં બદનામી પણ થશે, કે દરેક માણસ ઓળખી લેશે કે આ જાલિમ પતિ છે જેણે પોતાની પત્નીઓમાં ઈન્સાફ કર્યો ન હતો. ફકીહો ફર્માવે છે કે જો સર્વ પત્નીઓ આઝાદ હોય કે લોંડીઓ તો સૌમાં સમાનતા રાખે અને જો એક પત્ની આઝાદ હોય અને બીજી લોંડી, તો આઝાદને ત્યાં બે દિવસ રહે અને લોંડીની પાસે એક દિવસ રહે. તેમજ ઈબાદતોમાં મશગૂલ થઈને પત્ની તથા બાળકોથી બેખબર થઈ જવું સખત મના છે, ઈબાદત પણ કરો અને બીવી બચ્ચામાં પણ મશગૂલ રહો. અઠવાડિયામાં બે વાર જરૂર તેમની ખબરગીરી કરે. *(મિર્કાત)*

(વિભાગ : 3) الفصل الثالث

★ સરફ સ્થળો હઝરત મૈમૂનાથી નિકાહનો બનાવ ★

"હઝરત અતા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે અમે જનાબ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની સાથે

★ હદીષ : (૯)-૩૨૩૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ عَطَاءٍ قَالَ: حَضَرْنَا مَعَ ابْنِ عَبَّاسٍ جَنَازَةَ مَيْمُونَةَ

بِسَرِفَ فَقَالَ: هَذِهِ زَوْجَةُ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَإِذَا رَفَعْتُمْ نَعْشَهَا فَلَا تُزَعْزِعُوهَا وَلَا تُزَلْزِلُوهَا وَارْفُقُوا بِهَا فَإِنَّهُ كَانَ عِنْدَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ تِسْعُ نِسْوَةٍ كَانَ يَقْسِمُ مِنْهُنَّ لِثَمَانٍ وَلَا يَقْسِمُ لِوَاحِدَةٍ قَالَ عَطَاءٌ: الَّتِي كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَا يَقْسِمُ لَهَا بَلَغَنَا أَنَّهَا صَفِيَّةُ وَكَانَتْ آخِرهنَّ موتا مَاتَت بِالْمَدِينَةِ

وَقَالَ رَزِينٌ: قَالَ غَيْرُ عَطَاءٍ: هِيَ سَوْدَةُ وَهُوَ أصح وهبت يَوْمهَا لِعَائِشَةَ حِينَ أَرَادَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ طَلَاقَهَا فَقَالَتْ لَهُ: أَمْسِكْنِي قَدْ وهبت يومي لعَائِشَة لعَلي أكون من نِسَائِك فِي الْجنَّة

બીબી મૈમૂનાના જનાઝામાં સરફ[૨] સ્થળે હાજર થયા. આપે ફર્માવ્યું, આ રસૂલુલ્લાહ ﷺનાં બીવી પાક છે, તો જ્યારે તમે એમનો જનાઝો ઉઠાવો તો ન તેમને હલાવો ન ઝટકો આપો[૩] તેમના પર ખૂબ જ નરમી કરો. હુઝૂર ﷺની પાસે નવ પત્નીઓ હતી જેમનામાંથી આઠના માટે વારી નિશ્ચિત કરતા હતા અને એકના માટે વારી નિશ્ચિત કરતા ન હતા[૪] હઝરત અતા ફર્માવે છે કે અમને ખબર પહોંચી છે કે જેમના માટે રસૂલુલ્લાહ ﷺ વારી નક્કી ન કરતા હતા તે બીબી સફિય્યા હતાં[૫] તેમની જ વફાત સૌથી છેલ્લે થઈ જે મદીના પાકમાં મૃત્યુ પામ્યાં[૬]. (બુખારી, મુસ્લિમ) અને રઝીન ફર્માવે છે કે અતા સિવાય અન્ય ઉલમાએ ફર્માવ્યું કે તે સૌદા હતાં. એ જ અધિક સહીહ છે. તેમણે પોતાનો દિવસ બીબી આઈશાને આપી દીધો હતો. જ્યારે રસૂલુલ્લાહ ﷺએ તેમને તલાક આપવા ચાહ્યું તો આપ બોલ્યાં, મને રાખો, હું મારો દિવસ બીબી આઈશાને આપુ છું જેથી હું જન્નતમાં આપની પત્નીમાંથી હોઉ[૭]."

૧. અતાઅ કેટલાક છે અને સૌ તાબઈન છે. આ અતા ઈબ્ને અબી રબાહ છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી અધિકતર રિવાયતો આ જમાઅતની આવે છે. (અશિઅહ)

૨. હઝરત મૈમૂના બિન્તે હારિષ હિલાલિયા رضی اللہ عنہا સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસનાં માસી છે. આપનો નિકાહ પણ સરફ સ્થળે થયો. સુહાગ રાત પણ અને વફાત પણ, અને એ જ સરફ સ્થળે આપની કબ્ર શરીફ છે. સરફ મક્કા મોઅઝ્ઝમાથી એક મંઝિલના અંતર પર મક્કામે તન્ઈમથી નજીક છે. આપની વફાત હિ.સ. ૫૧માં થઈ. આપના નિકાહનો અજબનો બનાવ છે. કે આપ આપના ઊંટ પર સવાર હતાં. હુઝૂરે અન્વર ﷺનો ખુત્બો આપના કાનમાં પડયો તો બોલ્યાં કે ઊંટ અને ઊંટ પરની સર્વ ચીજો રસૂલુલ્લાહ ﷺની માલિકીની થઈ ગઈ. પછી આપના નિકાહ થયા.

૩. ઝઅઝઆ અને ઝલઝલા લગભગ સમાન અર્થી છે. મતલબ એ છે કે, હે મુસલમાનો ! આ તમારી વાલિદા મોહતરમા છે. નબી કરીમ ﷺનાં પાક બીવી છે, તેમની લાશ મુબારક ખૂબ જ અદબ તથા એહતેરામથી લઈ જાવ.

★ કબ્રની ઝિયારતના આદાબ ★

જાણવા મળ્યું કે બુઝુર્ગોની અદબ તથા એહતેરામ વફાત બાદ પણ થવી જોઈએ. ફકીહો ફર્માવે છે કે કબ્રની ઝિયારતના વખતે કબ્રવાળાથી એટલા જ દૂર અને એ રીતે બેસે જેવી રીતે તેની જિંદગીમાં બેસતા હતા. અને ફર્માવે છે કે રોઝએ રસૂલ ﷺ પર સલાતો સલામના માટે પોતાના હાથ બાંધીને બાઅદબ ઉભો રહે જેવી રીતે નમાઝમાં

ઉભો રહે છે. *(આલમગીરી વગેરે)*

૪. કેમ કે તેમણે પોતાની વારી હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ને અર્પણ કરી દીધી હતી, જેવું કે વર્ણન થઈ ચૂક્યું.

૫. અમુકે ફર્માવ્યું કે એ તદ્દન ગલત છે અને ગલતી ઈબ્ને જરીહની તરફથી છે. પણ કાઝી અયાઝે ફર્માવ્યું કે જ્યારે આયતે કરીમા : تُرْجِیْ مَنْ تَشَآءُ مِنْهُنَّ وَتُـْٔوِیْۤ اِلَیْكَ مَنْ تَشَآءُ (પાછળ હટાવ એમનામાંથી જેમને ચાહો અને પોતાની પાસે જગા આપો જેને ચાહો. સૂ. અહઝાબ, ૩૩/૫૧) નાઝિલ થઈ તો હુઝૂર ﷺએ હઝરત સૌદા, જવૈરિયા, સફિય્યા, ઉમ્મે હબીબા, મૈમૂનાથી અમુક અંશે અલાહિદગી અપનાવી. અને હઝરત આઈશા, ઉમ્મે સલમા, ઝયનબ, હફસાથી નિકટતા કરી. પછી સૌને પોતાની નજીક કરી લીધાં બીબી સફિય્યા સિવાય, એમના માટે વારી નક્કી ન કરી. હઝરત અતાએ આ આખરી વાત સાંભળી. અલ્લાહ બેહતર જાણનાર છે. *(મિર્કાત)*

★ અઝવાજે મુતહ્હરાતની વફાત વિશે વર્ણન ★

૬. બીબી સફિય્યાની વફાત હિ.સ. ૫૦માં અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના જમાનામાં મદીના પાકમાં થઈ અને હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની વફાત હિ.સ. ૫૭માં, બીબી સૌદાની વફાત હિ.સ. ૪૪માં, બીબી ઝયનબની વફાત હિ.સ. ૨૦ માં, બીબી જુવૈરિયાની વફાત હિ.સ. ૫૦માં થઈ. જુઓ મવાહિબે લદુન્નિયા અને મિર્કાત. જેથી હઝરત સફિય્યા વિશે આ વાત ગલત છે.

૭. એ જ સહીહ છે કે હુઝૂર ﷺએ તેમને તલાક આપી ન હતી પણ આપવા ચાહી. અમુક રિવાયતોમાં છે કે તલાક આપી દીધી હતી પણ અર્ઝ કરવા પર રુજૂઅ કરી લીધી હતી. જેમ કે બયહકીમાં હઝરત ઉરવાથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ બીબી સૌદાને તલાક આપી. આપ નમાઝ માટે તશરીફ લઈ ગયા, તો રસ્તામાં બીબી સૌદાએ આપનો દામન પકડીને અર્ઝ કરી જે અહીં વર્ણન થઈ છે, તો આપે રુજૂઅ કરી લીધી. પણ પ્રથમ રિવાયત સહીહ છે.

★ વિના વાંકે પત્નીને તલાક આપવી જાઈઝ ★

યાદ રાખશો કે પત્નીના વાંક વિના પણ તલાક આપી દેવી જાઈઝ છે. નિકાહને ચાલુ રાખવો પુરૂષનો પોતાનો એકલાનો હક્ક છે. અને હુઝૂર ﷺને તો આ બારા વિશિષ્ટ અધિકાર છે. આ પણ યાદ રાખશો કે હુઝૂર ﷺની તલાક પામેલી પત્ની નિકાહ કરી શકે છે. જે હુઝૂર ﷺની વફાત પછી રહી તે કોઈની સાથે નિકાહ નથી કરી શકતી, કેમ ? એટલા માટે કે હુઝૂર ﷺ ઝિંદા છે તેમની પત્નીઓ વિધવા નથી, પતિવાળી પત્નીઓ છે. રબ તઆલા ફર્માવે છે : وَلَاۤ اَنْ تَنْكِحُوْۤا اَزْوَاجَهٗ مِنْۢ بَعْدِهٖۤ اَبَدًا (અને ન એ કે એમના બાદ કદી તેમની પત્નીઓથી નિકાહ કરો. બેશક ! એ અલ્લાહની નજીક ઘણી જ સખત વાત છે. –સૂ. અહઝાબ, ૩૩/૫૩)

باب عشرة النساء ومالكل واحد من الحقوق

બાબુલ ઈશ્રતુન્નિસાઅ વમા લિકુલ્લિ વાહિદ મિનલ હુકૂક્

(પત્નીઓ સાથે હમદર્દીનો વર્તાવ અને દરેકના હક્કો શું છે ?[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. આ પ્રકરણમાં બે વાતો વર્ણન પામશે, એક એ કે પુરૂષ પોતાની પત્નીઓની સાથે કેવો વર્તાવ કરે અને કેવા અખ્લાક્ સાથે જિંદગી ગુજારે. બીજુ એ કે પતિનો પત્ની પર શું હક્ક્ છે અને પત્નીનો પતિ પર શો હક્ક્ છે. આ જ બે ચીજોને આજે મુસલમાન ભૂલી ગયા. જો હુઝૂર ﷺની તાલીમ પર અમલ થાય તો આજે આપણા ઘરોના હાલાત તબાહ ન થાય.

★ સ્ત્રી વાંકી પાંસળીથી પેદા થઈ, તેનામાં સખત મિજાઝી રહેશે ★

★ હદીષ : (૧)-૩૨૩૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «اسْتَوْصُوا بِالنِّسَاءِ خَيْرًا فَإِنَّهُنَّ خُلِقْنَ مِنْ ضِلَعٍ وَإِنَّ أَعْوَجَ شَيْءٍ فِي الضِّلَعِ أَعْلَاهُ فَإِنْ ذَهَبْتَ تُقِيمُهُ كَسَرْتَهُ وَإِنْ تَرَكْتَهُ لَمْ يَزَلْ أَعْوَجَ فَاسْتَوْصُوا بِالنِّسَاءِ»

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, પત્નીઓ સંબંધે નકીઓ (ભલાઈઓ)ની વસિયત કબૂલ કરો[૧] કેમ કે તે પાંસળીથી પેદા કરવામાં આવી છે. અને યકીનન! પાંસળીનો વાંકો હિસ્સો એનો ઉપરનો છે[૨] તો જો તેને સીધો કરવા જાવ તો તોડી નાખશો, અને જો છોડી મૂકો તો વાંકો રહેશે.[૩] જેથી સ્ત્રીઓના વિશે વસિયત કબૂલ કરો.'' (મુસ્લિમ, બુખારી)

૧. આ વાક્યના કેટલાક અર્થો થઈ શકે છે : એક એ કે હું તમને પોતાની પત્નીઓ સાથે સારા વર્તાવની વસિયત કરું છું, તમે લોકો કબૂલ કરો, તેણીઓ સાથે સારો વર્તાવ કરો. અથવા તમે લોકો પોતાની પત્નીઓના સંબંધે સારી વસિયત કર્યા કરો કે તેમની સાથે તમારાં સગાં વહાલાં સારો વર્તાવ કરે. અથવા પોતાની પત્નીઓને ભલાઈનો હુકમ કરો. સારાંશ અહીં બાબે ઈસ્તફઆલ કેટલીય સંભાવનાઓ ધરાવે છે. *(અશિઅહ, મિર્કાત, લમ્આત)*

૨. એટલે કે હઝરત હવ્વાની પેદાઈશ આદમ عليه السلامની પાંસળીના ઉપરના હિસ્સાથી થઈ જે વાંકો છે. અને સર્વ સ્ત્રીઓ તે હવ્વાની ઔલાદથી છે. પ્રાકૃતિક (ફિતરી) રીતે તેમનામાં અમુક અંશે ટેઢાપણુ તથા સખત મિજાઝી છે અને રહેશે. હઝરત હવ્વાની પેદાઈશની વિગત અમારી તફસીરે નઈમી કલાં, પારા પ્રથમમાં જુઓ.

૩. એટલે કે જે ચીજ વાંકી પણ હોય અને સૂકી પણ હોય તે સીધી નથી થઈ શકતી. જાણવા મળ્યું કે અસલની અસર શાખમાં હોય છે.

★ સ્ત્રી તાલીમો તર્બિયતથી સુધરી જાય છે પણ સીધી નથી થતી ★

★ હદીષ : (૨)-૩૨૩૯ ★	*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સ્ત્રી પાંસળીથી પેદા કરવામાં આવી તે રવિશ (વર્તન)માં સીધી કદાપિ ન થશે.[૧] તો જો તમે તેણીથી લાભ ઉઠાવવા ચાહો છો તો તેનાથી લાભ પ્રાપ્ત કરો ભલે એમાં ટેઢાપણુ હોય[૨] અને જો તમે એને સીધી કરવા જશો તો તોડી નાખશો, V[GTMJ]V[GLT, FS³KP³'' (મુસ્લિમ)*
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ الْمَرْأَةَ خُلِقَتْ مِنْ ضِلَعٍ لَنْ تَسْتَقِيمَ لَكَ عَلَى طَرِيقَةٍ فَإِنِ اسْتَمْتَعْتَ بِهَا اسْتَمْتَعْتَ بِهَا وَبِهَا عِوَجٌ وَإِنْ ذَهَبْتَ تقيمها كسرتها وَكسرهَا طَلاقهَا» . رَوَاهُ مُسلم	

૧. કેમ કે ટેઢાપણુ સ્ત્રીની ફિતરતમાં સામેલ છે. તાલીમો તર્બિયત કાંઈક ઠીક થઈ જાય છે, પણ તદ્દન સીધી નથી થતી.

૨. એટલે કે એને એની હાલત પર રહેવા દો, તેની સ્વભાવની કટુતા, નાશુક્રી વગેરેને સહન કરી લો અને પોતાનુ કામ કાઢો. એના વિના તમારાં કામો નથી ચાલી શકતાં. તેણી તમારી વઝીર અને ઘરની વ્યવસ્થાપક છે.

૩. જો તમે તેણીને દરેક વાતમાં ભલુભુરૂ કહો, તેના દરેક કામની નિગરાની કરો તો તમારુ ઘર જંગનું મેદાન બની જશે, અને અંતે તલાક઼ આપવી પડશે. જેથી અમુક વાતોમાં દરગુઝર કરો.

★ હદીષ : (૩)-૩૨૪૦ ★	*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કોઈ મો'મિન કોઈ મો'મિન પત્નીને દુશ્મન ન જાણે. જો તેણીની કોઈ આદતથી નારાજ હોવ તો તો બીજી આદતથી રાજી હશો[૧]'' (મુસ્લિમ)*
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَفْرَكْ مُؤْمِنٌ مُؤْمِنَةً إِنْ كَرِهَ مِنْهَا خُلُقًا رَضِيَ مِنْهَا آخَرَ» . رَوَاهُ مُسلم	

★ પત્નીઓ બાબતે સબ્રથી કામ લો ★

૧. સુબ્હ़ાનલ્લાહ ! કેટલી ઉમદા તાલીમ છે ! મક઼સદ એ છે કે **અયબ વિનાની પત્ની મળવી મુશ્કેલ છે. જેથી જો પત્નીમાં એકાદ બે બુરાઈઓ પણ હોય તો તેને સહન કરી લો કે તેનામાં કાંઈક ખૂબીઓ પણ પામશો.** અહીં મિર્ક઼ાતે ફર્માવ્યું કે **જે શખ્સ બેઅયબ સાથીની શોધમાં રહેશે તે દુનિયામાં એકલો જ રહી જશે. આપણે ખુદ હજારો બુરાઈઓનો શ્રોત છીએ. દરેક દોસ્ત અઝીઝની બુરાઈઓથી દરગુઝર કરો, અચ્છાઈઓ પર નજર રાખો, હા ! ઈસ્લાહની સુધારણાની કોશિશ કરો.** બેઐબ તો રસૂલુલ્લાહ ﷺ છે.

★ બની ઈસ્રાઈલના કારણે ગોશ્ત બગડવાનુ શરૂ થયું ★

★ હદીષ : (૪)-૩૨૪૧ ★ (مُتَّفِق عَلَيْهِ)	*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જો બની ઈસ્રાઈલ ન હોત તો કદી ગોશ્ત ખરાબ ન થાત[૧] અને જો હવ્વા ન*
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَوْلَا	

હોત તો કદી કોઈ સ્ત્રી પોતાના પતિથી ખયાનત ન કરત.[૨]'' (મુસ્લિમ, બુખારી)	بُنُو إِسْرَائِيلَ لَمْ يَخْنَزِ اللَّحْمُ وَلَوْلَا حَوَّاءُ لَمْ تَخُنْ أُنْثَى زَوجهَا الدَّهْرَ»

૧. ઈસ્રાઈલ યાકૂબ عليه السلام નું નામ શરીફ છે. તેમની ઔલાદ બની ઈસ્રાઈલ કહેવાય છે. અહીં એ બનાવ પ્રતિ નિર્દેશ છે કે મૂસા عليه السلام ના જમાનામાં બની ઈસ્રાઈલ મેદાને તીહમાં કેદ કરી દેવામાં આવ્યા. ત્યાં ચાલીસ વરસ કેદ રહ્યા. તે જમાનામાં તેમના પર કુદરતી હલ્વો અને શેકેલો ગોશ્ત નાઝિલ થતો હતો, એટલે મન્ન સલ્વા. પણ હુકમ એ હતો કે નવો દિવસ અને નવી રોજી. આજનુ ખાવા કાલના માટે ન બચાવો. તેમણે બચાવવાનું શરૂ કરી આપ્યું તો ગોશ્ત બગડવા લાગ્યો. એનાથી પહેલાં ગોશ્ત કદી ખરાબ થતો ન હતો. જો એ લોકો તવક્કુલથી કામ લેત તો ગોશ્ત વગેરે કદી ખરાબ ન થાત.

★ સ્ત્રીમાં જીદ તથા હઠ હઝરત હવ્વાનો વારસો ★

૨. આમાં અકે બનાવની તરફ નિર્દેશ છે તે એ કે શૈતાને પ્રથમ બીબી હવ્વાને ધોકો આપીને ઘઉં ખાવા રાજી કર્યાં. હઝરત હવ્વાએ પ્રથમ ખુદ ખાધા પછી જીદ કરીને હઝરત આદમ عليه السلام ને ખડવાવ્યા. અમુકે ફર્માવ્યું કે હઝરત આદમ عليه السلام એ જનાબ હવ્વાને મોકલ્યાં કે ઘઉંનુ ઝાડ ઉખેડીને ફેંકી દે. આપ ત્યાં ગયાં અને ઝાડતો ઉખેડી નાખ્યું પણ તેની બે કંતીઓ મહેફૂઝ રાખી લીધી જે અમુક અરસા બાદ પોતે પણ ખાય લીધી અને આદમ عليه السلام ને પણ ખવડાવ્યું. અહીં ખયાનતથી મુરાદ જીદ કરીને પતિ થકી અયોગ્ય કામ કરાવી લેવું છે. એટલે કે સ્ત્રીઓની આ જીદ તથા હઠ પોતાનાં દાદી સાહેબાના વારસામાં મળી છે. આ ત્યાંની અસર છે. *(અઝ : મિર્આત)*

★ પત્નીઓને સખ્ત માર મારવાની મનાઈ ★

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝમ્આથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમારામાંથી કોઈ પોતાની પત્નીને ગુલામની જેમ કોરડા ન મારે[૨] પછી દિવસના અંત તેણીથી સોહબત કરશે[૩] અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે તમારામાંથી કોઈ ઈરાદો કરે છે તો પોતાની પત્નીને ગુલામની જેમ કોરડા મારે છે કે કદાચ દિવસ અંતે તેણીથી સોહબત કરશે[૪] પછી તેને વા સરવાથી હસવાના વિશે નસીહત કરી તો ફર્માવ્યું કે તમારામાંથી કોઈ આ કામ પર શા માટે માટે હસે છે જે પોતે પણ કરે છે.[૫]'' (મુસ્લિમ, બુખારી)	★ હદીષ : (૫)-૩૨૪૨ ★ (مُتَّفِق عَلَيْهِ) وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ زَمَعَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَجْلِدْ أَحَدُكُمُ امْرَأَتَهُ جَلْدَ الْعَبْدِ ثُمَّ يُجَامِعُهَا فِي آخِرِ الْيَوْمِ» وَفِي رِوَايَةٍ: «يَعْمِدُ أَحَدُكُمْ فَيَجْلِدُ امْرَأَتَهُ جَلْدَ الْعَبْدِ فَلَعَلَّهُ يُضَاجِعُهَا فِي آخِرِ يَوْمِهِ» . ثُمَّ وَعَظَهُمْ فِي ضَحِكِهِمْ مِنَ الضَّرْطَةِ فَقَالَ: «لِمَ يَضْحَكُ أَحَدُكُمْ مِمَّا يفعل؟»

૧. આપ હઝરત સૌદા બિન્તે ઝમ્આ رضي الله عنها ના ભાઈ, હુઝૂર ﷺ ના સાળા છે. ઝમ્આ આપના પિતાનું નામ છે. કુરૈશી છે, અસદી છે.

૨. સખ્તી તથા બેદર્દીની સાથે. એમાં નિદેશ કરવામાં આવી રહ્યો છે કે ઈસ્લાહના માટે પત્નીને અમુક અંશે

મારી શકે છે. રબ તઆલા ફર્માવે છે : وَاضْرِبُوْهُنَّ فَاِنْ اَطَعْنَكُمْ فَلَا تَبْغُوْا عَلَيْهِنَّ سَبِيْلًا (અને જે પત્નીઓની નાફર્માનીનો તમને અંદેશો હોય. તેમને સમજાવો, અને તેમનાથી અલગ સૂઓ અને તેમને મારો, પછી જો તે તમારા હુકમમાં આવી જાય તો તેમના પર બળપૂર્વકનો કોઈ માર્ગ ન લો. સૂ. નિસાઅ, ૪/૩૪) કેમ કે પતિ પત્નીનો હાકિમ છે, હાકિમ પોતાના હાથ હેઠળનાની સુધારણા મારથી પણ કરી શકે છે. ઉસ્તાદ શાગિર્દને, બાપ બેટાને મારી શકે છે.

૩. આ વાક્ય ક્યાં તો પાછલા હુકમની ઈલ્લત (સબબ) છે અથવા આશ્ચર્ય પ્રદર્શિત કરવા માટે છે. એટલે કે કેમ કે છેવટે એ સ્ત્રી સાથે સોહબત તથા મહોબ્બત પણ કરે છે, જેથી એને ગુલામોની જેમ ન મારો પીટો. ما આશ્ચર્યવાચક છે કે અત્યારે તો તમે તેણીને આવી રીતે મારો અને પછી નજીકમાં જ ગળે પણ લગાડો ! બુઝુર્ગ ફર્માવે છે કે એક આંખ લડવાની રાખો બીજી મળવાની.

૪. અમુક લોકોએ કહ્યું કે આ હદીષ મન્સૂખ છે, બાદમાં પત્નીઓને મારવા પીટવાની ઈજાઝત આપી દેવામાં આવી, પણ એ ગલત છે. સખત મારથી મનાઈ છે, નરમ મારની છૂટ છે. *(મિર્કાત)*

૫. સુબ્હાનલ્લહ ! કેટલો પ્યારો કાયદો વર્ણવ્યો કે જે કામ પોતે પણ કરો છો એ કામના કારણે બીજા પર શા માટે હસો છો ?! (શેઅર) :–

او کل انسان یری عیب غیرہ و یعمی عن العیب الذی ہو فیہ

અર્થાત : માણસ બીજાઓના અયબ તો જુએ છે પણ પોતાના અયબોથી આંધળો થઈ જાય છે.

હઝરત હાતિમ અસમ બહેરા ન હતા. એકવાર આપની પત્નીની હવા અવાજ સાથે નીકળી ગઈ, તો આપે ફર્માવ્યું જોરથી વાત કરો, હું મોટો અવાજ સાંભળુ છું કે જેથી તેણી શરમમાં ન પડે. પછી છેવટ સુધી બહેરા જ બનેલા રહ્યા. (મિર્કાત) આ હદીષથી જાણવા મળ્યું કે અવાજ સાથે વા ન સારે, પરંતું જો કોઈ હવા અવાજ સાથે નીકળી જાય તો એના પર ન હસે, ન મઝાક કરે કે એમાં મુસલમાનને શર્મિંદા કરવું છે.

★ બાળકીઓએ ઢીંગલીઓથી રમવું જાઈઝ ★

★ **હદીષ : (૬)-૩૨૪૩** ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ قَالَتْ: كُنْتُ أَلْعَبُ بِالْبَنَاتِ عِنْدَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَكَانَ لِي صَوَاحِبُ يَلْعَبْنَ مَعِي فَكَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا دَخَلَ ينقمعن فيسربهن إِلَيَّ فيلعبن معي

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે હું નબી કરીમ عليه الصلوة والسلام ના પાસે ઢીંગલીઓથી રમતી હતી[૧] અને મારી અમુક સહેલીઓ હતી જે મારી સાથે રમતી હતી. તો રસૂલુલ્લાહ ﷺ જ્યારે તશરીફ લાવતા તો તેણીઓ ચાલી જતી હતી.[૨] પછી હુઝૂર મને તેમની તરફ મોકલી આપતા. તેઓ મારી સાથે રમતી.[૩]'' (મુસ્લિમ, બુખારી)

૧. بنات-بنت (બનાત બિન્ત)નું બહુવચન છે, અર્થ : બાળકી, છોકરી. અહીં ક્યાં તો સાથે રમનારી છોકરીઓ મુરાદ છે તો ب અર્થ મઅ (સાથે) છે. અને જો મુરાદ ઢીંગલીઓ છે તે પણ બાળકીના સ્વરૂપમાં કપડાંથી બનાવવામાં આવે છે, એટલા માટે તેમને બનાત કહે છે. બીજો અર્થ અધિક મજબૂત છે, કેમ કે સહેલીઓનો ઉલ્લેખ તો આગળી આવી રહ્યો છે, એ ઢીંગલીઓ ક્યાં તો આપ આપના પિયરથી લાવ્યાં હતાં અથવા હુઝૂરને ત્યાં આવીને જાતે બનાવી હતી, અથવા ખુદ સરકારે આલી ﷺએ બનાવડાવી હતી. સારાંશ એનાથી જાણવા મળે છે કે બાળકીઓ માટે ઢીંગલીઓ

બનાવવી, તેની સાથે રમવું જાઈઝ છે, કે એ અસલમાં તેમને સીવવા પરોવવા અને ખાવા તૈયાર કરવાની તાલીમનો ઝરીયો છે.

૨. આ હદીષના આધારે અમુક ઉલમાએ બાળકોનાં રમકડાં (ઢીંગલી વગેરે) જાઈઝ કર્યાં ભલે એ ચહેરાવાળાં હોય, જેથી તસ્વીરના હુકમથી એ અલગ છે. يتقمعن قمع થી બન્યું, છુપાઈ જવાના અર્થમાં. અહીં ચાલ્યા જવું મુરાદ છે, કે ચાલ્યા જવાથી પણ માણસ છુપાય જાય છે.

૩. ખુલાસો એ છે કે મહોલ્લાની બાળકીઓ મારી સાથે ઢીંગલીથી રમતી હતી. જ્યારે સરકાર ﷺ તશરીફ લાવતા તો તે પોત પોતાના ઘરે ચાલી જતી અને જ્યારે હુઝૂર બહાર તશરીફ લઈ જતા તો એ બાળકીઓને તેમના ઘરોએથી મારી પાસે મોકલી આપતા કે જેથી મારી સાથે રમે.

★ હઝરત આઈશાને હુઝૂરે બાળકોની તીરંદાઝી દેખાડી ★

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે મેં નબી કરીમ ﷺ ને જોયા કે આપ મારા હુજરા (રૂમ) દરવાજા પર ઉભા થઈ જતા અને હબ્શી બાળકો મસ્જિદમાં ભાલાબાજી કરતા હતા[૧] અને રસૂલુલ્લાહ ﷺ મને પોતાની ચાદરથી પર્દો કરાવતા જેથી હું આપના કાન અને ખભા વચ્ચેથી એમનો ખેલ જોઉં[૨] પછી આપ મારા કારણે ઉભા રહેતા, ત્યાં સુધી કે હું જ પરત થઈ જતી. તો તમે અંદાઝો લગાડી લો નાની વયની છોકરીના ખેલના શોખનો.[૩]" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૭)-૩૨૪૪ ★

وَعَنْهَا قَالَتْ: وَاللَّهِ لَقَدْ رَأَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُومُ عَلَى بَابِ حُجْرَتِي وَالْحَبَشَةُ يَلْعَبُونَ بِالْحِرَابِ فِي الْمَسْجِدِ وَرَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَسْتُرُنِي بردائه لِأَنْظُرَ إِلَى لَعِبِهِمْ بَيْنَ أُذُنِهِ وَعَاتِقِهِ ثُمَّ يَقُومُ مِنْ أَجْلِي حَتَّى أَكُونَ أَنَا الَّتِي أَنْصَرِفُ فَاقْدُرُوا قَدْرَ الْجَارِيَةِ الْحَدِيثَةِ السِّنِّ الْحَرِيصَةِ على اللَّهْوِ

૧. મસ્જિદથી મુરાદ ક્યાં તો ખારિજે મસ્જિદ છે જેને સહન કહે છે, કેમ કે એ જગા મસ્જિદથી બિલ્કુલ જોડાયેલી હતી એટલા માટે એને મસ્જિદ કહી. અને બની શકે છે કે ખુદ મસ્જિદમાં જ આ ખેલ થતો હતો. પરંતુ હકીકતમાં તીરંદાઝીની પ્રેક્ટિસ, એટલે જેહાદની તૈયારી હતી, અને આ તૈયારી ઈબાદત છે, જેથી મસ્જિદમાં જાઈઝ. રબ તઆલા ફર્માવે છે : وَاَعِدُّوْا لَهُمْ مَّا اسْتَطَعْتُمْ مِّنْ قُوَّةٍ وَّمِنْ رِّبَاطِ الْخَيْلِ (અને એમના માટે તૈયાર રાખો જે શક્તિ તમારાથી થઈ શકે અને જેટલા ઘોડા બાંધી શકો. સૂ. અન્ફાલ, ૮/૬૦) *(અશિઅહ, લમ્આત, મિર્કાત)*

૨. અમુક ઉલમાએ ફર્માવ્યું કે આ બનાવ પર્દાનો હુકમ આપવાથી પહેલાંનો છે, નહીં તો આપ કદી અજનબી લોકોનો ખેલ ન જોતાં. (મિર્કાત) ફકીરનો ખયાલ છે કે પર્દાનો હુકમ આવી ચૂક્યા પછીનો છે, નહીં તો સરકારે આલી ﷺ ચાદર તથા પોતાના શરીર મુબારકથી આડ ન કરતા. જેથી ક્યાં તો એ હબ્શી બાળકો હતાં ન કે યુવાન, અને બાળકોનો ખેલ જોવો જાઈઝ છે. કેમ કે ત્યાં યુવાનો આવી જવાની પણ સાંભળના હતી એટલા માટે સાવચેતી રૂપે હુઝૂર ﷺએ આડ કરી. અથવા આ બનાવ એ વખતનો છે જ્યારે પુરૂષોએ હરામ હતું કે સ્ત્રીઓને જુએ, પણ સ્ત્રીઓએ પુરૂષને જોવું હરામ ન હતું. પછી બંને પક્ષે પર્દો ફર્ઝ થઈ ગયો. જેવું કે પોતાના સ્થાને જાહેર છે. જેથી આ હદીષ પર ચકળાલ્વી વગેરે વાંધો નથી ઉઠાવી શકતા, ન પોતાની પત્નીઓને સીનેમા લઈ જનારા આનાથી દલીલ કરી શકે છે.

૩. એટલે હું નાની ઉમરની બાળકી પણ હતી અને ખેલ તમાશા જોવાની શોખિન પણ. તમે અંદાઝો લગાડી લો કે હું કેટલી વાર સુધી ઉભી રહેતી હોઈશ, પણ કુર્બાન જઉં એ અખ્લાકે મુજસ્સમ ﷺ પર કે આપ પોતે ત્યાંથી ખસતા ન હતા, ન મને અંદર જવાનો હુકમ આપતા હતા, બલ્કે મારા લીધે ઘણીવાર સુધી ઉભા રહેતા હતા.

★ હઝરત આઈશાનું ગુસ્સામાં પણ અદબ જાળવવું ★

★ હદીષ : (૮)-૩૨૪૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهَا قَالَتْ: قَالَ لِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنِّي لأَعْلَم إِذا كنت عني راضية وَإِذا كنت عني غَضْبَى» فَقُلْتُ: مِنْ أَيْنَ تَعْرِفُ ذَلِكَ؟ فَقَالَ: " إِذَا كُنْتِ عَنِّي رَاضِيَةً فَإِنَّكَ تَقُولِينَ: لَا وَرَبِّ مُحَمَّدٍ وَإِذَا كُنْتِ عَلَيَّ غَضْبَى قُلْتِ: لَا وَرَبِّ إِبْرَاهِيمَ ". قَالَتْ: قُلْتُ: أَجَلْ وَاللَّهِ يَا رَسُولَ اللَّهِ مَا أَهْجُرُ إِلَّا اسْمَكَ

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે મને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું[૧] અમે જાણીએ છીએ જ્યારે તમે અમારાથી રાજી હોતાં હતાં અને જ્યારે તમે અમારા પર નારાજ હોતાં[૨] મેં અર્ઝ કરી કે હુઝૂર ﷺ કેવી રીતે પેહચાનતા હતા ?[૩] ફર્માવ્યું, જ્યારે તમે મારાથી ખુશ હોતાં તો કહેતાં હતાં, મુહમ્મદ ﷺના રબની કસમ ! અને જ્યારે તમે અમારાથી નાખુશ હોતાં તો કહેતાં હતાં જનાબ ઈબ્રાહીમ عليه السلام ના રબની કસમ ![૪] હું બોલી, હા ! યા રસૂલલ્લાહ ! ﷺ હું કેવળ આપનું નામ જ છોડતી હતી.[૫]" (મુસ્લિમ, બુખારી)

૧. જ્યારે મારી ઉમર પુખ્ત અને બુધ્ધિ સંપૂર્ણ થઈ ગઈ ત્યારે મને મારા બચપનનો જમાનો યાદ અપાવ્યો જ્યારે કે મેં નવી નવી શાદી કરીને હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈ હતી. رضی اللہ عنہا

૨. આ નારાઝગી નાઝની છે ન કે નફરતની. નહીં તો હુઝૂરે અન્વર ﷺથી નારાજ થવું કુફ્ર છે. મહબૂબોની એ નારાઝગી પણ પ્યારી હોય છે. (શેઅર)

નાઝ બરદારી તુમ્હારી ક્યૂં ન ફર્માએ ખુદા – નાઝનીને હક્ક નબી હૈં, તુમ નબી કી નાઝનીન

★ રાફઝીઓના વાંધાનો જવાબ ★

બાળક બાપ પર નારાજ થઈને પોતાની દરેક જીદ પૂરી કરાવી લે છે. જેથી આ હદીષથી રાફઝીઓ દલીલ નથી પકડી શકતા. અને જનાબ ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا પર વાંધો નથી કરી શકતા.

૩. વહીએ ઈલાહીથી અથવા ખાસ નિશાનીઓથી.

૪. ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ના બચપન શરીફની બુધ્ધિ તથા ફરાશત (દીર્ઘદષ્ટિ) પર જાનો ઈમાન સદકે કે **જો ઘરેલુ મામલામાં કોઈ કારણે દિલમાં રંજ હોય તો લડાઈ ઝઘડો શોર વગેરે ન કરતાં, બલ્કે રબનું નામ હઝરત ઈબ્રાહીમ عليه السلام ની નિસ્બતથી લેતાં કે દિલની હાલતનો ઈઝહાર પણ થઈ જાય અને ઘરમાં અપ્રસન્નતા (નારાજીનું વાતાવરણ) પણ ન પેદા થાય. કાશ ! આપણી માઓ બહેનો હઝરત આઈશાથી સબક લે અને પોતાના ઘરને જંગનું મેદાન ન બતાવે.**

૫. એટલે કે મારા દિલમાં આપની મહોબ્બત યથાવત જ રહેતી હતી, કેવળ દિલી રંજને પ્રદર્શિત કરવા ખાતર જ એવું કરતી હતી.

★ હદીષ : (૯)-૩૨૪૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا دَعَا الرَّجُلُ امْرَأَتَهُ إِلَى فِرَاشِهِ فَأَبَتْ فَبَاتَ غَضْبَانَ لَعَنَتْهَا الْمَلَائِكَةُ حَتَّى تُصْبِحَ» . مُتَّفَقٌ عَلَيْهِ.

وَفِي رِوَايَةٍ لَهُمَا قَالَ: «وَالَّذِي نَفْسِي بِيَدِهِ مَا مِنْ رَجُلٍ يَدْعُو امْرَأَتَهُ إِلَى فِرَاشِهِ فَتَأْبَى عَلَيْهِ إِلَّا كَانَ الَّذِي فِي السَّمَاءِ ساخطا عَلَيْهَا حَتَّى يرضى عَنْهَا»

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે જ્યારે કોઈ શખ્સ પોતાની પત્નીને બિસ્તર પર બોલાવે[૧] તો તેણી ઈન્કાર કરી દે[૨] અને પતિ નારાજ થઈને રાત પસાર કરે તો સવાર સુધી ફરિશ્તા તેણી પણ લઅનત કરે છે.[૩] (મુસ્લિમ, બુખારી) એમની જ એક રિવાયતમાં આ પ્રમાણે છે કે ફર્માવ્યું, એની કસમ જેના કબજામાં મારી જાન છે ! એવો કોઈ શખ્સ નથી જે પોતાની પત્નીને પોતાના બિસ્તર પર બોલાવે પછી તેણી ના પાડી દે તો આસ્માનવાળો તેણી પર નારાજ થાય છે[૪] ત્યાં સુધી કે પતિ તેણી પર રાજી થઈ જાય.[૫]"

★ સોહબતના આદાબ ★

૧. રાતના સમયે સોહબતના માટે અથવા કોઈ અન્ય ખિદમતના માટે. પ્રથમ અર્થ અધિક જાહેર છે. એનાથી નિર્દેશ રૂપે અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે ઘરમાં એકથી અધિક બિસ્તર રાખવાં જાઈઝ છે, પતિનાં અલગ પત્નીઓનાં અલગ. **બીજુ** એ કે સોહબત વખતે પર્દો અલાહિદગી ખૂબ જ જરૂરી છે. **ત્રીજુ** એ કે સ્ત્રીનું પુરૂષના બિસ્તર પર જવું બેહતર છે, એની સરખામણીમાં કે પુરૂષ સ્ત્રીના બિસ્તર પર જાય. સામાન્ય રીતે પુરૂષનું બિસ્તર સ્ત્રીના બિસ્તર કરતાં પાક તથા સાફ હોય છે. સ્ત્રીનું બિસ્તર બાળકોના કારણે મેલુ હોય છે.

૨. મજબૂરી વિના આવવાથી ઈન્કાર કરી દે. ફકીહો ફર્માવે છે, હૈઝની હાલતમાં પહોંચી જાય કે હૈઝમાં સોહબત હરામ છે, ન કે ચુંબન, સાથે સૂવું વગેરે. *(મિર્કાત)*

૩. અહીં રાતે બોલવાવાનું ખાસ કરીને વર્ણન છે, એટલા માટે પત્નીઓ પાસે રહેવાનું સામાન્યત : રાતમાં જ થાય છે, દિવસમાં ઓછું. નહીં તો જો દિવસમાં પતિ બોલાવે અને સ્ત્રી ન જાય તો રાત સુધી ફરિશ્તા તેણી પર લઅનત કરે છે. રાતની લઅનત સવારે એટલા માટે ખત્મ થઈ જાય છે કે સવાર થતાં જ પતિ કામકાજમાં લાગી જાય છે અને રાતનો ગુસ્સો ઓછો કે ખત્મ થઈ જાય છે.

★ હુઝૂર ﷺનો ઈલ્મ સૌથી અધિક છે ★

૪. અલ્લાહ તઆલા જેની હુકૂમત, મિલ્કિયત આસ્માનમાં પણ છે, રબ તઆલા ફર્માવે છે : وَفِي السَّمَآءِ اِلٰهٌ وَّفِي الْاَرْضِ اِلٰهٌ (અને તે જ આસ્માનવાળાઓનો ખુદા અને જમીનવાળાઓનો ખુદા. સૂ. ઝુખ્રૂફ, ૪૩/૮૪) જો કે જમીન, આસ્માન, મકાન સૌ અલ્લાહ તઆલાની જ માલિકીમાં છે, પણ કેમ કે આસ્માન ફયઝ આપનારું છે, જમીન ફયઝ લેનારી છે, એ હૈસિયતથી આસ્માન જમીન કરતાં અશરફ (ઉચ્ચ) છે, એટલા માટે કેવળ આસ્માનનો ઉલ્લેખ થયો. અથવા આસ્માનમાં રહેનારા ફરિશ્તા, ત્યારે આ હદીષ પાછલા વિષયના પ્રમાણે છે. એનાથી જાણવા મળ્યું કે **આસ્માનમાં રહેનારા ફરિશ્તા જમીનવાળાઓના દરેક ઉઘાડા છુપા હાલાતથી ખબરદાર છે, તો હુઝૂર ﷺનો ઈલ્મ તો એ ફરિશ્તાઓથી કેટલોય અધિક છે. આપ પણ અમારા દરેક જાહેર છુપા હાલાતથી ખબરદાર છે.**

૫. જાણવા મળ્યું કે પતિની રઝામાં રબ તઆલા તથા ફરિશ્તાઓની રઝા છે. જ્યારે પતિની રઝામંદી નફસાની વાસનામાં આટલી મહત્વની છે તો દીની બાબતોમાં તેને રાજી કરવો કેટલો જરૂરી થશે. પણ ખયાલ રાખશો કે શરઈ રીતે હરામ કામોમાં પતિ તો શું કોઈની રઝામંદી હાંસલ ન કરે. જેથી હૈઝની હાલતમાં પતિને સોહબત કરવા ન દે.

★ હદીષ : (૧૦)-૩૨૪૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَسْمَاءَ أَنَّ امْرَأَةً قَالَتْ: يَا رَسُولَ اللَّهِ إِنَّ لِي ضَرَّةً فَهَلْ عَلَيَّ جُنَاحٌ إِنْ تَشَبَّعْتُ مِنْ زَوْجِي غَيْرَ الَّذِي يُعْطِينِي؟ فَقَالَ: «الْمُتَشَبِّعُ بِمَا لَمْ يُعْطَ كَلَابِسِ ثَوْبَيْ زُورٍ»

"હઝરત અસ્માથી રિવાયત છે કે એક સ્ત્રીએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ મારી એક સોતન (શોક્ય) છે[૧] તો શું મારા પર એમાં ગુનોહ છે કે મારા પતિની કોઈ ભેટ જાહેર કરું જે એના સિવાય હોય[૨] તો ફર્માવ્યું, ન આપેલી ચીજને જાહેર કરનાર જૂઠા કપડાં પહેરનારની જેમ છે.[૩]" (મુસ્લિમ, બુખારી)

★ માગેલાં કપડાં પહેરનારો બેઈજ્જત થાય છે ★

૧. અરબીમાં સોતનને ضرة કહે છે. ضرة ضرء થી બન્યું છે, અર્થ : નુકસાન કેમ કે સોતન નુકસાનનો સબબ છે અથવા નુકસાન પહોંચાડવાની સામાન્યતઃ કોશિશ કરતી હોય છે એટલા માટે દર્રહ (ضرء) કહે છે. તેનું બીજુ નામ ફતીના પણ છે, અર્થ : ઘણી જ સમજદાર. દરેક સોતન પોતાની સોતનના અયબો સમજવામાં ઘણી જ ફતીના (સમજદાર) હોય છે, એટલા માટે એને ફતીના કહે છે. *(મિર્કાત)*

૨. એટલે કે હું મારી સોતનને જલવવા, ગુસ્સે કરવા માટે એવું જાહેર કરી આપું કે પતિ તારી સરખામણીમાં મને વધારે આપે છે. દા.ત. પોતાના પીયરની જોડ પહેરીને દેખાડું કે પતિએ આપ્યું છે.

૩. એટલે કે જેને કોઈ શખ્સ અમાનત કે ઉધાર લીધેલાં આ'લા કપડાં પહેરીને ફરે અને લોકો સમજે કે આ તેનાં પોતાનાં કપડાં છે. પછી બાદમાં હાલ ખુલવામાં બદનામી પણ થાય, ગુનાહનું પણ એવું જ છે. અથવા જેમ કે **કોઈ ફાસિક્ તથા ફાજિર, મુત્તકીનો લિબાસ પહેરીને સૂફી બનતો ફરે, પછ અસલિયત જાહેર થતાં બેઈજ્જત થાય.**

★ ઈલા એટલે ચાર મહીના સુધી પત્નીથી અલગ રહેવાનો મસ્અલો ★

★ હદીષ : (૧૧)-૩૨૪૮ ★

وَعَن أنس قَالَ: آلى رَسُول الله مِنْ نِسَائِهِ شَهْرًا وَكَانَتِ انْفَكَّتْ رِجْلُهُ فَأَقَامَ فِي مَشْرُبَةٍ تِسْعًا وَعِشْرِينَ لَيْلَةً ثُمَّ نَزَلَ فَقَالُوا: يَا رَسُولَ اللَّهِ آلَيْتَ شَهْرًا فَقَالَ: «إِنَّ الشَّهْرَ يَكُونُ تِسْعًا وَعِشْرِينَ» . رَوَاهُ الْبُخَارِيُّ

"હઝરત અનસ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ પોતાની પત્નીઓ સાથે એક મહીનાનો ઈલા કર્યો[૧] અને આપનો પગ મોચકાય ગયો હતો.[૨] તો આપે ઉપલા માળે ૨૯ રાત રોકાણ કર્યું. પછી નીચે તશરીફ લાવ્યા તો લોકોએ અર્ઝ કરી, શું યા રસૂલલ્લાહ ! ﷺ આપે તો એક મહીનાનો ઈલા કર્યો હતો ! ફર્માવ્યું, મહીનો ૨૯ દિવસનો પણ હોય છે.[૩]" (બુખારી)

૧. ايلاء બન્યું છે ولى થી, અર્થ : નઝદીકી, હમ્ઝા સબબ કરી છે, એટલે નજીક ન જવું. શરીઅતમાં **ઈલા** એ છે કે **કોઈ શખ્સ પોતાની પત્નીની પાસે ચાર મહીના સુધી ન જવાની કસમ ખાય લે.** એનો હુકમ એ છે કે

ક્યાં તો પતિ પોતાની ક़સમ તોડી નાખે કે એ મુદ્દતમાં ઈલાથી ક़ૌલી રીતે કે ફેઅલ થકી (અમલી રીતે) રુજૂઅ કરીને ક़સમનો કફ્ફારો અદા કરી આપે અથવા ઈલા પૂરો કરે, અને ચાર મહીના પૂરા થતાં જ બાઈના તલાક़ લાગુ પડી જશે. હુઝૂર ﷺનો આ ઈલા શરઈ ન હતો શાબ્દિક હતો, કેમ કે એક મહીનાનો હતો. આ ઈલાનો બનાવ ખૂબ જ મશહૂર છે, હદીષની કિતાબમાં વર્ણન પામેલ છે.

૨. ઘોડાથી પડી જવાના કારણે પગ મુબારકમાં મોચ આવી ગઈ હતી અથવા પગ ઉતરી ગયો હતો. (અશિઅ્હ) મિર્ક़ાતે ફર્માવ્યું કે લગભગ નમાઝમાં અધિક ઉભા રહેવાના કારણે પગ મુબારક પર વરમ (સોજો) આવી ગયો હતો અને તકલીફ થઈ ગઈ હતી, જેને રાવીએ انفكت થી વર્ણન કર્યું. *(મિર્ક़ાત)*

૩. مشربه મીમના ઝબરથી, રોકાયા. પેશથી مشرعهની જેમ, અર્થ ઉપલો માળ, જેને પંજાબમાં છાતી કહેવામાં આવે છે. એ ઉપલો માળ એવો સજાવટવાળો ન હતો જેવો આજકાલ માલદારોનો હોય છે. એટલે કે ઈલાના સમયમાં સરકાર ﷺ કોઈ પાક બીવી પાસે ન રહ્યા બલ્કે અલગ રીતે ઉપલા માળે રોકાણ કર્યું.

૪. એટલે કે આ મહીનો ૨૯નો છે, આજે મારા ઈલાની મુદ્દત પૂરી થઈ અને અમે આ મહીનાનો ઈલા કર્યો હતો. ઉલમા ફર્માવે છે કે જે કોઈ ખાસ મહીનાના રોઝાની નઝર માને અને તે ૨૯ દિવસનો હોય તો તેના માટે ૨૯ રોઝા જ પૂરતા ગણાશે. પણ જે અનિશ્ચિત મહીનાના રોઝાઓની મન્નત માને તેના પર ૩૦ દિવસના રોઝા લાઝિમ થશે, ભલે તે મહીનો ૨૯ દિવસનો હોય જેમાં રોઝા રાખ્યો. *(મિર્ક़ાત)*

★ હદીષ : (૧૨)-૩૨૪૯ ★

وَعَن جَابر قَالَ: دخل أَبُو بكر رَضِي الله عَنهُ يَسْتَأْذِنُ عَلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَوَجَدَ النَّاسَ جُلُوسًا بِبَابِهِ لَمْ يُؤْذَنْ لِأَحَدٍ مِنْهُمْ قَالَ: فَأُذِنَ لِأَبِي بَكْرٍ فَدَخَلَ ثُمَّ أَقْبَلَ عُمَرُ فَاسْتَأْذَنَ فَأُذِنَ لَهُ فَوَجَدَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ جَالِسًا حَوْلَهُ نِسَائِهِ وَاجمًا سَاكِتًا قَالَ فَقُلْتُ: لَأَقُولَنَّ شَيْئًا أُضْحِكُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ لَوْ رَأَيْتَ بِنْتَ خَارِجَةَ سَأَلَتْنِي النَّفَقَةَ فَقُمْتُ إِلَيْهَا فَوَجَأْتُ عُنُقَهَا فَضَحِكَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَقَالَ: «هُنَّ حَوْلِي كَمَا تَرَى يَسْأَلْنَنِي النَّفَقَةَ» . فَقَامَ أَبُو بكر إِلَى عَائِشَةَ يَجَأُ عُنُقَهَا وَقَامَ عُمَرُ إِلَى حَفْصَةَ يَجَأُ عُنُقَهَا كِلَاهُمَا يَقُولُ:تَسْأَلِينَ رَسُولَ اللَّهِ صَلَّى

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત અબૂ બક્ર સિદ્દીક़ આવ્યા કે હુઝૂર ﷺની ખિદમતમાં હાજરીની ઈજાઝત લીધી. લોકોને આપના દરવાજા પર બેઠેલા પામ્યા જેમનામાંથી કોઈને ઈજાઝત મળી ન હતી.[૧] ફર્માવે છે કે અબૂ બક્રને ઈજાઝત મળી ગઈ. આપ દાખલ થઈ ગયા. પછી જનાબ ઉમર આવ્યા, ઈજાઝત માગી તો તેમને પણ મળી ગઈ[૨] તેમણે નબી કરીમ ﷺને ગમગીન ખામોશ બેઠેલા પામ્યા કે આપની અઝવાજ (પાક બીવીઓ) આસપાસ હતી[૩] આપે વિચાર્યું કે હું એવી વાત કહું કે નબી કરીમ ﷺને હસાવી દઉં[૪] તો અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ખારજાની પુત્રીને જુઓ[૫] કે તેણીએ મારાથી ખર્ચો માગ્યો તો હું તેણી તરફ વધ્યો તેની ગરદન મરડી[૬] જેથી રસૂલુલ્લાહ ﷺ હસી પડયા[૭] અને ફર્માવ્યું, આ જે મારી આસપાસ બેઠેલી છે જેવું કે તમે જોઈ રહ્યા છો, મારાથી ખર્ચાની માગણી કરી રહી છે.[૮] તો અબૂ બક્ર આઈશાની તરફ ઉઠયા, તેણીની ગરદન મરોડવા લાગ્યા અને હઝરત ઉમર હફ્સાની તરફ આગળ વધ્યા

اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَا لَيْسَ عِنْدَهُ؟ فَقُلْنَ: وَاللَّهِ لَا نَسْأَلُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ شَيْئًا أبدا لَيْسَ عِنْدَهُ ثُمَّ اعْتَزَلَهُنَّ شَهْرًا أَوْ تِسْعًا وَعشْرين ثمَّ نزلت هَذِه الْآيَة:(يَا أَيهَا النَّبِي قل لِأَزْوَاجك) حَتَّى بلغ (للمحسنات مِنْكُن أجرا عَظِيما)قَالَ: فَبَدَأَ بعائشة فَقَالَ: «يَا عَائِشَةُ إِنِّي أُرِيدُ أَنْ أَعْرِضَ عَلَيْكِ أَمْرًا أُحِبُّ أَنْ لَا تَعْجَلِي فِيهِ حَتَّى تَسْتَشِيرِي أَبَوَيْكِ» . قَالَتْ: وَمَا هُوَ يَا رَسُولَ اللَّهِ؟ فَتَلَا عَلَيْهَا الْآيَةَ قَالَتْ: أَفِيكَ يَا رَسُولَ اللَّهِ أَسْتَشِيرُ أَبَوَيَّ؟ بَلْ أَخْتَارُ اللَّهَ وَرَسُولَهُ وَالدَّارَ الْآخِرَةَ وَأَسْأَلُكَ أَنْ لَا تُخْبِرَ امْرَأَةً مِنْ نِسَائِكَ بِالَّذِي قُلْتُ: قَالَ: «لَا تَسْأَلُنِي امْرَأَةٌ مِنْهُنَّ إِلَّا أَخْبَرْتُهَا إِنَّ اللَّهَ لَمْ يَبْعَثْنِي مُعَنِّتًا وَلَا مُتَعَنِّتًا وَلَكِنْ بَعَثَنِي معلما ميسرًا» . رَوَاهُ مُسلم

અને તેમની ગરદન મરોડવા લાગ્યા[૯] આ બંને કહેતા હતા, શું તમે રસૂલુલ્લાહ ﷺ થી તે ચીજો માગો છો જે એમની પાસે નથી ?![૧૦] તે બોલ્યાં, અલ્લાહની કસમ! અમે રસૂલુલ્લાહ ﷺ થી કદી એ ચીજ નહીં માગીએ જે આપની પાસે ન હોય.[૧૧] પછી હુઝૂર અઝવાજ (પાક બીવીઓ)થી એક મહીનો અથવા ૨૯ દિવસ અલગ રહ્યા[૧૨] પછી આ આયતે કરીમા નાઝિલ થઈ, હે નબી ! તમારી પત્નીઓને ફર્માવી દો, ઈલા કોલહૂ તમારામાંથી નેકકાર બીવીઓ માટે મહાન સવાબ છે[૧૩]. ફર્માવે છે કે પછી હુઝૂર ﷺ એ આઈશાથી શરૂઆત કરી[૧૪] હે આઈશા ! તમારા પર એક ચીજ પેશ કરું છું અને ચાહું છું કે એમાં જલ્દી ન કરશો ત્યાં સુધી કે વાલિદૈન (મા બાપ)થી મશ્વરો કરી લો[૧૫] આપ બોલ્યાં, યા રસૂલલ્લાહ ! ﷺ એ શું છે ? ત્યારે હુઝૂરે એમના પર આ આયત તિલાવત કરી[૧૬] આપ બોલ્યાં, શું આપના બારામાં યા રસૂલલ્લાહ ! હું માબાપથી મશ્વરો કરું ? બલ્કે હું અલ્લાહ રસૂલ અને આખેરતના ઘરને અપનાવું છું [૧૭] અને હુઝૂરથી અર્ઝ છે કે પોતાની અઝવાજમાંથી કોઈ બીવીને ન બતાવશો[૧૮]. જે મેં અર્ઝ કર્યું. આપે ફર્માવ્યું, તેમનામાંથી કોઈ બીવી મને એ ન પૂછશે પણ હું ખબર આપીશ[૧૯] યકીનન ! અલ્લાહે મને ન તકલીફમાં નાખનાર મોકલ્યો ન તકલીફમાં પડનાર[૨૦] પરંતું મને મોકલ્યો છે ઈલ્મ શીખવનાર આસાની કરનાર[૨૧]." (મુસ્લિમ)

૧. બનાવ એ હતો કે અઝવાજે મુતહ્હરાતે (પાક બીવીઓએ) હુઝૂર ﷺને ફક્ત ફાકાની શિકાયત કરતાં અધિક ખર્ચ આપવાના વિશે અર્ઝ કરી. અમુકે એવું પણ કહ્યું કે ફલાણા ફલાણાની પત્નીઓ આવા ઉમદા લિબાસ પહેરે છે, આવા એશમાં છે. ત્યારે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે હું એક મહીના સુધી તમારામાંથી કોઈની પાસે આવીશ નહીં, અને ઉપલા માળે બિરાજમાન થઈ ગયા. અને સર્વ સહાબાથી પણ અલાહિદગી અપનાવી લીધી. એના પર મશહૂર થઈ ગયું કે હુઝૂરે પોતાની પત્નીઓને તલાક આપી દીધી. લોકો ગભરાય ગયા. એ જ ગભરાહટમાં હઝરત અબૂ બક્ર સિદ્દીક તથા ઉમર ફારૂક હાજર થયા. કેમ કે તેમની સાહબઝાદીઓ બીબી આઈશા સિદ્દીકા તથા બીબી હફસા હુઝૂર ﷺના નિકાહમાં હતી.

૨. કેમ કે એ સમય સુધી પર્દાની આયત આવી ન હતી એટલા માટે એ બંને બુઝુર્ગોને અઝવાજે પાકની

મૌજૂદગીમાં ઈજાઝત આપી દેવામાં આવે.

૩. લગભગ આ ઈજતેમા હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا ના હુજરામાં હતો.

૪. આ હસાવવું પણ ઈબાદત હતું. હુઝૂર ﷺને ખુશ કરવું ઈબાદત છે, જેવી રીતે આપને ગમગીન કરવું ગુનોહ છે. આવા મોક़ાઓ પર જનાબ ઉમર હમેશાં આ અમલ કરતા હતા.

૫. બિન્તે ખારજા હઝરત ઉમર رضی اللہ عنہ ની પાક બીવી છે.

૬. એટલે કે મારી પત્નીએ મારાથી હાજત કરતાં વધુ જે ખર્ચ માગ્યો એશ તથા મજા માટે, તો મેં તેણીને આવી સજા આપી, કેમ કે જરૂરત પૂરતો ખર્ચો તો હું આપુ છું.

★ પુરૂષ સ્ત્રીનો હાકિમ છે, નાફ઼ર્માની કે અયોગ્ય માગણી પર સજા આપી શકે ★

૭. જાણવા મળ્યું કે હુઝૂર ﷺને હઝરત ફારૂક़નો આ અમલ પસંદ કર્યો. જાણવા મળ્યું કે પતિ પોતાની પત્નીને નાફ઼ર્માની અથવા અયોગ્ય માગણી પર સજા આપી શકે છે, પુરૂષ સ્ત્રીનો હાકિમ છે.

★ સજા આપી શકે છે ★

૮. એટલે કે અમારે ત્યાં પણ આ જ મામલો ઉપસ્થિત થયો છે કે મારી આ બીવીઓ મારી પાસે અધિક ખર્ચાની માગણી કરી રહી છે.

★ અબૂ બક્ર ઉમરે પોતપોતાની પુત્રીઓની ગરદન હુઝૂર સામે મરડી ★

૯. જાણવા મળ્યું કે પતિ પોતાની યુવાન શાદી શુદા પુત્રીને સજા આપી શકે છે. એ બંને હઝરાતે હુઝૂરની મૌજૂદગીમાં પોતાની સાહબઝાદીઓથી આ વર્તાવ કર્યો.

૧૦. શેઅર :–

मालिक कौनेन है गो पास कुछ रखते नहीं–दो जहां की नेअमतें हैं उन्के खाली हाथमें

بوریا ممنون خواب راحتش　　تاج کسریٰ زیر پائے امتش

અર્થાત : ચટાઈ હુઝૂર ﷺની રાહતભરી ઊંઘની એહસાનમંદ છે કિસ્રા (ઈરાનના રાજા)નો તાજ હુઝૂરની ઉમ્મતના પગો નીચે છે.

જહાનને ગની કર્યું અને પોતાની પાસે કાંઈ ન રાખ્યું. -"اَغْنٰىهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ"

૧૧. પરિસ્થિતિ જોઈને તમામ અઝવાજે પાકે એકી ઝબાને આ વાયદો કર્યો.

૧૨. કેમ કે હુઝૂર આ બનાવથી પહેલાં અલાહિદગીની ક़સમ ઉઠાવી ચૂક્યા હતા, એટલા માટે ભલે એ બીવીઓએ આ વાયદો કરી લીધો પણ હુઝૂરે પોતાની ક़સમ પૂરી કરી. *(મિર્ક़ાત, લમ્આત)*

૧૩. બનાવનો ક્રમ એ રહ્યો કે પ્રથમ અઝવાજે પાકે અરસા સુધી વધુ ખર્ચાની માગણી કરી જેના પર હુઝૂર ﷺએ ઈલાની ક़સમ ઉઠવી. પછી હઝરત સિદ્દીક़ તથા ફારૂક़નો આ બનાવ ઉપસ્થિત થયો. પછી અઝવાજે પાકે આ વાયદો કર્યો જે અહીં વર્ણન પામ્યો છે. પછી હુઝૂર ﷺએ અલાહિદગી અપનાવી ઈલાની મુદ્દત ખત્મ થતાં આયત ઉતરી પછી અઝવાજે પાકને તલાક લેવાનો અખત્યાર આપવામાં આવ્યો.

૧૪. કેમ કે આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا એ સૌમાં આલિમા આક़िલા હતાં.

૧૫. કેમ કે તમે ઉમરમાં નાની છો અને નાની બાળકીઓ કદીક દુનિયાના શાઝ શણગાર પર અધિક આકર્ષાતી હોય છે, એટલા માટે માબાપથી મશ્વરો કરીને નિર્ણય લો. (મિર્કાત) એનાથી નિર્દેશરૂપે જાણવા મળ્યું કે સરકાર ﷺ આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ના પોતાની પાસે રહેવા પર ખૂબ જ ખુશ છે.

૧૬. જેમાં ફર્માવવામાં આવ્યું છે કે હે નબીની બીવીઓ ! જો તમને દુનિયવી ટીપ ટોપનો શોખ છે, તો આવો હું તમને તલાક આપી દઈશ. અને જો અલ્લાહ રસૂલ અને કયામતની બેહતરી ચાહતી હોવ તો મારી સાથે ફક્કો ફાકા પર કનાઅત (થોડામાં સંતોષ) કરો. ત્યારે ઉમ્મુલ મો'મિનીને આવો જવાબ આપ્યો.

૧૭. આ છે હઝરત ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની ફરાસત (દીર્ઘદષ્ટિ), સમજદારી, ઈલ્મ તથા બુદ્ધિ. એનાથી જાણવા મળ્યું કે દીન તથા દુનિયાનું સંગમ નથી થતુ.

૧૮. જેથી દરેક પાક બીબીના ઈલ્મ તથા બુદ્ધિની કસોટી થઈ જાય.

૧૯. જેથી તે પૂછવાવાળી પત્ની તમારુ અનુસરણ કરે જેનાથી તમને પણ સવાબ મળે.

૨૦. معنت બન્યુ છે عنۃ થી અર્થ : ગુનાહ, તકલીફ. મઅનત એટલે અન્યોને ગુનાહ તથા તકલીફમાં નાખનાર. મતઅનત એટલે ખુદ ગુનાહ તથા તકલીફમાં પડનાર. મતલબ એ છે કે અન્ય બીવીઓને તમારા જવાબથી જરૂર માહિતગાર કરીશ કે તેમના માટે તમારો જવાબ દીવાદાંડી (માર્ગદર્શક) છે, આ જવાબનો પ્રચાર લાભદાયી છે, અને છુપાવવાનો તેમના માટે નુકસાનકર્તા થશે. જેથી એ બીવીઓએ એ જ જવાબ આપ્યો જે ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ આપ્યો હતો. સૌ ફક્કો ફાકા પર રાજી થઈ ગઈ. અને સૌએ હુઝૂર ﷺ ની સાથે જિંદગી ગુજારવાને અલ્લાહની મહાન નેઅમત સમજી.

★ પોતાની જવાન પરણીત ઔલાદને સજા આપી શકે છે ★

૨૧. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : જરૂરતના સમયે હાકિમ, આલિમ, સુલ્તાન પોતાના દરવાજા પર દરવાન (વોચમેન) રાખી શકે છે, નહીં તો સામાન્યતઃ હુઝૂર ﷺ ના દરવાજા પર દરવાન રહેતા ન હતા. કોઈના ઘરમાં ઈજાઝત વિના પ્રવેશ કરવો જોઈએ નહીં, ભલે ખાસ દોસ્ત હોય કે અજનબી. પોતાની જવાન ઔલાદને બાપ સજા આપી શકે છે ભલે ઔલાદ પરણીત હોય. હુઝૂર ﷺ અને અઝવાજે પાકે ખુશીપૂર્વક પોતાની જિંદગી મિસ્કીનિયતમાં ગુજારી. ઉપલા માળે રહેવું દુરુસ્ત છે. પતિ પોતાની પત્નીને તલાકનો અખત્યાર આપી શકે છે. આ અખ્તયાર આપવાથી તલાક ન થશે, બલ્કે જો પત્ની તલાકને અપનાવે ત્યારે તલાક થશે. હઝરત અલી અને ઝયદ ઈબ્ને ષાબિત તથા હસનથી જે મરવી છે કે તલાકનો અખત્યાર આપવું જ તલાક છે, તો કદાચ તેમને આ હદીષ નથી પહોંચી. *(મિર્કાત)*

★ જેને ચાહે અલગ કરે જેને ચાહે વારી રાખે કે ન રાખે ★

★ હદીષ : (13)-૩૨૫૦ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)
وَعَن عَائِشَةَ قَالَت: كنت أغار من اللَّاتِي وَهَبْنَ أَنْفُسَهُنَّ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقُلْتُ: أَتَهَبُ الْمَرْأَةُ نَفْسَهَا؟ فَلَمَّا أَنْزَلَ اللَّهُ تَعَالَى: (تُرْجِي

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, હું તે સ્ત્રીઓ પર ગૈરત (શરમ) કરતી હતી જેઓ પોતાની જાનો રસૂલુલ્લાહ ﷺ ને બખ્શી આપતી હતી. હું કહેતી હતી, શું સ્ત્રી પોતાની જાન બખ્શે છે ?'' પછી જ્યારે અલ્લાહ તઆલાએ આ આયત

مَنْ تَشَاءَ مِنْهُنَّ وَتُؤْوِي إِلَيْكَ مَنْ تَشَاءَ وَمَنِ ابْتَغَيْتَ مِمَّنْ عَزَلْتَ فَلَا جناح عَلَيْكَ)قُلْتُ: مَا أَرَى رَبَّكَ إِلَّا يُسَارِعُ فِي هَوَاكَ. مُتَّفَقٌ عَلَيْهِ. وَحَدِيثُ جَابِرٍ: «اتَّقُوا اللَّهَ فِي النِّسَاءِ» وَذكر فِي «قصَّة حجَّة الْوَدَاع»

ઉતારી કે આપ એ સ્ત્રીઓમાં જેને ચાહો હટાવો જેને ચાહો પોતાની પાસે જગા આપો. અને જેમને અલગ કરી આપેલ છે એમાં જેમને ચાહો બોલાવો, તો આપના પર કોઈ ગુનોહ નથી.[૧] તો મેં અર્ઝ કરી કે હું આપના રબને નથી જોતી પણ તે આપની ખ્વાહિશ પૂરી કરવામાં જલ્દી કરે છે[૩] (મુસ્લિમ, બુખારી) અને પછી હઝરત જાબિરની હદીષ કે સ્ત્રીઓના બારામાં અલ્લાહથી ડરો ! હજ્જતુલ વિદાઅના કિસ્સામાં અર્ઝ કરી દેવામાં આવી[૪]."

૧. અમુક સ્ત્રીઓ બારગાહે રિસાલતમાં અર્ઝ કરતી હતી કે હું મારી જાન આપને સોંપુ છું. તેને હું બેગૈરતી (બેશર્મી) સમજતી હતી કે સ્ત્રી આવી હિંમત કેવી રીતે કરે છે કે પોતાને પુરૂષ પર પેશ કરે !

૨. આ આયતના બે અર્થ કરવામાં આવ્યા છે : એક એ કે, હે મહબૂબ ! ﷺ આપને અખ્તયાર છે કે જે પત્નીને ચાહો તમારાથી અલગ રાખો કે તેના માટે કોઈ વારી નિશ્ચિત ન રાખો અને જેને ચાહો પોતાની પાસે રાખો. બીજુ એ કે હે મહબૂબ ! જે સ્ત્રી સાથે આપ ચાહો નિકાહ કરો અને તેને પોતાની પાસે રાખો, અને જેની સાથે ચાહો નિકાહ ન કરો. આપના પર પત્નીઓની સંખ્યાની કોઈ પાબંદી નથી. એટલા માટે ઉલમા ફર્માવે છે કે આ આયત આ આયતની નાસિખ (મન્સૂખ કરનાર) છે : لَا يَحِلُّ لَكَ النِّسَآءُ مِنۢ بَعۡدُ (એમના બાદ અધિક પત્નીઓ તમને હલાલ નથી. સૂરએ અહઝાબ, ૩૩/૫૨)

૩. ઉમ્મુલ મો'મિનીને આ આયતની બીજી તફસીર અખ્તયાર ફર્માવી કે આપ જેટલા પ્રમાણમાં સ્ત્રીઓ સાથે ચાહે નિકાહ કરો. એનાથી જાણવા મળ્યું કે ઉમ્મુલ મો'મિનીનનો અક્વીદો એ હતો કે : (શેઅર)

ખુદા કી રઝા ચાહતે હૈં દો આલમ–ખુદા ચાહતા હૈ રઝાએ મુહમ્મદ (ﷺ)

જેથી હુઝૂર ﷺ જો આપણા જેવા ગુનેહગારોની રબથી બખ્શાવવા ચાહે તો રબ તઆલા જરૂર બખ્શી આપશે. કેમ કે તે હુઝૂર ﷺની રઝા (રાજીપો) ચાહે છે. (શેઅર)

તૂ જો ચાહે તો અભી મેલ મેરે દિલ કે ધૂલે–કે ખુદા દિલ નહીં કરતા કભી મેલા તેરા

યાદ રાખશો કે અમુક સ્ત્રીઓએ પોતાને હુઝૂર ﷺ પર પેશ કરેલ છે : મૈમૂના, ઉમ્મે શરીક, ઝયનબ બિન્તે ખુઝૈમા, ખૌલા બિન્તે હકીમ. રબ તઆલા ફર્માવે છે : وَامۡرَاَةً مُّؤۡمِنَةً اِنۡ وَّهَبَتۡ نَفۡسَهَا لِلنَّبِىِّ (અને ઈમાનવાળી સ્ત્રી જો તેણી પોતાની જાન નબીને નઝર કરે, જો નબી તેણીને નિકાહમાં લાવવા ચાહે. આ ખાસ તમારા માટે છે ઉમ્મતના માટે નથી. સૂરએ અહઝાબ, ૩૩/૫૦)

૪. એટલે કે મસાબીહમાં તે હદીષ આ જગાએ હતી તો મેં મુનાસિબતનો ખયાલ કરીને હજ્જતુલ વિદાઅના પ્રકરણમાં વર્ણવી આપી.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હઝરત આઈશા સાથે હુઝૂર ﷺના દોડવાનો બનાવ ★

★ હદીષ : (૧૪)-૩૨૫૧ ★	*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે આપ કોઈ સફરમાં રસૂલુલ્લાહ ﷺની સાથે હતાં. ફર્માવે છે કે મેં હુઝૂરની સાથે દોડ લગાડી, તો હું પગો વડે દોડવામાં આગળ નીકળી ગઈ[૧] પછી હું જ્યારે ભારે થઈ ગઈ તો આપે દોડ લગાડી તો આપ મારી આગળ વધી ગયા[૨] ફર્માવ્યું, આ તે આગળ નીકળી જવાનો બદલો થઈ ગયો[૩].'' (અબૂ દાઉદ)*
عَن عَائِشَةَ رَضِيَ اللهُ عَنْهَا أَنَّهَا كَانَتْ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي سَفَرٍ قَالَتْ: فَسَابَقْتُهُ فَسَبَقْتُهُ عَلَى رِجْلَيَّ فَلَمَّا حَمَلْتُ اللَّحْمَ سَابَقْتُهُ فَسَبَقَنِي قَالَ: «هَذِهِ بِتِلْكَ السَّبْقَةِ» . رَوَاهُ أَبُو دَاوُدَ	

૧. એટલે કે સફરની હાલતમાં કોઈ સ્થળે અમે રોકાણ કર્યું. મેદાન હતું. રાતના અંધારામાં કે દિવસના એકાંતમાં મેં અને હુઝૂર ﷺએ દોડ લગાડી (હરીફાઈ દોડવાની કરી) કે એ જોઈએ કે કોણ આગળ નીકળી જાય છે. આ દોડ સવારી પર ન હતી, પગો વડે હતી. હું આગળ નીકળી ગઈ. હુઝૂરે પોતે જ આપને આગળ નીકળી જવાં દીધાં હશે, તેમને ખુશ કરવા માટે.

૨. એ ખબર ન પડી કે આ દોડ કઈ જગાએ થઈ. ભલે અમુક અરસા બાદ થઈ હશે અને એ દોડમાં આપ પાછળ રહી ગયાં. આ છે આપની અઝવાજે પાક (પાક બીવીઓ) સાથે અખ્લાક़નો વર્તાવ. આવા અખ્લાક़થી ઘર જન્નત બની જાય છે. મુસલમાન એ અખ્લાક़ ભૂલી ગયા. યાદ રાખશો કે ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا બાળપણમાં હુઝૂર ﷺના નિકાહમાં આવ્યાં, જ્યારે હુઝૂર ﷺની ઉમર શરીફ પચાસ વરસની નજીક હતી. આટલા પ્રમાણમાં ઉમરનો તફાવત છતાં આપ કદી ન ગભરાયાં, આ અખ્લાક़ે કરીમાના કારણે. બાકીની પત્નીઓ વિધવા તથા ઉમરે પહોંચેલી હતી. જેથી હદીષ પર વાંધો નથી કે ઢીંગલી રમાડવું, દોડ લગાડવી, ખેલ બતાવવો એ કેવળ આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا થી જ શા માટે છે, બીજી પત્નીઓ સાથે કેમ નથી.

★ કઈ ચીજોમાં હરીફાઈ જાઈઝ છે, બંને બાજુથી શર્ત જુગાર છે ★

૩. એટલે કે હવે કેવી રીતે અમે જીતી ગયા ! બદલો થઈ ગયો. ફતાવા ક़ાઝીખાનમાં છે કે ચાર ચીજોમાં હરીફાઈ જાઈઝ છે : ઊંટ, ઘોડો, તીરંદાઝી, પગપાળા. એમાં બે પક્ષે માલની શરત હરામ છે કે એ જુગાર છે, એક પક્ષ તરફ જાઈઝ છે કે ઈનામ રૂપે હોય. જો ત્રીજો કહી દે કે તમારામાંથી જે જીતે તેને આ ઈનામ મળશે, તો એ જાઈઝ છે.

★ સૌથી સારો તે છે જે ઘરવાળાં સાથે મિલનસાર હોય ★

★ હદીષ : (૧૫)-૩૨૫૨ ★	*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી બેહતર તે છે જે પોતાનાં ઘરવાળાંઓ સાથે સારો હોય. અને હું મારા ઘરવાળાંઓ સાથે સારો છું[૧] અને જ્યારે તમારો સાથી મરી જાય તો તેને છોડી આપો[૨].'' (તિર્મિઝી, દારમી)*
وَعَنْهَا قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «خَيْرُكُمْ خَيْرُكُمْ لِأَهْلِهِ وَأَنَا خَيْرُكُمْ لِأَهْلِي وَإِذَا مَاتَ صَاحِبُكُمْ فَدَعُوهُ» . رَوَاهُ التِّرْمِذِيُّ. والدارمي	

૧. એટલે કે મોટો સુશીલ (સારા વર્તાવવાળો) તે છે જે પોતાનાં બીવી બચ્ચાં સાથે સુશીલ હોય, કેમ કે તેમની સાથે દરેક સમયે કામ પડે છે. અજનબી લોકો સાથે સુસભ્ય સુશીલ રહેવું કમાલની વાત નથી કે એમની સાથે મુલાકાત કદી કદી થાય છે. મેં આ અખ્લાકે કરીમાનાનો નમૂનો કાયમ કરી આપ્યો છે. સુબ્હાનલ્લાહ !

★ મરેલાની ગીબત બદતરીન ગુનોહ છે ★

૨. એટલે પતિ પત્નીમાંથી જે મરી જાય તો તેને બીજુ અચ્છાઈ સાથે યાદ કરે, બુરાઈઓ ન વર્ણવે. અથવા કોઈ મુસલમાન ભાઈ મરી જાય તો તેના અયબો વર્ણવવામાં ન આવે, કેમ કે મુર્દાની ગીબત બદ્તરીન ગુનોહ છે, કેમ કે તેનાથી માફ નથી કરાવી શકતા. યાદ રાખશો કે હદીષના રાવીઓના અયબો વર્ણવવા ગીબત નથી, બલ્કે એ હદીષની તેહકીક છે. ગીબતની તેહકીક અને તેના પ્રકારો તથા હુકમો અમારા ફતાવામાં જુઓ, અને કાંઈક આ કિતાબમાં પણ વર્ણવવામાં આવી ચૂકેલ છે. આ હદીષનો મતલબ એ નથી કે મુડદાંની ગીબત ન કરો અને જીવતા મુસલમાનની ગીબત ખૂબ કર્યા કરો !

★ હદીષ : (૧૬)-૩૨૫૩ ★
وَرَوَاهُ ابْنُ مَاجَهْ عَنِ ابْنِ عَبَّاسٍ إِلَى قَوْله: «لأهلي»

''અને ઈબ્ને માજહ અન ઈબ્ને અબ્બાસ તેમનાં ફર્માન لاهلى *સુધી.*

★ પતિની આજ્ઞાંકિત પત્ની જન્નતના દરેક દરવાજેથી જઈ શકે છે ★

★ હદીષ : (૧૭)-૩૨૫૪ ★
وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْمَرْأَةُ إِذَا صَلَّتْ خَمْسَهَا وَصَامَتْ شَهْرَهَا وَأَحْصَنَتْ فَرْجَهَا وَأَطَاعَتْ بَعْلَهَا فَلْتَدْخُلْ مِنْ أَيِّ أَبْوَابِ الْجَنَّةِ شَاءَتْ» . رَوَاهُ أَبُو نعيم فِي الْحِلْية

''હઝરત અનસ رضى الله عنه *થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ* صلى الله عليه وسلم *એ ફર્માવ્યું, સ્ત્રી જ્યારે પોતાની પાંચ નમાઝો પઢે અને પોતાના માહે રમઝાનના રોઝા રાખે[૧] અને પોતાની શર્મગાહની હિફાઝત કરે[૨] અને પોતાના પતિની આજ્ઞાનું પાલન કરે[૩] તો જન્નતના જે દરવાજાથી ચાહે દાખલ થઈ જાય[૪].'' (અબૂ નુઐમ, હિલ્યહ)*

૧. અહીં ખાસ કરીને સ્ત્રીનું વર્ણન એટલા માટે છે કે આગળ પતિની આજ્ઞાપાલનનું વર્ણન પણ આવી રહ્યું છે, જે કેવળ સ્ત્રી પર ફર્ઝ છે. નમાઝોથી મુરાદ પાકીના જમાનાની નમાઝો છે. રોઝાઓથી મુરાદ રમઝાનના રોઝા અદા કરવું અથવા કઝા કરવું છે, કે નાપાકીની હાલતમાં સ્ત્રી રોઝા અદા નથી કરી શકતી તે કઝા કરશે.

૨. એ રીતે કે ઝિના (વ્યભિચાર) અને ઝિનાના સબબોથી બચે. બેપર્દગી, ગાવું, નાચવું વગેરે હરામ કામના સબબો પણ હરામ છે.જેમ કે ફર્ઝના સબબો તથા શર્તો ફર્ઝ, નમાઝના કારણે વુઝૂ વગેરે પણ ફર્ઝ છે.

૩. કે તેનો દરેક જાઈઝ હુકમ માને, એ શર્તે કે શક્તિમાન હોય.

૪. કેમ કે આ નેક બીવીએ દરેક પ્રકારની ઈબાદતો કરી છે, એટલા માટે તેણીને દરેક પ્રકારના દરવાજેથી જન્નતમાં જવાની ઈજાઝત છે. જન્નતના ઘણા દરવાજા છે, દરેક દરવાજો ખાસ ઈબાદતવાળા માટે છે.

★ જો હું કોઈને સજદાનો હુકમ આપતો તો સ્ત્રીઓને પતિના સજદાનો હુકમ કરતો ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જો હું કોઈને હુકમ આપતો કે તે કોઈને સજદો કરે[૧] તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સજદો કરે[૨]." (તિર્મિઝી)

★ હદીષ : (૧૮)-૩૨૫૫ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صلى الله عَلَيْهِ وَسلم: «لَو كُنْتُ آمُرُ أَحَدًا أَنْ يَسْجُدَ لِأَحَدٍ لَأَمَرْتُ الْمَرْأَة أَن تسْجد لزَوجهَا» . رَوَاهُ التِّرْمِذِيّ

૧. એટલે આપણી શરીઅતમાં ગૈરે ખુદાને સજદો હરામ છે. ઈબાદતનો સજદો કુફ્ર છે અને તા'ઝીમનો સજદો હરામ છે. અન્ય શરીઅતોમાં બંદાને તા'ઝીમનો સજદો જાઈઝ હતો. આ લખાણથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ અહકામના માલિક છે, કે ફર્માવે છે, "જો હું કોઈને સજદાનો હુકમ આપત." એની પૂરી તેહકીક અમારી કિતાબ "સલ્તનતે મુસ્તફા" ﷺમાં જુઓ. અહીં હુકમથી મુરાદ વાજિબ રૂપે હુકમ છે અથવા મુસ્તહબરૂપે અથવા મુબાહ રૂપે.

૨. કેમ કે પતિના હક્કો ઘણા અધિક છે અને સ્ત્રી તેના એહસાનો શુક્રિયાથી આજિઝ છે. એટલા માટે પતિ જ એના સજદાનો મુસ્તહિક હોત. (મિર્કાત) એનાથી જાણવા મળ્યું કે પતિનું આાપાલન તથા તા'ઝીમ અતિશય જરૂરી છે. તેની દરેક જાઈઝ તા'ઝીમ કરવામાં આવે. આ કાયદા હેઠળ ફકીર કહે છે કે જો ઈસ્લામમાં કોઈ બંદાના માટે સજદો જાઈઝ હોત તો હું મારા નબીને બલ્કે તેમના નામને સજદો કરતો, ખૈર ! દિલ તો તેમને સાજિદ જ છે. (શેઅર)

અય જોશે દિલ ! ગર ઉનકો યહ સજદા રવા નહીં—અચ્છા વો સજદા કીજિયે કે સર કો ખબર ન હો

★ તે સ્ત્રી જન્નતમાં જશે ★

"હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે સ્ત્રી મરી જાય એ હાલમાં કે તેનો પતિ તેણીથી રાજી હોય[૧] તો જન્નતમાં જશે[૨]." (તિર્મિઝી)

★ હદીષ : (૧૯)-૩૨૫૬ ★

وَعَنْ أُمِّ سَلَمَةَ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَيُّمَا امْرَأَةٍ مَاتَتْ وَزَوْجُهَا عَنْهَا رَاضٍ دَخَلَتِ الْجَنَّةَ» . رَوَاهُ التِّرْمِذِيُّ

૧. અહીં પતિથી મુરાદ મુસલમાન, આલિમ, મુત્તકી પતિ છે. (મિર્કાત) આ શર્તો ઘણી જ યોગ્ય છે. અમુક બેદીન પતિ તો પત્નીની નમાઝથી નારાજ થાય છે. તેના ગાવા, વગાડવા, સીનેમા જવા, બેપર્દા ફરવાથી રાજી થાય છે. આ રાજીપો બેઈમાની છે.

૨. મરતાં જ રૂહાની તૌર પર અથવા કયામત બાદ શારીરિક રીતે, કેમ કે એ નેક પત્નીએ અલ્લાહના હક્કો પણ અદા કર્યા અને બંદાના હક્કો પણ.

૩. અને રોટલીઓ ભટ્ટીમાં લગાડી આપી હોય કે આ હાલમાં ત્યાંથી હટવું રોટીઓ બળી જવાનો સબબ છે. પણ આ ત્યારે છે કે જ્યારે રોટીઓ પતિની હોય, જો કોઈ બીજાની હોય તો ન જાય. જો ગઈ અને રોટીઓ ખરાબ થઈ ગઈ તો તેનો તાવાન (બદલો) આપવો પડશે.

★ હદીષ : (૨૦)-૩૨૫૭ ★
وَعَنْ طَلْقِ بْنِ عَلِيٍّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا الرَّجُلُ دَعَا زَوْجَتَهُ لِحَاجَتِهِ فَلْتَأْتِهِ وَإِنْ كَانَتْ عَلَى التَّنور» . رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત તલ્ક઼ ઈબ્ને અલીથી[૧] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે પુરૂષ પોતાની પત્નીને પોતાની જરૂરતના માટે બોલાવે[૨] તો તેણી તરત તેની પાસે આવે ભલે ભટ્ઠી પર હોય[૩]. '' (તિર્મિઝી)

૧. આપ સહાબી છે. યમામાથી એલચીઓ ક઼ાસિદોની સાથે હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયા.

૨. હાજતથી મુરાદ સોહબત છે જ્યારે કે તેણી સોહબત કરાવવાને પાત્ર હોય.

૩. અને રોટીઓ ભટ્ઠીમાં લગાડી દીધી હોય કે એ સ્થિતિમાં ત્યાંથી હટવું રોટીઓ બળી જવાનો સબબ છે. પણ એ ત્યારે છે કે જ્યારે રોટીઓ પતિની હોય, જો કોઈ બીજાની હોય તો ન જાય. જો ગઈ અને રોટીઓ ખરાબ થઈ ગઈ તો તેનો તાવાન (દંડ બદલો) આપવો પડશે.

★ પતિથી ઝઘડતી પત્નીને હૂર શું કહે છે ? ★

★ હદીષ : (૨૧)-૩૨૫૮ ★
وَعَنْ مُعَاذٍ رَضِيَ اللَّهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " لَا تُؤْذِي امْرَأَةٌ زَوْجَهَا فِي الدُّنْيَا إِلَّا قَالَت زَوجته مِنَ الْحُورِ الْعِينِ: لَا تُؤْذِيهِ قَاتَلَكِ اللَّهُ فَإِنَّمَا هُوَ عِنْدَكِ دَخِيلٌ يُوشِكُ أَنْ يُفَارِقَكِ إِلَيْنَا ". رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيث غَرِيب

''હઝરત મઆઝ رضی الله عنه થી રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, નથી સતાવતી કોઈ સ્ત્રી પોતાના પતિને દુનિયામાં પણ તેની હુરૈન બીવી કહે છે[૧] કે ખુદા તને ગારત (તબાહ) કરે ! એને ન સતાવ ! કેમ કે એ તારી પાસે મહેમાન છે. ખૂબ જ નજીકમાં તને છોડીને અમારી તરફ આવશે[૨]. (તિર્મિઝી, ઈબ્ને માજહ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે[૩]. ''

★ હૂરોના ઈલ્મનો આ આલમ છે તો હુઝૂરના ઈલ્મનો શો આલમ હશે ★

૧. એ એના નિકાહમાં આવી ચૂકી છે તે ક઼યામત બાદ મળશે. રબ તઆલા ફર્માવે છે : وَزَوَّجْنٰهُمْ بِحُوْرٍ عِيْنٍ (અને અમે તેમને પરણાવી આપ્યા ખૂબ જ કાળી તથા રોશન મોટી આંખોવાળીઓ સાથે. સૂરએ દુ:ખાન, ૪૪/૫૪)

૨. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે હૂરો નૂરાની હોવાની કારણે જન્નતમાં જમીનના બનાવો જુએ છે. **જુઓ ! આ લડાઈ થઈ રહી છે કોઈ ઘરના બંધ રૂમમાં અને હૂર એને જોઈ રહી છે !** અહીં મિર્ક઼ાતે ફર્માવ્યું કે મલએ આ'લા (ફરિશ્તા) દુનિયાવાળાઓના એક એક અમલથી ખબરદાર છે. **બીજુ** એ કે **હૂરોને લોકોના અંજામની ખબર છે કે ફલાણો મો'મિન મુત્તકી મરશે. ત્રીજુ** એ છે કે **હૂરોને લોકોના મક઼ામની ખબર છે કે ક઼યામત બાદ એ જન્નતના ફલાણા દરજામાં રહેશે. ચોથુ** એ કે **હૂરો આજે પણ પોતાના પતિ ઈન્સાનોને જાણે પહેચાને છે. પાંચમુ** એ કે **આજે પણ હૂરોને આપણા દુ:ખથી દુ:ખ પહોંચે છે. આપણા વિરોધીથી નારાજ થાય છે. જ્યારે હૂરોના ઈલ્મનો આ હાલ છે તો હુઝૂર ﷺ જે તમામ**

મખ્લૂક़ કરતાં મોટા આલિમ છે તેમના ઈલ્મનુ તે પૂછવું જ શું ?! આજે લોકો હુઝૂરે અકરમ ﷺને હાઝિર નાઝિર માનવું શિર્ક કહે છે. તો અહીંથી જાણવા મળ્યું કે હૂર હાઝિર નાઝિર છે. **છદ્દુ એ કે હુઝૂર ﷺ જન્નતના હાલાત તથા હૂરોની વાતોથી માહિતગાર છે, ત્યારે જ તો હૂરની આ વાત નકલ કરી રહ્યા છે. તે છે હૂર, હુઝૂર છે નૂર !** ﷺ દરેક **હૂર દુનિયાના દરેક ઘરના હાલથી ખબરદાર છે,** પણ આ વાત એ જ હૂર કરે છે જેનો પતિ એ ઘરમાં હોય.

૩. એટલે કે તિર્મિઝીની રિવાયતમાં આ હદીષ ગરીબ છે, ઈબ્ને માજહની રિવાયતમાં નહીં, પણ આ ગરાબત નુકસાનકર્તા નથી, કેમ કે આ હદીષનું સમર્થન કુર્આને કરીમથી થઈ રહ્યું છે. રબ તઆલા ફરિશ્તાઓના વિશે ફર્માવે છે : يَعْلَمُوْنَ مَاتَفْعَلُوْنَ (જાણે છે જે કાંઈ તમે કરો. સૂરએ ઈન્ફિતાર, ૮૨/૧૨) તમારાં કામો ફરિશ્તા જાણે છે. અને ઈબ્લીસ તથા ઈબ્લીસની ઔલાદના બારામાં ફર્માવ્યું છે : اِنَّهٗ يَرٰىكُمْ هُوَ وَقَبِيْلُهٗ مِنْ حَيْثُ لَا تَرَوْنَهُمْ (બેશક ! તે અને તેનો કુંબો (પરિવાર) તમને ત્યાંથી જુએ છે કે તમે તેમને નથી જોતા. સૂરએ અઅ્રાફ, ૭/૨૭) જ્યારે હદીષનું સમર્થન કુર્આન મજીદથી થઈ જાય તો ઝઈફ પણ કવી (મજબૂત) થઈ જાય છે.

★ પતિ પર પત્નીનો શું હક્ક़ છે ? ★

''હઝરત હકીમ ઈબ્ને મઆવિયહ કુશૈરીથી રિવાયત છે. તે પોતાના વાલિદથી રાવી[૧]. ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમારામાંથી કોઈની પત્નીનો હક્ક़ તેના પર શું છે ? ફર્માવ્યું, જ્યારે તમે ખાવ તેણીને ખવડાવો. અને જ્યારે તમે પહેરો તેણીને પહેરાવો[૨] અને તેણીના મોં પર ન મારો[૩] અને તેને બુરુ ન કહો[૪] અને તેણીને ન છોડો પણ ઘરમાં[૫].'' (અહમદ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૨૨)-૩૨૫૯ ★

وَعَنْ حَكِيمِ بْنِ مُعَاوِيَةَ الْقُشَيْرِيِّ عَنْ أَبِيهِ قَالَ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ مَا حَقُّ زَوْجَةِ أَحَدِنَا عَلَيْهِ؟ قَالَ: «أَنْ تُطْعِمَهَا إِذَا طَعِمْتَ وَتَكْسُوَهَا إِذَا اكْتَسَيْتَ وَلَا تَضْرِبِ الْوَجْهَ وَلَا تُقَبِّحْ وَلَا تَهْجُرْ إِلَّا فِي الْبَيْتِ» . رَوَاهُ أَحْمد وَأَبُو دَاوُد وَابْن مَاجَه

૧. આ હકીમ તાબઈ છે. બની કુશૈર કબીલાથી છે જે કુશૈર ઈબ્ને કઅબની ઔલાદથી છે. ઈમામ નિસાઈએ ફર્માવ્યું કે તેમની હદીષ મક़્બૂલ છે. જામેઅ ઉસૂલમાં કહ્યું કે આપ ભલે બદવી એટલે ગામડાના રહેવાસી છે પણ હસનુલ હદીષ છે. તેમના વાલિદ મુઆવિયહ્ કુશૈરી સહાબી છે. પણ તેમને મિશ્કાતના કર્તાએ અસ્માઉર્રિજાલમાં વર્ણન કર્યા નથી, કેમ કે હાલાત જાણી ન શકાયા. ગમે તેમ હોય પણ તમામ સહાબીઓ ષિક़હ તથા આદિલ છે.

★ પત્નીને લિબાસ તથા ઘરેણાં પહેરાવવાં સુન્નત ★

૨. એટલે કે પોતાની પત્નીને પોતાની હૈસિયત પ્રમાણે ખવડાવો પહેરાવો, અને જ્યારે ખુદ ખાવ પહેરો ત્યારે જ તેને ખવડાવો પહેરાવો. જો પોતાના માટે બે જોડ બનાવો તો તેણીના માટે પણ બનાવો. પહેરાવોમાં લિબાસ, પગરખાં વગેરે સૌ સામેલ છે. ઘરેણા પોતાની મરજી પર છે, તેને પહેરાવવું પણ સુન્નત છે. હુઝૂર ﷺએ પોતાની પાક પત્ની સાહિબા આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا ને હાર અર્પણ કર્યો હતો અને પોતાની લખ્તે જિગર ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا ને ચાંદીની બંગડીઓ અને હાથીદાંતનો હાર અતા કર્યો.

★ પત્નીને કયા કારણે મારી શકે ? ★

૩. એટલે કુસૂર કરવા પર તેણીને મારી શકો છો, પણ ચહેરા પર ન મારો, કેમ કે ચહેરામાં નાઝુક અંગો છે

અને માણસનો ચહેરો રબને ઘણો જ મહબૂબ છે. خلق الله آدم على صورته ફ઼ક્રીહો ફર્માવે છે કે ચાર જુર્મો પર પતિ પોતાની પત્નીને મારી શકે છે : **એક** બનાવ શિંગાર ન કરે, પાક સાફ ન રહેવા પર જ્યારે કે પતિ એવું ચાહતો હોય, અને **બીજુ** વિના કારણે સોહબત માટે પાસે ન આવવા પર, **ત્રીજુ** નમાઝ, રોઝા વગેરે શરઈ અહકામની પાબંદી ન કરવા પર. **ચોથુ** : વગર ઈજાઝતે ઘરેથી નીકળવા પર. આ મારમાં સુધારણાનો હેતુ હોય ઈજા પહોંચાડવાનો નહીં.

★ તેણીને ગાળો ન આપો ★

૪. يُقَبِّح ના બે અર્થ થઈ શકે છે : એક એ કે તેને ગાળો ન આપો કે એનાથી તમારી જીભ ગંદી થશે, સ્ત્રીની આદત બગડશે. કેમ કે ગાળો સાંભળનારો ગાળો બકવા પણ લાગે છે. બીજુ એ કે તેને બુરાં કામોનો અયબ ન લગાડો. બેઅયબને અયબ લગાડવાથી તે અયબદાર થઈ જાય છે, બલ્કે બુરાઈ જોઈને મોટાભાગે આંખ આડા કાન કર્યા કરે.

★ સુધારણા માટે પત્નીથી બોલચાલ બંધ કરી શકાય છે ★

૫. એટલે કે જો તમે તેની સુધારણાના માટે તેણી સાથે સલામ કલામ બંધ કરો તો ઘરની બહાર ન કાઢી મૂકો કે એનાથી તે અધિક આઝાદ થઈ જશે, બલ્કે ઘરમાં જ રાખો, ખાવા પીવા ચાલુ રાખો, કેવળ બોલચાલ છોડી આપો. આ બોયકોટ ઈન્શા અલ્લાહ ! તેણી માટે પૂર્ણ ઈસ્લાહનો ઝરીયો બનશે. રબ તઆલા ફર્માવે છે : وَاهْجُرُوْهُنَّ فِي الْمَضَاجِعِ (તેમને સમજાવો અને તેમનાથી અલગ સૂઓ. –સૂરએ નિસાઅ્, ૪/૩૪)

"હઝરત લક઼ીત ઈબ્ને સબિરાથી[૧] ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી એક પત્ની છે જેની જીભમાં કાંઈ છે એટલે બદ્ ઝબાની કે તેજબયાની[૨] ફર્માવ્યું, એને તલાક઼ આપી દો. મેં અર્ઝ કરી કે એમાંથી મારાં બાળકો છે અને એને મારી પૂરાણી સોહબત છે[૩]. ફર્માવ્યું કે તો એને હુકમ આપો એટલે નસીહત કરો, જો તેણીમાં ભલાઈ થઈ તો ક઼બૂલ કરશે[૪] અને પોતાની પત્નીને પોતાની લોંડી જેમ માર ન મારો[૫]." (અબૂ દાઊદ)

★ હદીષ : (૨૩)-૩૨૬૦ ★

وَعَنْ لَقِيطِ بْنِ صَبِرَةَ قَالَ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ إِنَّ لِي امْرَأَةً فِي لِسَانِهَا شَيْءٌ يَعْنِي الْبَذَاءَ قَالَ: «طَلِّقْهَا» . قُلْتُ: إِنَّ لِي مِنْهَا وَلَدًا وَلَهَا صُحْبَةٌ قَالَ: «فَمُرْهَا» يَقُولُ عِظْهَا «فَإِنْ يَكُ فِيهَا خَيْرٌ فَسَتَقْبَلُ وَلَا تَضْرِبَنَّ ظَعِينَتَكَ ضَرْبَكَ أُمَيَّتَكَ» . رَوَاهُ أَبُو دَاوُد

૧. આપ લકીત ઈબ્ને આમિર ઈબ્ને સબિરા છે. સબિરા આપના દાદા છે. મશહૂર સહાબી છે. તાઈફના રહેવાવાળા. *(મિર્ક઼ાત, અશિઅહ)*

૨. ફર્માવો, તેજ ઝબાન બીવીને સજા શું આપવામાં આવે ? હઝરાતે સહાબા હુઝૂર ﷺને મુત્લક઼ હકીમ માનીને પોતાના ઘરેલુ મામલા આપ સમક્ષ રજૂ કરીને સુધારણા ચાહતા હતા.

૩. અહીં તલાકનો હુકમ અબાહત (મુબાહ રૂપે) છે. બદ ઝબાન પત્નીને તલાક આપી દેવી મુબાહ છે. એ સહાબીનો આ જવાબ તલાક઼થી મઅઝેરત કરવા માટે છે કે એનાથી બાળકો બર્બાદ થઈ જશે અને મને તકલીફ થશે.

૪. નાફ઼ર્માન પત્નીને વઅઝ તથા નસીહત કરવી ખૂબ જ પ્રિય ચીજ છે. **માણસ પ્રથમ પોતાની ઈસ્લાહ (સુધારણા) કરે પછી પોતાનાં ઘરવાળાઓની પછી સગાં વહાલાંઓની પછી અન્યોની.** આજે સામાન્યતઃ વાઅઝ કરનારા ઉલમાની પત્નીઓ જ અધિક નાફ઼ર્માન જોવામાં આવી છે, કેમ કે તેમની ઈસ્લાહની તરફ઼ ધ્યાન કરવામાં નથી આવતુ.

★ હુઝૂર ﷺએ પોતાનાં કોઈ પત્નીને કદી માર્યાં નથી ★

૫. طعينه ظعنથી બન્યું અર્થ : સફરમાં ઊંટનો કાઠલો. કેમ કે પત્ની ઘરમાં એવી રહે છે જેવી રીતે કે મુસાફિર ઊંટ પર કાઠલામાં, એટલા માટે એને ઝઐના કહેવામાં આવે છે. اماءة એટલે લોંડીની તસ્ગીર (તુંકાર વાચક) છે. એટલે પત્નીઓને લોંડીઓની જેમ માર ન મારો. એનાથી જાણવા મળ્યું કે મામૂલી મારની ઈજાઝત છે. હુઝૂર ﷺએ પોતાની કોઈ પત્નીને કદી મારી નથી.

"હઝરત અનસ ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહની બંદીઓને ન મારો[૧] પછી જનાબ ઉમર રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા, બોલ્યા : પત્નીઓ પોતાના પતિઓ પર દિલેર થઈ ગઈ[૨]. ત્યારે તેણીઓને મારવાની ઈજાઝત આપી[૩] પછી ઘણી સ્ત્રીઓએ રસૂલુલ્લાહ ﷺના ઘરવાળા પર ચક્કર માર્યા[૪] પોતાના પતિઓની શિકાયત કરતી હતી, ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અમારી અહલે બયત પાસે ઘણી સ્ત્રીઓએ ચક્કર લગાડયા જે પોતાના પતિઓની શિકાયત કરતી હતી. ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એ લોકો તમારામાંથી સારા નથી[૫]." (અબૂ દાઊદ, ઈબ્ને માજહ, દારમી)

★ હદીષ : (૨૪)-૩૨૬૧ ★

وَعَنْ إِيَاسِ بْنِ عَبْدُ اللَّهِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «لَا تَضْرِبُوا إِمَاءِ اللَّهِ» فَجَاءَ عُمَرُ إِلَى رَسُولِ الله فَقَالَ: ذَئِرْنَ النِّسَاءُ عَلَى أَزْوَاجِهِنَّ فَرَخَّصَ فِي ضَرْبِهِنَّ فَأَطَافَ بَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نِسَاءٌ كَثِيرٌ يَشْكُونَ أَزْوَاجَهُنَّ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَقَدْ طَافَ بِآلِ مُحَمَّدٍ نِسَاءٌ كَثِيرٌ يَشْكُونَ أَزْوَاجَهُنَّ لَيْسَ أُولَئِكَ بِخِيَارِكُمْ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَه والدارمي

૧. એટલે જેવી રીતે પુરૂષ અલ્લાહના બંદા છે એવી જ રીતે સ્ત્રીઓ અલ્લાહની બંદીઓ છે. જેવી રીતે માલિક પોતાના ગુલામને મારનાર પર નારાજ થાય છે એવી જ રીતે અલ્લાહ તઆલા જુલ્મની રીતે મારનારા પર નારાજ થાય છે, ન કોઈ પુરૂષને મારો ન સ્ત્રીને.

૨. અહીં ذئرن النساءનો ફાઈલ (કર્તા) નથી, નહીં તો ફેઅલ (કર્મ) વાહિદ આવત, બલ્કે ફાઈલનો બદલ છે. જેમ કે રબ તઆલા ફર્માવે છે : اَضَلُّوْا كَثِيْرًا (અને બેશક ! તેમણે ઘણા બધાને બહેકાવ્યા. સૂરએ નૂહ, ૭૧/૨૪) મતલબ એ હતો કે જ્યારે સ્ત્રીને જાણ થઈ ગઈ કે હવે અમારા પતિ અમને તદ્દન મારી નથી શકતા તો તેણીઓ કાંઈક દિલેર જેવી થઈ ગઈ.

૩. જાણવા મળે છે કે પ્રથમ કુસૂર પર પણ મારવાની ઈજાઝત ન હતી, હવે કુસૂર પર મારવાની ઈજાઝત આપવામાં આવી. જાણવા મળ્યું કે હુઝૂર ﷺ અહકામના માલિક છે.

૪. અહીં આલથી મુરાદ પત્નીઓ છે. કુર્આન શરીફમાં આલ પત્નીઓને જ કહેવામાં આવી છે. એટલે કે સ્ત્રીઓ ડાયરેક્ટ બારગાહે નબવીમાં હાજરીની તો હિંમત ન કરી શકી એટલા માટે અઝવાજે પાકની ખિદમતમાં હાજર થઈને વાસ્તા વડે પોતાના પતિની ફરિયાદી બની.

★ નસીહતથી પત્નીની સુધારણા કરવી બેહતર ★

૫. ખુલાસો એ છે કે **કુસૂરવાળી પત્નીને સુધારણા માટે મારવી જાઈઝ છે, પણ ન મારવી અને વઅઝ તથા નસીહતથી સુધારણા કરવી બેહતર છે. વિના વાંકે મારવી હરામ છે, જેના માટે પકડ થશે. એ જ પ્રમાણે ખૂબ મારવી, બેદર્દીથી મારવી એ હરામ છે. પત્નીની સખ્તી વેઠવી, એ જ પ્રમાણે પતિની સખ્તી સહન કરવી અને નિભાવી રાખવું એ ઘણા સવાબનો સબબ છે.**

૬. આ હદીષ હાકિમે અયાસ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઝબાબથી નક્લ કરી. *(મિર્કાત)*

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તે શખ્સ અમારામાંથી નથી જે સ્ત્રીને તેના પતિ પર અથવા ગુલામને તેના આક્રા (માલિક) પર ખરાબ કરી દે[૧]. " (અબૂ દાઊદ)

★ હદીષ : (૨૫)-૩૨૬૨ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَيْسَ مِنَّا مَنْ خَبَّبَ امْرَأَةً عَلَى زَوْجِهَا أَوْ عَبْدًا عَلَى سَيِّده» . رَوَاهُ أَبُو دَاوُد

૧. પતિ પત્નીમાં ઝઘડા પેદા કરવાની ઘણી રીતો છે : પત્નીને પતિની બુરાઈઓ વર્ણન કરીને બીજા પુરૂષોની ખૂબીઓ વર્ણવે. કેમ કે સ્ત્રીનું દિલ કાચી શીશીની જેમ કમજોર હોય છે. અથવા એમનામાં મતભેદ પાડવા માટે જાદૂ, તાવીઝ, પલીતા કરવાં સૌ હરામ છે. અને ગુલામ અથવા લોંડીને બગાડવાનો મતલબ એ છે કે એને ભાગી જવા માટે તૈયાર કરે. જો તેણી ખુદ ભાગવા ચાહે તો તેણીની ઈમદાદ કરે. સારાંશ **બે દિલોને જોડવાની કોશિશ કરો, તોડવાની નહીં.**

*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **મુસલમાનમાં ઘણો કામિલ ઈમાનવાળો તે છે જે સૌમાં સારા અખ્લાક્વાળો, પોતાનાં બાળબચ્ચાં પર મહેરબાન હોય.** (તિર્મિઝી)[૧] "*

★ હદીષ : (૨૬)-૩૨૬૩ ★

وَعَن عَائِشَة رَضِي اللّٰه عَنهُ قَالَتْ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسلم: «إِنَّ مِنْ أَكْمَلِ الْمُؤْمِنِينَ إِيمَانًا أَحْسَنُهُمْ خُلُقًا وألطفهم بأَهْله» . رَوَاهُ التِّرْمِذِيّ

૧. મો'મિનનો સંબંધ ખાલિક્થી પણ છે અને મખ્લૂક્થી પણ છે. ખાલિક્ સાથે ઈબાદતોનો સંબંધ છે અને મખ્લૂક્થી મામલાઓ (વહેવાર)નો સંબંધ છે. ઈબાદતો દુરૂસ્ત કરવી આસાન છે, પણ મામલાઓને સંભળાવવા ખૂબ જ મુશ્કેલ છે. એટલા માટે અહીં ખલીક્ (સુશીલ, સુસભ્ય) શખ્સને કામિલ ઈમાનવાળો ઠરાવ્યો. પછી અજનબી લોકોથી કદી કદી વાસ્તો પડે છે, પણ ઘરવાળાઓ સાથે સતત સંબંધ રહે છે. તેમની સાથે સારો વર્તાવ કરવો મહાન કમાલ છે. **ઈસ્લામ સંપૂર્ણ ઈન્સાનિયત શીખવાડે છે.**

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મો'મિનોમાંથી કામિલતર મો'મિન સારા અખ્લાક્વાળો છે[૧]. અને તમારામાં બેહતરીન તે છે જે પોતાની પત્નીઓ સાથે બેહતરીન હોય[૨]. (તિર્મિઝી) અને ફર્માવ્યું, એ હદીષ સહીહ છે. (અબૂ દાઊદ) خلقا *સુધી. "*

★ હદીષ : (૨૭)-૩૨૬૪ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ:«أَكْمَلُ الْمُؤْمِنِينَ إِيمَانًا أَحْسَنُهُمْ خُلُقًا وَخِيَارُكُمْ خِيَارُكُمْ لِنِسَائِهِمْ».رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ وَرَوَاهُ أَبُو دَاوُد إِلَى قَوْله «خلقا»

૧. ખુલ્ક़ હસન તે આદતો છે જેનાથી અલ્લાહ રસૂલ પણ રાજી રહે અને મખ્લૂક़ પણ. એ ખૂબ જ મુશ્કેલ છે પણ જેને એ નસીબ થઈ જાય તેનાં બંને જહાન સંભલી જાય છે.

★ કમજોર પર મહેરબાની ખુદા વ રસૂલની સુન્નત ★

૨. કેમ કે પત્ની કેવળ પતિના ખાતર પોતાનાં સર્વ પીયરવાળાઓને છોડી આપે છે. જો પતિ પણ તેણી પર જુલ્મ કરે તો તે કોની થઈને રહે. કમજોર પર મહેરબાની સુન્નતે ઈલાહિયા પણ છે અને સુન્નતે રસૂલ પણ છે.

★ હદીષ : (૨૮)-૩૨૬૫ ★
وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: قَدِمَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ غَزْوَة تَبُوك أَو حنين وَفِي سَهْوَتِهَا سِتْرٌ فَهَبَّتْ رِيحٌ فَكَشَفَتْ نَاحِيَةَ السِّتْرِ عَنْ بَنَاتٍ لِعَائِشَةَ لُعَبٍ فَقَالَ: «مَا هَذَا يَا عَائِشَةُ؟» قَالَتْ: بَنَاتِي وَرَأَى بَيْنَهُنَّ فَرَسًا لَهُ جَنَاحَانِ مِنْ رِقَاعٍ فَقَالَ: «مَا هَذَا الَّذِي أَرَى وَسْطَهُنَّ؟» قَالَتْ: فَرَسٌ قَالَ: «وَمَا الَّذِي عَلَيْهِ؟» قَالَتْ: جَنَاحَانِ قَالَ: «فَرَسٌ لَهُ جَنَاحَانِ؟» قَالَتْ: أَمَا سَمِعْتَ أَنَّ لِسُلَيْمَانَ خَيْلًا لَهَا أَجْنِحَةٌ؟ قَالَتْ: فَضَحِكَ حَتَّى رَأَيْتُ نَوَاجِذَهُ. رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ ગઝવએ તબૂક[૧] અથવા હુનૈનથી[૨] પરત તશરીફ લાવ્યા. ઉમ્મુલ મો'મિનીનના તાખલામાં પર્દો હતો. હવા ચાલી જેનાથી પર્દાના કિનારાએ હઝરત આઈશા رضی اللہ عنہا ના રમતની ઢીંગલીઓ ખોલી આપી[૩] તો હુઝૂરે ફર્માવ્યું, આઈશા આ શું છે ? બોલ્યાં, મારી ઢીંગલીઓ છે. આપે એમની વચ્ચે એક ઘોડો જોયો જેને કપડાની બે પાંખો હતી. તો ફર્માવ્યું, આ શું છે જેને હું વચ્ચે જોઈ રહ્યો છું ? બોલ્યાં, ઘોડો છે. ફર્માવ્યું, એની ઉપર શું છે ? હું બોલી, બે પાંખો છે. ફર્માવ્યું, શું ઘોડાને પાંખો છે ? બોલ્યા કે, આપે ન સાંભળ્યું કે હઝરત સુલૈમાન عليہ السلام ના ઘોડાને પાંખો હતી ?! ફર્માવે છે કે, હુઝૂર હસ્યા ત્યાં સુધી કે મેં આપના અણીયારા દાંત જોઈ લીધા[૪].'' (અબૂ દાઉદ)

૧. તબૂક મદીના મુનવ્વરા અને દમિશ્ક (શામ–સીરિયા)ની વચ્ચે એક મશહૂર જગા છે. આ ગઝવો હિ.સ. ૯ (નવ)માં થયો. આખરી ગઝવો આ જ છે. એ જ ગઝવાનું નામ ગઝવએ ઉસ્રત (કઠિનતાવાળો) એટલે સખત તંગી (મુફલિસી)વાળો ગઝવા. બુખારી શરીફે એને હજ્જતુલ વિદાઅ પછી લખ્યો છે, એ ગલત છે, કદાચ કાતિબ (લખનાર લહીયા)ની ગલતી છે. *(મિર્કાત)*

૨. હુનૈન મક્કા મોઅઝ્ઝમાં અને તાઈફની વચ્ચે એક જંગલનું નામ છે. ઝુલ મજાઝની નજીક છે. આજકાલ એને સહલ કહે છે. ફક़ીરે તાઈફ જતી વખતે એની ઝિયારત કરી. આ ગઝવો હિ.સ. ૮માં ફતહે મક્કા બાદ થયો.

૩. સહવાનો તર્જુમો અમુક લોકોએ કબાટ કર્યો છે પણ તાખલો ખૂબ જ સહીહ છે, કેમ કે મોટાભાગની બાળકીઓ પોતાના રમકડાં તાખલાઓમાં જ રાખે છે. અમે પહેલાં અર્ઝ કરી ચૂક્યા છીએ કે ઢીંગલી (રમકડાં) બાળકીઓ માટે ખેલ પણ છે અને તા'લીમ પણ છે. એનાથી તે ખાવા પકાવવું, સીવવું, પરોવવું સારી રીતે શીખી જાય છે. ઉમ્મુલ મો'મિનીન બચપનમાં જ હુઝૂર ﷺના ઘરે શાદી કરીને આવ્યાં હતાં.

૪. હઝરત ઉમ્મુલ મો'મિનીને હવાને હઝરત સુલૈમાન عليہ السلام નો ઘોડો ઠરાવ્યો. અને જાહેર છે કે હવા હઝરત સુલૈમાન عليہ السلام ના હુકમથી ચાલતી હતી. રબ તઆલા ફર્માવે છે : تَجْرِىْ بِاَمْرِهٖ (કે એના હુકમથી નરમ નરમ

ચાલતી જ્યાં તે ચાહે. –સૂરએ સ્વાદ, ૩૮/૩૬) એને ઉડાડવું ઠરાવ્યું અને એનાથી પોતાના ઘોડાની સનદ બતાવી. સુબ્હાનલ્લાહ ! નાની ઉમર અને આટલો ઉમદા જવાબ ! યાદ રાખશો કે હુઝૂર ﷺએ હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہاથી નિકાહ એલાને નબુવ્વતના દસમા વરસે એટલે હિજરતના ત્રણ વરસ પહેલાં મક્કા મોઅઝ્ઝમામાં દસમી શવ્વાલના કર્યા. એ વખતે આપની ઉમર છ વરસની હતી. અને આ ગઝવા હિ.સ. ૮ અને હિ.સ. ૯માં થયા. જો કે તે વખતે આપ બાલિગા હતાં પણ ઉમર યક़ીનન કાચી હતી એટલા માટે ઢીંગલીઓ બનાવતી અને તેનાથી રમતાં હતાં.

૫. એટલે કે આપે મારા આ જવાબ પર સ્મિત કર્યું. એનાથી જાણવા મળ્યું કે એ અમલ જાઈઝ હતો. અમુક ઉલમા ફર્માવે છે, એ ઢીંગલીઓ અને ઘોડાને આંખ, નાક, કાન ન હતા, કેવળ ચિથરાંનાં પૂતળાં હતાં, અને એ અંગો વિના તસવીર નથી કહેવાતી, જેથી જાઈઝ હતી. અમુકે ફર્માવ્યું કે આ બનાવ ખેલની હુર્મત આવવા પહેલાંનો છે. પણ અગ્રતા એને છે કે બાળકોના રમકડાંના અહકામ હલકા છે. *(અશિઅહ)*

(વિભાગ : 3) الفصل الثالث

★ હઝરત કૈસ رضی اللہ عنہએ હુઝૂર ﷺને સજદો કરવાની રજા ચાહી ★

★ હદીષ : (૨૯)-૩૨૬૬ ★

عَنْ قَيْسِ بْنِ سَعْدٍ قَالَ: أَتَيْتُ الْحِيرَةَ فَرَأَيْتُهُمْ يَسْجُدُونَ لِمَرْزُبَانٍ لَهُمْ فَقُلْتُ: لَرَسُولُ اللَّهِ صلى الله عَلَيْهِ وَسلم أَحَق أَن يسْجد لَهُ فَأَتَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقُلْتُ: إِنِّي أَتَيْتُ الْحِيرَةَ فَرَأَيْتُهُمْ يَسْجُدُونَ لِمَرْزُبَانٍ لَهُمْ فَأَنْتَ أَحَقُّ بِأَنْ يُسْجَدَ لَكَ فَقَالَ لِي: «أَرَأَيْتَ لَوْ مَرَرْتَ بِقَبْرِي أَكُنْتَ تَسْجُدُ لَهُ؟» فَقُلْتُ: لَا فَقَالَ: «لَا تَفْعَلُوا لَو كنت آمُر أحد أَنْ يَسْجُدَ لِأَحَدٍلَأَمَرْتُ النِّسَاءَ أَنْ يَسْجُدْنَ لِأَزْوَاجِهِنَّ لِمَا جَعَلَ اللَّهُ لَهُمْ عَلَيْهِنَّ مِنْ حق» . رَوَاهُ أَبُو دَاوُد

وَرَوَاهُ أَحْمد عَن معَاذ بن جبل

"હઝરત કૈસ સઅદથી રિવાયત છે. ફર્માવે છે, હું હીરા ગયો[૧] ત્યાં લોકોને જોયા કે પોતાના સરદારને સજદા કરે છે[૨] તો મેં રસૂલુલ્લાહ ﷺને અર્ઝ કરી, અધિક હક્ક़દાર છો કે તમને સજદા કરવામાં આવે[૩] પછી રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયો. મેં અર્ઝ કરી કે, હું હીરા પહોંચ્યો તો તેમને જોયા કે પોતાના સરદારને સજદા કરે છે, તો આપ અધિક હક્ક़દાર છો કે આપને સજદો કરવામાં આવે[૪] તો ફર્માવ્યું, બતાવો તો જો તમે મારી क़બર પાસેથી પસાર થાવ તો શું તમે क़બરને સિજદો કરશો ?[૫] મેં અર્ઝ કરી કે, નહીં ! તો ફર્માવ્યું, આ પણ ન કરો. ***જો હું કોઈને હુકમ કરતો કે કોઈને સિજદો કરે, તો સ્ત્રીઓને હુકમ આપતો પોતાના પતિઓને સિજદો કરે[૬]*** *કેમ કે અલ્લાહ તઆલાએ પતિઓનો એમના પર હક્ક़ ઠરાવ્યો. (અબૂ દાઊદ)[૭] અહમદે મઆઝ ઈબ્ને જબલથી રિવાયત કરી."*

૧. આપ સઅદ ઈબ્ને ઓબાદાના ફરઝંદ છે. અન્સારી, ખઝરજી છે. દસ વરસ હુઝૂર ﷺની સોહબત પાકમાં રહ્યા. હઝરત અલી رضی اللہ عنہની તરફથી મિસરના હાકિમ રહ્યા. હિ.સ. ૬૦માં મદીના મુનવ્વરામાં વફાત પામ્યા. હીરા કૂફાથી મળેલુ મશહૂર શહેર છે.

૨. જાહેર એ છે કે હીરાના રહેવાસીઓ મુશ્રિકો હતા જે પોતાના બાદશાહ સરદારને તા'ઝીમી સજદો કરતા હતા.

૩. કેમ કે સર્વ મખ્લૂક્થી અફઝલ છે અને સૌના મોહસિને આ'ઝમ છે. જ્યારે તે એક ઈલાક઼ાના સરદારને સજદો કરે છે તો અમે જહાનભરના સરદારને સજદો કેમ ન કરીએ ?

૪. જેથી આપ અમને સજદાની ઈજાઝત આપો કે આપને સજદો કરવામાં આવે.

★ ક઼બ્રોને સજદો કરવો હરામ ★

૫. આ કલામનો મકસદ એ છે કે સજદો એને લાયક છે જેને ન મૌત આવે ન તેની કબર હોય, હમેશાં જીવંત રહે. અને તે કેવળ રબ તઆલાની જાત છે. બંદો આજે ઝિંદા છે જમીન પર છે, કાલે મૃત્યુ બાદ જમીનમાં હશે. જ્યારે મૃત્યુ બાદ કબરને સજદો નથી થઈ શકતો તો જિંદગીમાં પણ સજદો નથી થઈ શકતો. એનાથી જાણવા મળ્યું કે **ક઼બ્રને સજદો કરવો હરામ છે. એના પર સર્વ અહલે ઈસ્લામની એકમતી છે.**

૬. એટલે કે **જો ખુદા સિવાય કોઈને સજદો કરવો જાઈઝ હોત તો પત્ની પોતાના પતિને સજદો કરતી.** કેમ કે પતિના હક્ક઼ો પણ પત્ની પર ઘણા છે. અને એહસાનો પણ અધિક છે. જ્યારે સ્ત્રી પતિને સજદો નથી કરી શકતી તો અન્ય કોઈ પણ કોઈ બંદાને સજદો નથી કરી શકતો. યાદ રાખશો કે ઈબાદતનો સિજદો કોઈ દીનમાં પણ ગૈરે ખુદા માટે જાઈઝ ન હતો, પણ તા'ઝીમી સજદો અમુક પાછલા દીનોમાં જાઈઝ હતો. જેમ કે યાકૂબ عليه السلام અને તેમના અગ્યાર પુત્રોએ યૂસુફ عليه السلام ને સજદો કર્યો. **આપણા ઈસ્લામમાં એ સજદો પણ હરામ છે.** હદીષથી **તે જાહિલ પીર બોધ ગ્રહણ કરે જેઓ પોતાના મુરીદોથી પોતાને સજદો કરાવે છે. જ્યારે હુઝૂર ﷺને સજદો હરામ થયો તો પછી કોઈને કેવી રીતે જાઈઝ થશે.**

૭. આ હદીષ અહમદે હઝરત મઆઝથી અને હાકિમે હઝરત બરીદાથી રિવાયત કરી. અમુક લોકો કહે છે કે નબીઓને સજદો કરવો કુર્આને કરીમથી સાબિત છે અને મનાઈ કેવળ ઝન્ની હદીષોથી જે મુસ્લિમ, બુખારીની પણ નથી, જેથી આ હદીષોનો એતબાર નથી. કુર્આનની સરખામણીમાં ખબરે વાહિદ અવિશ્વસનીય છે. એનો અતિ ઉમદો જવાબ અમે અમારા હાશિયા કુર્આનમાં આપ્યો છે. ગૈરુલ્લાહને તા'ઝીમી સજદાની મનાઈની હદીષો મુતવાતિરુલ મઅના છે. અને તેના જાઈઝ હોવાની આયતો ક઼તઈયુલ ષબૂત તો છે પણ ક઼તઈયુલ દલાલત નથી. એટલે કે બીજી શરીઅતોમાં સજદાએ તા'ઝીમીનું જાઈઝ હોવું ક઼તઈ રીતે નથી થતુ. હઝરત આદમ عليه السلام ને સજદો કોઈ શરીઅતનો હુકમ ન હતો કે એ વખતે દુનિયામાં ન શરીઅત આવી હતી ન નબીની નબુવ્વત. અને હઝરત યાકૂબ عليه السلام નું યૂસુફ عليه السلام ને સજદો કરવું શરઈ હરામ ન હતું, બલ્કે ખ્વાબની તાબીર પૂરી કરવા માટે હતું. જેમ કે ફરઝંદને ઝબહ કરી દેવું દીને ઈબ્રાહીમનો મસ્અલો ન હતો બલ્કે ખ્વાબની તાબીર પૂરી કરવા માટે કહેવામાં આવ્યુ હતું. જો માની લેવામાં આવે કે એ સજદો શરીઅતે યાકૂબીનો મસ્અલો હતો તો જોઈએ કે આજે પીર મુરીદોને સજદો કરે, ન કે મુરીદ પીરને ! કેમ કે અફઝલે મફઝૂલ (ઉતરત)ને સજદો કર્યો હતો. એટલે યાકૂબ عليه السلام એ પોતાના ફરઝંદને કર્યો હતો.

''હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવે છે કે પુરૂષને એના વિશે પૂછતાછ ન થશે જે એની પત્નીને મારે[૧].

(અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૩૧)-૩૨૬૮ ★

وَعَنْ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يُسْأَلُ الرَّجُلُ فِيمَا ضَرَبَ امْرَأَتَهُ عَلَيْهِ» . رَوَاهُ أَبُو دَاوُد وَابْن مَاجَه

૧. એ શર્તે કે પતિ મારીને શરીઅતની હદોનો લેહાઝ રાખે કે વિના વાંકે ન મારે, અને જરૂરતથી વધુ ન મારે, અદાવતથી ન મારે, ઈસ્લાહના ખાતર મારે, તો પતિ પર આ મારની પકડ ન થશે. કેમ કે એની ઈજાઝત કુર્આને કરીમે આપી. રબ તઆલા ફર્માવે છે : وَاضْرِبُوْهُنَّ (અને તેમને મારો) પણ સાથે શર્ત રાખે છે : فَاِنْ اَطَعْنَكُمْ فَلَا تَبْغُوْا عَلَيْهِنَّ سَبِيْلًا (પછી જો તે તમારા હુકમમાં આવી જાય તો તેમના પર ઝિયાદતીની કોઈ રાહ ન ચાહો. સૂરએ નિસાઅ, ૪/૩૪) જો તે તમારી ઈતાઅત (આજ્ઞાપાલન) કરે તો પછી ઝિયાદતી ન કરો. યાદ રાખશો કે બાપ ઔલાદને, મોટાભાઈ નાનાભાઈને, નબી ઉમ્મતીને, ઉસ્તાદ શાગિર્દને, પીર મુરીદને સુધારવા માટે મારી શકે છે. જો ગલતીથી પણ સજા આપી દે તો પણ મોટા પર કેસાસ (બદલો) નથી. જુઓ મૂસા عليه السلام એ ગલતીથી હઝરત હારૂન عليه السلام ના વાળ ખેંચીને પોતાની તરફ ખેંચી લીધા, બાદમાં જાણ થઈ કે તે બેકુસૂર છે તો રબ તઆલાએ તેમને કેસાસ આપવાનો હુકમ નથી આપ્યો. હુઝૂર ﷺ એ અમુક મોકા પર પોતાને કેસાસ (બદલો લેવા) માટે પેશ કર્યા એ આપણી તા'લીમ માટે હતું, નહીં તો હુઝૂર ﷺ પર કેસાસ કેવો ?! જો બાદશાહ

★ પતિના ખાતર નમાઝ ટૂંકાવવું અને નફલી રોઝા ન રાખવા ★

અથવા કાઝી ગલતીથી કોઈ મુજરિમને સજા આપી દે તો એમના પર કેસાસ નથી, તો પછી હુઝૂર ﷺ ની શાન કેટલી આ'લા છે !

''હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક સ્ત્રી રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં આવી અને અમે હુઝૂરની પાસે હતા. બોલી, મારો પતિ સફ્વાન ઈબ્ને મોઅતલ[૧] જ્યારે હું નમાઝ પઢું છું તો મને મારે છે અને જ્યારે રોઝા રાખુ છું તો તોડાવી નાખે છે. અને ફજરની નમાઝ નથી પઢતો ત્યાં સુધી કે સૂરજ નીકળી આવે છે[૨] ફર્માવે છે કે સફ્વાન હુઝૂરની પાસે હતા. ફર્માવે છે કે હુઝૂરે આ બયાન વિશે તેમને પૂછ્યું[૩] તે બોલ્યા, યા રસૂલલ્લાહ ! પરંતું તેણીનું એ કહેવું કે જ્યારે હું નમાઝ પઢું છું તો મને મારે છે, તો (તેણી) એવી બે સૂરતો પઢે છે જેનાથી મેં એને મના કર્યું છે[૪] રાવી ફર્માવે છે, ત્યારે તેને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જો એક સૂરત હોત તો લોકોને પૂરતી થાત[૫] બોલ્યા કે, રહ્યું તેણીનું એ કહેવું કે જ્યારે હું રોઝા રાખુ છું તો તોડાવી કાઢે છે, તો એ શરૂ થઈ જાય છે તો રોઝા જ રાખ્યા કરે છે, અને હું યુવાન માણસ છું, સબ્ર નથી કરી શકતો[૬]. ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સ્ત્રી પતિની રજા વિના રોઝો ન રાખે[૭]. રહ્યું તેણીને એ કહેવું કે હું સૂરજ નીકળતા સુધી નમાઝ નથી પઢતો. તો અમે

★ હદીષ : (૩૨)-૩૨૬૯ ★

وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: جَاءَتِ امْرَأَةٌ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَنَحْنُ عِنْده فَقَالَت: زَوْجِي صَفْوَانُ بْنُ الْمُعَطَّلِ يَضْرِبُنِي إِذَا صَلَّيْتُ وَيُفَطِّرُنِي إِذَا صُمْتُ وَلَا يُصَلِّي الْفَجْرَ حَتَّى تَطْلُعَ الشَّمْسُ قَالَ: وَصَفْوَانُ عِنْدَهُ قَالَ: فَسَأَلَهُ عَمَّا قَالَت فَقَالَ: يَا رَسُولَ اللَّهِ أَمَّا قَوْلُهَا: يَضْرِبُنِي إِذَا صَلَّيْتُ فَإِنَّهَا تَقْرَأُ بِسُورَتَيْنِ وَقَدْ نَهَيْتُهَا قَالَ: فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَوْ كَانَتْ سُورَةً وَاحِدَةً لَكَفَتِ النَّاسَ» . قَالَ: وَأَمَّا قَوْلُهَا يُفَطِّرُنِي إِذَا صُمْتُ فَإِنَّهَا تَنْطَلِقُ تَصُوم وَأَنا رجل شَاب فَلَا أَصْبِر فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَصُومُ امْرَأَةٌ إِلَّا بِإِذْنِ زَوْجِهَا» وَأَمَّا قَوْلُهَا: إِنِّي لَا أُصَلِّي حَتَّى تَطْلُعَ الشَّمْسُ فَإِنَّا أهل بَيت قد عرف لنا ذَاك لَا نَكَادُ

લોકો એવા ઘરાનાવાળા છીએ કે એ વાત અમારી મશહૂર છે, જાણી પહેચાની કે સૂરજ નીકળવા સુધી જાગી નથી શકતા[૮]. ફર્માવ્યું, હે સફ્વાન ! જ્યારે તમે લોકો જાગો તો નમાઝ પઢી લીધા કરો[૯]. *(અબૂ દાઉદ, ઈબ્ને માજહ)*	نَسْتَيْقِظُ حَتَّى تَطْلُعَ الشَّمْسُ قَالَ: «فَإِذَا اسْتَيْقَظْتَ يَا صَفْوَانُ فَصَلِّ» . رَوَاهُ أَبُو دَاوُد وَابْن مَاجَه

૧. આપની કુન્નિયત અબૂ ઉમર છે. સલ્લમી છે. ખંદક અને તમામ ગઝવાતમાં હુઝૂર ﷺની સાથે રહ્યા. ઘણા જ મહાન બહાદુર મુત્તકી હતા આપના જ તરફ હઝરત આઈશા رضی اللہ عنہا ના વિશે અયોગ્ય વાત સંબંધિત કરવામાં આવી હતી જેની રદ કુર્આને કરીમે કરી. ગઝવએ આર્મિનિયામાં હિ.સ. ૧૯માં શહીદ થયા. સાઈઠ વરસથી અધિક ઉમર શરીફ થઈ. ઘણા જ બાખબર બુઝુર્ગ છે. (અકમાલ, અશિઅ્હ)

૨. એનાથી જાણવા મળ્યું કે પત્ની પોતાના પતિની ફરિયાદ હાકિમ સામે કરી શકે છે, એ જ પ્રમાણે પતિના માબાપથી પણ તેની ફરિયાદ કરવું જાઈઝ છે.

૩. એનાથી જાણવા મળ્યું કે **કેવળ મુદ્દઈ (દાવેદાર)ના નિવેદન પર હાકિમ ફૈસલો ન કરે, બલ્કે જેના પર દાવો કરવામાં આવ્યો (પ્રતિવાદી)નું બયાન જરૂર લે.**

૪. એટલે કે મારી આ પત્ની એક કે બે રકાત નમાઝમાં ખૂબ જ લાંબી સૂરતો પઢે છે. દા.ત. પહેલી રકાતમાં સૂરએ બકરહ પૂરી અને બીજી રકાતમાં પૂરી સૂરએ આલે ઈમરાન પઢે છે, જેનાથી ઘરનાં કામકાજ અને મારી ખિદમતમાં સખ્ત વાંધો ઉભો થાય છે. મેં તેણીને નાની સૂરતો પઢવા કહ્યું છે.

૫. كانت નો ઈસ્મ هي ઝમીર છે જે કિરાઅતની તરફ પલ્ટી રહી છે. મતલબ એ છે કે જો એ બીવી સાહેબાની કિરાઅત એક નાની સૂરત જ હોત તો પૂરતી થાત. કુર્આન મજીદની એક નાની સૂરત સર્વ જહાનને પૂરતી છે. અથવા એ મતલબ છે કે નાની સૂરત તમારા ઘરના સર્વ લોકોને પૂરતી છે, કે એ બીબીની નમાઝ થઈ જાત, ઘરના કામકાજમાં વાંધો ન પડતો. સૌ ઘરવાળાંઓનાં સર્વ કામો ખૂબીપૂર્વક અંજામ પામતાં.

૬. એટલે કે આ પત્ની લગાતાર સતત નફલી રોઝા રાખતી રહે છે, કદી ઈફતાર (ગેપ) જ નથી કરતી. હું મોટાભાગે રાતમાં ખેતીવાડીનું કામ કરું છે, મને બપોર વગેરેમાં તેણીની હાજત હોય છે.

૭. એટલે કે પત્ની પતિની ઈજાઝત વિના નફ્લી રોઝા ન રાખે કે એમાં પતિને તકલીફ થાય છે, તેનો હક્ક માર્યો જાય છે. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا તો ફર્માવે છે કે હું રમઝાનની કઝા શાબાનના મહીનાથી પહેલાં ન કરી શકતી હતી. શાબાનમાં મોટાભાગે હુઝૂર ﷺને રોઝા રહેતા હતા, ત્યારે હું કઝા કર્યા કરતી હતી, જ્યારે કે તે રોઝા તો ફર્ઝ હતા.

૮. એટલે કે અમે લોકો ખેતી તથા બાગવાળા છીએ, રાતભર પાણી આપીએ છીએ. છેવટ રાતમાં સૂઈએ છીએ એટલા માટે દિવસ ઉગતાં આંખ ખુલે છે, અમે મઅઝૂર છીએ.

★ હુઝૂરને અખત્યાર છે ચાહે કઝાને અદા અને અદાને કઝા કરી દે ★

૯. અહીં હદીષના શરહકર્તાઓએ ખૂબ જ ગોઠાં ખાધાં છે. કહે છે કે હઝરત સફ્વાન રાતભર ખેતર તથા બાગને પાણી આપીને છેવટ રાતમાં ખેતર પર જ સૂઈ જતા હતા. ન તેમની આંખ ખુલતી હતી ન ત્યાં કોઈ

જગાડનાર રહેતુ હતું. એટલા માટે મજબૂર હતા. પણ આ ખુલાસા પર આજે તો નમાઝ છોડી આપવાના દરવાજા ખુલી જશે. લોકો કહેશે કે અમે રાતમાં સફરમાં જાગીએ છીએ અને રાતભર પહેરો આપીએ છીએ એટલે અમે ફજરની નમાઝ કઝા કરી દીધા કરીશું. બહાનાં બનાવનારાઓ નમાઝ, રોઝા, હજજ વગેરે છોડવાના માટે બહાનાં બનાવી લેશે અને હદીષના મુન્કિરોને વાંધાનો મોકો મળશે. ફકીર ગુનેહગાર કહે છે કે આ ઈજાઝત હઝરત સફવાન માટે ખાસ છે. કરમે કરીમાનાથી તેમના માટે કઝાને અદા બનાવી દેવામાં આવી. હુઝૂર ﷺએ તો એક સાહબ પર ત્રણ નમાઝો માફ કરી આપવી, તેમના પર બે જ નમાઝો ફર્ઝ રહી. હઝરત અલી رضی اللہ عنہ એ હુઝૂર ﷺની ઊંઘ પર અસરની નમાઝ કુર્બાન કરી આપી. હુઝૂર ચાહે કઝાને અદા કરી આપે, અને અદાને કઝા. કાનૂન અલગ છે અને વિશિષ્ટતાપણ કાંઈ અલગ. આની ઉમદા તેહકીક અમારી કિતાબ "સલ્તનતે મુસ્તફા" ﷺ (ગુજરાતમાં દયાદરા મળશે)માં જુઓ. જેથી આપણામાંથી કોઈ હઝરત સફવાન જેવો નથી થઈ શકતો. **દુનિયવી કામોના કારણે ઈબાદતોને કઝા નથી કરી શકતા. દીનના માટે દુનિયા છોડી આપો, દુનિયાના માટે દીન ન છોડો.** આ વિશિષ્ટતાઓનાં દષ્ટાંત કુર્આને કરીમમાં મૌજૂદ છે.

★ હુઝૂર ﷺને ઊંટે સજદો કર્યો ★

★ હદીષ : (33)-૩૨૭૦ ★	*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ મુહાજિર તથા અન્સારની એક જમાઅતમાં હતા એવામાં એક ઊંટ આવ્યું, તેણે આપને સજદો કર્યો[૧]. તો હુઝૂર ﷺના સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ આપને જાનવર તથા ઝાડો સજદો કરે છે[૨] તો અમે અધિક હક્કદાર છીએ કે આપને સજદો કરીએ[૩] તો ફર્માવ્યું, પોતાના રબની ઈબાદત કરો[૪] અને તમારા ભાઈની તા'ઝીમ કરો[૫] અને* ***જો હું કોઈને હુકમ આપતો કે તે કોઈને સજદો કરે, તો સ્ત્રીને હુકમ આપતો કે પોતાના પતિને સજદો કરે[૬]*** *અને જો પતિ હુકમ કરે કે પહેલા પહાડથી કાળા પહાડની તરફ અને કાળા પહાડથી સફેદ પહાડની તરફને બદલી નાખે, તો પત્નીએ જોઈએ કે એવું જ કરે[૭]."*

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنْهَا أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ فِي نَفَرٍ مِنَ الْمُهَاجِرِينَ وَالْأَنْصَارِ فَجَاءَ بَعِيرٌ فَسَجَدَ لَهُ فَقَالَ أَصْحَابُهُ: يَا رَسُولَ اللّٰهِ تَسْجُدُ لَكَ الْبَهَائِمُ وَالشَّجَرُ فَنَحْنُ أَحَقُّ أَنْ نَسْجُدَ لَكَ. فَقَالَ:«اعْبُدُوا رَبَّكُمْ وَأَكْرِمُوا أَخَاكُمْ وَلَوْ كُنْتُ آمِرُ أَحَدًا أَنْ يَسْجُدَ لِأَحَدٍ لَأَمَرْتُ الْمَرْأَةَ أَنْ تَسْجُدَ لِزَوْجِهَا وَلَوْ أَمَرَهَا أَنْ تَنْقُلَ مِنْ جَبَلٍ أَصْفَرَ إِلَى جَبَلٍ أَسْوَدَ وَمِنْ جَبَلٍ أَسْوَدَ إِلَى جَبَلٍ أَبْيَضَ كَانَ يَنْبَغِي لَهَا أَن تَفْعَلَهُ» . رَوَاهُ أَحْمد

★ હુઝૂર ﷺને ઝાડ, પથ્થર તથા જાનવરે હમેશાં સજદો કર્યો ★

૧. અહીં મિર્કાતે ફર્માવ્યું કે હુઝૂર ﷺને જાનવરો, ઝાડોએ એટલા માટે સજદો કર્યો કે તે રબ તઆલાની તરફથી એના માટે નિયુક્ત હતાં, જેવી રીતે ફરિશ્તા આદમના સજદા માટે નિયુક્ત હતા. એનાથી જાણવા મળ્યું કે જાનવર અને ઝાડ પણ હુઝૂર ﷺની અઝમત જાણે પહેચાને છે, જે ઈન્સાન બુદ્ધિમાન થઈને તેમને પોતાના જેવા કહે, પોતાનામાં અને નબીમાં ફરક ન કરે તે જાનવરોથી બદ્તર છે. સૂફીઓ ફર્માવે છે, દરેક ચીજને બુદ્ધિ વડે ઓળખો, પણ જનાબ મુસ્તફા ﷺને ઈશ્કથી માનો, બુદ્ધિવાળો અબૂ જહલ ન ઓળખી શક્યો, બેઅકલ ઊંટ પહેચાની ગયાં ! (શેઅર)

બેહતર હૈ દિલ કે સાથ રહે પાસબાને અક્લ—લેકિન કભી કભી ઉસે તન્હા ભી છોળ દે

૨. માલૂમ પડયું કે આ સજદો એકવાર જ ન થયો બલ્કે જાનવરો, લાકડીઓના સજદા વારંવાર થતા રહેતા હતા જેને સહાબા હઝરાત જોતા રહેતા હતા. એટલા માટે تسجد મઝારેઅ ઈસ્તમરારી ઈર્શાદ થઈ.

૩. કેમ કે ઊંટ બેઅક્લ છે, આપણે માનવ છીએ, બુદ્ધિ ધરાવીએ છીએ, આપણા મોહસિનને જાણીએ પહેચાનીએ છીએ, અને જાનવરો તથા બીજી મખ્લૂક્ની સરખામણીના આપનાં એહસાનો ઈન્સાન પર, ખાસ કરીને અમારા પર ખૂબ જ અધિક છે, તો અમે જો આપને સજદો ન કરીએ તો ઘણા જ નાશુક્રા છીએ !

૪. એટલે કે સર્વ ઈબાદતોમાં નમાઝ આ'લા છે અને નમાઝના અરકાનોમાં સજદો અફઝલ છે, જથી સજદો કેવળ રબ તઆલાનો જ કરવો જોઈએ, ગૈરે ખુદાને કદાપિ સજદો ન કરે. *(મિર્ક્રાત)*

★ હુઝૂરનું પોતાને ભાઈ કહેવું આજીજી ઈન્કેસારી માટે છે ★

૫. ભાઈથી મુરાદ પોતાની જાત છે, એટલે કે મારી તા'ઝીમ તથા તૌકીર કરો. હુઝૂર ﷺનું પોતાને ભાઈ કહેવું તવાઝોઅ તથા ઈન્કેસારી (નમ્રતા તથા આજીજી)ના માટે છે, નહીં તો આપની નાલૈન પર સર્વ જહાનના માબાપ કુર્બાન ! (અઝ : મિર્ક્રાત) હુઝૂર ﷺ ઘણા એહકામમાં ઉમ્મતના બાપ છે, એટલા માટે હુઝૂર ﷺની પત્નીઓ મુસલમાનોની માઓ છે, ભાભીઓ નથી. મતલબ એ છે કે હું તમારી તરફ એકદમ બશર (માનવ) આદમની ઔલાદ છું, ન ખુદા છું ન ખુદાનો પુત્ર છું. અને સજદો કેવળ ખુદા માટે હોવો જોઈએ, તો પછી સજદો કેવી રીતે કરી શકીએ છીએ. યાદ રાખશો કે અહીં اكرموا અમ્ર છે, તે પણ મુત્લક્ કે જેમાં કોઈ ક્રૈદ (શર્ત) નથી. જેનાથી માલૂમ પડયું કે સજદો વગેરે ઈબાદતો સિવાય બાકી દરેક પ્રકારની તા'ઝીમ તથા ઈજ્જત કરો. રબ તઆલા ફર્માવે છે : وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ (અને રસૂલની તા'ઝીમ તથા તૌક્રીર કરો. સૂરએ ફતહ, ૪૮/૯) જેથી દરેક તા'ઝીમ હુઝૂર

એટલે કે, જે ઈસાઈઓએ પોતાના નબીના વિશે કહ્યું તે તો ન કહો, બાક્રી જે ચાહો કહો, તા'ઝીમ તથા તૌક્રીરના શબ્દો કહો. કેમ કે હુઝૂર

૬. એટલે કે પતિનો એટલો મોટો દરજો છે કે જો બંદાને સજદો થાત તો પત્ની પતિને સજદો કરતી. મુતકલ્લિમ ફર્માવવાથી. જાણવા મળે છે કે હુઝૂર
પેદા થાય છે. એના માટે અમારી કિતાબ "સલ્તનતે મુસ્તફા" જુઓ.

૭. આ ફર્માન મુબારક મુબાલગા (અતિશયોક્તિ)ના રૂપે છે. કાળો તથા સફેદ પહાડ નજીક નજીક નથી હોતા બલ્કે દૂર દૂર હોય છે. મક્સદ એ છે કે જો મુશ્કેલથી મુશ્કેલ કામનો પણ હુકમ આપે તો પણ પત્ની તેને કરે. કાળા પહાડનો પથ્થર સફેદ પહાડ પર પહોંચાડવો સખત મુશ્કેલ છે, કે ભારે વજન ઊંચકીને સફર કરવું છે. અહીં મિર્ક્રાતે બહવાલા અહમદ તથા નિસાઈ હઝરત અનસ
ગયું જે કૂતરાની જેમ દરેકને કરડવા દોડતુ હતું. અને અન્સારીએ હુઝૂર
તશરીફ લઈ ગયા. તે ઊંટે આપને સજદો કર્યો. સરકાર
સહાબાએ આ અર્ઝ કરી અને આ જવાબ મળ્યો. એનો બનાવ ખૂબ લાંબો છે.

''હઝરત જાબિર
છે કે રસૂલુલ્લાહ
ત્રણ શખ્સો છે જેમની ન નમાઝ કબૂલ થાય ન કોઈ નેકી ઉપર ચઢે[૧] ભાગેડુ ગુલામ, ત્યાં સુધી કે પોતાના માલિકોની તરફ પલ્ટી આવે[૨] અને પોતાનો હાથ તેમના હાથોમાં આપી દે, અને તે સ્ત્રી જેના પર તેમના પતિ નારાજ હોય અને નશાવાળા, ત્યાં સુધી કે હોશમાં આવી જાય.''
(બયહકી, શોઅબુલ ઈમાન)

★ હદીષ : (૩૪)-૩૨૭૧ ★

૧. એટલે કે બારગાહે ઈલાહીમાં કુબૂલિયતના માટે નથી ચઢતી. રબ તઆલા ફર્માવે છે : (એની જ તરફ ચઢે છે પાકીઝા કલામ. –સૂરએ ફાતિર, ૩૫/૧૦)

૨. અથવા તે રીતે કે નશો પીવાથી તૌબા કરે અથવા એ રીતે કે નશો ઉતરી જાય. પ્રથમ સ્થિતિ ઘણી જ આ'લા છે. મકસદ એ છે કે ગુનાહની હાલતમાં અલ્લાહનો ગઝબ ધ્યાનિત થઈ જાય છે અને તૌબા કરવાથી રહમતે ઈલાહી બંદાને પોતાની આગોશમાં લઈ લે છે.

''હઝરત અબૂ હુરૈરહ્
ફર્માવે છે કે રસૂલુલ્લાહ
કઈ સ્ત્રી સારી છે ? ફર્માવ્યું કે તેને પતિ જ્યારે જુએ તો સારી લાગે[૧] અને જ્યારે તેને હુકમ આપે તો આજ્ઞાપાલન કરે અને તેનો વિરોધ ન કરે, ન પોતાની જાનમાં પોતાના માલમાં જે પતિને નાપસંદ હોય[૨].''
(નિસાઈ, બયહકી, શોઅબુલ ઈમાન)

★ હદીષ : (૩૫)-૩૨૭૨ ★

૧. અથવા એટલા માટે કે ખૂબસૂરત હોય, અથવા એટલા માટે કે પતિ સામે બનાવ શણગારથી પાક સાફ થઈને આવે, અથવા એટલા માટે કે પતિને જોઈને ખુશ થઈ જાય, ખીલી ઉઠે. એવા ખુશનુમા ચહેરાથી મળે કે પતિ ખુશ થઈ જાય. અહીં મિર્કાતમાં છે, જો સ્ત્રી સૂરત તથા સીરત બંને ભેગાં થઈ જાય તો પતિના માટે ખુશી પર ખુશી છે, નૂર પર નૂર છે.

૨. મતલબ એ છે કે પત્નીની પાસે જે માલ હોય ચાહે પીયરથી મળ્યો હોય ચાહે પતિનો આપેલો હોય તેને એવી જગાએ ન વાપરે જેનાથી પતિ નારાજ થાય, ખુદ એવું કોઈ કામ ન કરે, એવી જગાએ ન જાય જેનાથી પતિ નાખુશ થાય. એવી પત્ની અલ્લાહ તઆલાની મહાન નેઅમત છે.

★ જેનામાં આ ચાર ખૂબીઓ હોય તેને ખયરે કષીર આપવામાં આવી ★

''હઝરત ઈબ્ને અબ્બાસ
કે રસૂલુલ્લાહ
તે આપવામાં આવી તેને દીન તથા દુનિયાની ભલાઈ

★ હદીષ : (૩૬)-૩૨૭૩ ★

وَسَلَّمَ: أَيُّ النِّسَاءِ خَيْرٌ؟ قَالَ: «الَّتِي تَسُرُّهُ إِذَا نَظَرَ وَتُطِيعُهُ إِذَا أَمَرَ وَلَا تُخَالِفُهُ فِي نَفْسِهَا وَلَا مَالِهَا بِمَا يَكْرَهُ» . رَوَاهُ النَّسَائِيُّ وَالْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَان

આપી દેવામાં આવી[૧] શુકરવાળુ દિલ, ઝિકરવાળી જીભ અને મુસીબતો પર સબ્રવાળુ શરીર[૩] અને એવી પત્ની જે પોતાના નફ્સ અને તેના માલમાં બગાવત ન કરે[૪]."
(બયહક़ી શોઅબુલ ઈમાન)

★ દિલી શુકની હક़ીકત ★

૧. اعطی મજહૂલ ફર્માવીને એ તરફ નિર્દેશ કર્યો કે આ ચારેવ નેઅમતો કેવળ પોતાની કોશિશથી નથી મળતી, બલ્કે ખાસ રબ્બે ઝુલ જલાલની અતા છે. જેથી **જેને આ નેઅમતો મળી તે તેને પોતાનો કમાલ ન સમજે, રબની અતા સમજીને શુક્રિયા અદા કરે.** કેમ કે આ ચારેવ ચીજોનો સંબંધ દુનિયાથી પણ છે અને આખેરતથી પણ. એટલા માટે નિર્દેશ થયો કે તેને દીન તથા દુનિયાની ભલાઈ મળી ગઈ.

૨. જો કે શુક્ર જીભથી પણ થાય છે અને ઝિક્રુલ્લાહ દિલથી પણ કરવામાં આવે છે, પણ કેમ કે દિલનો શુક્ર ઝબાની શુક્રથી આ'લા છે અને ઝબાની ઝિક્રનું વર્ણન ફરિશ્તાઓના લખાણમાં આવે છે, અને ઝબાની ઝિક્ર જ નમાઝનો રુકન છે. આ ઝબાનથી તિલાવતે કુર્આન થાય છે, એટલા માટે ખાસ કરીને દિલી શુક્ર અને ઝબાની ઝિક્રનો ઉલ્લેખ કર્યો. **દિલી શુકની હક़ીક़ત એ છે કે દરેક નેઅમતને રબ તઆલાની તરફથી જાણે અને એ નેઅમતના હક્કો અદા કરવાની કોશિશ કરે.** રબ તઆલાએ શુક્રની ઠેકઠેકાણે ખૂબ જ તારીફો કરી છે : إِنَّهُ كَانَ عَبْدًا شَكُورًا (બેશક ! તે ઘણો શુક્રગુઝાર બંદો હતો. સૂરએ બની ઈસરાઈલ, ૧૭/૩)

૩. જો કે સબ્ર પણ દિલથી જ થાય છે પણ એનો સંબંધ પૂરા શરીર સાથે છે. એટલા માટે સબ્રની પૂરા શરીરની તરફ નિસ્બત કરી. મુસીબતોમાં ઝબાનથી બકવાસ ન કરવો, આંખોથી બેસબ્રીનાં આંસુ ન વહાવવાં, હાથ પગોથી બેસબ્રીનું પ્રદર્શન ન કરવું એ શરીરનો સબ્ર છે.

૪. પત્ની મોટાભાગે પોતાના પતિના માલની અમીના તથા મુહાફિઝા હોય છે, અને મોટાભાગનો માલ તેની પાસે રહે છે. તેમજ ખુદ પત્ની પતિની અમાનત છે એટલા માટે نفسها ફર્માવ્યું, અને બાદમાં ماله, એટલે પતિની ઈજાઝત વિના ન ક્યાં જાય ન કોઈથી સંબંધ રાખે. તેનો માલ તેની જ ઈજાઝતથી ખર્ચ કરે. એવી પત્ની અલ્લાહની નેઅમત છે. પાકીઝા સ્ત્રી પતિને પણ પરહેઝગાર બનાવી દે છે.

બાબુલ ખુલઅ વ તલાક઼ باب الخلع والطّلاق

(ખુલઅ તથા તલાક઼ વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. ખુલઅ (خلع) خ ના પેશ અને લામના ફતહ (ઝબર)થી અર્થ : કપડાં કે જોડા ઉતારવા. રબ તઆલાએ મૂસા عليه السلام ને ફર્માવ્યું હતું : فَاخْلَعْ نَعْلَيْكَ (તો તું પોતાના જોડા ઉતારી નાખ. સૂરએ તાહા, ૨૦/૧૨) **શરીઅતમાં સ્ત્રીને માલના બદલામાં તલાક઼ આપવી ખુલઅ શબ્દથી એને ખુલઅ કહે છે.** દા.ત. **પુરૂષ કહે કે મેં તારાથી એક હજાર રૂપિયા પર ખુલઅ કરી, પત્ની કહે કે મેં ક઼બૂલ કરી. અથવા પત્ની કહે, તું મારી સાથે આટલા રૂપિયા પર ખુલઅ કરી લે, પતિ કહે, કરી લીધી. આ છે ખુલઅ.** આપણે ત્યાં ખુલઅ "તલાક઼ બાઈના" છે અને ઈમામ અહમદ ઈબ્ને હંબલ તથા ઈમામ શાફઈની નજીક એક ક઼ૌલમાં ખુલઅ નિકાહ ફસ્ખ કરવું છે, કેમ કે પતિ પત્ની એકબીજાના લિબાસ છે. રબ તઆલા ફર્માવે છે : هُنَّ لِبَاسٌ لَّكُمْ وَاَنْتُمْ لِبَاسٌ لَّهُنَّ (તે તમારી લિબાસ છે અને તમે તેના લિબાસ છો. સૂરએ બક઼રહ, ૨/૧૮૭) એટલા માટે આ તલાક઼ને ખુલઅ કહેવામાં આવી કે બંને પતિ પત્ની તેના થકી પોતાનો લિબાસે ઝવજિયત (પતિ પત્નીપણાનો લિબાસ) ઉતારી નાખે છે. તલાક઼નો અર્થ છે ખુલી જવું. એટલા માટે તેઝ ઝબાની (કટુવાણી) طلاقة اللسان (તલાક઼તુલ્લિસાન) કહે છે, અને ખુશમિજાઝને طلاقة وجه કહે છે. કેમ કે તલાક઼ થકી પત્ની પતિની નિકાહની ક઼ૈદથી ખુલી જાય છે જેથી તેને તલાક઼ કહેવામાં આવે છે.

"હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત છે કે હઝરત ષાબિત ઈબ્ને ક઼ૈસની પત્ની[૧] નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયાં. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ષાબિત ઈબ્ને ક઼ૈસની આદતમાં, દીનમાં વાંધો નથી કરતી[૨] પણ હું ઈસ્લામમાં કુફ઼્રને નાપસંદ કરું છું[૩] રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે શું તમે એમનો બાગ પરત કરી આપશો ?[૪] બોલ્યાં, હા ![૫] તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, બાગ ક઼બૂલ કરી લો અને તેણીને એક તલાક઼ આપી દો[૬]." (બુખારી)

★ હદીષ : (૧)-૩૨૭૪ ★

عَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ امْرَأَةَ ثَابِتِ بْنِ قِيسٍ أَتَتِ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَتْ: يَا رَسُولَ اللَّهِ ثَابِتُ بْنُ قَيْسٍ مَا أَعْتِبُ عَلَيْهِ فِي خُلُقٍ وَلَا دِينٍ وَلَكِنِّي أَكْرَهُ الْكُفْرَ فِي الْإِسْلَامِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَتَرُدِّينَ عَلَيْهِ حَدِيقَتَهُ؟» قَالَتْ: نَعَمْ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «اقْبَلِ الْحَدِيقَةَ وَطَلِّقْهَا تَطْلِيقَةً» . رَوَاهُ الْبُخَارِيّ

૧. ષાબિત ઈબ્ને ક઼ૈસ ઈબ્ને શમાસ નીચા કદના અમુક અંશે શ્યામ હતા. તેમનાં પત્ની હબીબા બિન્તે સહલ અથવા જમીલા એટલે અબ્દુલ્લાહ ઈબ્ને ઉબયનાં બહેન ખૂબ જ ખૂબસૂરત ઊંચા કદનાં હતાં. તેણી પોતાના પતિની શકલો સૂરત પસંદ કરતાં ન હતાં. (અઝ : મિર્ક઼ાત, અશિઅ્હ)

★ સહાબાની આદત કે જેનાથી નારાજ હોય તેના પર ખોટો આક્ષેપ ન કરતા ★

૨. એટલે કે તેમની આદત પણ સારી છે અને એ દીનદાર પણ છે. સુબ્હાનલ્લાહ ! આ છે હઝરાત સહાબાએ

કિરામની હક્ક઼ગોઈ કે જેનાથી નારાજ હોય તેના પર ખોટો આક્ષેપ નથી લગાડતા.

૩. એટલે કે મને એ પસંદ નથી જેથી હું એ નથી કરી શકતી કે દિલથી નાપસંદ કરું અને ઝબાનથી તેમને સારા કહેતી રહું કે એ તક઼્યિા છે, અને ઈસ્લામની વિરુદ્ધ છે. હું એમની સાથે રહેવા માટે રાજી નથી. આ નારાજીનું કારણ એ હઝરત ષાબિતનું ખૂબસૂરત ન હોવું હતું. (અશિઅ્હ)

૪. ખજૂરનો તે બાગ જે તમને તેમણે મહેરમાં આપ્યો છે. જાણવા મળ્યું કે બેહતર એ જ છે કે પતિ ખુલઅમાં મહેર અથવા પોતાની કોઈ આપેલી ચીજ જ પરત લે, વધારે ન માગે.

★ કોર્ટ થકી નિકાહ રદ કરવા શરીઅત વિરૂદ્ધ તથા ગલત છે ★

૫. જાણવા મળ્યું કે ખુલઅમાં જો પતિ તરફથી શરૂઆત હોય તો પત્નીનું ક઼બૂલ કરવું જરૂરી છે. અને જો પત્ની તરફથી શરૂઆત હોય તો પુરૂષે ક઼બૂલ કરવું લાઝિમ છે. આજકાલ જે સ્ત્રીઓ ધડાધડ કોર્ટ કચેરી થકી નિકાહ રદ બાતલ કરાવી લે છે જેમાં પતિ રાજી નથી હોતો અને તેને ખુલઅ કહે છે એ તદ્દન ગલત છે.

★ ખુલઅ એ તલાક઼ છે ફસ્ખે નિકાહ નથી, એમાં મર્દ એક તલાક આપે ★

૬. આનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે ખુલઅમાં પત્નીનું કામ છે માલ આપવું અને પતિનું કામ છે તલાક઼ આપવું. **બીજુ** એ કે ખુલઅ એ તલાક઼ છે, નિક઼ાહ તોડવું નથી. ત્રીજુ એ કે ખુલઅમાં પણ એક તલાક઼ બાઈના જ આપવામાં આવે, ત્રણ તલાક઼ો ન આપે, જેથી જો ફરી સ્ત્રીપુરૂષ રાજી થાય તો નિકાહ કરી શકે.

★ માસિકની હાલતમાં તલાક઼ આપવી હરામ પણ લાગુ થઈ જશે ★

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે તેમણે પોતાની પત્નીને હૈઝની હાલતમાં તલાક઼ આપી દીધી[૧] તો હઝરત ઉમરે રસૂલુલ્લાહ ﷺ ને એનો ઉલ્લેખ કર્યો. ત્યારે રસૂલુલ્લાહ ﷺ એના બારામાં ખૂબ જ નારાજ થયા[૨] પછી ફર્માવ્યું, તે રુજૂઅ કરી લે (તલાક઼ પરત લે) પછી તેને રોકે[૩] ત્યાં સુધી કે પાક થઈ જાય, ફરી હૈઝ આવે, ફરી પાક થઈ જાય[૪] પછી જો તેમની રાય તેણીને તલાક઼ આપવાની હોય તો પાકીની હાલતમાં તેણીને હાથ લગાડવાથી પહેલાં તલાક઼ આપી દે[૫] તો આ જ એ ઈદ્દત છે કે અલ્લાહે હુકમ આપ્યો કે સ્ત્રીઓને એ લેહાઝથી તલાક઼ આપવામાં આવે[૬] અને એક રિવાયતમાં એ પ્રમાણે છે કે તેમને હુકમ આપો તે રુજૂઅ કરી લે પછી તેમને પાકી અથવા ગર્ભની હાલતમાં તલાક઼ આપે[૭]." *(મુસ્લિમ, બુખારી)*

★ હદીષ : (૨)-૩૨૭૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ: أَنَّهُ طَلَّقَ امْرَأَةً لَهُ وَهِيَ حَائِضٌ فَذَكَرَ عُمَرُ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَتَغَيَّظَ فِيهِ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ قَالَ: «ليراجعها ثُمَّ يُمسكهَا حَتَّى تطهر ثُمَّ تحيض فَتطهر فَإِن بدا لَهُ أَنْ يُطَلِّقَهَا فَلْيُطَلِّقْهَا طَاهِرًا قَبْلَ أَنْ يَمَسَّهَا فَتِلْكَ الْعِدَّةُ الَّتِي أَمَرَ اللَّهُ أَنْ تُطَلَّقَ لَهَا النِّسَاءُ» . وَفِي رِوَايَةٍ: «مُرْهُ فَلْيُرَاجِعْهَا ثُمَّ لِيُطَلِّقْهَا طَاهِرًا أَوْ حَامِلًا»

૧. એટલે કે એ હાલતમાં તલાક઼ આપી જ્યારે પત્નીને હૈઝ આવી રહ્યું હતું.

૨. એનાથી જાણવા મળ્યું કે સ્ત્રીને હૈઝની હાલતમાં તલાક઼ આપવી હરામ છે, નહીં તો હુઝૂર ﷺ એના પર

નારાજ ન થાત. એના પર સર્વ ઉમ્મતનો ઈજમાઅ છે.

૩. એનાથી બે મસ્અલા માલૂમ પડયા : એક એ કે હૈઝ (માસિક)ની હાલતમાં તલાક઼ આપવી જો કે હરામ છે પણ એ તલાક઼ લાગુ પડી જશે, નહીં તો રુજૂઅ કરવાનો શો મતલબ ? એ પણ જાણવા મળ્યું કે બે તલાક઼ રજઈ હોય છે કે ઈદ્દતની અંદર પતિ રુજૂઅ કરી શકે છે, નિકાહ દોહરાવવાની જરૂરત નથી હોતી.

૪. એટલે કે તલાક઼વાળા હૈઝ પછી જે તહર (પાકીનો સમય) આવે એમાં તલાક઼ ન આપે, બલ્કે એ તહર બાદ હૈઝ આવે પછી એ બીજા હૈઝ પછી જે તહર આવે એમાં તલાક઼ આપે. અમુક ઉલમાનો એ જ મઝહબ છે કે હૈઝમાં તલાક઼ આપનાર એ તલાક઼થી રુજૂઅ કરે, પછી જો તલાક઼ આપવા ચાહે તો તેની સાથેના તહર (પાકીના સમય)માં પણ તલાક઼ ન આપે કે એ તહર એ તલાક઼વાળા તહરના તાબે છે. જો તહરમાં તલાક઼ આપશે તો જાણે હૈઝમાં જ તલાક઼ આપી રહ્યો છે. પણ હક્ક઼ એ છે કે એ સાથેવાળા તહરમાં તલાક઼ આપી શકે છે. હુઝૂર ﷺનું ફર્માને આલી એટલા માટે હતું કે કદાચ આ તહરમાં સાથે રહેવા વસવાથી દિલ મળી જાય. અને પછી તલાક઼ની જરૂરત ઉભી ન થાય. આ મશવરો મસ્લેહતની બિના પર છે. એની અન્ય પણ હિકમતો વર્ણવવામાં આવી છે પણ આ અધિક મજબૂત છે. (અઝ : નવવી શરહે મુસ્લિમ, મિર્ક઼ાત, લમ્આ઼ત) સારાંશ કે આ હુકમ શરઈ નથી બલ્કે રાય છે જેના પર અમલ મુસ્તહબ છે.

૫. એનાથી જાણવા મળ્યું કે જે તહર (પાકીના સમય)માં તલાક઼ આપવી હોય એમાં સ્ત્રી સાથે સોહબત ન કરે, એવું જ ફ઼ક઼ીહો ફર્માવે છે.

૬. એટલે કે કુર્આને કરીમ જે ફર્માવે છે : فَطَلِّقُوْهُنَّ لِعِدَّتِهِنَّ (તેમની ઈદ્દતના સમય પર તેમને તલાક઼ આપો. સૂરએ ૬૫/૧) એનો મતલબ એ જ છે કે તલાક઼ તહર (પાકીના સમય)માં આપો અને તહર પણ તે છે જેમાં સોહબત ન કરી હોય. યાદ રાખશો કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં لِعِدَّتِهِنَّ નો લામ "ફી"ના અર્થમાં નથી બલ્કે اجل ના અર્થમાં છે. એટલે તેમને ઈદ્દતના લેહાઝથી તલાક઼ આપો સોહબતથી ખાલી તહરમાં જેથી ઈદ્દત માલૂમ રહે કે તેણીની ઈદ્દત હૈઝ છે કે ગર્ભનું બહાર આવવું. ઈમામ શાફ઼ઈને ત્યાં આ لام લામ "ફી"ના અર્થમાં છે, એટલે તેમને ઈદ્દતના સમયમાં તલાક઼ આપો. એ બિના પર તે ફર્માવે છે ઈદ્દત ગર્ભ વિહોણીની તહર છે, આપણે ત્યાં હૈઝ.

૭. જાણવા મળ્યું કે સગર્ભા સ્ત્રીને તલાક઼ આપવી જાઈઝ છે. તેની ઈદ્દત ગર્ભને જણી દેવું છે. એ પણ જાણવા મળ્યું કે **રજઅતમાં (તલાક઼ પાછી લેવામાં) સ્ત્રીની રઝા જરૂરી નથી, જો પત્ની રજૂઅથી નારાજ પણ હોય છતાં રુજૂઅ કરી શકે છે.** રબ તઆલા ફર્માવે છે : وَبُعُوْلَتُهُنَّ اَحَقُّ بِرَدِّهِنَّ فِيْ ذٰلِكَ (અને સ્ત્રીઓનો પણ હક્ક઼ એવો જ છે જેવો એમના પર છે શરીઅતના પ્રમાણે. –સૂરએ બક઼રહ, ૨/૨૨૮) અને તેમના પતિઓને આ મુદ્દતની અંદર તેમને ફેરવી લેવાનો હક્ક઼ પહોંચે છે જો મિલાપ ચાહે. યા રાખશો કે **બેહતર એ જ છે કે પુરૂષ કેવળ એક જ તલાક઼ આપે તે પણ એવા તહરમાં જેમાં સોહબત ન થઈ હોય. અને જો ત્રણ તલાક઼ો આપવી જ હોય તો દરેક તહર (પાકીના ગાળા)માં એક તલાક઼ આપે. ઈદ્દત પ્રથમ તલાક઼થી શરૂ થશે. એક સાથે ત્રણ તલાક઼ો આપી દેવી હરામ છે, પણ જો આપી દીધી તો લાગુ પડી જશે, જેવી રીતે હૈઝની હાલતમાં તલાક઼ દેવી હરામ છે પરંતુ જો આપે તો લાગુ પડી જશે.** એના માટે અમારી કિતાબ تلاق الادلة فی الطلاق الثلثة નો અભ્યાસ કરો.

★ હદીષ : (3)-૩૨૭૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ قَالَتْ: خَيَّرَنَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَاخْتَرْنَا اللَّهَ وَرَسُولَهُ فَلَمْ يَعُدَّ ذَلِكَ عَلَيْنَا شَيْئًا

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, અમને રસૂલુલ્લાહ ﷺએ અખત્યાર આપ્યો, તો અમે રસૂલુલ્લાહ ﷺને અખત્યાર કરી લીધા. તો તેને અમારા પર કાંઈ પણ ગણવામાં ન આવ્યું[૧].'' (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે જો પતિ પોતાની પત્નીને તલાક઼નો અધિકાર આપે પણ પત્ની પતિને અપનાવે, તલાક઼ ન આપે તો એ અખ્તયાર આપવાથી તલાક઼ લાગુ નથી થતી. જુઓ હુઝૂરે અકરમ ﷺએ પોતાની તમામ પાક બીવીઓને તલાક઼નો અખ્તયાર આપ્યો, તે સર્વેએ હુઝૂર ﷺની પાસે રહેવાનુ અખત્યાર કર્યું તો કોઈને તલાક઼ લાગુ ન થઈ. એ જ મઝહબ છે જમહૂર (બહુમતી) સહાબાનો અને એ જ ક़ૌલ છે ઈમામે આ'ઝમ તથા ઈમામ શાફ઼ઈ વગેરે رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો. પણ હઝરત અલી رضی اللہ عنہ અને ઈમામ માલિક رضی اللہ عنہ નો મઝહબ એ છે કે આ સ્થિતિમાં જો સ્ત્રી તલાક઼ અખત્યાર કરે તો તલાક઼ બાઈના લાગુ થશે અને જો પતિને અખત્યાર કરે તો તલાક઼ રજઈ લાગુ થશે. હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا એ જ સાહબોની રદ કરી રહ્યાં છે. હઝરત અલી તથા ઝયદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہما ફર્માવે છે કે હુઝૂર ﷺએ તલાક઼નો અખત્યાર આપ્યો જ ન હતો, બલ્કે મક઼સદ એ હતો કે જો તમે દુનિયાની ઝીનત ચાહો છો તો હું તમને તલાક઼ આપી દઉં, જો તલાક઼નો અખત્યાર હોત તો મજલિસ સુધી સીમિત રહેત. જ્યારે હુઝૂર ﷺએ હઝરત આઈશા رضی اللہ عنہا ને ફર્માવ્યું કે જલ્દી ન કરો, તમારાં માબાપને પૂછીને ફૈસલો કરો. એનાથી જાણવા મળે છે કે અહીં તલાક઼નો ઈરાદો હતો ન કે તલાક઼ સોંપવાનો. પણ તલાક઼ની સોંપણી કાયમી પણ હોય છે અને તાત્કાલિક પણ, અને નિશ્ચિત સમય માટે પણ હોય છે. આ સોંપણી નિશ્ચિત સમય સુધીની હતી. જેથી હઝરત ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا અને જમહૂર સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો ક़ૌલ સહીહ છે. *(ફ઼ત્હુલ ક઼દીર, મિર્ક઼ાત વગેરે)*

★ હદીષ : (૪)-૩૨૭૭ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: فِي الْحَرَامِ يُكَفِّرُ لَقَدْ كَانَ لَكُمْ فِي رَسُولِ اللهِ أُسْوَةٌ حَسَنَةٌ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. આપે હરામના બારામાં ફર્માવ્યું કે કફ્ફારો આપે[૧] બેશક! તમારા માટે રસૂલુલ્લાહમાં સારુ અનુસરણ છે[૨].'' (મુસ્લિમ, બુખારી)

★ કોઈ ચીજને પોતાના માટે હરામ કરી લેવી ક઼સમ છે એનો કફ્ફારો ★

૧. એટલે કે જો કોઈ શખ્સ પોતાની પત્ની અથવા કોઈ અન્ય હલાલ ચીજને પોતાના પર હરામ કરે તો એ તહરીમાએ ક઼સમ છે. જેમાં કફ્ફારો વાજિબ થશે. આ જ મજબૂત છે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما અને ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં જો તલાક઼ની નિય્યતથી હરામ કરે તો એક તલાકે બાઈના લાગુ થશે. એની તેહક़ીક઼ ફ઼िક़્હી કિતાબોમાં છે.

૨. કે હુઝૂર ﷺએ પોતાના પર મધ અથવા બીબી મારિયાને હરામ કર્યાં હતાં તો રબ તઆલાએ તેને ક઼સમ ઠરાવી હતી, કે ફર્માવ્યું : يَاَيُّهَا النَّبِيُّ لِمَ تُحَرِّمُ مَآ اَحَلَّ اللّٰهُ لَكَ (હે ગયબ બતાવનાર ! (નબી) તમે પોતાના પર કેમ હરામ કરી લો છો તે ચીજ જે અલ્લાહે તમારા માટે હલાલ કરી. સૂરએ તહરીમ, ૬૬/૧) પછી ફર્માવ્યું : قَدْ فَرَضَ اللّٰهُ لَكُمْ تَحِلَّةَ اَيْمَانِكُمْ (બેશક ! અલ્લાહે તમારા માટે તમારી ક઼સમોનો ઉતાર નિશ્ચિત કર્યો. સૂરએ તહરીમ, ૬૬/૨) આ આયતથી પણ જણાય રહ્યું છે કે હલાલને હરામ કરી લેવું ક઼સમ છે.

★ મગાફીરની બૂ અને હુઝૂર ﷺની કસમનો કિસ્સો ★

★ હદીષ : (૫)-૩૨૭૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ: أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَمْكُثُ عِنْدَ زَيْنَبَ بِنْتِ جَحْشٍ وَشَرِبَ عِنْدَهَا عَسَلًا فَتَوَاصَيْتُ أَنَا وَحَفْصَةُ أَنَّ أَيَّتَنَا دَخَلَ عَلَيْهَا النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَلْتَقُلْ: إِنِّي أَجِدُ مِنْكَ رِيحَ مَغَافِيرَ أَكَلْتَ مَغَافِيرَ؟ فَدَخَلَ عَلَى إِحْدَاهُمَا فَقَالَتْ لَهُ ذٰلِكَ فَقَالَ: «لَا بَأْسَ شَرِبْتُ عَسَلًا عِنْدَ زَيْنَبَ بِنْتِ جَحْشٍ فَلَنْ أَعُودَ لَهُ وَقَدْ حَلَفْتُ لَا تُخْبِرِي بِذٰلِكِ أَحَدًا» يَبْتَغِي مرضاة أَزوَاجه فَنَزَلَتْ: (يَا أَيُّهَا النَّبِيُّ لِمَ تُحَرِّمُ مَا أَحَلَّ اللّٰه لَك تبتغي مرضاة أَزوَاجك)الْآيَة

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ ﷺ હઝરત ઝયનબ બિન્તે જહશની પાસે થોડાક રોકાયા હતા અને તેમની પાસે મધ પીતા હતા[૧] તો મેં અને હફ્સાએ આપસમાં મશ્વરો કર્યો[૨] કે આપણામાંથી જેની પાસે નબી કરીમ ﷺ તશરીફ લાવે તો તે કહી આપે કે હું તમારાથી મગાફિર (એક ખાસ પ્રકારનો ગુંદર જેમાંથી દુર્ગંધ આવે છે)ની બૂ પામુ છું[૩] શું તમે મગાફિર ખાધો છે ?[૪] જેથી એ બંને બીવીઓમાંથી એકની પાસે હુઝૂર તશરીફ લાવ્યા તો તેણીએ અર્ઝ કરી[૫] તો ફર્માવ્યું, કાંઈ વાંધો નથી[૬] મેં ઝયનબ બિન્તે જહશની પાસે મધ પીધુ છે. હવે પીશ નહીં. અને મેં એની ક઼સમ ખાધી[૭] એની ખબર કોઈને ન આપશો[૮]. આપ પોતાની પત્નીઓની રઝા (રાજી રાખવા) ચાહતા હતા[૯] ત્યારે આ આયત ઉતરી : હે નબી ! આપ તે ચીજ શા માટે હરામ કરો છો જે અલ્લાહે આપના માટે હલાલ કરી. પોતાની પત્નીઓની મરજી ખોજો છો[૧૦]. (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે વારી સિવાય જ્યારે સરકાર ﷺ અસરની નમાઝ બાદ સર્વ પાક બીવીઓ પાસે દોરો કરતા તો બીબી ઝયનબની પાસે અધિક રોકાતા હતા. કેમ કે હુઝૂર ﷺને મધ પસંદ હતું અને હઝરત ઝયનબ પાસે મધ રહેતુ હતું. તે આપને પીવડાવતાં હતાં. આ મધ પીવામાં વાર લાગતી હતી.

૨. આ મશ્વરો એટલા માટે હતો કે અમને હુઝૂર ﷺનું ઝયનબ પાસે વધારે રોકાણ પસંદ ન હતું.

૩. مغافير બહુવચન છે مغفورનું અથવા مغفرનું. આ એક કાંટાદાર ઝાડનું ફળ છે, જેને અરબીમાં عضاه કહે છે. જેમ કે અરફત એ ફળ મીઠુ હોય છે પણ અમુક અંશે ગંધ હોય છે. (હીક) હુઝૂર ﷺને મોંની ગંધ ઘણી જ નાપસંદ હતી એટલા માટે હુઝૂર ﷺએ કદી કાચુ લસણ તથા પ્યાજ નથી ખાધો કે એનાથી મોંમાં ગંધ થાય છે.

૪. આ સર્વ મશવરાનો મક઼સદ એ હતો કે એ બહાનાથી હુઝૂર ﷺને બીબી ઝયનબ પાસે વધારે રોકાવાથી રોકવામાં આવે. યાદ રાખશો કે જે ગુનાની બુનિયાદ મહ઼બ્બતે રસૂલ પર હોય તેનાથી તૌબા નસીબ થઈ જાય છે. જુઓ આદમ عليه السلامનો પુત્ર ક઼ાબિલ એક સ્ત્રીના ઈશ્ક઼માં ગુનાહમાં સપડાયો તેને તૌબા નસીબ ન થઈ. અને યાકૂબ عليه السلامના દસ પુત્રોએ ઘણા સખત ગનાહ કર્યા પણ મહ઼બ્બતે યાકૂબી હાંસલ કરવા માટે હતા જેથી તેમને તૌબા નસીબ થઈ ગઈ અને બારગાહના મક઼બૂલ પણ થઈ ગયા. એ બંનેવ બીવીઓની આ સર્વ તદબીરો હુઝૂર ﷺની મહોબ્બતમાં હતી, એટલા માટે રબ તઆલાએ તેમને કુર્આને કરીમમાં તૌબાનો હુકમ આપ્યો કે ફર્માવ્યું : اِنْ تَتُوْبَآ اِلَى اللّٰهِ فَقَدْ صَغَتْ قُلُوْبُكُمَا (નબીની બંને બીવીઓ ! જો અલ્લાહની તરફ તમે રજૂઅ કરો, તો જરૂર તમારાં

દિલ રાહથી કાંઈક હટી ગયેલ છે. સૂરએ તેહરીમ, ૬૬/૪) પછી એ બીબીઓ પહેલાંની જેમ બારગાહની મક઼બૂલ રહી, હવે એમના પર ટીકા ટીપ્પણની જીભ ખોલવી બદ્નસીબી છે.

૫. એ જ અર્ઝ કર્યું જે પહેલાં મશવરામાં નક્કી થઈ ચૂક્યુ હતું. યાદ રાખશો કે આપણે સર્વ સહાબાએ કિરામને મુત્તક઼ી આદિલ માનીએ છીએ, માસૂમ નથી માનતા એટલે કે એ બુઝુર્ગોથી ગુનાહ થઈ શકે છે, પણ તેમનામાંથી કોઈ ગુનાહ પર ક઼ાયમ નથી રહેતું.

એ જ પ્રમાણે અહીં થયું. ગુનોહ કરી લેવો અલગ છે અને ગુનાહ પર ક઼ાયમ થઈ જવું અલગ છે અને ગુનાહ પર જામી જવું અલગ છે.

૬. એટલે હે બીવી ! તમારા પર આ અર્ઝ પર કોઈ તંગી કે વાંધો નથી, અમે તમારો મક઼સદ સમજી ગયા.

૭. જેથી તમને તકલીફ ન થાય. અમારા ત્યાં વધારે રોકાવાથી તમને દુ:ખ થાય છે. આ ક઼સમનું કારણ એ ન હતું કે હુઝૂર ﷺને પોતાના મોં શરીફની ખુશ્બુની ખબર ન હતી. દરેક શખ્સ પોતાના મોં અને બગલની ખુશ્બુને જાણે છે, એ અયબ નથી, બલ્કે એ કારણ હતું જે આગળ આવી રહેલ છે.

૮. આ ક઼સમ ફર્માવી લેવાની ખબર કોઈને ન આપશો કે જેથી બીબી ઝયનબને આ ક઼સમ ખાય લેવા પર સદમો ન થાય. (મિર્ક઼ાત) એટલા માટે કે અન્ય બીવીઓને આ ખુશ્બુની ખબર ન થાય. ખુશ્બુ તો વિના ખબર આપ્યે માલૂમ પડી જાય છે. આ છુપાવવાથી મક઼સદ હઝરત ઝયનબની ખાતિરદારી છે.

૯. આ છે આ ક઼સમ ફર્માવવાનું કારણ, એટલે આ ક઼સમનું કારણ પોતાની બેઈલ્મી નથી, બલ્કે હઝરત આઈશા સિદીક઼ા તથા હફ઼્સાને ખુશ કરવાનો હેતુ હતો કે હું હઝરત ઝયનબની પાસે વધારે રોકાયા કરીશ નહીં, જેથી એઓ ખુશ રહે. કુર્આને કરીમ પણ ફર્માવે છે : لَكَ ۚ تَبْتَغِيْ مَرْضَاتَ اَزْوَاجِكَ (તમારી પત્નીઓની મરજી ચાહો છો. સૂરએ તહરીમ, ૬૬/૧) આપ આપની પત્નીઓનો રાજીપો ચાહો છો. અને કેમ ન ચાહે કે એ બીવીઓની રઝા તો રબ તઆલા પણ ચાહે છે. (رضی اللہ عنہا)

૧૦. અમુક લોકો આ બનાવથી એના માટે દલીલ પકડે છે કે હુઝૂર ﷺને ઈલ્મે ગયબ ન હતો, જો હોત તો ખબર થઈ જાત કે પોતાના મોં શરીફથી મગાફીરની મહક નથી આવી રહી. આ તદ્દન ગલત છે, કેમ કે કુર્આને કરીમની પણ વિરુદ્ધ છે અને આ હદીષની પણ વિરુદ્ધ છે. આ સર્વ કાંઈ તે બંને પત્નીઓને રાજી કરવા માટે થયું. પોતાના મોંની મહક ગયબ નથી હોતી, મહેસૂસ થતી હોય છે !

(વિભાગ : ૨) الفصل الثانی

★ વિના જરૂરત તલાક માગનારી પર જન્નતની ખુશ્બુ હરામ ★

★ હદીષ : (૬)-૩૨૭૯ ★

عَنْ ثَوْبَانَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَيُّمَا امْرَأَةٍ سَأَلَتْ زَوْجَهَا طَلَاقًا فِي غَيْرِ مَا بَأْسٍ فَحَرَامٌ عَلَيْهَا رَائِحَةُ الْجَنَّةِ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ والدارمي

"હઝરત ષૌબાન رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે સ્ત્રી પોતાના પતિથી વિના જરૂરત તલાક઼ માગે[૧] તો એના પર જન્નતની ખુશ્બુ હરામ છે[૨]." (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ, દારમી)

૧. અહીં بَأْس થી મુરાદ સખ્તી છે. مَا ઝાએદા છે, એટલે જે સખત તકલીફ વિના તલાક઼ માગે.

૨. એટલે એવી સ્ત્રીનું જન્નતમાં જવાનું તો શું થાય, ત્યાંની ખુશ્બુ પણ પામશે નહીં. એનાથી મુરાદ છે શરૂમાં પ્રવેશ થવું, નહીં તો છેવટમાં સર્વ મો'મિનો જન્નતમાં પહોંચશે, ભલે ગમે તેવા ગુનેહગાર હોય. જેથી આ હદીષ શફાઅતની વિરુદ્ધ નથી. અમુક શરહ કર્તાઓએ ફર્માવ્યું કે એવી સ્ત્રી જન્નતમાં પહોંચીને પણ ત્યાંની ખુશ્બુથી વંચિત રહેશે. જેવી રીતે અહીં શરદી સરેખમવાળો માણસ ફૂલ નાક પર રાખીને પણ ખુશ્બુ નથી પામતો. (મિર્કાત) પણ પ્રથમ અર્થ અધિક મજબૂત છે.

★ ખુદાની નજીક નાપસંદીદાતરીન તલાક઼ છે ★

★ હદીષ : (૭)-૩૨૮૦ ★	*''હઝરત ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું, સૌથી નાપસંદીદા હલાલ અલ્લાહની નજીક તલાક઼ છે[૧]. '' (અબૂ દાઉદ)*
وَعَنِ ابْنِ عُمَرَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أَبْغَضُ الْحَلَالِ إِلَى اللَّهِ الطلاقُ» . رَوَاهُ أَبُو دَاوُد	

૧. એટલે અલ્લાહ તઆલાએ બંદાઓની જરૂરતના કારણે તલાક઼ મુબાહ તો કરી આપી છે પણ રબને પસંદ નથી કે એમાં મહબૂબોની જુદાઈ, ઘર બગડવું, ઔલાદની તબાહી છે. સારાંશ કે વિના કારણે તલાક઼ કરાહતથી ખાલી નથી. ઘણી બધી ચીજો હલાલ છે પણ બેહતર નથી. જેમ કે વિના કારણે પુરૂષનું ઘરમાં નમાઝ પઢી લેવું અથવા જુમ્આની અઝાન થઈ ગયા પછી વેપાર કરવું અથવા એ'તેકાફ વગરનાનું મસ્જિદમાં ખાવુ પીવું. જેથી હદીષ પર ન તો એ વાંધો છે કે હલાલ ચીજ નાપસંદ કેવી રીતે થઈ શકે છે. અને ન એ વાંધો છે કે, પછી નબી કરીમ ﷺએ બીવી સૌદાને તલાક઼ આપવાનો ઈરાદો શાથી ફર્માવ્યો હતો. ઈમામે હસન رضی اللہ عنہએ ઘણી બધી બીવીઓને તલાક઼ શા માટે આપી, હલાલ કામ પર ન ગુનોહ છે ન ચેતવણી. હુઝૂર અકરમ ﷺએ અમુક તે કામો કર્યાં છે જે ઉમ્મતના માટે મકરૂહ છે, એમ શાથી. તબ્લીગના માટે આપને એના પર પણ સવાબ મળશે જેવું કે મિમ્બર પર ઉભા રહીને નમાઝ પઢવી, ઊંટ પર તવાફ કરવો, નવાસાને ખભા પર લઈને નમાઝ અદા કરવી, હઝરત હુસૈન رضی اللہ عنہના માટે જુમ્આનો ખુત્બો તોડીને આગળ વધીને તેમને ગોદમાં લેવા વગેરે. આ હદીષ આ આયતની વિરુદ્ધ નથી. لَا جُنَاحَ عَلَيْكُمْ إِنْ طَلَّقْتُمُ النِّسَاءَ (તમારા પર કાંઈ પૂછતાછ નથી, તમે સ્ત્રીઓને તલાક઼ આપો. સૂરએ બક઼રહ, ૨/૨૩૬) ત્યાં તલાક઼માં ગુનાહની નફી (નકાર) છે, અહીં બેહતર ન હોવાની સાબિતી છે.

★ હદીષ : (૮)-૩૨૮૧ ★	*''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺની રાવી. ફર્માવે છે, નિકાહથી પહેલાં તલાક઼ નથી[૧] અને નથી આઝાદ કરવું, પણ માલિકીપણા પછી[૨]. અને નથી વિસાલ રોઝાઓમાં[૩] અને નથી યતીમી બાલિગ થયા બાદ[૪] અને નથી દૂધ પીવું દૂધ છોડયા બાદ[૫] અને નથી ખામોશી દિવસભરની રાત સુધી[૬]. '' (શરહુસ્સુન્નહ)*
وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا طَلَاقَ قَبْلَ نِكَاحٍ وَلَا عَتَاقَ إِلَّا بَعْدَ مِلْكٍ وَلَا وِصَالَ فِي صِيَامٍ وَلَا يُتْمَ بَعْدَ احْتِلَامٍ وَلَا رَضَاعَ بَعْدَ فِطَامٍ وَلَا صَمْتَ يَوْمٍ إِلَى اللَّيْلِ» . رَوَاهُ فِي شَرْحِ السُّنَّةِ	

૧. જેથી જો કોઈ શખ્સ અજનબી સ્ત્રીને કહે કે તને તલાક઼ છે, પછી તેણી સાથે નિકાહ કરે તો તલાક઼ લાગુ થશે નહીં, એ જ પ્રમાણે જો અજનબી સ્ત્રીથી કહે કે જો તું ઘરમાં ગઈ તો તને તલાક઼, પછી તેણી સાથે નિકાહ કરે, પછી

સ્ત્રી ઘરમાં જાય તો તલાક઼ નથી લાગુ થતી. પરંતુ જો અજનબી સ્ત્રીથી કહે કે જો હું તારાથી નિકાહ કરું તો તને તલાક઼, પછી તેણી સાથે નિકાહ કરે તો તલાક઼ લાગુ થઈ જશે. સારાંશ કે તલાક઼ માટે જરૂરી છે કે એ તો નિકાહ પછી બોલવામાં આવે અથવા નિકાહ પર નિર્ભિત કરવામાં આવે.

૨. એટલે કે બીજાના ગુલામને એ શખ્સ આઝાદ નથી કરી શકતો. જો તેને આઝાદીના શબ્દો કહી આપે, પછી તેનો માલિક થઈ ગયો તો તે ગુલામ આઝાદ ન થશે.

૩. એટલે કે રોઝા પર રોઝા રાખવા, દરમ્યાનમાં ઈફ઼તાર ન કરવું એ હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે, કોઈ અન્ય નથી રાખી શકતું. આપણે ઈફ઼તાર કરવું જરૂરી છે.

૪. જેનો બાપ મૃત્યુ પામે તે યતીમ કહેવાય છે એ શર્તે કે નાબાલિગ હોય. બાલિગ છોકરો યતીમ નથી કહેવાતો.

૫. જેથી જે બાળક કોઈ સ્ત્રીનું દૂધ પી લે અઢી વરસની વય પછી તો તે સ્ત્રી તે બાળકની દૂધમાં બનશે નહીં, ન એ બાળક તેણીનો દૂધનો પુત્ર થશે, અને ન તેના પર.

૬. એટલે કે ઈસ્લામમાં ચૂપ રહેવાનો રોઝો નથી, શરૂના દિવસોમાં હતો, જો કે બુરી વાતોથી ખામોશી બેહતર છે, પણ ખામોશી આપણે ત્યાં ઈબાદત નથી, બલ્કે એમાં હિન્દુઓ તથા ઈસાઈઓથી મુશાબેહત (મળતાપણુ) છે.

''હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે, તે પોતાના પિતાથી, તે તેમના દાદાથી ફ઼ર્માવે છે. ફ઼ર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ કે, માણસની મન્નત એમાં નથી જેનો તે માલિક ન હોય[૧]. અને ન એમાં આઝાદ કરવું છે, જેનો તે માલિક ન હોય. અને નથી તલાક઼ એમાં જેનો તે માલિક ન હોય[૨] (તિર્મિઝી) અબૂ દાઉદે આ ઉમરો કર્યો કે ન વેચાણ છે પણ એમાં જેનો તે માલિક હોય.''

★ હદીષ : (૯)-૩૨૮૨ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا نَذْرَ لِابْنِ آدَمَ فِيمَا لَا يَمْلِكُ وَلَا عِتْقَ فِيمَا لَا يَمْلِكُ وَلَا طَلَاقَ فِيمَا لَا يَمْلِكُ».رَوَاهُ التِّرْمِذِيُّ وَزَادَ أَبُودَاوُدَ:«وَلَابَيْعَ إِلَّا فِيمَا يملك»

૧. જેથી જો કોઈ ખાસ ગુલામને આઝાદ કરવાની મન્નત માને પણ મન્નત વખતે તે ગુલામનો માલિક ન હોય તો મન્નત દુરુસ્ત ન થશે, અને જો બાદમાં એ ગુલામનો માલિક થઈ પણ ગયો તો પણ તે આઝાદ ન થશે.

૨. હઝરત ઈમામ શાફ઼ઈ આ હદીષના જાહેરી અર્થ પર અમલ કરે છે કે અજનબી સ્ત્રી અને બીજાના ગુલામને ન તલાક઼ આપી શકીએ ન આઝાદ કરીએ છીએ, ન તેમની આઝાદીને તલાક઼ તથા આઝાદીને નિકાહ અથવા મિલ્કિયત પર નિર્ભિત કરી શકીએ છીએ. હઝરત અલી, ઈબ્ને અબ્બાસ, આઈશા સિદ્દીક઼ા رضوان الله تعالى عليهم اجمعينનો આ જ ક઼ૌલ છે. આપણા ઈમામ સાહબને ત્યાં તઅલીક઼ે નિકાહ તથા અતક઼ જાઈઝ છે. દા.ત. જો અજનબી સ્ત્રીને કહે કે જો હું તારી સાથે નિકાહ કરું તો તને તલાક઼ અથવા અજનબી ગુલામને કહે કે જો હું તને ખરીદું તો તું આઝાદ છે. પછી નિકાહ કરે અથવા ખરીદી લે તો તલાક઼ તથા આઝાદી લાગુ થઈ જશે. એ જ ક઼ૌલ છે હઝરત રબીઆ ઈમામ અવઝાઈ અને ઈબ્ને અબી લયલાનો.

★ નિકાહથી પહેલાં તલાક નથી જો નિકાહ પર નિર્ભિત ન હોય ★

આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની વિરુદ્ધ નથી. તલાક઼નું લાગુ થવું અથવા ગુલામનું આઝાદ થવું. એ

નિકાહ વિના અથવા માલિકી પણ વિના નથી થઈ શકતું. કેમ કે તલાક઼થી નિકાહ ખત્મ કરવામાં આવે છે અને આઝાદ કરવાથી માલિકીપણુ ખત્મ થાય છે, પણ નિકાહ કે માલિકીપણુ મૌજૂદ જ ન હોય તો ખત્મ કઈ ચીજ થશે?! રહ્યો તઅલીક઼ે તલાક઼ તથા અતાક઼ એ જો કે જાઈઝ છે એ શર્તે કે નિકાહ કે માલિકીપણા પર નિર્ભિત કરવામાં આવે. આ હદીષ લાગુ થવાની નફી (નકાર)ના માટે છે, એ તો આપણે પણ કહીએ છીએ. હા ! અબૂ ષઅલ્બા ખષનીથી રિવાયત છે કે મને હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે તમે મારું ફલાણુ કામ કરી દો તો હું મારી પુત્રી સાથે તમારો નિકાહ કરી આપીશ. મેં કહ્યું કે જો હું તમારી પુત્રીથી નિકાહ કરું તો તેને ત્રણ તલાક઼. પછી મેં તેણી સાથે નિકાહ કરવા ચાહ્યું. હુઝૂર ﷺથી મસ્અલો પૂછયો તો ફર્માવ્યું, નિકાહ કરી લો, તલાક઼ લાગુ નહીં થાય. આ હદીષ ખરેખર ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની વિરુદ્ધ છે, પણ એની અસ્નાદમાં અબૂ ખાલિદ વાસ્તી છે જે હદીષો ઘડવામાં મશહૂર હતો. જેમ કે ઈમામ અહમદ તથા મોઈને ફર્માવ્યું, એ જૂઠો છે. તેમજ એમાં અલી ઈબ્ને કરીન રાવી છે જેને ઈમામ ઈબ્ને અદી કહે છે એ હદીષોનો ચોર છે. જેથી આ પ્રકારની રિવાયતો તદ્દન મનઘડત છે. એની ઉમદા તેહક઼ીક઼ અહીં મિર્ક઼ાતમાં જુઓ.

★ રૂકાનાની હદીષ ★

''હઝરત રુકાના ઈબ્ને અબ્દે યઝીદથી[૧] રિવાયત છે કે તેમણે પોતાની પત્ની સુહૈમાને તલાક઼ આપી[૨] પછી નબી કરીમ ﷺ ને એની ખબર આપી અને બોલ્યા, અલ્લાહની ક઼સમ ! મેં કેવળ એકની જ નિય્યત કરી હતી. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, શું ખુદાની ક઼સમ ! તમે નથી નિય્યત કરી પણ એકની ? તો રુકાના બોલ્યા. અલ્લાહની ક઼સમ ! મેં નથી નિય્યત કરી પણ એકની[૩]. તો હુઝૂર ﷺ એ તે સ્ત્રી રુકાના તરફ પલ્ટાવી દીધી[૪]. પછી તેમણે ફારૂકી યુગમાં બીજી તલાક઼ આપી અને ઉષ્માની યુગમાં ત્રીજી[૫] (અબૂ દાઉદ, તિર્મિઝી, ઈબ્ને માજહ, દારમી) પણ તેમણે બીજી ત્રીજી તલાક઼નો ઉલ્લેખ ન કર્યો[૬].''

★ હદીષ : (૧૦)-૩૨૮૩ ★

وَعَنْ رُكَانَةَ بْنِ عَبْدِ يَزِيدَ أَنَّهُ طَلَّقَ امْرَأَتَهُ سُهَيْمَةَ الْبَتَّةَ فَأَخْبَرَ بِذَلِكَ النَّبِيَّ صَلَّى اللهُ عَلَيْهِ وَسلم وَقَالَ: وَاللهِ مَا أردتُ إِلَّا وَاحِدَةً فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «وَاللَّهِ مَا أَرَدْتَ إِلَّا وَاحِدَةً؟» فَقَالَ ركانةُ: واللَّهِ مَا أردتُ إِلَّا وَاحِدَة فَرَدَّهَا إِلَيْهِ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَطَلَّقَهَا الثَّانِيَةَ فِي زَمَانِ عُمَرَ وَالثَّالِثَةَ فِي زَمَانِ عُثْمَانَ. رَوَاهُ أَبو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ إِلَّا أَنَّهُمْ لَمْ يَذْكُرُوا الثانية وَالثَّالِثَة

૧. આપ રુકાના ઈબ્ને અબ્દુલ યઝીદ ઈબ્ને હાશિમ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ છે. ક઼ર્શી છે. સહાબી છે. હિ.સ. ૪૨માં આપની વફાત થઈ.

૨. આપ સુહૈમા બિન્તે અમ્ર મુઝીના છે. હઝરત રુકાનાએ તેમને કહ્યું કે તને તલાક઼ે બત્તા છે જે નિકાહ ખત્મ કરી દે ન તલાક઼ મોઅલ્લકા થાય ન રજિઅહ. યાદ રાખશો કે તલાક઼ે બત્તામાં એક તલાક઼ બાઈના લાગુ પડે છે, પરંતુ જો પતિ ત્રણ તલાક઼ોની નિય્યત કરે તો ત્રણ તલાક઼ો જ લાગુ થશે. ઈમામ શાફઈને ત્યાં એક રજઈ લાગુ થશે, જો ત્રણની નિય્યત કરે તો ત્રણ લાગુ થશે. ઈમામ માલિકને ત્યાં એનાથી ત્રણ તલાક઼ લાગુ પડે છે, જેથી આ હદીષ ઈમામે આ'ઝમ તથા ઈમામ શાફઈના પ્રમાણે છે અને ઈમામ માલિકની વિરુદ્ધ છે. رضوان اللہ تعالیٰ علیہم اجمعین

૩. આ સવાલ જવાબોથી એ જ વાત જાણવા મળી જે હમણા અર્ઝ કરવામાં આવી કે તલાક઼ે બત્તા તલાક઼ે બાઈના

છે પરંતુ જો એમાં ત્રણ તલાક઼ની નિય્યત કરી લેવામાં આવે તો ત્રણ થશે, નહીં તો એક થશે. રુકાનાની હદીષની તેહક઼ીક઼ અમારી કિતાબ : طلاق الادلة فی حکم الطلاق الثلثه માં જુઓ.

૪. એ રીતે કે તેમને ફરીવાર નિકાહ કરવાની ઈજાઝત આપી દીધી, કેમ કે એનાથી એક તલાક઼ બાઈના લાગુ પડી હતી. ઈમામ શાફ઼ઈને ત્યાં એનો અર્થ છે નવેસરથી નિકાહ કર્યા વિના તેને રુકાનાની પત્ની ઠરાવી આપી. કેમ કે એનાથી રજઈ તલાક઼ લાગુ પડી હતી જેમાં ઈદ્દતની અંદર નિકાહ દોહરાવવાની જરૂરત નથી હોતી.

૫. એનાથી સાફ઼ જાણવા મળ્યું કે તલાક઼ બત્તા એક હોય છે, ન બે ન ત્રણ. કેમ કે હઝરત રુકાનાએ એના પછી બે તલાક઼ો અધિક આપી. અમુક રિવાયતોમાં છે કે રુકાનાએ પોતાની પત્નીને એકી સાથે ત્રણ તલાક઼ો આપી હતી જેમને રસૂલુલ્લાહ ﷺએ એક જ ઠરાવી, પણ તે હદીષ મુન્કિર છે, સહીહ એ છે જે અહીં વર્ણન પામ્યું કે તલાક઼ બત્તા આપી હતી, એટલે કે એક બાઈના તલાક઼. **ગૈર મુક઼લ્લિદ રુકાનાની હદીષને આડ બનાવીને કહે છે કે એક સાથે ત્રણ તલાક઼ો એક હોય છે : પણ તમને રુકાનાની હદીષની સ્થિતિની જાણ થઈ ગઈ.** *(મિર્ક઼ાત)*

૬. ઈબ્ને ઈસ્હાક઼ે ઈકરમાની રિવાયતથી અને ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે રુકાનાએ પોતાની પત્નીને એકી સાથે ત્રણ તલાક઼ો આપી, પછી ઘણા જ ગમગીન થયા. હુઝૂર ﷺને અર્ઝ કરવામાં આવ્યું. હુઝૂર ﷺએ એ ત્રણ તલાક઼ોને એક જ ઠરાવી. આ હદીષ મુન્કર (રાવી બરાબર ન હોય તે હદીષ) છે, સહીહ એ જ છે જે અબૂ દાઉદ, ઈબ્ને માજહએ રિવાયત કરી કે આપે તલાક઼ બત્તા આપી હતી. એટલે એક બાઈના તલાક઼ અને બે તલાક઼ો ફારૂક઼ી તથા ઉષ્માની યુગમાં આપી જે અહીં વર્ણન પામેલ છે.

★ ત્રણ ચીજો નિકાહ તલાક તથા રુજૂઅ ઈરાદાપૂર્વક કે મજાકથી હોય લાગુ થઈ જાય છે ★

★ હદીષ : (૧૧)-૩૨૮૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)	*"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફ઼રમાવ્યું કે **ત્રણ ચીજો તે છે જેનો ઈરાદો પણ ઈરાદો છે અને મજાક પણ ઈરાદો[૧] નિકાહ તથા તલાક઼ તથા રુજૂઅ[૨].** (તિર્મિઝી, અબૂ દાઉદ) અને તિર્મિઝીએ ફ઼રમાવ્યું, આ હદીષ હસન ગરીબ છે[૩]."*
وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " ثَلَاثٌ جَدُّهُنَّ جَدٌّ وَهَزْلُهُنَّ جَدٌّ: النِّكَاحُ وَالطَّلَاقُ وَالرَّجْعَةُ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيب	

૧. એટલે કે **ઈરાદાપૂર્વક બોલે તો પણ લાગુ થઈ જશે અને મજાકમાં ગમ્મત માટે કહે તો પણ અથવા આમ તેના મોઢેથી નીકળી જાય અથવા કોઈ અન્ય ભાષામાં બોલે જેનાથી તે વાકેફ઼ ન હોય, ગમે તેમ પણ આ શબ્દો તેના મોઢેથી નીકળી જાય તો એ ચીજો લાગુ થઈ જશે, એ શર્તે કે પાગલપણ કે ઊંઘમાં ન કહે, જાગૃતાવસ્થા તથા હોશમાં કહે.**

૨. આ ત્રણ ચીજોનું વર્ણન ફ઼કત વ્યવસ્થા પૂરતુ છે, નહીં તો સર્વ શરઈ તસર્રુફ઼ો (અધિકાર ક્ષેત્રો) જેમાં બીજાનો હક્ક઼ થઈ જતો હોય સૌને આ જ હુકમ છે, જેથી ખરીદવેચાણ, ભેટ, ભાડુ, તલાક઼, નિકાહ, તલાક઼ પરત લેવી એ જાણી જોઈને કરે કે તેના મોંથી અજાણતાં નીકળી જાય એટલે એ ક઼રાર (અક઼દ) નિશ્ચિત થઈ જશે. **મજાકમાં પુરૂષે સ્ત્રીને કહ્યું કે મેં તને તલાક઼ આપી દીધી અથવા તારાથી નિકાહ કર્યો અને સ્ત્રીએ પણ મજાકમાં ક઼બૂલના શબ્દો કહી આપ્યો, અથવા તલાક઼વાળી સ્ત્રીને ગમ્મતમાં કહ્યું કે મેં પરત લઈ લીધી (રજૂઅ કરી લીધું) અથવા હસી મઝાકમાં કહ્યું, મેં આ ઘર તારા હાથે વેચ્યું અથવા ભેટ કરી આપ્યું તો દુરુસ્ત**

થઈ ગયુ. જો આ હુકમ ન હોય તો શરીઅતના હુકમો બેકાર થઈને રહી જશે. દરેક શખ્સ સોદો અથવા ભેટ અથવા તલાક઼ કે નિકાહ કરીને કહી આપ્યા કરે કે હું તો મજાકમાં કહી રહ્યો હતો. આ હદીષ મામલાઓના અસ્લ ઉસૂલ છે જેના પર સેંકડો અહકામ સંપાદિત થયેલા છે. *(લમ્આત, તથા મિર્ક઼ાત)*

૩. એટલે કે આ હદીષ ઘણી બધી અસ્નાદોથી રિવાયત પામેલ છે. કેટલીક અસ્નાદોથી હસન છે અમુકથી ગરીબ. જેથી જે લોકોએ આ હદીષ ઝઈફ઼ કહી તેમણે ગલત કહ્યું, કેમ કે અમુક અસ્નાદોથી તો ઝઈફ઼ પણ ક઼વી (મજબૂત) થઈ જાય છે. એનું કિતાબુલ્લાહથી પણ સમર્થન થાય છે. રબ તઆલા ફર્માવે છે : لَا تَعْتَذِرُوْا قَدْ كَفَرْتُمْ بَعْدَ اِيْمَانِكُمْ (બહાનાં ન બનાવો તમે કાફિર થઈ ચૂક્યા મુસલમાન થઈને. સૂરએ તૌબા, ૯/૬૬) મુનાફિક઼ોએ હુઝૂર ﷺની શાનમાં બકવાસ બકી હતી, પૂછતાછ કરતાં બોલ્યા કે અમે તો મજાક કરતા હતા ! ફર્માવ્યું, બહાનાં ન બનાવો, તમે કાફિર થઈ ગયા ! જાણવા મળ્યું કે કુફ઼ તથા ઈસ્લામ જાણી જોઈને કે મજાકની રીતે દરેક રીતે સાબિત થઈ જાય છે અને એના પર શરઈ હુકમો લાગુ પડી જાય છે.

★ જબરદસ્તી તલાક઼નો મસ્અલો ★

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યાં કે, નથી તલાક઼ નથી આઝાદી મજબૂરીમાં[૧] (અબૂ દાઉદ, ઈબ્ને માજહ) કહેવામાં આવ્યું છે કે ઈગ્લાક઼નો અર્થ જબરદસ્તી છે[૨]."

★ હદીષ : (૧૨)-૩૨૮૫ ★

وَعَنْ عَائِشَةَ قَالَتْ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «لَا طَلَاقَ وَلَا عَتَاقَ فِي إِغْلَاقٍ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَه قيل: معنى الإغلاق: الْإِكْرَاه

૧. એટલે કે જો જબરદસ્તી કોઈનાથી તેની પત્નીને તલાક઼ અપાવી દેવામાં આવી તો તલાક઼ લાગુ ન થઈ, એ જ મઝહબ છે ઈમામ શાફ઼ઈ رضی اللہ عنہ તથા અહમદ رضی اللہ عنہ નો. આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં મજબૂરની તલાક઼ થઈ જાય છે. એમની દલીલ તે હદીષ છે જે ઈમામ મુહમ્મદે હઝરત સફ઼વાન ઈબ્ને ઉમર તાઈથી રિવાયત કરી કે મદીના પાકમાં એક સ્ત્રી પોતાના પતિથી સખત નફ઼રત કરતી હતી. એક દિવસે બપોરના પતિ સૂઈ રહ્યો હતો. તેણી છરી લઈને માથા પાસે ઉભી થઈ ગઈ અને બોલી કે મને ત્રણ તલાક઼ આપી દો નહીં તો હમણા ઝબહ કરી દઈશ ! તેણે ખૂબ જ બૂમરાણ કરી છેવટે ત્રણ તલાક઼ો આપી દીધી. પછી આ મસ્અલો બારગાહે રિસાલતમાં પેશ થયો. તો હુઝૂર ﷺએ ફર્માવ્યું : لَا قَيْلُوْلَةَ فِي الطَّلَاقِ ઈમામ શમની ફર્માવે છે કે આ હદીષ ઈમામ અક઼ીલે પણ પોતાની કિતાબમાં નક઼લ કરી. એનાથી જાણવા મળ્યું કે મજબૂરની તલાક઼ થઈ જાય છે, રહી એ હદીષ કે رفع عن امتی اخطاء والنسیان و ماستکرھوا علیہ એટલે કે મારી ઉમ્મતથી ખતા ભૂલ અને મજબૂરીની ચીજો ઉઠાવવામાં આવી. ત્યાં આખરી ગુનોહ મુરાદ છે કે એ ચીજો પર આખેરતમાં ગુનોહ ન થશે. દુનિયવી એહકામ જારી થવું મુરાદ નથી. **જો કોઈ કોઈકને જબરદસ્તી ક઼ત્લ કરી દે તો તેને ક઼ાતિલ માનવામાં આવશે.** અહીં અગ્લાક઼નો અર્થ ઈમામ સાહબની નજીક સખત ગુસ્સો છે જેનાથી માણસની બુદ્ધિ બંધ થઈ જાય. તો આવા હોશ ખોઈ બેઠેલા ગુસ્સાવાળાની તલાક઼ નથી થતી. જેથી આ હદીષ ઈમામ સાહબની વિરુદ્ધ નથી.

૨. એટલે કે અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે અગ્લાક઼નો અર્થ છે જબરદસ્તી. અમુકે ફર્માવ્યું, એનો અર્થ છે સખત ગુસ્સો જેનાથી બુદ્ધિ બહેર મારી જાય. અમુકે ફર્માવ્યું, પાગલપન. યાદ રાખશો કે ઈમામ શઅબી, નખઈ, સુફ઼યાન ષૌરીનો એ જ મઝહબ છે કે મજબૂરની તલાક઼ થઈ જાય છે. ઈમામ માલિક ફર્માવે છે કે નાહક્ક઼ જબરદસ્તીની

સ્થિતિમાં તલાક઼ લાગુ થશે નહીં, અને જો જરૂરતના કારણે જબરદસ્તી કરીને તલાક઼ લઈ લેવામાં આવે તો લાગુ થઈ જશે. જેમ કે જાલિમ પતિ જે પત્નીને ન યોગ્ય તરીક઼ાથી રાખે ન તલાક઼ આપે. એ જ ક઼ૌલ છે હઝરત અલી, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, શુરૈહ, ઉમર બિન અબ્દુલ અઝીઝનો. (મિર્ક઼ાત) આપણે ત્યાં પણ મજબૂરની ઝબાની તલાક઼ થશે. જો મજબૂરે કેવળ લેખિત તલાક આપી તો લાગુ ન થશે. (આલમગીરી) યાદ રાખશો કે દસ ચીજો મજબૂરીમાં જાઈઝ હોય છે : નિકાહ, તલાક઼, રુજૂઅ, ઈલા ફી, ઝેહાર, અતાક઼ એટલે ગુલામ આઝાદ કરવું, ક઼ેસાસથી માફી, ક઼સમ, નઝર. (શેઅર)

يصح مع الاكراه عتق ورجعة　　نكاح وايلاء طلاق مفارق

وفي ظهار واليمين و نذره　　وعفو لقتل شاب عنه مفارق

અગ્યારનો ઈસ્લામ, એટલે મજબૂરનો ઈસ્લામ દુરુસ્ત છે. (મિર્ક઼ાત તથા ફિક઼્હની કિતાબો)

★ પાગલ અને બુદ્ધિ ગુમાવી બેસનારની તલાક઼ નથી ★

★ હદીષ : (૧૩)-૩૨૮૬ ★
وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كُلُّ طَلَاقٍ جَائِزٌ إِلَّا طَلَاقَ الْمَعْتُوهِ وَالْمَغْلُوبِ عَلَى عَقْلِهِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيبٌ وَعَطَاءُ بْنُ عجلانَ الرَّاوي ضعيفٌ ذاهبُ الحَدِيث

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફ઼માવ્યું કે દરેક તલાક઼ જાઈઝ છે સિવાય પાગલ અને બુદ્ધિ ગુમાવી બેસનારની તલાક઼ના[૧]. (તિર્મિઝી) અને ફ઼માવ્યું, આ હદીષ ગરીબ છે, અને અતા ઈબ્ને અજલાન રાવી ઝઈફ઼, હદીષ ભૂલી જનાર છે[૨].''

★ નશાવાળાની તલાક પડી જશે ★

૧. લગભગ મગ્લૂબુલ અક઼્લ (બુદ્ધિ બહેર મારી જવું) મઅ્તૂહની તફ઼સીર છે. શક્ય છે મઅતૂહ તે જેની બુદ્ધિમાં કમી હોય અને મગ્લૂબુલ અક઼્લ બિલ્કુલ પાગલ, દીવાનો. હઝરત અલી, ઈમામ માલિક, ઈમામ શાફ઼ઈ, ઈમામ અવઝાઈ, સુફ઼યાન ષૌરી, ઈમામ અબૂ હનીફ઼ા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ફ઼માવે છે કે નશાવાળાની તલાક઼ લાગુ પડી જશે ભલે તે બુદ્ધિ ખોઈ બેઠો હોય, જ્યારે કે તેણે ગુનાહના તૌર પર નશો કર્યો એટલા માટે એના પર નમાઝો માફ઼ નથી થતી. બાળક, પાગલ, સૂઈ રહેલા બેહોશની તલાક઼ નથી થતી.

૨. આ હદીષના સમર્થનમાં ઘણી અધિક હદીષો બુખારી, ઈબ્ને અબી શયબા વગેરેમાં આવી છે. જો વિગતે જોવી હોય તો અહીં મિર્ક઼ાતનો અભ્યાસ કરો. જેથી ભલે આ હદીષ ઝઈફ઼ હોય પણ અન્ય હદીષોના સમર્થનથી ક઼વી (મજબૂત) છે.

★ હદીષ : (૧૪)-૩૨૮૭/(૧૫)-૩૨૮૮ ★
وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " رُفِعَ الْقَلَمُ عَنْ ثَلَاثَةٍ: عَنِ النَّائِمِ حَتَّى يَسْتَيْقِظَ وَعَنِ الصَّبِيِّ حَتَّى يَبْلُغَ وَعَنِ الْمَعْتُوهِ حَتَّى يعقل ". رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد [15]- 3288 وَرَوَاهُ الدَّارِمِيُّ عَنْ عَائِشَةَ وَابْنُ مَاجَهْ عَنْهُمَا

''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફ઼માવ્યું, ક઼લમ ઉઠાવી લેવામાં આવેલ છે ત્રણ શખ્સો પર[૧] સૂતેલો ત્યાં સુધી કે જાગી જાય, અને બાળકથી ત્યાં સુધી કે બાલિગ થઈ જાય અને પાગલથી ત્યાં સુધી કે બુદ્ધિવાળો થઈ જાય[૨].'' (તિર્મિઝી, અબૂ દાઊદ)

દારમી, હઝરત આઈશાથી અને ઈબ્ને માજહ એ બંનેવથી.

૧. એટલે કે તેમને સજા તથા જઝા નથી હોતી.

૨. હદીષનો હેતુ એ છે કે નાબાલિગ બાળક, સૂતેલો માણસ અને પાગલ મરફૂઉલ ક़લમ (તેમના ગુનાહ નથી લખવામાં આવતા) છે. તેમના પર શરઈ હુકમો લાગુ નથી, જેથી ભલે એ લોકો પોતાની પત્નીઓને તલાક઼ આપી દે તો પણ લાગુ થશે નહીં. એટલા માટે ફ઼રીહો ફર્માવે છે કે **બાળકની તલાક઼ લાગુ નથી થતી, એ જ પ્રમાણે ઊંઘમાં જો કોઇ તલાક઼ આપી દે અથવા પાગલપનમાં તો પણ તલાક઼ થશે નહીં.** આ હદીષ જામેઅ સગીર, અહમદ, અબૂ દાઉદ, નિસાઈ, હાકિમે વિવિધ સહાબાથી વિવિધ શબ્દોમાં નક઼લ કરી. બુખારીએ તઅલીક઼ન મૌક઼ૂફ઼ન્ હઝરત અલીથી રિવાયત કરી. સારાંશ કે હદીષ સહીહ છે. *(મિર્ક઼ાત)*

★ હદીષ : (૧૬)-૩૨૮૯ ★
وَعَنْ عَائِشَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «طَلَاقُ الْأَمَةِ تَطْلِيقَتَانِ وَعِدَّتُهَا حَيْضَتَانِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, લોંડીની તલાક઼ો બે છે અને તેની ઈદ્દત બે હૈઝ છે[૧]. " (તિર્મિઝી, અબૂ દાઉદ અને ઈબ્ને માજહ, દારમી)

★ લોંડીની બે તલાકો અને ઈદ્દત બે હૈઝ ★

૧. ચાહે લોંડી ગુલામના નિકાહમાં હોય અથવા આઝાદના, તેણી પર કેવળ બે જ તલાક઼ો પડી શકે છે. બેથી જ મુગલ્લઝા થઈ જશે, કે પછી હલાલા વિના તેના નિકાહમાં આવી શક્શે નહીં. તેમજ લોંડીની ઈદ્દત ત્રણ હૈઝને બદલે બેહૈઝ છે. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે તલાક઼ની ઈદ્દત હૈઝ છે ન કે તહર (પાકીનો ગાળો). એ જ હનફીઓ કહે છે અને ક઼ુર્આને કરીમમાં જે ثلاثة قروء ફર્માવવામાં આવ્યું ત્યાં قروء નો અર્થ તહર નથી બલ્કે હૈઝ છે. બીજુ એ કે ઈદ્દત તથા તલાક઼નો એતબાર સ્ત્રીથી છે ન કે પુરૂષથી. જેથી લોંડીની તલાક઼ો પણ બે છે અને ઈદ્દત પણ બે હૈઝ છે, તેનો પતિ ગુલામ હોય કે આઝાદ. એ જ અહનાફ઼નો ક઼ૌલ છે. ઈમામ શાફ઼ઈ તથા માલિક અને અહમદને ત્યાં તલાક઼નો એતબાર પુરૂષથી છે. યાદ રાખશો કે લોંડી મહીનાથી ઈદ્દત ગુજારે તો દોઢ મહીનો તલાકની ઈદ્દત થશે, કેમ કે આઝાદ સ્ત્રીની ઈદ્દતના મહીના ત્રણ છે અને લોંડીના અડધા. કેમ કે ત્રણ હૈઝનુ અડધુ નથી થઈ શકતુ, જેથી તેની ઈદ્દત ત્રણ હૈઝ છે. અમુક શાફ઼ઈઓ આ હદીષને ઝઈફ઼ કહે છે. તેમનો ક઼ૌલ છે કે તેની અસ્નાદમાં મુઝાહિર છે તેમના થકી આ હદીષ સિવાય કોઈ હદીષ નક઼લ થયેલ નથી. પણ એ ગલત છે. હઝરત મુઝાહિર બસરાવાસીઓના મશાઈખમાંથી છે. મુતક઼દ્દિમીન મુહદ્દિષોમાંથી કોઈએ એના પર જરહ (પકડ) નથી કરી. તેમજ આ હદીષ પર આમ ઉલમાનો અમલ રહ્યો. ઉલમાનો અમલ ઝઈફ઼ હદીષને ક઼વી (મજબૂત) કરી આપે છે. ઈમામ માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે કોઈ હદીષનું મદીના મુનવ્વરામાં મશહૂર થઈ જવું તેને સહીહ કરી દે છે. (મિર્ક઼ાત) અહીં આ હદીષના વિશે મિર્ક઼ાતે ઘણી ઉમદા ચર્ચા કરી છે. સારાંશ તલાક઼ તથા ઈદ્દતમાં સ્ત્રીનો લેહાઝ છે ન કે પુરૂષનો.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૧૭)-૩૨૯૦ ★
عَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الْمُنْتَزِعَاتُ وَالْمُخْتَلِعَاتُ هُنَّ الْمُنَافِقَاتُ» . رَوَاهُ النَّسَائِيّ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, પોતાને નિકાહથી કાઢવાવાળીઓ[૧] અને ખુલઅ કરનારીઓ મુનાફ઼िક઼ા છે[૨]. (નિસાઈ)

૧. એટલે કે પતિની નાફ઼ર્માન પત્નીઓ જે નાફ઼ર્માની કરીને પતિને તલાક઼ માટે મજબૂર કરે અને પોતાને નિકાહની કેદમાં ન રાખે.

૨. એટલે કે જે વિના કારણે ખુલઅ કરીને પતિથી તલાક઼ હાંસલ કરે તે જાહેરી રીતે પતિની આજ્ઞાંકિત જણાય છે પણ દિલમાં તેનાથી નફ઼રત કરનારી છે, એ જ નિફ઼ાક઼ છે. શક્ય ત્યાં સુધી નિભાવવાની કોશિશ કરવામાં આવે. અબૂ નુઐમે હિલ્યામાં હઝરત ઈબ્ને મસ્ઊદથી રિવાયત કરી કે બહાર ફરનારીઓ અને ખુલઅ કરાવનારીઓ મુનાફ઼िક઼ા છે.

★ હદીષ : (૧૮)-૩૨૯૧ ★	*"હઝરત નાફ઼ેઅથી રિવાયત છે. તે સફ઼िય્યા બિન્તે અબૂ ઓબૈદની મવલાતથી રાવી[૧] કે તેમણે પોતાની દરેક ચીજના બદલામાં પોતાના પતિથી ખુલઅ કરી[૨] તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરે તેનો ઈન્કાર ન કર્યો[૩]."* (માલિક)
وَعَنْ نَافِعٍ عَنْ مَوْلَاةٍ لِصَفِيَّةَ بِنْتِ أَبِي عُبَيْدٍ أَنَّهَا اخْتَلَعَتْ مِنْ زَوْجِهَا بِكُلِّ شَيْءٍ لَهَا فَلَمْ يُنْكِرْ ذَلِكَ عَبْدُ اللّٰهِ بْنُ عمر. رَوَاهُ مَالك	

૧. નાફ઼ેઅ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ના આઝાદ કરેલા ગુલામ છે અને સફ઼िય્યા બિન્તે અબી ઓબૈદ મુખ્તાર ઈબ્ને અબી ઓબેદ ષકફ઼ીનાં બહેન છે. તાબઈય્યા છે. અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ નાં પત્ની છે. હુઝૂર ﷺને જોયા પણ આપનાથી કોઈ હદીષ મરવી નથી. હઝરત આઈશા સિદ્દીક઼ા તથા હફ઼્સા رضی اللہ عنہا થી રિવાયતો કરે છે. (મિર્ક઼ાત, અશિઅ્હ)

૨. એટલે કે મવલાતે પોતાના પતિથી કહ્યું કે જે કાંઈ તેં મને મહેર વગેરે આપેલ છે અને જે કાંઈ મારી પાસે મારો માલ છે અને જે કાંઈ હક્કો ઈદ્દતના હોય છે, તે સૌના બદલામાં મને તલાક઼ આપી દે. સારાંશ કે દરેક પ્રકારનો માલ દરેક પ્રકારના હક્કોના બદલામાં તલાક઼ લીધી.

૩. એનાથી જાણવા મળ્યું કે જો સ્ત્રી મહેર વગેરેથી વધુ માલ પર ખુલઅમાં પતિને આપી દે તો જાઈઝ છે, જો કે મુસ્તહબ એ છે કે પતિ કેવળ પોતાનો આપેલો માલ જ ખુલઅમાં પરત લે, વધુ નહીં. જેમ કે અગાઉ આવી ગયું કે હુઝૂર ﷺએ ષાબિત ઈબ્ને ક઼ૈસની પત્નીથી કેવળ એ બાગ પરત કરાવ્યો જે ષાબિતે તેમને આપ્યો હતો. તેમનાં પત્નીનું નામ હબીબા બિન્તે સહલ અન્સારિયા છે. ઈસ્લામમાં પ્રથમ ખુલઅ આ જ થયો હતો.

★ એકી સાથે ત્રણ તલાકો આપવાથી ત્રણ જ લાગુ થશે ★

★ હદીષ : (૧૯)-૩૨૯૨ ★	*"મહમૂદ ઈબ્ને લબીદથી[૧] રિવાયત છે. ફ઼રમાવે છે, રસૂલુલ્લાહ ﷺને એ શખ્સના વિશે ખબર આપવામાં આવી જેણે પોતાની પત્નીને એકદમ ત્રણ તલાક઼ો આપી દીધી[૨]. તો આપ ગુસ્સામાં ઉભા થઈ ગયા[૩] પછી ફ઼રમાવ્યું, શું તે અલ્લાહ عزوجل ની કિતાબથી ખેલ કરે છે! જ્યારે કે હું તમારી વચ્ચે છું?![૪] ત્યાં સુધી કે એક શખ્સ ઉઠયો અને બોલ્યો, યા રસૂલલ્લાહ! ﷺ શું હું તેને ક઼ત્લ ન કરું?![૫]"* (નિસાઈ)
حَدِيث رِجَاله ثِقَات وَعَن مَحْمُود بن لبيد قل: أُخْبِرَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ رَجُلٍ طَلَّقَ امْرَأَتَهُ ثَلَاثَ تَطْلِيقَاتٍ جَمِيعًا فَقَامَ غَضْبَانَ ثُمَّ قَالَ: «أَيُلْعَبُ بِكِتَابِ اللَّهِ عَزَّ وَجَلَّ وَأَنَا بَيْنَ أَظْهُرِكُمْ؟» حَتَّى قَامَ رَجُلٌ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ أَلَا أَقْتُلُهُ؟ . رَوَاهُ النَّسَائِيّ	

૧. આપ અન્સારી અશહલી છે. અમુકે ફર્માવ્યું કે સહાબી છે. અમુકે ફર્માવ્યું કે તાબઈ છે. હિ.સ. ૯૬માં વફાત પામ્યા. શયખે ફર્માવ્યું કે ઈમામ બુખારીએ તેમને સહાબી કહ્યા છે. ઈમામ મુસ્લિમે તાબઈ કહ્યા : સહીહ ક઼ૌલ ઈમામ બુખારીનો છે. *(અશિઅ્હ)*

૨. એ રીતે કે એક જ મજલિસમાં એક સાથે ત્રણ તલાકો આપી દીધી. અથવા આ રીતે કહી આપ્યું, તને ત્રણ તલાક઼, અથવા એ રીતે કહ્યું કે તને તલાક઼, તલાક઼, તલાક઼ !

૩. કેમ કે આ રીતે તલાક઼ આપવી બિદઅત છે. જોઈએ એવું કે જો ત્રણ તલાક઼ો આપવી જ હોય તો દરેક પાકીના ગાળા (તહર)માં એક એક તલાક઼ આપે, ત્રણ તહરોમાં ત્રણ તલાક઼ો આપે. અને બેહતર એ છે કે કેવળ એક જ તલાક઼ આપે, ત્રણ આપે જ નહીં.

૪. એમાં અત્યંત ગુસ્સાનું પ્રદર્શન છે. એટલે કે ત્રણ તલાક઼ો એકદમ આપવી કિતાબુલ્લાહની મજાક ઉડાડવું છે. કેમ કે રબ તઆલા ફર્માવે છે : اَلطَّلَاقُ مَرَّتٰنِ (આ તલાક઼ બે વાર સુધી છે. સૂરએ બક઼રહ, ૨/૨૨૯) અને આ એકદમ તલાક઼ આપી રહ્યો છે. યાદ રાખશો કે ઈમામ અબૂ હનીફા, શાફઈ, અહમદ, માલિક અને જમહૂર ઉલમાની નજીક એક જ સમયે (એક સાથે) ત્રણ તલાક઼ોથી ત્રણ જ લાગુ પડે છે. પણ ઈબ્ને ઈસ્હાક઼ કહે છે કે એનાથી એક તલાક઼ પણ લાગુ નથી થતી. તાઉસ કહે છે કે એનાથી એક તલાક઼ થાય છે. જમ્હૂર (બહુમતી) ઉલમાની દલીલ કુર્આને કરીમની આ આયત છે : وَمَنْ يَّتَعَدَّ حُدُوْدَ اللّٰهِ فَقَدْ ظَلَمَ نَفْسَهٗ ؕ لَا تَدْرِىْ لَعَلَّ اللّٰهَ يُحْدِثُ بَعْدَ ذٰلِكَ اَمْرًا (જે અલ્લાહની હદોથી આગળ વધ્યો બેશક ! તેણે પોતાની જાન પર જુલ્મ કર્યો. તમને નથી ખબર કદાચ અલ્લાહ એના બાદ કોઈ નવો હુકમ મોકલે. સૂરએ તલાક઼, ૬૫/૧) જુઓ કુર્આને કરીમે તલાક઼ ભેગી કરવાને જુલ્મ ઠરાવ્યો અને શરમનો સબબ, પણ તલાક઼ લાગુ થવાનુ માની લીધુ. તેમજ ઘણી હદીષો છે જેનાથી માલૂમ પડે છે કે એકદમ ત્રણ તલાક઼ો આપવાથી ત્રણ જ લાગુ પડે છે. હમણા આવી ગયું કે અબૂ રુકાનાથી હુઝૂર ﷺએ ક઼સમ લીધી કે શું તમે એક જ તલાક઼ની નિય્યત કરી હતી ? એની સંપૂર્ણ તથા ઉમદા તેહક઼ીક઼ અમારી કિતાબ "તલાકુલ અદિલ્લા"માં જુઓ.

★ હુઝૂર ﷺને દુઃખ પહોંચાડવું અને પહોંચી જવામાં ફ઼રક ★

૫. કદાચ આ સાહબ ક઼ત્લની ઈજાઝત માગનાર હઝરત ઉમર رضی اللہ عنہ હશે. આપ رضی اللہ عنہ એ વિચાર્યું હશે કે કિતાબુલ્લાહથી ખેલવું (મજાક ઉડાડવી) અને હુઝૂર ﷺને તકલીફ પહોચાડવું કુફ઼ છે, અને મુસલમાનનું કુફ઼ ઈર્તેદાદ (દીનથી ફરી જવું) છે અને મુર્તદની સજા ક઼ત્લ છે. પણ તેમને ક઼ત્લ કરવાની ઈજાઝત ન આપવામાં આવી, કેમ કે હુઝૂરને દુઃખ પહોંચાડવું અને આપને રંજમય કરવાના હેતુથી કોઈ કામ કરવું તો કુફ઼ છે, પણ કોઈના કાંઈક કામથી હુઝૂર ﷺને દુઃખ પહોંચી જવું કુફ઼ નથી. દુઃખ પહોંચાડવા અને પહોંચી જવામાં મોટો ફ઼રક છે. મુસલમાનના ગુનાહથી હુઝૂર ﷺને સદમો પહોંચે છે : عَزِيْزٌ عَلَيْهِ مَا عَنِتُّمْ (તે રસૂલ જેમના પર તમારું તકલીફમાં પડવું ભારે છે. સૂરએ તૌબા, ૯/૧૨૮) પણ ગુનોહ કુફ઼ નથી હોતો. એ શખ્સે એ કામ નાદાનીથી કર્યું હતું, ન કે હુઝૂર ﷺને સદમો પહોંચાડવા માટે. એનાથી જાણવા મળ્યું કે ત્રણ તલાક઼ો એકદમ આપી દેવી બુરુ છે, પરંતુ તેનાથી ત્રણ તલાક઼ો લાગુ પડી જાય છે. એકદમ ત્રણ તલાક઼ો આપવી એટલા માટે પણ બુરુ છે કે એમાં પછી બીજીવાર રુજૂઅ (પરત) કરવાનો મોક઼ો નથી મળતો અને પછી પતિ પસ્તાય છે. (આવુ ખૂબ થાય છે કે એક ઝટકે ત્રણ તલાકો આપી દીધા પછી રસ્તા શોધવા માંડે છે !)

★ કોઈએ સો તલાકો આપી દીધી તો ? ★

★ હદીષ : (૨૦)-૩૨૯૩ ★	*''હઝરત માલિક رضی اللہ عنہ થી રિવાયત છે. તેમને ખબર પહોંચી છે કે કોઈ શખ્સે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી કહ્યું કે મેં મારી પત્નીને સો તલાક઼ો આપી દીધી, આપ મારા પર શું ફત્વો આપો છો ? તો હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે તે ત્રણ તલાક઼ોથી તારાથી મુતલ્લક઼ (છૂટી) થઈ ગઈ, અને ૯૭ તલાક઼ો થકી તેં અલ્લાહની આયતોનો મજાક ઉડાવી લીધો[૧].'' (મોઅત્તા)*
وَعَن مَالك بلغه رَجُلًا قَالَ لِعَبْدِ اللَّهِ بْنِ عَبَّاسٍ: إِنِّي طَلَّقْتُ امْرَأَتِي مِائَةَ تَطْلِيقَةٍ فَمَاذَا تَرَى عَلَيَّ؟ فَقَالَ ابْن عَبَّاس: طلقت مِنْك ثَلَاث وَسَبْعٌ وَتِسْعُونَ اتَّخَذْتَ بِهَا آيَاتِ اللَّهِ هُزُوًا. رَوَاهُ فِي الْمُوَطَّأ	

૧. આ હદીષથી જાણવા મળ્યું કે એકદમ ત્રણ તલાક઼ો ત્રણ જ લાગુ થશે, અને જો કોઈ શખ્સ હજાર કે લાખ તલાક઼ો આપી દે તો ત્રણ તો લાગુ પડી જશે બાકીની બેકાર થઈ જશે. આ જ ઉમ્મતના ઉલમાનો ક઼ૌલ છે. એના પર સર્વ ઈમામો સહમત છે. એ જ મુસ્લિમ શરીફમાં છે કે, ''હુઝૂર ﷺના પવિત્ર જમાનામાં તેમજ સિદ્દીક઼ે અકબર رضی اللہ عنہ ના જમાનામાં અને ફારૂક઼ી ખિલાફતના શરૂમાં એકદમ ત્રણ તલાક઼ો એક માનવામાં આવતી હતી પછી ફારૂક઼ે આ'ઝમ رضی اللہ عنہ એ તેમને ત્રણ તલાક઼ ઠરાવી.'' ત્યાં તો એ મુરાદ છે કે કોઈ શખ્સ ત્રણ તલાક઼ આ રીતે આપતો કે તને તલાક઼ છે, તલાક઼, તલાક઼. બીજી બે તલાક઼ો વડે પહેલા તલાક઼નું સમર્થન કરતો હતો. અને કોઈ શખ્સ પોતાની ગૈર મદખૂલા (જેની સાથે હજી સંભોગ નથી કર્યો તે) પત્ની જેનાથી કેવળ નિકાહ થયો હોય, વિદાયગીરી ન થઈ હોય, તેને કહે કે તને તલાક઼ છે, તને તલાક઼ છે, તને તલાક઼ છે, તો એનાથી કેવળ પહેલી જ લાગુ થશે, બીજી બે તલાક઼ો લાગુ ન થશે. કેમ કે ગૈર મુદખૂલા સ્ત્રી પર ઈદ્દત હશે નહીં, તેણી પ્રથમ તલાક઼થી જ નિકાહથી તદ્દન બહાર થઈ ગઈ. ફારૂક઼ી યુગમાં સંજોગો બદલાય ચૂક્યા હતા. લોકો પોતાની મદખૂલા (સોહબત પામેલી)ને જેની સાથે ખલ્વત કરી (એકાંતમાં રહી) ચૂક્યો હોય તેને ત્રણ તલાક઼ો એકદમ આપે તો ત્રણ જ લાગુ પડશે. આ જગાએ મિર્ક઼ાતે તેના વિશે લગભગ પંદર વીસ હદીષો નક઼લ કરી કે ત્રણ તલાક઼ો ત્રણ જ લાગુ પડશે, અને એના વિરુદ્ધ વિવિધ જવાબો આપ્યા. તેમજ મેં મારી કિતાબ ''તલાકુલ અદિલ્લા ફી અહકામિત્તલાક઼ે ષલાષા''માં એની ઘણી જ તેહક઼ીક઼ કરી છે, ત્યાં વાંચી લેશો. સારાંશ એ જ હક્ક઼ છે કે ત્રણ તલાક઼ો ત્રણ જ થશે.

★ હદીષ : (૨૧)-૩૨૯૪ ★	*''હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે મઆઝ ! અલ્લાહ તઆલાએ પૃથ્વીના પર કોઈ ચીજ આઝાદ કરવાથી અધિક તથા મહબૂબ ન ફર્માવી[૧] અને અલ્લાહ તઆલાએ પૃથ્વીના પટમાં કોઈ ચીજ તલાક઼થી વધુ નાપસંદ પેદા નથી કરી[૨].'' (દારકુત્ની)*
وَعَنْ مُعَاذِ بْنِ جَبَلٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا مُعَاذُ مَا خَلَقَ اللَّهُ شَيْئًا عَلَى وَجْهِ الْأَرْضِ أَحَبَّ إِلَيْهِ مِنَ الْعَتَاقِ وَلَا خَلَقَ اللَّهُ شَيْئًا عَلَى وَجْهِ الْأَرْضِ أَبْغَضَ إِلَيْهِ مِنَ الطَّلَاقِ» . رَوَاهُ الدَّارَقُطْنِيّ	

૧. એટલે ગુલામને આઝાદ કરવું મુસ્તહબ છે, પણ અન્ય મુસ્તહબો કરતાં અફઝલ તથા આ'લા છે, કેમ કે એનાથી એક જાનને ગુલામીથી છૂટકારો અપાવવું છે. તેને જાનવરોની હદથી કાઢીને ઈન્સાનની હદોમાં દાખલ કરવું છે.

★ કેટલીક વાર તલાક઼ આપવી મુસ્તહબ કે વાજિબ પણ હોય છે ★

૨. એટલે કે વિના જરૂરતે તલાક઼ આપવી જો કે જાઈઝ છે પણ રબ તઆલાને નાપસંદ છે, નહીં તો ક્યારેક તલાક઼ આપવી મુસ્તહબ તથા જાઈઝ પણ હોય છે. જેમ કે ફાસિક઼ા ફાજિરા રબની નાશુક્રી પત્નીને તલાક઼ આપી દેવી બેહતર છે. હઝરત અબૂ હફ્સ બુખારી ફર્માવે છે કે કાલે કયામતમાં જો હું રબ તઆલાને એ હાલમાં મળું કે મારી તલાક઼ પામેલી પત્નીનું મહેર મારા ગળામાં લટકેલુ હોય, એનાથી બેહતર છે કે બેનમાઝી પત્ની મારા નિકાહમાં રહે. એનાથી જાણવા મળ્યું કે **નિકાહ કરવો અન્ય દુનિયવી કારોબાર બલ્કે નફલી ઈબાદતથી અફઝલ છે.** એ જ અહનાફનો મઝહબ છે. (મિર્ક઼ાત) જેથી આ હદીષ પર એ વાંધો નથી કે જો તલાક઼ રબ તઆલાને ખૂબ જ નાપસંદ છે તો હઝરત ઈબ્રાહીમ عليه السلام એ હઝરત ઈસ્માઈલ عليه السلام નાં પત્નીને તલાક઼ શા માટે અપાવી હતી ? અથવા હુઝૂર ﷺ એ બીબી સૌદાને તલાક઼ આપવાનો ઈરાદો શા માટે કર્યો હતો. અથવા ઈમામ હસન رضي الله عنه એ ઘણા બધા નિકાહ શા માટે કર્યા અને બહુ જ તલાક઼ો શા માટે આપી ? કેમ કે તલાક઼ રબ તઆલાને નાપસંદ પણ છે અને પસંદ પણ.

બાબુલ મુતલક્ક઼ા ષલાષા باب المطلقة ثلاثا

(ત્રણ તલાક઼ આપેલી સ્ત્રીનું વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. એટલે આ પ્રકરણમાં ત્રણ તલાક઼ોવાળી સ્ત્રીનું વર્ણન છે કે તેણી હલાલા વિના પ્રથમ પતિ માટે હલાલ નથી. અને હલાલામાં બીજા પતિ સાથે નિકાહ પણ જરૂરી છે અને સોહબત પણ અનિવાર્ય છે. બેહતર હતું કે મિશ્કાતના કર્તા પ્રકરણમાં ઈલા તથા ઝેહારનું વર્ણન પણ કરતા, કેમ કે આ પ્રકરણમાં તેના વિશે હદીષો પણ આવી રહી છે.

★ હદીષ : (૧)-૩૨૯૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ عَائِشَةَ قَالَتْ: جَاءَتِ امْرَأَةُ رِفَاعَةَ الْقُرَظِيِّ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَتْ: إِنِّي كُنْتُ عِنْدَ رِفَاعَةَ فَطَلَّقَنِي فَبَتَّ طَلَاقِي فَتَزَوَّجْتُ بَعْدَهُ عَبْدَ الرَّحْمَنِ بْنَ الزُّبَيْرِ وَمَا مَعَهُ إِلَّا مِثْلُ هُدْبَةِ الثَّوْبِ فَقَالَ: «أَتُرِيدِينَ أَنْ تَرْجِعِي إِلَى رِفَاعَةَ؟» قَالَتْ: نَعَمْ قَالَ: «لَا حَتَّى تَذُوقِي عُسَيْلَتَهُ وَيَذُوقَ عُسَيْلَتَكِ»

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રિફાઅા ક઼ર્ઝી[૧]ની પત્ની હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થયાં. અર્ઝ કરી કે હું રિફાઅાની પાસે હતી અને તેમણે મને તલાક઼ આપી તો તલાક઼ કટ કરી આપી[૨]. પછી એમના બાદ મેં અબ્દુર્રહમાન ઈબ્ને ઝુબેરથી નિકાહ કરી લીધો. તેમની પાસે નથી પણ કપડાંના પલ્લુ (ખુણા) સિવાય. તો ફર્માવ્યું[૩] કે શું તમે રિફાઅા તરફ પરત ફરવા ચાહો છો ? બોલ્યાં, હા ![૪] ફર્માવ્યું, નહીં ! ત્યાં સુધી કે તમે તેની લિજ્જત ચાખી લો અને તે તમારી લિજ્જત ચાખી લે[૫]. '' (મુસ્લિમ, બુખારી)[૬]

૧. આપનું નામ રિફાઅા ઈબ્ને સમ્વાલ છે. કુર્તબી છે. એટલે કે યહૂદીના કબીલા બની કુરેઝાથી છે. નબી ﷺનાં પાક બીવી, બીબી સફિય્યાના મામા છે. (અકમાલ)

૨. એ રીતે કે મને ત્રણ તલાક઼ો આપી દીધી જેના કારણે નિકાહ તદ્દન જ ખત્મ થઈ ગયો.

૩. એટલે કે અબ્દુર્રઝ્ઝાકનું ગુપ્તાંગ તો બરાબર છે પણ કમજોરીના કારણે તે સંભોગને પાત્ર નથી એટલે કે તે નામર્દ છે. યાદ રાખશો કે ખસ્સી તે જેના ખસીયા (અંડકોશ) ન હોય. મજબૂબ ! જેનુ ગુપ્તાંગ કટ થયેલુ હોય. અને એ્નૈન તે જેનાં એ ત્રણે અંગો તો હોય પણ શિશ્નમાં સખ્તી ન હોય જેના લીધે તે સંભોગને પાત્ર ન હોય. અહીં ત્રીજી સ્થિતિ હતી જેને બીબીએ આ પ્રમાણે વર્ણવી. એનાથી જાણવા મળ્યું કે મસ્અલો પૂછવા અથવા ન્યાય મેળવવા માટે આલિમ કે હાકિમની સામે સાફ સાફ વાત કહી શકાય છે. તેને બેહયાઈ કહેવામાં આવશે ન ગીબત. એટલા માટે હુઝૂર ﷺએ આ બયાન પર બરુભલુ નથી કહ્યું.

★ હલાલામાં બીજો પતિ જ્યાં સુધી સંભોગ ન કરે પહેલા માટે જાઈઝ ન થશે ★

૪. એ બીબી સમજ્યાં કે હલાલા માટે કેવળ બીજા પુરૂષની સાથે નિકાહ જ પૂરતા છે. રબ તઆલા ફર્માવે છે : حَتّٰى تَنْكِحَ زَوْجًا غَيْرَهٗ (જ્યાં સુધી બીજા પતિની પાસે ન રહે. સૂરએ બક઼રહ, ૨/૨૩૦) મારો બીજો નિકાહ તો થઈ ચૂક્યો, કદાચ હું અહીં તલાક઼ લઈને રિફાઅા માટે હલાલ થઈ જઈશ.

★ હલાલામાં હલાલ થવા માટે જરૂરી મસાઈલ ★

૫. عسيلهની તસ્ગીર છે. ઉસૈલ મધને કહે છે, પછી દરેક લિજ્જતને કહેવા લાગ્યા. મક઼સદ એ છે કે તમારા બયાન પ્રમાણે અબ્દુર્રહમાન તમારાથી સોહબત ન કરી શકે અને હલાલામાં બીજા પતિનું સોહબત (સંભોગ) કરવું શર્ત છે, જેથી હજી તમે રિફ઼આ માટે હલાલ નથી થયાં. અમુક ઉલમાએ કુર્આનની આયતથી પણ સોહબતનું શર્ત હોવું સાબિત કર્યું છે. તેઓ ફર્માવે છે કે تنكح નો અર્થ છે تجامع તજામોઅ. જેથી અર્થ એ થશે કે **ત્રણ તલાક઼વાળી સ્ત્રી પ્રથમ પતિને હલાલ નથી ત્યાં સુધી કે તે બીજા પતિથી સોહબત કરે.** પણ હક્ક઼ એ છે કે આયતમાં تنكح નિકાહના અર્થમાં છે, અને સોહબતનું શર્ત હોવું આ હદીષથી સાબિત છે. عسيله તસ્ગીર ફર્માવીને એ બતાવ્યું કે **પૂરી સોહબત કરવી શર્ત નથી, વિર્ય સ્ખલન જરૂરી નથી, કેવળ ગુપ્તાંગનો ગોળ ભાગ પ્રવેશવો પૂરતો છે જેનાથી ગુસ્લ ફર્ઝ થઈ જાય છે.** આના પરથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે નાબાલિગ બાળક સાથે સોહબત હલાલા માટે પૂરતી નથી, હા ! મરાહિક઼ એટલે બાલિગની નજીક પહોંચેલાની સોહબત પૂરતી છે. બીજુ એ કે ઘણી જ નાની છોકરીને ત્રણ તલાક઼ આપવામાં આવી તો તેનો બીજા નિકાહ અને સોહબત હલાલા માટે પૂરતાં નથી, કે પ્રથમ સ્થિતિમાં પતિ લિજ્જત નથી ચાખતો, બીજી સ્થિતમાં સ્ત્રી. ત્રીજુ એ કે લોંડી સાથે માલિકની સોહબત હલાલા માટે પૂરતી નથી, કેમ કે માલિક પતિ નથી. ચોથુ એ કે પાગલ સ્ત્રી અથવા બેહોશ અથવા ઊંઘી રહેલ સ્ત્રીથી સોહબત હલાલા માટે પૂરતી છે કે આ સોહબત લિજ્જતના પાત્ર હતી. ભલે સ્ત્રીએ તે સ્થિતિઓ બેહોશી, ઊંઘના કારણે ચાખી નથી. આ જ આમ ઉલમાનો મઝહબ છે. પાંચમું એ કે વતી બિશ્શુબ્હા (પોતાની નિકાહવાળી સમજીને ગૈરથી સંભોગ કરવામાં આવે તે), વ્યભિચાર, મિલ્કે અ્યન (સ્વમાલિકીની લોંડી સાથે)ની સોહબતથી હલાલો દુરુસ્ત નથી. આ સોહબત વગેરેની શર્તો એટલા માટે છે કે લોકો ત્રણ તલાક઼ પર દિલેર ન બની જાય, કેમ કે બીજો પતિ સોહબત પછી મુશ્કેલીથી જ તલાક઼ આપશે. *(મિર્ક઼ાત વગેરે)*

૬. બુખારીની એક રિવાયતમાં આ પ્રમાણે છે કે અબ્દુર્રહમાને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! એ જૂઠી છે, તેને ચામડાની જેમ છોલુ છું. તો ફર્માવ્યું, જો તેણી સાચી પણ હોય તો પણ પોતાના ક઼ૌલથી રિફ઼આ માટે હલાલ નથી.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હુઝૂર ﷺએ હલાલો કરનાર અને જેના માટે કરવામાં આવે બંને પર લા'નત કરી ★

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ લા'નત ફર્માવી હલાલો કરવાવાળા પર અને જેના માટે હલાલો કરવામાં આવ્યો ?" (દારમી)

★ હદીષ : (૨)-૩૨૯૬ ★

عَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَسْعُودٍ قَالَ: لَعَنَ رسولُ اللهِ المحلّلَ والمُحلَّلَ لَهُ. رَوَاهُ الدَّارِمِيّ

૧. محللથી મુરાદ બીજો પતિ છે અને محلل لهથી મુરાદ પહેલો પતિ છે જેણે ત્રણ તલાક઼ો આપી. જો હલાલો મૃત્આ અથવા ટેમ્પરરી જોડા દિવસ માટે કરવામાં આવ્યો તો હલાલો દુરુસ્ત જ ન થયો, કેમ કે એ નિકાહ જ બાતિલ છે. હલાલામાં સહીહ નિકાહ જરૂરી છે. અને **જો નિકાહ દુરુસ્ત કરવામાં આવ્યા પણ ઈરાદો હલાલાનો હતો તો હલાલો થઈ જશે,** પણ બંને પતિ બેહયા છે, એટલા માટે લઅનત કરી. જો હલાલો દુરુસ્ત જ ન થાત તો તે પતિઓને હલાલો કરનાર (મુહિસ્લલ) અને જેની પત્નીનો હલાલો કરાવે તે પતિ (મુહિલ્લલહુ) શા માટે કહેવામાં આવતા ? અમુક હદીષોમાં એ છે કે હલાલો કરનાર ઉછીના બકરા જેમ છે. ઉલમા ફર્માવે છે કે અમુક સખત

જરૂરતોમાં હલાલો કરવો બેહતર પણ થઈ જાય છે. અહીં વિના જરૂરતે હલાલાવાળાઓ પર લઅનત કરવામાં આવી છે અથવા લઅનત ત્યારે છે જ્યારે કે મજૂરી (વળતર) આપી હલાલો કરાવવામાં આવે. ફત્હુલ ક઼દીરમાં છે કે જો ત્રણ તલાક઼વાળી સ્ત્રી વલીની ઈજાઝત વિના ગૈર કફૂમાં નિકાહ કરે તો હલાલો દુરુસ્ત ન થશે, કેમ કે દરેક મઝહબ મુફ્તાબિહીમાં આ નિકાહ દુરુસ્ત જ નથી. ગૈર કુફૂથી નિકાહમાં વલીની ઈજાઝત શર્ત છે. *(મિર્ક઼ાત)*

★ હદીષ : (૩)-૩૨૯૭ ★	*''અને ઈબ્ને માજહ હઝરત અલી તથા ઈબ્ને અબ્બાસ અને ઉક઼્બા ઈબ્ને આમિરથી[૧].''*
وَرَوَاهُ ابْنُ مَاجَهْ عَنْ عَلِيٍّ وَابْنِ عَبَّاسٍ وَعقبَة بن عَامر	

૧. આ હદીષ ઘણી અસ્નાદોથી ઘણી કિતાબોમાં નકલ થયેલ છે. એને તિર્મિઝીએ હસન સહીહ કહી. *(મિર્ક઼ાત)*

★ હદીષ : (૪)-૩૨૯૮ ★	*''હઝરત સુલેમાન ઈબ્ને યસારથી[૧] ફર્માવે છે કે મેં કેટલાક અન્ય દસ સહાબીઓને પામ્યા. તે તમામ ફર્માવતા હતા કે ઠરાવવામાં આવે ઈલા કરનાર[૨].'' (શરહુસ્સુન્નહ)*
وَعَنْ سُلَيْمَانَ بْنِ يَسَارٍ قَالَ: أَدْرَكْتُ بِضْعَةَ عَشَرَ مِنْ أَصْحَابِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كُلُّهُمْ يَقُولُ: يُوقَفُ الْمُؤْلِي. رَوَاهُ فِي شرح السّنة	

૧. આપની કુન્નિયત અબૂ ઐયૂબ છે. અતા ઈબ્ને યસારના ભાઈ છે. ઉમ્મુલ મો'મિનીન મૈમૂના رضی اللہ عنہا ના આઝાદ કરેલા ગુલામ તાબઈ છે. ઘણા જ ફક઼ીહ, મુહદ્દિષ, ઝાહિદ મુત્તક઼ી છે, મદીનાવાસીઓની સાઈઠ ફક઼ીહોમાંથી છે. ૭૩ વરસની ઉમર પામ્યા હિ.સ. ૧૦૭માં વફાત પામ્યા. رضی اللہ عنہا *(અકમાલ)*

★ ઈલાનો મસ્અલો ★

૨. પતિનું કસમ ખાય લેવું કે હું મારી પત્ની સાથે ચાર મહીના સુધી સંભોગ કરીશ નહીં એ ઈલા છે, અને ક઼સમ ખાનાર પતિ મૌલા છે. ઈલાનો હુકમ આપણે ત્યાં એ છે કે જો પતિ એ મુદ્દતમાં ક઼સમ તોડી નાખે અને રુજૂઅ કરે તો તેના પર ક઼સમનો કફ્ફારો વાજિબ છે, નહીં તો ચાર મહીના પસાર થવા પર એક બાઈના તલાક઼ લાગુ પડી જશે. હદીષનો અર્થ આપણી નજીક એ છે, ઈલા કરનારનો મામલો મૌક઼ૂફ રાખવામાં આવે. ચાર મહીના સુધી તલાક઼નો હુકમ ન આપવામાં આવે. જો આ મુદ્દતમાં રુજૂઅ કરી લીધુ તો ઠીક, નહીં તો એ મુદ્દત ગુજરવા પર તલાક઼ લાગુ થઈ જશે. એ જ ક઼ૌલ છે હઝરત ઉષ્માન, અલી, અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર તથા અન્ય સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો. અમુક ઉલમા ફર્માવે છે કે ચાર મહીના પસાર થઈ જવા પર તલાક઼ લાગુ ન થશે બલ્કે હવે તેને હાકિમ રુજૂઅ કરવા પર મજબૂર કરશે. જો રુજૂઅ ન કરે તો નિકાહ તોડવાનો હુકમ આપશે. તેમને ત્યાં હદીષનો અર્થ એ છે કે ઈદ્દત ગુજરવા પર હાકિમ મૌલાનો મામલો મૌક઼ૂફ રાખે. પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો ક઼ૌલ ખૂબ જ ક઼વી છે. કુર્આની આયતથી તેનું સમર્થન થાય છે. એની ઉમદા તેહક઼ીક઼ અહીં મિર્ક઼ાતમાં જુઓ.

★ હદીષ : (૫)-૩૨૯૯ ★	*''અબૂ સલમાથી રિવાયત છે કે હઝરત સલ્માન ઈબ્ને સખ્ર જેમને સલમા ઈબ્ને સખ્ર બયાઝી કહેવામાં*
وَعَن أبي سلمةَ: أَنَّ سَلْمَانَ بْنَ صَخْرٍ وَيُقَالُ لَهُ:	

سَلَمَةُ بْنُ صَخْرٍ الْبَيَاضِيُّ جَعَلَ امْرَأَتَهُ عَلَيْهِ كَظَهْرِ أُمِّهِ حَتَّى يَمْضِيَ رَمَضَانُ فَلَمَّا مَضَى نِصْفٌ مِنْ رَمَضَانَ وَقَعَ عَلَيْهَا لَيْلًا فَأَتَى رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرَ لَهُ فَقَالَ لَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَعْتِقْ رَقَبَةً» قَالَ: لَا أَجِدُهَا قَالَ: «فَصُمْ شَهْرَيْنِ مُتَتَابِعَيْنِ» قَالَ: لَا أَسْتَطِيعُ قَالَ: «أَطْعِمْ سِتِّينَ مِسْكِينًا» قَالَ: لَا أَجِدُ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِفَرْوَةَ بْنِ عَمْرٍو: «أَعْطِهِ ذَلِكَ الْعَرَقَ» وَهُوَ مِكْتَلٌ يَأْخُذُ خَمْسَةَ عَشَرَ صَاعًا أَوْ سِتَّةَ عَشَرَ صَاعا «لِيُطعِمَ سِتِّينَ مِسْكينا» . رَوَاهُ التِّرْمِذِيّ

આવે છે[૯] તેમણે પોતાની પત્નીને માની પીઠની જેમ કરી લીધા[૨] ત્યાં સુધી કે રમઝાન ગુજરી ગયો. પછી જ્યારે અડધો રમઝાન ગુજર્યો તો એક રાતે તેમની સાથે સોહબત કરી લીધી[૩] પછી રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયા, તેનો ઉલ્લેખ હુઝૂરને કર્યો. તેમને હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું, ગુલામ આઝાદ કરે[૪]. અર્ઝ કરી, હું ગુલામ ધરાવતો નથી[૫] ફર્માવ્યું, સતત બે મહીનાના રોઝા રાખો[૬] અર્ઝ કરી, મારામાં શક્તિ નથી. ફર્માવ્યું[૭] સાઈઠ મિસ્કીનોને ખાવા આપો[૮]. અર્ઝ કરી, છે નથી. ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફરવત ઈબ્ને અમ્રને ફર્માવ્યું[૯] કે તેમને એ ટોપલી આપી દો. એ મોટી ઝંબીલ છે જેમાં પંદર કે સોળ સાઅ સમાય છે જેથી તે સાઈઠ મિસ્કીનોને ખવડાવી આપે[૧૦]. (તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ, દારમી)

૧. અબૂ સલમા رضی اللہ عنہ તાબઈનમાંથી છે. ૭૨ વરસની ઉમર પામ્યા. હિ.સ. ૯૭માં વફાત થઈ. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما તથા અબૂ હુરૈરહ તથા ઈબ્ને અમ્ર વગેરેથી મુલાકાત કરી છે. અબૂ અસ્ખાનું નામ સુલેમાન, બયાઝ ઈબ્ને આમિરની ઔલાદથી છે, સહાબી છે. ખૌફે ખુદામાં ખૂબ જ ગિર્યાઓ ઝારી કરતા હતા.

★ ઝેહારનો મસ્અલો અને કફ્ફારો ★

૨. એટલે કે તેમણે પોતાની પત્નીથી ઝેહાર કરી લીધો. એટલે એવું કહ્યું કે તું મારા પર રમઝાન પસાર થવા પર મારી માની પીઠની જેમ છે, એટલે હરામ છે. **ઝેહારનો અર્થ છે, પોતાની પત્નીને પોતાની મા બહેન વગેરે કાયમી મેહરમોના કોઇ અંગ, જાંગથી સરખામણી આપવી.** ઝેહરથી બન્યું પીઠના અર્થમાં. એમાં બે શર્તો છે : એક સ્ત્રીનું પોતાની પત્ની હોવું, જેથી લોંડીથી ઝેહાર નથી. બીજુ એ કે પતિનું કફ્ફારાવાળામાંથી હોવું, જેથી બાળક, પાગલનો ઝેહાર દુરુસ્ત નથી. ઝેહારનો હુકમ આ પ્રમાણે છે, કફ્ફારો અદા થતા સુધી પત્ની હરામ રહે છે.

૩. એટલે કસમ તોડી નાખી, જો એ હઝરત માહે રમઝાન પસાર થઈ જવા દે તો કફ્ફારો વાજિબ ન થતો કે વક઼્તી ઝેહારનો આ જ હુકમ છે. કાયમી ઝેહારમાં જ્યારે પણ સોહબત કરે ત્યારે કફ્ફારો વાજિબ છે.

૪. જાણવા મળ્યું કે ઝેહારના કફ્ફારામાં ક્રમ આ પ્રમાણે છે કે મુઝાહિર (ઝેહાર કરનાર) ગુલામ આઝાદ કરે, જો એના માટે શક્તિમાન ન હોય તો રોઝા રાખે, જો એના પર પણ શક્તિમાન ન હોય તો સાઈઠ મિસ્કીનોને ખાવા આપે. રુક઼્બા મુત્લક઼ ફર્માવવાથી જાણવા મળ્યું કે જેહાદના કફ્ફારામાં દરેક પ્રકારનો ગુલામ આઝાદ કરી શકાય છે, મો'મિન હોય કે કાફિર.

૫. એટલે કે મારી પાસે ન ગુલામ છે ન એની કિંમત છે કે ખરીદીને આઝાદ કરું.

૬. એ રીતે કે સતત ૬૦ દિવસ રોઝા રાખવામાં આવે અને રોઝાઓ દરમ્યાન એ પત્ની સાથે સોહબત કદાપિ

ન કરો. રબ તઆલા ફર્માવે છે : مِّنْ قَبْلِ اَنْ يَّتَمَآسَّا (એ પહેલાં કે એક બીજાને હાથ લગાડે.સૂ. મુજાદિલા, ૫૮/૩)

૭. શરીરની કમજોરીના કારણે એટલા રોઝા સતત નથી રાખી શકતો અથવા એ બે મહીનાઓમાં પત્નીથી અલગ નથી રહી શકતો. જેમ કે અમુક મજબૂત યુવાનોનો હાલ હોય છે. (મિર્ક઼ાત)

૮. દરરોજ એક મિસ્કીનને, જેથી ખાવા આપવું બે મહીનામાં પૂર્ણ થાય.

૯. અમુક નુસ્ખાઓમાં ઉરવા ઈબ્ને ઉમર છે. આ કાતિબની ગલતી છે, ફરવત ઈબ્ને અમ્ર બયાઝી અન્સારી છે. બદર વગેરે સર્વ ગઝવાતમાં શરીક રહ્યા.

★ સલમા બિન સખરાના માટે ૧૬ સાઅ ખજૂરો ઝેહારના કફ્ફારામાં અપાવી ★

૧૦. યાદ રાખશો કે ઝેહારના કફ્ફારામાં ક્યાં તો ૩૦ સાઅ ઘઉં સાઈઠ મિસ્કીનોને આપવામાં આવે, મિસ્કીન દીઠ અડધો સાઅ, લગભગ સવા બશેર અથવા સાઈઠ સાઅ જવ, ખજૂરો વગેરે. મિસ્કીન દીઠ એક સાઅ લગભગ સાડા ચાર શેર. અહીં પંદર સોળ સાઅ ખજૂર આપી દેવાનો હુકમ આપ્યો. એ હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી છે. જેમ કે અબૂ બર્દા رضی اللہ عنہ ને છ માસની બકરીની કુર્બાનીની ઈજાઝત આપી દીધી હતી. જ્યારે કે એક વરસની બકરીથી કુર્બાની થઈ શકે છે અને બની શકે છે આ હદીષ એ પાબંદીથી પહેલાંની હોય. (અશિઅ્હ) એ પણ થઈ શકે છે કે ઈમદાદ રૂપે તેને આટલી માત્રા અતા થઈ હોય, બાકી તેમના પોતાની જિમ્મેદારીમાં રહી. (મિર્ક઼ાત) પણ પહેલી સ્પષ્ટતા ખૂબ જ મજબૂત છે.

''સુલેમાન ઈબ્ને યસારથી રિવાયત અન સલમા ઈબ્ને સખર[૧] તેનું દૃષ્ટાંત રિવાયત કરે છે કે હું એવો શખ્સ હતો કે સ્ત્રીઓ સાથે એટલા પ્રમાણમાં સોહબત કરતો હતો કે મારા સિવાય કોઈ ન કરતું[૨] અને એ બંનેવ અબૂ દાઉદ અને દારમીની રિવાયતમાં છે કે એક વસક઼ ખારેકો સાઈઠ મિસ્કીનોને આપે[૩].''

★ હદીષ : (૬)-3300 ★

وروى أَبُو دَاوُد وابنُ مَاجَه والدارمي عَن سُلَيْمَانَ بْنِ يَسَارٍ عَنْ سَلَمَةَ بْنِ صَخْرٍ نحوَه قَالَ: كنتُ امْرأً أُصِيبُ مِنَ النِّسَاءِ مَا لَا يُصِيبُ غَيْرِي وَفِي روايتهما أَعنِي أَبُو دَاوُدَ وَالدَّارِمِيَّ: «فَأَطْعِمْ وَسْقًا مِنْ تَمْرٍ بَيْنَ سِتِّينَ مِسْكِينا»

૧. પણ સુલેમાન ઈબ્ને યસારે સલમા ઈબ્ને સખર બયાઝીથી મુલાકાત નથી કરી. જેથી આ અસ્નાદમાં આ હદીષ મુરસલની જેમ થશે. કોઈ રાવી દરમિયાનમાં રહી ગયો છે.

૨. એટલે કે એ બનાવ કે અડધી રમઝાને જ સોહબત કરી બેઠા, અથવા એ કે મેં બારગાહે રિસાલતમાં અર્ઝ કરી કે હું સાઈઠ રોઝા તથા બે મહીના સોહબતથી ખાલી નથી રહી શકતો. એટલા માટે થયું કે મને અન્ય પુરૂષોની સરખામણીમાં શહવત (વાસના) તથા સંભોગની શક્તિ ખૂબ જ અધિક હતી, પત્ની વગર રહી શકતો ન હતો.

૩. આ હદીષ પાછલા સંક્ષિપ્તની વિગતવાર છે. વસક઼ સાઈઠ સાઅનો હોય છે. ફકીર દીઠ એક સાઅ ખારેકો આપવી લાઝિમ છે. એ જ ફક઼ીહો ફર્માવે છે. પછી પંદર સોળ સાઅ અપાવી દેવું તેમની વિશિષ્ટતા છે. ક઼ાનૂન અલગ છે કરમે ખુસ્રવાના કાંઈ અલગ.

★ કફ્ફારાથી પહેલાં જો સોહબત થઈ જાય તો એક જ કફ્ફારો છે ★

★ હદીષ : (૭)-3301 ★

وَعَنْ سُلَيْمَانَ بْنِ يَسَارٍ عَنْ سَلَمَةَ بْنِ صَخْرٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْمُظَاهِرِ يُوَاقِعُ قَبْلَ أَنْ يُكَفِّرَ قَالَ: «كَفَّارَة وَاحِدَة» . رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه

''હઝરત સુલૈમાન ઈબ્ને યસારથી રિવાયત છે, તે સલમા ઈબ્ને સખરથી, તે નબી કરીમ عليه الصلوة والسلام થી રાવી. આ ઝેહાર કરવાવાળાના વિશે જ કફ્ફારો આપવાથી પહેલાં સોહબત કરે ફર્માવ્યું, એક જ કફ્ફારો છે[૧]. '' (તિર્મિઝી, ઈબ્ને માજહ)

૧. એટલે કે વાજિબ તો એ છે કે મુઝાહિર (ઝેહાર કરનાર) પ્રથમ કફ્ફારો આપે પછી એ સ્ત્રી સાથે સોહબત કરે. પરંતુ જો કોઈ પહેલાં જ સોહબત કરી બેસે તો કફ્ફારો એક જ થશે, બે લાઝિમ ન થશે. અને એ ગુનાહની રબ તઆલાથી માફી માગે, એ જ અહનાફનો મઝહબ છે. પણ હઝરત અમ્ર ઈબ્ને આસ, કબીસા, સઈદ ઈબ્ને જુબેર, ઝહરી, ક઼તાદા, ખ્વાજા હસન બસરી, ઈમામ નખઈ ફર્માવે છે કે એના પર બે કફ્ફારા વાજિબ થશે. હદીષ એ બુઝુર્ગોની વિરુદ્ધ છે. જે શખ્સ પોતાની ચાર પત્નીઓથી ઝેહાર કરે કે કહી દે, તમે સૌ મારા પર મારી માની જેમ છો, તો ચાર કફ્ફારા વાજિબ થશે, કે એ ચાર ઝેહાર થયા. પણ ઈમામ માલિક તથા અહમદને ત્યાં એક જ કફ્ફારો વાજિબ છે કેમ કે ઝેહાર કરનાર પુરૂષ એક જ છે. ઝેહાર તથા કફ્ફારો વગેરે ઝેહારના વિગતવાર મસાઈલ ફિક઼્હની, કિતાબોમાં જુઓ.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૮)-3302 ★

عَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ رَجُلًا ظَاهَرَ مِنِ امْرَأَتِهِ فَغَشِيَهَا قَبْلَ أَنْ يُكَفِّرَ فَأَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرَ ذَلِكَ لَهُ فَقَالَ: «مَا حَمَلَكَ عَلَى ذَلِكَ؟» قَالَ: يَا رَسُولَ اللَّهِ رَأَيْتُ بَيَاضَ حِجْلَيْهَا فِي الْقَمَرِ فَلَمْ أَمْلِكْ نَفْسِي أَنْ وَقَعْتُ عَلَيْهَا فَضَحِكَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَمَرَهُ أَنْ لَا يَقْرَبَهَا حَتَّى يُكَفِّرَ. رَوَاهُ ابْنُ مَاجَهْ. وَرَوَى التِّرْمِذِيُّ نَحْوَهُ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ صَحِيحٌ غَرِيبٌ وَرَوَى أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ نَحْوَهُ مُسْنَدًا وَمُرْسَلًا وَقَالَ النَّسَائِيُّ: المرسل أَوْلَى بالصَّوابِ من المسْنَدِ

''હઝરત ઈકરમાથી[૧] રિવાયત છે, તે ઈબ્ને અબ્બાસથી રાવી કે એક શખ્સે પોતાની પત્નીથી ઝેહાર કર્યો, પછી કફ્ફારો આપતા પહેલાં તેણીથી સોહબત કરી લીધી[૨] પછી નબી કરીમ عليه الصلوة والسلام ની ખિદમતમાં હાજર થયા અને એ હુઝૂરને જણાવ્યું. ફર્માવ્યું, તને એના માટે કઈ ચીજે ઉશ્કેર્યો ?[૩] અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં ચાંદનીમાં તેના ઝાંઝરોની સફેદી જોઈ તો મારા નફ્સ પર કાબુ ન રાખી શક્યો[૪] કે એની સાથે સોહબત કરી બેઠો. ત્યારે રસૂલુલ્લાહ ﷺ હસ્યા[૫] અને તેને હુકમ આપ્યો કે પોતાની પત્ની નજીક ન જાય ત્યાં સુધી કે કફ્ફારો આપી દે[૬] ઈબ્ને માજહ અને તિર્મિઝીએ એના જ જેમ બીજુ ફર્માવ્યું. આ હદીષ હસન સહીહ ગરીબ છે[૭] અને અબૂ દાઉદ, નિસાઈએ એના જેમ રિવાયત કરી અસ્નાદની રીતે પણ અને ઈરસાલન પણ. નિસાઈએ ફર્માવ્યું કે મુસ્નદની સરખામણીમાં મુરસલ અધિક સારૂ છે[૮].''

૧. પહેલાં કહેવામાં આવી ચૂક્યું છે કે આ ઈકરમા ઈબ્ને અબૂ જહલ નથી. બલ્કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના આઝાદ કરેલા ગુલામ છે. તાબઈનમાંથી છે.

૨. એટલે ઝેહાર કરનાર પોતાની મુઝાહેરા (જેનાથી ઝેહાર કર્યો તે) પત્ની સાથે કફ્ફારાથી પહેલાં સોહબત નથી કરી શકતો પણ તેમણે કરી લીધી એટલા માટે હુઝૂર علیہ الصلوۃ والسلام ની ખિદમતમાં હાજર થયા. ખબર ન પડી કે એ સહાબી કોણ હતા.

૩. આ સવાલ કર્યા તો કેવળ બનાવની તેહક઼ીક઼ના માટે છે અથવા મુસલમાનોને બતાવવા માટે કે મુઝાહિર (ઝેહાર કરનાર) ઝેહાર પછી કફ્ફારાથી પહેલાં સંભોગના સબબોથી પણ સાવધાન રહે.

૪. અમુક રિવાયતોમાં છે કે તેની પિંડલીની સફેદી જોઈ તો હું વાસનાથી બેકાબૂ થઈ ગયો. પણ આ બંને રિવાયતોમાં કોઈ મતભેદ નથી, કેમ કે પિંડલીની સફેદી અને ઝાંઝરની ચમક એકી સમયે જોઈ શકાય છે. خجل۔ح ના ફતહ (ઝબર) અને પેશથી, અર્થ : ઝાંઝર, સ્ત્રીઓના પગોનું મશહૂર ઘરેણુ જેને ખલ્ખાલ (પાયલ) પણ કહે છે. આ જવાબમાં એ તરફ નિર્દેશ છે કે મેં સંભોગના સબબો ખુદ ભેગા કર્યા ન હતા, ચુંબન વગેરે કર્યું ન હતું, સંજોગોવસાત એવું થઈ ગયું. એનાથી જાણવા મળ્યું કે બીમાર ડોકટરથી બીમારી ન છુપાવે.

૫. એના પર ભલુબુરુ ન કહ્યું, જેનાથી જાણવા મળ્યું કે તેનું આ બહાનુ સ્વીકારી લીધું.

૬. એનાથી ફ઼ક઼ીહોનો આ મસ્અલો જાણવા મળ્યો કે જો મુઝાહિર (ઝેહાર કર્તા) કફ્ફારો અદા કરવાથી પહેલાં સોહબત કરી બેસે તો એના પર એક જ કફ્ફારો ઝેહારનો વાજિબ થશે, બે કે ત્રણ કફ્ફારા વાજિબ ન થશે. એ પણ જાણવા મળ્યું કે એ સંભોગ પછી પણ તેના પર ભાવિમાં સોહબત કરવી મના રહેશે જ્યાં સુધી કે કફ્ફારો ન આપી દે.

૭. એટલે કે આ હદીષ અમુક અસ્નાદોથી મરવી છે. અમુક અસ્નાદોમાં હસન છે, અમુકમાં સહીહ, અમુકમાં ગરીબ.

૮. અહીં અસ્નાદ તથા ઈરસાલથી મુરાદ કયાં તો હઝરત ઈકરમા رضی اللہ عنہ નો ઈરસાલ તથા અસ્નાદ છે કે કદી તેમણે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ઝિક્ર કર્યો કદીક ન કર્યો, અથવા હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો ઈરસાલ તથા અસ્નાદ મુરાદ છે કે કેટલીક રિવાયતોમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ બનાવ અન્ય સહાબીથી નક઼્લ કર્યો, ત્યાં અસ્નાદ થઈ ગઈ. અમુકમાં તે સહાબીનો ઉલ્લેખ ન કર્યો એ ઈરસાલ થયો. ઈરસાલ સહાબીનો પણ થાય છે અને તાબઈનો પણ. (મિક઼્કાત) યાદ રાખશો કે ઈસ્લામમાં સૌ પ્રથમ ઝેહાર અવસ ઈબ્ને હ઼ાજિબે પોતાની પત્ની ખૌલા બિન્તે ખૌવેલા ઈબ્ને માલિકથી કર્યો, અને ખૌલા હુઝૂરે અન્વર ﷺ ની ખિદમતમાં આવ્યાં, તેમના વિશે આયત નાઝિલ થઈ : قَدْ سَمِعَ اللّٰهُ قَوْلَ الَّتِیْ تُجَادِلُكَ فِیْ زَوْجِهَا (બેશક ! અલ્લાહે સાંભળી તેની વાત જે તમારાથી પોતાના પતિના મામલામાં બહષ કરે છે. સૂ. મુજાદિલા, ૫૮/૧)

باب બાબ

(બાબ[૧])

الفصل الاول (વિભાગ : ૧)

૧. આ પ્રકરણનો હેતુ એ છે કે દરેક કફ્ફારામાં મો'મિન ગુલામ જ આઝાદ કરવામાં આવે ન કે કાફિર. આપણા ઈમામ رضی اللہ عنہ ને ત્યાં મુસ્તહબ છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં વાજિબ છે. ક़त्લે ખતા رضی اللہ عنہ (ભૂલથી ખૂન)ના કફ્ફારામાં એકમતીએ મો'મિન ગુલામ આઝાદ કરવો વાજિબ છે, કેમ કે એના માટે કુર્આનમાં ઈમાનની શર્ત મૌજૂદ છે : تَحْرِيْرُ رَقَبَةٍ (એક બુર્દા આઝાદ કરવો. સૂ. માઈદા, ૫/૮૯)

★ હદીષ : (૧)-3303 ★

عَن مُعَاوِيَة بنِ الحكمِ قَالَ: أَتَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقُلْتُ: يَا رَسُولَ اللَّهِ إِنَّ جَارِيَةً كَانَتْ لِي تَرْعَى غَنَمًا لِي فَجِئْتُهَا وَقَدْ فَقَدَتْ شَاةً مِنَ الْغَنَمِ فَسَأَلْتُهَا عَنْهَا فَقَالَتْ: أَكَلَهَا الذِّئْبُ فَأَسِفْتُ عَلَيْهَا وَكُنْتُ مَنْ بَنِي آدَمَ فَلَطَمْتُ وَجْهَهَا وَعَلَيَّ رَقَبَةٌ أَفَأُعْتِقُهَا؟ فَقَالَ لَهَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَيْنَ اللَّهُ؟» فَقَالَتْ: فِي السَّمَاءِ فَقَالَ: «مَنْ أَنَا؟» فَقَالَتْ: أَنْتَ رَسُولَ اللَّهِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَعْتِقْهَا» . رَوَاهُ مَالِكٌ وَفِي رِوَايَةِ مُسْلِمٍ قَالَ:كَانَتْ لِي جَارِيَةٌ تَرْعَى غَنَمًا لِي قِبَلَ أُحُدٍ وَالْجَوَّانِيَّةِ فَاطَّلَعْتُ ذَاتَ يَوْمٍ فَإِذَا الذِّئْبُ قَدْ ذَهَبَ بِشَاةٍ مِنْ غَنَمِنَا وَأَنَا رَجُلٌ مِنْ بَنِي آدَمَ آسَفُ كَمَا يَأْسَفُونَ لَكِنْ صَكَكْتُهَا صَكَّةً فَأَتَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَعَظَّمَ ذَلِكَ عَلَيَّ قُلْتُ: يَا رَسُولَ اللَّهِ أَفَلا أُعتِقُها؟ قَالَ: «ائتِنِي بِهَا؟» فأتيتُه بِهَا فَقَالَ لَهَا: «أَيْنَ اللَّهُ؟» قَالَتْ: فِي السَّمَاءِ قَالَ: «مَنْ أَنَا؟» قَالَتْ: أَنْتَ رَسُولُ الله قَالَ: «أعتِقْها فإنَّها مؤْمنةٌ»

''હઝરત મુઆવિયહ ઈબ્ને હકમથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હું રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયો. મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી લોંડી મારી બકરીઓ ચરાવતી હતી[૨] હું તેણીની પાસે ગયો તો એક બકરી ગુમ પામી, મેં તેણીને બકરીના વિશે પૂછ્યું તો તે બોલી કે તેને વરૂ ખાય ગયું[૩] હું તેણી પર ખૂબ જ ગુસ્સે થયો. હું માણસ છું મેં તેણીના મોં પર થપ્પડ મારી દીધી અને મારા પર એક ગુલામ આઝાદ કરવો છે.[૪] શું તેણીને આઝાદ કરી આપું ? તો તેને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તેને આઝાદ કરી દો.[૫] (માલિક) મુસ્લિમની રિવાયતમાં છે, ફર્માવે છે : મારી એક લોંડી હતી જે મારી બકરીઓ ઓહદ અને જવ્વાનિય્યહની તરફ ચરાવતી હતી[૬] એક દિવસે હું અચાનક ત્યાં ગયો તો વરૂ અમારી બકરીઓમાંથી એક બકરી લઈ ગયો હતો[૭] અને આદમની ઔલાદમાંથી એક શખ્સ છું. જેવી રીતે સૌ ગમગીન થાય છે તેવી રીતે હું પણ ગમગીન થાઉં છું, પરંતું મેં તેણીને ફક્ત એક થપ્પડ મારી દીધી[૮] હું રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયો તો આપે તેને મારો મોટો જુર્મ ઠરાવ્યો[૯] મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું હું તેણીને આઝાદ ન કરી દઉં ?[૧૧] ફર્માવ્યું, તેણીને મારી પાસે લાવો. તો તેણીને લાવ્યો તો આપે ફર્માવ્યું, અલ્લાહ ક્યાં છે ? તે બોલી આસ્માનમાં. ફર્માવ્યુ, હું કોણ છું ? આપ રસૂલુલ્લાહ ﷺ છે. ફર્માવ્યું, એનો આઝાદ કરી દો એ મો'મિન છે[૧૨]''

૧. આપ સલ્લમી છે. સહાબી છે. મદીના મુનવ્વરામાં રહેવા સહેવા લાગ્યા હતા. હિ.સ. ૧૧૭માં વિસાલ થયો. *(અકમાલ, મિર્કાત)*

૨. એટલે કે લોંડી પણ મારી હતી, બકરીઓ પણ મારી જ ચરાવતી હતી, કોઈ અન્યની મજૂરી કરતી ન હતી. લોંડી માટે પર્દો લાઝિમ નથી, કેમ કે તે પર્દામાં રહીને માલિકની ખિદમત નથી કરી શકતી.

૩. એટલે કે તેણે મોટો કુસૂર એ કર્યો કે મને એ બનાવની ખબર ન આપી કે બકરી વરૂ લઈ ગયું, મારા પૂછવા પર બતાવ્યું, નહીં તો મને આટલો ગુસ્સો ન આવત.

૪. આ મારવાના કારણે નહીં પણ કોઈ અન્ય કારણે કફ્ફારો વાજિબ થઈ ચૂક્યો છે જેમાં ગુલામ આઝાદ કરવો મારા પર લાઝિમ છે. હદીષ શરીફમાં છે કે જે કોઈ પોતાના ગુલામને મારી દે તો તેનો કફ્ફારો એ છે કે તેને આઝાદ કરી દે. આ હુકમ કેવળ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે. અહીં એ કફ્ફારો મુરાદ નથી, જેવું કે لكن થી જણાય રહ્યું છે. હદીષોમાં છે કે એ લોંડી મુંગી હતી, આ સર્વ વાતચીતને તેણીએ ઈશારામાં કરી. રિવાયતના આધારે ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે કફ્ફારામાં ગુંગા ગુલામને આઝાદ કરવો જાઈઝ છે. યાદ રાખશો કે અરબીમાં ઈશારામાં વાતચીત કરવાને પણ કહી દે છે. રબ તઆલા ફર્માવે છે : فَقُوْلِيْٓ اِنِّيْ نَذَرْتُ لِلرَّحْمٰنِ صَوْمًا فَلَنْ اُكَلِّمَ الْيَوْمَ اِنْسِيًّا (તો કહી દે જો, મેં આજે રહમાનનો રોઝો માન્યો છે તો આજે કદાપિ કોઈ માણસથી વાત કરીશ નહીં. સૂ. મરયમ, ૧૯/૨૬) એટલે હે મરયમ ! ઈશારાથી કહી દે જે કે મારો ચૂપનો રોઝો છે, હું કોઈની સાથે વાત કરીશ નહીં.

૫. આ સવાલ જવાબ અલ્લાહ તઆલાની જગાના વિશે નથી, તે તો જગામાં રહેવાથી પાક છે, બલ્કે સરકાર ﷺએ એ ચીજની તેહકીક કરી કે એ લોંડી મુશ્રિકા નથી, મૂર્તિઓને ખુદા નથી કહેતી, જો મુશ્રિકા હોત તો એ જ મૂર્તિઓને ઈલાહ કહી આપત.

૬. કેમ કે એ મોમિના છે, જેવું કે આગલી રિવાયતમાં આવી રહ્યું છે. આ હદીષના આધારે ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે કફ્ફારા વગેરેમાં કેવળ મોમિના ગુલામ લોંડી આઝાદ થઈ શકે છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં દરેક ગુલામ આઝાદ કરવામાં આવી શકે છે, ચાહે મો'મિન હોય કે કાફિર. સરકારે આ'લી ﷺનું આ ઈમ્તેહાન લઈને ફર્માવવું કે તેણીને આઝાદ કરી દો મુસ્તહબ હોવાના વર્ણન રૂપે છે. એટલે કે મો'મિન ગુલામને આઝાદ કરવું કાફિર ગુલામને આઝાદ કરવા કરતાં અફઝલ છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની બાકીની દલીલો પહેલાં વર્ણન કરવામાં આવેલી છે કે કુર્આન કરીમે કત્લના કફ્ફારા સિવાય કોઈ કફ્ફારામાં મો'મિન ગુલામની શર્ત નથી રાખી અને કુર્આન શરીફના મુત્લક અહકામને તેના ઈત્લાક પર રાખવા જરૂરી છે.

૭. ઓહદ મદીના મુનવ્વરાનો મશહૂર પહાડ છે જે મદીના પાકથી ત્રણ માઈલના અંતરે છે અને જવ્વાનિય્યહ ઓહદની નજીક જંગલનું નામ છે જે મદીના મુનવ્વરાથી ઉત્તર બાજુએ આવેલ છે ઓહદને અડીએ.

૮. મારી સામે નથી લઈ ગયો બલ્કે બકરીઓની ગણત્રી કરતાં માલૂમ પડયું કે એક બકરી ઓછી છે. લોંડીને પૂછવા પર જાણ થઈ કે વરૂ લઈ ગયું. જેથી આ રિવાયત પાછલી રિવાયતની વિરુદ્ધ નથી.

૯. لكن થી પહેલાં એક ટૂંકી લાઈન છુપાયેલી છે, એટલે કે દિલે તો ચાહ્યું કે લોંડીને સખત સજા કરું કેમ કે મારું ઘણુ નુકસાન થઈ ગયું હતું પરંતું મેં એક થપ્પડ પર સંતોષ લીધો.

★ બેકુસૂરને સજા આપવી ગુનોહ છે ★

૧૦. એટલે આપે ફર્માવ્યું કે તમે મોટો ગુનોહ કર્યો, કેમ કે બેકુસૂર લોંડીને થપ્પડ મારી દેવી એ બંદાનો હક્ક છે જે તૌબાથી પણ માફ નથી થઈ શકતો, પણ ક़ેસાસ આપવાનો હુકમ ન ફર્માવ્યો, કેમ કે માલિકથી લોંડીનો ક़ેસાસ નથી લેવામાં આવતો. એનાથી માલૂમ પડયું કે બેકુસૂરને સજા આપવી ગુનો છે, ભલે ઉસ્તાદ કે પીર કે માલિક કે આક़ા જ કેમ ન આપે. એનાથી વર્તમાન સમયના હાકિમો તથા માલિકોએ બોધ લેવો જોઈએ.

૧૧. જેથી આ આઝાદ કરવું મારા આ ગુનાહનો કફ્ફારો પણ થઈ જાય, અને મારા જિમ્મે એક બીજો કફ્ફારો પણ છે જેમાં ગુલામ આઝાદ કરવો મારા પર વાજિબ છે તે પણ અદા થઈ જાય. જેથી આ રિવાયત પાછલી રિવાયતની વિરૂધ્ધ નથી. આ મુત્લક़ને પાછલા મુક़ૈયદ પર આધારિત કરવામાં આવશે. (મિર્ક़ાત) યાદ રાખશો કે ગુલામને વિના કારણે મારી દેવા પર એને આઝાદ કરવું વાજિબ નથી, ન કોઈ એનો કફ્ફારો છે, કેવળ મુસ્તહબ છે. જેથી આ રિવાયત પર એ વાંધો નથી કે બે કફ્ફારાઓમાં એક ગુલામ કેવી રીતે આઝાદ કરાવવામાં આવ્યો. *(મિર્ક़ાત)*

૧૨. એનાથી જાણવા મળ્યું કે ઈમાન ઈજમાલી (સંક્ષિપ્તપણે) વિશ્વસનીય છે. જુઓ, હુઝૂર ﷺએ લોંડીને ઈમાનિયાતની વિગત નથી પૂછી કેવળ તૌહીદ તથા રિસાલતના ઈક़રારને પૂરા ઈમાનિયાતનો ઈક़રાર માન્યો.

બાબુલ લિઆન باب اللعان

(લિઆન વિશે પ્રકરણ[૧])

(વિભાગ : ૧) الفصل الاول

★ લિઆન સિવાય કોઈ મુસલમાન પર લઅનત નથી કરી શકતા ★

૧. લિઆન لعان બાબે મફાએલાનો મસ્દર છે, એનો માદ્દો લઅન (لعن) છે, અર્થ : લઅનત એટલે અલ્લાહની રહમતથી દૂર થવાની બદદુઆ. લિઆનનો અર્થ છે, એક બીજા પર લઅનત કરવી. **શરીઅતમાં લિઆન એ છે કે કોઈ પતિ પોતાની પત્નીને એવી તોહમત લગાડે કે જો અજનબી સ્ત્રીને લગાડતો તો હદ્દે ક़ઝ્ફ વાજિબ થઈ જાત, એના પર હાકિમ મજમાની સામે તે બંને પતિ પત્નીને ઉભા રાખીને ચાર ચાર ક़સમો એક એક લઅનત અથવા ગઝબની બદદુઆ કરાવે, પછી એ બંનેને હમેશાં માટે અલગ કરી આપે કે પછી એ સ્ત્રી એ પુરૂષના નિકાહમાં આવી પણ ન શકે. પણ લિઆન તોડવા પર કે પુરૂષ કહે કે મેં જૂઠી તોહમત લગાડી હતી, એના પર તેને તોહમતની સજા ૮૦ કોરડા મારવામાં આવશે. પછી નિકાહમાં આવે.** આપણા ઈમામ સાહબને ત્યાં લિઆન નથી કરી શકતો. એની તેહક़ીક़ ફિક़હની કિતાબોમાં જોઈ લો. યાદ રાખશો કે કોઈ ગુનેહગાર મુસલમાનનું નામ લઈને તેના પર લઅનત કરવી જોઈઝ નથી ભલે ગમે તેવો ગુનેહગાર હોય સિવાય લુઆનના. જેથી એવું નથી કહી શકતા કે યઝીદ અથવા હજ્જાજ અથવા ફલાણા કાતિલ પર લઅનત. હા ! એવું કહી શકીએ છીએ કે હઝરત હુસૈન رضی اللہ عنہ ના ક़ાતિલ અથવા ક़ત્લ પર રાજી થનારા પર લઅનત છે કે એ લાનત વસ્ફ સાથે છે. જુઓ શામી બાબુલ લિઆન.

★ હદીષ : (૧)-૩૩૦૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ سَهْلِ بْنِ سَعْدٍ السَّاعِدِيِّ رَضِيَ اللَّهُ عَنهُ قَالَ: إِن عُوَيْمِر الْعَجْلَانِيَّ قَالَ: يَا رَسُولَ اللَّهِ أَرَأَيْتَ رَجُلًا وجدَ معَ امرأتِهِ رجُلاً أيقْتُلُه فيَقْتُلُونه؟ أمْ كَيفَ أفعل؟ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «قدْ أُنْزِلَ فِيكَ وَفِي صَاحِبَتِكَ فَاذْهَبْ فَأْتِ بِهَا» قَالَ سَهْلٌ: فَتَلَاعَنَا فِي الْمَسْجِدِ وَأَنَا مَعَ النَّاسِ عِنْدَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا فَرَغَا قَالَ عُوَيْمِرٌ: كَذَبْتُ عَلَيْهَا يَا رسولَ اللَّهِ إِن أَمْسكْتُها فطلقتها ثَلَاثًا ثُمَّ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " انْظُرُوا فَإِنْ جَاءَتْ بِهِ أَسْحَمَ أَدْعَجَ الْعَيْنَيْنِ عَظِيمَ الْأَلْيَتَيْنِ خَدَلَّجَ

''હઝરત સહલ ઈબ્ને સઅદ સાઅદીથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે ઉવૈમર અજલાનીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવો કે એક શખ્સ પોતાની પત્ની પાસે કોઈ પુરૂષને પામે[૨] અને તે તેને ક़ત્લ કરી દે તો મુસલમાન તેને ક़ત્લ કરી દેશે ?[૩] શું કરે ? તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તારા તથા તારી પત્નીના વિશે આયત નાઝિલ કરી દેવામાં આવી[૪] તમે જાવ, તેણીને લઈ આવો[૫] સહલ ફર્માવે છે કે તે બંનેવે મસ્જિદમાં લિઆન લીધું[૬] હું પણ લોકોની સાથે રસૂલુલ્લાહ ﷺ ની પાસે હતો. જ્યારે તે પતિ પત્ની ફારિગ થઈ ચૂક્યાં તો ઉવૈમર બોલ્યા કે મેં તેણી પણ જૂઠ જ લગાડ્યું યા રસૂલુલ્લાહ ![૭] જો તેણીને રોકી રાખુ, જેથી તેને ત્રણ તલાક़ો આપી દીધી[૮] પછી રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, લોકો ! ખ્યાલ રાખજો, જો તે સ્ત્રી જણે બાળક કાળા રંગનું મોટી આંખોવાળુ મોટી

السَّاقَيْنِ فَلَا أَحسب عُوَيْمِر إِلَّا قَدْ صَدَقَ عَلَيْهَا وَإِنْ جَاءَتْ بِهِ أُحَيْمِرَ كَأَنَّهُ وَحَرَةٌ فَلَا أَحْسِبُ عُوَيْمِرًا إِلَّا قَدْ كَذَبَ عَلَيْهَا فَجَاءَتْ بِهِ عَلَى النَّعْتِ الَّذِي نَعَتْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ تَصْدِيقِ عُوَيْمِرٍ فَكَانَ بَعْدُ يُنْسَبُ إِلَى أمه

સીટવાળુ, મોટી પિંડલીઓવાળુ તો હું ઉવૈમરને એ સ્ત્રી પર સાચો જ ગુમાન કરું છું[૯] અને જો એ સ્ત્રી બાળક જણે લાલ રંગવાળો જાણે તે બામની (બોરી બામણી) છે[૧૦] તો હું સમજુ છું કે ઉવૈમરે એના પર જૂઠુ જ બોલ્યું.[૧૧] પછી સ્ત્રીએ બાળક એ સિફત (ખાસિયત)વાળુ જણ્યું જેના પર રસૂલુલ્લાહ ﷺ એ ઉવૈમરને સાચો કહ્યો હતો. પછી તે બાળક બાદમાં પોતાની માની તરફ સંબંધિત કરવામાં આવતો હતો.[૧૨]" (મુસ્લિમ, બુખારી)

૧. સહલ ઈબ્ને સઅદના હાલાત પહેલાં વર્ણન થઈ ચૂકેલ છે. આપ મદીના મુનવ્વરામાં આખરી સહાબી છે જે તમામ સહાબીઓના છેલ્લે મૃત્યુ પામ્યા. તેમની વફાત પર મદીનાથી સહાબીઓનો દોર ખત્મ થયો. ઉવૈમર સહાબી છે. અજલાન કબીલાથી છે. અજલાન અન્સારનો એક કબીલો છે, અજલાન ઈબ્ને ઝયદ અન્સારીની ઔલાદ છે. *(અશિઅહ, મિર્કાત)*

૨. ક્યાં તો ઝિના કરતાં પામ્યાં અથવા નિશાની માલૂમ પડે કે તેણે ઝિના કર્યો છે, પરવારીને બેઠો છે.

૩. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં يقتلون-ى થી છે, એટલે કે કત્લ થનારના વારસો તેને કત્લ કરી દેશે અમુકમાં تقتلون-ت થી છે, એટલે હે મહબૂબે પાક ! આપ તથા આપના સહાબા તેને કેસાસની રીતે કત્લ કરી દેશે. ઉલમા ફર્માવે છે કે જે શખ્સ કોઈને પોતાની પત્ની સાથે ઝિના કરતો જુએ અને તેને કત્લ કરી દે તો, તેને પણ કેસાસમાં કત્લ કરવામાં આવશે. હા ! જો એ ઝિના પર ચાર ગવાહ કાયમ થઈ જાય અને ઝિના મુહસન (શાદીશુદા) પણ હોય તો તેના પર કેસાસ નથી. અથવા કત્લ થનારના વાલીઓ એ ઝિનાનો ઈકરાર કરી લે તો પણ કેસાસ નથી. આ શરઈ હુકમ છે. અલ્લાહની નજીક એ કાતિલ પર કોઈ ગુનોહ નથી. ઉવૈમરે સાફ નથી કહ્યું કે મેં મારી પત્નીને ઝિના કરાવતાં જોઈ, બલ્કે ઈશારાની રીતે અગર મગરની સાથે સવાલ કર્યો જેથી હદ્દે કઝફ તેમના પર લાગુ ન થઈ જાય.

૪. આયતે કરીમા આ છે : وَالَّذِيْنَ يَرْمُوْنَ اَزْوَاجَهُمْ وَلَمْ يَكُنْ لَّهُمْ شُهَدَآءُ (અને તેઓ જે પોતાની પત્નીઓ પર ઝિનાનો આક્ષેપ લગાડે અને તેમની પાસે પોતાના બયાન સિવાય ગવાહ ન હોય, તો એવા કોઈની ગવાહી એ છે કે તે ચાર વાર ગવાહી આપે કે અલ્લાહના નામથી કે તે સાચો છે. સૂ. નૂર, ૨૪/૬) આ આયત શાબાન હિ.સ. ૯માં નાઝિલ થઈ. ક્યાં તો ઉવૈમરના વિશે નાઝિલ થઈ અથવા હિલાલ ઈબ્ને ઉમૈયાના વિશે ઉતરી. પણ હક્ક એ છે કે એ બંનેના બનાવો નજીક નજીકમાં ઉપસ્થિત થયા તે બંને માટે આ આયત ઉતરી. પ્રથમ હિલાલ ઈબ્ને ઉમૈયાએ લિઆન કર્યું પછી ઉવૈમરે. જેથી એ દુરુસ્ત છે કે ઈસ્લામમાં પ્રથમ લિઆન હિલાલ ઈબ્ને ઉમૈયાએ કર્યો અને સરકાર ﷺનું એ ફર્માન કે તારા સંબંધે આ આયત આવી ગઈ એ પણ દુરુસ્ત છે. હદીષોમાં ટકરાવ નથી.

★ પતિ તથા પત્ની હાકિમની સામે જઈને લિઆન કરે ★

૫. એનાથી જાણવા મળ્યું કે લિઆનના સમયે બંને પતિ પત્નીનું હાકિમની કચેરીમાં હાજર હોવું જરૂરી છે. બલ્કે મુસલમાનોના મજમામાં હાકિમ સમક્ષ લિઆન થવું જોઈએ.

૬. નમાઝ બાદ જ્યારે મુસલમાન ભેગા હતા. એ પાક જમાનામાં મસ્જિદ જ કચેરી હતી.

૭. એટલે હવે મારું આ પત્નીને મારી પાસે રાખવું મને જૂઠાડવું છે જેથી તેણીને હું અલગ કરું છું.

★ લિઆન બાદ હાકિમના ફૈંસલાથી સ્ત્રી બિલ્કુલ ખારિજ થઈ જાય છે, હવે તેણીને તલાક઼ની જરૂર નથી રહેતી ★

૮. આ હદીષના આધારે અમુકે ફર્માવ્યું કે લિઆન ખુદ તલાક઼ નથી, બલ્કે એના બાદ તલાક઼ આપવી જોઈએ. અમુક માલિકી હઝરાતે ફર્માવ્યું કે લિઆન પોતે જ તલાક઼ છે પણ હાકિમના ફૈંસલા બાદ હજી કેમ કે હુઝૂર ﷺએ ફૈંસલો કર્યો ન હતો એટલા માટે તેમની તલાક઼ દુરુસ્ત થઈ ગઈ. એ હઝરાત એનાથી સાબિત કરે છે કે એકી સાથે ત્રણ તલાક઼ો આપી દેવી મકરૂહ પણ નથી, કેમ કે ઉવૈમરે એકદમ ત્રણ તલાક઼ો આપી પણ સરકાર ﷺએ મના ન કર્યું. પણ હક્ક઼ એ છે કે લિઆન બાદ હાકિમનો ફૈંસલો નિકાહને ખત્મ કરી દે છે, તલાક઼ની જરૂરત જ નથી. ઉવૈમરને એ મસ્અલો માલૂમ ન હતો એટલા માટે તેમણે તલાક઼ો આપી. લિઆનવાળી સ્ત્રી લિઆન બાદ હાકિમના ફૈંસલાથી બિલ્કુલ નિકાહથી નીકળી જાય છે, તલાક઼ને સ્થાન નથી રહેતું, અને કયામત સુધી લિઆનવાળી નિકાહમાં આવી શકતી નથી, કેમ કે દારૂકુત્નીએ હઝરત ઉમર رضی اللہ عنہ ની રિવાયતથી મરફુઅન હદીષ નક઼્લ કરી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, લિઆનવાળાં પતિ પત્ની જુદા થઈ ચૂક્યા બાદ કદી ભેગાં નથી થઈ શકતાં. તન્ક઼ીહના કર્તાએ ફર્માવ્યું કે એની અસ્નાદ જૈયદ છે : المتلاعنان لا يجتمعان પણ આવેલ છે. (ફત્હુલ ક઼દીર તથા મિર્ક઼ાત) અહીં મિર્ક઼ાતે આ મસ્અલા પર ઘણી બધી હદીષો પેશ કરી કે લિઆન પોતે જ વિસર્જન છે, પણ હઝરત ઈમામે આ'ઝમ તથા સાહિબૈન તથા ઈબ્ને મુબારકનો કૌલ એ છે કે લિઆન પછી હાકિમના અલગ કરવાથી નિકાહ ખત્મ થઈ જાય છે, લિઆન પોતે ફસ્ખ (છૂટ પાડનાર) નથી.

૯. કેમ કે જે પુરૂષને ઝિનાનો આક્ષેપ લગાડવામાં આવ્યો હતો તે એવી શકલો સૂરતનો (દેખાવવાળો) હતો, અને મોટાભાગે બાળક બાપનો હમશકલ હોય છે. કેમ કે **આ હમશકલી વક઼્રીની નથી, મોટાભાગે હોય છે** એટલા માટે આ પ્રમાણે ઈર્શાદ ફર્માવ્યો કે મારો ખયાલ છે કે ઉવૈમરનો આક્ષેપ દુરુસ્ત છે.

૧૦. બામણી એક નાનો સરખો કીડો છે જે લાલ રંગના સાપની જેમ હોય છે, તેને ઉર્દૂમાં સાપની માસી પણ કહે છે. બામની મેં પણ ઘણીવાર જોઈ છે.

૧૧. કેમ કે ઉવૈમર ખુદ આછા લાલ રંગવાળા હતા. આ હુકમ પણ અંદાઝાથી છે.

★ સહાબાથી ગુનાહ થયા પણ ગુનાહ પર કોઈ કાયમ ન રહ્યું, બલ્કે તૌબા કરી લીધી ★

૧૨. લિઆનનો એ પણ હુકમ છે કે **લિઆનનું બાળક બાપનો વારસો નથી પામતુ, કેવળ માની તરફ સંબંધિત થાય છે.** યાદ રાખશો કે આ બનાવ એ અક઼ીદાની વિરૂધ્ધ નથી કે તમામ સહાબા આદિલ છે, કોઈ ફાસિક઼ નથી. કેમ કે લિઆનમાં કોઈને ફાસિક઼ નથી કહેવામાં આવતુ, મામલો શંકાસ્પદ રહે છે. તેમજ સહાબાથી ગુનાહ ઉપસ્થિત થયા છે પણ કોઈ ગુનાહ પર ક઼ાયમ નથી રહ્યું, સૌને બાદમાં તૌબાની તૌફીક઼ મળી. તેમની અદાલત (આદિલ હોવા) પર કુર્આને કરીમ ગવાહ છે. આ હદીષથી જાણવા મળ્યું કે ક઼યાફા એટલે **બાળકની હમશકલી પર હુકમો લાગુ નથી થતા.** તેની ચર્ચા આગળ આવશે. ઈન્શા અલ્લાહ !

★ હદીષ : (૨)-૩૩૫ ★

(مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُمَا أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَاعن بَين رجل وَامْرَأَته فانتقى مِنْ وَلَدِهَا فَفَرَّقَ بَيْنَهُمَا وَأَلْحَقَ الْوَلَدَ بِالْمَرْأَةِ. مُتَّفَقٌ عَلَيْهِ. وَفِي حَدِيثِهِ لَهُمَا أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَعَظَهُ وَذَكَّرَهُ وَأَخْبَرَهُ أَنَّ عَذَابَ الدُّنْيَا أَهْوَنُ مِنْ عَذَابِ الْآخِرَةِ ثُمَّ دَعَاهَا فَوَعَظَهَا وَذَكَّرَهَا وَأَخْبَرَهَا أَنَّ عَذَاب الدُّنْيَا أَهْون من عَذَاب الْآخِرَة

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ એક પુરૂષ અને તેની પત્ની વચ્ચે લિઆન કર્યું તો તે પુરૂષ અલગ થઈ ગયો તેના બાળકથી[૧] પછી જુદાઈ કરી દેવામાં આવી તેમની વચ્ચે[૨] અને બાળકને માથી સંબંધિત કર્યુ[૩]'' (મુસ્લિમ, બુખારી) અને મુસ્લિમ, બુખારીની તેમની જ હદીષમાં છે કે રસૂલુલ્લાહ ﷺ એ તેને નસીહત કરી અને ડરાવ્યો અને બતાવ્યું કે દુનિયાની સજા આખેરતના અઝાબથી હલકી છે[૪] પછી સ્ત્રીને બોલાવી અને તેણીને નસીહત કરી અને બતાવ્યું કે દુનિયાની સજા આખેરતના અઝાબ કરતાં હલકી છે.[૫]

૧. એ રીતે કે પોતાની પત્નીના બાળકનો પોતાનાથી ઈન્કાર કરી આપ્યો. કહી દીધું કે મારું નથી બલ્કે હરામનું છે. આ પણ ઝિનાની તોહમતની એક રીત છે કે ઝિનાનો આક્ષેપ ન લગાડે પણ બાળકનો ઈન્કાર કરી દે.

૨. લિઆન કરાવીને એ રીતે કે પ્રથમ બંનેથી લિઆન કરાવ્યું પછી નિકાહ ફસ્ખ કરી આપ્યાં એનાથી જાણવા મળ્યું કે લિઆનમાં સ્ત્રી તથા પુરૂષની અલાહિદગી હાકિમના ફૈસલાથી થશે ન કે પતિની તલાક઼થી. ઈમામે આ'ઝમનો એ જ મઝહબ છે. ઈમામ ઝાફર તથા ઈમામ શાફઈને ત્યાં ખુદ લિઆન જ તલાક઼ અથવા નિકાહ તૂટવાનો સબબ છે કે લિઆન કર્યું તો અલગતા થઈ ગઈ. પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો ક઼ૌલ ખૂબ જ ક઼વી (મજબૂત) છે. પ્રથમ તો એટલા માટે કે જો લિઆન જ તલાક઼ હોત તો હુઝૂર ﷺ જુદાઈ શા માટે કરાવતા ? જેમ કે અહીં ثُمَّ થી જણાય રહ્યું છે કે લિઆન બાદ હુઝૂર ﷺ એ અલાહિદગી (જુદાઈ)નો હુકમ આપ્યો. બીજુ એટલા માટે પહેલાં વર્ણન થઈ ચૂક્યું કે ઉવૈમરે લિઆન બાદ ત્રણ તલાક઼ો આપી, જો લિઆનથી નિકાહ ખત્મ થઈ ચૂક્યા હતા તો તલાક઼થી શો ફાયદો હતો ? તે તલાક઼ો અને આ જુદાઈ કરવું બતાવી રહ્યું છે કે લિઆન નિકાહનો ફસ્ખ (તોડનાર) નથી. *(મિર્ક઼ાત)*

૩. એ રીતે એ બાળક તે સ્ત્રીનું કહેવાયુ ન કે પુરૂષનું. તેમજ એનો નસબ (વંશથી) સાબિત ન થયો. તેમજ એ બાળકને કેવળ સ્ત્રીનો વારસો મળ્યો ન કે પુરૂષનો. લિઆનનો આ જ હુકમ છે.

૪. અહીં દુનિયાની સજાથી મુરાદ હદ્દે ક઼ઝફ (તોહમતની સજા) છે, એટલે એંસી કોરડા. એટલે જો તું જૂઠ્ઠુ કહી રહ્યો છે તો સ્વીકાર કરી લે તો ૮૦ કોરડા ખાઈને તારો છૂટકારો થઈ જશે. આખેરતનો અઝાબ બેઈજ્જતી તથા દોઝખની આગ ઘણી જ સખત છે.

૫. અહીં અઝાબથી મુરાદ રજ્મ એટલે સંગસાર કરવું અને દુનિયાની બદનામી છે કે જો સ્ત્રી ઝિનાનો સ્વીકાર કરી લે તો રજ્મ કરવામાં આવશે. દુનિયા એને બુરો કહેશે પણ આ તકલીફ થોડીક મિનિટોની છે. આખેરતમાં બેઈજ્જતી અને દોઝખનો અઝાબ સખત છે. બુધ્ધિમાન એ છે કે મુશ્કેલ સજાની સરખામણીમાં આસાનને અપનાવે.

★ હદીષ : (૩)-૩૩૬ ★

وَعَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لِلْمُتَلَاعِنَيْنِ: «حِسَابُكُمَا عَلَى اللّٰهِ أَحَدُكُمَا كَاذِبٌ لَا سَبِيلَ لَكَ

"તેમનાથી જ રિવાયત છે કે નબી કરીમ ﷺ એ લિઆનવાળા પતિ પત્નીથી ફર્માવ્યું કે તમારા બંનેવનો હિસાબ અલ્લાહને ત્યાં છે.[૧] તમારામાંથી એક જૂઠ્ઠો

عَلَيْهَا» قَالَ: يَا رَسُولَ اللَّهِ مَالِي قَالَ: «لَا مَالَ لَكَ إِنْ كُنْتَ صَدَقْتَ عَلَيْهَا فَهُوَ بِمَا اسْتَحْلَلْتَ مِنْ فَرْجِهَا وَإِنْ كُنْتَ كَذَبْتَ عَلَيْهَا فَذَاكَ أَبْعَدُ وَأَبْعد لَك مِنْهَا»

છે. હવે તમને આ સ્ત્રી પર કોઈ હક્ક નથી આવ્યો.[૨] અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારો માલ ?[૩] તો ફર્માવ્યું, માલ તને ન મળે, જો તેં એના પર સાચુ બોલ્યુ છે તો માલ એ બદલામાં રહ્યો કે તેં તેની શર્મગાહમાં હસ્તક્ષેપ કરી લીધો[૪] અને જો તમે એના પર જૂઠ બાંધ્યું છે તો એ તારાથી ખૂબ ખૂબ દૂર છે.[૫]" (મુસ્લિમ, બુખારી)

૧. કે એ જ તમારામાંથી જૂઠાને સજા આપશે, અમે કેવળ જાહેર પર અમલ કરીએ છીએ. જો તમારામાંથી કોઈનું જૂઠ જાહેર ન થાય તો કોઈને સજા નથી આપતા.

૨. આ વાક્યને કારણે ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે ખુદ લિઆન જ નિકાહને તૂટવું છે, હાકિમના ફૈસલા પર મૌકૂફ નથી, પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં આ વાક્યનો મતલબ એ છે કે અમારા જુદાઈ કર્યા બાદ લિઆન કરનારનો જેના પર લિઆન કરે તેના નિકાહનો કોઈ હક્ક બાકી નથી રહેતો, કે જેથી આ હદીષ પાછલી હદીષની વિરૂધ્ધ ન થાય.

૩. "માલી" છુપા ફેઅલનો ફાઈલ છે. એટલે મારો માલ કહેવામાં આવ્યું. માલથી મુરાદ આપેલો માલ છે એટલે મહેર. એ ચાહતા હતા કે મહેર પરત અપાવવામાં આવે.

★ સોહબતથી મહેર મોઅક્કદા થાય છે, મુલાઈનાથી મહેર અપાવવામાં નહીં આવે ★

૪. એટલે કે તારી મહેર સોહબત કરી લેવાથી ગઈ. એનાથી જાણવા મળ્યું કે સોહબતથી કે ખલ્વત (એકાંત)થી મહેર મોઅક્કદા થાય છે. જો ખલ્વત વિના તલાક આપી દેવામાં આવી તો અડધી મહેર વાજિબ થશે. આ મસ્અલાનો માખઝ આ હદીષ પણ છે.

૫. એટલે કે જ્યારે તને સાચા હોવ પર માલ પરત ન મળ્યો તો જૂઠો હોવા પર તો મળી શક્તો જ નથી. યાદ રાખશો કે બીજો "બઅ્દ" તાકીદના માટે અધિક કહેવામાં આવ્યો, એટલે ખૂબ ખૂબ દૂર છે. એનાથી જાણવા મળ્યું કે લિઆન કરવામાં આવેલી સ્ત્રીને મહેર પૂરી પૂરી મળશે. લિઆનથી મહેર પર કોઈ અસર નથી પડતી.

★ હદીષ : (૪)-૩૩૦૭ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ هِلَالَ بْنَ أُمَيَّةَ قَذَفَ امْرَأَتَهُ عِنْدَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِشَرِيكِ بْنِ سَحْمَاءَ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْبَيِّنَةَ أَوْ حَدًّا فِي ظَهْرِكَ» فَقَالَ: يَا رَسُولَ اللَّهِ إِذَا رَأَى أَحَدُنَا عَلَى امْرَأَتِهِ رَجُلًا يَنْطَلِقُ يَلْتَمِسُ الْبَيِّنَةَ؟ فَجَعَلَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «الْبَيِّنَةَ وَإِلَّا حَدٌّ فِي ظَهْرِكَ»

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે હિલાલ ઈબ્ને ઉમૈયાએ[૧] હુઝૂરે અન્વર ﷺ ની નજીક પોતાની પત્નીને શરીક ઈબ્ને સહમાથી તોહમત લગાડી[૨] તો નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, ગવાહ લાવો ! અથવા તમારી પીઠમાં સજા છે[૩] તે બોલ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ જ્યારે અમારામાંથી કોઈ પોતાની પત્ની પર કોઈ પુરૂષને જુએ તો ગવાહ શોધતો ફરે ?![૪] પછી નબી કરીમ ﷺ ફર્માવવા લાગ્યા, ગવાહ લાવો, નહીં તો તમારી પીઠમાં સજા થશે[૫] હિલાલ બોલ્યા, એની કસમ ! જેણે આપને હક્કની સાથે મોકલ્યા, હું

فَقَالَ هِلَالٌ: وَالَّذِي بَعَثَكَ بِالْحَقِّ إِنِّي لَصَادِقٌ فَلْيُنْزِلَنَّ اللَّهُ مَا يُبَرِّئُ ظَهْرِي مِنَ الْحَدِّ فَنَزَلَ جِبْرِيلُ وَأَنزل عَلَيْهِ: (وَالَّذين يرْمونَ أَزواجهم)فَقَرَأَ حَتَّى بَلَغَ (إِنْ كَانَ مِنَ الصَّادِقِينَ)فَجَاءَ هِلَالٌ فَشَهِدَ وَالنَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «إِنَّ اللَّهَ يَعْلَمُ أَنَّ أَحَدَكُمَا كَاذِبٌ فَهَلْ مِنْكُمَا تَائِبٌ؟» ثُمَّ قَامَتْ فَشَهِدَتْ فَلَمَّا كَانَتْ عِنْدَ الْخَامِسَةِ وَقَفُوهَا وَقَالُوا: إِنَّهَا مُوجِبَةٌ فَقَالَ ابْنُ عَبَّاسٍ: فَتَلَكَّأَتْ وَنَكَصَتْ حَتَّى ظَنَنَّا أَنَّهَا تَرْجِعُ ثُمَّ قَالَتْ: لَا أَفْضَحُ قَوْمِي سَائِرَ الْيَوْمِ فَمَضَتْ وَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَبْصِرُوهَا فَإِنْ جَاءَتْ بِهِ أَكْحَلَ الْعَيْنَيْنِ سَابِغَ الْأَلْيَتَيْنِ خَدَلَّجَ السَّاقِينَ فَهُوَ لِشَرِيكِ بْنِ سَحْمَاءَ» فَجَاءَتْ بِهِ كَذَلِكَ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَوْلَا مَا مَضَى مِنْ كِتَابِ اللَّهِ لَكَانَ لِي وَلَهَا شَأْن» . رَوَاهُ الْبُخَارِيّ

સાચો છું તો અલ્લાહ તઆલા જરૂર તે આયતો ઉતારશે જે મારી પીઠને સજાવી લેશે[૯] એટલામાં જિબ્રઈલ ઉતર્યા અને આપના પર આ આયત ઉતરી[૧૦] અને તે લોકો જેઓ આક્ષેપ લગાડે પોતાની પત્નીઓને. પછી પઢી ત્યાં સુધી કે ان كان من الصادقين *સુધી પહોંચી ગયા. પછી હિલાલ આપ્યા, ગવાહી આપી[૯] અને નબી કરીમ* ﷺ *ફર્માવતા હતા કે યકીનન ! અલ્લાહ જાણે છે કે તમારામાંથી એક જૂઠ છે, તો શું તમારામાંથી કોઈ તૌબા કરી લેશે ?[૯] પછી સ્ત્રી ઉભી થઈ પછી ગવાહી આપી. જ્યારે પાંચમી પહોંચી[૧૦] તો લોકોએ તેને થોભાવી દીધી અને બોલ્યા કે આ વાજિબ કરનારી છે[૧૧] ઈબ્ને અબ્બાસ ફર્માવે છે કે તે કાંઈક થોભી અને પલ્ટી ત્યાં સુધી કે અમે ગુમાન કરી લીધું કે તેણી રૂજૂઅ કરી લેશે[૧૨] પછી બોલી, હું મારી કૌમને કદી બેઇજ્જત કરીશ નહીં, પછી જતી રહી.[૧૩] અને નબી કરીમ* ﷺ *એ ફર્માવ્યું, એને જોજો, જો તેણી સુરમગી (સુરમો લાગેલી) આંખોવાળો, ભરેલી સીટોવાળો, પાતળી પિંડલીઓવાળો બાળક જણે તો એ શરીક ઈબ્ને સહમાનો છે[૧૪] પછી તેણી એવું બાળક લાવી. ફર્માવ્યું, નબી કરીમ* ﷺ *એ જો કુર્આનનો તે હુકમ જે ગુજરી ગયો ન હોત[૧૫] તો મારો અને સ્ત્રીનો કાંઈ હાલ હોત.[૧૬]" (બુખારી)*

૧. હિલાલ ઈબ્ને ઉમૈયા તે જ સહાબી છે જે હઝરત કઅબ ઈબ્ને માલિકની સાથે ગઝવએ તબૂકથી પાછળ રહી ગયા. એ ત્રણ હઝરાત કઅબ ઈબ્ને માલિક, હિલાલ ઈબ્ને ઉમૈયા, મરારા ઈબ્ને લુવી. આ ત્રણેવ સહાબીઓની તૌબાનું વર્ણન સૂરએ તૌબામાં છે : وَّعَلَى الثَّلٰثَةِ الَّذِيْنَ خُلِّفُوْا ۔۔۔/૧૧૮ (અને તે ત્રણ પર જ મૌકૂફ રાખવામાં આવ્યા હતા.....છેવટ સુધી. સૂરએ તૌબા, ૯/૧૧૮)

૨. હઝરત શરીક અન્સારના હલીફ હતા. سحماء સહ્મા તેમનાં વાલિદા (મા)નું નામ છે. આપ પોતાની માની નિસ્બતથી મશહૂર છે. જેમ કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મક્તૂમ. ઈસ્લામમાં આ પ્રથમ બનાવ બન્યો અને આ લઅન પણ પહેલુ લિઆન હતું. આ બનાવ પર આયતે લિઆન નાઝિલ થઈ.

★ ઝિનાના જૂઠા આક્ષેપની સજા ૮૦ કોરડા છે ★

૩. એટલે કે ક્યાં તો ચાર ગવાહો દાર્શનિક પેશ કરો જેમણે તમારી પત્નીને ઝિના કરતાં જોઈ હોય, નહીં તો તમને હદ્દે કઝ્ફ (ખોટા આક્ષેપની સજા) ૮૦ કોરડા મારવામાં આવશે.

૪. ખુલાસો એ છે કે જો પતિ પોતાની પત્ની પર કોઈને જુએ તો એટલો સમય જ નથી હોતો કે ચાર ગવાહ ભેગા કરી લે અને તેમને આ હાલત દેખાડે. આ તકલીફ શક્તિથી વધારે છે.

૫. સરકારે આલી ﷺનું આ ફર્માન કુર્આનની આ આયતના આધારે છે કે ઝિના માટે ચાર ગવાહ પેશ કરવામાં આવે, નહીં તો આક્ષેપ મૂકવામાં નીડર ન થઈ જાય. કેમ કે હજી લિઆનના હુકમો આવ્યા ન હતા એટલા માટે ફર્માવવામાં આવ્યું.

૬. આ છે મો'મિનની ફરાસત (દીર્ઘ દૃષ્ટિ) કે ભાવિમાં આવનારા હુકમોના વિશે કસમ ખાય લીધી કે એવા હુકમો જરૂર નાઝિલ થશે. મજાની વાત એ છે કે ઈન્શા અલ્લાહ ! પણ ન કહ્યું. એટલે મને મારા રબની રહમતથી યકીન છે કે તે સાચાને તોહમતની સજા લાગવા નહીં દે, મને જરૂર બચાવી લેશે.

૭. وَنَزَلَ ની وَ થી જણાય છે કે હિલાલ મજલિસ શરીફમાં મૌજૂદ હતા અને દરબારે આલી ગરમ હતો એવામાં લિઆનની આયત નાઝિલ થઈ ગઈ. હઝરત હિલાલનો અંદાજો સાચો થઈ ગયો, કેમ કે وَ તઅકીબ બિલા તરાખીના માટે આપે છે.

૮. جَآءَ થી મુરાદ હુઝૂર ﷺની બારગાહમાં કસમના માટે ઉભા થવું, કેમ કે હિલાલ ત્યાં જ હતા, હજી અદૃશ્ય થયા ન હતા. અને શક્ય છે કે હિલાલ ચાલ્યા ગયા હોય અને આ આયતના ઉતરાણ પર બોલાવવામાં આવ્યા હોય. પણ પ્રથમ અર્થ અધિક જાહેર છે. ગવાહીથી મુરાદ હિલાલનું કસમ ખાવું, કેમ કે આ કસમ ગવાહીના સ્થાને હોય છે એટલા માટે એ કસમને ગવાહી કહ્યું. કુર્આને કરીમે પણ એને ગવાહી કહ્યું.

★ ઈલ્મે ગયબ પર એક શંકાનું નિવારણ ★

૯. હજી પણ મુસ્તહબ એ છે કે હાકિમ આ પ્રકારના શબ્દો લિઆન કરનારાઓને કહે. યાદ રાખશો કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺને લોકોની ગુપ્ત હાલ તો પર માહિતગાર કરેલા છે, પણ સાથોસાથ પર્દાપોશ બનાવ્યા છે, એટલા માટે ન તો રબ તઆલાએ કોઈ આયત ઉતારી કે ફલાણો સાચો છે ન હુઝૂર ﷺએ એની ખબર આપી. જેથી આ ફર્માન પર્દાપોશીના કારણે છે, ન કે બેઈલ્મીના કારણે. શું તમને ખબર નથી કે અબ્દુલ્લાહ ઈબ્ને હુઝાફાએ હુઝૂર ﷺને પૂછયું હતું કે મારો બાપ કોણ છે ? ફર્માવ્યું, હુઝાફા. બીજાએ પૂછયું, મારો બાપ કોણ છે ? ફર્માવ્યું, સાલિમ મૂસા શયબા. (બુખારી શરીફ) અને બાપ બેટા હોવું એ જ જાણી શકે છે જે આંત્રિક હાલતોથી માહિતગાર હોય. જેથી એ કલેમાતથી હુઝૂર ﷺની બેઈલ્મી સાબિત કરવી સખત ગલત છે.

૧૦. એટલે ચાર વખત اشهد بالله કહી ચૂકી, જ્યારે પાંચમીની વારી આવી ત્યારે સહાબાએ કિરામે તેણીને રોકીને આ તબ્લીગ કરી.

૧૧. ક્યાં તો સજાને અથવા તો દાઝખની આગને, જો આ પાંચમી કસમ તું ન ખાય તો રજૂમ તથા સંગસાર કરવામાં આવશે, અને જો જૂઠી કસમ ખાઈ ગઈ તો જહન્નમના અઝાબની હક્કદાર બનીશ. જેથી સમજી વિચારીને કદમ ઉઠાવો. એનાથી પણ જણાય રહ્યું છે કે હુઝૂર ﷺને ખબર હતી કે પુરૂષ સાચો છે સ્ત્રીથી ખતા થઈ છે. જુઓ, સહાબાએ કિરામે હિલાલને એ તબ્લીગ ન કરી, કેવળ સ્ત્રીને કરી.

૧૨. જાણવા મળે છે કે સહાબાએ કિરામને પણ નિશાનીઓ પરથી માલૂમ થઈ ચૂક્યું હતું કે હિલાલ સાચા છે, સ્ત્રી ખતા પર છે, પણ કેમ કે ઈસ્લામમાં એના જેવી નિશાનીઓનો એતબાર નથી, ખાસ કરીને હદો (સજાઓ)માં એટલા માટે એ નિશાનીઓ પર શરઈ હુકમો લાગુ નથી થતા.

૧૩. એટલે કે પાંચમી કસમ પણ ખાય લીધી અને છોડી દેવામાં આવી. આ રોકવા પલટવાના સંબંધે તેણીને કોઈ પૂછતાછ ન કરવામાં આવી કે તું પહેલાં રોકાઈ શાથી હતી.

૧૪. એટલે કે હરામી છે. લગભગ શરીક ઈબ્ને સહમા એ જ શકલ (દેખાવ)ના હશે, અને બાળક મોટાભાગે બાપની શકલ પર હોય છે. આ કાયદો મોટાભાગે એ છે પણ હુઝૂર ﷺના ફર્માને આલીથી તે યકીની થઈ ગયું,

પણ આ યકીન પર શરઈ સજા લાગુ નથી થતી, એટલા માટે સ્ત્રીને છતાં પણ કાંઈ કહેવામાં ન આવ્યું.

૧૫. આ હુકમથી મુરાદ લિઆનના હુકમો છે કે જે આ પ્રસંગે કુર્આને કરીમમાં નાઝિલ થઈ ચૂક્યા હતા. એટલે જો લિઆનના હુકમો ન આવી ગયા હોત અને કેવળ નિશાનીઓ પર શરઈ સજાઓ લાગુ થઈ જાત તો અમે તેણીને સંગસાર કરી આપત.

★ લિઆનથી કોઈ ફાસિક નથી થતુ ★

૧૬. કે અમે એ સ્ત્રીને સંગસાર કરી આપત. યાદ રાખશો કે હુઝૂર ﷺએ એ સ્ત્રીને હિલાલથી અલગ કરી આપી પણ ઈદ્દતનો ખર્ચ ન અપાવ્યો, કેમ કે આ જુદાઈ તલાક નથી બલ્કે ફસ્ખ (નિકાહ તોડવું) છે. (મિર્કાત) અમુક રિવાયતોમાં છે કે એ બાળક જીવતો રહ્યો અને બાદમાં મિસરનો હાકિમ બન્યો, પણ પોતાની માની તરફ સંબંધિત કરવામા આવતો હતો. (મિર્કાત) પણ અમુક રિવાયતોમાં છે કે બે વરસની ઉમર પામીને મૃત્યુ પામ્યો. અલ્લાહ બેહતર જાણનાર છે એ સ્ત્રી અને શરીક પણ બુરા હાલમાં મર્યા. (મિર્કાત) યાદ રાખશો કે લિઆનની સ્થિતિમાં શરઅન કોઈ ફાસિક નથી કહેવામાં આવતુ, એટલા માટે લિઆન કરનારાની ગવાહી કબૂલ છે. عند الله જે કાંઈ થયું તે રબ જાણે. જેથી શરીઅતની રૂએ એ બંનેવ, બલ્કે ત્રણેવમાં કોઈ ફાસિક નથી, ન હિલાલ, ન સ્ત્રી, ન શરીક જેથી એ મસ્અલો તદ્દન હક્ક છે કે સહાબાઓ તમામે તમામ આદિલ છે અને સૌ જન્નતી છે.

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે સઅદ ઈબ્ને ઓબાદાએ ફર્માવ્યું, જો હું મારી પત્નીની સાથે કોઈ પુરૂષને પામુ તો હું તેને ન સ્પર્શું ત્યાં સુધી કે ચાર ગવાહ લાવું ?! ફર્માવ્યું, હા ![1] બોલ્યા, કદાપિ નહીં ! કસમ તેની જેણે આપને હક્કની સાથે મોકલ્યા, હું તો તેને એનાથી પહેલાં તલ્વારથી જલ્દી મારી નાખું.[2] રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સાંભળો ! જે તમારો આ સરદાર કહે છે[3] એ ઘણો જ ગૈરતમંદ છે[4] અને હું એનાથી વધીને ગૈરતમંદ છું અને અલ્લાહ મારાથી વધુ ગોયૂર છે.[5]'' (મુસ્લિમ)

★ હદીષ : (૫)-૩૩૦૮ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ سَعْدُ بْنُ عُبَادَةَ: لَوْ وَجَدْتُ مَعَ أَهْلِي رَجُلًا لَمْ أَمَسَّهُ حَتَّى آتِيَ بِأَرْبَعَةِ شُهَدَاءَ؟ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «نَعَمْ» قَالَ: كَلَّا وَالَّذِي بَعَثَكَ بِالْحَقِّ إِنْ كُنْتُ لَأُعَاجِلُهُ بِالسَّيْفِ قَبْلَ ذَلِكَ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «اسْمَعُوا إِلَى مَا يَقُولُ سَيِّدُكُمْ إِنَّهُ لَغَيُورٌ وَأَنَا أَغْيَرُ مِنْهُ وَاللهُ أَغير مني» . رَوَاهُ مُسلم

★ કેસાસ, સજાઓ તથા રજ્મ કેવળ હાકિમ જ લાગુ કરે ★

૧. એટલે હા ! તમે એ સ્ત્રી તથા પુરૂષ સાથે કાંઈ ટકરાવ ન કરો, તમારું કેવળ એ કામ છે કે ચાર ગવાહ એમના ઝિના પર બનાવી લો, પ્રથમ અમારી સમક્ષ રજૂ કરો, અમે તેહકીક બાદ તેમને ઝિનાની સજા આપીશું. એનાથી જાણવા મળ્યું કે કેસાસ, રજ્મ વગેરે કેવળ હાકિમ લાગુ કરી શકે છે. કોઈ અન્યને હક્ક નથી કે ખુદ કાનૂન હાથમાં લઈને એ કામ કરે.

૨. આ અર્ઝ કરવામાં હુઝૂર ﷺના ફર્માને આલીની રદ નથી બલ્કે પોતાની અત્યંત ગૈરતનું પ્રદર્શન છે કે આવી હાલતમાં મારા પર ગુસ્સાના કારણે એવી મદહોશી છવાઈ જશે કે મને ગવાહ લાવવા માણસોને શોધવાનું ધ્યાન જ ન રહેશે, આ જુનૂનમાં હું તેને કત્લ જ કરી દઈશ. એટલા માટે સરકારે આલી ﷺએ તેમની અર્ઝને રદિયો ન આપ્યો બલ્કે પ્રશંસા કરી.

૩. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં سیدنا છે એટલે અમારા સરદારની વાત સાંભળો. અમારા સરદારથી

મુરાદ છે અમારા નિયુક્ત કરેલા સરદાર. જેમ કે બાદશાહ કોઈ અમીર તરફ ઈશારો કરીને કહે, અમારા અમીર, એટલે અમારો નિયુક્ત કરેલ અમીર. سيدكم નો અર્થ બિલ્કુલ જાહેર છે. લગભગ અન્સારને સંબોધન થશે. અને જો તમામ સહાબાને સંબોધન હોય તો ખાસ સરદારી મુરાદ થશે. જેથી હદીષ પર એ વાંધો નથી કે હઝરત સઅદ જનાબ સિદ્દીક़ તથા ફારૂક़થી અફઝલ હોય. رضوان الله تعالىٰ عليهم اجمعين

★ ક़ૌમનો સરદાર ગૈરતમંદ હોવો જોઈએ ★

૪. એટલે કે જે કાંઈ સઅદ કહી રહ્યા છે પોતાની ગૈરતના જોશમાં કહી રહ્યા છે, ન કે અમારા કલામે આલીના રદમાં, અને ગૈરતનો જોશ સરદારીના કારણે છે. જાણવા મળ્યું કે ક़ૌમનો સરદાર ગૈરતમંદ જ હોવો જોઈએ.

૫. આ ફર્માને આલીમાં હઝરત સઅદની ગૈરતની તારીફ છે, એમના એ અમલનું સમર્થન નથી, કેમ કે જાતે ક़ત્લ કરી દેવું શરીઅતના હુકમની વિરૂધ્ધ છે, એનું સમર્થન કેવું ?! જ્યારે ગોયૂર શબ્દ અલ્લાહ રસૂલની સિફત હોય તો એનાથી મુરાદ થાય છે : زجور સખત રોકનાર. એટલે હું અને રબ તઆલા એ બેહયાઈઓને સખત રોકનાર છીએ. એટલા માટે ઝિનાની સજા એટલી સખત રાખી છે કે રબની પનાહ ! ક़ત્લના ક़ેસાસમાં તલ્વારથી મારવામાં આવે છે પણ ઝિનાની સજામાં સંગસાર કરવામાં (પથ્થરો મારીને મારી નાખવામાં) આવે છે.

''હઝરત મુગીરાથી રિવાયત છે. ફર્માવે છે, સઅદ ઈબ્ને ઓબાદાએ ફર્માવ્યું, જો હું કોઈ પુરૂષને મારી પત્ની સાથે જોઉં તો તેને મારી દઉં તલ્વારથી, પહોળાઈથી નહીં[૧]. આ ખબર રસૂલુલ્લાહ ﷺ ને પહોંચી તો ફર્માવ્યું, શું તમે સઅદની ગૈરતથી આશ્ચર્ય કરો છો ?![૨] અલ્લાહની ક़સમ ! હું એનાથી વધીને ગૈરતમંદ છું[૩] અને અલ્લાહ મારાથી વધુ ગુયૂર છે. અલ્લાહની ગૈરતના કારણે કે અલ્લાહે જાહેર આંત્રિક બિભત્સ ચીજો હરામ કરી આપી[૪] અને અલ્લાહથી વધુ કોઈને મઅઝેરત પસંદ (શર્મિંદા થવું) પસંદ નથી[૫] એટલા માટે અલ્લાહે ડરાવનાર અને બશારત આપનાર મોકલ્યા[૬] અને એવો કોઈ નથી જેને અલ્લાહથી વધુ પ્રશંસા પસંદ હોય.[૭] એના કારણે અલ્લાહે જન્નતનો વાયદો કર્યો.[૮]'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૬)-૩૩૦૯ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ الْمُغِيرَةِ قَالَ: قَالَ سَعْدُ بْنُ عُبَادَةَ: لَوْ رَأَيْتُ رَجُلًا مَعَ امْرَأَتِي لَضَرَبْتُهُ بِالسَّيْفِ غَيْرَ مُصْفِحٍ فَبَلَغَ ذَلِكَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «أَتَعْجَبُونَ مِنْ غَيْرَةِ سَعْدٍ؟ وَاللَّهِ لَأَنَا أَغْيَرُ مِنْهُ وَاللَّهُ أَغْيَرُ مِنِّي وَمِنْ أَجْلِ غَيْرَةِ اللَّهِ حَرَّمَ اللَّهُ الْفَوَاحِشَ مَا ظَهَرَ مِنْهَا وَمَا بَطَنَ وَلَا أَحَدَ أَحَبُّ إِلَيْهِ الْعُذْرُ مِنَ اللَّهِ مِنْ أَجْلِ ذَلِكَ بَعَثَ الْمُنْذِرِينَ وَالْمُبَشِّرِينَ وَلَا أَحَدَ أَحَبُّ إِلَيْهِ الْمِدْحَةُ مِنَ اللَّهِ وَمِنْ أَجْلِ ذَلِكَ وَعَدَ اللَّهُ الْجَنَّةَ»

૧. એટલે કે હું તેને પહોળી તલ્વાર મારીશ નહીં જેનાથી કેવળ ઘા વાગે બલ્કે ધારની તરફથી મારીશ જેનાથી તે ક़ત્લ જ થઈ જાય. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે એ غير مصفح لضربته ના ફાઈલ (કર્તા)નો હાલ છે. એટલે હું એ ઝાનીથી દરગુઝર કરીશ નહીં બલ્કે મારી જ નાખું. પણ પ્રથમ અર્થ ખૂબ જ ફીટ બેસે છે.

૨. સર્વ સહાબાએ કિરામ ગૈરતમંદ જ હતા. મો'મિન બેગૈરત નથી હોતો, તો કઈ રીતે સહાબા બેગૈરત હોય, પણ હઝરત સઅદ બેહદ ગૈરતમંદ તથા ગુયૂર હતા, એટલા માટે આવુ કહેવામાં આવ્યું. જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

★ હુઝૂર ﷺ સર્વ કમાલની ખૂબીઓમાં સર્વ મખ્લૂક़થી અફ઼ઝલ છે ★

૩. જાણવા મળ્યું કે હુઝૂર ﷺ સર્વ કમાલની સિફ઼તો (ખૂબીઓ)માં સર્વ ખલ્ક़થી (મખ્લૂક़થી) અફ઼ઝલ છે. ગૈરતમંદ બાદશાહ પોતાના નોકરોને ભીખ નથી મંગાવતા. ઘડપણમાં તેમને પેન્શન બાંધી આપે છે. હુઝૂર ﷺ એવા ગૈરતમંદ છે કે પોતાનું નામ લેનારાઓ, દીનના ખિદમતગારો, પોતાના નોકરો ચાકરોને બેઈજ્જત થવા નથી દેતા. નકામાઓને એવી રીતે નિભાવે છે કે સુબ્હાનલ્લાહ ! જુઓ અમારા જેવા નકામા જેમને કોઈ કરતાં કોઈ હુનર ન આવડે છતાં એમના નામ પર કેવી મજાથી નભી રહ્યા છે. ﷺ

૪. રબ તઆલાની ગૈરતનો એ જ અર્થ છે. નહીં તો અલ્લાહ તઆલા શર્મ ગૈરતના જાહેરી અર્થથી પાક છે. એવા શબ્દોમાં રબ તઆલા માટે તેમનાં પરિણામો મુરાદ હોય છે.

૫. એટલે કે રબતઆલાએ બંદાની તૌબા ખૂબ જ પસંદ છે. એટલા માટે અંબિયાએ કિરામ થકી પૈગામ મોકલ્યો કે ففروا الى الله ગુનેહગારો ! અલ્લાહની તરફ઼ નાસી આવો ! પનાહ પામી જશો. એ જ સિફ઼ત ના મઝહર (ખૂબીના ઉગમ સ્થાન) હુઝૂર ﷺ છે એનું જ પરિણામ હતું કે હુઝૂર ﷺએ હઝરત વહશી, હિંદા, અબૂ સુફ઼યાન વગેરેને માફી આપી દીધી. એ હઝરતને માફ઼ કરી દેવા માનવશક્તિ બહારની વાત છે. એમના દરવાજા પર આવનાર વંચિત નથી જતો.

૬. જાણવા મળ્યું કે હઝરત અંબિયાએ કિરામની બઅ્ષત (આગમન)નો મૂળ હેતુ ભાગી ગયેલાઓને બોલાવવાનો છે.

★ હમ્દે ઈલાહી શ્રેષ્ઠ ઈબાદત છે ★

૭. જેમ કે ખુદ રબ તઆલાએ પોતાની હમ્દો ષના કરી, અંબિયાએ કિરામ તથા અવલિયા હઝરાત હમ્દે ઈલાહી કરતા રહ્યા, બલ્કે આલમનુ રજકણ રજકણ, ટીપુ ટીપુ હમ્દે ઈલાહી કરે છે : وَاِنْ مِّنْ شَیْءٍ اِلَّا یُسَبِّحُ بِحَمْدِہٖ (અને કોઈ ચીજ નથી જે તેની પ્રશંસા કરતી તેની પાકી ન બોલે. સૂ. ઈસ્રા, ૧૭/૪૪) આ સૌ એ પસંદીદગીનું પરિણામ છે. હમ્દે ઈલાહી બેહતરીન ઈબાદત છે. તેના નબીઓ વલીઓની તારીફો પણ ઈન્ડાયરેક્ટલી અલ્લાહની હમ્દ જ છે કે જેને જે મળ્યું તેની (રબની) અતાથી મળ્યું. નઅત તથા મન્ક़બતો હમ્દે ઈલાહીની જેમ ઈબાદતે ઈલાહી છે.

૮. એટલે દુનિયામાં હમ્દે ઈલાહી કરનારાઓથી રબ તઆલાએ જન્નતનો વાયદો કરી લીધો છે. ખુદ જન્નતમાં હમ્દે ઈલાહી સિવાય અન્ય કોઈ ઈબાદત થશે નહીં. જન્નતી લોકો જ્યારે આપસમાં વાતચીત કરશે : وَاٰخِرُ دَعْوٰىهُمْ اَنِ الْحَمْدُ لِلّٰهِ رَبِّ الْعٰلَمِیْنَ (સર્વ ખૂબીઓથી પ્રશંસા પામેલ અલ્લાહ જે રબ છે સર્વ જહાનોનો.

(સૂ. યૂનુસ, ૧૦/૧૦)

★ હદીષ : (૭)-3310 ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صلى الله عَلَيْهِ وَسلم: «إِن اللَّهَ تَعَالَى يَغَارُ وَإِنَّ الْمُؤْمِنَ يَغَارُ وَغَيْرَةُ اللَّهِ أَنْ لَا يَأْتِيَ الْمُؤْمِنُ مَا حَرَّمَ الله»

*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે બેશક ! અલ્લાહ તઆલા ગૈરત ફર્માવે છે અને યક़ીનન ! મો'મિન ગૈરત કરે છે.[૧] અને **અલ્લાહની ગૈરત એ છે કે મો'મિન તે કામ ન કરે જે અલ્લાહે હરામ કર્યું.[૨]**'' (મુસ્લિમ, બુખારી)*

★ હયા તથા ગૈરત અલ્લાહની ખૂબીઓ છે, જેને એ મળી ગઈ તેને સર્વ કાંઈ મળી ગયું ★

૧. કેમ કે મો'મિન અખ્લાક़ે ઈલાહીથી મૌસૂફ હોય છે. જાણવા મળ્યું કે હયા તથા ગૈરત અલ્લાહની સિફતો છે. જેને એ નેઅમત મળી ગઈ તેને સર્વ કાંઈ મળી ગયું. અલ્લાહ તઆલાનું ગૈરત કરવાનો શું અર્થ છે તેના માટે અમારી કિતાબ "તફસીરે નઈમી"માં આયત اِنَّ اللّٰهَ لَا يَسْتَحْيٖۤ اَنْ يَّضْرِبَ (બેશક ! અલ્લાહ તેનાથી હયા નથી કરતો.....સૂરએ બક़રહ, ૨/૨૬)ની તફસીર જુઓ.

૨. એટલે કે **બંદો ગુનાહ કરે છે તો રબને તેનાથી ગૈરત આવે છે, જેવી રીતે ગુલામની બુરી હરકતોથી માલિકને ગૈરત આવે છે. જેથી બંદાએ જોઈએ કદાપિ ગુનાહ પર દિલેરી ન કરે.** આ હદીષ بابِ اللعان માં એટલા માટે લાવ્યા કે લિઆનમાં ઝિનાનો આક્ષેપ જ તો હોય છે અને ઝિના કરવો પણ ગૈરતની ચીજ છે. અને ઝિનાની તોહમત લગાડવું પણ શરમની વાત છે. જેથી પતિ પોતાની પત્નીને ઝિનાની જૂઠી તોહમત ન લગાડે.

★ બાળકમાં રંગની વિવિધતા હોવી એ રબની કુદરત છે જેથી એના પર શક ન કરે ★

★ હદીષ : (૮)-૩૩૧૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ أَنَّ أَعْرَابِيًّا أَتَى رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: إِنَّ امْرَأَتِي ولدَتْ غُلَاما أسودَ وَإِنِّي نكرته فَقَالَ لَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَلْ لَكَ مِنْ إِبِلٍ؟» قَالَ: نَعَمْ قَالَ: «فَمَا أَلْوَانُهَا؟» قَالَ: حُمْرٌ قَالَ: «هَلْ فِيهَا مِنْ أَوْرَقَ؟» قَالَ: إِنَّ فِيهَا لَوُرْقًا قَالَ: «فَأَنَّى تُرَى ذَلِكَ جَاءَهَا؟» قَالَ: عِرْقٌ نَزَعَهَا. قَالَ: «فَلَعَلَّ هَذَا عِرْقٌ نَزَعَهُ» وَلَمْ يُرَخِّصْ لَهُ فِي الِانْتِفَاءِ مِنْهُ

"તેમનાથી જ રિવાયત છે કે એક ગામડાવાસી રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયો. બોલ્યો, મારી પત્નીએ કાળો છોકરો જણ્યો અને મેં તેનો ઈન્કાર કરી આપ્યો[૧] તો એને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું તારી પાસે ઊંટો છે ? બોલ્યો, હા ! ફર્માવ્યું, તેના રંગ કેવા છે ? ફર્માવ્યું, લાલ. ફર્માવ્યું, એમાં કોઈ કાબરચીતરો પણ છે ? બોલ્યો, એમાં કાબર ચીતરો છે[૨] ફર્માવ્યું, એને તું ક્યાંથી જુએ છે કે આવ્યું ?[૩] બોલ્યો, કોઈ રગે એને ખેંચી લીધું[૪] ફર્માવ્યું, તો કદાચ આને પણ રગે ખેંચી લીધું.[૫] અને તેને પોતાનાથી ઈન્કારની ઈજાઝત ન આપી.[૬]" (મુસ્લિમ, બુખારી)

૧. ઈન્કારનું કારણ કેવળ એ છે કે હું ગોરો છું અને મારો બાળક કાળો કેવી રીતે હોય શકે છે, એટલા માટે મેં કહી આપ્યું કે આ બાળક મારો છે જ નથી ! મારી પત્નીએ કોઈ કાળા માણસ સાથે ઝિના કરાવ્યો હશે તેનો આ બાળક છે. જાહેર એ છે કે અહીં ઈન્કારથી મુરાદ દિલથી ઈન્કાર કરવું છે, ઝબાની ઈન્કારનો ઈરાદો કરવું છે. જો ઝબાનથી ઈન્કાર કરી આપત તો લિઆન કરવું પડત.

૨. સફેદ તથા કાળા ઘબ્બાવાળાને કાબર ચીતરો કહે છે. લાલ ઊંટ ગતિ તથા શક્તિમાં ખૂબ જ સારું હોય છે, પણ કાબર ચીતરા ઊંટનો ગોશ્ત ઘણો ઉમદા હોય છે. અરબવાસીઓ લાલ ઊંટ ખૂબ જ પસંદ કરે છે, કાબર ચીતરાને સારુ નથી સમજતા. *(મિર્ક़ાત)* મતલબ એ છે કે એ લાલ ઊંટોમાં કાબરચીતરુ પણ પેદા થયું છે ? તો બોલ્યો, હા ! કે મા બાપ લાલ છે અને તેમનુ બચ્ચુ કાબરચીતરુ છે.

૩. جاء નો ફાઈલ (કર્તા) લાલ ઊંટ છે અને ها નો મરજઅ કાબર ચીતરા રંગવાળુ બચ્ચુ, એટલે કે લાલ ઊંટ કાબરચીતરુ બચ્ચુ ક્યાંથી લઈ આવ્યાં ? ત્યાં બચ્ચાનો રંગ મા બાપના રંગની વિરૂધ્ધ શાથી થઈ ગયો ?

૪. એટલે કે એ બચ્ચાના દાદા પરદાદા નાના પરનાનામાં કોઈ નર કે માદા ઊંટ કાબર ચીતરુ થયું હશે, તે દૂરવાળો રંગ આ બચ્ચામાં આવી ગયો હશે. મિર્કાતે ફર્માવ્યું, આ શબ્દ અર્ક ઝાડના મૂળની રગોથી માખૂઝ છે જે દૂર સુધી જમીનમાં ફેલાયેલી હોય છે. જેવી રીતે એમનામાં મૂળની રગોની અસર ઝાડમાં પહોંચે છે એવી જ રીતે બાપદાદાઓના રંગ, બીમારીઓ ઔલાદમાં પહોંચી શકે છે. એ ગામડાવાસીએ ખૂબ જ સંશોધનાત્મક વાત કહી.

૫. એટલે કે એ જ સંભાવના આ બાળકમાં પણ છે તારા બાપદાદાઓમાં કોઈ કાળા વર્ણનો થઈ ગયો હશે જેની અસર આ બાળકમાં આવી ગઈ હશે. જે તાવીલ તું ઊંટના બચ્ચામાં કરે છે માણસના બાળકમાં પણ કેમ નથી કરતો ? સુબ્હાનલ્લાહ ! શું હકીમાના જવાબ છે ! **યાદ રાખશો કે આક્ષેપના રૂપમાં આ જવાબ આપવામાં આવ્યો છે, નહીં તો બાળકના રંગ રૂપમાં એ જરૂરી નથી કે તેના બાપદાદાઓની અસર જ આવે. ક્યારેક એવું બને છે કે સર્વ ઉસૂલ (બાપ, દાદા વગેરે) ગોરા અને બાળક કાળો અને ક્યારેક સર્વ ઉસૂલ કાળા અને બાળક ગોરો, એ તો રબની કુદરત છે, જેવો ચાહે બનાવી દે.**

★ રંગરૂપ એ કમજોર નિશાનીઓ છે, કેવળ એના આધારે આક્ષેપ ન મૂકે ★

૬. મક્સદ એ છે કે રંગરૂપ વગેરે કમજોર નિશાનીઓ છે એ કારણોસર બાળકના વંશનો ઈન્કાર ન કરવો જોઈએ, કેમ કે ઝિનાની સાબિતી મજબૂત નિશાનીઓથી થઈ શકે છે. દા.ત. કોઈ સ્ત્રી નિકાહના પાંચ મહીના બાદ બાળક જણી દે અથવા જેનો પતિ પરદેશમાં જ છે અને સ્ત્રી ઈકરાબી (પોતાનો અપરાધ સ્વીકાર કરનાર) બાળકને જન્મ આપે, અથવા પતિએ અરસાથી સંભોગ ન કર્યો હોય પણ બાળક પેદા થઈ જાય. આ સ્થિતિઓમાં ઈન્કારની શક્યતા મજબૂત છે. શરીક ઈબ્ને સહમાની હદીષમાં જે આવી ગયું કે જો બાળક એ જ શકલનો છે તો તે ગૈર બાપનો હશે. ત્યાં રંગ તથા દેખાવથી ઝિના સાબિત ન કર્યો, ન એના રંગ પર ઝિનાના હુકમો લાગુ કરવામાં આવ્યા. જેથી આ હદીષ એની વિરૂધ્ધ નથી. આ હદીષથી જાણવા મળ્યું કે લિઆનના માટે સ્પષ્ટપણે ઔલાદનો ઈન્કાર જરૂરી છે, એ ગામડાવાસીએ સાફ સાફ ઈન્કાર કર્યો ન હતો, જેવું કે પહેલાં વર્ણવવામાં આવ્યું.

★ હદીષ : (૯)-૩૩૧૨ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ قَالَتْ: كَانَ عُتْبَةُ بْنُ أَبِي وَقَّاصٍ عَهِدَ إِلَى أَخِيهِ سَعْدِ بْنِ أَبِي وَقَّاصٍ: أَنَّ ابْنَ وَلِيدَةِ زَمْعَةَ مِنِّي فَاقْبِضْهُ إِلَيْكَ فَلَمَّا كَانَ عَامُ الْفَتْحِ أَخَذَهُ سَعْدٌ فَقَالَ: إِنَّهُ ابْنُ أَخِي وَقَالَ عَبْدُ بْنُ زَمْعَةَ: أَخِي فَتَسَاوَقَا إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ سَعْدٌ: يَا رَسُولَ اللَّهِ إِنَّ أَخِي كَانَ عَهِدَ إِلَيَّ فِيهِ وَقَالَ عَبْدُ بْنُ زَمْعَةَ: أَخِي وَابْن وليدة أبي وُلِدَ على فراشه فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هُوَ لَكَ يَا عَبْدُ بْنَ زَمْعَةَ الْوَلَدُ لِلْفِرَاشِ وَلِلْعَاهِرِ الْحَجَرُ» ثُمَّ قَالَ

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે ઉત્બા ઈબ્ને અબી વક્કાસે પોતાના ભાઈ સઅદ ઈબ્ને અબી વક્કાસથી વાયદો લીધો હતો કે ઝમ્આની લોંડીનો બાળક મારાથી છે, તો તમે એના પર કબજો કરી લેજો.[૨] પછી જ્યારે ફતહે મક્કાનું વરસ આવ્યું તો તેને સઅદે લઈ લીધુ, બોલ્યા કે આ મારો ભત્રીજો છે[૩] અને અબ્દુલ્લાહ ઈબ્ને ઝમઆએ કહ્યું, આ મારો ભાઈ છે.[૪] એ બંનેવ રસૂલુલ્લાહ ﷺ ની તરફ મુકદ્દમો લઈ ગયા[૫] સઅદે કહ્યું, યા રસૂલલ્લાહ ! મારા ભાઈએ આ બાળકના બારામાં મારાથી વાયદો લીધો હતો. અને અબ્દુલ્લાહ ઈબ્ને ઝમ્આ બોલ્યા કે આ મારો ભાઈ છે, મારા બાપની લોંડીનો બાળક છે જે એના બિસ્તર પર પેદા થયો.[૬] રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે અબ્દુલ્લાહ

لِسَوْدَةَ بِنْتِ زَمْعَةَ: «احْتَجِبِي مِنْهُ» لِمَا رَأَى مِنْ شَبَهِهِ بِعُتْبَةَ فَمَا رَآهَا حَتَّى لَقِيَ اللَّهَ وَفِي رِوَايَةٍ: قَالَ: «هُوَ أَخُوكَ يَا عَبْدُ بْنَ زَمَعَةَ مِنْ أَجْلِ أَنَّهُ وُلِدَ عَلَى فِرَاشِ أَبِيهِ»

ઈબ્ને ઝમ્આ ! એ બાળક તમારો છે.[૮] બાળક મુસ્તહિક્ વલદ (બાળકના હક્કદાર)નું હોય છે, ઝાનીના માટે પથ્થર[૯] પછી સૌદા બિન્તે ઝમ્આને કહ્યું કે આ બાળ કથી પર્દો કરજો કેમ કે એનું મળતાપણુ ઉત્બાથી જોયું.[૯] જેથી એ બાળકે સૌદાને ન જોઈ ત્યાં સુધી કે અલ્લાહથી મળી ગયો.[૧૦] અને એક રિવાયતમાં છે કે ફર્માવ્યું, હે અબ્દુલ્લાહ ઈબ્ને ઝમ્આ ! એ તમારો ભાઈ છે એટલા માટે કે તે એના બાપના બિસ્તર પર પેદા થયો હતો. [૧૧]" (મુસ્લિમ, બુખારી)

૧. આ ઉત્બા તે જ છે જેણે ઓહદના દિવસે હુઝૂર ﷺનો દાંત મુબારક શહીદ કર્યો હતો. એ કાફિર જ મર્યો. રબની શાન છે કે એક ભાઈ અવ્વલ નંબરનો કાફિર બીજો ભાઈ **હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ આ'લા દરજાના મો'મિન ! જેમને હુઝૂર ﷺએ ફર્માવ્યું, તમારા પર મારાં મા બાપ કુર્બાન !** પછી એ જ સઅદનો પુત્ર અમ્ર ઈબ્ને સઅદ એવો મન્હૂસ થયો જેણે કર્બલાના મેદાનમાં અહલે બયતે અત્હાર પર પ્રથમ તીર ચલાવ્યું.

૨. એટલે કે ઝમ્આની લોંડીથી મેં ઝિના કર્યો હતો તેનાથી બાળક પેદા થયું હતું. તે બાળક એ જ ઝિનાનું છે, જેથી એ બાળક મારુ છે. જ્યારે તમને મોક઼ા મળે તો એ બાળકને લઈ લેજો અને એનો ઉછેર કરજો કે એ તમારો ભત્રીજો છે.

૩. કેમ કે મારા ભાઈ ઉત્બાના ઝિનાથી પેદા થયો છે. જાહિલિયતના જમાનામાં ઝિનાથી વંશ સાબિત માનવામાં આવતો હતો જો એ વંશનો દાવો કરતો.

૪. જાહિલિયતના જમાનામાં અરબવાસીઓ પોતાની લોંડીઓ થકી ઝિના કરાવીને ઝિનાની આવક વસૂલ કરતા હતા. અને એ ઝિનાથી જે બાળક પેદા થતાં એમાં ઝઘડા થતા હતા. ઝાની કહેતો હતો કે મારુ બાળક છે, માલિક કહેતો કે મારુ છે. આ બાળક પણ એ જ પ્રકારનું હતું. સઅદનો દાવો એ હતો કે આ બાળક મારા ભાઈના નુત્ફાનુ છે, જેથી મારો ભત્રીજો છે. અબ્દુલ્લાહ ઈબ્ને ઝમ્આનું કહેવું હતું કે મારા બાપની લોંડીનું બાળક છે જેથી મારો ભાઈ છે. *(મિર્કાત)*

૫. تساوقا سوقથી બન્યું અર્થ : બૂમો પાડવી, હાંકવું. تسوقا તષ્નિયા છે કે એનો ફાઈલ (કર્તા) બંને છે. અહીં મુરાદ કેસ બારગાહે અદાવત સુધી લઈ જવું છે.

૬. ફરાશનો શાબ્દિક અર્થ છે બિસ્તર. પછી બિસ્તર પર સૂવા સૂવડાવનારાને ફરાશ કહેવા લાગ્યા. ઈસ્તેલાહમાં મુસ્તહિક્ વલદ (બાળકના હક્કદાર)ને ફરાશ કહેવામાં આવે છે. પતિ, માલિક, ફરાશવાળો છે. અહીં એ જ અર્થ મુરાદ છે.

★ માલી દાવાની જેમ સૌનો દાવો થઈ શકે ★

૭. એટલે કે તમારો બાપ શરીક ભાઈ છે કે તમારા બાપની માલિકીની લોંડીથી પેદા થયો. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે માલી દાવાઓની જેમ વંશનો દાવો પણ થઈ શકે છે. **બીજુ** એ કે લોંડી

પોતાના માલિકની ફરાશ છે જ્યારે કે માલિક તેનાથી સંભોગ (વતી) કરે કે એનુ બાળક માલિકનું માનવામાં આવશે. **ત્રીજુ** એ કે જ્યારે બાળક માલિકનું થઈ શકતુ હોય તો ભલે લોંડી સાથે સોહબત કોઈ બીજાએ કરી હોય પણ બાળક માલિકનું થશે જ્યારે માલિક તેનો દાવો કરે. ચોથુ એ કે વંશમાં વારસદારનો ઈક્રાર માલિકના ઈક્રારની જેમ છે.

★ પૂર્વ તથા પશ્ચિમમાં રહેનાર પતિ પત્નીને ઔલાદ પેદા થવાનો મસ્અલો ★

યાદ રાખશો કે જો પતિ અથવા માલિક પૂર્વમાં હોય અને પત્ની અથવા લોંડી પશ્ચિમમાં, અને કદી પતિ પત્ની પાસે આવ્યો ન હોય કે પત્ની પતિ પાસે ન ગઈ હોય અને બાળક પેદા થઈ જાય. પતિ કે માલિક કહે કે આ બાળક મારુ છે તો ઈમામ શાફઈ તથા માલિકને ત્યાં એની વાત માની લેવામાં નહીં આવશે, અહીં એ વંશની શક્યતા નથી. પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં એનો દાવો કબૂલ થશે અને બાળક એનું જ થશે. કેમ કે શક્ય છે કે તે પુરૂષ કે સ્ત્રી વલી અલ્લાહ હોય અને કરામતરૂપે તેમની નિકટતા તથા સોહબત ઉપસ્થિત થઈ ગઈ હોય. અવલિયાની કરામતો બરહક્ક છે. (મિર્કાત) અલ્લામા શામીએ પણ મસ્અલો આ પ્રમાણે વર્ણવ્યો છે. જાણવા મળ્યું કે હઝરાત અવલિયા અલ્લાહ આલમની સૈર કરી શકે છે, દૂરના સ્થળે હાઝિરો નાઝિર થઈ શકે છે. મેં પણ આ મસ્અલો જાઅલ હક્કમાં હાઝિરો નાઝિરની ચર્ચામાં વર્ણન કર્યો.

★ ઈસ્લામમાં ઝાનીથી વંશ સાબિત નથી ★

૮. એટલે કે ઈસ્લામમાં ઝાનીથી નસબ (વંશ) સાબિત નથી, બલ્કે મુસલમાન પરણીત ઝાની સંગસાર કરવાને પાત્ર છે. જેથી હદીષ પર એ શંકા નથી થઈ શકતી કે તો પછી હુઝૂર ﷺએ ઉત્બા ઈબ્ને અબી વક્કાસને તથા એ લોંડીને સંગસાર

૯. ઉમ્મુલ મો'મિનીન સૌદા બિન્તે ઝમ્આ હુઝૂર ﷺનાં પાક બીવી છે. આ ફૈસલાના આધારે બાળક હઝરત સૌદાનો મત્રાઈ ભાઈ થયો અને ભાઈથી પર્દો નથી. આ છે ફત્વો, પણ તકૂવો એ છે કે જે આ જગાએ ઈર્શાદ ફર્માવ્યો કે એ બાળકની શકલો શબાહત (ચહેરે મોહરે) ઉત્બાથી મલતી જુલતી છે, સંભાવના છે કે ઉત્બાનો બાળક હોય જેથી સાવચેતી એમાં જ છે કે હે સૌદા ! તમે એ બાળકથી પર્દો કરો કે કદાચ એ તમારો અજનબી હોય. યાદ રાખશો કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની નજીક ઝિનાથી વંશ સાબિત નથી થતો. હરામી બાળક ઝાની બાપનો વારસો નથી પામી શકતો,પણ હુર્મત ઝિનાથી પણ આવી જાય છે કે ઝાની પર ઝિના કરેલ સ્ત્રીની મા વગેરેથી નિકાહ નથી થઈ શકતો (મિર્કાત) અમુક શાફઈઓને ત્યાં તો ખુદ ઝિનાની એ બચ્ચીથી પણ નિકાહ દુરુસ્ત છે જે એના નુત્ફાથી પેદા થઈ. *(મિર્કાત)*

૧૦. એનાથી નિર્દેશ રૂપે જાણવા મળ્યું કે એ બાળક પહેલાં મૃત્યુ પામ્યો બાદમાં હઝરત સૌદા. એનો મતલબ એ છે કે બાળકના મરતા દમ સુધી ન તેણે બીબી સૌદાને જોયાં ન બીબી સૌદાએ તેને. જેથી હદીષ સ્પષ્ટ છે.

૧૧. આ કલામ (વાત) રાવીનું છે ન કે હુઝૂર ﷺનું, એટલા માટે ابیہ ગાયબની ઝમીર આવી. ابیک મુખાતબની ઝમીર ન આવી. યાદ રાખશો કે લોંડીનુ બાળક માલિકથી ત્યારે માનવામાં આવે છે જ્યારે કે માલિક એ બાળકનો દાવો કરે, કેવળ વતી (સંભોગ)ના ઈક્રારથી વંશનું સાબિત ન થયું. એ જ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો મઝહબ છે. હઝરત ઉમર ઝયદ ઈબ્ને ષાબિતનો એ જ કૌલ છે, પણ ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં કેવળ સંભોગના ઈક્રારથી વંશ સાબિત થઈ જાય છે. જો માલિક અઝૂલનો દાવેદાર હોય. *(મિર્કાત)*

★ હદીષ : (૧૦)-૩૩૧૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهَا قَالَتْ: دَخَلَ عَلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ ذَاتَ يَوْمٍ وَهُوَ مَسْرُورٌ فَقَالَ: " أَيْ عَائِشَةُ أَلَمْ تَرَيْ أَنَّ مُجَزِّزًا الْمُدْلِجِيَّ دَخَلَ فَلَمَّا رَأَى أُسَامَةَ وَزَيْدًا وَعَلَيْهِمَا قَطِيفَةٌ قد غطيَّا رؤوسَهُما وَبَدَتْ أَقْدَامُهُمَا فَقَالَ: إِنَّ هَذِهِ الْأَقْدَامَ بَعْضُهَا من بعضٍ "

"તેમનાથી જ રિવાયત છે, ફર્માવે છે, મારી પાસે રસૂલુલ્લાહ ﷺ ખુશ તશરીફ લાવ્યા. ફર્માવ્યું, હે આઈશા ! શું તમને કે મુજઝ્ઝઝ્ઝ મુદલિજી આવ્યો હતો[૧] જ્યારે તેણે ઓસામા તથા ઝયદને જોયા જ્યારે કે એ બંને પર કંબલ હતો કે તેમણે માથાં ઢાંકેલાં હતાં અને તેમના પગો ખુલ્લા હતા. તો બોલ્યો કે પગો તેમના અમુક અમુકથી છે.[૨]" (મુસ્લિમ, બુખારી)

૧. મુદલિજી મીમના પેશ બામના ઝબરથી. મુદલિજ એક કબીલો હતો. બની અસદનો એ શખ્સ એ કબીલાથી હતો. ઘણો જ અંદાઝો લગાડનારો હતો કે ફલાણાની શકલ ફલાણીથી મલતી જુલતી છે એટલા માટે એનો ભાઈ કે પુત્ર છે. અરબના કાફિરો એના આવા અંદાઝા પર ઘણો જ વિશ્વાસ ધરાવતા હતા. તેના કહેવા પર વંશના હુકમો લાગુ કરી દીધા કરતા હતા.

★ અંદાઝાથી વંશ સાબિત ન થશે ★

૨. ઝયદ ઈબ્ને ઓસામા ઘણા જ શ્યામ વર્ણ હતા અને તેમના પિતા ઓસામા ખૂબ ગોરાગોરા હતા. એટલા માટે અરબના કાફિરો હઝરત ઝયદના વંશ પર ટોણા મારતા હતા કે ઝયદ ઓસામાના પુત્ર નથી. એ અંદાઝો લગાડનારાએ રંગના વિરોધાભાસ છતાં સૌ કાફિરોની રૂબરૂ એવું કહી આપ્યું કે પગોવાળા બાપ બેટા છે. તો કાફિરો માટે તેનો કૌલ દલીલ બની ગયો. એટલા માટે હવે કાફિરોને તેમના વંશમાં ટોણો મારવાનો મોકો ન રહ્યો એટલા માટે સરકાર ﷺ ખુશ થયા. જેથી એનાથી એ લાઝિમ નથી થતુ કે શરીઅતમાં અંદાઝથી વંશ સાબિત થઈ જાય છે. આ જ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નું ફર્માન છે કે અંદાઝથી વંશ સાબિત નથી થતો. યાદ રાખશો કે હઝરત ઝયદનાં મા હહબ્શી શયામવર્ણી સ્ત્રી હતાં. તેમનું નામ બરકતહ કનહના ઉમ્મે અયમન હતું. શરીઅતમાં ભવિષ્યવેત્તાઓના કૌલ, ચંદ્ર દર્શન, અંદાઝાવાળાના કૌલથી વંશ સાબિત નથી થતા. આ જગાએ મિર્કાતે કિયાફા (અંદાઝાથી વંશ જાણવા) પર ખૂબ જ વિસ્તારપૂર્વક ચર્ચા કરી છે.

★ પોતાને ગૈર બાપ તરફ સંબંધિત કરનાર પર જન્નત હરામ ! ★

★ હદીષ : (૧૧)-૩૩૧૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ سَعْدِ بْنِ أَبِي وَقَّاصٍ وَأَبِي بَكْرَةَ قَالَا: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنِ ادَّعَى إِلَى غَيْرِ أَبِيهِ وَهُوَ يَعْلَمُ أَنَّهُ غَيْرُ أَبِيهِ فَالْجَنَّةُ عَلَيْهِ حرَام»

*"હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ અને હઝરત અબૂ બકરહ رضی اللہ عنہما રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **જે પોતાને સંબંધિત કરે પોતાના ગૈરબાપની તરફ જ્યારે કે જાણતા હોય તો તેના પર જન્નત હરામ છે.[૧]**" (મુસ્લિમ, બુખારી)*

૧. એટલે કે જે જાણી જોઈને પોતાને પોતાના બાપના સિવાય કોઈ અન્ય શખ્સનો પુત્ર બતાવે કયાં તો તેનો વારસો લેવા માટે અથવા પોતાની ઈજ્જત આબરૂ વધારવા માટે અથવા કોઈ અન્ય મસ્લેહતથી, તો પ્રથમ ક્યાં તો અબરાર (નેક લોકો) સાથે જન્નતમાં ન જઈ શકશે અથવા **જે શખ્સ એ કામ હલાલ જાણીને કરે તે જન્નતથી**

તદ્દન મેહરૂમ છે. આ હદીષથી તે લોકો બોધ લે જેઓ સૈયદ નથી પણ પોતાને સૈયદ કહેવડાવે છે. આ બીમારી ઘણા લોકોમાં છે. આ હદીષ વિવિધ અસ્નાદોથી વિવિધ શબ્દોથી આવી છે. જેમ કે અબૂ દાઉદ, ઈબ્ને માજહ, અહમદે આ જ બે સહાબીઓથી અને અબૂ દાઉદે હઝરત અનસથી રિવાયત કરી કે જે શખ્સ પોતાના ગૈર બાપને બાપ બતાવે અથવા પોતાના ગૈર માલિકની તરફ પોતાને સંબંધિત કરે એના પર ક્યામત સુધી અલ્લાહની લઅનત છે, સતત. *(મિર્કાત)*

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે પોતાના બાપદાદાઓથી મોંફેરવો[1] જે પોતાના બાપથી વાંધો કરે તેણે નાશુકી (કુફ્રાન) કર્યું[2] (મુસ્લિમ, બુખારી) અને હઝરત આઈશાની હદીષ ખુદાથી વધીને કોઈ ગૈરતવાળો નથી, નમાઝે ખુસૂફના પ્રકરણમાં વર્ણન થયું.[3]"

★ હદીષ : (૧૨)-૩૩૧૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَرْغَبُوا عَنْ آبَائِكُمْ فَمَنْ رَغِبَ عَنْ أَبِيهِ فقد كفر»وَذُكِرَ حَدِيثُ عَائِشَةَ «مَا مِنْ أَحَدٍ أَغْيَرُ من الله» فِي «بَاب صَلَاة الخسوف»

૧. જો તે ગરીબ અને ગૈર ઈજ્જતવાળો હોય તો પોતાને તેમની ઔલાદ કહેવાથી શર્મ તથા ગૈરત ન કરો.

૨. જે શખ્સ પોતાના વંશને બદલવું હલાલ જાણે તે કાફિર છે અને ઉમ્મતના ઈજમાઅનો વિરોધી છે. અને જે હરામ જાણીને આ હરકત કરે તે કાફિર જેવું કાર્ય કરે છે અથવા પોતાના ખાનદાનનો નાશુકો છે, અથવા રબ તઆલાનો નાશુકો છે. સારાંશ આ કાર્ય ક્યાં તો કુફ્ર છે ક્યાં તો હરામ છે. *(મિર્કાત)*

૩. એટલે કે એ હદીષ મસાબીહમાં અહીં પણ હતી મેં તકરાર (રીપીટેશન)થી બચવા માટે અહીંથી કટ કરી દીધી. *(મિર્કાત)*

(વિભાગ : ૨) الفصل الثانی

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે નબી કરીમ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા જ્યારે લિઆનની આયત ઉતરી, જે સ્ત્રી કોઈ ક્વૌમ પર તેને દાખલ કરે જે એમનામાંથી નથી[1] તો તેણી અલ્લાહની રહમતમાંથી કોઈ હિસ્સામાં નથી[2] અને તેને અલ્લાહ પોતાની જન્નતમાં કદાપિ દાખલ કરશે નહીં[3] અને જે શખ્સ પોતાના બાળકનો ઈન્કાર કરે તે તેને જોતો હોય[4] તો અલ્લાહ તેનાથી હિજાબ (પર્દો) કરી આપશે[5] અને તેને મખ્લૂક્ની સામે આગલા પાછલાઓમાં બેઈજ્જત કરશે[6]. (અબૂ દાઉદ, નિસાઈ, દારમી)

★ હદીષ : (૧૩)-૩૩૧૬ ★

عَنْ أَبِي هُرَيْرَةَ أَنَّهُ سَمِعَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ لَمَّا نَزَلَتْ آيَةُ الْمُلَاعَنَةِ: «أَيُّمَا امْرَأَةٍ أَدْخَلَتْ عَلَى قَوْمٍ مَنْ لَيْسَ مِنْهُمْ فَلَيْسَتْ مِنَ اللَّهِ فِي شَيْءٍ وَلَنْ يُدْخِلَهَا اللَّهُ جَنَّتَهُ وَأَيُّمَا رَجُلٍ جَحَدَ وَلَدَهُ وَهُوَ يَنْظُرُ إِلَيْهِ احْتَجَبَ اللَّهُ مِنْهُ وفضَحَهُ على رؤوسِ الْخَلَائِقِ فِي الْأَوَّلِينَ وَالْآخِرِينَ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيّ والدارمي

૧. એટલે કે કોઈનાથી ઝિના કરે. કેમ કે ઝિનાના કારણે ઝિનાનું બાળક પોતાની ક્વૌમમાં દાખલ કરશે જ્યારે કે તે એ ક્વૌમથી હશે નહીં.

૨. એ રીતે કે દુનિયામાં અલ્લાહની રહમત પામે ન આખેરતમાં પામે. યાદ રાખશો કે દુનિયામાં એને રોજી વગેરે મળી જવું અલ્લાહની રહમતની નિશાની નથી, એ તો કાફિરોને પણ મળી જાય છે, કેમ કે **ફિસ્કો ફુજૂર (ગુનાહોમાં રહેવા) છતાં દુનિયવી એશ મળી જવો અઝાબ છે.**

૩. જો હલાલ જાણીને ઝિના કરે તો કાફિરા છે અને કાફિર પર જન્નત હરામ છે, અને જો હરામ જાણીને કરે તો ફાસિક્ર છે. ફાસિક્ર માણસ પ્રવેશના મુસ્તહિક્ર નથી.

★ જે બાપ પોતાના બાળકનો જાણી જોઈને ઈન્કાર કરશે તે જન્નતથી વંચિત રહેશે ★

૪. એટલે એ બાળક એને મીઠી નજરોથી તાકતો હોય પણ આ શંકાશીલ દિલવાળો સખત દિલવાળો તેની ભોળી સૂરત, ઉમ્મીદવાર નિગાહોની પરવા ન કરે અને તેનો ઈન્કાર કરે કે મારો પુત્ર નથી, હરામનો છે. અથવા એ મતલબ છે કે તે શખ્સ જાણતો હોય કે આ બાળક મારો જ છે છતાં ઈન્કાર કરે. પણ પ્રથમ અર્થ અધિક જાહેર છે. હવે જાણવાનો અર્થ એ છે કે એ શખ્સની પાસે બાળક હરામી હોવાની કોઈ દલીલ ન હોય કેવળ બદ્દમાશી અથવા કેવળ શંકાથી બાળકનો ઈન્કાર કરતો હોય.

૫. એટલે તેને પોતાનો દીદાર ન દેખાડે કે જન્નત ન આપે, કેમ કે દીદારે ઈલાહીની અસલ જગા જન્નત જ છે.

૬. એટલે ક્રયામતમાં તેને સર્વ મખ્લૂક્રની સામે બેઈજ્જત કરશે જ્યારે અવ્વલીન તથા આખરીન જમા હશે. યાદ રાખશો કે ક્રયામતમાં મુસલમાનોના છુપા ગુનાહોની પર્દાપોશી થશે અને જાહેર ગુનાહોની બેઈજ્જતી થશે. જેથી હદીષ પર એ વાંધો નથી કે મુસલમાનની પર્દાપોશી કેમ થઈ.

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ નબી કરીમ ﷺ ની ખિદમતમાં આવ્યો, બોલ્યો : મારી પત્ની કોઈ સ્પર્શનારાનો હાથ રદ નથી કરતી[૧] તો તેને નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, તેને તલાક્ર આપી દે[૨]. તે બોલ્યો હું તેણીથી મહોબ્બત કરુ છું[૩] તો ફર્માવ્યું, તું તેણીને રોકી રાખ[૪] (અબૂ દાઊદ, નિસાઈ) અને નિસાઈએ ફર્માવ્યું કે અમુક રાવીઓએ એને હઝરત ઈબ્ને અબ્બાસ સુધી મરફૂઅ કરી અને અમુકે તેને મરફૂઅ ન કરી, અને કહ્યું આ હદીષ સાબિત નથી."

★ હદીષ : (૧૪)-૩૩૧૭ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: جَاءَ رَجُلٌ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: إِن لِي امْرَأَةً لَا تَرُدُّ يَدَ لَامِسٍ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «طَلِّقْهَا» قَالَ: إِنِّي أُحِبُّهَا قَالَ: «فأمسكْهَا إِذا» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَقَالَ النَّسَائِيُّ: رَفَعَهُ أَحَدُ الرُّوَاةِ إِلَى ابْنِ عَبَّاسٍ وَأَحَدُهُمْ لَمْ يرفعهُ قَالَ: وَهَذَا الحَدِيث لَيْسَ بِثَابِت

૧. એટલે ફાજિરા ઝાનિયા છે, કે બદમાશ તેણીથી ઝિના કરવા ચાહે તેને મના નથી કરતી, કરાવી લે છે. અથવા જે કોઈ મારા માલને હાથ લગાડે તેને રોકતી નથી, માલ લઈ જવા દે છે ઘરની હિફાઝત નથી કરતી. સામાન્ય રીતે શરહકર્તાઓએ પ્રથમ અર્થને અગ્રતા આપી છે. લગભગ મિશકાતના લેખકે પણ હદીષનો આ જ અર્થ સમજ્યો છે એટલા માટે આ હદીષ બાબુલ લિઆનમાં લાવ્યા. પણ બીજા અર્થને એટલા માટે અગ્રતા આપી છે કે હુઝૂર ﷺ એ ન તો તેને લિઆનનો હુકમ આપ્યો ન તેને હદે ક્રઝફ (ઝિના આક્ષેપની સજા) આપી. જો તે ઝિનાનો આક્ષેપ લગાડત તો એ બંને ચીજોમાં તેણે કાંઈક કરવું પડતુ. *(મિર્ક્રાત તથા લમ્આત)*

★ ફાહિશા બદ્કાર પત્નીને તલાક઼ આપી દેવી બેહતર ★

૨. જાણવા મળ્યું કે **ફાસિક઼ા બદકાર પત્નીને તલાક઼ આપી દેવી બેહતર છે.** એ જ પ્રમાણે જે સ્ત્રી ઘરને ન સંભાળી શકે તેને તલાક઼ આપવી બેહતર છે, જેવું કે પહેલા વાકયની બે શરહો (ખુલાસાઓ)થી જાણવા મળ્યું.

૩. ક્યાં તો તેના હુસ્નો જમાલના કારણે અથવા એટલા માટે કે એનાથી મારાં બાળકો છે, તેણીને અલગ કરી દેવાથી બાળકો બર્બાદ થઈ જશે, મને મારા વિશે ખતરો છે કે ગુનાહમાં પડી જઉં.

૪. એટલે કે તેને બદ્કારી અથવા લાપરવાહી, ઘર બર્બાદ કરવાથી રોક અને તલાક઼ ન દે. જાણવા મળ્યું કે ફાસિક઼ા સ્ત્રીને તલાક઼ આપી દેવી વાજિબ નથી, ખાસ ત્યારે કે જ્યારે પતિ તેના વિના સબ્ર ન કરી શકે, તેણીને તલાક઼ આપી દેવામાં પોતે ફિસ્કો ફુજૂરમાં સપડાય જવાનો મજબૂત ખતરો હોય. જેથી હદીષ બિલ્કુલ સાફ઼ છે, એના પર કોઈ વાંધો નથી. એનાથી એ પણ જાણવા મળ્યું કે ફાસિક઼ા પત્ની એ જ પ્રમાણે ફાસિક઼ ઔલાદને દરેક શક્ય તદબીરના થકી ગુનાહોથી રોકવું જરૂરી છે.

૫. એટલે હદીષનો ઈત્તેસાલ હઝરત ઈબ્ને અબ્બાસ સુધી સાબિત નથી. હદીષ મુન્ક઼તઅ છે. એ મતલબ નથી કે અસલ હદીષ જ સાબિત નથી. હદીષ ઈમામ શાફ઼ઈએ પોતાની સનદમાં :

ابن عيينه عن هارون ابن زيات عن عبدالله ابن عبيد الله ابن عمير કાંઈક વિવિધ શબ્દો વડે નકલ કરી. *(મિર્ક઼ાત તથા અશિઅ્હ)*

"હઝરત અમ્ર ઈબ્ને શોએબથી, તે પોતાની પિતાથી, તે પોતાના દાદાથી રાવી કે નબી કરીમ ﷺ એ ફૈસલો કર્યો કે દરેક મિલાવેલો શખ્સ જે મિલાવવામાં આવ્યો હોય એ બાપના પછી જેની તરફ઼ સંબંધિત કરવામાં આવે છે તેનો દાવો કર્યો તેના વારસોએ[૧] તો ફૈસલો ફર્માવ્યો[૨] કે જે એ લોંડીથી હોય જેનો માલિક હતો તે દિવસે જ્યારે તેણી સાથે સોહબત કરી તો તે મળી ગયો એનાથી જેનાથી તેને મિલાવ્યો[૩] અને તેને એ વારસાથી કાંઈ મળશે નહીં જે એનાથી પહેલાં વહેંચવામાં આવી ચૂક્યો[૪] અને જે વારસો પામી લીધો કે હજી સુધી વહેંચવામાં ન આવી હતી તો એના માટે એનો હિસ્સો છે[૫]. અને ન મિલાવવામાં આવી શક્શે એનો ઈન્કાર કરી આપ્યો હોય[૬] પછી જો એ લોંડીથી હોય જેની સાથે ઝિના કર્યો હોય જેનો તે માલિક ન હતો અને ન વારસ થશે ભલે તેનો દાવો એ જ કરે જેના પ્રતિ સંબંધિત કરવામાં આવી રહ્યો છે, કેમ કે એ ઝિનાનું બાળક છે, આઝાદથી હોય કે લોંડીથી[૭]."

(અબૂ દાઊદ)

★ હદીષ : (૧૫)-૩૩૧૮ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قضى أَن كل مستحلق استحلق بَعْدَ أَبِيهِ الَّذِي يُدْعَى لَهُ ادَّعَاهُ وَرَثَتُهُ فَقَضَى أَنَّ كُلَّ مَنْ كَانَ مِنْ أَمَةٍ يملكهَا يَوْم أَصَابَهَا فقد لحق بِمن استحلقه وَلَيْسَ لَهُ مِمَّا قُسِمَ قَبْلَهُ مِنَ الْمِيرَاثِ شَيْءٌ وَمَا أَدْرَكَ مِنْ مِيرَاثٍ لَمْ يُقْسَمْ فَلَهُ نَصِيبُهُ وَلَا يَلْحَقُ إِذَا كَانَ أَبُوهُ الَّذِي يُدْعَى لَهُ أَنْكَرَهُ فَإِنْ كَانَ مِنْ أَمَةٍ لم يَمْلِكْهَا أَو من حُرَّةٍ عَاهَرَ بهَا فَإِنَّهُ لَا يَلْحَقُ بِهِ وَلَا يَرِثُ وَإِنْ كَانَ الَّذِي يُدْعَى لَهُ هُوَ الَّذِي ادَّعَاهُ فَهُوَ وَلَدُ زِنْيَةٍ مِنْ حُرَّةٍ كَانَ أَوْ أَمَةٍ. رَوَاهُ أَبُو دَاوُدَ

★ અજ્ઞાત વંશવાળા બાળકની નિસ્બતનો મસ્અલો ★

૧. શરીઅતમાં એને مقرله અથવા نسب على الغير કહે છે. એની સ્થિતિ એ છે કે એક શખ્સનો નસબ (વંશ) મજહૂલ (અજ્ઞાત) છે. ખબર નથી કે કોનો છોકરો છે, ક્યા ખાનદાનનો છે. એના વિશે એક કે અમુક માણસો કહે છે કે આ અમારો ભાઈ કે ભત્રીજો છે, એટલે અમારા બાપ કે ભાઈના પુત્ર છે. એ દાવેદાર હઝરાતના બાપ કે ભાઈ જેનાથી તે લોકો એ મૌજૂદા શખ્સનો વંશ માની રહ્યા છે તે મરી ગયો છે, એનો હુકમ આગળ આવી રહ્યો છે.

૨. એટલે કે એવા શખ્સના વિશે હુઝૂર ﷺએ ફૈસલો આપ્યો જે આવી રહ્યો છે. આ વાક્ય ક્યાં તો انّ ની ખબર છે તો ف (ફા) જઝાઈયા છે અથવા انّ ની ખબર ગુપ્ત છે. અને આ વાક્ય એ ગુપ્ત ખબરની તફસીલ છે ત્યારે તો ف તફસીલા છે.

૩. એટલે કે તે મર્હૂમ શખ્સ જેનાથી એ શખ્સનો વંશ એ લોકો સાબિત કરી રહ્યા છે, જો કોઈ લોંડીનો માલિક હતો એ રીતે કે સોહબતના સમયે એ લોંડી તે મરહૂમની માલિકીમાં હતી એ તેનો બાળક છે. ત્યારે તો એનો વંશ એ મર્હૂમથી સાબિત થઈ ગયો, અને એ પણ અન્ય વારસદારો જેમ વારસો પામશે. કેમ કે આ સ્થિતિમાં એ દાવેદારોનો દાવો દલીલથી સાબિત છે.

૪. એટલે કે જો જાહિલિયતના જમાનામાં એ મર્હૂમનો વારસો વહેંચવામાં આવી ચૂક્યો છે અને એ વહેંચણીમાં આ મુક़િરલહુ (જેનો હક્ક પોતાના પર લાગુ કરવામાં આવે) ને વંચિત રાખવામાં આવ્યો છે, તો ઈસ્લામમાં એ વહેંચણી ક़ાયમ (યથાવત) રાખવામાં આવશે, એને બદલવામાં નહીં આવે અને હવે એને વારસ બનાવવામાં નહીં આવે, કેમ કે ઈસ્લામ જાહિલિયતના જમાનાના આવા પ્રકારના ફૈસલા બાક़ી રાખવામાં આવે છે.

૫. એટલે કે એ દાવા બાદ વારસાની વહેંચણી કરવામાં આવે તો એ શખ્સને વારસામાંથી હિસ્સો આપવામાં આવશે.

૬. એટલે કે જો મર્હૂમે પોતાની જિંદગીમાં કહી દીધું કે એ મારો પુત્ર નથી, બાદમાં તેના વારસોએ કહ્યું કે એ એનો પુત્ર છે તો હવે એ વારસોની વાત માનવામાં નહીં આવે અને એ શખ્સ એ મર્હૂમનો પુત્ર ન થશે. કેમ કે મર્હૂમનો ઈન્કાર હોવાની સ્થિતિમાં એ લોકોનો ઈક़રાર વિશ્વસનીય નથી.

૭. એટલે કે જેના વિશે એ માલૂમ છે કે આ શખ્સ મર્હૂમનો ઝિનાનો પુત્ર છે, ચાહે એ રીતે કે પહેલાં તેણે કોઈની લોંડીથી ઝિના કર્યો પછી તેને ખરીદી લીધી અથવા એ રીતે કે તે મર્હૂમ કોઈ આઝાદ સ્ત્રીથી ઝિના કર્યો, આ સ્થિતિમાં ખુદ મર્હૂમ પણ કહી જાત કે આ મારો પુત્ર છે તો પણ તેનાથી વંશ સાબિત ન થાત, કેમ કે બાળક ઝિનાનું છે અને ઝિનાથી નસીબ સાબિત નથી થતો, તો કઈ રીતે એના મૃત્યુ બાદ એનાં સગા વહાલાં કહી રહ્યાં છે કે આ એનો પુત્ર છે. સારાંશ એવા બાળકનો વંશ મર્હૂમથી સાબિત નથી.

''હઝરત જાબિર ઈબ્ને અતીકથી[૧] રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે અમુક શરમ તે છે જેમને અલ્લાહ પસંદ કરે છે અને અમુક શરમ તે છે જેમને અલ્લાહ નાપસંદ કરે છે[૨]. પરંતુ તે શરમ જેને અલ્લાહ પસંદ કરે છે તે શંકાસ્પદ ચીજોમાં શરમ છે[૩] અને તે શરમ જેને અલ્લાહ નાપસંદ કરે છે તે ગૈર શંકાસ્પદ

★ હદીષ : (૧૬)-૩૩૯ ★

وَعَن جابرِ بنِ عتيكٍ أَنَّ نَبِيَّ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ الْغَيْرَةِ مَا يُحِبُّ اللَّهُ وَمِنْهَا مَا يُبْغِضُ اللَّهُ فَأَمَّا الَّتِي يُحِبُّهَا اللَّهُ فَالْغَيْرَةُ فِي الرِّيبَةِ وَأَمَّا الَّتِي

يُبْغِضُهَا اللَّهُ فَالْغَيْرَةُ فِي غَيْرِ رِيبَةٍ وَإِنَّ مِنَ الْخُيَلَاءِ مَا يُبْغِضُ اللَّهُ وَمِنْهَا مَا يُحِبُّ اللَّهُ فَأَمَّا الْخُيَلَاءُ الَّتِي يُحِبُّ اللَّهُ فَاخْتِيَالُ الرَّجُلِ عِنْدَ الْقِتَالِ وَاخْتِيَالُهُ عِنْدَ الصَّدَقَةِ وَأَمَّا الَّتِي يُبْغِضُ اللَّهُ فَاخْتِيَالُهُ فِي الْفَخْرِ» وَفِي رِوَايَةٍ: «فِي الْبَغْيِ» . رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ

ચીજમાં શરમ છે[૪] અને અમુક નાઝ તે છે જેમને અલ્લાહ નાપસંદ કરે છે[૫], અને અમુક નાઝ એ છે જેમને અલ્લાહ પસંદ કરે છે. પરંતુ તે નાઝ જેને અલ્લાહ પસંદ કરે છે[૬] તે કોઈનું નાઝ કરવું છે જેહાદના સમયે[૭] અને તેનો નાઝ છે ખૈરાતના સમયે[૮] અને પરંતુ તે નાઝ જેને અલ્લાહ નાપસંદ કરે છે તે ઘમંડભેર નાઝ છે[૯] અને એક રિવાયતમાં છે તે નાફર્માનીમાં નાઝ છે[૧૦]."

૧. અતીક બર વઝને અતીક. આપ જલીલુશ્શાન સહાબી છે. બદર તથા સર્વ ગઝવાતમાં હુઝૂર ﷺની સાથે રહ્યા. અમુક ઈતિહાસકારોએ ફર્માવ્યું કે બદરના સિવાય બાકી સર્વ ગઝવાતમાં સામેલ રહ્યા. પણ હક્ક એ છે કે બદરમાં સામેલ થયા. કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. અન્સારી છે. ૯૧ વરસની ઉમર થઈ. હિ.સ. ૬૧માં વફાત થઈ.

૨. એટલે કે મો'મિનની અમુક શર્મો હયા રબની પ્યારી છે એના પર એને સવાબ મળશે. અને અમુક ગૈરતો (શર્મો) રબ તઆલાને નાપસંદ છે જેનાથી બંદો અઝાબનો મુસ્તહિક બનશે. આ હદીષ એ હદીષની શરહ છે કે હયા ઈમાનનો રુકન છે. એટલે કે રબ તઆલાને પ્યારી હયા ઈમાનનો રુકન છે.

૩. એટલે કે તોહમત તથા શકની જગાએ જવાથી શરમ (ગૈરત) કરવી, એનો અંજામ આ'લા દરજાનો તકવો છે. દા.ત. ગૈર મર્દનું ઘરમાં આવવું, પોતાની પત્નીનું તેની સાથે વાતો કરતા જોઈને ગૈરત થવું ઈમાની શક્તિની દલીલ છે. એ જ પ્રમાણે ખુદ અજનબી સ્ત્રીથી એકાંત કરવા પર શરમાવું કે એનાથી બીજા લોકોને અમારા પર શક થઈ શકે છે, આવી ગૈરત ખુદાને પ્યારી છે.

★ વિના કારણે કોઈના પર બદ્ગુમાની કરવી ગૈરત નથી પણ ફિત્ના ફસાદ છે ★

૪. એટલે કે વિના કારણે કોઈના પર બદ્ગુમાની કરવી ગૈરત નથી બલ્કે ફિત્ના તથા ફસાદની જડ છે. અમુક પતિઓને પોતાની પત્નીઓ પર વિના કારણે બદ્ગુમાની રહે છે જેનાથી તેમના ઘરોમાં રાત દિન ઝઘડા રહે છે, આવી ગૈરત રબ તઆલાને નાપસંદ છે. રબ તઆલા ફર્માવે છે : اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ (બેશક ! કોઈ ગુમાન ગુનોહ બની જાય છે. *સૂરઅ હુજુરાત, ૪૯/૧૨*)

૫. ગૈરતના વર્ણનમાં પ્રથમ પસંદીદા ગૈરતનું વર્ણન કર્યું, કેમ કે મોટાભાગની ગૈરતો પ્રિય છે અમુક જ ગૈરતો અપ્રિય છે. પણ ફખ્રમાં (નાઝમાં) પ્રથમ મરદૂદ ફખ્રનો ઉલ્લેખ કર્યો, બાદમાં મહબૂબ ફખ્રનો, કેમ કે ફખ્ર મોટાભાગે મરદૂદ હોય છે, બહુ જ થોડા પ્રિય હોય છે.

૬. લફ તથા નશ્ર ગૈર મુરત્તબ છે, કે ઈજમાલ (સંક્ષિપ્ત)માં મરદૂદ ફખ્રનું વર્ણન પહેલા હતું પણ તફસીલમાં મહબૂબ ફખ્રનું વર્ણન પહેલાં છે, કેમ કે દરજો અને કબૂલિયત આ મહબૂબ ફખ્રને છે.

૭. એ રીતે કે કાફિરોની સામે જેહાદ પોતાને ખૂબ જ બહાદુર સમજે અને પોતાના મુકાબલામાં આવેલ કાફિરને તુચ્છ, નીચ અને કમજોર જાણે અને તેની સામે પોતાની બહાદુરી કૌલ તથા અમલથી (વાણી તથા વર્તનથી) જાહેર કરે. હઝરત અલી رضی اللہ عنہ જેહાદમાં કાફિરોને કહ્યા કરતા હતા : انا الذی سمتنی امی حیدرا "હું તે છું જેનું નામ તેની માએ હૈદરે કર્રાર રાખ્યું છે !" હૈદર એટલે સિંહ અને કર્રાર એટલે વળી વળીને હુમ્લો કરનાર. હુઝૂર ﷺએ

ગઝવએ હુનૈનમાં કાફિરોને લલકારીને ફર્માવ્યું : انا النّبي لا كذب انا ابن عبد المطلب "હું જૂઠો નબી નથી, હું અબ્દુલ મુત્તલિબનો પોત્ર છું !" આ નાઝ તથા ફખ્ર રબ તઆલાને પ્યારો છે.

૮. એટલે કે ખૈરાત ખાસ કરીને ચંદો આપતા વખતે પોતાને ખૂબ જ અમીર સમજવું અને જે કાંઈ આપી રહ્યો છે તેને ઓછુ સમજવું અને ખુશ થઈને શુક્ર કરતાં આપવું. આ સદકૃાના સમયનો ફખ્ર છે. રબ તઆલા ફર્માવે છે : قُلْ بِفَضْلِ اللّٰهِ وَبِرَحْمَتِهٖ فَبِذٰلِكَ فَلْيَفْرَحُوْا (તમે ફર્માવો, અલ્લાહનો જ ફઝ્લ અને તેની જ રહમત, અને એના પર જોઈએ કે ખુશી કરે. સૂરએ યૂનુસ, ૧૦/૫૮) અલ્લાહના ફઝલો રહમત પર ખૂબ ખુશીઓ મનાવો. આ ખુશી શુકની છે ન કે ઘમંડની. ઘમંડના માટે ફર્માવ્યું : اِنَّ اللّٰهَ لَا يُحِبُّ الْفَرِحِيْنَ (ઘમંડ ન કર, બેશક ! અલ્લાહ ઘમંડ કરનારાઓને દોસ્ત નથી રાખતો. સૂરએ કૃસૃસ, ૨૮/૭૬) શૈખી ન મારો, અલ્લાહ તઆલા શૈખીખોરો (બડાઈ મારનારાઓ)ને પસંદ નથી કરતો.

૯. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં الفخر ને બદલે فی الفقر છે, એટલે ફકીરી (ગરીબી)માં ઘમંડ કરવો મરદૂદ (અપ્રિય) છે, કે છે તો પોતાની પાસે કાંઈ જ નહીં છતાં શૈખી મારીને પાયજામાથી બહાર થતા જાય છે ! પરંતુ અમીરોની સરખામણીમાં ફખ્ર કરવો કે પોતાને તેમને કરતાં માલદાર જાણવું, પોતાને કેવળ અલ્લાહ વ રસૂલના મોહતાજ સમજવું એ ખૂબ જ બેહતર છે, કે એ કૃનાઅત (થોડામાં રાજી રહેવું)નો પ્રકાર છે. *(મિરકાત)* શેઅર :

اے قناعت تو نگرم گرداں کہ وارے ہیچ نعمت نیست

૧. بغی નો અર્થ જુલ્મ, બગાવત, નાફર્માની, હસદ વગેરે છે. સર્વ અર્થો બની શકે છે. આ ફખ્ર (નાઝ)ના ઘણા પ્રકારો છે. દરેક પ્રકાર બુરો છે, અલ્લાહ એમનાથી બચાવે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૧૭)-૩૩૨૦ ★

عَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ: قَامَ رَجُلٌ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ إِنَّ فُلَانًا ابْنِي عَاهَرْتُ بِأُمِّهِ فِي الْجَاهِلِيَّةِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا دِعْوَةَ فِي الْإِسْلَامِ ذَهَبَ أَمْرُ الْجَاهِلِيَّةِ الْوَلَدُ لِلْفِرَاشِ وَلِلْعَاهِرِ الْحَجَرُ» . رَوَاهُ أَبُو دَاوُد

"હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે, તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રાવી. ફર્માવે છે, એક શખ્સ ઉભો થઈને બોલ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ કે ફલાણો શખ્સ મારો પુત્ર છે, મેં તેની મા સાથે જાહિલિયતના જમાનામાં ઝિના કર્યો હતો[૧] તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ઈસ્લામમાં આવો દાવો જાઈઝ નથી[૨]. જાહિલિયતના દૌરની વાતો ગઈ. બાળક ફરાશ (જેના બિસ્તર પર જન્મ્યુ)નું છે, ઝાનીના માટે પથ્થર છે[૩]." (અબૂ દાઊદ)

૧. ઈસ્લામથી પહેલાં અરબમાં સામાન્યતઃ ઝિના (વ્યભિચાર)ને અયબ (બુરો) સમજવામાં આવતો ન હતો એટલા માટે એલાનિયા એનો ઈકૃરાર કરી દેતા હતા, બલ્કે અધિક ઝિના પર ગર્વ કરતા હતા, ફખ્રિયા કૃસીદા લખતા હતા ! જુઓ સબ્આ મઅલકૃા વગેરે. તેમજ એ જમાનામાં ઝિનાથી નસબ (વંશ) સાબિત થઈ જતો હતો, એના કારણે આ અર્ઝ કરવામાં આવ્યું હતું. એ તો હુઝૂરે અન્વર ﷺની શક્તિ છે કે એવા દેશમાં સંસ્કાર (સભ્યતા) ફેલાવ્યો, જાનવરોને ઈન્સાન ઘડનારા બનાવી દીધા. (શેઅર)

ઈન્સાનિયત કો ફખ્ર હુવા તેરી ઝાતસે–બેનૂર થા ખિરદ કા સિતારા તેરે બગૈર

૨. એટલે કે ઈસ્લામમાં ઝિનાના કારણે નસબ (વંશ)નો દાવો કરવો દુરુસ્ત નથી, ન એનાથી નસબ સાબિત થઈ શકે છે.

★ જાહિલિયતના જમાનાના ઝિના પર ઝિનાની સજા લાગુ ન થશે ★

૩. જેથી હવે ઝિનાની સજા આવી ગયા બાદ જે ઝિના કરશે તેને સંગસાર કરવામાં આવશે. જેથી હદીષ પર કોઈ વાંધો નથી કે હુઝૂર ﷺએ ખુદ એ શખ્સને ઝિનાના ઈક્રારના કારણે સંગસાર (રજ્મ) કેમ ન કર્યો ? એટલા માટે કે એ ઝિના જાહિલિયતના દૌરમાં થઈ ચૂક્યો હતો જ્યારે કે ન ઈસ્લામ દુનિયામાં તશરીફ લાવ્યો હતો, ન ઈસ્લામી હુકમો ઝિનાની હુર્મત (હરામ હોવું) અને શરઈ હદો (સજાઓ) વિશે આવ્યા હતા.

"તેમનાથી જ રિવાયત છે કે ફર્માવ્યું નબી કરીમ ﷺ એ ચાર સ્ત્રીઓ જેમનામાં લિઆન નથી[૧] ઈસાઈયણ મુસલમાનની નીચે, યહૂદિયા મુસલમાનની નીચે[૨] અને આઝાદ સ્ત્રી ગુલામની નીચે અને લોંડી આઝાદીની નીચે[૩]." (ઈબ્ને માજહ)[૪]

★ હદીષ : (૧૮)-૩૩૨૧ ★

وَعَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " أَرْبَعٌ مِنَ النِّسَاءِ لَا مُلَاعَنَةَ بَيْنَهُنَّ: النَّصْرَانِيَّةُ تَحْتَ الْمُسْلِمِ وَالْيَهُودِيَّةُ تَحْتَ الْمُسْلِمِ وَالْحُرَّةُ تَحْتَ الْمَمْلُوكِ وَالْمَمْلُوكَةُ تَحْتَ الْحُرِّ ". رَوَاهُ ابْنُ مَاجَه

૧. એટલે કે જો એ સ્ત્રીઓના પતિ તેમને ઝિનાના આક્ષેપ કરે તો તેમના તથા તેમના પતિઓ વચ્ચે લિઆન ન થશે. અહીં بين ازواجهن છુપુ છે.

૨. યાદ રાખશો કે જો ઝિનાનો આક્ષેપ લગાડનાર પતિ ગુલામ કે કાફિર હોય અથવા કદી આક્ષેપની સજા પામી ચૂક્યો હોય જેને મહદૂદ ફિલ્ક્રઝ્ફ કહે છે ત્યારે તો લિઆન થશે નહીં. પણ પતિને તોહમતની સજા ૮૦ કોરડા મારવામાં આવશે, કેમ કે એ સ્થિતિઓમાં પતિ ગવાહીને પાત્ર નથી. અને પતિ તો ગવાહીને પાત્ર હોય પણ પત્ની ગવાહીને પાત્ર ન હોય. દા.ત. પત્ની, લોંડી અથવા કાફિરા અથવા નાની છોકરી અથવા પાગલ સ્ત્રી અથવા ઝાનિયા હોય, જેને કદી આક્ષેપની સજા લાગી ચૂકી હોય તો ન તો લિઆન થશે ન પતિને તોહમતની સજા લાગે. કેમ કે આ સ્થિતિમાં લિઆનની રુકાવટ સ્ત્રી તરફથી છે. (જુઓ ફત્હુલ ક્રદીર, શરહે હિદાયા અને મિર્ક્રાત) સારાંશ કે લિઆનમાં શર્ત એ છે કે બંને પતિ પત્ની ગવાહીને પાત્ર હોય કેમ કે લિઆનમાં બંનેની ક્રસમો ગવાહી સમાન હોય છે.

★ મુસલમાન સ્ત્રીના નિકાહ કાફિર પુરૂષથી નથી થઈ શકતા ★

૩. જાણવા મળ્યું કે આઝાદ સ્ત્રી ગુલામથી નિકાહ કરી શકે છે પણ પોતાના ગુલામ સાથે નહીં. એવું નથી થઈ શકતુ કે પુરૂષ યહૂદી કે ઈસાઈ હોય અને સ્ત્રી મુસલમાન હોય કેમ કે મુસલમાન સ્ત્રીનો નિકાહ કોઈ કાફિર પુરૂષ સાથે નથી થઈ શકતા.

૪. આ હદીષ દારકુત્નીએ પણ વિવિધ અસ્નાદોથી રિવાયત કરી. જો સર્વ અસ્નાદો ઝઈફ પણ હોય તો પણ હદીષ અમલને પાત્ર છે કેમ કે અસ્નાદોની સંખ્યાથી ઝઈફ પણ ક્રવી (મજબૂત) થઈ જાય છે. *(મિર્ક્રાત)*

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ عليه الصلوة والسلام એ જ્યારે લિઆનવાળાઓને

★ હદીષ : (૧૯)-૩૩૨૨ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَمَرَ رَجُلًا

حِينَ أَمَرَ الْمُتَلَاعِنَيْنِ أَنْ يَتَلَاعَنَا أَنْ يَضَعَ يَدَهُ عِنْدَ الْخَامِسَةِ عَلَى فِيهِ وَقَالَ: «إِنَّهَا مُوجِبَةٌ» . رَوَاهُ النَّسَائِيُّ

લિઆન કરવાનો હુકમ આપ્યો તો એક શખ્સને હુકમ આપ્યો કે પાંચમી ક़સમ પર તેના મોં પર હાથ રાખી લે[૧] અને ફર્માવ્યું કે આ ક़સમ વાજિબ કરનારી છે[૨]. " (નિસાઈ)

૧. એટલે કે જ્યારે લિઆનવાળો પુરૂષ ચાર ક़સમો ખાઈ ચૂક્યો, પાંચમીનો ઈરાદો કર્યો તો બીજા શખ્સને એ હુકમ આપવામાં આવ્યો, કે જેથી તે પાંચમી ક़સમ સમજી વિચારીને ખાય લે કે આ ક़સમ પર ફૈસલો છે. આ મોં પર હાથ રાખવું તે ડર અપાવવા માટે છે કે જો જૂઠો હોય તો એ ક़સમની હિંમત ન કરે. પણ કેવળ પુરૂષના મોં પર જ હાથ રાખ્યો ન કે સ્ત્રીના. કેમ કે અજનબી સ્ત્રીના મોં પર અજનબી પુરૂષ હાથ નથી રાખી શકતો કે તેણીના શરીરને સ્પર્શવું હરામ છે. જો એ કામના માટે કોઈ સ્ત્રી નિયુક્ત કરવામાં આવે જે લિઆનવાળી સ્ત્રીના મોં પર હાથ રાખે તો કાંઈ વાંધો નથી.

૨. એટલે આ ક़સમથી અથવા ગુનાહ સજા કે જુદાઈ વાજિબ થઈ જશે. જેથી સમજી વિચારીને એ ક़સમ ખાવ.

★ હદીષ : (૨૦)-૩૩૨૩ ★

وَعَنْ عَائِشَةَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ خَرَجَ مِنْ عِنْدِهَا لَيْلًا قَالَتْ: فَغِرْتُ عَلَيْهِ فَجَاءَ فَرَأَى مَا أَصْنَعُ فَقَالَ: «مَا لَكِ يَا عَائِشَةُ أَغِرْتِ؟» فَقُلْتُ: وَمَا لِي؟ لَا يَغَارُ مِثْلِي عَلَى مِثْلِكَ؟ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَقَدْ جَاءَكِ شَيْطَانُكِ» قَالَتْ: يَا رَسُولَ اللَّهِ أَمَعِي شَيْطَانٌ؟ قَالَ: «نَعَمْ» قُلْتُ: وَمَعَكَ يَا رَسُولَ اللهِ؟ قَالَ: «نعم وَلَكِن أعانني عليهِ حَتَّى أسلَمَ» . رَوَاهُ مُسلم

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ તેમની પાસેથી એક રાત્રે તશરીફ લઈ ગયા. ફર્માવે છે કે મેં એના પર ગૈરત કરી[૧] પછી આપ તશરીફ લાવ્યા તો જોયું જે હું કરી રહી હતી[૨] ફર્માવ્યું, હે આઈશા ! શું હાલ છે ? શું ગૈરત ખાય ગઈ ?! હું બોલી, મને શું થયું કે મારા જેવી પત્ની આપના જેવા પર ગૈરત ન કરે[૩] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમારી પાસે શૈતાન આવી ગયો[૪] બોલ્યાં, યા રસૂલલ્લાહ ! શું મારી સાથે શૈતાન છે ? ફર્માવ્યું, હા ![૫] મેં કહ્યું, અને આપની સાથે યા રસૂલલ્લાહ ?! ફર્માવ્યું, હા ! પરંતુ અલ્લાહે એના પર મારી મદદ કરી ત્યાં સુધી કે તે મો'મિન થઈ ગયો[૬]. " (મુસ્લિમ)

૧. શાબાનની પંદરમી રાત હતી. હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا ના ઘરે હુઝૂર ﷺ નુ રોકાણ હતું. હુઝૂર ﷺ રાતના આખરી હિસ્સામાં ક़બ્રસ્તાન દુઆ વગેરે માટે તશરીફ લઈ ગયા. જનાબ ઉમ્મુલ મો'મિનીન સમજ્યાં કે કોઈ અન્ય બીવી પાસે તશરીફ લઈ ગયા. આપને આ ચીજની ગૈરત આવી કે મારી વારીમાં બીજી પત્ની પાસે શા માટે તશરીફ લઈ ગયા ?! આ ગૈરત, રશ્કના અર્થમાં છે, ન કે શરમના અર્થમાં, કેમ કે એમાં શરમ કેવી ? *(અશિઅહ)*

૨. એ રીતે કે હું પણ હુઝૂર ﷺ ની પાછળ પાછળ ગઈ અને આગળ આગળ દોડતી દોડતી આવી ગઈ. જ્યારે હુઝૂર ﷺ તશરીફ લાવ્યા તો મારો શ્વાસ ફૂલેલો હતો. આ બનાવ પંદરમી શાબાનની ઈબાદતોના પ્રસંગે વર્ણન થઈ ચૂક્યો, એ જ અહીં મુરાદ છે. *(અશિઅહ)*

૩. સુબ્હાનલ્લાહ ! શું ઈમાન અફરોઝ પ્યારો જવાબ છે ! એટલે કે મારા જેવી મહોબ્બતવાળી પત્ની આપ જેવા સૈયદુલ મુરસલીન પતિ પર ગૈરત કે રશ્ક કેમ ન કરે ? કંજૂસી બુરી છે પણ આપના પર કંજૂસી સારી છે. (શેઅર)

નયનામેં જો આન બસો તો નયના હી ઝાપ લૂં–ન મૈં દેખું ઔર કોના તૂએ દેખન દૂં

અલ્લાહ તઆલા આ મુબારક માના સદક़ાથી આપણને ગુનેહગારોને પણ ઈશ્ક़ે રસૂલની ચાસણી અતા કરે.

ذرہ عشق نبی از حق طلب　　سوز صدیق و علی از حق طلب

અર્થાત : અલ્લાહથી ઈશ્કે નબી ﷺનો એક ઝર્રો (રજકણ) માગો, આજે સિદ્દીક તથા અલી رضی اللہ عنہما નો સોઝ (દર્દ) માગો.

૪. એટલે કે તમારી આ ગૈરત શૈતાની અસરથી છે, કેમ કે અમે સૈયદુલ અંબિયા છીએ, કોઈ પત્ની પર જુલ્મ નથી કરતા. જો કે મારા પર પત્નીઓની વારીઓ વાજિબ નથી તેમ છતાં કોઈની વારીમાં બીજી પત્નીને ત્યાં તેણીની રજા વિના નથી જતો. હુઝૂર ﷺનો અદ્લ તો એટલી હદ સુધી છે કે વફાત શરીફ વેળાની બીમારીમાં અન્ય પત્નીઓની ઈજાઝતથી જિંદગીના છેલ્લા દિવસો હઝરત આઈશા رضی اللہ عنہا ના ઘરે પસાર કર્યા. અને ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની શાન એ છે કે હુઝૂર ﷺએ આપના સીના પર વફાત પામી, અને આપના હુજરામાં કયામત સુધી આરામ કરી લીધો. (શેઅર)

ઉન્કા સીના હૈ નબી કી આખરી આરામગાહ–ઉનકે હુજરેમેં નબી હૈં તા કયામત જા ગઝીં

૫. આ શૈતાનથી મુરીદ કરીન છે જે દરેક વખતે દરેક તે શખ્સની સાથે રહે છે. દરેક ઈન્સાનનો અલગ અલગ શૈતાન છે, તે આવી ગયો. કહેવાનો મતલબ એ છે કે તેણે તમને ધોકો આપ્યો.

૬. આ લખાણનો તર્જુમો ખૂબ જ મજબૂત છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે આ અસ્લમ મીમના પેશથી છે, મુતકલ્લિમ મઝારેઅ. એટલે કે હું એની બુરાઈથી સલામત રહું છું. અમુકે ફર્માવ્યું, અસ્લમ મીમના ઝબરથી છે, વાહિદ ગાઈબ માઝી પણ અર્થ કરે છે કે તે મારો આજ્ઞાંકિત થઈ ગયો. તેણે મને નેકીથી ન રોકયો. પરંતુ આ અર્થ ફકીર (લેખક)ની નજીક કવી (મજબૂત) નથી કે એ વાત તો ઘણા બધા અવલિયા અલ્લાહ અને આમ સહાબાએ કિરામ બલ્કે આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ને પણ મયસ્સર હતી કે રબના ફઝ્લથી શૈતાન તેમને બહેકાવી નથી શકતો. એવો ખાસ અર્થ મુરાદ છે જે હુઝૂર ﷺની વિશિષ્ટતાઓમાંથી હોય, બીજાને મયસ્સર ન હોય. તે એ જ છે કે હુઝૂર ﷺનો કરીન શૈતાન હુઝૂર ﷺની સોહબતની બરકતથી સાલેહ મો'મિન બની ગયો. જ્યારે શૈતાન કે જેની પ્રકૃતિમાં નાફર્માની છે, તે હુઝૂર علیہ الصلوۃ والسلام ની સાથે રહેવાની બરકતથી સાલેહ મો'મિન બની ગયો તો તમામ સહાબાએ કિરામ, ખાસ કરીને ખુલફાએ રાશિદીન, ખાસ કરીને સફર તથા મકામ પર, કબર ઘર, હશ્રના સાથી અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના ઈમાન તથા તકવાનું તો પૂછવું જ શું ?! કેવળ જેમને રબ તઆલા હુઝૂર علیہ الصلوۃ والسلام નો સાથે ફર્માવી રહેલ છે. ﷺ

બાબુલ અકૃદ بابالعدة

(ઈદ્દતનું વર્ણન અને તેના પ્રકારો[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. શબ્દકોશમાં ઈદ્દત અયનના ઝબરથી છે, ગણત્રીના અર્થમાં. અયનના પેશથી તૈયારીના અર્થમાં. શરીઅતમાં આ રાહ જોવાને ઈદ્દત કહે છે જે નિકાહ કે નિકાહની શંકાના અદશ્ય થઈ ગયા બાદ કરવામાં આવે કે એ સમયમાં બીજો નિકાહ કરવો મના હોય. ઈદ્દત પત્ની પર વાજિબ છે ન કે પુરૂષ પર. હા ! બે જગાઓ છે જ્યાં પુરૂષે પણ રાહ જોવી પડે છે, જેમ કે **તલાકવાળીની બહેન ભાણકી, માસી વગેરેથી ત્યાં સુધી નિકાહ નથી કરી શકતો જ્યાં સુધી તે ઈદ્દતમાં છે.** યાદ રાખશો કે **સ્ત્રીની ઈદ્દત ત્રણ પ્રકારની છે** : મૃત્યુની ઈદ્દત : ચાર મહીના દસ દિવસ છે. તલાક વગેરેની ઈદ્દત : સગર્ભા માટે ગર્ભને જન્મ આપવો, સગર્ભા ન હોય એવી બાલિગા માટે ત્રણ હૈઝ અને નાબાલિગા તથા ઘણી વૃદ્ધ સ્ત્રીના માટે ત્રણ મહીના. તલાક સિવાય ફસ્ખે નિકાહ (નિકાહ તોડવા)માં પણ ઈદ્દત વાજિબ છે, ચાહે નિકાહ ફસ્ખ (તૂટવું) પતિ તરફથી હોય કે પત્ની તરફથી, ઈદ્દત ગમે તેમ પણ રહેશે. *(શામી, મિર્કાત)*

★ હદીષ : (૧)-૩૩૨૪ ★

عَنْ أَبِي سَلَمَةَ عَنْ فَاطِمَةَ بِنْتِ قَيْسٍ: أَنَّ أَبَا عَمْرِو بْنَ حَفْصٍ طَلَّقَهَا الْبَتَّةَ وَهُوَ غَائِبٌ فَأَرْسَلَ إِلَيْهَا وَكِيْلُهُ الشَّعِيرَ فَسَخِطَتْهُ فَقَالَ: وَاللَّهِ مَا لَكِ عَلَيْنَا مِنْ شَيْءٍ فَجَاءَتْ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرَتْ ذَلِكَ لَهُ فَقَالَ: «لَيْسَ لَكِ نَفَقَةٌ» فَأَمَرَهَا أَنْ تَعْتَدَّ فِي بَيْتِ أُمِّ شَرِيكٍ ثُمَّ قَالَ: «تِلْكِ امْرَأَةٌ يَغْشَاهَا أَصْحَابِي اعْتَدِّي عِنْدَ ابْنِ أُمِّ مَكْتُومٍ فَإِنَّهُ رَجُلٌ أَعْمَى تَضَعِينَ ثِيَابَكِ فَإِذَا حَلَلْتِ فَآذِنِينِي» . قَالَتْ: فَلَمَّا حَلَلْتُ ذَكَرْتُ لَهُ أَنَّ مُعَاوِيَةَ بْنَ أَبِي سُفْيَانَ وَأَبَا جَهْمٍ خَطَبَانِي فَقَالَ: «أَمَّا أَبُو الْجَهْمِ فَلَا يَضَعُ عَصَاهُ عَنْ عَاتِقِهِ وَأَمَّا مُعَاوِيَةُ فَصُعْلُوكٌ لَا مَالَ لَهُ انْكِحِي أُسَامَةَ بْنَ زَيْدٍ» فَكَرِهْتُهُ ثُمَّ قَالَ: «انْكِحِي أُسَامَةَ» فَنَكَحْتُهُ فَجَعَلَ اللَّهُ فِيهِ خَيْرًا وَاغْتَبَطْتُ وَفِي رِوَايَةٍ عَنْهَا: «فَأَمَّا أَبُو جَهْمٍ فَرَجُلٌ ضَرَّابٌ لِلنِّسَاءِ» . رَوَاهُ مُسْلِمٌ

''હઝરત અબૂ સલમાથી રિવાયત છે તે હઝરત ફાતિમા બિન્તે કૈસ[૧]થી રાવી, કે અબૂ અમ્ર ઈબ્ને હફ્સે તેમને તલાક઼ બાત (ત્રણ તલાક઼) આપી દીધી, જ્યારે કે તે હાજર ન હતા[૨]. તો તેમના વકીલે હઝરત ફાતિમાને કાંઈ જે મોકલ્યા તેણી એના પર નારાજ થયાં. તો વકીલે કહ્યું, અલ્લાહની ક઼સમ ! તમારો અમારા પર કાંઈ હક્ક઼ નથી[૩] તો તેણી રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયાં અને આપને એના વિશે વર્ણવ્યું. હુઝૂરે ફર્માવ્યું, તમારા માટે ખર્ચો નથી[૪]. પછી તેમને હુકમ આપ્યો, ઉમ્મે શરીક઼ની ઘેર ઈદ્દત ગુજારે[૫]. પછી ફર્માવ્યું કે એ એવાં બીબી છે જેમની પાસે અમારા સહાબા ઘેરાયેલા રહેતા હતા[૬]. તમે ઈબ્ને ઉમ્મે મકતૂમની પાસે ઈદ્દત ગુજારો, તે અંધ માણસ છે[૭]. તમે તમારાં આ કપડાં ઉતારી દો[૮] પછી જ્યારે તમે ફારિગ થઈ જાવ તો મને ખબર કરજો. ફર્માવે છે, જ્યારે હું ફારિગ થઈ ગઈ તો મેં હુઝૂરને અર્ઝ કરી કે મુઆવિયા ઈબ્ને સુફ્યાન અને અબૂ જહમે પયગામ આપ્યો[૯]. તો ફર્માવ્યું કે અબૂ જહમ[૧૦] પોતાની લાઠી પોતાના ખભેથી ઉતારતા જ નથી[૧૧] રહ્યા મુઆવિયહ, તે ખૂબ જ તંગદસ્ત છે જેમની પાસે માલ નથી[૧૨] હુઝૂરે ફરી ફર્માવ્યું કે ઓસામાથી

وَفِي رِوَايَةٍ: أَنَّ زَوْجَهَا طَلَّقَهَا ثَلَاثًا فَأَتَتِ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «لَا نَفَقَةَ لَكِ إِلَّا أَنْ تَكُونِي حَامِلًا»

નિકાહ કરી લો, મેં તેમનાથી નિકાહ કરી લીધા તો અલ્લાહે એ નિકાહમાં ખૂબ જ ભલાઈ આપી કે મારા પર રશ્ક કરવામાં આવ્યો[૧૪] અને તેમની જ એક રિવાયતમાં આ પ્રમાણે છે કે અબૂ જહમ પત્નીઓને ખૂબ જ મારનારો છે. (મુસ્લિમ) અને એક રિવાયતમાં છે કે તેમના પતિએ તેમને ત્રણ તલાક઼ આપી દીધી[૧૫] તો તેણી નબી કરીમ عليه الصلوة والسلام *ની ખિદમતમાં હાજર થયાં. હુઝૂર* عليه الصلوة والسلام *એ ફર્માવ્યું, તમારા માટે ખર્ચો નથી પણ એ સ્થિતિમાં સગર્ભા હોત[૧૬]."*

૧. આપ અબૂ સલમા ઈબ્ને અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ મદની છે. જલીલુલ ક઼દ્ર તાબઈ છે. મદીના પાકના સાત મશહૂર ફ઼કીહોમાંથી છે. અને ફાતિમા બિન્તે ક઼ૈસ કુરૈશ છે. હઝરત ઝહાકનાં બહેન છે. ખૂબ જ જમાલ (સુંદર), અક઼લો કમાલ (બુદ્ધિ કમાલવાળા) બીબી છે. મુહાજિરીને અવ્વલીનમાંથી છે. પહેલાં અબૂ અમ્ર ઈબ્ને હફ્સના નિકાહમાં હતાં તેમણે તલાક઼ આપી દીધી તો હુઝૂર ﷺએ તેમના નિકાહ ઓસામા ઈબ્ને ઝયદથી કર્યા.

૨. તલાક઼ે બાત તે તલાક઼ છે જે નિકાહ તદ્દન જ ખત્મ કરી દે જેના પછી હલાલા વિના નિકાહ થઈ ન શકે. એટલે ત્રણ તલાક઼ો અથવા ત્રીજી તલાક઼. અહીં પ્રથમ અર્થ મુરાદ છે, એટલે ત્રણ તલાક઼ો. *(લમ્આત, મિર્ક઼ાત)*

૩. એટલે કે અબૂ અમ્રના વકીલે ઈદ્દતના ખર્ચાના માટે થોડા સરખા જવ મોકલી આપ્યા જે હઝરત ફાતિમાએ નાપસંદ કર્યું કે જવ હતા તે પણ થોડા ! વકીલે કહ્યું કે આ પણ અમારી મહેરબાની છે, નહીં તો તમે એના પણ હક્ક઼દાર નથી, કેમ કે તમે સગર્ભા નથી અને ઈદ્દતનો ખર્ચ તલાકવાળી સગર્ભાને છે.

★ ઈદ્દતના સમયમાં ભરણપોષણ તથા મકાન આપવાનુ હોય છે ★

૪. એટલે કે તમને એ ખર્ચો નહીં મળે જે તમે ચાહો છો. મામૂલી ખર્ચો મળી ચૂક્યો. આ હદીષના આધારે હઝરત ઈબ્ને અબ્બાસ તથા અહમદે ફર્માવ્યું કે સગર્ભા ન હોય તે તલાક઼વાળીને ન ઈદ્દતમાં ખર્ચો મળશે ન ઘર. ઈમામ માલિક તથા શાફ઼ઈએ ફર્માવ્યું કે ઘર તો મળશે પણ ખર્ચો નહીં મળે. આપણા ઈમામનું ફર્માન છે કે ખર્ચો તથા ઘર બંનેવ મળશે. એ જ ફર્માન છે હઝરત ઉમર رضی اللہ عنہ નું. જનાબ ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે અમે કુર્આન હદીષના સામે એ ફાતિમાનો ક઼ૌલ ક઼બૂલ નથી કરી શકતા. કુર્આન ફર્માવે છે : اَسْكِنُوْهُنَّ مِنْ حَيْثُ سَكَنْتُمْ (સ્ત્રીઓને ત્યાં રાખો જ્યાં ખુદ રહો છો. સૂરએ તલાક઼, ૬૫/૬) અને મેં સરકાર عليه الصلوة والسلام ને ફર્માવતાં ખુદ સાંભળ્યું કે દરેક તલાક઼વાળી માટે ઘર પણ છે, ખર્ચો પણ. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની વિરુદ્ધ નથી, કેમ કે અહીં ફાતમાના માગેલ ખર્ચાનો નકાર છે અને ઘરેથી બીજે તબદીલ કરવું કોઈ મજબૂરીના હેઠળ હતું, જેમ કે આગળ આવી રહ્યું છે. ઈમામ શાફ઼ઈ رضی اللہ عنہ ની દલીલ આ આયત છે : وَاِنْ كُنَّ اُولَاتِ حَمْلٍ فَاَنْفِقُوْا عَلَيْهِنَّ (અને જો સગર્ભા હોય તો તેમને ભરણપોષણ આપો. સૂરએ તલાક઼, ૬૫/૬) જેનાથી જાણવા મળ્યું કે કેવળ સગર્ભા તલાકવાળીને ઈદ્દતનો ખર્ચો મળશે, સગર્ભા ન હોય એવી તલાક઼વાળીને નહીં. આપણા ઈમામ સાહબ ફર્માવે છે કે સગર્ભા ન હોય તેવીને ખર્ચો ન મળવું આ આયતથી સાબિત નથી થતું. અહીં સગર્ભાનો ઉલ્લેખ એટલા માટે છે કે ક્યારેક ગર્ભની મુદ્દત લાંબી થઈ જાય છે, ફર્માવવામાં આવ્યું : ચાહે કેટલોય લાંબો જમાનો ગર્ભ હોય પણ ખર્ચો આપતા રહો. *(મિર્ક઼ાત)*

૫. એનું કારણ આગળ આવી રહ્યું છે કે હુઝૂર ﷺએ ફાતિમાને તેમના પતિના ઘરેથી કેમ તબદીલ કર્યાં.

૬. સહાબાથી મુરાદ ઉમ્મે શરીકનાં બીવી બચ્ચાં સગાં સંબંધીઓ, કુટુંબીઓ છે. (મિર્કાત) કેમ કે ઉમ્મે શરીક માલદાર સખી મહેમાન નવાઝ બીબી હતાં.

૭. તમને જોઈ નથી શકતા અને બીજા સહાબા તેમના ઘરે આવતા જતા નથી, જેથી તમારી ત્યાં બેપર્દગી થશે નહીં. યાદ રાખશો કે અહીં ફાતિમાને એ ઈજાઝત ન આપવામાં આવી કે તેણી ઈબ્ને ઉમ્મે મકતૂમને જુએ. જેથી આ હદીષ ન તો આ આયતથી વિરુદ્ધ છે : يَغْضُضْنَ مِنْ اَبْصَارِهِنَّ (પોતાની નિગાહો કાંઈક નીચી રાખે. સૂરએ નૂર, ૨૪/૩૧ કન્ઝુલ ઈમાન) અને આ ઉમ્મે સલમાની આ હદીષની વિરુદ્ધ છે : افعميا وانتما સ્ત્રી પણ અજનબી પુરૂષને નથી જોઈ શકતી.

૮. આ નવો હુકમ છે, એટલે કે ઈદ્દતના જમાનામાં શણગારનો લિબાસ ઉતારી દો, અથવા ભૂતકાળનો હાલ (છોડી દો). એટલે તમે ત્યાં આઝાદ હશો, ત્યાં કોઈ આવજા કરતુ નથી, તમને કોઈ જોશે નહીં.

૯. એટલે કે ઈદ્દત ગુજરી ચૂક્યા બાદ મને આ બે શખ્સોએ નિકાહનો પૈગામ આપ્યો છે, તો હુઝૂર ﷺની શુ રાય છે ?

૧૦. આપનું નામ આમિર ઈબ્ને હુઝૈફા છે. અદવી છે. ષકૂફી છે. કુર્શી છે. એમનાથી હુઝૂર ﷺએ નમાઝ માટે સાદુ કપડુ ખરીદયું હતું. અંબજાનિયહ અબૂ જહમ.

★ નિકાહના પયગામના મોકા પર એકબીજાની ખબર આપવી જાઈઝ ★

૧૧. એટલે કે મોટાભાગે સફરમાં જ રહે છે, ઘર ખૂબ જ ઓછા બેસે છે, અથવા પોતાની પત્નીને ખૂબ મારે છે. બીજો અર્થ અધિક મજબૂત છે, કેમ કે આગળ આવી રહ્યું છે : ضرب للنساء તે રિવાયત આની તફસીર છે. યાદ રાખશો કે એ ગીબત નથી બલ્કે ફાતિમાનું ભલુ ચાહવું છે. **નિકાહના પૈગામના મોકા પર પતિ પત્નીમાંથી એકબીજાના અમલોની ખબર આપવી જાઈઝ છે જેથી ભાવિમાં ઝઘડો ન થાય.** હરામ ગીબતમાં ઘણી શર્તો છે જે અમે અમારા ફત્વામાં વર્ણવી છે.

૧૨. અને તેમના બાપ અબૂ સુફયાન કંજૂસ માણસ છે જે પોતાનાં છોકરાંને ખર્ચ નથી આપતા તો તમને શું આપશે ! અલ્લાહુ અકબર ! આ તે મુઆવિયા رضی اللہ عنہ છે જે બાદમાં એટલા માલદાર થઈ ગયા કે તેમનો લકબ અમીર મુઆવિયહ رضی اللہ عنہ થયો. એનાથી જાણવા મળ્યું કે હમેશાં સ્ત્રીને સારો મશ્વરો આપવામાં આવે અને જે પત્નીને ભરણપોષણ આપવા સમર્થ ન હોય તેની સાથે નિકાહ કરવા બેહતર નથી, ભલે જાઈઝ છે. રબ તઆલા ફર્માવે છે : وَلْيَسْتَعْفِفِ الَّذِيْنَ لَا يَجِدُوْنَ نِكَاحًا حَتّٰى يُغْنِيَهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ (અને જોઈએ કે બચેલા રહે તે જેઓ નિકાહની શક્તિવાળા નથી, ત્યાં સુધી કે અલ્લાહ શક્તિવાળા (મકદૂરવાળા) કરી દે. –સૂરએ નૂર, ૨૪/૩૩) એવા ગરીબ માણસે રોઝા રાખવા બેહતર છે. એ જ હદીષે પાકમાં આવે છે કે હુઝૂર ﷺએ એક સ્ત્રીના નિકાહ એવા શખ્સથી કર્યા જે કેવળ કંબલનો માલિક હતો. તેના ઘરમાં કાંઈ ન હતું, એ જાઈઝ હોવાના વર્ણન માટે હતું. અને તે સ્ત્રી એવી સાબિરા તથા શાકિરા હતી કે તે પુરૂષની સાથે ફકો ફાકા સહન કરી શકતી હતી, તેમજ તે સાહબ બાદમાં ખૂબ જ જલ્દી માલદાર થઈ ગયા.

૧૩. કેમ કે હઝરત ઓસામા શ્યામવર્ણ હતા. અને મશહૂર હતું કે તે ગુલામના પુત્ર છે અને હું કુરૈશા આલી નસબ હતી, પણ હઝરત ઓસામા હુઝૂર ﷺના મહબૂબ તથા ખૂબ જ મુત્તકી આલિમ હતા.

★ નિકાહમાં વડીલોથી સલાહ લેવી સુન્નત ★

૧૪. એટલે કે અલ્લાહ તઆલાએ અમને બંને પતિ પત્નીને એવી એકતા અને સુલૂક બખ્શ્યો કે બીજી સ્ત્રીઓએ મારા પર રશ્ક કર્યો. યાદ રાખશો કે એવી બાબતોમાં રશ્ક જાઈઝ છે, હસદ હરામ છે. આ હદીષથી ઘણા બધા મસાઈલ જાણવા મળ્યા : સ્ત્રીને પયગામ પર પયગામ આપવો જાઈઝ છે, જ્યારે કે પહેલાથી વાતચીત નક્કી ન થઈ હોય. ગૈર કફૂથી નિકાહ દુરુસ્ત છે જ્યારે સ્ત્રીના વાલી રાજી હોય. કિફાયતમાં માલનો પણ એતબાર છે, ત્યાં સુધી કે ઈમામ શાફઈને ત્યાં ભરણપોષણથી મજબૂર પત્ની નિકાહ ફસ્ખ કરાવી શકે છે. (મિર્કાત) **નિકાહમાં વડીલોથી મશ્વરો કરી લેવો બેહતર છે. મશ્વરો હમેશાં સારો આપવો જોઈએ.** પૈગામ તથા સલામની હાલતમાં બંને પક્ષોના ખરેખર જે અયબો હોય તે વર્ણવી દેવા સારું છે કે જેથી ભાવિમાં ખરાબીઓ ન પડે. પત્નીને મારવું જાઈઝ છે, પણ સારું નથી.

૧૬. અહીં નફકાથી મુરાદ ઘણા અરસા સુધી ભરણપોષણ છે, એટલે સગર્ભા તલાકવાળીને લાંબા અરસા સુધી ભરણપોષણ મળે છે જ્યાં સુધી કે તેણી બાળક ન જન્મી દે, અને જણ્યા બાદ પણ અમુક સ્થિતિઓમાં બાળકનું ભરણપોષણ મળતુ રહે છે. સગર્ભા ન હોય તેને થોડી મુદ્દત કેવળ ત્રણ હૈઝ સુધી ભરણપોષણ મળે છે. જેથી આ હદીષ ન તો કુર્આને કરીમની વિરુદ્ધ છે ન અન્ય હદીષોની વિરુદ્ધ. એની ચર્ચા હમણા થઈ ચૂકી.

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે ફાતિમા એક સુમસામ મકાનમાં હતા[૧] તેમની આસપાસ પર ખૌફ કરવામાં આવ્યો[૨] એટલા માટે નબી કરીમ ﷺ એ ઈજાઝત આપી એટલે કે તબદીલ થઈ જવાની[૩] અને એક રિવાયતમાં છે, ફર્માવે છે : શું થયું ફાતિમાને, શું તે અલ્લાહથી નથી ડરતાં ! એટલે એ કહે છે કે તલાકવાળીને ન મકાન છે ન ખર્ચો[૪].'' (બુખારી)

★ હદીષ : (૨)-૩૩૨૫ ★

وَعَن عائشةَ قَالَتْ: إِنّ فَاطِمَةَ كَانَتْ فِي مَكَانٍ وَحِشٍ فَخِيفَ عَلَى نَاحِيَتِهَا فَلِذَلِكَ رَخَّصَ لَهَا النَّبِيُّ صلى الله عَلَيْهِ وَسلم تَعْنِي النُّقْلَةِ وَفِي رِوَايَةٍ: قَالَتْ: مَا لِفَاطِمَةَ؟ أَلَا تَتَّقِي اللَّهَ؟ تَعْنِي فِي قَوْلِهَا: لَا سُكْنَى وَلَا نَفَقَة. رَوَاهُ الْبُخَارِيّ

૧. وحش,નો અર્થ છે આલી, ઉજ્જડ જ્યાં રહેવાથી ભય છવાઈ જાય. એનાથી છે, જંગલી જાનવર એટલે લોકોથી નફરતવાળુ અને માણસોથી અલગ રહેનાર.

૨. એટલે કેમ કે એ ઘર વસ્તી તથા આબાદીમાં ન હતું એટલા માટે ચોરી વગેરેનો ખતરો હતો.

★ ઈદ્દતમાં સ્ત્રી મજબૂરીથી મકાન બદલી શકે છે ★

૩. એટલે કે હઝરત ફાતિમા બિન્તે કૈસ رضی اللہ عنہا ને ઈદ્દતના સમયમાં જે ઉમ્મે મકતૂમના ઘરે ચાલ્યા જવાની ઈજાઝત આપવામાં આવી તેનું કારણ એ ન હતું કે સગર્ભા ન હોય તેવી તલાકવાળીને ઈદ્દત ગુજારવા માટે પતિ તરફથી ઘર નથી મળતું, ઘર તો મળ્યું હતું પણ ખતરનાક હતું. આજે પણ ફુકહા ફર્માવે છે કે ઈદ્દતમાં સ્ત્રી આ મજબૂરીઓમાં બીજા ઘરે તબદીલ થઈને ઈદ્દત ગુજારી શકે છે.

૪. એટલે કે ફાતિમા જે ફત્વો આપે છે કે સગર્ભા ન હોય તેવી તલાકવાળીને ઈદ્દતના સમયમાં ન ખર્ચો મળે ન મકાન અને આ ફત્વાની સનદમાં પોતાનો મજકૂર બનાવ વર્ણવે છે અને એ હુકમની નિસ્બત હુઝૂર ﷺ તરફ કરે છે એ ગલત છે. તેમના (મકાન) તબદીલ થવાનો સબબ કાંઈ બીજો હતો. તેણી પૂરી વાત નથી વર્ણવતાં. જાણવા મળ્યું કે હઝરત ઉમર

رضی اللہ عنہ ની જેમ ઉમ્મુલ મો'મિનીનો મઝહબ પણ એ જ છે કે તલાક઼ની ઈદ્દતમાં ઘર તથા ખર્ચ બંને પતિની જિમ્મેદારી છે. એ જ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નું ફર્માન છે. જેથી હદીષે ફાતિમા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની વિરુદ્ધ નથી.

★ હદીષ : (3)-૩૩૨૬ ★
وَعَن سعيدِ بنِ المسيِّبِ قَالَ: إِنَّمَا نُقِلَتْ فَاطِمَةُ لِطُولِ لِسَانِهَا عَلَى أَحمائِها. رَوَاهُ فِي شرح السّنة

''હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબથી રિવાયત છે. ફર્માવે છે કે ફાતિમાને તબદીલ કરવામાં આવી પોતાના દિયરો પર ઝબાનદરાઝીના કારણે[૧]. '' (શરહુસ્સુન્નહ)

૧. એટલે કે ફાતિમા એકલાં ઘરમાં હતાં અને તેમના દિયર વગેરે તેમની પાસે હતા. પણ સખત સ્વભાવનાં અને સખત ઝબાનવાળાં હતાં. જ્યારે તેમને તલાક઼ થઈ ગઈ તો દિયરોએ તેમની સખ્તીના કારણે તેમની પાસે રહેવું માન્ય ન રાખ્યું જેથી તદ્દન એકલાં રહી ગયાં, ત્યારે હુઝૂર عليہ الصلوٰۃ والسلام એ તેમને ત્યાં સ્થળાંતર કરવાની ઈજાઝત આપી, બલ્કે હુકમ ફર્માવી દીધો. જેથી આ હદીષ પાછલી હદીષની વિરુદ્ધ નથી. કેમ કે તેણી સુમસામ મકાનમાં હતાં. સારાંશ જનાબ ફાતિમાનું ઘરથી તબદીલ થઈ જવું કોઈ મજબૂરી તથા લાચારીના કારણે હતું, નહીં તો ઈદ્દતનો ખર્ચો તથા મકાન પતિની જવાબદારીમાં છે. આ જગાએ મિર્કાતે ફર્માવ્યું કે હઝરત ઉમર رضی اللہ عنہ એ ફાતિમાની આ હદીષ રદ કરી આપી અને ફર્માવ્યું કે અમે એક સ્ત્રીના કૌલથી કિતાબુલ્લાહ તથા રસૂલુલ્લાહ ﷺ ની સુન્નત નથી છોડી શકતા. શું ખબર એમને યાદ રહ્યું કે ભૂલી ગયાં કે તલાક઼ની ઈદ્દતમાં ઘર તથા ખર્ચ મળવું કિતાબુલ્લાહ તથા સુન્નતે રસૂલુલ્લાહ ﷺ થી સાબિત છે. હઝરત ઓસામાએ ફાતિમાથી નિકાહ કરી લીધા પણ તેમની આ હદીષ તેમણે પણ સ્વીકારી નહીં. હઝરત ઈબ્ને મસ્ઊદ, જાબિર, આઈશા સિદ્દીક઼ા, ઓસામા બિન ઝયદ, હઝરત અમ્ર વગેરે જમહૂર સહાબાનો આ જ મઝહબ છે કે તલાક઼ની ઈદ્દતમાં ખર્ચો તથા મકાન મળશે.

★ ફાતિમા બિન્તે ક઼ૈસની હદીષ અમલને પાત્ર નથી ★

હદીષે ફાતિમા رضی اللہ عنہا મુઝતરિબ (Confused) છે. અમુક રિવાયતોમાં છે કે ફાતિમાના પતિએ તલાક઼ આપી, પછી સફરમાં ગયા. અમુકમાં છે કે સફરમાં જઈને તલાક઼ મોકલી, અમુક રિવાયતોમાં છે કે ખુદ ફાતિમાએ હુઝૂર عليہ الصلوٰۃ والسلام ને મસ્અલો પૂછ્યો, અમુકમાં છે કે ખાલિદ ઈબ્ને વલીદે પૂછ્યો, અમુક રિવાયતોમાં છે કે તેમના પતિ અબૂ ઉમર ઈબ્ને હફ્સે તલાક઼ આપી. અમુકમાં છે કે અબૂ જઅફર ઈબ્ને મુગીરાએ તેમને તલાક઼ આપી. આ કારણે આ હદીષ અમલને પાત્ર નથી. એને હઝરત ઉમર, ઝયદ ઈબ્ને ષાબિત, મરવાન ઈબ્ને હકીમ, સઈદ ઈબ્ને મુસૈયિબ શઅબી, હસન બસરી, અસ્વદ ઈબ્ને યઝીદ, સુફ્યાન ષૌરી, ઈમામ અહમદ ઈબ્ને હંબલે રદ કરી આપી. જેથી આ હદીષ અમલને પાત્ર નથી. *(મિર્કાત)*

★ હદીષ : (૪)-૩૩૨૭ ★
وَعَن جابرٍ قَالَ: طُلِّقَتْ خَالَتِي ثَلَاثًا فَأَرَادَتْ أَنْ تَجُدَّ نَخْلَهَا فَزَجَرَهَا رَجُلٌ أَنْ تَخْرُجَ فَأَتَتِ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «بَلَى فَجُدِّي نَخْلَكِ فَإِنَّهُ عَسَى أَنْ تَصَدَّقِي أَوْ تَفْعَلِي مَعْرُوفا» . رَوَاهُ مُسلم

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મારાં માસીને ત્રણ તલાક઼ો આપવામાં આવી[૧]. તો તેમણે પોતાનાં ખજૂરોનાં ફળ તોડવા ચાહ્યાં તો એક શખ્સે તેમને બહાર જવાથી મના કર્યું[૨] તે નબી કરીમ عليہ الصلوٰۃ والسلام ની પાસે આવ્યા. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, હા! તમારા ખજૂરોના ફળ તોડો, શક્ય છે કે તમે ખૈરાત કરી આપો કે ભલાં કામ કરો[૩]. '' (મુસ્લિમ)

૧. ક્યાં તો એકદમ અથવા અલગ અલગ, બીજો અર્થ અધિક જાહેર છે.

૨. એ ખયાલથી કે ઈદ્દતની હાલતમાં સ્ત્રીએ ઘરેથી નીકળવું મના છે.

૩. એટલે તમારા માટે દિવસે ઘરેથી નીકળીને બાગમાં જવું, ત્યાં ફળ તોડવાં જાઈઝ છે કે એ ફળથી તમે નેક કામ કરશો. ઝકાત આપવી, સદકો ખૈરાત અને હદિયો વગેરે. યાદ રાખશો કે તલાક઼ની ઈદ્દતમાં સ્ત્રી મજૂરી માટે ઘરની બહાર નથી જઈ શકતી કેમ કે તેણીનો ખર્ચ તલાક઼ આપવાવાળા પતિની જવાબદારીમાં છે, તેણીએ મજૂરી કરવાની જરૂરત નથી. અને મૌતની ઈદ્દતમાં સ્ત્રી મજૂરી માટે દિવસે બહાર જઈ શકે છે અને રાત ઘરમાં ગુજારે. કેમ કે એ ઈદ્દતમાં ખર્ચો પતિના જિમ્મે નથી. **અહીં મજૂરી માટે નીકળવાનું ન હતું બલ્કે પોતાના માલની હિફાઝતના માટે હતું. આ મજબૂરીમાં આજે પણ નીકળવું દુરુસ્ત છે, રાત ઘરમાં આવીને પસાર કરે.**

★ સગર્ભાની ઈદ્દત ગર્ભનુ બહાર થવું છે ★

★ હદીષ : (૫)-૩૩૨૮ ★

وَعَنِ الْمِسْوَرِ بْنِ مَخْرَمَةَ: أَنَّ سُبَيْعَةَ الْأَسْلَمِيَّةَ نُفِسَتْ بَعْدَ وَفَاةِ زَوْجِهَا بِلَيَالٍ فَجَاءَتِ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَاسْتَأْذَنَتْهُ أَنْ تَنْكِحَ فَأَذِنَ لَهَا فنكحت. رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત મિસ્વર ઈબ્ને મખ્રમાથી રિવાયત છે કે સુબૈઆ અસ્લમિય્યહ પોતાના પતિના[૧] મૃત્યુના થોડા દિવસો બાદ નિફાસવાળી થઈ ગઈ[૨] તો તે નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયાં. આપની પાસે નિકાહ કરી લેવાની રજા માગી તો હુઝૂરે તેમને ઈજાઝત આપી દીધી તેમણે નિકાહ કરી લીધા[૩].'' (બુખારી)

૧. તેમના પતિ સઅદ ઈબ્ને ખૌલા હતા જેઓ હજ્જતુલ વિદાઅમાં મક્કા મોઅઝ્ઝમામાં વફાત પામી ગયા. બદરમાં હાજર થયા હતા. મિસ્વર ઈબ્ને મખરમાના હાલાત ઘણીવાર વર્ણન થઈ ચૂકેલ છે. એ અબ્દુર્રહમાન ઈબ્ને ઔફના ભાણીયા છે. હિ.સ. ૨માં મક્કા મોઅઝ્ઝમામાં પેદા થયા અને હિ.સ. ૮માં મદીના મુનવ્વરામાં હાજર થયા.

૨. એટલે સગર્ભા હતાં. પોતાના પતિના મૃત્યુના થોડા દિવસ બાદ બાળક પેદા થઈ ગયું હતું. નિફાસ (સુવાવડનું લોહી) આવવાથી એ જ મુરાદ છે.

૩. એના પર ઉમ્મતનો ઈજમાઅ છે કે સગર્ભાની મુદ્દત ગર્ભને જન્મ આપવું છે. ચાહે તલાક઼વાળી હોય કે મૌતવાળી. ભલે તલાક઼ કે મૃત્યુના એક જ મિનિટ બાદ પછી બાળક પેદા થઈ જાય. આ મસ્અલાનો માખઝ આ હદીષ છે. અમુક લોકોએ કહ્યું કે તેની ઈદ્દત ابعد الاجلين છે એટલે ચાર મહીના દસ દિવસ છે અને ગર્ભ બહાર થયા પછી જ બાદમાં હોય તે ઈદ્દત છે.

★ હદીષ : (૬)-૩૩૨૯ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَن أُمِّ سلمةَ قَالَتْ: جَاءَتِ امْرَأَةٌ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَتْ: يَا رَسُولَ اللَّهِ إِنَّ ابْنَتِي تُوُفِّيَ عَنْهَا زَوْجُهَا وَقَدِ اشْتَكَتْ عَيْنُهَا أَفَنَكْحُلُهَا؟ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا» مَرَّتَيْنِ أَوْ ثَلَاثًا كُلُّ ذَلِكَ

''હઝરત ઉમ્મે સલમાથી રિવાયત છે. ફર્માવે છે, એક સ્ત્રી નબી કરીમ عليه الصلوة والسلام ની ખિદમતમાં હાજર થયાં, બોલ્યાં, યા રસૂલલ્લાહ ! ﷺ મારી આ છોકરીના પતિ મૃત્યુ પામ્યા છે અને તેણીની આંખો દુઃખે છે, તો શું અમે તેણીને સુરમો લગાડીયે ?[૧] તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, નહીં ! બે વાર કે ત્રણ વાર, દરેક વાર એવું જ કહેતા હતા, નહીં[૨]. પછી

يَقُولُ:«لَا» قَالَ: «إِنَّمَا هِيَ أَرْبَعَةُ أَشْهُرٍ وعشرٌ وَقد كَانَت إِحْدَاهُنَّ فِي الجاهليَّةِ تَرْمِي بِالْبَعْرَةِ عَلَى رَأْسِ الْحَوْلِ»

ફર્માવ્યું, હવે તો ચાર મહીના દસ દિવસ જ છે, જાહિલિયતના જમાનામાં તો તમારામાંથી દરેક પર લીંડીઓ ફેંકતી હતી[૩]."

★ સ્ત્રી પર ઈદ્દતમાં સોગ વાજિબ છે ★

૧. એટલે કે **સ્ત્રી પર ઈદ્દતમાં સોગ વાજિબ છે અને શણગાર ત્યજવું છે.** અને શણગારમાં સુરમો પણ સામેલ છે, પણ મજબૂરી એ છે કે આ મજબૂરીમાં સુરમો લગાડવો જાઈઝ છે કે નહીં.

★ ઈદ્દતમાં કાળો સૂરમો લગાડવાનો મસ્અલો ★

૨. એટલે કે તેણી વારંવાર સવાલ દોહરાવતાં હતાં અને હુઝૂર ﷺ દરેક વાર ઈન્કાર કરી આપતા હતા. આ હદીષના આધારે ઈમામ અહમદ ફર્માવે છે કે કાળો સુરમો જેમાં શણગાર હોય છે મૃત્યુની ઈદ્દતમાં કદાપિ જાઈઝ નથી, ચાહે બીમારી હોય કે ન હોય. ઈમામ માલિક رضی اللہ عنہ ને ત્યાં બીમારીમાં જાઈઝ છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં બીમારીમાં રાતે લગાડી લે, દિવસમાં સાફ કરી દે. આપણે ત્યાં પણ બીમારીમાં દવારૂપે લગાડવો દુરુસ્ત છે. એ શર્તે કે સુરમા સિવાય અન્ય કોઈ દવા ફાયદાકારક ન હોય. અહીં બીજી દવા ફાયદાકારક હશે એટલે મના કર્યું.

★ વિધવા સ્ત્રી પર ઈસ્લામથી પહેલાં થતા જુલ્મની દાસ્તાન ★

૩. ઈસ્લામથી પહેલાં અરબમાં વિધવા સ્ત્રી પતિના મૃત્યુ બાદ એક વરસ સુધી બુરા મકાન, બુરા લિબાસમાં રહેતી હતી અને સર્વ ઘરવાળાઓથી અલગતા અપનાવતી હતી. વરસ પછી તેનાં સગાં ભેગાં થતાં અને કોઈ જાનવર તેણી પાસે લાવતા જેને તે પોતાની શર્મગાહથી લગાડતી હતી. મોટાભાગે તે જાનવર મરી જતુ હતું. પછી તેના ઘરવાળાં તેણીને ઊંટ કે બકરીની લીંડીઓ આપતા હતા જેને તેણી પોતાના હાથ વડે ફેંકતી હતી. એ લીંડીનું ફેંકવું ઈદ્દત પૂરી થઈ ગણાતુ. આ ઈર્શાદે પાકમાં એ તરફ ઈશારો છે કે હવે તમે ચાર મહીના દસ દિવસની ઈદ્દતમાં સબ્ર નથી કરી શકતી, પણ જાહિલિયતના જમાનામાં એક વરસ સુધી ઈદ્દત ગુજારતી અને ઈદ્દતના જમાનામાં સખત પાબંદીઓ સહન કરતી હતી. યાદ રાખશો કે ઈસ્લામમાં પણ પહેલાં મૃત્યુની ઈદ્દત એક વરસ હતી. રબ તઆલા ફર્માવે છે : مَّتَاعًا اِلَى الْحَوْلِ غَيْرَ اِخْرَاجٍ (સાલભર સુધી ભરણ પોષણ આપવાની. સૂરએ બકૃરહ, ૨/૨૪૦) પછી એ હુકમ મન્સૂખ થઈને ચાર મહીના દસ દિવસ થયો. હવે વિધવા સ્ત્રીની ઈદ્દત ચાર મહીના દસ દિવસ છે, ચાહે સોહબત કે ખલ્વત થઈ હોય કે નહીં, એ શર્ત કે સ્ત્રી સગર્ભા ન હોય. સગર્ભા વિધવાની ઈદ્દત ગર્ભને જન્મ આપવું છે. ઈદ્દતના પૂરા મસાઈલ અમારા ફતાવા નઈમિયામાં જુઓ.

★ ઈસ્લામમાં વિધવાની ઈદ્દત ચાર મહીના દસ દિવસ ★

★ હદીષ : (૭)-3330 ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أُمِّ حَبِيبَةَ وَزَيْنَبَ بِنْتِ جحش عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يَحِلُّ لِامْرَأَةٍ تُؤْمِنُ بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ أَنْ تُحِدَّ عَلَى مَيِّتٍ فَوْقَ ثَلَاثِ لَيَالٍ إِلَّا عَلَى زَوْجٍ أَرْبَعَةَ أَشْهُرٍ وَعَشْرًا»

"હઝરત ઉમ્મે હબીબા અને ઝયનબ બિન્તે જહરાથી[૧] રિવાયત છે. તેઓ રસૂલુલ્લાહ ﷺ થી રાવી. ફર્માવે છે : નથી હલાલ કોઈ એવી સ્ત્રી જે અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન ધરાવતી હોય[૨] એ કે કોઈ મૈયત પર ત્રણ દિવસથી વધુ સોગ કરે, સિવાય પતિના, કે એના પર ચાર મહીના દસ દિવસ છે[૩]." (મુસ્લિમ, બુખારી)

૧. આ બંને બીબીઓ ઉમ્હાતુલ મો'મિનીનમાંથી છે. હુઝૂર ﷺની પાક પત્નીઓ જેમના હાલાત અગાઉ વર્ણન થઈ ચૂકેલ છે.

૨. لايحل અને અલ્લાહ તથા ક્યામત પર ઈમાન રાખવું આવનાર હુકમના સમર્થન માટે છે. એટલે કે આ હુકમ સખત જરૂરી છે, એના પર દરેક મો'મિન સ્ત્રીએ અમલ કરવો જોઈએ.

★ પત્ની સિવાય સૌના પર ત્રણ દિવસથી વધુ સોગ નથી ★

૩. એટલે કે **સ્ત્રી કોઈ સગા સંબંધીની મોત પર ત્રણ દિવસથી વધુ સોગ ન કરે. બાપ, પુત્ર, ભાઈ કોઈ પણ મરી જાય એના પર ત્રણ દિવસ સુધી સોગ એટલે શણગાર ત્યજી શકે છે, પણ પતિનાં મૃત્યુ પર ઈદ્દતના પૂરા સમય દરમ્યાન સોગ કરે કે ન ખુશ્બુ લગાડે ન શૃંગારનો પોશાક પહેરે.** આ મુદ્દત સગર્ભા ન હોય તેના માટે છે, **સગર્ભાની મુદ્દત તો ગર્ભને જન્મ આપી દેવું છે. તેણી તે સમય સુધી સોગ કરે.**

★ રાફ્ઝીઓની પયરવી કરવામાં ન આવે ★

આ હદીષથી **એ નાદાન સુન્નીઓએ બોધ ગ્રહણ કરવો જોઈએ જેઓ મુહર્રમમાં દસ દિવસ હાયપીટ કરે છે, ચારપાઈ પર નથી સૂતા, સારો લિબાસ નથી પહેરતા, કાળાં કપડાં પહેરે છે, આ સૌ હરામ છે અને રાફ્ઝીઓનું અનુસરણ છે, એવું અહલે બયતે અત્હારે કદી નથી કર્યું.**

★ સોગવાળી વિધવા ન રંગેલાં કપડાં પહેરે ન સુરમો લગાડે ન ખુશ્બુ વાપરે ★

''હઝરત ઉમ્મે અતિય્યાથી[૧] રિવાયત છે, કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈ સ્ત્રી કોઈ મૈયત પર ત્રણ દિવસથી વધુ સોગ ન કરે સિવાય પતિના, કે એના પર ચાર મહીના દસ દિવસ કરે અને રંગેલાં કપડાં ન પહેરે, બનાવટી રંગીન કપડાં સિવાય[૨]. અને ન સુરમો લગાડે[૩] ન ખુશ્બુ લગાડે, પણ જ્યારે કે પાક થાય તો એક ટુકડો કુસ્ત અથવા અઝફારનો[૪]. ''(મુસ્લિમ, બુખારી) અબૂ દાઊદ ઉમેર્યું કે ન ખિઝાબ કરે[૫]. ''

★ હદીષ : (૮)-3331 ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَن أُمِّ عطيَّةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا تُحِدُّ امْرَأَةٌ عَلَى مَيِّتٍ فَوْقَ ثَلَاثٍ إِلَّا عَلَى زَوْجٍ أَرْبَعَةَ أَشْهُرٍ وَعَشْرًا وَلَا تَلْبَسُ ثَوْبًا مَصْبُوغًا إِلَّا ثَوْبَ عَصْبٍ وَلَا تكتحِلُ وَلَا تَمَسُّ طِيبًا إِلَّا إِذَا طَهُرَتْ نُبْذَةً مِنْ قُسْطٍ أَوْ أَظْفَارٍ» . مُتَّفَقٌ عَلَيْهِ. وَزَادَ أَبُو دَاوُدَ: «وَلَا تختضب»

૧. આપનું નામ નસીબા બિન્તે કઅબ છે. કુન્નિયત ઉમ્મે અતિય્યહ મોટાભાગના ગઝવાઓમાં હુઝૂર ﷺની સાથે રહ્યાં. બીમારોની દવા, ઝખ્મોની મલમપટ્ટી કરતાં હતાં. છેવટે બસરામાં રહ્યાં અને ત્યાં જ ઈન્તેક્ાલ કર્યો.

૨. عصبની શરહમાં શરહકર્તાઓનો મતભેદ છે. મિર્કાતે ફર્માવ્યું કે અસબ એક ઘાસ છે જે સામાન્યતઃ યમનમાં પેદા થાય છે. તેનો રંગ કાળાશ પડતો હોય છે. તેનાથી કપડાં રંગવામાં આવે છે જેનાથી ઝાંખો કાળો રંગ થાય છે એટલે કે ભૂખરો, એ રંગ શૃંગારમાં સામેલ નથી. એટલા માટે તેની ઈજાઝત આપવામાં આવી. એના આધારે ફક્ીહો ફર્માવે છે કે ઈદ્દતમાં કાળા રંગના કપડાં પહેરવા જાઈઝ છે. પણ અશિઅતુલ લમ્આત તથા લમ્આતમાં ફર્માવ્યું કે અસબ તે કપડુ છે જેનુ સુતર રંગી લેવામાં આવે બાદમાં વણવામાં આવે. એવા રંગીન કપડાં શણગારમાં ગણાશે નહીં. વણયા બાદ રંગવું ઝીનત (શણગાર) છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં એવું કપડુ પહેરવું મુત્લક્ન જાઈઝ છે, બારીક હોય કે જાડુ. ઈમામ માલિક رضی اللہ عنہ ને ત્યાં જાડુ જાઈઝ પાતળુ મના. આપણા ઈમામ સાહબને

ત્યાં બેહતર એ છે કે ઈદ્દતમાં આવા લિબાસથી પણ બચે.

૩. શણગાર માટે કાળો સુરમો ન લગાડે, સફેદ સુરમો લગાડે જેનાથી શણગાર ન થાય. એ જ પ્રમાણે ઈલાજના માટે જરૂરતના મોક़ા પર સુરમો લગાડી લેવો જાઈઝ છે, જ્યારે કે આંખમાં બીમારી હોય અને સુરમા સિવાય અન્ય કોઈ ઈલાજ ન હોય. અમુક ઉલમાએ આ હદીષની બિના પર સુરમાને મુત્લક़ન (તદ્દત) મના ઠરાવ્યો.

★ વફાતની ઈદ્દતમાં ઉલમાનો મતભેદ ★

૪. કુસ્ત તથા અઝફાર મશહૂર ખુશ્બુદાર લાકડીઓ છે. અઝફારની લાકડી કાળા રંગની હોય છે કપાયેલા નખોની જેમ, એટલા માટે તેને અઝફાર કહે છે. એટલે કે ઈદ્દતવાળી સ્ત્રી જ્યારે હૈઝથી ફારિગ થાય તો આ ખુશ્બુ શર્મગાહ પર ઘસી શકે છે કે એનાથી કેવળ દુર્ગંધને દૂર કરવાનો હેતુ છે ન કે શરીરને મહેકાવવું. યાદ રાખશો કે જમહૂર (બહુમતી) ઉલમાનો મઝહબ એ જ છે કે દરેક મૃત્યુવાળી ઈદ્દતમાંની સ્ત્રી પર સોગ વાજિબ છે. અમુક અહનાફ ફર્માવે છે કે મો'મિના બાલિગા ઈદ્દતવાળી પર ઈદ્દતમાં સોગ છે, કિતાબિયા તથા નાબાલિગા પર સોગ નથી. તે હઝરાત આ હદીષના જાહેરી શબ્દોથી દલીલ પકડે છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, જે સ્ત્રી અલ્લાહ તઆલા અને કયામત પર ઈમાન ધરાવતી હોય તે સોગ કરે. અલ્લાહ બેહતર જાણનાર છે.

૫. એટલે કે ન વાળોમાં મેંહદી કે વસ્મા લગાડે ન હાથ પગો મેંદીથી રંગે કે એ શણગારમાં સામેલ છે, અને શણગાર તેણી માટે મના છે.

(વિભાગ : ૨) الفصل الثاني

★ હદીષ : (૯)-૩૩૨ ★

عَن زَيْنَب بنت كَعْب: أَنَّ الْفُرَيْعَةَ بِنْتَ مَالِكِ بْنِ سِنَانٍ وَهِيَ أُخْتُ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ أَخْبَرَتْهَا أَنَّهَا جَاءَتْ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ تَسْأَلُهُ أَنْ تَرْجِعَ إِلَى أَهْلِهَا فِي بَنِي خُدْرَةَ فَإِنَّ زَوْجَهَا خَرَجَ فِي طَلَبِ أَعْبُدٍ لَهُ أَبَقُوا فَقَتَلُوهُ قَالَتْ: فَسَأَلْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنْ أَرْجِعَ إِلَى أَهْلِي فَإِنَّ زَوْجِي لَمْ يَتْرُكْنِي فِي مَنْزِلٍ يَمْلِكُهُ وَلَا نَفَقَةٍ فَقَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «نَعَمْ» . فَانْصَرَفْتُ حَتَّى إِذَا كُنْتُ فِي الْحُجْرَةِ أَوْ فِي الْمَسْجِدِ دَعَانِي فَقَالَ: «امْكُثِي فِي بَيْتِكِ حَتَّى يَبْلُغَ الْكِتَابُ أَجَلَهُ» . قَالَتْ: فَأَعْتَدَدْتُ فِيهِ أَرْبَعَةَ أَشْهُرٍ وَعَشْرًا. رَوَاهُ مَالِكٌ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ

''હઝરત ઝયનબ બિન્તે કઅ્બથી[૧] રિવાયત છે કે કુરૈઅા બિન્તે માલિક ઈબ્ને સિનાન જે અબૂ સઈદ ખુદરીનાં બહેન છે. તેમણે એમને ખબર આપી કે તે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયાં. આપને પોતાના ઘરે પરત થઈ જવાના બારામાં પૂછતાં હતાં જે બની ખુદરામાં હતું[૨] કેમ કે તેમના પતિ પોતાના નાસી છૂટેલા ગુલામો પાછળ ગયા તો ગુલામોએ તેમને ક़ત્લ કરી દીધા[૩] ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને પૂછયું કે હું મારા ઘરે પરત થઈ જઉં, કેમ કે મારા પતિએ મને કોઈ એવા ઘરમાં ન છોડી જેના તે માલિક હોય ન ખર્ચામાં[૪] ફર્માવે છે, ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ હા ![૫] જેથી હું પરત થઈ ત્યાં સુધી કે જ્યારે હું હુજરા કે મસ્જિદમાં પહોંચી તો મને બોલાવી[૬] અને ફર્માવ્યું, તમારા ઘરમાં રહો ત્યાં સુધી કે કુર્આની હુકમ તેની મુદ્દતે પહોંચી જાય[૭]. ફર્માવે છે કે એ જ ઘરમાં ચાર મહીના દસ દિવસ ઈદ્દત ગુજારી[૮].'' (માલિક, તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી)[૯]

૧. આપ ઝયનબ બિન્તે કઅબ ઈબ્ને ઉજરા અન્સારિયા છે. બની સાલિમ ઈબ્ને ઔફ કબીલાથી છે. તાબઈય્યા છે. ઘણાં જ ઝાહિદા, આલિમા, ફકૃહા હતાં.

૨. એટલે કે તેમને પોતાના પતિના મૃત્યુની ખબર બીજા ઘરમાં મળી હતી. આપ ચાહતાં હતાં કે પોતાના પિયર જઈને ઈદ્દત ગુજારે. તેમના પિયરનું ઘર બની ખુદરામાં હતું એના કારણે તેમના ભાઈને અબૂ સઈદ ખુદરી કહેવામાં આવે છે, એટલે કે કબીલા બની ખુદરામાં રહેવાવાળા.

૩. આ કૃત્લનો બનાવ કૃદૂમ સ્થળે બન્યો જે મદીના મુનવ્વરાથી થોડા અંતરે છે. એ કૃત્લની ખબર મદીનામાં આ બીબી સાહિબાને થઈ.

૪. نفقة મજરૂર છે, કેમ કે મંઝિલ પર મઅ્તૂફ છે. એટલે કે મારા પતિએ ન તો પોતાની માલિકીનું મકાન છોડયું છે જેમાં મારી ઈદ્દતનો સમય પસાર કરી લઉં, અને ન ખર્ચો છોડયો છે જે ત્યાં બેસીને ખાઉં. જણાય છે કે ભાડાના મકાનમાં હતાં અથવા કોઈએ પોતાનું મકાન ઉધાર આપ્યું હશે.

૫. ક્યાં તો ખુદ જ મને અવાજ આપીને બોલાવી અથવા કોઈ ખાદિમને હુકમ આપ્યો. જેણે મને પરત કરી.

★ ઈદ્દતવાળી ક્યારે મકાન બદલી શકે ★

૭. હુઝૂરે અન્વર ﷺનું આ આખરી ફર્માને આલી પહેલા હુકમનું નાસિખ (મન્સૂખ કરનાર) છે. પ્રથમ એ બીબીને તબદીલ થવાની ઈજાઝત આપી પછી એ ઈજાઝતને રદ કરી આપી. એનાથી જાણવા મળ્યું કે અમલથી પહેલાં પણ હુકમ મન્સૂખ થઈ શકે છે. શબે મેઅરાજમાં પચાસ નમાઝોનો હુકમ થયો પણ ૪૫ નમાઝો અમલથી પહેલાં મન્સૂખ થઈ ગઈ. ઈમામ શાફઈ વગેરે ફર્માવે છે કે પહેલો હુકમ જાઈઝ હોવા માટેનો હતો, બીજો મુસ્તહબ હોવા વિશે હતો. કેમ કે તેમને ત્યાં ઈદ્દતવાળીને મકાન નથી મળતુ. આ હદીષ ઈમામે આ'ઝમની દલીલ છે કે ઈદ્દતવાળી પોતાના તે મકાનમાં ઈદ્દત પસાર કરે જ્યાં પતિના મૃત્યુની ખબર મેળવે. શક્ય છે કે હુઝૂરે અન્વર ﷺને બાદમાં ખબર થઈ હોય કે મકાનવાળો તે બીબી સાહેબાને મકાનથી કાઢવાનો નથી ત્યારે આ બીજા હુકમ આપ્યો હોય. નહીં તો ઈદ્દતવાળી જો ભાડાના કે ઉછીના લીધેલ મકાનમાં હોય અને મકાન માલિક હવે રહેવા દેતો ન હોય તો સ્ત્રીને તબદીલ થઈ જવાની ઈજાઝત છે.

૮. ઉષ્માની જમાનામાં હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ એ એ બીબી સાહેબાને બોલાવીને આ હદીષ તેમનાથી સાંભળી અને એના પર જ અમલનો હુકમ આપ્યો કે વફાતની ઈદ્દતવાળીને મકાનથી કાઢવામાં ન આવે. આ જ કૌલ છે હઝરત ઉમર, ઉષ્માન, અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને મસઊદ رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો. *(મિર્કાત)*

૯. આ હદીષ ઈબ્ને હબ્બાન તથા હાકિમે પણ નકૃલ કરી. હાકિમે ફર્માવ્યું કે હદીષ સહીહ છે. ઈમામ ઝહબી કહે છે કે આ હદીષ સહીહ તથા મહફૂઝ છે. દારકુત્નીની રિવાયતમાં છે કે ફર્માવ્યું નબી કરીમ علیہ الصلوٰۃ والسلام એ કે ઈદ્દતવાળી જ્યાં ચાહે ગુસ્લ કરે, એની અસ્નાદમાં અબૂ માલિક નખઈ અને મહબૂબ ઈબ્ને મહરઝ છે, એ બંને ઝઈફ છે. તેમજ એમાં અતા ઈબ્ને સાઈબ મખ્તાત છે અને અબૂબકૃ ઈબ્ને માલિક ઝઈફતર છે, એટલા માટે એને દારકુત્નીએ મુઅલ્લલ ફર્માવી દીધી. સારાંશ કે એ હદીષ કોઈ રીતે અમલને પાત્ર નથી.

★ વફાતની ઈદ્દતવાળી માટે દિવસમાં ઈલ્વાનો લેપ પણ જાઈઝ નથી ★

★ હદીષ : (૧૦)-3333 ★

وَعَن أُمِّ سلمَةَ قَالَتْ: دَخَلَ عَلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ حِينَ تُوُفِّيَ أَبُو سَلَمَةَ وَقَدْ جعلتُ عليَّ صَبِراً فَقَالَ: «مَا هَذَا يَا أُمَّ سَلَمَةَ؟» . قُلْتُ: إِنَّمَا هُوَ صَبِرٌ لَيْسَ فِيهِ طِيبٌ فَقَالَ: «إِنَّهُ يَشُبُّ الْوَجْهَ فَلَا تَجْعَلِيهِ إِلَّا بِاللَّيْلِ وَتَنْزِعِيهِ بِالنَّهَارِ وَلَا تَمْتَشِطِي بِالطِّيبِ وَلَا بِالْحِنَّاءِ فَإِنَّهُ خضاب» . رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

''હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે અબૂ સલમા મૃત્યુ પામ્યા તો રસૂલુલ્લાહ ﷺ મારી પાસે આવ્યા તો મેં ઈલ્વા લગાડી રાખેલ હતું[૧] તો ફર્માવ્યું, હે ઉમ્મે સલ્મા ! આ શું છે ? હું બોલી, એ ઈલ્વા છે જેમાં ખુશ્બુ નથી[૨] તો ફર્માવ્યું કે એ ચહેરાને રંગીન તો કરે છે જેથી એ ન લગાડો પણ રાતમાં[૩]. અને દિવસમાં છોડી આપો અને ન ખુશ્બોદાર તેલ, અને ન મેંદી લગાડો કે મેંદી ખિઝાબ છે[૪]. હું બોલી કે પછી કાંસકી કઈ ચીજથી કરું યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવ્યું, બોરડીથી કે એનાથી તમારા માથાનો લેપ કરી લો[૫].'' (અબૂ દાઊદ, નિસાઈ)[૬]

૧. એટલે કે કોઈ કારણે પોતાના ચહેરા પર ઈલ્વાનો લેપ કરેલો હતો. (મસ્બર) મશહૂર કડવી દવા છે.

૨. એટલે કે ઈદ્દતમાં ખુશ્બુ લગાડવી મના છે અને ઈલ્વામાં ખુશ્બુ છે નથી એના કારણે મેં એનો લેપ કરી લીધો.

૩. એટલે કે ઈદ્દતમાં કેવળ ખુશ્બુ જ મના નથી બલ્કે શણગાર પણ મના છે. ઈલ્વા ખુશ્બોદાર તો નથી પણ ચહેરાનો રંગ નિખારી દે છે, તેને રંગીન પણ કરી દે છે. જેથી શણગાર હોવાના કારણે તેનો લેપ મના છે. જો લેપની જરૂરત જ હોય તો રાતમાં લગાડી લીધા કરો કે એ સમય શણગારનો નથી, દિવસમાં ધોઈ નાખ્યા કરો. يشب شيوب થી બન્યું અર્થ : આગ ભડકાવી દેવી. એટલા માટે જવાનીને શબાબ કહે છે કે એ જમાનામાં શહવત (વાસના) ભડકેલી હોય છે. *(અશિઅહ)*

૪. એટલે કે ઈદ્દતના સમયમાં ખુશ્બોદાર તેલ શરીરના કોઈ ભાગ ખાસ માથામાં ન વાપરો અને હાથ પગો તથા માથામાં મેંદી ન લગાડો કે મેંદીમાં ભીની ખુશ્બુ પણ છે અને રંગત પણ છે.

૫. એટલે સ્ત્રીને માથુ ધોવાની તથા કાંસકી કરવાની જરૂરત હોય છે. જ્યારે એ ચીજો મારા માટે મના થઈ ગઈ તો એ જરૂરત કેવી રીતે પૂરી કરું.

૬. تغلفين غلف થી બન્યું. અર્થ : પર્દો કે ગિલાફ એટલે બોરડીના પાંદડાં એટલાં થોપી શકો છો કે સર્વ વાળો છુપાય જાય અને બોરડી માથાનો ગિલાફ બની જાય.

૭. આ હદીષ અહમદે પણ નકલ કરી પણ એ અસ્નાદ ઝઈફ છે. યાદ રાખશો કે ખુશ્બોદાર તેલ લગાડવું ઈદ્દતવાળીના માટે ઈજમાઅ સાથે મના છે. પણ વિના ખુશ્બુનું તેલ ઈમામે આ'ઝમ તથા શાફઈ رضی اللہ عنہما ને ત્યાં મના છે. ઈમામ અહમદ તથા માલિકને ત્યાં જાઈઝ છે. આ બંને ઈમામ ફર્માવે છે કે આ તેલથી શણગાર હાંસલ થાય છે, જરૂરત મુજબ જાઈઝ છે. *(મિર્કાત)*

★ હદીષ : (૧૧)-3334 ★

وَعَنْهَا عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الْمُتَوَفَّى

'તેમનાથી જ રિવાયત છે. તે નબી કરીમ عليہ الصلوٰۃ والسلام થી રાવી કે ફર્માવ્યું, જેનો પતિ મૃત્યુ પામે

عَنْهَا زوجُها لَا تَلبسُ الْمُعَصفرَ مِنَ الثِّيَابِ وَلَا الْمُمَشَّقَةَ وَلَا الْحُلِيَّ وَلَا تَخْتَضِبُ وَلَا تَكْتَحِلُ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ

તે ન તો ઝાફરાની કપડાં પહેરે અને ન લાલ રંગના[૧] અને ન ઘરેણાં પહેરે અને ન ખિઝાબ લગાડે ન સુરમો લગાડે[૨]." (અબૂ દાઉદ, નિસાઈ)

૧. مشقه مشقથી બન્યું. مشق લાલ રંગને પણ કહે છે અને ગેરૂને પણ કહે છે. મતલબ એ છે કે વફાતની ઈદ્દતવાળી સ્ત્રી લાલ કપડાં ન પહેરે કે એ શણગાર છે.

૨. કાળો સુરમો લગાડવો તેને મના છે જેના આંખમાં શૃંગાર થાય છે. ઉલમા ફર્માવે છે કે ખુજલી વગેરે મજબૂરીના કારણે રેશમી કપડુ પહેરી શકે છે. ઈમામ માલિક رضی اللہ عنہ ને ત્યાં અદના રેશમી કાળુ કપડુ પહેરવું જો કે જાઈઝ છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૧૨)-૩૩૫ ★

عَن سُليمانَ بنِ يَسارٍ: أَنَّ الْأَحْوَصَ هَلَكَ بِالشَّامِ حِينَ دَخَلَتِ امْرَأَتُهُ فِي الدَّمِ مِنَ الْحَيْضَةِ الثَّالِثَةِ وَقَدْ كَانَ طَلَّقَهَا فَكَتَبَ مُعَاوِيَةُ بْنُ أَبِي سُفْيَانَ إِلَى زَيْدِ بْنِ ثَابِتٍ يَسْأَلُهُ عَنْ ذَلِكَ فَكَتَبَ إِلَيْهِ زيدٌ: إِنَّهَا إِذَا دَخَلَتْ فِي الدَّمِ مِنَ الْحَيْضَةِ الثَّالِثَةِ فَقَدْ بَرِئَتْ مِنْهُ وَبَرِئَ مِنْهَا لَا يرِثُها وَلَا ترِثُه. رَوَاهُ مَالك

"હઝરત સુલેમાન ઈબ્ને યસાર رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે હઝરત અહ્વસ શામમાં મૃત્યુ પામ્યા[૨] જ્યારે કે તેમની પત્ની હૈઝમાં પ્રવેશી. એ તેણીને તલાક આપી ચૂક્યા હતા[૩] તો હઝરત મુઆવિયહ ઈબ્ને અબૂ સુફ્યાને ઝયદ ઈબ્ને ષાબિતને પત્ર લખ્યો. તેમને એના બારામાં પૂછતા હતા[૪] તો હઝરત ઝયદે તેમને લખ્યું કે તેણી જ્યારે ત્રીજા હૈઝમાં પ્રવેશી ગઈ તો પોતાના પતિથી અલગ થઈ ચૂકી અને તે તેણીથી અલગ થઈ ગયા[૫] ન તેણી એમની વારસ થાય ન તે તેણીના[૬]." (માલિક)

૧. આપ ઉમ્મુલ મો'મિનીન મૈમૂના رضی اللہ عنہا ના આઝાદ કરેલા ગુલામ છે. અઝીમુશ્શાન તાબઈ છે. મદીના મુનવ્વરાના સાત મશહૂર ફકીહોમાંથી છે.

૨. અહ્વસ ઈબ્ને જવાબ અજનબી કૂફાવાસીઓમાંથી છે. તાબઈ છે. આપનો ઈન્તેકાલ હિ.સ. ૨૨૧માં શામમાં થયો. *(મિર્કાત)*

★ જો તલાકની ઈદ્દતના ત્રીજા હૈઝમાં પતિ મૃત્યુ પામે તો ? ★

૩. મસ્અલાની સ્થિતિ એ બની કે અહ્વસ ઈબ્ને જવાબે પોતાની પત્નીને તલાક આપી. તેણી તલાકની ઈદ્દત હૈઝથી પસાર કરી રહ્યાં હતાં. ત્રીજો હૈઝ હતો કે અહ્વસનો ઈન્તેકાલ થઈ ગયો. તેમની પત્ની પર બે ઈદ્દતો ભેગી થઈ ગઈ. એક તલાકની ઈદ્દત જેનો ત્રીજો હૈઝ પસાર થઈ રહ્યો (માસિકનો ત્રીજો મહીનો), બીજી મૃત્યુની ઈદ્દત ચાર મહીના દસ દિવસ.

૪. આ કેસ હઝરત મુઆવિયહ رضی اللہ عنہ ને ત્યાં રજૂ થયો કે અહ્વસની પત્ની ઈદ્દત કઈ રીતે ગુજારે ? કેવળ તલાકની ઈદ્દત ગુજારે કે મૃત્યુની પણ ? અને એ કે બીવી સાહેબાને અહ્વસનો વારસો મળશે કે નહીં ? કેમ કે ઈદ્દત દરમિયાન અહવસનો ઈન્તેકાલ થઈ ગયો છે. ઈદ્દત હુકમી નિકાહ છે, તો કદાચ વારસો મળી જાય. અમીર મુઆવિયહ رضی اللہ عنہ જવાબ તથા ફૈસલામાં મુંઝાયા તો હઝરત ઝયદ ઈબ્ને ષાબિતને મસ્અલો પૂછવા પત્ર લખ્યો. તો જાણવા

મળ્યું કે મોટામાં મોટો આલિમ પણ મસ્અલો પૂછવામાં શરમ ન કરે, જે મસ્અલો માલૂમ ન હોય તે જરૂરથી પૂછી લે. જુઓ, હઝરત મુઆવિયહ رضی اللہ عنہ ફકીહ સહાબામાંથી છે, પણ જે મસ્અલો માલૂમ ન હતો તે પોતાનાથી મોટા આલિમને પૂછી લીધો. યાદ રાખશો કે હઝરત ઝયદ ઈબ્ને ષાબિત વારસાના મહાન આલિમ હતા.

૫. એટલે જ્યારે અહ્વસ્ની પત્નીએ ત્રીજા હૈઝનું લોહી જોયું તો તેમની તલાક્ની ઈદ્દત પૂરી થઈ ગઈ અને અહ્વસ્નું મૃત્યુ તલાક્ની ઈદ્દત પૂરી થઈ ગયા બાદ થયું, જેથી તે આ હૈઝની હાલતમાં પોતાના નિકાહ બીજાથી કરી શકે છે, અને પતિ અહ્વસ્નો વારસો પામશે નહીં, કેમ કે એમનું મૃત્યુ ઈદ્દત પસાર થયા પછી થયું છે. યાદ રાખશો કે આ મસ્અલો હઝરત ઝયદ ઈબ્ને ષાબિતના મઝહબ પર છે. કેમ કે એમને ત્યાં તલાક્ની ઈદ્દત ત્રણ પાકી પસાર થવું છે. ત્રીજા હૈઝ પર તહર પાકીનો ગાળો પૂર્ણ થઈ ચૂક્યો હતો. ખબર નથી કે જનાબ અમીર મુઆવિયા رضی اللہ عنہ એ હઝરત ઝયદનો ફત્વો માન્યો કે નહીં. યાદ રાખશો કે હઝરત આઈશા તથા ઈબ્ને અબ્બ, ઝયદ ઈબ્ને ષાબિત رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો ક્વોલ એ છે કે તલાક્ની ઈદ્દત ત્રણ તહર (પાકીના ગાળા) છે. એ ઈમામ શાફઈ رضی اللہ عنہ નો મઝહબ છે. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) અને ખુલફાએ રાશિદીન અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ, ઈબ્ને ઝુબેર, ઈબ્ને અબ્બાસ, ઈબ્ને ઉબય ઈબ્ને કઅબ, મઆઝ ઈબ્ને જબલ, અબૂ દર્દા, ઓબાદા ઈબ્ને સામિત, અબૂ મૂસા અશઅરી رضوان اللہ تعالیٰ علیہم اجمعین નો મઝહબ એ છે કે તલાક્ની ઈદ્દત ત્રણ હૈઝો (ત્રણ માસિક ગુજરવાં) છે, એ જ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નું ફર્માન છે. યાદ રાખશો કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર અને ઝયદ ઈબ્ને ષાબિત رضی اللہ عنہما થી આ રિવાયતો પણ નકલ થયેલી છે કે તલાક્ની ઈદ્દત ત્રણ હૈઝ છે. એ બંને બુઝુર્ગોના કથનો વિવિધ છે. હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબ, ઈબ્ને જુબેર, અતા તાઉસ, ઈકરમા, મુજાહિદ, ક્તાદા, ઝહાક, હસ્સાન ઈબ્ને હય્ય મક્તિલ, શરીક ક્રાઝી, સુફયાન ષૌરી, ઈમામ અવઝાઈ, ઈબ્ને શુબ્રમા, રબીઆ સદી, અબૂ ઓબૈદા તથા ઈસ્હાક્ رضوان اللہ تعالیٰ علیہم اجمعین તથા તબેઅ તાબઈન સર્વ બુઝુર્ગોનો એ જ મઝહબ છે કે તલાક્ની ઈદ્દત ત્રણ હૈઝ છે. આ ક્વૌલના આધારે ત્રીજા હૈઝથી ફારિગ થવા પર ઈદ્દત પૂરી થાય છે, પણ કેમ કે એ દરમ્યાનમાં પતિનો ઈન્તેકાલ થઈ ગયો એટલા માટે હવે લાંબી ઈદ્દત ગુજારવાની થશે, એટલે ચાર મહીના દસ દિવસ પણ ગુજારવા પડશે.

૬. જો ઈદ્દત હૈઝથી હોય અને પતિએ મૃત્યુ વેળાની બીમારીમાં તલાક્ આપી દીધી હોય તો એવી સ્થિતિમાં પત્નીને પતિનો વારસો મળશે. અને શરીઅતમાં فارباالطلاق કહે છે.

★ તલાક્ની ઈદ્દત દરમ્યાન સ્ત્રીને હરામનો ગર્ભ રહી જાય તો ઈદ્દત ગર્ભ જણવાથી પૂરી થશે ★

★ હદીષ : (૧૩)-૩૩૬ ★

وَعَنْ سَعِيدِ بْنِ الْمُسَيَّبِ قَالَ: قَالَ عُمَرُ بْنُ الْخَطَّابِ رَضِيَ اللَّهُ عَنْهُ أَيُّمَا امْرَأَةٍ طُلِّقَتْ فَحَاضَتْ حَيْضَةً أَوْ حَيْضَتَيْنِ ثُمَّ رُفِعَتْهَا حيضتُها فإنَّها تنتظِرُ تسعةَ أشهرٍ فإنْ بانَ لَهَا حَمْلٌ فَذَلِكَ وَإِلَّا اعْتَدَّتْ بَعْدَ التِّسْعَةِ الْأَشْهُرِ ثلاثةَ أشهرٍ ثُمَّ حلَّتْ. رَوَاهُ مَالك

''હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે : હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે જે સ્ત્રીને તલાક્ આપવામાં આવે પછી એક બે હૈઝ આવી જાય, પછી એના બાદ હૈઝ બંધ થઈ જાય[૧] તો તેણી નવ મહીના રાહ જુએ[૨] પછી જો તેણીને ગર્ભ જાહેર થઈ જાય[૩] તો ઠીક, નહીં તો નવ મહીના બાદ ત્રણ મહીના ઈદ્દત ગુજારે, પછી તેણી હલાલ થઈ જશે.'' (માલિક)

૧. فعتها અસલમાં હતું. فعت عنها છુપુ થઈ ગયું અને ها ઝમીર મન્સૂબ થઈ ગઈ, જેને منصوب بنزع الخافض કહે છે.

૨. મસ્અલાની સ્થિતિ એ છે કે તલાક઼ની ઈદ્દત હતી ત્રણ હૈઝ, બે હૈઝ આવી ચૂક્યા હતા, ત્રીજો હૈઝ ન આવ્યો. જેથી ઈદ્દત પૂરી ન થઈ. તે સ્ત્રી નવ મહીના અધિક રાહ જુએ કે કદાચ તેણીને ઝિનાનો ગર્ભ રહી ગયો હોય અને બે વાર ઈસ્તેહાઝા (બીમારીનું લોહી આવી ગયું હોય) જેને તેણી હૈઝ સમજતી હોય.

૩. જો ગર્ભ જાહેર થઈ ગયો તો મસ્અલો જાહેર છે કે ગર્ભ જણવાથી તેણીની ઈદ્દત પૂરી થશે. યાદ રાખશો કે તલાક઼ની ઈદ્દત દરમિયાનમાં સ્ત્રીને હરામનો ગર્ભ રહી જાય તો ઈદ્દત ગર્ભ જણવાથી પૂરી થાય છે. આ મસ્અલાનો માખઝ આ હદીષ છે.

૪. મસ્અલાની સ્થિતિ એ છે કે તલાક઼ની ઈદ્દત ત્રણ હૈઝ છે અને સગર્ભાને માટે ગર્ભને જન્મ આપવું. અને નાની નાબાલિગ બાળકી અને આઈસા વૃદ્ધા જેમને હૈઝ નથી આવતું તેમની ઈદ્દત ત્રણ મહીના. એ સ્ત્રીનો હાલ એ થયો કે તલાક઼ બાદ તેને બે હૈઝ આવ્યા પછી બંધ થઈ ગયાં. શંકા થઈ કે કદાચ તેણી સગર્ભા હતી એટલા માટે નવ મહીના રાહ જોઈ ગર્ભ પણ જાહેર ન થયો. તો જાણવા મળ્યું કે એ આઈસા (વૃદ્ધા જેને હૈઝ ન આવે) થઈ ગઈ. હવે ફ઼ત્વો આપવામાં આવ્યો કે આઈસાની ઈદ્દત ત્રણ મહીના ગુજારે. આ મસ્અલામાં ઘણો મતભેદ છે.

★ બાળકને દૂધ પીવડાવવાના કારણે હૈઝ ન આવે તો ? ★

એક મઝહબ એ પણ છે જે અહીં વર્ણન પામ્યો. યાદ રાખશો કે જો સ્ત્રીને કોઈ બીમારી અથવા બાળકને દૂધ પીવડાવવાના કારણે હૈઝ ન આવ્યાં હોય તો ત્રણ હૈઝ આવ્યા વિના ઈદ્દતથી બહાર ન થશે. ઈલાજ કરાવીને હૈઝ ચાલુ કરાવે, પછી ઈદ્દત પૂરી કરે. અને જો હૈઝ દરમિયાન સ્ત્રી આઈસા થઈ જાય તો તેની ઈદ્દત ત્રણ મહીના છે.

બાબુલ ઈસ્તિબરા باب الاستبراء

(ઈસ્તિબરા (અલગ રહેવા) વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. استبراء (ઈસ્તિબરા)નો અર્થ બરાઅત તથા અલાહિદગી માલૂમ કરવી. **શરીઅતમાં ઈસ્તિબરાનો અર્થ એ છે કે જ્યારે કોઈની લોંડી ખરીદી, ભેટ, વારસા તથા વસિયત વગેરેના થકી પોતાના કબજામાં આવે તો એનાથી સોહબત અથવા ચુંબન વગેરે ન કરે ત્યાં સુધી કે માલૂમ કરે કે સગર્ભા નથી.** એક હૈઝ સુધી. અને જો હૈઝવાળી ન હોય તો એક મહીના સુધી રાહ જોઈને પછી સોહબત કરે. અને જો સગર્ભા છે તો બાળક પેદા થતા પહેલાં તેણીની નજીક ન જાય. આ છે ઈસ્તિબરાની હકીકત. યાદ રાખશો કે કુંવારી લોંડીથી પણ ઈસ્તિબરા વાજિબ છે ભલે એનો કોમાર્યનો પર્દો કાયમ હોય, કેમ કે આગળ હદીષમાં મુત્લક્ન ઈસ્તિબરાનો હુકમ આવી રહ્યો છે. જેનાથી દરેક લોંડી કબજામાં હોય તેનાથી ઈસ્તિબરા વાજિબ હોવું માલૂમ પડી રહ્યું છે.

★ ઈસ્તિબરા વિના લોંડીથી સોહબત લઅનતનો સબબ છે ★

"હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એક સગર્ભા સ્ત્રી પાસેથી પસાર થયા[૧] તો તેણીના વિશે પૂછ્યું[૨] લોકોએ કહ્યું કે ફલાણાની લોંડી છે[૩]. ફર્માવ્યું, શું તે તેણી સાથે સોહબત કરે છે ? લોકો બોલ્યા, હા ![૪] ફર્માવ્યું, મેં ઈરાદો કર્યો કે એના પર એવી લઅનત કરું જે એની સાથે કબરમાં જાય[૫]. તેણીથી ખિદમત કેવી રીતે લઈ શકે છે ? અને તે એને હલાલ નથી[૬]." (મુસ્લિમ)

★ હદીષ : (૧)-૩૩૩૭ ★

عَنْ أَبِي الدَّرْدَاءِ قَالَ: مَرَّ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِامْرَأَةٍ مُجِحٍّ فَسَأَلَ عَنْهَا فَقَالُوا: أَمَةٌ لِفُلَانٍ قَالَ: «أَيُلِمُّ بِهَا؟» قَالُوا: نَعَمْ. قَالَ: «لَقَدْ هَمَمْتُ أَنْ أَلْعَنَهُ لَعْنًا يَدْخُلُ مَعَهُ فِي قَبْرِهِ كَيْفَ يَسْتَخْدِمُهُ وَهُوَ لَا يَحِلُّ لَهُ؟ أَمْ كَيْفَ يُوَرِّثُهُ وَهُوَ لَا يَحِلُّ لَهُ؟» . رَوَاهُ مُسلم

૧. مُجِحّ (મુજિહ) મીમના પેશ જીમના ઝેર ح ની તશ્દીદથી. અર્થ : જન્મ આપવા નજીકની સગર્ભા સ્ત્રી. *(મિર્કાત)*

૨. કે એ આઝાદ સ્ત્રી છે કે લોંડી છે. જો લોંડી છે તો અત્યારે કોની માલિકીમાં આવી છે, અથવા પહેલેથી જ તેની માલિકીમાં હતી.

૩. જો કેદ થઈને આવી અને થોડાક દિવસથી તેની માલિકીમાં આવી. જેવું આગલા લખાણથી જાહેર છે.

૪. લગભગ એ શખ્સે એ લોકો પર પોતાની સોહબતને પ્રદર્શિત કરી આપી હશે કે હું તેણીથી સોહબત કરું છું, અથવા લોંડીએ ખબર આપી હોય.

૫. એટલે કે એવી સખત લઅનત કરું જેની અસર એના પર મૃત્યુ બાદ પણ રહે. કેમ કે તેણે ઈસ્તિબરા વિના સોહબત શરૂ કરી આપી. જાણવા મળ્યું કે ઈસ્તિબરા વાજિબ છે, અને વાજિબ ત્યજવા પર લા'નત થઈ શકે છે. પણ હુઝૂર ﷺએ એના પર લઅનત કરી નથી, કેમ કે તે આ મસ્અલાથી અજાણ હતો.

૬. امر મુન્કત્અહ છે અર્થ : બલ્કે, هو નો મરજઅ આ અમલ છે કે લોંડી. મતલબ એ છે કે આ શખ્સ બે જુર્મ કરે છે એક તો ઈસ્તિબરાથી પહેલાં એ લોંડીથી સોહબત કરવું, બીજું ગૈરના બાળકને પોતાનો વારસ બનાવવું અથવા પોતાના બાળકને પોતાનો ગુલામ બનાવવું, એ રીતે કે જો અત્યારથી છ મહીના બાદ લોંડીને બાળક પેદા થાય તો

ખબર નહીં પડે કે એ બાળક તેના પહેલા માલિક અથવા પતિનું છે કે તેનું પોતાનું. હવે એ બાળકને પોતાનો પુત્ર સમજે તો તેને પોતાનો વારસો આપશે અને શક્ય છે કે તેનો ન હોય અને પહેલા માલિકનો હોય તો ગૈરના બાળકને પોતાનો વારસદાર બનાવી દીધો, એ હરામ છે. અને જો ગૈરનો બાળક સમજીને તેને પોતાનો ગુલામ બનાવે તો સંભાવના રહેશે કે તેનો પોતાનો પુત્ર હોય અને પોતાના પુત્રને પોતાનો ગુલામ બનાવવો હરામ છે. ગમે તેમ પણ એમાં વંશની ભેળસેળ છે.

(વિભાગ : ૨) الفصل الثانى

★ ઝિનાથી સગર્ભા સ્ત્રી સાથે નિકાહ હલાલ પણ સંભોગ હરામ ★

''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. તે તેને નબી કરીમ عليه الصلوة والسلام સુધી મરફૂઅ કરે છે કે હુઝૂર ﷺ એ અવતાસની લોંડીઓના વિશે ફર્માવ્યું[1] કે કોઈ સગર્ભા સાથે વતી (સંભોગ) ન કરવામાં આવે ત્યાં સુધી કે ગર્ભને જન્મ આપી દે અને ન ગર્ભ વિનાનીથી સંભોગ કરવામાં આવે ત્યાં સુધી કે તેને હૈઝ આવી જાય[2].'' (અહમદ, અબૂ દાઊદ, દારમી)

★ હદીષ : (૨)-૩૩૩૮ ★

عَن أَبِي سعيدٍ الخدريِّ رَفْعَهُ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ فِي سَبَايَا أَوْطَاسٍ: «لَا تُوطَأُ حَامِلٌ حَتَّى تَضَعَ وَلَا غَيْرُ ذَاتِ حَمْلٍ حَتَّى تَحِيضَ حَيْضَةً» . رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُدَ وَالدَّارِمِيُّ

૧. જે ગઝવએ અવતાસમાં ગિરફતાર થઈને આવી હતી. અવતાસ મક્કા મોઅઝ્ઝમાથી ત્રણ મંઝિલના અંતરે એક જગા છે. એ ગઝવો ફતહે મક્કાના બાદ તરત જ થયો.

૨. એનાથી જાણવા મળ્યું કે જે લોંડી પોતાની માલિકીમાં આવે તો જો સગર્ભા હોય તો ગર્ભ જણતા સુધી તેણી પાસે ન જાય. જો ગર્ભ વિહોણી હોય તો એક હૈઝની રાહ જુએ. જો હૈઝની હાલતમાં માલિક બન્યો તો એ હૈઝનો એતેબાર નથી, તેના સિવાય એક અધિક હૈઝની રાહ જુએ. જો તેણીને ઓછી ઉમર અથવા અધિક વયના કારણે હૈઝ ન આવતુ હોય તો જમહૂર ઉલમાની નજીક એક મહીનાની રાહ જુએ. એનાથી જાણવા મળ્યું કે જો કાફિર પતિ પત્નીમાંથી એક અમારે ત્યાં ગિરફતાર થઈને આવી જાય તો નિકાહ તૂટી જશે, પરંતુ બંનેવ ગિરફતાર થઈને આવી જાય તો તેમના નિકાહ બાકી રહેશે અને દરેક નવી માલિકીમાં ઈસ્તિબરા વાજિબ થાય છે, પુરૂષથી ખરીદે કે સ્ત્રીથી. જેથી મુકાતબા (તે લોંડી જે પોતાના માલિકથી નિશ્ચિત રકમ ભરવાની શર્તે આઝાદી લે છે) પોતાના ભરણાને અદા કરવાથી પોતાને લાચાર કરી દે અથવા વેચાયેલ લોંડી જ્યારે અયબ અથવા સોદા ફોગ થવાના કારણે પરત થઈ જાય તો પણ ઈસ્તિબરા કરે. *(મિર્કાત)*

★ વહેંચણી પહેલાં ગનીમત કોઈની માલિકીમાં નથી ★

''હઝરત રુવૈફિઅ ઈબ્ને ષાબિત અન્સારી رضی اللہ عنہ થી[1] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ હુનૈનના દિવસે ફર્માવ્યું[2] કે કોઈ એ શખ્સને કે અલ્લાહ અને કયામતના દિવસ પર ઈમાન ધરાવતો હોય એ હલાલ નથી કે પોતાના પાણીથી બીજાનું ખેતર સીંચે, એટલે સગર્ભાથી સોહબત કરવું[3] અને જે શખ્સ

★ હદીષ : (૩)-૩૩૩૯ ★

3339 -[3] وَعَنْ رُوَيْفِعِ بْنِ ثَابِتٍ الْأَنْصَارِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم يَوْمَ حُنَيْنٍ: «لَا يَحِلُّ لِامْرِئٍ يُؤْمِنُ بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ أَنْ يسْقِي مَاء

زَرْعَ غَيْرِهِ» يَعْنِي إِتْيَانَ الْحُبَالَى «وَلَا يَحِلُّ لِامْرِئٍ يُؤْمِنُ بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ أَنْ يَقَعَ عَلَى امْرَأَةٍ مِنَ السَّبْيِ حَتَّى يَسْتَبْرِئَهَا وَلَا يَحِلُّ لِامْرِئٍ يُؤْمِنُ بِاللَّهِ وَالْيَوْمِ الْآخِرِ أَنْ يَبِيعَ مَغْنَمًا حَتَّى يُقَسَّمَ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَرَوَاهُ التِّرْمِذِيّ إِلَى قَوْله «زرع غَيره»

અલ્લાહ તઆલા અને ક़યામતના દિવસ પર ઈમાન રાખતો હોય તેને એ હલાલ નથી કે કોઈ કેદી સ્ત્રી સાથે ઈસ્તિબરા કર્યા વિના સોહબત કરે[૪] અને જે શખ્સ અલ્લાહ તઆલા અને ક़યામતના દિવસ પર ઈમાન ધરાવતો હોય તેને એ હલાલ નથી કે વહેંચણી પહેલાં ગનીમતને વેચે[૫]. (અબૂ દાઉદ) તિર્મિઝીએ ૪ زرع غير સુધી રિવાયત કરી."

૧. સહાબી છે. અન્સારી છે. મિસરીઓમાં ગણવામાં આવે છે. હિ.સ. ૪૦માં અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ તેમને તરાબુલ્સ અલ્ગરબના હાકિમ બનાવ્યા હતા. તેમણે હિ.સ. ૪૭માં આફ્રિકા પર જેહાદ કર્યો. હિ.સ. ૫૬માં શામમાં વફાત પામ્યા.

૨. હુનૈન, મક્કા મોઅઝ્ઝમા અને તાઈફની વચ્ચે એક જંગલનું નામ છે. ફક़ીરે તેની ઝિયારત કરી છે. ફતહે મક્કા બાદ આ ગઝવા થયો.

૩. આ તફસીર ક્યાં તો હુઝૂર ﷺ એ ખુદ કરી અથવા રાવીએ કરી, ગૈરની સગર્ભા સાથે સંભોગ કરવો હરામ છે કે એમાં પોતાનો વંશ શંકાસ્પદ તથા ભેળસેળ કરવું છે. ગર્ભ ભલે ઝિનાનો હોય તો પણ સોહબત હરામ છે, એટલા માટે સગર્ભા ઝીનાવાળીથી નિકાહ હલાલ છે પણ સોહબત હરામ છે.

૪. સગર્ભા હોય કે ન હોય આ હદીષના હુકમ પ્રમાણે જણાય છે કે કુંવારી હોય કે કુંવારી લોંડીથી પણ ઈસ્તિબરા વિના સોહબત દુરુસ્ત નથી. કેમ કે مسبی મુત્લક़ (બિનશર્તી) આદેશ છે.

૫. કેમ કે ગનીમતના વહેંચણી પહેલાં કોઈની માલિકીમાં નથી હોતી, એ વખતે તેને સોદો એક પ્રકારની ખયાનત છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ ઈસ્તિબરાના મસ્અલામાં ઈમામ માલિકની હદીષ ★

★ હદીષ : (૪)-૩૩૪૦ ★

عَن مَالِكٍ قَالَ: بَلَغَنِي أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَأْمُرُ بِاسْتِبْرَاءِ الْإِمَاءِ بِحَيْضَةٍ إِنْ كَانَتْ مِمَّنْ تَحِيضُ وَثَلَاثَةِ أَشْهُرٍ إِنْ كَانَت مِمَّن تحيض وَينْهى عَن سقِي مَاء الْغَيْر

"હઝરત માલિક رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મને ખબર પહોંચી છે[૧] કે રસૂલુલ્લાહ ! ﷺ લોંડીથી ઈસ્તિબરા કરવાનો હુકમ આપતા હતા એક હૈઝથી જો તેણી હૈઝવાળીમાંથી હોય, અને ત્રણ મહીનામાંઓથી, જો એમનામાંથી હોય જેમને હૈઝ નથી આવતું[૨]. અને મના કરતા હતા બીજાના પાણીથી સૈરાબીથી[૩]."

૧. ઈમામ માલિક તબેઅ તાબઈનમાંથી છે જેથી આ હદીષમાં તાબઈ તથા સહાબી બંનેનો ઉલ્લેખ નથી, અથવા આ હદીષ મુરસલ છે અથવા મુસ્નદ, પણ અસ્નાદનું વર્ણન નથી. કેમ કે ઈમામ માલિક ઘણા પાયાના મુહદ્દિષ છે એટલા માટે એમની અસ્નાદ વિનાની હદીષ પણ ક़બૂલ છે જેવી રીતે બુખારીની તઅલીક़ાત મક़બૂલ છે.

૨. એના પર સર્વ ઉલમાની એકમતી છે કે ઈસ્તિબરામાં હૈઝ તો એક પૂરતી છે, પણ મતભેદ એમાં છે કે ઈસ્તિબરા માટે એક મહીનો પૂરતો છે કે ત્રણ જરૂરી. અમુક ઉલમા ત્રણ મહીના માને છે. તેમની દલીલ આ હદીષ છે. પણ જમહૂર ઉલમા એક મહીનો પૂરતો માને છે. તેઓ ફર્માવે છે કે મહીનો હૈઝના સ્થાને છે, જ્યારે હૈઝ એક પૂરતુ થયું તો મહીનો પણ એક જ પૂરતો હોવો જોઈએ. *(નવવી, મિર્કાત)*

૩. એટલે કે બીજાના પાણી આપેલા ખેતરમાં પોતાનુ પાણી ન આપો. એટલે કે બીજાની સગર્ભા સ્ત્રી સાથે તમે સોહબત ન કરો કે જેથી બાળક બે બાપોના મિશ્રણવાળો ન થઈ જાય. કેમ કે સગર્ભા સ્ત્રી સાથે સોહબત કરવામાં આવે તો બાળકના વાળ વગેરેમાં એ પાણીની ભેળસેળ થાય છે.

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. તેમણે ફર્માવ્યું કે જ્યારે તે લોંડી જેની સાથે સંભોગ કરવામાં આવતો હતો હેબા (ભેટ) ધરવામાં આવે અથવા વેચવામાં આવે અથવા આઝાદ કરવામાં આવે તો તેના ગર્ભનો ઈસ્તિબરા એક હૈઝથી કરાવી લેવામાં આવે અને કુંવારીનો ઈસ્તિબરા ન કરવામાં આવે[૧]. " (રઝીન)

★ હદીષ : (૫)-૩૩૪૧ ★

وَعَنِ ابْنِ عُمَرَ: أَنَّهُ قَالَ: إِذَا وُهِبَتْ الْوَلِيدَةُ الَّتِي تُوطَأُ أَوْ بِيعَتْ أَوْ أُعْتِقَتْ فَلْتَسْتَبْرِئْ رَحِمَهَا بِحَيْضَةٍ وَلَا تُسْتَبْرَئُ الْعَذْرَاءُ. رَوَاهُمَا رزين

૧. આ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ ની રાય શરીફ (મંતવ્ય) છે કે કુંવારી લોંડીને જે પહેલાં કોઈના નિકાહમાં ન હતી અથવા જેનો પતિ ખૂબ જ નાનુ બાળક હતો જે સોહબત કરી શકતો ન હતો, અથવા હમણા તેણીની વિદાયગીરી ન થઈ હતી એવામાં ગિરફતાર થઈને મુસલમાનોના કબજામાં આવી ગઈ, તેના ઈસ્તિબરાની જરૂરત નથી. કેમ કે ઈસ્તિબરા તો એ જાણવા માટે હોય છે કે લોંડી સગર્ભા છે કે નથી. આ સ્થિતિઓમાં ગર્ભની સંભાવના જ નથી તો ઈસ્તિબરાની શું જરૂરત છે ? પણ સર્વ ઉલમા ફર્માવે છે કે ઈસ્તિબરા વાજિબ હોવાનો સબબ માલિકી હાંસલ કરવું છે, જેથી એવી લોંડી સાથે ઈસ્તિબરા કરવામાં આવે. જો સ્ત્રીનો પતિ ખલ્વત (એકાંત) પહેલાં મૃત્યુ પામે તો પણ ઈદ્દત વાજિબ છે, જ્યારે કે ત્યાં ગર્ભની સંભાવના જ નથી. પાછલી હદીષોમાં દરેક લોંડીના ઈસ્તિબરાનો હુકમ આપવામાં આવ્યો. તેમજ હુઝૂરે અન્વર ﷺએ ગઝવએ અવતાસની સર્વ લોંડીઓ સાથે ઈસ્તિબરાનો હુકમ આપ્યો, જ્યારે કે એમનામાં અમુક કુંવારીઓ પણ હતી. લગભગ હઝરત ઈબ્ને ઉમરને તે હદીષો પહોંચી હતી અને સહાબીનો ક્વિયાસ મરફૂઅ હદીષની સરખામણીમાં વિશ્વસનીય નથી.

باب النفقات وحق المملوک

બાબુલ ઈન્ફિતાત વ હક़કુલ મમ્લૂક

(ખર્ચાઓ અને માલિકીની ચીજોના હક़ક़ો વિશે[૧])

الفصل الاول (વિભાગ : ૧)

૧. નફ़ક़ા કે નહૂક : અર્થ હલાકત છે, અથવા નિફ़ાક़નો અર્થ અલાહિદગી તથા રિવાજથી બન્યું. ઈમામ મુહમ્મદ ઝમુખ્શરી ફ़ર્માવે છે કે અરબીમાં જે કાફ કલમા નૂન હોય અને અ़યન કલમા ફે એમાં જાનો નીકળવાનો અર્થ જરૂર થાય છે. જેમ કે નફ़ક़, નઝર, નફ़દ, નક़દ, નફ़ખ, નફ़સ, નફ़ી વગેરે. ઈસ્તિલાહમાં (આમ બોલી)માં નફ़ક़ા (ભરણ પોષણ ખર્ચ) વાજિબ થવાનાં ત્રણ કારણો છે : પત્ની હોવું, સગામાં હોવું, માલિકીમાં હોવું. કેમ કે નફ़ક़ા ઘણા પ્રકારોના છે ! ઔલાદનો ખર્ચ, મા બાપનો, પત્નીનો, ગુલામ તથા લોંડીનો, માલિકીનાં જાનવરોનો. એટલા માટે નફ़ક़ાત બહુવચન ફ़ર્માવ્યું. જે માલિકીમાં હોય તેના માલિક પર ત્રણ હક્કો છે : ખાવા, કપડાં તથા શક્તિ બહારનું કામ ન કરાવવું. (અઝ : મિર્ક़ાત વ અશિઅહ) જાહેર એ છે કે અહીં મમ્લૂકથી મુરાદ લોંડી ગુલામ છે, અને શક્ય છે કે માલિકીનાં જાનવર પણ એમાં સામેલ હોય.

★ પત્ની પોતાની તથા બાળકોની જરૂરત મુજબ પતિના માલથી તેની જાણ બહાર લઈ શકે ★

★ હદીષ : (૧)-૩૩૪૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: إِنَّ هندا بنت عتبَة قَالَت: يَا رَسُول الله إِن أَبَا سُفْيَان رجل شحيح وَلَيْسَ يعطيني مَا يَكْفِينِي وَوَلَدي إِلَّا مَا أخذت مِنْهُ وَهُوَ يعلم فَقَالَ: «خذي مَا يَكْفِيك وولدك بِالْمَعْرُوفِ»

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફ़ર્માવે છે કે હિંદા બિન્તે ઉત્બાએ અર્ઝ કરી,[૧] આ રસૂલલ્લાહ ! ﷺ અબૂ સુફ़યાન કંજૂસ માણસ છે, મને એટલા પ્રમાણમાં ખર્ચો નથી આપતા જે મને તથા મારી ઔલાદને પૂરતો થાય, પણ એ કે હું તેમની અજાણતામાં તેમનાથી લઈ લઉં[૨]. (મુસ્લિમ, બુખારી)

૧. આપનુ નામ હિંદા બિન્તે ઉત્બા ઈબ્ને રબીઆ ઈબ્ને અબ્દે શમ્સ ઈબ્ને અબ્દે મુનાફ़ છે. એટલે અબ્દે મુનાફ़માં હુઝૂર ﷺથી મળી જાય છે. ઉત્બા મક્કાના કાફ़िરોનો સરદાર હતો. હિંદા અબૂ સુફ़યાનની પત્ની અને અમીર મુઆવિયહ رضی اللہ عنہ નાં વાલિદા છે. ફ़તહે મક્કા પછી અબૂ સુફ़યાન બાદ ઈમાન લાવ્યાં. હુઝૂર ﷺએ એમના નિકાહ ક़ાયમ રાખ્યા. તેમના કુફ़ના જમાનાના હાલાત સૌને ખબર છે. એક દિવસે બારગાહે રિસાલતમાં અર્ઝ કરવા લાગ્યાં, યા રસૂલલ્લાહ ! ﷺ મને આપ તથા આપના સહાબા ખૂબ જ નાપસંદ હતા, હવે મને આપ તથા આપના સહાબા ખૂબ જ મહબૂબ છે. હુઝૂર ﷺએ ફ़ર્માવ્યું : وايضًا એટલે હજી તમને મારાથી મહોબ્બત ઔર અધિક થશે, જેટલા પ્રમાણમાં તમારું ઈમાન કામિલ (પરિપૂર્ણ) થતુ જશે એટલા પ્રમાણમાં મારી મહોબ્બત વધતી જશે. અથવા એ મતલબ છે કે અમારો પણ એ જ હાલ છે કે અમે પહેલાં તમારાથી નફ़રત કરતા હતા, હવે મહોબ્બત કરીએ છીએ. આપની વફ़ાત ફ़ારૂક़ી યુગમાં અબૂ કહાફ़ા (અબૂબક્ર رضی اللہ عنہ ના પિતા)ની વફ़ાતના દિવસે થઈ. ઘણા આલિમા, ફ़સીહા (ઉમદાવાણી) હતાં, ફ़ારૂક़ી યુગમાં ઘણા જેહાદોમાં શરીક થયાં અને મહાન કારનામાં કર્યાં. رضی اللہ عنہا

૨. એટલે તેમના ખિસ્સા અથવા તેમના ઘરેથી તેમની બેખબરીમાં જે કાંઈ લઈ લઉં તે તો મને આસાનીથી મળી જાય છે, પોતે પોતાની ખુશીથી પૂરતો ખર્ચ નથી આપતા.

૩. એટલે કે તમને ઈજાઝત છે કે જરૂરત પૂરતો સુફ્યાનને પૂછયા વગર તેમનો માલ લઈ શકો છો. યાદ રાખશો કે આ ફત્વો છે, ફૈંસલો એટલે ક़ઝા નથી, નહીં તો અબૂ સુફ્યાનને બોલાવીને દાવાનો જવાબ સાંભળવામાં આવતો. ફૈંસલો સામા પક્ષનો જવાબ લીધા વિના નથી થતો. આ હદીષથી કેટલીક મસાઈલ માલૂમ થયા : (૧) પત્નીનો ખર્ચ પતિ પર લાઝિમ છે ભલે પત્ની માલદાર હોય. (૨) નાની અને જરૂરત મંદ ઔલાદનો ખર્ચ બાપ પર લાઝિમ છે. (૩) ઘરવાળાંઓનો ખર્ચ જરૂરત પ્રમાણે લાઝિમ છે. (૪) ફતવા અને ફૈંસલાના સમયે અજનબી સ્ત્રી સાથે વાત કરવી મુફ્તી તથા ક़ાઝી માટે જાઈઝ છે. ફત્વો તથા ફૈંસલો લેવા માટે હાકિમ તથા આલિમ સામે કોઈના અયબ વર્ણન કરવા જાઈઝ છે. હક્ક़વાળો પોતાનો હક્ક़ તેની ઈજાઝત વિના બલ્કે તેના ઈલ્મ વિના પણ લઈ શકે છે. ફત્વામાં શર્તનું વર્ણન જરૂરી નથી, શર્ત વિના ફત્વો આપી શકાય છે. એટલે કે એ લાઝિમ નથી કે મુફ્તી કહે કે જો તું સાચો છે અને સ્થિતિ એવી જ છે જેવું તું કહે છે તો હુકમ આ છે. બલ્કે તેના વર્ણન કર્યા વિના શરઈ હુકમ સંભળાવી દેવો જાઈઝ છે, જો કે તઅલીક़ અફ઼ઝલ છે. બાળકના ઉછેરનો હક્ક़ માને છે જેથી તેણી પતિનો માલ તેના પર ખર્ચ કરી શકે છે. ઘણી બધી વાતો ઉર્ફ તથા આદત (નિયમ, રિવાજ) પર આધારિત હોય છે, જેમ કે ખર્ચો વગેરે માટે પત્ની જરૂરતના મોક़ા પર હાકિમ કે આલિમ પાસે જઈ શકે છે. ગેર હાજર (ગાયબ) પતિના માલથી તેનાં બીવી બચ્ચાંનો ખર્ચ અપાવવામાં આવે જ્યારે તે રોજી ન આપી ગયો, હોય ન મોકલતો હોય. અમુક ઉલમાને આ હદીષથી ક़ઝા અલલ ગાઈબ (એટલે સામા પક્ષની ગેર મૌજૂદગીમાં ફૈંસલો) જાઈઝ માની તે ફર્માવે છે કે આ હુઝૂર ﷺનો ફૈંસલો હતો જે અબૂ સુફ્યાન رضی اللہ عنہ ની ગેરહાજરીમાં તેમની વિરૂધ્ધ આપવામાં આવ્યો. પણ હક્ક़ એ છે કે આ ફત્વો હતો. (મિર્ક़ાત) નહીં તો ગવાહી જરૂર લેવામાં આવત. પત્ની જરૂરત પર પોતાના પતિનો માલ વેચી શકે છે, કેમ કે હિંદા રૂપિયા પૈસા પણ અબૂ સુફ્યાનના ખિસ્સાથી કાઢી શકતાં હતાં અને રૂપિયા પૈસા વેચાણ કરીને કામ આવે છે.

"હઝરત જાબિર ઈબ્ને સમુરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે અલ્લાહ તમારામાંથી કોઈને માલ આપે તો તે પોતાના નફ્સ અને પોતાનાં ઘરવાળાંથી શરૂ કરે.[૧]" (મુસ્લિમ)[૨]

★ હદીષ : (૨)-૩૩૪૩ ★

وَعَنْ جَابِرِ بْنِ سَمُرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسلم: «إِذا أَعْطى الله أحدكُم خيرا فليبدأ بِنَفسِهِ وَأهل بَيته» . رَوَاهُ مُسلم

૧. એટલે કે **પોતાનો માલ પહેલાં પોતાના પર ખર્ચ કરો પછી પોતાનાં ઘરવાળાં ઘરવાળાંઓ પર. ઘરવાળાંઓમાં પત્ની અને નાબાલિગ હાજતમંદ ઔલાદ, મા બાપ વગેરે સૌ સામેલ છે.**

૨. આ હદીષ ઈમામ અહમદ, નિસાઈએ હઝરત જાબિર رضی اللہ عنہ થી મરફુઅન થોડાક ફેરફાર સાથે વર્ણવી.

★ ગુલામ તથા લૉંડીનો ખર્ચ માલિક પર ફ઼ર્ઝ છે ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ગુલામને માટે તેનું ખાવા, કપડાં છે[૧] અને તેને એટલા પ્રમાણમાં કામની તકલીફ ન આપે જેની, તે શક્તિ ન ધરાવે.[૨]" (મુસ્લિમ)

★ હદીષ : (૩)-૩૩૪૪ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صلى الله عَلَيْهِ وَسلم: «للمملوك طَعَامه وَكسوته وَلَا يُكَلف من الْعَمَل إِلَّا مَا يُطيق» . رَوَاهُ مُسلم

૧. એટલે કે માલિક પર લોંડી ગુલામનું જરૂરત પૂરતુ મધ્યમ કક્ષાનુ ખાવા, કપડાં વાજિબ છે. આ ખાવા કપડાંમાં ઉર્ફનો લેહાઝ છે. શરીઅતે હદ નિશ્ચિત નથી કરી.

૨. એટલે કે હમેશાંના માટે મુશ્કેલ કામનો હુકમ ન આપો. જો જરૂરત પૂરતુ એકાદ દિવસ મુશ્કેલ કામ કરાવી લેવામાં આવે તો જાઈઝ છે, ખાસ કરીને જ્યારે કે માલિક ખુદ કામમાં શરીક થઈ જાય. *(મિર્ક़ાત)*

★ હદીષ : (૪)-૩૩૪૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِخْوَانُكُمْ جَعَلَهُمُ اللَّهُ تَحْتَ أَيْدِيكُمْ فَمَنْ جَعَلَ اللَّهُ أَخَاهُ تَحْتَ يَدَيْهِ فَلْيُطْعِمْهُ مِمَّا يَأْكُلُ وَلْيُلْبِسْهُ مِمَّا يَلْبَسُ وَلَا يُكَلِّفُهُ مِنَ الْعَمَلِ مَا يَغْلِبُهُ فَإِنْ كَلَّفَهُ مَا يَغْلِبُهُ فَلْيُعِنْهُ عَلَيْهِ»

''હઝરત અબૂ ઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમારા ભાઈ છે જેમને અલ્લાહ તઆલાએ તમારા કબજામાં આપી દીધા[૧] તો જેને અલ્લાહ તેના ભાઈનો માલિક બનાવી દે તો તેને એમાં ખવડાવે જે પોતે ખાય અને એનાથી પહેરાવે જે ખુદ પહેરે.[૨] અને એ કામની તકલીફ ન આપે જ એના પર ગાલિબ આવી (ભારે પડી) જાય અને જો ભારે કામની તકલીફ આપે તો એના પર તેની મદદ કરે.[૩]'' (મુસ્લિમ)

૧. اخوانكم ક્યાં તો ગુપ્ત મુબ્તદાની ખબર છે, એટલે તમારા ગુલામ તમારા ઈન્સાની કે દીની ભાઈ છે, અથવા એ મુબ્તદા છે અને جعلهم الله ખબર છે. મતલબ એ છે કે તમે અને તમારા ગુલામ ઈન્સાનિયત અને દીનમાં તમારી જેમ છે કે તમે અને તે બંનેવ આદમની ઔલાદ અને મુસલમાન છો. રબ તઆલા એનાથી ઉલ્ટા પર પણ કાદિર હતો કે તેમને માલિક અને તમને ગુલામ બનાવી દેતો. આ એનો કરમ છે કે તમને માલિક અને તેને ગુલામ બનાવી દીધો. એનો શુક્રિયા એ છે કે અમારા આ હુકમ પર અમલ કરો.

૨. આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે. યાદ રાખશો કે માલિક પર પોતાનાં ગુલામ લોંડીનાં ખાવા કપડાં શરઅન વાજિબ છે પણ પોતાના જેવાં ખાવા કપડાં આપવું મુસ્તહબ છે, જેના પર ઘણા સહાબાએ કિરામે અમલ કર્યો. અમુક ઉલમાએ ફર્માવ્યું કે અહીં مما ياكل જાતીના વર્ણનના માટે છે ન કે પ્રકારના માટે. એટલે માલિકે જોઈએ કે પોતાની જેમ ગુલામને પણ પાયજામા, કુર્તો, ટોપી કે અમામો આપે, ભલે તેનો એ લિબાસ ઉચ્ચ પ્રકારના મલમલનો હોય ગુલામનો સામાન્ય કપડાનો હોય. પણ પ્રથમ અર્થ અધિક મજબૂત છે.

૩. એટલે કે જો ગુલામથી ભારે તથા મુશ્કેલ કામ કરાવે તો પોતે અથવા પોતાના બીજા ગુલામ અથવા પોતાની ઔલાદને એમાં શરીક કરી દે. જો ભારે વજન લાકડાને ઉઠાવવાનું છે તો ગુલામ સાથે પોતે પણ લાગી જાય અથવા પોતાના હાથ હેઠળના કોઈને લગાડી દે.

★ અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રએ ખુદ ખાવા ખાતા પહેલાં ગુલામોને ખવડાવ્યું ★

★ હદીષ : (૫)-૩૩૪૬ ★

وَعَن عبد الله بن عَمْرو جَاءَهُ قَهْرَمَانٌ لَهُ فَقَالَ لَهُ: أَعْطَيْتَ الرَّقِيقَ قُوتَهُمْ؟ قَالَ: لَا قَالَ: فَانْطَلِقْ فَأَعْطِهِمْ فَإِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «كَفَى

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે તેમની પાસે એક ખજાનચી આવ્યો[૨] તો આપે તેને ફર્માવ્યું કે તમે ગુલામને એમનુ ખાવા આપી દીધુ ? બોલ્યો, નહીં ! ફર્માવ્યું, જાવ એમને દઈ દો.[૩] કેમ કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું છે કે માણસના

માટે આ જ ગુનોહ બસ છે કે પોતાની હેઠળનાથી એમનું ખાવા રોકે.[૪] અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે ઈન્સાનના માટે પૂરતો ગુનોહ એ છે કે તેને હલાક કરી દે જેને રોજી આપે છે.[૫]" (મુસ્લિમ)	بِالرَّجُلِ إِثْمًا أَنْ يَحْبِسَ عَمَّنْ يَمْلِكُ قُوتَهُ» . وَفِي رِوَايَةٍ: «كَفَى بِالْمَرْءِ إِثْمًا أَنْ يُضَيِّعَ مَنْ يَقُوتُ» . رَوَاهُ مُسلم

૧. અમ્રનો વાવ ક્યાં તો પોતાનો છે. અને આ બનાવ અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ નો છે અથવા ઉમર અયનના પેશથી છે અને બનાવ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ નો છે. અને વાવ હાલિયા છે. *(મિર્કાત)*

૨. કૃહરમાન ફારસી શબ્દ છે એ અરબીમાં વપરાવા લાગ્યો છે, એનો અર્થ છે ખજાનચી, વકીલ, ઘરનો મુખ્તાર તથા વ્યવસ્થાપક.

૩. قوت થી મુરાદ ખર્ચો છે, મોટાભાગે ખાવા પર બોલવામાં આવે છે. ખાવાનો સમય હતો. આપે પોતે ખાતા પહેલાં પોતાનાં લોંડી ગુલામોને ખાવા અપાવ્યું પછી પોતે ખાધુ. યૂસુફ عليہ السلام દુકાળના જમાનામાં પહેલાં મહેમાનોને ખાવા ખવડાવતા પછી ખુદ ખાતા હતા. અને દિવસ રાતમાં કેવળ એક વખત ખાતા હતા. આવા માલિક તથા ગુલામ દુનિયાની માટે રહમત છે. આવા હાકિમોના જમાનામાં જમીન પર આસ્માનથી બરકતો ઉતરે છે.

૪. અથવા એ રીતે કે તેમને ખાવા ન આપે ત્યાં સુધી કે તેઓ મરી જાય, એ તો સખત જુલ્મ છે, બલ્કે કૃત્લ છે. અથવા એ રીતે કે તેમને ખૂબ ઓછી રોજી આપે જેનાથી તેઓ દૂબળા કમજોર થઈ જાય, બે ચાર ફાકા કરાવીને એકવાર આપી દે અથવા પેટ ભરીને ન આપે એ પણ જુલ્મ છે. આ હુકમમાં લોંડી, ગુલામ, પાળેલાં જાનવર સૌ સામેલ છે. **બની ઈસ્રાઈલની એક વૃધ્ધ સ્ત્રી એટલા માટે દોઝખમાં ગઈ કે તેણીએ પાળેલી બિલાડીને ભૂખી બાંધી રાખી ત્યાં સુધી કે તે મરી ગઈ.** આજકાલ અમુક કસાઈ જાનવરોને કેટ કેટલા સમયો સુધી ભૂખા તરસ્યાં રાખીને ઝબહ કરે છે એ સખત જુલ્મ છે. **શરઈ હુકમ તો એ છે કે ઘરાયેલા જાનવરને પણ ઝબહ કરતા પહેલાં ખાવા પાણી દેખાડી લો ખવડાવી લો.**

★ જાનવર પર જુલ્મ કરવામાં માણસ પર જુલ્મ કરવાથી અધિક ગુનોહ ★

૫. ઉલમા ફર્માવે છે કે જાનવર પર જુલ્મ કરવો માણસ પર જુલ્મ કરવાથી અધિક ગુનોહ છે, કેમ કે માણસ તો કોઈને પોતાનું દુઃખદર્દ કહી શકે છે, બેઝબાન જાનવર કોને કહે ? તેનો અલ્લાહ સિવાય ફરિયાદ સાંભળનાર કોણ છે ? ભૂખ્યાં તરસ્યાં ઊંટોએ હુઝૂર ﷺને પોતાના માલિકોની ફરિયાદ કરી અને સરકાર ﷺએ તેમની સારી વ્યવસ્થા કરી. (શેઅર) *ખલ્ક કે દાદ રસ સબકે ફર્યાદ રસ – કહફે રોઝે મુસીબત પે લાખોં સલામ*

આ હદીષોથી ખબર પડે છે કે હુઝૂર ﷺ રહ્મતુલ્ લિલ્આલમીન છે. આજે આપણે સગા ભાઈઓ સાથે એ વર્તાવ નથી કરતા જે વર્તાવ ગુલામો સાથે કરવામાં આવતો હતો. અહીં મિશ્કાતના લેખકથી ગલતી થઈ કે આખરમાં رواہ مسلم કહી આપ્યું, મુસ્લિમની રિવાયત قوتہ પર ખત્મ થઈ ગઈ كفى بالمرء થી અબૂ દાઉદ તથા નિસાઈની રિવાયત છે. *(મિર્કાત)*

★ ગુલામ કે નોકર ખાણુ તૈયાર કરે તો તેને પોતાની સાથે ખવડાવે ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે	**★ હદીષ : (૬)-૩૩૪૭ ★** وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ

وَسَلَّمَ: «إِذَا صَنَعَ لِأَحَدِكُمْ خَادِمُهُ طَعَامَهُ ثُمَّ جَاءَهُ بِهِ وَقَدْ وَلِيَ حره ودخانه فليقعده مَعَه فَلْيَأْكُل وَإِن كَانَ الطَّعَامُ مَشْفُوهًا قَلِيلًا فَلْيَضَعْ فِي يَدِهِ مِنْهُ أَكلَة أَو أكلتين».رَوَاهُ مُسلم

કોઈનો ખાદિમ તેના માટે તૈયાર કરે પછી ખાવા લાવે અને તેની ગરમી તથા ધૂમાડા સહન કરી ચૂક્યો હોય[૧] તો તેને પોતાની સાથે બેસાડી દે કે તે પણ ખાય[૨] પરંતું જો ખાવા થોડુ હોય[૩] તો તેમાંથી ખાદિમના હાથ પર એક બે કોળિયા રાખી દે.[૪]'' (મુસ્લિમ)

૧. અહીં ખાદિમમાં લોંડી ગુલામ નોકર ચાકર સૌ સામેલ છે.

૨. એટલે કે જો ખાવા પૂરતુ છે તો એ પકાવનાર ખાદિમને પોતાની સાથે દસ્તરખાન પર બેસાડીને ખવડાવે. એને સાથે બેસાડવામાં પોતાની બઈજ્જતી ન સમજે, જેમ કે ઘમંડીઓનો હાલ છે. જ્યારે મસ્જિદ તથા કબ્રસ્તાનમાં અમીર તથા ગરીબ, આકા તથા ગુલામ એક જગાએ થઈ જાય છે તો અહીં પણ એક જગાએ થાય તો શું વાંધો છે ?!

૩. مشفوه شفةٌ થી બન્યું અર્થ હોઠ. મશ્ફૂહ તે પાણી તથા ખાવા છે જેના પર ઘણા બધા લોકો ખાવા માટે એકત્ર થઈ જાય, ઘણા મોંઢાં ખાય. હવે થોડાને પણ મશ્ફૂહ કહી દે છે એની મુનાસિબતથી. અથવા મશ્ફૂહ તે ખાવા છે જે હોઠો તથા મોંમાં લાગીને રહી જાય, સારી રીતે પેટમાં ન જાય.

૪. આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે જેમાં ઘણી હિકમતો છે. એ બે એક કોળિયા ખાવા પર નજર ન લાગશે, માલિકને સારી રીતે હજમ થશે, નુકસાન ન કરશે, તેમજ એ સદ્વર્તાવમાંથી છે.

★ ગુલામ પોતાના માલિકની ખૈરખ્વાહી કરે અને ખુદાની ઈબાદત કરે તો તેને ડબલ સવાબ ★

(مُتَّفِق عَلَيْهِ) ★ હદીષ : (૭)-૩૩૪૮ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّ الْعَبْدَ إِذَا نَصَحَ لِسَيِّدِهِ وَأَحْسَنَ عِبَادَةَ اللَّهِ فَلَهُ أَجْرُهُ مرَّتَيْنِ»

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضي الله عنهما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે ગુલામ પોતાના મૌલાની ખૈરખ્વાહી (ભલુ ઈચ્છવું) કરે[૧] અને અલ્લાહની ઈબાદત સારી રીતે કરે[૨] તો તેને બમણો સવાબ છે.[૩]'' (મુસ્લિમ બુખારી)

૧. ખૈરખ્વાહી એ છે કે માલિકનો દરેક જાઈઝ હુકમ માને, તેની ચીજ બર્બાદ ન થવા દે, તેની પીઠ પાછળ તેના માલ તથા ઔલાદની નિગરાની કરે.

૨. કે અલ્લાહ રસૂલના અહકામ પર પાબંદીથી અમલ કરે, માલિકની ખિદમતના કારણે તેમનાથી બેપરવા ન થઈ જાય.

૩. કેમ કે એની મહેનત પણ ડબલ છે, ખલ્ક (લોકો)ની ખિદમત અને ખાલિકની ઈબાદત. એનાથી જાણવા મળ્યું કે દુનિયાદારની ઈબાદત તારિકુદુન્યાની ઈબાદતથી અફઝલ છે. યાદ રાખશો કે અહીં માલિકની ઈતાઅત (આજ્ઞાપાલન)નો ઉલ્લેખ રબની ઈતાઅતથી પહેલાં કરવામાં આવ્યો, કેમ કે ઈબાદતો કરતાં મામલાઓ અધિક અહમ છે. બંદાઓના હક્કોની હિફાઝત અલ્લાહના હક્કોથી અધિક છે, કે બંદો મોહતાજ છે અને રબ ગની છે.

(مُتَّفِق عَلَيْهِ) ★ હદીષ : (૮)-૩૩૪૯ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «نِعِمَّا لِلْمَمْلُوكِ أَنْ يَتَوَفَّاهُ اللَّهُ بِحُسْنِ عِبَادَةِ

''હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ગુલામના માટે આ ઘણુ જ સારું છે[૧] કે અલ્લાહ તઆલા તેને એ હાલમાં મૌત આપે કે પોતાના રબની ઈબાદત અને

માલિકની ઈતાઅત (આજ્ઞાપાલન) કરતો હોય એ તેના માટે ઘણુ જ સારુ છે.[૨]'' (મુસ્લિમ, બુખારી)	رَبِّهِ وَطَاعَة سَيِّده نعما لَهُ»

૧. نعما અસલમાં نعم ما હતું نعمની મીમ, માની મીમમાં મિક્સ થઈ ગઈ.

૨. બે વાર نعما ફર્માવ્યું એ ક્યાં તો તાકીદના માટે છે અથવા પ્રથમ نعماથી દુનિયાની બેહતરી મુરાદ હતી અને આ نعماથી આખેરતની બેહતરી મુરાદ છે. એટલે કે જો ગુલામ મરતા દમ સુધી મૌલા (માલિક)ની ઈતાઅત અને રબની ઈબાદત કરતો રહે તો એ તેના માટે ઘણુ જ સારું છે. અથવા આ દુનિયામાં પણ સારુ છે અને આખેરતનમાં પણ સારુ. કોઈ ગુલામને એના માલિકે આઝાદ કરી દીધો તો ગુલામ ખૂબ જ રડયો અને બોલ્યો કે આપે મારા માટે ખૈરનો દરવાજો બંધ કરી દીધો. (મિર્ક़ાત) આ હદીષથી જાણવા મળ્યું કે કામિલ નેકી તે છે જે મરતા દમ સુધી કરવામાં આવે, નેકી પર જ મૌત આવે.

''હઝરત જરીર رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે ગુલામ ભાગી જાય તો એની નમાઝ કબૂલ નથી થતી[૨] અને તેમનાથી બીજી રિવાયતમાં છે, ફર્માવે છે : જે ગુલામ ભાગી જાય તો તેનો ઝિમ્મો બરી થઈ ગયો[૩] અને તેમની જ એક રિવાયતમાં આ પ્રમાણે છે, જે ગુલામ પોતાના માલિકથી ભાગી જાય તે કાફિર થઈ ગયો[૪] ત્યાં સુધી કે તેના સુધી કે તેના સુધી પરત આવે.[૫]'' (મુસ્લિમ)	**★ હદીષ : (૯)-૩૩૫૦ ★** وَعَنْ جَرِيرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا أَبَقَ الْعَبْدُ لَمْ تُقْبَلْ لَهُ صَلَاةٌ» . وَفِي رِوَايَةٍ عَنْهُ قَالَ: «أَيُّمَا عبد أبق فقد بَرِئت مِنْهُ الذِّمَّةُ» . وَفِي رِوَايَةٍ عَنْهُ قَالَ: «أَيُّمَا عَبْدٍ أَبَقَ مِنْ مَوَالِيهِ فَقَدْ كَفَرَ حَتَّى يَرْجِعَ إِلَيْهِم» . رَوَاهُ مُسلم

૧. આપ જરીર ઈબ્ને અબ્દુલ્લાહ જબલી છે. કુન્નિયત અબૂ અમ્ર છે. હુઝૂર ﷺની વફાતથી ચાલીસ દિવસ પહેલાં ઈસ્લામ લાવ્યા પછી ઘણા અરસા સુધી કૂફામાં રહ્યા. ક़રક़સયા સ્થળે હિ.સ. ૫૧માં વફાત પામ્યા. મશહૂર સહાબી છે. આપનાથી ઘણા લોકોએ હદીષો લીધી છે. *(અકમાલ)*

૨. એટલે કે ભાગી છૂટેલા ગુલામની નમાઝ જો કે શરઅન દુરુસ્ત થઈ જાય પણ અલ્લાહને ત્યાં ક़બૂલ નથી. જાઈઝ હોવાની શર્તો કાંઈ ઔર છે ક़બૂલ થવાની શરતો કાંઈ ઔર છે.

૩. આ વાક્યનો અર્થ ક્યાં તો એ છે કે જો ગુલામ મુર્તદ થઈને કાફિરોના દેશમાં ચાલ્યો જાય તો ઈસ્લામની અમાનથી નીકળી જશે, તેની ક़ત્લ જાઈઝ થશે. અથવા એ મતલબ છે ભાગી છૂટેલો ગુલામ જો દારુસ્સલામમાં રહે તો એના પરથી અલ્લાહની અમાન ઉઠી જાય છે, તેને મારી પીટી શકાય છે. અથવા મતલબ એ છે કે ભાગવાના સમયનો ખર્ચ માલિક પર નથી, અને એ સમયની ખરાબી તથા જુર્મનો અસર માલિક પર ન થશે.

૪. કાફિરથી મુરાદ ક્યાં તો શાબ્દિક અર્થમાં કાફિર છે, એટલે નાશુક્રો અથવા શરઈ કાફિર, તો મતલબ એ છે કે કુફ્રની નજીક પહોંચી ગયો અથવા તેણે કાફિરોના જેવું કામ કર્યું.

૫. ત્યાં સુધી કે સંબંધ ક્યાં તો સર્વ રિવાયતોથી છે અને આ વાક્ય આ ત્રણેવ જુલ્મોનો છેડો છે. અથવા કેવળ અંતિમ વાક્યથી છે, એટલે કાફિર તથા નાશુક્રો રહેશે પરત આવી જતા સુધી.

★ હદીષ : (૧૦)-૩૩૫૧ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: سَمِعْتُ أَبَا الْقَاسِمِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ قَذَفَ مَمْلُوكَهُ وَهُوَ بَرِيءٌ مِمَّا قَالَ جُلِدَ يَوْمَ الْقِيَامَةِ إِلَّا أَنْ يَكُونَ كَمَا قَالَ»

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે મેં અબુલ ક़ાસિમ ﷺ ને ફ઼રમાવતાં સાંભળ્યા કે જે માલિક પોતાના માલિકી હેઠળનાને તોહમત લગાડે તે એનાથી અલિપ્ત હોય તો ક़યામતના દિવસે એને કોરડા મારવામાં આવશે.[૧] પણ એ કે બનાવ એ જ છે જે એણે કહ્યું.[૨]'' (બુખારી, મુસ્લિમ)

★ ગુલામ પર તોહમત લગાડવાની સજા નથી પણ તઅઝીર છે ★

૧. લગભગ મમ્લૂક (માલિકી હેઠળના)થી મુરાદ લોંડી છે, અને શક્ય છે કે લોંડી ગુલામ બંને હોય. યાદ રાખશો કે આઝાદ મુસ્લિમા અફીફા સ્ત્રીને ઝિનાની તોહમત લગાડનારને આ સજા નથી થતી. સરકાર عليه الصلوٰة والسلام ફ઼રમાવે છે કે તેને આ સજા ક़યામતમાં સર્વ મખ્લૂક઼ (લોકો)ની સામે કરવામાં આવશે જેનાથી તે બદનામ પણ થશે અને સજા પામનાર પણ. હા ! જો ખરેખર લોંડી ગુલામ ઝાની હોય તો પછી આક્ષેપ મૂકનારને સજા થશે નહીં કે તેણે સાચુ કહ્યું હતું. ઉલમા ફ઼રમાવે છે કે લોંડી ગુલામને આક્ષેપ લગાડવા પર ભલે હદ (સજા) નથી પણ તઅઝીર છે, ગુલામ ચાહે સંપૂર્ણ હોય અને હજી તેનાથી ગુલામિયતના અંશો હોય, જેમ કે મકાતિબ તથા મુદબ્બિર, કોઈને આક્ષેપ લગાડવા પર હદ (શિક્ષા) નથી.

૨. આ હદીષ અહમદ, અબૂ દાઉદ, તિર્મિઝીએ પણ રિવાયત કરી. હાકિમે મુસ્તદરકમાં હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ થી મરફૂઅન રિવાયત કરી કે જો માલિક હે ઝાનિયા ! અથવા કે હે ઝાની ! કહીને હરામી કહી દે છે કે આ તેમની માને આક્ષેપ છે, જેથી જીભ કાબૂમાં રાખવી જોઈએ.

★ હદીષ : (૧૧)-૩૩૫૨ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ ضَرَبَ غُلَامًا لَهُ حَدًّا لَمْ يَأْتِهِ أَوْ لَطَمَهُ فَإِن كَفَّارَته أَن يعتقهُ» . رَوَاهُ مُسلم

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફ઼રમાવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફ઼રમાવતાં સાંભળ્યા કે જે પોતાના ગુલામને તે હદ મારે[૧] જે જુર્મ તેણે કર્યો નથી અથવા તેને તમાચો મારે તો એનો કફ઼્ફારો એ છે કે તેને આઝાદ કરી આપે.[૨]'' (મુસ્લિમ)

૧. એટલે કે વિના વાંકે કે મારે પીટે. હદથી મુરાદ કેવળ શરઈ હદ (સજા) નથી બલ્કે દરેક સખત મારપીટ.

૨. આ તમાચાથી મુરાદ જુલ્મની રીતે તમાચો મારવું છે. અદબ શીખવાડવા, પઢાવવા પર તમાચો મારવો દુરુસ્ત છે. એ જ હુકમ શાગિર્દ, મુરીદ, બાળક અથવા પ્રજાને મારવાનો છે, કે વિના વાંકે માર પર પકડ છે, એનો કફ઼્ફારો ગુલામના માટે તો તેને આઝાદ કરી દેવું છે, અને બાકી લોકોના માટે તેમને કાંઈ આપીને ખુશ કરી દેવાનું છે. અને જો એ લોકો માફી આપી દેવાને પાત્ર હોય તો તેમનાથી માફી માગી લેવું છે. આ તે મામૂલી વાતો છે જેની આપણે પરવા નથી કરતા, પણ છે ઘણી ખતરનાક ! મેં સાંભળ્યું છે કે આ'લા હઝરત મૌલાના અહમદ રઝા ખાન સાહબ બરેલ્વી رحمۃ اللہ علیہ ને ત્યાં કોઈ મજૂર કામ કરી રહ્યો હતો. કોઈએ તેને કહી આપ્યું, હે હરામી ! આ'લા હઝરતે ફ઼રમાવ્યું, તેની માની ઝિનાના ચાર ગવાહ લાવો ! તે પરેશાન થઈ ગયો. છેવટે તેણે મજૂરથી માફી માગી, તેને પાંચ રૂપિયા આપ્યા. અલ્લાહ તઆલા ભલાઈની તૌફીક઼ આપે, માણસ પોતાની જીભ તથા અંગો પર પૂરો કન્ટ્રોલ રાખે.

★ હદીષ : (૧૧)-૩૩૫૩ ★

وَعَنْ أَبِي مَسْعُودٍ الْأَنْصَارِيِّ قَالَ: كُنْتُ أَضْرِبُ غُلَامًا لِي فَسَمِعْتُ مِنْ خَلْفِي صَوْتًا: «اعْلَمْ أَبَا مَسْعُودٍ لَلَّهُ أَقْدَرُ عَلَيْكَ مِنْكَ عَلَيْهِ» فَالْتَفَتُّ فَإِذَا هُوَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقُلْتُ: يَا رَسُولَ اللَّهِ هُوَ حُرٌّ لِوَجْهِ اللَّهِ فَقَالَ: «أَمَا لَوْ لَمْ تَفْعَلْ لَلَفَحَتْكَ النَّارُ أَوْ لَمَسَّتْكَ النَّارُ» . رَوَاهُ مُسلم

''હઝરત ઈબ્ને મસ્ઊદ અન્સારી رضی اللہ عنہ થી[૧] રિવાયત છે ફર્માવે છે, હું મારા ગુલામને મારી રહ્યો હતો કે મેં મારી પાછળથી એક અવાજ સાંભળ્યો[૨] કે હે અબૂ મસ્ઊદ ! વિચારો કે અલ્લાહ તમારા પર આનાથી વધુ ક़ાદિર છે જેટલા તમે એના પર છો[૩] મેં પાછળ ફરીને જોયું તો તે રસૂલુલ્લાહ ﷺ હતા.[૪] મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ આ આઝાદ છે અલ્લાહની રાહમાં![૫] ત્યારે હુઝૂરે ફર્માવ્યું, જો તમે આવુ ન કરત તો તમને આગ સળગાવતી અથવા આગ પહોંચતી.[૬]'' (મુસ્લિમ)

૧. મશહૂર સહાબી છે. અમુકે તેમને બદરવાળાઓમાંથી કહ્યા છે, પણ આપ એ અર્થમાં બદરવાળા છે કે બદરમાં રહેતા હતા, ગઝવએ બદરમાં શરીક નથી થયા. આપનું નામ ઉકબા ઈબ્ને અમ્ર અન્સારી છે. બયઅતે ઉક़બા ષાનિયામાં શરીક થયા. આખરી ઉમરમાં કૂફા વસવાટ કર્યો. હિ.સ. ૪૧ કે ૪૨ માં વફાત પામ્યા. *(અકમાલ)*

૨. એટલે એ વાતનો અવાજ સાંભળ્યો જેનું વર્ણન આગળ આવી રહ્યું છે.

૩. કેમ કે એ તમારી માલિકીમાં તથા ગુલામ છે, પણ તમે અલ્લાહ તઆલાના મમ્લૂક (માલિકીમાં) પણ છો, મખ્લૂક़ પણ, બંદા પણ, તો એ તમારા ગુનાહો જોઈને તમારી રોજી બંધ નથી કરતો, દરેક રીતે તમારા પર કરમ કરે છે, માફી આપે છે, તો તમે પણ તમારી માલિકીના ગુલામને માફી આપો.

૪. કેમ કે તમે એને વિના વાંકે માર્યો અથવા વાંકથી વધુ માર્યો અને તેનાથી માફી માગી નહીં, જેથી આ મારવું જુર્મ થયું અને બંદાનો હક્ક़ હતો એટલા માટે ખતરો હતો. ઉલમા ફર્માવે છે કે એવા મોક़ા પર આઝાદ કરી દેવું વાજિબ નથી બલ્કે મુસ્તહબ છે. એનાથી જાણવા મળ્યું કે ગુનાહ થઈ જવા પર કોઈ નેકી કરી દેવી સારૂ છે કે એ નેકી કફ્ફારો બની જાય છે. اَلَّيْلِ ؕ اِنَّ الْحَسَنٰتِ يُذْهِبْنَ السَّيِّاٰتِ (બેશક ! નેકીઓ બુરાઈઓને મિટાવી દે છે. સૂ. હૂદ, ૧૧/૧૧૪)

(વિભાગ : ૨) الفصل الثانی

★ તમે તથા તમારા માલ બાપનાં છે ★

★ હદીષ : (૧૩)-૩૩૫૪ ★

عَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ: أَنَّ رَجُلًا أَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: إِنَّ لِي مَالًا وَإِنَّ وَالِدِي يَحْتَاجُ إِلَى مَالِي قَالَ: «أَنْتَ وَمَالُكَ لِوَالِدِكَ إِنَّ أَوْلَادَكُمْ مِنْ أَطْيَبِ كَسْبِكُمْ كُلُوا مِنْ كَسْبِ أَوْلَادِكُمْ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ ماجة

''હઝરત અમ્ર ઈબ્ને શોએબ رضی اللہ عنہ થી રિવાયત છે, તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રાવી કે એક શખ્સ નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ની ખિદમતમાં આવ્યો. બોલ્યો કે મારી પાસે માલ છે અને મારા પિતા મારા માલના મોહતાજ છે[૧] ફર્માવ્યું, તમે અને તમારા માલ તમારા બાપનાં છે[૨] યક़ીનન ! તમારી ઔલાદ તમારી પાકીઝા કમાઈથી છે. પોતાની ઔલાદની કમાઈ ખાવ.[૩]'' (અબૂ દાઊદ, ઈબ્ને માજહ)[૪]

૧. તો મારો માલ મારા બાપ વાપરી શકે છે કે નહીં ? ખાસ કરીને જરૂરતના સમયે.

૨. ઈબ્ને માજહએ હઝરત જાબિર رضی اللہ عنہ થી અને તિબ્રાનીએ હઝરત સમુરહ ઈબ્ને મસ્ઊદથી મરફૂઅન આ પ્રમાણે રિવાયત કરી : انت ومالك لابيك મતલબ એક જ છે, એટલે કે તમે પણ પોતાના બાપના છો, તમારો માલ પણ. જેથી તમારા બાપને હક્ક઼ છે કે તમારાથી જાની ખિદમત પણ લે અને માલી ખિદમત પણ લે.

૩. આ ફ઼ર્માને આલીથી કેટલાક મસ્અલા જાણવા મળ્યા : માલદાર ઔલાદ પર ગરીબ માબાપનો ખર્ચો વાજિબ છે અને જો મા–બાપ માલદાર હોય તેમને ઔલાદના માલની જરૂરત ન હોય તો હદિયા આપતા રહેવું મુસ્તહબ છે. જો બાપ ઔલાદના માલની ચોરી કરે તો તેનો હાથ કપાશે નહીં. જો બાપ પોતાના પુત્રની લોંડીથી સાહેબત કરે તો તેના પર ઝિનાની હદ (સજા) નથી. જો બાપ પોતાના પુત્રને ક઼ત્લ કરી દે તો તેના પર ક઼ેસાસ નથી. યાદ રાખશો કે બાળકને મા લોહી પીવડાવીને ઉછેરે છે, બાપ માલ ખવડાવીને, એટલે જાની ખિદમત મા કરે છે અને માલી ખિદમત બાપ કરે છે. એના કારણે ઈર્શાદ થયો કે જન્નત તમારી માંઓના ક઼દમોની નીચે છે. અને અહીં ઈર્શાદ થયો કે તમે અને તમારા માલ તમારા બાપનાં છે. જેવી પરવરિશ તેવો તેનો શુક્રિયા. આ છે એ સરકાર સૈયદુલ અંબિયા ﷺનો ઈન્સાફ઼.

★ જરૂરતના સમયે દરેક ઝીરહમ (નજીકનાં) સગાનું ભરણપોષણ માલદાર સગા પર વાજિબ છે ★

યાદ રાખશો કે જરૂરતના સમયે દરેક ઝી રહમ સગાનુ ભરણ પોષણ માલદાર સગા પર વાજિબ છે. રબ તઆલા ફ઼ર્માવે છે. وَاٰتِ ذَا الْقُرْبٰى حَقَّهٗ وَالْمِسْكِيْنَ وَابْنَ السَّبِيْلِ (અને સગાઓને તેમનો હક્ક઼ આપ અને મિસ્કીન તથા મુસાફ઼રને. સુ. ઈસ્રા, ૧૭/૨૬) આ જ અહનાફ઼નો મઝહબ છે. ઈમામ શાફ઼ઈને ત્યાં માબાપ સિવાય કોઈ સગાનો ખર્ચ વાજિબ નથી. ઈમામ અહમદને ત્યાં દરેક મોહતાજ સગાનો ખર્ચ વાજિબ છે, ઝી રહમ હોય કે ન હોય. આ સર્વ મસાઈલની દલીલો ફ઼िક़્હની કિતાબો અથવા મિર્ક઼ાતમાં આ જ જગાએ જુઓ. આ હદીષથી એ પણ જાણવા મળ્યું કે બાળકતો વંશ બાપથી છે ન કે માથી.

૪. આ હદીષ સહાબાએ કિરામની એક જમાઅતે વિવિધ શબ્દો વડે નકલ કરી જે વિવિધ મુહદ્દિષોએ વિવિધ અસ્નાદોથી વર્ણવી. જેમ કે તિર્મિઝી, અબૂ દાઉદ તથા નિસાઈએ હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا થી રિવાયત કરી કે બેહતરીન રોજી તે છે જે માણસ પોતાની કમાણીથી ખાય અને ઈન્સાનની ઔલાદ તેની કમાઈથી છે. તિર્મિઝીએ એને હસન કહી. *(મિર્ક઼ાત)*

★ યતીમની દેખભાલ કરનાર જો મિસ્કીન ગરીબ હોય તો યતીમનો માલ ખર્ચી શકે અમુક શરતો ★

★ હદીષ : (૧૪)-૩૩૫૫ ★
وَعنهُ وَعَن أَبِيهِ عَنْ جَدِّهِ: أَنَّ رَجُلًا أَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: إِنِّي فَقِيرٌ لَيْسَ لِي شَيْءٌ وَلِي يَتِيمٌ فَقَالَ: «كُلْ مِنْ مَالِ يَتِيمِكَ غَيْرَ مُسْرِفٍ وَلَا مُبَادِرٍ وَلَا مُتَأَثِّلٍ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَه

''તેમનાથી જ રિવાયત છે, તે પોતાના પિતાથી તે તેમના દાદાથી રાવી કે એક શખ્સ નબી કરીમ ﷺની ખિદમતમાં આવ્યો. બોલ્યો, હું મોહતાજ છું.[૧] મારી પાસે કાંઈ નથી અને મારી પાસે એક યતીમ છે[૨] તો ફ઼ર્માવ્યું, તમારા યતીમના માલથી ખાવ ન ફ઼ુઝૂલખર્ચી કરીને ન જલ્દી કરીને અને ન માલ જમા કરતા રહી.[૩]'' (અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)

૧. અહીં ફ઼કીર મિસ્કીનના અર્થમાં છે, એટલે કે મારી પાસે કાંઈ નથી. અહનાફને ત્યાં ફ઼કીર તે છે જેની પાસે માલ હોય પણ નિસાબથી ઓછો કે તેના પર ન ઝકાત વાજિબ થાય ન ફિત્રા ન કુર્બાની. પણ મિસ્કીન તે છે જેની પાસે કાંઈ પણ ન હોય. ઈમામ શાફ઼ઈને ત્યાં એનાથી ઉલ્ટુ છે પણ એ બંને ઈમામોને ત્યાં દરેક શબ્દ એકબીજાની જગાએ વપરાય થાય છે. અહીં ફ઼કીર, મિસ્કીનની જગાએ વપરાયો.

૨. જેની પાસે વારસાથી મળેલો માલ છે અને તે મારો નજીકનો સગો છે, મારી પરવરિશમાં છે. હું તેનો નિગેહબાન તથા વ્યવસ્થાપક છું.

૩. એટલે તમે તેની ખિદમત તથા પરવરિશ કરો છો અને નાદાર છો એટલા માટે તેના માલથી પોતાની ખિદમતનો હક્ક લઈ શકો છો, પણ ત્રણ પ્રકારની પાબંદી સાથે : એક એ કે જરૂરતથી વધુ માલ ન લો, બીજુ એ કે જરૂરતથી પહેલાં માલ ન લો, જરૂરતના સમયે લો. અથવા ولا مبادر નો અર્થ એ છે કે એ યતીમના બાલિગ થતા પહેલાં તેનો માલ ખત્મ કરી દેવાની કોશિશ ન કરો. રબ તઆલા ફ઼ર્માવે છે : وَلَا تَأْكُلُوْهَآ اِسْرَافًا وَّبِدَارًا اَنْ يَّكْبَرُوْا (અને તેમને ન ખાવ હદથી વધીને અને એ જલ્દીમાં કે ક્યાંક મોટાં ન થઈ જાય. સૂ. નિસાઅ, ૪/૬) ત્રીજુ એ કે કેવળ ટેમ્પરરી વાપરો, ભાવિ માટે ભેગુ ન કરો. એનાથી જાણવા મળ્યું કે યતીમનો વાલી જો મિસ્કીન ગરીબ હોય તો એના માલથી જરૂરત પૂરતુ વાપરે અને વિના જરૂરત હાથ ન લગાડે.

''હઝરત ઉમ્મે સલમાથી રિવાયત છે તે નબી કરીમ ﷺથી રાવી કે હુઝૂર પોતાની બીમારીમાં ફ઼ર્માવતા હતા, નમાઝ[૧] તથા તમારા ગુલામોની નિગરાની કરો[૨].'' (બયહકી, શોઅબુલ ઈમાન)

★ હદીષ : (૧૫)-૩૩૫૬ ★

وَعَنْ أُمِّ سَلَمَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ كَانَ يَقُولُ فِي مَرَضِهِ: «الصَّلَاةَ وَمَا مَلَكَتْ أَيْمَانُكُمْ» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شعب الْإِيمَان

૧. જાહેર એ છે કે الصلوٰة મન્સૂબ છે الزموا છુપા ફેઅલનો મફ઼ઉલ બિહ. એટલે નમાઝની પાબંદી તથા હિફાઝત કરો. મરતા દમ સુધી ન છોડો. જાણવા મળ્યું કે નમાઝ ઘણો જ મહત્વનો ફ઼રીઝો છે કે હુઝૂર ﷺએ ખાસ કરીને એની વસિયત કરી. સઆદતમંદ (નેક નસીબાવાળી) ઔલાદ બાપની વસિયત સખતીથી પૂરી કરે છે. સઆદતમંદ ઉમ્મતી તે છે જે હુઝૂર ﷺની આ વસિયત પર સખ્તીથી પાબંદી કરે. અલ્લાહ તઆલા તૌફીક઼ આપે. મો'મિન મર્યા બાદ ક઼બ્રમાં પણ નમાઝ પઢે છે.

૨. એટલે પોતાનાં લોંડી ગુલામો સાથે સારો વર્તાવ કરો, તેમના હક્કો અદા કરો. અમુક શરહકર્તાઓએ ફ઼ર્માવ્યું કે ماملكت ايمانكم થી મુરાદ માલિકીનો માલ છે. એટલે તમારી માલિકીના માલોનો હિસાબ રાખો. તેમની ઝકાત, કુર્બાની, ફિત્રા વગેરે આપતા રહો. નમાઝ શારીરિક ઈબાદત છે, ઝકાત માલી ઈબાદત, પણ પ્રથમ અર્થ અધિક યોગ્ય છે કે એનાથી લોંડી ગુલામો પર મહેરબાની મુરાદ છે. શક્ય છે કે એનાથી મુરાદ સર્વ માલિકીનાં જાનદાર હોય, લોંડી, ગુલામ, જાનવર વગેરે. આ હદીષ ખૂબ જ જામેઅ (સમૃધ્ધ) છે. અમુક શરહકર્તાઓએ ફ઼ર્માવ્યું કે સલાતથી સર્વ હક્કો અદા કરો, ત્યાં સુધી કે પ્રજા, શાગિર્દ, મુરીદ, નોકર ચાકર, લોંડી ગુલામ, જાનવર સૌના પર જ મહેરબાની કરો અને સૌના હક્કો અદા કરો.

''અને અહમદ તથા અબૂ દાઊદે હઝરત અલી رضی اللہ عنہ થી એ જ પ્રમાણે[૧]''

★ હદીષ : (૧૬)-૩૩૫૭ ★

[16]- 3357 وَرَوَى أَحْمَدُ وَأَبُو دَاوُدَ عَنْ عَلِيٍّ نَحْوَهُ

૧. જામેઅ સગીરમાં છે કે હુઝૂર ﷺએ આ વસિયત બે વાર ફર્માવી. એટલે الصلوة અને مامَلكت ايمانكم બેવાર ફર્માવ્યા, તાકીદના માટે. આ હદીષ અહમદ, નિસાઈ, ઈબ્ને માજહ, ઈબ્ને હબ્બાને વિવિધ રાવીઓથી રિવાયત કરી. જેમ કે અહમદ તથા ઈબ્ને માજહએ હઝરત ઉમ્મે સલમાથી, તિબ્રાનીએ ઈબ્ને ઉમરથી, ઈબ્ને હબ્બાને હઝરત અનસથી. (رضوان الله تعالى عليهم اجمعين) *(મિર્કાત)*

★ સારા અખ્લાક્વાળા હોવું બરકત છે બદ્અખ્લાક્ નહૂસત છે ★

''હઝરત અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી કરીમ عليه الصلوة والسلام *થી રાવી. ફર્માવ્યું, જન્નતમાં દાખલ કરવામાં નહીં આવે બદખુલ્ક્ (બદઅખ્લાક્)[૧] (તિર્મિઝી, ઈબ્ને માજહ)*

★ હદીષ : (૧૭)-૩૩૫૮ ★

وَعَنْ أَبِي بَكْرٍ الصِّدِّيقِ رَضِيَ اللَّهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ:«لَا يَدْخُلُ الْجَنَّةَ سَيِّئُ الْمَلَكَةِ».رَوَاهُ التِّرْمِذِيُّ وَابْن مَاجَه

૧. એટલે બદ ખુલ્ક્, બદખૂ (અસભ્ય, કુટેવવાળો) જન્નતમાં જશે નહીં. પ્રથમ બદ અખ્લાક્ની સજા પામશે પછી જન્નતમાં જશે અથવા જન્નતના આ'લા મક્ામ પર ન જશે અથવા ખુશ ખુલ્ક (સારા અખ્લાક્વાળા) લોકો સાથે ન જશે. જેથી આ હદીષ એ હદીષની વિરૂધ્ધ નથી કે દરેક મુસલમાન જન્નતી છે ભલે મહાન ગુનેહગાર હોય. અને શક્ય છે કે અહીં બદ ખુલ્ક્થી તે શખ્સ મુરાદ હોય જેના અખ્લાક્ અલ્લાહ વ રસૂલની સાથે પણ ખરાબ હોય. તો જાહેર છે કે એવો શખ્સ કાફિર છે અને કાફિર જન્નતમાં ક્દાપિ ન જશે.

★ સદક્ો બુરી મૌતથી બચાવે છે, નેકી ઉમર વધારે છે ★

''હઝરત રાફેઅ ઈબ્ને મકીષથી[૧] કે નબી કરીમ عليه الصلوة والسلام *એ ફર્માવ્યું, ખુશ ખુલ્કી (સારી આદતવાળા, સભ્યતાવાળા) હોવું બરકત છે અને બદખુલ્કી નહૂસત[૨] (અબૂ દાઉદ) અને મસાબીહ સિવાય તે નથી જોવું જે આ હદીષમાં એના પર અધિક છે[૩] આપનું ફર્માન કે* ***સદક્ો બુરી મૌતથી બચાવે છે અને નેકી ઉમર વધારે છે.[૪]*** *''*

★ હદીષ : (૧૮)-૩૩૫૯ ★

وَعَنْ رَافِعِ بْنِ مَكِيثٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «حُسْنُ الْمَلَكَةِ يُمْنٌ وَسُوءُ الْخُلُقِ شُؤْمٌ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَلَمْ أَرَ فِي غَيْرِ الْمَصَابِيحِ مَا زَادَ عَلَيْهِ فِيهِ مِنْ قَوْلِهِ: «والصَّدَقَةُ تَمْنَعُ مِيتَةَ السُّوءِ والبِرُّ زيادةٌ فِي العُمُرِ»

૧. આપ સહાબી છે. સુલહે હુદૈબિયામાં શરીક હતા. બની જહીનાના ક્બીલાથી છે.

૨. એનો અનુભવ વારંવાર થયો છે કે સભ્યતાવાળાની દુનિયા દુરૂસ્ત હોય છે અને બદ ખુલ્ક (બદ અખ્લાક્)ના દુશ્મન ઘરવાળાં પણ અને બહારવાળા પણ હોય છે. સભ્યતાવાળાની ઘર તથા બહારવાળા સૌ તાઝીમ તથા ખિદમત કરે છે. બદ અખ્લાક્વાળો દરેક જગાએ સજા જ પામે છે. અહીં બરકત તથા નહૂસતથી આ જ મુરાદ છે.

૩. સર્વ મુહદ્દિષોની રિવાયતો ત્રણ પર ખત્મ થઈ ગઈ પણ મસાબીહમાં આગલી ઈબારત (લખાણ) અધિક પણ છે કે સદક્ો બુરી મૌતથી બચાવે છે અને નેકી ઉમર વધારે છે, કોઈ મુહદ્દિષે વર્ણવી. માલૂમ નહીં મસાબીહમાં ક્યાંથી લેવામાં આવી. આ સાહિબે મસાબીહ (મસાબીહના લેખક) પર વાંધો નથી પણ મિશ્કાતના કર્તાને મળી નથી.

૪. એટલે કે સખી માણસ અચાનક અને ગફલતની મૌતથી તેમજ બેસબ્રી તથા ફિસ્ક્ો ફુજૂર તથા જુલ્મની

મૌતથી મહફૂઝ રહે છે ان شاءالله તેની મૌત ઝિક્ર ફિક્ર નેક અમલોની હાલતમાં આવી છે. મૃત્યુ બાદ તેને લોકો અચ્છાઈ સાથે યાદ કરે છે. એ જ પ્રમાણે નેકીઓ ઉમર વધારે છે. એ રીતે રબનો હુકમ આ પ્રમાણે છે કે ફલાણો બંદો જો ગુનાહ તથા બદકારી કરતો રહે તો તેની ઉમર પચાસ વરસ છે અને જો નેકીઓ કરે તો તેની ઉમર સો વરસ. આ ઉમરનો વધારો એવો જ છે જેમ કે કહેવામાં આવે છે કે દવા બીમારી દૂર કરે છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે ખુદાનો હુકમ કોઈ ટાળી નથી શકતુ અને મૌત આગળ પાછળ નથી થઈ શકતી. તક઼દીર બદલવાની ચર્ચા અને ઉમર ઘટવા વધવાની તેહક઼ીક઼ અમારી તફસીરે નઈમી, પારા ત્રણમાં જુઓ.

★ જ્યારે તમે કોઈને મારો અને તે ખુદાનો ઝિક્ર કરી દે તો હાથ રોકી લો ★

★ હદીષ : (૧૯)-૩૩૬૦ ★
وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا ضَرَبَ أَحَدُكُمْ خَادِمَهُ فَذَكَرَ اللَّهَ فَارْفَعُوا أَيْدِيَكُمْ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ لَكِنْ عِنْدَهُ «فَلْيُمْسِكْ» بدل «فارفعوا أَيْدِيكُم»

''હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ પોતાના ખાદિમને મારે તો તે અલ્લાહનો ઝિક્ર કરી દે તો તમારા હાથ ઉઠાવી લો[૧] (તિર્મિઝી, બયહક઼ી શોઅબુલ ઈમાન) પરંતુ એમની નજીક આ પ્રમાણે છે કે પોતાનો હાથ રોકી લો એના બદલે કે પોતાના હાથ ઉઠાવી લો.[૨]''

૧. એટલે કે જો તમે તમારી નાફર્માની અથવા તાલીમો તર્બિયતના માટે તમારા ગુલામ, નોકર, શાગિર્દ, પુત્ર પુત્રીને મારો અને તે કહી દે કે અલ્લાહને જામિન કરું છું હવે આવો કુસૂર કરીશ નહીં અને હવે ખુદાને ખાતર મને છોડી દો, તો તમે અલ્લાહના નામનો અદબ કરીને છોડી દો. શરઈ સજાઓ આનાથી અલિપ્ત છે, તે તો મુજરિમ પર પૂરી લાગુ કરવામાં આવશે.

૨. અબૂ દાઊદે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની રિવાયતથી આ હદીષમાં એટલુ ઉમર્યું કે ચહેરા પર ન મારો. એનું કારણ જાહેર છે કે ચહેરો સર્વ અંગોથી ઉચ્ચતાવાળો છે એને ન બગાડો.

★ દરેક બે નજીકના સગામાં જુદાઈ ન પાડો ★

★ હદીષ : (૨૦)-૩૩૬૧ ★
وَعَن أَبِي أيوبَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ فَرَّقَ بَيْنَ وَالِدَةٍ وَوَلَدِهَا فَرَّقَ اللَّهُ بَيْنَهُ وَبَيْنَ أَحِبَّتِهِ يَوْمَ الْقِيَامَةِ» . رَوَاهُ التِّرْمِذِيّ والدارمي

''હઝરત અબૂ એયૂબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે જે શખ્સ મા અને તેના બાળકોમાં જુદાઈ નાખે[૧] તો અલ્લાહ તઆલા ક઼યામતના દિવસે તેના તથા તેના પ્યારાઓ વચ્ચે[૨] જુદાઈ કરી દેશે. (તિર્મિઝી, દારમી)[૩]''

૧. આ જુદાઈની ઘણી સ્થિતિઓ છે અને સૌ મના છે. લોંડી પોતાની પાસે રાખવી અને તેના નાના બાળકને બીજાના હાથે વેચી દેવું, બીજાને ભેટ ઘરી દેવુ, માની અલગ જગાએ અને બાળકને અલગ જગાએ રાખવું. આ હુકમ મા બેટા, બાપ બેટા, દાદા પૌત્ર વગેરે સૌને સવાવે છે. પણ આ હુકમ નાના બાળક માટે છે જે મા વિના ન રહી શકે અને એના વિના મા બેચેન રહે. મોટા બાળકની જુદાઈ કરવી જાઈઝ છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં સાત વરસનો

બાળક મોટો છે. ઈમામ અવઝાઈને ત્યાં જ્યારે બાળક પેશાબ જાજરૂ, સૂવુ ખાવુ અલગથી કરી શકે. આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં બાલિગ વયે પહોંચી જવું છે. અમુક ઉલમા તો ફર્માવે છે કે જાનવરો પર પણ આ જુલ્મ ન કરો કે ઘણા જ નાના બચ્ચાને તેની માથી અલગ કરો.

૨. એટલે કે ક્યામતનો દિવસ જામિઉલ મુતક્રિબીન છે જે દિવસે સર્વ આગલા પાછલા ભેગા થશે અને સગાસંબંધીઓની શફાઅત કામ આવશે, પણ આવો જાલિમ માણસ તે દિવસે પોતાના સગાંઓની મુલાકાત અને તેમની શફાઅત વંચિત રહેશે. યાદ રાખશો કે શરૂ દિવસમાં તો કોઈ કોઈને પૂછશે નહીં, ભાઈ ભાઈથી નાસશે, અને આખરી સ્થિતિ તેનાથી ઉલ્ટી હશે. ત્યાં દરેક દોસ્ત પોતાના દોસ્તને યાદ કરીને મદદ કરશે. એટલા માટે ક્યામતનું નામ હશ્રનો દિવસ છે, જેથી યૌમુત્તનાદ પણ છે.

૩. આ હદીષ અહમદ તથા હાકિમે પણ નકલ કરી. તિબ્રાનીએ હઝરત મઅકલ ઈબ્ને યસારથી આ પ્રમાણે રિવાયત કરી : من فرق فليش منا જેમાં બેટામાં જુદાઈ કરે તે અમારી જમાઅતથી નથી. *(મિક્રાત)*

★ હદીષ : (૨૧)-૩૩૬૨ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: وَهَبَ لِي رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ غلامين أَخَوَيْنِ فَبعث أَحدهمَا فَقَالَ لِي رَسُول صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا عَلِيُّ مَا فَعَلَ غُلَامُكَ؟» فَأَخْبَرْتُهُ. فَقَالَ: «رُدُّهُ رُدُّهُ» . رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه

"હઝરત અલી كرم اللہ وجہہ الکریم થી રિવાયત છે. ફર્માવે છે કે મને રસૂલુલ્લાહ ﷺ એ બે ગુલામ જે આપસમાં ભાઈ હતા[૧] અર્પણ કર્યા. મેં એમનામાંથી એકને વેચી દીધો. રસૂલુલ્લાહ ﷺ એ મને કહ્યું, હે અલી! તમારા ગુલામનું શું થયું? તો મેં આપને એ ખબર આપી[૨] તો ફર્માવ્યું, એને પરત લઈ લો! એને પરત લઈ લો![૩] (તિર્મિઝી, ઈબ્ને માજહ)

૧. અને બંનેવ નાના હતા, અથવા એક મોટો અને સમજદાર હતો અને બીજો નાનો તથા નાસમજ હતો. જેવું કે પાછલી હદીષથી જાણવા મળ્યું. જો બંનેવ મોટા હોય તો એમનામાં અલગતા કરી શકાય છે.

૨. કે મેં એને વેચી નાખ્યો છે, બીજો મારી પાસે છે.

૩. એટલે કે સોદો ફોગ કરીને તેને પાછો લઈ લો. એ મતલબ નથી કે એ સોદો ક્યામ જ નથી થયો. એનાથી જાણવા મળ્યું કે એવો સોદો મકરૂહ છે. ક્યામ થઈ ગયા બાદ તેને તોડી નાખવો બેહતર છે. બે વાર ફર્માવ્યું કે પરત લઈ લો, પરત લઈ લો, તાકીદના માટે છે કે એવા સોદાને તોડી નાખવો ખૂબ જ જરૂરી છે. અમુક રિવાયતોમાં છે : ادرك ادرك આ હદીષથી જાણવા મળ્યું કે કેવળ મા તથા બાળકમાં જ જુદાઈ કરવી મના નથી, બલ્કે દરેક બે ઝી રહમ સગાંમા જુદાઈ ન કરે. આ જ મઝહબ ઈમામ અબૂ હનીફા અને ઈમામ અબૂ યૂસુફનો છે. *(મિક્રાત)*

★ હદીષ : (૨૨)-૩૩૬૩ ★

وَعَنْهُ أَنَّهُ فَرَّقَ بَيْنَ جَارِيَةٍ وَوَلَدِهَا فَنَهَاهُ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ ذَلِكَ فردَّ البَيعَ. رَوَاهُ أَبُو دَاوُد مُنْقَطِعًا

"તેમનાથી જ રિવાયત છે કે તેમણે એક લોંડી અને તેના બાળકમાં જુદાઈ કરી આપી[૧] તો નબી કરીમ عليہ الصلوٰۃ والسلام એ તેમને એનાથી મના કર્યું તો સોદો પરત કરી લીધો." (અબૂ દાઉદ મુન્કતઅન)

૧. એ રીતે કે તેમનામાંથી એક વેચી કાઢયું કે ભેટ આપી દીધું. યાદ રાખશો કે એકને આઝાદ કરી દેવાથી

જુદાઈ કરવું મના નથી, જેથી એક અઝીઝ ગુલામને આઝાદ કરી શકીએ છીએ. એ જ પ્રમાણે જો એ બંને નિકટતાવાળા ગુલામ બાળકોમાંથી એક તે માલિકનો ઝી રહમ હોય બીજો ન હોય તો એ ઝી રહમ તેની માલિકીમાં આવતાં જ આઝાદ થઈ જશે, બીજો ન થયો.

૨. એટલે કે એની અસ્નાદના અમુક રાવી છૂટી ગયા. જેથી આ હદીષ મુન્ક઼તઅ છે મુત્તસિલ નથી.

★ કમજોરો, ગુલામ તથા માબાપ પર પ્રેમભાવ તથા નરમી રાખો ★

★ હદીષ : (૨૩)-૩૩૬૪ ★
وَعَنْ جَابِرٌ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " ثَلَاثٌ مَنْ كُنَّ فِيهِ يَسَّرَ اللَّهُ حَتْفَهُ وَأَدْخَلَهُ جَنَّتَهُ: رِفْقٌ بِالضَّعِيفِ وَشَفَقَةٌ عَلَى الْوَالِدَيْنِ وَإِحْسَانٌ إِلَى الْمَمْلُوكِ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيبٌ

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام થી રાવી. ફર્માવે છે કે જેમાં ત્રણ ખાસિયતો હશે અલ્લાહ તેની મૌત આસાન કરી દેશે[૧] અને તેને પોતાની જન્નતમાં દાખલ કરી દેશે[૨] કમજોર[૩] પર નરમી અને માબાપથી પ્રેમભાવ, ગુલામ સાથે સારો વર્તાવ[૪]. '' (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.

૧. حتف ના ઝબર (ફતહ) અને ت તથા ى ના જઝમથી. અર્થ : મૌત તથા હલાકત તથા મૌતની સકરાત. એનાથી છે હતફ અન્ફ. એટલે બિસ્તર પર પડીને મરવું. અરબવાસીઓનો ખયાલ હતો કે ઝખ્મીના ઝખ્મથી જાન નીકળે છે અને ઝખ્મી ન હોય તેના નાકથી નીકળે છે. એટલા માટે તેઓ ક઼ત્લથી બીજી મૌતને હતફ અનફ કહેતા હતા. એટલે કે જે શખ્સમાં આ ત્રણ ખૂબીઓ ભેગી થાય તેની સકરાત અલ્લાહ આસાન કરી આપશે.

૨. શરૂથી જ સજા આપ્યા વિના. નહીં તો દરેક મો'મિન ચાહે કેટલોય ગુનેહગાર હોય છેવટે જન્નતમાં જરૂર જશે. (આનાથી ઈમાન કેટલુ મહત્વનું છે તે વિચારો અને તેની સલામતી બાબતે સાવધાન તથા ગંભીર રહો. –અનુવાદક)

૩. કમજોર ચાહે શારીરિક રીતે કમજોર હોય અથવા માલી હૈસિયતથી અથવા બુદ્ધિથી, જેમ કે બાળકો તથા પાગલ, બેવૂકફ઼, તેમના પર મહેરબાની કરો. એ જ પ્રમાણે માબાપની ખિદમત પણ કરો અને તેમની નારાજીથી ડરો પણ, શફ઼ક઼ત, શફ઼ક઼થી બન્યું ખૌફ઼ તથા ડર, શફ઼કત મહોબ્બત અથવા મહેરબાનીને કહે છે જેમાં ડર પણ હોય. મમ્લૂક (માલિકી)માં લોંડી ગુલામ, જાનવર વગેરે સૌ સામેલ છે. આ શબ્દો ઘણા જ સમૃદ્ધ છે. એહસાનથી મુરાદ હક્કો ઉપરાંત તેમના પર મહેરબાની કરવી.

★ નમાઝીને નમાઝ જ દુરુસ્ત કરી દેશે, મારપીટની જરૂરત ન રહેશે ★

★ હદીષ : (૨૪)-૩૩૬૫ ★
وَعَنْ أَبِي أُمَامَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم وَهَبَ لِعَلِيٍّ غُلَامًا فَقَالَ: «لَا تَضْرِبْهُ فَإِنِّي نُهِيتُ عَنْ ضَرْبِ أَهْلِ الصَّلَاةِ وَقَدْ رَأَيْتُهُ يُصَلِّي» . هَذَا لفظ المصابيح

''હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ જનાબ હઝરત અલી رضی اللہ عنہ ને એક ગુલામ આપ્યો તો ફર્માવ્યું, એને મારશો નહીં[૧] કેમ કે મને નમાઝીઓની મારથી મના કરવામાં આવેલ છે[૨] અને મેં એને નમાઝ પઢતાં જોયો છે[૩] આ મસાબીહના શબ્દો છે.''

૧. એટલે કે જો તમારો કોઈ અંગત કુસૂર કરે તો શક્ય ત્યાં સુધી તેને ન મારશો, માફ કરી દેજો અથવા ધમકાવી દેજો.

૨. એટલે કે મને મારા રબે પોતાના અંગત મામલાઓમાં નમાઝીઓને મારવાથી મના કર્યું છે. આ મારથી

મુરાદ શરઈ હદો (સજાઓ) તથા તઅઝીરાત (દંડ, સજા) સિવાયના મારથી. નમાઝીને શરઈ સજાઓ માફ ન થશે. તોહમતના એંસી કોરડા મારવામાં જ આવશે, વગેરે વગેરે.

૩. મતલબ એ છે કે, ઈન્શા અલ્લાહ ! નમાઝી માણસને નમાઝ જ દુરુસ્ત કરી આપે છે, તેને મારપીટની જરૂરત જ નથી પડતી. રબ તઆલા ફર્માવે છે : اِنَّ الصَّلٰوةَ تَنْهٰى عَنِ الْفَحْشَآءِ وَالْمُنْكَرِ (બેશક ! નમાઝ મના કરે છે બેહયાઈ તથા બુરી વાતોથી. સૂરએ અન્કબૂત, ૨૯/૪૫) એ વખતે આકસ્મિક રીતે તેનાથી કોઈ કુસૂર થઈ જાય તો એને મારો છો શા માટે ! તે ઈન્શાઅલ્લાહ ! નમાઝની બરકતથી ઠીક થઈ જશે. આ હદીષ આપણને ગુનેહગારોના માટે ખૂબ આશા પેદા કરનારી છે. અલ્લાહ તઆલા નમાઝની પાબંદી અને જમાઅતની તૌફીક આપે તો ઈન્શા અલ્લાહ ! દુનિયાની મારથી પણ બચી જઈશું અને રબ તઆલા અને તેના મહબૂબ ﷺ આખેરતની સજાથી પણ બચાવશે. જ્યારે અહીં શફાઅત થઈ રહી છે તો ત્યાં પણ શફાઅત થશે. (શેઅર)

આજ જો અયબ કિસી પર નહીં ખુલને દેતે—કબ વો ચાહેંગે મેરી હશ્રમેં રુસ્વાઈ હો

★ હદીષ : (૨૫)-૩૩૬ ★

وَفِي «الْمُجْتَبَى» لِلدَّارَقُطْنِيِّ: أَنَّ عُمَرَ بْنَ الْخَطَّابِ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: نَهَانَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ ضَرْبِ الْمُصَلِّينَ

"અને દારકુત્નીના મુજતબામાં છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે અમને રસૂલુલ્લાહ ﷺ એ નમાઝીઓને મારવાથી મના કર્યું[૧]."

૧. ઈમામ જઝરી ફર્માવે છે કે આ હદીષ અસ્નાદની રૂએ સહીહ છે. એને ઈમામ અહમદે પોતાના મુસ્નદમાં એ રીતે રિવાયત કરી કે હુઝૂર ખૈબરથી પરત તશરીફ લાવ્યા. હુઝૂર عليہ الصلوٰۃ والسلام ની પાસે બે ગુલામ હતા. એક હઝરત અલીને અતા કર્યો અને તેમને તાકીદ કરી કે એને મારશો નહીં એ નમાઝી છે. અમે તેને નમાઝ પઢતાં જોયો છે. તેની અસ્નાદમાં અબૂ ગાલિબ બસરી છે, તે સહીહુલ હદીષ છે. તિર્મિઝીએ તેમની રિવાયતોની તસ્હીહ કરી છે, જેથી હદીષ સહીહ છે. *(મિર્કાત)*

★ હદીષ : (૨૬)-૩૩૭ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: جَاءَ رَجُلٌ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ كم نَعْفُو عَنِ الْخَادِمِ؟ فَسَكَتَ ثُمَّ أَعَادَ عَلَيْهِ الْكَلَامَ فصمتَ فلمَّا كانتِ الثَّالثةُ قَالَ: «اعفُوا عَنْهُ كُلَّ يَوْمٍ سَبْعِينَ مَرَّةً» . رَوَاهُ أَبُو دَاوُد

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયો. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે ખાદિમને કેટલીવાર માફ કરીએ ? હુઝૂર ખામોશ રહ્યા[૨]. તેણે ફરી એ સવાલ દોહરાવ્યો પણ આપ ખામોશ રહ્યા. પછી જ્યારે ત્રીજીવાર સવાલ થયો[૩] તો ફર્માવ્યું, તેને દરેક દિવસમાં સિત્તેરવાર માફી આપો[૪]." (અબૂ દાઉદ)

૧. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર વાવની સાથે છે પણ સહીહ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરની આ રિવાયત છે.

૨. ક્યાં તો એટલા માટે ખામોશ રહ્યા કે એનો એ સવાલ પસંદ ન આવ્યો, કેમ કે એ વાત પૂછવાની નથી, નફસયાતી ચીજ છે કે જો અધિક માફી આપવાથી ગુલામ બગડે છે તો ક્યારેક કાંઈક ધમકાવી કાઢો. અથવા એટલા

માટે ખામોશ રહ્યા કે અલ્લાહની વહીની રાહ જોતા હતા. અથવા એટલા માટે ખામોશી અપનાવી જેથી હુઝૂર ﷺનો જવાબ પૂછનારના દિલમાં બેસી જાય કે જેથી જ ખૂબ ઈંતેઝાર પછી મળે છે તેની ક़દર હોય છે. ફકીરની નજીક આ ત્રીજુ કારણ મજબૂત છે. અશિઅ્હ તથા મિર્ક़ાતે પહેલાં બે કારણો બતાવ્યાં.

૩. આ ત્રણેવ વાર સવાલ એક જ મજલિસમાં થયા. અમુક શરહકર્તાઓએ ثم થી સમજ્યું કે આ સવાલોમાં કેટલાય દિવસોનું અંતર હતું કે તે શખ્સ બે ચાર દિવસના ગાળાથી આવતો અને આ સવાલ કરતો હતો. પણ એ સહીહ નથી, ثم એટલા માટે કહેવામાં આવ્યું કે પ્રશ્ન કરનારે થોડીક વાર જવાબની રાહ જોઈને ફરી સવાલ કર્યો, સતત ન કર્યો.

★ શરઈ, ફ़ૌમી તથા મુલ્કી કુસૂર માફ નથી કરી શકાતા ★

૪. અરબીમાં સિત્તેરનો શબ્દ અધિક પ્રમાણ બતાવવા માટે વપરાય છે, એટલે કે દરરોજ તેને ઘણી બધી વાર માફી આપો. આવું એ સ્થિતિમાં થશે કે ગુલામથી ભૂલથી ગલતી થઈ જતી હોય, નફ્સની ખરાબીના કારણે ન હોય, અને કુસૂર પણ માલિકનો અંગત હોય, શરીઅતનો ક્યાં તો ફ़ૌમી અથવા મુલ્કી કુસૂર ન હોય, કે એ કુસૂર માફ કરવામાં નથી આવતા.

★ હદીષ : (૨૭)-૩૩૬૮ ★
وَرَوَاهُ التِّرْمِذِيُّ عَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍو

તિર્મિઝીએ અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રની રિવાયતથી[૧].

૧. આ હદીષ બુખારીએ પોતાની તારીખમાં, ઈબ્ને યૂનુસે તારીખે મિસ્રમાં પણ નક़્લ કરી. બુખારીએ પોતાની તારીખમાં અબ્બાસ ઈબ્ને ખુલ્હદની અસ્નાદથી નક़્લ કરી અને ફર્માવ્યું કે એની અસ્નાદમાં ઈઝ઼તેરાબ છે. *(મિર્ક़ાત)*

★ જે ગુલામ તથા જાનવર માફ્કસરનો હોય તેની કદર કરો, જે માફક ન હોય તેને વેચી દો ★

★ હદીષ : (૨૮)-૩૩૬૯ ★
وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ لَاءَمَكُمْ مِنْ مَمْلُوكِيكُمْ فَأَطْعِمُوهُ مِمَّا تَأْكُلُونَ وَاكْسُوهُ مِمَّا تَكْسُونَ وَمَنْ لَا يُلَائِمُكُمْ مِنْهُمْ فَبِيعُوهُ وَلَا تُعَذِّبُوا خَلْقَ اللّٰهِ» . رَوَاهُ أَحْمد وَأَبُو دَاوُد

"હઝરત અબૂ ઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારા ગુલામોમાંથી જે તમારા માફ્કસરના હોય[૧] તો એમાંથી એને ખવડાવો જે ખુદ ખાવ છો, અને પહેરાવો એમાંથી જે ખુદ પહેરો છો[૨] અને જે માફક ન થયો તેને વેચી દો, અલ્લાહની મખ્લૂક़ને અઝાબ ન આપો[૩]." (અહમદ, અબૂ દાઊદ)

૧. لائم يلائم બાબે મુફાએલાથી છે ملائمة મુવાફિકત (રાસ આવવા)ના અર્થમાં, એનાથી છે મલાઈમ, મુવાફિક़ તથા યોગ્યના અર્થમાં. એટલે કે જે ગુલામની તબીઅત તમારાથી મળી જાય, જે તમારા સ્વભાવના પ્રમાણે હોય.

૨. એટલે કે એવા ગુલામની ક़દર કરો જે તમારી ખિદમતમાં ઉણપ નથી વર્તતો, તમે તેની ચાકરીમાં કમી ન કરો. માફ્કસરનો માણસ મુશ્કેલીથી મળે છે. માણસને ઓળખવું મહાન કળા છે. જે ઘરમાં માણસને ઓળખવાની કળા ન હોય તે ઘર વિરાન થઈ જાય છે અને જે દેશમાં માણસ ઓળખવાની કળા ન હોય તે દેશ બર્બાદ થઈ જાય છે. ફારૂકી તથા સિદ્દીક़ી યુગમાં સારા બુરા માણસની ઓળખની કળા હતી, જેનાથી દેશ તથા ક़ૌમમાં રોનક લાગી ગઈ હતી. પોતાના ખાવા તથા લિબાસમાંથી તેને ખવડાવવું પહેરાવવું ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) હુકમ છે જેનાથી ગુલામ ખુશ થઈને અધિક વધુ ખિદમત કરશે.

૩. એટલે તેને પોતાની પાસે રાખો, મારો પીટો નહીં કે એનાથી તમને પણ તકલીફ થશે અને તેને પણ. ઉલમા ફ઼ર્માવે છે કે આ જ હુકમ માફકસરનું અને માફક ન હોય તેવા જાનવરનો છે કે પસંદ આવે તો તેની ખિદમત કરો, નરમીથી કામ લો, નાપસંદ હોય તો વેંચી દો.

★ જાનવરનો ચારો પાણી માલિક પર વાજિબ છે ★

"હઝરત સુહેલ ઈબ્ને હંઝલિયાથી[૧] રિવાયત છે. ફ઼ર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એક ઊંટ પાસેથી પસાર થયા જેની પીઠ પેટથી મળી ગઈ હતી[૨] તો ફ઼ર્માવ્યું, આ બેઝબાન જાનવરમાં અલ્લાહથી ડરો[૩] તેમના પર સવાર થાવ જ્યારે તે સવારીને લાયક હોય[૪] અને તેમને છોડી આપો લાયક સવારીની હાલતમાં[૫]." (અબૂ દાઉદ)

★ હદીષ : (૨૯)-૩૩૭૦ ★

وَعَن سهلِ بنِ الحَنظلِيَّةِ قَالَ: مَرَّ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِبَعِيرٍ قَدْ لَحِقَ ظَهْرُهُ بِبَطْنِهِ فَقَالَ: «اتَّقُوا اللَّهَ فِي هَذِهِ الْبَهَائِمِ الْمُعْجَمَةِ فَارْكَبُوهَا صَالِحَة واترُكوها صَالِحَة» . رَوَاهُ أَبُو دَاوُد

૧. સુહેલના વાલિદનું નામ રબીઅ ઈબ્ને અમ્ર છે. હંઝલિયા ક્યાં તેમનાં પરદાદીનું નામ છે અથવા તેમનાં માનુ નામ છે. હઝરત સુહેલ બયઅતુર્રિદ્વાનમાં શરીક હતા. ગોશાનશીન આબિદ હતા. શામમાં વસવાટ કર્યો. અમીર મુઆવિયહ رضی اللہ عنہ ની ખિલાફ઼તની શરૂઆતમાં દમિશ્કમાં વફ઼ાત પામ્યા. *(અશિઅહ તથા મિર્ક઼ાત)*

૨. ઉલમા ફ઼ર્માવે છે કે જાનવર પર જુલ્મ કરવો એ ઈન્સાન પર જુલ્મ કરવાથી બુરો છે, કે માણસ તો પોતાનું દુ:ખદર્દ કોઈને કહી શકે છે, બેઝબાન જાનવર કોઈને ફ઼રિયાદ પણ નથી કરી શકતું. આ હદીષથી જાણવા મળ્યું કે જાનવરનું ચારો પાણી માલિક પર વાજિબ છે. અમુક ઈમામોને ત્યાં જાલિમ માલિકને હાકિમ જાનવર વેચી દેવા મજબૂર કરી શકે છે.

૪. એટલે કે જે જાનવર સવારીના લાયક હોય તેના પર સવાર થાવ. બીમાર તથા કમજોર નાના બચ્ચા પર ન સવાર કરો ન બોજ લાદો. આ છે ઈસ્લામી અદ્લો ઈન્સાફ઼ ! અને આ છે હુઝૂર ﷺ ની મખ્લૂક઼ પર રહમત. આજે હુકૂમતો જાનવરોના વિશે કાયદા બનાવે છે, જાલિમ માલિકોના ચલણ કાપે છે, તેમનો માખઝ આ હદીષ છે.

★ વૃદ્ધોને પેન્શન આપવાનો આધાર આ હદીષ છે ★

૫. આ વાક્યના બે મતલબ થઈ શકે છે : એક એ કે જાનવરને તદ્દન થકવીને ન છોડો, બલ્કે હજી એનામાં તાકત હોય એવી સ્થિતિમાં તેને છોડી આપો કે તે દાણા પાણી ખાય પી લે, જેનાથી જાનવરની તંદુરસ્તી તથા શક્તિ ખરાબ ન થશે. બીજુ એ કે જાનવરને વૃદ્ધ નકામુ કરીને મહેનતથી આઝાદ ન કરો, બલ્કે હજી એમાં કાંઈક શક્તિ હોય કે એનાથી કામ લેવાનું અટકાવી દો. ગાય, ભેંસ વગેરે છે તો તેને ઝબહ કરાવી દો. ઘોડો વગેરે છે તો તેને કામથી આઝાદ કરી દો. કાંઈક ખોરાક ચાલુ રાખો, એનાથી અલ્લાહ તઆલા તમારા પર રહમ ફ઼ર્માવશે અને તમારા ઘરમાં બરકત આપશે. આ ખૂબ જ અજમાવાયેલો અમલ છે. અમુક લોકો વૃદ્ધ જાનવરોને કાઢતા નથી, બલ્કે કામથી આઝાદ કરી દે છે, દાણા પાણી ચાલુ છે. એ જ ગુલામો નોકરો સાથે વર્તાવ કરો. વૃદ્ધ નોકરોને પેન્શન આપવામાં આવે છે, એનો માખઝ આ હદીષ હોય શકે છે. (શેઅર)

رسم است کہ مالکان تحریر　　آزاد کنند بندہ پیر

اے بار خدا عالم آرا　　.برسعدی پیر خود بہ بخشا

અર્થાત : દુનિયાનો એ રિવાજ છે કે માલિક વૃદ્ધ ગુલામને આઝાદ કરી આપે છે. હે દુનિયાને પેદા કરનાર રબ ! તારા વૃદ્ધ 'સઅદી' પર રહમ કર.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (30)-3307 ★

عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: لَمَّا نَزَلَ قَوْلُهُ تَعَالَى (وَلَا تَقْرَبُوا مَالَ الْيَتِيمِ إِلَّا بِالَّتِي هِيَ أحسن)وَقَوْلُهُ تَعَالَى: (إِنَّ الَّذِينَ يَأْكُلُونَ أَمْوَالَ الْيَتَامَى ظُلْمًا)الْآيَةَ انْطَلَقَ مَنْ كَانَ عِنْدَهُ يَتِيمٌ فَعَزَلَ طَعَامه من طَعَامَهُ وَشَرَابَهُ مِنْ شَرَابِهِ فَإِذَا فَضَلَ مِنْ طَعَامِ الْيَتِيمِ وَشَرَابِهِ شَيْءٌ حُبِسَ لَهُ حَتَّى يَأْكُلَهُ أَوْ يَفْسُدَ فَاشْتَدَّ ذَلِكَ عَلَيْهِمْ فَذَكَرُوا ذَلِكَ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَنْزَلَ اللَّهُ تَعَالَى: (وَيَسْأَلُونَكَ عَنِ الْيَتَامَى قُلْ: إِصْلَاح لَهُم خير وَإِن تخالطوهم فإخوانكم)فَخَلَطُوا طَعَامَهُمْ بِطَعَامِهِمْ وَشَرَابَهُمْ بِشَرَابِهِمْ. رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, ફર્માવે છે : જ્યારે અલ્લાહ તઆલાનું આ ફર્માન નાઝિલ થયું કે યતીમના માલની પાસે ન જાવ પણ એ તરીકાથી જે સારો હોય[1] અને એ ફર્માન નાઝિલ થયું કે જે લોકો જુલ્મની રીતે યતીમોનો માલ ખાય છે[2] તો જેમની પાસે યતીમ હતા તે ચાલ્યા, તેમનુ ખાવા પોતાના ખાવાથી અને તેમનું પાણી પોતાના પાણીથી અલગ કરી આપ્યું. તો જ્યારે યતીમના ખાવા પીવાથી કાંઈ બચી જતુ તો તેના માટે રાખી લેતા, ત્યાં સુધી કે ક્યાં તો યતીમ ખાય પી લે તો અથવા તે ચીજ બગડી જતી. એ લોકોને એ ખૂબ જ ખરાબ લાગ્યું[3]. તો રસૂલુલ્લાહ ﷺ ને તેમણે આ અર્ઝ કર્યુ[4] ત્યારે આ આયત અલ્લાહે ઉતારી કે, લોકો આપનાથી યતીમોના વિશે પૂછે છે. ફર્માવી દો એમની સુધારણા બેહતર છે, જો તમે એમને પોતાની સાથે મિલાવી લો તો એ તમારા ભાઈ છે. ત્યારે તેમણે તેમનુ ખાવા પોતાના ખાવા સાથે અને તેમનું પાણી પોતાના પાણી સાથે મિલાવ્યું[5]." (અબૂ દાઉદ, નિસાઈ)

૧. નજીક જવાથી મના કર્યું એ અતિશયોક્તિ માટે છે. એટલે કે યતીમનો માલ ખાવો તો દૂર રહ્યો તેની નજીક પણ ન જાવ, એને હાથ પણ ન લગાડો. જેવી રીતે રબ તઆલાએ હઝરત આદમ عليه السلام તથા હવ્વાને ફર્માવ્યું હતું કે આ ઝાડની નજીક પણ ન જશો.

૨. જો કે આયતે કરીમામાં "જુલ્મની રીતે"ની શર્ત હતી પણ સહાબાએ કિરામે ખૌફે ઈલાહીના કારણે એ તરફ નજર જ ન કરી. તેઓ સમજ્યા કે કદાચ યતીમનો માલ મિલાવવાની સ્થિતિમાં તેનો જે ટુકડો કે ટીપુ અમારા પેટમાં પહોંચી જાય તે પણ આગ જ હોય, અથવા એને જુલ્મ ન સમજીએ અને હક઼ીક઼તમાં એ જુલ્મ હોય. જેથી એ વાંધો નથી થઈ શકતો કે હઝરાત સહાબા કલામે ઈલાહીના હેતુથી બેખબર હતા. તક઼વો કાંઈ અલગ જ ચીજ છે.

૩. આ સ્થિતિમાં યતીમનો ખર્ચ પણ કાંઈક વધારે થવા લાગ્યો અને તેમના વાલીઓને તકલીફ પણ વધારે થઈ. કેમ કે એક માણસ માટે અલગ ખાવા રાંધવામાં ઘણો ખર્ચો પડે છે અને કામ પણ ડબલ થઈ જાય છે, ખાસ કરીને જ્યારે કે મીઠુ મરચુ, લાકડી વગેરે અલગ રાખવામાં આવે, પછી વધેલી ચીજને સંભાળવી, ખરાબ થઈ જવા પર ફેંકવું તકલીફદાયક છે.

૪. જાણવા મળ્યું કે સહાબાએ કિરામને જે કાંઈ રબ તઆલાથી અર્ઝ કરવાનુ હોતુ તે હુઝૂર ﷺ થી અર્ઝ કરતા

હતા. કુર્આની હુકમના કારણે તેમને મુશ્કેલી થઈ તો બારગાહે રિસાલતમાં આવીને અરજ કરી અને રબ તઆલા પણ તેમની અર્ઝ પર તેમની મદદ કરતો હતો.

★ સફરમાં સાથી બીમાર પડે તો તેના માલથી ઈલાજ તથા કફન દફન કરી શકાય છે ★

૫. મતલબ એ છે કે યતીમનો માલ બુરા ઈરાદાથી જુલ્મની રીતે ખાવો મના છે. તમે આ હુકમથી અલિપ્ત છો કે તમારી નિય્યત સુધારણાની છે. આ આયતના આધારે ઉલમાએ ફર્માવ્યું કે જો સફરમાં કોઈ સાથી બીમાર થાય કે મૃત્યુ પામે તો બીજા સાથી તેનો માલ તેના ઈલાજ અથવા કફન દફન પર ખર્ચ કરી શકે છે. હઝરત ઈમામ મુહમ્મદથી કેટલાક લોકોએ અર્ઝ કર્યું કે અમે લોકો હજ્જ માટે જઈ રહ્યા હતા એવામાં એક સાથી મૃત્યુ પામ્યો. અમે તેનો માલ વેચી દીધો. એનો શું હુકમ છે ? તો આપે ફર્માવ્યું કે જો તમે એવું ન કરત તો ફ઼કીહ ન હોત. એ સમયે મસ્લેહત એમાં જ હતી, નહીં તો તેનો વજનદાર માલ સામાન બર્બાદ થઈ જાત. ખુદ ઈમામ મુહમ્મદે પોતાના એક શાગ્રિદની કિતાબો વેચીને તેના કફન દફન પર ખર્ચ કર્યો. લોકોએ પૂછયું કે તેણે મરતી વખતે એની વસિયત તો ન કરી હતી ? આપે આ જ આયત પઢી : وَاللّٰهُ يَعْلَمُ الْمُفْسِدَ مِنَ الْمُصْلِحِ (''અને ખુદા સારી રીતે જાણે છે બગાડનારને સંવારનારાથી.'' સૂરએ બક઼રહ, ૨/૨૨૦) *(મિર્ક઼ાત વ ફ઼ત્હુલ કદીર)*

''હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે લઅનત ફર્માવી રસૂલુલ્લાહ ﷺ એ એના પર જે બાપને તેના બાળકથી અને ભાઈને તેના ભાઈથી V , U SZ[¹. '' (ઈબ્ને માજહ, દાર કુત્ની)

★ હદીષ : (૩૧)-૩૩૭૨ ★

وَعَن أَبِي مُوسَى قَالَ: لَعَنَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ فَرَّقَ بَيْنَ الْوَالِدِ وَوَلَدِهِ وَبَيْنَ الْأَخِ وَبَيْنَ أَخِيهِ. رَوَاهُ ابْنُ مَاجَهْ وَالدَّارَقُطْنِيُّ

૧. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની ક઼વી (મજબૂત) દલીલ છે કે કેવળ બાપ બેટામાં જ જુદાઈ કરવી મના નથી બલ્કે દરેક બે ઝી રહમ સગા વહાલાને જુદા પાડવાં મના છે. આ હુકમ ઘણા નાના બાળકના વિશે છે જે બીજા સગા વિના ગુજારો ન કરી શકે. તેની સ્થિતિઓ પહેલાં વર્ણન થઈ ચૂકી. મા બેટા અથવા ભાઈ ભાઈ એક શખ્સની માલિકીમાં હોય તે એમનામાંથી કોઈ એકને હેબા કરી (ભેટ) દે, અથવા વેચી દે એ હરામ છે. એ બંનેવ પોતાની પાસે રાખે અથવા બંનેવ એકને જ આપે જેથી તે સાથે રહે. જાનવરના નાના બાળકને તેની માથી અલગ કરી દેવું હરામ છે.

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ની પાસે જ્યારે કેદી લાવવામાં આવતા તો આપ સર્વ ઘરવાળાઓ એકને એકઠા આપતા[¹] એવું નાપસંદ કરીને કે એમનામાં જુદાઈ પાડે[²]. '' (ઈબ્ને માજહ)

★ હદીષ : (૩૨)-૩૩૭૩ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أُتِيَ بِالسَّبْيِ أَعْطَى أَهْلَ الْبَيْتِ جَمِيعًا كَرَاهِيَةَ أَنْ يفرق بَينهم. رَوَاهُ ابْن مَاجَه

૧. આ વાક્યના બે અર્થો થઈ શકે છે : એક એ કે اعطی اهل البیت નો મફ઼ઉલ અવ્વલ હોય અને મફ઼ઉલ દોમ પોશીદા. એટલે ગુલામોનું પૂરૂ કુટુંબ મા, બાળકો, ભાઈ બહેન વગેરે એક જ મુસલમાનને અર્પણ કરતા. એવું ન કરતા કે મા કોઈને તો બાળક કોઈને. બીજુ એ કે اهل البیت મફ઼ઉલ હોય અને اعطی નો પ્રથમ મફ઼ઉલ તે કેદી હોય જે હમણા મજકૂર થયા. એટલે કે કેદી એક ઘરવાળા મો'મિનને અતા કરતા. પ્રથમ અર્થ અશિઅ્તુલ લમ્આ્તે અપનાવ્યો, બીજો અર્થ મિર્ક઼ાતે મક઼સદ એક જ છે કે કેદી ગુલામોને એકઠા રાખે.

૨. આ અમલ શરીફ઼ એ સ્થિતિમાં હતો કે એ કેદીઓમાં અમુક ઘણા નાના નાસમજ બાળક હોતાં કે જુદાઈ કરવાથી તેમની પરવરિશ મુશ્કેલ થઈ જતી અને માને તકલીફ઼ થતી. યુવાન લોંડી ગુલામોમાં જુદાઈ કરવી જાઈઝ છે, એને તકલીફ઼ નથી થતી.

★ બીવી બચ્ચાંને છોડીને એકલો ખાય તે બદ્તરીન શખ્સ ★

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, કે રસૂલુલ્લાહ ﷺ એ ફ઼ર્માવ્યું, શું હું તમારામાંના બદ્તરીન લોકોની ખબર ન આપુ ? એ તે છે જે એકલો ખાય[૧] અને પોતાના ગુલામને કોરડા મારે અને તે પોતાની અતા[૨] રોકે." (રઝીન)

★ હદીષ : (33)-૩૩૭૪ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أَلَا أُنَبِّئُكُمْ بِشِرَارِكُمْ؟ الَّذِي يَأْكُلُ وَحْدَهُ وَيَجْلِدُ عَبْدَهُ وَيَمْنَعُ رِفْدَهُ» . رَوَاهُ رزين

૧. ક્યાં તો કંજૂસાઈને કારણે એકલો ખાય, બાળકો તથા ઘરવાળાં તેનું મોં તાકે અને એ ઉમદા ખાણાઓ એકલો ખાય. તેમને મામૂલી ખાણા ખવડાવે. અથવા તકબ્બુર કે ઘમંડના કારણે કોઈની સાથે ખાવાનુ માન્ય ન રાખે. જો ગરીબી અને જરૂરતના કારણે એકલો ખાય તો મના નથી. એક શખ્સ ઘરનો બોજ ઉઠાવે છે, મહેનત કરે છે એટલા માટે કાંઈક શક્તિવાળો ખોરાક ખાય છે જેથી કામકાજ કરી શકે, અને એ ચીજ થોડી સરખી છે, સૌને પૂરતી થાય તેમ નથી તો વાંધો નથી. આ સ્થિતિમાં અલગ રીતે ખાવું જોઈએ. સૌની સામે ખાવું એ બેમુરવ્વતી છે. *(અઝ : મિર્ક઼ાત મઅ ઝિયારત)*

૨. એટલે કે બેકુસૂર ગુલામો, હાથ હેઠળનાંઓને મારે પીટે અને ઘરવાળાં, મહેમાનો, નોકરોને તેમનો હક્ક઼ ન આપે. કંજૂસ પણ હોય બદ્ અખ્લાક઼ પણ હોય, તેને બદ્તરીન એટલા માટે કહ્યો કે બંદાઓના હક્ક઼ો મારે છે, રબ તઆલાની નાફ઼ર્માની કરે છે.

"હઝરત અબૂ બક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼ર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફ઼ર્માવ્યું, કે બદ્ ખુલ્ક઼ (કડવાં સ્વભાવવાળો) માણસ જન્નતમાં જશે નહીં[૧]. લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું આપે એમને એ ખબર નથી આપી કે આ ઉમ્મત સર્વ ઉમ્મતોથી વધુ ગુલામો અને યતીમોવાળી છે[૨] ફ઼ર્માવ્યું, હા ! તમે એમના પર તમારી ઔલાદની જેમ મહેરબાની કરો અને તેમને એનાથી ખવડાવો જે ખુદ ખાવ છો[૩] લોકોએ અર્ઝ કરી કે અમને કેટલી દુનિયા ફાયદો આપશે[૪] એ ઘોડો જેને તમો પાળો જેના પર અલ્લાહની રાહમાં જેહાદ કરો. અને એક ગુલામ તમારા માટે પૂરતો છે[૫]. જ્યારે તે નમાઝ પઢે તો તમારાં ભાઈ છે[૬]." (ઈબ્ને માજહ)

★ હદીષ : (૩૪)-૩૩૭૫ ★

وَعَنْ أَبِي بَكْرٍ الصِّدِّيقِ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَدْخُلُ الْجَنَّةَ سَيِّئُ الْمَلَكَةِ» . قَالُوا:يَا رَسُولَ اللَّهِ أَلَيْسَ أَخْبَرْتَنَا أَنَّ هَذِهِ الْأُمَّةَ أَكْثَرُ الْأُمَمِ مَمْلُوكِينَ وَيَتَامَى؟ قَالَ: «نَعَمْ فَأَكْرِمُوهُمْ كَكَرَامَةِ أَوْلَادِكُمْ وَأَطْعِمُوهُمْ مِمَّا تَأْكُلُونَ» . قَالُوا: فَمَا تنفعنا الدُّنْيَا؟ قَالَ:«فَرَسٌ تَرْتَبِطُهُ تُقَاتِلُ عَلَيْهِ فِي سَبِيلِ اللَّهِ وَمَمْلُوكٌ يَكْفِيكَ فَإِذَا صَلَّى فَهُوَ أَخُوكَ» . رَوَاهُ ابْنُ مَاجَهْ

૧. سيّئ الملكة એને કહે છે જે પોતાની માલિકીના ગુલામો લોંડીઓથી બદ્ ખુલ્કી (અસભ્ય વર્તાવ) કરે, તેમની

સાથે બુરો વર્તાવ કરે. આ હદીષ આ પ્રકરણમાં પહેલાં પણ આવી ગઈ છે પણ અહીં વધારા સાથે છે.

૨. સવાલનો મક઼સદ એ છે કે હુઝૂર ﷺએ ખબર આપી છે કે આ ઉમ્મતને રબ તઆલા મુલ્કોની ફતહો ખૂબ આપશે જેનાથી તેમને ગુલામ લોંડીઓ ઘણી હાથ લાગશે અને સૌ ગુલામો સાથે સારો વર્તાવ કરવો મુશ્કેલ છે, તો પછી અમે લોકો જન્નતમાં કઈ રીતે જઈ શકીશું ? જ્યારે કે હુઝૂરે ખબર આપી છે કે મારી ઉમ્મત વધારે જન્નતી છે, ત્યાં સુધી કે જન્નતીઓની કુલ ૧૨૦ સફો હશે, ૮૦ મારી ઉમ્મતની બાકી ૪૦ સર્વ ઉમ્મતોની.

૩. જવાબનો ખુલાસો એ છે કે મોટાઓની જિમ્મેદારીઓ પણ મોટી હોય છે. ખુદા પાક તમને લોંડી ગુલામ ખૂબ આપશે તો તમે તેમની સાથે સારો વર્તાવ કરો. શું બહું જ બાલબચ્ચાંવાળો માણસ બાળકોની નિગરાની નથી કરતો ? જરૂર કરે છે. તો તમે પણ એ ગુલામોના હક્કો પૂરા કરો. આ સવાલમાં યતીમોનો ઉલ્લેખ સ્વભાવિકપણે છે.

૪. એટલે કે દુનિયાના ઘણા પ્રકારો હશે : ઘરબાર, જાયદાદ, દુકાનો, ખેતીવાડી, જાનવર વગેરે, એમાંથી અધિક નફાકારક ચીજો કઈ કઈ છે ?

૫. સુબ્હાનલ્લાહ ! કેવો હકીમાના જવાબ છે ! એટલે કે એક ઘોડો જે જેહાદની નિય્યતથી પાળો અને એક ગુલામ જે જેહાદ વગેરે મોક઼ા પર ખિદમતના માટે રાખો એ તમારી બખ્શિશના માટે પૂરતો છે કે આ સ્થિતિમાં એ બંને ચીજો દુનિયામાં પણ નફાકારક અને આખેરતમાં પણ બખ્શિશનો ઝરીયો છે. ગુલામ તમારો દુનિયાનો કારોબાર ચલાવે અને તમે ફારિગ રહીને રબની યાદ કરો. એનાથી બેહતર અન્ય શું હોય શકે છે ?!

૬. એટલે નમાઝી મુસલમાન ગુલામને પોતાનો ગુલામ ન સમજો, પણ પોતાનો ભાઈ સમજો અને તેની સાથે ભાઈ જેવી બરાબરીનો વર્તાવ કરો. આ છે ઈસ્લામી અખ્લાક઼ ! હવે તો લોકો પોતાના સગા ભાઈને ભાઈ નથી સમજતા, બાપને સતાવે મારે પીટે છે. રબ તઆલા એના પર અમલની તૌફીક઼ આપે.

باب بلوغ الصغير وحضانته في الصغر

બાબો બુલુગુસ્સગીર વ હિઝાનત ફીસ્સગર

(બાળકની યુવાની તથા બાળપણમાં તેના ઉછેરનું વર્ણન[૧])

(વિભાગ : ૧ الفصل الاول)

૧. એટલે કે આ પ્રકરણમાં બે ચીજો વર્ણન થશે. એક એ કે બાળકના બાલિગ થવાની હદ કઈ છે. બીજુ એ કે બાળકના ઉછેરનો હક્ક કોનો છે. حضانت ـ حضن થી બન્યું. ગોદમાં લેવાના કે મરઘીની પાંખોના અર્થમાં. હિઝાનત બાળકને ખોળામાં લેવાને અથવા મરઘીના પોતાના બચ્ચાને અથવા ઈંડાને પોતાની પાંખોમાં ઢાંકવાને કહે છે. ઈસ્તેલાહમાં બાળકના ઉછેરને હિઝાનત કહે છે. (લમ્આત, અશિઅહ, મિર્કાત). યાદ રાખશો કે બાલિગ થવાની વય બાળકી માટે નવ વરસથી પંદર વરસ સુધી છે. છોકરા માટે બાર વરસથી પંદર વરસ સુધી છે. એના પર ફત્વો છે. અને બાળકના ઉછેરનો હક્ક માને છે ભલે તલાક પામેલી હોય, મા ન હોય તો નાની પર નાનીને. એ પણ ન હોય તો દાદી પરદાદીને. એ પણ ન હોય તો સગી બહેનને. પછી માસી, ફોઈને. ઉછેરવાનો હક્ક ત્યાં સુધી છે કે બાળક ખુદ ખાય પી શકે, જાજરૂ પેશાબ કરી શકે. છોકરા માટે સાત વરસ અને છોકરી માટે હેઝ આવતા સુધી. એની તફસીલ ફિકહની કિતાબોમાં જુઓ.

★ **હદીષ : (૧)-૩૩૭૬** ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: عُرِضْتُ عَلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَامَ أُحُدٍ وَأَنَا ابْنُ أَرْبَعَ عَشْرَةَ سَنَةً فَرَدَّنِي ثُمَّ عُرِضْتُ عَلَيْهِ عَامَ الْخَنْدَقِ وَأَنَا ابْنُ خَمْسَ عَشْرَةَ سَنَةً فَأَجَازَنِي فَقَالَ عُمَرُ بْنُ عَبْدِ الْعَزِيزِ: هَذَا فَرْقُ مَا بَيْنَ الْمُقَاتِلَةِ والذرية

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મને રસૂલુલ્લાહ ﷺ પર ઓહદના વરસે પેશ કરવામાં આવ્યો જ્યારે કે હું ચૌદ વરસનો હતો, તો મને ન સ્વીકાર્યો[૧] પછી ખંદકના વરસે પેશ કરવામાં આવ્યો જ્યારે કે હું પંદર વરસનો હતો તો મને કબૂલ કરી લીધો[૨] હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝે ફર્માવ્યું કે આ જ ગાઝીઓ અને બાળકો વચ્ચે ફરક છે[૩]." (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે હિ.સ. ૩માં ગઝવએ ઓહદ થયો. અને હુઝૂર عليه الصلوة والسلام ની બારગાહમાં ભરતી માટે પેશ કરવામાં આવ્યો કે મારું નામ પર ગાઝીઓની યાદીમાં નોંધવામાં આવે અને મને સૈનિક તરીકે ગઝવામાં જવાની ઈજાઝત મળે. તો હુઝૂર ﷺએ ઈન્કાર કરી આપ્યો કે હજી એ નાબાલિગ બાળક છે.

૨. એટલે કે હિ.સ. ૪ ગઝવએ ખંદક થયો ત્યારે મારી ઉમર ૧૫ વરસ થઈ ચૂકી હતી ત્યારે હું ઈસ્લામી ફોજમાં ભરતી માટે રજૂ થયો તો મને કરી લેવામાં આવ્યો.

★ છોકરા છોકરીની બાલિગ થવાની ઉમર વિશે ★

૩. યાદ રાખશો કે **છોકરીને બાલિગ થવાની ઉમર કમસે કમ નવ વરસ છે અને વધુમાં વધુ ૧૫ વરસ.** અને **છોકરાની બાલિગ થવાની ઉમર કમસે કમ ૧૨ વરસ અને** વધુથી વધુ ૧૮ વરસ છે. પણ એક રિવાયતમાં **તેની છેવટની ઉમર ૧૫ વરસ છે.** ફત્વો એના પર જ છે. આ તો સનના લેહાઝથી બાલિગ થવાનો ઉલ્લેખ હતો પણ બાલિગ થવાની નિશાની છોકરી માટે હેઝ આવવું અથવા ડૂંટી નીચે વાળનું આવી જવું અથવા

એહતેલામ છે. છોકરા માટે બાલિગ થવાની નિશાની એહતેલામ છે, સગર્ભા કરી દેવું, ડૂંટી નીચે વાળનું આવવું છે. અહીં બાલિગ થવાની છેવટની ઉમરનું વર્ણન છે. જેથી હદીષનો એ મતલબ નથી કે આ ઉમરથી પહેલાં છોકરો બાલિગ થઈ શકતો જ નથી, મતલબ એ છે કે **જો પંદર વરસની ઉમરમાં પણ એ કોઈ નિશાની જાહેર ન થાય તો છોકરો બાલિગ માનવામાં આવશે.** *(મિર્કાત તથા અશિઅ્હ વગેરે)*

★ હઝરત અલીને હુઝૂરે ફર્માવ્યું : તમે મારાથી હું તમારાથી ★

★ હદીષ : (૨)-૩૩૭૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنِ الْبَرَاءِ بْنِ عَازِبٍ قَالَ: صَالَحَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ الْحُدَيْبِيَةِ عَلَى ثَلَاثَةِ أَشْيَاءَ: عَلَى أَنَّ مَنْ أَتَاهُ مِنَ الْمُشْرِكِينَ رَدَّهُ إِلَيْهِمْ وَمَنْ أَتَاهُمْ مِنَ الْمُسْلِمِينَ لَمْ يَرُدُّوهُ وَعَلَى أَنْ يَدْخُلَهَا مِنْ قَابِلٍ وَيُقِيمَ بِهَا ثَلَاثَةَ أَيَّامٍ فَلَمَّا دَخَلَهَا وَمَضَى الْأَجَلُ خَرَجَ فَتَبِعَتْهُ ابْنَةُ حَمْزَةَ تُنَادِي: يَا عَمِّ يَا عَمِّ فَتَنَاوَلَهَا عَلِيٌّ فَأَخَذَ بِيَدِهَا فَاخْتَصَمَ فِيهَا عَلِيٌّ وَزَيْدٌ وَجَعْفَرٌ قَالَ عَلِيٌّ: أَنَا أَخَذْتُهَا وَهِيَ بِنْتُ عَمِّي. وَقَالَ جَعْفَرٌ: بِنْتُ عَمِّي وَخَالَتُهَا تَحْتِي وَقَالَ زَيْدٌ: بِنْتُ أَخِي فَقَضَى بِهَا النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِخَالَتِهَا وَقَالَ: «الْخَالَةُ بِمَنْزِلَةِ الْأُمِّ» . وَقَالَ لِعَلِيٍّ: «أَنْتَ مِنِّي وَأَنَا مِنْكَ» وَقَالَ لِجَعْفَرٍ: «أَشْبَهْتَ خَلْقِي وَخُلُقِي» . وَقَالَ لزيد: «أَنْت أخونا ومولانا»

''હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ عليه الصلوٰة والسلام એ હુદૈબિયાના દિવસે[૧] ત્રણ ચીજો પર સુલહ કરી. એના પર કે મુશ્રિકોમાંથી જે આપની પાસે આવે તેને હુઝૂર કાફિરો તરફ પરત કરી દે[૨] અને જે મુસલમાન તેઓની પાસે ચાલ્યો જાય તેઓ તેને પરત નહીં કરે[૩] અને એના પર કે આવતા વરસે મક્કામાં પ્રવેશ કરો અને ત્યાં ત્રણ દિવસ રહો[૪] પછી જ્યારે હુઝૂર ﷺ મક્કા તશરીફ લાવ્યા અને મુદ્દત પૂરી થઈ તો ત્યાંથી રવાના થયા[૫] તો હઝરત હમ્ઝાની પુત્રી આપની પાછળ ચચાજાન ! ચચાજાન ! કહેતી કહેતી આપની પાછળ થઈ ગઈ[૬]. તો તેને હઝરત અલી رضی اللہ عنہ એ ઉઠાવી લીધી. તેણીનો હાથ પકડી લીધો[૭]. એ બાળકી બાબતે જનાબ અલી, ઝયદ, જઅફર ઝઘડ્યા[૮] હઝરત અલીએ ફર્માવ્યું કે એને મેં લીધી છે, તે મારી કાકાની પુત્રી છે[૯] અને હઝરત જઅફર બોલ્યા, મારા કાકાની પુત્રી છે, એની માસી મારી પાસે છે[૧૦] હઝરત ઝયદ બોલ્યા, મારી ભત્રીજી છે[૧૧] નબી કરીમ عليه الصلوٰة والسلام એ તેને ફૈસલો તેની માસી માટે કર્યો અને ફર્માવ્યું કે માસી માના સ્થાને છે[૧૨] અને હઝરત અલીને કહ્યું કે તમે મારાથી છો અને હું તમારાથી[૧૩] અને જનાબ જઅફરને ફર્માવ્યું કે તમે મારી હમસૂરત હમ સીરત છો[૧૪] અને હઝરત ઝયદને ફર્માવ્યું કે તમે મારા ભાઈ મારા પ્યારા છો[૧૫]. '' (મુસ્લિમ, બુખારી)

૧. હુદૈબિયા મક્કા મોઅઝ્ઝમા નજીક એક કૂવાનું નામ છે. એ કૂવાને કારણે એ જંગલનું નામ પણ હુદૈબિયા થઈ ગયું. એ હદ્દા મંઝિલની નજીક છે જેને હવે બીરે શમ્સી કહે છે. એ જગા હરમ શરીફના છેડા પર આવેલી છે. હુદૈબિયાનો અમુક હિસ્સો હરમમાં સામેલ છે અમુક હિસ્સો હરમથી બહાર છે. હુઝૂર ﷺ ઉમરાની નિય્યતથી ૧૪૦૦

સહાબાએ કિરામની સાથે તશરીફ લાવ્યા. જ્યારે અહીં પહોંચ્યા તો કાફિરોએ રોકી દીધા. છેવટે આ વાતો પર મુસલમાનો તથા કાફિરોમાં સુલહ થઈ જેનું અહીં વર્ણન છે. એનો બનાવ ઈન્શા અલ્લાહ ! કિતાબે અત્હારમાં આવશે.

૨. એટલે કે જો મક્કાના મુશ્રિકોમાંથી કોઈ શખ્સ મુસલમાન થઈને મદીના મુનવ્વરા હુઝૂર ﷺની પાસે પહોંચી જાય અને મુશ્રિકો તેની માગણી કરે તો સરકાર عليه الصلوة والسلام તેને રોકે નહીં બલ્કે તે મુશ્રિકો પાસે મોકલી આપે.

૩. એટલે કે જે મુસલમાન મુર્તદ થઈને મક્કાના કાફિરો પાસે પહોંચી જાય તો હુઝૂર ﷺ તેને પરત બોલાવવાનો હક્ક નથી ધરાવતા. જાહેરી રીતે જોતાં આ શર્ત ઘણી જ સખત જણાતી હતી પણ આ શર્તે મક્કાના કાફિરોની કમર તોડી નાખી અને છેવટે ફતહે મક્કા થઈ ગઈ. આ છે હુઝૂર عليه الصلوة والسلامનું અજોડ પોલિટિક્સ !

૪. એટલે કે આ વરસે ઉમરો કર્યા વિના મદીના મુનવ્વરા પાછા જાય, આવતા વરસે ઉમરા માટે મક્કા મોઅઝ્ઝમા આવે અને અહીં ત્રણ દિવસ રોકાણ કરીને પાછા ચાલ્યા જાય.

૫. એટલે ઉમરા કરીને ત્રણ દિવસ મક્કા મોઅઝ્ઝમા રોકાણ કરીને મદીના મુનવ્વરા પરત થવા લાગ્યા.

૬. એ બાળકીનું નામ અમ્મારા હતું એના કારણે જનાબ હમ્ઝા رضی اللہ عنہની કુન્નિયત અબૂ અમ્મારા હતી. જો કે હઝરત હમ્ઝા હુઝૂર ﷺના કાકા હતા એ સગાઈથી એ બાળકી હુઝૂર ﷺના કાકાની પુત્રી (પિત્રાણ બહેન) હતી, પણ કેમ કે હુઝૂર ﷺ અને હમ્ઝાએ તથા ઝયદ ઈબ્ને હારિષા ત્રણેવે બીબી ષૌબિયાનું દૂધ પીધુ હતું એટલા માટે જનાબ હમ્ઝાના રઝાઈ (દૂધના) ભાઈ હતા. તેમજ અરબવાસીઓ વડીલોને કાકા કહીને પુકારતા હતા. આ કારણોસર એ બાળકીએ હુઝૂર ﷺને ચચાજાન ! ચચાજાન ! કહીને પોકાર્યા. મતલબ એ હતો કે મને ક્યાં છોડીને જાવ છો, હું પણ આપની સાથે મદીના આવીશ.

૭. અને પોતાની સાથે મદીના મુનવ્વરા લઈ આવ્યા. આ મદીના લઈ આવવું તે શર્તની વિરુદ્ધ ન હતું કે જે ગયા વરસે સુલેહ વખતે લખવામાં આવી હતી, કેમ કે હુઝૂર ﷺને એ બાળકીને ઈસ્લામના હક્કથી ન લીધી હતી બલ્કે સગાઈના હક્કથી લીધી હતી. તેમજ એ શરત પુરૂષો માટે હતી કે જે પુરૂષ મુસલમાન થઈને આવી જાય તેને પરત કરવામાં આવે. એ બાળકી હતી એટલા માટે મક્કાવાળાઓએ ન તો એ બાળકીના જવા સામે વાંધો લીધો અને તેને પરત કરવાની માગણી કરી.

૮. એ બાળકી બાપના સાયાથી મેહરૂમ થઈ ચૂકી હતી કે જનાબ હમ્ઝા رضی اللہ عنہ આજથી પાંચ વરસો પહેલાં ગઝવએ ઓહદમાં શહીદ થઈ ચૂક્યા હતા. તેમનાં વાલિદા ક્યાં તો મૃત્યુ પામ્યાં હતાં કે મક્કા મોઅઝ્ઝમા રહી ગયાં હતાં, એટલા માટે હવે તેણીના ઉછેરનો સવાલ પેદા થયો હતો. જેથી આ મુનાઝરો પેશ આવ્યો કે તે બુઝુર્ગોમાંથી દરેક ચાહતા હતા કે એ બાળકીના ઉછેરની સઆદત અમને નસીબ થાય. જેવી રીતે કે હઝરત મરયમની પરવરશિ માટે બની ઈસ્રાઈલમાં ઝઘડો થયો હતો.

૯. જનાબ અલી رضی اللہ عنہએ પોતાનો હક્ક સાબિત કરવા બે દલીલો પેશ કરી : એક એ કે એ બાળકી જાણે કે લુકૃતા છે, ઉઠાવેલી છે. અને લુકૃતા (મળેલી ચીજ)ની પરવરિશ તેને પામનાર ઉઠાવનાર કરે છે. બીજુ કે જનાબ હમ્ઝા رضی اللہ عنہ મારા કાકા છે અને આ મારા કાકાની પુત્રી છે.

૧૦. હઝરત જઅફર رضی اللہ عنہ જે જનાબ અલી رضی اللہ عنہના મોટા ભાઈ છે, આપનાથી દસ વરસ ઉમર વધારે છે, તેમણે પોતાનો હક્ક સાબિત કરવાનાં બે કારણો દર્શાવ્યાં : એક એ કે મારા કાકાની પુત્રી છે કે હમ્ઝા ઈબ્ને અબ્દુલ મુત્તલિબ મારા કાકા છે, એટલે મારા પિતા અબૂ તાલિબના ભાઈ છે. બીજુ એ કે એ બાળકીની માસી અસ્મા બિન્તે અમીસ મારી પત્ની છે અને માસીને પોતાની ભાણકીની પરવરિશનો હક્ક હોય છે. હું પણ હક્કદાર છું અને મારી પત્ની પણ. *(અશિઅહ)*

૧૧. હઝરત ઝયદ ઈબ્ને હારિષા જે હુઝૂર عليه الصلوة والسلام ના જાહેરી રીતે આઝાદ કરેલા હતા. એ હઝરત હમ્ઝાના દૂધ ભાઈ પણ હતા અને હુઝૂર ﷺએ જનાબ હમ્ઝા رضی اللہ عنہ ને અકૃદે મવાખાત (ભાઈચારાના કરારના પ્રસંગે) હઝરત ઝયદે ભાઈ બનાવ્યા હતા. આ ડબલ ભાઈ હોવાના કારણે આપ પરવરિશનો હક્ક દર્શાવતા હતા. *(મિર્કાત વ અશિઅહ)*

★ મા, નાની બાદ માસીને બાળકીના ઉછેરના હક્ક ★

૧૨. એટલે કે હઝરત જઅફર ઈબ્ને અબૂ તાલિબને પરવરિશનો હક્ક આપ્યો, કેમ કે બાળકીની માસી તેમનાં પત્ની હતાં તે એને પાલવશે. એના આધારે ફકીહો ફર્માવે છે કે મા, નાની બાદ માસીને બાળકીના ઉછેરનો હક્ક છે. એ મસ્અલાનો માખઝ આ હદીષ છે પછી બધાની તસલ્લી ફર્માવતાં કહ્યું.

૧૩. એટલે તમારા તથા મારામાં ખૂબ જ એકતા તથા એકાકીપણુ છે. તમે આ બાળકીના ન મળવા પર નારાજ છો તો તમને મારો હકીકી કુર્બ તો હાંસલ છે. મેં તમારા ઘરમાં પરવરિશ પામી. તમે મારા ઘર અને મારી ગોદમાં તર્બિયત પામી. હું ખાતમુલ અંબિયા તમે ખાતમુલ ખુલફા, હું મસ્દરે નબુવ્વત તમે મમ્બએ (શ્રોત) વિલાયત, જાણે કે હું અને તમે એક જ છીએ.

૧૪. એટલે કે જઅફર ! તમને એ બાળકીના મળવા પર ખુશી થઈ. મોટી ખુશી એ છે કે અલ્લાહ તઆલાએ તમને મહાન નેઅમત બખ્શી છે કે તમે સૂરત તથા સીરતમાં મને મળતા જુલતા છો, મારા હમશકલ હોવું અને મળતાપણુ એ અલ્લાહની મહાન નેઅમત છે.

૧૫. એટલે કે તમે પણ આ બાળકીના ન મળવા પર રંજમય ન બનો. તમે મારા ઈસ્લામી ભાઈ છો, મારા પ્યારા છો. યાદ રાખશો કે હુઝૂર ﷺ કોઈ મુસલમાનને પોતાનો ભાઈ કહી આપે એ આપનો કરમ છે પણ કોઈ મુસલમાનને એ હક્ક નથી કે પોતાને હુઝૂર ﷺનો ભાઈ કહે અથવા ભાઈ કહીને પુકારે. આ હદીષના આધારે ઈમામ માલિકે ફર્માવ્યું કે બાળકની માસી તેની નાની કરતાં અધિક પરવરિશની હક્કદાર છે કે હુઝૂર ﷺએ માસીને મા ઠરાવી. અબૂ દાઉદની રિવાયતમાં છે કે ફર્માવ્યું, માસી મા છે. પણ આ દલીલ કરવું કાંઈક કમજોર જેવું છે. માસીને મા સાથે સરખાવવું પરવરિશના હક્ક માટે છે, નાની પર અગ્રતા એનાથી સાબિત નથી થતી. નાની તો શરઈ એહકામમાં પણ માની જેમ છે એટલા માટે તે મા જેટલો વારસો એટલે છઠ્ઠો હિસ્સો પામે છે. *(મિર્કાત)*

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (3)-3378 ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو: أَنَّ امْرَأَةً قَالَتْ: يَا رَسُولَ اللَّهِ إِنَّ ابْنِي هَذَا كَانَ بَطْنِي لَهُ وِعَاءً وَثَدْيِي لَهُ سِقَاءً وَحِجْرِي لَهُ حِوَاءً وَإِنَّ أَبَاهُ طَلَّقَنِي وَأَرَادَ أَنْ يَنْزِعَهُ مِنِّي فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَنْتِ أَحَقُّ بِهِ مَا لَمْ تنكحي» . رَوَاهُ أَحْمد وَأَبُو دَاوُد

''હઝરત અબૂ ઈબ્ને શોએબ رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદા અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રાવી કે એક સ્ત્રીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ મારો બાળક છે કે મારું પેટ એનું પાત્ર હતું અને મારી છાતીઓ તેનાં મશકો[૧] અને મારી ગોદ તેની આરામગાહ[૨] અને એના બાપે મને તલાક આપી દીધી અને તેને મારાથી છીનવી લેવા ચાહે છે. તો રસૂલલ્લાહ ﷺએ ફર્માવ્યું કે એની મુસ્તહિક છે જ્યાં સુધી તારા નિકાહ ન કરી લે[૩].'' (અહમદ)[૪] (અબૂ દાઉદ)

૧. કેમ કે એને નવ મહીના મારા પેટમાં રાખ્યો અને બે વરસ તેને મારી છાતીઓ ઘવડાવી દૂધ પીવડાવ્યું.

૨. حواء ના કસ્રા (ઝેર)થી અર્થ તંબુ જે જંગલમાં ટેમ્પરરી રોકાણ માટે લગાડવામાં આવે છે. કેમ કે માનો ખોળો બાળકનું ટેમ્પરરી રહેઠાણ છે એટલા માટે એને તંબુ સાથે સરખાવ્યો. આ બીબી ઘણા ફસીહા (ઉમદા અલંકારિક વાણી વાળાં) હતાં.

★ નાના બાળકના ઉછેરની હક્કદાર મા છે ★

૩. એ બાળક ઘણુ નાનુ હતું તેનામાં બુદ્ધિ હોશ કે તમીઝ ન હતી એટલા માટે એને અખત્યાર આપવામાં ન આવ્યો. બલ્કે માને સોંપવામાં આવ્યો. આગળ આવનારી હદીષમાં બાળક સમજદાર હતો એટલા માટે તેને અખત્યાર આપવામાં આવ્યો. જેથી હદીષમાં ટકરાવ નથી. હાલાતના બદલાવાથી એહકામ બદલાય જાય છે. આ હદીષથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે નાના બાળકના ઉછેરની હક્કદાર મા છે, બીજુ એ કે જો મા બાળકના અજનબી શખ્સ સાથે નિકાહ કરે તો તેનો એ હક્કનો દાવો જતો રહેશે, પછી બાળક બાપને મળશે. હા ! તેણીએ જો બાળકના કાકા વગેરે ઝી રહમથી નિકાહ કર્યા તો તેણીનો પરવરિશનો હક્ક બાકી રહેશે. *(જુઓ ફિકહની કિતાબ)*

૪. આ હદીષ હાકિમે પણ નકલ કરી અને એને સહીહ કરી. યાદ રાખશો કે આ અમ્ર ઈબ્ને શોએબ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ છે. જો દાદાથી મુરાદ મુહમ્મદ હોય તો હદીષ મુરસલ થાય છે. અને જો દાદાથી મુરાદ અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર હોય તો હદીષ મુત્તસિલ થશે. કેમ કે મુહમ્મદ તાબઈ છે, અને અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર સહાબી છે. એટલા માટે જ્યાં કેવળ જદ (દાદા) હોય છે ત્યાં ઈરસાલ તથા ઈત્તેસાલ બંનેની સંભાવના હોય છે. અહીં કેમ કે અબ્દુલ્લાહના સ્પષ્ટતા છે જેથી હદીષ મુત્તસિલ છે. આ હદીષ હનફીઓની મજબૂત દલીલ છે કે નાના બાળકનો ઉછેર માનો હક્ક છે. જેમ કે મોઅત્તા ઈમામ માલિક, અબ્દુર્રઝ્ઝાક તથા બયહકીમાં છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાની એક અન્સારી પત્નીને તલાક આપી જેના પેટથી એક છોકરો આસિમ હતો. હઝરત ઉમર رضی اللہ عنہ એ તેને લેવા ચાહ્યો તો નાનીએ ઈન્કાર કરી આપ્યો. બારગાહે સિદ્દીકીમાં કેસ રજૂ થયો તો આપે નાનીના હક્કમાં ફૈસલો આપ્યો. બાળક સમજદાર હતો. તેને રમતાંની હાલતમાં હઝરત ઉમરે ઉઠાવી લીધો. આ હદીષ ઘણા તરીકાઓથી નકલ થયેલ છે.

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ એક છોકરાને[૧] તેનાં મા બાપ વચ્ચે અખત્યાર આપ્યો[૨]." (તિર્મિઝી)

★ હદીષ : (૪)-૩૩૭૯ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ خَيَّرَ غُلَامًا بَيْنَ أَبِيهِ وَأُمِّه. رَوَاهُ التِّرْمِذِيّ

૧. છોકરાથી મુરાદ બાલિગ છોકરો છે, મજાઝન તેને ગુલામ કહેવામાં આવ્યો છે. જેમ કે રબ તઆલા ફર્માવે છે : وَاٰتُوا الْيَتٰمٰٓى اَمْوَالَهُمْ (અને યતીમોને તેમના માલ આપો. –સૂરએ નિસાઅ, ૪/૨) અથવા હોશવાળો સમજદાર બાળક મુરાદ છે. *(મિર્કાત)*

★ સાત વરસનો સમજદાર બાળક બાપને મળશે ★

૨. આ હદીષ ઈમામ શાફઈની દલીલ છે. તેમને ત્યાં સમજદાર બાળકને અધિકાર આપવામાં આવે છે. **આપણે ત્યાં સાત વરસનો સમજદાર બાળક બાપને મળશે. કેમ કે હવે એની તર્બિયત તથા તા'લીમનો સમય છે અને એ કામ બાપ જ કરી શકે છે.** આપણી દલીલ એ હદીષ છે કે, "તમારાં બાળકોને નમાઝનો હુકમ આપો જ્યારે તે સાત વરસનાં થઈ જાય." બાપ નમાઝનો હુકમ તેને ત્યારે જ આપી શકે છે જ્યારે બાળક તેની પરવરિશમાં હોય. આપણે આ હુકમ ખાસ છે અથવા મન્સૂખ છે.

★ હદીષ : (૫)-૩૩૮૦ ★

وَعنهُ قَالَ: جَاءَتِ امْرَأَةٌ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَتْ: إِنَّ زَوْجِي يُرِيدُ أَنْ يَذْهَبَ بِابْنِي وَقَدْ سَقَانِي وَنَفَعَنِي فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَذَا أَبُوكَ وَهَذِهِ أُمُّكَ فَخُذْ بِيَدِ أَيِّهِمَا شِئْتَ» . فَأَخَذَ بِيَدِ أُمِّهِ فَانْطَلَقَتْ بِهِ. رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَالدَّارِمِيُّ

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, એક સ્ત્રી રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં આવી. બોલી કે મારો પતિ[૧] મારા બાળકને લઈ જવા ચાહે છે. આ બાળક મને પાણી પીવડાવે છે, મને ફાયદો પહોંચાડે છે. તો નબી કરીમ عليه الصلوة والسلام એ ફર્માવ્યું, આ તારો બાપ છે, અને આ તારી મા છે, એમાંથી જેને ચાહે પકડી લે. તે બાળકે પોતાની માનો હાથ પકડી લીધો. તેણી તેની લઈ ગઈ[૨]."

૧. અહીં પતિ મજાઝી અર્થમાં છે, એટલે કે જે મારો પતિ હતો. નહીં તો હવે એ સ્ત્રી તો તલાક પામી ચૂકી હતી.

૨. એની તેહકીક હમણા થઈ ચૂકી કે આ હદીષ ઈમામ શાફઈ તથા અહમદની દલીલ છે કે હોશમંદ બાળકને તેમને ત્યાં અખત્યાર મળે છે કે બાપમાંથી જેની પાસે ચાહે રહે. આપણે ત્યાં નથી. બલ્કે નાનો જે પરવરિશ માટે મોહતાજ હોય તે માને મળશે અને સમજદાર બાળક જે પરવરિશની હદથી નીકળી ચૂક્યો હોય અને તા'લીમો તર્બિયતનો હાજતમંદ હોય તે બાપને મળશે. કેમ કે બાળકનો ઉછેર મા સારી રીતે કરે છે અને તર્બિયત (કેળવણી) બાપ સારો કરે છે. આ હદીષ ક્યાં તો મન્સૂખ છે આ હદીષથી જે હમણા વર્ણન પામી, અથવા આ ખાસ હુકમ છે. સારાંશ ઈમામે આ'ઝમનો કૌલ મજબૂત છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૬)-૩૩૮૧ ★

عَنْ هِلَالِ بْنِ أُسَامَةَ عَنْ أَبِي مَيْمُونَةَ سُلَيْمَانَ مَوْلًى لِأَهْلِ الْمَدِينَةِ قَالَ: بَيْنَمَا أَنَا جَالِسٌ مَعَ أَبِي هُرَيْرَةَ جَاءَتْهُ امْرَأَةٌ فَارِسِيَّةٌ مَعَهَا ابْنٌ لَهَا وَقَدْ طَلَّقَهَا زَوْجُهَا فَادَّعَيَاهُ فَرَطَنَتْ لَهُ تَقُولُ: يَا أَبَا هُرَيْرَةَ زَوْجِي يُرِيدُ أَنْ يَذْهَبَ بِابْنِي. فَقَالَ أَبُو هُرَيْرَةَ: اسْتَهِمَا رَطَنَ لَهَا بِذَلِكَ. فَجَاءَ زَوْجُهَا وَقَالَ: مَنْ يُحَاقِّنِي فِي ابْنِي؟ فَقَالَ أَبُو هُرَيْرَةَ: اللَّهُمَّ إِنِّي لَا أَقُولُ هَذَا إِلَّا أَنِّي كُنْتُ قَاعِدًا مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَتَتْهُ امْرَأَةٌ فَقَالَتْ: يَا رَسُولَ اللَّهِ إِنَّ زَوْجِي يُرِيدُ أَنْ يَذْهَبَ بِابْنِي وَقَدْ نَفَعَنِي وَسَقَانِي مِنْ بِئْرِ أَبِي عِنَبَةَ وَعِنْدَ

"હઝરત હિલાલ ઈબ્ને ઓસામા رضی اللہ عنہما થી રિવાયત છે તે અબૂ મૈમૂના સુલૈમાનથી રાવી[૧] જે મદીનાવાસીઓના મૌલા છે. ફર્માવે છે કે, એ હાલમાં કે હું હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની પાસે બેઠો હતો એવામાં એક ફારસી સ્ત્રી તેમની પાસે આવી જેની સાથે તેનો બાળક હતો અને તેને તેના પતિએ તલાક આપી દીધી હતી. તે બંનેવે બાળકનો દાવો કર્યો. સ્ત્રીએ ફારસીમાં વાત કરી[૨] બોલી, હે અબૂ હુરૈરહ ! رضی اللہ عنہ મારો પતિ ચાહે છે કે મારા બાળકને લઈ જાય. તો અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, એના પર ચિઠ્ઠી ફરકાવી (ડો) લો. આપે ફારસીમાં એવું ફર્માવ્યું[૩]. પછી તેણીનો પતિ આવ્યો, બોલ્યો કે મારા બાળકમાં મારી સાથે કોણ ઝઘડી શકે છે ?[૪] તો અબૂ હુરૈરહ رضی اللہ عنہ એ ફર્માવ્યું, ઈલાહી ! હું નથી કહેતો[૫] પણ એટલા માટે કે હું બેઠેલો હતો રસૂલુલ્લાહ ﷺની સાથે એવામાં

النَّسَائِيِّ: مِنْ عَذْبِ الْمَاءُ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «اسْتَهِمَا عَلَيْهِ» . فَقَالَ زَوْجُهَا مَنْ يُحَاقُّنِي فِي وَلَدِي؟ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَذَا أَبُوكَ وَهَذِهِ أُمُّكَ فَخُذْ بِيَدِ أَيِّهِمَا شِئْتَ» فَأَخَذَ بيد أمه. رَوَاهُ أَبُو دَاوُد. وَالنَّسَائِيّ لكنه ذكر الْمسند. وَرَوَاهُ الدَّارِمِيّ عَن هِلَال بن أُسَامَة

આપની ખિદમતમાં એક સ્ત્રી હાજર થઈ. બોલી, યા રસૂલલ્લાહ ! ﷺ મારો પતિ ચાહે છે કે મારા બાળકને લઈ જાય[૬]. જ્યારે કે આ બાળક મને આરામ પહોંચાડે છે, મને અબૂ અમ્બહના કૂવેથી પાણી પીવડાવે છે[૭]. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એના માટે તમે બંને ડ્રો કરી લો. તો પતિ બોલ્યો, મારા બાળકના સંબંધે મારાથી કોણ ઝઘડી શકે છે ?[૮] તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે આ તારો બાપ છે અને તારી મા છે, તો એમાંથી જેનો ચાહે હાથ પકડી લે. તેણે પોતાની માનો હાથ પકડી લીધો[૯]." (અબૂ દાઉદ, નિસાઈ) પરંતું નિસાઈએ મુસ્નદનો ઉલ્લેખ કર્યો, અને દારમીએ હિલાલ ઈબ્ને ઓસામાથી રિવાયત કરી.

૧. હિલાલ ઈબ્ને ઓસામા તબે તાબઈ છે, ષિક્હ છે અને અબૂ મૈમૂના તાબઈ છે. તેમના નામમાં મતભેદ છે. ક્યાં તો સલમાન છે ى (યે) વગર અથવા સુલૈમાન છે, يا સાથે. અથવા સુલેમ છે અથવા સલમા અથવા ઓસામા. મિશ્કાતના લેખકની નજીક સુલૈમાન છે. ى થી. યાદ રાખશો કે હિલાલના પિતાનું નામ અલી ઈબ્ને ઓસામા છે જેથી ઓસામા હિલાલના દાદા છે. અહીં દાદાની તરફ સંબંધિત છે. કબીલા બની ફહરથી છે. *(મિર્કાત વગેરે)*

૨. رطانةٌ થી رطنت એવી વાત કરવી જે સામાન્યપણે સમજી ન શકાય. એટલે પરદેશી ભાષામાં વાતચીત. એટલા માટે અરબી લોકો અજમી બોલાચાલને "રતાના" કહે છે. અહીં ફારસી વાતચીત મુરાદ છે કે અરબ માટે એ પરદેશી ભાષા છે. ગાલિબ એ છે કે આ બનાવ મદીના મુનવ્વરાનો છે. એ સ્ત્રી મદીના મુનવ્વરામાં રહેતી હતી પણ વાતચીત ફારસીમાં કરતી હતી અથવા અરબી ફારસી મિકસ બોલતી હતી.

૩. જાહેર એ છે રતનનો ફાઈલ (કર્તા) અબૂ હુરૈરહ્ છે. મદીના મુનવ્વરામાં ફારસી લોકોના આવવા જવાથી સહાબાએ કિરામ ફારસી સમજી પણ લેતા હતા. અને કાંઈક બોલી પણ લેતા હતા, જેવી રીતે આજે ત્યાંના રહેવાસીઓ સામાન્યપણે ઉર્દૂ બોલતા સમજતા હોય છે. અમુકે ફર્માવ્યું કે દરમિયાનમાં અનુવાદક હતો. રતનનો ફાઈલ (કર્તા)એ અનુવાદક જ છે.

૪. એટલે કે તેણીના પતિને દાવાની ખબર પડી તો દાવાના જવાબના માટે તે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ની પાસે આવ્યો. જ્યારે કે તેની પત્ની ત્યાં જ મૌજૂદ હતી. તેનું કહેવું એ હતું કે ચિટ્ઠી ફેંકવાની શું જરૂરત છે, બાળક બાપનો હોય છે કે એનાથી વંશવેલો ચાલે છે, જેથી હું જ એનો મુસ્તહિક્ છું.

૫. આપનું اللّٰھم ફર્માવવું એ રબ તઆલાને ગવાહ બનાવવા માટે હતું, જાણે એક પ્રકારની ક્સમ હતી. એટલે કે હે ખુદા ! તું ગવાહ છે, હું તારી ક્સમ ખાઉં છું.

૬. એટલે કે આજનો આ બનાવ તદ્દન એ બનાવની સમાન છે જે બારગાહે રિસાલતમાં રજૂ થયો હતો, તે જ સ્થિતિ છે તે જ પ્રકારનો છે.

૭. عذبہ અયન ઝેર અને નૂન તથા બેના ઝબરથી, કોઈ ખાસ કૂવો હતો. મદીના એનુ પાણી ખૂબ સારુ હતું, હવે એ કૂવો નથી. મક્સદ એ છે કે જો એ બાળક મારી પાસે ન રહ્યો તો મને કોઈ પાણી લાવી આપનાર પણ નથી.

મને આ બાળકની સખત જરૂરત છે.

૮. عذب الماء માં સિફત પોતાના મૌસૂફની તરફ મઝાફ છે. અસલમાં ماء عذب હતું.

૯. આ હુઝૂર ﷺના ફૈસલા પર નારાજી નથી બલ્કે પોતાની તલાક પામેલી પત્ની પર નારાજી છે. જેથી આ શખ્સને આ અર્ઝ તથા રજૂઆત પર કાફિર કે મુજરિમ નથી કહી શકતા. કેસમાં બંને પક્ષો પોતાની દલીલો રજૂ કર્યા જ કરતા હોય છે.

૧૦. અમુક રિવાયતોમાં છે કે હુઝૂર ﷺએ બાળકને અખત્યાર આપીને બારગાહે ઈલાહીમાં દુઆ કરી કે મૌલા ! બાળક એને જ અપનાવે જેની પાસે રહેવું બાળકને લાભદાયી હોય. અબૂ દાઉદમાં કિતાબુત્તલાકમાં અને નિસાઈએ કિતાબુલ ફરાઈઝમાં અબ્દુલ હમીદ ઈબ્ને જઅફર અન અબીહ અન જદ્દા રાફેઅ ઈબ્ને ખદીજથી રિવાયત કરી કે હું મુસલમાન થઈ ગયો અને મારી પત્ની કાફિરા રહી. ઈસ્લામથી ઈન્કાર કરી આપ્યો. ત્યારે એ બાળકનો બનાવ ઉપસ્થિત થયો. હુઝૂર ﷺએ બાપને અલગ બેસાડયો માને અલગ બેસાડી. અને બાળકને અખત્યાર આપ્યો અને દુઆ કરી ઈલાહી ! આ બાળકને તૌફીક આપ કે પોતાના બાપને અપનાવે. પછી કહ્યું, બંને આ બાળકને બોલાવો. જેથી એ બંનેવે બોલાવ્યો તો બાળકે બાપને અપનાવ્યો. દારકુત્નીએ ફર્માવ્યું કે એ બાળકી હતી અને તેણીનું નામ ઉમૈરા હતું. પણ એ બનાવ બીજો હશે, કેમ કે બાલિગા છોકરીને પર્દાના કારણે અને નાની બાળકીને કૂવામાં પડી જવાના ખતરાથી કૂવે નથી મોકલવામાં આવતી. સહાબાએ કિરામે બાળકને અખત્યાર ન આપ્યો. *(મિર્કાત)*

કિતાબુલ અતાક़ كتاب العتق

(આઝાદીનુ વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. અયન, તે, ક़ાફ઼ની તરકીબ આગળ હોવા, અને અગ્રતાના માટે છે કે એ હરફોમાં આગળ હોવાનો અર્થ ધ્યાનમાં રહે છે. જેમ કે ખભાના આગલા હિસ્સાને આતિક़ કહે છે. પૂરાણી ચીજને અતીક़ કહેવામાં આવે છે એટલા માટે બયતુલ્લાહને બૈતુલ અતીક़ કહે છે. અબૂબક્ર સિદ્દીક़નો લક़બ અતીક़ છે કે અબૂબક્રનો અર્થ અવ્વલિયતવાળા. અબૂ એટલે વાળા, બકર એટલે અવ્વલિયત (અગ્રતા). અતીક़નો અર્થ પણ પૂરાણા કે અવ્વલ મો'મિન થાય છે. હવે એનો ઉપયોગ કેટલાક અર્થોમાં થાય છે : કરમ, જમાલ, શરાફ़ત, આઝાદી તથા લોકશાહી (સ્વતંત્રતા), પણ એ સૌમાં અગ્રતાનો અર્થ પણ છે. અહીં હુર્રિયત એટલે આઝાદ કરવાના અર્થમાં છે. ગુલામ હુકમની રીતે મુર્દા હોય છે કે ગુલામી કુફ્રનો અસર છે અને કુફ્ર જાણે મૌત છે. કુર્આને કરીમમાં કાફિરને મુર્દા કહેવામાં આવ્યો છે. એટલા માટે ગુલામ ન પોતાના નિકાહ ખુદ કરી શકે છે ન પોતાની પોતાના ઔલાદનો વલી થઈ શકે છે. ન પોતાના માલમાં હેરફેર કરી શકે ન ક़ાઝી અથવા ગવાહ બની શકે. ન એના પર જુમ્આની નમાઝ, ઈદોની નમાઝો, હજ્જ, જેહાદ વગેરે વાજિબ, જાણે બિલ્કુલ મુર્દા છે એને આઝાદ કરવો જાણે કે મુર્દાને ઝિંદા કરવું છે. એટલા માટે એઅતાક़ના ઘણા જ ફ઼ઝાઈલ છે. ગુલામ આઝાદ કરવો સામાન્યતઃ મુસ્તહબ છે પણ ક્યારેક વાજિબ પણ થઈ જાય છે જેમ કે કફ્ફારાઓમાં. ક્યારેક મના પણ હોય છે જ્યારે કે ખતરો હોય કે તે આઝાદ થઈને મુર્તદ અથવા ચોર, ડાકૂ વગેરે બની જશે. અઅ્તાક़ની શર્ત એ છે કે આઝાદ કરનાર ખુદ આઝાદ હોય, બાલિગ હોય, ગુલામનો માલિક હોય. અત્ક એટલે આઝાદી, ઈખ્તેયારી પણ થાય છે, ગૈર ઈખ્તિયારી પણ. જેમ કે શખ્સ ઝી રહમ સગાનો માલિક થઈ જાય તો તે તરત જ આઝાદ થઈ જશે.

★ મુસલમાન ગરદનને આઝાદ કરવાનો બદલો શું ? ★

★ હદીષ : (૧)-૩૩૮૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَعْتَقَ رَقَبَةً مُسْلِمَةً أَعْتَقَ اللَّهُ بِكُلِّ عُضْوٍ مِنْهُ عُضْوًا مِنَ النَّارِ حَتَّى فَرْجَهُ بِفَرْجِهِ»

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે મુસલમાન ગરદનને આઝાદ કરે[૧] તો અલ્લાહ તઆલા તેના દરેક અંગના બદલામાં તેનું અંગ આગથી આઝાદ ફર્માવશે[૨] ત્યાં સુધી કે શર્મગાહના બદલામાં શર્મગાહ[૩]." (મુસ્લિમ, બુખારી)[૪]

૧. મુસલમાનની શર્ત રાખવાથી જાણવા મળ્યું કે મુસલમાન ગુલામને આઝાદ કરવું બેહતર છે. એનો સવાબ અધિક છે. વળી ફાસિક़ ગુલામની સરખામણીમાં મુત્તક़ી ગુલામને આઝાદ કરવું અફ઼ઝલ છે. હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ એ હઝરત બિલાલ رضی اللہ عنہ ને આઝાદ કરીને દીન તથા દુનિયામાં એ મર્તબો પામ્યો કે ! سبحان الله સૂરએ વલ્લૈલ શરીફ઼ આ જ આઝાદીના ફ઼ઝાઈલ વર્ણવી રહી છે. હુઝૂરે અન્વર ﷺ એ ફર્માવ્યું, અબૂબક્રએ બિલાલને આઝાદ કરીને મારા પર એહસાન કર્યું. ઈમામ માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે સસ્તા મુસલમાન ગુલામને આઝાદ કરવા કરતાં કિંમતી કાફિર ગુલામને આઝાદ કરવો અફ઼ઝલ છે. આ હદીષ એમની વિરુદ્ધ છે. સારાંશ કે જેટલા પ્રમાણમાં આઝાદ થનારો ગુલામ અફ઼ઝલ હશે એ જ પ્રમાણે આઝાદ કરનાર ગુલામનો દરજો ઉચ્ચ થશે. એટલા

માટે ઈસ્માઈલ عليه السلام ની ઔલાદના ગુલામને આઝાદ કરવાના ઘણા ફઝાઈલ છે. અહીં આપના પર મિર્કાતમાં ઘણી સારી ચર્ચા છે.

૨. એટલે કે તેનું દરેક અંગ આઝાદ કરનારના અંગનો ફિદયો બની જાય છે. જેમ કે કુર્બાની તથા અકીકાના જાનવરનાં અંગો આપનારના અંગોનો ફિદયો બની જાય છે. એટલા માટે અકીકા પર પઢવામાં આવે છે : ولها بدد نه لحملها بلحمه شعر ها بشعره સારાંશ કે ગુલામ આઝાદ કરવો બેહતરીન અમલ છે જ્યારે રઝાએ ઈલાહીના માટે હોય.

૩. શર્મગાહનું વર્ણન ખાસ કરીને એટલા માટે ફર્માવ્યું કે એ સર્વ અંગો કરતાં ખબીષ (ગંદુ) અંગ છે કે નાપાકીનું સ્થાન છે. અધિક ગુનાહ એનાથી થાય છે, જ્યારે કે એ અંગ પણ દોઝખથી આઝાદ થઈ ગયું તો બાકી અંગો અધિક અંશે આઝાદ થશે. આ હદીષના આધારે અમુક હઝરાત કહે છે કે ખસ્સી કે ગુપ્તાંગ કપાયેલા ગુલામને આઝાદ કરવો બેહતર નથી. અને બેહતર એ છે કે પુરૂષ તો પુરૂષને આઝાદ કરે અને સ્ત્રી સ્ત્રીને. જેવું કે અબૂ દાઊદ, ઈબ્ને હબ્બાનની અમુક રિવાયતોથી સાબિત થાય છે. આ હદીષ વિવિધ ઈબારતો (લખાણો) વડે ઘણી અસ્નાદો થકી મુહદ્દિષોએ નકલ કરી.

૪. આ હદીષ સિહાહ સિત્તહની સર્વ કિતાબોમાં અને જામેઅ સગીર, તિબ્રાની વગેરેમાં વિવિધ સહાબા થકી મૌકૂફન તથા મરફૂઅન્ નકૂલ થયેલ છે. એની વિગત અહીં મિર્કાતમાં જુઓ.

★ લોકોને પોતાની બુરાઈથી બચાવવું સદકો ★

★ **હદીષ : (૨)-૩૩૮૩** ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: سَأَلْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: أَيُّ الْعَمَلِ أَفْضَلُ؟ قَالَ: «إِيمَانٌ بِاللَّهِ وَجِهَادٌ فِي سَبِيلِهِ» قَالَ: قُلْتُ: فَأَيُّ الرِّقَابِ أَفْضَلُ؟ قَالَ: «أَغْلَاهَا ثَمَنًا وَأَنْفَسُهَا عِنْدَ أَهْلِهَا» . قُلْتُ: فَإِنْ لَمْ أَفْعَلْ؟ قَالَ: «تُعِينُ صَانِعًا أَوْ تَصْنَعُ لِأَخْرَقَ» . قُلْتُ: فَإِنْ لَمْ أَفْعَلْ؟ قَالَ: «تَدَعُ النَّاسَ مِنَ الشَّرِّ فَإِنَّهَا صَدَقَةٌ تَصَدَّقُ بِهَا على نَفسك»

"હઝરત અબૂ ઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં નબી કરીમ عليه الصلوة والسلام ને પૂછ્યું કે કયો અમલ સારો છે ?[૧] ફર્માવ્યું, અલ્લાહ પર ઈમાન લાવવું અને અલ્લાહની રાહમાં જેહાદ કરવો[૨] મેં અર્ઝ કરી, કઈ ગરદન ન અફઝલ છે ? ફર્માવ્યું, અધિક કિંમતી અને માલિકની દૃષ્ટિએ ઉમદા હોય[૩] મેં અર્ઝ કરી કે જો હું એ ન કરી શકું ?! ફર્માવ્યું, કામવાળાની મદદ અથવા બેકારનું કામ કર[૪]. મેં અર્ઝ કરી, હું એ પણ ન કરી શકું ?! ફર્માવ્યું, કે લોકોને પોતાની બુરાઈથી બચાવીને રાખ[૫] કે એ પણ સદકો છે જેને તું પોતાના નફ્સ પર સદકો કરે છે[૬]." (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે દિલ, દિમાગ, શરીર વગેરે જાહેરી બાતિની અંગોના નેક અમલોમાંથી કયો અમલ અફઝલ છે ? એટલા માટે સરકાર ﷺ એ જવાબમાં દિલી અમલ એટલે ઈમાનનો પણ ઉલ્લેખ કર્યો.

૨. ઈમાન તે અફઝલ છે જેના પર ખાત્મો થઈ જાય, નહીં તો તદ્દન બેકાર છે. જેમ કે ઈબ્લીસનું બર્બાદ થયેલ ઈમાન. જેહાદમાં કાફિરો સાથે જેહાદ પણ સામેલ છે અને મુજાહિદાત, રિયાઝત પણ સામેલ છે. રબ તઆલા ફર્માવે છે : اِنَّ الَّذِيْنَ قَالُوْا رَبُّنَا اللّٰهُ ثُمَّ اسْتَقَامُوْا (બેશક ! જેમણે કહ્યું, અમારો રબ અલ્લાહ છે, પછી તેના પર કાયમ રહ્યા. *–સૂરએ ફુસ્સિલત, ૪૧/૩૦*) અને ફર્માવે છે : وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا (અને જેમણે અમારી

રાહમાં કોશિશ કરી, અમે જરૂર તેમને અમારા રસ્તા બતાવી આપીશું. –*સૂરએ અન્કબૂત, ૨૯/૬૯*)

૩. આ હદીષના આધારે ઈમામ માલિક ફર્માવે છે કે કિંમતી ગુલામ આઝાદ કરવો અફઝલ છે ભલે કાફિર જ હોય. પણ હક્ક એ છે અહીં કિંમતી તથા મો'મિન ગુલામ મુરાદ છે, જેવું કે પાછલી હદીષથી જણાયું.

૪. એટલે કે જે મહેનતુ કારોબારી માણસ કે એની કમાણી એને પૂરતી ન હોય, ગરીબ રહેતો હોય તેની પણ મદદ કરો અને જે કામકાજને લાયક ન હોય તેની પણ મદદ કરો. અમુક નુસ્ખાઓમાં صَانِعًا ને બદલે ضَائِعًا છે, એટલે બર્બાદ થયેલાની મદદ કરો કે તેને આબાદ કરો.

૫. એટલે કે કોશિશ કરો કે તમારાથી કોઈને નુકસાન ન પહોંચે.

مصرع مرا بہ جز تو امید نیست بد مرساں

અર્થાત : મને તારાથી ભલાઈની આશા તો નથી, પરંતું તું બુરાઈ પણ ન કર.

★ પોતાને ગુનાહોથી બચાવવું એ ખુદ પર એહસાન ★

૬. કે આ સ્થિતિમાં તમે પોતાને ગુનાહથી બચાવો છો આ પણ ખુદ પોતાના પર એહસાન તથા મહેરબાની છે. કોઈની ઉપર જુલ્મ કરવો, એના પર ટેમ્પરરી ધોરણે હોય છે, ખુદ પોતાના પર કાયમી જુલ્મ છે. (શેઅર)

پنداشت ستم گر کہ ستم بر ما کرد بر گردن اور بماند و برما بگذشت

અર્થાત : જાલિમ સમજે છે કે એણે અમારા પર જુલ્મ કર્યો, પરંતું હકીકતમાં એ જુર્મનો વબાલ ખુદ તેના પર આવી ગયો.

(વિભાગ : ૨) الفصل الثانی

★ જન્નતમાં પહોંચાડી આપનાર અમલ ★

★ હદીષ : (3)-3384 ★

عَن الْبَراء بن عَازِب قَالَ: جَاءَ أَعْرَابِيٌّ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: عَلِّمْنِي عَمَلًا يُدْخِلُنِي الْجَنَّةَ قَالَ: «لَئِنْ كُنْتَ أَقْصَرْتَ الْخُطْبَةَ لَقَدْ أَعْرَضْتَ الْمَسْأَلَةَ أَعْتِقِ النَّسَمَةَ وَفُكَّ الرَّقَبَةَ» . قَالَ: أَو ليسَا وَاحِدًا؟ قَالَ: " لَا عِتْقُ النَّسَمَةِ: أَنْ تَفَرَّدَ بِعِتْقِهَا وَفَكُّ الرَّقَبَةِ: أَنْ تُعِينَ فِي ثَمَنِهَا وَالْمِنْحَةَ: الْوَكُوفَ وَالْفَيْءَ عَلَى ذِي الرَّحِمِ الظَّالِمِ فَإِنْ لَمْ تُطِقْ ذَلِكَ فَأَطْعِمِ الْجَائِعَ وَاسْقِ الظَّمْآنَ وَأْمُرْ بِالْمَعْرُوفِ وَانْهَ عَنِ الْمُنْكَرِ فَإِنْ لم تطق فَكُفَّ لِسَانَكَ إِلَّا مِنْ

''હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક ગામડાવાસી નબી કરીમ عليه الصلوٰة والسلام ની ખિદમતમાં આવ્યો અને બોલ્યો, મને એવો અમલ શીખવાડો જે મને જન્નતમાં પહોંચાડી આપે[૧]. ફર્માવ્યું, જો કે તેં વાત ટૂંકી કરી છે પણ સવાલ વિશાળ છે[૨] ગુલામ આઝાદ કરો અને ગરદન છોડાવો[૩] તે બોલ્યો, શું આ બંને એક નથી ?[૪] ફર્માવ્યું, નહીં ! ગુલામ આઝાદ કરવું એ છે કે તું તેની આઝાદીમાં એકલો હોય, અને ગરદન છોડાવવું એ છે કે તું એની કિંમતમાં મદદ કરે[૫], અને કાંઈક દૂધ ખૈરાત કર[૬] અને જાલિમ સગા પર રુજૂઅ[૭]. પછી જો તું એની તાકાત ન ધરાવતો હોય તો ભૂખ્યાને ખાવા આપ અને તરસ્યાને પાણી, અને ભલાઈનો હુકમ કર અને બુરાઈથી મના

કર૯ જો તું એની પણ શક્તિ ન ધરાવે તો પોતાની ઝબાનની હિફાઝત કરે સિવાય ભલાઈના૯." *(બયહકી શોઅબુલ ઈમાન)*	خَيْرٍ".رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شعب الْإِيمَان

૧. એટલે કે આ અમલની બરકતથી અલ્લાહ તઆલા મને પહેલેથી જન્નતમાં પહોંચાડી આપે, દોઝખની સજા આપીને ન પહોંચાડે. અથવા અસ્નાદ મજાઝી છે એટલે કે એ અમલ જન્નતમાં ઉલા (પહેલેથી જ) દાખલાનો સબબ બને. એનાથી જાણવા મળ્યું કે અસ્નાદે મજાઝી જાઈઝ છે જેથી એવું કહી શકીએ છીએ કે રસૂલુલ્લાહ ﷺ દોઝખથી બચાવે છે, જન્નતમાં પહોંચાડે છે. જ્યારે એક અમલ જન્નતમાં પહોંચાડી શકે છે, તો નબી કરીમ عليه الصلوة والسلام જે એ અમલથી કેટલાયે અફઝલ છે તે જરૂર પહોંચાડી શકે છે.

૨. ક્યાં તો لئن એ ان,ના અર્થમાં છે, અર્થ : ભલે. જેવું કે અશિઅતુલ લમ્આતમાં અખત્યાર કરવામાં આવ્યું. અથવા લામ કસમનો છે અને ان શર્તિયા છે. આ સ્થિતિમાં لقد عرضت શર્તની જઝા. પ્રથમ સ્થિતિમાં તો ઈબારત (લખાણ)નો એ અર્થ છે જે અમે વર્ણવ્યો. બીજી સ્થિતિમાં અર્થ આ છે : કસમ છે તેં જો કે વાત ટૂંકી કરી પણ મસ્અલો મોટો પેશ કર્યો છે. હુઝૂર ﷺએ પ્રશ્નકર્તાની તારીફ કરી કે તેં વાત સંક્ષિપ્ત કરી છે અને ચીજ મોટી માગે છે. જન્નતી થઈ જવું મામૂલી વાત નથી. આ આખરી અર્થ મિર્કાતે કર્યો.

૩. આ છે તેની અરજ તથા વિનવણીનો જવાબ અને لئن الخ વાક્ય વાંધાવાળુ છે نسمه ن (નસમહ) નૂન તથા સીન ઝબરથી. અર્થ : રૂહ તથા જાન, ક્યારેક નફ્સ તથા જાતને પણ કહી દે છે, એટલે રૂહવાળી જાત. અહીં એ જ અર્થમાં છે. એનાથી મુરાદ ગુલામ તથા લોંડી છે. એ જ પ્રમાણે રુકબા જો કે ગરદનને કહે છે, પણ મુરાદ છે ગરદનવાળો એટલે માણસ.

૪. એટલે હુઝૂર ﷺએ ફર્માવ્યું : وفك الرقبة, વાવે આતિફથી જણાય છે કે અ્તક અલગ ચીજ છે અને ફલક ઔર ચીજ છે. મને જણાય છે કે બંનેવ એક છે. શક્ય છે કે વાવ او,ના અર્થમાં હોય, એટલે ક્યાં તો ગુલામ આઝાદ કર અથવા ફસાયેલી ગરદન છોડાવ.

૫. સુબ્હાનલ્લાહ ! આ છે એ સૈયદુલ કૌનૈન, અસ્ફહુલ અરબ ﷺની ફસાહત તથા બલાગત (ઉમદાવાણી અલંકારકતાવાળી) કે અ્તકથી મુરાદ છે આઝાદ કરવું. આઝાદ તે જ કરશે જે માલિક હશે, જેથી એનો અર્થ થયો પોતાનો ગુલામ આઝાદ કરવો. અને "ફક"નો અર્થ છે ફસાયેલી ગરદન છોડાવવી, એટલે કે કોઈ અન્યનો ગુલામ છે તેણે તેને મકાતિબ કરી આપ્યો છે (કે આટલી રકમ આપે તો આઝાદ) અને તે માલ અદા કરવા શક્તિમાન નથી, તેની ગરદન ફસાએલી છે, તો તેની કુલ કે થોડીક કિંમત અદા કરીને આઝાદ કરાવી દે.

૬. منه મીમના ઝેર નૂનના જઝમથી. અર્થ : અતિયા (ભેટ). હવે આ દૂધવાળા જાનવરને منه કહે છે, જે કોઈને દૂધ પીવા માટે ઉધાર આપવામાં આવે, ઊંટણી, બકરી, ગાય વગેરે. وكوف,وكف છે અર્થ : ટીપાં ટપકવાં, કહેવામાં આવે છે وكف السقف, વરસાદમાં છત ટપકી. એનાથી મુરાદ ખૂબ દૂધ આપનારી ઊંટણી, બકરી વગેરે છે જેનું દૂધ ટપકતુ હોય અધિક્તાના કારણે. આ ઈબારત (લખાણ) મુબ્તદા છે તેની ખબર ખૈર પોશીદા છે. એટલે ઘણા જ દૂધવાળા જાનવરને ઉછીનુ આપી દેવું પણ ઘણો જ સારો અમલ છે, જન્નતમાં પહોંચાડનારો છે. અથવા المنحة મન્સૂબ છે ફેઅલે પોશીદાનો મફઉલ.

★ જન્નતી થવાનો અમલ ★

૭. એટલે કે **તારો સગો સંબંધી જો તારી ઉપર જુલ્મ કરે પણ તું એના પર મહેરબાની વર્તે એ**

પણ જન્નતી થવાનો અમલ છે. (અશિઅહ) અથવા જે તારો સગો સંબંધી બીજાઓ પર જુલ્મ કરે તો તું તેની સગાઈ તથા મહોબ્બત પરત કરી દે, એનાથી સંબંધ કાપી નાખે કે જેથી તે એની હરકતથી તૌબા કરે, કેવળ સગાઈના કારણે તેનો ફેવર ન કર. *(મિર્કાત)*

૮. એટલે લોકો પર જાહેરી રીતે તથા બાતિની એહસાન કર. ખાવા પાણી જાહેરી એહસાન છે જેનાથી શરીરનો ઉછેર છે. અને બુરાઈથી રોકવું, ભલાઈનો હુકમ આપવું બાતિની એહસાન છે જેનાથી દિલો દિમાગની પરવરિશ છે.

૯. એ રીતે કે જીભ વડે બુરી વાત, જૂઠ, ગીબત, ગાળ વગેરે ન કાઢો. અહીં ભલાઈ બુરાઈની સરખામણીમાં છે, જેથી આ ખૈર (ભલાઈ)માં જાઈઝ તથા મુબાહ વાત પણ સામેલ છે. ઉલમા ફર્માવે છે કે બેહતરીન અમલ એ છે કે કષરતે સુકૂત, લઝૂમુલ બુયૂત, કનાઅત બિલ્કુવ્વત ઈલા અન યમૂત એટલે લાંબી ખામોશી, મોટાભાગે ઘરમાં રહેવું, જીવનપર્યંત થોડામાં રાજી રહેવું.

★ મસ્જિદ બનાવનાર માટે જન્નતમાં ઘર બનશે ★

''હઝરત અમ્ર ઈબ્ને અબસા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે ***જે એટલા માટે મસ્જિદ બનાવે કે એમાં અલ્લાહનો ઝિક્ર કરવામા આવે તો એના માટે જન્નતમાં ઘર બનાવવામાં આવશે[૨]*** *અને જે મુસલમાન નફ્સને આઝાદ કરે તો તે એનો દોઝખથી ફિદયો થશે[૩] અને* ***જે અલ્લાહની રાહમાં ઘરડો થાય[૪] તો એના માટે કયામતના દિવસે નૂર હશે[૫].''*** *(શરહે સુન્નહ)[૬]*

★ હદીષ : (૪)-૩૩૮૫ ★

وَعَن عَمْرو بن عبسة أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ بَنَى مَسْجِدًا لِيُذْكَرَ اللَّهُ فِيهِ بُنِيَ لَهُ بَيْتٌ فِي الْجَنَّةِ وَمَنْ أَعْتَقَ نَفْسًا مُسْلِمَةً كَانَتْ فِدْيَتَهُ مِنْ جَهَنَّمَ. وَمَنْ شَابَ شَيْبَةً فِي سَبِيلِ اللَّهِ كَانَتْ لَهُ نُورًا يَوْم الْقِيَامَة» . رَوَاهُ فِي شرح السّنة

૧. આપની કુન્નિયત અબૂ નહીહ છે. ચોથા મુસલમાન છે. આપના ફઝાઈલ વર્ણવવામાં આવી ચૂકેલ છે.

૨. મસ્જિદ નાની બનાવે કે મોટી, એકલો બનાવે કે બીજાઓની સાથે મળીને, જો નિય્યતમાં ઈખ્લાસ છે તો ઈન્શા અલ્લાહ ! એ જ સવાબ છે. એનાથી વકફ મસ્જિદ મુરાદ છે ન કે ઘરની મસ્જિદ જે ઘરમાં એક ખૂણામાં નમાઝ માટે ખાસ કરવામાં આવે છે.

૩. કે અલ્લાહ એ આઝાદ કરવાના સબબે તેને દોઝખથી નજાત આપશે. એ લાઝિમ નથી કે તે આઝાદ કરેલ ગુલામને જરૂર દોઝખમાં જ મોકલે, ફિદિયાથી એ મુરાદ નથી.

૪. એ રીતે કે પોતાની પૂરી જિંદગી ઈસ્લામમાં, જેહાદમાં, હજ્જમાં, ઈલ્મેદીનની તલબમાં ગુજારી દે. ફી સબીલિલ્લાહ ખૂબ જ આમ છે. જાણવા મળ્યું કે પૂરાણો મુસલમાન નવ મુસ્લિમથી આ લેહાઝથી અફઝલ છે.

૫. એ રીતે કે તેનું મોં કયામતના દિવસે નૂરાની હશે અને ત્યાંના અંધકારથી નજાત પામશે. કેમ કે દુનિયામાં કદી કુફ્ર તથા ગુનાહોના અંધકારોમાં નથી ફસાયો.

૬. યાદ રાખશો કે આ હદીષ સંક્ષિપ્તપણે અમ્ર ઈબ્ને અબિયહની રિવાયતથી કેવળ શરહે સુન્નહમાં જ છે પણ વિવિધ રીતે વિવિધ રાવીઓ થકી મુસ્લિમ, બુખારી, તિર્મિઝી, અહમદ, ઈબ્ને માજહ, તિબ્રાની, જામેએ સગીર વગેરેમાં છે. જેથી સાહિબે મિશ્કાતનું કેવળ શરહે સુન્નહનો હવાલો આપવું સંક્ષિપ્ત હદીષના લેહાઝથી છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૫)-૩૩૮૬ ★

عَن الغريف بن عَيَّاش الديلمي قَالَ: أَتَيْنَا وَاثِلَة بن الْأَسْقَع فَقُلْنَا: حَدِّثْنَا حَدِيثًا لَيْسَ فِيهِ زِيَادَةٌ وَلَا نُقْصَانٌ فَغَضِبَ وَقَالَ: إِنَّ أَحَدَكُمْ لَيَقْرَأُ وَمُصْحَفُهُ مُعَلَّقٌ فِي بَيْتِهِ فَيَزِيدُ وَيَنْقُصُ فَقُلْنَا: إِنَّمَا أَرَدْنَا حَدِيثًا سَمِعْتَهُ مِنَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم فَقَالَ: أَتَيْنَا رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي صَاحِبٍ لَنَا أَوْجَبَ يَعْنِي النَّارَ بِالْقَتْلِ فَقَالَ: «أعتقوا عَنهُ يعْتق الله بِكُل عُضْو مِنْهُ عُضْو أَمنه من النَّار» . رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

''હઝરત ગરીફ ઈબ્ને દયલમીથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે અમે વાષિલા ઈબ્ને અસ્ક઼અની પાસે ગયા[૨] અમે અર્ઝ કરી કે અમને તે હદીષ સંભળાવો જેમાં વધઘટ ન હોય. તો તે નારાજ થઈ ગયા અને ફર્માવ્યું, તમારામાંથી કોઈ તિલાવત કરે છે અને એનું કુર્આન એના ઘરમાં લટકેલુ હોય છે, તો શું એ વધઘટ કરી દે છે ?[૩] અમે બોલ્યા કે અમારો મતલબ એ છે કે આ હદીષ સંભળાવો જે આપે નબી કરીમ ﷺ થી સાંભળી હોય[૪] તો ફર્માવવા લાગ્યા કે અમે નબી કરીમ عليه الصلوة والسلام ની ખિદમતમાં અમારા એક સાથીના મામલામાં હાજર થયા જેણે ક઼ત્લ કરીને પોતાના માટે દોઝખ વાજિબ કરી લીધી હતી[૫]. તો ફર્માવ્યું, એના તરફથી ગુલામ આઝદ કરો, અલ્લાહ તેના દરેક અંગના બદલામાં તેનું અંગ આગથી આઝાદ કરી આપશે[૬].'' (અબૂ દાઊદ, નિસાઈ)

૧. આપનો લક઼બ ગરીફ઼ ઈબ્ને અયાશ ઈબ્ને ફ઼ીરોઝ દયલમી છે, નામ અબ્દુલ્લાહ છે. તાબઈનમાંથી છે. ષિક઼હ તથા મકબૂલુલ હદીષ છે.

૨. આપ મશહૂર સહાબી છે. વાષિલા ઈબ્ને અસ્ક઼અ લૈષી એ વખતે ઈમાન લાવ્યા, જ્યારે નબી કરીમ عليه الصلوة والسلام ગઝવએ તબૂકની તૈયારી કરી રહ્યા હતા. આપ સુફ઼્ફાવાળાઓમાંથી છે. ત્રણ વરસ હુઝૂર ﷺની ખિદમત કરી. બસરામાં રહ્યા. આખર ઉમરમાં દમિશ્કથી ત્રણ માઈલ દૂર કરીમા બિલાતમાં રહ્યા, પછી બૈતુલ મુક઼દ્દસમાં ઈન્તેકાલ કર્યો. પૂરા સો વરસની ઉમર પામ્યા.

૩. હેતુ એ છે કે તદ્દન ગલતી ન હોવી એ માનવશક્તિ બહારની વાત છે. જુઓ રાત દિવસ તિલાવત કરવામાં આવે છે, લખેલુ કુર્આન ઘરોમાં રાખેલુ રહે છે, રાત દિવસ જોતા રહેવામાં આવે છે છતાં તેમાં ગલતી થઈ જાય છે. આ તો હદીષ શરીફ઼ છે જેની ન તિલાવત આટલા પ્રમાણમાં આયોજનપૂર્વક થાય, કિતાબી સ્વરૂપમાં લખેલી આપણી પાસે મૌજૂદ છે, પછી તદ્દન વધ ઘટ ન થવું કઈ રીતે થઈ શકે છે ? આનાથી જાણવા મળ્યું કે હદીષની રિવાયત બિલ્મઅના (ભાવાર્થ) અને હદીષમાં આવી વધ ઘટ જેનાથી મક઼સદ ન બદલાય એ દુરુસ્ત છે. એના પર સહાબાએ કિરામનો અમલ છે. *(મિર્ક઼ાત)*

૪. એટલે અમારો હેતુ એ છે કે હુઝૂર ﷺની એ રીતે સંભળાવો કે તેના અર્થમાં તદ્દન ફેરફાર ન થાય, એ મક઼સદ નથી કે શબ્દો પણ તદ્દન ન બદલાય. આપ અમારો મક઼સદ સમજ્યા નહીં.

૫. શબ્દ એટલે النار غريف નો છે. વાષિલા رضی اللہ عنہ ની રિવાયત આ છે : اوجب بالقتل એની શરહ ગરીફે કરી. મતલબ એ છે કે અમારા એક સાથીએ કોઈને વિના ઈરાદાએ ક઼ત્લ કરીને સખત જુર્મ કરી દીધો હતો. તેના પર ક઼ેસાસ ન હતો દિયત હતી. અમે હુઝૂર ﷺને પૂછ્યું, આખેરતમાં આ ખૂનીની જાન કઈ રીતે દોઝખથી બચે ?

★ બિન ઈરાદે ક़त्ल થાય તો ક़ેસાસ નથી દિયત છે ★

૬. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે બિન ઈરાદે ક़त्ल થઈ જાય તેમાં ક़ેસાસ નથી દિયત છે. બીજુ એ કે દિયતથી દુનિયવી માફી થઈ જાય છે અને આખેરતની વબાલથી બચવા માટે કોઈ નેકી કરવી જોઈએ. યાદ રાખશો કે ભૂલથી ક़त्ल થઈ જવું પણ જુર્મ છે, કેમ કે એ નિષ્કાળજીથી ખૂન થવાની સજા દોઝખ છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે ભૂલચૂક પર તો પકડ નથી, પછી કફ્ફારા માટે ગુલામ શાથી આઝાદ કરાવવામાં આવ્યો ? કેમ કે ખતા ભૂલ પર તો પકડ નથી પણ જે ગફલતના કારણે ખતા થઈ એ ગફલત પર પકડ છે. જો કોઈ રાતે મોડેથી સૂએ જેના કારણે સવારે આંખ ન ખુલે અને ફજરની નમાઝ ક़ઝા થઈ જાય, તો રાતે વિના કારણે વધારે જાગવા પર પકડ છે કે તમે જલ્દી કેમ ન સૂઈ ગયા જેથી જલ્દી આંખ ખુલી જાત.

★ બેહતરીન સદક़ો સિફારિશ છે ★

''હઝરત સમુરહ ઈબ્ને જુન્દુબ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે બેહતરીન સદક़ો સિફારિશ છે જેનાથી ફસાએલી ગરદન છૂટી જાય[૧]. '' (બયહક़ી શોઅબુલ ઈમાન)

★ હદીષ : (૬)-૩૩૮૭ ★

وَعَن سَمُرَةَ بْنِ جُنْدُبٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَفْضَلُ الصَّدَقَةِ الشَّفَاعَةُ بِهَا تُفَكُّ الرَّقَبَةُ» . رَوَاهُ الْبَيْهَقِيّ فِي «شعب الْإِيمَان»

૧. એટલે કે સિફારિશ (ભલામણ) કરીને કોઈને કરજ, ગુલામી, ક़ેદ, ગેરકાયદે ગિરફ્તારીથી છોડાવવું અથવા મકાતિબની સિફારિશ કરીને તેના કિતાબતના બદલમાં કમી કરાવી દેવી એ બેહતરીન સદક़ો છે. યાદ રાખશો કે મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં الفك છે, ત્યારે ઈબારત (લખાણ) તદ્દન સ્પષ્ટ છે, અને અમુક નુસ્ખાઓમાં الفك નથી ત્યારે અહીં تفك નું વાક્ય الشفاعة ની સિફ્ત છે અથવા એનો હાલ, કેમ કે આ સ્થિતિમાં الشفاعة નકરા છે, અને નકરાની સિફ્ત વાકય થઈ શકે છે. શાઈર કહે છે : ولقد امر على اللئيم يسبنى ખુલાસો એ છે કે **સિફારિશ કરીને ફસાયેલા માણસને છોડાવી આપવો ઘણુ અફ઼ઝલ છે.** રબ તઆલા ફર્માવે છે : مَنْ يَّشْفَعْ شَفَاعَةً حَسَنَةً يَّكُنْ لَّهٗ نَصِيْبٌ مِّنْهَا (જે સારી સિફારિશ કરે એના માટે એમાંથી હિસ્સો છે. સૂરએ નિસાઅ, ૪/૮૫)

باب اعتاق العبد المشترک وشری القریب والعتق فی المرض

બાબુ ઈઅ્તાકિલ્ અબ્દિલ્ મુશ્તરકિ વ શિરાઈલ કરીબિ વ ઈત્કિ ફિલ્મરઝિ

(સંયુકત ગુલામ આઝાદ કરવો[૧] અને સગાને ખરીદવા[૨] અને બીમારીમાં આઝાદ કરવા વિશે[૩])

(વિભાગ : ૧) الفصل الاول

૧. એટલે કે એક ગુલામ કેટલીક વ્યક્તિઓનો ગુલામ હોય એ માલિકોમાંથી એક આઝાદ કરી દે તો બાકીના માલિકો શું કરે ? એમાં મતભેદ છે. અત્ક વહેંચાય શકે કે નહીં, એ રીતે કે ગુલામ અડધો આઝાદ થઈ જાય અને અડધો ગુલામ રહે ? ઈમામ અબૂ હનીફાને ત્યાં થઈ શકે છે. સાહિબૈનને ત્યાં નહીં. رضوان الله تعالى عليهم اجمعين એના પર ઘણા શરઈ મસાઈલ શાખો જેમ નીકળે છે.

૨. કે કોણ નજીકનો સગો પોતાની માલિકીમાં આવવાથી આઝાદ થાય છે અને કોણ આઝાદ નથી થતો.

૩. એટલે કે મૌત વેળાની બીમારીમાં આઝાદ કરવા અને ચિંતન કરવા વિશે વર્ણન.

★ હદીષ : (૧)-૩૩૮૮ ★

عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَعْتَقَ شِرْكًا لَهُ فِي عَبْدٍ وَكَانَ لَهُ مَالٌ يَبْلُغُ ثَمَنَ الْعَبْدِ قُوِّمَ الْعَبْدُ قِيمَةَ عَدْلٍ فَأُعْطِيَ شُرَكَاؤُهُ حِصَصَهُمْ وَعَتَقَ عَلَيْهِ الْعَبْدُ وَإِلَّا فَقَدْ عَتَقَ مِنْهُ مَا عَتَقَ»

"હઝરત ઈબ્ને ઉમર رضی الله عنهما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે કોઈ ગુલામમાં પોતાનો હિસ્સો આઝાદ કરી દે તો જો તેની પાસે માલ હોય જે ગુલામની કિંમતે પહોંચી જાય[૧] તો એના પર ગુલામની કિંમત લગાડવામાં આવે ઈન્સાફની, પછી બાકીના ભાગીદારોને તેમના હિસ્સા આપી દેવામાં આવે અને ગુલામ એના પર જ આઝાદ થશે[૨]. નહીં તો એ ગુલામમાંથી જેટલુ થઈ ગયું તે થઈ ગયું[૩]." (મુસ્લિમ, બુખારી)

૧. شرك સીનના ઝેર રેની જઝમથી, અર્થ હિસ્સો. (નિહાયા) એટલે કે જો કેટલાક શખ્સો એક ગુલામના માલિક હતા અને ગુલામ એ સૌમાં સંયુક્ત હતો. એવામાં એક માલિકે પોતાનો હિસ્સો આઝાદ કરી આપ્યો. તો જો એ આઝાદ કરવાવાળા પછી ખાવાપીવા તથા લિબાસ અને રહેવાનું મકાન તથા ખિદમતના ગુલામ, સારાંશ જરૂરિયાતથી બચેલો એટલો માલ હોય જે બાકી હિસ્સેદારોના હિસ્સાની કિંમતના બરાબર હોય, જેથી એ આઝાદ કરવાવાળાના મકાન, જાયદાદ, કપડાં વેચાવીને તે ભાગીદારોને નહીં અપાવવામાં આવશે. આ શરત ખૂબ જ ધ્યાનમાં રાખશો. *(મિર્કાત)*

૨. એટલે કે આઝાદ કરનાર જો એટલા પ્રમાણમાં માલનો માલિક છે જે ઉપર વર્ણન થયું તો બાકીના માલિકોના હિસ્સાઓની ઈન્સાફવાળી કિંમત તેનાથી અપાવવામાં આવશે અને ગુલામ સંપૂર્ણ આઝાદ થશે. અને આ એકલો જ આઝાદ કરનાર માનવામાં આવશે. તેની વિલા પૂરેપૂરી એ જ મોઅત્તક (આઝાદ કરનાર)ની થશે. એનાથી જાણવા મળ્યું કે આ સ્થિતિમાં એ એક માલિકના આઝાદ કરતાં જ પૂરો ગુલામ આઝાદ થઈ જશે. એ બાકીના માલિકોને કિંમત આપવા

પર આઝાદી મૌકૂફ ન થશે. તેમજ આ હુકમ દરેક ગુલામ તથા મોઅત્તકનો છે, ચાહે મો'મિન હોય કે કાફિર, અને એ આઝાદીથી રાજી હોય કે નારાજ. એ જ મઝહબ સાહિબૈનનો છે, એને જ ઈમામ તહાવી વગેરેએ અપનાવ્યું.

૩. એટલે કે જો તે આઝાદ કરનાર માલિક તંગદસ્ત છે કે તેની પાસે વર્ણવેલ માલ નથી તો એટલો હિસ્સો ગુલામનો આઝાદ થઈ ગયો. બાકી હિસ્સો ગુલામ જ છે. બાકીના માલિકોને હક્ક છે કે ક્યાં તો ગુલામથી મહેનત તથા કોશિશ કરાવીને તેની બાકીની કિંમત વસૂલ કરીને આઝાદ કરી દે અથવા ગુલામ જ રહેવા દે, તે પણ ખુશીપૂર્વક વિના બદલાએ આઝાદ કરી દે. આ મઝહબ છે ઈમામ શાફઈ رضی اللہ عنہ નો અને આ હદીષ તેમની દલીલ છે. સારાંશ કે તેમને ત્યાં ગુલામની આઝાદીના હિસ્સા થઈ શકે છે, કે એ ગુલામનો અમુક ભાગ આઝાદ છે અને અમુક ગુલામ. આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં જો કે આઝાદી વહેંચાય શકે છે પણ એ વખતે તો ગુલામનો એ જ હિસ્સો થશે પણ બાકી માલિકોને હક્ક હશે કે ક્યાં તો તેઓ પણ આઝાદ કરી દે અથવા ગુલામથી મહેનત કરાવીને પોતાના હિસ્સાઓની કિંમત વસૂલ કરી લે, અને ગુલામ એ કિંમત આપીને આઝાદ થઈ જાય. સારાંશ સર્વ ઈમામોની એના પર તો એકમતી છે કે જો આઝાદ કરનાર માલદાર છે તો પૂરો ગુલામ આઝાદ થઈ જશે, આઝાદીની વહેંચણી ન થશે. એના પર પણ એકમત છે કે જો આઝાદ કરનાર ગરીબ છે તો એટલો જ હિસ્સો આઝાદ થશે જેટલો આઝાદ કરવામાં આવ્યો. મતભેદ એમાં છે કે બાકી હિસ્સો ગુલામ રહેશે કે નહીં? ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં રહેશે, આપણે ત્યાં નહીં, સાહિબૈન આઝાદીની વહેંચણીને માનનાર નથી, તેમને ત્યાં ગમે તેમ પૂરો ગુલામ આઝાદ થશે. આઝાદ કરનાર માલદાર હોય કે ગરીબ. હા ! ગરીબીની સ્થિતિમાં ગુલામ આઝાદ તો થઈ ચૂક્યો પણ મહેનત કરીને પોતાની બાકીની કિંમત બાકી માલિકોને આપી દે. સર્વની દલીલો ફિકૃહની કિતાબોમાં અને મિર્કાતમાં આ જગાએ જુઓ.

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ عليه الصلوٰة والسلام *થી રાવી. ફર્માવે છે, જેણે ગુલામમાં એક હિસ્સો આઝાદ કર્યો તો તે પૂરો આઝાદ થઈ ગયો, જો તેની પાસે માલ હોય. અને જો તેની પાસે માલ ન હોય તો ગુલામ પાસે મહેનત કરાવવામાં આવે તેના પર* TS, LOGFbI FJUZ[[1]]. *'' (મુસ્લિમ, બુખારી)*

★ હદીષ : (૨)-૩૩૮૯ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ أَعْتَقَ شِقْصًا فِي عَبْدٍ أُعْتِقَ كُلُّهُ إِنْ كَانَ لَهُ مَالٌ فَإِنْ لَمْ يَكُنْ لَهُ مَالٌ اسْتَسْعَى الْعبد غيرمشقوق عَلَيْهِ»

૧. આ હદીષનો અર્થ સાહિબૈનને ત્યાં એ છે કે જો આઝાદ કરનાર ગરીબ છે તો ગુલામ પૂરો આઝાદ થઈ ગયો પણ કમાણી કરીને બાકી માલિકોને પોતાના બાકીના હિસ્સાની કિંમત અદા કરે. અને ઈમામ સાહબને ત્યાં એ અર્થ છે કે હજી તેનો એક હિસ્સો જ આઝાદ થયો, જ્યારે કમાણી કરીને પોતાની બાકીની કિંમત અદા કરશે ત્યારે બાકીનો આઝાદ થશે. ઈમામ શાફઈને ત્યાં એ અર્થ છે કે આ સ્થિતિમાં ગુલામનો એક હિસ્સો આઝાદ થઈ ગયો. બાકીના માલિક પોત પોતાના હિસ્સામાં યથાવત રીતે તેની પાસેથી પોતાનું કામ લેશે. બલ્કે ઈમામ શાફઈ ફર્માવે છે કે આ વાક્ય : استسعى العبد الخ હુઝૂર ﷺ નું ફર્માન છે જ નથી, એ કૃતાદા રાવીનો પોતાનો કૌલ છે પણ હક્ક એ છે કે હુઝૂર નું જ ફર્માન છે, જેમ કે બીજી રિવાયતોથી સાબિત છે.

''હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સે પોતાના મૃત્યુ વખતે પોતાના છ ગુલામોને આઝાદ કરી આપ્યા[[1]]. તેમની પાસે એમના સિવાય અન્ય કોઈ માલ ન હતો[[2]] તો તેમણે

★ હદીષ : (૩)-૩૩૯૦ ★

وَعَن عمرَان بن حُصَيْن: أَنَّ رَجُلًا أَعْتَقَ سِتَّةَ مَمْلُوكِينَ لَهُ عِنْدَ مَوْتِهِ لَمْ يَكُنْ لَهُ مَالٌ غَيْرُهُمْ فَدَعَا بِهِم رَسُولُ اللَّهِ

صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَجَزَّأَهُمْ أَثْلَاثًا ثُمَّ أَقْرَعَ بَيْنَهُمْ فَأَعْتَقَ اثْنَيْنِ وَأَرَقَّ أَرْبَعَةً وَقَالَ لَهُ قَوْلًا شَدِيدًا. رَوَاهُ مُسْلِمٌ وَرَوَاهُ النَّسَائِيُّ عَنْهُ وَذَكَرَ: «لَقَدْ هَمَمْتُ أَنْ لَا أُصَلِّيَ عَلَيْهِ» بَدَلَ: وَقَالَ لَهُ قَوْلًا شَدِيدًا وَفِي رِوَايَةِ أَبِي دَاوُدَ: قَالَ: «لَوْ شَهِدْتُهُ قَبْلَ أَنْ يُدْفَنَ لَمْ يُدْفَنْ فِي مَقَابِرِ الْمُسلمين»

રસૂલુલ્લાહ ﷺ ને બોલાવ્યા તો તેના ત્રણ હિસ્સા કર્યા પછી એમાં ડ્રો કર્યો[૩] જેથી બેને આઝાદ કરી દીધા અને ચારને ગુલામ રાખ્યા[૪] અને મૈયતના માટે ખૂબ જ સખત શબ્દો કહ્યા[૫] અને અબૂ દાઊદની રિવાયતમાં છે કે ફર્માવ્યું, જો હું દફન કરવામાં આવ્યા પહેલાં હોત તો તેને મુસલમાનના કબ્રસ્તાનમાં દફનાવવામાં ન આવત[૬]."

૧. એ રીતે એ સૌને કહી આપ્યું કે તમે સૌ આઝાદ થઈ જાવ. એવું ન કહ્યું કે મારા બાદ આઝાદ થઈ જશે એટલે આઝાદી તન્જીઝી (વાયદા પર આધારિત) હતી.

૨. જો એ મરનાર પાસે એ ગુલામો સિવાય અન્ય માલ હોત જેથી આ ગુલામ એનો ત્રીજો ભાગ બની જાત તો એ સૌ આઝાદ થઈ જાત કે મરતી વખતે પોતાના ત્રીજા માલમાં હેરફેર જાઈઝ છે, વધારેમાં નહીં.

★ મરતી વખતે સદકા ખૈરાત ભેટ આપવું દુરુસ્ત ★

૩. એ છ ગુલામ ઝખ્મી હતા. સૌની કિંમત સરખી હતી. જો કિંમતમાં વધ ઘટ હોત તો બે ગુલામ આઝાદ ન થાત, બલ્કે ત્રીજા ભાગના માલમાં જેટલા આવતા તે આઝાદ થતા. આનાથી બે મસ્અલા જાણવા મળ્યા. એક એ કે મરતી વખતનું આઝાદ કરવું એ જ પ્રમાણે સદકા, ખૈરાત તથા હેબા (ભેટ) વગેરે દુરુસ્ત છે. બીજુ એ કે એ વખતે સર્વ કામ પોતાના ૧/૩ માલમાં કરી શકે છે કે બાકી ૨/૩ માલ એના વારસોનો છે.

૪. ઈમામે આ'ઝમ અને ઈમામ શઅબી, ઈમામ શુરૈહ તથા ખ્વાજા હસન બસરી رضوان الله تعالى عليهم اجمعين નો ફતવો એ છે કે આ સ્થિતિમાં એ છ ગુલામોનો ૧/૩ આઝાદ થશે. એટલે દરેક ગુલામનો ૧/૩ હિસ્સો, અને દરેક ગુલામ પોતાના ૨/૩ આઝાદ કરાવવા માટે કમાણી કરે અને કિંમત અદા કરીને આઝાદ થઈ જાય.

★ મુર્દાને દીની કુસૂરના કારણે બુરો કહી શકાય ★

૫. કેમ કે તેણે નાજાઈઝ કામ કર્યું, જે માલથી વારસોનો હક્ક સંબંધિત હતો તેમને આઝાદ કરી આપ્યા. જાણવા મળ્યું કે મુર્દાને દીની કુસૂરના કારણે બુરો કહી શકાય છે. એ જે હદીષે પાકમાં છે કે પોતાનાં મુર્દાઓને ભલાઈથી યાદ કરો, એનો મતલબ એ છે કે દુનિયવી કારણે તેને બુરો ન કહો. *(અશિઅહ)*

૬. એનાથી જાણવા મળ્યું કે ઈબ્રતના માટે જો ઈમામ કોઈક ગલતી કરનારની ખુદ નમાઝ ન પઢે અને બીજાથી પઢાવી આપે અને તેને મુસલમાનોના કબ્રસ્તાનથી અલગ દફન કરાવી દે જેથી લોકો ભાવિમાં એવી ગલતી ન કરે તો દુરુસ્ત છે. આ તબ્લીગનો એક પ્રકાર છે. કદાચ એ શખ્સનું મૃત્યુ અને દફન વખતે સરકાર ﷺ મદીના મુનવ્વરાથી બહાર સફરમાં હશે, નહીં તો સામાન્યતઃ હુઝૂર ﷺ સહાબાએ કિરામના કફન દફનમાં શરીક થતા હતા.

★ પુત્ર પોતાના બાપનો બદલો નથી આપી શકતો પણ ★

★ હદીષ : (૪)-૩૩૯૧ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَجْزِي وَلَدٌ وَالِدَه إِلَّا أَن يجده مَمْلُوكا فيشتريه فيعتقه» . رَوَاهُ مُسلم

"હઝરત અબૂ હુરૈરહ رضی الله عنه થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે કોઈ પુત્ર પોતાના બાપને બદલો નથી આપી શકતો પણ એ રીતે કે તેને ગુલામ પામે તો તેને ખરીદી લે કે જેથી આઝાદ કરી દે[૭]." (મુસ્લિમ)

૧. ફે તઅકૃીબિયહ નથી બલ્કે તઅલીલિયહ છે, કેમ કે મા બાપ તથા અન્ય ખાસ સગાં ખરીદતાં જ આઝાદ થઈ જાય છે. મતલબ એ છે કે પુત્ર પોતાના બાપની ગમે તેટલી ખિદમત કરે પણ તેનો હક્ક અદા નથી કરી શકતો. તેનો હક્ક અદા કરવાની કેવળ એક એ રીત છે કે જો પુત્ર માલદાર અને આઝાદ હોય અને બાપ ગુલામ હોય તો પુત્ર તેને ખરીદી લે, જેથી તે બાપ તેની માલિકીમાં આવતાં જ આઝાદ થઈ જાય. એ મતલબ નથી કે પ્રથમ બાપને ખરીદીને તેનો માલિક બની જાય પછી પોતાની રીતે તેને આઝાદ કરે. જેથી આ હદીષ ન તો આગામી આવતી હદીષની વિરુદ્ધ છે ન તો ફકૃીહોના કૃૌલ આ હદીષની વિરુદ્ધ છે.

★ હદીષ : (૫)-૩૩૯૨ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ جَابِرٍ: أَنَّ رَجُلًا مِنَ الْأَنْصَارِ دَبَّرَ مَمْلُوكًا وَلَمْ يَكُنْ لَهُ مَالٌ غَيْرُهُ فَبَلَغَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «مَنْ يَشْتَرِيهِ مِنِّي؟» فَاشْتَرَاهُ نعيم بن النَّحَّامِ بِثَمَانِمِائَةِ دِرْهَمٍ. مُتَّفَقٌ عَلَيْهِ. وَفِي رِوَايَةٍ لِمُسْلِمٍ: فَاشْتَرَاهُ نُعَيْمُ بْنُ عَبْدِ اللَّهِ الْعَدَوِيُّ بثمانمائة دِرْهَم فجَاء بِهَا إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَدَفَعَهَا إِلَيْهِ ثُمَّ قَالَ: «ابْدَأْ بِنَفْسِكَ فَتَصَدَّقْ عَلَيْهَا فَإِنْ فَضَلَ شَيْءٌ فَلِأَهْلِكَ فَإِنْ فَضَلَ عَنْ أَهْلِكَ شَيْءٌ فَلِذِي قَرَابَتِكَ فَإِنْ فَضَلَ عَنْ ذِي قَرَابَتِكَ شَيْءٌ فَهَكَذَا وَهَكَذَا» يَقُولُ: فَبين يَديك وَعَن يَمِينك وَعَن شمالك

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે એક અન્સારી આદમીએ પોતાનો ગુલામ મુદબ્બિર કર્યો[૧] અને તેની પાસે એના સિવાય અન્ય માલ ન હતો[૨]. આ ખબર નબી ﷺ ને પહોંચી તો આપે ફર્માવ્યું, મારાથી એને કોણ ખરીદે છે ?[૩] જેથી તેને નુએમ ઈબ્ને નજામે આઠસો દિરહમના બદલામાં ખરીદી લીધો[૪]. (મુસ્લિમ, બુખારી) અને મુસ્લિમની રિવાયતમાં આ પ્રમાણે છે કે એને નુએમ ઈબ્ને અબ્દુલ્લાહ અદવીએ આઠસો દિરહમના બદલામાં ખરીદયો[૫]. તેઓ એ દિરહમ નબી કરીમ ﷺ ની ખિદમતમાં લાવ્યા. આપે એ દિરહમ તેને આપ્યા[૬] પછી ફર્માવ્યું કે તમારા નફસ (જાત)થી શરૂ કરો કે તેના પર ખર્ચ કરો[૭] પછી જો કાંઈ બચી રહે તો તમારાં ઘરવાળાંને આપો, પછી જો ઘરવાળાંથી કાંઈ બચી રહે તો તમારાં સગાંઓને આપો[૮] પછી જો તમારા સગાંથી પણ કાંઈ બચી જાય તો આમ આપો અને આમ આપો. હુઝૂરે અન્વર ﷺ પોતાની આગળ જમણે ડાબે ઈશારો કર્યે જતા હતા[૯].''

૧. અથવા એ રીતે કે કહ્યું કે જો હું ફલાણી બીમારીમાં મરી જઉં તો તું આઝાદ છે. આ તદબીર મુકૃૈયદ (શર્તી) છે અને એને મુદબ્બિર મુકૃૈયદ કહે છે. અથવા એ રીતે કે, કહ્યું : જ્યારે હું મરી જઉં તો તું આઝાદ છે તેને તદબીરે મુત્લકૃ કહે છે અને એવા ગુલામને મુદબ્બિર મુત્લકૃ કહે છે. આ ફરક ધ્યાનમાં રાખશો.

૨. એટલે કે તે અન્સારીનો કુલ માલ આ ગુલામ જ હતો. અન્ય કોઈ માલ ન હતો. જેથી આ ગુલામ ૧/૩ માલથી નથી નીકળી શકતો અને વસિયત ૧/૩ માલમાં જ લાગુ થાય છે.

૩. એ લીલામ ન હતું, નહીં તો બીજા પણ બોલી બોલતા, બલ્કે એ અન્સારીની તદબીર બાતિલ કરી દેવાનું એલાન હતું જેથી લોકોને જાણ થઈ જાય.

૪. એ ખરીદારનું નામ નુઐમ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને ઉસૈદ છે. બની અદી કૃબીલાથી છે જે કૃબીલાથી હઝરત ઉમર رضی اللہ عنہ છે. نحام બન્યું છે نحمه થી ખાંસી કે ખોંખારાના અર્થમાં. નબી કરીમ عليه الصلوة والسلام એ ફર્માવ્યું કે અમે જન્નતમાં જતી વખતે અમારી આગળ કોઈકની ખાંસી સાંભળી. હઝરત જિબ્રઈલે અર્ઝ કરી કે આ અબ્દુલ્લાહ

અદવીની ખાંસી છે. એ દિવસથી એમનો લક્બ નજામ પડી ગયો, એટલે ખોંખારાવાળા અથવા ખાંસીવાળા. હક્ક એ જ છે કે આ લક્બ નજામ અબ્દુલ્લાહનો છે ન કે નુઐમનો.

૫. આ હદીષના કારણે અમુક ઈમામોએ ફર્માવ્યું કે મુદબ્બિર કરનાર માલિકની જિંદગીમાં મુદબ્બિરને વેચી શકે છે કે હુઝૂર ﷺએ એ અન્સારીની જિંદગીમાં એમનો મુદબ્બિર વેચ્યો. ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં મુદબ્બિરનું વેચાણ મુત્લક્ન જાઈઝ છે, માલિકની જિંદગીમાં પણ અને મૃત્યુ બાદ પણ. આપણે ત્યાં મુદબ્બિરનું વેચાણ મુત્લક્ન મના છે, માલિકની જિંદગીમાં પણ અને તેના મૃત્યુ બાદ પણ. જેમ કે દારકુત્ની વગેરેએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરફૂઅન્ તથા મૌકૂફન્ રિવાયત કરી કે મુદબ્બિરને ન વેચવામાં આવે ન હેબા (ભેટ) કરવામાં આવે, અને તે ૧/૩ માલથી આઝાદ થશે. આ હદીષના વિશે ઈમામ સાહબ ફર્માવે છે કે આ હદીષ મુજમલ (ટૂંકી) છે જેમાં આ સોદાનું વર્ણન ન થયું. ક્યાં તો અન્સારી કરજદાર હતા, એ ગુલામ તેમના કરજમાં ઘેરાયેલો હતો. જેથી હુઝૂર ﷺએ એ તદબીર જાઈઝ ન રાખી. અથવા તેમણે તદબીર મુક્યૈદ (શર્તી) કરી હતી કે હું આટલા અરસામાં કે ફલાણી બીમારીમાં મરી જઉં તો તું આઝાદ છે. જેવું કે અમુક રિવાયતોમાં છે કે હુઝૂર ﷺએ તેમને એ કિંમત આપીને એ પણ ફર્માવ્યું કે એનાથી તમારું કરજ અદા કરો. અથવા હુઝૂર ﷺએ એ મુદબ્બિરની કિંમત વેચી એટલે કે તેને ભાડે આપ્યો. જેવું કે દારકુત્નીએ બરિવાયતે અબ્દુલગફ્ફાર અન અબી જઅફર રિવાયત કરી. જેમ કે અબૂ જઅફર એટલે ઈમામ મુહમ્મદ બાકિર ઈબ્ને ઈમામ અલી ઝયનુલ આબિદીને આ જાબિરની હદીષના આધારે મુદબ્બિરની ખિદમતોનું વેચાણ જાઈઝ ઠરાવ્યું. અથવા આ હદીષ એ સમયની છે જ્યારે કરજ વગેરેમાં આઝાદનો સોદો પણ દુરુસ્ત હતો, તો આ શખ્સ તો મુદબ્બિર હતો એટલે કે આઝાદીનો મુસ્તહિક્ હતો, પછી એ હુકમ મન્સૂખ થઈ ગયો. સારાંશ કે હનફી મઝહબ ખૂબ જ કવી (મજબૂત) છે. જાબિરની હદીષમાં ઘણી બધી સંભાવનાઓ છે, એ સંભાવનાઓને હોવાની સ્થિતિમાં એનાથી દલીલ કરવું દુરુસ્ત નથી. ઈમામ શાફઈ પણ માને છે કે ઉમ્મે વલદ (તે લોંડી જે પોતાના માલિકની સોહબતથી પુત્ર કે પુત્રીને જન્મ આપે) નું વેચાણ દુરુસ્ત નથી, જ્યારે કે ઉમ્મે વલદ પણ જાણે કે મુદબ્બિરા જ હોય છે કે માલિકના મૃત્યુ બાદ આઝાદ થાય છે, તો મુદબ્બિરનું વેચાણ કઈ રીતે જાઈઝ થઈ શકે છે. (મિર્કાત, વગેરે)

૬. એટલે કે નુએમથી આઠસો દિરહમ વસૂલ કરીને એ મુદબ્બિર કરનાર અન્સારીને અતા કર્યા અને તેમને એ વાત કહી જે આગળ આવી રહી છે.

૭. હઝરત ઈમામ મુહમ્મદ બાકિર رضی اللہ عنہ ની રિવાયતમાં આ પ્રમાણે છે કે તમારા કરજથી શરૂ કરો કે પહેલાં એ રકમથી કરજ અદા કરો, પછી પોતાના નફ્સથી શરૂ કરો કે પોતાના પર ખર્ચ કરો.

૮. ઘરવાળાંથી મુરાદ બીવી બચ્ચાં વગેરે છે જેમનો ખર્ચો એમના માથે કરજ હતો અને સગાંઓથી મુરાદ બાકી અન્ય સગાં વહાલાં છે જેમનો ખર્ચો આપવો મુસ્તહબ છે.

૯. જો સગાં વહાલાંને ખર્ચો આપીને પણ બચી રહે અથવા એમનામાં કોઈ ગરીબ હોય જ નહીં, તો અન્ય નેકીનાં કામોમાં વાપરો. ફકીરો ગરીબોને ખૈરાત કરો, મસ્જિદ, સબીલ, તલબા પર ખર્ચ કરો. યાદ રાખશો કે મુદબ્બિર મુક્યૈદ માલિકની જિંદગીમાં તો મુદબ્બિર નથી થતો, પરંતું જો માલિક એ જ શર્ત પર મરે જેના પર મુદબ્બિર કર્યો હતો તો હવે એ મુદબ્બિર આઝાદ થઈ જશે. જાણે આ તદબીર શર્તી છે. દા.ત. કહ્યું હતું કે જો હું આ વરસમાં અથવા આ બીમારીમાં મરી જઉં તો તું આઝાદ છે, તો માલિકની જીવતે જીવંત તે મુદબ્બિર નથી, પરંતુ જો એ આ જ વરસે એ જ બીમારીમાં મરી ગયો તો હવે તે મુદબ્બિર આઝાદ છે કે આઝાદી શર્ત જોવામાં આવી.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૬)-૩૩૬૩ ★

عَن الْحسن عَن سَمُرَة عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «من ملك ذَا رحم محرم فَهُوَ حُرٌّ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَه

''હઝરત ખ્વાજા હસન બસરી رضی اللہ عنہ થી રિવાયત છે, તે હઝરત સમુરહથી તે રસૂલુલ્લાહ ﷺ થી રાવી કે ફર્માવ્યું, જે પોતાના ઝી રહમ મહરમનો માલિક થઈ જાય[૧] તો તે આઝાદ છે[૨].'' (તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)[૩]

૧. ઝી રહમ : તે સગો છે જેની સાથે વંશિક સંબંધ હોય, અને **મેહરમ** : તે છે જેની સાથે નિકાહ હમેશાં માટે હરામ હોય, જેથી જમાઈ મેહરમ તો છે પણ ઝી રહમ નથી અને કાકાનો પુત્ર ઝી રહમ છે પણ મેહરમ નથી. અને બાપ, ભાઈ, ભત્રીજા, ભાણીયા, કાકા વગેરે ઝી રહમ પણ છે અને મેહરમ પણ છે.

૨. એટલે જો કોઈ શખ્સ પોતાના ઝી રહમ મેહરમને ખરીદી લે અથવા કોઈ અન્ય રીતે તેની માલિકીમાં આવી જાય તો આવતાં જ આઝાદ થઈ જશે. આ જ મઝહબ છે જમહૂર (બહુમતી) સહાબા તથા તાબઈનનો, આ જ ક़ોલ છે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ નો જેવું કે આ હદીષના ઈત્લાક़ (લાગુ થવા)થી જાણવા મળ્યું.

૩. આ હદીષને અહમદ તથા હાકિમે સહીહ અસ્નાદ સાથે નકલ કરી. તેમજ હઝરત ઉમર رضی اللہ عنہ થી મૌક़ૂફન્ પણ મરવી છે. નિસાઈએ હઝરત ઈબ્ને ઉમરથી મરફૂઅન્ નક़લ કરી. સુનને અરબાએ હઝરત સમુરહથી મરફૂઅન્ રિવાયત કરી. તહાવી શરીફે હઝરત અમ્ર ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી મરફૂઅન્ રિવાયત કરી. મબ્સૂતમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે એક શખ્સે બારગાહે રિસાલતમાં અર્ઝ કરી કે મારો ભાઈ બજારમાં વેચાય રહ્યો હતો, મેં તેને ખરીદી લીધો. હું ચાહું છું કે તેને આઝાદ કરી આપું. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, એને અલ્લાહ તઆલાએ જ આઝાદ કરી આપ્યો. સારાંશ આ હદીષ અગણિત અસ્નાદોથી મરવી છે. આમ સહાબાએ કિરામનો એના પર અમલ રહ્યો. *(મિર્ક़ાત તથા લમ્આત વગેરે)*

★ હદીષ : (૭)-૩૩૬૪ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا وَلَدَتْ أَمَةُ الرَّجُلِ مِنْهُ فَهِيَ مُعْتَقَةٌ عَنْ دُبُرٍ مِنْهُ أَوْ بَعْدَهُ» . رَوَاهُ الدَّارِمِيُّ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી, ફર્માવે છે કે જ્યારે કોઈની લોંડી તેનાથી બાળકને જન્મ દે તો તેણી તેની પછી કે તેના મૃત્યુ બાદ આઝાદ છે[૧].'' (દારમી)

૧. એટલે કે જ્યારે કોઈ શખ્સ પોતાની લોંડીથી સોહબત કરે અને તેનાથી છોકરી કે છોકરો પેદા થઈ જાય તો એ લોંડી મુદબ્બિર ગુલામના હુકમમાં છે, કે તેના મૃત્યુ બાદ આઝાદ થશે. عن دبر او بعدہ કોઈ રાવીના શકના કારણે છે. એટલે કે મને ખયાલ નથી કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ عن دبر منہ રિવાયત ફર્માવી કે ફર્માવ્યું بعدہ. બંને લખાણોનો મતલબ એક જ છે. એનાથી જાણવા મળ્યું કે ઉમ્મે વલદ (તે લોંડી જેણે તેના માલિકની સોહબતથી પુત્ર કે પુત્રીને જન્મ આપ્યો)નો સોદો કે ભેટ ધરવું કે વસિયત જાઈઝ નથી. એના પર સર્વ ઉમ્મતનો ઈજમાઅ છે. હઝરત અલી رضی اللہ عنہ પહેલાં ઉમ્મે વલદના સોદાને માનનારા હતા બાદમાં આપે એનાથી રુજૂઅ કરી લીધુ. જેવું મિર્ક़ાત વગેરેમાં છે.

★ હદીષ : (૮)-૩૩૯૫ ★

وَعَنْ جَابِرٍ قَالَ: بِعْنَا أُمَّهَاتِ الْأَوْلَادِ عَلَى عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَبِي بَكْرٍ فَلَمَّا كَانَ عُمَرُ نَهَانَا عَنْهُ فَانْتَهَيْنَا. رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમે નબી કરીમ عليه الصلوة والسلام અને સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના જમાનામાં ઉમ્મે વલદ લોંડીને વેચી[૧] પછી ફારૂકી દૌર આવ્યો તો તેમણે અમને એનાથી મના કરી આપ્યું, જેથી આપ દૂર રહ્યા.[૨]'' (અબૂ દાઉદ)[૩]

૧. ક્યાં તો નસખ (મન્સૂખ થતાં) પહેલાં અથવા અમુક સહાબાને મનાઈની ખબર ન થઈ અને બેખબરીમાં તેઓ વેચતા રહ્યા. સિદ્દીકી દૌરમાં એક બે હઝરાતે આ વેચાણ કર્યું. હઝરત જાબિર સમજ્યા કે આ વેચાણનો આમ રિવાજ હતો. અહીં એ વર્ણન નથી કે હુઝૂર عليه الصلوة والسلام ને આ વેચાણની ખબર થઈ અને આપે મના ન કર્યું, જ્યાં સુધી એ વર્ણન હોય ત્યાં સુધી દલીલ નથી.

૨. હઝરત અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہ ની ખિલાફતનો જમાનો ઘણો જ થોડો છે અને બિલ્કુલ જેહાદોમાં ઘેરાયેલો, એટલા માટે ક્યાં તો આપને આ સોદાના મન્સૂખ થવાની ખબર ન પહોંચી અથવા એ લોકોના વેચાણ કરવાની ખબર ન પડી. ફારૂકી યુગ ખુદાના ફઝ્લથી દસ વરસ છે અને એ જમાના શરીફમાં શરઈ એહકામની ખૂબ જ છાનબિન થઈ ગઈ એટલા માટે આપને મનાઈની ખબર પહોંચી અને એ હઝરાતના આ સોદાની પણ, એટલા માટે એની મનાઈનું એલાન કરી આપ્યું અને કોઈ સહાબીએ મતભેદ ન કર્યો. આ થયો સહાબાનો ઈજમાઅ ! જો એ હુકમ શંકાસ્પદ હોત તો સહાબામાં જરૂર મતભેદ જાહેર થાત.

૩. હાકિમે કહ્યું કે આ હદીષ અ્લા શર્તે મુસ્લિમ છે. આ હદીષ નિસાઈ વગેરેએ વિવિધ શબ્દો વડે વિવિધ અસ્નાદોથી રિવાયત કરી પણ તે સર્વ ઝઈફ છે. ઉમ્મે વલદના સોદાની મનાઈની રિવાયતો ઘણી છે અને સહીહ છે જેને મિર્કાતે એકત્ર કરી આપી. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે જ્યારે હઝરત મારિયા ક્બ્તિયાના પેટ મુબારકથી જનાબ ઈબ્રાહીમ પેદા થયા તો હુઝૂરે આલી ﷺએ ફર્માવ્યું કે તેમને તેમના આ બાળકે આઝાદ કરી આપ્યાં. જેથી હુઝૂર ﷺની વફાત બાદ જનાબ મારિયા رضی اللہ عنہا આઝાદ થયાં. અન્ય વારસાની જેમ સદકો ન બન્યાં.

★ હદીષ : (૯)-૩૩૯૬ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَعْتَقَ عَبْدًا وَلَهُ مَالٌ فَمَالُ الْعَبْدِ لَهُ إِلَّا أَنْ يَشْتَرِطَ السَّيِّدُ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

''હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે પોતાનો ગુલામ આઝાદ કરે જેની પાસે માલ હોય[૧] તો તે માલ તેનો છે, પણ એ કે માલિક શર્ત લગાડે.[૨]'' (અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

૧. એટલે કે એના કબજામાં માલ હોય ભલે એ માલ તેના માલિકની માલિકીનો છે. અહીં માલથી મુરાદ ગુલામનો કમાયેલો માલ છે. દા.ત. બંદો માઝૂન (ઈજાઝત પામેલ) હતો. તેને વેપારની ઈજાઝત હતી. તેણે વેપાર કર્યો. માલ હાંસલ થયો. હા ! જો માલિક મહેરબાની કરીને કહી આપે કે આ માલ તારો જ છે, લઈ જા, તો પછી એવું જ થશે. આ જ ક્વ્લ જમહૂર ઉલમાનો છે. ખ્વાજા હસન બસરી, અતાઅ, નખઈ رضوان اللہ تعالیٰ علیہم اجمعین પણ એવું જ કહે છે.

★ હદીષ : (૧૦)-૩૩૯૭ ★

وَعَنِ الْمَلِيحِ عَنْ أَبِيهِ: أَنَّ رَجُلًا أَعْتَقَ شِقْصًا مِنْ غُلَامٍ

''હઝરત અબૂ મલીહ رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના પિતાથી રાવી કે એક શખ્સે એક ગુલામનો

فَذَكَرَ ذَلِكَ لِلنَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «لَيْسَ لِلَّهِ شَرِيكٌ» فَأَجَازَ عتقه. رَوَاهُ أَبُو دَاوُد

હિસ્સો આઝાદ કરી આપ્યો[૨] તો નબી કરીમ ﷺની બારગાહમાં એ અર્ઝ કરવામાં આવ્યું તો ફર્માવ્યું કે અલ્લાહનો કોઈ શરીક નથી[૩] પછી તેની આઝાદીને જાઈઝ રાખી.[૪]" (અબૂ દાઉદ)

૧. આપ તાબઈ છે. આપનું નામ આમિર ઈબ્ને ઓસામા ઈબ્ને ઉમૈર છે. હઝલી છે. બસરી છે. ઘણા સહાબીઓથી મુલાકાત કરી છે. આપના પિતા ઓસામા ઈબ્ને ઉમૈર رضی اللہ عنہ સહાબી છે.

૨. જાહેર એ છે આ શખ્સ પૂરા ગુલામનો માલિક હતો પણ આઝાદ કર્યો તેનો અડધો કે ચોથાઈ. બાકી પોતાની માલિકીમાં રાખ્યો. એ મતલબ નથી કે એના અમુક શખ્સો માલિક હતા એમાંથી એકે પોતાનો હિસ્સો આઝાદ કરી આપ્યો.

૩. એટલે કે એ ગુલામનો અમુક હિસ્સો તો અલ્લાહના માટે આઝાદ થઈ ગયો અને અમુક હિસ્સો તારો હતો. આ સ્થિતિ રબ તઆલા સાથે ભાગીદારી છે, એ બેહતર નથી. બેહતર એ છે કે પૂરા ગુલામને આઝાદ કર.

૪. એટલે કે તેને હુકમ આપ્યો કે પૂરો ગુલામ આઝાદ કરી આપ, તેણે એવું જ કર્યું. આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) હતો, જેવું કે અશિઅ્તુલ લમ્આ્તમાં છે. જેથી આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની વિરૂધ્ધ નથી. ઈમામ ગુલામની અ્તક (આઝાદી)ની વહેંચણીના માનનાર છે. એટલે એમને ત્યાં શક્ય છે કે એક ગુલામનો અમુક હિસ્સો આઝાદ થાય અને અમુક ગુલામ રહે. જે ઉલમા ફર્માવે છે કે અ્તક (આઝાદી)ની વહેંચણી નથી થઈ શકતી, અમુકની આઝાદી કુલની આઝાદી છે, તેઓ આ હદીષથી દલીલ પકડે છે. પણ આ દલીલ કરવું કમજોર છે. પાછલી હદીષ એની વિરૂધ્ધ વર્ણન થઈ ચૂકી. જેમ કે મુસ્લિમ બુખારીની રિવાયત વર્ણન થઈ ચૂકી : عتق منه ماعتق

★ હદીષ : (૧૧)-૩૩૯૮ ★

وَعَن سفينة قَالَ: كُنْتُ مَمْلُوكًا لِأُمِّ سَلَمَةَ فَقَالَتْ: أُعْتِقُكَ وَأَشْتَرِطُ عَلَيْكَ أَنْ تَخْدُمَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَا عِشْتَ فَقُلْتُ: إِنْ لَمْ تَشْتَرِطِي عَلَيَّ مَا فَارَقْتُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَا عِشْتُ فَأَعْتَقَتْنِي وَاشْتَرَطَتْ عَلَيَّ. رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

"હઝરત સફીના رضی اللہ عنہا થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હું ઉમ્મે સલમા رضی اللہ عنہا નો ગુલામ હતો. તે બોલ્યાં કે હું તમને આઝાદ કરું છું અને તમારા પર એ શર્ત લગાડુ છું કે જ્યાં સુધી જીવો રસૂલુલ્લાહ ﷺની ખિદમત કરો[૨] મેં કહ્યું કે જો આપ એ શર્ત ન પણ લગાડો તો પણ હું જિંદગીભર રસૂલુલ્લાહ ﷺને ન છોડતો.[૩] જેથી તેમણે મને આઝાદ કરી આપ્યો અને આ શર્ત લગાડી.[૪]" (અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

★ સિંહને કહ્યું, રસૂલુલ્લાહ ﷺનો ગુલામ છું ! ★

૧. આપનું નામ રબાહ અથવા મહરાન અથવા રોમાન છે. ફારસી વંશના છે. મશહૂર છે કે આપ હુઝૂર عليہ الصلوٰۃ والسلام ના ગુલામ છે. આ રિવાયતથી જણાય છે કે આપ હઝરત ઉમ્મે સલ્મા رضی اللہ عنہا ના ગુલામ છે. શક્ય છે હુઝૂરે અન્વર ﷺના ગુલામ હોય, આપે જવાબ ઉમ્મે સલમાને એનાયત કર્યા હોય. કોઈ સફરમાં એક શખ્સ થાકી ગયો તો તેણે પોતાની તલ્વાર ઢાલ, ભાગો વગેરે ઘણી ચીજો પોતાના પર નાખી દીધી. હુઝૂર ﷺએ ફર્માવ્યું, તમે તો સફીના એટલે નાવ છો. તે દિવસથી આપનો લકબ સફીના પડી ગયો. આપના ચાર પુત્રો છે : અબ્દુર્રહમાન,

મુહમ્મદ, ઝિયાદ અને કષીર એ સૌથી રિવાયતો લીધી. આપનો જ બનાવ છે કે **ફારૂકી યુગમાં એક જંગલમાં એક સિંહે આપના પર હુમ્લો કરવા ચાહ્યું. તો આપે ફર્માવ્યું, હે અબૂ સાઈબ ! હું રસૂલુલ્લાહ ﷺનો ગુલામ છું. રસ્તો ભૂલી ગયો છું, તો સિંહ કૂતરાની જે પૂછડી પટપટાવતો આપની આગળ આગળ ચાલવા લાગ્યો.** જેવું કે આ જ મિશકાત બાબુલ કરામાતમાં આવશે. ઈન્શાઅલ્લાહ !

૨. એટલે કે તેમને એ શર્ત પર આઝાદ કરું છું કે તમે આઝાદી બાદ હમેશાં હુઝૂર ﷺની ખિદમત કરજો. જાણવા મળ્યું શર્તી આઝાદી જાઈઝ છે. એમાં મતભેદ છે કે ગુલામે આ શર્ત પૂરી કરવી જરૂરી છે કે નહીં, અને જો ન પૂરી કરે તો તેના પર કાંઈ તાવાન (દંડ) છે કે નહીં. હક્ક એ છે કે જરૂર પૂરી કરે કેમ કે વાયદો કરી ચૂક્યો છે, વાયદો પૂરો કરવો જરૂરી છે.

૩. એટલે હું શર્ત લગાડયા વિના પણ તેમનો જિંદગીભર ગુલામ બેદામ છું. જેમ કે હઝરત સફીના જીવનભર હુઝૂર ﷺના બલ્કે હુઝૂર ﷺના સહાબાના ખાદિમ રહ્યા.

૪. શરહકર્તાઓ ફર્માવે છે કે આ શર્ત દાવાના અર્થમાં છે, નહીં તો શર્ત બદલાથી પહેલી હોય છે અને અહીં ખિદમત આઝાદી બાદ થઈ.

''હઝરત અમ્મ ઈબ્ને શોએબ رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી તે નબી કરીમ ﷺથી રાવી. ફર્માવ્યું કે મકાતિબ ગુલામ છે જ્યાં સુધી કે તેની બદલ કિતાબતથી (લખાણથી) એક INZCD 56 AFSLZC[૧]*. '' (અબૂ દાઉદ)*

★ હદીષ : (૧૨)-૩૩૯૯ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الْمُكَاتَبُ عَبْدٌ مَا بَقِيَ عَلَيْهِ مِنْ مُكَاتَبَتِه دِرْهَم» . رَوَاهُ أَبُو دَاوُد

૧. એટલે કે જે ગુલામથી તેના માલિકે કહી આપ્યુ હોય કે તું તારા રૂપિયા અદા કરી આપ તો તું આઝાદ છે. તેણે સર્વ રૂપિયા આપ્યા કેવળ એક દિરહમ એટલે ચાર આના બાકી છે, તો હજી પૂરો ગુલામ જ છે. એવું નહીં કે અદા કરેલ રકમના હિસાબથી આઝાદ થઈ જાય અને બાકીના હિસાબથી ગુલામ રહે. હુઝૂર ગૌષુષ્ષકૃલૈન رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યાં સુધી બંદાનો સંબંધ દુનિયા અથવા પોતાની હસ્તીથી એક જવ બરાબર બાકી છે તેને આઝાદી મળશે નહીં.

''હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી કોઈના મકાતિબની પાસે જ્યારે પૂરો કરવાનો માલ હોય તો તે એનાથી પર્દો કરે.''

(તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૩)-૩૪૦૦ ★

وَعَنْ أُمِّ سَلَمَةَ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:«إِذَاكَانَ عِنْدَ مكَاتب إحداكن وَفَاء فلنحتجب مِنْهُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

૧. એટલે કે જો બીબીએ પોતાના ગુલામને મકાતિબ કર્યો. ગુલામની પાસે કિતાબતનો માલ જમા થઈ ગયો. પણ હજી તેણે અદા નથી કર્યો તો એ બીબીએ જોઈએ કે તેનાથી પર્દો કરવા લાગે, કેમ કે હવે તે આઝાદ થઈ જવા પર શક્તિમાન થઈ ચૂક્યો છે, તેની આઝાદી નજીક છે. એ જ ઉમ્મે સલમા رضی اللہ عنہا નો બનાવ છે કે તેમણે પોતાના ગુલામ નબહાનને પૂછયું કે તારી કિતાબના માલથી કેટલા પ્રમાણમાં બાકી છે ? તે બોલ્યા, બે હજાર દિરહમ. ફર્માવ્યું, શું તે તારી પાસે છે ! બોલ્યા, હા ! ફર્માવ્યું, અદા કરી દે, અને જા તને સલામ છે. આવું કહીને આપે પર્દો

નાખી લીધો. તે રડવા લાગ્યો કે હું આપના દીદારથી મેહરૂમ થઈ ગયો ! તો એ રકમ કદી અદા કરીશ નહીં. આપ બોલ્યાં કે, બેટા ! હવે તમે મને કદી નહીં થઈ જોઈ શકો. અમને રસૂલુલ્લાહ ﷺએ એ જ ફર્માવ્યું છે. આ હુકમ ક્યાં તો અઝવાજે પાક (પાક બીવીઓ) માટે ખાસ હતો. અથવા અન્ય સ્ત્રીઓ માટે પણ મુસ્તહબ રૂપે છે. નહીં તો જ્યાં સુધી કે મકાતિબ પાઈ પાઈ અદા ન કરી દે ત્યાં સુધી તે ગુલામ છે એનાથી માલિકણનો પર્દો વાજિબ નથી. અથવા એ મતલબ છે કે પર્દો કરવાની તૈયારી કરે. *(અશિઅ્હ વ મિર્કાત)* યાદ રાખશો કે ગુલામ અને એ માલિકા બીબી મૌલાત (માલિકણ)માં પર્દો નથી. જ્યારે ગુલામ આઝાદ થઈ જાય તો આ હદીષની રૂએ પર્દો બેહતર છે.

"અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રાવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે પોતાના ગુલામને સો ઔકિયા ચાંદી પર મકાતિબ કર્યો[૧] તો તેણે સર્વ અદા કરી આપ્યા સિવાય દસ ઔકિયાના. અથવા ફર્માવ્યું, સિવાય દસ દીનારોના[૨]. પછી તે આજિઝ થઈ ગયો, તો તે ગુલામ જ રહેશે[૩]. (તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૪)-૩૪૦૧ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " مَنْ كَاتَبَ عَبْدَهُ عَلَى مِائَةِ أُوقِيَّةٍ فَأَدَّاهَا إِلَّا عَشْرَ أَوَاقٍ أَوْ قَالَ: عَشْرَةَ دَنَانِيرَ ثُمَّ عَجَزَ فَهُوَ رَقِيقٌ ". رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد وَابْن مَاجَه

૧. એ રીતે કે તેને કહી આપ્યું, તું સો ઔકિયા ચાંદી અદા કરી આપે તો તું આઝાદ છે. એક ઔકિયા ચાલીસ દિરહમનો થાય છે તો સો ઔકિયા ચાર હજાર દિરહમનો થયો. એક દિરહમ સાડા ચાર આનાનો.

૨. ક્યાં તો એ શક સહાબીને છે, દસ ઔકિયા કહ્યું કે દસ દીનાર, અથવા નીચેના રાવીને શક છે કે મારા હદીષના ઉસ્તાદે શું કહ્યું. યાદ રાખશો કે એક દીનાર દસ દિરહમ એટલે પોણા ત્રણ રૂપિયાનો થાય છે. હવે તો એની કિંમત ખૂબ વધારે છે કેમ કે સોનુ ખૂબ જ મોઘું છે.

૩. ક્યાં તો ખુદ ગુલામ જ કહી આપે કે હવે હું બાકી રૂપિયા અદા નથી કરી શકતો અથવા મકાતિબની મુદ્દત ગુજરી જાય. આ બંને સ્થિતિઓ લાચારીની છે. આ હદીષથી જાણવા મળ્યું કે આ સ્થિતિમાં અદા કરેલ રૂપિયા માલિકના થશે અને એ મકાતિબ પહેલાં જેમ સંપૂર્ણ ગુલામ થઈ જશે. જાણવા મળ્યું કે કિતાબતના કુલ બદલથી લાચાર હોવું અથવા અમુકથી લાચાર હોવું હુકમ એક સમાન છે, કે આ સ્થિતિઓમાં એ પૂરો ગુલામ બની જશે.

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે તે નબી કરીમ ﷺથી રાવી. ફર્માવે છે, જ્યારે મકાતિબ સજા કે વારસાએ પહોંચે તો એ હિસાબથી વારિસ કરવામાં આવશે જેટલો આઝાદ થઈ ચૂક્યો[૧]. (અબૂ દાઉદ, તિર્મિઝી) અને તિર્મિઝીની રિવાયતમાં છે, ફર્માવ્યું, દિયત આપવામાં આવશે મકાતિબ અદા કરવામાં આવેલ હિસ્સાની આઝાદની દિયત અને બાકીની ગુલામની દિયત. એને ઝઈફ કહ્યું[૨]."

★ હદીષ : (૧૫)-૩૪૦૨ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا أَصَابَ الْمُكَاتَبُ حَدًّا أَوْ مِيرَاثًا وَرِثَ بِحِسَابِ مَا عَتَقَ مِنْهُ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَفِي رِوَايَةٍ لَهُ قَالَ: «يُودَى الْمُكَاتَبُ بِحِصَّةِ مَا أَدَّى دِيَةَ حر وَمَا بَقِي دِيَة عبد» . وَضَعفه

૧. એટલે સજા તથા વારસામાં મકાતિબ આઝાદ પણ માનવામાં આવશે અને ગુલામ પણ. જેટલી રકમ (ઝર) કિતાબની અદા કરી ચૂક્યો છે એટલો આઝાદ થશે. જેટલી રકમ કિતાબની તેના માથે છે એટલામાં ગુલામ રહેશે. દા.ત. એક શખ્સ એક હજાર રૂપિયા પર મકાતિબ હતો અને પાંચસો અદા કરી ચૂક્યો હતો. હવે એ મકાતિબનો

પિતા જે આઝાદ તથા માલદાર હતો તે મૃત્યુ પામ્યો અને મકાતિબ તેનો એકનો એક પુત્ર છે જે સંપૂર્ણ વારસાનો વારસદાર થવો જોઈએ, તો હવે એ મકાતિબ અડધા વારસાનો વારસદાર થશે, કેમ કે એ અડધો આઝાદ છે. એ જ પ્રમાણે જો એ મકાતિબને કોઈએ ક़त्ल કરી આપ્યો અને क़ાતિલ પર દિયત વાજિબ થઈ. એ મકાતિબની કિંમત દા.ત. એકસો રૂપિયા હતી તો क़ાતિલ તે क़त्ल થયેલ મકાતિબની અડધી દિયત એટલે પચાસ રૂપિયા એ મકાતિબના વારસોને આપશે અને અડધી કિંમત એટલે પચાસ રૂા. માલિકને અદા કરશે.

૨. يودى દિયતનો મઝારેઅ મજહૂલ છે ودى يدى બાબ ضرب થી. એટલે કે દિયત આપવામાં આવશે. અને ادى تاديت નો માઝી મઅરૂફ. એટલે કે يودى ના પેશના પેશ, વાવના સુકૂન (જઝમ) દાલના ઝબરથી છે, અને ادّى દાલના શદ તથા ઝબરથી છે. એનો મતલબ એ થયો કે क़त्ल થયેલાની દિયત સો ઊંટ છે અને ગુલામ क़त्ल થનારની દિયત પચાસ ઊંટ છે, અને એ મકાતિબ અડધી રકમ કિતાબતની અદા કરી ચૂક્યો છે. તો એની દિયત ૭૫ ઊંટ થશે પણ કેમ કે માલિકને કત્લ થનાર ગુલામની દિયત નથી મળતી બલ્કે ગુલામની કિંમત મળે છે એટલા માટે તેને અડધી કિંમત આપવામાં આવશે.

૩. આ હદીષથી જાણવા મળ્યું કે મકાતિબ જેટલા પ્રમાણમાં રકમ કિતાબતની અદા કરી ચૂક્યો એટલો આઝાદ છે. પણ પાછલી હદીષથી જાણવા મળ્યું કે જ્યાં સુધી તેના માથે એક પૈસો પણ છે તો તે ગુલામ છે. પણ આ હદીષ ઝઈફ છે એટલા માટે પાછલી હદીષ પર વાંધો નથી થઈ શકતો. અને ઈમામ નખઈ સિવાયના કેટલાય ઈમામે એના પર અમલ નથી કર્યો. સૌને ત્યાં આવો મકાતિબ ન પોતાના કોઈ સગાનો, વારસદાર થયો, અને ન તેની દિયત વારસદારોને આપી, બલ્કે તેની પૂરી કિંમત માલિકને આપવામાં આવશે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૧૬)-૩૪૦૩ ★

عَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ أَبِي عَمْرَةَ الْأَنْصَارِيِّ: أَنَّ أُمَّهُ أَرَادَتْ أَنْ تَعْتِقَ فَأَخَّرَتْ ذَلِكَ إِلَى أَنْ تُصْبِحَ فَمَاتَتْ قَالَ عَبْدُ الرَّحْمَنِ: فَقُلْتُ لِلْقَاسِمِ بْنِ مُحَمَّدٍ: أَيَنْفَعُهَا أَنْ أَعْتِقَ عَنْهَا؟ فَقَالَ الْقَاسِمُ: أَتَى سَعْدُ بْنُ عُبَادَةَ رَسُول الله صلى الله عَلَيْهِ وَسلم فَقَالَ: " إِنَّ أُمِّي هَلَكَتْ فَهَلْ يَنْفَعُهَا أَنْ أَعْتِقَ عَنْهَا؟ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «نعم» . رَوَاهُ مَالك

''હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને અબૂ ઉમર અન્સારીથી[૧] રિવાયત છે કે તેમનાં માએ આઝાદ કરવા ચાહ્યું પછી સવાર સુધી વાર લગાડી તે મૃત્યુ પામ્યા[૨] અબ્દુર્રહમાન કહે છે કે મેં क़ાસિમ ઈબ્ને મુહમ્મદથી પૂછ્યું કે જો હું તેણી તરફથી આઝાદ કરી આપું તો શું તેમને લાભ મળશે ?[૩] તો क़ાસિમ બોલ્યા કે સઅદ ઈબ્ને ઓબાદા રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં આવ્યા અને અર્ઝ કરી કે મારી મા મૃત્યુ પામ્યાં, શું એમને લાભ આપશે એ કે હું તેમના તરફથી આઝાદ કરી દઉં ? તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હા ![૪]'' (માલિક)

૧. અબ્દુર્રહમાન તાબઈ છે, षિક़હ છે, મદીના મુનવ્વરાના क़ાઝી છે. એમની હદીષો મુઝતરિબ (Unconcious) હોય છે. તેમના પિતાનું નામ અમ્ર ઈબ્ને હુસૈન છે અથવા षઅલ્બા ઈબ્ને અમ્ર ઈબ્ને હુસૈન તે સહાબી છે. (અશિઅ્હ તથા મિક़ાત) તેમનાં માનુ નામ જાણી ન શકાયું પણ તે સહાબિયા નથી તાબઈય્યહ છે.

૨. એટલે કે સાંજના સમયે લોંડી કે ગુલામ આઝાદ કરવા ચાહ્યું પણ કહ્યું કે સવારે આઝાદ કરીશ અને રાતમાં અચાનક મૃત્યુ પામ્યાં. એટલા માટે ઉલમા ફર્માવે છે કે નેકીમાં જલ્દી કરે, વાર ન લગાડે. રબ તઆલા ફર્માવે છે :

وَ سَارِعُوْۤا اِلٰى مَغْفِرَةٍ مِّنْ رَّبِّكُمْ (અને દોડો તમારા રબની બખ્શિશ અને એવી જન્નતની તરફ. સૂ. આલે ઈમરાન, ૩/૧૩૩)

૩. એટલે કે મેં હઝરત ક़ાસિમ ઈબ્ને મુહમ્મદ ઈબ્ને અબૂ બક્ર સિદ્દીક़ رضی اللہ عنہما થી મસ્અલો પૂછયો કે જો હવે હું તેમની તરફથી ગુલામ આઝાદ કરી દઉં તો શું એમને સવાબ મળશે ?

૪. હઝરત ક़ાસિમે મસ્અલો ન બતાવ્યો બલ્કે મસ્અલાની દલીલ બતાવી આપી. આ હદીષથી જાણવા મળ્યું કે જેવી રીતે સદકા તથા ખૈરાત તથા નફ્લનો સવાબ કોઈને બખ્શવો જાઈઝ છે, એ જ પ્રમાણે ગુલામ, લોંડી આઝાદ કરીને તેનો સવાબ બખ્શી આપવો પણ જાઈઝ છે અને એ સવાબ મૈયતને જરૂર પહોંચે છે.

''હઝરત યહ્યા ઈબ્ને સઈદ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે અબ્દુર્રહમાન ઈબ્ને અબૂ બક્ર ઊંઘની હાલતમાં મૃત્યુ પામ્યા[૨] તેમનાં બહેન આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا એ તેમની તરફથી ઘણા ગુલામ આઝાદ કર્યા.[૩]'' (માલિક)

★ હદીષ : (૧૭)-૩૪૦૪ ★

وَعَنْ يَحْيَى بْنِ سَعِيدٍ قَالَ: تُوُفِّيَ عَبْدُ الرَّحْمَنِ بْنُ أَبِي بَكْرٍ فِي نَوْمٍ نَامَهُ فَأَعْتَقَتْ عَنْهُ عَائِشَةُ أُخْتُهُ رِقَابًا كَثِيرَةً. رَوَاهُ مَالك

૧. આપ અન્સારી છે. તાબઈ છે. આપનાથી ઈમામ માલિક, હિશામ ઈબ્ને ઉરવા, સુફ્યાન ષૌરી જેવા હદીષના ઈમામોએ હદીષો લીધી છે. ઘણા આલિમ, મુત્તક़ી, સાલેહ, શબ બેદાર, ઈબાદતગુઝાર હતા.

૨. આપ આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا ના ભાઈ છે. સુલહે હુદૈબિયાના વરસે ઈમાન લાવ્યા. ઈસ્લામથી પહેલાં એમનું નામ અબ્દુલ કા'બા અથવા અબ્દુલ ઉઝ્ઝા હતું. ઈસ્લામ લાવ્યા બાદ અબ્દુર્રહમાન નામ રાખવામાં આવ્યું. સિદ્દીક़ે અકબર رضی اللہ عنہ ની સૌ ઔલાદમાં આપ જ મોટા છો. ઊંઘમાં અચાનક વફાત પામી ગયા.

૩. જનાબ આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا ને આપના મૃત્યુ પર ખૂબ જ સદમો થયો, કેમ કે આપ હઝરત આઈશા સિદ્દીક़ાના સગા ભાઈ હતા. હઝરતે ઉમ્મે રોમાનાના પેટ મુબારકથી. અચાનક વફાત પામ્યા જેથી કોઈ વસિયત વગેરે ન કરી શક્યા. એટલા માટે આપે તેમની તરફથી સદક़ાઓ ઉપરાંત ખૂબ જ ગુલામ પણ આઝાદ કર્યા. **યાદ રાખશો અચાનક મૌત ગાફિલના માટે અલ્લાહની પકડ છે કે એને તૌબાનો સમય નથી મળતો. આફિલ તથા નેકો કારના માટે અલ્લાહની રહમત છે કે રબ તેને બીમારીની તકલીફોથી બચાવી લે છે.** હઝરત સુલૈમાન عليہ السلام ની વફાત નમાઝની હાલતમાં અચાનક જ આવી, જેવું કે કુર્આનથી સાબિત છે.

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે ગુલામ ખરીદે તેના માલની શરત ન લગાડે તો એને કાંઈ મળશે નહીં[૧].'' (દારમી)

★ હદીષ : (૧૮)-૩૪૦૫ ★

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُمَا قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنِ اشْتَرَى عَبْدًا فَلَمْ يَشْتَرِطْ مَاله فَلَا شَيْءَ لَهُ» . رَوَاهُ الدَّارِمِيّ

૧. ગુલામના માલથી મુરાદ તેના કબજા હેઠળનો માલ છે ન કે માલિકીવાળો માલ, કેમ કે ગુલામ કોઈ ચીજનો માલિક નથી થઈ શકતો. તે ખુદ પોતાના માલિકનો માલ છે. એટલે કોઈએ કોઈ શખ્સનો ગુલામ માઝૂન ખરીદયો જેને ખરીદ વેચાણની ઈજાઝત હતી અને તેના કબજા હેઠળના માલની શર્ત ન લગાડી તો સઘળો માલ વેચનાર માલિકનો થશે. તેને કેવળ ગુલામ મળશે. હા ! જો એ ખરીદનાર કહી લેતો કે હું આ ગુલામ અને તેના કબજા હેઠળનો માલ ખરીદું છું તો એ માલ ખરીદનારનો થાત. فلا شيئ له માં له નો મરજઅ ખરીદનાર છે. એટલે કે ખરીદનારને કાંઈ માલ મળશે નહીં.

બાબુલ ઈમામ વન્નઝૂર باب الايمان والنذور

(કસમો અને મન્નતોનું વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. ઈમાન યમીનનું બહુવચન છે. અર્થ : જમણી બાજુ. યસારની વિરૂધ્ધ, અર્થ : ડાબી બાજુ. કેમ કે અરબવાસીઓ સામાન્યત : કસમ લેતી વખતે એકબીજાથી જમણો હાથ મિલાવતા હતા. એટલા માટે કસમને યમીન કહેવા લાગ્યા. અથવા યમીન બન્યુ ચમનથી, અર્થ : બરકત તથા કુવ્વતોથી. કેમ કે કસમમાં અલ્લાહ તઆલાનુ બરકતવાળુ નામ પણ લે છે અને તેના વડે પોતાની વાતને મજબૂતી આપે છે, એટલા માટે એને યમીન કહે છે : બાબરકત શક્તિવાળી વાતચીત. કસમ ત્રણ પ્રકારની હોય છે : કસમે લુગ્વી, કસમે ગમૂસ, કસમે મુનઅકિદા, કસમ તોડવા પર કફ્ફારો વાજિબ થાય છે શર્ત એ કે અલ્લાહના નામની ખાધી હોય. અને કસમે ગમૂસમાં કેવળ ગુનોહ છે. અને કસમે લગ્વમાં ન ગુનોહ છે ન કફ્ફારો. نذور બહુવચન છે. نزر નું અર્થ : ડરાવવું. તેનાથી છે નઝીર (نزير). કોઈ ગૈર વાજિબ ઈબાદતને પોતાના જિમ્મે વાજિબ કરી લેવી. નઝર ક્યાં તો કોઈ ખાસ શરત પર અવલંબિત હોય કે ન હોય. ગુનાહની નઝર માનવામાં કફ્ફારો કસમનો હોય છે. કસમો અને નઝરોની સંપૂર્ણ ચર્ચા ફિકહની કિતાબોમાં છે. અમે પણ આગળ જતાં જરૂરત પ્રમાણે અર્ઝ કરીશું. નઝરની સાબિતી કુર્આને કરીમથી છે : اِنِّيْ نَذَرْتُ لِلرَّحْمٰنِ صَوْمًا (મેં આજે રહમાનનો રોઝો માન્યો છે. સૂ. મરયમ, ૧૯/૨૬) અને કુર્આને કરીમમાં છે : اِنِّيْ نَذَرْتُ لَكَ مَا فِيْ بَطْنِيْ (હે રબ મારા ! હું તારા માટે મન્નત માનું છે. સૂ. આલે ઈમરાન, ૩/૩૫)

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, અધિક કસમ જે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ફર્માવતા હતા તે આ હતી[૧] કે કસમ છે દિલોને બદલનારાની.[૨]" (બુખારી)

★ હદીષ : (૧)-૩૪૦૬ ★

عَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُمَا أَكْثَرُ مَا كَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يحلف: «لَا ومقلب الْقُلُوب» . رَوَاهُ الْبُخَارِيّ

૧. આ ઈબારત (લખાણમાં) اكثر મુબ્તદા છે. ما મસ્દરિયહ અને અહીં વકૂત પોશીદા છે. كان તામ્મહ છે. يحلف કાઈમ મકામ ખબર અને لا ,ومقلب القلوب يحلف નો મફઉલ બિહ, જેમ કે નહ્વી લોકો કહે છે. اخطب مايكون الامير قائما સારાંશ કે વાક્યની તરકીબ પેચીદા છે.

૨. لا કોઈ પાછલી વાતનો નકાર છે. વાવ કસમિયા છે. مقلب القلوب અલ્લાહ તઆલાનું સિફાતી નામ છે. જાણવા મળ્યું કે અસ્માએ સિફાતિયાથી પણ કસમ ખાવી જાઈઝ છે.

★ મૂર્તિઓ તથા બાપદાદાઓની કસમ ખાવાની મનાઈ ★

*"તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **અલ્લાહ તઆલા તમને તમારા બાપદાદાઓની કસમથી મના ફર્માવે છે[૧] જે કસમ ખાવા ચાહે તે અલ્લાહની કસમ ખાય અથવા ખામોશ રહે.[૨]**" (મુસ્લિમ)*

★ હદીષ : (૨)-૩૪૦૭ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْهُ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّ اللّٰهَ يَنْهَاكُمْ أَنْ تَحْلِفُوا بِآبَائِكُمْ مَنْ كَانَ حَالِفًا فَلْيَحْلِفْ بِاللّٰهِ أَوْ لِيَصْمُتْ»

૧. એટલે કે ગૈરે ખુદાની ક़સમ ખાવાથી મના કરવામાં આવ્યું. કેમ કે અરબવાસીઓ સામાન્ય રીતે બાપદાદાઓની ક़સમ ખાતા હતા એટલા માટે એનો ઉલ્લેખ થયો. ગૈર ખુદાની ક़સમ ખાવી મકરૂહ છે. એ જ હદીષ શરીફમાં છે : ત્રિબ એટલે કે, "ક़સમ મારા પિતાની ! તે કામયાબ થઈ ગયો." એ ક़સમ શરઈ નથી કેવળ વાતના સમર્થન માટે છે. અને અહીં શરઈ ક़સમથી મનાઈ છે, અથવા એ હદીષ આ હદીષથી મન્સૂખ છે. અથવા એ જાઈઝ હોવાના વર્ણન માટે છે. *(મિર્ક़ાત)*

૨. અલ્લાહથી મુરાદ રબ તઆલાનાં ઝાતી તથા સિફાતી નામ છે. જેથી **કુર્આન શરીફની ક़સમ ખાવી જાઈઝ છે કે કુર્આન શરીફ કલામુલ્લાહનું નામ છે અને કલામુલ્લાહ અલ્લાહની સિફત છે.** કુર્આન મજીદમાં જમાના, ઈન્જીર, ઝયતૂન વગેરેની ક़સમો ઈર્શાદ થઈ તે શરઈ ક़સમો નથી. તેમજ એ હુકમો આપણા પર લાગુ છે, અલ્લાહ તઆલા પર નહીં. *(મિર્ક़ાત)*

"હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને સમુરહ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે, ફર્માવે છે. ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ કે ન ક़સમ ખાવ મૂર્તિઓની અને ન તમારા બાપ દાદાઓની.[૨]" (મુસ્લિમ)

★ હદીષ : (૩)-૩૪૦૮ ★

وَعَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ سَمُرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَحْلِفُوا بِالطَّوَاغِي وَلَا بِآبَائِكُمْ» . رَوَاهُ مُسلم

૧. આપ અબ્દુશશમ્સ ઈબ્ને અબ્દે મુનાફની ઔલાદથી છે. આપનું નામ પહેલાં અબ્દુલ કા'બા હતું. કુન્નિયત અબૂ સઈદ શમ્સી છે. હુઝૂર عليه الصلوة والسلام એ અબ્દુર્રહમાન નામ રાખ્યું. મશહૂર સહાબી છે. કર્શી છે. ફતહે મક્કાના વરસે ઈમાન લાવ્યા.

૨. طواغي બહુવચન છે طاغيه નું, અર્થ : સરકશી (નાફર્માની) કરનાર અથવા સરકશ બનાવનાર. એનાથી મુરાદ મૂર્તિ છે કે એ લોકોની સરકશીનો સબબ છે. અરબવાસીઓ મૂર્તિઓ તથા બાપદાદાઓની કસમો ખૂબ ખાતા હતા. એ બંનેથી મના કરી આપ્યું. યાદ રાખશો કે **મૂર્તિઓની ક़સમ ખાવી શિર્ક છે, બાપદાદાઓની ક़સમ ખાવી મના તથા મકરૂહ છે.**

★ જે માલથી જૂગાર રમવાનો ઈરાદો હોય તેને સદક़ો કરી દે ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી રાવી. ફર્માવ્યું કે જે ક़સમ ખાય તે પોતાની ક़સમમાં કહી દે કે લાત તથા ઉઝ્ઝાની ક़સમ ! તો કહે કે નથી કોઈ મઅબૂદ (ઈબાદતને પાત્ર) અલ્લાહના સિવાય[૧] અને જે પોતાના સાથીને કહે, આવો જુગાર રમીએ તો તે ખૈરાત કરે.[૨]" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૪)-૩૪૦૯ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " مَنْ حَلَفَ فَقَالَ فِي حَلِفِهِ: بِاللَّاتِ وَالْعُزَّى فَلْيَقُلْ: لَا إِلَهَ إِلَّا اللّٰهُ. وَمَنْ قَالَ لِصَاحِبِهِ:تَعَالَ أُقامرك فليتصدق

૧. એટલે કે જો ભૂલથી લાત તથા ઉઝ્ઝાની ક़સમ ખાય લે તો કફ્ફારા માટે કલ્મએ તયબહ પઢી લે કે નેકીઓ ગુનાહને મિટાવી દે છે. અને **જાણી જોઈને મૂર્તિઓની તાઝીમ કરતાં તેમની ક़સમ ખાધી છે તો કાફિર થઈ ગયો. ફરીથી કલમો પઢીને મુસલમાન બને.** લાત તથા ઉઝ્ઝા મક્કાવાળાઓની બે મશહૂર મૂર્તિઓ હતી જે કા'બા મોઅઝ્ઝમામાં રાખેલી હતી. હવે જે ગંગા જમના કે રામ લક્ષ્મણની ક़સમ ખાય એનો હુકમ પણ એ જ છે.

એનાથી જાણવા મળ્યું કે એના જેવી ક़સમમાં કફ્ફારો નથી કેવળ એ જ હુકમ છે જે અહીં વર્ણવ્યો.

૨. એટલે કે જુગાર રમવું તો દૂરની વાત જો કોઈ જુગાર રમવાની દાવત પણ આપે તો તે જુગારનો માલ જેનાથી જુગાર રમે છે તે અથવા બીજો સદક़ો કરી આપે જેથી તે ઈરાદાનોએ કફ્ફારો બની જાય. એનાથી જાણવા મળ્યું કે ગુનાહનો ઈરાદો પણ ગુનોહ છે. એ જ જમહૂર (બહુમતી ઉલમા)નો છે.

★ જે ચીજથી દુનિયામાં પોતાને ક़त्ल કરશે એ જ ચીજથી અઝાબ આપવામાં આવશે ★

★ હદીષ : (૫)-૩૪૧૦ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ ثَابِتِ بْنِ الضَّحَّاكِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ حَلَفَ عَلَى مِلَّةٍ غَيْرِ الْإِسْلَامِ كَاذِبًا فَهُوَ كَمَا قَالَ وَلَيْسَ عَلَى ابْنِ آدَمَ فِيمَا لَا يَمْلِكُ وَمَنْ قَتَلَ نَفْسَهُ بِشَيْءٍ فِي الدُّنْيَا عُذِّبَ بِهِ يَوْمَ الْقِيَامَةِ وَمَنْ لَعَنَ مُؤْمِنًا فَهُوَ كَقَتْلِهِ وَمَنْ قَذَفَ مُؤْمِنًا بِكُفْرٍ فَهُوَ كَقَتْلِهِ وَمَنِ ادَّعَى دَعْوَى كَاذِبَةً لِيَتَكَثَّرَ بِهَا لَمْ يَزِدْهُ اللَّهُ إِلَّا قِلَّةً»

"હઝરત षાબિત ઈબ્ને ઝહ્હાક رضی اللہ عنہ થી રિવાયત છે. ફ़र्માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફ़र्માવ્યું, જે ઈસ્લામ સિવાય કોઈ દીન પર જૂઠી ક़સમ ખાય[૨] તો તે એવો છે જેવું કહે[૩] અને કોઈ ઈન્સાન પર પોતાની ગૈર માલિકીમાં નઝર નથી[૪] અને જે કોઈ ચીજથી પોતાને ક़त्ल કરે દુનિયામાં, તો એને એ ચીજથી ક़યામતમાં અઝાબ આપવામાં આવશે[૫] અને જે કોઈ મુસલમાન પર લઅનત કરે તો તે તેની ક़त्લની જેમ છે[૬] અને જે કોઈ મુસલમાનને કુફ્રની તોહમત લગાડે તો તે તેના ક़त्લની જેમ છે[૭] અને જે જૂઠો દાવો કરે જેથી એનાથી માલ વધારે તો અલ્લાહ ન વધારશે પણ કમી[૮].''

(મુસ્લિમ, બુખારી)

૧. આપ અબૂ યઝીદ અન્સારી ખઝરમી છે. બયઅતુર્રિદવાનમાં હાજર હતા. ઘણા જ નાની વયના હતા. મદની છે. બસરામાં વસવાટ કર્યો. હિ.સ. ૭૦માં વફ़ાત પામ્યા.

૨. દા.ત. કે કહે કે જો હું આ કામ કરું તો ઈસાઈ યહૂદી થઈ જઉં અથવા ઈસ્લામથી નીકળી જઉં અને પછી તે કામ ન કરે. અથવા કહે કે જો મેં આ કામ કર્યું હોય તો યહૂદી થઈ જઉં, જ્યારે કે તેણે એ કામ કર્યું હતું.

૩. એટલે કે તે અમલી રીતે યહૂદી જ થઈ ગયો અથવા ઈસ્લામથી અલિપ્ત થઈ ગયો. આ ફ़र्માન સખ્તી દર્શાવવા માટે છે, જેમ કે ફ़र्માવવામાં આવ્યું કે જે જાણી જોઈને ઈરાદાપૂર્વક નમાઝ છોડે તે કાફ़िર થઈ ગયો. એવી ક़સમમાં ઈમામ અબૂ હનીફ़ા, અહમદ તથા ઈસ્હાક़ને ત્યાં ક़સમ લાગુ પડી જશે, કફ્ફારો વાજિબ થશે. અને ઈમામ શાફ़ઈને ત્યાં કફ્ફારો પણ નથી કેવળ ગુનોહ છે. કે એ ક़સમ નથી કેવળ જૂઠ્ઠ છે. આ મતભેદ ત્યારે છે જ્યારે કે એ શબ્દો ભવિષ્યના માટે બોલે દા.ત. કહે કે જો હું ફ़લાણા સાથે વાત કરું યહૂદી થઈ જાઉં કે ઈસ્લામથી દૂર (અલિપ્ત) થઈ જઉં. પરંતું જો આ શબ્દો ભૂતકાળના માટે બોલે તો કોઈને ત્યાં કફ્ફારો નથી, સૌને ત્યાં ગુનોહ જ છે. દા.ત. કહે કે જો મેં આ કામ કર્યું હોય તો હું યહૂદી કે ઈસાઈ છું, અને ખરેખર એ કામ કર્યું હતું તો ગુનેહગાર છું.

૪. દા.ત. કહે, જો મારા બીમારોને શિફ़ા થઈ જાય તો ફ़લાણાની બકરીને કુર્બાની આપી દઈશ, અથવા ફ़લાણાનો ગુલામ આઝાદ છે. આ સ્થિતિમાં ન એ બકરીની કુર્બાની વાજિબ છે ન તે ગુલામ આઝાદ થશે. કેમ કે નઝર (મન્નત) માનતી વખતે ન બકરી તેની માલિકીમાં હતી ન તે ગુલામ. પછી જો એ ચીજો બાદમાં તેની માલિકીમાં આવી પણ જાય, તો પણ એ નઝર પૂરી ન કરે કે નઝર (મન્નત) દુરુસ્ત થઈ જ નથી.

૫. દા.ત. **કોઈ પોતાને છરી વડે ઝબહ કરી લે તો કાલે ક़યામતમાં છરી તેના હાથમાં હશે જેને**

તે પોતાની અંદર ભોંકતો હશે, જ્યાં સુધી રબ તઆલા ચાહે એવું થતું રહેશે. આ ભોંકવામાં પૂરી તકલીફ થશે પણ નીકળશે નહીં. જેમ કે બીજી રિવાયતોમાં છે.

૬. એટલે કે જે શખ્સ લઅનતના લાયક ન હોય તેને લઅનત કરે તો એ લઅનતનો અઝાબ ક़त्ल (ખૂન કરવા) જેવો. જાણવા મળ્યું કે ગૈર મુસ્તહિક़ (જે લઅનતને પાત્ર નથી) પર લઅનત નાહક્ક़ ક़त्लની જેમ હરામ છે.

૭. કેમ કે કુફ્ર તથા ઈર્તેદાદ (દીનથી ફરી જવું) ક़त्लના સબબોમાંથી છે. કોઈને વિના કારણે કાફિર કે મુર્તદ કહેવું જાણે કે તેને ક़त्લના લાયક કહેવું છે. યાદ રાખશો કે ક़ઝફનો શાબ્દિક અર્થ છે ફેંકવું, શરીઅતની બોલીમાં ઝિનાનો આક્ષેપ લગાડવાને ક़ઝફ કહે છે.

★ જે માલ વધારવા જૂઠો દાવો કરે તે માલ ઘટશે ★

૮. એટલે કે જે પોતાનો માલ વધારવા માટે લોકોના માલ પર જૂઠા દાવા કરે તેનો માલ ઈન્શાઅલ્લાહ ! ઘટશે વધશે નહીં, કેમ કે તુચ્છ હેતુના માટે આટલો મોટો ગુનોહ કરે છે.

"હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, હું ઈન્શા અલ્લાહ ! કોઈ ક़સમ ખાઈશ નહીં[1] કે એના સિવાય કોઈને એનાથી સારો જોઉં પણ મારી ક़સમનો કફ્ફારો આપીશ.[2] અને તે કામ કરીશ જે બેહતર હોય.[3]" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૬)-૩૪૧૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي مُوسَى قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَنِّي وَاللَّهِ إِنْ شَاءَ اللَّهُ لَا أَحْلِفُ عَلَى يَمِينٍ فَأَرَى غَيْرَهَا خَيْرًا مِنْهَا إِلَّا كَفَّرْتُ عَنْ يَمِينِي وَأَتَيْتُ الَّذِي هُوَ خَيْرٌ»

૧. અહીં યમીનથી મુરાદ તે કામ છે જેના પર ક़સમ ખાવામાં આવે. જેથી હદીષ તદ્દન સ્પષ્ટ છે. એના પર એ વાંધો નથી કે હલફ અને યમીન તો એક જ ચીજ છે પછી અલા યમીનના માટે ?

૨. એટલે ક़સમ તોડીને કફ્ફારો આપીશ, અથવા કફ્ફારો આપવાનો ઈરાદો કરી લઈશ પછી ક़સમ તોડીશ, કે ક़સમ તોડવાથી પહેલાં કફ્ફારો કેવો ? કેમ કે ક़સમ તોડવાથી પહેલાં કફ્ફારો દુરુસ્ત નથી. યાદ રાખશો કે ઈમામ શાફ઼ઈ رضی اللہ عنہ ને ત્યાં માલી કફ્ફારો કસમ તોડતા પહેલાં થઈ શકે છે પણ રોઝાનો કફ્ફારો ક़સમ તોડતાં પહેલાં નથી થઈ શકતો, એટલે ક़સમ તોડતા પહેલાં કફ્ફારાના રોઝા નથી રાખી શકતા. તે ફર્માવે છે કે કફ્ફારાનો સબબ ક़સમ છે. ક़સમ તોડવું તો એની શર્ત છે. રબ તઆલા ફર્માવે છે : كَفَّارَةُ أَيْمَانِكُمْ (આ બદલ છે તમારી ક़સમોનો. સૂ. માઈદા, ૫/૮૯) કફ્ફારાને ક़સમની તરફ઼ સંબંધિત કર્યો. નિસ્બતથી માલૂમ પડયું કે કફ્ફારાનો સબબ ક़સમ છે. જેમ કે કહેવામાં આવે છે, રમઝાનના રોઝા, અસરની નમાઝ, કા'બાનો હજ. નિસ્બત તથા લગાવ સબબ હોવાની નિશાની અને હુકમ પોતાના સબબ પર અગ્રસ્થાને (આગળથી) નથી હોતો, શર્ત પર અગ્ર સ્થાને હોય શકે છે. વરસથી પહેલાં ઝકાત આપી શકાય છે. આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં કોઈ કફ્ફારો માલી હોય કે બદની ક़સમ તોડવાથી પહેલાં જાઈઝ નથી. કેમ કે કફ્ફારાનો સબબ ક़સમ તોડવું છે ન ક़સમ. કફ્ફારાનો અર્થ છે ગુનાહ મિટાવનાર અથવા છુપાવનાર ચીજ. ક़સમ ખાવુ ગુનોહ નથી પણ ક़સમ તોડવું ગુનોહ છે, જેથી તોડવું જ કફ્ફારાનો સવાબ થયું, અને હુકમ સબબથી પહેલાં નથી થઈ શકતો. કુર્આને કરીમમાં કફ્ફારાની નિસ્બત શર્તની તરફ઼ છે. જેમ કે કહેવામાં આવે છે, આ વરસની ઝકાત. જુઓ, વરસ ઝકાતની શર્ત છે, સબબ નથી. પણ નિસ્બત થઈ રહી છે. પછી શાફ઼ઈઓ જો ક़સમને કફ્ફારાનો સબબ માને છે તો રોઝાઓને આગળ કરવાનું દુરુસ્ત શાથી માને છે ?!

૩. દા.ત. જો ક़સમ ખાવામાં આવે કે હું મારા પિતાથી વાત કરીશ નહીં. તો જોઈએ કે ક़સમ તોડી નાખે,

પોતાના પિતાથી વાત કરે, પછી કફ્ફારો આપી દે. યાદ રાખશો કે વાવ બહુવચન માટે છે, તરતીબના માટે નથી જેથી એ સાબિત નથી થતું કે કફ્ફારો પહેલાં આપે પછી ક़સમ તોડે. અમુક રિવાયતોમાં ثم (ષુમ્મ) આવ્યું છે : فليكفر عن يمينه ثم ليأت بالذى هو خير પણ એ રિવાયત દુરુસ્ત નથી. મુસ્લિમ બુખારીમાં આવેલ છે, અહીં મિર્ક़ાતે ષુમ્મ (ثم) અને "વાવ"ની રિવાયતોમાં ખૂબ ઉમદા ચર્ચા કરી છે. વાવની રિવાયતને અગ્રતા આપી, જો ષુમ્મની રિવાયતો સહીહ પણ હોય તો પણ શાફઈઓની વિરુધ્ધ છે. કેમ કે તેઓ પણ કફ્ફારાને આગળથી કરવું વાજિબ નથી માનતા, કેવળ જાઈઝ માને છે. પણ આ રિવાયતથી સાબિત થશે કે કફ્ફારો પહેલો આપવો અને કસમ બાદમાં આપવું વાજિબ છે.

★ હુકૂમત તથા સરદારીની ખ્વાહિશ ન કરો ★

"હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ષમુરહથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હે અબ્દુર્રહમાન ઈબ્ને સમુરહ ! અમીર થવાનું ન માગો[૧] કેમ કે જો તમને હુકૂમત માગીને આપવામાં આવી તો તમે એની તરફ સોંપી દેવામાં આવશો[૨] અને જો વગર માગ્યે આપવામાં આવી તો એના પર તમારી મદદ કરવામાં આવશે.[૩] અને જ્યારે તમે કોઈ ચીજ પર ક़સમ ખાય લો પછી એના સિવાયનાને એનાથી બેહતર જુઓ તો પોતાની ક़સમનો ક़ફ્ફારો આપી દો અને જે બેહતર છે તે કરી લો[૪] અને એક રિવાયતમાં છે કે જે સારુ છે તે કરી લો અને પોતાની ક़સમનો કફ્ફારો આપી દો.[૫]" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૭)-૩૪૧૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ سَمُرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا عَبْدَ الرَّحْمَنِ بْنَ سَمُرَةَ لَا تَسْأَلِ الْإِمَارَةَ فَإِنَّكَ إِنْ أُوتِيتَهَا عَنْ مَسْأَلَةٍ وُكِلْتَ إِلَيْهَا وَإِنْ أُوتِيتَهَا عَنْ غَيْرِ مَسْأَلَةٍ أُعِنْتَ عَلَيْهَا وَإِذَا حَلَفْتَ عَلَى يَمِينٍ فَرَأَيْتَ غَيْرَهَا خَيْرًا مِنْهَا فَكَفِّرْ عَنْ يَمِينِكَ وَأْتِ الَّذِي هُوَ خَيْرٌ» . وَفِي رِوَايَةٍ: «فَأْتِ الَّذِي هُوَ خير وَكفر عَن يَمِينك»

૧. એટલે કે હુકૂમત તથા સરદારીની ખ્વાહિશ ન કરો ન એને હાસિલ કરવાની કોશિશ કરો. આજકાલ તો સભ્ય પદ તથા મંત્રી પદ હાંસલ કરવા માટે વોટ લેવાની જે કોશિશ થાય છે તેના વિશે સૌને ખબર છે, કે બંનેવના માટે દીન, ઈમાન, દોલત, ઈજ્જત સર્વ કાંઈ કુર્બાન કરી આપે છે, એનો અંજામ આંખોથી જોવામાં આવી રહ્યો છે. સર્વ ફસાદો (ખરાબીઓ, ઝઘડાઓ) આ હુકૂમતો માટેના છે જે આવી કોશિશોથી હાંસલ કરવામાં આવે છે.

★ આ આશયે હુકૂમત હાંસલ કરવી ઈબાદત છે ★

૨. એટલે કે હુકૂમતની જિમ્મેદારીઓ ઘણી બધી છે અને દરેક શખ્સ પૂર્ણ નથી કરી શકતો. અલ્લાહ તઆલા જ મદદ કરે તો બંદો એમાં કામયાબ થઈ શકે છે. પરંતું જે કોઈ પોતાની કોશિશથી હુકૂમત લેશે તે ખુદ તેનો જિમ્મેદાર રહેશે, અલ્લાહ તઆલા તેની મદદ કરશે નહીં. આ હુકમ એ સ્થિતિમાં છે કે માણસ નફસાની ખ્વાહિશો, ઐશ, દોલત, ઈજ્જત, ખ્યાતિ હાંસલ કરવા માટે હુકૂમત ચાહે, પણ હુકૂમતની વ્યવસ્થા ગૈર લાયક લોકો પાસે જઈને દેશમાં ફસાદો, દંગલોનો અંદેશો હોય તો અલ્લાહના દીન અને મખ્લૂક़ની ખિદમતના માટે હુકૂમત હાંસલ કરવી એ ઈબાદત છે, જ્યારે કે પોતાની નફસાની ખ્વાહિશને એમાં દખલ ન હોય. હઝરત યૂસુફ عليه السلامએ મિસરના શાહને કહ્યું હતું હતું. اجْعَلْنِيْ عَلٰى خَزَآئِنِ الْاَرْضِ "મને ખજાનાઓનો હાકિમ બનાવી દો." (સૂ. યૂસુફ, ૧૨/૫૫) જો આપ એ વખતે એ હોદો ન સંભાળત તો એ દુકાળના સમયમાં લોકો ભૂખે મરી જાત.

૩. એટલે આ સ્થિતિમાં અલ્લાહ તઆલા ફરિશ્તાઓના થકી તમારી મદદ કરશે કે એનો ફરિશ્તો તમારો મુશીર (સલાહકાર) રહેશે, તમને સંભાળીને રાખશે.

★ એ ક़સમ તોડવી અને કફ્ફારો આપવો વાજિબ ★

૪. જે શખ્સ ગુનાહ કરવા તથા ફર્ઝો અદા ન કરવાની કસમ ખાય લે, દા.ત. ખુદાની ક़સમ ! હું દારૂ પીશ અથવા નમાઝ ન પઢીશ ! તો એવી ક़સમને તોડવી અને કફ્ફારો આપવો વાજિબ છે. અને જે અયોગ્ય કામની ક़સમ ખાય છે, દા.ત. ખુદાની ક़સમ ! હું એક મહીના સુધી મારી પત્ની સાથે સોહબત કરીશ નહીં. એવી ક़સમને તોડી દેવી મુસ્તહબ છે, અને જાઈઝ કામોની ક़સમ પૂરી ન કરવી જરૂરી છે. રબ તઆલા ફર્માવે છે : وَاحْفَظُوْٓا اَيْمَانَكُمْ (અને પોતાની કસમોની હિફાઝત કરો. સૂ. માઈદા, ૫/૮૯) જેમ કે ક़સમ રબની ! હું રોટી ખાઈશ નહીં. આ કપડુ ન પહેરીશ.

★ ક़સમ તોડવામાં અલ્લાહના નામની બેહુર્મતી છે જેથી કફ્ફારો આપે ★

૫. પરંતુ દરેક પ્રકારની ક़સમ તોડવામાં કફ્ફારો વાજિબ છે, કેમ કે ક़સમ તો અલ્લાહ તઆલાના નામની હુર્મત (ઈજ્જત)ના પ્રદર્શન માટે છે કે તેણે રબને જામિન બનાવીને એક વાયદો કર્યો પણ પૂરો ન કર્યો તો એમાં નામે પાકની બેહુમર્તી કરી જેથી કફ્ફારો આપે.

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે કોઈના માટે ક़સમ ખાય લે પછી એમાં બેહતર કાંઈ જુએ તો પોતાની ક़સમનો કફ્ફારો આપે અને તે કામ કરે.[1]" (મુસ્લિમ)

★ હદીષ : (૮)-૩૪૧૩ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ حَلَفَ عَلَى يَمِينٍ فَرَأَى خَيْرًا مِنْهَا فَلْيُكَفِّرْ عَنْ يَمِينِهِ وليفعل» . رَوَاهُ مُسلم

૧. એની શરહ અગાઉ થઈ ચૂકી છે કે ક़સમ પહેલાં તોડે કફ્ફારો બાદમાં આપે. વાવ કેવળ બહુવચન માટે છે, તરતીબ માટે નથી. આ અમ્ર (હુકમ) અમુક મોક़ાઓ પર વાજિબ હોવા માટે હશે, અમુક મોક़ાઓ પર મુસ્તહબરૂપે, જેમ કે હમણા દર્શાવવામાં આવ્યું.

★ ક़સમો કઈ જગાએ તોડવી જાઈઝ છે ? ★

"તેમનાથી જ રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું : એ વાત કે અડેલો રહે તમારામાંથી કોઈ પોતાની ક़સમ પર પોતાનાં ઘરવાળાંઓના સંબંધે[1] અધિક ગુનોહ છે અલ્લાહની નજીક એનાથી કે એનો કફ્ફારો અદા કરી આપે જે અલ્લાહે એના પર ફર્ઝ કર્યું.[2]" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૯)-૩૪૧૪ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «وَاللَّهِ لَأَنْ يَلَجَّ أَحَدُكُمْ بِيَمِينِهِ فِي أَهْلِهِ آثَمُ لَهُ عِنْدَ اللهِ ثم أَنْ يُعْطِيَ كَفَّارَتَهُ الَّتِي افْتَرَضَ اللَّهُ عَلَيْهِ»

૧. ى-لج يلج ના ઝબર, લામના ઝેર અને જામની તશ્દીદથી. ولجاءٌ નો મઝારેઅ يضرب ضرب થી. لجاجه નો અર્થ છે ઉડી જવું, આગ્રહી થઈ જવું, ક़ાયમ રહેવું. એટલે કે જે શખ્સ પોતાના ઘરવાળાઓમાંથી કોઈનો હક્ક़ નાબૂદ કરવા માટે ક़સમ ખાય લે, દા.ત. એવું કહે કે, હું મારી માની ખિદમત કરીશ નહીં, અથવા પત્ની સાથે એક બે મહીના સોહબત કરીશ નહીં.

★ એવી ક़સમો પૂરી કરવી ગુનોહ ★

૨. એટલે કે એવી ક़સમોને પૂરી કરવી ગુનોહ છે, એના પર વાજિબ છે કે એવી ક़સમો તોડે અને ઘરવાળાઓના હક્કો અદા કરે. રબ તઆલા ફ઼માવે છે : وَلَا تَجْعَلُوا اللّٰهَ عُرْضَةً لِّاَيْمَانِكُمْ اَنْ تَبَرُّوْا وَتَتَّقُوْا وَتُصْلِحُوْا بَيْنَ النَّاسِ (અને અલ્લાહને તમારી ક़સમોનો નિશાનો ન બનાવી લો કે એહસાન અને પરહેઝગારી અને લોકોમાં સુલહ કરવાની ક़સમ કરી લો. સૂ. બક़રહ, ૨/૨૨૪) યાદ રાખશો કે અહીં ثم તફ઼ઝીલ મુક़ાબલા માટે નથી. એ મતલબ નથી કે એ ક़સમ પૂરી ન કરવી પણ ગુનોહ, પણ પૂરી કરવો વધારે ગુનોહ છે. બલ્કે મતલબ એ છે કે એવી ક़સમ પૂરી કરવી ઘણો જ મોટો ગુનોહ છે, અને પૂરી ન કરવી સવાબ છે. જો કે રબ તઆલાના નામની બેઅદબી ક़સમ તોડવામાં થાય છે એટલા માટે એના પર કફ઼્ફારો વાજિબ થાય છે, પણ અહીં કસમ ન તોડવી અધિક ગુનાહનો સબબ છે.

★ હદીષ : (૧૦)-૩૪૧૫ ★
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَمِينُكَ عَلَى مَا يُصَدِّقُكَ عَلَيْهِ صَاحِبُكَ» . رَوَاهُ مُسلم

"તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફ઼માવ્યું, તારી ક़સમ એના પર છે જેના પર તારો સાથી તારું સમર્થન કરે.[૧]" (મુસ્લિમ)

૧. એટલે કે જે ક़સમથી કોઈનો હક્ક़ સંબંધિત હોય તેમાં તૌરિયહ એટલે જાહેરી અર્થના વિરૂધ્ધની નિય્યત કરવી દુરુસ્ત નથી. પરંતું જો જાલિમ જુલ્મ કરવા માટે આપણી પાસે ક़સમ લઈ રહ્યો છે તો ત્યાં જરૂર તૌરિયહ કરીને પોતાની જાન તથા આબરૂ બચાવી લે. ઈબ્રાહીમ عليه السلامએ પોતાની પત્ની સારાના વિશે ફ઼માવ્યું કે મારી બહેન છે, એટલે દીની બહેન. મિસરના શાહના જુલ્મથી બચવા માટે. હિજરતના માર્ગમાં સિદ્દીક़ે અકબરે એક કાફ઼िરને જવાબ આપ્યો رجل يهدينى السبيل (આ સાહબ એટલે મુહમ્મદ ﷺ મને રાહ બતાવનાર છે) એટલે ખુદાની રાહ બતાવનાર. આ છે તૌરિયહ. હઝરત સુવૈદ ઈબ્ને હઝલા ફ઼માવે છે કે હિજરત કરીને રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં રવાના થયો. મારી સાથે વાઈલ ઈબ્ને હજર હઝરમી હતા. રસ્તામાં દુશ્મન મળી ગયા. મેં તેમને કહ્યું કે ખુદાની ક़સમ ! આ શખ્સ મારો ભાઈ છે ! જેથી તેઓ એને ક़ત્લ ન કરી આપે. પછી મેં રસૂલુલ્લાહ ﷺને આ પ્રકારનો બનાવ રજૂ કર્યો. ફ઼માવ્યું, તમે સારુ કર્યું. વાઈલ ઈબ્ને હજર આપના દીની ભાઈ છે.

★ હદીષ : (૧૧)-૩૪૧૬ ★
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْيَمِينُ عَلَى نِيَّةِ الْمُسْتَحْلِفِ» . رَوَاهُ مُسلم

"તેમનાથી જ રિવાયત છે. ફ઼માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફ઼માવ્યું કે ક़સમ, ક़સમ લેનારની નિય્યત પર છે.[૧]" (મુસ્લિમ)

૧. એટલે જ્યારે દાવેદાર સામેવાળાથી ક़સમ લે તો ક़સમના શબ્દોમાં દાવેદારની નિય્યતનો એતબાર થશે. સામેવાળા તાવીલ કરીને બીજો અર્થ જાહેરની વિરૂધ્ધ નથી કરી શકતો, કે એ સ્થિતિમાં સામેવાળો જુલ્મની રીતે દાવેદારનો હક્ક़ મારવા ચાહે છે, એટલા માટે તાવીલો કરીને ક़સમ ખાઈ રહ્યો છે. જો પછી તાવીલ કરીને ક़સમ ખાય જાય તો તાવીલ વિશ્વસનીય નથી, દાવેદારની નિય્યતનો એતબાર છે.

★ બેકારની કસમો પર પકડ નથી ★

★ હદીષ : (૧૨)-૩૪૧૭ ★
عَن عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: أُنْزِلَتْ هَذِهِ الْآيَةُ: (لَا

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નાઝિલ થઈ આ આયત કે, અલ્લાહ તઆલા તમારી

يُؤَاخِذُكُمُ اللّٰهُ بِاللَّغْوِ فِي أَيْمَانِكُمْ)فِي قَوْلِ الرَّجُلِ: لَا وَاللّٰهِ وَبَلَى وَاللّٰهِ. رَوَاهُ الْبُخَارِيُّ وَفِي شَرْحِ السُّنَّةِ لَفْظُ الْمَصَابِيحِ وَقَالَ: رَفَعَهُ بَعْضُهُمْ عَنْ عَائِشَةَ رَضِيَ اللّٰهُ عَنهُ

પકડ નથી કરતો તમારી બેકારની ક़સમો પર. માણસના આ ક़ૌલના સંબંધે નહીં : વલ્લાહ ! હા ! વલ્લાહ ! (ખુદાની ક़સમ ! હા ! ખુદાની ક़સમ)[૧] (બુખારી) અને શરહે સુન્નહમાં મિશ્કાતના શબ્દો છે[૨] અને ફર્માવ્યું કે અમુક રાવીઓએ તેને હઝરત આઈશા رضی اللہ عنہا થી મરફૂઅ કરી.[૩]"

૧. બેકાર (લગ્વી)ની ક़સમ તે છે જેમાં ન કફ્ફારો હોય ન ગુનોહ. બેકાર ક़સમની તફ્સીરમાં મતભેદ છે. ઈમામ શાફઈને ત્યાં બેકાર ક़સમ એ છે કે વિના ઈરાદે મોંઢેથી વલ્લાહ ! વલ્લાહ ! નીકળી જાય. જેમ કે અમુક લોકોની આદત હોય છે, વલ્લાહ ! આવ્યા, વલ્લાહ ! ગયા, વગેરે. આ હદીષ ઈમામ શાફઈ رضی اللہ عنہની દલીલ છે. આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નજીક બેકાર (લગ્વી) ક़સમ એ છે કે કોઈ વાત પર તેને સાચી સમજીને ક़સમ ખાય પણ તે હોય જૂઠી. જેમ કે કોઈને ઝયદના આવી જવાનું યક़ીન હતું અને તે કહે, ક़સમ ખુદાની ! ઝયદ આવી ગયો. પરંતું તે આવ્યો ન હતો. આ ક़સમ લગ્વ (બેકાર) છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہاએ ક़સમ લગ્વી (બેકાર)ની એ જ તફ્સીર કરી. ઈમામે આ'ઝમ તથા ઈમામ અહમદ رضی اللہ عنہاનો આ જ મઝહબ છે. જેથી આપણે ત્યાં જો વિના ઈરાદે ક़સમ નીકળી જવા પર ક़સમના હુકમો લાગુ થશે દા.ત. જેમ કે આદતના રૂપે કહી દે, વલ્લાહ ! હું જઈશ, વલ્લાહ ! હું ખાઈશ. અને જો ન જાય, ન ખાય તો કફ્ફારો વાજિબ થશે, ભલે ક़સમની નિય્યતથી વલ્લાહ ન કહ્યું હોય. નઝર (મન્નત)નો પણ એ જ હુકમ છે કે ઈરાદા વિના નઝરના શબ્દો જારી થવાથી (મોંથી બોલાવાથી) નઝર થઈ જાય છે. કેમ કે અમુક હદીષોમાં છે કે ત્રણ ચીજો ઈરાદાપૂર્વક થાય તો પણ દુરુસ્ત છે, અને ખતા કે ભૂલથી હોય તો પણ દુરુસ્ત છે : નિકાહ, તલાક़ અને ક़સમ. (લાગુ થઈ જશે.) ઈમામ શાફઈ ફર્માવે છે કે હદીષમાં છે કે મારી ઉમ્મતથી ખતા તથા ભૂલ ઉઠાવી લેવામાં આવ્યાં. તો પછી ખતાની ક़સમ પર એહકામ કેવા ? પણ આ કમજોર જેવી વાત છે, કેમ કે ખતા તથા ભૂલ થવી એના પર સજા ઉઠાવી લેવામાં આવી ન કે અહકામ પર. રોઝામાં ખતાથી (એટલે દા.ત. અકસ્માતે ગળામાં કાંઈક ઉતરી જાય.) ખાય પી લેવાથી રોઝો જતો રહે છે, ભલે એના પર ગુનોહ નથી. એ જ રીતે ભૂલથી ક़સમ પર ગુનોહ નથી, હુકમો લાગુ થાય છે. એની સંપૂર્ણ ચર્ચા ફત્હુલ ક़દીરમાં અને મિર્ક़ાતમાં એ જ જગાએ જુઓ.

૨. એટલે કે શરહે સુન્નહમાં આ હદીષના એ શબ્દો નકલ થયા છે જે મસાબીહમાં નકલ કર્યા છે. તે આ છે : قالت لغو اليمين قول الهمان لا والله وبل والله *(અશિઅહ)*

૩. એટલે કે ઈમામ બગ્વીએ શરહે સુન્નહમાં ફર્માવ્યું કે અમુક મુહદ્દિષોએ આ હદીષે આઈશા મરફૂઅન હુઝૂર ﷺથી નક़્લ કરી. યાદ રાખશો કે મજબૂર ક़સમ આપણે ત્યાં વિશ્વસનીય છે, એના પર એહકામ લાગુ છે. ઈમામ શાફઈ તથા અહમદને ત્યાં વિશ્વાસપાત્ર નથી. તેમની દલીલ દારકુત્નીની એ હદીષ છે જે વાષિલા ઈબ્ને અસ્ક़અ તથા અબી ઉમામાથી નક़્લ થયેલ છે : ليس على مقهور يمين પણ આ હદીષ મુન્કિર બલ્કે મૌઝૂઅ છે. *(મિર્ક़ાત)*

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (13)-3818 ★

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ન પોતાના બાપદાદાઓની ક़સમ ખાવ અને ન પોતાની માઓની

અને ન મૂર્તિઓની[૧] અને અલ્લાહની ક़સમ ન ખાવ પણ જ્યારે કે સાચા હોવ.[૨]" (અબૂ દાઊદ, નિસાઈ)	وَسَلَّمَ: «لَا تَحْلِفُوا بِآبَائِكُمْ وَلَا بِأُمَّهَاتِكُمْ وَلَا بِالْأَنْدَادِ وَلَا تَحْلِفُوا بِاللَّهِ إِلَّا وَأَنْتُمْ صَادِقُونَ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ

૧. એટલે કે ન પોતાના ઉસૂલ (બાપદાદાઓ)ની ક़સમ ખાવ જેમની ઔલાદમાં તમે છો અને ફુરૂઅ (પુત્રી, પૌત્ર વગેરે)ની ક़સમ ખાવ જે તમારી અવલાદમાં પુત્રો, પૌત્રો, નવાસાઓ વગેરે. ન માલ વગેરેની ક़સમ ખાવ અને ન મૂર્તિઓની ક़સમ ખાવ, જેવો કે મુશ્રિકોનો તરીકો છે. انداد બહુવચન છે ندّ નું, અર્થ : સરખામણીમાં, સામનામાં.

૨. એટલે કે અલ્લાહ તઆલાની જાત તથા સિફ़તોની ક़સમ ખાવી જાઈઝ છે, પણ સાચી ક़સમ કે જૂઠી ક़સમ ખાવી હરામ છે, જેના પર ગુનોહ અથવા કફ્ફારો વાજિબ છે. આ શરઈ ક़સના હુકમો છે. બેકાર કસમ વાતની તાકીદના અર્થમાં, એ મા, બાપ, ઔલાદ વગેરેની જાઈઝ છે, ન શરઈ કે એમાં એમની તાઝમિ છે, અને મૂર્તિની તાઝીમ હરામ બલ્કે કુફ્ર છે.

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફ઼માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફ઼માવતાં સાંભળ્યું કે જે કોઈ ગૈર ખુદાની ક़સમ ખાય તેણે શિર્ક કર્યું.[૧] (તિર્મિઝી)	**★ હદીષ : (૧૪)-૩૪૧૯ ★** وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ حَلَفَ بِغَيْرِ اللَّهِ فَقَدْ أَشْرَكَ» . رَوَاهُ التِّرْمِذِيّ

૧. જો મૂર્તિની ક़સમ ખાઈ લીધી, તેમની તાઝીમના લીધે તો શિર્કે ખફ઼ી (નાનુ શિર્ક) કર્યું. નબી તથા કાબાની શરઈ ક़સમ પણ જાઈઝ નથી. પણ જો એવું કહે કે જો હું આવું કરું તો નબી અથવા કાબા અથવા કુર્આનથી અલિપ્ત છું તો ક़સમ થઈ જશે જેના પર કફ્ફારો વાજિબ થશે. કેમ કે નબી તથા કુર્આનથી અલિપ્ત થવું કુફ્ર છે. કુફ્રની ક़સમ વિશ્વસનીય છે. *(મિર્ક़ાત)*

"હઝરત બરીદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફ઼માવ્યું કે જે કોઈ અમાનતની ક़સમ ખાય તે અમારામાંથી નથી." (અબૂ દાઊદ)[૧]	**★ હદીષ : (૧૫)-૩૪૨૦ ★** وَعَنْ بُرَيْدَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ حَلَفَ بِالْأَمَانَةِ فَلَيْسَ منا» . رَوَاهُ أَبُو دَاوُد

૧. જો અમાનતથી મુરાદ શરઈ એહકામ છે, એટલે નમાઝ રોઝા વગેરે તો એ ક़સમ નાજાઈઝ છે. અને એમાં કફ્ફારો નથી. કુર્આને કરીમમાં શરઈ એહકામને અમાનત ફ઼માવવામાં આવી. إِنَّا عَرَضْنَا الْاَمَانَةَ عَلَى السَّمٰوٰتِ وَالْاَرْضِ (બેશક ! અમે અમાનત પેશ કરી આસ્માનો અને જમીન અને પહાડો પર. સૂ. અહઝાબ, ૩૩/૭૨) આ ક़સમો કાફિરો ખાતા હતા. નમાઝની ક़સમ વગેરે. અને જો અલ્લાહની અમાનત છે તો ક़સમ વિશ્વસનીય છે. એના પર કફ્ફારો વાજિબ છે. કેમ કે અમાનત અલ્લાહની સિફ઼ત છે અને અલ્લાહની સિફ઼તોની ક़સમ વિશ્વાસપાત્ર છે, જેમ કે અલ્લાહ ઈલ્મ અથવા કુદરત અથવા સમ્એ બસરની ક़સમ. રબ તઆલાનું નામ શરીફ઼ અમીન પણ છે. (મિર્ક़ાત, અશિઅહ) યાદ રાખશો કે જે કહે બિસ્મિલ્લાહ હું આ કરીશ, ભલે ક़સમની જ નિય્યતે કહે પણ ક़સમ ન થશે, કેમ કે એ ઉર્ફની વિરૂધ્ધ છે. એવી જ રીતે હક્ક़ અલ્લાહની ક़સમ વિશ્વનીય નથી.

★ હદીષ : (૧૬)-૩૪૨૧ ★

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ قَالَ: إِنِّي بَرِيءٌ مِنَ الْإِسْلَامِ فَإِنْ كَانَ كَاذِبًا فَهُوَ كَمَا قَالَ وَإِنْ كَانَ صَادِقًا فَلَنْ يَرْجِعَ إِلَى الْإِسْلَامِ سَالِمًا ". رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે કહે, હું ઈસ્લામથી અલિપ્ત છું, તો જો તે જૂઠો હોય[૧] તો તે એવો જ છે જેવું તેણે કહ્યું[૨] અને જો સાચો હોય તો ઈસ્લામની તરફ સલામત ફરશે નહીં.[૩]" (અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)

૧. એટલે કે એવું કહે કે જો મેં એવું કહ્યું હોય તો હું ઈસ્લામથી બરી (અલિપ્ત) તથા દૂર થઈ જઈશ. અને તે જાણે છે કે તેણે એ કામ કર્યું પણ અત્યારે જૂઠ્ઠ બોલી રહ્યો છે.

૨. એટલે કે ઈસ્લામથી બરી (અલિપ્ત) તથા દૂર થઈ જ જશે. આ ફર્માન અત્યંત ડરાવવા માટે છે, જેમ કે ફર્માવવામાં આવ્યું, જે નમાઝ છોડે તેણે કુફ્ર કર્યું. મતલબ એ છે કે આ કસમમાં તેના કુફ્રનો અંદેશો છે. યાદ રાખશો કે જો ભૂતકાળની વાત પર આ કસમ ખાધી છે તો કેવળ ગુનોહ થશે, કફ્ફારો ન થશે. કેમ કે ગમૂસ કસમમાં કફ્ફારો નથી હોતો. જો ભાવિ માટે આ શબ્દો બોલશે કે જો હું આ કામ કરું તો ઈસ્લામથી બેઝાર તથા દૂર થઈ જઉં, જો હલાલને હરામ કરવા માટે કહ્યું છે તો કસમ થઈ જશે, કેમ કે હલાલને હરામ કરવું કસમ છે.

૩. એટલે કે જો પોતાને સાચો સમજીને આ વાત કહે અને હકીકતમાં તે જૂઠો હતો તો પણ તેણે મહાન ગુનોહ કર્યો. દા.ત. તેણે કહ્યું કે જો મેં ફલાણા સાથે વાત કરી હોય તો હું ઈસ્લામથી દૂર થઈ જઈશ. ખયાલ હતો કે મેં વાત નથી કરી, પણ કરી હતી. તો પણ આ શબ્દોમાં ગુનોહ છે કે તેણે ઈસ્લામને મામૂલી જોયો સમજ્યો. આ જ હુકમ છે આવુ કહેવાનો કે હું નમાઝ, રોઝા, હજ, ઝકાતથી દૂર છું. કેમ કે ઈસ્લામી હુકમોને હલકા જાણવા, વાત વાત પર એનાથી બેઝારી પ્રદર્શિત કરવી એ ઘણુ જ ખતરનાક છે.

★ હદીષ : (૧૭)-૩૪૨૨ ★

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا اجْتَهَدَ فِي الْيَمِينِ قَالَ: «لَا وَالَّذِي نفس أَبُو الْقَاسِمِ بِيَدِهِ» . رَوَاهُ أَبُو دَاوُد

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺ કસમમાં અતિશયોક્તિ કરતા તો આ પ્રમાણે ફર્માવતા, એની કસમ જેના કબજામાં અબુલ કાસિમની જાન છે.[૧]" (અબૂ દાઊદ)

૧. અહીં لَا ક્યાં તો ઝાઈદા (અધિક) છે, જેમ કે કુર્આને કરીમમાં છે : لَآ أُقْسِمُ بِهٰذَا الْبَلَدِ (મને આ શહેરની કસમ, સૂ. બલદ, ૯૦/૧) અથવા لَآ أُقْسِمُ بِيَوْمِ الْقِيٰمَةِ (કયામતના દિવસની કસમ યાદ કરું છું. સૂ. અલકિયામા, ૭૫/૧) અથવા પાછલી કોઈ વાતનો નકાર છે, એટલે કે એવું નથી થયું કસમ છે એ રબની ..... છેવટ સુધી. પ્રથમ અર્થ અધિક યોગ્ય છે. એ જ અર્થ પર અમે તર્જુમો કર્યો છે. આ કસમ અતિશય અતિશયોક્તિ છે, કેમ કે રબ તઆલાની અતિશય કક્ષાની કુદરત તથા કબજાનો ઉલ્લેખ છે. અને પોતાની ઝાતે કરીમાના મકબૂઝ (કબજામાં હોવાના) તથા મકદૂર (કાબૂ)માં હોવાનો પણ ઉલ્લેખ છે. એટલે કે હું એની કસમ ફર્માવું છું જેનો અમારા પર પૂરેપૂરો કબજો છે અને અમે જેના કબજા તથા તસર્રુફમાં હમેશાં અને દરેક રીતે છીએ, આ અઝમત પર ખયાલ રાખીને આ કસમ ફર્માવીએ છીએ. કેમ કે હુઝૂર ﷺ ખુદ તમામ મખ્લૂકે ઈલાહીમાં અશરફ તથા ઉચ્ચતાવાળા છે, એટલા માટે આ કસમ પણ ખૂબ જ અશરફ તથા ઉચ્ચતાવાળી છે.

★ હદીષ : (૧૮)-૩૪૨૩ ★

وَعَن أَبِي هُرَيْرَة قَالَ: كَانَتْ يَمِينُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا حَلَفَ:«لَا وَأَسْتَغْفِرُ اللَّهَ».رَوَاهُ أَبُو دَاوُد وَابْن مَاجَه

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ફર્માવે છે કે જ્યારે હુઝૂર ﷺ ક़સમ ફર્માવતા તો આપની ક़સમ એ રહેતી હતી અને ખુદાથી માફી ચાહું છું[૧]" (અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

૧. એટલે કે બનાવ એવો નથી, હું અલ્લાહથી માફી ચાહુ છું એનાથી કે આ બનાવ ગલત હોય. આ ફર્માને આલી ક़સમ નથી પણ વાતની તાકીદના માટે ક़સમની જેમ છે, એને મજાઝન્ ક़સમ કહે છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે આ કલામ શરીફને ક़સમ એટલા માટે ફર્માવ્યું કે واستغفر الله માં વાવ આતિફા છે જેનો મઅતૂફ અલૈહ છુપો છે. એટલે કે હું કસમ ફર્માવું છું અને રબથી માફી માગુ છું. અથવા ક़સમે લગ્વ (બેકાર) છે જે ભલે ગુનોહ નથી પણ મારી શાનથી એ પણ દૂર છે, જેથી આ ક़સમથી માફી માગુ છું. અન્ય પણ ઘણા ખુલાસા કરવામાં આવેલ છે.

★ હદીષ : (૧૯)-૩૪૨૪ ★

مَرْفُوع وَعَنِ ابْنِ عُمَرَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى الله ليه وَسَلَّمَ قَالَ: " مَنْ حَلَفَ عَلَى يَمِينٍ فَقَالَ: إِنْ شَاءَ اللَّهُ فَلَا حِنْثَ عَلَيْهِ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ وَذَكَرَ التِّرْمِذِيُّ جَمَاعَةً وَقَفُوهُ عَلَى ابْن عُمَرَ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે કોઈ ચીજ પર ક़સમ ખાય[૧] તરત જ કહી આપે, ઈન્શાઅલ્લાહ ! તો તેના પર ક़સમ તોડવું નથી.[૨] (તિર્મિઝી) અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી) અને તિર્મિઝીએ એક જમાઅતનો ઉલ્લેખ કર્યો જેમણે આ હદીષ ઈબ્ને ઉમર رضی اللہ عنہما પર મૌકૂફ કરી.[૩]"

૧. યમીનથી મુરાદ તે બનાવ છે જેના પર ક़સમ ખાવામાં આવે, નહીં તો ક़સમ પર ક़સમ નથી હોતી. હલફ ક़સમ છે તે યમીન પર કેવી રીતે લાગુ થશે ?

★ તલાક નેકીઓ અને નિકાહ સાથે સાથે ઈન્શાઅલ્લાહ ! કહી દીધું તો.... ★

૨. એટલે ક़સમથી જોડાઈને સાથે સાથે જ ઈન્શાઅલ્લાહ ! કહી દેવામાં આવે તો તેની વિરૂધ્ધ કરવા પર ન ગુનોહ ન કફ્ફારો. મૂસા عليه السلام એ હઝરત ખિઝરને ફર્માવ્યું : سَتَجِدُنِيٓ إِن شَآءَ اللَّهُ صَابِرًا (નજીકમાં જ અલ્લાહ ચાહશે તો તમે મને સાબિર પામશો. સૂ. કહફ, ૧૮/૬૯) પણ બાદમાં આપ સબ્ર ન કરી શક્યા, તો વાદા ખિલાફી ન થયું. મોટા ભાગના ઉલમાનો એ ક़ૌલ છે કે ઈન્શાઅલ્લાહ ! સાથે ને સાથે કહી દેવાથી ક़સમ ખત્મ થઈ જાય છે. તલાક़, આઝાદી, નિકાહનો આ જ હાલ છે કે પોતાની પત્નીને કહ્યું તને તલાક છે ઈન્શા અલ્લાહ ! અથવા મેં નિકાહ ક़બૂલ કર્યો ઈન્શાઅલ્લાહ ! અથવા હે ગુલામ ! તું આઝાદ છે ઈન્શા અલ્લાહ ! કાંઈ ન થયું ન તલાક़ ન નિકાહ ન આઝાદી.

૩. પણ આવો મૌકૂફ, મરફૂઅના હુકમમાં છે, કેમ કે આ ક़યાસી મસ્અલો છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ તમને વંચિત રાખનાર સગાથી પણ સદ્વર્તાવ જ કરો ★

★ હદીષ : (૨૦)-૩૪૨૫ ★

عَن أَبِي الْأَحْوَصِ عَوْفِ بْنِ مَالِكٍ عَنْ أَبِيهِ قَالَ:

"હઝરત અબુલ અહ્વાસ ઔફ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી[૧] રિવાયત છે તે પોતાના પિતાથી રાવી. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવો કે હું

قُلْتُ: يَا رَسُولَ اللَّهِ أَرَأَيْتَ ابْنَ عَم لِي آتيه فَلَا يُعْطِينِي وَلَا يَصِلُنِي ثُمَّ يَحْتَاجُ إِلَيَّ فَيَأْتِينِي فَيَسْأَلُنِي وَقَدْ حَلَفْتُ أَنْ لَا أُعْطِيَهُ وَلَا أَصِلَهُ فَأَمَرَنِي أَنْ آتِيَ الَّذِي هُوَ خَيْرٌ وَأُكَفِّرَ عَنْ يَمِينِي. رَوَاهُ النَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَفِي رِوَايَةٍ قَالَ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ يَأْتِينِي ابْنُ عَمِّي فَأَحْلِفُ أَنْ لَا أُعْطِيَهُ وَلَا أَصِلَهُ قَالَ: «كَفِّرْ عَنْ يَمِينِكَ»

મારા કાકાના પુત્ર પાસે કાંઈ માગવા જઉં છું તે મને નથી આપતો, ન સિલએ રહમી (સગાથી સદવર્તાવ) કરે છે[૩] હું ક़સમ ખાઈ ચૂક્યો છું કે ન તેને કાંઈ આપીશ ન સિલએ રહમી કરીશ.[૪] તો મને હુઝૂર ﷺ એ હુકમ આપ્યો કે જે કામ સારૂ છે તે કરું અને મારી ક़સમનો કફ્ફારો આપી દઉં.[૫] (નિસાઈ, ઈબ્ને માજહ) અને તેની એક રિવાયતમાં આ પ્રમાણે ફ઼ર્માવે છે, મેં અર્ઝ કરી યા રસૂલલ્લાહ ! ﷺ મારા કાકાનો પુત્ર આવે છે તો હું ક़સમ ખાઉં છું કે તેને કાંઈ આપીશ નહીં, ન સિલએ રહમી (સગાથી સદવર્તાવ) કરીશ. તો ફ઼ર્માવ્યું કે, તમારી ક़સમનો કફ્ફારો આપો.[૬]"

૧. આપ ઔફ઼ ઈબ્ને માલિક ઈબ્ને નઝ઼ર અથવા ઈબ્ને નઝ઼લા છે. તાબઈ છે. આપનાથી ખ્વાજા હસન બસરી, અબૂ ઈસ્હાક़ તથા અતા ઈબ્ને સાઈલ જેવા બુઝુર્ગોએ રિવાયતો લીધી. આપના પિતા માલિક ઈબ્ને નઝ઼ર અથવા નઝ઼લા સહાબી છે.

૨. એટલે કે કોઈ સમયે મને મારા આ ભાઈની મદદની જરૂરત પડી જાય છે તો ન તે મને માગવા પર આપે છે ન સિલએ રહમીના રૂપે વિના માગ્યે મારી મદદ કરે છે.

૩. એટલે એ જ ભાઈ સગાઈ કાપનાર બીજી વખતે મારા હાજતમંદ થઈ જાય છે તો મારી પાસે મદદ માગવા આવે છે.

૪. એટલે કે એ વખતે મેં ક़સમ ખાય લીધી હતી જ્યારે કે તેણે મારો સવાલ રદ કરી દીધો હતો કે હું પણ તેની જરૂરતના સમયે તેની મદદ કરીશ નહીં, તેના અમલનો બદલો કરતાં.

૫. સુબ્હાનલ્લાહ ! કેવી પાકીઝા તાલીમ છે. એટલે કે ભલે તેણે તમારી સાથે કતઈ રહમી (સગાઈની પરવા ન કરી) ભલે તમે બદલો લેવાની ક़સમ પણ ખાય લીધી છે પણ તેની ક़તએ રહમીનો ખયાલ ન કરો, તમારી ક़સમ તોડી નાખો, કફ્ફારો આપી દો પણ સિલએ રહમી (સગાથી સદવર્તાવ) કરો. (શેઅર)

بدی را بدی سہل باشد جزا　　اگر مردی احسن الی من اساء

અર્થાત : બુરાઈનો બદલો બુરાઈથી આપવો આસાન છે, જો તું ખરેખર મર્દ છે તો બુરાઈ કરનાર સાથે ભલાઈ કર.

હઝ઼રત યૂસુફ़ عليه السلام એ પોતાના ભાઈઓથી બદલો ન લીધો, તકલીફ઼ના બદલામાં રહમો કરમ ફ઼ર્માવી. અલ્લાહ તઆલા આ તાલીમે પાક પર અમલની તૌફીક़ બખ્શે. *(આમીન)*

૬. એનો મતલબ પણ એ જ છે કે પહેલાં પોતાની ક़સમ તોડી નાખો. જેવું કે પહેલાં વર્ણવવામાં આવ્યું.

બાબુ ફિન્નઝર بابفی النذور

(નઝરોનું બયાન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. ક़સમો તથા નઝરોનું સંયુક્ત પ્રકરણ રચ્યું હતું. હવે નઝરના વિશે ખાસ મસાઈલ વર્ણવીએ છીએ. એટલા માટે سَتَجِدُنِيْۤ اِنْ شَآءَ اللّٰهُ صَابِرًا ફર્માવ્યું : فی النذور ન કહ્યું. કેમ કે નઝરના ઘણા પ્રકારો છે, એટલા માટે એને એકત્ર કર્યા. نذر નો અર્થ પહેલાં વર્ણન થઈ ચૂક્યો કે ગૈર વાજિબ ઈબાદતને પોતાના પર વાજિબ કરી લેવી નઝર (મન્નત) છે. શરઈ નઝરમાં એ શર્ત છે કે એવી ચીજની નઝર (મન્નત) માનવામાં આવે જે ક્યાંક ને ક્યાંક વાજિબ હોય. જે ચીજો ક્યાંય વાજિબ ન હોય તેની શરઈ નઝર દુરુસ્ત ન થશે. બીજુ એ કે એ કામ ઈબાદત હોય. ત્રીજુ એ કે તદ્દન કેવળ અલ્લાહ તઆલાના માટે હોય, કોઈ બંદાના માટે ન હોય. કેમ કે શરઈ નઝર ઈબાદત છે અને ઈબાદત કેવળ રબ તઆલાની જ થઈ શકે છે. હા ! લુગ્વી નઝર નઝરાના અર્થમાં, એ બંદાઓની હોય શકે છે, પણ એને પૂર્ણ કરવું શરઅન વાજિબ નથી. બુઝુર્ગોના ફાતિહા, ગ્યારહવીં શરીફની નઝર. માનવી શરઈ નઝર નથી બલ્કે લુગ્વી નઝર છે, સવાબનું નઝરાણુ કે હદિયાના અર્થમાં. એક લોંડીએ નઝર માની હતી કે જ્યારે હું હુઝૂર ﷺને ગઝવએ ઓહદથી ખૈરિયતથી પરત આવેલા જોઈ લઉં તો આપની સમક્ષ દફ વગાડુ. જેથી તેણીએ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી. ફર્માવ્યું, તમારી નઝર પૂરી કરો. એ નઝર લુગ્વી હતી. હુઝૂર ﷺની સલામતી પર ખુશી મનાવવી. યાદ રાખશો કે હરામ કામની નઝર તો દુરુસ્ત નથી, તે હરામ કામ કદાપિ ન કરે પણ તેના પર કફ્ફારો વાજિબ છે. દા.ત. કોઈ શખ્સ દારૂ કે જુગારની નઝર માને છે, એ નઝર દુરુસ્ત નથી, એના માટે જરૂરી છે કે એ જુર્મ હરગિઝ ન કરે, પણ કફ્ફારો આપવો પડશે. જેવું કે આગળ જતાં આ પ્રકરણમાં એના વિશે હદીષો આવી રહી છે. એ જ અહનાફનો મઝહબ છે.

"હઝરત અબૂ હુરૈરહ તથા ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે નઝર ન માન્યા કરો[૧] કેમ કે નઝર (મન્નત) તક્દીરથી કોઈ દૂર નથી કરતી બલ્કે એના થકી કંજૂસથી કાંઈક અપાવવામાં આવે છે. (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧)-૩૪૨૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ وَابْنِ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُمْ قَالَا: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَنْذُرُوا فَإِنَّ النَّذْرَ لَا يُغْنِي مِنَ الْقَدَرِ شَيْئًا وَإِنَّمَا يُسْتَخْرَجُ بِهِ من الْبَخِيلِ»

૧. એટલે કે વાત વાત પર નઝર માની લેવાના આદી ન બનો કે પછી નઝર પૂરી કરવું મુશ્કેલ તથા માલૂમ પડે છે. અથવા નઝરમાં એ એતેક़ાદ ન રાખો કે નઝરથી રબનો ઈરાદો તથા હુકમે રબ્બાની બદલાય જાય છે કે આ અક़ીદો ગલત છે. અથવા સદક़ા તથા ખૈરાત કેવળ નઝર (મન્નત)ની સ્થિતિમાં જ ન કર્યા કરો કે જ્યારે અટકયું તો નઝર માની અને કામ નીકળી જવા પર ખૈરાત કરી, બલ્કે આમ જ સદક़ા કરવાની આદત પાડો. જેથી આ નઝર થી મનાઈ નથી બલ્કે આ ચીજોથી મનાઈ છે. જેથી આ હદીષ એ આયતોની વિરૂધ્ધ નથી જેમાં નઝર પૂરી કરવાવાળાઓની તારીફ કરવામાં આવી છે. રબ તઆલા ફર્માવે છે : يُوْفُوْنَ بِالنَّذْرِ (પોતાની મન્નતો પૂરી કરે છે. સૂ. ઈન્સાન, ૭૬/૭) અને હઝરત હન્નાનો બનાવ વર્ણન ફર્માવ્યો છે : اِنِّیْ نَذَرْتُ لَكَ مَا فِیْ بَطْنِیْ (હું તારા માટે મન્નત માનું છે. સૂ. આલે ઈમરાન, ૩/૩૫) અને હઝરત મરયમને નઝર હુકમ આપવું વર્ણન કરે છે. اِنِّیْ نَذَرْتُ لِلرَّحْمٰنِ صَوْمًا (મેં આજે રહમાનનો રોઝો માન્યો છે. સૂ. મરયમ, ૧૯/૨૬) સહાબાએ કિરામે નઝરો (મન્નતો) માની છે. જેથી આ હદીષ

પર વાંધો નથી કે لا تنذروا છે અને "નહી" હુર્મત પેદા કરે છે, જેથી જોઈએ કે નઝર માનવું હરામ હોય, અને હરામને પૂર્ણ કરવું વાજિબ તો શું મુસ્તહબ પણ નથી હોતું. સારાંશ કે હદીષ સ્પષ્ટ છે.

૨. એટલે કે કંજૂસ લોકો આમ તો ખૈરાત નથી કરતા બલ્કે મુસીબત પડી જવા પર બદલાના સ્વરૂપમાં ખૈરાત કરે છે, સખી લોકો દરેક હાલતમાં ખૈરાત કરતા રહે છે. તેઓ રબ તઆલાની રઝા માટે ખૈરાત કરે છે ન કે કોઈ બદલામાં.

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે શખ્સ અલ્લાહની ઈતાઅત (આજ્ઞાપાલન)ની નઝર માને તે તેની ઈતાઅત કરે[૧] અને જે તેની નાફર્માની નઝર માને તે નાફર્માની ન SZP[૨]'' (બુખારી)

★ હદીષ : (૨)-૩૪૨૭ ★

وَعَنْ عَائِشَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ نَذَرَ أَنْ يُطِيعَ اللَّهَ فَلْيُطِعْهُ وَمَنْ نَذَرَ أَنْ يَعْصِيَهُ فَلَا يَعْصِهِ» . رَوَاهُ الْبُخَارِيّ

૧. કેમ કે અલ્લાહ તઆલાની ઈબાદત તો આમ પણ કરવી જોઈએ અને જ્યારે નઝર માની લીધી તો અધિક અંશે કરવી જોઈએ.

૨. યાદ રાખશો કે જે કામ જાતે પોતે ગુનોહ હોય તેની નઝર દુરુસ્ત જ નથી, જેમ કે શરાબ પીવાની, જુગાર રમવાની, કોઈ મુસલમાનને નાહક્ક કત્લ કરવાની નઝર કે એવી નઝરો બાતિલ છે, તેને પૂર્ણ કરવી હરામ છે, પણ તેમના પર કફ્ફારો વાજિબ છે કે એ કામ કદાપિ ન કરે અને કફ્ફારો અદા કરે. એનો કફ્ફારો કસમનો કફ્ફારો છે કેમ કે તેણે રબ તઆલાના નામની બેહુર્મતી કરી. પણ જે કામ જે કોઈ રુકાવટ (પ્રતિબંધ)ને કારણે મના હોય તેની નઝર દુરુસ્ત છે અથવા તેની કઝા કરે અથવા કફ્ફારો આપે, જેમ કે ઈદના દિવસોના રોઝા અથવા તુલૂઅ આફતાબ વખતે નફ્લ પઢવાની મન્નત, કે એ મન્નત દુરુસ્ત છે. એ જ મઝહબ અહનાફનો છે.

★ ગુનાહ તથા નાફર્માનીની મન્નત પૂરી ન કરવી ★

''હઝરત ઈમરાન ઈબ્ને હુસૈનથી રિવાયત છે.ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ન તો નાફર્માનીની મન્નત પૂરી કરવી જોઈએ, ન એની જેનો બંદો માલિક ન હોય.[૧] (મુસ્લિમ) અને એક રિવાયતમાં છે કે અલ્લાહની નાફર્માનીમાં નઝર નથી.''

★ હદીષ : (૩)-૩૪૨૮ ★

وَعَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:«لَا وَفَاءَ لِنَذْرٍ فِي مَعْصِيَةٍ وَلَا فِيمَا لَا يَمْلِكُ الْعَبْدُ» . رَوَاهُ مُسْلِمٌ وَفِي رِوَايَةٍ: «لَا نَذْرَ فِي مَعْصِيَّةِ اللهِ»

૧. દા.ત. કહે છે કે ખુદા યા ! મારું આ કામ થઈ ગયું તો ફલાણાના ગુલામને આઝાદ કરી દઈશ, અથવા ફલાણાની બકરીની કુર્બાની આપી દઈશ. અહમદ, અબૂ દાઊદ, ઈબ્ને માજહ, નિસાઈએ હઝરત ઈમરાન ઈબ્ને હુસૈનથી રિવાયત કરી કે, ફર્માવ્યું નબી કરીમ عليه الصلوة والسلامએ, ગુનાહની નઝર દુરુસ્ત નથી અને એનો કફ્ફારો કસમનો કફ્ફારો છે. (મિર્કાત) જેનાથી જાણવા મળ્યું કે ગુનાહ વગેરેની નઝર મોઅતબર (વિશ્વસનીય) નથી, પણ પૂરી ન કરે, કફ્ફારો અદા કરે. એ જ પ્રમાણે અન્યની માલિકીની ચીજની નઝર (મન્નત) દુરુસ્ત નથી, પણ તેનો કફ્ફારો વાજિબ છે.

''હઝરત ઉકબા ઈબ્ને આમિર رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. તે રસૂલુલ્લાહ ﷺથી રાવી. ફર્માવે છે કે

★ હદીષ : (૪)-૩૪૨૯ ★

وَعَن عقبَة بن عَامر عَنْ رَسُول اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ

وَسَلَّمَ قَالَ: «كَفَّارَةُ النَّذْرِ كَفَّارَةُ الْيَمِينِ» . رَوَاهُ مُسْلِمٌ	*નઝરનો કફ્ફારો ક़સમનો જ કફ્ફારો છે.[૨]" (મુસ્લિમ)*

૧. આપ સહાબી છે. જહની છે, અમીર મુઆવિયહ رضی اللہ عنہ ની તરફથી મિસરના ગવર્નર રહ્યા જ્યારે કે અમીર મુઆવિયાના ભાઈ ઉક़બા ઈબ્ને અબી સુફ્યાન મૃત્યુ પામ્યા. પહેલાં તે ગવર્નર હતા. આપનાથી ઘણા સહાબા તથા તાબઈને હદીષો રિવાયત કરી. (મિર્ક़ાત, અશિઅહ)

★ નઝરનો કફ્ફારો તે જ છે જે કસમનો છે ★

૨. એટલે કે જે શખ્સ નઝર પૂરી ન કરે અથવા શરીઅતની રૂએ કે અક़્લન પૂરી ન કરી શકે તો તેનો કફ્ફારો આપે. નઝરનો કફ્ફારો એ જ છે જે ક़સમનો કફ્ફારો છે. ગુલામ આઝાદ કરવું અથવા દસ ફકીરોને ખાવા આપવું અથવા કપડાં આપવાં. જો એ શક્તિ ન હોય તો ત્રણ રોઝા ધરવા, નઝર ચાહે મોઅલ્લક़ હોય કે મુત્લક़ સૌનો આ જ હુકમ છે.

★ ખામોશ રહેવાની, છાંયડામાં ન બેસવાની નઝર તોડી નાખે અને કફ્ફારો આપે ★

★ હદીષ : (૫)-૩૪૩૦ ★	*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام ખુત્બો પઢી રહ્યા હતા, એવામાં એક શખ્સને ઉભેલો જોયો.[૧] હુઝૂરે એના વિશે પૂછ્યું તો લોકોએ બતાવ્યું કે આ અબૂ ઈસ્રાઈલ છે[૨] તેણે નઝર માની છે કે ઉભો રહેશે, ન બેસશે ન છાંયડો લેશે ન વાત કરશે[૩] અને રોઝા રાખશે. તો નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, એને હુકમ આપો કે વાત કરે, છાંયડો લઈ લે અને બેસી જાય[૪] અને પોતાનો રોઝો પૂરો કરી લે." (બુખારી)*
وَعَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: بَيْنَا النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَخْطُبُ إِذا هُوَ بِرَجُلٍ قَائِمٍ فَسَأَلَهُ عَنْهُ فَقَالُوا: أَبُو إِسْرَائِيلَ نَذَرَ أَنْ يَقُومَ وَلَا يَقْعُدَ وَلَا يَسْتَظِلَّ وَلَا يَتَكَلَّمَ وَيَصُومَ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مُرُوهُ فَلْيَتَكَلَّمْ وَلْيَسْتَظِلَّ وَلْيَقْعُدْ وَلْيُتِمَّ صَوْمَهُ» . رَوَاهُ الْبُخَارِيُّ	

૧. એ રીતે સૌ લોકો બેસીને ખુત્બો સાંભળી રહ્યા હતા પણ એ સાહબ હુઝૂર علیہ الصلوٰۃ والسلام ની સામે ઉભા રહીને સાંભળી રહ્યા હતા. એનાથી જાણવા મળ્યું કે ખુત્બો પઢવો ઉભા રહીને સાંભળવો બેસીને સુન્નત છે. એટલા માટે તો હુઝૂરે અન્વર ﷺ એ તેમના ઉભા રહેવા પર આશ્ચર્ય દર્શાવ્યું.

૨. એ હઝરત બની આમિર લુવીની ઔલાદથી હતા, કુરેશના ખાનદાનથી હતા. તેમનું નામ અબૂ ઈસ્રાઈલ જ હતું.

૩. એટલે કે નમાઝ સિવાય કોઈ સમયે બેસશે નહીં અને કોઈ માણસ સાથે વાત કરશે નહીં. એ મતલબ નથી કે અત્તહિય્યાતમાં પણ બેસશે નહીં, અને નમાઝ તિલાવત વગેરે પણ નહીં કરે. આદતોનો નકાર છે ઈબાદતોનો નહીં.

૪. એટલે કે ખામોશ રહેવું, છાંયડામાં ન બેસવું એ કોઈ ઈબાદત નથી બલ્કે હરામ છે. કેમ કે નમાઝમાં ક़िરાઅત ફર્ઝ છે અને અત્તહિય્યાતમાં બેસવું વાજિબ પણ છે ફર્ઝ પણ. આ રીતે હમેશાં ઉભા રહેવું, છાંયડામાં ન બેસવું, રોઝા રાખવાની નઝર માની હતી. હુઝૂર ﷺ એ પહેલી નઝર તોડવાનો હુકમ આપ્યો પણ રોઝાની નઝર પૂરી કરવાની તાકીદ કરી. **જો કોઈ હમેશાં રોઝા રાખવાની નઝર માને તે વરસમાં પાંચ હરામ રોઝાઓ સિવાય સર્વ દિવસોમાં રોઝો રાખે, અને એ પાંચ દિવસ રોઝા ન રાખવાના લીધે કફ્ફારો આપે.** નઝરનો કફ્ફારો એ જ છે જે ક़સમનો કફ્ફારો છે. ઈમામ શાફઈને ત્યાં એ બંનેની નઝર માનવી દુરુસ્ત જ નથી.

★ પગપાળા ચાલવાની મન્નત ન માને ★

★ હદીષ : (૬)-૩૪૩૧ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَأَى شَيْخًا يُهَادَى بَيْنَ ابْنَيْهِ فَقَالَ: «مَا بَالُ هَذَا؟» قَالُوا: نَذَرَ أَنْ يَمْشِيَ إِلَى بَيت الله قَالَ: «إِنَّ اللَّهَ تَعَالَى عَنْ تَعْذِيبِ هَذَا نَفسه لَغَنِيٌّ» . وَأمره أَن يركب

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ એક વૃધ્ધને જોયો જે પોતાના બંને પુત્રોની વચ્ચે જઈ રહ્યો હતો[૧] તો ફર્માવ્યું, એનો શો હાલ છે ? લોકોએ અર્ઝ કરી કે તેમણે પગપાળા ચાલવાની મન્નત માની છે.[૨] અલ્લાહ તઆલા તેના પોતાના નફ્સને અઝાબ આપવાથી ગની છે, અને તેને સવાર થઈ જવાનો હુકમ આપ્યો[૩]" (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે ચાલવા માટે શક્તિમાન ન હતો એટલા માટે પોતાના બે પુત્રોના ખભાઓ પર હાથ રાખીને ઘસેડાઈને જઈ રહ્યો હતો.

૨. એટલે પગપાળા હજ કરવાની કે મીક़ાતથી અથવા હરમ શરીફથી અરફાત સુધી, પછી ત્યાંથી હરમ શરીફ સુધી પગપાળા ચાલીશ. યાદ રાખશો કે જે શખ્સ પગપાળા હજ કરવાની મન્નત માને તેના પર વાજિબ છે કે પોતાના ઘરેથી પગપાળા જાય અને હજ કરે. અમુકે ફર્માવ્યું કે પગપાળા ચાલે. અમુકની નજીક એહરામના સ્થળથી જો પગપાળા ન ચાલ્યો અને સવાર થઈ ગયો તો તેના પર કુર્બાની એટલે દમ વાજિબ છે કે તેણે હજનો એક વાજિબ છોડી આપ્યો જે તેણે ખુદ વાજિબ કરી લીધો હતો.

૩. આ હદીષના આધારે ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે આવી સ્થિતિમાં પગપાળા હજ કરવાની નઝર માને અને સવાર થઈને હજ કરે તેના પર કોઈ કફ્ફારો વગેરે નથી, કેમ કે એ નઝર દુરુસ્ત જ નથી. પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ અને ખુદ ઈમામ શાફઈનો બીજો ક़ૌલ એ છે કે તે શખ્સ દમ એટલે કુર્બાની આપે કે તેણે પોતાના હજનો વાજિબ ત્યજી દીધો. અને વાજિબ છૂટવાથી કુર્બાની વાજિબ થાય છે.

★ હદીષ : (૭)-૩૪૩૨ ★

وَفِي رِوَايَةٍ لِمُسْلِمٍ عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: «ارْكَبْ أَيُّهَا الشَّيْخُ فَإِنَّ اللَّهَ غَنِيٌّ عَنْكَ وَعَن نذرك»

"અને મુસ્લિમની રિવાયતમાં હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી છે. ફર્માવ્યું, હે વૃધ્ધ ! સવાર થઈ જા ! કે અલ્લાહ તઆલા તારાથી અને તારી નઝરથી બેનિયાઝ છે.[૧]"

૧. અહીં એ તો ફર્માવવામાં આવ્યું કે મજબૂર શખ્સ પગપાળા ચાલવાની નઝર પૂરી ન કરે, એનાથી ખામોશી છે કે એના પર કાંઈક કફ્ફારો વગેરે છે કે નહીં. એના માટે બીજી રિવાયતો છે કે હજજનો વાજિબ છૂટી જવાથી કુર્બાની વાજિબ થાય છે.

★ હદીષ : (૭)-૩૪૩૩ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ سَعْدَ بن عبَادَة رَضِي الله عَنْهُم اسْتَفْتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي نَذْرٍ كَانَ عَلَى أُمِّهِ فَتُوُفِّيَتْ قَبْلَ أَنْ تَقْضِيَهُ فَأَفْتَاهُ أَنْ يَقْضِيَهُ عَنْهَا

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે સઅ્દ ઈબ્ને ઓબાદાએ નબી કરીમ ﷺ થી નઝરના સંબંધે પૂછ્યું જે એમનાં મા પર હતી[૧] પછી તેણી તે નઝર પૂરી કરતા પહેલાં મૃત્યુ પામ્યાં. તો તેમણે ફત્વો આપ્યો કે તેમની તરફથી અદા કરે." (મુસ્લિમ, બુખારી)

૧. ગાલિબ (અધિકતર ધારણા) એ છે કે નઝર બિનશર્તી હતી અને માલી હતી. જેમ કે દારકુત્નીમાં આ

પ્રમાણે છે કે હઝરત સઅદને હુઝૂર ﷺએ ફર્માવ્યું કે તમારી માની નઝર (મન્નત) પૂરી કરવાની તરફથી લોકોને પાણી પીવડાવી દો. જાણવા મળ્યું કે કૂવો ખોદાવવાની નઝર હતી. યાદ રાખશો કે મૈયતની શારીરિક નઝર જેમ કે રોઝા, નમાઝ વારસદાર અદા નથી કરી શકતા. માલી નઝર જો મૈયતે માલ છોડયો છે અને એ નઝરને પૂર્ણ કરવાની વસિયત તો વારસદારો પર એ નઝર પણ પૂરી કરવી વાજિબ નથી. હા ! બેહતર છે કે પૂરી કરી દે. અહીં બંનેવ સંભાવનાઓ છે : જો ઉમ્મે સઅદે માલ છોડયો હતો અને વસિયત પણ કરી હતી તો આ હુકમ વાજિબના માટે છે. જો એ બંનેમાંથી એક વાત પણ ન હતી તો આ હુકમ મુસ્તહબ રૂપે છે.

"હઝરત કઅબ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત છે[૧] ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી તૌબાના શુક્રિયાથી એ છે કે મારા માલથી અલગ થઈ જઉં[૨] સદકો કરતી વખતે અલ્લાહ વ રસૂલની તરફ[૩] તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તમારો અમુક માલ રોકી લો તો એ તમારા માટે બેહતર છે[૪]. મેં અર્ઝ કરી કે હું મારો તે હિસ્સો રોકું છું જે ખૈબરમાં છે[૫]." (મુસ્લિમ, બુખારી) આ મોટી હદીષનો એક ભાગ છે.

★ હદીષ : (૯)-૩૪૩૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ كَعْبِ بْنِ مَالِكٍ قَالَ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ إِنَّ مِنْ تَوْبَتِي أَنْ أَنْخَلِعَ مِنْ مَالِي صَدَقَةً إِلَى اللَّهِ وَإِلَى رَسُولِهِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَمْسِكْ بَعْضَ مَالِكَ فَهُوَ خَيْرٌ لَكَ» . قُلْتُ: فَإِنِّي أُمْسِكُ سَهْمِي الَّذِي بِخَيْبَر. وَهَذَا طرف من حَدِيث مطول

૧. આપ મશહૂર સહાબી છે. મહાન શાઈર હતા. આપ તે ત્રણ સહાબીઓમાંથી છે જેઓ ગઝવએ તબૂકથી પાછળ રહી ગયા હતા, જેમનો બોયકોટ કરાવવામાં આવ્યો અને પછી તેમની તૌબા કુર્આને પાકમાં નાઝિલ થઈ જેનું નામ છે સૂરએ તૌબા. આ ત્રણ હઝરાત મરારા ઈબ્ને લુવી, કઅબ ઈબ્ને માલિક, હિલાલ ઈબ્ને ઉમૈયા છે. એ ત્રણેવનાં નામોનો પ્રથમ અક્ષર શબ્દ મક્કામાં ભેગો છે. મીમથી મુરાદ મરારા, કાફથી મુરાદ કઅબ, હે થી મુરાદ હિલાલની પ્રતિ નિર્દેશ છે. એ હઝરાત ઘણા દરજાવાળા છે.

૨. એટલે કે કેમ કે રબ તઆલાએ મારી તૌબા કબૂલ ફર્માવી એના શુક્રિયામાં હું મારા પર લાઝિમ કરું છું કે પૂરા માલથી અલિપ્ત થઈ જઉં, સઘળો માલ ખૈરાત કરી દઉં. યાદ રાખશો કે આ નઝર નથી પણ શુક્રિયા છે, પણ નઝરને મલતુ જુલતુ છે એટલા માટે આ હદીષ આ પ્રકરણમાં લાવવામાં આવી.

★ ઈબાદતોમાં ખુદાની રઝા સાથે રસૂલની રઝાની નિય્યત શિર્ક નથી ★

૩. એટલે કે અલ્લાહ વ રસૂલને રાજી કરવાના માટે મારો પૂરો માલ સદકો કરું છું. જાણવા મળ્યું કે ઈબાદતોમાં અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ ﷺને રાજી કરવાની નિય્યત શિર્ક નથી, બલ્કે સહાબાની સુન્નત છે. જુઓ હઝરત કઅબ હુઝૂર ﷺની બારગાહમાં અર્ઝ કરી રહ્યા છે અને હુઝૂર ﷺ એના પર કુફ્નો ફત્વો નથી આપતા, બલ્કે તેને જાઈઝ રાખે છે. રબ તઆલા ફર્માવે છે : وَاللّٰهُ وَرَسُوْلُهٗۤ اَحَقُّ اَنْ يُّرْضُوْهُ اِنْ كَانُوْا مُؤْمِنِيْنَ (અને અલ્લાહ વ રસૂલનો હક્ક અધિક હતો. –સૂરએ તૌબા, ૯/૬૨)

★ સર્વ માલની ખૈરાતની નઝર માનનાર થોડા દિવસનો ખર્ચ રાખીને સર્વ ખૈરાત કરી દે ★

૪. એટલે કે બધો માલ ખૈરાત ન કરો થોડો તમારી જરૂરિયાત માટે રાખો, અમુક ખૈરાત કરો કે જેથી તમે આજે ખૈરાત

આપીને કાલે ખૈરાત લેવાના પાત્ર ન બની જાવ. કેમ કે તેમણે સદક़ાનો ઈરાદો કર્યો હતો એની નઝર માની હતી, એટલા માટે સરકાર ﷺએ તેમના ઈરાદામાં ફેરફાર કરી આપ્યો. જે શખ્સ સઘળા ખૈરાતની નઝર માની લે તો થોડા દિવસનો ખર્ચ રાખીને સર્વ કાંઈ ખૈરાત કરી આપે. પછી કમાઈને એ ખર્ચા જેટલો પણ ખૈરાત કરી દે જે તેણે રાખ્યો હતો.

૫. એટલે કે મારી જે જમીન વગેરે ખૈબરમાં છે તે મારી જરૂરિયાત માટે રાખુ છું બાકીનો માલ સદક़ો કરું છું. યાદ રાખશો કે હુઝૂર ﷺ દરેક શખ્સની દિલી કૈફિયતથી ખબરદાર છે. હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ એ સઘળો માલ ખૈરાત કર્યો તો તેમને મના ન કર્યું, કેમ કે હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ પોતાના બીવી બચ્ચાં સમેટ ઝોહદો ક़નાઅ્તના ઉચ્ચ દરજાએ હતા. હઝરત કઅબ અને તેમનાં બીવી બચ્ચાં આ દરજે હજી પહોંચ્યા ન હતા. (શેઅર)

مصرع　　چشم توبیننده مافی الصدور

૬. જે મુસ્લિમ, બુખારી વગેરેએ ખૂબ જ વિગતવાર વર્ણન કર્યો. કઅબ ઈબ્ને માલિકનો તૌબાનો કિસ્સો ખુદ મસાબીહના લેખકે પોતાની કિતાબ "તફસીરે મઅ़ાલિમુત્તન્ઝીલ"માં ખૂબ જ વિસ્તારપૂર્વક વર્ણન કર્યો છે. અહીં મસાબીહમાં જરૂરત પૂરતો લાવ્યો. અને એને મુસ્લિમ, બુખારીની તરફ મુસ્નદ ફર્માવીને સંતોષ લીધો.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૧૦)-૩૪૩૫ ★	*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ગુનાહમાં નઝર નથી[૧]. અને એનો કફ્ફારો ક़સમનો કફ્ફારો છે[૨] (અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ)[૩]*
عَنْ عَائِشَةَ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا نَذْرَ فِي مَعْصِيَةٍ وَكَفَّارَتُهُ كَفَّارَةُ الْيَمِينِ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيّ	

૧. એટલે કે ગુનાહની નઝર (મન્નત)ને પૂરી કરવી જાઈઝ નથી, કેમ કે એ નઝર દુરુસ્ત જ નથી, નહીં તો કફ્ફારો વાજિબ થવાનો શો અર્થ ? ખુલાસો એ છે કે ગુનાહમાં નઝર વાજિબ નથી થતી, કફ્ફારો વાજિબ થાય છે.

૨. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની ઘણી મજબૂત દલીલ છે, હઝરત ઈમામ શાફઈ رضی اللہ عنہ ની વિરુદ્ધ છે. તેમને ત્યાં હરામ ચીજની નઝરમાં કફ્ફારો પણ નથી થતો. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં એવી નઝરને પૂરી કરવી હરામ છે, તેનો કફ્ફારો વાજિબ છે.

૩. આ હદીષ ઈમામ સિયૂતીએ જામિઉસ્સગીરમાં અહમદ અને ચારેવ ઈમામોએ આઈશા رضی اللہ عنہا થી, નિસાઈએ ઈમરાન ઈબ્ને હુસૈ્નથી નક़લ કરી.

★ હદીષ : (૧૧)-૩૪૩૬ ★	*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જે નઝર માને અને અને તેને મુક़ર્રર (નિશ્ચિત) ન કરી દે તો તેનો કફ્ફારો ક़સમનો કફ્ફારો છે[૧] અને જે ગુનાહમાં મન્નત માને તો એનો કફ્ફારો ક़સમનો કફ્ફારો છે. અને જે એવી*
وَعَنِ ابْنِ عَبَّاسٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ نَذَرَ نَذْرًا لم يسمه فَكَفَّارَتُهُ كَفَّارَةُ يَمِينٍ. وَمَنْ نَذَرَ نَذْرًا لَا يُطِيقُهُ فَكَفَّارَتُهُ كَفَّارَةُ يَمِينٍ. وَمَنْ	

نَذَرَ نَذْرًا أَطَاقَهُ فَلْيَفِ بِهِ».رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَه وَوَقفه بَعضهم على ابْن عَبَّاس

નઝર માને જેની શક્તિ ન હોય તો તેનો કફ્ફારો ક़સમનો કફ્ફારો છે[૨] અને જે એવી નઝર માને જેની શક્તિ ધરાવતો હોય તો તેને પૂરી કરે[૩]. (અબૂ દાઉદ, ઈબ્ને માજહ) અમુકે આ હદીષ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما પર મૌકૂફ કરી."

૧. એટલે કે જે મુત્લક़ (બિન શર્તી) નઝર માને દા.ત. જો મારા બીમારને શિફા મળી ગઈ તો મારા પર અલ્લાહના માટે નઝર છે. એવું ન કહે કે કઈ ચીજની નઝર છે, રોઝા, હજ્જ, સદક़ા વગેરે. તો તેના પર કફ્ફારો આપવો વાજિબ છે કેમ કે તે એ નઝર પૂરી કરવા માટે શક્તિમાન નથી. ઈમામ અહમદ તથા શાફઈ વગેરેએ હદીષની અન્ય સ્પષ્ટતાઓ કરી છે, પણ એ સૌ તકલ્લુફાત (કોશિશો) છે. સહીહ ખુલાસો એ જ છે જે અમે અર્ઝ કરી. એ જ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો મઝહબ છે. ફત્હુલ ક़દીરમાં ફર્માવ્યું કે મુત્લક़ નઝર સેગાની રીતે નઝર હોય છે કલમાની રીતે ક़સમ હોય છે. હા ! જો એ શબ્દો કહેતી વખતે કોઈ ખાસ ઈબાદતની નિય્યત કરે એ દુરુસ્ત છે, અને તેના પર એ જ ઈબાદત લાઝિમ થશે.

૨. દા.ત. કરે કે મારું ફલાણુ કામ થઈ જાય તો હું અલ્લાહના માટે પહાડ ઉઠાવી લઈશ, અથવા આસમાન પર ચઢી જઈશ વગેરે. કેમ કે એ કામ શક્તિ બહારનાં છે. અથવા કહે કે હું હજ્જ કરીશ, જ્યારે કે પાસે ખર્ચ હોય નહીં. અથવા કહે કે પગપાળા હજ્જ કરીશ, જ્યારે કે રસ્તો લાંબો હોય, વચ્ચે સમુદ્ર આવેલ હોય, તો એ સૌમાં કફ્ફારો વાજિબ છે.

૩. નઝર પૂરી કરવાની, વાજિબ હોવાની શરતો અમે અગાઉ વર્ણન કરી ચૂક્યા છીએ કે એવા કામની નઝર માને જેના પ્રકારનો કોઈ વાજિબ બઐનિહી હોય અને તેને પૂર્ણ કરવાની શક્તિ પણ ધરાવતો હોય. જેથી વુઝૂ કરવા, બીમારપુર્સી કરવાની, જનાઝાની નમાઝમાં શિર્કત કરવાની નઝર પૂરી કરવી વાજિબ નથી કેમ કે વુઝૂ વગેરે વાજિબ બિઐનિહી નથી અને એવી નઝરમાં પણ કફ્ફારાનો અખત્યાર હોય છે પણ પૂર્ણ કરવી અગ્રસ્થાને છે.

★ હદીષ : (૧૨)-૩૪૩૭ ★

وَعَن ثَابت بن الضَّحَّاك قَالَ: نَذَرَ رَجُلٌ عَلَى عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنْ يَنْحَرَ إِبِلًا بِبُوَانَةَ فَأَتَى رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَخْبَرَهُ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَلْ كَانَ فِيهَا وَثَنٌ مِنْ أَوْثَانِ الْجَاهِلِيَّةِ يُعْبَدُ؟» قَالُوا: لَا قَالَ: «فَهَلْ كَانَ فِيهِ عِيدٌ مِنْ أَعْيَادِهِمْ؟» قَالُوا: لَا فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أوف بِنَذْرِك فَإِنَّهُ لَا وَفَاءَ لِنَذْرٍ فِي مَعْصِيَةِ اللَّهِ وَلَا فِيمَا لَا يَمْلِكُ ابْنُ آدَمَ» . رَوَاهُ أَبُو دَاوُد

"હઝરત ષાબિત ઈબ્ને ઝહ્હાક رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે કોઈ શખ્સે રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં નઝર માની કે બુવાના સ્થળે ઊંટ ઝબહ કરશે[૧] પછી તે રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયો અને આપને આ ખબર આપી[૨] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે શું ત્યાં જાહિલિયતની મૂર્તિઓમાંથી કોઈ મૂર્તિ હતી ? લોકોએ કહ્યું, નહીં ! ફર્માવ્યું, શું ત્યાં તેમના મેળાઓમાંથી કોઈ મેળો લાગતો હતો ? લોકો બોલ્યા, નહીં![૩] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમારી નઝર પૂરી કરો[૪]. કેમ કે ન તો અલ્લાહના ગુનાહમાં નઝર દુરુસ્ત છે અને ન એમાં જેનો માણસ માલિક ન હોય[૫]." (અબૂ દાઉદ)

૧. બુવાના બે છે : એક મક્કા મોઅઝ્ઝમાની પાસે જગા છે યલમલમ પહાડથી અડીને બીજી ફારસ મુલ્ક (ઈરાન)માં, પણ ફારસવાળી જગાનું નામ બુવ્વાન છે, હે વગર, વાવની તશ્દીદથી. અહીં પહેલી જગા મુરાદ છે. *(મિર્કાત)*

૨. અને હુઝૂર ﷺને મસ્અલો પૂછયો કે આ નઝર પૂરી કરું કે નહીં.

★ કાફિરોની ધાર્મિક નિશાની અપનાવવી કુફ્ર અને કૌમી નિશાની હરામ ★

૩. આ સવાલોથી માલૂમ પડે છે કે મુસલમાનોએ જોઈએ કે કાફિરોની મુશાબેહત (મળતાપણા)થી બચે, તેમની મઝહબી (ધાર્મિક) નિશાનીઓ તથા કૌમી નિશાનીઓ ન અપનાવો. **કાફિરોની ધાર્મિક નિશાનીઓ અપનાવવી કુફ્ર છે અને તેમની કૌમી નિશાનીઓ અપનાવવી હરામ છે. જનોઈ બાંધવી, માથે ચોટલી રાખવી કુફ્ર છે. હિંદુઓની ધોતીયુ, ઈસાઈઓનો હેટ વાપરવો હરામ છે.** જો બુવાનામાં મૂર્તિ હોત જ્યાં મુશ્રિકો તેને જાનવર ભેટ ચઢાવતા હોત તો ત્યાં એ સહાબીએ જાનવર ઝબહ કરવું કુફ્ર હોત. જો ત્યાં તેમનો મેળો લાગતો હોત જ્યાં તેઓ જાનવર ઝબહ કરતા હોત અને એ ઝબહ તેમની મજબૂત નિશાની હોત તો ત્યાં ઝબહ કરવું એ સહાબી માટે હરામ થાત. યાદ રાખશો કે બુઝુર્ગાને દીનના ઉર્સો કાફિરોના મેળા નથી. અહીં કાફિરોના મેળાઓનું વર્ણન છે. જેથી વહાબીઓનું એને ઉર્સ વગેરે પર ફીટ કરવું મૂર્ખામી છે, નહીં તો પછી જલસાઓની ભીડમાં જાનવર ઝબહ કરવું હરામ હોવું જોઈએ.

★ ખાસ જગાના ફકીરો પર સદકો કરવાની મન્નત માને તો તેને ત્યાં પૂર્ણ કરે ★

૪. એનાથી જાણવા મળ્યું કે જે શખ્સ કોઈ ખાસ જગાએ કુર્બાની કરવા અથવા ખાસ જગાના ફકીરો (ગરીબો) પર સદકો કરવાની નઝર માને તો તેને પૂર્ણ કરે. (મિર્કાત) તો જે મુસલમાન હરમૈન શરીફૈનના ફકીરો પર સદકો, કોઈ બુઝુર્ગના મઝાર પાસે રહેનારા મિસ્કીનો પર ખૈરાત કરવાની મન્નત માને તે તેને પૂર્ણ કરે, ત્યાંના જ ફકીરોને આપે. કોઈ બુઝુર્ગના મઝાર પર ઝબહની મન્નત માને તો ત્યાં જ ઝબહ કરે.

૫. પણ ફરક એ થશે કે ગુનાહની નઝરમાં કફ્ફારો વાજિબ થશે. અને ગૈર મમ્લૂકા (અન્યની માલિકીની) ચીજની નઝરમાં ન પૂરી કરવી વાજિબ ન કફ્ફારો લાગે. નઝર દુરુસ્ત નથી. જો તે એ બકરીને ખરીદી પણ લે તો પણ એની કુર્બાની વાજિબ ન થશે ન કફ્ફારો લાગુ થાય.

"હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે, તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રાવી, કે એક સ્ત્રીએ અરજ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં નઝર માની હતી કે હુઝૂર ﷺની સામે દફ વગાડું[૧] ફર્માવ્યું, તમારી નઝર પૂરી કરી લો[૨]. (અબૂ દાઉદ) અને રઝીને એ અધિક ઉમેર્યું કે બોલી, અને મેં આ નઝર માની હતી કે ફલાણી ફલાણી જગાએ જાનવર ઝબહ કરું જ્યાં જાહિલિયતવાળા ઝબહ કરતા હતા[૩]. તો ફર્માવ્યું, શું એ જગાએ જાહિલિયતની મૂર્તિઓમાંથી કોઈ મૂર્તિ હતી જેની પૂજા થતી હોય ? બોલી, નહીં ! ફર્માવ્યું, શું ત્યાં તેમના મેળામાંથી કોઈ મેળો લાગતો હતો ? બોલી, નહીં ! ફર્માવ્યું, તમારી નઝર પૂરી કરી લો[૪]."

★ હદીષ : (૧૩)-૩૪૩૮ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جده رَضِيَ اللهُ عَنهُ أَنَّ امْرَأَةً قَالَتْ: يَا رَسُولَ اللَّهِ إِنِّي نَذَرْتُ أَنْ أَضْرِبَ عَلَى رَأْسِكَ بِالدُّفِّ قَالَ: «أَوْفِي بِنَذْرِكِ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَزَادَ رَزِينٌ: قَالَتْ: وَنَذَرْتُ أَنْ أَذْبَحَ بِمَكَانِ كَذَا وَكَذَا مَكَانٌ يَذْبَحُ فِيهِ أَهْلُ الْجَاهِلِيَّةِ فَقَالَ: «هَلْ كَانَ بِذَلِكِ الْمَكَانِ وَثَنٌ مِنْ أَوْثَانِ الْجَاهِلِيَّةِ يُعْبَدُ؟» قَالَتْ: لَا قَالَ: «هَلْ كَانَ فِيهِ عِيدٌ مِنْ أَعْيَادِهِمْ؟» قَالَتْ: لَا قَالَ: «أَوْفِي بِنَذْرِكِ»

★ જે શખ્સ ૧૧મી શરીફ, મીલાદ શરીફની નજર માને તે જરૂર પૂરી કરે ★

૧. સરકાર ﷺ કોઈ ખતરનાક ગઝવામાં તશરીફ લઈ ગયા હતા જ્યાં કાફિરોના હુમલાઓની ભરમાર હતી, ત્યારે એ બીબી સાહેબાએ નઝર માની હતી કે જ્યારે હુઝૂર ﷺ ખૈરિયતની સાથે મદીના મુનવ્વરા તશરીફ લાવે તો આપની સમક્ષ દફ વગાડીશ. દફ વગાડવું કોઈ ઈબાદત નથી એટલા માટે મસ્અલો પૂછયો કે એ નઝર દુરુસ્ત છે કે નહીં. દફ દાલના ઝબરથી પણ છે અને દાલના પેશથી પણ. પેશ અધિક વપરાય છે.

૨. એટલા માટે કે દફ વગાડવું ઈબાદત નથી પણ હુઝૂર ﷺની તશરીફ આવરી (આગમન) પર ખુશીનું પ્રદર્શન પણ ઈબાદત છે. અને કાફિરોને જલવવું પણ ઈબાદત છે. દફ વગાડવામાં એ બંને વાતો છે. (મિર્કાત વ અશિઅ્હ) જેથી જે શખ્સ મીલાદ શરીફ, ૧૧ મી શરીફની નઝર માને તે જરૂર પૂરી કરે કે એ હુઝૂર ﷺની વિલાદતની ખુશી મનાવવાની મન્નત છે. મિર્કાતે ફર્માવ્યું કે નિકાહમાં એલાન માટે દફ વગાડવું એટલા માટે સવાબ છે કે તેમાં નિકાહની ખુશી, નિકાહનું એલાન, ઝિના તથા નિકાહ વચ્ચે ફરક દર્શાવવું છે. જેમ કે એ બીબી સાહેબાએ હુઝૂર ﷺની સમક્ષ દફ વગાડી. જંગે ઓહદનો બનાવ બીજો છે, ત્યાં એક લોંડીએ દફ વગાડવાની નઝર માની હતી.

૩. પણ ત્યાં કોઈ મૂર્તિ કે મેળો ન હતો, આકસ્મિક રીતે જ ઝબહ કરતા હતા અથવા કોઈ અન્ય હેતુસર.

★ કાફિરો સાથે મળતાપણુ હરામ અથવા કુફ્ર છે ★

૪. એનાથી જાણવા મળ્યું કે ફક્ત કાફિરોનું કોઈ જગાએ જાનવર ઝબહ કરવું મો'મિનની નઝર માટે (તે જગાએ) અવરોધરૂપ નથી, જે અવરોધરૂપ છે તે કાંઈ અલગ છે. એટલે મૂર્તિની મૌજૂદગી અથવા કાફિરોનો મેળો, કે આ બંને સ્થિતિઓમાં તેમની સાથે મળતાપણુ છે. અને આ ત્રીજી સ્થિતિ જે અહીં રજૂ થઈ છે કેવળ કાફિરો સાથે અમલનું ભેગા થવું છે, કાફિરો સાથે મળતાપણુ હરામ અથવા કુફ્ર છે, ઈશ્તિરાક (એકરૂપતા) દુરુસ્ત છે.

''હઝરત અબૂ લુબાબા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે તેમણે નબી કરીમ ﷺ ને અર્ઝ કરી કે મારી તૌબાથી એ છે કે હું મારી કૌમની જગા છોડી આપું જ્યાં મેં એ ગુનોહ કર્યો[૨] અને એ છે કે પોતાના સર્વ માલથી અલગ થઈ જઉં સદકો કરીને. ફર્માવ્યું, તમારો ૧/૩ પૂરતો છે[૩].'' (રઝીન)

★ હદીષ : (૧૪)-૩૪૩૯ ★

وَعَن أَبِي لُبَابَة: أَنَّهُ قَالَ لِلنَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: إِنَّ مِنْ تَوْبَتِي أَنْ أَهْجُرَ دَارَ قَوْمِي الَّتِي أَصَبْتُ فِيهَا الذَّنْبَ وَأَنْ أَنْخَلِعَ مِنْ مَالِي كُلِّهِ صَدَقَةً قَالَ: «يُجْزِئُ عَنْكَ الثُّلُثُ» . رَوَاهُ رزين

૧. આપનું નામ રિફાઆ ઈબ્ને અબ્દુલ મુન્ઝર છે પણ કુન્નિયતથી મશહૂર છે. અન્સારી અવસી છે. મદીના પાકના આગેવાનોમાંથી હતા. ગઝવએ બદરમાં હાજર ન થયા. તેમને હુઝૂર ﷺએ મદીના પાકમાં રહેવા, ત્યાં વ્યવસ્થા કરવાનો હુકમ આપ્યો અને બદરની ગનીમતમાંથી તેમને હિસ્સો અર્પણ કર્યો. અલી મુર્તઝા رضی اللہ عنہ ની ખિલાફતમાં વફાત પામ્યા. *(મિર્કાત, અશિઅ્હ, અકમાલ)*

★ હઝરત અબૂ લુબાબાની તૌબાનો બનાવ ★

૨. હઝરત અબૂ લુબાબનાં બીવી બચ્ચાં બની કુરૈઝા યહૂદીના મહોલ્લામાં રહેતાં હતાં જેના કારણે અબૂ લુબાબાના સંબંધો યહૂદી બનૂ કુરૈઝાથી હતા. ગઝવએ ખંદક પછી જ્યારે હુઝૂર ﷺએ બની કુરૈઝાને ઘેરો ઘાલ્યો જે ૨૫ દિવસ રહ્યો. તો તેમણે કહ્યું કે અમારી પાસે અબૂ લુબાબાને મોકલી આપો જેથી અમે તેમની સાથે મશ્વરો કરી

લઈએ. જેથી હુઝૂર ﷺએ અબૂ લુબાબાને ત્યાં મોકલી આપ્યા. તે લોકો અબૂ લુબાબાને જોઈને પુરૂષો સ્ત્રીઓ રડયાં, આહોઝારી કરવા લાગ્યાં જેનાથી અબૂ લુબાબાનું દિલ ભરાઈ આવ્યું. એ યહૂદીઓએ પૂછયું કે જો અમે અમારા કિલ્લાઓએથી ઉતરી આવીએ તો અમારી સાથે શો વર્તાવ કરવામાં આવશે ? તો અબૂ લુબાબાએ પોતાના ગળા પર આંગળી ફેરવીને ઈશારામાં બતાવ્યું કે તમે સૌ કત્લ કરવામાં આવશો. ઈશારો કરતાં જ શર્મિંદા થયા. વિચારવા લાગ્યા કે મેં અલ્લાહ રસૂલની ખયાનત કરી. ત્યારે તેમણે પોતાને મસ્જિદે નબવીના એક થાંભલાથી બંધાવી લીધા, અને બોલ્યા કે જ્યાં સુધી મારી તૌબા કબૂલ નહીં થાય ત્યાં સુધી હું બંધાઈ રહીશ. હુઝૂર ﷺએ ફર્માવ્યું કે જો અબૂ લુબાબા મારી પાસે આવી જાત તો હું એમના માટે મગફિરતની દુઆ કરી આપત. તે ડાયરેક્ટ રબ તઆલાની બારગાહમાં હાજર થઈ ગયા, હવે જ્યાં સુધી તે હુકમ નહીં આપે હું ખોલીશ નહીં. જેથી આપ સાત દિવસ બંધાયેલા રહ્યા. દરેક નમાઝ વખતે આપની પુત્રી આવતી તે ખોલી આપતી અને નમાઝ બાજમાઅત પૂરી લેતા પછી બંધાઈ જતા. ખાવા પીવા છૂટી ગયું ત્યારે તેમની તૌબા કબૂલ થઈ. આપે ફર્માવ્યું કે મને હુઝૂર ﷺ પોતાના હાથ વડે ખોલે તો ખોલીશ. જેથી હુઝૂર ﷺએ પોતાના હાથ વડે ખોલ્યા. એ સુતૂન (થાંભલા)નું નામ ઉસ્તવાનએ તૌબા પણ છે અને ઉસ્તવાનએ અબૂ લુબાબા પણ છે. આજે પણ હાજીઓ ત્યાં ઉભા રહીને તૌબા કરે છે, ખુલ્યા પછી આપે અર્ઝ કરી કે હું મહોલ્લો છોડી આપીશ જ્યાં રહેવાના કારણે આ ગુનોહ થયો અને મારો સઘળો માલ તૌબાની ખુશીમાં ખૈરાત કરી દઈશ.

૩. એ મન્નત કે નઝર ન હતી બલ્કે તૌબાની કબૂલિયતના શુક્રિયામાં સદકો કરવાનો ઈરાદો હતો. એટલા માટે હુઝૂર ﷺએ કેવળ ૧/૩ ખેરાત કરવાની ઈજાઝત આપી. સૂફીઓ ફર્માવે છે કે ગુનાહ કરીને સદકો આપવું કે એ સદકાની બરકતથી ગુનાહની અસર દિલથી જતી રહે એ બેહતર છે. તેમની દલીલ આ જ હદીષ છે. (મિર્કાત) આજે પણ મુફતી સાહબો અમુક મોકાઓ પર સદકાનો હુકમ આપી દે છે તે આ હદીષના કારણે છે.

★ બાબા ફરીદુદ્દીન ગંજશકર ૧૨ વરસ કૂવામાં લટકીને ઈબાદત કરતા રહ્યા ★

યાદ રાખશો કે બાબા ફરીદુદ્દીન ગંજ શકર જે ૧૨ વરસ કૂવામાં લટકીને ઈબાદત કરતા રહ્યા કે નમાઝના સમયો સિવાય કોઈ સમયમાં કૂવાથી બહાર ન આવતા, અને નમાઝ પઢતાંની વારમાં ફરી ત્યાં લટકી જતા. એનો માખઝ આ હદીષ બની શકે છે. મિર્કાતે અહીં ફર્માવ્યું કે અબૂ લુબાબાએ સાત દિવસ કાંઈ ન ખાધુ ત્યાં સુધી કે બેહોશી છવાઈ ગઈ, દૃષ્ટિ ખૂબ ઓછી થઈ ગઈ. સૂફીઓના ફકો ફાકા, અન્ન ત્યાગ વગેરે આનાથી સાબિત થાય છે. યાદ રાખશો કે તેમને હુઝૂર ﷺએ (સુકૂનત) તે સ્થળે થોભવાની ઈજાઝત આપી, ફેરફાર કેવળ સદકામાં કર્યો.

"હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહથી રિવાયત છે કે ફતહે મક્કાના વરસે એક શખ્સ ઉભો થયો અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં અલ્લાહના માટે નઝર માની હતી કે જો અલ્લાહ તઆલા આપને ફતહે મક્કા અતા કરે તો હું બયતુલ મુકદ્દસમાં બે રકાતો પઢીશ[૧]. ફર્માવ્યું, અહીં જ પઢી લો[૨] તો તેમણે ફરી સવાલ દોહરાવ્યો. ફર્માવ્યું, અહીં જ પઢી લો. ફરી સવાલ દોહરાવ્યો. ફર્માવ્યું, સારું ! તમે જાણો[૩]." (અબૂ દાઉદ, દારમી)

★ હદીષ : (૧૫)-૩૪૪૦ ★

وَعَن جَابر بن عبد الله: أَنَّ رَجُلًا قَامَ يَوْمَ الْفَتْحِ فَقَالَ: يَا رَسُول الله لِلَّهِ عَزَّ وَجَلَّ إِنْ فَتَحَ اللَّهُ عَلَيْكَ مَكَّةَ أَنْ أُصَلِّيَ فِي بَيْتِ الْمَقْدِسِ رَكْعَتَيْنِ قَالَ: «صلى الله عَلَيْهِ وَسلم هَهُنَا» ثمَّ عَاد فَقَالَ: «صل هَهُنَا» ثُمَّ أَعَادَ عَلَيْهِ فَقَالَ: «شَأْنَكَ إِذًا» . رَوَاهُ أَبُو دَاوُد والدارمي

૧. مقدسમીમના ઝબર દાલના ઝેરથી (મક़દિસ) અર્થ : બુઝુર્ગીવાળુ ઘર. પણ અવામ مقدس બાબે તફઈલનો ઈસ્મે મફઉલ બોલે છે. કદાચ એ સાહબનો ખયાલ એ હશે કે બયતુલ મુક़દ્દસની નમાઝ હરમૈન શરીફૈનની મસ્જિદે બયતુલ્લાહ અને મસ્જિદે નબવી શરીફની નમાઝ કરતાં અફઝલ છે, જ્યારે કે મસ્જિદે હરામ શરીફમાં સવાબ વધારે છે.

★ મસ્જિદે હરામ મસ્જિદે નબવીમાં નમાઝ પઢવાના ફઝાઈલ ★

૨. જો એ સવાલ મક્કા મોઅઝ્ઝમામાં હતો તો એનાથી મુરાદ મસ્જિદે હરામ શરીફ છે. જો મદીના મુનવ્વરામાં એ સવાલ થયો છે તો અહીંથી મુરાદ મસ્જિદે નબવી શરીફ છે. યાદ રાખશો કે મક્કા મોઅઝ્ઝમાની મસ્જિદનો સવાબ બયતુલ મુક़દ્દસ કરતાં બમણો છે કે ત્યાં એકનો સવાબ પચાસ હજાર છે અને હરમ શરીફમાં એક લાખ છે, અને મસ્જિદે નબવી શરીફનો સવાબ બયતુલ મુક़દ્દસના બરાબર, પણ મસ્જિદે નબવીમાં નમાઝનો દરજો વધારે છે કે અહીં હુઝૂર ﷺથી નઝદીકી છે. અને **જો કોઈ શખ્સ નઝર કરતાં આ'લા ઈબાદત કરી દે તો નઝર અદા થઈ જાય છે,** કેમ કે નઝર હતી બયતુલ મુક़દ્દસની અને આ સાહબ અદા કરે છે મસ્જિદે હરામ અથવા મસ્જિદે નબવીમાં જે ત્યાં કરતાં આ'લા છે જેથી નઝર પૂરી થઈ જાય છે. મસ્જિદોમાં આ'લા મસ્જિદે હરામ છે, પછી મસ્જિદે નબવી, પછી મસ્જિદે કુદ્સી, પછી આપણા શહેરની જામેઅ મસ્જિદ, પછી મહોલ્લાની મસ્જિદ, પછી ઘરની મસ્જિદ (જાઅ્ નમાઝ) ઈમામ ઝફર તથા અબૂ યૂસુફનો મઝહબ છે કે મસ્જિદે કુદ્સીની નમાઝ હરમ શરીફ તથા મસ્જિદે નબવીની નમાઝથી અદા થઈ જાય છે પણ એનાથી ઉલ્ટુ દુરુસ્ત નથી. એટલે મસ્જિદે હરામની નમાઝની નઝર મસ્જિદ કુદ્સની નમાઝથી અદા થશે નહીં. પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ તથા ઈમામ મુહમ્મદ رضی اللہ عنہની નજીક નમાઝમાં જગાનું ખાસ હોવું વિશ્વસનીય નથી. જેથી જો મસ્જિદે હરામની નઝર માની હોય તો જ્યાં પઢી લે દુરુસ્ત છે. (મિર્ક़ાત) અશિઅ્તુલ લમ્આતમાં ફર્માવ્યું કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہની નજીક પણ એ દુરુસ્ત નથી. નઝર ક્યાં તો સરખીમાં અદા થશે અથવા આ'લામાં થશે.

૩. એટલે કે અમે તમને એ વાત બતાવી હતી જે આ'લા પણ હતી અને આસાન પણ હતી, પરંતુ તમને પોતાની વાત પર આગ્રહ છે તો જાવ ત્યાં પણ એટલે બયતુલ મુક़દ્દસમાં જ પઢીને આવો. જાણવા મળ્યું કે એ હુઝૂર ﷺનો મશ્વરો હતો, હુકમ ન હતો. અને જો હુકમ હતો તો મુસ્તહબ રૂપે, એટલા માટે એણે ન માનવું અપનાવ્યું.

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે ઉક़બા ઈબ્ને આમિરની બહેને નઝર માની કે પગપાળા હજ્જ કરે[૧]. અને તેણી એની શક્તિ ધરાવતાં ન હતાં તો નબી કરીમ علیہ الصلوۃ والسلام એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા તમારી બહેનના પગપાળા ચાલવાથી બેનિયાઝ છે, તેણી સવાર થઈ જાય અને એક હદી લઈ જાય[૨]. (અબૂ દાઉદ, દારમી) અને અબૂ દાઉદની રિવાયતમાં છે કે તેમને નબી કરીમ ﷺ એ હુકમ આપ્યો કે સવાર થઈ જાય અને હદી લઈ જાય[૩] અને તેમની એક રિવાયતમાં છે કે ફર્માવ્યું નબી કરીમ علیہ الصلوۃ والسلام એ કે અલ્લાહ તઆલા તમારી બહેનની આ તકલીફથી કાંઈ ન કરશે[૪] તેણી સવાર થઈ જાય, હજ્જ કરી લે અને પોતાની ક़સમનો કફ્ફારો આપે[૫].''

★ હદીષ : (૧૬)-૩૪૧ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ أُخْتَ عُقْبَةَ بْنِ عَامِرٍ رَضِيَ اللَّهُ عَنْهُمْ نَذَرَتْ أَنْ تَحُجَّ مَاشِيَةً وَأَنَّهَا لَا تطِيق ذَلِكَ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ اللَّهَ لَغَنِيٌّ عَنْ مَشْيِ أُخْتِكَ فَلْتَرْكَبْ وَلْتُهْدِ بَدَنَةً» . رَوَاهُ أَبو دَاوُدَ وَالدَّارِمِيُّ وَفِي رِوَايَةٍ لِأَبِي دَاوُدَ: فَأَمَرَهَا النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنْ تَرْكَبَ وَتُهْدِيَ هَدْيًا وَفِي رِوَايَةٍ لَهُ: فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ اللَّهَ لَا يَصْنَعُ بِشَقَاءِ أُخْتِكَ شَيْئًا فَلْتَرْكَبْ ولتحج وتكفر يَمِينهَا»

૧. એ રીતે કે મદીના મુનવ્વરાથી મક્કા મુકર્રમા પગપાળા ચાલીને હજ્જ કરે.

૨. ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં બુદના કેવળ ઊંટને કહે છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં બુદનામાં ઊંટ, ગાય, બકરી સૌ સામેલ છે, એટલે ભરાવદાર જાનવર.

૩. અમુક ઉલમા ફર્માવે છે કે આ હદીનો હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે. આ સ્થિતિમાં તેના પર ક઼સમનો કફ્ફારો અથવા નઝરનો કફ્ફારો વાજિબ છે. પણ હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે આ સ્થિતિમાં હદી વાજિબ છે.

૪. شقاء તકલીફના અર્થમાં છે. સઆદતનું વિરુદ્ધાર્થી નથી. એટલે કે એનો અર્થ બદ્બખ્તી, કમનસીબી નથી. મતલબ એ છે કે તમારી બહેનની આ તકલીફ (મશક્ક઼ત)થી રબ તઆલા ખુશ નથી.

૫. કફ્ફારાથી મુરાદ હજ્જની ક઼બહાત (ત્રુટિ) છે હદી અથવા તેના સ્થાને દસ રોઝા. જેથી આ લખાણ પાછલા લખાણની વિરુદ્ધ નથી. પણ કેમ કે આ કફ્ફારો એ નઝરના કારણે વાજિબ થયો, જેથી એને નઝર પ્રતિ સંબંધિત કરી દેવામાં આવ્યો. *(મિર્ક઼ાત)*

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી રિવાયત છે કે ઉક઼બા ઈબ્ને આમિરે નબી કરીમ ﷺ ને પોતાની બહેનના વિશે પૂછ્યું[૧] જેમણે નઝર (મન્નત) માની હતી કે ઉઘાડા પગે દુપટ્ટા વિના હજ્જ કરશે[૨]. ફર્માવ્યું, તેમને હુકમ આપી દો કે દુપટ્ટો ઓઢે એને સવાર થઈ જાય અને ત્રણ દિવસ રોઝા રાખે[૩]." (અબૂ દાઉદ, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી)

★ હદીષ : (૧૭)-૩૪૪૨ ★

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ مَالِكٍ أَنَّ عُقْبَةَ بن عَامر سَأَلَ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ أُخْتٍ لَهُ نَذَرَتْ أَنْ تَحُجَّ حَافِيَةً غَيْرَ مُخْتَمِرَةٍ فَقَالَ: «مُرُوهَا فَلْتَخْتَمِرْ وَلْتَرْكَبْ وَلْتَصُمْ ثَلَاثَةَ أَيَّامٍ». رَوَاهُ أَبو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ والدارمي

૧. અબ્દુલ્લાહ ઈબ્ને માલિકની કુન્નિયત હઝરત અમ્ર અબૂ ઝર ગફ્ફારી વગેરે رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી સહાબી છે.

★ સ્ત્રીએ ઉઘાડા માથે નીકળવું હરામ ★

૨. એટલે કે મદીના મુનવ્વરાથી મક્કા મોઅઝ્ઝમા સુધી હજ્જ કરવા ઉઘાડા પગે ઉઘાડા માથે જશે. યાદ રાખશો કે સ્ત્રી માટે ઉઘાડા માથે નીકળવું ગુનોહ છે, કે બેપદર્ગી બલ્કે સતર ખોલવું છે. ગુનાહની નઝર લાગુ તો થઈ જાય છે પણ એને પૂર્ણ કરવું હરામ હોય છે, કફ્ફારો વાજિબ છે. ઉઘાડા પગે પગપાળા ચાલવું જાઈઝ છે જેની નઝર લાગુ થઈ જાય છે. આ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો મઝહબ છે. અન્ય ઈમામોને ત્યાં આ કામોની નઝર લાગુ જ નથી પડતી. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે.

૩. હુઝૂર ﷺ એ તેમને દુપટ્ટા (ઓઢણી) ઓઢવાનો હુકમ એટલા માટે આપ્યો કે સ્ત્રીનું ઉઘાડા સાથે નીકળવું ગુનોહ છે. સ્ત્રીનું માથુ સતર (છુપાવવાની ચીજ) છે. સવાર થવાનો હુકમ એટલા માટે આપ્યો કે તેણી પગપાળા ચાલવાથી લાચાર હતાં. ત્રણ રોઝા ક્યાં તો આ નઝરનો કફ્ફારો છે અથવા હદીનો બદલો છે જેવું કે અગાઉ વર્ણવ્યું. આ સ્થિતિમાં મતલબ એ થશે કે ત્રણ રોઝા હજ્જના જમાનામાં રાખે, સાતમી, આઠમી, નવમી, બક઼ ઈદના અને સાત રોઝા ઘરે આવીને. تِلْكَ عَشَرَةٌ كَامِلَةٌ (આ પૂરા દસ થયા. –સૂરએ બક઼રહ્, ૨/૧૯૬) આ કુર્આનનો હુકમ છે.

★ હદીષ : (૧૮)-૩૪૪૩ ★

وَعَن سعيد بن الْمسيب: أَنَّ أَخَوَيْنِ مِنَ الْأَنْصَارِ كَانَ بَيْنَهُمَا مِيرَاثٌ فَسَأَلَ أَحَدُهُمَا صَاحِبَهُ الْقِسْمَةَ فَقَالَ: إِنْ عُدْتَ تَسْأَلُنِي الْقِسْمَةَ فَكُلُّ مَالِي فِي رِتَاجِ الْكَعْبَةِ فَقَالَ لَهُ عُمَرُ: إِنَّ الْكَعْبَةَ غَنِيَّةٌ عَنْ مَالِكَ كَفِّرْ عَنْ يَمِينِكَ وَكَلِّمْ أَخَاكَ فَإِنِّي سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «لَا يَمِينَ عَلَيْكَ وَلَا نَذْرَ فِي مَعْصِيَةِ الرَّبِّ وَلَا فِي قَطِيعَةِ الرَّحِمِ وَلَا فِيمَا لَا يملك» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત સઈદ ઈબ્ને મુસૈયિબથી રિવાયત છે કે બે અન્સારી ભાઈ જેમની વચ્ચે કાંઈક વારસો હતો. એમનામાંથી એ કે બીજાને વહેંચણીની માગણી કરી તો મારો પૂરો માલ ખાનએ કા'બામાં ખર્ચ થાય[૧]. તો તેમને હઝરત ઉમરે ફર્માવ્યું કે કા'બા તમારા માલથી ગની છે[૨] તમારી ક઼સમનો કફ્ફારો આપો અને તમારા ભાઈ સાથે વાત કરો[૩] મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું કે ન તમારા પર ક઼સમ અને ન નઝર છે અલ્લાહની નાફર્માનીમાં, અને ન સગાઈ કટ કરવામાં અને ન એમાં જેનો માલિક ન હોય[૪].'' (અબૂ દાઊદ)

૧. એટલે એ ભાઈએ પોતાના બીજા ભાઈને કહ્યું કે બાપનો છોડેલો માલ આપણે બંનેવ વહેંચી લઈએ, અડધો તમે લઈ લો અને અડધો મને આપી દો. અને અન્ય બીજા વારસો પણ હોય તો દરેકને તેનો હિસ્સો આપી દો, દિરહમ, દીનાર, જમીન, બાગ વગેરે.

૨. رِتَاج રે ના ઝેરથી, અર્થ : ઝીનત, શોભા, શણગાર, મસ્લેહત, મોટો દરવાજો. પણ અશિઅતુલ લમ્આતમાં ફર્માવ્યું કે આ શબ્દ વધારાનો હોય છે અઝમત પ્રદર્શિત કરવા માટે. જેમ કે શબ્દ જનાબ. જેથી અર્થ એ થયો કે મોહતરમ કા'બાના ખર્ચમાં મારો માલ વપરાય. આ એક પ્રકારની નઝર માની. એ ચાહતા હતા કે આપણે સૌ ભાઈ મળેલા જુલેલા રહીએ, વહેંચણી કરીને અલગ ન થઈ જઈએ. વારસો આપવાથી ઈન્કાર ન હતો. એટલે કા'બા મોઅઝ્ઝમાના ખર્ચના માટે રબ તઆલા ખૂબ જ રૂપિયા મોકલે છે. તેનો કોઈ ખર્ચ અટકેલો નથી.

૩. એટલે હવે જો તમારો ભાઈ વારસાની વહેંચણીની તમારાથી માગણી કરે તો તમે તેની સાથે નિઃસંકોચ વાત કરો અને તમારો પૂરો માલ કા'બા મોઅઝ્ઝમા ન મોકલો, બલ્કે એ નઝરનો કફ્ફારો આપી દો જે કફ્ફારો ક઼સમનો છે. અથવા તમારી આ વાત ક઼સમ છે નઝર નથી. ક઼સમ તોડીને ભાઈ સાથે વાત કરી લો પછી કફ્ફારો અદા કરી દો.

૪. એટલે કે તમે આ ક઼સમ સગાઈ કટ કરવાની ખાધી છે, ભાઈથી વાત ન કરવી સગાઈ કટ કરવું છે. અને એની ક઼સમ લાગુ તો પડી જાય છે પણ પૂરી કરવી વાજિબ નથી હોતી. બલ્કે એવી ક઼સમને તોડવું જરૂરી છે. لا يمين નો એ અર્થ નથી કે ક઼સમ લાગુ જ નથી થઈ, નહીં તો કફ્ફારો જ કેવો ? બલ્કે અર્થ એ છે કે એ ક઼સમ પૂરી કરવી મના છે. ક્યાં તો મઅરૂફ છે અથવા મજહૂલ છે. એટલે જે ચીજ ક઼સમ ખાનારની ન હોય અથવા જેનો ક઼સમ ખાનાર માલિક ન હોય એનો કફ્ફારો છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ નઝર (મન્નત)ના બે પ્રકાર તથા તેના હુકમો ★

★ હદીષ : (૧૯)-૩૪૪૪ ★

عَن عِمْرَانَ بْنِ حُصَيْنٍ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى

''હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં

اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: " النَّذْرُ نَذْرَانِ: فَمَنْ كَانَ نَذَرَ فِي طَاعَةٍ فَذَلِكَ لِلَّهِ فِيهِ الْوَفَاءُ وَمَنْ كَانَ نَذَرَ فِي مَعْصِيَةٍ فَذَلِكَ لِلشَّيْطَانِ وَلَا وَفَاءَ فِيهِ وَيُكَفِّرُهُ مَا يُكَفِّرُ الْيَمِينَ ". رَوَاهُ النَّسَائِيُّ

સાંભળ્યા : નઝરો (મન્નતો) બે છે[૧] તો જે કોઈ ફર્માંબરદારી (હુકમના પાલનની) નઝર માને તો એ નઝર અલ્લાહના માટે છે. એમાં વફા લાઝિમ છે[૨]. અને જે ગુનાહની નઝર માને તો એ નઝર શૈતાનના માટે છે અને તેની વફા નથી[૩]. એનો કફ્ફારો એ જ થશે જે કસમનો બને છે[૪]." (નિસાઈ)

૧. એટલે બે પ્રકારની છે અને દરેક પ્રકાર હેઠળ ઘણા પ્રકારો છે.

૨. એટલે કે ઈબાદતની નઝરથી રબ તઆલા રાજી છે અને તેની પૂરી કરવી વાજિબ છે. જેમ કે હજ્જ અથવા સદકો અથવા રોઝા અથવા નવાફિલની નઝર.

૩. એટલે એવી નઝરથી શૈતાન ખુશ થાય છે એને કદાપિ પૂરી ન કરે, જેમ કે જુલ્મની રીતે કત્લ કરવું, માબાપની નાફર્માની અથવા નમાઝ, રોઝા છોડી દેવાની નઝર, કે શૈતાન તો એવી હરકતો કરાવવા જ ચાહે છે. જ્યારે બંદો તેની નઝર માની લે છે તો તે ખુશ થાય છે કે મારો હેતુ સિદ્ધ થઈ ગયો.

૪. એટલે કે ગુનાહની નઝરની અદા નથી પણ અદા ન કરવા પર કફ્ફારો વાજિબ છે. યાદ રાખશો કે અહનાફ અને ઈમામ માલિકને ત્યાં કાફિરની નઝર લાઝિમ નથી, ન કુફ્ના જમાનામાં ન મુસલમાન થઈને. કાફિર ચાહે ગુનાહની નઝર માને ચાહે નેકીની, જેમ કે મૂર્તિપૂજાની નઝર અથવા સદકા ખૈરાતની નઝર. રબ તઆલા ફર્માવે છે : اِنَّهُمْ لَاۤ اَيْمَانَ لَهُمْ (બેશક ! તેમની કસમો કાંઈ નથી. તૌબા, ૯/૧૨) ઈમામ શાફઈ તથા અહમદને ત્યાં જો કાફિરે નઝર (મન્નત) માની, બાદમાં મુસલમાન થઈ ગયો તો પૂરી કરે. તેમની દલીલ રબ તઆલાનું ફર્માન છે : وَاِنْ نَّكَثُوْۤا اَيْمَانَهُمْ مِّنْۢ بَعْدِ عَهْدِهِمْ (અને જો વાયદો કરીને પોતાની કસમો તોડે. તૌબા, ૯/૧૨) અને તે હદીષ છે કે હઝરત ઉમર رضی اللہ عنہ એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં ઈસ્લામ લાવતા પહેલાં મસ્જિદે હરામમાં એક દિવસ એ'તેકાફની નઝર માની હતી. ફર્માવ્યું, પૂરી કરો. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબરૂપે) છે, અને આ આયતથી કસમથી મુરાદ કસમનું સ્વરૂપ છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો કૌલ કવી (મજબૂત) છે, કેમ કે ઈમામ શાફઈ رضی اللہ عنہ પણ કાફિરની આ નઝરને તોડવા પર કફ્ફારો વાજિબ નથી માનતા, અને નઝરનું વાજિબ હોવું કફ્ફારા વિના દુરુસ્ત નથી. (અઝ : મિર્કાત વગેરે) યાદ રાખશો કે કાફિરોના મુકદ્દમાઓમાં તેમનાથી કસમ લેવામાં આવે છે કે તે પોતાની માન્યતામાં જૂઠી કસમ બુરી જાણે છે. આ આધારે એમની કસમ લેવાનો મકસદ દુરુસ્ત છે.

★ હદીષ : (૨૦)-૩૪૫ ★

وَعَنْ مُحَمَّدِ بْنِ الْمُنْتَشِرِ قَالَ: إِنَّ رَجُلًا نَذَرَ أَنْ يَنْحَرَ نَفْسَهُ إِنْ نَجَّاهُ اللَّهُ مِنْ عَدُوِّهِ فَسَأَلَ ابْنَ عَبَّاسٍ فَقَالَ لَهُ: سَلْ مَسْرُوقًا فَسَأَلَهُ فَقَالَ لَهُ: لَا تَنْحَرْ نَفْسَكَ فَإِنَّكَ إِنْ كُنْتَ مُؤْمِنًا قَتَلْتَ نَفْسًا مُؤْمِنَةً وَإِنْ كُنْتَ

''હઝરત મુહમ્મદ ઈબ્ને મુન્તશિરથી[૧] ફર્માવે છે કે એક શખ્સે નઝર માની કે જો અલ્લાહ તઆલા તેને દુશ્મનથી નજાત આપે તો તે પોતે પોતાને ઝબહ કરી દેશે[૨]. પછી તેણે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને પૂછ્યું[૩] તો આપે તેને ફર્માવ્યું કે મસ્રૂકને પૂછો, તો તેમણે ફર્માવ્યું કે પોતાને ઝબહ ન કર, કેમ કે જો તું મો'મિન છે તો મો'મિન જાનને કત્લ કરી લીધી[૪]. અને

كَافِرًا تَعَجَّلْتَ إِلَى النَّارِ وَاشْتَرِ كَبْشًا فَاذْبَحْهُ لِلْمَسَاكِينِ فَإِنَّ إِسْحَاقَ خَيْرٌ مِنْكَ وَفُدِيَ بِكَبْشٍ فَأَخْبَرَ ابْنَ عَبَّاسٍ فَقَالَ: هَكَذَا كُنْتُ أَرَدْتُ أَنْ أُفْتِيَكَ. رَوَاهُ رَزِينٌ

જો તું કાફિર છે તો તેં દોઝખની તરફ જલ્દી કરી[૫] અને તું એક ઘેટું ખરીદ અને તેને ઝબહ કરી દે ફકીરો માટે, કેમ કે હઝરત ઈસ્હાક઼ તારાથી બેહતર હતા, અને તેમનો ફિદિયો ઘેટાથી આપવામાં આવ્યો[૬] તેણે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما *ને ખબર આપી. આપે ફર્માવ્યું કે મેં પણ તને આ જ ફત્વો આપવા ચાહ્યું હતું[૭]." (રઝીન)*

૧. આપ તાબઈ છે. હમદાની છે. હઝરત મસ્રૂક઼ના ભત્રીજા. ઘણા સહાબાથી મુલાકાત છે, જેમ કે હઝરત ઉમર તથા આઈશા رضوان اللہ تعالیٰ علیہم اجمعین.

૨. આ અજબની નઝર છે કે દુશ્મનથી છૂટકારાની લિજ્જતને પોતાના જાનની તબાહીની તકલીફ કરતાં વધુ સમજ્યું. એક બદવી (ગામડાવાસી)નું ઊંટ ખોવાઈ ગયું. તેણે એલાન કર્યું કે જે મારું, ઊંટ લાવી દે તો તે ઊંટ તેને જ આપી દઈશ. લોકોએ પૂછ્યું કે પછી તને શું મળશે ? બોલ્યો, ઊંટ પાળવાની લિજ્જત, એ લિજ્જતની તમને ખબર નથી.

★ ફત્વા માટે મોટા આલિમ પાસે મોકલવામાં નાનમ ન સમજવી ★

૩. આ છે ફત્વામાં અત્યંત સાવધાની. આપે ખયાલ કર્યો કે હઝરત મસ્રૂક આ મસાઈલમાં મારાથી મોટા આલિમ છે, જેથી તેમની પાસે મોકલવામાં શરમ ન અનુભવી. મસ્રૂક઼ ઈબ્ને અજદઅ્ હમ્દાની છે. હુઝૂર ﷺની વફાતથી થોડાક પહેલાં ઈમાન લાવ્યા. તેમને બચપનમાં કોઈએ ચોરી લીધા હતા. ઘણી જ મુશ્કેલીથી મળ્યા ત્યારથી આપનું નામ મસ્રૂક઼ પડ્યું. ઈમામ શઅબી ફર્માવે છે કે જો કોઈ ખાનદાન જન્નતમાં માટે પેદા થયું હોય તો તે અસ્વદ અલ્ક઼મા મસ્રૂક઼ છે. આપની વફાત કૂફામાં હિ.સ. ૬૨માં થઈ.

★ મો'મિનને જાણી જોઈને ક઼ત્લ કરવું જહન્નમમાં પડવું છે ★

૪. અને મો'મિનને ક઼ત્લ કરવો જુલ્મની રીતે કુર્આનની રૂએ હરામ છે. રબ તઆલા ફર્માવે છે : وَمَنْ يَّقْتُلْ مُؤْمِنًا مُّتَعَمِّدًا فَجَزَآؤُهٗ جَهَنَّمُ (અને જે કોઈ મુસલમાનને જાણી બુઝીને ક઼ત્લ કરે તો એનો બદલો જહન્નમ છે. –સૂરએ નિસાઅ, ૪/૯૩) અને ફર્માવે છે : وَلَا تَقْتُلُوْٓا اَنْفُسَكُمْ (અને પોતાની જાનો ક઼ત્લ ન કરો. સૂરએ નિસાઅ્, ૪/૨૯)

૫. અને ખુદ દોઝખની તરફ દોડવું પણ મના છે, એનાથી બચવાની કોશિશ કરવી જોઈએ.

૬. ઉલમાનો એમાં મતભેદ છે કે ઝબીહુલ્લાહ હઝરત ઈસ્માઈલ છે કે હઝરત ઈસ્હાક઼ عَلَيْهِمُ السَّلَامُ અધિક સહીહ એ છે કે એ હઝરત ઈસ્માઈલ علیہ السلام છે. લગભગ હઝરત મસ્રૂક઼ જનાબ ઈસ્હાક઼ عَلَيْهِمُ السَّلَامُને ઝબીહુલ્લાહ માનતા હતા.

૭. પણ મેં ફત્વો જાતે ન આપ્યો કેમ કે જનાબ મસ્રૂક઼ હઝરત આઈશા સિદ્દીક઼ા رضی اللہ عنہا ના સોહબતયાફ઼્તા અને તેમના ખાસ શાગિર્દ છે.

કિતાબુલ કે઼સાસ كتاب القصاص

(કે઼સાસ વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. કિ઼સાસ قصٌ થી બન્યું અર્થ કાંટો, બરાબર કરવું, કોઈની પાછળ ચાલવું. રબ તઆલા ફર્માવે છે : فَارْتَدَّا عَلٰٓى اٰثَارِهِمَا قَصَصًا (તો પાછળ પલટયા પોતાના ક઼દમોનાં નિશાન જોતા. સૂરએ કહફ, ૧૮/૬૪) અહીં પાછળ ચાલવાના અર્થમાં છે. હુઝૂર ﷺ ફર્માવે છે : قصوا الشوارب મૂછો કાપો, બરાબર કરો. ઈસ્તેલાહમાં ક઼ત્લ અથવા ઝખ્મ બરાબરી કરવાને કે઼સાસ કહે છે. તેમજ ક઼ત્લ થનારનો વલી અથવા ઘાયલ, કાતિલ તથા ઝખ્મી કરનાર પાછળ પડે છે બદલો લેવાના માટે. જેથી પ્રથમ અર્થથી પણ આ દુરુસ્ત છે.

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ [redacted] કોઈ તે મુસલમાનનું ખૂન હલાલ નથી જે ગવાહી આપતો હોય કે અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી અને હું અલ્લાહનો રસૂલ છું[૧] પણ ત્રણ અક્ષરોમાંથી એકથી, જાન જાનના બદલે હોય[૨] પરણીત ઝાની (વ્યભિચારી)[૩] અને પોતાના દીનથી નીકળી જનાર, જમાઅતને છોડનાર[૪]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧)-૩૪૬ ★ [redacted]

[redacted]

૧. અહીં [redacted] સ્ત્રી પર પણ લાગુ પડે છે. કલ્મએ તયબહનો ઉલ્લેખ કરીને નિર્દેશ કર્યો કે જાહેરી કલમામાં જેમાં કુફ્રની નિશાની મૌજૂદ ન હોય, એનો આ જ હુકમ છે. કલમાથી મુરાદ સર્વ ઈસ્લામી અક઼ીદાઓને સ્વીકારવું છે.

૨. એટલે કે જો કોઈ મુસલમાન કોઈને જાણી જોઈને મારી નાખે તો ક઼ત્લ થનારનો વલી તેને કે઼સાસ રૂપે ક઼ત્લ કરાવી શકે છે.

૩. આઝાદ મુસલમાન પુરૂષ જે એકવાર હલાલ સોહબત કરી ચૂક્યો હોય તેને મુહસિન કહે છે. જો એવો શખ્સ ઝિના કરી લે તો તેને રજ્મ એટલ સંગસાર (પથ્થરો મારીને) કરવામાં આવશે.

★ ઈસ્લામથી નીકળનારા મુર્તદને ઈસ્લામી હાકિમ જ ક઼ત્લ કરે ★

૪. દીનથી નીકળી જવાની બે સ્થિતિઓ છે : ક્યાં તો ઈસ્લામને છોડીને યહૂદી, ઈસાઈ, હિંદુ વગેરે બીજી ક઼ૌમમાં દાખલ થઈ જાય, અથવા કલ્મા ગો તો રહે પણ કોઈ કુફ્રી અક઼ીદો અપનાવી લે. જેમ કે મિર્ઝાઈ, ખારજી, રાફ઼ઝી વગેરે બની જાય. તે પણ જો તૌબા ન કરે તો ક઼ત્લ કરવામાં આવશે. (અઝ : મિર્ક઼ાત વગેરે) પણ આ ક઼ત્લ કરવું તથા સંગસાર કરવું ઈસ્લામી હાકિમ કરી શકે છે, બીજો નથી કરી શકતો. આ હદીષથી જાણવા મળ્યું કે ગુલામ આઝાદના બદલામાં અને આઝાદ ગુલામના બદલામાં, સ્ત્રી પુરૂષના બદલામાં અને પુરૂષ સ્ત્રીના બદલામાં ક઼ત્લ કરવામાં આવશે. એ જ ઈમામે આ'ઝમ [redacted] નો મઝહબ છે. આ જ ઈમામે આ'ઝમ [redacted]

થી બન્યું, અર્થ : નીકળવું. એટલા માટે શેરવા (રસા)ને ''મરક'' (નીકળે છે.

★ મુસલમાનોના ઈજમાઅ વિરુદ્ધ અકીદો રાખવો કુફ્ર છે ★

તારિકુલ જમાઅત ફર્માવીને આદેશ આપ્યો કે **મુસલમાનોના ઈજમાઅની વિરુદ્ધ અકીદો અપનાવવો ''કુફ્ર'' છે. કુર્આને કરીમનો તે અર્થ કરવો જે ઈજમાઅની વિરુદ્ધ હોય એ કુફ્ર છે.** સૌનો ઈજમાઅ છે કે

જે ''સલાત''થી મુરાદ કેવળ ઈશારાઓથી દુઆ માંગવું કરે અને ખાતમુન્નબીય્યીનનો અર્થ ''અસલી નબી'' કરે અને પછી કોઈ નબીને આવવાની શક્યતા માને તે કાફિર છે, તેને ઈસ્લામી હાકિમ કત્લ કરશે.

''હઝરત ઈબ્ને ઉમર ફર્માવે છે કે રસૂલુલ્લાહ પોતાના દીનની વિશાળતામાં રહે છે જ્યાં સુધી કે હરામ ખૂન ન કરે[૧]. '' (બુખારી)

★ હદીષ : (૨)-૩૪૪૭ ★

★ જે મો'મિનના કત્લમાં મદદ કરે તેના વિશે હદીષ ★

૧. એટલે કે મુસલમાન માણસ કેટલોય ગુનેહગાર હોય પણ તે ઈસ્લામની રહમતે ઈલાહીની ગુંજાઈશમાં રહે છે, અલ્લાહથી નાઉમ્મીદ નથી થતો, પણ કાતિલ જાલિમ એ રબની રહમતનો મુસ્તહિક નથી રહેતો. કાલે કયામતમાં એવી રીતે આવશે કે તેની પેશાની પર લખેલું હશે : હદીષ શરીફમાં છે કે જે મો'મિનના કત્લમાં અડધી વાતથી પણ મદદ કરે તે પણ રબ તઆલાની રહમતથી માયૂસ (નિરાશ) છે. અમુકે ફર્માવ્યું કે જાલિમ કાતિલને દુનિયામાં નેક અમલોની તૌફીક નથી મળતી.

★ કયામતના દિવસે મામલાઓમાં સૌ પ્રથમ ખૂનનો ફૈસલો થશે ★

'હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ કયામતના દિવસે સૌ પ્રથમ ખૂનોનો ફૈસલો થશે.''
(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૩)-૩૪૪૮ ★

૧. એટલે કે કયામતના દિવસે મામલાઓમાં સૌ પ્રથમ નાહક્ક ખૂનનો ફૈસલો થશે, બાદમાં અન્ય ફૈસલા અને ઈબાદતોમાં સૌ પ્રથમ નમાઝનો હિસાબ થશે બાદમાં બીજા હિસાબો થશે. જેથી આ હદીષ એ હદીષની વિરુદ્ધ નથી કે કયામતના દિવસે પ્રથમ નમાઝનો હિસાબ થશે. કેમ કે આ હદીષ મામલાઓના સંબંધે છે અને તે હદીષ ઈબાદતોના બારામાં છે. યાદ રાખશો કે નમાઝના હિસાબનું પ્રથમ હોવું હકીકી છે અને ખૂનના હિસાબનું પ્રથમ હોવું ઈઝાફી એટલે સૌ પ્રથમ નમાઝનો હિસાબ છે અને મામલાઓમાં પ્રથમ ખૂનનો હિસાબ છે. (અઝ : મિર્કાત)

★ જાનના ડરથી કાફિર કલમો પઢે તો તેને કત્લ કરવામાં ન આવે ★

''હઝરત મિકદાદ ઈબ્ને અસ્વદથી[૧] રિવાયત છે કે તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હું કોઈ કાફિર માણસને મળુ, પછી અમે જંગ કરીએ તો તે મારા એક હાથ પર તલ્વાર મારીને તેને કાપી નાખે[૨] પછી તે મારાથી કોઈ ઝાડનું શરણ લઈ લે. પછી કહે કે હું અલ્લાહને ખાતર ઈસ્લામ લઈ આવ્યો. અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે જ્યારે મેં તેને કત્લ કરવા ચાહ્યું તો તે બોલ્યો : લાઈલાહ ઈલ્લલ્લાહ[૩] તો એના કહ્યા બાદ હું તેને કત્લ કરી દઉં ? ફર્માવ્યું, કત્લ ન કરો[૪] તે બોલ્યા, યા રસૂલલ્લાહ ! તેણે મારો એક હાથ કાપી નાખ્યો છે[૫] તો ફર્માવ્યું રસૂલુલ્લાહ [૬] જો તમે તેને કત્લ કરી આપ્યો તો તે તમારા દરજામાં હશે જે કત્લ કરતાં પહેલાં હતો, અને તમે તેના દરજામાં જે એના કલમો પઢવાના પહેલાં હતો[૭]. (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૪)-૩૪૯ ★

૧. આપ અઝીમુશ્શાન જલીલુલ કદ્ર સહાબી છે, અને છઠ્ઠા મો'મિન છે. બદર વગેરે ગઝવાતમાં સામેલ થયા. આપના પિતાનું નામ અમ્ર ઈબ્ને ષઅલ્બા કુંદી અથવા હઝરમી છે. કેમ કે અસ્વદ ઈબ્ને યગૂષ ઝહરીના હલીફ હતા, એટલા માટે એમને ઈબ્ને અસ્વદ કહેવામાં આવે છે.

૨. એટલે કે જેહાદની હાલતમાં મારો કોઈ કાફિર સાથે મુકાબલો થઈ જાય. અને તે મોકો પામીને મારો હાથ કાપી નાખે, પછી બનાવ બને જે આગળ વર્ણવ્યો છે.

૩. એટલે તે મુસલમાન થઈ ગયો અને મને તેના ઈસ્લામની ખબર થઈ ગઈ તેનો કલમો સાંભળીને.

★ ઈસ્લામ લાવ્યા બાદ કુફ્રના સમયના જુર્મોનો કેસાસ નથી ★

૪. એટલે કે ન તો તેને કત્લ કરો કે હવે તે મુસલમાન થઈ ગયો અને ન તમારા હાથના બદલામાં તેનો હાથ કાપો, કેમ કે જો હર્બી કાફિર જંગની હાલતમાં મુસલમાનને કત્લ કે ઝખ્મી કરી દે પછી મુસલમાન થઈ જાય તો ઈસ્લામ લાવ્યા બાદ કુફ્રના સમયના જુર્મોનો કેસાસ નથી થતો. રબ તઆલા ફર્માવે છે : (અને જે લોકોએ તૌબા કરી અને ઈમાન લાવ્યા અને સારા કામો કર્યાં, તો એ લોકો જન્નતમાં જશે. તેમને કોઈ નુકસાન આપવામાં નહીં આવે. સૂરએ મરયમ, ૧૯/૬૦) સારાંશ આ મૂળભૂત ફાઈદો છે.

૫. એટલે કુફ્રના કારણે નહીં તો એના જુલ્મના કારણે મને ઈજાઝત આપો કે તેનાથી બદલો લઈ લઉં. કલમો પઢવાથી કુફ્ર ખત્મ થઈ ગયું પણ જુલ્મ તો તેના માથે સવાર છે.

★ જંગની હાલતમાં કાફિરના કત્લ તથા ઝખ્મનો કેસાસ નથી ★

૬. કેમ કે **તેના કલમો પઢી લેવાના કારણે તેના સર્વ ગુનાહ માફ થઈ ગયા જે કુફ્રના જમાનામાં કર્યા, અને એ જંગની હાલતમાં કત્લ તથા ઝખ્મ કર્યો એ પણ માફ થઈ ગયો.** યાદ રાખશો કે કાફિરના

મુસલમાન થઈ જવા પર કુફ્રના જમાનાના ગુનાહ તો માફ થઈ ગયા પણ હક્કો તથા સજાઓ માફ ન થઈ. જેથી તેણે કુફ્રના જમાનાનું કરજ અદા કરવું પડશે અને તે જમાનાની ચોરીના કારણે હાથ કાપવામાં આવશે. જંગની હાલતમાં થયેલ કત્લ તથા ઝખ્મનો બદલો લેવામાં નહીં આવે. આ ફરક ધ્યાનમાં રાખશો.

૭. એટલે કે જેવી રીતે તે કાફિર કુફ્રના કારણે મુબાહુદમ (જેનું લોહી વહાવવું જાઈઝ) કત્લને પાત્ર હતો એ જ પ્રમાણે હવે તમે તેના કત્લના કારણે કત્લને પાત્ર થઈ જશો. હુકમ એક સરખો છે, હુકમના કારણમાં ફરક છે. કેમ કે તે મુસલમાન થઈને મઅસૂમુદમ (જેનું લોહી વહાવવું નાજાઈઝ) થઈ ગયો. અને જે એવા શખ્સને કત્લ કરી દે તેને કત્લ કરવામાં આવશે. અને જેવી રીતે તમે પહેલાં મેહકૂઝુદમ (લોહી વહાવવાથી મેહકૂઝ) હતા એ જ પ્રમાણે તે હવે મેહકૂઝુદમ થઈ ગયો. અથવા એ મતલબ છે કે હવે એ કત્લના કારણે તમે અઝાબને પાત્ર થઈ ગયા અને તે કલમો પઢી લેવાના કારણે તે રહમતનો મુસ્તહિક્ (પાત્ર) થઈ ગયો. એનો મતલબ એ નથી કે તમે કાફિર થઈ ગયા જેવો કે ખારજીઓનો અકીદો છે કે ગુનાહે કબીરામાં પડનાર કાફિર થઈ જાય છે. તે આ જ હદીષથી દલીલ કરે છે, પણ એ દલીલ ઝઈફ છે.

"હઝરત ઓસામા ઈબ્ને ઝયદથી રિવાયત છે. ફર્માવે છે કે અમને રસૂલુલ્લાહ [redacted] કેટલાક લોકોની તરફ મોકલ્યા[1] તો હું તેમનામાંથી એક શખ્સના માથા પર પહોંચ્યો. તેને ભાલો મારવા લાગ્યો તો તેણે કહી દીધું : લા ઈલાહ ઈલ્લલ્લાહ ! છતાં મેં તેને ભાલો મારીને કત્લ કરી આપ્યો[2] પછી હું રસૂલુલ્લાહ [redacted] આ બનાવની ખબર આપી[3]. ફર્માવ્યું, શું તમે તેને કત્લ કરી આપ્યો જ્યારે કે તે ગવાહી આપી ચૂક્યો હતો : "લાઈલાહ ઈલ્લલ્લાહ"ની ?! મેં કહ્યું, યા રસૂલલ્લાહ ! [redacted] તેણે બચવાના માટે કહ્યું ![4] ફર્માવ્યું, તમે એનું દિલ કેમ ન ચીરી લીધું ?![5]"

★ હદીષ : (૫)-૩૪૫૦ ★ [redacted]

[redacted]

૧. એટલે કબીલા જહાનિયાના કાફિરો સાથે જેહાદ કરવા ઈસ્લામી લશ્કર મોકલ્યું, જેમાં હું પણ હતો. હઝરત ઓસામા હુઝૂર [redacted]

૨. કેમ કે હું મારા ઈજતેહાદથી સમજ્યો કે આ માણસ કેવળ જાન બચાવવા માટે કલમો પઢી રહ્યો છે, દિલથી નથી પઢતો. એ પણ સમજ્યું કે આવી મજબૂરીની હાલતમાં ઈસ્લામ લાવવું કત્લથી નથી બચાવી શકતું, કેમ કે સૂરએ સજદાની આખરી આયતથી એ જ ભાવાર્થ થાય છે : [redacted] (તમે ફર્માવો, ફૈંસલાના દિવસે કાફિરોને તેમનું ઈમાન લાવવું લાભ આપશે નહીં અને ન તેમને મોહલત મળશે. સૂરએ સજદા, ૩૨/૨૯)

૩. આ ખબર એટલા માટે આપી કે મને જાણ થઈ જાય કે મેં આ ઈજતેહાદમાં ગલતી તો નથી કરી.

૪. કેમ કે તેણે દિલથી મુસલમાન થવાનું હતું તો પહેલાં જ થયો હોત, આ કેવું કે જ્યારે તલ્વાર માથા પર પહોંચી તો કલ્મો પઢયો ?! એ જાન બચાવવા હતું. ઈજતેહાદનો સબબ આ બન્યો.

★ શરઈ હુકમો જાહેરી સ્થિતિ પર લાગુ થાય છે ★

૫. એટલે તમને શું ખબર કે એના દિલમાં શું છે, ઈખ્લાસ કે જાન બચાવવાનું બહાનું ?! આવી સ્થિતિમાં જાહેરી કલમાનો એતબાર કરવો જોઈતો હતો. અહીં દિલ ચીરવાથી મુરાદ દિલનો હાલ માલૂમ કરવું છે, એનાથી જાણવા મળ્યું કે શરઈ હુકમો જાહેરી સ્થિતિ પર લાગુ થાય છે, નહીં તો દુનિયાથી અમાન ઉઠી જાય. કોઈ કાફિરને ઈમાન લાવવાનો કોઈ માર્ગ ન રહે કે તેના પર બહાનાબાજીનો આક્ષેપ લગાડી દેવામાં આવે.

''અને જુન્દુબ ઈબ્ને અબ્દુલ્લાહ બજલીની રિવાયતમાં આ પ્રમાણે છે કે રસૂલુલ્લાહ [redacted] એ ફર્માવ્યું કે તમે [redacted] (લાઈલાહ ઈલ્લલ્લાહ)ની શું વ્યવસ્થા કરશો જ્યારે એ કયામતના દિવસે આવશે[૧]. આવું કેટલીય વાર ફર્માવ્યું[૨]. '' (મુસ્લિમ)

★ હદીષ : (૬)-૩૪૫૧ ★

[redacted]

★ હઝરત અલી સાથે લડનારે આપના પર થૂકી દીધું તો આપે તેને છોડી આપ્યો ★

૧. એટલે કે કાલે કયામતમાં એનો કલમો બારગાહે ઈલાહીમાં તમારી વિરુદ્ધ દાવો કરશે કે મૌલા ! મેં એને અમાન આપી હતી પણ ઓસામાએ મારી અમાન તોડી અને એને કત્લ કરી આપ્યો. અહીં મિર્કાતે ફર્માવ્યું કે **હઝરત અલી [redacted]**

તો તેણે આપના પર થૂકી દીધું કે જેથી ગુસ્સામાં મને જલ્દી કત્લ કરી દે. આપે તેને છોડી મૂક્યો અને છાતી પરથી ઉઠી ગયા. તેણે કારણ પૂછ્યું તો આપે ફર્માવ્યું કે તારી આ હરકતથી મને ગુસ્સો આવી ગયો જેથી હવે તારો કત્લ નફ્સાની કારણે થતો ન કે ઈમાની કારણે. એટલા માટે મેં તેને છોડી આપ્યો. તે આપનો આ ઈખ્લાસ જોઈને મુસલમાન થઈ ગયો. (મિર્કાત) આ હદીષથી જાણવા મળ્યું કે ખતાએ ઈજતેહાદીથી જે ખૂન થઈ જાય તેના પર કેસાસ છે ન દિયત. જુઓ, હુઝૂર [redacted]
તથા નાપસંદગીને પ્રદર્શિત તો કરી પણ કેસાસ કે દિયતનો હુકમ ન આપ્યો. મૂસા [redacted] એ ભાઈ હારૂન [redacted] ખતાએ ઈજતેહાદીથી ખૂબ જ સખ્તી કરી. જેમ કે મારવું, દાઢીના વાળ પકડવા, પોતાની તરફ ખેંચવું, પણ રબે કેસાસનો હુકમ ન આપ્યો. જાણવા મળ્યું કે ખતાએ ઈજતેહાદી માફ છે. જો બાપ પુત્રને, ઉસ્તાદ શાર્ગિદને મુજરિમ સમજીને સજા આપી દે, પણ તે બેકુસૂર હોય, છતાં ઉસ્તાદ, બાપ પર ન ગુનોહ છે ન કેસાસ છે. **જેથી હઝરત અલી તથા હઝરત મુઆવિયહ [redacted]**

૨. કેટલીયેવાર ફર્માવવું એ નારાજી પ્રદર્શિત કરવા તથા મસ્અલાનું મહત્વ દર્શાવવા માટે છે કે જેથી તે ભવિષ્યમાં એવી ગલતી ન કરે. ફકીહો ફર્માવે છે કે જે કાફિર વારંવાર આવી હરકત કરે કે મુસલમાનને શહીદ કરતો રહે અને ખુદ ઘેરાઈ જાય તો કલમો પઢી લીધા કરે, તેના કલમો પઢવાનો એતબાર નથી, તેને કત્લ કરી દેવામાં આવે. *(શામી)*

★ કરારવાળાને મારનાર જન્નતની ખુશ્બુ ન પામશે ★

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ [redacted] કોઈ કરારવાળાને કત્લ કરી દે[૧] તે જન્નતની ખુશ્બુ પામશે નહીં[૨]. જ્યારે કે તેની ખુશ્બુ ચાલીસ વરસના માર્ગેથી મેહસૂસ કરવામાં આવે છે[૩]. '' (બુખારી)

★ હદીષ : (૭)-૩૪૫૨ ★

[redacted]

૧. કૌલ કરારવાળા કાફિરથી મુરાદ ક્યાં તો ઝિમ્મી કાફિરો છે જેઓ મુસલમાનની પ્રજામાં છે, અને મુસ્તામિન જે અમુક મુદત માટે અમાન લે. આપણા દેશમાં આવે અને મુઆહિદ (અહદવાળા) જેમની સાથે આપણી સુલહ થાય, તેમનામાંથી કોઈને વિના કારણે કત્લ કરવું યોગ્ય નથી. હા ! જો તે કોઈ એવી હરકત કરે જેનાથી તેમને કત્લ કરવું દુરુસ્ત થઈ જાય, તો કત્લ કરવામાં આવશે.

૨. એટલે કે ભલે તે પોતે મુસલમાન હોવાના કારણે જન્નતમાં પહોંચી જશે પણ ત્યાંની મહેક તથા ખુશ્બુ સંપૂર્ણપણે સુંઘી શક્શે નહીં. તેને આ જુર્મમાં જાણે કે શરદી ઝુકામ કરાવી દેવામાં આવશે. (મિર્કાત) અથવા શરૂમાં જન્નતમાં ન જશે, જો કે છેવટમાં પહોંચી જશે.

૩. કેમ કે અરબવાસીઓ ખરીફની ઋતુથી વરસ શરૂ કરતા હતા એટલા માટે વરસને ખરીફ કહેતા હતા. એનાથી જાણવા મળ્યું કે ઈન્શા અલ્લાહ ! જન્નતની ખુશ્બુ કયામતના મેદાનમાં પહોંચશે. મુસલમાન એ ખુશ્બુની મજા માણશે. *(અશિઅહ)*

★ આત્મહત્યા કરનાર હમેશાં માટે દોઝખમાં રહેશે ★

"હઝરત અબૂ હુરૈરહ્ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, ***જે પહાડથી છલાંગ લગાડીને પોતે પોતાને મારી નાખે[૧] તો તે દોઝખની આગમાં છલાંગ લગાડતો રહેશે. એમાં હમેશા હમેશાં રહેશે[૨]. અને જે ઝહેર પીને પોતે પોતાને મારી નાખે તો એનું ઝહેર એના હાથમાં હશે જેને તે દોઝખની આગમાં હમેશાં હમેશાં પીતો રહેશે[૩] અને જે પોતે પોતાને લોઢા વડે મારી નાખે તો તેનું લોઢું તેના હાથમાં હશે જેને તે દોઝખની આગમાં હમેશાં હમેશાં પોતાના પેટમાં ખૂંપતો રહેશે[૪].*" *(મુસ્લિમ, બુખારી)*

★ હદીષ : (૮)-૩૪૫૩ ★

૧.

કૂદવા, છલાંગ લગાડવાને કહેવામાં આવે છે, અહીં એ જ અર્થ મુરાદ છે.

૨. ક્યાં તો નો અર્થ છે, ખૂબ લાંબુ રોકાણ કરવું. આ લાંબા રોકાણની તાકીદના માટે છે. અથવા એનાથી એ શખ્સ મુરાદ છે જે એ કામ હલાલ સમજીને કરે કે હવે તે કાફિર થઈ ગયો. અથવા એ મતલબ છે કે આ રીતે આત્મહત્યા કરનાર આ હમેશાં માટેના અઝાબનો મુસ્તહિક્ (પાત્ર) છે, જો કે અલ્લાહ તઆલા તેને ઈમાનની બરકતથી રહમ કરીને દોઝખથી કાઢી નાખશે. જેથી આ હદીષ તે આયતો તથા હદીષોની વિરુદ્ધ નથી જેમનાથી માલૂમ પડે છે કે મો'મિન કેટલોય ગુનેહગાર હોય છેવટે જન્નતમાં પહોંચશે.

૩. જાણવા મળ્યું કે જેવી રીતે દોઝખમાં ઉકળતુ પાણી, સાપ, વીંછીનાં ઝહેર અઝાબના માટે પૂરા પાડવામાં આવેલ છે. એ જ પ્રમાણે અલગ ઝહેર પણ ત્યાં મૌજૂદ છે. ઝહેરથી આત્મહત્યા કરનાર હમેશાં ઝહેર ખાતો પીતો રહેશે, અને એને ઝહેર ચઢવાની તકલીફ થતી રહેશે પણ જાન નીકળશે નહીં.

૪. આ વાક્યનો મતલબ એ જ છે જે હમણા વર્ણવવામાં આવ્યા કે તે શખ્સ છરી ભોંકતો રહેશે અને એનાથી

જે તકલીફ તેને દુનિયામાં થઈ હતી તે સતત રહેશે. પણ જીવ નીકળશે નહીં.
વર્ણવવામાં આવ્યો. યાદ રાખશો કે ડાકૂ, બાગી પર નમાઝે જનાઝા ન પઢવામાં આવે. આત્મહત્યા કરનાર પર ઈમામ અબૂ હનીફા તથા મુહમ્મદની નજીક નમાઝે જનાઝા નથી. ઈમામ અબૂ યૂસુફને ત્યાં પઢવામાં આવશે. શહીદ પર નમાઝે જનાઝા આપણે ત્યાં છે, ઈમામ શાફઈને ત્યાં નથી. તેઓ કહે છે, તેના સર્વ ગુનાહ શહાદતથી માફ થઈ ગયા પછી નમાઝે જનાઝાની શું જરૂરત ?! અમે કહીએ છીએ કે નમાઝે જનાઝા ગુનાહોની માફીના માટે નથી, નહીં તો નાના બાળકો અને નબી કરીમ પર ન હોત, બલ્કે એ શરાફત પ્રદર્શિત કરવા માટે હોય છે જેથી શહીદ તેનો અધિક મુસ્તહિક છે.

★ ફાંસી ખાનાર, ભાલો મારનાર આગમાં એ જ કરતો રહેશે ★

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ એ ફર્માવ્યું, જે પોતાનું ગળુ ઘોંટી કાઢે[૧] તો તે આગમાં ગળુ ઘોંટતો રહેશે, અને જે પોતાને ભાલો મારે તો તે આગમાં ભાલો મારતો રહેશે[૨]." (બુખારી)

★ હદીષ : (૯)-૩૪૫૪ ★

૧. ચાહે હાથ વડે ગળુ ઘોંટે અથવા ફાંસી ખાઈને મરી જાય, અથવા કોઈના થકી પોતાનું ગળુ ઘોંટાવી લે કે પોતાને બીજા થકી ફાંસી લગાવડાવે, સૌનો એ જ હુકમ છે. યાદ રાખશો કે ફાંસીના મુજરિમ પોતાને હાકિમની સામે પેશ કરી દેવું અને કત્લને સ્વીકાર કરીને ફાંસી પર ચઢી જવું આમાં સામેલ નથી. અમુક સહાબાએ કિરામે બારગાહે અકદસ
બેહતરીન તૌબામાં ગણના પામ્યો. અમુક મર્દાને ખુદાએ ફાંસીના વખતે ફાંસીના ફંદાને ચૂમ્યા છે કે આ ફંદો તૌબાની કબૂલિયતનો ઝરીયો છે. *ઈશ્ક કે કામ નિયારે !*

૨. યાદ રાખશો કે જે શખ્સ શરીઅતની રૂએ કત્લનો મુસ્તહિક (પાત્ર) હોય પણ વર્તમાન કાનૂન તેને કત્લ નથી કરતો તો તે શખ્સ પોતે પોતાને કદાપિ કત્લ ન કરે, જો કરશે તે આ સજાને પાત્ર થશે. કેમ કે કત્લની સજામાં હાકિમનો ફૈસલો જરૂરી છે, જેમ કે ઝિનાની સજા રજૂમ એટલે સંગસાર કરવું (પથ્થર મારીને મારી નાખવું) છે પણ વર્તમાન કાયદો એ સજા લાગુ નથી કરતો, તો કોઈ ઝાની પોતાને કત્લ ન કરે, પણ ઝબાની તૌબા, સદકા વગેરે કરે. જો કત્લ કરી લેશે તો આત્મહત્યાની હરામ મૌત મરશે કે એ સજા નથી ખુદકશી (આત્મહત્યા) છે.

★ મેં તેના પર જન્નત હરામ કરી દીધી ★

"હઝરત જુન્દુબ ઈબ્ને અબ્દુલ્લાહ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ તમારાથી ઉમ્મતોમાં એક શખ્સ હતો જેને ઝખ્મ હતો. તે ગભરાઈ ગયો. તેણે છરી લીધી તેના વડે પોતાનો હાથ કાપી નાખ્યો[૧] પછી તેનું લોહી ન અટક્યું ત્યાં સુધી કે મરી ગયો. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે મારા બંદાએ મારા પર[૨] જલ્દી કરી. મેં તેના પર જન્નત હરામ કરી દીધી[૩]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૦)-૩૪૫૫ ★

૧. મુહમલાથી પણ છે અને જામ મુઅજમાથી પણ છે, બંનેનો અર્થ છે કાપી કાઢવું. તેણે પોતાની નાડી પર કાણુ પાડી દીધું જેનાથી બધું જ લોહી વહી ગયું અને તે મરી ગયો.

૨. એ રીતે કે પોતાના મૃત્યુના માટે અમારા આમંત્રણની રાહ ન જોઈ, ખુદ વિના બોલાવ્યે આવવાની કોશિશ કરી. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે એની મૌત એ જ પ્રમાણે લખી હતી. જેવી રીતે ખૂન બીજાનું ખૂન કરીને ગુનેહગાર થાય છે, એ જ પ્રમાણે પોતાને ક़त्ल કરીને પણ મુજરિમ બને છે.

૩. એટલે અત્યારે એનો જન્નતમાં દાખલો હરામ કરી આપ્યો. સજા પામીને દોઝખની જેલ ભોગવીને પછી જન્નતમાં જશે. અને જો તે શખ્સ કાફિર હતો તો કોઈ તાવીલની જરૂરત નથી. પણ પ્રથમ અર્થ અધિક યોગ્ય છે. જેમ કે વર્ણન શૈલીથી જણાય રહ્યું છે કે એ હરામ હોવું આત્મહત્યાના કારણે હતું ન કે કુફ્રના કારણે.

''હઝરત જાબિર
કરીમ
હિજરત કરી તો તુફૈલ ઈબ્ને અમ્ર દૌસીએ[૧] હુઝૂરની તરફ હિજરત કરી અને તેમની સાથે એમની ક़ૌમના એક શખ્સે હિજરત કરી[૨] પછી તે બીમાર થઈ ગયા તો ગભરાઈ ગયા તો તેમણે પોતાનાં તીર લીધાં એના વડે પોતાનાં બેડકાં કાપી નાખ્યાં તો એમના હાથ લોહી વહાવવા લાગ્યા[૩] ત્યાં સુધી કે તે મરી ગયા. તો એને તુફૈલ ઈબ્ને અમ્રએ ખ્વાબમાં જોયા કે એમની હાલત ઘણી સારી છે[૪] અને તેમને પોતાના હાથ ઢાંકેલા જોયા, તો તેમને પૂછયું કે રબે તમારી સાથે શું મામલો કર્યો? તો બોલ્યા કે મને બખ્શી આપ્યો. આપણા નબીની તરફ હિજરત કરવાની બરકતથી[૫]. પછી પૂછયું કે શું કારણ છે કે હું તમને હાથ ઢાંકેલા જોઈ રહ્યો છું[૬]. બોલ્યા કે, મને ફર્માવ્યું કે જે તમે જાતે બગાડી કાઢયું એને અમે દુરુસ્ત કરીશું નહીં. આ ખ્વાબ તુફૈલે રસૂલુલ્લાહ સમક્ષ વર્ણવ્યો તો રસૂલુલ્લાહ
ઈલાહી! તેનો હાથોને પણ બખ્શી દે[૭]. (મુસ્લિમ)

★ હદીષ : (૧૧)-૩૪૫૬ ★

★ તુફૈલ ઈબ્ને અમ્રને દુઆ આપી તો તેમની આંખો વચ્ચે નૂર પેદા થયું ★

૧. આપ દૌસ ઈબ્ને અબ્દુલ્લાહના કબીલાથી છે એટલા માટે દૌસી કહેવાય છે. હુઝૂર
પહેલાં મક્કા મોઅઝ્ઝમા આવીને મુસલમાન થયા. પછી હુઝૂર
તબ્લીગ કરો. આપે અર્ઝ કરી કે મને ઈસ્લામની હક્કનિયતની કોઈ દલીલ પેશ કરવામાં આવે. હુઝૂર
કરી તો તેમની આંખોની વચ્ચે નૂર પ્રદર્શિત થઈ ગયું. પછી એ નૂર પેશાનીથી સ્થળાંતરિત થઈને આપની લાઠીમાં આવી ગયું. એટલા માટે આપનો લક़બ ઝુન્નૂર થયો. પછી આપ મદીના મુનવ્વરા હુઝૂર
રહ્યા અને છેવટ જીવન મુબારક સુધી સાથે રહ્યા. જંગે યમામા હિ.સ. ૧૧માં શહીદ થયા. અમુકે ફર્માવ્યું કે ફારૂકી

યુગમાં જંગે યરમૂકમાં આપની શહાદત છે. *(અશિઅહ)*

૨. એટલે કે તે શખ્સ એમની તબ્લીગ પર ઈમાન લાવ્યો, તેમની સાથે હિજરત કરીને મદીના મુનવ્વરા આવી ગયો.

૩. શબ્દકોશમાં [redacted]નો અર્થ છે : દોહવા વખતે દૂધ ચાલુ થાય. હવે ઈસ્તેલાહમાં લોહી વહેવાને [redacted] કહે છે, એ જ ઈસ્તેલાહી અર્થ અહીં મુરાદ છે.

★ મૈયતનો સફેદ લિબાસ અને સફેદ ચહેરો ખ્વાબમાં જોવું બખ્શિશની નિશાની ★

૪. લિબાસ ચિટ્ટા (સફેદ) છે, ચેહરો પુરનૂર છે, બખ્શિશની નિશાનીઓ જાહેર છે. યાદ રાખશો કે મૈયતનો સફેદ લિબાસ, ચહેરાની સફેદી જોવી બખ્શિશની નિશાની છે.

★ એક સહાબીની બખ્શિશ હુઝૂરની ખિદમતમાં હાજરીના કારણે થઈ ★

૫. જાણવા મળ્યું કે **હુઝૂર [redacted] અફઝલ છે, અને બખ્શિશનો મહાન વસીલો છે.** જુઓ, એ સહાબીની પાસે નમાઝો રોઝા સર્વ ઈબાદતો હતી પણ બખ્શિશ હિજરતની બરકતથી થઈ. એ પણ જાણવા મળ્યું કે હિજરતમાં હુઝૂર [redacted]ની બારગાહમાં હાજરીની નિય્યત જરૂરી છે, જ્યારે કે હિજરત ઈબાદત છે. રબ તઆલા ફર્માવે છે : [redacted] (અલ્લાહ વ રસૂલની તરફ હિજરત કરતો. સૂરએ નિસાઅ, ૪/૧૦૦) જ્યારે હિજરતમાં હુઝૂરની રઝાની નિય્યત આ'લા છે, તો બીજી ઈબાદતોમાં પણ રઝાએ મુસ્તફવીની નિય્યત શિર્ક નથી. (તો પછી નમાઝમાં રસૂલના ખયાલ વિશે દેવબંદી તથા ગૈર મુક્લ્લિદોના પેશવાનું આ લખાણ કેટલું જૂઠ્ઠ તથા ગુસ્તાખીપૂર્ણ છે ?! જુઓ તેણે લખ્યું છે કે :–

''ઝિનાના વસવસા કરતાં તમારી પત્ની સાથે સંભોગનો ખયાલ બેહતર છે. અને શયખ અથવા એના જેવા અન્ય બુઝુર્ગોની તરફ, ભલે જનાબ રિસાલત મઆબ જ હોય પોતાના ખયાલને લગાડી દેવું પોતાના બળદ તથા ગધેડાના ખયાલમાં ડૂબી જવા કરતાં બુરું છે.....અને નમાઝમાં ગૈરની આ બુઝુર્ગી તથા તા'ઝીમ શિર્કની તરફ લઈ જાય છે. *(સિરાતે મુસ્તક્વીમ, મોલ્વી ઈસ્માઈલ દહેલ્વી)*

૬. એટલે કે બાકી શરીરની જેમ તમારા હાથ ખુલેલા કેમ નથી ?

૭. જાહેર એ છે કે ખુદ રબ તઆલાએ વિના વાસ્તાએ તેમને એવું ફર્માવ્યું. અને શક્ય છે ફરિશ્તાના વાસ્તા સાથે આ વાત (કલામ) થઈ હોય.

★ મો'મિનનો ખ્વાબ વહીયે ઈલાહીના પ્રકારથી છે ★

૮. યાદ રાખશો કે મો'મિનનો ખ્વાબ વહીયે ઈલાહીનો એક હિસ્સો છે. ખાસ કરીને જ્યારે કે નબુવ્વતની તરફથી એનું સમર્થન થઈ જાય. આ હદીષથી જાણવા મળ્યું કે **આત્મહત્યા કરવાથી દોઝખમાં હમેશાં નથી રહેવાનું, બલ્કે આ ગુનોહ પણ અન્ય ગુનાહોની જેમ બખ્શિશ (માફી)ને પાત્ર છે.** આ હદીષ પાછલી હદીષની શરહ છે અને યક્વીનન ! આ દુઆથી તેમનો એ કુસૂર પણ માફ થઈ ગયો.

★ જે ફાયદા હુઝૂરની હયાતમાં મળતા હતા તે આજે પણ મળે છે ★

અહીં અશિઅતુલ લમ્આતે ફર્માવ્યું કે જે ફાયદા હુઝૂર [redacted]
મળતા હતા એ જ ફાયદા હુઝૂરે અન્વર [redacted]
ઉમ્મીદ રાખવી જોઈએ. અલ્લાહ તઆલા દરેક મો'મિનને અને સૌના સદક્વાથી મને ગુનેહગારને રોઝાએ અત્હરની ઝિયારત, મસ્જિદે નબવીમાં એ'તેકાફ નસીબ કરે.

★ કેસાસમાં દિયત લેવા દેવાનો મસ્અલો ★

''હઝરત શુરૈહ કઅબીથી[૧] રિવાયત છે. તે રસૂલુલ્લાહ

ખુઝાઆ ! કે તમે હઝીલના એ કત્લ થનારને યકીનન ! કત્લ કર્યો છે[૨] અને અલ્લાહની કસમ ! એની દિયત હું આપીશ ![૩] એના પછી જે કોઈ કત્લ થનારને કત્લ કરે તો તેના વારસોને બે અખત્યાર હશે[૪] જો ચાહે કાતિલને કત્લ કરી દે અને ચાહે તો દિયત લઈ લે[૫]. (તિર્મિઝી, શાફઈ) અને શરહે સુન્નહમાં એમની અસ્નાદમાં છે[૬]. અને સ્પષ્ટતા કરી કે મુસ્લિમ, બુખારીમાં અબૂ શુરૈહમાંથી રિવાયત નથી[૭].''

★ હદીષ : (૧૨)-૩૪૫૭ ★

૧. આપનું નામ ખુવૈલા ઈબ્ને અમ્ર કઅબી છે. અદવી છે. ખુઝાઈ છે. ફતહે મક્કાના પહેલાં ઈમાન લાવ્યા. હિ.સ. ૬૮માં મદીના મુનવ્વરામાં વફાત પામ્યા. પોતાની કુન્નિયતમાં મશહૂર છે. *(અકમાલ તથા મિર્કાત)*

૨. આ કલામ મુબારક એ ખુત્બા શરીફનો હિસ્સો છે જે હુઝૂર પુરનૂર ફર્માવ્યો જે કિતાબુલ હજ્જ, હરમે મક્કાના પ્રકરણના પ્રથમ વિભાગમાં વર્ણન થયેલ છે. ખુઝાઆ કબીલાનો એક માણસ જાહિલિયતના જમાનામાં બની હઝીલના એક શખ્સના હાથે માર્યો ગયો હતો. તો ખુઝાઆએ ફતહે મક્કાના થોડાક દિવસો પહેલાં એ ખૂનનો બદલો લેતાં હઝીલના એક માણસને કત્લ કરી આપ્યો હતો. અહીં એનો જ ઉલ્લેખ છે.

૩. જેમ કે હુઝૂર થાય. યાદ રાખશો કે દિયત એટલે ખૂનબહા (ખૂનનાં બદલે માલ આપવું)ને અરબીમાં ઉકૂલ કહે છે. ઉકૂલનો અર્થ છે રોકનારી ચીજ, જેથી રસ્સીને ઉક્કાલ કહે છે કે તે જાનવરને ભાગવાથી રોકે છે. અને દાનિશ તથા સમજને અકૂલ કહે છે કે તે માણસને બુરી વાતોથી રોકે છે.

૪. એટલે કે કત્લ થનારના વારસોને એ અખત્યારો મળશે. યાદ રાખશો કે અખત્યાર ઈરાદાપૂર્વકના કત્લમાં છે, ભૂલથી કે ઈરાદાપૂર્વક કત્લની શંકામાં એ વારસોને કેસાસ લેવાનો હક્ક નથી, કેવળ દિયત જ લઈ શકે છે.

૫. આ હદીષના આધારે ઈમામ શાફઈ તથા અહમદ તથા ઈસ્હાકે ફર્માવ્યું કે કેસાસની જેમ દિયતનો અધિકાર પણ કત્લ થનાર (મકતૂબ)ના વારસોને છે, કાતિલને ઈન્કાર કરવાનો હક્ક નથી. પણ ઈમામ અબૂ હનીફા તથા ઈમામ માલિક ફર્માવે છે કે દિયતમાં વારસોની રઝામંદી જરૂરી છે જો તેઓ કબૂલ કરે તો દિયત આપે. કબૂલ ન કરે તો કેસાસ આપે. આ જ કૌલ ઈમામ હસન તથા નખઈનો છે. આ હદીષ ઈમામે આ'ઝમ યાદ રાખશો કે જો કત્લ થનારના વારસોમાં એક પણ દિયત લેવા રાજી થઈ જાય તો બાકીના વારસોને કેસાસ લેવાનો હક્ક નથી રહેતો. એટલા માટે ફકીહો ફર્માવે છે કે જો તે વારસોમાં કોઈ ગાયબ અથવા નાબાલિગ હોય તો કેસાસ વાજિબ નથી, જ્યાં સુધી ગાયબ આવી ન જાય અને બાળક બાલિગ ન થઈ જાય. એ વારસોમાં પુરૂષ તથા સ્ત્રી સૌ સમાન રીતે મુસ્તહિક છે.

૬. એટલે મસાબીહના લેખકે પોતાની કિતાબ શરહુસ્સુન્નહમાં શાફ઼ઈની રિવાયતથી આ નકલ કરી.

૭. આ મસાબીહના લેખક પર વાંધો છે કે ખુદ તેમણે પોતાની કિતાબ શરહુસ્સુન્નહમાં સ્પષ્ટ વર્ણન કર્યું કે આ હદીષ મુસ્લિમ તથા બુખારીની નથી, તેમ છતાં પણ તેને મસાબીહે પ્રથમ વિભાગમાં વર્ણન કરી આપી, જ્યાર કે પ્રથમ વિભાગમાં મુસ્લિમ કે બુખારીની હદીષ આવવી જોઈએ.

''અને ફ઼ર્માવ્યું કે મુસ્લિમ બુખારીએ અબૂ હુરૈરહ્ [redacted] ની રિવાયતથી તેની એટલે તેના અર્થની રિવાયત કરી[૧].''

★ હદીષ : (૧૩)-૩૪૫૮ ★

[redacted]

૧. આ લખાણ એ વાંધાની પૂર્તિ છે કે આ હદીષ અહીં વિભાગ–૧માં ન આવવી જોઈએ.

★ બોથલ પદાર્થ પથ્થર વગેરેથી મારવા પર ક़ેસાસ છે ★

''હઝરત અનસ [redacted]
યહૂદીએ એક છોકરીનું માથુ બે પથ્થરો વચ્ચે કચડી નાખ્યુ[૧] તો એને કહેવામાં આવ્યું કે તારી સાથે આ હરકત કોણે કરી ? ફ઼લાણાએ કરી કે ફ઼લાણાએ ? ત્યાં સુધી કે યહૂદીનું નામ લેવામાં આવ્યું તો તેણીએ માથા વડે ઈશારો કરી આપ્યો[૨]. પછી યહૂદીને લાવવામાં આવ્યો. તેણે સ્વીકાર કરી લીધો[૩]. તો રસૂલુલ્લાહ [redacted] એ હુકમ આપ્યો તો તેનું માથુ પથ્થરો વડે કચડી નાખવામાં આવ્યું[૪]. (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૪)-૩૪૫૯ ★ [redacted]

[redacted]

૧. [redacted] નો અર્થ છે દળવું અથવા કચડવું. એટલા માટે દાળને [redacted] અને દલિયા (દળેલા ટુકડા)ને [redacted] કહેવામાં આવે છે.

★ મરણોત્તર નિવેદનની દલીલ ★

૨. ઈશારાથી હાનો સ્વીકાર કર્યો. જાણવા મળ્યું કે છોકરીના હોશ સલામત હતા પણ ઝબાન બંધ થઈ ચૂકી હતી. આજે પણ મૃત્યુ નજીકના ઝખ્મીથી પોલીસ આખરી બયાન (મરણોત્તર નિવેદન) લે છે. એનો માખઝ આ છે.

૩. આ સ્વીકાર કરાવવાથી માલૂમ પડયું કે કેવળ બીમારના આક્ષેપથી ક़ેસાસ થશે નહીં, એના માટે ક્યાં તો ગવાહ હોય અથવા આરોપીનો સ્વીકાર. જો યહૂદી તે વખતે ના પાડી દેત તો તેની પાસે ક़સમ લેવામાં આવત.

૪. આનાથી અમુક મસ્અલા સાબિત થયા : એક એ કે ભારે ચીજથી મારી નાખવા પર ક़ેસાસ છે, ક़ેસાસ માટે કેવળ ધારદાર ઓજાર વડે મારવું શર્ત નથી, એ જ ક़ૌલ ઈમામ માલિક તથા શાફ઼ઈનો છે અને આપણા ઈમામોમાંથી સાહિબૈનનો છે, પણ ઈમામે આ'ઝમ [redacted]
કરવામાં છે. ઈમામ સાહબ એના વિશે ફ઼ર્માવે છે કે હુઝૂર [redacted]
દેશની વ્યવસ્થા માટે શિક્ષા રૂપે હતો, ક़ેસાસમાં ક़ત્લના પ્રકારનો લેહાઝ રાખવામાં આવે કે જેવી રીતે કાતિલ ક़ત્લ કરે એ જ પ્રમાણે હાકિમ તેને ક़ત્લ કરે ક़ેસાસના માટે. આ ક़ૌલ પણ ઈમામ શાફ઼ઈનો છે. ઈમામે આ'ઝમ [redacted]

ત્યાં કાતિલને કેવળ તલવાર વડે કત્લ કરવામાં આવશે, તેણે ગમે તે રીતે કત્લ કરેલ હોય. નહીં તો જે શખ્સ નાની બાળકીને ઝિના કરીને કત્લ કરી દેશે ત્યાં કત્લની સમાનતા કેવી રીતે સ્વીકાર્ય થશે. એ કત્લ કેસાસ રૂપે ન હતી બલ્કે રાજનૈતિક રૂપે હતી એટલા માટે કત્લની રીતમાં બરાબરી કરવામાં આવી. યાદ રાખશો કે ઈમામ માલિકને ત્યાં કેવળ કત્લ થનારના નિવેદન પર જ કેસાસ લેવો જાઈઝ છે, જમહૂર (બહુમતી) ઉલમાને ત્યાં નહીં. આ હદીષ જમહૂર ઉલમાની દલીલ છે. ત્રીજુ એ કે સ્ત્રીનો કેસાસ પુરૂષથી લેવામાં આવશે.

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રબીઆએ જે અનસ ઈબ્ને માલિકનાં ફોઈ છે[૧] એક અન્સારી સ્ત્રીનો દાંત તોડી નાખ્યો[૨]. તે નબી કરીમ ખિદમતમાં આવી. હુઝૂરે કેસાસનો હુકમ આપ્યો તો અનસ બિન નઝર જે અનસ ઈબ્ને માલિકના કાકા છે, અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! તેનો દાંત વલ્લાહ ! તોડવામાં નહીં આવે[૩] તો રસૂલુલ્લાહ
હે અનસ ! અલ્લાહનું લખાણ કેસાસ છે[૪]. પછી કૌમ રાજી થઈ ગઈ અને દિયત કબૂલ કરી લીધી[૫]. તો રસૂલુલ્લાહ
તે છે કે જો અલ્લાહ પર કસમ ખાય લે તો અલ્લાહ તઆલા તેમની કસમ પૂરી કરે[૬]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૫)-૩૪૬૦ ★

૧. આપ "રા"ના પેશ "બા"ની ઝેર અને "યા"ના મદ તથા ઝબરથી. બિન્તે નઝર અન્સારિયા છે. હારિષા બિન સુરાકાના વાલિદા સહાબિયા છે. અનસ ઈબ્ને માલિક ઈબ્ને નઝરનાં ફોઈ, માલિક ઈબ્ને નઝરનાં બહેન છે.

૨. એ દાંત છે જે રુબાઈ દાંતો અને કીલોંની વચ્ચે છે. એનુ બહુવચન આવે છે.

૩. એટલે રબની કસમ ! મને અલ્લાહ તઆલાના કરમથી મજબૂત ઉમ્મીદ છે કે તે આ છોકરી અને તેના વારસોને દિયત લેવા માટે રાજી કરી લેશે, તેમના દિલમાં રહમ નાખી દેશે અને મારી બહેન રુબ્બીઅ કેસાસથી બચી જશે. એમાં હુઝૂર

૪. એટલે કે શરીઅતનો હુકમ તો આ જ છે કે કેસાસ (દાંતના બદલે દાંત) લેવામાં આવે કે દાંતના બદલામાં દાંત તોડવામાં આવે. જો તે છોકરી માફ કરી આપે અને તેના સગાં રાજી થઈ જાય તેમની ખુશી. રબ તઆલા ફર્માવે છે : (અને ઝખ્મોમાં બદલો છે. સૂરએ માઈદા, ૫/૪૫) અને ફર્માવે છે : (અને દાંતના બદલે દાંત. સૂરએ માઈદા, ૫/૪૫)

૫. અહીં મિર્કાતે ફર્માવ્યું કે અલ્લાહ તઆલા પોતાના મકબૂલ બંદાઓની કસમ પૂરી કરી દે છે. એ બુઝુર્ગે કસમ ખાયને કહ્યું હતું કે રુબ્બીઅના દાંત તોડવામાં નહીં આવે. રબ તઆલાએ તેમની કસમ પૂરી કરી આપી અને દિયત પર સુલહ કરાવી દીધી. આ છે

★ કેસાસમાં ભલામણ કરવી બેહતર છે ★

૬. આમાં અનસ ઈબ્ને નઝરની પ્રશંસા છે કે તમે અલ્લાહ તઆલાના એવા મકબૂલ બંદા છો કે રબ તઆલા

પર કસમ ખાઈ જાવ તો રબ તઆલા તમારી કસમ પૂરી કરી આપે. જુઓ, તમે કસમ ખાય લીધી હતી તો રબ તઆલાએ પૂરી કરી આપી. અને શક્ય છે કે દિયત કબૂલ કરી લેવાવાળાઓની પ્રશંસા હોય કે આ લોકો આવા નેક છે. અને તેમણે અત્યારે એવું નેક કામ કર્યું છે કે જો ભાવિમાં રબ તઆલા પર કસમ ખાય લે તો રબ તઆલા તેમની કસમ પૂરી કરી આપે. એનાથી જાણવા મળ્યું કે કેસાસમાં શફાઅત અને સિફારિશ કરવી બેહતર છે. અને સ્ત્રીથી પણ કેસાસ લેવામાં આવશે. અને જો દાંત પૂરો તોડી નાખવામાં આવે તો એમાં કેસાસ છે. દાંતનો ટુકડો તોડી દેવામાં ઈમામોનો મતભેદ છે. હાડકુ તોડી નાખવાના કેસાસમાં ખૂબ જ વિગત છે. જો જોવું હોય તો ફિકહની કિતાબો વાંચશો.

"હઝરત અબૂ જુહૈફા [૧] રિવાયત છે. ફર્માવે છે : મેં હઝરત અલી તમારી પાસે કોઈ એવી ચીજ છે જે કુર્આનમાં નથી ?[૨] તો ફર્માવ્યું, તેની કસમ જેણે દાણો ચીર્યો અને જાન પેદા કરી ! અમારી પાસે કાંઈ નથી એના સિવાય જે કુર્આનમાં છે[૩]. સિવાય એ સમજના જે કોઈ શખ્સને આપવામાં આવે કિતાબુલ્લાહમાં[૪] અને તે જે આ સહીફા (કિતાબ)માં છે[૫]. મેં પૂછયું કે સહીફામાં શું છે ? ફર્માવ્યું, દિયત તથા કેદીને છોડાવવું[૬] અને એ કે મુસલમાન કાફિરના બદલામાં કત્લ કરવામાં ન આવે[૭]. (બુખારી) અને હઝરત ઈબ્ને મસ્ઊદની હદીષ કિતાબુલ ઈલ્મમાં વર્ણવી દેવામાં આવે[૮]."

★ હદીષ : (૧૬)-૩૪૬૧ ★

૧. આપનું નામ વહબ ઈબ્ને અબ્દુલ્લાહ છે. આમિરી છે. હુઝૂર પણમાં. હુઝૂર ની ખિલાફતમાં આપના તરફથી માલના અફસર (રેવન્યુ અધિકારી) રહ્યા. ત્યાં જ હિ.સ. ૭૪માં વફાત પામ્યા. હઝરત અલી

★ હૈદરી યુગમાં રાફઝી પેદા થઈ ચૂક્યા હતા ★

૨. હૈદરી જમાનામાં રાફઝીઓ પેદા થઈ ચૂક્યા હતા. તેમણે મશહૂર કરી રાખ્યું હતું કે હઝરત અલીની પાસે કુર્આન કરીમ સિવાય અન્ય સહીફા અને ખાસ ઈલાહી રહસ્યો છે જે કોઈની પાસે નથી, એટલા માટે મોટાભાગના લોકો જનાબે અલી મુર્તઝા ને આવા સવાલો કર્યા કરતા હતા. થી છે, જેમના અમીર હઝરત અલી છે. (મિર્કાત) એટલે આપના તથા આપના ખાનદાનવાળાઓ પાસે કોઈ વિશેષ છે જે સામાન્ય મુસલમાનોને ન આપવામાં આવી હોય ?

૩.

૪. એટલે કે રબ તઆલાએ મને કુર્આન મજીદની સાચી સારી સમજ અતા કરી છે જેનાથી હું એવા કુર્આની મુદ્દાઓ કાઢી લઉં છું જે તમને માલૂમ નથી હોતા. આ કુર્આને આલીથી ઈજતિહાદ, ઈસ્તંબાત તથા ફિકહની સાબિતી થઈ કે કુર્આનની સમજ એ અલ્લાહની મહાન નેઅમત છે.

૫. એટલે કે હા ! વરકોમાં કેટલાક શરઈ હુકમો છે જે કદાચ તમારી પાસે ન હોય, એ કોઈ ખાસ રહસ્યો નથી કે જે કોઈને બતાવવામાં ન આવે.

૬. એટલે કે આ સહીફા તથા વરકો (પાનાંઓ)માં ભૂલથી કત્લ થવું વગેરેની દિયત તથા ખૂનબહા (ખૂનને બદલે માલ)ના હુકમો છે કે ક્યાં જુર્મની દિયત કેટલી છે અને એ હુકમ છે કે જ્યાં સુધી થઈ શકે મુસલમાન કેદીઓને આઝાદ કરો, કરજદારોની મદદ કરો, મકાતિબીનનો કિતાબતનો બદલો અદા કરો કે એ સૌ કેદી છોડાવવાની રીતો છે.

★ કાફિરના કત્લ પર મુસલમાનથી કેસાસ લેવામાં આવશે ★

૭. આ હદીષના કારણે ઈમામ શાફઈ વગેરે ફર્માવે છે, જો મુસલમાન કોઈ કાફિરને કત્લ કરી દે તો તેના બદલામાં મુસલમાનને કત્લ કરવામાં નહીં આવે બલ્કે તેની દિયત આપવામાં આવશે. પણ આપણા ઈમામે આ'ઝમ ફર્માવે છે કે અહીં કાફિરથી મુરાદ હર્બી કાફિર છે. એના કત્લ પર મુસલમાન પર કેસાસ નથી. રહ્યા ઝિમ્મી કાફિર તથા મુસ્તામિન જેઓ આપણી અમાનમાં આપણા દેશમાં રહેતા હોય અથવા બહારથી આવ્યા હોય તેમને જો મુસલમાન કત્લ કરી દે તો કેસાસ લેવામાં આવશે. કેમ કે ફર્માવ્યું નબી કરીમ એ ઝિમ્મીઓ મુસ્તામિનોનાં ખૂન આપણા ખૂનની જેમ છે અને તેમના માલ આપણા માલોની જેમ છે. એટલા માટે જો મુસલમાન ચોર કાફિર ઝિમ્મીનો માલ ચોરાવી લે તો હાથ કાપવામાં આવે છે. તેમજ અબ્દુર્રહમાન ઈબ્ને સલ્માને રિવાયત કરી કે હુઝૂર કત્લ કરી આપ્યો તો હુઝૂરે તેને કત્લ કરાવ્યો. તે પાક હદીષોની શરહ છે.

૮. એટલે કે એ હદીષ કે, "નથી કત્લ કરવામાં આવતો કોઈ જીવ પણ આદમ એમાં હિસ્સો હોય છે, કેમ કે તેણે જુલ્મની રીતે કત્લની શોધ કરી." મસાબીહમાં અહીં હતી પણ અમે મુનાસિબતના લેહાઝથી કિતાબુલ ઈલ્મના શરૂમાં રાખી.

(વિભાગ : ૨)

★ દુનિયાનું નષ્ટ થવું ખુદાને ત્યાં મુસલમાન આરિફના કત્લથી આસાન છે ★

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે કે નબી કરીમ થવું અલ્લાહને ત્યાં આસાન છે મુસલમાન માણસના કત્લ કરતાં[૧]. (તિર્મિઝી, નિસાઈ) અને અમુકે એને મૌકૂફ વર્ણન કરી[૨] એ જ અધિક સહીહ છે.

અને એને ઈબ્ને માજહએ બરાઅ ઈબ્ને આઝિબથી રિવાયત કરી.

★ હદીષ : (૧૭)-૩૪૬૨/(૧૮)-૩૪૬૩ ★

૧. અહીં મુસ્લિમથી મુરાદ મર્દે મો'મિન આરિફ બિલ્લાહ છે. એટલે કે આરિફ બિલ્લાહનો કત્લ દુનિયાની બર્બાદી કરતાં પણ સખ્તતર છે. કેમ કે દુનિયા આરિફો માટે જ તો બની છે જેથી તે એમાં ચર્ચા વિચારણા કરીને ઈર્ફાન (ઓળખ, મઅરેફત)માં વધારો કરી આપે, અને અહીં અમલો કરીને આખેરતમાં કમાલ હાંસલ કરે. દુલ્હાનું તબાહ થવું બારાતની તબાહી કરતાં સખ્ત તર છે કે બરાતનો હેતુ તો એ જ છે.

૨. એટલે કે ખુદ સૈયદના અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર નો પોતાનો ક़ૌલ નક़્લ કર્યો, એ જ સહીહતર (અધિક સહીહ) છે. પણ આવી મૌક़ૂફ હદીષ હુકમની રીતે મરફૂઅ હોય છે, કેમ કે કેવળ બુદ્ધિ તથા ક़્યાસથી એવી વાત નથી કહી શકાતી.

"હઝરત અબૂ સઈદ તથા અબૂ હુરૈરહ્ રિવાયત છે. તે રસૂલુલ્લાહ જમીન તથા આસ્માનવાળા એક મુસલમાનના ક़્તલમાં શરીક થઈ જાય[૧] તો અલ્લાહ તઆલા તેમને આગમાં ઊંધા નાખી દેશે[૨]. અને ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે."

★ હદીષ : (૧૯)-૩૪૬૪ ★

★ એક ક़્તલના કારણે ઘણા બધાને અઝાબ થઈ શકે છે ★

૧. આસ્માનવાળાઓથી મુરાદ તે ઈન્સાનોની રૂહો છે જેઓ અહીં મૃત્યુ પામી ચૂક્યા અથવા જેઓ હજી દુનિયામાં આવી નથી. મક़સદ એ છે કે ક़્તલ (ખૂન કરવું) એવો જુર્મ છે કે એક ક़્તલના કારણે ઘણા બધાને અઝાબ થઈ શકે છે. એનાથી જાણવા મળ્યું કે જો એક શખ્સને અમુક માણસો મળીને ક़્તલ કરે તો સૌને ક़્તલ કરવામાં આવશે. ભીડના ક़્તલનો અલગ હુકમ છે જ્યાં ટોળીઓ લડી અને બંને પક્ષે માણસો માર્યા જાય, ખબર ન પડે કે કોણ કોનો ક़ાતિલ છે, જેને અરબીમાં કત્લે અમિયહ કહે છે. જેથી હદીષ સ્પષ્ટ છે. યાદ રાખશો કે જાન કાઢનારા ફરિશ્તા અલ્લાહના હુકમથી જાન કાઢે છે, કોઈને જુલ્મની રીતે ક़્તલ નથી કરતા. જેથી તેઓ આ હુકમથી બહાર છે. આજે ઈસ્લામી હાકિમ ઈસ્લામી ક़ાનૂન હેઠળ ઘણા લોકોને ક़્તલ કરાવે છે. જલ્લાદ હાકિમના હુકમથી મુજરિમને ક़્તલ કરે (ફાંસી આપે) છે.

૨. અમુક રિવાયતોમાં ને બદલે કેમ કે નો અર્થ છે ઊંધો નાખવો અને નો અર્થ છે ઊંધો પડયો. આ એવો શબ્દ છે કે મુજર્રદમાં મુતઅદ્દી છે, બાબે અફઆલમાં આવીને લાઝિમ. શબ્દકોશમાં એ જ પ્રમાણે છે, પરંતુ જો હુઝૂર ના ફર્માનમાં હોય તો શબ્દકોશ જૂઠો છે, હુઝૂર સાચા છે. (અશિઅહ તથા મિર્ક़ાત) સારાંશ કે શબ્દકોશ કુર્આન તથા હદીષના તાબે છે, પણ કુર્આન તથા હદીષ શબ્દકોશના તાબે નથી.

★ ક़્યામતના દિવસે ક़્તલ થનાર કાતિલને લાવશે ★

"હઝરત ઈબ્ને અબ્બાસ તે નબી કરીમ દિવસે મક़્તૂલ (ક़્તલ થનાર) ક़ાતિલને લાવશે કે તેની પેશાની તથા માથુ તેના હાથમાં હશે[૧] અને ક़્તલ થનારની રગો લોહી વહાવતી હશે[૨]. અને અર્ઝ કરશે, યા રબ ! એણે મને ક़્તલ કર્યો હતો ત્યાં સુધી કે તેને અર્શની નજીક કરી દેશે[૩]." (તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૨૦)-૩૪૬૫ ★

૧. આ બંને ઝમીરો ક़ાતિલની તરફ પલ્ટે છે. એટલે ક़ાતિલનું માથુ ક़્તલ થનારના એક હાથમાં હશે અને ક़ાતિલની પેશાનીના વાળ બીજા હાથમાં. જ્યારે કોઈ ચીજને મજબૂત પકડવી હોય તો તેને બે હાથો વડે જ પકડે છે. અહીં પકડવી મજબૂતી બતાવવા માટે આમ કહેવામાં આવ્યું.

૨. બહુવચન છે નું અથવા
હોય છે. ઝબહમાં એ જ રગો કાપવામાં આવે છે. આ બહુવચન તષ્નિયાના અર્થમાં છે જેમ કે (તો જરૂર તમારાં દિલ રાહથી કાંઈક હટી ગયાં છે. સૂરએ તહ્રીમ, આ. ૬૬/૪)માં બહુવચન તષ્નિયાના અર્થમાં છે.

★ મો'મિનના કત્લથી બચો ! ★

૩. મતલબ એ છે કે બારગાહે ઈલાહીમાં કત્લનો કેસ ખૂબ જ કાળજીપૂર્વક પેશ થશે અને ખાસ રીતે સાંભળવામાં આવશે. જેથી મો'મિનના કત્લથી બચો.

★ હઝરત ઉષ્માનગની ★

''હઝરત અબૂ ઉમામા ઈબ્ને સહલ ઈબ્ને હુનૈફથી[૧] રિવાયત છે કે હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાને ઘરના ઘેરાવના દિવસે ઝાંકયું[૨] પછી ફર્માવ્યું, તમને અલ્લાહની કસમ આપુ છું, શું તમે જાણો છો કે રસૂલુલ્લાહ
માણસનું ખૂન હલાલ નથી, પણ ત્રણ કારણોમાંથી એકથી[૩] પરણીત થયા બાદ ઝિના કરવો અથવા ઈસ્લામના બાદ કુફ્ર કરવું અથવા નાહક્ક કોઈ જાનને કત્લ કરવી, કે એના બદલામાં કત્લ કરવામાં આવે. અલ્લાહની કસમ ! મેં ન તો જાહિલિયતમાં ઝિના કર્યો ન ઈસ્લામમાં[૪]. અને જ્યારથી મેં રસૂલુલ્લાહ બયઅત કરી કદી મુર્તદ ન થયો. અને ન મેં કોઈ એ જાનને કત્લ કરી જેને અલ્લાહે હરામ કરી, તો પછી તમે મને શાથી કત્લ કરો છો ?![૫] (તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ) અને હદીષના શબ્દો દારમીના છે[૬].''

★ હદીષ : (૨૧)-૩૪૬૬ ★

૧. અબૂ ઉમામાનું સઅદ છે. તાબઈન ઉલમામાંથી છે. હુઝૂર થયો. ખુદ હુઝૂરે તેમનું નામ અને કુન્નિયત તજવીઝ કરી. ઘણા જ નાના હોવાના કારણે ઝિયારત ન કરી શક્યા. પોતાના પિતા સહલ અને હઝરત અબૂ સઈદ ખુદરી
(અશિઅહ) આપના પિતા સહલ ઈબ્ને હુનૈફ સહાબી છે. બદર તથા ઓહદ વગેરે સર્વ ગઝવાતમાં હુઝૂર સાથે અડગતાથી રહ્યા. અને ખિલાફતે અલી મુર્તઝામાં હઝરત અલી
રહ્યા. હિ.સ. ૮૩માં વફાત પામ્યા. *(મિર્કાત)*

૨. એટલે જ્યારે મિસરી તથા અન્ય બાગીઓએ આપનું ઘર ઘેરી લીધું અને આપ મજબૂરન ઘરમાં કેદ થઈ ગયા, ત્યારે ઘરની છત પર ઉભા રહીને લોકો તરફ ઝાંકીને આવું ફર્માવ્યું.

૩. આ વાતમાં સંબોધન એ લોકોને છે જેમણે આપના ઘરને ઘેર્યું હતું અને આપને કત્લ કરવા માગતા હતા. કેમ કે આ હદીષ સૌમાં પ્રસિદ્ધ થઈ ચૂકી હતી એટલે આપે ફર્માવ્યું :

★ જાહિલિયતના જમાનામાં ઝિના પર ગર્વ થતો ★

૪. આ હઝરત ઉષ્માન
ઈસ્લામથી પહેલાં ઝિનાથી મહેફૂઝ રહ્યા. નહીં તો જાહિલિયતના (ઈસ્લામ પહેલાંના) જમાનામાં તો ઝિના પર ગર્વ કરવામાં આવતો હતો. અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબના આ સહાબીને ઝિનાથી પહેલાંથી જ મહેફૂઝ રાખ્યા.

૫. એટલે કે મારા કત્લથી પહેલાં એ વિચારી લો કે તમે કેટલો મોટો ગુનોહ કરી રહ્યા છો, અને રબ તઆલાને ત્યાં એનો શું જવાબ આપશો. યાદ રાખશો કે બાગી ખારજીને પણ બગાવત અથવા ખુરૂજના કારણે કત્લ કરવો જાઈઝ છે પણ બંનેવ ચીજો ઘણી ઓછી બને છે. એટલા માટે એમનો ઉલ્લેખ આ હદીષમાં નથી આવ્યો. તેમજ બગાવત તથા ખિરાજ વ્યક્તિગત જુર્મ નથી કૌમી જુર્મ છે. અહીં વ્યક્તિગત જુર્મનો ઉલ્લેખ છે. જેથી ન તો આ હદીષ પર કોઈ વાંધો છે, ન આ હદીષ અન્ય હદીષોની વિરુદ્ધ છે.

૬. એટલે હદીષના શબ્દો દારમીએ નકલ કર્યા, નહીં તો આ કિસ્સો તો ઘણી કિતાબોમાં રિવાયત થયેલ છે.

''હઝરત અબૂ દર્દા
રસૂલુલ્લાહ
જલ્દી કરનાર નેક રહે છે[૧] જ્યાં સુધી કે હરામ ખૂન ન કરે. પછી જ્યારે હરામ ખૂન લે છે તો હેરાન (પરેશાન) રહી જાય છે[૨]. (અબૂ દાઊદ)

★ હદીષ : (૨૨)-૩૪૬૭ ★

૧. શબ્દ
મળતી રહે છે. યાદ રાખશો કે ખૈરની તૌફીક મળવી એ રબ તઆલાની ખાસ મહેરબાની છે. મૌલાના ફર્માવે છે :–

અર્થાત : હે મદદ કરનાર ! અને હે રાહ બતાવનાર ! તૌફીક આપ, ખતાઓ માફ કર અને મુશ્કેલીઓ આસાન કર.

★ નાહક્ક કત્લની નહૂસતથી માણસ તૌફીકથી મેહરૂમ થઈ જાય છે ★

૨. એટલે કે નાહક્ક કત્લની નહૂસતથી માણસ ભલાઈની તૌફીકથી મેહરૂમ રહી જાય છે.
થાકી જવું, વંચિત રહી જવું, પરેશાન (હેરાન) થઈ જવું. આ પરેશાની (હેરાની) દુનિયામાં તો એ રીતે થશે કે તેના દિલને સંતોષ તથા નેકીઓની તૌફીક મયસ્સર થશે નહીં, અને ખતરો છે કે કબરના જવાબોમાં પરેશાની રહી જાય. અને બની શકે છે કે કયામતના દિવસે હિસાબમાં પરેશાની તથા મુશ્કેલી રહે. સારાંશ કે નાહક્ક ખૂન દુનિયા તથા આખેરત માટે વબાલ છે. યાદ રાખશો કે જુલ્મની રીતે કત્લ કરવું, કતલ કરાવવું, કત્લમાં મદદ કરવી, કત્લ બાદ કાતિલની તરફદારી કરવી, સૌ આ સજાને પાત્ર છે. મિર્કાતમાં એક હદીષ નકલ ફર્માવી કે, રસૂલુલ્લાહ ફર્માવ્યું, ''જેણે નાહક્ક કત્લમાં અડધી વાતથી મદદ કરી તે કાલે કયામતના દિવસે ઉઠશે તો તેની પેશાની પર લખ્યું હશે : આ અલ્લાહની રહમતથી નિરાશ છે.

★ નાહક્ક ફ઼ત્લ બખ્શિશને પાત્ર નથી, તેને સજા જરૂર મળશે ★

''તેમનાથી જ રિવાયત છે. તે રસૂલુલ્લાહ થી રાવી કે ફર્માવ્યું, શક્ય છે અલ્લાહ તઆલા સર્વ ગુનાહો બખ્શી આપે[૧] એના સિવાય કે જે મુશ્રિક મરે અથવા જે જાણી જોઈને મો'મિનને ફ઼ત્લ કરે[૨].''

(અબૂ દાઊદ)

અને નિસાઈએ હઝરત મુઆવિયહથી વર્ણવી.

★ હદીષ : (૨૩)-૩૪૬૮/(૨૪)-૩૪૬૯ ★

૧. દરેક ગુનાહથી મુરાદ શિર્ક તથા કુફ્ર સિવાયના ગુનાહ છે, કેમ કે તે બંનેવ બખ્શિશને લાયક નથી. જાણવા મળ્યું કે બંદાઓના હક્કો પણ બખ્શિશને પાત્ર છે કે રબ તઆલા હક્કવાળાથી માફ કરાવી આપે. પણ નાહક્ક બખ્શિશને પાત્ર નથી, તેની જરૂર સજા મળશે.

૨. મો'મિનના ફ઼ત્લથી મુરાદ જુલ્મની રીતે ફ઼ત્લ છે. ઈરાદાપૂર્વક ફ઼ત્લની શર્ત એટલા માટે રાખી કે ખતા (ભૂલથી) તથા શંકા શુબ્હે અ઼મદ (ઈરાદાપૂર્વક કર્યાની શંકા)નો ફ઼ત્લનો આ હુકમ નથી, એટલા માટે એ બંને ફ઼ત્લોમાં કેસાસ નથી. આ હદીષના આધારે અમુક લોકોએ ગુનાહે કબીરા કરનારાને કાફિર માન્યો છે અને અમુકે કહ્યું કે તે કાફિર તો નથી પણ મો'મિન પણ નથી, બલ્કે ફાસિક઼ છે. એટલે કે ન મો'મિન છે ન કાફિર છે. અમુકે ફર્માવ્યું કે તે છે તો મો'મિન પણ દોઝખમાં હમેશાં રહેશે. પણ અહલે સુન્નતનો મઝહબ એ છે કે ગુનાહે કબીરા કરનાર મો'મિન જ છે અને તેની નજાત જરૂર છે. આ હદીષનો મતલબ એ છે કે જે કોઈ, કોઈ મુસલમાનને નાહક્ક ફ઼ત્લ કરે ફ઼ત્લને હલાલ જાણીને અથવા એટલા માટે ફ઼ત્લ કરે કે તે મો'મિન કેમ થયો, તે હમેશાંની જહન્નમમાં છે, માફીને પાત્ર નથી, કે હવે તે ફ઼ાતિલ કાફિર થઈ ગયો. અને કાફિરની બખ્શિશ નથી. અથવા આ ફર્માન ડરાવવા ધમકાવવા માટે છે કે એ જુર્મ એના પાત્ર હતો તેમાં પડનાર હમેશાં દોઝખમાં રહે છે અને એનો ગુનોહ બખ્શવામાં ન આવત. જો આ સ્પષ્ટતાઓ કરવામાં ન આવે તો આ હદીષ ઘણી આયતો તથા હદીષની વિરુદ્ધ થશે. હુઝૂર ફર્માવે છે : મારી શફાઅત મારી ઉમ્મતના ગુનાહે કબીરા કરનારાઓ માટે પણ હશે. રબ તઆલા ફર્માવે છે : **અલ્લાહ તઆલા શિર્ક માફ નહીં કરે, તેના સિવાય જેને ચાહશે બખ્શી આપશે.**

★ પુત્રને કારણે પિતાથી ફ઼ેસાસ નહીં દિયત લેવામાં આવે ★

''હઝરત ઈબ્ને અબ્બાસ ફર્માવે છે રસૂલુલ્લાહ અલ્લાહની સજાઓ (હદો) લાગુ કરવામાં ન આવે[૧] અને પુત્રના કારણે બાપથી કેસાસ લેવામાં ન આવે[૨].''

(તિર્મિઝી, દારમી)

★ હદીષ : (૨૫)-૩૪૭૦ ★

૧. એટલે કે મસ્જિદમાં મુજરિમોના ફૈંસલા તો કરો પણ મસ્જિદોમાં સજાઓ ન આપો કે એમાં મસ્જિદોની બેહુર્મતી છે કે સજાઓમાં લોહી વગેરે પણ નીકળે છે જેના લીધે મસ્જિદ ખરાબ થશે. મસ્જિદો નમાઝ, ઝિક્ર, દર્સ વગેરે માટે છે. આ કામ એમની વિરુદ્ધ છે.

૨. એટલે કે જો બાપ પોતાના પુત્રને જુલ્મની રીતે ફ઼ત્લ કરી આપે તો એના બદલામાં બાપને ફ઼ત્લ કરવામાં

નહીં આવે, બલ્કે તેની પાસેથી દિયત લેવામાં આવશે. મા, દાદા, નાના સૌનો આ જ હુકમ છે. આ જ મઝહબ છે ઈમામ અબૂ હનીફા તથા ઈમામ શાફઈ તથા અહમદનો
કેસાસ લેવામાં આવશે. યાદ રાખશો કે જો પુત્ર પિતાને કત્લ કરી દે તો તેનાથી કેસાસ લેવામાં આવશે.

*"હઝરત અબૂ રિમ્થા [1] રિવાયત છે. ફર્માવે છે કે હું રસૂલુલ્લાહ
પિતાની સાથે આવ્યો તો ફર્માવ્યું, આ જે તમારી સાથે છે એ કોણ છે ? અર્ઝ કરી, હુઝૂર ! ગવાહ રહો કે આ મારો પુત્ર છે[2]. ફર્માવ્યું, જાણી લો કે ન તે તમારા પર જુર્મ કરશે ન તમે એના પર[3]. (અબૂ દાઉદ, નિસાઈ) અને શરહે સુન્નહમાં એના શરૂમાં આટલુ વધારે ફર્માવ્યું, તેમણે કહ્યું : હું મારા પિતાની સાથે રસૂલુલ્લાહ
ની ખિદમતમાં હાજર થયો તો મારા બાપે તે ચીજ જોઈ જે રસૂલુલ્લાહ [4] અર્ઝ કરી, શું મને ઈજાઝત આપો છો કે આપની પીઠવાળી ચીજનો ઈલાજ કરી દઉં કે હું તબીબ છું ? તો ફર્માવ્યું કે તમે રફીક છો, અલ્લાહ તબીબ છે[5]."*

★ હદીષ : (૨૬)-૩૪૭૧ ★

૧. આપનું નામ રિફાઆ ઈબ્ને યષરબી તમીમી છે, આપ અમ્ર અલ્કેસની ઔલાદથી છે.

૨. ક્યાં તો સેગો મુખાતબે અમ્ર છે, એટલે કે હુઝૂર ગવાહ છે. અથવા
છે, એટલે કે હું ગાહી આપુ છું કે આ મારી પીઠથી છે. એમનો મકસદ એ હતો કે હું અને આ કેમ કે પિતા પુત્ર છીએ એટલા માટે મારા જુર્મનો એ જિમ્મેદાર થશે અને એના જુર્મનો હું જિમ્મેદાર થઈશ. જેવુ કે જાહિલિયતના જમાનામાં રિવાજ હતો એટલા માટે હુઝૂર

૩. એટલે કે તમારા જુર્મમાં એને પકડવામાં નહીં આવે અને એના જુર્મના કારણે તમને પકડવામાં નહીં આવે. એનો કેસાસ તમારાથી અને તમારો કેસાસ એનાથી લેવામાં નહીં આવે. અથવા કાલે કયામતમાં તમારા ગુનાહમાં એને પકડવામાં નહીં આવે અને એના ગુનાહમાં તમને પકડવામાં નહીં આવે. પોતાની કરણી પોતાની ભરણી થશે. યાદ રાખશો કે બાળકના ગુનાહ પર બાપની પકડ ત્યારે થશે જ્યારે કે બાપે પુત્રની કેળવણીમાં ઉણપ રાખીને તેને મુજરિમ બનાવ્યો હોય. જેથી આ હદીષ બીજી હદીષોની વિરુદ્ધ નથી.

૪. મોહરે નબુવ્વત જે પીઠ પર બે ખભાઓની વચ્ચે પેદાઈશ શરીફથી જ કુદરતી રીતે ઈંડા બરાબર હતી. ઉપસેલો ગોશ્ત હતો. એ હુઝૂર
એટલા માટે એવું અર્ઝ કર્યું જેનું વર્ણન આગળ આવે છે.

૫. એટલે કે એ ચીજ ઈલાજને પાત્ર નથી બલ્કે તમારો ઈલાજ કરવા જેવો છે કે તમે આ પ્રકારની વાતચીત કરી રહ્યા છો કે પોતાને શાફિઉલ અમરાઝ (બીમારીઓને સાજી કરનાર) કહો તથા સમજો છો. શાફિઉલ અમરાઝ અલ્લાહ તઆલા છે. યાદ રાખશો કે અહીં તબીબ એ શાફીયે મુત્લક્ના અર્થમાં છે ન કે તિબ્બની વિદ્યા શીખેલો.

અલ્લાહ તઆલાને તબીબ કહેવું શરઅત દુરુસ્ત નથી, કેમ કે એ શબ્દ તબાબત (ડૉકટરી)નો ધંધો કરનાર માટે પણ બોલવામાં આવે છે. જેવી રીતે અલ્લાહ તઆલાને મુઅલ્લિમ નથી કહી શકતા, જો કે તે ખુદ ફર્માવે છે : (રહમાને કુર્આન શીખવાડયું. સૂરએ રહમાન, ૫૫/૨) કેમ કે મુઅલ્લિમ (શિક્ષક) સામાન્યતઃ પગારદાર મુદર્રિસીન (શિક્ષકો, ટીચરો)ને કહે છે. અને જે શબ્દ દ્રિઅર્થી હોય સારો તથા બુરો, તો એવો શબ્દ અલ્લાહ તઆલા માટે વાપરી નથી શકતા. અલ્લાહ તઆલાનાં નામ તૌફીક઼ી છે જે નસમ ાં (આયતમાં) આવી ગયાં તેના વડે જ તેને પોકારવામાં આવે. *(મિર્કાત)*

"હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી તે સુરાક઼ા ઈબ્ને માલિકથી[૧] રાવી. ફર્માવે છે : હું રસૂલુલ્લાહ ખિદમતમાં હાજર થયો. આપ બાપનો કે઼સાસ બેટાથી લેતા હતા અને બેટાનો કે઼સાસ બાપથી લેતા ન હતા[૨]. તિર્મિઝીએ એને ઝઈફ કહી[૩]."

★ હદીષ : (૨૭)-૩૪૭૨ ★

★ સુરાકાને કિસ્રાના કંગન પહેરવાની બશારત ★

૧. આપનું નામ સુરાકા ઈબ્ને માલિક ઈબ્ને જઅષમ છે. ખુદલજી કિન્આની છે. કે઼દીદ સ્થળે રહેતા હતા. મહાન શાયર હતા. તેમનો બનાવ છે કે હિજરતના દિવસે આપ ગારે ષૌર સુધી બુરી નિય્યતે પહોંચ્યા હતા અને આપના ઘોડાને જમીને પકડી લીધો હતો. પછી એ જ જગાએ ઈમાન પણ લાવ્યા અને અમાન પણ હાંસલ કરી. આપને જ હુઝૂર
૧૨૦માં થઈ. (શેઅર) *ઈબ્ને માલિક કો દી બશારતે કી તાજ – અય મેરે ગયબદાં તેરે સદકે઼*

૨. એટલે કે જો બાપને પુત્ર કે઼ત્લ કરી આપતો હતો તો હુઝૂરે અકરમ એનો કે઼સાસ પુત્રથી લેતા હતા. અને એનાથી ઉલ્ટુ બેટાને બાપ કે઼ત્લ કરી આપતો તો બાપથી કે઼સાસ લેતા ન હતા.

૩. ઝઈફ હોવાનું કારણ એ છે કે તેની અસ્નાદમાં ઈઝતેરાબ છે, પણ યાદ રાખશો કે લગભગ સર્વ અહલે ઈલ્મનો આ હદીષ પર અમલ છે કે બાપથી બેટાનો કે઼સાસ નથી લેતા. ઉલમાના આ અમલથી હદીષનું ઝઈફપણુ, જતુ રહ્યું. એનું સમર્થન અમારી કિતાબ જાઅલ હક્ક઼, ભાગ–૨માં જુઓ.

*"હઝરત હસનથી રિવાયત છે, તે સમુરહથી રાવી[૧] ફર્માવે છે, રસૂલુલ્લાહ
ગુલામને કે઼ત્લ કરે તેને અમે કે઼ત્લ કરીશું[૨]. અને જે પોતાના ગુલામનાં અંગો કાપે અમે તેનાં અંગો કાપીશું. (તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ, દારમી) અને નિસાઈએ બીજી રિવાયતમાં એટલું વધારે કર્યું કે જે પોતાના ગુલામને ખસ્સી કરે તેને અમે ખસ્સી કરીશું[૩]."*

★ હદીષ : (૨૮)-૩૪૭૩ ★

૧. ખ્વાજા હસન બસરી

સહાબી છે. આપ બસરામાં રહ્યા એટલા માટે ખ્વાજા હસન બસરી

૨. આ હદીષના આધારે હઝરત ઈબ્રાહીમ નખઈ તથા સુફયાન ષૌરીએ ફર્માવ્યું કે આકા (માલિક)થી પોતાના ગુલામનો કેસાસ લેવામાં આવશે. (મિર્કાત) બાકીના સર્વ ઈમામોનો એના પર ઈજમાઅ છે કે મૌલાથી ગુલામનો કેસાસ નથી લેવામાં આવતો. તે હઝરાત આ હદીષના ત્રણ ખુલાસા આપે છે : એક એ કે આ હુકમ ડરાવવા ધમકાવવા માટે છે જેથી માલિક પોતાના ગુલામને કત્લ કરવાની હિંમત ન કરે. જેમ કે હુઝૂર અકરમ
કોરડા મારો, ફરી પીએ ફરી મારો, ફરી પીએ ફરી મારો, ફરી પીએ તો કત્લ કરી દો. પણ તેમ છતાં હુઝૂરની ખિદમતે અકદસમાં ચોથીવાર શરાબ પીનારને લાવવામાં આવ્યો તો તેને કત્લ ન કર્યો. જાણવા મળ્યું કે તે હુકમ ડરાવવા માટે હતો. બીજુ એ કે એનાથી આઝાદ કરેલો ગુલામ મુરાદ છે. તેને ગુલામ કહેવું પહેલાની સ્થિતિના લેહાઝથી છે. ત્રીજુ એ કે આ હદીષ મન્સૂખ છે : થી. યાદ રાખશો કે અહનાફની નજીક માલિકથી તેના ગુલામનો કેસાસ નથી લેવામાં આવતો, પણ બીજાનો ગુલામ કત્લ કરી દેવાથી કેસાસ લેવામાં આવે છે. ઈમામ માલિક તથા શાફઈ ને ત્યાં એનો પણ કેસાસ નથી. તેમને ત્યાં આઝાદ તથા ગુલામમાં ગુલામનો કેસાસ કોઈ આઝાદથી નથી લેવામાં આવતો. એની સંપૂર્ણ ચર્ચા ફિકહની કિતાબોમાં છે. *(મિર્કાત, અશિઅહ, લમ્આત)*

૩. એના પર સર્વ ઉલમા ત્યાં સુધી કે ઈબ્રાહીમ નખઈ તથા સુફયાન ષૌરીની પણ એકમતી છે કે ગુલામના અંગોનો કેસાસ આઝાદથી નથી લેવામાં આવતો. જેથી હવે હદીષ સૌની નજીક વાજિબુત્તાવીલ છે.

"હઝરત અમ્ર ઈબ્ને શોએબ
છે, તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રાવી કે રસૂલુલ્લાહ
તેને કત્લ થનારના વાલીઓ સમક્ષ રજૂ કરવામાં આવશે[૧] જો તેઓ ચાહે તો કત્લ કરી આપે અને જો ચાહે તો દિયત લઈ લે. તે દિયત ત્રણ હિક્કા ત્રીસ જઝઆ અને ચાલીસ ખલિફહ છે[૨] અને જે ચીજ પર તે સુલહ કરી લે તે તેમની છે[૩]." (તિર્મિઝી)

★ હદીષ : (૨૯)-૩૪૭૪ ★

૧. વલીઓથી મુરાદ સગા વારસદારો છે જેઓ દિયત લઈ શકે છે.

૨. હિક્કા તે ઊંટણી છે જે ચોથા વરસમાં પ્રવેશી જાય. જઝઆ તે ઊંટણી છે જે પાંચમાં વરસમાં કદમ રાખી દે. ખલિફહ સગર્ભા ઊંટણી જે પોતાની પાછળ બાળક છોડનારી હોય. એ કુલ સો ઊંટણીઓ થઈ. ઊંટની સરખામણીમાં ઊંટણી અધિક કિંમતી હોય છે, તે જ દિયતમાં આપવામાં આવશે.

૩. એટલે કે જો એ દિયતના સિવાય કોઈ અન્ય ચીજમાં બંનેવ પક્ષોની સુલહ થઈ જાય તો તે આપવામાં આવે. આ દિયત દરેક કાતિલથી લેવામાં આવશે ચાહે બાપ પોતાના પુત્રને કત્લ કરી દે અથવા માલિક પોતાના ગુલામને. બાપ તથા માલિક પર કેસાસ નથી. ઈમામ શાફઈ તથા અહમદને ત્યાં આ હદીષ પર અમલ છે કે દિયતના ત્રણ હિસ્સા થશે, ત્રીસ ત્રીસ હિક્કા તથા જઝઆ અને ચાલીસ ખલિફહ. પણ આપણા તથા ઈમામ માલિકને ત્યાં દિયતના ચાર હિસ્સા થશે, ૨૫ હિક્કા, ૨૫ જઝઆ, ૨૫ બિન્તે લબૂન, ૨૫ બિન્તે મખાદ્. આપણી દલીલ હઝરત ઈબ્ને મસ્ઊદની મૌકૂફ હદીષ અને ષાબિત ઈબ્ને યઝીદની મરફૂઅ હદીષ છે. જેમાં દિયતની આ જ સ્પષ્ટતા છે જે અમે અર્ઝ કરી. આપણે ત્યાં આ અમ્ર ઈબ્ને શોએબની હદીષ સહીહ નથી એટલા માટે અમલને પાત્ર નથી. યાદ રાખશો કે કત્લે ખતા

(ભૂલથી ખૂન થવું)ની દિયત સર્વ ઈમામોને ત્યાં કાતિલના અસ્બા વારસદારો પર વાજિબ છે, ખુદ કાતિલ પર નહીં.

''હઝરત અલી [redacted] કરીમ [redacted] [૧]. ફર્માવ્યું, મુસલમાનનાં ખૂન સરખાં છે[૨] અને એનો ઝિમ્મેદાર સામાન્ય માનવી થઈ શકે છે[૩] અને રદ કરી શકે છે દૂરનો માણસ[૪] અને મુસલમાન પોતાના પ્રતિસ્પર્ધી (મુકાબિલ) પર એકબીજાના મદદગાર છે[૫]. ખબરદાર ! મુસલમાન કાફિરના બદલામાં કત્લ કરવામાં ન આવે[૬] અને ન કરારવાળો પોતાના ઝિમ્મામાં[૭].'' (અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ બ રિવાયતે ઈબ્ને અબ્બાસ)

★ હદીષ : (૩૦)-૩૪૭૫/(૩૧)-૩૪૭૬ ★

[redacted]

૧. આ હદીષ હઝરત અલી [redacted] *(મિર્કાત)*

૨. એટલે કે દરેક મુસલમાનના કત્લનો એક હુકમ છે કે ઈરાદાપૂર્વકમાં કેસાસ અને ખતા કે ઈરાદાપૂર્વકની શંકામાં દિયત, ચાહે અમીર હોય કે ગરીબ, વૃદ્ધ હોય કે યુવાન કે બાળક, સ્ત્રી હોય કે પુરૂષ, આલિમ હોય કે જાહિલ, ચૌધરી નંબરદાર હોય કે મામૂલી હૈસિયતવાળો મુસલમાન, અમીર કાતિલથી ગરીબ કત્લ થનારનો કેસાસ લેવામાં આવશે.

૩. એટલે કે **જો જેહાદમાં કોઈ મામૂલી મુસલમાન કોઈ કાફિરને અમાન આપી દે તો સૌએ એની અમાનનો એહતેરામ કરવો પડશે, કોઈ તેને કત્લ નથી કરી શકતો.**

૪. આ વાક્યના ઘણા અર્થો થઈ શકે છે. અથવા એ મતલબ છે કે જો જેહાદના મોકા પર મુજાહિદોની એક જમાઅત દારુલ હર્બમાં ઘણે દૂર નીકળી ગઈ, બીજી જમાઅત ઘણી પાછળ રહી ગઈ. પછી ગનીમત મળી તો એ ગનીમતમાં તેમનો હિસ્સો પણ રહેશે જે પાછળ રહી ગઈ છે.

૫. કે પૂર્વી મુસલમાન પશ્ચિમી મુસલમાનનો મદદગાર છે. એકના પર મુસીબત સૌના પર મુસીબત છે. અફસોસ કે હવે મુસલમાનોનો અમલ એનાથી ઉલ્ટો છે.

૬. એનો મતલબ પહેલાં વર્ણન થઈ ચૂક્યો છે કે હર્બી કાફિરના બદલામાં મુસલમાનને કત્લ કરવામાં નહીં આવે.

૭. એટલે કે જો અમારો ઝિમ્મી કાફિર કોઈ હર્બી કાફિરને કત્લ કરી આવે તો અમે એના બદલામાં એ ઝિમ્મી કાફિરને કત્લ કરીશું નહીં. આ વાક્યનો અહનાફને ત્યાં એ જ અર્થ છે જેમ કે મુસ્લિમ કાતિલને હર્બી કાતિલના બદલામાં પણ કત્લ કરવામાં નહીં આવે. આ સ્થિતિમાં મઅતૂફ તથા મઅતૂફ અલૈહમાં મુનાસિબત થશે. અમુક ઈમામોની નજીક એનો અર્થ એ છે કે મુસ્તામિન ઝિરમીને કત્લ ન કરો, તેમને અમાન આપો, પણ આ સ્થિતિમાં મઅતૂફ તથા મઅતૂફ અલૈહમાં મુનાસિબત નથી. તેમજ આ અર્થ પણ હનફી મઝહબનું સમર્થન કરે છે કે ઝિમ્મી તથા મુસ્તામિનને કત્લ કરવામાં ન આવે, જો કોઈ મુસલમાન એને કત્લ કરી દે તો કેસાસ થશે.

''હઝરત અબૂ શુરૈરહ ખઝાઈથી[૧] રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ [redacted] ને ફર્માવતાં સાંભળ્યા કે જેનું ખૂન કરવામાં આવ્યું અથવા તેને ઘાયલ કરવામાં આવ્યો એટલે ઝખ્મી[૨] તો તેને ત્રણ ચીજોમાંથી એકનો

★ હદીષ : (૩૨)-૩૪૭૭ ★

[redacted]

અખત્યાર છે, જો ચોથી ચીજ ચાહે[૩] તો તેનો હાથ પકડો અથવા તે કે઼સાસ લઈને અથવા માફી આપી દે અથવા દિયત લઈ લે[૪] પછી જો એમાંથી કોઈ ચીજ અખત્યાર કરે, પછી એના બાદ ઝિયાદતી કરે[૫] તો તેના માટે આગ છે જેમાં હમેશાં હમેશાં રહેશે[૬]." (દારમી)



૧. આપનું નામ ખુવૈલા ઈબ્ને અમ્ર કઅબી અદવી ખઝાઈ છે. ફતહે મક્કાના દિવસે ઈમાન લાવ્યા પોતાની કુન્નિયતમાં મશહૂર થયા. *(મિર્કાત)*

૨. ઈરાદાપૂર્વક કે઼ત્લ તથા ઝખ્મ મુરાદ છે, કેમ કે ભૂલથી કે઼ત્લ તથા ઝખ્મમાં કે઼સાસથી નથી હોતો. કે઼ત્લની સ્થિતિમાં તો મકે઼તૂલ (કે઼ત્લ થનાર)ના વલીને અખત્યાર છે અને ઝખ્મની સ્થિતિમાં ખુદ ઘાયલને અખત્યાર છે, જેવું કે જાહેર છે.

૩. દા.ત. કે઼સાસ પણ લે અને દિયત પણ ચાહે અથવા માફ પણ કરે, કેસાસ પણ લે. આ ઈજતેમા ચોથી સ્થિતિ છે. અથવા દા.ત. જાલિમે તેની આંગળી કાપી હતી એ ઘાયલ તેનો પૂરો હાથ કાપવા ચાહે.

૫. કે માફ કરી ચૂક્યા પછી કે઼સાસ કે દિયત લઈ લે અથવા દિયત બાદ કે઼સાસ અથવા કે઼સાસ બાદ દિયત લઈ લે.

૬. જો તેણે આ જુલ્મ હલાલ સમજીને કર્યો તો તેનું દોઝખમાં અબ્દુલ એબાદ (હમેશાં હમેશ) માટે રહેવું જાહેર છે અને જો હરામ જાણીને કર્યો તો અહીં
દોઝખની હમેશગી કેવળ કાફિરોના માટે છે.

"હઝરત તાઉસથી[૧] રિવાયત છે. તે હઝરત ઈબ્ને અબ્બાસ થી, તે રસૂલુલ્લાહ ફર્માવે છે જે બળવામાં કે઼ત્લ કરવામાં આવ્યો[૨] આપસના પથ્થરમારા અથવા કોરડાબાજીમાં અથવા લાઠીના મારમાં[૩] તો એ ખતા છે, અને તેની દિયત ખતાની દિયત છે[૪] અને જેને ઈરાદાપૂર્વક મારી નાખવામાં આવ્યો તો તે કે઼સાસ છે[૫] જે એની પાછળ આડ બને તો તેના પર અલ્લાહની લઅનત અને નારાઝગી છે, તેનો ન નફલ કબૂલ છે ન ફર્ઝ[૬]." (અબૂ દાઊદ, નિસાઈ)

★ હદીષ : (33)-૩૪૭૮ ★



૧. આપનું નામ ઝકવાન ઈબ્ને કેસાન છે. ખોલાની, હમ્દાની, યમાની છે. અસલ વતની ફારસ (ઈરાન)ના છે. યમનમાં રહેવા સહેવા લાગ્યા હતા. ઘણા જ આબિદ, ઝાહિદ તથા મકબૂલે દુઆ તાબઈ છે. ચાલીસ હજ્જ કર્યા. ઘણા જ હસીનો જમીલ (ખૂબસૂરત) હતા. એટલા માટે આપને તાઉસ એટલે મોર કહેતા હતા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ ના ખાસ સોહબત પામેલા છે. હિ.સ. ૧૫૦માં મક્કા મોઅઝ્ઝમામાં વફાત પામ્યા અને ત્યાં જ દફન થયા.

★ બળવામાં કે઼ત્લ થવાના વિશે મસ્અલો ★

૨. થી બન્યું અર્થ આંધણાપણુ. બળવા તથા ભીડના કે઼ત્લને એટલા માટે (ઈમ્મિય્યહ) કહે છે

કે એમાં ખૂનીની ખબર નથી હોતી. અંધાધુંધ માર પીટ બે ટોળીઓમાં થાય છે.

૩. આ વિગત હક્રીક્રતમાં
અથવા કોરડા તથા હંટરની, સૌનો હુકમ આ જ છે.

૪. એટલે કે આ ક્રત્લનો હુકમ ખતાથી ક્રત્લના જેવો છે, કે એમાં કોઈનાથી ક્રેસાસ લેવામાં નહીં આવે કેવળ દિયત લેવામાં આવશે. આ આખરી વાક્ય ખતાનું વર્ણન છે અથવા મતલબ એ છે કે જો એવી ચીજ વડે કોઈને ક્રત્લ કરવામાં આવ્યો જે ક્રત્લ માટે હતી નહીં, જેમ કે નાના પથ્થર, અને તેનાથી ક્રત્લ (મર્ડર) થઈ ગઈ તો એ ક્રત્લને શુબ્હે અમદ (જાણી જોઈને ક્રત્લની શંકા) કહે છે. એમાં ક્રેસાસ નથી હોતો દિયત હોય છે. તો સાબિત થયું કે ક્રેસાસના માટે ઈરાદાપૂર્વક ક્રત્લ કરવું જરૂરી છે. ઈરાદાપૂર્વકમાં ઓજાર ધારદાર જોઈએ. *(અશિઅહ)*

૫. એનો અર્થ હમણા વર્ણન થઈ ચૂક્યો કે ક્રત્લ ઈરાદાપૂર્વક ક્રત્લમાં ક્રેસાસ છે, અને ક્રેસાસમાં ક્રત્લનો ઈરાદો પણ હોવો જોઈએ અને હથિયાર પણ ક્રત્લ માટેનું હોવું જોઈએ.

૬. તૌબાને પણ કહે છે અને નફ્લી ઈબાદતને પણ કહે છે. એટલે જે સામાન્ય માણસ અથવા હાકિમ અથવા વકીલ એવા ક્રાલિતને છોડાવી લે છે કે ક્રત્લ થનારના વાલીને ક્રેસાસ વગેરે ન લેવા દે તો એ જાલિમનો મદદગાર છે. તેની સજા એ છે કે તેની તૌબા તથા ઈબાદત અસ્વીકાર્ય છે અને તે લઅનતનો મુસ્તહિક (પાત્ર) છે.

"હઝરત જાબિર
કે રસૂલુલ્લાહ
નહીં જે દિયત લીધા પછી ક્રત્લ કરે[૧]. (અબૂ દાઊદ)

★ હદીષ : (૩૪)-૩૪૭૯ ★

૧. એટલે જે વલી ક્રત્લ થનારના ક્રાતિલથી દિયત લઈ લે પછી તેને ક્રત્લ પણ કરી દે તો તેને માફ કરવામાં નહીં આવે. ( ) અથવા એને હું માફ કરીશ નહીં. (
(વાલી)ને જે દિયત લઈને પણ ક્રાતિલને ક્રત્લ કરી દે તેને ક્રત્લ કરવામાં નહીં આવે, બલ્કે કોઈ અન્ય સજા આપવામાં આવશે. અને બાબે અફઆલનો માઝી મજહૂલ પણ પઢવામાં આવેલ છે. બદ્દુઆનું વાક્ય, એટલે અલ્લાહ કરે એને માફ કરવામાં ન આવશે. સારાંશ જમહૂર ઉલમાની નજીક એને માફ ન કરવાથી મુરાદ ક્રત્લ કરી દેવું નથી.

★ અલ્લાહ તેનો દરજો બુલંદ કરશે અને તેની ખતા માફ કરશે ★

"હઝરત અબૂ દર્દા
છે કે મેં રસૂલુલ્લાહ
નથી કોઈ શખ્સ કે મુસીબત પહોંચાડવામાં આવે તેના શરીરમાં પછી તે તેને માફ કરી આપે[૧] પણ બુલંદ કરશે અલ્લાહ તઆલા તેનો દરજો અને માફ કરશે તેની ખતા[૨]." (તિર્મિઝી, ઈબ્ને માજહ)

★ હદીષ : (૩૫)-૩૪૮૧ ★

૧. અહીં મુસીબતથી મુરાદ કોઈ મુસલમાન માણસ તરફથી ઝખ્મ કે અંગ કાપવું અથવા કોઈ અન્ય તકલીફ

પહોંચાડવું છે. આસ્માની મુસીબત અથવા કત્લ મુરાદ નથી, નહીં તો માફ કરવાનો શું અર્થ ? માફીથી મુરાદ કેસાસ ન લેવું છે, ચાહે દિયત પણ ન લે અથવા દિયત લઈ લે. પણ દિયત પણ છોડી દેવાનો સવાબ વધારે છે, અને દિયત લેવાનો સવાબ ઓછો. યાદ રાખશો કે આ મુસલમાન મુજરિમના સંબંધે છે, કાફિર મુજરિમથી જરૂર બદલો લેવામાં આવે, એને માફી આપવી ક્યાં તો પોતાની કમજોરી છે અથવા એ મુજરિમના માટે દરવાજો ખોલવું છે.

૨. એટલે કે આ માફીના કારણે રબ તઆલા એને માફી આપશે, કેમ કે અલ્લાહના બંદાઓ પર રહમ કરવી અલ્લાહ તઆલાને ખૂબ જ પસંદ છે. (શેઅર)

કરો મહેરબાની અહલે ઝમીં પર, ખુદા મહરબાન હોગા અર્શે બરીં પર

(વિભાગ : 3)

★ ષડયંત્રથી કત્લ કરવા પર સર્વ ખૂનીઓને કત્લ કરી દેવામાં આવે ★

''હઝરત સઈદ ઈબ્ને મુસૈયબથી રિવાયત છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ [redacted] *બદલામાં પાંચ કે સાત માણસોને કત્લ કર્યા જેમણે તેને ધોકો આપી મારી નાખ્યો હતો[૧]. અને હઝરત ઉમરે ફર્માવ્યું કે જો આખા સન્આવાળા આના પર મળી જાય તો હું એ સૌને કત્લ કરી દેતો[૨].'' (માલિક)*

અને બુખારીએ હઝરત ઈબ્ને ઉમર [redacted] *એના જેવી રિવાયત કરી.*

★ હદીષ : (૩૬)-૩૪૮૧/(૩૭)-૩૪૮૨ ★

[redacted]

૧. [redacted] એક શખ્સને કત્લ કરી આપ્યો હતો.

૨. સન્આ યમનની એક વસ્તી છે. મતલબ એ છે કે જો પૂરી વસ્તીવાળા ભેગા મળીને આ એક શખ્સને કત્લ કરી આપતા તો તેના બદલામાં એ સૌને કત્લ કરી આપત. જાણવા મળ્યું કે કેટલાય કાતિલ એક કત્લમાં કત્લ કરવામાં આવશે, કે સજા સૌની એ જ છે.

★ કત્લ થનાર પોતાના ખૂનીને કયામતમાં લાવશે ★

''હઝરત જુન્દુબ [redacted] *છે કે મને ફલાણાએ ખબર આપી[૧] કે રસૂલુલ્લાહ* [redacted] *એ ફર્માવ્યું કે કત્લ થનાર પોતાના કાતિલને કયામતના દિવસે લાવશે[૨] પછી અર્ઝ કરશે કે એને પૂછ કે મને ક્યા જુર્મમાં એણે કત્લ કર્યો હતો ? જુન્દુબે ફર્માવ્યું કે એનાથી ખૂબ જ ડરો[૫].'' (નિસાઈ)*

★ હદીષ : (૩૮)-૩૪૮૩ ★

[redacted]

૧. એટલે કે કોઈ ખાસ સહાબીનું નામ લીધુ જે રાવીને યાદ ન રહ્યું, પણ આ નામ ન લેવાથી હદીષની સેહત (સહીહ હોવા) પર કોઈ અસર નથી, કેમ કે તમામ સહાબીઓ આદિલ છે. *(મિર્કાત)*

૨. [redacted]ની બે ([redacted]
અથવા કાતિલને લાવશે. જો કાતિલ અનેક હોય તો સૌને લાવશે.

૩. એટલે એનો હિસાબ પણ લે અને હિસાબ બાદ સજા પણ આપ.

૪. જવાબનો મકસદ એ છે કે હે ખુદા ! ભલે કત્લનો જુર્મ તો મેં કર્યો પણ મારા આ જુર્મમાં ફલાણા બાદશાહ કે ફલાણા હાકિમની હુકૂમતની પણ દખલ છે. કેમ કે તેમણે દેશની વ્યવસ્થા સારી ન કરી જેનાથી દેશમાં કત્લ તથા ખૂન સામાન્ય થઈ ગયાં. મને પણ એ અવ્યવસ્થાના કારણે કત્લની હિંમત થઈ, જેથી મારી સાથે તેમને પણ પકડ. જેથી તે બાદશાહ તથા હાકિમ પણ તે કાતિલની સાથે ગિરફતાર થશે આના પરથી વર્તમાન ગવર્નમેન્ટોએ સબક લેવો જોઈએ. અને શક્ય છે કે [redacted]
અસર હેઠળ હોવાના કારણે કે હું ફલાણાનો નોકર કે એના હેઠળમાં હતો. તેણે મને એને કત્લ કરાવ્યો. તો તેને પણ પકડ. એનાથી જાણવા મળ્યું કે કત્લ કરનાર, કત્લ કરાવનાર, કત્લ માટે ઉત્તેજીત કરનાર સૌની પકડ થશે.

★ જે હુકૂમતમાં કત્લ ખૂનરેજી થાય તેનો બાદશાહ પણ કયામતમાં પકડાશે ★

૫. હરત જુન્દુબ કોઈ બાદશાહ તથા હાકિમને સમજાવી રહ્યા છે. આ હદીષ સંભળાવીને તેને કહી રહ્યા છે કે કત્લના મામલામાં ખૂબ જ સાવધાની રાખો. કોશિશ કરો કે તમારા સમયમાં કત્લના બનાવ ન બને, નહીં તો એનો અંજામ આ છે.

★ તેની પેશાની પર લખ્યું હશે આ અલ્લાહની રહમતથી નિરાશ છે ★

''હઝરત અબૂ હુરૈરહ્ [redacted] ફર્માવે છે કે રસૂલુલ્લાહ [redacted] એ ફર્માવ્યું, કે ***જે કોઈ મુસલમાનના કત્લ માટે અડધી વાતથી પણ મદદ કરે તો તે અલ્લાહ તઆલાથી એ હાલતમાં મળશે કે તેની બંને આંખો વચ્ચે લખ્યું હશે, અલ્લાહની રહમતથી નિરાશ[2] છે.''*** *(ઈબ્ને માજહ)*

★ હદીષ : (૩૯)-૩૪૮૪ ★

[redacted]

૧. એટલે કે જે શખ્સે કોઈ [redacted] કામનો અડધો શબ્દ [redacted] પણ કહી દીધું, અને કાતિલે તે મુસલમાનને કત્લ કરી આપ્યો તો મરતી વખતે અથવા કબ્રમાં અથવા કયામતમાં તેની પેશાની પર લખેલું હશે કે આ શખ્સ અલ્લાહની રહમતથી માયૂસ (નિરાશ) છે. આ રીતે પૂરી કયામતમાં બદનામ થઈ જશે. જો તે શખ્સે હલાલ જાણીને કર્યો હતો તો આ શબ્દ [redacted] બિલ્કુલ જાહેર છે કે એ કાતિલ કાફિર થઈ ગયો. અને કાફિર રબ તઆલાની રહમતથી નિરાશ હોય છે. રબ તઆલા ફર્માવે છે : [redacted] (બેશક ! અલ્લાહની રહમતથી નિરાશ નથી થતા પણ કાફિર લોકો. સૂરએ યૂસુફ, ૧૨/૮૭) અને જો નફ્સાની કારણે માર્યો હતો તો માયૂસથી મુરાદ એ જ રહમતથી નિરાશ છે. યાદ રાખશો કે હુઝૂર [redacted]ની ઉમ્મતની કયામતમાં જરૂર પર્દાપોશી થશે. પણ જે બંદો દુનિયામાં પોતે જ જાહેરમાં ગુનાહ કરતો રહ્યો હોય તેની પર્દાપોશી નહીં થાય, કેમ કે તેણે પોતે જ પોતાનો પર્દો ખોલી નાખ્યો.

★ પકડનાર અને કત્લ કરનાર વિશે હુકમો ★

''હઝરત ઈબ્ને ઉમર [redacted]
નબી કરીમ [redacted]

★ હદીષ : (૪૦)-૩૪૮૫ ★

[redacted]

وَسَلَّمَ قَالَ: «إِذَا أَمْسَكَ الرَّجُلُ الرَّجُلَ وَقَتَلَهُ الْآخَرُ يُقْتَلُ الَّذِي قَتَلَ وَيُحبسُ الَّذِي أَمْسَكَ» . رَوَاهُ الدَّارَقُطْنِيّ

પકડે અને બીજો તેને કત્લ કરી દે તો કત્લ કરનારને કત્લ કરવામાં આવશે અને પકડનારને કેદ કરવામાં આવશે[૧]." (દારકુત્ની)

૧. હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે જો પકડનારનો ખયાલ એ હતો કે તે શખ્સ એને મારશે પણ કત્લ નહીં કરે, પણ તેણે કત્લ કરી આપ્યો, ત્યારે તો એ હુકમ છે જે અહીં વર્ણવ્યો છે કે હાકિમ એ પકડનારાને આજીવન કેદ આપશે. અથવા જ્યાં સુધી ચાહે કેદ કરી આપે. પરંતુ જો એ પકડનારાને યકીન હતું કે એ કત્લ કરી આપશે છતાં પકડયો તો પકડનાર પણ કત્લ થશે. જેથી આ હદીષ પાછલી હદીષની વિરુદ્ધ નથી. આપણા ઈમામ સાહબને પકડનાર ત્યાં ગમે તેમ પણ શિક્ષામાં કેદ જ કરવામાં આવશે અને કાઝીની રાયના પ્રમાણે કેદ કરવામાં આવશે. એ રીતે જો કોઈ કોઈકને સિંહ કે સાપની સામે નાખી દે અને તે જાનવર તેને મારી નાખે, તો આપણે ત્યાં એ નાખનારને કેદ કરવામાં આવશે પરંતુ સજા રૂપે કાઝી તેને કત્લ પણ કરાવી શકે છે.

બાબુદ્દિયાત بابالديات
(દિયતો વિશે પ્રકરણ[૧])
(વિભાગ : ૧) الفصل الاول

૧. دِيَةٌ બન્યું છે وَدْيٌ થી. અર્થ : વહેવું. એટલા માટે જંગલને વાદી કહે છે કે ત્યાં વરસાદમાં પાણી વહે છે, وَدْيٌનો વાવ પાડી નાખીને તેના બદલાની ت (તે) છેવટમાં લગાડી આપી. જેમ કે وزن થી زنة અને وعد થી عدة. હવે શરીઅતની ઈસ્તેલાહ (બોલી)માં ક़ત્લ અથવા ઝખ્મ અથવા અંગો કાપવાના બદલામાં જે માલ આપવામાં આવે તેને દિયત કહે છે કેમ કે એ માલ લોહી વહાવવાના બદલામાં છે. અહનાફની નજીક ક़ત્લની દિયત સો ઊંટ છે. તો જો ઊંટ ન મળે તો એક હજાર અશરફીઓ સોનાની અથવા દસ હજાર દિરહમ ચાંદીના. આ ત્રણ ચીજો સિવાય અન્ય કોઈ માલથી દિયત નથી. સાહિબૈનને ત્યાં ગાય, બકરીઓ બલ્કે કપડાંની જોડીથી પણ દિયત આપી શકાય છે. દિયતની વિગત ફિક़હની કિતાબોમાં જુઓ.

★ હદીષ : (૧)-૩૪૮૬ ★	*"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. તે નબી કરીમ علیہ الصلوٰۃ والسلام થી રાવી. ફર્માવે છે, આ અને આ બરાબર છે, એટલે ટચલી આંગળી અને અંગૂઠો[૧]."* *(બુખારી)*
عَنِ ابْنِ عَبَّاسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «هَذِهِ وَهَذِهِ سَوَاءٌ» يَعْنِي الخِنصرُ والإبهامَ. رَوَاهُ البُخَارِيّ	

૧. હાથ તથા પગની દરેક આંગળીમાં પૂરી દિયતનો દસમો હિસ્સો વાજિબ છે, દસ ઊંટ. પણ આંગળીઓના હુકમો એક સમાન છે કે જો ટચલી આંગળીઓ નાની છે અને અંગૂઠો મોટો છે, પણ દિયત બંનેની બરાબર છે, દસ દસ ઊંટ. જો કોઈ શખ્સ આંગળીનું બેડકું કાપે તો એક આંગળીમાં ત્રણ બેડકાં હોય છે જેથી એક બેડકામાં દસ ઊંટનાં ૧/૩ (ત્રીજા ભાગનાં) ઊંટ થશે. હા ! અંગૂઠામાં બે જ બેડકાં છે જેથી તેનું એક બેડકું કાપવા પર દસ ઊંટનું અડધું એટલે પાંચ ઊંટ વાજિબ થશે. *(અશિઅહ, મિર્ક़ાત)*

★ હદીષ : (૨)-૩૪૮૭ ★ (مُتَّفِق عَلَيْهِ)	*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ બની લિહયાનની એક સ્ત્રીના કાચા બાળકના વિશે જે કાચું પડી ગયું હતું[૧] એક ગુલામ અથવા લોંડીનો ફૈસલો કર્યો[૨] પછી તે સ્ત્રી જેના પર ગુલામનો ફૈસલો કરવામાં આવ્યો હતો તેણી મરી ગઈ[૩]. તો રસૂલુલ્લાહ ﷺ એ ફૈસલો ફર્માવ્યો કે તેનો વારસો તેનાં બાળકો તથા પતિનો છે[૪]. અને દિયત[૫] તેના વારસોની છે."* *(મુસ્લિમ, બુખારી)*
وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَضَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي جَنِينِ امْرَأَةٍ مِنْ بَنِي لِحْيَانَ سَقَطَ مَيِّتًا بِغُرَّةٍ: عَبْدٍ أَوْ أَمَةٍ ثُمَّ إِنَّ الْمَرْأَةَ الَّتِي قُضِيَ عَلَيْهَا بِالْغُرَّةِ تُوُفِّيَتْ فَقَضَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِأَنْ مِيرَاثَهَا لبنيها وَزوجهَا الْعقل على عصبتها	

૧. લિહયાન એ હઝીલ ક़બીલાની એક શાખા છે, એ જ લિહયાનની એક સગર્ભા સ્ત્રીના પેટ પર કોઈકે લાત અથવા મુક્કો કે લાકડી મારી જેનાથી તેના પેટનું મરેલુ બાળક પડી ગયું. જો બાળક જીવતુ પડતુ પછી મરતુ તો મારનારા

પર પૂરી દિયત સો ઊંટ વાજિબ થાત કેમ કે બાળક તથા મોટાની દિયત સરખી છે, પણ અહીં મુર્દા બાળક પડયું હતું અને સ્ત્રી મરી ન હતી.

૨. غرةનો અર્થ છે ચમક તથા રોશની. એટલા માટે ચાંદની રાતોને غرة (ગુર્રા) કહેવામાં આવે છે. કૌમના માટે માણસને غريه કહે છે અને માણસની પેશાની અને ચહેરાની સફેદીને غرة (ગુર્રા) કહે છે. અહીં ગુર્રા (غرة) અધિક છે મુરાદ ગુલામ છે, લોહી કાળુ હોય કે સફેદ. *(અશિઅહ)*

જો સ્ત્રી બાળક પાડીને મરતી તો સ્ત્રીની પૂરી દિયત અને બાળકના બદલામાં ગુલામ ક़ાતિલ પર લાઝિમ થાત અને જો સ્ત્રી મરીને બાળક પાડતી તો કેવળ સ્ત્રીની દિયત વાજિબ થાત, બાળકનું કાંઈ નહીં. *(મિર્ક़ાત)*

૩. એટલે મુજરિમા મારનાર સ્ત્રી ગુલામ અદા કરતાં પહેલાં મરી ગઈ.

૪. કેમ કે તે સ્ત્રીના વારસ કેવળ પતિ તથા તેના પુત્રો જ હતા.

૫. એટલે આ ક़ાતિલના સ્ત્રીનો વારસો તેના પતિ તથા બાળકોને મળશે. અને જો એના પર ગુલામ આપવો વાજિબ હતો તે એના બીજા અસ્બા વારસો આપશે. દિયતને ઉક़્લ એટલા માટે કહે છે કે ઉક़્લનો અર્થ છે રોકવું, બાંધવું. કેમ કે ક़ાતિલ દિયતના ઊંટ ક़ત્લ થનારના દરવાજા પર બાંધતો હતો. અથવા દિયત ક़ાતિલને ક़ત્લથી રોકે છે એટલા માટે તેને દિયત કહે છે. આ વાક્યના મિર્ક़ાતે અન્ય પણ અર્થો કર્યા છે પણ અમે અઝ કર્યા એ જાહેર છે. واللّٰه اعلم و رسوله !

★ હદીષ : (3)-૩૪૮૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: اقْتَتَلَتِ امْرَأَتَانِ مِنْ هُذَيْلٍ فَرَمَتْ إِحْدَاهُمَا الْأُخْرَى بِحَجَرٍ فَقَتَلَتْهَا وَمَا فِي بَطْنِهَا فَقَضَى رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّ دِيَةَ جَنِينِهَا غُرَّةٌ: عَبْدٌ أَوْ وَلِيدَةٌ وَقَضَى بِدِيَةِ الْمَرْأَةِ عَلَى عَاقِلَتِهَا وورَّثَها ولدَها وَمن مَعَهم

"તેમનાથી જ રિવાયત છે. ફ઼રમાવે છે કે હઝીલની બે સ્ત્રીઓ લડી તો એકે બીજીને પથ્થર માર્યો[૧] તો તેણીને તથા તેણીના પેટના બાળકને મારી નાખ્યો. તો રસૂલુલ્લાહ ﷺ એ ફ઼ૈસલો ફ઼રમાવ્યો કે પેટના બાળકની દિયત એક ગુલામ અથવા લોંડી છે અને સ્ત્રીની દિયતનો ફ઼ૈસલો તેમના વારસો પર કર્યો[૨] અને દિયતના વારસ તેના બાળકને અને સાથીઓને બનાવ્યા[૩]."

૧. બંનેવ સ્ત્રીઓ આપસમાં સૌતન હતી. ફ઼ઝીલત ક़બીલાની હતી. સૌતન સ્ત્રીઓની દુશ્મની તો મશહૂર છે. પથ્થર મોટો હતો જે ક़ત્લના ઈરાદાથી માર્યો હતો.

૨. કેમ કે બે જુર્મ થયા હતા એટલા માટે એની સજાઓ પણ બે થઈ. બાળકના બદલામાં લોંડી કે ગુલામ ખુદ આ ક़ત્લ કરનારીના માલથી જેવું કે ઉપર ગુજર્યું, અને ખુદ સ્ત્રીની દિયત ક़ત્લ કરનારી સ્ત્રીઓના અસ્બા વારસો પર નિશ્ચિત કરી. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે કે વિના ધારવાળા હથિયારથી ક़ત્લ કરી દેવાની સ્થિતિમાં ક़ત્લ પર ક़ેસાસ નથી હોતો, દિયત વાજિબ કરી. જુઓ અહીં પથ્થર વડે સ્ત્રીને ક़ત્લ કરી પણ ક़ેસાસ વાજિબ ન થયો.

૩. હક્ક़ એ છે કે ورثها ની ઝમીર દિયતની તરફ઼ છે અને ولدها ની ઝમીર ક़ત્લ થયેલ સ્ત્રીની તરફ઼. એટલે ક़ાતિલાના અસ્બા વારસોથી જે દિયત અપાવવામાં આવે તે દિયતના વારસો ક़ત્લ થનારીની ઔલાદ અને તેના બીજા વારસોને ઠરાવવામાં આવ્યા. અમુક લોકોએ આ બંને ઝમીરો ક़ાતિલા સ્ત્રી તરફ઼ રાજેઅ કરી એ ગલતી છે કે એમાં મઝાફ઼ પોશીદા માનવો પડશે. معهم થી મુરાદ આ ક़ત્લ થનારીના પતિ વગેરે વારસો છે. કેમ કે ولد ઈસ્મે જિન્સ છે એટલા માટે એના તરફ઼ પણ ઝમીરે જમઅ પણ પલટી શકે છે. એના પર તો સર્વ ઈમામોની એકમતી છે કે ક़ત્લે

ખતાની દિયત ક़ાતિલના અસ્બા વારસો પર છે. એમાં મતભેદ છે કે ખુદ ક़ાતિલ પણ એ દિયતમાં દાખલ થશે કે નહીં. આપણા ઈમામે આ'ઝમ ફર્માવે છે કે દાખલ થશે, હિસ્સા પ્રમાણે તે પણ આપશે. ઈમામ શાફ઼ઈ ફર્માવે છે કે જો વારસોથી દિયત પૂરી ન થઈ શકે તો ક़ાતિલથી પણ હિસ્સો લો, નહીં તો નહીં. ઈમામ અહમદને ત્યાં ક़ાતિલ પર મુત્લક़ન નથી. જો દિયત વારસો પૂરી ન કરી શકે તો બયતુલ માલથી પૂરી કરવામાં આવે. આ મસ્અલો કયા વારસદાર પર કેટલી થશે અને કેટલા અરસામાં અદા કરવામાં આવશે અને એના સંબંધે ઉલમાએ કિરામના શું મતભેદો છે એ ફિક़્હની કિતાબોમાં અથવા એ જગાએ મિર્ક़ાતમાં જુઓ. અહીં એની ગુંજાઈશ નથી કે એ ઘણી જ લાંબી ચર્ચા છે.

''હઝરત મુગીરા ઈબ્ને શોઅબાથી[૧] રિવાયત છે કે બે સ્ત્રીઓ સૌતન હતી, તો એકે બીજીને પથ્થર અથવા તંબુની લાઠી મારી[૧] તો તેણીએ પેટનું બાળક પડાવી નાખ્યું[૨] નબી કરીમ ﷺએ કાચા બાળકના સંબંધે ગુલામ તથા લોંડીનો ફૈસલો કર્યો. અને તેને સ્ત્રીના વારસો પર નિશ્ચિત કર્યો[૩]. આ તિર્મિઝીની રિવાયત છે[૪] મુસ્લિમની રિવાયત આ પ્રમાણે છે કે ફર્માવ્યું, એક સ્ત્રીએ પોતાની સોતનને તંબુની લાઠી મારી. તેણી સગર્ભા હતી તેને મારી નાખી. ફર્માવ્યું, એમાંથી એક બની લિહયાનની હતી[૫] ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺએ ક़ત્લ થયેલીની દિયત ક़ાતિલા સ્ત્રીના વારસો પર લાઝિમ કરી અને પેટના બાળક માટે ગુલામ[૬].''

★ હદીષ : (૪)-૩૪૮૯ ★

وَعَنِ الْمُغِيرَةِ بْنِ شُعْبَةَ: أَنَّ امْرَأَتَيْنِ كَانَتَا ضَرَّتَيْنِ فَرَمَتْ إِحْدَاهُمَا الْأُخْرَى بِحَجَرٍ أَوْ عَمُودِ فُسْطَاطٍ فَأَلْقَتْ جَنِينَهَا فَقَضَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْجَنِينِ غُرَّةٌ: عَبْداً أَوْ أَمَةٌ وَجَعَلَهُ عَلَى عَصَبَةِ الْمَرْأَةِ هَذِهِ رِوَايَةُ التِّرْمِذِيِّ وَفِي رِوَايَةِ مُسْلِمٍ: قَالَ:ضَرَبَتِ امْرَأَةٌ ضَرَّتَهَا بِعَمُودِ فُسْطَاطٍ وَهِيَ حُبْلَى فَقَتَلَتْهَا قَالَ: وَإِحْدَاهُمَا لِحْيَانِيَّةٌ قَالَ: فَجَعَلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ دِيَةَ الْمَقْتُولِ عَلَى عَصَبَةِ الْقَاتِلَةِ وَغُرَّةً لِمَا فِي بَطْنِهَا

૧. فسطاط નાનો તંબુ જે સફરમાં મોટાભાગે કામ ચલાઉ રોકાણ માટે લગાડવામાં આવે છે તેની લાકડી ખાસ્સી ભારે હોય છે.

૨. એ રીતે કે બાળક પડવાથી પહેલાં મરી ચૂક્યો હતો. અથવા હજી તેમાં જાન પડી ન હતી. એના વિશે વર્ણવવામાં આવી ચૂક્યું છે કે ક़ાતિલા (મારનારી) મક़્તૂલાને (ક़ત્લ થનારીને) એક ગુલામ અથવા લોંડી આપે. જો ઝિંદા પેદા થઈને મરી જાત તો પૂરી દિયત વાજિબ થાત કે હવે તે ક़ત્લના હુકમમાં ગણાત.

૩. એટલે કે બાળકની મા મરી ગઈ તો માની દિયત કાતિલોના વારસો પર નિશ્ચિત કરી આપી.

૪. આ મસાબીહના કર્તા પર વાંધો છે કે તેમણે પ્રથમ વિભાગમાં ગૈર સહીહૈનની રિવાયત લખી, જ્યારે કે તેમનો નિયમ છે કે પ્રથમ વિભાગમાં મુસ્લિમ બુખારીની રિવાયત લાવે.

૫. પહેલાં કહેવામાં આવી ચૂક્યું છે કે લિહયાન, હઝીલ, કબીલાનું એક કુટુંબ છે. એટલે એક સ્ત્રી તો બની લિહયાનની હતી, બીજીની ખબર ન પડી.

૬. આ હદીષ પ્રથમ હદીષની તફ્સીર છે એટલે તેણીના પેટથી કાચુ બાળક પડી ગયું (કસુવાવડ થઈ) અને તેણી પોતે પણ મરી ગઈ. તો બાળકના બદલામાં ક़ાતિલા સ્ત્રી પર ગુલામ વાજિબ કર્યો જે બચ્ચાનો બદલો હતો અને સ્ત્રીની દિયત ક़ાતિલા સ્ત્રીના અસ્બા વારસો પર લાઝિમ કરી.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૫)-૩૪૯૦ ★

عَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ:" أَلَا إِنَّ دِيَةَ الْخَطَأِ شِبْهِ الْعَمْدِ مَا كَانَ بِالسَّوْطِ وَالْعَصَا مِائَةٌ مِنَ الإِبِلِ: مِنْهَا أربعونَ فِي بطونِها أولادُها ". رَوَاهُ النسائيُّ وَابْن مَاجَه والدارمي

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, ખબરદાર ! ઈરાદાપૂર્વક તથા શુબ્હે અમદ કત્લની દિયત[૧] જે કોરડા તથા લાઠીથી હોય[૨] એકસો ઊંટ છે જેમનામાં ૪૦ તે હોય જેમના પેટમાં તેમનાં બચ્ચાં હોય[૩]." (નિસાઈ, દારમી)

૧. અહીં شبه العمد (શુબ્હે અમદ) ક્યાં તો ખતાની સિફતનો **શફ્હ** છે કે الخطا પણ મઅરૂફા છે. અને شبه العمد પણ મઅરૂફા છે. بِالخطا જિન્સ છે, شبه العمد તેનો એક પ્રકાર કે જાતી અથવા شبه العمد શબ્દ الخطاءનો બદલ છે. સારાંશ મતલબ એ જ છે કે અહીં ખતાથી મુરાદ શુબ્હે અમદ છે અને કત્લે ખતા આ જગાએ મુરાદ છે.

★ કત્લના પ્રકારો વિશ મસાઈલ ★

૨. આ ઈબારત (લખાણ)માં مા મૌસૂલા છે અથવા ક્યાં તો મૌસૂફા છે, અને આ ઈબારત ખતા અને શુબ્હે અમદ બંનેની તફસીર છે, اِنَّની ખબર નથી, ખબર તો આગળ આવી રહી છે. યાદ રાખશો કે અહનાફને ત્યાં કત્લના ત્રણ પ્રકારો છે : કત્લે અમદ (ઈરાદાપૂર્વક કત્લ), કત્લે શુબ્હા. ધારદાર હથિયાર મારી દેનાર હથિયાર વડે કત્લના ઈરાદે હુમ્લો કરવામાં આવે અને તેનું ખૂન થઈ જાય તેની સજા કેસાસ છે. શુબ્હાએ અમદ એ છે કે કાતિલ કત્લના ઈરાદાથી એવા હથિયાર વડે હુમ્લો કરે જે કત્લ કરવા માટે બનેલુ નથી અને તેનાથી કત્લ કરી દે. જેમ કે કત્લના ઈરાદાથી જોરથી ખીલો કે લોખંડનો કલમ આંખમાં ખોસી દે જે દિમાગ સુધી પહોંચીને કત્લ થનારનું કામ સમાપ્ત કરી દે. અથવા કત્લના ઈરાદે કૂખ પર જોરથી મુક્કો કે લાકડી મારી દે અને મૌત થઈ જાય. અથવા જાનવરને ગોળી મારી હતી તે કોઈ માણસને વાગી ગઈ. ઈમામ માલિક رضی اللہ عنہ ને ત્યાં કત્લના કેવળ બે પ્રકાર છે : કત્લે અમદ (ઈરાદાપૂર્વક કત્લ) અને કત્લે ખતા (ભૂલથી કત્લ). તે શુબ્હા અમ્દને નથી માનતા. તે આ હદીષથી દલીલ પકડે છે કે અહીં શુબ્હા અમદને ખતાની તફસીર બતાવવામાં આવી, તેને અલગ પ્રકાર ન માનવામાં આવ્યો. ઈમામ સાહબને ત્યાં અહીં લાઠીથી દરેક હલકી લાકડી ભારે લાઠી મુરાદ છે. અને હદીષનો મતલબ એ છે કે કત્લે ગૈર અમદ (બિન ઈરાદે કત્લ) ચાહે શુબ્હા અમદ હોય અથવા કત્લે ખતા (ભૂલથી કત્લ), ભારે લાઠી વડે હોય અથવા પાતળી ચાબુક વડે, એમનામાં કેસાસ નથી દિયત છે. ઈમામ માલિકને ત્યાં અહીં લાઠીથી મુરાદ કેવળ હલકી લાકડી છે જેને ઈરાદાપૂર્વકના કત્લ માટે વાપરવામાં નથી આવતી. ઈમામ અબૂ હનીફાની દલીલ મજબૂત છે. અહીં અસા (લાકડી) મુત્લક છે.

૩. તમામ ઈમામોની એના પર એકમતી છે કે ઈરાદાપૂર્વકની કત્લમાં કત્લ થનારના વારસો દિયત પર રાજી થઈ જાય અને કેસાસ છોડી આપે તો તેની દિયત મુગલ્લઝા (સખ્ત) છે. અને કાતિલના માલથી અદા કરવામાં આવશે પણ કત્લે શુબ્હા અમ્દમાં દિયત મુગલ્લઝા (સખત) છે પણ કાતિલના અસ્બા વારસદારો આહિસ્તાથી અદા કરશે. અને કત્લે ખતામાં દિયત મુખફ્ફફા (હલકી) છે જે કત્લના અસ્બા વારસદારો આહિસ્તાથી આપશે. દિયતનું હલકુ અથવા સખ્તુ હોવું ઊંટોની ઉમરના લેહાઝથી હોય છે. જેમ કે ઈમામ અબૂ હનીફા, ઈમામ અબૂ યૂસુફ, ઈમામ

અહમદને ત્યાં દિયતે ગલીઝા (સખત દિયત) એ છે કે ઊંટોના ચાર પ્રકાર કરવામાં આવે. ૨૫ એક વરસની ઊંટણીઓ, ૨૫ બે વરસની, ૨૫ ત્રણ વરસની, ૨૫ ચાર વરસની. અને દિયતે ખફીફામાં એ ઊંટણીઓ, ૨૦ એક વરસના ઊંટ નર, વીસ ત્રણ વરસના, ૨૦ ચાર વરસની ઊંટણીઓ. આ હદીષ ઈમામ શાફઈની દલીલ છે. ઈમામ સાહબ ફર્માવે છે કે આ હદીષને ટકરાવ છે હઝરત ઈબ્ને મસ્ઊદ અને હઝરત સાઈબ ઈબ્ને યઝીદની હદીષથી, જેથી આ હદીષ શંકાસ્પદ છે, તે યઝીની હદીષો, અમે યઝીની હદીષોને લીધી. એની તફસીલ અહીં મિર્કાત તથા અશિઅતુલ લમ્આતમાં અને ફિકહની કિતાબોમાં જુઓ.

★ હદીષ : (૬)-૩૪૯૧ ★

وَرَوَاهُ أَبُو دَاوُد عَنهُ وَابْن مَاجَه وَعَن ابْن عمر. وَفِي «شَرْحِ السُّنَّةِ» لَفْظُ «الْمَصَابِيحِ» عَنِ ابْنِ عم

''અને તેને અબૂ દાઉદે તેમનાથી જ અને ઈબ્ને ઉમરે રિવાયત કરી અને શરહે સુન્નહમાં મસાબીહના શબ્દો હઝરત ઉમર رضی اللہ عنہ થી મરવી છે.

★ હદીષ : (૭)-૩૪૯૨ ★

وَعَنْ أَبِي بَكْرِ بْنِ مُحَمَّدِ بْنِ عَمْرِو بْنِ حَزْمٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَتَبَ إِلَى أَهْلِ الْيَمَنِ وَكَانَ فِي كِتَابِهِ: «أَنَّ مَنِ اعْتَبَطَ مُؤْمِنًا قَتْلًا فَإِنَّهُ قَوَدُ يَدِهِ إِلَّا أَنْ يَرْضَى أَوْلِيَاءُ الْمَقْتُولِ» وَفِيهِ: «أَنَّ الرَّجُلَ يُقْتَلُ بِالْمَرْأَةِ» وَفِيهِ: «فِي النَّفْسِ الدِّيَةُ مِائَةٌ مِنَ الْإِبِلِ وَعَلَى أَهْلِ الذَّهَبِ أَلْفُ دِينَارٍ وَفِي الْأَنْفِ إِذَا أُوعِبَ جَدْعُهُ الدِّيَةُ مِائَةٌ مِنَ الْإِبِلِ وَفِي الْأَسْنَانِ الدِّيَةُ وَفِي الشفتين الدِّيَة وَفِي البيضين الدِّيَةُ وَفِي الذَّكَرِ الدِّيَةُ وَفِي الصُّلْبِ الدِّيَةُ وَفِي الْعَيْنَيْنِ الدِّيَةُ وَفِي الرِّجْلِ الْوَاحِدَةِ نِصْفُ الدِّيَةِ وَفِي الْمَأْمُومَةِ ثُلُثُ الدِّيَةِ وَفِي الجائفَةِ ثلث الدِّيَة وَفِي المنقلة خمس عشر مِنَ الْإِبِلِ وَفِي كُلِّ أُصْبُعٍ مِنْ أَصَابِعِ الْيَدِ وَالرِّجْلِ عَشْرٌ مِنَ الْإِبِلِ وَفِي السِّنِّ خَمْسٌ مِنَ الْإِبِلِ» . رَوَاهُ النَّسَائِيُّ وَالدَّارِمِيُّ وَفِي رِوَايَةِ مَالِكٍ: «وَفِي الْعَيْنِ خَمْسُونَ وَفِي الْيَدِ خَمْسُونَ وَفِي الرِّجْلِ خَمْسُونَ وَفِي الْمُوضِحَةِ خَمْسٌ»

''હઝરત અબૂબક્ર ઈબ્ને મુહમ્મદ ઈબ્ને અમ્ર . aG[Ch DYL[૧] તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રાવી કે રસૂલુલ્લાહ ﷺએ યમનવાળાઓને ફર્માને આલી લખ્યાં. અને લખાણમાં હતું કે કોઈ મુસલમાનને વિના વાંકે કત્લ કરવું[૨] ક્યાં તો તે પોતાના હાથના કેસાસમાં સપડાશે પણ એ કે કત્લ થનારનાં વારસોને રાજી કરે[૩]. અને એમાં એ હતું કે જાનમાં દિયત છે સો ઊંટ[૫] અને સોનાવાળાઓ પર હજાર દીનાર[૬]. અને નાકમાં જ્યારે સંપૂર્ણ કાપી નાખવામાં આવે પૂરી દિયત સો ઊંટ છે[૭]. અને દાંતોમાં દિયત છે[૮] અને હોઠોમાં દિયત છે અને અંડકોશમાં દિયત અને શિશ્ન (ગુપ્તાંગ)માં દિયત છે[૯] અને પીઠમાં દિયત છે[૧૦] અને આંખોમાં દિયત છે[૧૧] એક પગમાં અડધી દિયત છે[૧૨] અને મગજ સુધી પહોંચનારા ઘામાં ૧/૩ દિયત છે અને પેટમાં પહોંચનાર ઘામાં ૧/૩ દિયત છે[૧૩] અને હાડકું બદલી કાઢનાર ઘામાં ૧૫ ઊંટ છે[૧૪] અને હાથ પગોની આંગળીઓમાંથી દરેક આંગળીમાં દસ ઊંટ છે[૧૫] અને દાંતમાં પાંચ ઊંટ છે[૧૬]. (નિસાઈ, દારમી) અને ઈમામ માલિક رضی اللہ عنہ ની રિવાયતમાં છે કે આંખમાં પચાસ ઊંટ છે અને હાથમાં પચાસ ઊંટ[૧૭] અને હાડકું ખોલી દેનાર ઘામાં પાંચ[૧૮].''

★ વિવિધ અંગોની દિયત વિશે વિગતવાર મસાઈલ ★

૧. આપનું નામ મુહમ્મદ ઈબ્ને અબૂબકર ઈબ્ને અમ્ર ઈબ્ને હઝમ અન્સારી છે. મિશ્કાતના કર્તાએ બાબુલ ફરાઈઝમાં એમનું નામ આમ જ વર્ણવ્યું છે. અહીં ઉલ્ટુ ફર્માવી ગયા. અબૂબક્ર ઈબ્ને મુહમ્મદ અને મુહમ્મદ ઈબ્ને અબૂબક્ર તાબઈ છે. અમ્ર ઈબ્ને હઝમ સહાબી છે. તેમનો લક્બ ઝહાક છે. અન્સારી છે. ગઝવએ ખંદક્માં શરીક થયા. એ સમયે આપની ઉમર ૧૫ વરસની હતી. હિ.સ. ૧૦માં હુઝૂર ﷺએ આપને નજરાનના હાકિમ બનાવ્યા. (મિર્કાત) અશિઅહએ આ બયાનની વિવિધતાનું અન્ય કારણ દર્શાવ્યું.

૨. عبث તથા اعتباطનો અર્થ છે, જાનવરને કોઈ બીમારી વગેરે વિના ઝબહ કરી દેવું અહીં મુરાદ છે, મુસલમાનને વિના વાંકે જાણીજોઈને ઈરાદાપૂર્વક ક્ત્લ કરી દેવો.

૩. قودનો અર્થ છે ઈતાઅત (આજ્ઞાપાલન) તથા ફર્માંબરદારી. એટલા માટે મુતીઅ (આજ્ઞાંકિત) ઊંટને મુન્ક્યાદ કહે છે. અને દરેક આજ્ઞાપાલનને ઈન્ક્યિાદ કહે છે. હવે ક્સાસને قود એટલા માટે કહે છે કે એમાં ક્તિલ પોતાને ક્ત્લ થનારાના વારસોને હવાલે કરી દે છે. મતલબ એ છે કે ક્ત્લે અમ્દ (ઈરાદાપૂર્વક)માં ક્તિલ પર ક્સાસ વાજિબ છે. પરંતું જો ક્ત્લ થનારના વારસો દિયત ક્બૂલ કરી લે તો દિયત છે, અને જો તદ્દન માફ કરી આપે તો ન ક્સાસ છે ન દિયત, તો એ પણ કરી શકે છે.

૪. એના પર પૂરી ઉમ્મતનો ઈજમાઅ છે કે ક્સાસમાં સ્ત્રી કે પુરૂષનો ફરક નથી કાતિલ પુરૂષ હોય કે ક્ત્લ થનાર સ્ત્રી હોય કે એથી ઉલ્ટુ પણ ક્સાસ વાજિબ છે.

૫. કે ઈરાદાપૂર્વક ક્ત્લમાં જો દિયત આપવામાં આવે તો સો ઊંટ અને ક્ત્લે ખતા (ભૂલથી ક્ત્લ) કે શુબ્હા અમ્દ (ઈરાદાપૂર્વકની શંકા)માં તો સો ઊંટ વાજિબ છે કે એમાં કેસાસ નથી. એની તફસીલ હમણા વર્ણન થઈ ચૂકી.

૬. એટલે કે વાજિબ તો સો ઊંટ જ છે પરંતુ જો તે ક્તિલ ઊંટને બદલે દીનાર આપે તો એક હજાર અશરફીઓ આપે. જો ઊંટ આપવા શક્તિમાન હોય તો પણ સોનુ આપી શકે છે. એ જ ઈમામે આ'ઝમનો મઝહબ છે. ઈમામ માલિકને ત્યાં સોનાવાળો દીનાર જ આપશે, ઊંટ આપશે નહીં. ઈમામ શાફઈને ત્યાં ઊંટ જ આપશે, સોનુ નહીં આપે. હા ! જો ક્ત્લ થનારના વારસો સોનુ લેવા રાજી થઈ જાય તો સોનુ આપે. આ હદીષ હનફી મઝહબનું સમર્થન કરી રહી છે.

૭. યાદ રાખશો કે કોઈ અંગના કપાય જવાથી ફાયદો તથા ખૂબસૂરતી જતી રહે છે તો એમાં પૂરી દિયતના બરાબર. એટલે સો ઊંટ. કેમ કે એ એક રીતે જાનને વેડફી કાઢવું છે.

૮. એટલે કે જો કોઈના સર્વ દાંતો તોડી નાખે તો તેની પૂરી દિયત સો ઊંટ આપશે, કે આ સ્થિતિમાં ખૂબસૂરતી તથા ફાયદો બંને ખત્મ કરી દે. એક દાંતમાં દિયતનો વીસમો હિસ્સો એટલે કે પાંચ ઊંટ વાજિબ છે જે દાંત તોડે અથવા દાઢ અથવા કીલ (અણીયાણો દાંત). આ હુકમ ભૂલથી તોડવાનો છે, જાણીબુઝીને તોડવાનો તો ક્સાસ વાજિબ છે. રબ તઆલા ફર્માવે છે : اَلسِّنَّ بِالسِّنِّ જો એક એક કરીને સર્વ દાંતો તોડી નાખે તો એની દિયત સોળ હજાર દિરહમ છે, એટલે જાનની દિયત કરતાં વધુ. આ દાંતોની વિશિષ્ટતા છે કે તેની દિયત જાનની દિયતથી વધી જાય છે. હા ! જો કોઈ બાળકના દાંત તોડી નાખે તો ચૌદ હજાર વાજિબ છે કે તેના ૨૮ દાંત હોય છે. ઈમામ શાફઈને ત્યાં વીસ દાંત હોવામાં પૂરી દિયત છે, વધુ તોડવામાં વધારામાં કાંઈ નથી. *(મિર્કાત)*

૯. એટલે કે જો કોઈના બંનેવ હોઠ અથવા બંનેવ અંડકોશ અથવા લિંગ કાપી નાખ્યું તો પૂરી દિયત વાજિબ છે કે આ સ્થિતિમાં ફાયદો સંપૂર્ણ નષ્ટ કરી આપ્યો.

૧૦. એટલે કે જો કોઈની પીઠ તોડી નાખી અને તેનું પાણી એટલે વિર્ય સૂકાય ગયું તો પૂરી દિયત વાજિબ છે.

૧૧. એટલે કે જો બંને આંખો કાઢી લે અથવા ફોડી નાખે તો પૂરી દિયત વાજિબ છે કે આ સ્થિતિ જોવાનો ફાયદો બિલ્કુલ જતો રહ્યો. જો એક આંખ ફોડી નાખી તો અડધી દિયત છે. ફારૂકી યુગમાં એક શખ્સે કોઈને એક તમાચો માર્યો તો તેની દૃષ્ટિ શક્તિ, શ્રવણ શક્તિ, બુદ્ધિ, વાતચીત સૌ નષ્ટ થઈ ગયું તો હઝરત ઉમર رضی اللہ عنہ એ તેના પર ચાર દિયત લાઝિમ કરી. *(મિર્કાત વ અશિઅહ)*

૧૨. એ જ પ્રમાણે એક હાથ એક આંખ એક કાન નષ્ટ કરી દેવામાં અડધી દિયત વાજિબ છે.

૧૩. એટલે જો પેટમાં એવો ઝખ્મ લગાડયો જે આરપાર થઈ ગયો અથવા દિમાગમાં એવી ચોટ લગાડી કે ઘા દિમાગની ભીતર સુધી પહોંચી ગયો તો ૧/૩ દિયત એટલે ૩૩ ઊંટ વાજિબ છે.

૧૪. એટલે એક ચોટ મારી કે હાડકું તેની જગાએથી હટી ગયું તો એમાં ૧૫ ઊંટ વાજિબ છે. આ હુકમો નઅબુદી (ઈબાદતને લગતા) છે જેમનામાં બુદ્ધિને દખલ નથી.

૧૫. એટલે હાથ કે પગની ટચલી આંગળી તોડે અથવા અંગૂઠો સૌની દિયત સમાન છે, દસ ઊંટ. નાની મોટીનો એતબાર નથી.

૧૬. દાંતની દિયતની વિગત હમણા વર્ણન થઈ ચૂકી છે. દરેક દાંતમાં પાંચ ઊંટ અથવા પાંચસો દિરહમ વાજિબ છે ભલે ગમે તે દાંત હોય. *(અશિઅહ)*

૧૭. એટલે કે જો અંગો શરીરમાં બે છે જો એમાંથી એકને બેકાર કરી દે તો તેના પર પણ અડધી દિયત છે. જો બંનેને બેકાર કરી દે તો પૂરી દિયત છે.

★ જીભ કાપવાની કે દાઢી મૂંડી કાઢવાની પૂરી દિયત સો ઊંટ ★

૧૮. એટલે કે જો એવો ઝખ્મ લગાડયો કે એનાથી ચામડી તથા ગોશ્ત કપાય ગયો, હાડકું ખુલી ગયું તો એમાં પાંચ ઊંટ લાઝિમ છે. **યાદ રાખશો કે જીભ કાપી નાખવા અથવા દાઢી મૂંડી નાખવામાં પૂરી દિયત એટલે સો ઊંટ વાજિબ છે. (અશિઅહ તથા મિર્કાત) પણ અફસોસ ! કે હવે તો મુસલમાન પોતે જ દાઢીઓ મૂંડાવે છે ! તેમની પાસેથી ખુદ તેમની દાઢીઓની દિયત કોણ લે ? દાઢીમાં પુરૂષોની શોભા છે, જેને નષ્ટ કરી દેવા પર પૂરી દિયત વાજિબ છે.**

''હઝરત અમ્ર ઈબ્ને શોએબ رضی اللہ عنہ થી રિવાયત છે તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રાવી. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ હાડકું ખોલી દેનાર ઝખ્મમાં[૧] પાંચ પાંચ ઊંટોનો, અને દાંતોમાં પાંચ પાંચ ઊંટોનો ફૈસલો કર્યો[૨]. (અબૂ દાઉદ, નિસાઈ, દારમી) અને તિર્મિઝી તથા ઈબ્ને માજહએ પ્રથમ સ્થિતિમાં વર્ણન કરી[૩].''

★ હદીષ : (૮)-૩૪૯૩ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ: قَضَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْمَوَاضِحِ خَمْسًا خَمْسًا مِنَ الْإِبِلِ وَفِي الْأَسْنَانِ خَمْسًا خَمْسًا مِنَ الْإِبِلِ. رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَالدَّارِمِيُّ وَرَوَى التِّرْمِذِيُّ وابنُ مَاجَه الْفَصْل الأول

૧. موضحه નું બહુવચન છે. મવઝિહા તે ઝખ્મ છે જે હાડકું ખોલી નાખે. એનું વર્ણન અગાઉ થઈ ચૂક્યું છે.

૨. એટલે કે જો એક એક દાંત અલગ અલગ તોડે તો દાંત દીઠ પાંચ ઊંટ વાજિબ છે. જેથી આ હદીષ પાછલી હદીષની વિરુદ્ધ નથી, જ્યાં ફર્માવવામાં આવ્યું હતું કે દાંતોમાં પૂરી દિયત એટલે સો ઊંટ વાજિબ છે, કે ત્યાં એકદમ બધા દાંતો તોડવું મુરાદ હતું.

૩. એટલે કે ઈબ્ને માજહ તથા તિર્મિઝીએ મવાઝિહ (હાડકું ખોલી નાખનાર) ઝખ્મોની રિવાયત કરી, તેમણે

દાંતોનો ઉલ્લેખ નથી કર્યો. હમણા અર્ઝ કરવામાં આવ્યું કે આ સર્વ વિગત ખતાઅન (ભૂલથી) તોડી નાખવામાં છે. યાદ રાખશો કે શજાજ તથા જરાહતમાં ક़ેસાસ નથી. શજાજ માથાનો તે ઝખ્મ છે જે આરપાર ન હોય. જમાહત બાકી શરીરનો સામાન્ય ઝખ્મ જેનાથી હાડકુ ન ખુલે ન તબદીલ થાય. (ખસી જાય). (મિર્ક़ાત) જેમ કે અબ્દુર્રઝ્ઝાક़ે પોતાની મુસન્નફમાં હઝરત હસન તથા ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝથી રિવાયત કરી કે નબી કરીમ عليه الصلوة والسلام એ મવાઝિહથી (હાડકુ ખુલવાથી) ઓછા ઝખ્મમાં કોઈ ફૅંસલો ન કર્યો, તેમજ આવા ઝખ્મના ક़ેસાસમાં બરાબરી અશક્ય છે. *(મિર્ક़ાત)*

★ હાથ પગોની આંગળીઓની દિયત સરખી ★

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ હાથો પગોની આંગળીઓને સમાન ઠરાવી." (અબૂ દાઉદ, તિર્મિઝી)

★ હદીષ : (૯)-૩૪૯૪ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: جَعَلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَصَابِعَ الْيَدَيْنِ وَالرِّجْلَيْنِ سَوَاء. رَوَاهُ أَبُو دَاوُد وَالتِّرْمِذِيّ

૧. એટલે હાથ પગોની દરેક આંગળીની દિયત તથા ખૂનબહા સમાન છે, દસ ઊંટ, ભલે એ આંગળીઓ જોર, નામ બલ્કે ખાસ કામમાં કાંઈક વિવિધતાવાળી છે પણ દિયત સૌની બરાબર છે.

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જેમ કે આંગળીઓ બરાબર (સરખી) છે[૧] અને દાંત સરખા છે, જેમ કે અણીદાર દાંત તથા દાઢ બરાબર છે[૨]. અને આ બરાબર છે[૩]." (અબૂ દાઉદ)

★ હદીષ : (૧૦)-૩૪૯૫ ★

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «الأصابعُ سواءٌ والأسنانُ سواءٌ الثَّنِيَّةُ وَالضِّرْسُ سَوَاءٌ هَذِهِ وَهَذِهِ سَوَاءٌ» . رَوَاهُ أَبُو دَاوُد

૧. કે જેવી રીતે ટચલી આંગળી કાપી નાખવાની દિયત દસ ઊંટ છે એવી જ રીતે અંગૂઠો કાપી નાખવાની દિયત દસ ઊંટ છે.

૨. અરબીમાં દાંતોના ચાર પ્રકાર છે : સામેના ચાર દાંત, બે ઉપરનાં બે નીચેના ષનાયા કહેવાય છે. તેનું એકવચન ષનિયા છે કે એ આપસમાં મળેલા હોય છે. તેની સાથેના દાંત રબાઈયહ છે. એની સાથેના દાંત અન્યાબ, નાબનું બહુવચન છે, અર્થ કીલ. એના બાદ અઝ્રાસ, ઝર્સનું બહુવચન અર્થ દાઢ. ઉર્દૂમાં આગલા ચાર દાંતોને ચોકડી, તેનાથી મળેલાને ચકલી (અણીદાર) તેના સાથેનાને દાઢ કહેવામાં આવે છે. મતલબ એ છે કે દાંત નાનો હોય કે મોટો. દાંત દીઠ દિયત પાંચ ઊંટ છે.

૩. અહીં ઈશારો આંગળીઓ તરફ છે, એટલે આ ટચલી આંગળી અને અંગૂઠો દિયતમાં સરખાં છે. આગંળીઓનાં પણ પાંચ નામ છે : કલ્માની આંગળી મુસ્બહા કે સબાબા કહેવાય છે, વચ્ચેની આંગળી વસ્તા, એની સાથે જોડાયેલી બનસ્ર, એનાથી મળેલી આંગળી ટચલી આંગળી ખન્સર, અને અંગૂઠો બહામ.

"હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે. તે પોતાના પિતાથી, તે દાદાથી રાવી. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફતહે મક્કાના દિવસે ખુત્બો આપ્યો તો ફર્માવ્યું, હે લોકો ! ઈસ્લામમાં હલીફ બનાવવું કાંઈ નથી[૧] અને જે હલફ (ક़રાર)

★ હદીષ : (૧૧)-૩૪૯૬ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ: خَطَبَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَامَ الفتحِ ثُمَّ قَالَ: «أَيُّهَا النَّاسُ إِنَّهُ لَا حِلْفَ فِي الْإِسْلَامِ وَمَا كَانَ

مِنْ حِلْفٍ فِي الْجَاهِلِيَّةِ فَإِنَّ الْإِسْلَامَ لَا يَزِيدُهُ إِلَّا شِدَّةً الْمُؤْمِنُونَ يَدٌ عَلَى مَنْ سِوَاهُمْ يُجِيرُ عَلَيْهِمْ أَدْنَاهُمْ وَيَرُدُّ عليهم أقْصاهم يَرُدُّ سراياهم على قعيدتِهم لَا يُقْتَلُ مُؤْمِنٌ بِكَافِرٍ دِيَةُ الْكَافِرِ نِصْفُ دِيَةِ الْمُسْلِمِ لَا جَلَبَ وَلَا جَنَبَ وَلَا تُؤْخَذُ صَدَقَاتُهُمْ إِلَّا فِي دُورِهِمْ» . وَفِي رِوَايَةٍ قَالَ: «دِيَةُ الْمُعَاهِدِ نِصْفُ دِيَةِ الْحُرِّ» . رَوَاهُ أَبُو دَاوُد

જાહિલિયતના જમાનામાં થઈ ચૂક્યો કે તેમનો અદના માણસ અમાન આપી શકે છે[૫] તેમનાં લશ્કર તેમનાં બેઠેલાંઓને રદ કરશે[૬]. ન ક़त्ल કરવામાં આવે મો'મિન કાફિરના બદલામાં[૭] અને કાફિરની દિયત મુસલમાનની દિયતથી અડધી છે[૮]. ન મંગાવવું છે અને ન દૂર લઈ જવું. તેમના સદક़ાઓ ન વસૂલ કરવામાં આવે પણ તેમનાં ઘરોમાં[૯] અને એક રિવાયતમાં છે, ફર્માવ્યું કે ઝિમ્મીની દિયત આઝાદીની દિયતથી અડધી છે[૧૦]. '' (અબૂ દાઊદ)

૧. حلف (હિલફ) ح ના ઝેરથી છે અર્થ ક़રાર, એનાથી છે જાહિલિયતના જમાનામાં અમુક લોકો અથવા અમુક ક़ૌમો અન્ય લોકો અથવા અન્ય ક़ોમોથી ક़રાર કરી લેતા હતા કે આજે તારુ ખૂન મારુ ખૂન છે, તારી જાન મારી જાન છે, તારો માલ મારો માલ છે કે આપણામાંથી જેના પર હુમ્લો થાય તેને બીજો મદદ કરે અથવા આપણામાંથી જે પણ કોઈની સાથે લડે તો બીજો મદદ કરે, જેની સાથે સુલહ કરે બીજો તે સુલહમાં શરીક થાય. દરેક બીજાનો મૃત્યુ બાદ વારસ થશે. મારી દિયત તું આપીશ અને તારી હું આપીશ. મારો બદલો તું લઈશ, તારો હું લઈશ. એવા લોકો અને એવી ક़ૌમોને હલીફ કહે છે. ઈસ્લામના શરૂમાં આ પ્રકારના ક़રારો ચાલુ રહ્યા કે એના થકી લોકોના જાનમાલ મહેફૂઝ હતા. એના વિના કોઈ શખ્સ તથા ક़ૌમ મહેફૂઝ રહી શકતા ન હતા. ફતહે મક્કાના દિવસે એને મન્સૂખ કરી દેવામાં આવ્યું કે દેશની હાલતો બદલાઈ ચૂકી અને લોકોના જાન માલ મહેફૂઝ થઈ ચૂક્યા હતા.

૨. એટલે કે નવા ક़રારો તથા હલીફ ન કરો. પાછલા ક़રારો પૂરા કરી દો કે વાયદો પૂરો કરવો જરૂરી છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે અસલ હલફ હજી પણ બાકી છે પણ હલીફની બે ચીજો મન્સૂખ થઈ ગઈ : એક વારસો કે તે સગાંઓને મળશે ન કે હલીફને. અને એક તનાસુર (એકબીજાની મદદ) કે પોતાના હલીફની જુલ્મ પર મદદ કરવી કે ભલે તે જાલિમ હોય એને મદદ આપવી, એ મના છે. (મિર્ક़ાત) સારાંશ કે મઝલૂમની મદદ માટેનો ક़રાર સારો છે. ક़त्लેગારત, ડાકૂગીરી, જુલમ પર કરાર સખત જુર્મ છે. આ છેલ્લા વાકયનો એ જ મતલબ છે કે જાહિલિયતના ક़રારનો આટલો હિસ્સો બાકી છે કે મઝલૂમની મદદ કરવામાં આવે, અને બીજો હિસ્સો મના છે.

૩. એટલે કે ઈસ્લામ ખુદ એક હલફ (પ્રતિજ્ઞા) તથા ક़રાર છે કે દરેક મુસલમાન બીજા મઝલૂમ મુસલમાનની મદદ કરે. ઈસ્લામે પૂર્વી પશ્ચિમી ઉત્તરી દક્ષિણી મુસલમાનોને ભાઈ ભાઈ બનાવીને એમનામાં આંતર રાષ્ટ્રીય ભાઈચારો પેદા કર્યો. એનાથી બેહતર કયુ હલફ છે અને કયો ક़રાર છે ! રબ તઆલા ફર્માવે છે : اِنَّمَا الْمُؤْمِنُوْنَ اِخْوَةٌ (મુસલમાન મુસલમાન ભાઈ છે. સૂરએ હુજુરાત, ૪૯/૧૦)

★ કાફિરને અમાન આપવા વિશે મસ્અલો ★

૪. એટલે કે મામૂલી મુસલમાન કોઈ કાફિરને અમાન આપી દે તો તમામ મુસલમાનો માટે એની અમાનનો એહતેરામ જાળવવો લાઝિમ છે કે પછી ન તેને ક़त्ल કરે ન લૂટે વગેરે. યાદ રાખશો કે જંગની હાલતમાં જો સેનાપતિ એલાન કરી આપે કે મારી ઈજાઝત વિના કોઈ કાફિરને અમાન આપવામાં ન આવે તો પછી કોઈ સિપાહી વગેરેને અમાન આપવાનો હક્ક़ નથી, નહીં તો પછી કુફ્ફાર નવાઝ મુસલમાન સર્વ કાફિરોને અમાન આપીને મુસલમાનોને તબાહ કરાવી દેશે.

★ ગનીમતમાં કોનો કોનો હિસ્સો રહેશે ★

૫. જંગ દરમિયાન જો ઈસ્લામી લશ્કર ગનીમત હાંસલ કરે તો એ ગનીમતમાં એ લશ્કરનો પણ હિસ્સો રહેશે જે અહીંથી દૂર છે કે તે તેમના સપોર્ટમાં હતું. એનો એ મતલબ નથી કે કાફિરોથી છીનવેલો માલે ગનીમત મામૂલી મુસલમાન પરત કરી શકે છે, કેમ કે ગનીમત તો સર્વ ગાઝીઓની મિલ્કત બની ચૂક્યો છે.

૬. એટલે જંગ કરનાર લશ્કર જે ગનીમત હાંસલ કરશે તેમાં એ લશ્કરને પણ હિસ્સો આપશે જે એ કાફિરોના મુલ્કમાં બેઠેલુ છે, ભલે જંગ કરી રહ્યું ન હોય, કેમ કે એ લશ્કર એ મુજાહિદોના સપોર્ટ માટે તથા શરણ માટે જરૂરતના સમયે તેમની મદદ કરત. ક઼અદાનો અર્થ છે મોરચાઓમાં બેઠેલા સિપાહી.

૭. અહનાફની નજીક અહીં કાફિરથી મુરાદ હર્બી કાફિર છે, એટલે કે હર્બી કાફિરને જો મુસલમાન ક઼ત્લ કરી આવે અથવા ક઼ત્લ કરી નાખે તો એના પર ક઼ેસાસ નથી. ઈમામ શાફઈને ત્યાં ઝિમ્મી તથા મુસ્તામિન કાફિરને ક઼ત્લ કરી દેવા પર પણ મુસલમાનથી ક઼ેસાસ લેવામાં નહીં આવે. તેમને ત્યાં કાફિરથી મુરાદ મુત્લક઼ન કાફિર છે, પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નું ફર્માન મજબૂત છે. હુઝૂરે અકરમ ﷺ ઝિમ્મી કાફિરના વિશે ફર્માવે છે : دماءھم کدماءنا ''એમનાં ખૂન આપણા ખૂનની જેમ છે.''

★ ઝિમ્મી કાફિરની દિયત વિશે મસ્અલો ★

૮. ઈમામ માલિક તથા અહમદને ત્યાં ઝિમ્મી કાફિરની દિયત મુસલમાનની દિયતથી અડધી છે, એટલે પચાસ ઊંટ. ઈમામ શાફઈને ત્યાં ૧/૩ છે એટલે ૩૩ ઊંટ. પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં પૂરી દિયત છે સો ઊંટ. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ તે જ હદીષ دماءھم کدماءنا છે. હઝરત અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ ઝિમ્મીની દિયત હજાર દીનાર અપાવી, એટલે પૂરી દિયત. હઝરત અલી رضی اللہ عنہ એ ફર્માવ્યું કે ઝિમ્મી કાફિરોએ જિઝિયો એટલા માટે આપ્યો કે તેમનું ખૂન આપણા ખૂનની સમાન થઈ જાય. દારકુત્નીએ ઈબ્ને શિહાબથી રિવાયત કરી કે હઝરત સિદ્દીક઼ તથા ફારૂક઼ યહૂદી ઈસાઈઓની દિયત મુસ્લિમ ક઼ત્લ થનારના બરાબર અપાવતા હતા. અબૂ દાઉદે પોતાની મરાસીલમાં રબીઆ ઈબ્ને અબ્દુર્રહમાનથી રિવાયત કરી કે હઝરત અબૂબક્ર તથા ઉમર તથા ઉષ્માન رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ ઝિમ્મી કાફિરોની દિયત મુસલમાનના બરાબર રાખી. હઝરત મુઆવિયહ رضی اللہ عنہ એ પોતાની પ્રારંભિક અમારતમાં એ જ પ્રમાણે કર્યું પછી બાદમાં આપે અડધી દિયત ક઼ત્લ થનારના વારસોને અપાવી અને અડધી દિયત બયતુલ માલમાં દાખલ કરી. (મિર્ક઼ાત વ અશિઅહ) ઈબ્ને અબી શયબાએ અલ્ક઼મા, મુજાહિદ, અતા, શઅબી, નખઈ, ઝહરી વગેરેથી એ જ રિવાયત છે કે ઝિમ્મી કાફિરોની દિયત મુસ્લિમોના બરાબર છે. આ હદીષ મન્સૂખ છે. *(મિર્ક઼ાત)*

૯. એની શરહ કિતાબુઝ્ ઝકાતમાં વર્ણન થઈ ચૂકી કે આમિલ ન તો એવું કરે કે એક જગાએ બેસી જાય અને માલવાળાઓનાં જાનવર વગેરે ત્યાં જ મંગાવીને તેમની ઝકાત વસૂલ કરે, ન માલવાળા આમિલની ખબર સાંભળીને પોતાના માલ દૂર મોકલી આપે જેથી આમિલને ઝકાત વસૂલ કરવામાં મુશ્કેલી પડે, બલ્કે માલ તથા જાનવર પોતાની જગાએ રહે અને આમિલ ત્યાં પહોંચીને જ ઝકાત વસૂલ કરે.

૧૦. એટલે કે ઝિમ્મી મુસલમાનની દિયત આઝાદ ઝિમ્મી, અથવા આઝાદ મુસલમાનની દિયતથી અડધી છે. જેથી આ ફર્માન ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની વિરુદ્ધ નથી કે ગુલામની દિયત આઝાદથી અડધી હોય છે. અને જો ક઼રારથી મુરાદ ઝિમ્મી આઝાદ છે તો તેનો જવાબ એ જ છે જે હમણા વર્ણન થઈ ચૂક્યા.

★ હદીષ : (૧૨)-૩૪૯૭ ★

وَعَنْ خِشْفِ بْنِ مَالِكٍ عَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: قَضَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي دِيَةِ الْخَطَأِ عِشْرِينَ بِنْتَ مَخَاضٍ وَعِشْرِينَ ابْنَ مَخَاضٍ ذُكُورٍ وَعِشْرِينَ بِنْتَ لَبُونٍ وَعِشْرِينَ جَذَعَةً وَعِشْرِينَ حِقَّةً ". رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَالصَّحِيحُ أَنَّهُ مَوْقُوفٌ عَلَى ابْنِ مَسْعُودٍ وَخِشْفٌ مَجْهُولٌ لَا يُعْرَفُ إِلَّا بِهَذَا الْحَدِيثِ وَرُوِيَ فِي شَرْحِ السُّنَّةِ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَدَى قَتِيلَ خَيْبَرَ بِمِائَةٍ مِنْ إِبِلِ الصَّدَقَةِ وَلَيْسَ فِي أَسْنَانِ إِبِلِ الصَّدَقَةِ ابْنُ مَخَاضٍ إِنَّمَا فِيهَا ابْنُ لبون

''હઝરત ખિશ્ફ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી[૧] રિવાયત છે તે હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ખતાની દિયતમાં એ ફૈસલો ફર્માવ્યો કે વીસ એક વરસની ઊંટણીઓ[૨] અને વીસ ત્રણ વરસના નર ઊંટ. અને વીસ બે વરસની ઊંટણીઓ અને વીસ ત્રણ વરસના અને વીસ ચાર વરસની[૩]. (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ) સહીહ એ છે કે આ હદીષ હઝરત ઈબ્ને મસ્ઊદ પર મૌકૂફ છે[૪]. અને ખિશ્ફ મજહૂલ માણસ છે. કેવળ આ હદીષથી ઓળખાયા છે[૫]. અને શરહે સુન્નહમાં આ પ્રમાણે રિવાયત છે કે નબી કરીમ ﷺએ ખયબરના કૃત્લ થનારાઓની દિયત સદકૃાથી સો ઊંટ આપ્યો અને સદકૃાના ઊંટોની ઉમરોમાં કોઈ એક વરસનું નર ઊંટ નથી હોતું, એમાં બે વરસનાં ઊંટ જ હોય છે[૬].''

૧. આપ તાઈ છે. તાબઈ છે. પોતાના પિતા તથા હઝરત ઉમર અને ઈબ્ને મસ્ઊદથી રિવાયતો લે છે. નિસાઈએ આપને ષિકૃહ કહ્યા. (મિર્કૃાત) ખિશ્ફ ''ખે''ના ઝેર અને શીનના જઝમથી છે.

૨. ''બિન્તે મઆદ્'' શબ્દ ક્યારેક નર તથા માદા બંનેવ ઊંટો પર બોલવામાં આવે છે. પણ અહીં માદા એક વરસની ઊંટણી મુરાદ છે. કેમ કે નરનું વર્ણન આગળ આવી રહ્યું છે.

૩. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہની દલીલ છે. કૃત્લે ખતા (ભૂલથી કૃત્લ)ની દિયત સો ઊંટ છે, પણ પાંચ હિસ્સાઓથી જે અહીં વર્ણન થયેલ છે. ઈમામ શાફઈને ત્યાં પણ પાંચ જ હિસ્સા છે, પણ એમને ત્યાં વીસ ઈબ્ને મઆઝને બદલે વીસ ઈબ્ને લબૂન છે. આ હદીષ અમારી દલીલ છે.

૪. الحمدللّٰہ ! કે સંપાદક رحمۃ اللہ علیہએ મૌકૂફ હદીષને સહીહ માની છે. અને આ પ્રકારની મૌકૂફ હદીષ મરફૂઅ હદીષના હુકમમાં છે, કેમ કે સંખ્યા તથા માત્રા પોતાની રાયથી નથી નિશ્ચિત કરી શકાતી, જરૂર હઝરત મસ્ઊદ رضی اللہ عنہએ સંખ્યા હુઝૂર ﷺથી સાંભળીને વર્ણવી છે.

૫. خشف (ખિશ્ફ) કદાપિ મજહૂલ નથી, કેમ કે એ ખિશ્ફ પોતાના પિતા માલિક તાઈ તથા ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત લે છે. અને જ્યારે એમનાથી આ હદીષ રિવાયત થઈ તો ભલે તે મશહૂર તો ન થયા પણ મજહૂલ પણ ન રહ્યા. તેમજ ખિશ્ફની તૌષીકૃ (સમર્થન) નિસાઈ, ઈબ્ને હબ્બાન, ઝૈદ ઈબ્ને જુબેર હસ્મી અને ઈબ્ને મુઈન કરી. (મિર્કૃાત) બુખારીએ પોતાની તારીખમાં ફર્માવ્યું કે ખિશ્ફ ઈબ્ને માલિકે હઝરત ઉમર અને ઈબ્ને મસ્ઊદથી હદીષો સાંભળી છે. તેમજ જ્યારે આ હદીષ મૌકૂફન સહીહ છે તો મરફૂઅન્ આ વાંધો (હર્જ) નુકસાનકર્તા નથી.

૬. મકસદ એ છે કે ખતાની દિયતમાં ઈબ્ને મખાઝ ન જોઈએ, કેમ કે હુઝૂર ﷺએ એક મોકૃા પર જ્યારે કે એક મુસલમાન ખૈબરમાં શહીદ કરવામાં આવ્યા હતા અને કાતિલનો પતો લાગ્યો ન હતો તો કૃત્લ થનારની દિયત સો ઊંટ બયતુલ માલથી અદા કરી હતી મકૃતૂલ (કૃત્લ થનાર)ના વારસોને. અને ફિકૃહી મસ્અલામાં છે કે ઊંટની

ઝકાતમાં ઈબ્ને મખાઝ લેવામાં આવતો જ નથી, તો જો દિયતમાં ઈબ્ને મખાઝ એટલે એક વરસનું નર ઊંટ હોત તો આપ ઝકાતનાં ઊંટથી કેવી રીતે અદા કરતા કે ઊંટની ઝકાતમાં ઈબ્ને મખાઝ હોતો જ નથી. પણ આ દલીલ પર બે ચર્ચાઓ છે, એક એ કે એ દિયત ન હતી કેવળ કરમ તથા મહેરબાની હતી, નહીં તો દિયત ક़ાતિલ પર હોય છે ન કે બયતુલ માલ પર. ત્યાં કાતિલનો પતો લાગ્યો જ ન હતો તો પછી દિયત કેવી ?! બીજુ એ કે ત્યાં ખૈબરમાં ક़ત્લ ખતાથી ન થઈ હતી બલ્કે ઈરાદાપૂર્વક ક़ત્લ હતી અને ખરેખર ઈરાદાપૂર્વક ક़ત્લમાં ઈબ્ને મખાઝ નથી લેવામાં આવતો. આપણી ચર્ચા કત્લે ખતા (ભૂલથી ક़ત્લ)ની દિયતમાં છે જેથી આ હદીષ ઈમામે આ'ઝમની વિરુદ્ધ નથી. યાદ રાખશો કે આ મોક़ા પર હુઝૂર ﷺએ સો ઊંટ ફક़ીરોને (ગરીબોને) માલિક બનાવ્યા (ફુકરાની તમ્લીક़) બાદ દિયતમાં આપ્યાં હતાં, નહીં તો સદક़ા તથા ઝકાતના ઊંટ ફક़ીરોનો હક્ક़ છે, એ દિયતમાં નથી આપવામાં આવતાં. *(મિર્ક़ાત મઅ ઝિયાદા)*

★ હદીષ : (૧૩)-૩૪૯૮ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ: كَانَتْ قِيمَةُ الدِّيَةِ عَلَى عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ ثَمَانِمِائَةِ دِينَارٍ أَوْ ثَمَانِيَةَ آلَافِ دِرْهَمٍ وَدِيَةُ أَهْلِ الْكِتَابِ يَوْمَئِذٍ النِّصْفُ مِنْ دِيَةِ الْمُسْلِمِينَ قَالَ: فَكَانَ كَذَلِكَ حَتَّى اسْتُخْلِفَ عُمَرُ رَضِيَ اللَّهُ عَنهُ عَلَى أَهْلِ الذَّهَبِ أَلْفَ دِينَارٍ وَعَلَى أَهْلِ الْوَرِقِ اثْنَيْ عَشَرَ أَلْفًا وَعَلَى أَهْلِ الْبَقَرِ مِائَتَيْ بَقَرَةٍ وَعَلَى أَهْلِ الشَّاءِ أَلْفَيْ شَاةٍ وَعَلَى أَهْلِ الْحُلَلِ مِائَتَيْ حُلَّةٍ قَالَ: وَتَرَكَ دِيَةَ أَهْلِ الذِّمَّةِ لَمْ يَرْفَعْهَا فِيمَا رَفَعَ من الدِّيَة. رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત અમ્ર ઈબ્ને શોએબથી તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રાવી ફ઼ર્માવે છે કે હુઝૂર ﷺના જમાનામાં દિયતની કિંમત આઠસો અશરફ઼ીઓ અથવા આઠ હજાર દિરહમ હતા[૧] અને એ જમાનામાં અહલે કિતાબની દિયત મુસલમાનોની દિયતથી અડધી હતી[૨] ફ઼ર્માવે છે કે એ જ પ્રમાણે રહ્યું ત્યાં સુધી કે હઝરત ઉમર ખલીફ઼ા બન્યા તો ખુત્બાના માટે ઉભા થયા, ફ઼ર્માવ્યું કે ઊંટ મોંઘા થઈ ગયા[૩]. ફ઼ર્માવે છે કે હઝરત ઉમરે સોનાવાળાઓ પર એક હજાર અશરફ઼ીઓ અને ચાંદીવાળાઓ પર બાર હજાર[૪] અને ગામવાળાઓ પર બસો ગાયો, અને બકરીઓવાળા પર બે હજાર બકરીઓ, અને જોડવાળાઓ પર બસો જોડાં નિશ્ચિત કર્યાં. ફ઼ર્માવે છે કે હઝરત ઉમરે ઝિમ્મીઓની દિયત એ જ પ્રમાણે છોડી, જેવી રીતે અન્ય દિયત વધારી હતી, તેમની ન વધારી[૫].'' (અબૂ દાઉદ)

૧. એટલે કે હુઝૂર ﷺના જમાનામાં એક ઊંટની કિંમત આઠ દીનાર હતી, જેથી સો ઊંટ આઠસો દીનારનાં થયાં. દીનાર દસ દિરહમનો થાય છે, દિરહમ લગભગ ચાર આનાનો, જેથી દીનાર અઢી રૂપિયાનો થયો.

૨. એની ચર્ચા હમણા થઈ ચૂકી કે અહીં અહલે કિતાબથી મુરાદ ગુલામ કિતાબી છે અને મુસલમાનથી મુરાદ આઝાદ મુસલમાન છે. એટલે કે ગુલામ કાફિરની દિયત આઝાદ મુસલમાન કરતાં અડધી હતી, કેમ કે ગુલામની દિયત આઝાદની દિયત કરતાં અડધી હોય છે. જેથી આ ખબર આ હદીષની વિરુદ્ધ નથી કે ઝિમ્મીઓ વિશે હુઝૂરે અકરમ ﷺએ ઈર્શાદ ફ઼ર્માવ્યો : فدماء هم كدماءنا ''તેમનાં ખૂન આપણા ખૂનોની જેમ છે.'' એ પણ ખયાલ રાખશો કે ઈમામ અબૂ હનીફ઼ા رضی اللہ عنہની નજીક ક़ત્લે ખતાની દિયત ત્રણ ચીજોથી અદા થઈ શકે છે, ક્યાં તો સો ઊંટ, અથવા એક હજાર દીનાર અથવા બાર હજાર દિરહમ. ઈમામ શાફ઼ઈ رضی اللہ عنہનો પ્રથમ ક़ૌલ તો એ જ હતો પણ તેમનો બીજો ક़ૌલ એ છે કે દિયતમાં અસલ તો ઊંટ છે, બાકી દિરહમ તથા દીનાર ઊંટની કિંમતના બરાબર થશે. આ હદીષ એમની દલીલ છે.

૩. અમુક રિવાયતોમાં કેવળ غلت છે મદ વિના. એ غلاء થી બન્યું છે, અર્થ : કિંમત ચઢી જવી. એટલા માટે મોંઘી ચીજ "ગ़ાલી" અને સસ્તીને "રખીસ़" કહે છે. હુઝૂર ﷺના જમાનાથી હવે ઊંટોની કિંમત વધારે થઈ ગઈ. قال (ક़ાલ)નો ફાઈલ (કર્તા) અમ્ર ઈબ્ને શોએબના દાદા અમ્ર ઈબ્ને આસ છે. જુઓ મિર્ક़ાત આ જ જગાએ.

૪. એટલે કે હઝરત ઉમરે દિયતમાં સો ઊંટની કિંમત આઠસો દીનારને બદલે એક હજાર દીનાર લગાડી અને ચાંદીને બદલે આઠ હજાર દિરહમની દસ હજાર કિંમત લગાડી, કેમ કે હવે સો ઊંટોની એ જ કિંમત હતી. એક ઊંટ દસ દીનારનું અથવા એકસો વીસ દિરહમનું. યાદ રાખશો કે દિયતમાં એક હજાર અશરફીઓ વાજિબ છે અથવા દસ હજાર દિરહમ. કેમ કે એક અશરફી દસ દિરહમની હોય છે. અહીં બાર હજાર તે દિરહમ છે જે દસ માશાનો થાય છે. એ દિરહમ હજાર દીનારમાં બાર હજાર થાય છે, જેથી હદીષમાં ટકરાવ નથી, દિરહમ વિવિધ કિંમતના છે.

૫. યાદ રાખશો કે અમુક ઈમામોએ ફર્માવ્યું કે દિયતમાં સો ઊંટ વાજિબ છે, અને જો દીનાર કે દિરહમોથી દિયત આપે છે તો એ સમયે સો ઊંટની જે કિંમત હોય તે આપવામાં આવે. પણ આપણા ઈમામ સાહબ ફર્માવે છે કે દિયત ઊંટ, સોના ચાંદીથી અદા કરવામાં આવે અથવા સો ઊંટ આપવામાં આવે. અથવા એક હાજર દીનાર અથવા દસ હજાર દિરહમ. ઈમામ માલિક رضی اللہ عنہ ને ત્યાં હુકમ એ છે કે જો ખૂની ગામડાવાસી છે જાનવરોવાળો તો સો ઊંટ અપાવવામાં આવે, જો શહેરી છે અને એ શહેરમાં સોનાનો સિક્કો ચાલે છે તો હજાર દીનાર અપાવવામાં આવે અને જો શહેરમાં ચાંદીના સિક્ક़ાનો આમ રિવાજ છે તો બાર હજાર દિરહમ અપાવવામાં આવે. ઈમામ અહમદ અને સાહિબૈનનો ક़ૌલ છે કે દિયત ઊંટ, સોના, ચાંદી, ગાય, બકરી જોડાં સૌથી અદા કરી શકાય છે. તેમની દલીલ આ હદીષ છે. ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ની દલીલ બયહક़ીની રિવાયત છે જે અહીં મિર્ક़ાતે નકલ કરી. જેથી ઈમામ હનીફા رضی اللہ عنہ ની નજીક જો ક़ાતિલે ક़त्ल થનારના વારસોથી બકરીઓ અથવા જોડાંઓ અથવા ગાયોમાં વધઘટ પર સુલહ કરી લીધી તો દુરુસ્ત છે, સાહિબૈનને ત્યાં દુરુસ્ત નથી.

૬. જેથી ઝિમ્મીઓની દિયત તે જ ચારસો દીનાર અથવા ચાર હજાર દિરહમ, એ જ આ હિસાબથી ઝિમ્મીની દિયત ચાંદીથી મુસલમાનની દિયતથી ત્રીજા ભાગની થઈ. એ જ અમુક ઉલમાનો ક़ૌલ છે કે ઝિમ્મીની દિયત મુસલમાનની દિયત કરતાં ત્રીજા ભાગની છે. આપણે ત્યાં મુસલમાન તથા ઝિમ્મી બંનેની દિયત સરખી છે. આપણી દલીલ તે હદીષ છે : فدماءهم كدماءنا ـ الخ એટલે મુસલમાન અને ઝિમ્મી કાફિરોના ખૂન તથા માલનો એક સરખો હુકમ છે, એટલા માટે જો કોઈ મુસલમાન ઝિમ્મી કાફિરના માલ ચોરી કરે તો તેનો હાથ કાપવામાં આવશે.

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રાવી કે હુઝૂર ﷺ એ દિયત બાર હજાર કહી[૧]."

(તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, દારમી)

★ હદીષ : (૧૪)-૩૪૯૯ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ جَعَلَ الدِّيَةَ اثْنَيْ عَشَرَ أَلْفًا. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَالدَّارِمِيُّ

૧. એટલે ચાંદીથી બાર હજાર દિરહમ નિશ્ચિત કર્યા. પ્રથમ આઠ હજાર દિરહમનો ઉલ્લેખ થયો તે દિરહમ સાત મિષ્ક़ાલવાળા હતા, આ છ મિષ્ક़ાલવાળા છે. દિરહમોની કિંમતો મૂલ્યોમાં ફરક હોય છે. આજે અમે જોતે જોયું કે ઈરાક़ી દીનારની કિંમત અગ્યાર હજાર રિયાલ ચાર ક़ર્શ સઊદી છે. અને ઉર્દુની, ફિલિસ્તીની દીનારની કિંમત બાર રિયાલ બાર ક़ર્શ કિંમત મદીના મુનવ્વરા સરાફાથી આ વરસે અમે ખુદ બંને દીનાર ખરીદયા, કેમ કે અમારે ઉર્દુન, પેલેસ્ટાઈન તથા ઈરાક़નો સફર કરવાનો હતો.

★ હદીષ : (૧૫)-૩૫૦૦ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُقَوِّمُ دِيَةَ الْخَطَإِ عَلَى أَهْلِ الْقُرَى أَرْبَعَمِائَةِ دِينَارٍ أَوْ عِدْلَهَا مِنَ الْوَرِقِ وَيُقَوِّمُهَا عَلَى أَثْمَانِ الْإِبِلِ فَإِذَا غَلَتْ رَفَعَ فِي قيمتِها وإذا هاجَتْ رُخصٌ نَقَصَ مِنْ قِيمَتِهَا وَبَلَغَتْ عَلَى عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَا بَيْنَ أَرْبَعِمِائَةِ دِينَارٍ إِلَى ثَمَانِمِائَةِ دِينَارٍ وَعِدْلُهَا مِنَ الْوَرِقِ ثَمَانِيَةُ آلَافِ دِرْهَمٍ قَالَ: وَقَضَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى أَهْلِ الْبَقَرِ مِائَتَيْ بَقَرَةٍ وَعَلَى أَهْلِ الشَّاءِ أَلْفَيْ شَاةٍ وَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ الْعَقْلَ مِيرَاثٌ بَيْنَ وَرَثَةِ الْقَتِيلِ» وَقَضَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّ عَقْلَ الْمَرْأَةِ بَيْنَ عَصَبَتِهَا وَلَا يَرِثُ القاتلُ شَيْئا. رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

''હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે, તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રાવી. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ગામડાવાળાઓ પર ખતાની દિયતની કિંમત ચારસો અશરફીઓ અથવા તેમના બરાબર ચાંદી લગાડતા હતા[૧]. અને આ કિંમત ઊંટની કિંમત પર હતી. પછી જ્યારે ઊંટ મોંઘા થઈ જતાં તો તેમની કિંમતમાં વધારો કરી આપતા અને જ્યારે સસ્તાં થઈ જતાં[૨] તો તેમની કિંમતમાં ઘટાડો કરી આપતા[૩] અને રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં કિંમત ચાર સો અશરફીઓથી આઠસો અશરફીઓની વચ્ચે જ રહી અને એના બરાબર ચાંદી આઠ હજાર દિરહમ. ફર્માવે છે[૪] કે રસૂલુલ્લાહ ﷺએ ગામવાળાઓ પર બસો ગાયો, અને બકરીઓવાળા પર બે હજાર બકરીઓનો ફૈંસલો કર્યો[૫]. અને ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺએ કે દિયત કત્લ થનારાના વારસોની દરમિયાન વારસો છે[૬] અને રસૂલુલ્લાહ ﷺએ ફૈંસલો કર્યો કે સ્ત્રીની દિયત તેનાં અસ્બા વારસદારોની વચ્ચે છે[૭] અને કાતિલ કોઈ ચીજનો વારસદાર નથી[૮].'' (અબૂ દાઉદ, નિસાઈ)

૧. وعل એ અયનના ઝબર અને ઝેરથી અર્થ બરાબર તથા સમાન કિંમત થાય છે, એટલે ચારસો દીનાર અથવા તેના બરાબર અને સમાન કિંમત દિરહમ થાય છે.

૨. هاجتએ હૈજથી બન્યું ઝહૂર (પ્રદર્શિત થવું). رخص અર્થ અઝ્ઝની (ભાવ ઘટવું) એટલે જ્યારે ઊંટોમાં (મંદી) ભાવ ઘટાડો જાહેર થતો અને તેમની કિંમત ઘટી જતી.

૩. આ હદીષ એ લોકોની દલીલ છે જેઓ કહે છે કે દિયત કેવળ ઊંટથી છે, જો કોઈ અન્ય ચીજ વડે અદા કરવામાં આવે તો ઊંટની જ કિંમતનો લેહાઝ થશે. એ જ ઈમામ શાફઈ رضي الله عنه નો જૂનો કૌલ હતો જેનાથી તેમણે રુજૂઅ કરી લીધું.

૪. અમ્ર ઈબ્ને શોએબના દાદા અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ.

૫. આ વાક્ય હઝરાત સાહિબૈન رحمة الله عليهما ની દલીલ છે કે દિયત કેવળ ઊંટ અથવા સોના ચાંદીથી નહીં બલ્કે ગાયો બકરીઓથી પણ અદા થાય છે. આ મતભેદ અમે હમણા પાછલી હદીષની શરહમાં અર્ઝ કરી ચૂક્યા છીએ ત્યાં અભ્યાસ કરી લેશો.

૬. એટલે કે દિયતનો માલ જે કાતિલની તરફથી વસૂલ થશે તો કત્લ થનારના વારસદારોને વારસારૂપે મળશે, જેવી રીતે તેના બીજા વારસાના માલો હતા.

૭. આ વાક્યના બે અર્થો થઈ શકે છે, એક એ કે કાતિલા સ્ત્રી પર જે દિયત વાજિબ થશે તેને તેણીના અસ્બા વારસદારો અદા કરશે, જેવો કે કાતિલ પુરૂષની દિયતનો હાલ છે. બીજુ એ કે કત્લ થનારી સ્ત્રીની દિયત જે કાતિલ

તરફથી વસુલ થશે તે ક़त्ल થનાર સ્ત્રીના વારસદારોમાં વારસની માત્રામાં વહેંચાશે, જેવો કે મક़તૂલ પુરૂષની દિયતનો હાલ છે. સારાંશ કે દિયતના મસ્અલામાં સ્ત્રી બિલ્કુલ પુરૂષ જેમ છે. યાદ રાખશો કે આ આઝાદ પુરૂષ સ્ત્રીનું વર્ણન છે, ગુલામ તથા લોંડીનો આ હુકમ નથી. કાતિલ ગુલામ તથા લોંડીની દિયત તેમના માલો વેચીને તેની કિંમત વડે અદા કરવામાં આવશે. તેના વારસદાર સગાંઓથી વસૂલ કરવામાં આવશે નહીં. એ જ પ્રમાણે મક़તૂલ (ક़त्ल થનાર) ગુલામ તથા લોંડીની દિયત તેમનો માલિક વસૂલ કરશે ન કે તેનાં વારસદાર સગાં. જેથી હદીષ તદ્દન જાહેર છે, એના પર કોઈ વાંધો નથી.

★ સગાને ક़त्ल કરનાર તેના વારસાથી વંચિત રહેશે ★

૮. આ ઈસ્લામનો કુલ્લી (મૂળભૂત) ક़ાનૂન છે કે જો કોઈ શખ્સ પોતાના સગા સ્નેહીને ક़त्ल કરી દે તો તેના વારસાથી સદંતર મેહરૂમ છે. કેટલીક ચીજો મેહરૂમીનો સબબ છે : દીનની વિવિધતા, ગુલામીપણુ તથા ક़त्ल, કાફિરો માટે દારૈનની વિવિધતા એટલે મુલ્કોમાં વિવિધતા પણ. એની તફસીલના માટે અમારી કિતાબ "ઈલ્મુલ મિરાષ"નો અભ્યાસ કરો.

"તેમનાથી જ રિવાયત છે. તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રાવી કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે શિબ્હે અમ્દ (ઈરાદાપૂર્વક ક़त्ल કર્યાની શંકા)ની દિયત, અમ્દ (ઈરાદાપૂર્વક)ની દિયતની જેમ સખ્ત છે[૧] અને ક़ાતિલને ક़त्ल કરવામાં નહીં આવે[૨]. (અબૂ દાઉદ)

★ હદીષ : (૧૬)-૩૫૦૧ ★

وَعَنْهُ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «عَقْلُ شِبْهِ الْعَمْدِ مُغَلَّظٌ مِثْلُ عَقْلِ الْعَمْدِ وَلَا يُقْتَلُ صاحِبُه» . رَوَاهُ أَبُو دَاوُد

૧. ક़त्ले શિબ્હે અમ્દની વ્યાખ્યા અને તેના હુકમો બીજા વિભાગના શરૂમાં વર્ણન થઈ ચૂકેલ છે કે ઈરાદાપૂર્વક એવી ચીજ વડે ક़त्ल કરવું જે ક़त्ल માટે ન બની હોય, તે શિબ્હ કહેવાય છે. દા.ત. કોઈ ચાબુક એટલે લાકડી, કોરડાથી મારી નાખવો "શિબ્હે અમ્દ" છે અને દિયતનું મુગલ્લઝા અથવા મુહક़ક़ા એટલે સખત તથા હલકી હોવું ઊંટોની ઉમરના લેહાઝથી હોય છે. ક़त्ले અમ્દની દિયત સખત છે અને ક़ાતિલના માલથી તરત અપાવવામાં આવશે. ક़त्ले શિબ્હે અમ્દની દિયત છે તો સખત પણ ક़ાતિલના અસ્બા વારસદારો થકી ત્રણ વરસની મુદ્દતમાં અપાવવામાં આવશે. આ જ હદીષનો મતલબ છે.

૨. એટલે ક़त्ले અમ્દના સિવાય અન્ય ક़त्ले ખતા અને ક़त्ले શિબ્હે અમ્દમાં ક़ાતિલને ક़त्ल કરવામાં નહીં આવે, બલ્કે દિયત જ વાજિબ થશે. વર્તમાન ગવર્નમેન્ટો પણ ક़त्ले ખતામાં ફાંસી નથી આપતી, દંડ અપાવે છે, દિવસ રાત મોટરો વડે માણસો મરતા રહે છે પણ ડ્રાયવરોને ફાંસી નથી થતી.

★ ક़त्લે ખતામાં ફાંસી નથી આપવામાં આવતી ★

"તેમનાથી જ રિવાયત છે. તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રાવી. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ એ આંખના બારામાં જે પોતાની જગાએ યથાવત રહે ત્રીજા ભાગની દિયતનો ફૈસલો કર્યો[૧]."
(અબૂ દાઉદ, નિસાઈ)

★ હદીષ : (૧૭)-૩૫૦૨ ★

وَعَنْهُ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ: قَضَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْعَيْنِ الْقَائِمَةِ السَّادَّةِ لِمَكَانِهَا بِثُلُثِ الدِّيَةِ. رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

★ આંખ પર ઝખ્મ કરનારની દિયત વિશે ★

૧. એટલે કે જો કોઈએ કોઈની આંખ પર એવી ચોટ મારી જેનાથી આંખની દૃષ્ટિ તો જતી રહી પણ તે આંખ તેના સ્થાને આમ જ યથાવત રહી જેવી કે છે. આ સ્થિતિમાં એ મારનારા પર ૧/૩ દિયતનો ફૈસલો ફર્માવ્યો. પહેલાં વર્ણન થઈ ચૂક્યું કે બંનેવ આંખો કાઢી નાખવામાં પૂરી દિયત વાજિબ છે, એટલે સો ઊંટ અને આંખમાં અડધી દિયત છે એટલે પચાસ ઊંટ. પણ અહીં ૧/૩ (ત્રીજા ભાગની દિયત) એટલે ૩૩ ઊંટનું વર્ણન થયું. પ્રથમ તો આ હદીષ મુહદ્દિષોની દૃષ્ટિએ સહીહ નથી, ઈસ્હાક઼ના સિવાય કોઈએ એના પર અમલ નથી કર્યો. જો સહીહ પણ હોય તો અહીં શરઈ હુકમનો ઉલ્લેખ નથી બલ્કે એક ખાસ બનાવનું વર્ણન છે કે એક શખ્સ આ જ પ્રકારનો ઘાયલ હાજર થયો તો કેમ કે તેની આંખ એના સ્થાને યથાવત પણ હતી અને બરાબર પણ હતી, કેવળ દૃષ્ટિ જતી રહી હતી એટલા માટે હુઝૂર ﷺએ એમનામાં આ રીતે સમાધાન કરાવી આપ્યું કે જો આ ઘાયલ વ્યક્તિ ગુલામ હોત તો આ ચોટના કારણે તેના ૧/૩ કિંમત ઘટી જાત, જેથી તું એને ૧/૩ દિયત આપીને આપસમાં સમાધાન કરી લે. જેથી આ ખાસ બનાવ છે, શરીઅતનો ક઼ાયદો નથી. જેથી આ હદીષ પાછલી દિયતની નુસૂસવાળીની વિરુદ્ધ નથી.

''હઝરત મુહમ્મદ ઈબ્ને અમ્રથી[૧] રિવાયત છે. તે અબૂ સલમાથી[૨] તે અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રાવી. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ કાચા બાળકના વિશે[૩] ગુલામ અથવા લૉંડી[૪] અથવા ઘોડા અથવા ખચ્ચર[૫]નો ફૈસલો કર્યો. (અબૂ દાઉદ) ફર્માવ્યું, આ હદીષ હમ્માદ ઈબ્ને સલમા અને ખાલિદ વાસેતીએ મુહમ્મદ ઈબ્ને અમ્રથી[૬] રિવાયત કરી અને ઘોડાનો ઉલ્લેખ નથી કર્યો[૭].''

★ હદીષ : (૧૮)-૩૫૦૩ ★

وَعَنْ مُحَمَّدِ بْنِ عَمْرٍو عَنْ أَبِي سَلَمَةَ عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَضَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي الْجَنِينِ بِغُرَّةٍ: عَبْدٍ أَوْ أَمَةٍ أَوْ فَرَسٍ أَوْ بَغْلٍ. رَوَاهُ أَبُو دَاوُدَ وَقَالَ: رَوَى هَذَا الْحَدِيثَ حَمَّادُ بْنُ سَلَمَةَ وَخَالِدٌ الْوَاسِطِيُّ عَنْ مُحَمَّدِ بْنِ عَمْرٍو وَلَمْ يَذْكُرْ: أَوْ فَرَسٍ أَوْ بغل

૧. મુહમ્મદ ઈબ્ને અમ્ર ઈબ્ને હસન ઈબ્ને અલી ઈબ્ને અબી તાલિબ, આપ તાબઈ છે. હુઝૂર જાબિર رضی اللہ عنہ થી મુલાકાત છે. તેમનાથી હદીષો રિવાયત કરી.

૨. આપ આપની કુન્નિયતમાં મશહૂર છે. અબ્દુર્રહમાન ઈબ્ને ઔફના ભત્રીજા છે. ઝુહરી છે. કુરૈશી છે. મદીના મુનવ્વરાના સાત મશહૂર ફ઼કીહોમાંથી છે. તાબઈનમાંથી છે. હઝરત ઈબ્ને અબ્બાસ, અબૂ હુરૈરહ્, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضوان اللہ تعالیٰ علیہم اجمعین વગેરેથી મુલાકાત છે. આપનાથી ઘણી બધી હદીષો રિવાયત પામેલી છે.

૩. એટલે કે જો કોઈક માણસ કોઈ સગર્ભા સ્ત્રીના પેટ પર એવી ચોટ મારી દે જેનાથી એના પેટનું બાળક પડી જાય.

૪. શબ્દ غرہનો શાબ્દિક અર્થ છે ચમકદાર ચીજ, પછી દરેક આ'લા ચીજને ''ગુર્રા'' કહેવા લાગ્યું. હવે ''ગુર્રા''થી મુરાદ ઈન્સાન થાય છે, કેમ કે એ અશરફુલ મખ્લૂક઼ાત છે. રબ તઆલા ફર્માવે છે : لَقَدْ خَلَقْنَا الْإِنْسَانَ فِيْٓ اَحْسَنِ تَقْوِيْمٍ (બેશક ! અમે માણસને સારી સૂરત પર બનાવ્યો. સૂરએ તીન, ૯૫/૪) અહીં غرہ મુબદલ મિન્હૂ છે અને عبد او امة બદલ છે.

૫. ઈમામ નવવી શારેહે મુસ્લિમે અને મિર્ક઼ાત શરહે મિશ્કાતે આ જગાએ ફર્માવ્યું કે હદીષ امة પર ખત્મ થઈ ગઈ, શબ્દ فرس તથા بغل નો ઉમેરો ઈસા ઈબ્ને યૂનુસ રાવીની તરફથી છે. એ ઉમેરો તદ્દન બાતિલ છે કેમ કે શબ્દ غرہ કેવળ માણસ માટે બોલવામાં આવે છે, ઘોડા, ખચ્ચર વગેરેને ગુર્રા નથી કહેતા.

૬. હમ્માદ ઈબ્ને સલમા બસરાના ઉલમામાં ઉચ્ચ કક્ષાના આલિમ છે. હુમૈદ તવીલના ભાણ્યા છે. હઝરાત શઅબા, ઈમામ માલિક, ઈબ્ને મુબારક અને વકીઅના હદીષના ઉસ્તાદ છે. હિ.સ. ૧૬૭માં વફાત પામ્યા અને ખાલિદ વાસેતી તહાન હદીષના હાફિઝ, ઘણા જ મુત્તકી પરહેઝગાર છે. આપે **ત્રણ વાર પોતાના વજન બરાબર ચાંદી ખૈરાત કરી.** *(અશિઅતુલ લમ્આત)*

૭. આ ઉમેરો (વધારો) શાઝ (નહીંવત) છે અને આ હદીષ ઝઈફ છે. *(મિર્કાત)*

★ મેડિકલના જ્ઞાન વિના ઈલાજ કરનારનો હુકમ ★

''હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે, તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રાવી કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે ઈલાજ કરે અને તેને ઈલ્મે તિબ્બ (મેડિકલ લાઈનનું જ્ઞાન) ન હોય તો તે ઝામિન છે[૧].'' (અબૂ દાઊદ, નિસાઈ)

★ હદીષ : (૧૯)-૩૫૦૪ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «من تطبب وَلَمْ يُعْلَمْ مِنْهُ طِبٌّ فَهُوَ ضَامِنٌ» . رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

૧. એટલે કે જે શખ્સ ડૉકટરીનું જ્ઞાન ન ધરાવતો હોય અને આમ જ કોઈનો ઈલાજ કરે જેનાથી બીમાર મૃત્યુ પામે તો એનો હુકમ ક્તલે ખતાનો છે કે તેના અસ્બા વારસદારો પર ખતાની દિયત વાજિબ થઈ ગઈ, કેસાસ થશે નહીં. કેમ કે તેણે ઈરાદાપૂર્વક ક્તલ નથી કરી, બલ્કે બીમારનો ઈલાજ પણ તેના કહેવા પર કર્યો. વર્તમાન સમયમાં દરેક શખ્સ બીમારને દવા બતાવે છે તો એનાથી બચવું જોઈએ. આ હદીષથી સબક લાઝિમ છે. ઈલાજમાં માનવ જાનની જિમ્મેદારી છે.

''હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન رضی اللہ عنہ થી રિવાયત છે કે ફકીરોના એક ગુલામે[૧] અમીરોના એક ગુલામનો કાન કાપી લીધો. તેના વાલી નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયા[૨] બોલ્યા, અમે લોકો તો ફકીર છીએ. તો એમના પર હુઝૂર ﷺ એ કાંઈ નિશ્ચિત ન કર્યું[૩]. (અબૂ દાઊદ, નિસાઈ)[૪]

★ હદીષ : (૨૦)-૩૫૦૫ ★

وَعَن عِمْران بن حُصَين: أَنَّ غُلَامًا لِأُنَاسٍ فُقَرَاءَ قَطَعَ أُذُنَ غُلَامٍ لِأُنَاسٍ أَغْنِيَاءَ فَأَتَى أَهْلُهُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالُوا: إِنَّا أُنَاسٌ فُقَرَاءُ فَلَمْ يَجْعَلْ عَلَيْهِمْ شَيْئًا. رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ

૧. અહીં ગુલામથી મુરાદ ક્યાં તો નાબાલિગ આઝાદ બાળક છે અથવા તો નાબાલિગ મુદબ્બર ગુલામ છે, જેવું કે આગળ જતાં માલૂમ પડશે. એટલે કે એક એવો આઝાદ બાળક જેના અસ્બા વારસદારો ફકીર (ગરીબ) મિસ્કીન હતા, દિયત આપી શકતા ન હતા. અથવા એવો ગુલામ મુદબ્બર જેના માલિક વારસદારો ફકીરો (ગરીબો) હતા, તેણે એક એવા છોકરા કે ગુલામનો કાન કાપી નાખ્યો જેના અસ્બા વારસદારો અથવા માલિક માલદાર હતા, અને આ કેસ બારગાહે રિસાલતમાં રજૂ થયો.

૨. એટલે કે મઝલૂમે અથવા તેના વારસદારાએ દાવો દાખલ કરી આપ્યો. જાલિમ તથા તેના વારસદારો દાવાના જવાબ માટે હાજર થયા. હુઝૂર ﷺ એ જાલિમ ગુલામના મૌલા અથવા જાલિમ બાળકના અસ્બા વારસદારો પર દિયત લાઝિમ કરી આપી. કેમ કે ભલે ઈરાદાપૂર્વક કાન કાપવામાં આવ્યો હતો પણ બાળકનો ઈરાદો પૂરેપૂરો ન હતો, એટલા માટે ક્તિલ બાળક પર કેસાસ નથી, બલ્કે તેના અસ્બા વારસદારો પર દિયત વાજિબ થાય છે. આ અહ્મદનો હુકમ ખતાનો છે.

૩. આ પરથી જાણવા મળ્યું કે એ જાલિમ નાબાલિગ ગુલામ ન હતો, નહીં તો તેને વેચીને તેની કિંમતથી દિયત અપાવવામાં આવતી. ગુલામની દિયત તેની કિંમતથી અદા કરવામાં આવે છે. બલ્કે ક્યાં તો આઝાદ હતો અથવા ગુલામ હતો તો મુદબ્બર ન હતો જે વેચવાને અપાત્ર હોય છે જેની દિયત માલિક પર હોય છે. એ પણ જાણવા મળ્યું કે જો મુજરિમ (આરોપી)ના અસ્બા વારસદારો ફ઼કીર (ગરીબ) હોય તો દિયત પણ વાજિબ નથી થતી, બલ્કે ત્યાં મઝલૂમથી માફી અપાવવામાં આવે છે.

૪. ઈમામ શમની ફર્માવે છે કે બાળક, પાગલ, બેહોશ, હોશ ખાઈ બેસેલાનો અ़મ્દ (ઈરાદાપૂર્વક ક़ત્લ) પણ ખતા છે, કે એના ક़ત્લે અ़મ્દનો કે़સાસ નથી, બયહકીએ હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ થી રિવાયત કરી : ان عمد المجنون والصبی خطاء *(મિર્ક़ાત)*

(વિભાગ : 3) الفصل الثالث

"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે ફર્માવ્યું કે શિબ્હે અ़મ્દની દિયત ત્રીજા ભાગ (૧/૩)ના હિસાબથી છે, ૩૩ હિક્ક़ા[૧] અને ૩૩ જઝઆ અને ૩૪ ષનિયા[૨] બાઝિલે આમ સુધી[૩]. જે તમામે તમામ સગર્ભા હોય[૪]. અને એક રિવાયતમાં છે કે ખતામાં[૫] ચાર હિસ્સા કરીને પચીસ હિક્ક़ા, પચીસ જઝઅ અને પચીસ બિન્તે લબૂન અને પચીસ બિન્તે મઆઝ[૬]." *(અબૂ દાઉદ)*

★ હદીષ : (૨૧)-૩૫૦૬ ★

عَنْ عَلِيٍّ رَضِيَ اللّٰهُ عَنْهُ أَنَّهُ قَالَ: دِيَةُ شِبْهِ الْعَمْدِ أَثْلَاثًا ثَلَاثٌ وَثَلَاثُونَ حِقَّةً وَثَلَاثٌ وَثَلَاثُونَ جَذَعَةً وَأَرْبَعٌ وَثَلَاثُونَ ثَنِيَّةً إِلَى بَازِلِ عَامِهَا كُلُّهَا خَلِفَاتٌ وَفِي رِوَايَةٍ: قَالَ: فِي الْخَطَأِ أَرْبَاعًا: خَمْسَةَ وَعِشْرُونَ حِقَّةً وَخَمْسٌ وَعِشْرُونَ جَذَعَةً وَخَمْسٌ وَعِشْرُونَ بَنَاتِ لَبُونٍ وَخَمْسٌ وَعِشْرُونَ بَنَاتِ مَخَاضٍ. رَوَاهُ أَبُو دَاوُد

૧. ક़ત્લે શિબ્હે અ़મ્દની સ્થિતિ હમણા અગાઉ વર્ણન થઈ ચૂકી છે કે ઈરાદાપૂર્વકની ક़ત્લ, ક़ત્લને કાબેલ નહીં તેવા ઓજારથી મારી નાખવું શિબ્હે અ़મ્દ છે, જેમ કે ચાબુક વગેરેથી ક़ત્લ. એની દિયત સખ્તતરીન એટલે ઊંટ છે. પણ તેના ત્રણ હિસ્સા જેની વિગત આગળ આવી રહી છે. ઓછી દિયત ચાર હિસ્સાવાળી દિયત નથી કે જે ક़ત્લેખતામાં હોય છે.

૨. ઊંટનુ ત્રણ વરસનું બચ્ચુ "હિક્ક़ા" કહેવાય છે કે હવે સવારીનો હક્ક़દાર તથા પાત્ર થઈ ગયું. અને ચાર વરસનું બચ્ચુ જે પાંચમાં વરસમાં પ્રવેશી જાય "જઝઆ" છે. અને પાંચ વરસનું બચ્ચુ જે છઠ્ઠા વરસમાં પ્રવેશી જાય તે "ષનિયા" છે.

૩. ઊંટનુ આઠ વરસનું બચ્ચુ જે નવમા વરસમાં પ્રવેશી જાય તે "બાઝિલ" કહેવાય છે. એના બાદ એની ઉમરનું કોઈ નામ નથી. بازل બન્યું છે بزل થી, કમાલ તથા શક્તિના અર્થમાં કે એ ઉમરમાં ઊંટની કીલેં (અણીદાર દાતો) નીકળી આવે છે અને તે પોતાની પૂરી શક્તિએ પહોંચી જાય છે એટલા માટે તેને "બાઝિલ" કહે છે. ત્યાર બાદ તેને બાઝિલ આમ બાઝિલ આમૈન વગેરે કહે છે.

૪. كلها ની ઝમીર "તષ્નિયા"ની તરફ છે એટલે એ ૩૪ ષનિયા બધી સગર્ભા ઊંટણીઓ હોય જેમની કિંમત ખૂબ જ અધિક થાય છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે હિક્ક़ા સગર્ભા નથી હોતી.

૫. એટલે કે જો કોઈ શખ્સ કોઈને ખતા (ભૂલ)થી ક़ત્લ કરી દે તો એની દિયત ક़ત્લે શિબ્હે અ़મ્દથી હલકી થશે કે સો ઊંટ તો વાજિબ થશે પણ ત્રણને બદલે ચાર ભાગ થઈને આપે. દિયતનું હલકુ ભારે હોવું ઊંટોની ઉમરના લેહાઝથી હોય છે.

૬. ઊંટનાં ઉમરના લેહાઝથી છ નામ છે : એક વરસની ઊંટણી બિન્તે મખાઝ, બે વરસની બિન્તે લબૂન, ત્રણ

વરસની હિક્કહ, ચાર વરસની જઝઆ, પાંચ વરસની ષનિયા અને આઠ વરસની બાઝિલ આમ, પછી એના બાદ કોઈ નામ નથી, બલ્કે એવું કહે છે કે બાઝિલ આમ, બાઝિલ આમૈન અને બાઝિલ ષલષ અઅવામ વગેરે. એટલે કત્લે ખતામાં કાતિલ વારસો પર સો ઊંટ લાઝિમ થશે જે કત્લ થનારના વારસોને આપવામાં આવશે, પણ તેના ચાર હિસ્સા થશે, પચીસ એક વરસની ઊંટણીઓ, પચીસ બેવરસની, પચીસ ત્રણ વરસની અને પચીસ ચાર વરસની.

"હઝરત મુજાહિદથી રિવાયત છે. ફર્માવે છે[૧] કે હઝરત ઉમરે શિબ્હે અમ્દમાં ત્રણ જઝઆ અને ચાલીસ ખલિફહનો ફૅસલો ફર્માવી આપ્યો જે ઉમરમાં ષનિયા અને બાઝિલની વચ્ચે હોય[૨]." (અબૂ દાઉદ)

★ હદીષ : (૨૨)-૩૫૦૭ ★

وَعَن مُجاهِدٍ قَالَ: قَضَى عُمَرُ رَضِيَ اللَّهُ عَنْهُ فِي شِبْهِ الْعَمْدِ ثَلَاثِينَ حِقَّةً وَثَلَاثِينَ جَذَعَةً وَأَرْبَعِينَ خَلِفَةً مَا بَيْنَ ثَنِيَّةٍ إِلَى بَازِلِ عَامِهَا. رَوَاهُ أَبُو دَاوُد

૧. આપ મુજાહિદ ઈબ્ને જબર છે. કુન્નિયત અબૂ હજ્જાજ છે. અબ્દુલ્લાહ ઈબ્ને સાઈબ મખ્ઝૂમીના આઝાદ કરેલા ગુલામ છે. મક્કા મોઅઝ્ઝમાના મશહૂર આલિમ તથા કારી તથા ફકીહ તથા મુહદ્દિષ છે. પોતાના જમાનામાં તફસીરના ઈમામ માનવામાં આવતા હતા. ઘણી મુહદ્દિષોની જમાઅતો આપની શાગિર્દ છે. અશિઅતુલ લમ્આતમાં ફર્માવ્યું કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ આપના ઘોડાની રિકાબ (પેંગડુ) પકડયા કરતા હતા. હિ.સ. ૧૦૦માં મક્કા મોઅઝ્ઝમામાં વફાત થઈ.

૨. આ હદીષ હઝરત ઈમામ શાફઈની દલીલ છે. એમને ત્યાં કત્લે શિબ્હે અમ્દની દિયત એ જ પ્રમાણે વાજિબ થાય છે. સારાંશ શિબ્હે અમ્દની દિયતમાં સહાબાએ કિરામનો અમલ વિવિધ રહ્યો છે. હમણા પાછલી રિવાયતમાં હઝરત અલી رضی اللہ عنہ નો હુકમ એનાથી વિરુદ્ધ વર્ણન થયો.

"હઝરત સઈદ ઈબ્ને મુસૈયબથી[૧] રિવાયત છે કે Z; } }; FC ﷺ એ એ પેટના બચ્ચામાં જેને પોતાની માના પેટમાં કત્લ કરી દેવામાં આવે[૨] એક ગુલામ અથવા લોંડીની પેશાનીનો ફૅસલો કર્યો[૩] તો જેની વિરુદ્ધ ફૅસલો થયો હતો તે બોલ્યો કે એનો તાવાન (બદલો) કેવી રીતે આપીએ જેણે ન ખાધુ ન વાત કરી અને ન ચીસ પાડી. એના જેવી ચીજો નષ્ટ કરી દેવી જોઈએ[૪]. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે એઓ કાહિનો (જ્યોતિષો)ના ભાઈઓમાંથી છે[૫]." માલિક, નિસાઈ ઈરસાલન[૬]."

★ હદીષ : (૨૩)-૩૫૦૮ ★

وَعَن سَعِيدِ بْنِ الْمُسَيَّبِ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَضَى فِي الْجَنِينِ يُقْتَلُ فِي بَطْنِ أُمِّهِ بِغُرَّةٍ عَبْدٍ أَوْ وَلِيدَةٍ. فَقَالَ الَّذِي قُضِيَ عليهِ: كيفَ أَغْرَمُ مَنْ لَا شَرِبَ وَلَا أَكَلَ وَلَا نَطَقَ وَلَا اسْتَهَلَّ وَمِثْلُ ذَلِكَ يُطَلُّ. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّمَا هَذَا مِنْ إِخْوَانِ الْكُهَّانِ» . رَوَاهُ مالكٌ وَالنَّسَائِيّ مُرْسلا

૧. આપની કુન્નિયત અબૂ મુહમ્મદ છે. કર્શી, મખ્ઝૂમી, મદની છે. ફારૂકી ખિલાફતમાં પેદા થયા. હદીષ, ફિકહ, ઈબાદત, તકવાથી સમૃદ્ધ હતા. ઘણા બધા સહાબાએ કિરામથી મુલાકાત કરી. ચાલીસ હજો કરી. હિ.સ. ૯૩માં મદીના મુનવ્વરામાં વફાત પામ્યા.

૨. એટલે કે સગર્ભા સ્ત્રીને મારવામાં આવી જેનાથી તેણીનું આખુ કાચુ બાળક પડી ગયું અથવા સંપૂર્ણ બાળક હતું જે પેટમાં મરી ગયું પછી પડી ગયું. કેમ કે બહાર આવીને મરે તો પૂરી દિયત સો ઊંટ વાજિબ થાય છે. *(અશિઅહ તથા મિર્કાત)*

૩. એટલે કે કાતિલના વારસદારો પર લાઝિમ ઠરાવ્યું કે જે સ્ત્રીનું બાળક પડી ગયું છે તેને એક ગુલામ અથવા લોંડી આપે જેની કિંમત પાંચસો દિરહમ હતી એટલે પચાસ દીનાર. દરેક દીનાર દસ દિરહમનો. આ તફસીર એટલા માટે કરવામાં આવી કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને બરીદાની રિવાયતમાં છે કે હુઝૂર ﷺએ પાંચ દિરહમ વાજિબ કર્યા, અને ઈબ્ને અબી શયબાએ હઝરત ઝયદ અસ્લમથી રિવાયત કરી કે હઝરત ઉમર رضی اللہ عنہએ આવા મામલામાં પચાસ દીનારનો ફૈંસલો કર્યો. જેથી ત્રણેવ રિવાયતો દુરુસ્ત છે. યાદ રાખશો કે બાળક છોકરો હોય કે છોકરી હુકમ આ જ થશે. જો મા પણ મરી જાય તો માની દિયત સો ઊંટ લાઝિમ થશે.

૪. એનો મક્સદ એ હતો કે દિયત તો જાનની હોય છે અને આ પડી ગયેલુ બાળક તદ્દન નિર્જીવ છે કે પેદા થઈને રડયુ પણ નથી, ખાધુ પીધુ પણ નથી, પછી એ દિયત શા માટે વાજિબ થઈ. જાણે કે તેણે નસનો મુકાબલો અક્કલથી કર્યો. એ ક્યાસ બાતિલ છે કે નસના મુક્બલામાં છે.

૫. એટલે કે એ જ્યોતિષોનો ભાઈ છે કે પોતાની બુદ્ધિ, તેજ ઝબાની, મુકફ્ફા (પ્રાસબદ્ધ) લખાણ થકી નસ્સે શરઈ (કુર્આન હદીષની દલીલ)નો મુકાબલો કરી રહ્યો છે. તો જેવી રીતે જ્યોતિષપણુ બુરી ચીજ છે, એ જ પ્રમાણે તેનું આ કથન બુરુ છે.

૬. કેમ કે હઝરત સઈદ ઈબ્ને મુસૈયબ તાબઈ છે. તે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ આવુ ફર્માવ્યું, સહાબીનો ઉલ્લેખ ન કર્યો, એનું નામ ઈરસાલ છે.

"અને અબૂ દાઊદે એને સઈદ ઈબ્ને મુસૈયબથી, તેમણે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી મુત્તસલન રિવાયત કરી[૧]."	**★ હદીષ : (૨૪)-૩૫૦૯ ★** وَرَوَاهُ أَبُو دَاوُدَ عَنْهُ عَنْ أَبِي هُرَيْرَةَ مُتَّصِلا

૧. જેથી આ રિવાયત મુરસલ નથી બલ્કે મુત્તસિલ છે કે એમાં સહાબીનો ઉલ્લેખ આવી ગયો. યાદ રાખશો કે એના પર સર્વ ઉલમાની એકમતી છે કે જો બાળક જીવતુ પડી જઈને (ગર્ભથી) મરે તો તેની દિયત પૂરી છે, એટલે સો ઊંટ, પણ એમાં મતભેદ છે કે બાળકની જિંદગી સાબિત કઈ ચીજથી થાય છે. આપણા અહનાફને ત્યાં રડવું, દૂધ ચૂસવું, શ્વાસ લેવો, છીંકવું જિંદગીની નિશાની છે. હા ! કેવળ અમુક અંગોનું હરકત કરવું જિંદગીની નિશાની નથી, પણ ઈમામ શાફઈને ત્યાં કેવળ રડવું જિંદગીની નિશાની છે. બંને પક્ષની દલીલો આ જ જગાએ મિર્ક્તમાં વર્ણન થયેલ છે.

باب مالايضمن من الجنايات

બાબો માલાયુદ્મ્મનુ મિનલ જિનાયાત

(પ્રકરણ : એ જુર્મો જેની ઝમાન નથી આપવામાં આવતી[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. جنايات-جناية નું બહુવચન છે, માદ્દો جنىٌ છે. અર્થ : આકસ્મિક ઘટના (હાદષા). એનાથી جنى الشمر એટલે ઝાડથી ફળ લેવું.

★ હદીષ : (૧)-૩૫૧૦ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الْعَجْمَاءُ جَرْحُهَا جُبَارٌ وَالْمَعْدِنُ جُبَارٌ وَالْبِئْرُ جُبَارٌ»

'હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ચોપગાનો ઝખ્મ બાતિલ છે અને કૂવો બાતિલ છે." (મુસ્લિમ, બુખારી)

૧. عجماءٌ اعجم નું સ્ત્રીલિંગ છે, ગુંગાના અર્થમાં કે જે વાતચીત ન કરી શકે. અરબ લોકો અન્ય દેશોને અજમ કહે છે કે તે વાત કરવા પર શક્તિમાન નથી. અહીં ચોપગાં મુરાદ છે. જેમ કે ઘોડો, ગધેડો, ભેંસ, ગાય વગેરે. એટલે કે જો કોઈ શખ્સ કોઈના ચોપગાથી ઝખ્મી થઈ જાય તો એની ઝમાનત ચોપગાવાળા પર વાજિબ નથી, ભલે ચોપગુ લાત મારે અથવા સીંગ કે પગોથી કચડે. તેમજ જો તેને સાધારણ ચલાવવાથી સવાર પડીને ઘાયલ થઈ જાય તો પણ ચલાવનારા પર ઝમાનત નથી. ચાહે દિવસમાં એ બનાવ બન્યો હોય કે રાતમાં. એ જ અહનાફનો ક़ૌલ છે. ઈમામ શાફઈને ત્યાં જો રાતમાં કોઈનું જાનવર ખુલી જાય અને કોઈને નુકસાન પહોંચાડે તો તેના પર ઝમાનત (જુર્માનો) છે. તેમજ જો છૂટ્ટુ જાનવર કોઈનું ખેતર ખરાબ કરી આપે તો પણ આ જ મતભેદ છે. આ હદીષ હનફીઓની દલીલ છે.

૨. એટલે કે જો કોઈની ખાણ (ખાઈ) કે કોઈના કૂવામાં કોઈ શખ્સ કે જાનવર પડીને મરી જાય, તો ખાણ તથા કૂવાવાળા હોય અને રસ્તાની વચ્ચે ન હોય. જો મુબાહ જમીનમાં ખોદયો તો પણ આ જ હુકમ છે.

★ હદીષ : (૨)-૩૫૧૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ يَعْلَى بْنِ أُمَيَّةَ قَالَ: غَزَوْتُ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ جَيْشَ الْعُسْرَةِ وَكَانَ لِي أَجِيرٌ فقاتلَ إنساناً فعض أَحدهمَا الْآخَرِ فَانْتَزَعَ الْمَعْضُوضُ يَدَهُ مِنْ فِي الْعَاضِّ فَأَنْدَرَ ثَنِيَّتَهُ فَسَقَطَتْ فَانْطَلَقَ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَهْدَرَ ثَنِيَّتَهُ وَقَالَ: «أَيَدَعُ يَدَهُ فِي فِيكَ تَقْضِمُهَا كَالْفَحْلِ»

''હઝરત યઅ્લા ઈબ્ને ઉમૈયાથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ની સાથે ગઝવએ તબૂક કર્યો[૨] અને મારો એક મજૂર હતો[૩] તે કોઈ શખ્સ સાથે લડયા તો એમાંથી એકે બીજાનો હાથ કરડી લીધો[૪]. જેના હાથે બચકુ ભર્યું હતું તેણે કરડનારાથી પોતાનો હાથ ખેંચ્યો તે તેની ષનિયા ફેંકી દીધી[૫] તે ગબડી પડી તો એ શખ્સ નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયો[૬]. આપે તેની ષનિયા બાતિલ કરી દીધી અને ફર્માવ્યું કે શું તે પોતાનો હાથ તારા મોંમાં છોડી આપતો કે તું ઊંટની જેમ ચાવતો[૭]." (મુસ્લિમ, બુખારી)

૧. આપ તમીમી હંઝલી છે. ફતહે મક્કાના દિવસે ઈમાન લાવ્યા. ગઝવએ હુનૈન, તાઈફ અને તબૂકમાં શરીક થયા. હઝરત અલી رضی اللہ عنہ ની સાથે જંગે સિફ્ફીનમાં રહ્યા અને એમાં જ શહીદ થયા. હઝરત ઉમર رضی اللہ عنہ એ આપને નજરાનના હાકિમ નિયુક્ત કર્યા હતા.

૨. ગઝવએ તબૂકનું નામ જયસે ઈસ્રા છે એટલે તંગીવાળુ લશ્કર. કેમ કે એ ગઝવામાં ગરમી સખત હતી અને લશ્કર પાસે ખાવા પાણી ખૂબ જ ઓછુ હતું. તબૂક ખૈબરથી ૫૦૦ કિ.મિ. છે. આ ગુનેહગાર (મુફ્તી યારખાં) ખૈબરની ઝિયારતથી મુશર્રફ થયો પણ તબૂક પરથી ફ્લાઈટમાં સવાર પસાર થઈ ગયો. ખૈબર મદીના મુનવ્વરાથી એકસો સાઈઠ કિ.મિ. છે. છ કિ.મિ.ના ચાર માઈલ થાય છે. એ ગઝવાના મોકા પર હઝરત ઉષ્માન رضی اللہ عنہ એ એ લશ્કરને ખૂબ જ સામાન આપ્યો અને "મુજહ્હિઝ જયશે ઉસ્રા" લક્બ પામ્યો, જન્નત ખરીદી, એ જ ગઝવામાં મુસલમાનોએ ઝાડોનાં પાંદડાં ખાધાં અને ઊંટથી પાણી મેળવ્યું. *(અશિઅહ)*

૩. જે મજૂરી પર મારી સાથે એ જેહાદમાં ગયો હતો.

૪. અથવા એ મજૂરે એ શખ્સનો અથવા એ શખ્સે એ મજૂરનો.

૫. એટલે કે કરડનારાએ (બચકુ ભરનારે) એટલા જોરથી એના હાથમાં પોતાનાં દાંત ગરકાવી દીધા કે હતા કે જ્યારે તેણે પોતાનો હાથ ખેંચ્યો તો ષનિયા (દાંત) પડી ગઈ. યાદ રાખશો કે માણસના સામેના દાંતો રૂબાઈયા કહેવાય છે એટલે ચોકડી, અને તેમની જમણે ડાબે જે દાંતો છે તે "ષનિયા" કહેવાય છે. (આગળના ચાર દાંતોમાંનો એક)

૬. અને દાવો કર્યો કે મારા દાંતની દિયત અપાવવામાં આવે, કેમ કે તેણે મારો દાંત તોડી પાડયો.

★ સ્વ બચાવમાં કોઈનાથી કોઈ ક़ત્લ થઈ જાય તો તેનો ક़ેસાસ નથી ★

૭. મક़સદ એ છે કે એણે તારો દાંત તોડયો નથી બલ્કે પોતાની હિફાઝતના માટે અને પોતાના બચાવમાં તારા મોઢેથી પોતાનો હાથ ખેંચ્યો એટલા માટે એ જાલિમ નથી. બલ્કે જાલિમ તું છે કે તેં એને કરડયો જેથી એની કોઈ દિયત નથી. એનાથી જાણવા મળ્યું કે જો કોઈ શખ્સ કોઈ સ્ત્રી સાથે બળાત્કારે ઝિના કરવા ચાહે અને તે સ્ત્રી પોતાના બચાવ માટે તેને ક़ત્લ કે ઝખ્મી કરી દે તો તેના પર કોઈ ક़ેસાસ કે દિયત નથી. એ જ પ્રમાણે જો કોઈ કોઈનો માલ કે જાન જબરદસ્તી લેવા ચાહે અને તે પોતાના રક્ષણ કાજે તેને મારી નાખે તો પણ એ જ હુકમ છે.

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે જે શખ્સ પોતાના માલના કારણે મારી દેવામાં આવે તે શહીદ છે[૧]." (મુસ્લિમ, બુખારી)[૨]

★ હદીષ : (3)-૩૫૧૨ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرٍو قَالَ: سَمِعْتُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ قُتِلَ دُونَ مَالِهِ فَهُوَ شَهِيدٌ»

★ ચોર ડાકૂથી સામનો કરતાં મરી જનાર શહીદ ★

૧. એટલે કે ચોર અથવા ડાકૂ અથવા કોઈ અન્ય જાલિમે તેનો માલ છીનવા ચાહ્યું. તો તેણે દિફઅ (બચાવ)ના તૌર પર તેની સાથે જંગ કરી અને માર્યો ગયો તો એ શખ્સ શહીદ થશે કે જુલ્મની રીતે ક़ત્લ થયો છે.

૨. આ હદીષને ઈબ્ને હબ્બાન, તિર્મિઝી, નિસાઈ, અબૂ દાઉદે પણ હઝરત સઈદ ઈબ્ને ઝયદની રિવાયતથી નક़લ કરી. *(મિર્ક़ાત)*

★ હદીષ : (૪)-૩૫૧૩ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: جَاءَ رَجُلٌ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ أَرَأَيْتَ إِنْ جَاءَ رَجُلٌ يُرِيدُ أَخْذَ مَالِي؟ قَالَ: «فَلَا تُعْطِهِ مَالَكَ» قَالَ: أَرَأَيْتَ إِنْ قَاتَلَنِي؟ قَالَ: «قَاتِلْهُ» قَالَ: أَرَأَيْتَ إِنْ قَتَلَنِي؟ قَالَ: «فَأَنْتَ شَهِيدٌ» . قَالَ: أَرَأَيْتَ إِنْ قَتَلْتُهُ؟ قَالَ: «هُوَ فِي النَّارِ» . رَوَاهُ مُسلم

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, એક શખ્સ હાજર થયો, બોલ્યો : યા રસૂલલ્લાહ ! ફર્માવો, જો કોઈ શખ્સ આવે અને મારો માલ લેવા ચાહે[૧] તો ફર્માવ્યું, તેને પોતાનો માલ ન આપે[૨]. તે બોલ્યો, હુઝૂર ! ફર્માવી દો, જો તે મારી સાથે લડાઈ કરે. ફર્માવ્યું, તું એની સાથે લડાઈ કર[૩]. અર્ઝ કરી : ફર્માવો, જો તે મને ક़ત્લ કરી દે. ફર્માવ્યું, તું શહીદ છે[૪]. અર્ઝ કરી : ફર્માવો, જો હું તેને ક़ત્લ કરી દઉં ? ફર્માવ્યું, તે દોઝખમાં હશે[૫]." (મુસ્લિમ)

૧. એટલે કે નાહક લેવું, પડાવી લેવું અથવા ચોરી કે ડાકૂગીરીથી. અને જે હક્ક़ લેવા ચાહે તો જરૂર આપી દે. (જેથી આ હદીષ પર કોઈ વાંધો નથી.)

૨. એટલે કે આ સ્થિતિમાં તેને પોતાનો માલ ન આપે, કેમ કે પોતાને જુલ્મથી બચાવવું સારું છે. એ જ પ્રમાણે વ્યાજ, લાંચ, માલી જુર્માનામાં પોતાનો માલ ન આપે કે એ સર્વ સ્થિતિઓ મના છે. યાદ રાખશો કે આ "નેહી" હુર્મતની નથી, અને મજબૂરીની હાલતમાં એના અપવાદ છે. એ પણ ખયાલ રાખશો કે **પોતાનાથી જુલ્મ દૂર કરવા માટે લાંચ આપવી જાઈઝ છે. અને કોઈના પર જુલ્મ કરાવવા માટે હરામ છે, પણ લાંચ લેવી દરેક રીતે હરામ છે.** એની વિગત શામીમાં જુઓ.

૩. આ હુકમ પણ ઈજાઝત તથા મુબાહ હોવાનો છે, વાજિબ હોવાનો નથી. જેથી જો કોઈ શખ્સ આ સ્થિતિમાં જંગ ન કરે તો મુજરિમ નથી.

૪. કેમ કે તું મઝલૂમ છે અને જુલ્મથી ક़ત્લ થનાર શહીદ છે.

૫. એટલે કે ન તું ગુનેહગાર ન તારા પર ક़ેસાસ કે દિયત છે. બલ્કે હવે તો ગવર્નમેન્ટો આવા બહાદુરીથી મારી નાખનારાઓને ઈનામોથી નવાઝે છે.

★ કોઈના ઘરમાં તાક઼ ઝાંક કરનાર વિશે હુકમ ★

★ હદીષ : (૫)-૩૫૧૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ أَنَّهُ سَمِعَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «لَوِ اطَّلَعَ فِي بَيْتِكَ أحدٌ و لَمْ تَأذن لَهُ فخذفته بحصاة ففتأت عَيْنَهُ مَا كَانَ عَلَيْكَ مِنْ جُنَاحٍ»

"તેમનાથી જ રિવાયત છે કે તેમણે રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે જો કોઈ તારા ઘરમાં ઝાંકે[૧] અને તેં એને ઈજાઝત ન આપી[૨] પછી તું એને કાંકરો મારીને તેની આંખ ફોડી નાખે તો તારા પર કોઈ ગુનોહ નથી[૩]." (મુસ્લિમ, બુખારી)

૧. ચાહે દરવાજાની બારીઓથી કે દીવાલ પર ચઢીને અથવા ઊંચા મકાનવાળો નીચા મકાનવાળાને તાકે ઝાંકે. આ વાક્ય એ સૌ સ્થિતિઓને સમાવે છે.

૨. એટલે કે જો તેં તેને ઘરમાં આવવાની ઈજાઝત આપી દીધી અને ઈજાઝત પછી તે ઝાંકે છે તો મુજરિમ નથી, કેમ કે આવવાની ઈજાઝત એ જોવાની પણ ઈજાઝત છે. એ જ પ્રમાણે ઊંચા મકાનવાળો નીચેવાળાઓથી ઈજાઝત લઈને ચઢયો છે, જો વિના ઈજાઝતે ચઢે તો નીચેવાળાઓના પડદાનો જરૂર ખયાલ રાખે. નિગાહ નીચે રાખે.

૩. ઈમામ શાફઈ આ હદીષના જાહેર પર અમલ કરે છે અને આ સ્થિતિમાં તેની આંખની ઝમાનત બિલ્કુલ વાજિબ નથી કરતા. અમુક ઈમામો ફર્માવે છે કે જો મના કરવા છતાં તે તાકે છે તો એની આંખની ઝમાનત નથી. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે, જો કે ઝમાનત છે. આ ફર્માને આલી તાક ઝાંકથી સખત મનાઈના લીધે છે. અથવા એમાં ગુનાહની નફી (નકાર) છે, દિયત વગેરેનો નકાર નથી. ઘણીવાર ગુનોહ નથી હોતો પણ ઝમાનત થઈ જાય છે. જેમ કે ક़ત્લે ખતા. કુર્આને કરીમ ફર્માવે છે : اَلْعَيْنَ بِالْعَيْنِ (આંખના બદલે આંખ. સૂરએ માઈદા, ૫/૪૫) જાણવા મળ્યું કે આંખના બદલામાં આંખ ફોડવામાં આવે.

''હઝરત સહલ ઈબ્ને સઅદ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે એક શખ્સ છિદ્રમાંથી રસૂલુલ્લાહ ﷺ ના દરવાજામાં ઝાંકયો અને રસૂલુલ્લાહ ﷺ ની પાસે સળી હતી[૨] જેના વડે આપ આપનુ સર મુબારક ખંજવાળી રહ્યા હતા. તો ફર્માવ્યું, જો હું જાણત કે તું મને જોઈ રહ્યો છે તો હું આ સળી તારી આંખમાં ખોલી દેત[૩]. ઈજાઝત માગવું એ નજરોની હિફાઝત માટે જ તો નિશ્ચિત કરવામાં આવેલ છે[૪].'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૬)-૩૫૧૫ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَن سهل بن سعد: أَنَّ رَجُلًا اطَّلَعَ فِي جُحْرٍ فِي بَابِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَمَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِدْرًى يَحُكُّ بِهِ رَأْسَهُ فَقَالَ: «لَوْ أَعْلَمُ أَنَّكَ تنظُرُنِي لطَعَنْتُ بِهِ فِي عَيْنَيْكَ إِنَّمَا جُعِلَ الِاسْتِئْذَانُ مِنْ أَجْلِ الْبَصَرِ»

૧. આપ અન્સારી સાઅદી છે. આપનું નામ શરીફ હઝૂન હતું. હુઝૂર ﷺએ બદલીને સહલ રાખ્યું. આપ મદીનાના આખરી સહાબી છે. મદીના પાકમાં ઈન્તેકાલ થયો.

૨. સુરમો કાઢવાની અથવા માથાનો સેંથો કાઢવાની જેવું કે ''સરાહ'' (એક મશહૂર અરબી શબ્દ કોશ)માં છે.

૩. એટલે કે જો મને એ ઈલ્મ હોત કે તું ઈરાદાપૂર્વક તાક ઝાંક કરી રહ્યો છે તો આ સળી વડે તારી આંખ ફોડી નાખત. એનાથી જાણવા મળ્યું કે વિના ઈરાદે કોઈના ઘરમાં નજર પડી જાય તો ગુનોહ નથી. જેમ કે પસાર થતાં થતાં આકસ્મિક રીતે કોઈના ખુલ્લા દરવાજામાં નજર પડી જાય. *(મિર્કાત)*

૪. એટલે કે ઈજાઝત વિના કોઈના ઘરમાં ઝાંકવું એ ત્યાં વિના ઈજાઝતે દાખલ થઈ જવા સમાન છે. જેવી રીતે એ મના છે એવી જ રીતે આ મના છે, કેમ કે એમાં ઘરવાળાંઓની બેપર્દગી છે. આ લખાણથી જણાય રહ્યું છે કે આ ફર્માને આલી ધાક ધમકી થપકાના માટે છે, આંખ ફોડી દેવાની ઈજાઝતના માટે નથી. કેમ કે કોઈના ઘરમાં ઈજાઝત વિના ચાલ્યા જવા પર તેને ક़ત્લ કરવું કે આંખ ફોડી નાખવું જાઈઝ નથી કરી આપતું. જેવી રીતે જાન જાનના બદલામાં છે એવી જ રીતે આંખ આંખના બદલામાં. اَنَّ النَّفْسَ بِالنَّفْسِ ۙ وَالْعَيْنَ بِالْعَيْنِ (સૂરએ માઈદા, ૫/૪૫) જેથી હનફી મઝહબ ખૂબ જ ક़વી (મજબૂત) છે.

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુગફ્ફલથી[૧] રિવાયત છે કે તેમણે એક શખ્સને કાંકરી ફેંકતાં જોયો[૨] તો ફર્માવ્યું, કાંકરી ન ફેંક, કેમ કે રસૂલુલ્લાહ ﷺ એ કાંકરી ફેંકવાથી મના કર્યું અને ફર્માવ્યું કે ન તો એનાથી શિકાર થાય છે ન દુશ્મન ઝખ્મી થાય છે[૩] પરંતુ એ કોઈનો દાંત તોડી નાખે છે અને આંખ ફોડી નાખે છે[૪].'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૭)-૩૫૧૬ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ مُغَفَّلٍ أَنَّهُ رَأَى رَجُلًا يَخْذِفُ فَقَالَ: لَا تَخْذِفْ فَإِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنِ الْخَذْفِ وَقَالَ: «إِنَّهُ لَا يُصَادُ بِهِ صَيْدٌ وَلَا يُنْكَأُ بِهِ عَدُوٌّ وَلَكِنَّهَا قَدْ تَكْسِرُ السِّنَّ وَتَفْقَأُ الْعَيْنَ»

૧. આપ મુઝની છે. બયઅતુર્રિદ્વાનમાં શરીક હતા. શરૂમાં મદીના મુનવ્વરામાં રહ્યા. પછી બસરામાં ખ્વાજા હસન બસરી તથા આલિયા વગેરેએ આપના થકી હદીષો લીધી. હિ.સ. ૬૦માં વફાત પામ્યા.

૨. એટલે આમ જ ૨મત રૂપે કાંકરા ફેંકતા જોયા, જેવી કે અમુક છોકરાઓની આદત હોય છે.

૩. એટલે કે એ કામ બેકાર પણ અને નુકસાનકર્તા પણ છે, એનો કોઈ ફાયદો નથી.

૪. જેથી નુકસાનકર્તા છે અને નુકસાનકર્તા ચીજથી બચવું જરૂરી છે.

''હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈ અમારી મસ્જિદ અથવા અમારા બજારમાં પસાર થાય[૧] અને તેની પાસે તીર હોય[૨] તેની અણીને પકડી લે[૩] એવું ન બને કે કોઈ મુસલમાનને એનાથી કાંઈક વાગી બેસે[૪]. '' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૮)-૩૫૧૭ ★

وَعَنْ أَبِي مُوسَى قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا مَرَّ أَحَدُكُمْ فِي مَسْجِدِنَا وَفِي سُوقِنَا وَمَعَهُ نَبْلٌ فَلْيُمْسِكْ عَلَى نِصَالِهَا أَنْ يُصِيبَ أَحَدًا مِنَ الْمُسْلِمِينَ مِنْهَا بِشَيْءٍ»

★ મુસલમાનોની ખૈરખ્વાહીની ઉમદા તા'લીમ ★

૧. એટલે કે મુસલમાનોના બજારો કે મસ્જિદોથી પસાર થાય જ્યાં મુસલમાનોની ભીડ હોય. મુસલમાનનો ઉલ્લેખ ક્યાં તો એહતેરામના લીધે છે અથવા હર્બી કાફિરોના બજારોને કાઢવાના માટે કે હર્બી કાફિરોને ઝખ્મી કરી દેવા જાઈઝ બલ્કે સવાબ છે. યાદ રાખશો કે હર્બી કાફિરોનો હુકમ અલગ છે અને ઝિમ્મી મુસ્તામિન કાફિરોનો હુકમ કાંઈ અલગ છે. અહીં બજાર તથા મસ્જિદનું વર્ણન છે પણ મુરાદ સર્વ ઈજતેમાઓ (ભીડો) છે, જેમ કે મિના, અરફાત, મુઝદલ્ફા, ઉર્સ અને મેળા વગેરે.

૨. نبل અર્થ તીર. આ બહુવચન છે જેનું એક વચન કાંઈ નથી. سهم નો અર્થ પણ તીર છે, બહુવચન سهام.

૩. نصال બહુવચન છે نصل નું. نصل તીરની અણીને કહે છે જેની નીચે પાંખો હોય છે. એ જ શિકાર વગેરેના શરીરમાં પ્રવેશી જાય છે. પકડી લેવાથી મુરાદ છે તેના પર હાથ રાખી લેવા અથવા કોઈ કવર વગેરે ચઢાવી દેવું.

૪. يصيب માં ان પછી لا છુપુ છે. આ હદીષથી જાણવા મળ્યું કે આમ ભલાઈની ચીજોમાં મુસલમાનોને નફો પહોંચાડવા માટે અથવા મુસલમાનોને નુકસાનથી બચાવવાના માટેની નિય્યત કરે, ભલે બીજી ક़ોમો પણ ફાયદો ઉઠાવી લે. જેથી મુસાફિરખાના, હોસ્પિટલ, છાંયડાવાળાં ઝાડ, કૂવાઓ વગેરે એ સૌમાં આ જ નિય્યત હોવી જોઈએ, ભલે એનાથી લાભ સર્વ લોકો ઉઠાવે.

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમારાંથી કોઈ પોતાના ભાઈ પર હથિયારથી ઈશારો ન કરે[૧] શું ખબર કદાચ શૈતાન તેના હાથમાં ખેંચે[૨] તો એ આગના ખાડામાં પડી જાય[૩]. '' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૯)-૩૫૧૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يُشِيرُ أَحَدُكُمْ عَلَى أَخِيهِ بِالسِّلَاحِ فَإِنَّهُ لَا يَدْرِي لَعَلَّ الشَّيْطَانَ يَنْزِعُ فِي يَدِهِ فَيَقَعُ فِي حُفْرَةٍ من النَّار»

૧. ન લડતી વખતે ન હસી મજાકમાં કે બુરી ચીજની મજાક પણ બુરી છે.

૨. એટલે કે બની શકે છે કે તેનો ઈરાદો મારવાનો ન હોય પણ આકસ્મિક રીતે વાગી જાય અને સામેવાળો મરી જાય. એવા બનાવો ઘણા જોવામાં આવ્યા છે કે હસી મજાકમાં પીસ્તોલનો ઈશારો કર્યો અને તે ચાલી ગઈ અને સામેવાળાને ગોળી વાગી જેનાથી તે મૃત્યુ પામ્યો. ખુદાની પનાહ !

૩. એ રીતે કે એ એનો ક़ાતિલ બની જાય અને દોઝખમાં જાય. જાણવા મળ્યું કે આવો ક़ત્લ પણ જહન્નમના અઝાબનો ઝરીયો છે, અને આવા ક़ાતિલો પર તાવાન (દંડ) પણ છે.

★ પોતાના ભાઈ તરફ હથિયારથી ઈશારો કરનાર પર ફરિશ્તા લા'નત કરે છે ★

★ હદીષ : (૧૦)-૩૫૧૯ ★	*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે પોતાના ભાઈની તરફ લોખંડથી ઈશારો કરે[૧] તો ફરિશ્તા તેના પર લઅનત કરે છે[૨] ત્યાં સુધી કે તેને મૂકી આપે, ભલે તેનો સગો ભાઈ હોય[૩]. '' (બુખારી)*
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَشَارَ إِلَى أَخِيهِ بِحَدِيدَةٍ فَإِنَّ الْمَلَائِكَةَ تَلْعَنُهُ حَتَّى يَضَعَهَا وَإِنْ كَانَ أَخَاهُ لأَبِيهِ وَأُمِّه» . رَوَاهُ الْبُخَارِيّ	

૧. ચાહે ડરાવવા ધમકાવવા માટે ચાહે મજાકમાં. લોખંડથી મુરાદ ક़ત્લનું દરેક હથિયાર છે, તલ્વાર, છરી અને આજકાલ બંદૂક પિસ્તોલ વગેરે.

૨. ક્યાં તો સર્વ ફરિશ્તા અથવા હિફાઝત કરતા અથવા કાતિબીન અથવા સાએરીન (સૈર કરનારી) જેઓ ઝિક્રની તલાશમાં જમીન પર ચક્કર મારનાર રહે છે.

૩. એટલે કે જાહેર છે કે કોઈ પોતાના સગા ભાઈને ક़ત્લ નથી કરતો તો એના સામે હથિયાર ઉગામવું યક़ીનન ! ડરાવવા કે મજાક માટે હશે, પણ એ પણ લઅનતનો સબબ છે. અથવા મતલબ એ છે કે સગા ભાઈ પર હથિયાર ઉઠાવવું લઅનતનો સબબ છે, તો પછી અજનબી પર હથિયાર ઉઠાવવાનું શું પૂછવું ?!

★ હદીષ : (૧૧)-૩૫૨૦ ★	*''હઝરત ઈબ્ને ઉમર તથા અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. તેઓ નબી કરીમ ﷺથી રાવી. ફર્માવે છે, જેણે અમારા પર હથિયાર ઉઠાવ્યું[૧] તે અમારામાંથી નથી[૨] (બુખારી) અને મુસ્લિમે એટલું અધિક ઉમેર્યું કે જે અમારાથી મિલાવટ કરે તે અમારામાંથી નથી[૩]. ''*
وَعَنِ ابْنِ عُمَرَ وَأَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُمْ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ حَمَلَ عَلَيْنَا السِّلَاحَ فَلَيْسَ مِنَّا» . رَوَاهُ الْبُخَارِيّ وزادَ مُسلم: «ومنْ غشَّنا فليسَ منَّا»	

૧. અમારાથી મુરાદ રસૂલુલ્લાહ ﷺની ઉમ્મતમાંથી છે. એ હુઝૂરનો કરમે કરીમાના છે કે મુસલમાનોમાં પોતાને સામેલ કરીને علينا બહુવચનમાં ફર્માવી રહ્યા છે. અને હથિયાર ઉગામવાથી મુરાદ મુત્લક़ન ઉગામવું છે ચાહે જુલ્મની રીતે ક़ત્લના માટે ચાહે મજાક મસ્તીના રૂપે હોય.

૨. એટલે કે અમારી જમાઅતથી નથી, અથવા અમારા અહલે તરીક़ત તથા અહલે સુન્નતથી નથી. જેથી આનાથી કુફ્ર મુરાદ નથી.

★ જે માલમાં મિલાવટ કરે કે ધોકો આપે તે અમારામાંથી નથી ★

૩. મિલાવટથી મુરાદ છે ક્યાં તો ચીજને અયબ છુપાવીને વેચી દેવી અથવા અસલમાં નક़્લ મિલાવી દેવી.

સારાંશ કે દરેક કારોબારી ધોકો મુરાદ છે. અને غشنا માં ઝમીર મુતકલ્લિમથી મુરાદ સર્વ મુસલમાનો છે, અરબવાસીઓ અથવા મદીનાવાસીઓ. એટલે કે જેણે મુસલમાનોને અથવા અરબવાસીઓને, મદીનાવાસીઓને ધોકો આપ્યો તે અમારી જમાઅતથી નથી. તિર્મિઝી, અને અહમદે હઝરત ઉષ્માનથી રિવાયત કરી من غش العرب لم يدخل في شفاعتي ولم تنله مودتي જેણે અરબને ધોકો આપ્યો તે મારી શફાઅત પામશે નહીં, અને તેને મારી મહોબ્બત પહોંચશે નહીં.

"હઝરત સલમા ઈબ્ને અકૂઅથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે અમારા પર તલ્વારે તાકે (ઉગામે) તે અમારામાંથી નથી[૨]." (મુસ્લિમ)

★ હદીષ : (૧૨)-૩૫૨૧ ★

وَعَنْ سَلَمَةَ بْنِ الْأَكْوَعِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ سَلَّ علينا السَّيفَ فليسَ منَّا» . رَوَاهُ مُسلم

૧. આપ મશહૂર સહાબી છે. બયઅતુર્રિદવાનમાં શરીક થયા. આપની કુન્નિયત અબૂ મુસ્લિમ છે. અસ્લમી મદની છે. ઘણા જ બહાદુર સહાબી છે. ૮૦ વરસની ઉમર થઈ. હિ.સ. ૪૭માં મદીના મુનવ્વરામાં વફાત પામ્યા.

૨. એટલે કે જે શખ્સ કોઈ મુસલમાન પર તલ્વાર ઉગામે ભલે તેના કત્લનો ઈરાદો ન પણ કરે તો પણ મુસલમાનોની જમાઅતથી બહાર છે, કેમ કે તેણે મુસલમાન જેવું કામ ન કર્યું. મુસલમાન પર જુલ્મની રીતે હથિયાર ઉઠાવવું પણ હરામ છે. યાદ રાખશો કે આના જેવી સર્વ હદીષોમાં જુલ્મની રીતે હથિયાર ઉઠાવવું મુરાદ છે, નહીં તો અમુક પરિસ્થિતિઓમાં મુસલમાનનું કત્લ વાજિબ થઈ જાય છે. જેમ કે બાગી, ખારજી, ડાકૂ, કાતિલ, ઝાની.

★ અલ્લાહ એ લોકોને અઝાબ આપશે જેઓ લોકોને આપે છે ★

"હઝરત હિશામ ઈબ્ને ઉરવાથી[૧] રિવાયત છે. તે પોતાના પિતાથી રાવી[૨] કે હિશામ ઈબ્ને હકીમ[૩] શામ (સીરિયા)માં કેટલાક ખેડૂત માણસો પાસે જઈને પસાર થયા[૪] જેમને તડકામાં ઉભા રાખવામાં આવ્યા હતા અને એમનાં માથાંઓ પર તેલ નાખવામાં આવ્યું હતું[૫] તો આપે કહ્યું, આ શું છે ? કહેવામાં આવ્યું, આ લોકોને ટેક્ષના બારામાં અઝાબ આપવામાં આવી રહ્યો છે. તો હિશામે ફર્માવ્યું, હું ગવાહી આપુ છું કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે, યકીનન ! અલ્લાહ તઆલા એ લોકોને અઝાબ આપશે જેઓ લોકોને દુનિયામાં અઝાબ આપે છે[૬]." (મુસ્લિમ)[૭]

★ હદીષ : (૧૩)-૩૫૨૨ ★

وَعَنْ هِشَامِ بْنِ عُرْوَةَ عَنْ أَبِيهِ أَنَّ هشامَ بنَ حكيمٍ مَرَّ بِالشَّامِ عَلَى أُنَاسٍ مِنَ الْأَنْبَاطِ وَقَدْ أُقِيموا فِي الشَّمسِ وصُبَّ على رُؤُوسِهِمُ الزَّيْتُ فَقَالَ: مَا هَذَا؟ قِيلَ: يُعَذَّبُونَ فِي الخَراجِ فَقَالَ هِشَامٌ: أَشْهَدُ لَسَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «إِنَّ اللَّهَ يُعَذِّبُ الَّذِينَ يُعذبونَ النَّاسَ فِي الدُّنْيَا» . رَوَاهُ مُسلم

૧. આપ મશહૂર તાબઈ છે. હઝરત હુસૈન رضی اللہ عنہ ની શહાદતના વરસે આપનો જન્મ છે. હિ.સ. ૧૪૬માં વફાત પામ્યા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર અને અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી મુલાકાત કરી છે.

૨. તેમનું નામ ઉરવા ઈબ્ને ઝુબેર અવામ છે. આપ તાબઈ છે. મદીના મુનવ્વરાના સાત ફકીહોમાંથી આપ પણ છે. હઝરત અસ્મા બિન્તે અબૂબકર સિદ્દીક رضی اللہ عنہا આપનાં વાલિદા છે. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ના ભાણીયા છે. સાઈમુદ્દહર હતા. હિ.સ. ૯૪માં આપની વફાત થઈ.

૩. આપ હિશામ ઈબ્ને હકીમ ઈબ્ને હિઝામ કર્શી અસદી છે. ફતહે મક્કાના દિવસે ઈમાન લાવ્યા. આપના પિતા હકીમ ઈબ્ને હિઝામ ઉમ્મુલ મો'મિનીન ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا ના ભત્રીજા છે. તેમનો જન્મ ખાનએ કા'બામાં થયો. ફીલ (હાથીવાળા)ના બનાવથી તેર વરસો પહેલાં. એકસો વીસ વરસની ઉમર પામ્યા. હિ.સ. ૫૪માં વફાત પામ્યા. ૬૦ વરસ કુફ્રમાં પસાર કર્યા અને ૬૦ વરસ ઈસ્લામમાં જાહિલિયતના જમાનામાં આપે ૧૦૦ ગુલામ આઝાદ કર્યા. *(મિર્કાત)*

૪. نبط અથવા نبيط બસરા તથા કૂફાની વચ્ચે એક પહાડનું નામ છે. ત્યાંના વતની મોટાભાગે ખેડૂત હતા, એટલા માટે હવે દરેક ખેડૂતને نبطی કહી આપે છે.

૫. એટલે કે હાકિમે એ ગરીબોને તેજ તડકામાં ઉભા કરીને તેમનાં માથાંઓ પર તેલ નાખ્યું કે જેથી ટેકસ અદા કરે અથવા બાકીનો ટેકસ આપી દે.

૬. એટલે હવે ઉકળતુ પાણી, ગરમ તેલ એનાથી અઝાબ આપવો હરામ છે, કેમ કે એ અઝાબ આખેરતમાં કાફિરોને રબ તઆલા આપશે. કોઈ બંદો કોઈને ખુદાનો અઝાબ ન આપે.

૭. આ હદીષને અહમદ, અબૂ દાઉદ, બયહકીએ પણ અયાઝ ઈબ્ને હકમથી રિવાયત કરી અને અબૂ દાઉદ, તિર્મિઝી, હાકિમે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી. لا تعذبوا بعذاب اللہ કોઈને ખુદાનો અઝાબ ન આપો.

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે નજીક છે જો તમારી ઉમર લાંબી થઈ[૧] તમે એવી કોમ જોશો જેમના હાથોમાં ગાયની પૂછડી જેવી ચીજ હશે[૨] સવાર કરશે અલ્લાહના ગઝબમાં અને સાંજ કરશે અલ્લાહના ગઝબમાં[૩]. અને એક રિવાયતમાં છે કે સાંજ કરશે અલ્લાહની ફિટકારમાં[૪]." (મુસ્લિમ)

★ હદીષ : (૧૪)-૩૫૨૩ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يُوشِكُ إِنْ طَالَتْ بك مُدَّة أَن ترى أَقْوَامًا فِي أَيْدِيهِمْ مِثْلُ أَذْنَابِ الْبَقَرِ يَغْدُونَ فِي غَضَبِ اللَّهِ وَيَرُوحُونَ فِي سَخَطِ اللَّهِ» . وَفِي رِوَايَةٍ: «وَيَرُوحُونَ فِي لَعْنَةِ اللَّهِ» . رَوَاهُ مُسْلِمٌ

૧. આ સંબોધન ક્યાં તો હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી છે અથવા કોઈ અન્ય સહાબીથી છે. હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ સાંભળી રહ્યા હતા.

૨. એટલે કે ચામડાના કોરડા જેના વડે તેઓ લોકોને મારશે પણ નાહક્ક અથવા હાકિમોના દરવાજાઓ પર એઓ કોરડા લઈને બેઠેલા હશે જેથી લોકોને મારી મારીને ત્યાંથી હટાવે. કોઈને ફરિયાદ કરવાના માટે હાકિમો સુધી પહોંચવા નહીં દેશે. *(મિર્કાત)*

૩. એટલે કે દરેક અલ્લાહના ગઝબમાં રહેશે. સવાર સાંજ સમયના બે છેડા છે એ છેડાઓનો ઉલ્લેખ કર્યો, મુરાદ દરેક સમય છે. જેમ કે આલે ફિરઔનના વિશે કુર્આને કરીમમાં ઈર્શાદ છે : اَلنَّارُ يُعْرَضُوْنَ عَلَيْهَا غُدُوًّا وَّ عَشِيًّا (આગ જેના પર સવાર સાંજ પેશ કરવામાં આવે છે. સૂરએ ગાફિર, ૪૦/૪૬) એવું જ અહીં છે.

★ મખ્લૂક્ને સતાવવી રબની નારાઝગીનો સબબ છે ★

૪. કેમ કે આ પ્રકારના લોકો પાગલ કૂતરાઓની જેમ છે જેઓ ખુદાની મખ્લૂક્ને સતાવે છે. જેથી ખુદાની

લઅનતના મુસ્તહિક્ (પાત્ર) થશે. મખ્લૂક્ને સતાવવી રબ તઆલાની નારાજીનો સબબ છે.

★ જાલિમ હાકિમો તથા આજની નગ્નતા દર્શાવતી સ્ત્રીઓની ખબર પહેલેથી હુઝૂરે આપી ★

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે બે પ્રકારના દોઝખી લોકો તે છે જેમને આપણે જોયા નથી[૧] એક તે ક્રૌમ જેમની સાથે ગાયના પૂછડીની જેમ કોરડા હશે[૨] જેના વડે લોકોને મારશે અને બીજી તે સ્ત્રીઓ જે પહેરવા છતાં નગ્ન હશે[૩] આકર્ષિત કરનારી આકર્ષિત થનારી[૪] તેમનાં માથાં જાડી ઊંટણીઓની ખાંધોની જેમ હશે[૫] તેઓ ન જન્નતમાં જાય ન તેની હવા પામે[૬] જ્યારે કે તેની હવા આટલા આટલા અંતરેથી મહેસૂસ કરવામાં આવે છે[૭]." (મુસ્લિમ)

★ હદીષ : (૧૫)-૩૫૨૪ ★

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " صِنْفَانِ مِنْ أَهْلِ النَّارِ لَمْ أَرَهُمَا: قَوْمٌ مَعَهُمْ سِيَاطٌ كَأَذْنَابِ الْبَقَرِ يَضْرِبُونَ بِهَا النَّاسَ وَنِسَاءٌ كَاسِيَاتٌ عَارِيَاتٌ مُمِيلَاتٌ مَائِلَاتٌ رؤوسهم كَأَسْنِمَةِ الْبُخْتِ الْمَائِلَةِ لَا يَدْخُلْنَ الْجَنَّةَ وَلَا يَجِدْنَ رِيحَهَا وَإِنَّ رِيحَهَا لَتُوجَدُ مِنْ مَسِيرَةِ كَذَا وَكَذَا ". رَوَاهُ مُسلم

૧. એટલે કે એવા જાલિમ ફાસિક્ લોકો અમારા જમાનામાં પેદા ન થશે બલ્કે અમારા બાદ થશે. આ હુઝૂર ﷺનો મો'જિઝો છે કે ભવિષ્યમાં થનારા લોકોના અમલોની ખબર આપી રહ્યા છે.

૨. જુલ્મની રીતે મારશે, હક્ક્ પર કોરડા મારવા દુરુસ્ત છે. રબ તઆલા કુંવારા ઝાનીના બારામાં ફર્માવે છે : فَاجْلِدُوا كُلَّ وَاحِدٍ مِّنْهُمَا مِائَةَ جَلْدَةٍ (એમનામાં દરેકને સો કોરડા મારો. સૂરએ નૂર, ૨૪/૨) અને પાકદામન સ્ત્રી પર તોહમત લગાડનારાઓ વિશે ફર્માવ્યું : فَاجْلِدُوهُمْ ثَمَانِينَ جَلْدَةً (તેમને એંસી કોરડા મારો. સૂરએ નૂર, ૨૪/૪) આ હદીષનો મતલબ એ છે કે તે જાલિમ હાકિમ અથવા તેમના કાર્યકરો કોરડા સાથે લઈને ફરશે, વાત વાતમાં લોકોને એના વડે મારશે. કોઈએ એમને સલામ ન કરી કે તેમની તા'ઝીમના માટે ન ઉઠયો, તેમના જુલ્મનું સમર્થન ન કર્યું તેને એકદમ માર માર્યો. ખુદાની પનાહ !

૩. એટલે કે શરીરનો અમુક ભાગ લિબાસ વડે ઢાંકશે અને કેટલોક હિસ્સો નગ્ન રાખશે, અથવા એટલુ બારીક કપડુ પહેરશે જેનાથી શરીર એવું જ નજર આવશે. આ બંને અયબો આજે જોવા મળી રહેલ છે. અથવા અલ્લાહની નેઅમતોથી ઢાંકેલી હશે અને શુક્રથી નગ્ન હશે એટલે ખાલી હશે. અથવા ઘરેણાઓથી શણગારેલી પણ તક્વાથી નગ્ન (ખાલી) હશે.

૪. એટલે કે લોકોનાં દિલોને પોતાની તરફ આકર્ષિત કરશે અને ખુદ તેમની તરફ આકર્ષાશે. અથવા પોતાના માથેથી ઓઢણી અને પોતાના મોઢેથી બુર્ખો હટાવી દેશે, અથવા પોતાની વાતો અથવા ગાયનોથી લોકોને પોતાની તરફ આકર્ષિત કરશે, ખુદ તેમની તરફ આકર્ષાશે. આ સર્વ વાતો આજે જોવામાં આવી રહી છે. કુર્બાન એ નિગાહો પર ! જે ક્યામત સુધીના બનાવો જોઈ રહી છે. *નીચી નઝરેં કુલ કી ખબરેં !*

૫. આ મુબારક વાક્યની ઘણી તફસીરો છે. બેહતર તફસીર એ છે કે તે સ્ત્રીઓ રસ્તે ચાલતી વેળા શરમથી માથુ નીચુ કરશે નહીં, બલ્કે બેહયાઈથી ઊંચી ગરદન કરી માથુ ઉઠાવીને ચો તરફ જોતી, લોકોને તાકતી ચાલશે. જેવી રીતે ઊંટના સર્વ શરીરમાં ખાંધ ઊંચી હોય છે એવી જ રીતે તેમનાં માથાં ઊંચા રહ્યાં કરશે. આ હદીષ વાંચો અને આજકાલની સ્ત્રઓને જુઓ. આ એ ગયબદાં મહબૂબની ગયબી ખબરો છે : (શએર)

ઈબ્ને માલિક કો દી બશારતે તાજ–અય મેરે ગયબ દાં તેરે સદકે

૬. અહીં لايجدن તથા لايدخلن માં બંને જમાઅતો મુરાદ છે. કોરડાવાળા જાલિમોની જમાઅત અને એ બેહયા સ્ત્રીઓની જમાઅત. મતલબ એ છે કે જો બંને જમાઅતોનો ખાત્મો ઈમાન પર થઈ પણ ગયો તો પણ તેઓ શરૂમાં જન્નતમાં ન જશે, ત્યાંથી દૂર રહેશે, પોતાની એ હરકતોની સજા દોઝખમાં ભોગવશે. જો કે બાદમાં ઈમાનના કારણે જન્નતમાં પહોંચી જાય. જેથી આ હદીષ પર કોઈ વાંધો નથી. અથવા મતલબ એ છે કે જે એ કામોને હલાલ જાણીને એ કરે તો કાફિર છે પછી જન્નતમાં કેવી રીતે જાય. અથવા મતલબ એ છે કે પાકદામન સ્ત્રીઓની જેમ શરૂમાં જન્નતમાં ન જશે.

૭. આટલી આટલીથી મુરાદ ઘણુ જ લાંબુ અંતર છે. દા.ત. સો વરસનો માર્ગ અથવા એનાથી પણ વધુ. આ હદીષોને આ પ્રકરણમાં લાવવાનો મકસદ એ છે કે સ્ત્રીઓને બેપર્દગીના કારણે કોઈ શરઈ હદ ન લાગશે, હાકિમ ચાહે તો દંડ રૂપે સજા આપે.

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે તમારામાંથી લડે તો ચહેરાથી બચે[૧] કે અલ્લાહ તઆલાએ માણસને પોતાની સૂરત પર પેદા કર્યો[૨]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૬)-૩૫૨૫ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا قَاتَلَ أَحَدُكُمْ فَلْيَجْتَنِبِ الْوَجْهَ فَإِنَّ اللَّهَ خَلَقَ آدَمَ عَلَى صُورَتِهِ»

★ કોઈને ચહેરા પર મારવાની મનાઈ ★

૧. એટલે કોઈને લડાઈમાં ચહેરા પર ન મારો, ભલે કાફિરથી પણ જેહાદ કરો. કેમ કે તેને કત્લ કરી દો પણ તેનો ચહેરો ન બગાડો. એટલા માટે ફકીહો ફર્માવે છે કે ઝાનીના ચહેરા પર કોરડા ન મારો. પોતાની ઔલાદ, નોકરને વાંક નીકળે અને સજા આપો તો ચહેરા પર ન મારો.

૨. એટલે કે પોતાની પસંદીદા સૂરત પર પેદા કર્યા કે સર્વ મખ્લૂકમાં તેને હસીનો જમીલ (સુંદર, ખૂબસૂરત) બનાવ્યો. ખુદ ફર્માવે છે : لَقَدْ خَلَقْنَا الْاِنْسَانَ فِيْٓ اَحْسَنِ تَقْوِيْمٍ (બેશક ! અમે આદમીને સારી સૂરત પર બનાવ્યો. સૂરતે તીન, ૯૫/૪) જેથી હદીષ પર એ વાંધો નથી કે અલ્લાહ તઆલા તો સૂરતથી પાક છે પછી એની સૂરત કેવી ? અથવા આ ઈઝાફત શરફ (બુઝુર્ગી)ના માટે છે, જેમ કે بيت الله અથવા ناقة الله. અમુક રિવાયતોમાં છે કે અલ્લાહ તઆલાએ આદમ عليه السلام ને સૂરતે રહમાન પર પેદા કર્યા. જો તે હદીષ સહીહ હોય તો એનો મતલબ પણ આ જ થશે. યાદ રાખશો કે ઈન્સાન અલ્લાહ તઆલાની ઘણી કામિલ (પરિપૂર્ણ) મખ્લૂક છે, તેને રબે સાંભળવા, જોવા, બોલવા અને વિચારવા, સમજવાની શક્તિ બખ્શી. જો એ પ્રગતિ કરે તો ફરિશ્તાઓથી અફઝલ થઈ જાય, જો નીચે પડે તો ઈબ્લીસથી બદ્તરીન થઈ જાય. અને તેની સર્વ શક્તિઓ માથા તથા ચહેરામાં એકત્ર છે એટલા માટે એના પર મારવાથી મના કરવામાં આવ્યું. આ જ જગાએ મિર્કાતે ખૂબ જ ઉમદા તકરીર કરી છે.

(વિભાગ : ૨) الفصل الثانى

"હઝરત અબૂઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જેણે પર્દો ખોલ્યો પછી ઘરમાં નજર નાખી એનાથી પહેલાં કે તેને ઈજાઝત આપવામાં આવે, પછી ઘરવાળાંઓનાં સતર જોઈ લીધાં

★ હદીષ : (૧૭)-૩૫૨૬ ★

عَنْ أَبِي ذَرٍّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ كَشَفَ سِتْرًا فَأَدْخَلَ بَصَرَهُ فِي الْبَيْتِ

قَبْلَ أَنْ يُؤْذَنَ لَهُ فَرَأَى عَوْرَةَ أَهْلِهِ فَقَدْ أَتَى حَدًّا لَا يَحِلُّ لَهُ أَنْ يَأْتِيَهُ وَلَوْ أَنَّهُ حِينَ أَدْخَلَ بَصَرَهُ فَاسْتَقْبَلَهُ رَجُلٌ فَفَقَأَ عَيْنَهُ مَا عَيَّرْتُ عَلَيْهِ وَإِنْ مَرَّ الرَّجُلُ عَلَى بَابٍ لَا سِتْرَ لَهُ غَيْرِ مُغْلَقٍ فَنَظَرَ فَلَا خَطِيئَةَ عَلَيْهِ إِنَّمَا الْخَطِيئَةُ عَلَى أَهْلِ الْبَيْتِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيب

તો તેણે એવી સજાનું કામ કર્યું જે કરવું તેના માટે દુરુસ્ત ન હતું[૧] અને જ્યારે કે તેણે નજર નાખી તો કોઈ સામે આવી ગયું અને કોઈએ તેની આંખ ફોડી નાખી તો હું તેને શરમ અપાવીશ નહીં[૨]. અને જો કોઈ શખ્સ બેપર્દા ખુલ્લા દરવાજા પાસે થઈને પસાર થાય પછી જોઈ લે તો એના પર ગુનોહ નથી[૩] ખતા તો કેવળ ઘરવાળાંઓ પર છે[૪] (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે[૫].''

★ કોઈના ઘરમાં પર્દો હટાવી ઝાંકવું બદતરીન ગુનોહ ★

૧. એટલે જો કોઈ શખ્સ ઘરના દરવાજો લટકતો પર્દો અથવા બંધ બારણા ઘરવાળાની રજા વિના ખોલે અને ઘરમાં ઝાંકી લે જેનાથી ઘરની છુપી ચીજો અથવા છુપાયેલી સ્ત્રીઓ અથવા કોઈ પુરૂષનું સતર જોઈ લે તો તેણે બદ્તરીન ગુનોહ કર્યો કે અલ્લાહનો હક્ક પણ માર્યો અને બંદાઓનો હક્ક પણ પાબંદ કર્યો.

૨. એટલે કે એ આંખ ફોડી નાખનારને ન તો કોઈ સજા આપીશ ન ભલુબુરુ કહીશ. કેમ કે અહીં વાંક એ ઝાંકનારનો છે. આ મસ્અલાની તેહકીક અને એના વિશે દીનના ઈમામોનો મતભેદ પહેલાં વર્ણન થઈ ચૂક્યો કે અહનાફની નજીક આ ફર્માને આલી ડરાવવા ધમકાવવા માટે છે, નહીં તો એ આંખ ફોડવાવાળાથી આંખનો કેસાસ જરૂર લેવામાં આવશે. રબ તઆલાએ ફર્માવ્યું : الْعَيْنَ بِالْعَيْنِ (આંખના બદલામાં આંખ. સૂરએ માઈદા, ૫/૪૫) આંખ તો આંખના બદલામાં ફોડવામાં આવી શકે છે ન કે તાકઝાંકના બદલામાં.

૩. એટલે કે હવે એ જોનારા પર એ જુર્મ નથી જે હમણા વર્ણન પામ્યો, ભલે નીચે નિગાહ રાખવું બેહતર છે.

૪. એનાથી જાણવા મળ્યું કે ઘરનો દરવાજો વિના જરૂરતે ખુલ્લો રાખવો ગુનોહ છે, એ ત્યારે છે કે જ્યારે દરવાજાની આગળ કે પાછળ પર્દાની દીવાલ ન હોય, કે આ સ્થિતિમાં દરવાજો ખુલ્લો રહેવાથી ઘરવાળાઓની બેપદર્ગી થાય છે. એનો ઘણો જ ખયાલ રાખવો જોઈએ. લોકો એનાથી ગાફેલ છે.

૫. આ હદીષ અહમદ તથા તિર્મિઝીએ પણ એ જ રાવીઓથી થોડાક ફેરફાર સાથે નકલ કરી.

★ હદીષ : (૧૮)-૩૫૨૭ ★

وَعَنْ جَابِرٍ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنْ يُتَعَاطَى السَّيْفُ مَسْلُولًا. رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ મના કર્યું કે ઉઘાડી તલ્વાર આપવા લેવામાં આવે[૧].'' (તિર્મિઝી, અબૂ દાઉદ)

૧. એટલે કે તલ્વાર એકબીજાને મ્યાનમાં આપવી જોઈએ. ઉઘાડી તલ્વારની લેણદેણમાં કોઈને વાગી જવાનો ખતરો છે. આ મનાઈ તન્ઝીહી છે અને જરૂરતના સમયે ઉઘાડી તલવારની લેણદેણ વિના કરાહતે દુરુસ્ત છે. (અઝ : મિર્કાત)

★ હદીષ : (૧૯)-૩૫૨૮ ★

وَعَنِ الحسنِ عَنْ سَمُرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ

''હઝરત હસન رضی اللہ عنہ થી રિવાયત છે, તે હઝરત સમુરહથી રાવી કે રસૂલુલ્લાહ ﷺ એ એનાથી મના

وَسَلَّمَ نَهَى أَنْ يُقَدَّ السَّيْرُ بَيْنَ أُصبعَينِ. رَوَاهُ أَبُو دَاوُد

કર્યું કે બે આંગળી વચ્ચે જોડાની દોરી કાપવામાં આવે[૧]." (અબૂ દાઊદ)

૧. એટલે કે જ્યારે જોડા માટે દોરી કાપવી હોય તો સાવધાનીપૂર્વક કાપો. પગો કે હાથની બે આંગળીઓમાં ચામડુ લઈને કાપવું મના છે કે એમાં હાથ પગના વેઢા કપાઈ જવાનો અંદેશો છે. સુબ્હાનલ્લાહ ! કેવા રહીમ તથા કરીમ નબી છે કે પોતાની ઉમ્મતના ભલાનો દરેક સમયે ખયાલ રાખે છે. આ મનાઈ પણ તન્ઝીહી છે અને શફકત (પ્રેમભાવ)ના કારણે છે. *(મિર્કાત તથા અશિઅ્હ)*

★ જેને પોતાના દીન, ખૂન તથા માલ માટે કત્લ કરવામાં આવ્યો તે શહીદ ★

★ હદીષ : (૨૦)-૩૫૨૯ ★

وَعَن سعيدِ بنِ زيدٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ قُتِلَ دُونَ دِينِهِ فَهُوَ شَهِيدٌ وَمَنْ قُتِلَ دُونَ دَمِهِ فَهُوَ شَهِيدٌ وَمَنْ قُتِلَ دُونَ مَالِهِ فَهُوَ شَهِيدٌ وَمَنْ قُتِلَ دُونَ أَهْلِهِ فَهُوَ شَهِيدٌ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ

"હઝરત સઈદ ઈબ્ને ઝયદથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેને પોતાના દીનના માટે શહીદ કરવામાં આવ્યો તો તે શહીદ છે[૧] અને જેને પોતાના ખૂનના માટે ક઼ત્લ કરવામાં આવ્યો તો તે શહીદ છે અને જેને પોતાના માલના માટે ક઼તલ કરવામાં આવ્યો તે શહીદ છે, અને જેને પોતાના ઘરવાળા માટે ક઼તલ કરવામાં આવ્યો તે શહીદ છે[૨]."

(તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ)

૧. એટલે કે કાફિરોએ એના પર અથવા એણે કાફિરો પર હુમ્લો કર્યો અને એ માર્યો ગયો, અથવા કોઈ કલમા ગો બેદીનથી કોઈ દીની મસ્અલામાં તેની સાથે લડાઈ થઈ ગઈ અને તે માર્યો ગયો, તો શહીદ છે.

૨. એ રીતે કે કોઈ જાલિમ તેને ક઼ત્લ કરવા અથવા તેનાં ઘરવાળાંઓની બેહુર્મતી કરવા અથવા તેનો માલ છીનવી લેવા આવ્યો. તે શખ્સે પોતાની જાન, ઈજ્જત, માલની હિફાઝતના માટે તેનો મુક઼ાબલો કર્યો અને માર્યો ગયો તો એ પણ શહીદ છે કે જુલ્મની રીતે માર્યો ગયો છે. અને જો તેણે જાલિમને મારી નાખ્યો, કેમ કે લડાઈ વિના તેનાથી બચવાની કોઈ સ્થિતિ ન હતી, તો એનો એ ક઼ત્લના કારણે ક઼ેસાસ કે દિયત નથી, બલ્કે વર્તમાન ગવર્નમેન્ટો આવી સ્થિતિમાં બહાદુરીનું ઈનામ આપે છે.

★ હદીષ : (૨૧)-૩૫૩૦ ★

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " لِجَهَنَّمَ سَبْعَةُ أَبْوَابٍ: بَابٌ مِنْهَا لِمَنْ سَلَّ السَّيْفَ عَلَى أُمَّتِي أَوْ قَالَ: عَلَى أُمَّةِ مُحَمَّدٍ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيبٌ وَحَدِيثُ أَبِي هُرَيْرَةَ: «الرِّجْلُ جُبَارٌ» ذُكِرَ فِي «بَابِ الْغَضَبِ»

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે, તે નબી કરીમ ﷺથી રાવી. ફર્માવ્યું, દોઝખના સાત સાત દરવાજા છે[૧] એમનામાંથી એક દરવાજો એના માટે છે જે મારી ઉમ્મત સામે તલ્વાર ઉગામે[૨] અથવા ફર્માવ્યું કે મુહમ્મદ મુસ્તફાની ઉમ્મત પર. (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે અને અબૂ હુરૈરહ્ની હદીષ કે પામું[૩] સાક઼િત છે, બાબુલ ગસબમાં વર્ણવવામાં આવી[૪]."

૧. કુર્આને કરીમ ફર્માવે છે : لَهَا سَبْعَةُ اَبْوَابٍ ؕ لِكُلِّ بَابٍ مِّنْهُمْ جُزْءٌ مَّقْسُوْمٌ (સૂરએ હિ.જ૨, ૧૫/૪૪) દોઝખના

સાત દરવાજા છે, દરેક દરવાજા માટે મુજરિમોની ખાસ જમાઅત છે. (સૂરએ હિજ્ર, ૧૫/૪૪) જેથી એ જમાઅત આ કુર્આની આયતથી સમર્થિત છે અને અત્યંત દુરુસ્ત છે.

૨. એટલે કે જુલ્મની રીતે ક़त्ल કરવા માટે કોઈ મુસલમાન પર તલ્વાર ઉઠાવવી. અને એ દરવાજો અન્ય દરજાઓની સરખામણી વધુ ખતરનાક હશે કેમ કે એ જુર્મ પણ સખત છે.

★ વિના જરૂરત કૂતરો પાળવો જ મના છે ★

૩. કે જો કોઈનો ઘોડો કે ગધેડો કોઈને લાત મારીને ઘાયલ કરે કે મારી નાખે તો ઘોડા, ગધેડાના માલિક પર તાવાન (દંડ) નથી. એ જ પ્રમાણે જો કોઈની ગાય, ભેંસ સીંગ મારીને ઝખ્મી કરી દે તેનો પણ એ જ હુકમ છે અને જો કોઈનો કૂતરો કોઈને કરડીને ઘાયલ કરી. દે તો એનો એ હુકમ ન હોવો જોઈએ, કેમ કે વિના જરૂરત કૂતરો પાળ વો જ મના છે, એવા જાલિમ કૂતરાને આઝાદ છોડવો સખત છે. જરૂરત હોય તો કૂતરો પાળવો જોઈએ તો તેને બાંધીને રાખે. ! واللّٰه ورسوله اعلم

૪. એટલે કે મસાબીહમાં એ હદીષ અહીં હતી, પણ અમને મુનાસિબતનો ખયાલ કરીને આ હદીષ باب الغصب 'બાબુલ ગસબ'માં વર્ણવી આપી.

બાબુલ ક़સામા بابالديات

(ક़સમ લેવા વિશે પ્રકરણ[૧])

(વિભાગ : ૧) الفصل الاول

ક़સામનો શાબ્દિક અર્થ છે ક़સમ લેવી, પણ અહનાફની નજીક ક़સામતનો શરઈ અર્થ એ છે કે કોઈ મહોલ્લામાં કોઈ ક़ત્લ થયેલ મળ્યો અને ખૂનીની ભાળ નથી મળતી તો ક़ત્લ થનારાનાં વારસદારો તે મહોલ્લાના પચાસ માણસોથી ક़સમ લે. દરેક એવી ક़સમ ખાય કે ન અમે એને ક़ત્લ કર્યો છે ન અમને ક़ાતિલની ખબર છે. એ માણસોને પસંદ કરવામાં ક़ત્લ થનારના વારસદારોને અધિકાર રહેશે કે મહોલ્લામાં જેની પાસે ચાહે ક़સમ લે, પણ આઝાદ આક़िલ બાલિગ પુરૂષોથી ક़સમ લે. યાદ રાખશો કે ક़સામત બાદ ક़ેસાસ કોઈના પર વાજિબ ન થશે, બલ્કે દિયત વાજિબ થશે. ભલે ક़તલ થનારના વારસદારો ક़ત્લે અમ્દનો દાવો કરે અથવા ક़ત્લે ખતાનો. તેમજ ક़સમ કેવળ આરોપીઓ પર થશે ક़ત્લ થનારના વારસદારો પર ન થશે, જેવું કે ત્રીજા વિભાગમાં આવી રહ્યું છે. અથવા ક़ત્લ થનારના વારસદારો બે દાર્શનિક પુરાવા રજૂ કરે, નહીં તો આરોપીઓ ક़સમ ખાય. ક़સામતનો આ તરીક़ો જાહિલિયતના જમાનામાં રિવાજ પામેલ હતો જેને ઈસ્લામે પણ બાકી રાખ્યો. ક़સામતના વિગતવાર હુકમો ફિક़હની કિતાબોમાં અને આ જ જગાએ લમ્આત, અશિઅતુલ લમ્આત અને મિર્ક़ાત શરહે મિશ્કાત શરીફમાં જુઓ.

★ હદીષ : (૧)-૩૫૩૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ رَافِعِ بْنِ خَدِيجٍ وَسَهْلِ بْنِ أَبِي حَثْمة أَنَّهُمَا حَدَّثَا أَنَّ عَبْدَ اللَّهِ بْنَ سَهْلٍ وَمُحَيِّصَةَ بْنَ مَسْعُودٍ أَتَيَا خَيْبَرَ فَتَفَرَّقَا فِي النَّخْلِ فَقُتِلَ عَبْدُ اللَّهِ بْنُ سَهْلٍ فَجَاءَ عَبْدُ الرَّحْمَنِ بْنُ سَهْلٍ وَحُوَيِّصَةُ وَمُحَيِّصَةُ ابْنَا مَسْعُودٍ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَتَكَلَّمُوا فِي أَمْرِ صَاحِبِهِمْ فَبَدَأَ عَبْدُ الرَّحْمَنِ وَكَانَ أَصْغَرَ الْقَوْمِ فَقَالَ لَهُ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " كبر الْكبر قَالَ يحيى بن سعد: يَعْنِي لِيَلِيَ الْكَلَامَ الْأَكْبَرُ فَتَكَلَّمُوا فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:«اسْتَحِقُّوا قَتِيلَكُمْ أَوْ قَالَ صَاحِبَكُمْ بِأَيْمَانِ خَمْسِينَ مِنْكُمْ» . قَالُوا: يَا رَسُولَ اللَّهِ أَمْرٌ لَمْ نَرَهُ قَالَ: فَتُبَرِّئُكُمْ يَهُودُ فِي أَيْمَانِ خَمْسِينَ مِنْهُمْ؟ قَالُوا: يَا رَسُولَ اللَّهِ قَوْمٌ كُفَّارٌ فَوَدَاهُمْ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ قِبَلِهِ.

''હઝરત રાફેઅ ઈબ્ને ખદીજથી[૧] તથા સહલ ઈબ્ને હ़ષ્માથી[૨] રિવાયત છે. તેમણે ખબર આપી કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સહલ[૩] અને મુહૈસા ઈબ્ને મસ્ઊદ બંને ખૈબર પહોંચ્યા તો તે બંને બાગોમાં અલગ અલગ થઈ ગયા[૪]. અબ્દુલ્લાહ ઈબ્ને સહલ ક़ત્લ કરી દેવામાં આવ્યા તો અબ્દુર્રહમાન ઈબ્ને સહલ અને ખુવૈસા અને મુહૈસા એટલે મસ્ઊદના પુત્રો[૫] નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયા. પોતાના સાથીના મામલામાં તેમણે વાતચીત કરી[૬] તો અબ્દુર્રહમાને શરૂઆત કરી અને હતા એ આખી ક़ૌમમાં નાના, જેથી તેમને નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, મોટાનું મોટાપણુ રાખો[૭] યહ્યા ઈબ્ને સઈદ ફર્માવે છે, મક़સદ એ હતો કે, મોટો વાતચીત કરે[૮]. જેથી તેમણે વાતચીત કરી[૯] તો નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે તમે લોકો તમારા આપસની પચાસ ક़સમોથી પોતાના ક़ત્લ થનારના અથવા ફર્માવ્યું કે તમારા સાથીના મુસ્તહિક़ થઈ શકો છો[૧૦] તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ! ﷺ આ એવો બનાવ છે જેને અમે જોયો

وَفِي رِوَايَةٍ: «تَحْلِفُونَ خَمْسِينَ يَمِينًا وَتَسْتَحِقُّونَ قَاتِلَكُمْ أَوْ صَاحِبَكُمْ» فَوَدَاهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَنْ عِنْده بِمِائَة نَاقَة

وَهَذَا الْبَاب خَال من الْفَصْل الثَّانِي

નથી[૧૧] તો ફર્માવ્યું, પછી તે યહૂદી પોતાની પચાસ પચાસ કસમો થકી તમારાથી છૂટકારો મેળવી લેશે[૧૨] અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તે કાફિર કૌમ છે[૧૩] તો તેમને રસૂલુલ્લાહ ﷺ એ પોતાની તરફથી ફિદિયો આપ્યો[૧૪] અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે તમે લોકો પચાસ કસમો ખાય લો, તમારા કાતિલના હક્કદાર થઈ જાવ અથવા સાથીના[૧૫], પછી એનો ફિદિયો રસૂલુલ્લાહ ﷺ એ પોતાની પાસેથી સો ઊંટણીઓ આપી[૧૬]." (મુસ્લિમ, બુખારી)

અને આ પ્રકરણ બીજા વિભાગથી ખાલી છે.

૧. આપની કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. હારિષી અન્સારી છે. બદરમાં ઘણા નાના હતા જેથી શરીક ન થયા. પછી ગઝવએ ઓહદ અને બાકી ગઝવાતમાં શરીક થયા. ગઝવએ બદરમાં આપને તીર વાગ્યું તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે કયામતના દિવસે હું તારા આ ઝખ્મની ગવાહી આપીશ. એ વખતે ઝખ્મ સારો થઈ ગયો. પછી એ જ ઝખ્મ અબ્દુલ મલિક ઈબ્ને મરવાનના જમાનામાં વહેતો થઈ ગયો એનાથી આપનું મૃત્યુ થયું. હિ.સ. ૭૩માં ૮૬ વરસની ઉમર પામ્યા. મશહૂર સહાબી છે. *(મિર્કાત)*

૨. આપ ખૂબ જ ઓછી વયના સહાબી છે. હિ.સ. ૩માં જન્મ્યા.

૩. આપ પણ અન્સારી હારિષી છે. અબ્દુર્રહમાન ઈબ્ને સહલના ભાઈ અને મુહૈસાના ભત્રીજા છે. આપ જ ખૈબરમાં કત્લ કરવામાં આવ્યા.

૪. હરવા ફરવા માટે ખૈબર ગયા અને ત્યાં બાગોમાં અલગ અલગ થઈ ગયા. એક કોઈ બાગોમાં ચાલ્યો તો બીજો કોઈ અન્ય બાગમાં. ફકીરે (લેખકે) ખૈબરની સૈર તથા ઝિયારત કરી છે. ત્યાં આજે પણ સાત કિલ્લા છે અને બાગો તો ઘણા બધા છે. મદીનાવાસીઓ ત્યાં ફરવા માટે જાય છે. મદીના તયબહથી તબૂક તથા ઓમાનના રસ્તા પર એકસો સાઈઠ કિ.મિ. છે. હવે ત્યાં સુધી બલ્કે તબૂક સુધી પાકી સડક છે.

૫. અબ્દુર્રહમાન ઈબ્ને સહલ તો કત્લ થનાર અબ્દુલ્લાહ ઈબ્ને સહલના ભાઈ હતા, અને હુવૈસા તથા મુહૈસા કત્લ થનારના પિત્રાઈ ભાઈ હતા.

૬. એટલે કે વાતચીત કરવી જોઈએ, જેવું કે આગલા લખાણથી જણાય રહ્યું છે.

★ નાનાઓએ વાતચીતમાં મોટાઓ પર અગ્રતા ન લેવી જોઈએ ★

૭. એટલે કે તમારામાં જે સૌથી મોટા છે તેમને પહેલાં વાતચીત કરવા દો પછી તમે કાંઈક કહેજો. મોટા હુવૈસા હતા. (મિર્કાત) એનાથી જાણવા મળ્યું કે મોટાનો અદબ દરેક હાલતમાં હોવો જોઈએ, અને ઉમરની મોટાઈ પણ વિશ્વસનીય છે. બડાઈ ઘણા પ્રકારની હોય છે. સગાઈની મોટાઈ, ઈલ્મની મોટાઈ, તકવાની મોટાઈ, ઉમરની મોટાઈ. અહીં ઉમરની મોટાઈ મુરાદ છે.

૮. એનાથી જાણવા મળ્યું કે શરઈ સજાઓ તથા ક़ેસાસના કેસમાં કોઈને ઝલીલ કરવો જાઈઝ છે. એ પણ જાણવા મળ્યું કે મુવક્કિલની મૌજૂદગીમાં પણ વકીલ કામ તથા વાતચીત કરી શકે છે.

૯. એ રીતે કે મોટાએ વાતચીત કરી કેસ રજૂ કર્યો. કેમ કે વકીલનું કામ મુવક્કિલનું કામ હોય છે એટલા માટે આ વાતચીતને સૌની તરફ સંબંધિત કરવામાં આવી.

★ ફ़त्वा तथा ફૈંसલાનો तફ़ાવત ★

૧૦. એટલે કે તમારામાંથી પચાસ માણસો ક़સમ ખાય લે કે ફલાણા શખ્સે ક़त्લ કરેલ છે તો તમે એનાથી બદલો લઈ શકો છો. અહનાફને ત્યાં દિયત મળશે, શાફઈઓને ત્યાં ક़ેસાસ. યાદ રાખશો કે એ હુઝૂર ﷺનો ફ़त्વો હતો, ફૈંસલો ન હતો. કેમ કે પ્રતિવાદીની ગેર હાજરીમાં ફૈંસલો નથી થઈ શકતો. ફૈંસલા માટે બંને પક્ષોનાં બયાનો લેવાં જરૂરી છે. એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ અહીં ક़મ વિરુદ્ધ ક़સમનો ઉલ્લેખ કર્યો, નહીં તો ક़સામતમાં કેવળ આરોપીએ પર ક़સમ રજૂ થાય છે. (મિર્ક़ાત) આ હદીષના આધારે ઈમામ શાફઈ ફર્માવે છે કે આ કેસમાં પ્રથમ દાવેદારોથી ક़સમ લેવામાં આવશે, જો તેઓ ઈન્કાર કરે તો પ્રતિવાદીથી. અમે કહીએ છીએ કે આ ફ़त्વો હતો, હુકમ ન હતો. તેમજ આ હદીષ ક़ુર્આન મજીદની પણ વિરુદ્ધ છે અને મુતવાતિર હદીષોની પણ વિરુદ્ધ છે, જેથી અમલને પાત્ર નથી. દાવેદાર પર ગવાહો લાઝિમ છે, ક़સમ નહીં અને ગવાહ કેવળ બે જોઈએ. અમારી દલીલ આગળ આવી રહી છે.

૧૧. તો જોયા વિના અમે કેવી રીતે ક़સમ ખાઈ લઈએ કે ફલાણાએ ક़त्લ કરી છે.

૧૨. એ રીતે ખૈબરના યહૂદી પચાસ જણ ક़સમ ખાય લે કે ન અમે ક़ાતિલ છીએ ન ક़ાતિલની અમને ખબર છે, અને દિયતથી બચી જશે. જાણવા મળ્યું કે ક़સામતમાં એક પક્ષના ક़સમના ઈન્કાર પર તેની વિરુદ્ધ ફૈંસલો ન થશે બલ્કે બીજા પક્ષ પર રજૂ થશે, અન્ય કેસોથી ઉલ્ટુ.

૧૩. એટલે કે યહૂદીની ક़સમોનો અમને વિશ્વાસ નથી, તેઓ જૂઠી ક़સમો ખાય શકે છે. એના કારણે ઈમામ માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે મુસલમાન વિરુદ્ધ કાફિરની ક़સમ વિશ્વસનીય નથી, કેમ કે ક़સમ એ ગવાહીના સ્થાને છે. જ્યારે તેમની એવી ગવાહી વિશ્વસનીય નથી તો ક़સમ કઈ રીતે વિશ્વાસપાત્ર થશે ?!

★ આવો અજોડ ન્યાય ક્યાંય જોવા નહીં મળે ★

૧૪. કે જેથી ક़त्લ થનારનું ખૂન બેકાર ન જાય અને ફિત્નો દૂર થઈ જાય. કેમ કે યહૂદી પર ક़સમ સિવાય કોઈ ચીજ વાજિબ ન થઈ શકતી હતી, અને વાદીએ આ ક़સમ પર રાજી ન હતા. જો હુઝૂર ﷺ દિયત અતા ન કરી આપત તો એ મુસલમાન ન જાણે કેટલા યહૂદીને ક़त्લ કરી નાખતા. આવો અજોડ ન્યાય ક્યાંય જોવામાં નહીં આવે કે ઝિમ્મી કાફિરોને બચાવવાના માટે પોતાની ગાંઠના સો ઊંટ આપી દીધાં. યાદ રાખશો કે આવા પ્રસંગે કાફિરોની ક़સમ વિશ્વસનીય છે કેમ કે એ ક़સમ મુસલમાનના મુક़ાબલામાં નથી બલ્કે પોતાના પરથી કેસ દૂર કરવા માટે છે.

૧૫. વાદીઓ (દાવેદારો)ની આ ક़સમ અયની ન થશે કેમ કે બે જોનારાઓની ગવાહીથી ક़त्લ સાબિત થઈ જાય છે, પછી ગવાહ પર ક़સમ નથી હોતી, બલ્કે ધારણા તથા ગુમાનની ક़સમ થશે કે અધિક્તર ગુમાન છે કે ફલાણા એ ક़त्લ કરેલ છે.

૧૬. એ દેખાવમાં ફિદિયો હતો પણ હક़ીક़તમાં શાહાના અતિયો હતો જેનો હેતુ અમે અગાઉ વર્ણવી ચૂક્યા.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૨)-૩૫૩૨ ★

عَنْ رَافِعِ بْنِ خَدِيجٍ قَالَ: أَصْبَحَ رَجُلٌ مِنَ الْأَنْصَارِ مَقْتُولًا بِخَيْبَرَ فَانْطَلَقَ أَوْلِيَاؤُهُ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرُوا ذَلِكَ لَهُ فَقَالَ: «أَلَكُمْ شَاهِدَانِ يَشْهَدَانِ عَلَى قَاتِلِ صَاحِبِكُمْ؟» قَالُوا: يَا رَسُولَ اللَّهِ لَمْ يَكُنْ ثَمَّ أحدٌ من المسلمينَ وإنما هُوَ يهود وَقد يجترئون عَلَى أَعْظَمَ مِنْ هَذَا قَالَ: «فَاخْتَارُوا مِنْهُمْ خَمْسِينَ فَاسْتَحْلِفُوهُمْ» . فَأَبَوْا فَوَدَاهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ عِنْدِهِ. رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત નાફેઅ ઈબ્ને ખદીજની રિવાયત છે. ફર્માવે છે કે એક અન્સારી શખ્સ ખૈબરમાં ક़त्ल થઈ ગયા[૧]. તો તેમના વાલીઓ નબી કરીમ ﷺ ની ખિદમતમાં ગયા[૨] પછી એ બનાવ હુઝૂરને વર્ણવ્યો. તો ફર્માવ્યું, શું તમારી પાસે બે ગવાહ છે જે તમારા સાથીના ક़त्ल માટે ગવાહી આપે ? બોલ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ ત્યાં કોઈ મુસલમાન ન હતો[૩] અને એ લોકો યહૂદી છે જેઓ આનાથી મોટા જુર્મ માટે હિંમત કરી લે છે. તો ફર્માવ્યું કે તમે એમનામાંથી પચાસ વ્યક્તિઓ પસંદ કરી લો પછી તેમનાથી ક़સમ લો[૪] એ હઝરાતે ઈન્કાર કર્યો તો રસૂલુલ્લાહ ﷺ એ પોતાની પાસેથી તેમની દિયત આપી દીધી[૫].'' (અબૂ દાઉદ)

૧. ક़त्ल થનાર તે જ અબ્દુલ્લાહ ઈબ્ને સહલ હતા જેમનો બનાવ હમણા પ્રથમ વિભાગમાં વર્ણન થઈ ચૂક્યો.

૨. એટલે કે ક़त्ल થનારના સગાભાઈ અને પિત્રાઈ ભાઈ, જેવું કે હમણા વર્ણન થયું.

૩. આ હદીષ હનફી મઝહબનું સમર્થન કરે છે કે અહનાફને ત્યાં જો કોઈ ક़त्ल થનાર કોઈ ગલી કૂચામાં જોવામાં આવે જેના પર ક़त्લની અસર હોય, જેમ કે લોહી અથવા કારમો ઘા અથવા ગળુ ઘોંટવાની નિશાનીઓ તો પ્રથમ ક़त्ल થનારના વાલી વારસો પાસે ગવાહ માગવામાં આવશે. જો તે ક़त्ल અમ્દ (ઈરાદાપૂર્વક ક़त्ल)ના ગવાહ મળી ગયા તો ક़ાતિલ પર ક़ેસાસ લાઝિમ થશે, નહીં તો મહોલ્લાવાસીઓમાંથી પચાસ માણસોની ક़સમ લેવામાં આવશે. પરંતું જો ક़त्લની નિશાની નથી કે કદાચ તે શખ્સ ખુદ હાર્ટ ફેઈલથી મર્યો છે. અહીં હુઝૂર ﷺ એ દાવેદારોથી ગવાહ માગ્યા. આ હદીષનું સમર્થન કુર્આને કરીમથી પણ થાય છે. ફર્માવે છે : وَّاَشْهِدُوْا ذَوَىْ عَدْلٍ مِّنْكُمْ (અને તમારામાંથી બે ષિક़્હ (તક़્વા, પરહેઝગારી, સચ્ચાઈમાંથી શ્રેષ્ઠ)ને ગવાહ કરી લો. સૂરએ તલાક़, ૬૫/૨) મુતવાતિર હદીષથી પણ હુઝૂર ﷺ ફર્માવે છે : البينة على المدعى واليمين على من انكر તેમજ હઝરત ઉમર رضی اللہ عنہ ના ફૈસલા પણ એનું સમર્થન કરે છે. જેવું કે ઈબ્ને અબી શયબા વગેરેએ નક़્લ કર્યું. પ્રથમ વિભાગની હદીષ જો કે મુત્તફક़ અલૈહ છે પણ કુર્આની હુકમ, મુતવાતિર હદીષો, સહાબાના ક़થનોથી વિરુદ્ધ છે, એટલા માટે ઈમામ અબૂ હનીફાએ એના પર અમલ ન કર્યો. એની સંપૂર્ણ ચર્ચા આ જ જગાએ મિર્કાતમાં જુઓ.

૪. કેમ કે તમારી પાસે ક़त्લના અયની (દાર્શનિક) ગવાહ મૌજૂદ નથી, જો બે ગવાહ અયની મળી જાય તો ક़સામત ન થાત.

૫. આ દિયત આપવું શરઈ હુકમ નથી બલ્કે ફિત્નો દફેઅ કરવા માટે છે. જો ભવિષ્યમાં આવો બનાવ ઉપસ્થિત થાય તો મહોલ્લાવાળાઓથી ક़સમ લેવામાં આવશે, ચાહે મુસલમાન હોય કે ઝિમ્મી કાફિર હોય.

باب قتل اهل الردا والسعاة بالفساد

બાબો ક़त्લે અહ્લિર્રિદ્દિ વસુઆતિ બિલ્ફસાદિ

(મુર્તદો તથા ફસાદીઓના ક़त्લ વિશે[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. એટલે મુર્તદો તથા ફસાદીઓના ક़त्લ વિશે પ્રકરણ. શરીઅતમાં મુર્તદ તે શખ્સ છે જે મુસલમાન બન્યા પછી કાફિર થઈ જાય. એ જ પ્રમાણે ઈસ્લામી ફિર્ક़ાઓમાંથી તે ફિર્ક़ો જેની બદ્અકીદગી કુફ્ર સુધી પહોંચી ગઈ હોય, જેમ કે ક़ાદયાની, બહાઈ, ખારજી તથા તબર્રાઈ, રાફ઼ઝી, હુઝૂર ﷺના બદગો, ગુસ્તાખ વહાબી, એઓ પણ મુર્તદ છે કેમ કે જ્યારે તેઓ બચપનમાં કલ્મએ તૈયેબહ પઢે છે તો મુસલમાન થઈ જાય છે કે બાળકનો ઈસ્લામ વિશ્વસનીય છે, પણ પોતાની ક़ોમી બદ્અક़ીદગીઓના તે અક़ીદા અખત્યાર કરે છે, તો હવે ઈસ્લામ પછી કાફિર થાય છે. એ ફિર્ક़ાઓના ઈર્તેદાદની સ્પષ્ટતા ફતાવા આલમગીરી બાબુલ મુર્તદીનમાં છે. ફસાદી એ લોકો છે જેઓ ઈસ્લામી સલ્તનતમાં દંગલો ઉભાં કરે, જેમ કે ડાકૂ તથા બાગી (વિદ્રોહી) વગેરે. **મુર્તદ માટે મુસ્તહબ એ છે કે તેને વિચારણા કરવાની થોડીક મોહલત આપવામાં આવે, જો તેને ઈસ્લામના વિશે કાંઈક શંકાઓ હોય તો દૂર કરી દેવામાં આવે. જો તૌબા કરી લે તો ઠીક, નહીં તો ક़त्લ કરી દેવામાં આવે.** અને ડાકૂ વગેરેની ફાંસી આપવામાં આવે. આ બંનેવ ક़त्લ કુર્આને કરીમથી સાબિત છે અને મુબારક હદીષોથી કુર્આને કરીમે બની ઈસ્રાઈલના મુર્તદો વિશે ફર્માવ્યું : فَتُوْبُوْٓا اِلٰى بَارِئِكُمْ فَاقْتُلُوْٓا اَنْفُسَكُمْ (તો તમારા પેદા કરવાવાળાની તરફ પલ્ટી આવો તો આપસમાં એકબીજાને ક़त्લ કરી દો. સૂરએ બક़રહ, ૨/૫૪) જે બની ઈસ્રાઈલ વાછરડુ પૂજીને મુર્તદ થઈ ગયા તેમને ક़त्લ કરવામાં આવ્યા અને દંગલખોરોના વિશે ફર્માવે છે : اِنَّمَا جَزٰٓؤُا الَّذِيْنَ يُحَارِبُوْنَ اللّٰهَ وَرَسُوْلَهٗ وَيَسْعَوْنَ فِى الْاَرْضِ فَسَادًا اَنْ يُّقَتَّلُوْٓا اَوْ يُصَلَّبُوْٓا ـ الايه (તેઓ કે અલ્લાહ અને તેના રસૂલથી લડતા અને દેશમાં ફસાદ (હંગામા) કરતા ફરે છે એમનો બદલો એ જ છે કે ગણી ગણીને ક़त्લ કરવામાં આવે. સૂરએ માઈદા, ૫/૩૩)

★ હદીષ : (૧)-૩૫૩૩ ★

عَنْ عِكْرِمَةَ قَالَ: أُتِيَ عَلِيٌّ بِزَنَادِقَةٍ فَأَحْرَقَهُمْ فَبَلَغَ ذَلِكَ ابْنَ عَبَّاسٍ فَقَالَ: لَوْ كُنْتُ أَنَا لَمْ أُحْرِقْهُمْ لِنَهْيِ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تُعَذِّبُوا بِعَذَابِ اللَّهِ» وَلَقَتَلْتُهُمْ لِقَوْلِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ بَدَّلَ دِينَهُ فَاقْتُلُوهُ» . رَوَاهُ الْبُخَارِيُّ

''હઝરત ઈકરમા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે જનાબ અલીની પાસે કેટલાક બદ્દીન લાવવામાં આવ્યા[૧] આપે તેમને સળગાવી દીધા[૨] તો એ ખબર હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને પહોંચી તો આપે ફર્માવ્યું કે, જો હું હોત[૩] તો તેમને ન સળગાવત, હુઝૂર ﷺના મના કરવાના કારણે કે ફર્માવ્યું, કોઈને અલ્લાહનો અઝાબ ન આપો[૪] હું એમને ક़त्લ કરત રસૂલુલ્લાહ ﷺના ફર્માનના કારણે કે જે પોતાનો દીન બદલી નાખે તેને ક़त્લ કરી દો[૫].'' (બુખારી)[૬]

★ રાફ઼ઝીઓની શરૂઆત અહીંથી થઈ ★

૧. زنادقہ زندیقس નું બહુવચન છે. ઝિન્દીક અધર્મી તથા બેદીનને કહે છે. મજૂસ (અગ્નિપૂજક) જે કહેતા હતા કે ઝિન્દ આસ્માની કિતાબ છે તેમના માટે આ શબ્દ બન્યો. પછી દરેક બેદીનને ઝિન્દીક કહેવા લાગ્યા. **હઝરત અલી رضی اللہ عنہ ના જમાનામાં સાઈબા ક़ૌમના લોકો અબ્દુલ્લાહ ઈબ્ને સબાના આજ્ઞાંકિત થઈ ગયા જેઓ હઝરત અલીને ખુદા કહેવા લાગ્યા, અન્ય સહાબીઓ પર તબર્રા કરવા (ભલુ બુરુ કહેવા) લાગ્યા. તેમને હઝરત અલી رضی اللہ عنہ ની કચેરીમાં પકડી લાવવામાં આવ્યા. રાફ઼ઝીપણાનો પાયો અહીંથી નંખાયો.** આજે પણ રાફ઼ઝીઓમાં એક ફ઼िર્કો નસીરી છે જે જનાબ અલીને ખુદા કહે છે. અમે મર્ષિયાઓમાં આ શેઅર સાંભળ્યો છે :–

દિખા દો યા અલી જલ્વા નસીરી કે ખુદા તુમ હો–યહ આંખેં તાલિબે દીદાર હૈં હાજતરવા તુમ હો

જુઓ : લમ્આત, મિર્ક़ાત, અશિઅતુલ લમ્આત

★ હઝરત અલી رضی اللہ عنہ એ અધર્મીઓને આગમાં સળગાવી દીધા ★

૨. એ રીતે કે પ્રથમ હઝરત અલી رضی اللہ عنہ એ તેમને તૌબાનો હુકમ આપ્યો, પણ તેમણે ઈન્કાર કર્યો. આપે ખાઈ ખોદાવીને એમાં આગ સળગાવવી, પછી સળગતી આગમાં તે અધર્મીઓ (ઝિન્દીકો)ને નાખી દીધા જેનાથી T[V M / ULG[ZFB AGLUI FP *(મિર્ક़ાત, અશિઅહ, લમ્આત)*

★ ઈબ્ને અબ્બાસ નજીક મુર્તદની સજા ક़त्ल ★

૩. એટલે કે અલી મુર્તઝા رضی اللہ عنہ ની જગાએ હું ખલીફા હોત અથવા એ વખતે હઝરત અલી رضی اللہ عنہ ની પાસે હું મૌજૂદ હોત. પ્રથમ અર્થ અધિક મજબૂત છે, કેમ કે ફર્માવી રહ્યા છે, હું ન સળગાવત. એવું નથી કહ્યું કે, હું સળગાવવા ન આપત.

૪. જાણવા મળ્યું કે મુર્તદની સજા કેવળ ક़त्ल છે. કોઈ જાનવર જીવતો સળગાવવામાં ન આવે. અમુક લોકો જૂ, માંકડ, લાલા માખી (ભીંગારો)ને જીવતા આગમાં નાખી દે છે તેઓ આનાથી સબક લે.

૫. વર્તમાનકાળમાં અમુક લોકો મુર્તદના ક़त्લના નકારનારા છે, જ્યારે કે મુર્તદની ક़त्ल કુર્આન શરીફ઼થી પણ સાબિત છે : فَاقْتُلُوْٓا اَنْفُسَكُمْ (આપસમાં એકબીજાને ક़त्ल કરો. સૂરએ બક़રહ, ૨/૫૪) તેમજ ગવર્નમેન્ટનો બાગી ક़त्લને પાત્ર છે તો અલ્લાહની હુકૂમતનો બાગી ક़त्લને પાત્ર હોવો જોઈએ. મુર્તદ રબ્બાની હુકૂમતનો બાગી છે. યાદ રાખશો કે અહીં دین થી મુરાદ ઈસ્લામ છે, કેમ કે ઈન્સાનનો અસલ તથા રૂહાની દીન ઈસ્લામ જ છે, બીજા દીનો તો દુનિયામાં આવીને બુરી સોહબતથી મળે છે. મતલબ એ છે કે જે પોતાનો દીન એટલે ઈસ્લામ ત્યજી દઈને બીજો દીન અપનાવે તેને ક़त्ल કરી દો. કદાચ હઝરત અલી رضی اللہ عنہ ને આ રિવાયત પહોંચી ન હતી. અમુક રિવાયતોમાં છે કે જ્યારે હઝરત અલી رضی اللہ عنہ ને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના આ ફર્માનની ખબર થઈ તો આપે ફર્માવ્યું, તેમણે સાચુ કહ્યું. જુઓ મિર્કાત તથા અશિઅતુલ લમ્આત.

૬. આ હદીષને તિર્મિઝી, ઈબ્ને માજહ, અબૂ દાઊદ, નિસાઈ તથા અહમદે પણ રિવાયત કરી. યાદ રાખશો કે મુર્તદા સ્ત્રીને ક़त्ल કરવામાં નહીં આવે, બલ્કે તેને કેદ કરવામાં આવશે, ત્યાં સુધી કે તૌબા કરી લે.

★ હદીષ : (૨)-૩૫૩૪ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِن النَّارَ لَا يُعَذِّبُ بِهَا إِلَّا اللَّهُ» . رَوَاهُ البُخَارِيّ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે કોઈ આગ વડે અઝાબ ન આપે સિવાય અલ્લાહ તઆલા[૧]. '' (બુખારી)

૧. એટલે કે જીવતાને આગમાં સળગાવવું કેવળ રબ તઆલા માટે શોભાયમાન છે કે તે કાફિરો તથા અમુક ગુનેહગારોને દોઝખમાં જીવતા સળગાવી દેશે. યાદ રાખશો કે આગમાં સળગાવવાની ઘણી રીતો છે. આગમાં ફેંકી દેવો, ગરમ ખાઈમાં નાખવો, તપતા લોખંડ પર સૂવાડીને મારી નાખવો વગેરે.

★ હદીષ : (૩)-૩૫૩૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «سَيَخْرُجُ قَوْمٌ فِي آخِرِ الزَّمَانِ حُدَّاثُ الْأَسْنَانِ سُفَهَاءُ الْأَحْلَامِ يَقُولُونَ مِنْ خَيْرِ قَوْلِ الْبَرِيَّةِ لَا يُجَاوِزُ إِيمَانُهُمْ حَنَاجِرَهُمْ يَمْرُقُونَ مِنَ الدِّينِ كَمَا يَمْرُقُ السَّهْمُ مِنَ الرَّمِيَّةِ فَأَيْنَمَا لَقِيتُمُوهُمْ فَاقْتُلُوهُمْ فَإِنَّ فِي قَتْلِهِمْ أَجْرًا لمن قَتلهمْ يَوْم الْقِيَامَة»

''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે આખર જમાનામાં ક़ૌમ નીકળશે[૧] નાની ઉમર બુદ્ધિના કાચા[૨], વાત કરશે મખ્લૂક़ના કૌલના બેહતરીનથી[૩] તેમનું ઈમાન ગળેથી ઉતરશે નહીં[૪]. દીનથી એ રીતે નીકળી જશે જેવી રીતે તીર શિકારથી[૫] તો તમે એમને જ્યાં ક્યાંય પણ પામો, ક़त्ल કરી દો[૬] કે એમના ક़त्લમાં ક़યામતના દિવસે સવાબ છે તેને જે તેમને ક़त्ल કર[૭]. '' (મુસ્લિમ, બુખારી)

★ વહાબી દેવબંદીઓ ખારજીની જેમ છે ★

૧. લગભગ આખર જમાનાથી મુરાદ ખિલાફતે રાશિદાનો આખરી દૌર છે અને એ ક़ૌમથી મુરાદ ખારજીઓ છે. કેમ કે ખારજી હઝરત અલી رضی اللہ عنہ ની ખિલાફતમાં પેદા થયા. અને શક્ય છે કે આખર જમાનાથી મુરાદ ક़યામતની નજીક હોય, અને એ ક़ૌમથી મુરાદ વહાબી હોય કે એમનો ખુરૂજ (બહાર પડવું) ૧૨ મી સદીમાં થયો. અલ્લામા શામીએ વહાબીઓને ખારજી કહ્યા છે, એઓ પણ લગભગ ખારજી જેવા જ છે.

૨. એટલે એમનામાં મોટા ભાગે ઓછી વયના છોકરા બુદ્ધિની કમીવાળા હશે. حدثاءએ حديثનું બહુવચન છે, અર્થ : નવા અને سفهاءએ سفيهનું બહુવચન છે, અર્થ : હલકાપણુ અથવા બુદ્ધિહિનતા, જેમ કે صغيرનું બહુવચન صغراء છે.

★ ખારજી મખ્લૂક़માં બદ્તરીન ★

૩. એટલે મખ્લૂક़ જે બેહતરીન વાણી બોલે તથા પઢે છે એવી વાત ક્યાં કરશે, એટલે કુર્આન મજીદ ખૂબ જ પઢશે. દરેકને કુર્આનની દા'વત આપશે. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં છે કે من قول خير البريه આ સ્થિતિમાં خير البريهથી મુરાદ હુઝૂર ﷺ છે. અને આપના ક़ૌલથી મુરાદ હદીષ શરીફ તથા કુર્આન મજીદ બંનેવ છે, એટલે દરેકને કિતાબ તથા સુન્નતની તરફ દા'વત આપશે અને قال الله તથા قال الرسول એમની ઝબાન પર રહેશે. (મિર્ક़ાત) હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ફર્માવે છે કે ખ્વારિજ (ખારજી) મખ્લૂક़માં બદ્તરીન છે. એ બદ્નસીબ

કાફિરો માટેની આયતો મુસલમાનો પર ફીટ કરે છે. જુઓ બુખારી بَابُ الخوارج 'બાબુલ ખ્વારિજ'. અને મિર્ક़ાતમાં એ જ જગાએ. આ જ દેવબંદીઓ વહાબીઓની તક़રીરો લખાણો જુઓ કે એ લોકો હમેશાં મૂર્તિઓ માટેની આયતો અંબિયા અવલિયા હઝરાત પર ફીટ કરે છે અને કાફિરો મુશ્રિકોની આયતો મુસલમાનો માટે પઢે છે.

૪. એટલે કે કલમો તથા ઈસ્લામ તેમના કેવળ મોઢામાં હશે પણ દિલમાં કુફ્ર હશે. અને નબીઓ, વલીઓ તથા સર્વ મુસલમાનો પ્રતિ દુશ્મની તથા કીનો ભરેલો હશે. حناجر એ حنجرة નું બહુવચન છે, અર્થાગળુ.

૫. દીનથી મુરાદ ઈસ્લામ છે ન કે કેવળ બાદશાહનું આજ્ઞાપાલન. એટલે શિકારીનું તીર શિકારના શરીરમાં પ્રવેશીને એવી રીતે નીકળી જાય છે કે તેમાં લોહી, ગોશ્ત, ચરબી કાંઈ પણ લાગેલુ નથી હોતુ, બિલ્કુલ સાફ હોય છે. એ જ પ્રમાણે એ લોકો ઈસ્લામનો દાવો કરવા છતાં ઈસ્લામથી એવી રીતે નીકળી જશે કે તેમના દિલોમાં ઈસ્લામનો અંશ પણ હશે નહીં. અલ્લાહની પનાહ !

★ મુર્તદને ઈસ્લામી બાદશાહ જ ક़त्ल કરે ★

૬. અથવા એટલા માટે ક़त्ल કરી દો કે તેઓ મુર્તદ છે અથવા એટલા માટે કે તે શૈતાન ઈસ્લામના બાગી છે. પણ એ ક़त्ल ઈસ્લામી બાદશાહ કરશે ન કે આમ મુસલમાન કોઈએ હઝરત અલી رضی اللہ عنہ ને પૂછયું કે, શું ખારજીઓ કાફિર છે ? ફર્માવ્યું, તે કુફ્રથી જ તો નાસે છે. પૂછયું કે શું તેઓ મુનાફિક़ છે ? ફર્માવ્યું, મુનાફિક़ લોકો ઝિક્રુલ્લાહ ઓછું કરે છે. પૂછયું, તો પછી અમે તેમને શું કરીએ ? ફર્માવ્યું, ફિત્નામાં સપડાઈને બેહરા ગુંગા થઈ ગયા.

૭. જાણવા મળ્યું કે ખારજી, બાગી, મુર્તદની ક़त्ल જાઈઝ જ નહીં બલ્કે સવાબનું કામ છે.

★ ખારજી ફિક़્રાને નીકળવાની ખબર ★

''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, મારી ઉમ્મત બે જમાઅતોમાં થઈ જશે[૧] તો એ બંનેમાંથી એક ખારજી ફિક़્રો નીકળી જશે[૨] તેના ક़त्લની વ્યવસ્થા એ ફિક़્રો કરશે જે હક્ક़થી નજીક હશે[૩]. '' (મુસ્લિમ)

★ હદીષ : (૪)-૩૫૩૬ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَكُونُ أُمَّتِي فِرْقَتَيْنِ فَيَخْرُجُ مِنْ بَيْنِهِمَا مَارِقَةٌ يَلِي قَتْلَهُمْ أولاهم بِالْحَقِّ» . رَوَاهُ مُسلم

૧. અહીં બે ફિક़્રાઓથી મુરાદ ધાર્મિક ફિક़્રા નથી બલ્કે રાજનૈતિક જમાઅતો છે. એનાથી નિર્દેશ હઝરત અલી તથા મુઆવિયહ رضی اللہ عنہما ની જમાઅતોની તરફ છે કે એ બંનેવ મઝહબની રીતે મસ્લકની રીતે એક હતા પણ એમનામાં રાજનૈતિક મતભેદ હતો.

૨. યાદ રાખશો કે ખારજી ફિક़્રો હઝરત અલી رضی اللہ عنہ ની જમાઅતથી નીકળ્યો હતો ન કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ ની જમાઅતથી. પછી بينهما ફર્માવવું તઅલીક़ન છે. કુર્આને કરીમ ફર્માવે છે : يَخْرُجُ مِنْهُمَا اللُّؤْلُؤُ وَالْمَرْجَانُ (એમાંથી મોતી તથા રત્નો નીકળે છે. સૂરએ રહમાન, ૫૫/૨૨) જ્યારે કે મોતી કેવળ ખારા સમુદ્રથી જ નીકળે છે. અથવા بينهما નો મતલબ છે કે, એ ખારજી ફિક़્રો એ બંનેવ જમાઅતોથી અલગ હશે, કોઈની સાથે હશે નહીં.

૩. એટલે કે ખારજી ફિર્કાને તે બંને જમાઅતોથી જ તે ક़त्ल કરશે જે હક્ક़ પર હશે અથવા હક્ક़ તઆલાથી અધિક નિકટ હશે. જેમ કે ખારજી હઝરત અલી رضی اللہ عنہ ની જ ફોજના હાથે ક़त्ल થયો. એ લોકો કુલ દસ હજાર હતા.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના સમજાવવા પર પાંચ હજારે તૌબા કરી લીધી, પાંચ હજાર ઝુલ્ફિક़ારે હૈદરીથી માર્યા ગયા. ઘણા બધા માર્યા ગયા, અમુક બચ્યા જેઓ હઝરમૂત તથા બેહરીનમાં વેરવિખેર થઈ ગયા. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે હઝરત અમીર મુઆવિયહ અને હઝરત અલી رضی اللہ عنہما બંનેવ મો'મિને સાલેહ છે કે એ બંનેની જમાઅતને હુઝૂરે ઉમ્મતી કહ્યા. બીજુ એ કે આ મતભેદમાં હઝરત અલી ઈમામે બરહક્ક़ હતા. અમીર મુઆવિયહની જમાઅત બાગી★ હતી. ત્રીજુ એ કે ખારજીએ બંને જમાઅતોથી ખારિજ (બહાર) છે, બદ્દીન ગુમરાહ છે, વાજિબુલ ક़त्ल છે. બાગી ખારજીનો ફરક અમારી કિતાબ અમીર મુઆવિયહમાં જુઓ.

★ શરીઅતની પરિભાષામાં, બગાવત સર્વથા ઈમામે બરહકના મુક़ાબલાને કહે છે. વૈર ભાવનાથી હોય કે, ઈજ્તિહાદી હોય. આ હઝરતો પર રુજૂઅ કરવાને કારણે તેનો ઈત્લાક થઈ શક્તો (લાગુ પડી શકતી) નથી. હઝરત અમીર મુઆવિયા رضی اللہ عنہ ના ટોળા પર શરીઅતની પરિભાષા પ્રમાણે, "બાગી ટોળુ" (શબ્દ) આવ્યો છે, પરંતુ હવે તો (આ જમાનામાં) બાગી એટલે ફસાદી તથા દુશ્મનાવટ રાખનાર તથા તોફાનીઓના ભાવાર્થમાં વપરાય છે. અને તે અપશબ્દ સમજવામાં આવે છે. હવે કોઈ સહાબી પર તેનો શબ્દ પ્રયોગ જાઈઝ નથી. –બહારે શરીઅત, ભાગ–૧ (એટલે હવે 'બાગી" શબ્દ હઝરત અમીર મુઆવિયહ માટે ઉચ્ચારવો કદાપિ જાઈઝ નથી. –અનુવાદક)

★ હદીષ : (૫)-૩૫૩૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ جَرِيرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي حَجَّةِ الْوَدَاعِ: «لَا تَرْجِعُنَّ بَعْدِي كُفَّارًا يَضْرِبُ بَعْضُكُمْ رِقَابَ بعض»

"હઝરત જરીર رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ હજ્જતુલ વિદાઅના પ્રસંગે[૨] ફર્માવ્યું કે મારા પછી કાફિર થઈને ન પરત થજો[૩] કે તમારામાંથી અમુક અમુકની ગરદનો મારવા માંડે." (મુસ્લિમ, બુખારી)

૧. આપ જરીર ઈબ્ને અબ્દુલ્લાહ બજલી છે. ખૂબ જ હસીનો જમીલ તથા ખુશઅખ્લાક़ હતા. હુઝૂર ﷺની વફાતથી ચાલીસ દિવસ પહેલાં ઈમાન લાવ્યા, પછી કૂફામાં રહ્યા પછી ક़રક़સ્યા વસ્તી આવી ગયા અને ત્યાં જ હિ.સ. ૧૫૦માં વફાત પામ્યા. આપનાથી મોટાભાગના મુહદ્દિષોએ હદીષોની રિવાયત કરી.

૨. દસમી ઝિલ હજ્જના આપે મિના શરીફના ખુત્બામાં આ ફર્માવ્યું. *(અશિઅહ)*

૩. કાફિરથી મુરાદ નાશુકરો, અમલથી કાફિર છે જે કાફિરો જેવાં કામો કરે, નહીં તો મુસલમાનને ક़त्ल કરવું સખત હરામ છે, પણ કુફ્ર નથી. રબ તઆલા ફર્માવે છે : وَإِنْ طَآئِفَتَانِ مِنَ الْمُؤْمِنِينَ اقْتَتَلُوا (અને જો મુસલમાનોનાં બે ગૃપો આપસમાં લડે તો એમનામાં સુલહ કરવો. સૂરએ હુજુરાત, ૪૯/૯) જુઓ લડાઈ કરનારાઓને મો'મિનીન કહેવામાં આવ્યા. અહીં મિર્ક़ાતે કાફિરોની સાત સ્પષ્ટતાઓ કરી.

★ હદીષ : (૬)-૩૫૩૮ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي بَكْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا الْتَقَى الْمُسْلِمَانِ حَمَلَ أَحَدُهُمَا عَلَى أَخِيهِ السِّلَاحَ فَهُمَا فِي جُرُفِ جَهَنَّمَ فَإِذَا قَتَلَ أَحَدُهُمَا

"હઝરત અબૂ બકરહથી[૧] રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, જ્યારે બે મુસલમાન મળે કે એમનામાંથી એક પોતાના ભાઈ પર હથિયાર ઉઠાવે[૨] તો તેઓ બંને દોઝખના કિનારામાં હોય છે[૩] પછી જ્યારે એમનામાંથી એક પોતાના સાહબને ક़त्ल કરી દે છે તો તેઓ બંને દોઝખમાં દાખલ થઈ જાય છે[૪]

صَاحِبَهُ دَخَلَاهَا جَمِيعًا» . وَفِي رِوَايَةٍ عَنْهُ: قَالَ: «إِذَا الْتَقَى الْمُسْلِمَانِ بسيفهما فَالْقَاتِلُ وَالْمَقْتُولُ فِي النَّارِ» قُلْتُ: هَذَا الْقَاتِلُ فَمَا بَالُ الْمَقْتُولِ؟ قَالَ: «إِنَّهُ كَانَ حَرِيصًا عَلَى قَتْلِ صَاحِبِهِ»

તેમનાથી જ બીજી રિવાયતમાં છે, ફર્માવ્યું કે જ્યારે બે મુસલમાન પોતાની તલ્વારોથી ટકરાય પડે છે તો ક़ાતિલ તથા મક़્તૂલ દોઝખમાં જાય છે[૫] મેં અર્ઝ કરી, એ તો ક़ાતિલ છે, તો મક़્તૂલ (ક़त्લ થનાર)નું શું છે ? ફર્માવ્યું, તે પોતાના સાહબના ક़त्લ માટે લાલચી હતો[૬]. (મુસ્લિમ, બુખારી)

૧. આપના હાલાત વર્ણન થઈ ચૂક્યા છે કે આપનું નામ નક़ીઅ્ ઈબ્ને હારિષ છે. આપ ગઝવએ તાઈફમાં ઈમાન લાવ્યા. આપ એ ગઝવામાં ગિરફતાર થઈ ગયા હતા. હુઝૂર ﷺએ આપને આઝાદ કરી આપ્યા. (મિર્ક़ાત) **૨.** ક़त्લ કે ઝખ્મી કરવાના ઈરાદાથી. પ્રથમ અર્થ અધિક મજબૂત છે. હથિયારથી મુરાદ સામાન્ય હથિયાર છે, તલ્વાર હોય કે ભાલો કે પિસ્તોલ તથા બંદૂક. યાદ રાખશો કે احد થી મુરાદ كل واحد છે. એટલે દરેક બીજાના સામનામાં હથિયાર ઉઠાવે. **૩.** એટલે કે દોઝખની નજીક હોય છે કે ક़त्લ થાય કે ક़त्લ કરે અને દોઝખમાં જાય. **૪.** એ ત્યારે છે જ્યારે કે બંને બાતિલ પર હોય, અને જો એમનામાંથી કોઈ હક્ક़ પર હોય તો બાતિલવાળો દોઝખી છે ન કે હક્ક़વાળો જેમ કે ડાકૂ અથવા ચોરના મુક़ાબલામાં. **૫.** એ ત્યારે છે જ્યારે કે બંનેવ એકબીજાને ક़त्લ કરવાનો ઈરાદો કરે, જો એમનામાંથી એક સામનો કરી રહ્યો હોય કે સામાનામાં બીજાને ક़त्લ કરે તો હુમ્લો કરનાર દોઝખી થશે ન કે આ સામનો (ડિફેન્સ) કરનાર. **૬.** એટલે કે એ પણ ક़त्લના ઈરાદાથી જ આપ્યો હતો. એનાથી જાણવા મળ્યું કે ઈરાદાપૂર્વક ગુનો પણ ગુનોહ છે. હા ! ગુનાહનો ખયાલ પણ ગુનોહ નથી. આ હદીષ બીજી હદીષો અને ક़ુર્આની આયતોની વિરુદ્ધ નથી. ચોર ચોરી કરવા નીકળ્યો પણ સંજોગોવસાત ન કરી શક્યો, ગુનેહગાર થઈ ગયો. ફર્માવે છે કે ક़ુફ્રનો ઈરાદો પણ ક़ુફ્ર છે. **૭.** આ હદીષ અબૂ દાઊદ, નિસાઈએ હઝરત અબૂ બક્રરહથી અને ઈબ્ને માજહએ હઝરત અબૂ મૂસાથી રિવાયત કરી. *(મિર્ક़ાત)*

★ હદીષ : (૭)-૩૫૩૯ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ قَالَ: قَدِمَ عَلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَفَرٌ مِنْ عُكْلٍ فَأَسْلَمُوا فَاجْتَوَوُا الْمَدِينَةَ فَأَمَرَهُمْ أَنْ يَأْتُوا إِبِلَ الصَّدَقَةِ فَيَشْرَبُوا مِنْ أَبْوَالِهَا وَأَلْبَانِهَا فَفَعَلُوا فَصَحُّوا فَارْتَدُّوا وَقَتَلُوا رُعَاتَهَا وَاسْتَاقُوا الْإِبِلَ فَبَعَثَ فِي آثَارِهِمْ فَأُتِيَ بِهِمْ فَقَطَعَ أَيْدِيَهُمْ وَأَرْجُلَهُمْ وَسَمَلَ أَعْيُنَهُمْ ثُمَّ لَمْ يَحْسِمْهُمْ حَتَّى مَاتُوا ". وَفِي رِوَايَةٍ: فَسَمَّرُوا أَعْيُنَهُمْ وَفِي رِوَايَةٍ: أَمَرَ بِمَسَامِيرَ فَأُحْمِيَتْ فَكَحَّلَهُمْ بِهَا وَطَرَحَهُمْ بِالْحَرَّةِ يَسْتَسْقُونَ فَمَا يُسْقَوْنَ حَتَّى مَاتُوا

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, ક़બીલા ઉક્લના કેટલાક લોકો નબી કરીમ ﷺની ખિદમતમાં આવ્યા[૧] મુસલમાન થઈ ગયા. તેમણે મદીનાને નામુવાફિક (અમાફક) અનુભવ્યું[૨]. તો તેમને હુઝૂરે હુકમ આપ્યો કે સદક़ાના ઊંટોમાં જાય, તેમનો પેશાબ તથા દૂધ પીએ[૩] તેમણે એ જ પ્રમાણે કર્યું તો તંદુરસ્ત થઈ ગયા. પછી મુર્તદ થઈ ગયા. અને એના ચરવાહાઓને ક़त्લ કરી દીધા અને ઊંટ હાંકીને લઈ ગયા[૪]. પછી હુઝૂરે તેમની પાછળ સિપાહી મોકલ્યા[૫] તે લોકોને લાવવામાં આવ્યા. પછી તેમના હાથ પગ કાપ્યા અને તેમની આંખો ફોડી નાખવામાં આવી[૬] પછી તેમને ડામ ન આપ્યા ત્યાં સુધી કે તેઓ મરી ગયા[૭]. અને એક રિવાયતમાં છે, પછી તેમની આંખો આંધળી કરી દેવામાં આવી[૮], અને એક રિવાયતમાં છે કે સળીયાઓનો

હુકમ આપવામાં આવ્યો તેને ગરમ કરવામાં આવ્યા પછી તેમને તેમની આંખોમાં ફેરવી દીધા[૯]. અને તેમને હર્રામાં નાખી દીધા, પાણી માગતા હતા તો પીવડાવતા ન હતા, ત્યાં સુધી કે મરી ગયા[૧૦]." (મુસ્લિમ, બુખારી)

૧. نفر (નફર) ત્રણથી લઈને દસ સુધીને કહે છે. એ લોકો આઠ માણસો હતા. (મિર્ક़ાત) અશિઅતુલ લમ્આતે ફર્માવ્યું કે સાત માણસ હતા, ચાર તો ક़બીલા ઓરૈનાના અને ત્રણ ક़બીલા ઉક્લના. એટલા માટે અમુક હદીષોમાં છે કે ઉરૈનાના હતા, અમુકમાં છે કે ઉક્લના હતા, એ બંને રિવાયતો દુરુસ્ત છે કે તે બંને કબીલાના હતા. **૨.** اجتوا બન્યું છે جواء થી અર્થ : બીમારી, એટલે કે તેમને મદીના મુનવ્વરાની આબોહવા રાસ ન આવી અને બીમાર થઈ ગયા. અસલમાં મદીના મુનવ્વરાની ભૂમિએ તેમને કાઢવા ચાહ્યું હતું, નહીં તો મદીના પાકના જેવી આબોહવા પૃથ્વીના પટ પર ક્યાંય નથી.

★ ઉક़્લ કબીલાના લોકોને ઊંટનું દૂધ તથા પેશાબ પીવાનો હુકમ આપ્યો ★

૩. કેમ કે એ લોકો મુસાફિર પણ હતા અને ગરીબ તથા મિસ્કીન પણ, એટલા માટે તેમને સદક़ાના ઊંટનું દૂધ પીવાની ઈજાઝત આપી દેવામાં આવી અને કેમ કે હુઝૂર ﷺએ વહીના થકી જાણી લીધુ હતું કે તેમની શિફા એ દૂધ તથા પેશાબમાં છે એટલા માટે તેમને પેશાબ પીવાની ઈજાઝત આપી દેવામાં આવી. આ હદીષના આધારે ઈમામ માલિક અને ઈમામ મુહમ્મદ رضی اللہ عنہما એ ફર્માવ્યું કે હલાલ જાનવરોના પેશાબ પાક છે, પણ મજબૂત એ છે કે નાપાક છે. સરકાર ﷺ ફર્માવે છે કે પેશાબનાં છાંટાઓથી બચો કે સામાન્યતઃ ક़બ્રનો અઝાબ એનાથી થાય છે. આ ઈર્શાદે આલી એક ઊંટના ચરવાહાના બારામાં થયો હતો. અમુક ઉલમા ફર્માવે છે કે દવારૂપે નાપાક તથા શરાબ પીવુ જાઈઝ છે, પણ હક્ક એ છે કે નાજાઈઝ છે, કેમ કે તેમની હુર્મત (હરામ હોવું) તો યક़ીની છે, પણ આપણા માટે તેનાથી શિફા યક़ીની નથી. હુઝૂરે અન્વર ﷺએ તો તેમની શિફા વહીના થકી યક़ીનન જાણી લીધી હતી પણ આપણને એ યક़ીન કેવી રીતે મયસ્સર થશે ? ઈમામ અબૂ યૂસુફની નજીક નિષ્ણાત ડૉકટરના કહી દેવા પર જાઈઝ છે. ઈમામ શાફઈને ત્યાં દરેક નાપાકીથી ઈલાજ જાઈઝ છે એ શર્તે કે નશાવાળી ન હોય, પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો ક़ૌલ ખૂબ જ (ક़વી) મજબૂત છે. *(મિર્ક़ાત વ અશિઅહ)* **૪.** એટલે કે એ લોકો મુર્તદ પણ થઈ ગયા, ડાકૂ પણ, ક़ાતિલ પણ, જેથી સખત સજાના હક્ક़દાર બન્યા. **૫.** સહાબીઓની એક જમાઅત મોકલી જેમાં હઝરત અલી પણ હતા. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) હુઝૂરે અન્વર ﷺના સિપાહી બનવું ફરિશ્તાઓ માટે ફખ્રની વાત છે. જંગે બદરમાં ફરિશ્તા પાંચ હજાર ઉતર્યા એ સૌ હુઝૂર ﷺના સિપાહી હતા. અલ્લાહને ખાતર મને તો હુઝૂર ﷺ પોતાના દરનો ઝાડુ પામનાર તરીકે રાખી લે. (શેઅર)

પસે મરદન મેરી મિટ્ટી ઠિકાને ખૂબ લગ જાતી—મયસ્સર ગર મુઝે દો ગઝ મદીનામેં ઝમીં હોતી

૬. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે سمر તથા سمل બંનેનો અર્થ છે આંખો બેકાર કરી દેવી, પણ سمر નો અર્થ આંખમાં લોખંડનો ગરમ સળીયો ફેરવીને તેની રોશની ખત્મ કરી આપવી. **૭.** એટલે કે તેમના હાથ પગો કપાવીને તેમના ઝખ્મોને ગરમ લોખંડથી ડામ ન આપ્યા કે જેથી લોહી બંધ થઈ જાત અને તેઓ બચી જાત, બલ્કે આમ જ લોહી વહેવા દીધું, ત્યાં સુધી કે સર્વ લોહી નીચોવાઈ ગયું અને તેઓ મરી ગયા. **૮.** આ રિવાયતમાં سمل 'લામ'થી છે અને આ રિવાયતમાં سمر 'રા'થી છે. અમે વર્ણવી ચૂક્યા કે બંનેવનો લગભગ સરખો છે. **૯.** ત્યાં સુધી કે તેમની આંખોથી રોશની તદ્દન ચાલી ગઈ.

★ મુજરિમ કેટલાય જુર્મ કરી લે તો હાકિમ સર્વ ફ़ેસાસો એકત્ર કરી શકે ★

૧૦. યાદ રાખશો કે હવે શરીઅતમાં મુષ્લહ કરવું એટલે હાથપગ કાપી નાખવા આંખો ફોડી નાખવી મના છે.

હુઝૂર ﷺનો આ અમલ ક્યાં તો મુષ્લહની મનાઈના પહેલાં હતો, બાદમાં મુષ્લહથી મના કર્યું અથવા એટલા માટે હતો કે એ લોકોએ હુઝૂર ﷺના ચરવાહાની સાથે એ જ વર્તાવ કર્યો હતો તો ક़ેસાસ રૂપે હુઝૂરે પણ તેમની સાથે એ જ વર્તાવ કર્યો. અથવા એટલા માટે હતો કે તેમણે ખૂબ જ જુર્મો કર્યા હતા. મુર્તદ થઈ જવું, ચરાવનારાઓને મારી નાખવું, માલ લૂટી લેવો વગેરે, જેથી તેમને આ સજા આપવામાં આવી. જો મુજરિમ કેટલાય પ્રકારના જુર્મો કરી લે તો હાકિમ સર્વ ક़ેસાસોને એકત્ર કરી શકે છે. *(મિર્ક़ાત)*

★ મુર્તદ કોઈ રહમને પાત્ર નથી ★

અહીં મિર્ક़ાતે ફર્માવ્યું કે જો મુર્તદ તરસથી મરી રહ્યો હોય અને જો કોઈની પાસે વુઝૂ જેટલુ પાણી હોય તો તેને પાણી ન આપે, બલ્કે વુઝૂ કરે અને જો ઝિમ્મી કાફિર અથવા જાનવર તરસથી મરી રહ્યું હોય તો વુઝૂ ન કરે અને તેને પીવડાવી દે. મુર્તદ કોઈ રહમને પાત્ર નથી.

★ સખત સજાથી જ જુર્મો બંધ થઈ શકે ★

યાદ રાખશો કે ઈસ્લામ ઘણો જ રહમતવાળો દીન છે અને હુઝૂર રહમતુલ્ લિલ્આલમીન છે, પણ ઈસ્લામમાં સજાઓ ખૂબ જ સખત છે કેમ કે સખત સજાથી જ જુર્મો બંધ થાય છે, અને દેશમાં અમ્નો અમાન સ્થાપિત થાય છે અરબ જેવા દેશમાં અમ્નો અમાન એ જ સખ્તીઓથી સ્થાપિત થયો. અહીં (આપણે ત્યાં) સજાઓ નરમ છે. આપણને આપણા ત્યાંની અશાંતિ જોઈને એ સજાઓની કદર માલૂમ પડે છે કે આજે બજારમાં એકાદ બે ચોરોના હાથ કાપી નાખવામાં આવે, એકાદ બે ઝાનીઓને રજ્મ (સંગસાર) કરી દેવામાં આવે તો ઈન્શા અલ્લાહ ! આપણે ત્યાં પણ અરબ જેવો અમ્ન થઈ શકે છે કે ત્યાં લોકો રાતે ઘરોનાં દરવાજા બંધ નથી કરતા, કિંમતી દુકાન ખુલ્લી મૂકીને મસ્જિદમાં નમાઝના માટે જાય છે. ઈસ્લામની ખૂબીઓ કાફિરો પણ માનવા લાગ્યા છે.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૮)-૩૫૪૦/(૯)-૩૫૪૧ ★	*''હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ અમને સદક़ાની રગબત (આકર્ષણ, પ્રોત્સાહન) આપતા હતા અને અમને મુષ્લહથી મના કરતા હતા[૧].'' (અબૂ દાઊદ) અને નિસાઈએ હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત કરી.''*
عَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَحُثُّنَا عَلَى الصَّدَقَةِ وَيَنْهَانَا عَنِ الْمُثْلَةِ. رَوَاهُ أَبُو دَاوُدَ وَرَوَاهُ النَّسَائِيّ عَن أنس [9]- 3541	

૧. મુષ્લહનો શાબ્દિક અર્થ છે સખત સજા. હવે શરીઅતની પરિભાષામાં મૈયત કે ક़त्ल થનારના હાથ, પગો, આંખ, નાક, ગુપ્તાંગ વગેરેને કાપી નાખવાને કહે છે. હવે ક़ેસાસ રૂપે મુષ્લહ જાઈઝ છે પણ સજારૂપે મુષ્લહ મના છે.

★ કીડીઓને સળગાવવી મના છે ★

★ હદીષ : (૧૦)-૩૫૪૨ ★	*''હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને અબ્દુલ્લાહથી[૧] રિવાયત છે. તે પોતાના પિતાથી રાવી. ફર્માવે છે, અમે રસૂલુલ્લાહ ﷺની સાથે એક સફરમાં હતા. હુઝૂર*
وَعَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ عَبْدِ اللَّهِ عَنْ أَبِيهِ قَالَ: كُنَّا مَعَ	

رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي سَفَرٍ فَانْطَلَقَ لِحَاجَتِهِ فَرَأَيْنَا حُمْرَةً مَعَهَا فَرْخَانِ فَأَخَذْنَا فَرْخَيْهَا فَجَاءَتِ الْحُمْرَةُ فَجَعَلَتْ تَفْرُشُ فَجَاءَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «مَنْ فَجَعَ هَذِهِ بِوَلَدِهَا؟ رُدُّوا وَلَدَهَا إِلَيْهَا» . وَرَأَى قَرْيَةَ نَمْلٍ قَدْ حَرَّقْنَاهَا قَالَ: «مَنْ حَرَّقَ هَذِهِ؟» فَقُلْنَا: نَحْنُ قَالَ: «إِنَّهُ لَا يَنْبَغِي أَنْ يُعَذِّبَ بِالنَّارِ إِلاَّ رَبُّ النَّارِ» . رَوَاهُ أَبُو دَاوُد

ક़ઝાએ હાજતના માટે તશરીફ લઈ ગયા[૨] અમે એક લાલી (પક્ષી) જોઈ જેની સાથે બે બચ્ચાં પણ હતાં. અમે તેનાં બચ્ચાં પકડી લીધાં[૩] એવામાં લાલી આવી તો આળોટવા લાગી[૪] પછી નબી કરીમ ﷺ તશરીફ લાવ્યા. ફર્માવ્યું, આને કોણે ગમગીન કરી એનાં ArRfV MGFSFZ6 [mTGfArRfTG[5ZT SZLNM. *અને એક કીડીઓનું જંગલ જોયું જેને અમે સળગાવી દીધું હતું[૫] ફર્માવ્યું, આ કોણે સળગાવ્યું? અમે અર્ઝ કરી, અમે! ફર્માવ્યું, એ લાયક નથી કે આગના રબ સિવાય કોઈ અન્ય આગ વડે અઝાબ આપે[૬]. '' (અબૂ દાઉદ)*

૧. આપ અબ્દુર્રહમાન ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ છે. (અશિઅહ) મિર્ક़ાતે અબ્દુર્રહમાન ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને બહાર ફર્માવ્યું. આપ તાબઈ છે અબ્દુર્રહમાનની મુલાકાત પોતાના પિતા સાથે નથી થઈ, કેમ કે આપના પિતા આપના બાળપણમાં જ ગુજરી ગયા હતા. અબ્દુર્રહમાન હિ.સ. ૯૯માં સુલૈમાન ઈબ્ને અબ્દુલ મલિકના જમાનામાં મૃત્યુ પામ્યા.

૨. ઈસ્તિન્જા (જાજરૂ પેશાબ) માટે જંગલમાં તશરીફ લઈ ગયા, લોકોથી ઘણા જ દૂર.

૩. લાલી (એક પક્ષી)ની ગેરહાજરીમાં તેનાં બચ્ચાં પકડી લીધાં, જેવું કે આગલા લખાણથી જાહેર છે.

૪. એ રીતે કે જમીનની નજીક આવીને પાંખો ફેલાવીને આળોટવા લાગી. પોતાનાં બચ્ચાંના વિરહમાં, અથવા અમારાં માથા પર બિછાઈ જવા લાગી. તેને ખબર પડી ગઈ કે મારાં બચ્ચાં તેમની પાસે છે.

★ વિના જરૂરત શિકાર મના છે ★

૫. જાહેર એ છે કે આ અમ્ર (હુકમ) વાજિબ રૂપે છે, કેમ કે ફાયદા વિના શિકારી જાનવરનાં બચ્ચાં પકડીને તેની માને દુઃખ આપવું મના છે. પણ મિર્ક़ાતે ફર્માવ્યું કે આ હુકમ મુસ્તહબના રૂપે છે. શિકારી થકી જાનવરનાં બચ્ચાંનો શિકાર જાઈઝ છે. ફક़ીર કહે છે કે વિના જરૂરત શિકાર મના છે, હા ! જરૂરત પૂરતો જાઈઝ છે. જરૂરતથી મુરાદ ગોશ્ત ખાવા અથવા તેમનું નુકસાન દૂર કરવા.

૬. કે એક જગાએ કીડીઓ ઘણી જ હતી તો અમે એ જગાએ આગ પાથરી દીધી જેનાથી તે જગા જ સળગી ગઈ.

૭. એનાથી જાણવા મળ્યું કે દરેક સમયે સૌને હુઝૂર ﷺના ફયઝની જરૂરત છે. જુઓ, થોડીકવાર માટે હુઝૂર ગાયબ થયા હતા એવામાં તે હઝરાતથી બે ભૂલો થઈ ગઈ.

★ એક ક़ૌમ એવી હશે જે કુર્આન પઢશે પણ ગળેથી નીચે નહીં ઉતરે ★

★ હદીષ : (૧૧)-૩૫૪૩ ★

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ وَأَنَسِ بْنِ مَالِكٍ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " سَيَكُونُ فِي أُمَّتِي

''હઝરત અબૂ સઈદ ખુદરી તથા હઝરત અનસ ઈબ્ને માલિકથી રિવાયત છે તે રસૂલુલ્લાહ ﷺથી રિવાયત કરે છે. ફર્માવ્યું, મારી ઉમ્મતમાં ઘણા મતભેદ

اخْتِلَافٌ وَفُرْقَةٌ قَوْمٌ يُحسنونَ القيلَ ويُسيئونَ الفِعلَ يقرؤون الْقُرْآنَ لَا يُجَاوِزُ تَرَاقِيَهُمْ يَمْرُقُونَ مِنَ الدِّينِ مُروقَ السَّهمِ فِي الرَّمِيَّةِ لَا يَرْجِعُونَ حَتَّى يَرْتَدَّ السَّهْمُ عَلَى فُوقِهِ هُمْ شَرُّ الْخَلْقِ وَالْخَلِيقَةِ طُوبَى لِمَنْ قَتَلَهُمْ وَقَتَلُوهُ يَدْعُونَ إِلَى كِتَابِ اللَّهِ وَلَيْسُوا مِنَّا فِي شيءٍ مَنْ قاتلَهم كَانَ أَوْلَى بِاللَّهِ مِنْهُمْ قَالُوا: يَا رَسُولَ اللَّهِ مَا سِيمَاهُمْ؟ قَالَ: «التَّحْلِيقُ» . رَوَاهُ أَبُو دَاوُد

તથા ભાગલા તથા જુદાઈ થશે[૧] એક ક़ૌમ હશે જે વાત સારી કહેશે અને કામ બુરાં કરશે[૨] તે લોકો ક़ુર્આન પઢશે (પણ) તેમના ગળેથી નીચે નહીં ઉતરે[૩] દીનથી એવી રીતે નીકળી જશે જેવી રીતે તીર શિકારથી પરત ન થશે[૪] ત્યાં સુધી કે તીર પોતાના કમાન પર પરત આવે કે તેઓ સર્વ માનવો તથા સર્વ મખ્લૂક़માં બદતર છે[૫] ખુશખબરી છે એને જે એ લોકોને ક़त्ल કરે અને તેને જેને એ લોકો ક़त्ल કરે[૬]. કિતાબુલ્લાહની તરફ દા'વત આપશે[૭] તે કોઈ વાતમાં અમારા નથી[૮]. અને જે તેમને ક़त्ल કરે તે બાકી લોકોમાંથી અલ્લાહની અધિક નજીક હશે[૯] લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તેમની નિશાની શું છે ? ફર્માવ્યું, માથુ મૂડાવવું[૧૦]. (અબૂ દાઊદ)

૧. મતભેદથી મુરાદ વિચારસરણીનું અલગ હોવું છે અને ભાગલા થવાથી મુરાદ શારીરિક જુદાઈ એટલે જંગ તથા લડાઈ, મારપીટ. એટલે કે મારી ઉમ્મતમાં મંતવ્યોનો મતભેદ પણ થશે અને જંગ તથા લડાઈઓ પણ. મંતવ્યના મતભેદમાં અક़ીદાઓનો મતભેદ પણ સામેલ છે, જેમ કે ઈસ્લામના ૭૨ ફિર્ક़ાઓનો મતભેદ. અને કેવળ મંતવ્યનો મતભેદ પણ સામેલ છે, જેમ કે હઝરત અલી તથા મુઆવિયહ, અને હઝરત આઈશા તથા અલીનો મતભેદ. (رضوان اللہ تعالیٰ علیہم اجمعین) યાદ રાખશો કે જ્યારે હઝરત અલી તથા અમીર મુઆવિયાએ જંગ બંધ કરવા માટે બે હકમ (પંચ મધ્યસ્થી) નિયુક્ત કરી લીધા : હઝરત અબૂ મૂસા તથા અમ્ર ઈબ્ને આસ, તો હઝરત અલીની ફોજમાંથી દસ હજાર માણસોએ નાફર્માની કરી દીધી. બોલ્યા કે અલી તથા મુઆવિયહ બંને મુશ્રિક થઈ ગયા, કેમ કે તેમણે અલ્લાહ સિવાયનાને હકમ (પંચ) માની લીધા. રબ તઆલા ફર્માવે છે : اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ (હુકમ નથી પણ અલ્લાહનો. સૂરએ અન્આમ, ૬/૫૭) હઝરત અલી رضی اللہ عنہ એ તેમની સમજાવટના માટે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ને મોકલ્યા. આપે તેમના વાંધાના જવાબમાં ફર્માવ્યું કે, રબ તઆલા પતિ પત્નીના મતભેદના બારામાં ફર્માવે છે કે : فَابْعَثُوْا حَكَمًا مِّنْ اَهْلِهٖ وَ حَكَمًا مِّنْ اَهْلِهَا (તો એક પંચ પુરૂષવાળા તરફથી મોકલો અને એક પંચ સ્ત્રીવાળાઓ તરફથી. સૂરએ નિસાઅ, ૪/૩૫) જ્યારે છોકરાવાળા પતિ પત્ની પોતાના મતભેદને મિટાવવા માટે પંચ તથા હકમ નિશ્ચિત કરી શકે છે તો જો અલી તથા મુઆવિયહએ હકમ (પંચ) નિશ્ચિત કરી લીધાં તો કેવી રીતે શિર્ક થયું ?! આ જવાબ પર પાંચ હજાર ખારજીઓએ તૌબા કરી લીધી અને પાંચ હજાર હઠ પર અડેલા રહ્યા, જેઓ ઝુલ્ફિકારે હૈદરીથી જહન્નમમાં પહોંચ્યા. આ હદીષનો ઝહૂર આ રીતે થયો. આ શિર્ક શિર્કનો સબક़ આજનો નથી પણ ઘણો પૂરાણો છે. એ જ પૂરાણો સબક़ આજે વહાબી પઢી રહ્યા છે.

૨. قوم یوجد : પોશીદાનું નાઈબ ફાઈલ છે. અથવા قیل પોશીદાનું ફાઈલ છે. قول તથા બંનેનો અર્થ છે કલામ તથા વાતચીત. ક़ુર્આને કરીમ ફર્માવે છે : وَ مَنْ اَصْدَقُ مِنَ اللّٰهِ قِيْلًا (અને અલ્લાહથી અધિક કોની વાત સાચી ?! સૂરએ નિસાઅ, ૪/૧૨૨) એટલે વાત ઘણી સારી (મીઠી મીઠી) કરશે, દરેક સમયે قال اللہ وقال الرسول તેમની જીભ પર હશે, પણ અક़ીદા તથા અમલો ઘણા ગંદા હશે. આમાં નિર્દેશ ખારજી ફિર્ક़ા તરફ છે. ફક़ીરે આ વખતે ચોથા

હજ્જના મોક़ા પર મસ્જિદે નબવી શરીફમાં ખારજી જોયા ઘણા જ નમાઝી ઘણા જ પરહેઝગાર જણાય છે.

૩. એટલે કે તેમનાં દિલ કુર્આનના નૂરથી રોશન થશે અથવા એમની તિલાવત બારગાહે ઈલાહીમાં क़ુબૂલ ન થશે, કેમ કે તેઓ કેવળ લોકોને ફસાવવાના માટે કુર્આન પઢશે. تراقى ترقوة નું બહુવચન છે. બરવઝન فعلوت : અર્થ : ગળુ, ફારસીમાં હંજરા કહે છે. આજે પણ નજ્દી વહાબી દરેકને કુર્આનની તરફ બોલાવે છે. પોતાની જમાઅતો, કિતાબોનાં નામ પણ કુર્આન પર રાખે છે : ઈશાઅતુલ કુર્આન, તા'લીમુલ કુર્આન. તેમના મોટાભાગના ઉલમા તથા મુબલ્લિગોનાં માથાં મૂંડેલાં હોય છે.

૪. એટલે કે પહેલા તે મુસલમાન હશે બાદમાં ઈસ્લામથી એવા નીકળી જશે કે તેમનામાં ઈસ્લામની કોઈ અસર કે નિશાની બાકી ન રહેશે, જેવી રીતે તીર શિકારમાંથી કે શિકારના શરીરમાં દાખલ થઈને નીકળી જાય છે, પણ એમાં ગોશ્ત, લોહી, છાણ, પેશાબ વગેરેની કોઈ અસર નથી હોતી.

૫. એટલે કે જાણે કમાનથી નીકળેલુ તીર કમાન પર પાછુ નથી આવતુ, આગળ જ જાય છે, એવી જ રીતે એ લોકો ઈસ્લામમાં પાછા નહીં આવે. એની આજમાઈશ પણ થઈ ચૂકી કે જેઓ પાકા ખારજી થઈ ગયા હતા તેઓ શમ્શીરે હૈદરીથી क़ત્લ થયા, બાકીના વેરવિખેર થઈ ગયા, પણ ફરીથી ઈસ્લામમાં ન આવ્યા. જે પાંચ હજાર હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની વઅઝ સાંભળીને પરત થયા તે પાકા ખારજી થયા ન હતા, બલ્કે ખારજીઓના બહેકાવવાથી શંકા કુશંકામાં પડી ગયા હતા. જેથી આ હદીષ તદ્દન સ્પષ્ટ છે.

★ બેદીન સર્વ મખ્લૂક़ કરતાં બદ્તર ★

૬. ક્યાં તો ખલ્ક़થી મુરાદ ઈન્સાન અને ખલીક़ાથી મુરાદ જાનવર છે અથવા બંનેવ સમાનઅર્થી છે પણ તાકીદરૂપે બે શબ્દો ઈર્શાદ થયા. જાણવા મળ્યું કે બેદીન સર્વ મખ્લૂક़ કરતાં બદ્તર છે, ત્યાં સુધી કે કૂતરા, સુવ્વર, ગધેડા કરતાં પણ. રબ તઆલા ફર્માવે છે : أُولَٰئِكَ هُمْ شَرُّ الْبَرِيَّةِ (એ જ સર્વ મખ્લૂક़માં બદ્તર છે. સૂરએ બૈયિના, ૯૮/૬) જેમ કે મો'મિને કામિલ સર્વ મખ્લૂક़ ત્યાં સુધી ફરિશ્તાઓથી પણ આ'લા છે. રબ તઆલા ફર્માવે છે : أُولَٰئِكَ هُمْ خَيْرُ الْبَرِيَّةِ (એ જ સર્વ મખ્લૂક़માં બેહતર છે. સૂરએ બૈયિના, ૯૮/૭)

૭. એટલે કે જે મુસલમાન એ ખારજીને क़ત્લ કરે તે બેહતરીન ગાઝી છે અને જે જંગમાં તેમના હાથે શહીદ થાય તે આ'લા દરજાનો શહીદ છે.

૮. એટલે ક્યાં તો હદીષના મુન્કિર થશે, કેવળ કુર્આનને માનવાના દાવેદાર થશે. અથવા જો કે દાવો તો કરશે હદીષ માનવાનો છતાં દરેક વખતે કુર્આન જ પઢશે અને દરેકને કુર્આનના નામ પર બોલાવશે, જેમ કે વર્તમાનકાળ ના કેટલાક વહાબી દેવબંદીઓ જેઓ કુર્આન, કુર્આનનું રટણ કરે છે.

૯. એટલે કે એમને અમારાથી અથવા અમારે તેમનાથી કોઈ સંબંધ નથી. અને જાહેર છે કે જેનો સંબંધ હુઝૂર ﷺથી તૂટી જાય તે કુર્આન અથવા નમાઝ વગેરે થકી મુસલમાન નથી થઈ શકતો. ફર્સ્ટ કલાસનો ડબ્બો એંજીનથી સંબંધ રાખ્યા વિના સફર નથી કરી શકતો, ન એની કોઈ क़દર તથા કિંમત છે, ન એમાં કોઈ મુસાફર બેસે છે. क़દર તથા કિંમત તો એંજીન સાથે મળી જવાથી છે.

૧૦. એટલે કે બીજા મુસલમાનો કરતાં એ અધિક મક़બૂલ થશે.

૧૧. એટલે કે ખૂબ જ અધિક માથુ મૂંડાવવું અને માથુ મૂંડાવવાની આદતવાળા હોવું. નહીં તો હજ્જમાં લગભગ સર્વ હાજી માથુ મૂંડાવે છે. અમુક બુઝુર્ગોને જોયા કે તેઓ માથુ મૂંડાવવાની આદતને બુરી સમજે છે. તેમનો માખઝ આ જ હદીષ છે.

★ હદીષ : (૧૨)-૩૫૪ ★

وَعَنْ عَائِشَةَ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَحِلُّ دَمُ امْرِئٍ مُسْلِمٍ يَشْهَدُ أَنْ لَا إِلَهَ إِلَّا اللَّهُ وَأَنَّ مُحَمَّدًا رَسُولُ اللَّهِ إِلَّا بِإِحْدَى ثَلَاثٍ زنا بعدَ إِحْصانٍ فإِنَّهُ يُرجَمُ ورجلٌ خرَجَ مُحارِباً للَّهِ وَرَسُولِهِ فَإِنَّهُ يُقْتَلُ أَوْ يُصْلَبُ أَوْ يُنْفَى مِنَ الْأَرْضِ أَوْ يَقْتُلُ نَفْسًا فَيُقْتَلُ بِهَا» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કોઈ એ મુસલમાનનું ખૂન હલાલ નથી જે ગવાહી આપતો હોય કે અલ્લાહના સિવાય કોઈ મઅ્બૂદ નથી અને હુઝૂર મુહમ્મદ મુસ્તફા ﷺ અલ્લાહના રસૂલ છે[૧]. પણ ત્રણ જુર્મોમાંથી એકના કારણે કે નિકાહ બાદ ઝિના કે ત[૨]નો સંગસાર કરવામાં આવશે[૨]. અને તે શખ્સ જે અલ્લાહ વ રસૂલથી જંગ કરવા નીકળ્યો[૩] તેને ક્યાં તો ક़त्ल કરવામાં આવશે. અથવા સૂળીએ ચઢાવવામાં આવશે અથવા જમીનથી કાઢી મૂકવામાં (તડીપાર કરવામાં) આવશે[૪]. અથવા કોઈ જાનને ક़त्ल કરી દે તો તેના બદલામાં ક़त्ल કરવામાં આવે[૫].'' (અબૂ દાઊદ)

૧. આ કલમા ખ્વાનીથી મુરાદ સર્વ ઈસ્લામી અક़ીદાઓને માનવું છે. જેમ કે કહેવામાં આવે છે કે નમાઝમાં الحمدلله પઢવું વાજિબ છે એટલે કે પૂરી સૂરત ولا الضالين, સુધી પઢવી વાજિબ છે, નહીં તો કેવળ કલ્મો તો ક़ાદયાની, ચકળાલ્વી અને સર્વ બાતિલ ફિર્ક़ાવાળા પણ પઢે છે.

૨. અહીં احصانનો અર્થ છે. આઝાદ બાલિગ મુસલમાનનુ સહીહ નિકાહ થકી સોહબત કરી લેવું એ રજ્મ (સંગસાર) માટે શર્ત છે. જેથી કાફિર અને નાબાલિગ તથા ગુલામ અને કુંવારા ઝાનીને સંગસાર નથી કરી શકતા. હુઝૂરે અન્વર ﷺનું અમુક યહૂદીઓને ઝિનાના કારણે સંગસાર કરાવવું તેમના પર તૌરાતનો હુકમ લાગુ કરવાના માટે હતું ન કે ઈસ્લામી હુકમના કારણે.

૩. એનાથી મુરાદ ડાકૂ છે અથવા બાગી. રબ તઆલા ડાકૂઓના વિશે ફર્માવે છે : اَلَّذِيْنَ يُحَارِبُوْنَ اللّٰهَ وَ رَسُوْلَهٗ وَ يَسْعَوْنَ فِي الْاَرْضِ فَسَادًا (તો કે અલ્લાહ અને તેના રસૂલ સાથે લડે છે અને દેશમાં ફસાદ (ઝઘડા) કરતા ફરે છે. સૂરએ માઈદા, ૫/૩૩)

૪. જો ડાકૂ કેવળ ક़त्ल કરે, કોઈનો માલ ન લે તો ક़त्ल કરવામાં આવશે. અને જો ક़त्ल પણ કરે, માલ પણ લૂટે તો સૂળીએ ચઢાવવામાં આવશે. અને જો કેવળ માલ લૂટે, ક़त्ल ન કરે તો તડીપાર (દેશનિકાલ)ની સજા કરવામાં આવશે એટલે કાળાપાણી અથવા હાલ પાકિસ્તાનમાં કાલા બાગ. અમુકે ફર્માવ્યું કે જો ડાકૂ ક़त्ल તથા લૂટ ન કરી શકે, કેવળ લોકોને ડરાવતો ધમકાવતો રસ્તો રોકતો પકડાય જાય તો તેને કોઈ શહેર કે ગામમાં રહેવા દેવામાં ન આવશે, આમ જ આવારા ભટકતો રાખવામાં આવશે ત્યાં સુધી કે મરી જાય અથવા સહીહ તૌબા કરી લે. અમુકે ફર્માવ્યું કે ઈમામને આ ચારેવ સજાઓનો અખત્યાર છે, એમાંથી જે ચાહે આપે. *(મિર્ક़ાત તથા અશિઅહ)*

૫. અહીં કલામથી ક़त्લે ઉમ્દ (ઈરાદાપૂર્વક) ક़त्ल છે. કેમ કે ક़ેસાસ કેવળ ક़त्લે ઉમ્દમાં છે. કત્લે ખતા (ભૂલથી ક़त्ल) અથવા ક़त्લે શુબ્હા ઉમ્દમાં કેસાસ નથી, કેવળ દિયત છે, જેવું કે વર્ણન થઈ ચૂક્યું.

★ હદીષ : (૧૩)-૩૫૪૫ ★

وَعَنِ ابْنِ أَبِي لَيْلَى قَالَ: حَدَّثَنَا أَصْحَابُ مُحَمَّدٍ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُمْ كَانُوا يَسِيرُونَ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَنَامَ رَجُلٌ مِنْهُمْ فَانْطَلَقَ بَعْضُهُمْ إِلَى حَبْلٍ مَعَه فَأَخذه فَفزِعَ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَحِلُّ لِمُسْلِمٍ أَنْ يُرَوِّعَ مُسْلِمًا» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત ઈબ્ને અબી લયલાથી રિવાયત છે[૧] ફર્માવે છે કે નબી કરીમ ﷺના સહાબાએ ખબર આપી[૨] કે તે હઝરત રસૂલુલ્લાહ ﷺની સાથે જઈ રહ્યા હતા[૩] તેમનામાંથી એક સાહબ સૂઈ ગયા તો એમનામાંથી અમુક સહાબી પોતાની રસ્સીની તરફ ચાલ્યા, તેને પકડી લીધો જેનાથી તે ગભરાય ગયો[૪]. તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે કોઈ મુસલમાન માટે દુરુસ્ત નથી કે કોઈ મુસલમાનને ડરાવે[૫].''

(અબૂ દાઉદ)

૧. આપનું નામ અબ્દુર્રહમાન ઈબ્ને ક़ાસિમ ઈબ્ને અબી લયલા અન્સારી છે. તાબઈ છે. એકસો વીસ સહાબીઓથી મુલાકાત કરેલ છે. જ્યારે હઝરત ઉમરની હયાત શરીફના છ વરસ બાકી હતા ત્યારે આપ પેદા થયા. હિ.સ. માં વફાત પામ્યા આપના પુત્ર મુહમ્મદ ઈબ્ને અબ્દુર્રહમાનને પણ એ જ નામ ઈબ્ને લયલાથી યાદ કરવામાં આવે છે જે કૂફાના ફ़ક़ીહ ક़ાઝી હતા. પણ જ્યારે ઈબ્ને અબી લયલા મુત્લક़ન (એકલુ) બોલવામાં આવે છે તો આપ એટલે અબ્દુર્રહમાન જ મુરાદ હોય છે.

૨. કેમ કે સહાબા હઝરાત સર્વે જ આદિલ છે, કોઈ ફાસિક़ નથી, એટલા માટે એમનાં નામ માલૂમ ન હોવું હદીષની સેહત (સહીહ હોવા) માટે નુકસાનકારક નથી એટલે કે અમને ઘણા બધા સહાબાએ કિરામે ખબર આપી છે.

૩. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં يسرون છે. سرىٰ અર્થ રાતમાં ચાલવું. રબ તઆલા ફર્માવે છે : سُبْحٰنَ الَّذِیْۤ اَسْرٰی بِعَبْدِهٖ (પાકી છે તેને જે પોતાના બંદાને. –સૂરએ બની ઈસ્રાઈલ, ૧૭/૧) આમ નુસ્ખાઓમાં يسيرون છે يسير થી મશતક़ અર્થ ચાલવું અથવા જવું. રબ તઆલા ફર્માવે છે : قُلْ سِیْرُوْا فِی الْاَرْضِ (તમે ફર્માવી દો, જમીનમાં સૈર કરે. સૂરએ અન્આમ, ૬/૧૧) ગાલિબ (અધિક્તર ધારણા) એ છે કે એ સફર કોઈ જેહાદના માટે હતો.

૪. એટલે એ સૂવાવાળા પાસે રહી હતી અથવા એ જનારા પાસે હતી. તેણે એ રસ્સી સાપની જેમ એના પર નાખી તે સૂનારા એને સાપ સમજીને ડરી ગયા, અને લોકો હસી પડયા.

★ હસી મજાકમાં કોઈને બીવડાવવું જાઈઝ નથી ★

૫. જ્યારે રસૂલુલ્લાહ ﷺએ એ સાંભળ્યું તો આવું ફર્માવ્યું. આ ફર્માને આલીનો મક़સદ એ છે કે હસી મજાકમાં કોઈને બીવડાવવું જાઈઝ નથી કે ક્યારેક એનાથી ડરનારો મરી જાય છે અથવા બીમાર પડી જાય છે.

હસી મજાક એવી હોવી જોઈએ જેનાથી સૌનું દિલ ખુશ થઈ જાય, કોઈને તકલીફ ન પહોંચે. આ હદીષથી જાણવા મળ્યું કે એવી મજાક મસ્તી કોઈની સાથે કરવી જેનાથી તેને તકલીફ પહોંચે, દા.ત. કે કોઈને મૂર્ખ બનાવવું, તેને ઝાપટ મારવી વગેરે હરામ છે.

★ હદીષ : (૧૪)-૩૫૪૬ ★

وَعَنْ أَبِي الدَّرْدَاءِ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ أَخَذَ أَرْضًا بِجِزْيَتِهَا فَقَدِ اسْتَقَالَ

''હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ થી રિવાયત છે. તે રસૂલુલ્લાહ ﷺથી રાવી કે ફર્માવ્યું, જે કોઈ જમીન તેના જિઝયાની સાથે લઈ લે[૧] તો તેણે પોતાની હિજરત ખત્મ કરી દીધી[૨] અને જેણે કોઈ કાફિરની ઝિલ્લત

هِجْرَتَهُ وَمَنْ نَزَعَ صَغَارَ كَافِرٍ مِنْ عُنُقِهِ فَجَعَلَهُ فِي عُنُقِهِ فَقَدْ وَلّى الإِسلامَ ظهرَه» . رَوَاهُ أَبُو دَاوُد

(બેઈજ્જતી) તેની ગરદનથી કાઢીને પોતાની ગરદનમાં નાખી લીધી તો તેણે ઈસ્લામથી પીઠ ફેરવી લીધી[૩]." (અબૂ દાઉદ)

૧. અહીં જિઝ્યાથી મુરાદ જમીનનો ટેક્સ છે જે કાફિર માલિકો પર લાઝિમ થાય છે જેને ખિરાજ કહે છે. મુસલમાન પર ઉશ્ર વાજિબ થાય છે. ઉશ્ર તથા ખિરાજનો વિગતવાર તફાવત ફિક़્હની કિતાબોમાં જુઓ.

૨. એટલે કે તેણે પોતાની હિજરતની ઈજ્જત ખત્મ કરી દીધી કે એ મુહાજિર ગાઝી હતો. એ તો કાફિરોથી ખિરાજ વસૂલ કરનારાઓમાંથી હોત તેને બદલે હવે ખૂદ ખિરાજ અદા કરશે. એનાથી જાણવા મળ્યું કે ખિરાજી જમીન મુસલમાનની માલિકીમાં આવીને પણ ખિરાજી જ રહે છે, ઉશ્રી નથી બની જતી. આ જ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો મઝહબ છે, ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં આ મસ્અલાની ખૂબ જ તફસીલ છે. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે. યાદ રાખશો કે જો કાફિર કોઈ મુસલમાનથી ઉશ્રી જમીન ખરીદે તો તે જમીન કાફિરની પાસે પહોંચીને ઉશ્રીના બદલે ખિરાજી બની જાય છે, પરંતુ જમીન એકવાર ખિરાજી બની જાય તો તે હમેશાં ખિરાજી રહે છે, ચાહે કાફિરની પાસે રહે કે મુસલમાનની પાસે આવી જાય.

૩. આ વાક્ય પાછલા વાકયની તફસીલ છે. અને અહીં ઝિલ્લતથી મુરાદ તે જ ખિરાજ અદા કરવું છે જે હવે એ મુસલમાનને અદા કરવું પડશે. વિચાર કરો કે હુઝૂર ﷺ પોતાની ઉમ્મતની કેવી ઈજ્જત ચાહે છે. **અફ્સોસ છે એ મુસલમાનો પર જેઓ અંધાધુંધ ઈસાઈઓ, અંગ્રેજોની દરેક અદાને પસંદ કરે છે, તેમની નક़્લ કરનારા બને છે, કાફિરો ઝલીલ તેમની દરેક અદા ઝિલ્લત તથા ખુવારી છે, તેમની નક़્લ કરનારો ખુદ તેમની ઝિલ્લત પોતાના ગળામાં નાખે છે.**

★ હદીષ : (૧૫)-૩૫૪૭ ★

وَعَنْ جَرِيرِ بْنِ عَبْدِ اللَّهِ قَالَ: بَعَثَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سَرِيَّةً إِلَى خَثْعَمَ فَاعْتَصَمَ نَاسٌ مِنْهُمْ بِالسُّجُودِ فَأَسْرَعَ فِيهِمُ الْقَتْلَ فَبَلَغَ ذَلِكَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَمَرَ لَهُمْ بِنِصْفِ الْعَقْلِ وَقَالَ: «أَنَا بَرِيءٌ مِنْ كُلِّ مُسْلِمٍ مُقِيمٍ بَيْنَ أَظْهُرِ الْمُشْرِكِينَ» قَالُوا: يَا رَسُولَ اللَّهِ لِمَ؟ قَالَ: «لَا تَتَرَاءَى نَارَاهُمَا» . رَوَاهُ أَبُو دَاوُدَ

"હઝરત જરીર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ એક લશ્કર ખષ્અમની તરફ મોકલ્યું[૧] તો તેમનામાંથી અમુકે સજદા થકી બચવા ચાહ્યું[૨] તે હઝરાતે તેમનામાં ક़त्ल ઝડપી કરી આપ્યું[૩] આ ખબર નબી કરીમ ﷺ ને પહોંચી[૪] તો હુઝૂરે તેમના માટે અડધી દિયતનો હુકમ આપ્યો[૫] અને ફર્માવ્યું, હું દરેક તે મુસલમાનથી બેઝાર છું જે કાફિરોમાં રહે સહે[૬] લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ﷺ શા માટે ?[૭] ફર્માવ્યું, જોઈએ કે બંનેવની આગો ન દેખાઈ દે[૮]." (અબૂ દાઉદ)

૧. ખષ્અમ યમનમાં એક પહાડનું નામ છે. એ પહાડનું નામ છે. એ પહાડના નજીકને જે લોકો વસેલા છે તેમને ખષ્અમી કહેવામાં આવે છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે ખષ્અમ યમનના એક ક़બીલાનું નામ છે. શક્ય યછે કે એ ક़બીલાનું નામ પણ ખષ્અમ એટલા માટે પડયું કે તે એ પહાડની પાસે વસેલો છે. સરિય્યા તે લશ્કરને કહે છે જેમાં હુઝૂરે અન્વર ﷺ ખુદ જાતે પોતે તશરીફ ન લઈ જાય. તેની સંખ્યા ૪૦૦ વ્યક્તિ સુધીની હોય છે.

(અશિઅહ)

૨. એટલે કે તે ખચ્અમી લોકોએ ચાહ્યું કે પોતાનો ઈસ્લામ જાહેર કરે તો તેમણે તે મુસલમાનોને દેખાડતાં નમાઝ શરૂ કરી દીધી. જેથી સજદાઓથી મુરાદ નમાઝ છે. (અશિઅહ, મિર્ક़ાત) અને શક્ય છે કે એ લોકોએ પોતાની તાઅત (ફર્માંબરદારી) જાહેર કરવા માટે એ મુસલમાનોને સજદો કર્યો હોય કે અમે તમારા ઝિમ્મી બનીએ છીએ, તમારાથી લડવા નથી ચાહતા.

૩. એટલા માટે કે મુસલમાન સમજ્યા કે આ લોકો પોતાનો જીવ બચાવવા માટે અમને ધોકો આપતાં નમાઝ પઢવું દેખાડી રહ્યા છે, પણ અસલમાં કાફિર છે.

૪. એ રીતે કે ગાઝીઓએ જાતે જોઈને આ બનાવ રજૂ કર્યો.

૫. આ ક़त्લે ખતા હતી જેમાં કાતિલના અસ્બાત (નિકટના વારસો) પર કત્લ થનારની પૂરી દિયાત લાઝિમ ઠરે છે. પણ કેમ કે આ ખતામાં એ ક़त्ल થનારાઓની પોતાની ગલતી પણ છે કે તેઓ મુશ્રિકો તથા કાફિરોના દેશમાં રહ્યા જેના લીધે પોતાનો ઈસ્લામ ન તો સહીહ રીતે જાહેર કરી શક્યા, ન ગાઝી મુસલમાન તેમને ઓળખી શક્યા. જેથી આ ક़त्લમાં તેમની ગલતી પણ છે. આ ગલતીનું પરિણામ એ આવ્યું કે તેમની દિયત અડધી રહી ગઈ. જો કોઈ શખ્સ કોઈની સામે દુશ્મન એટલે ચોર વગેરેના સ્વરૂપમાં આવે અને માર્યો જાય તો તેની દિયત તદ્દન વાજિબ નથી થતી. જો મુસલમાન જિન, સાપના સ્વરૂપમાં હોય અને કોઈ મુસલમાન માણસ તેને મારી દે તો પણ કાંઈ નથી.

૬. આ આલીશાન ફર્માન એ દિયતના અડધા રહી જવાની નિશાની છે. શબ્દ اظهر વધારાનો છે. અને મુશ્રિકોથી મુરાદ હર્બી કાફિરો છે જેનાથી મુસલમાનોની જંગ થતી રહે છે. બેઝાર છું એટલે તેમની મહોબ્બતથી બેઝાર છું અથવા તેમના ખૂનથી બેઝાર છું. યાદ રાખશો કે જો મુસલમાન કાફિરો પર છાપો મારે જેનાથી ત્યાંના અમુક મુસલમાન પણ અજાણતામાં માર્યા જાય તો કાંઈ લાગુ થશે નહીં. કેમ કે તેમણે ઈસ્લામ જાહેર કર્યો જેને મુસલમાન સમજ્યા નહીં, એટલા માટે અડધી દિયત લાઝિમ ઠરાવી.

૭. એટલે કે હુઝૂર એવા મુસલમાનથી શા માટે બેઝાર છે ? અથવા એ લોકોની અડધી દિયત શા માટે વાજિબ કરી ? પૂરી કેમ વાજિબ ન કરી ? لم અસલમાં لِما હતું. અલિફ પાડી દેવામાં આવ્યો છે.

૮. આ વાક્ય નવું છે જેમાં આ ફર્માને આલીનું કારણ વર્ણવવામાં આવ્યું છે. એટલે કે એ મુસલમાનોએ જોઈતુ હતું કે કાફિરોથી એટલા દૂર રહેતા કે એકબીજાની આગ, રોશની કે ધૂમાડો ન દેખાઈ દેતો. તેમણે એવું ન કર્યું એટલા માટે આ હુકમ લાગુ થયો. એટલા માટે અમુક મસઅલા જાણવા મળ્યા. એક એ કે શક્ય ત્યાં સુધી મુસલમાન મુશ્રિકના ત્યાં મહેમાન થઈને પણ ન રહે કે એમાં ખતરો છે. બીજુ એ કે મુસલમાન કાફિરો જેવી શકલ કે લિબાસ કે દેખાવ રીતભાત ન અપનાવે, નહીં તો લડાઈના મોક़ા પર શક્ય છે કે મુસલમાનના જ હાથે માર્યો જાય. જેમ કે હિંદુસ્તાનમાં ઘણીવાર એવું બન્યું કે કુર્બાની, મુહર્રમ વગેરે મોક़ા પર જ્યારે હિંદુ મુસ્લિમ તોફાનો થયાં તો ઘણા હિંદુ જેવા લાગતા મુસલમાન ખુદ મુસલમાનોના હાથે માર્યા ગયા. ત્રીજુ એ કે કાફિરોના હાથોમાં મુસલમાન કેદી જ્યારે મોક़ો પામે તો ભાગી જાય અને ત્યાં થોભે નહીં, નહીં તો ખતરો છે.

★ હદીષ : (૧૬)-૩૫૪૮ ★
وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الْإِيمَانُ قَيَّدَ الْفَتْكَ لَا يفتِكُ مُؤمنٌ» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, ઈમાન છાપો મારવાથી આડ છે. મો'મિન અચાનક નથી મારતો[૧]. ''
(અબૂ દાઉદ)

૧. એટલે કે મુસલમાન કોઈને તેહક़ીક़ કર્યા વિના નથી ક़त्ल કરતો. ઈસ્લામ એનાથી મના કરે છે. પ્રથમ

તેહક़ીક કરી લે કે મો'મિન છે કે કાફિર, અને જો કાફિર છે તો ઝિમ્મી છે કે મુસ્તામિન કે હર્બી ? જ્યારે ખબર પડે કે હર્બી કાફિર છે તો તેને क़त्લ क़त्લની ખબર આપવામાં નુકસાન હોય તો અચાનક क़त्લ કરવું જાઈઝ છે. જેમ કે क़અબ ઈબ્ને અશરફ તથા અબૂ રાફેઅ વગેરેને કરે છે. યાદ રાખશો કે જો પેહલેથી કોઈનું કાફિર હર્બી હોવાની જાણ હોય અને તેને क़त्લ કરવું. અહીં નકારવું એ 'નહી' (રોકવાના) અર્થમાં છે.

"હઝરત જરીર رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, જ્યારે ગુલામ ભાગી જાય દારુલ હર્બની તરફ તો તેનું ખૂન હલાલ થઈ ગયું[૧]." (અબૂ દાઉદ)

★ હદીષ : (૧૭)-૩૫૪૯ ★

وَعَنْ جَرِيرٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا أَبَقَ الْعَبْدُ إِلَى الشِّرْكِ فقد حلَّ دَمه» . رَوَاهُ أَبُو دَاوُد

૧. એટલે કે મુસલમાન ગુલામ મુર્તદ ન પણ થાય અને મુસલમાન જ રહે, પણ નાસી છૂટીને દારુલ હર્બ પહોંચી જાય, પછી તેને क़त्ल કરી દે તો એ क़ાતિલ પર કાંઈ લાઝિમ થશે નહીં, કેમ કે એ क़त्લમાં ખુદ ગુલામનો क़ુસૂર છે.

★ નબીની ગુસ્તાખ યહૂદણનું એક સહાબાએ ગળુ ઘોંટી દીધું ★

"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે એક યહૂદી સ્ત્રી નબી કરીમ ﷺ ને ગાળો આપતી હતી અને આપની બદ્ગોઈમાં મશગૂલ રહેતી હતી[૧]. તો એક શખ્સે તેનું ગળુ ઘોંટી દીધું ત્યાં સુધી કે તેણી મરી ગઈ. તો નબી કરીમ ﷺ એ તેનું ખૂન બાતિલ ઠરાવી આપ્યું[૨]." (અબૂ દાઉદ)

★ હદીષ : (૧૮)-૩૫૫૦ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ يَهُودِيَّةً كَانَتْ تَشْتِمُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَتَقَعُ فِيهِ فَخَنَقَهَا رَجُلٌ حَتَّى مَاتَتْ فَأَبْطَلَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ دَمَهَا. رَوَاهُ أَبُو دَاوُد

૧. ભલે તે મદીના મુનવ્વરામાં ઝિમ્મી બનીને રહેતી હતી પણ છતાંય આવી હરકત કરતી હતી.

૨. આ હદીષ ઈમામ શાફઈ رضی اللہ عنہ ની દલીલ છે કે ઝિમ્મી હુઝૂર ﷺ ની શાનમાં ગુસ્તાખી કરે તો તેનો ઝિમ્મો તૂટી જશે અને તે હર્બી થઈ જશે. તેના क़त्લ પર ન क़ેસાસ થશે ન દિયત. આપણે ત્યાં આ હરકતથી ઝિમ્મો બાતિલ ન થશે, કેમ કે હુઝૂર ﷺ ની તૌહીન (બેઅદબી) કુફ્ર છે. જ્યારે તેણી પહેલેથી જ કાફિર છે જ્યારે કે ખુદાને માને છે, પણ રહે છે ઝિમ્મી, તો એ કુફ્રથી પણ ઝિમ્મી રહેશે. આ હદીષ ક્યાં તો મન્સૂખ છે અથવા એની क़त्લ ઝિમ્મો તૂટવાના કારણે ન હતી બલ્કે મુસલમાનના દીની આવેશના કારણે હતી, જેના સબબે આ હુકમ લાગુ થયો.

★ જાદૂગરને क़त्લ કરી દેવાનો હુકમ ★

"હઝરત જુન્દુબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જાદૂગરની સજા તલ્વારથી મારી નાખવું છે[૧]." (તિર્મિઝી)

★ હદીષ : (૧૯)-૩૫૫૧ ★

وَعَنْ جُنْدُبٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «حَدُّ السَّاحِرِ ضَرْبُهُ بِالسَّيْفِ» . رَوَاهُ التِّرْمِذِيّ

૧. જો જાદૂગર મુસલમાન હોય અને તે જાદૂ કરે જે કુફ્રી વાણી હોય ત્યારે તો મુર્તદ થઈ જવાના કારણે क़त्લના પાત્ર છે અને જો કોઈને હલાક़ કરી દે તો क़ેસાસ રૂપે क़त्લ કરવામાં આવશે. જાદૂ કરવાના તથા જાદૂ શીખવાના

હુકમો ફિક़હની કિતાબોમાં જુઓ. અમે પણ અમારી તફસીરે નઈમી, પારા પ્રથમમાં ઘણી જ વિગતવાર રજૂ કરેલા છે. યાદ રાખશો કે ક़ાતિલ જાદૂગર ડાકૂના હુકમમાં છે, અને જાદૂગરની તૌબા ક़બૂલ છે. જુઓ મૂસા عليه السلام ના સમયના જાદૂગરોની દુઆ ક़બૂલ થઈ જેવું કે કુર્આને કરીમથી સાબિત છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૨૦)-૩૫૫૨ ★

عَن أُسَامَةَ بْنِ شَرِيكٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَيُّمَا رَجُلٍ خَرَجَ يُفَرِّقُ بَيْنَ أُمَّتِي فَاضْرِبُوا عُنُقَهُ» . رَوَاهُ النَّسَائِيُّ

''હઝરત ઓસામા બિન શરીકથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે શખ્સ સુલ્તાને ઈસ્લામ પર વિદ્રોહ (બગાવત) કરે અને મારી ઉમ્મતમાં ફૂટફાટ પડાવે તો તેની ગરદન મારી દો[૧].''

૧. એનાથી મુરાદ બાગી છે એટલે કે જે બગાવત કરે, તો પ્રથમ તેને સમજાવવામાં આવે પછી પણ બગાવત ન છોડે તો ક़त्લ કરવામાં આવે. જો બાગીઓની બાક़ાયદા ટોળી હોય તો તેમની સાથે જંગ કરવામાં આવશે. જેમ કે હઝરત અમીરુલ મો'મિનીન અલીયે મુર્તઝા رضی اللہ عنہ એ હઝરત અમીર મુઆવિયહ તથા હઝરત આઈશા رضی اللہ عنہا સાથે જંગ કરી. બાગી તે છે જે કોઈ ગલતફહમીના કારણે ઈસ્લામી બાદશાહનો વિરોધ કરે. બાગી અને ખારજીનો ફરક અને તેના હુકમોની વિગત અમારી ''હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ''માં જુઓ.

★ ખારજીઓનો આખરી ગિરોહ દજ્જાલ સાથે હશે ★

★ હદીષ : (૨૧)-૩૫૫૩ ★

وَعَنْ شَرِيكِ بْنِ شِهَابٍ قَالَ: كُنْتُ أَتَمَنَّى أَنْ أَلْقَى رَجُلًا مِنْ أَصْحَابِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَسْأَلُهُ عَنِ الْخَوَارِجِ فَلَقِيتُ أَبَا بَرْزَةَ فِي يَوْمِ عِيدٍ فِي نَفَرٍ مِنْ أَصْحَابِهِ فَقُلْتُ لَهُ: هَلْ سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَذْكُرُ الْخَوَارِجَ؟ قَالَ: نعمْ سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِأُذُنَيَّ وَرَأَيْتُهُ بِعَيْنَيَّ: أُتِيَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِمَالٍ فَقَسَمَهُ فَأَعْطَى مَنْ عَنْ يَمِينِهِ وَمَنْ عَنْ شِمَالِهِ وَلَمْ يُعْطِ مَنْ وَرَاءَهُ شَيْئًا. فَقَامَ رَجُلٌ مِنْ وَرَائِهِ فَقَالَ: يَا مُحَمَّدُ مَا عَدَلْتَ فِي الْقِسْمَةِ رَجُلٌ أَسْوَدُ مَطْمُومُ الشَّعْرِ عَلَيْهِ ثَوْبَانِ أَبْيَضَانِ فَغَضِبَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ

''હઝરત શરીર ઈબ્ને શિહાબ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હું તમન્ના કરતો હતો કે કોઈ સહાબીયે રસૂલ ﷺથી મુલાકાત કરું અને તેમને ખારજીઓ વિશે પૂછું[૨] હું ઈદના દિવસે અબૂ બરઝાથી તેમના સાથીઓની જમાઅતમાં મળ્યો[૩]. મેં તેમને કહ્યું કે આપે રસૂલુલ્લાહ ﷺને ખારજીઓના વિશે કાંઈક વર્ણન કરતાં સાંભળ્યા છે ? ફર્માવ્યું, હા ! મેં હુઝૂરને મારી આંખો વડે જોયા કે રસૂલુલ્લાહ ﷺની પાસે કોઈ માલ લાવવામાં આવ્યો[૪] આપે તે માલ વહેંચ્યો તો પોતાની જમણી બાજુ ડાબી બાજુવાળાઓને આપ્યો અને પોતાની પાછળવાળાને કાંઈ ન આપ્યું[૫] તો આપની પાછળથી એક શખ્સ ઉભો થયો, બોલ્યો : હે મુહમ્મદ ! (ﷺ) તમે વહેંચણીમાં ઈન્સાફ ન કર્યો ![૬] એ કાળો શખ્સ હતો. વાળ મૂંડેલા હતા. તેના પર બે સફેદ કપડાં હતાં[૭]. તો રસૂલુલ્લાહ ﷺ સખત નારાજ થયા[૮] અને ફર્માવ્યું કે તમે લોકો મારા સિવાય મારા કરતાં આદિલ

وَسَلَّمَ غَضَبًا شَدِيدًا وَقَالَ: «وَاللَّهِ لَا تَجِدُونَ بَعْدِي رَجُلًا هُوَ أَعْدَلُ مِنِّي» ثُمَّ قَالَ: «يَخْرُجُ فِي آخِرِ الزَّمَانِ قومٌ كأنَّ هَذَا مِنْهُم يقرؤون الْقُرْآنَ لَا يُجَاوِزُ تَرَاقِيَهُمْ يَمْرُقُونَ مِنَ الْإِسْلَامِ كَمَا يَمْرُقُ السَّهْمُ مِنَ الرَّمِيَّةِ سِيمَاهُمُ التَّحْلِيقُ لَا يَزَالُونَ يَخْرُجُونَ حَتَّى يَخْرُجَ آخِرُهُمْ مَعَ الْمَسِيحِ الدَّجَّالِ فَإِذَا لَقِيتُمُوهُمْ هُمْ شَرُّ الْخَلْقِ والخليقة» . رَوَاهُ النَّسَائِيّ

(ન્યાયી) શખ્સ કોઈને નહીં પામો[૧૦] પછી ફર્માવ્યું કે આખર જમાનામાં એક ક़ૌમ નીકળશે, લગભગ આ પણ તેમનામાંથી છે[૧૧] જેઓ કુર્આન ખૂબ જ પઢશે જે તેમના ગળેથી ઉતરશે નહીં. ઈસ્લામથી એવી રીતે નીકળી જશે જેમ કે તીર શિકારથી[૧૨] તેમની નિશાની માથુ મૂંડાવવું છે[૧૩] તેઓ નીકળતા જ રહેશે[૧૪] ત્યાં સુધી કે તેમનો અંતિમ ગિરોહ (ટોળુ) મસીહ દજ્જાલની સાથે નીકળશે[૧૫] તો જ્યારે તમે તેમનાથી મળો તો જાણી લો કે એઓ બદ્તરીન મખ્લૂક़ છે[૧૬]." (નિસાઈ)

૧. એક ગૈર મશહૂર તાબઈ છે. બસરી છે. હર્ષી છે. આપના થકી કેવળ એક આ જ હદીષ રિવાયત પામેલી છે. આપનાથી અરઝક़ ઈબ્ને કૈસએ રિવાયત કરી.

૨. કે એ ફિર્ક़ાના વિશે હુઝૂર ﷺએ શું ફર્માવ્યું છે. કેમ કે એ જમાનામાં એ ફિર્ક़ો જાહેર થયો હતો તેની રદના માટે આ પ્રકારની હદીષની જરૂરત હતી.

૩. અબૂ બરઝાનું નામ નસ્લા ઈબ્ને ઓબૈદ છે. અસ્લમ કબીલાથી છે. પૂરાણા સહાબીઓમાંથી ફતહે મક્કાના દિવસે ઈબ્ને હંઝલને આપે જ ક़त्ल કર્યો. હુઝૂર ﷺના વિસાલ સુધી હુઝૂર ﷺની સાથે રહ્યા. સરકાર ﷺના વિસાલ બાદ બસરામાં રહ્યા. પછી ફતહે ખુરાસાનમાં શરીક થયા. હિ.સ. ૬૦માં મરૂ સ્થળે વફાત પામ્યા. એ વખતે હઝરત અબૂ બરઝા رضی اللہ عنہ ની સાથે તેમના હમરાહી હતા જે તાબઈનમાંથી હતા. કેવળ આપ સહાબી હતા બાકી સર્વ હઝરાત સહાબી ન હતા. *(મિર્ક़ાત)*

૪. મક़સદ એ છે કે આપ ખારજીઓ વિશે તે હદીષ મને સંભળાવો જે જાતે ખુદ આપે સાંભળી હોય કાંઈ કે જેનાથી પૂરી તસલ્લી સંતોષ થાય.

૫. ક્યાં તો માલે ગનીમત અથવા કોઈ જગાએથી ટેકસ વગેરેનો માલ જે વહેંચવાને લાયક હતો.

૬. લગભગ પાછળવાળાઓને એ વહેંચણીમાં હિસ્સો ન આપવું એટલા માટે હતું કે તેનાથી તેમની હાલત જાહેર થઈ જાય. જેથી એવું જ થયું જેવું કે આગળ આવી રહ્યું છે.

૭. કેમ કે એ માલમાં સૌનો હિસ્સો હતો, અને આપે અમુકને આપ્યો. નઊઝુબિલ્લાહ !

૮. مطموم બન્યુ طم થી, અર્થ ઝડપી ઉખેડી કાઢવું. એનાથી મુરાદ છે. મૂંડેલા વાળ. (અશિઅહ, મિર્ક़ાત) સફેદ કપડા ફર્માવીને તેનું જાહેર સાફ અને અંતર (દિલ) ગંદુ હતું કે કપડાં સફેદ હતાં પણ દિલો દિમાગ કાળાં હતાં. (મિર્ક़ાત) શેઅર : *તન ઉજલા મન કાલા બગલે કે સે ભેક–ઉસસે તો કાંગા ભલે કે બાહર ભીતર એક*

અલ્લાહ તઆલા સફેદ દિલ નસીબ કરે. (આમીન)

૯. પણ તેમ છતાં ખૂબ જ સંયમ જાળવ્યો કે ન તેને ક़त्લનો હુકમ આપ્યો ન તેના પર કોઈ અન્ય સખ્તી કરી, નહીં તો એ મુર્તદ ક़त्લને પાત્ર હતો. કેમ કે **હુઝૂરે અક़્દસ ﷺના કોઈ કાર્યને તિરસ્કારની નજરથી જોવું અને આપના પર જુર્મનો આક્ષેપ કરવો કુફ્ર છે.** તેને ક़त्લ ન કરવાનું કારણ આગળ આવી રહ્યું છે.

૧૦. અહીં بعد સિવાયના અર્થમાં છે. જેથી હદીષ પર એ વાંધો નથી કે હુઝૂર ﷺથી વધીને અથવા હુઝૂર ﷺના બરાબર આદિલ, કોઈ ન હુઝૂર ﷺના જમાનામાં હતો ન બાદમાં.

૧૧. હુઝૂરનું આ શાયદ (કદાચ, લગભગ) ફર્માવવું યક़ીનના માટે છે. જેવું કે રબ તઆલા ફર્માવે છે : لَعَلَّ اللّٰهَ يُحْدِثُ بَعْدَ ذٰلِكَ اَمْرًا (કદાચ અલ્લાહના એના બાદ કોઈ નવો હુકમ મોકલે. સૂરએ તલાક़, ૬૫/૧)

૧૨. જે લોકો ખારજીઓને કાફિર નથી કહેતા, કેવળ ગુમરાહ કહે છે તેઓ અહીં ઈસ્લામનો અર્થ "સુલ્તાનનું આજ્ઞાપાલન" કરે છે પણ એ ઝઈફ છે, કેમ કે બીજી રિવાયતમાં ઈસ્લામને બદલે દીન ફર્માવે છે એટલે તે દીનથી એવી રીતે નીકળી જશે જેવી રીતે તીર શિકારથી નીકળી જાય છે. એની શરહ પહેલાં થઈ ચૂકી.

૧૩. ખુદાની પનાહ ! દરેક જગાએ ખારજીની ઓળખ માથુ મૂંડાવવું ફર્માવ્યું, જેમ કે આગળ આવી ગયું.

૧૪. અને દુનિયામાં ફસાદ (લડાઈ–ઝઘડા) ફેલાવતા જ રહેશે. તેઓ કદી નષ્ટ ન થશે અને તેમની ફસાદઅંગેઝી ખત્મ થશે નહીં. *(મિર્કાત)*

૧૫. એટલે કે તે હમેશાં મુસલમાનથી લડતા રહેશે અને કાફિરો તથા મુશ્રિકોના સાથી રહેશે. ત્યાં સુધી કે જ્યારે દજ્જાલ નીકળશે તો તેના સાથી તથા સમર્થક આ જ લોકો હશે. હુઝૂર ﷺની આ પેશનગોઈ અત્યાર સુધી આપણે આંખો વડે જોઈ રહ્યા છીએ કે વહાબીઓના હુમ્લા હમેશાં મુસલમાનો પર થયા, અને મુશ્રિકોના તરફદાર તેમના દોસ્ત હમેશાં આ જ લોકો રહ્યા. નજદીઓએ મુસલમાનોની બલ્કે સહાબાએ કિરામ, અહલે બયતે એઝામની क़ब્રો તોડી પાડી, પણ જવાહરલાલ નેહરૂને "રસૂલુસ્સલામ" (શાંતિદૂત)નો લક़બ આપ્યો. તેની તથા ગાંધીની શાનમાં અરબી કિતાબો લખી છાપી, અને હરમૈન તૈયબૈનમાં દર્સ રૂપે પઢાવી. ખબર મળી છે કે યુ.પી.માં બરેલીમાં એક વહાબીએ હિંદુઓ માટે મંદિર બનાવડાવ્યું છે જેના માટે પોતે એંસી હજાર રૂપિયા ખર્ચ કર્યા છે. પાકિસ્તાની વર્તમાન પત્રોએ આ ખબર છાપી. એમને શિર્કથી જાહેરી રીતે નફરત પણ મુશ્રિકોથી મહોબ્બત છે. આ છે હદીષે પાકનું ઝહૂર (જાહેર થવું).

૧૬. فاذا ની ખબર ક્યાં તો فاعلموا અથવા فاقتلوا છે જેમ કે બીજી હદીષોમાં આવ્યું છે. યાદ રાખશો કે ક્યાં તો خلق અથવા خليقه એક જ અર્થમાં છે. અથવા خلق થી મુરાદ ઈન્સાન છે અને خليقه થી મુરાદ અન્ય મખ્લૂક़ છે. એટલે કે એ લોકો સર્વ મખ્લૂક़થી બદ્તરીન છે. કુર્આને કરીમ ફર્માવે છે : اُولٰٓئِكَ هُمْ شَرُّ الْبَرِيَّةِ (એ જ સર્વ મખ્લૂકમાં બદ્તર છે. સૂરએ બૈયિના, ૯૮/૬)

"હઝરત અબૂ ગાલિબ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે હઝરત અબૂ ઉમામાએ[૨] કેટલાક માથાં દમિશ્કના રસ્તા પર લટકેલાં જોયાં[૩] તો અબૂ ઉમામાએ ફર્માવ્યું કે દોઝખના કૂતરા છે[૪] આસ્માનની વિશાળતા નીચે બદ્તર क़त्ल થનારા છે, બેહતરીન क़त्ल થનારા તે છે જેમને આ क़त्ल કર્યા[૫] પછી પઢ્યું, કેટલાક મોં તે દિવસે સફેદ હશે અને કેટલાક મોં કાળાં હશે, પૂરી આયત[૬]. અબૂ ઉમામાને પૂછવામાં આવ્યું કે આપે રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું છે ? ફર્માવ્યું, જો મેં હુઝૂરને એકવાર કે બેવાર ત્રણવાર ત્યાં સુધી કે સાતવાર ગણ્યું, ફર્માવતાં

★ હદીષ : (૨૨)-૩૫૫૪ ★

وَعَن أَبِي غالب رأى أَبُو أُمامةَ رؤوساً مَنْصُوبَةً عَلَى دَرَجِ دِمَشْقَ فَقَالَ أَبُو أُمَامَةَ: «كِلَابُ النَّارِ شَرُّ قَتْلَى تَحْتَ أَدِيمِ السَّمَاءِ خَيْرُ قَتْلَى مَنْ قَتَلُوهُ» ثُمَّ قَرَأَ (يَوْمَ تبيَضُّ وُجوهٌ وتَسوَدُّ وُجوهٌ)الْآيَةَ قِيلَ لِأَبِي أُمَامَةَ: أَنْتَ سَمِعْتُ مِنْ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ؟ قَالَ: لَوْ لَمْ أَسْمَعْهُ إِلَّا مَرَّةً أَوْ مَرَّتَيْنِ أَوْ ثَلَاثًا حَتَّى عَدَّ سَبْعًا مَا حَدَّثْتُكُمُوهُ. رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِيُّ:

ન સાંભળ્યું હોત તો હું તમને રિવાયત ન કરતો. (તિર્મિઝી, ઈબ્ને માજહ) તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન છે."	هَذَا حَدِيثٌ حَسَنٌ

૧. આપ તાબઈ છે. બસરી બાહિલી છે. આપનું નામ હઝૂર છે. આપને અબ્દુર્રહમાન હઝરમીએ આઝાદ કર્યા. અમુક મુહદ્દિષોએ આપને ઝઈફ કહ્યા, અમુકે क़वી (મજબૂત) કહ્યા.

૨. આપ મશહૂર સહાબી છે. પ્રથમ મિસરમાં પછી હમ્સમાં આપ રહ્યા અને ત્યાં જ ઈન્તેક़ાલ કર્યો. શામ (સીરિયા)ના અંતિમ સહાબી આપ છે, એટલે સૌથી છેલ્લા અને ત્યાં જ આપની વફાત થઈ.

૩. એ માથાં ખારજીઓનાં હતાં જે લગભગ હઝરત અલી رضی اللہ عنہ ની જમાઅતનાં હાથે જહન્નમ રસીદ થયા. તેઓ હઝરત અલી, ઈમામ હસ્નૈન, ફાતિમા ઝહરા, ઉષ્માન ગની, અમીર મુઆવિયહના બદ્તરીન દુશ્મન છે.

૪. એટલે કે એ ખારજી દોઝખમાં કૂતરાઓની શકલમાં જશે, અથવા ત્યાં દોઝખીઓની નજીક કૂતરાઓની જેમ ઝલીલો ખાર (બેઈજ્જત) થશે. પ્રથમ અર્થ અધિક યોગ્ય છે. *(મિર્क़ાત)*

૫. એટલે કે જે ગાઝી તેમને મારે તે બેહતરીન ગાઝી છે, અને જે શહીદ તેમના હાથે શહીદ થાય તે બેહતરીન શહીદ છે અને તેઓ પોતે બદ્તરીન क़त्ल થનારા છે.

૬. એનાથી જાણવા મળ્યું કે હઝરત અબૂ ઉમામાની નજીક ખારજી લોકો મુર્તદ ઈસ્લામથી નીકળી ગયેલા કાફિરો છે. અમુકે તેમને બિદઅતી, ગુમરાહ, નફ્સ પરસ્ત કહ્યા. *(મિર્क़ાત)*

૭. એટલે કે અબૂ ગાલિબે હઝરત અબૂ ઉમામાથી પૂછયું કે આપનો આ ઈર્શાદ પોતાનો છે કે હુઝૂર ﷺથી સાંભળ્યું છે કે ખારજી દોઝખના કૂતરા વગેરે છે. તો આપે ફર્માવ્યું કે અન્ય હદીષો તો મેં હુઝૂર ﷺથી બે એકવાર સાંભળી હશે, પણ આ ફર્માને આલી ખારજીઓના વિશે સાતવાર સાંભળ્યું છે ત્યારે હું રિવાયત કરી રહ્યો છું. જાણવા મળ્યું કે બારગાહે રિસાલતમાં એ મરદૂદોની બુરાઈઓ મોટાભાગે વર્ણન પામે છે.

કિતાબુલ્ હુદૂદ كتاب الحدود
(નિશ્ચિત સજાઓ વિશે[૧])
(વિભાગ : ૧) الفصل الاول

૧. حدود (હુદૂદ–સજાઓ) એ حد (હદ)નું બહુવચન છે. શબ્દકોશમાં حد હદનો અર્થ આડ અથવા મના છે. એટલા માટે દરવાન એટલે ચોકીદારને અરબીમાં حداد (હદ્દાદ) પણ કહે છે. શરઈ બોલી (ઈસ્તેલાહ)માં જુર્મની શરઈ નિશ્ચિત સજાને حد 'હદ' કહે છે, કે એ પણ લોકોને જુર્મોથી રોકે છે. ક્યારેક હરામ ચીજોની પણ હુદૂદ (હદો) કહેવામાં આવે છે. રબ તઆલા ફર્માવે છે : تِلْكَ حُدُوْدُ اللّٰهِ فَلَا تَقْرَبُوْهَا (એ અલ્લાહની હદો છે તેમની પાસે ન જાવ. સૂરએ બક્રહ, ૨/૧૮૭) કેમ કે એ હરામ ચીજો સજાઓનો સબબ છે. ઈસ્લામમાં ઝિનાની સજા રજ્મ (પથ્થરો વરસાવી મારી નાખવું, સંગસારી) અથવા સો કોરડા, ચોરીની સજા હાથ કાપવું છે. શરાબ પીવાની સજા એંસી કોરડા છે. પાકીઝા આઝાદ સ્ત્રી પર તોહમત લગાડવાની સજા પણ એંસી કોરડા છે. ડાકૂગીરીની સજા ફાંસી વગેરે છે. ક્રત્લની સજા ક્રેસાસ (ખૂનનો બદલો ખૂન) શરઈ હદ (સજા) છે. બાકી જૂગાર વગેરે ગુનાહોમાં હદ (સજા) નથી, તઅ્ઝીર (દંડ, જુર્માના) છે કે હાકિમ જે ચાહે સજા આપે. હક્ક એ છે કે શરઈ સજાઓ એ ગુનાહનો કફ્ફારો નથી અને એનાથી આખેરતનો અઝાબ દૂર થશે નહીં. જેમ કે કુર્આને કરીમ ડાકૂઓ (લૂટારાઓ)ના વિશે ફર્માવે છે : لَهُمْ فِي الْاٰخِرَةِ عَذَابٌ عَظِيْمٌ ۙ اِلَّا الَّذِيْنَ تَابُوْا (આ દુનિયામાં તેમની બેઈજ્જતી છે અને આખેરતમાં તેમના માટે મહાન અઝાબ, પણ તે જેમણે તૌબા કરી લીધી. સૂરએ માઈદા, ૫/૩૩, ૩૪) જાણવા મળ્યું કે ડાકૂને ફાંસી થવી એ દુનિયવી બેઈજ્જતી છે, આખેરતની સજા એનાથી ઉપરાંત છે જે તૌબાથી દૂર થઈ શકે છે. બુખારી શરીફ વગેરેમાં જે છે કે જેને એ જુર્મોની સજા આ દુનિયામાં આપી દેવામાં આવી فهو كفارة له તે એમનો કફ્ફારો બની ગઈ, ત્યાં એ સજા મુરાદ છે જે તૌબાની સાથે હોય. મુજરિમ (ગુનેહગાર) ખુદ હાકિમની સામે સજા લેવા હાજર થઈ જાય. (અઝ : મિર્કાત વગેરે) જેમ કે સહાબાએ કિરામ જુર્મના પછી ખુદ આવીને અરજ કરતા હતા : طهّرني يارسول હુઝૂર! મને પાક કરી દો ! યાદ રાખશો કે હાકિમ કોઈ મુજરિમને પોતાના ખાસ ઈલ્મના આધારે સજા નથી આપી શક્તા, જ્યાં સુધી કે ગવાહી અથવા ઈક્રારથી તેની સાબિતી ન થઈ જાય. રબ તઆલા ફર્માવે છે : شُهَدَآءَ ۚ فَاِذْ لَمْ يَاْتُوْا بِالشُّهَدَآءِ فَاُولٰٓئِكَ عِنْدَ اللّٰهِ هُمُ الْكٰذِبُوْنَ (તો જ્યારે ગવાહ ન લાવે તો તેઓ જ અલ્લાહની નજીક જૂઠા છે. સૂરએ નૂર, ૨૪/૧૩)

★ ઝિનાની સજા વિશે વિગતે વર્ણન ★

★ હદીષ : (૧)-૩૫૫૫ ★	"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ અને ઝયદ ઈબ્ને ખાલિદ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે બે શખ્સોએ રસૂલુલ્લાહ ﷺ ની બારગાહમાં કેસ રજૂ કર્યો, એમાંથી એક બોલ્યા કે અમારી વચ્ચે અલ્લાહની કિતાબથી ફૈસલો કરી આપો[૨]. અને બીજા બોલ્યો, હા! યા રસૂલલ્લાહ ! ﷺ તો અમારી દરમિયાન
عَنْ أَبِي هُرَيْرَةَ وَزَيْدِ بْنِ خَالِدٍ: أَنَّ رَجُلَيْنِ اخْتَصَمَا إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ أَحَدُهُمَا: اقْضِ بَيْنَنَا بِكِتَابِ اللَّهِ وَقَالَ الْآخَرُ: أَجَلْ يَا رَسُولَ اللَّهِ فَاقْضِ بَيْنَنَا بكتاب الله وائذَنْ لِي أَنْ أَتَكَلَّمَ قَالَ:	

«تَكَلَّمْ» قَالَ: إِنَّ ابْنِي كَانَ عَسِيفًا عَلَى هَذَا فَزَنَى بِامْرَأَتِهِ فَأَخْبَرُونِي أَنَّ على ابْنِي الرَّجْم فاقتديت مِنْهُ بِمِائَةِ شَاةٍ وَبِجَارِيَةٍ لِي ثُمَّ إِنِّي سَأَلْتُ أَهْلَ الْعِلْمِ فَأَخْبَرُونِي أَنَّ عَلَى ابْنِي جَلْدَ مِائَةٍ وَتَغْرِيبَ عَامٍ وَإِنَّمَا الرَّجْمُ عَلَى امْرَأَتِهِ فَقَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَمَا وَالَّذِي نَفْسِي بِيَدِهِ لَأَقْضِيَنَّ بَيْنَكُمَا بِكِتَابِ اللّٰهِ أَمَّا غَنَمُكَ وَجَارِيَتُكَ فَرَدٌّ عَلَيْكَ وَأَمَّا ابْنُكَ فَعَلَيْهِ جَلْدُ مِائَةٍ وَتَغْرِيبُ عَامٍ وَأَمَّا أَنْتَ يَا أُنَيْسُ فَاغْدُ إِلَى امْرَأَةِ هَذَا فَإِن اعْترفت فارجمها» فَاعْترفت فرجمها

અલ્લાહની કિતાબથી ફૈસલો કરી આપો અને મને અર્ઝ કરવાની ઈજાઝત આપો[૩]. ફર્માવ્યું, બોલો ! અર્ઝ કરી, મારો પુત્ર એને ત્યાં મજૂર હતો[૪] તો તેણે તેની પત્ની સાથે ઝિના કરી લીધો. મને લોકોએ ખબર આપી કે મારા પુત્ર પર રજ્મ (સંગસારી) છે[૫]. તો મેં તેના તરફથી સો બકરીઓ અને એક મારી ઊંટણીનો ફિદિયો આપી દીધો[૬] પછી મેં ઉલમાથી પૂછ્યું[૭] તેમણે મને બતાવ્યું કે મારા પુત્ર પર સો કોરડા અને એક વરસ દેશ નિકાલ (તડીપાર થવું) છે, અને સંગસારી તેની પત્ની પર છે[૮]. ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, જાણી લો ! તેની કસમ જેના કબજામાં મારી જાન છે ! હું તમારી વચ્ચે અલ્લાહની કિતાબથી ફૈસલો કરીશ[૯] રહી તારી બકરીઓ અને લોંડી, એ તને પરત થશે[૧૦] પરંતું તારો પુત્ર, તો એના પર સો કોરડા અને એક વરસ તડીપાર છે[૧૧]. અને હે અનીસ ![૧૨] કાલે સવારે તમે તેની પત્નીની પાસે જાવ, જો તેણી ઈકરાર કરે તો તેણીને સંગસાર કરી દો. તો તેણીએ સ્વીકાર કરી લીધો જેથી તેણીને સંગસાર કરવામાં આવી[૧૩].''

(મુસ્લિમ, બુખારી)

૧. આપ જહની છે. મશહૂર સહાબી છે. ૮૫ વરસની ઉમર પામી અબ્દુલ મલિક બિન મરવાનના જમાનામાં હિ.સ. ૭૮માં કૂફામાં મૃત્યુ પામ્યા અને ત્યાં જ કબ્ર શરીફ છે. *(અશિઅહ)*

૨. લગભગ એ બંને હઝરાત ક્યાંક બહારના હતા જેઓ દરબારે આલીના આદાબ (નિયમો)થી વાકેફ ન હતા, એટલા માટે આ પ્રમાણે અર્ઝ કર્યું, નહીં તો હુઝૂર ﷺનો ફૈસલો કિતાબુલ્લાહ પર મૌકૂફ નથી, જે ઝબાન શરીફથી નીકળે તે જ શરઈ ફૈસલો છે.

૩. કદાચ આ શખ્સ બીજાઓ કરતા અધિક કાદિરુલ કલામ (વાતચીતનો નિષ્ણાત) હતો અથવા તેના પુત્રએ ઝિનાનો સ્વીકાર કરી લીધો હતો, અને બીજાની પત્નીએ સ્વીકાર કર્યો ન હતો. એટલા માટે તેણે વિચાર્યું કે જુર્મના બયાનના માટે હું જ યોગ્ય છું.

૪. عَلٰى هٰذَا નો અર્થ એ છે કે એ કામ કરી ચૂક્યો હતો અને એની મજૂરી એના માથે લાગુ થઈ ચૂકી હતી. જો لِهٰذَا હોત તો આ મુદ્દો હાંસલ ન થાત. *(મિર્કાત)*

૫. એટલે કે અમુક સહાબીઓએ મારા કુંવારા પુત્ર પર ઝિનાના કારણે રજ્મનો (સંગસારીનો) હુકમ આપ્યો. એનાથી જાણવા મળ્યું કે અફઝલની હયાતીમાં તેનાથી ઉતરતાને મસ્અલો પૂછવો જાઈઝ છે. જુઓ, હુઝૂર સૈયદે આલમ ﷺની મૌજૂદગીમાં તેણે સહાબીઓને મસ્અલો પૂછયો. એ પણ જાણવા મળ્યું કે જો મસ્અલામાં ગલતી થઈ જાય તો અફઝલ તેની સુધારણા કરી આપે. જુઓ, એ મસ્અલો ગલત બતાવવામાં આવ્યો હતો જેની ઈસ્લાહ હુઝૂર ﷺએ કરી આપી.

૬. આ તે સહાબીનો પોતાનો ઈજતેહાદ હતો. એ સમજ્યા કે જેવી રીતે ક़ત્લમાં ક़ાતિલ ૧૦૦ ઊંટ ફિદિયો આપીને ક़ેસાસથી બચી શકે છે, તો મારો પુત્ર પણ આ ફિદિયાના સબબથી રજ્મ (સંગસારી)થી બચી શક્શે.

૭. એટલે કે મોટા ઉલમા સહાબીઓથી પૂછ્યું.

૮. કેમ કે તેમનો પુત્ર કુંવારો હતો અને બીજાની પત્ની પરણીત હતી. પરણીત સ્ત્રી સાથે કુંવારા ઝાનીની સજા કોરડા છે અને પરણીત સ્ત્રીની સજા રજ્મ (સંગસારી) છે.

★ હુઝૂર ﷺનો દરેક હુકમ કુર્આની હુકમ છે ★

૯. એનાથી જાણવા મળ્યું કે પહેલાં કુર્આન મજીદમાં રજ્માની આયત હતી. الشيخ والشيخة اذا زنيا فارجموهما نكالًا من الله والله عزيز حكيم પછી બાદમાં એની તિલાવત મન્સૂખ થઈ પણ હુકમ બાકી રહ્યો. કેમકે હુઝૂર ﷺ એવું ફર્માવે છે કે હું કુર્આનથી ફૈસલો કરીશ, પછી રજ્મ (સંગસારી)નો હુકમ આપ્યો. અમુકે ફર્માવ્યું કે રજ્મનો હુકમ આ આયતથી હુઝૂર ﷺએ કાઢયો. وَالَّذٰنِ يَأْتِيٰنِهَا مِنْكُمْ فَاٰذُوْهُمَا (અને તમારામાંથી જે પુરૂષ સ્ત્રી આવું કરે તેને ઈજા આપો. સૂરએ નિસાઅ, ૪/૧૬) જે ઝિના કરી લે તેને ઈજા આપો. ઈજામાં રજ્મ પણ સામેલ છે. (મિર્ક़ાત) પણ ફક़ીર (લેખક)ની નજીક આ બંને ક़ૌલ ઝઈફ છે, કેમ કે હુઝૂર ﷺ ઝાની (વ્યભિચારી) છોકરા પર સો કોરડાઓની સાથે તડીપાર કરવાની પણ સજા આપી રહ્યા છે. એ કુર્આને કરીમમાં ન હતું ન હાલ છે. હક્ક़ એ છે કે હુઝૂર ﷺનો દરેક હુકમ હક़ીક़તમાં કુર્આની છે : રબે ફર્માવ્યું : مَآ اٰتٰىكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ (અને જે કાંઈ રસૂલ તમને અતા કરે તે લો અને જેનાથી રોકે તેનાથી દૂર રહો. સૂરએ હશ્ર, ૫૯/૭) હુઝૂર ﷺનો દરેક હુકમ કુર્આની હુકમ છે, હુઝૂર બોલતુ કુર્આન છે.

૧૦. લગભગ એ શખ્સે એ બકરીઓ તથા લોંડી ખૈરાત કરી ન હતી. નહીં તો સદક़ો તથા ખૈરાત આપીને પરત નથી થઈ શકતી, બલ્કે સ્ત્રીના પતિ અને તેના સગાંઓને આપી હશે, કેમ કે તેમની આબરૂ લૂટાઈ ગઈ. જેવી રીતે ક़ાતિલ મક़્તૂબ (ક़ત્લ થનાર)નાં વારસોને દિયત આપે છે.

૧૧. સો કોરડા તો સજાના રૂપે અને એક સાલ દેશ નિકાલ તા'ઝીર (શિક્ષા) રૂપે, કે જો ઈમામ એમાં મસ્લેહત જુએ તો એ સજા પણ આપે. એ જ આપણો મઝહબ છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં એ પણ હદ (સજા) છે, પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો ક़ૌલ ક़વી (મજબૂત) છે, કેમ કે હઝરત ઉમર رضی اللہ عنہ એ એકવાર ઝાનીને દેશ નિકાલ કર્યો તો તે કાફિરોને જઈને મળ્યો, જેથી આપે ફરી એ સજા ન આપી. જો એ પણ હદ (સજા) હોત તો આપ તેને બંધ ન કરતા. જુઓ તહાવી શરીફ તેમજ ક્યારેક દેશ નિકાલ (તડીપાર) નુકસાનકર્તા પણ થાય છે કે ઝાની બહાર જઈને અધિક આઝાદ થઈ જાય છે, જેથી લાભકારક જણાય તો જ એ સજા આપવી જોઈએ.

૧૨. તેમનું નામ અનસ ઈબ્ને ઝહાક અસ્લમી છે, પ્યાર મહોબ્બતમાં انيس અનીસ ટૂંકાણ વાચક રીતે ફર્માવ્યું.

૧૩. ઈક़રાર (સ્વીકાર)થી મુરાદ શરઈ ઈક़રાર છે એટલે ચાર વાર. એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે ઝિનાનું ઈક़રારનામુ ઈસ્લામી સુલ્તાનના સામે થવું જરૂરી નથી, બલ્કે તેના નાયબ સામે પણ થઈ શકે છે. બીજુ એ કે ઝાનીના રજ્મ (સંગસારી) વખતે સુલ્તાનની હાજર જરૂરી નથી, નાયબ સુલ્તાન એકના બયાન પર પણ ક़ાઝી કિફાયત કરી શકે છે. જુઓ, હુઝૂર ﷺએ કેવળ તે એક શખ્સનું બયાન સાંભળ્યું, સ્ત્રીના પતિનું બયાન ન લીધુ. હા ! બીજા આરોપીને સજા તેના સ્વીકાર પર આપી. હઝરત દાઉદ عليه السلام ની પાસે જ્યારે ફરિશ્તા વાદી તથા પ્રતિવાદીના સ્વરૂપમાં હાજર થયા તો આપે એકનું બયાન સાંભળીને ફર્માવી આપ્યું કે આ બીજો જાલિમ છે જે તેની

પાસે ૧૧ બકરીઓ હોવા છતાં તારી એક બકરી માગે છે. અને હુઝૂર ﷺએ કેવળ હિંદાનું બયાન સાંભળીને હુકમ આપ્યો કે અબૂ સુફયાનના ખિસ્સામાંથી જરૂરત પ્રમાણે ખર્ચ લઈ લીધા કરો. અમુકે ફર્માવ્યું કે ફત્વો અને ફ઼ઝામાં ફરક છે. કેમ કે ફત્વો ચોરી તથા ફ઼ત્લની જેમ ઝિનામાં પણ એક ઈક઼રાર (સ્વીકાર) પૂરતો છે. કેમ કે અહીં હુઝૂર ﷺએ ચાર ઈક઼રારો (સ્વીકારો)ની શરત ન લગાડી. પણ આ દલીલ ઘણી જ કમજોર છે, કેમ કે હઝરત માઈઝની રિવાયતમાં ચાર ઈક઼રાર (સ્વીકાર)ની સ્પષ્ટતા છે, અને અહીં એક ઈક઼રારની સ્પષ્ટતા નથી. જેથી અહીં પણ શરઈ ઈકરાર મુરાદ છે, એટલે ચાર વાર. હનફી મઝહબ ખૂબ જ ક઼વી (પુખ્તા) છે.

''હઝરત ઝયદ ઈબ્ને ખાલિદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં નબી કરીમ ﷺથી સાંભળ્યું કે આપ એના વિશે જે પરણ્યા (મુહસન) વિના ઝિના કરે[૧] એકસો કોરડા અને એક વરસ તડીપારનો હુકમ આપતા હતા[૨]. '' (બુખારી)

★ હદીષ : (૨)-૩૫૫૬ ★

وَعَنْ زَيْدِ بْنِ خَالِدٍ قَالَ: سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَأْمُرُ فِيمَنْ زَنَى وَلَمْ يُحْصَنْ جَلْدَ مِائَةٍ وَتَغْرِيبَ عَامٍ. رَوَاهُ الْبُخَارِيّ

૧. શરીઅતમાં મુહસન (પરણીત) તે છે જે મુસલમાન આઝાદ, આક઼िલ, બાલિગ હોય અને નિકાહ થકી સહીહ સોહબત કરી ચૂક્યો હોય. જો એમાંથી એક ચીજ ન હોય તો તે ગૈર મુહસન (અપરણીત) છે. ગૈર મુહસન ઝાનીની સજા સો કોરડા છે.

૨. યાદ રાખશો કે અહનાફ (હનફીઓ)ની નજીક એક સાલનો દેશ નિકાલ (તડીપાર) શિક્ષા રૂપે (તઅઝીર રૂપે) છે, સજા કેવળ સો કોરડા છે. જેથી આ હદીષ કુર્આને કરીમની આ આયતની વિરુદ્ધ નથી : اَلزَّانِيَةُ وَالزَّانِيْ فَاجْلِدُوْا كُلَّ وَاحِدٍ مِّنْهُمَا مِائَةَ جَلْدَةٍ (જે સ્ત્રી બદ્કાર હોય અને જે પુરૂષ તો એમનામાંથી દરેકને સો કોરડા મારો.'' સૂરએ નૂર, ૨૪/૨) કોરડો કેવો હોય અને કેવી રીતે મારવામાં આવે એની તફસીલ ફિક઼્હની કિતાબોમાં વાંચો. અહીં કેવળ એટલુ સમજી લો કે એ સજામાં ઝાનીને મરવા દેવામાં નહીં આવે. જો ઘણો જ કમજોર હોય કે કોરડાઓથી મરી જવાનો ખતરો હોય તો નરમ માર મારવામાં આવશે, અને દિમાગ, દિલ, શર્મગાહ પર કરોડા મારવામાં નહીં આવે કે એનાથી મરી જવાનો ખતરો છે. એ જ પ્રમાણે ઝિનાથી સગર્ભા કુંવારીને સગર્ભા હાલતમાં કોરડા મારવામાં ન આવે, ગર્ભ જણ્યા બાદ શક્તિ આવી જતાં મારવામાં આવે.

★ રજ્મનો હુકમ કુર્આન, હદીષ, સહાબાના ઈજમાઅ, ઉમ્મતના ઈજમાઅથી સાબિત છે જેથી એનો ઈન્કાર કુફ્ર છે ★

''હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે બેશક ! અલ્લાહ તઆલાએ હુઝૂર મુહમ્મદ ﷺને હક્કની સાથે મોકલ્યા અને તેમના પર કિતાબ ઉતારી તો એ આયતોમાં જે અલ્લાહે ઉતારી રજ્મ (સંગસારી)ની આયત હતી[૧] રસૂલુલ્લાહ ﷺએ રજ્મ કરી અને આપના પછી અમે રજ્મ કરી[૨] અને રજ્મ કિતાબુલ્લાહમાં છે હક્ક છે[૩]. ઝિના કરનારા

★ હદીષ : (૩)-૩૫૫૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عُمَرَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: إِن الله بعث مُحَمَّدًا وَأَنْزَلَ عَلَيْهِ الْكِتَابَ فَكَانَ مِمَّا أَنْزَلَ اللّٰهُ تَعَالَى آيَةُ الرَّجْمِ رَجَمَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَرَجَمْنَا بَعْدَهُ وَالرَّجْمُ فِي كِتَابِ اللّٰهِ حَقٌّ عَلَى مَنْ زَنَى إِذَا أُحْصِنَ مِنَ

પુરૂષો સ્ત્રીઓ પર જ્યારે કે પરણીત હોય, જ્યારે કે ગવાહ ક़ાયમ થઈ જાય અથવા ગર્ભ હોય અથવા ઈક़રાર[૪]. (મુસ્લિમ, બુખારી)	الرِّجَالِ وَالنِّسَاءِ إِذَا قَامَتِ الْبَيِّنَةُ أَوْ كَانَ الحَبَلُ أَو الِاعْتِرَاف

૧. તે આયત આ હતી : الشيخ والشيخة اذا زنيا فارجموهما نكالا من الله والله عزيز حكيم ـ 'શૈખ' તથા 'શૈખા'થી મુરાદ મુહસન (પરણીત) તથા મુહસના (પરણીતા) છે. પછી આ આયતની હુઝૂરના જમાનામાં જ તિલાવત મન્સૂખ થઈ પણ હુકમ માટે બાકી રહી.

૨. એટલે રજ્મ કિતાબુલ્લાહ, સુન્નતે રસૂલુલ્લાહ અને સહાબાના ઈજમાઅ તથા ઉમ્મતના ઈજમાઅથી સાબિત છે. તેનો ઈન્કાર કુફ્ર છે.

૩. આ વાક્યના કેટલાક અર્થો થઈ શકે છે : એક એ કે રજ્મની આયત કુર્આને મજીદમાં હતી તે હક્ક़ તથા સહીહ છે. બીજુ એ કે રજ્મનો હુકમ આજે પણ કુર્આન મજીદમાં છે, હક્ક़ છે. કેમ કે રજ્મની આયતની કેવળ તિલાવત મન્સૂખ થઈ છે, હુકમ મન્સૂખ નથી થયો. ત્રીજુ એ કે આજે પણ અમુક આયતોથી રજ્મનો હુકમ નીકળી શકે છે. જેમ કે રબ તઆલા ફર્માવે છે : فَاٰذُوْهُمَا (અને તમારામાં જ પુરૂષ સ્ત્રી એવું કરે તને ઈજા આપો. સૂરએ નિસાઅ, ૪/૧૬) બંને ઝાની તથા ઝાનિયાને ઈજા આપો. રજ્મ પણ ઈજા છે. ચોથુ એ કે હદીષ શરીફમાં આજે પણ રજ્મનો હુકમ મૌજૂદ છે અને હુઝૂર ﷺનું ફર્માન એ કુર્આન મજીદનું જ ફર્માન છે.

૪. એટલે કે ઝાની મુહસનને રજ્મ કરવા (સંગસારી) માટે શર્ત એ છે કે તેનો ઝિના શરઈ તરીક़ાથી સાબિત થાય. ચાર પુરૂષ મુસલમાનોની ગવાહી જે ઝિનાનું નિરીક્ષણ કરે, અથવા પતિ વિનાની સ્ત્રીને ગર્ભ રહી જાય, યા કુંવારી હોય, ચાહે વિધવા, ચાહે પતિવાળી હોય પણ પતિ ગુમ હોય અથવા ગાયબે શરઈ હોય અથવા શરઈ ઈક़રાર હોય ચાર વખત, એના વિના રજ્મ નથી કરી શકાતો. યાદ રાખશો કે જેવી રીતે નમાઝોની રકાતો, ઝકાતની માત્રા કુર્આને મજીદમાં મૌજૂદ નથી, પણ હક્ક़ છે અને એનો ઈન્કાર કુફ્ર છે, એવી જ રીતે રજ્મ ભલે હવે કુર્આન મજીદમાં નથી પણ હક્ક़ છે. યાદ રાખશો કે ખારજીના સિવાય કોઈ ઈસ્લામી ફિર્क़ાએ રજ્મનો ઈન્કાર નથી કર્યો. ઈન્કાર કરવું તદ્દન બાતિલ છે. *(મિર્क़ાત)*

''હઝરત ઓબાદા ઈબ્ને સામિત رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, મારાથી લઈ લો, મારાથી લઈ લો ![૧] અલ્લાહ તઆલાએ એ સ્ત્રીઓ માટે તરીક़ો નિશ્ચિત કરી આપ્યો[૨] કુંવારો કુંવારી સાથે ઝિના કરે તો સો કોરડા અને એક વરસનો દેશ નિકાલ[૩] પરણીત પરણીતા સાથે કરે તો સો કોરડા રજ્મ (સંગસારી)[૪].'' (મુસ્લિમ)	**★ હદીષ : (૪)-૩૫૫૮ ★** وَعَنْ عُبَادَةَ بْنِ الصَّامِتِ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " خُذُوا عَنِّي خُذُوا عَنِّي قَدْ جَعَلَ اللَّهُ لَهُنَّ سَبِيلًا: الْبِكْرُ بالبكر جلد مائَة ووتغريب عَام وَالثَّيِّب بِالثَّيِّبِ جلد مائَة وَالرَّجم "

૧. એટલે કે ઝિનાની સજાનો હુકમ મારાથી હાંસલ કરો.

૨. આ ફર્માને આલીમાં આયતની તરફ નિર્દેશ છે :

فَاَمْسِكُوْهُنَّ فِي الْبُيُوْتِ حَتّٰى يَتَوَفّٰهُنَّ الْمَوْتُ اَوْ يَجْعَلَ اللّٰهُ لَهُنَّ سَبِيْلًا (તો એ સ્ત્રીઓને ઘરમાં બંધ રાખો ત્યાં સુધી કે તેમને મૌત ઉઠાવી લે અથવા અલ્લાહ તેમનો કોઈ માર્ગ કાઢે. સૂરએ નિસાઅ, ૪/૧૫) એટલે કે જે માર્ગ કાઢવાનો

અલ્લાહે વાયદો કર્યો હતો તે પૂરો કરી આપ્યો. યાદ રાખશો કે ઝિનામાં અસલ નિમંત્રક સ્ત્રી છે, એટલા માટે કુર્આને કરીમે પણ અને હદીષે પાકે પણ لهنّ ફર્માવ્યું. ઝિના સ્ત્રીની મરજી વિના નથી થઈ શકતો, જેથી આ ફર્માને આલી બિલ્કુલ હક્ક઼ છે.

૩. એ રીતે કે સો કોરડા તો એ ઝિનાની સજા છે અને દેશ નિકાલ તઅઝીર (શિક્ષા) રૂપે છે, જો ક़ાઝી યોગ્ય જાણે તો કાઢે, નહીં તો નહીં. જેવું કે પહેલાં અર્ઝ કરવામાં આવ્યું.

૪. એના પર જમહૂર (બહુમતી) ઉલમા છે કે કોરડા તથા રજ્મ ભેગાં નથી થઈ શકતાં, જેથી આ વાક્ય મન્સૂખ છે. હુઝૂર ﷺએ માઈઝને કેવળ રજ્મ કર્યું, કોરડા નથી માર્યા. યાદ રાખશો કે અહીં ઝિનાની બે સ્થિતિઓ વર્ણન થઈ અને બેનું વર્ણન નથી થયું. કુંવારો કુંવારી સાથે ઝિના કરે, પરણીત પરણીતા સાથે ઝિના કરે. પ્રથમ સ્થિતિમાં બંનેને કોરડા, અને બીજી સ્થિતિમાં બંનેને રજ્મ છે. કુંવારો પરણીતા સાથે, પરણીત કુંવારી સાથે, એનો ઉલ્લેખ નથી થયો, કેમ કે એનો હુકમ તદ્દન જાહેર છે કે કુંવારાને કોરડા અને પરણીતાને રજ્મ થશે. જેમ કે હમણા મજદૂરની હદીષથી જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર ﷺએ કુંવારા છોકરાને સો કોરડા લગાવડાવ્યા અને પરણીત સ્ત્રીને રજ્મ કરાવી. આ હદીષના આધારે હઝરત અલી તથા અમુક શાફઈઓ ફર્માવે છે કે મુહસન (પરણીત) ઝાનીને કોરડા પણ લગાડવામાં આવે અને રજ્મ પણ કરવામાં આવે. પણ જમહૂર ઉલમા કેવળ રજ્મના માનનારા છે, કેમ કે હુઝૂર ﷺએ માઈઝને, ગામદિયાને, મજદૂરવાળી સ્ત્રીને રજ્મ કરાવ્યું. અવિવાહિતમાં કેટલાક શર્તો છે : મુસલમાન હોવું, આઝાદ હોવું, બાલિગ હોવું, આક़िલ હોવું, સહીહ નિકાહ સાથે એકવાર સોહબત કરી ચૂકવું. જેથી કાફિર, બાળક, પાગલ, ગુલામ અને કુંવારા એ મુહસન (પરણીત) નથી. કાફિરોમાં ઈમામ શાફઈનો મતભેદ છે. આપણે ત્યાં દેશનિકાલ (તડીપાર કરવું) શરઈ સજા નથી, ઈમામ શાફઈને ત્યાં શરઈ સજા છે. જો હાકિમ ઝાનિયા સ્ત્રીને દેશ નિકાલ (તડીપાર) કરે તો કોઈ મેહરમની સાથે મોકલશે. તેનો ખર્ચ તે સ્ત્રી પર રહેશે. એની તેહક़ીક़ ફિક़હની કિતાબોમાં જુઓ. હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે ઝાની તથા ઝાનિયાના માટે દેશ નિકાલ કરવું ઘણા ફિત્નાનો સબબ છે. અબ્દુર્રઝ્ઝાક़ે હઝરત ઈબ્ને મુસૈયિબથી રિવાયત કરી કે હઝરત ઉમરે કોઈ શરાબીને મદીનાથી કાઢીને ખૈબર મોકલી આપ્યો તો તે મુર્તદ થઈને રોમ ચાલ્યો ગયો. આપે ફર્માવ્યું કે હવે પછી કોઈ મુસલમાનને હું દેશ નિકાલ (તડીપાર) કરીશ નહીં. *(મિક़ાત)*

★ **હદીષ : (૫)-૩૫૫૯** ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ: أَن الْيَهُود جاؤوا إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرُوا لَهُ أَنَّ رَجُلًا مِنْهُمْ وَامْرَأَةً زَنَيَا فَقَالَ لَهُمْ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا تَجِدُونَ فِي التَّوْرَاةِ فِي شَأْنِ الرَّجْمِ؟» قَالُوا: نَفْضَحُهُمْ وَيُجْلَدُونَ قَالَ عَبْدُ اللَّهِ بْنُ سَلَامٍ: كَذَبْتُمْ إِنَّ فِيهَا الرَّجْمَ فَأْتُوا بِالتَّوْرَاةِ فَنَشَرُوهَا فَوَضَعَ أَحَدُهُمْ يَدَهُ عَلَى آيَةِ الرَّجْمِ فَقَرَأَ مَا قَبْلَهَا وَمَا بَعْدَهَا فَقَالَ عَبْدُ اللَّهِ بْنُ سَلَامٍ: ارْفَعْ يَدَكَ فَرَفَعَ فإذا فِيهَا آيةُ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે યહૂદી રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં હાજર થયા તો કહેવા લાગ્યા કે તેમનામાં એક પુરૂષ તથા સ્ત્રીએ ઝિના કરી લીધો[૧] તો એમને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, તમે રજ્મના વિશે તૌરાતમાં શું જુઓ છો ? તેઓ બોલ્યા, અમે તેમને બેઈજ્જત કરીએ અને તેમને સો કોરડા મારવામાં આવે[૨] અબ્દુલ્લાહ ઈબ્ને સલામ رضی اللہ عنہ એ ફર્માવ્યું[૩] તમે જૂઠ્ઠુ બોલો છો ! યક઼ીનન ! એમાં રજ્મ છે. જેથી તે તૌરાત લાવ્યા, તેને ખોલી તો એમનામાંથી એક રજ્મની આયત પર હાથ મૂકી દીધો, અને તેની આગળ પાછળ પઢી આપ્યું[૪] તો અબ્દુલ્લાહ ઈબ્ને સલામે ફર્માવ્યું, તમારો હાથ ઉઠાવો !

الرَّجم. فَقَالُوا: صدقَ يَا محمَّدُ فِيهَا آيَة الرَّجْم. فَأمر بهما النَّبِي صلى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَرُجِمَا. وَفِي رِوَايَةٍ: قَالَ: ارْفَعْ يَدَكَ فَرَفَعَ فَإِذَا فِيهَا آيَةُ الرَّجْمِ تَلُوحُ فَقَالَ: يَا مُحَمَّدُ إِنَّ فِيهَا آيَةَ الرَّجْمِ وَلٰكِنَّا نَتَكَاتَمُهُ بَيْنَنَا فَأَمَرَ بِهِمَا فَرُجِمَا

તો તેણે ઉઠાવ્યો, તો ત્યાં રજ્મની આયત હતી. બોલ્યા, હે મુહમ્મદ ! (ﷺ) તેમણે સાચુ કહ્યું, એમાં રજ્મની આયત છે[૫]. તો એમના વિશે નબી કરીમ ﷺએ હુકમ આપ્યો, તેઓને રજ્મ (સંગસાર) કરવામાં આવ્યો[૬]. અને એક રિવાયતમાં છે ફર્માવ્યું, તારો હાથ ઉઠાવ ! તેણે હાથ ઉઠાવ્યો તો એમાં રજ્મની આયત ચમકી રહી હતી. તો એ બોલ્યો, હે મુહમ્મદ ! (ﷺ) બેશક ! એમાં રજ્મની આયત છે પરંતુ અમે લોકો આપસમાં એને છુપાવતા હતા[૭]. જેથી તેમના વિશે હુકમ આપ્યો જેથી તેમને રજ્મ કરવામાં આવ્યા[૮].''
(મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે ઝાની પુરૂષ પણ યહૂદી છે અને ઝાનિયા સ્ત્રી પણ. કદાચ એ લોકો તેમનો ફૈસલો કરાવવા હુઝૂર ﷺની બારગાહમાં આવ્યા હતા, જેવું કે આગલા લખાણથી જાણવા મળે છે.

૨. એટલે કે તૌરાતના હુકમ હેઠળ બેઈજ્જત કરવાની સ્થિતિ અમે નિશ્ચિત કરીશું અને કોરડા રબની તરફથી નિશ્ચિત છે. એટલા માટે نفضحه મુતકલ્લિમ મઅરૂફ કહ્યું અને يجلدون મજહૂલ ગાઈબ.

૩. આપ મશહૂર સહાબી છે. પહેલાં યહૂદીઓના અગ્રગણ્ય આલિમોમાંથી હતા. આપની કુન્નિયત અબૂ યૂસુફ છે. હઝરત યૂસફ عليه السلام ની ઔલાદમાંથી છે. એટલા માટે યહૂદીઓમાં આપની ઘણી ઈજ્જત હતી. હુઝૂર ﷺના મદીના તશરીફ લાવતાં જ આપ ઈમાન લઈ આવ્યા. આપ હિ.સ. ૪૩માં મદીનામાં વિસાલ પામ્યા. *(અકમાલ)*

૪. આ હરકત અબ્દુલ્લાહ ઈબ્ને સૂરયા યહૂદીએ કરી. લગભગ તૌરાત શરીફમાં બેઈજ્જત કરીને રજ્મ (સંગસાર) કરવાનો હુકમ હશે. તેણે બેઈજ્જત કરવાની આયત તો સંભળાવી દીધી પણ રજ્મની આયત પોતાના હાથ નીચે છુપાવી દીધી.

૫. ખૂબ જ બેશરમીથી સ્વીકાર કરી લીધો. અમુક રિવાયતોમાં છે કે તેણે સ્પષ્ટપણે માની લીધું કે અમે લોકો ગરીબને રજ્મ (સંગસાર) કરી દઈએ છીએ અને અમીરને રજ્મથી બચાવી લઈએ છીએ.

૬. આ હદીષના આધારે ઈમામ શાફઈ ફર્માવે છે કે احصان માટે ઈસ્લામ શર્ત નથી. જુઓ, હુઝૂર ﷺએ એ યહૂદી ઝાનીઓને રજ્મ કરાવ્યા, જ્યારે કે તેઓ મુસલમાન ન હતા. ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ફર્માવે છે કે હુઝૂરે અન્વર ﷺનું તેમને રજ્મ કરાવવું ઈસ્લામના હુકમથી ન હતું પણ તૌરાતના હુકમથી હતું. ઈસ્લામી હાકિમ કાફિર મુજરિમો પર તેમના ધર્મના હુકમો લાગુ કરી શકે છે. જેમ કે કાફિરોનો વારસો તેમના જ ધર્મના પ્રમાણે વહેંચશે, નહીં તો ઈસ્લામના કાયદા હેઠળ એ ઝિનાની સાબિતીના માટે ચાર શરઈ ગવાહ હોવા જોઈતા હતા એટલે કે મુસલમાન મુત્તકી પરહેઝગાર ગવાહ. પણ ન લેવામાં આવ્યા અને તેમને તૌરાત લાવવાનો હુકમ આપવામાં આવ્યો. જો ઈસ્લામના હુકમ પ્રમાણે રજ્મ થાત તો તૌરાત મંગાવવાની જરૂરત ન હતી. અન્ય પણ આ પ્રકારના ખુલાસા કરવામાં આવ્યા છે, પણ ફકીર (લેખક)ની નજીક આ સ્પષ્ટતા મજબૂત છે. ઈસ્હાક ઈબ્ને રાહવિયાએ હઝરત ઈબ્ને ઉમરથી મરફૂઅન રિવાયત કરી. فليس بمحصن કાફિર મુહસન નથી. દારકુત્નીએ એ જ રિવાયત મૌકૂફન નકલ કરી. *(મિર્કાત)*

૭. એટલે કે રજ્મની આયત તૌરાતથી કાઢી નહીં પણ છુપાવી લીધી હતી, જેથી કરીને જે માલ ન આપે તેને આ આયત બતાવીને રજ્મ કરી આપે, અને જે માલ આપી દે તેને રજ્મથી બચાવી લે.

૮. આ હદીષના કારણે ઈમામ શાફઈ તથા ઈમામ અબૂ યૂસુફ ફર્માવે છે કે ઝિમ્મી કાફિર જો ઝિના કરે તો તેને રજ્મ કરવામાં આવશે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ના નજીક તેને સો કોરડા મારવામાં આવશે, રજ્મ કરવામાં નહીં આવે. યાદ રાખશો કે ચોરના હાથ કાપવા રાજનીતિ સંબંધી હુકમ છે એટલા માટે ઝિમ્મી કાફિરો જો ચોરી કરે તો તેમના પણ હાથો કાપવામાં આવશે, પણ રજ્મ (સંગસારી) ગુનાહનો કફ્ફારો છે એટલા માટે કાફિર ઝાનીઓને રજ્મ કરવામાં નહીં આવે.

★ હદીષ : (૬)-૩૫૬૦ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: أَتَى النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَجُلٌ وَهُوَ فِي الْمَسْجِدِ فَنَادَاهُ: يَا رَسُولَ اللَّهِ إِنِّي زَنَيْتُ فَأَعْرَضَ عَنْهُ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَتَنَحَّى لِشِقِّ وَجْهِهِ الَّذِي أَعْرَضَ قِبَلَهُ فَقَالَ: إِنِّي زَنَيْتُ فَأَعْرَضَ عَنْهُ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا شَهِدَ أَرْبَعَ شَهَادَاتٍ دَعَاهُ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «أَبِكَ جُنُونٌ؟» قَالَ: لَا فَقَالَ: «أُحْصِنْتَ؟» قَالَ: نَعَمْ يَا رَسُولَ اللَّهِ قَالَ: «اذْهَبُوا بِهِ فَارْجُمُوهُ» قَالَ ابْنُ شِهَابٍ: فَأَخْبَرَنِي مَنْ سَمِعَ جَابِرَ بْنَ عَبْدِ اللَّهِ يَقُولُ: فَرَجَمْنَاهُ بِالْمَدِينَةِ فَلَمَّا أَذْلَقَتْهُ الْحِجَارَةُ هَرَبَ حَتَّى أَدْرَكْنَاهُ بِالْحَرَّةِ فرجمناه حَتَّى مَاتَ وَفِي رِوَايَةٍ لِلْبُخَارِيِّ: عَنْ جَابِرٍ بَعْدَ قَوْلِهِ: قَالَ: نَعَمْ فَأَمَرَ بِهِ فَرُجِمَ بِالْمُصَلَّى فَلَمَّا أَذْلَقَتْهُ الْحِجَارَةُ فَرَّ فَأُدْرِكَ فَرُجِمَ حَتَّى مَاتَ. فَقَالَ لَهُ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ خيرا وَصلى عَلَيْهِ

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, એક શખ્સ નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયો. આપ મસ્જિદમાં હતા તો પોકાર્યું, યા રસૂલલ્લાહ ! મેં ઝિના કર્યો છે[૧] તો નબી કરીમ ﷺ એ તેનાથી મોં ફેરવી લીધું. તો આપના ચેહરા મુબારકના તે તરફ આવ્યો જે બાજુ આપે મોં ફેરવ્યું હતું. અર્ઝ કરી, મેં ઝિના કર્યો. ફરી નબી કરીમ ﷺ એ તેનાથી મોં ફેરવી લીધું. પછી જ્યારે ચાર ગવાહીઓ આપી ચૂક્યો[૨] તો તેને નબી કરીમ ﷺ એ બોલાવ્યો, ફર્માવ્યું : શું તને પાગલપન છે ?[૩] બોલ્યો, નહીં ! ફર્માવ્યું, શું તું મુહસન થઈ ચૂક્યો છે ? અર્ઝ કરી, હા ! યા રસૂલલ્લાહ ![૪] ફર્માવ્યું, એને લઈ જાવ અને રજ્મ કરી દો[૫] ઈબ્ને શિહાબે ફર્માવ્યું[૬] કે મને એ શખ્સે ખબર આપી જેણે હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહને ફર્માવતાં સાંભળ્યા કે પછી અમે તેને મદીનામાં રજ્મ કર્યો. જ્યારે તેને પથ્થર વાગ્યા તો નાસી છૂટ્યો[૭] ત્યાં સુધી કે અમે તેને હર્રામાં પકડી લીધો[૮]. પછી રજ્મ કર્યો ત્યાં સુધી કે તે મરી ગયો. (મુસ્લિમ, બુખારી) અને બુખારીની રિવાયતમાં હઝરત જાબિરથી نعم *قال ના પછી એ પ્રમાણે છે કે એના વિશે હુકમ આપ્યો, તેને જનાઝાગાહમાં રજ્મ કરવામાં આવ્યો[૯] પછી જ્યારે તેને પથ્થર વાગ્યા તો નાસી છૂટ્યો, ફરી પકડી લેવામાં આવ્યો અને રજ્મ કરવામાં આવ્યો[૧૦] ત્યાં સુધી કે મરી ગયો. પછી તેના સંબંધે નબી કરીમ ﷺ એ ભલાઈના શબ્દો કહ્યા અને તેના પર નમાઝ પઢી[૧૧].''*

૧. મને રજ્મ કરી દો જેથી હું એ ગંદકીથી પાક થઈ જઉં. સુબ્હાનલ્લાહ ! આ છે ખૌફે ખુદા ! આપણે લોકો આપણો જુર્મ છુપાવવાની કોશિશ કરીએ છીએ, જ્યારે કે તે હઝરાત માફીની કોશિશ કરતા હતા. આ પોકારવાથી જાણવા મળ્યું કે રજ્મ કેવળ ઈસ્લામી હાકિમ કરી શકે છે, બીજા નહીં, કેમ કે તે હઝરાતે કોઈ અન્ય સહાબીથી અર્ઝ ન કરી અને સીધા હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયા.

૨. અહીં ગવાહીથી મુરાદ સ્વીકાર છે, કેમ કે આ સ્વીકાર ગવાહીના સ્થાને છે. કેમ કે ઝિનામાં ચાર ગવાહીઓ જોઈએ એટલા માટે સ્વીકાર પણ ચાર વાર લાઝિમ છે. હજી પણ હાકિમે એવું જ કરવું જોઈએ. આ હદીષના આધારે આપણા ઈમામે આ'ઝમ ફર્માવે છે કે ઝિનામાં ચાર સ્વીકાર (ચાર વાર સ્વીકારવું) ચાર ચાર જગામાં જોઈએ. અમુક ઈમામો નજીક ચાર વાર સ્વીકાર એક સ્થાન પર જ પૂરતા છે. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે. કેમ કે હુઝૂર ﷺએ તેની પાસે ચાર સ્વીકાર ચાર બાજુ કરાવ્યા.

૩. મિર્કાતે ફર્માવ્યું કે અહીં دعا એ سأل ના અર્થમાં છે, એટલે આ ચાર સ્વીકાર (ઈકરારો) પછી હુઝૂર ﷺએ તેને બે સવાલ કર્યા. આ હદીષથી જાણવા મળી રહ્યું છે કે પાગલનો સ્વીકાર વિશ્વાસપાત્ર નથી. એક રિવાયતમાં છે કે ફર્માવ્યું, જુઓ એ નશામાં તો નથી, તેનું મોં સુંઘવામાં આવ્યું તો નશામાં ન હતો. કેમ કે મદહોશ બેહોશનો સ્વીકાર પણ વિશ્વસનીય નથી.

૪. ઈમામ નવવીએ ફર્માવ્યું કે એનાથી જાણવા મળ્યું કે ઈમામ રજ્મની શરતોની તેહકીક કરે અને એહસાન (અવિવાહિત હોવું) પણ ઈકરારથી સાબિત થઈ જાય છે. જો ઝિના ઈકરાર (સ્વીકાર) બાદ આરોપી પોતાના સ્વીકારથી ફરી જાય તો રજ્મ કરવામાં નહીં આવે. એ પણ જાણવા મળ્યું કે ઝિનાના સ્વીકાર માટે જેનાથી ઝિના કર્યો તે સ્ત્રીનું નામ લેવું જરૂરી નથી, અને ન ઈમામ તેને પૂછે. અને જો તે કોઈ સ્ત્રીનું નામ લે તો પણ તેણીને તે આરોપીના સ્વીકારથી રજ્મ કરવામાં નહીં આવે. કેમ કે દરેક વ્યક્તિનો સ્વીકાર પોતાના પૂરતો હોય શકે છે. સ્ત્રી જો પોતે સ્વીકાર કરે તો સજા પામશે.

૫. જાણવા મળ્યું કે મુહસન ઝાનીને (પરણીત) કેવળ રજ્મ કરવામાં આવશે. કોરડા મારવામાં નહીં આવે. આ હદીષ અગાઉ ગુજરેલી હદીષની નાસિખ છે. જેમાં કોરડાઓનો પણ હુકમ છે.

૬. ઈબ્ને શિહાબનું નામ ઈમામ ઝહરી છે. આપ તાબઈ છે. એટલે કે મેં હઝરત જાતે નથી સાંભળ્યું પણ કોઈ અન્ય સહાબી કે તાબઈથી સાંભળ્યું છે. કેમ કે ઈમામ ઝહરી ઘણા ઉચ્ચ કોટીના મુહદ્દિષ છે એટલા માટે તેમનો આ ઈબ્હામ (**Coufusion**, મૂંઝવણ) હદીષને ઝઈફ કરી દેશે નહીં, કેમ કે આટલો મહાન મુહદ્દિષ ષિકહથી જ રિવાયત કરશે. ઈમામ બુખારીની તઅલીક પણ વિશ્વસનીય છે.

૭. એનાથી જાણવા મળ્યું કે પુરૂષ ઝાનીને બાંધીને અને (જમીનમાં) ગરકાવીને રજ્મ કરવામાં નહીં આવે, નહીં તો ભાગી ન શકત. અલ્બત્ત સ્ત્રીનો અડધો હિસ્સો ગરકાવીને રજ્મ કરવામાં આવે, કેમ કે હુઝૂર ﷺએ ગામદી સ્ત્રીને ગરકાવીને રજ્મ કર્યું હતું. કેમ કે પુરૂષને રજ્મ (સંગસાર) કરવાની જાહેરાત થવી જોઈએ એટલા માટે શહેરમાં બલ્કે બજારમાં રજ્મ કરવામાં આવે અને સ્ત્રીના પર્દાનો લેહાઝ રાખવામાં આવે. કોરડા પણ સૌની સામે મારવામાં આવે. રબ તઆલા ફર્માવે છે : وَلْيَشْهَدْ عَذَابَهُمَا طَآئِفَةٌ مِّنَ الْمُؤْمِنِيْنَ (અને જોઈએ કે એમની સજાના સમયે મુસલમાનોનો એક ગિરોહ (ટોળુ) હાજર હોય. સૂરએ નૂર, ૨૪/૨)

૮. حرہ (હર્રા)નો અર્થ છે પથરીલી જમીન. મદીના મુનવ્વરામાં મદીના પાકના બે પહાડોની વચ્ચેની જમીન 'હર્રા' કહેવાય છે. એ જગા શહેરથી જોડાયેલી છે.

૯. એ જનાઝાગાહ જન્નતુલ બક़ીઅ क़ब्रस्तानમાં હતી. જાણવા મળ્યું કે જનાઝાગાહ પર મસ્જિદના હુકમો લાગુ થશે નહીં. જુઓ મસ્જિદમાં રજ્મ હરામ છે, કેમ કે એનાથી મસ્જિદ લોહીથી ખરડાય જશે, પણ જનાઝાગાહમાં જાઈઝ છે. એ જ પ્રમાણે જનાઝાગાહમાં જુનુબી આવી શકે છે. અહીં મુસલ્લાથી મુરાદ જનાઝાની નમાઝની જગા છે. (મિર્क़ાત) અશિઅતુલ લમ્આતે ફર્માવ્યું કે એ જનાઝાગાહ મસ્જિદે નબવીથી અડીને એક ચબૂતરો હતો જે જનાઝાની નમાઝ માટે નિશ્ચિત કરેલો હતો. પણ મિર્क़ાતનો क़ौલ પુખ્તા છે.

૧૦. યાદ રાખશો કે ઈક़રારી (સ્વીકાર કરી ચૂકેલ) ઝાની જો રજ્મ દરમ્યાન ભાગી જાય તો આપણા ઈમામની નજીક તેને છોડી મૂકવામાં આવશે કે નાસી છૂટવું પોતાના ઈક़રારથી ફરી જવું છે, અને ઝિના સ્વીકારમાંથી ફરી જવું क़બૂલ (સ્વીકાર્ય) છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં આ સ્થિતિમાં રજ્મ બંધ કરી દેવામાં આવશે. પછી તેને પૂછવામાં આવશે, જો તે પોતાના ઈક़રાર પર क़ાયમ રહે તો રજ્મ કરવામાં આવશે, જો ઈક़રારથી ફરી જાય તો છોડી મૂકવામાં આવશે. આપણી દલીલ અબૂ દાઉદની તે હદીષ છે કે આ પ્રસંગે હુઝૂર ﷺએ ફર્માવ્યું, هلاتركتموه "તમે એને છોડી કેમ ન આપ્યો ?" પણ કેમ કે હદની (સજાની) સાબિતી સ્પષ્ટપણે ઈક़રારથી થઈ ચૂકી હતી અને ઈક़રારથી ફરી જવું સ્પષ્ટપણે ન હતું એટલા માટે તે રજ્મ કરી દેનારા સહાબા મઅઝૂર સમજવામાં આવ્યા અને તેમના પર क़ેસાસ અથવા દિયત લાઝિમ ન કરી. ઈમામ માલિકે આ હદીષના આધારે ફર્માવ્યું કે આવી હાલતમાં નાસી છૂટવા પર પણ રજ્મ કરવામાં આવશે. આપ આ હદીષના જાહેર પરથી દલીલ પકડે છે.

૧૧. એટલે કે મર્હૂમના માટે મગફિરતની દુઆ કરી અને તેની જનાઝાની નમાઝ ખુદ પોતે પઢાવી અથવા સહાબાએ કિરામને તેનો હુકમ આપ્યો. આ વાક્યની અન્ય પણ શરહો થઈ શકે છે પણ આ શરહ જાહેર છે.

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે માઈઝ ઈબ્ને માલિક નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયા[૧] તો આપ ﷺએ તેમને ફર્માવ્યું, કદાચ તેં ચુંબન કરી લીધું હશે અથવા ઈશારો કર્યો હશે અથવા જોઈ લીધું હશે ?! અર્ઝ કરી, નહીં! યા રસૂલલ્લાહ! ﷺ ફર્માવ્યું, તો શું તે તેણી સાથે સોહબત કરી લીધી ઈશારાથી[૨] અર્ઝ કરી, હા ! તો એ વખતે તેમને રજ્મ (સંગસાર કરવા)નો હુકમ આપ્યો[૩]."

★ હદીષ : (૭)-૩૫૬૧ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: لَمَّا أَتَى مَاعِزُ بن مَالك النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ لَهُ: «لَعَلَّكَ قَبَّلْتَ أَوْ غَمَزْتَ أَوْ نَظَرْتَ؟» قَالَ: لَا يَا رَسُولَ اللّٰهِ قَالَ: «أَنِكْتَهَا؟» لَا يُكَنِّي قَالَ: نَعَمْ فَعِنْدَ ذَلِكَ أَمر رجمه. رَوَاهُ الْبُخَارِيّ

૧. આપ મદીનાવાસીઓમાંથી છે. સહાબી અસ્લમી છે. આપનાથી આપના પુત્ર અબ્દુલ્લાહે એક હદીષ નકલ કરી છે. હક્ક તઆલાએ તેમને આ'લા દરજાની તૌબાની તૌફીક़ બખ્શી. એમના તુફૈલ રબ તઆલા આપણને પણ મક़બૂલ તૌબાની તૌફીક़ બખ્શે. (આમીન)

૨. હાથથી ઈશારો કર્યો હશે અથવા હાથથી તેનું શરીર દબાવીને છોડી આપ્યું હશે અથવા હરકત (છેડછાડ)ને ઝિના સમજીને તમે આ સ્વીકાર કરી લીધો હશે.

૩. نكتએ ينيكથી બન્યું છે, ضربનું ભૂતકાળ છે. ينيكનું ઈસ્મે ફાઈલ نائك છે. મુબાલેગા نياك. અરબીમાં સોહબત તથા સંભોગ, વતી વગેરે તો કિતાબિયાના શબ્દો છે પણ એ શબ્દ એ જ કામ માટે સ્પષ્ટ છે. જેમ કે ઉર્દૂમાં સોહબત કરના, અને ફારસીમાં ગાઈદન. કેમ કે હદ (સજા માટે) યક़ીની જુર્મ થવો જોઈએ, ઈશારા

નિર્દેશોમાં શંકા રહે છે, એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ ઉઘાડા શબ્દ વડે સ્વીકાર કરાવ્યો. એનાથી જાણવા મળ્યું કે હાકિમ, પોતે ઈક્રારી (સ્વીકારી ચૂકેલ) ઝાની (વ્યભિચારી)ને ઈક્રારથી બચી જવાની ઈશારા થકી તલ્કીન (હિદાયત) કરે જેથી સજાઓ શક્ય ત્યાં સુધી ટાળવામાં આવે અને હક્કો શક્ય ત્યાં સુધી અદા કરાવવામાં આવે, જેમ કે ઝકાત, કફ્ફારો, કરજ વગેરે. *(મિર્કાત)*

૪. અબૂ દાઉદ, નિસાઈ તથા અબ્દુર્રઝ્ઝાકે આ રિવાયતમાં એટલું અધિક ઉમેર્યું કે હુઝૂર ﷺએ انكتها ની સાથે ફર્માવ્યું કે તારું આ એ સ્ત્રીના એમાં ગાયબ થઈ ગયું ? માઈઝે અર્ઝ કરી, હા ! જેવી રીતે સુરમાદાનીમાં સળી, અને કૂવામાં રસ્સી પ્રવેશી જાય છે. પછી પૂછયું કે શું તું જાણે છે કે ઝિના કોને કહે છે ? માઈઝે અર્ઝ કરી, હુઝૂર ! જે કામ પતિ પોતાની પત્ની સાથે હલાલ કરે છે તે જ કામ મેં તેણી સાથે હરામ કર્યું. ફર્માવ્યું, તું આ વાતો શા માટે કરે છે ? માઈઝ બોલ્યા, જેથી આપ મને પાક કરી આપો. ત્યારે આપે રજ્મનો હુકમ આપ્યો. રજ્મ (સંગસાર) બાદ બે શખ્સોને કહેતાં સાંભળ્યા કે માઈઝ કૂતરાના મોતે માર્યો ગયો ! હુઝૂર ﷺએ ફર્માવ્યું, તમે એ બારગાહે ઈલાહીના મક્બૂલની ગીબત કરી રહ્યા છો અને તે જન્નતની નહેરોમાં ડૂબકીઓ મારી રહ્યો છે. (મિર્કાત) કરીમના કરમ પર કુર્બાન જાવ !

★ હદીષ : (૮)-૩૫૬૨ ★

وَعَنْ بُرَيْدَةَ قَالَ: جَاءَ مَاعِزُ بْنُ مَالِكٍ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ طَهِّرْنِي فَقَالَ: «وَيْحَكَ ارْجِعْ فَاسْتَغْفِر الله وَتب إِلَيْهِ» . فَقَالَ: فَرَجَعَ غَيْرَ بَعِيدٍ ثُمَّ جَاءَ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ طَهِّرْنِي. فَقَالَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِثْلَ ذَلِكَ حَتَّى إِذَا كَانَتِ الرَّابِعَة قَالَه لَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «فِيمَ أُطَهِّرُكَ؟» قَالَ: مِنَ الزِّنَا قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَبِهِ جُنُونٌ؟» فَأُخْبِرَ أَنَّهُ لَيْسَ بِمَجْنُونٍ فَقَالَ: «أَشَرِبَ خَمْرًا؟» فَقَامَ رَجُلٌ فَاسْتَنْكَهَهُ فَلَمْ يَجِدْ مِنْهُ رِيحَ خَمْرٍ فَقَالَ: «أَزَنَيْتَ؟» قَالَ: نَعَمْ فَأَمَرَ بِهِ فَرُجِمَ فَلَبِثُوا يَوْمَيْنِ أَوْ ثَلَاثَةً ثُمَّ جَاءَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «اسْتَغْفِرُوا لِمَاعِزِ بْنِ مَالِكٍ لَقَدْ تَابَ تَوْبَةً لَوْ قُسِّمَتْ بَيْنَ أُمَّةٍ لَوَسِعَتْهُمْ» ثُمَّ جَاءَتْهُ امْرَأَةٌ مِنْ غَامِدٍ مِنَ الْأَزْدِ فَقَالَتْ: يَا رَسُولَ اللَّهِ طَهِّرْنِي فَقَالَ:«وَيحَكِ ارْجِعِي

''હઝરત બુરીદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે માઈઝ ઈબ્ને માલિક નબી કરીમ ﷺની બારગાહમાં હાજર થયા. બોલ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ મને પાક કરી દો !' તો ફર્માવ્યું, અફ્સોસ છે ! અરે ! પરત થઈ જા ! અલ્લાહથી માફી માગી લે અને તૌબા કરી લે[૨] ફર્માવે છે, તે થોડી દૂર પરત થયા ફરી પાછા આવી ગયા. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મને પાક કરી દો !' ત્યારે નબી કરીમ ﷺએ એ જ પ્રમાણે ફર્માવ્યું. ત્યાં સુધી કે જ્યારે ચોથીવાર થયું. ત્યારે તેમને રસૂલુલ્લાહ ﷺએ પૂછયું, હું તને કઈ ચીજ વડે પાક કરું[૩] અર્ઝ કરી, ઝિનાથી. ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺએ, શું તને પાગલપન છે ?[૪] ખબર આપવામાં આવી કે તેને પાગલપન નથી. પછી ફર્માવ્યું, શું તેણે શરાબ પીધી છે ?[૫] તો એક શખ્સ ઉઠયો અને તેના મોંથી ગંધ સુંઘી તો તેનાથી શરાબની ગંધ ન પામી[૬]. ત્યારે શું તેં ઝિના કર્યો છે ? અર્ઝ કરી, હા ! તો રજ્મ કરવામાં આવ્યો. લોકો બે ત્રણ દિવસ થોભ્યા[૭]. પછી રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા. ફર્માવ્યું, માઈઝ ઈબ્ને માલિકના માટે મગફેરતની દુઆ કરો[૯] તેણે એવી શાનદાર તૌબા કરી છે જો એક જમાઅતની વચ્ચે તે વહેંચી દેવામાં આવે તો તેમને (બધાને) સામેલ

فَاسْتَغْفِرِي اللَّهَ وَتُوبِي إِلَيْهِ» فَقَالَتْ: تُرِيدُ أَنْ تَرُدَّنِي كَمَا رَدَدْتَ مَاعِزَ بْنَ مَالِكٍ: إِنَّهَا حُبْلَى مِنَ الزِّنَا فَقَالَ: «أَنْتِ؟» قَالَتْ: نَعَمْ قَالَ لَهَا: «حَتَّى تَضَعِي مَا فِي بَطْنِكِ» قَالَ: فكَفَلَها رَجُلٌ مِنَ الْأَنْصَارِ حَتَّى وَضَعَتْ فَأَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: قَدْ وَضَعَتِ الغامديَّةُ فَقَالَ: «إِذاً لَا نرجُمها وندعُ وَلَدَهَا صَغِيرًا لَيْسَ لَهُ مَنْ يُرْضِعُهُ» فَقَامَ رَجُلٌ مِنَ الْأَنْصَارِ فَقَالَ: إِلَيَّ رَضَاعُهُ يَا نَبِيَّ اللَّهِ قَالَ: فَرَجَمَهَا. وَفِي رِوَايَةٍ: أَنَّهُ قَالَ لَهَا: «اذْهَبِي حَتَّى تَلِدِي» فَلَمَّا وَلَدَتْ قَالَ: «اذْهَبِي فَأَرْضِعِيهِ حَتَّى تَفْطِمِيهِ» فَلَمَّا فَطَمَتْهُ أَتَتْهُ بالصَّبِيِّ فِي يَدِهِ كِسْرَةُ خُبْزٍ فَقَالَتْ: هَذَا يَا نَبِيَّ اللَّهِ قَدْ فَطَمْتُهُ وَقَدْ أَكَلَ الطَّعَامَ فَدَفَعَ الصَّبِيَّ إِلَى رَجُلٍ مِنَ الْمُسْلِمِينَ ثُمَّ أَمَرَ بِهَا فَحُفِرَ لَهَا إِلَى صَدْرِهَا وَأَمَرَ النَّاسَ فَرَجَمُوهَا فَيُقْبِلُ خَالِدُ بْنُ الْوَلِيدِ بِحَجَرٍ فَرَمَى رَأْسَهَا فَتَنَضَّحَ الدَّمُ عَلَى وَجْهِ خَالِدٍ فَسَبَّهَا فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «مهلا يَا خَالِد فو الَّذِي نَفْسِي بِيَدِهِ لَقَدْ تَابَتْ تَوْبَةً لَوْ تَابَهَا صَاحِبُ مَكْسٍ لَغُفِرَ لَهُ» ثُمَّ أَمَرَ بِهَا فصلى عَلَيْهَا ودفنت. رَوَاهُ مُسلم

થઈ જાય[૧૦]. પછી હુઝૂર ﷺ ની ખિદમતમાં અઝ્દના કબીલા ગામિદની સ્ત્રી આવી[૧૧] બોલી, યા રસૂલલ્લાહ! ﷺ મને પાક કરી દો! ફર્માવ્યું, અફ્સોસ તારા પર! પરત થઈ જા! અલ્લાહથી માફી માગ અને તૌબા કર[૧૨]. બોલી, શું આપ ચાહો છો કે મને એવી રીતે પરત કરી દો જેથી રીતે માઈઝ ઈબ્ને માલિકને પરત કર્યા હતા? આ બંદી તો ઝિનાથી સગર્ભા છે[૧૩]. ત્યારે ફર્માવ્યું કે તું? બોલી, હા! ત્યારે તેને ફર્માવ્યું, ત્યાં સુધી કે તું તારા પેટના બાળકને જન્મ આપી દે[૧૪]. રાવીએ કહ્યું કે, તેનો એક અન્સારી પુરૂષ કફીલ તથા ઝામિન થઈ ગયો[૧૫] ત્યાં સુધી કે તેણીએ જન્મ આપી દીધો ત્યારે નબી કરીમ ﷺ ની ખિદમતમાં આવ્યો. અર્ઝ કરી કે ગામિદયાએ બાળકને જન્મ આપી દીધો[૧૬] ફર્માવ્યું કે ત્યારે તો અમે તેને રજ્મ કરીશું નહીં, તેના નાના બાળકને આમ જ છોડીશું નહીં[૧૭] કે તેને કોઈ દૂધ પીવડાવનાર ન હોય. તો એક અન્સારી પુરૂષ ઉભો થયો. અર્ઝ કરી કે તેનું દૂધ મારી જિમ્મેદારીમાં છે, હે અલ્લાહના નબી![૧૮] ફર્માવે છે, ત્યારે તેને રજ્મ કરવામાં આવી. અને એક રિવાયતમાં આ પ્રમાણે છે: ફર્માવ્યું, જા! ત્યાં સુધી કે બાળક જણી દે. પછી જ્યારે જણી ચૂકી તો ફર્માવ્યું, જા! તેને દૂધ પીવડાવ, ત્યાં સુધી કે તેને દૂધ છોડાવી દે. પછી જ્યારે તેનું દૂધ છોડાવી આપ્યું તો બાળકને લઈને આવી. તેના હાથમાં રોટીનો ટુકડો હતો[૧૯] બોલી, યા નબીયલ્લાહ! મેં તેનું દૂધ છોડાવી આપ્યું છે અને હવે બાળક ખાણુ ખાવા લાગ્યું છે. ત્યારે હુઝૂરે બાળક એક મુસલમાનને સોંપ્યું[૨૦] પછી તેના વિશે હુકમ આપ્યો, તો તેણી માટે છાતી સુધી ખાડો ખોદવામાં આવ્યો[૨૧] અને લોકોને હુકમ આપ્યો તો તેમણે તેણીને રજ્મ કરી[૨૨] ખાલિદ ઈબ્ને વલીદ પથ્થર લાવી રહ્યા હતા અને તે તેણીના માથામાં માર્યો[૨૩] તો ખાલિદના ચહેરા પર લોહીના છાંટા પડી ગયા. તેને ખાલિદે બુરૂ કહ્યું[૨૪], તો નબી કરીમ ﷺ એ

ફર્માવ્યું, થોભી જા, હે ખાલિદ![૨૫] એની ક઼સમ જેના કબજામાં મારી જાન છે! તેણીએ એવી તૌબા કરી છે[૨૬] કે જો આવી તૌબા ટેકસ લેનાર કરતો, તો તેને પણ બખ્શી દેવામાં આવત[૨૭]. તો તેના પર નમાઝ પઢવામાં આવી અને તેણીને દફ઼ન કરી દેવામાં આવી[૨૮]." (મુસ્લિમ)

૧. સજા ક઼ાયમ કરીને ઝિનાની ગંદકીથી પાક કરી દો. જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર ﷺથી પાકી માગવી શિર્ક નથી. રબ તઆલા ફર્માવે છે : وَيُزَكِّيهِمْ (અને તેને ખૂબ સાફ઼ ફર્માવી દે. –સૂરએ બક઼રહ, ૨/૧૨૯) તઝકિયા તથા તહારતનો ફ઼રક ઘણીવાર વર્ણન થઈ ચૂક્યો છે.

૨. શબ્દ سبحانك, અથવા يحقّالك, રહમ અથવા આશ્ચર્ય અથવા પ્રશંસાના મોક઼ા પર બોલવામાં આવે છે. અહીં ત્રણેવ અર્થમાં થઈ શકે છે. હુઝૂરે માઈઝને ગુનોહ ન પૂછયો કે જેથી તેની પર્દાદારી થાય. استغفارથી મુરાદ ઝબાની તૌબા છે અને تُبْથી મુરાદ દિલી તૌબા છે. (શેઅર)

જો યહાં અયબ કિસકે નહીં ખુલને દેતે–કબ ચાહેંગે મેરી હશ્રમેં રુસ્વાઈ હો

૩. એટલે કે હઝરત માઈઝ رضی اللہ عنہ ને તૌબાની પાકી પર સબ્ર ન થઈ. તયમ્મુમ કરતાં વુઝૂને અફ઼ઝલ જાણ્યું એટલા માટે ફરી પરત આવ્યા.

૪. અલ્લાહુ અકબર ! આ છે હુઝૂરે અન્વર ﷺની શાને સત્તાવારી કે ત્રણવાર પર્દો નાખ્યો. જ્યારે માઈઝે આગ્રહ કર્યો ત્યારે હદ (સજા) લાગુ કરવા માટે સ્પષ્ટપણે ઝિનાનો સ્વીકાર કરાવ્યો કે આ સ્પષ્ટપણે ઈક઼રાર વિના આ સજા આપવી દુરુસ્ત થતુ ન હતું. તે છે કરમ અને આ છે કાનૂન. فِيهِમમાં فِيએ من ના અર્થમાં છે. અથવા بِ ના અર્થમાં સબિય્યહ.

૫. આ આલીશાન ફર્માન બારગાહમાં હાજર લોકો માટે છે જેઓ હઝરત માઈઝના હાલાતથી માહિતગાર હતા.

૬. જાણવા મળ્યું કે પાગલ તથા નશાવાળાનો ઝિનાનો સ્વીકાર અવિશ્વસનીય છે.

૭. આ વાક્યથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે નશાવાળાનો ઈક઼રાર વિશ્વાસપાત્ર નથી ચાહે કોઈ પણ ઈક઼રાર હોય. બીજુ એ કે શરાબ પીવાની સાબિતી બાકી હોય જેમાં શરાબ નીકળે અથવા મોંઢામાં ગંધ હોવું છે. અથવા બેઢંગી ચાલ છે કે માણસ સીધો ચાલી ન શકે, પણ સૌમા મોંની ગંધ મોટી સાબિતી છે.

૮. એ દરમ્યાન માઈઝનો કોઈ ઉલ્લેખ બારગાહે આલીમાં (હુઝૂર સામે) ન થયો.

૯. કે એના ગુનાહની માફી તો રજ્મથી જ થઈ ગઈ અને હવે આ દુઆથી એના દરજાઓની પ્રગતિ થશે. જાણવા મળ્યું કે કોઈ શખ્સ દુઆએ ખૈરથી, ખાસ કરીને હુઝૂર ﷺની દુઆથી પર (બહાર) નથી અને મગફિરતની દુઆ કેવળ ગુનાહની માફીના માટે નથી, બલ્કે દરજાઓની બુલંદીના માટે પણ હોય છે. રબ તઆલા ફર્માવે છે : لِّيَغْفِرَ لَكَ (જેથી અલ્લાહ તમારા સબબથી ગુનાહ બખ્શે. સૂરએ ફતહ, ૪૮/૨) *(મિર્ક઼ાત)*

૧૦. એનાથી જાણવા મળ્યું કે ઝાનીના રજ્મ (સંગસારી)માં તેની તૌબા છે કે હુઝૂર ﷺએ આ રજ્મને તૌબા ઠરાવી, અને કેમ કે તેણે ખુદ ગુનાહનો સ્વીકાર કરીને રજ્મ ક઼બૂલ કર્યું, એટલા માટે તેનો એ અમલ શાનદાર તૌબા બન્યો. અહીં તૌબાને ભૌતિક ચીજ સાથે સરખાવેલ છે કે તેના માટે વહેંચણીનો ઉલ્લેખ કર્યો, અને બની શકે છે કે તૌબાની વહેંચણીથી મુરાદ તેના સવાબની વહેંચણી છે. આ બીજી સ્પષ્ટતાને મિર્ક઼ાતે અગ્રતા આપી છે.

૧૧. અઝ્દ મોટા કબીલાનું નામ છે અને ગામદ એના આંત્રિક ભાગનું નામ છે, જેમ કે પઠાનોમાં યૂસુફ ઝઈ, કમાલ ઝઈ વગેરે. યાદ રાખશો કે અઝ્દ ઈબ્ને અલ્ગૂષ એ આ અઝ્દ કબીલાના મૂળ પૂર્વજનું નામ છે. એ અઝ્દની ઔલાદમાં સર્વ અન્સાર છે. તેમનો લકબ અઝ્દ શનૂવા છે. *(અશિઅતુલ લમ્આત)*

૧૨. એનાથી જાણવા મળ્યું કે જો ઝાનીનો ઝિના સાબિત ન થાય. અને તે છુપી રીતે જ તૌબા કરી લે તો મગફિરતની ઉમ્મીદ છે. રબ તઆલા ફર્માવે છે : يَغْفِرُ مَا دُوْنَ ذٰلِكَ لِمَنْ يَّشَآءُ (અને કુફથી નીચે જે કાંઈ છે જેને ચાહે માફ કરી આપે. –સૂરએ નિસાઅ, ૪/૪૮) જુઓ અહીં પણ હુઝૂરે એનો ગુનોહ ન પૂછયો. આ છે શાને સત્તારી !

૧૩. એ બીબીએ પોતાને ગાઈબના સેગાથી તાબીર કરી, કેમ કે તેણીએ પોતાને બારગાહે આલીની હાજરીના લાયક ન જાણી. જાણે હવે હું એ બારગાહથી ગાયબ થઈ ચૂકી છું. (અશિઅહ) મકસદ એ હતો કે હું તો મારા ઈકરાર (સ્વીકાર)થી ફરી શકતી નથી, કેમ કે મારો ગર્ભ મારા જુર્મની દલીલ છે. માઈઝ ફરી શકતા હતા કે ત્યાં કોઈ દલીલ ન હતી.

૧૪. કેમ કે આ હાલતમાં તને રજ્મ કરવાથી ગર્ભની જાન વિના કારણે ચાલતી જશે. એનાથી જાણવા મળ્યું કે સગર્ભાને કત્લ કે રજ્મ નથી કરી શકાતી, ન હક્કુલ્લાહમાં ન હક્કુલ એબાદમાં. જેથી સગર્ભા કાતિલા (ખૂની સ્ત્રી) પાસેથી બાળક જન્મ આપ્યા બાદ કેસાસ લેવામાં આવશે, કેમ કે માના કુસૂરથી બાળકને મારી નાખવામાં આવી શકે નહીં.

૧૫. એટલે કે એ સ્ત્રીની હિફાઝત, ગર્ભ જણવાનો ખર્ચ વગેરેનો હું કફીલ (મારા માથે લઉં) છું. આ મુજરિમને હાજર કરવાની કફાલત તથા ઝમાનત (જિમ્મેદારી) નથી, કેમ કે શરઈ સજામાં ઝમાનત જાઈઝ નથી. આજે પણ ખૂનના ગુનેહગારની ઝમાનત હુકૂમત નથી લેતી, બલ્કે તેને કેસ ચાલવા દરમિયાન લોકઅપમાં રાખે છે.

૧૬. એટલે કે એ કફીલે સ્ત્રીના બાળકને જન્મ આપવાની ખબર આપીને પૂછયું કે હવે એના માટે શું હુકમ છે ? રજ્મ કરવામાં આવશે કે તેને મોહલત આપવામાં આવશે.

૧૭. એટલે કે હજી પણ અમે એને રજ્મ કરીશું નહીં, કેમ કે અત્યારે માને રજ્મ કરી દેવાથી બાળક મરી જશે.

૧૮. જેથી તેને વહેલી તકે રજ્મ કરીને પાક કરી આપો. લગભગ આ બધું તે સ્ત્રીના કહેવાથી અર્ઝ કર્યું હશે, ત્યારે હુઝૂર ﷺએ રજ્મ કરવાનો હુકમ આપ્યો.

૧૯. આ ટુકડો (રોટીનો) આપવું એની નિશાની હતી કે હવે બાળક મારા વિના પણ રહી શકે છે. મારા દૂધનું મોહતાજ નથી. એનાથી એ પત્નીની અડગતા અને ખૌફે ખુદાની મજબૂતીની ભાળ મળે છે કે આટલો લાંબો ગાળો પસાર થયા પછી પણ તેણીની તૌબાનો જોશ ઓછો ન થયો. સતત હાજર થતી રહી અને રજ્મની દરખાસ્ત કરતી રહી.

૨૦. આ રિવાયત પાછલી રિવાયતની વિરુદ્ધ છે. પ્રથમ રિવાયતથી જાણવા મળ્યું હતું કે બાળકને જન્મ આપતાં જ રજ્મ કરી દેવામાં આવી અને બાળકને દૂધ પીવડાવવું કોઈએ પોતાના માથે લઈ લીધું. આ રિવાયતથી જાણવા મળે છે કે આ સ્ત્રી દૂધ છોડાવ્યા બાદ રજ્મ કરવામાં આવી. લગભગ આ બનાવ બીજી સ્ત્રીનો છે, એટલા માટે પહેલી સ્ત્રીને અઝ્દિયા કહેવામાં આવી છે અને આ સ્ત્રી જહનિયા હતી. અથવા પ્રથમ રિવાયત કરતાં આ રિવાયત અધિક મજબૂત છે, કેમ કે એ પહેલી રિવાયતમાં બશીર ઈબ્ને મુહાજિર રાવી છે અને આ બીજી રિવાયતમાં મકાતબ રાવી છે. અથવા પહેલી હદીષનો મતલબ પણ આ જ છે કે દૂધ છોડાવ્યા બાદ રજ્મ કરવામાં આવી. ત્યાં على رضاعة માં રઝાઅતથી મુરાદ પરવરિશ છે. والله اعلم *(મિર્કાત, નવવી)*

૨૧. કે જેથી આરોપી સ્ત્રી પથ્થરોની તકલીફ પામીને ભાગી ન શકે અને તેની બેપર્દગી ન થાય. આ હુકમ મુસ્તહબ રૂપે હતો, વાજિબ નહીં. સ્ત્રીને રજ્મ (સંગસાર) કરતી વખતે ખાડામાં દાબી દેવું મુસ્તહબ છે, વાજિબ

નથી. (હિદાયા, ફત્હુલ ક़દીર, મિર્ક़ાત) જાહેર એ છે કે ખાડો ખોદવાનો હુકમ ખુદ હુઝૂર ﷺએ આપ્યો.

૨૨. જાહેર એ છે કે હુઝૂરે અન્વર ﷺ ખુદ પણ ત્યાં હાજર રહ્યા, જેવું આગલા વર્ણનથી જાહેર છે. ફ़ક़ીહો ફ઼માવે છે, જો ઝિનાની સાબિતી ગવાહોથી થાય તો પ્રથમ ગવાહ પથ્થર મારે, પછી હાકિમ, પછી અન્ય લોકો મારે. અને જો સાબિતી ખુદ મુજરિમના ઈક़રાર (સ્વીકાર)થી હોય તો પ્રથમ હાકિમ પથ્થર મારે, પછી અન્ય લોકો મારે. હઝરત અલી رضی اللہ عنہ થી આ પ્રમાણે નકલ થયેલ છે.

૨૩. يقبل હાલ (વર્તમાનકાળ) છે પણ માઝી (ભૂતકાળ)ના સેગામાં, ક્યારેક યક़ીની માઝીની હાલના સેગા વડે વર્ણવી દેવામાં આવે છે, એવું જાહેર કરવા માટે કે મને એ બનાવનું એવું યક़ીન છે જેવું કે હમણા મારી પાસે જઈ રહ્યો છે. આશ્ચર્ય પ્રદર્શિત કરવા માટે પણ એવું કરવામાં આવે છે. ખ્વાબ વર્ણન કરતી વખતે કહેવામાં આવે છે કે મેં વરસ પહેલાં ખ્વાબ જોયો કે ફલાણી જગાએ જઈ રહ્યો છું, ...વગેરે.

૨૪. એટલે કે બુરા શબ્દો વડે યાદ કરીને ફ઼માવ્યું કે તેણે મારાં કપડાં ખરાબ કરી દીધાં, ન એ ઝિના કરતી ન રજ્મ કરવામાં આવતી ન તેના લોહીથી મારાં કપડાં નાપાક થતાં.

૨૫. અને તેણીને બુરુ ન કહો કેમ કે તેની શાનદાર મગફ઼ેરત થઈ ચૂકી છે.

૨૬. જાણવા મળ્યું કે પોતાના જુર્મનો ઈક़રાર કરવો અને તેની સજા લઈ લેવી પણ તૌબા છે, ભલે મોં વડે તૌબાના શબ્દો ન કહે. નદામત તથા શર્મિંદગી ભાવિ માટે ગુનાહથી બચવાનો નિશ્ચય પણ તૌબા છે.

૨૭. અહીં મિર્ક़ાતે ફ઼માવ્યું કે ટેકસ લગાડવા અને વસૂલ કરવાનો હુકમ લગાડનાર ખાતુ બદ્તરીન ખાતુ છે, અને ત્યાંના નોકરી કરનારા બદ્તરીન પ્રકારના મુજરિમ છે, કેમ કે જેટલો જુલ્મ આ ખાતામાં થાય છે એટલો બીજા ખાતાંઓમાં નથી થતો. કેમ કે નાજાઈઝ તરીક़ાઓથી પ્રજાનો માલ ખૂબ જ બેદર્દીથી વસૂલ કરવામાં આવે છે.

૨૮. જાહેર એ છે કે ખુદ હુઝૂરે અન્વર ﷺએ તેની નમાઝ ન પઢી બલ્કે લોકોને એનો હુકમ આપી દીધો જેથી કરીને ભવિષ્યના માટે ઈબ્રત થાય (બોધ લેવાય). જેમ કે કરજદાર પર કેટલીકવાર હુઝૂર ﷺએ નમાઝ ન પઢી. આ વાક્યનો અર્થ એ પણ કરવામાં આવ્યો કે હુઝૂરે તેણીના ગુસ્લ તથા કફ઼નનો હુકમ આપ્યો પછી નમાઝ પઢી. એટલે امر (અમ્ર)નો મફ઼ઊલ ગુસ્લ તથા કફ઼ન છે અને ફ઼ેઅલ બસેગા મઅરૂફ઼ છે. એના કારણે ઈમામોમાં મતભેદ છે. અમુક કહે છે કે ઈસ્લામી સુલ્તાન મર્હૂમ પર નમાઝ ન પઢે, અમુક કહે છે કે પઢે. યાદ રાખશો કે એ લોકોનું કેવળ ઝબાની તૌબા ન કરવું અને આગ્રહપૂર્વક પોતાને રજ્મ (સંગસાર) કરાવી લેવું એટલા માટે હતું કે એ તૌબાનું ક़બૂલ થવા શંકાસ્પદ હતું જ્યારે આ તૌબાનું ક़બૂલ થવું યકીની હતું.

★ હદીષ : (૯)-૩૫૬૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «إِذَا زَنَتْ أَمَةُ أَحَدِكُمْ فَتَبَيَّنَ زِنَاهَا فَلْيَجْلِدْهَا الحدَّ وَلَا يُثَرِّبْ عَلَيْهَا ثُمَّ إِنْ زَنَتْ فلْيجلدْها الحدَّ وَلَا يُثَرِّبْ ثُمَّ إِنْ زَنَتِ الثَّالِثَةَ فَتَبَيَّنَ زِنَاهَا فَلْيَبِعْهَا ولوْ بحَبْلٍ منْ شعرٍ»

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼માવે છે કે મેં નબી કરીમ ﷺ ને ફ઼માવતાં સાંભળ્યા કે જ્યારે તમારામાંથી કોઈની લૉંડી ઝિના કરે પછી તેનો ઝિના જાહેર થઈ જાય તો તેને સજા રૂપે કોરડા મારે[૧] કેવળ બુરુભલુ ન કહે. જો ફરી ઝિના કરે[૨] તો તેને સજારૂપે કોરડા મારે અને કેવળ ધમકાવે નહીં[૩] જો ત્રીજીવાર ઝિના કરે[૪] તેનો ઝિના જાહેર થઈ જાય તો તેણીને વેચી દે ભલે વાળની રસ્સીના બદલામાં[૫]." (મુસ્લિમ, બુખારી)

૧. આ હદીષના કારણે ઈમામ શાફઈ ફર્માવે છે કે મૌલા (માલિક) પોતાની લોંડીને ખુદ હદ (સજા) લગાડી શકે છે, ઈસ્લામી સુલ્તાનનો ફૈંસલો શર્ત નથી. પણ આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે હદ (સજા)ના માટે હાકિમનો ફૈંસલો શર્ત છે. આ હદીષનો અર્થ એ છે કે હાકિમથી ફૈંસલો કરાવીને કોરડા મારે. અહીં નિસ્બત સબબિયતની છે, એટલે કે હદ (સજા) લગાડવાનો સબબ બની જાય. આ હદીષથી જાણવા મળ્યું કે લોંડી ચાહે કુંવારી હોય કે પરણીત તેણીના માટે ઝિનાની સજા પચાસ કોરડા છે, એટલે કે આઝાદ સ્ત્રી કરતાં અડધી. તેણીને રજ્મ કરવામાં નહીં આવે. રબ તઆલા લોંડીઓ વિશે ફર્માવે છે : فَإِنْ أَتَيْنَ بِفَاحِشَةٍ فَعَلَيْهِنَّ نِصْفُ مَا عَلَى الْمُحْصَنٰتِ مِنَ الْعَذَابِ (જ્યારે તે કેદમાં આવી જાય પછી બુરુ કામ કરે તો તેણીઓ પર એ સજાથી અડધી છે જે આઝાદ સ્ત્રીઓ પર છે. સૂરએ નિસાઅ, ૪/૨૫) આ આયતમાં અઝાબથી મુરાદ કોરડા છે ન કે રજ્મ (સંગસાર) અડધુ નથી થઈ શકતું.

૨. આ વાક્યના બે અર્થો થઈ શકે છે : એક એ કે ઝાનિયા લોંડીને કોરડા જરૂરથી મારે, કેવળ બુરુ ભલુ કહીને ટાળી ન દે. બીજુ એ કે કોરડા માર્યા બાદ બુરુ ભલુ ન કહે કે એ કોરડા તેણીની પૂરી સજા થઈ ગઈ.

૩. યાદ રાખશો લોંડી ગુલામો વિશે એકમતિ છે કે તેમને દેશ નિકાલ ન કરવામાં આવે, કેમ કે એમાં સખત ખતરાઓ છે.

૪. એટલે કે પાછલી સજાઓ તેના માટે લાભદાયી ન થાય અને તેણી ઝિનાથી ન અટકે. જાણવા મળ્યું કે જુર્મની તકરાર (રીપીટેશન)થી કોરડાની પણ તકરાર થશે.

૫. એટલે કે એ પુરૂષના હાથે વેંચી દે જેની સામે તે વારંવાર ઝિના કરાવે છે કેમ કે તે તેણી પર આશિક થઈ ગયો છે અને આ વેચાણ કરી દેવાથી તેના માટે હલાલ થઈ જશે. અથવા કોઈ એવી વ્યક્તિના હાથે વેચી દે જે તેણીને ઝિનાથી રોકી શકે, જો તું તેણીને રોકવામાં કામયાબ ન થાય. જેથી હદીષ પર એ વાંધો નથી કે જે પોતાના માટે નાપસંદ હોય તે બીજાને શા માટે આપો, ન એ વાંધો છે કે અયબવાળી ચીજ વેચવી મના છે, કેમ કે અયબ છુપાવીને વેચવું મના છે કે એ ધોકો છે. યાદ રાખશો કે આ વખતે ઝિનાની સજા મૌલા ન અપાવે, બલ્કે જે ખરીદશે તે અપાવશે. તેને એવું કહી આપે કે તેણીને કોરડા લગાડી અપાવજે. એટલા માટે અહીં સજાનો ઉલ્લેખ નથી કર્યો એ અફસહુલ ફુસહા ﷺની ફસાહત (ઉમદા વર્ણનશૈલી) પર કુર્બાન જાવ ! એનાથી એ પણ જાણવા મળ્યું કે કિંમતી ચીજ ઘણી જ સસ્તી વેચી દેવી દુરુસ્ત છે, એ માલની બર્બાદી નથી. ફકીહોએ ઘણી જ સસ્તી ચીજ ખરીદવાથી ત્યાં મના કર્યું છે જ્યાં વેચનાર પોતાની સખત મુફલિસીના કારણે સસ્તા ભાવે માલ વેચવા મજબૂર થઈ જાય કે એ મજબૂરીનો સોદો છે. જેથી એ મસ્અલો આ હદીષની વિરુદ્ધ નથી.

''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે કે ફર્માવ્યું, હે લોકો ! પોતાના ગુલામો પર હદ (સજા) લાગુ કરો[૧] તેમનામાંથી જેઓ પરણીત હોય અને જેઓ અપરિણીત હોય[૨]. કેમ કે રસૂલુલ્લાહ ﷺની એક લોંડીએ ઝિના કરી લીધો હતો[૩] તો હુઝૂરે મને હુકમ આપ્યો કે તેણીને કોરડા મારુ[૪] તો અત્યારે એકદમ તે જન્મ આપવાની નજીક જ છે, જેથી મેં ભય અનુભવ્યો કે જો મેં તેણીને કોરડા માર્યા તો તેણીને મારી જ નાખીશ[૫] તો મેં નબી

★ હદીષ : (૧૦)-૩૫૬૪ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: يَا أَيُّهَا النَّاسُ أَقِيمُوا عَلَى أَرِقَّائِكُمُ الْحَدَّ مَنْ أُحْصِنَ مِنْهُمْ وَمَنْ لَمْ يُحْصَنْ فَإِنَّ أَمَةً لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ زَنَتْ فَأَمَرَنِي أَنْ أَجْلِدَهَا فَإِذَا هِيَ حَدِيثُ عَهْدٍ بِنِفَاسٍ فَخَشِيتُ إِنْ أَنَا جَلَدْتُهَا أَنْ أَقْتُلَهَا فَذَكَرْتُ ذَلِكَ

لِلنَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «أَحْسَنْتَ» . رَوَاهُ مُسْلِمٌ. وَفِي رِوَايَةِ أَبِي دَاوُدَ: قَالَ: «دَعْهَا حَتَّى يَنْقَطِعَ دَمُهَا ثُمَّ أَقِمْ عَلَيْهَا الْحَدَّ وَأَقِيمُوا الْحُدُودَ عَلَى مَا مَلَكَتْ أَيْمَانُكُمْ»

કરીમ ﷺ થી તેનો ઉલ્લેખ કર્યો. હુઝૂરે ફર્માવ્યું, તમે સારું કર્યું[૬] (મુસ્લિમ) અને અબૂ દાઉદની એક રિવાયતમાં એવું છે કે તેણીને મોહલત આપો ત્યાં સુધી કે તેનું લોહી બંધ થઈ જાય પછી તેણીના પર હદ (સજા) લાગુ પાડો[૭] અને હદો (સજાઓ) તેના પર લાગુ કરો જેના તમે માલિક હોવ[૮].''

૧. ناس થી મુરાદ મુસલમાન છે અને ગુલામથી મુરાદ દરેક ગુલામ છે, મુસલમાન હોય કે કાફિર.

૨. અહીં احصان થી મુરાદ પરિણીત હોવું છે ઈસ્તેલાહી ઉહસિનથી મુરાદ નથી કે એમાં ઈસ્લામ અને હુર્રિયત એટલે આઝાદ હોવું બંને શર્ત છે. રબ તઆલા ફર્માવે છે : فَإِذَآ أُحْصِنَّ فَإِنْ أَتَيْنَ بِفَاحِشَةٍ فَعَلَيْهِنَّ نِصْفُ مَا عَلَى الْمُحْصَنٰتِ مِنَ الْعَذَابِ (જ્યારે તેણીઓ કૈદમાં આવી જાય પછી બુરૂ કામ કરે તો તેમના પર એ સજાની અડધી છે જે આઝાદ સ્ત્રીઓ પર છે. સૂરએ નિસાઅ, ૪/૨૫) અહીં પણ احصان નિકાહના અર્થમાં છે.

૩. એ લોંડીનું નામ માલૂમ ન થઈ શક્યું અને ન એ માલૂમ પડયું કે તે લોંડી મો'મિના હતી કે કાફિર હતી.

૪. પચાસ કોરડા ભલે તે પરીણિત હતી કે કુંવારી, દરેક ઝાનિયા લોંડીની આ જ સજા છે.

૫. એટલે કે તે હજી બાળકને જન્મ આપી ચૂકી છે, કમજોર છે જેથી પચાસ કોરડાઓ વેઠી નહીં શકે અને મરી જશે.

૬. એનાથી જાણવા મળ્યું કે જે ઝાનીની સજા કોરડા હોય તેને કોરડાઓ વડે મરવા દેવામાં ન આવે. જેથી બીમારને આમ જ સખત ઠંડીમાં કોરડા ન મારવામાં આવે જ્યારે કે મરી જવાનો ખતરો હોય અને તે ઝાની ટી.બી. અથવા લકવાની બીમારીમાં સપડાયેલ હોય જેનાથી સારું થવાની ઉમ્મીદ હોય તો સો શાખોવાળી લાકડી તેના શરીર પર એ રીતે મારી દેવામાં આવે કે જાન ન નીકળે. એના પર આપણી તથા શાફઈઓની એકમતિ છે. સગર્ભાને પણ કોરડા ન મારવામાં આવે કે મરવાનો અંદેશો છે, અને જેની સજા રજ્મ (સંગસારી) હોય તેને ગમે તેમ પણ રજ્મ કરી દેવામાં આવે કે ત્યાં તો મૌત જ આપવાનું છે.

૭. જ્યારે કે તે શક્તિશાળી થઈને કોરડા જીરવી શકે.

૮. ઈસ્લામી હાકિમ થકી હદ (સજા) લાગુ કરાવો, કેમ કે હદ (સજા) લાગુ પાડવી ઈસ્લામી હાકિમનું કામ છે. કેવળ માલિક લાગુ નથી પાડી શકતો.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૧૧)-૩૫૬૫ ★

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: جَاءَ مَاعِزٌ الْأَسْلَمِيُّ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: إِنَّه قَدْ زَنى فأعرض عَنهُ ثمَّ جَاءَ مِنْ شِقِّهِ الْآخَرِ فَقَالَ: إِنَّهُ قَدْ زنى فَأَعْرض

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે માઈઝ અસ્લમી રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયા. અર્ઝ કરી કે તેમણે ઝિના કર્યો છે[૧] હુઝૂરે તેમનાથી મોં ફેરવી લીધું તો તે બીજી બાજુ આવી ગયા[૨] બોલ્યા, તેમણે ઝિના કર્યો છે. હુઝૂરે ફરી તેમનાથી મોં ફેરવી લીધું. પછી બીજી બાજુથી આવી

عَنهُ ثُمَّ جَاءَ من شقَّه الْآخَرِ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ إِنَّهُ قَدْ زَنى فَأَمَرَ بِهِ فِي الرَّابِعَةِ فَأُخْرِجَ إِلَى الْحَرَّةِ فَرُجِمَ بِالْحِجَارَةِ فَلَمَّا وَجَدَ مَسَّ الْحِجَارَةِ فَرَّ يَشْتَدُّ حَتَّى مَرَّ بِرَجُلٍ مَعَهُ لَحْيُ جَمَلٍ فَضَرَبَهُ بِهِ وَضَرَبَهُ النَّاسُ حَتَّى مَاتَ. فَذَكَرُوا ذَلِكَ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنه فرحين وَجَدَ مَسَّ الْحِجَارَةِ وَمَسَّ الْمَوْتِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَلَّا تَرَكْتُمُوهُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَفِي رِوَايَةٍ: «هَلَّا تَرَكْتُمُوهُ لَعَلَّه أَن يَتُوب الله عَلَيْهِ»

ગયા, બોલ્યા : યા રસૂલલ્લાહ ! ﷺ તેમણે ઝિના કર્યો છે. ત્યારે ચોથીવારમાં હુકમ આપ્યો તો તેમને હર્રાની તરફ કાઢવામાં આવ્યા, રજ્મ કરવામાં આવ્યા પથ્થરો વડે. પછી જ્યારે તેમને પથ્થરોની તકલીફ પહોંચી તો દોડતા દોડતા નાસી છૂટ્યા[૩]. ત્યાં સુધી કે એક શખ્સ પાસેથી પસાર થયા જેની પાસે ઊંટનું હાડકું હતું[૪] તેણે એ હાડકું તેમને માર્યું અને લોકોએ પણ તેમને માર્યા ત્યાં સુધી કે તે મરી ગયા[૫]. લોકોએ રસૂલુલ્લાહથી અર્ઝ કરી કે માઈઝે જ્યારે પથ્થરો અને મોતની તકલીફ પામી તો તે ઉઠીને નાસી છૂટ્યા. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમે તેમને છોડી કેમ ન દીધા ?[૬] (તિર્મિઝી, ઈબ્ને માજહ) અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે તમે તેમને છોડી કેમ ન આપ્યા કદાચ તે તૌબા કરી લેતા તો અલ્લાહ તેમની તૌબા કબૂલ કરી લે છે[૭]."

૧. આ રિવાયત બિલ્મઅના (ભાવાર્થવાળી) છે. તેમણે કહ્યું હતું : انی زنیت "મેં ઝિના કરી લીધો છે." રાવીએ આ રીતે ગાઈબના સેગા વડે રિવાયત કરી અને બની શકે છે કે ખુદ માઈઝે પોતાને ગાઈબના સેગા વડે બયાન કર્યું હોય. એટલે કે આ ફકીર ગુનેહગાર હકીરે ઝિના કરી લીધો છે.

૨. એ રીતે કે પ્રથમ અહીંથી ચાલ્યા ગયા પછી ઈમાની ગૈરતના જોશમાં હાજર થયા પણ બીજી બાજુથી ન કે અહીં રહીને. જેથી આ હદીષ પાછલી હદીષની વિરુદ્ધ નથી જ્યાં તેમનું મજલિસ શરીફથી ચાલ્યા જવું વર્ણન થયેલ છે. દરેક વખતે તે આવતા જતા રહ્યા.

૩. આ નાસી છૂટવું ગૈર ઈખ્તિયારી હતું, જેવી રીતે ઝબહના વખતે જાનવરનું તડપવું. જેથી એનાથી માઈઝનો સવાબ ઓછો નથી થયો. એનાથી જાણવા મળ્યું કે દરેક પુરૂષના રજ્મના માટે ખાડો ન ખોદવામાં આવે બલ્કે આમ જ ખુલ્લા મેદાનમાં ખાડો ખોદવામાં આવે, રજ્મ કરવામાં આવશે.

૪. لَحْي લામના ફતહ (ઝબર) હે ના જઝ્મથી જડબાનું હાડકું જેના પર દાંત ઉગેલા હોય છે. પુરૂષના એ હાડકા પર નીચે દાઢી હોય છે અને અંદર દાંત. ઉગેલા હોય છે. પુરૂષના એ હાડકા પર નીચે દાઢી હોય છે અને અંદર દાંત.

૫. એનાથી જાણવા મળ્યું કે રજ્મમાં કેવળ પથ્થર મારવા જ જરૂરી નથી બલ્કે ઈંટ, રોડાં, હાડકાંથી પણ મારી શકાય છે. હા ! લાઠી અથવા તલ્વારથી મારવામાં નહીં આવે કે પછી એ કત્લ છે, રજ્મ નથી. જો લાઠી, દંડો ફેંકીને મારવામાં આવે તો એ દુરુસ્ત છે કે એ કત્લ નથી રજ્મ જ છે.

૬. કેમ કે આ નાસવામાં ઝિનાના ઈકરારથી રુજૂઅની સંભાવના હતી કે કદાચ માઈઝ પોતાના ઈકરારથી ફરવા માટે નાસી રહ્યા હતા, અને ઝિનાનો ઈકરારી (સ્વીકારી ચૂકો) જો હદ (સજા)થી પહેલાં રુજૂઅ કરે તો હદ (સજા) ખત્મ થઈ જાય છે અને હદ દરમ્યાન રુજૂઅ કરે (સ્વીકારથી ફરી જાય) તો બાકીની હદ (સજા) માફ થઈ જાય છે. અને તેનું રુજૂઅ્ કરવું (ઈકરારથી ફરવું) દુરુસ્ત હોય છે. જો રુજૂઅ બાદ પણ તેને મારી દેવામાં આવ્યો તો

મારનારાઓ પર ક़त्લે ખતાની દિયત વાજિબ થાય છે જેને તેઓ મર્હૂમના વારસોને અદા કરશે. એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું કે તમારે છોડી આપવું જોઈતુ હતું.

૭. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺએ તે મારનારાઓ પર ન દિયત વાજિબ કરી ન નારાજી કરી, કેમ કે માઈઝે સ્પષ્ટપણે રુજૂઅ કર્યું ન હતું (સ્પષ્ટપણે ઝિનાના ઈક़રારથી ફર્યા ન હતા) બલ્કે સંભાવના હતી કે કદાચ રુજૂઅ કરતાં કરતાં નાસી છૂટયા અથવા તકલીફના કારણે આપોઆપ મજબૂર થઈને નાઠા. જો સ્પષ્ટપણે રુજૂઅ કરી લીધું હોત તો એ જ હુકમ થાત જે વર્ણન કર્યો. આ વાક્ય મુબારક અને ફર્માને આલીથી જાણવા મળ્યું કે ઝાની જો રજ્મ ન થાય કેવળ સાચી તૌબા કરે તો પણ માફીની ઉમ્મીદ છે, પણ રજ્મથી માફી યક़ીની છે. એટલા માટે તે હઝરાત પોતે આગ્રહ કરીને સંગસાર થતા હતા. رضوان الله تعالى عليهم اجمعين મિર્ક़ાતે અહીં ફર્માવ્યું કે જો ઈક़રારી શરાબી, ઈકરારી ચોર જેની ચોરી શરાબખોરી કેવળ તેના સ્વીકારી લેવાથી સાબિત હોય અન્ય કોઈ સાબિતી ન હોય તે જો હદ લાગુ કરતા પહેલાં અથવા દરમિયાનમાં સ્વીકારથી ફરી જાય તો સજા ખત્મ થઈ જશે.

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ માઈઝ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી ફર્માવ્યું કે તમારા વિશે મને જે ખબર પહોંચી છે શું એ ; FRLK[m² અર્ઝ કરી, મારા વિશે શું ખબર હુઝૂરને પહોંચી છે ? ફર્માવ્યું, એ ખબર પહોંચી છે કે તમે ફલાણા કબીલાની લોંડી સાથે ઝિના કર્યો છે². બોલ્યા, હા ! પછી માઈઝે ચાર ગવાહીઓ આપી ત્યારે હુકમ આપવામાં આવ્યો, તેમને રજ્મ (સંગસાર) કરવામાં આવ્યા³." (મુસ્લિમ)

★ હદીષ : (૧૨)-૩૫૬૬ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لِمَاعِزِ بْنِ مَالِكٍ: «أَحَقٌّ مَا بَلَغَنِي عَنْكَ؟» قَالَ: وَمَا بَلَغَكَ عَنِّي؟ قَالَ: «بَلَغَنِي أَنَّكَ قَدْ وَقَعْتَ عَلَى جَارِيَةِ آلِ فُلَانٍ»قَالَ: نَعَمْ فَشَهِدَ أَرْبَعَ شَهَادَاتٍ فَأَمر بِهِ فرجم. رَوَاهُ مُسلم

૧. યાદ રાખશો આ હદીષ પાછલી કે આવનારી હદીષોની વિરુદ્ધ નથી બલ્કે એમાં ટૂંકાણ છે અને એ હદીષમાં વિગતવાર છે. બનાવ એ બન્યો કે પ્રથમ હુઝૂર ﷺએ માઈઝથી આવુ પૂછયું કે જેથી માઈઝ ઈન્કાર કરીને હદથી બચી જાય. તેમણે ઈન્કારના બદલે ઈક़રાર કરી લીધો. ત્યારે હુઝૂરે અન્વર ﷺએ તેમનાથી મોં ફેરવી લીધું. આ હદીષોમાં પૂરો બનાવ વર્ણન નથી થયો. અહીં પૂરુ વર્ણન થયું, જેથી ટકરાવ નથી. અને હુઝૂરે અન્વર ﷺનો એ સવાલ પણ હદ (સજા) દફેઅ કરવા માટે હતો, અને મોં ફેરવતા રહેવું પણ એના લીધે હતું. જેથી હદીષ પર કાંઈ વાંધો નથી.

૨. મિર્ક़ાતે ફર્માવ્યું કે અહીં 'જારિયહ્' એ પુત્રી કે છોકરીના અર્થમાં છે, આલે ઝાઈદા છે. અશિઅહએ ફર્માવ્યું કે જારિયહ, લોંડીના અર્થમાં છે. સારાંશ મુહસન (પરિણીત) પુરૂષ પરણીતા સ્ત્રી સાથે ઝિના કરે અથવા કુંવારી સાથે અથવા લોંડી સાથે દરેક સ્થિતિમાં તેને રજ્મ (સંગસાર) કરવામાં આવશે. કે તે પોતે તો પરિણીત છે. અશિઅ્હની રિવાયત બરાબર છે.

૩. અહીં ગવાહીઓથી મુરાદ ઈક़રાર (સ્વીકાર) છે, કેમ કે આ ચાર ઈક़રાર ચાર ગવાહીઓના સ્થાને હોય છે. એટલા માટે એને ગવાહીઓ કહેવામાં આવ્યું. જેમ કે લિઆનની આયતમાં ઝિના આક્ષેપને તથા ઝિનાથી મુક્તિને શહાદત (ગવાહી) કહેવામાં આવ્યું.

★ હદીષ : (૧૩)-૩૫૬૭ ★

وَعَنْ يَزِيدَ بْنِ نُعَيْمٍ عَنْ أَبِيهِ أَنَّ مَاعِزًا أَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَقَرَّ عِنْدَهُ أَرْبَعَ مَرَّاتٍ فَأَمَرَ بِرَجْمِهِ وَقَالَ لِهَزَّالٍ: «لَوْ سَتَرْتَهُ بِثَوْبِكَ كَانَ خَيْرًا لَكَ» قَالَ ابْنُ الْمُنْكَدِرِ: إِنَّ هَزَّالًا أَمَرَ مَاعِزًا أَنْ يَأْتِيَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فيخبره. رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત યઝીદ ઈબ્ને નુએમથી[૧] રિવાયત છે. તે પોતાના પિતાથી રિવાયત કરે છે કે માઈઝ નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયા. આપની પાસે ચાર વાર સ્વીકાર્યું ત્યારે આપે તેમને રજમ (સંગસાર)નો હુકમ આપ્યો. અને હુઝ્ઝાલને[૨] ફર્માવ્યું કે જો તમે પોતાનાં કપડાંથી ઢાંકી લેત તો તમારા માટે બેહતરીન થાત. ઈબ્ને મુન્કદીર કહે છે કે હઝ્ઝાલે માઈઝને સલાહ આપી હતી કે તે નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થાય અને હુઝૂરને આ ખબર આપે[૩].'' (અબૂ દાઊદ)

૧. આપ યઝીદ ઈબ્ને નુએમ ઈબ્ને હઝ્ઝાલ અસ્લમી છે. તાબઈ છે. અને આપના પિતા નુએમ સહાબી છે.

૨. هُزَّال હેના પેશ અને ઝેના મદથી છે. તેમની લોંડી ફાતિમા સાથે માઈઝે ઝિના કરી લીધો હતો. હુઝ્ઝાલને તેનો ઉલ્લેખ પોતે જ કર્યો તો હુઝ્ઝાલે તેમને મશવરો આપ્યો કે તમે હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં જઈને સ્વીકાર કરો. ત્યારે માઈઝ બારગાહે આલીમાં હાજર થયા. એટલા માટે હુઝ્ઝાલને એવું ફર્માવ્યું.

૩. યાદ રાખશો કે જનાબ હુઝ્ઝાલે ખુદ હુઝૂર ﷺની ખિદમતમાં આ બનાવ અર્ઝ નથી કર્યો બલ્કે માઈઝને મોકલ્યા, કેમ કે એ વખતે ઝિનાની શહાદત જેટલા માણસો એટલે ચાર દાર્શનિક ગવાહો (પુરાવા) મૌજૂદ ન હતા. જો હુઝ્ઝાલ કહેત તો ગવાહોની માગણી થાત. ગવાહો રજૂ ન થવા પર ભલે તેમના પર તોહમત લાગતી ન હતી કે મુઝ્નમા (જેની સાથે સંભોગ થયો) તે તેણી લોંડી હતી, પણ ધમકાવવામાં જરૂરત આવત. આ હદીષથી જાણવા મળ્યું કે ઝિના જુર્મનો સબબ છે જેનો ઈઝહાર ન થવા દેવો (પ્રદર્શિત ન કરવું) અને છુપી રીતે તૌબા કરાવી દેવી અફઝલ છે. નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે મુસલમાને પોતાના ભાઈનો અયબ ખુદાને ખાતર છુપાવ્યો તો અલ્લાહ તઆલા દુનિયા તથા આખેરતમાં તેના અયબો છુપાવશે. પણ જ્યારે મુજરિમ ઝિનાની આદતવાળો થઈ જાય તો તેને જાહેર કરી દેવું, સજા અપાવવી બેહતર છે કે જમીનને ફિત્ના ફસાદ તથા ગુનાહથી પાક સાફ કરવી બેહતર છે, ચાહે તૌબા થકી અથવા સજા થકી. તેની ઉમદા તેહકીક અહીં મિર્કાતમાં જુઓ કે ક્યાં હાકિમને ખબર આપીને આરોપીને સજા અપાવવી બેહતર છે, અને ક્યાં છુપાવવું અફઝલ છે.

★ આપસમાં જુર્મની માફી માગી લો કે હાકિમ સુધી પહોંચશે તો લાઝમી સજા લાગુ થશે ★

★ હદીષ : (૧૪)-૩૫૬૮ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ عَبْدِ اللَّهِ بْنِ عَمْرِو بْنِ الْعَاصِ رَضِيَ اللَّهُ عَنْهُمَا أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «تَعَافَوُا الْحُدُودَ فِيمَا بَيْنَكُمْ فَمَا بَلَغَنِي مِنْ حَدٍّ فَقَدْ وَجَبَ» . رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

''હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદા અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી રાવી કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જુર્મોની આપસમાં માફી કરી લો[૧] નહીં તો જે જુર્મ અમારા સુધી પહોંચી જશે તે લાઝિમ થઈ જશે[૨].'' (અબૂ દાઊદ, નિસાઈ)

૧. اتعافوا માં સંબોધન આમ લોકોને છે કે હાકિમો અથવા બાદશાહોને, અને હદો (સજાઓ)થી મુરાદ તે જુર્મ

છે જે હદ (સજા)નો સબબ છે. એટલા બંદાઓના હક્કોના જુર્મ હાકિમો સુધી ન પહોંચાડો, આપસમાં એક બીજાથી માફી ચાહી લો. જેમ કે ચોર ચોરી કરીને માલ પરત કરી દે, તેનાથી માફી માગી લે, હુકૂમત સુધી તેને ન જવા દે.

★ શરઈ સજા કેવળ હાકિમ આપી શકે ★

૨. એટલે કે હાકિમની પાસે કેસ પહોંચી જતાં માફી નહીં થઈ શકે. એનાથી જાણવા મળ્યું કે શરઈ સજા કેવળ હાકિમ આપી શકે છે, અન્ય કોઈ નથી આપી શક્તું. તેમજ હાકિમની પાસે જુર્મ પહોંચવાથી પહેલાં સજા લાઝિમ નથી પણ પહોંચી ગયા બાદ લાઝિમ થઈ જાય છે, પછી માફ નથી થઈ શક્તું, ન હાકિમના માફ કરવાથી ન હક્કવાળાના માફ કરવાથી. યાદ રાખશો કે આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે અને છુપાવવું કે માફ કરી દેવું ત્યાં જ બેહતર છે જ્યાં એનાથી ફસાદ (ખરાબી) ન થાય, નહીં તો સજા અપાવવી અત્યંત જરૂરી છે. જેથી આ હદીષ એ હદીષની વિરુદ્ધ નથી કે એક હદ (સજા) લાગુ કરવી ચાલીસ દિવસના વરસાદ કરતાં લાભદાયી છે.

★ હદીષ : (૧૫)-૩૫૬૯ ★
وَعَنْ عَائِشَةَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أقيلوا ذَوِي الهيآت عثراتهم إِلَّا الْحُدُود» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે મુરવ્વત (માણસાઈ)વાળાઓને ગલતીઓથી દરગુઝર કરો[૧] હદવાળા જુર્મો સિવાય[૨].''
(અબૂ દાઊદ)

૧. અહીં સંબોધન હાકિમો તથા બાદશાહ તથા પ્રજા સૌને છે. અને ગલતીઓથી મુરાદ તે જુર્મ છે જે હદ (સજા)નો સબબ ન હોય, કેવળ તઅઝીર (શિક્ષા)ને પાત્ર હોય. અને મુરવ્વતવાળાઓથી મુરાદ મુત્તકી તથા પરહેઝગાર લોકો છે જેમની ઈજ્જત લોકોના દિલોમાં હોય. એટલે કે જો કોઈ મુત્તકી તથા પરહેઝગાર માણસ ગલતીથી કોઈ એવો જુર્મ કરી બેસે જે હદને પાત્ર ન હોય પણ તઅઝીર લાગી શકે છે તો પ્રથમવારમાં માફી આપી દો, તેનું બેઈજ્જત થવું જ તેના માટે પૂરતી સજા છે. ઈમામ શાફઈ ફર્માવે છે કે મુરવ્વતવાળાઓથી મુરાદ તે લોકો છે જેમના થકી આજે પ્રથમ વાર ભૂલ થઈ છે, તે જુર્મની આદતવાળા નથી.

૨. એટલે કે અલ્લાહની હદો (સજાઓ) લાગુ કરવામાં કોઈનો લેહાઝ ન કરો. ફર્માવ્યું હુઝૂરે અન્વર ﷺ એ કે જો મારી પુત્રી ફાતિમા ચોરી કરી લેત તો હું તેણીના હાથ કાપી નાખત ! આવું કહીને ફાતિમા મખ્ઝૂમિયાનો હાથ કપાવી નાખ્યો. યાદ રાખશો કે હદોથી મુરાદ મુત્લક હદો છે, ચાહે અલ્લાહના હક્કોની હોય કે બંદાઓના હક્કોની હોય, જેથી દરેક ઝાનીને હદ તથા ચોરને હાથ કાપવાની સજા આપવામાં આવશે, ચાહે ગરીબ હોય કે ચૌધરી નંબરદાર હોય.

★ હાકિમનું માફીમાં ગલતી કરવું સજામાં ગલતી કરવાથી બેહતર ★

★ હદીષ : (૧૬)-૩૫૭૦ ★
وَعَنْهَا قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «ادرؤا الْحُدُودَ عَنِ الْمُسْلِمِينَ مَا اسْتَطَعْتُمْ فَإِنْ كَانَ لَهُ مَخْرَجٌ فَخَلُّوا سَبِيلَهُ فَإِنَّ الْإِمَامَ أَنْ يُخْطِئَ فِي الْعَفْوِ خَيْرٌ مِنْ أَنْ يُخْطِئَ فِي الْعُقُوبَةِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: قَدْ رُوِيَ عَنْهَا وَلم يرفع وَهُوَ أصح

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યાં સુધી કરી શકો મુસલમાનથી હદો (સજાઓ) દૂર કરો[૧] તો જો એના માટે કોઈ માર્ગ હોય તો એનો રસ્તો છોડી દો[૨] કેમ કે હાકિમનું માફીમાં ગલતી કરવું સજામાં ગલતી કરવાથી બેહતર છે[૩]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું કે આ રિવાયત ઉમ્મુલ મો'મિનીનથી મરફૂઅ નથી, એ જ અધિક સહીહ છે.''

૧. એટલા માટે શંકાઓથી હદો દૂર થઈ (ટળી) જાય છે, જેથી હાકિમે જોઈએ કે મુજરિમને શંકાકુશંકાનો લાભ આપે. પણ યાદ રાખશો કે ખુદ લાંચનો ફાયદો ન ઉઠાવે. આ સ્થિતિમાં એ હાકિમોને સંબોધન છે. એ મતલબ પણ થઈ શકે કે, ''શક્ય ત્યાં સુધી હાકિમો સુધી મુજરિમને ન લઈ જાવ, તેને સજા ન અપાવો.'' ત્યારે આ સંબોધન અવામ (આમ લોકો)ને છે. પણ પ્રથમ ખુલાસો મજબૂત છે. આવનારુ વર્ણન એનું સમર્થન કરી રહ્યું છે.

૨. એટલે હે હાકિમો ! જો જાઈઝ સબબથી મુજરિમ હદ (સજા)થી બચી શકે છે તો તેના પર સજા લાગુ ન કરો. અથવા હે મુસલમાનો ! જો કોઈ રીતે મુજરિમ સજા અપાવ્યા વિના દુરુસ્ત થઈ શકે છે તો તેને અદાલતમાં ન લઈ જાવ. પ્રથમ અર્થ અધિક મજબૂત છે, જેવું કે આગલા લખાણથી જાહેર છે.

૩. આ વાક્યના બે અર્થો કરવામાં આવ્યા છે : એક એ કે જો ઈમામ તથા હાકિમ તમારા માફ કરી આપ્યા બાદ ખતાનો તરીકો અપનાવી લે કે ભૂલથી તેને તઅઝીર પણ ન આપે એ બેહતર છે. એનાથી કે હાકિમની પાસે કેસ પહોંચી જાય અને પછી તે હદ (સજા) લાગુ કરવામાં ગલતી કરે કે ગલતીથી સજા છોડી દે. આ સ્થિતિમાં આ સંબોધન પબ્લિકને છે. બીજુ એ કે હાકિમ કેસ સાંભળ્યા બાદ ખતાની રીતે મુજરિમને સજા ન આપે, તેને શકના આધારે છોડી દે, જ્યારે કે તે સજાને પાત્ર હતો, એ એનાથી બેહતર છે કે નિર્દોષને સજા આપી દે. કેમ કે સજા ન આપવાની સ્થિતિમાં અલ્લાહની માફીની ઉમ્મીદ છે કે મુજરિમ તૌબા કરીને નેક બની જાય, પણ નિર્દોષને સજા દેવામાં જુર્મ પણ છે અને ભાવિમાં ઈસ્તિગફારની ઉમ્મીદ પણ નથી. દા.ત. પરણીત ઝાનીને હાકિમ કહે કે તેં ચુંબન કર્યું હશે અથવા સ્પર્શ કરી લીધો હશે વગેરે. અને મુજરિમ કહે, જી હા ! મેં એવું જ કર્યું હતું ! અને રજમ (સંગસારી)થી બચી જાય. તો ભલે રજમના લાયક હતો, પણ હાકિમ ગુનેહગાર નથી અને મુજરિમની તૌબાની ઉમ્મીદ છે. પરંતુ જો એને તેહકીક વિના રજમ કરી દેવામાં આવ્યો અને હકીકતમાં તે રજમના લાયક ન હતો, તો હવે માફી કેવી રીતે થઈ શક્શે. આજે પણ હુકૂમતો કત્લની સજામાં ઘણી જ તેહકીક કરે છે, ક્યારેક શંકાનો લાભ આપીને છોડી મૂકે છે. આ જ સ્પષ્ટતા પુખ્તા છે. (મિર્કાત વ અશિઅહ) ત્યાં સુધી કે જો ઝાની મુજરિમને ઝિના હરામ હોવાની ખબર ન હોય તો હદ (સજા) લાગુ થશે નહીં.

★ બળાત્કારે સ્ત્રીથી ઝિના કરવા પર સ્ત્રીને માફી છે ★

''હઝરત વાઈલ ઈબ્ને હજર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ ના જમાનામાં એક સ્ત્રીને મજબૂર કરી દેવામાં આવી[૧] તો હુઝૂરે સ્ત્રીથી હદ (સજા) ટાળી દીધી[૨] અને ઝિના કરનારા પર લાગુ કરી આપી અને એ ઉલ્લેખ ન કર્યો એ સ્ત્રીના માટે મહેર નિશ્ચિત કરી[૩].'' (તિર્મિઝી)

★ હદીષ : (૧૭)-૩૫૭૧ ★

وَعَنْ وَائِلِ بْنِ حُجْرٍ قَالَ: اسْتُكْرِهَتِ امْرَأَةٌ عَلَى عَهْدِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَدَرَأَ عَنْهَا الْحَدَّ وَأَقَامَهُ عَلَى الَّذِي أَصَابَهَا وَلَمْ يُذْكَرْ أَنَّهُ جَعَلَ لَهَا مَهْرًا. رَوَاهُ التِّرْمِذِيّ

૧. એ રીતે કે કોઈએ બળાત્કારથી ઝિના (રેપ) કરી લીધો.

૨. જાણવા મળ્યું કે બળાત્કારપૂર્વક વ્યભિચાર (રેપ) કરવા પર હદ નથી, પણ આ હુકમ સ્ત્રીના વિશે થઈ શકે છે, ઝાની પુરૂષ એવું નથી કહી શક્તો કે મેં મજબૂરન્ ઝિના કર્યો હતો. ફલાણા શખ્સે મને ઝિના કરવા માટે મજબૂર કર્યો હતો.

૩. કેમ કે એ સોહબત તદ્દન ઝિના હતી અને ઝિના હરામ છે, તો હરામ ચીજની મહેર કે મજૂરી નથી. જે હદીષોમાં આવેલુ છે કે હુઝૂરે અન્વર ﷺએ મહેર અપાવી ત્યાં વતી બિશુબહાની સ્થિતિ હતી કે પુરૂષ કોઈ

અજનબીને પોતાની પત્ની સમજીને તેણી સાથે સોહબત કરે અથવા ફાસિદ નિકાહ થકી સોહબત કરે ત્યાં મહેર આપવી લાઝિમ ઠરે છે.

"તેમનાથી જ રિવાયત છે કે એક સ્ત્રી નબી કરીમ ﷺ ના જમાનામાં નમાઝના ઈરાદાથી નીકળી[૧] કે એક પુરૂષ તેને મળ્યો જે એના પર છવાય ગયો[૨] તેણી સાથે પોતાની જરૂરત પૂરી કરી લીધી[૩] તેણીએ બૂમો પાડી, પુરૂષ ચાલ્યો ગયો. મુહાજિરોની એક ટોળી પસાર થઈ. તે સ્ત્રી બોલી કે એ શખ્સે મારી સાથે આવું આવું કર્યું[૪] લોકોએ તે શખ્સને પકડી લીધો પછી રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં લાવ્યા. તો હુઝૂરે તે સ્ત્રીને કહ્યું, તું જા તને અલ્લાહે બખ્શી દીધી[૫] એ શખ્સને કહ્યું, જે એના પર છવાઈ ગયો હતો, એને રજૂમ કરી દો[૬] અને ફર્માવ્યું, યકીનન ! તેણે એવી તૌબા કરી છે કે જો એ તૌબા સર્વ મદીનાવાળા કરતા તો તે એ સૌની કબૂલ થઈ જતી[૭]." *(તિર્મિઝી, અબૂ દાઉદ)*

★ હદીષ : (૧૮)-૩૫૭૨ ★

وَعَنْهُ: أَنَّ امْرَأَةً خَرَجَتْ عَلَى عَهْدِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ تُرِيدُ الصَّلَاةَ فَتَلَقَّاهَا رَجُلٌ فَتَجَلَّلَهَا فَقَضَى حَاجَتَهُ مِنْهَا فَصَاحَتْ وَانْطَلَقَ وَمَرَّتْ عِصَابَةٌ مِنَ الْمُهَاجِرِينَ فَقَالَتْ: إِنَّ ذَلِكَ الرَّجُلَ فَعَلَ بِي كَذَا وَكَذَا فَأَخَذُوا الرَّجُلَ فَأَتَوْا بِهِ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ لَهَا: «اذْهَبِي فَقَدْ غَفَرَ اللَّهُ لَكِ» وَقَالَ لِلرَّجُلِ الَّذِي وَقَعَ عَلَيْهَا: «ارْجُمُوهُ» وَقَالَ: «لَقَدْ تَابَ تَوْبَةً لَوْ تَابَهَا أَهْلُ الْمَدِينَةِ لَقُبِلَ مِنْهُمْ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ

૧. એટલે કે પોતાના ઘરથી મસ્જિદે નબવીની તરફ જઈ રહી હતી બાજમાઅત નમાઝ અદા કરવાના માટે. રિસાલતના જમાનામાં સ્ત્રીઓને મસ્જિદોમાં હાજરીનો હુકમ હતો. હઝરત ઉમર رضی اللہ عنہ એ સમય અને સંજોગો જોતાં તેની મનાઈ કરી. હવે કેમ કે સ્ત્રીઓ બજારો, સીનેમાઘરો, સ્કૂલો, કોલેજો અને બેદીનોના જલસાઓથી નથી રોકાતી, જેથી તેણીઓને મસ્જિદોની જમાઅતથી પણ ન રોકો કે અહીં આવીને શરીઅતના હુકમો તો સાંભળી લેશે.

૨. تجلل બન્યુ છે جِلٌ થી, અર્થ જોલો. એટલે કે તે પુરૂષ જોલાની જેમ તેણીને લપેટાઈ ગયો જેવી રીતે ઘોડા પર જોલ પડી જાય છે કે સ્ત્રી તેનાથી છૂટી ન શકી.

૩. એટલે તેણીથી ઝિના કરી લીધો. યાદ રાખશો કે સર્વ સહાબીઓ માસૂમ કે મહફૂઝ નથી, બલ્કે આદિલ તથા મસ્તૂર છે. **'આદિલ'** તે કે ગુનોહ ભલે કરે પણ તેના પર કાયમ ન રહે. **'ફાસિક'** તે જે એલાનિયા ગુનાહે કબીરા કરે અથવા ગુનાહે સગીરાનો આદી થઈ જાય. **'મસ્તૂર'** તે જેનો ગુનોહ જાહેર ન થાય. મસ્તૂર ફાસિક નથી. જેથી આ બનાવ પર વાંધો નથી કે તમે સર્વ સહાબીઓને આદિલ કહો છો, જ્યારે કે એમનામાં અમુકથી આવા ગુનાહ થઈ ગયા છે. સહાબીઓની અદાલત (આદિલ હોવા) પર કુર્આની આયતો સાક્ષી છે. જુઓ અમારી કિતાબ : અમીર મુઆવિયહ (رضی اللہ عنہ)

૪. એટલે કે બળાત્કારથી ઝિના કર્યો. كذا وكذا કિનાયહ અથવા એ સ્ત્રીનો કૌલ છે. અથવા સ્ત્રીએ તો સ્પષ્ટપણે ઝિના કહ્યું હતું પણ રાવીએ એને આ પ્રમાણે રિવાયત કર્યું. كذا થી છવાઈ જવું મુરાદ છે, બીજા كذا થી ઝિના મુરાદ છે.

૫. અહીં બખ્શવાથી મુરાદ પકડ ન કરવું છે. એટલે કે આ ઝિના પર કયામતમાં તારી પકડ ન થશે કેમ કે તું મજબૂર લાચાર હતી, રાજી ન હતી, અને દુનિયામાં તારા પર હદ (સજા) લાગુ ન થશે. જેથી હદીષ પર એ વાંધો નથી કે બખ્શિશ તો ગુનાહની હોય છે, જ્યારે તે સ્ત્રી ગુનેહગાર જ ન હતી તો તેની બખ્શિશનો શો અર્થ ?

૬. એ શખ્સ પરિણીત હતો અને તેણે ચાર વાર ઝિનાનો સ્વીકાર કરી લીધો હતો ત્યારે તેના રજ્મનો હુકમ આપ્યો. નહીં તો ઝિના પર ચાર અયની ગવાહ ન હતા. કેવળ સ્ત્રીના કહેવા પર પુરૂષને ઝિનાની સજા નથી આપી શકાતી. આ ઝિનાનો ઈક્રાર કરીને પોતાને સંગસાર (રજ્મ) કરાવી લેવું એ ઉચ્ચ કક્ષાની તૌબા છે.

૭. આ ફર્માને આલીથી તેની તૌબાની અઝમતને પ્રદર્શિત કરવાનો હેતુ છે. નહીં તો તૌબાની વહેંચણી નથી થતી. એટલે કે જો આ તૌબા વહેંચણીને પાત્ર હોત અને તેના હિસ્સા મદીનાવાસીઓની સંખ્યા બરાબર કરવામાં આવતા અને દરેકને એ તૌબાનો એક હિસ્સો નસીબ થઈ જાત, તો સૌની બખ્શિશ થઈ જાત. અલ્લાહુ અકબર !

★ હદીષ : (૧૯)-૩૫૭૩ ★

وَعَنْ جَابِرٍ: أَنَّ رَجُلًا زَنَى بِامْرَأَةٍ فَأَمَرَ بِهِ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَجُلِدَ الْحَدَّ ثُمَّ أُخْبِرَ أَنَّهُ مُحْصَنٌ فَأَمَرَ بِهِ فرجم. رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે એક પુરૂષે એક સ્ત્રી સાથે ઝિના કર્યો. નબી કરીમ ﷺ એ તેના વિશે હુકમ આપ્યો, તેને કોરડા મારવામાં આવ્યા[૧]. પછી ખબર આપવામાં આવી કે તે પરિણીત છે તો હુકમ આપ્યો કે સંગસાર (રજ્મ) કરવામાં આવે[૨].''
(અબૂ દાઉદ)

૧. ક્યાં તો હુઝૂરે અન્વર ﷺ ને ક્યાં તો તેના અપરિણીત હોવાની ગલત ખબર મળી અથવા એ જમાનામાં કેસની વધારે તેહક્રીક્રાત કરવામાં આવતી ન હતી, એટલા માટે ગુમાન પર કોરડા મારવામાં આવ્યા. (મિર્ક્રાત) યાદ રાખશો કે હુઝૂર ﷺ ને રબ તઆલાએ ગયબી ઈલ્મો બખ્શ્યા, પણ એ ઈસ્લામનો દરેક વખતે ઝહૂર નથી થતો. કદી એ હઝરાત જગતના રજકણ રજકણથી માહિતગાર હોય છે કદીક પોતાનાથી પણ બેખબર હોય છે. શયખ સઅ્દીએ શું સરસ ફર્માવ્યું છે : (શેઅર) گہے برطارم اعلیٰ نشینم گہے برپشت پاء خود نہ بینم

અર્થાત : ક્યારેક તો હું અર્શ પર હોઉં છું, અને કદી મારા પગોની પીઠને પણ નથી જોઈ શકતો.

તેમજ હાકિમ પોતાની ખાસ ઈલ્મ થકી કોઈને સજા આપી શકતો નથી, બલ્કે શરઈ સાબિતી પર સજા આપવામાં આવે છે, જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

૨. એનાથી જાણવા મળ્યું કે જો ભૂલથી રજ્મના બદલે કોરડા મારી દેવામાં આવ્યા તો એ કોરડા રજ્મના સ્થાને ગણાશે નહીં, રજ્મ અલગથી કરવામાં આવશે. પરંતુ જો કોરડાઓને બદલે રજ્મ કરી દેવામાં આવ્યો તો એ રજ્મ કોરડાઓનું નાયબ થઈ જશે, અને પરિણીત હોવાની ખબર આપનારાઓ પર તેમની જાનનો તાવાન (દંડ) થશે. જેવું કે ફિક્રહની કિતાબોમાં વર્ણવેલ છે.

★ હદીષ : (૨૦)-૩૫૭૪ ★

وَعَنْ سَعِيدِ بْنِ سَعْدِ بْنِ عُبَادَةَ أَنَّ سَعْدَ بْنَ عُبَادَةَ أَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِرَجُلٍ كَانَ فِي الْحَيِّ مُخْدَجٍ سقيم فَوجدَ على أمة من إِمَائِهِمْ بخبث بِهَا فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «خُذُوا لَهُ عِثْكَالًا

''હઝરત સઈદ ઈબ્ને સઅદ ઈબ્ને ઓબાદા رضی اللہ عنہ થી રિવાયત છે કે સઅદ ઈબ્ને ઓબાદા[૧] નબી કરીમ ﷺ ની ખિદમતમાં એક શખ્સને લાવ્યો જે ક્રબીલામાં હતો અપંગ બીમાર[૨]. તે તેમની લોંડીઓમાંથી એક લોંડી પર બદ્કારી કરતો જોવા મળ્યો[૩]. તો નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે એક મોટી ડાળી લો જેમાં સો નાની ડાળી હોય[૪] એકવાર મારી

દો[૫]. *(શરહે સુન્નહ) અને ઈબ્ને માજહની રિવાયતોમાં આ જ પ્રમાણે છે.''*	فِيهِ مِائَةُ شِمْرَاخٍ فَاضْرِبُوهُ ضَرْبَةً» . رَوَاهُ فِي شَرْحِ السُّنَّةِ وَفِي رِوَايَةِ ابْنِ مَاجَه نَحوه

૧. હક્ક એ છે કે સઈદ ઈબ્ને સઅદ તાબઈનમાંથી છે, ભલે અમુક મુહદ્દિષોએ તેમને સહાબી માન્યા, અને સઅદ ઈબ્ને ઓબાદા મશહૂર સહાબી અન્સારી ખઝરમી છે. બયઅતે ઉક્બામાં હાજર રહ્યા. નક્બી નિયુક્ત થયા. આપને ગુસલખાનામાં જિન્નાતે ક્તલ કર્યા. ઘણીવાર પછી આપના મૌતની ખબર પડી. (મિર્ક્વાત) આપની વફાત ખુરાન સ્થળે શામમાં હિ.સ. ૧૫માં ફારૂક્વી યુગમાં થઈ. *(અકમાલ)*

૨. અને બીમારી ઈલાજને અપાત્ર જેના પછી સાજા થવાની ઉમ્મીદ નથી. જો સાજા થવાની ઉમ્મીદ હોત તો તંદુરસ્ત થયા બાદ કોરડા મારવામાં આવતા જેવી રીતે સગર્ભા ઝાનિયાને ગર્ભ જણ્યા બાદ હદ લગાડવામાં આવે છે. *(લમ્આત)*

૩. ક્યાં તો ચાર શખ્સોએ તેને ઝિના કરતાં જોયો જેમની અયની ગવાહીથી હદ (સજા) લાગુ થઈ અથવા જોયો તો હતો એકાદ બે એ પણ તેણે જાતે સ્વીકાર કરી લીધો. પ્રથમ વાત અધિક મજબૂત છે.

૪. عثكال અને شماريخ બંનેનો અર્થ છે ડાળી. પણ عثكال મોટી તથા જાડી ડાળીને કહે છે જેમાં નાની નાની ડાળીઓ બીજી હોય. અને એ નાની ડાળીઓને شماريخ કહે છે, જેમ કે ઉર્દૂમાં ડાલ અથવા ટહની અને عثكالનો અર્થ મોટી ડાળ કરવો ગલત છે કે તે મોટા ઝાડનો હોય છે અને ઉઠી નથી શક્તો.

૫. આ હદીષથી જાણવા મળ્યું કે કોરડાની સજામાં શર્ત એ છે કે મુજરિમ મરવા ન પામે. આ એક પ્રકારનો હીલો છે કે કુર્આની હુકમ લાગુ પણ થઈ જાય અને મુજરિમ મરી પણ ન જાય. એનું સમર્થન આ આયતથી થાય છે : وَخُذْ بِيَدِكَ ضِغْثًا فَاضْرِبْ بِّهٖ وَلَا تَحْنَثْ (અને ફર્માવ્યું કે પોતાના હાથમાં એક ઝાડુ (સાવરણી) લઈને તેને મારી દે. સૂરએ સાદ, ૩૮/૪૪) હે ઐયૂબ ! તમારી પત્નીને ઝાડુ વડે મારી દો, તમારી ક્સમ ન તોડો. ઈમામ શાફઈ આ હદીષના આધારે ફર્માવે છે કે બીમાર ઝાનીની હદ (સજા) તરત જ લગાડવામાં આવે, મોડુ કરવામાં ન આવે. ઈમામ અબૂ હનીફા તથા માલિક તથા જમહૂર ઉલમા ફર્માવે છે કે જો બીમારને સારૂ થવાની આશા ન હોય જેમ કે ફેંફસાની બીમારી (ટી.બી.) તથા લકવો વગેરે, તો મોડુ કરવામાં ન આવે. પરંતુ જો સારા થવાની ઉમ્મીદ હોય તો જરૂર મોડુ કરવામાં આવે અને સારા થઈ જવા પર જરૂર કોરડા મારવામાં આવે, જેવો કે ઝિનાથી સગર્ભાનો હુકમ છે. *(અશિઅ્હ, મિર્ક્વાત)*

★ ગુદા મૈથુન કરવા પર કરનાર કરાવનાર બંનેને ક્તલ કરી દો ★

''હઝરત ઈકરમાથી રિવાયત છે. તે હઝરત ઈબ્ને અબ્બાસથી ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમે જેને લૂતની ક્વૌમનું કામ કરતા પામો[૧] તો કરનાર તથા કરાવનાર બંનેને ક્તલ કરી દો[૨].'' *(તિર્મિઝી, ઈબ્ને માજહ)*	**★ હદીષ : (૨૧)-૩૫૭૫ ★** وَعَنْ عِكْرِمَةَ عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسلم: «من وَجَدْتُمُوهُ يَعْمَلُ عَمَلَ قَوْمِ لُوطٍ فَاقْتُلُوا الْفَاعِلَ وَالْمَفْعُول بِهِ» . رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه

૧. આ વાક્યમાં من થી મુરાદ દરેક મુજરિમ છે, પરણીત હોય કે અપરણીત, અને પામવાથી મુરાદ કેવળ જોવું નથી બલ્કે જાણવું છે. એટલે કે જે શખ્સની લોંડાબાજી (ગુદા મૈથુન) સાબિત થઈ જાય. ગુદા મૈથુન (સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય) સાબિત થયા બાદ બે ગવાહ અથવા એકવાર સ્વીકાર પૂરતો થશે. અન્ય જુર્મોની જેમ. કેમ કે એ ઝિના

નથી, એની સજા ઝિના જેવી છે. યાદ રાખશો કે અહીં છોકરા સાથે બદ્‌કારી મુરાદ છે. અજનબી સ્ત્રી સાથે ગુદામાં દુષ્કર્મ કરવાનો આવો હુકમ નથી કેમ કે એ અમલ કૌમે લૂતનો નથી. પોતાની પત્ની સાથે પાછળના ભાગે (ગુદામાં) સંભોગ કરવો હરામ છે, પણ તેના પર આ સજા નથી. *(અર્ક : મિર્કાત મઅઝ ઝિયાદા)*

૨. યાદ રાખશો કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની નજીક લવાતત (સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય)માં હદ (સજા) નથી બલ્કે તઅઝીર છે અને હુઝૂરે અન્વર ﷺનું આ ફર્માને આલી તઅઝીર રૂપે કત્લના માટે છે. સાહિબૈન તથા ઈમામ શાફઈને ત્યાં લવાતત (ગુદા મૈથુન)નો હુકમ ઝિના જેવો છે કે કર્તા જો પરિણીત છે તો રજ્મ કરવામાં આવશે અને જો અપરિણીત છે તો સો કોરડા ખાશે. ઈમામ માલિક તથા અહમદની નજીક જો કે રજ્મ કરવામાં આવશે, પરિણીત હોય કે અપરિણીત. પણ ઈમામે આ'ઝમનો કૌલ ઘણો જ મજબૂત છે, કેમ કે અહીં કત્લની સજા તજવીઝ કરવામાં આવી. ઝિનાની સજા કત્લ નથી. તેમજ અહીં કત્લને આમ કરવામાં આવ્યું ચાહે તલ્વારથી હોય કે ઊંચા મકાનથી ફેંકીને અથવા તેના પર દીવાલ ફેંકીને. એટલા માટે સહાબાએ કિરામ હઝરાતનો અમલ લૂતી (ગુદા મૈથુન કરાવનાર)ના કત્લમાં વિવિધ રહ્યો. આ વિવિધતાથી જાણવા મળે છે કે શરઅન સજા નિશ્ચિત નથી અને હદમાં શરઈ નિશ્ચિતતા જરૂરી છે. સારાંશ કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો કૌલ ઘણો જ મજબૂત છે જેનું ખુદ આ હદીષ સમર્થન કરી રહી છે. તેમજ આ فاقتلوا જાનવર સાથે દુષ્કર્મના માટે પણ આવેલ છે. જેમ કે આગલી હદીષથી જણાય રહ્યું છે, પણ સર્વની એકમતી છે કે જાનવર સાથે દુષ્કર્મ કરવામાં હદ નથી તઅઝીર છે, જેથી અહીં પણ તઅઝીર જ હોવી જોઈએ, કેમ કે ફર્માનનાં શબ્દો એક સમાન છે.

★ ચોપગાંથી સંભોગ કરે તેને કત્લ કરી દો ★

★ હદીષ : (૨૨)-૩૫૭૬ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَتَى بَهِيمَةً فَاقْتُلُوهُ وَاقْتُلُوهَا مَعَهُ» . قِيلَ لِابْنِ عَبَّاسٍ: مَا شَأْنُ الْبَهِيمَةِ؟ قَالَ: مَا سَمِعْتُ مِنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي ذَلِكَ شَيْئًا وَلَكِن أره كَرِهَ أَنْ يُؤْكَلَ لَحْمُهَا أَوْ يُنْتَفَعَ بِهَا وَقَدْ فُعِلَ بِهَا ذَلِكَ. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد وَابْن مَاجَه

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે ચોપગાંથી સોહબત કરે તો તેને કત્લ કરી દો[૨] અને જાનવરને પણ તેની સાથે કત્લ કરી દો[૩]. ઈબ્ને અબ્બાસને કહેવામાં આવ્યું કે જાનવરનો શું વાક છે ?[૪] ફર્માવ્યું, મેં એના બારામાં રસૂલુલ્લાહ ﷺથી કાંઈ નથી સાંભળ્યું પરંતું હું ધારુ છું કે હુઝૂરે એ નાપસંદ કર્યું કે તેને ગોશ્ત ખાવામાં આવે અથવા તેનાથી ફાયદો ઉઠાવવામાં આવે જ્યારે કે તેની સાથે આવી હરકત કરવામાં આવી ચૂકી છે[૫]." (તિર્મિઝી, ઈબ્ને માજહ)

૧. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં આ પ્રમાણે છે : وعنه عن ابن عباس એટલે હઝરત ઈકરમાથી રિવાયત છે તે હઝરત ઈબ્ને અબ્બાસથી રાવી. પણ એ બંનેમાં કોઈ ફરક નથી. *(મિર્કાત)*

૨. સર્વ ઈમામોની એના પર એકમતી છે કે આ ફર્માને આલી તઅઝીર રૂપે છે કે કત્લ તેની શરઈ હદ નથી. વળી એમાં ચર્ચા છે કે કત્લથી અહીં શું મુરાદ છે ? અમુકે ફર્માવ્યું, જાન કાઢી નાખવી ચાહે તલ્વારથી હોય કે ઊંચા મકાનથી ફેંકીને અથવા તેના પર દીવાલ ફેંકીને. *(લમ્આત, મિર્કાત, અશિઅહ)*

૩. હક્ક એ છે કે આ હુકમ દરેક જાનવરના માટે છે ચાહે હલાલ હોય, જેમ કે બકરી, ગાય વગેરે. અથવા

હરામ હોય જેમ કે કૂતરુ ગધેડુ વગેરે, સારાંશ તેને પણ ક़त्ल કરી દેવામાં આવે. ક़त्ल કરવામાં નિર્દેશ એ તરફ છે કે ઝબહ કરવામાં ન આવે, કેમ કે જાનવરને ઝબહ કેવળ ખાવા માટે જ કરવામાં આવે છે, એને ખાવાનું નથી કેવળ મારીને સળગાવી દેવું કે દફન કરી દેવાનું છે. આ જાનવરને ક़त्ल કરવું ક્યાં તો એટલા માટે છે કે જેથી તેને ભેળસેળ ીયુ બચ્ચુ પેદા ન થઈ જાય જે માણસ તથા જાનવરની ભેળસેળીયી શકલ ધરાવતુ હોય કે જેથી તેના બાકી રહેવાથી આ દુષ્કર્મની ચર્ચા ન થાય અને તેની બદ્નામી ન થાય.

૪. એટલે કે તે શખ્સને ક़त्ल કરવું તો સમજમાં આવે છે કે તે ઘણો સખત મુજરિમ છે, પણ જાનવરને ક़त्ल કરવું સમજમાં નથી આવતું, કેમ કે તે નિર્દોષને સજા કેવી ?

૫. એટલે કે જાનવરને ક़त्ल કરવું સજારૂપે નથી બલ્કે એ ચર્ચાને બંધ કરવા માટે છે. અને જ્યારે ખોરાક અથવા ઈલાજના માટે જાનવરને ઝબહ કરવું દુરુસ્ત છે તો એ જ પ્રમાણે આ ફાયદા માટ એને ક़त्ल કરવું જાઈઝ છે. અહીં અશિઅ્હએ ફર્માવ્યું કે આ હુકમ મશ્વરા રૂપે છે, વાજિબ રૂપે હુકમ નથી.

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે ચીજોમાંથી મારી ઉમ્મત પર ખૌફ કરું છું[૧] એમાંથી ઘણી ભયાનક ચીજ લૂતની ક़ૌમનું કામ છે[૨]." (તિર્મિઝી, ઈબ્ને માજહ)

★ હદીષ : (૨૩)-૩૫૭૭ ★

عَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ أَخْوَفَ مَا أَخَافُ عَلَى أُمَّتِي عَمَلُ قَوْمِ لُوطٍ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْن مَاجَه

★ સૌમાં અધિક ખતરનાક ગુનોહ ગુદા મૈથુન ★

૧. એટલે કે મારી ઉમ્મત મોટા મોટા ગુનાહો કરશે, તે સૌમાં પણ ખતરનાક છે કે અલ્લાહના અઝાબનો સબબ છે, પણ એ સૌમાં અધિક ખતરનાક એ ગુનાહ છે જે હમણા વર્ણન થઈ રહ્યો છે.

૨. કે આ જુર્મ બદ્તરીન બદ્કારી છે અને મારી ઉમ્મતમાં આમ ફેલાય જશે. એ મુખ્બિરે સાદિક़, દાનાએ ગુયૂબ ﷺની બસારત તથા બસીરત પર કુર્બાન જઈએ કે જે ઝબાને ફ્યૂઝે તર્જુમાનથી નીકળ્યું તે થઈને રહ્યું. આજકાલ એ જુર્મ જે બુરી રીતે ફેલાયેલો છે તે છુપુ નથી. અલ્લાહ તઆલા મહેફૂઝ રાખે.

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે ક़બીલા બક્ર બિન લૈષનો એક શખ્સ નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયો[૧] તો તેણે એક સ્ત્રી સાથે ઝિનાનો ઈક़રાર ચાર વાર કરી લીધો[૨] જેથી તેને સો કોરડા મારી આપ્યા હતા તે કુંવારો. પછી તેનાથી સ્ત્રી માટે ગવાહ માગ્યા[૩] સ્ત્રી બોલી, યા રસૂલલ્લાહ ! ﷺ અલ્લાહની ક़સમ ! તેણે જૂઠુ કહ્યું[૪] તો તેને બોહતાન (જૂઠા આક્ષેપ)ની હદ લગાડી[૫]." (અબૂ દાઊદ)

★ હદીષ : (૨૪)-૩૫૭૮ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ رَجُلًا مِنْ بَنِي بَكْرِ بْنِ لَيْثٍ أَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَقَرَّ أَنَّهُ زَنَى بِامْرَأَةٍ أَرْبَعَ مَرَّاتٍ فَجَلَدَهُ مِائَةً وَكَانَ بِكْرًا ثُمَّ سَأَلَهُ الْبَيِّنَةَ عَلَى الْمَرْأَةِ فَقَالَتْ: كَذَبَ وَاللَّهِ يَا رَسُولَ اللَّهِ فَجُلِدَ حَدَّ الْفِرْيَةِ. رَوَاهُ أَبُو دَاوُد

૧. તે શખ્સનું નામ ન જાણી શકાયું.

૨. એટલે કે આ રીતે ઈક़રાર કર્યો કે મેં ફલાણી સ્ત્રી સાથે ઝિના કર્યો છે. પાછલા સ્વીકારોમાં કોઈ સ્ત્રીનું નામ

લેવામાં આવ્યું ન હતું. સારાંશ કે એ સ્વીકારમાં પોતાના જુર્મનો સ્વીકાર છે અને સ્ત્રી પર ઝિનાનો આક્ષેપ છે.

૩. એટલે કે તેને પોતાના ઈક્રાર (સ્વીકાર)ના કારણે કોરડાઓની સજા આપવામાં આવી પણ આ સ્વીકારથી સ્ત્રી પર આક્ષેપ સાબિત નથી થતો, પોતાનો ઈક્રાર ખુદ પોતાના માટે નુકસાનકર્તા હોય છે ન કે બીજાના માટે, એટલા માટે હવે એનાથી આ ગવાહીની માગણી થઈ.

૪. જ્યારે તે પુરૂષ ગવાહ પેશ ન કરી શક્યો તો સ્ત્રીને સવાલ થયો, તો તેણીએ પોતાના વિશે ઈક્રાર ન કર્યો બલ્કે પુરૂષને જૂઠલાવ્યો.

૫. એટલે કે એંસી કોરડા એ બોહતાનની સજા આપી. અજીબ મજાની વાત છે કે એક ઈક્રાર પોતાના માટે ઈક્રાર છે અને બીજાના માટે બોહતાન ! નિસ્બત બદલવાથી હાલ બદલાય જાય છે.

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે, ફર્માવે છે, જ્યારે મારી પાકદામની કુર્આન મજીદમાં નાઝિલ થઈ[૧] તો નબી કરીમ ﷺ મિમ્બર પર બિરાજમાન થયા, એનો ઉલ્લેખ કર્યો. જ્યારે મિમ્બરથી ઉતર્યા તો બે પુરૂષો એક સ્ત્રીના વિશે હુકમ આપ્યો તો તેમને એની સજા આપવામાં આવી. (અબૂ દાઉદ)

★ હદીષ : (૨૫)-૩૫૭૯ ★

وَعَنْ عَائِشَةَ قَالَتْ: لَمَّا نَزَلَ عُذْرِي قَامَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى الْمِنْبَرِ فَذَكَرَ ذَلِكَ فَلَمَّا نَزَلَ مِنَ الْمِنْبَرِ أَمَرَ بِالرَّجُلَيْنِ وَالْمَرْأَةِ فَضُرِبُوا حَدَّهُمْ. رَوَاهُ أَبُو دَاوُدَ

૧. એટલે કે જ્યારે મારા પર લોકોએ બોહતાન લગાડયું અને રબ તઆલાએ મારી પાકદામનીની ગવાહી આપતાં સૂરએ નૂરની સોળ આયતો ઉતારી. યાદ રાખશો કે હઝરત યૂસુફ عليه السلام અને બીબી મરયમને બોહતાન લાગ્યાં તો બાળકોથી ગવાહી અપાવી, પણ જ્યારે મહબૂબના ઘરનો બનાવ ઉપસ્થિત થયો તો રબ તઆલાએ દૂધ પીતા બાળક કે પથ્થર અથવા ઝાડથી ગવાહી ન અપાવી બલ્કે ખુદ ડાયરેક્ટ ગવાહી આપી. આ છે એ મહબૂબાએ મહબૂબની ઈજ્જત તથા અઝમત ! (શેઅર)

દી ગવાહી આપકી ઈફ્ફત કી સૂરએ નૂરને–મદહ કરતા હૈ તેરી ઈસ્મત ખુદ કુર્આનમેં

૨. તે પુરૂષ હઝરત હસ્સાન ઈબ્ને ષાબિત (નઅતખ્વાને રસૂલુલ્લાહ ﷺ) અને મસ્તહ ઈબ્ને અષાષા છે અને સ્ત્રી હમ્ના બિન્તે જહશ એટલે ઉમ્મુલ મો'મિનીન ઝયનબ બિન્તે જહશની બહેન છે. કેમ કે એમના મોઢેથી સ્પષ્ટપણે બોહતાનના શબ્દો નીકળી ગયા હતા એટલા માટે તેમને બોહતાનની સજા મળી. અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય તથા અન્ય મુનાફિક્રો જો કે આ જુર્મમાં આગળ આગળ રહ્યા પણ સ્પષ્ટપણે બોહતાનના શબ્દો ન બોલ્યા એટલા માટે તેઓ સજાથી બચી ગયા. જેથી આયત પર એ વાંધો નથી કે અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય મુનાફિક્રના વિશે તો કુર્આને કરીમમાં ફર્માવે છે : وَالَّذِي تَوَلَّىٰ كِبْرَهُ مِنْهُمْ لَهُ عَذَابٌ عَظِيمٌ (અને એમનામાં તે જેણે સૌથી વધુ ભાગ ભજવ્યો તેના માટે મોટો અઝાબ છે. સૂરએ નૂર, ૨૪/૧૧) કેમ કે એ મુઝીને આખેરતમાં દર્દનાક અઝાબ થશે.

★ હઝરત આઈશા رضی اللہ عنہا ની ઈજ્જત (સચરિત્રતા)નું એલાન કુર્આનમાં ★

યાદ રાખશો કે ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીક્રા رضی اللہ عنہا ની ઈજ્જત, આબરૂ, ઈમાન, તક્રવો એવો જ યક્રીની છે જેવું કે અલ્લાહ તઆલાનું એક હોવું અથવા હુઝૂર ﷺ નું રસૂલ હોવું. કેમ કે એમના વિશે રબ તઆલા ફર્માવે છે : أُولَٰئِكَ مُبَرَّءُونَ مِمَّا يَقُولُونَ ۖ لَهُمْ مَغْفِرَةٌ وَرِزْقٌ كَرِيمٌ (તે પાક છે એ વાતોથી જે એઓ કહી રહ્યા છે,

એમના માટે બખ્શિશ તથા ઈજ્જતની રોજી છે. સૂરએ નૂર, ૨૪/૨૬) જેથી હવે જે મુર્તદ એ સરકારને આક્ષેપ લગાડે તે બોહતાનની સજાનો પણ મુસ્તહિક્ વ છે અને કાફિર પણ, કે એ કુર્આને કરીમનો મુન્કિર છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૨૬)-૩૫૮૦ ★

عَنْ نَافِعٍ: أَنَّ صَفِيَّةَ بِنْتَ أَبِي عُبَيْدٍ أَخْبَرَتْهُ أَنَّ عَبْدًا مِنْ رَقِيقِ الْإِمَارَةِ وَقَعَ على وليدةٍ من الخُمسِ فاستَكرهَها حتَّى افتضَّها فَجَلَدَهُ عُمَرُ وَلَمْ يَجْلِدْهَا مِنْ أَجْلِ أَنَّهُ استكرهها. رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત નાફેઅ رضی اللہ عنہ થી રિવાયત છે કે સફિય્યા બિન્તે અબી ઓબૈદે તેમને ખબર આપી[૧] કે હુકૂમતના ગુલામોમાંથી એક ગુલામ[૨] ખુમ્સની લોંડીઓમાંથી એકની સાથે ઉલઝી ગયો, તેણીને મજબૂર કરી દીધી, ત્યાં સુધી કે તેની બકારત (કુંવારાપણુ) તોડી નાખ્યું[૩] તો હઝરત ઉમરે ગુલામને કોરડા લગાડયા અને લોંડીને ન લગાડયા, કેમ કે તેણે તેણીને મજબૂર કરી હતી[૪].'' (બુખારી)

૧. હઝરત નાફેઅ એ જનાબ અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરના આઝાદ કરેલા ગુલામ છે. ઈમામુલ કુર્રામાં મદીના મુનવ્વરામાં આપનો મઝાર મુબારક છે. આ ગુનેહગારે ઘણીવાર ઝિયારત કરી છે. અને સફિય્યા બિન્તે અબૂ ઓબૈદ, મુખ્તાર ઈબ્ને અબી ઓબૈદની બહેન છે, અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરનાં પત્ની તાબઈનમાંથી છે. હઝરત આઈશા સિદ્દીકા, હફ્સા અને હઝરત ઉમર رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી મુલાકાત છે. તેમના પિતા અબૂ ઓબૈદ જલીલુલ કદર સહાબી છે. આપનો પુત્ર મુખ્તાર ઈબ્ને અબી ઓબૈદ ઘણો જ ફાસિક્ તથા ફાજિર છે. એને મુહદ્દિષો મુખ્તાર કઝ્ઝાબ કહે છે. જેમ કે હજ્જાજને ઝુબેર એટલે ખુંખાર જાલિમ કહેવામાં આવે છે. હુઝૂર ﷺએ ફર્માવ્યું હતું કે ષકીફ કબીલામાં એક ઝુબેર અને એક કઝ્ઝાબ થશે. ઝુબેર તો હજ્જાજ છે અને કઝ્ઝાબ આ જ મુખ્તાર છે. અલ્લાહની શાન કે ઝિંદાઓથી મુદડાં પેદા કરે છે.

૨. આ બનાવ ફારૂકી ખિલાફતનો છે, એટલે હઝરત ઉમર رضی اللہ عنہ ની હુકૂમતના એક ગુલામે.

૩. اقتضاએ ض(ફે)થી પણ આવે છે અને ક઼ાફથી પણ. એનો મસ્દર اقتضاض છે, માદો قضٌّ અથવા فضٌّ બંનેનો અર્થ એક જ થાય છે એટલે કે કુંવારી છોકરી સાથે સોહબત કરીને તેનો કુંવારાપણાનો પર્દો નષ્ટ કરી દીધો. અહીં મિશ્કાત શરીફમાં કાફથી છે. *(જુઓ મગરિબે લમ્આત)*

૪. એની શરહ પહેલાં થઈ ચૂકી છે કે મજબૂરનૂ ઝિના પર સજા નથી. કેમ કે લોંડીને મજબૂર કરવામાં આવી હતી એટલા માટે તેણીને સજા આપવામાં ન આવી.

★ હદીષ : (૨૭)-૩૫૮૧ ★

وَعَنْ يَزِيدَ بْنِ نُعَيْمِ بْنِ هَزَّالٍ عَنْ أَبِيهِ قَالَ: كَانَ مَاعِزُ بْنُ مَالِكٍ يَتِيمًا فِي حِجْرِ أَبِي فَأَصَابَ جَارِيَةً مِنَ الْحَيِّ فَقَالَ لَهُ أَبِي: ائْتِ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَخْبِرْهُ بِمَا صَنَعْتَ لَعَلَّهُ يَسْتَغْفِرُ لَكَ وَإِنَّمَا

''હઝરત યઝીદ ઈબ્ને નુએમ ઈબ્ને હઝ્ઝાલથી રિવાયત છે તે પોતાના પિતાથી રાવી. ફર્માવે છે કે જનાબ માઈઝ મારા પિતાની પરવરિશ હેઠળ યતીમ હતા[૧] તેમણે કબીલાની છોકરી સાથે ઝિના કરી લીધો[૨]. તો તેમને મારા પિતાએ કહ્યું કે રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં જાવ[૩] અને જે કાંઈ તમે કર્યું[૪] છે તેની ખબર

يُرِيدُ بِذَلِكَ رَجَاءَ أَنْ يَكُونَ لَهُ مَخْرَجًا فَأَتَاهُ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ إِنِي زنيتُ فأقِمْ عليَّ كتابَ اللَّهِ حَتَّى قَالَهَا أَرْبَعَ مَرَّاتٍ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: إِنَّكَ قَدْ قُلْتَهَا أَرْبَعَ مَرَّاتٍ فَبِمَنْ؟ " قَالَ: بِفُلَانَةَ. قَالَ: «هَلْ ضَاجَعْتَهَا؟» قَالَ: نَعَمْ قَالَ: «هَلْ بَاشَرْتَهَا؟» قَالَ: نَعَمْ قَالَ: «هَلْ جَامَعْتَهَا؟» قَالَ: نَعَمْ قَالَ: فَأَمَرَ بِهِ أَنْ يُرْجَمَ فَأُخْرِجُ بِهِ إِلَى الْحَرَّةِ فَلَمَّا رُجِمَ فَوَجَدَ مَسَّ الْحِجَارَةِ فَجَزِعَ فَخَرَجَ يَشْتَدُّ فَلَقِيَهُ عَبْدُ اللَّهِ بْنُ أُنَيْسٍ وَقَدْ عَجَزَ أَصْحَابُهُ فَنَزَعَ لَهُ بِوَظِيفِ بَعِيرٍ فَرَمَاهُ بِهِ فَقَتَلَهُ ثُمَّ أَتَى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَذَكَرَ ذَلِكَ لَهُ فَقَالَ: «هَلَّا تَرَكْتُمُوهُ لَعَلَّهُ أَنْ يَتُوبَ. فَيَتُوبَ اللَّهُ عَلَيْهِ» . رَوَاهُ أَبُو دَاوُد

આપો, કદાચ હુઝૂરે અન્વર ﷺ તમારા માટે મગફિરતની દુઆ કરી આપે. એનાથી મારા પિતાનો ઈરાદો કેવળ એ ઉમ્મીદમાં હતો કે કદાચ એમના માટે કોઈ માર્ગ નીકળી આવે[૧] જેથી તે હુઝૂર ﷺની ખિદમતમાં આવ્યા. બોલ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ મેં ઝિના કરી લીધો તો મારા પર અલ્લાહની કિતાબ ક़ાયમ (લાગુ) કરી દો[૫]. તો હુઝૂરે તેનાથી મોં ફેરવી લીધું. તો ફરી પરત આવ્યા[૬] બોલ્યા, યા રસૂલલ્લાહ ! મેં ઝિના કર્યો છે, મારા પર કિતાબુલ્લાહ ક़ાયમ કરો. ત્યાં સુધી કે તેમણે ચાર વાર આવુ કહ્યું. ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમે આવુ ચાર વાર કહ્યું છે તો બતાવો કોની સાથે ઝિના કર્યો છે ?[૭] બોલ્યા, ફલાણી સ્ત્રી સાથે કર્યો. ફર્માવ્યું, શું તમે એની સાથે સૂતા ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, શું તમે એને ચિમટાવી ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, શું તમે તેણી સાથે સોહબત કરી ?[૮] અર્ઝ કરી, હા ![૯] રાવી કહે છે, ત્યારે તેમને રજમ કરવાનો હુકમ આપ્યો. તેમને હર્રાની તરફ કાઢવામાં આવ્યા[૧૦] પછી જ્યારે તેમને રજમ (સંગસારી) શરૂ થઈ અને તેમણે પથ્થરોની તકલીફ પામી તો ગભરાઈ ગયા, દોડતા નીકળી ગયા[૧૧] પછી તેમને અબ્દુલ્લાહ ઈબ્ને અનીસ મળ્યા, જ્યારે કે તેમના સાથે આજિઝ આવી ચૂક્યા હતા[૧૨] તો તેમણે ઊંટની પિંડલી કાઢી એના વડે તેમને માર્યા[૧૩] ક़ત્લ કરી દીધા[૧૪] પછી તે નબી કરીમ ﷺની ખિદમતમાં આવ્યા[૧૫] અને હુઝૂરથી એનો ઉલ્લેખ કર્યો. ફર્માવ્યું, તમે એમને છોડી કેમ ન દીધા, કદાચ તે તૌબા કરી લેતા તો રબ તેમની તૌબા ક़બૂલ કરી લેત[૧૬]." (અબૂ દાઊદ)

૧. عن ابيه માં બાપથી મુરાદ નુએ્મ છે અને અહીં 'અબી'માં બાપથી મુરાદ હિઝ્ઝાલ છે. એટલે હઝરત માઈઝ લાવારિશ (અનાથ) યતીમ હતા, તો તેમને હઝ્ઝાલે ખુદાના ખૌફથી ઉછેર્યા.

૨. એટલે કે મહોલ્લાની છોકરી સાથે ઝિના કર્યો. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે તે છોકરી ખુદ હઝ્ઝાલની લોંડી હતી.

૩. અને હુઝૂર ﷺની બારગાહમાં જઈને રબની હુઝૂર તૌબા કરો, જેવું કે આગલા લખાણથી માલૂમ થઈ રહ્યું

છે. એનાથી જાણવા મળ્યું કે સહાબા હઝરાત હુઝૂર ﷺને મુશ્કિલકુશા જાણતા હતા. આપના આસ્તાનાને રબ તઆલાનો દરવાજો સમજતા હતા. એટલા માટે રબ તઆલાના ગુનાહ કરવા પર હુઝૂર ﷺના દરવાજા પર મોકલતા હતા. કેમ ન સમજતા કે ખુદ રબ તઆલાએ ફર્માવ્યું : وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ ـ ـ الايه (અને જો જ્યારે તે પોતાની જાનો પર જુલ્મ કરે તો હે મહબૂબ ! તમારી સમક્ષ હાજર થાય..... સૂરએ નિસાઅ, ૪/૬૪) અને બની ઈસ્રાઈલને ફર્માવ્યું : اُدْخُلُوا الْبَابَ سُجَّدًا وَّقُوْلُوْا حِطَّةٌ (અને દરવાજામાં સજદા કરતા કરતા દાખલ થાવ અને કહો અમારા ગુનાહ માફ થાય. –સૂરએ બકરહ, ૨/૫૮)

૪. અટલે કે તેમને એ ઉમ્મીદ ન હતી કે તેમના પર શરઈ હદ લાગુ થશે. તે સમજ્યા કે ઝિનાની સજા તેને આપવામાં આવે છે જેનો ગુનોહ ગવાહીથી સાબિત થાય. ઈકરારી જુર્મથી તૌબા કરાવવામાં આવે છે. એ ઝિના પર ગવાહ ન હતા.

૫. કિતાબુલ્લલ્લાહથી મુરાદ અલ્લાહ તઆલાનો હુકમ છે જે બંદાઓ પર લખવામાં આવી ચૂક્યો છે, કુર્આને કરીમ મુરાદ નથી. અને શક્ય છે કે એનાથી મુરાદ કુર્આન મજીદ જ હોય. અને એ સમય સુધી રજ્મની સજાની આયત કુર્આન કરીમમાં મૌજૂદ હતી. તેની તિલાવત મન્સૂખ થઈ ન હતી.

૬. એનાથી જાણવા મળ્યું કે માઈઝ મજલિસ મુબારકથી ચાલ્યા ગયા હતા, ગાયબ થઈ ગયા હતા, ફરી પરત આવ્યા.

૭. હાકિમ સ્ત્રી વિશે સવાલ એટલા માટે કરે કે ક્યારેક અમુક ઓછી બુદ્ધિવાળા લોકો પોતાની પત્નીથી સાથે હૈઝની હાલતમાં સોહબત કરી લેવાને ઝિના સમજી બેસે છે અથવા વતીબિશ્શુબ્હા (પોતાની પત્ની સમજી ગૈરની પત્નીથી સંભોગ કરવામાં આવે)ને ઝિના કહી દે છે. તે સમજે છે કે દરેક હરામ સોહબત ઝિના છે, જ્યારે કે એ ગલત છે. જેથી આ સવાલ પર એ શંકા નથી કે સ્ત્રીનું રાઝ કેમ ઉઘાડાવ્યું. તેમજ અહીં હદ્દે કઝફ (ઝિનાનો આક્ષેપ લગાડવાની સજા) લગાડવાની સંભાવના નથી, કેમ કે રજ્મ પછી હદ્દે કઝફ કેવી ?!

૮. અહીં મુબાશેરતથી મુરાદ સોહબત કરવું છે ન કે કેવળ શરીરને સ્પર્શવું, કેમ કે એ સર્વ સવાલો તો પહેલાં થઈ ચૂક્યા છે.

૯. જાણવા મળ્યું કે ઝિનાના સ્વીકાર માટે 'હા' શબ્દ કહી દેવો પણ પૂરતો છે.

૧૦. اخرج જાતે પોતે મુતઅદ્દી છે અને به ની ب ઝાઈદા છે, જેનાથી اخرج ના મુતઅદ્દી હોવાના સમર્થનનો હેતુ છે. જેમ કે કુર્આની આયત تَنْبُتُ بِالدُّهْنِ ની ب. (મિર્કાત) હર્રા મદીનાની બહારની પથરીલી જમીનનું નામ છે. જાણવા મળ્યું કે રજ્મ (સંગસારી) શહેરની બહાર થવું સારું છે. હક્ક એ છે કે આપને મુસલ્લા એટલે ઈદગાહની તરફ લઈ જવામાં આવ્યા, ત્યાંથી રજ્મની હાલતમાં નાસી છૂટીને હર્રામાં પહોંચી ગયા. જેથી આ હદીષ એ હદીષોની વિરુદ્ધ નથી જેમનામાં મુસલ્લા લઈ જવાનો ઉલ્લેખ છે.

૧૧. રજ્મગાહના વિસ્તારથી નીકળી ગયા.

૧૨. અબ્દુલ્લાહ ઈબ્ને અનીસના સાથે જે રજ્મ કરી રહ્યા હતા, અથવા માઈઝના સાથી જ રજ્મમાં શરીક હતા તે આજિઝ આવી ચૂક્યા હતા, પકડી શકતા ન હતા.

૧૩. ظَنِيف, શબ્દકોશમાં ઘોડા અથવા ઊંટના હાથ કે પગના લાંબા હાડકાને કહે છે. (કામૂસ) અને મગરિબમાં છે કે ظَنِيف بغير, ઊંટની પિંડલીનું હાડકું. એટલે કે તેમણે આ હાડકું લાઠીની જેમે ન માર્યું બલ્કે પથ્થરની જેમ ફેંકીને માર્યું. એટલા માટે رماه ફર્માવ્યું. જેથી રજ્મનો અર્થ તદ્દન દુરુસ્ત.

૧૪. અહીં ક़त्લથી મુરાદ જાન કાઢી લેવું છે, ન કે ઉર્ફી ક़त्લ, કે તે તો ધારદાર ઓજાર વડે થાય છે.

૧૫. એટલે કે અબ્દુલ્લાહ ઈબ્ને અનીસ હાજર થયા. આપ અન્સારી છે. મદની અક़બી છે. ગઝવએ ઓહદમાં શરીક થયા.

૧૬. એટલે કે જો સજા ન પણ પામત અને જાતે તૌબા કરી લેત તો શક્ય હતું કે તેમની મગફિરત થઈ જાત. لعلથી જાણવા મળ્યું કે ઝિનાની સજા અલ્લાહના ફઝલથી યક़ીની કફ્ફારો છે, અને કેવળ તૌબામાં બખ્શિશની ઉમ્મીદ છે, યક़ીની નથી. મિર્क़ાતમાં છે કે પછી ગામદિયા સ્ત્રીએ પણ ચારવાર ઝિનાનો સ્વીકાર કર્યો અને તેણીને પણ સંગસાર (રજ્મ) કરી દેવામાં આવી.

★ જે ક़ૌમમાં ઝિના ફેલાય જાય તેમને દુકાળ પકડી લે છે ★

"હઝરત અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે કોઈ ક़ૌમ નથી જેમાં ઝિના ફેલાય જાય, પણ તેમને દુકાળમાં પકડી લેવામાં આવે છે[૧]. અને નથી કોઈ ક़ૌમ જેમાં લાંચ (રૂશ્વત) આમ થઈ જાય[૨] પણ તે ગભરાહટ (ડરી ગયેલી)થી પકડી લેવામાં આવે છે[૩]." (અહમદ)

★ હદીષ : (૨૮)-૩૫૮૨ ★

وَعَنْ عَمْرِو بْنِ الْعَاصِ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَا مِنْ قَوْمٍ يَظْهَرُ فِيهِمُ الزِّنَا إِلَّا أُخِذُوا بِالسَّنَةِ وَمَا مِنْ قَوْمٍ يَظْهَرُ فِيهِمُ الرِّشَا إِلَّا أُخِذُوا بِالرُّعْبِ» . رَوَاهُ أَحْمد

૧. એટલે કે જ્યારે ક़ૌમમાં ઝિના (વ્યભિચાર) ફેલાય જાય કે લોકો સામાન્યપણે ઝિના કરવા લાગે તો દુકાળ ફેલાશે, ચાહે એ રીતે કે વરસાદ બંધ થઈ જાય અને ખેતી ન પાકે અથવા એ રીતે કે ખેતી પાકે તો ખરી પણ ખાવાનું નસીબ ન થાય. બીજા પ્રકારનો દુકાળ સખત અઝાબ છે જેવો કે આજકાલ જોવામાં આવી રહ્યો છે કે પેદાવર ખૂબ જ છે પણ દુકાળ તથા મોંઘવારીની હદ થઈ ગઈ. આ આજકાલની હરામકારીનું પરિણામ છે.

★ લાંચ આપવી લેવી હરામ ★

૨. رشا નો શાબ્દિક અર્થ છે રસ્સી. કેમ કે રસ્સી કૂવાથી પાણી કાઢવાનો ઝરીયો છે, એટલા માટે આ વસીલાને પણ رشا કહે છે, જે ગલત ફૈસલો હાંસલ કરવા માટે વાપરવામાં આવે એટલે કે લાંચ. લાંચ ચાહે માલ હોય કે કાંઈ બીજી ચીજ. કેમ કે લાંચ આપવી પણ હરામ છે અને લેવી પણ હરામ. ઈન્સાફ હાંસલ કરવા માટે લાંચ આપવી જાઈઝ છે પણ લેવી હરામ છે. એટલે કે જો હાકિમ લાંચ લીધા વિના ઈન્સાફ નથી કરતો અને ફરિયાદી સાચો છે તો તે લાંચ આપીને પોતાના હક્કમાં ફૈસલો કરાવી શકે છે, પણ લેનારો હાકિમ હરામખોર તથા મુજરિમ છે. તેની ફરજ હતી કે લાંચ લીધા વિના ઈન્સાફ કરતો.

૩. એટલે લાંચ લેનારો શખસ ગભરાહટવાળો (ડરતો) હોય છે અને લાંચ લેનારી ક़ૌમ પર બીક છવાય જાય છે, જેમ કે આજે આપણે લોકો કાફિરોથી ભયભીત છીએ.

★ છોકરા સાથે હરામકારી ક़તઈ હરામ ★

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما તથા હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, લઅનતી છે તે જે ક़ૌમે લૂત જેવું કામ કરે[૧]." (રઝીન)

★ હદીષ : (૨૯)-૩૫૮૩ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ وَأَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَلْعُونٌ مَنْ عَمِلَ عَمَلَ قَوْمِ لُوطٍ» . رَوَاهُ رَزِينٌ

૧. એટલે કે છોકરાઓ સાથે હરામકારી કરે. મલઊનથી મુરાદ છે, અલ્લાહ તઆલા, ફરિશ્તાઓનો, માણસોનો ફિત્કાર પામેલ છે. યાદ રાખશો કે પુરૂષ સાથે બદ્કારી (સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય) કૃતઈ હરામ છે, તેને હલાલ કહેનાર કાફિર છું, કેમ કે કુર્આને કરીમમાં તેનું હરામ હોવું સ્પષ્ટપણે વર્ણન પામેલ છે. એના કારણે લૂતની કૌમ પર સખત અઝાબ આવ્યો. જામેઅ સગીરમાં છે કે મલઊન છે તે જે પોતાના બાપને ગાળો આપે, લઅનતી છે તે જે પોતાની માને ગાળો આપે, લઅનતી છે તે જે ગૈરુલ્લાહના નામ પર ઝબહ કરે, લઅનતી છે તે જે જાનવર સાથે દુષ્કર્મ કરે, લઅનતી છે તે જે રસ્તાની નિશાનીઓ મિટાવે. *(મિર્કાત)*

★ હદીષ : (30)-૩૫૮૪ ★
وَفِي رِوَايَةٍ لَهُ عَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ عليًّا رَضِيَ اللهُ عَنهُ أحرَقَهما وَأَبا بكرٍ هدم عَلَيْهِمَا حَائِطا

"એની જે એક રિવાયતમાં ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી છે કે હઝરત અલી رضی اللہ عنہ એ બંનેને સગળાવ્યા અને હઝરત અબૂબક્રએ એ બંને પર દીવાર ફેંકી[૧]."

૧. એટલે કે હઝરત અલી رضی اللہ عنہ એ છોકરા સાથે દુષ્કર્મના ગુનાહમાં કરનાર કરાવનાર બંનેને જીવતા સળગાવ્યા અને હઝરત અબૂબક્ર સિદ્દીકે એ બંનેવ પર દીવાલ ફેંકીને મારી નાખ્યા. એનાથી જાણવા મળે છે કે લવાતત (સૃષ્ટિ વિરુદ્ધ કૃત્ય) પર હદ (સજા) નથી, નહીં તો સજામાં સહાબીઓમાં વિવિધતા ન હોય. હદ તો નિશ્ચિત હોય છે, જેમ કે ઝાનીને સો કોરડા અથવા રજ્મ કરવું, ચોરના હાથ કાપવા અથવા નેક સ્ત્રીને તોહમત લગાડનારને એંસી કોરડા. સારાંશ આ હદીષ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ની દલીલ છે કે લૂતી (સુષ્ટિ વિરુદ્ધ કૃત્ય કરનાર) પર હદ નથી તઅઝીર છે. એ સહાબા હઝરાતે તઅઝીર રૂપે સગળાવી દીધા કે દીવાલ પાડીને મારી નાખ્યા, બાકીના સહાબાએ વાંધો નથી લીધો, જેનાથી જાણવા મળ્યું કે સહાબાએ કિરામનો ઈજમાઅ છે કે લૂતી પર હદ નથી.

★ હદીષ : (31)-૩૫૮૫ ★
وَعَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يَنْظُرُ اللَّهُ عَزَّ وَجَلَّ إِلَى رَجُلٍ أَتَى رَجُلًا أَوِ امْرَأَةً فِي دُبُرِهَا» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

"તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહ એના પર રહમતની નજર ન કરે જે પુરૂષ કે સ્ત્રી પાસે ગુદામાં જાય[૧]. (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન પણ છે, ગરીબ પણ."

★ સ્ત્રી સાથે ગુદા મૈથુન હલાલ જાણનાર મુર્તદ છે ★

૧. યાદ રાખશો કે છોકરી સાથે દુષ્કર્મ કુર્આને કરીમની રૂએ કૃતઈ હરામ છે, પણ સ્ત્રી સાથે ગુદામાં સોહબત કૃયાસની રૂએ કૃતઈ હરામ છે કે તેનું કૃતઈ હરામ હોવું હૈઝવાળી નિફાસવાળીથી સોહબત પર કૃયાસના આધાર પર છે. જેથી આના હરામ હોવાને નકારનાર પણ કાફિર છે. જે કોઈ સ્ત્રી સાથે આ કાર્યને હલાલ જાણે તે મુર્તદ છે.

★ હદીષ : (૩૨)-૩૫૮૬ ★
وَعَنْهُ أَنَّهُ قَالَ: «مَنْ أَتَى بَهِيمَةً فَلَا حَدَّ عَلَيْهِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَقَالَ التِّرْمِذِيُّ: عَنْ سُفْيَانَ الثَّوْرِيِّ أَنَّهُ قَالَ: وَهَذَا أَصَحُّ مِنَ الْحَدِيثِ الْأَوَّلِ

"તેમનાથી જ રિવાયત છે કે ફર્માવ્યું, જે જાનવર સાથે બદ્ફેઅલી (દુષ્કર્મ) કરે તેના પર હદ નથી[૧] (તિર્મિઝી, અબૂ દાઊદ) અને તિર્મિઝીએ અબૂ સુફ્યાન થૌરીથી નકૃલ કર્યું કે તેમણે ફર્માવ્યું. અને આ પહેલી હદીષ એ મરફૂઅ હદીષ કરતાં અધિક સહીહ છે અને

તે એ છે કે જે જાનવર સાથે હરામ કરે તેને ક़त्ल કરી દો[૨]. અને અમલ એના પર છે ઈલ્મવાળાઓ નજીક[૩].''	وَهُوَ: «مَنْ أَتَى بَهِيمَةً فَاقْتُلُوهُ» وَالْعَمَلُ عَلَى هَذَا عِنْدَ أَهْلِ الْعلم

૧. બલ્કે આ જુર્મ પર તઅઝીર છે તે એ કે હાકિમ એવા શખ્સને ક़त्ल કરી દે અને જાનવરને ઝબહ કરીને દફન કરી દે.

૨. એટલે કે સુફયાન ષૌરી ફર્માવે છે કે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની આ મૌકૂફ હદીષથી અધિક સહીહ છે જેમાં ફર્માવવામાં આવ્યું કે, એવી વ્યક્તિને ક़त्ल કરી દો.

૩. એટલે કે સર્વ ઈલ્મવાળાઓની એના પર એકમતી છે કે જાનવર સાથે દુષ્કર્મ કરનારા પર હદ નથી બલ્કે તઅઝીર છે.

''હઝરત ઓબાદા ઈબ્ને સામિતથી રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહની સજાઓ નિકટના તથા દૂરના લોકો પર લાગુ કરો[૧] અને તેમને અલ્લાહની રાહમાં મલામત કરનાર (ભલુબુરુ કહેનાર)ની મલામત આડરૂપ ન બને[૨].'' (ઈબ્ને માજહ)	**★ હદીષ : (33)-૩૫૮૭ ★** وَعَنْ عُبَادَةَ بْنِ الصَّامِتِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَقِيمُوا حُدُودَ اللَّهِ فِي الْقَرِيبِ وَالْبَعِيدِ وَلَا تَأْخُذْكُمْ فِي اللَّهِ لَوْمَةُ لائمٍ» . رَوَاهُ ابنُ مَاجَه

૧. એટલે કે શહેરમાં રહેનારા મુજરિમો પર હદ ક़ાયમ કરો જેઓ હાકિમથી નિકટ રહે છે અને ગામડાના લોકો પર પણ હદ ક़ાયમ કરો જેઓ હાકિમથી દૂર રહે છે. અથવા જે તમારી સાથે સંબંધમાં દૂર હોય તેમના પર પણ હદ ક़ાયમ કરો, જે દૂર ન હોય તેમના પર પણ કાયમ કરી દો. અથવા માલદાર ચોધરી મુજરિમો પર પણ હદ ક़ાયમ કરો જેઓ માલદારીના કારણે હાકિમોથી નિકટ રહે છે અને ગરીબ મિસ્કીન મુજરિમો પર પણ હદ ક़ાયમ કરો જે પોતાની મુફલિસીના કારણે હાકિમોથી દૂર રહે છે, સારાંશ કે દરેક મુજરિમ પર ક़ાયમ કરો.

★ સખત સજાઓથી જ અમાન રહી શકે છે ★

૨. એટલે શરઈ સજાઓ આપવામાં કોઈ કાફિર, મુનાફિક, બેદીનની લઅનત મલામતની (ભલા બુરા કહેવાની) પરવા ન કરો, કોઈની તરફદારી કે ખયાલ ન કરો, કેમ કે સખત સજાઓથી જ અમ્નો અમાન (શાંતિ) ક़ાયમ રહે છે, નહીં તો ક़ૌમનો એ હાલ હોય છે કે જે આજે આપણો છે કે ન જાન મહેફૂઝ ન માલ, ન ઈજ્જત આબરૂ. આ કેવળ એટલા માટે છે કે આપણે ત્યાં સજાઓ હલકી છે, તે પણ મોટા લોકોને નથી મળતી. દુરૂદ થાય એ ઝાતે કરીમ પર જે આપણને સર્વ કાંઈ શિખવાડી ગયા. અલ્લાહ તઆલા અમલની તૌફીક़ આપે.

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહની હદોમાંથી એક સજાને ક़ાયમ કરવું અલ્લાહનાં શહેરોમાં ચાલીસ રાતની વર્ષાથી બેહતર છે[૧]. (ઈબ્ને માજહ) અને નિસાઈએ હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત કરી.''	**★ હદીષ : (૩૪)-૩૫૮૮/(૩૫)-૩૫૮૯ ★** وَعَنِ ابْنِ عُمَرَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِقَامَةُ حَدٍّ مِنْ حُدُودِ اللَّهِ خَيْرٌ مِنْ مَطَرِ أَرْبَعِينَ لَيْلَةً فِي بلادِ الله» . رَوَاهُ ابْن مَاجَه 3589 -[35] وَرَوَاهُ النَّسَائِيُّ عَنْ أَبِي هُرَيْرَةَ

૧. અહીં ચાલીસ રાતની સતત મુશળધાર વરસાદ મુરાદ નથી, કેમ કે એ તે નુકસાનકર્તા છે બલ્કે ચાળીસ દિવસની ફાયદાકારક વર્ષા મુરાદ છે જે અટકી અટકીને જરૂરત પ્રમાણે થાય. સજાઓ જુર્મોની રોકથામ, શાંતિની સ્થાપ્ના અને આસ્માની રહમતના ઉતરાણનો ઝરીયો છે. હદીષે પાકમાં છે કે **માણસોના ગુનાહોના કારણે તેતરો (એક પ્રકારનાં પક્ષી) પોતાના માળાઓમાં ભૂખે મરી જાય છે. એટલે કે એ ગુનાહોના કારણે વર્ષા નથી થતી જેના લીધે જાનવર પણ મુસીબતમાં સપડાય જાય છે.** બટેરનો ખાસ રીતે ઉલ્લેખ એટલા માટે કર્યો કે તે ઘણે દૂર સુધી ચરી આવે છે. જેમ કે બસરામાં બટેર ઝબહ થાય તો તેના પેટથી લીલા ઘઉં નીકળે છે, જ્યારે કે બસરાથી ઘણે દૂર ઘઉંની ફસલ હોય છે, કેટલાય દિવસોના માર્ગે.'' *(મિર્કાત)*

બાબો કૃતઉસ્સારિક़ بابقطع السرقة

(ચોરીમાં હાથ કાપવા વિશે[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. سرقه સીનાના ઝબર અને રેના ઝેરથી મસ્દર છે, અર્થ ચોરી, અને બંનેનો ઝબરથી سارق અર્થ : ચોરનું બહુવચન છે. બંને અર્થો દુરુસ્ત છે. એટલે કે ચોરીમાં હાથ કાપવાનું બયાન, અથવા ચોરોના હાથ કાપવાનું બયાન. યાદ રાખશો કે સરક़ા એટલે ચોરીનો અર્થ છે કોઈની ચીજ છુપી રીતે લઈ લેવી. શરીઅતમાં પણ સરક़ાનો આ જ અર્થ છે. હા ! 'ક़તઅ' (હાથ કાપવું)ના માટે એમાં કેટલીક શરતો છે, જેમ કે : ચોર આક़िલ બાલિગ હોય, માલ દસ દિરહમ કિંમતનો હોય, માલ જલ્દી ખરાબ થઈ જનારો ન હોય. જેમ કે લીલાં ફળ ફૂલ કોઈની હિફાઝતથી ચોરી લે. માલ ખુદ મહેફૂઝ હોય. જેથી ચોરના કબજાથી માલ ચોરનાર, પતિ પત્નીઓમાંથી એકબીજાનો માલ ચોરનાર, જે સગાં સંબંધીઓના ઘરમાં આવવા જવાની રજા હોય તેમના ઘરમાંથી માલ ચોરનારના હાથ કાપવામાં નહીં આવે. *(મિર્ક़ાત વગેરે)*

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવે છે કે ચોરના હાથ[૧] ચાર દીનારના ઓછામાં ન કાપવામાં આવે પછી વધુમાં[૨]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧)-૩૫૯ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ عَائِشَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا تُقطعُ يدُ السَّارِقِ إِلاَّ بربُعِ دِينَار فَصَاعِدا»

૧. અહીં سارقથી મુરાદ જાતી છે ચાહે પુરૂષ હોય કે સ્ત્રી. જેથી ચોર પુરૂષ તથા સ્ત્રી ચોરની સજા એક જ છે, ચાહે ચોર મો'મિન હોય કે કાફિર.

★ દસ દિરહમના માલની ચોરી પર હાથ કપાશે ★

૨. શાફઈઓ કહે છે કે એ જમાનામાં દીનાર બાર દિરહમનો થતો હતો જેથી ચોથાઈ દીનાર ત્રણ દિરહમ થયો. જેથી જે હદીષોમાં ત્રણ દિરહમનો ઉલ્લેખ છે તે આ હદીષની શરહ છે. યાદ રાખશો કે એના પર તો સર્વ ઈમામોની એકમતી છે કે ચોરીની સજા હાથ કાપવું છે પણ એમાં મતભેદ છે કે કેટલા માલની ચોરી પર હાથ કાપવામાં આવે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ની નજીક ત્રણ દિરહમનો માલ ચોરવા પર હાથ કપાશે. તેમની દલીલ આ હદીષ છે. આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની નજીક પૂરા દીનારની કિંમતનો માલ ચોરવા પર હાથ કપાશે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ તે હદીષ છે જે અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી મરફૂઅન તથા મૌકૂફન બંને રીતે રિવાયત પામેલી છે, કે لايقطع الا فى دينارٍ એટલે કે ચોરનો હાથ કાપવામાં નહીં આવે પણ એક દીનારમાં. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં દીનાર દસ દિરહમનો છે, જેથી દસ દિરહમની કિંમતના માલની ચોરી પર ચોરનો હાથ કપાશે. ખ્વાજા હસન બસરી તથા દાઉદ અને ખારજી ફિર્ક़ા તથા ઈમામ શાફઈની નવાસીનો ક़ૌલ છે કે મુત્લક़ન (બિનશર્તી) ચોરી પર હાથ કપાશે, ભલે એક પૈસાની ચોરી કરે. તે કહે છે કે આયત اَلسَّارِقُ وَالسَّارِقَةُ فَاقْطَعُوْٓا اَيْدِيَهُمَا (અને પુરૂષ કે સ્ત્રી ચોર હોય તો એમનો હાથ કાપો, તેમના કર્મનું ફળ. –સૂરએ માઈદા, ૫/૩૮) મુત્લક़ છે અન્ય ઈમામો ફર્માવે છે કે ચોરી માટે નિસાબ નિશ્ચિત છે અને આયતે કરીમા : اَلسَّارِقُ وَالسَّارِقَةُ મુત્લક़ નથી બલ્કે મુજમલ છે. કેમ કે ચોર અને ચોરી અને હાથની વિગત નથી કે કયા ચોરનો કઈ ચોરી પર કયો હાથ કપાશે, જમણો કે ડાબો, અને ક્યાંથી કપાશે, કાંડાથી કે કોણીથી કે ખભાથી, હદીષોએ આ ટૂંકાણની વિગતે તફસીલ વર્ણવી છે.

★ હદીષ : (૨)-૩૫૯૧ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَطَعَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَدَ سَارِقٍ فِي مِجَنٍّ ثَمَنُهُ ثَلَاثَةُ دَرَاهِمَ

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ ચોરના હાથ એ ઢાલમાં કાપ્યા H[GLÃSDT +6 INZCD CTL[૧]. *" (મુસ્લિમ, બુખારી)*

૧. مجن મીમની ઝેર અને જીમના ઝબરથી, અર્થ ઢાલ છે. جن થી મુશ્તક, અર્થ છુપાવવું. કેમ કે ઢાલ માથુ ઢાંકવાનું ઓજાર છે એટલા માટે એને مجن કહે છે. ઢાલની કિંમતમાં પણ હદીષોમાં મતભેદ (વિવિધતા) છે. જેમ કે ઈબ્ને અબી શયબાએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી રિવાયત કરી કે ઢાલની કિંમત દસ દિરહમ હતી અને કેમ કે આ હાથ કાપવું હદ (સજા) છે અને હદો શંકાઓથી દૂર થઈ જાય છે એટલા માટે દીનારથી ઓછાની રિવાયતો શંકાકુશંકાવાળી છે અને દીનારની રિવાયતો યકીની છે, જેથી હદ જેવા નાઝુક મસ્અલામાં આ જ રિવાયતો વિશ્વસનીય હોવી જાઈએ. એટલે મોટામાં મોટી કિંમતને નિસાબ બનાવવી લાઝિમ છે. હાકિમે મુસ્તદરકમાં મુજાહિદ અન અયમનની રિવાયતથી નકલ કર્યું કે હુઝૂરે અન્વર ﷺના જમાનામાં ઢાલથી ઓછી કિંમતવાળા માલમાં હાથ કપાતા ન હતા. وثمنهُ يومئذٍ دينار અને એ જમાનામાં ઢાલની કિંમત એક દીનાર હતી. યાદ રાખશો કે આ અયમન સહાબી છે, તેમને ઈબ્ને ઉમ્મે અયમન પણ કહેવામાં આવે છે. અયમન તાબઈ બીજા છે. જુઓ મિર્કાત.

★ હદીષ : (૩)-૩૫૯૨ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَعَنَ اللَّهُ السارِقَ يسرقُ البيضةَ فتُقطعُ يَده وَيسْرق الْحَبل فتقطع يَده»

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી કે ફર્માવ્યું, ખુદાની ફિટકાર ચોર પર[૧] કે બયદ્ા (હેલ્મેટ) ચોરાવે તો તેનો હાથ કાપવામાં આવે અને રસ્સી ચોરાવે તો તેનો હાથ કાપવામાં આવે[૨]. " (મુસ્લિમ, બુખારી)

૧. એનાથી જાણવા મળ્યું કે ગુનેહગાર ફાસિક મો'મિન પર નામ લીધા વિના કેવળ વસ્ફથી લઅનત કરવી દુરુસ્ત છે. નામ લઈને લઅનત કરવી કેવળ કાફિરો માટે છે. *(મિર્કાત)*

૨. આ હદીષ તે લોકોની દલીલ છે જેઓ કહે છે કે દરેક ચોરીની સજા હાથ કાપવું છે, ભલે એકાદ બે પૈસાની જ ચીજની ચોરી હોય, કેમ કે بيضه નો અર્થ છે ઈંડુ અને حبل નો અર્થ છે રસ્સી, અને જાહેર છે કે ઈંડુ અને રસ્સી ન દીનારનાં હોય છે ન ત્રણ દિરહમનાં હોય છે. ઈંડુ એક બે પૈસાનું અને રસ્સી એક બે આનાની હોય છે. પણ આ દલીલ ખૂબ જ ઝઈફ છે, કેમ કે (લોખંડની ટોપી, હેલ્મેટ)ને પણ કહે છે. એટલે કે લોખંડની જંગી ટોપી, અને રસ્સી કશ્તી તથા જહાઝની પણ હોય છે જે રેશમી તથા કિંમતી હોય છે. શક્ય છે કે અહીં તે જ હેલ્મેટ તથા કશ્તીની રસ્સી મુરાદ હોય. અને જો આ જ મરઘીનું ઈંડુ અને સામાન્ય રસ્સી મુરાદ હોય તો પણ હદીષનો મતલબ એ થશે કે ચોર પર ખુદાની ફિટકાર કે ઈંડુ રસ્સીની ચોરીથી ચોરી કરવાનું શીખે ત્યાં સુધી કે ચોરીની આદતવાળો બનીને મોટી ચીજની ચોરી કરે અને તેનો હાથ કાપવામાં આવે. એટલા માટે અહીં શબ્દ بيضه ન કહેવામાં આવ્યો. જેથી આ દલીલ મજબૂત નથી.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૪)-૩૫૯૩ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ رَافِعِ بْنِ خَدِيجٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ

"હઝરત રાફેઅ ઈબ્ને ખદીજથી રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રાવી ફર્માવ્યું, ન તો લીલા મેવામાં

قَالَ: «لَا قَطْعَ فِي ثَمَرٍ وَلَا كَثَرٍ» رَوَاهُ مَالِكٌ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَالدَّارِمِيُّ وَابْنُ مَاجَهْ

હાથ કાપવું છે ન ઝાડની ચરબીમાં[૧]. (માલિક, તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, દારમી, ઈબ્ને માજહ)[૨]"

૧. ઈમામ શાફઈ કહે છે કે ફળ જ્યાં સુધી ઝાડમાં લાગેલુ રહે ثمر (ષમર) કહેવાય છે. ઝાડથી તૂટયા બાદ رطب (રતબ) અને જ્યારે અલગ કરીને સૂકવી લેવામાં આવે તો تمر (તમરૂ) છે. જેથી અહીં ثمر થી મુરાદ ઝાડમાં લાગેલુ ફળ જે તોડવામાં આવ્યું ન હોય كثر કાફ તથા ષા ના ઝબરથી ખજૂરના ઝાડની ચરબી જે ઝાડના ઉપરના હિસ્સાથી સફેદ રંગની નીકળે છે. ખાવામાં પણ આવે છે. એટલે એ બંનેની ચોરીમાં હાથ નથી કપાતો. હાકિમ ચાહે તો તઅઝીર રૂપે કાંઈક સજા આપી દે, પણ હનફીઓની નજીક ثمر (ષમર)થી મુરાદ દરેક તે ફળ છે જે જલ્દી ખરાબ થઈ જાય. એ જ પ્રમાણે كثر (કષર). જેથી જલ્દી બગડી જનારાં ફળોની ચોરીમાં કાપવાનુ નથી, ચાહે ઝાડમાં લાગેલાં હોય કે તોડી લીધેલાં હોય. અને ચાહે બાગ તથા ઝાડ મહેફૂઝ હોય અથવા ચાર દીવાલોથી ઘેરેલ હોય અથવા અસુરક્ષિત હોય.

★ ફળો તથા મરઘી વગેરેની ચોરીનો મસ્અલો ★

૨. આ હદીષને અહમદ ઈબ્ને હબ્બાને પણ નક્લ કરી. આ હદીષના આધારે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે, જલ્દી બગડી જનારાં ફળોની ચોરીમાં હાથ કપાશે નહીં, મહેફૂઝ હોય કે ગૈર મહેફૂઝ હોય. એ જ પ્રમાણે દૂધ, ગોશ્ત વગેરે બગડી જનારી ચીજોની ચોરીમાં હાથ કપાશે નહીં. ઈમામ શાફઈને ત્યાં જો ઝાડ અસુરક્ષિત (ગૈર મહેફૂઝ) છે જેમ કે ખુલ્લા બાગો, તો એમના ફળોની ચોરીમાં કાપવું નથી. અને જો બાગની આસપાસ દીવાલ છે, દરવાજો સુરક્ષિત છે તો એના ફળની ચોરીથી હાથ કપાય જશે. યાદ રાખશો કે પક્ષીઓ અને મરઘીની ચોરીમાં પણ કાપવાનું નથી. જેમ કે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝની ખિદમતમાં એક ચોરને લાવવામાં આવ્યો જેણે કોઈની મરઘી ચોરી હતી. આપે હઝરત સાઈબ ઈબ્ને યઝીદ رضی اللہ عنہ ને એના બારામાં પૂછયું, તેમણે કહ્યું કે હુઝૂર ﷺ અને સહાબાએ કિરામે પક્ષીઓની ચોરીમાં હાથ ન કાપ્યો. જેથી તેના હાથ કાપવામાં ન આવ્યા. *(મિર્કાત)*

★ હદીષ : (૫)-૩૫૯૪ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ عَبْدِ اللَّهِ بْنِ عَمْرِو بْنِ الْعَاصِ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: أَنَّهُ سُئِلَ عَنِ الثَّمَرِ الْمُعَلَّقِ قَالَ: «مَنْ سَرَقَ مِنْهُ شَيْئًا بَعْدَ أَنْ يُؤْوِيَهُ الْجَرِينَ فَبَلَغَ ثَمَنَ الْمِجَنِّ فَعَلَيْهِ الْقَطْعُ» . رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

"હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે. તે પોતાના પિતાથી, તે પોતાના દાદા અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી, તે રસૂલુલ્લાહ ﷺ થી રાવી કે હુઝૂરે અન્વર ﷺ ને ઝાડમાં લટકતાં ફળો વિશે પૂછવામાં આવ્યું. તો ફર્માવ્યું કે જે ખલ્યાન (ખળી)માં જગા આપ્યા બાદ[૧] તેને ચોરે પછી તે ઢાલની કિંમતે પહોંચી જાય તો એના પર હાથ કપાય છે[૨]."

(અબૂ દાઉદ, નિસાઈ)

૧. جرين બાગમાં તે જગા છે જ્યાં માળી તોડીને ભેગાં કરતા રહે છે, પછી ત્યાંથી બજાર અથવા પોતાના ઘરે લઈ જાય છે. જેમ કે દાણાના માટે ખલ્યાન.

૨. એટલે કે જ્યાં સુધી ફળ ઝાડ પર રહે એ ગૈર મહેફૂઝ (અસુરક્ષિત) છે જેથી તેની ચોરીમાં હાથ કાપવા નથી. અને જ્યારે તોડીને અહીં ખજાનામાં રાખી લેવામાં આવ્યાં તો મહેફૂઝ થઈ ગયાં, તો હવે એની ચોરીમાં હાથ

કપાશે. આ હદીષ ઈમામ અબૂ યૂસુફ અને ઈમામ શાફઈની દલીલ છે કે ખરાબ થઈ જનારાં ફળ જો મહેફૂઝ થઈ ગયાં હોય તો તેમની ચોરીમાં કાપવું છે, શર્ત એ છે કે નિસાબના જેટલી ચોરી હોય. એટલે કે ઈમામ શાફઈને ત્યાં ત્રણ દિરહમની કિંમત અને ઈમામ યૂસુફને ત્યાં દસ દિરહમની કિંમતનો માલ. ઈમામે આ'ઝમ જરીન (ખલ્યાન)માં જગા આપવાથી મુરાદ સૂકી ખજૂરો મુરાદ લે છે જે ખરાબ નથી થતી. તેમની ચોરીમાં કાપવું છે. એટલા માટે કે અબૂ દાઉદે પોતાની મરાસીલમાં જરીર ઈબ્ને ખાદિમ અને અલ હસન અલબસરીની રિવાયતથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ફર્માવ્યું : ان لا اقطع فی الطعام. અને طعام થી મુરાદ જલ્દી બગડી જનારી ચીજો છે. જેમ કે ગોશ્ત, દૂધ, સૂકા મેવા. કેમ કે ઘઉં વગેરેની ચોરીમાં ઈજમાઅ સાથે કાપવું છે. સારાંશ કે જરીનમાં કાપવાનુ હોવાનું કારણ ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં હિફાઝત છે. અને ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં ખજૂરનું સૂકાય જઈને કડક થઈ જવું છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ મજબૂત છે. કેમ કે હમણા હદીષમાં આવી ગયું : لاقطع فی ثمر ولا کثر તેમજ જો બાગ ચાર દીવાલોથી ઘેરેલો હોય અને બાગનો દરવાજો બંધ હોય અથવા બાગમાં બાગનો માલિક મૌજૂદ હોય તો ઝાડ મહેફૂઝ છે, તેનાં ફળો મહેફૂઝ છે, તો જોઈએ કે એવા બાગમાં લાગેલાં ફળોની ચોરીથી પણ હાથ કપાય જશે (કાપવામાં આવશે) જ્યારે કે હદીષ શરીફે લટકતાં ફળોની ચોરી પર હાથ કાપવાની મુત્લક़ન મનાઈ કરી દીધી. જેથી ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો क़ौल ખૂબ જ મજબૂત છે કે લટકતાં ફળોની ચોરીમાં હાથ ન કપાવવાનું કારણ એ ફળનું જલ્દી બગડી જવું છે ન કે અસુરક્ષિત હોવું.

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુર્રહમાન ઈબ્ને અબી હુસૈન મક્કીથી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ન તો ઝાડમાં લટકતાં ફળમાં હાથ કપાય છે અને ન પહાડનાં જાનવરોમાં[૨] પછી જ્યારે એને તબેલા[૩] અને ખળીમાં જગા આપી દે તો એટલામાં હાથ કપાય છે જે ઢાલની કિંમતે પહોંચી જાય[૪]. (માલિક)[૫]"

★ હદીષ : (૬)-૩૫૯૫ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَبْدِ الرَّحْمَنِ بْنِ أَبِي حُسَيْنٍ الْمَكِّيِّ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا قَطْعَ فِي ثَمَرٍ معلَّقٍ وَلَا فِي حَرِيسَةِ جَبَلٍ فَإِذَا آوَاهُ الْمُرَاحُ وَالْجَرِينُ فَالْقَطْعُ فيمَا بلغ ثمن الْمِجَن» . رَوَاهُ مَالك

૧. આપ કર્શી નૌફલી છે. એટલે કે નૌફલ ઈબ્ને અબ્દે મનાફની ઔલાદથી તાબઈ છે. षिક़હ છે.

૨. કેમ કે પહાડ મહેફૂઝ જગા નથી, જેથી અહીંયા બકરી વગેરે ચરાવવામાં કાપવું નથી. એટલા માટે ઉલમા ફર્માવે છે કે જે કોઈ ઊંટોની લાઈનમાંથી એક બે ઊંટ ચોરાવી લે તો કાપવું નથી, કેમ કે એ ઊંટ મહેફૂઝ જગામાં નથી. પરંતુ જો ઊંટ પર લદાયેલી ગુણોમાંથી અનાજ વગેરે ચોરાવી લીધું તો હાથ કપાશે કેમ કે ગુણ દાણા માટે મહેફૂઝ રહેવાની જગા છે.

૩. مراح મીમના પેશથી તે જગા જ્યાં ઊંટ ગાય વગેરે બાંધવામાં આવે છે, એટલે તબેલો, બકરીઓને બાંધવાની જગા હરબિયા.

૪. એટલે કે જે જાનવર તબેલામાં મહેફૂઝ કરી દેવામાં આવે અને જે ફળ ઝાડથી તોડીને ખળીમાં રાખી દેવામાં આવે. પછી તે જાનવર અથવા તે સૂકા ફળની કિંમત દસ દિરહમ હોય તેની ચોરીમાં ચોરના હાથ કપાશે. યાદ રાખશો કે અહનાફની નજીક જંગલમાં જે ઊંટોની લાઈન લાગેલી છે જેની આગળ કે પાછળ એક રક્ષક છે, એ લાઈનમાંથી ઊંટની ચોરીથી હાથ કપાશે નહીં, કેમ કે એ શખ્સ કેવળ એ ઊંટનો રક્ષક છે જેના પર સવાર છે અથવા જેની લગામ પકડીને ચાલી રહ્યો છે અથવા જેને પાછળથી હાંકી રહ્યો છે, બાકીનો રક્ષક નથી. એ સૌ અસુરક્ષિત છે.

અન્ય ઈમામોને ત્યાં જ્યાં સુધી ઊંટોને જોઈ રહ્યો છે ત્યાં સુધીનાં ઊંટો સુરક્ષિત છે કે તેમની ચોરીથી હાથ કપાશે તેમજ અહનાફની નજીક ફળોના જરીન (ખળી)માં આવી જવાનો મતલબ એ છે કે તે સૂકાયને ખારેક અથવા સૂકી દ્રાક્ષ (કિશમિશ) બની જાય. કેમ કે હવે તે જલ્દી બગડશે નહીં જેથી તેમની ચોરીથી હાથ કપાશે. અન્ય ઈમામોની નજીક ખળીમાં પહોંચી જવાનો એ અર્થ છે કે તે મહેફૂઝ થઈ જાય, જેથી ભલે તે તર (લીલાં) ફળ રહે તેમની ચોરીથી હાથ કપાય જશે. હનફી મઝહબ મજબૂત છે, કે સરકાર ﷺ ફર્માવે છે : لاقطع فی ثمر ولا کثر ફળ ખળીમાં પહોંચીને પણ ષમર રહે છે, જેથી એમાં હાથ કપાવવો એ હદીષની વિરુદ્ધ છે.

૫. આ હદીષ મુરસલ છે, કેમ કે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુર્રહમાન તાબઈ છે. તેમણે સહાબીનો ઉલ્લેખ નથી કર્યો. અને મુરસલ હદીષ ઈમામ અબૂ હનીફાને ત્યાં સ્વીકાર્ય છે. શાફઈઓને સ્વીકારને પાત્ર નથી. જેથી શાફઈ આ હદીષથી દલીલ નથી પકડી શકતા.

★ હદીષ : (૭)-૩૫૯૬ ★
وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَيْسَ عَلَى الْمُنْتَهِبِ قَطْعٌ وَمَنِ انْتَهَبَ نُهْبَةً مَشْهُورَةً فَلَيْسَ مِنَّا» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, લૂટારા પર હાથ કાપવું નથી[૧] અને જે જાહેરી રીતે લૂટ કરે તે અમારામાંથી નથી[૨].'' (અબૂ દાઊદ)

૧. نهبة ગનીમતને પણ કહે છે. અને કોઈનો માલ જાહેરમાં જબરદસ્તી છીનવી લેવાને પણ કહે છે. અહીં બંને અર્થો બની શકે છે. એટલે એલાનિયા જબરદસ્તી માલ છીનવી લેનારાનો હાથ કાપવામાં ન આવે, કેમ કે હાથ ચોરીથી કપાય છે અને ચોરીમાં છુપી રીતે લેવું જરૂરી છે. અથવા જે ગાઝી ગનીમતના માલની વહેંચણી પહેલાં ચોરી કરે તેનો હાથ કપાશે નહીં, કેમ કે એ ગનીમતમાં ચોરનો પણ હિસ્સો છે, અને જે માલમાં ચોરનો પણ હિસ્સો હોય તેની ચોરીથી હાથ નથી કપાતો. જેથી આ બે ખુલાસાઓ પર એનાથી બે મસ્અલા હાંસલ થશે. *(અશિઅ્હ)*

૨. એટલે કે જે જાલિમ ઉઘાડા છોગે કોઈનો માલ છીનવી લે અને લોકો જોતા રહી જાય એવો જાલિમ અમારા તરીકા અમારી જમાઅતથી બહાર છે. ઈસ્લામથી નીકળી જવું મુરાદ નથી કેમ કે આ જુર્મ એ અમલમાં ખરાબી છે અકીદામાં ખરાબી નથી. યાદ રાખશો કે ડાકૂના હાથ ન કપાશે બલ્કે ડાકૂગીરીની સજાઓ વિવિધ છે, અમુક સ્થિતિઓમાં તેને ફાંસી આપવામાં આવશે.

★ હદીષ : (૮)-૩૫૯૭ ★
وَعَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَيْسَ عَلَى خَائِنٍ وَلَا مُنْتَهِبٍ وَلَا مُخْتَلِسٍ قَطْعٌ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ والدارمي

''તેમનાથી જ રિવાયત છે. તે નબી કરીમ ﷺથી રાવી. ફર્માવ્યું, ખયાનત (અપ્રમાણિકતા) કરનારા અને લૂટેરા અને ઉઠાવગીર પર હાથ કાપવું નથી[૧].'' (તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી)

૧. ખયાનત કરનાર તો જે કોઈની અમાનત મારી ખાય, ચાહે એ રીતે કે કોઈની ચીજ ઉધાર ઉછીની માગીને લઈ જાય અને બાદમાં કહી દે કે ખોવાય ગઈ અથવા ઉછીની લીધાનો ઈન્કાર કરી દે. અથવા એ રીતે કે કોઈ તેની પાસે અમાનત રૂપે માલ રાખે અને એ હજમ કરી જાય. અમીનનું વિરુદ્ધાર્થી ખાઈન (ખયાનત કરનાર). منتهب (મુન્તહિબ) તે જે એલાનિયા (ઉઘાડે છોગે, જાહેરમાં) કોઈનો માલ છીનવી લે. અને مختلس (મુખ્તલિસ) તે જે

કોઈના હાથથી જલ્દીથી છીનવીને વસ્તુ લઈને ચાલતો થઈ જાય. (ઉઠાવગીર). આ ત્રણેવના હાથ કપાશે નહીં. ખયાનત કરનાર કેમ કે એવો માલ લે છે જે માલિકની હિફાઝતમાં નથી બલ્કે ખુદ તેની પોતાની હિફાઝતમાં છે. એટલા માટે એ માલ તેના હક્કમાં અસુરક્ષિત છે. જેથી એ કામ ચોરી ન બન્યું. અને લૂટારા તથા ઉઠાવીરનો હાથ ન કપાશે કે તેણે ભલે માલ મહેફૂઝ તો કરી લીધો પણ ચોરી છુપીથી નથી લીધો. સારાંશ આ ત્રણેવ ચોર નથી, જેથી તેમની સજા એ ન થશે. ચારેવ ઈમામોનો આ જ મઝહબ છે. અલ્બત્ત ઈસ્હાક ઈબ્ને રાહવિયાનો ક़ૌલ છે કે ખયાનત કરનારનો હાથ કપાશે કેમ કે મુસ્લિમ તથા બુખારીએ હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا થી રિવાયત કરી, મદીના મુનવ્વરામાં એક સ્ત્રી ઉછીની ચીજ લઈને ઈન્કાર કરી આપતી હતી. હુઝૂરે અન્વર ﷺએ તેનો હાથ કપાવી નાખ્યો. પણ ચારેવ ઈમામો ફર્માવે છે કે તે સ્ત્રીનો હાથ એ ખયાનતથી કપાયો ન હતો, બલ્કે તેણીએ એકવાર ચોરી પણ કરી લીધી પછી કપાયો. હઝરત ઉમ્મુલ મો'મિનીને અહીં તે સ્ત્રીની મશહૂર ખાસિયત દર્શાવી છે, હાથ કાપવાનું કારણ નથી દર્શાવ્યું. અને જો ખયાનતથી હાથ કપાવવામાં આવ્યો તો આ હદીષ તેની નાસિખ છે. તે સ્ત્રી ક્યાં તો ફાતિમા બિન્તે અસ્વદ ઈબ્ને અબ્દુલ અસ્વદ હતી અથવા ઉમૈર બિન્તે સુફ્યાન ઈબ્ને અસ્વદ હતી. *(મિર્ક़ાત)*

''અને શરહે સુન્નહમાં રિવાયત છે કે સફ્વાન ઈબ્ને ઉમૈયા[૧] મદીના મુનવ્વરા આવ્યા. મસ્જિદમાં સૂઈ ગયા. અને તકીયો પોતાની ચાદરનો બનાવી લીધો[૨] એક ચોર આવ્યો અને તેમની ચાદર લઈ લીધી અને તેને સફ્વાને પકડી લીધો. પછી તેને રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં લાવ્યા. હુઝૂરે તેનો હાથ કાપવાનો હુકમ આપ્યો[૩] તો સફ્વાન બોલ્યા કે મેં આવું ચાહ્યું ન હતું. આ તેના પર સદક़ો છે[૪] તો રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારે એને મારી પાસે લવાતા પહેલાં કેમ ન કર્યું હતું ?[૫]''

★ હદીષ : (૯)-૩૫૯૮ ★

وَرُوِيَ فِي «شَرْحِ السُّنَّةِ» : أَنَّ صَفْوَانَ بْنَ أُمَيَّةَ قَدِمَ الْمَدِينَةَ فَنَامَ فِي الْمَسْجِدِ وَتَوَسَّدَ رِدَاءَهُ فَجَاءَ سَارِقٌ وَأَخَذَ رِدَاءَهُ فَأَخَذَهُ صَفْوَانُ فَجَاءَ بِهِ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَمَرَ أَنْ تُقْطَعَ يَدُهُ فَقَالَ صَفْوَانُ: إِنِّي لَمْ أُرِدْ هَذَا هُوَ عَلَيْهِ صَدَقَةٌ. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «فَهَلا قبل أَن تَأْتِينِي بِهِ»

૧. આપ સફ્વાન ઈબ્ને ઉમૈયા ઈબ્ને ખલફ જહમી કર્શી છે. ફતહે મક્કા મોઅઝ્ઝમાના દિવસે આપ મક્કા મોઅઝ્ઝમાથી ભાગી ગયા હતા. પછી ઉમૈર ઈબ્ને વહબે આપના માટે હુઝૂર ﷺથી અમાન હાંસલ કરી. હુઝૂરે ઉમૈરને પોતાની ચાદર અતા કરી અને ફર્માવ્યું કે આ ચાદર અમાનની નિશાની છે. પછી તેમને હુઝૂરની બારગાહમાં લાવવામાં આવ્યા. પછી ગઝવએ તાઈફમાં ઈમાન લાવ્યા અને તેમનો ઈસ્લામ સ્વીકારવામાં આવ્યો. હુઝૂર ﷺએ તેમને ખૂબ જ અતાઓ વડે નવાઝ્યા.

૨. એટલે કે ચાદર પોતાના માથા નીચે રાખીને સૂઈ ગયા. એનાથી જાણવા મળ્યું કે માલની હિફાઝત બે પ્રકારની છે : જગા વડે હિફાઝત અથવા રખેવાળ થકી હિફાઝત. જેથી મસ્જિદ, જંગલ કે રસ્તામાં જો માલની પાસે રખેવાળ છે તો તે માલ મહેફૂઝ છે, તેની ચોરીથી હાથ કપાશે.

૩. અથવા એટલા માટે કે તેણે ચોરીનો ઈકરાર કરી લીધો હતો અથવા એટલા માટે કે તેની ચોરીનો આ બનાવ ગવાહો થકી સાબિત થઈ ગયો હતો. જેથી હદીષ પર એ વાંધો નથી કે કેવળ આ આક્ષેપ કાપવા માટે પૂરતો નથી.

૪. એટલે કે મને એ ખબર ન હતી કે આ મામૂલી સરખી ચાદર ચોરવા પર પણ હાથ કપાય જશે. હું એનો હાથ કપાવવા માટે એને લાવ્યો ન હતો. કેવળ ધાક ધમકી અને શિક્ષા માટે લાવ્યો હતો. હું આ ચાદર તેને ફી

સબીલિલ્લાહ આપુ છું, હવે એ તેનો માલિક છે તો હાથ કપાવવામાં ન આવે.

૫. એનાથી જાણવા મળ્યું કે ચોરીનો મામલો હાકિમ સમક્ષ રજૂ થતા પહેલાં બંદાનો હક્ક હોય છે. જો માલવાળો માફ કરી દે તો અને હાકિમ પાસે કેસ ન કરે તો હાથ કપાશે નહીં, પરંતુ હાકિમને ત્યાં કેસ રજૂ થઈ ગયા બાદ અલ્લાહનો હક્ક બની જાય છે જેથી કોઈના માફ કરવાથી માફ થતો નથી. એ જ કૌલ ઈમામ ઝફર તથા ઈમામ શાફઈ તથા અહમદનો.

★ હદીષ : (૧૦)-૩૫૯૯/(૧૧)-૩૬૦૦ ★
وَرَوَى نَحْوَهُ ابْنُ مَاجَهْ عَنْ عَبْدِ اللَّهِ بن صَفْوَان عَن أَبِيه والدارمي عَن ابْن عَبَّاس [11]- 3600

"અને એના જેમ જ ઈબ્ને માજહએ અબ્દુલ્લાહ ઈબ્ને સફ્વાનથી તેમણે તેમના પિતાથી રિવાયત કરી. અને દારમીએ ઈબ્ને અબ્બાસથી."

★ હદીષ : (૧૨)-૩૬૦૧ ★
وَعَنْ بُسْرِ بْنِ أَرْطَاةَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «لَا تُقْطَعُ الْأَيْدِي فِي الْغَزْوِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالدَّارِمِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ إِلَّا أَنَّهُمَا قَالَا: «فِي السَّفر» بدل «الْغَزْو»

"હઝરત બુસ્ર ઈબ્ને અરતાતથી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા[૧] કે જેહાદમાં હાથ કાપવામાં ન આવે[૨]." (તિર્મિઝી, દારમી, અબૂ દાઉદ, નિસાઈ) પણ તે બંનેવે જેહાદને બદલે સફર કહ્યું[૩]."

૧. બુસ્ર ઈબ્ને અરતાતનું નામ ઉમર આમિરી છે. કુન્નિયત અબૂ અબ્દુર્રહમાન છે. કૃર્શી છે. હક્ક એ છે કે આપ સહાબી નથી તાબઈનમાંથી છે. કેમ કે આપનો જન્મ હુઝૂર ﷺની વફાતના બે વરસ અગાઉ છે. છેવટમાં પાગલ થઈ ગયા હતા. અમીર મુઆવિયહ અથવા અબ્દુલ મલિકના જમાનામાં આપની વફાત થઈ. અમુક શામી ઉલમાએ આપનું સાંભળવું સાબિત કર્યું છે. કદાચ સાહિબે મિશ્કાત (મિશ્કાત લખનાર)ની આ રિવાયત શામીઓના કૌલ પર આધારિત છે કે ફર્માવી રહ્યા છે : سمعت "મેં હુઝૂરથી સાંભળ્યું." *(અશિઅહ, મિર્કાત, ઈબ્ને અબ્દુલ બર અને મુગ્નાએ પણ આપની સમાઅત સાંભળવાનો ઈન્કાર કર્યો છે)*

૨. આ ફર્માને આલીના બે અર્થો થઈ શકે છે : એક એ કે જેહાદની હાલતમાં જ્યારે ઈસ્લામનું લશ્કર કાફિરોના દેશમાં હોય, જો કોઈ ચોરી કરે તો ત્યાં તેનો હાથ ન કાપવામાં આવે. ક્યાં તો એટલા માટે કે ત્યાં લશ્કરમાં ઈસ્લામી હાકિમ મૌજૂદ નથી અને શરઈ સજાઓ ઈસ્લામી હાકિમ જ આપી શકે છે. લશ્કરનો કમાન્ડર એ હાકિમે ઈસ્લામ નથી. અથવા એટલા માટે કે ત્યાં ખતરો છે કે ચોર હાથ કપાવાના ડરથી મુર્તદ થઈને કાફિરો ભેગો થઈ જાય. બીજો અર્થ એ છે કે જેહાદના માલ એટલે ગનીમતની ચોરીમાં હાથ કાપવામાં નહીં આવે, કેમ કે એ માલમાં ખુદ ચોરનો પણ હિસ્સો છે એવા માલની ચોરીથી હાથ કપાશે નહીં. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે. બીજા ઈમામ નમાઝ, રોઝાની જેમ ત્યાં દારુલ હર્બમાં હદ (સજા લાગુ કરવાાનો પણ હુકમ આપે છે, પણ તફાવતનું કારણ અમે વર્ણન કરી ચૂક્યા છીએ.)

૩. પણ સફરથી મુરાદ પણ જેહાદનો સફર છે, આમ સફર નથી.

★ હદીષ : (13)-૩૬૦૨ ★

وَعَنْ أَبِي سَلَمَةَ عَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم قَالَ فِي السَّارِقِ: «إِنْ سَرَقَ فَاقْطَعُوا يَدَهُ ثُمَّ إِنْ سَرَقَ فَاقْطَعُوا رِجْلَهُ ثُمَّ إِنْ سَرَقَ فَاقْطَعُوا يَدَهُ ثُمَّ إِنْ سَرَقَ فَاقْطَعُوا رِجْلَهُ» . رَوَاهُ فِي شرح السّنة

''હઝરત અબૂ સલમાથી[૧] રિવાયત છે. હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ચોરના બારામાં ફર્માવ્યું કે જો તે ચોરી કરે તો તેનો હાથ કાપી નાખો, જો ફરી ચોરી કરે તો તેનો પગ કાપી નાખો. જો ફરી ચોરી કરે તો તેનો હાથ કાપી નાખો, જો ફરી ચોરી કરે તો તેનો પગ કાપી નાખો[૨].'' (શરહે સુન્નહ)

૧. અબૂ સલમા, અબ્દુર્રહમાન ઈબ્ને ઔફના પુત્ર છે. ખૂબ જ મુત્તકી, ષિકહ તાબઈ છે. મદીના મુનવ્વરાના સાત ફકીહોમાંથી છે. ૬૨ વરસની ઉમર પામ્યા. હિ.સ. ૯૪ અથવા હિ.સ. ૧૦૪માં વફાત પામી. *(અશિઅહ તથા મિર્કાત)*

૨. એટલે કે પ્રથમ ચોરીમાં ચોરનો જમણો હાથ કાંડાથી કાપી દો. બીજી ચોરીમાં ડાબો પગ ઘૂંટીથી કાપી દો. ત્રીજી ચોરીમાં જમણો પગ કાપી દો. ચોથી ચોરીમાં ડાબો હાથ કાપી નાખો. પ્રથબ બે સજાઓમાં ઉમ્મતનો ઈજમાઅ છે પણ આખરી બે સજાઓમાં ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો મતભેદ છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે ત્રીજી ચોરીમાં તેને કેદ કરી દેવામાં આવે ત્યાં સુધી કે ક્યાં તો મરી જાય અથવા સાચી તૌબાની અસરો તેનામાં જોવા મળે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ હઝરત અલી رضی اللہ عنہ નું ફર્માન છે કે હું શરમ કરું છું કે તે ચોરને ખાવા માટે હાથ અને ચાલવા માટે પગો બિલ્કુલ ન છોડું. જેમ કે આપે ત્રીજી ચોરી પર કેદ કર્યો અને આપનો આ અમલ તમામ સહાબા તથા તાબઈનની મૌજૂદગીમાં થયો અને કોઈએ વાંધો ન ઉઠાવ્યો, જેથી એના પર ઈજમાઅ નિશ્ચિત થઈ ગયો. આ અબૂ સલમાની હદીષને ઈમામ તહાવીએ ઝઈફ કહી, જેથી આ હદીષથી દલીલ કરવું દુરુસ્ત નથી. (લમ્આત, મિર્કાત, અશિઅહ) તેમજ ચોરના ચારેવ હાથ પગ કાપી નાખવા એ એક રીતે હલાક કરી દેવું (મારી નાખવું) છે અને ચોરીની સજા મારી નાખવું નથી.

★ એક ચોરને છેવટે કત્લ જ કરવામાં આવ્યો ★

★ હદીષ : (14)-૩૬૦૩ ★

وَعَنْ جَابِرٍ قَالَ: جِيءَ بِسَارِقٍ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «اقْطَعُوهُ» فَقُطِعَ ثُمَّ جِيءَ بِهِ الثَّانِيَةَ فَقَالَ: «اقْطَعُوهُ» فَقُطِعَ ثُمَّ جِيءَ بِهِ الثَّالِثَةَ فَقَالَ: «اقْطَعُوهُ» فَقُطِعَ ثُمَّ جِيءَ بِهِ الرَّابِعَةَ فَقَالَ: «اقْطَعُوهُ» فَقُطِعَ فَأُتِيَ بِهِ الْخَامِسَةَ فَقَالَ: «اقْتُلُوهُ» فَانْطَلَقْنَا بِهِ فَقَتَلْنَاهُ ثُمَّ اجْتَرَرْنَاهُ فَأَلْقَيْنَاهُ فِي بِئْرٍ وَرَمَيْنَا عَلَيْهِ الحجارةَ. رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ ﷺ ની ખિદમતમાં એક ચોર લાવવામાં આવ્યો. ફર્માવ્યું, કાપી નાખો. જેથી તેનો હાથ કાપી નાખવામાં આવ્યો. પછી બીજી વખતે તેને લાવવા આવ્યો. ફર્માવ્યું, કાપી નાખો ! તો કાપી નાખવામાં આવ્યો. પછી તેને ત્રીજીવાર લાવવામાં આવ્યો. ફર્માવ્યું, કાપી નાખો ! જેથી તેનો હાથ કાપી નાખવામાં આવ્યો. પછી તેને ચોથી વાર લાવવામાં આવ્યો. ફર્માવ્યું, કાપી નાખો. પછી તેને પાંચમી વાર લાવવામાં આવ્યો. ફર્માવ્યું, એને કત્લ કરી દો[૧]. જેથી અમે તેને લઈ ગયા. અમે તેને કત્લ કરી દીધો. પછી અમે તેને ઘસેડયો, તેને એક કૂવામાં ફેંકી દીધો અને તેના પર પથ્થર માર્યા[૨].'' (અબૂ દાઉદ તથા નિસાઈ)

૧. આ હદીષ પર કોઈ ઈમામનો અમલ નથી. કોઈ ફ઼ક़ીહ ચોરના ક़ત્લનો હુકમ નથી આપતો. જેથી ક્યાં તો આ હદીષ એ હદીષથી મન્સૂખ છે કે કોઈ મુસલમાનનું ખૂન ત્રણ કારણો સિવાય હલાલ નથી. ઈર્તેદાદ (ઈમાનથી ફરી જવું), પરિણીતનો ઝિના, ક़ેસાસ. ક્યાં તો એ ચોર મુર્તદ થઈ ગયો હતો અથવા એ ફસાદી એટલે ડાકૂઓથી ભળી ગયો હતો, તેમની મદદ કરતો હતો, જેથી પોલિટિક્લી તેને ક़ત્લ કરી દેવામાં આવ્યો હતો. જાહેર એ જ છે કે તે મુર્તદ થઈ ગયો હતો જેવું કે આગલા વર્ણનથી જાહેર થઈ રહ્યું છે.

★ જે હુઝૂર ﷺએ ફર્માવ્યું તે થઈને રહ્યું ★

૨. એટલે કે અમે એના પર ન જનાઝાની નમાઝ પઢી ન દફ઼ન કર્યો. એનાથી માલૂમ પડી રહ્યું છે કે તે મુર્તદ થઈ ચૂક્યો હતો. ચોરીને હલાલ સમજતો હતો. નહીં તો ફાસિક़ મુસલમાનની નમાઝે જનાઝા જરૂરી છે. અહીં મિર્ક़ાતે, ફ઼ત્હુલ ક़દીરના હવાલાથી એક અજીબ હદીષ નકલ કરી. હઝરત જાબિર ફર્માવે છે કે હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં એક ચોરને લાવવામાં આવ્યો. ફર્માવ્યું, એને ક़ત્લ કરી દો ! પછી અર્ઝ કરવામાં આવ્યું, હુઝૂર ! તેણે ચોરી કરી છે. ફર્માવ્યું, પગ કાપી નાખો. ત્રીજી ચોથીવાર પણ એ જ થયું. છેવટે પાંચમી વારમાં તેને ક़ત્લ કરી દેવામાં આવ્યો. નિસાઈએ હારિષ ઈબ્ને હાતિબની રિવાયતથી નક़લ કર્યું છે કે તે શખ્સે પાંચમી ચોરી સિદ્દીકી યુગમાં કરી ત્યારે સિદ્દીક़ે અક઼બર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ તેના અંજામથી ખબરદાર હતા એટલા માટે પ્રથમવારમાં ફર્માવ્યું હતું કે તેને ક़ત્લ કરી દો. આ હદીષ તિબ્રાનીથી હાકિમે મુસ્તદરકમાં નક़લ કરી અને કહ્યું, સહીહુલ અસ્નાદ છે. (શેઅર) *તુમ્હારે મુંહસે જો નિકલી વો બાત હો કે રહી*

મિર્ક़ાતે આ જગાએ ચોરીના અજબ બનાવો વર્ણન કર્યા છે.

''અને શરહે સુન્નહમાં ચોરીના કાપવા વિશે નબી કરીમ ﷺથી રિવાયત કરવામાં આવી, તેના હાથ કાપી નાખો પછી ડામ દઈ દો[૧].''

★ હદીષ : (૧૫)-૩૬૦૪ ★

وَرُوِيَ فِي شَرْحِ السُّنَّةِ فِي قَطْعِ السَّارِقِ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «اقْطَعُوهُ ثُمَّ احسموه»

૧. احسموا حسمٌથી બન્યું, અર્થ ડામ આપવું. આ ડામ દેવું એટલા માટે છે કે શરીરનું સર્વ લોહી નીકળી ન જાય અને ચોરનું મૃત્યુ ન થઈ જાય. حسمની બે સ્થિતિઓ છે : એક એ કે લોખંડ આગમાં લાલ કરીને ઘા પર લગાડી દેવામાં આવે. બીજી એ કે ઝૈતૂન અથવા કોઈ અન્ય તેલ ઉકાળીને હાથ તરી દેવામાં આવે. આ ડામ દેવું અમુક ઈમામોને ત્યાં મુસ્તહબ છે, આપણે ત્યાં વાજિબ છે કે એમાં ચોરનો જીવ બચાવવું છે. એનો ખર્ચ અન્ય ઈમામોને ત્યાં બયતુલ માલની જિમ્મેદારીમાં છે. આપણે ત્યાં ખુદ ચોરની જિમ્મેદારીમાં છે કે તેલ તથા આગ માટે બળતણ ખુદ ચોરથી મંગાવવામાં આવશે કેમ કે આ ડામ દેવું ચોરના પોતાના લાભ ખાતર છે. *(મિર્ક़ાત)*

''હઝરત ફઝાલા ઈબ્ને ઓબૈદ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં એક ચોરને લાવવામાં આવ્યો તો તેનો હાથ કાપી નાખવામાં આવ્યો. પછી હુઝૂર ﷺએ હુકમ આપ્યો તો તેને તેના હાથમાં લટકાવી દેવામાં આવ્યો. પછી એનો હુકમ થયો તો તેની ગરદનમાં લટકાવી દેવામાં આવ્યો[૨].'' (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૧૬)-૩૬૦૫ ★

وَعَنْ فَضَالَةَ بْنِ عُبَيْدٍ قَالَ: أُتِيَ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ بسارقٍ فقُطِعَتْ يَدَهُ ثُمَّ أَمَرَ بِهَا فَعُلِّقَتْ فِي عُنُقِهِ. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ

૧. આપ અન્સારી છે. બની અમ્ર ઈબ્ને ઔફથી છે. જંગે ઓહદ તથા બાદમાં સર્વ ગઝ્વાતમાં સામેલ રહ્યા. બયઅતુરિદ્વાનમાં શરીક રહ્યા. જ્યારે અમીર મુઆવિયહ رضی اللہ عنہ જંગે સિફ્ફીનના માટે ગયા તો તેમની જગાએ દમિશ્કના નાયબ ખલીફા રહ્યા. હિ.સ. ૫૩માં દમિશ્કમાં ઈન્તેક઼ાલ થયો અને ત્યાં જ દફન થયા.

૨. કે જેથી લોકો બોધ ગ્રહણ કરે અને ભાવિમાં કોઈ ચોરીની હિંમત ન કરે. અન્ય ઈમામોને ત્યાં લટકાવવું સુન્નત છે. દરેક ચોરનો હાથ કાપીને કપાયેલો હાથ હારની જેમ ગળામાં પહેરાવવામાં આવે આપણા ઈમામ સાહબને ત્યાં સુન્નત નથી બલ્કે જાઈઝ છે. જો હાકિમ યોગ્ય જાણે તો કરે, કેમ કે નબી કરીમ ﷺએ ચોરનો હાથ ગળામાં નથી રાખ્યો, કેવળ તેનો રાખ્યો.

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે ગુલામ ચોરી કરે તો તેને વેચી દો[૧] ભલે વીસ દિરહમમાં હોય[૨].'' (અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ)[૩]

★ હદીષ : (૧૭)-૩૬૦૬ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا سَرَقَ الْمَمْلُوكُ فَبِعْهُ وَلَوْ بِنَشٍّ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْن مَاجَه

૧. એનાથી જાણવા મળ્યું કે ગુલામ પોતાના આક઼ાના ઘરથી કાંઈક ચોરી કરે તો તેનો હાથ કપાશે નહીં, કેમ કે ગુલામને ઘરમાં આવવા જવાની ઈજાઝત હોય છે. જેથી તેના માટે માલિકના ઘરનો માલ મહેફૂઝ ન રહ્યો. જેમ કે પતિ પત્ની એકબીજાનો માલ ચોરી કરે અથવા મહેમાન પોતાની મહેમાનની જગાએથી કાંઈક ચોરી લે તો હાથ નથી કપાતો, કેમ કે તેમના હક્ક઼માં એ માલ મહેફૂઝ નથી.

૨. نُشّ ચાલીસ દિરહમનો થાય છે, જેથી અડધો ''નુશ'' વીસ દિરહમનો થયો. એટલે કે ગમે તેટલો સસ્તો વેચવો પડે વેચી દો. આ હુકમ મશ્વરા રૂપે છે અને જેના હાથે વેચે તેને આ અયબથી જાણકાર કરી દે. શક્ય છે કે તે કોઈ યુક્તિ વડે તે ગુલામની ચોરી છોડાવી દે.

૩. તેમજ આ હદીષ ઈમામ બુખારીએ પોતાની તારીખમાં રિવાયત કરી.

(વિભાગ : 3) الفصل الثالث

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, એક ચોર રસૂલુલ્લાહ ﷺની પાસે લાવવામાં આવ્યો. હુઝૂરે તેનો હાથ કપાવી નાખ્યો. લોકોએ અર્ઝ કરી, હુઝૂર ! અમે ગુમાન કરતા હતા કે આ અહીં સુધી પહોંચી જશે[૧]. ફર્માવ્યું, જો ફાતિમા હોત તો હું તેમના હાથ કાપી નાખતો[૨]. (નિસાઈ)

★ હદીષ : (૧૮)-૩૬૦૭ ★

عَنْ عَائِشَةَ قَالَتْ: أُتِيَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِسَارِقٍ فَقَطَعَهُ فَقَالُوا: مَا كُنَّا نَرَاكَ تَبْلُغُ بِهِ هَذَا قَالَ: «لَوْ كانتْ فاطمةُ لقطعتُها» . رَوَاهُ النَّسَائِيّ

૧. એટલે કે અમે હુઝૂરે આલી ﷺ વિશે એવું ગુમાન કરતા ન હતા કે તેને આટલી સખત સજા આપશે, બલ્કે અમારો ખયાલ હતો કે શાહી તરીક઼ાથી રહમ ફર્માવીને તેને મામૂલી રીતે ધમકાવશે. એ હઝરાત સમજ્યા હતા કે શરઈ સજાઓ માફ થઈ શકે છે.

૨. કેમ કે મુજરિમ પર રહમ એ જ છે કે તેને પૂરી સજા આપવામાં આવે, કોઈની કોઈ રીતે રિઆયત

(છૂટછાટ) ન કરવામાં આવે કે એનાથી દેશમાં શાંતિ કાયમ રહે છે. અને આ સજાઓ અલ્લાહના હક્કો છે એ કોઈના માફ કરવાથી માફ નથી થતા. રાફિઝીઓએ શર્તી કઝીયો છે જેનું મુકદ્દસ તથા તાલી બંને અશક્ય છે. એ સૈયદાનું નામ લઈને એ બતાવવું મંજૂર છે કે શરઈ સજામાં કોઈ મોટાથી મોટા દરજાવાળાની દરકાર નથી. રબ તઆલા ફર્માવે છે : وَّلَا تَأْخُذْكُمْ بِهِمَا رَأْفَةٌ فِيْ دِيْنِ اللّٰهِ (અને તમને એના પર દયા ન આવે અલ્લાહના દીનમાં જો તમે ઈમાન લાવો છો. સૂરએ નૂર, ૨૪/૨)

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ હઝરત ઉમરની પાસે પોતાનો ગુલામ લાવ્યો. અર્ઝ કરી, એનો હાથ કાપી નાખો કે એણે મારી પત્નીનો આઈનો ચોરાવ્યો[૧]. તો હઝરત ઉમરે ફર્માવ્યું, એના પર કાપવાનું નથી[૨] કે તે તમારો પતિ છે જેણે તમારો સામાન લઈ લીધો[૩]." (માલિક)

★ હદીષ : (૧૯)-૩૬૦૮ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: جَاءَ رَجُلٌ إِلَى عُمَرَ بِغُلَامٍ لَهُ فَقَالَ: اقْطَعْ يَدَهُ فَإِنَّهُ سرقَ مرآةَ لأمرأتي فَقَالَ عمرُ رَضِيَ اللّٰهُ عَنهُ: لَا قَطْعَ عَلَيْهِ وَهُوَ خَادِمُكُمْ أَخَذَ مَتَاعَكُمْ. رَوَاهُ مَالك

૧. અને એ આઈનાની કિંમત એક દીનાર કે તેનાથી વધુ છે.

૨. આ હદીષ હનફીઓની દલીલ છે કે જેને ઘરમાં આવવાની કાયમી કે ટેમ્પરરી ઈજાઝત હોય તે જો ઘરેથી ચોરી કરે તો તેના પર કાપવું નથી, કેમ કે એ ઘરનો માલ એના માટે મહેફૂઝ ન રહ્યો. એના પર ઘણા મસાઈલ આધારિત છે.

૩. યાદ રાખશો કે ગુલામ માલિકના ઘરેથી ચોરી કરે તો હનફીઓની નજીક તેનો હાથ કપાશે નહીં, અમુક ઈમામોને ત્યાં કપાય જશે. પરંતું જો માલિક ગુલામના માલની ચોરી કરી લે તો ઈજમાઅ સાથે માલિકનો હાથ ન કપાશે, કેમ કે ગુલામનો માલ માલિકનો જ હોય છે. એ પણ યાદ રાખશો કે જો ગુલામ માલિક સિવાય કોઈ અન્યનો માલ ચોરી કરે ભલે તે માલિકનો સગો સંબંધી જ હોય જેના ઘરે જવાની ગુલામને આમ ઈજાઝત ન હોય તો તેનો હાથ કપાય જશે, કેમ કે તે લોકોના માલ ગુલામના માટે ગેર મહેફૂઝ નથી બલ્કે મહેફૂઝ છે, અને મહેફૂઝ માલની ચોરીમાં કાપવું નથી.

*"હઝરત અબૂ ઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે અબૂ ઝર ! મેં અર્ઝ કરી, હાજર છું યા રસૂલલ્લાહ ! (ﷺ) ફર્માવ્યું, એ વખતે તમે કેવા હશો જ્યારે લોકોને આમ વબાઈ મૌત પહોંચશે[૧] કે એમાં કબ્ર ગુલામના બદલામાં હશે. ઘરથી મુરાદ કબ્ર હતી[૨]. મેં અર્ઝ કરી, **અલ્લાહ વ રસૂલ જ જાણે**[૩]. ફર્માવ્યું, તમે સબ્ર ધારણ કરજો[૪] હમ્માદ ઈબ્ને સુલૈમાને ફર્માવ્યું[૫] કે કફન ચોરના હાથ કાપવામાં આવશે કેમ કે તે મૈયત પર તેના ઘરમાં ઘુસી ગયો[૬]." (અબૂ દાઊદ)*

★ હદીષ : (૨૦)-૩૬૦૯ ★

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: قَالَ لِي رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا أَبَا ذَرٍّ» قُلْتُ: لَبَّيْكَ يَا رَسُولَ اللّٰهِ وَسَعْدَيْكَ قَالَ: «كَيْفَ أَنْتَ إِذَا أَصَابَ النَّاسَ مَوْتٌ يَكُونُ الْبَيْتُ فِيهِ بِالْوَصِيفِ» يَعْنِي الْقَبْرَ قُلْتُ: اللّٰهُ وَرَسُولُهُ أَعْلَمُ. قَالَ: «عَلَيْكَ بِالصَّبْرِ» قَالَ حَمَّادُ بنُ أَبِي سُلَيمانَ: تُقْطَعُ يَدُ النَّبَّاشِ لِأَنَّهُ دَخَلَ عَلَى الْمَيِّتِ بيتَه. رَوَاهُ أَبُو دَاوُدَ

૧. એટલે કે એક સમય તમે એવો જોશો કે જ્યાં તમે હશો ત્યાં કોઈ વબા ફેલાશે જેનાથી લોકો ખૂબ જ વધુ પ્રમાણમાં મરશે. તે વખતે તમે શું કરશો ? ત્યાં સાબિર થઈને રહેશો કે ત્યાંથી ભાગી જશો ? એ જગા મદીના મુનવ્વરા સિવાયની હશે, કેમ કે મદીના મુનવ્વરામાં વબા નથી ફેલાતી.

૨. એટલે કે મૃત્યુ એટલા પ્રમાણમાં સામાન્યપણે થશે કે એક કબરની જગા એક ગુલામના બદલામાં વેચાશે, અથવા એક કબરના ખોદવાની મજૂરી એક ગુલામની કિંમત જેટલી હશે.

★ સહાબાનો અક્વીદો હતો કે હુઝૂર આગલી પાછલી હાલતોથી જાણકાર છે ★

૩. એટલે કે મને ખબર નથી કે એ વખતે મારો શો હાલ થશે, સબ્ર કે બે સબ્રી. એ તો આપને તથા આપના રબને જ ખબર છે. જાણવા મળ્યું કે સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين નો અક્વીદો હતો કે હુઝૂર ﷺ દરેક શખ્સની દરેક આગલી પાછલી હાલતોથી ખબરદાર છે. આપણને આપણા હાલની એવી ખબર નથી જેવી ખબર હુઝૂર ﷺને છે.

૪. આ હુકમ પણ છે ખબર પણ છે. એટલે તમે એ વખતે સબ્ર કરશો, અને એવું જ કરજો, કેમ કે ત્યાંની જગાએથી નાસી જવું બેસબ્રી છે.

૫. હમ્માદ તાબઈ છે. ષિક્વહ છે. કૂફી છે. ફક્વીહ મુજતહિદ છે. હઝરત અનસ અને સઈદ ઈબ્ને મુસૈયિબ તથા ઈબ્રાહીમ નખઈથી રિવાયતો કરે છે. હઝરત ઈમામ અબૂ હનીફા અને ઈમામ મુહમ્મદ رضى الله عنهما ના હદીષના ઉસ્તાદ છે. હિ.સ. ૧૨૦માં વફાત પામ્યા. આપના વાલિદ અબૂ સુલૈમાનનું નામ મુસ્લિમ અશઅરી છે તે ઈબ્રાહીમ ઈબ્ને મૂસા અશઅરીના મૌલા છે. હઝરત ઈમામ અબૂ હનીફાની હદીષો હમ્માદ અને ઈબ્રાહીમ અન્નખઈ છે. *(અશિઅહ)*

૬. એટલે કે હઝરત હમ્માદે આ હદીષના આધારે ફર્માવ્યું કે કફન ચોરનો હાથ કાપવામાં આવશે. કેમ કે હુઝૂર ﷺએ મૈયતની ક્વબ્રને ઘર કહ્યું અને ઘરેથી ચોરી કરનાર કાપવાને પાત્ર (મુસ્તહિક્વ) છે. યાદ રાખશો કે ઈમામે આ'ઝમ તથા ઈમામ મુહમ્મદ رضى الله عنهما ની નજીક કફન ચોરનો હાથ કપાશે નહીં. ઈમામ અબૂ યૂસુફ તથા ઈમામ શાફઈ વગેરેની નજીક કપાશે. આ ઈમામોની દલીલ આ હદીષ છે, પણ આનાથી દલીલ કરવું ખૂબ જ ઝઈફ છે, કેમ કે ભલે ક્વબર ઘર છે પણ ગૈર મહેફૂઝ છે અને કફન ગૈર મમ્લૂક (માલિકી વિનાનું) છે. ગૈર મહફૂઝ જગાથી ગેર મખ્લૂક્વ માલની ચોરીથી કાપવું નથી. જે મકાનનો દરવાજો બંધ ન હોય અને કોઈ રક્ષક પણ મૌજૂદ ન હોય ત્યાંથી ચોરી કરનારનો હાથ કોઈની નજીક કપાતો નથી. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, સુફયાન ષૌરી, ઈમામ અવઝાઈ તથા ઈમામ ઝહરીનો ક્વૌલ એ છે કે કફન ચોર પર કાપવું નથી. કફન ચોરના કાપવા સંબંધે જેટલા પ્રમાણમાં રિવાયતો છે તે સર્વ ઝઈફ છે. એની વિગત આ જગાએ મિર્ક્વાતમાં જુઓ. ઈબ્ને અબી શયબાએ ઈમામ ઝહરીથી રિવાયત કરી કે મરવાનની પાસે એક કફનચોરને લાવવામાં આવ્યો તો તેણે કોરડા મરાવ્યા. સર્વ સહાબાએ એ જોયું અને કોઈએ ઈન્કાર ન કર્યો, બલ્કે મરવાને સહાબાએ કિરામથી એના બારામાં મશ્વરો કર્યો તો સૌએ રાય આપી કે તેને કોરડા મારવામાં આવે. અને તેને આખા શહેરમાં ગશ્ત કરાવવામાં આવે. હા ! ઈમામે આ'ઝમ رضى الله عنه ને ત્યાં જો હાકિમ પોલિટિક્લ દૃષ્ટિએ ચોરનો હાથ કપાવી નાખે તો જાઈઝ છે કે એ હદ નથી બલ્કે તઅઝીર છે. આ ચર્ચા સારી રીતે દિમાગમાં રહેવી જોઈએ.

بابُ الشفاعةِ في الحدود
હદો (શરઈ સજાઓ)માં સિફારિશનું વર્ણન[૧]

(વિભાગ : ૧) الفصل الاول

આ પ્રકરણમાં જો કે ચોરની સજામાં સિફારિશની મનાઈનું વર્ણન છે પણ કોઈ હદમાં સિફારિશ (ભલામણ) જાઈઝ નથી, એટલા માટે મિશ્કાતના કર્તાએ હુદૂદ (સજાઓ) બહુવચન વર્ણવ્યું.

★ હદીષ : (૧)-૩૬૧૦ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَن عائشةَ رَضِيَ اللهُ عَنْهَا أَنَّ قُرَيْشًا أَهَمَّهُمْ شَأْنُ الْمَرْأَةِ الْمَخْزُومِيَّةِ الَّتِي سَرَقَتْ فَقَالُوا: مَنْ يُكَلِّمُ فِيهَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ؟ فَقَالُوا: وَمَنْ يَجْتَرِئُ عَلَيْهِ إِلَّا أُسَامَةُ بْنُ زَيْدٍ حِبُّ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَكَلَّمَهُ أُسَامَةُ. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَتَشْفَعُ فِي حَدٍّ مِنْ حُدُودِ اللَّهِ؟» ثُمَّ قَامَ فَاخْتَطَبَ ثُمَّ قَالَ: «إِنَّمَا أَهْلَكَ الَّذِينَ قَبْلَكُمْ أَنَّهُمْ كَانُوا إِذَا سَرَقَ فِيهِمُ الشَّرِيفُ تَرَكُوهُ وَإِذَا سَرَقَ فِيهِمُ الضَّعِيفُ أَقَامُوا عَلَيْهِ الْحَدَّ وَايْمُ اللَّهِ لَوْ أَنَّ فَاطِمَةَ بِنْتَ مُحَمَّدٍ سَرَقَتْ لَقَطَعْتُ يَدَهَا» . مُتَّفَقٌ عَلَيْهِ. وَفِي روايةٍ لمسلمٍ: قالتْ: كانتِ امرأةٌ مخزوميَّةٌ تَسْتَعِيرُ الْمَتَاعَ وَتَجْحَدُهُ فَأَمَرَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِقَطْعِ يَدِهَا فَأَتَى أَهْلُهَا أُسَامَةَ فَكَلَّمُوهُ فَكَلَّمَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِقَطْعِ يَدِهَا فَأَتَى أَهْلُهَا أُسَامَةَ فَكَلَّمُوهُ فَكَلَّمَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِيهَا ثُمَّ ذكرَ الحديثَ بنحوِ مَا تقدَّمَ

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે કુરૈશને તે મખ્ઝૂમી સ્ત્રીની હાલતે ગમમાં નાખી દીધા જેણે ચોરી કરી હતી[૧]. તેમણે મશ્વરો કર્યો કે તેણીના બારામાં રસૂલુલ્લાહ ﷺ ને કોણ અર્ઝ કરે ?! તો બોલ્યા કે એના માટે કોણ હિંમત કરી શકે છે સિવાય ઓસામા ઈબ્ને ઝયદના કે જે રસૂલુલ્લાહ ﷺ ના પ્યારા છે[૨]. જેથી હુઝૂર ﷺ ને ઓસામાએ અર્ઝ કરી[૩] તો ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ, શું તમે અલ્લાહ તઆલાની હદોમાંથી એક હદમાં સિફારિશ કરો છો ?![૪] પછી ઉભા થયા, ખુત્બો આપ્યો પછી ફર્માવ્યું, તમારાથી પહેલાવાળા કેવળ એ કારણે હલાક કરવામાં આવ્યા[૫] કે તેમનામાં જ્યારે કોઈ ઈજ્જતવાળો ચોરી કરતો હતો તો તેને છોડી આપતા હતા, અને જ્યારે કોઈ કમજોર માણસ ચોરી કરતો તો તેના પર હદ (સજા) લાગુ કરતા[૬]. અને અલ્લાહની કસમ ![૭] જો મુહમ્મદ મુસ્તફાની છોકરી ફાતિમા પણ ચોરી કરતી તો હું તેણીના પણ હાથ કાપી નાખત[૮]. (મુસ્લિમ, બુખારી) અને મુસ્લિમની રિવાયતમાં છે, ફર્માવે છે કે એક મખ્ઝૂમી સ્ત્રી સામાન માગી લેતી હતી (ઉધાર પછી) અને તેનો ઈન્કાર કરી દેતી હતી[૯]. તો નબી કરીમ ﷺ એ તેણીના હાથ કાપવાનો હુકમ આપ્યો. તો તેણીના ઘરવાળાં ઓસામાની પાસે આવ્યા. તેમને કાંઈ કહ્યું સાંભળ્યું તો તેમણે રસૂલુલ્લાહ ﷺ ને તેમના વિશે અર્ઝ કરી. પછી વર્ણવેલ હદીષ મુજબ વર્ણવ્યું[૧૦].''

૧. મખ્ઝૂમ કુરેશનો ઘણો જ મોટો કબીલો છે. એ જ કબીલામાં અબૂ જહલ હતો. સ્ત્રીનું નામ ફાતિમા બિન્તે અસ્વદ ઈબ્ને અબ્દુલ અસ્વદ છે. હઝરત અબૂ સલમાનાં ભત્રીજી ખૂબ જ ઉચ્ચ નસલ (વંશ) અશરફ કૌમમાંથી હતાં.

૨. આ મશ્વરો હઝરત સહાબાએ કર્યો એ ખયાલથી કે આવી ઉચ્ચ ખાનદાનની સ્ત્રીનો હાથ કપાવવાથી એ

ખાનદાનના બગડી જવાનો ખતરો છે, જેનાથી મોટો ફસાદ ફેલાય શકે છે. જેથી તેણી પર દંડ વગેરે કરી દેવામાં આવે, પણ હાથ કાપવામાં ન આવે. કુર્આને કરીમ ફર્માવે છે : اَلْفِتْنَةُ اَشَدُّ مِنَ الْقَتْلِ (અને એમનો ફસાદ ખરાબી તો ક़ત્લથી પણ સખ્ત છે. સૂરએ બક़રહ, ૨/૧૯૧)

૩. હઝરત ઓસામા ઈબ્ને ઝયદે આ આયત પર નજર રાખીને સિફારિશ કરી કે مَنْ يَّشْفَعْ شَفَاعَةً حَسَنَةً يَّكُنْ لَّهٗ نَصِيْبٌ مِّنْهَا (જે સારી ભલામણ કરે તેના માટે તેમાંથી હિસ્સો છે. સૂરએ નિસાઅ, ૪/૮૫) તો એવું સમજ્યા કે આ સિફારિશ પણ સારી શફાઅતમાં સામેલ છે. સારાંશ કે તમામ સહાબાએ કિરામ અને હઝરત ઓસામા رضی اللہ عنہ ની નિય્યત ભલી હતી. તેમને એ મસ્અલાની ખબર ન હતી જે હવે વર્ણન થઈ રહ્યો છે.

૪. આ ફર્માને આલી આશ્ચર્યના રૂપે છે કે તમારા જેવા બુદ્ધિશાળી આવી સિફારિશ કરે છે ! આ સિફારિશ તો શફાઅતે સૈય્યિઆ (બુરી ભલામણ)માં સામેલ છે. રબ તઆલા ફર્માવે છે : مَنْ يَّشْفَعْ شَفَاعَةً سَيِّئَةً يَّكُنْ لَّهٗ كِفْلٌ مِّنْهَا (અને જે બુરી સિફારિશ કરે તેના માટે તેમાંથી હિસ્સો છે. સૂરએ નિસાઅ, ૪/૮૫) જેથી આ સિફારિશમાં ન તો સહાબા હઝરાત رضوان اللہ تعالیٰ علیہم اجمعین પર વાંધો છે ન હઝરત ઓસામા પર. એ પહેલાં માલૂમ થઈ ચૂક્યું કે ચોરીનો કેસ દાખલ થતા પહેલાં એ બંદાનો હક્ક़ છે કે માલિક માફ કરી શકે છે, અને કેવળ દાખલ થઈ જવા પર અલ્લાહનો હક્ક़ બની જાય છે, જેથી કોઈ તેને માફ કરી શકતુ નથી. અહીં કેસ બારગાહે રિસાલતમાં રજૂ થઈ ચૂક્યો હતો.

૫. اهلك ક્યાં તો મઅરૂફ છે જેથી એનો કર્તા انّهم ـــ الخ છે, અથવા મજહૂલ છે તો તેના નાયબ કર્તા الذين છે. એ લોકોથી મુરાદ યહૂદી તથા ઈસાઈ છે, અને હલાકતથી ક़ૌમી તબાહી, દેશની અવ્યવસ્થા છે.

૬. એટલે કે યહૂદી ઈસાઈમાં ઝિના, ચોરી, ક़ત્લ વગેરે ગુનાહો એટલા માટે વધી ગયા કે તેમના હાકિમો તથા રાજાઓએ માલદારો તથા મોટા લોકોની હદોમાં છૂટ છાટ મૂકવાનુ શરૂ કરી આપ્યું. દેશની વ્યવસ્થા કેવળ બે ચીજોથી ક़ાયમ રહી શકે છે : સજાઓ સખત હોય, જેમ કે ઈસ્લામી સજાઓ છે. અને કોઈ મુજરિમની છૂટછાટ જામિનગીરી ન થાય. કોઈ બદ્માશ ક़ાનૂનની પકડથી બચી ન શકે. રબ તઆલા ફર્માવે છે : وَلَكُمْ فِي الْقِصَاصِ حَيٰوةٌ (અને ખૂનનો બદલો લેવામાં તમારી જિંદગી છે. સૂરએ બક़રહ, ૨/૧૭૯) અહીં કેમ કે ચોરીનો કેસ રજૂ થયો હતો એટલા માટે હુઝૂર ﷺએ ચોરીનો ઉલ્લેખ કર્યો, નહીં તો એ લોકોમાં દરેક જુર્મની સજાનો એ જ હાલ હતો. ઝાની હોય કે ખૂની. આ છૂટછાટો અને ચૌધરી તથા ગૈર ચૌધરીના ફરકનું પરિણામ આપણે પોતાની આંખોથી જોઈ રહ્યા છીએ. અલ્લાહ તઆલા આપણને ઈસ્લામી હુકૂમત દેખાડે.

૭. બસરી કહે છે કે ايم બન્યું છે ايمن અથવા يمن થી, અર્થ બરકત અને અહીં اقسم છુપુ હોય છે. એટલે અલ્લાહની બરકતોની ક़સમ. કહે છે કે ايم બહુવચન છે يمين નું ક़સમના અર્થમાં. સારાંશ ايم اللّٰه નો અર્થ છે અલ્લાહની ક़સમ.

૮. سبحان اللّٰه આ છે અદ્લો ઈન્સાફ જેનાથી જમીન તથા આસમાન ક़ાયમ છે. યાદ રાખશો કે સર્વ ઔલાદે અત્હાર (પવિત્ર ઔલાદ)માં હુઝૂર ﷺને જનાબ ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا ઘણા જ પ્યારાં છે, કેમ કે સર્વ ઔલાદમાં નાનાં છે. તેમજ તેમનાં વાલિદા માજિદા ઉમ્મુલ મો'મિનીન ખદીજતુલ કુબ્રા رضی اللہ عنہا આપને ઘણી જ નાની ઉમરમાં છોડીને વફાત પામી ગયાં. જેથી આપ હુઝૂર ﷺની જ ગોદ શરીફમાં ઉછર્યાં, મોટા થયાં, એટલા માટે આપનું નામ શરીફ જ લીધુ, નહીં તો મુરાદ સર્વ ઔલાદ, બીવીઓ તથા સગાં સંબંધી છે. صلوٰۃ اللّٰہ وسلامہ علیٰ ابیہا وبعلہا وعلیہا وابنہا અને આ કજીર્યો શર્તી તે છે જેના બંને ભાગ મુક़દમ તથા તાલી અશક્ય છે. જેમ કે : اِنْ كَانَ لِلرَّحْمٰنِ وَلَدٌ ۖ فَاَنَا اَوَّلُ الْعٰبِدِيْنَ (ધારો કે રહમાનને કોઈ પુત્ર હોત તો સૌ પ્રથમ હું પૂજત. સૂરએ ઝુખ્રૂફ, ૪૩/૮૧)

૯. એ સ્ત્રીની ઓળખ કરાવવા માટે છે કેમ કે તેણી એ ખાસિયતમાં મશહૂર થઈ ચૂકી હતી, ન કે જુર્મના વર્ણન માટે. કેમ કે તેણીનો હાથ એ ઈન્કારના કારણે ન કપાયો હતો બલ્કે તેણીએ એકવાર ચોરી કરી લીધી હતી જેથી તેણીનો હાથ કપાયો. એટલે કે તે સ્ત્રી જેની એ હાલત હતી તે ચોરીમાં પકાડઈ ગઈ તો હુઝૂરે અન્વર ﷺએ તેણીનો હાથ કાપવાનો હુકમ આપ્યો. અમુક લોકોએ કહ્યું કે ઈમામ અહમદ તથા ઈમામ ઈસ્હાકની નજીક ઉધાર ઉછીની ચીજના ઈન્કાર પર પણ હાથ કપાય જાય છે, આ હદીષના જાહેરી અર્થના આધારે જોતાં. واللّٰه اعلم પણ અન્ય હદીષોમાં તેણીની ચોરીનું સ્પષ્ટ વર્ણન છે. *(અશિઅહ તથા મિર્કાત)*

૧૦. એટલે કે ફાતિમા મખ્ઝૂમિયા પહેલાં તો ઉધાર ઉછીનાના જુર્મ કરતી હતી, પછી ચોરીમાં પકડાઈ ગઈ હતી. યાદ રાખશો કે હુકૂકુલ્લાહ (અલ્લાહના હક્કો)વાળી હદો (સજાઓ)માં સિફારિશ કરવી હરામ છે, પણ તઅઝીર તથા બંદાના હક્કોવાળી સજાઓમાં સિફારિશ કરવી જાઈઝ છે, બલ્કે સવાબ છે. જ્યારે કે જુર્મ કરનાર બદ્દમાશ (બુરો) ન હોય. ભલે કેસ હાકિમ સુધી પહોંચી ગયો હોય, જેમ કે કત્લનો કેસાસ, કે એમાં કત્લ થનારના વારસોથી માફી કે સુલહ કરાવી દેવામાં વાંધો નથી. (મિર્કાત) ઝિના તથા ચોરીની સજાઓ અલ્લાહના હક્કોમાંથી છે, એમાં સિફારિશ કરવી હરામ છે. ઝિનાની સજા પહેલેથી જ હક્કુલ્લાહ (અલ્લાહનો હક્ક) છે, અને ચોરી હાકિમની પાસે કેસ પહોંચ્યા બાદ હક્કુલ્લાહ બની જાય છે. જો કોઈ માલિક માલ વડે સિફારિશ કરીને કેસ હુકૂમતમાં ન પહોંચવા દે તો જુર્મ નથી.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૨)-૩૬૧૧ ★

عَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم يَقُول: «مَنْ حَالَتْ شَفَاعَتُهُ دُونَ حَدٍّ مِنْ حُدُودِ اللَّهِ فَقَدَ ضَادَّ اللَّهَ وَمَنْ خَاصَمَ فِي بَاطِلٍ وَهُوَ يَعْلَمُهُ لَمْ يَزَلْ فِي سُخْطِ اله تَعَالَى حَتَّى يَنْزِعَ وَمَنْ قَالَ فِي مُؤْمِنٍ مَا لَيْسَ فِيهِ أَسْكَنَهُ اللَّهُ رَدْغَةَ الْخَبَالِ حَتَّى يَخْرُجَ مِمَّا قَالَ» . رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُد وَفِي روايةٍ للبيهقيِّ فِي شعب الْإِيمَان «مَنْ أَعانَ على خُصُومَةً لَا يَدْرِي أَحَقٌّ أَمْ بَاطِلٌ فَهُوَ فِي سَخطِ اللَّهِ حَتَّى ينْزع»

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા છે જેની સિફારિશ અલ્લાહની હદોમાંથી કોઈ હદમાં આડ બની જાય તો તેણે અલ્લાહ તઆલાનો મુકાબલો કર્યો[૧] અને જે બાતિલ ચીજમાં જાણવા છતાં ઝઘડે તે અલ્લાહની નારાઝગીમાં રહેશે, ત્યાં સુધી કે તેનાથી નીકળી જશે[૨]. અને જે કોઈ મુસલમાનમાં બુરાઈ વર્ણવે જે એનામાં નથી તો અલ્લાહ તેને કાચા પરૂમાં રાખશે[૩] ત્યાં સુધી કે પોતાના કહયાથી નીકળી જાય[૪] (અહમદ, અબૂ દાઉદ) અને બયહકીની શોઅબુલ ઈમાનની રિવાયત છે કે જે કોઈ ઝઘડામાં મદદ કરો ન જાણતો હોય કે તે હક્ક છે કે બાતિલ, તો તે અલ્લાહની નારાઝગીમાં રહેશે ત્યાં સુધી કે નીકળી જાય[૫].''

૧. એટલે કે જો સિફારિશીએ જો એવા સંજોગો પેદા કરી આપ્યા કે જેના લીધે શરઈ હદ (સજા) કાયમ ન થઈ શકી તો એ સિફારશી અલ્લાહનો દુશ્મન છે અને જો હાકિમે સિફારિશ કબૂલ કરીને મુજરિમને છોડી આપ્યો તો સિફારિશ કરીને હાકિમને છોડી દેવા માટે કે વઝીર કોઈ મુજરિમની સિફારિશ કરીને હાકિમને છોડી દેવા માટે મજબૂર કરે, અને હાકિમ છોડવા તો ચાહો ન હતો પણ તેમના દબાણથી મજબૂર થઈ ગયો, ત્યારે આ હુકમ છે.

જેથી હદીષ પર એ વાંધો નથી કે હુઝૂરે અન્વર ﷺએ છોડાવનાર સિફારિશીનો ઉલ્લેખ કર્યો અને છોડાવનાર હાકિમનો ઉલ્લેખ કેમ ન કર્યો.

૨. આ ફર્માને આલી ખૂબ જ વિશાળતાવાળુ છે, જૂઠા કેસો કરનારા, જૂઠા મુનાઝિર, જૂઠા ઝઘડાળુ સૌ એમાં સામેલ છે. રબ તઆલા હિદાયત આપે. જો આ હદીષ પર અમલ થઈ જાય તો મુકદ્દમાબાજીઓ, મુનાઝરાઓ સર્વ ખત્મ થઈ જાય.

૩. دغة الخبال રે ના ઝબર, દાલના જઝમ અને ખે તથા બેના ઝબરથી કાચુ પરૂ જેને ઉર્દૂમાં કચલહૂ કહે છે. એનાથી મુરાદ દોઝખનું તે સ્થળ છે જ્યાં દોઝખીઓનું પરૂ તથા લોહી ભેગુ થાય છે.

૪. એટલે કે દુનિયામાં જેટલા દિવસો સુધી એ મુસલમાન ભાઈને અયબ લગાડતો રહ્યો એટલા દિવસો સુધી જહન્નમના એ તબકામાં રાખવામાં આવશે કે ત્યાં રહેશે અને એ કાચુ પરુ જ પીશે. અલ્લાહની પનાહ !

★ હક્ક બાતિલની જાણ વિના અંધાધુંધ મદદ કરનાર ખુદાના ગઝબમાં ★

૫. આ ફર્માને આલી પહેલા ફર્માન કરતાં અધિક સખત છે. ત્યાં બાતિલ પર ઝઘડાનો ઉલ્લેખ હતો અને અહીં જેના વિશે હક્ક હોવાનું યકીન ન હોય અને બાતિલ હોવાની શંકા હોય તેમાં ઝઘડાવાળાની મદદ કરવા પર ધમકી છે. એટલે કે **જો કોઈ શખ્સ કોઈ મસ્અલા અથવા કોઈ ચીજ પર બીજા સાથે ઝઘડી રહ્યો છે. તમને ખબર ન પડી કે એ હક્ક પર છે કે બાતિલ પર છતાં તમે તેની અંધાધુંધ મદદ કરી તો તમે પણ ખુદાના ગઝબમાં આવી ગયા.** એનાથી તે લોકો બોધ ગ્રહણ કરે જેઓ કેવળ જાતિવાદ પર બીજાઓ સાથે લડે છે. પોતાની સમજાતીની જૂઠ તથા જુલ્મ પર મદદ કરે છે. તેમજ **તે બેરીસ્ટર તથા વકીલ બોધ ગ્રહણ કરે જેઓ થોડા રૂપિયા ખાતર જુલ્મની તરફદારી તથા વકાલત કરે છે.**

"હઝરત અબૂ ઉમૈયા મખ્ઝૂમીથી[૧] રિવાયત છે કે નબી કરીમ عليه الصلوة والسلام ની પાસે એક ચોર લાવવામાં આવ્યો જેણે સ્પષ્ટપણે ઈકરાર કરી લીધો હતો અને તેની પાસે સામાન જોવા ન મળ્યો[૨] તો તેને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે હું તારા વિશે ખયાલ નથી કરતો કે તેં ચોરી કરી હોય[૩] તે બોલ્યો, હા. હુઝૂરે બે ત્રણ વાર તેને કહ્યું. તે દરેક વાર ઈકરાર જ કરતો રહ્યો. તો હુકમ આપ્યો એનો હાથ કાપવામાં આવે[૪]. અને તેને લાવવામાં આવ્યો તો તેને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહથી માફી માગ અને તૌબા કર. બોલ્યો, હું અલ્લાહથી માફી માગુ છું અને તેની બારગાહમાં તૌબા કરું છું. રસૂલુલ્લાહ ﷺ એ ત્રણ વાર ફર્માવ્યું, ઈલાહી! તેની તૌબા કબૂલ કરી લે[૫]." (અબૂ દાઊદ, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી) મેં ચારેવ ઉસૂલ અને જામેઅ ઉસૂલ શોઅબુલ ઈમાન અને મઆલિમુસ્સુનનમાં આ જ પ્રમાણે પામ્યું[૬]."

★ હદીષ : (3)-૩૬૧૨ ★

وَعَنْ أَبِي أُمَيَّةَ الْمَخْزُومِيِّ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أُتِيَ بِلِصٍّ قَدِ اعْتَرَفَ اعْتِرَافًا وَلَمْ يُوجَدْ مَعَهُ مَتَاعٌ فَقَالَ لَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا أَخَالُكَ سَرَقْتَ» . قَالَ: بَلَى فَأَعَادَ عَلَيْهِ مَرَّتَيْنِ أَوْ ثَلَاثًا كُلُّ ذَلِكَ يَعْتَرِفُ فَأَمَرَ بِهِ فَقُطِعَ وَجِيءَ بِهِ فَقَالَ لَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «اسْتَغْفِرِ اللَّهَ وَتُبْ إِلَيْهِ» فَقَالَ: أَسْتَغْفِرُ اللَّهَ وَأَتُوبُ إِلَيْهِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «اللَّهُمَّ تُبْ عليهِ» ثَلَاثًا. رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ هَكَذَا وجدتُ فِي الْأُصُول الْأَرْبَعَة وجامع الْأُصُول وَشُعَبُ الْإِيمَانِ وَمَعَالِمُ السُّنَنِ عَنْ أَبِي أُمَيَّةَ

૧. આપ સહાબી છે. આપનું નામ જાણી ન શકાયું, કેવળ કુન્નિયતથી મશહૂર છે. આપના થકી કેવળ આ જ એક હદીષ રિવાયત પામેલી છે. આપનાથી અબૂ ઝર ગફ્ફારી મૌલા અબૂ મુન્ઝરે રિવાયત કરી. رضوان الله تعالیٰ علیہم اجمعین *(મિર્કાત તથા અશિઅહ)*

★ ચોરીનો કેસ દાખલ થતા પહેલાં માફ થઈ શકે, પછી નહીં ★

૨. لُص લામના પેશ અથવા ઝેરથી સાદની તશ્દીદથી, એટલે એક એવો શખ્સ આપની ખિદમતમાં સહાબાએ કિરામ લાવ્યા જેની ચોરી પર કોઈ ગવાહ ન હતું, ન ચોરીની નિશાની હતી, એટલે કે ચોરેલો માલ તેની પાસે ન હતો. લોકો સામે તેણે ચોરીનો ઈક્રાર કરી લીધો હતો એના કારણે તેને બારગાહે આલીમાં હાજર કરવામાં આવ્યો.

૩. اخال હમ્ઝાના ઝેરથી છે અસલમાં اِخَال હમ્ઝાના ઝબરથી હતું. خال يخال خيال થી سمع يسمع બન્યું એટલે અમને તારા વિશે એ ખયાલ નથી કે તેં ચોરી કરી હોય, તને ધોકો થયો છે.

૪. આ હદીષના આધારે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ નો એક ક્રૌલ એ છે કે ઝિનાના ઈક્રારની જેમ ચોરીના ઈક્રારમાં પણ વારંવાર ઈક્રાર કરાવવામાં આવે અને એ ચોર પણ ઈક્રાર બાદ રુજૂઅ કરી લે (ના પાડી દે) તો તેને છોડી મૂકવામાં આવશે. અન્ય ઈમામો એટલે ઈમામે આ'ઝમ, ઈમામ માલિક, ઈમામ મુહમ્મદ બલ્કે ખુદ ઈમામ શાફઈના એક ક્રૌલમાં કેવળ એક ઈક્રાર પર હાથ કપાશે. ઈમામ અહમદ તથા ઈમામ અબૂ યૂસુફની નજીક કેવળ ઈક્રારથી હાથ નથી કપાતો. ઈમામે આ'ઝમ વગેરેની દલીલ તે હદીષ છે જે તહાવીએ હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી કે હુઝૂરે અન્વર ﷺ એ કેવળ એક ઈક્રાર પર હાથ કપાવ્યો. આ હદીષમાં જે વારંવાર (ઈકરાર)નું વર્ણન છે તે ચોરીના અર્થની તેહક્રીક્રના માટે છે કે ક્યારેક ચોર ગલતીથી ખયાનત વગેરેને ચોરી સમજી રહ્યો હોય. واللہ اعلم *(મિર્કાત)*

૫. એનાથી જાણવા મળ્યું કે હાથ કાપ્યા બાદ ચોરથી તૌબા પણ કરાવવામાં આવે, કેમ કે હાથ કપાય જવો તો શરઈ જુર્મનો કફ્ફારો થયો, પણ અલ્લાહ તઆલાની નાફર્માનીની માફી તૌબાથી થશે.

૬. એટલે કે એ કિતાબોમાં આ હદીષ અબૂ ઉમૈયાથી રિવાયત પામેલી છે ન કે અબૂ રિમ્ષાથી. યાદ રાખશો કે જામેઅ ઉસૂલુસ્સુન્નહ ઈમામ ઈબ્ને અષીરની મશહૂર કિતાબ છે.

"અબૂ ઉમૈયાની રિવાયત અને મસાબીહના નુસ્ખાઓમાં અબૂ રિમ્ષાથી છે. રે અને ત્રણ નુકતાવાળા ષેથી, હમ્ઝા તથા યેને બદલે[૧]."

★ હદીષ : (૪)-૩૬૧૩ ★

[4]- 3613 وَفِي نُسَخِ الْمَصَابِيحِ عَنْ أَبِي رِمْثَةَ بِالرَّاءِ والثاء الْمُثَلَّثَة بدل الْهمزَة وَالْيَاء

૧. આ પ્રકરણ ત્રીજા વિભાગથી ખાલી છે. યાદ રાખશો કે એના પર તો સર્વ ઈમામોની એકમતી છે કે ચોરીની સજા કાપવું છે જ્યારે કે ચોરીની સર્વ શરતો જોવા મળે. એમાં મતભેદ છે કે ચોરથી માલનો તાવાન (દંડ) પણ લેવામાં આવશે કે નહીં. આપણો મઝહબ એ છે કે જો ચોરેલો માલ ચોરની પાસે મૌજૂદ છે તો માલિકને અપાવી દેવામાં આવશે. અને જો માલ તેની પાસેથી જતો રહ્યો અથવા તેણે ખર્ચી કાઢયો કે વેડફી નાખ્યો તો ઝમાનત વાજિબ નથી કેવળ હાથ કાપવાની સજા પૂરતી છે. અન્ય ઈમામોને ત્યાં માલનો તાવાન પણ આપવામાં આવશે. આપણી દલીલ તે હદીષ છે જે નિસાઈએ અબ્દુર્રહમાન ઈબ્ને ઔફની રિવાયતથી નકલ કરી કે જ્યારે ચોરીવાળા પર હદ (સજા) લાગુ કરી દેવામાં આવે તો તેના પર તાવાન નથી. અને દારકુત્નીના શબ્દોમાં لا غرم على السارق بعد قطع يمينه

અને બઝ્ઝારે રિવાયત કરી لايضمن السارق سرقة بعد اقامة الحد. રબ તઆલા ફર્માવે છે : السَّارِقُ وَالسَّارِقَةُ فَاقْطَعُوْٓا اَيْدِيَهُمَا جَزَآءًۢ بِمَا كَسَبَا 'مَا كَسَبَا' (અને જે પુરૂષ કે સ્ત્રી ચોર હોય તો તેમનો હાથ કાપો તેમના કરેલાનો બદલો. સૂરએ માઈદા, ૫/૩૮)માં مَا આમ છે જેનાથી જાણવા મળે છે કે ચોરના હાથ કાપી નાખવા તેના સર્વ જુર્મોની સજા છે, ચોરીની પણ અને માલ વેડફી કાઢવાની પણ. *(મિર્કાત, હિદાયા તથા કુતુબે ઉસૂલ)*

બાબો હદ્દે ખમ્ર بابحدالخمر

(શરાબની સજાઓ[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. خمر (ખમ્ર)નો અર્થ છે છુપાવવું, એટલા માટે ઓઢણીને ખમાર કહે છે કે તે માથાને છુપાવી લે છે. અમુક ઈમામોની નજીક દરેક નશાકારક ચીજ ખમ્ર છે. અમુકની નજીક કેવળ દ્રાક્ષની શરાબને ખમ્ર કહે છે. અંગૂરી (દ્રાક્ષની) શરાબનું એક ટીપુ પણ ઈજમાઅથી હરામ છે. બીજી શરાબોમાં નશાની હદ સુધી ઈજમાઅથી હરામ છે, એનાથી ઓછાના હરામ હોવામાં મતભેદ છે. સહીહ એ છે કે તે પણ મુત્લક્ન હરામ છે, નશો આપે કે ન આપે. શરાબની સજા ૮૦ કોરડા છે. સહાબાના યુગમાં શરૂમાં મતભેદ રહ્યો છે પછી ૮૦ કોરડાઓ પર એકમતી થઈ ગઈ. શરાબની સજાના માટે શર્ત એ છે કે નશાની હાલતમાં તેની ગવાહી તથા ઈક્રાર હાકિમ પાસે થઈ જાય. નશો ઉતરી ગયા બાદ જો ઈક્રાર કે ગવાહી ગુજરે તો ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં તેના પર એ સજા લાગુ થશે નહીં.

★ નશાની હાલતમાં મોઢેથી કુફ્રી શબ્દો નીકળી જાય તો ? ★

યાદ રાખશો કે નશાવાળાની તલાક્ તો લાગુ થઈ જાય છે પણ તેનો ઈર્તેદાદ (દીનથી ફરી જવું) દુરુસ્ત નથી. એટલે જો તેના મોઢેથી નશામાં કુફ્રી શબ્દો નીકળી જાય તો ઈસ્લામથી ખારિજ થશે નહીં. એક સહાબીએ નશાની હાલતમાં મગરિબની નમાઝમાં સૂરએ કાફિરૂન પઢી તો દરેક જગાએ "લા" છોડી આપ્યું તો એ કુફ્રી કલમા બની ગયા પણ તેમના પર ઈર્તેદાદનો હુકમ નથી આપવામાં આવ્યો, બાદમાં શરાબ હરામ કરી દેવામાં આવી.

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ શરાબની સજામાં લાકડીઓ તથા પગરખાં વડે મરાવ્યો છે[૧] અને હઝરત અબૂ બક્રએ ચાલીસ કોરડા લગાડયા[૨]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧)-૩૬૧૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ أَنَسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ ضَرَبَ فِي الْخَمْرِ بِالْجَرِيدِ والنِّعالِ وجلَدَ أَبو بكرٍ رَضِيَ اللهُ عَنهُ أربعينَ

૧. આ રિવાયત મુજમલ (ટૂંકી) છે કે એમાં સંખ્યાનું વર્ણન નથી. બીજી રિવાયતોમાં ચાલીસનો ઉલ્લેખ છે. અમુક રિવાયતોમાં છે કે હુઝૂરે અન્વર ﷺએ બે શાખો (ડાળીઓ) ચાલીસ લગાવડાવી જેનાથી અેંસી (૮૦) થઈ ગઈ. અને શક્ય છે કે શરૂમાં શરાબની સજા નિશ્ચિત ન હતી, બાદમાં નિશ્ચિત થઈ. આ રિવાયત શરૂ જમાનાની છે. *(મિર્કાત)*

★ શરાબીની સજા ૮૦ કોરડા ★

૨. આ રિવાયતના આધારે ઈમામ શાફઈ ફર્માવે છે કે શરાબની સજા ૪૦ કોરડા છે, પણ આપણે ત્યાં ૮૦ કોરડા છે. કેમ કે હઝરત ઉમર رضی اللہ عنہ એ હઝરત અલી رضی اللہ عنہ થી મશ્વરો કરીને ૮૦ કોરડા નિશ્ચિત કર્યા અને કોઈ સહાબીએ વાંધો ન ઉઠાવ્યો, જેથી ૮૦ કોરડા પર સહાબાએ કિરામનો મૌન ઈજમાઅ થઈ ગયો.

★ હદીષ : (૨)-૩૬૧૫ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَفِي رِوَايَةٍ عَنْهُ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَضْرِبُ فِي الْخَمْرِ بِالنِّعَالِ وَالْجَرِيدِ أَرْبَعِينَ

''અને બીજી રિવાયતમાં એ જ અનસથી છે કે નબી કરીમ ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ શરાબની સજામાં ૪૦ પગરખાં કે લાકડીઓ લગાડતા હતા[૧].''

૧. એટલે કે શરાબીને અમુક તો પગરખાં અથવા અમુક કોરડા બંનેની સંખ્યા મળીને ૪૦ થઈ.

★ હદીષ : (૩)-૩૬૧૬ ★

وَعَنِ السَّائِبِ بْنِ يَزِيدَ قَالَ: كَانَ يُؤْتَى بِالشَّارِبِ عَلَى عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَإِمْرَةِ أَبِي بَكْرٍ وَصَدْرًا مِنْ خِلَافَةِ عُمَرَ فَنَقُومُ عَلَيْهِ بِأَيْدِينَا وَنِعَالِنَا وَأَرْدِيَتِنَا حَتَّى كَانَ آخِرُ إِمْرَةِ عُمَرَ فَجَلَدَ أَرْبَعِينَ حَتَّى إِذَا عَتَوْا وَفَسَقُوا جَلَدَ ثَمَانِينَ. رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત સાઈબ ઈબ્ને યઝીદથી રિવાયત છે. ફર્માવે છે કે શરાબી લાવવામાં આવતો હતો રસૂલુલ્લાહ ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ ના જમાનામાં હઝરત અબૂબક્રની અમારત અને હઝરત ઉમરની શરૂ ખિલાફતમાં તો અમે અમારા હાથે અમારા જોડાઓ અમારી ચાદરોથી એના પર ઉભા થઈ જતા હતા[૧] ત્યાં સુધી કે હઝરત ઉમરની આખરી ખિલાફત આવી તો આપે ચાલીસ કોરડા લગાવડાવ્યા[૨] ત્યાં સુધી કે જ્યારે લોકો નાફર્માન અને બેરાહ થઈ ગયા તો એંસી કોરડા લગાવડાવ્યા[૩].'' (બુખારી)

૧. એટલે કે હુઝૂર ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ ના જમાના મુબારકમાં અને પૂરી સિદ્દીકી ખિલાફતમાં અને ફારૂકી ખિલાફતના શરૂમાં શરાબની સજા નિશ્ચિત થઈ ન હતી, અમે અમારી ચાદરનો કોરડો બનાવીને મારતા હતા, કેટલાંક જોડા (પગરખાં) મારી દેતા હતા, અમુક લાકડીઓ મારી દેતા હતા. લગભગ એ સૌ મળીને પણ ચાલીસ થતા ન હતા, જેવું કે, આગલા વર્ણનથી જાહેર છે.

૨. એનાથી જાણવા મળે છે કે એનાથી પહેલાં ચાલીસ કોરડા પણ મારવામાં આવતા ન હતા. હઝરત ઉમર رضي الله عنه એ ચાલીસ કોરડા નિશ્ચિત કર્યા.

૩. એટલે કે હઝરત ઉમર رضي الله عنه એ જ્યારે એ જોયું કે આટલી મામૂલી સજાથી શરાબ પીવાનું નથી રોકાતુ તો આપે એંસી કોરડા નિશ્ચિત કર્યા. જાણવા મળ્યું કે નરમ સજાઓ જુર્મની આદત રોકવા માટે પૂરતી નથી. આ હદીષ જમહૂર (બહુમતી) ઈમામની દલીલ છે કે શરાબની સજા એંસી કોરડાઓ નિશ્ચિત છે. સર્વ સહાબાએ આ સજા જોઈ અને કોઈએ વાંધો ન ઉઠાવ્યો, જેથી આ સજા પર સહાબાનો સુકૂતી (મૌન) ઈજમાઅ થઈ ગયો. સારાંશ રિસાલતના જમાનામાં શરાબની સજા હતી જરૂર પણ નિશ્ચિત ન હતી. પછી ચાલીસ કોરડા સિદ્દીકી યુગ કે ફારૂકી યુગમાં નિશ્ચિત થઈ. પછી છેવટે ફારૂકી યુગમાં એંસી કોરડા નિશ્ચિત થયા. જે રિવાયતોમાં છે કે હઝરત અલી رضي الله عنه એ પોતાની ખિલાફતના જમાનામાં ચાલીસ કોરડા માર્યા તે દુરુસ્ત નથી. મિર્કાતે એની જોરદાર રદ કરી અને એ રિવાયતને સખત ઝઈફ ઠરાવી.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૪)-૩૬૧૭ ★

عَنْ جَابِرٌ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ

''હઝરત જાબિર رضي الله عنه થી રિવાયત છે. તે નબી કરીમ ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ થી રાવી. ફર્માવે છે કે જે શરાબ પી લે તો તેને કોરડા મારો. જો ફરી પલ્ટે તો ચોથીવારમાં તેને

ક़त्ल करी दो[૧] रावी कहे छे के नबी करीम ﷺ नी पासे त्यार बाद ते शख्सने लाववामां आव्यो जेणे चोथी वार शराब पी लीधी हती. आपे तेने मार्यो पण तेने क़त्ल न कर्यो[૨].'' (तिर्मिज़ी)	شَرِبَ الْخَمْرَ فَاجْلِدُوهُ فَإِنْ عَادَ فِي الرَّابِعَةِ فَاقْتُلُوهُ» قَالَ: ثُمَّ أُتِيَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَعْدَ ذَلِكَ بِرَجُلٍ قَدْ شَرِبَ فِي الرَّابِعَةِ فَضَرَبَهُ وَلَمْ يقْتله. رَوَاهُ التِّرْمِذِيّ

૧. ક્યાં તો क़त्लથી मुराद सખત માર છે એટલે કે જાણે તેને મારી નાખો, અથવા એ હુકમ શરૂ ઈસ્લામમાં હતો પછી मन्सूख થઈ ગયો. કોઈ ઈમામનો એ મઝહબ નથી કે શરાબીની क़त्ल છે, બલ્કે આ હદીષનું આગલું વાક્ય પણ એ જ દર્શાવી રહ્યું છે કે क़त्लનો હુકમ ક્યાં તો मन्सूख છે અથવા मुताव्वल. (मिर्क़ात) અને शક્ય છે કે આ क़त्ल तअઝીર રૂપે હોય ન કે હદ (સજા) રૂપે, કે જો क़ાઝી શરાબી ફસાદીના क़त्लમાં मस्लेहत જુએ તો તેને क़त्ल કરી દે.

★ મુસલમાનની क़त्ल ત્રણ જુર્મો સિવાય જાઈઝ નથી ★

૨. આ અમલ શરીફથી જાણવા મળ્યું કે क़त्लનો હુકમ ક્યાં તો मन्सूख છે, અથવા અહીં क़त्लનો અર્થ સખત માર છે. નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે મુસલમાનની क़त्ल ત્રણ જુર્મો સિવાય અન્ય કોઈ કારણે જાઈઝ નથી : ઈર્તેદાદ (દીનથી ફરી જાય), કત્લે ઉમ્દ (ઈરાદાપૂર્વક ખૂન), પરિણીત થઈને ઝિના કરવું. તે હદીષ પણ આ વાક્યનું સમર્થન કરે છે. મિર્क़ાતે અહીં ફર્માવ્યું કે એક નાની જમાઅતે ગુજરેલી હદીષના આધારે હુકમ આપ્યો છે કે શરાબીને ચોથી વાર क़त्ल કરવામાં આવે પણ તેમનો આ क़ૌલ ઈજમાઅની વિરુદ્ધ છે. આ હદીષ એની નાસિખ છે અથવા એનું વર્ણન છે.

''અને અબૂ દાઉદે હઝરત क़બીસા ઈબ્ને ઝુવૈબથી રિવાયત કરી[૧].''	**★ હદીષ : (૫)-૩૬૧૮ ★**
	وَرَوَاهُ أَبُو دَاوُد عَن قبيصَة بن دؤيب

૧. क़બીસા ઈબ્ને ઝુવૈબ क़ાફના ઝબરથી અને ઝુવૈબ ઝાલના પેશ વાવના ઝબરથી છે. क़બીસાનો જન્મ હિ.સ. ૧માં થયો. આપને હુઝૂર ﷺની ગોદમાં રાખવામાં આવ્યા. હુઝૂરે અન્વર ﷺએ આપના માટે દુઆ કરી. આપ फ़क़ીહ તાબઈ છે અને આપની વફાત હિ.સ. ૮૬માં થઈ. *(अશિઅહ)*

''અને બંનેની બીજી રિવાયતમાં અને निसाઈ, ઈબ્ને माજહ, दारमीની રિવાયતમાં જે रसूलुल्लाह ﷺ ના અમુક सહાબાથી મરવી છે જેમનામાં હઝરત ઈબ્ને ઉમર, मुआવિયહ, અબૂ હુરૈરહ અને शरीद છે[૧].'' ٭ فاقتلوه સુધી છે.	**★ હદીષ : (૬)-૩૬૧૯ ★**
	وَفِي أُخْرَى لَهُمَا وَلِلنَّسَائِيِّ وَابْنِ مَاجَهْ وَالدَّارِمِيِّ عَنْ نَفَرٍ مِنْ أَصْحَابِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْهُمُ ابْنُ عُمَرَ وَمُعَاوِيَةُ وَأَبُو هُرَيْرَةَ والشريد إِلَى قَوْله: «فَاقْتُلُوهُ»

૧. હઝરત શરીદનું નામ માલિક ઈબ્ને સુવૈદ છે. હુઝૂરે અન્વર ﷺએ આપને શરીદનો લક़બ આપ્યો. શરીદનો અર્થ છે ભાગીને આવનાર. કેમ કે આપ પોતાની क़ૌમના એક શખ્સને क़त्ल કરીને મક્કા મોઅઝ્ઝમા નાસી આવ્યા અને મુસલમાન થઈ ગયા. એટલા માટે આપને આ લક़બ આપ્યો. षક़ફી છે. હઝરમૂતમાં વસવાટ કર્યો. *(अશિઅહ)*

''હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને અઝહરથી[૧] રિવાયત છે. ફર્માવે છે, જાણે હું रसूलुल्लाह ﷺ ને	**★ હદીષ : (૭)-૩૬૨૦ ★**
	وَعَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ الْأَزْهَرِ قَالَ: كَأَنِّي أَنْظُرُ إِلَى

رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذْ أُتِيَ بِرَجُلٍ قَدْ شَرِبَ الْخَمْرَ فَقَالَ لِلنَّاسِ: «اضْرِبُوهُ» فَمِنْهُمْ مَنْ ضَرَبَهُ بِالنِّعَالِ وَمِنْهُمْ مَنْ ضَرَبَهُ بِالْعَصَا وَمِنْهُمْ مَنْ ضَرَبَهُ بِالْمِيتَخَةِ. قَالَ ابْنُ وَهْبٍ: يَعْنِي الْجَرِيدَةَ الرَّطْبَةَ ثُمَّ أَخَذَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ تُرَابًا مِنَ الْأَرْضِ فَرَمَى بِهِ فِي وجهه. رَوَاهُ أَبُو دَاوُد

જોઈ રહ્યો છું[૨] જ્યારે કે આપની પાસે તે શખ્સને લાવવામાં આવ્યો જેણે શરાબ પી લીધી હતી. લોકોને કહ્યું, એને મારો[૩] તો અમુકે તેને જોડાઓ વડે માર્યો અને અમુકે તેને દંડા વડે માર્યો અને અમુકે તેને લાકડી વડે માર્યો. ઈબ્ને વહબે ફર્માવ્યું કે મતીખ્તથી મુરાદ લીલી ડાળી છે[૪]. પછી રસૂલુલ્લાહ ﷺ એ જમીનથી માટી લીધી તે તેના મોં પર મારી[૫]." (અબૂ દાઊદ)

૧. આપ સહાબી છે. કર્શી છે. અબ્દુર્રહમાન ઈબ્ને ઔફના ભત્રીજા છે, કેમ કે અઝહર ઔફના પુત્ર છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ના સાથીઓમાંથી છે. હુર્રા સ્થળે વફાત પામ્યા. *(મિર્કાત, અશિઅહ, અકમાલ)*

૨. એટલે કે એ બનાવ મને એ રીતનો યાદ છે જાણે કે હું તેને અત્યારે મારી આંખો વડે જોઈ રહ્યો છું. એમાં પોતાની યાદશક્તિ અને પોતાની યાદ પર વિશ્વાસનું પ્રદર્શન છે.

૩. એનાથી જાણવા મળ્યું કે શરાબીને સજા હાકિમે ઈસ્લામ આપે, દરેક શખ્સ પોતાની રાયથી નથી આપી શકતો. એ પણ જાણવા મળ્યું કે એ સજાના માટે કોઈ ખાસ માણસ જલ્લાદ નક્કી કરવો જરૂરી નથી. કૌમના લોકો મારી શકે છે, ભલે અમુકનો માર હલકો હશે અમુકનો સખત.

૪. مَتِيخْت શબ્દમાં મતભેદ છે કે એને કેવી રીતે પઢવામાં આવે. અધિક કયાસની નજીક એ છે કે પ્રથમ મીમ મકસૂરા (ઝેરવાળી) છે, પછી યે સાકિન, પછી તે ઝબરવાળી છે, પછી "ખે" ઝબરવાળી છે. અમુકે મીમને ઝબર, પછી "તે"ને ઝેર પછી યે સાકિન (જઝમવાળો)થી પઢયું ضَرْبٌ ના વઝન પર. તે કહે છે કે એનો માદ્દો ضرب એટલે ઘા કરવો મારવું છે. અમુકે મીમ પછી "તે" તશ્દીદવાળો પઢયો. શબ્દકોશવાળાએ આ શબ્દ નથી લીધો. સારાંશ એનો અર્થ છે મારવાની ચીજ ચાહે લીલી ડાળી હોય કે લાકડી અથવા કોરડો. (મિર્કાત) ઈબ્ને વહબ આ હદીષના રાવીઓમાંથી એક રાવી છે. તેમણે કહ્યું, અબ્દુર્રહમાનની મુરાદ લીલી ડાળી છે, એટલે આ શબ્દ ઘણા અર્થોમાં આવે છે પણ અહીં મુરાદ ખજૂરની લીલી ડાળી છે. ઈબ્ને વહબ ખૂબ જ ષિકહ, આલિમ, મુહદ્દિષ છે. તેમનો જન્મ હિ.સ. ૧૨૫માં છે. વફાત હિ.સ. ૧૯૯માં છે. *(અશિઅહ)*

૫. ક્યાં તો એ માટી તેની તરફ ફેંકી અથવા મોં પર જ મારી જેનાથી તેનું મોં ધૂળવાળુ થઈ ગયું. આ અમલ શરીફ ગુસ્સો દર્શાવવા છે અથવા એ શરાબખોરીની બદ્તરી દર્શાવવા છે. પાખાનુ વગેરે નાપાક ચીજ તેના તરફ ન ફેંકી જેથી તેનું શરીર નાપાક ન થઈ જાય. મુસલમાન ભલે ગમે તેવો મુજરિમ હોય પણ તેના ઈમાનનું માન જરૂરી છે.

★ સજા પામેલ મુજરિમને બદ્ દુઆ ન કરવી ★

★ હદીષ : (૮)-૩૬૨૧ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أُتِيَ بِرَجُلٍ قَدْ شرب الخمر فَقَالَ: «اضْرِبُوهُ» فَمِنَّا الضَّارِبُ بِيَدِهِ وَالضَّارِبُ بِثَوْبِهِ وَالضَّارِبُ بِنَعْلِهِ ثُمَّ قَالَ:

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ની પાસે તે શખ્સ લાવવામાં આવ્યો જેણે શરાબ પી લીધી હતી[૧]. ફર્માવ્યું, એને મારો! તો અમારામાંથી અમુક પોતાના હાથ વડે મારવા લાગ્યા હતા, અમુક પોતાના કપડા વડે અને

«بَكِّتُوهُ» فَأَقْبَلُوا عَلَيْهِ يَقُولُونَ: مَا اتَّقَيْتَ اللَّهَ مَا خَشِيتَ اللَّهَ وَمَا اسْتَحْيَيْتَ مِنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ بَعْضُ الْقَوْمِ: أَخْزَاكَ اللَّهُ. قَالَ: " لَا تَقُولُوا هَكَذَا لَا تُعِينُوا عَلَيْهِ الشَّيْطَانَ وَلَكِنْ قُولُوا: اللَّهُمَّ اغْفِرْ لَهُ اللَّهُمَّ ارْحَمْهُ ". رَوَاهُ أَبُو دَاوُد

અમુક પોતાના જોડા વડે[૨] પછી ફર્માવ્યું, એને મલામત (ભલુબુરુ કહેવું) કરો[૩]. તો લોકો તેના પર ધ્યાનિત થઈને કહેવા લાગ્યા, તને અલ્લાહથી ખૌફ ન થયો ! તું અલ્લાહથી ડર્યો નહીં ! તેં રસૂલુલ્લાહ ﷺ થી શરમ ન કરી ![૪] અમુક કૌમે કહ્યું, તને અલ્લાહ બેઈજ્જત કરે[૫]. ફર્માવ્યું[૬] એવું ન કહો, ન એના પર શૈતાનની મદદ કરો[૭] પરંતુ આ પ્રમાણે કહો, ખુદા એને બખ્શી દે, ઈલાહી ! એના પર રહમ કર[૮]. '' (અબૂ દાઉદ)

૧. શરાબે અંગૂરી (દ્રાક્ષની શરાબ) એટલે ખમ્ર પીધી હતી. અમુક રિવાયતોમાં ખમ્ર શબ્દ છે. *(મિર્કાત)*

૨. જાહેર એ છે કે નાપાક જોડા વડે ન માર્યો હશે જેનાથી તેનું શરીર નાપાક થઈ જાય. જોડા વડે મારવું ગુસ્સો પ્રદર્શિત કરવા અને બેઈજ્જતી દર્શાવવા છે કે એ કામ ખૂબ જ બેઈજ્જતીનું છે.

૩. એટલે કે એને જીભ વડે બુરુ ભલુ કહો. આ હુકમ મુસ્તહબરૂપે છે અને પહેલો હુકમ اضربوه વાજિબ હોવા માટે છે. કેમ કે શરાબીને મારની સજા આપવી અને જીભ વડે મલામત કરવી (ભલુ બુરુ કહેવું) મુસ્તહબ છે. سبحان الله ! ખુદ બુરુ નથી કહેતા પણ લોકોને તેનો હુકમ આપે છે. ખુદ તો માફીની દુઆ આપે છે. આપણા જેવા મુજરિમ પણ તેમના કરમમાં છે.

★ હુઝૂર ﷺ આપણા અમલોથી ખબરદાર છે જેથી હુઝૂરથી શરમ કરવી ★

૪. જાણવા મળ્યું કે મુસલમાનને દરેક ગુનાહમાં અલ્લાહ તઆલાના ડરની સાથે હુઝૂર ﷺથી શરમ પણ કરવી જોઈએ કે હુઝૂર ﷺ આપણા અમલોથી ખબરદાર છે. આપણા ગુનાહોને હુઝૂર જોઈ રહ્યા છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : وَيَكُوْنَ الرَّسُوْلُ عَلَيْكُمْ شَهِيْدًا (અને આ રસૂલ તમારા નિગેહબાન તથા ગવાહ છે. –સૂરએ બકરહ, ૨/૧૪૩) આ'લા હઝરત رضی اللہ عنہ એ શું સરસ ફર્માવ્યું :–

દિન લહ્વમેં ખોના તુઝે શબ સુબ્હ તક સોના તુઝે–શર્મ નબી ખૌફે ખુદા યહ ભી નહીં વો ભી નહીં

એ જ પ્રમાણે દરેક નેક અમલમાં રબ તઆલાની રઝા અને હુઝૂર ﷺની ખુશનુદીની નિય્યત કરવી જોઈએ. રબ તઆલા ફર્માવે છે :

وَاللّٰهُ وَرَسُوْلُهٗۤ اَحَقُّ اَنْ يُّرْضُوْهُ (અને અલ્લાહ વ રસૂલનો હક્ક અધિક હતો કે તેને રાજી કરતા. સૂરએ તૌબા, ૯/૬૨)

૫. દુનિયામાં કે આખેરતમાં અથવા બંને જગાએ. એટલે કે તેણે ભલુબુરુ કહેવાને બદલે બદ્ દુઆ કરી, નસીહતને બદલે નિંદા કરી.

૬. આ રહમતવાળા નબીએ, આ ગમોને દૂર કરવાવાળા રસૂલે. (મિર્કાત) જેનો સત્તારીનો દામન આપણે સૌ મુજરિમોને માટે ફેલાયેલો છે.

૭. કેમ કે તમારી આ બદ્ દુઆનો મતલબ તો એ થયો કે તે વારંવાર શરાબ પીધા કરે અને સજા પામ્યા કરે. શૈતાન તો એવું જ ચાહે છે, તો તમે શૈતાનની આરઝૂ પૂરી થવાની દુઆ કરી રહ્યા છો.

૮. એટલે કે આ પ્રમાણે કહો કે ઈલાહી ! તેની પાછલી શરાબની આદત વગેરેને માફ કરી દે અને ભાવિમાં ગુનાહોથી બચવા અને નેક અમલો કરવાની તૌફીક આપ, એના પર રહમ કર. યા અર્હમર્રાહિમીન ! આ સહાબીનો સદકો કે મુઝ સિયાહકાર, બદ્કાર અહમદ યાર પર પણ રહમત ફર્માવ, મારી પાછલી બદ્કારીઓને બખ્શી દે અને ભાવિમાં નેકીઓની તૌફીક આપે. આમીન !

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સે શરાબ પી લીધી. નશામાં થઈ ગયો. તો તેને રસ્તામાં ઝુમ્તો જોવામાં આવ્યો. તો તેને રસૂલુલ્લાહ ﷺ ની બારગાહમાં લઈને ચાલ્યો ગયો. જ્યારે તે હઝરત અબ્બાસના ઘરની સામે આવ્યો[૨] તો તે છૂટી ગયો તો હઝરત અબ્બાસ પર દાખલ થઈ ગયો, તેમને લપેટાઈ ગયો[૩]. નબી કરીમ ﷺ થી તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો તો હુઝૂરે અન્વર ﷺ હસી પડયા અને ફર્માવ્યું, તેણે એવું કર્યું[૪]! અને તેના બારામાં કાંઈ હુકમ ન આપ્યો[૫]." (અબૂ દાઊદ)

★ હદીષ : (૯)-૩૬૨૨ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: شَرِبَ رَجُلٌ فَسَكِرَ فَلُقِيَ يَمِيلُ فِي الْفَجِّ فَانْطُلِقَ بِهِ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا حَاذَى دَارَ الْعَبَّاسِ انْفَلَتَ فَدَخَلَ عَلَى الْعَبَّاسِ فَالْتَزَمَهُ فَذَكَرَ ذَلِكَ لِلنَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فضحكَ وَقَالَ: «أفعَلَها؟» وَلَم يأمرْ فيهِ بشيءٍ. رَوَاهُ أَبُو دَاوُد

૧. રાવીનું شرب કહેવું પોતાના ગુમાનના આધારે છે, નહીં તો તેને શરાબ પીતાં કોઈએ જોયો ન હતો, ન તેણે શરાબ પી લીધાનો સ્વીકાર કર્યો હતો. કેવળ તેના ઝુમવાથી સમજવામાં આવ્યું કે તેણે શરાબ પીધી છે. જેથી હદીષ બિલ્કુલ સહીહ તથા સ્પષ્ટ છે. ફજ્ જે વિશાળ રસ્તાને કહે છે જે બે પહાડોની વચ્ચે હોય, હવે દરેક વિશાળ રસ્તાને કહેવા લાગ્યા. જેથી ફજ્ ખાસ છે અને તરીક્ તથા સિરાત, સબીલ સામાન્ય રસ્તો. એટલે અમે તેને ગલી કૂચાઓથી નથી લાવ્યા બલ્કે મુખ્ય સડકથી લાવ્યા.

૨. અમુક શરહકર્તાઓએ અહીં ધોકો ખાધો છે કે આ બનાવ મક્કા મોઅઝ્ઝમાનો છે, કેમ કે હઝરત અબ્બાસનું ઘર સડકના કિનારે મક્કા મોઅઝ્ઝમામાં જ હતું, મદીના મુનવ્વરામાં ન હતું, બલ્કે મદીના પાકમાં તેમનું ઘર ગલી કૂચામાં હતું. પણ એ ક્વૌલ દુરુસ્ત નથી, કેમ કે હિજરતથી પહેલાં શરાબ હરામ ન હતી તેમજ ત્યાં ઈસ્લામી હુકૂમત કાયમ થઈ ન હતી કે મુજરિમને બારગાહે રિસાલતમાં લાવવામાં આવતા. જેથી હક્ક એ છે કે આ બનાવ હિજરત પછીનો છે અને શરાબ હરામ થઈ ચૂક્યા પછીનો છે, નહીં તો તેને પકડવામાં ન આવત. અને હઝરત અબ્બાસના ઘરની સામે આવવાનો મતલબ એ છે કે એ ગલીના કિનારા પર પહોંચ્યા જ્યાં હઝરત અબ્બાસનું ઘર છે. મહાઝાત એટલે મુકાબલો એમાં સામેલ છે.

૩. એટલે કે વિના ઈજાઝતે આપના ઘરમાં ઘુસી ગયો અને આપની સાથે લપેટાઈ ગયો કે મને એમનાથી છોડાવી લો અને સજાથી બચાવી લો. કેમ કે એટલા માટે કે : (શેઅર) *હોશમેં જો ન હો વો કયા ન કરે !* પણ પછી તેને પકડી લેવામાં આવ્યો.

૪. સરકારે આલી ﷺ હસ્યા તો તેનું આ અજબનું કામ સાંભળીને, અને સજા એટલા માટે ન આપી કે તેના શરાબ પીવા બાબતે ગવાહી ક્વાયમ થઈ ન હતી. એનાથી હનફી મસ્અલાનું સમર્થન થાય છે કે કેવળ ઝુમવાથી શરાબની સજા નથી આપી શકાતી, બલ્કે અયની ગવાહી જરૂરી છે અથવા સ્વીકાર કરવું. જે લોકો કેવળ ઝુમવા પર

હદ (સજા) લાગુ કરી દેવાને માનનારા છે તેઓ અહીં એ કારણ દર્શાવે છે કે તે વખતે શરાબ હરામ ન હતી, પણ એ ખુલાસો દુરુસ્ત નથી, નહીં તો પછી સહાબા તેને પકડીને બારગાહે નબુવ્વતમાં હાજર ન કરતા, ધરપકડ તો સજા માટે થાય છે, અને સજા જુર્મ પર થાય છે અને પીવું જુર્મ ત્યારે જ થઈ શકે છે જ્યારે કે શરાબ હરામ થઈ ચૂકી હોય.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૧૦)-૩૬૨૩ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ عُمَيْرِ بن سعيد النخفي قَالَ: سَمِعْتُ عَلِيَّ بْنَ أَبِي طَالِبٍ يَقُولُ: مَا كُنْتُ لِأُقِيمَ عَلَى أَحَدٍ حَدًّا فَيَمُوتَ فَأَجِدَ فِي نَفْسِي مِنْهُ شَيْئًا إِلَّا صَاحِبَ الْخَمْرِ فَإِنَّهُ لَوْ مَاتَ وَدَيْتُهُ وَذَلِكَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَمْ يسنه

''હઝરત ઉમૈર ઈબ્ને સઈદ નઈખથી રિવાયત છે. ફર્માવે છે, મેં હઝરત અલી ઈબ્ને અબી તાલિબ رضی اللہ عنہ ને ફર્માવતાં સાંભળ્યા કે હું કોઈના પર શરઈ હદ (સજા) લાગુ કરું. તે મરી જાય તો હું મારા દિલમાં કાંઈ રંજો ગમ મેહસૂસ ન કરીશ[૧]. સિવાય શરાબીના[૨] કે જો તે મરી જાય તો તેનો ખૂન બહા (ખૂનના બદલે માલ) આપુ[૩]. આ એટલા માટે છે કે રસૂલુલ્લાહ ﷺ એ સજા નિશ્ચિત ન કરી[૪].'' (મુસ્લિમ, બુખારી)

૧. ماكنت لاقيم નો લામ, લામે હજૂદ છે જે كنت ની નફી નથી થવા દેતો, બલ્કે اجد فی نفس ની નફી કરે છે. જેમ કે مَاكَانَ اللّٰهُ لِيُضِيْعَ اِيْمَانَكُمْ (સૂરએ બકરહ, ૨/૧૪૩)નો લામ. એટલે કે જો હું કોઈને ઝિનાના કોરડા મારું અથવા તોહમતના કોરડા મારું અને તે મરી જાય તો મને ગમ નથી કે એવા મૂઝીઓથી જમીનનું ખાલી થવું સારું છું.

૨. જો સજાના દરમિયાનમાં એ મરી જાય તો મને ખૂબ જ ગમ થશે.

૩. એટલે કે તે કોરડા ખાનારના વારસદારોને સો ઊંટ દિયત ખૂન બહા અદા કરીશ.

૪. એના પર ઈમામો એકમત છે કે જો કોઈ શખ્સ શરઈ હદ (સજા)થી મરી જાય તો હાકિમ અથવા જલ્લાદ અથવા બયતુલ માલ પર ખૂન બહા વાજિબ નથી, પરંતુ જો તઅઝીરથી મરી જાય તો તેમાં મતભેદ છે. ઈમામ માલિક તથા અહમદ ફર્માવે છે કે ખૂન બહા નથી, ઈમામ શાફઈને ત્યાં બયતુલ માલથી દિયત અદા કરવામાં આવશે. આપણે ત્યાં તેનો હુકમ કત્લે ખતા છે કે કાતિલના અસ્બા દિયત આપશે અને કાતિલ કફ્ફારો અદા કરશે. જેથી જો પતિ પોતાની પત્નીને અથવા ઉસ્તાદ પોતાના શાગિર્દને અથવા માલિક નોકરને અદબ માટે મારે અને અકસ્માતે તે મરી જાય તો કાતિલના વારસો પર દિયત અને કાતિલ પર કફ્ફારો છે. પરંતુ જો પતિના સંભોગ કરવાથી પત્ની મરી જાય તો ન દિયત છે ન કફ્ફારો છે બલ્કે મહેર વાજિબ છે. હઝરત અલી رضی اللہ عنہ ના આ ફર્માને આલીનો હેતુ એ છે કે જો શરાબીને એંસી કોરડા મારવામાં આવ્યા અને ચાલીસ બાદ તે મરી ગયો તો હું ઝમાનત આપીશ, કેમ કે હુઝૂરે અન્વર ﷺ એ ચાલીસ સુધી માર્યા છે, વધારો તો આપણે લોકોએ કર્યો છે, કદાચ આ વધારો હદ (સજા) ન હોય પણ તઅઝીરનો હુકમ ધરાવતો હોય.

★ હદીષ : (૧૧)-૩૬૨૪ ★

وَعَنْ ثَوْرِ بْنِ زَيْدٍ الدِّيْلِمِيِّ قَالَ: إِنَّ عُمَرَ اسْتَشَارَ فِي حَدِّ الْخَمْرِ فَقَالَ لَهُ عَلِيٌّ: أَرَى أَنْ تَجْلِدَهُ ثَمَانِينَ جَلْدَةً فَإِنَّهُ

''હઝરત સૌર ઈબ્ને ઝયદ દયલમીથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હઝરત ઉમરે શરાબની સજા વિશે મશ્વરો કર્યો[૨] તો હઝરત અલી رضی اللہ عنہ એ ફર્માવ્યું,

મારી રાય એ છે કે આપ તેને એંસી કોરડા મારો[૩] કેમ કે જ્યારે પીશે તો નશો થશે અને જ્યારે નશો થશે તો બકવાસ બકશે અને જ્યારે બકવાસ બકશે તો જૂઠ ઘેરશે[૪] જેથી હઝરત ઉમરે શરાબની સજામાં એંસી કોરડા માર્યા[૫]." (માલિક)	إِذَا شَرِبَ سَكِرَ وَإِذَا سَكِرَ هَذَى وَإِذَا هذَى افْتَرى فجلدَ عمرُ رَضِيَ اللهُ عَنهُ فِي حَدِّ الْخَمْرِ ثَمَانِينَ. رَوَاهُ مَالِكٌ

૧. મિશ્કાત શરીફના નુસ્ખાઓમાં દયલમી છે. મીમની સાથે દયલિમ એક મશહૂર પહાડનું નામ છે, પણ મોઅત્તા ઈમામ માલિકમાં દયલી છે મીમ વગેરે. દયલ એક મશહૂર કબીલો છે, સહીહ દયલી છે, મીમ વિના. એ તાબઈ હમ્સી શામી છે. એના પર કદરિયા હોવાની શંકા કરવામાં આવી. જેમ કે મુસલમાનોએ તેને હમ્સથી કાઢી મૂકીને તેનું ઘર સળગાવી દીધું હતું. ષૌર ઈબ્ને યઝીદ કલાઈ અન્ય શખ્સ છે જે તાબઈ ષિકહ હતા તેમની વફાત હિ.સ. ૧૫૫માં થઈ. *(મિર્કાત વગેરે)*

૨. કે શું શરાબીની સજા ચાલીસ કોરડા રાખવામાં આવે કે વધારે કરવામાં આવે તો કેટલી ? કેમ કે ચાલીસ કોરડાઓથી શરાબનોશી પૂરી નથી રોકાતી.

૩. આ મશ્વરો સહાબાએ કિરામની મૌજૂદગીમાં થયો અને કોઈ સહાબીએ વાંધો ન ઉઠાવ્યો, સૌએ કબૂલ SI MHIYLV F; Ô 5Z ; CFAFGM HDFV Y. UI MPV G[ChJZ ﷺ ફર્માવે છે કે, તમને મારી અને મારા સહાબા, ખુલફાએ રાશિદીનની સુન્નત પર અમલ લાઝિમ છે. એટલા માટે સર્વ ઈમામોની નજીક શરાબની સજા એંસી કોરડા નિશ્ચિત છે.

૪. એટલે કે મોટાભાગે નશાવાળા મસ્તીમાં સ્ત્રીઓને એવી ગાળો પણ આપી દે છે જે તોહમતમાં સામેલ છે અને કઝફ એટલે તોહમતની સજા કુર્આનની રૂએ એંસી કોરડા છે. તો જેવી રીતે ઊંઘ વુઝૂ તોડી નાખે છે કે તે સબબ છે હવા છૂટી જવાનો, એ જ રીતે શરાબ સબબ છે કઝફ (તોહમત)નો, જેથી શરાબીને કાઝિફ એટલે તોહમત લગાડનારો માનવામાં આવે. એ હઝરત અમીરુલ મો'મિનીન હઝરત અલી رضی اللہ عنہ નો ઈજતેહાદ છે અને ખૂબ જ દુરુસ્ત ઈજતેહાદ છે.

૫. એટલે કે અમીરુલ મો'મિનીન ઉમર رضی اللہ عنہ એ હઝરત અલી મુર્તઝાનો رضی اللہ عنہ આ મશ્વરો કેવળ મૌખિક જ કબૂલ ન કર્યો બલ્કે તેના પર અમલ પણ શરૂ કરી આપ્યો કે શરાબીને એંસી કોરડા મારવાનું શરૂ કરી આપ્યું. ખુલાસો એ છે કે નબવી યુગમાં શરાબીની સજા નિશ્ચિત ન હતી. સિદ્દીકી યુગમાં ચાલીસ કોરડા નિશ્ચિત થયા, પછી ફારૂકી યુગથી કયામત સુધી એંસી કોરડા નિશ્ચિત થયા.

باب مالايدعى على المحدود

બાબો મા લા યદઈ અલલ મહ્દૂદ

મહ્દૂદ (સજા પામેલ)ને બદ્દુઆ ન કરવા વિશે[૧]

(વિભાગ : ૧) الفصل الاول

૧. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં مِ નથી અને بَابِ ને તન્વીન (ડબલ પેશ) છે. જે નુસ્ખાઓમાં مِ છે તે મસ્દરિયા છે જેનાથી لايدعى મસ્દરના અર્થમાં થઈ ગયું. એટલે સજા પામી ચૂકેલા મુજરિમને બદ્દુઆ ન કરવા વિશે પ્રકરણ.

★ એક સહાબીનો મઝાકમાં લકબ 'હેમાર' હતો ★

★ હદીષ : (૧૧)-૩૬૨૫ ★

عَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ عَنْهُ أَنَّ رجلا اسمُه عبدُ اللّٰهِ يُلَقَّبُ حمارا كَانَ يُضْحِكُ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ وَكَانَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَدْ جَلَدَهُ فِي الشَّرَابِ فَأُتِيَ بِهِ يَوْمًا فَأَمَرَ بِهِ فَجُلِدَ فَقَالَ رَجُلٌ مِنَ الْقَوْمِ: اللّٰهُمَّ الْعَنْهُ مَا أَكْثَرَ مَا يُؤْتَى بِهِ فَقَالَ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تلعنوه فو الله مَا عَلِمْتُ أَنَّهُ يُحِبُّ اللّٰهَ وَرَسُولَهُ».رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સ જેનું નામ અબ્દુલ્લાહ, લકબ હેમાર હતો[૧]. તે નબી કરીમ ﷺને હસાવ્યા કરતો હતો[૨] અને નબી કરીમ ﷺએ તને શરાબના બારામાં કોરડા માર્યા હતા[૩] તેમને એક દિસ લાવવામાં આવ્યા. હુઝૂરે હુકમ આપ્યો તો તેમને કોરડા મારવામાં આવ્યા હતા. તો ક઼ૌમમાંથી એક શખ્સ બોલ્યો, ખુદાયા ! એના પર લઅનત કર ! કેટલો અધિક તેને લાવવામાં આવે છે[૪]. તો નબી કરીમ ﷺએ ફ઼રમાવ્યું કે તેમના પર લઅનત ન કરો[૫] ખુદાની ક઼સમ ! જ્યાં સુધી હું જાણું છું એ અલ્લાહ વ રસૂલથી મહોબ્બત કરે છે[૬]. '' (બુખારી)

૧. કેમ કે એ હઝરત ખૂબ જ સીધા સાદા ભોળીયા હતા એટલા માટે લોકો તેમને હેમાર (ગધેડો) કહેતા હતા, તે એનાથી ખોટુ પણ લગાડતા ન હતા એટલા માટે આ લક઼બ આ આયત હેઠળ આવશે નહીં : وَلَا تَنَابَزُوْا بِالْأَلْقَابِ (એકબીજાનાં બુરાં નામ ન રાખો. સૂરએ હુજૂરાત, ૪૯/૧૧) આજે પણ અમુક લોકોને બિલાડો કે બાજ કહે છે, તો તે પોતે પણ આ લક઼બ પર હસે છે. આપણી ઉર્દૂ બોલીમાં હેમાર બેઈજ્જતીનો લક઼બ છે જેથી આપણે એને આ લક઼બ વડે નથી પોકારી શકતા. ચિત્રાલમાં મેહતર બાદશાહ નવાબને કહે છે, લખનૌમાં ભંગીને કહે છે. (શેઅર) :–

ہندیاں را اصطلاح ہند مدح　　سندھیاں را اصطلاح سندھ مدح

અર્થાત : દરેક ભાષાના પોતાના મુહાવરા હોય છે, હિંદુસ્તાનીઓ માટે હિંદુસ્તાની પરિભાષા અને સિંધીઓ માટે સિંધી.

૨. બલ્કે પોતાના પર વાતચીત ગમ્મત બલ્કે કામ વડે હુઝૂરે અન્વર ﷺને હસાવતા રહેતા હતા. કદાચ પોતાનો હેમાર લક઼બ પણ એટલા માટે અપનાવ્યો હશે કે હુઝૂર ﷺ હસે, ત્યારે તો આ નામ રાખવું અને તે સર્વ કામો અયન ઈબાદત થઈ ગયાં. જે હદીષોમાં હસાવવાની મનાઈ છે તે નાજાઈઝ વાતો કરીને અથવા કોઈને તકલીફ પહોંચાડીને હસાવવું મુરાદ છે, જેથી હદીષોમાં ટકરાવ નથી. અશિઅ્હમાં ફ઼રમાવ્યું કે આપ જ હુઝૂર ﷺના માટે

શાકભાજીઓ તથા મીઠાઈઓ લાવ્યા કરતા હતા. (رضی اللہ عنہ)

૩. એટલે કે તેમને કેટલીયે વાર આ સજા આપવવામાં આવી ચૂકી હતી. (અશિઅ્તલ લમ્આત) યાદ રાખશો કે જે ગુનાહની તૌબા થતી રહે ન તે ક઼બીરા બને છે ન કર્તા ફાસિક઼ બને છે.

૪. એ કહેનાર સમજ્યા કે તેમનું વારંવાર આ સજા પામવું રબ તઆલાના ગઝબના કારણે છે. તેમને હક઼ીક઼તે હાલ (વાસ્તવિકતા)ની ખબર ન હતી. રબની ક઼સમ ! જે ગુનાહની તૌબા નસીબ થઈ જાય, શર્મિંદગી હાંસલ થઈ જાય તે એ ઈબાદત કરતાં અફ઼ઝલ છે જેનાથી ફ઼ખ્ર તથા ઘમંડ પેદા થાય. હઝરત આદમનું ઘઉં ખાય લેવું શૈતાનની સર્વ ઈબાદત કરતાં અફ઼ઝલ છે.

૫. કેમ કે એ ગુનેહગાર છે ગદ્દાર નથી, દોષી છે બાગી નથી. બગાવત તથા ગદ્દારી બદ્અક઼ીદગી તથા અલ્લાહ વ રસૂલના મુક઼ાબલાથી થાય છે.

૬. મિર્ક઼ાતે ફ઼ર્માવ્યું કે ما عملت માં ما એ الّذی ના અર્થમાં છે અને એ મૌસૂલ સિલા શબ્દ અલ્લાહની સિફ઼ત છે. એટલે અલ્લાહની ક઼સમ ! જેને હું જાણ પહેચાનું છું એ દોષી અલ્લાહ વ રસૂલનો મોહિબ્બ (ચાહનારો) છે. અથવા ما ઝાઈદા છે. એટલે હું યક઼ીન તથા ખાત્રીપૂર્વક જાણુ છું કે એ અલ્લાહ વ રસૂલના મોહિબ્બ છે. અથવા ما ઝાઈદા છે અને علمت મુખાતબનો સેગો છે, એટલે શું તને એ ખબર નથી કે એ અલ્લાહના રસૂલનો મોહિબ્બ છે, અને અલ્લાહ વ રસૂલની મહોબ્બત કુર્બતનો ઝરીયો છે, અને કુર્બત પર રહમત થાય છે ન કે લઅનત.

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼ર્માવે છે કે એક શખ્સ નબી કરીમ ﷺ ની પાસે લાવવામાં આવ્યો જેણે શરાબ પી લીધી. તો ફ઼ર્માવ્યું, એને મારો ! તો અમારામાંથી અમુકે પોતાના હાથ વડે માર્યો, અમુકે પોતાના જોડા વડે અને અમુકે પોતાના કપડા વડે. પછી જ્યારે પરવાર્યા તો અમુકે કહ્યું કે તને અલ્લાહ બેઈજ્જત કરે. તો ફ઼ર્માવ્યું, એવું ન કહો અને એના પર શૈતાનને મદદ ન આપો[૧]." (બુખારી)

★ હદીષ : (૨)-૩૬૨૬ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: أُتِيَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِرَجُلٍ قَدْ شَرِبَ الْخَمْرَ فَقَالَ: «اضْرِبُوهُ» فَمِنَّا الضَّارِبُ بِيَدِهِ وَالضَّارِبُ بِنَعْلِهِ وَالضَّارِبُ بِثَوْبِهِ فَلَمَّا انْصَرَفَ قَالَ بَعْضُ الْقَوْمِ: أَخْزَاكَ اللَّهُ قَالَ: «لَا تَقُولُوا هَكَذَا لَا تُعِينُوا عَلَيْهِ الشَّيْطَانَ» . رَوَاهُ الْبُخَارِيُّ

૧. આ હદીષ પાછલા પ્રકરણના બીજા વિભાગની છેવટમાં વર્ણન થઈ ચૂકી. તેની શરહ પણ ત્યાં જ થઈ ચૂકી. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે શરઈ હદ (સજા) ઈસ્લામી હાકિમ જ લાગુ કરી શકે છે. ન પોતે મુજરિમ પોતાને સજા આપે ન અન્ય કોઈ. બીજુ એ કે હાકિમ જેનાથી ચાહે સજા અપાવે, એક માણસથી એક જમાઅતથી. જલ્લાદ વગેરેને નિશ્ચિત કરવું લાઝિમ નથી. હા ! ચોરનો હાથ એ અનુભવી પાસે કપાવે જે એ કામને જાણતો હોય, નહીં તો નાડીનું લોહી વહીને મરી જવાનો અંદેશો છે. ત્રીજુ એ કે શરઈ સજા સિવાય મુજરિમને ભુલુ બુરુ કહેવું જાઈઝ છે જેથી શર્મિંદો થઈને ભવિષ્યમાં તેનાથી દૂર રહે. ચોથુ એ કે કોઈ મુજરિમ ફ઼ાસિક઼ ગુનેહગારને નામ લઈને લઅનત કરવી અથવા اخزاك اللہ કહેવું મના છે. કેમ કે એમાં શૈતાનની ખુશી છે, કેમ કે એનો મતલબ એ છે કે તું વારંવાર જુર્મ કરતો રહે અને બેઈજ્જત થતો રહે. શૈતાન એવું જ તો ચાહે છે.

(વિભાગ : ૨) الفصل الثانى

★ પોતાના ભાઈની બેઈજ્જતી મુરદાર ગધેડામાંથી ખાવા કરતાં બુરુ ★

★ હદીષ : (3)-૩૬૨૭ ★

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: جَاءَ الْأَسْلَمِيُّ إِلَى نَبِيِّ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَشَهِدَ عَلَى نَفْسِهِ أَنَّهُ أَصَابَ امْرَأَةً حَرَامًا أَرْبَعَ مَرَّاتٍ كُلَّ ذَلِكَ يُعْرِضُ عَنْهُ فَأَقْبَلَ فِي الْخَامِسَةِ فَقَالَ: «أَنِكْتَهَا؟» قَالَ: نَعَمْ قَالَ: «حَتَّى غَابَ ذَلِكَ مِنْكَ فِي ذَلِكَ مِنْهَا» قَالَ: نَعَمْ قَالَ: «كَمَا يَغِيبُ الْمِرْوَدُ فِي الْمُكْحُلَةِ وَالرِّشَاءُ فِي الْبِئْرِ؟» قَالَ: نَعَمْ قَالَ: «هَلْ تَدْرِي مَا الزِّنَا؟» قَالَ: نَعَمْ أَتَيْتُ مِنْهَا حَرَامًا مَا يَأْتِي الرَّجُلُ مِنْ أَهْلِهِ حَلَالًا قَالَ: «فَمَا تُرِيدُ بِهَذَا الْقَوْلِ؟» قَالَ: أُرِيدُ أَنْ تُطَهِّرَنِي فَأَمَرَ بِهِ فَرُجِمَ فَسَمِعَ نَبِيُّ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَجُلَيْنِ مِنْ أَصْحَابِهِ يَقُولُ أَحَدُهُمَا لِصَاحِبِهِ: انْظُرْ إِلَى هَذَا الَّذِي سَتَرَ اللَّهُ عَلَيْهِ فَلَمْ تَدَعْهُ نَفْسُهُ حَتَّى رُجِمَ رَجْمَ الْكَلْبِ فَسَكَتَ عَنْهُمَا ثُمَّ سَارَ سَاعَةً حَتَّى مَرَّ بِجِيفَةِ حِمَارٍ شَائِلٍ برجلِهِ فَقَالَ: «أَينَ فلانٌ وفلانٌ؟» فَقَالَا: نَحْنُ ذَانِ يَا رَسُولَ اللَّهِ فَقَالَ: «انْزِلَا فَكُلَا مِنْ جِيفَةِ هَذَا الْحِمَارِ» فَقَالَا: يَا نَبِيَّ اللَّهِ مَنْ يَأْكُلُ مِنْ هَذَا؟ قَالَ: «فَمَا نِلْتُمَا مِنْ عَرْضِ أَخِيكُمَا آنِفًا أَشَدُّ مِنْ أَكْلٍ مِنْهُ وَالَّذِي نَفْسِي بِيَدِهِ إِنَّهُ الْآنَ لَفِي أَنْهَارِ الْجَنَّةِ ينغمسُ فِيهَا» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અસ્લમી નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયા તો તેમણે પોતાની જાત પર ચાર વાર ગવાહી આપી કે તેમણે એક સ્ત્રી સાથે હરામ કર્યું[૨] એના પર દરેક વખતે હુઝૂર તેમનાથી મોં ફેરવી લેતા રહ્યા[૩] પાંચમી વારમાં ધ્યાનિત થયા તો ફર્માવ્યું કે શું તેં તેણી સાથે સોહબત કરી ?[૪] બોલ્યા, હા ! ફર્માવ્યું, ત્યાં સુધી કે તારો આ (ભાગ) એ સ્ત્રીમાં ગાયબ થઈ ગયો ![૫] બોલ્યા, હા ! ફર્માવ્યું, જેમ કે સળી સુરમાદાનીમાં[૬] અને રસ્સી કૂવામાં ગાયબ થઈ જાય છે ?[૭] બોલ્યા, હા ! ફર્માવ્યું, શું તું જાણે છે કે ઝિના કર્યો છે ?[૮] બોલ્યા, હા ! મેં તેણી સાથે તે કામ હરામ કર્યું છે જે પતિ પોતાની પત્ની સાથે હલાલ કરે છે[૯]. ફર્માવ્યું, તમે એનાથી શું ચાહો છો ? અર્ઝ કરી, એવું ચાહું છું કે આપ મને પાક કરી દો[૧૦]. ત્યારે આપે હુકમ આપ્યો, તેમને રજ્મ (સંગસાર) કરવામાં આવ્યા[૧૧]. પછી નબી કરીમ ﷺ એ પોતાના સહાબામાંથી બે શખ્સોને સાંભળ્યા તેમાંથી એક પોતાના સાથીને કહી રહ્યો હતો, એને તો જુઓ જેની અલ્લાહે પર્દાપોશી કરી હતી, પરંતુ તેણે પોતાને ન છોડયો ત્યાં સુધી કે કૂતરાની સંગસારીની જેમ રજ્મ કરવામાં આવ્યો[૧૨] હુઝૂરે અન્વર ﷺ બંનેથી ખામોશ રહ્યા, પછી ઘડીભર ચાલ્યા ત્યાં સુધી કે મુરદાર ગધેડા પાસેથી પસાર થયા જે ટાંગ ઉઠાવેલ હતો[૧૩] તો ફર્માવ્યું, ફલાણો ફલાણો ક્યાં છે ? તે બોલ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ અમે છીએ. તો ફર્માવ્યું કે, ઉતરો અને આ મુરદાર ગધેડામાંથી ખાવ ![૧૪] તેમણે અર્ઝ કર્યું, યા નબીયલ્લાહ ! એને કોણ ખાય છે ?![૧૫] ફર્માવ્યું કે તમે જે તમારા ભાઈની આબરૂરેઝી (બેઈજ્જતી) હમણા કરી તે આમાંથી ખાય લેવા કરતાં અધિક બુરુ છું[૧૬]. તેની કસમ જેના કબજામાં મારી જાન છે ! તે હવે જન્નતની નહેરોમાં ડૂબકીઓ મારી રહ્યો છે[૧૭]. '' (અબૂ દાઉદ)

૧. માઈઝ ઈબ્ને માલિક અસ્લમી જેમનો બનાવ પહેલાં વારંવાર અમુક ફરક સાથે વર્ણન થઈ ચૂક્યો છે.

૨. ગવાહીથી મુરાદ ઈક્રરાર (સ્વીકાર) છે કે એ ઈક્રરાર ગવાહીના સ્થાને છે. તેમજ એ ઈક્રરાર ચાર વાર ચાર જગામાં હતો, જેવું કે પહેલાં માલૂમ થઈ ચૂક્યું અને હમણા પર આવી રહ્યું છે.

૩. એ મોં ફેરવવામાં અમુક હિકમતો હતી : એક એ કે માઈઝ આપના મોં મુબારકની તરફ આવ્યા જેથી એ ઈકરાર પહેલા ઈક્રરારની જગાએ ન થાય, તેની જગા બદલાય જાય, બીજુ એ કે કદાચ હજી પણ માઈઝ ઈક્રરારથી ફરી જાય અને સજાથી બચી જાય. ઝિનાના ઈક્રરારમાં એ જરૂરી છે પણ માઈઝ પર તો રબની તૌફીક્રનો રંગ ચઢેલો હતો, તે તો કોઈ રીતે પાક થવા, જાન ફિદા કરવા આવ્યા હતા.

૪. نكت નો અર્થ પહેલાં વર્ણન થઈ ચૂક્યો કે એ نيك થી બન્યું. اجوف يائي باب ضرب يضرب નો ભૂતકાળ છે. અરબીમાં આ શબ્દ એ કામના માટે સ્પષ્ટ છે. સોહબત, જમાઅ, વતી વગેરે કિનાયા (ઈન્ડાયરેક્ટ) છે. કેમ કે હદ (સજા)માં સ્પષ્ટપણે ઈક્રરાર થવો જોઈએ એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ એ શબ્દ કહ્યો.

૫. એટલે કે તારુ ગુપ્તાંગ સ્ત્રીના ગુપ્તાંગમાં અદશ્ય થઈ ગયું ? મુરાદ હશ્ફા (ગોળ ભાગ)નું ગાયબ થવું (પ્રવેશી જવું) છે જેનાથી ગુસ્લ ફર્ઝ થઈ જાય છે, કે ઝિનાની સજાના માટે એટલુ જ પૂરતુ છે, વિર્ય સ્ખલન કે પૂરુ પ્રવેશી જવું શર્ત નથી.

૬. مردود મીમના ઝેર, રેના જઝ્મ, વાવના ઝબરથી અર્થ સુરમો લગાડવાની સળી. مكحله كحل અર્થ સુરમાનો ઈસ્મે ઝરફ એટલે સુરમાદાની. نكت પછી આ સ્પષ્ટતા અધિક સ્પષ્ટતા માટે છે.

૭. પ્રથમ દષ્ટાંત કુંવારી સ્ત્રી માટે છે, બીજુ દષ્ટાંત એટલે કૂવામાં રસ્સી એ પરિણીત સ્ત્રીના માટે છે.

૮. આ વિગતવાર પૂછવું સંભોગની શંકાથી બચવાના માટે છે કે અમુક માણસ સંભોગની શંકાને ઝિના સમજી બેસે છે.

૯. اهل કુર્આન મજીદની ઈસ્તિલાહમાં પત્નીને કહે છે. જુઓ અમારી કિતાબ ફેહરિશ્તે કુર્આન. જેથી એનાથી પત્ની મુરાદ છે પણ મિર્કાતે અહીં اهل માં લોંડીને પણ સામેલ કરી.

૧૦. આ સવાલ જવાબથી જાણવા મળે છે કે જો માઈઝ અર્ઝ કરી આપત કે આપ મારા માટે મગફિરતની દુઆ કરી દો તો કદાચ હુઝૂરે અન્વર ﷺ હદ લગાડવાનાને બદલે કોઈ માર્ગ કાઢી આપત. والله ورسوله اعلم !

૧૧. આ રજ્મ (સંગસારી)નો બનાવ વિગતવાર અગાઉ વર્ણન થઈ ચૂક્યો છે કે રજ્મ દરમિયાન માઈઝ નાસી ગયા હતા તો સહાબાએ મુશ્કેલીપૂર્વક રજ્મ કર્યા, તો ફર્માવ્યું કે તમે છોડી આપ્યા હોત કદાચ તૌબાથી તેની મુક્તિ થઈ જાત.

૧૨. આ વાતમાં આશ્ચર્ય પણ છે, મુડદાની ગીબત પણ અને માઈઝના પુર ખુલૂસ કાર્ય પર ટોણો પણ છે. આ ત્રણેવ વાતો મના છે. યાદ રાખશો કે જીવતાના ગીબત કરતાં મુડદાની ગીબત બુરી છે, કેમ કે જીવતાથી માફી માગી શકાય છે, મુડદાથી કેવી રીતે માફી માગીએ ?!

૧૩. કદાચ વાતચીત કોઈ સફરમાં થઈ હતી. شائل شول થી બન્યું ઉઠાવવાના અર્થમાં. એટલા માટે ઘડો ઉઠાવનારી સ્ત્રીને શાઈલા કહે છે અને પૂછડી ઉઠાવનારી ઊંટણીને નાકા શાઈલા કહે છે. શાઈલ પૂઝ (ઊંટના મોર્યા)ના અર્થમાં પણ તિર્મિઝી શરીફમાં આવ્યું છે.

૧૪. ઉતરવા તથા ખાવાના બંને હુકમ ગુસ્સો પ્રદર્શિત કરવા માટે છે, ન વાજિબ રૂપે ન મુસ્તહબ રૂપે છે. જેથી

હદીષ પર એ વાંધો નથી કે હરામ ગધેડાને ખાવાનો હુઝૂર ﷺએ હુકમ શાથી આપ્યો.

૧૫. આ તો હરામ પણ છે, મુરદાર પણ, અને માણસની તબીયત એનાથી નફરત કરે છે.

૧૬. કેમ કે ગધેડો ખાવો મજબૂરીની હાલતમાં જાઈઝ થઈ જાય છે જાન બચાવવા ખાતર, પણ આવા પવિત્ર તથા પાકીઝા નફ્સની ગીબત એ પણ તેના મૃત્યુ બાદ એ ઘણો ભારે ગુનોહ છે, એના લીધે ગીબતને ગધેડુ ખાય લેવા કરતાં અધિક કઠિન કહ્યું.

★ હુઝૂર ﷺ જન્નતની નહેરો પણ જોઈ રહ્યા છે ★

૧૭. એનાથી ત્રણ મસ્અલા જાણવા મળ્યા : એક એ કે માઈઝ અસ્લમી શહીદોની જેમ કયામતથી પહેલાં મરતાં જ રૂહાની તૌર પર જન્નતમાં દાખલ થઈ ગયા. ત્યાંની નેઅમતો વાપરી રહ્યા છે. બીજુ એ કે બરઝખનો અઝાબ તથા સવાબ બર હક્ક છે. ત્રીજુ એ કે હુઝૂરે અન્વર ﷺ જન્નતની નહેરોને પણ જોઈ રહ્યા છે અને ત્યાં ડૂબકીઓ મારનાર માઈઝને પણ જોઈ રહ્યા છે. હુઝૂર ﷺની નજરથી કોઈ ચીજ છુપી નથી. જ્યારે હુઝૂર ﷺ પર જન્નત જેવી દૂરની દુનિયા છુપી નથી તો યકીનન ! હુઝૂર ﷺથી આપણા હાલાત પણ છુપા નથી રહી શકતા. હુઝૂર ﷺએ માઈઝને જોઈને આવું ફર્માવ્યું. એ પણ જાણવા મળ્યું કે જન્નતની નહેરોમાં જન્નતની ડૂબકીઓ પણ મારશે પણ લિજજત પામવા માટે ન કે મેલ ધોવા માટે, કેમ કે ત્યાં મેલ છે જ નથી.

"હઝરત ખુઝૈમા ઈબ્ને ષાબિત رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જે ગુનાહને પહોંચે તેના પર તે ગુનાહની સજા લાગુ કરી દેવામાં આવે, તો સજા તેનો કફ્ફારો છે[૨]." (શરહે સુન્નહ)

★ હદીષ : (૪)-૩૬૨૮ ★

وَعَنْ خُزَيْمَةَ بْنِ ثَابِتٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَصَابَ ذَنْبًا أُقِيمَ عَلَيْهِ حَدُّ ذَلِكَ الذَّنْبِ فَهُوَ كفارتُه» رَوَاهُ فِي شرح السّنة

૧. ખુઝૈમા ખેના પેશ, ઝેના ઝબરથી. આપ અન્સારી અવસી છે. બદર તથા સર્વ ગઝવાતમાં શરીક રહ્યા. પછી હઝરત અલી رضی اللہ عنہની સાથે જંગે સિફ્ફીનમાં શરીક રહ્યા. જ્યારે આપને હઝરત અમ્માર ઈબ્ને યાસરની શહાદતની ખબર પહોંચી તો બોલ્યા, અમ્માર બાદ જિંદગી બેકાર છે. તલ્વાર કાઢી મેદાનમાં ગયા અને લડતા લડતા શહીદ થઈ ગયા. *(અકમાલ, અશિઅહ)*

૨. જેથી જ્યારે ઝાનીને સંગસાર કરવામાં આવ્યો અને ચોરનો હાથ કાપી નાખવામાં આવ્યો તો એ સજા તેના એ જુર્મનો કફ્ફારો બની ગઈ પણ શરઈ કાનૂન તોડવાની તૌબા કરવી પડશે. જેથી આ હદીષ તે હદીષની વિરુદ્ધ નથી કે હુઝૂરે અન્વર ﷺએ ચોરનો હાથ કાપીને તેની પાસે તૌબા કરાવી. દેશનો કાનૂન તોડવાની સજા આ જ સંગસારી (રજ્મ) છે અને રબ તઆલાને નારાજ કરીને માફીના માટે તૌબા છે. જેથી હદીષમાં ટકરાવ નથી.

"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ ﷺથી રાવી. ફર્માવે છે, જે સજાએ પહોંચ્યો[૧] પછી દુનિયામાં તેને સજા આપી દેવામાં આવી[૨] તો અલ્લાહ તઆલા એનાથી આદિલ તર (અધિક ન્યાયી) છે કે પોતાના બંદા પર આખેરતમાં સજા ફરીથી આપે[૩].

★ હદીષ : (૫)-૩૬૨૯ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ أَصَابَ حَدًّا فَعُجِّلَ عُقُوبَتَهُ فِي الدُّنْيَا فَاللَّهُ أَعْدَلُ مِنْ أَنْ يُثَنِّيَ عَلَى عَبْدِهِ الْعُقُوبَةَ فِي

الْآخِرَةِ وَمن أصَاب حد فستره اللَّهُ عليهِ وَعَفَا عَنْهُ فَاللَّهُ أَكْرَمُ مِنْ أَنْ يَعُودَ فِي شَيْءٍ قَدْ عَفَا عَنْهُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ غَرِيبٌ

અને જે સજાનો મુસ્તહિક્ થયો પછી અલ્લાહે તેની પર્દાપોશી કરી લીધી અને તેને માફી આપી દીધી તો અલ્લાહ કરીમ તર (અધિક કરીમ) છે એનાથી કે એ ચીજને દોહરાવે જેનાથી માફી આપી દીધી.'' (તિર્મિઝી, ઈબ્ને માજહ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.

૧. એટલે કે તેણે એવો ગુનોહ કર્યો જે શરઈ હદ (સજા) લાઝિમ ઠરાવે છે, જેમ કે ઝિના, ચોરી, શરાબખોરી. મઅલૂલ બોલીને ઈલ્લત (સબબ) મુરાદ લેવામાં આવી છે, અને શક્ય છે કે હદથી મુરાદ હરામ કામ હોય. જેમ કે રબ તઆલા ફર્માવે છે : تِلْكَ حُدُوْدُ اللهِ فَلَا تَعْتَدُوْهَا (આ અલ્લાહની હદો છે એનાથી આગળ ન વધો. –સૂરએ બક્રહ, ૨/૨૨૯) એટલે કે આ ચીજો અલ્લાહની હરામ કરેલી છે. *(મિર્કાત)*

૨. એટલે કે એના પર શરઈ હદ (સજા) લાગુ કરી દેવામાં આવી. અશિઅ્હએ ફર્માવ્યું કે એમાં હદ તથા તઅઝીર બંને સામેલ છે.

૩. કે જ્યારે આદિલ બાદશાહ કોઈ મુજરિમને સજા આપીને ફરીથી સજા નથી આપતા. રબ તઆલા સર્વ આદિલોથી મહાન આદિલ છે, તે ઈન્શા અલ્લાહ ! આખેરતમાં તેને સજા આપશે નહીં. યાદ રાખશો કે આ અદ્લ (ન્યાય) જુલ્મનું વિરુદ્ધાર્થી છે ન કે રહમનું. જેથી કહી શકીએ છીએ કે રબ તઆલા આપણા પર રહમ કરે, અદ્લ ન કરે, નહીં તો આપણે હલાક (તબાહ) થઈ જઈશું.

૪. એ રીતે કે એ જુર્મ પર કોઈને માહિતગાર ન થવા દીધા અને મુજરિમને મક્બૂલ તૌબાની તૌફીક્ બખ્શી દીધી. જેથી હદીષ સ્પષ્ટ છે.

૫. આ ઉમ્મીદ વધારનારી વાત એ સ્થિતિમાં છે કે બંદાની પર્દાપોશી ઢીલ આપવા માટે છે તો એ ગઝબ છે જેની સજા આખેરતમાં અધિક સખત છે. જો બંદાને એ પર્દાપોશી બાદ શર્મિંદગી, તૌબા, કફ્ફારો અદા કરવાની તૌફીક્ મળી જાય તો ઈન્શાઅલ્લાહ ! એ છુપાવવું રહમત છે, અને જો બંદો એ સતર (છુપાવવા)થી ગલત ફાયદો ઉઠાવે કે ગુનાહ પર ઔર વધુ દિલેર થઈ જાય તો એ છુપાવવું ગઝબ છે. અલ્લાહ તઆલા ભલાઈની તૌફીક્ આપે.

دستگیر و رہنما توفیق دہ　　جرم بخش و عفو کن بہ کشا گرہ

અર્થાત : હે મદદ કરનાર ! અને હે રાહ બતાવનાર ! તૌફીક્ આપ, ખતાઓ માફ કર અને મુશ્કેલીઓ આસાન કર.

બાબુતઅઝીર باب التعزير

(અનિશ્ચિત સજા વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

تعزير બન્યું છે عزر થી. عزر નો અર્થ છે : અઝમત, તુચ્છકાર, મદદ અને મના તથા રોક. તેનો ઉપયોગ અધિકતર મના તથા રોક છે. બલ્કે મદદ અને મના તથા રોક. તેનો ઉપયોગ અધિકતર મના તથા રોક છે. બલ્કે મદદને પણ عزر અને મદદ આપવાને તઅઝીર એટલા માટે કહે છે કે એનાથી દુશ્મનને ઈજા પહોંચાડવાથી રોકવામાં આવે છે. રબ તઆલા ફર્માવે છે : وَتُعَزِّرُوْهُ وَتُوَقِّرُوْهُ (અને રસૂલની તા'ઝીમ તથા તૌકીર કરો. સૂરએ ફતહ, ૪૮/૯) સજાને તા'ઝીર એટલા માટે કહેવામાં આવે છે કે એનાથી જુર્મ રોકાય છે. શરીઅતમાં તઅઝીર તેને કહે છે જે શરીઅતની રૂએ નિશ્ચિત ન હોય પણ હાકિમ પોતાની રાયથી આપે. પતિનું પત્નીને, બાપનુ બાળકોને, ઉસ્તાદનું શાગિર્દોને સજા આપવું તઅઝીર જ છે. وَاضْرِبُوْهُنَّ (સૂરએ નિસાઅ, ૪/૩૪) ફર્માવ્યું, બાળકો એને જોતાં રહે અને સીધાં રહે. (મિર્કાત) હક્ક એ છે કે જે જુર્મોમાં તઅઝીરનો હુકમ છે ત્યાં જરૂર તઅઝીર (શિક્ષા) આપે, અને જે જુર્મોમાં એનો હુકમ નથી ત્યાં તઅઝીર આપવી વાજિબ નથી. કોઈકે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં અજનબી સ્ત્રીનો બોસો લઈ લીધો. ફર્માવ્યું, શું તેં અમારી સાથે બાજમાઅત નમાઝ પઢી ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, માફી થઈ ગઈ. اِنَّ الْحَسَنٰتِ يُذْهِبْنَ السَّيِّاٰتِ (બેશક ! નેકીઓ બુરાઈઓને મિટાવી દે છે. સૂરએ હૂદ, ૧૧/૧૧૪) અને તઅઝીર (શિક્ષા) મુજરિમના લેહાઝથી આપવામાં આવે. નાફર્માન મુજરિમને તઅઝીર પણ સખત આપે. શરીફ માણસોને જે સંજોગવસાત ગુનાહ કરી બેઠો તેને મામૂલી તઅઝીર પણ પૂરતી છે.

★ હદીષ : (૧)-૩૬૩૦ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَن أَبِي بردة بن يَنار عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يُجْلَدُ فَوْقَ عَشْرِ جَلَدَاتٍ إِلَّا فِي حد من حُدُود اللّٰه»

"હઝરત અબૂ બર્દા ઈબ્ને નયારથી[૧] રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવે છે કે દસ કોરડાઓથી વધુ ન લગાડવામાં આવે, પણ અલ્લાહની નિશ્ચિત સજાઓમાંથી કોઈ સજામાં[૨]." (મુસ્લિમ, બુખારી)

૧. આપ હઝરત બરાઅ ઈબ્ને આઝિબના મામા છે. બયઅતે ઉકૂબામાં હાજર હતા. બદર તથા સર્વ ગઝવાતમાં શરીક રહ્યા. હઝરત અલી رضی اللہ عنہ ની સાથે સર્વ જંગોમાં હાજર રહ્યા. હિ.સ. ૪૫માં વફાત થઈ. *(અશિઅહ, મિર્કાત)*

૨. આપણે ત્યાં આ હદીષ મન્સૂખ છે. ઈમામ માલિકને ત્યાં નબવી જમાના સાથે ખાસ છે. બેહતર એ છે કે હાકિમ ઓગણચાલીસ કોરડા સુધી તઅઝીર લગાડી શકે છે. એટલે કે ગુલામની કઝફ (તોહમત)ની સજા ચાલીસ કોરડા છે તેનાથી ઓછી રાખે. ઈમામ અબૂ યૂસુફની નજીક ૭૫ કોરડા સુધી મારી શકે છે, એટલે કે આઝાદની તોહમતની સજા એંસી કોરડા છે એનાથી ઓછા રાખે. આ હુકમ મુસ્તહબરૂપે છે, નહીં તો જો જરૂરી સમજે તો હદ (સજા)થી વધુ પણ મારે. જેમ કે હઝરત ઉમર رضی اللہ عنہ એ મઅન ઈબ્ને ઝાઈદાને ધોકો આપવાની સજામાં એકસો કોરડા માર્યા અને કેદ પણ કર્યો. અમુક દિવસો પછી એકસો કોરડા અધિક માર્યા. સારાંશ કે સહાબાએ કિરામના અમલ બતાવી રહ્યા છે કે આ હદીષ મન્સૂખ છે. (મિર્કાત) આ વાતચીત એ સ્થિતિમાં છે કે કાઝી સજાના (હદના) પ્રકારમાંથી સજા આપે, અને જો બીજા પ્રકારથી સજા આપે તો તઅઝીરમાં કત્લ પણ જાઈઝ છે.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૨)-૩૬૩૧ ★

عَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا ضَرَبَ أَحَدُكُمْ فَلْيَتَّقِ الوجهَ» . رَوَاهُ أَبُو دَاوُد

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવે છે, જ્યારે તમારામાંથી કોઈ મારે તો ચહેરાથી બચે[૧]." (અબૂ દાઉદ)

૧. એટલે કે તઅઝીર તથા હદમાં જ્યારે કોરડા મારે તો મુજરિમને મોંઢા પર ન મારે કે જેથી તેનું મોં બગડી ન જાય. માણસની શોભા મોંથી છે. હુઝૂર ﷺ ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ આદમને પોતાની સૂરત પર પેદા કર્યા એટલે પોતાની પસંદીદા સૂરત પર. પણ રજ્મ (સંગસાર)માં એ હુકમ નથી, કેમ કે ત્યાં તો પથ્થરો વડે હલાક કરી દેવું છે, પથ્થર ગમે ત્યાં વાગે. યાદ રાખશો કે મોંમાં આંખ, નાક, કાન પણ સામેલ છે અને એની નજીક જ માથુ પણ છે જેમાં મગજ છે. જો ચહેરા પર માર પડે તો ખતરો છે કે મુજરિમ આંધળો, બહેરો કે પાગલ થઈ જાય. આ ફર્માને આલીમાં હજારો હિકમતો છે. અમે અમુક મુત્તફ઼ી ઉસ્તાદોને જોયા કે તેઓ શાગિર્દોની પીઠ પર ધબ્બા વગેરે મારે છે પણ મોં પર થપ્પડ નથી મારતા આ હુકમે આલીના સબબથી.

★ હદીષ : (૩)-૩૬૩૨ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " إِذَا قَالَ الرَّجُلُ لِلرَّجُلِ: يَا يَهُودِيُّ فَاضْرِبُوهُ عِشْرِينَ وَإِذَا قَالَ: يَا مُخَنَّثُ فَاضْرِبُوهُ عِشْرِينَ وَمَنْ وَقَعَ عَلَى ذَاتِ مَحْرَمٍ فَاقْتُلُوهُ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيب

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવે છે, જ્યારે કોઈ કોઈકને કહે, હે યહૂદી![૧] તો તેને વીસ કોરડા મારો[૨] અને જ્યારે કહે, હે હિજડા! તો તેને વીસ કોરડા મારો[૩] અને જે પોતાની મેહરમ સાથે ઝિના કરે તેને ક઼ત્લ કરી દો[૪]." (તિર્મિઝી) અને ફર્માવ્યું આ હદીષ ગરીબ છે.

૧. યહૂદી કહેવું દષ્ટાંતરૂપે છે, નહીં તો હે ઈસાઈ ! હે કાફિર ! કહેવાનો પણ એ જ હુકમ છે. કેમ કે યહૂદી કુફ઼ તથા ખબાષત (ગંદકી) અને સ્વભાવની નીચતા સૌમાં મશહૂર છે, એટલા માટે કેવળ યહૂદી કહ્યું.

૨. આ હુકમ મુબાહ રૂપે અથવા મુસ્તહબરૂપે છે, અને સંબોધન હાકિમોને છે, એટલે આવુ કહેવા પર જો સામેવાળો હાકિમને ત્યાં દાવો કરી દે કે તેણે મારું અપમાન કર્યું છે, તો હાકિમ આટલા કોરડા મારી શકે છે. જાણવા મળ્યું કે મુસલમાનને કાફિર કહેવું સખત જુર્મ છે.

૩. મુખન્નસ તે છે જેના અંગમાં નરમી, અવાજ સ્ત્રીઓ જેવો હોય અને બદ્કારી કરાવતો હોય. સ્ત્રીઓની જેમ રહેતો હોય. કેમ કે આ અમલ ખૂબ બેઈજ્જતીભર્યો છે અને મુખન્નસ (હિજડો) અતિશય બેઈજ્જત છે. એટલા માટે કોઈને હિજડો કહેવામાં તેનું અપમાન છે જેના પર બેઈજ્જતી કર્યાનો દાવો થઈ શકે છે અને આ સજા લાગુ થઈ શકે છે. એ જ પ્રમાણે જો કોઈને કહ્યું, હે શરાબી ! હે અધર્મી ! નાસ્તિક ! હે લૂતી ! હે વ્યાજખાઉ ! હે દૈયૂષ ! હે ખયાનત ખોર ! હે ચોરની મા ! એ સૌમાં આ જ સજા થઈ શકે છે. (મિર્ક઼ાત) જો કોઈએ કહ્યું, હે કૂતરા ! હે સુવ્વર ! હે ગધેડા ! તો જો તે શખ્સ ઈજ્જતદાર હોય જેમ કે આલિમ, ફ઼કીહ, સૈયદ તો તઅઝીર આપવામાં આવશે. સામાન્ય લોકોમાંથી હોય તો તઅઝીર નથી. કેમ કે યક઼ીનન ! તે માણસ છે, કૂતરો ગધેડો નથી. જેથી આ લક઼બ કેવળ ગાળ છે.

ગાળનો એ જ હુકમ છે જે દર્શાવવામાં આવ્યો. એની તફસીલ અહીં મિર્ક़ાતમાં જુઓ.

૪. ઈમામ અહમદે આ હદીષના જાહેર પર અમલ કર્યો છે, અન્ય ઈમામ ફર્માવે છે કે જો તે શખ્સ આ જુર્મને હલાલ સમજીને કરી લે તો મુર્તદ છે, તેને ક़ત્લ કરવામાં આવશે. નહીં તો એનો હુકમ ઝિના જેવો છે કે પરિણીત છે તો રજ્મ કરવામાં આવે, અપરણીત છે તો સો કોરડા મારવામાં આવે. સારાંશ કે આ ફર્માને આલી ક્યાં તો મુર્તદના માટે છે અથવા ધમકાવવાના માટે છે.

''હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે તમે કોઈ શખ્સને જુઓ કે તે અલ્લાહની રાહમાં ખયાનત કરે[૧] તો તેનો સામાન સળગાવી દો અને તેને મારો[૨]. '' (તિર્મિઝી, અબૂ દાઉદ) અને તિર્મિઝીએ કહ્યું, આ હદીષ ગરીબ છે.

★ હદીષ : (૪)-૩૬૩૩ ★

وَعَنْ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ:«إِذَا وَجَدْتُمُ الرَّجُلَ قَدْ غَلَّ فِي سَبِيلِ اللَّهِ فَاحْرُقُوا مَتَاعَهُ وَاضْرِبُوهُ».رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيث غَرِيب

૧. એ રીતે કે જેહાદમાં ગનીમતના માલમાંથી વહેંચણી પહેલાં કાંઈક લઈ લે. غلول ગનીમતના માલમાં ખયાનત કરવાને કહે છે.

૨. ઈમામ અહમદે એના જાહેર પર અમલ કર્યો છે. તેમને ત્યાં એ ખયાનતીનો બધો માલ સળગાવી દેવામાં આવે, કુર્આન મજીદ તથા જાનવર અને ગનીમતના ચોરેલા માલ સિવાય, એને સળગાવવામાં ન આવે. અન્ય ઉલમા ફર્માવે છે કે આ હુકમ ઈસ્લામના શરૂમાં હતો પણ હવે મન્સૂખ થઈ ચૂક્યો છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ફર્માવે છે કે તેને મારવામાં જરૂર આવે પણ માલ સળગાવવામાં ન આવે. યાદ રાખશો કે આ ખયાનતમાં હાથ કપાશે નહીં, કેમ કે એ શરઈ ચોરી નથી. જે માલમાં ખુદ પોતાનો પણ હક્ક़ હોય તેની ચોરીથી હાથ નથી કાપવામાં આવતો. અમુક અન્ય પણ શરતો છે જેનાથી હાથ કાપવામાં આવે છે.

باب بيان الخمر ووعيد شاربها

બાબો બયાનુલ ખમ્ર વ વઈદુ શારબહા

(શરાબ અને તેને પીનારાને ચેતવણીઓ વિશે[૧])

الفصل الاول (વિભાગ : ૧)

خمر નો શાબ્દિક અર્થ છે ઢાંકવું, છુપાવવું. એટલા માટે ઓઢણીને ખમાર કહે છે કે તે માથુ ઢાંકી લે છે. શરાબને ખમ્ર એટલા માટે કહે છે કે પીનારાની બુદ્ધિ પર પર્દો નાખી દે છે. અન્ય ઈમામોની નજીક દરેક પાતળી નશાકારક ચીજ ખમ્ર છે અને તેને પીવી હરામ છે ચાહે નશો આપે કે ન આપે, ચાહે દ્રાક્ષની હોય કે ખજૂર વગેરે કોઈ અન્ય ચીજની હોય. ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ની નજીક કેવળ દ્રાક્ષની શરાબને ખમ્ર કહે છે, અન્ય શરાબો ખમ્ર નથી કહેવાતી. ઈમામે આ'ઝમને ત્યાં અંગૂરી (દ્રાક્ષની બનેલી) અને ગૈર અંગૂરીમાં કેટલીક રીતે તફાવત છે : એક એ કે ખમ્ર એટલે અંગૂરી શરાબ કૃતઈ હરામ છે, તેને હલાલ જાણનારો મુર્તદ છે, બાકીની શરાબો ઝન્ની હરામ છે જેનો મુન્કિર કાફિર નથી. બીજુ એ કે ખમ્ર એટલે અંગૂરી શરાબ નજિસુલ અયન નજાસતે ગલીઝા છે, બીજી શરાબો નજાસતે ગલીઝા. ત્રીજુ એ કે ખમ્ર એટલે અંગૂરી શરાબનું એક ટીપુ પીનારાને હદ એટલે ૮૦ કોરડા મારવામાં આવશે, બીજી શરાબો નશાની હદ સુધી પીનારાને હદ લાગશે, ઓછીવાળાને નહીં. ચોથુ એ કે ખમ્રનું એક ટીપુ પણ હરામ છે નશો આપે કે ન આપે, બીજી શરાબો નશાની હદથી ઓછી હરામ નથી બલ્કે નશાની હદ પર હરામ થાય છે. હા ! જે કોઈ લહવો લઈબ (ખેલકૂદ), એશ તથા મનોરંજનના માટે નશાની હદથી ઓછી પીએ તો સખત ગુનેહગાર છે. દરેક ખેલ (મનોરંજન) હરામ છે અને ખેલવાળો હરામમાં પડેલો છે. ઈમામ મુહમ્મદને ત્યાં દરેક શરાબનું ટીપુ પણ હરામ છે, પણ હાલના જમાનામાં ઈમામ સાહબના ક્વૌલ પર ફત્વો આપવામાં ન આવે, નહીં તો ફાસિક્વો આ બહાનાથી શરાબખોરી કરશે. કોઈએ અબૂ હફ્સ કબીરને શરાબ વિશે પૂછયું તો આપે ફર્માવ્યું, દરેક શરાબનું ટીપુ પણ હરામ છે. પ્રશ્નકર્તાએ કહ્યું, આપે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની વિરુદ્ધ કહ્યું. તો આપે ફર્માવ્યું, વર્તમાનકાળમાં મનોરંજન ખાતર લોકો પીએ છે જેથી હરામમાં પડેલા છે. જેમના માટે ગૈર ખમ્રનું ટીપુ હલાલ હતું હવે તે લોકો નથી રહ્યા. એ તે લોકો હતા જેઓ કેવળ ખાવા હજમ કરવા, નમાઝ માટે શક્તિ પામવા તેનો ઉપયોગ કરતા હતા. (અશિઅહ તથા લમ્આત) અફીણ, ભાંગ, ચરસ વગેરે નશાકારક અપ્રવાહી ચીજોનો પણ એ જ હુકમ છે કે નશાની હદ સુધી હરામ છે, એટલા માટે દવારૂપે થોડી સરખી હલાલ છે, મનોરંજન માટે હરામ છે, તેમજ એ ચીજો નાપાક નથી.

★ હદીષ : (૧)-૩૬૩૪ ★
عَنْ أَبِي هُرَيْرَةَ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " الْخَمْرُ مِنْ هَاتَيْنِ الشَّجرتين: النخلةِ والعِنَبَةِ ". رَوَاهُ مُسلم

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. તે રસૂલુલ્લાહ ﷺ થી રાવી. ફર્માવે છે, શરાબ આ બંને ઝાડોથી થાય છે ખજૂર તથા દ્રાક્ષ[૧]." (મુસ્લિમ)

૧. અહીં ખમ્ર શાબ્દિક અર્થમાં છે, એટલે બુદ્ધિ બગાડનારી ચીજ. અને એ ચીજોનું વર્ણન એટલા માટે છે કે એ વખતે અરબમાં તેની જ શરાબ સામાન્યતઃ થતી હતી, નહીં તો શરાબ અન્ય ચીજોથી પણ બને છે, જેવું કે આગળ આવી રહ્યું છે.

★ હદીષ : (૨)-૩૬૩૫ ★

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: خطَبَ عمرُ رَضِيَ اللهُ عَنهُ عَلَى مِنْبَرَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: " إِنَّهُ قَدْ نَزَلَ تَحْرِيمُ الْخَمْرِ وَهِيَ مِنْ خَمْسَةِ أَشْيَاءَ: الْعِنَبِ وَالتَّمْرِ وَالْحِنْطَةِ والشعيرِ والعسلِ وَالْخمر مَا خامر الْعقل ". رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હઝરત ઉમરે રસૂલુલ્લાહ ﷺ ના મિમ્બર પર ખુત્બો પઢયો[૧] તો ફર્માવ્યું કે શરાબની હુર્મત (હરામ હોવું) નાઝિલ થઈ ચૂકી છે અને શરાબ પાંચ ચીજોથી થાય છે[૨]. દ્રાક્ષ, ખજૂર (ખારેક), ઘઉં, જવ અને મધ વડે[૩]. ખમ્ર તે છે જે બુદ્ધિને બગાડે[૪]. '' (બુખારી)

૧. પોતાની ખિલાફતના જમાનામાં મસ્જિદે નબવી શરીફમાં રસૂલુલ્લાહ ﷺના મિમ્બર પર આ ખુત્બો આપ્યો અથવા જુમ્આનો ખુત્બો હતો અથવા વઅઝનો ખુત્બો.

૨. ક઼ામૂસમાં છે કે ખમ્ર શબ્દ નર પણ છે અને નારીવાચક પણ. અહીં هي ફર્માવવાથી જાણવા મળ્યું કે નારીવાચક છે.

૩. એટલે કે આજકાલ આપણા દેશમાં સામાનયતઃ આ પાંચ ચીજો વડે શરાબ બને છે. હુઝૂરે અન્વર ﷺના પવિત્ર જમાનામાં સામાન્યતઃ બે ચીજો વડે બનતી હતી, દ્રાક્ષ તથા ખજૂર. જેથી આ હદીષ પાછલી હદીષની વિરુદ્ધ નથી.

૪. એટલે કે શરાબ એ પાંચ ચીજોમાં સીમિત નથી. જે પાતળી ચીજ નશાકારક થઈ જાય તે શરાબ છે અને હરામ છે, ત્યાં સુધી કે તરબૂચનું પાણી જો ગરમ થઈને નશો આપવા લાગે તો તે પણ હરામ છે.

★ હદીષ : (૩)-૩૬૩૬ ★

وَعَنْ أَنَسٍ قَالَ: لَقَدْ حُرِّمَتِ الْخَمْرُ حِينَ حُرِّمَتْ وَمَا نَجِدُ خَمْرَ الْأَعْنَابِ إِلَّا قَلِيلًا وَعَامة خمرنا الْبُسْر وَالتَّمْر. رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે, જ્યારે શરાબ હરામ કરવામાં આવી[૧] જો કે અમે શરાબ ખૂબ થોડી જ જોતા હતા. અમારી સામાન્ય શરાબો કાચી ખજૂર તથા ખારેકની હતી[૨]. '' (બુખારી)

૧. એમાં નિર્દેશરૂપે ફર્માવવામાં આવ્યું કે શરાબ રબ તઆલાએ હરામ કરી એ રીતે કે તેનું હરામ હોવું કુર્આને કરીમમાં નાઝિલ કર્યું એટલા માટે حرم رسول الله નથી ફર્માવ્યું. *(મિર્ક઼ાત)*

૨. કેમ કે હિજાઝમાં દ્રાક્ષ ખૂબ જ મોંઘી હતી અને ખજૂર ખૂબ જ સસ્તાં હતાં, એટલા માટે ત્યાં અંગૂરી (દ્રાક્ષની) શરાબ ખૂબ જ મોંઘી પડતી હતી જેને માલદાર લોકો પી શકતા હતા. આમ લોકો ખજૂરની શરાબ પીતા હતા. યાદ રાખશો કે ખજૂર જ્યારે ઝાડમાં જાહેર થાય છે તો તલઅ કહેવાય છે. થોડીક મોટી થતાં ખલાલ, પછી મલહ, પછી કાચી બુશ્ર, પુખ્તા પણ તર રતબ કહેવાય છે. સૂકી થઈને તમર એટલે ખારેક કહેવાય છે. *(અશિઅ્હ)*

★ હદીષ : (૪)-૩૬૩૭ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ قَالَتْ: سُئِلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنِ الْبِتْعِ وَهُوَ نَبِيذُ الْعَسَلِ فَقَالَ: «كُلُّ شَرَابٍ أَسْكَرَ فَهُوَ حَرَامٌ»

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ને બિતઅના બારામાં પૂછવામાં આવ્યું અને તે મધની શરાબ છે[૧] તો ફર્માવ્યું, દરેક શરાબ જે નશો હરામ છે[૨]. '' (મુસ્લિમ, બુખારી)

૧. એ રીતે મધને શરબત બનાવીને વાસણમાં ભરી લે છે, ત્યાં સુધી કે ગરમ થઈને ફીણ છોડી દે છે, નશો આપવા લાગે છે અને ધુમ્મસ બેના ઝેર વડે તેના જઝમ કે ઝબરથી.

૨. એનો અર્થ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ની નજીક એ છે કે દ્રાક્ષ સિવાયની શરાબ નશો આપે તો હરામ છે, નશો ન કરનારી થોડી સરખી નશાના કારણે હરામ નથી. અન્ય ઈમામોને ત્યાં આ વાક્યનો અર્થ એ છે કે જે શરાબ નશાકારક હોય છે તે મુત્લક્ન હરામ છે, થોડી હોય કે વધારે, અંગૂરી (દ્રાક્ષની) હોય કે અન્ય કોઈ હોય પણ આ હદીષ જાહેરી રીતે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે કે અહીં હરામ હોવાને નશા પર આધારિત કરવામાં આવેલ છે.

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે દરેક નશાકારક ચીજ ખમ્ર છે[૧]. અને દરેક નશાકારક ચીજ હરામ છે. અને જે દુનિયામાં શરાબ પીએ પછી તેના પર કાયમી થઈને મરી જાય તો તે આખેરતમાં પી શક્શે નહી[૨]." (મુસ્લિમ)

★ હદીષ : (૫)-૩૬૬૮ ★

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كُلُّ مُسْكِرٍ خَمْرٌ وَكُلُّ مُسْكِرٍ حَرَامٌ وَمَنْ شَرِبَ الْخَمْرَ فِي الدُّنْيَا فَمَاتَ وَهُوَ يُدْمِنُهَا لَمْ يَتُبْ لَمْ يَشْرَبْهَا فِي الْآخِرَةِ» . رَوَاهُ مُسلم

૧. અહીં શાબ્દિક અર્થનું વર્ણન નથી બલ્કે શરઈ હુકમનું વર્ણન છે કે જે ચીજ નશો આપે તે હુકમની રીતે ખમ્ર છે કે હરામ પણ છે અને એના પર ૮૦ કોરડા હદ (સજા) પણ છે. જાણવા મળ્યું કે નશાકારક ન હોય તેવી શરાબ ખમ્રના હુકમમાં નથી, કેમ કે અરબી શબ્દકોશમાં ખમ્ર કેવળ અંગૂરી શરાબને કહે છે. જેમ કે બુખારી શરીફે હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ નો ક્વૌલ નકલ કર્યો : حرمت الخمر وما بالمدينة منها شيئ જ્યારે ખમ્ર હરામ કરવામાં આવી તો મદીનામાં તે તદ્દન ન હતી. કોણ ન હતી, અંગૂરી શરાબ. બીજા શરાબો તો ત્યાં એ વખતે ખૂબ જ અધિક હતી. જેવું કે હઝરત અનસની હદીષમાં છે કે એ વખતે મદીના પાકમાં ખજૂરની શરાબ ખૂબ હતી. તેમજ ઈબ્ને ઔફે ઈબ્ને શદ્દાદથી હઝરત ઈબ્ને અબ્બાસની રિવાયત નકલ કર્યું. حرمت الخمر قليلها وكثيرها والمسكر من كل شراب (એની અસ્નાદ અતિશય સહીહ છે) એટલે કે ખમ્ર તો થોડી હોય કે વધારે મુત્લક્ન હરામ છે, એના સિવાય બીજી શરાબો નશાકારક હોય તો હરામ છે એનાથી પણ જાણવા મળ્યું કે ખમ્ર અને બીજી શરાબોના હુકમોમાં ફરક્ છે. (મિર્ક્ત) ખમ્રનું એક ટીપુ પીવા પર હદ (સજા) છે, બીજી શરાબોમાં નશા સુધી પીવામાં હદ (સજા) છે. જેમ કે હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ ફર્માવે છે : فاذا سكر فاجلدوه તે જ્યારે નશો થાય તો કોરડા મારો. (મિર્ક્ત) દારકુત્નીએ હઝરત ઉમર તથા અલી رضی اللہ عنہما નો એક બનાવ નક્લ કર્યો કે એક બદવીએ આપના વાસણોથી નબીઝ પીધુ. તેને નશો થઈ ગયો તો તેમણે તેને હદ (સજા) લાગુ કરી. તે બોલ્યો કે મેં તો આપના વાસણથી નબીઝ પીધી હતી. તેમણે ફર્માવ્યું કે તેને સજા નશાના કારણે આપવામાં આવી. આ જ પ્રમાણે ઈબ્ને અબી શયબાએ અબ્દુલ્લાહ ઈબ્ને નુમેર અન હજ્જાજ અન ઈબ્ને ઔફ અન અબ્દુલ્લાહ ઈબ્ને શદ્દાદ અને ઈબ્ને અબ્બાસ રિવાયત કરી : في السكر من النبيذ ثمانين સારાંશ મઝહબે ઈમામ અબૂ હનીફા ખૂબ જ ક્વી છે. હદ (સજા) શંકાઓથી દૂર થઈ જાય છે. ગૈર ખમ્ર બીજી શરાબો છે જો નશાકારક ન હોય તો તેમની હુર્મત (હરામ હોવા)માં શક તો છે પછી તેમાં હદ (સજા) કેવી ?

૨. એટલે કે જો હલાલ જાણીને પીતો રહ્યો તો કાફિર થયો. કાફિર જન્નતથી મેહરૂમ છે. અને જો હરામ જાણીને પીતો રહ્યો તો ભલે જન્નતમાં પહોંચી જાય અને ત્યાં સર્વ નેઅમતો પામે પણ શરાબ કદી પામશે નહીં. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે જે મુદ્દત સુધી શરાબ પીતો રહ્યો છે એ મુદ્દત સુધી ન પામશે અથવા વધુ માત્રામાં ન પામશે, ખૂબ જ થોડી મળશે. અમુકે ફર્માવ્યું કે એનો મતલબ એ છે કે પહેલેથી શરાબે તહૂર મળશે નહીં. સારાંશ કે

આ વાક્યની ઘણી સ્પષ્ટતાઓ કરવામાં આવી છે. યાદ રાખશો કે શરાબે તહૂર એ જન્નતની આ'લા નેઅમત છે. રબ તઆલા ફર્માવે છે : وَسَقٰىهُمْ رَبُّهُمْ شَرَابًا طَهُوْرًا (અને તેમને તેમના રબે સુથરી શરાબ પીવડાવી. –સૂરએ ઈન્સાન, ૭૬/૨૧)

★ નશો પીએ તેને દોઝખીઓનુ પરુ પીવડાવશે ★

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સ યમનથી આવ્યા. તેમણે નબી કરીમ ﷺ થી એ શરાબના વિશે પૂછયું જે તેમની જમીનમાં પીવામાં આવે છે જવારની હોય છે તેને મિઝર કહે છે[૧]. તો ફર્માવ્યું નબી કરીમ ﷺ એ કે, શું તે નશાકારક છે ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, દરેક નશાકારક ચીજ હરામ છે[૨]. બેશક ! અલ્લાહના ઝિમ્મે એક વાયદો છે[૩] એના વિશે જે નશો પીએ[૪] એ કે તેને તીનતિલ ખબાલ પીવડાવે. લોકોએ અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! ﷺ તીનતિલ ખબાલ શું ચીજ છે ? ફર્માવ્યું, દોઝખીઓનો પરસેવો અથવા દોઝખીઓનું પરુ[૫]." (મુસ્લિમ)

★ હદીષ : (૬)-૩૬૩૯ ★

وَعَنْ جَابِرٍ أَنَّ رَجُلًا قَدِمَ مِنَ الْيَمَنِ فَسَأَلَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ شَرَابٍ يَشْرَبُونَهُ بِأَرْضِهِمْ مِنَ الذُّرَةِ يُقَالُ لَهُ الْمِزْرُ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَوَ مُسْكِرٌ هُوَ؟» قَالَ: نَعَمْ قَالَ: «كُلُّ مُسْكِرٍ حَرَامٌ إِنَّ عَلَى اللَّهِ عَهْدًا لِمَنْ يَشْرَبُ الْمُسْكِرَ أَنْ يَسْقِيَهُ مِنْ طِينَةِ الْخَبَالِ».قَالُوا: يَا رَسُولَ اللَّهِ وَمَا طِينَةُ الْخَبَالِ؟ قَالَ: «عَرَقُ أَهْلِ النَّارِ أَوْ عُصَارَةُ أَهْلِ النَّارِ» . رَوَاهُ مُسلم

૧. પ્રશ્નકર્તા એ સમજ્યો હતો કે ઈસ્લામમાં ખમ્ર હરામ છે અને ખમ્ર અંગૂરી શરાબ (દ્રાક્ષના દારૂ)ને કહે છે, અને અમારા દેશમાં દ્રાક્ષની શરાબ નથી થતી, જવારની થાય છે તો કદાચ એ હલાલ હશે, એટલા માટે આવો સવાલ કર્યો.

૨. આ એવો કાયદો છે કે કદી તૂટી નથી શકતો. જે ચીજ પણ નશો આપે પાતળી (પ્રવાહી) હોય જેમ કે શરાબ, સૂકી હોય જેમ કે અફીણ, ભાંગ, ચરસ વગેરે, તે હરામ છે, ત્યાં સુધી કે જો જાફરાન વધુ ખાવાથી નશો થઈ જાય તો એનો પણ એ જ હુકમ છે. એના પર સર્વ મુસલમાનાનો ઈજમાઅ છે.

૩. વાયદો એ વઈદ (ચેતવણી)ના અર્થમાં છે.

★ અઝાનનો જવાબ ન આપનાર તથા અફીણના બંધાણીનો ખાત્મો ખરાબ થવાનો અંદેશો ★

૪. કેમ કે અધિકતર પ્રવાહી ચીજો નશા માટે પીવામાં આવે છે. તેમજ આગળ પીવડાવવાનું વર્ણન જ આવી રહ્યું છે એટલા માટે يشرب ફર્માવ્યું, નહીં તો અફીણ તથા ભાંગથી નશો કરવો પણ હરામ છે. ઉલમા ફર્માવે છે કે જે અઝાનનો જવાબ ન આપે અને તે વખતે લાપરવાહીથી દુનિયાના કામમાં મશગૂલ રહે અને જે અફીણનો આદી (આદતવાળો) હોય તેનો ખાત્મો ખરાબ થવાનો અંદેશો છે. આ બે ચીજોથી ખૂબ જ પરહેઝ કરવામાં આવે.

૫. એ પરસેવા અથવા પરુ તથા લોહીની દુર્ગંધની, બુરા સ્વાદ તથા ખરાબીનું વર્ણન નથી થઈ શકતું. સજા જુર્મના પ્રમાણે છે કે તેણે દુનિયામાં ગંદી, બુરા સ્વાદવાળી દુર્ગંધમય ચીજ પીધી જેથી એના બદલામાં એવી ચીજ પીવડાવવામાં આવી.

★ હદીષ : (૭)-૩૬૪૦ ★

وَعَنْ أَبِي قَتَادَةَ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْ خَلِيطِ التَّمْرِ وَالْبُسْرِ وَعَنْ خَلِيطِ الزَّبِيبِ وَالتَّمْرِ وَعَنْ خَلِيطِ الزَّهْوِ وَالرُّطَبِ. وَقَالَ: «انْتَبِذُوا كُلَّ وَاحِدٍ عَلَى حِدَةٍ» . رَوَاهُ مُسلم

"હઝરત અબૂ કતાદાથી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ખારેક તથા કાચી ખજૂરના મિશ્રણથી અને સૂકી દ્રાક્ષ તથા ખારેકોના મિશ્રણથી અને કાચા ખજૂર તથા લીલાં ખજૂરના મિશ્રણથી મના કર્યું[૧] અને ફર્માવ્યું કે દરેકનું અલગ અલગ નબીઝ બનાવો[૨]." (મુસ્લિમ)

૧. એટલે કે એ બે ચીજોને મિલાવીને પાણીમાં બોળીને તેમનું શરબત (નબીઝ) ન બનાવો કેમ કે એ બંને મિલાવવાથી જલ્દી નશો પેદા થઈ જાય છે કે એમનામાંથી એક પણ બદલાય જશે તો બીજાને પણ ખરાબ કરી દેશે. આ હુકમ એહતેયાતી (સાવધાન પૂરતો) છે. જો બંનેને મિલાવીને પલાળવામાં આવ્યાં અને નશો પેદા ન થયો તો પીવું હલાલ છે.

૨. ઈમામ અહમદ તથા માલિકે આ હદીષના જાહેર પર અમલ કર્યો છે. એમની નજીક આ મિશ્રણનું નબીઝ હરામ છે, નશો આપે કે ન આપે. ઈમામે આ'ઝમ તથા શાફઈને ત્યાં જો નશો આપે તો હરામ છે, નહીં તો નહીં.

★ હદીષ : (૮)-૩૬૪૧ ★

وَعَنْ أَنَسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سُئِلَ عَنِ الْخَمْرِ يُتَّخَذُ خَلًّا؟ فَقَالَ: «لَا» . رَوَاهُ مُسلم

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ થી શરાબ વિશે પૂછવામાં આવ્યું કે તે સિરકાથી બનાવવામાં આવે[૧] તો ફર્માવ્યું, નહીં[૨]." (મુસ્લિમ)

૧. એ રીતે શરાબમાં પ્યાજ કે મીઠુ (નમક) નાખી દેવામાં આવે અથવા તડકામાં રાખી દેવામાં આવે ત્યાં સુધી કે સિરકો બની જાય.

★ શરાબને સિરકો બનાવી દેવામાં આવે તો પાક તથા હલાલ થઈ જશે ★

૨. એવી શરાબને કોઈ યુક્તિ વડે સિરકો ન બનાવો, બલ્કે તેને ફેંકી દો. યાદ રાખશો કે **અહનાફની નજીક જો શરાબ સિરકો બનાવી દેવામાં આવી તો પાક પણ થઈ જશે અને હલાલ પણ થઈ જશે.** ઈમામ અહમદ رضی اللہ عنہ ની નજીક તે હરામ અને નાપાક જ રહેશે. ઈમામ માલિક رضی اللہ عنہ ની નજીક શરાબને સિરકો બનાવવો હરામ છે, પરંતુ જો બનાવી લેવામાં આવે તો પાક થઈ જશે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ની નજીક જો પ્યાજ કે મીઠુ નાખીને સિરકો બનાવવામાં આવી તો નાપાક રહેશે અને તડકામાં રાખીને સિરકો બનાવવામાં આવી તો પાક થઈ જશે. ઈમામ અબૂ હનીફા તથા ઈમામ અવઝાઈ અને લૈષની નજીક આ હુકમ એ વખતે આપવામાં આવ્યો હતો જ્યારે કે શરાબ નવી નવી હરામ થઈ હતી. ખતરો હતો કે લોકોએ સિરકો બનાવવાનો શરૂ કરી દીધો તો શરાબ છોડશે નહીં. એટલા માટે શરાબ ફેંકી દેવાનો હુકમ આપવામાં આવ્યો. જેમ કે શરૂમાં શરાબના વાસણોનો ઉપયોગ પણ હરામ હતો. જ્યારે લોકો શરાબને છોડી દેવાની આદતવાળા (આદી) બની ગયા, શરાબને ભૂલી ગયા ત્યારે એ હુકમ પણ મન્સૂખ થઈ ગયો. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ હુઝૂર ﷺ નું આ આલીશાન ફર્માન نعم الادام الخل સિરકો સારું સાલન છે. આ હદીષમાં સિરકો મુત્લક (બિનશર્તી) છે ચાહે પહેલેથીથી જ સિરકો હોય કે શરાબનો બનાવવામાં આવ્યો હોય. *(મિર્કાત તથા અશિઅહ)*

★ શરાબ દવા નથી તે નર્યો બીમારી છે ★

''હઝરત વાઈલ હઝરમીથી[૧] રિવાયત છે કે હઝરત તારિક ઈબ્ને સુવેદે[૨] નબી કરીમ ﷺ થી શરાબના વિશે પૂછયું તો મના કર્યું. તો બોલ્યા કે દવા માટે બનાવું છું તો ? ફર્માવ્યું કે શરાબ દવા નથી પરંતું તે નર્યો બીમારી છે[૩].'' (મુસ્લિમ)

★ હદીષ : (૯)-૩૬૪૨ ★

وَعَنْ وَائِلٍ الْحَضْرَمِيِّ أَنَّ طَارِقَ بْنَ سُوَيْدٍ سَأَلَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ الْخَمْرِ فَنَهَاهُ. فَقَالَ: إِنَّمَا أَصْنَعُهَا لِلدَّوَاءِ فَقَالَ: «إِنَّهُ لَيْسَ بِدَوَاءٍ وَلَكِنَّهُ دَاءٌ» . رَوَاهُ مُسْلِمٌ

૧. આ તે જ હઝરત વાઈલ ઈબ્ને હજમ હઝરમી છે જેમના હાલાત ઘણીવાર વર્ણન થઈ ચૂક્યા છે કે આપ યમનના શાહઝાદાઓમાંથી હતા. હુઝૂર ﷺની ખિદમતમાં હાજર થઈને મુસલમાન બન્યા. હુઝૂરે આપનું ઘણુ સન્માન કર્યું.

૨. આપ પણ હઝરમી છે. આપનાથી કેવળ એક હદીષ નક્લ થયેલી છે. સહાબી છે. (رضی اللہ عنہ)

★ શરાબને દવા રૂપે વાપરવા વિશે હુકમ ★

૩. આ હદીષના આધારે મોટાભાગના ઉલમાએ ફર્માવ્યું કે શરાબથી ઈલાજ હરામ છે, એમાં શિફા છે જ નથી. પણ અમુક ઉલમાએ ફર્માવ્યું કે જો મુસલમાન મુત્તકી કુશળ ડૉકટર કહી દે કે આ બીમારીની દવા શરાબ સિવાય અન્ય કોઈ નથી, તો દવા રૂપે હલાલ થઈ જાય છે. એટલે કે શરાબ હરામ રહે તો એમાં શિફા નથી પણ જ્યારે શરઈ હુકમ પ્રમાણે વર્ણવેલ સ્થિતિમાં હલાલ થઈ જાય તો તેનાથી ઈલાજ થઈ શકે છે. પરંતું જો ગળામાં કોળિયો ફસાઈ ગયો છે અને પાણી મૌજૂદ નથી કે પીને ઉતરે, જીવ જઈ રહ્યો છે અને શરાબ મૌજૂદ છે તો શરાબ પીને કોળિયો ઉતારી શકે છે એના પર સર્વ ઉલમાનો ઈજમાઅ છે કે આ મુસીબતથી છૂટકારો યકીનન ! થઈ જશે. સારાંશ આ હદીષ વિચારણાને પાત્ર છે. કુર્આને કરીમે તીવ્ર ભૂખની હાલતમાં મુરદાર ખાવાની ઈજાઝત આપી છે તે આયત આ કૌલ (વાત)નું સમર્થન કરે છે. આ હદીષના વિશે ઉલમાએ ઘણી ચર્ચા કરી છે.

(વિભાગ : ૨) الفصل الثانی

★ શરાબ પીનારની ૪૦ દિવસની નમાઝ કબૂલ ન થશે ★

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જેણે શરાબ પીધી તો અલ્લાહ તઆલા કબૂલ કરશે નહીં તેની ચાલીસ દિવસની નમાઝ[૧]. પછી જો તૌબા કરે તો તેની તૌબા કબૂલ કરશે[૨]. પછી જો પલ્ટે તો અલ્લાહ તેની ચાલીસ દિવસની નમાઝ કબૂલ નહીં કરે. પાછો જો તૌબા કરે તો અલ્લાહ તેની તૌબા કબૂલ કરી લેશે. જો ફરી પાછો પલ્ટે તો અલ્લાહ તેની ચાલીસ દિવસની નમાઝ કબૂલ

★ હદીષ : (૧૦)-૩૬૪૩ ★

عَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم:«مَنْ شَرِبَ الْخَمْرَ لَمْ يَقْبَلِ اللَّهُ لَهُ صَلَاةَ أَرْبَعِينَ صَبَاحًا فَإِنْ تَابَ تَابَ اللَّهُ عَلَيْهِ. فَإِن عَاد لم يقبل الله لَهُ صَلَاة أَرْبَعِينَ صَبَاحًا فَإِنْ تَابَ تَابَ اللَّهُ عَلَيْهِ فَإِن عَاد لم يقبل الله لَهُ صَلَاة أَرْبَعِينَ صَبَاحًا فَإِنْ

تَابَ تَابَ اللَّهُ عَلَيْهِ فَإِنْ عَادَ فِي الرَّابِعَةِ لَمْ يَقْبَلِ اللَّهُ لَهُ صَلَاةَ أَرْبَعِينَ صباحا فَإِن تَابَ لم يَتُبِ اللَّهُ عَلَيْهِ وَسَقَاهُ مِنْ نَهْرِ الْخَبَالِ» . رَوَاهُ التِّرْمِذِيّ

નહીં કરે[૩] પછી જો તૌબા કરે તો અલ્લાહ તેની તૌબા કબૂલ કરી લેશે[૪]. જો ફરી ચોથી વાર પલ્ટે તો અલ્લાહ તેની ચાલીસ દિવસની નમાઝો કબૂલ નહીં કરે, પછી જો તૌબા કરે તો અલ્લાહ તેની તૌબા કબૂલ કરશે નહીં[૫]. અને તેને ખબાલની નહેરથી પીવડાવશે[૬]." (તિર્મિઝી)

૧. صباحથી મુરાદ દિવસ છે. જુઝ (અંશ) બોલીને કુલ મુરાદ લેવામાં આવ્યું છે. જેવું કે હદીષ શરીફમાં છે કે હઝરત આદમની માટી ચાલીસ સવાર ખમીર કરવામાં આવી, એટલે કે ચાલીસ દિવસ સુધી. અમુકે ફર્માવ્યું કે એનાથી મુરાદ સવારની નમાઝ એટલે ફજરની નમાઝ જ છે. હદીષનો મતલબ એ છે કે જે શખ્શ શરાબ પી લે અને તૌબા ન કરે તો ચાલીસ દિવસ સુધી એની ઈબાદતમાં લિજ્જત, હુઝૂરે કલ્બી (દિલ લાગવું) મયસ્સર થશે નહીં જેના કારણે તે ઈબાદતો ભલે અદા તો થઈ જશે પણ કબૂલ થશે નહીં. નમાઝ કહેવામાં આવ્યું અને સર્વ ઈબાદતો મુરાદ લેવામાં આવી કેમ કે નમાઝ સૌથી અફઝલ ઈબાદત છે, જ્યારે તે જ કબૂલ ન થઈ તો બીજી ઈબાદતો અધિક અંશે કબૂલ થશે નહીં. કેમ કે શરાબ ઉમ્મુલ ખબાઈષ (ખરાબીઓની જડ) છે અને નમાઝ ઉમ્મુલ ઈબાદાત છે. જે ઉમ્મુલ ખબાઈષ પીશે તે ઉમ્મુલ ઈબાદાતની કબૂલિયતથી મેહરૂમ રહેશે. અમુક રિવાયતોમાં છે જે શરાબ પીશે તેના સીનાથી ઈમાની નૂર નીકળી જશે. *(મિર્કાત, અશિઅહ, લમ્આત)*

૨. તૌબાની હકીકત છે પાછલાં (કામો)થી શર્મિંદગી, ભાવિ માટે ન કરવાનો પાકો નિશ્ચય. એ જ રીતે શરાબથી તૌબામાં જોઈએ કે ભાવિમાં એની નજીક ન જવાનો પાકો નિશ્ચય કરે.

★ ૪૦ની સંખ્યાની બરકતો ★

૩. એટલે કે જો તૌબા કરતી વખતે સંપૂર્ણ નિશ્ચય કર્યો કે હવે કદાપિ પીશ નહીં. પછી શૈતાને બેહકાવી દીધો અને પી લીધી. ચાલીસની સંખ્યા એટલા માટે વર્ણન થઈ કે શરાબની અસર ચાલીસ દિવસ સુધી શરીરમાં રહે છે. મિર્કાતે ફર્માવ્યું કે દરેક ખોરાક તથા પાણીની અસર શરીરમાં ચાલીસ દિવસો સુધી રહે છે. **જે કોઈ ચાલીસ દિવસ સુધી ઈખ્લાસપૂર્વક ઈબાદત કરે તો તેના દિલ તથા ઝબાનથી હિકમતનાં ઝરણાં વહેવા લાગે છે.** જે હુઝૂર ﷺની ચાલીસ હદીષો મુસલમાનો સુધી પહોંચાડે તેને અલ્લાહ તઆલા મુહદ્દિષો તથા ફકીહોના ગ્રૂપમાં હશ્રનસીબ કરશે. મૂસા عليه السلامથી ચાલીસનો ચિલ્લો કરાવવામાં આવ્યો. ફર્માવે છે : وَاِذْ وٰعَدْنَا مُوْسٰۤى اَرْبَعِيْنَ لَيْلَةً (અને જ્યારે અમે મૂસાથી ચાલીસ રાતનો વાયદો કર્યો. સૂરએ બકરહ, ૨/૫૧) સારાંશ કે ચાલીસની સંખ્યાની ઈબાદતો અને ગુનાહોમાં અજબની તાષીર છે. (મિર્કાત) ચાલીસની સંખ્યાની બરકતો અમારી કિતાબ 'જા અલ્ હક્ક'માં જુઓ.

૪. એટલે કે તાઅત (ફર્માંબરદારી) સાથે તૌબા કરે તો હક્ક તઆલા મગફિરતની સાથે કબૂલ કરશે.

૫. એટલે કે જે ત્રણવાર શરાબથી તૌબા કરીને તોડી નાખે તો હવે તેને તૌબાની કબૂલિયતની તૌફીક મળશે નહીં. હવે કેવળ જીભ વડે તો તૌબા કહેશે પણ દિલથી તૌબા કરી શકશે નહીં. જેથી એ તૌબા કબૂલ થશે નહીં. આ શરાબનોશી (દારૂપાન)ની નહૂસત છે. જેથી આ હદીષ એ હદીષની વિરુદ્ધ નથી જે અબૂ દાઉદ તથા તિર્મિઝીએ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہની રિવાયત કરી કે જે શખ્સ દિવસમાં સિત્તેર વાર ગુનોહ કરે અને સિત્તેરવાર તૌબા કરે તો તે ગુનાહ પર અડી જનારો નથી, કેમ કે ત્યાં મકબૂલ તૌબા મુરાદ છે. કુર્આને કરીમ ફર્માવે છે :

إِنَّ الَّذِيْنَ اٰمَنُوْا ثُمَّ كَفَرُوْا ثُمَّ اٰمَنُوْا ثُمَّ كَفَرُوْا ثُمَّ ازْدَادُوْا كُفْرًا لَّمْ يَكُنِ اللّٰهُ لِيَغْفِرَ لَهُمْ وَلَا لِيَهْدِيَهُمْ سَبِيْلًا (બેશક ! તે લોકો જેઓ ઈમાન લાવ્યા પછી કાફિર થયા, ફરી ઈમાન લાવ્યા ફરી કાફિર થયા. પછી અધિક કુફ્રમાં વધ્યા. અલ્લાહ કદાપિ તેમને ન બખ્શે ન તેમને માર્ગ દેખાડે. સૂરએ નિસાઅ, ૪/૧૩૭) આ હદીષ આ આયતે કરીમાની નિર્દેશરૂપે શરહ કરી રહી છે. ફકીરની આ તકરીર (ચર્ચા) ખૂબ યાદ કરી લેવી જોઈએ.

૬. "ખબાલ" દોઝખીઓનું લોહી તથા પરુ એટલા અધિક પ્રમાણમાં વહેશે કે તેની નહેર વહી જશે. શરાબી સખત તરસ્યા ઉઠશે, પાણી માગશે તો તેમને પાણીના બદલે એ આપવામાં આવશે જે તેમણે સખત તરસના કારણે પીવું પડશે.

★ હદીષ : (૧૧)-૩૬૪૪ ★	*"અને નિસાઈ, ઈબ્ને માજહ, દારમીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત કરી[૧]."*
وَرَوَاهُ النَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ عَنْ عَبْدِ اللهِ بن عَمْرو	

૧. એટલે કે આ તિર્મિઝીની હદીષે તો હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત કરી અને નિસાઈ, ઈબ્ને માજહ, દારમીએ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી રિવાયત કરી.

★ હદીષ : (૧૨)-૩૬૪૫ ★	*"હઝરત જાબિરથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે ચીજની ઘણી માત્રા નશો આપે તો તેની થોડી માત્રા પણ હરામ છે[૧]." (તિર્મિઝી, અબૂ દાઊદ, ઈબ્ને માજહ)*
وَعَنْ جَابِرٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَا أَسْكَرَ كَثِيرُهُ فَقَلِيلُهُ حَرَامٌ».رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ	

૧. કેમ કે થોડી શરાબ અધિક શરાબની આદી બનાવી દે છે, એટલા માટે થોડીથી પણ બચવું લાઝિમ છે. આ હદીષ જાહેરી અર્થથી ઈમામ શાફઈ વગેરેથી પણ વિરુદ્ધ છે, કેમ કે તેમને ત્યાં પણ અફીણ, ચરસ, ભાંગ જે દવાઓમાં વાપરવામાં આવે અને નશો આપે તો હરામ નથી. અહીં પ્રવાહી કે ઘનની શર્ત નથી, જેથી એનો એ જ મતલબ છે જે ફકીરે (લેખકે) અર્ઝ કર્યો કે ખમ્ર એટલે અંગૂરી શરાબનું તો એક ટીપુ પણ કતઈ હરામ છે, અને બીજી શરાબોનું ટીપુ પણ હરામ છે જ્યારે લિજ્જત, મનોરંજન કે આનંદ માણવા પીએ. અથવા એટલા માટે હરામ છે કે તે અધિક પીવાનો ઝરીયો છે. જેથી આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની વિરુદ્ધ નથી. એની ચર્ચા હમણા થોડાક અગાઉ વર્ણન થઈ ચૂકી છે તેને જોઈ લેશો.

★ હદીષ : (૧૩)-૩૬૪૬ ★	*"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. તે રસૂલુલ્લાહ ﷺ થી રાવી. ફર્માવ્યું, જેનો એક ફરક નશો આપે તેનો એક ખોબો પણ હરામ છે[૧]." (અહમદ, તિર્મિઝી, અબૂ દાઊદ)*
وَعَنْ عَائِشَةَ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَا أسكرَ مِنْهُ الفرْقُ فَمِلْءُ الْكَفِّ مِنْهُ حَرَامٌ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُد	

૧. "ફરક" મદીના મુનવ્વરાનું એક માપ હતું જેમાં સોળ રતલ એટલે આઠ શેર ચીજ સમાતી હતી. અહીં મુત્લક્ન અધિક્તા મુરાદ છે. એટલે જે સોળ રતલ હોય તો નશો આપે તે ખોબા જેટલુ પણ હરામ છે, ભલે નશો ન આપે. કેમ કે એ ઝરીયો છે અધિક પીવાનો અથવા શરાબખોરીની આદતનો જેમ કે પ્રથમ હદીષમાં વર્ણન થઈ ચૂક્યું.

★ હદીષ : (૧૪)-૩૬૪૭ ★

وَعَنِ النُّعْمَانِ بْنِ بَشِيرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ مِنَ الْحِنْطَةِ خَمْرًا وَمِنَ الشَّعِيرِ خَمْرًا وَمِنَ التَّمْرِ خَمْرًا وَمِنَ الزَّبِيبِ خَمْرًا وَمِنَ الْعَسَلِ خَمْرًا» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيثٌ غَرِيبٌ

''હઝરત નોઅમાન ઈબ્ને બશીર رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ઘઉંથી શરાબ બને છે અને જવથી શરાબ બને છે અને ખજૂરથી શરાબ બને છે અને કિશમિશ (સૂકી દ્રાક્ષ)થી શરાબ બને છે અને મધથી શરાબ બને છે[૨].'' (તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે.

૧. આપ અન્સારી સહાબી છે. હિજરત પછી અન્સારમાં આપ જ પહેલા પેદા થયા. હુઝૂર ﷺની વફાતના સમયે આપની ઉમર આઠ વરસ સાત મહીનાની હતી. કૂફામાં વસવાટ રહ્યો. અમીર મુઆવિયા તરફથી કૂફાના હાકિમ રહ્યા, પછી હમ્સના હાકિમ બન્યા, ત્યાં જ આપને હિ.સ. ૬૪ કત્લ કરી દેવામાં આવ્યા.

૨. મિર્કાતે ફર્માવ્યું કે આ સર્વ શરાબોને ખમ્ર કહેવું મજાઝન છે, એટલે આ શરાબો જાણે ખમ્ર જ છે કે બુદ્ધિ બગાડવા, બેહોશ તથા નશો કરી દેવામાં ખમ્રનું કામ કરે છે અને તેમના નશા પર પણ ખમ્રના નશાના હુકમો લાગુ થયેલા છે. નહીં તો ખમ્ર કેવળ અંગૂરી શરાબ (દ્રાક્ષના દારૂ)ને કહે છે જેની દલીલો અગાઉ વર્ણન થઈ ચૂકી છે. યાદ રાખશો કે આ વર્ણવેલ પાંચ ચીજોનું વર્ણન સીમા માટે નથી, કેમ કે શરાબ તેમના સિવાય અન્ય ચીજોની પણ બને છે. કેમ કે સામાન્યપણે અરબમાં એ જ પાંચ ચીજોની શરાબ બનતી હતી એટલા માટે તેનો ખાસ રીતે ઉલ્લેખ કર્યો. એટલે કે ઘઉં, જવ, ખારેકો, સૂકી દ્રાક્ષ તથા મધ.

★ હદીષ : (૧૫)-૩૬૪૮ ★

وَعَنْ أَبِي سعيدٍ الخدريِّ قَالَ: كانَ عندَنا خَمْرٌ لِيَتِيمٍ فَلَمَّا نَزَلَتِ (الْمَائِدَةُ)سَأَلْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْهُ وَقُلْتُ: إِنَّه لِيَتِيمٍ فَقَالَ: «أَهْرِيقُوهُ» . رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમારી પાસે એક યતીમની શરાબ હતી[૧]. તો જ્યારે સૂરએ માઈદા ઉતરી[૨] તો મેં રસૂલુલ્લાહ ﷺ થી તેના વિશે પૂછ્યું અને અરજ કરી આપ્યું કે એ શરાબ યતીમની છે[૩]. ફર્માવ્યું, એને ફેંકી દો[૪].'' (તિર્મિઝી)

૧. કે અમારા ઘરમાં એક યતીમ ઉછેર પામી રહ્યો હતો. જેનું કોઈ સગુ મૃત્યુ પામ્યું તેના માલોનો આ બાળક વારસદાર બન્યો. એ માલોમાં શરાબ પણ હતી. કેમ કે એ સમય સુધી શરાબ હરામ થઈ ન હતી એટલા માટે તે પણ એ બાળકને વારસામાં મળી. એ બાળકની માલિકીમાં જ હતી એવામાં શરાબ હરામ થઈ ગઈ અને તેને ફેંકી દેવાનો હુકમ બહાર પડી ગયો.

૨. જેમાં આયતે કરીમા આવી :

يَاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْٓا اِنَّمَا الْخَمْرُ وَالْمَيْسِرُ وَالْاَنْصَابُ وَالْاَزْلَامُ رِجْسٌ مِّنْ عَمَلِ الشَّيْطٰنِ فَاجْتَنِبُوْهُ لَعَلَّكُمْ تُفْلِحُوْنَ

(હે ઈમાનવાળાઓ ! શરાબ તથા જૂગાર અને મૂર્તિ અને પાસા નાપાક જ છે. શૈતાની કામ તો એમનાથી બચતા રહેશો કે જેથી તમે ભલાઈ પામો. –સૂરએ માઈદા, ૫/૯૦) અને શરાબને કતઈ હરામ કરી દેવામાં આવી અને શરાબને નાપાક પણ કહેવામાં આવી, તેને શૈતાની કામ ઠરાવવામાં આવ્યું, એનાથી બચવાનો હુકમ આપવામાં

આવ્યો. فَاجْتَنِبُوْهُ આ બચવા પર ભલાઈ તથા કામયાબીને આધારિત કરવામાં આવી કે لَعَلَّكُمْ تُفْلِحُوْنَ અને શરાબખોરીને જૂગાર, મૂર્તિ પૂજા, તીરોથી ફાલ ખોલવા બરાબર ઠરાવવામાં આવ્યું. અને જાહેર છે કે આવી ખબીષ ચીજ નજીક જવાને લાયક નથી તો તેને કઈ રીતે પીવામાં આવે કે ઘરમાં રાખવામાં આવે.

૩. સવાલનો મક્સદ એ હતો કે શરાબને વેડફી નાખવામાં યતીમ બાળકનું નુકસાન થશે, જો ઈજાઝત હોય તો તેનો સિરકો બનાવી દઈએ અથવા કાફિરોના હાથે વેચી દઈએ. પીવાની ઈજાઝત માગવાનો હેતુ ન હતો, જેથી હદીષ જાહેર છે.

૪. એટલે કે ન તેને કાફિરોના હાથે વેચો ન તેનો સિરકો બનાવો બલ્કે તેને વહાવી દો કેમ કે એ માલ ગૈર મત્કૂમ (કિંમત વગેરેનો) છે, મુસલમાન તેનો વેપાર પણ નથી કરી શકતો ન કોઈ હીલા વડે તેને વાપરી શકે છે. એનાથી જાણવા મળ્યું કે હરામ ચીજને નષ્ટ કરી દેવી જોઈએ ભલે તે નાબાલિગ બાળકની હોય કે એ પણ એક પ્રકારની અમલી તબદીલી છે. એટલા માટે ઢોલ, તબલા, સારંગી વગેરે હરામ સાધનોની ચોરી પર સજા નથી, તેને તોડવા પર ઝમાનત નથી, કે એ ચોરી નથી તબ્લીગ છે.

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે તે હઝરત અબૂ તલ્હાથી રાવી. તેમણે અર્ઝ કરી યા નબીયલ્લાહ! ﷺ મેં એ યતીમો માટે શરાબ ખરીદી જેઓ મારી પરવરિશ હેઠળ છે[૧]. ફર્માવ્યું, શરાબ વહાવી દો, માટલાં તોડી નાખો[૨] રિવાયત કરી એને તિર્મિઝીએ અને ઝઈફ કહી. અને અબૂ દાઊદની એક રિવાયતમાં આ પ્રમાણે છે કે તેમને નબી કરીમ ﷺ થી એ યતીમોના બારામાં પૂછયું જેઓ શરાબના વારસદાર થયા છે. ફર્માવ્યું, તેને વહાવી દો. અર્ઝ કરી કે શું સિરકો ન બનાવી લઈએ ? ફર્માવ્યું, નહીં![૪]"

★ હદીષ : (૧૬)-૩૬૪૯ ★

وَعَنْ أَنَسٍ عَنْ أَبِي طَلْحَةَ: أَنَّهُ قَالَ: يَا نَبِيَّ اللَّهِ إِنِّي اشْتَرَيْتُ خَمْرًا لِأَيْتَامٍ فِي حِجْرِي قَالَ: «أَهْرِقِ الْخَمْرَ وَاكْسِرِ الدِّنَانَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَضَعَّفَهُ. وَفِي رِوَايَةٍ أَبِي دَاوُدَ: أنه سَأَلَهُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ أَيْتَامٍ وَرِثُوا خَمْرًا قَالَ:«أَهْرِقْهَا» . قَالَ: أَفَلَا أَجْعَلُهَا خلاًّ؟ قَالَ: «لَا»

૧. વારંવાર અર્ઝ કરવામાં આવી ચૂક્યું છે કે હઝરત અબૂ તલ્હા જનાબ અનસના સોતેલા (અસલી નહીં) બાપ છે. હઝરત અનસે તેમને ત્યાં ઉછેર પામ્યો. બંને બાપ બેટા મહાન મર્તબાવાળા છે. ફકીરે તેમની કબ્ર મુબારકની ઝિયારત કરી છે.

૨. એટલે કે શરાબ હરામ થતા પહેલાં મેં વેપારના હેતુથી તે યતીમોના માલથી શરાબ ખરીદી હતી. હજી વેચવા પામ્યો ન હતો એવામાં શરાબ હરામ થઈ ગઈ તો હવે હું શું કરું ?! આ સવાલનો હેતુ પણ એ જ છે જે હમણા ઉપરની હદીષમાં દર્શાવવામાં આવ્યો, એટલે સિરકો બનાવી લેવા અથવા કાફિરના હાથે વેચી દેવાની ઈજાઝત હાંસલ કરવું છે.

૩. શરાબના વાસણ તોડી નાખવાનો હુકમ શરૂમાં તેહરીમ (હરામ કરવા માટે)માં હતો જ્યારે શરાબ નવી નવી હરામ થઈ હતી કે જેથી લોકો તેનાં વાસણ જોઈને ફરીથી શરાબ ન પીવા લાગે.

૪. સિરકો બનાવવાની મનાઈ તન્ઝીહી છે કે શરાબનો સિરકો બનાવવો યોગ્ય નથી. (મિર્કાત) અથવા એ મનાઈ શરૂમાં તેહરીમના સમયની છે જ્યારે કે શરાબના વાસણો તોડી નાખવાનો પણ હુકમ હતો. એની તેહકીક વર્ણન થઈ ચૂકી.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૧૭)-૩૬૫૦ ★

عَنْ أُمِّ سَلَمَةَ قَالَتْ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ كُلِّ مُسْكِرٍ ومقتر. رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત ઉમ્મે સલમાથી રિવાયત છે. ફર્માવે છે, મના કર્યું રસૂલુલ્લાહ ﷺએ દરેક નશાકારક અંગો વિખેરી દેનારી ચીજથી[૧]. '' (અબૂ દાઉદ)

★ હુક્કો કે તંબાકુવાળા પાનથી નશો થાય તો તે પણ હરામ ★

૧. ક્યાં તો مسكرથી મુરાદ પાતળી (પ્રવાહી) નશાકારક ચીજો છે અને مفتر એટલે શરીરમાં ગરમી અને ઢીલાપણુ પેદા કરનારી ચીજ છે, મુરાદ સૂકી નશીલી ચીજો છે જેમ કે અફીણ, ભાંગ, ચરસ વગેરે કે ઈસ્લામમાં એ સૌ ચીજો હરામ છે. કાંઈક વિગતપૂર્વક ક્યાં તો مسكرથી મુરાદ મજબૂત નશાકારક અને مفترથી મુરાદ હલકો નશો છે. નશો ગમે તેમ પણ નશો છે ભલે હલકો હોય. યાદ રાખશો કે તંબાકુથી નશો લેવો પણ હરામ છે. જો હુક્કો કે તંબાકુવાળા પાનથી નશો થાય તો તે પણ હરામ છે, નહીં તો નહીં. ઈન્શાઅલ્લાહ ! એની ચર્ચા આ વિભાગના છેવટમાં કાંઈક કરવામાં આવશે. مفتر ઘણુ જ વિશાળ ફર્માન છે.

★ હદીષ : (૧૮)-૩૬૫૧ ★

وَعَنْ دَيْلَمٍ الْحِمْيَرِيِّ قَالَ: قُلْتُ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: يَا رَسُولَ اللَّهِ إِنَّا بِأَرْضٍ بَارِدَةٍ وَنُعَالِجُ فِيهَا عَمَلًا شَدِيدًا وَإِنَّا نَتَّخِذُ شَرَابًا مِنْ هَذَا الْقَمْحِ نَتَقَوَّى بِهِ عَلَى أَعْمَالِنَا وَعَلَى بَرْدِ بِلَادِنَا قَالَ: «هَلْ يُسْكِرُ؟» قُلْتُ: نَعَمْ قَالَ: «فَاجْتَنِبُوهُ» قُلْتُ: إِنَّ النَّاسَ غَيْرُ تَارِكِيهِ قَالَ: «إِنْ لَمْ يَتْرُكُوهُ فقاتلوهم» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત દયલમ હિમ્યરી[૧] રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺથી અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ! ﷺ અમે એક ઠંડી જમીનમાં છીએ અને ત્યાં સખત કામ કરીએ છીએ[૨] અને અમે એ ઘઉંથી શરાબ બનાવીએ છીએ જેનાથી અમારા કામો પર અને અમારા દેશની ઠંડક પર શક્તિ હાંસલ કરીએ છીએ[૩] ફર્માવ્યું, શું તે નશો આપે છે ? મેં અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, એનાથી બચો[૪] મેં અર્ઝ કરી કે લોકો એને છોડશે નહીં[૫] ફર્માવ્યું, જો ન છોડે તો તેમની સાથે જંગ કરો[૬]. '' (અબૂ દાઉદ)

૧. ديلم દાલના ઝબર, લામના ઝેરથી છે. حمير હેના ઝેર, મીમની જઝમથી બરવઝને દિરહમ. હિમ્યર યમનનું એક શહેર છે જે સન્આથી પશ્ચિમ બાજુ આવેલુ છે.

૨. એટલા માટે અમારે શરાબ તથા નશાની ખૂબ જરૂરત છે કે આ દેશમાં શરાબની ગરમી વિના અને નશા વિના ભારે કામ નથી થઈ શકતાં.

૩. જેથી અમે શરાબ પીવા માટે મજબૂર છીએ.

૪. કે તેને તદ્દન ઉપયોગમાં ન લો ન નશાની હદ સુધી ન તેનાથી કમ. જેમ કે فاجتنبوهના ઈત્લાક્થી જાણવા મળ્યું, કેમ કે થોડી શરાબ ઘણી બધીનો ઝરીયો છે.

૫. કેમ કે પૂરાણા આદી (આદતવાળા) પણ છે અને તેની તેમને જરૂરત પણ છે દેશના સંજોગોના હિસાબે.

૬. એટલે કે જો હલાલ સમજીને પીએ તો તેઓ મુર્તદ થઈ ગયા, તેમના પર જેહાદ કરો. (મિર્કાત) અને જો હરામ સમજીને પીતા રહે તો તેમના પર મારપીટ કરીને સખ્તી કરીને રોકો. શબ્દ قَاتِلُو મારપીટ પર પણ ઈર્શાદ થયો છે. ફર્માવ્યું કે જે નમાઝીની આગળથી પસાર થવા ચાહે તો તેને રોકો, ન રોકાય તો قَاتِلْهُ તેને મારીને રોકો. અહીં પ્રશ્ન કરનારે ખૂબ જ કોશિશપૂર્વક સવાલ કર્યો પણ ઈજાઝત ન મળી.

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ શરાબ અને જૂગાર, તબલા અને જવારની શરાબથી મના કર્યું[૧] અને ફર્માવ્યું, દરેક નશાકારક ચીજ હરામ છે[૨].'' (અબૂ દાઊદ)[૩]

★ હદીષ : (૧૯)-૩૬૫૨ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْ الْخَمْرِ وَالْمَيْسِرِ وَالْكُوبَةِ وَالْغُبَيْرَاءِ وَقَالَ: «كُلُّ مُسْكِرٍ حَرَامٌ» . رَوَاهُ أَبُو دَاوُد

૧. ميسر ''જૂગારને કહે છે يسر અર્થ આસાની બન્યો. કેમ કે જવારી (જૂગારી) જીતીને આસાનીપૂર્વક માલ લઈ લે છે અને હારીને આસાનીપૂર્વક આપી દે છે. એટલા માટે એને મયસિરે કહે છે. કૂબા નરદ, શતરંજ, તબલા તથા સિતાર સર્વને કહે છે. અહીં શરહકર્તાઓએ તબલાનો અર્થ કર્યો છે. ગુબૈરા જવારની શરાબ જે હબ્શામાં રિવાજ પામેલી હતી જેને તેમની બોલીમાં મયસિર કહેતા હતા. *(અશિઅહ)*

૨. આ ફાયદા કુલ્લિયા છે કે દરેક નશાની ચીજથી નશો લેવો હરામ છે, ચાહે શરાબ, તાડી વગેરે પ્રવાહી ચીજો હોય કે ભાંગ, ચરસ, અફીણ વગેરે સૂકી ચીજો હોય. જો કે તેમના હુકમોમાં વિગત છે પણ નશો મુત્લક્ન હરામ છે.

૩. અહીં લેખકે પોતાનો કાયદો છોડી આપ્યો. ત્રણેવ હદીષો બાદ ફર્માવી દીધું કે આ ત્રણેવ હદીષોને અબૂ દાઊદે રિવાયત કરી.

''તેમનાથી જ રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, ન દાખલ થશે જન્નતમાં[૧] મા બાપનો નાફર્માન[૨] અને ન જવારી અને એહસાન જતાવનાર[૩] અને ન શરાબનો આદી. (દારમી) એની બીજી રિવાયતમાં જવારીના બદલે હરામઝાદો છે[૪].''

★ હદીષ : (૨૦)-૩૬૫૩ ★

وَعَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يَدْخُلُ الْجَنَّةَ عَاقٌّ وَلَا قَمَّارٌ وَلَا مَنَّانٌ وَلَا مُدْمِنُ خَمْرٍ» . رَوَاهُ الدَّارِمِيُّ وَفِي رِوَايَةٍ لَهُ: «وَلَا وَلَدَ زِنْيَةٍ» بَدَلَ «قمار»

૧. આગલા લોકોની સાથે (જન્નતમાં જવા પામશે) જેઓ શરૂમાં જ જન્નતમાં પહોંચે સજા વિના અને રુકાવટ વિના. અથવા જે આ જુર્મ કરે તેમને હલાલ સમજીને તે કૃતઅન (તદ્દન) જન્નતમાં દાખલ થશે નહીં.

૨. عَاقّ તે શખ્સ છે જે એવું મુબાહ કામ કરે જેનાથી માબાપને તકલીફ થાય. શરઈ જરૂરત વિના કરે અને તેમને દુ:ખ પહોંચાડવા માટે. (મિર્કાત) આ શર્તો ધ્યાનમાં રાખશો. જેથી હાકિમ પુત્ર મુજિરમ મા બાપ પર શરઈ સજા લાગુ કરે તો આક્ નથી. અને જો માબાપને સતાવવા માટે શરાબપાન વગેરે કરે તો તે બદ્નસીબ આક્ છે, બદ્તર છે, જાલિમ છે.

★ એહસાન જતાવીને સદક્ા બાતિલ ન કરો ★

૩. مَنّان એ منّ થી બન્યું છે منّ નો અર્થ એહસાન કરવું પણ છે, એહસાન જતાવવું પણ છે, અને તોડવું, બંધ

કરવું પણ છે. આ ત્રીજા અર્થમાં છે وَإِنَّ لَكَ لَأَجْرًا غَيْرَ مَمْنُونٍ (અને જરૂર તમારા માટે છે અનહદ સવાબ. સૂરએ ક़લમ, ૬૮/૩) منان રબ તઆલાની સિફત છે. અર્થ ઘણો જ એહસાન કરનાર કરીમ. અહીં બીજા કે ત્રીજા અર્થમાં છે, એટલે કે એહસાન જતાવનાર અથવા કાતેએ રહમ એટલે સગાસંબંધીઓના હક્કો અદા ન કરનાર. રબ તઆલા ફર્માવે છે : لَا تُبْطِلُوا صَدَقٰتِكُمْ بِالْمَنِّ وَالْاَذٰى (તમારા સદક़ા બાતિલ ન કરો એહસાન રાખીને અને ઈજા આપીને. સૂરએ બક़રહ, ૨/૨૬૪)

★ હરામી બાળકની પ્રકૃતિમાં શૈતાની દખલ હોય છે ★

૪. કેમ કે હરામી બાળક જન્મજાત બદમાશ બદકાર હોય છે કે તેની પ્રકૃતિમાં શૈતાનની દખલ હોય છે અને ક્યારેક બદકારી કરતાં કરતાં કુફ્ર સુધી પહોંચીને કાયમી દોઝખી બની જાય છે. (મિર્ક़ાત) એટલા માટે હરામીની નસલ (વંશ)માં વિલાયત નથી હોતી. પણ ખયાલ રાખશો કે હરામીના આ હુકમ ઈસ્લામમાં આવી ગયા પછી છે. મુશ્રિકો, મજૂસીઓની ઔલાદ હરામી નથી ભલે તેમના નિકાહ શરઈ કાયદાની વિરુદ્ધ છે, પણ કેમ કે તેમના ધર્મ મુજબ છે, જેથી સહીહ છે. જો મજૂસી (અગ્નિપૂજક) મુસલમાન થઈ જાય. અને તેના નિકાહમાં તેની મા કે બહેન કે પુત્રી હોય તો હવે અલગ કરાવી દેવામાં આવશે. એ જ પ્રમાણે જો મુશ્રિકોના નિકાહમાં સાત આઠ પત્નીઓ હોય તો ઈસ્લામ પછી ચારથી વધુ પત્નીઓ અલગ કરાવી દેવામાં આવશે, પણ તેમની થઈ ગયેલી ઔલાદ હલાલ ગણાશે. એનાથી વલીદ ઈબ્ને મુગીરાનો મસ્અલો પણ હલ થઈ ગયો જેને કુર્આને કરીમે ઝનીમ એટલે હરામી કહ્યો. આ હદીષમાં ઝાની તથા ઝાનિયા પર ચેતવણી છે કે તેઓ ઝિના કરીને પોતાના બાળક બલ્કે તેની નસલ બર્બાદ કરે છે.

★ હદીષ : (૨૧)-૩૬૫૪ ★

وَعَنْ أَبِي أُمَامَةَ قَالَ: قَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ اللَّهَ تَعَالَى بَعَثَنِي رَحْمَةً للعالمينَ وهُدىً لِلْعَالِمِينَ وَأَمَرَنِي رَبِّي عَزَّ وَجَلَّ بِمَحْقِ الْمَعَازِفِ وَالْمَزَامِيرِ وَالْأَوْثَانِ وَالصُّلُبِ وَأَمْرِ الْجَاهِلِيَّةِ وَحَلَفَ رَبِّي عزَّ وجلَّ: بعِزَّتِي لَا يشربُ عبدٌ منْ عَبِيدِي جرعة خَمْرٍ إِلَّا سَقَيْتُهُ مِنَ الصَّدِيدِ مِثْلَهَا وَلَا يَتْرُكُهَا مِنْ مَخَافَتِي إِلَّا سَقَيْتُهُ مِنْ حِيَاضِ الْقُدس ". رَوَاهُ أَحْمد

''હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. ફર્માવે છે, નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ મને જહાનોના માટે રહમત અને જહાનો માટે હિદાયત મોકલ્યો[૨] અને મને મારા ઈજ્જત તથા જલાલવાળા રબે હુકમ આપ્યો વાજીંત્રો, વાંસળી, અલ્ગોઝા (ફૂંકથી વગાડવાનું વાજુ)[૨] અને મૂર્તિઓ અને ક્રોસો અને જાહિલિયતની ચીજો મિટાવવાનો[૩] અને મારા રબ ﷻ એ મારી ઈજ્જતની ક़સમ ફર્માવી કે કોઈ બંદો મારા બંદાઓમાં એક ઘૂંટ શરાબ ન પીશે પણ હું એટલુ જ પરુ પીવડાવીશ[૪] અને ન છોડી આપે તેને પણ મારા ડરથી, તેને પાક હોઝોથી પીવડાવીશ[૫].'' (અહમદ)

૧. હુઝૂર ﷺની જાહેરી રહમત કાફિરોને પણ પહોંચી કે તેઓ દુનિયવી અઝાબથી બચી ગયા અને હુઝૂર ﷺની બાતિની રહમત એટલે હિદાયતથી કાફિરોએ ફાયદો ન ઉઠાવ્યો. હુઝૂર ﷺની રહમત ફરિશ્તાઓ, જિન્નાત, ઈન્સાન બલ્કે સર્વ મખ્લૂક़ાતને મળી. તેની ઉમદા તફ્સીર અમારી કિતાબ "શાને હબીબુર્રહમાન" (ﷺ)માં જુઓ.

૨. معازف બહુવચન છે معزفનું. જેનો માદ્દો عزف છે, ખેલના અર્થમાં. معزف બરવઝને منبر ખેલનુ સાધન. ઈસ્તેલાહ (આમ બોલી)માં દરેક વાજિંત્રો معزف કહેવામાં આવે છે અને مزامير બહુવચન છે مزمارનું જેનો માદ્દો زمر છે અર્થ ગાવાનો અવાજ. આમ બોલીમાં વાંસળી, ફૂંકથી વગાડાતુ વાજુ વગેરેને વાજિંત્રો (સંગીતના

સાધનો) કહેવામાં આવે છે. એટલે કે મને રબ તઆલાએ હુકમ આપ્યો છે કે દરેક વાજિંત્રો ગાવાને મિટાવી દઉં. યાદ રાખશો કે ઝાંઝર તો મુત્લક़ન હરામ છે, બીજાં વાજિંત્રો જો સહીહ હેતુ માટે ઉપયોગ કરવામાં આવે તો હલાલ છે, ખેલ તમાશા માટે વગાડવામાં આવે તો હરામ છે. જેમ કે ગાઝીઓનું નગારૂ જે જંગ વગેરેમાં એલાનના માટે વગાડવામાં આવે અથવા દફ, ઢોલકી (એક સાઈડવાળી) નિકાહના એલાન માટે હલાલ છે. એ જ પ્રમાણે ઈદ તથા શાદી પ્રસંગે નાની બાળકીઓનું દફ વગાડવું હદીષોમાં આવેલ છે. એના અહકામ ઈન્શા અલ્લાહ ! તેના સ્થાને આવશે.

૩. صلب બહુવચન છે صليبનું જેનો માદ્દો صلب છ સૂળીના અર્થમાં. સલીબ (ક્રોસ) સૂળી દેવાનુ ઓજાર છે, એ ઈસાઈઓની ઈજ્જતવાળી ચીજ છે જેને તેઓ પૂજે છે. અને જાહિલિયતથી મુરાદ જાહિલિયતના (ઈસ્લામ પહેલાંના) જમાનાની નાજાઈઝ રસમો છે, જેમ કે નોહા (છાતી કૂટવું), માતમ, ખાનદાની ફખ્ર, તારાઓથી વરસાદ માગવું. યાદ રાખશો કે અરબ દ્વિપમાં ઈસ્લામ સિવાય કોઈ મિલ્લત (સંપ્રદાય)ની ઈજાઝત નથી એટલા માટે અરબથી ક્રોસને મિટાવી દેવામાં આવશે. અરબ સિવાય અન્ય ઈસ્લામી દેશોમાં ઝિમ્મી કાફિરોને ધાર્મિક આઝાદી આપવામાં આવશે. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે ઈસ્લામમાં તો ઝિમ્મી કાફિરોને મઝહબી આઝાદી છે પછી સલીબ (ક્રોસ) મિટાવવાનો શું અર્થ ? કેમ કે એ હુકમ અરબદ્વિપ માટે છે. અથવા મતલબ એ છે કે મુસલમાનોમાંથી ક્રોસ વગેરેને મિટાવું કે તેમને એની તા'ઝીમથી દૂર રાખું.

૪. એટલે કે ક़યામત બાદ દોઝખમાં તેને દોઝખીઓનું પરુ પીવડાવીશ.

૫. خمرના હોઝથી મુરાદ જન્નતના હોઝ છે જેમનામાં હૌઝે કૌષર પણ સામેલ છે. એટલે કે જે શખ્સ શરાબનો આદી હતો પછી ખુદાની રહ़મતે દસ્તગીરી કરી કે કેવળ ખૌફે ખુદાના કારણે તૌબા કરી લીધી, તેને એ હોઝોથી પીવડાવવામાં આવશે. તર્કનો આ અર્થ થાય છે. શક્ય છે કે એમાં તે પણ સામેલ હોય જે શરાબીઓમાં ફસાયને શરાબથી બચે.

★ ત્રણ શખ્સો પર જન્નત હરામ ! ★

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ત્રણ શખ્સો છે જેમના પર અલ્લાહે જન્નત હરામ કરી દીધી[૧] શરાબનો આદી, માબાપનો નાફર્માન અને તે બેહયા જે પોતાના ઘરમાં બેહયાઈને ક़ાયમ રાખે[૨]." (અહમદ, નિસાઈ)

★ હદીષ : (૧૨)-૩૬૫૫ ★

وَعَنِ ابْنِ عُمَرَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " ثَلَاثَةٌ قَدْ حَرَّمَ اللَّهُ عَلَيْهِمُ الْجَنَّةَ: مُدْمِنُ الْخَمْرِ وَالْعَاقُّ وَالدَّيُّوثُ الَّذِي يُقِرُّ فِي أَهْلِهِ الْخَبَثَ ". رَوَاهُ أَحْمَدُ وَالنَّسَائِيّ

૧. એટલે કે તેને આગલા લોકો સાથે જન્નતમાં જવું હરામ છે. અથવા જે આ કામોને હલાલ જાણીને કરે તે જન્નતથી હમેશાં માટે વંચિત છે, કેમ કે જન્નત તો મો'મિનો માટે છે.

★ દય્યૂષ કોણ છે ? ★

૨. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે અહીં ખબીષથી મુરાદ ઝિના અને ઝિનાના સબબો છે. એટલે કે જે પોતાની બીવી બચ્ચાંના ઝિના અથવા બેહયાઈ અથવા બેપર્દગી, અજનબી મર્દો સાથે ભેળસેળ (મેળમેળાપ), બજારોમાં શણગાર કરીને ફરવું, બેહયાઈના નાચગાન વગેરે જોઈને શક્તિ હોવા છતાં ન રોકે તે બહયા દય્યૂષ છે.

પણ મિર્કાતે અહીં ફર્માવ્યું કે સર્વ બેગૈરતી (બેશર્મી)ના ગુનાહ એમાં સામેલ છે, જેમ કે શરાબપાન, જનાબતનું ગુસ્લ ન કરવું, અન્ય આ પ્રકારના ગુનાહો. અલ્લાહ તઆલા દીની ગૈરત આપે.

★ જાદૂનું સમર્થન કરનાર જન્નતમાં ન જશે ★

"હઝરત મૂસા અશ્અરીથી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, ત્રણ શખ્સો જન્નતમાં જશે નહીં ! આદી શરાબી, સગાંથી સંબંધ તોડનાર[૧] અને જાદૂનું સમર્થન કરનાર[૨]." (અહમદ)

★ હદીષ : (૨૩)-૩૬૫૬ ★

وَعَنْ أَبِي مُوسَى الْأَشْعَرِيِّ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " ثَلَاثَةٌ لَا تَدْخُلُ الْجَنَّةَ: مُدْمِنُ الخمرِ وقاطِعُ الرَّحِمِ ومصدق السحر " رَوَاهُ أَحْمد

૧. ક़ાતેએ રહમ (સગાંથી સંબંધ તોડનાર) આમ છે 'આક़'થી. કેમ કે આક़ એ માબાપનો નાફર્માન છે અને ક़ાતેએ રહમ પોતાના વંશિક સગાંઓ પર જુલ્મ કરનારો અથવા શક્તિ હોવા છતાં તેમના હક્ક અદા ન કરનારો. મુસલમાન પર મા બાપ, ભાઈ બહેન, માસી, મામા વગેરે, બલ્કે પત્ની અને તેનાં માબાપના પણ હક્કો છે. આ હક્કોની વિગત આ'લા હઝરત رحمۃ اللہ علیہ ની કિતાબ شرح الحقوق لطرح العقوق માં જુઓ. **મુસલમાને જોઈએ કે પોતાનાં સગાંઓથી ખબરદાર રહે કે મારો કોણ કોણ સગો છે અને તેમની સાથે મારી શું સગાઈ છે જેથી તેમના હક્કો નઝદીકી સગાઈ પ્રમાણે અદા કરે.**

૨. એટલે કે જાદૂને હક્ક એટલે હલાલ જાણનાર અથવા એની ઝાતી રીતે તાષીરને માનનારો. જાદૂ કરવો હરામ છે, તેને હલાલ જાણવું બેદીની છે. નહીં તો જાદૂમાં રબ તઆલાએ તાષીર રાખી છે. જેની સાબિતી કુર્આન મજીદથી છે : يُفَرِّقُوْنَ بِهٖ بَيْنَ الْمَرْءِ وَزَوْجِهٖ (તેમનાથી શીખતા તે જેનાથી જુદાઈ નાખે પતિ અને તેની પત્નીમાં. સૂરએ બક़રહ, ૨/૧૦૨) જેથી **જાદૂને બરહક્ક તાષીર માનનારો મો'મિન છે, તેને હલાલ જાણનારો કાફિર છે.** અહીં બીજી સ્થિતિનું વર્ણન છે.

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, આદી શરાબી જો મરી જાય તો અલ્લાહ તઆલાથી મૂર્તિપૂજકની જેમ મળશે[૧]." (અહમદ) અને ઈબ્ને માજહએ હઝરત અબૂ હુરૈરહ્થી.

★ હદીષ : (૨૪)-૩૬૫૭/(૨૫)-૩૬૫૮/ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مُدْمِنُ الْخَمْرِ إِنْ مَاتَ لقيَ اللَّهَ كعابِدِ وثن» . رَوَاهُ أَحْمد

3658 -[25] وروى ابْن مَاجَه عَن أبي هُرَيْرَة

★ અલ્લાહ તઆલા શરાબીથી એટલો નારાજ હશે જેટલો મૂર્તિપૂજકથી ★

૧. એટલે કે તૌબા કર્યા વિના શરાબી રહીને મરે તો અલ્લાહ તઆલા એના પર એટલો નારાજ હશે જેટલો મૂર્તિપૂજક પર નારાજ હશે. કુર્આને કરીમમાં રબ તઆલાએ શરાબનો મૂર્તિઓ સાથે ઉલ્લેખ કર્યો. જેમ કે ઈર્શાદ ફર્માવ્યું : اِنَّمَا الْخَمْرُ وَالْمَيْسِرُ وَالْاَنْصَابُ وَالْاَزْلَامُ (શરાબ અને જૂગાર અને મૂર્તિ અને પાંસા નાપાક જ છે. સૂરએ માઈદા, ૫/૯૦) તેમજ શરાબી નશામાં મૂર્તિપૂજા કરે તો કોઈ આશ્ચર્યની વાત નથી કે બુદ્ધિ ગુમાવી ચૂકેલો સર્વ કાંઈ કરી લે છે. જેથી શરાબ મૂર્તિપૂજાનો ઝરીયો બની શકે છે. સારાંશ આ સખત ચેતવણી છે. રબ તઆલાની પનાહ.

★ હદીષ : (૨૬)-૩૬૫૯ ★
وَالْبَيْهَقِيُّ فِي «شُعَبِ الْإِيمَانِ» عَنْ مُحَمَّدِ بْنِ عبيد الله عَن أَبِيه. قَالَ: ذَكَرَ الْبُخَارِيُّ فِي التَّارِيخِ عَنْ مُحَمَّدِ بْنِ عبد الله عَن أَبِيه

''અને બયહક़ીએ શોઅબુલ ઈમાનમાં મુહમ્મદ ઈબ્ને ઓબેદુલ્લાહથી, તેમણે પોતાના પિતાથી, અને કહ્યું[૧] કે બુખારીએ પોતાની તારીખમાં મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહથી, તેમણે પોતાના પિતાથી રિવાયતથી[૨].''

૧. એટલે કે બયહક़ીએ કહ્યું. મક़સદ એ છે કે બુખારીની તારીખમાં મેં ખુદ આ રિવાયત નથી જોઈ બલ્કે બયહક़ીના હવાલાથી વર્ણવી રહ્યો છું.

૨. આ મુહમ્મદ ઈબ્ને ઓબેદુલ્લાહ અથવા મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને જહશ છે. અને અબ્દુલ્લાહ ઈબ્ને જહશ મશહૂર સહાબી છે અને મુહમ્મદ પણ સહાબી છે કે હિજરતના પાંચ વરસ પહેલાં પેદા થયા. અને પોતાના પિતાની સાથે પ્રથમ મક્કા મોઅઝ્ઝમાની હબ્શા હિજરત કરી પછી મક્કા મોઅઝ્ઝમા પરત આવી ગયા અને મક્કા મોઅ્ઝમાથી મદીના મુનવ્વરા હિજરત કરી. *(અશિઅહ)*

★ શરાબ પાન અને મૂર્તિપૂજા સમાન ! ★

★ હદીષ : (૨૭)-૩૬૬૦ ★
وَعَنْ أَبِي مُوسَى أَنَّهُ كَانَ يَقُولُ: مَا أُبالِي شربتُ الخمرَ أَو عبدْتُ هذِهِ السَّارِيةَ دونَ اللّٰهِ. رَوَاهُ النَّسَائِيّ

''હઝરત અબૂ મૂસાથી રિવાયત છે. આપ ફર્માવતા હતા કે હું નથી પરવા કરતો શરાબ પીવું કે અલ્લાહના મુક़ાબલામાં આ થાંભલાને પૂજું[૧].''

૧. મક़સદ એ છે કે મારી નજીક શરાબ પીવી અને મૂર્તિ પૂજવી સમાન કક્ષાની મૂર્ખામી છે, કે મૂર્તિ પૂજામાં નુકસાન સિવાય કોઈ ફાયદો નથી, એ જ પ્રમાણે શરાબ પીવામાં કેવળ નુકસાન છે, કોઈ ફાયદો નથી.

★ ઉપસહાંર : ભાંગ, ચરસ, અફીણ, તંબાકુ વિશે ★

હઝરત શયખ અબ્દુલ હક્ક़ મુહદ્દિષ દહેલ્વી رحمۃ اللہ علیہ એ અશિઅતુલ લમ્આતમાં આ જગાએ બે વાતો ખૂબ જરૂરી દર્શાવી : (૧) એક એ કે અંગૂરી શરાબ સિવાય સર્વ શરાબો જમહૂર (બહુમતી) ઉલમાની નજીક તો મુત્લક़ન હરામ છે, ત્રણ અહનાફની નજીક ત્યારે હરામ છે જ્યારે કે નશો આપે અથવા ખેલકૂદ માટે પીવામાં આવે. જમહૂરનો હક્ક़ મઝહબ એ છે કે દરેક શરાબ મુત્લક़ન (બિનશર્તી રીતે) હરામ છે, નશો આપે કે ન આપે. મુફ્તી એ એના પર ફત્વો આપવો જોઈએ. (૨) બીજુ એ કે સૂકી (ઘટ્ટ) નશાકારક ચીજો જેમ કે ભાંગ, ચરસ, અફીણમાં પણ મતભેદ છે. ફૈસલો એ છે કે દવામાં એ ચીજોનો ઉપયોગ જાઈઝ છે, શર્ત એ કે નશો ન આપે. નશો આપે તો એ હરામ છે. તેમજ એ ચારેવનો ઉપયોગ લિજ્જત (આનંદ)ના માટે હરામ છે ભલે નશો ન આપે, કેમ કે દરેક મનોરંજન બાતિલ છે. તેમજ એ ચીજો પાક છે કે જો નમાઝીના ખિસ્સામાં અફીણ વગેરેની પડીકીઓ પડી હોય તો નમાઝ થઈ જશે. તેમજ ભાંગ, અફીણ વગેરેનો વેપાર જાઈઝ તો છે કેમ કે તેનો દવા તરીકે ઉપયોગ હલાલ છે, પણ ન તો વધારેનો વેપાર કરે ન નશાવાળાઓના હાથે વેચે, ત્યાં સુધી કે શરાબ બનાવનારાઓના હાથે અધિક માત્રામાં દ્રાક્ષ પણ ન વેચે, કેમ કે એ હરામ પર મદદ કરવું છે. તેમજ અફીણ, ભાંગ, ચરસની ખેતી જાઈઝ છે, જ્યારે કે એનાથી ખેડૂતની નિય્યત નશો કરવા કે નશો કરાવવાની ન હોય, કેવળ દવા રૂપે વેચવાની હોય. તંબાકુના હુકમો એનાથી હળવા છે કે તંબાકુ પીવું કે ખાવું નશા માટે હરામ છે, નશો ન આપે તો હરામ નથી. જે શખ્સ ભાંગ, ચરસ, અફીણથી નશો કરે તેના પર હદ (સજા) નથી બલ્કે તઅઝીર છે. અલ્લામા શામીએ શામી, ભાગ–૫, કિતાબુલ અશ્રબામાં તંબાકુના ઘણા જ ખાસ હુકમો વર્ણવ્યા. ફૈસલો એ આપ્યો કે તંબાકુ હલાલ છે પણ એનાથી મોમાં દુર્ગંધ પેદા થાય છે જેથી સ્વભાવિકપણે મકરૂહ છે અને નશો આપે તો હરામ છે.

كتاب الامارة والقضاء

કિતાબુલ અમારહ વલ્ક़ઝા

(હાકિમ તથા ક़ાઝી બનવા વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. امارت અલિફના ઝેરથી અમીર તથા સત્તાધારી બનવું અને સત્તાધારી બનાવવું. અને અલિફના ઝબરથી અર્થ નિશાની. અહીં અલિફના ઝેરથી છે. قضا ફૈંસલાના અર્થમાં, અહીં શરઈ ફૈંસલો મુરાદ છે અથવા ક़ાઝીનો હોદ્દો મુરાદ છે. (મિર્ક़ાત તથા અશિઅહ) આ પ્રકરણમાં એ હદીષો આવશે જેમાં અમીર (સુલ્તાન) તથા ક़ાઝી બનાવવા અથવા તેમની શરતો તથા સિફ્તો (ખૂબીઓ)નું વર્ણન છે.

★ હદીષ : (૧)-૩૬૬૧ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَطَاعَنِي فَقَدْ أَطَاعَ اللَّهَ وَمَنْ عَصَانِي فَقَدْ عَصَى اللَّهَ وَمَنْ يُطِعِ الْأَمِيرَ فَقَدْ أَطَاعَنِي وَمَنْ يَعْصِ الْأَمِيرَ فَقَدْ عَصَانِي وَإِنَّمَا الْإِمَامُ جُنَّةٌ يُقَاتَلُ مِنْ وَرَائِهِ وَيُتَّقَى بِهِ فَإِنْ أَمَرَ بِتَقْوَى اللَّهِ وَعَدَلَ فَإِنَّ لَهُ بِذَلِكَ أَجْرًا وَإِنْ قَالَ بِغَيْرِهِ فَإِنَّ عَلَيْهِ مِنْهُ»

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જેણે મારી ઈતાઅત (આજ્ઞાપાલન) કરી તેણે અલ્લાહની ઈતાઅત કરી[૧] અને જેણે મારી નાફ્રમાની કરી તેણે અલ્લાહની નાફ્રમાની કરી[૨] અને જેણે હાકિમની ઈતાઅત કરી તેણે મારી ઈતાઅત કરી અને જેણે હાકિમની નાફ્રમાની કરી તેણે મારી નાફ્રમાની કરી[૩] અમીર ઢાલ છે, તેની પનાહમાં જેહાદ કરવામાં આવે[૪] અને આડ લેવામાં આવે પછી જો અલ્લાહના ડરનો હુકમ આપે અને ઈન્સાફ કરે તો તેનો તેને સવાબ છે[૫] અને જો એના સિવાય કહે તો એનો એના પર વબાલ છે[૬].' (મુસ્લિમ, બુખારી)

૧. આ હદીષ આ આયતે કરીમા તરફ નિર્દેશ કરી રહી છે : مَنْ يُّطِعِ الرَّسُوْلَ فَقَدْ اَطَاعَ اللّٰهَ (જેણે રસૂલનો હુકમ માન્યો બેશક ! તેણે અલ્લાહનો હુકમ માન્યો. સૂરએ નિસાઅ, ૪/૮૦) યાદ રાખશો કે આજ્ઞાપાલન (ઈતાઅત) તો અલ્લાહ તઆલાનું પણ લાઝિમ છે. રસૂલુલ્લાહ ﷺની પણ અને ઈસ્લામી સુલ્તાન, મા બાપ, ઉસ્તાદની પણ લાઝિમ છે, કે દરેક બુઝુર્ગનું ફર્માન અમલને પાત્ર છે, પણ ઈબાદત કેવળ અલ્લાહ તઆલાની છે અન્ય કોઈની નથી. અને ઈત્તેબાઅ (અનુસરણ) કેવળ હુઝૂર ﷺની થઈ શકે છે, ન ખુદા તઆલાની ન કોઈ અન્ય બુઝુર્ગની. ઈત્તેબાઅનો અર્થ છે કોઈના નક્ષે ક़દમ પર ચાલવું, જે તેને કરતાં જુએ તે કરવું. ક़ુર્આને કરીમની ઈત્તેબાઅ મજાઝી છે એટલા માટે ક़ુર્આન મજીદમાં ઈતાઅતની સાથે ત્રણ જાતોનું વર્ણન છે : اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَاُولِى الْاَمْرِ مِنْكُمْ (હુકમ માનો અલ્લાહનો અને હુકમ માનો રસૂલનો અને તેમનો જે તમારામાં સત્તાવાળા છે. સૂરએ નિસાઅ, ૪/૫૯) અને ઈબાદતોની સાથે અલ્લાહ તઆલાનો ઝિક્ર છે : اعْبُدُوا اللّٰهَ અને ઈત્તેબાઅની સાથે કેવળ હુઝૂર ﷺનો ઝિક્ર (ઉલ્લેખ) છે, ન ખુદા તઆલાનો ન કોઈ બંદાનો : فَاتَّبِعُوْنِىْ يُحْبِبْكُمُ اللّٰهُ. એ પણ યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺની ઈતાઅત (આજ્ઞાપાલન) ખુદા તઆલાના આજ્ઞાપાલનની જેમ મુત્લક़ન વાજિબ છે કે જે પણ હુકમ આપે

તે કારણ પૂછયા વિના, કારણ વિચાર્યા સમજ્યા વિના પાળવામાં આવે. અન્ય બંદાઓની ઈતાઅત (આજ્ઞાપાલન) વાજિબ છે જ્યારે કે જાઈઝ કામનો હુકમ આપે, શરીઅત વિરુદ્ધ હુકમ ન આપે. હુઝૂર ﷺનો હુકમ ખુદ શરીઅત છે. જો હુઝૂર નમાઝ છોડવાનો અથવા નિકાહ ન કરવાનો હુકમ આપે તો તેના માટે તે જ શરીઅતનો હુકમ છે. જુઓ અમારી કિતાબ "સલ્તનતે મુસ્તફા" ﷺ અને અમારી "તફસીરે નઈમી", પારા–૫ જ્યાં એની ઘણી બધી આયતો તથા હદીષો રજૂ કરવામાં આવી છે.

૨. આ ફર્માનોમાં આ આયતની તરફ નિર્દેશ છે : وَمَنْ يَّعْصِ اللّٰهَ وَرَسُوْلَهٗ فَاِنَّ لَهٗ نَارَ جَهَنَّمَ (અને જે અલ્લાહ અને તેના રસૂલનો હુકમ ન માને તો બેશક ! તેમના માટે જહન્નમની આગ છે. સૂરએ જિન, ૭૨/૨૩)

૩. જાહિલિયતના જમાનામાં લોકો ન અમારાથી વાકેફ હતા ન ક़ઝાથી. તેમના ક़બીલાના રઈસ (સરદાર) રહેતા હતા. જ્યારે ઈસ્લામે આ તંત્રો સ્થાપિત કર્યાં તો લોકોને સંકોચ તથા આશ્ચર્ય ગયું, ત્યારે આ આદેશ કરવામાં આવ્યો જેથી લોકો અમારત (હુકૂમત) તથા ક़ઝા (ન્યાયાધીશના હોદ્દા)નું મહત્વ સમજે. (મિર્ક़ાત) યાદ રાખશો કે અહીં અમીરની ઈતાઅતથી જાઈઝ હુકમોમાં ઈતાઅત (આજ્ઞાપાલન) છે, જેમ કે આગળ આવી રહ્યું છે. (અશિઅહ) અહીં ઈમામથી મુરાદ કયાં તો ઈસ્લામી સુલ્તાન છે અથવા એનો નાયબ જે જેહાદમાં સર સેનાપતિ હોય. એટલે કે જેહાદના માટે અમીર જરૂરી છે અને દેશના માટે પણ.

૪. અમીર ઢાલ છે. જેવી રીતે ઢાલ દુશ્મનના તીર તલ્વારથી બચાવે છે એવી જ રીતે સુલ્તાન પ્રજાને આંત્રિક તથા બાહ્ય દુશ્મનોથી મહેફૂઝ રાખે છે. એનો મતલબ એ નથી કે સુલ્તાનને ઢાલની જેમ જંગમાં સૌથી આગળ રાખો જેથી પ્રથમ તીર તેને વાગે. (લમ્આત) قِتَال થી મુરાદ ખારજી, બાગીઓ, કાફિરો અને સર્વ ફસાદીઓથી જંગ છે.

૫. અઝીમુશ્શાન સવાબ જે આપણા વર્ણન બલ્કે અંદાઝથી બહાર છે.

૬. એટલે કે જો ઈસ્લામી બાદશાહ શરીઅત વિરુદ્ધ ચીજોનો હુકમ આપે તો એના પર ગુનોહ તથા વબાલ પણ એટલો જ છે. જે આપણા વર્ણન તથા અંદાઝાથી બહાર છે. સર્વ દેશનો બોજ તેની ગરદન પર છે. અહીં علیٰ નુકસાનના માટે છે.

"હઝરત ઉમ્મુલ હુસૈ્નથી[૧] રિવાયત છે ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે જો તમારા પર અપૂર્ણ અંગોવાળો (અપંગ) ગુલામ હાકિમ બનાવી દેવામાં આવે જે તમને અલ્લાહની કિતાબથી ચલાવે, તેને સાંભળો અને આજ્ઞાપાલન કરો[૨]." (મુસ્લિમ)

★ હદીષ : (૨)-૩૬૬૨ ★

وَعَنْ أُمِّ الْحُصَيْنِ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنْ أُمِّرَ عَلَيْكُمْ عَبْدٌ مُجَدَّعٌ يَقُودُكُمْ بِكِتَابِ اللَّهِ فَاسْمَعُوا لَهُ وَأَطِيعُوا» . رَوَاهُ مُسلم

૧. આ ઉમ્મે હુસૈ્ન બિન્તે ઈસ્હાક़, કબીલા અહમસથી છે. આપના પુત્ર યહયા ઈબ્ને હુસૈ્ન છે. આપ સહાબિયા છે. હજ્જતુલ વિદાઅમાં હુઝૂરે અન્વર ﷺની સાથે હતાં.

★ યઝીદ પલીદ ન સુલ્તાન હતો ન હાકિમ ★

૨. એટલે કે જો ઈસ્લામી સુલ્તાન જો કોઈ હબ્શી ગુલામને તમારો હાકિમ બનાવી દે તો પણ તમે એ ગુલામ હાકિમની ફર્માંબરદારી કરો, કે એ સુલ્તાનની ઈતાઅત (આજ્ઞાપાલન) છે. અથવા જો ધારો કે હબ્શી ગુલામ સુલ્તાન બની જાય જેને મુસલમાનો ચૂંટી લે તો ભલે તે ખલીફા તો નથી, કેમ કે ઈસ્લામી ખિલાફત કેવળ કુરૈશથી ખાસ છે પણ

સુલ્તાન તો છે, તો પણ તેની ઈતાઅત કરો. (અઝ : મિર્ક़ાત) યાદ રાખશો કે યઝીદ પલીદ ન સુલ્તાન હતો ન હાકિમ, બલ્કે તેને સુલ્તાન બનાવવાનો મસ્અલો ઉપસ્થિત થયો હતો. હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ એ તેને સુલ્તાન બનાવવાથી ઈન્કાર કર્યો. જેથી આ હદીષ હઝરત ઈમામ હુસૈનના અમલથી વિરુદ્ધ નથી. બાદશાહ બનાવવું અલગ છે અને બની બેઠેલા બાદશાહનું આજ્ઞાપાલન કરવું કાંઈ અલગ છે. અને ફાસિક़ને નમાઝનો ઈમામ ન બનાવો, પરંતુ જો બની ચૂક્યો છે તો જમાઅત ન છોડો, તેની પાછળ નમાઝ પઢી લો. (આ ઈમામતે કુબરાના વર્ણનમાં છે. *–અનુવાદક*)

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સાંભળો અને ઈતાઅત (આજ્ઞાપાલન) કરો ભલે તમારા પર હબ્શી ગુલામ બનાવી દેવામાં આવે જેનું માથું સૂકી દ્રાક્ષ જેવું હોય[૧].''

★ હદીષ : (3)-૩૬૬3 ★

وَعَنْ أَنَسٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «اسْمَعُوا وَأَطِيعُوا وَإِنِ اسْتُعْمِلَ عَلَيْكُمْ عَبْدٌ حَبَشِيٌّ كَأَنَّ رَأْسَهُ زَبِيبَةٌ» . رَوَاهُ الْبُخَارِيّ

૧. આ ફર્માને આલી અતિશયોક્તિ રૂપે છે એટલે કે જો ઝલીલ, હકીર, અપંગ, બોડો ગુલામ પણ તમારા પર હાકિમ નિયુક્ત થઈ જાય તો તેનો હુકમ પણ ક़બૂલિયતની સાથે સાંભળો અને એના પર અમલ કરો. જેવી રીતે હદીષે પાકમાં છે કે જે મસ્જિદ બનાવે ભલે ચકલીના માળા જેટલી હોય તેને પણ સવાબ છે. યાદ રાખશો કે અહીં સૂકી દ્રાક્ષથી સરખામણી ક્યાં તો નાનો હોવામાં છે અથવા વાળથી સાફ બોડો હોવામાં અને નરમ હોવામાં મોટાભાગના હબ્શીઓનાં માથાં નાનાં હોય છે.

★ ઈસ્લામી સુલ્તાન શરીઅત વિરુદ્ધ હુકમ કરે તો પાળવામાં ન આવે ★

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સાંભળવું અને આજ્ઞાપાલન કરવું દરેક મુસલમાન માણસ પર લાઝિમ છે[૧] દરેક એ હુકમમાં જેને પસંદ કરે અથવા નાપસંદ, જ્યાં સુધી કે તેને ગુનાહનો હુકમ ન આપવામાં આવે. તો ન સાંભળવું છે ન આજ્ઞાપાલન[૨]. '' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૪)-૩૬૬૪ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «السَّمعُ والطاعةُ على المرءِ المسلمِ فِيمَا أحب وأكره مَا لَمْ يُؤْمَرْ بِمَعْصِيَةٍ فَإِذَا أُمِرَ بِمَعْصِيَةٍ فَلَا سَمْعَ وَلَا طَاعَةَ»

૧. એ શર્તે કે તેનો હુકમ શરીઅતની વિરુદ્ધ ન હોય.

૨. એટલે કે ઈસ્લામી સુલ્તાનનો જાઈઝ હુકમ તમારી તબીઅતની વિરુદ્ધ હોય કે માફકનો ગમે તેમ પણ ક़બૂલ કરો, પરંતુ જો તે શરીઅત વિરુદ્ધ હુકમ કરે તો તેની ફર્માંબરદારી ન કરવામાં આવે. ફર્માંબરદારી (આજ્ઞાપાલન) કેવળ અલ્લાહ વ રસૂલની છે. પણ એવા હુકમો માને પણ નહીં અને એના લીધે બગાવત પણ ન કરે, બાદશાહ સાથે જંગ દેશની તબાહીનો સબબ છે. *(મિર્ક़ાત)*

''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે ગુનાહમાં કોઈની ફર્માંબરદારી નથી, ફર્માંબરદારી (ઈતાઅત) કેવળ ભલાઈમાં છે[૧].''

★ હદીષ : (૫)-૩૬૬૫ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا طَاعَةَ فِي مَعْصِيَةٍ إِنَّمَا الطَّاعَةُ فِي الْمَعْرُوفِ»

૧. આ ફ़ર્માને આલી બાદશાહ, હાકિમ, પીર, ઉસ્તાદ, મા બાપ વગેરે સૌને સમાવે છે કે શરીઅત વિરુદ્ધ હુકમમાં કોઈની ઈતાઅત ન કરવામાં આવે. "મઅરૂફ" તે કામ છે જેને શરીઅત મના ન કરે, "મઅસિયત" તે કામ છે જેને શરીઅત મના કરી આપે. આ વ્યાખ્યા સારી રીતે યાદ રાખવામાં આવે. (મિર્ક़ાત) આજકાલ અમુક બેવકૂફોએ સમજી લીધુ કે જે કામ હુઝૂર ﷺએ ન કર્યું હોય તે "મઅસિયત" છે, એ તદ્દન ગલત છે, નહીં તો જિંદગી પસાર કરવી અશક્ય બની જશે. એની ચર્ચા અમારી કિતાબ જાઅલ હક્ક़ ભાગ–૧માં બિદઅતની ચર્ચામાં જુઓ. ત્યાં એના પર ઘણી બધી દલીલો રચવામાં આવેલી છે.

★ હદીષ : (૬)-૩૬૬૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عُبَادَةَ بْنِ الصَّامِتِ قَالَ: بَايَعْنَا رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى السَّمْعِ وَالطَّاعَةِ فِي الْعُسْرِ وَالْيُسْرِ وَالْمَنْشَطِ وَالْمَكْرَهِ وَعَلَى أَثَرَةٍ عَلَيْنَا وَعَلَى أَنْ لَا نُنَازِعَ الْأَمْرَ أَهْلَهُ وَعَلَى أَنْ نَقُولَ بِالْحَقِّ أَيْنَمَا كُنَّا لَا نَخَافُ فِي اللَّهِ لَوْمَةَ لَائِمٍ. وَفِي رِوَايَةٍ: وَعَلَى أَنْ لَا نُنَازِعَ الْأَمْرَ أَهْلَهُ إِلَّا أَنْ تَرَوْا كُفْرًا بَوَاحًا عِنْدَكُمْ مِنَ اللَّهِ فِيهِ بُرْهَانٌ

"હઝરત ઓબાદા ઈબ્ને સામતથી રિવાયત છે. ફ़ર્માવે છે, અમે રસૂલુલ્લાહ ﷺની બયઅત કરી[૧] સાંભળવા અને આજ્ઞાપાલન કરવા પર તંગી તથા આસાનીમાં ખુશી તથા નાખુશીમાં[૨] અને અમારા પર અગ્રતા આપવામાં[૩] અને એના પર કે કોઈ ચીજમાં એના પાત્ર તથા મુસ્તહિક़થી ન ઝઘડીએ[૪] અને એના પર કે અમે જ્યાં પર હોઈએ હક્ક़ જ કહીએ, અલ્લાહ તઆલાના બારામાં કોઈ મલામત કરનારી (ભલુંબુરું કહેનારી) મલામતથી ન ડરીએ[૫] અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે કોઈ ચીજમાં તેની પાત્રતાવાળાથી ન ઝઘડીએ પણ એ જ છે કે તમે ઉઘાડું કુફ્ર જુઓ[૬] જેની તમારી પાસે અલ્લાહની તરફથી મજબૂત દલીલ હોય[૭]." (મુસ્લિમ, બુખારી)

૧. આ બયઅતથી મુરાદ ક્યાં તો ઈસ્લામની બયઅત છે અથવા કોઈ મોકા પર કોઈ ખાસ બયઅત. સહાબા હઝરાતે ઈસ્લામની બયઅત સિવાય ખાસ મોક़ાઓ પર અન્ય બયઅતો કરી છે.

૨. એટલે કે અમે હુઝૂર عليه الصلوة والسلامથી આ બયઅતમાં એ વાયદો કર્યો કે અમે ઈસ્લામી સુલ્તાનની ગમે તે ભોગે ઈતાઅત કરીશું, તંગીનો સમય હોય કે છૂટછાટવાળો, તે હુકમ અમારા પર ભારે હોય કે આસાન હોય. عسر و يسرથી મુરાદ સંજોગોની તંગી તથા આસાની મુરાદ છે. અને منشط و مكرهથી મુરાદ પોતાના દિલનો હાલ છે. જેથી ઈબારતમાં (લખાણમાં) તકરાર નથી.

૩. اثرةઅલિફ़ તથા ષેના ઝબરથી અર્થ અખત્યાર કરવું અથવા અગ્રતા આપવું. એટલે કે જો ઈસ્લામી સુલ્તાનો આપણા દુનિયવી હક્કો, ગનીમત, ફ઼ઈનો હિસ્સો અથવા હુકૂમતના હોદ્દાઓ આપણને ન આપે, હક્ક़ આપણો હોય છતાં બીજાને આપે અથવા ખુદ મારી ખાય તો આપણે તેમના આજ્ઞાપાલનથી ક़દમ બહાર ન કાઢીશું, એ હક્ક़તલફ़ી પર સબ્ર કરીશું અને સુલ્તાનોના આજ્ઞાપાલક રહીશું. અતિઅ્હમાં છે કે ખુલફ઼ાએ રાશિદીન પછી આ બનાવો ઉપસ્થિત થયા તો અન્સારે પૂરી સબ્ર તથા સંયમથી કામ લીધું. (رضوان الله تعالىٰ عليهم اجمعين)

૪. અહીં અમ્રથી મુરાદ હુકૂમત તથા અમારત છે. એટલે કે અમે હુકૂમતવાળા સાથે ન ઝઘડો કરીશું. તો આ વાક્ય પહેલા વાક્યનું સમર્થન છે. અથવા એ મતલબ છે કે જે હોદ્દો તેની પાત્રતાવાળાને આપવામાં આવે ન અમે

તેને છીનવાની કોશિશ કરીશું નહીં. જેમ કે હુઝૂર ﷺ પછી ઈસ્લામી ખિલાફત કુરૈશ સાથે ખાસ રહી. અન્સારે નબવી હુકમ સાંભળીને કે : الخلافة للقريش તદ્દન માથુ ન ઊંચક્યું અને ચૂંચા કર્યા વિના સરકારી હુકમ માથે ચઢાવ્યો. આ હતો બયઅત પર અમલ !

૫. આ પાછલા સમયો ઉપરાંત અન્ય બીજો યુગ છે. એટલે કે અમે દીનમાં દોરંગી પોલીસી નહીં કરીએ, દરેક નાના મોટા સામે દરેક જગાએ સાચી વાત કરીશું. દરેક મુસલમાન યથાશક્તિ મુબલ્લિગ છે.

૬. કુફ્રથી મુરાદ કાફિરો જેવાં કામ છે એટલે ગુનાહ તથા મઅસિયત. આમ નુસ્ખાઓમાં بواح વાવથી છે અને અમુક નુસ્ખાઓમાં براح રેથી છે. બરાહ ખુલ્લી જમીનને કહે છે.

★ ફાસિક़ તથા ફાજિર ક़ાઝી તથા હાકિમ બની શકે ★

૭. એટલે કે જો તમે ઈસ્લામી બાદશાહનો ફિસ્ક़ ફુજૂર (ગુનાહો) ખુલ્લમ ખુલ્લા જુઓ, તેમના હુકમોથી તથા કામોની કોઈ સ્પષ્ટતા ન થઈ શકે તો તેમની ઈતાઅત (આજ્ઞાપાલન) ન કરો, તેમ છતાં પણ એ ફાસિક સુલ્તાનો સામે બગાવત (વિદ્રોહ) ન કરે કે તેમની સાથે લડવું ટકરાવું મુસલમાનોના ઈજમાઅથી હરામ છે અહલે સુન્નતની એના પર એકમતી છે કે બાદશાહ ફિસ્ક़ તથા જુલ્મના કારણે પદભ્રષ્ટ ન થશે. હા ! કાફિર ઈસ્લામી બાદશાહ નથી બની શકતો. જો મુસલમાન બાદશાહ કાફિર થઈ જાય તો પદભ્રષ્ટ થશે. કેમ કે સુલ્તાનનું પદભ્રષ્ટ થવું દેશની ઘણી તબાહી તથા ખૂનરેજીનો સબબ છે. (મિર્ક़ાત) હઝરાત સહાબાએ કિરામે હજ્જાજ ઈબ્ને યૂસુફ જેવા જાલિમ તથા જાબિર તથા ફાસિક़ પર વિદ્રોહ ન કર્યો બલ્કે તેનાથી ક़ઝા, જુમ્આ તથા ઈદૈનની ક़ાયમ હાંસલ કરી. યાદ રાખશો કે ઈમામ શાફઈને ત્યાં ફિસ્ક़ (ગુનાહ)ના કારણે ક़ાઝી તો પદભ્રષ્ટને લાયક છે પણ સુલ્તાન પદભ્રષ્ટને પાત્ર નથી, કેમ કે સુલ્તાનને પદભ્રષ્ટ કરવામાં ઘણો જ ફિત્નો છે જે ક़ાઝીને પદભ્રષ્ટ કરવામાં ઓછો છે. પણ અહનાફને ત્યાં ન ક़ાઝી ફિસ્ક़ના કારણે પદભ્રષ્ટના પાત્ર છે ન સુલ્તાન, કેમ કે અહનાફને ત્યાં ફાસિક़ વિલાયત (હુકૂમત)ને પાત્ર છે, શાફઈઓને ત્યાં નથી. જુઓ ફાસિક़ બાપ પોતાની ઔલાદનો વલી છે, એની પૂરી ચર્ચા અહીં મિર્ક़ાતમાં જેઓ.

★ હદીષ : (૭)-૩૬૬૭ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: كُنَّا إِذَا بَايَعْنَا رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى السَّمْعِ وَالطَّاعَةِ يَقُولُ لَنَا: «فِيمَا اسْتَطَعْتُمْ»

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે જ્યારે અમે રસૂલુલ્લાહ ﷺ થી સાંભળવા તથા ફર્માંબરદારી કરવા બયઅત કરતા હતા[૧] તો હુઝૂરે અન્વર ﷺ ફર્માવી દેતા હતા કે એમાં જેની શક્તિ ધરાવો[૨]. " (બુખારી, મુસ્લિમ)

૧. કેમ કે અહીં બયઅતમાં અહદ (વાયદા)નો અર્થ અને بايعنا માં عهدنا ના અર્થનો લેહાઝ રાખેલ છે. જેથી بيعة નો તઅદિયહ علىથી થઈ ગયો.

૨. હુઝૂરે અન્વર ﷺ આપણા પર ખુદ આપણા કરતાં અધિક મહેરબાન છે, કે ઉમ્મત પર હેત વરસાવતાં બયઅતના સમયે સહાબાથી ફર્માવે છે કે મુત્લક़ ઈતાઅત (આજ્ઞાપાલન)નો અહદ ન કરો બલ્કે યથાશક્તિ ઈતાઅતનો અહદ કરો કે જેથી કદીક તમે વચનભંગમાં ન ગણાવો.

★ હદીષ : (૮)-૩૬૬૮ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે પોતાના હાકિમથી નાપસંદીદા ચીજ જુએ તો સબ્ર કરે[૧]. કેમ કે

૧. એટલે કે જો હાકિમ અથવા સુલ્તાનમાં કોઈ શરઈ અથવા પ્રાકૃતિક અથવા અખ્લાક़ી ખામી જુએ તો કેવળ એના કારણે તેનાથી બગાવત ન કરે અને તેની વિરુદ્ધ બગાવતનો ઝંડો બુલંદ ન કરે. એનો એ અર્થ નથી કે સારા તરીક़ાથી તેની ઈસ્લાહ પણ ન કરે. જાબિર હાકિમની સામે હક્ક़ વાત કરી દેવી તો આ'લા દરજાનો જેહાદ છે. ઈસ્લાહ અલગ ચીજ છે બગાવત કાંઈ અલગ છે.

૨. એટલે કે જે મુસલમાનોની એ જમાઅતથી જે કોઈ ઈસ્લામી સુલ્તાન એકમત તથા મુત્તહિદ હોય તેનાથી થોડો પણ અલગ રહેશે તેનો અંજામ એ થશે જે આગળ વર્ણન થયેલ છે.

૩. એટલે કે તેનું મૃત્યુ જાહિલિયતના જમાનાના લોકોના જેવું થશે કે ન તેમનો કોઈ સુલ્તાન રહેતો હતો ન જમાઅત ન એમનામાં સંસ્થા હતી ન ક़ોમી એકતા. (મિર્ક़ાત) એનો મતલબ એ નથી કે તે કાફિર થશે. યાદ રાખશો કે હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ના સામે યઝીદ પલીદને ઈસ્લામી સુલ્તાન બનાવવાનો મસ્અલો હતો ન કે બની ગયેલા સુલ્તાનના આજ્ઞાપાલનનો. જેથી એ આલી જનાબની પવિત્ર હસ્તી હદીષના હેઠળ નથી આવી શકતી. જેવી રીતે ફાસિક़ને નમાઝનો ઈમામ બનાવવો મકરૂહ છે પણ જે મસ્જિદમાં ફાસિક માણસ ઈમામ બની જાય તો તેના કારણે જમાઅત ન છોડે, તેની પાછળ પઢી લે.

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું કે જે ફર્માંબરદારીથી નીકળ્યો અને જમાઅતથી અલગ થયો[૧] પછી મરી ગયો તો તે જહાલતની મૌત મર્યો[૨]. અને જેણે અંધાધુંધ ઝંડાની નીચે જંગ કરી[૩] કે ગુસ્સો કરે છે પૂર્વગ્રહના કારણે અથવા ગુસ્સે કરે છે પૂર્વગ્રહના કારણે અથવા મદદ કરે છે સંબંધ (સગાઈ)ના કારણે[૪] પછી તે માર્યો ગયો તો તેનું મૌત જાહિલિયતનું છે[૫] અને મારી ઉમ્મત પર તલ્વાર લઈને મારતો હોય નેકોકારને પણ બદ્કારને પણ[૬] અને ન બચે ઉમ્મતના મો'મિનોથી અને ન પૂરો કરે વાયદાવાળાના માટે તેનો વાયદો[૭] તો તે ન મારાથી છે ન હું તેનાથી[૮]." (મુસ્લિમ)

★ હદીષ : (૯)-૩૬૬૯ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ خَرَجَ مِنَ الطَّاعَةِ وَفَارَقَ الْجَمَاعَةَ فَمَاتَ مَاتَ مِيتَةً جَاهِلِيَّةً وَمَنْ قَاتَلَ تَحْتَ رَايَةٍ عِمِّيَّةٍ يَغْضَبُ لِعَصَبِيَّةٍ أَوْ يَدْعُو لِعَصَبِيَّةٍ أَوْ يَنْصُرُ عَصَبِيَّةً فَقُتِلَ فَقِتْلَةٌ جَاهِلِيَّةٌ وَمَنْ خَرَجَ عَلَى أُمَّتِي بِسَيْفِهِ يَضْرِبُ بَرَّهَا وَفَاجِرَهَا وَلَا يَتَحَاشَى مِنْ مُؤْمِنِهَا وَلَا يَفِي لِذِي عَهْدٍ عَهْدَهُ فَلَيْسَ مِنِّي وَلَسْتُ مِنْهُ» . رَوَاهُ مُسلم

૧. ઈતાઅત (આજ્ઞાપાલન)થી મુરાદ ઈસ્લામી સુલ્તાનની ફર્માંબરદારી છે અને જમાઅતથી મુરાદ મુસલમાનોની જમાઅત છે. જમાઅતથી અલગ થવાનો અર્થ છે કે જેની હુકૂમત પર મુસલમાન એકમત થઈ ચૂક્યા છે તેને હાકિમ ન માને, પોતાને જમાઅતના ફૈસલાથી અલગ રાખે. આ વાકયના અન્ય પણ અર્થો થઈ શકે છે જે કિતાબુલ એઅ્તેસામમાં વર્ણન થઈ ચૂક્યા છે.

૨. એનો અર્થ હમણા વર્ણવવામાં આવ્યો કે એનાથી મુરાદ કુફ્રનું મૌત નથી બલ્કે કાફિરો જેવું મૃત્યુ છે. કુફ્રનું મૌત અને કાફિર જેવા મૌતમાં ઘણો ફરક़ છે.

૩. عمیہ બરવઝન غنیہ પણ આવે છે, ગ્યનના પેશ નૂનના જઝમથી. અને عمّیّة પણ આવે છે, અ્યનના ઝેર મીમની તશ્દીદ અને ઝેરથી, યેની તશ્દીદથી. આ શબ્દ عمی થી બન્યો, અર્થ આંધળાપણુ. એનાથી મુરાદ તે

બગાવત અથવા જંગ છે જેનું કારણ માલૂમ ન હોય. કોઈ શખ્સ કેવળ પોતાની ક़ૌમ પોતાની જમાઅતની તરફદારીમાં મુસલમાનોની બીજી જમાઅતથી લડે, જેવું કે આજકાલ સામાન્ય રીતે ગામડાની પાર્ટીઓમાં જોવામાં આવે છે.

૪. عصبية મફઊલ લહૂ છે يغضب તથા يدعوه નો. એટલે હક્ક़ તથા બાતિલની તમીઝ કર્યા વિના પોતે પણ એ અંધાધુંધ લડાઈમાં શરીક થઈ જાય છે અને પોતાની જમાઅતના બીજા માણસોને પણ બોલાવીને જંગમાં શરીક કરે છે. અસ્બિયતનો અર્થ છે જુલ્મ પર પોતાની ક़ૌમની મદદ કરવી. એ عصبهથી બન્યું, અર્થ વારસદાર કે ક़ૌમ.

૫. એટલે કે એવું મૌત મુસલમાનો જેવું નથી કાફિરો જેવું છે. કાફિર ક़ૌમ પ્રદેશ, માલ વગેરેના માટે લડે છે પણ મો'મિનની લડાઈ કેવળ અલ્લાહના માટે હોવી જોઈએ. એ લડાઈ પણ ઈબાદત છે.

جنگ شاہاں فتنہ و غارتگری است جنگ مؤمن سنت پیغمبری است

અર્થાત : બાદશાહોની જંગનો હેતુ ફિત્નો અને લૂટમાર છે, મો'મિનની જંગનો હેતુ સુન્નતને આમ કરવું છે.

જાતીવાદની જંગ ફસાદ છે લિલ્લાહિયતની જંગ જેહાદ. ઈસ્લામે આપણને જીવવું મરવું સૌ શીખવાડયું છે.

૬. આ વાક્યની બે શર્તો છે : એક એ કે ઉમ્મતથી મુરાદ "ઉમ્મતે ઈજાબત" એટલે મુસલમાન છે અને નેકથી મુરાદ સાલેહ માણસ છે અને ફાજિરથી મુરાદ ગુનેહગાર મુસલમાન છે, એટલે દરેક નેક કે બુરો મુસલમાન જે ક़ત્લ કરે. બીજુ એ કે ઉમ્મતથી મુરાદ "ઉમ્મતે દા'વત" છે એટલે દરેક માણસ તે કાફિર હોય કે મો'મિન. અને بَرّهاથી મુરાદ મુસલમાન હોય અને فاجرهاથી મુરાદ કાફિર હોય. મિર્ક़ાતે આ બંને શરહો કરી.

૭. જો પાછલા વાક્યની પ્રથમ તફસીર કરવામાં આવે તો એ અલગથી નિશ્ચિત હુકમ છે. અને જો બીજી શરહ કરવામાં આવે તો આ વાક્ય તેની શરહ છે. અહદવાળાથી મુરાદ ક્યાં તો ઝિમ્મી કાફિર છે અથવા મુસ્તામિન કાફિરો.

૮. એટલે કે તે મારી ઉમ્મતથી નથી અથવા મારા તરીક़ાથી નથી, અને હું તેના મદદગારોથી નથી, અથવા તે મારાથી નજીક નથી હું એનાથી નજીક નથી, આ વાક્ય અત્યંત ગઝબ (ગુસ્સા)નું છે.

★ હદીષ : (૧૦)-૩૬૭૦ ★

وَعَنْ عَوْفِ بْنِ مَالِكٍ الْأَشْجَعِيِّ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «خِيَارُ أئمتكم الَّذين يحبونهم وَيُحِبُّونَكُمْ وَتُصَلُّونَ عَلَيْهِمْ وَيُصَلُّونَ عَلَيْكُمْ وَشِرَارُ أَئِمَّتِكُمُ الَّذِي تبغضونهم ويبغضونكم وتلعنونهم ويلعنوكم» قَالَ: قُلْنَا: يَا رَسُولَ اللَّهِ أَفَلَا نُنَابِذُهُمْ عِنْدَ ذَلِكَ؟ قَالَ: «لَا مَا أَقَامُوا فِيكُمُ الصَّلَاةَ لَا مَا أَقَامُوا فِيكُمُ الصَّلَاةَ أَلَا مَنْ وُلِّيَ عَلَيْهِ وَالٍ فَرَآهُ يَأْتِي شَيْئًا مِنْ مَعْصِيَةِ اللَّهِ فَلْيَكْرَهْ مَا يَأْتِي مِنْ مَعْصِيَةِ اللَّهِ وَلَا يَنْزِعَنَّ يَدًا مِنْ طَاعَةٍ» . رَوَاهُ مُسلم

"હઝરત ઔફ ઈબ્ને માલિક અશજઈથી રિવાયત છે. તે રસૂલુલ્લાહ ﷺથી રાવી. ફર્માવ્યું કે તમારા બેહતરીન હાકિમો તે છે જે તમારાથી મહોબ્બત કરે અને તમો તેમનાથી મહોબ્બત કરો. તમે તેમને દુઆઓ આપો, તે તમને દુઆઓ આપે[૧] અને તમારા બદ્તરીન હાકિમો તે છે કે તમે તેમનાથી નફરત કરો અને તે તમારાથી નફરત કરે. તમે તેમના પર ફિટકાર કરો[૨]. તે તમારા પર લઅનત કરે. ફર્માવે છે, અમે અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! ﷺ શું અમે એ વખતે એમને ફેંકી દઈએ ?[૩] ફર્માવ્યું, નહીં ! જ્યાં સુધી કે તે તમારામાં નમાઝ ક़ાયમ કરે[૪] નહીં ! જ્યાં સુધી કે તે તમારામાં નમાઝ ક़ાયમ કરે. ખબરદાર ! જેના પર કોઈ અમીર વાલી હોય પછી તેમાં અલ્લાહના ગુનાહોમાંથી કોઈ

જુએ તો જે કાંઈ તે અલ્લાહનો ગુનોહ કરે છે તેને તું નાપસંદ કરે[૫] અને તેની ઈતાઅત (આજ્ઞાપાલન)થી હાથ ન ખેંચે[૬]." (મુસ્લિમ)

૧. અહીં અઈમ્માથી મુરાદ વાલી છે ચાહે સુલ્તાન હોય કે હાકિમો. (મિર્ક़ાત) મતલબ એ છે કે હાકિમો આદિલ હોય, તમારાથી મલી જુલીને રહે. તમારી તેમની આપસમાં મહોબ્બત હોય, તમારી સાથે નમાઝોમાં શરીક થાય. એવા હાકિમો અલ્લાહની રહમત છે. જેમ કે સહાબાના યુગમાં થતુ હતું અને બાદમાં પણ આદિલ સુલ્તાનોમાં રહ્યું.

૨. એટલે કે જાલિમ હોય, ઘમંડી હોય, પોતાના એશો આરામમાં રહે, દેશ તથા પ્રજાથી લાપરવા રહે. ફુસ્સાક़ તથા ફુજ્જાર (ખુલ્લમ ખુલા ગુનાહ કરનારા) હોય, એવા હાકિમો ખુદાનો અઝાબ છે.

૩. એટલે કે શું અમે તેમને હુકૂમતથી ઉતારી ન પાડીએ અને તેમનાથી થયેલી બયઅત તોડીને તેમનાથી જંગ ન કરીએ ?

૪. એટલે કે જ્યાં સુધી સુલ્તાનો તથા હાકિમો મુસલમાનોમાં જુમ્આ તથા ઈદો ક़ાયમ કરે, મસ્જિદોની વ્યવસ્થા કરે, નમાઝોની વ્યવસ્થા કરે ત્યાં સુધી તમે તેમને અલગ ન કરો, તેમની બયઅત ન તોડો, કેમ કે નમાઝો ક़ાયમ કરવી એ મો'મિન હોવાની નિશાની છે. જે નમાઝો ક़ાયમ કરે છે તે દીનનો જરૂર ખયાલ રાખશે. એમાં નમાઝના મહત્વનું પ્રદર્શન છે. રબ તઆલા ફર્માવે છે : إِنَّمَا يَعْمُرُ مَسٰجِدَ اللّٰهِ مَنْ اٰمَنَ بِاللّٰهِ وَ الْيَوْمِ الْاٰخِرِ (અલ્લાહની મસ્જિદો તેઓ જ આબાદ કરે છે જેઓ અલ્લાહ અને ક़યામત પર ઈમાન લાવે છે. સૂરએ તૌબા, ૯/૧૮)

૫. એ રીતે કે જો શક્તિ હોય તો જીભ વડે બાદશાહને નસીહત કરે, નહીં તો તેમની હરકતોને દિલથી બુરી જાણે, તેનું સમર્થન ન કરે.

૬. એટલે સુલ્તાન અથવા હાકિમોના ગુનાહોના કારણે તેમની બગાવત ન કરે, તેમની સાથે લડે નહીં કે મુસલમાનોની ખૂનરેજી મોટામાં મોટો ગુનોહ છે. હા ! તેમનાં ગુનાહિત કામોનું સમર્થન ન કરે.

"હઝરત ઉમ્મે સલમાથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમારા પર કેટલાક હાકિમો થશે જેમનાં અમુક કામ તમે પસંદ કરશો અમુક નાપસંદ કરશો[૧] તો જે ઈન્કાર કરે તે મુક્ત થઈ ગયો અને જે નાપસંદ કરે તે સલામત રહ્યો[૨]. પરંતું જે રાજી થયો, તેમની સાથે મળી ગયો[૩] તેમણે અર્ઝ કરી, તો શું અમે તેમની સાથે જંગ ન કરીએ ?[૪] ફર્માવ્યું, જ્યાં સુધી નમાઝી રહે, જ્યાં સુધી તે નમાઝી રહે[૫]. એટલે જે પોતાના દિલથી ઈન્કાર કરે, જે પોતાના દિલથી નાપસંદ કરે[૬]." (મુસ્લિમ)

★ હદીષ : (૧૧)-૩૬૭૧ ★

وَعَنْ أُمِّ سَلَمَةَ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَكُونُ عَلَيْكُمْ أُمَرَاءُ تَعْرِفُونَ وَتُنْكِرُونَ فَمَنْ أَنْكَرَ فَقَدْ بَرِئَ وَمَنْ كَرِهَ فَقَدْ سَلِمَ وَلَكِنْ مَنْ رَضِيَ وَتَابَعَ» قَالُوا: أَفَلَا نُقَاتِلُهُمْ؟ قَالَ: «لَا مَا صَلَّوْا لَا مَا صَلَّوْا» أَيْ: مَنْ كَرِهَ بِقَلْبِهِ وَأَنكر بِقَلْبِه. رَوَاهُ مُسلم

૧. આ ફર્માને આલીમાં ગયબની ખબર છે. تعرفون અને تنكرونનો મફઊલ બિહ છુપો છે. એટલે بعض اعمالهم. મક़સદ એ છે કે એ બાદશાહો તથા હાકિમોના અમલો ભેળસેળવાળા હશે, અમુક સારા અમુક બુરા,

કે નમાઝ પણ પઢશે, દાઢી પણ મૂંડાવશે, ઈન્સાફ પણ કરશે અને શરાબ પણ પીશે.

૨. ઈન્કારી મુરાદ ઝબાનથી ઈન્કાર કરી દેવું છે. અને મુક્ત હોવાથી મુરાદ નિફાક અને દો રંગીપણાથી. ٤كرہ થી મુરાદ દિલથી, નાપસંદગી છે. સલામતી છે. મુરાદ ગુનાહ તથા ફિસ્ક़ના વબાલથી મહેફૂઝ રહેવું છે. એટલે એવા બાદશાહોના બુરા અમલોને જીભથી બુરા કહી દેવાવાળો પુખ્તા મુસલમાન છે. અને તેમના અમલોને કેવળ દિલથી બુરા સમજનારો અને જીભથી ચુપ રહેનારો પહેલા જેવો પુખ્તા તો ન થશે પણ ગુનાહથી તે પણ બચી જશે.

૩. આ વાક્યનો બદલો ગુપ્ત છે. એટલે કે જે શખ્સ તે ફાસિક़ હાકિમોનાં બુરાં કામોથી દિલથી રાજી થયો અને અમલમાં તેમની સાથે શરીક થઈ ગયો કે તે પણ તેમનાં જેવાં કામ કરવા લાગ્યો તો તે પણ ગુનાહ ફિસ્ક़ો ફુજૂરના વબાલમાં તેમની સાથે શરીક થઈ ગયો.

૪. એટલે કે તે બાદશાહો હાકિમોને હાથથી અને શક્તિ તથા કુવ્વત વડે ગુનાહોથી ન રોકે કે જે તબ્લીગનો ઉચ્ચ પ્રકાર છે.

૫. નમાઝી રહેવાથી મુરાદ છે મુસલમાન રહેવું, કેમ કે નમાઝ જ કુફ઼ ઈસ્લામમાં ફરક કરનારી છે. જેથી એ મતલબ નથી કે બેનમાઝી બાદશાહ તથા હાકિમોની બગાવત દુરુસ્ત છે. બીજા ગુનાહોની જેમ નમાઝને ત્યજવું પણ એક ગુનોહ છે. કુર્આને કરીમ દોઝખી કાફિરોનો એક ક़ૌલ નક़્લ કરે છે જે તેઓ ફરિશ્તાઓને કહેશે : لَمْ نَكُ مِنَ الْمُصَلِّيْنَ (બોલ્યા, અમે નમાઝ પઢતા ન હતા. સૂરએ મુદ્દષ્ષિર, ૭૪/૪૩) અમે નમાઝીઓમાંથી ન હતા એટલે મુસલમાન ન હતા. યાદ રાખશો કે સુલ્તાનની બગાવત ઘણા ફિત્નાઓ, ખૂનરેજીઓ, દેશની તબાહીઓનો સબબ છે, એટલા માટે ઘણા જ કાળજીપૂર્વક તેનાથી રોકવામાં આવ્યા.

૬. આ વાત રાવી તરફથી હદીષના આ વાક્ય من انكر ની તફ઼સીર છે. મક़્સદ એ છે કે ઈન્કારથી મુરાદ કેવળ જીભનો ઈન્કાર નથી બલ્કે દિલની નફ઼રત પણ જરૂરી છે, કેમ કે દિલી કરાહત વિના કેવળ ઝબાની ઈન્કાર બેકાર છે. અહીં મિર્કાતે ફર્માવ્યું કે આ હદીષ હુઝૂર ﷺનો ઉઘાડો મો'જિઝો છે કે જેવું તેમણે ફર્માવ્યું હતું તેવું જ થયું. ખુદ સહાબા હઝરાતે ફાસિક़ બાદશાહ અને જાલિમ તથા બદ્કાર હાકિમો જોઈ લીધા.

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે તમે મારા બાદ પ્રાથમિક્તા (અગ્રતા) જોશો[૧] અને એવી ચીજો જોશો જેને તમે નાપસંદ કરશો. અર્ઝ કરી, તો આપ અમને શું ફર્માવો છો યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવ્યું, તમે એમના હક્ક એમને આપી દો અને તમારા હક્ક અલ્લાહથી માગો[૨]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૨)-૩૬૭૨ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ قَالَ: قَالَ لَنَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّكُمْ سَتَرَوْنَ بَعْدِي أَثَرَةً وَأُمُورًا تُنْكِرُونَهَا» قَالُوا: فَمَا تَأْمُرُنَا يَا رَسُولَ اللَّهِ؟ قَالَ: «أَدُّوا إِلَيْهِم حَقهم وسلوا الله حقكم»

૧. કે તમારા હક્ક બાદશાહ બીજાઓને આપશે. તમને તમારા હક્કોથી વંચિત કરી દેવામાં આવશે.

૨. એટલે કેવળ પોતાનો હક્ક લેવા માટે બગાવત ન કરશો, બલ્કે તે સુલ્તાનોની જાઈઝ ઈતાઅત (આજ્ઞાપાલન) કરતા રહેજો અને રબ તઆલાથી દુઆ કરજો કે ખુદાયા ! તેમને અમારા હક્કો અદા કરવાની તૌફીક़ આપ.

★ હદીષ : (૧૩)-૩૬૭૩ ★

وَعَنْ وَائِلِ بْنِ حُجْرٍ قَالَ: سَأَلَ سَلَمَةُ بْنُ يَزِيدَ الْجُعْفِيُّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: يَا نَبِيَّ اللَّهِ أَرَأَيْتَ إِنْ قَامَتْ عَلَيْنَا أُمَرَاءُ يَسْأَلُونَا حَقَّهُمْ وَيَمْنَعُونَا حَقَّنَا فَمَا تَأْمُرُنَا؟ قَالَ: «اسْمَعُوا وَأَطِيعُوا فَإِنَّمَا عَلَيْهِمْ مَا حُمِّلُوا وَعَلَيْكُمْ مَا حُمِّلْتُمْ» . رَوَاهُ مُسلم

''હઝરત વાઈલ ઈબ્ને હજરથી રિવાયત છે ફર્માવે છે, સલમા ઈબ્ને યઝીદે[૧] રસૂલુલ્લાહ ﷺ ને પૂછયું, યા નબીયલ્લાહ ! ફર્માવો કે જો અમારા પર એવા હાકિમો બેસી જાય જે અમારાથી પોતાનો હક્ક માગે અને અમારો હક્ક અમારાથી રોકે, તો હુઝૂર ﷺ શું હુકમ આપો છો ?[૨] ફર્માવ્યું, સાંભળો અને આજ્ઞાપાલન કરો[૩] કેમ કે તેમના પર તે જ છે જે તેમના પર નાખવામાં આવ્યું અને તમારા પર તે છે જે તમારા પર નાખવામાં આવ્યું[૪].'' (મુસ્લિમ)

૧. અમુક શરહકર્તાઓએ એમનું નામ યઝીદ ઈબ્ને સલમા કહ્યું છે, પણ સહીહ એ છે કે એ સલમા ઈબ્ને યઝીદ છે. સહાબી છે. કૂફામાં વસવાટ રહ્યો.

૨. એટલે કે એવા બાદશાહોની અમે બગાવત કરીએ કે નહીં ?

૩. એટલે કે મૌખિક રીતે સાંભળો અને અમલી રીતે તેમનું આજ્ઞાપાલન કરો. અથવા જાહેરી રીતે સાંભળો અને બાતિની રીતે તેમનું આજ્ઞાપાલન કરો. (મિર્ક़ાત) ખુલાસો એ છે કે પોતાના હક્ક़ોના માટે દેશને વિરાન ન કરો. બગાવતથી દેશની વિરાની થાય છે. ક़ૌમ (રાષ્ટ્ર) માટે વ્યક્તિઓ કુર્બાન થવી જોઈએ અને દીન પર તન મન ધન ફિદા થવાં લાઝમી છે.

૪. એ બાદશાહો તથા હાકિમો પર શરીઅતની રૂએ અદ્લો ઈન્સાફ, પ્રજાના પાલનપોષણ તથા હક્ક़ોને અદા કરવું વાજિબ છે. અને પ્રજા પર તેમની ઈતાઅત (આજ્ઞાપાલાન) તથા ફર્માંબરદારી લાઝિમ છે. તેમને તેમની જિમ્મેદારીઓનો સવાલ થશે અને તમારાથી તમારી જિમ્મેદારીઓનો હિસાબ થશે. જો તેઓ પોતાની ફરજોની અદાયગીમાં ઉણપ વર્તે છે તો તમે તમારા ફર્ઝોમાં ઉણપ શા માટે કરો ? તમારે તમારી ક़બ્રમાં સૂવાનું છે, તેમણે તેમની ક़બ્રમાં સૂવાનું છે. عليهم અને عليكم ને અગ્રતા આપવાથી હસ્રનો ફાયદો હાંસલ થયો. સુબ્હાનલ્લાહ ! કેવું ઈમાન અફ્રોઝ ફર્માન છે કે પોતાના હક્ક़ોની ફિકર કરો, બીજાઓની ફિકર છોડો.

★ હદીષ : (૧૪)-૩૬૭૪ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم يَقُول: «مَنْ خَلَعَ يَدًا مِنْ طَاعَةٍ لَقِيَ اللَّهَ يَوْمَ الْقِيَامَةِ وَلَا حُجَّةَ لَهُ. وَمَنْ مَاتَ وَلَيْسَ فِي عُنُقِهِ بَيْعَةٌ مَاتَ مِيتَةً جَاهِلِيَّةً» . رَوَاهُ مُسلم

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે જે ફર્માંબરદારીથી હાથ કાઢે તે ક़યામતના દિવસે અલ્લાહથી એ હાલમાં મળશે કે તેની પાસે કોઈ દલીલ ન હશે. અને જે એ રીતે મર્યો કે તેના ગળામાં બયઅત નથી તે જાહિલિયતની મૌત મર્યો[૧].'' (મુસ્લિમ)

૧. આ હદીષમાં દલીલથી મુરાદ બંદાના ઈમાન તથા તક़્વાની દલીલ તથા સાબિતી છે, અને બયઅતથી જો ખલીફા તથા ઈસ્લામી સુલ્તાનની બયઅત મુરાદ છે તો મતલબ એ થશે કે જ્યારે રસૂલના ખલીફા અને ઈસ્લામી સુલ્તાન મૌજૂદ હોય, પછી તે એની ખિલાફતની બયઅત ન કરે તો તે જાહિલિયતની મૌત મરશે. અને જો બયઅતથી

આમ બયઅત મુરાદ છે ચાહે બયઅતે ખિલાફ઼ત હોય કે બયઅતે ઈરાદત તો હદીષ મુત્લક़ છે કે જે મુર્શિદ પકડયા વિના મરી જાય તેની મૌત કાફ઼िર જેવી છે. સૂફ઼ીઓ ફ઼ર્માવે છે, જેનો કોઈ પીર નથી તેનો પીર શૈતાન છે. આ હદીષ તેમની દલીલ છે. યાદ રાખશો કે બયઅત ઘણા પ્રકારની છે : બયઅતે ઈસ્લામ, બયઅતે ઈતાઅત અને બયઅતે ઈરાદત.

★ હદીષ : (૧૫)-૩૬૭૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «كَانَتْ بَنُو إِسْرَائِيلَ تَسُوسُهُمُ الْأَنْبِيَاءُ كُلَّمَا هَلَكَ نَبِيٌّ خَلَفَهُ نَبِيٌّ وَإِنَّه لَا نَبِيَّ بعدِي وسيكون حلفاء فَيَكْثُرُونَ» قَالُوا: فَمَا تَأْمُرُنَا؟ قَالَ: «فُوا بَيْعَةَ الْأَوَّلِ فَالْأَوَّلِ أَعْطُوهُمْ حَقَّهُمْ فَإِنَّ اللَّهَ سَائِلُهُمْ عَمَّا استرعاهم»

''હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફ઼ર્માવે છે કે નબી કરીમ ﷺ એ ફ઼ર્માવ્યું, બની ઈસ્રાઈલની રાજનૈતિક વ્યવસ્થા અંબિયાએ કિરામ કરતા હતા[૧]. જ્યારે કદીક એક નબી ઈન્તેકાલ કરતા તો બીજા નબી તેમની પાછળ તશરીફ઼ લાવતા[૨] અને મારા બાદ કોઈ નબી નથી[૩] ખલીફ઼ા થશે અને ઘણા થશે[૪] સહાબાએ અર્ઝ કરી, તો પછી અમને શું હુકમ ફ઼ર્માવો છો ?[૫] ફ઼ર્માવ્યું, આગલા પછી આગલાની બયઅત પૂરી કરો[૬] અને તેમને તેમનો હક્ક़ આપો, કેમ કે અલ્લાહ તઆલા તેમને ખુદ પૂછી લેશે તેમના વિશે જેમને તેમની પ્રજા બનાવી.''

(મુસ્લિમ, બુખારી)

૧. تسوس બન્યું છે سیاست થી અર્થ દેશ કે રાષ્ટ્રની વ્યવસ્થા જેમાં દીની વ્યવસ્થા પણ સામેલ છે. એટલે કે બની ઈસ્રાઈલમાં ખુદ અંબિયાએ કિરામ હઝરાત સર્વ કૌમી, મુલ્કી, મિલ્લી, દીની વ્યવસ્થા કર્યા કરતા હતા. તેમના અનુગામી અમીરો, ખલીફ઼ાઓ ન થતા હતા, બલ્કે અંબિયા હઝરાતના ખલીફ઼ા ખુદ અંબિયા બનતા હતા. મૂસા عليہ السلام એ હઝરત હારૂન عليہ السلام ને ફ઼ર્માવ્યું હતું : اخلفنی من بعدی

૨. એનાથી જાણવા મળ્યું કે ઈસ્લામી ખિલાફ઼ત હુઝૂર ﷺ પછી શરૂ થઈ. ઈસ્લામી સુલ્તાનોની બયઅત અને મશાઈખે કિરામ હઝરાતની મુરીદી ઈસ્લામની વિશિષ્ટતાઓમાંથી છે. પહેલાં શરીઅત તથા દેશની હિફ઼ાઝત અંબિયાએ કિરામથી થતી હતી.

૩. એટલે કે ન તો મારા જમાનામાં કોઈ નબી છે જે મારી મૌજૂદગીમાં મારો ખલીફ઼ા બને, જેમ કે હારૂન عليہ السلام હઝરત મૂસા عليہ السلام ની મૌજૂદગીમાં અમુક દિવસના ટેમ્પરરી ખલીફ઼ા બન્યા જ્યારે મૂસા عليہ السلام તૌરાત લેવા તૂર પર તશરીફ઼ લઈ ગયા. અને ન મારા પછી કોઈ નબી છે જે મારો નિયમિત ખલીફ઼ા બને. જેથી મારા ખલીફ઼ા મારા દીનના સુલ્તાનો છે અને બાતિની ખલીફ઼ા અવલિયા તથા ઉલમા હઝરાત છે. યાદ રાખશો કે ઈસા عليہ السلام હુઝૂર ﷺ પછીના નબી નથી, તે તો પહેલાના નબી છે અને હવે નબુ્વ્વતની શાનથી તશરીફ઼ ન લાવશે, બલ્કે હુઝૂર ﷺ ના ઉમ્મતી થઈને અને ખલીફ઼ા ઈમામ મહેદી જ થશે.

૪. અહીં ખલીફ઼ાથી મુરાદ જાહેરી ખલીફ઼ા છે એટલે ઈસ્લામી સુલ્તાનો તથા અમીર ખલીફ઼ાઓ, ખિલાફ઼ત તો કુરૈશની સાથે ખાસ છે અને સલ્તનત આમ છે. ખિલાફ઼તમાં હુકૂમતની સાથે મુસ્તફ઼ા ﷺ નું નાયબપણુ પણ હોય છે, સલ્તનતમાં કેવળ હુકૂમત છે. એટલા માટે ખુલફ઼ાએ રાશિદીનના જમાનામાં મશાઈખથી બયઅત કરવામાં આવતી ન હતી. તે

ખુલફાએ રાશિદીન મશાઈખ પણ હતા. તેમની બયઅત બયઅતે ઈરાદત પણ હતી અને બયઅતે હુકૂમત હતી.

૫. એટલે કે એક પછી બીજા ખલીફાઓની બયઅત કરજો. જ્યારે પ્રથમ ખલીફા મૃત્યુ પામે તો હવે જે ખલીફા બને તેની ઈતાઅત (ફર્માંબરદારી) કરો. એક જ સમયે બે ખલીફા નથી બની શકતા. જો હોય તો પ્રથમ ખલીફા થશે બીજો બાગી. જેમ કે ખિલાફતે હૈદરીમાં અમીરુલ મો'મિનીન رضی اللہ عنہ ખલીફા બર હક્ક़ હતા અને હઝરત અમીર મુઆવિયહ પોતાના ઈજતેહાદ પર ઈજતેહાદી ખતા પર હતા. જ્યારે હઝરત હસન رضی اللہ عنہ એ તેમના હક્ક़માં ખિલાફતથી હાથ હટાવી લીધા ત્યારે તે બરહક્ક़ સુલ્તાન બન્યા. યાદ રાખશો કે એક સમયમાં વિવિધ દેશોના બાદશાહ ઘણા થઈ શકે છે પણ સર્વ મસલમાનોના ખલીફા એક જ થશે. આજે પાકિસ્તાન, તુર્કી, કાબુલ, ઈરાન વગેરેના પ્રમુખ તથા બાદશાહ અલગ અલગ છે પણ તેમનામાં મુસલમાનોનો ખલીફા કોઈ નથી. ઈમામ મહેદી સર્વ મુસલમાનોના ખલીફ़તુલ મુસ્લિમીન થશે. આ હદીષના આધારે સૂફિયાએ કિરામ ફર્માવે છે કે એક સમયમાં બે પીરોના મુરીદ નથી થઈ શકતા.

''હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે બે ખલીફાઓની બયઅત કરવામાં આવે તો તેમનામાં બીજાને ક़ત્લ કરી દો[૧]. '' (મુસ્લિમ)

★ હદીષ : (૧૬)-૩૬૭૬ ★

وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا بُوِيعَ لِخَلِيفَتَيْنِ فاقْتُلوا الآخِرَ منهُما» . رَوَاهُ مُسلم

૧. ક़ત્લથી મુરાદ મુક़ાતલા એટલે જંગ કરવું છે અને શક્ય છે કે ક़ત્લ જ મુરાદ હોય. કેમ કે બીજો ખલીફા બાગી છે ખલીફા નથી. તેના વિશે કુર્આને કરીમનું ફર્માન છે : فَقَاتِلُوا الَّتِيْ تَبْغِيْ حَتّٰى تَفِيْٓءَ اِلٰٓى اَمْرِ اللّٰهِ (પછી જો એકબીજા પર ઝિયાદતી કરે તો તે ઝિયાદતીવાળા સાથે લડો ત્યાં સુધી કે તે અલ્લાહના હુકમની તરફ પલટી આવે. –સૂરએ હુજુરાત, ૪૯/૯) અહીં મિર્ક़ાતે નવવીના હવાલાથી ફર્માવ્યું કે દારુલ ઈસ્લામ વિશાળ હોય કે વિશાળ ન હોય મુસલમાનોનો ખલીફા એક સમયે બે ખલીફા નથી થઈ શકતા. પૂર્વ તથા પશ્ચિમ, દક્ષિણ તથા ઉત્તરનો ખલીફ़તુલ મુસ્લિમીન એક જ હશે. ઈમામુલ હરમૈને પોતાની કિતાબુલ ઈર્શાદમાં ફર્માવ્યું, દૂર દરાઝ દેશોમાં બે ખલીફા થઈ શકે છે. (જેમ કે આજે પાકિસ્તાન તથા અમેરિકા) પણ ઈમામ નવવીએ આ ક़ૌલનો ખૂબ જ વિરોધ દર્શાવ્યો અને ફર્માવ્યું કે ઈમામુલ હરમૈનનો આ ક़ૌલ હદીષના ઈત્લાક़ની પણ વિરુદ્ધ છે અને સલફ તથા ખલફા (આગલા તથા પાછલા) ઉલમાની પણ વિરુદ્ધ છે.

''હઝરત અરફજાથી[૧] રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે ફિત્ના તથા ફસાદ થશે, શરારતો તથા બુરી આદતવાળા થશે[૧] તો જે આ ઉમ્મતનો મામલો અલગ કરવા ચાહે જ્યારે ઉમ્મત એકમત હોય, તો તેને તલ્વારથી મારી દો કોઈ પણ હોય[૨]. '' (મુસ્લિમ)

★ હદીષ : (૧૭)-૩૬૭૭ ★

وَعَنْ عَرْفَجَةَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «إِنَّهُ سَيَكُونُ هَنَاتٌ وَهَنَاتٌ فَمَنْ أَرَادَ أَنْ يُفَرِّقَ أَمْرَ هَذِهِ الْأُمَّةِ وَهِيَ جَمِيعٌ فَاضْرِبُوهُ بِالسَّيْفِ كَائِنًا مَنْ كانَ» . رَوَاهُ مُسلم

૧. આપ અરફજા ઈબ્ને સઅદ છે. આપનાથી આપના પુત્ર તરફાએ રિવાયત લીધી. આપ તે જ અરફજા છે જેમનું નાક જંગે કલાબમાં કપાય ગયું હતું, તો તેમણે ચાંદીનું નાક બનાવીને લગાવ્યું હતું પણ તે બદબુદાર થઈ ગયું તો હુઝૂર ﷺ એ આપને સોનાનું નાક લગાડી લેવાનો હુકમ આપ્યો. આ બનાવ મિશ્કાત શરીફ કિતાબુલ લિબાસ

બાબુલ ખાતિમમાં આવશે. આપનાથી રિવાયતો ઘણી ઓછી છે.

★ જે નવા મઝહબો ઉભા કરે તેઓ મુસલમાનોમાં વિભાજન કરે છે તેમનાથી જંગ કરો ★

૨. هنات હે ના ઝબરથી છે, هنનું બહુવચન છે. અર્થ : અવર્ણનીય ચીજ. એટલા માટે શર્મગાહને هن કહે છે કે તે પણ ઉલ્લેખને પાત્ર નહીં (અવર્ણનીય) હોય છે. અહીં એનાથી મુરાદ અવર્ણનીય ફિત્ના ફસાદ, શરારતો છે. ફરી ફરી ફર્માવવાથી જાણવા મળ્યું તે ફિત્નો સતત તથા લાંબો હશે અને ઘણા પ્રકારનો હશે.

૩. ચાહે અરબી હોય કે અજમી, આલિમ હોય કે જાહિલ, સૂફી હોય કે પીર દુરવેશ, હુઝૂર عليه الصلوة والسلام ની ઔલાદથી હોય અથવા કોઈ અન્ય ખાનદાનથી, સારાંશ કે કોઈપણ હોય જ્યારે તે મારી ઉમ્મતમાં ભાગલા પાડવાની કોશિશ કરે તો તે ક़ત્લને પાત્ર છે. (મિર્ક़ાત) આ હુકમમાં તે લોકો પણ સામેલ છે જેઓ નવા મઝહબો કાઢીને મુસલમાનોના ભાગલા પાડી દેવા ચાહે અને જેવી રીતે એક ખલીફાની ઈતાઅત (ફર્માંબરદારી) હોવી જોઈએ એવી જ રીતે એક ઈમામની તકલીદ હોવી જોઈએ.

"તેમનાથી જ રિવાયત છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા, જે તમારી પાસે આવે જ્યારે કે તમો એક આદમીની પાછળ એકત્ર હોવ અને તમને પોતાની લાઠી વડે ચીરવા ચાહે અથવા તમારી જમાઅતને વિખેરવા ચાહે તો તેને ક़ત્લ કરી દો."

★ હદીષ : (૧૮)-૩૬૭૮ ★

وَعَنْهُ قَالَ سَمِعْتُ رَسُوْلَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُوْلُ مَنْ اَتَاكُمْ وَاَمْرُكُمْ جَمِيْعٌ عَلٰى رَجُلٍ وَّاحِدٍ يُّرِيْدُ اَنْ يَّشُقَّ عَصَاكُمْ اَوْ يُفَرِّقَ جَمَاعَتَكُمْ فَاقْتُلُوْهُ .(رَوَاهُ مُسْلِمٌ)

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે કોઈ બાદશાહથી બયઅત કરે[૧] પછી તેને પોતાના હાથનો અક़્દ[૨] અને પોતાના હાથનો મેવો આપી દે[૩] તો જો શક્તિ રાખે તો તેની ઈતાઅત કરે[૪] પછી જો બીજો તેની સાથે ઝઘડો કરતો આવે તો બીજાની ગરદન મારી દો[૫]." (મુસ્લિમ)

★ હદીષ : (૧૯)-૩૬૭૯ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «من بَايَعَ إِمَامًا فَأَعْطَاهُ صَفْقَةَ يَدِهِ وَثَمَرَةَ قَلْبِهِ فَلْيُطِعْهُ إِنِ اسْتَطَاعَ فَإِنْ جَاءَ آخَرُ يُنَازِعُهُ فاضربوا عنق الآخر» . رَوَاهُ مُسلم

૧. ઈમામથી મુરાદ દુનિયાવી ઈમામ પણ હોય શકે છે એટલે ઈસ્લામી સુલ્તાન અને દીની ઈમામ પણ, જેમ કે મુજતહિદ ઈમામ તથા શયખે તરીક़ત. પ્રથમ અર્થ અધિક જાહેર છે.

૨. صفقة એ صفقથી બન્યું છે, અર્થ હાથ મિલાવવો. એટલા માટે તાળી પાડવાને તસ્ફીક़ કહે છે કે એમાં હાથથી હાથ મળે છે. કેમ કે મશાઈખ તથા સુલ્તાનની બયઅતના વખતે શયખ અથવા સુલ્તાનના હાથમાં હાથ આપવામાં આવે છે, એટલા માટે હુઝૂરે અન્વર ﷺ એ صفقة يد ઈર્શાદ ફર્માવ્યું. ઉર્ફ (આમ રિવાજ)માં જ્યારે કોઈને કોઈક મજબૂત વાયદો કરે છે તો હાથ મિલાવીને કરે છે, કહે છે : આવો ! હાથ મિલાવો ! આ કામ જરૂર કરવું

છે. રબ તઆલા ફર્માવે છે : يَدُ اللّٰهِ فَوْقَ اَيْدِيْهِمْ (તેમના હાથો પર અલ્લાહનો હાથ છે. સૂરએ ફત્હ, ૪૮/૧૦) પણ આ બયઅત પુરૂત્રો માટે છે, સ્ત્રીઓ સાથે બયઅત કેવળ વાતથી હોવી જોઈએ.

૩. એટલે કે દિલનો ઈખ્લાસ તેને આપે કે દિલથી તેની બયઅત કરે. અથવા દિલના મેવાથી મુરાદ ઔલાદ છે. એટલે પોતાનાં બીવી બચ્ચાંથી પણ એ ઈમાનની બયઅત કરાવે. *(મિર્ક़ાત)*

૪. એટલે કે તેના દરેક જાઈઝ હુકમનું પણ યથાશક્તિ પાલન કરે.

★ વર્તમાન લોકોશાહી ખુદાનો અઝાબ તથા તેની લઅનત છે ★

૫. એટલે કે એ બીજા ઈમામતના ખ્વાહિશમંદને ખુદ એ બયઅત કરનારા લોકો કત્લ કરી દે. ખુલાસો એ છે કે એકના થઈને રહો. યાદ રાખશો કે આજકાલ જે લોકશાહીનો રિવાજ છે કે દરેક પાંચ વરસ પછી દેશનો નવો વડો રાષ્ટ્ર પ્રમુખ કે વડા પ્રધાન) ચૂંટાવામાં આવે, એ ઈસાઈયતની લોકશાહી છે. ઈસ્લામમાં લોકશાહીનો અર્થ એ છે કે એકવાર સુલ્તાન લોકોની રાય વડે ચૂંટી કાઢવામાં આવે પછી તે જિંદગીભર સુલ્તાન રહે, જ્યાં સુધી કે એ સુલ્તાનમાં બરતરફીનો સબબ ન પેદા થાય ત્યાં સુધી તે પોતાના સ્થાને કાયમ રહે. જેમ કે ખુલફાએ રાશિદીન હઝરાતની ચૂંટણી એક એકવાર થઈ. દર પાંચ વર્ષે ન થઈ. વર્તમાન લોકશાહી ઘણા ફસાદો (ખરાબીઓ)નો ઝરીયો છે કે દરેક પાંચ વરસમાં દેશમાં જબરદસ્ત ક્રાંતિ આવે છે. પછી ખરાબી એ થાય છે કે હાકિમોને પ્રધાનો તથા પ્રમુખના હેઠળ, અને પ્રમુખ તથા પ્રધાનો મેમ્બરોના હેઠળ અને મેમ્બરો મતદારોના હેઠળ રહે છે જેથી જેના કબજામાં અમુક વોટ (મતો) છે તેને મેમ્બરો આપે છે, બલ્કે પ્રધાનો તથા પ્રમુખ (વડા પ્રધાન) પણ આપે છે, કેમ કે આગળ જતાં ફરી તેમનાથી વોટ લેવાનો છે. એના કારણે એ ચૌધરી લોકો એવો જુલ્મ કરે છે કે ખુદાની પનાહ ! તેઓ સમજે છે કે અમારું રાજ છે કે મતો અમારા કબજામાં છે. જેવું કે આજે જોવામાં આવી રહ્યું છે. આ લોકશાહી ખુદાની લઅનત છે અને ચુંટણી ખુદાનો અઝાબ છે. સાચી લોકશાહી તથા સાચી ચૂંટણી ઈસ્લામી લોકશાહી તથા ઈસ્લામી ચૂંટણી છે. ઈસાઈયતવાળી ચૂંટણીમાં મોટી આફત એ છે કે એક પ્રમુખ (વડો) હજી પ્રજા પર કબજો પણ નથી કરી શકયો એવામાં તેના બરખાસ્ત થવાનો સમય આવી જાય છે, તો તે દેશની ફિકર કરે કે પોતાના પ્રમુખપણા (વડાપ્રધાન) હોવાની.

★ દુનિયવી હુકૂમત તલબ કરવી મના છે ★

''હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને સમુરહથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે મને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે હુકૂમત ન માગો[૨] કેમ કે જો તમને માગવાથી હુકૂમત આપવામાં આવી તો તમને તેના હવાલે કરી દેવામાં આવશે[૩] અને જો તમને માગ્યા વગર આપવામાં આવશે તો તેના પર તમારી મદદ કરવામાં આવશે[૪].'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૨૦)-૩૬૮૦ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ سَمُرَةَ قَالَ: قَالَ لِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَسْأَلِ الْإِمَارَةَ فَإِنَّكَ إِنْ أُعْطِيتَهَا عَنْ مَسْأَلَةٍ وُكِلْتَ إِلَيْهَا وَإِنْ أُعْطِيتَهَا عَنْ غيرِ مَسْأَلَة أعنت عَلَيْهَا»

૧. સમુરહ સીનના ઝબરથી અને મીમના પેશથી. આપ ફતહે મક્કાના દિવસે ઈસ્લામ લાવ્યા પછી હુઝૂર ﷺની સાથે રહ્યા. બાદમાં બસરામાં રહ્યા અને ત્યાં જ હિ.સ. ૫૧માં ઈન્તેક़ાલ થયો. (મિર્ક़ાત) ઉષ્માની ખિલાફતમાં સહબિસ્તાન અને કાબુલ, અફઘાનિસ્તાન તેમણે જ ફતહ કર્યાં. (અશિઅહ)

★ દીન તથા મસ્લકની ખિદમત માટે હુકૂમત હાંસલ કરવી જરૂરી ★

૨. દુનિયવી અમારત તથા હુકૂમત તલબ કરવી મના છે પણ દીની અમારત તલબ કરવી ઈબાદત છે. રબ તઆલા ફર્માવે છે કે મારાથી દુઆ કર્યા કરો કે : وَّاجْعَلْنَا لِلْمُتَّقِيْنَ اِمَامًا (અને અમને પરહેઝગારોનો પેશવા બનાવ." –સૂરએ ફુર્કાન, ૨૫/૭૪) ખુદાવંદા ! અમને પરહેઝગારોનો ઈમામ બનાવ. યાદ રાખશો કે સલ્તનત તથા હુકૂમત, નફ્સાની ખ્વાહિશ, દુનિયવી માલ ઈજ્જતની લાલચથી તલબ કરવી હરામ છે, કે એવા જાહેજલાલની તલબવાળા લોકો હાકિમ બનીને જુલ્મ કરે છે. પણ જ્યારે અપાત્ર વ્યક્તિ સુલ્તાન કે હાકિમ બનીને દેશને બર્બાદ કરી રહ્યા હોય અથવા બર્બાદ કરવા ચાહતા હોય તો દીન તથા મસ્લકની ખિદમત માટે હુકૂમત ચાહવી હાંસલ કરવી જરૂરી છે. હઝરત યૂસુફ عليه السلام એ મિસરના બાદશાહને ફર્માવ્યું હતું : اجْعَلْنِيْ عَلٰى خَزَآئِنِ الْاَرْضِ ۚ اِنِّيْ حَفِيْظٌ عَلِيْمٌ (મને જમીનમાં ખજાનાઓ પર કરી દે, બેશક ! હું હિફાઝતવાળો ઈલ્મવાળો છુ. સૂ.યૂસુફ, ૧૨/૫૫) જેથી આ હદીષ એ બંને વર્ણવેલ આયતોની વિરુદ્ધ નથી કે આ હદીષથી દુનિયવી લાલચ ખાતર દુનિયવી હુકૂમત ચાહવાની મનાઈ છે. હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ હુઝૂર ﷺ ના પર્દો કર્યા બાદ કોશિશપૂર્વક મુલ્કની સત્તા સાંભળી લીધી હતી અને પછી અમીર બનીને દીન તથા મુલ્કની ખિદમત કરી જેનાથી દુનિયા ખબરદાર છે. આજ સુધી ઈસ્લામ તથા કુર્આનની સલામતી આપને અભારી છે.

૩. અહીં મિર્કાતે ફર્માવ્યું કે તલબથી મુરાદ કોશિશ અને રબથી દુઆ બંને છે. જે દુઆઓ માગી માગીને માલની તથા ઈજ્જતની લાલચમાં સુલ્તાન બન્યો તો રબ તઆલા તેની મદદ કરશે નહીં, તે જાણે અને હુકૂમત જાણે.

૪. એટલે કે જો રબની તરફથી તમારે સુલ્તાન બનવું પડયું તો અલ્લાહની રહમત તમારી દસ્તગીરી કરશે, તમારા ફૈંસલા દુરુસ્ત થશે. દેશનો બોજ તમારાથી ઉઠી શકશે. સલ્તનત કરવી સરળ કામ નથી, પરવરદિગારના કરમ વગર એ બોજ નથી ઉઠી શકતો. આ હદીષના આધારે બુઝુર્ગાને દીન હાકિમ બનવાથી સખત નફરત કરતા હતા. ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ એ જાન આપ દીધી પણ ક़ાઝીનો હોદ્દો ન સ્વીકાર્યો.

★ હુકૂમત ક़યામતના દિવસે બેઈજ્જતી તથા શર્મિંદગી છે ★

"હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ ﷺ રાવી. ફર્માવે છે કે તમો હુકૂમત (સત્તા) માટે નજીકમાં લાલચ કરશો[૧] અને થશે ક़યામતના દિવસે શર્મિંદગી[૨] દૂધ પીવડાવનારી સારી અને દૂધ છોડાવનારી બુરી[૩]." (બુખારી)

★ હદીષ : (૨૧)-૩૬૮૧ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّكُمْ سَتَحْرِصُونَ عَلَى الْإِمَارَةِ وَسَتَكُونُ نَدَامَةً يَوْمَ الْقِيَامَةِ فَنِعْمَ الْمُرْضِعَةُ وَبِئْسَتِ الفاطمةُ» . رَوَاهُ الْبُخَارِيّ

૧. આમાં સંબોધન સર્વ મુસલમાનોને છે અને લાલચથી મુરાદ નફ્સાની ખ્વાહિશાત છે. હુઝૂર ﷺ ની આ પેશનગોઈ આજે આંખો વડે જોવામાં આવી રહી છે કે મુસલમાન પ્રમુખ સ્થાન, પ્રધાનપણુ, રાજદૂતપણુ, મેમ્બરીના માટે તનતોડ કોશિશ કરે છે અને તેના માટે દરેક જાઈઝ નાજાઈઝ ટ્રીકો અપનાવે છે.

૨. કેમ કે એવા સુલ્તાનના માથે હજારોના હક્ક઼ો તથા જુલ્મો હોય છે તેના હિસાબથી છૂટવું સરળ નથી.

૩. સુબ્હાનલ્લાહ ! કેટલી ઉમદા વાત છે ! સલ્તનતે પ્રજાની ઠરાવવામાં આવી. જાલિમ સલ્તનતે દૂધથી વંચિત કરનારી મા ઠરાવવામાં આવી. એટલે કે પ્રજાને હક્ક઼ આપનારી સલ્તનત સારી છે અને મેહરૂમ કરનારી સલ્તનત બુરી છે.

★ હદીષ : (૨૨)-૩૬૮૨ ★

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ أَلَا تَسْتَعْمِلُنِي؟ قَالَ: فَضَرَبَ بِيَدِهِ عَلَى مَنْكِبِي ثُمَّ قَالَ: «يَا أَبَا ذَرٍّ إِنَّكَ ضَعِيفٌ وَإِنَّهَا أَمَانَةٌ وَإِنَّهَا يَوْمَ الْقِيَامَةِ خِزْيٌ وَنَدَامَةٌ إِلَّا مَنْ أَخَذَهَا بِحَقِّهَا وَأَدَّى الَّذِي عَلَيْهِ فِيهَا» . وَفِي رِوَايَةٍ: قَالَ لَهُ: «يَا أَبَا ذَرٍّ إِنِّي أَرَاكَ ضَعِيفًا وَإِنِّي أُحِبُّ لَكَ مَا أُحِبُّ لِنَفْسِي لَا تَأَمَّرَنَّ عَلَى اثْنَيْنِ وَلَا تَوَلَّيَنَّ مَالَ يَتِيمٍ» . رَوَاهُ مُسْلِمٌ

''હઝરત અબૂઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, અર્ઝ કરી : યા રસૂલલ્લાહ ! ﷺ આપ મને હાકિમ કેમ નથી બનાવી દેતા ?[૧] ફર્માવે છે કે હુઝૂરે અન્વર ﷺએ મારા ખભા પર હાથ માર્યો[૨] પછી ફર્માવ્યું, હે અબૂ ઝર ! તમે કમજોર છો અને હુકૂમત અમાનત[૩] અને ક़યામતના દિવસે બેઈજ્જતી તથા શર્મિંદગી છે તેના સિવાય કે જે તેને હક્ક़થી લે અને તે જિમ્મેદારીઓ પૂરી કરે જે એમાં છે[૫] અને એક રિવાયતમાં છે કે, તેમને ફર્માવ્યું, હે અબૂ ઝર ! હું તમને કમજોર જોઉં છું[૬] તમે ન તો તે શખ્સો પર પંચ બનજો અને ન યતીમના માલના વલી બનજો[૮].'' (મુસ્લિમ)

૧. કે જેથી મને અદ્લો ઈન્સાફ કરવાનો સવાબ મળે. એ સવાબ અગણિત છે. આપની આ ગુઝારિશ દુનિયાની લાલચના આધારે ન હતી બલ્કે સવાબ પામવાની તલબમાં હતી, અને એ સમય સુધી હુઝૂર ﷺએ હુકૂમતની તલબથી મના કર્યું ન હતું.

૨. મહોબ્બત તથા પ્રેમભાવ હેઠળ કે જેથી એમને એ મના કરી દેવાથી રંજ ન થાય.

૩. એટલે કે તમે રાજકરણી (રાજનીતિના માહિર) નથી પણ આબિદ, ઝાહિદ, તારિકુદુન્યા છો અને હુકૂમતના માટે ઈસ્લામી રાજનીતિની જાણકારી જરૂરી છે. જુઓ, રબ તઆલાએ આબિદ તથા ઝાહિદ ફરિશતાઓને ખલીફા ન બનાવ્યા. હુકૂમતને અમાનત ફર્માવીને આ આયતની તરફ નિર્દેશ કર્યો : اِنَّا عَرَضْنَا الْاَمَانَةَ عَلَى السَّمٰوٰتِ ـ ـ الايه (બેશક ! અમે અમાનત પેશ કરી આસ્માનો અને જમીન અને પહાડો પર. –સૂરએ અહઝાબ, ૩૩/૭૨)

૪. એટલે કે હુકૂમત તથા સલ્તનત જાલિમના માટે બેઈજ્જતી છે અને આદિલના માટે શર્મિંદગી છે. તે વિચારશે કે મેં હૂકમત કરવાના સમયો ઈબાદતમાં કેમ ન ગુજાર્યા ?

★ નેક આદિલ બાદશાહ નૂરના મિમ્બરો પર હશે ★

૫. એટલે કે હુકૂમત તથા સલ્તનત આદિલ હાકિમના માટે પણ શર્મિંદગી છે, પણ બે શર્તોથી શર્મિંદગી નથી બલ્કે કરામતનો સબબ છે : એક એ હક્ક़ની સાથે હુકૂમત અપનાવે કે બીજા અપાત્ર હોય અને દેશ તથા ક़ૌમ તથા દીનને એની રહનુમાઈની જરૂરત હોય. બીજુ એ કે પ્રજાના હક્ક़ો અદા કરે તેના માટે હુકૂમત અલ્લાહની રહમત છે. હદીષ શરીફમાં છે કે સાત શખ્સોને અર્શે ઈલાહીનો સાયો મળશે એમાં એક આદિલ સુલ્તાન છે. તેમજ ફર્માવ્યું નબી કરીમ ﷺએ કે નેક આદિલ બાદશાહ નૂરના મિમ્બરો પર હશે. હઝરત યૂસફ અને હઝરત સુલૈમાન તથા હઝરત દાઉદ عليه السلام આપણા નબી ﷺ સુલ્તાન પણ હતા નબી પણ હતા. તેમની સલ્તનત તેમના માટે આ'લા દરજાઓનો ઝરીયો છે. આ હદીષ મોટી દલીલ છે કે અપાત્ર (નાઅહલ)એ હુકૂમતમાં દખલ દેવી ન જોઈએ ભલે તે ગમે તેટલો મુત્તક़ી હોય. અલ્લાહ તઆલા હાકિમો સુલ્તાનોને ખુલફાએ રાશિદીન હઝરાતના નક़્શે ક़દમ પર ચાલવાની તૌફીક़ બખ્શે.

૬. આ રિવાયત પણ મુસ્લિમની છે. જોવાથી મુરાદ માલૂમ કરી લેવું છે. કેમ કે હુઝૂર ﷺનો અંદાઝો

આપણા અયનુલ યક़ીનથી વધીને આ'લા છે. એટલા માટે اراك ફર્માવ્યું.

૭. એટલે કે જો અમે કમજોર હોત તો અમે પણ હુકૂમત તથા સલ્તનત અપનાવતા નહીં કેમ કે અમને અલ્લાહ તઆલાએ શક્તિ તથા તાક़ત આપી છે કે નબુવ્વત તથા હુકૂમત, દીન તથા દુનિયા બંનેને સંભાળી શકીએ છીએ, એટલા માટે અમે એને ક़બૂલ કરી. જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

૮. એટલે કે હે અબૂ ઝર ! આમ લોકો પર તો હુકૂમત ઘણી જ મુશ્કેલ છે, ત મારા માટે તો જરૂરી છે તમે બે શખ્સોના પંચ પણ ન બનો, બલ્કે એક યતીમના માલના મુતવલ્લી પણ ન બનો કે તેની જિમ્મેદારી પણ ઘણી છે અને તમે તારિકુદુન્યા અલ્લાહવાળા છો. આ હદીષથી આજકાલના તે લોકો બોધગ્રહણ કરે જેઓ મેમ્બરશીપ, મંત્રપદ પ્રમુખપદ માટે માથુ ફોડતા મરી રહ્યા છે.

''હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ ની ખિદમતમાં હું તથા મારા કાકાના પુત્રોમાંથી બે શખ્સ ગયા તો એ બંનેમાંથી એકે અર્ઝ કર્યું, યા રસૂલલ્લાહ ! ﷺ અમુક એવી ચીજો પર અમને હાકિમ બનાવો જેમના પર અલ્લાહે આપને હાકિમ બનાવ્યા[૧] અને બીજાએ પણ એ જ પ્રમાણે કહ્યું. તો ફર્માવ્યું, વલ્લાહ ! તલબગાર હોય અને ન તેને જે એના માટે લાલચી હોય[૨] અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે ફર્માવ્યું, અમે અમારા પર એવાને નિયુક્ત નથી કરતા જે એને ચાહે[૩].'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૨૩)-૩૬૮૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي مُوسَى قَالَ: دَخَلْتُ عَلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَا وَرَجُلَانِ مِنْ بَنِي عَمِّي فَقَالَ أَحَدُهُمَا: يَا رَسُولَ اللَّهِ أَمِّرْنَا عَلَى بَعْضِ مَا وَلَّاكَ اللَّهُ وَقَالَ الْآخَرُ مِثْلَ ذَلِكَ فَقَالَ: «إِنَّا وَاللَّهِ لَا نُوَلِّي عَلَى هَذَا الْعَمَلِ أَحَدًا سَأَلَهُ وَلَا أَحَدًا حَرَصَ عَلَيْهِ» . وَفِي رِوَايَةٍ قَالَ: «لَا نَسْتَعْمِلُ عَلَى عَمَلِنَا مَنْ أَرَادَهُ»

૧. એટલે કે નબુવ્વત તો હુઝૂર ﷺ ના માટે ખાસ છે, કોઈ એની તમન્ના કરી શકતુ જ નથી, પણ અલ્લાહે આપને સુલ્તાન બનાવ્યા છે તો આપના હેઠળમાં ક़ાઝી, હાકિમ કોઈ ઈલાકાના અમીર અમને બનાવી દો.

૨. આ સવાલ પૂરો ન કરવો અતાથી મના નથી બલ્કે એ બંને હઝરાત પર અને મખ્લૂક़ ખુદા પર રહમ તથા કરમ છે, કેમ કે હુકૂમતના ખ્વાહિશમંદ હુકૂમત પામીને જુલ્મો સિતમ કરીને પોતાનો દીન બગાડી નાખે છે અને લોકોની દુનિયા બર્બાદ કરે છે. એની શરહ પહેલાં કરવામાં આવી ચૂકી છે કે હુકૂમતની તલબ ક્યારે બુરી છે અને ક્યારે સારી. સવાલથી મુરાદ છે મોંથી માગવું અને લાલચથી મુરાદ છે મોંઢેથી તો ન માગવું પણ તેની કોશિશ કરવી.

૩. નફ્સાની ખ્વાહિશ માટે દુનિયા તલબી. કેમ કે એવા માણસની અલ્લાહ તઆલા મદદ નથી કરતો જેનાથી લોકો પર જુલ્મ કરે છે.

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમે લોકોમાં બેહતરીન શખ્સ તેને પામશો જે આ હુકમતથી સખત નફરત કરનારો હોય, ત્યાં સુધી કે તેમાં સપડાય જાય[૧].'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૨૪)-૩૬૮૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:«تَجِدُونَ مِنْ خَيْرِ النَّاسِ أَشَدَّهُمْ كَرَاهِيَةً لِهَذَا الْأَمْرِ حَتَّى يَقَعَ فِيهِ»

૧. આ حتّى માં બે સંભાવનાઓ છે : એક એ કે تجدون ની ઈન્તેહા (હદ) હોય. બીજુ એ કે اشد كراهية ની ઈન્તેહા હોય. જેથી આ ફર્માને આલીના બે અર્થ થઈ શકે છે : એક એ કે બેહતરીન શખ્સ તે છે જે હુકૂમત તથા સલ્તનત અપનાવવાથી સખત નફ઼રત ધરાવતો હોય, અને તે શખ્સ તે સમય સુધી બેહતર રહેશે જ્યાં સુધી કે તેનાથી નફ઼રત ધરાવતો રહે. જ્યારે તેણે હુકૂમત ક़બૂલ કરી લીધી તો બેહતર ન રહેશે. બીજુ એ કે જે શખ્સ શરૂમાં હાકિમ બનવાથી નફ઼રત ધરાવતો હોય, બનવા ન ચાહતો હોય પછી રબ તઆલા તરફથી તેણે હાકિમ કે સુલ્તાન બની જવું પડે, તો પછી નફ઼રતકર્તા ન રહેશે. કેમ કે રબ તઆલા તેની ગયબથી મદદ કરશે. પણ પ્રથમ અર્થ અધિક મજબૂત છે. એના પર શરહકર્તાઓ અધિક વિશ્વાસ કરે છે. *(લમ્આત વ અશિઅ્હ)*

★ સૌથી તેના હેઠળનાઓ વિશે સવાલ થશે ★

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જાણી લો ! તમે સૌ ચરવાહા છો અને તમારા સૌથી તમારા હેઠળ ચરનારાઓ વિશે સવાલ થશે[૧]. અને પુરૂષ પોતાના ઘરવાળાંઓનો ચરવાહા છે તેને તેની પ્રજા વિશે સવાલ થશે[૨] અને સ્ત્રી પોતાના પતિના ઘરે તેની ઔલાદની નિગરાં છે અને તેણીને એમના વિશે પૂછવામાં આવશે[૩]. પુરૂષનો ગુલામ પોતાના માલિકના માલ પર જિમ્મેદાર નિગરાં છે તેને એના વિશે પૂછવામાં આવશે[૪] ખબરદાર ! તમે સૌ ચરવાહા છો અને તમારા સૌથી પોતાની પ્રજા (પોતાના હેઠળનાઓ) વિશે સવાલ થશે[૫]. '' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૨૫)-૩૬૮૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «أَلا كُلُّكُمْ راعٍ وكُلُّكُمْ مسؤولٌ عَنْ رَعِيَّتِهِ فَالْإِمَامُ الَّذِي عَلَى النَّاسِ رَاعٍ وَهُوَ مسؤولٌ عَنْ رَعِيَّتِهِ وَالرَّجُلُ رَاعٍ عَلَى أَهْلِ بَيْتِهِ وَهُوَ مسؤولٌ عَنْ رَعِيَّتِهِ وَالْمَرْأَةُ رَاعِيَةٌ عَلَى بَيْتِ زَوْجِهَا وولدِهِ وَهِي مسؤولةٌ عَنْهُمْ وَعَبْدُ الرَّجُلِ رَاعٍ عَلَى مَالِ سَيِّدِهِ وَهُوَ مسؤولٌ عَنهُ أَلا فكلُّكُمْ راعٍ وكلكُمْ مسؤولٌ عَن رعيتِه»

૧. એટલે કે એવું ન સમજો કે કેવળ બાદશાહથી જ તેની પ્રજા વિશે સવાલ થશે અને આપણે આઝાદ રહીશું. નહીં ! બલ્કે દરેક શખ્સથી પોતાના હાથ નીચેના લોકો વિશે સવાલ થશે કે તમે તેમના દીની તથા દુનિયવી હક્ક़ો અદા કર્યા કે નહીં. راعٍ નો શાબ્દિક અર્થ છે. ચરવાહા. આમ બોલીમાં દરેક મુહાફ઼िઝ તથા હાકિમને راعٍ કહી દેવામાં આવે છે કે જેવી રીતે ચરવાહા સર્વ બકરીઓનો જિમ્મેદાર હોય છે કે એક બકરી પણ ગુમ થઈ ગઈ તો બકરીવાળો તેનાથી માગણી કરે છે. એવી જ રીતે રબ તઆલા તેને તેના હેઠળના બંદાઓ વિશે સવાલ કરશે. قُوْٓا اَنْفُسَكُمْ وَاَهْلِيْكُمْ (તમારી જાનો અને તમારાં ઘરવાળાંઓને આગથી બચાવો. સૂરએ તહરીમ, ૬૬/૬) દા.ત. પિતાથી સવાલ થશે કે તમે તમારાં બીવી બચ્ચાંને રોજી કેમ ન પહોંચાડી ? એ પણ સવાલ થશે કે તેમને નેક કેમ ન બનાવ્યાં ?

૨. કેમ કે સુલ્તાનની હુકૂમત વિશાળ છે એટલા માટે તેનો હિસાબ પણ વિશાળ થશે. વઝીરનો અર્થ છે બોજ ઉઠાવનાર. વઝ્ર બોજને કહે છે. કેમ કે એના પર સર્વ સલ્તનતનો બોજ હોય છે એટલા માટે એને વઝીર કહેવામાં આવે છે. એટલા માટે મુત્તક़ી લોકો હુકૂમત, ક़ુઝા (ન્યાયાધીશ) તથા સલ્તનત ક़બૂલ કરતા ન હતા.

૩. એટલે કે પુરૂષને સવાલ થશે કે તેં તારાં બીવી બચ્ચાંના શરઈ હક્ક़ો અદા કર્યા કે નહીં. જેમનો ખર્ચ તારા

માથે હતો તેમને ખર્ચ આપ્યો કે નહીં અને જેમની તા'લીમ તારા પર લાઝિમ હતી તેમને તા'લીમ આપી કે નહીં. અને સ્ત્રીને સવાલ થશે કે તેં તારા પતિની ખિદમત કરી કે નહીં. પતિના માલ તથા ઔલાદનું ભલુ ચાહ્યું કે નહીં. બાળકોનો પ્રથમ મદ્રસો માની ગોદ છે એટલા માટે આ પર લાઝિમ છે કે તેમની પરવરિશ તથા કેળવણી સારી કરે. મા ફાતિમા ઝૂહરા જેવી પરહેઝગાર બને જેથી તેની ઔલાદ હસન હુસૈન જેવી કાબેલ બને. એટલા માટે સારી છોકરીઓ સાથે નિકાહ કરવા અફઝલ છે કે જમીન સારી હોય તો ઉપજ પણ સારી થાય છે. (શેઅર)

બેઅદબ માં બાઅદબ ઔલાદ જન સકતી નહીં–મઅદન ઝર મઅદન ફૌલાદ બની સકતી નહીં

૪. કે તેં માલિકના માલમાં ખયાનત તો નથી કરી, અને તેની ભલાઈ ચાહી કે નહીં.

★ માણસની દરેક હરકતની નિગરાની થાય છે જેથી ગલત કામથી બચો ★

૫. અહીં અશિઅ़તુલ લમ્આતે ફર્માવ્યું કે દરેક શખ્સ ખુદ પોતાના નફ્સ અને પોતાનાં અંગોનો "રાઈ" તથા જિમ્મેદાર છે કે તેનાથી તેના સમયો, પોતાના હાલાત, પોતાના ખયાલો, આંખ, નાક, કાન વગેરેનો હિસાબ થશે કે ક્યાં ઉપયોગ કર્યો. રબ તઆલા ફર્માવે છે : مَا يَلْفِظُ مِنْ قَوْلٍ اِلَّا لَدَيْهِ رَقِيْبٌ عَتِيْدٌ (કોઈ વાત તે જીભથી નથી કાઢતો કે એની પાસે એક મુહાફિઝ તૈયાર ન બેઠો હોય. –સૂરએ ક़ાફ, ૫૦/૧૮) માણસ જે વાત પણ મોઢેથી કાઢે છે તેની પણ નિગરાની થાય છે. (શેઅર)

عقل و ہوش و گوش نعمتہائے عرش　　خرچ کردی وچہ آور دی ز فرش

અર્થાત : બુદ્ધિ, સમજબુઝ, શ્રવણશક્તિ અને અલ્લાહની નેઅમતોનો ઉપયોગ કરીને આખેરતમાં શું લાવ્યા ?

સારાંશ દરેકને તેની જિમ્મેદારીઓના વિશે પૂછતાછ થશે. અલ્લાહ તઆલા જ આપણે ગુનેહગારોનો બેડો પાર લગાડે, પર્દા રાખે, લગ્ઝિશો માફ કરે.

★ ખયાનત કરનાર વાલી પર જન્નત હરામ ★

"હઝરત મઅ્ક़िલ ઈબ્ને યસારથી[1] રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું કે નથી કોઈ વાલી જે મુસલમાન પ્રજાનો વાલી બને[2] પછી તેમના પર ખયાનત કરતાં કરતાં મરી જાય[3] પણ અલ્લાહ તેના પર જન્નત હરામ કરી દેશે[4]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૨૬)-૩૬૮૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ مَعْقِلِ بْنِ يَسَارٍ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم يقولُ:«مَا مِنْ وال بلي رَعِيَّةً مِنَ الْمُسْلِمِينَ فَيَمُوتُ وَهُوَ غَاشٌّ لَهُمْ إِلَّا حَرَّمَ اللَّهُ عَلَيْهِ الْجَنَّةَ»

૧. معقل મીમના ઝબર અને અ્યનના ઝેરથી. આપ શજરાવાળા સહાબામાંથી છે જેમણે હુદૈબિયામાં બયઅતે રિદ્વાન કરી હતી. બસરામાં વસવાટ રહ્યો. ખ્વાજા હસન બસરી رضی اللہ عنہ આપના શાગિર્દ છે. (અશિઅહ) અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના જમાનામાં વફાત પામ્યા.

૨. અહીં "વલી"થી આમ વલી મુરાદ છે, સુલ્તાન હોય કે હાકિમ, ઉસ્તાદ હોય કે માબાપ. મુસલમાન પ્રજાનો ઉલ્લેખ સંજોગોવસાત છે, નહીં તો પોતાના હેઠળના કાફિર પ્રજા તથા કાફિર નોકર ચાકરોનો પણ હિસાબ થશે કે

તેમના શરઈ હક્ક़ો અદા કર્યા હતા કે નહીં.

૩. غاش એ غشથી બન્યું છે, અર્થ : મિલાવટ તથા ખોટ. અહીં غاشથી મુરાદ છે તેમના હક્ક़ો અદા ન કરનાર અથવા તેમના પર હક્ક़થી વધુ બોજ નાખનાર. (મિર્ક़ાત) એમાં ભારે ટેક્સ વગેરે સૌ સામેલ છે.

★ પ્રજાની ભલાઈ સાથે હિફ़ાઝત ન કરનાર જન્નતની ખુશ્બુ નહીં પામે ★

૪. જેથી તે નજાત પામનારા મો'મિનોની સાથે જન્નતમાં જશે નહીં, અને જો એ જુર્મોને હલાલ જાણતો હતો તો કદાપિ જન્નતમાં જશે નહીં, અથવા એવા જાલિમના વિશે અંદેશો છે કે તેનો ખાત્મો ખરાબ થાય અને તે ક़ાયમી દોઝખી બની જાય. અહીં મૌતનો ઉલ્લેખ કરીને એ દર્શાવ્યું કે મરતા દમ સુધી તૌબાનો તેને મોક़ો છે, પણ જેવી ખયાનત તેવી તૌબા જોઈએ.

★ હદીષ : (૨૭)-૩૬૮૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)
وَعَنْهُ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ:«مَا مِنْ عَبْدٍ يَسْتَرْعِيهِ اللَّهُ رَعِيَّةً فَلَمْ يَحُطْهَا بِنَصِيحَةٍ إِلَّا لَمْ يَجِد رَائِحَةَ الْجَنَّة»

''તેમનાથી જ રિવાયત છે. ફ઼ર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફ઼ર્માવતાં સાંભળ્યા કે, નથી કોઈ બંદો જેને અલ્લાહ તઆલા કોઈ પ્રજાનો વાલી બનાવે પછી પ્રજાની ભલાઈ સાથે હિફ़ાઝત ન કરે પણ તે જન્નતની ખુશ્બુ પામશે નહીં[૧]. '' (મુસ્લિમ, બુખારી)

૧. જ્યારે કે જન્નતની ખુશ્બુ પાંચસો વરસની દૂરીથી મહેસૂસ થાય છે. આ વાક્યની પણ તે જ શરહો (ખુલાસા) છે જે હમણા ઉપરની હદીષમાં જન્નત હરામ હોવાની કરવામાં આવી. જેથી આ હદીષ મગફ़ેરત તથા શફ઼ાઅતની હદીષોની વિરુદ્ધ નથી. હુઝૂર ﷺના સર્વ ફ઼ર્માન બર હક્ક़ છે.

★ બદ્તરીન સુલ્તાન તે છે જે પ્રજાની કમ્મર તોડે ★

★ હદીષ : (૨૮)-૩૬૮૮ ★
وَعَنْ عَائِذِ بْنِ عَمْرٍو قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «إِنَّ شرَّ الرعاءِ الْحُطَمَة» . رَوَاهُ مُسلم

''હઝરત આ઼ઈઝ બિન અમ્રથી[૧] રિવાયત છે. ફ઼ર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફ઼ર્માવતાં સાંભળ્યા કે બદ્તરીન વાલી જાલિમ લોકો છે[૨]. '' (મુસ્લિમ)

૧. આપ મદની છે. બયઅતુર્રિદ્વાનવાળા સહાબામાંથી છે. આખરી ઉમરમાં બસરામાં વસવાટ રહ્યો અને ત્યાં જ વફાત પામ્યા. ખ્વાજા હસન બસરી વગેરેએ આપના થકી હદીષો રિવાયત કરી.

૨. عاء રેના પેશ અને અ़યનના મદથી છે. راعيનું બહુવચન છે જેમ કે તાજિરનું બહુવચન તુજ્જાર અને નહવીનું બહુવચન નહ્હાત. અને રામીનું બહુવચન રમ્માત. حطمه હે ના પેશ અને તોયના ઝબરથી حاطمનું બહુવચન. حاطم થી મુશ્તક़ છે અર્થ તોડવું, કચડી નાખવું. એટલે કે બદ્તરીન સુલ્તાન તથા હાકિમ તે છે જે પ્રજાની કમ્મર તોડી નાખે, તેમના પર ટેકસો, મોઘવારીઓ, સખત હુકમો વડે પ્રજાને પરેશાન કરી દે. જેમ કે આજકાલ સામાન્ય રીતે જોવા મળે છે.

★ હદીષ : (૨૯)-૩૬૮૯ ★

وَعَنْ عَائِشَةَ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «اللَّهُمَّ مَنْ وَلِيَ مِنْ أَمْرِ أُمَّتِي شَيْئًا فَشَقَّ عَلَيْهِمْ فَاشْقُقْ عَلَيْهِ وَمَنْ وَلِيَ مِنْ أَمْرِ أُمَّتِي شَيْئًا فَرَفَقَ بِهِم فارفُقْ بِهِ» . رَوَاهُ مُسلم

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ઈલાહી ! જે મારી ઉમ્મતના કોઈ કામનો વાલી હોય પછી તે એમના માટે તકલીફ બની જાય તો તેના પર તકલીફ નાખ[૧] અને જે મારી ઉમ્મતની કોઈ ચીજનો વાલી હોય પછી તેમના પર નરમી કરે તો તું તેમના પર નરમી કર[૨]. '' (મુસ્લિમ)

૧. આ તે આકા઼એ દોજહાંની બદ્દુઆ છે જે રહ઼મતુલ લિલ્ આલમીન છે. ઉમ્મત પર જુલ્મથી પાક દિલને ઘણી જ તકલીફ થાય છે. જાલિમ હાકિમની દુનિયા પણ બર્બાદ અને આખેરત પણ ખરાબ છે. આ બદ્દુઆ બંને તકલીફોને સમાવે છે. (શેઅર)

پنداشت ستم گر کہ ستم بر ما کرو بر گردن او بماند و بر ما بگذشت

અર્થાત : જાલિમ સમજે છે કે તેણે અમારા પર જુલ્મ કર્યો પણ હક઼ીક઼તમાં એ જુલ્મનો વબાલ ખુદ તેના પર આવી ગયો.

૨. આ દુઆ પણ ઘણી જ શાનદાર છે. રહમ દિલ હાકિમને દીન તથા દુનિયામાં કામયાબીની દુઆ છે. હાકિમો તથા સુલ્તાનોએ જોઈએ કે પોતાના પ્યારા નબી ﷺની દુઆ લે. (શેઅર)

करो महेरबानी तुम अहले ज़मीं पर—खुदा महेरबान होगा अर्शे बरीं पर

★ હદીષ : (30)-૩૬૯૦ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرِو بْنِ الْعَاصِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ الْمُقْسِطِينَ عِنْدَ اللَّهِ عَلَى مَنَابِرَ مِنْ نُورٍ عَنْ يَمِينِ الرَّحْمَنِ وَكِلْتَا يَدَيْهِ يَمِينٌ الذينَ يعدِلُونَ فِي حُكمِهِم وأهليهم وَمَا ولُوا» . رَوَاهُ مُسلم

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ઈન્સાફવાળા હાકિમો[૧] અલ્લાહની નજીક નૂરના મિમ્બરો પર હશે[૨] રબની જમણી બાજુ અને રબના બંને હાથ જમણા છે[૩] તે લોકો જેઓ પોતાના હુકમમાં અને પોતાનાં બાલ બચ્ચાંમાં અને જેમના હાકિમ હોય તેમનામાં ઈન્સાફ કરે[૪]. '' (મુસ્લિમ)

૧. مقسط બાબે અફઆલનો ઈસ્મે ફાઈલ છે તેનો માદ્દો قسط છે. અર્થ હિસ્સો. પણ એમાં મજા એ છે કે મુજર્રદ ઈસ્મે ફાઈલ قاسط જાલિમના અર્થમાં આવે છે એટલે કે બીજાઓનો હિસ્સો જુલ્મની રીતે લઈ લેનારો. અને બાબે અફ્આલનો ઈસ્મે ફાઈલ, આદિલના અર્થમાં આવે છે, એટલે લોકોનો હિસ્સો તેમને આપનારો. રબ તઆલા ફર્માવે છે : اَمَّا الْقٰسِطُوْنَ فَكَانُوْا لِجَهَنَّمَ حَطَبًا (અને રહ્યા જાલિમ તેઓ જહન્નમનું બળતણ બનશે. સૂરએ જિન, ૭૨/૧૫) અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે قسط અર્થ જુલ્મ છે. બાબે અફઆલનો હમ્ઝા સલબના માટે છે. જેથી اقساط નો અર્થ જુલ્મ દૂર કરવો અને مقسط નો અર્થ જુલ્મ દફેઅ કરનાર, એટલે આદિલ. અથવા قاسط બન્યું قسوط થી અર્થ જુલ્મથી, અને مقسط બન્યું અર્થ ઈન્સાફથી. રબ તઆલા ફર્માવે છે : اِنَّ اللّٰهَ يُحِبُّ الْمُقْسِطِيْنَ (બેશક! ઈન્સાફવાળા અલ્લાહને પસંદ છે. સૂરએ હુજુરાત, ૪૯/૯) સારાંશ કે એ કલમામાં અજબની ખૂબી છે.

૨. منابر અને منبرનું બહુવચન છે, અને મિમ્બર ઈસ્મે આ'લા કે ઝર્ફ છે. મિમ્બર મસ્દરનો અર્થ ઉઠાવવું, ચઢાવવું. મિમ્બર ચઢાવવા ઉઠાવવાનું ઓજાર અથવા તેની જગા. મેહશરમાં મો'મિનોના મક़ામો વિવિધ હશે. કોઈ મુશ્કની ટેકરીઓ પર, કોઈ નૂરના મિમ્બર પર. જાહેર એ છે કે અહીં મિમ્બર પોતાના હક़ીક़ી અર્થમાં છે, તાવીલની કોઈ જરૂરત નથી.

૩. જમણો ફર્માવવું કેવળ સમજાવવા માટે છે. બાદશાહોને ત્યાં જેને ઈજ્જત આપે છે તેને સુલ્તાનની જમણી બાજુ જગા આપે છે. ક़ુર્બ (નઝદીકી) તથા ઈજ્જતના વર્ણન માટે يمين (જમણો) ફર્માવવામાં આવ્યું. અને જાહેરી અર્થથી બરાઅત (મુક્તિ) માટે ઈર્શાદ થયો કે અલ્લાહના બંને હાથ જમણા છે. યાદ રાખશો કે અલ્લાહ તઆલાની તરફ યમીનની (જમણાની) નિસ્બત કરવામાં આવે છે. પણ ઉત્તરમાં ડાબાની નિસ્બત નથી કરવામાં આવતી કે યમીન બન્યો છે યમનથી, અર્થ બરકત. ડાબાની નિસ્બત રબની તરફ બેઅદબી છે. *(અઝ : મિર્ક़ાત)*

૪. حكمهم થી મુરાદ છે સલ્તનત તથા હુકૂમત તથા ક़ઝા, જેનો સંબંધ આમ પ્રજા સાથે છે. અને اهلهم થી મુરાદ પોતાનાં બીવી, બચ્ચાં, નોકર, ચાકર છે જેનો સંબંધ ઘરથી છે. અને مولوا થી મુરાદ તે યતીમ, બેવાઓ વગેરે છે જેમની પરવરિશ તેના જિમ્મે આવી પડી. સારાંશ કે સિયાસતે મદની (મદીના શરીફની રાજનીતિ) અને તદબીરે મંઝિલ (ઘરેલુ મામલાઓ) સૌમાં અદ્લો ઈન્સાફ કરે છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે مولوا ખુદ પોતાની જાત પણ સામેલ છે. એટલે પોતાના સંબંધે પણ ઈન્સાફથી કામ લે છે. મિર્ક़ાતે ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબની ઉમ્મતના ત્રણ પ્રકાર દર્શાવ્યા : જાલિમ, મધ્યમમાર્ગી (મુક़્તસિદ) અને સાબિક़. સાબિક़ તે છે જે પોતાનામાં અદ્લ તથા એહસાન ભેગાં કરે.

"હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે નથી મોકલ્યા અલ્લાહે કોઈ નબી અને નથી બનાવ્યા કોઈ ખલીફા[1] પણ તેના બે સલાહકાર થયા, એક સલાહકાર તો તેમને ભલાઈનો હુકમ આપે છે અને બીજો સલાહકાર તેમને બુરાઈનો મશવરો આપે છે, તે પ્રતિ આકર્ષે છે[2] મહેફૂઝ તે રહે જેને અલ્લાહ બચાવી લે[3]." (બુખારી)

★ હદીષ : (૩૧)-૩૬૯૧ ★

وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَا بَعَثَ اللَّهُ مِنْ نَبِيٍّ وَلَا اسْتَخْلَفَ مِنْ خَلِيفَةٍ إِلَّا كَانَتْ لَهُ بِطَانَتَانِ: بِطَانَةٌ تَأْمُرُهُ بِالْمَعْرُوفِ وَتَحُضُّهُ عَلَيْهِ وَبِطَانَةٌ تَأْمُرُهُ بِالشَّرِّ وَتَحُضُّهُ عَلَيْهِ وَالْمَعْصُومُ مَنْ عصمَه اللَّهُ ". رَوَاهُ الْبُخَارِيّ

૧. ક્યાં તો ખલીફાથી મુરાદ અંબિયા હઝરાત જ છે અતફ તફસીરી. રબ તઆલાએ આદમ عليه السلام ના વિશે ફર્માવ્યું : اِنِّیْ جَاعِلٌ فِی الْاَرْضِ خَلِیْفَةً (હું જમીનમાં મારો નાયબ બનાવનારો છું. –સૂરએ બક़રહ, ૨/૩૦) એનાથી મુરાદ સુલ્તાન છે.

૨. بطانه શબ્દકોશમાં અસ્તરને કહે છે. રબ તઆલા ફર્માવે છે : بَطَآىِٕنُهَا مِنْ اِسْتَبْرَقٍ (જેનું અસ્તર રેશમી કપડાનું. સૂરએ રહમાન, ૫૫/૫૪) એનું વિરુદ્ધાર્થી ઝહારા, અર્થ : ડબલ કપડામાં ઉપરવાળુ કપડુ (અબ્રા). આમ બોલીમાં અંદરૂની યાર, કામમાં સામેલ ખાસ સલાહકારને بطانه કહેવામાં આવે છે કે તે અસ્તરની જેમ તેનાથી મળેલુ રહે છે. મતલબ એ છે કે દરેકની સાથે સારા તથા બુરા સલાહકાર કુદરતી તૌર પર હોય છે.

૩. એટલે કે બુરા સલાહકારથી આપણે કેવળ આપણી શક્તિ વડે નથી બચી શક્તા, રબ બચાવે તો બચી શકીએ છીએ. ઉલમા ફર્માવે છે કે સારા સલાહકારથી મુરાદ ફરિશ્તા છે અને બુરા સલાહકારથી મુરાદ કરીન શૈતાન.

યાદ રાખશો કે અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ ﷺ પર એ ફઝ્લ કર્યો કે હુઝૂરનો ક़રીન મુસલમાન થઈ ગયો. જેવું કે તિર્મિઝી વગેરેની રિવાયતમાં છે. **શરીઅતની ઇસ્તેલાહ (બોલી)માં મા'સૂમ કેવળ અંબિયાએ કિરામ હઝરાત છે અને ફરિશ્તા.** અમુક **અવલિયા મહેફૂઝ** છે. **માસૂમ તે જે ગુનાહ કરી ન શકે અને મહેફૂઝ તે જે ગુનાહ ન કરે.** અહીં મા'સૂમ શાબ્દિક અર્થમાં છે જે મહેફૂઝને પણ સમાવે છે. હારૂત તથા મારૂત ફરિશ્તાઓથી ગુનોહ એટલા માટે થયો કે તેમનામાં ટેમ્પરરી તૌર પર બશરિયત સામેલ કરી દેવામાં આવી હતી, જેથી એમના બનાવથી ફરિશ્તાઓની પવિત્રતા પર વાંધો નથી ઉઠાવી શકાતો. રબ તઆલા ફરિશ્તાઓ વિશે ફર્માવે છે : لَّا يَعْصُوْنَ اللّٰهَ مَآ اَمَرَهُمْ وَيَفْعَلُوْنَ مَا يُؤْمَرُوْنَ (જેઓ અલ્લાહનો હુકમ નથી ટાળતા અને જે તેમને હુકમ હોય તે જ કરે છે. સૂરએ તહરીમ, ૬૬/૬) એની ઉમદા તેહક़ીક़ અમારી કિતાબ તફસીરે નઈમી કલાં, પારા અવ્વલમાં જુઓ.

★ હદીષ : (૩૨)-૩૬૯૨ ★
وَعَنْ أَنَسٍ قَالَ: كَانَ قَيْسُ بْنُ سَعْدٍ مِنَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِمَنْزِلَةِ صاحبِ الشُّرَطِ منَ الأميرِ. رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે ક़ૈસ ઈબ્ને સઅદ[૧] નબી કરીમ ﷺ ના એવા હતા જેવા કે અમીરના પોલીસવાળા[૨].'' (બુખારી)

૧. ક़ૈસ ઈબ્ને સઅદ ઈબ્ને ઓબાદા અન્સારી ખઝરમી ઘણા મશહૂર સહાબી છે. કરમવાળા, તેજ બુદ્ધિવાળા, અનુભવી, સમજદાર, આયોજન કરવામાં અજોડ, લાંબા કદવાળા, ભારે ભરખમ હતા. ખિલાફતે હૈદરીમાં આપના તરફથી મિસરના હાકિમ રહ્યા. હિ.સ. ૬૦માં મદીના મુનવ્વરામાં શહીદ કરવામાં આવ્યા. *(અકમાલ)*

૨. شرط શીનના પેશથી, અર્થ અલામત તથા નિશાની. સિપાહી તથા હાકિમના હુકમો લાગુ કરનારાને શુરતા (પોલીસ) એટલા માટે કહે છે કે તે બાદશાહની નિશાની હોય છે. હુઝૂર ﷺ અહકામ બહાર પાડતા હતા અને ક़ૈસ ઈબ્ને સઅદ રસૂલ ﷺના અહકામ લાગુ કરતા હતા. કેદ કરવું, ફૈંસલો સંભાળવવું વગેરે. જાણવા મળ્યું કે સુલ્તાનના હેઠળ આવા લોકોનું હોવું સુન્નત છે જે શાહી ફર્માન લાગુ પડે.

★ જે ક़ૌમની સુલ્તાન કે હાકિમ સ્ત્રી હોય તે નિષ્ફળ રહેશે ★

★ હદીષ : (૩૩)-૩૬૯૩ ★
وَعَنْ أَبِي بَكْرَةَ قَالَ: لَمَّا بَلَغَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّ أَهْلَ فَارِسَ قَدْ مَلَّكُوا عَلَيْهِمْ بِنْتَ كِسْرَى قَالَ: «لَنْ يُفْلِحَ قَوْمٌ وَلَّوْا أَمْرَهُمُ امْرَأَةً» . رَوَاهُ الْبُخَارِيّ

*''હઝરત અબૂ બકરહથી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺ ને ખબર પહોંચી કે ફારસ (ઈરાન)વાળાઓએ પોતાના બાદશાહ કિસ્રાની પુત્રીને (બાદશાહ) બનાવી લીધી[૧] તો ફર્માવ્યું, **તે ક़ૌમ કદી કામયાબ ન થશે (હમેશાં નિષ્ફળ નામુરાદ રહેશે) જેમણે પોતાના કામની હાકિમ સ્ત્રીને બનાવી[૨].**'' (બુખારી)*

૧. કિસ્રા ફારસના બાદશાહનો લક़બ હતો. ક़ૈસર રોમના શાહનો, અઝીઝ મિસરના રાજાનો, તબઅ યમનના રાજાનો, કિસ્રા અરબીકૃત છે ખુસરૂથી, અર્થ મોટા દેશવાળો. એટલે હુઝૂર ﷺની ખિદમતમાં અર્ઝ કરવામાં આવી કે ફારસનો (ઈરાનનો) રાજા મૃત્યુ પામ્યો તો ફારસી લોકોએ તેની પુત્રીને બાદશાહ બનાવી લીધી.

★ સ્ત્રી ઈમામ કે ક़ાઝી નથી બની શકતી ★

૨. એટલે કે જે ક़ૌમની સુલ્તાન કે હાકિમ સ્ત્રી હોય તે ક़ૌમ નિષ્ફળ નિરાશ રહેશે. અહીં અશિઅ્હએ ફર્માવ્યું કે સ્ત્રી વિલાયત (હુકૂમત) તથા અમારત (અમીરપણા)ને પાત્ર નથી. મિર્ક़ાતે ફર્માવ્યું કે, સ્ત્રી ઈમામ કે ક़ાઝી નથી બની શકતી, કેમ કે આ હોદ્દા સંપૂર્ણ બુદ્ધિ તથા આઝાદી ચાહે છે. સ્ત્રી નાકિસુલ અકલ (અપૂર્ણ બુદ્ધિવાળી) પણ છે અને ઘરમાં કેદ થયેલી પણ. યાદ રાખશો કે અહનાફની નજીક જે ચીજોમાં સ્ત્રીની ગવાહી દુરુસ્ત છે, એમનામાં સ્ત્રીની ક़ઝા પણ દુરુસ્ત છે. ક़ઝાથી મુરાદ પંચ છે ન કે જજ. એટલે સ્ત્રી ખાસ શખ્સોની પંચ બની શકે છે, તે નાક़िસ કે જ્યાં તેણીની ગવાહી દુરુસ્ત નથી ત્યાં પંચ નથી બની શકતી. જેથી અહનાફનો આ મસ્અલો આ હદીષની વિરુદ્ધ નથી. હિ.સ. ૧૩૮૪ એટલે ઈ.સ. ૧૯૬૫ની જાન્યુઆરીના પાકિસ્તાની પ્રમુખની ચૂંટણીમાં આ હદીષનો મો'જિઝો જોવામાં આવ્યો કે અહીં તમામ વહાબી, રાફઝી વગેરે બદ્મઝહબોએ એક સ્ત્રીને પાકિસ્તાનના પ્રમુખ થવા ઉભી રાખી અને એ સર્વ જમાઅતોએ એડી ચોટીનું જોર લગાડી આપ્યું. કેવળ અ્હલે સુન્નત તેમની વિરુદ્ધ રહ્યા. અહલે સુન્નતની દલીલ આ જ હદીષ હતી. અલ્લાહ તઆલા કેવળ આ હદીષે પાકની બરકતથી અહલે સુન્નતને ઉઘાડી જીત અતા કરી કે દેશ સ્ત્રીના પ્રમુખપણા અને વિરોધી દેશોની શરારતથી મહેફૂઝ રહ્યો અને સ્ત્રી કામયાબ ન થઈ શકી.

الحمدلله على ذلك وصلى الله تعالى على حبيبه صاحب اللواء المعقود و صاحب المقام المحمود واله واصحابه وسلم

★ સ્ત્રીને સરદારી આપવાની મુસીબત વિશે ★

સારાંશ ઈસ્લામમાં સુલ્તાન તથા હાકિમના માટે પુરુષ હોવું શર્ત છે. જેમ કે શર્હે અક़ાઈદ નસફી, પેજ–૨૨૪માં ફર્માવે છે કે હાકિમ મુસલમાન, આઝાદ, આક़िલ, બાલિગ પુરુષ હોવો જોઈએ. સ્ત્રીઓ અપૂર્ણ બુદ્ધિવાળી પણ છે અને અપૂર્ણ દીનવાળી પણ. તફસીરાતે અહમદિયામાં મૌલાના અહમદ જીવન ફર્માવે છે કે નબુવ્વત, ખિલાફત, ઈમામત, અઝાન, ખુત્બો પુરુષો માટે ખાસ છે. બિલ્ક़ીસનું સુલૈમાન عليه السلام ના જમાનામાં બાદશાહ થવું એવું જ હતું જેવું કે ઈસાઈઓમાં વિકટોરીયા રાણી અથવા એલિઝાબેથ બાદશાહ બની. ઈસ્લામની એ વિરુદ્ધ છે. સરકાર ﷺ ના لن يفلح قوم ફર્માવવામાં બે અજબના નિર્દેશો છે : એક એ કે સર્વ ગુનાહોની સજા આખેરતમાં થશે પણ સ્ત્રીને હાકિમ બનાવવાની સજા દુનિયામાં પણ મળશે અને આખેરતમાં પણ. બીજુ એ કે અન્ય ગુનાહોનો સંબંધ કેવળ મુસલમાનોથી હોય છે કે ઈસ્લામી એહકામ તેમના પર જ લાગુ થાય છે પણ સ્ત્રીને સરદારી આપવાની મુસીબત એવી છે કે કાફિરો પણ તેના હેઠળ આવી જાય છે. સારાંશ કે આ જુર્મ ઘણો જ સખત છે.

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૩૪)-૩૬૯૪ ★

عَنِ الحارِثِ الْأَشْعَرِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:" آمُرُكُمْ بِخَمْسٍ: بِالْجَمَاعَةِ وَالسَّمْعِ وَالطَّاعَةِ وَالْهِجْرَةِ وَالْجِهَادِ فِي سَبِيلِ اللَّهِ وَإِنَّهُ مَنْ خَرَجَ مِنَ الْجَمَاعَةِ قِيدَ شِبْرٍ فَقَدْ خَلَعَ رِبْقَةَ الْإِسْلَامِ مِنْ عُنُقِهِ إِلَّا

''હઝરત હારિષ અશ્અરીથી[૧] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે હું તમને પાંચ ચીજોનો હુકમ આપુ છું જમાઅતનો[૨] અને સાંભળવા તથા ફર્માંબરદારી કરવાનો અને હિજરત તથા ખુદાની રાહમાં જેહાદ કરવાનો[૩] જે જમાઅતથી એક વેંત જેટલો નીકળી ગયો તેણે ઈસ્લામનો ફંદો પોતાની ગરદનથી કાઢી નાખ્યો[૪] પણ એ કે પલ્ટી આવે[૫] અને જે

أَنْ يُرَاجِعَ وَمَنْ دَعَا بِدَعْوَى الْجَاهِلِيَّةِ فَهُوَ مِنْ جُثَى جَهَنَّمَ وَإِنْ صَامَ وَصَلَّى وَزَعَمَ أَنَّهُ مُسْلِمٌ ". رَوَاهُ أَحْمد وَالتِّرْمِذِيّ

જાહિલિયતના બુલાવાથી બોલાવે[૬] તો તે દોઝખની જમાઅતોમાંથી છે[૭] ભલે રોઝા રાખે, નમાઝ પઢે અને ગુમાન કરે કે તે મુસલમાન છે[૮]." (અહમદ, તિર્મિઝી)

૧. આપ હારિષ બિન હારિષ અશ્અરી છે. શામ (સીરિયા)માં વસવાટ રહ્યો એટલા માટે આપને શામી પણ કહે છે. આપ સહાબી છે અને આપનાથી કેવળ એક આ જ હદીષ નકલ થયેલી છે. અબૂ સલામ હબ્શીના ઉસ્તાદ છે.

★ મુસ્લિમ ઉમ્મતના ઈજમાઅનું અનુસરણ કરો ★

૨. કે અક़ીદાઓ તથા અમલોમાં મુસલમાનોની જમાઅતની સાથે રહો. **જે ચીજ પર મુસ્લિમ ઉમ્મતનો ઈજમાઅ થઈ જાય તેનું અનુસરણ (ઈત્તેબાઅ) કરો** અને સલફે સાલેહીન (પૂર્વજ બુઝુર્ગો)ની પયરવી કરો. *(મિર્કાત તથા અશિઅ્હ)*

૩. ઉલમા તથા અવલિયાની હક્ક વાતો સાંભળો, તેમનું આજ્ઞાપાલન કરો અને ઈસ્લામી હાકિમનું આજ્ઞાપાલન દરેક જાઈઝ હુકમમાં કરો અને મક્કા મોઅઝ્ઝમાથી મદીના પાકની તરફ હિજરત કરો. અથવા જ્યાં ઈસ્લામી આઝાદી ન હોય ત્યાં કાફિરો સાથે જેહાદ કદી અને કોઈકને જ નસીબ થાય છે પણ નફ્સ સાથે જેહાદ દરેક સમયે દરેક મુસલમાને કરવો પડે છે. (મિર્કાત) રબ તઆલા ફર્માવે છે : قَاتِلُوا الَّذِيْنَ يَلُوْنَكُمْ مِّنَ الْكُفَّارِ (જેહાદ કરો તે કાફિરો સાથે જે તમારી નજીક છે. સૂરએ તૌબા, ૯/૧૨૩) તમારા કાફિરો સાથે જેહાદ કરો, અને સૌથી નજીકનો કાફિર તમારો નફ્સ છે.

૪. قِيد ક़ાફના ઝેર, યેના જઝમથી, અર્થ ક़દર (પ્રમાણમાં) તથા બરાબર. شِبر શીનના ઝેર, બેના જઝમથી, અર્થ વેંત. بِقه રેના ઝબરથી રસ્સીનો તે ફંદો (ગાળીયુ) જે બકરીના ગળામાં હોય છે. (અશિઅ્હ તથા મિર્કાત) એટલે કે જે અક़ીદાઓ તથા અમલોથી થોડો સરખો પણ મુસલમાનોની જમાઅતથી વિરુદ્ધ થઈ જાય તો તેણે ઈસ્લામની જિમ્મેદારી અને રબનો વાયદો તોડી નાખ્યો.

૫. એટલે કે પોતાની બદ્અક़ીદગીથી તૌબા કરે તો તૌબાનો દરવાજો ઉઘાડો છે.

૬. જેવી રીતે ઈસ્લામથી પહેલાં કાફિરો પોતાની મદદના માટે પોતાના દુશ્મનના મુક़ાબલામાં પોતાના ક़બીલા તથા ક़ૌમને બોલાવતા હતા અને તે ક़ૌમવાળા તેની મદદ માટે કાંઈ સમજ્યા વિચાર્યા વિના દોડી પડતા હતા, ચાહે તે જાલિમ હોતો કે મઝલૂમ, એટલે કે ક़ૌમિયત (જાતિવાદ)ની જંગ. આજકાલ આપણા લોકોમાં રાજ્યને લગતો, ક़ૌમી, મુલ્કી પૂર્વગ્રહ ખૂબ જ છે. અહીં એની બુરાઈ વર્ણન થઈ રહી છે.

૭. جثى બહુવચન છે جثوة નું. જીમના ઝબર અથવા ઝેર અથવા પેશથી. જમાઅત તથા ગિરોહ. રબ તઆલા ફર્માવે છે : وَّنَذَرُ الظّٰلِمِيْنَ فِيْهَا جِثِيًّا (અને જાલિમોને એમાં છોડી દઈશું ગુઠણભેર પડે છે. સૂરએ મરયમ, ૧૯/૭૨) جثوة શબ્દકોશમાં રેતીના ઢગલાને કહે છે, જ્યાં રજકણોનો સમૂહ હોય. પછી મોટી જમાઅતને جثوة કહેવા લાગ્યા કે એમાં લોકોનો ઈજતેમા થાય છે.

★ ઈબાદતો સાથે મામલાઓની દુરુસ્તગી જરૂરી ★

૮. જાણવા મળ્યું કે પુખ્તા મુસલમાન થવા માટે ઈબાદતોની સાથે મામલાઓની દુરુસ્તગી પણ જરૂરી છે. માણસની પરખ મામલાઓ (વહેવાર)થી થાય છે.

★ હદીષ : (૩૫)-૩૬૯૫ ★

وَعَن زِيادِ بنِ كُسَيبٍ العَدَوِيِّ قَالَ: كُنْتُ مَعَ أَبِي بَكْرَةَ تَحْتَ مِنْبَرِ ابْنِ عَامِرٍ وَهُوَ يَخْطُبُ وَعَلَيْهِ ثِيَابٌ رِقَاقٌ فَقَالَ أَبُو بِلَال: انْظُرُوا إِلَى أَمِيرِ نايلبس ثِيَابَ الْفُسَّاق. فَقَالَ أَبُو بَكْرَةَ: اسْكُتْ سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُول: «مَنْ أَهَانَ سُلْطَانَ اللَّهِ فِي الْأَرْضِ أَهَانَهُ اللَّهُ» رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

''હઝરત ઝિયાદ ઈબ્ને કુસૈબ અદવીથી[૧] રિવાયત છે ફર્માવે છે, હું અબૂ બકરહની સાથે ઈબ્ને આમિરના મિમ્બરની નીચે હતો[૨] તે ખુત્બો પઢી રહ્યો હતો અને તેના પર બારીક કપડાં હતાં. તો અબૂ બિલાલે કહ્યું[૩] કે અમીરને જુઓ, ફાસિક़ોનો લિબાસ પહેરે છે ![૪] તો અબૂ બકરહ બોલ્યા, ચુપ રહો ! મેં રસૂલુલ્લાહ ﷺને કહેતા સાંભળ્યું કે જે જમીનમાં અલ્લાહના બાદશાહની તૌહીન કરે અલ્લાહ તેને ઝલીલ કરે[૫] (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ હસન ગરીબ છે.

૧. આપ તાબઈ છે. મિસરી છે. ષિકહ છે. كسيب કાફના પેશથી છે, મુસ્ગર. *(અકમાલ)*

૨. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને આમિર ઈબ્ને કુરેઝ ઉમ્વી એ હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાન رضی اللہ عنہ ના મામા છે. હુઝૂર ﷺની વફાતના સમયે તેમની ઉમર તેર વરસની હતી. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ તેમને બસરા તથા ખરસાનના હાકિમ નિયુક્ત કર્યા હતા.

૩. લગભગ આપ અબૂ બરદા ઈબ્ને સઅદ ઈબ્ને અબૂ મૂસા અશઅરી છે. આપના પુત્રનું નામ બિલાલ છે. આપ બસરાના હાકિમ હતા.

૪. ક્યાં તો કપડાં રેશમી હતાં અથવા હતાં તો સુતરાઉ પણ બારીક હતાં, જેમ કે એશ પસંદ માલદારોનો લિબાસ છે. બીજી સંભાવના અધિક મજબૂત છે.

૫. સુબ્હાનલ્લાહ ! કેવી પાકીઝા તા'લીમ છે કે ઈસ્લામી સુલ્તાનના વક़ારથી ઈસ્લામનો વક़ાર, મુસલમાનોનો રૂઆબ, દેશની વ્યવસ્થા છે. જ્યારે તેનો વક़ાર જ ખત્મ થઈ ગયો તો એ સર્વ કાંઈ ખત્મ થઈ ગયું. બારીક કપડાં પહેરવાં હરામ નથી પણ સુલ્તાનનો વક़ાર બગાડવો હરામ છે.

હિકાયત : હઝરત ઈમામ જઅફર સાદિક़ رضی اللہ عنہ એકવાર ખૂબ જ આ'લા જબ્બો પહેરેલ હતા. સુફ્યાન ષૌરીએ અર્ઝ કરી, હે ઈબ્ને રસૂલુલ્લાહ ! આ લિબાસ આપના માટે યોગ્ય નથી. તો આપે સુફ્યાનનો હાથ પોતાની બાંયમાં નાખ્યો. જોયું કે નીચે ઊનનો જબ્બો છે. ફર્માવ્યું, આ ઉપરનો લિબાસ લોકો માટે છે અને આ અંદરનો લિબાસ ખાલિક़ માટે છે. *(મિર્ક़ાત)* الناس بالباس આજકાલ આ'લા (ઉચ્ચ) લિબાસ ઈજ્જતનો ઝરીયો છે.

હિકાયત : સંજી ફિર્ક़ાવાળા જે ટાટનો લિબાસ પહેરતા હતા. તેઓ હઝરત ઈમામ હસનની ખિદમતમાં હાજર થયા. આપ ખૂબ જ આ'લા જોડ પહેરલ હતા. તે વાંધા સાથે આપનાં કપડાં સ્પર્શવા લાગ્યો. તો આપે ફર્માવ્યું, શું જુએ છે ?! મારા પર જન્નતનીઓનો લિબાસ છે અને તારા પર દોઝખીઓનો લિબાસ છે ? પછી ફર્માવ્યું, મોટાભાગે ટાટ પહેરવાવાળા દોઝખી હશે જેમના શરીર પર ટાટ છે અને દિલમાં ઘમંડ છે. *(મિર્ક़ાત)*

★ હદીષ : (૩૬)-૩૬૯૬ ★

وَعَنِ النَّوَّاسِ بْنِ سِمْعَانَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا طَاعَةَ لِمَخْلُوقٍ فِي مَعْصِيَةِ الْخَالِقِ» . رَوَاهُ فِي شَرْحِ السّنة

''નવાસ ઈબ્ને સમિઆનથી[૧] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ખાલિકની નાફર્માનીમાં મખ્લૂક़ની ફર્માંબરદારી નથી[૨].'' (શરહે સુન્નહ)

૧. نواس નૂનના ઝબર, વાવની તશ્દીદથી. سمعان સીનના ઝબર, મીમના ઝેરથી. આપ સહાબી છે. શામ (સીરિયા)માં વસવાટ રહ્યો.

૨. એટલે કે કોઈ બંદો ગુનાહનો હુકમ આપે અથવા નેકીથી મના કરે તો તેની વાત ન માનો, ભલે તે બાપ, ઉસ્તાદ, મુર્શિદ, હાકિમ કે બાદશાહ હોય. પરંતુ હુઝૂર ﷺ કોઈને એવી ચીજનો હુકમ આપે જે જાહેરી રીતે કુર્આન તથા હદીષ વિરુદ્ધ જણાતી હોય તો તેને કરવી વાજિબ છે કે એ હુકમના બહાર પડવાથી એ શખ્સના નામે એ ગુનો રહ્યો જ નહીં, બલ્કે નેકી બની ગયો. એનાં સંકડો દષ્ટાંતો મૌજૂદ છે. જો કોઈને હુઝૂર બોલાવે અને તે નમાઝ પઢી રહ્યો હોય તો તેના માટે નમાઝ છોડવી અને તરત હાજર થઈ જવું વાજિબ છે. રબ તઆલા ફર્માવે છે : اسْتَجِيْبُوْا لِلّٰهِ وَلِلرَّسُوْلِ اِذَا دَعَاكُمْ (અલ્લાહ વ રસૂલના બોલાવવા પર હાજર થઈ જાવ. સૂરએ અન્ફાલ, ૮/૨૪) એની ઉમદા તેહક़ીક़ અમારી કિતાબ સલ્તનતે મુસ્તફા ﷺમાં જુઓ. હુઝૂર ﷺના હુકમથી બોયકોટના સમયમાં તેમની પત્ની હઝરત કઅબ પર હરામ રહ્યાં. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને તમ્લીકને અબૂ રાફેઅના ક़ત્લના માટે જૂઠ્ઠ બોલાવાની ઈજાઝત આપી દીધી વગેરે વગેરે. અહીં મિર્ક़ાતે અજબની વાત દર્શાવી કે : اَطِيْعُوا اللّٰهَ وَاَطِيْعُوا الرَّسُوْلَ وَاُولِى الْاَمْرِ مِنْكُمْ (હુકમ માનો અલ્લાહનો અને હુકમ માનો રસૂલનો અને એમનો જે તમારામાં હુકૂમતવાળા છે. –સૂરએ નિસાઅ, ૪/૫૯)માં રસૂલના માટે اطيعوا અલગથી ઈર્શાદ થયું અને اولى الامر ના માટે અલગ નથી વપરાયું. કેમ કે રસૂલનું આજ્ઞાપાલન મુસ્તક़લન (કાયમી ધોરણે) વાજિબ છે પણ اولى الامر ની ઈતાઅત એ શર્ત પર વાજિબ છે કે કુર્આન તથા સુન્નતની વિરુદ્ધ હુકમ ન આપે.

★ હઝરત અલી رضی اللہ عنہ વિશે ફર્માને રસૂલ ★

તેમજ મિર્ક़ાતમાં છે કે હઝરત અલી رضی اللہ عنہ એ ફર્માવ્યું, મને હુઝૂર ﷺએ ફર્માવ્યું કે હે અલી ! તમારું દષ્ટાંત ઈસા عليه السلام જેવું છે કે યહૂદીઓએ તેમના પર આક્ષેપ લગાડયા, ઈસાઈઓએ તેમને હદથી વધારી દીધા. અમુક તમને હદથી વધારી દેશે, અમુક આક્ષેપો લગાડશે. ફર્માવ્યું, મને હદથી વધારનારા ચાહકો હલાક (તબાહ) થશે, આક્ષેપ લગાડનારા દુશ્મન પણ હલાક થશે. હું નબી તથા વહીવાળો નથી. જો હું તમને સારી વાતનો હુકમ આપુ તો મારું આજ્ઞાપાલન કરો, જો બુરી વાતનો હુકમ હું આપું કે કોઈ અન્ય તો આજ્ઞાપાલન જાઈઝ નથી. *(મિર્ક़ાત)*

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, નથી કોઈ કોઈક કુંબા (કુટુંબ)નો સરદાર પણ તે ક़યામતના દિવસે તૌક़માં લાવવામાં આવશે ત્યાં સુધી કે ક્યાં તો તેને ઈન્સાફ છોડી દે અથવા તેને જુલ્મ હલાક કરી દે[૧]."
(દારમી)

★ હદીષ : (૩૭)-૩૬૭ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا مِنْ أَمِيرِ عَشرَةٍ إِلا يُؤتى بِهِ يَوْمَ الْقِيَامَةِ مَغْلُولًا حَتَّى يُفَكَّ عَنْهُ الْعَدْلُ أَو يوبقه الْجور» . رَوَاهُ الدَّارِمِيّ

૧. અહીં સરદારથી મુરાદ તે સરદાર છે જે નફ્સની ઈચ્છા ખાતર ખુશી સાથે અને પ્રયત્નપૂર્વક સરદાર બને. એટલે કે એવા સરદાર ભલે દસ માણસોના અફસર (ઉપરી) હોય પણ ક़યામતમાં ગળામાં તોક़ સાથે આવશે. પછી આગળ હિસાબ બાદ એ તોક़ ઉતરી જશે અથવા લાઝિમ થઈ જાય. આદિલ (ન્યાયી) હતા તો નજાત પામી જશે, જાલિમ હતા તો પકડમાં આવી જશે. જેથી આ હદીષ હઝરત સુલૈમાન عليه السلام અથવા ખુલફાએ રાશિદીન અથવા યૂસુફ عليه السلام માટે નથી.

★ હદીષ : (૩૮)-૩૬૯૮ ★

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «وَيْلٌ لِلْأُمَرَاءِ وَيْلٌ لِلْعُرَفَاءِ وَيْلٌ لِلْأُمَنَاءِ لَيَتَمَنَّيَنَّ أَقْوَامٌ يَوْمَ الْقِيَامَةِ أَنَّ نَوَاصِيَهُمْ مُعَلَّقَةٌ بِالثُّرَيَّا يَتَجَلْجَلُونَ بَيْنَ السَّمَاءِ وَالْأَرْضِ وَأَنَّهُمْ لَمْ يَلُوا عَمَلًا» . رَوَاهُ فِي «شَرْحِ السُّنَّةِ» وَرَوَاهُ أَحْمد وَفِي رِوَايَته: «أَنَّ ذوائِبَهُم كَانَتْ مُعَلَّقَةً بِالثُّرَيَّا يَتَذَبْذَبُونَ بَيْنَ السَّمَاءِ وَالْأَرْضِ ولَمْ يَكُونُوا عُمِّلوا على شَيْءٍ»

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, હાકિમો માટે ખરાબી છે, સરદારો માટે ખરાબી છે અમાનતદારોની[૧] ક़ૌમો આરઝૂ કરશે ક़યામતના દિવસે કે તેમની પેશાનીઓ ષુરૈયા તારામાં લટકેલી હોત, આસ્માન તથા જમીનની વચ્ચે હલતા હોત અને તેમણે સરદારી ન લીધી હોત[૨]. (શરહે સુન્નહ, અહમદ) અને અહમદની રિવાયતમાં છે કે એમના વાળો ષુરૈયા તારામાં લટકતા હોતા, આસ્માન તથા જમીનની વચ્ચે ઝોલા ખાતા અને કોઈ ચીજ પર હુકૂમત ન અપનાવતા[૩].''

૧. امراء (ઉમરા)થી મુરાદ સુલ્તાન તથા હાકિમો છે અને عرفاء عريفનું બહુવચન છે. એનાથી મુરાદ તે ચૌધરી તથા નંબરદાર (મુખી) છે જે હાકિમ તથા પ્રજાની વચ્ચે માધ્યમ હોય કે પ્રજાના મામલા હુકૂમતને પહોંચાડતા હોય. અને امينથી મુરાદ ખજાનચી વગેરે છે જેઓ હુકૂમતની તરફથી ટેક્સ, મહેસુલ વગેરેના નિગેહબાન હોય. એમાં યતીમોના વાલી તથા વારસદારો પણ સામેલ છે. કેમ કે એ હોદ્દાઓ પર પહોંચીને પોતાને હક્ક़ોથી બચાવવું ઘણુ જ મુશ્કેલ હોય છે. એટલા માટે આ ઈર્શાદ થયો. પણ યાદ રાખશો કે અહીં પણ સંબોધન તેમની તરફ છે જેઓ નફ્સના માટે કોશિશપૂર્વક હોદ્દાઓ હાંસલ કરે.

★ સત્તા તથા હોદ્દાના ઈચ્છુકો માટે બોધદાયક વાત ★

૨. આ વાક્યએ બે શરહો (સ્પષ્ટતાઓ) કરી આપી કે امراء عرفاءથી તે જ લોકો મુરાદ છે જેઓ કોશિશ કરીને એશના માટે અમીર બને. એટલે કે એવા હાકિમો, ચૌધરીઓ (મુખીઓ) ક़યામતનો અઝાબ જોઈને ઈચ્છા કરશે કે આ અમીરપણા તથા વઝીરપણા કરતાં અમને પેશાનીના વાળો વડે આસ્માને લટકાવી દેવામાં આવતા, અમે ત્યાં ઝોલા ખાતા એ સારું થાત. આજે અમારી આવી શર્મિંદગી, બેઈજ્જતી તથા અઝાબ ન થાત. اقوام ફર્માવીને નિર્દેશરૂપે ફર્માવી આપ્યું કે સર્વ બાદશાહ, સરદારો એવી તમન્ના કરશે બલ્કે એમાંથી અમુક ક़ૌમો એટલે જાલિમો તથા એશ પરસ્ત.

૩. જાલિમ એશપરસ્ત હાકિમોનો તો આ હાલ થશે, પણ આદિલ સુલ્તાન ખલીફાઓની એ ઈજ્જત થશે કે તેઓ નૂરના મિમ્બરો પર હશે, રબ તઆલાની ખૂબ નજીક. આ સર્વ ચેતવણીઓનો મક़સદ એ છે કે લોકો હુકૂમતના તલબગાર ન બને, કેમ કે માણસનો નફ્સ હુકૂમત તથા સરદારીનો ઈચ્છુક હોય છે. યાદ રાખશો કે દેશ, ક़ૌમ તથા દીનને સુલ્તાનની પણ જરૂરત છે, હાકિમોની પણ જરૂરત છે પણ આ ચીજો ખૂબ જ ખતરનાક છે. الامن عصمه الله

★ હદીષ : (૩૯)-૩૬૯૯ ★

وَعَنْ غَالِبِ الْقَطَّانِ عَنْ رَجُلٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِن العرافة حق

'ગાલિબ ક़त्तानથી[૧] રિવાયત છે. તે એક સાહબથી તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી[૨] રાવી. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે સરદારી હક્ક़ છે[૩]

ولابد لِلنَّاسِ مِنْ عُرَفَاءَ وَلَكِنَّ الْعُرَفَاءَ فِي النَّارِ» . رَوَاهُ أَبُو دَاوُد

અને લોકોને સરદારોની જરૂરત છે, પરંતુ સરદારો હશે આગમાં[૪]. (અબૂ દાઊદ)

૧. આપ તાબઈનમાંથી છે. આપ ગાલિબ ઈબ્ને અબી ગીલાન ઈબ્ને ખલાફ કત્તાન બસરી છે. ષિક़્હ છે. ખ્વાજા હસન બસરી અને સઈદ ઈબ્ને જુબેર رضی اللہ عنہما ના શાગિર્દ છે.

૨. એ સાહબ તથા તેમના પિતા તો મજહૂલ (અજ્ઞાત) છે, ખબર નહીં કોણ છે ? તેમના દાદા જો કે અજ્ઞાત છે પણ સહાબી છે. કેમ કે સર્વ સહાબા આદિલ છે એટલા માટે એમનું નામ માલૂમ ન હોવું નુકસાનકર્તા નથી.

૩. અહીં હક્ક़ જરૂરી તથા લાઝિમના અર્થમાં છે. એટલે કે મુલ્ક તથા ક़ૌમે ઈસ્લામને બાદશાહ, હાકિમોની જરૂરત છે કે તેમનાથી દીન પણ ક़ાયમ છે તથા દુનિયા પણ સલામત છે.

★ હાકિમો સાવધાનીપૂર્વક વર્તે કે તલ્વારની ધાર પર છે ★

૪. એટલે કે સામાન્યતઃ સરદાર દોઝખી છે કે મોટાભાગના લોકો હુકૂમત મેળવીને જુલ્મ તથા અનીતિ કરે છે જેથી જેને સરદાર બનવાનું પડી જાય તે ખૂબ જ સાવધાનીપૂર્વક કામ કરે કે તલ્વારની ધાર પર છે.

★ હદીષ : (૪૦)-૩૭૦૦ ★

وَعَنْ كَعْبِ بْنِ عُجْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أُعِيذُكَ بِاللَّهِ مِنْ إِمَارَةِ السُّفَهَاءِ» . قَالَ: وَمَا ذَاكَ يَا رَسُولَ اللَّهِ؟ قَالَ: «أُمَرَاءُ سَيَكُونُونَ مِنْ بَعْدِي مَنْ دَخَلَ عَلَيْهِمْ فَصَدَّقَهُمْ بِكَذِبِهِمْ وَأَعَانَهُمْ عَلَى ظُلْمِهِمْ فَلَيْسُوا مِنِّي وَلَسْتُ مِنْهُمْ وَلَنْ يَرِدُوا عليَّ الحوضَ وَمَنْ لَمْ يَدْخُلْ عَلَيْهِمْ وَلَمْ يُصَدِّقْهُمْ بِكَذِبِهِمْ وَلَمْ يُعِنْهُمْ عَلَى ظُلْمِهِمْ فَأُولَئِكَ مِنِّي وَأَنَا مِنْهُمْ وَأُولَئِكَ يَرِدُونَ عَلَيَّ الْحَوْضَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالنَّسَائِيّ

''હઝરત કઅબ ઈબ્ને ઉજરાથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે મને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હું મૂર્ખાઓની સલ્તનતથી તમને અલ્લાહની પનાહમાં આપુ છું[૨] તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તે કઈ ચીજ છે ? ફર્માવ્યું, કેટલાક સુલ્તાનો મારા બાદ થશે[૪] જે તેમની પાસે ગયો, તેમના જૂઠને સાચુ કહ્યું અને જુલ્મ પર તેમની મદદ કરી તો ન તે મારાથી છે અને ન હું તેમનાથી[૫] અને તે હોજ પર મારી પાસે કદાપિ પહોંચશે નહીં[૬]. અને જે તેમની પાસે ન ગયો અને ન સાચુ કહ્યું તેમના જૂઠને અને ન તેમની જુલ્મ પર મદદ કરી તો તે મારા જ છે અને હું તેમનો છું અને તે હોજ પર મારી પાસે પહોંચશે[૭].'' (તિર્મિઝી, નિસાઈ)

★ હઝરત કઅબ ઈબ્ને ઉજરાનો ઈસ્લામ લાવવાનો બનાવ ★

૧. عجرة અયન અને જીમના પેશ અને રેના ઝબરથી. આપ સહાબી છે. અન્સારના હલીફ છે. અમુકે કહ્યું, અન્સારથી છે. બયઅતુર્રિદવાનમાં શરીક થયા. આપના ઈસ્લામનો બનાવ એ બન્યો કે આપની એક મૂર્તિ હતી જેની આપ પૂજા કરતા હતા. હઝરત ઓબાદા ઈબ્ને સામિતથી આપની ઘણી પૂરાણી દોસ્તી હતી. એક દિવસે હઝરત ઓબાદા તેમને મળવા ગયા. જ્યારે તેમના ઘરેથી નીકળ્યા તો ચૂપકેથી તે મૂર્તિના ટુકડા કરી નાખ્યા. જ્યારે આપે પોતાની મૂર્તિની આ હાલત જોઈ તો નજીક હતું કે હઝરત ઓબાદાથી ઉલઝી પડે પણ દિલથી અવાજ આવ્યો કે હે

કઅબ ! જો મૂર્તિમાં ખુદાઈ હોત તો પોતાને બચાવી લેત. જે ખુદ પોતાની મદદ ન કરી શક્યું તો તારી મદદ શું કરશે ! તે જ વખતે મુસલમાન થઈ ગયા. (અશિઅ્હ) છેવટમાં કૂફામાં વસવાટ રહ્યો પણ મદીના મુનવ્વરામાં વફાત પામ્યા. ૭૫ વરસની ઉમર પામ્યા. હિ.સ. ૫૧માં વિસાલ થયો. મદીના મુનવ્વરામાં દફન થયા. *(મિર્ક़ાત)*

૨. سفهاء એ سفيهનું બહુવચન છે અને سفيهથી બન્યું છે, سفهથી અર્થ : હલકાપણુ. سفيهનો અર્થ છે હલકી બુદ્ધિવાળો, એટલે કે કમ અક્લ. એટલે તમને અલ્લાહની અમાનમાં આપુ છું એનાથી કે તમારા પર મૂર્ખ બાદશાહોનો દાવ ચાલે, અથવા એટલા માટે કે તમે એની તરફ ખેંચાવો. એમાં નિર્દેશ રૂપે ફર્માવવામાં આવ્યું કે તમે અપાત્ર એવા બાદશાહોનો જમાનો પામશો પણ ઈન્શા અલ્લાહ ! તેમની બુરાઈથી મહેફૂઝ રહેશો. જેને હુઝૂર ﷺ પોતાના દામનમાં છુપાવી લે તેનું કોઈ શું બગાડે ! (શેઅર)

ढूंढा ही करे सदरे क़यामत के सिपाही—वो किसको मिले जो तेरे दामनमें छुपा हो

૩. એટલે કે આ સલ્નતન કેવી રીતે થશે, શું કરશે અને ક્યારે થશે અને તેનો અંજામ શું થશે.

૪. જાલિમ, જૂઠા, બુદ્ધિવિહોણા, જેમ કે યઝીદ ઈબ્ને મુઆવિયહ, હજ્જાજ ઈબ્ને યૂસુફ વગેરે. એમાં ખુલફાએ રાશિદીન હઝરાત સામેલ નથી, નહીં તો પછી હઝરત અલી رضی اللہ عنہ પણ એ જ ચેતવણીમાં દાખલ થશે જે આગળ આવી રહી છે. ખુદ હઝરત કઅબ ઈબ્ને ઉજરાએ પણ આ ખિલાફતો પામી અને તેમની હિમાયત કરી. સારાંશ જે અમે અર્ઝ કર્યું તે જ દુરુસ્ત છે.

★ જાલિમ હાકિમોના દરજીને સોય વેચનાર પણ જાલિમનો સહાયક ★

૫. એટલે કે તે મારાથી સંબંધ વિનાના છે અને હું તેમનાથી બેઝાર છું. અલ્લાહની પનાહ ! યાદ રાખશો કે જુલ્મ પર મદદ કરવાની કેટલીય સ્થિતિઓ છે : તે જાલિમોને જુલ્મ માટે ઉભારવા, તેમના જુલ્મી ક़ાનૂનને લાગુ કરવો, તેમના જુલ્મમાં તેમને સહકાર આપવો, તેમના જુલ્મને સમર્થન કરવું, કહેવું કે આ હુકમો હક્ક છે. સારાંશ એમાં ઘણી વિશાળતા છે. કોઈ દરજી (ટેઈલર)એ હઝરત સુફ્યાન ષૌરીને પૂછયું કે જાલિમ હાકિમનાં કપડાં સીવવાં કેવું ? તો આપે ફર્માવ્યું કે જે જાલિમ સુલ્તાનનાં કપડાં સીવવા માટે દરજીને ત્યાં સોય વેચે તે આ આયતે કરીમામાં સામેલ છે : وَلَا تَرْكَنُوْٓا اِلَى الَّذِيْنَ ظَلَمُوْا (અને જાલિમોની તરફ ન ઝુકે કે તમને આગ સ્પર્શે. સૂરએ હૂદ, ૧૧/૧૧૩)

૬. એટલે કે હૌઝે કૌષર પર જે જન્નતમાં છે અથવા તેની નહેર પર જે મેહશરના મેદાનમાં છે, જ્યાં હુઝૂર ﷺની ઉમ્મત પાણી પીને હશ્રની તરસ છીપાવશે. મતલબ એ છે કે ફાયદો પામનારાઓની સાથે ન પહોંચશે.

૭. ખુલાસો એ છે કે એ જાલિમોથી નજીક થવું મારાથી દૂર થવું છે અને તેમનાથી દૂર થવું એ મારાથી નજીક થવું છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ફર્માવે છે કે જે જાલિમના જુલ્મભર્યા (જાલિમાના) હુકમથી રાજી હોય ભલે તે જાલિમથી ગાયબ (દૂર) હોય પણ તે હાજર છે. અને આપે આ જ આયત પઢી : وَلَا تَرْكَنُوْٓا۔۔۔اليه

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવે છે, જે વનવાસી થયો તે સખત દિલ થઈ ગયો[1]. જે શિકારની પાછળ રહ્યો તે ગાફિલ થઈ ગયો[2] બાદશાહની પાસે પહોંચ્યો તે ફિત્નામાં પડયો[3] (અહમદ, તિર્મિઝી, નિસાઈ) અને

★ હદીષ : (૪૧)-૩૭૦૧ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ سَكَنَ الْبَادِيَةَ جَفَا وَمَنِ اتَّبَعَ الصَّيْدَ غَفَلَ وَمَنْ أَتَى السُّلْطَانَ افْتُتِنَ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ

وَالنَّسَائِيُّ وَفِي رِوَايَةِ أَبِي دَاوُدَ: «مَنْ لَزِمَ السُّلْطَانَ افْتُتِنَ وَمَا ازْدَادَ عَبْدٌ مِنَ السُّلْطَانِ دُنُوًّا إِلَّا ازْدَادَ من اللَّهِ بُعداً»

અબૂ દાઊદની રિવાયતમાં આ પ્રમાણે છે, જે બાદશાહથી લપેટાઈ ગયો[૪] તે ફિત્નામાં પડી ગયો અને નથી વધારતો કોઈ બંદો બાદશાહથી નઝદીકી પણ વધારી લે છે અલ્લાહથી દૂરી[૫]."

૧. એટલે કે ગામડાવાસીઓ મોટાભાગે સખત દિલવાળા હોય છે. રબ તઆલા ફર્માવે છે : اَلۡاَعۡرَابُ اَشَدُّ كُفۡرًا وَّ نِفَاقًا وَّ اَجۡدَرُ اَلَّا يَعۡلَمُوۡا (ગંવાર કુફ્ર તથા નિફાક઼માં અધિક સખત છે. સૂરએ તૌબા, ૯/૯૭) કેમ કે એમને ઈલ્મની રોશની ઉલમાની સોહબત નસીબ નથી થતી. જેથી ખુદ આલિમે દીન જે ગામડામાં રહે અને તે ગામડાવાસી જેઓ ઉલમાથી સંબંધ રાખે અને શહેરમાં આવજા કરતા રહે તેઓ આ હુકમથી બહાર છે.

૨. એટલે કે જે શિકારની પ્રવૃત્તિને પોતાની આદત બનાવી લે કે કેવળ શોખ પૂરતો શિકાર ખેલતો રહે તે અલ્લાહના ઝિક્ર, નમાઝ તથા જમાઅત, જુમ્આ, દિલની નરમીથી વંચિત રહે છે. હુઝૂર ﷺએ કદી શિકાર નથી કર્યો. (અશિઅહ) અમુક સહાબાએ શિકાર કર્યો છે પણ શિકાર કરવું અલગ છે અને શિકારનો ધંધો લેવો તે પણ કેવળ શોખ પૂરતો એ કાંઈ ઔર છે. શિકારનું વર્ણન તો કુર્આને કરીમમાં છે. અહીં શોખ માટેના શિકારમાં વ્યસ્ત રહેવા વિશે વર્ણન છે. જેથી આ હદીષ કુર્આનના હુકમની વિરુદ્ધ નથી.

★ જાલિમ બાદશાહનો દરબારી બને તે પોતાના દીન દુનિયાને તબાહ કરશે ★

૩. એટલે કે જે ઈજ્જત તથા દૌલત કમાવાના માટે જાલિમ બાદશાહનો દરબારી અને ત્યાં હાજર રહેનારો બન્યો તે પોતાનો દીન કે દુનિયા તબાહ કરી લેશે. કેમ કે જો તે તેના જુલ્મનું સમર્થન કરશે તો પોતાનો દીન બર્બાદ કરી નાખશે અને જો તેનો વિરોધ કરશે તો પોતાની દુનિયા બર્બાદ કરી નાખશે. જેથી જે કોઈ આદિલ બાદશાહનો સાથી બને એના અદલનું સમર્થન કરતા સુધી, દીનનો રિવાજ આપવા માટે સારા મશ્વરા આપે તો તે ઉચ્ચ કક્ષાનો મુજાહિદ છે. એ જ પ્રમાણે જાલિમ બાદશાહની સુધારણા માટે તેની સાથે રહે તો તે ગાઝી છે, પણ એવું ઘણુ જ મુશ્કેલ છે. જેથી હઝરત અલી رضی اللہ عنہ ને ખુલફાએ રાશિદીનના સાથી બનવું અને હઝરત ઈમામ અબૂ યૂસુફને સુલ્તાન હારૂનરશીદનું કાઝીયુલ કુઝા (મુખ્ય ન્યાયાધીશ) બનવું ગુનોહ ન હતું, સવાબનું કામ હતું. ઈમામ અબૂ યૂસુફ رحمۃ اللہ علیہ નો આ કુઝા (ન્યાયધીશ)ના હોદ્દે રહેવું હનફી મઝહબના પ્રચારનો ઝરીયો બન્યું.

૪. એ રીતે કે દરેક વખતે તેની સાથે રહ્યો તે જાનની ઉમ્મીદ અને જાનના ડરમાં સપડાય ગયો. હઝરત અત્તારે શું સરસ કહ્યું. (શેઅર) قرب سلطاں آتش سوزاں بود

અર્થાત : બાદશાહની નિકટતા સળગી રહેલી આગની જેમ છે.

૫. આ ફર્માને આલીનો મક઼સદ પણ એ જ છે જે હમણા દર્શાવવામાં આવ્યો કે જાલિમ બાદશાહથી નઝદીકી રબ તઆલાથી દૂરીનો ઝરીયો છે. અને દયલમીએ મુસ્નદુલ ફિરદૌસમાં હઝરત અલી رضی اللہ عنہ નો આ કૌલ નક઼લ કર્યો : من ازداد علما و لم يزدد فى الدنيا زاهدا لم يزدد من اللّٰه الا بعدا "જે ઈલ્મ વધારે દુનિયાથી આકર્ષણ વિનાનો ન બને તે અલ્લાહથી દૂરીમાં જ વધારો કરશે."

★ હદીષ : (૪૨)-૩૭૦૨ ★

وَعَن المقدامِ بن معْدي كِربَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ ضَرَبَ عَلَى مَنْكِبَيْهِ ثُمَّ قَالَ: «أَفْلَحْتَ يَا قُدَيْمُ إِنْ مُتَّ وَلَمْ تَكُنْ أَمِيرًا وَلَا كَاتبا وَلَا عريفا» . رَوَاهُ أَبُو دَاوُد

''મિક़્દામ ઈબ્ને મઅદીકિર્બથી[૨] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ તેમના ખભા પર હાથ માર્યો પછી ફર્માવ્યું, હે ક़દીમ[૨] તમે કામયાબ થઈ જશો જો એવી રીતે મરો કે ન હાકિમ હોવ ન મુન્શી[૩] અને ન સરદાર[૪].'' (અબૂ દાઉદ)

૧. આપના હાલાત વર્ણન થઈ ચૂક્યા છે કે આપ સહાબી છે. ૯૧ વરસની ઉમર પામ્યા. હિ.સ. ૮૭માં વફાત પામ્યા.

૨. ખભા પર હાથ રાખવો, ક़દીમ તસ્ગીર ફર્માવીને સંબોધન કરવું એ કરમ તથા મહોબ્બતના ખાતર છે.

૩. એટલે કે સુલ્તાન કે હાકિમના મુન્શી.

૪. عريفનો અર્થો ક્યાં તો એ જ છે જે રજૂ કરવામાં આવ્યા, નંબરદાર, ચૌધરી જે બાદશાહ તથા પ્રજા વચ્ચે વાસ્તો હોય, અથવા એનો અર્થ મશહૂર માણસ જેને સૌ ઓળખતા હોય. ફક़ીહો ફર્માવે છે કે, ખમૂલ રહમત છે શમૂલ આફત છે. મૌલાના બરકાત ફર્માવતા હતા કે શરીફ તે છે જે ન આપણને ઓળખે ન આપણે તેને ઓળખીએ. જો કે આપ મક્કાના વાલી હતા.

★ હદીષ : (૪૩)-૩૭૦૩ ★

وَعَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَدْخُلُ الْجَنَّةَ صَاحِبُ مَكْسٍ» : يَعْنِي الَّذِي يَعْشُرُ النَّاسَ. رَوَاهُ أَحْمد وَأَبُو دَاوُد والدارمي

''હઝરત ઉક़્બા ઈબ્ને આમિરથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જન્નતમાં ટેકસ વસુલ કરનાર ન જશે[૧] એટલે કે જે લોકોથી ઉશ્ર લે છે[૨].'' (અબૂ દાઉદ, દારમી)

૧. આ પ્રકારનાં ફર્માનોની શરહ પાછલી હદીષોમાં કરવામાં આવી ચૂકી છે કે ફાઈઝીનની (કામયાબ લોકોની) સાથે શરૂથી જ જન્નતમાં નહીં જઈ શકે, કેમ કે ટેકસ લગાડનારા અને ટેકસ વસૂલ કરનારા મોટાભાગે જાલિમ અને લાંચિયા હોય છે, પણ જેને ખુદા બચાવે. مكسનો તર્જુમો ટેકસ ખૂબ જ યોગ્ય છે. આજકાલ અરબીમાં માલના ટેકસને جمراك અને માણસના ટેકસને كوشان કહે છે.

૨. અહીં عشر (ઉશ્ર)થી મુરાદ ઉપજનો દસમો ભાગ અને મહેસૂલ તથા રોડ ટેકસ, બહારથી આવતા માલનો ટેકસ વગેરે સૌ છે. આ હદીષના રાવી મુહમ્મદ ઈબ્ને ઈસ્હાક़ ઈબ્ને મુંદા છે. શબ્દ યઅ્ની ફર્માવીને તેમણે ફર્માવ્યું કે સાહિબે મકસથી હુઝૂર ﷺની મુરાદ ઉશ્ર લેનાર છે. *(મિક़્યાત)*

★ હદીષ : (૪૪)-૩૭૦૪ ★

وَعَنْ أَبِي سَعِيدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ أَحَبَّ النَّاسِ إِلَى اللَّهِ يَوْمَ الْقِيَامَةِ وَأَقْرَبَهُمْ مِنْهُ مَجْلِسًا إِمَامٌ عَادِلٌ وَإِنَّ أَبْغَضَ النَّاسِ إِلَى اللَّهِ يَوْمَ الْقِيَامَةِ وَأَشَدَّهُمْ عَذَابًا» وَفِي رِوَايَةٍ: «وَأَبْعَدَهُمْ مِنْهُ مَجْلِسًا إِمَامٌ

''હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ક़યામતના દિવસે લોકોમાં અલ્લાહને વધુ પ્યારો અને અલ્લાહથી અધિક નજીક જગાવાળો ઈન્સાફવાળો બાદશાહ છે[૧]. અને ક़યામતના દિવસે સર્વ લોકોમાં અલ્લાહને અધિક નાપસંદ અને ઘણા જ સખત અઝાબવાળો, અને એક

રિવાયતમાં છે કે રબથી ઘણો જ દૂર મજલિસવાળો જાલિમ બાદશાહ છે[૨]. (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ હસન છે, ગરીબ છે[૩].''	جَائِرٌ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ حَسَنٌ غَرِيبٌ

૧. નજીક જગાથી મુરાદ ઈજ્જત તથા મર્તબો છે. એટલે કે અન્ય બાદશાહોની સરખામણીમાં આદિલ બાદશાહ ઈન્સાફ અલ્લાહ તઆલાથી અધિક દરજા તથા મર્તબાવાળો હશે. અથવા આદિલ બાદશાહ ઈન્સાફ તથા અદાલતના લેહાઝથી વધુ કુર્બ (નઝદીકી)વાળો હશે. જેથી આ ફર્માને આલીનો મતલબ એ નથી કે આદિલ બાદશાહ હઝરત સિદ્દીકે અકબર તથા ફારૂકે આ'ઝમ કે અન્ય સહાબાએ કિરામ કરતાં વધુ દરજાવાળો થઈ જાઈ જાય. અહીં મિર્કાતે ફર્માવ્યું કે આજકાલના બાદશાહોને આદિલ કહેવું કુફ છે. મિર્કાતનો આ ફત્વો તદ્દન દુરુસ્ત છે કે વર્તમાન બાદશાહોનો હાલ સૌને ખબર છે અને જુલ્મને અદ્લ (ન્યાય) કહેવું સર્વ ફકીહોની નજીક કુફ છે.

૨. એનો અર્થ પણ એ જ છે જે હમણા અર્ઝ કરવામાં આવ્યો. જાલિમ બાદશાહ જુલ્મના એતબારથી ગૈરજાલિમ કરતાં કેટલોય બદ્તર હશે. એનાથી એ જરૂરી નથી કે મુસલમાન જાલિમ બાદશાહ અબૂ જહલ વગેરે કરતાં બદ્તર હોય. યાદ રાખશો કે જાલિમ હાકિમ અલ્લાહ તઆલા અને રસૂલુલ્લાહ ﷺ તથા પ્રજાના હક્કો મારે છે. એના પર હક્કોનો અધિક બોજ છે.

૩. આ હદીષ ઈમામ અહમદે પણ પોતાની મોઅત્તામાં રિવાયત કરી. ઈમામ અહમદ ઈબ્ને હંબલના પુત્રએ પોતાની કિતાબ زوائد الدهر (ઝવાઈદુદ્ દહર)માં ઈમામ હસનથી મુરસલન નકૂલ કર્યું કે **અલ્લાહ તઆલાનો પ્યારો બંદો તે છે જે બંદાઓનો ખૈર ખ્વાહ (શુભેચ્છક)** હોય. *(મિર્કાત)*

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મોટો જેહાદ તેનો છે[૧] જે જાલિમ બાદશાહોની પાસે હક્ક વાત કહે.[૨]'' *(તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)*	**★ હદીષ : (૪૫)-૩૭૦૫ ★** وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَفْضَلُ الْجِهَادِ مَنْ قَالَ كَلِمَةَ حَقٍّ عِنْدَ سُلْطَانٍ جَائِرٍ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد وَابْن مَاجَه

૧. અહીં લખાણમાં ક્યાં તો من થી પહેલાં جهاد છુપુ છે, અથવા افضل પછી اهل છુપુ છે એટલે افضل اهل الجهاد من قال અથવા افضل الجهاد جهاد من قال જેથી નહવી વાંધો એના પર કાંઈ નથી.

★ જાલિમ બાદશાહો પાસે હક્ક વાત કહેવી મહાન જેહાદ ★

૨. ભલે એક કલમો જ હોય, જેમ કે હા કે ના. દા.ત. ફાસિક બાદશાહ તેને પૂછે, શું દાઢી મૂંડાવવું સારું છે ? તે કહી દે, નહીં ? આ નહીં કહેવું એ મહાન જેહાદ છે. આ જેહાદ એટલા માટે અફઝલ થયો કે કાફિર પર જેહાદ કરનારાને પોતાની મૌતનું યકીન નથી હોતુ, કદાચ પાછો આવે કે માર્યો જાય. પણ આ અલ્લાહના બંદાને પોતાની મૌત અથવા જાની માલી નુકસાનનું યકીન હોય છે, કેમ કે તે એ જાલિમના કબજામાં હોય છે. તેમજ જો બાદશાહ તેની આ તબ્લીગથી જુલ્મથી રોકાય જાય તો એક મખ્લૂકને જુલ્મથી છૂટકારો મળી જશે. કાફિરના કત્લથી એક કાફિર ઓછો થશે પણ આ તબ્લીગથી ખુદાની મખ્લૂકને ફાયદો થશે તેમજ આ કલમો પોતાના નફસ પર મોટો જેહાદ છે કે એવા બાદશાહ સામે ખુશામદ કરવા માટે નફસ ચાહે છે. ઈમામ ગઝાલી رحمة الله عليه એ ફર્માવ્યું કે જાલિમ બાદશાહને

તબ્લીગ કેવળ વઅઝ તથા નસીહતથી થઈ શકે છે, કહેર (જબરદસ્તી)થી નહીં પણ નરમીથી કેમ કે તેને જાલિમ જાબિર કહીને પોકારવો, ગાળો આપવી એ સખત ફિત્નાનો સબબ છે. (અહયાઉલ ઉલૂમ, મિર્ક़ાત) મધનું એક ટીપુ ઘણી બધી માખીઓને ભેગી કરી લે છે પણ સિરકાનો એક ઘડો માખીઓને નથી બોલાવી શકતો.

★ હદીષ : (૪૬)-૩૭૦૬ ★	*''અને અહમદ તથા નિસાઈએ તારિક़ ઈબ્ને શિહાબથી રિવાયત કરી.[૧]''*
[46]- 3706 وَرَوَاهُ أَحْمَدُ وَالنَّسَائِيُّ عَنْ طَارِقِ بْنِ شِهَابٍ	

૧. તારિક़ ઈબ્ને શિહાબ સહાબી છે પણ આપની રિવાયતો ઘણી ઓછી છે. સિદ્દીક़ી ખિલાફતમાં આપે ૩૪ ગઝવા કર્યા. હિ.સ. ૬૦માં વફાત પામ્યા. *(આશિઅ્હ)*

★ સુલ્તાનના માટે સારો વઝીર ખુદાની રહમત ★

★ હદીષ : (૪૭)-૩૭૦૭ ★	*''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે અલ્લાહ તઆલા બાદશાહની ભલાઈ ચાહે છે તો તેને સાચો વઝીર આપે છે[૧] કે જ્યારે એ ભૂલી જાય તો તેને યાદ અપાવે અને જો યાદ કરે તો તેની મદદ કરે.[૨] અને જ્યારે એના માટે એના સિવાયનો ઈરાદો કરે છે તો તેને બુરો વઝીર આપે છે, જો ભૂલી જાય તો તેને યાદ ન અપાવે અને જો યાદ કરે તો તેની મદદ ન કરે.[૩]''* *(અબૂ દાઊદ, નિસાઈ)*
وَعَنْ عَائِشَةَ قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا أَرَادَ اللَّهُ بِالْأَمِيرِ خَيْرًا جَعَلَ لَهُ وَزِيرَ صِدْقٍ إِنْ نَسِيَ ذَكَّرَهُ وَإِنْ ذَكَرَ أَعَانَهُ. وَإِذَا أَرَادَ بِهِ غَيْرَ ذَلِكَ جَعَلَ لَهُ وَزِيرَ سُوءٍ إِنْ نَسِيَ لَمْ يُذَكِّرْهُ وَإِنْ ذَكَرَ لَمْ يُعِنْهُ» . رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ	

૧. એટલે કે જ્યારે અલ્લાહ તઆલા જ્યારે કોઈ બાદશાહની ભલાઈ ચાહે છે કે દીન તથા દુનિયા તેની દુરુસ્ત રહે તો તેને સારા વઝીર તથા સલાહકાર અતા કરે છે. વઝીરનો અર્થ છે બોજ ઉઠાવનાર. وزر નો અર્થ બોજ પણ છે અને ગુનાહ પણ છે. રબ તઆલા ફર્માવે છે : حَتّٰى تَضَعَ الْحَرْبُ اَوْزَارَهَا (ત્યાં સુધી કે લડાઈ પોતાનો બોજ રાખી દે. સૂ. મુહમ્મદ, ૪૭/૪) અને ફર્માવે છે : يَحْمِلُوْنَ اَوْزَارَهُمْ (અને તે પોતાનો બોજ પોતાની પીઠ પર લાદેલા છે. સૂ. અન્આમ, ૬/૩૧) કેમ કે વઝીર પર સલ્તનતનો ખૂબ જ બોજ હોય છે એટલા માટે એને વઝીર કહે છે.

૨. કે જો બાદશાહ કોઈ મામલામાં શરીઅતનો હુકમ ભૂલી જાય તો તેને વઝીર બતાવી દે. યાદ કરાવેલા હુકમને લાગુ કરવામાં બાદશાહનો સહાયક તથા મદદગાર બને. સુબ્હાનલ્લાહ ! સારો વઝીર રબ તઆલાની રહમત છે. એવી જ રીતે સારી પત્ની પુરૂષ માટે અલ્લાહની બખ્શિશ છે.

★ ખુલ્ફાએ રાશિદીનના વઝીર હઝરત અલી હતા અને હઝરત અલીના સલાહકાર ખારજી વગેરે બન્યા ★

૩. કોઈ ખુશામદી મુલ્હિદ (અધર્મી)એ હઝરત અલી رضی اللہ عنہ ને પૂછ્યું કે આગલી ખિલાફતોમાં ફતહો તથા ભલાઈ ખૂબ થઈ અને આપની ખિલાફતમાં ફિત્ના અધિક થયા એનું શું કારણ છે ? આપે તરત જ જવાબ આપ્યો કે એ ખલીફાઓના અમે વઝીર હતા, અને અમને વઝીર મળ્યા તમે !

ઈતિહાસનો અભ્યાસ કરવાથી જાણવા મળે છે કે હઝરત અલી رضی اللہ عنہ ને આપના સલાહકારો વઝીરોએ ખૂબ જ પરેશાન કર્યા. નહેરવાનીઓએ પહેલાં પોતે જ જોર આપ્યું કે હઝરત અબૂ મૂસા અશઅરીને અલીયે મુર્તઝા رضی اللہ عنہ પોતાનો હકમ તથા પંચ બનાવી લે. બાદમાં પોતે જ બોલ્યા કે અલી મુશ્રિક થઈ ગયા કે તેમણે અલ્લાહ સિવાયનાને હકમ (મધ્યસ્થી, પંચ) બનાવી લીધો. કુર્આને કરીમ ફર્માવે છે : اِنِ الْحُكْمُ اِلَّا لِلّٰهِ (હુકમ નથી પણ અલ્લાહનો. સૂ. અન્આમ, ૬/૫૭) અને પછી હઝરત અલી رضی اللہ عنہ થી ફરી જઈને ખારજી બની ગયા. *(જુઓ ઈતિહાસની કિતાબો અને હશ્ત બહિશ્ત કિતાબ)*

★ લોકોમાં ખામીઓ શોધવાનું પરિણામ શું આવે ? ★

"હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવે છે કે હાકિમ જ્યારે લોકોમાં તોહમત તથા શક શોધવા લાગે[૧] તો તેમને બગાડી નાખશે.[૨]" (અબૂ દાઉદ)

★ હદીષ : (૪૮)-૩૭૦૮ ★

وَعَنْ أَبِي أُمَامَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّ الْأَمِيرَ إِذَا ابْتَغَى الرِّيبَةَ فِي النَّاسِ أَفْسَدَهُمْ» . رَوَاهُ أَبُو دَاوُدَ

૧. હાકિમમાં બાદશાહ, વઝીર, હાકિમો સૌ સામેલ છે. (મિર્કાત) ريبه રે ના ઝેરથી. અર્થ : શક તથા તોહમત. કુર્આને કરીમમાં છે : لَا رَيْبَ ۛ فِيْهِ ۛ "કોઈ શકને સ્થાન નથી." (સૂ. બકરહ, ૨/૨) એટલે કે જો સુલ્તાન કે હાકિમો પોતાની પ્રજા પર બદગુમાની કરવા લાગે અને તેમનાં મામૂલી કામોને શકની નજરે જોવા લાગે અને તેમની વિના કારણે ધરપકડ કરવા લાગે.

૨. એટલે કે તેમના દીન તથા દુનિયા તબાહ કરી દેશે અને દેશમાં ફસાદ (હંગામા) ખડા થઈ જશે. કેમ કે અયબોથી તદ્દન ખાલી તો કોઈ કોઈ જ હશે. ખુલાસો એ છે કે **લોકોની ખામીઓની તલાશ ન કરો, વિના કારણે તેમના પર બદગુમાની ન કરો.** હદીષોમાં વર્ણન થઈ ચૂક્યું કે હુઝૂરે અન્વર ﷺ એ ઈકરારી (સ્વીકાર કરી ચૂકેલ) ઝાનીને કહ્યું, તેં બોસો લઈ લીધો હશે.

*"હઝરત મુઆવિયહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે **તમે લોકો જ્યારે લોકોના છુપા અયબોની પાછળ પડશો તો તેમને બગાડી નાખશો.[૧]**"*
(બયહકી, શોઅબુલ ઈમાન)

★ હદીષ : (૪૯)-૩૭૦૯ ★

وَعَنْ مُعَاوِيَةَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «إِنَّكَ إِذَا اتَّبَعْتَ عَوْرَاتِ النَّاسِ أَفْسَدْتَهُمْ» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي «شُعَبِ الْإِيمَانِ»

★ બદ્ગુમાનીઓએ ઘર, વસ્તીઓ બલ્કે દેશો ઉજાડી દીધા ★

૧. જાહેર એ છે કે આ ફર્માને આલીમાં સંબોધન ખાસ કરીને જનાબ મુઆવિયહથી છે, કેમ કે ભાવિમાં સુલ્તાન બનનારા હતા. જેથી આ અયબોના જાણનાર મહબૂબ ﷺ એ પહેલેથી જ તેમને સલ્તનતના તરીકાની તાલીમ આપી દીધી કે તમે બાદશાહ બનીને લોકોના છુપા અયબો ન શોધા કરજો. દરગુઝર અને શક્ય ત્યાં સુધી માફી તથા મહેરબાનીથી કામ લેજો. અને શક્ય છે કે આ સંબોધન સૌને હોય કે બાપ પોતાની યુવાન ઔલાદને, પતિ પોતાની પત્નીને, માલિક તેના હેઠળનાઓને હમેશાં શકની નજરે ન જુએ. બદગુમાનીઓએ ઘર બલ્કે વસ્તીઓ

બલ્કે દેશ ઉજાડી દીધા. રબ તઆલા ફર્માવે છે : اِنَّ بَعْضَ الظَّنِّ اِثْمٌ (બેશક ! કોઈ ગુમાન ગુનોહ બની જાય છે. સૂ. હુજુરાત, ૪૯/૧૨) અને ફર્માવે છે : وَّلَا تَجَسَّسُوْا (અને અયબ ન શોધો. સૂ. હુજુરાત, ૪૯/૧૨) **આપણે પોતાની ખામીઓ શોધીએ અને લોકોની ખૂબીઓ શોધીએ.** યાદ રાખશો કે અહીં વિના કારણની બદગુમાનીઓથી મના કરેલ છે, નહીં તો શંકાસ્પદ તથા બદમાશ લોકોની નિગરાની કરવી અને સુલ્તાનના માટે જરૂરી છે. જાસૂસીનો વિભાગ શાસન કરવા માટે જરૂરી છે.

''હઝરત અબૂ ઝર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એ વખતે તમે કેવા હશો જ્યારે મારા બાદ હાકિમો આ ગનીમતથી લોકોને અગ્રતા આપશે[૧] મેં અર્ઝ કરી, તેની ક़સમ જેણે આપને હક્ક़ની સાથે મોકલ્યા ! હું મારી તલ્વાર મારા ખભા પર રાખીશ પછી તેનાથી મારી દઈશ, ત્યાં સુધી કે આપનાથી મળી જઉં.[૨]'' (અબૂ દાઉદ)

★ હદીષ : (૫૦)-૩૭૧૦ ★

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كَيْفَ أَنْتُمْ وَأَئِمَّةٌ مِنْ بَعْدِي يَسْتَأْثِرُونَ بِهَذَا الْفَيْءِ؟» . قُلْتُ: أَمَا وَالَّذِي بَعَثَكَ بِالْحَقِّ أَضَعُ سَيْفِي عَلَى عَاتِقِي ثُمَّ أَضْرِبُ بِهِ حَتَّى أَلْقَاكَ قَالَ: «أَوَلَا أَدُلُّكَ عَلَى خَيْرٍ مِنْ ذَلِكَ؟ تَصْبِرُ حَتَّى تَلقانِي» .

رَوَاهُ أَبُو دَاوُد

૧. સામાન્યતઃ **'ફઈ'** એ માલને કહે છે જે **જંગ વિના કાફિરોથી હાંસલ કરી લેવામાં આવે.** જેમ કે ખિરાજ અને જિઝયો, અથવા તે માલ જે કાફિરો છોડીને ચાલ્યા જાય, અને જે જેહાદ થકી તેમનાથી હાંસલ કરવામાં આવે. એને ગનીમત કહે છે. જેમ કે રબ તઆલા ''ફઈ''ના વિશે ફર્માવે છે : وَمَآ اَفَآءَ اللّٰهُ عَلٰى رَسُوْلِهٖ ''અને જે ગનીમત અપાવી અલ્લાહે પોતાના રસૂલને.'' (સૂ. હશ્ર, ૫૯/૬) અને ગનીમતના વિશે ફર્માવ્યું : وَاعْلَمُوْٓا اَنَّمَا غَنِمْتُمْ مِّنْ شَیْءٍ ''અને જાણી લો કે જે કાંઈ ગનીમત લો.'' (સૂ. અન્ફાલ, ૮/૪૧) 'ફઈ' સર્વ મુસલમાનોનો હક્ક़ છે, એમાંથી ખમ્સ એટલે પાંચમો હિસ્સો નથી લેવામાં આવતો. نفل તે માલ છે જે કોઈ ખાસ બહાદુર ગાઝીને કોઈ બહાદુરીના કારણે ઈનામ રૂપે આપવામાં આવે. અહીં فَيْء (ફઈ)થી મુરાદ આમ છે અને હાકિમો તથા સુલ્તાનના જુલ્મોનો વર્ણવવાનો હેતુ છે. એટલે કે બાદશાહ જુલ્મની રીતે બયતુલ માલના માલો હક્ક़દારોને આપશે નહીં, પોતાના પર ખર્ચ કરશે, અથવા જેને ચાહશે હક્ક़ વિના આપશે. બયતુલ માલને પોતાની મિલ્કત સમજશે. આ ગયબોના જાણનાર મુખ્બિરે સાદિક़ ﷺના ઈલ્મ પર કુર્બાન !

૨. એટલે કે એવા જાલિમ બાદશાહોથી હું જંગ કરીશ, ત્યાં સુધી કે શહીદ થઈને તમારાથી મળી જઉં. એટલે કે જીવનભર તેમની સાથે લડીશ. મારી જિંદગીની રોજનીશી તેમની સાથે જંગ કરવાને બનાવી લઈશ.

★ હુઝૂર ﷺને લોકોના અંજામ તથા મૃત્યુ બાદના ઠેકાણાની ખબર છે ★

૩. એટલે કે એવા જાલિમો સાથે જંગ ન કરશો, સબ્ર કરજો. આ ફર્માને આલીથી બે મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે બાદશાહ પોતાના ફિસ્ક़ તથા ખયાનતના કારણે બરતરફીને પાત્ર નથી. ફાસિક़ બાદશાહોની પણ ઈતાઅત વાજિબ છે. **બીજુ** એ કે હુઝૂર ﷺને લોકોના અંજામ અને મૃત્યુ બાદ તેમના ઠેકાણા તથા અંજામની ખબર છે, કે ફર્માવે છે : حتّٰی تلقانی તમે મને મળી જાવ. આખેરતમાં હુઝૂર ﷺને તે મળશે જે મો'મિન તથા તથા મુત્તક़ી થઈને મરશે, પછી ક़બ્ર વગેરેની મંઝિલો ખૈરિયત સાથે પાર પાડશે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૫૧)-૩૭૧૧ ★

عَنْ عَائِشَةَ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أَتَدْرُونَ مَنِ السَّابِقُونَ إِلَى ظِلِّ اللَّهِ عَزَّ وَجَلَّ يَوْمَ الْقِيَامَةِ؟» قَالُوا: اللَّهُ وَرَسُولُهُ أَعْلَمُ قَالَ: «الَّذِينَ إِذَا أُعْطُوا الْحَقَّ قَبِلُوهُ وَإِذَا سُئِلُوهُ بَذَلُوهُ وَحَكَمُوا لِلنَّاسِ كحكمِهم لأنفسِهم»

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. તે હુઝૂર ﷺથી રાવી. ફર્માવ્યું, શું તમે જાણો છો કે ક़યામતના દિવસે અલ્લાહ ﷻના સાયા (છાંયડા)ની તરફ અગ્રતા લઈ જનારા કોણ છે ?[૧] હાજરજનોએ અર્ઝ કરી, ***અલ્લાહ તથા રસૂલ સારી રીતે જાણે છે.***[૨] *ફર્માવ્યું, તે લોકો જ્યારે હક્ક આપવામાં આવે તો તેને ક़બૂલ કરી લે[૩] અને જ્યારે તેમનાથી હક્ક માગવામાં આવે તો આપે[૪] અને લોકોના માટે એવા ફૅસલા કરશે જાણે પોતાની જાતના માટે ફૅસલા.[૫]"*

૧. અલ્લાહના સાયાથી મુરાદ ક્યાં તો અલ્લાહના અર્શે અઝીમનો સાયો છે અથવા અલ્લાહ તઆલાની રહમત તથા કરમ મુરાદ છે. નહીં તો અલ્લાહ તઆલાની જાત સાયાથી પાક છે કે સાયો ઘન શરીરનો હોય છે, તે શરીર તથા ઘનતા બંનેથી પાક છે. એટલે કે ક़યામતના દિવસે પ્રથમ અર્શે અઝીમના સાયા અથવા અલ્લાહની રહમતમાં કોણ પહોંચશે.

★ સહાબા કહેતા : અલ્લાહ તથા રસૂલ સારી રીતે જાણે છે ★

૨. સહાબાએ કિરામનો અદબ એ હતો કે હુઝૂર ﷺના એવા સવાલના જવાબમાં એ જ અર્ઝ કરતા હતા કે અલ્લાહ રસૂલ જાણે. હજના દિવસે સવાલ કર્યો કે આજે કયો દિવસ છે ? આ કઈ જગા છે ? સૌના જવાબમાં એ જ અર્ઝ કરવામાં આવ્યું કે, અલ્લાહ રસૂલ જાણે. જાણવા મળ્યું કે હુઝૂર ﷺને રબથી મિલાવીને ઉલ્લેખ કરવો બિલ્કુલ જાઈઝ છે અને એ કે અલ્લાહ તઆલાએ હુઝૂર ﷺને ગયબી ઈલ્મો બખ્શ્યા છે કે સહાબા **હઝરાતે એ ગયબી ચીજના વિશે આવું અર્ઝ નથી કર્યું કે અલ્લાહ જાણે, બલ્કે કહ્યું, આપ તથા આપનો રબ જાણે.**

૩. જાહેર એ છે કે الزين થી મુરાદ હાકિમો તથા બાદશાહ છે. હક્કથી મુરાદ તે હક્કો જે પ્રજા પર વાજિબ છે, જેમ કે ઉશ્ર તથા ખિરાજ (મહેસૂલ) તથા આજ્ઞાપાલન. અથવા હક્કથી મુરાદ કલ્મએ હક્ક અને સાચી વાત છે. એટલે તે બાદશાહ તથા હાકિમો જેઓ પ્રજાથી કેવળ પોતાનો હક્ક લે, હક્ક કરતાં વધુ લાંચ વગેરે ન લે. અથવા જ્યારે તેમને કોઈ હક્ક વાત સંભળાવે તો તેને ક़બૂલ કરી લે અને સંભળાવનારનું એહસાન માને. એને ક़બૂલ કરવામાં પોતે શરમ ન અનુભવે. આ વાક્યની અન્ય પણ શરહો કરવામાં આવી છે પણ આ શરહ પુખ્તા છે.

૪. એટલે કે જો પ્રજા તેમનાથી પોતાનો હક્ક માગે તો ખુશીભેર આપી દે, કોઈ પ્રકારની આનાકાની ન કરે. અથવા જ્યારે તેમને હક્ક વાત પૂછવામાં આવે તો તેને બતાવવામાં ખચકાટ ન અનુભવે, ભલે એ વાત તેમની વિરૂધ્ધ જ હોય.

★ દેશમાં ન હડતાળો થાય ન અશાંતિ પણ ક્યારે ? ★

૫. એટલે કે જેવો ફૅસલો પોતાના તથા પોતાના સગાં સંબંધી માટે ચાહે છે હક્ક ફૅસલો, એવો જ ફૅસલો તે અન્ય લોકો માટે કરે. સુબ્હાનલ્લાહ ! જો કેવળ આ ફૅસલા પર અમલની તૌફીક़ રાજા તથા પ્રજાને મળી જાય તો દેશમાં ન હડતાળો થાય ન ફિત્ના ફસાદ ન અશાંતિ થાય. (શેઅર)

કભી ભૂલકર કિસીસે ન કરો કલામ ઐસા – કે જો કોઈ તુમસે કરતા, તુમ્હેં નાગવાર હોતા

★ હદીષ : (૫૨)-૩૭૧૨ ★

وَعَنْ جَابِرِ بْنِ سَمُرَةَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم يَقُول:"ثلاثٌ أَخَافُ عَلَى أُمَّتِي: الِاسْتِسْقَاءُ بِالْأَنْوَاءِ وَحَيْفُ السُّلْطَانِ وَتَكْذيب الْقدر "

''હઝરત જાબિર ઈબ્ને સમુરહથી[૧] રિવાયત છે. ફર્માવે છે. મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યું કે હું મારી ઉમ્મત પર ત્રણ ચીજોથી ડરું છું : બુર્જો (રાશિ, નક્ષત્રો)થી વરસાદ માંગવું[૨] બાદશાહનો જુલ્મ અને તક़દીરનો ઈન્કાર.[૩]''

૧. આપ મશહૂર સહાબી છે. હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ ના ભાણીયા છે. પોતે પણ સહાબી છે, પિતા પણ સહાબી. ખુદ હુઝૂર ﷺથી પણ હદીષો રિવાયત કરે છે અને પોતાના પિતાથી પણ, અને હઝરત ઉમર, અલી رضی اللہ عنہما થી પણ. *(અશિઅ્હ)*

★ રબ જ્યારે ચાહે વરસાદ મોકલે સબબો એના મોહતાજ છે ★

૨. انواء એ نوء નું બહુવચન છે. نوء નો અર્થ થોભવું પણ છે અને પસાર થવું તથા નીકળી જવું પણ છે. હવે આમ બોલીમાં ચાંદની મંઝિલોને نوء કહે છે. એ કુલ ૨૮ છે. કેમ કે દરેક રાતે ચાંદ એક મંઝિલમાં રહે છે. અરબવાસીઓ સમજતા હતા કે વરસાદ ચાંદની ખાસ મંઝિલોમાં રહેવાથી આવે છે. અને કહ્યા કરતા હતા કે વરસાદ ફલાણી મંઝિલથી થયો, રબ તઆલાનું નામ લેતા ન હતા. હુઝૂર ﷺએ એને કુફ્ર ઠરાવ્યું છે. જો કોઈ વરસાદને રબ તઆલાનો અતિયો સમજે અને એ ચીજો સબબો અથવા નિશાનીઓ માને સમજે તો વાંધો નથી. જેમ કે વાદળને વરસાદની નિશાની માનવામાં આવે છે. (મિર્ક़ાત) પણ બેહતર એ છે કે એવા શબ્દો સારી નિય્યતે પણ ન વાપરે જે એવા અર્થનો વહેમ પેદા કરે. રબ તઆલા ફર્માવે છે : يُنَزِّلُ الْغَيْثَ ''અને તે જ છે કે વરસાદ ઉતારે છે.'' (સૂ. શૂરા, ૪૨/૨૮) રબ જ્યારે ચાહે વરસાદ મોકલે, સબબો એના મોહતાજ છે, તે સબબોનો પાબંદ નથી.

૩. એટલે કે મને એનો પણ ખતરો છે કે મારા પછી બાદશાહ જુલ્મ કર્યા કરશે અને પ્રજા બગાવત કર્યા કરશે જેનાથી અમ્ન શાંતિ સ્થાપિત ન થશે, અને તક़દીરનો ઈન્કાર કરનારા પેદા થતા રહેશે. કુર્બાન જાવ આ ગયબદાં ﷺ પર ! કે જે કાંઈ ફર્માવ્યું તે આજ સુધી આબેહૂબ જોવામાં આવી રહ્યું છે. આ ફક़ીર (લેખક) ઘણા બધા ઈસ્લામી દેશોમાં ગયો ઈરાક, કુવૈત, પેલસ્ટાઈન, સીરિયા, ઈરાન વગેરે, પણ દરેક જગાએ રાજા તથા પ્રજામાં ઝઘડા જ જોયા. મુસલમાન ક્યાંય પણ ચેનથી નથી. આ સર્વ કાંઈ એનું પરિણામ છે કે આપણે પોતાના મહબૂબ ﷺનો બતાવેલો માર્ગ છોડી દીધો છે. અલ્લાહ તઆલા આપણને ફરી ભૂલાવી દીધેલો સબક़ યાદ અપાવે.

★ છુપી રીતે તથા જાહેરમાં અલ્લાહથી ડરજો ★

★ હદીષ : (૫૩)-૩૭૧૩ ★

وَعَنْ أَبِي ذَرٍّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «سِتَّةَ أَيَّامٍ اعْقِلْ يَا أَبَا ذَرٍّ مَا يُقَالُ لَكَ بَعْدُ» فَلَمَّا كَانَ الْيَوْمُ السَّابِعُ قَالَ: «أُوصِيكَ بِتَقْوَى اللَّهِ فِي سِرِّ أَمْرِكَ وَعَلَانِيَتِهِ وَإِذَا أَسَأْتَ فَأَحْسِنْ وَلَا تَسْأَلَنَّ

''હઝરત અબૂઝર رضی اللہ عنہ થી રિવાયત છે મને રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે, હે અબૂઝર ! છ દિવસોનો ખયાલ રાખો ત્યારબાદ તમને કાંઈક કહેવામાં આવશે.[૧] પછી જ્યારે સાતમો દિવસ થયો તો ફર્માવ્યું, હું તમને વસિયત કરું છું છુપી રીતે તથા જાહેરમાં અલ્લાહથી ડરજો[૨] અને જ્યારે તમે ગુનાહ કરી બેસો તો ભલાઈ (નેકી) કરી લો.[૩] અને કદાપિ

أَحَدًا شَيْئًا وَإِنْ سَقَطَ سَوْطُكَ وَلَا تَقْبِضْ أَمَانَةً وَلَا تَقْضِ بَيْنَ اثْنَيْنِ»

કોઈનાથી કાંઈ ન માગો ભલે તમારો કોરડો પણ પડી જાય[૪] અને અમાનત ન રાખો અને બેની વચ્ચે ફૈસલો ન કરો.[૫]''

૧. سته ايام મફઊલ છે اعقل નું એટલે તમે છ દિવસ ગણતા રહો અને રાહ જુઓ, અમે સાતમા દિવસે તમને એક વાત કરીશું. આ ઈન્તેઝાર એટલા માટે કરાવવામાં આવ્યો કે વાત રાહ જોયા પછી મળે તે ખૂબ સારી રીતે યાદ રહી જાય છે અને તેની ક़દર થાય છે. હુઝૂર ﷺ હકીમ છે, જે કાંઈ ફર્માવે છે. પછી જે નસીહતો કરી છે તો રબ તઆલાની ક़સમ ! જો કેવળ પ્રથમ વાત પર જ અમલની તૌફીક़ મળી જાય તો દીન તથા દુનિયા સંવારી જાય.

૨. એટલે કે એકાંત તથા જાહેરમાં એટલે લોકોની સામે તેમજ એકલા હોવ ત્યારે ખુદાનો ખૌફ કરો. અથવા પોતાનાં જાહેરી અંગો તથા બાતિની અંગો વડે ખુદાનો ખૌફ કરતા રહો. ન બુરા અમલો કરો ન નિય્યત બુરી રાખો. *(લમ્આત)*

૩. કે જો માનવ સહજ રીતે તમારાથી કોઈ બુરાઈ થઈ જાય તો તેના કફ્ફારા માટે કોઈ નેકી કરી લો. ગુનાહ પછી મક़્બૂલ તૌબા કરી લો. નાફર્માની પછી ફર્માંબરદારી કરી લો. જો કોઈને તકલીફ પહોંચાડી છે તો તેનાથી અધિક તેને આરામ પહોંચાડી આપો. ફર્ઝ નમાઝ રહી ગઈ છે તો કઝા પણ કરી લો અને અમુક નવાફિલ પણ પઢી લો. સારાંશ કે આ ફર્માને આલી અસીમ દરિયો છે !

૪. એટલે કે જેનાથી માગવું બેઈજ્જતી અને તવક્કુલની વિરૂધ્ધ હોય તેનાથી કાંઈ ન માગો. અલ્લાહ તઆલા અને હુઝૂર ﷺથી માગવામાં તો આપણી ઈજ્જત છે. (શેઅર)

વહી રબ હૈ જિસને તુઝકો હમા તન કરમ બનાયા–હમેં ભીક માંગને કો તેરા આસ્તાં બતાયા, તુઝે હમ્દ હૈ ખુદાયા

હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ આ દુઆ માગ્યા કરતા હતા : اللهم كم صنت وجهي عن سجود غيرك فصن و جهي عن مسئلة غيرك ''ખુદાયા ! જેવી રીતે તેં મારા ચહેરાને તારા ગૈરના સજદાથી બચાવ્યો એવી જ રીતે તારા ગૈર પાસે માગવાથી બચાવી લે.'' અમુક હદીષોમાં છે કે જો માગવું પડે તો સાલેહીન (નેક લોકો)થી માગો. *(અબૂ દાઊદ, નિસાઈ, અનિલફરાસી, મિર્ક़ાત)*

૫. કેમ કે અમીનને મોટાભાગે ખયાનતની તોહમત લાગી જાય છે, અને પંચ પર તરફદારી કે લાંચ લેવાનો આરોપ લાગી જાય છે, એટલા માટે તમે એ બખેડાઓમાં ન પડશો કે તમારાથી એ બોજ ઉઠી શકશે નહીં.

★ હદીષ : (૫૪)-૩૭૧૪ ★

وَعَنْ أَبِي أُمَامَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ قَالَ: «مَا مِنْ رَجُلٍ يَلِي أَمْرَ عَشَرَةٍ فَمَا فَوْقَ ذَلِكَ إِلَّا أَتَاهُ اللَّهُ عزَّ وجلَّ مغلولاً يومَ القيامةِ يَدُهُ إِلَى عُنُقِهِ فَكَّهُ بِرُّهُ أَوْ أَوْبَقَهُ إِثْمُهُ أَوَّلُهَا مَلَامَةٌ وَأَوْسَطُهَا نَدَامَةٌ وَآخِرُهَا خِزْيٌ يومَ القيامةِ»

''હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે તે નબી કરીમ ﷺથી રાવી. આપે ફર્માવ્યું, નથી કોઈ શખ્સ કે જે દસ કે તેનાથી વધુ શખ્સોના કામનો વાલી બને, પણ અલ્લાહ ﷻ તેને ક़યામતના દિવસે એ રીતે લાવશે કે તેનો હાથ ગરદનથી બંધાયેલો હશે[૧] પછી ક્યાં તો તેની નેકી ખોલી આપે અથવા તેના ગુનાહ તેને તબાહ કરી દે. તેની શરૂઆત મલામત (ભલુ બુરૂ કહેવું), તેનું મધ્ય શર્મિંદગી છે અને તેને અંત ક़યામતના દિવસે બેઈજ્જતી.[૧]''

૧. એટલે કે હાકિમ આદિલ હોય કે જાલિમ પણ આવશે એ જ હાલતમાં. આ તે હાકિમો માટે છે જેઓ નફ્સાની તૌર પર હુકૂમતના ખ્વાહિશમંદ હોય, કેમ કે એ તલબ (ચાહવું) જુર્મ છે. જેની સજા એ છે કે પછી આદિલ છૂટી જશે અને જાલિમ જોડા ખાશે. જેથી હદીષ તદ્દન સ્પષ્ટ છે. અને ખુલફાએ રાશિદીન હઝરાત અથવા હઝરત દાઉદ તથા હઝરત સુલેમાન عَلَيْهِمُ السَّلَام સાથે કોઈ સંબંધ નથી. જુઓ અહીં بِل ફર્માવવામાં આવ્યું وَ, નથી ફર્માવવામાં આવ્યું.

૨. એટલે કે આ પ્રકારની હુકૂમતની શરૂઆત મખ્લૂકની મલામત (ભલુબુરુ કહેવું) છે, અને દરમ્યાનમાં ખુદ હાકિમનો નફ્સે લવ્વામા (નેકી તરફ ખેંચતો નફ્સ) તેને મલામત કરે (ભલુબુરુ કહે) છે. અને તેનું પરિણામ કયામતની બેઈજ્જતી છે. અમુક બિન અનુભવી લોકો હાકિમોની જાહેરી શાનો શૌકત તથા પગારો જોઈને પ્રયત્નપૂર્વક હાકિમ બની જાય છે. પણ લોકો બલ્કે ખુદ તેમનાં સગાં સંબંધી તેમને ભલુબુરુ કહે છે, દુનિયા ગાળો આપે છે. આ તો દુનિયાનાં ઈનામો છે, આખેરતમાં જે થશે તે તો સહેવાને પાત્ર નથી. યઝીદ, હજ્જાજ, મરવાન આ હદીષની જીવતી જાગતી શરહ છે. (શેઅર)

نہ ماند ستم گار و بد روز گار　　بماند برو لعنت پائیدار

अर्थात : બદ્નસીબ જાલિમ તો હમેશા દુનિયામાં નથી રહેતો, હા ! એના પર હમેશાં માટે લઅનત રહી જાય છે.

★ હઝરત મુઆવિયહને સલ્તનતની બશારત તથા નસીહત ★

★ હદીષ : (૫૫)-૩૭૧૫ ★	*''હઝરત મુઆવિયહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે મુઆવિયહ ! જો તમને હુકૂમતના વાલી બનાવવામાં આવે તો અલ્લાહથી ડરજો અને ઈન્સાફ કરજો[૧] ફર્માવે છે કે, પછી હું ગુમાન કરતો રહ્યો કે હું હુકૂમતમાં પડીશ નહીં નબી કરીમ ﷺ ના ફર્માનના કારણે, ત્યાં સુધી કે (હુકૂમતમાં) પાડવામાં આવ્યો.[૨]''*
وَعَنْ مُعَاوِيَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يَا مُعَاوِيَةُ إِنْ وُلِّيتَ أَمْرًا فَاتَّقِ اللَّهَ وَاعْدِلْ» . قَالَ: فَمَا زِلْتُ أَظُنُّ أَنِّي مُبْتَلًى بِعَمَلٍ لِقَوْلِ النَّبِيِّ صَلَّى الله عَلَيْهِ وَسلم حَتَّى ابْتليت	

૧. إِن જો કે શકના માટે આવે છે પણ રસૂલુલ્લાહ ﷺનાં આવાં ફર્માનોમાં યકીનના માટે છે. જેમ કે કુર્આને કરીમ ફર્માવે છે : اِنْ يَّكُ كَاذِبًا فَعَلَيْهِ كَذِبُهٗ ۚ وَاِنْ يَّكُ صَادِقًا يُّصِبْكُمْ بَعْضُ الَّذِىْ يَعِدُكُمْ ''અને જો તેઓ સાચા છે તો તમને પહોંચી જશે કાંઈ તે જેનો તમને વાયદો કરે છે.'' (સૂ. ગાફિર, ૪૦/૨૮) અથવા જેમ કે : اِنْ كَانَ مِنْ عِنْدِ اللّٰهِ ثُمَّ كَفَرْتُمْ بِهٖ ''ભલા બતાવો, જો આ કુર્આન અલ્લાહની પાસેથી છે છતાં તમે તેના મુન્કિર (નકારનાર) થયા.'' (સૂ. ફુસ્સિલત, ૪૧/૫૨) જેમ કે જનાબ મુઆવિયહ رضی اللہ عنہ સુલ્તાને ઈસ્લામ બન્યા તે આ ખબરનું ઝહૂર હતું. જે કાંઈ મુબારક મોઢેથી નીકળે છે તે હક્ક હોય છે.

૨. અહીં اظن એ اتیقن ના અર્થમાં છે. રબ તઆલા ફર્માવે છે : اَلَّذِيْنَ يَظُنُّوْنَ اَنَّهُمْ مُّلٰقُوْا رَبِّهِمْ ''જેમને યકીન છે કે તેમણે પોતાના રબને મળવાનું છે.'' (સૂ. બકરહ, ૨/૪૬) એટલે કે મને આ ફર્માને આલીના આધારે યકીન થઈ ગયું હતું કે મને હુકૂમત યકીનન ! મળવાની છે. તક્દીરે ઈલાહી આ જ પ્રમાણે છે. કેમ કે તક્વો તથા અદ્લ બંનેવ ચીજો અને તેનું સંગમ ઘણુ જ મહત્વનું છે, એટલા માટે આપે હુકૂમત મળવાને મુબ્તિલા થવું (તેમાં પડવું) એટલે અજમાવવામાં આવવું ફર્માવ્યું.

★ હિ.સ. ૭૦ની શરૂઆત અને લોંડીઓની હુકૂમતથી પનાહ માગવાની સૂચના ★

★ હદીષ : (૫૬)-૩૭૧૬ ★	*"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સિત્તેરની શરૂઆત[૧] અને લોંડા (ગુલામ, છોકરા)ની સલ્તનતથી અલ્લાહની પનાહ માગો[૨] આ છ હદીષોને અહમદે રિવાયત કરી અને અમીર મુઆવિયહ رضی اللہ عنہ ની હદીષને બયહક़ીએ દલાઈલુન્નબુવ્વતમાં નક़્લ કરી.[૩]"*
وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ:«تَعَوَّذُوا بِاللّٰهِ مِنْ رَأْسِ السَّبْعِينَ وَإِمَارَةِ الصِّبْيَانِ». رَوَى الْأَحَادِيثَ السِّتَّةَ أَحْمَدُ وَرَوَى الْبَيْهَقِيُّ حَدِيثَ مُعَاوِيَةَ فِي «دَلَائِلِ النُّبُوَّةِ»	

૧. જાહેર એ છે કે સિત્તેરની સંખ્યા હિજરતના સમયથી છે અને સિત્તેરથી મુરાદ સિત્તેરના દસકાની શરૂઆત એટલે હિ.સ. ૬૦થી આ જમાનો શરૂ થઈ જાય છે. જેમ કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ ની વફાત હિ.સ. ૬૦માં છે. એ જ વરસે યઝીદ તખ્ત પર બેઠો. (અઝ : મિર્ક़ાત) હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ દુઆ માગ્યા કરતા હતા કે, ઈલાહી! હું હિ.સ. ૬૦થી તારી પનાહ માગુ છું. જેમ કે આપની વફાત હિ.સ. ૫૯માં થઈ. હિ.સ. ૬૦ ઘણુ જ ખતરનાક સાબિત થયું કે સિત્તેરના દસકાની શરૂઆત અહીંથી થઈ. *(અશિઅ્હ)*

૨. આ લોંડા (છોકરાઓ)થી મુરાદ કુરૈશના ઓછી વયના બાદશાહ છે જેમ કે યઝીદ ઈબ્ને મુઆવિયહ તથા હકમની ઔલાદ. એકવાર નબી કરીમ ﷺએ ખ્વાબમાં હકમના છોકરાઓ (લોંડાઓ)ને પોતાના મિમ્બરની પાસે વાંદરાઓની જેમ રમતા જોયા તો આપ ખૂબ જ ગમગીન થયા. અમુક મુફસ્સિરોએ આ આયતે કરીમા : وَمَا جَعَلْنَا الرُّءْيَا الَّتِيْٓ اَرَيْنٰكَ اِلَّا فِتْنَةً لِّلنَّاسِ, (અને અમે ન કર્યો તે દિખાવો જે તમને દેખાડયો હતો પણ લોકોની આજમાઈશ માટે. સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૬૦)ની તફસીર આ જ ખ્વાબ થકી કરી છે. *(મિર્ક़ાત)*

★ હુઝૂરે એક મજલિસમાં હઝરત અલી તથા મુઆવિયહ વચ્ચે જંગની ખબર આપી અને માફી તથા રઝાએ ઈલાહીની બશારત ★

૩. ઈબ્ને અસાકિરે ઝઈફ સનદ સાથે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે એકવાર હું અને હઝરત અબૂ બક્ર તથા ઉમર અને ઉષ્માન તથા મુઆવિયહ હુઝૂર ﷺની ખિદમતમાં હતા એવામાં હઝરત અલી رضی اللہ عنہ આવી ગયા. તો હુઝૂર ﷺએ જનાબ મુઆવિયહ رضی اللہ عنہ ને ફર્માવ્યું કે શું તમે અલીથી મહોબ્બત કરો છો ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, તમારી તથા તેમની જંગ થશે. અર્ઝ કરી કે જંગ પછી શું થશે ? ફર્માવ્યું, રબની તરફથી માફી તથા રઝા. તો આપે ફર્માવ્યું, رضينا بقضاء الله (અલ્લાહના ફૈસલાથી રાજી રહેવું) તેના સંબંધે આ આયતે કરીમા નાઝિલ થઈ : وَلَوْ شَآءَ اللّٰهُ مَا اقْتَتَلُوْا "અને અલ્લાહ ચાહતો તો તેઓ ન લડતા પણ અલ્લાહ ચાહે તે કરે." *(સૂ. બક़રહ, ૨/૨૫૩)*

★ જેવા તમારા અમલો એવા તમારા બાદશાહ હશે ★

★ હદીષ : (૫૭)-૩૭૧૭ ★	*"હઝરત યહ્યા ઈબ્ને હાશિમથી રિવાયત છે તે યૂનુસ ઈબ્ને અબૂ ઈસ્હાક़થી તે પોતાના પિતાથી રાવી[૧] ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **જેવા તમે હશો તેવા જ હાકિમ તમારા પર બનાવવામાં આવશે.**[૨]*
وَعَنْ يَحْيَى بْنِ هَاشِمٍ عَنْ يُونُسَ بْنِ أَبِي إِسْحَاقَ عَنْ أَبِيهِ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «كَمَا تَكُونُونَ كَذَلِكَ يُؤمر عَلَيْكُم»	

૧. યહ્યા તથા યૂનુસના હાલાત જાણી ન શકાયા. અબૂ ઈસ્હાક़નું નામ અમ્ર ઈબ્ને અબ્દુલ્લાહ સબઈ હમ્દાની કૂફી છે. તાબઈનમાંથી છે. હઝરત અલી, ઈબ્ને અબ્બાસ, બરાઅ ઈબ્ને આઝિબ અને ઝયદ ઈબ્ને અરક़મ સહાબીઓ સાથે મુલાકાત કરી જેથી આપ તાબઈ છે. ઉષ્માની ખિલાફતમાં પેદા થયા. હિ.સ. ૧૨૦માં વફાત પામ્યા. આપના પુત્ર યૂનુસ, હફીદા સુફ્યાન છે. ૯૫ કે ૯૬ વરસની ઉમર પામ્યા. *(મિર્ક़ાત, અશિઅહ)*

૨. એટલે કે જેવા તમારા અમલો હશે એવા જ તમારા પર બાદશાહ તથા હાકિમો નિયુક્ત થશે. તમે અલ્લાહના ફર્માંબરદાર છો તો તમારા પર રહમ દિલ ન્યાયી હાકિમો હશે, તમે રબની ફર્માબરદારીથી મોંટુ ફેરવશો તો તમારા પર જાલિમ તથા જાબિર બાદશાહ તથા હાકિમો બેસશે. શયખ સઅદી رحمۃ اللہ علیہ એ શું સરસ ફર્માવ્યું : (શેઅર)

چوخواہد کہ ویراں کند عالمے　　نہد ملک در پنجۂ ظالمے

અર્થાત : જ્યારે અલ્લાહ તઆલા દુનિયાને વેરાન કરવાનો ઈરાદો કરે છે તો તેના પર જાલિમ બાદશાહ બેસાડી દે છે.

યાદ રાખશો કે એમાં લોકોની આમ હાલત મુરાદ છે. જો પબ્લિક મોટાભાગે બદ અમલ થઈ જશે તો હાકિમો જાલિમ થશે, ભલે ખાસ ખાસ લોકો સાલેહીન પણ હોય. જેથી આ હદીષના આધારે એવું નથી કહી શકતા કે જો ઈમામ હુસૈન رضی اللہ عنہ નેક હોત તો યઝીદ પલીદ શાથી મુસલ્લત થતો ! હદીષની સહીહ સમજ જરૂરી છે.

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે બાદશાહ જમીનમાં અલ્લાહનો સાયો છે[૧] જેની તરફ અલ્લાહના બંદાઓમાંથી દરેક મઝલૂમ (જુલ્મપીડિત) પનાહ લે છે. તો જો ઈન્સાફ કરે તો એના માટે સવાબ છે અને પ્રજા પર શુક્ર વાજિબ છે[૨] અને જો જુલ્મ કરે તો તેના પર બોજ છે, અને પ્રજા પર સબ્ર વાજિબ છે.[૩]''

★ હદીષ : (૫૮)-૩૭૧૮ ★

وَعَنِ ابْنِ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ:«إِنَّ السُّلْطَانَ ظِلُّ اللَّهِ فِي الْأَرْضِ يَأْوِي إِلَيْهِ كُلُّ مَظْلُومٍ مِنْ عِبَادِهِ فَإِذَا عَدَلَ كَانَ لَهُ الْأَجْرُ وَعَلَى الرَّعِيَّةِ الشُّكْرُ وَإِذَا جَارَ كَانَ عَلَيْهِ الْإِصْرُ وعلى الرّعية الصَّبْر»

૧. સાયાથી મુરાદ રહમો કરમ છે કે જેવી રીતે ઝાડના સાયામાં તાપ તડકાથી પનાહ લેવામાં આવે છે, એવી જ રીતે લોકોની બુરાઈથી સુલ્તાનની પનાહ (શરણ) લેવામાં આવે છે. આખેરતમાં અર્શે આ'ઝમનો સાયો પનાહ બનશે.

૨. કેમ કે રહમ દિલ, ન્યાયી હાકિમ અલ્લાહ તઆલાની મોટી નેઅમત છે, અને જાહેર છે કે શુક્રિયા નેઅમતના પ્રમાણમાં હોવો જોઈએ. શુક્રથી નેઅમત વધે છે.

૩. એટલે કે જાલિમ સુલ્તાન શૈતાનનો સાયો છે. પણ એ રહમાનનો ઈરાદો છે જેથી એવા જાલિમ બાદશાહની બગાવત કરવાને બદલે પોતાના અમલોની સુધારણા કરો. કેમ કે બગાવતથી મોટો ફસાદ (હંગામો) જાય છે.

''હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહના બંદાઓમાં અફઝલ બંદો અલ્લાહની નજીક દરજામાં ક़યામતના દિવસે ઈન્સાફવાળો નરમ દિલ બાદશાહ છે[૪] અને ક़યામતના દિવસે અલ્લાહની નજીક લોકોમાં બદતરીન

★ હદીષ : (૫૯)-૩૭૧૯ ★

وَعَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ أَفْضَلَ عِبَادِ اللَّهِ عِنْدَ اللَّهِ مَنْزِلَةً يَوْمَ الْقِيَامَةِ إِمَامٌ عَادِلٌ رَفِيقٌ وَإِنَّ

شَرَّ النَّاسِ عِنْدَ اللّٰهِ مَنْزِلَةً يَوْمَ الْقِيَامَةِ إِمامٌ جَائِرٌ خرق»	*દરજાવાળો જાલિમ સખતદિલ બાદશાહ છે.[૨]"*

૧. رقيق ક્યાં તો ફેથી કે ક़ાફથી رفق નો અર્થ છે નરમી તથા હમરાહી એટલે સગાં સંબંધી, અજનબી, શરીફ, ઝઈફ સૌની સાથે રહે અથવા નરમ દિલવાળો, હોય, તેના દિલમાં સખ્તી ન હોય. એવા બાદશાહના સાયા હેઠળ પ્રજા અમ્નો અમાનથી (શાંતિપૂર્વક) રહેશે, એના કારણે એ અલ્લાહની નજીક મહાન દરજાવાળો હશે.

૨. خرق 'ખે' એના ઝબર અને રેના ઝેરથી સિફતે મુશબ્બહ છે. خرق થી خرق رفق નો મુક़ાબિલ છે, અર્થ સખ્ત દિલ, જાલિમ. એટલા માટે خرق ફાટવાને પણ કહે છે. કેમ કે સખ્ત દિલીનું પરિણામ જુલ્મ છે એટલા માટે તેને જોરની સાથે ભેગુ કર્યું. એટલે ક़ૌમથી બદતરીન માણસ જાલિમ તથા સખત દિલ (ક્રૂર) બાદશાહ છે કે એના થકી અલ્લાહના બંદાઓને દુઃખ પહોંચતાં રહે છે.

★ મુસલમાન ભાઈને ડરાવવા ઘૂરીને જોવું મના ★

★ હદીષ : (૬૦)-૩૭૨૦ ★	*"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફ઼માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફ઼માવ્યું કે જે પોતાના ભાઈની તરફ[૧] ડરાવવાના માટે ઘૂરે (તાકે) તેને અલ્લાહ તઆલા ક़યામતના દિવસે ડરાવશે[૨] આ ચારેવ હદીષો બયહક़ીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી, અને યહયાની હદીષના વિશે ફ઼માવ્યું કે એ મુન્ક़તઅ છે[૩] અને એની રિવાયત ઝઈફ઼ છે."*
وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «من نَظَرَ إِلَى أَخِيهِ نَظْرَةً يُخِيفُهُ أَخَافَهُ اللَّهُ يَوْمَ الْقِيَامَةِ» . رَوَى الْأَحَادِيثَ الْأَرْبَعَةَ الْبَيْهَقِيُّ فِي «شُعَبِ الْإِيمَانِ» وَقَالَ فِي حَدِيثِ يَحْيَى هَذَا: مُنْقَطِع وَرِوَايَته ضَعِيف	

૧. ભાઈથી મુરાદ મુસલમાન ભાઈ છે. એટલે કે જે શખ્સ કોઈ મુસલમાનને વિના વાંકે તેજ નજરથી ઘૂરીને ડરાવે. નહીં તો કુસૂરવારને ઘૂરવો ડરાવવો જરૂરી છે.

★ મુસલમાનને રહમની નજરે જોવું સવાબ ★

૨. આ હદીષ આ પ્રકરણમાં લાવવાનો મક़સદ એ છે કે જ્યારે કોઈને વિના વાંકે ઘૂરીને ડરાવવુ આટલા મોટા વબાલનો સબબ છે તો જે જાલિમ હાકિમ લોકોને સતાવે તે કેટલો મોટો મુજરિમ ઠરશે. એનાથી નિર્દેશરૂપે જાણવા મળ્યું કે મુસલમાન ભાઈને રહમતની નજરથી જોવું સવાબ છે કે અલ્લાહ તઆલા તેને ઈનાયતની નજરથી જોશે. એ પણ જાણવા મળ્યું કે માણસ હુકૂમત તથા સલ્તનત પામીને ફિરઔન ન બની જાય. પોતાની મુસલમાન પ્રજાને પોતાના દીની ભાઈ સમજે અને કાફિર પ્રજાને પોતાના કરમના (કૃપાના) દામનમાં છુપાવે.

૩. અહીં મુન્ક़તઅથી મુરાદ મુરસલ છે, કેમ કે એમાં સહાબીનું વર્ણન નથી. તે સહાબી અબૂ બકરહ છે. પણ કેવળ ઈરસાલ નુકસાનકર્તા નથી, કેમ કે મુરસલ હદીષ જમહૂરની નજીક મક़બૂલ છે. *(મિર્ક़ાત)*

૪. મિર્ક़ાતે અહીં ફ઼માવ્યું કે યહ્યાની રિવાયતો મૌઝૂઅ છે. યાદ રાખશો કે રિવાયત મુઅન્નષ છે પણ કેમ કે ફઈલ સિફતે મુશબ્બહમાં મુઝક્કર મુઅન્નષ એક સમાન છે એટલા માટે ઝઈફા કહેવું જરૂરી નથી ઝઈફ પણ જાઈઝ છે.

★ બાદશાહોથી રાહતમાં રહેવાનો ઈલાજ ★

★ હદીષ : (૬૧)-૩૭૨૧ ★

وَعَنْ أَبِي الدَّرْدَاءِ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ اللَّهَ تَعَالَى يَقُولُ: أَنَا اللَّهُ لَا إِلَهَ إِلَّا أَنَا مَالِكُ الْمُلُوكِ وَمَلِكُ الْمُلُوكِ قُلُوبُ الْمُلُوكِ فِي يَدِي وَإِنَّ الْعِبَادَ إِذَا أَطَاعُونِي حَوَّلْتُ قُلُوبَ مُلُوكِهِمْ عَلَيْهِمْ بِالرَّحْمَةِ وَالرَّأْفَةِ وَإِنَّ الْعِبَادَ إِذَا عَصَوْنِي حَوَّلْتُ قُلُوبَهُمْ بِالسُّخْطَةِ وَالنِّقْمَةِ فَسَامُوهُمْ سُوءَ الْعَذَابِ فَلَا تَشْغَلُوا أَنْفُسَكُمْ بِالدُّعَاءِ عَلَى الْمُلُوكِ وَلَكِنِ اشْغَلُوا أَنْفُسَكُمْ بِالذِّكْرِ وَالتَّضَرُّعِ كَيْ أَكْفِيَكُمْ ملوككم «. رَوَاهُ أَبُو نُعَيْمٍ فِي» الْحِلْيَةِ "

"હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા ફર્માવે છે : હું અલ્લાહ તઆલા છું, મારા સિવાય કોઈ મઅબૂદ નથી. હું બાદશાહોનો માલિક અને બાદશાહોનો બાદશાહ છું[૧] બાદશાહોનાં દિલ મારા કબજામાં છે અને બેશક ! જ્યારે બંદા મારી ફર્માંબરદારી કરશે તો હું તેમના બાદશાહોનાં દિલ તેમના માટે રહમત તથા ઉલ્ફતથી ભરી દઈશ[૨] અને જ્યારે બંદા મારી નાફર્માની કરશે તો તેમનાં દિલ નારાજી તથા સજાની સાથે ભરી દઈશ[૩] કે તેઓ તેમને સખત અઝાબ ચખાડશે[૪] તો તમે પોતાને બાદશાહો પર બદદુઆ કરવામાં મશગૂલ ન કરો[૫] પરંતું પોતાને ઝિક્ર તથા આજીજીમાં મશગૂલ કરો કે જેથી હું તમને બાદશાહોથી કિફાયત (ફાયદો) કરું.[૬]" (અબૂ નુએમ હિલ્યામાં)

૧. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે માલિકના પછી માલિક ફર્માવવામાં આ'લાની તરફ તરક્કી છે, કેમ કે માલિકથી મિલ્ક એટલે બાદશાહ ક़વી (મજબૂત) છે કે બાદશાહની હુકૂમત હોય છે માલિકની હુકૂમત નહીં. તેમજ માલિક દરેક ચીજનો હોય છે પણ બાદશાહ માણસોનો. પણ હક્ક એ છે કે અહીં આ'લાથી નુઝૂલ છે બાદશાહ કરતાં માલિકનો કબજો વધુ હોય છે. રબ તઆલા ફર્માવે છે : مٰلِكِ يَوْمِ الدِّيْنِ (બદલાના દિવસનો માલિક. સૂ. ફાતિહા, ૧/૩) અને ફર્માવે છે : قُلِ اللّٰهُمَّ مٰلِكَ الْمُلْكِ (આ પ્રમાણે અર્ઝ કર, હે અલ્લાહ ! મુલ્કના માલિક. સૂ. આલે ઈમરાન, ૩/૨૬) મતલબ એ છે કે હું બાદશાહોના જાહેર તથા બાતિનનો બાદશાહ અને માલિક છું. તેનો સૌ મજબૂર તથા તાબા હેઠળ છે. તેમનાં દિલ તથા જીભો તથા ક़લમ સૌ મારા કબજામાં છે.

૨. એટલે કે જો આમ લોકો અને મોટાભાગની પ્રજા મારી આજ્ઞાંકિત થઈ જાય તો હું બાદશાહોના દિલમાં રહમત તથા ઉલ્ફત પેદા કરીશ. યાદ રાખશો. કે "રાફત" રાહતથી મજબૂત હોય છે. મહેરબાનીને રહમત કહે છે અને ખૂબ જ વધુ મહેરબાનીને રાફત કહે છે. રબ તઆલા ફર્માવે છે : بِالْمُؤْمِنِيْنَ رَءُوْفٌ رَّحِيْمٌ (મુસલમાનો પર કમાલ મહેરબાન મહેરબાન. સૂ. તૌબા, ૯/૧૨૮)

★ બાદશાહોની સખ્તી આપણા અમલોનું પરિણામ ★

૩. અહીં પણ سخط થી نقمة સખતતર છે. نقمت થી انتقام છે. અર્થ : બદલો લેવો. જાણવા મળ્યું કે બાદશાહોની સખ્તી આપણા અમલોનું પરિણામ છે.

૪. આ કાયદો મોટાભાગના પર છે, મોટાભાગે આપણા બદઅમલોની સજા હાકિમનો જુલ્મ હોય છે. જ્યારે મોટાભાગના લોકો બદ અમલ થઈ જાય તો સુલ્તાન તથા હાકિમો જાલિમ હોય છે, પછી તેમના જુલ્મનો શિકાર નેક લોકો પણ થઈ જાય છે. ક્યારેક રબ તઆલાની તરફથી આજમાઈશ રૂપે પણ જાલિમ હાકિમ લાગુ થઈ જાય છે.

જેથી આ હદીષ પર એ વાંધો નથી કે જનાબ ખલીલુલ્લાહ عليه السلام ને નમરૂદથી તથા મૂસા عليه السلام ને ફિરઔનથી અને હઝરત હુસૈન رضی الله عنه ને યઝીદથી તકલીફો શાથી પહોંચી ? તે હઝરાત તો ખૂબ જ નેક હતા. આ એ જ પ્રમાણે છે જેવું કે રબ તઆલા ફર્માવે છે : وَمَآ اَصَابَكُمْ مِّنْ مُّصِيْبَةٍ فَبِمَا كَسَبَتْ اَيْدِيْكُمْ (અને તમને જે મુસીબત પહોંચી તે એના સબબે છે જે તમારા હાથોએ કમાયું. સૂ. શૂરા, ૪૨/૩૦)

૫. એટલે કે જાલિમ બાદશાહોની બરતરફી કે મૌતની દુઆઓ ન કરો, શક્ય છે કે એ જાલિમ પછી કોઈ અન્ય મોટો અધિક જાલિમ તમારા પર લાગુ થઈ જાય. જુલ્મના સબબને દૂર કરો એટલે ગુનાહોથી તૌબા કરો.

૬. એટલે કે તમે મારું આજ્ઞાપાનલ કરવા લાગો. હાકિમો તમારા પર નરમ થઈ જશે.

بابُ ما على الولاة من التيسير

બાબો મા મલલ વલાત મિનત્તયસીર

(વાલીઓ પર આસાની કરવી વાજિબ છે[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. ولاة,એ વાલીનું બહુવતન છે. જેમ કે راعٍનું બહુવચન رعاة અથવા قاضٍનું બહુવચન قضاة અથવા ناحٍ અથવા ناحٍ નું બહુવચન نحاة. અહીં والٍ થી મુરાદ બાદશાહ તથા હાકિમો સૌ છે. આસાનીથી મુરાદ નરમ કાનૂન બનાવવા, દુરુસ્ત ફૈસલા કરવા. *(મિર્કાત તથા અશિઅહ)*

''હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે પોતાના સહાબામાંથી કોઈને પોતાનાં અમુક કામોના માટે મોકલતા હતા[૧] તો ફર્માવતા હતા કે ખુશખબરી આપો, નફરતકર્તા ન કરો.[૨] અને આસાની કરો, સખ્તી તથા તંગી ન કરો.[૩]'' (મુસ્લિમ, બુખારી)

★ **હદીષ : (૧)-૩૭૨૨** ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ أَبِي مُوسَى قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا بَعَثَ أَحَدًا مِنْ أَصْحَابِهِ فِي بَعْضِ أَمْرِهِ قَالَ: «بَشِّرُوا وَلَا تُنَفِّرُوا وَيَسِّرُوا وَلَا تُعَسِّرُوا»

૧. એટલે કે કોઈને ક્યાંકનો હાકિમ બનાવીને મોકલવા ચાહતા તો તેને નીચે પ્રમાણે હિદાયતો કરતા હતા. રિવાયતોમાં આવ્યું છે કે તે હાકિમને થોડેક દૂર સુધી પહોંચાડવા જાતે પોતે ખુદ તશરીફ લઈ જતા હતા, એ રીતે કે તે જનારા હાકિમ સવાર રહેતા હતા અને સરકાર ﷺ પગપાળા જ્યાં સુધી પહોંચાડતા હતા. એ જગાએ હવે મદીના પાકમાં મસ્જિદ બનેલી છે જે સલઅ પહાડના રસ્તામાં છે. તેને હવે મસ્જિદે વિદાઅ કહે છે. ફકીરે ત્યાં નવાફિલ અદા કર્યા છે.

૨. એટલે કે લોકોને પાછલા ગુનાહોથી તૌબા કરવા અને નેક અમલો કરવા પર હક્ક તઆલાની બખ્શિશ તથા રહમતની ખુશખબરીઓ આપો. તેમને ગુનાહોની પકડ પર એ રીતે ન ડરાવો કે તેઓ અલ્લાહની રહમતથી નિરાશ થઈ જઈને ઈસ્લામથી નફરત કરવા લાગે. સારાંશ કે બીવડાવવું તથા ડરાવવું કાંઈક ઓર છે અને નિરાશ કરીને નફરત કર્તા કરી દેવું કાંઈ ઔર છે. જેથી આ હદીષ તે આયતો તથા હદીષોની વિરૂધ્ધ નથી જેમાં અલ્લાહની પકડથી ડરાવવાનો હુકમ છે. જેમ કે وَلِيُنْذِرُوْا قَوْمَهُمْ (અને પરત આવીને પોતાની કૌમને ડર સંભળાવે એ ઉમ્મીદ પર કે તે બચે. સૂ. તૌબા, ૯/૧૨૨) વગેરે. કે અહીં નિરાશ કરી દેવા તથા નફરત ફેલાવી દેવાની મનાઈ છે, અને ત્યાં ડરાવીને રબના દરવાજે લઈ આવવાનો હુકમ છે.

૩. એ રીતે કે આસાનીપૂર્વક તેમને નમાઝ તથા ઝકાત વગેરે શરીઅતના હુકમના પાબંદ બનાવી દે. ઝકાત, ઉશ્ર, ખિરાજ વગેરે આસાનીપૂર્વક વસૂલ કરો અને હક્ક પ્રમાણે વસૂલ કરો. સુબ્હાનલ્લાહ ! શું પાકીઝા તાલીમ છે કે આ મુકદ્દસ (પવિત્ર) જમાનામાં હાકિમોના માથે હતું કે લોકોને નમાઝ રોઝાના પાબંદ બનાવે, ગાઝી વગેરે બનાવે, તેમની સુધારણા કરે.

આજના જેમ હાકિમો જેમ કેવળ દંડ કરવા, સખ્તીઓ કરવા માટે ન હતા. તે હુકૂમતે મુહમ્મદિયા ઈસ્લામિયા હોતી હતી, નફસાની કે શૈતાની ન હોતી હતી અલ્લાહ તઆલા કદીક આપણને પણ ઈસ્લામનું રાજ દેખાડે, મુસલમાનોનું રાજ તો જોઈ લીધું.

★ હદીષ : (૨)-૩૭૨૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسلم: «يسوا وَلَا تُعَسِّرُوا وَسَكِّنُوا وَلَا تُنَفِّرُوا»

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, આસીનીઓ કરો સખ્તી ન કરો અને સાંત્વન આપો ભડકાવો નહીં[૧]'' (મુસ્લિમ, બુખારી)

★ તમારા અમલો એવા ન હોય કે લોકો ઈસ્લામથી ભડકી જાય ★

૧. એટલે કે મીઠી તથા નરમ વાતો સંભળાવીને, ઈસ્લામની આસાનીઓ બતાવીને, ખુદ સાચા પાકા મુસલમાન બનીને દેખાડીને પ્રજાને સુકૂન આપો. તમારા અમલો એવા ન હોય કે લોકો ઈસ્લામથી જ ભડકી જાય. કહેવત છે કે મીઠી બોલીમાં ખર્ચ કાંઈ નથી હોતો પણ તેનાથી લાભ ખૂબ જ થઈ જાય છે. બાદશાહ તથા હાકિમોના દુરુસ્ત થઈ જવાથી લોકો આપોઆપ દુરુસ્ત થઈ જાય છે. ملو کھم લોકો બાદશાહોના તરીકાઓ પર હોય છે. મોલ્વીઓનાં હજાર વઅઝ એક તરફ અને સુલ્તાન અથવા હાકિમોનો કેવળ એક અમલ એક તરફ. હાકિમોનો અમલ બેહતરીન મુબલ્લિગ છે.

★ હદીષ : (૩)-૩૭૨૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَن ابنِ أَبِي بُرْدَةَ قَالَ: بَعَثَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ جَدَّهُ أَبَا مُوسَى وَمُعَاذًا إِلَى الْيَمَنِ فَقَالَ: «يَسِّرَا وَلَا تُعَسِّرَا وَبَشِّرَا وَلَا تُنَفِّرَا وَتَطَاوَعَا وَلَا تَخْتَلِفَا»

''હઝરત અબૂ બુર્દા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺએ તેમના દાદા અબૂ મૂસાને[૨] અને મઆઝને યમનની તરફ મોકલ્યા તો ફર્માવ્યું, તમે બંનેવ આસાની કરજો, તંગી ન કરશો, અને ખુશ ખબરી આપજો નફરત ન ફેલાવશો.[૩] એકબીજાની ઈતાઅત (આજ્ઞાપાલન) કરજો, આપસમાં ઝઘડશો નહીં.[૪]'' (મુસ્લિમ, બુખારી)

૧. લેખકથી અહીં ધોકો થઈ ગયો. ઈબ્ને અબી બુર્દાની જગાએ અબૂ હુરૈરહ કહી આપ્યું જેવું કે હમણા જણાશે. એમનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને અબૂ બુર્દા ઈબ્ને અબૂ મૂસા અશઅરી છે. *(મિર્કાત)*

૨. સાહિબે મિશ્કાત (લેખક)ના આ બયાનથી જાણવા મળે છે કે હઝરત અબૂ મૂસા અબૂ બુર્દાના દાદા છે જ્યારે કે એ અબૂ બુર્દાના પિતા છે, જેથી રાવી અબ્દુલ્લાહ ઈબ્ને અબૂ બુર્દા છે. જેમ કે બુખારી શરીફમાં મુસ્લિમની રિવાયતથી મુસ્લિમ ઈબ્ને ઈબ્રાહીમ છે. યાદ રાખશો કે અબૂ બુર્દાના કુલ ચાર પુત્ર અબ્દુલ્લાહ અને યૂસુફ, સઈદ તથા બિલાલ છે. બિલાલ ઈબ્ને અબૂ બુર્દા બસરાના હાકિમ રહ્યા. તેમનાથી ઘણી ઓછી રિવાયતો છે. અબૂ બુર્દાનું નામ આમિર ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને કૈસ છે. અબ્દુલ્લાહ ઈબ્ને કૈસની કુન્નિયત અબૂ મૂસા છે. કાઝી શુરૈહના પછી આમિર એટલે અબૂ બુર્દા કૂફાના હાકિમ રહ્યા જેમને હજ્જાજે બરતરફ કરી દીધા. અને અબૂ મૂસા અશઅરી મક્કામાં ઈમાન લાવ્યા. પછી હબ્શાની તરફ, પછી મદીના મુનવ્વરા હિજરત કરી. હઝરત ઉમર رضی اللہ عنہએ હિ.સ. ૨૦માં બસરાના હાકિમ નિયુક્ત કર્યા. આપે અહવાઝ ફતહ કર્યું. હઝરત ઉષ્માને બદલી કરીને કૂફાના હાકિમ કરી દીધા. આપ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની શહાદત સુધી કૂફા રહ્યા પછી મક્કા મોઅઝ્ઝમા ચાલ્યા આવ્યા. હઝરત અલી رضی اللہ عنہના પંચ બન્યા બાદ મક્કા મોઅઝ્ઝમામાં રહ્યા. હિ.સ. ૫૨માં વફાત પામ્યા. (મિર્કાત વગેરે) કેમ કે અબૂ બુર્દા رضی اللہ عنہના સર્વ પુત્રો ષિકહ છે જેથી તેમનામાંથી દરેકની રિવાયત મકબૂલ છે. જેહાલતે નામ નુકસાનકર્તા નથી.

૩. જાહેર એ છે કે બંને બુઝુર્ગોને સામે બેસાડીને આ નસીહત કરી અથવા તો એ બંનેવને એક જગાના હાકિમ નિયુક્ત કર્યા અલગ અલગ ખાતાંઓના, અથવા વિવિધ વિસ્તારોના હાકિમ નિયુક્ત કર્યા. યમન પૂરા રાજ્યનું નામ છે.

૪. કેમ કે તમારા બંનેનો આપસમાં ઝઘડો પ્રજાના ઝઘડા તથા મતભેદનો સબબ બનશે. યાદ રાખશો કે અહીં મતભેદથી મુરાદ ઝઘડો તથા ફસાદ છે ન કે ઈજતેહાદી મતભેદ. એ તો સહાબામાં થયો અને એ મતભેદ તો રહમત છે. હુઝૂર ﷺ ફર્માવે છે : اختلاف امتی رحمتی (મારી ઉમ્મતનો મતભેદ રહમત છે.)

★ હદીષ : (૪)-૩૭૨૫ ★

(مُتَّفِق عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " إِنَّ الْغَادِرَ يُنْصَبُ لَهُ لِوَاءٌ يَوْمَ الْقِيَامَةِ فَيُقَالُ: هَذِهِ غَدْرَةُ فُلَانِ بْنِ فُلَانٍ "

"હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે બદઅહદ (વાયદા ખિલાફ)ના માટે ક્યામતના દિવસે ઝંડો ખોસવામાં આવશે તો કહેવામાં આવશે કે આ ફલાણાના પુત્ર ફલાણાની બદઅહદી છે.[૧]" (મુસ્લિમ, બુખારી)

૧. હદીષ તદ્દન પોતાના જાહેરી અર્થ પર છે. ખરેખર બદઅહદ (વચનભંગ કરનાર)ની પીઠ પર ઝંડો લગાડેલો હશે અથવા જ્યારે બદઅહદ લોકોને ઉભા રાખવામાં આવશે ત્યાં દરેકના ઝંડા હશે જેની ઊંચાઈ તેમના ગદ્દારીના પ્રમાણે હશે કે જેથી તેમની બેઈજ્જતી થાય. યાદ રાખશો કે રસૂલુલ્લાહ ﷺની ઉમ્મતના છુપા ગુનાહ ક્યામતમાં જાહેર કરવામાં નહીં આવે. જાહેરમાં થયેલ ગુનાહોનું ત્યાં એલાન થશે, કે જ્યારે તેમણે પોતે જ પોતાને બેઈજ્જત કર્યા હતા તો હવે પણ બેઈજ્જત થાવ. જેથી હદીષ સ્પષ્ટ છે કે કહેનાર ક્યાં તો ફરિશ્તો હશે જે એલાન કરતો હશે અથવા ખુદ કયામતવાળા હશે.

★ ક્યામતમાં મુજરિમોના જુર્મ નિશાનીઓથી માલૂમ પડશે ★

★ હદીષ : (૫)-૩૭૨૬ ★

(مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لِكُلِّ غَادِرٍ لِوَاءٌ يومَ القيامةِ يُعرَفُ بِهِ»

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, દરેક બદ અહદ (વાયદાભંગ કરનાર) માટે ઝંડો હશે ક્યામતના દિવસે જેનાથી તેને ઓળખવામાં આવશે.[૧]"

(મુસ્લિમ, બુખારી)

૧. જાણવા મળ્યું કે ક્યામતમાં મુજરિમોના જુર્મ નિશાનીઓ પરથી માલૂમ પડશે. કોઈને પૂછવાની જરૂરત પડશે નહીં. પછી સજાઓ બાદમાં થશે.

★ હદીષ : (૬)-૩૭૨૭ ★

وَعَنْ أَبِي سَعِيدٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لِكُلِّ غَادِرٍ لِوَاءٌ عِنْدَ اسْتِهِ يَوْمَ الْقِيَامَةِ» . وَفِي رِوَايَةٍ: «لِكُلِّ غَادِرٍ لِوَاءٌ يَوْمَ الْقِيَامَةِ يُرْفَعُ لَهُ بِقَدْرِ غَدْرِهِ أَلا وَلَا غادر أعظم مِن أمير عامّةٍ» . رَوَاهُ مُسلم

'હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું દરેક વાયદાભંગ ગદ્દારનો ઝંડો તેની પીઠની પાસે હશે.[૧] ક્યામતના દિવસે તેની ગદ્દારીના પ્રમાણે ઊંચો કરવામાં આવશે[૨] હોશિયાર રહો કે પ્રજાના સુલ્તાનની ગદ્દારીથી વધીને કોઈ ગદ્દાર (વચન ભંગ કરનાર) નથી.[૩]" (મુસ્લિમ)

(વિભાગ : ૨) الفصل الثانى

★ હદીષ : (૭)-૩૭૨૮ ★

عَنْ عَمْرِو بْنِ مُرَّةَ أَنَّهُ قَالَ لِمُعَاوِيَةَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ:« (مَنْ وَلَّاهُ اللَّهُ شَيْئًا مِنْ أَمْرِ الْمُسْلِمِينَ فَاحْتَجَبَ دُونَ حَاجَتِهِمْ وَخَلَّتِهِمْ وَفَقْرِهِمُ احْتَجَبَ اللَّهُ دُونَ حَاجَتِهِ وَخَلَّتِهِ وَفَقْرِهِ» . فَجَعَلَ مُعَاوِيَةُ رَجُلًا عَلَى حَوَائِجِ النَّاسِ. رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ وَفِي رِوَايَةٍ لَهُ وَلِأَحْمَدَ: «أَغْلَقَ اللَّهُ لَهُ أَبْوَابَ السَّمَاءِ دُونَ خَلَّتِهِ وَحَاجَّتِهِ وَمَسْكَنَتِهِ»

''હઝરત અમ્ર ઈબ્ને મુર્રાથી[૧] રિવાયત છે કે તેમણે હઝરત મુઆવિયહ رضی اللہ عنہ થી ફર્માવ્યું[૨] મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે જેને અલ્લાહ મુસલમાનોની કોઈ ચીજનો વાલી કે હાકિમ બનાવે પછી તે મુસલમાનની હાજત કે જરૂરત તથા મોહતાજીની સામે પર્દો કરી દે[૩] તો અલ્લાહ તેની હાજત તથા જરૂરત તથા મોહતાજી સામે આડ ફર્માવી દેશે[૪] જેમ કે હઝરત મુઆવિયહએ લોકોની હાજત માટે એક માણસ નિયુક્ત કરી આપ્યો[૫] (અબૂ દાઉદ, તિર્મિઝી) અહમદ અને તિર્મિઝીની એક રિવાયતમાં છે કે અલ્લાહ તેની જરૂરત તથા હાજત તથા મોહતાજીની સામે આમે આસ્માનના દરવાજા બંધ કરી આપશે.[૬]''

૧. مرة મીમના પેશ રે ની તશ્દીદ તથા ઝબરથી છે. અમ્ર ઈબ્ને મુર્રાની કુન્નિયત અબૂ મરયમ છે. આપ જહની અથવા અઝ્દી છે. હુઝૂર ﷺની સાથે મોટાભાગના ગઝ્વાતમાં સામેલ રહ્યા. શામમાં વસવાટ કર્યો. અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના જમાનામાં વફાત થઈ.

૨. જ્યારે કે અમીર મુઆવિયહ સુલ્તાન બની ચૂક્યા હતા જેથી તે આ હદીષ પર અમલ કરે.

૩. એ રીતે કે ન મઝ્લૂમો હાજતમંદોને પોતાના સુધી પહોંચવા દે, પોતાના દરવાજા પર સખ્ત પેહરો બેસાડી દે, ન તેમની જરૂરતની પરવા કરે, તેમનાથી ગાફેલ રહે, તેમની હાજત પૂરી કરવાની કોઈ વ્યવસ્થા ન કરે, પોતાની હુકૂમત સંભાળવામાં અને પોતાના એશઆરામમાં મગ્ન રહે.

૪. એટલે કે તેનાથી અલ્લાહ તઆલા પોતાના તે મજબૂર બંદાઓનો બદલો લેશે કે તેની હાજતો જરૂરતો પૂરી ન કરશે, તેની દુઆઓ કબૂલ ન કરશે. આ સજાનું પ્રદર્શન કાંઈક દુનિયામાં પણ થશે અને પૂર્ણપણે પ્રદર્શન આખેરતમાં થશે. યાદ રાખશો કે હાજત, ખુલ્લત તથા ફકૃ ત્રણેવ લગભગ સમાનઅર્થી છે. અતિશયોક્તિ તથા તાકીદ દર્શાવવા કહેવામાં આવ્યા. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે હાજત એ મામૂલી જરૂરત છે જે માણસને ચિંતિત તો કરી દે પણ પરેશાન ન કરે. ખુલ્લત તે જરૂરત છે જેના લીધે માણસના કામમાં ખલેલ પડે, પણ બેચેનીની હદ અજંપા સુધી ન પહોંચે. ફકૃ તે જરૂરત છે જે માણસના ફકૃને એટલે કમરને તોડી દે, અજંપાની હાલત સુધી પહોંચી જાય જેનાથી જિંદગી ગુજારવી મુશ્કેલ બની જાય. એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ ફકૃથી અલ્લાહની પનાહ માગી છે. ફકીર તથા મિસ્કીનનો ફરક અને એમાં અહનાફ તથા શાફઈઓનો મતભેદ ફિકૃહની કિતાબોમાં જુઓ. યાદ રાખશો કે જેવી રીતે આદિલ બાદશાહ કયામતમાં નૂરના મિમ્બરો પર હશે, અલ્લાહ તઆલાથી નજીક હશે, એવી જ રીતે ગાફિલ તથા જાલિમ બાદશાહ બેઈજ્જતીની ખાઈમાં અને રબ તઆલાથી આડમાં હશે.

૫. એટલે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ આ આલીશાન ફર્માન સાંભળીને એક ખાતુ ઉભુ કર્યું જેના હેઠળ દરેક વસ્તીમાં એક અફસર રાખવામાં આવ્યો જે લોકોની સામાન્ય જરૂરતો ખુદ પૂરી કરે અને મોટી જરૂરતો અમીર

મુઆવિયહ સુધી પહોંચાડે. પછી હમેશાં તે અફસરથી પૂછતાછ કરી કે પોતાની ફરજોના પાલન કરવામાં ઉણપ તો નથી કરતો.

૬. એનો અર્થ પણ એ જ છે જે હમણા વર્ણવવામાં આવ્યો. કેમ કે આસ્માનમાં લોકોની રોજીઓ પણ છે, તેમની જરૂરતો પણ. રબ તઆલા ફર્માવે છે : وَفِي السَّمَآءِ رِزْقُكُمْ وَمَا تُوعَدُوْنَ (અને આસ્માનમાં તમારી રોજી છે અને જે તમને વાયદો આપવામાં આવે છે. સૂ. ધારિયાત, ૫૧/૨૨) એટલા માટે આસ્માનના દરવાજા બંધ થવાનો ઉલ્લેખ કરવામાં આવ્યો. સારાંશ મતલબ એક જ છે.

(વિભાગ : 3) الفصل الثالث

''હઝરત અબૂ શમાખ અઝદીથી રિવાયત છે, તે પોતાના કાકાથી રાવી[૧] જે નબી કરીમ ﷺ ના સહાબામાંથી છે કે તે જનાબ મુઆવિયહની પાસે ગયા[૨] પછી ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે જેને લોકોની કોઈ ચીજનો વાલી બનાવવામાં આવ્યો[૩] પછી તેણે મુસલમાનો અથવા મઝલૂમો અથવા હાજતમંદો પર પોતાનો દરવાજો બંધ કરી લીધો[૪] તો અલ્લાહ તેની મોહતાજી તેની ફકીરીના સમયે તેના પર પોતાની રહમતના દરવાજા બંધ કરી લેશે[૫] જ્યારે કે તેને તેનાથી સખત મોહતાજી હશે.[૬]''

★ હદીષ : (૮)-૩૭૨૯ ★

عَنْ أَبِي الشَّمَّاخِ الْأَزْدِيِّ عَنِ ابْنِ عَمٍّ لَهُ مِنْ أَصْحَابِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّهُ أَتَى مُعَاوِيَةَ فَدَخَلَ عَلَيْهِ فَقَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ وَلِيَ مِنْ أَمْرِ النَّاسِ شَيْئًا ثُمَّ أَغْلَقَ بَابَهُ دُونَ الْمُسْلِمِينَ أَوِ الْمَظْلُومِ أَوْ ذِي الْحَاجَةِ أَغْلَقَ اللَّهُ دُونَهُ أَبْوَابَ رَحْمَتِهِ عِنْدَ حَاجَتِهِ وَفَقْرِهِ أَفْقَرَ مَا يَكُونُ إِلَيْهِ»

૧. જાહેર એ છે કે અબૂ શમાખ તાબઈ છે અને તેમના કાકાના પુત્ર સહાબી છે. એમનું નામ માલૂમ ન થઈ શક્યું પણ કોઈ વાંધો નથી કેમ કે સર્વ સહાબીઓ આદિલ ષિક્હ છે.

૨. જાહેર એ છે કે હઝરત મુઆવિયહ رضی اللہ عنہ ની સલ્તનત દરમિયાન ગયા અથવા કેવળ મુલાકાત માટે ગયા અને આ હદીષ ચર્ચા રૂપે સંભળાવી દીધી અથવા આ હદીષ સંભળાવવા માટે જ ગયા. પ્રથમ અર્થ અધિક જાહેર છે.

૩. કે બાદશાહ બનાવી દેવામાં આવ્યો અથવા હાકિમ. وُلِّ માં માઝી મજહૂલ છે લામની તશ્દીદથી, અથવા ફક્ત ઝેરથી. એટલે બાબે તફઈલથી અથવા બાબે ضرب يضرب થી.

૪. મઝલૂમ અને ઝીલ હાજાતના ઉમૂમમાં ઝિમ્મી તથા મુસ્તામિન કાફિરો પણ સામેલ છે. કેમ કે બાદશાહ તથા હાકિમો પર સર્વ પ્રજાની ફરિયાદે પહોંચવું વાજિબ છે, મુસલમાન હોય કે કાફિર.

૫. દુનિયા તથા આખેરતમાં. જો લોકો બાદશાહના મોહતાજ છે તો બાદશાહ પણ રબ તઆલાનો હાજતમંદ છે.

૬. એટલે જ્યારે એવા બાદશાહને લોકોની મદદની જરૂરત પડી તો અલ્લાહ તેના પર રહમતના દરવાજા બંધ કરી લેશે કે લોકો તેની મદદ કરશે નહીં. આ હદીષનો નઝારો કરવો છે તો વર્તમાનકાળમાં ઈલેકશનના સમયે વોટની ભીખ માગવાનાં દશ્યો જુઓ.

★ હઝરત ઉમર رضی اللہ عنہ ની હાકિમોને નોટીસ ★

'હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ થી રિવાયત છે કે આપ જ્યારે પોતાના હાકિમોને મોકલતા હતા[૧] તો એમના પર શર્ત લગાડતા હતા કે તુર્કી ઘોડા પર સવાર ન થશો[૨] અને મૈંદો ન ખાશો અને બારીક લિબાસ ન પહેરશો[૩] અને પોતાના દરવાજા લોકોની જરૂરતોથી બંધ ન કરશો[૪] જો તમે એમાંથી કાંઈ કર્યું તો તમારા પર સજા લાગુ થશે.[૫] પછી તેમને પહોંચાડવા જતા હતા.[૬] આ બંને હદીષો બયહકીએ શોઅબુલ ઈમાનમાં રિવાયત કરી.''

★ હદીષ : (૯)-૩૭૩૦ ★

وَعَنْ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ عَنْهُ أَنَّهُ كَانَ إِذَا بَعَثَ عُمَّالَهُ شَرَطَ عَلَيْهِمْ: أَنْ لَا تَرْكَبُوا بِرْذَوْنًا وَلَا تَأْكُلُوا نَقِيًّا وَلَا تَلْبَسُوا رَقِيقًا وَلَا تُغْلِقُوا أَبْوَابَكُمْ دُونَ حَوَائِجِ النَّاسِ فَإِنْ فَعَلْتُمْ شَيْئًا مِنْ ذَلِكَ فَقَدْ حَلَّتْ بِكُمُ الْعُقُوبَةُ ثُمَّ يُشَيِّعُهُمْ. رَوَاهُمَا الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ

૧. اعمال અયનના પેશ, મીમની તશ્દીદથી, عامل નું બહુવચન છે. અર્થ : હાકિમ અથવા હુકૂમતનો કર્મચારી. રબ તઆલા ફર્માવે છે : وَالْعٰمِلِيْنَ عَلَيْهَا

૨. برذون બેના ઝેર, રેની જઝમ અને ઝાલના ઝબરથી, અર્થ : તુર્કી ઘોડો જે અરબી ઘોડા કરતાં ઉતરતી કક્ષાનો હોય છે. એનું મુઅન્નષ (સ્ત્રીલિંગ) برذونہ છે અને બહુવચન براذين એટલે હે હાકિમો ! તમે તમારા હુકૂમતના સ્થળે અરબી ઘોડા તો શું તુર્કી ઘોડાના પણ આદી ન બનશો. જરૂરત મુજબ સવાર થવાની મનાઈ ન હતી, બલ્કે **શાન પ્રદર્શિત કરવા માટે ઘોડો પાલવવો અને ગર્વભેર ઘોડા પર સવાર થઈને નીકળવાની મનાઈ હતી.** અને આ મનાઈમાં ઘણી બધી હિકમતો હતી.

૩. કેમ કે એ ચીજોથી તબીયત એશ પસંદ થઈ જાય છે અને એશ પસંદ હાકિમ સહીહ તરીકાથી હુકૂમત નથી કરી શકતો અને પ્રજાના દુ:ખ દર્દથી ખબરદાર નથી રહી શકતો. તેમજ જ્યારે હાકિમ વધારે ખર્ચ કરવાનો આદી હશે તો તે ખર્ચ પૂરો કરવા માટે લાંચખોરી, હરામખોરી કરશે, કેમ કે તેનો પગાર તે ખર્ચાઓ નહીં પૂરા પાડી શકે. સાદા બનો અને પ્રજાને સાદી બનાવો કે જેથી જિંદગી તથા મૌત સારી થાય. ક્યાં ગયા તે ખલીફા અને ક્યાં ગયા તે હાકિમો ?!

૪. એટલે કે પોતાને પ્રજાથી એવી રીતે છુપાવીને ન રાખશો કે લોકો તમારા સુધી પહોંચીને ફરિયાદ ન કરી શકે, બલ્કે તમારા દરવાજા મઝલૂમો માટે ખુલ્લા રહે.

૫. એટલે કે તમને બરતરફ પણ કરી દેશે અને તમને સજા પણ આપશે. અથવા રબ તઆલા તમને દુનિયા તથા આખેરતમાં સજા આપશે. કઈ ચીજની સજા ? એશ આરામમાં ગાફિલ રહીને પ્રજાની પરવા ન કરવી, જુલ્મ કરવો, લાંચ ખોરી કરવી. કેમ કે વર્ણવેલ એશનાં આ પરિણામો છે જેથી આ ફર્માને આલી પર એ વાંધો નથી કે ઘોડાની સવારી તો સુન્નત છે અને મૈંદો ખાવો, બારીક કપડાં પહેરવાં જાઈઝ છે. અને સુન્નત તથા જાઈઝ કામ પર સજા કેવી ? યાદ રાખશો કે એશપસંદ હાકિમો હુકૂમતથી ભારે પગારની પણ માગણી કરે છે જેથી તેમના એ મોજશોખના ખર્ચ પૂરા થઈ શકે. પછી હુકૂમતો તેમના ભારે પગારો અદા કરવા માટે પ્રજા પર વિવિધ પ્રકારના ટેક્સ લગાડે છે અને ગરીબોનું લોહી ચૂસીને એશપસંદ હાકિમો તથા કર્મચારીઓના શોખ પૂરા કરવામાં આવે છે જેનાથી દેશમાં બગાવતો ફસાદ ફેલાય જાય છે. **ઈસ્લામે સાદગી શીખવાડી કે ન તમે તમારા ખર્ચા વધારો ન મુસીબતો વેઠો.** રબ તઆલા ફર્માવે છે : كُلُوْا وَاشْرَبُوْا وَلَا تُسْرِفُوْ (ખાવ અને પીઓ અને હદથી

ન વધો. સૂ. અઅરાફ, ૭/૩૧) બીજી જગાએ ફર્માવે છે : اِنَّ الْمُبَذِّرِيْنَ كَانُوْٓا (બેશક ! ઉડાવનારા શૈતાનના ભાઈ છે. સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૨૭) કુર્બાન જાવ. આ તાલીમ પર ! જેથી હઝરત ઉમર رضی اللہ عنہ નું આ ફર્માન ઘણી દૂરંદેશી પર આધારિત છે.

૬. ત્યાં સુધી પહોંચાડવા જતા જ્યાં સુધી આક઼ાએ દો જહાં ﷺ પોતાના હાકિમોને પહોંચાડવા તશરીફ લઈ જતા હતા. સ્થિતિ પણ એ જ રહેલી હતી કે તે હાકિમ સવાર રહેતા હતા અને અમીરુલ મો'મિનીન رضی اللہ عنہ પગપાળા ચાલતા.

بابُ العملِ فى القضاءِ والخوفِ منه

બાબુલ અમલિ ફિલ્ક़ઝા વલ્ખૌફ મિન્હુ

(ફૈંસલાઓમાં અમલ કરવો અને તેમનાથી ડરવું[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. એટલે કે હાકિમ તથા ક़ાઝી કઈ ચીજથી ફૈંસલા આપે ? કિતાબુલ્લાહ, સુન્નતે રસૂલુલ્લાહ, ઈજમાએ ઉમ્મત તથા મુજતહિદોનો ક़યાસ અને ક़ઝા (ન્યાયાધીશનો હોદ્દો છે) ક़બૂલ કરવાથી ડરે કે એ કાંટાનું પાથરણુ છે. એ જ પ્રમાણે સખત ઠંડી તથા સખત ગરમીમાં ફૈંસલા ન કરે. *(મિર્ક़ાત)*

★ ગુસ્સાની હાલતમાં ફૈંસલો ન કરો ★

★ હદીષ : (૧)-૩૭૩૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنْ أَبِي بَكْرَةَ قَالَ سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «لَا يَقْضِيَنَّ حَكَمٌ بَيْنَ اثْنَيْنِ وَهُوَ غَضْبَانُ»

''હઝરત અબૂ બકરહથી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે કોઈ હાકિમ બે શખ્સોની વચ્ચે ગુસ્સાની હાલતમાં ફૈંસલો ન કરે.[૧]'' (મુસ્લિમ, બુખારી)

૧. કેમ કે ગુસ્સાની હાલતમાં બુદ્ધિ પર નફ્સ સવાર હોય છે જેના લીધે હાકિમ કેસમાં સારી રીતે વિચારણા ચિંતન નથી કરી શકતો. એ જ પ્રમાણે ભૂખ તરસ, માનસિક અશાંતિ, ખાસ બીમારીમાં પણ ફૈંસલો ન કરે. *(મિર્ક़ાત, અશિઅહ)*

★ હદીષ : (૨)-૩૭૩૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو وَأَبِي هُرَيْرَةَ قَالَا: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا حَكَمَ الْحَاكِمُ فَاجْتَهَدَ فَأَصَابَ فَلَهُ أَجْرَانِ وَإِذَا حَكَمَ فَاجْتَهَدَ فَأَخْطَأَ فلهُ أجرٌ واحدٌ»

''રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર તથા અબૂ હુરૈરહ્ رضی اللہ عنہما થી. બંને ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે હાકિમ ફૈંસલો કરે તો કોશિશ કરે અને દુરુસ્ત ફૈંસલો કરે[૧] તો તેને ડબલ સવાલ છે[૨] અને જ્યારે ફૈંસલો કરે તો કોશિશ કરે અને ગલતી કરે TMTGFDF8[V S; JFA K[. *(મુસ્લિમ, બુખારી)*

૧. કે એનો ફૈંસલો અલ્લાહ વ રસૂલના ફર્માને આલી પ્રમાણે થઈ જાય. આ પણ રબ તઆલાનો કરમ જ છે કે ઈન્સાનનો ફૈંસલો તેની મરજી પ્રમાણે થઈ જાય.

૨. એક સવાબ તો ઈજતેહાદ તથા કોશિશ કરવાનો અને બીજો સવાલ દુરુસ્ત (બરાબર) ફૈંસલો કરવાનો કે દુરુસ્તી પણ મોટો અમલ છે. ક़ાઝી આલિમ બલ્કે ઈજતેહાદના દરજાવાળો હોવો જોઈએ. જો પોતે આલિમ તથા ફક़ીહ ન હોય તો ફક़ીહોના ઈલ્મથી ફાયદો ઉઠાવે અને તેમનો મુક़લ્લિદ તથા આજ્ઞાંકિત હોય.

★ ચારેય મઝહબ હનફી, શાફઈ, માલિકી, હંબલી દુરુસ્ત શાથી ? ★

૩. આ હદીષમાં સર્વ મુજતહિદો સામેલ છે. કે મુજતહિદથી જો ગલતી પણ થઈ જાય તો પણ ઈજતેહાદની મહેનતનો સવાબ છે. જેથી ચારેય મઝહબ એટલે હનફી, શાફઈ, માલિક, હંબલી બરહક્ક છે કે ભલે એમાંથી દુરુસ્ત

તથા સહીહ તો એક જ છે પણ ગુનોહ કોઈનામાં નથી, બલ્કે જે ઈમામો મુજતહિદોથી ખતા થઈ તેમને પણ એક સવાબ છે. તેમજ હઝરત અલી તથા મુઆવિયહ رضی اللہ عنہما માં ગુનેહગાર કોઈ નથી, હક્ક પર હઝરત અલી رضی اللہ عنہ છે અને જનાબ મુઆવિયહથી ગલતી (ખતાએ ઈજતેહાદી) થઈ, પણ ગુનેહગાર તે પણ નથી. એક મોક્ા પર દાઉદ عليه السلام થી ખતા થઈ ગઈ અને જનાબ સુલૈમાન عليه السلام એ દુરુસ્ત ફૈસલો કર્યો, છતાં તે બંને બુઝુર્ગોમાં ગુનેહગાર કોઈ ન થયું. રબ તઆલા ફર્માવે છે : فَفَهَّمْنٰهَا سُلَيْمٰنَ (અમે એ મામલો સુલેમાનને સમજાવી આપ્યો. સૂ. અંબિયા, ૨૧/૭૯) તે હદીષે કરીમા આ આયતનું સમર્થન કરે છે. પણ આ હુકમ મુજતહિદ આલિમના માટે છે, ગૈર મુજતહિદ કે ગૈર આલિમ જો ગલત મસ્અલો બતાવશે તો ગુનેહગાર થશે બલ્કે ગૈર આલિમે ફત્વો આપવો જ જાઈઝ નથી. અને મસ્અલો પણ ફુરૂઈ ઈજતેહાદી હોય, શરીઅતના ઉસૂલમાં ગલતી માફ નથી થતી. એની તેહક્ીક ઉસૂલની કિતાબો તથા મિર્કાતમાં જુઓ. ઈજતેહાદી ખતાનું દષ્ટાંત આ રીતે સમજો કે મુસાફિર જંગલમાં નમાઝ પઢે અને તેને ક્બ્લાની દિશાની ખબર ન પડે તો પોતાની રાયથી કામ લે. જો ચાર રકાતમાં ચાર તરફ તેની રાય થઈ અને તેણે દરેક રકાત એક એક દિશામાં પઢી તો ભલે ક્બ્લો એક જ બાજુ હતો પણ ચારેવ રકાતો દુરુસ્ત થઈ ગઈ. અને તેને નમાઝનો સવાબ યક્ીનન ! મળી ગયો. તેની ઉમદા ચર્ચા અમારી કિતાબ જાઅલ્ હક્ક (ભાગ–૧)માં જુઓ.

૪. આ હદીષ અહમદ, અબૂ દાઉદ, ઈબ્ને માજહ અને નિસાઈએ હઝરત અમ્ર ઈબ્ને આસની રિવાયતથી નક્લ કરી. અહમદે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી પણ નક્લ કરી.

(વિભાગ : ૨) الفصل الثانی

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે લોકોના દરમિયાન ક્ાઝી બનાવવામાં આવ્યો[૧] તો તેને છરી વિના ઝબ્હ કરી દેવામાં આવ્યો.[૧]'' (અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (3)-3733 ★

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ جُعِلَ قَاضِيًا بَيْنَ النَّاسِ فَقَدْ ذُبِحَ بِغَيْرِ سِكِّينٍ» . رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

૧. એ રીતે કે તેણે કોશિશ તથા મહેનત કરીને સુલ્તાનથી ક્ાઝીનો હોદ્દો હાંસલ કર્યો, મોટો પગાર, ઈજ્જત લાંચ, રુશ્વત વગેરે હાંસલ કરવા માટે. આ શરહ ધ્યાનમાં રાખશો.

★ જેને ક્ાઝી બનાવવામાં આવ્યો તેને વિના છરીએ ઝબહ કરવામાં આવ્યો ★

૨. છરી વડે ઝબહ કરી દેવામાં જાન આસાનીથી અને જલ્દી નીકળી જાય છે. છરી વિના મારવામાં જેમ કે ગળુ ઘોંટીને, ડૂબાડીને, સળગાવીને, ખાવા પાણી બંધ કરીને મારવામાં જાન ઘણી મુસીબતથી અને ઘણીવારમાં નીકળે છે એવો ક્ાઝી શરીરે ઘણો તગડો થઈ જાય છે પણ દીન એ રીતે બર્બાદ કરી નાખે છે કે તેની સજા દુનિયામાં પણ અને આખેરતમાં પણ ઘણી લાંબી સજા પામે છે. કેમ કે એવા ક્ાઝી જુલ્મ, લાંચ, હક્ક તલફી વગેરે જરૂર કરે છે જેનાથી દુનિયા તેના પર લઅનત કરે છે. અલ્લાહ રસૂલ નારાજ થાય છે. ફિરઔન, હજ્જાજ, યઝીદ વગેરેનાં દષ્ટાંતો મૌજૂદ છે. આ હદીષના આધારે હઝરત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ એ જેલમાં મરી જવાનું ક્બૂલ કરી લીધું પણ ક્ાઝીનો હોદ્દો ન સ્વીકાર્યો.

★ હદીષ : (૪)-૩૭૩૪ ★

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنِ ابْتَغَى الْقَضَاءَ وَسَأَلَ وُكِلَ إِلَى نَفْسِهِ وَمَنْ أُكْرِهَ عَلَيْهِ أَنْزَلَ اللَّهُ عَلَيْهِ مَلَكًا يُسَدِّدُهُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد وَابْن مَاجَه

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે હાકિમ બનવાનું શોધે અને માગે[૧] તેને તેના નફસને સોંપી દેવામાં આવશે.[૨] અને જેને એના માટે મજબૂર કરવામાં આવે તો અલ્લાહ એના પર ફરિશ્તા ઉતારશે જે એને દુરુસ્ત રાખશે.[૩]" (તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

૧. એ રીતે કે અમલી રીતે (કોશિશથી) ક़ાઝી બનવાની કોશિશ કરે, જીભ વડે માગણી કરે, દરખાસ્તો મૂકે. ક़ઝાથી મુરાદ મુત્લક़ન હુકૂમત (સત્તા) છે, સલ્તનત હોય કે બીજી હુકૂમત. (મિક़ાત) માગવાથી મુરાદ છે નફસાની ખ્વાહિશ માટે માગવું, જેવું કે ઘણીવાર વર્ણવવામાં આવી ચૂક્યું. જેથી યૂસુફ عليه السلام નું મિસરના શાહને કહેવું : اجْعَلْنِيْ عَلٰى خَزَآئِنِ الْاَرْضِ (યૂસુફે કહ્યું, મને જમીનના ખજાનાઓ પર કરી દે. સૂ. યૂસુફ, ૧૨/૫૫) આ હુકમથી બહાર છે.

૨. એટલે કે એવા હોદ્દા તથા સત્તાના તલબગારની મદદ અલ્લાહ તઆલા કરશે નહીં. તેને તેના નફસના હવાલે કરી દેશે. અને જાહેર છે કે આપણો નફસ આપણો મોટો દુશ્મન છે જે લા હ़ૌલથી પણ નથી ભાગતો, રમઝાનમાં કેદ નથી થતો.

૩. એટલે કે એવા બેનફ્સ ક़ાઝીની ફરિશ્તાઓ થકી મદદ થતી રહેશે જેનાથી તે જુલ્મ વગેરેથી મેહફૂઝ રહેશે. તિબ્રાનીએ ઉમ્મે સલમાની રિવાયતથી મરફૂઅન નક़લ કર્યું કે જે ક़ઝામાં (ન્યાયમાં) પડેલો હોય તે મુક़દ્દમા દરમિયાન બંને પક્ષ વચ્ચે બરાબરી કરે. જગા આપવામાં, વાત કરવામાં, જોવામાં, ઈશારો કરવામાં. એ જ પ્રમાણે બયહક़ીએ હઝરત ઉમ્મે સલમાથી મરફૂઅન્ રિવાયત કરી.

★ હદીષ : (૫)-૩૭૭૫ ★

وَعَنْ بُرَيْدَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " الْقُضَاةُ ثَلَاثَةٌ: وَاحِدٌ فِي الْجَنَّةِ وَاثْنَانِ فِي النَّارِ فَأَمَّا الَّذِي فِي الْجَنَّةِ فَرَجُلٌ عَرَفَ الْحَقَّ فَقَضَى بِهِ وَرَجُلٌ عَرَفَ الْحَقَّ فَجَارَ فِي الْحُكْمِ فَهُوَ فِي النَّارِ وَرَجُلٌ قَضَى لِلنَّاسِ عَلَى جَهْلٍ فَهُوَ فِي النَّارِ ". رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

"હઝરત બુરૈદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે કાઝી ત્રણ પ્રકારના છે : એક જન્નતમાં અને બે દોઝખમાં. તો જન્નતમાં છે તે તો તે શખ્સ છે જે હક્ક़ને ઓળખે પછી તેનો ફૈંસલો આપે[૧] અને જે શખ્સ હક્ક़ને જાણી લે પણ ફૈંસલામાં જુલ્મ કરે તો તે દોઝખમાં છે[૧] અને તે શખ્સ જે જેહાલત પર લોકોના ફૈંસલા કરે તો તે પણ દોઝખમાં છે.[૩]" (અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

★ જન્નતી ક़ાઝીની ત્રણ ખૂબીઓ ★

૧. જન્નતી ક़ાઝી તે છે જેમાં ત્રણ ખૂબીઓ હોય : શરીઅતના ક़ાયદા ક़ાનૂનોથી સંપૂર્ણપણે આલિમ હોય, ક़ઝા (ન્યાયને લગતા) અહકામથી ખૂબ વાકેફ હોય. તહક़ીક़ાત પછી ફૈંસલો કરે, ફૈંસલામાં જલ્દી ન કરે, હક્ક़ ફૈંસલો કરે, તેને જે હક્ક़ નજર આવે તેનો હુકમ આપે.

૨. કેમ કે એ હાકિમ જાલિમ છે એટલા માટે એ બદતરીન દોઝખી છે. એના કારણે તેનું વર્ણન પહેલાં કરવામાં આવ્યું. તેનો દરજો દોઝખમાં બદતર હશે, અને ત્યાં અધિક રહેવાનું થશે.

★ ફત્વા તથા ફૈંસલાનો ફરક સમજો ★

૩. ક્યાં તો ક़ઝાના (ન્યાયના) શરઈ કાનૂનોની વાકેફ ન હોય, જાહિલ હોય અને ક़ાઝી બની જાય અથવા મુક़દ્દમા (કેસ)નો પ્રકાર, હક્ક़ તથા નાહક્ક़ની તેહક़ીકથી બેખબર હોય અને ફૈંસલો કરી દે. યાદ રાખશો કે ફૈંસલા તથા ફત્વામાં ફરક છે, ફૈંસલામાં બંને પક્ષનો દાવો અને દાવાનો જવાબ સાંભળવો પછી ગવાહી વગેરે લેવી, પછી આધારો તથા નિશાનીઓમાં વિચારણા કરવી જરૂરી છે. મુફ્તીનું એ કામ નથી. ફત્વામાં તો દર્શાવેલ સ્થિતિ પ્રમાણે જવાબ હોય છે. જુઓ, બે ફરિશ્તા માનવ સ્વરૂપમાં દાઉદ عليه السلام ની પાસે આવ્યા. એકે કહ્યું, તેની પાસે ૯૯ ઘેટીઓ છે અને મારી પાસે એક છે તે એક મારી પણ એ લેવા માગે છે. આપે બીજાની પાસેથી દાવાનો જવાબ સાંભળ્યા વિના ફત્વો આપી દીધો. અબૂ સુફ્યાન رضی اللہ عنہ ના પત્ની હિંદા رضی اللہ عنہا એ બારગાહે રિસાલતમાં અર્ઝ કરી કે અબૂ સુફ્યાન બખીલ માણસ છે, મને પૂરો ખર્ચ નથી આપતા તો શું હું તેમના ખિસ્સામાંથી જરૂરત પ્રમાણે કાઢી લીધા કરું ? ફર્માવ્યું, હા. ન અબૂ સુફ્યાને બોલાવ્યા, ન દાવાનો જવાબ લીધો. આ છે ફત્વો. ફૈંસલા તથા ફત્વાનો ફરક ધ્યાનમાં રાખશો.

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે મુસલમાનોનો ક़ાઝી બનવાનું તલબ કરે, ત્યાં સુધી કે તેને પામી લે[૧] પછી તેનો ઈન્સાફ તેના જુલ્મ પર ગાલિબ થાય તો તેના માટે જન્નત છે[૨] અને જેનો જુલ્મ તેના ઈન્સાફ પર ગાલિબ હોય તેના માટે દોઝખ છે.[૩]"
(અબૂ દાઉદ)

★ હદીષ : (૬)-૩૭૩૬ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ طَلَبَ قَضَاءَ الْمُسْلِمِينَ حَتَّى يَنَالَهُ ثُمَّ غَلَبَ عَدْلُهُ جَوْرَهُ فَلَهُ الْجَنَّةُ وَمَنْ غَلَبَ جَوْرُهُ عَدْلَهُ فَلَهُ النَّار» . رَوَاهُ أَبُو دَاوُد

૧. આ હદીષે એ તમામ હદીષોની શરહ કરી આપી જેમનામાં ક़ઝાની બુરાઈઓ વર્ણવવામાં આવી. એટલે ખુદ કોશિશ કરીને ક़ાઝી કે હાકિમ બનનાર.

૨. અદ્લનું જુલ્મ પર ગાલિબ આવવાનો અર્થ એ છે કે હાકિમનો ન્યાય તેના જુલ્મ પર એ પ્રમાણે ગાલિબ આવી જાય અને તેની તબીઅત પર એવો છવાય જાય કે તેને જુલ્મ કરવા ન દે. એ મતલબ નથી કે તે અદ્લ પણ કરતો હોય અને જુલ્મ પણ કરતો હોય પણ અદ્લ વધારે કરતો હોય અને જુલ્મ ઓછો કરતો હોય, કેમ કે એક જુલ્મ પણ જાલિમનો બેડો ગર્ક કરી દેવા માટે પૂરતો છે, જેથી હદીષ બિલ્કુલ સ્પષ્ટ છે એના પર કોઈ વાંધો નથી. (લમ્આત તથા અશિઅતુલ લમ્આત) આ તૌફીક़ તે હાકિમને મળે છે જે હુકૂમતથી નફરત કરતો હોય અને રબની તરફથી તેને હાકિમ બનવું પડે.

૩. જુલ્મનુ અદ્લ પર ગાલિબ થવાની બે સ્થિતિઓ છે : **એક** એ કે જુલ્મ તેની આદત બની જાય. તે કદી ઈન્સાફ કરે જ નહીં. **બીજુ** એ કે જુલ્મ વધારે કરે અને ઈન્સાફ થોડો. આ બંને હાકિમ દોઝખી છે. યાદ રાખશો કે એક જુલ્મ પણ કૈફિયતના લેહાઝથી હજાર ઈન્સાફ પર ગાલિબ છે, ભલે ઓછાપણાના લેહાઝથી ઓછો છે. **એક ટીપુ પેશાબનું આખા કૂવાને નાપાક કરી દે છે.** અહીં જુલ્મના ગલ્બાથી મુરાદ કૈફિયતનો ગલ્બો છે. જેથી એ ખબર

પણ સ્પષ્ટ છે. શરહકર્તાઓએ આ હદીષથી અન્ય ઘણી સ્પષ્ટતાઓ કરી છે, પણ આ ખુલાસો પુખ્તા છે. અમુકે કહ્યું કે અદ્લથી મુરાદ ઈજતેહાદની સેહત (સહીહ હોવું) છે અને જુલ્મથી મુરાદ ઈજતેહાદની ગલતી છે. જે હાકિમનો ઈજતેહાદ તથા ઈસ્તિંબાત અધિકતર કિતાબ તથા સુન્નતની વિરૂધ્ધ થતો હોય, ખૂબ જ ઓછો દુરુસ્ત થતો હોય તે હાકિમ ન બને. જો બનશે અને પોતાના ગલત ઈજતેહાદથી ફૈંસલા કરશે તો દોઝખી થશે. મિર્કાતે એને અગ્રતા આપી છે. એનું સમર્થન અગાઉ વર્ણન પામેલી હદીષથી થઈ રહ્યું છે કે જે હાકિમ જાહિલ થઈને ફૈંસલા કરે તે દોઝખી છે.

★ ફૈંસલા કિતાબ, સુન્નત, ઈજમાઅ તથા ઈજતેહાદથી કરે ★

''હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ જ્યારે તેમને યમન મોકલ્યો[૧] તો ફર્માવ્યું, જ્યારે તમને કોઈ મસ્અલો ઉપસ્થિત તો કેવી રીતે ફૈંસલો કરશો ?[૨] અર્ઝ કરી, કિતાબુલ્લાહથી ફૈંસલો કરીશ. ફર્માવ્યું, જો તમે અલ્લાહની કિતાબમાં ન પામો તો ? અર્ઝ કરી, તો રસૂલુલ્લાહ ﷺ ની સુન્નતથી ફૈંસલો કરીશ[૩] ફર્માવ્યું, જો તમે રસૂલુલ્લાહ ﷺ ની સુન્નતથી પણ ન પામો ?! અર્ઝ કરી, મારી રાય વડે કયાસ કરીશ.[૪] અને ઉણપ વર્તીશ નહીં[૫] ફર્માવે છે, ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ તેમના સીના પર હાથ માર્યો (થપથપાવ્યો) અને ફર્માવ્યું, શુક્ર છે એ અલ્લાહનો જેણે રસૂલુલ્લાહના સહાબીને એવી તૌફીક બખ્શી જેનાથી રસૂલુલ્લાહ ﷺ રાજી છે.[૬]'' (તિર્મિઝી, અબૂ દાઊદ, દારમી)

★ હદીષ : (૭)-૩૭૩૭ ★

وَعَنْ مُعَاذِ بْنِ جَبَلٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَمَّا بَعَثَهُ إِلَى الْيَمين قَالَ: «كَيْفَ تَقْضِي إِذَا عَرَضَ لَكَ قَضَاءٌ؟» قَالَ: أَقْضِي بِكِتَابِ اللَّهِ قَالَ: «فَإِنْ لَمْ تَجِدْ فِي كِتَابِ اللَّهِ؟» قَالَ: فَبِسُنَّةِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «فَإِنْ لَمْ تَجِدْ فِي سُنَّةِ رَسُولِ اللَّهِ؟» قَالَ: أَجْتَهِدُ رَأْيِي وَلَا آلُو قَالَ: فَضَرَبَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى صَدْرِهِ وَقَالَ: «الْحَمْدُ لِلَّهِ الَّذِي وَفَّقَ رَسُولَ رَسُولِ اللَّهِ لِمَا يَرْضَى بِهِ رَسُولُ اللَّهِ» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد والدارمي

૧. ત્યાંનો હાકિમ તથા ક઼ાઝી બનાવીને મોકલ્યા, તો કસોટી રૂપે આ સવાલ કર્યો. એનાથી જાણવા મળ્યું કે હાકિમ તથા ક઼ાઝી બનાવવાનો હક્ક઼ સુલ્તાનને છે. એ પણ જાણવા મળ્યું કે હૂકૂમત તથા ક઼ાઝીનો હોદ્દો સોંપતા પહેલાં તેની પરીક્ષા લેવી સુન્નત છે. આજે પણ ક઼ાનૂન પાસ કર્યા બાદ તથા પરીક્ષા આપ્યા બાદ હાકિમ બનાવવામાં આવે છે એનો માખઝ આ હદીષ છે.

૨. સુબ્હાનલ્લાહ ! કેટલો મુબારક સવાલ છે ! એવું ન ફર્માવ્યું કે જો કિતાબ તથા સુન્નતમાં ન હોય, કેમ કે કુર્આન તથા હદીષમાં સર્વ કાંઈ છે, આપણને મળે કે ન મળે, ન હોવું અલગ છે અને પામવું કાંઈ ઔર છે. સમુદ્રમાં મોતી છે પણ દરેક માણસને નથી મળતાં.

૩. ફૈંસલાનો ક્રમ આ પ્રમાણે છે કે પ્રથમ કુર્આને કરીમથી મસ્અલો કાઢવામાં આવે પણ હદીષ શરીફની રોશનીમાં. જો હદીષ કુર્આને કરીમની વિરૂધ્ધ જણાય છે તો તાવીલ કરીને એ બંનેમાં સામ્યતા કરવામાં આવે. જો સામ્યતા અશક્ય હોય તો જો હદીષ મુતવાતિર હોય અને આયતોના નુઝૂલ પછીની હોય તો આયતને મન્સૂખ માનીને હદીષ પર અમલ કરવામાં આવે, જેમ કે તાઝીમી સજદાની અબાહત (મુબાહ હોવું) કુર્આનથી સાબિત છે, પણ હુર્મત (હરામ હોવું) હદીષથી સાબિત હોય તો હદીષ પર અમલ છે અને તાઝીમી સિજદો હરામ છે. જો આ શર્તો ન હોય તો હદીષ છોડી દેવામાં આવશે અને કુર્આન પર અમલ થશે. જેમ કે કુર્આનથી સાબિત છે કે બાલિગા

છોકરી પોતાના નફસની મુખ્તાર છે, ખુદ નિકાહ કરી શકે છે فَلَا تَعْضُلُوهُنَّ اَنْ يَّنْكِحْنَ اَزْوَاجَهُنَّ (હે ઔરતોના વાલીઓ ! તેણીઓને ન રોકો એનાથી કે પોતાના પતિઓ સાથે નિકાહ કરી લે. સૂ. બકરહ, ૨/૨૩૨) પણ હદીષથી સાબિત છે કે વલી વિના નિકાહ નથી કરી શકતી. ايما امراة نكحت نفسها نكاحها باطل باطل باطل અહનાફે કુર્આન પર અમલ કરીને સ્ત્રીને પોતાના નફસની મુખ્તાર માની. એની સંપૂર્ણ ચર્ચા "જાઅલ હક્ક"માં જુઓ.

૪. એટલે કે જો મને હદીષમાં પણ ન મળે અને હુઝૂર ﷺને પૂછવાનો મોકો પણ ન મળે તો ખુદ પોતાના ઈજતેહાદથી ફૈસલો કરીશ. ઈજમાએ ઉમ્મતનો ઉલ્લેખ એટલા માટે ન કર્યો કે નબવી જમાનામાં ઈજમાઅ અશક્ય છે. કેમ કે એ જમાનામાં મસ્અલો હુઝૂર ﷺને પૂછી શકાતો હોય છે. ક્યાસના માટે નસ (કુર્આન–હદીષથી દલીલ) ન મળવું પૂરતુ છે, પણ ઈજમાઅ માટે નસ ન મળી શકવું જરૂરી છે.

૫. એટલે કે ક્યાસ કરતી વખતે નસ (કુર્આન, હદીષથી દલીલ)થી ઉણપ વર્તીશ નહીં. શરઈ ક્યાસનો અર્થ છે ઈલ્લતે મુશ્તરકાના કારણે મન્સૂસ (કુર્આન હદીષથી સ્પષ્ટપણે પ્રમાણિત) હુકમને ગૈર મન્સૂસમાં જારી કરવો. આપણને કોઈકે પૂછયું કે બાજરી, જવાર, ચાવલમાં વ્યાજ કેવું છે ? આપણે કહ્યું કે ઘઉં તથા જવમાં વ્યાજની મનાઈ હદીષે પાકમાં છે, અને ચાવલ વગેરે પણ ઘઉંની જેમ વજન તથા જાતીમાં એક છે જેથી તેમનામાં પણ વ્યાજ હરામ છે. આ છે ક્યાસ કેવળ રાય (મંતવ્ય) મુરાદ નથી. એની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ જાઅલ હક્ક (ભાગ–૧)માં જુઓ.

૬. હુઝૂરે અન્વર ﷺનું આપના સીના પર હાથ મારવું ક્યાં તો શાબાશી આપવા માટે અથવા પોતાનો ફયઝ આપના સીનામાં પહોંચાડવા માટે છે કે એની બરકતથી રબ તઆલા તેમને ખતાથી બચાવે. એનાથી જાણવા મળ્યું કે **ફક્રીહોના ઈજતેહાદો તથા ક્યાસો બિલ્કુલ હુઝૂર ﷺની મરજી છે. અને એ કે ઈસ્લામના ઉસૂલ કેવળ કુર્આન તથા હદીષ જ નથી બલ્કે મુજતહિદના ક્યાસ પણ છે.** યાદ રાખશો કે ઉસૂલે દીન ચાર ચીજો છે. કુર્આન, સુન્નત, ઈજમાએ ઉમ્મત તથા ક્યાસ. ઈજમાઅ અને ક્યાસની સાબિતી કુર્આને કરીમથી પણ છે. જુઓ અમારી કિતાબ જાઅલ હક્ક.

"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મને રસૂલુલ્લાહ ﷺ એ યમનની તરફ ક્વાઝી બનાવીને મોકલ્યો. મેં અર્ઝ કરી, યા રસૂલુલ્લાહ ! ﷺ આપ મને મોકલો છો, હું તો ઓછી ઉમરનો છું અને ન મને ક્વઝા (ન્યાયાધીશપણા)નો ઈલ્મ છે. [૧] તો ફર્માવ્યું, અલ્લાહ તમારા દિલને હિદાયત આપશે અને તમારી ઝબાનને સાબિત રાખશે[૨] જ્યારે તમારાથી બે માણસો ફૈસલો ચાહે તો પ્રથમના માટે ફૈસલો ન કરશો ત્યાં સુધી કે બીજાની વાત પણ સાંભળી લો[૩] કે એ એના લાયક છે કે તમને ફૈસલો જાહેર થઈ જાય.[૪] ફર્માવે છે, પછી એના પછી મને કોઈ ફૈસલામાં કોઈ અસમંજશ નથી થયું.[૫]" (તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ) અને જનાબ ઉમ્મે સલમાની એ હદીષ إنما أقضى بينكم برأيي ان شاء الله *ફૈસલાઓ તથા ગવાહોના પ્રકારણોમાં વર્ણન કરીશું.[૬]"*

★ હદીષ : (૮)-૩૭૩૮ ★

عَن عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: بَعَثَنِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِلَى الْيَمَنِ قَاضِيًا فَقُلْتُ: يَا رَسُولَ اللَّهِ تُرْسِلُنِي وَأَنَا حَدِيثُ السِّنِّ وَلَا عِلْمَ لِي بِالْقَضَاءِ؟ فَقَالَ: «إِنَّ اللَّهَ سَيَهْدِي قَلْبَكَ وَيُثَبِّتُ لِسَانَكَ إِذَا تَقَاضَى إِلَيْكَ رَجُلَانِ فَلَا تَقْضِ لِلْأَوَّلِ حَتَّى تَسْمَعَ كَلَامَ الْآخَرِ فَإِنَّهُ أَحْرَى أَنْ يَتَبَيَّنَ لَكَ الْقَضَاءُ» . قَالَ: فَمَا شَكَكْتُ فِي قَضَاءٍ بَعْدُ. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَسَنَذْكُرُ حَدِيثَ أُمِّ سَلَمَةَ: «إِنَّمَا أَقْضِي بَيْنَكُمْ برأيي» فِي بَابِ «الْأَقْضِيَةِ وَالشَّهَادَاتِ» إِنْ شَاءَ اللَّهُ تَعَالَى

★ હઝરત અલી رضی اللہ عنہ જેવો ક़ાઝી તથા હાકિમ નથી થયો ★

૧. એટલે મને ક़ાઝીપણાનો અનુભવ જ નથી. ઈલ્મથી મુરાદ અનુભવ છે. નહીં તો હઝરત અલી رضی اللہ عنہ ને હક્ક़ તઆલાએ તે ઈલ્મ અતા કર્યો હતો જેનું દૃષ્ટાંત નથી, અને એ અરજ કરવાનો મક़સદ હુઝૂર ﷺથી મદદ માગવું છે કે હુઝૂર ! મારા પર આ બોજ રાખી તો રહ્યા છો પણ મારી મદદ પણ કરો, જેવી રીતે મૂસા عليه السلام એ અર્ઝ કર્યું હતું, ખુદાયા ! અમને ફિરઔનથી ખૌફ છે કે તે અમારા પર ઝિયાદતી (જુલ્મ જોર) કરશે. આમાં જવાથી ઈન્કાર નથી પણ મદદની તલબ છે.

૨. એટલે કે અમારા ફયઝથી તમારા દિલને ગલતફહમીથી અને તમારી ઝબાનને ગલત ફૈસલો સંભળાવવાથી મેહફૂઝ રાખશે. એ જ કરમની અસર એ થઈ કે હઝરત અલી رضی اللہ عنہ જેવો ક़ાઝી તથા હાકિમ નથી થયો. જાણવા મળ્યું કે હુઝૂર ﷺની નિગાહે કરમથી ઈલ્મ, હિકમત, ક़ઝા સર્વ એકદમ મળી જાય છે. આ મદ્રસામાં એક પળમાં ફારિગુત્તહસીલ કરી દેવામાં આવે છે.

૩. પ્રથમ (ઉલા)થી મુરાદ મુદ્દઈ દાવેદાર (વાદી) છે અને ષાની (બીજા)થી મુરાદ મુદ્દઈ અલૈહ (પ્રતિવાદી) બંને તમારી અદાલતમાં હાજર થાય અને વાદી દાવો રજૂ કરે તો પ્રતિવાદીને સાંભળ્યા વિના ફૈસલો ન કરો કે બંનેનું નિવેદન સાંભળ્યા વિના હક્ક़ તથા બાતિલ (ગલત) જાહેર નથી થઈ શકતું. યાદ રાખશો કે જો પ્રતિવાદી (સામેવાળો) કોર્ટમાં હાજર ન થાય પણ શહેરમાં કે અન્ય સ્થળે મૌજૂદ હોય તો તેને સમન્સ થકી હાજર કરવામાં આવે. જો ગાયબ હોય, પતો ન હોય તો જરૂરતના સમયે ગાયબના વિરૂધ્ધ ક़ઝા (ફૈસલો કરવો) જાઈઝ છે. જેમ કે **ગાયબ લાપતા શખ્સની પત્ની ખર્ચાનો દાવો કરે તો હાકિમ ખર્ચાનો ફૈસલો કરી શકે છે અને ખર્ચો અશક્ય હોવાની સ્થિતિમાં નિકાહ ફસ્ખ (ફોગ) કરી શકે છે.** હઝરત ઈમામ અહમદ બિન હંબલને ત્યાં, અહનાહને ત્યાં પણ. અમુક ફક़ીહોની નજીક ક़ઝા અલલ ગાઈબ (ગાયબ પ્રતિવાદીનો ફૈસલો) જરૂરત પૂરતો જાઈઝ છે. *(શામી બાબુન્નફક़ા)*

૪. બંને પક્ષોની હાજરી તથા બંનેની વાત સાંભળવી ક़ઝા એટલે ફૈસલામાં જરૂરી છે, ફત્વામાં જરૂરી નથી. કેમ કે ફત્વો વર્ણવેલ સ્થિતિને અનુરૂપ જવાબ હોય છે કે વર્ણન પ્રમાણે શરીઅતનો આ હુકમ છે. હુઝૂર ﷺએ કેવળ હિંદાનું બયાન સાંભળીને અબૂ સુફયાનની વિરૂધ્ધ ફત્વો આપી દીધો. દાઉદ عليه السلام એ કેવળ એકનું બયાન સંભળીને બીજાનું બયાન લીધા વિના ફત્વો આપી દીધો. જુઓ કુર્આને કરીમ સૂરએ સાદ. આ છે ફત્વો.

૫. એટલે કે હુઝૂર ﷺના આ ફર્માન અને ફયઝાનના પછી હું કદી કોઈ ફૈસલામાં અટકયો નથી અને ન મેં ગલત ફૈસલો કર્યો. આ હતો ફયઝાને નબુવ્વત ! હઝરત ઉમર رضی اللہ عنہ ફર્માવે છે : علی اقضنا وابن ابی کعب اقرؤنا ''અમારા સૌમાં બેહતરીન કાઝી અલી છે અને બેહતરીન ક़ારી ઉબય ઈબ્ને કઅબ છે. *(મિર્ક़ાત)*

૬. એટલે કે એ હદીષ મસાબીહમાં આ જ જગાએ હતી પણ મેં મુનાસિબતના લેહાઝથી અહીંના બદલે ત્યાં વર્ણન કરી.

(વિભાગ : 3) الفصل الثالث

★ જાલિમ હાકિમ ૪૦ વરસ સુધી જહન્નમના ખાડામાં પડતો રહેશે ★

★ હદીષ : (૯)-૩૭૩૯ ★
عَنْ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ કે નથી કોઈ હાકિમ[૧] જે લોકોની વચ્ચે ફૈસલા કરે પણ

اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَا مِنْ حَاكِمٍ يَحْكُمُ بَيْنَ النَّاسِ إِلَّا جَاءَ يَوْمَ الْقِيَامَةِ وَمَلَكٌ آخِذٌ بِقَفَاهُ ثُمَّ يَرْفَعُ رَأْسَهُ إِلَى السَّمَاءِ فَإِنْ قَالَ: أَلْقِهْ أَلْقَاهُ فِي مَهْوَاةٍ أَرْبَعِينَ خَرِيفًا ". رَوَاهُ أَحْمَدُ وَابْنُ مَاجَهْ والْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَان

કયામતના દિવસે એ હાલતમાં આવશે કે ફરિશ્તા તેની બોચી પકડેલ હશે પછી તેનું માથુ આસ્માન સુધી ઉઠાવી લેશે[૨] તો જો રબ ફર્માવી દે કે એને ફેંકી દે તો તે તેને હલાકત (બર્બાદી)ની જગાએ ફેંકી દેશે.[૩] ચાલીસ વરસનો માર્ગ.[૪]"

(અહમદ, ઈબ્ને માજહ, બયહકી, શોઅબુલ ઈમાન)

૧. હાકિમથી મુરાદ જાલિમ હાકિમ છે જેવું કે આગલા વર્ણનથી સ્પષ્ટ છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે દરેક હાકિમ મુરાદ છે, ચાહે આદિલ હોય કે જાલિમ.

૨. જો હાકિમથી જાલિમ મુરાદ છે તો رأسه ની ઝમીર હાકિમની તરફ છે. એટલે તેની ગરદન પકડીને તેનું માથુ ઉપરની બાજુ ઉઠાવશે. જેવું કે મુજરિમો સાથે કરવામાં આવે છે અને જો દરેક હાકિમ મુરાદ છે તો رأسه ની ઝમીર ફરિશ્તાની તરફ છે, એટલે કે હુકમની રાહ જોવા માટે ફરિશ્તો પોતાનું માથુ ઉપરની તરફ ઉઠાવશે કે મને શું હુકમ મળે છે.

૩. مهواة એ هواء થી બન્યું છે અર્થ અવકાશ, વાતાવરણ. مهواة નો અર્થ થયો વાતાવરણ તથા હવાની જગાએ. એટલે તબાહીની જગા. એનાથી મુરાદ જહન્નમનો ઊંડો ખાડો છે જેની ઊંડાઈ રબ તઆલા જ જાણે છે.

૪. "ખરીફ" (ગ્રીષ્મ ઋતુ) વરસની ખાસ ઋતુ (મોસમ)નું નામ છે જે ઠંડી તથા ગરમીની દરમિયાન હોય છે. રબીઅનું વિરૂધ્ધાર્થી. એનાથી મુરાદ સાલ છે. જુઝ (ભાગ) બોલીને કુલ મુરાદ છે. જેમ કે رأسه એટલે કે માથુ બોલીને માણસ મુરાદ લેવામાં આવે છે. "ખરીફ" વરસમાં એક જ વાર આવે છે. એટલે કે એવા ઊંડા ખાડામાં ફેંકે છે કે જાલિમ હાકિમ કિનારાથી પડીને ચાલીસ વરસમાં તેના તળીયા સુધી પહોંચે છે. ખુદાની પનાહ ! અને હાકિમ આદિલ છે તો તેના વિશે ઈર્શાદ થાય છે કે તેને જન્નતમાં પહોંચાડી દે, તો તેને આ'લા મકામ (ઉચ્ચ સ્થાન) પર પહોંચાડી દેવામાં આવે છે. પ્રથમ અર્થ અધિક જાહેર છે કે બોચી પકડવું જાલિમના માટે જ હશે. આદિલ હાકિમ તો નૂરના મિમ્બર પર હશે, જેવું કે પહેલાં વર્ણન થઈ ચૂક્યું.

★ જાલિમ હાકિમની કયામતમાં શું હાલત થશે ?! ★

★ હદીષ : (૧૦)-૩૭૪૦ ★

وَعَنْ عَائِشَةَ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَيَأْتِيَنَّ عَلَى الْقَاضِي الْعَدْلِ يومُ القيامةِ يَتَمَنَّى أَنَّهُ لَمْ يَقْضِ بَيْنَ اثْنَيْنِ فِي تَمْرَة قطّ» . رَوَاهُ أَحْمد

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. તે રસૂલુલ્લાહ ﷺ થી રાવી. ફર્માવે છે કે આદિલ (ન્યાયી) કાઝી પર કયામતના દિવસે તે સમય આવશે[૧] કે તે આરઝૂ કરશે કે તેણે કદાપિ બે શખ્સોની વચ્ચે એક ખારેકના બારામાં ફૈસલો ન કર્યો હોત.[૨]" (અહમદ)

૧. يوم القيامة અથવા તો ليأتين નો ફાઈલ (કર્તા) છે અને يوم મરફૂઅ તથા يتمنى હાલ. એટલે આદિલ હાકિમ પર કયામતનો દિવસ એ હાલતમાં આવશે કે તે હાકિમ આવી આરઝૂ કરશે. અથવા ليأتين નો ફાઈલ છુપો છે وقت, અથવા بلاء وآفة અને يوم القيامة ઝરફ છે મન્સૂબ અને يتمنى આ છુપા ફાઈલનો હાલ. એટલે કયામતના દિવસે આદિલ હાકિમ પર એવી ઘડી અથવા આફત આવી જશે કે તે આવી આરઝૂ કરશે. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં يوم القيامة થી પહેલાં ساعة છે. એ ઘડી કયામતનો શરૂ સમય હશે જ્યારે કે અંબિયાએ કિરામ

હઝરાત નફસી નફસી ફર્માવશે જ્યારે હક્ક તઆલાના અદ્લનો ઝહૂર થશે. પછી શફાઅતનો દરવાજો જ્યારે હુઝૂર ﷺના હાથથી ખુલી જશે ત્યારે રબ તઆલાના ફઝ્લના ઝહૂરનો સમય થશે. **જ્યારે નાના મૃત્યુ પામેલ બાળકો પણ નાઝ કરીને પોતાનાં માબાપની શફાઅતના માટે રબ તઆલાથી ઝઘડશે.** આદિલનું વર્ણન અતિશયોક્તિ (મુબાલેગા) માટે છે કે જ્યારે આદિલ તથા ન્યાયપ્રિય હાકિમોના ખૌફનો આ આલમ હશે તો જાલિમ હાકિમોનું પૂછવુ જ શું ? તેમનો હાલ તો વર્ણનમાં આવી શકતો જ નથી.

૨. આદિલ હાકિમોની આ આરઝૂ (તમન્ના) એ હિસાબમાં વ્યસ્તતા તથા લાંબા હિસાબના કારણે હશે જે તેમને અદ્લ તથા હુકૂમતના હિસાબો આપવામાં ઉપસ્થિત થશે. તેઓ જોશે કે અન્ય લોકો મામૂલી હિસાબ આપીને જન્નતમાં ચાલ્યા ગયા અને અમે હજી હિસાબમાં જ ઉલ્ઝેલા છીએ. જેમ કે હદીષ શરીફમાં છે કે મારી ઉમ્મતના અવલિયા પર પાછલા અંબિયાએ કિરામ રશ્ક કરશે. એટલે તેમની બેફિક્રી (નચિંતપણુ), આઝાદી જોઈને. જેમ કે ગરીબોની આઝાદીપૂર્ણ જિંદગી જોઈને બાદશાહ રશ્ક કરે. કુર્આને કરીમે ફર્માવ્યું : اَلَآ اِنَّ اَوْلِيَآءَ اللّٰهِ لَا خَوْفٌ عَلَيْهِمْ وَلَا هُمْ يَحْزَنُوْنَ (સાંભળી લો ! બેશક ! અલ્લાહના વલીઓ પર ન કોઈ ખૌફ છે ન કાંઈ ગમ. સૂ. યૂનુસ, ૧૦/૬૨) અહીં "અંબિયા અલ્લાહ" ન ઈર્શાદ થયું, શાથી ? એટલા માટે કયામતના દિવસે રંજ તથા ખૌફ તથા ફિકરથી આઝાદી કેવળ અવલિયા અલ્લાહને હાંસલ થશે. રહ્યા અંબિયાએ કિરામ હઝરાત, તેમને જહાનનો ગમ હશે, એટલે આખી ઉમ્મતની ફિકર, અને આપણા જેવા ગુનેહગારોને આપણા પોતાની ફિકર હશે. યાદ રાખશો કે આ ફર્માને આલી તે આદિલ હાકિમોના માટે છે જેમનો હિસાબ થાય. જે હિસાબ વિના જન્નતી હોય તે આ હુકમથી બહાર છે. જેમ કે હઝરત સુલૈમાન તથા દાઊદ عليهما السلام અથવા હઝરાત ખુલફાએ રાશિદીન. જેથી હદીષ સ્પષ્ટ તથા સાફ છે.

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉબય અવફી[૧] થી રિવાયત છે ફર્માવે છે, ફર્માવ્યું રસૂલુલ્લાહ ﷺ એ કે કાઝીની સાથે અલ્લાહ તઆલા હોય છે જ્યાં સુધી કે તે જુલ્મ ન કરે.[૨] પછી જ્યારે તે જુલ્મ કરે છે તો તેનાથી અલગ થઈ જાય છે[૩] અને તેને શૈતાન ચિપકી જાય છે[૪]" (તિર્મિઝી, ઈબ્ને માજહ) અને ઈબ્ને માજહની એક રિવાયતમાં આ પ્રમાણે છે કે તે જ્યારે જુલ્મ કરે છે તો રબ તેને નફ્સને સુપ્રત કરી દે છે.[૫]"

★ હદીષ : (૧૧)-૩૭૪૧ ★

وَعَنْ عَبْدُ اللَّهِ بْنِ أَبِي أَوْفَى قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ اللَّهَ مَعَ الْقَاضِي مَا لَمْ يَجُرْ فَإِذَا جَارَ تَخَلَّى عَنْهُ وَلَزِمَهُ الشَّيْطَانُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَفِي رِوَايَةٍ: «فَإِذَا جارَ وَكله إِلَى نَفسه»

૧. આપ અબ્દુલ્લાહ ઈબ્ને ઉનીસ જહની અન્સારી છે. ઉનીસની કુન્નિયત અબૂ અવફા છે. બાપ બેટા બંને સહાબી છે. ગઝવએ ઓહદ, હુદૈબિયા અને તમામ ગઝવાતમાં શરીક થયા. હમેશાં મદીના મુનવ્વરામાં રહ્યા. હુઝૂર ﷺની વફાત પછી કૂફામાં વસવાટ રહ્યો. હઝરત ઉનીસ અયની, અબૂ અવફાની વફાત મદીના મુનવ્વરામાં હિ.સ. ૫૪માં થઈ. (મિર્કાત) પણ અબ્દુલ્લાહ ઈબ્ને અબી અવફાની વફાત કૂફામાં હિ.સ. ૮૭માં થઈ. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી અવફા એ સહાબીઓમાંથી છે જેમનાથી હઝરત ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ એ મુલાકાત કરી છે, કેમ કે આપની વફાતના સમયે ઈમામે આ'ઝમની ઉમર સાત વરસની હતી અને કૂફામાં એ સહાબીઓ વસેલા હતા જે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નું વતન છે. *(અશિઅતુલ લમ્આત)*

૨. એટલે કે અલ્લાહ તઆલા પોતાની રહમત તથા મદદની સાથે આદિલ હાકિમની સાથે હોય છે.

૩. એટલે કે જેઓ જુલ્મ કરે છે તેમનાથી તેની રહમત તથા મદદ અલગ થઈ જાય છે. એક રિવાયતમાં છે : تبرأ الله عنه રબ તઆલા તેનાથી બેઝાર થઈ જાય છે.

૪. શૈતાનથી મુરાદ ખાસ શૈતાન છે જે જુલ્મ કરાવ્યા કરે છે, નહીં તો ક़રીન શૈતાન તો હમેશાં એ માણસની સાથે રહે છે જેની સાથે પેદા થયો છે. એટલે કે પછી ખાસ જુલ્મ તથા ફસાદ કરાવનારો શૈતાન એ જાલિમ હાકિમનો સાથી બની જાય છે, પછી એ જાલિમની દોર એ શૈતાનના હાથમાં હોય છે. તો સમજી લો કે પછી એ શૈતાન શું શું હરકતો નહીં કરે.

★ નફ્સે અમ્મારા શૈતાન કરતાં વધુ ખતરનાક ★

૫. એટલે કે પછી જાલિમ હાકિમને તેના નફસે અમ્મારાને સુપ્રત કરી દેવામાં આવે છે. યાદ રાખશો કે **આપણો નફસે અમ્મારા શૈતાન કરતાં વધુ ખતરનાક છે** કે નફ્સ બાદશાહ છે અને શૈતાન તેનો વઝીર તથા સલાહકાર. ونعوذ بالله من شرور انفسنا

★ ફારૂકી ન્યાયમાં પોતાના પારકાનો લેહાઝ નથી ★

''હઝરત સઈદ ઈબ્ને મુસૈયબથી રિવાયત છે કે એક મુસલમાન તથા એક યહૂદી હઝરત ઉમરની પાસે મુક़દમો લઈ ગયા.[૧] તો આપે હક્ક़ યહૂદીનું જોયું તો તેના હક્ક़માં ફૈસલો આપી દીધો.[૨] એના પર આપને યહૂદી બોલ્યો, અલ્લાહની ક़સમ ! યક़ીનન ! આપે હક્ક़ ફૈસલો કર્યો[૩] તેને હઝરત ઉમરે કોરડા વડે માર્યો[૪] અને ફર્માવ્યું, તને એ કેવી રીતે ખબર પડી ? તો યહૂદીએ અર્ઝ કરી, અલ્લાહની ક़સમ ! અમે તૌરાતમાં જોઈએ છીએ કે એવો કોઈ ક़ાઝી નથી હક્ક़થી ફૈસલો કરે પણ એક ફરિશતો તેની જમણે હોય છે, એક ફરિશતો તેની ડાબી બાજુ હોય છે એ બંનેવ તેને ઠીક રાખે છે અને તેને હક્ક़ની તૌફીક़ આપે છે[૫] જ્યાં સુધી તે હક્ક़ની સાથે રહે. પછી જ્યારે હક્ક़ને છોડી આપે છે તો તે બંનેવ ચીડાય જાય છે અને તેને છોડી જાય છે.[૬]'' (માલિક)

★ હદીષ : (૧૨)-૩૭૪૨ ★

وَعَنْ سَعِيدِ بْنِ الْمُسَيَّبِ: أَنَّ مُسْلِمًا وَيَهُودِيًّا اخْتَصَمَا إِلَى عُمَرَ فَرَأَى الْحَقَّ لِلْيَهُودِيِّ فَقَضَى لَهُ عُمَرُ بِهِ فَقَالَ لَهُ الْيَهُودِيُّ: وَاللَّهِ لَقَدْ قَضَيْتَ بِالْحَقِّ فَضَرَبَهُ عُمَرُ بِالدِّرَّةِ وَقَالَ: وَمَا يُدْرِيكَ؟ فَقَالَ الْيَهُودِيُّ: وَاللَّهِ إِنَّا نَجِدُ فِي التَّوْرَاةِ أَنَّهُ لَيْسَ قَاضٍ يَقْضِي بِالْحَقِّ إِلَّا كَانَ عَنْ يَمِينِهِ مَلَكٌ وَعَنْ شِمَالِهِ مَلَكٌ يُسَدِّدَانِهِ وَيُوَفِّقَانِهِ لِلْحَقِّ مَا دَامَ مَعَ الْحَقِّ فَإِذَا تركَ الحقَّ عرَجا وتركَاهُ. رَوَاهُ مَالك

૧. આ મુક़દ્દસો (કેસ) હઝરત સઈદ ઈબ્ને મુસૈયબે પોતે જાતે જોયો, કેમ કે આપ તાબઈનમાંથી છે. હઝરત ઉમર رضی اللہ عنہ ને આપે જોયા છે.

★ હક્ક़ ફૈસલા પર યહૂદી મુસલમાન થઈ ગયો ★

૨. આ છે ફારૂક़ી ન્યાય કે અદાલતમાં પોતાના પારકાનો લેહાઝ નથી. એનો હુકમ કુર્આને કરીમે આપ્યો છે. ખિલાફતે હૈદરીના દૌરમાં એકવાર ક़ાઝી શુરૈહની અદાલતથી હઝરત અલી رضی اللہ عنہ ની વિરૂધ્ધ એક યહૂદીને મુક़દ્દમામાં ડિગ્રી મળી ગઈ, જો કે ક़ાઝી શુરૈહ હઝરત અલી رضی اللہ عنہ ના મુલાઝિમ હતા, તેના પર યહૂદી મુસલમાન થઈ ગયો

અને જંગે સિફ્ફીનમાં હઝરત અલી رضی اللہ عنہ ની ફોજમાં મૃત્યુ પામ્યો. *(નૂરુલ અન્વાર)*

૩. એટલે કે ફૈંસલો હક્ક તથા ઈન્સાફથી કર્યો અથવા હક્ક તઆલાની મદદથી આપે આવો અદ્લવાળો ફૈંસલો કર્યો. એવો ફૈંસલો કોઈ શખ્સ પોતાની શક્તિ વડે નથી કરી શકતો. બીજો અર્થ અધિક યોગ્ય છે.

૪. કોરડો મારવાથી મુરાદ તેને કોરડા વડે સ્પર્શવું છે. ક્યારેક કોઈની સાથે વાત કરતી વખતે તેને હાથ કે લાકડી વડે સ્પર્શવામાં આવે છે, ઈજા પહોંચાડનારી માર મુરાદ નથી. *(અશિઅ્હ)*

૫. આ જવાબનો મક્સદ એ છે કે, અમીરુલ મો'મિનીન ! આપે આ ફૈંસલો તે બે ફરિશ્તાઓની મદદથી કર્યો છે જે આપની જમણે ડાબે મદદના માટે છે. જો તેમની મદદ ન હોત તો આપ મુસલમાનના ફેવરમાં અને મારી વિરૂધ્ધ ફૈંસલો કરત. કેમ કે મુસલમાન તમારો પોતાનો હતો અને હું પરાયો હતો. આપ હક્ક હાકિમ છો જેથી જવાબ સવાલ તદ્દન મુતાબિક્ છે. (મિર્કાત) એનાથી બે મસ્અલા માલૂમ પડયા : એક એ કે નિયુક્ત થયેલા ફરિશ્તા મદદ કરે છે. બીજુ એ કે આ બંને ફરિશ્તા હાકિમને ખૈરની તૌફીક્ આપે છે. જેથી આપણે કહી શકીએ છીએ કે હુઝૂર ﷺ આપણી મદદ કરે છે, આપણને ભલાઈની તૌફીક્ આપે છે.

૬. અને એ જાલિમને તેના નફ્સ તથા શૈતાનને સુપ્રત કરી જાય છે. જાણવા મળ્યું કે **અલ્લાહના મક્બૂલોનું કોઈને છોડી આપવું એ અલ્લાહનો અઝાબ છે.** જો ડોલને કૂવામાં રસ્સી છોડી આપે છે તો ડોલ પાણી લાવવાના બદલે ખુદ કીચડમાં ફસાય જાય છે. અલ્લાહ તઆલા હમેશાં પોતાના મક્બૂલોના સાયામાં રાખે. એ પણ જાણવા મળ્યું કે **આપણી બદકારીઓ, કુકર્મો એ અલ્લાહના બંદાઓની મદદ જતી રહેવાનો સબબ છે, નહીં તો તે હઝરાત વિના કારણે કોઈ છોડી નથી મૂકતા, તેઓ તો છેવટ સુધી નિભાવ કરે છે.** મેં બારગાહે રિસાલતમાં અર્ઝ કરી :

અચ્છોંકા ઝમાના સાથી હૈ, મૈં બદ હૂં મુઝકો નિબાહો તુમ–કહલાકે તુમ્હારા જાઊં કહા, બેકસકી કહાં શુનવાઈ હૈ

★ **હદીષ : (૧૩)-૩૭૪૩** ★

وَعَنِ ابْنِ مَوْهَبٍ: أَنَّ عُثْمَانَ بْنِ عَفَّانَ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ لِابْنِ عُمَرَ: اقْضِ بَين النَّاس قَالَ: أَو تعاقبني يَا أَمِيرَ الْمُؤْمِنِينَ؟ قَالَ: وَمَا تَكْرَهُ مِنْ ذَلِك وَقد كَانَ أَبوك قَاضِيا؟ قَالَ: لِأَنِّى سَمِعْتُ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ كَانَ قَاضِيًا فَقَضَى بِالْعَدْلِ فَبِالْحَرِيِّ أَنْ يَنْقَلِبَ مِنْهُ كَفَافًا» . فَمَا راجعه بعدَ ذَلِك. رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત ઈબ્ને મવહબથી[૧] રિવાયત છે કે હઝરત ઉષ્માન ઈબ્ને અફ્ફાને જનાબ ઈબ્ને ઉમરને ફર્માવ્યું કે તમે લોકોની દરમિયાન ફૈંસલા કર્યા કરો[૨] આપે અર્ઝ કરી, હે અમીરુલ મો'મિનીન ! મને માફ રાખશો[૩] ફર્માવ્યું, તમે એનાથી નફરત શા માટે કરો છો જ્યારે કે તમારા પિતા ફૈંસલા કર્યા કરતા હતા.[૪] અર્ઝ કરી, એટલા માટે કે મૈં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે જે કાઝી હોય પછી ઈન્સાફથી ફૈંસલા કરે તો એના લાયક છે કે તેનાથી બરાબર બરાબર[૫] પલ્ટે. ત્યાર બાદ હઝરત ઉષ્માને બીજીવાર ન ફર્માવ્યું.[૬]'' (તિર્મિઝી)

૧. આપનું નામ અબ્દુલ્લાહ ઈબ્ને મવહબ છે. તાબઈ છે. હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ના જમાનામાં તેમના તરફથી પેલેસ્ટાઈનના હાકિમ હતા. તક્વા તથા પાકીમાં મશહૂર હતા. *(અશિઅ્હ)*

૨. એટલે કે ઉષ્માનિયા હુકૂમતની તરફથી કાઝીયુલ કુઝાતનો (મુખ્ય જજ)નો હોદ્દો કબૂલ કરી લો.

૩. આ સવાલ મહેરબાની તલબ કરવા માટે છે, એટલે કે શું હું આપના લુત્ફો કરમ (મહેરબાની)થી એ ઉમ્મીદ કરું કે આપ મને એ હોદ્દાથી માફ રાખો ?! અલ્લાહુ અકબર ! આજે આપણે હોદ્દા શોધીએ છીએ અને એ હઝરતને હોદ્દા શોધતા હતા.

بہ بیں تفاوت راہ کجا است تابہ کجا

૪. એટલે કે આપના પિતા હઝરત ઉમર رضی اللہ عنہ રિસાલતના જમાના અને સિદ્દીકી યુગમાં પણ લોકોમાં ફૈસલા કર્યા કરતા હતા, ખલીફા તો બાદમાં બન્યા. તો પછી તમે ક़ાઝા (ન્યાયાધીનશના હોદ્દા)થી શા માટે નફરત કરો છો ?

૫. حری બરવઝને ફઈલ સિફતે મુશબહ છે. حری અર્થ : લાયક હોવું. બે ઝાઈદા છે અને بالحری મુબ્તદા છે અને ان ینقلب એની ખબર. અમુક નુસ્ખાઓમાં حریٰ હેના ઝબરથી અલિફ મકસૂરા છે મસ્દર, ત્યારે આ ખબર મુક़દ્દમ છે. અને બાદની ઈબારત મુબ્તદા મોઅખ્ખર. બંનેવ તરકીબોનો અર્થ એક જ છે. (લમ્આત) كفافًا કાફના ઝબરથી كف નો મસ્દર كفاف નો શાબ્દિક અર્થ છે બરાબર, કે ન બાળકો ન વૃધ્ધ. જેમ કે કહે છે لا لی ولا علی આ ينقلب ફાઈલથી હાલ છે. શક્ય છે કે مكفوف ના અર્થમાં હોય, એટલે તેની બુરાઈથી બચાવવામાં આવેલો એટલે કે આદિલ તથા ન્યાયપ્રિય ક़ાઝીના માટે એ જ ગનીમત છે કે કાલે ક़યામતમાં તેનો છૂટકારો થઈ જાય કે ન પકડ થાય ન સવાબ મળે. જ્યારે આદિલ ક़ાઝીનો આ હાલ છે જે ક़ાઝી (ન્યાયાધીશ) એવો હોય કે "કાઝી બરિશ્વત રાઝી" (લાંચિયો) તો તેનો શું હાલ થશે ?! યાદ રાખશો કે હુઝૂર ﷺના આ ફર્માને આલીમાં તે ક़ાઝી (ન્યાયાધીશ) મુરાદ છે જે પોતાની કોશિશ વડે ન્યાયાધીશનો હોદ્દો હાંસલ કરે. જેથી આ હદીષ પાછલી તે હદીષોની વિરૂધ્ધ નથી જેમાં આદિલ ક़ાઝીના ફઝાઈલ વર્ણન થયા કે તેની ઈજતેહાદી ગલતી પર તેને એક સવાબ છે અને દુરુસ્તી (સહીહ હોવા) પર ડબલ સવાલ છે. આ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની અતિશય કક્ષાની સાવધાની છે કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ની રજૂ કરેલ ક़ાઝા (ન્યાયાધીશના હોદ્દા)ને પણ ક़બૂલ નથી કરતા અને આ ફર્માને અલીને પોતાના જેવા બેનફ્સ, મુત્તક़ી હસ્તી પર ફીટ કરે છે. ફત્વો અલગ છે અને તક़વો કાંઈ અલગ !

૬. એટલે કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ એ પછી જનાબ અબ્દુલ્લાહ પર ક़ાઝીનો હોદ્દો કબૂલ કરવા દબાણ ન કર્યું. યાદ રાખશો કે ક़ાઝીનો હોદ્દો તલબ કરવો તેના માટે ગુનોહ હતુ અને ઈન્સાફ કરવો સવાબ. તો મતલબ એ થયો કે એવો તાલિબે જાહ (હોદ્દાનો તલબગાર) ક़ાઝી જો અદ્લો ઈન્સાફ કરે અને એ અદ્લો ઈન્સાફ તેના ક़ાઝીનો હોદ્દો તલબ કરવાના ગુનાહનો કફ્ફારો જ બની જાય તો પણ ગનીમત છે, જેથી હદીષ સ્પષ્ટ છે.

★ હદીષ : (૧૪)-૩૭૪૪ ★
وَفِي رِوَايَةِ رَزِينٍ عَنْ نَافِعٍ أَنَّ ابْنَ عُمَرَ قَالَ لِعُثْمَانَ: يَا أَمِيرَ الْمُؤْمِنِينَ لَا أَقْضِي بَيْنَ رَجُلَيْنِ: قَالَ: فَإِنَّ أَبَاكَ كَانَ يَقْضِي فَقَالَ: إِنَّ أَبِي لَوْ أُشْكِلَ عَلَيْهِ شَيْءٌ سَأَلَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَلَوْ أُشْكِلَ عَلَى

''અને રઝીનની રિવાયત હઝરત નાફેઅથી, તેમની રિવાયત ઈબ્ને ઉમરથી, કે તેમણે હઝરત ઉષ્માનને કહ્યું, હે અમીરુલ અમીરુલ મો'મિનીન ! હું તો બે શખ્સોની વચ્ચે ફૈસલો કરીશ નહીં[૧] ફર્માવ્યું, તમારા પિતા તો ફૈસલો કર્યા કરતા હતા. તો અર્ઝ કરી કે મારા પિતા પર કોઈ મુશ્કેલી થતી તો તે રસૂલુલ્લાહ

رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَلَوْ أُشْكِلَ عَلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ شَيْءٌ سَأَلَ جِبْرِيلَ عَلَيْهِ السَّلَامُ وَإِنِّي لَا أَجِدُ مَنْ أَسْأَلُهُ وَسَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ عَاذَ بِاللَّهِ فَقَدْ عَاذَ بِعَظِيمٍ» . وَسَمِعْتُهُ يَقُولُ: «مَنْ عَاذَ بِاللَّهِ فَأَعِيذُوهُ» . وَإِنِّي أَعُوذُ بِاللَّهِ أَنْ تَجْعَلَنِي قَاضِيًا فَأَعْفَاهُ وَقَالَ: لَا تُخْبِرْ أَحَدًا

ﷺ ને પૂછી લેતા હતા[૨] અને જો રસૂલુલ્લાહ ﷺ પર કોઈ ચીજ મુશ્કેલ બનતી તો તે જિબ્રઈલ عليه السلام ને પૂછી લેતા હતા[૩] અને હું તેને નથી પામતો જેને પૂછું[૪] અને મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે જે અલ્લાહની પનાહ માગે તેને પનાહ આપી દો અને હું અલ્લાહની પનાહ માગુ છું એનાથી કે આપ મને કાઝી (ન્યાયાધીશ) બનાવો[૫] જેથી આપે તેમને માફ કરી દીધા અને ફર્માવ્યું, કોઈને ખબર ન આપતા.[૬]"

૧. એટલે કે આમ કાઝી બનવું તો બહુ જ દૂરની વાત છે, હું તો પંચ બનવા પણ તૈયાર નથી. આપનું આ ફર્માન હઝરત ઉષ્માન ગની رضی الله عنه ના આ ફર્માનના જવાબમાં છે જે હમણા વર્ણન થયું.

૨. એનાથી જાણવા મળી રહ્યું છે કે હઝરત ઉમર رضی الله عنه નબવી યુગમાં હુઝૂરે અન્વર ﷺ ની તરફથી કાઝી અથવા પંચ મુકર્રર થતા હતા. અહીં તે કઝા મુરાદ છે.

૩. એ રીતે કે આપ હઝરત જિબ્રઈલ عليه السلام થી પૂછતા અને હઝરત જિબ્રઈલ عليه السلام રબ તઆલાથી પૂછીને બતાવતા હતા. જેથી એનાથી એ લાઝિમ નથી થતુ કે હુઝૂર ﷺ કરતાં હઝરત જિબ્રઈલ عليه السلام નો ઈલ્મ વધારે હતો. સર્વ ફરિશ્તાઓ કરતાં હઝરત આદમ عليه السلام નો ઈલ્મ વધારે હતો. રબ તઆલા ફર્માવે છે : وَعَلَّمَ اٰدَمَ الْاَسْمَآءَ كُلَّهَا (અને અલ્લાહ તઆલાએ આદમને સર્વ (ચીજોનાં) નામ શીખવાડયાં. સૂ. બકરહ, ૨/૩૧) અને જનાબે આદમ عليه السلام નો ઈલ્મ હુઝૂરે અન્વર ﷺ ના ઈલ્મની સરખામણીમાં એવો છે જેવો કે સમુદ્રની સરખામણીમાં ટીપુ. હુઝૂર ﷺ અઅ્લમુલ ખલ્ક છે. અને આ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی الله عنهما ની રાય મુબારક છે, નહીં તો હુઝૂર ﷺ ઈજતેહાદ પણ કરતા હતા. હઝરત મઆઝને પણ ઈજતેહાદની ઈજાઝત આપી હતી. આપે પોતાને ઈજતેહાદના લાયક ન સમજ્યા એ ઈન્કેસારી હતી. સારાંશ હદીષ સ્પષ્ટ છે.

૪. અને ખુદ ઈજતેહાદ કરવાની હિંમત નથી કરતો.

૫. એટલે કે અલ્લાહની પનાહ લઉં છું કઝા (ન્યાયાધીશ)ના હોદ્દાથી અલ્લાહુ અકબર ! આ છે અતિશય કક્ષાની સાવધાની. અને આ હદીષ કઝાની (ન્યાયાધીશના હોદ્દાની) બુરાઈમાં અત્યંત કક્ષાની ચેતવણી છે. અહીં મિર્કાતે ઈબ્ને અસાકિરથી હઝરત અબૂ હુરૈરહ رضی الله عنه ની રિવાયતથી એક અજીબ મરફુઅ હદીષ નકલ કરી કે સંગે અસ્વદે એકવાર બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી કે, મૌલા ! મેં લાંબા અરસા સુધી તારી ઈબાદત કરી અને તેં મને ગંદકીમાં નખાવી દીધો (કૌમે અમાલકાએ સંગે અસ્વદને કેટલાક સેંકડો વરસો સુધી ગંદકીમાં રાખી મૂક્યો હતો) રબ તઆલાએ ફર્માવ્યું, શુક કર કે મેં તને કોઈ કાઝીની મજલિસમાં ન રાખ્યો. કઝાફી જામેઅ સગીર અસ્સિયૂતી. *(મિર્કાત)*

૬. નહીં તો આ વાતો સાંભળીને કોઈ કઝા (ન્યાયાધીશનું પદ) કબૂલ કરશે નહીં અને અદાલતનું ખાતુ અધ્ધર થઈને રહી જશે. યાદ રાખશો કે કાઝીએ ઈસ્લામ બનવું ફર્ઝે કિફાયા છે અને જો કોઈ વખતે લોકો અપાત્ર થઈ જાય તો પાત્રતા ધરાવનાર કાઝી ફર્ઝે અયન થઈ જાય છે. એ પવિત્ર જમાનામાં આમ રીતે મુજતહિદ સહાબા મૌજૂદ હતા એટલા માટે હઝરત ઈબ્ને ઉમર رضی الله عنهما એ એ હોદ્દો ન સ્વીકાર્યો. જુઓ, હઝરત યૂસુફ عليه السلام એ જ્યારે જોયું કે વર્તમાન સમયમાં કોઈ ખજાનાઓ સંભાળવાને પાત્ર નથી તો ખુદ બાદશાહને ફર્માવ્યું : اجْعَلْنِيْ عَلٰى خَزَآئِنِ الْاَرْضِ (મને જમીનના ખજાનાઓ પર કરી દે. સૂ. યૂસુફ, ૧૨/૫૫) મને જમીનના ખજાનાઓનો વ્યવસ્થાપક બનાવી દે એ વખતે આપના પર એ હોદ્દો સંભાળવું ફર્ઝે અયન થઈ ગયું હતું. જેથી આ હદીષ આ કુર્આની આયતની વિરૂધ્ધ નથી.

باب رزق الولاة وهداياهم

બાબો રિઝકુલ વિલાત વ હદાયહુમ

(હાકિમોની રોજી અને તેમના તોહફાઓ[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. જાહેર એ છે કે આ ઈઝાફત મસ્દરના મફઊલની તરફ છે. એટલે કે હાકિમોને જે રોજીઓ પગારો વગેરે બયતુલ માલથી આપવામાં આવે અને જે હદિયો તથા તોહફો કોઈ અન્યની તરફથી આપવામાં આવે તેનું વર્ણન. રિઝ્ક માસિક પગારને કહે છે અને અતા તે વાર્ષિક રોજીને કહે છે જે ફોજીઓને બયતુલ માલથી આપવામાં આવે છે. *(મિર્કાત)*

★ હદીષ : (૧)-૩૭૪૫ ★
عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا أُعْطِيكُمْ وَلَا أَمْنَعُكُمْ أَنَا قَاسِمٌ أَضَعُ حَيْثُ أُمِرْتُ» . رَوَاهُ الْبُخَارِيّ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હું ન તમને આપુ છું અને ન તમને મના કરું છું[૨] હું તો વહેંચણી કરું છું[૩] ત્યાં રાખુ છું જ્યાં હુકમ આપવામાં આવે છે.[૪]" (બુખારી)[૫]

૧. હુઝૂર ﷺ મુજાહિદોને ગનીમતથી અમુક માલ ઈનામ રૂપે વહેંચતા હતા. એમાં સમાનતા તથા બરાબરી કરતા ન હતા, બલ્કે કોઈને ઓછો કોઈને વધારે ખિદમત પ્રમાણે અતા કરતા હતા. કદાચ કોઈને શિકાયત થતી કે અમને ઓછો મળ્યો, એટલા માટે હુઝૂર ﷺ એ આવું ઈર્શાદ ફર્માવ્યું. અને શક્ય છે કે આ ફર્માનમાં ما થી મુરાદ માલ, ઈમાન, ઈલ્મ, ઈર્ફાન વગેરે સર્વ હોય.

૨. એટલે કે અલ્લાહની સર્વ નેઅમતોને વહેંચાનાર હું છું. અલ્લાહ તઆલાની અતા અને હુઝૂર ﷺ ની વહેંચણી વિના કૈદ (બિનશર્તી) છે. દરેક નેઅમત રબ તઆલા આપનારો છે અને હુઝૂર ﷺ વહેંચનારા છે. રબ તઆલા ફર્માવે છે : اَغْنٰىهُمُ اللّٰهُ وَرَسُوْلُهٗ مِنْ فَضْلِهٖ (અલ્લાહ તથા રસૂલે તેમને પોતાના ફઝ્લથી માલદાર કરી દીધા. સૂ. તૌબા, ૯/૭૪) અલ્લાહે આપીને અને હુઝૂર ﷺ એ પહોંચાડીને માલદાર કરી દીધા.

૩. એટલે કે અમારું આપવું કે ન આપવું તેમજ વધતુ ઓછુ આપવું પોતાના નફ્સના અમલથી નથી, નફસાની નથી બલ્કે રહમાની છે. જેવું કે અમારી દરેક વાત વહીયે ઈલાહીથી છે એવી જ રીતે અમારાં કામ વહીયે ઈલાહીથી છે. જાણવા મળ્યું કે હુઝૂર ﷺ નો દરવાજો એ રબનો દરવાજો છે.

બખુદા ખુદા કા યહી હૈ દર, નહીં ઔર કોઈ મફર મકર—જો વહાં સે હો યહીં આકે હો, જો યહાં નહીં તો વહાં નહીં

યાદ રાખશો કે હુઝૂર ﷺ રબ તઆલાની નેઅમતોના અખત્યારવાળા ક્વાસિમ (વહેંચનારા) છે, અને બાઅખત્યાર ક્વાસિમથી માગવું જાઈઝ છે. અલ્લાહ તઆલાએ હઝરત સુલૈમાન عليه السلام ને ફર્માવ્યું : فَامْنُنْ اَوْ اَمْسِكْ بِغَيْرِ حِسَابٍ (હવે તું ચાહે તો એહસાન કર કે રોકી રાખ, તારા પર કોઈ હિસાબ નથી. સૂ. સાદ, ૩૮/૩૯) અને હઝરત ઝુલ્ક્વરનૈનને ફર્માવ્યું : اِمَّاۤ اَنْ تُعَذِّبَ وَاِمَّاۤ اَنْ تَتَّخِذَ فِيْهِمْ حُسْنًا (ક્યાં તો તું એમને અઝાબ આપે અથવા એમની સાથે ભલાઈ અપનાવે. સૂ. કહફ, ૧૮/૮૬) તેમજ જનાબ સુલેમાનના વિશે ફર્માવ્યું : فَسَخَّرْنَا لَهُ الرِّيْحَ تَجْرِيْ بِاَمْرِهٖ (તો અમે હવે તેના વશમાં કરી આપી કે તેના હુકમથી નરમ નરમ ચાલતી. સૂ. સાદ,

૩૮/૩૯) અને આપણા હુઝૂર ﷺને ફર્માવ્યું : فَأْذَنْ لِّمَنْ شِئْتَ مِنْهُمْ (પછી જ્યારે તે તમારાથી ઈજાઝત માગે પોતાના કોઈ કામ માટે તો એમાનમાં જેને તમે ચાહો ઈજાઝત આપી દો. સૂરએ નૂર, ૨૬/૬૨) જાણવા મળ્યું કે રબે હઝરત સુલૈમાનને આપવા ન આપવાનો અને ઝુલ્કરનૈનને સજા તથા ઈનામ આપવાનો અખત્યાર આપ્યો. હઝરત સુલૈમાનના હુકમથી હવા ચાલતી હતી. આપણા હુઝૂર ﷺને ઈજાઝત આપવા ન આપવાનો અખત્યાર આપ્યો છે. જેથી અલ્લાહની દરેક નેઅમત હુઝૂર ﷺથી માગવી જાઈઝ છે કે હુઝૂર ખુદાના હુકમથી મુખ્તાર કાસિમ (વહેંચનાર) છે.

૪. હાકિમે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની રિવાયતથી રિવાયત કરી : انا ابو القاسم اللّٰه يعطى وانا اقسم હું અબુલ કાસિમ છું. અલ્લાહ આપે છે અને હું વહેંચણી કરું છું. *(મિર્કાત)*

★ હદીષ : (૨)-૩૭૪૬ ★
وَعَن خَوْلَةَ الْأَنْصَارِيَّةِ قَالَتْ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ رِجَالًا يَتَخَوَّضُونَ فِي مَالِ اللّٰهِ بِغَيْرِ حَقٍّ فَلَهُمُ النَّارُ يَوْمَ الْقِيَامَةِ» . رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત ખૌલા અન્સારિયાથી[૧] રિવાયત છે. OD[K[SZ; }]K, FC ﷺ એ ફર્માવ્યું, અમુક લોકો અલ્લાહના માલમાં નાહક્ક ઘુસી જાય છે[૨] તેમના માટે કયામતના દિવસે આગ છે.[૩]'' (બુખારી)

૧. ખૌલા બે છે : એક ખૌલા બિન્તે ષામર, બીજાં ખૌલા બિન્તે ષઅલ્બા એ હઝરત અવસ ઈબ્ને સામતનાં પત્ની. અહીં પહેલાં ખૌલા મુરાદ છે ખૌલા બિન્તે ષામર. મિર્કાતની એ જ તેહકીક છે પણ અશિઅતુલ લમ્આતે બીજી ખૌલા મુરાદ લીધાં. અલ્લાહ બેહતર જાણનાર છે.

૨. خوض (ખૌદ્)નો શાબ્દિક અર્થ પાણીમાં ઘુસી જવું. શરઈ બોલીમાં (ઈસ્તેલાહ)માં કોઈ બાતિલ કામમાં વ્યસ્ત થઈ જવાને ખૌદ્ કહે છે. રબ તઆલા ફર્માવે છે : ذَرْهُمْ فِيْ خَوْضِهِمْ يَلْعَبُوْنَ (તેમની બેહૂદગીમાં તેમને ખેલતા. સૂ. અન્આમ, ૬/૯૧) બાબે તફઈલમાં આવીને મુબાલેગા પેદા થઈ ગયો. અલ્લાહના માલથી મુરાદ બયતુલ માલનો માલ છે. ઝકાત, ખિરાજ, જિઝિયા, ગનીમત વગેરે. હક્કથી મુરાદ છે ક્યાં તો ઈસ્તેહકાક અથવા સુલ્તાને ઈસ્લામની ઈજાઝત, એટલે બયતુલ માલમાં એમનો હક્ક નથી અને તે લઈ લે છે અથવા હક્ક ઓછો છે અને તેઓ વધુ લઈ લે છે.

૩. નાહક્ક માલ ખાવાનો અંજામ દોઝખની આગ છે.

★ હદીષ : (૩)-૩૭૪૭ ★
وَعَن عائشةَ قَالَتْ: لِمَّا اسْتُخْلِفَ أَبُو بَكْرٍ رَضِيَ اللّٰهُ عَنْهُ قَالَ: لَقَدْ عَلِمَ قَوْمِي أَنَّ حِرْفَتِي لم تكنْ تعجزُ عَن مَؤونةِ أَهْلِي وَشُغِلْتُ بِأَمْرِ الْمُسْلِمِينَ فَسَيَأْكُلُ آلُ أَبِي بَكْرٍ مِنْ هَذَا الْمَالِ وَيَحْتَرِفُ لِلْمُسْلِمِينَ فِيهِ. رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે હઝરત અબૂ બક્ર ખલીફા બનાવવામાં આવ્યા તો ફર્માવ્યું કે મારી કૌમ જાણે છે કે મારો ધંધો મારા ઘરવાળાંઓના ખર્ચ કરતાં અપૂરતો ન હતો[૧] અને મને મુસલમાનોનાં કામમાં મશગૂલ કરી દેવામાં આવ્યો છે, તો અબૂ બક્રની ઔલાદ આ માલથી ખાશે અને એમાં મુસલમાનોની ખિદમત કરશે.[૨]'' (બુખારી)[૩]

૧. હઝરત અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہ ખલીફા બનતા પહેલાં ઘણા જ કામયાબ વેપારી હતા. આપ મક્કા

મોઅઝ્ઝમામાં સૌથી માલદાર લોકોમાં હતા. રબ તઆલા એમના વિશે ફર્માવે છે : وَلَا يَأْتَلِ أُولُوا الْفَضْلِ مِنْكُمْ وَالسَّعَةِ (અને કસમ ન ખાય તે જે તમારામાં ફઝીલતવાળા તથા ગુંજાઈશવાળા છે. સૂ. નૂર, ૨૪/૨૨) જાણવા મળ્યું કે આપ બુઝુર્ગીવાળા પણ છે, માલની અધિકતાવાળા પણ અને દિલની વિશાળતાવાળા પણ છે. યાદ રાખશો કે હઝરત અબૂ બક્ર સિદ્દીક રضی اللہ عنہ કપડાંના વેપારી હતા, જનાબ ઉમર رضی اللہ عنہ અનાજના વેપારી હતા, હઝરત ઉષ્માન رضی اللہ عنہ ગુંદર તથા ખજૂરોના વેપારી હતા, અને હઝરત અબ્બાસ ઈત્રના વેપારી હતા. બેહતરીન (શ્રેષ્ઠ) વેપાર કપડાંનો છે, પછી ઈત્રનો. હદીષ શરીફમાં છે કે જો તમે જન્નતવાળાઓનો ધંધો કરવા માગો છો તો કપડાંનો વેપાર કરો. *(મિર્કાત, લમ્આત, અશિઅહ)*

૨. એટલે કે હવે હું ખિલાફતનો બોજ ઉઠાવી લેવાના કારણે વેપારી કારોબાર નથી કરી શકતો. કેમ કે મેં મુસલમાનોની ખિદમત, રાજ વ્યવસ્થા અને જેહાદ વગેરેની તૈયારીઓના માટે પોતાને વક્ફ કરી આપેલ છે, એટલા માટે હવે હું અને મારાં બાળકો બયતુલ માલથી ખર્ચ કરીશું. મારો પગાર બયતુલ માલથી થશે એટલો જેટલો મારા ઘરવાળાં માટે પૂરતો હોય. આ હદીષના આધારે ઉલમાએ મુતાખ્ખેરીન (પાછલા) ફર્માવે છે કે ઈમામ, મોઅઝ્ઝિન, દીની મુદર્રિસ, મુફ્તી, કાઝીના પગારો વક્ફના માલોથી અદા થઈ શકે છે, અને એ લોકોએ એ ખિદમતોના પગારો લેવા દુરુસ્ત છે કે જો એ લોકો રોજીની તલાશમાં ફસાઈ ગયા તો દીન ખત્મ થઈ જશે. હઝરત ઉષ્માન رضی اللہ عنہ ના સિવાય સર્વ ખુલફાએ રાશિદીને પગારો લીધા છે, બલ્કે ગરીબ તલબાએ દીન તથા ગરીબ તલબાએ દીન તથા ગરીબ મુદર્રિસોને ઝકાત આપવાનો હુકમ કુર્આને કરીમે આપ્યો છે : أُحْصِرُوا فِي سَبِيلِ اللَّهِ لَا يَسْتَطِيعُونَ ضَرْبًا (જેઓ રાહે ખુદામાં રોકવામાં આવ્યા જમીનમાં ચાલી નથી શકતા. સૂ. બકરહ, ૨/૨૭૩)

★ સિદ્દીકે અકબર رضی اللہ عنہ ના પગારની માત્રા ★

૩. અહીં મિર્કાતે ફર્માવ્યું કે **જનાબ સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ પોતાનો પગાર નીચે પ્રમાણે નિશ્ચિત કર્યો જે આપ બયતુલ માલથી લેતા હતા.** મુસલમાનો સાંભળો ! અને વિચાર કરો ! બે મુદ (માપિયુ, માત્રા) અનાજ, થોડુ તેલ, થોડુક સાલન, ઉનાળામાં એક ચાદર અને એક લુંગી, શિયાળામાં એક ઉની ચાદર. જાણો કે વર્તમાન સમયના લેહાઝથી છ સાત રૂપિયા માસિકનો સામાન. કેમ ન હોતું કે એ સુલ્તાને કૌનેન, સૈયદુઝ્ ઝાહિદીન ﷺ ના જાનશીન છે જેમની શાન આ છે : (શેઅર)

بوریا ممنون خواب راحتش تاج کسرے زیر پائے امتش

આ ફકીરે (લેખકે) હઝરત ઉમર તથા સિદ્દીકે અકબર رضی اللہ عنہما નાં મકાનો જોયાં હતાં જે હવે તોડી પાડવામાં આવ્યાં છે, તે એવાં મકાનો હતાં કે આજે ગરીબથી ગરીબ માણસનું મકાન પણ એમનાથી મોટુ હશે.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૪)-૩૭૪૮ ★
عَنْ بُرَيْدَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنِ اسْتَعْمَلْنَاهُ عَلَى عَمَلٍ فَرَزَقْنَاهُ رِزْقًا فَمَا أَخَذَ بَعْدَ ذَلِكَ فَهُوَ

''હઝરત અબૂ બુરૈદહ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવે છે, જેને અમે કોઈ કામ પર લગાડી દઈએ પછી અમે તેને વળતર

આપી દઈએ તો એના બાદ જે કાંઈ લેશે તે ખયાનત (અપ્રમાણિકતા) છે.[૧]" (અબૂ દાઉદ)	غُلُولٌ» . رَوَاهُ أَبُو دَاوُد

૧. આપ બુરૈદા ઈબ્ને ખસીબ અસ્લમી છે. બદરથી પહેલાં ઈમાન લાવ્યા પણ બદરમાં હાજર ન થયા. બયઅતુર્રિદ્વાનમાં શરીક થયા. મદીના પાકમાં વસવાટ રહ્યો, પછી બસરામાં, પછી ખુરાસાનમાં ગાઝી બનીને રહ્યા. યઝીદ ઈબ્ને મુઆવિયાના જમાનામાં હિ.સ. ૬૨માં વફાત પામ્યા.

"હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં એક કામ કર્યું તો હુઝૂરે મને મજૂરી આપી.[૧]" (અબૂ દાઉદ)	**★ હદીષ : (૫)-૩૭૪૯ ★** وَعَنْ عُمَرَ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: عَمِلْتُ عَلَى عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فعملني. رَوَاهُ أَبُو دَاوُد

★ દીની ખિદમતોનો પગાર લેવો દેવો દુરુસ્ત ★

૧. એનાથી જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર ﷺ પોતાના હાકિમો તથા નોકરોને પગારો આપતા હતા. એનાથી તે જ ફાયદો હાંસલ થયો જે હમણા વર્ણવવામાં આવ્યો કે દીની ખિદમતો પર પગાર (બદલો) લેવો દેવો દુરુસ્ત છે, એ શર્તે કે એ કામ જરૂરી હોય.

"હઝરત મઆઝથી રિવાયત છે. ફર્માવે છે, મને રસૂલુલ્લાહ ﷺ એ યમનની તરફ મોકલ્યો. જ્યારે હું ચાલ્યો ગયો તો મારી પાછળ બોલાવનારને મોકલ્યો તો મને પરત બોલાવવામાં આવ્યો[૧] ફર્માવ્યું કે શું તમે જાણો છો કે મેં તમને કેમ બોલાવ્યા ? કોઈ ચીજ મારી ઈજાઝત વિના ન લેશો કે તે ખયાનત છે[૨] જે ખયાનત કરશે તે કયામતના દિવસે ખયાનતનો માલ લાવશે. તમને એટલા માટે બોલાવ્યા હતા, હવે પોતાના કામ પર જાવ.[૩]" (તિર્મિઝી)	**★ હદીષ : (૬)-૩૭૫૦ ★** وَعَن مُعَاذٍ قَالَ: بَعَثَنِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِلَى الْيَمَنِ فَلَمَّا سِرْتُ أَرْسَلَ فِي أَثَرِي فَرُدِدْتُ فَقَالَ: «أَتَدْرِي لِمَ بَعَثْتُ إِلَيْكَ؟ لَا تُصِيبَنَّ شَيْئًا بِغَيْرِ إِذْنِي فَإِنَّهُ غُلُولٌ وَمَنْ يَغْلُلْ يَأْتِ بِمَا غَلَّ يَوْمَ الْقِيَامَةِ لِهَذَا دعوتك فَامْضِ لعملك» . رَوَاهُ التِّرْمِذِيّ

૧. એ ફર્માને આલી સંભળાવવા માટે જેનું વર્ણન આગળ આવી રહ્યું છે.

૨. જો કે આ ફર્માને આલી પહેલાં પણ સંભળાવી શકાતુ હતું પણ ફરીથી પરત બોલાવવામાં અને પછી આ સવાલ કરવામાં કે બતાવો ! અમે તમને શા માટે પાછા બોલાવ્યા ? આવુ કરવાનો હેતુ એ છે કે જે વાત આટલી ગોઠવણ સાથે સંભળાવવામાં આવે તે ખૂબ જ યાદ રહી જાય છે.

૩. એનાથી જાણવા મળ્યું કે હાકિમો અને વાલીઓને સુલ્તાને ઈસ્લામની તરફથી તકવો તથા તહારત (પાકીઝગી)ની નસીહત કરવી સુન્નત છે.

"હઝરત મસ્તવ્રિદ ઈબ્ને શદ્દાદથી રિવાયત છે. ફર્માવે છે, મેં નબી કરીમ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે જે અમારો આમિલ બને તેણે જોઈએ કે પત્ની કરી	**★ હદીષ : (૭)-૩૭૫૧ ★** وَعَن المستَوْرِدِ بنِ شدَّادٍ قَالَ: سَمِعْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ كَانَ لَنَا عَامِلًا فَلْيَكْتَسِبْ زَوْجَةً فَإِنْ لَمْ

يَكُنْ لَهُ خَادِمٌ فَلْيَكْتَسِبْ خَادِمًا فَإِنْ لَمْ يَكُنْ لَهُ مَسْكَنٌ فَلْيَكْتَسِبْ مَسْكَنًا» . وَفِي رِوَايَةٍ: «مَنِ اتَّخَذَ غَيْرَ ذَلِكَ فَهُوَ غالٌّ» . رَوَاهُ أَبُو دَاوُد

લે. પછી જો તેના ખાદિમ ન હોય તો જોઈએ કે ખાદિમ રાખી લે. જો તેની પાસે મકાન ન હોય તો મકાન બનાવી લે[૧] અને એક રિવાયતમાં છે કે જે એના ઉપરાંત લેશે તે ખયાનતી થશે.[૨]" (અબૂ દાઊદ)

૧. શરહકર્તાઓએ આ હદીષનો અર્થ એ કર્યો છે કે આમિલ, હાકિમ બયતુલ માલથી રૂપિયા લઈને નિકાહ પણ કરી શકે છે, ગુલામ પણ ખરીદી શકે છે અથવા નોકર પણ રાખી શકે છે. પોતાના માટે ઘર પણ બનાવી શકે છે. પણ આ હુકમ તે જમાનાનો છે જ્યારે આમિલનો માસિક અથવા વાર્ષિક પગાર નિશ્ચિત ન હોય, અને બયતુલ માલમાં એ ખર્ચાઓને પૂરા પાડવાની આવશ્યકતા હોય. હાકિમોની બદલી ન થઈ હોય, એક હાકિમ એક જગાએ કાયમી ધોરણે રહેતો હોય, તે આમિલ સહાબાએ કિરામની જેમ પ્રમાણિક હોય કે કેવળ જરૂર પૂરતુ જ ખર્ચ કરે અને વધારે એક પૈસો પણ ન લે. પરંતું જો હાકિમને આજ કાલની જેમ બાકાયદા પગાર મળતો હોય તો એમનામાંથી કોઈ ખર્ચ બયતુલ માલથી ન લે. હવે હુકૂમતો અમુક હાકિમોને (મંત્રીઓને કોઠી (બંગલો), નોકરોના પગારો બલ્કે સરકારી દૌરાના ખર્ચા પણ આપે છે. તેમજ જો હાકિમની અદલા બદલી થતી રહે છે તો તે દરેક જગાએ બયતુલ માલ (ખજાના)થી પોતાના બંગલા ન બનાવે. જેથી આ સંજોગોમાં હવે એ ચીજોની ઈજાઝત ન રહેશે.

૨. એટલે કે એવો હાકિમ જો ખજાનાના ખર્ચ પર એકથી વધુ નિકાહ કરે અથવા એકથી વધુ ખાદિમ તથા નોકર રાખે અથવા જરૂરતની માત્રા કરતાં અધિક મકાન બનાવડાવે તો ખયાનત કરનાર છે તેમજ બિન જરૂરી ખર્ચ માટે ખજાનાથી કાંઈ ન લે

★ હદીષ : (૮)-૩૭૫૨ ★

وَعَن عَدِيِّ بنِ عَمِيرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «يَا أَيُّهَا النَّاسُ مَنْ عُمِّلَ مِنْكُمْ لَنَا عَلَى عَمَلٍ فَكَتَمَنَا مِنْهُ مِخْيَطًا فَمَا فَوْقَهُ فَهُوَ غَالٌّ يَأْتِي بِهِ يَوْمَ الْقِيَامَةِ» . فَقَامَ رَجُلٌ مِنَ الْأَنْصَارِ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ اقْبَلْ عَنِّي عَمَلَكَ. قَالَ: «وَمَا ذَاكَ؟» قَالَ: سَمِعْتُكَ تَقُولُ: كَذَا وَكَذَا قَالَ: «وَأَنَا أَقُولُ ذَلِكَ مَنِ اسْتَعْمَلْنَاهُ عَلَى عَمَلٍ فَلْيَأْتِ بِقَلِيلِهِ وَكَثِيرِهِ فَمَا أُوتِيَ مِنْهُ أَخَذَهُ وَمَا نُهِيَ عَنْهُ انْتَهَى» . رَوَاهُ مُسْلِمٌ وَأَبُو دَاوُد وَاللَّفْظ لَهُ

*"હઝરત અદી ઈબ્ને અમીરા[૧] થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **હે લોકો ! તમારામાંથી જે કોઈ અમારા કામ પર આમિલ બનાવવામાં આવ્યો[૨] પછી એમાંથી સોય અને એના ઉપરની કોઈ ચીજ અમારાથી છુપાવી તો તે ખયાનત કરનાર છે. કયામતના દિવસે તે લાવશે[૩]** તો એક અન્સારી સાહબ ઉભા થઈને બોલ્યા, યા રસૂલલ્લાહ ! મને તમારો અમલ (નોકરી) લઈ લો[૪] ફર્માવ્યું, એ શું ? અર્ઝ કરી, કે મેં આપને આવુ કહેતાં સાંભળ્યા. ફર્માવ્યું, એ તો હું કહું છું કે અમે જેને કોઈ કામ પર આમિલ બનાવીએ તો તે થોડુ તથા ઘણુ હાજર કરી દે[૫] પછી એમાંથી તેને જે આપવામાં આવે તે લઈ લે[૬] અને જેનાથી મના કરવામાં આવે તેનાથી દૂર રહે. (મુસ્લિમ, અબૂ દાઊદ) અને શબ્દો અબૂ દાઊદના છે."*

૧. આપ સહાબી છે. કંદી હઝરમી છે. કૂફામાં રહ્યા, પછી ત્યાંથી દ્વિપની તરફ જતા રહ્યા, ત્યાં જ વફાત પામ્યા.

૨. સદકો વસૂલ કરવા માટે આમિલ બનાવવામાં આવ્યા. અથવા ક્યાંકનો હાકિમ નિયુક્ત થયો.

૩. એ રીતે ખયાનતનો માલ તેના માથા પર હશે અને કયામતના દિવસે બેઈજ્જત થશે, જેવી રીતે ઝકાત ન આપનારનો માલ ખુદ માલિક પર સવાર થશે જેના લીધે તેને તકલીફ પણ થશે અને બેઈજ્જતી પણ થશે. એ પહેલાં વર્ણન કરી દેવામાં આવ્યું છે કે રબ તઆલા કયામતમાં આ ઉમ્મતના છુપાયેલા ગુનાહ છુપાવશે, એલાનિયા ગુનાહ અને અમુક અન્ય ગુનાહ જેનો સંબંધ બંદાઓના હક્ક સાથે છે તેને જાહેર કરી આપશે. જેથી આ હદીષ તે પર્દાપોશીવાળી હદીષોથી વિરૂધ્ધ નથી.

૪. એ અન્સારીનું નામ જાણી ન શકાયું. એ કોઈ જગાએ આમિલ નિયુક્ત થઈને જઈ રહ્યા હતા. આ ચેતવણી સાંભળીને પોતાનામાં એટલી શક્તિ ન પામી જેથી તેમણે રાજીનામુ પેશ કર્યું.

૫. આ વાતની તકરાર (દોહરાવવું) અતિશયોક્તિ તથા તાકીદના માટે છે કે તમે ચાહે અમલ કબૂલ કરો કે ન કરો હુકમ તો આ જ રહેશે.

૬. આ એ સ્થિતિમાં છે કે પગાર નિશ્ચિત ન હોય અને સુલ્તાન ખુદ તેના અમલ તથા મજૂરીનો અંદાજો લગાડીને આપે. મના કરવામાં આવવાથી મુરાદ ન આપવું છે.

★ જુલ્મથી બચવા હક્ક ફૈંસલો કરાવવા લાંચ આપવી જાઈઝ ★

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે લઅનત ફર્માવી રસૂલુલ્લાહ ﷺ એ લાંચ (રિશ્વત) આપનાર અને લાંચ લેનારા પર.[૧]"

(અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

એને તિર્મિઝીએ તેમનાથી જ અને હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત કરી.

★ હદીષ : (૯)-૩૭૫૩/(૧૦)-૩૭૫૪ ★

وَعَن عبد الله بن عَمْرو قَالَ: لَعَنَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم الرَّاشِيَ وَالْمُرْتَشِيَ. رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ [10]- 3754 وَرَوَاهُ التِّرْمِذِيّ عَنهُ وَعَن أبي هُرَيْرَة

૧. راشی રિશ્વત (લાંચ) આપનાર, અને مرتشی લાંચ સ્વીકારનાર. شوة (રિશ્વત) બન્યું છે رشاء થી, અર્થ રસ્સીથી. રસ્સી કૂવાથી પાણી કાઢવાનો ઝરીયો હોય છે, એ જ પ્રમાણે લાંચનો માલ નાજાઈઝ ફૈંસલો કરાવવા અને પોતાનું કામ કાઢવાનો ઝરીયો હોય છે, એટલા માટે એને રિશ્વત કહે છે. લાંચ (રિશ્વત)ની ઘણી સ્થિતિઓ હોય છે : હાકિમોની ખાસ દાવતો, હાકિમોને ગુલદસ્તા આપવા, તેમને રોકડ રકમ અથવા નોંતરાં વગેરેના બહાનાથી કાંઈક આપવું. આ સૌ લાંચો છે. યાદ રાખશો કે હક્ક ફૈંસલા પર પણ બંને પક્ષમાંથી કોઈ પક્ષ તરફથી કાંઈ લેવું પણ રિશ્વત છે, કેમ કે હાકિમ પર હક્ક ફૈંસલો કરવો એ શરીઅતની રૂએ વાજિબ હતો, પછી લાંચ લઈને નાહક્ક ફૈંસલો કરવો તો ખુદાના કહેરનો સબબ છે. પણ **જુલ્મથી બચવા માટે અથવા હક્ક ફૈંસલો કરાવવા માટે લાંચ આપવી જાઈઝ છે.** હઝરત ઈબ્ને મસ્ઊદે હબ્શાની જમીનના ઝઘડામાં ત્યાંના હાકિમને બે દીનાર આપીને પોતાને જુલ્મથી બચાવ્યા. *(મિર્કાત)*

"અને તેને અહમદ તથા બયહકીએ શોઅબુલ ઈમાનમાં હઝરત ષૌબાનથી રિવાયત કરી અને એટલો ઉમેરો કર્યો કે راش થી મુરાદ છે જે એ બંનેવ વચ્ચે કોશિશ કરે.[૧]"

★ હદીષ : (૧૧)-૩૭૫૫ ★

وَرَوَاهُ أَحْمَدُ وَالْبَيْهَقِيُّ فِي «شُعَبِ الْإِيمَانِ» عَنِ ثَوْبَانَ وَزَادَ: «وَالرَّائِشَ» يَعْنِي الَّذِي يَمْشِي بَيْنَهُمَا

૧. જો આ વાત راشٍ ની તફસીર તથા શરહ છે તો મતલબ એ છે કે راشٍ નો અર્થ લાંચ અપાવનારો છે. એટલે હાકિમનો એજન્ટ તથા દલાલ, જે મુકદ્દમાવાળાઓથી છુપી રીતે હાકિમને લાંચ અપાવે છે. અને શક્ય છે કે راشٍ ની તફસીર ન હોય બલ્કે ખુલાસો હોય, એટલે રાઈસમાં એ દલાલ પણ સામેલ છે જે બંને પક્ષો તથા હાકિમની વચ્ચે દલાલી કરીને લાંચ અપાવે વે. بينهما માં هما ઝમીર راشى તથા مرتشى તરફ રાજેઅ છે. યાદ રાખશો કે હરામ કામની દલાલી અને તેની કોશિશ પણ હરામ છે.

★ હદીષ : (૧૨)-૩૭૫૬ ★

وَعَن عَمْرِو بن العاصِ قَالَ: أَرْسَلَ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَنِ اجْمَعْ عَلَيْكَ سِلَاحَكَ وَثِيَابَكَ ثُمَّ ائْتِنِي» قَالَ: فَأَتَيْتُهُ وَهُوَ يَتَوَضَّأُ فَقَالَ: «يَا عَمْرُو إِنِّي أَرْسَلْتُ إِلَيْكَ لِأَبْعَثَكَ فِي وُجْهٍ يُسَلِّمُكَ اللَّهُ وَيُغَنِّمُكَ وَأَزْعَبَ لَكَ زَعْبَةً مِنَ الْمَالِ» . فَقُلْتُ: يَا رَسُولَ اللَّهِ مَا كَانَتْ هِجْرَتِي لِلْمَالِ وَمَا كَانَتْ إِلَّا لِلَّهِ ولرسوله قَالَ:«نِعِمَّا بِالْمَالِ الصَّالِحِ لِلرَّجُلِ الصَّالِحِ» . رَوَاهُ فِي «شَرْحِ السُّنَّةِ» وَرَوَى أَحْمَدُ نَحْوَهُ وَفِي روايته: قَالَ: «نِعْمَ المالُ الصَّالحُ للرَّجُلِ الصالحِ»

''હઝરત અમ્ર ઈબ્ને આસથી ફર્માવે છે કે મને રસૂલુલ્લાહ ﷺ એ પયગામ મોકલ્યો કે પોતાનાં હથિયાર અને પોતાનાં કપડાં પહેરી લો[૧] પછી મારી પાસે આવો[૨] ફર્માવે છે કે હું હુઝૂર ﷺ ની પાસે હાજર થયો જ્યારે કે આપ વુઝૂ કરી રહ્યા હતા. તો ફર્માવ્યું, હે અમ્ર ! મેં તમને એટલા માટે પયગામ મોકલ્યો કે જેથી તમને એક કામમાં મોકલું[૩] તમને ખુદા તઆલા સલામત પરત કરશે અને ગનીમત આપશે[૪] અને અમે તમને કાંઈક માલ પણ અતા કરીશું[૫] તો મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારી હિજરત માલના માટે ન હતી[૬] એ તો કેવળ અલ્લાહ વ રસૂલના માટે હતી[૭] ફર્માવ્યું, નેક માણસના માટે સારો માલ ઘણો જ સારો છે[૮] એને શરહે સુન્નહમાં રિવાયત કરી અને અહમદે એના જેમ રિવાયત કરી અને તેમની રિવાયતમાં આ પ્રમાણે છે કે સારો માલ નેક માણસના માટે સારો છે.[૯]''

૧. એટલે કે સફરની તૈયારી કરી લો, કેમ કે એ જમાનામાં હથિયાર વિના સફર અશક્ય હતો. રસ્તા સલામતીભર્યા ન હતા. એ સફર જેહાદનો ન હતો, નહીં તો લશ્કર તૈયાર કરવામાં આવતું. સફરના પ્રકારનું વર્ણન આગળ આવી રહ્યું છે.

૨. ઘરવાળાઓથી વિદાય થઈને, કેમ કે તમને અહીંથી સફર માટે મોકલી દેવામાં આવશે.

૩. આ જગાએ وجه નો અર્થ અશિઅતુલ લમ્આતે બાજુ તથા તરફ કર્યો છે અને મિર્કાતે અમલ તથા કામ. અમારો તર્જુમો મિર્કાતના હેઠળ છે એટલે અમે તમને કોઈ જગાએ કોઈક કામના માટે મોકલીએ છીએ, ઝકાતના આમિલ બનાવીને અથવા હાકિમ બનાવીને.

૪. અહીં ગનીમતથી મુરાદ શરઈ ગનીમત નથી જે જેહાદમાં કાફિરોથી હાંસલ કરવામાં આવે છે, બલ્કે અલ્લાહની રહમત મુરાદ છે જે મહેનત તથા તકલીફ વિના મળી જાય, સવાબ, ઈજ્જત, રહમત.

૫. એટલે સવાબ, ઈજ્જતના ઉપરાંત અમે તમને મજૂરી તથા બદલો પણ અતા ફર્માવીશું. આ હદીષ હાકિમોના પગારની અસ્લ (દલીલ) છે. નિશ્ચિત એટલા માટે ન કર્યો કે હુઝૂર માલિક છે, ગુલામોને જે ચાહે અતા કરી આપે. એ કેવળ પગાર ન હતો બલ્કે શાહાના અતિયો પણ હતો. અને હવે પગારનું નિશ્ચિત કરવું જરૂરી છે કે ઈજારામાં કામ

તથા માલ બંને નિશ્ચિત હોવાં જોઈએ. જેથી આ હદીષ સ્પષ્ટ છે એના પર વાંધો નથી.

૬. એટલે કે હું બદલા વિના આ ખિદમત અંજામ આપીશ, કેમ કે મારું ઈસ્લામ લાવવું, હિજરત કરવું એ હોદ્દો હાંસલ કરવા તથા મોટો પગાર લેવા માટે ન હતું. સુબ્હાનલ્લાહ ! આ હતો ઈખ્લાસ ! યાદ રાખશો કે હઝરત અમ્ર ઈબ્ને આસ હિ.સ. ૫માં મક્કાથી મદીના મુનવ્વરા હઝરત ખાલિદ ઈબ્ને વલીદની સાથે હાજર થયા હતા. બયઅત કરવા બારગાહે અક્દસમાં બેઠા. હુઝૂરે અન્વર ﷺએ પોતાનો હાથ વધાર્યો કે પકડો અને બયઅત કરો ! તો હઝરત અમ્રએ પોતાનો હાથ સમેટી લીધો. હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, આ શું ?! અર્ઝ કરી કે એ શર્ત પર ઈમાન લાવું છું કે મારા પાછલા ગુનાહ સર્વ માફ થઈ જાય. ફર્માવ્યું, હે અમ્ર ! શું તમને ખબર નથી કે ઈસ્લામ પાછલા સર્વ ગુનાહો મિટાવી દે છે ? એ જ રીતે હિજરત પાછલા સર્વ ગુનાહ માફ કરાવી દે છે ? એટલે કે તમે તો ઈસ્લામ અને હિજરત બંનેથી મુશર્રફ થઈ રહ્યા છો. હુઝૂર ﷺ ફર્માવે છે કે અન્ય લોકો તો ઈસ્લામ લાવ્યા પણ અમ્ર ઈમાન લાવ્યા. બીજી રિવાયતમાં છે કે અમ્ર કુરૈશના સાલેહ લોકોમાંથી છે. સન વિશે મુહદ્દિષોનો મતભેદ છે કે એ બનાવ હિ.સ. ૫માં થયો કે હિ.સ ૮માં. *(અશિઅ્હ)*

૭. એટલે કે અલ્લાહ રસૂલને રાજી કરવાના માટે. એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે હુઝૂરે અન્વર ﷺનું નામ રબ તઆલાના નામ સાથે મિલાવવું શિર્ક નથી ઈમાન છે. બીજુ એ કે **ઈબાદતમાં રબ તઆલાની રઝાની સાથે હુઝૂર ﷺની રઝાની નિય્યત કરવી શિર્ક તથા રિયા નથી બલ્કે એનાથી ઈબાદતની પરિપૂર્ણતા થાય છે.** રબ તઆલા ફર્માવે છે : وَاللّٰهُ وَرَسُوْلُهٗۤ اَحَقُّ اَنْ يُّرْضُوْهُ (અને અલ્લાહ વ રસૂલનો હક્ક અધિક હતો કે તેને રાજી કરતા. સૂ. તૌબા, ૯/૬૨) ત્રીજુ એ કે હુઝૂર ﷺની બારગાહમાં હાજર થવું એ રબ તઆલાની બારગાહમાં હાજર થઈ જવું છે કે મદીના મુનવ્વરાના મુહાજિર આવતા હતા હુઝૂરની પાસે અને અર્ઝ કરતા હતા : قُرآને કરીમ ફર્માવે છે : وَمَنْ يَّخْرُجْ مِنْۢ بَيْتِهٖ مُهَاجِرًا اِلَى اللّٰهِ وَرَسُوْلِهٖ ثُمَّ يُدْرِكْهُ الْمَوْتُ فَقَدْ وَقَعَ اَجْرُهٗ عَلَى اللّٰهِ وَرَسُوْلِهٖ (અને જે પોતાના ઘરથી નીકળ્યો અલ્લાહ વ રસૂલની તરફ હિજરત કરતો. સૂ. નિસાઅ્, ૪/૧૦૦) સુબ્હાનલ્લાહ ! કેટલુ સરસ કલામ અર્ઝ કર્યું !

૮. એટલે કે આ માલને કબૂલવાથી તમારા સવાબમાં કમી થશે નહીં, આ તો રબ તઆલાની નેઅમત છે. યાદ રાખશો કે મર્દે સાલેહ (નેક બંદો) તે છે જે નેકીને ઓળખે અને કરે, અને સાલેહ માલ તે છે જે સારા રસ્તે થઈને આવે અને સારા રસ્તે જાય, એટલે કે હલાલ કમાઈ ભલાઈમાં ખર્ચ થાય. અલ્લાહ તઆલા નસીબ ફર્માવે.

૯. મતલબ એ જ છે કેવળ વર્ણનના ક્રમમાં ફરક છે. યાદ રાખશો કે **ખરાબ પેટ્રોલ મશીન ખરાબ કરી દે છે, એ જ પ્રમાણે ખરાબ ખોરાક માણસના દિલો દિમાગ, ખયાલ સૌને ખરાબ કરી નાખે છે.**

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (13)-૩૭૫૭ ★
عَنْ أَبِي أُمَامَةَ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ شَفَعَ لِأَحَدٍ شَفَاعَةً فَأَهْدَى لَهُ هَدِيَّةً عَلَيْهَا فَقَبِلَهَا فَقَدْ أَتَى بَابًا عَظِيمًا مِنْ أَبْوَابِ الرِّبَا» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે કોઈ શખ્સની કાંઈક સિફારિશ કરી આપે[૧] પછી તેને તે સિફારિશ પર કાંઈ હદિયો આપવામાં આવે[૨] તે તેને કબૂલ કરી લે તો તે વ્યાજના દરવાજાઓમાંથી મોટા દરવાજા પર આવી ગયો.[૩]'' (અબૂ દાઊદ)

૧. સુલ્તાન કે હાકિમોની પાસે, પણ સિફારિશ હક્ક઼ના માટે હોય જુલ્મના માટે ન હોય.

૨. એટલે કે મુક઼દ્દમા (કેસ)વાળો અથવા જરૂરતમંદ એને એ ભલામણ કરવાના સબબે કોઈ નાની કે મોટી ચીજ હદિયા રૂપે આપે અને તે એને ક઼બૂલ કરે. સિફારિશના સબબની શર્ત યાદ રાખશો.

૩. એટલે કે એ પણ રિશ્વત (લાંચ) છે અને લાંચનો ગુનોહ વ્યાજના ગુનાહની જેમ છે કે વ્યાજખોરને અલ્લાહ રસૂલથી જંગ કરવાનું એલાન ફર્માવવામાં આવ્યું છે. فَأْذَنُوْا بِحَرْبٍ مِّنَ اللّٰهِ وَرَسُوْلِهٖ (યક઼ીન કરી લો અલ્લાહ વ રસૂલથી લડાઈનું. સૂ. બક઼રહ, ૨/૨૭૯)

بابالاقضيةوالشهادات

બાબુલ અક્ઝ્યિ વશ્શહાદાત

(ફૈંસલાઓ તથા ગવાહીઓ વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. اقضيه બહુવચન છે قضا નું. قضا નો શાબ્દિક અર્થ છે મજબૂત કરવું અને ફારિગ થવું. રબ તઆલાના ફર્માવે છે : وَقَضَيْنَآ اِلٰى بَنِيْٓ اِسْرَآءِيْلَ (અને અમે બની ઈસ્રાઈલને કિતાબમાં વહી મોકલી. સૂ. બની ઈસ્રાઈલ, ૧૭/૦૪) એટલે અમે બની ઈસ્રાઈલને મજબૂત હુકમ આપ્યો. અને ફર્માવે છે : لْيَقْضُوْا تَفَثَهُمْ (પછી પોતાનાં મેલ કૂચેલ ઉતારી દે. સૂ. હજ્જ, ૨૨/૨૯) અને અદા ક઼ર્ઝને ક઼ઝાએ દીની કહે છે. શરીઅતનમાં ક઼ઝા તે મુક઼દ્દમો (કેસ) છે જે હાકિમની કચેરીમાં ફૈંસલા માટે પેશ કરવામાં આવે અથવા ખુદ ફૈંસલો તેમજ ફૈંસલાના અર્થમાં છે. શહાદાત બહુવચન છે શહાદતનું. શહાદતનો અર્થ છે હાજર હોવું, અનુભવ કરવો (જોવું) આંખથી કે દિલથી. શરીઅતમાં કોઈ બીજાના હક્ક઼ની કોઈના પર ખબર આપવી શહાદત છે. બીજા પર પોતાના હક્ક઼ની ખબર આપવી દાવો છે. પોતાના પર બીજાના હક્ક઼ની ખબર અપાવી ઈક઼રાર છે. અને કોઈના કોઈક પર હક્ક઼ની ખબર આપવી શહાદત એટલે ગવાહી છે. કેમ કે હાકિમના ફૈંસલા અને ગવાહોની ગવાહી ઘણા બધા પ્રકારની હોય છે એટલા માટે અહીં બંનેને ભેગાં કર્યા, એટલે ફૈંસલાઓ તથા ગવાહોનું વર્ણન.

★ હદીષ : (૧)-૩૭૫૮ ★

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللّٰهُ عَنْهُمَا عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَوْ يُعْطَى النَّاسُ بِدَعْوَاهُمْ لَادَّعَى نَاسٌ دِمَاءَ رِجَالٍ وَأَمْوَالَهُمْ وَلَكِنَّ الْيَمِينَ عَلَى الْمُدَّعَى عَلَيْهِ» . رَوَاهُ مُسْلِمٌ وَفِي «شَرْحِهِ لِلنَّوَوِيِّ» أَنَّهُ قَالَ: وَجَاءَ فِي رِوَايَةٍ «الْبَيْهَقِيِّ» بِإِسْنَادٍ حَسَنٍ أَوْ صَحِيحٍ زِيَادَةٌ عَنِ ابْنِ عَبَّاسٍ مَرْفُوعًا: «لَكِنَّ الْبَيِّنَةَ على المدَّعي واليمينَ على مَنْ أنكر»

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, જો લોકોને તેમના દાવાઓ પર આપી દેવામાં આવે[૧] તો લોકો માણસોના ખૂનો તેમના માલોનો દાવો કરી દે[૨] પરંતું ક઼સમ મુદ્દઆ અલૈહ (દાવેદાર) પર છે.[૩] (મુસ્લિમ) અને નવવી શરહે મુસ્લિમમાં છે, તેમણે ફર્માવ્યું કે બયહકીની રિવાયતમાં હસન અથવા સહીહ અસ્નાદથી ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયતથી મરફૂઅન આ વધારો નક઼લ થયો છે કે, પરંતું ગવાહ દાવેદાર પર છે અને ક઼સમ ઈન્કાર કરનાર પર.[૪]"

૧. જો બિલ્ફ઼ર્ઝ મુહાલ (અશક્ય પણ ધારો કે) ક઼ાનૂને ઈસ્લામ એ થઈ જાય કે દરેકના દાવા પર વિના ગવાહી તથા પ્રતિવાદીના વિના ઈક઼રાર (સ્વીકાર) ફૈંસલો થઈ જયા કરે.

૨. એટલે કે દરેક કહી આપ્યા કરે કે ફલાણા પર મારું આટલુ કરજ છે અને ફલાણાએ મારા સગાને ક઼ત્લ કરી આપેલ છે તેનો ક઼ેસાસ અથવા દિયત અપાવવામાં આવે, તો એના પર દેશની વ્યવસ્થા જ બગડી જશે.

૩. આ ફર્માને આલી મુજમલ (અધ્યાહન) છે મકસદ એ છે કે જો દાવેદારની પાસે ગવાહી મૌજૂદ ન હોય અને પ્રતિવાદી તેના દાવાનો સ્વીકાર ન કરે પણ નકારે, અને દાવેદાર તેની પાસે ક઼સમની માગણી કરે તો ક઼સમ

પ્રતિવાદી પર છે અને ત્રણેવ શર્તો ધ્યાનમાં રાખવી જોઈએ. કેમ કે દાવેદાર પર ગવાહી પેશ કરવાનો વજૂબ (વાજિબ હોવું) તદ્દન જાહેરી હતું એટલા માટે એનો ઉલ્લેખ ન કર્યો. (અશિઅ્હ) જો ક़ાઝીએ દાવેદારની માગણી વિના પ્રતિવાદીથી ક़સમ લઈ લીધી તો દાવેદાર ફરી ક़સમની માગણી કરી શકે છે. આ ક़ાનૂનથી હદો એટલે શરઈ નિશ્ચિત સજાઓ તથા લિઆન વગેરે અલગ છે, કેમ કે એમનામાં ગવાહી તથા ક़સમ આ પ્રમાણેની નથી. એની વિગત ફિક़્હની કિતાબોમાં છે.

૪. એટલે કે શયખ મુહયુદ્દીન નવવીએ વર્ણવેલ હવાલાથી દાવેદાર પર ગવાહી અનિવાર્ય (લાઝિમ) હોવાનો ઉલ્લેખ પણ કર્યો. યાદ રાખશો કે بيّنة ક્યાં તો بيّنونة થી બન્યુ છે, અર્થ જુદાઈથી અથવા બયાનથી ઝહૂરના અર્થમાં. કેમ કે શરઈ ગવાહી હક્ક़ તથા બાતિલને અલગ અલગ કરી આપે છે અથવા એનાથી છુપી ચીજ જાહેર થઈ જાય છે એટલા માટે એને بيّنه (બય્યિના) કહે છે. (મગરિબે લમ્આત) યાદ રાખશો કે દાવેદાર (મુદ્દઈ)ના જિમ્મે ગવાહી અને પ્રતિવાદી પર ક़સમ હોવું અઝીમુશ્શાન કાયદો છે. અને આ હદીષ અર્થની રીતે મુતવાતિર છે, જેમ કે હદીષ انما الاعمال بالنيات મુતવાતિર છે. દાવેદાર પર ક़સમ નથી, પ્રતિવાદી પર ગવાહી નથી.

"હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે લાઝમી ક़સમ પર હલફ઼ ઉઠાવે (ખુદાની ક़સમ ખાય)[૧] જ્યારે કે તે એમાં જૂઠો હોય કે જેથી કોઈ મુસલમાન માણસનો માલ મારે તો તે ક़યામતના દિવસે અલ્લાહથી એ હાલતમાં મળશે[૩] કે તે એના પર નારાજ હશે. તો અલ્લાહે તેની તસ્દીક (સમર્થનમાં) ઉતાર્યું કે, બેશક ! જે લોકો અલ્લાહના વાયદા અને પોતાની ક़સમોના બદલામાં થોડી કિંમત ખરીદી લે છે.[૪]..... છેવટ સુધી (મુસ્લિમ, બુખારી)[૫]

★ હદીષ : (૨)-૩૭૫૯ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ حَلَفَ عَلَى يَمِينِ صَبْرٍ وَهُوَ فِيهَا فَاجِرٌ يَقْتَطِعُ بِهَا مَالَ امْرِئٍ مُسْلِمٍ لَقِيَ اللَّهَ يَوْمَ الْقِيَامَةِ وَهُوَ عَلَيْهِ غَضْبَانُ» فَأَنْزَلَ اللَّهُ تَصْدِيقَ ذَلِكَ: (إِنَّ الَّذِينَ يشترونَ بعهدِ اللَّهِ وأيمانِهِمْ ثمنا قَلِيلا)إِلَى آخر الْآيَة

૧. حلف (હ़લફ઼)નો અર્થ છે યમીન તથા ક़સમ. સબ્ર અર્થ રોકવું. જે ક़સમ મુદ્દઈ (દાવેદાર)ના દાવાને રોકી દે, તેને લાગુ ન થવા દે તે યમીન સબ્ર છે. એટલે કે દાવાને રોકી દેનારી ક़સમ. અમુકે ફર્માવ્યું કે જૂઠી ક़સમ યમીન છે. (લમ્આ્ત) અમુકની નજીક મજબૂત ક़સમ યમીન સબ્ર છે જે ક़સમથી દાવેદાર દાવો છોડી દેવા માટે મજબૂર થઈ થય. જેમ કે અરબમાં અસરની નમાઝ બાદની ક़સમ અથવા હુઝૂર ﷺના મિમ્બર અથવા રોઝએ મુતહ્હરા પાસેની ક़સમ, અથવા આપણે ત્યાં કુર્આન મજીદને હાથ લગાડીને અથવા માથા પર રાખીને ક़સમ અથવા પોતાના યુવાન પુત્રનો હાથ પકડીને ક़સમ લેવી.

૨. એટલે કે પુખ્તા ક़સમ ખાય, જૂઠી ખાય અને ઈરાદાપૂર્વક ખાય. બીજાને નુકસાન પહોંચાડવા માટે ખાય, જેમ કે માલ મારી ખાવો વગેરે.

૩. એટલે કે કયામતના દિવસે રબના ફઝ્લના ઝહૂર વખતે જ્યારે રબ તઆલા મોટા મોટા ગુનેહગારો પર રહમ ફર્માવશે ત્યારે એ જૂઠા પર રહમ કરશે નહીં બલ્કે તેને રહમત તથા મહોબ્બતની નજરથી જોશે પણ નહીં.

૪. આ આયતે કરીમાની શરહ તથા તફસીર અમારી તફસીરમાં જુઓ. અહીં એટલુ સમજી લો કે વેપારમાં

કિંમત ગૈર મક્સૂદ હોય છે (કિંમત મૂળ ચીજ નથી) એટલા માટે સિક્કા બદલાય જવાથી સોદો ખત્મ નથી થતો અને ચીજ બદલાય જવાથી સોદો ખત્મ થઈ જાય છે. કિંમત ચીજ હાંસલ કરવાનો ઝરીયો છે જેવી રીતે રૂપિયા ઝરીયો છે અનાજ વગેરે હાંસલ કરવાનો, જો તેનાથી ચીજ ન મળે તો રૂપિયા બેકાર છે. જેમ કે ખોટો રૂપિયો અથવા તે રૂપિયો જેનું ચલણ જતુ રહ્યું. દુનિયા કિંમત છે આખેરત અસલ ચીજ. અને વળી દુનિયા કિંમત પણ છે થોડી. قُلْ مَتَاعُ الدُّنْيَا قَلِيْلٌ (તમે ફર્માવો કે દુનિયાનું વર્તવું થોડુ છે. સૂ. નિસાઅ, ૪/૭૭) જે દુનિયાના બદલામાં દીન બર્બાદ કરે છે તે બેવકૂફ છે કે મક્સૂદના બદલામાં ગૈર મક્સૂદ કરી લે છે અને ઘણા બધાના બદલામાં થોડાનો ખરીદાર બને છે.

૫. આ હદીષને અહમદ તથા બાકી ચાર સિહાહે અશ્અષ ઈબ્ને ક્વૈસ તથા ઈબ્ને મસ્ઊદથી મરફૂઅન રિવાયત કરી. رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ

★ ખોટી કસમથી કોઈનો હક્ક મારનારનો અંજામ ★

"હઝરત અબૂ ઉમામા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ***જેણે પોતાની ક્સમથી કોઈ મુસલમાનનો હક્ક મારી લીધો[૧] તો અલ્લાહે તેના માટે આગ લાઝિમ કરી આપી અને તેના પર જન્નત હરામ કરી દીધી[૨]*** *તો હુઝૂરને એક શખ્સે અર્ઝ કરી કે, ભલે મામૂલી ચીજ હોય ?! યા રસૂલલ્લાહ ! ﷺ તો ફર્માવ્યું ભલે પીલુડીની ડાળી જ હોય.[૩]" (મુસ્લિમ)*

★ હદીષ : (3)-૩૭૬૦ ★

وَعَنْ أَبِي أُمَامَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنِ اقْتَطَعَ حَقَّ امْرِئٍ مُسْلِمٍ بِيَمِينِهِ فَقَدْ أَوْجَبَ اللَّهُ لَهُ النَّارَ وَحَرَّمَ اللَّهُ عَلَيْهِ الْجَنَّةَ» فَقَالَ لَهُ رَجُلٌ: وَإِنْ كَانَ شَيْئًا يسير يَا رَسُولَ اللَّهِ؟ قَالَ: «وَإِنْ كَانَ قَضِيبًا من أَرَاك» . رَوَاهُ مُسلم

૧. તે મારેલો હક્ક માલ હોય કે કાંઈ અન્ય ચીજ જેમ કે તોહમત (હક્કે ક્વઝ), પત્નીની વારીનો હક્ક અથવા મુરદારનુ ચામડુ અથવા તે નાપાકીઓ જે માલ નથી પણ તેનો ઉપયોગ જાઈઝ છે. આ હદીષ તે સર્વ હક્કોને સમાવે છે. (મિર્કાત) પછી હક્ક તુચ્છ હોય કે મહાન. મુસલમાનની શર્ત કાળજી જાહેર કરવા માટે છે, નહીં તો ઝિમ્મી તથા મુસ્તામિન કાફિરનો હક્ક મારી લેવાની પણ એ જ સજા છે. જેથી હદીષથી એ સાબિત નથી થતુ કે ઝિમ્મી કાફિરનો હક્ક મારી લેવો જાઈઝ છે. નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, فدماءهم كدماءنا واموالهم كاموالنا એ કાફિરોના ખૂન તથા માલ મુસલમાનોના ખૂન તથા માલની જેમ મોહતરમ છે. એટલા માટે જો મુસલમાન ઝિમ્મી કાફિરનો માલ ચોરી કરે તો તેનો હાથ કાપવામાં આવશે.

૨. જો તે મુજરિમે એ કામ હલાલ જાણીને કર્યાં તો કાફિર થયો અને કાયમી ધોરણે જહન્નમનો હક્કદાર બન્યો, અને જો હરામ સમજીને કર્યા તો અશરાર (બુરા લોકો)ની સાથે જન્નતનો પ્રથમ પ્રવેશ તેના માટે હરામ થઈ ગયો. અશરારની સાથે પ્રથમ સજા પામશે પછી ઈમાનની બરકતથી બખ્શી દેવામાં આવશે. કેમ કે મુસલમાનના માટે દોઝખમાં હમેશગી નથી.

૩. અરબમાં પીલુડી ઘણુ જ મામૂલી ઝાડ છે. વળી તેની ડાળી જેની મિસ્વાક હોય છે તે ઘણી જ મામૂલી ચીજ છે, એટલા માટે મામૂલી ચીજને એની સાથે સરખાવી દેવામાં આવે છે.

★ હદીષ : (૪)-૩૭૬૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أُمِّ سَلَمَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّمَا أَنَا بَشَرٌ وَإِنَّكُمْ تَخْتَصِمُونَ إِلَيَّ وَلَعَلَّ بَعْضَكُمْ أَنْ يَكُونَ أَلْحَنَ بِحُجَّتِهِ مِنْ بَعْضٍ فَأَقْضِي لَهُ عَلَى نَحْوِ مَا أَسْمَعُ مِنْهُ فَمَنْ قَضَيْتُ لَهُ بِشَيْءٍ مِنْ حَقِّ أَخِيهِ فَلَا يَأْخُذَنَّهُ فَإِنَّمَا أَقْطَعُ لَهُ قِطْعَةً مِنَ النَّار»

"હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હું બશર (માનવી) છું[૧] અને તમે મારી તરફ મુકદ્દમા લાવો છો અને શક્ય છે કે તમારા અમુક બીજાની સરખામણીમાં પોતાની દલીલમાં અધિક ઝબાન ચાલાક હોય[૨] તો હું તેના માટે તેના જેવો ફૈંસલો કરી આપું જે તેનાથી સાંભળું[૩] તો હું જેના માટે તેના ભાઈના હક્કમાંથી કાંઈ ફૈંસલો કરું તો તે તેને કદાપિ ન લે કે હું તેના માટે આગના ટુકડાનો ફૈંસલો કરું છું.[૪]" (મુસ્લિમ, બુખારી)

૧. ખુદા અથવા ખુદાનો હિસ્સો કે ફરિશ્તો કે જિન નથી, નર્યો ઈન્સાન છું. આ હસ્ર ઈઝાફી છે જેથી એનો મતલબ એ નથી કે હું કેવળ બશર (માનવી) છું, ન નબી છું ન રસૂલ, ન નૂર, ન રહમતુલ્લિલ્આલમીન વગેરે. V < FCTV F, FV [Ch Z ﷺ ને લાખો સિફતો (ખૂબીઓ) બખ્શી છે પણ માનવ જાતીથી છે જેમ કે : اِلٰهُكُمْ اِلٰهٌ وَّاحِدٌ (તમારો મઅબૂદ એક મઅબૂદ છે. સૂ. નહ્લ, ૧૬/૨૨)નો અર્થ એ છે કે અલ્લાહ તઆલા એક જ ઈલાહ (મઅબૂદ) છે, બે વાતો નહીં. એ મતલબ કે તે ઉલૂહિયત તથા વહદાનિયતના સિવાય કોઈ સિફતથી મૌસૂફ નથી, ન કરીમ છે, ન ગફ્ફાર છે, ન સત્તાર ન માલિકુલ મુલ્ક વગેરે. આ ફર્માને આલીનો મક્સદ એ છે કે હું બશર છું અને બશરથી ભૂલ, ખતા, ઈજતેહદી ખતા પણ થઈ શકે છે અને તેને ધોકો પણ આપવામાં આવી શકે છે. શક્ય છે કે અમુક જૂઠા દાવેદાર પોતાને સાચા જાહેર કરે, અમે તેમની ગવાહી પર ભરોસો કરીને તેને સાચો માની લઈએ. **યાદ રાખશો કે અંબિયાએ કિરામ હઝરાત ગુનાહ તથા બદ્અકીદગી કે તેમના ઈરાદાઓથી માસૂમ છે, ખતા તથા ઈજતેહાદી ગલતીથી માસૂમ નથી,** જેથી હદીષ સ્પષ્ટ છે અને ઈસ્મતે અંબિયાની વિરૂધ્ધ નથી.

૨. لحن એ لحن થી બન્યું. لحن ના ઘણા અર્થો છે, અવાજ, કહેવામાં આવે છે ખુશ ઈલ્હાન, ઝબાન દાની, વાતને જાહેરથી ફેરવવી. રબ તઆલા ફર્માવે છે : وَلَتَعْرِفَنَّهُمْ فِيْ لَحْنِ الْقَوْلِ અને જરૂર તમે તેમની વાત પધ્ધતિમાં મહેરબાની લેશો. *સૂ. મુહમ્મદ, ૪૭/૩૦)* ફસાહત તથા બલાગત (વાણીની મધુરતા તથા ઉમદાપણુ) અમુક અર્થથી લહન સારી ચીજ છે, અમુક અર્થથી બુરી. અહીં ઝબાન દાનીના અર્થમાં કુદરત અલલ કલામ છે. એટલે કે શક્ય છે કે જૂઠો માણસ વકારુલ કલામ (વાત કરવામાં પ્રવિણ) હોય અને સાચો માણસ વાત કરવા પર શક્તિમાન ન હોય. જૂઠો પોતાને સાચો જાહેર કરીને પોતાના હક્કમાં ફૈંસલો કરાવે.

૩. યાદ રાખશો કે હુઝૂર ﷺ ના મોટાભાગના ફૈંસલા જાહેર પર થતા હતા ન કે હકીકત પર, જેથી કયામત સુધી ઉમ્મતના હાકિમો ફૈંસલાઓમાં હુઝૂર ﷺ ની સુન્નત પર અમલ કરે કે ઉમ્મતની પાસે વહી, ઈલ્હામે શરઈ, ગયબ પર માહિતી નથી. જો હુઝૂરે અન્વર ﷺ ના સર્વ ફૈંસલા ઈલ્હામ વગેરે પર હોત તો ઉમ્મત કેવી રીતે અમલ કરતી. અને અમુક ફૈંસલા કશ્ફ, ઈલ્હામ તથા વહી પર પણ કરતા હતા. જેમ કે તઅમા ઈબ્ને અબીરકની ચોરીનો કેસ હુઝૂરે પોતાના કશ્ફ પર કર્યો. રબ તઆલાએ ફર્માવ્યું : اِنَّآ اَنْزَلْنَآ اِلَيْكَ الْكِتٰبَ بِالْحَقِّ لِتَحْكُمَ بَيْنَ النَّاسِ بِمَآ اَرٰىكَ اللّٰهُ (હે મહબૂબ ! બેશક ! અમે તમારી તરફ સાચી કિતાબ ઉતારી કે તમે લોકોમાં ફૈંસલો કરો જે રીતે તમને અલ્લાહ દેખાડે. સૂ. નિસાઅ, ૪/૧૦૫) જેથી આ હદીષ એ આયતની વિરૂધ્ધ નથી. ત્યાં بِمَآ اَرٰىكَ اللّٰهُ માં વહી, કશ્ફ, ઈલ્હામ

સૌ સામેલ છે કે ખુદા જે આપને દેખાડે તેના પર ફૈંસલો કરી આપો. જેથી હદીષ સ્પષ્ટ છે. કુર્આને કરીમ ફર્માવી રહ્યું છે કે ખિઝર عليه السلام એ એક નાના બાળકને ક़ત્લ કરી દીધું અને તેનું કારણ એ વર્ણવ્યું કે આ બાળક મોટો થઈને મા બાપને કાફિર કરી દેત. આ છે હક़ીક़ત પર ફૈંસલો, કે હજી નાનો છે, કોઈ કુસૂર નથી કર્યો પણ ખિઝર عليه السلام એ ક़ત્લ કરી દીધો. રબ તઆલા ક़યામતમાં ગવાહીઓ, લખાણો પર ફૈંસલો કરશે એ છે જાહેરી કાનૂન.

૪. એટલે કે મારો જે ફૈંસલો ગવાહી અથવા ઈક़રાર અથવા ક़સમથી ઈન્કાર પર થશે એ જાહેર પર થશે. જો બનાવ (હક़ીક़ત) આ ફૈંસલાની વિરૂધ્ધ થયો અને બીજા પક્ષને ખબર હોય તો તેના માટે આ ફૈંસલાથી બે ચીજ હલાલ ન થઈ જશે. હાકિમનો હુકમ હરામને હલાલ નથી કરી શકતો. જેથી જો હાકિમ જૂઠી ગવાહી પર માલ અથવા ખૂન અથવા તલાક़નો ગલત ફૈંસલો કરી આપે તો દાવેદાર પોતાના સામેવાળાનો ન માલ લે ન ક़ેસાસ, ન તલાક़ની જૂઠી ગવાહી પર તેની સ્ત્રી સાથે નિકાહ કરે. યાદ રાખશો કે જૂઠી ગવાહી વગેરેથી જે ફૈંસલો થશે તે ફૈંસલો હક્ક़ થશે પણ એ ફૈંસલામાં હાકિમ ગુનેહગાર ન થશે. બંને પક્ષવાળા તથા ગવાહો ગુનેહગાર થશે. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે અંબિયાએ કિરામ હઝરાત ખતાએ ઈજતેહાદી પર ક़ાયમ નથી રહેતા. રબ તઆલા તેમને માહિતગાર કરી આપે છે તો એ ગલત ફૈંસલા પર હુઝૂર ﷺ શા માટે કાયમ રહેતા હતા, વહી થકી માહિતગાર કેમ કરવામાં આવતા ન હતા, કેમ કે ખતાએ ઈજતેહાદી ફૈંસલો જ ગલત હોય છે, જો કે એ ગલતી પર ગુનોહ નથી. અને અહીં ફૈંસલો હક્ક़ છે, કેમ કે દલીલ પર આધારિત છે. આ ફરક જરૂર ધ્યાનમાં રાખશો. *(મિર્ક़ાત)*

જરૂરી નોંધ : જે ચીજોમાં હાકિમ તથા સુલ્તાન વલી હોય, પોતાના હુકમથી લાગુ પાડી શકતો હોય ત્યાં હાકિમનો એવો ફૈંસલો તેને હલાલ કરી દેશે જેથી જો કુંવારી છોકરીના નિકાહના જૂઠા ગવાહ કાયમ કરી દેવામાં આવ્યા અને હાકિમે નિકાહનો ફૈંસલો કરી આપ્યો તો અહનાફની નજીક એ ફૈંસલો જ નિકાહ માનવામાં આવશે અને તે શખ્સે સોહબત કરવી હલાલ થશે, કેમ કે હાકિમ છોકરીનો વલી છે તેણીના નિકાહ કરાવી શકે છે. આ ફૈંસલો બાતિન પર થશે. જેમ કે હૈદરી ખિલાફતમાં એક એવો જ કેસ નિકાહનો ઉપસ્થિત થયો. પુરૂષે એક સ્ત્રીના નિકાહનો દાવો કર્યો. સ્ત્રીએ ઈન્કાર કર્યો. પુરૂષે બે ગવાહ રજૂ કરી આપ્યા તો જનાબ અલી رضی اللہ عنہ એ નિકાહનો ફૈંસલો કરી આપ્યો. સ્ત્રીએ અર્ઝ કરી કે હુઝૂર ! હવે આપ મારા નિકાહ એ શખ્સ સાથે જ પઢાવી આપો કે જેથી હરામથી બચું. જનાબે અલીએ ફર્માવ્યું કે મારો આ ફૈંસલો જ તારો નિકાહ છે. (હવાશી બુખારી કુતુબુલ હીલ, હિદાયા, અયની વગેરે) અહીં માલ, ખૂન, તલાક़ના ફૈંસલાઓનું વર્ણન છે જેમાં હાકિમ વલી નથી. એની તેહક़ીક़ અમારી કિતાબ "નઈમુલ બારી અલલ બુખારી"માં જુઓ જેમાં દલીલો સાથે આ મસ્અલો સાબિત કરવામાં આવ્યો છે.

"હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે અલ્લાહની બારગાહમાં ઘણો જ નાપસંદીદા શખ્સ અધિક સખત ઝઘડાળુ છે[૧]" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૫)-૩૭૬૨ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ أَبْغَضَ الرِّجَالِ إِلَى اللَّهِ الْأَلَدُّ الخَصِمُ»

૧. الد બન્યું છે لددથી અર્થ : સખત ઝઘડો. خصم બન્યું છે خصومتથી, અર્થ ખૂબ જ ઝઘડો. બંનેનો સંયુક્ત રીતે અર્થ થયો ઘણો જ તથા સખત ઝઘડાળુ. રબ તઆલા ફર્માવે છે : وَهُوَ اَلَدُّ الْخِصَامِ (તે સૌથી મોટા ઝઘડાળુ છે. સૂ. બકરહ, ૨/૨૦૪) એટલે કે કેસો કરવાનો આદી માણસ મરદૂદે બારગાહે ઈલાહી છે.

★ હદીષ : (૬)-૩૭૬૩ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسلم قضى بِيَمِين وَشَاهد. رَوَاهُ مُسلم

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફૈંસલો કર્યો ક़સમ તથા ગવાહથી.[૧]'' (મુસ્લિમ)

★ એકની ગવાહી ખબર હોય છે ગવાહી નહીં ★

૧. આ હદીષનો અર્થ હઝરત ઈમામ શાફઈ તથા અહમદ તથા માલિક رحمۃ اللہ علیہم اجمعین એવો કરે છે કે વાદી પાસે એક ગવાહ હતો તો હુઝૂર ﷺએ એ વાદીથી એ ગવાહ સ્વીકારી લીધો અને તે દાવેદાર (વાદી)થી એક ક़સમ લઈ લીધી અને તે એક ગવાહ અને એક ક़સમ પર તેના હક્કમાં ફૈંસલો કરી આપ્યો. જેમ કે તે હઝરાતને ત્યાં એક ગવાહ અને એક ક़સમ પર ફૈંસલો કરવો જાઈઝ છે. પણ ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ ની નજીક દાવેદાર પર કસમ નથી, ક़સમ પ્રતિવાદી પર છે. તેમજ એક ગવાહ પૂરતો નથી. આમ હક્કોમાં બે પુરૂષ અથવા એક પુરૂષ અને બે સ્ત્રીઓની ગવાહી જરૂરી છે. અને ઝિનાની સાબિતી માટે ચાર પુરૂષોની ગવાહી લાઝિમ છે. જ્યારે ક્યાંક એકની ખબર સ્વીકાર્ય છે ત્યાં એ ખબર છે ગવાહી નથી. જેમ કે રમઝાનના ચાંદની સાબિતી જ્યારે કે આસ્માન પર ધૂળ ધૂમાડા હોય, એ જ પ્રમાણે યૂસુફ علیہ السلام ની ઈસ્મત (ચરિત્રતા)નો એક ગવાહ કે તે શરઈ ગવાહ ન હતો બલ્કે મોજિઝા રૂપે એક દૂધ પીતા બાળકે ઈસ્મતની નિશાનીની ખબર આપી હતી. યાદ રાખશો કે હનફી મઝહબ ઘણો જ મજબૂત (પુખ્તા) અને તે ત્રણ ઈમામો رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ أَجْمَعِيْنَ નું આ દલીલ કરવું ખૂબ જ ઝઈફ છે, અમુક કારણોસર : **એક** એ કે એ ઈમામોની નજીક પણ એક ગવાહી અને એક ક़સમ પર ફૈંસલો કેવળ માલી કેસોમાં થશે. બીજા કેસોમાં કેવળ ગવાહીઓ જરૂરી થશે. જેથી આ હદીષ તેમના અર્થની પણ વિરૂધ્ધ થશે. **બીજુ** એ કે જો આ હદીષનો તે અર્થ હોય જે એ હઝરાતે કર્યો તો આ હદીષ કુર્આની આયતની વિરૂધ્ધ થશે. રબ તઆલા ફર્માવે છે : فَإِنْ لَّمْ يَكُوْنَا رَجُلَيْنِ فَرَجُلٌ وَّ امْرَاَتٰنِ (પછી જો બે પુરૂષ ન હોય તો એક પુરૂષ અને બે સ્ત્રીઓ. સૂ. બક़રહ, ૨/૨૮૨) અને ગવાહ બે પુરૂષો ન હોય તો એક પુરૂષ બે સ્ત્રીઓ. તેમજ ફર્માવે છે : وَّ اَشْهِدُوْا ذَوَىْ عَدْلٍ مِّنْكُمْ (અને પોતાનામાં બે ષિક़હ ગવાહ કરી લો. સૂ. તલાક़, ૬૫/૨) તમારામાં બે આદિલ પુરૂષોને ગવાહ બનાવો અને ખબરે વાહિદ કિતાબુલ્લાહના વિરૂધ્ધ અમલ છે. **ત્રીજુ** એ કે આ અર્થમાં આ હદીષ એક મુતવાતિર હદીષની વિરૂધ્ધ થશે. البينة على المدعى واليمين على من انكر ગવાહી દાવેદાર પર છે અને ક़સમ ઈન્કારી પ્રતિવાદી પર. ત્યાં ક़સમ તથા ગવાહીને વહેંચી કાઢયાં તો દાવેદાર ક़સમ કેવી રીતે ખાય શકે છે. જેથી અહનાફને ત્યાં આ હદીષના બે અર્થ છે : **એક** એ કે અહીં યમીન તથા શાહિદથી જાતી મુરાદ છે અને ક़ઝાથી આમ ફૈંસલા. અર્થ એ છે કે હુઝૂર ﷺએ સામાન્ય રીતે ફૈંસલા પ્રતિવાદીની ક़સમ અને વાદીની ગવાહી પર કર્યા છે, ઈલ્હામ અથવા કશ્ફ પર નથી કર્યા કે જેથી ઉમ્મતના માટે સનદ રહે. બીજો અર્થ એ કે અહીં ક़ઝા તથા ફૈંસલા પ્રતિવાદીના હક્કમાં મુરાદ છે. એટલે એક બનાવમાં દાવેદાર (વાદી)ની પાસે એક ગવાહ હતો અને પ્રતિવાદીએ ક़સમ ખાધી તો હુઝૂર ﷺએ પ્રતિવાદીના હક્કમાં ફૈંસલો આપ્યો, કેમ કે ગવાહીનો નિસાબ (સંખ્યા) સંપૂર્ણ ન હતો. આ અર્થમાં વર્ણવેલ ખરાબીઓમાંથી કોઈ ખરાબી ન રહી.

★ હદીષ : (૭)-૩૭૬૪ ★

وَعَنْ عَلْقَمَةَ بْنِ وَائِلٍ عَنْ أَبِيهِ قَالَ: جَاءَ رَجُلٌ مِنْ

''હઝરત અલ્ક़મા ઈબ્ને વાઈલથી રિવાયત છે તે પોતાના પિતાથી[૧] રાવી. ફર્માવે છે કે નબી કરીમ ﷺ ની ખિદમતમાં એક શખ્સ હઝરમૂતનો અને એક

وَسَلَّمَ فَقَالَ الْحَضْرَمِيُّ: يَا رَسُولَ اللَّهِ إِنَّ هَذَا غَلَبَنِي عَلَى أَرْضٍ لِي فَقَالَ الْكِنْدِيُّ: هِيَ أَرْضِي وَفِي يَدِي لَيْسَ لَهُ فِيهَا حَقٌّ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِلْحَضْرَمِيِّ: «أَلَكَ بَيِّنَةٌ؟» قَالَ: لَا قَالَ: «فَلَكَ يَمِينُهُ» قَالَ: يَا رَسُولَ اللَّهِ إِنَّ الرَّجُلَ فَاجِرٌ لَا يُبَالِي عَلَى مَا حَلَفَ عَلَيْهِ وَلَيْسَ يَتَوَرَّعُ مِنْ شيءٍ قَالَ: «ليسَ لكَ مِنْهُ إِلَّا ذَلِكَ» . فَانْطَلَقَ لِيَحْلِفَ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَمَّا أَدْبَرَ: «لَئِنْ حَلَفَ عَلَى مَالِهِ لِيَأْكُلَهُ ظُلْمًا لَيَلْقَيَنَّ اللَّهَ وَهُوَ عَنهُ معرض» . رَوَاهُ مُسلم

શખ્સ કિંદાનો હાજર થયો[૨] હઝરમીએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ! ﷺ એણે મારી જમીન પર કબજો કરી લીધો છે (જબરદસ્તી કબજો) પછી કિંદી બોલ્યો, એ જમીન મારી છે અને મારા કબજામાં છે[૩] એમાં એ શખ્સનો કોઈ હક્ક નથી. તો નબી કરીમ ﷺ એ હઝરમીથી ફર્માવ્યું, શું તારી પાસે ગવાહ છે ? અર્ઝ કરી, નહીં! ફર્માવ્યું, તો તને એની ક઼સમ (માનવી પડશે)[૪] તે બોલ્યો, યા રસૂલલ્લાહ! ﷺ આ શખ્સ ફાસિક઼ છે, પરવા નથી કરતો કે કઈ ચીજ પર ક઼સમ ખાય. અને એના સિવાય કાંઈ નથી[૫] તે બીજો ક઼સમ ખાવા ઉઠયો તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે તે ફર્યો[૬] કે તેણે તેના માલની ક઼સમ ખાય લીધી જેથી તેને જુલ્મની રીતે ખાય લે તો એ અલ્લાહથી એ હાલમાં મળશે કે અલ્લાહ તઆલા તેના પ્રતિ ધ્યાન નહીં કરે.[૭]" (મુસ્લિમ)

૧. આ અલ્ક઼મા તાબઈ છે, કૂફી છે, હઝરમી છે. તેમના પિતા વાઈલ ઈબ્ને હજર સહાબી છે. અલ્ક઼માને ઈબ્ને હબ્બાનેષિક઼હ કહ્યા.

૨. હઝરમૂત યમનનું એક પ્રખ્યાત શહેર છે. કિંદા યમનનો એક કબીલો છે કાફના ઝેરથી.

૩. એટલે કે હઝરમીએ કિંદી પર પચાવી પાડવાનો દાવો કર્યો અને કિંદીએ દાવાના જવાબમાં પોતાને આ જમીનનો માલિક તથા કબજેદાર કહ્યો.

૪. જાણવા મળ્યું કે આવી સ્થિતિમાં કબજેદાર પ્રતિવાદી હોય છે અને કબજા વિનાનો વાદી હોય છે. એટલા માટે હુઝૂર ﷺ એ હઝરમીથી ગવાહ માગ્યા અને કિંદી પર ક઼સમ લાગુ કરી.

૫. એનાથી જાણવા મળ્યું કે જે પ્રતિવાદી પર જૂઠ અથવા ફિસ્ક઼નો આક્ષેપ હોય તેની ક઼સમ વિશ્વસનીય છે પણ ગવાહીમાં તક઼વો વગેરેની પાબંદી છે. રબ તઆલા ફર્માવે છે : وَّاَشْهِدُوْا ذَوَىْ عَدْلٍ مِّنْكُمْ (અને પોતાનામાં બે ષિકહ ગવાહ કરી લો. સૂ. તલાક઼, ૬૫/૨) મુસલમાનોમાંથી બે આદિલ ગવાહ બનાવો. ક઼સમમાં એ પાબંદીઓ નથી, કેમ કે ગવાહી આક્ષેપના માટે હોય છે અને ક઼સમ દિફાઅ (દૂર કરવા)ના માટે. આક્ષેપ તથા દિફાઅમાં ઘણો ફરક છે. કાફિર ક઼સમ થકી પોતાનાથી દાવેદારનો દાવો દૂર કરી શકે છે.

૬. એટલે કે ક઼સમ ખાવાને માટે વળ્યો, એના માટે તૈયાર થયો. અદાલતથી પરત થવું મુરાદ નથી.

★ દાવેદાર જો પ્રતિવાદીને ફાસિક કહે તો તેની સાબિતી નથી, અને પ્રતિવાદીના ગવાહોને કહે તો અદાલત ફિસ્કની સાબિતી લેશે ★

૭. અને તેના પર રહમત કરશે નહીં. આ હદીષથી અમુક ફાયદા હાંસલ થયા : **એક** એ કે કબજેદાર ગૈર કબજેદારની સરખામણીમાં ચીજનો મુસ્તહિક઼ થશે. **બીજુ** એ કે જો પ્રતિવાદી ઈક઼રાર ન કરે તો તેણે ક઼સમ ખાવી

લાઝિમ છે. જો ક़સમથી ઈન્કાર કરશે તો વાદી (દાવેદાર)ના હક્ક़માં ફૈંસલો થશે. **ત્રીજુ** એ કે વાદીના ગવાહ પ્રતિવાદીની ક़સમ પર અગ્રતા ધરાવે છે. જો ગવાહ ન હોય તો તેની પાસે ક़સમ લેવડાવવામાં આવે. **ચોથુ** એ કે કેસ દરમ્યાન એક પક્ષ બીજાને ફ़ાસિક़ તથા ફ़ાજિર વગેરે શબ્દો કહે તો તેને સહન કરવા પડશે. હાકિમ ફ़िસ્ક़ની સાબિતી નહીં માગે, ગવાહમાં એથી ઉલ્ટુ કે જો પ્રતિવાદી વાદીના ગવાહોને ફ़ાસિક़ કહે તો હાકિમ તેમની અદાલતની તેહક़ીક़ કરશે.

★ જે કોઈ ચીજનો દાવો કરે જે તેની નથી તો તે અમારામાંથી નથી ★

★ હદીષ : (૮)-૩૭૬૫ ★
وَعَنْ أَبِي ذَرٍّ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّهُ سَمِعَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنِ ادَّعَى مَا لَيْسَ لَهُ فَلَيْسَ مِنَّا وَلْيَتَبَوَّأْ مَقْعَدَهُ مِنَ النَّارِ» . رَوَاهُ مُسْلِمٌ

*''હઝરત અબૂ ઝર رضی اللہ عنہ થી રિવાયત છે. તેમણે રસૂલુલ્લાહ ﷺ ને ફ़ર્માવતાં સાંભળ્યા, **જે કોઈ એ ચીજનો દાવો કરે જે તેની નથી તો તે અમારામાંથી નથી, તે પોતાનું ઠેકાણુ આગમાં શોધે.**[૧]'' (મુસ્લિમ)*

૧. એટલે કે જૂઠો દાવેદાર બે ગુનાહ કરે છે : જૂઠ બોલવું અને બીજાનો હક્ક़ મારવાની કોશિશ કરે છે. જેથી તે અમારા તૌર તરીક़ાથી નીકળી જાય છે. મો'મિને આ અયબોથી પાક તથા સાફ़ હોવું જોઈએ. શોધે અમર ખબરના અર્થમાં છે, એટલે તે આગનો મુસ્તહિક़ છે.

★ હદીષ : (૯)-૩૭૬૬ ★
وَعَنْ زَيْدِ بْنِ خَالِدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَلَا أُخْبِرُكُمْ بِخَيْرِ الشُّهَدَاءِ؟ الَّذِي يَأْتِي بشهادته قبلَ أنْ يسْأَلَهَا» . رَوَاهُ مُسلم

''હઝરત ઝયદ ઈબ્ને ખાલિદ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફ़ર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફ़ર્માવ્યું, શું હું તમને બેહતરીન ગવાહોની ખબર ન આપું ?[૨] તે ગવાહ છે જે માગ્યા પહેલાં ગવાહી આપી દે.[૩]'' (મુસ્લિમ)

૧. આપ સહાબી છે. જહની છે. આપની વફ़ાત હિ.સ. ૭૮માં થઈ. પચાસ વરસની ઉમર પામ્યા. અબ્દુલ મલિકના જમાનામાં આપની વફ़ાત થઈ. *(અશિઅ્હ)*

૨. شهداء બહુવચન છે شاهد નું પણ شهيد નું પણ અહીં શાહિદનું બહુવચન છે.

૩. આ ફ़ર્માને આલીના કેટલાય મતલબ થઈ શકે છે : **એક** એ કે કોઈની પાસે કોઈ દાવેદારના હક્ક़ની ગવાહી છે અને દાવેદારને તેની ખબર નથી. જો એ ગવાહી ન આપે તો તેનો હક્ક़ માર્યો જાય, ત્યારે એના માટે લાઝિમ છે કે ખુદ દાવેદારને ખબર આપી દે કે હું તારા હક્ક़નો અયની ગવાહ છું, કે જેથી તેનો હક્ક़ ન માર્યો જાય. એ ગવાહી અમાનત છે જેને છુપાવવું ખયાનત છે. **બીજુ** એ કે શરઈ હક્ક़ોની ગવાહી આપવી વાજિબ છે ભલે તેનો દાવો ન હોય. જેમ કે તલાક़, એતાક़, વક્ફ, આમ વસિયત, કે એના જેવી ચીજોની ગવાહી ક़ાઝીને ત્યાં જરૂર આપે, ભલે તેની માગણી ન કરવામાં આવી હોય. આ બંને ગવાહીઓના વિશે રબ તઆલા ફ़ર્માવે છે : وَاَقِيْمُوا الشَّهَادَةَ لِلّٰهِ (અને અલ્લાહના માટે ગવાહી ક़ાયમ કરો. સૂ. તલાક़, ૬૫/૨) કેમ કે એ ગવાહીઓથી માનવ હક્ક़ તથા શરઈ હક્ક़ો સંબંધિત છે. જેથી જરૂર અદા કરે, માગણીની રાહ ન જુએ. રમઝાન તથા ઈદના ચાંદની ગવાહી જરૂર આપે. જે હદીષમાં ગવાહ બનાવ્યા વિના ગવાહી આપવાની બુરાઈ વર્ણવી છે : يشهدون ولا يستشهدون ત્યાં જૂઠી ગવાહી, અપાત્ર ગવાહી મુરાદ છે. *(લમ્અ્હાત, મિક़ાત, અશિઅ્હ)*

★ શ્રેષ્ઠ લોકો હુઝૂરના સમકાલિન પછી જે એમનાથી જોડાયેલા હશે પછી એમનાથી ★

★ હદીષ : (૧૦)-૩૭૬૭ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «خَيْرُ النَّاسِ قَرْنِي ثُمَّ الَّذِينَ يَلُونَهُمْ ثُمَّ الَّذِينَ يَلُونَهُمْ ثُمَّ يَجِيءُ قَوْمٌ تَسبِقُ شَهَادَةُ أحدِهِمْ يَمِينه وَيَمِينه شَهَادَتَه»

''હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, બેહતરીન (શ્રેષ્ઠ) લોકો મારા સમકાલિન (હમઝમાના) છે.[૧] પછી તે જેઓ એમનાથી જોડાયેલા હશે, પછી તેઓ જે એમનાથી જોડાયેલા હશે[૨] પછી એવી ક઼ૌમ આવશે જેમાં દરેકની ગવાહી એની જ ક઼સમ પર પહેલ કરશે, અને તેની ક઼સમ તેની ગવાહી પર.[૩]'' (મુસ્લિમ, બુખારી)

૧. قرن નો શાબ્દિક અર્થ છે મળવું, એનાથી اقتران જમાનો તથા જમાનાવાળાઓ અને ગિરોહને قرن (ક઼રન) એટલા માટે કહે છે કે સમકાળના (હમઝમાના) અને એક ગિરોહ (ગૃપ)ના લોકો મળેલા હોય છે. એમાં ચર્ચા છે કે ક઼રન કઈ મુદ્દતનું નામ છે, ૩૦ વરસ, ૨૦ વરસ, ૬૦ વરસ, સિત્તેર વરસ, એંસી વરસ, સો વરસ. છેલ્લો કૌલ અધિક પુખ્તા છે, કેમ કે **હુઝૂર ﷺએ એક બાળકના માથા પર હાથ ફેરવીને ફર્માવ્યું, તમે એક જમાના સુધી જીવતા રહો.** عشی قرنا **તો તે સો વરસ જીવ્યો.** (મિર્ક઼ાત) અમુક અલ્લાહવાળા ફર્માવે છે કે ખુલફ઼ાએ રાશિદીન હઝરાતનો જમાનો હુઝૂરે અન્વર ﷺનો જમાનો છે. ક઼ાફમાં સિદ્દીક઼ની તરફ રેમાં હઝરત ઉમરની તરફ, નૂનમાં હઝરત ઉષ્માનની તરફ અને ફેમાં હઝરત અલીની તરફ ઈશારો (નિર્દેશ) છે رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ أَجْمَعِيْنَ અમુકે ફર્માવ્યું કે હુઝૂર ﷺના સહાબા હુઝૂર ﷺના ક઼રન છે. અમુકે ફર્માવ્યું કે જે હુઝૂરે અન્વર ﷺની જાહેરી હયાત શરીફમાં ઝિંદા હતા તે હુઝૂર ﷺના હમઝમાના (સમકાલિન) છે. (અઝ : મિર્કાત વ અશિઅહ મઅ ઝિયાદત) યાદ રાખશો કે નબીનો જમાનો અલગ છે અને નબુવ્વતનો જમાનો કાંઈ અલગ છે. **હુઝૂર ﷺનો નબુવ્વતનો જમાનો કયામત સુધી હમેશાં સુધી છે.** જે જમાનામાં લોકો હુઝૂર ﷺને જોઈને સહાબી બનતા હતા તે જમાનો સીમિત છે, નહીં તો આજે પણ જમાનો હુઝૂર ﷺનો અને હમેશાં જમાનો હુઝૂર ﷺનો જ રહેશે.

લતીફ઼ા : એક સાહબે બિદઅતની વ્યાખ્યા કરી કે બિદઅત તે છે કે જે હુઝૂર ﷺના જમાના પછી નીકળી હોય. તો એક આશિકે દિલશાદે કહ્યું, આજે કોનો જમાનો છે ? આજે પણ તેમનો જ રિવાજ તેમનો જ જમાનો છે. આપણે આજે કલમો પઢીએ છીએ મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺ મુહમ્મદ અલ્લાહના રસૂલ છે. જો આ જમાનો તેમનો નથી તો ''છે'' કોને કહી રહ્યા છો ?! આપણા રસૂલ પણ ઝિંદા છે અને તેમની રિસાલત પણ ક઼ાયમી હમેશાં માટેની છે.

૨. એટલે કે તાબઈન તથા તબેઅ તાબઈન. યાદ રાખશો કે સહાબી તે મો'મિન ઈન્સાન છે જેમણે હુઝૂરે અન્વર ﷺને એક નજર જોયા અથવા એક ક્ષણ માટે સોહબત પામી, પણ તાબઈ તે લોકો જેમણે સહાબીની મુસ્તક઼િલ સોહબત પામી હોય. એ જ પ્રમાણે તબેઅ તાબઈન તે જેમણે તાબઈની સોહબત પામી, તેમનો ફયઝ હાંસલ કર્યો હોય. જેથી ઈમામ અબૂ હનીફ઼ા رضی اللہ عنہ તાબઈ છે, પણ યઝીદ તાબઈ નથી, ભલે સહાબીનો પુત્ર છે પણ સહાબાનો ફૈઝ હાંસલ ન કરી શક્યો. એટલા માટે નહીં. મિર્ક઼ાતે يلونهم નો અર્થ કર્યો : اى يقربونهم فى الخير كالتابعين જે સહાબા સાથે ભલાઈમાં નિકટ હોય.

૩. એટલે કે જૂઠી ગવાહી તથા જૂઠી ક़સમો ખાવા પર દિલેર હશે. પરવા નહીં કરે કે પોતાની ગવાહીને ક़સમથી સાબિત કરે અથવા જૂઠી ક़સમને જૂઠી ગવાહીથી સાબિત કરે. બંને બાબતે લાલચી હશે. આ હદીષના આધારે હઝરત ઈમામ માલિક رضی اللہ عنہ ફ઼ર્માવે છે કે જે ગવાહ ક़સમ ખાયને ગવાહી આપે અથવા એથી ઉલ્ટુ તો તેની ગવાહી રદ છે. પણ જમહૂર (બહુમતી) ઈમામો ફ઼ર્માવે છે કે ગવાહી રદ ન થશે. એની તેહક़ીક़ મિર્ક़ાત શરહે મિશ્કાતમાં જુઓ. આ હદીષથી જાણવા મળ્યું કે સહાબાનો જમાનો સર્વ જમાનાઓથી અફ઼ઝલ છે, પછી જેટલા પ્રકારમાં જમાનો હુઝૂર ﷺથી દૂર થતો જશે એટલા પ્રમાણમાં ખૈરિયત ઓછી થતી જશે.

★ હદીષ : (૧૧)-૩૭૬૮ ★
وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَرَضَ عَلَى قَوْمٍ الْيَمِينَ فَأَسْرَعُوا فَأَمَرَ أَنْ يُسْهَمَ بَيْنَهُمْ فِي اليَمِينِ أَيُّهُمْ يَحْلِفُ. رَوَاهُ الْبُخَارِيّ

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ એક ક़ૌમ પર ક़સમ પેશ કરી તો તેમણે ઉતાવળ કરી નાખી. તો હુઝૂર ﷺ એ હુકમ આપ્યો કે ક़સમમાં એમની વચ્ચે ડ્રો કરવામાં આવે કે કોણ ક़સમ ખાય.[૧]" (બુખારી)

★ જ્યારે બંને ક़સમોમાં જલ્દી કરે તો ડ્રો કરવામાં આવે ★

૧. આ હદીષનો જાહેરી અર્થ એ છે કે એક શખ્સે કોઈ જમાઅતની વિરૂધ્ધ દાવો કર્યો. તેની પાસે ગવાહ ન હતા. ક़સમ એ જમાઅત પર આવી. તેમનામાંથી દરેક શખ્સે પ્રથમ ક़સમ ખાવાની કોશિશ કરી, ત્યારે ડ્રો કર્યો. પણ શરહકર્તા ફ઼ર્માવે છે કે એની સ્થિતિ એ છે કે બે શખ્સોએ એવી કોઈ ચીજનો દાવો કર્યો જે કોઈ ત્રીજાના કબજામાં છે. તે કબજેદાર કહે છે કે મને ખબર નથી કે એમનામાંથી કોની છે. એ બંનેવ દાવેદારો પાસે ગવાહી નથી અથવા બંનેવ પાસે ગવાહી છે. હઝરત અલી رضی اللہ عنہ ફ઼ર્માવે છે કે આ સ્થિતિમાં ડ્રો પધ્ધતિ અપનાવીને જેના નામ પર ડ્રો નીકળે તેની પાસે ક़સમ લેવામાં આવે અને તેને આપી દેવામાં આવે. ઈમામ શાફ઼ઈ رضی اللہ عنہ ને ત્યાં આ ત્રીજાના કબજામાં છોડી દેવામાં આવે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ફ઼ર્માવે છે કે તે બંનેવની અડધી અડધી આપી દેવામાં આવે واللہ اعلم (લમ્અ઼ાત, અશિઅ઼હ, મિર્ક़ાત) ડ્રો કરવું કે ક़સમ તેમના પર ન થશે.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૧૨)-૩૭૬૯ ★
عَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الْبَيِّنَةُ عَلَى الْمُدَّعِي وَالْيَمِينُ عَلَى الْمُدَّعَى عَلَيْهِ» . رَوَاهُ التِّرْمِذِيّ

"હઝરત અમ્ર ઈબ્ને શોએબ رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રાવી કે નબી કરીમ ﷺ એ ફ઼ર્માવ્યું, ગવાહી દાવેદાર પર છે અને ક़સમ પ્રતિવાદી પર.[૧]" (તિર્મિઝી)

૧. એની શરહ પહેલાં કરવામાં આવી ચૂકી છે કે જો દાવેદાર (વાદી) પાસે ગવાહ ન હોય અને પ્રતિવાદી તેના દાવાનો ઈન્કાર કરે અને દાવેદાર ક़સમની માગણી કરે તો ક़સમ પ્રતિવાદી પર છે.

★ જ્યારે બે શખ્સો એક ચીજનો દાવો કરે અને દલીલ ન હોય તો ? ★

★ હદીષ : (૧૩)-૩૭૭૦ ★
وَعَنْ أُمِّ سَلَمَةَ رَضِيَ اللَّهُ عَنْهَا عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ

"હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. તે બે શખ્સોના બારામાં

عَلَيْهِ وَسَلَّمَ: فِي رَجُلَيْنِ اخْتَصَمَا إِلَيْهِ فِي مَوَارِيثَ لَمْ تَكُنْ لَهُمَا بَيِّنَةٌ إِلَّا دَعْوَاهُمَا فَقَالَ: «مَنْ قَضَيْتُ لَهُ بِشَيْءٍ مِنْ حَقِّ أَخِيهِ فَإِنَّمَا أَقْطَعُ لَهُ قِطْعَةً مِنَ النَّارِ» . فَقَالَ الرَّجُلَانِ: كُلُّ وَاحِدٍ مِنْهُمَا: يَا رَسُولَ اللَّهِ حَقِّي هَذَا لِصَاحِبِي فَقَالَ: «لَا وَلَكِنِ اذْهَبَا فَاقْتَسِمَا وَتَوَخَّيَا الْحَقَّ ثُمَّ اسْتَهِمَا ثُمَّ لِيُحَلِّلْ كُلُّ وَاحِدٍ مِنْكُمَا صَاحِبَهُ» . وَفِي رِوَايَةٍ قَالَ: «إِنَّمَا أَقْضِي بَيْنَكُمَا برأيي فِيمَا لم يُنَزَّلْ عليَّ فِيهِ» . رَوَاهُ أَبُو دَاوُد

જેઓ હુઝૂર ﷺની તરફ વારસાનો કેસ લાવ્યા[૧] કે તેનો તેમની પાસે દાવા સિવાય કોઈ ગવાહ ન હતો. તો ફર્માવ્યું કે હું જેના માટે તેના ભાઈના હક્કનો ફૈંસલો કરી આપુ તો હું તેના માટે આગના એક હિસ્સાનો ફૈંસલો કરું છું[૨] એના પર એ બંને શખ્સોમાંથી દરેકે V h"SZL4 I FZ; } <; FC ¦ ﷺ *મારો હક્ક મારા આ સાહબના માટે છે[૩] તો ફર્માવ્યું, એ રીતે નહીં, પરંતું ડ્રો કરો (ચિઠ્ઠી ફરકાવો) પછી તમારામાંથી દરેક પોતાના ભાગીદારથી માફી માગી લે[૪] અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે હું તમારી વચ્ચે મારી રાયથી ફૈંસલો કરું છું એ ચીજોમાં જેનામાં મારા પર વહીનું ઉતરાણ નથી થયું.[૫]" (અબૂ દાઊદ)*

૧. એટલે કે એક ચીજના વિશે બે સાહબોએ દાવો કર્યો કે મારી છે. દરેક એવું કહેતો હતો કે મને આ ચીજ મારા સગાના વારસામાં મળી છે અને કોઈની પાસે ગવાહ હતા નહીં.

૨. એટલે કે મારો શરઈ ફૈંસલો જે જાહેર પર આધારિત હોય એ ગૈર મુસ્તહિક્ના (ગૈર હક્કદારના) માટે એ ચીજને હલાલ ન કરશે. જો ખરેખર એ સાચો હોય તો લે નહીં તો છોડી આપે. એની તેહક્રીક્ પહેલાં થઈ ચૂકી કે હુઝૂરે અન્વર ﷺના ફૈંસલા કેટલા પ્રકારના છે અને કયા ફૈંસલાનો કયો હુકમ છે.

૩. સુબ્હાનલ્લાહ ! આ તાસીર છે એ ઝબાને ફયઝે તર્જુમાનની કે એક ફર્માનમાં એ બંનેની વાણી વર્તન વિચારધારા સર્વ અમલો બદલાય ગયા.

૪. એટલે કે આ ચીજ બંને જણ આપસમાં સરખી રીતે વહેંચી લો અને વહેંચણીમાં હક્કનો ખયાલ રાખો تَوَخّٰی એ وَخٌ, થી બન્યું છે અર્થ : મધ્યમ માર્ગી, જેમાં ન જલ્દી હોય ન મોડુ, અને અર્થ ઈરાદો તથા તહર્રી (બેહતરીનની પસંદગી કરવી) અહીં બીજો અર્થ મુરાદ છે.

૫. એ હક્રીક્તમાં સુલેહ કરાવવું છે, ફૈંસલો નથી. સુબ્હાનલ્લાહ ! શું શાનદાર સુલહ છે. એ બંનેવમાં દરેક શખ્સનો ખયાલ એ હતો કે આ વારસામાં છૂટેલી ચીજ મારી છે. તો ફર્માવ્યું કે દરેક અડધી અડધી લઈ લે. વહેંચણી બિલ્કુલ બરાબર થાય અને નક્કી કરવા માટે ડ્રો કરો કે કયો હિસ્સો કોણ લે. પછી તક્વા તથા પરહેઝગારીના રૂપે એકબીજાને પોતાના હક્કથી મુક્ત કરી દો કે જો મારો કોઈ હક્ક તારી તરફ ચાલ્યો ગયો તો મારા તરફથી તને માફ, અને જો તારો હક્ક મારા તરફ આવી ગયો હોય તો માફ કરી દે. એનાથી જાણવા મળ્યું કે મજહૂલ (અજ્ઞાત) હક્કથી મુક્ત કરી દેવું જાઈઝ છે. અહનાફનો આ ક્રૌલ છે. *(મિર્કાત)*

૬. વહીના ઉતરાણમાં વહીથી આમ વહી મુરાદ છે. ચાહે ઈસ્તેલાહી વહી હોય, મત્લૂ અથવા ગૈર મત્લૂ (શબ્દો સાથે પઢવામાં આવેલ અથવા શબ્દો વિના ઈલ્હામ), ઈલ્હામ કે કશ્ફ અથવા કાંઈક બીજુ. એટલે કે ક્રેસોના ફૈંસલા અમે વહી અથવા ઈલ્હામ વગેરેથી કરીએ છીએ. જ્યારે કોઈ કેસમાં આ ચીજો ન હોય તો પોતાના ઈજતેહાદથી ફૈંસલો કરીએ છીએ જેમાં મદદ ગવાહી, ક્રસમ, નિશાનીઓથી લઈએ છીએ. જાણવા મળ્યું કે અંબિયાએ કિરામ હઝરાત ખાસ કરીને હુઝૂર ﷺ ઈજતેહાદ કરતા હતા.

★ હદીષ : (૧૪)-૩૭૭૧ ★

وَعَن جابرِ بن عبدِ اللهِ: أَنَّ رَجُلَيْنِ تَدَاعَيَا دَابَّةً فَأَقَامَ كُلُّ وَاحِدٍ مِنْهُمَا الْبَيِّنَةَ أَنَّهَا دَابَّتُهُ نَتَجَهَا فَقَضَى بِهَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِلَّذِي فِي يدِهِ. رَوَاهُ فِي «شرح السّنة»

''હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે કે બે શખ્સોએ એક ઘોડીના વિશે દાવો કર્યો તો એમાંથી દરેકે ગવાહી ક़ાયમ કરી કે આ જાનવર મારુ છે. એનાથી બચ્ચાં લીધાં છે.[૧] તો રસૂલુલ્લાહ ﷺ એ ફૈસલો આપ્યો જેના કબજામાં તે હતી. (શરહે સુન્નહ)[૨]

૧. એટલે કે એ ઘોડીથી મેં બચ્ચાં મેળવ્યાં છે.

૨. એનાથી જણાયું કે કબજાવાળો પ્રતિવાદી છે અને ગૈર કબજાદાર દાવેદાર (વાદી) છે. જો બિન કબજેદાર ગવાહી કાયમ કરે તો તેના માટે ફૈસલો છે, નહીં તો કબજેદાર પાસે ક़સમ લઈને તેના હક્કમાં ફૈસલો થશે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની નજીક કબજેદારના ગવાહ લેવામાં નહીં આવે, કેમ કે પ્રતિવાદી પર ગવાહ નથી. હા ! એના ગવાહ બચ્ચુ આપવા પર થઈ શકે છે. જો બંનેવ બચ્ચુ આપવા બાબતે ગવાહી રજૂ કરી આપે તો પણ ફૈસલો કબજેદારના હક્કમાં થશે.

૩. એટલે મસાબીહના કર્તાએ આ હદીષ પોતાની કિતાબ શરહે સુન્નતહમાં રિવાયત કરી. એને બયહક़ી તથા શાફઈએ પણ રિવાયત કરી.

★ હદીષ : (૧૫)-૩૭૭૨ ★

وَعَن أَبِي مُوسَى الأشعريِّ: أَنَّ رَجُلَيْنِ ادَّعَيَا بَعِيرًا عَلَى عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَبَعَثَ كُلُّ وَاحِدٍ مِنْهُمَا شَاهِدَيْنَ فَقَسَّمَهُ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَيْنَهُمَا نِصْفَيْنِ. رَوَاهُ أَبُو دَاوُدَ وَفِي رِوَايَةٍ لَهُ وَلِلنَّسَائِيِّ وَابْنِ مَاجَهْ:أَنَّ رَجُلَيْنِ ادَّعَيَا بَعِيرًا لَيْسَتْ لِوَاحِدٍ مِنْهُمَا بَيِّنَةٌ فَجَعَلَهُ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَيْنَهُمَا

''હઝરત અબૂ મૂસા અશ્અરી رضی اللہ عنہ થી રિવાયત છે કે બે શખ્સોએ રસૂલુલ્લાહ ﷺ ના જમાનામાં એક ઊંટનો દાવો કર્યો. પછી એમાંથી દરેકે બે ગવાહ ક़ાયમ કરી આપ્યા[૧] તો નબી કરીમ ﷺ એ તે બંનેવ વચ્ચે અડધુ અડધુ વહેંચી આપ્યું.[૨] (અબૂ દાઉદ) અને અબૂ દાઉદની બીજી રિવાયત અને નિસાઈ તથા ઈબ્ને માજહની રિવાયતમાં છે કે બે શખ્સોએ એક ઊંટનો દાવો કર્યો જેમાંથી કોઈની પાસે ગવાહ ન હતા.[૩] તો નબી કરીમ ﷺ એ તે ઊંટ એ બંને વચ્ચે કરી આપ્યું.[૪]''

૧. કેમ કે એમનામાંથી દરેક દાવેદાર (મુદઈ) હતો, કોઈ એ ઊંટનો કબજેદાર ન હતો જેથી એમનામાંથી કોઈ પ્રતિવાદી ન હતો, એટલા માટે હુઝૂરે અન્વર ﷺ એ બંનેની ગવાહી સ્વીકારી. જેથી હદીષ પર એ વાંધો નથી કે ગવાહ કેવળ દાવેદારથી લેવામાં આવે છે, બંનેથી શા માટે લેવામાં આવ્યા. શક્ય છે કે બંનેવ પહેલેથી કબ્જેદાર હોય. પણ પ્રથમ સંભાવના મજબૂત છે કે ઊંટ કોઈ ત્રીજાના કબજામાં હતું જે ન તેનો દાવેદાર હતો ન તેને માલિકની ખબર હતી.

૨. એ રીતે કે બંનેને તેના માલિક માની લીધા કે એ બંનેવ એ ઊંટથી સંયુક્તપણે કામ લે અથવા એની કિંમત બંનેવ અડધી અડધી વહેંચી લે. એ મતલબ નથી કે ઝબહ કરીને બંનેવ વચ્ચે વહેંચી કાઢે. આવા કેસોમાં આ જ ફૈસલો થવો જોઈએ. આવું ત્યારે છે જ્યારે કોઈની ગવાહી ખાસ નિશાની સાથે મજબૂતી ન પામતી હોય, નહીં તો નિશાનીવાળાની

ગવાહીને મજબૂતી મળશે અને તેના હક્કમાં ફૈંસલો થશે.

૩. કદાચ આ બીજો બનાવ છે, પ્રથમ બનાવ કોઈ અન્ય હતો. શક્ય છે કે એ જ બનાવ હોય જે અબૂ દાઉદના હવાલાથી વર્ણન થયો. અને ગવાહ ન હોવાનો અર્થ છે કે બંનેવ પાસે ગવાહ હતા જે ટકરાવના કારણે સાકિત (નિષ્ક્રિય) થઈ ગયા. જેથી બંનેની પાસે સ્વીકાર્ય ગવાહી ન રહી. મિર્કાતે અંતિમ ખુલાસાને અગ્રતા આપી છે.

૪. એનો મતલબ પણ એ જ છે જે હમણા વર્ણવવામાં આવ્યો કે જાનવરને સંયુક્ત ઠરાવવામાં આવ્યું છે.

★ હદીષ : (૧૬)-૩૭૭૩ ★

وَعَن أَبي هريرةَ أَنَّ رجُلين اختَصما فِي دَابَّة وَلَيْسَ لَهما بَيِّنَةٌ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «استهِما على اليَمين» . رَوَاهُ أَبُو دَاوُد وابنُ مَاجَه

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે બે શખ્સોએ એક જાનવરમાં ઝઘડો કર્યો અને તેમની પાસે ગવાહ ન હતા તો નબી કરીમ ﷺ એ બંનેવને ફર્માવ્યું, ક઼સમ માટે ડ્રો કરો.[૧]''

(અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

૧. એનો એ જ મતલબ છે જે પ્રથમ વિભાગની આખરી હદીષના હેઠળ વર્ણન થયો કે બે શખ્સોએ એવી ચીજનો દાવો. કર્યો જે કોઈ ત્રીજી વ્યક્તિના કબજામાં હતી. અને તે એનો દાવેદાર ન હતો, બલ્કે કહેતો હતો કે મને ખબર નથી કે એનો માલિક કોણ છે, અને તે બંનેવ દાવેદારો પાસે ગવાહ ન હતા. ત્યારે હુઝૂરે અન્વર ﷺ એ ડ્રો થકી એકની પાસે ક઼સમ લીધી કેમ કે તે બીજાના હક્કને નકારનાર હતો, અને ક઼સમ બાદ તેને તે ચીજ આપી દીધી. આ હદીષ હઝરત અલી رضی اللہ عنہ નું સમર્થન કરે છે કે એમનો મઝહબ આવા બનાવ વિશે આ જ છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં એવી હાલતમાં એ ચીજ તે ત્રીજાની પાસે જ છોડી દેવામાં આવશે. અને ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં બંને દાવેદારો વચ્ચે અડધી અડધી વહેંચાશે. જેથી આપણે ત્યાં આ હદીષ મન્સૂખ છે, તેની નાસિખ તે હદીષ છે જે હમણા વર્ણન પામી જેમાં વહેંચણીનું વર્ણન છે. واللّٰہ اعلم !

★ હદીષ : (૧૭)-૩૭૭૪ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لِرَجُلٍ حَلِّفْهُ: «احْلِفْ بِاللَّهِ الَّذِي لَا إِلَهَ إِلَّا هُوَ مَاله عِنْدَكَ شَيْءٌ» يُعْنَى لِلْمُدَّعِي. رَوَاهُ أَبُو دَاوُدَ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ એ શખ્સને ફર્માવ્યું જેનાથી ક઼સમ લેવામાં આવી કે એ અલ્લાહની ક઼સમ ખા જેના સિવાય કોઈ મઅબૂદ નથી[૧] કે તારી પાસે આ દાવેદારની કોઈ ચીજ નથી.[૨] '' (અબૂ દાઉદ)

૧. જાણવા મળ્યું કે પ્રતિવાદીથી ક઼સમ લેતી વખતે રબ તઆલાની અમુક સિફતોનો ઉલ્લેખ પણ કરવામાં આવે જેનાથી ક઼સમ ખાનારના દિલમાં ધાક પેદા થઈ જાય. જેમ કે એનાથી એવી ક઼સમ લેવામાં આવે કે અલ્લાહની ક઼સમ ! જેણે હુઝૂર મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺ પર કુર્આને કરીમ ઉતાર્યું, રબ અથવા રબ્બે કા'બાની ક઼સમ.

૨. ન એ ચીજ જેનો તે દાવો કરે છે ન કોઈ અન્ય ચીજ. આ સામાન્યકરણથી ઘણા ફાયદા થાય છે.

★ હદીષ : (૧૮)-૩૭૭૫ ★

وَعَن الأشعثِ بنِ قيسٍ قَالَ: كَانَ بَيْنِي وَبَيْنَ رَجُلٍ مِنَ الْيَهُودِ أرضٌ فحَجَدَنِي فَقَدَّمْتُهُ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ

''હઝરત અશ્અષ ઈબ્ને કૈસ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે મારા તથા એક યહૂદી શખ્સ વચ્ચે જમીન હતી.[૨] તેણે ના પાડી દીધી. હું તેને નબી કરીમ ﷺ ની પાસે લઈ ગયો, તો હુઝૂર ﷺ એ ફર્માવ્યું,

عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «أَلَكَ بَيِّنَةٌ؟» قُلْتُ: لَا قَالَ لِلْيَهُودِيِّ: «احْلِفْ» قُلْتُ: يَا رَسُولَ اللَّهِ إِذَنْ يَحْلِفَ وَيَذْهَبَ بِمَالِي فَأَنْزَلَ اللَّهُ تَعَالَى: (إِنَّ الَّذِينَ يشترونَ بعهدِ اللَّهِ وأَيمانِهِم ثمنا قَلِيلا) الْآيَة. رَوَاهُ أَبُو دَاوُد وَابْن مَاجَه

શું તારી પાસે ગવાહ છે ? મેં અર્ઝ કરી, નહીં ! તો યહૂદીને કહ્યું, તું ક़સમ ખા[૩] મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ત્યારે તો એ ક़સમ ખાય જશે અને મારો માલ લઈ જશે.[૪] ત્યારે અલ્લાહે આ આયત ઉતારી, બેશક ! તે લોકો જેઓ અલ્લાહના વાયદા તથા વચન અને પોતાની ક़સમોના બદલામાં થોડી કિંમત ખરીદી લે છે.[૫]" (અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

૧. આપનું નામ અશઅષ ઈબ્ને ક़ૈસ ઈબ્ને મઅ્દીકર્બ છે. કુન્નિયત અબૂ મુહમ્મદ છે. કંદી છે. હિ.સ. ૧૦માં કંદાના પ્રતિનિધિમંડળની સાથે આવ્યા. હુઝૂર ﷺના હાથ શરીફ પર ઈસ્લામ સ્વીકાર્યો. પોતાની ક़ૌમના સરદાર હતા. હુઝૂર ﷺના વિસાલ બાદ પોતાના કબીલાની સાથે મુર્તદ થઈ ગયા. પછી ખિલાફતે સિદ્દીક़ીમાં ફરીથી ઈસ્લામ લાવ્યા. હઝરત સિદ્દીક़ે અકબર رضی اللہ عنہ એ પોતાનાં બહેનનો આપની સાથે નિકાહ કરી આપ્યો. પછી આપ હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ ની સાથે ઈરાકની જંગમાં ગયા અને કાદસિયા, મદાઈન તથા નેહાબંદ આપે ફતહ કર્યા. પછી કૂફામાં વસવાટ કર્યો. હિ.સ. ૪૦માં કૂફામાં વફાત પામ્યા. આપની નમાઝે જનાઝા ઈમામ હસન رضی اللہ عنہ એ પઢાવી. જંગે જુમલ તથા જંગે સિફ્ફીનમાં હઝરત અલી رضی اللہ عنہ ની સાથે સુલહના સમયે અમીર મુઆવિયહ رضی اللہ عنہ ની સાથે રહ્યા. (અશિઅહ, મિર્ક़ાત) જેથી આપ ઈમામ શાફઈને ત્યાં સહાબી છે અને અહનાફને ત્યાં તાબઈ છે. કેમ કે ઈર્તેદાદ (દીનથી ફરી જવો)ના કારણે આપની સહાબિયત ખત્મ થઈ ચૂકી, કેમ કે અહનાફને ત્યાં સતત મો'મિન રહીને વફાત પામવું શર્ત છે. *(અઝ : મિર્ક़ાત)*

૨. જેમાં ઝઘડો હતો તેમાં કબજેદાર યહૂદી હતો, જેવું કે આગળના વર્ણનથી માલૂમ પડી રહ્યું છે.

★ કાફિરની ગવાહી મુસલમાન વિરુદ્ધ વિશ્વસનીય નથી, ક़સમ વિશ્વસનીય છે ★

૩. એનાથી જાણવા મળ્યું કે મુસલમાન દાવેદારના મુકાબલામાં કાફિર પ્રતિવાદીથી ક़સમ લેવામાં આવશે, પણ મુસલમાન પ્રતિવાદીના મુક़ાબલામાં કાફિર દાવેદારના કાફિર ગવાહ વિશ્વાસપાત્ર નથી, કેમ કે ક़સમ બચાવના માટે હોય છે અને ગવાહી બીજા પર આક્ષેપના માટે, જેથી કાફિરની ગવાહી મુસલમાન પ્રતિવાદી પર આક્ષેપ નથી કરી શકતી. એની ચર્ચા ફિક़્હની કિતાબોમાં જુઓ.

૪. મક़સદ એ છે કે હું એ ક़સમનો ભરોસો નથી કરતો, કેમ કે એ કાફિર છે, અને કાફિર મુસલમાનને નુકસાન પહોંચાડવાના માટે જૂઠી કસમ ખાવામાં ડરતા નથી.

૫. આ આયતમાં હઝરત અશઅષ ઈબ્ને ક़ૈસ رضی اللہ عنہ ને તો બતાવવામાં આવ્યું કે તમે યહૂદીથી કેવળ કસમ લેવાના મુસ્તહિક़ છો. હવે જો તે જૂઠી ક़સમ ખાય તો તે જિમ્મેદાર છે. અને યહૂદીને એ બતાવવામાં આવ્યું કે તૌરાત શરીફમાં પણ જૂઠી ક़સમ ખાવા પર ધમકી આવેલી છે, જો તેં એવી હિંમત કરી તો તૌરાતના હુકમ મુજબ તું સખત મુજરિમ ઠરીશ. જેથી હદીષ પર એ વાંધો નથી કે હઝરત અશઅષના સવાલનો જવાબ આ આયતમાં આપવામાં ન આવ્યો, ન એ વાંધો છે કે કુર્આની આયતની અસર આ કાફિર યહૂદી પર પડશે. આ હદીષથી જાણવા મળ્યું કે કેસમાં કાફિરની ગવાહી મુસલમાનની વિરૂધ્ધ વિશ્વસનીય નથી પણ કાફિરની ક़સમ વિશ્વસનીય છે.

★ કોઈનો માલ જૂઠી ક़સમથી મારી ખાનાર અલ્લાહથી ક़ોટી બનીને મળશે ★

★ હદીષ : (૧૯)-૩૭૭૬ ★

وَعَنْهُ أَنْ رَجُلًا مَنْ كِنْدَةَ وَرَجُلًا مِنْ حَضْرَمَوْتَ اخْتَصَمَا إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي أَرْضٍ مِنَ الْيَمَنِ فَقَالَ الْحَضْرَمِيُّ: يَا رَسُولَ اللَّهِ إِنَّ أَرْضِي اغْتَصَبَنِيهَا أَبُو هَذَا وَهَى فِي يَدِهِ قَالَ: «هَلْ لَكَ بَيِّنَةٌ؟» قَالَ: لَا وَلَكِنْ أُحَلِّفُهُ وَاللَّهِ مَا يَعْلَمُ أَنَّهَا أَرْضِي اغْتَصَبَنِيهَا أَبُوهُ؟ فَتَهَيَّأَ الْكِنْدِيُّ لِلْيَمِينِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَقْطَعُ أَحَدٌ مَالًا بِيَمِينٍ إِلَّا لَقِيَ اللَّهَ وَهُوَ أَجْذَمُ» فَقَالَ الْكِنْدِيُّ: هِيَ أَرْضُهُ. رَوَاهُ أَبُو دَاوُد

*"તેમનાથી જ રિવાયત છે કે એક શખ્સ કંદાનો અને એક શખ્સ હઝરમૂતનો એ બંનેવ પોતાનો કેસ યમની જમીનના વિશે રસૂલુલ્લાહ ﷺ ની બારગાહમાં લાવ્યા. તો હઝરમી બોલ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ જમીન મારી છે, તેના બાપે મારી પાસેથી હડપ કરી લીધી હતી.[૧] અને એ જમીન તેના કબજામાં છે. ફર્માવ્યું, શું તારી પાસે ગવાહ છે ?[૨] અર્ઝ કરી, નહીં ! પરંતું હું તેનાથી ક़સમ લઈશ એના પર કે અલ્લાહની ક़સમ ! તે નથી જાણતો કે એ મારી જમીન છે.[૩] કે એના બાપે તે મારાથી પચાવી પાડી છે. ત્યારે કંદી ક़સમના માટે તૈયાર થયો.[૪] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે **કોઈ શખ્સ કોઈનો માલ જૂઠી ક़સમથી મારશે નહીં, પણ તે અલ્લાહ તઆલાથી કોટી બનીને મળશે.**[૫] તો કંદી બોલ્યો, એ જમીન એની જ છે.[૬]" (અબૂ દાઊદ)*

૧. એટલે કે યમનના ઈલાકામાં મારી માલિકીની એક જમીન હતી. તેના બાપે એના પર નાજાઈઝ કબજો કરીને મને બેદખલ (માલિકીથી અલગ) કરી દીધો. એનો બાપ મૃત્યુ પામ્યો તો એણે વારસા રૂપે એ જમીન પર કબજો કરી લીધો છે. એને ખબર છે કે તેના બાપે મારી આ જમીન છીનવી લીધી હતી, તો એ મને અપાવવામાં આવે કેમ કે હવે એ જાહેરી રીતે જમીનનો માલિક એ જ હતો એટલા માટે એના પર જ દાવો કરવામાં આવ્યો, ભલે હડપ કરવાનો મુજરિમ તેનો બાપ હતો. એનાથી જાણવા મળ્યું કે પૂરાણા કેસની પણ સુનાવણી હાકિમે કરવી જોઈએ. જુર્મ નવો હોય કે પૂરાણો એ ગમે તેમ પણ જુર્મ છે. એ પણ જાણવા મળ્યું કે નાજાઈઝ કબજો એ નાજાઈઝ છે, કોઈ શખ્સ નાજાઈઝ પૂરાણા કબજાના કારણે તેનો માલિક નથી બની જતો. (કોઈના બાપે કોઈની જમીન પચાવી પાડી હતી તો એ વાત જૂની હોવાથી પુત્ર તેનો માલિક બની શકે નહીં. એ નાજાઈઝ જ રહેશે.) એ પણ જાણવા મળ્યું કે મૈયતના પોતાની માલિકીના માલનો વારસો વહેંચાશે. અમાનત, પચાવી પાડેલ, કરજો, ઉધાર ઉછીની લીધેલ ચીજોમાં વારસો લાગુ થશે નહીં. એ ચીજ તેમના માલિકોને પરત થશે.

૨. એટલે કે આ કેસમાં તમે દાવેદાર છો કે જાહેરની વિરૂધ્ધનો દાવો કરી રહ્યા છો અને આ શખ્સ કબજેદાર હોવાના કારણે પ્રતિવાદી છે, જેથી તમે એ હડપ થવાની ગવાહી પેશ કરો.

૩. એટલે કે એ આ બનાવ વિશે જાણે છે, નહીં તો પોતાની અજાણતા વિશે ક़સમ ખાય.

૪. એટલે કે એણે કસમ ખાવા ચાહ્યું.

૫. આ ફર્માને આલી પોતાના જાહેરી અર્થ પર છે, કોઈ તાવીલની જરૂરત નથી. અમુક અમલોની અસર ચહેરા પર બલ્કે સર્વ શરીર પર ક़યામતમાં જાહેર થશે. રબ તઆલા ફર્માવે છે : يَوْمَ تَبْيَضُّ وُجُوهٌ وَتَسْوَدُّ وُجُوهٌ (જે દિવસે

કેટલાંક મોઢાં ઉજળાં હશે અને કેટલાક કાળાં. સૂ. આલે ઈમરાન, ૩/૧૦૬) કુફ્ર તથા ઈમાન પણ ચીજોથી જાહેર થશે અને નેક તથા બુરા અમલો પણ. ખરેખર એવો જૂઠો ખરેખર કોઢી થશે. અમુક શરહકર્તાઓએ વિના કારણે કોઢી થવાની તાવીલો (અર્થઘટનો) કર્યા કે તે હરકત તથા બરકતથી વંચિત હશે વગેરે.

★ નબી પાક ﷺના બે શબ્દોએ દિલની હાલત બદલી નાખી ! ★

૬. સુબ્હાનલ્લાહ ! આ છે અસર તે ઝબાને ફયઝે તર્જુમાનનો કે બે શબ્દોમાં તેના દિલની હાલત બદલાઈ ગઈ ! અને સાચી વાત કહીને જમીન પરનો દાવો છોડી મૂક્યો. આ હદીષ પ્રથમ વિભાગમાં હઝરત અલ્કમા ઈબ્ને માઈલની રિવાયતથી વર્ણન થઈ ચૂકી પણ ત્યાં એ ઉલ્લેખ ન હતો કે કંદીએ કહ્યું, આ તેની જમીન છે.

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉનૈસથી[૧] રિવાયત છે ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મોટામાં મોટો ગુનોહ અલ્લાહનો શરીક (ભાગીદાર) ઠરાવવું છે[૨] અને માબાપની નાફર્માની[૩] અને વહી ગયેલા પર જૂઠા કસમ[૪] અને નથી કસમ ખાતો કોઈ રોકનારી કસમ[૫] પછી એમાં માખીની પાંખ બરાબર મિલાવટ કરે પણ તે કયામત સુધી તેના દિલમાં દાગ બનાવી દેવામાં આવે છે.[૬] (તિર્મિઝી) અને તિર્મિઝીએ કહ્યું, આ હદીષ ગરીબ છે.[૭]''

★ હદીષ : (૨૦)-૩૭૭૭ ★

وَعَن عبدِ اللَّهِ بنِ أُنَيْسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ مِنْ أَكْبَرِ الْكَبَائِرِ الشِّرْكَ بِاللَّهِ وَعُقُوقَ الْوَالِدَيْنِ وَالْيَمِينَ الْغَمُوسَ وَمَا حَلَفَ حَالِفٌ بِاللَّهِ يَمِينَ صَبْرٍ فَأَدْخَلَ فِيهَا مِثْلَ جَنَاحِ بَعُوضَةٍ إِلَّا جُعِلَتْ نُكْتَةً فِي قَلْبِهِ إِلَى يَوْمِ الْقِيَامَةِ».رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيثٌ غَرِيب

૧. انيس (ઉનૈસ) અલિફના પેશ નૂનના ઝબરથી. આ અબ્દુલ્લાહ સહાબી જહની અન્સારી છે. ગઝવએ ઓહદ વગેરેમાં શરીક રહ્યા. મદીના મુનવ્વરામાં હિ.સ.૫૪માં વફાત પામ્યા.

★ કુફ્ર તથા શિર્કની વ્યાખ્યા ★

૨. અહીં મિર્કાતે ફર્માવ્યું કે આવા સ્થાનોએ શિર્કથી મુરાદ મુત્લક્ન (કોઈપણ) કુફ્ર હોય છે, કેમ કે દરેક કુફ્ર મોટાથી મોટો ગુનોહ છે... છેવટ સુધી. રબ તઆલા ફર્માવે છે : اِنَّ الشِّرْكَ لَظُلْمٌ عَظِيْمٌ (બેશક ! શિર્ક મહાન ગુનોહ છે. સૂ. લુકમાન, ૩૧/૧૩) અને ફર્માવે છે : وَلَا تَنْكِحُوا الْمُشْرِكٰتِ حَتّٰى يُؤْمِنَّ (મુશ્રિકોના નિકાહમાં ન આપો જ્યાં સુધી તેઓ ઈમાન ન લાવે. સૂ. બકરહ, ૨/૨૨૧) કાફિર પુરૂષો સાથે મુસલમાન સ્ત્રીઓના નિકાહ ન કરો જ્યાં સુધી તેઓ મુસલમાન ન થઈ જાય. ફકીરે (લેખકે) પણ એની તેહકીક મારી તફસીરમાં કરી છે કે જ્યાં શિર્કનો મુકાબલો ઈમાનથી થશે ત્યાં અલગ, અને જ્યાં મુત્લક શિર્ક હશે ત્યાં એનાથી મુરાદ દરેક કુફ્ર થશે. **કુફ્રનો અર્થ છે કોઈ ઈસ્લામી અકીદાનો ઈન્કાર કરવું. જેમ કે નબીની નબુવ્વત, કુર્આનની હક્કાનિયત, કયામત, નમાઝ, ઝકાત વગેરેનો ઈન્કાર. અને શિર્કનો અર્થ છે કોઈને અલ્લાહ તઆલાના બરાબર માનવું અથવા અલ્લાહ તઆલાની શાન ઘટાડીને તેને કોઈ બંદાની બરાબર સમજવું, બરાબરીના અકીદા વિના શિર્ક અશક્ય છે.** જુઓ અમારી કિતાબ ''ઈલ્મુલ કુર્આન'' રબ તઆલા ફર્માવે છે : ثُمَّ الَّذِيْنَ كَفَرُوْا بِرَبِّهِمْ يَعْدِلُوْنَ (એના પર કાફિર લોકો પોતાના રબના બરાબર ઠરાવે છે. સૂ. અન્આમ, ૬/૧) અને ફર્માવે છે : اِذْ نُسَوِّيْكُمْ بِرَبِّ الْعٰلَمِيْنَ (જ્યારે કે તેમને રબ્બુલ આલમીનના બરાબર ઠરાવે છે. સૂ. શૂરા, ૨૬/૯૮) સારાંશ શિર્કમાં શર્ત છે કે કોઈને રબના બરાબર સમજવું, એ ખૂબ જ ધ્યાનમાં રાખશો.

૩. માબાપ ભલે કાફિર હોય તેમના હક્કો અદા કરવા શરીઅતની રૂએ જરૂરી છે. عقوق નો અર્થ છે હક્કો અદા કરવામાં ઉણપ વર્તવી એ સખત ગુનોહ છે.

★ ક઼સમના પ્રકારો વિશે ચર્ચા ★

૪. ક઼સમ ત્રણ પ્રકારની છે : ક઼સમે લગ્વ, ક઼સમે મુનઅક઼્દિા, ક઼સમે ગમૂસ. અજાણતામાં જૂઠી ક઼સમ જો મોઢેથી નીકળી જાય તે લગ્વ (બેકાર, ફોગટ) છે, એમાં ન ગુનોહ છે ન કફ્ફારો. ભવિષ્યના સંબંધે ક઼સમ, જો એ તોડી નાખવામાં આવે તો કફ્ફારો વાજિબ છે. ભૂતકાળના બનાવ પર જાણીબુજીને જૂઠી ક઼સમ, એમાં કફ્ફારો નથી પણ ગુનોહ છે. غموس (ગમૂસ) બન્યું છે غمس થી, અર્થ : ડૂબાડવું. કેમ કે એ ક઼સમ માણસને ગુનાહોમાં ડૂબાડી દે છે એટલા માટે યમીને ગમૂસ કહે છે.

૫. ક઼સમે સબ્રનો અર્થ પહેલાં વર્ણન થઈ ચૂકેલ છે કે એવી ક઼સમ જે સામેવાળાને ઈન્કારથી રોકી દે. જેમ કે મસ્જિદે નબવીમાં મિમ્બરે રસૂલ પાસે ક઼સમ અથવા અસરની નમાઝ બાદ, કુર્આન મજીદ માથા પર રાખીને ક઼સમ વગેરે.

૬. એટલે કે એ ક઼સમ તેના દિલમાં એવો મેલ પેદા કરી દે છે જેમ કે આઈનો અથવા સાફ તલ્વારમાં ધૂળના ધબ્બા, અને એ દાગ ક઼યામત સુધી રહેશે, અને ક઼યામત બાદ એનું પરિણામ જોશે. જ્યારે જૂઠની મિલાવટનો આ વબાલ છે તો ખાસ જૂઠી ક઼સમનો શું હાલ હશે ?! એનાથી જાણવા મળ્યું કે જાહેરી અંગોની અસર દિલો દિમાગ પર પડે છે, જેમ કે દિલની અસર જાહેરી અંગો પર થાય છે. દિલનો રંજ તથા ખુશી ચહેરાથી જાહેર થાય છે. એ પણ જાણવા મળ્યું કે દિલ આઈનાની જેમ સાફ તથા સ્વચ્છ છે, એની સફાઈનો ખૂબ જ ખયાલ રાખવો જોઈએ.

૭. આ હદીષ અહમદ ઈબ્ને હબ્બાન તથા હાકિમે પણ રિવાયત કરી.

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે, નથી ક઼સમ ખાતુ કોઈ મારા આ મિમ્બર પાસે[૧] જૂઠ પર ક઼સમ ભલે લીલી મિસ્વાક માટે હોય તે પોતાનું ઠેકાણુ આગનું બનાવે છે અથવા એના માટે વાજિબ થઈ જાય છે.[૨]"

(માલિક, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૨૧)-૩૭૭૮ ★

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَحْلِفُ أَحَدٌ عِنْدَ مِنْبَرِي هَذَا عَلَى يَمِينٍ آثِمَةٍ وَلَوْ عَلَى سِوَاكٍ أَخْضَرَ إِلَّا تَبَوَّأَ مَقْعَدَهُ مِنَ النَّارِ أَوْ وَجَبَتْ لَهُ النَّارُ» . رَوَاهُ مَالِكٌ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

૧. જો કે મક્કા મોઅઝ્ઝમા એટલે કાબા મોઅઝ્ઝમાનો મિમ્બર અને સર્વ જગતની મસ્જિદોનો મિમ્બર હુઝૂર ﷺ ના જ છે, પણ هٰذا (હાઝા) ફર્માવીને બતાવ્યું કે મારી મુરાદ મસ્જિદે નબવી શરીફનો મિમ્બર છે જે રિયાઝુલ જન્નહના બીજા કિનારા પર આવેલ છે. (શેઅર)

એક તરફ રૌઝે કી જાલી એક સિમ્ત મિમ્બર કી બહાર—બીચમેં જન્નતકી પ્યારી પ્યારી ક઼યારી વાહ ! વાહ !

(આ'લા હઝરત رحمۃ اللہ علیہ—)

૨. એટલે કે બીજી જગાએ જૂઠી ક઼સમ ખાવા કરતાં મારા મિમ્બરની સામે એવી ક઼સમ ખાવી અધિક ખતરનાક છે કે એમાં જૂઠ પણ છે અને મિમ્બરે રસૂલ ﷺ ની બેઅદબી પણ છે. જાણવા મળ્યું કે સારી જગાએ સારા સમયમાં જેવી રીતે નેકીનો સવાબ વધારે હોય છે, એવી જ રીતે ગુનાહનો અઝાબ પણ વધારે હોય છે. જુઓ અન્ય મહીનાઓમાં

રોઝો તોડવાથી કેવળ કઝા વાજિબ થાય છે પણ માહે રમઝાનમાં રોઝો તોડવા પર એકસઠ રોઝા વાજિબ છે, એક કઝાનો અને ૬૦ કફ્ફારાના. આ કફ્ફારો શું છે ? માહે રમઝાનની બેહુર્મતી છે.

★ હદીષ : (૨૨)-૩૭૭૯ ★
وَعَن خُرِيمِ بن فاتكٍ قَالَ: صَلَّى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ صَلَاةَ الصُّبْحِ فَلَمَّا انْصَرَفَ قَامَ قَائِمًا فَقَالَ: «عُدِلَتْ شَهَادَةُ الزُّورِ بِالْإِشْرَاكِ بِاللَّهِ» ثَلَاثَ مَرَّاتٍ. ثُمَّ قَرَأَ: (فَاجْتَنِبُوا الرِّجْسَ مِنَ الْأَوْثَانِ وَاجْتَنِبُوا قَوْلَ الزُّورِ حُنَفَاءَ لِلَّهِ غَيْرَ مُشْرِكِينَ بِهِ) رَوَاهُ أَبُو دَاوُد وَابْن مَاجَه

''હઝરત ખુરૈમ ઈબ્ને ફાતકથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફજરની નમાઝ પઢી, પછી જ્યારે ફારિગ થયા તો સીધા ઉભા થયા પછી ત્રણ વાર ફર્માવ્યું કે જૂઠી ગવાહી અલ્લાહની સાથે શરીક ઠરાવવાના સમાન કરવામાં આવી.[૨] પછી આ આયત તિલાવત કરી કે બચો ગંદકી એટલે મૂર્તિઓથી[૩] અને બચો જૂઠી વાતથી[૪] અલ્લાહની તરફ ઝુકીને તેની સાથે શરીક ન કરીને.[૫]'' (અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

૧. خريم (ખુરૈમ) ખેના પેશ, રેના ઝબરથી. આપ ખુરૈમ ઈબ્ને અખરમ ઈબ્ને શદ્દાદ ઈબ્ને અમ્ર ફાતક છે. અસદી છે. સહાબી છે. હુદૈબિયામાં હાજર થયા બદરમાં શરીક થવું સાબિત નથી.

૨. زور બન્યુ છે زور બિલ્ફતહથી, જેનો અર્થ છે વળવું, ટેઢા થવું. ઈસ્તેલાહમાં જૂઠને પણ ઝોર કહે છે અને ચમકતુ કરવાને પણ. કેમ કે જૂઠો માણસ જૂઠના કારણે હક્ક માર્ગથી હટી જાય છે. ચમકતુ કરવુ અમલી જૂઠ છે કે પિત્તળને ચમકાવીને સોનુ દેખાડવામાં આવે છે. એટલે કે કુર્આને કરીમમાં જૂઠી ગવાહીને શિર્કની સાથે વર્ણવવામાં આવેલ છે અને તેને શિર્કના સમાન ઠરાવી, કેમ કે શિર્ક પણ તો જૂઠનો જ પ્રકાર છે. મુશ્રિક કહે છે રબ બે છે, એ કથન જૂઠુ છે. સમજે છે કે મૂર્તિ ઈબાદતને લાયક છે, આ એતેક઼ાદ જૂઠ છે.તેમજ મુશ્રિક રબ તઆલાની વિરુદ્ધ જૂઠ બોલીને તેનો હક્ક મારે છે, જેથી જૂઠને શિર્ક સાથે ખૂબ જ નિસ્બત છે.

૩. من الاوثان માં من બયાનિયા છે اوثان رجسٌનું બયાન છે. જેમ કે જાહેરી નાપાકી શરીર અથવા કપડાને ગંદુ કરે છે એવી જ રીતે મૂર્તિપૂજા દિલને ગંદુ કરે છે.

૪. મતલબ એ છે કે જેવી રીતે તમે જાહેરી ગંદકીઓથી ઘૃણા કરો છો એવી જ રીતે આંત્રિક (બાતિની) ગંદકીઓથી ઘૃણા કરો. બાતિની ગંદકી મૂર્તિપૂજા તથા જૂઠી વાત છે. શરીર કરતાં દિલ તથા રૂહની ફિકર કરો.

૫. حنفاء બહુવચન છે حنيفનું. حنيفનો અર્થ છે કોઈની તરફ ઝુકવું, વળવું (આકર્ષિત થવું). અને جنيف જીમથી કોઈનાથી અલગ થવું. એનાથી આકર્ષાવું છે حنيف તે છે જે બાતિલથી હટયો હોય, હક્કની તરફ વળ્યો હોય. એટલા માટે હઝરત ઈબ્રાહીમ عليه السلامને કુર્આને કરીમે ''હનીફ'' ફર્માવ્યા. એમના સદક઼ાથી દરેક મુસલમાન હનીફ છે કે કુફ્રથી હટેલો.

★ હદીષ : (૨૩)-૩૭૮૦ ★
وَرَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ عَنْ أَيْمَنَ بْنِ خُرَيْمٍ إِلَّا أَنَّ ابْنَ مَاجَهْ لَمْ يَذْكُرِ الْقِرَاءَةَ

''અને એને અહમદ તથા તિર્મિઝીએ હઝરત અયમન ઈબ્ને ખુરૈમથી[૧] રિવાયત કરી પણ ઈબ્ને માજહએ તિલાવતનો ઉલ્લેખ નથી કર્યો.''

૧. એટલે કે અબૂ દાઉદ વગેરેએ તો પિતાથી રિવાયત કરી અને તિર્મિઝીએ પુત્રથી, એટલે અયમનથી. અયમન હઝરત ખુરૈમના પુત્ર છે. અયમનની સહાબિયત સાબિત નથી એટલા માટે એમની રિવાયત મુરસલ થશે.

૨. એટલે કે ઈબ્ને માજહએ એ બયાન ન કર્યું કે હુઝૂર ﷺએ બાદમાં આયતે કરીમા : فَاجْتَنِبُوا الرِّجْسَ (તો દૂર થવા મૂર્તિઓની ગંદકીથી. –સૂરએ હજ્જ, ૨૨/૩૦) તિલાવત કરી.

★ ખયાનત કરનાર તથા ખુલ્લમ ખુલ્લા ગુનાહ કરનારની ગવાહી સ્વીકાર્ય નથી ★

★ હદીષ : (૨૪)-૩૭૮૧ ★
وَعَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَجُوزُ شَهَادَةُ خَائِنٍ وَلَا خَائِنَةٍ وَلَا مَجْلُودٍ حَدًّا وَلَا ذِي غِمْرٍ عَلَى أَخِيهِ وَلَا ظَنِينٍ فِي وَلَاءٍ وَلَا قَرَابَةٍ وَلَا الْقَانِعِ مَعَ أَهْلِ الْبَيْتِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حديثٌ غريبٌ ويزيدُ بن زيادٍ الدِّمَشْقِي الرَّاوي مُنكر الحَدِيث

''હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કે ખયાનત કરનારાની ગવાહી જાઈઝ નથી અને ન ખયાનત કરનારીની[૧] અને ન કોરડાની સજા મારેલાની[૨] અને ન કીનાવાળાની પોતાના ભાઈની વિરુદ્ધ[૩] અને ન વિલા તથા વંશમાં આક્ષેપવાળાની[૪] અને ન કોઈ ઘરવાળાંઓના ખર્ચા પર ગુજારો કરનારાની[૫] (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે અને યઝીદ ઈબ્ને ઝિયાદ દમિશ્કી રાવી મુન્કિરુલ હદીષ છે[૬].''

★ ફાસિક તથા ખયાનત કરનાર વિશે સમજૂતી ★

૧. ખયાનત એ અમાનતનું વિરુદ્ધાર્થી છે. કોઈનો માલ નાહક્ક દબાવી લેવો. ખયાનતના ઘણા પ્રકાર છે, અહીં ક્યાં તો ખયાનતથી માલ મારી લેવું મુરાદ છે અથવા તેનાથી દરેક ફિસ્ક તથા બદ્કારી મુરાદ છે. **ગુનાહે કબીરા કરવું અથવા ગુનાહે સગીરા પર અડી જવું, તેને કરતા રહેવું ફિસ્ક છે.** અને દરેક ફિસ્ક ખયાનત છે કે એમાં અલ્લાહનો હક્ક તથા શરીઅતનો હક્ક મારવું છે. એટલા માટે દરેક ફાસિક ખાઈન (ખયાનત કરનાર) છે. મિર્કાતે ખાઈનનો એ જ અર્થ કર્યો, એટલે ફાસિક્. અશિઅતુલ લમ્આતે પણ એ જ અર્થને અગ્રતા આપી. મતલબ એ છે કે ફાસિક્ મોઅલિનની ગવાહી કાઝીને ત્યાં કબૂલ નથી. કુર્આને કરીમ ફર્માવે છે : وَّاَشْهِدُوْا ذَوَىْ عَدْلٍ مِّنْكُمْ (અને તમારામાં બે ષિક્હને ગવાહ કરી લો. –સૂરએ તલાક્, ૬૫/૨) તમારામાંથી બે આદિલો તથા પરહેઝગારોને ગવાહ બનાવો. એટલા માટે ફકીહો ફર્માવે છે કે **શરાબી, ઝાની, ચોર, દાઢી મૂંડા વગેરે ફાસિક્ોની ગવાહી સ્વીકાર્ય નથી.** આ હુકમનો માખઝ (આધાર) આ જ હદીષ અને આ જ આયત છે.

★ કોરડા લગાડવામાં આવેલાની ગવાહી મરદૂદ છે ★

૨. યાદ રાખશો કે કોરડાઓની સજા કુંવારા ઝાનીને પણ આપવામાં આવે છે. (સો કોરડા) અને શરાબીને પણ (એંસી કોરડા) અને પારસા (પવિત્ર) સ્ત્રીને ઝિનાની તોહમત લગાડનારને પણ (એંસી કોરડા). પણ અહીં મુરાદ આ ત્રીજો શખ્સ છે, તોહમતની સજાવાળો. કેમ કે મરદૂદુશ્શહાદત (જેવી ગવાહી માન્ય નથી) એ જ શખ્સ છે, ન કે પહેલાં બને. એના પર પૂરી ઉમ્મતનો ઈજમાઅ પણ છે, કુર્આને કરીમની સ્પષ્ટતા પણ છે. રબ તઆલા ફર્માવે છે :

وَالَّذِيْنَ يَرْمُوْنَ الْمُحْصَنٰتِ ثُمَّ لَمْ يَاْتُوْا بِاَرْبَعَةِ شُهَدَآءَ فَاجْلِدُوْهُمْ ثَمٰنِيْنَ جَلْدَةً وَّلَا تَقْبَلُوْا لَهُمْ شَهَادَةً اَبَدًا ۚ وَاُولٰٓئِكَ هُمُ الْفٰسِقُوْنَ ۙ اِلَّا الَّذِيْنَ تَابُوْا

(અને જેઓ પારસા (સચરિત્ર) સ્ત્રીઓને અયબ લગાડે પછી ચાર દાર્શનિક પુરાવા ન લાવે તો તેમને એંસી

કોરડા મારો અને તેમની ગવાહી કદી ન માનો અને તે ફાસિક્ છે, પણ જે એના બાદ તૌબા કરી લે. –સૂરએ નૂર, ૨૪/૪,૫) પણ આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં **જૂઠી તોહમત લગાડનારની ગવાહી તૌબા પછી પણ ક્બૂલ નથી,** તે હમેશાં મરદૂદુશશહાદત (જેની ગવાહી અમાન્ય) રહેશે, પણ ઈમામ શાફઈને ત્યાં તૌબા બાદ તેની ગવાહી ક્બૂલ થશે. તે ફર્માવે છે : الا الذين تابوا નો સંબંધ لا تقبلوا થી છે, અને આપણે ત્યાં એનો સંબંધ فاسقون થી છે. એટલે કે એ કાઝિફીન ફાસિક્ છે તૌબા કરનારા સિવાય. તેમજ ઈમામ શાફઈને ત્યાં ક્ાઝિફ (જૂઠી તોહમત લગાડનાર) તોહમત સિવાય. તેમજ ઈમામ શાફઈને ત્યાં ક્ાઝિફ (જૂઠી તોહમત લગાડનાર) તોહમત લગાડતાં જ મરદૂદુશશહાદત છે, પણ આપણે ત્યાં કોરડા લાગ્યા બાદ. એટલે આપણે ત્યાં ગવાહી રદ એ તોહમતની સજાનું પરિણામ છે. આ હદીષ એ બંને મસ્અલાઓમાં ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે કે હુઝૂરે અન્વર ﷺ એ મજદૂલ એટલે કોરડા ખાધેલાની ગવાહી મરદૂદ (અસ્વીકાર્ય) ઠરાવી અને હમેશાંના માટે મરદૂદ ઠરાવી, તૌબા કરે કે ન કરે. (મિર્ક્ાત, તથા ફિકહની કિતાબો) કેમ કે આ વાક્યનું સમર્થન ક્ુર્આને કરીમથી થઈ રહ્યું છે જેથી હદીષનો આ ભાગ મજબૂત છે.

★ દુશ્મનની ગવાહી દુશ્મન વિરુદ્ધ અસ્વીકાર્ય ★

૩. ભાઈથી મુરાદ તે છે જેની વિરુદ્ધ ગવાહી આપી રહ્યો છે, ઈસ્લામી ભાઈચારો મુરાદ છે. એટલે કે કીનો રાખનાર તથા દુશ્મનની ગવાહી દુશ્મનની વિરુદ્ધ સ્વીકાર્ય નથી, ભલે તે એનો સગો ભાઈ જ કેમ ન હોય. કેમ કે એ દુશ્મનીના કારણે તેને નુકસાન પહોંચાડવા માટે તેની વિરુદ્ધ જૂઠી ગવાહી આપશે, એટલા માટે સાવધાની ખાતર આ લાઝિમ કરી દેવામાં આવ્યું.

★ કોની કોની ગવાહી મરદૂદ છે ? ★

૪. એટલે કે જે ગુલામ પોતાને માલિકના સિવાય કોઈ અન્યનો આઝાદ કરેલ ગુલામ બતાવીને પોતાની વિલા તેનાથી સાબિત કરે, એ જ પ્રમાણે જે શખ્સ પોતાને બીજા ખાનદાનથી સંબંધિત કરે તેની ગવાહી ક્બૂલ નથી. આજકાલ લોકોને બનાવટી સૈયદ બનવાનો ઘણો જ શોખ છે ! એવા બનાવટી સૈયદોની ગવાહી મરદૂદ છે. આ ફર્માને આલી ખૂબ જ સચોટ છે. અરબીમાં ظنين સાઈલ (માગનાર)ને કહે છે અને مقنع સાબિરને કહે છે જે થોડા ખાવા પર ક્નાઅત (થોડામાં સંતોષ) કરે. અહીં તે શખ્સ મુરાદ છે જે કોઈના ઘરે રહીને તેની અતા પર ગુજારો કરી રહ્યો હોય. કેમ કે એ ઘરવાળાના હક્કમાં ગવાહીનો લાભ ખુદ તેને પણ થશે કે તેને જે માલ મળશે એ માલથી તેને ખાવા મળશે. એટલા માટે ગવાહી સ્વીકાર્ય નથી. જે ગવાહી ખુદ ગવાહને લાભ આપનારી હોય તે સ્વીકાર્ય નથી. જેમ કે બાપની ગવાહી ઔલાદના હક્ક્માં, પતિ પત્નીની ગવાહી એકબીજાના હક્ક્માં સ્વીકાર્ય નથી. કરજ આપનારની ગવાહી કરજ લેનારના હક્ક્માં ક્બૂલ નથી.

૫. એમાં ખાદિમ, તાબા હેઠળનો, પાલક સૌ સામેલ છે, જે કોઈની રોટી પર ગુજારો કરતા હોય. તેની ગવાહી તે ઘરવાળાંઓના હક્ક્માં ક્બૂલ નથી, કે એ શખ્સ પોતાના પાલન પોષણના માટે તેના ફેવરમાં ગવાહી આપશે.

૬. જો કે આ હદીષ ગરીબ છે પણ તેના અમુક ભાગોનું સમર્થન ક્ુર્આન મજીદથી થઈ રહ્યું છે, અને અમુક ભાગોનું સમર્થન અન્ય હદીષોથી થાય છે. તેમજ દીનના ઈમામોનો એના પર અમલ છે, જેના કારણે એ ક્વી (મજબૂત) થઈ ગઈ.

★ હદીષ : (૨૫)-૩૭૮૨ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا تَجُوزُ شَهَادَةُ خَائِنٍ وَلَا خَائِنَةٍ وَلَا زَانٍ وَلَا زَانِيَةٍ وَلَا ذِي غِمْرٍ عَلَى أَخِيهِ» . وَرَدَّ شَهَادَةَ الْقَانِعِ لِأَهْلِ الْبَيْتِ. رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત અમ્ર ઈબ્ને શોએબ رضی اللہ عنہ થી રિવાયત છે, તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી, તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, ન તો ખયાનતી પુરૂષની ગવાહી જાઈઝ છે ન ખયાનતી સ્ત્રીની[૧] અને ન ઝાની પુરૂષની ન ઝાનિયા સ્ત્રીની[૨] ન કીનાવાળાની પોતાના ભાઈની વિરુદ્ધ[૩] અને રદ કરી તેની ગવાહી જે કોઈના ઘરથી ગુજારો કરે એ ઘરવાળાઓના માટે[૪].''

(અબૂ દાઉદ)

૧. એની શરહ હમણા વર્ણન થઈ ચૂકી કે હક્ક એ છે કે તેનાથી મુરાદ દરેક ફાસિક઼ તથા ફાસિક઼ા છે.

૨. કેમ કે ઝાની ફાસિક઼ છે અને ફાસિક઼ની ગવાહી સ્વીકાર્ય નથી. તૌબા પછી સ્વીકાર્ય છે કે હવે ફાસિક઼ ન રહ્યો.

૩. એટલે કે દુશ્મનની ગવાહી દુશ્મનની વિરુદ્ધ સ્વીકાર્ય નથી ભલે તે દુશ્મન સગો ભાઈ હોય અથવા દીની ભાઈ વંશની રીતે અજનબી. શબ્દ اخیہ બંનેને સમાવે છે. મિર્ક઼ાતે ફર્માવ્યું કે અહીં દુનિયવી અદાવતો મુરાદ છે, દીની મતભેદની સ્થિતિમાં મુસલમાનની ગવાહી કાફિરની વિરુદ્ધ સ્વીકાર્ય છે. એ જ પ્રમાણે જો ઈસ્લામની વિવિધ જમાઅતોના લોકો એકબીજાની વિરુદ્ધ ગવાહી આપે એ સ્વીકાર્ય છે.

૪. એની શરહ તથા કારણ હમણા ઉપર વર્ણન થયાં.

★ હદીષ : (૨૬)-૩૭૮૩ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا تَجُوزُ شَهَادَةُ بَدَوِيٍّ عَلَى صَاحِبِ قَرْيَةٍ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَه

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે, તે રસૂલુલ્લાહ ﷺ થી રાવી. ફર્માવે છે, જંગલી (ગામડાવાસી) માણસની ગવાહી વસ્તીવાળા વિરુદ્ધ જાઈઝ નથી.'' (અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

૧. ઈમામ માલિક رضی اللہ عنہ આ હદીષના જાહેર પર અમલ ફર્માવે છે, તેમને ત્યાં દેહાતી (જંગલવાસી ગામડાવાસી)ની ગવાહી શહેરી માણસની વિરુદ્ધ મુત્લક઼ન (તદ્દન) સ્વીકાર્ય નથી. બીજા ઈમામ એનું કારણ વર્ણવે છે કે મોટાભાગના દેહાતી લોકો શરીઅતના હુકમોથી બેખબર હોય છે. તેમને ગવાહ બનવાના ગવાહી આપવાના મસાઈલ માલૂમ નથી હોતા. તેમના પર ભૂલચૂક સવાર હોય છે. જો કોઈ દેહાતીમાં આ ખરાબીઓ ન હોય તો તેની ગવાહી સ્વીકાર્ય છે. અમુકે ફર્માવ્યું કે આ હદીષમાં لایجوز એ لایحسنના અર્થમાં છે. એટલે દેહાતી (ગામડાવાળા)ની ગવાહી શહેરીની વિરુદ્ધ સારી નથી, કેમ કે દેહાતી જરૂરતના સમયે ગવાહ બનવા અથવા ગવાહી આપવાના માટે બોલાવવો મુશ્કેલ હોય છે, પણ આ હુકમ ત્યારે હતો જ્યારે કે સફરનાં સાધનો ઓછાં હતાં, પણ હવે આવન જાવનમાં મુશ્કેલી નથી. સારાંશ આ હદીષ ક્યાં તો મન્સૂખ છે અને કેટલીક શરતોની પાબંદ છે, અને જે કારણો ગવાહી ક઼બૂલ ન થવાનાં દર્શાવવામાં આવ્યાં તે મજરૂહ (અસ્વીકાર્ય) છે, કેમ કે જો એ કારણોસર શહેરીની વિરુદ્ધ ગવાહી જાઈઝ કે બેહતર નથી તો પછી શહેરીના ફેવરમાં ગવાહી કઈ રીતે જાઈઝ છે ?! એ કારણો તો ત્યારે પણ મૌજૂદ છે. સારાંશ કે ઈમામ માલિક સિવાય અન્ય કોઈ ઈમામને ત્યાં આ હદીષ પર અમલ નથી.

★ જ્યારે કોઇને કરજ આપે તો ગવાહી લખાણથી પાકુ કરી લે ★

★ હદીષ : (૨૭)-૩૭૮૪ ★
وَعَنْ عَوْفِ بْنِ مَالِكٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَضَى بَيْنَ رَجُلَيْنِ فَقَالَ الْمَقْضِيُّ عَلَيْهِ لَمَّا أَدْبَرَ: حَسْبِيَ اللَّهُ وَنِعْمَ الْوَكِيلُ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِنَّ اللَّهَ تَعَالَى يَلُومُ عَلَى الْعَجْزِ وَلَكِنْ عَلَيْكَ بِالْكَيْسِ فَإِذَا غَلَبَكَ أَمْرٌ فَقُلْ: حَسْبِيَ اللَّهُ ونِعْمَ الوكيلُ ". رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત ઔફ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે નબી કરીમ ﷺ એ બે શખ્સોની વચ્ચે ફૈંસલો ફર્માવ્યો તો હારેલાએ જ્યારે પીઠ ફેરવી તો બોલ્યો, મને અલ્લાહ પૂરતો છે અને તે સારો કારસાઝ (કામ બનાવનાર) છે[૨] તો નબી કરીમ عليہ الصلوٰۃ والسلام એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા લાચાર પર મલામત કરે છે પણ તારા માટે સાવધાની લાઝિમ હતી[૩], પછી જ્યારે તારા પર કોઈ ચીજ ગાલિબ આવે તો કહે કે અલ્લાહ મારા માટે પૂરતો છે, તે સારો કારસાઝ (કામ બનાવનાર) છે[૪].'' (અબૂ દાઉદ)

૧. ઔફ ઈબ્ને માલિક બે છે : એક તાબઈ બીજા સહાબી છે. અહીં સહાબી મુરાદ છે જે અશ્જઈ છે. ગઝવએ ખૈબરમાં શરીક રહ્યા. ફતહે મક્કાના દિવસે બની અશ્જઈ કબીલાનો ઝંડો એમના હાથમાં હતો. છેવટમાં મુલ્કે શામ (સીરિયા)માં રહ્યા અને ત્યાં જ હિ.સ. ૭૩માં વફાત પામ્યા. ઘણા બધા સહાબીઓએ આપનાથી રિવાયતો લીધી. *(અશિઅહ)*

૨. એટલે હુઝૂર عليہ الصلوٰۃ والسلام નો ફૈંસલો જેના વિરુદ્ધ થયો હતો તેણે આ પઢયું. જેનો હેતુ એ હતો કે દાવેદારે જુલ્મની રીતે મારાથી માલ વસૂલો લીધો નાજાઈઝ રીતે. અફસોસ તથા ગમના માટે આ શબ્દ કહેવામાં આવે છે.

૩. સુબ્હાનલ્લાહ ! કેવું પાકીઝા ફર્માન છે ! મક્સદ એ છે કે પ્રથમ તો ખુદ સાવધાનીપૂર્વક કામ ન લેવું બાદમાં નુકસાન થઈ જવા પર આ શબ્દો કહેવા અને તવક્કુલ કરવું રબ તઆલાને નાપસંદ છે. તવક્કુલની હકીકત આ છે : (શેઅર)

گر توکل می کنی در کار کن کسب کن پس تکیه بر جبار کن

અર્થાત : જો તું તવક્કુલ કરવા ચાહે છે તો પહેલાં બે કામ કર કે રોજી તલાશ કરવાની કોશિશ કર, પછી અલ્લાહ પર છોડી આપ. (કોશિશ વગર બેકાર બેસી રહેવું તવક્કુલ નથી.)

જેથી **જ્યારે કોઇને કરજ આપે તો ગવાહી, લખાણ વગેરેથી તેને પાકુ કરી લો.** ગવાહી લખાણ વિના કરજ આપી દેવું પછી કેસ હારી જવા પર તવક્કુલનો ઈઝહાર કરવો ગલત છે.

૪. એટલે કે જ્યારે તું પૂરેપૂરી સાવધાની કરી લે પણ કઝાએ ઈલાહીથી તને નુકસાન થઈ જાય ત્યારે તું એવું કહીને તવક્કુલ પ્રદર્શિત કરે, તો તારો તવક્કુલ દુરુસ્ત છે.

★ હદીષ : (૨૮)-૩૭૮૫ ★
وَعَنْ بَهْزِ بْنِ حَكِيمٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ حَبَسَ رَجُلًا فِي تُهْمَةٍ. رَوَاهُ أَبُو دَاوُدَ وزادَ التِّرْمِذِيّ وَالنَّسَائِيّ: ثُمَّ خَلَّى عَنْهُ

''હઝરત બહ્ઝ ઈબ્ને હકીમ رضی اللہ عنہ થી રિવાયત છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રાવી[૧] કે નબી કરીમ ﷺ એ એક શખ્સને કોઈ આક્ષેપમાં કેદ કર્યો[૨] (અબૂ દાઉદ) અને તિર્મિઝી તથા નિસાઈએ આ ઉમેરો કર્યો, પછી તેને છોડી મૂક્યો[૩].''

૧. આપ બહ્ઝ ઈબ્ને હકીમ ઈબ્ને મુઆવિયહ ઈબ્ને હુમૈદ કુશૈરી છે. તાબઈનમાંથી છે. મોટાભાગના મુહદ્દિષ

આપને ષિક્ફ કહે છે, પણ મુસ્લિમ, બુખારીએ તેમની રિવાયત પોતાની કિતાબમાં ન લીધી. ઈબ્ને અદી કહે છે કે તેમની કોઈ રિવાયત મુન્કર નથી. (મિર્ક્રાત તથા અશિઅહ્) અમુકે આપને સહાબી માન્યા પણ એ સહીહ નથી.

★ કેદ કરવું પણ શરીઅતના હુકમોથી છે ★

૨. એ રીતે કે કોઈએ જૂઠી ગવાહી આપી. તેનું જૂઠ જાહેર થઈ જવા પર તેને કેદ કરી આપ્યો. (મિર્ક્રાત) અથવા કોઈએ તેના પર કરજનો દાવો કર્યો અથવા કોઈ અન્ય જુર્મનો આક્ષેપ લગાડયો તો હુઝૂર ﷺએ પ્રતિવાદીને તેહક્રીક્ દરમિયાન કેદ કરી આપ્યો, પછી જુર્મ સાબિત ન થતાં તેને છોડી આપ્યો. *(મિર્ક્રાત તથા અશિઅહ)*

૩. ક્યાં તો જૂઠા ગવાહને સજા રૂપે અમુક દિવસ કેદ કરીને છોડી મૂક્યો. અથવા જુર્મ સાબિત ન થવા પર પ્રતિવાદીને છોડી આપ્યો. જાણવા મળ્યું કે કેદ કરવું પણ શરીઅતના હુકમોમાંથી છે.

(વિભાગ : 3) الفصل الثالث

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ક્તઈ હુકમ આપ્યો કે બંને પક્ષોને હાકિમની સામે બેસાડવામાં આવે[૧]." *(અબૂ દાઉદ)*

★ હદીષ : (૨૯)-૩૭૮૬ ★

عَنْ عَبْدِ اللَّهِ بْنِ الزُّبَيْرِ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: قَضَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّ الْخَصْمَيْنِ يَقْعُدَانِ بَيْنَ يَدَيِ الْحَاكِمِ. رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُدَ

★ હાકિમ બંને પક્ષોમાં સમાન રીતે વર્તે ★

૧. એ જમાનામાં હાકિમો ગાદીઓ (આસનો) પર બેસતા હતા એટલા માટે બંને પક્ષોને તેમની સામે બેસાડવામાં આવતા હતા. હવે હાકિમો ખુરશીઓ પર બેસતા હોય છે એટલા માટે બંને પક્ષો તેમજ તેમના વકીલ સામે ઉભા રહે છે. મક્સદ એ છે કે હાકિમ બંને પક્ષોમાં બરાબરી કરે, બેઠક તથા વાતચીત બંનેની સરખી રાખે, કોઈ એક તરફ ઝુકાવ ન કરે, કેમ કે એનાથી બીજા પક્ષનું દિલ તૂટી જાય છે. ઉલમા ફર્માવે છે કે હાકિમના માટે સૌથી જરૂરી ચીજ બંને પક્ષો સાથે સમાન રીતે વર્તવું છે. (મિર્ક્રાત) આ ઘણી મુશ્કેલ ચીજ છે. ક્યારેક એક પક્ષ ઉચ્ચ સ્થાનવાળો હોય છે તો બીજો પક્ષ મામૂલી હૈસિયતવાળો. હાકિમ જો ઉચ્ચ સ્થાનવાળાને પોતાની પાસે બેસાડે અને બીજાને સામે ઉભો રાખે તો એ જુર્મ છે, એનાથી બીજા પક્ષનું દિલ તૂટશે. **ખુલફાએ રાશિદીનના ઈતિહાસથી એવા બનાવોની ભાળ મળે છે કે મામૂલી પ્રજાએ બાદશાહની વિરુદ્ધ દાવો કરી આપ્યો. કાઝીએ સુલ્તાનને બોલાવ્યો તો તેને તથા દાવેદાર (વાદી)ને પોતાની સામે એક જ કઠેરામાં ઉભા કરી દીધા. કેસ દરમિયાન બાદશાહનું કોઈ સન્માન ન કર્યું.**

કિતાબુલ જિહાદ كتاب الجهاد

(જેહાદ વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. جهاد બન્યુ છે جهدٌ થી. جهد જીમના પેશથી અથવા ઝબરથી અર્થ : મહેનત, તકલીફ. શરીઅતમાં જેહાદ ઝબર સાથે, અર્થ : કાફિરો સાથે મુકાબલામાં મહેનત કોશિશ કરવી અથવા તલ્વારથી લડીને ગાઝીઓની મદદ કરીને માલથી અથવા રાયથી અથવા તેમની સાથે જઈને તેમની જમાઅત વધારીને. જેહાદનો દરજ્જો ઈસ્લામમાં ઘણો જ મહાન છે. સામાન્ય માણસ પોતાનો માલ, સમય અથવા કોશિશ અલ્લાહના માર્ગમાં ખર્ચ કરે છે. મુજાહિદ પોતાની જાનથી દીને ઈસ્લામની ખિદમત કરે છે. જાન ઘણી પ્યારી ચીજ છે એટલા માટે મુજાહિદ ખુદાને ઘણો પ્યારો છે. ઉલમા ફર્માવે છે કે **અલ્લાહની ઈબાદતો પર હમેશગી કરવી પણ જેહાદે આ'ઝમ છે બલ્કે નમાઝની પાબંદી જેહાદથી અફઝલ છે કે જેહાદ તો નમાઝ કાયમ કરવા માટે જ કરવામાં આવે છે.** જેહાદ હસને લિગૈરિહી છે અને નમાઝ હસને બિઐનિહી. (મિર્કાત) હક્ક એ છે કે આમ હાલતમાં નમાઝ જેહાદથી અફઝલ છે પણ અમુક ખાસ સંજોગોમાં જેહાદ નમાઝથી અફઝલ હોય છે, એ જ કારણે અમુક હદીષોમાં નમાઝને જેહાદ પર અગ્રતા આપેલી છે. અને અમુક હદીષોમાં જેહાદને નમાઝ પર અગ્રતા આપવામાં આવેલી છે, આ જગાએ અશિઅતુલ લમ્આતમાં ફર્માવ્યું છે કે આમ મુડદાંની રૂહ મલકુલ મૌત કબજે કરે છે અને શહીદોની રૂહને ખુદ રબ તઆલા ડાયરેક્ટ કબ્જા કરે છે. (અશિઅહ્) શહિદના અન્ય ફઝાઈલ ઈન્શાઅલ્લાહ ! આગળ જતા વર્ણન થશે.

★ મુજાહિદોનો જન્નતનો દરજો ★

★ હદીષ : (૧)-૩૭૮૭ ★

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ آمَنَ بِاللَّهِ وَرَسُولِهِ وَأَقَامَ الصَّلَاةَ وَصَامَ رَمَضَانَ كَانَ حَقًّا عَلَى اللَّهِ أَنْ يُدْخِلَهُ الْجَنَّةَ جَاهَدَ فِي سهل اللَّهِ أَوْ جَلَسَ فِي أَرْضِهِ الَّتِي وُلِدَ فِيهَا» . قَالُوا: أَفَلا نُبَشِّرُ النَّاسَ؟ قَالَ: «إِنَّ فِي الْجَنَّةِ مِائَةَ دَرَجَةٍ أَعَدَّهَا اللَّهُ لِلْمُجَاهِدِينَ فِي سَبِيلِ اللَّهِ مَا بَيْنَ الدَّرَجَتَيْنِ كَمَا بَيْنَ السَّمَاءِ وَالْأَرْضِ فَإِذَا سَأَلْتُمُ اللَّهَ فَاسْأَلُوهُ الْفِرْدَوْسَ فَإِنَّهُ أَوْسَطُ الْجَنَّةِ وَأَعْلَى الْجَنَّةِ وَفَوْقَهُ عَرْشُ الرَّحْمَنِ وَمِنْهُ تُفَجَّرُ أَنهارُ الجَنَّةِ» . رَوَاهُ البُخَارِيّ

''હઝરત અબૂ હુરૈરહ્ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે ઈમાન લાવ્યો અલ્લાહ પર અને તેના રસૂલ પર[૧] અને નમાઝ કાયમ કરે અને રમઝાનના રોઝા રાખે[૨] તેને જન્નતમાં દાખલ કરવો અલ્લાહના જિમ્મે છે[૩]. ચાહે અલ્લાહની રાહમાં જેહાદ કરે અથવા પોતાની એ જમીનમાં બેસી રહે જેમાં પેદા થયો[૪] લોકોએ અર્ઝ કરી કે શું અમે લોકોને ખુશખબરી ન આપી દઈએ ?![૫] ફર્માવ્યું કે જન્નતમાં સો દરજા છે[૬] જે અલ્લાહે એમના માટે તૈયાર કર્યા છે જે એની રાહમાં જેહાદ કરે[૭] બે દરજાઓની વચ્ચે તે અંતર છે જે આસ્માન તથા જમીનની વચ્ચે છે[૮] જ્યારે તમે અલ્લાહથી માગો તો ફિરદોસ માગો તે જન્નતનો મધ્યનો તથા જન્નતનો આ'લા હિસ્સો છે[૯] જેની ઉપર અલ્લાહનો અર્શ છે, ત્યાંથી જન્નતની નહેરો વહેતી થાય છે[૧૦]. (બુખારી)

૧. કુર્આન મજીદ અને હદીષ શરીફમાં રસૂલથી મુરાદ હુઝૂર હોય છે. અને અલ્લાહ વ રસૂલ પર ઈમાન લાવવાનો મતલબ એ છે કે રબે જે કાંઈ મોકલ્યું અને હુઝૂર જે કાંઈ લાવ્યા એ સૌ પર ઈમાન લાવે. સૂફીઓ ફર્માવે છે કે હકીકતમાં ઈમાન છે અલ્લાહ વ રસૂલને મિલાવવું, અલ્લાહ વ રસૂલમાં ફરક (અલગતા) કરવો કુફ્ર છે. કુર્આને કરીમ ફર્માવે છે :

اَنۡ يُّفَرِّقُوۡا بَيۡنَ اللّٰهِ وَ رُسُلِهٖ وَ يَقُوۡلُوۡنَ نُؤۡمِنُ بِبَعۡضٍ وَّ نَكۡفُرُ بِبَعۡضٍ ۙ وَّ يُرِيۡدُوۡنَ اَنۡ يَّتَّخِذُوۡا بَيۡنَ ذٰلِكَ سَبِيۡلًا ۙ﴿۱۵۰﴾ اُولٰٓئِكَ هُمُ الۡكٰفِرُوۡنَ حَقًّا ۚ

(અલ્લાહથી તેના રસૂલોને અલગ કરી દે અને કહે છે અમે કોઈના પર ઈમાન લાવ્યા અને કોઈના મુન્કિર (નકારનાર) થયા અને ચાહે છે કે ઈમાન તથા કુફ્રની વચ્ચે કોઈ રસ્તો કાઢે. એ જ છે ઠીક ઠીક કાફિર. (સૂરએ નિસાઅ, ૪/૧૫૦, ૧૫૧) મિલાવવાનો મતલબ અમારી કિતાબ "ઈસ્લામની ચાર પરિભાષાઓ"માં જુઓ.

૨. કેમ કે નમાઝ, રોઝા સર્વ ઈબાદતોમાં અફઝલ છે. તેમજ એનો પાબંદ બીજી ઈબાદતો પણ બફઝ્લિહી તઆલા આસાનીપૂર્વક અદા કરે છે. આ કારણોસર અહીં કેવળ એ જ બેનો ઉલ્લેખ કર્યો. અને શક્ય છે કે આ ફર્માને આલી વખતે ઝકાત તથા હજ્જ ફર્ઝ ન થયાં હોય. એટલે એમનો ઉલ્લેખ ન કરવામાં આવ્યો હોય. અથવા હજ્જ તથા ઝકાતની ફર્ઝિયત કેવળ માલદારો પર છે જ્યારે રોઝા નમાઝ સૌના પર.

૩. એટલે કે હક્ક તઆલાના વાયદાના આધારે જે તેણે વાયદો કર્યો. પ્રવેશથી મુરાદ શ્રેષ્ઠ પ્રવેશ છે, નહીં તો જન્નતનો મુત્લક પ્રવેશ તો કેવળ ઈમાનથી થશે, અથવા દરજાઓની બુલંદી સાથે પ્રવેશ એ અમલોથી થશે કેમ કે જન્નતનો પ્રવેશ ઈમાનથી થશે અને ત્યાં દરજાઓ નેક અમલોથી છે.

૪. મિર્કાતે ફર્માવ્યું કે આ આલી ફર્માનથી માલૂમ પડે છે કે આ આદેશ ફતહના દિવસે અથવા તેના પછી છે કે ફતહથી પહેલાં હિજરત ફર્ઝ હતી, અને અહીં પેદાઈશના વતનમાં રહેવાની ઈજાઝત છે, પણ ફતહથી પહેલાં કેવળ મક્કા મોઅઝ્ઝમાથી અથવા જ્યાં કાફિરોનો પ્રભાવ હતો ત્યાંથી હિજરત ફર્ઝ હતી. ઈસ્લામી શહેરોથી હિજરત કરવી ફર્ઝ ન હતી. એનાથી પણ જાણવા મળી રહ્યું છે કે આમ (સામાન્ય) સંજોગોમાં જેહાદ ફર્ઝે કિફાયા હોય છે, અમુક ખાસ હાલતોમાં ફર્ઝે અયન થઈ જાય છે.

૫. આ અર્ઝ કરનાર મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہ છે. જેમ કે તિર્મિઝીમાં છે. ત્યાં એ પણ છે કે હુઝૂર ﷺએ ફર્માવ્યું, છોડી દો કે લોકો અમલ કરે. યાદ રાખશો કે આવી હદીષો સહાબાએ કિરામે પોતાની વફાતના સમયે એ ડરથી વર્ણવી આપી કે તેઓ ઈલ્મ છુપાવવાના આક્ષેપમાં ન આવે. જેથી એ વાંધો નથી કે જ્યારે હુઝૂરે અન્વર ﷺએ મના કરી આપ્યું હતું તો એ હઝરાતે આવી હદીષો શા માટે રિવાયત કરી દીધી.

૬. તિર્મિઝીમાં છે કે દરેક દરજ્જો એટલો વિશાળ છે કે એમનામાંથી એક દરજામાં આલમીન (આલમો) એકત્ર થઈ જાય તો સૌને પૂરતા જાઈ જાય.

૭. મુજાહિદોથી મુરાદ નમાઝી, હાજી અને નફસથી મુજાહિદા કરનારા સૌ જ આવી જાય. (મિર્કાત) એ શર્ત કે એ કામ રઝાએ ઈલાહીના માટે હોય. જેમ કે فی سبیل اللہ "ફી સબીલિલ્લાહ"થી માલૂમ થયું.

૮. એટલે કે ૫૦૦ વરસનો માર્ગ એ સો દરજા મુજાહિદીન ફી સબીલિલ્લાહ માટે ખાસ છે, માટે મુજાહિદા કરો કે જેથી એ દરજા પામો.

૯. وسطથી મુરાદ છે અફઝલ, અને આ'લાથી મુરાદ સૌથી ઉચ્ચ છે. જેથી અવસત અને આ'લામાં જ ટકરાવ નથી.

૧૦. એટલે કે ફિરદોસની છત અર્શે આ'ઝમ છે અને ફિરદોસથી જન્નતની ચારેવ નહેરો પાણી, દૂધ, શરાબે તહૂર તથા મધની નહેરો મૂળ અહીંથી નીકળે છે.

★ **હદીષ : (૨)-૩૭૮૮** ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَثَلُ الْمُجَاهِدِ فِي سَبِيلِ اللَّهِ كَمَثَلِ الصَّائِمِ الْقَائِمِ الْقَانِتِ بِآيَاتِ اللَّهِ لَا يَفْتُرُ مِنْ صِيَامٍ وَلَا صَلَاةٍ حَتَّى يَرْجِعَ الْمُجَاهِدُ فِي سَبِيلِ اللَّهِ»

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહની રાહમાં જેહાદ કરનારાનું દૃષ્ટાંત એના જેમ છે જે દિવસનો રોઝાદાર, રાતે આયાતે ઈલાહીની તિલાવત કરનાર હોય[૧] ન રોઝાથી થાકે ન નમાઝથી[૨] ત્યાં સુધી કે અલ્લાહની રાહનો મુજાહિદ પરત આવે." (મુસ્લિમ, બુખારી)[૩]

૧. قانت બન્યું છે قنوت થી. હદીષોમાં કુનૂત કેટલાક અર્થમાં વપરાય છે. ઈતાઅત (આજ્ઞાપાલન), આજીજી, નમાઝ, દુઆ, ઈબાદત, કયામ, નમાઝનો કયામ, ખામોશી. અહીં કાનતથી મુરાદ આબિદ છે અથવા કાઈમ અથવા નમાઝી એટલે કે મુજાહિદ ગાઝી ભલે આરામ કરે, સૂએ અથવા કોઈ જાઈઝ કામ કરે પણ ઈબાદતનો જ સવાબ પામશે, કેમ કે સફર જેહાદ જ તો છે. જેવી રીતે રોઝો દરેક સમયે મોમાં રહે છે, એટલા માટે રોઝાદાર હોવા છતાં પણ આબિદ છે. એવી જ રીતે એ સફરમાં ગમે તેમ ગાઝી રહે છે, એટલા માટે ખાતા, પીતાં, સૂતાં, જાગતાં આબિદ હોય છે. ગાઝીએ પણ જોઈએ કે એ સફરમાં નાજાઈઝ હરકત ન કરે, અલ્લાહ વ રસૂલથી શરમ કરે. હઝરાત સહાબા رضوان الله تعالى عليهم اجمعين ની જંગની હાલતમાં એ હાલત રહેતી હતી કે મોમાં કુર્આન હાથમાં તલ્વાર.

૨. યાદ રાખશો કે આ સરખામણી સવાબમાં છે ન કે અમલમાં. જેથી હદીષ પર એ વાંધો હતો કે હમેશાં રોઝા રાખવા અને પૂરી રાત નમાઝ, કુર્આન પઢવું, તદ્દન ન સૂવું તો મના છે, કેમ કે ત્યાં મનાઈ એટલા માટે તો છે કે માણસ થાકીને બીમાર થઈ જશે પછી ફઝૉ તથા વાજિબોથી પણ દૂર થઈ જશે. જો કોઈ શખ્સ હમેશાંના રોઝા, આખી રાત નમાઝથી થાક મહેસૂસ ન કરે તો તેના માટે મનાઈ પણ નથી, એટલા માટે આ અફસહુલ ફુસહા ﷺ એ ન થાકવાની શર્ત લગાડી દીધી, કે ફર્માવ્યું : لا يفتر

૩. એટલે આ સવાબ કેવળ જંગના મેદાનમાં રહેવાના સમયથી ખાસ નથી, બલ્કે આવતાં જતાં સફરમાં પણ મળે છે. ઘરે પરત થતાં સુધી આ સવાબ છે અને જેહાદ કરવાનો સવાબ અલગ છે.

★ **હદીષ : (૩)-૩૭૮૯** ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «انْتَدَبَ اللَّهُ لِمَنْ خَرَجَ فِي سَبِيلِهِ لَا يُخْرِجُهُ إِلَّا إِيمَانٌ بِي وَتَصْدِيقٌ بِرُسُلِي أَنْ أَرْجِعَهُ بِمَا نَالَ مِنْ أَجْرٍ وَغَنِيمَةٍ أَوْ أُدْخِلَهُ الْجَنَّةَ»

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જામિન થઈ ચૂક્યો તેનો જે એની રાહમાં નીકળ્યો[૧] તેને ન કાઢે પણ મારા પર ઈમાન અને મારા રસૂલનું સમર્થન[૨] ન કરાવી દે તે સવાબ અથવા ગનીમતની સાથે પરત કરું જે એને હાંસલ કરે અથવા એને જન્નતમાં પ્રવેશ આપી દઉં[૩]." (મુસ્લિમ, બુખારી)

૧. અધિકતર ખાત્રી એ છે કે સબીલથી મુરાદ જેહાદના માર્ગથી. એટલા માટે સંપાદક આ હદીષ જેહાદના વર્ણનમાં લાવ્યા. શક્ય છે કે આ જેહાદથી ઈલ્મની શોધ, ઉમરા તથા હજના સર્વ સફરો મુરાદ છે પણ પ્રથમ ખુલાસો અધિક સહીહ છે કે આગલુ વર્ણન એનું સમર્થન કરી રહ્યું છે, અને રબની આ ઝમાનત કરમની ઝમાનત છે.

૨. કેમ કે હુઝૂર ﷺનું સમર્થન એ સર્વ રસૂલોનું સમર્થન છે, એટલા માટે આ શબ્દોમાં આદેશ થયો. જેની પાસે સો છે તેની પાસે સર્વ એકમો દશકો છે.

૩. ادخله નો અતફ ارجعه પર છે. એટલે કે જો ગાઝી જીતીને પરત થયો તો ગનીમત તથા સર્વ કાંઈ લઈ આવ્યો, જો હારી ગયો તો સવાબની સાથે પરત થયો, જો શહીદ થઈ ગયો તો જન્નતમાં ગયો, દરેક રીતે ફાયદામાં છે. કહેવત પ્રખ્યાત છે કે, "લૂટ ગયે તો રોઝા, લૂટ આયે તો ઈદ, માર આયે તો ગાઝી, મર ગયે તો શહીદ."

★ વારંવાર જિંદગી તથા શહાદતની તમન્ના ★

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, તેની ક઼સમ જેના કબજામાં મારી જાન છે ! જો એ મજબૂરી ન હોત કે મુસલમાન લોકોનાં દિલ ખુશ ન થતાં, મારાથી પાછળ રહી જવાથી[૧] અને અમે આટલા સવારીઓ ન પામત જે એ સૌને આપીએ[૨] તો અમે કોઈ લશ્કરથી પાછળ ન રહેત જે અલ્લાહની રાહમાં જેહાદ કરે.[૩] અને એની ક઼સમ જેના હાથમાં મારી જાન છે ! હું પસંદ કરું છું કે અલ્લાહના માર્ગમાં ક઼તલ કરવામાં આવું, પછી જીવતો કરવામાં આવું, ફરી ક઼ત્લ કરવામાં આવું, ફરી જીવતો કરવામાં આવું, ફરી ક઼ત્લ કરવામાં આવું[૪]". (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૪)-૩૭૯૦ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «وَالَّذِي نَفْسِي بِيَدِهِ لَوْلَا أَنَّ رِجَالًا مِنَ الْمُسْلِمِينَ لَا تَطِيبُ أَنْفُسُهُمْ أَنْ يَتَخَلَّفُوا عَنِّي وَلَا أَجِدُ مَا أَحْمِلُهُمْ عَلَيْهِ مَا تَخَلَّفْتُ عَنْ سَرِيَّةٍ تَغْزُو فِي سَبِيلِ اللَّهِ وَالَّذِي نَفْسِي بِيَدِهِ لَوَدِدْتُ أَنْ أُقتَلَ فِي سَبِيل الله ثُمَّ أُحْيَى ثُمَّ أُقتَلُ ثُمَّ أُحْيَى ثُمَّ أُقتَلُ ثُمَّ أُحْيَى ثُمَّ أقتل»

૧. એટલે કે ગરીબ તથા ફકીર મુસલમાનોના દિલ નથી ચાહતાં કે સવારી વિનાના હોવાના કારણે મારી સાથે જેહાદમાં ન જાય, ઘરે બેસી રહે. શું તમને ખબર નથી કે હુઝૂર ﷺ એક જેહાદમાં તશરીફ લઈ ગયા હતા. હઝરત તલ્હા رضی اللہ عنہ બરાબર બપોરના તે જ તડકામાં સફરથી મદીના મુનવ્વરામાં પોતાના બાગમાં પહોંચ્યા, જ્યાં સાંભળ્યું કે હુઝૂર ﷺ ગઝવએ તબૂકમાં ગયેલા છે તો સવારીથી ન ઉતર્યા. એ બાજુ સવારી હાંકી દીધી. ફર્માવ્યું, **એવું કેવી રીતે થઈ શકે છે કે અલ્લાહના મેહબૂબ તપતી રેતીમાં હોય અને હું ગાઢ ઝાડોનાં છાંયડામાં હોઉં !**

૨. એટલે કે અમારી પાસે એટલી સવારીઓ જ નથી કે દરેક જેહાદમાં અમે સર્વ મુસલમાનોને તેમના પર સવાર કરીને જેહાદના મેદાનમાં પહોંચાડી દઈએ. તેઓ પાછળ રહી જવા પર રાજી નથી, સૌને સાથે લઈ જવાનો મોક઼ો નથી.

૩. સરિય્યા તે નાનુ લશ્કર છે જેમાં હુઝૂરે અન્વર ﷺ તશરીફ લઈ જાય. એટલે જો આ મુશ્કેલી ન હોત તો અમે કોઈ મામૂલી તથા મોટા લશ્કરની પાછળ ન રહેતા, દરેક લશ્કરની સાથે જાત, દરેક જેહાદમાં શરીક થાત. જાણવા મળ્યું કે જેહાદ સામાન્યતઃ ફર્ઝે કિફાયા હોય છે અને ક્યારેક ફર્ઝે અ્યન હોય છે. એ પણ જાણવા મળ્યું કે હુઝૂર ﷺ ઉમ્મત પર ઘણા રહીમ તથા કરીમ છે કે મુસ્કીનોના રંજોગમનો લેહાઝ કરીને ક્યારેક જેહાદ જેવી પ્રિય ચીજને છોડી આપતા. હુઝૂર ﷺએ ઉમ્મતની તકલીફનો લેહાઝ કરીને ઘણી બધી ઈબાદતો ન કરી. જેમ કે હમેશાં તરાવીહ અને ૧/૩ રાત ગુજરવા પર ઈશાની નમાઝ વગેરે.

૪. એનાથી બે મસ્અલા જાણવા મળ્યા : રાહે ખુદામાં શહાદત ઘણી જ ઉચ્ચ ઈબાદત છે કે હુઝૂરે અન્વર ﷺ વારંવાર શહાદત પામવાની તમન્ના કરે છે. બીજુ એ કે અશક્ય નેકીની તમન્ના પણ સવાબ છે. રબ તઆલાએ

ખબર આપી દીધી હતી કે કોઈ કાફિર હુઝૂર ﷺને શહીદ કરી શકશે નહીં. يَعْصِمُكَ مِنَ النَّاسِ (અને અલ્લાહ તમારી નિગેહબાની કરશે લોકોથી. સૂ. માઈદા, ૫/૬૭) એ પણ ખબર આપી છે કે મૃત્યુ બાદ કોઈ દુનિયામાં પરત આવશે નહીં. انهم لا يرجعون (અને હરામ છે એ વસ્તી પર જેને અમે હલાક કરી દીધી કે ફરી પરત આવે. સૂ. અંબિયા, ૨૧/૯૫) એ ખબરોથી જાણ થઈ ચૂકી હતી કે હુઝૂર ﷺની શહાદત અશક્ય છે, અને વારંવાર દુનિયામાં આવવું અને શહીદ થવું પણ અશક્ય છે, તેમ છતાં પણ હુઝૂર તેની તમન્ના આરઝૂ કરતા રહ્યા. શા માટે ? એટલા માટે કે આ તમન્ના સવાબ છે. ઉમ્મીદ કેવળ શક્યની થઈ શકે છે પણ આરઝૂ તમન્ના દરેક શક્ય અશક્ય ચીજની કરી શકાય છે.

"હઝરત સહ્લ બિન સઅ્દથી[1] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહની રાહમાં એક દિવસ ઘોડો બાંધવો[2] દુનિયા અને જે દુનિયા પર છે એનાથી બેહતર છે.[3]" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧)-૩૭૯૧ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ سَهْلِ بْنِ سَعْدٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «رِبَاطُ يَوْمٍ فِي سَبِيلِ اللَّهِ خَيْرٌ مِنَ الدُّنْيَا وَمَا عَلَيْهَا»

૧. આપની હાલતો ઘણીવાર વર્ણન થઈ ચૂકેલ છે કે આપ સહલ ઈબ્ને સઅદ સાઅદી અન્સારી છે. પહેલાં આપનું નામ હુઝ્ન હતું, હુઝૂર ﷺએ બદલીને સહ્લ રાખ્યું. કુન્નિયત અબુલ અબ્બાસ છે. હુઝૂર ﷺની વફાતના સમયે આપની ઉમર ૧૫ વરસની હતી. આપ મદીના મુનવ્વરામાં હિ.સ. ૯૧માં વફાત પામ્યા. સૌથી છેલ્લા સહાબી આપ જ છે જેમની વફાત સૌથી છેલ્લે થઈ.

૨. رِبَاط રેના ઝેર અને પેશના ربط થી બન્યું છે, અર્થ : બાંધવું. એટલા માટે બંધાયેલા ઘોડાને ખયલે મરબૂત (બંધાયેલ ઘોડો) કહે છે કુર્આને કરીમ ફર્માવે છે : وَاَعِدُّوْا لَهُمْ مَّا اسْتَطَعْتُمْ مِّنْ قُوَّةٍ وَّ مِنْ رِّبَاطِ الْخَيْلِ (અને તેમના માટે તૈયાર રાખો જે શક્તિ તમારાથી બની શકે અને જેટલા ઘોડા બાંધી શકો. સૂ. અન્ફાલ, ૮/૬૦) શરીઅતમાં જેહાદની નિય્યતે ઘોડો પાળવાને પણ કહે છે, અને ઈસ્લામી સરહદ, બોર્ડર પર કાફિરોના મુકાબલા માટે રહેવાને પણ કહે છે, જ્યારે કે સરહદ પર દરેક સમયે ખતરો હોય, અને એ કાફિરોના મુકાબલા માટે દરેક સમયે ત્યાં તૈયાર રહે. અહીં رِبَاط નો અર્થ બંનેવ થઈ શકે છે.

૩. આ હદીષ વિવિધ લખાણો થકી આવી છે. જેમ કે અહમદે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત કરી છે કે એક દિવસ ઘોડો બાંધવું એક મહીનાના રોઝા, રાતની ઈબાદત કરતાં અફઝલ છે. તિબ્રાનીએ હઝરત અબૂ દાઊદથી રિવાયત કરી, એક મહીનાનો રિબાત (ઘોડો બાંધવું) હમેશાંની રોજી કરતાં અફઝલ છે જે મરાબિત (ઘોડો બાંધેલ હાલતમાં) થઈને મરશે તે કયામતની ગભરાહટથી મેહફૂઝ રહેશે અને બરઝખમાં (કબ્રમાં) તેને સવાર રાજ રોઝી, જન્નતની હવા મળશે, કયામત સુધી તેને સવાબ મળતો રહેશે.

★ દુનિયા અને તેમાં જે કાંઈ છે એ સૌથી બેહતર ★

*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, **અલ્લાહની રાહમાં એકવાર સવાર સાંજ જવું દુનિયાથી અને જે દુનિયામાં છે એનાથી બેહતર છે.[2]**" (મુસ્લિમ, બુખારી)*

★ હદીષ : (૬)-૩૭૯૨ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَغَدْوَةٌ فِي سَبِيلِ اللَّهِ أَوْ رَوْحَةٌ خَيْرٌ مِنَ الدُّنْيَا وَمَا فِيهَا»

૧. સવારથી બપોર સુધી જવું غدوة છે અને બપોરથી સાંજ સુધીનો સમય જવું رواح છે. અલ્લાહ તઆલાની રાહમાં જવું એની ઘણી સ્થિતિઓ છે : જેહાદ માટે જવું, નમાઝ માટે મસ્જિદમાં જવું, ઈલ્મે દીનની તલબના માટે

મદ્રસા અથવા ઉસ્તાદ પાસે જવું મુરાદ છે. એટલા માટે લેખક એને બાબુલ જેહાદમાં લાવ્યા.

★ સહાબીનો મર્તબો શું છે ? ★

૨. કેમ કે દુનિયા તથા દુનિયાની નેઅમતો ફાની (નાશવંત) છે, તેનો સવાબ બાકી છે. યાદ રાખશો કે દુનિયાની ચીજ તે છે જેનો સંબંધ નફસથી હોય. નમાઝ, રોઝા, હજ તથા ઈબાદતો, હુઝૂર ﷺની ઝિયારત વગેરે ઈબાદતો દુનિયામાં તો છે પણ દુનિયાની ચીજો નથી, તો એનો સંબંધ દિલ તથા રૂહ સાથે છે, જેથી **કોઈ ગાઝી એ સહાબાના પગની ધૂળ સુધી નથી પહોંચી શકતો જે એકવાર ઈમાન તથા ઈખ્લાસની સાથે હુઝૂર ﷺને જુએ પછી મૃત્યુ પામે, તો આપણા જેવા કરોડો મુસલમાનોની જીવનભરની ઈબાદતો એક ક્ષણના દીદારે યાર પર કુર્બાન !** જેથી હદીષ પર કોઈ વાંધો નથી.

★ મુજાહિદનો દરેક અમલ ક્યામત સુધી ચાલુ રહેશે ★

"હઝરત સલ્માન ફારસી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યું કે અલ્લાહની રાહમાં એક દિવસ રાત ઘોડો પાળવો એક મહીનાના રોઝા તથા નમાઝો કરતાં બેહતર છે[૧] અને જો મરી જાય તો તેનો તે અમલ જે કરતો હતો તે ચાલુ રહેશે.[૨] અને એના પર એની રોજી વહાવવામાં આવશે[૩] અને ફિત્નાઓથી અમ્નમાં રહેશે.[૪]" (મુસ્લિમ)

★ હદીષ : (૭)-૩૭૯૩ ★

وَعَن سلمانَ الفارسيِّ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «رِبَاطُ يَوْمٍ وَلَيْلَةٍ فِي سَبِيلِ اللَّهِ خَيْرٌ مِنْ صِيَامِ شَهْرٍ وَقِيَامِهِ وَإِنْ مَاتَ جَرَى عَلَيْهِ عَمَلُهُ الَّذِي كَانَ يَعْمَلُهُ وَأُجْرِيَ عَلَيْهِ رِزْقُهُ وَأَمِنَ الْفَتَّانَ» . رَوَاهُ مُسْلِمٌ

૧. યાદ રાખશો કે જેહાદની આ તૈયારી 'રિબાત' (ઘોડો બાંધવું)માં સામેલ છે. વર્તમાનકાળમાં બંદૂક ચલાવવાની પ્રેક્ટિસ, મોટરકાર, હવાઈ જહાઝથી બોમ્બવર્ષા શીખવી સૌ 'રિબાત' છે જ્યારે કે જેહાદની નિય્યતથી હોય. એક મહીનાના રોઝા, નમાઝનો ઉલ્લેખ અહી અધિકતા બતાવવા માટે છે. જેથી આ હદીષ એ હદીષોની વિરૂધ્ધ નથી જેમાં અધિકનો ઉલ્લેખ છે. અથવા મુજાહિદ તથા મરાબિત (ઘોડો બાંધનાર)નો જેવો ઈખ્લાસ તેવો સવાલ.

૨. સુબ્હાનલ્લાહ ! શું કરમનવાઝી છે કે મરાબિત જે જે નેકીઓ જિંદગીમાં કરતો હતો તે સૌનો સવાબ ક્યામત સુધી તેને પહોંચતો રહેશે, તેનો દરેક અમલ જારી (ચાલુ) બની જાય છે.

૩. એટલે કે શહીદની જેમ તેને પણ કબરમાં હમેશાં જન્નતી રોજી મળતી રહેશે. રબ તઆલા ફર્માવે છે : يُرْزَقُوْنَ فَرِحِيْنَ بِمَآ اٰتٰىهُمُ اللّٰهُ مِنْ فَضْلِهٖ (રોજી પામે છે ખુશ છે એના પર જે અલ્લાહે તેમને પોતાના ફઝ્લથી આપ્યું. *(સૂ. ૩/૧૬૯, ૧૭૦)*

૪. امن। મઅરૂફ છે કે મજહૂલ અને فتان ક્યાં તો નૂનના ઝબરથી છે, ફિત્નાની અતિશયોક્તિ, અથવા ફેના પેશથી فاتن ફિત્નાગરનું બહુવચન. એટલે અલ્લાહની રાહમાં મરાબિત (ઘોડો બાંધનાર) મોટા ફિત્નાથી કે ફિત્નાગરીથી મેહફૂઝ રહેશે અથવા મેહફૂઝ રાખવામાં આવશે. મોટા ફિત્નાથી મુરાદ કબ્રના હિસાબનો ફિત્નો તથા આજમાઈશ છે અને ફિત્નાગરી એટલે આજમાઈશ કરનારાઓથી મુરાદ અઝાબના ફરિશ્તા, મુન્કર નકીર અથવા દજ્જાલ અથવા શૈતાન છે. મરાબિત કબ્રના હિસાબ કબ્રના અઝાબથી પણ મેહફૂઝ છે. દોઝખની આગ અને ત્યાંના ફરિશ્તાઓના અઝાબથી અમ્નમાં રહેશે. તેમજ શૈતાન તથા તેની જિંદગીમાં દજ્જાલ નીકળે તો તેની બુરાઈથી

મેહફૂઝ રહેશે. ફકીહો ફમાવે છે કે મુજાહિદ તથા મરાબિતથી કબ્રનો હિસાબ પણ ન થશે અને કબ્રની તંગી તથા કબ્રના હિસાબથી મેહફૂઝ રહેશે. આ ફિકહી ફર્માનનો માખઝ આ હદીષ પણ છે.

★ રાહે ખુદાની ધૂળને આગ નથી સ્પર્શતી ★

★ હદીષ : (૮)-૩૭૯૪ ★	*''હઝરત અબૂ અબસથી[૧] રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એ નથી થઈ શકતુ કે કોઈ બંદાના પગો અલ્લાહની રાહમાં ધૂળવાળા થાય[૨] પછી આગ સ્પર્શે.[૩]'' (બુખારી)*
وَعَن أَبِي عَبْسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا اغْبَرَّتْ قَدَمَا عَبْدٍ فِي سَبِيلِ الله فَتَمَسهُ النَّار» . رَوَاهُ الْبُخَارِيّ	

૧. આપ અન્સારી સહાબી છે. જાહિલિયતના જમાનામાં આપનું નામ અબ્દુલ ઉઝ્ઝા હતું. ઈસ્લામમાં આપનું નામ અબ્દુર્રહમાન ઈબ્ને જુબેર થયું પણ આપની કુન્નિયત નામ પર છવાયેલી રહી. બદર અને સર્વ ગઝવાતમાં સામેલ થયા. સિત્તેર વરસની ઉમર પામ્યા. હિ.સ. ૩૪માં વફાત પામ્યા. મદીના મુનવ્વરા જન્નતુલ બકીઅમાં દફન થયા. *(અશિઅહ, મિર્કાત)*

૨. એટલે કે જે શખ્સ અલ્લાહને રાજી કરવા માટે કોઈ માર્ગે ચાલે અને રસ્તે ચાલવામાં તેના કદમો પર ધૂળ વગેરે પડે. યાદ રાખશો કે અલ્લાહની રાહ હજ, તલબે ઈલ્મ, જનાઝાની હાજરી, બીમારી, બીમાર પુર્સી, જમાઅતની નમાઝમાં હાજરી સર્વ એમાં સામેલ છે પણ મુત્લક્ન અલ્લાહની રાહથી મુરાદ જેહાદની સફર છે. હુઝૂર ﷺને પૂછવામાં આવ્યું કે એક શખ્સે પોતાનું ઊંટ ફીસબીલિલ્લાહ વક્ફ કર્યું છે તેને ક્યાં વાપરવામાં આવે. ફર્માવ્યું, હજમાં કુર્આને કરીમમાં જે ઝકાતના મસ્રહ (ક્ય વાપરવામાં આવે)માં ફી સબીલિલ્લાહ આવેલ છે. ઈમામ અબૂ યૂસુફને ત્યાં તેનાથી મજબૂર ગાઝી મુરાદ છે. ઈમામ મુહમ્મદને ત્યાં મજબૂર હાજી. *(મિર્કાત)*

૩. એટલે કે એવી વ્યક્તિને દોઝખની આગ સળગાવી નથી શકતી. જ્યારે ખુદાની રાહની ધૂળની આ સ્થિતિ છે તો ખુદ જેહાદનો ફાયદો કેવો હશે ?! ખૌફે ખુદાથી આંખનાં આંસુ, રાહે ખુદાની ધૂળ દોઝખની આગ બુઝાવવામાં અકસીર છે.

★ હદીષ : (૯)-૩૭૯૫ ★	*''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે કાફિર અને તેનો કાતિલ કદી આગમાં ભેગા થશે નહીં[૧]'' (મુસ્લિમ)*
وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا يَجْتَمِعُ كَافِرٌ وَقَاتِلُهُ فِي النَّارِ أبدا» . رَوَاهُ مُسلم	

૧. કાફિરથી મુરાદ હર્બી કાફિર છે અને કાતિલથી મુરાદ મુજાહિદ ગાઝી મુસલમાન છે. એટલે કે જે ગાઝી જેહાદમાં કોઈ કાફિરને કત્લ કરે તો તે કત્લ થનાર કાફિર તો દોઝખમાં ગયો જેથી આ કાતિલ ગાઝી દોઝખમાં જશે નહીં. એ મતલબ નથી કે કત્લ થનાર કાફિર તો દોઝખના અદના તબકામાં હોય અને આ ગાઝી દોઝખના બીજા તબકામાં હોય. મુત્લક્ન દોઝખમાં ભેગા થવાનો નકાર છે.

★ સૌથી લાભદાયી જિંદગી કોની ? ★

★ હદીષ : (૧૦)-૩૭૯૬ ★	*''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, લોકોમાં સૌથી લાભદાયી જિંદગી*
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:	

«مِنْ خَيْرِ مَعَاشِ النَّاسِ لَهُمْ رَجُلٌ مُمْسِكٌ عِنَانَ فَرَسِهِ فِي سَبِيلِ اللَّهِ يَطِيرُ عَلَى مَتْنِهِ كُلَّمَا سَمِعَ هَيْعَةً أَوْ فَزْعَةً طَارَ عَلَيْهِ يَبْتَغِي الْقَتْلَ وَالْمَوْتَ مَظَانَّهُ أَوْ رَجُلٌ فِي غُنَيْمَةٍ فِي رَأْسِ شَعَفَةٍ مِنْ هَذِهِ الشَّعَفِ أَوْ بَطْنِ وَادٍ مِنْ هَذِهِ الْأَوْدِيَةِ يُقِيمُ الصَّلَاةَ وَيُؤْتِي الزَّكَاةَ وَيَعْبُدُ اللهَ حَتَّى يَأْتِيَهُ الْيَقِينُ لَيْسَ مِنَ النَّاسِ إِلَّا فِي خير» . رَوَاهُ مُسلم

તે વ્યક્તિની છે[૧] જે પોતાના ઘોડાની લગામ અલ્લાહની રાહમાં પકડેલ રહે. જે એની પીઠ પર ઉડી જાય છે. જ્યારે કદી ગભરાહટ અથવા મદદનો અવાજ સાંભળે તેના પર ઉડીને પહોંચે.[૨]" જે કત્લ તથા મૌતને તેમનાં ઠેકાણાઓએથી શોધે છે[૩] અથવા તે શખ્સ જે બકરીઓમાં રહે. એ પહાડની ટોચોમાંથી કોઈ ટોચમાં અથવા એ જંગલોમાંથી કોઈ જંગલમાં રહે[૪] નમાઝ કાયમ કરે, ઝકાત આપતો રહે અને પોતાના રબની ઈબાદત કરતો રહે[૫] ત્યાં સુધી કે તેને મોત આવી જાય. લોકોમાંથી આ પુરૂષ કેવળ ભલાઈમાં જ છે.[૬]" (મુસ્લિમ)

૧. મઆશ શબ્દ અયશ અર્થ જિંદગી પરથી બન્યો છે, જિંદગી ગુજારવાનો ઝરીયો. અહીં બંને અર્થ બની શકે છે. મુસલમાનની શ્રેષ્ઠ જિંદગી એ છે અને શ્રેષ્ઠ જિંદગીનો ઝરીયો. અહીં બંને અર્થ દુરુસ્ત છે.

૨. એટલે આમ તો લોકોથી બેનિયાઝ (બેપરવા) રહે છે, પણ જ્યારે મુસલમાનોને તેની જાની મદદની જરૂરત હોય છે અથવા મુસલમાનો પર કાફિરો તૂટી પડે અથવા ડાકૂ હુમ્લો કરે, તેને ખબર પડે કે ફલાણી જગાએ મુસલમાન કમજોર છે, મુસીબતમાં છે, તો તરત જ ત્યાં પહોંચી જાય, પક્ષીની જેમ ઉડીને ત્યાં પહોંચી જાય. પ્રથમ અર્થ અધિક જાહેર છે કે જ્યારે કાફિરો મુસલમાન પર હુમ્લો કરે તો એ ત્યાં પહોંચી જાય, ઈસ્લામની ખિદમત તથા મુસલમાનોની મદદના માટે.

૩. એટલે કે તે ઈસ્લામનો એવો ફિદાઈ હોય, મુસલમાનોનો એવો મદદગાર હોય કે ઈસ્લામ તથા મુસલમાનોની ખિદમતમાં કત્લ થઈ જવું અથવા મરી જવાને જીવવા કરતાં બેહતર સમજે. ખતરનાક મોકાઓની તલાશમાં રહેતો હોય જ્યાં લોકો જતાં ગભરાતા હોય ત્યાં એ શોખથી (ઉમંગભેર) પહોંચતો હોય, બહાદુર જાંબાઝ હોય.

૪. ખુલાસો એ છે કે પ્રથમ નંબરે કામયાબ જિંદગીવાળો તો તે પહેલો શખ્સ છે, ત્યાર બાદ બીજા નંબરે આ'લા જિંદગીવાળો તે છે. યાદ રાખશો કે અરબમાં બકરીઓ રોજીનો શ્રેષ્ઠ ઝરીયો હતી. અને અમુક મુત્તકી હઝરાત દુનિયાના ઝઘડાઓથી બચવાના માટે શહેરથી દૂર જંગલમાં પડાવ નાખી દે છે. કોઈ પાણીવાળા લીલોતરીવાળા સ્થળે રહેવા લાગે છે. બકરીઓના દૂધ પર ગુજારો કરે છે, ફિત્નાઓથી અલગ રહે છે. આજે પણ અમુક જગાએ એવા બદુ (ગામડીયા) જોવા મળે છે એટલા માટે બકરીઓનો ઉલ્લેખ કર્યો, નહીં તો જે શખ્સ ફિત્નાઓથી બચવા માટે આબાદીથી દૂર રહે, ગુજારા માટે કોઈ ચીજ પેન્શન, જાનવર, જમીન વગેરે અપનાવી લે તે પણ આ ફર્માને આલીમાં સામેલ છે.

૫. જો કે ઈબાદતોમાં નમાઝ તથા ઝકાત પણ સામેલ હતી પણ કેમ કે નમાઝ તથા ઝકાત આ'લા દરજાની ઈબાદતો છે એટલા માટે ખાસ કરીને તેનો ઉલ્લેખ અલગ રીતે કર્યો.

૬. યકીનથી મુરાદ મૌત છે, કેમ કે તેનું આવવું યકીની છે અથવા કેમ કે મૌતના બાદ દરેક શખ્સને તૌહીદ, રિસાલત, ફરિશ્તાઓ, જન્નત તથા દોઝખ વગેરેનું યકીન થઈ જાય છે. એટલા માટે મૌતને યકીન ફર્માવ્યું, એટલે કે યકીનનો ઝરીયો. રબ તઆલા ફર્માવે છે : وَاعْبُدْ رَبَّكَ حَتّٰى يَأْتِيَكَ الْيَقِيْنُ (અને મરતા દમ સુધી પોતાના રબની

ઈબાદતમાં રહો. સૂ. હિજર, ૧૫/૯૯) આ હસ્ર ઈઝાફી છે એટલે કે દુનિયાદાર ફિત્નાઓમાં સપડાયેલ આખેરતથી ગાફેલ આદમી ભલાઈમાં નથી. બલ્કે ભલાઈમાં કેવળ આ છે, જેથી હદીષ પર કોઈ વાંધો નથી. આ હદીષના આધારે અમુક ઝાહિદોએ ફર્માવ્યું કે ગોશાનશીની અફઝલ છે. જાહેર હાલત કરતાં એકાંત બેહતર છે, પણ હક્ક એ છે કે ખલ્વત (એકાંત) કરતાં જાહેર અફઝલ છે. અબિયાએ કિરામ હઝરાત લોકોમાં રહ્યા, તબ્લીગ કરતા રહ્યા. તેમજ એ રીતે (જાહેરમાં) રહેવાથી જુમ્આ તથા ઈદો બાજમાઅત નમાઝો નસીબ થાય છે, જંગલમાં આ નેઅમતો ક્યાં મળવાની ?! શહેરમાં ઈલ્મ છે, ઝિક્રના હલકા છે, સારાઓની સોહબતો છે. હદીષ ફિત્નાઓના જાહેર થવાના જમાનાના સંબંધે છે, જ્યારે શહેરોમાં અમ્નો સલામતી ન રહે. અથવા એ કમજોર માણસના માટે છે જે વસ્તી તથા ભેળસેળની તકલીફો પર સબ્ર ન કરી શકે. *(મિર્કાત)*

★ મુજાહિદનાં બીવી બચ્ચાંની હિફાઝત કરનારને જેહાદનો સવાબ ★

★ હદીષ : (૧૧)-૩૭૯૭ ★
وَعَن زيد بن خالدٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ جَهَّزَ غَازِيًا فِي سَبِيلِ اللَّهِ فَقَدْ غَزَا وَمَنْ خَلَفَ غَازِيًا فِي أَهْلِهِ فقد غزا»

''હઝરત ઝયદ ઈબ્ને ખાલિદ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જેણે અલ્લાહની રાહમાં જેહાદ કરનારાને સામાન આપ્યો તો તેણે જેહાદ કર્યો[૨] અને જે કોઈ ગાઝીના ઘરબારમાં તેનો નાયબ બનીને રહ્યો તેણે જેહાદ કર્યો.[૩]''

(મુસ્લિમ, બુખારી)

૧. આપ સહાબી છે. અબ્દુલ મલિકના જમાનામાં કૂફામાં હિ.સ. ૭૫માં વફાત પામ્યા. અમુક નુસ્ખાઓમાં યઝીદ ઈબ્ને ખાલિદ છે.

૨. એટલે ગાઝીને જંગના સફરનો સામાન અથવા રોટી, કપડાં, સવારી આપનારને પણ જેહાદ કરવાનો સવાબ મળે છે. અહીં જેહાદથી જેહાદનો હુકમ મુરાદ છે એટલે સવાબ.

૩. એટલે કે જે મુજાહિદની પાછળ તેનાં બાલ બચ્ચાંની ખિદમત કરે, તેના ઘરબારની દેખભાળ કરે તે પણ જેહાદના સવાબમાં શરીક થઈ ગયો, કેમ કે તેની આ ખિદમતથી ગાઝીનું દિલ સંતુષ્ઠ થશે જેનાથી તે સારી રીતે જેહાદ કરી શકશે. જેથી જાણે એ શખ્સ ગાઝીના દિલના ઈત્મિનાનનો સબબ બન્યો.

★ હદીષ : (૧૨)-૩૭૯૮ ★
وَعَنْ بُرَيْدَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «حُرْمَةُ نِسَاءِ الْمُجَاهِدِينَ عَلَى الْقَاعِدِينَ كَحُرْمَةِ أُمَّهَاتِهِمْ وَمَا مِنْ رَجُلٍ مِنَ الْقَاعِدِينَ يَخْلُفُ رَجُلًا مِنَ الْمُجَاهِدِينَ فِي أَهْلِهِ فَيَخُونُهُ فِيهِمْ إِلَّا وُقِفَ لَهُ يَوْمَ الْقِيَامَةِ فيأخذُ مِنْ عَمَلِهِ مَا شَاءَ فَمَا ظَنُّكُمْ؟» رَوَاهُ مُسلم .

''હઝરત બુરીદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ગાઝીઓની પત્નીઓનો એહતેરામ બેસી રહેનારાઓના જિમ્મે એવો છે જેવો કે પોતાની માઓનો એહતેરામ[૧]. અને બેસી રહેનારા એમાંથી કોઈ શખ્સ નથી જે મુજાહિદોમાંથી કોઈના ઘરવાળાઓમાં ખલીફા બને[૨] પછી તેમાં તે ગાઝીની ખયાનત કરે[૩] પણ એ ખાઈન (ખયાનત કરનાર) ગાઝીની સામે કયામતના દિવસે હશે, પછી ગાઝી તેના અમલોમાંથી જે ચાહશે લેશે[૪] હવે તમારો શો ખયાલ છે.[૫]'' (મુસ્લિમ)

★ ગાઝીની પત્નીનો એહતેરામ કેટલો લાઝમી ? ★

૧. હુર્મતથી મુરાદ ક્યાં તો હરામ હોવું છે, હલાલની વિરૂધ્ધ અથવા એનાથી મુરાદ ઈજ્જત તથા હુર્મત (માન સન્માન) છે જેમ કે કહેવામાં આવે છે કે બયતુલ્લાહિલ હરામ. એટલે જો કે દરેક નિકાહ વિનાની તથા માલિકી વિનાની સ્ત્રી સાથે સોહબત કરવી ઝિના છે જેની સજા રજૂમ (સંગસારી) છે, પણ પોતાની મા સાથે સોહબત કરવી સખ્તતર ગુનોહ તથા બેહયાઈ છે, એવી જ રીતે ભલે અન્ય બીજી સ્ત્રીઓ પણ એ મુસલમાન પર હરામ છે પણ મુજાહિદ ગાઝીની પત્ની અધિક હરામ છે. જો કોઈ મુસલમાન ગાઝીની પત્નીથી ઝિના કરે બલ્કે એને બદનઝરીથી જ જુએ તો સખત અઝાબનો, વબાલનો, કહરે ઈલાહીનો મુસ્તહિક થશે, કેમ કે તેણે એવા ખુદાના મકબૂલ બંદાની ખયાનત કરી જે રાહે ખુદામાં જાનની બાજી લગાડી રહ્યો છે, અથવા જેવી રીતે માની ઈજ્જત તથા હુર્મત ઔલાદ પર સખત જરૂરી છે એવી જ રીતે મુજાહિદ ગાઝીની પત્નીની ઈજ્જત તથા એહતેરામ દરેક મુસલમાન પર લાઝિમ છે કે તેની હિફાઝત કરે, તેમની તકલીફો દૂર કરવાની કોશિશ કરે, તેમનાં કામકાજ કરે.

૨. એ રીતે કે ગાઝી જેહાદમાં જતી વખતે તેને પોતાના ઘરનો નિગરાં તથા વ્યવસ્થાપક બનાવવામાં આવ્યો હોય. અથવા તે તો અચાનક જેહાદના મેદાનમાં ચાલ્યો ગયો હોય, તેનાં બીવી બચ્ચાંએ તેને પોતાનો સરપરસ્ત માની લીધો હોય. આ વાક્ય બંનેવ અર્થમાં સામેલ છે. ઘરવાળાઓથી મુરાદ પત્ની, બાળકો, લોંડી અને વૃધ્ધ માબાપ વગેરે સૌ સામેલ છે.

૩. અહીં ખયાનતથી ઈજ્જત, આબરૂ, માલ, જમીન વગેરે સર્વની ખયાનતો સામેલ છે, એમાં કોઈ પ્રકારની ખયાનત કરે તેની સજા એ જ છે જે આગળ વર્ણવેલ છે.

૪. જો ચાહશે તો તે ખયાનત કરનારની જિંદગીભરની સર્વ ઈબાદતો છીનવી લેશે, રોઝા, નમાઝો, હજ્જ, ઝકાત વગેરે. જાણે કે આ ખયાનત નેકીઓ છીનવાઈ જવાનો સબબ છે.

૫. એટલે કે ખુદ વિચારી લો કે મુજાહિદ આવા ખયાનત કરનારની કોઈ નેકી છોડશે ? કદાપિ નહીં ! નેકી છીનવી લેવાનો એ અર્થ છે કે એ ખયાનત કરનારને નેકીનો સવાબ મળશે નહીં, બલ્કે તેને જે સવાબ તથા દરજો મળ તો તે એ ગાઝીને આપી દેવામાં આવશે. અથવા એ મલતબ છે કે, વિચારો કે રબ તઆલાને ત્યાં મુજાહિદની શું ઈજ્જત તથા હુર્મત છે.

★ જેહાદવાળી ઊંટણીના બદલામાં સાતસો ઊંટણીઓ ★

★ હદીષ : (૧૩)-૩૭૯૯ ★	*''હઝરત અબૂ મસ્ઉદ અન્સારી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, એક શખ્સ જેહાદવાળી ઊંટણી લાવ્યો[૧] અર્ઝ કરી, આ અલ્લાહની રાહમાં છે.[૨] તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે એના બદલામાં તને કયામતના દિવસે સાતસો ઊંટણીઓ મળશે[૩] જે બધી જ મહારવાળી હશે. (મુસ્લિમ)*
وَعَن أَبِي مَسْعُود الْأَنْصَارِيّ قَالَ: جَاءَ رَجُلٌ بِنَاقَةٍ مَخْطُومَةٍ فَقَالَ: هَذِهِ فِي سَبِيلِ اللَّهِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَكَ بِهَا يَوْمَ الْقِيَامَةِ سَبْعمِائة نَاقَة كلهَا مخطومة» . رَوَاهُ مُسلم	

૧. કદીક خطام એ زمام ના અર્થમાં આવે છે, એટલે મહાર, લાંબી રસ્સી, નકેલ (લગામ) જેનો એક કિનારો ઊંટની નાકમાં હોય છે અને બીજો માલિકના હાથમાં હોય છે. ક્યારેક ખતામ કેવળ ''નથ'' (નાકના આભૂષણ)ને કહે છે. અને ઝમામ પૂરી મહાર તથા નકેલને. નથ તે પટ્ટી જેવી રસ્સી છે જે નાકમાં નાખીને પૂરા માથાથી ઘુમાવીને

બાંધી દેવામાં આવે. પછી રસ્સીમાં લગામ બાંધવામાં આવે, જેમ કે સામાન્યતઃ ગામડાવાળા બળદ, ભેંસોને બાંધે છે.

૨. ફકીરોના માટે અથવા મુજાહિદીન ગાઝીઓના માટે બીજો અર્થ અધિક યોગ્ય છે, એટલા માટે સંપાદક આ હદીષ 'કિતાબુલ જેહાદ'માં લાવ્યા.

૩. હક્ક એ છે કે હદીષ બિલ્કુલ જાહેરી અર્થ પર છે. કોઈ અર્થઘટનની જરૂરત નથી. અલ્લાહ તઆલા એઝાઝ (સન્માન) રૂપે જન્નતવાળાઓને સવારી માટે ઘોડા તથા ઊંટણીઓ અતા ફર્માવશે જેમની ગતિ હવાથી વધુ હશે. જેમ કે કુર્બાની કરનારાઓને સિરાત પાર કરવા માટે સવારી આપવામાં આવશે. અમુક શરહકર્તાઓએ કહ્યું કે એનાથી મુરાદ છે સાતસો ઊંટણીઓ ખૈરાત કરવાનો સવાબ આપશે. પણ એ દુરુસ્ત નથી, નહીં તો પછી મહારવાળી હોવાનો શો અર્થ ? શું સવાબની પણ મહાર હોય છે ? એનાથી જાણવા મળ્યું કે જેહાદમાં ખર્ચ કરનારાઓને વધુ સવાબ મળે છે. મતલબ એ છે કે તને ઊંટના બદલામાં સાતસો ઊંટ અને મહારના બદલામાં સાતસો મહારો અતા થશે. તારી કોઈ ખૈરાત બેકાર ન જશે.

''હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ એક લશ્કર હુઝૈલના કબીલા બની લિહ્યાન તરફ મોકલ્યું.[૧] તો ફર્માવ્યું, દરેક બે શખ્સમાંથી એક શખ્સ ચાલ્યો જાય સવાબ તે બંનેને થશે.[૨]'' (મુસ્લિમ)

★ હદીષ : (૧૪)-૩૮૦૦ ★

وَعَنْ أَبِي سَعِيدٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَعَثَ بَعْثًا إِلَى بَنِي لِحْيَانَ مِنْ هُذَيْلٍ فَقَالَ: «لينبعثْ مِنْ كلِّ رجلينِ أحدُهما والأجرُ بَينهمَا» . رَوَاهُ مُسلم

૧. હુઝૈલ કાફિરોનો મોટો કબીલો હતો અને બની લિહ્યાન તેનો فخذ છે. જેમ કે પઠાન મોટો કબીલો છે પછી યૂસુફ જઈ, કમાલ જઈ તેમનાં નાનાં ખાનદાનો છે. આ જેહાદ બની લિહ્યાન પર હતો.

૨. એટલે કે ઘરના સર્વ પુરૂષો લશ્કરમાં ન જાય. બાપ, બેટા, ભાઈ, કાકા, ભત્રીજામાંથી એક વ્યક્તિ તો જેહાદમાં જાય અને બીજો શખ્સ ઘરમાં રહીને તેને સંભાળે, સવાબમાં બંને ભાગીદાર રહેશે. જાણવા મળ્યું કે મુજાહિદનો ખલીફા મુજાહિદના સવાબમાં શરીક હોય છે.

★ શામ તથા રોમના મુસલમાન મોટાભાગે જેહાદ કરતા રહેશે ★

''હઝરત જાબિર ઈબ્ને સમુરહથી[૧] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે આ દીન કાયમ રહેશે. તેના માટે મુસલમાનની એક જમાઅત જેહાદ કરતી રહેશે[૨] ત્યાં સુધી કે કયામત કાયમ થઈ જશે.[૩]'' (મુસ્લિમ)[૪]

★ હદીષ : (૧૫)-૩૮૦૧ ★

وَعَنْ جَابِرِ بْنِ سَمُرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَنْ يَبْرَحَ هَذَا الدِّينُ قَائِمًا يُقَاتِلُ عَلَيْهِ عِصَابَةٌ مِنَ الْمُسْلِمِينَ حَتَّى تقوم السَّاعَة». رَوَاهُ مُسلم

૧. આપ મશહૂર સહાબી છે. આપની કુન્નિયત અબૂ અબ્દુલ્લાહ છે. આમિરી છે. હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસના ભાણીયા છે. આપના મા ખાલિદ બિન્તે અબી વક્કાસ છે. કૂફામાં રહ્યો ત્યાં જ હિ.સ. ૭૪માં વફાત પામ્યા.

★ જેહાદને મન્સૂખ માનનાર કાફિર ★

૨. એટલે કે પૃથ્વીના પટ પર ક્યાંક ને ક્યાંક જેહાદ થતો જ રહેશે, ભલે ક્યારેક કોઈ ખાસ જગાએ ન થાય,

અને તેના જેહાદના કારણે દીન ક़ાયમ રહેશે. મિર્ક़ાતે ફર્માવ્યું કે શામ તથા તથા રોમના મુસલમાન મોટાભાગે જેહાદ કરતા રહેશે. الحمد لله ! હુઝૂર ﷺની આ પેશનગોઈ અત્યાર સુધી જાહેર થઈ રહી છે કે ક્યાંક ને ક્યાંક જેહાદ થતો જ રહે છે. એનાથી જાણવા મળ્યું કે જેહાદ ક़ાયમી ઈબાદત છે, કદી મન્સૂખ થશે નહીં. આનાથી મિર્ઝાઈ ક़ાદયાની બોધ ગ્રહણ કરે જેઓ જેહાદને મન્સૂખ માને છે. نعوذ بالله ! **જે કોઈ જેહાદને મન્સૂખ માને તે એવો જ મુર્તદ તથા કાફિર છે જેવો કે નમાઝ, રોઝાને મન્સૂખ માનનાર.**

૩. ક્યાં તો એનાથી ક़યામતની નઝદીકી મુરાદ છે અથવા ખુદ કયામત મુરાદ છે. પ્રથમ અર્થ અધિક મજબૂત છે કે ક़યામતથી ચાલીસ વરસો પહેલાં ઈસ્લામી દુનિયા તથા કુર્આન ખત્મ થઈ જશે, કયામત એ લોકો પર ક़ાયમ થશે જેમનામાં કોઈ અલ્લાહ અલ્લાહ કહેનાર હશે નહીં, પછી જેહાદ કેવો ?!

૪. એને અબૂ દાઊદે પણ રિવાયત કરી. એક હદીષમાં છે કે, મારી ઉમ્મતમાં એક ટોળુ (ગૃપ) હમેશાં ગાલિબ (સવાર) રહેશે. તેના વિરોધીઓ તેને કાંઈ નુસાન પહોંચાડી શકશે નહીં. મિર્ક़ાતે ફર્માવ્યું કે આ હદીષ ઉલમાને સમાવે છે કે તે હઝરાત ક़લમ તથા જીભ વડે જેહાદ કરતા રહેશે.

★ રાહે ખુદાનો ઝખ્મી ક़યામતમાં કઈ રીતે આવશે ? ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે નથી ઝખ્મી કરવામાં આવતો અલ્લાહની રાહમાં કોઈ[૧] અલ્લાહ જ જાણે કે કોણ અલ્લાહની રાહમાં ઝખ્મી કરવામાં આવે છે[૨] પણ તે ક़યામતના દિવસે એ જ પ્રમાણે આવશે કે તેનો ઝખ્મ લોહી વહાવતો હશે[૩] રંગ લોહીનો રંગ હશે અને ખુશ્બુ મુશ્કના જેવી હશે.[૪]" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૬)-૩૮૦૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يُكَلَّمُ أَحَدٌ فِي سَبِيلِ اللَّهِ وَاللَّهُ أَعْلَمُ بِمَنْ يُكَلَّمُ فِي سَبِيلِهِ إِلَّا جَاءَ يَوْمَ الْقِيَامَةِ وَجُرْحُهُ يَثْعَبُ دَمًا اللَّوْنُ لَوْنُ الدَّمِ والريحُ ريحُ المسكِ»

૧. ભલે એ ઝખ્મથી મૃત્યુ થઈ જાય કે ન થાય.

૨. આ વાક્યના બે અર્થો થઈ શકે છે : એક એ કે દરેક શખ્સ જે જેહાદના મેદાનમાં ઝખ્મી થાય તે ફી સબીલિલ્લાહ (અલ્લાહની રાહમાં) ઝખ્મી નથી. ફી સબીલિલ્લાહ ઝખ્મી તે છે જેમાં રિયા તથા દુનિયા પ્રાપ્તિની નિય્યત ન હોય. એ રબ જ જાણે છે કે કોણ રાહે ખુદામાં ઝખ્મી થયો અને કોણ દુનિયાની તલબામાં. બીજુ એ કે અલ્લાહ સારી રીતે જાણે છે કે ખુદાની રાહમાં ઝખ્મી કોણ થાય છે, તેને પૂરેપૂરો બદલો આપશે. જેમ કે وَاللّٰهُ اَعْلَمُ بِمَاوَضَعَتْ આ સ્થિતિમાં આ વાક્ય તેની શાન પ્રદર્શિત કરવા માટે છે. અહીં મિર્ક़ાતે ફર્માવ્યું, કાફિરો સાથે જેહાદમાં અથવા બાગીઓ ડાકૂઓના હાથે ઝખ્મી થનાર એ જ પ્રમાણે દીનની તબ્લીગના દરમ્યાન મુસલમાનોના હાથે ઝખ્મી થનાર, આમાં સર્વ સામેલ છે, સૌનો આ જ બદલો છે જે અહીં વર્ણન પામેલ છે.

૩. એટલે તેના ઝખ્મ તાજા હશે, તેમનાથી તાજુ લોહી વહેશે, પણ તે દિવસે તકલીફ થશે નહીં. આ લોહી વહેવુ તેના મુજાહિદ હોવાની નિશાની હશે જેનાથી સર્વ મેહશરવાળા એની ઈજ્જત કરશે. અમુક રિવાયતોમાં يثعب ને બદલે يتفجر છે, બંનેનો અર્થ એક જ છે, એટલે વહેવું.

૪. એટલે કે એ લોહી ન તો નાપાક હશે ન બદબૂદાર, બલ્કે તેની મહેકથી મેહશરવાળા આશ્ચર્ય કરશે અને એ શખ્સનો એહતેરામ કરશે. જ્યારે ઝખ્મીનો આ હાલ છે તો રાહે ખુદામાં શહીદ થનારા વિશેનું શું પૂછવું ?! આ

ખુશ્બુ ઈબાદતની અસરથી હશે, જેમ કે રોઝાદારના મોંની ખુશ્બુ રબ તઆલાને મુશ્ક (કસ્તૂરી)ની ખુશ્બુ કરતાં પણ વધુ પ્યારી છે.

★ શહીદ વારંવાર દુનિયામાં આવવાની તમન્ના કરે છે ★

★ હદીષ : (૧૭)-૩૮૦૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا مِنْ أَحَدٍ يَدْخُلُ الْجَنَّةَ يُحِبُّ أَنْ يُرْجَعَ إِلَى الدُّنْيَا وَلَهُ مَا فِي الْأَرْضِ مِنْ شَيْءٍ إِلَّا الشَّهِيدُ يَتَمَنَّى أَنْ يُرْجَعَ إِلَى الدُّنْيَا فَيُقْتَلَ عَشْرَ مَرَّاتٍ لِمَا يَرَى مِنَ الْكَرَامَةِ»

''હઝરત અનસ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે એવો કોઈ નથી જે જન્નતમાં દાખલ કરવામાં આવે[૧] પછી તે દુનિયામાં પરત આપવાનું પસંદ કરે ભલે દુનિયાની દરેક ચીજ તેને મળે[૨] સિવાય શહીદના કે તે આરઝૂ કરે છે કે દુનિયામાં પરત કરવામાં આવે પછી ક઼ત્લ કરવામાં આવે, દસ વાર.[૩] કેમ કે તે એહતેરામ જુએ છે.[૪]'' (મુસ્લિમ, બુખારી)

★ શહીદોની રૂહો લીલા પક્ષીઓના શરીરમાં જન્નતમાં રહે છે ★

૧. અહીં રૂહાની પ્રવેશ મુરાદ છે જે અમુક મો'મિનોને મરતાં જ નસીબ થઈ જાય છે. શારીરિક પ્રવેશ ક઼યામત પછી થશે જ્યારે દુનિયા ખત્મ થઈ ચૂકી હશે. જેથી આ હદીષ પર કોઈ વાંધો. યાદ રાખશો કે સામાન્ય મોમિનોની કબરોમાં જન્નતની ખિડકી ખોલી દેવામાં આવે છે જેનાથી ત્યાંની હવાઓ, ખુશ્બુઓ વગેરે આવ્યા કરે છે. શહીદો વગેરેની રૂહો લીલા પક્ષીઓના સ્વરૂપમાં જન્નતમાં દાખલ થઈ જાય છે. કયામત પછી શરીર સાથે જન્નતમાં પ્રવેશ થશે. ઈન્શા અલ્લાહુ તઆલા !

૨. કેમ કે દુનિયા આફતોની જગા છે, ભલે દુનિયામાં કોઈને ઘણો જ અધિક આરામ મળે પણ તે સૌ આરામ એ આરામની સરખામણીમાં તકલીફો છે. જેલનો ''એ'' વર્ગ પણ ઘરની આઝાદી અને ઘરના આરામ આગળ તુચ્છ છે.

૩. દસ વખતથી મુરાદ કેટલીય વાર છે. એટલે કે શહીદ તમન્ના કરશે કે ફરી મને દુનિયામાં મોકલીને શહાદતનો મોકો આપવામાં આવે, જે મજા રાહે ખુદા عزوجل માં માથુ કપાવવામાં આવેલ તે કોઈ ચીજમાં ન આવી.

૪. જાહેર એ છે કે કરામતથી મુરાદ આખેરતની ઈજ્જત તથા હુર્મત છે, એટલે કે તે વિચારશે કે જ્યારે એકવાર શહીદ થવાથી મને આટલી ઈજ્જત મળી તો વારંવાર શહીદ થવાથી કેટલી ઈજ્જત મળશે. અને શક્ય છે કે કરામતથી મુરાદ તે લિજ્જત હોય જે તેને ખુદા عزوجل ની રાહમાં માથુ કપાવવાથી થઈ હોય. ઈબાદતમાં પણ લિજ્જત છે. જેને અલ્લાહના બંદા મેહસૂસ કરે છે.

★ હદીષ : (૧૮)-૩૮૦૪ ★

وَعَنْ مَسْرُوقٍ قَالَ: سَأَلْنَا عَبْدَ اللَّهِ بْنَ مسعودٍ عَنْ هَذِهِ الْآيَةِ: (وَلَا تَحْسَبَنَّ الَّذِينَ قُتِلُوا فِي سَبِيلِ اللَّهِ أَمْوَاتًا بَلْ أَحْيَاءٌ عِنْدَ رَبِّهِم يُرزقون)الْآيَةَ قَالَ: إِنَّا قَدْ سَأَلْنَا عَنْ ذَلِكَ فَقَالَ: " أَرْوَاحُهُمْ فِي أَجْوَافِ طَيْرٍ

''હઝરત મસ્રૂક़ رضي الله عنه થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે અમે અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضي الله عنه થી આ આયતના બારામાં પૂછ્યું કે અલ્લાહની રાહમાં કતલ થનારાઓને મુર્દા ન સમજો. બલ્કે તેઓ ઝિંદા છે, રોજી આપવામાં આવે છે. ..... (છેવટ સુધી)[૨] ફર્માવ્યું, અમે એના વિશે પૂછ્યું[૩] તો ફર્માવ્યું, તેમની રૂહો લીલા પક્ષીઓનાં પેટોમાં હોય છે[૪] તેમના માટે અર્શમાં કંદીલો

خُضْرٍ لَهَا قَنَادِيلُ مُعَلَّقَةٌ بِالْعَرْشِ تَسْرَحُ مِنَ الْجَنَّةِ حَيْثُ شَاءَتْ ثُمَّ تَأْوِي إِلَى تِلْكَ الْقَنَادِيلِ فَاطَّلَعَ إِلَيْهِمْ رَبُّهُمُ اطِّلَاعَةً فَقَالَ: هَلْ تَشْتَهُونَ شَيْئًا؟ قَالُوا: أَيَّ شَيْءٍ نَشْتَهِي وَنَحْنُ نَسْرَحُ مِنَ الْجَنَّةِ حيثُ شِئْنَا ففعلَ ذلكَ بِهِمْ ثَلَاثَ مَرَّاتٍ فَلَمَّا رَأَوْا أَنَّهُمْ لَنْ يُتْرَكُوا مِنْ أَنْ يَسْأَلُوا قَالُوا: يَا رَبُّ نُرِيدُ أَنْ تُرَدَّ أَرْوَاحُنَا فِي أَجْسَادِنَا حَتَّى نُقْتَلَ فِي سبيلِكَ مرَّةً أُخرى فَلَمَّا رَأَى أَنْ لَيْسَ لَهُمْ حَاجَةٌ تُرِكُوا ". رَوَاهُ مُسلم

લટકી રહેલ છે[૫] જન્નતમાં જ્યાં ચાહે છે જાય છે પછી એ કંદીલો તરફ પરત આવી જાય છે.[૬] પછી એમની તરફ એમનો રબ ધ્યાનિત થાય છે[૭] તો ફર્માવે છે કે શું તમે કોઈ ચીજ ચાહો છો ?[૮] તેઓ અર્ઝ કરે છે, અમે કઈ ચીજ માગીએ ! અમે તો જન્નતમાં જ્યાં ચાહીએ છીએ જઈએ છીએ. એમના માટે ત્રણવાર આ સવાલ કરવામાં આવે છે[૯] જ્યારે એ લોકો સમજે છે કે એમને માગવાથી છોડવામાં નહીં આવે, (માગ્યા વિના છૂટકો નથી) તો અર્ઝ કરે છે, યા રબ ! અમે ચાહીયે છીએ કે અમારી રૂહો અમારા શરીરોમાં પલ્ટાવી દેવામાં આવે[૧૦] જેથી અમે તારી રાહમાં બીજી વાર કત્લ કરવામાં આવીએ. જ્યારે રબ જુએ છે કે તેમને કોઈ હાજત નથી તો એમને છોડવામાં આવે છે.[૧૧]" (મુસ્લિમ)

૧. આપ મશહૂર તાબઈ છે. હુઝૂર ﷺની વફાતથી પહેલાં ઈસ્લામ લાવ્યા પણ ઝિયારત ન કરી શક્યા. ખુલફાએ રાશિદીન, ઈબ્ને મસઊદ અને આઈશા સિદ્દીકા رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ની ઝિયારત તથા સોહબતથી શરફ હાંસલ થયો. હઝરત ઈબ્ને મસઊદની સાથે મોટાભાગે રહ્યા. પુષ્કળ નફલો પઢવાના કારણે પગોમાં સોજા રહેતા હતા. જ્યારે હજ માટે જતા તો હરમ શરીફમાં જ રહેતા, ત્યાં જ સૂતા હતા. બચપનમાં આપને ચોરી લેવામાં આવ્યા હતા એટલા માટે નામ મસ્રૂક પડયું. બસરાના હાકિમ રહ્યા. કૂફામાં હિ.સ. ૬૨માં વફાત પામ્યા.

૨. સવાલનો હેતુ એ છે કે શહીદોની જિંદગીનો શું અર્થ છે ? અને તેમને રોજી કેવી રીતે આપવામાં આવે છે, તેઓ તો દફન થઈ ચૂક્યા છે, અને તેમનો વારસો વહેંચાઈ ચૂક્યો છે, તેમની પત્નીઓ બીજાઓ સાથે પરણી ચૂકી છે. જ્યારે એમના પર મુડદાંઓના હુકમો લાગુ પડી ગયા તો તેઓ ઝિંદા કેવી રીતે છે ?

૩. નબી કરીમ ﷺથી. જેથી આ હદીષ, મરફૂઅ છે. (મિર્કાત, અશિઅહ, નવવી, શરહે મુસ્લિમ) કેમ કે જાહેર એ જ છે કે હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ એ હુઝૂર ﷺથી જ પૂછયું.

૪. એટલે કે અલ્લાહ તઆલા એ રૂહોના માટે તે બંદાઓના કાઈમ મુકામ (Substitute) શરીરો પેદા ફર્માવે છે. એ શરીરોમાં એ રૂહો અમાનતરૂપે રહે છે. એ શરીરો એ રૂહોનાં પોતાનાં નથી હોતાં, જેથી આ પુનર્જન્મ નથી.

૫. એટલે કે શહીદોની રૂહો ત્યાં સૈર તો કરે છે અને જન્નતના મેવા તો ખાય છે, પણ હૂરો તથા ત્યાંના મકાનોને વાપરી નથી શકતી. એ ઉપયોગ તો કયામત પછી થઈ શકશે. રબ તઆલાએ તેમના માટે દુનિયવી પિંજરાઓ તથા માળાઓની જેમ નૂરાની કંદીલો બનાવી દેવામાં આવેલી છે જેમાં તે રૂહો રહે છે.

૬. એટલે કે દરેક વખતે તે રૂહો જન્નતમાં જ રહે છે. એ સૈર કરતી વખતે પણ અને બીજા સમયમાં પણ, તેમ છતાંય એ રૂહોનો સંબંધ તેમની કબરો અને દફન થયેલ શરીરો સાથે જરૂર રહે છે. જેવી રીતે સૂરજનાં કિરણો જમીન પર પડે છે પણ સૂરજથી સંબંધ ધરાવે છે, અથવા આપણી આંખોનું નૂર આસ્માનની સૈર કરે છે પણ આંખથી સંબંધ કટ નથી કરતુ, નહીં તો આંખ આંધળી થઈ જાય. શહીદોની રૂહોની લતાફત (બારીકી) તો એ કિરણો અને દૃષ્ટિના નૂરથી કેટલાય અંશે અધિક છે. જેથી હદીષ પર આ વાંધો એટલે કે જ્યારે શહીદોની રૂહો જન્નતમાં છે તો શહીદોની

કબરોની ઝિયારત, તેમને સલામ કરવી બેકાર થયું. આ હયાતની સંપૂર્ણ ચર્ચા આ મિર્અતના પ્રકરણ બાબુલ જુમ્આમાં હદીષ فِيْنِى العَاصِى برزق ની શરહમાં જુઓ.

૭. اطلاع નો અર્થ છે ઝાંકવું, ચઢવું, પણ એ અર્થ રબ તઆલા માટે અશક્ય છે એટલા માટે અહીં એનો અર્થ "દષ્ટિ" કહેવું, તજલ્લી ફર્માવ્યું, તવજ્જોહ (ધ્યાન) કરવું યોગ્ય છે.

૮. અમુક શહીદો સાથે પર્દા વિના આ વાત થાય છે અને મોટાભાગનાથી પર્દા પાછળથી. આ દુનિયામાં આ આંખો વડે રબ તઆલાનો જમાલ જોવો અશક્ય છે, એ આલમ પણ જુદો છે અને એ આંખો પણ જુદી છે.

૯. આ વારંવાર સવાલ કરવું એ ખાસ કરમ પ્રદર્શિત કરવા માટે છે, એમાં કોઈ તાવીલ કરવાની જરૂરત નથી. હદીષ બિલ્કુલ જાહેર છે.

૧૦. એટલે કે અમારે કાંઈ ન કાંઈ તો માગવુ જ પડશે, ત્યારે તેઓ જન્નતની બાકી નેઅમતો હૂર તથા મહેલો વગેરે નથી માગતા બલ્કે ફરીથી એ શરીરોમાં પહેલાની જેમ જવા ચાહે છે જેનાથી તેમને જાહેરી જિંદગી મળે અને પછી તેઓ જેહાદ કરીને શહીદ થઈ શકે. યાદ રાખશો કે અહીં સવાલ જાહેરી જિંદગી અને શરઈ જેહાદ અને શરઈ શહાદતનો છે, નહીં તો અમુક મોક઼ાઓ પર શહીદોની રૂહોને જેહાદના મેદાનમાં જેહાદ કરતી જોવામાં આવેલી છે. જેમ કે ઈબ્ને કૈય્યિમે કિતાબુર્રહમાન પેજ ૧૫૩ પર લખ્યું છે કે હુઝૂર ﷺ તથા સિદ્દીક઼ે અકબર તથા ફારૂક઼ે આ'ઝમની રૂહોએ વફાત બાદ કાફિરોની મહાન લશ્કરી ફોજને ભગાડી મૂકી અને મુજાહિદ મુસલમાનોની મદદ કરી અને એ મદદ બિલ્કુલ દુરુસ્ત હતી. સવારમાં કાફિરોનું લશ્કર ક઼ત્લ થઈ ચૂકેલ હતું બાકીનું નાસી છૂટયુ હતું. પણ આ જેહાદ અલગ પ્રકારનો છે. તેમજ એ જ કિતાબુર્રહમાનમાં છે કે હઝરતની પાક રૂહે હુઝૂરથી એક દૂર દરાઝ દેશમાં પહોંચીને એક રાફઝીને ક઼ત્લ કર્યો.

★ કેટલાક જરૂરી મસાઈલ ★

૧૧. યાદ રાખશો કે રબ તઆલાએ એ રૂહોને બીજી તરફ એટલે અન્ય સવાલોની તરફ ધ્યાનિત ન થવા દીધી, નહીં તો તેઓ અલ્લાહના દીદાર, મુસ્તફાના દીદારની તમન્ના કરતા, બલ્કે એમનું ધ્યાન શહાદત તરફ કરાવ્યું, જેથી લોકોને શહાદત તથા ગઝવાના મહત્વની ભાળ મળે. એ પણ ખયાલ રાખશો કે આ દુનિયામાં અશક્ય ચીજની દુઆ કરવું મના છે, પણ તે તો દુનિયા જ જુદી છે, ત્યાં અશક્ય દુઆ કરવું મના નથી, કે શહીદો દુનિયામાં પરત આવવાની દુઆ કરે છે જે અશક્ય છે. આ હદીષથી અમુક મસ્અલા જાણવા મળ્યા : **એક** એ કે જન્નત તથા ત્યાંની નેઅમતો પેદા થઈ ચૂકી છે. **બીજુ** એ કે ક઼યામતથી પહેલાં જઝા તથા સવાબમાં માટે જન્નતમાં આ શરીર સાથે નથી જઈ શકતો. **ત્રીજુ** એ કે અમુક ખુશનસીબોને રૂહાની રીતે પ્રવેશ ક઼યામત પહેલાં પણ અતા થઈ શકે છે. **ચોથુ** એ કે જન્નતનાં ફળ, હવા, અન્ય નેઅમતો કયામત પહેલાં અમુક લોકો વાપરે છે પણ ત્યાંની હૂરોને હાથ નથી લગાડી શકતા. હૂરો તો કયામત પછી જ મયસ્સર થશે. જુઓ, આદમ عليه السلام ને જન્નતમાં રહેવાના જમાનામાં કેવળ ખાવાની ઈજાઝત હતી, જો હૂરોની ઈજાઝત હોત તો આપને એકલતાની ગભરાહટ ન થાત, અને હઝરત હવ્વાની પેદાઈશની ખ્વાહિશ ન થાત. **પાંચમુ** એ કે રૂહને ફના નથી. મૌત શરીર પર લાગુ થાય છે કે એનાથી રૂહ અલગ કરી દેવામાં આવે છે. **છઠ્ઠુ** એ કે રૂહને રાહત તથા તકલીફનો એહસાસ મૃત્યુ બાદ રહે છે, નહીં તો બરઝખના સવાબ તથા અઝાબનો શું અર્થ ? **સાતમુ** એ કે બરઝખનો સવાબ તથા અઝાબ બરહક્ક઼ છે. રબ તઆલા ફર્માવે છે : اَلنَّارُ يُعْرَضُوْنَ عَلَيْهَا غُدُوًّا وَّ عَشِيًّا ۚ وَ يَوْمَ تَقُوْمُ السَّاعَةُ ۫ اَدْخِلُوْۤا اٰلَ فِرْعَوْنَ اَشَدَّ الْعَذَابِ (આગ જેના પર સવાર તથા

સાંજ પેશ કરવામાં આવે છે અને જે દિવસે ક़યામત કાયમ થશે, હુકમ થશે ફિરઔનવાળાઓને સખ્તતર અઝાબમાં દાખલ કરો. સૂરએ ગાફિર, ૪૦/૪૬) આ આયતે કરીમા કબ્રના અઝાબના માટે ઉઘાડી નસ (દલીલ) છે, જેની તાવીલ નથી થઈ શકતી. બરઝખના અહવાલ બરહક્ક़ છે.

★ શહીદનું કરજ સિવાય સર્વ કાંઈ માફ ★

"હઝરત અબૂ ક़તાદા رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ સહાબામાં કયામ ફર્માવ્યો (બિરાજમાન થાય)[૧] તો તેમને વર્ણવ્યું કે અલ્લાહની રાહમાં જેહાદ અને અલ્લાહ પર ઈમાન લાવવું તમામ અમલોમાં અફઝલ છે[૨] તો એક શખ્સ ઉઠયો પછી બોલ્યો, યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવો, જો હું અલ્લાહની રાહમાં માર્યો જઉં તો મારા સર્વ ગુનાહો મિટાવી દેવામાં આવશે ?[૩] તો તેનાથી રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હા ! જો તું અલ્લાહની રાહમાં ક़ત્લ કરવામાં આવે, જ્યારે કે તું સવાબનો તલબગાર હોય, આગળ જતો હોય, પીઠ ફેરવતો ન હોય[૪] પછી રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તેં શું કહ્યું ?[૫] તે બોલ્યો કે ફર્માવો, શું જો હું અલ્લાહની રાહમાં ક઼ત્લ કરી દેવામાં આવું તો શું મારી ખતાઓ મિટાવી દેવામાં આવશે ? ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હા ! જ્યારે કે તું સબ્ર કરનાર, બદલાનો તલબગાર હોય, આગળ વધી રહેલો હોય, પાછળ હટતો ન હોય સિવાયે કરજના[૬] કેમ કે મને જિબ્રઈલે એ જ કહ્યું.[૭]" (મુસ્લિમ)

★ હદીષ : (૧૯)-૩૮૦૫ ★

عَن أَبِي قَتَادَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَامَ فِيهِمْ فَذَكَرَ لَهُمْ أَنَّ الْجِهَادَ فِي سَبِيلِ اللَّهِ وَالْإِيمَانَ بِاللَّهِ أَفْضَلُ الْأَعْمَالِ فَقَامَ رَجُلٌ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ أَرَأَيْتَ إِنْ قُتِلْتُ فِي سَبِيلِ اللَّهِ يُكَفَّرُ عَنِّي خَطَايَايَ؟ فَقَالَ لَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «نَعَمْ إِنْ قُتِلْتَ فِي سَبِيلِ اللَّهِ وَأَنْتَ صَابِرٌ مُحْتَسِبٌ مُقْبِلٌ غَيْرُ مُدْبِرٍ» . ثُمَّ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كَيْفَ قُلْتَ؟» فَقَالَ: أَرَأَيْتَ إِنْ قُتِلْتُ فِي سَبِيلِ اللَّهِ أَيُكَفَّرُ عَنِّي خَطَايَايَ؟ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «نَعَمْ وَأَنْتَ صَابِرٌ مُحْتَسِبٌ مُقْبِلٌ غَيْرُ مُدْبِرٍ إِلَّا الدَّيْنَ فَإِنَّ جِبْرِيلَ قَالَ لِي ذَلِكَ» . رَوَاهُ مُسْلِمٌ

૧. વઅઝ કહેવા માટે આમ તો હુઝૂર ﷺ નું દરેક કલામ (વાતચીત) વઅઝ હતી અને દરેક મજલિસ, વઅઝની મજલિસ હતી, પણ અમુક વખતે બેઠક વ્યવસ્થા કરીને વાતચીત કરવામાં આવતી હતી. આ પણ તેમનામાંથી જ હતું.

૨. યાદ રાખશો કે ઈમાન દિલનો અમલ છે અને જેહાદ શરીરનો અમલ છે ઈમાન તો નજાતનો આધાર છે, અને અમલો દરજાઓની તરક્કીનો જાહેરી ઝરીયો છે. અમુક હાલતોમાં જેહાદ નમાઝથી અફઝલ હોય છે, અને સામાન્ય સંજોગોમાં નમાઝ જેહાદથી અફઝલ છે. અહીં એ પણ ખાસ હાલતો મુરાદ છે. જેથી આ હદીષ એ હદીષોની વિરૂધ્ધ નથી જેમાં નમાઝને અમલોમાં અફઝલ દર્શાવવામાં આવેલ છે.

૩. હક્ક़ એ છે કે અહીં خطايا થી મુરાદ સર્વ સગીરા તથા કબીરા ગુનાહો છે, બલ્કે સર્વ હુકૂકુલ્લાહ (અલ્લાહના હક્કો) અને હુકૂકુલ ઈબાદ (બંદાઓના હક્કો) જેવું કે જવાબથી જાહેર છે.

૪. અહીં સર્વ ગુનાહોની માફીના માટે બે શર્તો દર્શાવવામાં આવી : **એક** ઈખ્લાસ સાથે જેહાદ કરવો, **બીજુ** ત્યાંથી ગભરાઈને ન ભાગવું, છાતીમાં તીર કે ગોળી ખાવું. અહીં પીઠ ફેરવવાથી મુરાદ બુઝદિલીની રીતે ભાગવાના ઈરાદાથી પીઠ ફેરવવું છે. જો એકલો રહી જનારો ગાઝી પોતાના કેમ્પની તરફ શક્તિ મેળવવા માટે નાસે અથવા

યુધ્ધની ચાલના રૂપે પાછળ હટે તો એનો આ હુકમ નથી. રબ તઆલા ફર્માવે છે : اِلَّا مُتَحَرِّفًا لِّقِتَالٍ اَوۡ مُتَحَيِّزًا اِلٰى فِئَةٍ (પણ લડાઈની કળા કરવા અથવા પોતાની જમાઅત (ગૃપ)માં મળી જવા માટે. સૂ. અન્ફાલ, ૮/૧૬) જેથી આ હદીષ આયતની વિરૂધ્ધ નથી.

૫. હુઝૂર ﷺ એનો સવાલ ભૂલી ગયા ન હતા. ફરીથી સવાલ કરવો આયોજન પ્રદર્શિત કરવા માટે છે કે જેથી તેને એ જવાબ સારી રીતે યાદ રહે. *(મિર્કાત)*

૬. અહીં કરજના વિશે શરહકર્તાઓના કેટલાય કથનો છે. અમુકે ફર્માવ્યું કે કરજથી મુરાદ બંદાના સર્વ મારી ખાધેલા હક્કો છે. ચોરી, ખયાનત, હડપ કરી જવું, કત્લ વગેરે. મિર્કાતે ફર્માવ્યું કે કરજથી એ કરજ મુરાદ છે જેને અદા કરવાની નિય્યત ન હોય. અદા કરવાની નિય્યત હતી પણ મોકો ન મળ્યો એવામાં શહીદ થઈ ગયો, તે કરજ ખુદ કરજ આપનાર પાસે માફ કરાવી દેવામાં આવશે. પણ દરિયાનો શહીદ તેનો કરજો પણ માફ થઈ જાય છે અને તેની રૂહ વિના વાસ્તાએ ખુદ રબ તઆલા કબ્ઝ કરે છે, હઝરત મલકુલ મૌતને સુપરત નથી કરતો. *(મિર્કાત)*

૭. એટલે કે હમણા વહીયે ઈલાહી આવી એમાં પણ મને એ ફર્માવવામાં આવ્યું, એનાથી આ મસ્અલા જાણવા મળ્યા : (૧) હુઝૂર ﷺ પર કેવળ કુર્આને કરીમની જ વહી થતી ન હતી, બલ્કે એના ઉપરાંત અન્ય વહી પણ થતી હતી. (૨) દરેક વહીને સહાબાએ કિરામ જોયા કરતા ન હતા. અમુક વખતે એ હઝરાતે વહી આવતાં જોઈ બલ્કે અમુકવાર જિબ્રઈલે અમીનને પણ જોયા અને અમુક વખતે કાંઈ પણ ન જોયું. રબ તઆલાએ પોતાના મહબૂબથી વાતો કરી લીધી પણ પાસે બેસનારાઓને ખબર પણ ન પડી. અત્યારે જે વહી આવી એ આ બીજા પ્રકારની હતી. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે આ વહી પહેલાં આવી ચૂકી હતી. પણ એ કહેવું દુરુસ્ત નથી, નહીં તો હુઝૂર ﷺ સાઈલ (પ્રશ્ન કરનાર)ને પહેલા જ ફર્માવી દેતા, બીજીવાર બોલાવવાની તથા સવાલ પૂછવાની જરૂરત ન હતી.

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, અલ્લાહની રાહમાં કત્લ થવું (અથવા કત્લ કરવું)[૧] દરેક ચીજને મિટાવી દે છે સિવાય કરજ.[૨]'' (મુસ્લિમ)

★ હદીષ : (૨૦)-૩૮૦૬ ★

وَعَنْ عَبْدِ اللّٰهِ بْنِ عَمْرِو بْنِ الْعَاصِ أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «اَلْقَتْلُ فِي سَبِيلِ اللّٰهِ يُكَفِّرُ كُلَّ شَيْءٍ إِلَّا الدَّين» . رَوَاهُ مُسلم

૧. જાહેર એ છે કે અહીં કત્લ મસ્દર મજહૂલ છે અર્થ : કત્લ કરવામાં આવવું, શહીદ થવું. એનું સમર્થન અગાઉ વર્ણવેલ હદીષ કરી રહી છે. અને શક્ય છે કે કત્લથી મુરાદ કત્લ કરવું એટલે જેહાદ કરવો હોય.

૨. એની શરહ હમણા થઈ ચૂકી. કરજથી મુરાદ તે કરજ છે જેની માગણી કરવાનો હક્ક બંદાને હોય ભલે પત્નીનુ કરજ, મહેર હોય, અથવા કોઈનાથી લીધેલુ કરજ, અથવા મારી ખાધેલી અમાનત વગેરે મુરાદ છે. મિર્કાતે અહીં એ સૌ ચીજોને કરજ માનેલ છે પણ એ મજબૂત નથી, નહીં તો પછી તો કોઈ ગુનોહ માફ ન થવો જોઈએ, કેમ કે દરેક રબ તઆલાનું તે કરજ છે જે બંદાએ મારી ખાધેલુ છે.

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા એ બે શખ્સોથી ખૂબ જ ખુશ થાય છે[૧] જેમનામાંથી એક બીજાને કત્લ કરે પછી બંનેવ જન્નતમાં પહોંચે[૨] કે એ

★ હદીષ : (૨૧)-૩૮૦૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: " يَضْحَكُ اللّٰهُ تَعَالَى إِلَى رَجُلَيْنِ يَقْتُلُ أَحَدُهُمَا

الْآخَرَ يَدْخُلَانِ الْجَنَّةَ: يُقَاتِلُ هَذَا فِي سَبِيلِ اللَّهِ فَيُقْتَلُ ثُمَّ يَتُوبُ اللَّهُ على الْقَاتِلِ فيستشهد "	*અલ્લાહની રાહમાં જેહાદ કરે તો માર્યો જાય, પછી અલ્લાહ કાતિલને તૌબાની તૌફીક઼ આપી દે પછી તેને શહીદ કરી દેવામાં આવે.[૩]" (મુસ્લિમ, બુખારી)*

૧. ضحاك નો અર્થ છે હસવું. રબ તઆલાના માટે એ અશક્ય છે, એટલા માટે અમુક શરહકર્તાઓએ એનો અર્થ ખુશ થવું, રાજી થવું, પસંદ કરવું કર્યો છે. અશિઅ્તુલ લમ્આતે ફર્માવ્યું કે ضحاك નો અર્થ છે પાણી વહાવવું, જેથી એનો અર્થ થયો રહમતો વહાવવી. આ અર્થ ખૂબ જ લિજ્જતળો તથા ઉમદા છે.

૨. એટલે કે આ કાતિલ તથા મક઼્તૂલ (ક઼્ત્લ થનાર) બંનેવ એક સાથે હાથમાં હાથ રાખીને જન્નતમાં જશે. યાદ રાખશો કે દુનિયાની સર્વ મુસલમાનોની અંગત અદાવતો આખેરતમાં ખત્મ થઈ જશે. એ જ પ્રમાણે દુનિયાની શારીરિક મહોબ્બતો પણ ત્યાં ફના થઈ જશે. ઈમાની અદાવત તથા રહમત બાકી રહેશે. મુસલમાન બાપ કાફિર પુત્રને અઝાબમાં જોઈને ખુશ થશે અને અજનબી મુસલમાન બીજા અજનબી મુસલમાનને અઝાબમાં જોઈને ગમગીન થશે. તેની સિફારિશ તથા શફાઅત કરીને તેને બખ્શાવશે. એ જ પ્રમાણે તે બે મુસલમાન જેઓ દુનિયવી મામલાઓમાં એકબીજાના દુશ્મન હતા પણ ત્યાં દોસ્ત થઈ જશે. રબ તઆલા ફર્માવે છે : وَنَزَعْنَا مَا فِيْ صُدُوْرِهِمْ مِّنْ غِلٍّ اِخْوَانًا عَلٰى سُرُرٍ مُّتَقٰبِلِيْنَ (અને અમે તેમના સીનાઓમાં જે કાંઈ કીના હતા સૌ ખેંચી લીધા. આપસમાં ભાઈ છે તખ્તો પર રૂબરૂ બેઠેલા. સૂ. હિજ્ર, ૧૫/૪૭) અને ફર્માવ્યું : اَلْاَخِلَّآءُ يَوْمَئِذٍۢ بَعْضُهُمْ لِبَعْضٍ عَدُوٌّ اِلَّا الْمُتَّقِيْنَ "ગાઢ દોસ્ત એ દિવસે એકબીજાના દુશ્મન હશે પણ પરહેઝગાર." *(સૂ. ઝુખ્રુફ, ૪૩/૬૭)*

૩. કે પહેલો પણ શહીદ તથા સઈદ મર્યો અને બીજો પણ શહીદ તથા સઈદ. જુઓ, હઝરત અમીર હમ્ઝાને જનાબ વહશીએ શહીદ કર્યા અને પછી બાદમાં ખુદ પણ સઈદ તથા મોમિન થઈને મૃત્યુ પામ્યા. رضی اللہ عنہما

★ સાચા દિલથી શહીદ થવાની તમન્ના ★

★ હદીષ : (૨૨)-૩૮૦૮ ★ وَعَن سهل بن حنيف قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَنْ سَأَلَ اللَّهَ الشَّهَادَةَ بِصِدْقٍ بَلَّغَهُ اللَّهُ مَنَازِلَ الشُّهَدَاءِ وَإِنْ مَاتَ عَلَى فِرَاشِهِ. رَوَاهُ مُسلم	*"હઝરત સહલ ઈબ્ને હુનૈફથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, **જે સાચા દિલથી શહાદત માગે[૨] તો અલ્લાહ તેને શહીદોના દરજાઓ પર પહોંચાડી દેશે, ભલે તે પોતાના બિસ્તર પર મરે.[૩]**" (મુસ્લિમ)*

૧. આપ સહાબી પણ અન્સારી પણ છે. બદર તથા સર્વ ગઝવાતમાં હાજર રહ્યા. ગઝવએ ઓહદમાં મુસલમાનોના ક઼દમ ઉખડી જવા પર હુઝૂર ﷺ ની સાથે અડગ રહ્યા. પછી હઝરત અલી رضی اللہ عنہ ની સાથે રહ્યા, અને હઝરત અલી رضی اللہ عنہ એ આપને મદીના મુનવ્વરાના ગવર્નર નિયુક્ત કર્યા પછી ઈરાનના. હિ.સ. ૩૮માં કૂફામાં વફાત પામ્યા. અમીરુલ મો'મિનીન અલી મુર્તઝા رضی اللہ عنہ એ આપની જનાઝાની નમાઝ પઢાવી અને ત્યાં જ દફન કર્યા. *(અશિઅતુલ લમ્આત)*

૨. એ રીતે કે દિલથી શહાદતની આરઝૂ કરે, ઝબાનથી દુઆ કરે અને યથાશક્તિ જેહાદની તૈયારી કરે. મોકાની તાકમાં રહે. કેવળ સાચી દુઆને પણ અમુક શરહકર્તાઓએ એમાં સામેલ કરેલ છે.

૩. એ રીતે કે તે હુકમી શહીદ થશે જે જન્નતમાં શહીદો સાથે રહેશે. રબ તઆલાની અતા આપણા વહેમો તથા ગુમાનથી વિશેષ છે.

★ રબીઅ સહાબિયાનો હઝરત હારિષાની શહાદત વિશે સવાલ ★

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રબીઅ બિન્તે બરાઅ[૧] જે હારિષા ઈબ્ને સુરકાનાં મા છે[૨] નબી કરીમ ﷺ ની ખિદમતમાં આવ્યાં. બોલ્યાં, યા રસૂલલ્લાહ ! ﷺ આપ મને હારિષાની ખબર કેમ નથી આપતા ? અને તે બદરના દિવસે શહીદ કરવામાં આવ્યા હતા[૩] કે તેમને ગાઈબાના તીર વાગ્યુ હતું, જો તે જન્નતમાં છે તો હું સબ્ર કરી લઉ[૪] અને જો એના સિવાય હોય તો તેના પર રડવામાં કોશિશ કરુ[૫] તો ફર્માવ્યું, હે ઉમ્મે હારિષા ! જન્નત ઘણી બધી જન્નતો છે[૬] અને તારા લખ્તે જિગરે આ'લા દરજાની ફિરદોસ હાંસલ કરી છે.[૭]'' (બુખારી)

★ હદીષ : (૨૩)-૩૮૦૯ ★

وَعَن أنسٍ أَنَّ الرُّبَيِّعَ بِنْتَ الْبَرَاءِ وَهِيَ أُمُّ حَارِثَةَ بْنِ سُرَاقَةَ أَتَتِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَتْ: يَا رَسُولَ اللَّهِ أَلَا تُحَدِّثُنِي عنْ حَارِثَةَ وَكَانَ قُتِلَ يَوْمَ بَدْرٍ أَصَابَهُ سَهْمٌ غَرْبٌ فَإِنْ كَانَ فِي الْجَنَّةِ صَبَرْتُ وَإِنْ كَانَ غَيْرُ ذَلِكَ اجْتَهَدْتُ عَلَيْهِ فِي الْبُكَاءِ فَقَالَ: «يَا أُمَّ حَارِثَةَ إِنَّهَا جِنَانٌ فِي الْجَنَّةِ وَإِنَّ ابْنَكِ أَصَابَ الْفِرْدَوْسَ الْأَعْلَى» . رَوَاهُ البخاريُّ

૧. એટલે કે બરાઅ ઈબ્ને આઝિબની દુખ્તરે નેક અખ્તર (પુત્રી). અશિઅતુલ લમ્આતમાં શયખે ફર્માવ્યું કે એ દુરુસ્ત નથી, બલ્કે આપ રબીઅ બિન્તે નઝર છે અને નઝર હઝરત અનસ ઈબ્ને માલિકના કાકા છે. અને બરાઅ ઈબ્ને માલિક હઝરત અનસના ભાઈ છે. જેથી રબીઅ બિન્તે નઝર હઝરત અનસનાં ફોઈ છે. *(અશિઅહ)*

૨. આપ જંગે બદરમાં સૌ પ્રથમ શહીદ છે. અન્સારી છે.

★ સહાબાનો અકીદો : હુઝૂર મદીનામાં રહીને જન્નત દોઝખને જોઈ રહ્યા છે ★

૩. એટલે કે તેને ગાઈબાના તીર વાગ્યું પણ મારનારની ખબર ન પડી હતી. જો કોઈને તીર મારવામાં આવે અને વાગી જાય બીજાને તેને પણ شهم غرب કહે છે. પણ અહીં પ્રથમ અર્થ મુરાદ છે. મકસદ એ છે કે હુઝૂર ! મારા પુત્ર હારિષાની ખબર જણાવી દો કે તે ક્યાં છે ? જન્નતમાં કે દોઝખમાં ? જાણવા મળ્યું કે **સહાબાએ કિરામ હઝરાતનો અકીદો હતો કે હુઝૂર ﷺ મદીના મુનવ્વરામાં રહીને જન્નત તથા દોઝખના દરેક મકામ અને ત્યાંના રહેવાસીઓને જોઈ રહ્યા છે.** ખબર તેને પૂછવામાં આવે જે જાણતો હોય. હુઝૂરે પણ એવું નથી ફર્માવ્યું કે મને ખબર નથી કે તારો પુત્ર ક્યાં છે ? હઝરત જિબ્રઈલ આવશે તો પૂછીને બતાવીશ, બલ્કે તરત જ બતાવી આપ્યું. જે જન્નતને જોઈ રહેલ છે તે જમીનના રજકણ રજકણને પણ જોઈ રહેલ છે કેમ કે જન્નત જમીનની સરખામણીમાં દૂર છે. આ જ અર્થ હાઝિર નાઝિરનો છે. સહાબાએ કિરામનો આ જ અકીદો હતો.

૪. અને તદ્દન ગિર્યાઓ ઝારી (રૂદન) ન કરું આ નેઅમતના શુક્રિયામાં. યાદ રાખશો કે બીબી રબીઅને હઝરત હારિષાના શહીદ હોવામાં શક હતો, કેમ કે તે કાફિરો સાથે લડયા વિના ગાઈબાના તીરથી શહીદ થયા હતા. ખબર નહીં તે તીર કાફિરે માર્યુ હતું અથવા કોઈ મુસલમાનનું જ વાગી ગયુ હતું. તેણીએ ઉલઝન જાહેર કરી, શહીદના જન્નતી હોવામાં શક ન હતો, કે એ તો કુર્આન મજીદથી સાબિત છે. કુર્આનની ખબરમાં કોઈ મુસલમાનને શંકા કુશંકા નથી હોઈ શકતી.

૫. અહીં રડવાથી મુરાદ જાઈઝ રડવું છે આસુંઓ સાથે, નોહા માતમ મુરાદ નથી, કે હઝરાત સહાબા તથા

સહાબિયાત એનાથી મેહફૂઝ હતાં. એટલે પછી તો હું એ મેહરૂમી પર રડું કે મારો પુત્ર જાનથી હાથ પણ ધોઈ બેઠો અને જન્નતી પણ ન થયો. આ મેહરૂમી પર રડવું પણ ઈબાદત છે, જેવી રીતે અલ્લાહની નેઅમત પર ખુશ થવું ઈબાદત છે.

★ જન્નતના સો દરજાઓ છે ★

૬. જન્નતના સો દરજા છે. ઉપર નીચેના દરેક બે દરજાઓની વચ્ચે એટલુ અંતર છે જેટલુ જમીન આસ્માન વચ્ચે છે, જેવું કે હદીષોમાં આવેલું છે.

૭. એટલે કે જન્નતના દરજાઓમાંથી સૌથી ઊંચો દરજો જન્નતુલ ફિરદોસ છે જે સૌથી આખરી દરજો છે, જેના ઉપર અર્શે ઈલાહી છે. તારા પુત્રને રબે તે આપ્યું છે કે હવે તેની રૂહ ફિરદોસની સૈર કરી રહી છે. ક્યામત બાદ તે શરીર સાથે એમાં દાખલ થશે. આ છે મારા મહબૂબ ﷺનો ઈલ્મે ગયબ ! કે **હુઝૂર ﷺ મદીના મુનવ્વરામાં બેઠા બેઠા જન્નતના દરેક તબક્કાના દરેક રહેવાસીને જોઈ રહ્યા છે અને ભાવિમાં દરેક સઈદ (નસીબદાર) તથા શક્કી (બદબખ્ત) અને તેમના દરજાઓ, મર્તબાઓને પણ જાણે છે.**

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ અને આપના સહાબા તશરીફ લઈ ગયા, ત્યાં સુધી કે બદરમાં મુશ્રિકોથી પહેલા પહોંચી ગયા.[૧] અને મુશ્રિકો પણ આવી ગયા તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એ જન્નતની તરફ આગળ વધો જેની પહોળાઈ આસ્માનો તથા જમીનના બરાબર છે[૨] તો ઉમેર ઈબ્ને હુમામ બોલ્યા[૩] સરસ ! સરસ ! રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તને સરસ સરસ ! કહેવા પર કઈ ચીજ ભડકાવી રહી છે ?[૪] બોલ્યા, યા રસૂલલ્લાહ ! અન્ય કોઈ ચીજ નથી એ ઉમ્મીદ સિવાય કે હું પણ જન્નતવાળાઓમાંથી થઈ જઉં.[૫] ફર્માવ્યું, તમે જન્નતવાળાઓમાંથી છો[૬] રાવી ફર્માવે છે કે પછી તેમણે પોતાના કમંડરથી કેટલીક ખારેકો કાઢી[૭] અને તેને ખાવા લાગ્યા, પછી બોલ્યા કે જો આ ખારેકોને ખાતા સુધી જીવંત રહું તો આ જિંદગી ખૂબ લાંબી છે.[૮] ફર્માવે છે કે જેટલી ખારેકો તેમની પાસે હતી તેને ફેંકી દીધી પછી કાફિરો સાથે જંગ કરી ત્યાં સુધી કે શહીદ કરી દેવામાં આવ્યા.[૯]'' (મુસ્લિમ)

★ હદીષ : (૨૪)-૩૮૧૦ ★

وَعَنْهُ قَالَ: انْطَلَقَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَصْحَابُهُ حَتَّى سَبَقُوا الْمُشْرِكِينَ إِلَى بَدْرٍ وَجَاءَ الْمُشْرِكُونَ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «قُومُوا إِلَى جَنَّةٍ عَرْضُهَا السَّمَاوَاتُ وَالْأَرْضُ» . قَالَ عُمَيْرُ بْنُ الْحُمَامِ: بَخْ بَخْ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " مَا يَحْمِلُكَ عَلَى قَوْلِكَ: بَخْ بَخْ؟ " قَالَ: لَا وَاللَّهِ يَا رَسُولَ اللَّهِ إِلَّا رَجَاءَ أَنْ أَكُونَ مِنْ أَهْلِهَا قَالَ: «فَإِنَّكَ مِنْ أَهْلِهَا» قَالَ: فَأَخْرَجَ تَمَرَاتٍ مِنْ قَرْنِهِ فَجَعَلَ يَأْكُلُ مِنْهُنَّ ثُمَّ قَالَ: لَئِنْ أَنَا حَيِيتُ حَتَّى آكل تمراتي إِنَّهَا الْحَيَاة طَوِيلَةٌ قَالَ: فَرَمَى بِمَا كَانَ مَعَهُ مِنَ التَّمْرِ ثُمَّ قَاتَلَهُمْ حَتَّى قُتِلَ. رَوَاهُ مُسْلِمٌ

★ બદર નામ પડવાનું કારણ ★

૧. બદર એક શખ્સનું નામ હતું જેણે એક જગાએ કૂવો ખોદાવ્યો. એ કૂવાનું નામ પણ બદર હતું. પછી એ મેદાનનું નામ બદર પડી ગયું. હવે ત્યાં મોટી વસ્તી થઈ ગઈ છે. મદીના મુનવ્વરાથી એકસો ચાલીસ માઈલ મક્કા મોઅઝ્ઝમા તરફ છે. આ ફકીરે (લેખકે) આ જગા તથા તેનાં મોતબર્રક સ્થળોની કેટલીય વાર ઝિયારત કરી છે.

પ્રથમ બાકાયદા ઈસ્લામી જેહાદ એ જ જગાએ થયો. બદર પુરૂષવાચક પણ બોલવામાં આવે છે તથા સ્ત્રીવાચક પણ. એટલે કે હુઝૂર ﷺ પોતાના મુજાહિદ સહાબીઓની સાથે બદરમાં પ્રથમ પહોંચી ગયા. મક્કાના મુશ્રિકો બાદમાં ત્યાં પહોંચ્યા.

★ જન્નત તલ્વારોના સાયામાં અને માના પગો નીચે ★

૨. એટલે કે એ અમલની તરફ ચાલો જે જન્નત હાંસલ કરવાનો ઝરીયો છે. ત્યાં જવું જાણે કે જન્નતમાં જ જવું છે. જેમ કે ફર્માવવામાં આવ્યું છે કે જન્નત તલ્વારોના સાયામાં છે, અથવા જન્નત માઓના કદમોની નીચે છે. સામાન્યતઃ દરેક ચીજની પહોળાઈ તેની લંબાઈથી ઓછી હોય છે. **જન્નતની પહોળાઇ તમામ આસ્માનો તથા જમીનોના બરાબર છે, તો વિચાર કરો કે તેની લંબાઇ કેટલી હશે ?! આ સૈયદુલ ફુસહાએ ખૂબ જ ઉમદા તરીકાથી બારીક મસ્અલો સમજાવી દીધો.**

૩. આપ ઉમેર ઈબ્ને હુમામ ઈબ્ને અજરઅ અન્સારી સલ્લમી છે. અન્સારમાં સૌથી પહેલા શહીદ આપ છે. ખાલિદ ઈબ્ને આ'લમે શહીદ કર્યા. *(મિર્કાત)*

૪. એટલે કે અમારા આ ફર્માન પર તમે કેમ ખુશી મનાવી રહ્યા છો ? અને સરસ ! સરસ ! કેમ કહી રહ્યા છો ? કાંઈ એની હકીકત પણ છે કે પછી કેવળ દિલ બેહલાવવા માટે આવુ કહો છો ? કત્લના ડરથી કહો છો કે જન્નતની ઉમ્મીદથી ? હુઝૂરે અન્વર ﷺનો સવાલ એટલા માટે છે કે હઝરત ઉમેર જવાબ આપે અને મુસલમાનોને તેમનો સંકલ્પ માલૂમ થઈ જાય, નહીં તો હુઝૂર ﷺ તો દરેકના દિલની હાલતથી ખબરદાર હતા. જેમ કે ઓહદ પહાડના પથ્થરોના દિલનો હાલ માલૂમ કરીને ફર્માવ્યું કે ઓહદ અમારાથી મહોબ્બત કરે છે, તો ઈન્સાનોનાં દિલનો હાલ કઈ રીતે માલૂમ ન થાય ?! એનો ખયાલ રાખશો.

૫. જાણવા મળ્યું કે પોતાનો અમલ તથા ઈખ્લાસ તથા નિય્યત હુઝૂર ﷺને અર્ઝ કરવી રિયાકારી નથી, બલ્કે તેનાથી અમલ અધિક વધુ કબૂલ થઈ જાય છે.

૬. આ છે હુઝૂર ﷺનું દરેકના સઈદ કે શક્કી હોવા પર માહિતગાર હોવું, કે હઝરત ઉમેરના જન્નતી હોવા એટલે ઈમાન પર ખાત્મો અને શહાદત, મેહશરના હિસાબમાં કામયાબી, પુલસિરાતથી ખૈરિયતથી પસાર થવાની ખબર પહેલેથી જ આપી રહ્યા છે, કેમ કે જન્નતમાં પ્રવેશ એ સૌ મંઝિલોએથી પસાર થયા બાદ થશે. યાદ રાખશો કે જેના ઈમાન તથા જન્નતી હોવાની હુઝૂર રજીસ્ટ્રી કરી આપે, તેનું જન્નતી હોવું એવું જ યકીની છે જેવું કે રબની વહદાનિયત (એક હોવું) યકીની છે.

૭. قرن કાફ તથા રેના ઝબરથી, કમંડરના અર્થમાં જેમાં તીર રાખવામાં આવે છે.

૮. આ છે શહાદતનો શોખ કે હવે પોતાની જિંદગી પણ બોજ માલૂમ થઈ રહી છે, અથવા આ અમલ છે હુઝૂર ﷺના એ ફર્માને આલી પર કે قوموا الى جنة (એ જન્નતની આગળ વધો..) રબ તઆલા ફર્માવે છે : وَسَارِعُوْٓا اِلٰى مَغْفِرَةٍ مِّنْ رَّبِّكُمْ (અને દોડો તમારા રબની બખ્શિશ અને એવી જન્નતની તરફ....સૂ. આલે ઈમરાન, ૩/૧૩૩)

૯. અને પોતાના મકસદે પહોંચી ગયા. ભલી નિય્યત સાથે મૌતની તમન્ના કરવી, મૌતની દુઆ કરવી, મૌત હાંસલ કરવાની એવી કોશિશ પણ ઈબાદત છે. (શેઅર)

જાન તો જાતે હી જાએગી કયામત યહ હૈ – કે યહાં મરને પે ઠહરા હૈ નઝારા તેરા

★ શહીદ કોણ કોણ છે ★

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કે તમે લોકો પોતાના શહીદ કોને ગણો છો[૧] અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! જે રાહે ખુદામાં માર્યો જાય. તો તે શહીદ છે.[૨] ફર્માવ્યું, ત્યારે તો મારી ઉમ્મતના શહીદ બહુ થોડા હશે.[૩] જે અલ્લાહની રાહમાં માર્યો જાય તે શહીદ છે અને જે અલ્લાહની રાહમાં મરી જાય તે શહીદ છે[૪] અને જે પ્લેગમાં મરી જાય તે શહીદ છે[૫] અને જે પેટની બીમારીમાં મરી જાય તે શહીદ છે.[૬]'' (મુસ્લિમ)[૭]

★ હદીષ : (૨૫)-૩૮૧૧ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا تَعُدُّونَ الشَّهِيدَ فِيكُمْ؟» قَالُوا: يَا رَسُولَ اللَّهِ مَنْ قُتِلَ فِي سَبِيلِ اللَّهِ فَهُوَ شَهِيدٌ قَالَ: " إِنَّ شُهَدَاءَ أُمَّتِي إِذًا لَقَلِيلٌ: مَنْ قُتِلَ فِي سَبِيلِ اللَّهِ فَهُوَ شَهِيدٌ وَمَنْ مَاتَ فِي سَبِيلِ اللَّهِ فَهُوَ شَهِيدٌ وَمَنْ مَاتَ فِي الطَّاعُونِ فَهُوَ شَهِيدٌ وَمَنْ مَاتَ فِي الْبَطْنِ فهوَ شهيدٌ ". رَوَاهُ مُسلم

★ શહીદ શબ્દની સ્પષ્ટતા ★

૧. અહીં عد ગણત્રી કરવું પણ થઈ શકે છે અને ગુમાન કરવું પણ. જેથી મુતઅદ્દી દરેક બે મફઉલ છે અને ما જિન્સ (જાતી)ના સવાલના માટે પણ આવે છે, નુઅ (પ્રકાર)ના સવાબના માટે પણ અને કોઈ વસ્ફ (ગુણ)ના માટે પણ અને અફરાદ (વ્યક્તિઓ)ના સવાલના માટે પણ. અહીં સર્વ અર્થો દુરુસ્ત છે. એટલે કે તમે કયા કયા મુસલમાનને શહીદ સમજો છો. અથવા કઈ સિફત (ખૂબી, ગુણ)થી શહાદત હોવાનું હાંસલ થવું જાણો છો. (મિર્કાત) શહીદ ફઈલના વઝન પર સિફતે મુશબહ અથવા મફઊલના અર્થમાં છે. જેમ કે શહીર, મશહૂરના અર્થમાં અથવા ફાઈલના અર્થમાં જેમ કે ખરીબ ખારિબના અર્થમાં. અને આ શબ્દ ક્યાં તો શહાદત, ગવાહીના અર્થમાં બન્યો છે અથવા શહૂદ, હાજરીના અર્થમાં અથવા મુશાહિદા અર્થ જોવાથી, એટલે પોતાના લોહીનાં ટીપાંઓ વડે તૌહીદ તથા રિસાલતની ગવાહી આપનાર અથવા જેની બખ્શિશ તથા ઈજ્જતની કુર્આન તથા હદીષે ગવાહી આપી અથવા મરતાં જ રબ તઆલાની બારગાહમાં અથવા જન્નતમાં હાજર થનાર અથવા મરીને સર્વ જહાનનો મુશાહિદો (દીદાર) કરનાર અથવા જન્નતની નેઅમતોને જોનાર અથવા અંબિયાએ કિરામ હઝરાતની જેમ અન્ય ઉમ્મતો પર ગવાહ. અન્ય પણ એના ઘણા અર્થો છે. (લમ્આત) તેમના મુશાહિદાના વિશે કુર્આને કરીમ ફર્માવે છે : وَيَسْتَبْشِرُونَ بِالَّذِينَ لَمْ يَلْحَقُوا بِهِمْ (અને ખુશીઓ મનાવી રહ્યા છે પોતાના પાછલાઓની જેઓ હમણા તેમનાથી નથી મળ્યા. સૂ. આલે ઈમરાન, ૩/૧૭૦) કે નજીકમાં જ તે લોકો મરીને અથવા શહીદ થઈને અમારી પાસે આવનારા છે.

૨. એટલે કે શહાદતના માટે અમે બે શર્તો સમજી છે : એક કત્લ થવું અને બીજુ રાહે ખુદામાં કત્લ થવું. એટલે કે જેહાદમાં કાફિરો અથવા બાગીઓ વગેરેના હાથો વડે કત્લ થવું.

૩. કેમ કે આ બે શર્તોથી ઘણા હકીકી શહીદ પણ નીકળી જશે. જેમ કે ચોર, ડાકૂના હાથે કત્લ થનાર અને હુકમી શહીદો તો બધા જ નીકળી જશે.

૪. એટલે કે તે કત્લ તો ન થાય, પોતાની મોત મરે પણ મરે અલ્લાહની રાહમાં, જેમ કે હાજી હજના સફરમાં અથવા તાલિબે ઈલ્મ ઈલ્મની તલબના જમાનામાં અને જે અલ્લાહનું કામ કરતાં કરતાં મરે તે સૌ શહીદ છે.

૫. એટલે કે જ્યાં તાઊન (પ્લેગ) ફેલાય ત્યાંથી નાસી ન જાય અને પ્લેગથી મરી જાય તે પણ શહીદ છે. કેમ

કે તે જિન્નાતનો મક્તૂલ (મારેલો) છે. طاعون (તાઊન) એ طعنથી બન્યુ, અર્થ ભાલો મારવું. પ્લેગવાળાને મેહસૂસ થાય છે કે મારા શરીરમાં કોઈ ભાલા મારી રહ્યું છે, એટલા માટે એને તાઊન કહે છે. જેથી આ શખ્સ શહીદ હોય છે.

૬. પેટની બીમારીઓથી મરનાર હુકમની રીતે શહીદ હોય છે, જેમ કે જુલાબ જલંધરનું દર્દ, કેમ કે આ બીમારીઓમાં તકલીફ વધારે થાય છે. કેમ કે પેટની ખરાબી સર્વ બીમારીઓનું મૂળ છે એટલા માટે એના થકી મરનાર હુકમની રીતે શહીદ છે. હઝરત જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ એ હુકમી શહીદોના વિશે એક કિતાબ લખી છે જેમાં ફર્માવ્યું, ડૂબીને મૃત્યુ પામનાર, સળગીને, દીવાલ વગેરેથી દબાયને મરી જનાર, મુસાફિર, મુરાબિત (દુશ્મનની સરહદ પર નિયુક્ત), જે જુમ્આની રાત કે દિવસમાં મરે આ સૌ શહીદ છે કે કયામતમાં શહીદોના ટોળામાં ઉઠશે. (મિર્કાત) આ સૌ કરામતો હુઝૂર ﷺના તુફૈલથી છે.

૭. તિબ્રાનીએ કબીરમાં સલ્માન ફારસીની રિવાયતથી હદીષ નકલ કરી કે હુઝૂરે અન્વર ﷺએ આ જવાબમાં ફર્માવ્યું કે એની રાહમાં ક્તલ (મૃત્યુ) પ્લેગ, સ્ત્રીનું નિફાસ (સુવાવડ)માં મરી જવું, સળગીને મરવું, ડૂબીને મરવું, પેટની બીમારીથી મરવું, લકવાની બીમારીથી મરવું આ સૌ શહાદત છે. *(મિર્કાત)*

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, નથી ગાઝીઓનું કોઈ નાનુ મોટુ લશ્કર[૧] જે જેહાદ કરે તો ગનીમત પામી લે અને સલામત રહે, પણ તેઓ પોતાના સવાબનો ૨/૩ ભાગ તરત હાંસલ કરી લે છે[૨] અને નથી કોઈ ગાઝીઓની નાની મોટી ફોજ જે નિષ્ફળ રહે અને તકલીફ આપવામાં આવે[૩] પણ તેમના સવાબ પૂર્ણ થઈ જાય છે.[૪]'' (મુસ્લિમ)

★ હદીષ : (૨૬)-૩૮૧૨ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا مِنْ غَازِيَةٍ أَو سَرِيَّة تغزو فتغنم وَتَسْلَمُ إِلَّا كَانُوا قَدْ تَعَجَّلُوا ثُلُثَيْ أُجُورِهِمْ وَمَا مِنْ غَازِيَةٍ أَوْ سَرِيَّةٍ تَخْفُقُ وَتُصَابُ إِلَّا تمّ أُجُورهم» . رَوَاهُ مُسلم

★ સરિય્યા, ગઝવા તથા ફોજનો તફાવત ★

૧. ચારસો ગાઝીઓ સુધીનું લશ્કર સરિય્યા કહેવાય છે, એનાથી મોટુ લશ્કર ફોજ કહેવાય છે. તેમજ જે જેહાદમાં હુઝૂર ﷺ શિર્કત ન કરે તે સરિય્યા છે અને જેમાં હુઝૂર જાતે પોતે હાજર રહે તે ગઝવહ છે. (મિર્કાત, અશિઅહ) એટલે ભાવિમાં હુકમ દરેક નાના મોટા લશ્કરના માટે છે.

૨. કેમ કે જેહાદમાં રબની તરફથી ત્રણ નેઅમતો મળે છે : સલામતી, ગનીમત, સવાબ તથા અજ્ર. પ્રથમ બે નેઅમતો દુનિયામાં અને આખરી નેઅમત સવાબ તથા અજ્ર આખેરતમાં.

૩. يخفق એ خفقથી બન્યું છે, અર્થ મુજાહિદનું ગનીમત વગરના હોવું અથવા શિકારીનું શિકાર વિના પરત થવું. તકલીફથી મુરાદ ઝખ્મ તથા શહાદત અને સર્વ તકલીફો છે જે સામાન્યતઃ જેહાદમાં ઉપસ્થિત થાય છે. એટલે કે જે ગાઝી ગનીમત તો હાંસલ ન કરી શકે અને ઝખ્મી કે શહીદ થઈ જાય.

૪. એટલે કે તેને આ ત્રણેવ ચીજો આખેરતમાં મળશે. યાદ રાખશો કે ગનીમત તથા સલામતીને અજર કહેવું એટલા માટે છે કે ગઝવામાં આ પણ રબ તઆલાનો અતિયો હોય છે, નહીં તો ગાઝીનો જેહાદ સલામતી તથા ગનીમત માટે નથી હોતો, એ તો કેવળ હક્ક કલમાના એલાન માટે જેહાદ કરે છે.

★ નિફાકના હિસ્સા પર મરનાર કોણ ? ★

★ હદીષ : (૨૭)-૩૮૧૩ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ مَاتَ وَلَمْ يَغْزُو وَلَمْ يُحَدِّثْ بِهِ نَفْسَهُ مَاتَ عَلَى شُعْبَةٍ نفاق» . رَوَاهُ مُسلم

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે મરી જાય અને ન તો જેહાદ કરે[૧] અને ન પોતાના દિલમાં એનો ખયાલ કરે[૨] તો નિફાક઼ના હિસ્સા પર મરશે.[૩]" (મુસ્લિમ)

૧. અથવા એ રીતે કે તેની જિંદગીમાં જેહાદ થયો જ નહીં, અથવા એ રીતે કે જેહાદ તો થાય પણ એ શરીક ન થાય અથવા ન થઈ શકે. સારાંશ કે આ ફર્માનમાં ઘણી સ્થિતિઓ છે.

૨. نفسه થી પહેલાં ىٰ પોશીદા છે અને ખયાલ કરવાથી મુરાદ ક્યાં તો જેહાદની તમન્ના કરવું છે, અથવા જેહાદની તૈયારી કરવું છે. પ્રથમ અર્થ અધિક સ્પષ્ટ છે. નેકીની તમન્ના પણ સવાબનો સબબ છે, ગુનાહની તમન્ના પણ ગુનોહ.

૩. એટલે કે એવો માણસ મુનાફિકને મળતો જુલતો (મુશાબિહ) હશે જે જેહાદથી ખૂબ બીતો હતો. અને જે કોઈ કોમથી મળતાપણુ ધરાવે તે તે જ કૌમથી ગણાય છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુબારક વગેરે મુહદ્દિષોએ ફર્માવ્યું કે આ ફર્માને આલી નબી ﷺ ના જમાના મુબારકના સંબંધે છે કે એ જમાનામાં જેહાદથી અલગ થલગ રહેવું મુનાફિક઼ોની નિશાની હતી. (મિર્ક઼ાત તથા નવવી) જેમ કે હદીષે પાકમાં છે : من ترك الصلوة متعمدًا فقد كفر "જે જાણી જોઈને નમાઝ છોડે તે કાફિર છે." આ પણ તે જ જમાના પાકના સંબંધે છે કે એ જમાનામાં બેનમાઝી હોવું કાફિરોની નિશાની હતું. ફર્માવે છે કે મોમિન અને કાફિરના દરમિયાન ફરક નમાઝ છે. અમુક મુહદ્દિષો ફર્માવે છે કે આ હુકમ દરેક નમાઝના માટે છે. મતલબ એ છે કે જેહાદનો ખયાલ પણ દિલમાં ન લાવવો એ નિફાક઼ પેદા કરે છે. (મિર્ક઼ાત) જેમ કે ઈર્શાદ થયો કે ગાયન વગાડવું બલ્કે ગાયનનો અવાજ આકર્ષણભેર સાંભળવો દિલી નિફાક઼ એ રીતે પેદા કરે છે જેવી રીતે કે પાણીની તરી ઘાસને. આ હદીષના આધારે અમુક ઉલમાએ ફર્માવ્યું કે જેહાદ ફર્ઝે અ़યન છે પણ હક્ક઼ એ છે કે અમુક સંજોગોમાં ફર્ઝે અ़યન હોય છે, મોટાભાગના સંજોગોમાં ફર્ઝે કિફાયા.

★ જેહાદનો મૂળ હેતુ શું હોવો જોઈએ ★

★ હદીષ : (૨૮)-૩૮૧૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَن أَبِي مُوسَى قَالَ: جَاءَ رَجُلٌ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: الرَّجُلُ يُقَاتِلُ لِلْمَغْنَمِ وَالرَّجُلُ يُقَاتِلُ لِلذِّكْرِ وَالرَّجُلُ يُقَاتِلُ لِيُرَى مَكَانُهُ فَمَنْ فِي سَبِيلِ اللَّهِ؟ قَالَ: «مَنْ قَاتَلَ لِتَكُونَ كَلِمَةُ اللَّهِ هِيَ الْعُلْيَا فَهُوَ فِي سَبِيلِ اللهِ»

"હઝરત અબૂ મૂસા رضی اللہ عنہ થી રિવાયત છે કે એક શખ્સ નબી કરીમ ﷺ ની ખિદમતમાં હાજર થયો. અર્ઝ કરી, એક શખ્સ ગનીમતના માટે જેહાદ કરે છે[૧] અને એક શખ્સ પોતાની ખ્યાતી વાહ વાહના માટે[૨] અને એક શખ્સ એટલા માટે લડે છે કે તેનો દરજો જોવામાં આવે.[૩] તો અલ્લાહની રાહમાં મુજાહિદ કોણ છે ? ફર્માવ્યું, તે છે જે કેવળ એટલા માટે જેહાદ કરે કે અલ્લાહ તઆલાનો કલમો બુલંદ થઈ જાય[૪] તે અલ્લાહની રાહમાં મુજાહિદ છે." (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે કેવળ માલે ગનીમત હાંસલ કરવા અને દેશને જીતવા અને ત્યાં રાજ કરવાની નિય્યતથી જેહાદ

કરે છે. રઝાએ ઈલાહીની નિય્યત નથી કરતો, જેવું કે આજકાલ સામાન્યતઃ જંગના સમયે દેશ તથા ફ઼ૌમની ખિદમતનું નામ લે છે, અલ્લાહના દીનની ખિદમતનો ઉલ્લેખ પણ નથી કરતા. એટલા માટે બચવું જોઈએ.

૨. એટલે કે કેવળ એટલા માટે જેહાદ કરે છે કે લોકોમાં તેની બહાદુરીની ચર્ચા થાય અને તેને ખ્યાતી તથા ઈજ્જત હાંસલ થાય. કાફિરોને પોતાની બહાદુરી બતાવવી, તેમના મુકાબલામાં પોતાની શાન તથા બહાદુરી વર્ણન કરવી ઈબાદત છે.

૩. لِيُرٰى ની ત્રણ ક़िરાઅતો છે : બાબે ફતહનો મઝારેઅ મજહૂલ, બાબે અફઆલનો મઝારેઅ મઅરૂફ, અને બાબે ફતહનો મઝારેઅ મઅરૂફ. એટલે કે જેથી તેનો દરજો જોવામાં આવે, અથવા લોકોને પોતાની બહાદુરીની કક્ષા બતાવે. અથવા એ કારણ કે તે પોતાની જન્નતની જગા જોઈ લે. એટલે કે કેવળ જન્નત હાંસલ કરવા જેહાદ કરે છે. (મિર્ક़ાત તથા અશિઅહ) ત્રીજો અર્થ સૂફ઼િયાણો છે. સૂફ઼ીઓની નજીક જન્નત હાંસલ કરવા અથવા દોઝખથી બચવાના માટે પણ ઈબાદત ન કરવામાં આવે, કેવળ જન્નતવાળા રબને રાજી કરવા માટે ઈબાદત કરવી જોઈએ, જ્યારે તે રાજી થઈ ગયો તો સર્વ કાંઈ મળી જશે.

૪. કલિમતુલ્લાહથી મુરાદ કલમાએ તૈયેબહ લાઈલાહ ઈલ્લલ્લાહ છે. એટલે ઈસ્લામનો પ્રચાર કરવા અને કુફ્રને તોડવાના માટે જેહાદ હોય. યાદ રાખશો કે દીનની ખિદમતની સાથે ગનીમતની નિય્યત પણ હોવી નુકસાનકર્તા નથી, પણ કમાલ એમાં છે કે ખાલિસ (નિઃસ્વાર્થપણે) ફક્ત દીનની ખિદમતની નિય્યત હોય, ગનીમત બલ્કે જન્નત હાંસલ કરવાનો પણ ઈરાદો ન હોય.

★ મદીનામાં રહ્યા છતાં જેહાદના સવાબમાં ભાગીદાર ★

★ હદીષ : (૨૯)-૩૮૧૫/(30)-૩૮૧૬ ★

وَعَنْ أَنَسٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَجَعَ مِنْ غَزْوَةِ تَبُوكَ فَدَنَا مِنَ الْمَدِينَةِ فَقَالَ: «إِنَّ بِالْمَدِينَةِ أَقْوَامًا مَا سِرْتُمْ مَسِيرًا وَلَا قَطَعْتُمْ وَادِيًا إِلَّا كَانُوا مَعَكُمْ» . وَفِي رِوَايَةٍ: «إِلَّاشَرِكُوكُمْ فِي الْأَجْرِ».قَالُوا:يَا رَسُولَ اللَّهِ وَهُمْ بِالْمَدِينَةِ؟ قَالَ: «وهُم بالمدينةِ حَبسهم الْعذر» . رَوَاهُ الْبُخَارِيّ

3816 -[30] وَرَوَاهُ مُسلم عَن جَابر

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ ગઝવએ તબૂકથી પરત થયા[૧] મદીના મુનવ્વરાથી નજીક થયા તો ફ઼ર્માવ્યું કે મદીના મુનવ્વરામાં કેટલીક એવી ક़ૌમો પણ છે[૨] કે તમે ચાલ્યા અને તમે કોઈ જંગલ નક્કી ન કર્યું પણ તે તમારી સાથે હતા[૩] એક રિવાયતમાં આ પ્રમાણે છે કે, પણ તે સવાબમાં તેઓ તમારા ભાગીદાર.[૪] લોકોએ કહ્યું, યા રસૂલલ્લાહ ! ﷺ તેઓ રહ્યા મદીનામાં જ . ફ઼ર્માવ્યું, તે રહ્યા મદીનામાં જ જેમને મઅઝૂરી (લાચારી)એ રોકી લીધા.[૫]'' (બુખારી) અને મુસ્લિમે રિવાયત કરી હઝરત જાબિરથી.

૧. તબૂક મદીના મુનવ્વરાથી છસો સાઈઠ માઈલ દૂર શામ (સીરીયા) તરફ઼ છે. એ રીતે કે એકસો સાઈઠ માઈલ ખૈબર છે અને ખૈબરથી પાંચસો માઈલ તબૂક થોડેક દૂર પર માન છે, પછી માન પછી ઓમાન છે ઉર્દુનનું પાટનગર. ફ઼ક़ીરે ખૈબરની તો બાક़ાયદા ઝિયારત મુલાકાત કરી છે પણ તબૂક તથા માન પર હવાઈ જહાઝથી ઉડેલ છે. ઓમાન અને બતયુલ મુક़દ્દસ જતાં. ગઝવએ તબૂક હુઝૂર ﷺનો આખરી ગઝવહ છે, જેવું કે અશિઅહ એ ફ઼ર્માવ્યું.

૨. એટલે કે વિવિધ જમાઅતો તથા ક़બીલાઓના મુસલમાન તે પણ છે જેઓ આ ગઝવામાં જવાની દિલથી તમન્ના કરતા હતા પણ કોઈ સખ્ત મજબૂરીના કારણે ન જઈ શક્યા.

૩. એ રીતે કે શરીર તેમનાં મદીનામાં રહ્યાં અને દિલ તમારી સાથે જેહાદમાં રહ્યાં. તેમજ તેમની નિય્યત તેમના ઈરાદા તમારી સાથે રહ્યા અથવા તેઓ અજરો સવાબમાં તમારી સાથે રહ્યા કે તમારી પાછળ તમારા ઘરબારની દેખભાળ અને તમારાં બીવી બચ્ચાંની ખિદમત કરતા રહ્યા.

૪. એ રીતે કે નફ્સે સવાબમાં તમારી સાથે શરીક રહ્યા, ભલે અમલી જેહાદમાં તમે એમનાથી વધી ગયા. આ કારણે ગનીમતમાં એમનો હિસ્સો ન હશે. રબ ફર્માવે છે :

فَضَّلَ اللّٰهُ الْمُجٰهِدِيْنَ عَلَى الْقٰعِدِيْنَ اَجْرًا عَظِيْمًا ۝ دَرَجٰتٍ مِّنْهُ وَ مَغْفِرَةً وَّ رَحْمَةً (અને અલ્લાહે જેહાદવાળાઓને બેસવાવાળાઓ પર મહાન સવાબની ફઝીલત આપી. સૂ. નિસાઅ, ૪/૯૫,૯૬) એનાથી જાણવા મળ્યું કે સારી નિય્યતનો મોટો દરજો છે. એ રીતે કોઈ નેકીથી રહી જવા પર અફસોસ કરવો પણ સવાબ છે.

૫. મઅઝૂરી (લાચારી)થી મુરાદ ખરેખર મઅઝૂરી છે જે અમુક મુખ્લિસ સહાબાને હતી, બનાવટી મઅઝૂરી નહીં જે બહાનાખોર મુનાફિકોએ જાહેર કરી હતી. તેમના પર તો સખત ગઝબ ફર્માવવામાં આવ્યો. જુઓ સૂરએ તૌબા.

★ માબાપની ખિદમત જેહાદ કરતાં અગ્રસ્થાને ★

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સ રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયો અને આપનાથી જેહાદમાં શરીક થવાની ઈજાઝત માગી, તો ફર્માવ્યું, શું તારાં માબાપ ઝિંદા છે ? અર્ઝ કરી, હા ![1] ફર્માવ્યું, તું એમનામાં જ જેહાદ કર.[2] (મસ્લિમ, બુખારી) અને એક રિવાયત એ છે કે પોતાના મા બાપની તરફ પરત જા, તેમની સાથે સારો વર્તાવ કર.[3]''

★ હદીષ : (૩૧)-૩૮૧૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرٍو قَالَ: جَاءَ رَجُلٌ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَاسْتَأْذَنَهُ فِي الْجِهَادِ فَقَالَ: «أَحَيٌّ والدك؟» قَالَ: نَعَمْ قَالَ: «فَفِيهِمَا فَجَاهِدْ» . مُتَّفَقٌ عَلَيْهِ. وَفِي رِوَايَةٍ: «فَارْجِعْ إِلَى وَالِدَيْكَ فَأَحْسِنْ صُحْبَتَهُمَا»

૧. અધિકતર ગુમાન એ છે કે તેનાં માબાપને તેની ખિદમતની હાજત હતી. તે એકલો પુત્ર ચાકરી કરનાર હતો અને જેહાદ એ વખતે ફર્ઝે અયન ન હતો, ફર્ઝે કિફાયા હતો. એવા સંજોગોમાં માબાપની ખિદમત જેહાદથી અગ્ર સ્થાને છે. જો આ બંને સ્થિતિઓ ન હોય તો જેહાદ અગ્રતા ધરાવે છે.

૨. અહીં જેહાદથી મુરાદ શાબ્દિક જેહાદ છે, મુજાહિદાના અર્થમાં. રબ તઆલા ફર્માવે છે : وَالَّذِيْنَ جَاهَدُوْا فِيْنَا لَنَهْدِيَنَّهُمْ سُبُلَنَا (અને જેમણે અમારા માર્ગમાં કોશિશ કરી જરૂર અમે તેમને અમારા રસ્તા દેખાડીશું. સૂ. અન્કબૂત, ૨૯/૬૯) એનાથી મુરાદ નફ્સ સાથે જેહાદ છે.

★ નફ્લી જેહાદ તથા અન્ય નફ્લી ઈબાદતો માટે મા બાપની ઈજાઝત જરૂરી ★

૩. આ હદીષથી જાણવા મળ્યું કે નફ્લી જેહાદના માટે માબાપની ઈજાઝત વિના જવું ન જોઈએ. જો જેહાદ ફર્ઝ હોય તો બેહતર છે કે તેમનાથી ઈજાઝત લઈ લે, પરંતું પણ જો તેઓ ઈજાઝત ન આપે તો પણ ચાલ્યો જાય. જો તેઓ મના કરશે તો તેઓ ગુનેહગાર થશે. આ હુકમ મુસલમાન મા બાપના માટે છે. કાફિર માબાપથી ઈજાઝત લેવાની જરૂરત નથી, ભલે જેહાદ ફર્ઝ હોય કે નફ્લ. યાદ રાખશો કે **મુસલમાન મા બાપની ઈજાઝત વિના કોઈ નફ્લી ઈબાદતના માટે ન જાય, જેમ કે નફ્લી હજ્જ, નફ્લી ઉમરા, ઝિયારત વગેરે, ત્યાં સુધી કે જો મુસલમાન મા બાપ ઈજાઝત ન આપે તો નફ્લી રોઝા પણ ન રાખે.** જેમ કે અબૂ દાઉદે હઝરત

અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને આસથી રિવાયત કરી કે એક શખ્સ બારગાહે રિસાલતમાં હાજર થયો. બોલ્યો, હું હિજરત માટે બયઅત કરવા આવ્યો છું, માબાપ રડતાં રહી ગયાં છે. ફર્માવ્યું, પાછા જાવ અને જેવાં તેમને રડાવીને આવ્યા એવાં જ તેમને હસાવો. એ જ અબૂ દાઉદે હઝરત અબૂ સઈદ ખુદરીથી રિવાયત કરી છે કે યમનથી એક શખ્સ હિજરત કરવા મદીના મુનવ્વરા હાજર થયો. તેને હુઝૂર ﷺએ પૂછયું, શું તારાં માબાપ ઝિંદા છે ? અર્ઝ કરી, હા ! ફર્માવ્યું, તું એમને પૂછીને આવ્યો છે ? બોલ્યો, નહીં ! ફર્માવ્યું, પરત જાવ અને ઈજાઝત લઈને આવો. જો ઈજાઝત ન આપે તો તેમની ખિદમત કરો. *(મિર્કાત)*

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રાવી છે કે હુઝૂરે ફતહે મક્કાના દિવસે ફર્માવ્યું કે ફતહ બાદ હિજરત નથી[1] પરંતું જેહાદ અને નિય્યત છે. અને જ્યારે તમને જેહાદના માટે કાઢવામાં આવે તો નીકળી જાવ.[2]'' (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૩૨)-૩૮૧૮ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ يَوْمَ الْفَتْحِ:«اهجرة بَعْدَ الْفَتْحِ وَلَكِنْ جِهَادٌ وَنِيَّةٌ وَإِذَا اسْتُنْفِرْتُمْ فانفروا»

★ હિજરત ક્યામત સુધી ચાલુ છે ★

૧. એટલે ફતહે મક્કા પછી મક્કા મોઅઝ્ઝમાથી હિજરત કરી જવી જરૂરી નથી, કેમ કે હવે મક્કા મોઅઝ્ઝમામાં મુશ્રિકો નથી. હવે ત્યાં મુસલમાનોને મઝહબી આઝાદી છે. એ મતલબ નથી કે કોઈ જગાએથી કદી હિજરત ન થશે. જેથી આ હદીષ એ હદીષોની વિરૂધ્ધ નથી જેમાં આદેશ છે કે હિજરત કયામત સુધી ચાલુ છે. યાદ રાખશો કે **દારુલ કુફ્ર જ્યાં બિલકુલ ઈસ્લામી આઝાદી ન હોય ત્યાંથી હિજરત કરવી ફર્ઝ છે, એ શર્તે કે શક્તિ હોય. અને જેહાલતની જગાથી ઈલ્મની જગાએ, ગુનાહોની જગાએથી તૌબાની જગાએ હિજરત કરી જવી મુસ્તહબ છે.** *(મિર્કાત)*

૨. એટલે કે જો કદી જેહાદ ફર્ઝ થઈ જાય અને ઈસ્લામી હુકૂમતની તરફથી આમ એલાન થાય તો જેહાદ માટે નીકળવું ફર્ઝ છે. આ હુકમ વાજિબ હોવાના સ્થાને છે અને એ વખતના માટે છે કે જ્યારે જેહાદ ફર્ઝે અયન થઈ ચૂક્યો હોય એટલા માટે બહુવચનનો સેગો કહેવાયો છે, એટલે કે સૌ નીકળી જાવ. રબ ફર્માવે છે : اِنْفِرُوْا خِفَافًا وَّثِقَالًا وَّجَاهِدُوْا بِاَمْوَالِكُمْ وَاَنْفُسِكُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ (કૂચ કરો હલકી જાનથી ચાહે ભારી દિલથી અને અલ્લાહની રાહમાં લડો તમારા માલ તથા જાન વડે. સૂ. તૌબા, ૯/૪૧) યાદ રાખશો કે નિય્યતથી મુરાદ છે જેહાદ કરવો અથવા જેહાદનો ઈરાદો કરવો.

(વિભાગ : ૨) الفصل الثانی

★ ઈસ્લામમાં જેહાદ કદી મન્સૂખ નથી ★

''હઝરત ઈમરાન ઈબ્ને હુસૈનથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મારી ઉમ્મતમાં એક ગિરોહ હક્ક પર જેહાદ કરતો રહેશે[1] તેમના પર ગાલિબ (સવાર) રહેશે જે એમનાથી દુશ્મની રાખે[2] ત્યાં સુધી કે આખરી લોકો મસીહ દજ્જાલ સાથે જંગ કરશે.[3]'' (અબૂ દાઉદ)

★ હદીષ : (૩૩)-૩૮૧૯ ★

عَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَزَالُ طَائِفَةٌ مِنْ أُمَّتِي يُقَاتِلُونَ عَلَى الْحَقِّ ظَاهِرِينَ عَلَى مَنْ نَاوَأَهُمْ حَتَّى يُقَاتِلَ آخِرُهُمُ الْمَسِيحَ الدَّجَّالَ» . رَوَاهُ أَبُو دَاوُد

૧. એટલે કે ઈસ્લામમાં જેહાદ થતો રહેશે, કદી મન્સૂખ ન થશે. જે જેહાદનો હુકમ મન્સૂખ (રદ થયેલ) માને તે કાફિર છે. જેવી રીતે નમાઝ કે ઝકાત કે હજ વગેરેને મન્સૂખ માનનાર કાફિર છે.

૨. مناوات ناوى બન્યુ છે થી, અર્થ આપસમાં વેર તથા દુશ્મની કરવી. نوء થી બન્યુ, અર્થ ઉઠવું. અહીં મતલબ છે કોઈના મુકાબલા માટે ઉઠવું, મેદાનમાં આવવું. એમાં ગયબી ખબર છે કે અલ્લાહ તઆલા મુજાહિદ મુસલમાનોને કાફિરો પર ગલબો આપતો રહેશે. જો કદી મગલૂબ (પરાસ્ત) થઈ જાય તો તે એ પરાસ્ત થવું આકસ્મિક હશે અથવા પોતાની કોઈ ગલતીના કારણે હશે.

★ મસીહનો અર્થ શું છે ?★

૩. અહીં આખરી લોકોથી મતલબ હઝરત ઈમામ મેહદી તથા જનાબ ઈસા عليه السلام ના સાથી મુસલમાન છે. દજ્જાલને મસીહ એટલા માટે કહે છે કે તે મમ્સૂહુલ અયન કાણો હશે. આ સિફતે મશબહ મફઊલના અર્થમાં છે. અને હઝરત ઈસા عليه السلام ને મસીહ એટલા માટે કહે છે કે મસીહ એટલે સ્પર્શીને લાઈલાજ બીમારોને સારા કરી દેતા હતા. ત્યાં સિફતે મશબહ કર્તાના અર્થમાં છે. યાદ રાખશો કે દજ્જાલથી આ જેહાદ બાદ દુનિયામાં કોઈ કાફિર રહેશે નહીં. હઝરત ઈસા عليه السلام ની વફાત સુધી આ જ હાલત રહેશે. આપની વફાત પછી ફરી કુફ્ર શરૂ થશે, ત્યાં સુધી કે એક એવી હવા ચાલશે કે દરેક મો'મિનને મૃત્યુ આપી દેશે, કેવળ કાફિરો જ જમીન પર રહી જશે તેમના પર કયામત કાયમ થશે. *(મિર્કાત)*

★ જેહાદના પ્રકારોની વિગત ★

★ હદીષ : (૩૪)-૩૮૨૦ ★	*"હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે, તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, જો તું ન જેહાદ કરે અને ન ગાઝીને સામાન દે અથવા ગાઝીના ઘરમાં તેનો ભલાઈથી નાઈબ ન બને[૧] તેને અલ્લાહ તઆલા કયામતથી પહેલાં સખત હાદષો (દુર્ઘટના) 5 CNRFOXP[૨]" (અબૂ દાઊદ)*

وَعَنْ أَبِي أُمَامَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ لَمْ يَغْزُ وَلَمْ يُجَهِّزْ غَازِيًا أَوْ يَخْلُفْ غَازِيًا فِي أَهْلِهِ بِخَيْرٍ أَصَابَهُ اللَّهُ بِقَارِعَةٍ قَبْلَ يَوْمِ الْقِيَامَةِ» . رَوَاهُ أَبُو دَاوُد

૧. એટલે કે જે શખ્સ અથવા જે લોકો આ ત્રણેવ નેઅમતોથી વંચિત રહે કે ન જેહાદ કરે, ન મુજાહિદને સામાન આપે, ન મુજાહિદનાં બીવી બચ્ચાંની ખિદમત કરે. લગભગ સંબોધન એ લોકોથી છે જેમના જમાનામાં જેહાદ થાય અને તેઓ આ ત્રણેવ કામ ન કરે. અને જો કોઈને જેહાદ જોવો નસીબ જ ન થાય તે આ હુકમથી અલગ છે.

૨. قارعه એ قرع થી બન્યું છે, અર્થ : ખખડાવવું, ઠોકવું. હવે પરેશાન કરનારી મુસીબતને પર قارعه (કારિઅહ) કહે છે કે તે દિલને ધડકાવી દે છે. એટલા માટે કયામતને કારિઅહ કહેવામાં આવે છે. اَلْقَارِعَةُ ۙ مَا الْقَارِعَةُ ۚ (દિલને દેહલાવનારી (ગભરાવી દેનારી) શું તે દહેલાવનારી. સૂ. કારિઆ, ૧૦૧/૧,૨) કે તે મખ્લૂકને પરેશાન કરી દેશે જેનાથી સામાન્ય લોકો હોશ ખોઈ બેસશે.

★ હદીષ : (૩૫)-૩૮૨૧ ★	*"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રાવી છે. ફર્માવ્યું, કાફિરો સાથે જેહાદ[૧] પોતાના માલો વડે, પોતાની જાનો વડે, પોતાની ઝબાનોથી.[૨]" (અબૂ દાઊદ, નિસાઈ, દારમી)*

وَعَنْ أَنَسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «جَاهِدُوا الْمُشْرِكِينَ بِأَمْوَالِكُمْ وَأَنْفُسِكُمْ وَأَلْسِنَتِكُمْ» . رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ والدارمي

૧. મુશ્રિકોથી મુરાદ હર્બી કાફિરો છે ચાહે અરબના હોય કે અજમના, અને જેહાદ ભલે મોહતરમ મહીનામાં હોય કે એમના સિવાયના. યાદ રાખશો કે અરબના કાફિરોથી જિઝિયો સ્વીકાર્ય નથી. કેવળ ઈસ્લામ જ તેમના માટે અમાનનો ઝરીયો છે. અને અજમના કાફિરોથી જિઝિયો પણ સ્વીકાર્ય છે કે તે આપણી પ્રજા બનીને રહે અને આપણને હિફાઝતના હક્કમાં જિઝિયો આપે અને આપણા દેશમાં અમાનથી રહે. તેમજ જેહાદના માટે એ લાઝમી નથી કે કાફિરો પ્રારંભ કરે, આપણે મુસલમાન સામનો કરવાની રીતે તથા આક્રમકતાપૂર્વક દરેક રીતે જેહાદ કરી શકીએ છીએ. રબ તઆલા ફર્માવે છે : قَاتِلُوا الْمُشْرِكِيْنَ كَآفَّةً كَمَا يُقَاتِلُوْنَكُمْ كَآفَّةً (અને મુશ્રિકો સાથે દરેક વખતે લડો જેવી રીતે તેઓ તમારી સાથે દરેક વખતે લડે છે. સૂ. તૌબા, ૯/૩૬) આ આયતે અને આ હદીષે જેહાદ ત્યજવાની અને નરમીની સર્વ આયતો તથા હદીષોને મન્સૂખ કરી દીધી. જેમ કે આયત : فَإِنْ قٰتَلُوْكُمْ فَاقْتُلُوْهُمْ (જો તમારી સાથે લડે તો તમે તેમને ક़त्ल કરો. સૂ. બક़રહ, ૨/૧૯૧) પણ મન્સૂખ છે. (મિર્ક़ાત) એની તેહક़ીક़ અમારી તફસીરે નઈમીમાં જુઓ.

૨. જાનનો જેહાદ તો મશહૂર છે કે જંગના મેદાનમાં તલ્વાર અથવા તદબીરથી જંગ, ગાઝીઓને સામાન આપવો, જીભનો જેહાદ કાફિરોની ઝબાની રદ દલીલો થકી કરવી, તેમની હારની દુઆ કરવી, તેમને ડરાવવા ધમકાવવા. અહીં મિર્ક़ાતે ફર્માવ્યું કે મઅબૂદૈન (ગૈરોના મઅબૂદો)ને બુરા કહેવાની મનાઈની આયત કયાં તો મન્સૂખ છે અથવા મુઅલ્લલ (તાવીલ કરવામાં આવેલી) છે આ કૈફિયતથી જ્યારે મુસલમાન તેમને ગાળો આપવાથી રોકી ન શકે. એનું દૃષ્ટાંત લમ્આતમાં છે.

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સલામ ફેલાવો[૧] ખાવા ખવડાવો[૨] ખોપડીઓ પર ચોટ લગાડો[૩] જન્નતના વારસ બની જાવ.[૪] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે."

★ હદીષ : (૩૬)-૩૮૨૨ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:«أَفْشُوا السَّلَامَ وَأَطْعِمُوا الطَّعَامَ وَاضْرِبُوا الْهَامَ تُوَرَّثُوا الْجِنَانَ».رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حديثٌ غَرِيب

★ મુસલમાનો ! ઈસ્લામી સલામનો રિવાજ પાડો ★

૧. એટલે કે મુસલમાનોમાં ઈસ્લામી સલામનો રિવાજ પાડો. જો મુસલમાન કાફિરોની સોહબતના કારણે આદાબ અર્ઝ અથવા ગુડ મોર્નિંગ વગેરે કહેવાના આદી થઈ ગયા હોય તો તેમનાથી આ બુરી આદત છોડાવો. અથવા દરેક ઓળખીતા અજાણ્યા મુસલમાનને સલામ કરો અથવા ઊંચા અવાજે સલામ કહો જેથી સામેવાળો સાંભળી લે અને સલામનો જવાબ આપે. પ્રથમ અર્થ અધિક મજબૂત છે. યાદ રાખશો કે સલામ કરવી સુન્નત છે અને જવાબ આપવો વાજિબ છે. સલામના મસાઈલ ઈન્શા અલ્લાહ ! બાબુસ્સલામમાં રજૂ થશે.

૨. મોક़ાસર સગાંઓ નેક લોકોની દાવત કરો અને સામાન્યપણે ભૂખ્યાઓ મોહતાજોનું પેટ ભરો કે એ ઈસ્લામની નિશાની છે.

૩. એટલે કે જેહાદમાં હર્બી કાફિરોને ક़त्ल هام એ هامة નું બહુવચન છે, અર્થ ખોપડી. ખુલાસો એ છે કે સખાવત બહાદુરી બંનેના સંગમ બની જાવ.

૪. એટલે કે આ અમલો જન્નત મળવાનો ઝરીયો છે. ખુલાસો એ છે કે જન્નત હાંસલ કરવા માટે મુજાહિદા

તથા તકલીફો ઉઠાવવાની જરૂરત છે. જે મુસલમાન આવા મુજાહિદા કરી લેશે તે આસાન કામ સારી રીતે કરી શકશે, જેમ કે નમાઝ, રોઝા, હજ વગેરે. જેથી હદીષ પર એ વાંધો નથી કે એમાં નમાઝ, રોઝા, હજનો ઉલ્લેખ નથી. કેમ કે દરેક જન્નતી જન્નતમાં પોતાની જગા પણ લેશે અને કાફિરના હિસ્સા પર પણ કબજો કરી લેશે, એટલા માટે વારસો કહેવામાં આવ્યું અને કેમ કે જન્નતો ઘણી છે એટલા માટે બહુવચન દર્શાવ્યું.

★ શહીદનો અમલ વધતો રહે છે ★

''હઝરત ફઝાલા ઈબ્ને ઓબૈદથી રિવાયત છે. તે રસૂલે કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, દરેક મૈયતનો ખાત્મો તેના અમલો પર થઈ જાય છે[૨] સિવાય એના જે ખુદાની રાહમાં બંધાયેલો રહીને મરે[૩] તેના અમલો કયામત સુધી તેના માટે વધતા રહે છે[૪] અને કબરના ફિત્નાથી તે અમ્નમાં રહે છે.[૫]'' (તિર્મિઝી, અબૂ દાઊદ)
દારમી ઉકબા બિન આમિરની રિવાયતથી.

★ હદીષ : (૩૬)-૩૮૨૩/(૩૭)-૩૮૨૪ ★

وَعَن فَضالَةَ بنِ عُبيدٍ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «كُلُّ مَيِّتٍ يُخْتَمُ عَلَى عَمَلِهِ إِلَّا الَّذِي مَاتَ مُرَابِطًا فِي سَبِيلِ اللَّهِ فَإِنَّهُ يُنَمَّى لَهُ عَمَلُهُ إِلَى يَوْمِ الْقِيَامَةِ وَيَأْمَنُ فِتْنَةَ الْقَبْرِ» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد
وَرَوَاهُ الدَّارِمِيّ عَن عقبَة بن عَامر [37]- 3824

૧. આપ અન્સારી સહાબી છે. ગઝવએ ઓહદ અને બયઅતુર્રિદ્વાનમાં શરીક થયા. ખૈબરની ફતહમાં સામેલ હતા. હુઝૂર ﷺ પછી દમિશ્કમાં રહ્યા. ત્યાં હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ તરફથી દમિશ્કના ગવર્નર રહ્યા. હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના જમાનામાં હિ.સ. ૫૩માં દમિશ્કમાં જ વફાત પામ્યા, ત્યાં જ દફન થયા. *(અશિઅહ)*

૨. એટલે જીવનના અંતમાં જે નેક અમલ કરતા હતા એના પર મરી જાય છે અને મરતાં જ તેના અમલો ખત્મ થઈ જાય છે, કેમ કે કર્તાની મૌત તેના કાર્યોને ખત્મ કરી દે છે.

૩. એટલે ઈસ્લામી દેશની સરહદ પર જેહાદ માટે તૈયાર રહ્યો અને ત્યાં જ મૃત્યુ પામ્યો. સંબંધિત (મરાબિત) રહેવાનો અર્થ પહેલાં વર્ણન થઈ ચૂકેલ છે. એ ''રબ્ત'' અર્થ બાંધવુંથી બનેલ છે. મરાબિત તે જે પોતાને કાફિરોના મુકાબલામાં બાંધી દે, પોતાને ત્યાં જેહાદ માટે ઘોડો બાંધે.

૪. એ રીતે કે કયામત સુધી તેને દરેક ઘડીએ તે જ સવાબ મળતો રહે છે જે જિંદગીમાં મળતો હતો. તેનો રિબાત ફી સબીલિલ્લાહ સદકાએ જારિયા બની જાય છે. કેમ કે મુસલમાન તેના રિબાતથી ફાયદો ઉઠાવતા રહે છે.

૫. એ રીતે કે તેનાથી ન કબ્રનો હિસાબ થાય ન તેને કબ્રનો અઝાબ થાય. બાકીના સદકાતે જારીયામાં આ ઈનામ નથી મળતુ, આ કેવળ મરાબિતને મળે છે.

★ શહીદના લોહીથી કસ્તૂરીની સુગંધ આવશે ★

''હઝરત મઆઝ ઈબ્ને જબલથી રિવાયત છે. તેમણે રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે જે અલ્લાહની રાહમાં ઊંટણી દોહવાના સમયગાળા જેટલા સમયમાં જેહાદ કરે[૧] તો યકીનન ! તેના માટે જન્નત વાજિબ થઈ ગઈ[૨] અને જો અલ્લાહની રાહમાં

★ હદીષ : (૩૮)-૩૮૨૫ ★

وَعَن معاذِ بن جبلٍ أَنَّهُ سَمِعَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ قَاتَلَ فِي سَبِيلِ اللَّهِ فَوَاقَ نَاقَةٍ فَقَدْ وَجَبَتْ لَهُ الْجَنَّةُ وَمَنْ جُرِحَ جُرْحًا فِي سَبِيلِ اللَّهِ أَوْ

نُكِبَ نَكْبَةً فَإِنَّهَا تَجِيءُ يَوْمَ الْقِيَامَةِ كَأَغْزَرِ مَا كَانَتْ لَوْنُهَا الزَّعْفَرَانُ وَرِيحُهَا الْمِسْكُ وَمَنْ خَرَجَ بِهِ خُرَاجٌ فِي سَبِيلِ اللَّهِ فَإِنَّ عَلَيْهِ طَابَعُ الشُّهَدَاءِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ

મામૂલી ઝખ્મી કરવામાં આવે અથવા મામૂલી તકલીફ આપવામાં આવે[૩] તો એ ઝખ્મ કયામતના દિવસે એનાથી અધિક ચમકદાર થશે જેવો કે હતો[૪] તેનો રંગ જાફરાની હશે[૫] તેની ખુશ્બુ મુશ્ક જેવી. અને જેને અલ્લાહની રાહમાં ફોલ્લી નીકળી આવે[૬] યકીનન! તેના પર શહીદોની મોહર હશે.[૭]"

(તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ)

૧. અરબીમાં فواق જાનવરને બે વાર દોહવાના સમયગાળાને કહે છે. આ ગાળાથી મતલબ સવાર સાંજ દોહવા દરમિયાનનો સમયગાળો છે અથવા એકવાર દોહવા દરમિયાનનો સમયગાળો છે. કેમ કે ઊંટણીથી થોડીક દોડીને દોહીને થોડાક થોભી જાય છે, એટલામાં તે ફરી દૂધ ઉતારી લે છે તો તેને ફરી દોહે છે. આ થોભવું فواق (ફવાક) કહેવાય છે. એ થોડીક મિનિટોનો જ ગાળો હોય છે. فواق બન્યું છે فوق થી અર્થ ઉપર. કેમ કે દૂધ ઉપરથી જ બાવલામાં આવે છે એટલા માટે એને ફવાક કહેવામાં આવે છે. *(મિર્કાત અશિઅહ)*

૨. એટલે રબ તઆલાએ પોતાના કરમના જિમ્મે લાઝિમ કરી લીધું કે તેને પહેલેથી જન્નતમાં દાખલ કરશે. ગુનાહોની સજા માટે તેને દોઝખમાં રાખશે નહીં, કેમ કે તેના ગુનાહ એ જેહાદની બરકતથી માફ થઈ ચૂક્યા. જ્યારે પલભરના જેહાદનો આ દરજો છે તો વિચારો કે જે હમેશાં જેહાદમાં રહે તેનો મર્તબો શું હશે !

૩. શબ્દકોશમાં نَكْبَة (નકબા) સામાન્ય દુર્ઘટના અથવા તકલીફને કહે છે, ઝખ્મ હોય કે અન્ય કોઈ તકલીફ. અહીં જરાહતથી મુરાદ તે ઝખ્મ છે જે કાફિરોના હાથે ગાઝીને પહોંચે અને نكبت (નકબત)થી મુરાદ તે ઝખ્મ છે જે ઘોડાથી પડી જવાથી અથવા પોતાનુ હથિયાર લાગી જવાથી ગાઝીને પહોંચે. મિર્કાતે એને અગ્રતા આપી જેમ કે હુઝૂર ﷺની પાક આંગળીમાં એકવાર લોહી નીકળી આવ્યું હતું તો ફર્માવ્યું હતું : (શેઅર)

هل انت الا اصبع و دعيت وفي سبيل الله ما لقيت

અર્થાત : હે આંગળી ! તારાથી કેવળ લોહી જ નીકળ્યું છે અને તે પણ અલ્લાહની રાહમાં તું કપાયી છે ન નાશ પામી છે જેથી સબર કર.

૪. એટલે કે તાજો ઘા જેટલો લાલ હતો તેનાથી વધુ લાલ થશે. હક્ક એ છે કે انها ની ઝમીર કેવળ نكبة ની તરફ છે. મકસદ એ છે કે જ્યારે જેહાદમાં આકસ્મિક રીતે લાગેલી ચોટનો આ દરજો છે તો કાફિરોના હાથો વડે લાગેલ ઝખ્મ કે કત્લનો કેવો મર્તબો હશે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું اغزر નો કાફ ઝાઈદા છે.

૫. એ રીતે ઘાની લાલાશમાં જાફરાની પીળાશ છલકતી હશે જેનાથી એની સુંદરતા વધારે થશે, અને એની ખુશ્બુથી એ મેદાન મહેકતુ હશે જ્યાં આ ગાઝી ઉભો હશે. આ કયામતમાં થશે. આ નિશાનીથી ગાઝી ઓળખવામાં આવશે અને તેનો એહતેરામ કરવામાં આવશે.

૬. خراج એ خ ના પેશથી શરીરમાંથી ઉપસી આવનારી ચીજ જેને અફારા કહેવામાં આવે છે જેમ કે ફોળુ, ફોલ્લી, ચામઠુ વગેરે. જો ગાઝીના શરીર પર જેહાદના મેદાનમાં કોઈ કુદરતી ફોળુ, ફોલ્લી નીકળી આવે ન કોઈ કાફિર તરફથી ચોટ લાગી હોય ન કોઈ અન્ય કારણે.

૭. طابع એ طبع થી બન્યું છે, એટલે છપાવું, મોહર લાગાવી, طَبَعَ اللّٰهُ عَلٰى قُلُوْبِهِمْ وَ سَمْعِهِمْ وَ اَبْصَارِهِمْ (જેમના દિલ અને કાન અને આંખો પર અલ્લાહે મોહર કરી દીધી છે. સૂ. નહ્લ, ૧૬/૧૦૮) મતલબ એ છે કે કુદરતી ફોળુ, ફોલ્લી

પણ જો ગાઝીને નીકળી આવે તો તેના પર શહીદની નિશાની હશે, તેને શહીદોના ટોળામાં દાખલ કરવામાં આવશે, તેમના જેવો એહતેરામ (સન્માન) થશે, કેમ કે તેણે અલ્લાહની રાહમાં કોશિશ તો કરી.

''હઝરત ખુરૈમ ઈબ્ને ફાતિકથી[૧] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે અલ્લાહની રાહમાં કાંઈ ખર્ચ કરે તો એનુ સાતસો ગણુ લખવામાં આવે છે. (તિર્મિઝી, નિસાઈ)

★ હદીષ : (૩૯)-૩૮૨૬ ★

وَعَن خُرَيم بن فاتِكٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَنْفَقَ نَفَقَةً فِي سَبِيلِ اللَّهِ كُتِبَ لَهُ بسبعمائةِ ضعف» . رَوَاهُ التِّرْمِذِيّ وَالنَّسَائِيّ

૧. આપ ખુરૈમ ઈબ્ને અહઝમ ઈબ્ને શદ્દાદ ઈબ્ને અમ્ર ઈબ્ને ફાતિક છે. ગઝવએ બદરમાં પોતાના ભાઈ સબરાની સાથે શરીક થયા એ જ મજબૂત છે. અમુક ઈતિહાસકારોએ કહ્યું કે આપ ફતહે મક્કાના દિવસે પોતાના પુત્ર અયમન ઈબ્ને ખુરૈમની સાથે ઈમાન લાવ્યા, પણ એ બરાબર નથી. છેવટમાં શામમાં વસવાટ રહ્યો. *(કમાલ, અશિઅ્હ)*

૨. અલ્લાહની રાહમાં ખર્ચથી મુરાદ દરેક દીની કામમાં ખર્ચ છે. જેહાદ હોય કે હજ્જ અથવા તલબા તથા ઉલમાની ખિદમત, ઝકાત, ફિત્રા, કુર્બાની અને તમામ નફ્લી સદક઼ાઓ, કે એમનો સવાબ દસ ગણાથી સાતસો ગણા સુધી છે. આ હદીષનું સમર્થન કુર્આને કરીમની આ આયતથી થાય છે : مَثَلُ الَّذِيْنَ يُنْفِقُوْنَ اَمْوَالَهُمْ فِيْ سَبِيْلِ اللّٰهِ كَمَثَلِ حَبَّةٍ (તેમની કહેવત જેઓ પોતાના માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે એ દાણાની જેમ છે..... છેવટ સુધી. સૂ. બક઼રહ, ૨/૨૬૧) સવાબના આ વિવિધ દરજા ઈખ્લાસના દરજાઓના લેહાઝથી છે, અને જ્યાં ખર્ચ કર્યો તેના મહત્વના એતબારથી પણ. તેના કાઢવાથી (ખર્ચવાથી) જેટલો દીનને ફાયદો થશે એટલો જ સવાબ વધારે થશે.

''હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સર્વ ખયરાતોમાં અફ્ઝલ અલ્લાહની રાહમાં તંબૂનો સાયો છે[૧] અને અલ્લાહની રાહમાં ખાદિમનો અતિયો (હદિયો) છે[૨] અથવા રાહે ખુદામાં નરની સવારી છે.[૩]''

★ હદીષ : (૪૦)-૩૮૨૭ ★

وَعَنْ أَبِي أُمَامَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَفْضَلُ الصَّدَقَاتِ ظِلٌّ فُسْطَاطٍ فِي سَبِيلِ اللَّهِ وَمِنْحَةُ خَادِمٍ فِي سَبِيلِ اللَّهِ أَوْ طَرُوقَةُ فَحْلٍ فِي سَبِيلِ اللَّهِ» . رَوَاهُ التِّرْمِذِيُّ

૧. એ રીતે કે મુજાહિદોને બિલ્કુલ અથવા ઉછીના રૂપે તંબૂ આપી દેવામાં આવે કે તેઓ જેહાદના સફરમાં તેના છાંયડામાં બેસ્યા કરે. એ રીતે હાજીઓને અરફાત વગેરેમાં તંબૂ, મંડપ લગાડી આપવો, જો તલબા મેદાનમાં બેસીને પઢતા હોય, મદ્રસાની ઈમારત ન હોય તેમના માટે સાયાની વ્યવસ્થા કરી આપવી. જ્યાં મસ્જિદ ન હોય ત્યાં નમાઝીઓના માટે મંડપ કે તંબૂ લગાડી દેવો સૌ એમાં સામેલ છે. قسطاط દરેક નાના મોટા તંબૂને કહે છે.

૨. ગાઝીઓ, હાજીઓ, દીની ઉલમા તથા તલબાની ખિદમતના માટે કોઈ માણસ નિયુક્ત કરી આપવો જેનો પગાર પોતે વેઠવો.

૩. આ ફર્માને આલીના બે અર્થ થઈ શકે છે : એક એ કે મુજાહિદોના માટે જે ઊંટણીઓ હોય તેમને સગર્ભા કરવાના માટે નર ઊંટ ઉછીના પેટે આપી દેવું કે એ પણ સવાબ છે, એનાથી જે ઊંટની નસબ ચાલશે એના પર મુજાહિદો જેહાદ કરશે તેનો તેને સવાબ મળશે. બીજુ એ કે મુજાહિદોને સવારીના માટે ઉધાર પેટે ઊંટ આપી દેવું.

★ તે શખ્સ આગમાં ન જશે જે ખુદાના ડરથી રડે ! ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તે શખ્સ આગમાં દાખલ ન થશે. જે અલ્લાહના ડરથી રડે ત્યાં સુધી કે દૂધ બાવલામાં પરત જાય.[૧] અને કોઈ બંદા પર રાહે ખુદાની ધૂળ[૨] અને દોઝખનો ધુમાડો ભેગો નથી થઈ શકતો.[૩] તિર્મિઝી અને નિસાઈએ આખરી વાક્યમાં એટલો વધારો કર્યો કે મુસલમાનનાં, નસકોરાંમાં કદી[૪] અને તેની બીજી રિવાયતમાં એ કે કોઈ બંદાના પેટમાં કદી[૫] અને કોઈ બંદાના દિલમાં કદી કંજૂસી તથા ઈમામ એકત્ર નથી થઈ શકતા.[૬]"

★ હદીષ : (૪૧)-૩૮૨૮ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا يَلِجُ النَّارَ مَنْ بَكَى مِنْ خَشْيَةِ اللَّهِ حَتَّى يَعُودَ اللَّبَنُ فِي الضَّرْعِ وَلَا يَجْتَمِعَ عَلَى عَبْدٍ غُبَارٌ فِي سَبِيلِ اللَّهِ وَدُخَانُ جَهَنَّمَ».رَوَاهُ التِّرْمِذِيُّ وَزَادَ النَّسَائِيُّ فِي أُخْرَى: «فِي مَنْخِرَيْ مُسْلِمٍ أَبَدًا» وَفِي أُخْرَى: «فِي جَوْفِ عَبْدٍ أَبَدًا وَلَا يَجْتَمِعُ الشُّحُّ وَالْإِيمَانُ فِي قَلْبِ عَبْدٍ أَبَدًا»

૧. એટલે કે જેવી રીતે દોહી કાઢેલા બાવલામાં પરત થવું અશક્ય છે એવી જ રીતે એ શખ્સનું દોઝખમાં જવું અશક્ય છે. જેમ કે રબ તઆલા ફર્માવે છે. حَتّٰى يَلِجَ الْجَمَلُ فِيْ سَمِّ الْخِيَاطِ (જ્યાં સુધી સોયના નાકાથી ઊંટ દાખલ ન થાય. સૂ. અઅરાફ, ૭/૪૦) ખૌફે ખુદામાં રડવાના ઘણા ફઝાઈલ છે, અલ્લાહ તઆલા નસીબ ફર્માવે.

باش چُوں دُولاب نالاں چَشمِ تَر ۔ تاز صِحنِ جانَت بَر روید خِضر

અર્થાત : રેંટીયા (પાણીના કોસ કૂવામાંથી પાણી કાઢનાર) જેમ રડતા ફરિયાદ કરતા અને અશ્રુમય રહો જેથી તમારી જાનના આંગણામાં લીલોતરી પેદા થઈ જાય.

૨. રાહે ખુદાનો ગુબાર (ધૂળ) તે ગુબાર છે જે રબની રઝાના માટે રસ્તે ચાલ્યો જાય અને ત્યાંથી ધૂળ શરીર પર, કપડાં પર, પગો પર, ચહેરા પર પડે. જેમ કે મસ્જિદે જતાં, ઈલ્મની તલબમાં જતાં, જેહાદ, હજ, ઉમરા વગેરે કરવાની હાલતમાં જે ધૂળ ગુબાર પડે.

૩. જેવી રીતે બે વિરોધાભાસી ચીજો ભેગી નથી થઈ શકતી એવી જ રીતે એક જગાએ આ બે ચીજો ભેગી નથી થઈ શકતી. રબ તઆલાએ આ ગુબાર અને દોઝખના ધુમાને વિરોધાભાસી બનાવી આપેલ છે, આ તેની બંદાનવાઝી છે.

૪. કેમ કે નાકનાં નસકોરાં પેટ તથા દિમાગના દરવાજા છે કે એમના જ થકી હવા અંદર બહાર આવજા કરે છે. જો એમાં રાહે ખુદાની ધૂળ પડે તો યકીનન ! શ્વાસની સાથે પેટ તથા દિમાગમાં પણ પહોંચશે. એટલા માટે ખાસ કરીને એનો ઉલ્લેખ કરવામાં આવ્યો. યાદ રાખશો કે શબ્દ منخر મીમ તથા ખેના ઝબરથી પણ છે અને બંનેના પેશથી પણ, અને મીમના ઝબર અને ખેના ઝેરથી પણ બરવઝને મજલિસ, અને મીમના ઝેર અને એના ઝબરથી પણ. ઘણા શબ્દકોશમાં નાકના નસકોરાના અર્થમાં છે.

★ રાહે ખુદામાં ચાલવાની ધૂળ અને દોઝખના ધૂમા ભેગા ન થશે ★

૫. એટલે કે જે મો'મિનના પેટમાં શ્વાસના થકી રાહે ખુદાનો ગુબાર (ધૂળ) પહોંચી જાય ત્યાં દોઝખના ધુમા ન પહોંચે. એટલે કે તે દોઝખમાં તો શું દોઝખની નજીક પણ ન જશે જ્યાં સુધી દોઝખની આગના ધુમા પહોંચે છે. યાદ

રાખશો દોઝખમાં ક્યાંક આગ ધુમા વગરની છે જેમ કે દુનિયામાં વેલ્ડિંગની આગ. અને ક્યાંક ધુમાવાળી છે. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે અમુક રિવાયતોમાં છે કે દોઝખની આગ ધુમા વગરની છે, પછી ત્યાં ધુમા કેવા ?!

★ કંજૂસ કદી કામિલ મો'મિન નથી થઈ શકતો ★

૬. شُحّ એ બુખ્લ તથા કંજૂસીને કહે છે જે માલી ઈબાદતોથી માણસને રોકી દે અથવા જુલ્મ કરાવે. ઈમાનથી મુરાદ કામિલ ઈમાન છે, એટલે કે કામિલ મો'મિન કદી બખીલ કે કંજૂસ નથી હોતો અને કંજૂસ માણસ કદી કામિલ મો'મિન નથી બની શકતો, બલ્કે ક્યારેક કંજૂસી ઈમાનથી પણ રોકી દે છે. કારૂનની કંજૂસીએ તેને કાફિર બનાવી દીધો. બુખ્લ અને શહ્માં આમ ખાસ મુત્લક્ની નિસ્બત છે કે દરેક શહ, બુખ્લ છે પણ દરેક બુખ્લ શહ નથી. શહ ખુદા તઆલાનો અઝાબ છે. યાદ રાખશો કે અરબીમાં દિલને ક્લ્બ કહે છે. ક્લ્બનો અર્થ છે ઉલ્ટવું પલટવું. કેમ કે દિલ કદી રૂહની તરફ થઈ જાય છે જેનાથી તેના પર નૂરાની તજલ્લીઓ પડે છે અને કદી નફ્સની તરફ જેનાથી એના પર નફસાની અંધકારો આવી જાય છે. જાણે દિલ એ બેઠક છે જેના બે દરવાજા છે, એક યારની તરફ (ઘરની અંદર) બીજો ગૈરોની તરફ. યારવાળો દરવાજો ખુલી જાય તો ખલ્વતખાના (એકાંત ઘર) થઈ જાય છે નહીં તો જલ્વત ખાના (લોકોની ભીડ), એટલા માટે એને ક્લ્બ કહે છે. (અઝ મિર્ક્રાત મઅ ઝિયાદા) એટલા માટે હુઝૂર દુઆ માગતા હતા કે, હે દિલોને બદલવાવાળા ! મારા દિલને તારા દીન પર ક્રાયમ રાખ, જેવી રીતે સાફ આઈનામાં આખુ ઘર તથા ઘરવાળાં જોવામાં આવે છે, એ જ પ્રમાણે સાફ સ્વચ્છ દિલમાં અર્શ તથા ફર્શ, જન્નત તથા દોઝખ, મખ્લૂક્ ખાલિક્ની તજલ્લીઓ જોવા મળે છે :

در دل مؤمن بگنجم اے عجب گر توے جوئی دریں دلہا طلب

અર્થાત : હું મો'મિનના દિલમાં સમાય શકુ છું, જો મને તલાશ કરવા ચાહો છો તો એ દિલોમાં મન શોધો.

★ બે આંખો જેને આગ સ્પર્શશે નહીં ★

★ હદીષ : (૪૨)-૩૮૨૯ ★
وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:"عَيْنَانِ لَا تَمَسُّهُمَا النَّارُ: عَيْنٌ بَكَتْ مِنْ خَشْيَةِ اللَّهِ وَعَيْنٌ بَاتَتْ تَحْرُسُ فِي سَبِيلِ اللَّهِ ". رَوَاهُ التِّرْمِذِيُّ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, બે આંખો છે જેને આગ સ્પર્શશે નહીં.[૧] એક તે આંખ જે અલ્લાહના ખૌફથી રડે[૨] અને એક તે આંખ જે અલ્લાહની રાહમાં પેહરો ભરે.[૩]'' (તિર્મિઝી)

૧. એટલે કે બે પ્રકારની આંખો એ શખ્સી નથી બલ્કે નૂઈ છે. યાદ રાખશો કે જ્યારે આંખને દોઝખની આગ ન સ્પર્શશે તો આંખવાળાને પણ ન સ્પર્શશે. એ મતલબ નથી કે કેવળ આંખ તો આગથી બચેલી રહેશે અને બાકી શરીર આગમાં જાય. જો એક અંગને બખ્શવામાં આવે તો તેના સદક્રાથી સર્વ અંગો બખ્શવામાં આવશે. લેખકો ઉલમાએ દીનની કેવળ આંગળીઓ બખ્શી દેવામાં આવી તો ઈન્શા અલ્લાહ ! આખુ શરીર બખ્શી દેવામાં આવશે.

૨. એ જ પ્રમાણે જે આંખ ઈશ્ક્રે મુસ્તફા ﷺમાં રડે તે ઈન્શા અલ્લાહ ! બખ્શવામાં આવશે. બે નેઅમતો ઘણી જ શાનદાર છે : ખૌફે ખુદા તથા ઈશ્ક્રે મુસ્તફા. (શેઅર)

ذرہ عشق نبی از حق طلب سوز صدیق و علی از حق طلب

અર્થાત : અલ્લાહથી ઈશ્ક़ે નબીનું એક રજકણ અને સિદ્દીક़ તથા અલીનો સોઝ (દર્દે દિલ) માગો.

૩. એ રીતે કે જેહાદના સફરનો ગાઝી સૂઈ જાય અને એ બંદો તેનો પેહરો આપે જેથી કાફિરો છાપો ન મારી શકે. એ રાત જાગીને ગુજારે.

★ અલ્લાહની રાહમાં ફરવું ઘરે ૭૦ વરસો સુધી નમાઝો પઢવા કરતાં અફઝલ ★

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ના સહાબામાંથી એક સાહબ એક ઘાટી પરથી પસાર થયા જેમાં મીઠા પાણીનું નાનુ ઝરણુ હતુ[૧] તે ઝરણુ તેમને પસંદ આવ્યુ[૨] તો બોલ્યા કે કાશ ! હું લોકોથી અલગ થઈ જાત તો આ ઘાટીમાં જ વસવાટ કરી લેત.[૩] આ બનાવ રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં અર્ઝ કરવામાં આવ્યો[૪] તો ફર્માવ્યું, એવું ન કરો[૫] કેમ કે તમારામાંથી કોઈનું અલ્લાહની રાહમાં ફરવું પોતાના ઘરે સિત્તેર વરસો સુધી નમાઝો પઢતા રહેવા કરતાં અફઝલ છે[૬] શું તમે નથી ચાહતા કે અલ્લાહ તમને બખ્શે અને તમને જન્નતમાં દાખલ કરે ?[૭] અલ્લાહની રાહમાં જેહાદ કરો. જે અલ્લાહની રાહમાં ઊંટણીને દોહવાના ગાળા બરાબર જેહાદ કરે તેના માટે જન્નત વાજિબ થઈ ગઈ.[૮]'' (તિર્મિઝી)

★ હદીષ : (૪૩)-૩૮૩૦ ★

وَعَن أَبِي هريرةَ قَالَ: مَرَّ رَجُلٌ مِنْ أَصْحَابِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِشِعْبٍ فِيهِ عُيَيْنَةٌ مِنْ مَاءٍ عَذْبَةٌ فَأَعْجَبَتْهُ فَقَالَ: لَوِ اعْتَزَلْتُ النَّاسَ فَأَقَمْتُ فِي هَذَا الشِّعْبِ فَذَكَرَ ذَلِكَ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «لَا تَفْعَلْ فَإِنَّ مَقَامَ أَحَدِكُمْ فِي سَبِيلِ الله أفضل من صلَاته سَبْعِينَ عَامًا أَلَا تُحِبُّونَ أَنْ يَغْفِرَ اللَّهُ لَكُمْ وَيُدْخِلَكُمُ الْجَنَّةَ؟ اغْزُوا فِي سَبِيلِ اللَّهِ مَنْ قَاتَلَ فِي سَبِيلِ اللَّهِ فَوَاقَ نَاقَةٍ وَجَبت لَهُ الْجنَّة» .

رَوَاهُ التِّرْمِذِيّ

૧. شعب (શિઅ્બ) એટલે ઘાટી, પહાડના હોલ (છિદ્ર)ને કહે છે, ચાહે આર પાર હોય કે આગળથી બંધ હોય. અરબમાં એવી જગાને ખૂબ જ ક़દરની નજરે જોવામાં આવે છે જ્યાં લીલોતરી પણ હોય અને મીઠા પાણીનું ઝરણુ પણ હોય અને જગા સુરક્ષિત પણ હોય.

૨. દિલે ચાહ્યું કે મદીના મુનવ્વરા છોડીને પોતાની બકરીઓ ઘેટાં લઈને અહીં આવીને વસે. જેવું કે આગળ આવી રહ્યું છે.

૩. જેથી કરીને ઈત્મિનાનથી અલ્લાહની ઈબાદત કરતો રહું, અને લોકોની ભેળસેળથી બચી જઉં, આ ભેળસેળ હજારો ગફલતો ગુનાહોનો સબબ છે. તેમનો આ ઈરાદો પણ ભલાઈની નિય્યતથી હતો.

૪. ક્યાં તો فذكر મઅરૂફ છે તો એનો ફાઈલ (કર્તા) ખુદ એ સહાબી છે જેમનો આ ઈરાદો હતો. અથવા મજહૂલ છે તો ઝિક્ર (ઉલ્લેખ) કરનાર કોઈ અન્ય સહાબી છે. એટલે કે ખુદ તેમણે આ ઈરાદો હુઝૂર ﷺ ની ખિદમતમાં અર્ઝ કર્યો અથવા હુઝૂરને અર્ઝ કરવામાં આવ્યો. બંને રિવાયતો છે.

★ નફ્લી ઈબાદત ખાતર ફર્ઝ વાજિબ ત્યજી નથી શક્તા ★

૫. એટલે નફલી ઈબાદતના માટે ફર્ઝ તથા વાજિબ ઈબાદતો ન છોડો કે અહીં રહીને તમે જમાઅતની નમાઝો, જુમ્આ, ઈદો અને જેહાદ, તબ્લીગ વગેરે ઈબાદતોથી મેહરૂમ થઈ જશો. એનાથી જાણવા મળ્યું કે જે નફલી ઈબાદતો ફર્ઝો છોડાવી દે તે ગુનોહ છે. જો તહજ્જુદની નમાઝથી ફજરની નમાઝ ક़ઝા અથવા જમાઅત છૂટી જાય

તો તહજ્જુદ ન પઢો. પંજગાના નમાઝ જમાઅતથી પઢો. આ ઘણો ઉસૂલી (પાયાનો) મસ્અલો છે એને યાદ રાખવું જોઈએ. અમુક લોકો સામાન્ય જલસા જુલૂસોના કારણે રાતે વધારે જાગે છે જેના લીધે ફજરની જમાઅત નથી પામતા, તેઓ આનાથી બોધ ગ્રહણ કરે.

૬. એટલે કે તમારું મદીના શહેરમાં રહેવું જ્યાં જ્યાં પણ નસીબ થતુ રહે અને હુઝૂર પુરનૂર ﷺની ઝિયારત, આપની પાછળ નમાઝો મયસ્સર થશે એ અહીં જંગલમાં ઘર બનાવીને બેસવાથી ઘણુ જ વધારે અફઝલ છે. અહીં મિર્કાતે ફર્માવ્યું કે કદાચ એ સહાબી ફર્ઝી જેહાદથી ફારિગ થઈ ચૂક્યા હશે અને એ સમયમાં ત્યારે જેહાદ ફર્ઝ ન હશે એટલા માટે અફઝલ કહ્યું, નહીં તો સખત મના કરતા. એનાથી નિર્દેશ રૂપે જાણવા મળે છે કે ગામડાની સરખામણીમાં શહેરમાં રહેવું બેહતર છે કે શહેરમાં અમુક તે ઈબાદતો નસીબ થઈ જાય છે જે ગામમાં મયસ્સર નથી થતી. સિત્તેર વરસ ફર્માવવું ખૂબ અધિકતાના માટે છે. જેમ કે ફર્માવવામાં આવ્યું કે **જેહાદની સફરમાં કે નમાઝની સફમાં ઉભા થવું અલ્લાહની નજીક સિત્તેર વરસની ઈબાદતથી અફઝલ** છે. *(હાકિમ, મિર્કાત)*

★ ગોશાનશીની ક્યારે અફઝલ ? ★

૭. એટલે કે તમને સંપૂર્ણ મગફિરત તથા જન્નતમાં પ્રથમ પ્રવેશ નસીબ ફર્માવી આપે. આ હદીષના આધારે અમુક ઉલમાએ ફર્માવ્યું કે ખલ્વત (એકાંત)ની જિંદગી જલ્વતની જિંદગીથી બેહતર છે, ગોશાનશીની એ કમાલ નથી, ખાસ કરીને હુઝૂર ﷺના પાક જમાનામાં. જે જમાનામાં ગોશાનશીની અફઝલ ફર્માવવામાં આવવું ત્યાં ફિત્નાઓના જમાનાની ગોશાનશીની મુરાદ છે. *(લમ્આત તથા અશિઅહ)*

૮. فواق فاقهની તફસીર હમણા થોડાક પહેલાં વર્ણન કરવામાં આવી ચૂકી છે કે એનાથી મુરાદ સવાર સાંજનો દોહવાનો સમયગાળો છે અને એકવાર દોહવામાં જે કાંઈ ગાળો રાખવામાં આવે છે તે મુરાદ છે. બીજો અર્થ અધિક જાહેર છે.

★ ખુદાની રાહમાં ઘોડો બાંધવાની ફઝીલત ★

"હઝરત ઉષ્માનથી રિવાયત છે. તે નબી કરીમ ﷺથી રાવી. ફર્માવ્યું, અલ્લાહની રાહમાં એક દિવસ ઘોડો બાંધવો[૧] એના સિવાયની બીજી મંઝિલોમાં એક હજાર દિવસથી અફઝલ છે.[૨]" (તિર્મિઝી, નિસાઈ)

★ હદીષ : (૪૪)-૩૮૩૧ ★

وَعَنْ عُثْمَانَ رَضِيَ اللّٰهُ عَنْهُ عَنْ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «رِبَاطُ يَوْمٍ فِي سَبِيلِ اللّٰهِ خَيْرٌ مِنْ أَلْفِ يَوْمٍ فِيمَا سِوَاهُ مِنَ الْمَنَازِلِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالنَّسَائِيّ

૧. ઈસ્લામી સરહદ પર કાફિરોના મુકાબલામાં ઘોડો બાંધવો, ત્યાં જેહાદ માટે તૈયાર રહેવું.

૨. આ અફઝલિયત એ સ્થિતિમાં છે કે જેહાદ ફર્ઝે અયન થઈ ચૂક્યો હોય, અથવા ઈસ્લામી સરહદ પર ઘણો જ ખતરો હોય, ત્યાંથી મુસલમાનોના હટી જવાથી ઈસ્લામી દેશ ખતરામાં પડી જાય, અમ્નો સુકૂનના હાલાતમાં બીજી મંઝિલો એનાથી અફઝલ હોય શકે છે. જેથી આ હદીષ એ હદીષની વિરૂધ્ધ નથી જેમાં ઈર્શાદ થયો કે નમાઝ પછી નમાઝનો ઈન્તેઝાર અને મસ્જિદમાં હાજરીની પાબંદી એ રબાત છે, એ રબાત છે, એ રબાત છે.

★ શહીદ, પાકદામન, પાકબાઝ જન્નતમાં પ્રથમ પ્રવેશશે ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, મારા સમક્ષ બે ત્રણ શખ્સ રજૂ કરવામાં આવ્યા જેઓ જન્નતમાં પહેલા

★ હદીષ : (૪૫)-૩૮૩૨ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ

قَالَ: "عَرَضَ عَلَيَّ أَوَّلُ ثَلَاثَةٍ يَدْخُلُونَ الْجَنَّةَ: شَهِيدٌ وَعَفِيفٌ مُتَعَفِّفٌ وَعَبْدٌ أَحْسَنَ عبادةَ اللَّهِ ونصح لموالِيه ".
رَوَاهُ التِّرْمِذِيّ

દાખલ થશે[૧] શહીદ, પાક દામન, પાકબાઝ.[૨] અને ગુલામ જે અલ્લાહની ઈબાદત સારી રીતે કરે અને પોતાના માલિકોની ખૈર ખ્વાહી કરે.[૩]" (તિર્મિઝી)

૧. એટલે કે મને એ ત્રણ પ્રકારના માણસો દેખાડવામાં આવ્યા જેઓ અંબિયાએ કિરામ પછી અન્ય જન્નતીઓ કરતાં પહેલા જન્નતમાં જશે. આ તર્જુમાથી સર્વ વાંધાઓ ઉઠી ગયા. યાદ રાખશો કે જન્નતમાં સૌથી પહેલાં હુઝૂર ﷺ તશરીફ લઈ જશે, પછી બીજા અંબિયાએ કિરામ, પછી સૌથી પહેલાં હુઝૂર ﷺની ઉમ્મત જશે, પછી અન્ય ઉમ્મતો. હુઝૂરની ઉમ્મતમાં પ્રવેશ ક્રમસર થશે કે અમુક હઝરાત અમુકથી પહેલાં જશે. એ પણ ખયાલ રાખશો કે હુઝૂર ﷺની આગળ હઝરત બિલાલ હટો બચો કરતા જન્નતમાં દાખલ થશે અને હુઝૂરે અન્વર ﷺની સાથે હઝરત સિદ્દીકે અકબર તથા હઝરાત ઉમર ફારૂક رضی اللہ عنہما હશે, પણ આ દાખલો હુઝૂરની ઈત્તેબાઅ (અનુસરણ)માં થશે, જેમ કે દુલ્હાની સાથે તેના દોસ્ત અને ખાસ ખાદિમને પણ નેઅમતોથી નવાઝવામાં આવે છે. આ હદીષથી જાણવા મળ્યું કે હુઝૂરે અન્વર ﷺએ પોતાની જાહેરી આંખોથી કયામત સુધીના જન્નતીઓ તથા દોઝખીઓને જોઈ લીધા હતા, જેવું કે عرض શબ્દથી જાહેર છે. અહીં અવ્વલિયત ઈઝાફી છે અને ત્રણથી મુરાદ ત્રણ શખ્સ નથી બલ્કે ત્રણ નૂઈ (પ્રકાર) છે એ ત્રણમાં કરોડો મુસલમાન હશે.

★ અફીફ, મુતફ્ફિફની સ્પષ્ટતા ★

૨. عفيف તથા متعفف માં કેટલીક રીતે ફરક કરવામાં આવેલો છે. જેનાથી બચનારો અફીફ, ભીખ તથા સવાલથી બચનાર મુતઅફ્ફિફ. એકલો માણસ ગુનાહથી બચે તે અફીફ છે, બીવી બચ્ચાંવાળો ગુનાહથી બચે તે મુતઅફ્ફિફ છે. જાહેરી ગુનાહોથી બચનારો અફીફ છે, બાતિની ગુનાહોથી બચનારો મુતઅફ્ફિફ છે.

૩. એનાથી જાણવા મળ્યું કે જેમને દુનિયવી ઉલઝનો વધારે હોય તેની ઈબાદત અફઝલ છે, એના કરતાં જેમને બીવી બચ્ચાંની વગેરેની જિમ્મેદારી ન હોય. જુઓ, માણસની ઈબાદત ફરિશ્તાઓની ઈબાદતથી અફઝલ છે.

★ હદીષ : (૪૬)-૩૮૩૩ ★

وَعَن عبدِ اللهِ بنِ حُبَشيٍّ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سُئِلَ أَيُّ الْأَعْمَالِ أَفْضَلُ؟ قَالَ: «طُولُ الْقِيَامِ» قِيلَ: فَأَيُّ الصَّدَقَةِ أَفْضَلُ؟ قَالَ: «جُهْدُ الْمُقِلِّ» قِيلَ: فَأَيُّ الْهِجْرَةِ أَفْضَلُ؟ قَالَ: «مَنْ هَجَرَ مَا حَرَّمَ اللَّهُ عَلَيْهِ» قِيلَ: فَأَيُّ الْجِهَادِ أَفْضَلُ؟ قَالَ: «مَنْ جَاهَدَ الْمُشْرِكِينَ بِمَالِهِ وَنَفْسِهِ» . قِيلَ: فَأَيُّ الْقَتْلِ أَشْرَفُ؟ قَالَ: «مَنْ أُهْرِيقَ دَمُهُ وَعُقِرَ جَوَادُهُ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَفِي رِوَايَةٍ للنسائي: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને હબ્શીથી રિવાયત છે કે નબી કરીમ ﷺ ને પૂછવામાં આવ્યું કે કયો અમલ અફઝલ છે ?[૧] ફર્માવ્યું, લાંબો કયામ[૨] અર્ઝ કરવામાં આવી કે કયો સદકો અફઝલ છે ? ફર્માવ્યું, ફકીરની શક્તિ[૩] અર્ઝ કરવામાં આવી, કઈ હિજરત અફઝલ છે ?[૪] ફર્માવ્યું, એની જે એ સૌ ચીજોને છોડી આપે જે અલ્લાહે તેના પર હરામ કરી[૫]. અર્ઝ કરવામાં આવી, કયો જેહાદ અફઝલ છે ? ફર્માવ્યું, એનો જે કાફિરો પર પોતાના માલ જાનથી કરે[૬]. અર્ઝ કરવામાં આવી, કયો કત્લ અશરફ છે ? ફર્માવ્યું, જેનું લોહી વહાવી દેવામાં આવે, તેના ઘોડાનો પગ કાપી નાખવામાં આવે[૭] અબૂ દાઉદ અને નિસાઈની રિવાયતમાં છે કે નબી

سُئِلَ: أيُّ الأعمالِ أفضلُ؟ قَالَ: «إيمانٌ لَا شكَّ فِيهِ وَجِهَادٌ لَا غُلُولَ فِيهِ وَحَجَّةٌ مَبْرُورَةٌ» . قِيلَ: فَأَيُّ الصَّلَاةِ أَفْضَلُ؟ قَالَ: «طُولُ الْقُنُوتِ» . ثُمَّ اتفقَا فِي الْبَاقِي

કરીમ ﷺ થી સવાલ કરવામાં આવ્યો કે કયો અમલ બેહતરીન છે ? ફર્માવ્યું, તે ઈમાન જેમાં અસમંજસ ન હોય[૯]. અને તે જેહાદ જેમાં ખયાનત ન હોય[૯] અને પાકીઝા હજ્જ. અર્ઝ કરવામાં આવી કે કઈ નમાઝ અફઝલ છે[૧૦] ફર્માવ્યું, લાંબો કુયામ. પછી બાકી હદીષમાં એ બંને એકમત થઈ ગયા[૧૧] .''

૧. એટલે કે નમાઝના અમલોમાં કયો અમલ અફઝલ છે.

૨. અમુક લેહાઝથી નમાઝમાં લાંબો કુયામ અફઝલ છે કે એમાં તકલીફ વધુ અને તિલાવતે કુર્આન ખૂબ છે. અને અમુક લેહાઝથી લાંબો સજદો અફઝલ છે કે એમાં આજીજીનું પ્રદર્શન અધિક છે. જેથી હદીષોમાં ટકરાવ નથી. અમુક ઉલમાએ ફર્માવ્યું કે રાતના નફલો તહજ્જુદ વગેરેમાં લાંબો કુયામ અફઝલ છે અને દિવસના નફલોમાં ઈશ્રાક, ચાશ્ત વગેરેમાં વધુ સજદા અફઝલ છે. સારાંશ હદીષોમાં ટકરાવ નથી. એની કેટલીક ચર્ચા મિર્આત, જિલ્દ–૧, કિતાબુલ ઈમાનમાં વર્ણન થઈ ચૂકી છે.

૩. جهد જીમના પેશ ૪ 'હે' ના જઝ્મથી અર્થ શક્તિ અને مقل اقلال થી બન્યું, અર્થ ઓછુ કરવું અને ફકીર થઈ જવું. એનો માદો قلل છે અર્થ કમી, એનાથી છે ક્વિલ્લત. આ ફર્માને આલીના બે મતલબ થઈ શકે છે, એક એ કે ગરીબ માણસ મહેનતથી પૈસા કમાય પછી એમાંથી ખૈરાત કરે. બીજુ એ કે ફકીર (ગરીબ)ને ખુદ પણ જરૂરત હોય, ખૂબ જ તકલીફમાં હોય તેમ છતાં પોતાની જરૂરત રોકીને ખૈરાત કરે, બીજાની જરૂરતને અગ્રતા આપે. પણ આ બીજો અર્થ એ ફકીરના માટે હશે જે ખુદ સાબિર હોય અને એકલો હોય, બીવી બચ્ચાં ન ઘરાવતો હોય, નહીં તો **આજે ખૈરાત કરીને કાલે ખુદ ભીખ માગવી, એ જ પ્રમાણે બીવી બચ્ચાંના હક્કો મારીને ખૈરાત કરવી એ કોઈ રીતે જાઈઝ નથી.** (મિર્કાત) હા ! જો કોઈનાં બીવી બચ્ચાં પણ હઝરત અબૂ બક્ર સિદ્દીક رضی اللہ عنہ ના ઘરવાળાઓની જેમ સાબિર હોય પછી તે જનાબ સિદ્દીકની જેમ ખૈરાત કરી દે એ એની વિશિષ્ટતા છે. સુલ્તાને ઈશ્કના ફૈસલા બુદ્ધિથી પર છે. (શેઅર) : موسیا آداب دانان دیگرند سوختہ جان و روانان دیگرند

અર્થાત : હે મૂસા ! જાહેરી આદાબની રિઆયત (લેહાઝ) કરનારા અલગ છે, અને જેમની રૂહ તથા જાન ઈશ્કે ઈલાહીની આગમાં સળગી રહેલ છે તે અલગ છે.

★ હિજરતના પ્રકારો ★

૪. હિજરતના અર્થમાં (છોડવું)ના ઘણા પ્રકારો છે : વતન છોડવું, ગુનાહ છોડવા, બુરા ખયાલો છોડવા વગેરે, એમાંથી આ'લા દરજાની હિજરત કઈ છે ?

૫. સુબ્હાનલ્લાહ ! કેટલો પ્યારો જવાબ છે ! ગુનાહ છોડવાની હિજરત એ વતન છોડવાની હિજરત કરતાં ઉચ્ચ છે, અને પછી મજા એ છે કે આ ગુનાહ છોડવાની હિજરત હમેશાં દરેક મુસલમાનને મયસ્સર થઈ શકે છે. એની શરહ કિતાબુલ ઈમાનમાં રજૂ થઈ ચૂકી છે.

૬. એટલે જેહાદના ઘણા બધા પ્રકારો છે જેમાંથી ઉચ્ચ પ્રકારનો જેહાદ એ છે કે મુજાહિદ પોતાનો જાન માલ સર્વ કાંઈ રાહે ખુદામાં ખર્ચ કરીને જેહાદ કરે, કેમ કે આ જેહાદ નફ્સ પર ખૂબ જ ભારે છે. યાદ રાખશો કે આ

અફઝલિયત ઈઝાફી છે. એક એતબારથી અને અમુક હાલતોમાં આ જેહાદ અફઝલ તથા બીજા એતબારથી ખાસ સંજોગોમાં જાલિમ હાકિમની સામે હક્ક વાત કહી દેવી અફઝલ છે. જેથી આ હદીષ એ હદીષની વિરૂધ્ધ નથી જેમાં ફર્માવ્યું છે કે افضل الجهاد كلمة حق عند سلطان جائر (અફઝલ જેહાદ જાલિમ સુલ્તાન સામે હક્ક કહેવું છે.)

૭. એટલે કે રાહે ખુદાનો તે શહીદ આ'લા દરજાનો શહીદ છે જે જેહાદના મેદાનમાં જાન માલ સૌ કુર્બાન કરી આપે કે પોતે પણ જાન આપી દે, ઘોડો પણ મૃત્યુ પામે. કેમ કે એની કુર્બાની બમણી છે. તેમજ તેણે મોટી જંગમાં જેહાદ કર્યો જેથી તેની શહાદત પણ આ'લા ઠરી أهريق 'હે' ૪ ઝાઈદ (વધારાની) છે અસલ اريق હતું. મિર્કાતે ફર્માવ્યું કે ઘોડાના મૃત્યુથી તેની બહાદુરી તથા શુજાઅત તરફ નિર્દેશ છે કે તે એવો જાંબાઝ તથા બહાદુર હતો કે ઘોડાના પણ કપાયા વિના દુશ્મનના કાબૂમાં ન આવ્યો, તેનું ઠેકાણુ જન્નતલુલ ફિરદોસ છે.

૮. ઈમાનને અમલમાં દાખલ કર્યું, કેમ કે ઈમાન યકીન દિલનું નામ છે. આ દિલનો અમલ છે. તરદુદ (અસમંજસ) ન હોવાનો મતલબ એ છે કે રંજ તથા ખુશી, તંગી તથા વિપુલતા દરેક હાલતમાં ઈસ્લામથી ન ફરે. દુનિયાની કોઈ હાલત તેના દિલની હાલત ન બદલી શકે. એકવાર હઝરત હુસૈન હુઝૂર ﷺના ખભાઓ પર સવાર છે, અને એક વખતે જાલિમ કાતિલ સિમ્ર આપના સીના પર સવાર છે, પણ બંને સ્થિતિઓમાં દિલનો હાલ એક સરખો છે. આ ફર્માનની અન્ય શરહો પણ કરવામાં આવી છે.

૯. એ રીતે કે ગનીમતમાં ખયાનત કરે, વહેંચણી પહેલાં અમીરના હવાલે બધી ગનીમત કરી દે. પછી વહેંચણીમાં તેને જે હિસ્સો મળે તેને ખુશીભેર કબૂલ કરે.

★ હજ્જે મબરૂર શું છે ? ★

૧૦. હજ્જે મબરૂરથી મુરાદ તે હજ છે જેમાં ગુનાહથી બચવામાં આવે અથવા તે હજ છે જેમાં રિયા તથા નામના કમાવાથી પરહેઝ હોય, અથવા તે હજ જેના બાદ હાજી મરતા દમ સુધી ગુનાહોથી બચે, હજ બર્બાદ કરનારો કોઈ અમલ ન કરે. ખ્વાજા હસન બસરી ફર્માવે છે કે હજ્જે મકબૂલ તે છે જેના પછી હાજી દુનિયામાં ઝાહિદ અને આખેરત પ્રતિ ખેંચાણવાળો રહે. અથવા હજ્જે મબરૂર તે છે જે હાજીનું દિલ નરમ કરી દે કે તેના દિલમાં દર્દ, આંખોમાં તરી રહે. હજ કરવી આસાન છે હજને સંભાળવી મુશ્કેલ છે.

૧૧. યાદ રાખશો કે અફઝલ અમલોના વર્ણનમાં વિવિધ હદીષો છે, કોઈ હદીષમાં કોઈ અમલને અફઝલ કહેવામાં આવ્યો છે, કોઈનામાં અન્ય અમલને. આ વિવિધતા સંજોગોને અનુરૂપ હોય છે, કે ક્યારેક જેહાદ અફઝલ છે અને ક્યારેક નમાઝ આ'લા છે, વળી નમાઝમાં ક્યારેક અધિક સજદા અફઝલ છે અને ક્યારેક લાંબો કયામ બેહતર છે.

★ શહીદના છ દરજાઓ છે ★

★ હદીષ : (૪૭)-૩૮૩૪ ★
وَعَنِ الْمِقْدَامِ بْنِ مَعْدِي كَرِبَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:" لِلشَّهِيدِ عِنْدَ اللَّهِ سِتُّ خِصَالٍ: يُغْفَرُ لَهُ فِي أَوَّلِ دفعةٍ وَيَرَى مَقْعَدَهُ مِنَ الْجَنَّةِ وَيُجَارُ مِنْ عَذَابِ الْقَبْرِ وَيَأْمَنُ مِنَ الْفَزَعِ الْأَكْبَرِ وَيُوضَعُ

''હઝરત મિકદામ ઈબ્ને મઅદીકરિબથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શહીદની અલ્લાહને ત્યાં છ ખૂબીઓ (દરજા) છે[૧] પહેલી જ વારમાં તેને બખ્શી દેવામાં આવે છે[૨] અને તેને જન્નતનું ઠેકાણુ બતાવી દેવામાં આવે છે[૩] અને તેને કબ્રના અઝાબથી અમાન આપવામાં આવે છે અને તે મોટી ગભરાહટથી અમનમાં રહેશે.[૪] અને તેના માથા

પર ઈજ્જતનો તાજ રાખવામાં આવશે જેનો એક યાકૂત દુનિયા તથા દુનિયાની ચીજોથી બેહતર હશે.[૫] અને બોત્તેર હૂરો (આંખોવાળી)થી તેના નિકાહ કરવામાં આવશે.[૬] અને તેના સિત્તેર સગાઓમાં તેની શફાઅત કબૂલ કરવામાં આવશે.[૭]" (તિર્મિઝી, ઈબ્ને માજહ)	عَلَى رَأْسِهِ تَاجُ الْوَقَارِ الْيَاقُوتَةُ مِنْهَا خَيْرٌ مِنَ الدُّنْيَا وَمَا فِيهَا ويزوَّجُ ثنتين وَسَبْعِينَ زَوْجَةً مِنَ الْحُورِ الْعِينِ وَيُشَفَّعُ فِي سَبْعِينَ مِنْ أَقْرِبَائِهِ ". رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ

૧. આ છે ખૂબીઓ કોઈ અન્યમાં ભેગી નથી હોતી.

૨. તેનું લોહી જમીન પર પછી પડે છે અને તેના સર્વ ગુનાહોની માફી પહેલાં જ થઈ જાય છે ત્યાં સુધી કે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ને ત્યાં શહીદ પર નમાઝે જનાઝા પણ નથી પઢવામાં આવતી, તે ફર્માવે છે કે જનાઝાની નમાઝ ગુનાહોની માફી માટે હોય છે અને તેની માફી તો પહેલાં જ થઈ ચૂકી. ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ફર્માવે છે કે જનાઝાની નમાઝ ઈન્સાની શરાફતને પ્રદર્શિત કરવા માટે છે જેનો શહીદ અધિક કક્કદાર છે ન કે ગુનાહની માફીના માટે, નહીં તો નાના બાળકો અને નબી કરીમ ﷺ પર નમાઝ ન હોત.

૩. અમુક ગાઝી સહાબીઓએ શહીદ થતા પહેલાં હુઝૂર ﷺ ની ખિદમતમાં અર્ઝ કર્યું કે જન્નતને યા રસૂલલ્લાહ ! ﷺ હું જોઈ રહ્યો છું ! પછી શહીદ થયા. અમુક ઝખ્મી મુજાહિદોએ તરસ હોવા છતાં જાન નીકળતી વેળા પાણી ન સ્વીકાર્યું. ફર્માવ્યું કે આબે કૌષર સામે છે ? ત્યાં જ જઈને પીશું, જેવું કે હદીષો તથા ઈતિહાસોમાં આવેલ છે.

૪. રબ તઆલા ફર્માવે છે : يُنْفَخُ فِي الصُّوْرِ فَفَزِعَ مَنْ فِي السَّمٰوٰتِ وَمَنْ فِي الْاَرْضِ اِلَّا مَنْ شَآءَ اللّٰهُ (અને જે દિવસે ફૂકવામાં આવશે સૂર તો ગભરાઈ જશે જેટલા આસ્માનોમાં છે અને જમીનમાં પણ જેને ખુદા ચાહે. સૂ. નમ્લ, ૨૭/૮૭) અને ફર્માવે છે : لَا يَحْزُنُهُمُ الْفَزَعُ الْاَكْبَرُ (તેમને ગમમાં નાખશે નહીં તે સૌથી મોટી ગભરાહટ. સૂ. અંબિયા, ૨૧/૧૦૩) એટલે કે શહીદને ન કયામતમાં ગભરાટ થશે ન કબરમાં, ન મરતી વખતે ન પુલસિરાત પર, ન મૌતને ઝબહ કરી દેવામાં આવવા પર.

૫. એટલે કે તેને ઈજ્જતનો તાજ પહેરાવવામાં આવશે જેનાથી તે તમામ મેહશરવાળાઓમાંથી વિશિષ્ટ હશે, જેવી રીતે બાદશાહ તથા વઝીર તાજના કારણે વિશિષ્ટ હોય છે.

૬. حور (હૂર) બન્યું છે حوراء થી, અર્થ આંખની તેજ સફેદી, કીકીઓની તેજ કાળાશ. આ ચીજો હુસ્ન (સુંદરતા)નો આ'લા દરજો છે. عين બહુવચન છે عيناء નું એટલે મોટી મોટી આંખ. કેમ કે હૂરોની આંખો મોટી અને ખૂબ જ સફેદ તથા કાળી છે એટલા માટે તેમને હૂરૈન કહેવામાં આવે છે. (મિર્કાત) એટલે કે શહીદની પોતાની દુનિયાવી અને કાફિરની મો'મિના પત્નીઓ સિવાય જે તેને કાફિરોના વારસામાં મળશે તેના ઉપરાંત ૭૨ હૂરો પત્નીઓ આપવામાં આવશે. યાદ રાખશો કે હૂર માનવ જાતિથી નથી કે તે આદમ علیہ السلام ની ઔલાદમાંથી નથી, પણ તે નૂરાની મખ્લૂક છે. દુનિયામાં માણસનો નિકાહ ગૈર જિન્સ (માનવ જાતિ સિવાય)થી દુરુસ્ત નથી, આખેરતમાં કયામત પછી દુરુસ્ત થશે. એ પણ યાદ રાખશો કે હૂરો સાથે મેળ મિલાપ કયામત બાદ થશે. કયામતથી પહેલાં શહીદ ભલે જન્નતનાં ફળફુટ ખાશે પણ હૂરોથી અસંબંધિત રહેશે.

૭. ક્યાં તો ૭૦ થી મુરાદ અધિકતા તથા વધારે હોવું છે અથવા સિત્તેર (૭૦)ની સંખ્યા. બીજો અર્થ અધિક જાહેર છે. اقرباء થી મુરાદ સગાંઓ અને મિત્રો સાથીઓ વગેરે છે. (મિર્કાત) એ શર્તે કે મુસલમાન હોય, કાફિર તથા મુશ્રિકનો કોઈ શફીઅ નથી. જ્યારે શહીદ ૭૦ની શફાઅત કરશે તો ખાસ ઉલમા તથા અવલિયા અલ્લાહ અને

પછી હુઝૂર ﷺની શફાઅતનું તો પૂછવુ જ શું ?! યાદ રાખશો કે રબ તઆલાના અદ્લના ઝહૂરના સમયે, એટલે કે કયામતના શરૂમાં શફાઅત કેવળ હુઝૂર જ ફર્માવશે. એને શફાઅતે કુબરા કહેવામાં આવે છે. અને પછી રબના ફઝ્લના ઝહૂર વખતે શહીદ વગેરે શફાઅત કરશે, જેથી શફીઉલ મુઝનબીન કેવળ હુઝૂર

"હઝરત અબૂ હુરૈરહ
ફર્માવે છે કે રસૂલુલ્લાહ
અલ્લાહથી મળે જેહાદની નિશાની વિના તો તે અલ્લાહને એ હાલમાં મળશે કે એમાં આડ (રખ્ના) હશે.[૧]" (તિર્મિઝી, ઈબ્ને માજહ)

★ હદીષ : (૪૮)-૩૮૮૫ ★

૧. આનાથી મુરાદ ક્યાં તો તે લોકો છે જેમના પર જેહાદ ફર્ઝ હોય અને ન તે જેહાદ કરે, ન જેહાદની તૈયારી કરે ન જેહાદનો ઈરાદો કરે, ન કોઈ મુજાહિદની માલી મદદ કરે તે કયામતમાં એ કમાલથી વંચિત હશે જે મુજાહિદોને હાંસલ થશે. અથવા જેહાદથી આમ (સામાન્ય) જેહાદ મુરાદ છે ચાહે કાફિરો સાથે જેહાદ હોય કે કમીના નફ્સથી કે શૈતાનથી અથવા નાફર્માન ઔલાદથી અથવા ગુનેહગાર બેશરમ મુસલમાનોથી કે એમનામાંથી કોઈ ન કોઈ જેહાદ દરેક મુસલમાનને મયસ્સર થાય છે, જેથી હદીષનો મતલબ સ્પષ્ટ છે, અને આ હદીષના આધારે નથી કહી શકાતુ કે શરીઅત તથા તરીકૃતના ચારેવ ઈમામ તેમજ અહલે બયતના ૧૨ ઈમામોને જેહાદ મયસ્સર ન થયો તે પણ નાકિસ (અપૂર્ણ) હોવા જોઈએ. (મઆઝલ્લાહ !)

★ શહીદને સકરાતમાં મામૂલી તકલીફ થાય છે ★

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ
નથી પામતો પણ એટલી જેટલી કે કોઈ કીડીના કરડવાની તકલીફ પામે.[૧] (તિર્મિઝી, નિસાઈ, દારમી)
અને તિર્મિઝીએ ફર્માવ્યું કે આ હદીષ હસન પણ છે ગરીબ પણ."

★ હદીષ : (૪૯)-૩૮૩૬ ★

૧. જાહેર એ છે કે અહીં શહીદથી મુરાદ હકીકી શહીદ જુલ્મની રીતે કત્લ થનાર ખાસ કરીને જેહાદમાં કાફિરના હાથે શહીદ થાય. એટલે કે શહીદને નઝઅ (સકરાત)ની તકલીફ નથી, અંત્યત મામૂલી ચટકા જેવી તકલીફ થાય છે, અને રાહે ખુદામાં જાન દેવાની જે લિજજત છે તે તો એવી છે જે અવર્ણનીય છે, ત્યાં સુધી કે શહીદ બારગાહે ઈલાહીમાં પહોંચીને આ લિજજતને હાંસલ કરવાના માટે ફરી દુનિયામાં આવવા ચાહે છે. મિર્કાતે ફર્માવ્યું કે શક્ય કે એમાં હુકમી શહીદ પણ સામેલ હોય. યાદ રાખશો કેટલાક આશિકોને મરતી વખતે હુઝૂર
દેખાડવામાં આવે છે જેમાં તેઓ એવા દીવાના થઈ જાય છે કે તેમને નઝઅની સખ્તી મેહસૂસ નથી થતી. જુઓ ! મિસ્રની સ્ત્રીઓએ જમાલે યૂસુફીમાં ગુમ થઈને પોતાના હાથ કાપી નાખ્યા પણ હાય વોય ન કરી કેમ કે તેમને કોઈ તકલીફ મેહસૂસ જ ન થઈ. તો પછી જમાલે મુહમ્મદીમાં ખોવાય જવાનો શો આલમ હશે, એ તો રબ જ જાણે ! જ્યારે દિલ્હીમાં ગાઝી અબ્દુર્રશીદને એક ગુસ્તાખ આર્યના કત્લના બદલામાં ફાંસી આપવામાં આવી તો પ્રથમ તેણે ફાંસીને ચૂમી પછી જાન નીકળવા પર આયતે કરીમા :

(જમીન પર જેટલા છે સૌને ફના છે, અને બાકી છે તમારા રબની ઝાત અઝમત તથા બુઝુર્ગીવાળી. સૂ. રહમાન, ૫૫/૨૬, ૨૭) પઢી અને હસતાં હસતાં જાન ખુદાના હવાલે કરી આપી. આશિકોના હાલ નિરાળા હોય છે. જેથી હદીષ બિલ્કુલ અર્થ પર છે, અને એવા મરનારાઓને મરતા જોવામાં પણ આવ્યા છે.

★ અલ્લાહને બે ટીપાં ખૂબ જ પસંદ છે ★

"હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે તે નબી કરીમ

ટીપાંઓ કરતાં કોઈ ચીજ પ્યારી નથી. એક આસુંનું ટીપુ જે અલ્લાહના ડરથી હોય[૧] એક લોહીનું ટીપુ જે અલ્લાહની રાહમાં વહાવવામાં આવે.[૨] અને પરંતું બે કદમનાં નિશાન, તો એક તે કદમનુ નિશાન જે અલ્લાહની રાહમાં હોય[૩] અને એક તે કદમનું નિશાન જે અલ્લાહના ફર્ઝોમાંથી કોઈ ફર્ઝમાં હોય.[૪] (તિર્મિઝી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે."

★ હદીષ : (૫૦)-૩૮૩૭ ★

૧. યાદ રાખશો કે ગુનેહગારોને રબ તઆલાના અઝાબથી ડર હોય છે, નેકોકારોને તેની ઝાત હયબત (ઘાક) તથા જલાલથી ડર હોય છે. આ ખૌફ મહોબ્બત તથા ઈતાઅત (ફર્માબરદારી) પેદા કરે છે. આ ખૌફ અલ્લાહની મોટી નેઅમત છે. એક ખૌફ (ડર) ઈજાનો છે જે નફરત પેદા કરે છે, એવો ખુદાથી ખૌફ કરવો કુફ્ર છે, જેમ કે સાપ અથવા જાલિમ હાકિમથી ડર. જુઓ શૈતાને પણ કહ્યું હતું
માલિક છે સર્વ જહાનનો. સૂ. માઈદા, ૫/૨૮) આ ડર ફાયદામંદ નથી પણ નુકસાનકર્તા છે. અહીં પ્રથમ પ્રકારના બે ખૌફ મુરાદ છે.

૨. કેમ કે આસુંઓનાં ટીપાં સતત આંખોથી ટપકતાં રહે છે અને લોહી એકદમ નીકળીને વહી જાય છે એટલા માટે આસુંના માટે બહુવચન દર્શાવાયું અને લોહીના માટે
મુરાદ ટીપાઓની જાતી છે ન કે શખ્સી ટીપુ. જેથી હદીષ પર એ વાંધો નથી કે ઘણા બધા આંસુઓનુ ટીપુ એક કેવી રીતે થશે અને શહીદના શરીરથી લોહીની ધારા વહે છે, એક ટીપુ નથી નીકળતુ.

૩. અલ્લાહની રાહથી દરેક તે રસ્તો મુરાદ છે જે રઝાએ ઈલાહીના માટે નિશ્ચિત કરવામાં આવે, જેમ કે : નમાઝના માટે મસ્જિદમાં જવું, ઈલ્મ પ્રાપ્ત કરવા મદ્રસે જવું, જેહાદ માટે જેહાદના મેદાનમાં જવું અને ત્યાં ચાલવું ફરવું. કદમના નિશાનથી સામાન્ય નિશાન મુરાદ છે ચાહે મેહસૂસ થાય કે ન થાય. જેથી એના પર એ વાંધો નથી કે પાકી સડક પર ચાલવામાં કદમનાં નિશાન પડતાં જ નથી તો પછી પ્યારી કઈ ચીજ હશે.

૪. એટલે કે કોઈ શરઈ ફર્ઝને અદા કરવાના માટે ચાલ્યો તેનાં કદમનાં નિશાન રબને પ્યારાં છે. અને શક્ય છે કે અષરથી મુરાદ મુત્લક્ન નિશાન હોય કદમની શર્ત ન હોય, તો હદીષ ખૂબ જ સમૃધ્ધ પણ થશે અને સ્પષ્ટ પણ થશે. જેથી ઠંડી ઋતુમાં વુઝૂથી હાથ પગો ફાટી જાય, ગરમીઓમાં પેશાની પર ગરમ જમીન પર સજદા પડી જાય, રોઝામાં મોઢાની બૂ, હજ તથા જેહાદમાં રસ્તાની ધૂળ જે કપડાં તથા મોં પર પડી જાય એ રબને ઘણા પ્યારાં છે. મિર્કાતે આ જ ખુલાસો અપનાવ્યો.

★ દરિયાઈ સફર, હજ્જ, ઉમરા, જેહાદને આડરૂપ નથી ★

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ; JFZ G YI M *પણ હાજી હોય તો અથવા ઉમરા કરનાર અથવા ગાઝી ફી સબીલિલ્લાહ થઈને[૨] કેમ કે દરિયાની નીચે આગ છે અને આગની નીચે દરિયો છે.[૩]'' (અબૂ દાઉદ)*

★ હદીષ : (૫૧)-૩૮૩૮ ★

૧. એમાં ક્યાં તો સંબોધન કેવળ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી છે કે તમે કેવળ આ ત્રણ જરૂરતો સિવાય કદી સમુદ્રની સફર ન કરશો, જો કે મદીના મુનવ્વરાથી મક્કા મુકર્રમા જતાં સમુદ્ર નથી આવતો, જમીનનો રસ્તો જ છે પણ ભાવિ માટે ફર્માવવામાં આવ્યું કે તમે કદી ગઝવામાં સમુદ્રથી પાર ચાલ્યા જાવ તો ત્યાંથી હજના માટે સમુદ્રની સફર કરી શકો છો. અથવા ક્યાં તો સંબોધન તે સર્વ મુસલમાનોને છે જેઓ એ જમાનામાં હતા જ્યારે કે સમંદરી સફર હવાની દિશા બદલવા રાખેલ પર્દાવળી નાવ કે જહાજ વડે થતો હતો અને એ સખત ખતરનાક સફર હતો. વિરૂધ્ધ દિશાની હવા ચાલવાની સ્થિતિમાં એક એક મહીનો સમુદ્રમાં એક જગાએ જ રોકાવુ પડતુ હતું, અથવા તો જે તરફની હવા હોતી એ તરફ જ નાવ કે જહાઝ ચાલ્યું જતુ હતું. નાવિકોના કાબૂથી નીકળીને ક્યાંથી ક્યાં પહોંચી જતી હતી. હવે જ્યારે સમંદરી સફર ખૂબ જ આસાન થઈ ચૂક્યો જેથી એ હુકમ પણ નથી રહ્યો. હવે આટલી વૈજ્ઞાનિક સહૂલતો થઈ ચૂક્યા બાદ પણ ઘણા હાજી જહાઝમાં મરી જાય છે, બીમાર તો ઘણા બધા થઈ જાય છે. ખુદ આ ફકીર (લેખક) પણ દરેક વખતે હજના મોકા પર ઝાડા તથા ઉલ્ટીમાં સફર વગેરેમાં સપડાયેલો રહ્યો. વિચારો કે એ જમાનામાં દરિયાઈ સફરનો શું હાલ રહેતો હશે. જેથી આ ફર્માન એ સમયના લેહાઝથી ખૂબ જ યોગ્ય છે. શક્ય છે કે આ મનાઈ મશ્વરા રૂપે હોય. એક હદીષમાં છે કે , એકલો મુસાફિર શૈતાન છે અને બે મુસાફિર બે શૈતાન અને ત્રણ મુસાફિર ક़ાફલો છે. આ ફર્માને આલી પણ એ સમયના લેહાઝથી છે જ્યારે રસ્તા ખતરાઓથી ભરપુર હતા.

૨. અમુક ઉલમાએ સમુદ્ર આડો હોવાને હજ છોડવા માટે મજબૂરી ગણેલ છે. આ હદીષમાં તેમની સહી રદ છે કે જ્યારે એ શરૂના દોરમાં દરિયાઈ સફર ઘણો જ ખતરનાક હતો, છતાં સમુદ્ર હજ વાજિબ થવા માટે ઉઝર (મજબૂરી) ન બન્યો તો હવે કેવી રીતે થઈ શકે છે ?! અહીં ફર્માવવામાં આવ્યું કે હજ, ઉમરા, જેહાદ એટલા મહત્વના છે કે તેમની અદાયગીના માટે સમુદ્રમાં પણ સફર કરવો પડે તો કરો. આ સમંદરની ખતરનાક લહેરો તમને એ ચીજોથી રોકી ન દે. હુઝૂર
જમાનામાં સહાબાએ કિરામે જેહાદના માટે સમંદર પાર કર્યો, કે ઉમ્મે એહરામની એક રિવાયતમાં છે.

૩. આ ફર્માને આલી તો જાહેરી અર્થ પર છે કે સમુદ્રમાં પાણીની નીચે આગનો સમુદ્ર છે અને પછી આગના સમુદ્રની નીચે પાણીનો અધિક સમુદ્ર છે. દુનિયાના ખાતર આવી ખતરનાક જગાએ ન જશો જ્યાં ઉપર નીચે ત્રણ સમુદ્રો છે, બે પાણીના એક આગનો. રબ તઆલા ફર્માવે છે : ''જ્યારે સમુદ્ર આગથી ભડકાવવામાં આવશે.'' (સૂ. તકવીર, ૮૧/૬) અથવા ત્રણેવ સમુદ્ર આગના કરી દેવામાં આવશે. સમુદ્રનું વર્ણન હાકિમની એક રિવાયતમાં પણ છે. અથવા આ સફરની મુશ્કેલી દર્શાવવા માટે આ કલમા કહ્યા કે સમુદ્ર જાણે આગ તથા પાણીની મુસીબતોથી ઘેરાયેલો છે. (લમ્આત, અશિઅ્હ મિર્ક઼ાત) જ્યારે દરિયાઈ જહાજમાં ચાલતાં ચાલતાં આગ લાગી જાય છે તો ત્યાં આગ તથા પાણી તથા સમુદ્રનું ભેગુ થઈ જવું, કેટલાક સવાર સળગીને મરી જાય છે તો કેટલાક ડૂબીને.

અલ્લાહની પનાહ ! (હાલમાં જ તા. ૧૭–૩–૨૦૨૪, ૬–રમઝાન હિ.સ. ૧૪૪૫ના ન્યૂઝમાં છે કે આઈસલેન્ડમાં જ્વાળામુખી ફાટયો અને શહેરમાં આગની નદી વહેતી થઈ. હેલિકોપ્ટર દ્વારા લોકોને બહાર કાઢવામાં આવ્યા. સમુદ્રના પાણી પર આગ સળગી રહી હતી. *–અનુવાદક*)

★ દરિયાઈ સફરનો સવાબ ★

''હઝરત ઉમ્મે હરામથી[૧] રિવાયત છે. તે નબી કરીમ [redacted]
આવનાર જેને ઊલ્ટી થાય છે તેને એક શહીદનો સવાબ છે[૨] અને ડૂબી જનારને બે શહીદોનો સવાબ છે.[૩]''
(અબૂ દાઊદ)

★ હદીષ : (૫૨)-૩૮૩૯ ★

[redacted]

૧. આપ ઉમ્મે હરામ બિન્તે મલ્વાન ઈબ્ને ખાલિદ નજ્જારિયા છે. ઉમ્મે સુલૈમનાં બહેન છે. હુઝૂર [redacted] આપના ઘરમાં જ ક़ૈલૂલા (બપોરનો આરામ) કરતા હતા. હઝરત ઓબાદા ઈબ્ને સામતના પત્ની છે. હઝરત અનસનાં માસી. ખિલાફતે ઉષ્માનિયામાં પોતાના પતિની સાથે રોમના જેહાદમાં શરીક થયાં અને તેમાં જ શહીદ થયાં. કબરસમાં કબર શરીફ છે. આપનું નામ ન જાણી શકાયું. *(મિર્ક़ાત, અશિઅહ)*

૨. એટલે કે જે હજ્જ, ઉમરા, જેહાદ કે વેપારના માટે દરિયાનો સફર કરે અને તેમાં ચક્કર આવે, ઊલ્ટી કરી, ભલે જીવતો નીકળી જાય તો પણ તેને શહીદનો સવાબ છે. નાજાઈઝ તથા બિનજરૂરી દરિયાઈ સફરનો આ હુકમ નથી. અને આ સવાબ ત્યારે છે જ્યારે દરિયાઈ માર્ગ સિવાય અન્ય કોઈ માર્ગ ન હોય, એટલે કે મજબૂરન એ સફર કરે.

૩. એક સવાબ તેની તકલીફ ઉઠાવવાનો બીજો સવાબ ડૂબી જવાનો.

★ હક़ીક़ી શહીદ અને હુકમી શહીદ ★

''હઝરત અબૂ માલિક અશ્અરી [redacted]
રિવાયત છે ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ [redacted]
ફર્માવતાં સાંભળ્યા કે જે અલ્લાહની રાહમાં ઘરથી નીકળ્યો[૧] પછી ક़ત્લ કરી દેવામાં આવ્યો તેને તેના ઘોડા અથવા ઊંટે કચડી નાખ્યો, તેને ઝેરીલા જાનવરે ડંખ મારી દીધો[૨] અથવા પોતાની પથારી પર કોઈ કારણે મરી ગયો જેમ કે અલ્લાહે ચાહ્યું તો તે શહીદ છે[૩] અને એના માટે જન્નત છે.[૪]'' (અબૂ દાઊદ)

★ હદીષ : (૫૩)-૩૮૪૦ ★

[redacted]

૧. [redacted] (ફસલ) ક્યાં તો બાબે ઝરબથી છે એટલે કે ઘરથી અલગ થઈને નીકળ્યો. રબ તઆલા ફર્માવે છે. [redacted] (પછી જ્યારે તાલૂત લશ્કરોને લઈને શહેરથી જુદા થયો. સૂ. બકરહ, ૨/૨૪૯) અથવા [redacted] બાબે તફઈલથી છે. એટલે જેણે પોતાને પોતાના વતનથી અલગ કર્યો જેહાદના માટે અથવા હજના માટે અથવા ઈલ્મ પ્રાપ્તિ માટે.

૨. અરબીમાં [redacted](હામા) તે ઝેરીલુ જાનવર છે જેનું ઝહેર કાતિલ હોય, જેમ કે સાપ વગેરે. અને [redacted]

(સામા) તે ઝેરીલુ જાનવર છે જેનું ઝહેર તકલીફ આપનારુ તો હોય પણ કાતિલ ન હોય જેમ કે વીછી, ભમરો વગેરે.

૩. હક़ીક़ી શહીદ કે હુકમી શહીદ જેવું કે ફ઼ર્માનથી જાહેર છે. જુલ્મની રીતે ક़ત્લ થનાર તો શહીદે હક़ીક़ી છે અને ઝેરીલાં જાનવર વગેરેથી મરનાર હુકમી શહીદ છે.

૪. ફ઼ક़ીહો ફ઼ર્માવે છે કે સફ઼રની મૌત શહાદત છે. એનો માખઝ આ હદીષ છે. સફ઼રથી મુરાદ રાહે ખુદામાં સફ઼ર છે.

★ ગાઝીને પરત થતાં પણ જેહાદનો સવાબ ★

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમરથી રિવાયત છે કે રસૂલુલ્લાહ [redacted] જેહાદની જેમ છે[૧]" (અબૂ દાઊદ)

★ હદીષ : (૫૪)-૩૮૪૧ ★

[redacted]

૧. આ ફ઼ર્માને આલીની કેટલીક શર્તો છે : એક એ કે ગાઝીનુ સફ઼રે જેહાદથી પોતાના વતનની તરફ઼ પરત થવું પણ એ જ સવાબ ઘરાવે છે જે જેહાદમાં જવું ઘરાવતુ હતું. બીજુ એ કે દુશ્મનને બેહકાવવાના માટે જેહાદના મેદાનથી પરત થઈ જવું જેથી દુશ્મન સંતોષ પામીને જંગની તૈયારી બંધ કરી દે, પછી અચાનક પલ્ટીને તેના પર હુમ્લો કરી દેવામાં આવે. આ એક જંગી ચાલ હોય છે, એનો સવાબ પહેલી વાર જેહાદના મેદાનમાં આપવાની જેમ છે. ત્રીજી એ કે દુશ્મનનો દબાવ વધી જવાથી અને ઈસ્લામી લશ્કરનુ હાર ખાય જવાનુ યક़ીન થઈ જતાં જેહાદના મેદાનથી પરત થઈને પોતાના મર્કઝમાં પહોંચી જવું એ પણ એનો પણ એ જ સવાબ છે જે જેહાદમાં જવાનો સવાબ હતો. ચોથી એ કે બીજી ત્રીજીવાર જેહાદમાં જવાનો સવાબ એટલો જ છે જે પ્રથમ વાર જેહાદમાં જવાનો હતો. યાદ રાખશો કે [redacted] તથા [redacted]
ફાલના માટે ક़ાફ઼िલા કહે છે, એટલેક ખૈરિયતથી પરત થનારા મુસાફરોની જમાઅત.

"તેમનાથી જ રિવાયત છે. ફ઼ર્માવે છે, રસૂલુલ્લાહ [redacted] એ ફ઼ર્માવ્યું કે ગાઝી (મુજાહિદ)ના માટે એનો સવાબ છે[૧] અને ગાઝીના મદદગાર માટે[૨] પોતાનો સવાબ છે અને ગાઝીનો સવાબ.[૩]" (અબૂ દાઊદ)

★ હદીષ : (૫૫)-૩૮૪૨ ★

[redacted]

૧. એટલે કે જે પોતે જેહાદમાં જાય અને ગઝવા કરે તેને જેહાદનો પૂરેપૂરો સવાબ મળશે જે મુજાહિદ માટે રબે ખાસ ફ઼ર્માવ્યું છે.

૨. એટલે કે જે મુસલમાન કોઈ મુજાહિદ ગાઝીને માલી ઈમદાદ આપે કે તેને જેહાદનો સામાન, સવારી વગેરે પૂરાં પાડે જેનાથી તે જેહાદ કરી લે. શબ્દકોશમાં [redacted] એ [redacted]
છે. અહીં મજૂરી તથા જેહાદનો સામાન સૌ મુરાદ છે. યાદ રાખશો કે અહનાફ઼ની નજીક જેહાદની મજૂરી આપવી તદન જાઈઝ છે, પણ ઈમામ શાફ઼ઈને ત્યાં નાજાઈઝ છે, ત્યાં સુધી કે જો કોઈ ગાઝીએ એ મજૂરી લઈ લીધી તો પરત કરવી વાજિબ છે. આ હદીષ ઈમામ અબૂ હનીફ઼ાની દલીલ છે. *(મિર્ક़ાત)*

૩. એટલે કે આ માલ આપવા તથા સહાય કરવાવાળાને ડબલ સવાબ મળશે. એક તો રાહે ખુદામાં જેહાદ કરવાનો, બીજો એ મુજાહિદને જેહાદ માટે પ્રોત્સાહિત કરવાનો. [redacted] યાદ રાખશો કે ઈમામ

ઝહરી તથા ઈમામ માલિક તથા ઈમામે આ'ઝમ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ ને ત્યાં જેહાદ પર મજૂરી આપવી લેવી જાઈઝ છે અને મજૂરી લેનારને પણ સવાબ મળશે એટલા માટે તેને મજૂરી લેવા છતાં હુઝૂરે ગાઝી કહ્યા.

★ તમો ઘણા દેશના વિજયી થશો ★

"હઝરત અબૂ અૈયૂબથી રિવાયત છે. તેમણે નબી કરીમ
શહેરો ફતહ કરવામાં આવશે અને હશે લશ્કર એકત્ર કરેલાં.[૧] એ લશ્કરોમાં અમુક ફોજો નિશ્ચિત કરી દેવામાં આવશે.[૨] તો એક શખ્સ જેહાદમાં મોકલવાને નાપસંદ કરશે.[૩] તે પોતાની કૌમથી ભાગી જશે[૪] પછી તે કબીલાઓને તલાશ કરશે. પોતે પોતાને તેમના સમક્ષ રજૂ કરશે[૫] કે હું ફલાણા લશ્કરમાં કોને કિફાયત કરું[૬] અને તે પોતાના લોહીના અંતિમ ટીપા સુધી મજદૂર હશે[૭] " (અબૂ દાઉદ)

★ હદીષ : (૫૬)-૩૮૪૩ ★

૧. એટલેક કે અત્યારે ઈસ્લામી દેશોનો વિસ્તાર ખૂબ સીમિત છે, નજીકમાં જ સમય આવશે કે અલ્લાહ તઆલા મુસલમાનોને ખૂબ જ મોટા મોટા દેશો અતા કરશે. ઈસ્લામી દેશો ઘણા થઈ જશે. તો ખલીફતુલ મુસ્લિમીન દરેક દેશ માટે અલગ અલગ ફોજો નિયુક્ત કરશે કે જેથી દરેક જગાએ કાફિરોનો સામનો થતો રહે. જેટલા પ્રમાણમાં દેશ વિશાળ હોય છે એટલા પ્રમાણમાં ફોજ વધારે રાખવી પડે છે. **આ ગયબી ખબર જે અલ્લાહના રસૂલ એ આપી અને ફારૂકી યુગથી એનું જાહેર થવું શરૂ થયું.**

૨. એટલે ઈસ્લામી સુલ્તાન મોટા લશ્કરના વિવિધ હિસ્સા કરીને અલગ અલગ દેશોમાં મોકલશે. મુરાદ મોટાં મોટાં લશ્કર છે. અને જેઓ હેડક્વાર્ટરોમાં રહે. અને
અલગ સરહદો પર હિફાઝતના માટે નિશ્ચિત કરવામાં આવે.

૩. એટલે કે આ જમાનામાં સામાન્યતઃ મુસલમાન જેહાદ ફી સબીલિલ્લાહ માટે તૈયાર થશે પણ ક્યાંક ક્યાંક અમુક અમુક માણસ મજૂરી વિના જેહાદમાં જવા તૈયાર ન થશે.
આવવું.

૪. એટલા માટે ભાગશે કે તેણે વિના મજૂરીએ જેહાદમાં જવું ન પડે.

૫. એટલે ત્યાંથી ભાગી છૂટયા બાદ વિવિધ કબીલાઓ કુટુંબોમાં ફરશે, તેમને મળશે. કેમ ? મજૂરીની તલાશના માટે.

૬. એટલે કે લોકોને એવું કહેતો ફરે કે કોણ મને જેહાદનો સામાન તથા મજૂરી આપી દે તો હું તેની તરફથી જેહાદ કરું અને તે આરામ કરે. મને રૂપિયા આપીને પોતાની તરફથી જેહાદમાં મોકલી દે.

★ જેહાદમાં મજૂરી પામનાર સવાબથી વંચિત ★

૭. એટલે કે એવો માણસ જેને જેહાદથી કોઈ આકર્ષણ ન હોય, કેવળ માલ પર નજર હોય અને જેહાદમાં શરીક થવાને કેવળ માલ હાંસલ કરવાનો ઝરીયો બનાવે તેને જેહાદનો કોઈ સવાબ મળશે નહીં. તે આખરી શ્વાસ

સુધી મજૂર જ રહેશે. ગાઝી ફી સબીલિલ્લાહ ન થશે અને ન જેહાદના સવાબનો હક્કદાર થશે. આ હદીષ સૌની દલીલ છે કે જેહાદ પર મજૂરી લેવી દેવી જાઈઝ છે કેમ કે મજૂરને હુઝૂરે ગુનેહગાર નથી કહ્યો બલ્કે તેને જેહાદનો સવાબ પામનાર ઠરાવ્યો, કે સવાબથી વંચિત કેવળ મજૂરને બતાવ્યો ન કે માલ આપનારને.
તેની ખબર.

''હઝરત યઅ્લા ઈબ્ને ઉમૈયાથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ
હું ઘણો જ વૃધ્ધ હતો, મારી પાસે કોઈ નોકર પણ ન હતો[૨] મેં એક મજૂર શોધ્યો જે મને કિફાયત કરે, તો મેં એક શખ્સને પામ્યો જેના માટે મેં ત્રણ દીનાર નક્કી કર્યા[૩] પછી જ્યારે માલે ગનીમત આવ્યો તો મેં ચાહ્યું કે તેના માટે તેનો હિસ્સો લાગુ કરી દઉં[૪] જેથી હું નબી કરીમ
અર્ઝ કર્યું તો ફર્માવ્યું કે હું તે મજૂરના માટે આ જેહાદમાં દુનિયા તથા આખેરતમાં નક્કી થયેલ દીનારો સિવાય અન્ય નથી જોતો.[૫]'' (અબૂ દાઉદ)

★ હદીષ : (૫૭)-૩૮૪૪ ★

૧. આપ સહાબી છે. ફતહે મક્કાના દિવસે ઈમાન લાવ્યા. ગઝવએ હુનૈન તાઈફ અને તબૂકમાં શરીક રહ્યા. ફારૂકી યુગમાં નજરાનના હાકિમ રહ્યા. જંગે સિફ્ફીનમાં હઝરતની સાથે રહ્યા. એમાં જ શહીદ થયા. *(અશિઅહ)*

૨. ખબર ન પડી કે એ કયો ગઝવા હતો. સારાંશ એમને જેહાદનો શોખ હતો પણ ઘડપણના કારણે તેમને કોઈ ખાદિમની જરૂરત હતી જે જેહાદના મેદાનમાં તેમની ખિદમત કરે.

૩. ખાવા પીવા ઉપરાંત ત્રણ દીનાર મારાથી લઈ લે અને જેહાદમાં મારી સાથે ચાલે, ત્યાં મારી ખિદમત કરે.

૪. એટલે કે એને પણ બીજા ગાઝીઓની જેમ ગનીમતનો હિસ્સો આપું. અથવા અપાવું. જો પગપાળા હતો તો પગપાળા ગાઝીનો હિસ્સો અને જો સવાર હતો તો સવારી ગાઝીનો હિસ્સો.

૫. એટલે કે એને આ ત્રણ દીનાર જ મળશે, એના સિવાય ન સવાબ મળે ન ગનીમતનો હિસ્સો. યાદ રાખશો કે મુજાહિદના સેવક નોકરના વિશે ઉલમામાં મતભેદ છે. અમુકે ફર્માવ્યું કે તેને ગનીમતનો હિસ્સો મળશે નહીં, અમુકે ફર્માવ્યું કે ગનીમતનો હિસ્સો મળશે જેહાદ કરે કે ન કરે. ઈમામ અવઝાઈ, ઈસ્હાકનો કૌલ છે કે કેવળ નિશ્ચિત મજૂરી જ મળશે. ઈમામ શાફઈના બે કૌલ છે : એક તે જે ઉપર વર્ણન પામ્યો કે મજૂરી મળશે નહીં, બીજો એ કે મજૂરી મળશે પણ ગનીમતનો હિસ્સો નહીં મળે. અમુકની નજીક તેને અખત્યાર હશે કે ગનીમતનો હિસ્સો લે અથવા મજૂરી લે. ચોથો કૌલ એ છે કે જો એ મજૂરે જંગ કરવાની શરત ન લગાડી હતી પણ જેહાદ કર્યો, જંગ કર્યો તો તેને મજૂરી જંગ કરવાની શરતે ન લગાડી હતી પણ જેહાદ કર્યો, જંગ કર્યો તો તેને મજૂરી પણ મળશે અને ગનીમતનો હિસ્સો પણ મળશે. અહનાફને ત્યાં ઈજારો તથા અજૂર ભેગાં થઈ શકે છે. (મિર્કાત) આ હદીષ પણ ઈમામે આ'ઝમ
જેહાદ પર મજૂરી નાજાઈઝ નથી, ન મજૂરી પરત કરવી જરૂરી છે.

''હઝરત અબૂ હુરૈરહ
એક શખ્સે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ !
રાહે ખુદા
તે દુનિયવી સામાનથી કોઈ સામાનની ખ્વાહિશ કરે છે[૧] તો નબી કરીમ એ કરીમ
તેના માટે કોઈ સવાબ નથી.[૨]'' (અબૂ દાઊદ)

★ હદીષ : (૫૮)-૩૮૪૫ ★

૧. એ
સામાન. જેથી રૂપિયા, પૈસા 'રે' ના ઝબરથી છે, પણ નથી પણ તે છે.
દરેક દુનિયવી ભલાઈ છે, માલ હોય કે ઈજ્જત કે ખ્યાતિ કે મજૂરી. (મિર્ક઼ાત) એટલે કે જેહાદ ફી સબીલિલ્લાહમાં ગયો પણ તેનો મકસદ દુનિયા છે, માલ હોય કે સંપત્તિ કે ઈજ્જત કે ખ્યાતિ હોય, અલ્લાહને માટે ત્યાં ન ગયો, જેથી જવાબ તદ્દન બરહક્ક઼ છે.

૨. કેમ કે તે આ જેહાદથી અલ્લાહની મરજીનો તાલિબ ન હતો, દુનિયાનો તાલિબ (તલબ કરનાર) હતો, જેથી સવાલનો હક્ક઼દાર નથી. પરંતું જો અલ્લાહને રાજી કરવા જેહાદ કરે અને ખયાલ એ પણ હોય કે રબ તઆલા ગનીમત અતા કરે તો ઈન્શા અલ્લાહ ! સવાબ પણ મળશે, ભલે એ ગાઝી કરતાં ઓછો મળશે જે ગનીમતની નિય્યત બિલ્કુલ ન કરે. સારાંશ કે સવાબનો આધાર નિય્યત પર છે. પહેલાં હદીષ વર્ણન થઈ ચૂકી કે ગાઝી અજ્રો સવાબ અને ગનીમત લઈને પરત થાય છે. *(મિર્ક઼ાત)*

★ મુજાહિદનું દરેક કાર્ય ઈબાદત ★

''હઝરત મઆઝથી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ
છે[૧] જે ગાઝી રઝાએ ઈલાહીની તલાશ કરે, અમીરની ફર્માબરદારી કરે, પોતાની પ્યારી ચીજ ખર્ચ કરે[૨] સાથી સાથે નરમી વર્તે[૩] દંગા ફસાદ (લડાઈ ઝઘડા)થી બચે[૪] તો તેનું સૂવું જાગવું સર્વ જ સવાબ છે[૫] અને જે શખ્સ શયખી તથા દેખાડો કરવા ખ્યાતિ (વાહ વાહ)માટે જેહાદ કરે અને અમીરની નાફર્માની કરે અને જમીન પર ફસાદ ફેલાવે[૬] તો તે બરાબરીથી પણ પરત ન થશે.[૭]'' (માલિક, અબૂ દાઊદ, નિસાઈ)

★ હદીષ : (૫૯)-૩૮૪૬ ★

૧. જેહાદની જિન્સ (જાતી) અને મુત્લક઼ જેહાદ બે પ્રકારના છે. જેહાદ ફી સબીલિલ્લાહના બે પ્રકાર નથી બલ્કે તે ખુદ જેહાદની જિન્સ (જાતી)નો એક પ્રકાર છે, એ જરૂર ખયાલમાં રાખશો.

૨. અહીં અમીરથી મુરાદ જેહાદનો અમીર છે, કમાન્ડર અથવા પોતાનો અફસર, અને પ્યારી ચીજથી મુરાદ માલ અને જાન છે કે એ બંને ચીજો ખર્ચ કરવા તૈયાર થઈ જાય.

૩. એટલે બીજા ગાઝીઓની સાથે જે સફરના સાથી હોય તેમની સાથે નમ્ર તથા સારો વર્તાવ કરે.

૪. દંગા ફસાદથી મુરાદ સાથીઓ સાથે મારપીટ, ગાળ ગલોચ છે. જેવું કે સામાન્ય રીતે જાહિલ લોકો પોતાના સફરના સાથી સાથે કરે છે. જેહાદની હાલતમાં તો આવી હરતો સખત ખતરનાક છે.

૫. જાગવું અને જાગવાનાં સર્વ દીની દુનિયવી કામ જેમ કે નમાઝ અને ખાવુ પીવુ, વાત કરવું, હસવું બોલવું, રડવું વગેરે કે એ સૌ ઈબાદત જ બની જાય છે.

૬. ફસાદથી મુરાદ તે જ આપસની લડાઈ ઝઘડા છે જે હમણા વર્ણવ્યું, એટલે જે શખ્સ આ ત્રણેવ જુર્મ કરે તેનો આ હુકમ છે.

★ રિયા (દેખાડો કરવા)ના પ્રકારો ★

૭. એટલે કે ગુનેહગાર થઈને પરત થશે કે એ હરકતોના ગુનાહનો બોજ માથા પર હશે અને એ સફર વગેરેનો સવાબ કાંઈ પણ ન મળશે, જેથી નેકી કમાવાને બદલે ગુનાહ કમાયને લાવશે. [redacted]
બેહતર ચીજ, જે ચીજ જરૂરતથી ન બચે એટલે જરૂરત મુજબની ચીજ, ખૈર તથા ભલાઈનો સવાબ. [redacted]
ઝબરથી પણ છે અને ઝેરથી પણ. જે ઝેરથી છે તે બાબે મફાએલાનો મસ્દર છે. અહીં મિર્કાતે રિયા પર ખૂબ જ સરસ ચર્ચા કરી. ખુલાસો એ છે કે રિયાથી મોટાભાગના અમલનો સવાબ ઓછો થઈ જાય છે, અમલ બાતિલ નથી થતો. એટલા માટે રિયાકાર પર રિયાથી કરેલી ઈબાદત દોહરાવવી વાજિબ નથી. અને જો બાદમાં તૌબા નસીબ થઈ જાય તો ઈન્શા અલ્લાહ ! તે કમી પણ પૂર્ણ થઈ જાય છે. વળી રિયાના પણ બે પ્રકાર છે : રિયા નફસે અમલ, એ જ કે જો લોકો ન જોતા હોય અને જરાય નામવરીની (નામનાની) ઉમ્મીદ ન હોય તો નેકી કરે જ નહીં. બીજી રિયા કમાલે અમલમાં, જો લોકોને દેખાડવા માટે સારી રીતે નેકી કરે, નહીં તો મામૂલી રીતે. પહેલી રિયા અધિક ખતરનાક છે બીજી રિયા હલકી છે. યાદ રાખશો કે કોઈ શખ્સ રિયાના કારણે અમલ ન છોડી આપે, ઈખ્લાસની દુઆ કરે અને અમલ કર્યે જાય તો ક્યારેક અલ્લાહ તઆલા ઈખ્લાસ પણ નસીબ કરી જ આપશે. માખીઓના કારણે ખાવાનું ન છોડે.

★ મકબૂલ તથા મરદૂદ જેહાદનો ફરક છે ★

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! [redacted] વિશે ખબર આપો.[૧] તો ફર્માવ્યું, હે અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ![૨] જો તમે સાબિર બનીને અજર તલબ કરતાં જેહાદ કરશો તો અલ્લાહ તઆલા તમને સબ્રવાળા અજૂરના તાલિબ (તલબગાર) જ ઉઠાડશે[૩] અને જો તમે રિયાકાર અને ઝિયાદતીની હવસથી જેહાદ કરશો તો અલ્લાહ તમને રિયાકાર હવસવાળા ઉઠાડશે[૪] હે અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ! જે હાલ પર જંગ કરશો અથવા માર્યા જશો તમને અલ્લાહ એ જ હાલ પર ઉઠાડશે.[૫]'' (અબૂ દાઊદ)

★ હદીષ : (૬૦)-૩૮૪૭ ★

[redacted]

૧. એ રીતે કે જેહાદની તફસીલ તથા તફઝીલ (ફઝીલત) બતાવો અથવા તેની હકીકત પર માહિતગાર કરો અથવા મકબૂલ તથા નામકબૂલ જેહાદ વિશે ખબર આપો. જવાબ શરીફથી માલૂમ પડે છે કે સવાલ ત્રીજી વાતના વિશે હતો કે મકબૂલ જેહાદ કયો છે અથવા મરદૂદ જેહાદ કયો.

૨. હુઝૂરે અન્વર

★ જે હાલમાં જીવશો એ હાલમાં કબરોથી ઉઠશો ★

૩. આ હદીષના આધારે સૂફીઓ ફર્માવે છે કે **જે હાલમાં જીવશો એ જ હાલમાં મરશો, અને જે હાલમાં મરશો એ જ હાલમાં ઉઠશો.** (મિર્કાત) જિંદગીમાં સારી વ્યસ્તતા રાખો કે જેથી એ વ્યસ્તતામાં મૌત આવે અને એ જ હાલમાં હશ્ર થાય. નમાઝી માણસને નઝઅ તથા કબરમાં પણ નમાઝ જ યાદ આવે છે. જેવું કે અમુક રિવાયતમાં પણ છે અને જોવામાં આવ્યું કે અલ્લાહ તઆલા અંજામ બખૈર કરે છે.

૪. એટલે કે જો તમે નામના તથા માલની ખ્વાહિશના માટે જેહાદ કરશો, એ જ ફિકરમાં માર્યા જશો તો કયામતમાં એની સજામાં સપડાયેલા ઉઠશો. જેથી દુનિયામાં આખેરતની ફિકર કરો કે જેથી આખેરતમાં બેફિકર ઉઠો. દુનિયાની નાજાઈઝ ફિકરમાં ન પીગળા કરો.

૫. જેહાદ સિવાય બાકીના અમલોનો પણ એ જ હાલ છે. અલ્લાહ તઆલા આ ફકીર (લેખક તથા અનુવાદક) ગુનેહગારને દીની ખિદમતની વ્યસ્તતા નસીબ કરે, કબૂલ ફર્માવે, એમાં મૌત દે અને દીનના ખાદિમોના ગિરોહમાં હશ્ર નસીબ કરે. સાંભળ્યું છે સારાઓના સાથી પણ બખ્શાય જાય છે.

★ અસલ મુજાહિદો પોતાના નફ્સથી જેહાદ કરવું છે ★

*"હઝરત ઉકબા ઈબ્ને માલિકથી[૧] રિવાયત છે. તે નબી કરીમ થી રાવી. ફર્માવ્યું, શું તમે એનાથી લાચાર છો કે જ્યારે કોઈ શખ્સને મોકલું, પછી તે મારો હુકમ લાગુ ન કરે તો તમે એની જગાએ કોઈ એવાને નિયુક્ત કરી દો જે મારો હુકમ લાગુ કરે[૨] (અબૂ દાઉદ) અને ફઝાલાની તે હદીષ કે **મુજાહિદ તે છે જે પોતાના નફ્સથી જેહાદ કરે.** કિતાબુલ ઈમાનમાં વર્ણવી દેવામાં આવેલ છે[૩]."*

★ હદીષ : (૬૧)-૩૮૪૮ ★

૧. મિશ્કાતના કર્તા (સાહિબે મિશ્કાત)એ એનું વર્ણન અસ્માઉર્રિજાલમાં નથી કર્યું. અશિઅહએ ફર્માવ્યું કે આપ સહાબી છે એટલે બસરાવાળાઓમાં આપની ગણના છે.

★ જો હાકિમ શરીઅતનો હુકમ લાગુ ન કરે તો..... ★

૨. એટલે કે જો હું કોઈને અમીર કે હાકિમ બનાવીને ક્યાંક મોકલુ, જેહાદમાં કે અન્ય જગાએ અને પછી તે હાકિમ મારા ફર્માન પ્રમાણે અમલ ન કરે તો તમારા માટે લાઝિમ છે કે તેને બરતરફ કરીને બીજા એવા માણસને અમીર બનાવી લો જે મારા હુકમો લાગુ પાડે. આ હદીષથી જાણવા મળ્યું કે પ્રજા જાલિમ હાકિમને બરતરફ કરીને આદિલ હાકિમ નિયુક્ત કરી શકે છે. પણ યાદ રાખશો કે એ ત્યારે છે જ્યારે કે તેને બરતરફ કરવામાં ખૂનરેજી અને ફિત્ના ફસાદ ન થાય અને આસાની સાથે તેને બરતરફ કરી શકાય. (મિર્કાત) જેથી સહાબાએ કિરામનું હજ્જાજ ઈબ્ને યૂસુફ જેવા જાલિમ ખુંખાર હાકિમને બરતરફ ન કરવું, તેના જુલ્મો સહેવા, એ આ હદીષની વિરૂધ્ધ નથી એને અલગ કરવામાં ઘણા બધા ફિત્નાના દરવાજા ખુલત અને ઘણી ખૂનરેજી થાત. અહીં મિર્કાતે ફર્માવ્યું કે જો કાતિલ જાલિમ હાકિમને બરતરફ કરવા પર ખૂનરેજી એનાથી ઓછી થાય જેટલી તેના કાયમ રહેવામાં થાય તો તેને

બરતરફ (પદભ્રષ્ટ) કરી દેવામાં આવે, અને એનાથી ઉલ્ટુ હોય તો પદભ્રષ્ટ કરવામાં ન આવે. તેમજ માલી જાલિમને પદભ્રષ્ટ ન કરાવો, જાની જાલિમને પદભ્રષ્ટ કરાવો, એ શર્ત સાથે જે હમણા વર્ણવવામાં આવી. સારાંશ કે હુકૂમતની તબદીલી આસાન ચીજ નથી. યાદ રાખશો કે મોઅઝ્ઝિનને ઈમામ પદભ્રષ્ટ કરી શકે છે. અને ઈમામને મુતવલ્લી મસ્જિદથી અલગ કરી શકે છે અને મુતવલ્લીને આમ મુસલમાનો પદભ્રષ્ટ કરી શકે છે. એ મસ્અલો અહીંથી માખૂઝ છે. પબ્લિકની ઘણી શક્તિ હોય છે. આજકાલ એનો નજારો દરેક ઈલેકશનના મોકા પર જોવા મળે છે.

૩. એટલે કે મસાબીહમાં એ હદીષ અહીંયાં હતી. અમે મુનાસિબતનો લેહાજ રાખીને તે હદીષ કિતાબુલ ઈમાનમાં વર્ણવી દીધી છે એક લાંબી હદીષના હેઠળ.

(વિભાગ : ૩)

★ ઈસ્લામમાં સન્યાસીપણુ નથી ★

''હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે. ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ
નીકળ્યા[૧] તો એક શખ્સ ગુફા પાસેથી પસાર થયો જેમાં થોડુક પાણી તથા લીલોતરી હતી.[૨] તો તેણે પોતાના દિલમાં વિચાર્યું કે ત્યાં જ વસવાટ કરે અને દુનિયાથી અલગ થઈ જાય[૩] જેથી તેણે રસૂલુલ્લાહ
બારામાં ઈજાઝત માગી[૪] ત્યારે રસૂલુલ્લાહ
ફર્માવ્યું કે મને ન તો યહૂદિયત લઈને મોકલવામાં આવ્યો ન ઈસાઈયત લઈને[૫] પરંતું મને તો આસાન સીધી મિલ્લત લઈને મોકલવામાં આવ્યો[૬] એની કસમ જેના કબજામાં મુહમ્મદ
રાહમાં એક સવાર કે એક સાંજ જવા દેવી અન્ય દુનિયાની ચીજોથી બેહતર છે[૭] અને તમારામાંથી કોઈનું સફમાં ઉભા રહેવું તેની સાઈઠ વરસની નમાઝોથી અફઝલ છે.[૮]'' (અહમદ)

★ હદીષ : (૬૨)-૩૮૪૯ ★

૧. સીનના ઝબર રેના ઝેર યેના શદથી છે, (સરિય્યહ) અર્થ : નાનુ લશ્કર. જેની સંખ્યા ચારસો સુધી હોય જેને દુશ્મનની તરફ મોકલવામાં આવે. એ
ફર્માવ્યું કે : અથવા અર્થ અખત્યારથી બન્યું છે. સરિય્યહ ચાલતી જમાઅત. મુહદ્દિષોની ઈસ્તેલાહમાં સરિય્યહ તે લશ્કર છે જેમાં હુઝૂરે અન્વર તશરીફ ન લઈ જાય. ગઝવા તે જેહાદ છે જેમાં સરકાર જાતે પોતે તશરીફ લઈ જાય. અહીં સરકારે આલી
ગયા હતા ન કે જેહાદના માટે. અથવા સરિય્યાથી શાબ્દિક અર્થ મુરાદ છે એટલે કે મુત્લક્ન લશ્કર. *(મિર્કાત)*

૨. ક્યાં તો પાણીનું ઝરણુ હતું અથવા થોડુ વહેતુ પાણી હતું જે એકાદ બે માણસો માટે પૂરતુ થઈ શકે. આ ચીજ અરબ દેશમાં ઘણી જ ગનીમત છે.

૩. એટલે કે અત્યારે અથવા એ જેહાદ બાદ તારિકુદ્દુન્યા થઈને એ જગાએ વસવાટ કરે. જઝબો એ હતો કે દુનિયા તથા દુનિયાવાળાઓમાં મશગૂલિયત ખુદાની યાદમાં આડ બને છે અને ક્યારેક ભેળસેળના કારણે ગુનાહ પણ થઈ જાય છે. દુનિયા ત્યાગીને રહેવામાં એ બંને ચીજો ન થશે.

૪. જો આ જેહાદમાં હુઝૂરે અન્વર
આવીને માગી, બંને સંભાવનાઓ છે.

૫. એટલે કે રાહિબાના (સન્યાસી) જિંદગી અને દુનિયા ત્યાગીને રહેવું એ ઈસાઈઓ તથા યહૂદીઓના દીનમાં છે, ઈસ્લામમાં નથી. તમને હું એની ઈજાઝત નથી આપી શકતો. કેમ કે દુનિયાનો ત્યાગ એ ખૂબ જ કઠિન તથા મુશ્કેલ છે, અને એનો ફાયદો જો છે તો કેવળ તે એક ત્યાગી (સન્યાસી)ને જ છે.

૬. એટલે કે આપણો દીન આસાન છે અને સર્વ બુરાઈઓથી દૂર છે.
બચેલો
રહો ત્યાં તમને પાંચ સમય બાજમાઅત નમાઝ, જુમ્આ, ઈદો, જેહાદ, ઉલમાની સોહબત અને આ જમાનામાં તો મારો દીદાર પણ નસીબ થશે. ત્યાં જ ખૂણામાં એકાંતમાં રહેવાથી તમે એ સર્વ નેઅમતોથી વંચિત રહી જશો.

૭. જેહાદ અથવા હજ અથવા ઈલ્મ પ્રાપ્તિ માટે એકવાર સવારે કે સાંજે નીકળવું એ દુનિયાની સર્વ નેઅમતો કરતાં વધીને છે. દુનિયા ફાની (નાશવંત) છે અને આ સવાબ બાકી તથા કાયમી છે. હવે તમે ખુદ વિચારી લો કે તમારું મદીનામાં રહેવું અફઝલ છે અથવા આ ઝરણા પર એકલા રહેવું બેહતર છે.

૮. એટલે કે એકવાર જેહાદમાં ગાઝીઓની સફમાં અથવા નમાઝમાં કે હાજીઓની સફમાં ઉભા થઈ જવું અગણિત વરસોની એ નમાઝો કરતાં અફઝલ છે જે એકલા અદા કરવામાં આવે. જ્યારે આ સફમાં ઉભા થઈ જવાનો આ સવાબ છે તો વિચારો કે ખુદ જેહાદ તથા બાજમાઅત નમાઝનો શું સવાબ હશે ? અહીં સાઈઠ મુરાદ અસંખ્ય છે. જેથી આ હદીષ એ હદીષની વિરૂધ્ધ નથી જેમાં સિત્તેરનો ઉલ્લેખ છે. એની તેહકીક પહેલાં થઈ ચૂકી છે કે જે હદીષોમાં શહેરથી ભાગી જવાનો, ગોશાનશીન થઈ જવાનો મશ્વરો આપવામાં આવ્યો છે એ ફિત્નાઓ તથા બલાઓના સમયોના સંબંધે છે જ્યારે શહેરમાં દીનનો ખતરો હોય.

"હઝરત ઓબાદા ઈબ્ને સામતથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ
રાહમાં જેહાદ કરે અને ન નિય્યત કરે પણ એક રસ્સીની TM/ [GFDR8[T[H K[H[GLIGI T SZ[*" (નિસાઈ)*

★ હદીષ : (૬૩)-૩૮૫૦ ★

૧. નાની રસ્સી જેના વડે ઊંટને બાંધવામાં આવે, મુરાદ છે અત્યંત મામૂલી ચીજ. એમાં નિર્દેશ રૂપે કહેવામાં આવ્યું કે કામિલ ગાઝી તે છે જે જેહાદમાં ગનીમત હાંસલ કરવાની પણ નિય્યત ન કરે, કેવળ રઝાએ ઈલાહી અને દીને હક્કના એલાનની નિય્યત કરે. એની તેહકીક પહેલાં થઈ ચૂકી કે રઝાએ ઈલાહીની સાથે ગનીમતની પણ નિય્યત કરવાથી સવાબમાં કમી તો થઈ જાય છે, સવાબ બિલ્કુલ જતો નથી રહેતો. એ પણ વર્ણન આવી ગયું કે રિયાની ભેળસેળ અમલને બાતિલ નથી કરતી.

''હઝરત અબૂ સઈદ
રસૂલુલ્લાહ
અને ઈસ્લામના દીન હોવાનુ અને મુહમ્મદ
રસૂલ હોવા પર રાજી થઈ ગયો તેના માટે જન્નત વાજિબ થઈ ગઈ[૧] એના પર અબૂ સઈદે આશ્ચર્ય કર્યું. બોલ્યા, યા રસૂલલ્લાહ !
કહેશો[૨]. હુઝૂર
સંભળાવી પછી ફર્માવ્યું, બીજી ચીજ પણ છે જેની બરકતથી અલ્લાહ તઆલા બંદાને સો દરજા જન્નતમાં બુલંદ ફર્માવે છે[૩]. દરેબ બે દરજા વચ્ચે એવું અંતર છે જેવું આસ્માન થતા જમીન દરમિયાન છે. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! તે શું છે ? ફર્માવ્યું, અલ્લાહની રાહમાં જેહાદ, અલ્લાહની રાહમાં જેહાદ, અલ્લાહની રાહમાં જેહાદ.[૪]'' (મુસ્લિમ)

★ હદીષ : (૬૪)-૩૮૫૧ ★

૧. આ વાક્યનો અર્થ વારંવાર વર્ણન થઈ ચૂક્યો છે. અલ્લાહ તઆલાથી રાજી થવાનો અર્થ એ છે કે બંદો રાઝી બકઝા (અલ્લાહ જેમાં રાખે તેમાં રાજી) રહે, નેઅમતોમાં રબ તઆલાનો શુક્ર કરે, મુસીબતોમાં સબ્ર કરે. આ રીતે ઈસ્લામના દીન હોવા પર રાજી હોવાનો અર્થ એ છે કે ઈસ્લામી હુકમોથી રાજી રહે, દિલથી તેને પસંદ કરે, ભલે સમજમાં આવે કે ન આવે. અને હુઝૂર
(કથનો), કામો, અમલો, હાલતોથી દિલી મહોબ્બત કરે. જે ચીજને હુઝૂર
રાખે. શરીઅત, તરીકૃત, હકીકૃત, મઅરેફતને દિલથી પસંદ કરે, કેમ કે શરીઅત હુઝૂરે અન્વર
અત્હર (પવિત્ર શરીર)ના હાલાતનું નામ છે, તરીકૃત મુસ્તફા
છે, એ જ પ્રમાણે હકીકૃત તથા મઅરેફત રૂહ પાક, સર મુબારકની વારદાતનું નામ છે. સારાંશ સૌ હુઝૂર
અદાઓ છે. એવા શખ્સના માટે દુનિયામાં જ જન્નત વાજિબ થઈ ચૂકી કે જીવશે જન્નતી થઈને, મરશે જન્નતી થઈને, ઉઠશે જન્નતીઓના ટોળામાં. મિર્કાતે ફર્માવ્યું કે રબ તઆલાનું ફર્માન :
પોતાના રબની સમક્ષ ઉભા થવાથી ડરે તેના માટે બે જન્નતો છે. સૂ. રહમાન, ૫૫/૪૬) બે જન્નતોથી મુરાદ દુનિયા તથા આખેરતની જન્નત છે. એટલે રબ તઆલાથી ડરનારા માટે એક જન્નત દુનિયામાં છે અને બીજી જન્નત આખેરતમાં. સુબ્હાનલ્લાહ ! કેટલી પ્યારી વાત છે ! હુઝૂર
દુનિયાની જન્નત છે.

૨. આ આશ્ચર્ય અત્યંત ખુશીનું હતું અને બીજી કહેવડાવવું એટલા માટે હતું કે આવા આપણા બશારતવાળા કલમા (વાક્યો, વાણી) પછી આવા અજોડ, બશીર તથા નઝીરના હોટો પર ખૂબ લિજ્જતદાર જણાયા. (શેઅર)

વો ગુલ હૈ લબહાએ નાઝુક ઉન્કે–હઝારોં ઝળતે હૈં ફૂલ જિનસે
ગુલાબ ગુલશનમેં દેખે બુલબુલ–યહ દેખ ગુલશન ગુલાબ મેં હૈ

★ જેહાદથી જન્નતમાં ઉપરવાળો દરજો મળે છે ★

૩. એટલે કે બીજી ખુશખબરી અધિક સાંભળો અને અધિક ખુશ થાવ ! કેમ ન ખુશ થાવ ! જ્યારે રબ તઆલાએ આપણને આવા બશીર તથા નઝીરની ઉમ્મતમાં બનાવ્યા. એટલે એક અમલ એવો પણ છે જેનાથી આમિલને જન્નતનો ઉપરવાળો દરજો મળે છે જે સો દરજા બુલંદ છે. દરેક બે દરજા વચ્ચે એટલુ અંતર છે જેટલુ આસ્માન તથા જમીનની વચ્ચે અંતર છે.

૪. જો કે ઈસ્લામમાં જેહાદ પણ આવી ગયો હતો પણ કેમ કે આ બીજા અમલોથી ખૂબ જ અફઝલ છે, એનો સવાબ ઘણો જ વધારે છે એટલા માટે તેને ખાસ કરીને અલગ રીતે વર્ણવ્યો. અથવા મતલબ એ છે કે જેને જેહાદ નસીબ થઈ જાય તેના માટે દરજા છે. એનાથી જાણવા મળ્યું કે જેહાદ મોટાભાગે ફર્ઝે કિફાયા હોય છે. મિર્કાતે એનાથી આ જ મસ્અલો ઈસ્તિંબાત કર્યો (કાઢયો).

★ જન્નત તલ્વારોના સાયામાં છે ★

''હઝરત અબૂ મૂસા [redacted] ફર્માવે છે કે ફર્માવ્યું રસૂલુલ્લાહ [redacted] દરવાજા તલ્વારોના સાયા નીચે છે[૧] તો એક ફકીરી હાલવાળો શખ્સ ઉભો થઈ ગયો.[૨] બોલ્યો, હે અબૂ મૂસા ! શું તમે રસૂલુલ્લાહ [redacted] સાંભળ્યા ?[૩] ફર્માવ્યું, હા ! તો તે પોતાના સાથીઓની તરફ પલ્ટી ગયો[૪] પછી બોલ્યો, હું તમને સલામ (વિદાય) કરું છું[૫] પછી પોતાની તલ્વારનું કવર તોડયું, તેને ફેંકી દીધું[૬] પછી પોતાની તલ્વાર લઈને દુશ્મનની તરફ ચાલી નીકળ્યો, તેના વડે દુશ્મન પર હુમ્લો કર્યો ત્યાં સુધી કે કત્લ કરવામાં આવ્યો.[૭]'' (મુસ્લિમ)

★ હદીષ : (૬૫)-૩૮૫૨ ★

[redacted]

૧. તલ્વારોથી મુરાદ જેહાદનાં હથિયાર છે. કેમ કે એ જમાનામાં જેહાદમાં તલ્વારોનો અધિક ઉપયોગ થતો હતો એટલા માટે ખાસ કરીને તલ્વારોનો જ ઉલ્લેખ કર્યો. આજકાલ તોપો, બંદૂકો, રોકેટોનો પણ એ જ હાલ છે કે એમના નીચે જન્નત છે, જ્યારે કે તે જેહાદમાં વપરાય રહ્યાં હોય. એ તલ્વારોથી મુરાદ ક્યાં તો કાફિરોની તલ્વારો છે જેને તેઓ ગાઝી મુસલમાનોની સામે ખેંચે, એટલે એ તલ્વારો કરતાં જન્નત ઘણી જ નજીક છે, કે મુસલમાન શહીદ થયો કે જન્નતમાં પહોંચ્યો. જેવું કે ફર્માવવામાં આવ્યું કે જન્નત માઓના કદમોની નીચે છે. અથવા મુરાદ ખુદ મુજાહિદોની પોતાની તલ્વારો છે, એટલે જ્યારે મુજાહિદો તલ્વાર ખેંચીને કાફિરો પર તૂટી પડે છે તો જાણે જન્નત એ તલ્વારોના સાયામાં હોય છે, અને સાયામાં તો ખુદ મુજાહિદો છે તો તેઓ એ વખતે જ જન્નતમાં છે. પણ પ્રથમ સ્પષ્ટતા અધિક મજબૂત છે. મિર્કાતે એને જ અગ્રતા આપી.

૨. એ મકબૂલ બંદાનું નામ જાણી ન શકાયું. કોઈ ગરીબ કંગાળ હાલતવાળા ખાલી હાથે એ જેહાદમાં આવ્યા હતા તે આવું બોલ્યા.

૩. એટલે કે હે સહાબીયે રસૂલ ! શું તમે ડાયરેક્ટ ખુદ હુઝૂર [redacted]

કોઈ ઝરીયાથી તમને આ ફર્માને આલી પહોંચ્યું છે ? અને શું આ ફર્માન યકીની છે ?

૪. જે એની સાથે જેહાદમાં આવ્યા હતા.

૫. હવે હું શહીદ થવા જઈ રહ્યો છે, પાછો ફરીને આવવાનો ઈરાદો નથી. હવે મેહબૂબ [redacted] સમય નજીક છે. (શેઅર)

આઈ નસીમે કૂએ મુહમ્મદ [redacted] –ખિંચને લગા દિલ સૂએ મુહમ્મદ [redacted]

૬. કેમ કે હવે આ કવરની જરૂરત ન રહી, તલ્વાર બંધ કરવાની નથી, હવે મારવાનુ છે. આ છે શહાદતનો શોખ ! જેહાદનો જઝબો ! હઝરત શહાદતના શોખમાં આશિકોના હાલ દર્શાવી રહ્યા છે.

૭. એ રીતે કે ખબર નહીં કેટલા કાફિરોને ક़ત્લ કર્યા પછી બહાદુરીના જૌહર બતાવીને સીનામાં તીર તલ્વાર ખાયને શહીદ થયા. આવી મૌત પર હજારો જિંદગીઓ કુર્બાન ! આ હદીષ મુસ્લિમ સિવાય અહમદ તથા તિર્મિઝીએ પણ રિવાયત કરી છે. મુનાસિબ એ હતું કે સંપાદક આ બંને હદીષોના વિશે કહી આપતા રવાહુમા મુસ્લિમ.

★ શહીદોને મુર્દા ન કહો ★

''હઝરત ઈબ્ને અબ્બાસ [redacted] કે રસૂલુલ્લાહ [redacted] ફર્માવ્યું કે જ્યારે ઓહદના દિવસે તમારા ભાઈ શહીદ કરવામાં આવ્યા તો અલ્લાહે તેમની રૂહો લીલા પક્ષીઓના પેટોમાં રાખી[૧] તે જન્નતની નહેરો પર જાય છે, તેનાં ફળ ખાય છે, તે સોનાની કંદીલોની તરફ બસેરા લે છે જે અર્શના સાયામાં લટકેલી હોય છે[૨] જ્યારે તે શહીદોએ પોતાના ખાવા પીવા આરામ તથા રાહતને પામ્યો[૩] તો બોલ્યા કે અમારા ભાઈઓને અમારી તરફથી આ પૈગામ કોણ પહોંચાડે કે અમે જન્નતમાં ઝિંદા છીએ[૪] કે જેથી તેઓ જન્નતથી આકર્ષણ વિનાના ન થઈ જાય અને જેહાદના સમયે બુઝદિલી અથવા બેદિલી ન કરે[૫] તો અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે તમારા તરફથી એ પૈગામ અમે પહોંચાડીએ છીએ. ત્યારે રબે આ આયત ઉતારી કે અલ્લાહની રાહમાં ક़ત્લ થનારા લોકોને મુર્દા ન સમજો[૬] બલ્કે તેઓ તો ઝિંદા છે. આયતના છેવટ સુધી.[૭]'' (અબૂ દાઊદ)

★ હદીષ : (૬૬)-૩૮૫૩ ★

[redacted]

૧. જેવી રીતે આ રૂહો દુનિયામાં માનવ શરીરોમાં હતી પણ એ રીતે કે એ શરીરની તર્બિયત કરતી હતી અને તેમની પોતાની રૂહો હતી. એ જ પ્રમાણે રબે તે જ રૂહો લીલા પક્ષીઓનાં શીરોમાં અમાનત રૂપે રાખી પણ હવે એ રૂહો એ શરીરોની તર્બિયત નથી કરતી ન તે શરીરો તે રૂહોનાં પોતાનાં છે. અને તે રૂહો ઈન્સાની રૂહો અને નફ્સે નાતિકા (બોલતા જીવ)માં રૂહે જેનાથી આર્યોની પુનર્જન્મની માન્યતા જેમને તેઓ આવાગમન કહે છે તે સાબિત

નથી થતુ. તે લીલા પક્ષીઓનાં શરીર એ રૂહો માટે એવાં છે જેવી રીતે દુનિયામાં આપણા માટે લિબાસ અથવા મકાન એટલા માટે

૨. આ ખોરાક તથા પાણી તે રૂહોના માટે જ છે, એ શરીર એનાથી ઉછેર નથી પામતાં. એટલા માટે અહીં ખોરાક તથા બસેરાને રૂહોની તરફ નિસ્બત કરવામાં આવી. એ રૂહોનું ઉડીને દરેક જગાએ પહોંચવું એવું છે જેમ કે આપણુ હવાઈ જહાઝમાં બેસીને ઉડવું. યાદ રાખશો કે એ રૂહોના જન્નતમાં હોવાથી એ લાઝિમ નથી કે એ શહીદોની કબરો રૂહોથી ખાલી થઈ ગઈ અથવા શરીર બેકાર થઈને કહોવાઈને સડી ગયાં. તે જન્નતમાં પણ છે અને પોતાની કબરોમાં પણ. પણ એ જહાનની સૈર કરે છે, દુનિયાવાળાઓને જાણે પહેચાને છે. રબ તઆલા ફર્માવે છે : (અને ખુશીઓ મનાવી રહ્યાં છે પોતાના પાછલાઓની જે હજી તેમને નથી મળ્યા. સૂ. આલે ઈમરાન, ૩/૧૭૦) જે લોકો નજીકમાં જ તેમની પાસે પહોંચવાવાળા છે. જુઓ આપણુ આંખોનું નૂર આસ્માન પર પહોંચવા છતાં આંખોમાં પણ રહે છે. સૂરજનાં કિરણો જમીન પર પહોંચીને પણ આસ્માન બલ્કે સૂરજમાં રહે છે. એની ચર્ચા અગાઉ પણ કરવામાં આવી ચૂકી છે. એને ખૂબ યાદ રાખશો.

૩. યાદ રાખશો કે માકલ, મશ્રબ તથા મક્ઝીલ ત્રણેવ મસ્દરે મયમી છે, ઈસ્મે ઝર્ફ નથી. મક્ઝીલ બપોરના સમયની આરામગાહને કહે છે જે ક્વૈલૂલાથી બન્યુ છે. અહીં એશો આરામ મુરાદ છે. જન્નતમાં, બલ્કે મૌત બાદ ઊંઘ નથી. હદીષ શરીફમાં જે છે કે કબ્રમાં મો'મિન બંદાથી ફરિશ્તા કરે છે :
જેમ, ત્યાં આ સૂવું મુરાદ નથી જાગવાનું વિરૂધ્ધાર્થી, બલ્કે બેફિકરીવાળો આરામ મુરાદ છે. મુહાવરામાં ગફલત તથા એશ બંનેને ઊંઘના સાથે સરખાવવામાં આવે છે. (શેઅર)

અર્થાત : આખી દુનિયાને ગફલતની ઊંઘમાં સમજો.

આ હદીષથી જાણવા મળ્યું કે એ શહીદોને ખાવા પીવાની ઈજાઝત તો હોય છે પણ હૂરોની ઈજાઝત નથી. તે તો કયામત બાદ થશે જ્યારે એ શરીરથી દાખલો થશે. હોય છે પણ હૂરોની ઈજાઝત નથી. તે તો કયામત બાદ થશે જ્યારે આ શરીરથી દાખલો થશે.

૪. એટલે કે ઝિંદા છે અને જન્નતમાં છે. એ મતલબ નથી કે અમે જન્નતમાં ઝિંદા અને દુનિયામાં મુર્દા છે, જેમ કે આ જમાનાના અમુક બેદીન કહે છે.

૫. થી બન્યું અર્થ : બુઝદિલી (કાયરતા) (મિર્કાત) બેદિલી તથા નિઃઆકર્ષણ. (અશિઅતુલ લમ્આત) એટલે કે જેહાદ જન્નતના બાગનો રસ્તો કાંટાદાર માર્ગ છે, જેથી આ કાંટાઓની પરવા ન કરો, અહીંના ગુલઝાર સુધી પહોંચો.

૬. આમાં સંબોધન ક્યાં તો નબી કરીમ
જગાએ ફર્માવવામાં આવ્યું કે શહીદોને મુર્દા ન કહો. અહીં ફર્માવવામાં આવ્યું કે તેમને મુર્દા ન સમજો. કહેવાનુ જીભ કે કલમ વડે હોય છે અને સમજવું દિલ તથા દિમાગથી હોય છે. **જેટલી તાકીદ રબ તઆલાએ શહીદોની હયાતની કરી છે એટલી તાકીદ અન્ય કોઈ ચીજની નથી કરી કે મો'મિનની જીભ, કલમ, દિલો દિમાગ સૌને તેમને મુર્દા કહેવાથી રોકી દીધાં.**

૭. (અને એ કે અલ્લાહ વેડફતો નથી બદલો મુસલમાનોનો સૂ. આલે ઈમરાન,

૩/૧૭૧) સુધીની આયત નાઝિલ કરી જેમનામાં શહીદોનું ઝિંદા હોવું, જન્નતની સૈર કરવું, ત્યાંના ફળ ફુટ ખાવું, દુનિયાવાળાઓના હાલાતથી ખબરદાર રહેવું. જે લોકો કે હજી દુનિયામાં છે પણ અમુક દિવસો બાદ તેમનાથી મળનારા છે તેમના આગમન પર ખુશીઓ મનાવવી, લોકોના અંજામથી ખબરદાર હોવું, સર્વ કાંઈ વર્ણન કર્યું. જ્યારે શહીદની જિંદગી, તેના અશો આરામ, તેના ઈલ્મની આ હાલત છે તો જે મહબૂબ
બહારો છે તેમની હયાત તથા તેમના ઈલ્મની સ્થિતિ શું હશે ?!

★ મો'મિનના ત્રણ પ્રકાર ★

''હઝરત અબૂ સઈદ ખુદરી
છે કે રસૂલુલ્લાહ
મો'મિન ત્રણ પ્રકારના છે[૧] એક તે જે અલ્લાહના રસૂલ પર ઈમાન લાવે પછી શક ન કરે.[૨] અને અલ્લાહની રાહમાં પોતાના માલો અને જાનોથી જેહાદ કરો[૩] અને તે જેનાથી લોકો પોતાના માલો અને પોતાની જાનો પર અમ્નમાં હોય[૪] પછી એ કે જ્યારે તે તમઅ (લાલચ)ની નજીક પહોંચે તો તેને અલ્લાહ [૫]''
(અહમદ)

★ હદીષ : (૬૭)-૩૮૫૪ ★

★ પ્રકારો તથા ભાગોનો ફરક ★

૧. કુર્બાન જાઉં આ સૈયદુલ ફુસહા
પ્રકારો તથા વિવિધ ભાગો એકબીજાથી વિશિષ્ટ હોય છે, પણ કુલના ભાગો એવા મિક્સ હોય છે કે એકબીજાથી વિશિષ્ટ નથી હોતા. જેમ કે સિકન્જીન (ઈરાની પીણુ)ના ભાગો. કેમ કે એ ત્રણેવ પ્રકારના મો'મિન દુનિયામાં ચહેરા મોહરે, બુધ્ધિ, રંગ ઢંગ વગેરેમાં વિવિધતાવાળા નથી, સૌ એક સરખા જણાય છે. જાહેરમાં એક સરખા ઝમીરોમાં ફર્ક, એટલા માટે તેમને ભાગો ફર્માવ્યા. તેમજ સર્વ મુસલમાન એક શરીરમાં અંગોની જેમ છે જેમાં રૂહે રવાં હુઝૂર મુહમ્મદ
સૌને એક બનાવી દીધા, જેથી એમને ભાગો કહ્યા. આપણે અજમી ગવાંર એ અરબી સરદારના રોઝોને શું સમજીઅ. (શેઅર)

અર્થાત : એનું રહસ્ય તમે સમજી નથી શકતા તો અરબી છે અને હું અજમી છું. એમના ઈશ્ક઼માં લાફઝની શું કરું ?! તે કુરૈશી છે હું હબ્શી છું. (એટલે કે તેમની આ'લા નસબી અને તેમના ચમકતા હુસ્ન સામે ખૂબ જ કમતર તથા સિયાહ છું.)

૨. અલ્લાહ વ રસૂલ પર ઈમાન લાવતાં જ સર્વ ઈમાનિયાતનું વર્ણન આવી ગયું. રબ તઆલાએ પણ ફર્માવ્યું (ઈમાન રાખો અલ્લાહ અને અલ્લાહના રસૂલ પર. સૂ. નિસાઅ, ૪/૧૩૬) એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ને અલ્લાહ તઆલાથી મિલાવીને બોલવું જાઈઝ છે. પુમ્મ લાવવાની જરૂરત નથી, બલ્કે અલ્લાહ વ રસૂલને મિલાવવું જ ઈમાનની જાન છે. જુઓ કિતાબ : ઈસ્લામકી ચાર ઉલૂલી ઈસ્તેલાહે (ઈસ્લામની ચાર પાયાની પરિભાષાઓ નામથી દયાદરાથી છપાઈ છે) પુમ્મ ફર્માવીને એ બતાવવામાં આવ્યું કે મરતા દમ સુધી મોમિનને કોઈ ઈમાની ચીજમાં અસમંજસ ન હોવો જોઈએ. એતબાર ખાત્માનો છે. સૂફીઓ ફર્માવે છે કે **બદ**

અમલી અને ગુનાહની આદતો અમલી અસમંજસ તથા શક છે. કામિલ મો'મિન તે છે જે અક્રીદા બારામાં તથા અમલ બારામાં બંને પ્રકારના શકોથી દૂર રહે.

★ કયો જેહાદ અફ્ઝલ ? ★

૩. જેહાદનો ઉલ્લેખ ઈમાન પછી કર્યો જેથી જાણવા મળે કે સર્વ નેક અમલોનો એતબાર ઈમાન બાદ છે. કાફિરની કોઈ નેકી કબૂલ નથી. જડ કપાઈ ગયા પછી ડાળીઓને પાણી આપવું બેકાર છે. એ પણ બતાવવામાં આવ્યું કે જેહાદ તે અફ્ઝલ છે કે જે દરેક પ્રકારના માલ તથા જાનથી કરવામાં આવે કે મુજાહિદ પોતે પણ મેદાનમાં જાય અને દરેક પ્રકારનો માલ પણ ત્યાં ખર્ચ કરે.

૪. એટલે કે બીજા પ્રકારનો મો'મિન તે છે જે ભલે કોઈને નફો ન પહોંચાડી શકે પણ નુકસાન પણ ન પહોંચાડે. મુસલમાનને તેના તરફથી અમ્ન હોય. દરેક શખ્સ એવું સમજતો હોય કે એનાથી આપણને નુકસાન પહોંચશે નહીં. એક વચન ફર્માવીને એવું બતાવ્યું કે એવા લોકો દુનિયામાં થોડા છે. કોઈએ શું સરસ કહ્યું છે : (મિસ્રા)

અર્થાત : મને તારાથી ભલાઈની ઉમ્મીદ તો નથી, પરંતું તું બુરાઈ પણ ન કર.

૫. એટલે કે ત્રીજા નંબરનો મો'મિન તે છે કે ઘણીવાર તેના દિલમાં માલ, ઈજ્જત, ખ્યાતિ હાંસલ કરવાની ઈચ્છા પેદા થાય અને તેનું દિલ ચાહે કે બીજા લોકોની જેમ હું પણ દરેક જાઈઝ નાજાઈઝ તરીકાથી એ ચીજો હાંસલ કરું, પણ પછી તે પોતાના દિલને એ ચીજોથી રોકે. કેવળ ખૌફે ખુદાના કારણે કે ક્યાંક રબ તઆલા નારાજ ન થઈ જાય. રબ તઆલા ફર્માવે છે : (અને તે જે પોતાના રબ સમક્ષ ઉભો રહેવાથી ડર્યો અને નફસને ખ્વાહિશથી રોક્યો તો બેશક ! જન્નત જ ઠેકાણુ છે. સૂ. નાઝિઆત, ૭૯/૪૦,૪૧) એવો શખ્સ પણ મુજાહિદ છે. જે દરેક વખતે પોતાના નફ્સ સાથે જેહાદ કરે છે, એને બુરી તરફ જવાથી રોકે છે.

''હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને અબી ઉમૈરાથી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ મુસલમાનની જાનને અલ્લાહ તઆલા કબ્ઝ ફર્માવે[૨] એવી નથી જે તમારી તરફ પલટવા ચાહે ભલે એના માટે દુનિયા તથા દુનિયાની સર્વ ચીજો થઈ જાય, સિવાય શહીદના.[૩] ઈબ્ને અબી ઉમૈરા ફર્માવે છે કે રસૂલુલ્લાહ એ ફર્માવ્યું મને અલ્લાહની રાહમાં માર્યા જવું એના કરતાં વધુ પ્યારુ છે કે મારી મિલ્કતમાં ઊનવાળા કે ઢેલા (પથ્થર)વાળા હોય[૪].'' (નિસાઈ)

★ હદીષ : (૬૮)-૩૮૫૫ ★

૧. આપ મદની કર્શી છે. આપની સહાબિયતમાં મતભેદ છે. જો આપ સહાબી છે તો હદીષ મુત્તસિલ છે, અને જો તાબઈ છે તો આ હદીષ મુરસલ છે, કેમ કે સહાબીનો આમાં ઉલ્લેખ નથી. *(મિર્કાત, અશિઅહ)*

૨. જો કે જાન કબ્ઝ કરવું હઝરત મલકુલ મૌતનું કામ છે પણ કેમ કે તેમનું એ કામ રબ તઆલાના હુકમથી

થાય છે. તેમજ મહબૂબોનું કામ રબનું કામ છે. એટલા માટે અહીં રૂહ ક़બ્ઝ કરવાને રબ તઆલાની તરફ સંબંધિત કરવામાં આવ્યું. મિર્ક़ાતે ફર્માવ્યું કે રૂહ ક़બ્ઝ કરવું હક़ીક़તમાં રબનું કામ છે, મજાઝન હઝરત મલકુલ મૌતનુ કામ છે.

૩. એટલે કે જેને અલ્લાહ તઆલા બખ્શી આપે તે દુનિયામાં પરત આવવાની કદી તમન્ના નથી કરતો કેમ કે ત્યાંના એશ આરામ કેવળ એશ જ છે અને દુનિયાના એશઆરામ મુસીબતોથી ભેળસેળવાળા છે. કાફિરો તો દુનિયામાં આવવાની તમન્ના કરે છે પણ તેમને ધુત્કારી દેવામાં આવે છે. યાદ રાખશો કે અહીં દુનિયામાં પરત આવવાથી મુરાદ અમલ કરવાના માટે આ અસલ શરીર સાથે આવવું મુરાદ છે. નહીં તો શહીદો તથા અવલિયા દુનિયામાં સૈર કરે છે. અમુક હઝરાતે તેમની સાથે મુલાકાતો પણ કરી છે. હુઝૂર
તમામ નબીઓએ નમાઝ અદા કરી. ફકીરે બયતુલ મુકદ્દસમાં નમાઝની જગાએ ઝિયારત કરી છે. રબ તઆલા ફર્માવે છે : (તો તમે એમના મળવામાં શક ન કરો. સૂ. સજદા, ૩૨/૨૩) હે મહબૂબ ! આપ મૂસા ની મુલાકાતમાં શક ન કરો.

૪. ઊનવાળાઓથી ગામડાવાસી લોકો છે જેઓ ઊની તંબૂઓમાં રહે છે અને ઢેલા વાળાઓથી મુરાદ શહેરી લોકો છે જેઓ મકાનો બનાવીને રહે છે. મક़સદ એ છે કે તમામ જહાનની બાદશાહતથી અલ્લાહની રાહમાં શહીદ થવું મને અધિક પ્યારુ છે. યાદ રાખશો કે આ અધિક પ્યારા હોવાના કારણે હુઝૂરને રબ તઆલાએ શહાદતનો સવાબ અતા કરી આપ્યો કે નેકીની તમન્ના પણ નેકી છે, પછી ખૈબરવાળા ઝહેરની અસરથી હુઝૂરની વફાત થઈ. ઝહેરથી વફાત પણ શહાદત છે, ફિક़્હી શહદાત. એટલે અલ્લાહની રાહમાં ક़ત્લ થવું હુઝૂરને અતા ન થયું. કે રબ તઆલાએ ફર્માવ્યું હતું : (અને અલ્લાહ તમારી નિગેહબાની કરશે લોકોથી. સૂ. માઈદા, ૫/૬૭) જો કોઈ કાફિર આપને શહીદ કરી આપત તો જાહેરી રીતે આ આયતની વિરૂધ્ધ થાત. સર્વ પૃથ્વીના પટ પરના શહીદોની શહાદતોનો સવાબ હુઝૂર

''હઝરત હસ્ના બિન્તે મુઆવિયહથી[૧] રિવાયત છે. ફર્માવે છે, મારા કાકાએ હદીષ સંભળાવી કે મેં નબી કરીમ
ફર્માવ્યું, નબી જન્નતમાં હશે અને શહીદ જન્નતમાં હશે, અને બાળક જન્નતમાં હશે[૨] અને જીવતુ દાટી દીધેલુ બાળક જન્નતમાં હશે.[૩] (અબૂ દાઊદ)[૪]''

★ હદીષ : (૬૯)-૩૮૫૬ ★

૧. હસ્ના બિન્તે મુઆવિયહ ઈબ્ને સુલૈમ સરમિયા છે. તાબઈય્યા છે. અમુકે ફર્માવ્યું કે આપનું નામ ખન્સા છે અને હસ્ના આપનો લકબ છે. આપના બે કાકા છે : હારિષ અને અસ્લમ. લગભગ આ રિવાયત હારિષથી છે. આપે ઔફ અઅરાબીથી રિવાયત લીધી.

૨. એટલે કે દરેક નાસમજ બાળક જન્નતી છે, ચાહે મુસલમાનનું બાળક હોય કે કાફિરનું ત્યાં સુધી કે કાચુ પડી ગયેલુ બાળક પણ જન્નતી છે. જો કે મો'મિનનો બાળક જન્નતના આ'લા મક़ામ પર હશે અને કાફિરનું બાળક અદના જગામાં અથવા અન્ય જન્નતવાસીઓનો ખાદિમ હશે.

★ કાફિરોના નાસમજ બાળકો જન્નતી થશે ★

૩. અરબના કાફિરો પોતાની પુત્રીઓને પેદા થતાં જ જીવતી દફન કરી દેતા હતા. એને મવઊદા કહેતા હતા.

વઈદ (ધમકી)નો પણ એ અર્થ છે. એટલે કાફિરોની બાળકીઓ જે જીવતી દફનાવી દેવામાં આવી છે તે જન્નતી છે. આ હદીષથી જાણવા મળ્યું કે કાફિરોના નાસમજ બાળકો જન્નતી છે. આનાથી વિરૂધ્ધ રિવાયતો આ હદીષથી મન્સૂખ છે. રબ તઆલા ફર્માવે છે : (અને જ્યારે જીવતી દાટી દેવામાં આવેલી બાળકીને પૂછવામાં આવે કે તું કયા કુસૂરમાં માર્યી ગઈ હતી ? *સુરએ તકવીર, ૮૧/૮, ૯)* જો એ ખુદ જ દોઝખી હોત તો આ સવાલનો શો અર્થ થાત ? સારાંશ કે આ હદીષનું સમર્થન ઘણી બધી આયતોથી છે. રબ તઆલા ગુનાહ વિના કોઈને દોઝખ ન આપે. તે કરીમ છે કેમ કે એ ચારેવ જમાઅતો એટલે નબીઓ, શહીદો, બાળકો તથા મવઉદા હિસાબ વિના જન્નતમાં જશે. એટલા માટે ખાસ કરીને ચારનો ઉલ્લેખ થયો, નહીં તો જન્નતી અન્ય લોકો પણ છે.

★ જન્નતની પ્રાપ્તિ ત્રણ રીતે છે ★

યાદ રાખશો કે જન્નત કસબી, અતાઈ, વહબી આમ ત્રણ રીતે હાંસલ થશે. પોતાના અમલો થકી, પોતાના બુઝુર્ગોના અમલોથી, જેમ કે મુસલમાનોનાં બાળકો. કેવળ રબ તઆલાની અતાથી જેમ કે એક મખ્લૂક જન્નત ભરવામાં માટે પેદા કરવામાં આવશે. પણ દોઝખ કેવળ કસબી રીતે મળશે, વહબી કે અતાઈ નહીં. રબ તઆલા ફર્માવે છે : (અને અમે કોને સજા આપીએ છીએ, તેને જે નાશુકરો છે. સૂ. સબા, ૩૪/૧૭) અને ફર્માવે છે : (આગમાં તમને શું બદલો મળશે, પણ તેનો જે કરો છો. સૂ. નમ્લ, ૨૭/૯૦)

૪. આ હદીષ અહમદે પણ રિવાયત કરી અને જામેઅ સગીરમાં પણ છે. *(મિર્કાત)*

★ દરેક દિરહમના બદલામાં સાત લાખ દિરહમ ! ★

"હઝરત અલી, અબૂ દર્દા, અબૂ હુરૈરહ, અબૂ ઉમામા, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર તથા અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર અને જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ અને ઈમરાન ઈબ્ને હુસૈન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ થી રિવાયત છે. આ સર્વ હઝરાત રસૂલુલ્લાહ [૧] કે હુઝૂર ખર્ચો મોકલી આપે[૨] અને ખુદ પોતાના ઘરમાં રહે[૩] તેને દરેક દિરહમના બદલામાં સાતસો દિરહમ મળશે[૪] અને જે રાહે ખુદામાં જાતે પોતે જેહાદ કરે અને એની રાહમાં ખર્ચ કરે તો તેના દરેક દિરહમના બદલામાં સાત લાખ દિરહમ છે. પછી હુઝૂરે આ આયત તિલાવત કરી : અલ્લાહ જેને ચાહશે ઘણુ જ વધારે આપશે.[૫]" (ઈબ્ને માજહ)

★ હદીષ : (૭૦)-૩૮૫૭ ★

૧. કેમ કે એ આઠેવ સહાબીઓએ અલગ અલગ આ રિવાયત કરી છે એટલા માટે દર્શાવવામાં આવ્યો. બહુવચન એટલે *(મિર્કાત)*

૨. રૂપિયા અથવા ઋતુના પ્રમાણે નમાઝીઓના માટે કપડાં અથવા તેમના માટે રાશન અથવા હથિયાર, સારાંશ કોઈ ચીજ જે મુજાહિદોને જરૂરી હોય. તેમના માટે રમતનો સામાન, ગીતો વગાડવા માટે સાધનો, સીનેમા,

ફિલ્મ વગેરે મુરાદ નથી, કે એમનો ઉપયોગ આમ લોકોને મના છે અને મુજાહિદોને તો અધિક મના કે તેઓ રાહે ખદામાં મરવા તૈયાર થયેલ છે, શહાદતની મૌત તેમની સામે છે, જેથી તેમણે એ સમયે ખૂબ જ તક્વો અપનાવવો જોઈએ. સરકારી નોકરોનો જ્યારે રિટાયર્ડ થવાનો સમય નજીક થાય છે તો તેઓ ખૂબ જ સાવધાની વર્તે છે કે ક્યાંક અમારી નિષ્કાળજી પેન્શન પર અસર ન કરે.

૪. એનો માખઝ આ આયતે કરીમા છે : (તેમની કહેવત જેઓ પોતાનો માલ અલ્લાહની રાહમાં ખર્ચ કરે છે તે દાણા જેવી છે જેણે ઉગાડી સાત કંતીઓ (ડૂંડાઓ) દરેક કંતીમાં સો દાણા..... છેવટ સુધી. સૂ. બક્રહ, ૨/૨૬૧)

૫. એ રીતે કે જાની તથા માલી બંને પ્રકારનો જેહાદ કરે, તો કેમ કે એનો અમલ વધારે છે એટલામાટે બદલો (અજર) પણ વધારે. આ હદીષ આ આયતના આ ભાગની શરહ છે :
પણ અધિક વધારે જેના માટે ચાહે. સૂ. બક્રહ, ૨/૨૬૧)

★ શહીદના પ્રકારો ★

''હઝરત ફઝાલા ઈબ્ને ઓબૈદથી[૧] રિવાયત છે. ફર્માવે છે, જનાબ ઉમર ઈબ્ને ખત્તાબને સાંભળ્યા કે ફર્માવતા હતા, મેં રસૂલુલ્લાહ સાંભળ્યા કે શહીદ ચાર પ્રકારના છે : એક ખરા ઈમાનવાળો મો'મિન[૨] જે દુશ્મનને મળે તો અલ્લાહનું સમર્થન કરે[૩] ત્યાં સુધી કે માર્યો જાય. આ તે શખ્સ છે કે કયામતના દિવસે લોકો તેની તરફ આ પ્રમાણે આંખો ઉઠાવશે[૪] અને પોતાનુ માથુ ઉઠાવ્યું ત્યાં સુધી કે આપની ટોપી પડી ગઈ[૫] મને ખબર નથી હઝરત ઉમરની ટોપી મુરાદ લીધી કે નબી કરીમ [૬]. ફર્માવ્યું, અને એક તે શખ્સ જે ખરા ઈમાનવાળો છે[૭] દુશ્મનથી મળે જાણે તેમની ચામડીમાં બુઝદિલીના કારણે કાંટાદાર ઝાડના કાંટા ખોસી દેવામાં આવ્યા[૮] તેને ગાઈબાના તીર વાગ્યુ, કત્લ કરી દીધો[૯] તો એ બીજા દરજામાં છે.[૧૦] અને એક મો'મિન બંદો જેણે નેક તથા બદ અમલો મિશ્ર કર્યા[૧૧] દુશ્મનને મળ્યો, અલ્લાહનું સમર્થન કર્યું ત્યાં સુધી કે કત્લ કરી દેવામાં આવ્યો.[૧૨] તો આ ત્રીજા દરજામાં છે[૧૩] અને એક મો'મિન બંદો જેણે પોતાના નફ્સ પર ઝિયાદતી કરી (જુલ્મ કર્યો)[૧૪] દુશ્મનને મળ્યો અલ્લાહનું સમર્થન કર્યું ત્યાં સુધી કે કત્લ કરી દેવામાં આવ્યો[૧૫] તો એ ચોથા દરજામાં છે.[૧૬] (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ હસન તથા ગરીબ છે.''

★ હદીષ : (૭૧)-૩૮૫૮ ★

૧. આપના હાલાત વિભાગ–૧ની શરૂમાં વર્ણન થઈ ચૂક્યા.

૨. ચાહે સ્ત્રી હોય કે પુરૂષ. ખરા ઈમાનથી મુરાદ એ છે કે તેના અક્વીદા પણ દુરુસ્ત હોય અને અમલો પણ, અને મુત્તક્વી પરહેઝગાર હોય, જેવું કે આગલા લખાણથી માલૂમ થઈ રહ્યું છે.

૩. [redacted]ની ક્વિરાઅત દાલના શદથી પણ છે અને વિના શદ પણ. જેથી આ વાક્યના બે અર્થો છે. જો શદથી છે તો અર્થ એ છે કે એ અલ્લાહના વાયદાઓને સાચા જાણે છે. ઝોક તથા શોખથી કાફિરોને મારે અને શહીદ થઈને જાન આપી દે. અને શદ વિનાની સ્થિતિમાં અર્થ એ છે કે અલ્લાહ તઆલાને સાચા કરી બતાવે તે સર્વ વાયદા જે તેણે રબને કર્યા હતા. કેમ કે મોમિન ઈમાન લાવીને અલ્લાહ તઆલાથી ઘણા બધા વાયદા કરી લે છે અને અલ્લાહ તઆલા તેનાથી ઘણા બધા વાયદા કરી લે છે. એની તફસીલ અમારી તફસીરમાં જુઓ. રબ ફર્માવે છે : [redacted] (મુસલમાનોમાં કેટલાક તે મર્દ છે જેમણે સાચો કરી આપ્યો જે વાયદો અલ્લાહથી કર્યા હતો. સૂ. અહઝાબ, ૩૩/૨૩) આ આયતમાં આ વાયદાની તરફ નિર્દેશ છે જે મો'મિન રબથી કરે છે.

૪. લોકોથી મુરાદ મેહશરવાળા આમ મો'મિનો છે. જો ક્વયામતથી મુરાદ ક્વયામતનું મેદાન છે તો એનાથી જાણવા મળ્યું કે ખુદ ક્વયામતના મેદાનમાં લોકોના મક્વામ (સ્થાન) વિવિધ હશે. સારા અમલોવાળા સારી જગાઓ પર હશે અને ગુનેહગાર નીચી જગા પર. અને જો જન્નત મુરાદ છે ત્યારે તો જાહેર છે કે જન્નતના સો દરજા છે, દરેક બે દરજાઓ વચ્ચે એટલુ અંતર છે જેટલુ આસ્માન તથા જમીન વચ્ચે છે.

૫. આટલુ માથુ ઉઠાવ્યું અત્યંત બુલંદીને પ્રદર્શિત કરવા માટે છે. એટલે કે જેવી રીતે માથા ઉપર ચાંદ કે તારાઓને જુઓ તો ટોપી પડી જાય છે, એવી જ રીતે એમને જોનારાઓનો આ હાલ થશે.

૬. આ તે રાવીનો ક્વૌલ છે જે હઝરત ફઝાલાથી રિવાયત કરી રહ્યા છે. અને [redacted]
એટલે કે હઝરત ફઝાલાએ કોની ટોપી મુરાદ લીધી હતી એ મને ખબર નથી અને હું તેમને પૂછવાનુ પણ ભૂલી ગયો. જાહેર એ છે કે હઝરત ઉમર [redacted] **હુઝૂર** [redacted] **ટોપી પહેરતા ન હતા બલ્કે અમામા શરીફ પહેરતા હતા.** અલ્લાહ બેહતર જાણનાર છે.

૭. એટલે કે તેના અકીદા તથા અમલો સૌ દુરુસ્ત છે પણ બહાદુરી તથા શુજાઅતમાં પહેલા કરતાં ઓછો છે, આવા મોકા પર ગભરાય જાય છે, જેવું કે આગલા ફર્માનથી જાહેર છે.

૮. અરબ શરીફમાં તલ્હા એક કાંટાળા ઝાડનું નામ છે જે બાવળની જેમ ઊંચુ હોય છે અને કાંટાઓથી ભરેલુ હોય છે. તેના કાંટા પણ લાંબાં હોય છે. એટલે કે તે છે તો મુત્તક્વી મુસલમાન પણ કુદરતી રીતે કાંઈક કમજોર દિલવાળો છે કે જેહાદના મેદાનમાં ડરના કારણે તેની રુંવાટી ઉભી થઈ જાય છે, શરીરમાં ધ્રુજારી પેદા થઈ જાય છે જાણે તેના શરીરમાં બાવળના કાંટા ખોસાય ગયા હોય.

૯. એટલે કે તે જેહાદના મેદાનમાં પહોંચી ગયો પણ તેણે જેહાદ કર્યો નહીં પોતાની દિલી કમજોરીના કારણે, તેમની છતાં તે શહીદ થઈ ગયો એવા તીરથી જેને ફેંકનાર માલૂમ નથી.

૧૦. કેમ કે એની પાસે ઈમાન તથા તક્વો તો છે પણ બહાદુરી તથા હિંમત તથા દિલેરી નથી. એનાથી જાણવા મળ્યું કે બહાદુર તથા મજબૂત મો'મિન કમજોર તથા ડરપોક મો'મિનથી અફઝલ છે. *(મિક્વાત)*

૧૧. એટલે કે એનું ઈમાન તો બરાબર છે પણ અમલો મિશ્ર છે. તેને હુઝૂરે ઝયદુલ ઈમાન (ખરા ઈમાનવાળો) ન ફર્માવ્યો, કેમ કે ઈમાનનું ઝયદ હોવું તક્વા તથા તહારત (પાકી)થી હોય છે.

૧૨. આ વાક્યની તેહક़ીક़ અને
એટલે કે આ શખ્સ મિક્સ અમલોવાળો છે પણ બહાદુર તથા હિંમતવાન છે. જેહાદ કર્યો બહાદુરીના જૌહર (કૌશલ્ય) દેખાડીને મર્યો.

૧૩. જાણવા મળ્યું કે બહાદુરી કરતાં તક़્વો અફ઼ઝલ છે. જુઓ, હુઝૂર
ગૈર બહાદુર કરતાં પાછળ રાખ્યો. તક़્વો અજીબ ચીજ છે.

૧૪. એ રીતે કે તેણે પોતાની જિંદગી ગુનાહો ખતાઓમાં પસાર કરી. આ પાક વાક્યમાં ખારજી તથા મોઅતઝલા બંનેની રદ છે કે ખારજી તો ગુનેહગારને કાફિર કહે છે, અને મોઅતઝલા ન કાફિર ન મો'મિન. અહલે સુન્નતની નજીક તે મો'મિન છે. હુઝૂરે અન્વર એ તેને મો'મિન કહ્યો છે. કુર્આને કરીમમાં પણ એને મો'મિન કહેવામાં આવ્યો છે. જેમ કે આદેશ છે : (અને જો મુસલમાનોના બે ગિરોહ આપસમાં લડે તો એમનામાં સુલહ કરાવો. સૂરએ હુજુરાત, ૪૯/૯) જુઓ ! આપસમાં લડાઈ જંગ કરનારા ગુનેહગારોને મો'મિન કહેવામાં આવ્યા. આપણે ત્યાં અમલો ઈમાનનો હિસ્સો નથી,

૧૫. એટલે ફાસિક़ હતો પણ બહાદુર હતો. બહાદુરીનાં કૌશલ્યો બતાવીને શહાદતનો પ્યાલો પીધો.

૧૬. આ મર્તબાઓના ક્રમનો ખુલાસો એ છે કે શહીદ ક્યાં તો મુત્તક़ી પણ છે અને બહાદુર પણ, એ પ્રથમ દરજાનો છે. અથવા મુત્તકી છે પણ બહાદુર નથી, એ બીજા પ્રકારનો છે. અથવા બહાદુર છે પણ મુત્તક़ી નથી, તેના વળી બે પ્રકાર છે કે ફાસિક તથા મુસ્રિફ (ફુઝૂલ કામો કરનાર) નથી તે ત્રીજા દરજામાં છે અથવા ફાસિક़ તથા મુસ્રિફ છે એ ચોથા દરજામાં છે. યાદ રાખશો કે આ હદીષમાં સમર્થનથી મુરાદ શુજાઅત તથા બહાદુરી છે. *(અશિઅહ, લમ્આત)*

''હઝરત ઉત્બા ઈબ્ને અબ્દિસ્સલમીથી[૧] રિવાયત છે, ફર્માવે છે, રસૂલુલ્લાહ
થનારા ત્રણ પ્રકારના છે : તે મો'મિન જે પોતાની જાન તથા માલથી ખુદાની રાહમાં જેહાદ કરે. પછી જ્યારે દુશ્મનથી મળે તો જેહાદ કરે ત્યાં સુધી કે ક़ત્લ કરવામાં આવે[૨] ફર્માવ્યું, નબી કરીમ
એ અલ્લાહની રહમતમાં છે પાક તથા સાફ કરવામાં આવેલો[૩] અર્શની નીચે અલ્લાહના તંબૂમાં[૪] નથી વધ્યા તેના પર અંબિયા હઝરાત પણ નબુવ્વતના દરજાના કારણે[૫] અને એક તે મો'મિન જેણે સારાં બુરાં મિશ્ર કામો કર્યા[૬] તેણે પોતાની જાન તથા માલ વડે રાહે ખુદામાં જેહાદ કર્યો. જ્યારે દુશ્મનથી મળ્યો તો જેહાદ કર્યો ત્યાં સુધી કે ક़ત્લ કરી દેવામાં આવ્યો. નબી એ ફર્માવ્યું, આ શહાદતમાં સફાઈ છે[૭] તેના ગુનાહ તથા ખતાઓ મિટાવી દે[૮] તલ્વાર ખતાઓને મિટાવનારી છે[૯] અને તે જન્નતના જે દરવાજેથી ચાહે

★ હદીષ : (૭૨)-૩૮૫૯ ★

દાખલ કરવામાં આવશે[૧૦] અને એક મુનાફિક્ જે પોતાના જાન તથા માલથી જેહાદ કરે પછી જ્યારે દુશ્મનથી મળે તો લડાઈ કરે ત્યાં સુધી કે કત્લ કરી દેવામાં આવે તો એ દોઝખમાં છે[૧૧] કેમ કે તલ્વાર નિફાક્ને નથી મિટાવતી.[૧૨]" (દારમી)

[redacted]

૧. [redacted] (ઉત્બા) અયનના પેશ અને તેના જઝમથી. આપનુ નામ ઉત્બા હતું. હુઝૂર [redacted] ગઝવએ ખૈબરમાં શરીક થયા. હમ્સ સ્થળે ૯૪ વરસની વયે હિ.સ. ૭૮માં વફાત પામ્યા. વાકે્દીના કથનુસાર આપ શામના આખરી સહાબી છે.

૨. આ ફર્માને આલીમાં મો'મિનથી મુરાદ મુત્તકી પરહેઝગાર મો'મિન છે. અને આગલા અવસાફથી મુરાદ છે જાન તથા માલ રાહે ખુદામાં ખર્ચ કરવું, બહાદુર હોવું, સાબિર હોવું. આ છે પ્રથમ કક્ષાનો શહીદ.

૩. [redacted] ના કેટલાક અર્થ છે તે સૌ અહીં બની શકે છે : (૧) અજમાવેલો, કસોટી કરેલ (૨) પાસ થયેલો કામયાબ (૩) સીનો ખોલેલો, શરહે સુદૂરવાળો (૪) પાક તથા સાફ કરેલો જેવી રીતે ભટ્ટી વડે લોખંડ સાફ કરવામાં આવે છે. રબ તઆલા ફર્માવે છે : [redacted] (તે છે જેમનાં દિલ અલ્લાહ તઆલાએ પરહેઝગારીના માટે પારખી લીધેલ છે. સૂ. હુજુરાત, ૪૯/૩) આ આયતની તરફસીરમાં ઉલમાએ ઈમ્તેહાનના ઘણા અર્થો વર્ણવ્યા છે.

૪. એટલે આવા શહીદને મરતાં જ રબ તઆલાથી એટલા પ્રમાણમાં કુર્બ (નઝદીકી) નસીબ થાય છે જે અન્યોને મયસ્સર નથી થતી. તંબૂથી મુરાદ નૂરી મકામ છે, તેની હકીકત ખુદા જ જાણે.

★ અંબિયાનો કોઈ બરાબરીયો નથી ★

૫. એટલે કે જો અંબિયા હઝરાત નબી ન હોત તો શહીદ એમના બરાબર થઈ જાત, પણ કેમ કે એ હઝરાત નબી છે એના કારણે તે એ શહીદો કરતાં આ'લા તથા અફઝલ છે. **યાદ રાખશો કે કે નબી એ ગૈર નબી કરતાં કરોડો દરજા ઉચ્ચ છે, અને નબીનો દરેક અમલ ગૈર નબીની દરેક નેકી કરતાં કરોડો ગણો અધિક છે. જ્યારે સહાબીનું બે ચાર શેર જવ ખૈરાત કરવું ગૈર સહાબીના પહાડ બરાબર સોનુ ખૈરાત કરવાથી અફઝલ છે તો નબીની શાનનું શું કહેવું !** આ ફર્માન એવું જ છે જેમ કે કહેવામાં આવે, માણસ બીજા જાનવરો કરતાં કેવળ બોલતો હોવામાં ઉચ્ચ છે. તો જેવી રીતે બોલવાએ માણસને જાનવરોથી જાતી રીતે વિશિષ્ટ કરી આપ્યો કે એ અશરફુલ મખ્લૂકાત (મખ્લૂકમાં શ્રેષ્ઠ) થઈ ગયો, એવી જ રીતે નબીને નબુવ્વતે જાતી હૈસિયતથી વિશિષ્ટતા બખ્શી દીધી. રબ તઆલા ફર્માવે છે : [redacted] તો હું તમારા જેવો છે, મને વહી આવે છે. સૂ. કહફ, ૧૮/૧૧૦)ની કૈદે (શર્ત) પણ એવો જ ફરક કરી આપ્યો. જેથી એના જેવી આયતો તથા હદીષો જોઈને ધોકો ખાવો ન જોઈએ અને અંબિયા કિરામ હઝરાતથી બરાબરીનો દાવો ન કરવો જોઈએ. આ ભવંરમાં ઘણા બેડા ગર્ક થઈ ગયા છે. નબીનો અદબ ઈમાનની રૂહ છે.

(અઝ : અશિઅતુલ લમ્આત મઅઝ્ઝિયાદ)

૬. બીજા દરજાનો મુત્તકી નથી, જિંદગીમાં ગુનાહ પણ કરે છે.

★ શહાદત ગુનાહોને મિટાવી દે છે ★

૭. [redacted]નો મરજઅ ક્યાં તો એ શખ્સ છે અને [redacted]
બારામાં હુઝૂરે ફર્માવ્યું કે એનો મામલો સફાઈનો છે. અથવા [redacted]
મુક્દમ છે અને [redacted]
[redacted]ની જેમ કે જેનો અર્થ છે, મોમાં પાણી લઈને કુલ્લી કરવી, જે રીતે એવી કુલ્લી મોંને પાક સાફ કરી દે છે, એ જ પ્રમાણે આ શહાદત તેના સર્વ ગુનાહોને મિટાવી દે છે. એનું વર્ણન આગલા ફર્માને આલીમાં છે. ખુલાસો એ છે કે શહાદત સર્વ ગુનાહોથી મો'મિનને પાક સાફ કરી દે છે.

૮. એટલે કે શહાદતે તેની જિંદગીભરની ખતાઓ (ગુનાહો) ખત્મ કરી દીધી.

★ તલ્વાર ગુનાહોને મિટાવી દે છે ★

૯. તલ્વાર સર્વ સગીરા ગુનાહોનને તો મિટાવી દે છે ગુનાહે કબીરા અલ્લાહ તઆલાના કરમ પર છે. બંદાઓના હક્કો કદાચ રબ તઆલા કયામતમાં હક્કવાળાથી માફ કરાવી દેશે, જેવું કે અન્ય હદીષોથી માલૂમ પડે છે. આ હદીષમાં [redacted]
બંદાના હક્કથી ન હોય. જેથી શહીદના જિમ્મે જે લોકોનાં કરજ વગેરે હોય તે અદા કરવાં પડશે. હદીષ સ્પષ્ટ છે.

★ શહીદની નમાઝે જનાઝા બાબતે ઈમામ શાફઈ તથા અબૂ હનીફામાં મતભેદ ★

આ જ હદીષના આધારે ઈમામ શાફઈ કહે છે કે શહીદ પર જનાઝાની નમાઝ ન પઢવામાં આવે કેમ કે જનાઝાની નમાઝ મૈયતના ગુનાહ મિટાવવાના માટે હોય છે, શહીદના ગુનાહ તો તલ્વારથી નષ્ટ થઈ ગયા તો હવે નમાઝ શા માટે પઢવામાં આવે ?! ઈમામે આ'ઝમ [redacted]
પ્રદર્શિત કરવા માટે છે અને શહીદ એનો અધિક હક્કદાર છે. જુઓ, નાબાલિગ બાળકો પર નમાઝ પઢવામાં આવે છે જ્યારે કે તે બે ગુનાહ છે. હુઝૂર [redacted]
[redacted]એ શહીદો પર નમાઝ પઢી, હતી, ત્યાં સુધી કે ઓહદના શહીદો પર અમુક વરસો પછી નમાઝ પઢી, એની ચર્ચા અગાઉ આવી ગઈ છે.

★ શહીદ જે દરવાજેથી ચાહે જન્નતમાં જાય ! ★

૧૦. એટલે કે બીજા જન્નતી મુસલમાનો માટે દરવાજા નિશ્ચિત છે કે રોઝાદાર બાબે રૈયાનથી જાય, નમાઝી ફલાણા દરવાજાથી પણ શહીદ માટે કોઈ બંધન નથી, જે દરવાજેથી જવા ચાહે જાય. આ ઈજાઝત તેની શાન જાહેર કરવાના માટે હશે.

૧૧. એટલે કે જે એતેકાદી (અકીદામાં) મુનાફિક નિફાક રૂપે જેહાદમાં ચાલ્યો જાય અને ત્યાં તેને સર્વ કાંઈ ખર્ચ કરવું પડે અને શહીદ પણ થઈ જાય, તો પણ તે દોઝખી છે, કેમ કે **જન્નતી થવા માટે ઈમાન શર્ત છે.** યાદ રાખશો કે મુનાફિકો પોતાનો નિફાક (મુનાફિકપણુ) છુપાવવા માટે કદીક જેહાદમાં પણ ચાલ્યા જતા હતા.

★ મુનાફિક શહીદ થવાથી પણ જન્નતી ન થશે ★

૧૨. એનાથી જાણવા મળ્યું **કોઈ પણ નેકી વડે મુનાફિક જન્નતી નથી થઈ શકતો,** અલ્લાહ તઆલા ફાજિર માણસથી પણ પોતાના દીનને શક્તિ આપે છે જેથી સૌ પ્રથમ અકીદાઓની સુધારણા જરૂરી છે.

★ એક પેહરેદાર મુજાહિદના જન્નતી હોવાની ગવાહી ★

''હઝરત ઈબ્ને આઈઝથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ [redacted]
તશરીફ લઈ ગયા. જ્યારે જનાઝો રાખવામાં આવ્યો[૨] તો હઝરત ઉમર ઈબ્ને ખત્તાબે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! [redacted]
ફાજિર માણસ છે[૩] ત્યારે રસૂલુલ્લાહ [redacted]
તરફ ધ્યાનિત થયા કે શું તમારામાંથી કોઈએ એને ઈસ્લામી કામ પર જોયો છે ?[૪] તો એક શખ્સે અર્ઝ કરી, હા ! યા રસૂલલ્લાહ ! [redacted]
ખુદામાં પહેરો આપ્યો હતો[૫] તો એના પર રસૂલુલ્લાહ [redacted] *એ નમાઝ પઢી અને એના પર માટી નાખી.[૬] અને ફર્માવ્યું, તારા સાથી તો ગુમાન કરે છે કે તું દોઝખી છે અને હું ગવાહી આપુ છું કે તું જન્નતીઓમાંથી છે.[૭] અને ફર્માવ્યું, હે ઉમર ! તમારાથી લોકોના અમલો વિશે પૂછતાછ ન થશે[૮] પરંતું તમારાથી પૂછતાછ થશે ઈસ્લામના વિશે.[૯]'' (બયહકી શોઅબુલ ઈમાન)*

★ હદીષ : (૭૩)-૩૮૬૦ ★

[redacted]

૧. ઈબ્ને આઈઝ બે છે : એક કૈસ ઈબ્ને આઈઝ અને બીજા મુન્ઝર ઈબ્ને આઈઝ. બંને સહાબી છે. *(અશિઅહ)* લગભગ અહીં કૈસ ઈબ્ને આઈઝ મદની મુરાદ છે જે બયઅતુર્રિદ્વાનમાં શરીક થયા. બસરામાં રહ્યા. *(મિર્કાત)*

૨. અને હુઝૂર [redacted]
આગળ આવી રહી છે.

૩. ફાજિરથી મુરાદ મુનાફિક નથી બલ્કે સખત ગુનેહગાર છે. એટલે કે જ્યાં સુધી મારો ઈલ્મ છે તેણે કદી કોઈ નેકી નથી કરી. મેં તેને નેક કામ કરતાં નથી જોયો, બુરાઈઓ કરતાં જોયો છે. હુઝૂર ! એના પર નમાઝ ન પઢો જેથી ભાવિમાં લોકો બોધ ગ્રહણ કરે અને ગુનાહોથી દૂર રહે. જેવી રીતે હુઝૂર [redacted]
જેથી લોકો કરજ લેવાથી બચે.

૪. આ છે હુઝૂરની શાને સત્તારુલ ઉયૂબી કે હઝરત ઉમર તથા કોઈ અન્યથી એના ગુનાહ વિશે ન પૂછ્યું કે તમે તેને શું ગુનાહ કરતાં જોયો, તમે એને ફાજિર શા માટે કહો છો ? બલ્કે લોકોથી તેના નેક અમલોની ગવાહી લીધી, જેથી તેના અયબો છુપા રહે અને તેની નેકી જાહેર થઈ જાય. હે કરીમ ! તમારા કરમ પર કુર્બાન ! મુઝ સિયાહકાર (કુકર્મી), બદકારનો પણ આવી જ રીતે પર્દો રાખજો ! (શેઅર)

સત્તાર મેરે કુર્બાન ! દુન્યામેં તો મેરે અયબ ઢકે –મેહશરમેં પર્દા રખ લેના તુઝસા ન કોઈ રહેબર પાયા

યાદ રાખશો કે હુઝૂર [redacted]
કયામતમાં રબ તઆલા ગવાહી શહાદત લઈને ફૈસલા કરી આપશે. નહીં તો હુઝૂર દરેક શખ્સના દરેક નેક તથા બુરા અમલોથી ખબરદાર છે. રબ તઆલા ફર્માવે છે : [redacted] (અને આ રસૂલ તમારા નિગેહબાન

તથા ગવાહ. સૂ. બકૃરહ, ૨/૧૪૩) હુઝૂર
રહ્યો છે, એમાં એક ચુગલખોર હતો બીજો ચરવાહો કે પેશાબનાં છાંટાઓથી બચતો ન હતો.

અર્થાત : આપના નૂરના સબબે જમાનાઓની સવાર થાય છે. આપની નિગાહ દિલોના રાઝથી માહિતગાર છે, દિલોમાં છુપાયેલા ભેદોને જોઈ લે છે.

૫. એ રીતે કે લશ્કર થાકેલુ આવી રહ્યું હતું. રાતમાં એક જંગલમાં આરામ કરવા ચાહતું હતું. પેહરાદારની જરૂરત હતી કે જેથી દુશ્મન છાપો ન મારી દે. એ અલ્લાહના બંદાએ સર્વ લશ્કરને સૂવડાવી દીધું અને પોતે આખી રાત જાગીને પેહરો આપ્યો. તેની આ નેકી મેં ખુદ મારી આંખો વડે જોઈ છે.

૬. એટલે કે હુઝૂર
નમાઝ પણ પઢી અને એ કબર પર ત્રણ ખોબા માટી પણ પોતાના દસ્તે અકૃદસ વડે નાખી. હે મરનારા ! તારા નસીબને સદકે જાઉં ! યાદ રાખશો કે એ શખ્સે ભલે ઘણા ગુનાહ કર્યા હશે પણ એ રાતના પેહરાથી સર્વ માફ થઈ ચૂક્યા. અને હુઝૂર
એ અકૃીદો કે સર્વ સહાબીઓ આદિલ છે, કોઈ ફાસિકૃ નથી, એ બિલ્કુલ હક્ક છે કે તે ભલે ગુનાહ કરી લેતા હતા પણ આ રહમતમાં નહાય ધોઈને પાક સાફ થઈ જતા હતા. જેથી આના પર રાફઝી એ વાંધો નથી કરી શકતા કે સહાબીઓ ફાજિર તથા ફાસિકૃ પણ હતા. ગુનાહ કરવા અલગ ચીજ છે ફાસિકૃ હોવું અથવા રહેવું અલગ ચીજ છે.

૭. પ્રથમ દરજાનો જન્નતી તે છે જે મરતાં જ રૂહાની રીતે અને મેહશર પછી સજા પામ્યા વિના શારીરિક રીતે પ્રથમ જ જન્નતમાં જશે. કેમ કે તારા સર્વ ગુનાહ આ પેહરા અને મારી નમાઝથી માફ થઈ ચૂક્યા છે. આ છે આ ગયબદાં

★ મુસલમાન મુડદાંને ભલાઈ સાથે યાદ કરો ★

૮. એટલે કે દુનિયામાં અમે તથા સર્વ મુસલમાન તમને કોઈ મૈયતના બુરા અમલો વિશે પૂછશે નહીં, જેથી તમે આવા મોકૃા પર કોઈ મુસલમાનના ગુનાહ વર્ણવશો નહીં, અયબપોશીથી કામ લેજો. જુઓ મેં તેની નેકીની તો ગવાહી લીધી પણ ગુનાહોથી ગવાહી ન લીધી. **પોતાના મુસલમાન મુડદાંઓને ભલાઈથી યાદ કરજો.** *(લમ્આત તથા મિશ્કાત મઅ ઝિયાદા)*

૯. એટલે કે અમે તથા અમારા સહાબા તમારાથી મૈયતોના ઈમાનની ગવાહી લીધા કરીશું, તમે તેમના ઈમાનની ગવાહી આપ્યા કરો. મુસલમાનને મૃત્યુ બાદ અચ્છાઈથી યાદ કરો. યાદ રાખશો કે હુઝૂર
મૈયત પર નમાઝ પઢતા ન હતા. સહાબાથી પઢાવી દેતા હતા. જેથી લોકો કરજથી બચે. કરજ બંદાનો હક્ક છે જે તૌબાથી પણ માફ નથી થતો. તેમજ ફકૃીહો ફર્માવે છે કે ડાકૂ વગેરે પર નમાઝ ન પઢવામાં આવે કેમ કે તેઓ ફિત્નાગર છે. એ શખ્સ અલ્લાહના હક્કોનો મુજરિમ હશે, જેથી તેના સર્વ ગુનાહ નઝર અંદાઝ કરી દેવામાં આવ્યા. ફકૃીરની આ શરહથી નીચે મુજબના વાંધાઓ ઉઠી ગયા : (૧) એક એ કે તમે સુન્ની લોકો કહો છો કે સર્વ સહાબીઓ આદિલ છે, પણ હઝરત ઉમર
એ કે હુઝૂર એ હઝરત ઉમર વગેરેથી આ મૈયતના ગુનાહ કેમ ન પૂછયા અને નેકી કેમ પૂછી ? (૩) ત્રીજુ એ કે જ્યારે હુઝૂર
લીધી ? (૪) ચોથુ એ કે હુઝૂર
કરો. યાદ રાખશો કે હુઝૂરે અન્વર નું આ મૈયત માટે જન્નતી હોવાની ગવાહી આપવું એ દર્શાવે છે કે હુઝૂર
સૌની નેકબખ્તી તથા બદબખ્તી, તેમના જન્નતી તથા દોઝખી હોવાથી ખબરદાર છે, નહીં તો ખબર વિના હુઝૂર
તેના જન્નતી હોવાની ખબર કેવી રીતે આપી રહ્યા હતા ?! આ છે હુઝૂરનું ઉલૂમે ખમ્સાની માહિતગાર હોવું !

بابإعدادآلةالجهاد

બાબુ એઅ્દાદ આલતુલ જિહાદ

(જેહાદના સાધનો તૈયાર કરવા પિશે વર્ણન[૧])

(પિભાગ : ૧ الفصل الاول)

૧. જેહાદના સાધનોથી મુરાદ જેહાદનો સામાન તથા અસ્બાબ છે, ચાહે હથિયાર હોય જેના વડે દુશ્મન પર આક્રમણ રૂપી કાર્યવાહી કરવામાં આવે છે અથવા વજન વહેવાનો સામાન જેના થકી જેહાદના મેદાનમાં જવાનુ તથા લઈ જવાનુ હોય છે. જેમ કે તીર તથા તલ્વાર, તેમજ ભાલા અથવા આજકાલ બંદૂક, તોપ, રોકેટ વગેરે. અને જેમ કે ઘોડા, ઊંટ વગેરે અને આજકાલ મોટર, વિમાન વગેરે. સારાંશ આ એક કલમામાં ઘણી વિશાળતા છે.

''હઝરત ઉક્બા ઈબ્ને આમિરથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને સાંભળ્યા જ્યારે કે આપ મિમ્બર પર હતા[૨] કે ફર્માવતા હતા, તૈયાર કરો એમના મુકાબલાની એ શક્તિ જેની શક્તિ ધરાવો, ખબરદાર ! તે શક્તિ તીરંદાઝી છે, ખબરદાર ! તે શક્તિ તીરંદાઝી છે, ખબરદાર ! તે શક્તિ તીરંદાઝી છે.[૩]'' (મુસ્લિમ)

★ હદીષ : (૧)-૩૮૬૧ ★

عَن عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ عَلَى الْمِنْبَرِ يَقُول: " (وَأَعِدُّوا لَهُ مَا استطَعْتُمْ منْ قُوَّةٍ)أَلَا إِنَّ الْقُوَّةَ الرَّمْيُ أَلَا إِنَّ الْقُوَّةَ الرَّمْيُ أَلَا إِنَّ الْقُوَّةَ الرَّمْيُ) رَوَاهُ مُسْلِمٌ

૧. આપ સહાબી છે. જહની છે. અમીર મુઆવિયહ رضی اللہ عنہ તરફથી મિસરના હાકિમ રહ્યા. જ્યારે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના ભાઈ ઉત્બા ઈબ્ને અબૂ સુફ્યાન વફાત પામી ગયા પછી અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ તેમને બરતરફ કરી દીધા. હિ.સ. ૫૮માં મિસરમાં જ વફાત પામ્યા, ત્યાં જ દફન થયા. આપનાથી ઘણા સહાબીઓ તથા તાબઈને રિવાયતો લીધી. *(મિર્કાત)*

૨. મક્સદ એ છે કે આ હદીષ કેવળ મેં જ નથી સાંભળી બલ્કે મારી સાથે ઘણા સહાબાએ સાંભળી છે. કેમ કે આપે જુમ્આનો ખુત્બો અથવા કોઈ વઅઝમાં જાહેરમાં મિમ્બર પરથી એલાન સાથે ફર્માવી હતી.

૩. એટલે કુર્આન મજીદની આ આયતમાં જે સાબિતીનો હુકમ તાકીદ સાથે આપવામાં આવ્યો છે તે શક્તિ આજકાલ તીરંદાઝી છે. આયતે કરીમાનો હેતુ વર્તમાનકાળમાં એ રીતે હાંસલ થશે કે મુસલમાન તીર લગાડવાની નિશાનો લગાડવાની ખૂબ જ પ્રેક્ટિસ કરે. ફકીરની આ શરહથી એ વાંધો ઉઠી ગયો કે જો કેવળ તીરંદાઝી શખવું જરૂરી છે તો આજકાલ ન તીર છે ન તેની પ્રક્ટિસ, તો હવે આ આયત પર અમલ કેવી રીતે થાય ? કેમ કે હવે તીરને બદલે દારૂગોળા તોપો વડે, બોમ્બવર્ષા હવાઈ જહાઝો (વિમાનો) વડે, બબ્બારી, રોકેટ મારો છે તો હવે આ ચીજોને શીખવી આ આયતે કરીમા પર અમલ છે, શર્ત એ છે કે જેહાદ ફી સબીલિલ્લાહની નિય્યતથી હોય.

★ રોમ ફતહ થશે એ ગયબી ખબર હુઝૂર ﷺ એ આપી ★

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે નજીકમાં

★ હદીષ : (૨)-૩૮૬૨ ★

وَعَنْهُ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ

يَقُولُ: «سَتُفْتَحُ عَلَيْكُمُ الرُّومُ وَيَكْفِيكُمُ اللَّهُ فَلَا يَعْجِزْ أَحَدُكُمْ أَنْ يَلْهُوَ بِأَسْهُمِهِ» . رَوَاهُ مُسلم

રોમ તમારા પર ફતહ કરવામાં આવશે અને અલ્લાહ તમને કિફાયત (ફાયદો) કરશે[૧] તો તમારામાંથી કોઈ એનાથી આજિઝ ન થઈ જાય કે પોતાનાં તીરો વડે ખેલે.[૩]'' (મુસ્લિમ)

૧. ખિલાફતે ફારૂકીમાં રોમ જવી મજબૂત સલ્તનત તમારા તાબા હેઠળ થશે અને અલ્લાહ તઆલા તમને રોમી ઈસાઈઓની બુરાઈઓથી મેહફૂઝ કરી દેશે, કેમ કે તે પ્રજા બની જશે. આ મુખ્બિરે સાદિક ﷺની આ ગયબી ખબર હઝરત ઉમર رضی اللہ عنہની ખિલાફતના દૌરમાં પૂરી થઈ.

૨. એટલે કે કેમ કે તમારે રોમ જીતવાનું છે અને રોમી લોકો અત્યંત ઉચ્ચ કક્ષાના તીરંદાઝ છે જેથી અત્યારથી તીરંદાઝીની પ્રેક્ટિસ કરો, એનાથી ગાફેલ ન રહો જેથી કરીને એ જંગના વખતે તમારી આ કલા કામ લાગે. આ તીરંદાઝીને ખેલ કહેવું આકર્ષવા માટે છે, એટલે કે આ કળા ઈબાદત પણ છે અને એમાં ખુશી આનંદ પણ છે, શક્તિ હાંસલ થવાનો ઝરીયો પણ છે, જેથી એનાથી ગાફેલ ન રહો. નફ્સ લહ્વ એટલે કે ખેલકૂદની પ્રતિ આકર્ષિત છે, દિલ ઈબાદતનુ ચાહક. તીરંદાઝીમાં આ બંને ખૂબીઓ મૌજૂદ છે. જેથી ખેલથી મુરાદ ગફલતની ચીજ નથી બલ્કે મુરાદ આકર્ષણની ચીજ છે. સહાબાએ કિરામે આ હદીષ પર અમલ કર્યો અને જીત્યું ફારૂકી યુગમાં. કાશ ! આજે સ્કૂલોમાં હોકી, ક્રિકેટ અને ફૂટબોલને બદલે એવી રમતો રમાડવામાં આવે જે રમત પણ હોય અને કળા પણ હોય, જેમ કે ઘોડા દોડ, અને નિશાનાબાજી. યાદ રાખશો કે દુનિયામાં ત્રણ આ'ઝમ ગુજર્યા જેમણે મહાન ફતહો મેળવી : સિકંદરે આ'ઝમ, નેપોલિયન આ'ઝમ અને ફારૂકે આ'ઝમ. સિકંદર અને ઝુલ્કરનૈનની ફતહો ગૈરોની પાસે ચાલી ગઈ પણ ફારૂકે આ'ઝમ رضی اللہ عنہની ફતહો અલ્લાહના ફઝ્લથી અત્યાર સુધી તમામે તમામ મુસલમાનોના કબજામાં છે જેમ કે રોમ, શામ, ઈરાન, ઈરાક વગેરે. અલ્લાહ તઆલા કાયમ દાયમ રાખે.

★ તીરંદાઝી છોડનાર અમારામાંથી નથી ★

★ હદીષ : (૩)-૩૮૬૩ ★

وَعَنْهُ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم يقولُ: «مَنْ عَلِمَ الرَّمْيَ ثُمَّ تَرَكَهُ فَلَيْسَ مِنَّا أَوْ قَدْ عَصَى» . رَوَاهُ مُسلم

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને ફર્માવતાં સાંભળ્યા કે જે તીરંદાઝી શીખે પછી તેને છોડી આપે તો તે અમારામાંથી નથી[૧] અથવા તેણે નાફર્માની કરી.[૨]'' (મુસ્લિમ)

૧. એટલે કે અમારાથી મળેલો, અમારાથી નજીક નથી અથવા એ જમાઅતથી નથી જેનાથી અમે રાજી છીએ, કેમ કે તેણે નેઅમતને ઠુકરાવી છે કે તીરંદાઝી જેવી ઈબાદત શીખીને ભૂલાવી દીધી. દરેક ઈબાદતનો એ જ હાલ છે કે એને હાંસલ કરીને સુસ્તીથી ભૂલાવી દે.

૨. عصٰی ક્યાં તો હુઝૂરે અન્વર ﷺનું ફર્માન છે અથવા રાવીએ અસમંજસ દર્શાવી કે મને પૂરો ખયાલ નથી ક્યાં તો હુઝૂરે આ ફર્માવ્યું અથવા આ શબ્દ ઈર્શાદ ફર્માવ્યો.

★ હઝરત ઈસ્માઈલ عليه السلام તીરંદાઝ હતા ★

★ હદીષ : (૪)-૩૮૬૪ ★

وَعَن سلَمَةَ بنِ الأكوَعِ قَالَ: خَرَجَ رَسُولُ اللَّهِ صَلَّى

''હઝરત સલ્મા ઈબ્ને રકૂઅથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ અસ્લમ કબીલાની એક

اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى قَوْمٍ مِنْ أَسْلَمَ يَتَنَاضَلُونَ بالسُّوقِ فَقَالَ: «ارْمُوا بَنِي إِسْمَاعِيلَ فَإِنَّ أَبَاكُمْ كَانَ رَامِيًا وَأَنَا مَعَ بَنِي فُلَانٍ» لِأَحَدِ الْفَرِيقَيْنِ فَأَمْسَكُوا بِأَيْدِيهِمْ فَقَالَ: «مَا لَكُمْ؟» قَالُوا: وَكَيْفَ نَرْمِي وَأَنْتَ مَعَ بَنِي فُلَانٍ؟ قَالَ: «ارْمُوا وَأَنا مَعكُمْ كلكُمْ» . رَوَاهُ الْبُخَارِيّ

ક़ૌમ પાસે તશરીફ લાવ્યા જે બજારમાં તીરંદાઝી કરી રહી હતી[૨] તો ફર્માવ્યું, હે બની ઈસ્માઈલ ! તીર ચલાવો કેમ કે તમારા પિતા તીરંદાઝી હતા, અને હું ફલાણી જમાઅતની સાથે છું (બે પક્ષોમાંથી એકતાના માટે) તો તેમણે પોતાના હાથ રોકી લીધા[૪] ફર્માવ્યું, તમને શું થયું ? તેઓ બોલ્યા, અમે કેવી રીતે તીરંદાઝી કરીએ કે આપ ફલાણા કબીલાવાળા સાથે થઈ ગયા ![૫] ફર્માવ્યું, તીરંદાઝી કરો હું તમારા સૌની સાથે છું.[૬]" (બુખારી)

૧. આપ સલ્લમી છે. બયઅતુર્રિદવાનમાં શરીક થયા. ઘણા મોટા બહાદુર અને પગપાળા લડનારાના ઈમામ (સરદાર) હતા. તીરંદાઝીમાં કમાલ ધરાવતા હતા. આપની સાથે જ વરૂએ વાત કરી હતી. ૮૦ વરસની ઉમર પામી હિ.સ. ૪૭માં વફાત પામ્યા. જન્નતુલ બક़ીઅમાં દફન થયા.

૨. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે અહીં سوق (શોક़)થી મુરાદ એક ખાસ જગા છે જે મદીના મુનવ્વરામાં હતી. અમુકે ફર્માવ્યું કે سوق ساق નું બહુવચન છે અર્થ પગપાળા, એટલે તે લોકો પગપાળા તીરંદાઝી કરતા હતા. જાહેર પણ એ જ છે કે બજારમાં તીરંદાઝી મુશ્કેલ છે, ત્યાં લોકોની ભીડ હોય છે.

૩. એટલે કે ઈસ્માઈલ عليه السلام તીરંદાઝીમાં કમાલ (નિપૂણતા) ધરાવતા હતા અને તમે તેમની ઔલાદ છો. તમે પણ એમાં કમાલ પેદા કરો કે એ તમારા બાપનો વારસો છે.

૪. એટલે કે આ ફર્માને આલી સાંભળીને બીજા પક્ષે તીરંદાઝી બંધ કરી દીધી.

૫. એટલે કે હુઝૂર ! આપ તો બીજાની સાથે થઈ ગયા અને અમે બેસહારા રહી ગયા, પછી અમે કયા આધારે તીરંદાઝી કરીએ. આ અર્ઝ વિનવણી એ બીજા પક્ષે કરી.

૬. એટલે કે અમે તમારા બંને પક્ષના સહાયક તથા મદદગાર છીએ. આ મઈય્યત (સાથે હોવું)થી મુરાદ લીધી છે.

★ હદીષ : (૫)-૩૮૬૫ ★

وَعَن أنسٍ قَالَ: كَانَ أَبُو طَلْحَةَ يَتَتَرَّسُ مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِتُرْسٍ وَاحِدٍ وَكَانَ أَبُو طَلْحَةَ حَسَنَ الرَّمْيِ فَكَانَ إِذَا رَمَى تَشَرَّفَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَيَنْظُرُ إِلَى مَوضِعِ نبله. رَوَاهُ الْبُخَارِيّ

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અબૂ તલ્હા[૧] નબી કરીમ ﷺ ની સાથે એક ઢાલથી આડ લેતા હતા[૨] અને અબૂ તલ્હા સારા તીરંદાઝ હતા, તો એ જ્યારે તીર ફેંકતા હતા તો નબી કરીમ ﷺ ઊંચા થઈને જોતા[૩] તેમના તીર પડવાની જગાને જોતા હતા. (બુખારી)

૧. હઝરત તલ્હાનું નામ ઝયદ ઈબ્ને સહલ છે. અન્સારી ખઝરજી બુખારી છે. તમામ ગઝવાતમાં હુઝૂર ﷺ ની સાથે રહ્યા. હઝરત અનસના સોતેલા વાલિદ છે. હુઝૂર ﷺ ફર્માવતા હતા કે ઈસ્લામી લશ્કરમાં એકલા કેવળ અબૂ તલ્હાનો અવાજ એકસો સિપાહીઓથી વધીને છે. આપે ગઝવએ હુનૈનમાં ૨૦ કાફિરોને એકલાએ ક़ત્લ કર્યા અને તેમના સામાન પર કબજો કર્યો. આપના હાલાત પહેલાં પણ વર્ણન થઈ ચૂકેલ છે. બસરામાં આપનો મઝાર છે. ફક़ીરે ઝિયારત કરી છે.

૨. એટલે કે હઝરત અબૂ તલ્હા જેહાદના મોકાઓ પર હુઝૂરે અન્વર ﷺની સાથે ઉભા રહેતા અને ઢાલ એ રીતે લેતા હતા કે ખુદ અબૂ તલ્હા અને હુઝૂર ﷺએ આડમાં થઈ જતા હતા. આટલા પ્રમાણમાં આપને હુઝૂર ﷺ સાથેકુર્બ (નિકટતા) હતો. (અશિઅ્હ, મિર્કાત) અમુક ગઝવાતમાં ખુદ પોતાના શરીરને હુઝૂરની ઢાલ બનાવી દીધી.

૩. એટલે કે હઝરત અબૂ તલ્હા رضی اللہ عنہ નું તીર એટલે દૂર જતુ હતું કે હુઝૂરે અન્વર ﷺ તેને પડવાની જગાને ઊંચા થઈને જોતા. આ જોવું આમ (સામાન્ય) સંજોગોમાં હોતું તો પડવાની જગા જોતા હતા. જો જેહાદની હાલતમાં હતું તો એ જોતા હતા કે એ રીતે કેટલા કાફિરોને માર્યા, કેમ કે હઝરત અબૂ તલ્હાનું તીર ખાલી જતુ ન હતું, નિશાના પર જરૂર લાગતુ હતુ. ઘણા જ ખુશનસીબ હતા. رضی اللہ عنہ

★ ઘોડાના વાળોમાં બરકત છે, તેની સેવા સુન્નત ★

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે બરકત ઘોડાની પેશાનીના વાળોમાં છે[૧]'' (મુસ્લિમ)

★ હદીષ : (૬)-૩૮૬૬ ★

(مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: (الْبَرَكَةُ فِي نَوَاصِي الْخَيل)

૧. ઘોડાથી મુરાદ જેહાદના ઘોડા છે અને પેશાનીના વાળોથી મુરાદ ઘોડાનું આખુ શરીર છે. એટલે કે જેહાદનો ઘોડો ઘણો જ મુબારક છે, તેના બાલ બાલમાં બરકત છે. રબ તઆલાએ ખુદાનો ખાસ કરીને ઉલ્લેખ કર્યો છે, ફર્માવ્યું : اَعِدُّوْا لَهُمْ مَّا اسْتَطَعْتُمْ مِّنْ قُوَّةٍ وَّ مِنْ رِّبَاطِ الْخَيْلِ (અને તેમના માટે તૈયાર રાખો જે શક્તિ તમારાથી બની શકે અને જેટલા ઘોડા બાંધી શકો કે એનાથી તેમના દિલોમાં ધાક બેસાડો. સૂ. અન્ફાલ, ૮/૬૦) જુઓ શક્તિમાં ઘોડો પણ સામેલ હતો પણ ખાસ કરીને રબ તઆલાએ તેનો ઉલ્લેખ કર્યો.

''હઝરત જરીર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને જોયા કે આપ ઘોડાની પેશાનીના વાળ પોતાની આંગળી વડે હટાવી રહ્યા છે[૧] અને ફર્માવી રહ્યા છે કે ઘોડાની પેશાનીના વાળોથી કયામત સુધી ભલાઈ જોડાયેલી છે[૨] સવાબ તથા ગનીમત.[૩]'' (મુસ્લિમ)

★ હદીષ : (૭)-૩૮૬૭ ★

وَعَن جَرِيرِ بْنِ عَبْدِ اللَّهِ قَالَ: رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَلْوِي نَاصِيَةَ فرسٍ بأصبعِه ويقولُ: " الْخَيْلُ مَعْقُودٌ بِنَوَاصِيهَا الْخَيْرُ إِلَى يَوْمِ الْقِيَامَةِ: الأَجْرُ والغَنيمةُ ". رَوَاهُ مُسلم

૧. એ રીતે કે પોતાના હાથ મુબારક વડે ઘોડાની ખિદમત કરી રહ્યા છે. અથવા મતલબ એ છે કે પ્યારમાં એની પેશાની પર હાથ ફેરવી રહ્યા છે. વાળોને વાળતા જઈ રહ્યા છે અને ફર્માવતા જઈ રહ્યા છે. જાણવા મળ્યું કે જેહાદના ઘોડાઓની ખિદમત (ચાકરી) પોતાના હાથે કરવી પણ સુન્નત છે અને તેનાથી મહોબ્બત કરવી તેની પેશાની પર પ્યારથી હાથ ફેરવવો પણ સુન્નત છે. કેમ કે આ જેહાદનું સાધન છે અને હુઝૂરનો પ્યારો છે.

૨. જાહેર એ છે કે અહીં ઘોડાથી મુરાદ જેહાદનો ઘોડો છે ન કે આમ ઘોડા જે ટાંગા (ઘોડાગાડી)માં ચલાવવા અથવા રેસમાં જૂગાર રમવા માટે પાલવે છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે અહીં ઘોડાની જાતી મુરાદ છે, કેમ કે એ જેહાદનું સાધન છે, એના પર જેહાદ થઈ શકે છે.

૩. આ બંનેવ અથવા એમનામાંથી એક જો મુજાહિદ જીતી આવ્યો તો સવાબ કમાઈ લીધો. એનાથી જાણવા મળ્યું કે કયામત સુધી ઘોડા જેહાદમાં કામ આવશે. જુઓ, આજે આ સાયન્સના જમાનામાં પણ ઘોડા ખચ્ચર ખૂબ કામ આવે છે.

★ ઘોડો પાળનારના મીઝાનમાં તેનો પેશાબ તથા લીડ હશે ! ★

★ હદીષ : (૮)-૩૮૬૮ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنِ احْتَبَسَ فَرَسًا فِي سَبِيلِ اللهِ إِيمَانًا وتصْدِيقاً بوَعْدِه فإِنَّ شِبَعَه وريَّه وروَثَه وبَوْلَه فِي مِيزَانه يَوْم الْقِيَامَة».رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેણે અલ્લાહની રાહમાં ઘોડો બાંધ્યો[૧] અલ્લાહ પર ઈમાન લાવતાં અને તેના વાયદાઓનું સમર્થન કરતાં[૨] તો તેનું પેટ ભરવું, પાણી પીવડાવવું, તેની લીડ તથા પેશાબ ક્યામતના દિવસે તે શખ્સના મીઝાનમાં હશે.[૩]'' (બુખારી)

૧. જેહાદ કરવા માટે અથવા હજ કે ઉમરા કરવા માટે અથવા ઝિયારત કરવા ઘોડો રાખ્યો અથવા પામ્યો. અથવા મતલબ એ છે કે તેણે ઘોડો ફી સબીલિલ્લાહ વકફ કર્યો.

૨. એટલે ઈખ્લાસ સાથે પાળ્યો, દુનિયવી સ્વાર્થ તેમાં સામેલ ન હતો, કેમ કે અમલોના સવાબની શર્ત ઈખ્લાસ છે.

૩. એટલે કે પાણીનાં તે ટીપાં જે એ ઘોડા પીએ, તે તણખલાં જે એ ઘોડા ખાય, એ જ પ્રમાણે તેનો પેશાબ અને લીડ એ પાળનારાની નેકીઓની પલ્લામાં હશે. *(બુખારી)*

★ હદીષ : (૯)-૩૮૬૯ ★

وَعَنْهُ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم يكرَهُ الشِّكَالَ فِي الْخَيْلِ وَالشِّكَالُ: أَنْ يَكُونَ الْفَرَسُ فِي رِجْلِهِ الْيُمْنَى بَيَاضٌ وَفِي يَدِهِ الْيُسْرَى أَوْ فِي يدِه الْيمنى ورِجلِه الْيسرى. رَوَاهُ مُسلم

''તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ઘોડામાં શકાલને નાપસંદ કરતા હતા.[૧] અને શકાલ એ છે કે ઘોડાના જમણા પગ અને ડાબા હાથમાં સફેદી હોય અથવા તેના જમણા હાથ અને ડાબા પગોમાં સફેદી હોય.[૩]''

૧. شكال شીનના ઝેરથી. لغتએ રસ્સીને કહે છે જેના વડે ઘોડાના પગોને બાંધવામાં આવે. ઈસ્તેલાહમાં શકાલના કેટલાય અર્થો છે : એક એ કે ઘોડાનો એક પગ અથવા હાથ સફેદ હોય બાકીના ત્રણ કાળા અથવા લાલ હોય. બીજુ એ કે ત્રણ હાથ પગો સફેદ હોય બાકી એક લાલ કે કાળો. ત્રીજો એ જે ખુદ અહીં વર્ણવેલ છે.

૨. આ તફસીર ક્યાં તો હદીષના રાવી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہએ ફર્માવી છે અથવા હુઝૂરે અન્વર ﷺએ. ખુલાસો આ તફસીરનો એ છે કે ઘોડો કાળો કે લાલ હોય પણ તેનો જમણો હાથ પગ અથવા તેનાથી ઉલ્ટુ ડાબો હાથ ડાબો પગ સફેદ હોય, બાકી બીજા લાલ કે કાળા હોય. તેની નાપસંદીદગીનું કારણ ખુદ હુઝૂર ﷺ જ જાણે છે નૂરે નબુવ્વતથી, એમાં અક્કલને દખલ નથી. અને શક્ય છે એ રંગના ઘોડા એબદાર હોય છે. જેવી ચુસ્તી, ચાલાકી, તેજી જેહાદના ઘોડામાં હોવી જોઈએ એવી એમનામાંન જોવા મળતી હોય. واللّٰه ورسوله اعلم !

★ હદીષ : (૧૦)-૩૮૭૦ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سابَقَ بينَ الخيلِ الَّتِي أُضمِرَتْ منَ الحَفْياءِ

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ એ ઘોડાઓની વચ્ચે જેમનો ઝેમાર કરવામાં આવ્યો હોય[૧] હફ્યાથી દોડ કરાવી અને તેની હદ ષનિય્યા વદાઅ હતી[૨] અને

وَأَمَدُهَا ثَنِيَّةُ الْوَدَاعِ وَبَيْنَهُمَا سِتَّةُ أَمْيَالٍ وَسَابَقَ بَيْنَ الْخَيْلِ الَّتِي لَمْ تَضْمُرْ مِنَ الثَّنِيَّةِ إِلَى مَسْجِدِ بَنِي زُرَيْق وَبَينهمَا ميل

બે હદોની વચ્ચે છ માઈલનું અંતર હતું.[૩] અને એ ઘોડાઓની વચ્ચે જેમનો ઝેમાર નથી કરવામાં આવ્યો ષનિય્યાથી મસ્જિદે બની ઝુરૈક़ સુધી દોડ કરાવી[૪] જેની વચ્ચે એક માઈલનું અંતર હતું.[૫]" (મુસ્લિમ, બુખારી)

૧. "ઝેમાર"ની રીત એ હોય છે કે ઘોડાને મસાલા આપીને તાજો (તગડો) કરવામાં આવે, પછી તેનો ખોરાક ઓછો કરીને કોઈ બંધ જગામાં બાંધી દેવામાં આવે તો જોલ વગેરે તેના પર કસી દેવામાં આવે ત્યાં સુધી કે તેને ખૂબ પસીનો વહે અને ઘોડો એટલો દૂબળો થઈ જાય કે પોતાની અસલી હાલત પર આવી જાય. એવો ઘોડો ઘણો જ મજબૂત હોય છે. આ અમલને ઈઝમાર કહે છે અને એવા ઘોડાને મુઝમર કહેવામાં આવે છે. એનો માદ્દો ضمر (ઝમર) છે, એટલે અર્થ : દૂબળાપણુ અને ઘોડાના પેટનું પીઠ સાથે લાગી જવું. *(મિર્ક़ાત વગેરે)*

૨. حفيا અથવા حيفا 'હે' ح ના ઝબરથી, મદીના મુનવ્વરાથી અમુક માઈલોના અંતરે એક જગાનું નામ છે. ષનિય્યા અર્થ પહાડની ઘાટી. તેને ષનિય્યા વિદાઅ એટલા માટે કહે છે કે મદીનાવાસીઓ પોતાના મહેમાનને અહીં સુધી વિદાય કરવા આવતા હતા. ફક़ીરે એ જગાની ઝિયારત કરી છે. હવે ત્યાં એક મસ્જિદ બનેલી છે જેને મસ્જિદે વિદાઅ કહે છે, એનાથી લાગીને લારીઓનો અડ્ડો છે અને લાકડી તથા કોલસાની દુકાન છે (ન જાણે હવે ત્યાં શું હશે. અનુવાદક) મશહૂર જગા છે.

૩. અરબી માઈલના ત્રણ માઈલનો એક કોસ થાય છે તો છ માઈલના બે કોસ થયા. હવે અરબ શરીફમાં માઈલને બદલે કિલો મીટર હોય છે. (**1 માઈલ = 1.61 km** થાય છે.)

૪. ઝુરૈક़ એક ક़બીલાનું નામ છે જેના વડવાનું નામ ઝુરૈક़ હતું. એ ક़બીલાના મહોલ્લામાં આ મસ્જિદ હતી એટલા માટે એને મસ્જિદ બની ઝુરૈક़ કહેતા હતા.

★ ઘોડાદોડ શરત વિના જાઈઝ તથા દુરુસ્ત છે ★

૫. કેમ કે ઝેમાર કરેલો ઘોડો ઘણો જ મજબૂત હોય છે એટલા માટે એની દોડનું અંતર વધુ રાખવામાં આવ્યું અને ઝેમાર વગરનો ઘોડો એનાથી થોડો હલકો હોય છે એટલા માટે એનું અંતર થોડુ રાખવામાં આવ્યું. એનાથી જાણવા મળ્યું કે ઘોડાદોડ કરાવવી જાઈઝ બલ્કે સુન્નત છે, શર્ત એ કે એના પર પૈસાની હાર જીતની શરત ન હોય, નહીં તો પછી એ જૂગાર છે અને એ હરામ છે.

★ હદીષ : (૧૧)-૩૮૭૧ ★

وَعَن أنسٍ قَالَ: كَانَتْ نَاقَةٌ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ تُسَمَّى الْعَضْبَاءَ وَكَانَتْ لَا تُسْبَقُ فَجَاءَ أَعْرَابِيٌّ عَلَى قَعُودٍ لَهُ فَسَبَقَهَا فَاشْتَدَّ ذَلِكَ عَلَى الْمُسْلِمِينَ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ حَقًّا عَلَى اللَّهِ أَنْ لَا يَرْتَفِعَ شَيْءٌ مِنَ الدُّنْيَا إِلَّا وضَعه» . رَوَاهُ الْبُخَارِيّ

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ની ઊંટણી હતી જેનું નામ VhŸFCT][૧] તે કદી દોડમાં પાછળ રહેતી ન હતી.[૨] એક બદવી (ગામડાવાસી) પોતાના નાના ઊંટ પર આવ્યો[૩] તો તે એનાથી આગળ નીકળી ગયો, એ મુસલમાનો પર ભારે લાગ્યું[૪] તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અલ્લાહની કુદરતના જિમ્મા પર લાઝિમ છે કે દુનિયાની કોઈ ચીજ ઊંચી ન જાય પણ તેને ક્યારેક નીચી કરે.[૫]" (બુખારી)

૧. عضباء અ્યનના ઝબર, દ્વાદના જઝમથી અર્થ કાન કપાયેલ કે કાન ચીરાયેલ. એ ઊંટણીના કાન કાપવામાં કે ચીરવામાં આવેલા ન હતા બલ્કે તે પેદાઈશથી એવી જ હતી. ક્યાં તો એ તે જ ઊંટણી હતી જેનું નામ ક़સ્વા હતું. તો એનું નામ ક़સ્વા અને લક़બ અ્ઝબા હતો, અથવા આ બીજી ઊંટણી હતી ક़સ્વા અલગ હતી, અલ્લાહ બેહતર જાણનાર છે.

૨. એટલે કે એવી તેજ ગતિવાળી હતી કે દોડમાં કોઈ ઊંટથી કદી પાછળ રહી ન હતી.

૩. قعود નો અર્થ છે બેસવું. ઈસ્તેલાહન ક़ુઉ્દ તે ઊંટણીને કહે છે જે સવારીના લાયક થઈ જાય કે એના પર સવાર બેસી શકે. બે વરસની ઉમરથી લઈને છ વરસની ઉમર સુધી ઊંટ ક़ુઉદ કહેવાય છે, પછી તેને જુમલ કહેવામાં આવે છે. ઊંટની ઉમરોનાં ઘણા નામો છે.

૪. આ નાપસંદીદગી તથા તબીયત પર ભારરૂપ લાગવું એ સ્વભાવિકપણે હતું, કેમ કે સહાબાએ કિરામને એ પસંદ ન હતું કે કોઈ ઊંટ અમારા નબીના ઊંટથી આગળ નીકળી જાય.

૫. એટલે અલ્લાહ તઆલાની આદતે કરીમા એ છે કે જે ચીજ દુનિયામાં હમેશાં ઊંચી રહેતી હોય તેને ક્યારેક કોઈનાથી નીચી પણ ક़રી દે જેથી ફખ્ર તૂટી જાય, રબ તઆલાની કિબ્રિયાઈ પર નજર રહે. આ ક़ાનૂન હેઠળ એ ઊંટણી આજે પાછળ રહી ગઈ, તો એના પર રંજ ન કરો.

(વિભાગ : ૨) الفصل الثاني

★ ત્રણ ખેલ (રમત) જાઈઝ છે ★

★ હદીષ : (૧૨)-૩૮૭૨ ★

عَن عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: " إِنَّ اللَّهَ تَعَالَى يُدْخِلُ بِالسَّهْمِ الْوَاحِدِ ثَلَاثَةَ نَفَرٍ الْجَنَّةَ: صَانِعَهُ يَحْتَسِبُ فِي صَنْعَتِهِ الْخَيْرَ وَالرَّامِيَ بِهِ وَمُنَبِّلَهُ فَارْمُوا وَارْكَبُوا وَأَنْ تَرْمُوا أَحَبُّ إِلَيَّ مِنْ أَنْ تَرْكَبُوا كُلُّ شَيْءٍ يَلْهُو بِهِ الرَّجُلُ بَاطِلٌ إِلَّا رَمْيَهُ بِقَوْسِهِ وَتَأْدِيبَهُ فَرَسَهُ وَمُلَاعَبَتَهُ امْرَأَتَهُ فَإِنَّهُنَّ مِنَ الْحَقِّ ".رَوَاهُ التِّرْمِذِيُّ وَابْنُ مَاجَهْ وَزَادَ أَبُو دَاوُد والدارمي:«ومَنْ ترك الرَّميَ بعدَ مَا عَلِمَهُ رَغْبَةً عَنْهُ فَإِنَّهُ نِعْمَةٌ تَرَكَهَا» . أَوْ قَالَ: «كفرها»

''હઝરત ઉક़્બા ઈબ્ને આમિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફ઼માવતાં સાંભળ્યા કે અલ્લાહ તઆલા એક તીરના થકી ત્રણ શખ્સોને જન્નતમાં દાખલ કરશે.[૧] એને બનાવનારાને જ્યારે કે પોતાની બનાવટમાં ભલાઈની નિય્યત કરે.[૨] અને તીર મારવાવાળાને[૩] અને તીર આપવાવાળાને.[૪] તીર ચલાવો અને ઘોડાની સવારી કરો[૫] અને તમારું તીર ચલાવવું ઘોડાની સવારી કરતાં મને વધુ પ્યારુ છે[૬] દરેક તે ચીજ જેનાથી પુરૂષ ખેલે બાતિલ છે[૭] સિવાય એના કે પોતાની કમાનથી તીરંદાઝી કરવાના અને ઘોડાને શીખવાડવાના અને પોતાની પત્ની સાથે ખેલવાના, કે એ ખેલ બરહક્ક છે[૮] (તિર્મિઝી, ઈબ્ને માજહ) અને અબૂ દાઉદ, દારમીએ આટલો અધિક ઉમેરો કર્યો છે કે જે તીરંદાઝી શીખીને ઉદાસીનતાથી તેને છોડી દે તો તેણે એક નેઅમત હતી જેને છોડી આપી. ફ઼માવ્યું, તેની નાશુક્રી કરી.[૯]''

૧. એટલે મુજાહિદ કાફ઼िર પર તીર ચલાવે તો તેના એક તીરની બરકતથી ત્રણ મુસલમાન જન્નતી થઈ જશે.

અહીં ત્રણ શખ્સોથી મુરાદ ત્રણ મુસલમાન છે. કેમ કે કાફિર જન્નતમાં નથી જઈ શકતો. આજે જેહાદમાં અમેરિકા, રૂસ વગેરેનાં હથિયારો વાપરવામાં આવે તો અમેરિકી ઈસાઈ તથા રૂસી વગેરે એનાથી જન્નતી નથી થઈ શકતા. આ ઈસ્લામની શર્ત આગલા લખાણથી પણ જાહેર છે. અને તીરથી મુરાદ મર્દે મુજાહિદનું તીર છે ન કે શિકારનું તીર.

૨. એટલે કે કારીગર તીર બનાવનાર સવાબનો ત્યારે પાત્ર છે જ્યારે કે જેહાદની નિય્યતથી તીર બનાવે, કેવળ વેપારની નિય્યત ન હોય. દરેક જગાએ નિય્યતને મોટી દખલ છે.

૩. જે રાહે ખુદામાં તીર ચલાવે ચાહે જેહાદની હાલતમાં હોય અથવા તીરંદાઝીની હાલતમાં કે એ પ્રેક્ટિસ જેહાદની તૈયારીના માટે છે.

૪. منبل બાબે તફઈલથી છે અથવા અફઆલથી ઈસ્મે ફાઈલ نبل થી બન્યું, અર્થ : તીર. انبال અથવા تنبيل નો અર્થ છે તીરંદાઝને તીર આપવું અથવા તીર ચલાવતી વખતે અથવા નિશાના પર લાગ્યા બાદ ઉઠાવીને લાવવું, તેને આપવું, તીર ભલે તે આપનારની માલિકીનું હોય કે તીરંદાઝની અથવા કોઈ ત્રીજાની. એનાથી જાણવા મળ્યું કે નેકીની મદદ કરવી પણ નેકી છે. રબ તઆલા ફર્માવે છે : وَتَعَاوَنُوْا عَلَى الْبِرِّ وَالتَّقْوٰى (પરહેઝગારી પર એકબીજાની મદદ કરો. સૂ. માઈદા, ૫/૨) એ જ પ્રમાણે ગુનાહની મદદ ગુનોહ છે. રબ તઆલા ફર્માવે છે : وَلَا تَعَاوَنُوْا عَلَى الْاِثْمِ وَالْعُدْوَانِ (અને ગુનાહ તથા ઝિયાદતીમાં આપસમાં મદદ ન કરો. સૂ. માઈદા, ૫/૨)

૫. એટલે કે કેવળ પગપાળા તીરંદાઝીની પ્રેક્ટિસ ન કરો બલ્કે સવારી પર તીર ચલાવવાનું પણ શીખો, અથવા એ મતલબ છે કે કેવળ તીરંદાઝીની પ્રેક્ટિસ ન કરો બલ્કે ઘોડે સવારી પણ શીખો. હવે આ જમાનામાં બંદૂક ચલાવવી, ભાલાબાજી કરવી, હવાઈ જહાઝની પ્રેક્ટિસ, તોપથી ગોલાઅંદાઝી શીખવી જેહાદની નિય્યતે આ જ હુકમમાં છે.

૬. શરહકર્તાઓ ફર્માવે છે કે અહીં ઘોડાસવારીથી મુરાદ નેઝાબાજી (ભાલા બાજી) છે કે મોટાભાગે ઘોડા પરથી દુશ્મનને ભાલો મારવામાં આવે છે. તો મતલબ એ થયો કે નેઝાબાજીથી તીરંદાઝી સારી છે કે તીરંદાઝી જેહાદમાં અધિક કામ આવે છે. અથવા એ મતલબ છે કે ઘોડા સવારીની પ્રેક્ટિસ કરતાં તીરંદાઝીની પ્રેક્ટિસ મને વધુ પ્યારી છે, કેમ કે ઘોડા સવારી ક્યારેક ફખ્ર તથા રિયા પેદા કરી દે છે. *(મિર્કાત)*

૭. પહેલાં દર્શાવવામાં આવ્યું કે લહ્વ એટલે ખેલમાં બે ચીજો હોય છે : ગફલત તથા આનંદ (લિજ્જત). ગાફિલ કરનારો દરેક અમલ બાતિલ છે પણ લિજ્જતવાળો અમલ તફસીલ માગે છે. અહીં લહ્વથી મુરાદ લિજ્જતવાળો અમલ છે.

૮. એ ત્રણેવ પર સવાબ મળે છે, કેમ કે તીરંદાઝી તથા ઘોડાની સવારીથી દીન તથા ઈમાનની હિફાઝત છે કે એ જેહાદની તૈયારી છે. અને પોતાની પત્નીના ચારિત્ર તથા આબરૂની હિફાઝત પણ છે કે આવી ખુશ તબઈ (આનંદ પ્રમોદ) કરનાર જોડુ ઈન્શા અલ્લાહ ! ગૈર ઔરત કે ગૈર મર્દની તરફ ચહેરો નથી કરતું. અમુક પુરૂષોની પત્નીઓ ખૂબ સૂરત હોય છે પણ તે બદસૂરત રંડીઓની મહોબ્બતમાં સપડાય જાય છે, કેમ ? એટલા માટે કે તેમની પત્નીઓને સાઝ શણગાર તથા મસ્તી મનોરંજન નથી આવડતુ ! નહીં તો રંડીમાં શું ચીજ છે જે પોતાની હલાલ પત્નીની પાસે નથી ? દિલ લોભાવવું આવા મોકાઓ પર ઈબાદત છે. કુર્બાન જાવ એ તાલીમના જેણે મુસલમાનોનાં ઘર તથા જેહાદના મેદાન બંનેવ બતાવી દીધાં. એટલે કે જેને એ કલા આવડતી હોય પછી તે એની પ્રેક્ટિસ છોડી દે જેના કારણે ભૂલી જાય તો તેણે રબ તઆલાની નેઅમતની નાકદરી કરી અને તે નાશુક્રીમાં સપડાયો જેથી ગુનેહગાર થશે. જેવી રીતે કોઈ કુર્આન મજીદ હિફ્ઝ કરીને ભૂલી જાય સુસ્તીના કારણે, એ જ પ્રમાણે દીની ઈલ્મ હાંસલ કરીને ભૂલી જવું પણ ગુનોહ છે જ્યારે કે પોતાની સુસ્તીના કારણે હોય. નેઅમતની કદર હોવી જોઈએ.

★ ઈસ્લામમાં વૃદ્ધ થનાર માટે બશારત ★

''અબૂ નજીહ સુલમ્મીથી[૧] રિવાયત છે, ફર્માવે K[4D[Z; } }K; FC ﷺ ને ફર્માવતાં સાંભળ્યા, જેણે અલ્લાહની રાહમાં તીર પહોંચાડયું તો તે એના માટે જન્નતમાં એક દરજો છે[૨] અને જેણે અલ્લાહની રાહમાં તીર ચલાવ્યું તો તેના માટે આઝાદ કર્યાના બરાબર છે[૩] અને **જે ઈસ્લામમાં વૃદ્ધ થયો તો તેના માટે કયામતના દિવસે નૂર હશે**[૪] *બયહકી શોઅબુલ ઈમાન અને અબૂ દાઉદે પ્રથમ વિભાગ રિવાયત કર્યો[૫] અને નિસાઈએ પ્રથમ તથા બીજો[૬] અને તિર્મિઝીએ બીજો અને ત્રીજો[૭] અને એ બયહકી તથા તિર્મિઝીની રિવાયતમાં[૮] في الاسلام ને બદલે આ પ્રમાણે છે કે જે અલ્લાહની રાહમાં જવાન થયો.[૯]''*

★ હદીષ : (૧૩)-૩૮૭૩ ★

وَعَن أَبِي نَجِيحٍ السُّلَمِيِّ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «مَنْ بَلَغَ بِسَهْمٍ فِي سَبِيلِ اللَّهِ فَهُوَ لَهُ دَرَجَةٌ فِي الْجَنَّةِ وَمَنْ رَمَى بِسَهْمٍ فِي سَبِيلِ اللَّهِ فَهُوَ لَهُ عِدْلُ مُحَرَّرٍ وَمَنْ شَابَ شَيْبَةً فِي الْإِسْلَامِ كَانَتْ لَهُ نُورًا يَوْمَ الْقِيَامَةِ» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي شُعَبِ الْإِيمَانِ. وَرَوَى أَبُو دَاوُدَ الْفَصْلَ الْأَوَّلَ وَالنَّسَائِيُّ الْأَوَّلَ وَالثَّانِيَ وَالتِّرْمِذِيُّ الثَّانِيَ وَالثَّالِثَ وَفِي رِوَايَتِهِمَا: «مَنْ شَابَ شَيْبَةً فِي سَبِيلِ اللهِ» بدَلَ «فِي الْإِسْلَامِ»

૧. આપનું નામ અમ્ર ઈબ્ને ઉત્બા છે. ચોથા મુસલમાન છે. ઈસ્લામ લાવીને પોતાની કૌમ બની સુલૈમમાં પરત થઈ ગયા, હુઝૂર ﷺએ તેમને ફર્માવી આપ્યું હતું કે જ્યારે તમને અમારી હિજરતની ખબર મળે તો અમારી પાસે આવી જજો. જેથી આપ પોતાની કૌમમાં જ રહ્યા. ફતહે ખૈબર પછી મદીના મુનવ્વરા પહોંચ્યા અને મદીના પાકમાં જ સ્થાયી થયા. હુઝૂર ﷺની બારગાહમાં મકબૂલ હતા. આપની બાકીની હાલતો પહેલાં વર્ણન થઈ ચૂકેલ છે.

૨. એટલે કે જે શખ્સ કાફિરો પર કેવળ તીર ફેંકી દે ભલે વાગે કે ન વાગે તો પણ તેને ગુલામ આઝાદ કરવાનો સવાબ મળશે. જાણવા મળ્યું કે તીર ફેંકવા કરતાં તીર મારવું અફઝલ છે.

૩. એટલે કે જે મુસલમાન થઈને જીવે ઘરમાં કે જેહાદના મેદાનમાં, એટલે જવાની ઘડપણ ઈસ્લામમાં પસાર કરે તો એ નૂર હાંસલ થવાનો ઝરીયો છે. જાણવા મળ્યું કે પૂરાણો મુસલમાન નવ મુસ્લિમ કરતાં એ રીતે અફઝલ છે. આ હદીષના આધારે અમુક ઉલમાએ ફર્માવ્યું કે માથા તથા દાઢીથી સફેદ વાળ ન ઉખેડે કે એ નૂર છે. એકવાર બાયઝીદ બુસ્તામી رحمۃ اللہ علیہ એ આઈનો જોયો અને પોતાના માથા તથા દાઢીમાં સફેદ વાળ જોઈને ફર્માવ્યું : ظهر الشيب ولم يذهب العيب એટલે, ''શયબ (ઘડપણ) તો આવી ગયો પણ અયબ નથી ગયા.'' *(મિર્કાત)*

૪. એટલે કે હદીષનો પ્રથમ વાક્ય درجة فيل الجنة સુધી નકલ કર્યો.

૫. એટલે નિસાઈએ પ્રથમ વાક્ય في الجنة સુધી પણ રિવાયત કર્યું અને ત્રીજુ વાક્ય من شاب شيبةً રિવાયત કર્યું, બીજુ વાક્ય રિવાયત ન કર્યું الخ ومن رمى-- છેવટ સુધી.

૬. એટલે કે તિર્મિઝીએ પ્રથમ વાક્ય રિવાયત ન કર્યું. من بلغ બાકી બે વાક્યો રિવાયત કર્યા.

૭. યાદ રાખશો કે روايتهما ની ઝમીર તિર્મિઝી તથા નિસાઈની તરફ નથી પલ્ટી રહી, કેમ કે તેણે ત્રીજુ વાક્ય રિવાયત જ નથી કર્યું અને આ લખાણ ત્રીજા વાક્યનું છે.

૮. એટલે બયહકીની એક રિવાયતમાં તો ત્રીજા વાક્યમાં في الاسلام છે. અને બીજી રિવાયતમાં في الاسلام ને

બદલે فِي سَبِيلِ اللّٰه છે. જેથી અહીં એ વાંધો નથી કે હમણા તો સાહિબે મિશ્કાત (મિશ્કાતના લેખક) બયહક़ીના હવાલાથી فِي الاسلام રિવાયત કરી ચૂક્યા છે હવે બયહક़ીની રિવાયતથી જ فِي سَبِيلِ اللّٰه કહી રહ્યા છે.

★ હદીષ : (૧૪)-૩૮૭૪ ★
وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا سَبَقَ إِلَّا فِي نَصْلٍ أَوْ خُفٍّ أَوْ حَافِرٍ» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد وَالنَّسَائِيّ

''હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે નથી અગ્રતા લેવી માલ પર[૧] પણ તીર અથવા ઊંટ અથવા ઘોડામાં.[૨]'' (તિર્મિઝી, અબૂ દાઊદ, નિસાઈ)

૧. سبق (સબક़) બે અને ક़ાફના ઝબરથી. તે માલ જે આગળ નીકળી જનારને આપવામાં આવે. એટલે કે માલી શર્ત લગાડવી કે જીતનારો હારનાર પાસેથી આટલો માલ લે. એ સર્વ જગાએ તો હરામ છે કે જૂગાર છે પણ આ ત્રણ ચીજોમાં જાઈઝ છે કે એ જેહાદની તૈયારીનો ઝરીયો છે એનાથી મુજાહિદને જેહાદની તૈયારીનો શોખ પેદા થાય છે. *(મિર્ક़ાત)*

★ બે તરફની માલી શર્ત હરામ ★

૨. એટલે કે જેહાદની તૈયારી માટે મુસલમાન આપસમાં હરીફાઈ રૂપે તીરંદાઝી કરે અને શર્ત એ હોય કે જો મારૂ તીર પાછળ રહી જાય તો આટલી રકમ આગળ તીરવાળાને આપે એ જાઈઝ છે. ઉલમા ફર્માવે છે કે તીરંદાઝીમાં પથ્થર ફેંકવા અને ઘોડા દોડમાં ખચ્ચરો ગધેડાઓની દોડ અને ખુદ પોતાની દોડ પણ સામેલ છે, કે જેહાદની તૈયારીના મોક़ા પર એ ચીજોમાં હરીફાઈ કરવી જાઈઝ છે. (મિર્ક़ાત) યાદ રાખશો કે એ ચીજો બે તરફથી માલી શર્ત હરામ છે કે જૂગાર છે, જેથી એના જાઈઝ હોવાની સ્થિતિ એ છે કે ત્રીજો શખ્સ માલ રાખે અને કહે કે જે આગળ વધી જાય તેને આ માલ મળશે. એ જાઈઝ છે કે એ જૂગાર નથી પણ ઈનામ છે. અથવા બંને પક્ષોમાંથી એક શખ્સ કહે કે જો તું મારાથી આગળ વધી ગયો તો તને આટલો માલ હું આપીશ, પરંતું જો હું તારાથી આગળ નીકળી ગયો તો તારાથી કાંઈ લઈશ નહીં, એ પણ જાઈઝ છે કે એ પણ ઈનામ છે, જૂગાર નથી. બાકી કબૂતરો, કૂતરાં વગેરેની હરીફાઈમાં એ પણ હરામ છે કે બિદઅત છે. (અશિઅ્તુલ લમ્આત) જેથી આ હદીષના આધારે આજકાલ રિવાજ પામેલી રેસ વગેરેને જાઈઝ નથી કહી શકાતુ કે એ સ્પષ્ટ જૂગાર છે અને હરામ છે. બંને બાજુથી માલી શર્તની જાઈઝ હોવાની એક સ્થિતિ એ છે કે ત્રીજો ઘોડો વચ્ચે દાખલ કરી દેવામાં આવે જેને મુહલ્લિ કહે છે, એનુ વર્ણન આગલી હદીષમાં આવી રહ્યું છે.

★ હદીષ : (૧૫)-૩૮૭૫ ★
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ أَدْخَلَ فَرَسًا بَيْنَ فَرَسَيْنِ فَإِنْ كَانَ يُؤْمَنُ أَنْ يَسْبِقَ فَلَا خَيْرَ فِيهِ وَإِنْ كَانَ لَا يُؤْمَنُ أَنْ يَسْبِقَ فَلَا بَأْسَ بِهِ» . رَوَاهُ فِي شَرْحِ السُّنَّةِ وَفِي رِوَايَةِ أَبِي دَاوُدَ: قَالَ: «مَنْ أَدْخَلَ فَرَسًا بَيْنَ فَرَسَيْنِ يَعْنِي وَهُوَ لَا يَأْمَنُ أَنْ يَسْبِقَ فَلَيْسَ بِقِمَارٍ وَمَنْ أَدْخَلَ فَرَسًا بَيْنَ فَرَسَيْنِ وَقَدْ أَمِنَ أَنْ يَسْبِقَ فَهُوَ قمار»

''એમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જે એક ઘોડો બે ઘોડાની વચ્ચે દાખલ કરે.[૧] તો જો તે પાછળ રહી જવાથી સંતુષ્ઠ હોય તો એમાં ભલાઈ નથી અને જો પાછળ રહી જવાથી ચૈન ન હોય તો એમાં કોઈ વાંધો નથી[૨] શરહે સુન્નહ અને અબૂ દાઊદની રિવાયતમાં છે કે ફર્માવ્યું જે બે ઘોડાઓની વચ્ચે ઘોડો દાખલ કરે. મતલબ એ છે કે તે પાછળ રહી જવાથી ચૈનમાં ન હોય તો તે જૂગાર નથી અને જે ઘોડો બે ઘોડાઓ વચ્ચે દાખલ કરે અને પાછળ રહી જવાથી અમ્નમાં હોય તો તે જૂગાર છે.[૩]''

★ હાર જીતની જાઈઝ સ્થિતિ ★

૧. આ હદીષ પાછલી હદીષની એક સ્થિતિની શરહ છે. એનો તરીકો એ છે કે દા.ત ઝયદ અને અમ્ર પોતાના ઘોડા હરીફાઈમાં દોડાવી રહ્યા છે, તો બકએ પોતાનો ઘોડો તેમની વચ્ચે ઉભો કરી આપ્યો અને શર્ત એ નક્કી થઈ કે જો બકનો ઘોડો નસબુલ અયન (નિશ્ચિત) હદ પર પહેલાં પહોંચી ગયો, પછી ઝયદ તથા અમ્રના ઘોડા એક સાથે કે આગળ પાછળ ત્યાં પહોંચે તો બક એ બંનેવથી સો સો રૂપિયા લેશે. અને જો ઝયદ તથા અમ્રના ઘોડા એકસાથે ત્યાં પહેલા પહોંચી ગયા પછી ત્રીજો ઘોડો બકરનો પહોંચ્યો તો કોઈને કાંઈ ન મળશે. અને જો ઝયદ, અમરના ઘોડાઓમાંથી કોઈનો ઘોડો પહેલો પહોંચી ગયો પછી બીજો ઘોડો બકરના ઘોડાવાળો એ પૂરી રકમ બસો રૂપિયા પર કબજો કરશે, અને જો બકરનો ઘોડો અને તેની સાથે પહેલા ઘોડાઓમાંથી એક ઘોડો એકી સાથે પહેલા પહોંચે પછી એક ઘોડો બાદમાં પહોંચ્યો તો તે બંનેવ આગલા ઘોડાવાળા એ રકમ પર કબજો કરી લે, આ જાઈઝ છે કે હવે જૂગાર ન રહ્યો. *(મિર્કાત)*

૨. એટલે કે જો આ ત્રીજા શખ્સ બંકરને યકીન છે કે મારો ઘોડો આ બંનેવથી આગળ નીકળશે કેમ કે એ તેજ છે અને એ બંને સુસ્ત છે, તો એ માલનું લેવું બકર માટે બેહતર નથી. અને જો શંકાસ્પદ મામલો હોય તો માલ તેને હલાલ છે. ખુલાસો એ છે કે ઘોડા દોડમાં બંને પક્ષોનું માલી શર્ત લગાડવું, હાર જીત નક્કી કરવું જૂગાર અને હરામ છે, પરંતું જ્યારે ત્રીજો માણસ તેમનામાં પોતાનો ઘોડો સામેલ કરી દે જે માલ ન આપે અને તેને પોતાના તે ઘોડાના જીતવાનુ યકીન પણ ન હોય, શકમાં હોય કે ખબર નહીં જીતે કે હારે, તો તે બંને પક્ષ માલી હારજીત નક્કી કરી શકે છે અને તે અમલ જૂગાર ન રહેશે. આ ત્રીજા ઘોડાને શરીઅતમાં મુહલ્લિલ કહે છે, એટલે આ અમલ અથવા આ માલને હલાલ કરનાર હવે જીત તથા હારની પાંચ સ્થિતિઓ થઈ ગઈ જે હમણા દર્શાવવામાં આવી.

૩. અહીં ان يسبق મઅરૂફ પણ હોય શકે છે અને મજહૂલ પણ. એટલે એના આગળ રહેવાનો અમ્ન તથા ઈત્મિનાન હોય અથવા પાછળ રહી જવાથી અમ્ન (સુકૂન) હોય.

"હઝરત ઈમરાન ઈબ્ને હુસૈનથી[૧] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ન તો ઘાક ધમકીથી છે ન સાથમાં ઘોડો રાખવો[૨] યહ્યાએ પોતાની હદીષમાં એ વધારો કર્યો કે ઘોડા દોડમાં[૩] અબૂ દાઊદ, નિસાઈ, અને તેને તિર્મિઝીએ કેટલાક વધારા સાથે બાબુલ ગસબમાં રિવાયત કરી.[૩]"

★ હદીષ : (૨૬)-૩૮૭૬ ★

وَعَنْ عِمْرَانَ بْنِ حُصَيْنٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا جَلَبَ وَلَا جَنَبَ» . زَادَ يَحْيَى فِي حَدِيثِهِ: «فِي الرِّهَانِ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَرَوَاهُ التِّرْمِذِيُّ مَعَ زِيَادَةٍ فِي بَاب «الْغَضَب»

૧. આપના હાલાત વારંવાર વર્ણન થઈ ચૂક્યા. આપ તે જ સહાબી છે જે ત્રીસ વરસ બીમાર રહ્યા અને આ બીમારી પર સાબિર તથા શાકિર રહ્યા. આપને ફરિશ્તા સલામ કરતા હતા.

૨. એટલે કે ઘોડા દોડમાં બંનેવ પક્ષો અથવા એક પક્ષ ન જલબ કરે ન જનબ. આ બંને શબ્દો કિતાબુઝ્ઝકાતમાં વર્ણન થઈ ચૂક્યા છે, પણ ત્યાં એમના અન્ય અર્થો હતા. અહીં જલબનો અર્થ છે, પોતાના ઘોડા સાથે બીજા ઘોડા પર સવાર થઈને દોડવું અને શોર મચાવીને ધમકાવીને તે દોડવાળા ઘોડાને તેજ કરવો. અને જનબનો અર્થ છે એ દોડનારા ઘોડાની સાથે બીજો ઘોડો રાખવો. જો રસ્તામાં એ ઘોડો થાકી જાય તો એ બીજો બાજીમાં લગાડી દેવામાં આવે. ચાહે એ કે દોડની હાલતમાં ઘોડાઓને પોતાના હાલ પર છોડી દેવામાં આવે, તે ખુદ પોતાની મરજી તથા

શક્તિ વડે દોડે, જે આગળ નીકળી જાય તે જીતે. શબ્દ فِي الرِّهَانِ કયાં તો હુઝૂરે અન્વર ﷺનું જ ફર્માને આલી છે અથવા કોઈ રાવીનું છે જે હદીષની તફસીરના બોલવામાં આવ્યું. એટલે જલબ અને જનબ ઘોડા દોડમાં મના છે અને એને સ્થાન નથી.

૩. તિર્મિઝીએ ત્યાં વધારો નથી કર્યો. ولا سغار فى الاسلام و من انتهب نهبة فليس منا એટલે ઈસ્લામમાં શિગાર (એટલે સાટામાં મહેર વિના નિકાહ) નથી અને જે લૂટ મચાવે તે અમારામાંથી નથી. આ હદીષ નિસાઈએ પણ હઝરત અનસની રિવાયત નકલ કરી.

★ બેહતર ઘોડો સફેદ પેશાની કાળા રંગનો ★

"હઝરત અબૂ કતાદાથી તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, બેહતરીન ઘોડો કાળા રંગનો છે. સફેદ પેશાનીવાળો, નાક સફેદવાળો[૧] પછી સફેદ પેશાનીવાળો પાંચ કલ્યાં, જમણો પગ ખાલી. પછી જો કાળો ન હોય તો એ ખૂબીનો લાલ રંગવાળો." (તિર્મિઝી, દારમી)

★ હદીષ : (૧૭)-૩૮૭૭ ★

وَعَن أَبِي قَتَادَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «خَيْرُ الْخَيْلِ الْأَدْهَمُ الْأَقْرَحُ الْأَرْثَمُ ثُمَّ الْأَقْرَحُ الْمُحَجَّلُ طُلْقُ الْيَمِينِ فَإِنْ لَمْ يَكُنْ أَدْهَمَ فَكُمَيْتٌ عَلَى هَذِهِ الشِّيَةِ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالدَّارِمِيُّ

૧. ادهم તેજ કાળો اقرح તે ઘોડો જેની પેશાની પર કાંઈક સફેદી હોય. ارثم તે ઘોડો જેનું નાક તથા ઉપરવાળા હોઠ સફેદ હોય. જે ઘોડામાં આ ત્રણ ખાસિયતો ભેગી હોય તે ઘણો જ ઉચ્ચ કક્ષાનો છે. લગભગ એવો ઘોડો શક્તિવાન, બહાદુર તથા વફાદાર હશે અથવા કોઈ અન્ય કારણ હશે.

૨. એટલે કે જો ઘોડામાં આ વર્ણવેલ ત્રણ ખાસિયતો ન હોય તો પછી એવું હોય કે પેશાની પર સફેદ દાગ, પગો સફેદ અને જમણો હાથ અથવા જમણો પગ સફેદ સિવાયનો. محجل તે ઘોડો છે જેના હાથ પગો સફેદ હોય થોડા કે વધારે, શર્ત એ કે ગુઠણો સુધી સફેદી ન હોય, એનાથી ઓછી હોય.

૩. એટલે કે જો કાળા ઘોડામાં આ ખાસિયતો એકત્ર ન હોય તો લાલ ઘોડો જ સારો છે જેનામાં વર્ણવેલ ખાસિયતો હોય. كميت તે ઘોડો છે જેની પૂછડી કાળી અને બાકીનું શરીર લાલ હોય પણ લાલને પણ કમિયત કહે છે નર હોય કે માદા. આ શબ્દ બંને પર બોલવામાં આવે છે. شيه નો અર્થ રંગ પણ છે અને નિશાની પણ. રબ તઆલા ફર્માવે છે : لَّا شِيَةَ فِيهَا નો (જેમાં કોઈ દાગ નથી. સૂ. બકરહ, ૨/૭૧)

"હઝરત અબૂ વહબ જુશમીથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમે અપનાવો દરેક લાલ પંજ કલ્યાન સફેદ પેશાનીવાળો અથવા સ્પષ્ટ લાલ પંજ કલ્યાન.[૨]" (અબૂ દાઉદ, નિસાઈ)

★ હદીષ : (૧૮)-૩૮૭૮ ★

وَعَنْ أَبِي وَهَبٍ الْجُشَمِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «عَلَيْكُمْ بِكُلِّ كُمَيْتٍ أَغَرَّ مُحَجَّلٍ أَوْ أَشْقَرَ أَغَرَّ مُحَجَّلٍ أَوْ أَدْهَمَ أَغَرَّ مُحَجَّلٍ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيّ

૧. આપ સહાબી છે. આપની કુન્નિયત જ નામ છે. જુશમ ઈબ્ને મુઆવિયહની ઔલાદમાંથી છે એટલા માટે આપને જુશમી કહે છે.

૨. તેજ લાલ ઘોડાને કમિયત કહે છે અને હલકા લાલને اشقر (અશ્કર). اغر નો અર્થ છે ચમકદાર. હવે સફેદ પેશાનીવાળા ઘોડાને اغر કહે છે કે એની પેશાની ચમકે છે.

૩. ખુલાસો એ છે કે સૌથી બેહતર તો તે ઘોડો છે જેનો રંગ તેજ લાલ હોય, પેશાની સફેદ ચમકદાર, હાથ પગો સફેદ. યાદ રાખશો કે પાછલી હદીષમાં ادهم એટલે કાળાને કમિયત એટલે લાલ પર અગ્રતા આપવામાં આવી હતી, અહીં એનાથી ઉલ્ટુ છે કે લાલને કાળા પર અગ્રતા આપવામાં આવી. ત્યાં તે કાળો મુરાદ હતો જે અક્અ પણ હોય અરષમ પણ.

★ ઘોડાનુ મુબારકપણુ લાલાશમાં છે ★

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ઘોડાનું મુબારકપણુ સાફ લાલાશમાં છે." (તિર્મિઝી, અબૂ દાઉદ)

★ હદીષ : (૧૯)-૩૮૭૯ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «يُمْنُ الْخَيْلِ فِي الشُّقْرِ» . رَوَاهُ الترمذيُّ وَأَبُو دَاوُد

૧. એટલે કે લાલ ઘોડો ઘણો મુબારક છે કે તેના કારણે ઘરમાં, ઈમાનમાં, અમલોમાં, માલમાં, ઔલાદમાં બરકત રહે છે, જ્યારે કે એ જેહાદના માટે હોય.

"હઝરત ઉત્બા ઈબ્ને અબ્દુસ્સુલમીથી રિવાયત છે. તેમણે રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે ન તો ઘોડાની પેશાનીના વાળ કાપો[૧] ન ગરદનના વાળ અને ન તેમની પૂછડી, કેમ કે તેમની પૂછડી તેમનાં મોરછલ (પંખા) છે અને તેમની ગરદનના વાળ તેમના કંબલ છે[૩] અને તેમની પેશાનીના વાળોમાં ભલાઈ સંબંધિત છે.[૪]" (અબૂ દાઉદ)

★ હદીષ : (૨૦)-૩૮૮૦ ★

وَعَن عُتبةَ بن عبدٍ السُّلميِّ أَنَّهُ سَمِعَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «لَا تَقُصُّوا نَوَاصِيَ الْخَيْلِ وَلَا مَعَارِفَهَا وَلَا أَذْنَابَهَا فَإِنَّ أَذْنَابَهَا مَذَابُّهَا وَمَعَارِفَهَا دِفاءُها وَنَوَاصِيهَا مَعْقُودٌ فِيهَا الْخَيْرُ» . رَوَاهُ أَبُو دَاوُدَ

૧. لاتقصوا થી બન્યું, અર્થ કાતર અથવા ચાકૂથી કાપવું, એટલે ઘોડાની ગરદન અને પેશાનીના વાળ રહેવા દો, તેમને ન કાપો. આ હુકમનુ કારણ આગળ આવી રહ્યું છે.

૨. જેના થકી ઘોડા પોતાના શરીરથી માખી મચ્છર ઉડાડે છે. પૂછડીની હરકતથી તે તંદુરસ્ત પણ રહે છે, એનાથી ખૂબસૂરત પણ લાગે છે.

૩. જેમના થકી એમનાં શરીર ગરમ રહે છે અને એ ગરમીથી તંદુરસ્ત રહે છે અને એ ગરમીથી એમની તંદુરસ્તી કાયમ રહે છે. دفاء તે કંબલ છે જેને ઓઢાડીને કોઈને ગરમી પહોંચાડવામાં આવે. *(મિર્કાત વગેરે)*

૪. જાણવા મળ્યું કે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ ﷺ ને દરેક દીની તથા દુનિયવી ચીજનો ઈલ્મ આપ્યો છે. જુઓ પૂછડીનુ મોરછલ હોવું, ગરદનના વાળોનું કંબલ હોવું એ દુનિયવી ચીજો છે, અને પેશાનીના વાળોમાં ભલાઈ હોવું એ દીની ચીજ છે. હુઝૂર ﷺ ને બંનેવ માલૂમ છે. એ જ પ્રમાણે ઘોડાની હાલતોનો ઈલ્મ એ જ લોકોને હોય છે જેમને આ કલામાં વિદ્યામાં નિપૂણતા હોય. આજે લોકો ઘણી મહેનતથી ઘોડાઓના જાણકાર બને છે. રબ તઆલાએ સર્વ કાંઈ પોતે જ હુઝૂર ﷺ ને શીખવાડી આપ્યું છે. અંબિયાએ કિરામ હઝરાતના ઈલ્મો કેવળ દીનથી સીમિત નથી હોતા, દુનિયા તથા દીન દરેક પર છવાયેલા હોય છે.

★ દીની ચીજો સજાવવી સુન્નતથી સાબિત ★

★ હદીષ : (૨૧)-૩૮૮૧ ★

وَعَنْ أَبِي وَهَبٍ الْجُشَمِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " ارْتَبِطُوا الْخَيْلَ وامسحُوا بنواصيها وأعجازِها أَو قَالَ: كفالِها وَقَلِّدُوهَا وَلَا تُقَلِّدُوهَا الْأَوْتَارَ ". رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيّ

''હઝરત અબૂ વહબ જુશમીથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ઘોડો પાલવો[૧] અને તેની પેશાનીના વાળો અને તેમના પછવાડે (પુઠ) અથવા ફર્માવ્યું તેમની સુરીન (થાપા) પર હાથ ફેરવો[૨] અને તેમને હાર પહેરાવો[૩] તાંત (આંતરડીઓની દોરી)ના હાર ન પહેરાવો.[૪]'' (અબૂ દાઊદ, નિસાઈ)

૧. જેહાદની નિય્યતથી અને ખિદમતે દીનની નિય્યતથી આજકાલ અમ્ન (શાંતિ, સલામતી)ના જમાનામાં પણ મુસલમાન એટલા માટે ઘોડો પાલવે કે જો કદીક અલ્લાહે મોકો આપ્યો તો એના પર જેહાદ કરીશ, મુસલમાનોની ખિદમત કરીશ, અથવા આ સુન્નતે રસૂલુલ્લાહ ﷺ છે, તો ઈન્શા અલ્લાહ ! સવાબ મળશે.

૨. اعجاز એ عجز નું બહુવચન છે અર્થ પાછલો હિસ્સો. અને اكفال એ كفل નું બહુવચન છે કાફના ઝબર સાથે અર્થ સુરીન (થાપુ) અહીં બંને શબ્દોથી મુરાદ થાપુ (પુઠ) છે. એટલે કે ઘૂળ કચરાથી પાક સાફ રાખવા માટે તેમનાં સર્વ શરીરો, ખાસ કરીને પુઠ પર હાથ, કપડુ, ખરેરા (ઘોડાનુ શરીરની માટી સાફ કરવાનું લોઢાનું બ્રશ) ફેરવતા રહો અને તે ઘસતા રહો. આજે પણ ઘોડાવાળા ખાસ કરીને અરબ ઘોડાઓની બેહતર ખિદમત કરે છે, તેમને ઔલાદની જેમ પ્રિય રાખે છે. ઘોડા જેવું વફાદાર જાનવર કોઈ નથી એ જંગ વગેરે ખતરનાક મોકાઓ પર માલિકને બચાવવા માટે પોતાની જાન આપી દે છે. અમુક મોકાઓ પર પોતાના સવારને આશ્ચર્યમય તરીકાઓથી દુશ્મનના ચુંગાલમાંથી કાઢી લાવે છે.

૩. એટલે કે ઘોડાઓની ગરદનમાં મોતી, મણકા, ફૂલો વગેરેનાં ખૂબસૂરત હાર બાંધો કે ઘોડાની સુંદરતાથી દીનની રોનક છે. એનાથી જાણવા મળ્યું કે દીની ચીજોને શણગારવી સુન્નતથી સાબિત છે. મસ્જિદો સજાવવી, કુર્આન મજીદ પર ઉચ્ચ પ્રકારનો ગિલાફ ચઢાવવો, ઉલમાનું સારો લિબાસ પહેરવું, કાબા મોઅઝ્ઝમાને કિંમતી ગિલાફ પહેરાવવો, રોઝએ રસૂલ ﷺ પર શાનદાર પર્દા નાખવા, બુઝુર્ગોની ખાનકાહો અને અવલિયા અલ્લાહનાં મઝારો પર સજાવટ કરવી, અવલિયાના મઝારો પર ચાદર નાખવી સર્વ કાંઈ એટલા માટે છે કે એનાથી દીનની શાન છે. આ સર્વ ચીજો આ હદીષથી પણ માખૂઝ છે. મઝારોની ચાદરોને અલ્લામા ઈબ્ને આબેદીને શામી શરીફમાં મુસ્તહબ કહી છે. અવામની કબરો જેનાથી દીનની રોનક સંબંધિત નથી તેના પર જાહેરી ઠઠારો દિખાવો ન કરવામાં આવે કે તદ્દન બેકાર છે. ગાઝી લોકો તલ્વારો, બંદૂકો, તોપોને હાર પહેરાવે છે. ખુદ મેં કાશિયરના જેહાદ વખતે પઠાણો અને ફોજીઓને જોયા છે જ્યારે કે પાકિસ્તાન નવુ નવુ બન્યુ હતું અને કાશ્મિરમાં જંગ લડવામાં આવી રહી હતી. એ ચીજોને હરામ કહેવી મૂર્ખતા છે.

૪. કેમ કે તાંત (આંતરડીઓની દોરી)થી ગરદન કપાય છે. ઘોડાને તકલીફ પડે છે અથવા એટલા માટે કે કાફિરોનો અકીદો હતો કે તાંતને ગળામાં બાંધવાથી ઘોડાને નજર નથી લાગતી, તો આ અમલથી મળતાપણું છે. *(તિર્મિઝી)*

★ હદીષ : (૨૨)-૩૮૮૨ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ

''હઝરત ઈબ્ને અબ્બાસ رضي الله عنهما થી રિવાયત છે, ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ બંદા મામૂર હતા[૧] હુઝૂરે અમને કોઈ ચીજથી ખાસ ન કર્યા લોકોના વિના સિવાય

وَسَلَّمَ عَبْدًا مَأْمُورًا مَا اخْتَصَّنَا دُونَ النَّاسِ بِشَيْءٍ إِلَّا بِثَلَاثٍ: أَمَرَنَا أَنْ نُسْبِغَ الْوُضُوءَ وَأَنْ لَا نَأْكُلَ الصَّدَقَةَ وَأَنْ لَا نَنْزِيَ حمارا على فرس. رَوَاهُ التِّرْمِذِيّ وَالنَّسَائِيّ

ત્રણ ચીજોના[૨] અમને હુકમ આપ્યો કે અમે વુઝૂ પૂર્ણ કરીએ[૩] અને સદકા ન ખાઈએ[૪] અને ઘોડી પર ગધેડો ન ચઢાવવામાં આવે.[૫]" (તિર્મિઝી, નિસાઈ)

૧. એ રીતે કે આપના અકવાલ (વાણી), અમલો (વર્તન) તથા હાલતો બલ્કે તબીઅતનું આકર્ષણ ખુદા તઆલાના હુકમથી હતું, નફસાની કે શૈતાની આધાર પર ન હતું. એટલા માટે હુઝૂરની કોઈ ચીજ પર વાંધો ઉઠાવવું કુફ્ર છે, ત્યાં સુધી કે અંબિયાએ કિરામની ખતાઓ પણ રબ તઆલા તરફથી હોય છે જેના પર મખ્લૂકને લાખો અતાઓ મળે છે. જુઓ અમારી તફસીરે નઈમી. રબ ફર્માવે છે : يَاَيُّهَا الرَّسُوْلُ بَلِّغْ مَآ اُنْزِلَ اِلَيْكَ مِنْ رَّبِّكَ (હે રસૂલ ! પહોંચાડી દો જે કાંઈ ઉતર્યું તમને તમારા રબની તરફથી. સૂ. માઈદા, ૫/૬૭) આપનો દરેક કૌલ તથા અમલ, આકર્ષણ, તબીઅત તબ્લીગ છે. જુઓ મિર્કાત.

૨. એટલે કે અમને અહલે બયતે નબુવ્વતને પણ તે અહકામ આપ્યા જે આમ મુસલમાનોને આપ્યા, આ ત્રણ હિકમતો સિવાય કે જે હમણા વર્ણન થઈ રહેલ છે.

૩. એ રીતે મુબાલગા (અતિશયોક્તિ) અને ખૂબ જ કાળજીપૂર્વક વુઝૂ કરવું આમ મુસલમાનો માટે મુસ્તહબ છે પણ અમારા અહલે બયતના માટે ફર્ઝ છે. આ ફર્ઝિયત અહલે બયતની વિશિષ્ટતા છે. *(મિર્કાત)*

૪. આ રીતે બની હાશિમ ખાસ કરીને ઔલાદે રસૂલ ﷺ ઝકાત, ફિત્રા, નઝર (મન્નત) વગેરે વાજિબ સદકા નથી લઈ શકતા, ભલે ગરીબ હોય, ત્યાં સુધી કે ઝકાતનો આમિલ જો માલદાર પણ તો ઝકાતથી એને પગાર આપવામાં આવશે, પરંતું જો આમિલ સૈયદ હોય તો તેને ઝકાતથી મજૂરી પણ નથી આપી શકતા. આ છે એ પાક તથા સાફ નસબની પાકીઝગી તથા શરાફત. (શેઅર)

હૈ સદકા મેલ ફિર ઉસ પાક વ સુથરેકો રવાં ક્યૂં કો–કે દુન્યા ખાર હી હૈ જિસકે આલે પાક કા સદકા

★ ખચ્ચર પેદા કરવું મકરૂહ ★

૫. એટલે અમે અહલે બયત ખચ્ચર ન બનાવીએ. યાદ રાખશો કે ખચ્ચર બનાવવું વિના કારણે અવામના માટે મકરૂહ છે, હુઝૂર ﷺની ઔલાદ માટે હરામ છે, કેમ કે ખચ્ચર બનાવવામાં પ્રથમ તો નસલકુશી (વંશનું છેદન) છે, કેમ કે ખચ્ચરની નસલ નથી ચાલતી. બીજુ આ'લાથી અદના હાંસલ કરવું છે, કેમ કે ઘોડો આ'લા છે અને ખચ્ચર અદના છે. એટલા માટે જેહાદમાં ગાઝીના ઘોડાનો હિસ્સો હોય છે, તેના ખચ્ચરનો હિસ્સો નથી હોતો. પણ કેમ કે ક્યારેક ખચ્ચર પણ કામ આવે છે એટલા માટે ખચ્ચર બનાવવું ઉમ્મત માટે હરામ નથી, પણ અહલે બયતે અત્હાર માટે ઘણુ જ હરામ છે. આ હદીષમાં રાફઝીઓની રદ છે જેઓ કહે છે કે હુઝૂર ﷺ બાતિની ઈલ્મો અહલે બયતે અત્હારને આપી ગયા જેની ખબર બીજાઓને નથી ત્યાં સુધી કે કુર્આને કરીમનો કેટલોક હિસ્સો પણ તેમની પાસે છે. *(મિર્કાત)*

★ હદીષ : (૨૩)-૩૮૮૩ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: أُهْدِيَتْ رَسُول الله صلى الله عَلَيْهِ وَسلم بغلةٌ فركِبَهَا فَقَالَ عَلِيٌّ: لَوْ

"હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલૂલ્લાહ ﷺ ને એક ખચ્ચર હદિયા રૂપે પેશ કરવામાં આવ્યું તો હુઝૂર તેના પર સવાર થયા[૧] તો

હઝરત અલી رضی اللہ عنہ એ અર્ઝ કરી કે જો અમે પણ ગધેડાને ઘોડી પર ચઢાવ્યા કરત તો અમારી પાસે પણ આના જેવાં જાનવર થઈ જાત.[૨] તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે આ કામ તે લોકો કરે છે જેઓ જાણતા નથી.[૩]" *(અબૂ દાઉદ, નિસાઈ)*	حَمَلْنَا الْحَمِيرَ عَلَى الْخَيْلِ فَكَانَتْ لَنَا مِثْلُ هَذِهِ؟ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّمَا يَفْعَلُ ذَلِكَ الَّذِينَ لَا يعلمُونَ» . رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

૧. એ ખચ્ચરનું નામ દુલદુલ હતું જે ઈસ્કંદરિયાના રાજા મકૂકસે હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં હદિયા રૂપે મોકલ્યું હતું. અને હુઝૂર ﷺએ તેના પર સવારી કરી. *(અશિઅહ)*

૨. કેમ કે ખચ્ચર મજબૂત જાનવર છે એનાથી ઘણા મુશ્કેલ કામ પર આસાનીથી થઈ જાય છે અને યા રસૂલલ્લાહ ! ﷺ એ આપને પસંદ પણ છે કે હુઝૂરે એના પર સવારી કરી.

૩. એટલે કે જે લોકો શરઈ અહકામથી નાવાકેફ છે તેઓ આ કામ કરે છે. યાદ રાખશો કે ખચ્ચર બનાવવું ઈજ્જતવાળાઓ માટે જાઈઝ નથી, પણ ખચ્ચર પર સવારી કરવી, તેનાથી કામ લેવું કરાહત વિના જાઈઝ છે. જેમ કે જાનદારની તસવીર બનાવવી જાઈઝ નથી પણ બનેલી તસ્વીરનો ફર્શ તથા બિસ્તરમાં ઉપયોગ બિલ્કુલ જાઈઝ છે. રબ તઆલાએ ખચ્ચરનો ઉલ્લેખ પોતાનાં ઈનામોના બારામાં કર્યો છે કે ફર્માવ્યું : وَّالْخَيْلَ وَالْبِغَالَ وَالْحَمِيْرَ لِتَرْكَبُوْهَا وَزِيْنَةً (અને ઘોડા અને ખચ્ચર અને ગધેડા તેમના પર સવાર થાવ અને સજાવટના માટે. સૂ. નહ્લ, ૧૬/૮) જેથી આ હદીષ આ આયતની વિરૂધ્ધ નથી. *(મિર્કાત)*

"હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ની તલ્વારનો હાથો ચાંદીનો હતો[૧]" (તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, દારમી)	**★ હદીષ : (૨૪)-૩૮૮૪ ★** وَعَنْ أَنسٍ قَالَ: كَانَتْ قَبِيعَةُ سَيْفِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ فِضَّةٍ. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد وَالنَّسَائِيّ والدارمي

૧. قبيعه બરવઝન سيكنه તલ્વારના હાથોનો કિનારો જે પકડતી વખતે મુટ્ઠીથી બહાર રહે છે. આ હદીષથી જાણવા મળ્યું કે તલ્વાર વગેરેને ચાંદીથી સજાવવું જાઈઝ છે. અમુક ઉલમાએ આ હદીષના આધારે ફર્માવ્યું કે ઘોડાની કાઠી અને ઝીનને ચાંદીથી સજાવી શકાય છે. અમુક ઉલમાએ એનો ઈન્કાર કર્યો, તેઓ ફર્માવે છે કે તલ્વાર અલગ ચીજ છે, કાઠી અલગ ચીજ છે. કાઠીમાં ચાંદી વાપરવી એ જાનવરને સજાવવું છે. *(મિર્કાત)*

"હૂદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને સઅદથી રિવાયત છે. તે પોતાના દાદા મઝીદાથી રાવી.[૧] ફર્માવે છે કે તશરીફ લાવ્યા રસૂલુલ્લાહ ﷺ ફતહના દિવસે જ્યારે કે આપની તલ્વાર પર સોનુ અને ચાંદી હતાં.[૨] (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે."	**★ હદીષ : (૨૫)-૩૮૮૫ ★** وَعَنْ هُودِ بْنِ عَبْدِ اللَّهِ بْنِ سَعْدٍ عَن جدِّهِ مزيدةَ قَالَ: دَخَلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ الْفَتْحِ وَعَلَى سَيْفِهِ ذَهَبٌ وَفِضَّةٌ. رَوَاهُ التِّرْمِذِيّ وَقَالَ: هَذَا حَدِيث غَرِيب

૧. هود ના પેશ વાવના જઝમથી છે. હઝરત હૂદ નબીના નામ પર નામ છે. અમુક નુસ્ખાઓમાં હૂઝા

ઝાલથી છે, એ સહીહ નથી. મિઝયદા મિસ્અદા હઝરત હૂદના નાના છે. સહાબી છે અને હૂદ તાબઈ છે. અમુકે મિઝયદા બરવઝન સિબ્અયહ કહ્યું. *(મિર્કાત)*

★ તલ્વાર પર સોના ચાંદીનો ઉપયોગ મના છે ★

૨. એટલે કે જ્યારે કે હુઝૂરે અન્વર ﷺ ફતહે મક્કાના દિવસે મક્કા મોઅઝ્ઝમામાં દાખલ થયા તો આપની તલ્વારમાં સોના ચાંદીનું ઘરેણુ હતું. આ જ હદીષના આધારે અમુક લોકોએ તલ્વારમાં સોનાનું ઘરેણુ પણ જાઈઝ કહ્યું, પણ એ દુરુસ્ત નથી અને આ હદીષ સહીહ નથી. હક્ક એ છે કે તલ્વારમાં સોનાનો ઉપયોગ હરામ છે. (અશિઅ્હ, મિર્કાત) ઈસ્તીઆબમાં ફર્માવ્યું કે આ હદીષ મિઝયદાની અસ્નાદ મજબૂત નથી, સારાંશ તેનાથી દલીલ કરવું દુરુસ્ત નથી.

"હઝરત સાઈબ ઈબ્ને યઝીદથી[૧] રિવાયત છે કે નબી કરીમ ﷺ પર ઓહદના દિવસે બે બખ્તરો હતાં જેની વચ્ચે ઈજતેમા ફર્માવ્યો હતો.[૨]"

(અબૂ દાઊદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૨૬)-૩૮૮૬ ★

وَعَنِ السَّائِبِ بْنِ يَزِيدَ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ عَلَيْهِ يَوْمَ أُحُدٍ دِرْعَانِ قَدْ ظَاهَرَ بَيْنَهُمَا. رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

★ હુઝૂર ﷺએ બે બખ્તરો પહેર્યાં ★

૧. આપ ઘણા જ ઓછી વયના સહાબીઓમાંથી છે. જેમ કે આપની પેદાઈશ હિ.સ. ૨માં છે. આપની કુન્નિયત અબૂ યઝીદ છે. કંદી છે પોતાના પિતાની સાથે હજ્જતુલ વિદાઅમાં શરીક થયા. એ વખતે આપની ઉમર કેવળ સાત સાલ હતી. હિ. ૮૦માં વફાત પામ્યા. આપના પિતા યઝીદ ઈબ્ને સઈદ છે.

૨. ظاهرએ مظهرة તથા تظاهرથી બન્યું છે, જેનો અર્થ છે મદદ એટલે એકબીજાથી મદદ લેવી. કેમ કે ગાઝી બખ્તર વડે જેહાદમાં જ મદદ લે છે એટલા માટે બખ્તરના ઉપયોગને تظاهر અથવા مظاهر કહી દે છે. અહીં ભેગુ કરવું મુરાદ છે. એટલે હુઝૂરે અન્વર ﷺએ ઓહદના દિવસે બે બખ્તરો ઉપર નીચે પહેરી હતી કે ઉપરવાળીને ઝેહાર (અબરહ) બનાવી હતી, નીચેવાળીને બતાનહ (અસ્તર). એમાં હુઝૂરે અન્વર ﷺની કમાલની બહાદુરીનું વર્ણન છે, કેમ કે બખ્તર ખૂબ જ ભારે હોય છે. બે બખ્તરો પહેરીને ચાલવું, ફરવું, જેહાદ કરવો આસાન નથી. એનાથી જાણવા મળ્યું કે સબબોનો ઉપયોગ તવક્કુલની વિરૂધ્ધ નથી. જુઓ, હુઝૂર ﷺ સૈયદુલ મુતવક્કિલીન છે છતાં પણ હથિયાર, બખ્તર વગેરે વાપરે છે. બખ્તર લોખંડનો લિબાસ છે કમીસની જેમ, જેનાથી તલ્વાર વગેરે અસર નથી કરતી.

★ મોટો ઝંડો કાળો નાનો સફેદ ★

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺનો મોટો ઝંડો કાળો અને આપનો નાનો ઝંડો સફેદ હતો.[૧]" (તિર્મિઝી, ઈબ્ને માજહ)

★ હદીષ : (૨૭)-૩૮૮૭ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: كَانَتْ رَايَةُ نَبِيِّ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سَوْدَاءَ وَلِوَاؤُهُ أَبيضَ. رَوَاهُ التِّرْمِذِيّ وَابْن مَاجَه

૧. رايةએ راىથી બન્યું અર્થ જોવું. અને لواء બન્યું لوىથી અર્થ લપેટવું કે ખોસવું. ઈસ્તેહલાહ (આમ બોલી)માં નાના ઝંડાને લિવાઅ કહે છે જે ક્યારેક ખુદ લડનારાના હાથમાં હોય છે અને મોટા ઝંડાને راية કહેવામાં આવે છે જે લશ્કરે જર્રાર (મહાન ખોના)નુ નિશાન હોય છે અને એનાથી ઉલ્ટુ પણ વપરાય છે. એટલે કે નાનો ઝંડો راية

અને મોટો ઝંડો لواء અહીં પ્રથમ અર્થમાં હુઝૂર ﷺના મોટા ઝંડાનું નામ رايۃ હતું એને અત્રબ પણ કહેતા હતા. મોટાભાગે લિવાઅ મોટા ઝંડાને કહે છે. ولواء الحمد يومئذٍ بيدى કયામતના દિવસે હમ્દનો ઝંડો અમારા હાથમાં હશે. કાળાથી મુરાદ ..... છે ગાઢ કાળો નહીં. જુઓ મિર્કાત તથા અશિઅહ.

''હઝરત મૂસા ઈબ્ને ઓબૈદા رضی اللہ عنہ થી રિવાયત છે જે મુહમ્મદ ઈબ્ને કાસિમના મૌલા[1] છે મને મુહમ્મદ ઈબ્ને કાસિમે બરાઅ ઈબ્ને આઝિબની પાસે મોકલ્યો[2] રસૂલુલ્લાહ ﷺના ઝંડાના વિશે પૂછવા માટે, તો ફર્માવ્યું, તે કાળા રંગનો ચોરસ આકારનો ઉનનો હતો.[3]'' (અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ)

★ હદીષ : (૨૮)-૩૮૮૮ ★

وَعَنْ مُوسَى بْنِ عُبَيْدَةَ مَوْلَى مُحَمَّدِ بْنِ الْقَاسِمِ قَالَ: بَعَثَنِي مُحَمَّدُ بْنُ الْقَاسِمِ إِلَى الْبَرَاءِ بْنِ عَازِبٍ يَسْأَلُهُ عَنْ رَايَةِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: كَانَتْ سَوْدَاءَ مُرَبَّعَةً مِنْ نَمِرَةٍ. رَوَاهُ أَحْمَدُ وَالتِّرْمِذِيُّ وَأَبُو دَاوُد

૧. આપ ઝહદી છે. તાબઈનમાંથી છે. ઘણા મુહદ્દિષોએ આપને ઝઈફ કહ્યા છે. અમુકે આપનુ સમર્થન કર્યું છે અને મુહમ્મદ ઈબ્ને કાસિમ પણ તાબઈ છે. આપનો લકબ ખલાઅ્ અંબરી છે. કુન્નિયત અબુલ ગયાર. જઅફર મન્સૂરના આઝાદ કરેલા ગુલામ છે. રહવાઝમાં પેદા થયા. બસરામાં વસવાટ રહ્યો.

૨. કે હુઝૂર ﷺનો ઝંડો કયા પ્રકારનો અને કયા રંગનો રહેતો હતો. એ સહાબા હઝરાતનો એ ઈશ્કે રસૂલ હતો કે હુઝૂરના દરેક હાલ દરેક અદાની તેહકીક કરીને તેની નકલ કરવાની કોશિશ કરતા.

૩. نمرة અરબીમાં ચિત્તાને કહે છે કેમ કે મોટા ભાગે તે રંગબેરંગી હોય છે એટલા માટે હવે રંગબેરંગી ઊની કપડાને પણ કહેવા લાગ્યા. નમરહ ઊની ચાદર જે મોટાભાગે ગામડાવાસી લોકો પહેરે છે. જેથી અહીં કાળાથી મુરાદ કાળી ધારીવાળો છે જેમાં સફેદ ધારીઓ પણ હોય.

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ મક્કામાં[1] તશરીફ લાવ્યા જ્યારે કે આપનો ઝંડો સફેદ હતો.[1]''
(તિર્મિઝી, અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૨૯)-૩૮૮૯ ★

وَعَنْ جَابِرٌ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ دَخَلَ مَكَّةَ وَلِوَاؤُهُ أَبْيَضُ. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ

૧. એનો ઉલ્લેખ પહેલાં થઈ ચૂક્યો કે لواء થી મુરાદ ક્યાં તો નાનો ઝંડો છે જે દરેક કૌમનો અલગ હતો. મુહાજિરોના ઝંડાનો રંગ સફેદ હતો, અથવા મોટો ઝંડો મુરાદ છે જે લશ્કરનું નિશાન હતો. જાહેર એ છે કે એ ઝંડા તદ્દન સાદા હતા. તેમના પર કોઈ નિશાન કે લખાણ ન હતું. અમુક લોકો કહે છે કે તેમના કલ્મએ તૈયેબહ لا اله الا الله محمد رسول الله લખેલુ હતું. والله اعلم ! અલ્લાહ બેહતર જાણનાર છે. હવે સલ્તનતોના ઝંડાઓ પર સામાન્યપણે લખાણ તો નથી હોતુ પણ અમુક ખાસ નિશાન હોય છે અને ખાસ રંગ હોય છે. જેમ કે પાકિસ્તાનના ઝંડાનો રંગ લીલો અને સફેદ છે, નિશાન ચાંદ તારો છે પણ લખાણ કોઈ નથી. અલ્લાહ તઆલા પોતાના મહબૂબ ﷺના ઝંડાના સદકામાં આપણને સલામત રાખે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (30)-૩૮૯૦ ★

عَن أنسٍ قَالَ: لَمْ يَكُنْ شَيْءٌ أَحَبَّ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَعْدَ النِّسَاءِ من الْخَيل. رَوَاهُ النَّسَائِيّ

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ને પત્ની પછી ઘોડાઓથી અધિક પ્રિય કોઈ ચીજ ન હતી.[૧]'' (નિસાઈ)

૧. ઘોડાથી મુરાદ જેહાદ માટે તૈયાર કરેલા ઘોડાઓ છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે અહીં ઘોડાઓથી મુરાદ ખુદ જેહાદ જ છે. યાદ રાખશો કે પોતાની પત્નીથી મહોબ્બત તકવાના, કમાલની દલીલ છે. પોતાની પત્નીથી તે જ મહોબ્બત કરશે જે પર સ્ત્રી પ્રતિ આકર્ષાશે નહીં, અને જેહાદથી તેને મહોબ્બત હશે જેને ઈસ્લામની પ્રગતિ તથા ખિદમતે ખલ્કનો જઝબો મયસ્સર હશે. મિર્કાતે અહીં ફર્માવ્યું કે હુઝૂર ﷺ ને ચાર હજાર પુરૂષોની શક્તિ અતા થઈ હતી છતાં નવ બીવીઓ પર સબ્ર કરી, એ હુઝૂર ﷺ નો કમાલ હતો.

★ હદીષ : (31)-૩૮૯૧ ★

وَعَن عَلِيٍّ قَالَ: كَانَتْ بِيَدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَوْسٌ عَرَبِيَّةٌ فَرَأَى رَجُلًا بِيَدِهِ قَوْسٌ فَارِسِيَّةٌ قَالَ: «مَا هَذِهِ؟ أَلْقِهَا وَعَلَيْكُمْ بِهَذِهِ وَأَشْبَاهِهَا وَرِمَاحِ الْقَنَا فَإِنَّهَا يُؤَيِّدُ اللَّهُ لَكُمْ بِهَا فِي الدِّينِ وَيُمَكِّنُ لَكُمْ فِي البلادِ» . رَوَاهُ ابْن مَاجَه

''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ના હાથ શરીફમાં અરબી કમાન હતી[૧] તો એક શખ્સને જોયો કે તેના હાથમાં ફારસીની કમાન છે[૨] ફર્માવ્યું, આ શું છે ? એને ફેંકી દો ! અને આને આના જેવી ચીજોને અખત્યાર કરો[૩] અને કામિલ છે ભાલો[૪] આ છે તે ચીજો કે અલ્લાહ તઆલા એના થકી દીનને શક્તિ આપશે અને તમને શહેરોમાં કબજા આપશે.[૫]'' (ઈબ્ને માજહ)

૧. એટલે અરબ મુલ્કની બનેલ. અરબી ઘોડા અર્થ તલ્વાર, અરબી કમાનો ખૂબ જ ઉચ્ચ કક્ષાની રહેતી હતી.

૨. ફારસી કમાનથી મુરાદ અજમી કમાન છે. **અરબના પાંચ રાજ્યોનાં નામ છે : હિજાઝ, ઈરાક, નજદ, યમન, બેહરૈન. આ પાંચ રાજ્યો સિવાય સર્વ દેશો અજમ છે.**

૩. એટલે અરબી તલ્વારો, અરબી ઢાલો, અરબી જંગનો સામાન વાપરો કે એ ઉચ્ચ કોટીનાં હોય છે.

૪. قنا બહુવચન છે قناةનું અર્થ ભાલો. અને رماح નો અર્થ પણ ભાલો છે. તો આ ઈઝાફત પોતાની નફસની તરફ છે જેનાથી કમાલનો અર્થ પેદા થયો. જેમ કે કહેવામાં આવે છે કે આ મર્દોનો મર્દ છે, એટલે કામિલ તથા બહાદુર મર્દ છે. એ જ પ્રમાણે એનો અર્થ થયો ભાલાઓનો ભાલો એટલે કામિલ ભાલો, એનાથી મુરાદ અરબી ભાલો છે.

૫. એટલે ઈન્શા અલ્લાહ ! તમે લોકો અરબી હથિયારો થકી ઘણા બધા મુલ્કો ફતહ કરશો. હુઝૂર ﷺ નો એ વાયદો સાચો થયો કે સહાબાએ કિરામે એ જ તલ્વારો, તીરો, કમાનોના થકી કૈસર તથા કિસ્રાના દેશ ફતહ કર્યા, શામ તથા રોમ વગેરે પર કબજો કર્યો. આ હદીષનો મતલબ એ નથી કે અરબી ભાલાઓ તથા તલવારો સિવાય કદી કોઈનું કોઈ હથિયાર ન વાપરશો, એ હુકમ એ જમાના માટે છે.

બાબુ આદાબુસ્સફર بابآدابالسفر

(સફરના આદાબ તથા તરીક़ા વિશે[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. કેમ કે જેહાદમાં મોટાભાગે સફર પણ કરવો પડે છે એટલા માટે સંપાદક رحمۃ اللہ علیہ એ જેહાદના બયાનમાં સફરના હુકમો પણ વર્ણન કર્યા. آداب (આદાબ) એ ادب (અદબ)નું બુહવચન છે અર્થ પસંદીદા તરીકો. સફર વિરૂધ્ધાર્થી છે હઝરનું તેનો શાબ્દિક અર્થ છે જાહેર થવું, રોશન થવું, એટલા માટે સવારના અજવાળાને અસ્ફાર કહેવામાં આવે છે. કેમ કે સફરના થકી બીજા શહેરો દેશોના હાલાત જાહેર થાય છે એટલા માટે એને સફર કહે છે. આદાબથી મુરાદ મુત્લક़ન સફરના તરીક़ા છે, ચાહે સફરથી પહેલાં હોય અથવા સફરના દરમિયાનમાં અથવા સફરના પછી. એ સફરથી મુરાદ દરેક સફર છે ચાહે જેહાદ માટે હોય કે હજના માટે હોય અથવા કોઈ દુનિયવી જાઈઝ કારોબારના માટે. જેમ કે ફર્ઝ હજના માટે સફર કરવી ફર્ઝ છે અને ચોરી ડાકૂગીરીના માટે સફર કરવી હરામ છે. એની તફસીલ અમારી કિતાબ જાઅલ હક્ક़ ભાગ–૧માં જુઓ.

★ હુઝૂર ﷺ જુમેરાતના દિવસે સફર અધિક પસંદ કરતા ★

"હઝરત કઅબ ઈબ્ને માલિકથી[૧] રિવાયત છે કે નબી કરીમ ﷺ જુમેરાતે ગઝવએ તબૂકમાં તશરીફ લઈ ગયા[૨] અને આપ જુમેરાતના દિવસે નીકળવું પસંદ કરતા હતા.[૩]" (બુખારી)

★ હદીષ : (૧)-૩૮૯૨ ★

عَن كَعْب بْنِ مَالِكٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ خَرَجَ يَوْمَ الْخَمِيسِ فِي غَزْوَةِ تَبُوكَ وَكَانَ يُحِبُّ أَنْ يَخْرُجَ يَوْمَ الْخَمِيسِ. رَوَاهُ الْبُخَارِيّ

૧. આપ તે જ કઅબ ઈબ્ને માલિક છે જે ગઝવએ તબૂકમાં શરીક થઈ શકયા ન હતા જેના પર આપનો બોયકોટ કરવામાં આવ્યો હતો. પછી સૂરએ તૌબામાં આપની તૌબા કબૂલ થવાનો તથા બોયકોટ ખુલવાનો ઉલ્લેખ છે. ઘણી જ શાનના માલિક છે. અલ્લાહ તઆલાએ આપને સાદિક़ીનમાંથી ફર્માવ્યા છે કે આપણને મુસલમાનોને હુકમ આપ્યો : كُوْنُوْا مَعَ الصّٰدِقِيْنَ (સાચાઓની સાથે રહો. સૂ. તૌબા, ૯/૧૧૯)

૨. તબૂક ગૈર મુન્સરિફ છે ઈલ્મિયા અને વઝન ફેઅલના કારણે. بوك થી બન્યું છે, અર્થ પાણીનુ જોશ મારવું લાકડી વગેરે રહેવાના કારણે. શામના એક શહેરનું નામ તબૂક છે. આ ફક़ીર તબૂક ઉપરથી હવાઈ જહાઝથી પસાર થયેલ છે. મદીના મુનવ્વરાથી ખૈબર એકસો સાઈઠ માઈલ છે અને ખૈબરથી પાંચસો માઈલ તબૂક છે. એ જમાનામાં મદીના મુનવ્વરાથી તબૂક એક મહીનાના અંતરે હતું. ગઝવએ તબૂક હિ.સ. ૯માં થયો અને એ હુઝૂરે અન્વર ﷺનો આખરી ગઝવો છે. (મિર્ક़ાત) ફક़ીરે ખૈબરની ઝિયારત કરી છે. હવે હિજાઝની સરહદ માન સ્થળ સુધી છે. લગભગ ૨૦૦ માઈલ છે. અને માનથી ઓમાન ત્રણસો માઈલ છે. ઓમાન ઉર્દુનનું પાટનગર છે. ઓમાનથી ૯૮ માઈલ બયતુલ મુક़દ્દસ છે જેને હવે કુદ્સ કહે છે. બયતુલ મુક़દ્દસ પેલેસ્ટાઈન (ફિલીસ્તીન)માં છે.

૩. ક્યાં તો જેહાદના સફર માટે જુમેરાત પસંદ કરતા હતા અથવા દરેક સફરના માટે. યાદ રાખશો કે અમુક કારણોસર જુમેરાતને સફર માટે પસંદ કરવામાં આવી : એક એ કે જુમેરાત મુબારક દિવસ છે કે એમાં બંદાઓના અમલો બારગાહે ઈલાહીમાં રજૂ થાય છે. બેહતર એ છે કે અમલી હજની શરૂઆત એ દિવસથી થાય, બીજુ એ કે

જુમેરાત અઠવાડિયાનો અંતિમ દિવસ છે. ત્રીજુ એ કે જુમેરાત જુમ્આનો પડોશી છે કે એના આગમનની ખબર આપે છે. ચોથુ એ કે જુમેરાતને અરબીમાં ખમીસ કહે છે જેથી એ દિવસે રવાનગીમાં નેક ફાલ છે. પાંચમુ એ કે જુમેરાતને ખમીસ કહે છે જે ખમીસ અર્થ પાંચથી બનેલ છે અને ગનીમતથી અલ્લાહ રસૂલ માટે ખમ્સ (પાંચમો ભાગ) જ કાઢવામાં આવે છે. અલ્લાહ તઆલા ખમીસની બરકતથી ખમ્સવાળી ગનીમત અતા કરે. યાદ રાખશો કે સફરના માટે શનિવાર, સોમવાર અને જુમેરાત ખૂબ જ મુબારક છે જે કોઈ શનિવારના દિવસે સૂરજ નીકળતા પહેલાં સફર માટે નીકળી જાય તે ઈન્શા અલ્લાહ ! કામયાબ તથા બામુરાદ પરત થશે. (અઝ : મિર્ક़ાત, અશિઅ્હ મઅ ઝિયાદા) પણ યાદ રાખશો કે **ઈસ્લામમાં કોઈ દિવસ અથવા કોઈ ઘડી મન્હૂસ નથી હા ! અમુક દિવસો બરકતવાળા છે.**

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જો લોકો જાણતા કે એકાંતમાં શું નુકસાન છે[૧] તો હું નથી જાણતો કે કોઈ સવાર રાતે એકલો ચાલતો.[૨]" (બુખારી)

★ હદીષ : (૨)-૩૮૯૩ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَوْ يَعْلَمُ النَّاسُ مَا فِي الْوَحْدَةِ مَا أَعْلَمُ مَا سَارَ رَاكِبٌ بِلَيْلٍ وَحْدَهُ» . رَوَاهُ الْبُخَارِيُّ

૧. દીની તથા દુનિયવી બંને નુકસાન. દીની નુકસાન તો એ કે એકલો માણસ સફરમાં જમાઅત નથી કરી શકતો. દુનિયવી નુકસાન એ કે એકલામાં ગભરાહટ પણ રહે છે. સફરની જરૂરિયાતો પણ પૂરી થતી નથી. બીમારીમાં ખૂબ જ તકલીફ પડે છે. જો મૃત્યુ આવી પડે તો કોઈ વતનમાં ખબર પહોંચાડનાર પણ નથી હોતુ.

૨. એટલે કે જો એકલા સફર કરવાનાં નુકસાનો પૂરેપૂરાં માલૂમ થાય તો પગપાળા તો શું સવાર પણ એકલા સફર કરવાની હિંમત ન કરે, જેથી આમાં પગપાળાને એકલા સફર કરવાની ઈજાઝત નથી. યાદ રાખશો કે એ જમાનામાં રસ્તા પુરઅમ્ન ન હતા. એકલા સફર ખૂબ જ ખતરનાક હતો. હવે તો રેલ્વે, પ્લેન, મોટરોના કારણે ખતરો નથી, જેથી હવે હુકમો નરમ થશે. તેમજ રાતના એકલા સફર કરવું એ જમાનામાં અધિક ખતરનાક હતું. ત્યાં એ કહેવત મશહૂર હતી : اللیل اخفی باالو یل (રાત છુપાઈ ગઈ છે વાદી જેમ) એટલા માટે ખાસ કરીને રાતમાં જ સફરનો ઉલ્લેખ થયો.

★ જ્યાં કૂતરો રહેતો હોય ત્યાં ફરિશ્તા નથી રહેતા ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ફરિશ્તા એ સાથીઓની સાથે નથી રહેતા જેમનામાં કૂતરો હોય અને ન જેમનામાં ઝાંઝર હોય.[૧]" (મુસ્લિમ)

★ હદીષ : (૩)-૩૮૯૪ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَصْحَبُ الْمَلَائِكَةُ رُفْقَةً فِيهَا كَلْبٌ وَلَا جَرَسٌ» . رَوَاهُ مُسْلِمٌ

૧. અહીં સાથીઓથી મુરાદ સફરના સાથી છે. કૂતરાથી મુરાદ તે કૂતરો છે જે શોખનો રાખેલો હોય વિના જરૂરત. શિકાર અથવા હિફાઝતના માટે કૂતરાનો એ હુકમ નથી. ફરિશ્તાઓથી મુરાદ રહમતના ફરિશ્તા છે જે ખાસ કરીને સફરમાં મુસલમાનોની સાથે રહે છે. ખાસ કરીને ગાઝી હાજી મુસાફરો સાથે રહે છે. જરસ તે ગુંગરૂ પાયલ વગેરે જે ઊંટ ઘોડાઓની ગરદનમાં કેવળ અવાજના માટે બાંધવામાં આવે. આપણે ત્યાં એ મકરૂહે તન્ઝીહી છે. અમુક શામના ઉલમા ફર્માવે છે કે નાના ઘુઘરા જાઈઝ છે, મોટા અને ખૂબ જ અવાજવાળા મકરૂહ છે, જરૂરત મુજબ એ પણ જાઈઝ છે. હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا એ એક બાળકીના પગોએથી અવાજવાળા ઝાંઝર ઉતારી દીધા.

હઝરત ઉમર رضی اللہ عنہ એ એ એક બાળકીના પગોએથી અવાજવાળા ઝાંઝર ઉતારી દીધા. હઝરત ઉમર رضی اللہ عنہ એ હઝરત ઝુબેરના પગોએથી ઝાંઝર ઉતરાવી નાખ્યા, અને ફર્માવ્યું કે મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે, દરેક ગુંગરુની સાથે શૈતાન છે. *(મિર્ક़ાત)*

★ ઝાંઝર શૈતાનનું વાજિંત્ર ★

"તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ઝાંઝર શૈતાનનું વાજિંત્ર છે.[૧]" (મુસ્લિમ)

★ હદીષ : (૪)-૩૮૯૫ ★

وَعَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «الْجَرَسُ مَزَامِيرُ الشَّيْطَانِ» . رَوَاهُ مُسْلِمٌ

૧. مزامير (મઝામીર) બહુવચન છે مزمار નું એ زمار થી બન્યું, અર્થ સજાવટવાળો અવાજ, આમ બોલીમાં દરેક વાજિંત્ર મઝમાર છે, પણ ઝાંઝર તો મુત્લક़ન હરામ છે. ઝાંઝર સિવાય અન્ય વાજાંઓ, તાશાં, ડ્રમો, તલબા વગેરે જો ખેલકૂદ માટે હોય તો હરામ છે, જરૂરત પૂરતુ જાઈઝ છે, જેમ કે જેહાદમાં જંગનુ તબલુ, નિકાહના એલાન માટે દફ અથવા બ્યુગલ (તાંશુ) સેહરી તથા ઈફતારી માટે તબલા તથા નગારૂ વગાડવું કે એ જાઈઝ છે. એની થોડીક ચર્ચા કિતાબુન્નિકાહમાં વર્ણન થઈ ચૂકી છે અહીં મિર્ક़ાતે પણ થોડીક ચર્ચા કરી છે. ખુલાસો એ છે કે ઝાંઝરનું હરામ હોવુ બિએ્નિહી છે અને બીજા વાજિંત્રોનું હરામ હોવું લિગૈરિહી છે. કવ્વાલી તથા એના ઢોલનો મસ્અલો અમારી કિતાબ જાઅલ હક્ક़ ભાગ–૧માં જુઓ, ત્યાં અમે એની ઉમદા ચર્ચા કરી છે.

"હઝરત અબૂ બશીર અન્સારીથી[૧] રિવાયત છે કે તે રસૂલુલ્લાહ ﷺ ની સાથે હુઝૂરના અમુક સફરોમાં હતા. તો રસૂલુલ્લાહ ﷺ એ એક ક़ાસિદ મોકલ્યો કે કોઈ ઊંટની ગરદનમાં તાંતનો હાર ન છોડવામાં આવે, મુત્લક़ન કોઈ હાર ન છોડવામાં આવે.[૨]" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૫)-૩૮૯૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَن أَبِي بشير الأنصاريِّ: أَنَّهُ كَانَ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي بَعْضِ أَسْفَارِهِ فَأَرْسَلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَسُولًا: «لَا تبقين فِي رَقَبَة بَعِيْر قِلَادَةٌ مِنْ وَتَرٍ أَوْ قِلَادَةٌ إِلَّا قُطِعَتْ»

૧. આપનું નામ ક़ૈસ ઈબ્ને ઓબેદુલ્લાહ છે. કુન્નિયત અબૂ બશીર અન્સારી મુઝની છે. આ તો સાહિબે મિશ્કાતે (મિશ્કાતના લેખકે) અકમાલમાં ફર્માવ્યું, પણ સાહિબે ઈસ્તીઆબ કહે છે કે આપના નામની તેહક़ીક़ ન થઈ શકી. આપની વફાત હુર્રાના બનાવ પછી થઈ. આપે ઘણી ઉમર પામી.

૨. તાંતનો હાર તો એટલા માટે કપાવી નાખ્યો કે તાંત વડે દરેક જાનવરની ગરદન કપાય છે અને તેનાથી સખત તકલીફ થાય છે. બીજા હાર કપાવવાનાં કેટલાંક કારણો હોય શકે છે : એક એ કે એ હારોમાં ગુંગરૂ અથવા ઝાંઝર અથવા અન્ય વાગનારી ચીજ બાંધવામાં આવતી હતી કે જે વાજિંત્ર છે, અને વાજિંત્રથી રહમતના ફરિશ્તા નથી આવતા. બીજુ એ કે જાહિલિયતના લોકો એ હાર જાનવરથી બુરી નજર બચાવવા માટે તાવીઝ રૂપે બાંધતા હતા. તેઓ સમજતા હતા કે હાર બુરી નજરથી બચાવી લેશે. આ જાહિલાના મુશ્રિકાના અમલ હતો. ત્રીજુ એ કે એ હારોમાં વાજિંત્ર અથવા અન્ય અવાજ આપનારી ચીજો રહેતી હતી જેના અવાજથી દુશ્મન એ ગાઝીઓની એક્ટિવિટી પર માહિતગાર થઈ જતો હતો, જેથી એ જંગી તદબીરની વિરૂધ્ધ હતો. ચોથુ એ કે હાર ઊંટનું ગળુ ઘોંટી દેતા હતો જ્યારે તે ઝાડથી કાંઈક પાંદડાં તોડવા માટે ગરદન ઉઠાવતુ હતું. સારાંશ એ મનાઈમાં ઘણા બધાં કારણો હોઈ શકે

છે. જાહેર એ છે કે કાસિદ (સંદેશવાહક)ના થકી ઊંટવાળાઓને પૈગામ મોકલ્યો કે પોત પોતાના ઊંટની ગરદનથી હાર ખોલી દે. શક્ય છે કે ખુદ કાસિદને જ હુકમ આપ્યો હોય કે તે જાતે હાર તોડી નાખે. (અઝ્ મિર્ક़ાત) યાદ રાખશો કે અસ્માએ ઈલાહિયા અથવા જાઈઝ દુઆઓનાં તાવીઝો કરાવવાં, નાખવાં બિલ્કુલ દુરુસ્ત છે. નાજાઈઝ મંત્રોના તાવીઝો હરામ છે, અને મૂર્તિઓનાં નામનાં તાવીઝ કુફ્ર છે.

★ વસંત તથા પાનખર ઋતુઓમાં સફરના હુકમો ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમે લીલોતરીની ઋતુમાં સફર કરો[૧] તો ઊંટને તેની જમીનનો હિસ્સો આપો.[૨] અને જ્યારે તમે પાનખર ઋતુમાં સફર કરો તો તેના પર તેજ ગતિ કરો[૩] અને જ્યારે તમે રાતે આરામ કરો તો રસ્તાથી અલગ ઉતરો[૪] કેમ કે એ જાનવરોના રસ્તા અને રાતમાં કીડા મકોડાનાં ઠેકાણાઓ છે[૫] અને એક રિવાયતમાં છે કે જ્યારે તમે પાનખર ઋતુમાં સફર કરો તો ઊંટના દૂબળા થવાથી જલ્દી કરો.[૬]" (મુસ્લિમ)

★ હદીષ : (૬)-૩૮૯૭ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا سَافَرْتُمْ فِي الْخِصْبِ فَأَعْطُوا الْإِبِلَ حَقَّهَا مِنَ الْأَرْضِ وَإِذَا سَافَرْتُمْ فِي السَّنَةِ فَأَسْرِعُوا عَلَيْهَا السَّيْرَ وَإِذَا عَرَّسْتُمْ بِاللَّيْلِ فَاجْتَنِبُوا الطَّرِيقَ فَإِنَّهَا طُرُقُ الدَّوَابِّ وَمَأْوَى الْهَوَامِّ بِاللَّيْلِ» . وَفِي رِوَايَةٍ: «إِذَا سَافَرْتُمْ فِي السَّنَةِ فَبَادِرُوا بِهَا نِقْيَهَا» . رَوَاهُ مُسْلِمٌ

૧. خصب 'ખે' خ ના ઝબર સ્વાદના જઝમથી, અર્થ સસ્તાપણાનું વરસ. અહીં મુરાદ લીલોતરીનો જમાનો છે. જ્યારે વરસાદો યોગ્ય થઈ ચૂકેલ હોય, જંગલ હર્યાં ભર્યાં હોય.

૨. એ રીતે કે થોડી થોડી દૂર સફર કરીને ઊંટને ચરવાના માટે છોડી દો કે એ પણ જમીની ઘાસ લીલોતરીથી ખાય લે. રસ્તા રોકાતા ચરાવતા રહી સફર પાર કરો.

૩. રસ્તામાં જરૂરત વિના ન રોકાવ અને જલ્દી સફર કરીને મંઝિલ પર પહોંચો જેથી ઊંટ થાકીને માર્ગમાં જ ન રહી જાય જેનાથી તમને પણ મુસીબત પડી જાય.

૪. عرستم બન્યુ છે تعريس થી. અરબીમાં تعريس નો અર્થ છે, મુસાફરનું આખરી રાતમાં આરામ કરવું. અહીં અનુભવના તરીક़ા પ્રમાણે મુત્લક़ન રાતમાં આરામ કરવું મુરાદ છે, શરૂ રાતમાં હોય કે આખર રાતમાં, જેવું કે આગળ જતાં કારણ વર્ણન કરવાથી માલૂમ થઈ રહ્યું છે. આ એહકામ મુસ્તહબ રૂપે (ઈસ્તિહબાબી) છે, મશવરા રૂપે.

૫. دواب થી મુરાદ મુસાફરોનાં જાનવર છે. هوام થી મુરાદ ઝેરીલાં જાનવર સાપ વીછી વગેરે. સારાંશ રસ્તા તથા આવજાના માર્ગમાં ઉતરવું રોકાવું તકલીફદાયક પણ છે અને ખતરનાક પણ છે. મિર્ક़ાતે અહીં ફર્માવ્યું : تعريس થી મુરાદ મુત્લક़ન ઉતરવું છે, રાતે હોય કે બપોરના હોય.

૬. نقي નૂન, ક़ાફ યે અર્થ એટલે એનાથી પહેલાં સફર ખત્મ કરીને ઘરે પહોંચી જાવ કે જાનવરોનાં હાડકાની ચરબી ખત્મ થઈ જાય અને દૂબળાં થઈને થાકી જાય. અમુક શરહકર્તાઓએ نقب બે થી રિવાયત કરી છે, અર્થ ઊંટના પગોનું હલકા થઈ જવું, એટલે કે તેમનો પગ હલકો પડી જવાથી પહેલાં ઘરે પહોંચી જાવ, તો પણ મતલબ એ જ છે. અમુક લોકોએ نقب અર્થ રસ્તો કહ્યો પણ એ ગલત છે કે પછી મતલબ જ કોઈ નથી બનતો.

★ મુસાફરે મુસાફર સાથે કેવી રીતે વર્તવું ★

''હઝરત અબૂ સઈદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, એ હાલમાં અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે એક સફરમાં હતા[૧] કે આપની ખિદમતમાં એક શખ્સ ઊંટ પર આવ્યો[૨] તો જમણે ડાબે તરફ મારવા લાગ્યો. ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જેની પાસે બચેલી વધારાની સવારી હોય તો તે એના પર ખર્ચ કરે જેની પાસે સવારી નથી.[૩] અને જેની પાસે બચેલો તોશો હોય તો તે એના પર ખર્ચ કરે જેની પાસે તોશો નથી.[૪] ફર્માવે છે કે હુઝૂરે દરેક પ્રકારના માલના ઉલ્લેખ કર્યો[૫] ત્યાં સુધી કે અમે સમજ્યા કે અમારામાંથી કોઈને બેચેલામાં કોઈ હક્ક઼ જ નથી.[૬]'' (મુસ્લિમ)

★ હદીષ : (૭)-૩૮૯૮ ★

وَعَن أبي سعيد الْخُدْرِيّ قَالَ: بَيْنَمَا نَحْنُ فِي سَفَرٍ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذ جَاءَهُ رَجُلٌ عَلَى رَاحِلَةٍ فَجَعَلَ يَضْرِبُ يَمِينًا وَشِمَالًا فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَنْ كَانَ مَعَهُ فَضْلُ ظَهْرٍ فَلْيَعُدْ بِهِ عَلَى مَنْ لَا ظَهْرَ لَهُ وَمَنْ كَانَ لَهُ فَضْلُ زَادٍ فَلْيَعُدْ بِهِ عَلَى مَنْ لَا زَادَ لَهُ» قَالَ: فَذَكَرَ مِنْ أَصْنَافِ الْمَالِ حَتَّى رَأَيْنَا أَنَّهُ لَا حَقَّ لأحدٍ منا فِي فضل. رَوَاهُ مُسلم

૧. તે ઊંટ દૂબળુ તથા થાકેલુ હતું જેવું કે આગલા લખાણથી જાહેર છે.

૨. પોતાના ઊંટને બે બાજુ મારવા લાગ્યો કેમ કે તે ચાલતુ ન હતું, થાકી ગયું અથવા જમણે ડાબે નજર મારવા નિગાહ દોડાવવા લાગ્યો, જેથી કોઈ તેનો હાલ જોઈને તેની મદદ કરે છે કે નહીં. એટલે કે તે શખ્સ શરીફ માણસ હતો, કોઈને સવાલ ન કર્યો. બલ્કે ઈમદાદની ઉમ્મીદ પર આમતેમ જોવા લાગ્યો. કદાચ એ શખ્સ પોતાના વતનમાં અમીર માણસ હતો. અહીં સફરમાં મદદને પાત્ર થઈ ગયો. (મિર્ક઼ાત) આ વાક્યનો મતલબ એ પણ થઈ શકે છે કે તે જમણે ડાબે દોડાવવા લાગ્યો. પરેશાનીના કારણે તેને કાંઈ સુઝતુ ન હતું. સારાંશ કે તે સખત પરેશાન હતો.

૩. فليعد બન્યુ છે اعادة થી અર્થ પલટાવવું, એટલે જેની પાસે પોતાની જરૂરતથી વધુ સવારી હોય તે તેના તરફ પલટાવી દે જેની પાસે સવારી નથી અથવા છે પણ નકામી થઈ ગઈ. અને શક્ય છે કે આ શબ્દ اعداد થી બન્યો અર્થ તૈયાર કરવું, પુરુ પાડવું. એટલે એવો માલદાર માણસ પોતાની વધારાની સવારી એવા લાચારના માટે પૂરી પાડે. સારાંશ મતલબ એ જ છે કે તેને દઈ દે, તેને માલિક બનાવી દે. એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ ને સૌનું દર્દ છે.

૪. લગભગ એ શખ્સ તોશા (ભાથા) વિનાનો થઈ ચૂક્યો હતો જેની લોકોને ખબર ન થઈ. એટલા માટે હુઝૂર ﷺ એ સવારીની સાથે તોશાનો પણ ઉલ્લેખ કર્યો.

૫. જેમ કે કપડાં, જોડા, મશક, તંબૂ, દિરહમ વગેરે દરેક પ્રકારનો માલ.

૬. એટલે કે હુઝૂર ﷺ એ એવી ખૈરાતને આવું મહત્વ આપ્યું કે અમે સમજ્યા કે જરૂરતથી વધુ માલ અમારી માલિકીમાં જ નથી. બસ પોતાના પર ખર્ચ કર્યા બાદ જે કાંઈ વધે તે બીજાને આપી દેવું વાજિબ છે. યાદ રાખશો કે હુઝૂર ﷺ આપણી જાનો આપણા માલોના મુત્લક़ માલિક છે જેવી રીતે મૌલા પોતાના ગુલામની જાન માલનો માલિક હોય છે. રબ તઆલા ફર્માવે છે : اَلنَّبِيُّ اَوْلٰى بِالْمُؤْمِنِيْنَ مِنْ اَنْفُسِهِمْ (આ નબી મુસલમાનોનો તેમની જાન કરતાં વધુ માલિક છે. સૂ. અહઝાબ, ૩૩/૬) અહીં અવલાનો અર્થ નજીકતર પણ કરવામાં આવેલ છે, અને માલિકતર પણ. જુઓ એકવાર હુઝૂર ﷺ એ હઝરત કઅબ વગેરે ત્રણ સહાબીઓને બોયકોટના જમાનામાં ફર્માવી દીધું કે તમારી પત્નીઓ પાસે ન જાવ. તે પત્નીઓ તેમના નિકાહમાં હતી પણ તેમનાથી મેળાપ મના કરી આપ્યો. આ છે હુઝૂર ﷺ ની મલ્કિયત (માલિકીપણુ). કેટલોક અરસો હુકમ રહ્યો કે પોતાની કુર્બાનીઓના ગોશ્ત ત્રણ

દિવસથી વધુ ઉપયોગમાં ન લો, તો ઉપયોગ મના થઈ ગયો. પછી જ્યારે વધુ વાપરવાની ઈજાઝત આપી ત્યારે જાઈઝ થયો સાંરાશ કે આપણે સૌ મુસલમાન હુઝૂરે અન્વર ﷺના લોંડી ગુલામ છીએ, હુઝૂર ﷺ આપણા માલિક છે. જો તે આપણને પોતાની અબ્દિયત તથા ગુલામીપણામાં કબૂલ ફર્માવી લે તો આપણા નસીબ ખુલી જાય. એકવાર હઝરત મુર્શિદ મૌલાઈ મૌલાના નઈમુદ્દીન સાહબ رحمۃ اللہ علیہ એ ઈર્શાદ ફર્માવ્યો કે હુઝૂર પર ઝકાત ફર્ઝ નથી. મારી નજીક એનું કારણ એ પણ હોય શકે છે કે હુઝૂર ﷺ માલિક છે અને સર્વ મુસલમાન હુઝૂર ﷺના લોંડી ગુલામ છે. માલિક પોતાના ગુલામોને ઝકાત નથી આપી શકતો. કેમ કે હુઝૂરના માટે ઝકાત આપવાને પાત્ર વ્યક્તિ કોઈ મૌજૂદ નથી એટલા માટે આપના પર ઝકાત ફર્ઝ નથી. અર્ઝ કરી, તો પછી અમારા પર પણ ઝકાત ફર્ઝ ન હોવી જોઈએ કે ગુલામો પર ઝકાત ફર્ઝ નથી ? ફર્માવ્યું, આપણે લોકો અબ્દે માઝૂન છીએ અને અમુક ખાસ હાલતોમાં માઝૂન ગુલામ પર ઝકાત ફર્ઝ થઈ જાય છે. માઝૂન ગુલામ તે છે જેને કારોબારની ઈજાઝત માલિકે આપી દીધી હોય. આ'લા હઝરતે કેટલુ સરસ ફર્માવ્યું : (શેઅર)

بندگانش حور وغلمان و ملک　　چاکرانش سبز پوشان فلک

અર્થાત : હુરો તથા ગિલ્માન અને ફરિશ્તા આપના ગુલામ તથા ખિદમતગાર છે.

આ રિવાયતથી માલૂમ પડે છે કે હુઝૂર ﷺનો એ હુકમ વજૂબી (વાજિબ રૂપે) હતો જેનાથી એ હઝરાતનો બચેલો માલ ખૈરાત કરી દેવો ફર્ઝ કરી દેવામાં આવ્યો હતો.

★ સફર અઝાબનો ટુકડો છે ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે સફર અઝાબનો ટુકડો છે[૧] તમારામાંથી દરેકને તેની ઊંઘ તેના ખાવા પીવાથી રોકે છે.[૨] તો જ્યારે કોઈ એ તરફથી પોતાની જરૂરત પૂરી કરે[૩] તો પોતાના ઘરની તરફ જલ્દી કરે.[૪]" (મુત્તફ़ક़ અલૈહ)

★ હદીષ : (૮)-૩૮૯૯ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:«السَّفَرُ قِطْعَةٌ مِنَ الْعَذَابِ يَمْنَعُ أَحَدَكُمْ نَوْمَهُ وَطَعَامَهُ وَشَرَابَه فَإِذا قضى نهمه من وَجهه فليعجل إِلَى أَهله»

૧. અહીં અઝાબથી મુરાદ તકલીફદાયક છે ન કે સજા, કેમ કે અમુક સફર તો સવાબ છે જેમ કે જેહાદનો સફર, હજ્જનો સફર, ઈલ્મની તલબ માટે સફર વગેરે, પણ એ સર્વ સફરો તકલીફ આપનાર જરૂર છે જેમનામાં એ તકલીફો થાય છે જે આગળ વર્ણવેલ છે.

૨. એટલે કે લગભગ સફરમાં માણસ સમય પર ખાવા, સમય પર સૂવા, સમય પર બાજમાઅત નમાઝ ઘરની જેમ નથી કરી શકતો. જેમ કે અત્યારે પણ એ જોવામાં આવે છે ભલે રેલગાડી, બસ, પ્લેનના સફરમાં ઘણી આસાનીઓ થઈ ચૂકી છે.

૩. نهم નો અર્થ છે બુલૂલ (પુખ્તતા). الهمته અને وجهه થી મુરાદ પોતાના સફરની દિશા છે. એટલે જે તરફ સફર કરીને ગયો હતો, જે મક़સદ માટે ગયો હતો સફરમાં તે મક़સદ પૂરો થઈ જાય. *(મિર્ક़ાત)*

૪. જેથી નમાઝની જમાઅતો, હક્કોની અદાયગી સારી રીતે થઈ શકે. અમુક ઉલમાએ ફર્માવ્યું કે દુનિયવી સફરોના માટે આ ફર્માન છે, હજના સફર તથા જેહાદના સફર વગેરે માટે આ હુકમ નથી. મદીના મુનવ્વરા તથા

મક્કા મુકર્રમામાં જેટલી હાજરી નસીબ થઈ જાય એ બેહતર છે. એટલા માટે અહીં نهمته ફર્માવ્યું. نهمه કહે છે દુનિયવી જરૂરત તથા હાજતનો ફકીર એને અગ્રતા આપે છે. હાકિમ તથા બયહકીએ હઝરત આઈશા رضی اللہ عنہا ની રિવાયતથી نهمته ને બદલે حجه રિવાયત કરી એટલે હજથી ફારિગ થઈને જલ્દી પરત થાવ. જેમ કે મિર્કાતમાં છે : પણ મદીના છેવટે મદીના જ છે, તે તો દરેક મોમિનનો દેશ છે પરદેશ નથી. જેવું દિલી સુકૂન ઈબાદતોની અદાયગીમાં ત્યાં આવે છે એવું ઘર પર નથી થતું.

★ મુસાફરના પરત થતાં સ્વાગત કરવું સુન્નત ★

★ હદીષ : (૯)-૩૯૦૦ ★
وَعَن عبدِ اللَّهِ بنِ جعفرٍ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا قَدِمَ مَنْ سَفَرٍ تُلُقِّيَ بِصِبْيَانِ أَهْلِ بَيْتِهِ وَإِنَّهُ قَدِمَ مَنْ سَفَرٍ فَسُبِقَ بِي إِلَيْهِ فَحَمَلَنِي بَيْنَ يَدَيْهِ ثُمَّ جِيءَ بِأَحَدِ ابْنَيْ فَاطِمَةَ فَأَرْدَفَهُ خَلْفَهُ قَالَ: فَأُدْخِلْنَا المدينةَ ثلاثةَ على دَابَّة. رَوَاهُ مُسلم

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને જઅફરથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺ સફરથી તશરીફ લાવતા હતા તો આપના ઘરવાળાં બાળકો સ્વાગત માટે જતાં હતાં[૨] હુઝૂરે પાક ﷺ એક સફરથી આવ્યા તો મને હુઝૂરના સ્વાગત માટે લાવવામાં આવ્યો તો મને હુઝૂરે પોતાની આગળ સવાર કરી લીધો. પછી હઝરત ફાતિમાના પુત્રોમાંથી એકને લાવવામાં આવ્યો[૩] તો તેને પોતાની પાછળ બેસાડી લીધો. ફર્માવે છે કે અમે ત્રણેવ એક સવારી પર મદીનામાં દાખલ થયા.[૪]''
(મુસ્લિમ)

૧. આપ હઝરત અલી رضی اللہ عنہ ના ભત્રીજા છે. કુરૈશી હાશમી મદની છે. ઈસ્લામમાં પ્રથમ આપનો જન્મ હબ્શામાં થયેલ છે. હિ.સ. ૮૦માં મદીના મુનવ્વરામાં નેવુ વરસની ઉમરે અબ્દુલ મલિકના જમાનામાં વફાત થઈ. આપનો લકબ બહરુલજૂદ પણ છે. અને જવ્વાદ ઈબ્ને જવ્વાદ પણ. ઈસ્લામમાં આપના તથા આપના વાલિદથી વધીને કોઈ સખી ન હતો. હુઝૂર ﷺ ની વફાતના સમયે કેવળ નવ વરસના હતા. ખૂબ જ ખૂબીઓના માલિક છે. *(અશિઅહ)*

૨. એનાથી જાણવા મળ્યું કે બુઝુર્ગોના સફરથી આવતી વખતે સ્વાગત કરવું એ સહાબાની સુન્નત છે તેમજ મુસાફરના ઘરનાં બાળકોને પણ સ્વાગતમાં લઈ જવાં સુન્નત છે.

૩. જનાબ હસનને અથવા હુસૈનને. رضی اللہ عنہما

૪. એ રીતે કે એક સવારી પર ત્રણ સવાર હતા. હુઝૂર ﷺ વચ્ચે હતા, હુઝૂર ﷺ ની પાછળ હસ્નૈનમાંથી એક હતા. આ ખુશનસીબી પર સદકે જઈએ !

★ પોતાની પત્નીને પોતાની સાથે સવાર કરવું સુન્નત ★

★ હદીષ : (૧૦)-૩૯૦૧ ★
وَعَن أنسٍ: أَنَّهُ أَقْبَلَ هُوَ وَأَبُو طَلْحَةَ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَمَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ صَفِيَّةُ مُرْدِفَهَا عَلَى رَاحِلَتِه. رَوَاهُ الْبُخَارِيّ

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે તે અને અબૂ તલ્હા હુઝૂર ﷺ ની સાથે આવ્યા[૧] જ્યારે કે નબી કરીમ ﷺ ની સાથે સફિય્યા હતાં જેમને હુઝૂરે પોતાની સવારી પર પાછળ સવાર કર્યા હતાં.'' (બુખારી)

૧. કોઈ સફરથી મદીના મુનવ્વરા પરત આવ્યા. યાદ રાખશો કે અબૂ તલ્હા જનાબ અનસના સોતેલા

(Step) વાલિદ છે અને એ વખતે ખૈબરથી એ સૌ હઝરાત પરત થયા હતા. જેવું કે મિશ્કાત તથા અશિઅતુલ લમ્આતમાં છે. બીબી સફિય્યા એ જ ખૈબરમાં હાંસલ થયાં હતાં. પહેલાં આપ જનાબ દહિયા ક़લ્બીના હિસ્સામાં હતાં પછી હુઝૂરે અન્વરે તેમનાથી ખુદ કબૂલ કરીને પોતાની પત્નીપણાનો શરફ બખ્શ્યો. (رضی اللہ عنہا)

૨. સફરનો તરીકો એ હતો કે હુઝૂરે અન્વર ﷺ અને બીબી સફિય્યા એક ઊંટ પર હતાં અને હઝરત અનસ અને અબૂ તલ્હા પોતાના ઊંટ પર હતા, આ રીતે મદીના મુનવ્વરામાં પ્રવેશ કર્યો. એનાથી જાણવા મળ્યું કે પોતાની પત્નીને પોતાની સાથે ઘોડા, ખચ્ચર કે ઊંટ પર સવાર કરી લેવું જાઈઝ બલ્કે સુન્નતથી સાબિત છે.

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ પોતાના ઘરે રાતમાં સફરથી આવ્યા ન હતા.[૧] પણ સવારે કે સાંજના સમયે.[૨]" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૧)-૩૯૦૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَا يَطْرُقُ أَهْلَهُ لَيْلًا وَكَانَ لَا يَدْخُلُ إِلَّا غُدْوَةً أَوْ عَشِيَّةً

૧. કેમ કે ખબર આપ્યા વગર અચાનક રાતમાં મુસાફરનું ઘરે પહોંચવું એ ઘરવાળાઓની તકલીફનો સબબ બને છે. અને એ જમાનામાં ખબર પહોંચાડવાના ઝરીયા ખૂબ જ મર્યાદિત હતા. હવે તો પત્ર, તાર, ટેલીફોન (હવે તો મોબાઈલ, વોટસ એપ) વગેરે થકી ખબર આપી શકાય છે. يطرق બન્યુ છે طرقથી, અર્થ દરવાજો ખખડાવવો, સાંકળ ખખડાવવી. કેમ કે રાતે આવવા પર આ ખખડાવવાની જરૂરત પડે છે એટલા માટે રાતમાં આવનાર મુસાફરને તારિક़ કહે છે. તારાને પણ તારિક़ કહે છે કે એ રાતમાં જ ચમકે છે. *(મિર્ક़ાત)*

૨. સુબ્હ સાદિકથી ઝવાલ સુધીનો સમય غدوة છે અને ઝવાલથી સૂરજ ડૂબવા સુધીનો સમયને અશિયહ (عشية) એટલે હુઝૂર ﷺનું મદીના મુનવ્વરામાં આગમન ક્યાં તો સવારના સમયે થતું હતું અથવા ઝોહર બાદ.

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે કોઈ તમારામાંથી ઘણો સમય ગાયબ રહે તો રાતમાં પોતાના ઘરે ન આવે[૧]" (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૨)-૩૯૦૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «إِذَا طَالَ أَحَدُكُمُ الْغَيْبَةَ فَلَا يَطْرُقْ أَهْلَهُ لَيْلًا»

★ મુસાફરનો રાતના ઘર આવવા વિશે હુકમ ★

૧. આ હુકમ એ જમાના માટે હતો જ્યારે કે આવનાર મુસાફિર પોતાના આગમનની ખબર ઘરે આપી શકતો ન હતો. હવે તો ખબર આપીને રાતમાં આવવું બિલ્કુલ જાઈઝ છે. અહીં મિર્ક़ાતમાં છે કે આ મનાઈ પછી બે શખ્સો આજમાઈશના માટે પોતાના ઘરે રાતમાં પહોંચ્યા તો તેમણે પોતાની પત્ની પાસે અજનબી પુરૂષ જોયા. જાણે કે તેમને આ હુકમની વિરૂધ્ધ જવાની સજા મળી. હુઝૂર ﷺના દરેક હુકમમાં સેંકડો હિકમતો હોય છે.

"તેમનાથી જ રિવાયત છે કે નબી કરીમ ﷺએ ફર્માવ્યું કે જો તમે રાતમાં આવો તો પોતાની પત્ની પાસે ન જાવ[૧] ત્યાં સુધી કે તેણી ઝૂંટી નીચે લોઢું વાપરી લે.[૨] અને વિખેરાયેલા વાળોમાં કાંસકો ફેરવી લે.[૩]"
(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૩)-૩૯૦૪ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا دَخَلْتَ لَيْلًا فَلَا تَدْخُلْ عَلَى أهلك حَتَّى تستحد المغيبة وتمتشط الشعثة»

૧. એટલે જ્યારે તમે સફરથી પોતાના શહેરમાં આવો તો રાતમાં ન જાવ. અમુક નુસ્ખાઓમાં આ પ્રમાણે છે : اذا دخلت بيتك તે આ શરહનું સમર્થન કરે છે. *(મિર્ક़ાત)*

૨. استحداد નો અર્થ છે ધારદાર પદાર્થ એટલે લોખંડ વાપરવું એટલે અસ્તરાથી સફાઈ કરવું. مغيبة થી મુરાદ ક્યાં તો તે સ્ત્રી છે જેનો પતિ ઘણા અરસા સુધી ગાયબ રહ્યો હોય, અથવા مغيبه થી મુરાદ ડૂંટી નીચેના વાળ છે. યાદ રાખશો કે સ્ત્રીઓને અસ્તરા વડે સફાઈ કરવી મના છે જેથી અહીં استحداد થી મુરાદ ચુનો, વાળ સાફ કરવાનો સાબુ વગેરેથી સફાઈ કરવું મુરાદ છે એટલે હદરૂપે કેવળ સફાઈ મુરાદ છે, લોઢાથી સફાઈ મુરાદ નથી. *(મિર્ક़ાત, અશિઅ્હ)*

૩. એટલે માથાના વિખેરાયેલા વાળોને કાંસકા વડે સમારીને સરખા કરી લે, કેમ કે સ્ત્રીઓ પોતાના પતિની લાંબી ગેરહાજરીમાં એ ચીજોની પરવા ઓછી કરે છે. મકસદ એ છે કે તમે લાંબા ગાળે વતન પહોંચવા પર પોતાની પત્નીને ખરાબ હાલતમાં ન જુઓ, બલ્કે સારી હાલતમાં જુઓ. હવે કેમ કે પત્ર, તાર, ટેલીફોન, મોબાઈલ વગેરેથી ખબર આપી શકાય છે, જેથી હવે એ હુકમ નથી. જ્યારે સ્ત્રીને કોઈ ઝરીયાથી ખબર આપી શકાય છે જેથી હવે એ હુકમ નથી. જ્યારે સ્ત્રીને કોઈ ઝરીયાથી પોતાના પતિના આગમનની ખબર મળી જાય તો આ પાબંદી નથી. (અઝ મિર્ક़ાત) એનાથી જાણવા મળ્યું કે પત્નીએ જોઈએ કે પતિના આગમન પર પોતાને શણગારે જેથી તેને પૂર્ણ આકર્ષણ થાય.

★ મુસાફરનુ ઘરે પહોંચતાં દા'વત માટે જાનવર ઝબહ કરવું સુન્નત ★

★ હદીષ : (૧૪)-૩૯૦૫ ★	*"તેમનાથી જ રિવાયત છે. નબી કરીમ ﷺ જ્યારે મદીના તશરીફ લાવ્યા[૧] તો એક ઊંટ અથવા ગાય કુર્બાની કરી.[૨]" (બુખારી)*
وَعَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَمَّا قَدِمَ الْمَدِينَةَ نَحَرَ جَزُورًا أَوْ بَقَرَةً. رَوَاهُ الْبُخَارِيّ	

૧. ક્યાં તો હિજરત કરીને મક્કા મોઅઝ્ઝમાથી મદીના મુનવ્વરા પહોંચ્યા અથવા લાંબા સફરથી મદીના મુનવ્વરા આવતા હતા. બીજી સંભાવના અધિક મજબૂત છે.

૨. કુર્બાનીથી મુરાદ ગાય અથવા ઊંટ ઝબહ કરવું છે દાવત માટે. એનાથી જાણવા મળ્યું કે મુસાફર વતન પહોંચવા પર સગાંઓની દાવત કરે તેને દાવતે ક़દૂમ કહે છે, એ મસ્નૂન દાવતોમાંથી છે. એ પણ જાણવા મળ્યું કે ગાયનો ગોશ્ત ખાવો પણ સુન્નતથી સાબિત છે. અહીં او بقرة ફર્માવવું ક્યાં તો રાવીના શકના કારણે છે અથવા મતલબ છે કે કદીક ઊંટ અને કદીક ગાય ઝબહ કરીને મદીનાવાસીઓની દાવત કરતા હતા.

★ મુસાફરનું જતાં તથા આવતાં મસ્જિદમાં બે રકાત પઢવું સુન્નત ★

★ હદીષ : (૧૫)-૩૯૦૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)	*"હઝરત કઅબ ઈબ્ને માલિકથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ તશરીફ લાવતા ન હતા પણ દિવસે બપોરના સમયે. પછી જ્યારે તશરીફ લાવતા તો મસ્જિદથી શરૂઆત કરતા, ત્યાં બે રકાત પઢતા[૧] પછી ત્યાં જ લોકો માટે બેસતા.[૨]" (મુસ્લિમ, બુખારી)*
وَعَنْ كَعْبِ بْنِ مَالِكٍ قَالَ: كَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَا يَقْدَمُ مِنْ سَفَرٍ إِلَّا نَهَارًا فِي الضُّحَى فَإِذَا قَدِمَ بَدَأَ بِالْمَسْجِدِ فَصَلَّى فِيهِ رَكْعَتَيْنِ ثُمَّ جلس فِيهِ للنَّاس	

૧. દિવસમાં આવવાના સંબંધે હમણા દર્શાવી દેવામાં આવ્યું, સફરમાં જતી વખતે મસ્જિદથી રવાના થવું અને વાપસી પર મસ્જિદ પ્રથમ આવું, જો કરાહતનો (મકરૂહ) સમય ન હોય તો એ બંને મોક़ાઓ પર બે નફલ

નમાઝ સફર અથવા નમાઝે ક્દૂમ પઢવી, સૌ સુન્નત છે. એનાથી સફરમાં ઘણી બરકતો રહે છે.

૨. એટલે કે પ્રથમ મદીનાવાસીઓ સાથે મુલાકાત કરતા, તેમનાં દુખદર્દ સાંભળતા, તેમના કેસોના ફૈસલા કરતા, તેમને ઝિયારત (મુલાકાત)નો શરફ બખ્શતા પછી ઘરમાં તશરીફ લઈ જતાં. તિબ્રાની અને હાકિમે ષઅલ્બાની રિવાયતથી નકલ કર્યું કે હુઝૂર ﷺ જ્યારે સફરથી તશરીફ લાવતા તો પ્રથમ મસ્જિદથી શરૂ કરતા, પછી ખાતૂને જન્નત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا ના ઘરે તશરીફ લઈ જતા પછી ઘરે જતા. *(મિર્ક્ાત)*

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક સફરમાં હું નબી કરીમ ﷺ ની સાથે હતો. તો જ્યારે અમે મદીના મુનવ્વરા આવ્યા તો મને ફર્માવ્યું, મસ્જિદમાં જાવ[૧] અને ત્યાં બે રકાત પઢો.[૨]" (બુખારી)

★ હદીષ : (૧૬)-૩૯૦૭ ★

وَعَن جَابر قَالَ: كُنْتُ مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي سَفَرٍ فَلَمَّا قَدِمْنَا الْمَدِينَةَ قَالَ لِي: «ادْخُلِ الْمَسْجِدَ فَصَلِّ فِيهِ رَكْعَتَيْنِ» . رَوَاهُ الْبُخَارِيّ

૧. મસ્જિદથી મુરાદ ક્યાં તો હઝરત જાબિરના મહોલ્લાની મસ્જિદ અથવા મસ્જિદે નબવી શરીફ. બીજી સંભાવના અધિક મજબૂત છે. મસ્જિદ અલ્લાહનું ઘર છે ત્યાં હાજર થવું જાણે રબ તઆલાથી મુલાકાત કરવું છે. તેનું મુસ્તહબ હોવું (ઈસ્તિહબાબ) હદીષે ફેઅલીથી પણ સાબિત છે અને હદીષે ક્વૌલીથી પણ. *(મિર્ક્ાત)*

(વિભાગ : ૨) الفصل الثانی

★ સફર શરૂ કરવાના સમયો અને તેના ફાયદા ★

"હઝરત સખ્ર ઈબ્ને વદાઆ ગામિદીથી[૧] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, ઈલાહી ! મારી ઉમ્મતનાં સવારનાં કામોમાં બરકતો આપ[૨] અને જ્યારે કોઈ ફોજ અથવા લશ્કર મોકલતા તો દિવસની શરૂઆતમાં મોકલતા હતા[૩] અને સખ્ર વેપારી હતા, તો તે પોતાનો વેપારનો માલ દિવસના શરૂમાં મોકલ્યા કરતા હતા જેથી તે ઘણા જ માલદાર થઈ ગયા અને તેમનો માલ ઘણો જ વધી ગયો[૪]" (તિર્મિઝી, અબૂ દાઉદ, દારમી)[૫]

★ હદીષ : (૧૭)-૩૯૦૮ ★

عَن صخْرِ بن وَداعةَ الغامِدِيِّ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «اللَّهُمَّ بَارِكْ لِأُمَّتِي فِي بُكُورِهَا» وَكَانَ إِذا بعثَ سريَّةً أَوْ جَيْشًا بَعَثَهُمْ مِنْ أَوَّلِ النَّهَارِ وَكَانَ صَخْرٌ تَاجِرًا فَكَانَ يَبْعَثُ تِجَارَتَهُ أَوَّلَ النَّهَارِ فَأَثْرَى وَكَثُرَ مالُه. رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد والدارمي

૧. આપનું નામ સખ્ર ઈબ્ને અમ્ર ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને કઆબ અઝદી છે. આપ સહાબી છે. તાઈફમાં વસવાટ રહ્યો. હિજાઝવાળાઓમાં ગણાય છે. *(મિર્ક્ાત, અશિઅહ)*

★ વહેલી સવારે કામ કરનાર માટે હુઝૂરની દુઆ ★

૨. એટલે કે **મારી ઉમ્મતના તમામ એ દીની દુનિયવી કામોમાં બરકત આપ જેને તેઓ વહેલી સવારે કર્યા કરે.** જેમ કે સફર, તલબે ઈલ્મ, વેપાર વગેરે.

૩. એટલે કે હુઝૂરની દુઆ એ હતી જે હમણા વર્ણન થઈ અને અમલ આ હતો, જેથી હુઝૂર ﷺની દુઆ તથા અમલથી આ સમય બરકતવાળો છે.

૪. એટલે કે સહાબાનો અનુભવ પણ એના વિશે થઈ ચૂક્યો છે કે તે હઝરાત આ સુન્નત પર અમલની બરકતથી ઘણો જ ફાયદો ઉઠાવી ચૂક્યા છે. ફકીરે પણ અનુભવ કર્યો કે સવાર સવારમાં કામોમાં બરકત છે. અમુક ઉલમા ફર્માવે છે કે જે તાલિબે ઈલ્મ મગરિબ તથા ઈશા વચ્ચે અને ફજરના સમયે મહેનત કરે પછી આલિમ ન બને તો આશ્ચર્ય છે. અને જે તાલિબે ઈલ્મ આ બંને સમયોમાં મહેનત ન કરે અને આલિમ બની જાય તો પણ આશ્ચર્ય છે.

૫. ઈબ્ને માજહએ હઝરત અબૂ હુરૈરહથી રિવાયત કરી, ઈલાહી ! મારી ઉમ્મતના જુમેરાતના દિવસે સવારના સમયે કામોમાં બરકત આપ. *(મિર્કાત)*

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમે અંધારી રાતમાં સફર કર્યા કરો[૧] કેમ કે રાતમાં જમીન લપેટાઈ જાય છે.[૨]'' (અબૂ દાઉદ)

★ હદીષ : (૧૮)-૩૯૦૯ ★

وَعَنْ أَنَسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «عَلَيْكُمْ بِالدُّلْجَةِ فَإِنَّ الْأَرْضَ تُطْوَى بِاللَّيْلِ» . رَوَاهُ أَبُو دَاوُد

★ રાતમાં સફર કર્યા કરો કે રાતમાં જમીન લપેટાય જાય છે ★

૧. આજે પણ અરબવાસીઓ રાતમાં સફર વધારે કરે છે. સમુદ્રી જહાઝો રાતમાં તેજ ચલાવવામાં આવે છે. સર્વ હાજીઓને ઈશાની નમાઝ બાદ કહી દેવામાં આવે છે કે હવે આરામ કરો, જેવો કે અમે અનુભવ કર્યો છે. دلجہ રાતના અંધકારને કહે છે એનાથી છે : ادلاج

૨. એ રીતે કે રાતનો મુસાફિર એ પણ સમજે છે કે હજી મેં ઓછો સફર કર્યો છે પણ થઈ જાય છે વધુ. આ ફર્માને આલીનો મતલબ એ પણ વર્ણવ્યો છે કે રાતમાં પણ સફર કર્યા કરો કેવળ દિવસના સફર પર સંતોષ ન માનો. અમુક હદીષોમાં છે કે શરૂ દિવસ અને શરૂ રાતમાં સફર કરો. *(અશિઅહ)*

★ સફરમાં મુસાફર કેટલા હોવા જોઈએ ? ★

''હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે. તે પોતાના પિતાથી, તે પોતાના દાદાથી રાવી. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, એક સવાર (મુસાફર) એક શૈતાન છે અને બે સવાર બે શૈતાન[૧] અને ત્રણ સવાર સહીહ સવાર છે.[૩]'' (માલિક, તિર્મિઝી, અબૂ દાઉદ)

★ હદીષ : (૧૯)-૩૯૧૦ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ:«الرَّاكِبُ شَيْطَانٌ وَالرَّاكِبَانِ شَيْطَانَانِ وَالثَّلَاثَةُ رَكْبٌ». رَوَاهُ مالكٌ وَالتِّرْمِذِيّ وَأَبُو دَاوُد وَالنَّسَائِيّ

૧. એટલે કે જંગલમાં એકલો મુસાફિર આફતોના ઘેરામાં હોય છે, નમાઝ બાજમાઅતથી વંચિત છે, જરૂરતના સમયે તેને મદદગાર કોઈ મળશે નહીં, બલાઓ આફતોના ખતરામાં છે. ખાસ કરીને તે પાક જમાનામાં જ્યારે કે રસ્તા ખતરાઓથી ભરેલા હતા. હવે આ અમ્નના જમાનામાં પણ રેલ્વેના ડબ્બામાં એકલા સફર કરનારા ચાલતી ટ્રેનમાં સૂઈ પણ શકે છો. જો કે છતાં પણ અન્ય ખતરા રહે છે, માલ ચોરાવાનો વગેરે. સરકાર ﷺનાં ફર્માન હમેશાં લાભદાયી જ છે.

૨. એટલે કે બે મુસાફર પણ આફતોના ખતરામાં છે કે જો એક બીમાર પડી જાય તો બીજો સાથી મદદગાર વિનાનો રહી જાય છે.

૩. એટલે કે ત્રણ મુસાફર છે જેમને સાચા અર્થમાં કાફલો કહેવામાં આવે. ركب ઈસ્મે જમા છે જેમ કે نفر

તથા ط તથા صحب એટલા માટે ઈર્શાદ થયો કે જમાઅત પર અલ્લાહનો હાથ (રહમત) છે. આ ફર્માને આલીમાં પણ ઘણી હિકમતો છે. સફરમાં કોઈની રઝા ક़ઝા (બીમારી કે મૃત્યુ) થઈ જાય તો બાકી બીજા આસાનીથી તેને સંભાળી શકે છે.

★ બેહતર એ છે કે ઈમામ અમીર હોય ★

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે ત્રણ જણ સફરમાં હોય તો એકને પોતાનો અમીર બનાવી લે.[૧] (અબૂ દાઉદ)

★ હદીષ : (૨૦)-૩૯૧૧ ★

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا كَانَ ثَلَاثَةٌ فِي سَفَرٍ فَلْيُؤَمِّرُوا أحدهم» . رَوَاهُ أَبُو دَاوُد

૧. એટલે કે જો મુસાફર ત્રણ કે વધારે હોય તો વ્યવસ્થા ક़ાયમ રાખવા માટે પોતાનામાંથી એક અફઝલ અને અનુભવીને પોતાનો સરદાર બનાવી લે જે દરેક ચીજની વ્યવસ્થા રાખે અને બાકી સાથી તેના મશ્વરા પર અમલ કરે. એમાં બરકત પણ થશે અને સફરમાં આસાની પણ રહેશે. એ સરદારે જોઈએ કે પોતાને એ સાથીઓનો હાકિમ ન સમજે, બલ્કે ખાદિમ ગણે. નમાઝ પણ એ જ પઢાવે. જેવું કે બઝ્ઝારે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની રિવાયતથી મરફૂઅન રિવાયત કરી કે જ્યારે તમે અમુક માણસો સફર કરો તો તમારામાંથી મોટો ક़ારી (આલિમ) તમારી ઈમામત કરે, અને જ્યારે તે તમારી ઈમામત કરે તો તે જ તમારો અમીર તથા સરદાર છે. *(મિર્ક़ાત)*

★ બેહતર મુસાફર અને બેહતર લશ્કર કોણ ? ★

"હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, બેહતર સાથી ચાર છે[૧] અને બેહતરીન ફોજ ચારસો છે[૨] અને બેહતર લશ્કર ચાર હજાર છે[૩] અને બાર હજારની નફરી (ગ્રુપ) ક્યારેક થોડી હોવાના કારણે મગ્લૂબ (કોઈ તેમના પર સવાર થાય એ) ન થશે[૪] (તિર્મિઝી, અબૂ દાઉદ, દારમી) અને તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે."

★ હદીષ : (૨૧)-૩૯૧૨ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «خَيْرُ الصَّحَابَةِ أَرْبَعَةٌ وَخَيْرُ السَّرَايَا أَرْبَعُمِائَةٍ وَخَيْرُ الْجُيُوشِ أَرْبَعَةُ آلَافٍ وَلَنْ يُغْلَبَ اثْنَا عَشَرَ أَلْفًا مِنْ قِلَّةٍ».رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالدَّارِمِيُّ وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا حَدِيث غَرِيب

૧. صحابہ બહુવચન છે صاحب નું, અર્થ સાથીની. અને ફાઈલનું બહુવચન બરવઝન فعالہ એના સિવાય ક્યાંય નથી આવી. *(મિર્ક़ાત)*

અહીં સાથીથી મુરાદ સફરના સાથી છે. ચાર હમ સફર સાથીઓને એટલા માટે અફઝલ કહ્યા કે જો એમનામાંથી એક રસ્તામાં મરી જાય અને બાકીનાઓમાંથી એકને પોતાનો વસી તથા વ્યવસ્થાપક કરી જાય તો બાકીના બે એ વસિયતના ગવાહ બની શકે છે. અમુક શરહકર્તાઓએ કહ્યું કે પાંચ સાથી ચારથી અફઝલ છે, બલ્કે જેટલા પ્રમાણમાં વધારે સાથી હોય એટલા સારું છે. (અશિઅ્હ) જેવી રીતે જમાઅતની નમાઝમાં જેટલા પ્રમાણમાં સાથી વધારે હોય એટલુ વધારે સારુ.

૨. પહેલાં કહેવામાં આવી ચૂક્યુ કે સરિય્યા નાના લશ્કરને પણ કહે છે અને એ ફોજને પણ જેમાં હુઝૂરે અન્વર ﷺ તશરીફ ન લઈ જાય. અહીં પહેલા અર્થમાં છે કેમ કે એની વિરૂધ્ધાર્થ جیوش આવે છે.

૩. એટલે બેહતર એ છે કે લશ્કરે જર્રાર (મહાન લશ્કર) ચાર હજારથી ઓછુ ન હોય, વધારે હોય તો બેહતર.

૪. એટલે કે બાર હજારનું લશ્કરે જર્રાર ક્યારેક સંખ્યાની કમીના કારણે દુશ્મન સામે હાર નહીં ખાય, કોઈ અન્ય કારણે હાર ખાય જાય. જેમ કે આપસમાં ઝઘડા, અમીરની નાફ़ર્માની, બેસબ્રી, માલે ગનીમતની લાલચ વગેરે. જેમ કે ગઝવએ હુનૈનમાં સહાબા હઝરાતે શરૂમાં જાહેરી હાર કમીના કારણે નથી ખાધી બલ્કે પોતાની સંખ્યાની ખૂબ અધિકતા પર ભસોસો કરવા પર અને રબ તઆલાથી બેધ્યાન થઈ જવાના કારણે ખાધી. રબ તઆલા ફ़ર્માવે છે : وَّيَوْمَ حُنَيْنٍ ۙ اِذْ اَعْجَبَتْكُمْ كَثْرَتُكُمْ (અને હુનૈનના દિવસે જ્યારે તમે તમારી અતિ અધિકતા પર ગર્વ કર્યો હતો તો તે તમારા કાંઈ કામ ન આવી. સૂ. તૌબા, ૯/૨૫) એ જંગમાં હવાઝિન સાથે મુક़ાબલો હતો. મુસલમાન બાર હજાર હતા. દસ હજાર મદીનાવાસીઓ અને દસ હજાર મક્કાના તે મુસલમાન જેઓ ફ઼તહે મક્કાના દિવસે ઈમાન લાવ્યા હતા. (મિર્ક़ાત) પ્રથમ તો મુસલમાનના ક़દમ ઉખડયા પછી જ્યારે મુસલમાનોની નજર ગઈ તો ફ઼તહ પામી.

★ હુઝૂર ﷺ સફ઼રમાં લશ્કરની પાછળ રહેતા હતા ★

★ હદીષ : (૨૨)-૩૯૧૩ ★
وَعَنْ جَابِرٍ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَتَخَلَّفُ فِي الْمَسِيرِ فَيُزْجِي الضَّعِيفَ وَيُرْدِفُ ويدْعو لَهُم. رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફ઼ર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ સફ઼ર દરમિયાન પાછળ રહેતા હતા[૧] તો કમજોરને લઈ આવતા અને પાછળ બેસાડી લાવતા હતા અને તમના માટે દુઆ કરતા હતા.[૨]'' (અબૂ દાઊદ)

૧. એટલે કે તમામ સફ઼રો જેહાદ વગેરેમાં સહાબાએ કિરામને આગળ રાખતા હતા. ખુદ આજીજી તથા નમ્રતાના માટે પાછળ સફ઼ર કરતા હતા.

૨. એટલે સરકારે અબદક़રાર ﷺના પાછળ રહેવામાં આ હિકમતો હતી કે જે મુસાફ઼િર કમજોરીના કારણે લશ્કર પાછળ રહી જતો અથવા કોઈ મુસાફ઼િરની કોઈ ચીજ રહી જતી તે ખુદ સરકાર ﷺ લઈ આવતા હતા. આ ઉપરાંત સર્વ સહાબીઓને સામે રાખીને તેમના માટે દુઆએ ખૈર ફ઼ર્માવતા હતા. સુબ્હાનલ્લાહ ! આવ રહીમો કરીમ નબી પર જાન કુર્બાન ! (શેઅર)

چہ غم دیوار امت راکہ دارد چوں تو پشتی بان چہ باک از موج بحر آنراکہ دارد نوح کشتی بان

અર્થાત : શું ગમ આ ઉમ્મતને કે જે આપ ﷺ જેવા મુહાફ઼िઝ (રક્ષક) તથા નિગેહબાન ધરાવતી હોય. એને સમુદ્રની લહેરોથી શું ખતરો કે જેની કશ્તીનો સરદાર ખુદ નૂહ عليہ السلام હોય.

★ મુસાફ઼રો સફ઼ર તથા રોકાણ દરમ્યાન એક જગાએ રહે ★

★ હદીષ : (૨૩)-૩૯૧૪ ★
وَعَن أَبِي ثعلبَةَ الْخُشَنِيِّ قَالَ: كَانَ النَّاسُ إِذَا نَزَلُوا مَنْزِلًا تَفَرَّقُوا فِي الشِّعَابِ وَالْأَوْدِيَةِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ تَفَرُّقَكُمْ فِي هَذِهِ الشِّعَابِ وَالْأَوْدِيَةِ إِنَّمَا

''હઝરત અબૂ ષઅલ્બા ખુશનીથી[૧] રિવાયત છે. ફ઼ર્માવે છે કે લોકો જ્યારે કોઈ મંઝિલમાં ઉતરતા તો ઘાટીઓ તથા જંગલોમાં વિખેરાય જતા હતા[૨] રસૂલુલ્લાહ ﷺ એ ફ઼ર્માવ્યું કે તમારું એ ઘાટીઓ તથા જંગલોમાં વિખેરાયેલા રહેવું એ કામ શૈતાનથી છે.[૩] જેથી એના બાદ મુસલમાન કોઈ મંઝિલમાં ન ઉતર્યા

ذَلِكُمْ مِنَ الشَّيْطَانِ» . فَلَمْ يَنْزِلُوا بَعْدَ ذَلِكَ مَنْزِلًا إِلَّا انْضَمَّ بَعْضُهُمْ إِلَى بَعْضٍ حَتَّى يُقَالَ: لَوْ بُسِطَ عَلَيْهِمْ ثوبٌ لعمَّهم. رَوَاهُ أَبُو دَاوُد

પણ એ હાલતમાં કે અમુક અમુકથી મળેલા રહેતા, ત્યાં સુધી કે કહેવામાં આવતુ જો એમના પર એક કપડુ બિછાવી દેવામાં આવતુ તો એમના પર ફેલાય જાય.૪" (અબૂ દાઊદ)

૧. આપનું નામ જરહમ છે. કુન્નિયત અબૂ ષઅલ્બા છે, પણ આપ કુન્નિયતથી મશહૂર છે. આપ બયઅતુર્રિદ્વાનમાં શરીક થયા. હુઝૂરે અન્વર ﷺએ આપને પોતાની ક़ૌમ ખુશનની તરફ મુબલ્લિગ બનાવીને મોકલ્યા. આપની તબ્લીગથી તે સર્વ લોકો મુસલમાન થઈ ગયા. પછી આપે શામમાં વસવાટ આપનાવ્યો. હિ.સ. ૭૫માં ઈન્તેક़ાલ થયો. (અશિઅ્હ) પણ અધિક સહીહ એ છે કે હિ.સ. ૫૫માં હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના જમાનામાં આપની વફાત થઈ. رضی اللہ عنہما *(મિર્ક़ાત તથા અશિઅ્હ)*

૨. شعاب બહુવચન છે شعب નું અર્થ ખાઈ કે પહાડી રસ્તો. એટલે સહાબાએ કિરામ હઝરાત સફર દરમિયાન જ્યારે કદીક ટેમ્પરરી રોકાણ કરતા હતા તો વિખેરાય જઈ જતા.

૩. એટલે કે તમારા આ રીતે વિખેરાવાથી શૈતાનને મોકો મળે છે કે કાફિરો થકી તમારા પર ચઢાઈ કરાવી દે, કેમ કે તેઓ સમજશે કે આ લોકો વિખેરાયેલા છે તો એમના પર અચાનક તૂટી પડો કે તેઓ એકબીજાની મદદ કરી શકશે નહીં. આ રીતે અલગ અલગ ઉતરવું ખતરનાક છે. انماذلكم તાકીદના માટે છે. જેવી રીતે શારીરિક દૂરી ખતરનાક છે એવી જ રીતે દિલી દૂરી પણ શૈતાનની અસરથી જ થાય છે, અને એ સખત ખતરનાક છે. રબ તઆલા મુસલમાનોમાં એકતા તથા સંગઠન નસીબ કરે.

૪. સુબ્હ़ાનલ્લાહ ! હુઝૂર ﷺએ મુસલમાનોનાં કેવળ શરીરોને એક જગાએ નથી કર્યાં બલ્કે તેમનાં દિલોને પણ એક જગાએ કરી આપ્યાં. મુસલમાન એક દિલ તથા એક જાન છે. એનાથી જાણવા મળ્યું કે મુસાફિરો મંઝિલ પર હમેશાં એકઠા રહે કે એમાં ઘણા ફાયદા છે. દરેક જણ બીજાથી ખબરદાર રહે છે અને મદદ કરી શકે છે.

★ બદરના જંગના સામાનની વિગત ★

★ હદીષ : (૨૪)-૩૯૧૫ ★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ مَسْعُودٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: كُنَّا يَوْمَ بَدْرٍ كُلُّ ثَلَاثَةٍ عَلَى بَعِيرٍ فَكَانَ أَبُو لُبَابَةَ وَعَلِيُّ بْنُ أَبِي طَالِبٍ زَمِيلَيْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: فَكَانَتْ إِذَا جَاءَتْ عُقْبَةُ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَا: نَحْنُ نَمْشِي عَنْكَ قَالَ: «مَا أَنْتُمَا بِأَقْوَى مِنِّي وَمَا أَنَا بِأَغْنَى عَنِ الْأَجْرِ مِنْكُمَا» . رَوَاهُ فِي شرح السّنة

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે બદરના દિવસે અમે એક એક ઊંટ પર ત્રણ ત્રણ હતા[૧] તો અબૂ લુબાબા[૨] અને અલી બિન અબી તાલિબ રસૂલુલ્લાહ ﷺ ના સાથી હતા[૩] ફર્માવે છે કે જ્યારે રસૂલુલ્લાહ ﷺ ની (ચાલવાની) વારી આવતી તો એ બંનેવ કહેતા કે અમે હુઝૂર ﷺ ની તરફથી ચાલી લઈશું[૪] તો હુઝૂર ﷺ ફર્માવતા, કે તમે લોકો મારાથી અધિક મજબૂત નથી હું સવાબથી નિસ્પૃહ (મુસ્તગની) તમારાથી વધીને નથી.૫" (શરહે સુન્નહ)

૧. કેમ કે આ ગઝવામાં સવારીઓ ઘણી થોડી હતી ત્યાં સુધી કે ૩૧૩ ગાઝીઓમાં કેવળ બે ઘોડા હતા. આ પ્રમાણે જંગનો સામાન કેવળ નામ પૂરતો હતો. તલ્વારો કેવળ આઠ, બખ્તરો કેવળ છ. એ જ પ્રમાણે ઊંટ પણ ખૂબ થોડાં હતાં, એટલા માટે એક ઊંટ પર ત્રણ ગાઝી વારાફરતી સવાર થતા હતા. (શેઅર)

થે ઉન્કે સાથ દો ઘોળે છે ઝરહેં આઠ શમ્શીરેં—પલટને આયે થે યહ લોગ દુન્યાભરકી તકદીરેં

૨. જનાબ અબૂ લુબાબા رضی اللہ عنہ નું નામ રફાઆ ઈબ્ને અબ્દુલ મુન્ઝિર છે. અન્સારી છે. એટલા માટે આપની કુન્નિયત નામ પર ગાલિબ છે. બયઅતે ઉક़બામાં સામેલ હતા. બદરમાં સામેલ હોવા બાબતે મતભેદ છે. આ રિવાયતથી જાણવા મળે છે કે આપ ગઝવએ બદરમાં શરીક થયા. હઝરત અલી رضی اللہ عنہ ની ખિલાફતના જમાનામાં વફાત પામ્યા.

★ એક ઊંટ પર હુઝૂર, અબૂ લુબાબા, અલી મુર્તઝા, વારાફરતી સવાર થતા ★

૩. مِيل એ زمل થી બન્યું, ઝે નો ઝબર મીમનો ઝેર, અર્થ સવારીમાં શરીક. ઝમાલા સવારીના ઊંટને પણ કહેવામાં આવે છે જેના પર મુસાફરનો સામાન હોય. (મિર્ક़ાત) એટલે એક ઊંટ પર હુઝૂર ﷺ અને હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ તથા જનાબ અબૂ લુબાબા સવાર હતા કે વારાફરતી સવાર થતા હતા.

૪. એ બંને બુઝુર્ગોનો ઈરાદો એ હતો કે હુઝૂરે અન્વર ﷺ બદર સુધી સવાર રહે અને અમે બંને એ સફર પગપાળા પાર કરીએ, હુઝૂર હમણાં પણ સફર કરે અને અમારી વારીઓમાં પણ.

૫. એટલે કે દુનિયામાં તમે બંનેવ મારાથી વધુ શક્તિવાન નથી. હું ચાલવામાં તમારાથી વધુ શક્તિ ધરાવું છું અને આખેરતમાં અમે અલ્લાહના સવાબથી બેનિયાઝ નથી. આ પગપાળા ચાલવું મહાન સવાબનું કામ છે જેથી હું મારી વારી પર પગપાળા ચાલીશ અને તમે સવાર થશો. આ છે હુઝૂર ﷺ નો અદ્લો ઈન્સાફ પોતાના ગુલામોની સાથે, અને આ છે હુઝૂરની ઈન્કેસારી (આજીજી). આ ફર્માને આલીમાં ક़યામત સુધીના સરદારો બાદશાહોને અદલની તાલીમ છે.

★ જમીન પર તમારી જરૂરત પૂરી કરો ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી કરીમ ﷺ થી રાવી કે ફર્માવ્યું, તમારાં જાનવરોની પીઠોને મિમ્બર ન બનાવો[૧] કેમ કે અલ્લાહ તઆલાએ તેમને એટલા માટે તમારા તાબે કરેલ છે તમને એ શહેર સુધી પહોંચાડે જ્યાં તમે સખત કષ્ટ વિના ન પહોંચતા[૨] અને રબે જમીન તમારા માટે જ પેદા કરી છે તો તમે જમીન પર તમારી જરૂરત પૂરી કરો.[૩]" (અબૂ દાઉદ)

★ હદીષ : (૨૫)-૩૯૧૬ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ رَضِيَ اللّٰهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا تَتَّخِذُوا ظُهُورَ دَوَابِّكُمْ مَنَابِرَ فَإِنَّ اللّٰهَ تَعَالَى إِنَّمَا سَخَّرَهَا لَكُمْ لِتُبَلِّغَكُمْ إِلَى بَلَدٍ لَمْ تَكُونُوا بَالِغِيهِ إِلَّا بِشِقِّ الْأَنْفُسِ وَجَعَلَ لَكُمُ الْأَرْضَ فَعَلَيْهَا فَاقْضُوا حَاجَاتِكُمْ» . رَوَاهُ أَبُو دَاوُدَ

૧. એટલે કે વિના જરૂરતે તેમને ઉભાં રાખીને એમના પર સવાર રહો અને લોકો સાથે વાતચીત વેપાર કરતા રહો, એમાં જાનવરને વિના વાંકે તકલીફ આપવું છે, એ કામ નીચે ઉતરીને કરો અને એમના પર કેવળ સફર કરો. યાદ રાખશો કે હુઝૂર ﷺ નું ઊંટ પર ક़યામ ફર્માવીને અરફાત શરીફમાં ખુત્બો આપવું અથવા હાજીઓનું અરફાતમાં ઊંટ પર ક़યામ કરવું એ જરૂરતના માટે હતું.

૨. અહીં વિના જરૂરત સવાર રહેવાની મનાઈ છે. જેથી આ હદીષ એ હદીષોની વિરુધ્ધ નથી. અને શક્ય છે કે મનાઈ એ સ્થિતિમાં હોય જ્યારે જાનવર ખૂબ જ લાંબો સફર કરીને આવ્યું હોય, થાકેલુ હોય અથવા જ્યારે દુકાળના કારણે જાનવર દૂબળાં અને કમજોર હોય અને ઈજાઝત એ સ્થિતિમાં હોય કે જાનવર મજબૂત અને ફ્રેશ હોય. અલ્લાહ બેહતર જાણનાર છે.

૩. આ હુકમ હમેશાં માટે છે અને સૌના માટે છે. અમુક સ્થિતિમાં હુકમ વજૂબી (વાજિબ રૂપે) અને અમુક સ્થિતિમાં ઈસ્તિહબાબી (મુસ્તહબરૂપે) છે, જેવું કે હમણા અર્ઝ કરવામાં આવ્યું.

★ હદીષ : (૨૬)-૩૯૧૭ ★

وَعَن أنسٍ قَالَ: كُنَّا إِذَا نَزَلْنَا مَنْزِلًا لَا نُسَبِّحُ حَتَّى نَحُلَّ الرِّحالَ. رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે અમે કોઈ મંઝિલ પર ઉતરતા તો નવાફિલ પઢતા ન હતા ત્યાં સુધી કે કાઠલા ન ખોલી દેતા હતા.[૧]'' (અબૂ દાઉદ)

૧. એટલે અમે નફલી ઈબાદત પર આ કામને અગ્રતા આપતા હતા કે પ્રથમ ઊંટો પરથી કાફલા વગેરે ઉતારતા હતા જેથી કરીને તે હલકાં થઈ જાય, પછી મંઝિલ પર નવાફિલ વગેરે અદા કરતા હતા. એમાં ઊંટોને રાહત રહેતી હતી અને એ હઝરાતને બેફિક્રી થઈ જતી હતી જેનાથી નમાઝ ઈત્મિનાનથી થતી હતી. આ એક અમલમાં ઘણી બધી હિકમતો છે, સફરમાં એ જ હોવું જોઈએ ચાહે સફર જેહાદનો હોય કે હજનો અથવા કોઈ અન્ય સફર.

★ પોતાના જાનવરના સીનાના પોતે અધિક હક્ક़દાર ★

★ હદીષ : (૨૭)-૩૯૧૮ ★

وَعَن بُرَيْدَة قَالَ: بَيْنَمَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَمْشِي إِذا جَاءَهُ رَجُلٌ مَعَهُ حِمَارٌ فَقَالَ: يَا رَسُولَ اللَّهِ ارْكَبْ وَتَأَخَّرَ الرَّجُلُ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا أَنْتَ أَحَقُّ بِصَدْرِ دَابَّتِكَ إِلَّا أَنْ تَجْعَلَهُ لِي».قَالَ: جَعَلْتُهُ لَكَ فَرَكِبَ. رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ

''હઝરત બુરૈદા رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ પગપાળા ચાલી રહ્યા હતા કે આપની ખિદમતમાં એક શખ્સ આવ્યો જેની સાથે ગધેડો હતો. અર્ઝ કરી, યા રસૂલલ્લાહ! ﷺ સવાર થઈ જાવ! અને પોતે, પાછળ બેસી ગયો! તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું એટલે પોતાના જાનવરના સીનાના તમે અધિક હક્ક़દાર છો પણ એ રીતે કે તમે એ હક્ક મારા માટે કરી દો[૨] તેણે અર્ઝ કરી, મેં હુઝૂરને એ હક્ક આપી દીધો, ત્યારે હુઝૂર સવાર થયા.[૩]'' (તિર્મિઝી, અબૂ દાઉદ)

૧. એ ખબર ન પડી કે એ કયો સફર હતો. સારાંશ કોઈ પણ સફર હોય હુઝૂરે અન્વર ﷺ એમાં પગપાળા હતા. એ એઅરાબી (ગામડાવાસી)એ ચાહયું કે હુઝૂરને આગળ સવાર.

૨. ગરદનની નજીકનો હિસ્સો સીનો કહેવાય છે. આ ફર્માને આલીમાં એ તાલીમ આપવામાં આવી કે જો એક જાનવર પર બે શખ્સ સવાર થાય તો આગળ જાનવરનો માલિક બેસે પાછળ બીજો માણસ.

૩. કેમ કે જાનવરનો સીનો માલિકનો પોતાનો હક્ક છે તે જેને ચાહે આપે. એટલા માટે હુઝૂરે અન્વર ﷺ એની ઈજાઝત બાદ આગળ સવાર થયા.

★ અમુક ઘર તથા ઊંટ શૈતાનોનાં હોય છે ★

★ હદીષ : (૨૮)-૩૯૧૯ ★

وَعَنْ سَعِيدِ بْنِ أَبِي هِنْدٍ عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «تَكُونُ إِبِلٌ لِلشَّيَاطِينِ وَبُيُوتٌ لِلشَّيَاطِينِ» . فَأَمَّا إِبِلُ الشَّيَاطِينِ

''સઈદ ઈબ્ને હિંદથી[૧] રિવાયત છે, તે હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રાવી. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, કેટલાક તો ઊંટ શૈતાનોનાં હશે અને કેટલાક ઘર શૈતાનોનાં હશે[૨] પરંતું શૈતાનોનાં ઊંટ તે તો મેં જોઈ લીધા[૩] કે તમારામાંથી કોઈ પોતાની સાથે

فَقَدْ رَأَيْتُهَا: يَخْرُجُ أَحَدُكُمْ بِنَجِيبَاتٍ مَعَهُ قَدْ أَسْمَنَهَا فَلَا يَعْلُو بَعِيرًا مِنْهَا وَيَمُرُّ بِأَخِيهِ قَدِ انْقَطَعَ بِهِ فَلَا يَحْمِلُهُ وَأَمَّا بُيُوتُ الشَّيَاطِينِ فَلَمْ أَرَهَا كَانَ سَعِيدٌ يَقُولُ: لَا أُرَاهَا إِلَّا هَذِهِ الْأَقْفَاصَ الَّتِي يَسْتُرُ النَّاسُ بِالدِّيبَاجِ. رَوَاهُ أَبُو دَاوُدَ

ઉમદા ઊંટણીઓ લઈને નીકળે છે[૪] જેમને તાજી કરેલ હોય છે તો એમનામાંથી કોઈ ઊંટ પર સવાર નથી થતો અને પોતાના ભાઈ પાસેથી પસાર થાય છે જે આજિઝ રહી ગયો છે તેને સવાર નથી કરતો[૫] પરંતુ શૈતાનોવાળાં ઘર તો તે મેં નથી જોયાં[૬] હઝરત સઈદ કહેતા હતા કે હું નથી સમજતો પણ આ છે પિંજરાં જેને લોકો રેશમથી ઢાંકે છે.[૭]" (અબૂ દાઊદ)

૧. આપ તાબઈનમાંથી છે. હઝરત સમુરહ ઈબ્ને જુન્દુબ સહાબીના આઝાદ કરેલા ગુલામ છે. આપે હઝરત અબૂ મૂસા અશ્અરી, અબૂ હુરૈરહ, ઈબ્ને અબ્બાસ رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ થી હદીષો રિવાયત કરી અને આપનાથી આપના પુત્ર હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સઈદ અને નાફેઅ ઈબ્ને ઉમર જહમી વગેરેએ રિવાયતતો કરી. ષિક़હ છે, આલિમ છે.

૨. જે ઊંટ તથા ઘર જરૂરતથી વધુ રાખવામાં આવે અને તેમના થકી કોઈ દીની કામ ન લેવામાં આવે કેવળ નામનાનો જ હેતુ હોય તે શૈતાની ઊંટ તથા ઘર છે. જેમ કે અમુક ચૌધરી પોતાની મોટાઈ દેખાડવા માટે જરૂરત વિના જાનવર, ઘોડા, મકાનો રાખે છે. અમે અમુક માલદારોનાં મકાનો જોયાં જે ખૂબ જ આલીશાન છે પણ વેરાન પડેલાં છે, ન એમનામાં પોતે રહે છે ન કોઈને રહેવા માટે આપે છે. ત્યાં સુધી કે વિના જરૂરત મસ્જિદો બનાવી દેવી જે વિરાન પડી રહે, કેવળ જમીન ઘેરી દેવામાં આવે તે પણ મના છે. અમે સાંભળ્યું છે કે અન્વર જિ. બરેલી નાની સરખી વસ્તીમાં લોકોએ જીદ કે ફખ્રના માટે અઢારસો મસ્જિદો બનાવી દીધી છે ! અમુક સિવાય બધી જ વિરાન પડી છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે હરામ માલથી જે ઘોડા તથા ઘર ખરીદવામાં આવે તે શૈતાની છે, પણ પહેલી તફસીર અધિક મજબૂત છે. જેમ કે આગલા લખાણથી જાહેર છે. આ ફર્માને આલીમાં બે ગયબી ખબર છે કે ભાવિના મુસલમાન એવી હરકતો કર્યા કરશે. ખરેખર આ બંને હરકતો જોવા મળી રહી છે.

૩. એટલે કે નબવી જમાનામાં આ બંને ચીજો ન હતી. હુઝૂરે અન્વર ﷺએ ગયબી ખબર આપી હતી. હુઝૂર ﷺના પછી મેં શૈતાની ઊંટ તો મારી આંખો વડે જોઈ લીધાં. આ હઝરત અબૂ હુરૈરહનો ક़ૌલ છે.

૪. نجيبات એ نجيبةનું બહુવચન છે, જે નજાબત અર્થ શરાફતથી બનેલ છે. નજીબ ઊંટ તે છે જે ખૂબ જ મજબૂત હોય, ગતિમાં હલકુ અને તેજ હોય. જાણવા મળે છે કે અરબના અમીર લોકો સફરમાં પોતાની સાથે ઘણા બધા ઘોડા, ખચ્ચર, ઊંટ લઈને સફર કરતા હતા જેમનામાંથી અમુક પર સવારી તથા માલ વહનનું કામ લેતા હતા અને મોટાભાગનાં ખાલી ચાલતાં હતાં, કેવળ શાન જાહેર કરવા માટે કે લોકો એ ખાલી જાનવર જુએ કે આ મોટો માણસ છે. نجيبات બહુવચન ફર્માવવાથી માલૂમ થયું. એ પણ જાણવા મળ્યું કે મોટા લોકો પોતાનાં એ જાનવરોને ખૂબ તાજા તગડાં કરતા હતા જેથી તેમનુ તગડાપણુ તથા તરો તાજગી એ લોકોની માલદારીની નિશાની બને. આજે પણ કેટલાક અમીર લોકો ખૂબ જ જાડા તાજા કૂતરા પોતાની સાથે રાખે છે, જ્યારે ઘેરથી નીકળે છે તો કૂતરાંઓની ભીડમાં નીકળે છે અને તેને પોતાની અમીરીની નિશાની સમજે છે. આ તે જ જાહિલિયતના જમાનાની રસમ છે. نعوذ بالله !

★ મોટાઈ દેખાડવા ફાલતુ જાનવરો સવારી સાથે રાખવાં કેવું ?! ★

૫. એટલે કે તે ફાલતુ જાનવરોની એને પોતાને તો જરૂરત નથી અને જરૂરતમંદ મુસાફરોને પણ નથી આપતો. તે ગરીબ મુસાફર પગપાળા મુસાફરી કરે છે અને તેના આ ફાલતુ જાનવરો ખાલી ચાલે છે. આજે અમીર ચૌધરીનાં

કૂતરાં દૂધ મલાઈ ખાય છે અને ગરીબ પડોશી મુસલમાનોને પેટ ભરીને રોટી નથી મળતી. આ પણ તે જ જમાનાની નકલ છે. અલ્લાહ તઆલા આપણને મુસલમાનોને પોતાના હબીબ ﷺની નકલ કરનારા બનાવી લે. અહીં મિર્ક़ાતે ફર્માવ્યું કે અમે એનાથી બદ્તર લોકો જોઈ લીધા કે માલદારો સાથે સફરમાં ફાલતુ જાનવર ખાલી ચાલે છે અને ગરીબ પગપાળા મુસાફરોને જોઈને એ ફિરઔની લોકો મજાક ઉડાવે છે. ઘણીવાર એ ગરીબ મુસાફરોથી બોજ ઉઠાવે છે અને જાનવર ખાલી ચલાવે છે.

૬. અહીં સુધી હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ નો ક़ૌલ છે એટલે કે અમે સહાબાના જમાનામાં શૈતાની ફાલતુ ઘર નથી જોયાં પણ ભાવિમાં થશે જરૂર, કેમ કે મુખ્બિરે સાદિક़ મુહમ્મદ ﷺએ ખબર આપી છે. અને શક્ય છે કે કલામ (વાત) હુઝૂર ﷺનું જ હોય. એટલે કે અમે શૈતાની જાનવર તો પોતાની આંખો વડે ખુદ જોઈ લીધાં જે કાફિરો પાસે છે પણ શૈતાની ઘર અમારા બાદ થશે, કે કાફિરો તો ઠીક મુસલમાન ચૌધરી નંબરદાર પણ રાખ્યા કરશે.

૭. اقضاض બહુવચન છે قضضનું અર્થ પિંજરુ જેમાં પક્ષીને કેદ રાખવામાં આવે છે. એનાથી મુરાદ ક્યાં તો ઊંટોનાં કાઠલા ઓરાવાળા જેને અમીર લોકો સફરમાં વાપરે છે સવારીના જાનવરો પર અથવા ખાલી ફાલતુ જાનવરો પર અથવા તેમનાં રહેવામાં મકાનો છે જેમને તે લોકો રેશમ વગેરેથી સજાવતા હતા. લગભગ આ ખબર તાબઈનના જમાનામાં જાહેર થઈ, જે હઝરત સઈદ ઈબ્ને હિંદે જોઈ.

★ રસ્તા બંધ કરવાની મનાઈ ★

"હઝરત સહલ ઈબ્ને મઆઝથી[1] તે પોતાના પિતાથી રાવી. ફર્માવે છે, અમે નબી કરીમ ﷺની સાથે ગઝવા કર્યો તો લોકોએ મંઝિલો તંગ કરી દીધી અને રસ્તા બંધ કરી દીધા[2] તો નબી ﷺએ એલાન કરનાર મોકલ્યો જે લોકોમાં એલાન કરતો હતો કે જેણે મંઝિલ તંગ કરી અથવા રસ્તો કાપ્યો તો તેનો કોઈ જેહાદ નથી[3]" (અબૂ દાઊદ)

★ હદીષ : (૨૯)-૩૯૨૦ ★

وَعَن سهلِ بن مُعاذٍ عَن أبيهِ قَالَ: غَزَوْنَا مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَضَيَّقَ النَّاسُ الْمَنَازِلَ وَقَطَعُوا الطَّرِيقَ فَبَعَثَ نَبِيُّ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مُنَادِيًا يُنادي فِي النَّاسِ: «أَنَّ مَنْ ضَيَّقَ مَنْزِلًا أَوْ قَطَعَ طَرِيقًا فَلَا جِهَادَ لَهُ» . رَوَاهُ أَبُو دَاوُد

૧. આપના પિતા મઆઝ ઈબ્ને અનસ જહની છે. મિસરવાળાઓમાં આપની ગણના છે. તાબઈ છે. સહલ બિન મઆઝને યહ્યા ઈબ્ને મુઈને ઝઈફ કહ્યા પણ ઈબ્ને હબ્બાને આપનું સમર્થન કર્યું. યાદ રાખશો કે હઝરત સહલ પણ તાબઈ છે અને આપના પિતા મઆઝ ઈબ્ને અનસ પણ તાબઈ છે. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં સહલ ઈબ્ને મઆઝને બદલે સઅદ ઈબ્ને મઆઝ છે, એ ગલત છે કેમ કે હઝરત સઅદ ઈબ્ને મઆઝ તો સહાબી છે અને મઆઝ ઈબ્ને અનસ તાબઈ છે. *(મિર્ક़ાત)*

૨. એ રીતે કે અમુક લોકોએ રસ્તા પર પોતાનો સામાન રાખી દીધો જેનાથી રસ્તો બંધ થઈ ગયો અને પસાર થનારાઓને તકલીફ પડવા લાગી અને અમુકે જરૂરતથી વધુ મંઝિલ પર જગા ઘેરી લીધી જેનાથી સાથીઓ પર તંગી થઈ ગઈ. જાણવા મળ્યું કે દરેક વખતે સફરમાં કે ઘરે દરેક મુસલમાને પોતાના સાથીઓનાં આરામનો ખયાલ રાખવો જોઈએ.

૩. એટલે કે એ જેહાદનો પૂરો સવાબ ન મળશે. અમુક લોકો મસ્જિદમાં ચાલવાના રસ્તા પર નમાઝ શરૂ કરી દે છે જેનાથી આવનારા જનારાઓને સખ્ત તકલીફ થાય છે. અમુક જણ સફમાં વધારે જગા ઘેરીને બેસે છે, તેમણે આ હદીષથી સબક़ લેવો જોઈએ. **મુસલમાનોને તકલીફથી બચાવવું ઈબાદતનું મગજ છે.**

★ હદીષ : (30)-૩૯૨૧ ★

وَعَنْ جَابِرٍ رَضِيَ اللَّهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّ أَحْسَنَ مَا دَخَلَ الرَّجُلُ أَهْلَهُ إِذَا قَدِمَ مِنْ سفرٍ أَوَّلَ الليلِ» . رَوَاهُ أَبُو دَاوُد

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી ﷺથી રાવી. ફર્માવ્યું, સારો છે તે સમય જ્યારે પુરૂષ પોતાના ઘરે સફરથી આવે તે શરૂ રાતમાં મળે.[૧]" (અબૂ દાઉદ)

★ સફરથી ઘરે પરત થવાના સમયો ★

૧. આ હદીષના કેટલાક અર્થો કરવામાં આવ્યા છે : એક એ કે સફરથી મુરાદ નજીકનો સફર છે. એટલે જ્યારે માણસ ક્યાંક નજીક જ ગયો હોય તો શરૂ રાતમાં ઘરે પહોંચે, આખર રાતમાં ન પહોંચે. અને દિવસમાં પહોંચવાનું ફર્માન દૂરના સફર માટે હતું. બીજુ એ કે લાંબા સફરથી ખબર આપીને જ્યારે આવે તો શરૂ રાતમાં આવે, અને ખબર આવ્યા વિના આવવાનુ હોય તો દિવસમાં આવે. ત્રીજુ એ કે دخل الرجل થી મુરાદ પોતાની પત્નીની પાસે આવવું છે એટલે સોહબત. તો મતલબ એ થશે કે મુસાફર દિવસમાં ઘરે પહોંચે અને પોતાની પત્ની પાસે ન જાય શરૂ રાતમાં જેથી બાકીની રાત ઈત્મિનાનથી ગુજરે. સારાંશ આ હદીષ એ ગુજરેલી હદીષોની વિરૂધ્ધ નથી જેમનામાં હુકમ હતો કે મુસાફરે દિવસમાં ઘરે આવવું જોઈએ. *(અઝ : મિર્ક़ાત તથા અશિઅ્હ તથા લમ્આત)*

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (31)-૩૯૨૨ ★

عَن أَبِي قتادةَ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا كَانَ فِي سَفَرٍ فَعَرَّسَ بِلَيْلٍ اضْطَجَعَ عَلَى يَمِينِهِ وَإِذَا عَرَّسَ قُبَيْلَ الصُّبْحِ نَصَبَ ذِرَاعَهُ وَوَضَعَ رَأْسَهُ عَلَى كَفِّهِ. رَوَاهُ مُسلم

"હઝરત અબૂ ક़તાદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે કોઈ સફરમાં હોતા પછી રાતમાં ઉતરતા તો પોતાની જમણી કરવટ (પાસા) પર સૂતા[૧] અને જ્યારે સવારથી પહેલાં કાંઈક આરામ કરતા તો પોતાની કલાઈ (પહોંચુ) ઉભુ કરતા અને પોતાનુ માથુ પોતાના હાથ પર રાખતા.[૨]" (મુસ્લિમ)

★ સફર દરમ્યાન હુઝૂર ﷺનો સૂવાનો તરીક़ો ★

૧. એટલે કે સફર દરમિયાન ક્યાંક મંઝિલ પર રોકાણ કરતા તો સૂવાની નિય્યતથી જમણા પડખે સૂઈ જતા, જેમ કે હુઝૂરે અન્વર ﷺનો ક़ાયમી તરીક़ો હતો કે ક़બ્રની રૂખ બિસ્તર હોતુ, જમણો હાથ જમણા ગાલની નીચે રાખતા, જમણી કરવટ પર સૂતા કે આ રીતે સૂવામાં ગફલતની ઊંઘ નથી આવતી. રાતે આસાનીપૂર્વક ઉઠી શકાય છે. તબીબો જમણા પડખે સૂવાનું એટલા માટે કહે છે કે જેથી ઊંઘ સારી રીતે આવી જાય. તબીબોની નજર શરીરની રાહત પર છે, હુઝૂર ﷺની નઝરે પાક તહજ્જુદ માટે ઉઠવા પર હતી. યાદ રાખશો કે عرسએ تعريسથી બન્યું અર્થ આખરી રાતનું ઉતરાણ, આખરી રાતનો આરામ. અરબમાં મોટાભાગે રાતમાં સફર કરતા હતા. શરૂ રાતમાં સફર કરતા આખર રાતમાં આરામ.

૨. અને સૂઈ જતા (આડા પડતા) જેથી કાંઈક થાક દૂર થઈ જાય પણ ઊંઘ ન આવી જાય, કેમ કે ફજરની નમાઝનો સમય નજીક છે. દરેક જગાએ નમાઝનો ખયાલ છે.

★ હુઝૂર ﷺનો હુકમ સર્વ ઈબાદતો પર અગ્રતા ધરાવે છે ★

★ હદીષ : (૩૨)-૩૯૨૩ ★

وَعَن ابْن عَبَّاس قَالَ: بَعَثَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَبْدَ اللَّهِ بْنَ رَوَاحَةَ فِي سَرِيَّةٍ فَوَافَقَ ذَلِكَ يَوْمَ الْجُمُعَةِ فَغَدَا أَصْحَابُهُ وَقَالَ: أَتَخَلَّفُ وأُصلّي مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ ثُمَّ أَلْحَقُهُمْ فَلَمَّا صَلَّى مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَآهُ فَقَالَ: «مَا مَنَعَكَ أَنْ تَغْدُوَ مَعَ أَصْحَابِكَ؟» فَقَالَ: أَرَدْتُ أَنْ أُصَلِّيَ مَعَكَ ثُمَّ أَلْحَقُهُمْ فَقَالَ: «لَوْ أَنْفَقْتَ مَا فِي الْأَرْضِ جَمِيعًا مَا أدركْتَ فضلَ غدْوَتهمْ» . رَوَاهُ التِّرْمِذِيّ

*''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺએ અબ્દુલ્લાહ ઈબ્ને રવાહાને કોઈ ફોજમાં મોકલ્યા[૧] એ જુમ્આના દિવસે સંજોગોવસાત બન્યું[૨] તો તેમના સાથી સવારે જ ચાલ્યા ગયા અને તેમણે કહ્યું કે હું પાછળ રહી જઈશ, રસૂલુલ્લાહ ﷺની સાથે નમાઝ પઢી લઈશ પછી તેને જઈને મળી જઈશ.[૩] તો જ્યારે રસૂલુલ્લાહ ﷺએ નમાઝ પઢી, તેમને જોયા[૪] તો ફર્માવ્યું, તમને તમારા સાથીઓની સાથે સવારમાં જવાથી કઈ ચીજે રોકયા ? તો અર્ઝ કરી કે મેં ચાહ્યું, આપની સાથે નમાઝ પઢી લઉં પછી તેમને જઈને મળું.[૫] ફર્માવ્યું કે **તમે તમામ જમીનની ચીજો ખૈરાત કરી દો તો પણ તેમના સવારે નીકળી જવાનો દરજ્જો ન પામી શકો.**[૬]'' (તિર્મિઝી)*

૧. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને રવાહા અન્સારી ખઝરજી છે. બયઅતુલ ઉક़બા, બદર, ઓહદ, ખંદક़ અને તમામ ગઝવાતમાં શરીક રહ્યા, ફતહે મક્કા સિવાય, કેમ કે આપ હિ.સ. ૮માં ગઝવએ મૌતામાં શહીદ થઈ ચૂક્યા હતા. આપ ﷺના શાયરોમાંથી છે. હઝરત હસ્સાનની જેમ નઅતગો સહાબામાંથી છે. લગભગ એ ફોજના અફસર બનાવીને મોકલવામાં આવ્યા હતા. જે લશ્કરમાં હુઝૂર ﷺ તશરીફ ન લઈ જાય તે સરિય્યા કહેવાય છે. મોકલ્યાથી મુરાદ જવાનો હુકમ આપ્યો, જેવુ કે આગલા લખાણથી જાહેર છે.

૨. એટલે કે એ હુકમ જુમ્આના દિવસે વહેલી સવારે નીકળી જવાનો હતો એ રીતે કે જુમેરાતના દિવસે હુકમ થયો કે કાલે સવારે ફલાણા ફલાણા હઝરાત આ બાજુ જેહાદ માટે ચાલ્યા જાય. જુમ્આના દિવસે જુમ્આની અઝાનથી પહેલાં સફર જાઈઝ છે. જો હુઝૂર ઠીક નમાઝના સમયે હુકમ આપે તો એ જ વખતે નીકળી જવું જરૂરી.

૩. એ આપનો ઈજતેહાદ હતો, આપનો ખયાલ હતો કે કેવળ થોડાક કલાક રોકાય જવામાં હુઝૂરે અન્વર ﷺની પાછળ નમાઝ તો લાખો નમાઝોથી બેહતર છે, એ ફાયદા ચાલ્યા જાય અને જંગલમાં પહોંચીને નમાઝે જુમ્આને બદલે ઝોહર અદા કરવામાં હાંસલ ન થશે. અને થોભી જવાની કસર હું પૂરી કરી દઈશ કે તેજ સવારી પર એ મુજાહિદોથી જઈને મળી જઈશ તો આદેશનું પાલન પણ થઈ જશે. સારાંશ નિય્યત ખૂબ જ સારી હતી.

૪. એ રીતે કે જુમ્આની નમાઝ બાદ આપ ખુદ હુઝૂર ﷺને મળ્યા વિદાય થવા માટે અથવા આમ જ બરકત હાંસલ કરવા માટે, જેવી રીતે કે આજકાલ પણ જુમ્આ બાદ બુઝુર્ગોથી મુલાકાત કરવામાં આવે છે.

૫. એટલે કે કોઈ દુનિયવી કામના માટે નથી રોકાયો, એ લાલચમાં રોકાય ગયો છું કે ડબલ સવાલ હાંસલ કરું, આપની સાથે નમાઝે જુમ્આ પઢવાનો તથા જેહાદમાં જવાનો.

૬. એટલે જો તમે મારી સાથે નમાઝે જુમ્આ અદા કરવાની સાથે આખી દુનિયાનો માલ પણ ખૈરાત કરી દો તો જે સવાબ તે સવારે નીકળી જનારાઓને હુકમના પાલનનો મળ્યો તે તમને આ સર્વ ઈબાદતોનો નથી મળી

શકતો. જાણવા મળ્યું કે **હુઝૂર ﷺનું આજ્ઞાપાલન તમામ ઈબાદતોથી અફઝલ છે. તેમની ઈતાઅતમાં જુમ્આ ત્યજવો ઈબાદત છે.** ઈતાઅત વિના જુમ્આની નમાઝ મસ્જિદે નબવીમાં પઢવી આ'લા ઈબાદત નથી. (શેઅર)

માલૂમ હુવા કે જુમ્લા ઈબાદત ફુરૂઅ હૈં—અસ્લુલ ઉસૂલ બંદગી ઉસ તાજવર કી હૈ

★★★

ઉનકે દર પર દમ નિકલ જાએ તો જી જાએં "હસન"—ઉનકે દરસે દૂર રહકર ઝિંદગી અચ્છી નહીં

એટલા માટે સૂફિયાએ કિરામ ફર્માવે છે કે રઝાએ યાર બેહતર હૈ લિક़ાએ યાર સે (યારની રઝા યારની મુલાકાત કરતાં બેહતર છે) યારથી દૂર રહીએ પણ રાજી રહીએ એ બેહતર છે એનાથી કે આપણે નજીક રહીએ અને હુઝૂર નારાજ રહે. (શેઅર) :—

لقائے دوست چہ خواہی رضاء دوست　　طلب کہ حیف باشد از وغیر او تمنائے

અર્થાત : વિરહ તથા મુલાકાત શું શોધે છે, મહબૂબની રઝામંદી તલબ કર, કે મહબૂબથી મહબૂબ સિવાયની તમન્ના કરવી અફસોસની વાત છે.

★ ચિત્તાનુ ચામડુ હોય ત્યાં રહ્મતના ફરિશ્તા નથી રહેતા ★

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે રહમતના ફરિશ્તા એ હમરાહીઓની સાથે નથી રહેતા જેમનામાં ચિત્તાનું ચામડુ હોય. (અબૂ દાઉદ)

★ હદીષ : (૩૩)-૩૯૨૪ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَصْحَبُ الْمَلَائِكَةُ رُفْقَةً فِيهَا جِلْدُ نَمِرٍ» . رَوَاهُ أَبُو دَاوُدَ

૧. એ જમાનામાં ઘમંડી લોકો ફખ્રના રૂપે ચિત્તાના ચામડાની ઝીન ઘોડા પર નાખીને સવાર થતા હતા. એ તરીકો ઘમંડીઓનો જ હતો. તેમજ ચિત્તા તથા સિંહના ચામડા પર સવારી દિલમાં ઘમંડ તથા સખતી પેદા કરે છે એટલા માટે એનાથી મના કરી દેવામાં આવ્યું. સાંભળ્યું છે કે હરણના ચામડા પર હમેશાં માટે બેસવું નામર્દી પેદા કરે છે. અલ્લાહ બેહતર જાણે ! અમુક શરહકર્તાઓએ એની મનાઈ કરી અને કારણ પણ વર્ણવ્યું છે.

★ ક़ૌમનો સરદાર એ ખાદિમ છે ★

"હઝરત સહલ ઈબ્ને સઅદથી[૧] રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, સફરમાં ક़ૌમનો સરદાર તેમનો ખાદિમ હોય છે[૨] તો જે ખિદમતમાં એનાથી આગળ વધી ગયા તે લોકો કોઈના પર કોઈ અમલથી અગ્રતા નથી કરી શકતા સિવાય શહાદતના.[૩] (બયહક़ી શોઅબુલ ઈમાન)[૪]"

★ હદીષ : (૩૪)-૩૯૨૫ ★

وَعَنْ سَهْلِ بْنِ سَعْدٍ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «سَيِّدُ الْقَوْمِ فِي السَّفَرِ خَادِمُهُمْ فَمَنْ سَبَقَهُمْ بِخِدْمَةٍ لَمْ يَسْبِقُوهُ بِعَمَلٍ إِلَّا الشَّهَادَةَ» . رَوَاهُ الْبَيْهَقِيُّ فِي «شعب الْإِيمَان»

૧. આપના હાલાત ઘણીવાર વર્ણન થઈ ચૂક્યા છે કે આપનું નામ પહેલાં હુઝૂન હતું તો હુઝૂરે અન્વર ﷺએ આપનું નામ સહલ રાખ્યું. આપ સાઅદી છે. અન્સારી મદની છે. પોતે પણ સહાબી છે ખુદ આપના પિતા સઅદ પણ સહાબી છે. હુઝૂર ﷺની વફાતના સમયે આપ ૧૬ વરસના હતા, પછી ખાસી ઉમર પામ્યા અને

હિ.સ. ૯૧માં મદીના મુનવ્વરામાં વફાત પામ્યા. આપ મદીના પાકના આખરી સહાબી છે. આપની વફાત પર મદીના પાક સહાબીઓ ખાલી થઈ ગયું. *(અશિઅહ)*

૨. આ ફર્માને આલીની બે શરહો થઈ શકે છે : એક એ કે **સફરમાં જે પોતાના સાથી મુસાફરોનો અમીર બને તે તેમનો હાકિમ ન બને બલ્કે ખાદિમ બને કે પોતાના આરામ પર પોતાના સાથીઓના આરામને અગ્રતા આપે, અને તેમની જાહેરી તથા આંત્રિક જરૂરતો પૂરી કરવાની કોશિશ કરે.** આ સ્થિતિમાં આ ખબર હુકમના અર્થમાં છે. બીજુ એ કે **સફરમાં જે પોતાના સાથીઓની ખિદમત કરે તે ભલે જાહેરમાં મામૂલી છે પણ હક઼ીક઼તમાં તેમનો સરદાર છે. શરફ (બુઝુર્ગી) ખિદમતથી છે ન કે કેવળ નામથી.** અહીં મિર્ક઼ાતે ફર્માવ્યું કે એક સફરમાં હઝરત અબ્દુલ્લાહ મરૂઝીની સાથે અબૂ અલીએ સફર કરી. હઝરત અબ્દુલ્લાહ સફરના અમીર બન્યા તો આપ મોટાભાગે અબૂ અલીનો સામાન પણ પોતાની પીઠ પર ઉઠાવતા. વરસાદ પડયો તો અબૂ અલી પર કંબલ તાણીને ઉભા થઈ ગયા. પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું કે સફરના અમીરના સ્થાનની આ જ ફરજો છે. આ છે આ હદીષે પાક પર અમલ !

૩. એટલે કે જેહાદનો સફર વગેરેમાં જે શખ્સ પોતાના સાથીઓની ખિદમત કરતો રહેશે તે સૌ એ નમાઝીઓ વગેરેથી વધી જશે, એ લોકોનો અમલ આ ખિદમતથી નથી વધી શકતો. હા ! જે એમનામાંથી રાહે ખુદામાં શહીદ થઈ જશે તે શહાદત આ ખિદમતથી વધી જશે. આ ફર્માને આલી બુધ્ધિના બરાબર પ્રમાણે છે, કેમ કે આ સફર એ ખિદમત કરનાર નમાઝ વગેરે સર્વ કામો બીજાઓની જેમ કરશે પણ ખિદમત એ કરશે, બીજા નહીં કરે, તો એનો અમલ વધારે થયો જેથી એનો દરજો તથા સવાબ પણ વધારે હોવો જોઈએ.

૪. આ હદીષને હાકિમે પોતાની તારીખમાં, ઈબ્ને માજહએ હઝરત અબૂ ક઼તાદાથી, ખતીબે હઝરત ઈબ્ને અબ્બાસથી પણ રિવાયત કરી. *(મિર્ક઼ાત)*

باب الكتاب الى الكفار ودعائهم الى الاسلام

બાબુલ કિતાબુ એલલ્ કુફ્ફાર વ દઆનહુમ એલલ્ ઈસ્લામ

(કાફિરોને ફર્માન લખવું અને તેમને ઈસ્લામ તરફ દા'વત આપવી[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. જ્યારે હુઝૂર ﷺ સુલહે હુદૈબિયાથી પરત મદીના મુનવ્વરા તશરીફ લાવ્યા તો આપે રોમના રાજા કૈસર અને ફારસ (ઈરાન)ના રાજા કિસ્રા વગેરેને દાવતનામુ લખવાનો ઈરાદો કર્યો કે તેમને ઈસ્લામની દાવત આપીએ. તો જાણકાર સહાબીઓએ અર્ઝ કરી એ બાદશાહ વિના મોહરવાળા પત્રોને નથી વાંચતા. ત્યારે હુઝૂરે અન્વર ﷺએ ચાંદીની અંગૂઠી બનાવડાવી જેમાં નક્શ કરાવ્યું : محمد رسول الله એ રીતે કે પ્રથમ 'મુહમ્મદ' પછી એની ઉપર 'રસૂલ' પછી એના ઉપર 'અલ્લાહ' અને એ સુલ્તાનોને ફર્માનો લખ્યાં જેવું કે હમણા હદીષમાં આવી રહ્યું છે. મોહરવાળી અંગૂઠી (વીટી) બાદશાહ કાઝી અને મુફતી માટે સુન્નત છે. *(અઝ મિર્કાત)*

★ હિરક્લ બાદશાહના નામે હુઝૂરનો પત્ર ★

★ હદીષ : (૧)-૩૯૨૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَنِ ابْنِ عَبَّاسٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَتَبَ إِلَى قَيْصَرَ يَدْعُوهُ إِلَى الْإِسْلَامِ وَبَعَثَ بِكِتَابِهِ إِلَيْهِ دِحْيَةَ الْكَلْبِيَّ وَأَمَرَهُ أَنْ يَدْفَعَهُ إِلَى عَظِيمِ بُصْرَى لِيَدْفَعَهُ إِلَى قَيْصَرَ فَإِذَا فِيهِ: " بِسْمِ اللَّهِ الرَّحْمَنِ الرَّحِيمِ مِنْ مُحَمَّدٍ عَبْدِ اللَّهِ وَرَسُولِهِ إِلَى هِرَقْلَ عَظِيمِ الرُّومِ سَلَامٌ عَلَى مَنِ اتَّبَعَ الْهُدَى أَمَّا بَعْدُ فَإِنِّي أَدْعوكَ بداعيَةِ الْإِسْلَامِ أَسْلِمْ تَسْلَمْ وَأَسْلِمْ يُؤْتِكَ اللَّهُ أَجرَكَ مَرَّتَيْنِ وَإِنْ تَوَلَّيْتَ فَعَلَيْكَ إِثْمُ الْأَرِيسِيِّينَ وَ (يَا أَهْلَ الْكِتَابِ تَعَالَوْا إِلَى كَلِمَةٍ سَوَاءٍ بَيْنَنَا وَبَيْنَكُمْ أَن لَا نَعْبُدَ إِلَّا اللَّهَ وَلَا نُشْرِكَ بِهِ شَيْئًا وَلَا يَتَّخِذَ بَعْضُنَا بَعْضًا أَرْبَابًا مِنْ دُونِ اللَّهِ فَإِنْ تَوَلَّوْا فَقُولُوا: اشْهَدُوا بِأَنَّا مُسْلِمُونَ)مُتَّفَقٌ عَلَيْهِ. وَفِي رِوَايَةٍ لِمُسْلِمٍ قَالَ:مِنْ محمَّدٍ رسول اللَّهِ " وَقَالَ: «إِثْمُ اليريسِّيينَ» وَقَالَ: «بِدِعَايَةِ الْإِسْلَامِ»

''હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ કૈસરને ફર્માન લખ્યું તેને ઈસ્લામની દાવત આપતાં[૧] અને દહિયા કલ્બીને પોતાનો પત્ર આપીને એની તરફ મોકલ્યા[૨] અને તેમને હુકમ આપ્યો કે આ પત્ર બસરાના હાકિમને આપી દે.[૩] જેથી તે કૈસરને પહોંચાડી આપે.[૪] તો એમાં એ હતું કે : અલ્લાહના નામથી શરૂ કરું છું જે મહેરબાન રહેમવાળો છે[૫] આ પત્ર અલ્લાહના બંદા અને તેના રસૂલની તરફથી રોમના રાજા હિરક્લની તરફ છે[૬] એના પર સલામતી થાય જે હિદાયતનું પાલન કરે[૭] એના પછી હું તમને ઈસ્લામની દાવતથી બોલાવું છું[૮] ઈસ્લામ કબૂલ કરી લો સલામત રહેશો, અલ્લાહ તમને ડબલ સવાબ આપે[૯] અને જો તમે મોં ફેરવ્યું તો તમારા પર સર્વ પ્રજાનો ગુનોહ છે[૧૦] અને હે અહલે કિતાબ ! એવી વાતની તરફ આવો અમારા તમારા વચ્ચે બરાબર છે કે આપણે અલ્લાહ સિવાય કોઈને ન પૂજીએ અને કોઈને એનો શરીક ન ઠરાવીએ અને આપણા અમુક અમુકને અલ્લાહની વિરૂધ્ધ જઈ રબ ન બનાવી લઈએ[૧૧] પછી જો તે મોં ફેરવે તો કહી દો કે ગવાહ રહો અમે મુસલમાન છીએ.[૧૨] (મુસ્લિમ, બુખારી) મુસ્લિમની રિવાયતમાં એવું

ફર્માવ્યું કે આ ફર્માન મુહમ્મદુર્રસૂલુલ્લાહની તરફથી છે અને ફર્માવ્યું પ્રજાનો ગુનોહ અને ઈસ્લામની દાવત[૧૩]."

૧. રોમના બાદશાહનો લક્બ એ જમાનામાં કૈસર હતો અને ઈરાનના બાદશાહનો લક્બ કિસ્રા અને હબ્શના બાદશાહનો લક્બ નજ્જાશી, તર્કના શાહનો લક્બ ખાક્વાન, ક્વિબ્તના રાજાનો લક્બ ફિરઔન, મિસરના શાહનો લક્બ અઝીઝ અને હમીરના શાહનો લક્બ તબઅ, હિંદના શાહનો લક્બ સુલ્તાન રહેતો હતો (નવવી, અશિઅ્હ, મિર્ક્વાત) હુઝૂરે અન્વર ﷺએ આ ફર્માનનામાં હઝરત ઝયદ ઈબ્ને ષાબિતથી લખાવ્યાં હતાં. ખુદ એમના પર મોહર કરી હતી. એ ફર્માનોના ફોટા છપાયેલા છે અને અનુવાદ સાથે પ્રસિધ્ધ થયા છે. એ કૈસરનું નામ હિરકલ હતું.

૨. حيه, દાલના ઝેર હેના જઝમ અને યે ના ઝબરથી દિહ્યા. આપ દિહ્યા ઈબ્ને ખલીફા છે. ક્વબીલા બની તગ્લબથી છે. ઓહદ અને પછીના ગઝવાતમાં શરીક રહ્યા. ખૂબ જ ખૂબસૂરત હતા. મોટાભાગે જિબ્રઈલ અમીન આપની શકલમાં આવતા હતા. હઝરત દિહ્યા આખર ઉમરમાં હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ ની પાસે શામમાં રહ્યા. આ આલી ફર્માનો હિ.સ. ૬માં રવાના થયાં.

૩. યાદ રાખશો કે બુસરા ખુરાન રાજ્યનું એક શહેર છે, દમિશ્ક અને બઅલ્બકની વચ્ચે, એ રોમ રાજ્યના કબજામાં હતું. અહીં રોમનો ગવર્નર રહેતો હતો. અને બસરા બીજુ શહેર છે જે ઈરાકમાં જ્યાંથી બગદાદ શરીફની રેલ્વે જાય છે. મેં બસરા તથા બગદાદની ઝિયારત કરી છે. અમુક લોકો એને બસરા સમજે છે એ ગલત છે.

૪. જેમ કે આજકાલ એલચી કે વિદેશ મંત્રીના થકી દેશના પ્રમુખ સાથે વાત થાય છે, એ જ પ્રમાણે એ જમાનામાં બુસરાના ગવર્નરના થકી રોમના કૈસરને પૈગામ આપવામાં આવતા હતા. એટલા માટે હુઝૂર ﷺએ આ ઈસ્લામની દાવત બુસરાના ગવર્નર થકી મોકલી. જાણવા મળ્યું કે દરેક દેશના કાયદા પર અમલ કરવો દુરુસ્ત છે જ્યારે તે ઈસ્લામની વિરૂધ્ધ ન હોય.

★ બિસ્મિલ્લાહના ફાયદા ★

૫. જાણવા મળ્યું કે પોતાના પત્ર વગેરે દુનિયાવી લખાણોને પણ બિસ્મિલ્લાહથી શરૂ કરવાં સુન્નત છે. હઝરત સુલૈમાન عليه السلام એ જ્યારે મલિકા બિલ્કીસને પત્ર લખ્યો હતો તો તેને પણ બિસ્મિલ્લાહથી શરૂ કર્યો હતો. (કુર્આને કરીમ) આજકાલ અમુક સાવધાન લોકો બિસ્મિલ્લાહને બદલે ૭૮૬ એટલે બિસ્મિલ્લાહના અદદ લખે છે અને નીચે ૯૨ મુહમ્મદ નામના અદદ લખે છે. કેમ કે આજકાલ પત્રો પોસ્ટથી જાય છે જેનાથી બિસ્મિલ્લાહ વગેરેની બેઅદબી થાય છે. તે ફર્માને આલી હાથોહાથ ગયાં હતાં. તેમનું આ કાળજી લેવુ પણ સારું છે. સારાંશ કે અદબ આ'લા ઈબાદત છે, જેટલી થઈ શકે એટલી સારી છે.

૬. જાણવા મળ્યું કે પત્રમાં કાતિબ (લખનાર) અને મકતૂબ અલૈહ (પત્ર લેનાર)નું નામ શરૂમાં લખવું જરૂરી છે, બાદમાં લખાણ હોય. એ પણ જાણવા મળ્યું કે પત્ર લેનારના અમુક ખાસ લક્બો પણ લખવા બેહતર છે. ખુદ પોતાની ખાસ ખૂબીઓ વર્ણન કરવી પણ સારું છે. હુઝૂરે અન્વર ﷺએ عبد الله ورسوله માં પોતાની કમાલનું બંદાપણુ અને જમાલ તથા રિસાલત બંને વર્ણવ્યાં હિરક્વલ ઈસાઈ હતો. આ ફર્માનમાં ઈશારા રૂપે તેમની ગલતી તરફ પણ નિર્દેશ કરી આપ્યો કે તમે ઈસા عليه السلام ને બંદાને બદલે ખુદા માની લીધા.

★ ગેરને સલામનો તરીક્વો ★

૭. જાણવા મળ્યું કે કાફિરને "અસ્સલામુ અલૈકુમ" ન કહેવામાં આવે. કાફિરો બેદીનોને આ સલામ કરે.

હઝરત મૂસા عليه السلام એ પણ ફિરઔનને આ જ સલામ કરી હતી. હુદાથી મુરાદ ઈસ્લામની હિદાયત છે.

૮. داعيه મસ્દર છે અર્થ દાવત (બોલાવવું, નિમંત્રવું) જેમ કે આફિયહ અને આફિયત. અમુક નુસ્ખાઓમાં بدعاية الاسلام છે એનો અર્થ પણ એ જ છે જેમ કે રિઆયત.

૯. એટલે કે જો તું ઈસ્લામ લઈ આવ્યો તો દુનિયામાં બુરા અકીદા, બુરા અમલો, અને જિઝિયા તથા કત્લથી બચી જઈશ અને આખેરતમાં અલ્લાહના અઝાબથી મેહફૂઝ રહીશ અને તને અન્ય નવ મુસ્લિમોથી સવાબ પણ બમણો મળશે. એક સવાબ ઈસાઈ રહેવાનો પછી મુસલમાન થઈ જવાનો, કેમ કે ઈસ્લામની બરકતથી પાછલા ગુનાહ તો માફ થઈ જાય છે અને પાછલી નેકીઓ કબૂલ થાય છે.

૧૦. اريسيين બહુવચન છે اريسىનું અર્થ ખેડૂત, હેઠળ, પ્રજા, ખાદિમો એટલે કે જો તું કાફિર રહ્યો તો તારા કારણે તારી પ્રજા અને ખાદિમો પણ કાફિર રહેશે તો એ સૌના કુફ્રનો વબાલ તારા પર પડશે. الناس على دين ملوكهم અમુકે ફર્માવ્યું કે અરીસી ઈસાઈઓનું નામ છે, કેમ કે એ અરીસના છે એટલા માટે એમને اريسيه (અર્દી સિય્યહ) પણ કહેવામાં આવે છે. અરીસ કોઈ મોટો પાદરી થઈ ચૂક્યો છે. (મિર્કાત) એટલે કે તારા પર સર્વ ઈસાઈઓના ઈસાઈ રહેવાનો ગુનોહ થશે.

૧૧. આ કુર્આને કરીમની આયત છે, એની તફસીરે નઈમીમાં જુઓ. અહીં એટલુ સમજી લો કે كلمة થી મુરાદ સર્વ ઈમાની ઈસ્લામી અકીદા છે જેમને અંબિયાએ કિરામ હઝરાત પણ જાણતા માનતા હતા, અને નવ મુસ્લિમ તથા પૂરાણા મુસ્લિમ સૌ સરખા છે. એની તફસીર ان لانعبد الخ ــــ છે. રબ બનાવવાથી મુરાદ ક્યાં તો હઝરત મસીહ عليه السلام ને ખુદાના બેટા માનવું છે અથવા પાદરીઓ જોગીઓને હરામ તથા હલાલના માલિક જાણવા, તેમનાથી પોતાના ગુનાહ માફ કરાવવુ છે જે ઈસાઈઓને ત્યાં થાય છે. ઈસ્લામમાં ન આ અકીદાઓ છે ન અમલો છે. આયતે કરીમાં ઘણી જ સમૃધ્ધ (જામેઅ) છે. અહીં એની તફસીરનો મોકો નથી.

૧૨. એટલે કે જો તમે ઈમાન કબૂલ ન કરો તો પણ આ પત્રથી તમને અમારો મઝહબ માલૂમ પડશે. કાલે કયામતમાં તમારે અમારા ઈમાનની ગવાહી બારગાહે ઈલાહીમાં આપવી પડશે. યાદ રાખશો કે કયામતના દિવસે મો'મિનના ઈમાનને, એના અમલોને જોયા, જ્યાં સુધી મોઅઝ્ઝિનની અઝાનનો અવાજ પહોંચે છે ત્યાં સુધીની દરેક ચીજ તેના ઈમાનની ગવાહ છે.

★ હુઝૂર ﷺ થકી સમયના રાજાઓના નામે પત્રો ★

૧૩. يريس (યરીસ) અને دعاية (દિઆયહ) બંને શબ્દોની તેહકીક હમણા કરી દેવામાં આવી છે. આ હદીષથી ઘણા મસાઈલ માલૂમ પડયા. એક એ કે પત્રને બિસ્મિલ્લાહથી શરૂ કરવો સુન્નત છે. બીજુ એ કે કાફિરોને સલામ આ રીતે કરવામાં આવે. اَلسَّلَامُ عَلٰى مَنِ اتَّبَعَ الْهُدٰى (અસ્સલામુ અલા મ નિત્તબઅલ હુદા). ત્રીજુ એ કે જેહાદથી પહેલાં કાફિરોને ઈસ્લામની દાવત આપવી જોઈએ. આ દાવત ક્યારેક વાજિબ છે ક્યારેક મુસ્તહબ. ચોથુ એ કે એક શખ્સની ખબર વિશ્વસનીય છે. એકલા હઝરત દિહયહ કલ્બીને પત્ર આપીને મોકલવામાં આવ્યા, તેમની સાથે ગવાહ નથી ગયા. પાંચમુ એ કે કાફિરોના મુલ્કમાં એક બે આયતોવાળો કાગળ મોકલવો જાઈઝ છે, ત્યાં કુર્આન લઈ જવું મના છે જ્યારે કે તેની તૌહીનનો અંદેશો હોય. જુઓ, હુઝૂર ﷺ એ એ ખત શરીફમાં કુર્આની આયત લખીને ઈસાઈઓના મુલ્કમાં મોકલી. છઠ્ઠુ એ કે એક બે આયતોને વિના વુઝૂ અને કાફિર સ્પર્શી શકે છે. જુઓ, હુઝૂર ﷺ એ આ ફર્માને આલીમાં આયતે કુર્આનિયા લખીને બુસ્રાના ગવર્નર મારફત શામ રોમના હિરકલને કેવળ અઝીમુર્રુમ લખ્યું, એટલે જેને રૂમી લોકો મોટો સમજે છે. દસમુ એ કે તબ્લીગમાં બેનિયાઝી પણ હોવી જોઈએ

અને નરમ વાણી પણ. રબ તઆલાએ મૂસા عليه السلام ને હુકમ આપ્યો : فَقُوْلَا لَهٗ قَوْلًا لَّيِّنًا (તો એને નરમ વાત કહેજો. સૂ. તાહા, ૨૦/૪૪) ફિરઓન સાથે નરમીથી વાત કરશો. અગ્યારમુ એ કે પુખ્તા વાતચીત તથા ટૂંકાણમાં બેહતર હોય છે. બારમુ એ કે કાફિરોના સરદારોને અઝાબ ઘણો અધિક થશે કે એમના લીધે એમના હેઠળના લોકો પણ કાફિર રહે છે. રબ તઆલા ફર્માવે છે : وَلَيَحْمِلُنَّ اَثْقَالَهُمْ (અને બેશક ! જરૂર પોતાના બોજ ઉઠાવશે અને પોતાના બોજોની સાથે અધિક બોજ. સૂ. અન્કબૂત, ૨૯/૧૩) તેરમુ એ કે જો અહલે કિતાબ મુસલમાન થઈ જાય તો તેમને ડબલ સવાબ મળે છે, પહેલા ઈસાઈ થવાનો પછી મુસલમાન થવાનો. ચૌદમુ એ કે આ અબ્દિયત (બંદાપણુ) રિસાલત પર અગ્રતા ધરાવે છે કે એટલા માટે عبده ورسوله ફર્માવવામાં આવ્યું કે અબ્દિયતનો સંબંધ કેવળ રબ તઆલાથી છે અને રિસાલતનો સંબંધ મખ્લૂક સાથે પણ છે. અહીં મિર્કાતે ફર્માવ્યું કે આ આલી ફર્માન મોકલતી વખતે આ આયતે કરીમા : قُلْ يٰٓاَهْلَ الْكِتٰبِ تَعَالَوْا ـــ الخ (તમે ફર્માવો, હે કિતાબીઓ ! એવા કલમાની તરફ આવો.... છેવટ સુધી. સૂ. આલે ઈમરાન, ૩/૬૪) નાઝિલ જ થઈ ન હતી. કેમ કે આ આલી ફર્માને હિ.સ. ૬માં મોકલવામાં આવ્યું અને આયતે કરીમાનો નુઝૂલ નજરાનના વફદ (પ્રતિનિધિમંડળ)ના વખતે થયો. એટલે હિ.સ. ૯માં આ હુઝૂરે આલીનું પોતાનું ફર્માન હતું જેના પ્રમાણે ત્રણ વરસ પછી આયતે કરીમા એ જ શબ્દોમાં નાઝિલ થઈ.

"તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ પોતાનું ફર્માનનામુ અબ્દુલ્લાહ ઈબ્ને હદાફા સહમીના થકી કસ્રાની તરફ મોકલ્યું[1] અને તેમને હુકમ આપ્યો કે આ ફર્માનનામુ બહરૈનના ગવર્નરને આપી દે. પછી બેહરૈનના ગવર્નરે તે પત્ર કિસ્રાને આપ્યો.[2] જ્યારે કિસ્રાએ વાંચ્યો તો તેને ફાડી નાખ્યો. ઈબ્ને મુસૈયબ કહે છે, ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ તેમના માટે આ દુઆ ફર્માવી કે તેઓ જ પૂરેપૂરા ફાડી દેવામાં આવે.[3] " (બુખારી)

★ હદીષ : (૨)-૩૯૨૭ ★

وَعَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بَعَثَ بِكِتَابِهِ إِلَى كِسْرَى مَعَ عَبْدِ اللَّهِ بْنِ حُذَافَةَ السَّهْمِيِّ فَأَمَرَهُ أَنْ يَدْفَعَهُ إِلَى عَظِيمِ الْبَحْرَيْنِ فَدَفَعَهُ عَظِيمُ الْبَحْرَيْنِ إِلَى كِسْرَى فَلَمَّا قَرَأَ مَزَّقَهُ قَالَ ابْنُ الْمُسَيَّبِ: فَدَعَا عَلَيْهِمْ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنْ يُمَزَّقُوا كُلَّ مُمَزَّقٍ. رَوَاهُ الْبُخَارِيُّ

૧. કિસ્રા ઈરાનના રાજાનો લક્બ હતો. ખુસ્રુનો મુઅરબ. ખુસ્રૂનો અર્થ છે મોટા મુલ્કવાળો. એ કિસ્રાનું નામ પરવેઝ ઈબ્ને હરમઝ ઈબ્ને નૌશિરવાન હતું એટલે નૌશિરવાનનો પુત્ર કે પૌત્ર. (અશિઅહ) અબ્દુલ્લાહ ઈબ્ને જઝઆ છે. કુન્નિયત અબુલ હારિષ છે. બદરમાં શરીક થયા. મિસરમાં કયામ રહ્યો. ત્યાં મિસરમાં જ હિ.સ. ૮૫માં ઈન્તેતકાલ થયો.

૨. બહરૈન બસરાની પાસે સમુદ્ર કિનારે મશહૂર શહેર છે. ત્યાંનો ગવર્નર કિસ્રા તરકથી નિયુક્ત કરેલો હતો. એ કિસ્રાના વિદેશ મંત્રીની ફરજો અંજામ આપતો હતો એટલા માટે હુઝૂર ﷺ એ તેના મારફત કિસ્રાને ફર્માને આલી મોકલ્યું. એનાથી જાણવા મળે છે કે હુઝૂર ﷺ દરેક દેશ તથા ત્યાંના કાનૂનો તથા હુકમો, હાકિમોના ફરજોથી ખબરદાર હતા.

૩. યાદ રાખશો કે હિરક્લ રોમના રાજાએ તો હુઝૂર ﷺ નું ફર્માને આલી સાંભળીને દિલથી ઈસ્લામ સ્વીકારી લીધો પણ પોતાની પ્રજા તથા હાકિમોના ડરથી ઈસ્લામ જાહેર ન કરી શકયો, પણ પરવેઝ બદબખ્તે તૌહીનરૂપે નામા આલિયાને ફાડી નાખ્યું જેના લીધે હુઝૂરે તેને એ બદદુઆ આપી કે ખુદા એના ટુકડા કરી દે. આ દુઆની અસર એ થઈ કે પરવેઝનો પુત્ર શેરૂવિયા હતો જે ઝિના તથા દૌલતનો ઘણો જ લાલચી હતો. તેણે ખજાના

પર કબજો કરવા માટે પોતાના પિતા પરવેઝને ક़त्ल કરી દીધો પછી ખજાનાઓ પર કબજો જમાવીને તેને ખોલાવ્યો. જેમ કે દવાઓના ખજાનાઓની પણ તપાસ કરી એમાં એક દવા પર લખ્યુ હતું કે આ મર્દાની શક્તિ માટે અકસીર છે. શેરૂવિયાએ એ દવા ખાય લીધી અને એ હતુ ઝહેર ! એને ખાતાં જ ઝહેરની અસર થઈ અને છ મહીના બાદ તેની મૌત થઈ ગઈ. પછી એ દેશ પર નહૂસત જ આવ્યા કરી ત્યાં સુધી કે ફારૂકી યુગમાં આખા ઈરાન પર મુસલમાનોનો કબજો થઈ ગયો. એ વખતે ઈરાનનો રાજા યઝ્દ ઝરદ ઈબ્ને શહરયાર ઈબ્ને શેરૂવિયા ઈબ્ને પરવેઝ હતો. એની પુત્રી શહરબાનુ બિન્તે યઝ્દ ઝરદ ગિરફતાર કરીને મદીના મુનવ્વરા લાવવામાં આવી અને હઝરત ઉમરે જનાબ હુસૈન સાથે તેમના નિકાહ કર્યા. (મિર્ક़ાત) શહરબાનુની કબર તેહરાનમાં છે. મેં ઝિયારત કરી છે. અહીં મિર્ક़ાતે ફર્માવ્યું કે રોમના રાજાએ હુઝૂરે અન્વર ﷺનો પત્ર મુબારક પઢીને રેશમના કપડામાં લપેટીને ખૂબ જ સુરક્ષિત સંદૂકમાં રાખી લીધો. ત્યારે હુઝૂર ﷺએ દુઆ આપી કે તેનો મુલ્ક બાકી રહે. ફત્હુલ બારીમાં શરહમાં સૈફુદ્દીન મન્સૂરથી રિવાયત કરી કે એ રૂમી બાદશાહ પાસે કાંઈક હદિયો લઈને ગયા તો તેણે એક સોનેરી પેટીથી એક સડી ગયો કાગળ કાઢયો જેના હુરૂફ પણ ઠેક ઠેકાણેથી નષ્ટ થઈ ગયા હતા અને તેનો રેશમી ગિલાફ પણ સડી ગયો હતો. અને બોલ્યો કે આ તમારા નબીનો પત્ર છે જે અમારા દાદા ક़ૈસરના નામે આવ્યો હતો. અમે એને ખૂબ જ સંભાળીને રાખીએ છીએ અને અમારા ત્યાં મશહૂર છે કે જ્યાં સુધી આ પત્ર અમારી પાસે રહેશે અમારી સલ્તનત કાયમ રહેશે. અમે ઈસાઈઓથી છુપાવીએ છીએ. ઈમામ કુસ્તલાની ફર્માવે છે કે રોમનો રાજા પોતાના મુલ્કના ડરથી ઈમાન ન લાવ્યો પણ દિલમાં મો'મિન થઈ ચૂક્યો હતો. *(મિર્ક़ાત)*

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺએ કિસ્રા, ક़ૈસર તથા નજાશીની તરફ અને દરેક જાબિર (જાલિમ) બાદશાહની તરફ ફર્માનો લખ્યા[1] અને તેમને અલ્લાહની દાવત આપતા હતા. આ નજાશી તે નથી જેના પર નબી કરીમ ﷺએ જનાઝાની નમાઝ પઢી.[2] (મુસ્લિમ)

★ હદીષ : (3)-૩૯૨૮ ★

وَعَنْ أَنَسٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ كَتَبَ إِلَى كِسْرَى وَإِلَى قَيْصَرَ وَإِلَى النَّجَاشِيِّ وَإِلَى كُلِّ جَبَّارٍ يَدْعُوهُمْ إِلَى اللّٰهِ وَلَيْسَ بِالنَّجَاشِيِّ الَّذِي صَلَّى عَلَيْهِ النَّبِيُّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ. رَوَاهُ مُسْلِمٌ

૧. જેમ કે હુઝૂર ﷺએ ઈસ્કંદરિયાના રાજા મક़ૂક़ૂસ અને મુન્ઝર ઈબ્ને સાદી અને ઓમાનના રાજા અને યમામાના રાજા અને હારિષ ઈબ્ને અબી શિમર અને શાહે ઝરબાદ, શાહે ઝર, બાદશાહે અઝરજ, શાહે દજ, શાહે અકીદર વગેરેના નામે ફર્માનો લખ્યાં. આ ફર્માનો હિ.સ. ૬માં લખવામાં આવ્યાં. *(અશિઅતુલ લમ્આત)*

૨. જે શાહે હબ્શા નજાશી પર હુઝૂરે અન્વર ﷺએ જનાઝાની નમાઝ પઢી છે તે છે અસ્હમા, આ નજાશી બાદશાહ બીજો છે. મો'મિન આ પણ હતો. હુઝૂરે અન્વર ﷺએ અમ્ર ઈબ્ને ઉમૈયા ઝમરી સાથે તેને ફર્માને આલી લખ્યું. જ્યારે તેની પાસે અમ્ર પહોંચ્યા તો તે તખ્તથી ઉતરી અદબવાળીને બેસી ગયો, પણ પત્ર મુબારકને ચૂમ્યો, આંખોથી લગાડયો. ફર્માને આલી પઢીને તરત જ મુસલમાન થઈ ગયો અને પોતાના પુત્રને ઘણા જ હદિયા તોહફા આપીને હુઝૂર ﷺની પાસે મોકલ્યો. તેનો તે પુત્ર રસ્તામાં મૃત્યુ પામ્યો. ત્યારે હુઝૂર ﷺએ નજાશીને બીજો પત્ર મુબારક મોકલ્યો. નજાશીની ઔલાદમાં હજી સુધી આ બંને મુબારક પત્રો મેહફૂઝ છે જેને તેઓ તબર્રુકન રાખે છે. એની ઝિયારત કરે છે. *(અશિઅતુલ લમ્આત)* رضوان اللہ تعالیٰ علیہم اجمعین

★ જેહાદમાં ત્રણ વાતોની દા'વત અને ચાર ચીજોની મનાઈ ★

★ હદીષ : (૪)-૩૯૨૮ ★

وَعَن سليمانَ بنِ بُريدةَ عَنْ أَبِيهِ قَالَ: كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذَا أَمَّرَ أَمِيرًا عَلَى جَيْشٍ أَوْ سَرِيَّةٍ أَوْصَاهُ فِي خَاصَّتِهِ بِتَقْوَى اللَّهِ وَمَنْ مَعَهُ مِنَ الْمُسْلِمِينَ خَيْرًا ثُمَّ قَالَ: " اغْزُوَا بسمِ اللَّهِ قَاتِلُوا مَنْ كَفَرَ بِاللَّهِ اغْزُوَا فَلَا تَغُلُّوا وَلَا تَغْدِرُوا وَلَا تَمْثُلُوا وَلَا تَقْتُلُوا وَلِيدًا وَإِذَا لَقِيتَ عَدُوَّكَ مِنَ الْمُشْرِكِينَ فَادْعُهُمْ إِلَى ثَلَاثِ خِصَالٍ أَوْ خِلَالٍ فَأَيَّتَهُنَّ مَا أَجَابُوكَ فَاقْبَلْ مِنْهُمْ وَكُفَّ عَنْهُمْ ثُمَّ ادْعُهُمْ إِلَى الْإِسْلَامِ فَإِنْ أَجَابُوكَ فَاقْبَلْ مِنْهُمْ وَكُفَّ عَنْهُمْ ثُمَّ ادْعُهُمْ إِلَى التَّحَوُّلِ مِنْ دَارِهِمْ إِلَى دَارِ الْمُهَاجِرِينَ وَأَخْبِرْهُمْ أَنَّهُمْ إِنْ فَعَلُوا ذَلِكَ فَلَهُمْ مَا لِلْمُهَاجِرِينَ وَعَلَيْهِمْ مَا عَلَى الْمُهَاجِرِينَ فَإِنْ أَبَوْا أَنْ يَتَحَوَّلُوا مِنْهَا فَأَخْبِرْهُمْ أَنَّهُمْ يَكُونُونَ كَأَعْرَابِ الْمُسْلِمِينَ يُجْرَى عَلَيْهِمْ حُكْمُ اللهِ الَّذِي يُجْرَى عَلَيْهِمْ حُكْمُ اللَّهِ الَّذِي يُجْرَى عَلَى الْمُؤْمِنِينَ وَلَا يَكُونُ لَهُمْ فِي الْغَنِيمَةِ وَالْفَيْءِ شَيْءٌ إِلَّا أَنْ يُجَاهِدُوا مَعَ الْمُسْلِمِينَ فَإِنْ هم أَبَوا فعلهم الْجِزْيَةَ فَإِنْ هُمْ أَجَابُوكَ فَاقْبَلْ مِنْهُمْ وَكُفَّ عَنْهُمْ فَإِنْ هُمْ أَبَوْا فَاسْتَعِنْ بِاللَّهِ وَقَاتِلْهُمْ وَإِذَا حَاصَرْتَ أَهْلَ حِصْنٍ فَأَرَادُوكَ أَنْ تَجْعَلَ لَهُمْ ذِمَّةَ اللَّهِ وَذِمَّةَ نَبِيِّهِ فَلَا تَجْعَلْ لَهُمْ ذِمَّةَ اللَّهِ وَلَا ذِمَّةَ نَبِيِّهِ وَلَكِنِ اجْعَلْ لَهُمْ ذِمَّتَكَ وَذِمَّةَ أَصْحَابِكَ فَإِنَّكُمْ أَنْ تُخْفِرُوا ذِمَمَكُمْ وَذِمَمَ أَصْحَابِكُمْ أَهْوَنُ مِنْ أَنْ تُخْفِرُوا ذِمَّةَ اللَّهِ وَذِمَّةَ رَسُولِهِ وَإِنْ حَاصَرْتَ أَهْلَ حِصْنٍ فَأَرَادُوكَ أَنْ تُنْزِلَهُمْ

હઝરત સુલેમાન ઈબ્ને બુરૈદાથી[૧] રિવાયત છે. તે પોતાના પિતાથી રાવી. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ જ્યારે કોઈને કોઈ લશ્કર અથવા ફોજ પર અમીર બનાવતા તો તેને પોતાના ખાસ અંગત મામલામાં અલ્લાહથી ડરવાની અને પોતાના મુસલમાન સાથીઓ સાથે ભલાઈની વસિયત કરતા હતા[૨] પછી ફર્માવતા કે અલ્લાહના નામથી અલ્લાહની રાહમાં જેહાદ કરો, તેમની સાથે જંગ કરો જેઓ અલ્લાહના મુન્કિર છે[૩] જેહાદ કરો તો ન ખયાનત કરો, ન વાદાખિલાફી અને ન મુષ્લહ કરો અને ન કોઈ બાળકને કત્લ કરો[૪] અને જ્યારે તમારા દુશ્મન મુશ્રિકોથી મળો તો તેમને ત્રણ ખાસિયતો કે ત્રણ વાતો તરફ બોલાવો[૫] તો તેઓ એમાંથી જે વાત માની જાય તમે એમનાથી કબૂલ કરો અને તેમનાથી હાથ રોકી લો[૬] તેમને ઈસ્લામની તરફ બોલાવો, તો જો તેઓ એને માની લે તો તમે એમનાથી કબૂલ કરી લો અને તેમનાથી હાથ રોકી લો[૭] તો પછી તેમને પોતાના વતનથી મુહાજિરોની જગા તરફ સ્થળાંતર કરવાની દાવત આપો[૮] અને તેમને ખબર આપો કે તેઓ એવું કરી લેશે તો એમના માટે એ જ હક્કો હશે જે મુહાજિરોના છે અને એમના પર એ જિમ્મેદારીઓ હશે જે મુહાજિરો પર છે[૯] જો તેઓ ત્યાંથી સ્થળાંતર થવાની ના પાડે તો તેમને માહિતગાર કરી દો કે તેઓ ગામડાવાસી મુસલમાનોની જેમ હશે કે તેમના પર તે અહકામે ઈલાહી લાગુ થશે[૧૦] જે મુસલમાનો પર લાગુ કરવામાં આવે છે. અને તેમના માટે ગનીમત તથા ફઈથી કાંઈ ન હશે[૧૧] પણ એ કે મુસલમાનો સાથે જેહાદ કરે.[૧૨] પછી જો તેઓ ઈન્કાર કરે તો તમે તેમનાથી જિઝ્યો માગો[૧૩] પછી જો એ લોકો તમારું માની લે તો તમે તેમનાથી કબૂલ કરી લો અને તેમનાથી હાથ રોકી લો[૧૪] પરંતું જો તેઓ ઈન્કારી થાય તો અલ્લાહથી મદદ માગો અને તેમનાથી જંગ કરો[૧૫] અને જ્યારે તમે કોઈ કિલ્લાવાળાઓનો ઘેરાવ કરો પછી તે તમારાથી ખ્વાહિશ કરે કે તમે એમના માટે અલ્લાહ વ રસૂલનો

عَلَى حُكْمِ اللَّهِ فَلَا تُنْزِلْهُمْ عَلَى حُكْمِ اللَّهِ وَلَكِنْ أَنْزِلْهُمْ عَلَى حُكْمِكَ فَإِنَّكَ لَا تَدْرِي: أَتُصِيبُ حُكْمَ اللَّهِ فِيهِمْ أَمْ لَا؟ ". رَوَاهُ مُسْلِمٌ

જિમ્મો કરો તો તમે એમના માટે ન અલ્લાહનો ઝિમ્મો ન નબીનો ઝિમ્મો[૧૬] બલ્કે તેમના માટે પોતાના અને પોતાના સાથીઓનો ઝિમ્મો આપો. કેમ કે જો તમે તમારો તમારા સાથીઓનો ઝિમ્મો તોડતા જાવ, તો એ એનાથી આસાન છે કે તમે અલ્લાહનો ઝિમ્મો અને તેના રસૂલનો ઝિમ્મો તોડતા જાવ[૧૭] અને જો તમે કોઈ કિલ્લાવાળાઓનો ઘેરાવ કરો પછી તેઓ ચાહે કે તમે તેમને અલ્લાહના હુકમ પર ઉતારો, તો તમે તેમને અલ્લાહના હુકમ પર ન ઉતારો, પરંતું તેમને પોતાના હુકમ પર ઉતારો, કેમ કે તમે નથી જાણતા કે તેમના વિશે અલ્લાહનો હુકમ પામશો કે નહીં.[૧૮] (મુસ્લિમ)

૧. સુલૈમાન તાબઈ છે. ફારૂકી યુગમાં પેદા થયા. તેમના પિતા બુરૈદા ઈબ્ને હુસૈબ સહાબી છે. હઝરત અલી رضی اللہ عنہ ના ખાસ લોકોમાંથી છે. મશહૂર સહાબી છે.

૨. એટલે કે લશ્કરના સેનાપતિથી ફર્માવતા કે પોતાના અંગત મામલામાં અલ્લાહથી ડરજો, નમાઝને છોડવું, ખયાનત અન્ય શરીઅત વિરૂધ્ધ વાતોથી પરહેઝ કરજો અને તમારા હેઠળના સૈનિકો વગેરે સાથે ભલાઈ કરજો, નરમ વર્તાવ કરજો, મતલબ પોતે જાતે તકલીફો વેઠજો પણ તમારા હેઠળનાઓ પણ નરમી કરજો એટલા માટે પહેલાં تقوی اللہ ફર્માવ્યું અને બાદમાં خیرًا

૩. એટલે જેહાદમાં કેવળ રઝાએ ઈલાહીની નિય્યત હોય. મુલ્ક કબ્જે કરવાની, ગનીમત, ઈજ્જત હાંસલ કરવાની નિય્યત ન હોય. રબ તઆલા રાજી થઈ જાય તો તમને સર્વ કાંઈ મળી જશે. અલ્લાહના ઈન્કારથી મુરાદ અલ્લાહના દીનનો ઈન્કાર છે. જેથી એમાં નબુવ્વત તથા કિતાબુલ્લાહનો ઈન્કાર પણ સામેલ છે. એનાથી જાણવા મળ્યું કે જેહાદ કેવળ કાફિરો પર થશે ચાહે અસલી કાફિર હોય ચાહે મુર્તદ જ હોય કે મુસલમાન ઈસ્લામ છોડી બે દીન થઈ જાય અને તેમનાથી જંગ કરવી પડે, એ પણ જેહાદ છે. જેમ કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ ઝકાતના મુન્કિરો તથા મુસૈલમા કઝઝાબને નબી માની લેવા પર જેહાદ કર્યા. ખિલાફતે હૈદરીના જમાનામાં જે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا તથા અમીર મુઆવિયહ رضی اللہ عنہ સાથે જંગો થઈ તે જેહાદ નથી કેવળ લડાઈ છે. રબ તઆલા ફર્માવે છે : فَقَاتِلُوا الَّتِي تَبْغِي (તે ઝિયાદતીવાળાથી લડો.... સૂ. હુજુરાત, ૪૯/૯)

૪. આ ટૂંકા ફર્માને આલીમાં ચાર ચીજોથી મના કરવામાં આવ્યું : ગનીમતમાં ખયાનત, જંગની હાલત સામેવાળા કાફિરથી જે વાયદો કરી લેવામાં આવે તેની વિરૂધ્ધ ન કરવું, કત્લ થયેલ કાફિરના નાક કાન, હાથ પગો કાપવા અથવા તેનું મોં કાળુ કરવું, કાફિરોનાં નાસમજ બાળકોને કત્લ કરવાં. જાણવા મળ્યું કે ઈસ્લામમાં મુષ્લહ કરવું (કત્લ થયેલાનો ચહેરો બગાડવું) મન્સૂખ છે. હુઝૂરે અન્વર ﷺ એ જે ઓરૈના કબીલાના મુર્તદ ડાકૂઓની આંખો ફોડી તે આ હુકમથી મન્સૂખ છે. અમુક ઉલમાએ ફર્માવ્યું કે જો કાફિરો આપણા કત્લ થયેલા શહીદોનો મુષ્લહ કરે તો આપણે પણ તેના જવાબમાં તેમનો મુષ્લહ કરી શકીએ છીએ, પણ પ્રથમ વાત સહીહ છે. જો જંગની હાલતમાં આકસ્મિક રીતે કાફિરોના બાળકો મરી જાય તો મુજાહિદો ગુનેહગાર નથી કે એમનો ઈરાદો ન હતો. અને

જો બાળક કાફિરોનો બાદશાહ કે સેનાપતિ હોય તો તેને ક़त्ल કરી દેવામાં આવે કે એનાથી કુફ્રની શૌકતને તોડવું છે. એની સંપૂર્ણ ચર્ચા फ़त्हुल क़दीर તથા મિર્क़ાતમાં જુઓ. કાફિરોની સ્ત્રીઓ તથા વૃધ્ધ લોકો જો જંગથી અલગ હોય તો તેમને ક़त्ल કરવામાં ન આવે. જો બાદશાહ કે સેનાપતિ હોય કે કાફિરોના મદદગાર કે તેમને જંગનો તરીકો શીખવાડતા હોય તો જરૂર ક़त्ल કરી દેવામાં આવે.

૫. એમાં સંબોધન લશ્કરના અમીરથી છે કે આ કામ અમીરનું છે, આમ ગાઝીઓનું નથી. خصال એ خصلة નું બહુવચન છે અને خلال એ خلة નું બંનેનો અર્થ એ જ છે, એટલે આદત.

૬. સુબ્હાનલ્લાહ ! આ છે ઈસ્લામી જેહાદ કે એકદમ કાફિરો પર તૂટી પડવાની ઈજાઝત નથી. જેહાદમાં અસલ હેતુ ઈસ્લામ ફેલાવવું છે ન કે કેવળ કાફિરોને ક़त्ल કરવું. જંગ તો કેવળ મજબૂરી છે.

૭. એટલે કે મશવરા રૂપે તેમને ઈસ્લામની દાવત આપો. કહો કે મુસલમાન થઈને અમારા ભાઈ બની જાવ. જો એ કાફિરો સુધી ઈસ્લામની દાવત ન પહોંચી હોય, તેઓ ઈસ્લામને જાણતા જ ન હોય તો એ હુકમ વાજિબ રૂપે છે, કેમ કે દાવત આપ્યા વિના જંગ કરવી મના છે. અને જો પહોંચી ચૂકી છે તો એ હુકમ મુસ્તહબ રૂપે છે કે જો દાવત આપ્યા વિના પણ જંગ કરવામાં આવી તો જાઈઝ છે પણ બેહતર એ છે કે પહેલાં દાવત બાદમાં જંગ. અને આ ત્યારે છે જ્યારે એ ચીજો શક્ય હોય. જો સંજોગો ગંભીર છે અને દાવતનો મોક़ો નથી, જલ્દી હુમ્લો ન કરવામાં ખતરો છે તો આ હુકમ નથી.

૮. એટલે કે વિના કારણે બદગુમાની ન કરો કે તેમણે ધોકો આપવા ઈસ્લામ क़બૂલ કર્યો છે, દિલથી કબૂલ નથી કર્યો. બલ્કે તેમનું ઈસ્લામ લાવવાનું માની લો. જો ધોકો આપવાની નિશાન મૌજૂદ હોય તો તેનો હુકમ અલગ છે.

૯. મિર્क़ાતે ફર્માવ્યું કે હિજરતનો આ હુકમ ફતહે મક્કાથી પહેલાં હતો. ફતહે મક્કા થઈ ચૂક્યા બાદ હવે એ કાફિરોને હિજરત માટે ન કહેવામાં આવશે. જેમ કે ફારૂકી યુગ વગેરેમાં ઘણા જબરદસ્ત જેહાદો થયા, લોકો મુસલમાન થયા પણ કોઈને મદીના મુનવ્વરા તરફ સ્થળાંતર કરવાનો હુકમ નથી આપવામાં આવ્યો, ન તો મદીના મુનવ્વરામાં એટલી જગા છે કે સર્વ નવમુસ્લિમ મુહાજિરોને ત્યાં જગા મળી શકે. જેથી એ ફર્માન એ જમાનાના લેહાઝથી છે.

★ મુહાજિરો વિશે હુકમ ★

૧૦. નબવી જમાનામાં મદીનાના મુહાજિરોને ફઈમાંથી હિસ્સો મળ્યા કરતો હતો. ખાસ કરીને જ્યારે તેઓ જેહાદમાં જતા તો તેમની વાપસી સુધી તેમનાં બીવી બચ્ચાંને આ ફઈથી ખર્ચો મળતો રહેતો હતો. તેમજ મુહાજિરોને જેહાદના માટે હુકમ પ્રમાણે જવુ પડતુ હતું. અહીં આ જ બે ચીજો મુરાદ છે. એટલે જો તમે મુહાજિરો બનીને મદીના મુનવ્વરામાં આવી ગયા તો તમને ફઈનો તે જ હિસ્સો મળ્યા કરશે જે મુહાજિરોને મળે છે અને તમારે એ જ પ્રમાણે જેહાદમાં જવુ લાઝિમ થતુ રહેશે જે અન્ય મુહાજિરો પર લાઝિમ છે. ગૈર મુહાજિરીન મુસલમાન જેઓ કાફિરોના દેશમાં રહે છે એમના પર આ રીતે જેહાદ વાજિબ નથી.

૧૧. એટલે કે જેવી રીતે બીજા ગૈર મુહાજિર મુસલમાનો પર જેહાદ નથી કેવળ નમાઝ, રોઝા વગેરે છે એવી જ રીતે એમના પર હશે, તેમને મુહાજિરોની જેવી રિઆયત (ફાયદો) નહીં મળે.

★ ગનીમત અને ફઈની વહેંચણી ★

૧૨. ક્યાં તો ગનીમત અને ફઈ સમાનઅર્થી છે. અને આ અતફ તફસીરી છે, અથવા "ગનીમત" તે માલ છે

જે કાફિરોથી જંગલમાં લડીને હાંસલ કરવામાં આવે, અને "ફઈ" તે માલ છે જે જંગ કર્યા વિના હાથ આવી જાય.

૧૩. એનાથી જણાય રહ્યું છે કે નબવી જમાનામાં મુહાજિરોને ગનીમત તથા ફઈમાંથી કાંઈક આપવામાં આવતુ હતું જે ગૈર મુહાજિરને મળતુ ન હતું.

૧૪. એટલે કે જો કાફિરો ઈસ્લામ કબૂલ ન કરે તો તમે તેમને મુસલમાન બનવા મજબૂર ન કરો, બલ્કે તેમને કહો કે અમારી પ્રજા બની જાવ અને અમને જિઝિયો (ટેક્ષ) આપ્યા કરો કે અમે તેમની હિફાઝત કરીએ. તે આપણને ટેક્ષ આપે. યાદ રાખશો કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં અરબના મુશ્રિકો તથા મજૂસીઓથી ટેક્સ (જિઝિયો) ન લેવામાં આવશે, તેમના માટે કેવળ ઈસ્લામ છે અથવા ક़त्ल. મુર્તદોથી જિઝિયો કોઈ મઝહબમાં નથી, તેણે તો મુસલમાન જ થવું પડશે, નહીં તો ક़त्ल કરવામાં આવશે. આ હદીષ ઈમામ માલિક તથા અવઝાઈની દલીલ છે. તેમને ત્યાં દરેક કાફિરથી જિઝિયો કબૂલ કરવામાં આવે, એહલે કિતાબ હોય કે મુશ્રિક કે મજૂસી, અને અરબી હોય કે અજમી. ઈમામ શાફઈને ત્યાં અહલે કિતાબ અને મજૂસીઓથી જિઝિયો કબૂલ થશે, ચાહે અરબી હોય કે અજમી. આપણા તથા ઈમામ શાફઈને ત્યાં આ હદીષ અહલે કિતાબના સંબંધે છે, તેમને મુશ્રિકો કહેવામાં આવેલ છે. શબ્દકોશના લેહાઝથી, કે તેઓ મુશ્રિક છે. જેથી આ હદીષ આપણા તથા શાફઈઓની વિરૂધ્ધ નથી.

૧૫. એટલે કે જિઝિયો કબૂલ કરીને તેમને પોતાની પ્રજા બનાવી લો, તેમને ક़त्ल ન કરો કે જિઝિયો અદા કર્યા બાદ તે કાફિરોના જાન માલ મુસલમાનોના જાન માલની જેમ થઈ જાય છે. જેમ કે હઝરત અલીની રિવાયતમાં છે. *(મિર્ક़ાત)*

૧૬. આ છે તે ત્રીજી વાત જેનું વર્ણન પહેલાં થયું હતું. એટલે કે જો કાફિરો એટલા માથાફરેલ હોય કે ન તો મુસલમાન બને ન તમારી વાત માને તો તેમના પર જેહાદ કરો.

૧૭. એટલે કે જો કિબ્લામાં ઘેરાયેલા કાફિરો ખ્વાહિશ કરે કે અમને અલ્લાહ રસૂલની જિમ્મેદારી પર તેમની ઝમાનત પર કિબ્લાથી બહાર કાઢી લો કે અમારી જાન તથા માલના અલ્લાહ રસૂલ જામિન તથા જિમ્મેદાર છે. જો તમે અમને બહાર કાઢીને ક़त्ल કર્યા અથવા માલ લીધો તો તમે એ બંને જાતોના મુજરિમ થશો. અહીં મિર્ક़ાતે જિમ્માનો અર્થ કર્યો વચન તથા અમાન. એનાથી જાણવા મળ્યું કે અલ્લાહ રસૂલની જમાનત અલ્લાહ રસૂલની અમાન લેવી જાઈઝ છે. અમુક લોકો પોતાના મુસાફિરને કહે છે, અલ્લાહ રસૂલની જમાનત, પાંચ પીરોની અમાનમાં જાવ. અમુક લોકો હઝરત ઈમામ હુસૈન رضی اللہ عنہ ના નામનો ઈમામ જામિન મુસાફિરના હાથે બાંધે છે.એ સૌનો માખઝ આ ફર્માને આલી પણ થઈ શકે છે. એટલે કાફિરોને અલ્લાહ વ રસૂલની ઝમાન પર ન ઉતારો બલ્કે પોતાની ઝમાન તથા અમાન પર ઉતારો.

૧૮. અહીં બે રિવાયતો છે : اَن અલિફના ઝબરથી અને اِن અલિફના ઝેરથી. અને تخفروا બન્યુ છે اخفار થી, અર્થ તોડવું. ક્યાં તો મઅરૂફ છે અથવા મજહૂલ. અમે મજહૂલની રિવાયત લીધી છે એટલે જો તમે કાફિરોને અલ્લાહ રસૂલના જિમ્મા પર ઉતારો અને તેઓ ઉતરીને એ જિમ્મો તોડી નાખે તો એ ખૂબ જ બુરુ છે. જો તમારા જિમ્માને તોડે તો એ નરમ છે. અને જો تخفروا મઅરૂફ છે તો અર્થ એ થયો કે, જો એ લોકો વચનભંગ કરે અને તમે તેમના વચનભંગને કારણે તેમની અમાન તોડો તો અલ્લાહ રસૂલની અમાન તોડવું સખ્ત છે અને પોતાની અમાન તોડવું સરળ છે. જેથી હદીષે પાકમાં વચનભંગ (વાદાખિલાફી) અમાન તોડવાની, ઝમાનની વિરૂધ્ધ કરવાની ઈજાઝત નથી. આ ખૂબ જ ધ્યાનમાં રાખવું જોઈએ.

૧૯. એટલે જો ઘેરાયેલા કાફિરો તમને કહે કે અમે કિબ્લાથી ઉતરી આવીએ છીએ, અમારા પર અલ્લાહ તઆલાનો હુકમ લાગુ કરજો, તો તમે એ કબૂલ ન કરો, કેમ કે તમે જે હુકમ લાગુ કરશો તે વહીથી તો હશે નહીં, તમારા પોતાના ઈજતેહાદથી થશે. ખબર નહીં ઈજતેહાદ દુરુસ્ત છે કે નહીં. એટલા માટે **અલ્લામા શામીએ ફર્માવ્યું કે જો અમને સવાલ કરવામાં આવે કે તમે હક્ક પર છો કે ઈમામ શાફઈ ? તો અમે કહીશું, લગભગ હક્ક પર અમે જ છીએ, પણ કદાચ હક્ક પર તેઓ હોય. જો પૂછવામાં આવે કે હક્ક પર તમે છો કે મોઅતઝા તથા ખારજી ? તો અમે કહીશું કે યકીનન ! અમે હક્ક પર છીએ. તે લોકો યકીનન ! બાતિલ પર છે. કેમ કે ઈમામ શાફઈ સાથે ઈજતેહાદી મતભેદ છે અને મોઅતઝલા તથા ખારજીથી અકીદાનો મતભેદ છે.**

★ જંગની તમન્ના ન કરો, અને શરૂ થતાં અડગ થઈ જાવ ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબી અવફા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ અમુક તે દિવસોમાં જે દિવસોમાં દુશ્મનથી જંગ કરી[૨] તો ત્યાં સુધી રાહ જોઈ કે સૂરજ ઢળી જાય[૩] તો હુઝૂર લોકોમાં ઉભા થયા. પછી ફર્માવ્યું કે, હે લોકો ! દુશ્મનથી મળવાની આરઝૂ ન કરો'' અને અલ્લાહથી અમ્નની દુઆ માગો. પછી જ્યારે ભેટી જાવ તો સબ્ર કરો[૪] અને જાણી લો કે જન્નત તલ્વારોના સાયા નીચે છે[૫] પછી કહ્યું, હે અલ્લાહ ! હે કિતાબને ઉતારનાર ! અને વાદળોને ચલાવનાર અને લશ્કરોને ભગાડનાર ! એમને ભગાડી દે અને તેમના સામનામાં અમારી મદદ કર.[૬] (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૫)-૩૯૩૦ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ أَبِي أَوفى: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي بَعْضِ أَيَّامِهِ الَّتِي لَقِيَ فِيهَا الْعَدُوَّ انْتَظَرَ حَتَّى مَالَتِ الشَّمْسُ ثُمَّ قَامَ فِي النَّاسِ فَقَالَ: «يَا أَيُّهَا النَّاسُ لَا تَتَمَنَّوْا لِقَاءَ الْعَدُوِّ وَاسْأَلُوا اللَّهَ الْعَافِيَةَ فَإِذَا لَقِيتُمْ فَاصْبِرُوا وَاعْلَمُوا أَنَّ الْجَنَّةَ تَحْتَ ظِلَالِ السُّيُوفِ» ثُمَّ قَالَ: «اللَّهُمَّ مُنْزِلَ الْكِتَابِ وَمُجْرِيَ السَّحَابِ وهازم الْأَحْزَاب واهزمهم وَانْصُرْنَا عَلَيْهِم»

૧. આપ મશહૂર સહાબી છે. આપના હાલાત ઘણીવાર વર્ણન થઈ ચૂકેલ છે. હિ.સ. ૮૭માં કૂફામાં વફાત પામ્યા.

૨. એ જાણી ન શકાયું કે એ જંગ કઈ હતી પણ એ માલૂમ થયું કે એ જંગમાં મુસલમાનોએ હુમ્લો કર્યો હતો, કાફિરોએ મદીના મુનવ્વરા પર હુમ્લો કર્યો ન હતો. યાદ રાખશો કે જેહાદ દરેક રીતે જાઈઝ છે, સામનો કરવા રૂપે પણ અને સામે ચાલીને પણ. જે બેવકૂફોએ સમજ્યું કે મુસલમાન કેવળ ડિફેન્સ કરે તેમણે ગલત સમજ્યું. ઓહદ તથા અહઝાલ સિવાય હુઝૂરે સર્વ જેહાદ સામે ચાલીને (એટેકિંગ) જ કર્યા છે.

૩. જ્યારે કે બપોરની તીવ્રતા જતી રહી, ઝહોરની નમાઝનો સમય આવી ગયો, ફતહ તથા નુસ્રતની હવાઓ ચાલવા લાગી, મુજાહિદો ફૈલૂલા કરીને ફ્રેશ થઈ ગયા, દુઆની કબૂલિયતનો સમય આવી ગયો. કેમ કે નમાઝના સમયોમાં દુઆઓ અધિક કબૂલ થાય છે. જાણવા મળ્યું કે ક્યાં તો સવારના સમયે જેહાદ કરવામાં આવે અથવા દિવસ ઢળ્યા પછી, બપોરના સમયે વચ્ચે જેહાદ કરવામાં ન આવે. *(મિર્કાત વગેરે)*

હદીષ શરીફમાં છે કે **દિવસ ઢળતાં આસ્માનના રહમતના દરવાજા ખુલી જાય છે.** *(અશિઅહ)*

★ અલ્લાહથી ફઝ્લ તથા રહમત માગો ★

૪. એટલે કે **જંગની તમન્ના કરો ન દુઆ માગો, કેમ કે જંગ એક બલા છે. બલાની આરઝૂ ન સારી છે ન બેહતર છે કે એમાં ફખ્ર તથા ઘમંડની બૂ છે, એટલા માટે એ તમન્નાથી બચો, પોતાની શક્તિ તથા તાકત પર ભરોસો ન કરો. હમેશાં અલ્લાહથી ફઝ્લ તથા રહમત માગો. બીમારી ભલે અલ્લાહની રહમતનો સબબ છે, સાપ કરડવાની મોત શહાદતની છે, પણ ન તો એની દુઆ કરો ન કોશિશ, અને જ્યારે રબની તરફથી આવી જાય તો સબ્ર કરો.**

૫. એટલે કે અમ્નો આફિયતની દુઆ કરો, ન કે જંગની અને જો કાફિરો સાથે જંગ કરવો પડે તો પછી હિંમત તથા અડગતાથી કામ લો. સુબ્હાનલ્લાહ ! કેવી ઉમદા તાલીમ છે !

★ જન્નત તલ્વારોના સાયા હેઠળ છે ★

૬. તલ્વારથી મુરાદ જંગનું હથિયાર છે જેમાં તીર, બંદૂક, તોપ, અને ફાઈટર ફલાઈટ્સ, રોકેટ વગેરે સૌ સામેલ છે. કેમ કે એ જમાનામાં જેહાદનું સામાન્ય રીતે વપરાતુ હથિયાર તલ્વાર હતી એટલા માટે જ એનો ઉલ્લેખ કર્યો. તલ્વારના સાયાથી મુરાદ છે ઉગામેલી ખેંચેલી તલ્વાર, ચાહે આપણી તલ્વાર હોય જે કાફિરોનાં માથાંઓ પર પડી રહી હોય કે કાફિરોની તલ્વાર હોય જે તેઓ આપણા પર ઉઠાવી રહ્યા હોય. એટલે કે જન્નત જેહાદથી ઘણી જ નજીક છે, જાણે તલ્વારોના સાયામાં છે કે ગાઝી શહીદ થયો અને જન્નતમાં ગયો. યાદ રાખશો કે તમામ જન્નતી મુસલમાન ક્યામત બાદ જન્નતમાં જશે પણ શહીદની રૂહ શરીરથી નીકળતાં જ જન્નતમાં પહોંચી જાય છે.

૭. જાણવા મળ્યું કે જેહાદથી પહેલાં મદદની દુઆ કરવી સુન્નત છે અને બેહતર છે કે દુઆએ માશૂરા માગે, આ દુઆ હોય કે કોઈ અન્ય દુઆ જે હુઝૂર ﷺથી નક્લ થયેલ હોય અથવા અવલિયા હઝરાતથી.

★ ખૈબરની ફતહ ★

★ હદીષ : (૭)-૩૯૩૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَنَسٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا غَزَا بِنَا قَوْمًا لَمْ يَكُنْ يَغْزُو بِنَا حَتَّى يُصْبِحَ وَيَنْظُرَ إِلَيْهِمْ فَإِنْ سَمِعَ أَذَانًا كَفَّ عَنْهُمْ وَإِنْ لَمْ يَسْمَعْ أَذَانًا أَغَارَ عَلَيْهِمْ قَالَ: فَخَرَجْنَا إِلَى خَيْبَرَ فَانْتَهَيْنَا إِلَيْهِمْ لَيْلًا فَلَمَّا أَصْبَحَ وَلَمْ يسمَعْ أذاناً رِكبَ وركِبْتُ خلفَ أبي طلحةَ وَإِنَّ قَدَمِي لَتَمَسُّ قَدَمَ نَبِيِّ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: فَخَرَجُوا إِلَيْنَا بِمَكَاتِلِهِمْ ومساحيهم فَلَمَّا رأى النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالُوا: مُحَمَّدٌ واللَّهِ محمّدٌ والخميسُ فلَجؤوا إِلَى الْحِصْنِ فَلَمَّا رَآهُمْ

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ જ્યારે અમારી સાથે કોઈ ક્વૌમ પર જેહાદ કરતા તો હુમ્લો ન કરતા ત્યાં સુધી કે સવાર પામી લેતા અને તેમની તરફ વિચારણા કરતા.[૧] જો અઝાન સાંભળતા તો તેમનાથી રોકાય જતા અને જો અઝાન ન સાંભળતા તો તેમના પર હુમ્લો કરી દેતા.[૨] ફર્માવે છે કે અમે ખૈબરની તરફ ગયા તો અમે એમના સુધી રાતમાં પહોંચ્યા[૩] જ્યારે સવાર થઈ અને અઝાન ન સાંભળી તો આપ સવાર થયા અને હું અબૂ તલ્હાની પાછળ સવાર થયો કે મારા ક્દમ હુઝૂરના ક્દમથી નાના હતા[૪] ફર્માવે છે કે તે લોકો પોતાની ઝંબીલો અને કોદાળી, (ત્રીકમ) લઈને નીકળ્યા[૫] પછી જ્યારે તેમણે નબી કરીમ ﷺને જોયા તો બોલ્યા, મુહમ્મદ ! ખુદાની ક્સમ ! મુહમ્મદ અને લશ્કર ![૬] પછી તેમણે કિલ્લામાં

رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «اللَّهُ أَكْبَرُ اللَّهُ أَكْبَرُ خَرِبَتْ خَيْبَرُ إِنَّا إِذَا نَزَلْنَا بِسَاحَةِ قومٍ فساءَ صباحُ الْمُنْذَرِينَ»

પનાહ લઈ લીધી[૯] તો જ્યારે તેમને રસૂલુલ્લાહ ﷺ એ જોયા તો ફર્માવ્યું, અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર ! ખૈબર વિરાન થઈ ગયું[૯] જ્યારે અમે એક કૌમના મેદાનમાં ઉતર્યા તો ડરાવવામાં આવેલાઓની સવાર બુરી થઈ ગઈ.[૯] (બુખારી)[૧૦]

૧. એટલે કોઈ કૌમ પર રાતમાં હુમ્લો ન કરતા, કેમ કે હુઝૂરે અન્વર ﷺના પવિત્ર જમાનામાં જ અરબમાં ઈસ્લામ ફેલાય ચૂક્યો હતો. શક્ય હતું કે જ્યાં હુમ્લો કરવાનો છે ત્યાં મુસલમાનની આબાદી હોય એટલા માટે રોકાય જતા. આ અમલ શરીફ ઉમ્મતની તાલીમના માટે હતો, નહીં તો હુઝૂર ﷺ પોતાની ઉમ્મતથી ખબરદાર છે કે કોણ ક્યાં છે અને કઈ હાલતમાં છે, જેવું કે ઘણીવાર દર્શાવવામાં આવી ચૂક્યું છે.

૨. જાણવા મળ્યું કે અઝાન દીનની નિશાની છે, એની બરકતથી બલાઓ ટળી જાય છે. અને જો કોઈ જગાના મુસલમાન અઝાન છોડી આપે તો ઈસ્લામી સુલ્તાન એમના પર જેહાદ કરે. આ મસ્અલાનો માખઝ આ હદીષ પણ થઈ શકે છે. મુસલમાન અઝાન કાયમ કરે.

૩. અને પહોંચ્યા એ હાલતમાં કે ખૈબરવાળા અમારા આ આગમનથી તદ્દન અજાણ હતા. આ સફરમાં હુઝૂર ﷺએ મુસલમાન ગાઝીઓને ઊંચા અવાજે તકબીર કહેવાથી પણ રોકી દીધા હતા જેથી કોઈ રીતે ખૈબરવાળાઓને તેમના આગમનની ખબર ન પડે. મક્સદ એ હતો કે ખૂનરેઝી વગર ફતહ થઈ જાય.

૪. એ રીતે કે હું અને મારા સોતેલા વાલિદ (Step Father) અબૂ તલ્હા એક ઘોડા પર સવાર હતા અને હુઝૂરે અન્વર ﷺ એક ઘોડા પર, પણ એ બંને એ રીતે અડીને ચાલી રહ્યા હતા કે દરેક પગોને હુઝૂર ﷺની કદમબોસી નસીબ થઈ જતી હતી. એનો મતલબ એ નથી કે એક ઘોડા પર આ ત્રણેવ હઝરાત સવાર હતા. હઝરત અનસ અને અબૂ તલ્હા અને હુઝૂર ﷺ, જેવું કે અમુક શરહ કર્તાઓએ સમજ્યું છે.

૫. مكاتلએ مكتلનું બહુવચન છે. ઝંબીલ (ટોપલી) એટલી મોટી કે જેમાં પંદર સાઅ ચીજ આવી રહે. એક સાઅ સાડાચાર શેરનો. (અશિઅ્હ) مساحي બહુવચન છે مسحاةનું અર્થ પાવડો, કોદાળો, ત્રીકમ. એ سحوથી બન્યું અર્થ ખોલવું. કેમ કે કોદાળી (ત્રીકમ) થકી જમીનથી માટી હટાવીને જમીન ખોલવામાં આવે છે, એટલા માટે તેને مسحاة કહે છે. એટલે જમીન ખોલવાનુ ઓજાર. મક્સદ એ છે કે ખૈબરવાળા અમારા હુમ્લાથી એવા બેખબર હતા કે તેઓ સવારમાં ખેતીવાડી અને બાગબાનીનાં ઓજારો લઈને પોતાનાં ખેતરો તથા બાગોની તરફ નીકળ્યા. રસ્તામાં તેમણે અમને જોયા તો દંગ રહી ગયા.

★ બિસ્મિલ્લાહના ફાયદા ★

૬. એટલે મુહમ્મદ રસૂલુલ્લાહ (ﷺ) અને લશ્કર પહોંચી ગયા. આશ્ચર્યથી તેમણે એવું કહેવાનું શરૂ કરી આપ્યું. યાદ રાખશો કે લશ્કરને ખમીસ ક્યાં તો એટલા માટે કહે છે કે લશ્કરના પાંચ હિસ્સા હોય છે : (૧) મુક્દમા (૨) સાક્ા (૩) મૈમૂના (૪) મૈસરા (૫) ક્લ્બ. અથવા એટલા માટે કે ગનીમતના પાંચ હિસ્સા થઈને ખમ્સ એટલે પાંચમો હિસ્સો અલ્લાહ રસૂલનો રહેતો હતો, અને ચાર હિસ્સા ફોજના. ખમીસનો અર્થ છે ખમ્સ એટલે પાંચવાળી.

૭. ખૈબરમાં અત્યાર સુધી પાંચ બલ્કે સાત કિલ્લા હતા. એક કિલ્લો ઘણો જ મોટો. અહીં ક્યાં તો કિબ્લાની જિન્સ (જાતી) મુરાદ છે અથવા મોટો કિલ્લો. બીજો અર્થ અધિક મજબૂત છે. ફકીરે એ કિલ્લા જોયો છે ઘણો જ ઊંચો

અને ખૂબ જ મજબૂત છે, પહાડી જેવો જણાય છે. ખૂબ જ પહોળી દીવાલો છે અને આસપાસ ખાઈ છે જે આજ સુધી જોવામાં આવે છે.

૮. આ વાક્ય ખબર છે અથવા દુઆ. એટલે કાફિરોથી ખાલી થઈ ગયું અથવા ખાલી થઈ જાય. રબ તઆલાએ ફર્માન સાચુ કરી બતાવ્યું અથવા અત્યાર સુધી ત્યાં કાફિરો ન પહોંચી શક્યા છે.

૯. આ ફર્માને આલી આ આયતે કરીમાથી લીધેલ છે : فَإِذَا نَزَلَ بِسَاحَتِهِمْ فَسَآءَ صَبَاحُ الْمُنْذَرِيْنَ (પછી જ્યારે ઉતરશે તેમના આગણામાં તો ડરાવવામાં આવેલાઓની કેટલી બુરી સવાર હશે. –સૂરએ સાફ્ફાત, ૩૭/૧૭૭) એટલે અમારું એમના પર તૂટી પડવું એમના પર અઝાબે ઈલાહી છે કે અમારા આવતાં જ તેમની સવાર બગડી ગઈ એટલે એમનો હાલ ખરાબ થઈ ગયો. આનાથી જાણવા મળ્યું કે દુશ્મન હુમ્લા વખતે નારએ તકબીર સુન્નત છે અને કુર્આને કરીમથી અખ્ઝ કરવું (કાઢવું) સહીહ તૌર પર જાઈઝ છે, બલ્કે સુન્નતથી સાબિત છે.

૧૦. આ હદીષ તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહએ પણ રિવાયત કરી.

''હઝરત નોઅમાન ઈબ્ને મુક્રિનથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હું રસૂલુલ્લાહ ﷺ ની સાથે જેહાદમાં શરીક થયો[૨] જ્યારે હુઝૂર શરૂ દિવસમાં જંગ ન કરતા તો રાહ જોતા ત્યાં સુધી કે હવાઓ ચાલતી અને નમાઝનો સમય આવી જતો[૩]. '' (બુખારી)

★ હદીષ : (૭)-૩૯૩૨ ★

وَعَنِ النُّعْمَانِ بْنِ مُقَرِّنٍ قَالَ: شَهِدْتُ الْقِتَالَ مَعَ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَكَانَ إِذَا لَمْ يُقَاتِلْ أَوَّلَ النَّهَارِ انْتَظَرَ حَتَّى تَهُبَّ الْأَرْوَاحُ وتحضر الصَّلَاة. رَوَاهُ الْبُخَارِيّ

૧. આપ નોઅમાન ઈબ્ને અમ્ર ઈબ્ને મુક્રિન મુઝની છે. સુવૈદ ઈબ્ને મુક્રિનના ભાઈ છે. હઝરત સુવૈદ ફતહના દિવસે કબીલા મુઝનિય્યાના ઝંડાધારી હતા. આપે પોતાની સાથે ભાઈઓ અને ચારસો સાથીઓની સાથે હિજરત કરી હતી. પછી બસરામાં વસવાટ કર્યો. હઝરત ઉમર رضی اللہ عنہ ની તરફથી નેહાવંદના ગવર્નર હતા. ત્યાં જ હિ.સ. ૨૧માં મૃત્યુ પામ્યા. (رضی اللہ عنہ)

૨. જેહાદથી મુરાદ જેહાદની જિન્સ (થતી) છે એટલે ઘણા બધા જેહાદોમાં શરીક થયો છું.

૩. رواحએ ريحનું બહુવચન છે. કેમ કે ريح અસલમાં رواح હતું, વાવથી બદલાય ગયું હતું એટલા માટે બહુવચન ارواح આવ્યું. رياح પણ આવે છે. પણ ખૂબ ઓછુ. رياح અને ارواح ખૂબ વધારે આવે છે. બહુવચનનું બહુવચન ارايح અથવા ريايح છે. કેમ કે બપોરના વચ્ચેના સમયે કાફિરો સૂરજની પૂજા કરે છે એટલા માટે એ સમયે નમાઝ નથી અને હુઝૂર ﷺ એ સમયે જેહાદ પણ કરતા ન હતા. સૂરજ ઢળતાં સૂરજની પૂજા ખત્મ થઈ જાય છે, જેથી ઝોહરની નમાઝ પઢવા લાગે છે, નમાઝીઓ માટે દુઆઓ શરૂ થઈ જાય છે, બપોરની સખ્તી જતી રહે છે, કાંઈક અંશે ઠંડી હવા પણ ચાલવા લાગે છે, એટલા માટે હુઝૂર ﷺ એ વખતે જેહાદ કરતા હતા. *(મિર્કાત)*

(વિભાગ : ૨) الفصل الثانی

''હઝરત નોઅમાન ઈબ્ને મુક્રિનથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયો[૧] તો આપ જો શરૂ દિવસમાં જંગ ન કરતા તો રાહ જોતા

★ હદીષ : (૮)-૩૯૩૩ ★

عَنِ النُّعْمَانِ بن مقرن قَالَ: شَهِدْتُ مَعَ رَسُولِ اللّٰهِ صَلَّى

اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ فَكَانَ إِذَا لَمْ يُقَاتِلْ أَوَّلَ النَّهَارِ انْتَظَرَ حَتَّى تَزُولَ الشَّمْسُ وَتَهُبَّ الرِّيَاحُ ويترِلَ النَّصرُ. رَوَاهُ أَبُو دَاوُد

ત્યાં સુધી કે સૂરજ ઢળી જતો અને હવાઓ ચાલુ થઈ જતી અને નુસ્રત તથા ફતહ ઉતરતી[૨]." (અબૂ દાઉદ)

૧. ઘણા બધા જેહાદોમાં જેવું કે આગલા લખાણથી જાહેર છે.

૨. એ રીતે કે મુસલમાન ઝહોરની નમાઝ બાદ ગાઝીઓ માટે દુઆઓ મસ્જિદમાં કરતા રહેતા અને આ તરફ ગાઝી લાકો મેદાનમાં જેહાદ કરતા, જાણે કે જેહાદ મુસલમાનોની દુઆઓના સાયામાં થતા હતા.

★ જેહાદ કરવાના સમયો ★

★ હદીષ : (૯)-૩૯૩૪ ★

وَعَن قتادةَ عَنِ النُّعْمَانِ بْنِ مُقَرِّنٍ قَالَ: غَزَوْتُ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَكَانَ إِذَا طَلَعَ الْفَجْرُ أَمْسَكَ حَتَّى تَطْلُعَ الشَّمْسُ فَإِذَا طَلَعَتْ قَاتَلَ فَإِذَا انْتَصَفَ النَّهَارُ أَمْسَكَ حَتَّى تَزُولَ الشَّمْسُ فَإِذَا زَالَتِ الشَّمْسُ قَاتَلَ حَتَّى الْعَصْرِ ثُمَّ أَمْسَكَ حَتَّى يُصَلِّى الْعَصْرُ ثُمَّ يُقَاتِلُ قَالَ قَتَادَةُ: كَانَ يُقَالُ: عِنْدَ ذَلِكَ تُهِيجُ رِيَاحُ النَّصْرِ وَيَدْعُو الْمُؤْمِنُونَ لِجُيُوشِهِمْ فِي صَلَاتِهِمْ. رَوَاهُ التِّرْمِذِيّ

''હઝરત કતાદા رضی اللہ عنہ થી રિવાયત છે. તે નોઅમાન ઈબ્ને મુકર્રિનથી રાવી. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺ ની સાથે જેહાદ કર્યો તો ફજર તુલૂઅ થતી તો આપ રોકાય જતા ત્યાં સુધી સૂરજ તુલૂઅ થઈ જતો[૧] પછી જ્યારે સૂરજ તુલૂઅ થતો તો જંગ કરતા. પછી જ્યારે અડધો દિવસ (બપોર) થઈ જતો તો રોકાય જતા[૨] ત્યાં સુધી કે સૂરજ ઢળી જતો તો જેહાદ કરતા અસર સુધી, પછી રોકાય જતા ત્યાં સુધી કે અસર પઢી લેતા પછી જેહાદ કરતા. કતાદા કહે છે કે કહેવામાં આવે છે[૩] કે તે વખતે ફતહ તથા નુસ્રતની હવાઓ ચાલે છે અને મુસલમાન પોતાની નમાઝોમાં પોતાના લશ્કરો માટે દુઆઓ કરે છે[૪]." (તિર્મિઝી)

૧. સૂર્ય નીકળતા સુધીનો ઈન્તેઝાર એટલા માટે થતો કે ફજરની નમાઝથી ઈત્મિનાન સાથે ફરાગત થઈ જાય અને નમાઝ બાદ વિર્દ વઝીફા અને પછી ચાશ્તથી ફારિગ થઈ જતા હતા. હમેશાં જ નમાઝ તથા ઝિક્રુલ્લાહની પાબંદી હોવી જોઈએ, પણ જેહાદમાં ખૂબ જ અધિક જોઈએ. અડગતા અને ઝિક્રુલ્લાહ આ બે એવાં હથિયાર છે જે કાફિરો પાસે નથી. રબ તઆલા ફર્માવે છે : إِذَا لَقِيتُمْ فِئَةً فَاثْبُتُوا وَاذْكُرُوا اللَّهَ كَثِيرًا (જ્યારે કોઈ ફોજથી તમારો મુકાબલો થાય તો અડગ રહો અને અલ્લાહની ખૂબ યાદ કરો. સૂરએ અન્ફાલ, ૮/૪૫)

૨. અહીં અડધા દિવસથી મુરાદ શરઈ દિવસનું અડધું છે, જેને ઝહવએ કુબરા (મધ્યાન્હ) કહે છે. એ વખતથી સૂરજ ઢળતા સુધી ખાસો ગાળો મળી જાય છે જેમાં ગાઝી આરામ કરીને ફ્રેશ થઈ જાય છે. કેમ કે ખગોળશાસ્ત્રીઓ કહે છે કે દિવસના અડધા અને સૂરજ ઢળવામાં સમયગાળો બહુ થોડો હોય છે.

૩. એટલે કે આમ સહાબા અને આમ મુસલમાનોમાં આ વાત મશહૂર થવું હુઝૂર ﷺના ફર્માને આલીના કારણે છે. અજમાવાયેલુ છે કે જે વાત મશહૂર હોય તેની અસલ (દલીલ) જરૂર હોય છે.

★ નમાઝીઓનું મુજાહિદો માટે દુઆ કરવું નબીઓની સુન્નત ★

૪. ફજર બાદ ઝોહર બાદ તો સામાન્યતઃ દુઆઓ થાય છે, પણ અસર બાદમાં એ વિશિષ્ટતા છે કે ઘણા બધા

અંબિયાએ કિરામે એ વખતે જેહાદમાં ફતહ પામી છે, જેમ કે બુખારી શરીફમાં છે કે એક નબી જેહાદ કરી રહ્યા હતા. શહેર ફતહની નજીક હતું એવામાં સૂરજ ડૂબવા લાગ્યો, તો આપે ફર્માવ્યું કે હે સૂરજ તું પણ નિયુક્ત છે અને હું પણ નિયુક્ત છું. ખુદાયા ! એને રોકી દે ! જેથી સૂરજ રોકી દેવામાં આવ્યો. જ્યારે તેમણે શહેર ફતહ કર્યું ત્યારે સૂરજ ડૂબ્યો. *(મિર્કાત)*

''હઝરત અસામ મુઝનીથી રિવાયત છે. ફર્માવે છે કે અમને રસૂલુલ્લાહ ﷺએ એક લશ્કરમાં મોકલ્યા તો ફર્માવ્યું, જ્યારે તમે મસ્જિદ જુઓ કે મોઅઝ્ઝિનને સાંભળો તો કોઈને કત્લ ન કરો[૧] .'' (તિર્મિઝી, અબૂ દાઉદ)

★ હદીષ : (૧૦)-૩૯૩૫ ★

وَعَن عصامٍ المزنيِّ قَالَ بَعَثَنَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي سَرِيَّةٍ فَقَالَ: «إِذَا رَأَيْتُمْ مَسْجِدًا أَوْ سَمِعْتُمْ مُؤَذِّنًا فَلَا تَقْتُلُوا أَحَدًا» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد

★ જેહાદ તથા જંગમાં મુસ્લિમ તથા કાફિરનો ભેદ જરૂરી ★

૧. એટલે કે જ્યારે તમે કોઈ વસ્તીમાં કૌલી કે ફેઅલી (વાણી કે વર્તનવાળી) ઈસ્લામી નિશાની જુઓ તો અંધાધુંધ રીતે ત્યાં લડાઈ ન કરો બલ્કે મુસલમાન તથા કાફિરની છટણી કરીને કોશિશ કરો કે કેવળ કાફિરો તમારા તલવારથી માર્યા જાય અને મુસલમાન એના હેઠળ ન આવે. (મિર્કાત) જેથી હદીષ સ્પષ્ટ છે. એનો મતલબ એ નથી કે જો હર્બી કાફિરોના મુલ્કમાં કોઈ મસ્જિદ હોય તો તેમના પર જેહાદ જ ન થાય. હુઝૂર ﷺએ મક્કા મોઅઝ્ઝમામાં હુમ્લો કર્યો ત્યાં જંગ પણ થઈ, જ્યારે કે ત્યાં તો કા'બા શરીફ મૌજૂદ હતો. જેથી احد કોઈ મુસલમાન મુરાદ છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હઝરત ખાલિદ رضی اللہ عنہ નો પત્ર રૂસ્તમ તથા મિહરાનના નામે ★

''હઝરત અબૂ વાઈલ رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હઝરત ખાલિદ ઈબ્ને વલીદે[૨] ફારસવાળાઓને લખ્યું[૩] અલ્લાહ મહેરબાન રહમવાળા રબના નામથી હું શરૂ કરું છું, આ પત્ર છે ખાલિદ ઈબ્ને વલીદની તરફથી રૂસ્તમ અને મહેરાનની તરફ જે ફારસની જમાઅત છે[૪]. એના પર સલામ થાય જે હિદાયતનું અનુસરણ કરે. એના બાદ અમે તમને ઈસ્લામની તરફ દા'વત આપીએ છીએ, પરંતુ જો તમે ન માનો તો જિઝિયા પોતાના હાથથી આપો, જ્યારે કે તમે ઝલીલ છો[૫]. પછી તમે ન માનો તો મારી સાથે એવી કૌમ છે જે અલ્લાહની રાહમાં કત્લ થઈ જવાને એવું પસંદ કરે છે જેવી રીતે ફારસના લોકો દારૂને પસંદ કરે છે[૬] અને સલામ થાય તેના પર જે હિદાયતની પયરવી કરે[૭].'' (શરહે સુન્નહ)

★ હદીષ : (૧૧)-૩૯૩૬ ★

عَن أَبِي وائلٍ قَالَ: كَتَبَ خَالِدُ بْنُ الْوَلِيدِ إِلَى أَهْلِ فَارِسَ: بِسْمِ اللَّهِ الرَّحْمَنِ الرَّحِيمِ مِنْ خَالِدِ بْنِ الْوَلِيدِ إِلَى رُسْتَمَ وَمِهْرَانَ فِي مَلَأِ فَارِسَ. سَلَامٌ عَلَى مَنِ اتَّبَعَ الْهُدَى. أَمَّا بَعْدُ فَإِنَّا نَدْعُوكُمْ إِلَى الْإِسْلَامِ فَإِنْ أَبَيْتُمْ فَأَعْطُوا الْجِزْيَةَ عَنْ يَدٍ وَأَنْتُمْ صَاغِرُونَ فَإِنْ أَبَيْتُمْ فَإِنَّ مَعِيَ قَوْمًا يُحِبُّونَ الْقَتْلَ فِي سَبِيلِ اللَّهِ كَمَا يُحِبُّ فَارِسُ الْخَمْرَ وَالسَّلَامُ عَلَى مَنِ اتَّبَعَ الْهُدَى. رَوَاهُ فِي شَرْحِ السّنة

૧. આપનું નામ શફીક ઈબ્ને અબી સલમા છે. અસદી કૂફી છે. હુઝૂર ﷺનો જમાનો પામ્યો પણ મુલાકાત

ન કરી શક્યા. હુઝૂર ﷺની બઅષતના સમયે દસ વરસના હતા. જલીલુલ કદર સહાબાથી મુલાકાત છે જેમાં હઝરત ઉમર અને હઝરત ઈબ્ને મસ્ઊદ પણ છે અને હઝરત ઈબ્ને મસ્ઊદના ખાસ સાથીઓમાંથી છે. હજ્જાજ ઈબ્ને યૂસુફના જમાનામાં વફાત પામ્યા. ઘણા જ ષિક્હ બુઝુર્ગ છે. આપનાથી ઘણી હદીષો મરવી છે.

★ હઝરત ખાલિદે ઝહેર ખાધુ પણ અસર ન થઈ ! ★

૨. આપ મશહૂર સહાબી છે. ક્હર્શી મખ્ઝૂમી છે. જાહિલિયતના જમાનામાં કુરૈશના સરદાર હતા. આપનાં JFF, NF,]AFAF;]JZFK[PCh ZT pdD] DMDGLGD[DJGRGFA C[GPI CP; PZ! DFJ OFT 5 FdI FP**હુઝૂર ﷺએ આપને સૈફુલ્લાહનો લક્બ આપ્યો. એકવાર ઝહેર હથેળી પર રાખીને ખાય લીધું પણ કોઈ અસર ન થઈ. એકવાર કોઈ શખ્સ શરાબથી ભરેલી મશક લઈને જઈ રહ્યો હતો, તો ફર્માવ્યું, ઈલાહી ! એને મધ બનાવી દે ! તો તે મધ બની ગઈ !** (મિર્કાત) આપનું મઝારે પુર અન્વાર દમિશ્ક તથા હલબની વચ્ચે હમ્સ શહેરમાં છે .આ ગુનેહગાર મઝારની નજીક સુધી પહોંચ્યો છે.

૩. લગભગ આ પત્ર ફારૂકી ખિલાફતમાં રવાના કર્યો જ્યારે કે ઈરાન પર મુસલમાનોનો હુમ્લો થવાનો હતો. યાદ રાખશો કે મુલ્કે ફારસ ફારૂકી યુગમાં ફતહ થયો.

૪. ملال જમાઅતને પણ કહે છે. કેમ કે એ જગાને ભરી દે છે અને સરદારોને પણ. કેમ કે અટકેલી ઘાકથી લોકોનાં દિલ ભરાયેલાં હોય છે. خلاء નો અર્થ છે ભરવું. ખલા (ખાલી જગા)નું વિરુદ્ધાર્થી. અહીં બંને અર્થો બની શકે છે. જમાઅત અને સરદારો. એટલે કે આ પત્ર એ જમાઅત અથવા એ સરદારોની તરફ છે જેમનામાં રૂસ્તમ અને મિહરાન સામેલ છે. એનાથી જાણવા મળ્યું કે દા'વતે ઈસ્લામ કેવળ બાદશાહને પણ આપવામાં આવે અને કાફિરોના સરદારોને પણ અને આમ લોકોને પણ. કેમ કે રૂસ્તમ અને મિહરાન ફારસના બાદશાહ ન હતા પણ ક્વૌમના સરદાર હતા.

૫. એટલે કે બેહતર તો એ છે કે તમે મુસલમાન બનીને બંને જહાનની ઈજ્જત તથા અઝમત હાંસલ કરી લો, નહીં તો તમારે જિઝિયો આપવાની ઝિલ્લત અપનાવવી પડશે. જિઝિયો આપવો ખુદ એક ઝિલ્લત (બેઈજ્જતી) છે. આ ઈબારત (લખાણ) કુર્આન શરીફની આ આયતથી માખૂઝ છે : حَتّٰى يُعْطُوا الْجِزْيَةَ عَنْ يَّدٍ وَّ هُمْ صٰغِرُوْنَ (જ્યાં સુધી પોતાના હાથથી જિઝિયા ન આપે ઝલીલ થઈને. સૂરએ તૌબા, ૯/૨૯) એટલા માટે ફક્રીહો ફર્માવે છે કે ઝિમ્મી કાફિરો ચાહે કેટલાય મોટા અમીર હોય પણ પોતાનો જિઝિયો (ટેક્ષ) ઈસ્લામી હાકિમના સામે ખુદ લઈને હાજર થાય, પોતાના નોકર વગેરેના હાથે નથી મોકલી શકતા. કેમ કે આયતે કરીમામાં عن يد ઈર્શાદ થયું છે.

૬. એટલે કે જો તમે જિઝિયો પણ કબૂલ નથી કરતા અને અમારી પ્રજા પણ નથી બનતા તો પછી અમારી તમારી જંગ છે, પણ આ જંગનો અંજામ વિચારી લો. તમને શરાબના ટેમ્પરરી નશાથી પ્રેમ છે અમારા મુજાહિદોને ઈશ્ક્રે ઈલાહીના કાયમી નશાથી મહોબ્બત છે, તમે શરાબ પીને લડો છો, અમે ઈશ્ક્રે ઈલાહીના નશામાં ચૂર થઈને કેવળ રબના માટે લડીએ છીએ. ટેમ્પરરી ચીજ અસલના મુક્બલામાં થોભી નથી શકતી.

૭. એનાથી જાણવા મળ્યું કે મુસલમાન કોઈનાથી બેખબરીમાં નથી લડતા બલ્કે પહેલાં તેને ખબરદાર કરે પછી હથિયાર ઉઠાવે છે. આ હુકમ બેખબર કાફિરો માટે છે જેમને હજી ઈસ્લામની દા'વત ન પહોંચી હોય બલ્કે બાખબર કાફિરોના ઈમાનની ઉમ્મીદ હોય તો તેમને ખબર આપી દેવી મુસ્તહબ છે. ફારસીઓને હુઝૂર ﷺ પણ દા'વત દઈ ચૂક્યા હતા. હવે એ દા'વત આપવું મુસ્તહબ હતું. એ પણ જાણવા મળ્યું કે મો'મિનની જંગ મુલ્ક કબજે કરવા કે માલ હાંસલ કરવા માટે નથી હોતી પણ કેવળ રઝાએ ઈલાહી માટે અને ઈસ્લામની તબ્લીગના માટે હોય છે. એ પણ જાણવા મળ્યું કે કાફિરોને અસ્સલામુ અલૈકુમ ન કહેવામાં આવે તેમને તે સલામ કહેવામાં આવે જે અહીં વર્ણન થયેલ છે. કુર્આને કરીમમાં પણ એનું વર્ણન છે.

باب القتال فی الجهاد
બાબુલ કિતાલિ ફીલ્જિહાદ
(જેહાદમાં જંગ વિશે[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. જેહાદ, કિતાલ, ગઝવહ ત્રણેવ શબ્દો લગભગ સરખા છે. جهاد (જેહાદ) એ جهد થી બન્યું મશક્ક़ત મહેનત અને કેવળ શક્તિ. غزوة બન્યું غزوٌ થી અર્થ બહાર નીકળવું, અને જંગના માટે નીકળવું. क़िતાલ અર્થ એક બીજાને क़त्ल કરવું. આ પ્રકરણમાં અલ્લાહની રાહમાં કાફિરો સાથે લડવાના ફઝાઈલ અને ગાઝીના સવાબની હદીષો વર્ણન પામશે.

★ જન્નતના શોખમાં ખજૂરો ફેંકી દીધી ! ★

''હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક શખ્સે નબી કરીમ ﷺ થી ઓહદના દિવસે અર્ઝ કરી, ફર્માવો કે જો હું क़त्ल કરી દેવામાં આવું તો હું ક્યાં હોઈશ ? ફર્માવ્યું, જન્નતમાં[૧]. તેણે પોતાના હાથમાંથી ખજૂરો ફેંકી દીધી[૨] પછી જંગ કરી ત્યાં સુધી કે क़त्ल કરી દેવામાં આવ્યો[૩].'' (મુસ્લિમ)

★ હદીષ : (૧)-૩૯૩૭ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَن جَابر قَالَ: قَالَ رَجُلٌ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ أُحُدٍ: أَرَأَيْتَ إِنْ قُتِلْتُ فَأَيْنَ أَنَا؟ قَالَ: «فِي الْجَنَّة» فَأَلْقى تَمَرَات فِي يَده ثمَّ قَاتل حَتَّى قتل

૧. એટલે કે જન્નતમાં એ આ'લા મક़ામમાં જે શહીદો માટે છે. જાણવા મળ્યું કે એ બુઝુર્ગનો ખાત્મો બિલખૈર થવાનો હતો અને તમામ ગુનાહોની માફી એના નસીબમાં હતી. શહાદત તેનું મુક़દ્દર બની ચૂકી હતી એટલા માટે આ જવાબ અતા થયો. અર્થ એ છે કે તું શહીદ થતાં જ જન્નતમાં પહોંચીશ.

૨. એટલે કે તે સાઈલ ખજૂરો ખાય રહ્યો હતો અને આ સવાલ કરી રહ્યો હતો. જવાબે આલી સાંભળતાં જ શહાદત તથા જન્નતના શોખમાં ખજૂરો ફેંકી દીધી કે તેને હવે થોડી જિંદગી પણ બોજ જણાવા લાગી.

૩. અમુક શરહકર્તાઓનો ખયાલ છે કે આ સાહબ હઝરત ઉમૈર ઈબ્ને હુમામ છે પણ એ દુરુસ્ત નથી કેમ કે હઝરત ઉમૈર તો ગઝવએ બદરમાં શહીદ થઈ ગયા અને બનાવ ગઝવએ ઓહદનો છે.

''હઝરત કઅબ ઈબ્ને માલિકથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ઈરાદો કરતા ન હતા કોઈ જેહાદનો પણ આપ તેની બીજી તરફના તૌરિયા કરતા હતા[૧] ત્યાં સુધી કે એ જેહાદ એટલે ગઝવએ તબૂક થયો જે હુઝૂર ﷺ એ સખત ગરમીમાં જેહાદ કર્યો અને દૂર દરાઝ સફરની વાટ પકડી અને મોટા જંગલ અને ઘણા દુશ્મનો પ્રતિ વાટ પકડી[૨] જેથી મુસલમાનોના માટે એમનો મામલો ખોલી આપ્યો જેથી

★ હદીષ : (૨)-૩૯૩૮ ★

وَعَن كَعْب بن مالكٍ قَالَ: لَمْ يَكُنْ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُرِيدُ غَزْوَةً إِلَّا وَرَّى بِغَيْرِهَا حَتَّى كَانَتْ تِلْكَ الْغَزْوَةُ يَعْنِي غَزْوَةَ تَبُوكَ غَزَاهَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي حَرٍّ شَدِيدٍ وَاسْتَقْبَلَ سَفَرًا بَعِيدًا وَمَفَازًا وَعَدُوًّا كَثِيرًا فَجَلَّى لِلْمُسْلِمِينَ

أَمَرَهُمْ لِيَتَأَهَّبُوا أُهْبَةَ غَزْوِهِمْ فَأَخْبَرَهُمْ بِوَجْهِهِ الَّذِي يُرِيدُ. رَوَاهُ الْبُخَارِيُّ

તેઓ પોતાના જેહાદની તૈયારી કરી લે. જેમ કે આપે એ સૌને એ તરફની ખબર આપી દીધી જે તરફનો . ZFNMCTM. " (બુખારી)

૧. આપ અન્સારી ખઝરજી છે. ઉકબા ષાનિયાની બયઅતમાં શરીક હતા. ગઝવએ તબૂક સિવાય સર્વ ગઝવાતમાં શરીક રહ્યા. હુઝૂરના નઅતગો શાયરોમાંથી એક છે. આપ તે ત્રણ સહાબીઓમાંથી છે જેમનો ગઝવએ તબૂકના મોકા પર બોયકોટ કરવામાં આવ્યો અને પછી અર્શે આ'ઝમથી જેમની તૌબાની क़બૂલિયતનું સૂરએ તૌબામાં એલાન થયું. આખરી ઉમર શરીફમાં નાબીના થઈ ગયા હતા. ૭૭ વરસની ઉમર પામ્યા. હિ.સ. ૫૦માં વફાત થઈ.

૨. એટલે કે નિશાનીઓ પરથી જાહેર કરતા હતા કે આ બાજુ હુમ્લો કરવાનો છે. જેમ કે એ બાજુના હાલાત પૂછવા, એ તરફના ગામ શહેરનાં નામ પૂછવા કે જેથી કોઈ જો જાસૂસી કરે તો એ તરફવાળાઓને જંગની ખબર આપે અને જે તરફ હુમ્લો કરવો છે એ તરફના લોકો બેખબર રહે અને બેખબરીમાં તેમના પર હુમ્લો થઈ જાય કે જેથી જલ્દી ફતહ થઈ જાય અને ખૂનરેજી ઓછમાં ઓછી ઉભી થાય. એનો અર્થ એ છે કે આપ એ તરફની ખબર આપતા ન હતા કે એ જૂઠ છે. આ તરીકો આપણી જંગી તદબીર હતી. આજે એના પર અમલ થવો જોઈએ. (શેઅર)

سکندر کہ باشرقیاں حرب داشت در خیمہ گویند در غرب داشت

અર્થાત : કહેવામાં આવે છે કે સિકંદરે પૂવવાળાઓ સાથે જંગ કરી તો તેણે પોતાના તંબુનો દરવાજો પશ્ચિમ બાજુ રાખ્યો હતો.

દુશ્મનને પોતાના ઈરાદાથી ખબરદાર ન થવા દેવો અને અચાનક હુમ્લો કરવો ઘણુ જ લાભદાય થાય છે.

૩. તબૂક મદીના મુનવ્વરાથી ૧૪ મંઝિલો પર આવેલું છે. ઉર્દુનની નજીકમાં હવે ખૈબરથી જે હવાઈ જહાજ (પ્લેન) ઓમાન જાય છે તે તબૂકથી ગુજરે છે. ફક़ીરે એ હવાઈ જહાઝથી સફર કરી છે. અશિઅ़હમાં ફર્માવ્યું કે એ હુઝૂર ﷺનો અંતિમ ગઝવા છે.

૪. એટલે કે ગઝવએ તબૂકમાં પોતાનો ઈરાદો જાહેર કરી દેવું ગાઝીઓની તૈયારીના માટે હતું કે ગાઝી લાંબા સફરનો સામાન કરી લે એ જમાનામાં ગઝવાનો અધિક સામાન ખુદ ગાઝી પોતાના ખર્ચે કરતા હતા, હવે સર્વ તૈયારી ગવર્નમેન્ટ કરે છે એટલા માટે ફોજને છેલ્લા સમય સુધી ખબર નથી હોતી કે આપણે ક્યાં જઈ રહ્યા છીએ. કેવળ કમાન્ડર અથવા કર્નલ વગેરેને ખબર હોય છે. આ ગઝવાનું વર્ણન કુર્આને કરીમમાં ઘણુ વધારે છે.

★ જંગમાં ધોકો છે ★

★ હદીષ : (3)-૩૯૩૯ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «الْحَرْبُ خدعة»

"હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે લડાઈ ધોકો છે[૧]. " (મુસ્લિમ, બુખારી)

૧. خدعه ખેના ઝબરથી અથવા પેશથી, ઝેરથી પણ આવે છે, પણ ઓછુ, એટલે જંગની જાન દુશ્મનને ધોકામાં રાખવું છે કે તેને આપણા અસલી ઈરાદા અને અસલી હાલની ખબર ન થવા પામે. પોતાની થોડી સરખી જમાઅતને ઘણી બધી જાહેર કરવામાં આવે અને થોડા સામાનને અગણિત દેખાડવામાં આવે. આ જંગી કમાલ અને મુજાહિદની ચાલ છે. કોઈ મેદાનને ખાલી છોડી દેવું કે દુશ્મન તેને ખાલી જાણીને પોતાની ફોજ લઈ આવે, પછી

જમણે ડાબે પાછળથી નીકળીને એની ફોજને ઘેરી લેવી જેનાથી આખી ફોજ હથિયાર રાખી દે. આ છે ધોકો ! પણ આ ધોકાથી મુરાદ જૂઠ તથા નાજાઈઝ પ્રપંચ નથી. આજે પણ જંગોમાં આવી ચાલ ખૂબ ચાલવામાં આવે છે. મિર્ક़ાતે ફર્માવ્યું કે આ હદીષ લગભગ મુતવાતિર છે કે એને અહમદ, અબૂ દાઉદ, તિર્મિઝી અને મુસ્લિમ, બુખારી, ઈબ્ને માજહ, બઝ્ઝાર, તિબ્રાની ઈબ્ને અસાકિર અને જામેએ સગીરમાં ઘણા બધા સહાબાએ નક़્લ કરી.

★ હદીષ : (૪)-૩૯૪૦ ★

وَعَنْ أَنَسٍ قَالَ: كَانَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ يَغْزُو بِأُمِّ سُلَيْمٍ وَنِسْوَةٍ مِنَ الْأَنْصَارِ مَعَهُ إِذَا غَزَا يَسْقِينَ الْمَاءَ وَيُدَاوِينَ الْجَرْحَى. رَوَاهُ مُسلم

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ ઉમ્મે સુલૈમ[૧] અને કેટલીક અન્સારી બીબીઓને લઈને જેહાદ કરતા હતા. જ્યારે જેહાદ કરતા હતા તો એ બીબીઓ પાણી પીવડાવતી હતી, ઝખ્મોને દવા દારૂ કરતી હતી[૨].'' (મુસ્લિમ)

૧. આપ ઉમ્મે સુલૈમ બિન્તે મલ્હાન છે, મીમના ઝેરથી આપના નામમાં મતભેદ છે. પહેલાં માલિક ઈબ્ને નઝરના નિકાહમાં હતાં. તેમનાથી જ હઝરત અનસ પેદા થયા. માલિકના ક़્લ થઈ ગયા બાદ વિધવા થઈ ગયાં અને મુસલમાન થઈ ગયાં. અબૂ તલ્હાએ આપને તેમનાથી નિકાહ કરી લેવાનો પયગામ મોકલ્યો. આપ બોલ્યા કે હું મુસલમાન છું, તમે મુશ્રિક છો તો નિકાહ કેવા ? જો તમે મુસલમાન થઈ જાવ તો હું તમારાથી મહેર પણ નથી માગતી. તમારો ઈસ્લામ જ મારી મહેર થશે અને હું તમારાથી નિકાહ કરી લઈશ. હઝરત અબૂ તલ્હાના મુસલમાન થઈ જવા પર આપ તેમના નિકાહમાં આવ્યાં. ઘણી જલીલુશ્શાન સહાબિયા છે. આપનું નામ રમામા અથવા મુલૈકા અથવા ગમીસા અથવા રમીસા છે.

૨. એટલે ઝખ્મી મુજાહિદોને પાણી પીવડાવવું અને દવાદારૂ કરવું, તેમની રોટી વગેરે પકાવવું એ સ્ત્રીઓનું કામ હતું અથવા તો પોતાના પતિઓની ખિદમતો કરતી હતી. અથવા પોતાના અન્ય મેહરમ સગાઓની અને જો અજનબી ગાઝીઓની ખિદમત કરતી હતી તો પર્દામાં રહીને તેમના શરીરોને હાથ લગાડયા વિના કરતી હતી. ફત્હુલ ક़દીરમાં ફર્માવ્યું કે જો સ્ત્રીઓને જેહાદમાં લઈ જવાની જરૂરત પડે તો વૃદ્ધ સ્ત્રીઓને લઈ જવામાં આવે, જો જવાન સ્ત્રીઓની જરૂરત ઉભી થાય તો લોંડીઓને લઈ જવામાં આવે, પણ તેમની પાસે જંગ કરાવવામાં ન આવે કે એમાં મુસલમાનોની ઝિલ્લત છે. હા ! જો સખત જરૂરત પડી જાય તો જંગ પણ કરી શકે છે, જેમ કે ગઝવએ હુનૈનમાં ખુદ ઉમ્મે સુલૈમે જંગ કરી હતી. (મિર્કાત) જરૂરિયાતનો હુકમ અલગ છે. સારાંશ કે સ્ત્રીઓએ જેહાદમાં જવું, તેમનાથી જંગ કરાવવું એ સખત જરૂરતના સમયે છે.

★ સ્ત્રીઓ જેહાદમાં ઝખ્મોની દવા કરી શકે છે ★

★ હદીષ : (૫)-૩૯૪૧ ★

(مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَن أُمِّ عطيَّةَ قَالَتْ: غَزَوْتُ مَعَ رَسُولِ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ سَبْعَ غَزَوَاتٍ أَخْلُفُهُمْ فِي رِحَالِهِمْ فَأَصْنَعُ لَهُمُ الطَّعَامَ وَأُدَاوِي الْجَرْحَى وَأَقُومُ عَلَى المرضى. رَوَاهُ مُسلم

''હઝરત ઉમ્મે અતિય્યાથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺની સાથે સાત જેહાદ કર્યા. હું ગાઝીઓની મંઝિલોમાં તેમની પાછળ રહેતી હતી. તેમનું ખાવા પકાવતી હતી, ઝખ્મોને દવા દારૂ કરતી હતી[૨] અને બીમારોની વ્યવસ્થા કરતી હતી[૩].'' (મુસ્લિમ)

૧. આપનું નામ નસીબા બિન્તે કઅબ છે. અન્સારિયા છે. હુઝૂર ﷺની સાથે ગઝવાતમાં આપ ખૂબ જ અધિક ગયાં છે.

૨. જાણવા મળ્યું કે આપ જંગ કરતાં ન હતાં બલ્કે ગાઝીઓની આ ખિદમતો અંજામ આપતાં હતાં. આ વિગતથી જે હમણા વર્ણન થઈ કે ખાવા આમ ગાઝીઓ માટે પકાવતાં હતાં પણ દવા મલમપટ્ટી પોતાના મેહરમ સગાઓની કરતાં હતાં અથવા આમ ગાઝીઓની પણ પર્દાની સાથે, તેમને હાથ લગાડયા વિના. સારાંશ કે આ હદીષોને આજના જમાનાની બેપર્દગી આવારગી અને સ્ત્રીઓની આઝાદી પર દલીલ નથી બનાવી શકતા.

૩. આ સ્ત્રીઓનું જેહાદોમાં જવું સખત જરૂરતના સમયે હતું, જેથી આ હદીષ આ આયતના વિરુદ્ધ નથી : وَقَرْنَ فِيْ بُيُوْتِكُنَّ (અને પોતાનાં ઘરોમાં રોકાયેલી રહો. –સૂરએ અહઝાબ, ૩૩/૩૩) હે નબીની બીવીઓ ! પોતાનાં ઘરોમાં રહો.

★ જંગમાં સ્ત્રીઓ, બાળકો વિશે હુકમો ★

"હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ સ્ત્રીઓ તથા બાળકોના ક़त्लથી મના ફર્માવ્યું[૧]."
(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૬)-૩૯૪૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عُمَرَ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ قَتْلِ النِّسَاءِ وَالصِّبْيَانِ

૧. આ છે મુસલમાનનો જેહાદ ! હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ એ જ્યારે યઝીદ ઈબ્ને અબૂ સુફ્યાનને શામના જેહાદ પર મોકલ્યા તો ફર્માવ્યું કે કાફિરો, બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધો, પાદરીઓ (જોગીઓ) વગેરેને ક़त्ल ન કરશો. કેવળ તેને જ ક़त्ल કરજો જે તમારી સાથે લડવા માટે મુકાબલામાં આવે. (મિર્ક़ાત) પણ યાદ રાખશો જો રાહિબ, જોગી, અથવા વૃદ્ધ કે સ્ત્રીઓ કાફિરોને જંગમાં મદદ કરી રહેલ હોય તો તેમને ક़त्ल કરવામાં આવશે કે હવે એ મુક़ાબલામાં છે. એની તેહક़ીક़ના માટે ફિક़્હની કિતાબોનો અભ્યાસ કરવો જોઈએ. હવે તો લડાઈઓમાં પ્રથમ નિર્દોષ સ્ત્રીઓ બાળકો જ બોમ્બમારાથી મૃત્યુ પામે છે. પહેલાં જંગ કેવળ જંગના મેદાનમાં થતી હતી હવે દરેક વસ્તી દરેક ઘરમાં થાય છે.

★ જંગમાં સ્ત્રીઓ બાળકોના ક़त्ल વિશે હુકમો ★

"હઝરત સઆબ ઈબ્ને જિષ્ષામાથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ થી મુશ્રિકોના ઘરવાળાઓ બાબતે પૂછવામાં આવ્યું કે જેમના પર છાપો મારવામાં આવે તો તેમની સ્ત્રીઓ તથા બાળકો પણ ક़त्ल થઈ જાય. ફર્માવ્યું, એ સૌ એમનામાંથી જ છે. અને એક રિવાયતમાં છે કે તે પોતાના બાપોથી છે[૨]." (મુસ્લિમ)

★ હદીષ : (૭)-૩૯૪૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ الصَّعْبِ بْنِ جَثَّامَةَ قَالَ: سُئِلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ أَهْلِ الدَّارِ يُبَيَّتُونَ مِنَ الْمُشْرِكِينَ فَيُصَابَ مِنْ نِسَائِهِمْ وَذَرَارِيِّهِمْ قَالَ: «هُمْ مِنْهُمْ» . وَفِي رِوَايَةٍ: «هُمْ مِنْ آبَائِهِمْ»

૧. આપ લૈષી છે. દવાન તથા અબ્વામાં રહેતા હતા. અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ ના જમાનામાં વફાત પામ્યા.

૨. એટલે કે છાપો મારવો, રાતના અંધકારમાં કાફિરો પર હુમ્લો કરી દેવો જાઈઝ છે. પણ એ વખતે યુવાન કાફિરોને મારવાની નિય્યત કરો. સ્ત્રી બાળકો જો અંધારામાં તમારા ઈરાદા વિના માર્યા જાય તો તમારા પર ગુનોહ નથી કે તેઓ પણ કાફિરોના હુકમમાં છે. સારાંશ કાફિરોના સ્ત્રીઓ બાળકોને ક़त्लની મનાઈ ઈરાદાપૂર્વકના ક़त्लથી હતી અહીં ઈજાઝત ઈરાદા વિના થતા ક़त्લની છે. જેથી આ અહકામમાં ટકરાવ નથી. જેવી રીતે કે કાફિરોના મુલ્કમાં

રહેનારા મુસલમાનને ક़त्ल કરવું હરામ છે, પરંતુ જો આ છાપો મારવામાં તે પણ ક़त्ल થઈ જાય અથવા કાફિરો મુસલમાન બાળકો અથવા મુસલમાનોને પોતાની સામે રાખી લે તો એમના પર તીરંદાઝી, ગોળીબાર જાઈઝ છે, પણ કાફિરોને ક़त्ल કરવાની નિય્યત કરવામાં આવે, ભલે તે મુસલમાન પણ એનાથી મૃત્યુ પામે. કેમ કે મુજાહિદો એ કારણોસર જેહાદ ન કરે તો ઈસ્લામની સલામતી કેવી રીતે થશે. એની વિગતે ચર્ચા ફ़त्हुल क़दीर તથા મિર્ક़ાતમાં જુઓ.

★ શુભ ઉદ્દેશ હેઠળ ઝાડો કાપવાં સળગાવવાં જાઈઝ છે ★

★ હદીષ : (૮)-૩૯૪૪ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَطَعَ نَخْلَ بَنِي النَّضِيرِ وحرَّقَ وَلها يقولُ حسَّانٌ:وَهَانَ عَلَى سَرَاةِ بَنِي لُؤَيٍّ حَرِيقٌ بِالْبُوَيْرَةِ مُسْتَطِيرُ وَفِي ذَلِكَ نَزَلَتْ (مَا قَطَعْتُمْ مِنْ لِينَةٍ أَوْ تَرَكْتُمُوهَا قَائِمَةً عَلَى أُصُولِهَا فَبِإِذْنِ اللَّهِ)

''હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે, કે રસૂલુલ્લાહ ﷺએ બની નઝીરના ખુજૂરોનાં ઝાડ કપાવ્યાં અને સળગાવી દીધાં[૧] એના વિશે હઝરત હસ્સાન કહે છે[૨] બની લુવઈના સરદારો માટે એ આગ આસાન થઈ ગઈ જે બુવૈરામાં ફેલાઈ ગઈ[૩] અને એના જ બારામાં આ આયત ઉતરી કે તમે જે ઝાડ ખજૂરનાં કાપી નાખ્યાં અને જે એમની જડો પર કાયમ છોડી આપ્યાં એ અલ્લાહના હુકમથી છે[૪].''

(બુખારી, મુસ્લિમ)

૧. બની કુરૈઝા અને બની નઝીર મદીનાના યહૂદીઓના બે કબીલા હતા જેમનાથી હુઝૂર ﷺએ નિષ્પક્ષ રહેવાનો કરાર કર્યો હતો, પણ તેમણે વચનભંગ કર્યું. તેમના વચન ભંગના કારણે ગઝવએ ખંદકનો બનાવ ઉપસ્થિત થયો. એ ગઝવાથી ફારિગ થઈને હુઝૂર ﷺએ તેમના મહોલ્લાઓનો ઘેરાવ કરી લીધો. તે લોકો પોતાના મહોલ્લાઓ કિલ્લાઓમાં ઘુસીને બેસી રહ્યા હતા. છેવટે તેઓ કિલ્લાઓથી ઉતર્યા, બની કુરૈઝા ક़त्ल કરી દેવામાં આવ્યા અને બની નઝીરને તડીપાર કરી દેવામાં આવ્યા. હુઝૂરે અન્વર ﷺએ બની નઝીરના ખજૂરોના બાગોને એટલા માટે ઉજાડી દીધા કે એમનાં મકાનો એ બાગોમાં ઘેરાયેલાં હતાં. રસ્તો સાફ કરવા માટે એ ઉજાડી દીધા. અથવા એટલા માટે કે તેઓ પોતાને એ બાગોને ઉજડતા જોઈને ગભરાયને બહાર નીકળે અને ગિરફ્તાર કરી લેવામાં આવે. એનો પૂરો બનાવ કુર્આન મજીદની સૂરએ અહઝાબ શરીફમાં વર્ણવેલ છે.

૨. હઝરત હસ્સાન رضی اللہ عنہ ના પૂરા હાલાત અમે મિર્આત ભાગ–૧માં લખી ચૂક્યા છીએ કે આપ હુઝૂરે અન્વર ﷺના શાયર તથા નઅતખ્વાં સહાબી છે. આપ તથા આપના પિતા, આપના દાદા, આપના પરદાદા સૌની ઉમરો ૧૨૦ વરસની થઈ. આપના સિવાય કોઈનામાં ઉમરોનું આવું સંગમ ન થયું.

૩. بويرة તસ્ગીર છે بور ની. بور બની નઝીરના બે બાગનું નામ હતું જેને ઉજાડવામાં આવ્યો. سراة બહુવચન છે سرى નું, અર્થ સરદાર. سرى બન્યુ છે سروٌ થી, અર્થ સરદારી. لوى (લુવઈ) લામના પેશ, વાવના ઝબરથી. કુરેશના બાપદાદાઓમાંથી એક દાદાનું નામ છે. એટલે કુરૈશ પર આ સખત આગ આસાન થઈ ગઈ કે તેમણે આસાનીપૂર્વક આ બાગને સળગતો જોઈ લીધો કે સાંભળી લીધો અને કાંઈ ન કરી શક્યા, જ્યારે કે અરબોને ખજૂરોના બાગ ઘણા પ્યારા હોય છે, તેઓ એનું સળગી જવું, કપાય જવું કોઈ રીતે માન્ય નથી કરતા, પણ એ વખતે લાચાર હતા કે કાંઈ કરી ન શક્યા.

૩. એ બાગને ઉજાડવા પર અમુક કાફિરો બોલ્યા કે હુઝૂર ﷺ ફસાદથી મના કરે છે અને ખુદ જ ફસાદની

ઈજાઝત આપે છે. બાગ ઉજાડવાથી વધીને કયો ફસાદ હોય શકે છે. ત્યારે એમના જવાબમાં આ આયતે કરીમા ઉતરી જેમાં ફર્માવવામાં આવ્યું કે મારા મહબૂબ તથા તેમના સહાબાએ એ જે કાંઈ કર્યું છે એ મારા હુકમથી કર્યું. હું તેમના આ અમલથી રાજી અને ખુશ છું. સુબ્હાનલ્લાહ ! આ છે કરમે ખુદાવંદી ! હુઝૂર ﷺના સહાબા પર કે કામ છે સહાબાનું નામ છે રબનું. (શેઅર) :–

سنگریزہ می زند دست جناب — مارمیت ازرمیت آید خطاب
تاابد گر شرح ایں مفصل کنم — جز تحیر ہیچ نہ بود حاصلم

અર્થાત : આપના દસ્તે મુબારક કાફિરો પર કાંકરીઓ નાખે છે તો અલ્લાહ તેને પોતાની તરફ સંબંધિત કરે છે, જો હું એની તફસીલ વર્ણવવા જાઉં તો જિંદગીભર આશ્ચર્ય સિવાય કાંઈ હાથ આવશે નહીં.

★ **હદીષ : (૯)-૩૯૪૫** ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَوْنٍ: أَنَّ نَافِعًا كَتَبَ إِلَيْهِ يُخْبِرُهُ أَنَّ ابْنَ عمر أخبرهُ أَن ابْن عمر أَخْبَرَهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَغَارَ عَلَى بَنِي الْمُصْطَلِقِ غَارِّينَ فِي نَعَمِهِمْ بِالْمُرَيْسِيعِ فَقتل الْمُقَاتلَة وسبى الذُّرِّيَّة

''હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઔનથી[૧] રિવાયત છે કે નાફેઅએ તેમને ખબર આપતાં લખ્યું કે હઝરત ઈબ્ને ઉમરે તેમને ખબર આપી કે નબી કરીમ ﷺએ બની મુસ્તલક़ પર હુમ્લો કર્યો જ્યારે કે તેઓ મરીસીઈ સ્થળે પોતાનાં જાનવરોમાં મશગૂલ તથા ગાફેલ હતા[૨] તો લડવાવાળાઓને કેદ કર્યા અને બાળકોને ક़त्ल કર્યા.'' (મુસ્લિમ, બુખારી)

૧. આપ તાબઈ છે. ષિક़હ છે, આલિમ છે. આપના પિતાનું નામ, ઔન છે નૂનથી, અથવા ઔફ છે ફેથી. નૂનથી ઔન અધિક મશહૂર છે.

૨. બની મુસ્તલક़ એ ખઝાઆ કબીલાનું એક ખાનદાન છે. મરીસીઈ મક્કા મોઅઝ્ઝમા તથા મદીના મુનવ્વરા વચ્ચે એક જગાનું નામ છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઔન رضی اللہ عنہ એ જનાબ નાફેઅને પૂછયું હતું કે, શું જેહાદથી પહેલાં કાફિરોને ઈસ્લામની દા'વત આપવી વાજિબ છે કે પછી તેમના પર અચાનક હુમ્લો કરી દેવો પણ જાઈઝ છે જ્યારે કે તેઓ બિલ્કુલ બેખબર હોય ? ત્યારે હઝરત નાફેઅ رضی اللہ عنہ એ આ હદીષ તેમને લખી મોકલી. જેનાથી એ જણાય રહ્યું છે કે શરૂ ઈસ્લામમાં જેહાદથી પહેલાં તબ્લીગ વાજિબ હતી, પછી એ હુકમ ન રહ્યો. જુઓ, હુઝૂરે અન્વર ﷺએ બની મુસ્તલક़ પર અચાનક હુમ્લો કર્યો. આ ગઝવામાં જુવૈરિયા બિન્તે હારિષ ગિરફતાર થઈને આવ્યાં, જેમને આઝાદ કરીને હુઝૂરે તેમનાથી નિકાહ કર્યા. (رضی اللہ عنہا)

૩. એટલે મજબૂર, લાચાર, નિર્દોષ બાળકો, વૃદ્ધો, પાગલો, નિઃસહાય સ્ત્રીઓ વગેરેને કેદી બનાવી લીધાં. આ હદીષથી જાણવા મળે છે કે ગાફિલ કાફિરો પર અચાનક હુમ્લો કરી દેવો જાઈઝ છે. તેમનો માલે ગનીમત લૂટવો, તેમના યુવાન જંગજૂ (યોદ્ધા) લોકોને ક़त्ल કરવા, તેમનાં બાળકો, સ્ત્રીઓ, લોંડીઓને ગુલામ બનાવવા જાઈઝ છે.

★ જંગે બદરમાં સહાબાને કેટલીક હિદાયતો ★

★ **હદીષ : (૧૦)-૩૯૪૬** ★

وَعَن أَبِي أَسِيدٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ

''હઝરત અબી અસદથી[૧] રિવાયત છે કે નબી કરીમ ﷺએ અમને બદરના દિવસે ફર્માવ્યું[૨] જ્યારે

لَنَا يَوْمَ بَدْرٍ حِينَ صَفَفْنَا لِقُرَيْشٍ وَصَفُّوا لَنَا: «إِذَا أَكْثَبُوكُمْ فَعَلَيْكُمْ بِالنَّبْلِ».وَفِي رِوَايَةٍ: «إِذَا أَكْثَبُوكُمْ فَارْمُوهُمْ وَاسْتَبْقُوا نَبْلَكُمْ» . رَوَاهُ الْبُخَارِيُّ وَحَدِيث سعد: «هُوَ تُنْصَرُونَ» سَنَذْكُرُهُ فِي بَاب «فَضْلِ الْفُقَرَاءِ» . وَحَدِيثُ الْبَرَاءِ: بَعَثَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَهْطًا فِي بَابِ «الْمُعْجِزَاتِ» إِنْ شَاءَ اللَّهُ تَعَالَى

કે અમે કુરેશના મુક़ાબલામાં સફો બાંધી[૩] અને તેમણે અમારા સામે સફો ગોઠવી કે જ્યારે તમારાથી નજીકથી નજીક થાય ત્યારે તીર લો[૪] એક અન્ય રિવાયતમાં આ મુજબ છે કે જ્યારે તેઓ તમારાથી નજીક થાય તો તેમને તીર મારો અને પોતાનાં તીર બાકી રાખો[૫]. (બુખારી) અને હઝરત સઅદની હદીષ الخ هل تنصرون---બાબુ ફઝાલુલ ફુક़રામાં અમે વર્ણન કરીશું. અને હઝરત બરાઅની હદીષે બઅષે રસૂલુલ્લાહ ﷺ... છેવટ સુધી. (ઈન્શા અલ્લાહ !) બાબુલ મો'જિઝાતમાં અમે વર્ણવીશું[૬]."

૧. આપ માલિક ઈબ્ને રબીઆ અન્સારી સાઅદી છે. (અશિઅહ) તમામ ગઝવાતમાં હાજર રહ્યા. ૭૮ વરસની ઉમરમાં હિ.સ. ૬૦માં વફાત પામ્યા. આપનાથી ઘણા હઝરાતે હદીષો નકલ કરી છે.

૨. એટલે કે જ્યારે કુરૈશના કાફિરો તમારાથી જ્યારે એટલા નજીક થઈ જાય કે તમારા તીર તેમના સુધી પહોંચી શકે તો તીરનો ઉપયોગ કરો, બહુ દૂર હોય તો તીર ન વાપરશો, એમાં તીર વેડફાઈ જશે سهم મધ્યમકક્ષાની તીરને કહે છે. બહું લાંબા તીરને نشاب કહે છે. كثب નો અર્થ છે નિકટતા. *(મિર્કાત, અશિઅહ)*

૩. એટલે કે બધાં તીર વાપરીને ખુદ ખાલી ન થઈ જાવ કે શું ખબર ક્યારે તીરોની જરૂરત પડી જાય. હાલ પણ લડાઈઓમાં બંને ક़ાનૂન પર અમલ થાય છે કે દુશ્મન લાગમાં આવી જાય ત્યારે જ ગોળીબાર કરવામાં આવે છે અને બધી ગોળીઓ વાપરી કાઢવામાં નથી આવતી. જંગનો સામાન મહેફૂઝ રાખવામાં આવે છે.

૪. એટલે કે આ બંને હદીષો મસાબીહમાં અહીં જ હતી, અમે મુનાસિબતનો ખયાલ કરીને પહેલી હદીષ તો બાબુલ ફુક़રામાં વર્ણવીશું અને બીજી હદીષ બાબુલ મો'જિઝાતમાં.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૧૧)-૩૯૪૭ ★

عَن عبدِ الرَّحمنِ بن عَوفٍ قَالَ: عَبَّأَنَا النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ ببدر لَيْلًا. رَوَاهُ التِّرْمِذِيّ

"હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે બદરમાં રાતના સમયે અમને નબી ﷺ એ તૈયાર કર્યા[૧]." (તિર્મિઝી)

૧. જ્યારે સવારે જંગે બદર થવાની હતી તો હુઝૂરે અકરમ ﷺએ રાતના સમયે અમને લોકોને સ્થળો પર નિયુક્ત કર્યા, જંગનો સામાન વાપરવાનો તરીક़ો શીખવ્યો અથવા ગોઠવણી કરી આપી. સારાંશ કે જંગી જરૂરતો પર અમને વાકેફ કર્યા. عباء નો અર્થ છે. લશ્કર ભેગુ કરવું અને લશ્કરને તૈયાર કરવું.

★ લશ્કરમાં કોડવર્ડ નક્કી કરવો પેહચાન માટે ★

★ હદીષ : (૧૨)-૩૯૪૮ ★

وَعَن الْمُهلب أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ:

"હઝરત મુહલબથી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જો દુશ્મન તમારા પર છાપો મારે તો

رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد	*તમારું નિશાન[૨] حم لا ينصرون[૩]." (તિર્મિઝી, અબૂ દાઉદ)*

૧. مهلب મીમના પેશ લામની તશ્દીદથી. આપ મુહલ્લબ ઈબ્ને સફરા અઝ્દી છે. તાબઈ છે. ફતહે મક્કાના વરસે પેદા થયા. અબ્દુલ મલિક ઈબ્ને મરવાનના જમાનામાં હિ.સ. ૮૩માં ખુરાસાન ઈલાકામાં મરૂ સ્થળે ઈન્તેકાલ થયો. બસરામાં વસવાટ રહ્યો. ખારજીઓ સાથે આપની ખૂબ લડાઈઓ થઈ. હઝરત સમુરા અને ઈબ્ને ઉમરથી મુલાકાત છે. رضوان الله تعالى عليهم اجمعين જેથી આ હદીષ મુરસલ છે, કેમ કે એમાં સહાબીથી રિવાયત નથી, તાબઈએ કહ્યું કે હુઝૂર ﷺએ ફર્માવ્યું.

૨. شعار બન્યું છે شعر થી, એનાથી છે شعور, અર્થ પેહચાન, નિશાની, નિશાન, અલામત. છાપો મારતી વખતે અંધારાના કારણે પોતાના પારકાની પેહચાન નથી થતી એટલા માટે આપણે પણ અને દુશ્મનની ફોજ પણ પોત પોતાના માટે કોઈ નિશાન નક્કી કરી લેતા હતા જેથી આપણા હાથે આપણો જ માણસ ધોકાથી ન માર્યો જાય. તે નિશાન અમુક શબ્દો નક્કી રહેતા હતા જેને લડતી વખતે બોલતા જતા હતા. એ શબ્દોને એ જમાનામાં શિઆર (કોડવર્ડ) કહેતા હતા. આ તા'લીમ ગઝવએ ખંદકના વખતે થઈ હતી. *(મિર્કાત)*

૩. حٰمٓ આયતે કુર્આની છે જે અમુક સૂરતોના શરૂમાં છે, અથવા અલ્લાહ તઆલાનું નામ છે અને لا ينصرون દુઆના શબ્દો છે. એટલે حٰمٓની બરકતથી કાફિરો મદદગાર વિનાના છે, હે ઈલાહલ આલમીન ! કાફિરોને બેયાર કરી દે, અમને એમના પર ફતહ નસીબ ફર્માવજે. અલ્લાહ ! સાત حٰمٓ (હા મીમ) વાળી સૂરતોના સદકાથી કાફિરોને મદદગાર વિનાના કરી દે. એનાથી જાણવા મળ્યું કે حٰمٓ વાળી સૂરતો ત્રણ ઘણી જ શાનદાર છે. યાદ રાખશો કે حٰمٓ (હા મીમ)માં બે અક્ષરો છે. એ અસ્માએ ઈલાહિયાની તરફ નિર્દેશ છે જેમના શરૂમાં મીમ છે, જેમ કે حميد، حسنان، حكيم حليم، حنان، حي. અને મીમથી એ અસ્માએ ઈલાહિયાની તરફ નિર્દેશ છે, જેની શરૂમાં મીમ છે, જેમ કે مجيد، منان، مالك، مالك، مقتدر، مؤمن، مهيمن વગેરે. આ حٰمٓથી એ સર્વ અસ્માએ ઈલાહિયાના વસીલાથી દુઆ થઈ ગઈ. રોઝતુલ અહબાબમાં છે કે ગઝવએ ખંદકના મોકા પર મુહાજિરોનો શિઆર (કોડવર્ડ) يا خيل الله હતો તો એ શિઆર અન્સારનો હશે. *(મિર્કાત)*

★ હદીષ : (૧૩)-૩૯૪૯ ★	*"હઝર સમુરહ ઈબ્ને જુન્દુબથી રિવાયત છે. ફર્માવે છે કે મુહાજિરોનું નિશાન અબ્દુલ્લાહ અને અન્સારનું નિશાન અબ્દુર્રહમાન હતું[૧]." (અબૂ દાઉદ)*
وَعَن سَمُرَةَ بن جُندبٍ قَالَ: كَانَ شِعَارُ الْمُهَاجِرِينَ: عَبْدَ اللّٰهِ وَشِعَارُ الْأَنْصَار: عبدُ الرَّحمٰنِ. رَوَاهُ أَبُو دَاوُد	

૧. આ બનાવ ગઝવએ ખંદક સિવાય કોઈ અન્ય જેહાદમાં છે, જેથી આ હદીષ અગાઉ વર્ણવેલી હદીષની વિરુદ્ધ નથી, અલગ અલગ ઓળખ (કોડવર્ડ) અલગ અલગ જમાઅતોની પેહચાન માટે હોય છે. એનાથી જાણવા મળે છે કે મુહાજિરીન હઝરાત અફઝલ છે અન્સાર હઝરાત કરતાં કે તેમની ઓળખ અબ્દુલ્લાહ થઈ અને જેમાં રબ તઆલાનું ઝાતી નામ છે. અને અન્સારની ઓળખ અબ્દુર્રહમાન છે જેમાં રબ તઆલાનું સિફતી નામ છે.

★ હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની સેનામાં કોડવર્ડ શું હતો ? ★

★ હદીષ : (૧૪)-૩૯૫૦ ★	*"હઝરત સલમા ઈબ્ને અકૂઅથી રિવાયત છે. ફર્માવે છે કે અમે નબી કરીમ ﷺ ના જમાનામાં અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ ની સાથે જેહાદ કર્યો[૧] તો અમે તેમના પર છાપો*
وَعَنْ سَلَمَةَ بْنِ الْأَكْوَعِ قَالَ: غَزَوْنَا مَعَ أَبِي بكر زمن	

માર્યો. અમે તેમને ક़त्ल કરતા હતા અને એ રાતે અમારી નિશાની હતી أَمِت أَمِت[૨]." (અબૂ દાઊદ)	النَّبِي صلى الله عَلَيْهِ وَسلم فبيَّتناهُم نَقْتُلُهُمْ وَكَانَ شِعَارُنَا تِلْكَ اللَّيْلَةَ: أَمِتْ أَمِتْ. رَوَاهُ أَبُو دَاوُد

૧. એ ખબર ન પડી કે આ બનાવ ક્યા જેહાદમાં થયો. સારાંશ નબવી જમાના પાકમાં જેહાદ છે પણ હુઝૂર સરકારે આલી ﷺ જાતે પોતે એમાં તશરીફ નથી લઈ ગયા. હઝરત અબૂબક્ર સિદ્દીક़ સિપેહસાલારે આ'ઝમ (સેનાપતિ) છે.

૨. આ પણ દુઆ છે. أَمِت નો અર્થ છે : મૌત આપ. એટલે કે યા ઈલાહલ આલમીન ! કાફિરોને અમારા હાથે મૌત આપીને હલાક કરી દે, અથવા તાબા હેઠળ દબાયેલા (મગ્લૂબ) કરી દે અથવા કુફ્રને મોત આપ કે એ કાફિરો મુસલમાન થઈ જાય. કુફ્ર નષ્ટ થઈ જાય. અને બની શકે છે કે એમાં સંબોધન સામેવાળા ગાઝી મુસલમાનને હોય, એટલે કે બહાદુર ગાઝી ! માર ! માર ! બહાદુરી કર.

★ જંગ દરમિયાન નારએ તકબીર બેહતર છે ★

"હઝરત ક़ૈસ ઈબ્ને ઓબાદાથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺના સહાબીઓ જંગના વખતે શોર નાપસંદ કરતા હતા[૨]." (અબૂ દાઊદ)	**★ હદીષ : (૧૫)-૩૯૫૧ ★** وَعَن قيسِ بنِ عُبادٍ قَالَ: كَانَ أَصْحَابُ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَكْرَهُونَ الصَّوْتَ عِنْدَ الْقِتَالِ. رَوَاهُ أَبُو دَاوُد

૧. તાબઈ છે. બસરી છે. ઘણા જ આબિદ ઝાહિદ હતા. હઝરત અલી, ઉબય ઈબ્ને કઅબ, અબ્દુલ્લાહ ઈબ્ને સલામથી મુલાકાત છે. ખ્વાજા હસન બસરી رضی اللہ عنہ એ આપનાથી રિવાયતો લીધી પણ અશિઅતુલ લમ્આતે ફર્માવ્યું કે એ છુપો રાફઝી હતો. واللہ اعلم, સારાંશ શંકાસ્પદ છે.

૨. ઝિક્રુલ્લાહ સિવાય અન્ય વાતોનો શોર નાપસંદ હતો. એ જમાનામાં લોકો પોતાની શયખી, બહાદુરીનાં ગીતો ગાતા ગાતા જંગ કર્યા કરતા હતા એને સહાબા હઝરાત નાપસંદ કરતા હતા. એવા સમયે અલ્લાહનો ઝિક્ર કરવો જોઈએ કે શહાદત થાય તો અલ્લાહના ઝિક્ર પર. *(મિર્ક़ાત, અશિઅહ)*

"હઝરત સમુરહ ઈબ્ને જુન્દુબથી રિવાયત છે, તે નબી કરીમ ﷺથી રાવી. ફર્માવ્યું, મુશ્રિકોના વૃદ્ધોને ક़त्ल કરી દો[૧]. અને તેમનાથી નાના એટલે બાળકોને જીવતાં છોડી દો." (તિર્મિઝી, અબૂ દાઊદ)	**★ હદીષ : (૧૬)-૩૯૫૨ ★** وَعَن سَمُرَة بن جُنْدُبٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «اقْتُلُوا شُيُوخَ الْمُشْرِكِينَ وَاسْتَحْيُوا شَرْخَهُمْ» أَيْ صِبْيَانَهُمْ. رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد

૧. અહીં વૃદ્ધોથી મુરાદ તે વૃદ્ધો છે જેઓ ક્યાં તો મુસલમાનો સામે જંગ કરી રહ્યા હોય અથવા લડનારાઓને પીઠબળ આપતા હોય અથવા તેમને લડાવતા હોય, સારાંશ ભાગ લેતા હોય. જેથી આ હદીષ એ હદીષોની વિરુદ્ધ નથી જેમાં કાફિર વૃદ્ધોના ક़त्લથી મનાઈ છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે અહીં شيوخ (શોયૂખ)થી મુરાદ જંગી તદબીર ધરાવનારા યુવાનો છે, એટલે જેઓ ઉમરમાં યુવાન હોય પણ તદબીર તથા બુદ્ધિ અને અનુભવમાં વૃદ્ધ હોય, કેમ કે એના સામે બાળકોનો ઉલ્લેખ આવી રહ્યો છે.

૨. આ તફસીર ક્યાં તો સહાબી સમુરહ ઈબ્ને જુન્દુબની છે અથવા કોઈ હદીષના રાવીની અથવા ખુદ મસાબીહના લેખકની. شرخ શીનના પેશ, રેના ઝબરથી. બહુવચન છે شارخ નું જેમ કે ركب એ બહુવચન છે.

شرخ راكب નો અર્થ છે બાળપણ અથવા શરૂ યુવાની. છોડવાથી મુરાદ છે તેમને ક़त्ल ન કરશો બલ્કે કેદ કરી લેજો જેથી તેમને ગુલામ બનાવી લેવામાં આવે અથવા કોઈ કારણોસર તેમને આઝાદ કરી દેવામાં આવે. સારાંશ કે આ છોડવામાં ઘણી મસ્લેહત છે.

★ સવારના સમયે હુમ્લો બેહતર ★

★ હદીષ : (૧૭)-૩૯૫૩ ★
وَعَن عُروَةَ قَالَ: حدَّثني أسامةُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ عَهِدَ إِلَيْهِ قَالَ: «أَغِرْ عَلَى أُبَنَى صباحا وَحرق» . رَوَاهُ أَبُو دَاوُد

"હઝરત ઉરવાથી રિવાયત છે. ફર્માવે છે કે મને હઝરત ઓસામાએ ખબર આપી કે રસૂલુલ્લાહ ﷺએ તેમનાથી અહદ લીધો. ફર્માવ્યું : ઉબના પર જેહાદ કરો સવારના સમયે[૨] અને આગ લગાડી દો[૩]." (અબૂ દાઉદ)

૧. ઉરવાથી મુરાદ ઉરવા ઈબ્ને ઝુબેર તાબઈ છે. અને ઓસામાથી મુરાદ હઝરત ઓસામા ઈબ્ને ઝયદ છે જે હુઝૂરે અકરમ ﷺના ખૂબ જ મહબૂબ સહાબી છે. હઝરત ઝયદ ઈબ્ને હારિષાના પુત્ર. યાદ રાખશો કે ઉરવા ઈબ્ને ઝુબેરનો જન્મ ૨૨ હિ.સ. માં મદીના મુનવ્વરામાં થયો. મદીના મુનવ્વરામાં સાત મશહૂર ફ़ક़ીહોમાંથી છે. આપનો બાગ તથા કૂવો તથા મસ્જિદ, મદીના મુનવ્વરાની નજીક છે. ફ़ક़ીરે એ કૂવાના પાણી પણ પીધુ છે, ત્યાં મસ્જિદમાં નમાઝ પણ પઢી છે. બીરે ઉરવા તથા મસ્જિદ ઉરવાના નામથી મશહૂર છે.

૨. اغر હમ્ઝાના ઝબર અને ગ़યનના ઝેરથી. غَارَ નો અમ્ર છે, એટલે હુમ્લો કરો. અમુક નુસ્ખાઓમાં اغز થી غزو નો અમ્ર છે, પણ પહેલો નુસ્ખો અધિક સહીહ છે. ઉબના ફ઼िલિસ્તીનની એક વસ્તી છે જે અસ્क़લાન અને રમલાની વચ્ચે આવેલી છે. તેને પટની પણ કહે છે. અમુકે ફર્માવ્યું કે ઉબના એક क़બીલાનું નામ છે, એ નામથી એ વસ્તી ઉબના કહેવાય છે. સવારના સમયે સામાન્યતઃ કરીને કાફ઼िરો ગાફ़ેલ હોય છે અને સમય મુબારક પણ છે, એટલા માટે એ સમયે હુમ્લો કરવાનો હુકમ આપ્યો, કે એ વખતે હુમ્લો કરવામાં ખૂનરેજી ઓછી થશે અને ફ઼તહ આસાનીપૂર્વક મયસ્સર થઈ જશે.

૩. એટલે ઉબનાવાળાઓની ખેતીઓ બાગો સળગાવી દો જેથી તેઓ ગભરાયને જલ્દીથી ઘરોએથી નીકળી પડશે. બલ્કે જો જરૂરત પડે તો એમનાં ઘરોમાં આગ લગાડી દો, કેમ કે ક્યારેક કાફ઼िરોનાં ઘર તેમનું શરણ સ્થાન બલ્કે તેમના મોરચા બની જાય છે. અહીં મિર्क़ાતે ફર્માવ્યું કે અમુક સંજોગોમાં તેમનાં જાનવર પણ ઝબહ કરીને તેમના ગોશ્તને સળગાવી દેવામાં આવે જ્યારે આપણે તેને લાવી ન શકીએ, જેથી તે કાફ़िરોના કામનો ન રહે, બલ્કે જો જંગની હાલત મુસલમાનોની વિરુદ્ધ હોય અને પોતાનો સામાન પણ ગાઝી લોકો ત્યાંથી લાવી ન શકે તો તેને પણ આગ લગાડીને નષ્ટ કરી દો. જેમ કે એકવાર હઝરત જઅફ઼ર ઈબ્ને અબી તાલિબે જ્યારે જંગનો હાલ બગડતો જોયો તો ખુદ પોતાનો ઘોડો મારી નાખ્યો જેથી દુશ્મનના કામ ન આવે. હા ! જીવતા જાનવરોને સળગાવવું હરામ છે કે એ આગનો અઝાબ છે કે જે રબ તઆલા જ આપશે. હઝરત ઉષ્માન ઈબ્ને હબ્બાન ફર્માવે છે કે હું જનાબ ઉમ્મે દરદાની પાસે હતો કે મેં એક જીવતા માંકડને આગમાં નાખી દીધો. તો આપ બોલ્યા કે હઝરત અબૂદર્દા કહેતા હતા કે રસૂલુલ્લાહ ﷺએ જાનવરને જીવતુ આગમાં સળગાવવાની મનાઈ કરી. (મિર्क़ાત) આજકાલ તો જંગ જ આગની છે કે બોમ્બ વરસાવીને શહેર તથા વસ્તીઓ સળગાવી દેવામાં આવે છે. રબ તઆલા મહેફ़ૂઝ રાખે. ઈસ્લામના આ હુકમ પર વાંધો કરનારા આજની જંગોને જુએ.

★ હદીષ : (૧૮)-૩૯૫૪ ★

وَعَنْ أَبِي أُسَيْدٍ قَالَ:قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ بَدْرٍ:«إِذَا أَكْثَبُوكُمْ فَارْمُوهُمْ وَلَا تَسُلُّوا السُّيُوفَ حَتَّى يَغْشَوْكُمْ» . رَوَاهُ أَبُو دَاوُدَ

'હઝરત અબૂ ઉસૈદથી રિવાયત છે. ફ़માવે છે, રસૂલુલ્લાહ ﷺએ બદરના દિવસે ફ़માવ્યું કે જ્યારે કાફ़िરો તમારાથી નજીક હોય તો તેમના પર તીર ચલાવો અને તલ્વારો ન ખેંચો ત્યાં સુધી કે તમારી એકદમ નજીક થઈ જાય[૧] .'' (અબૂ દાઊદ)

૧. હદીષ બિલ્કુલ જાહેર છે કે જ્યાં સુધી કાફ़िરો તીરના લાગમાં હોય ત્યાં સુધી તલ્વારો ન ખેંચો કે એ બેકાર છે અને એક હાથ તલ્વારથી વિના કારણે રોકાય જશે. જ્યારે તલ્વારના લાગમાં આવી જાય ત્યારે તીર બેકાર છે. હવે તીરથી હાથને ન રોકી લે, અને તલ્વારે ખેંચીને તેમના પર તૂટી પડો.

★ જંગમાં સ્ત્રી તથા મજૂરને ક़त्ल ન કરો ★

★ હદીષ : (૧૯)-૩૯૫૫ ★

وَعَن رَبَاح بن الرَّبيعِ قَالَ: كُنَّا مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي غزوةٍ فَرَأى الناسَ مجتمعينَ عَلَى شَيْءٍ فَبَعَثَ رَجُلًا فَقَالَ: «انْظُرُوا عَلَى من اجْتمع هَؤُلَاءِ؟» فَقَالَ: عَلَى امْرَأَةٍ قَتِيلٍ فَقَالَ: «مَا كَانَتْ هَذِهِ لِتُقَاتِلَ» وَعَلَى الْمُقَدِّمَةِ خَالِدُ بْنُ الْوَلِيدِ فَبَعَثَ رَجُلًا فَقَالَ: " قُلْ لِخَالِدٍ: لَا تَقْتُلِ امْرَأَة وَلَا عسيفا ". رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત રબાહ ઈબ્ને રબીઅથી[૧] ફ़માવે છે કે અમે રસૂલુલ્લાહ ﷺની સાથે એક જેહાદમાં હતા. તો હુઝૂર ﷺએ લોકોને કોઈ ચીજ માટે ભેગા થયેલા જોયા[૨]. તો હુઝૂરે પણ એક શખ્સને કહ્યું કે જુઓ, આ લોકો કઈ ચીજ માટે ભેગા થયા છે ? તે આવ્યો, બોલ્યો : એક ક़त्ल થયેલી સ્ત્રી પર[૩]. તો ફ़માવ્યું કે આ સ્ત્રી તો જંગ કરતી ન હતી[૪] અને મુક़દ્દમા પર ખાલિદ ઈબ્ને વલીદ હતા. તો હુઝૂરે એક શખ્સને મોકલ્યો. ફ़માવ્યું, ખાલિદને કહો કે ન તો કોઈ સ્ત્રીને ક़त्ल કરે ન મજૂરને[૫].'' (અબૂ દાઊદ)[૬]

૧. رَبَاح રેના ઝબરથી અને બેથી છે. આપ સહાબી સઅદી છે. હઝરત હન્ઝલા કાતિબના ભાઈ છે. આપથી અબૂ દાઊદ, નિસાઈએ કેવળ આ જ એક હદીષ નકલ કરી. *(અશિઅહ)*

૨. લગભગ જેહાદ ખત્મ થઈ ચૂક્યો હતો અથવા થોડી વારના માટે જંગ બંધ થઈ હતી. નહીં તો અ़યન જંગમાં લોકો કોઈ જગાએ આ રીતે ભેગા નથી થતા.

૩. એટલે કે કાફ़िરા સ્ત્રી મુસલમાન ગાઝીઓના હાથે ક़त्ल થઈ છે, તેની લાશ પર લોકો ભેગા થયેલા છે. યાદ રાખશો કે શબ્દ قَتِيل સ્ત્રી લિંગ પુરૂષ લિંગ બંને માટે બોલવામાં આવી શકે છે. અહીં સ્ત્રી લિંગ માટે બોલવામાં આવેલ છે. એ પણ યાદ રાખશો કે કાફ़िરા સ્ત્રીનો એહતેરામ અથવા પર્દો ન જિંદગીમાં છે ન મૃત્યુ બાદ. જેથી એની લાશ અજનબી મુસલમાન પુરૂષ સ્ત્રી જોઈ શકે છે. જેથી એના પર એ વાંધો નથી કે એ સહાબીઓએ એ સ્ત્રીની લાશને શા માટે જોઈ.

૪. એટલે કે એ સ્ત્રી ન તો કાફ़िરોની મલિકા હતી ન સેનાપતિ, ન પુરૂષો સાથે ખભે ખભા મિલાવી લડવાવાળી, પછી તેણીને શા માટે ક़त्ल કરી ? એનાથી જાણવા મળ્યું કે જો કાફ़िરા સ્ત્રી મલિકા અથવા લડાવનારી અથવા મુસલમાનો સાથે લડનારી હોય તો તેણીને જરૂર ક़त्ल કરવામાં આવે. આ સ્ત્રી પોતાના પતિ અથવા અન્ય લોકોની ખિદમત માટે આવી હશે.

૫. સ્ત્રી તથા મજૂરથી મુરાદ તે જ છે જે જંગમાં હિસ્સો ન લેતાં હોય, ફોજ કે કોઈ ફોજીની ખિદમત માટે આવેલ હોય. તેમની નિશાની એ રહેતી હશે કે તેમના પર જંગનો સામાન નહીં હોય, અને ખિદમતના સબબો અથવા નિશાનીઓ હશે. સુબ્હાનલ્લાહ ! ઈસ્લામમાં કેવો અદલો ઈન્સાફ છે કે લડતી વખતે પણ અદ્લને હાથથી જવા નથી દેતા.

૬. આ હદીષને નિસાઈ, ઈબ્ને માજહ, અહમદ ઈબ્ને હબ્બાન, હાકિમે પણ થોડાક ફરક સાથે નકલ કરી, આ હદીષ સહીહ છે મુસ્લિમ, બુખારીની શર્ત પર છે. *(મિર્ક़ાત)*

★ જંગમાં કોઈ વૃદ્ધને ક़त्ल ન કરવો, પણ... ★

★ હદીષ : (૨૦)-૩૯૫૬ ★
وَعَنْ أَنَسٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «انْطَلِقُوا بِاسْمِ اللَّهِ وَبِاللَّهِ وعَلى ملّة رسول الله لَا تقتُلوا شَيْخًا فَانِيًا وَلَا طِفْلًا صَغِيرًا وَلَا امْرَأَةً وَلَا تَغُلُّوا وَضُمُّوا غَنَائِمَكُمْ وَأَصْلِحُوا وَأَحْسِنُوا فَإِنَّ اللَّهَ يحبُّ المحسنينَ» . رَوَاهُ أَبُو دَاوُد

''હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું[૧] ચાલો અલ્લાહના નામ પર અલ્લાહની મદદ પર, રસૂલુલ્લાહના દીન પર કોઈ મૃત્યુ નજીક પહોંચેલા વૃદ્ધને ક़त्ल ન કરો[૨]. ન નાના બાળકોને[૩] ન સ્ત્રીને. અને ખયાનત ન કરવી પોતાની ગનીમતો મિલાવી લેવી, ઈસ્લાહ અને ભલાઈ કરવી[૪]. કેમ કે અલ્લાહ ભલાઈવાળાઓથી મહોબ્બત કરે છે[૫].'' *(અબૂ દાઊદ)*

૧. એટલે કે એકવાર હુઝૂરે અન્વર ﷺએ સહાબાએ કિરામને જેહાદના માટે મોકલ્યા તેમને વિદાય આપતી વખતે આ દુઆઓ નસીહતો કરી.

૨. વૃદ્ધથી મુરાદ એ જ વૃદ્ધ છે જે જંગ કરતા કાફિરોને જંગી ટ્રીકો ન બતાવતો હોય, નહીં તો ખુદ હુઝૂર ﷺએ હવાઝિનની જંગમાં ઝયદ ઈબ્ને સમહને ક़त्ल કરવાનો હુકમ આપ્યો. ઝયદ ઈબ્ને સમહની ઉમર એ વખતે ૧૨૦ વરસ હતી, કેમ કે તે લડી રહ્યો હતો. *(મિર્ક़ાત)*

૩. બાળકથી મુરાદ નાબાલિગ બાળક છે. અહીં પણ એ જ કેદ છે કે બાળક ન તો કાફિરોનો બાદશાહ હોય ન જરનલ વગેરે, ન સિપાહી, બલ્કે જંગથી અસંબંધિત હોય.

૪. એટલે કે દરેક ગાઝી પોતાની હાંસલ કરેલી ગનીમત અલગ ન રાખે બલ્કે ભેગી કરીને સેનાપતિના હવાલે કરી દે. આપસમાં એકબીજાથી સારો વર્તાવ કરે. મુજાહિદોની જાન એક હોય શરીર અલગ અલગ. **મુસલમાનનું આપસમાં લડવું ટકરાવું દરેક જ સમયે બુરુ છે, પણ આવા સંજોગોમાં તો ખૂબ જ ખતરનાક છે.**

૫. ફક़ીહો ફર્માવે છે કે કાફિરોનાં બાળકો, પાગલો, હાથ પગ કપાયેલા, તેમના પંડિત જોગી જે જંગથી અસંબંધિત હોય તેમને ક़त्ल કરવામાં ન આવે. મોઅત્તા ઈમામ માલિકમાં છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક़ رضی اللہ عنہ એ શામ પર લશ્કર મોકલ્યું જેના સેનાપતિ યઝીદ ઈબ્ને અબૂ સુફ્યાન હતા. તો આપે ફર્માવ્યું કે, હે યઝીદ ! હું તમને દસ ચીજોની વસિયત કરું છું : કોઈ બાળકને, સ્ત્રીને, વૃદ્ધને ક़त्ल ન કરતા. ફળદાર ઝાડને ન કાપતા, ખયાનત ન કરતા. (મિર્ક़ાત) વર્તમાન કાફિરો આ સિદ્દીક़ી પર વિચારણા કરે અને આજ કાલની જંગલી જંગોને જુએ.

★ જનાબ હમ્ઝા, અલી તથા ઓબૈદાની બદરમાં જંગ ★

★ હદીષ : (૨૧)-૩૯૫૭ ★
وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: لَمَّا كَانَ يَوْمُ بَدْرٍ

''હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, જ્યારે બદરનો દિવસ હતો તો ઉત્બા આગળ હતો,

تَقَدَّمَ عُتْبَةُ بْنُ رَبِيعَةَ وَتَبِعَهُ ابْنُهُ وَأَخُوهُ فَنَادَى: مَنْ يُبَارِزُ؟ فَانْتُدِبَ لَهُ شبابٌ مِنَ الْأَنْصَارِ فَقَالَ: مَنْ أَنْتُمْ؟ فَأَخْبَرُوهُ فَقَالَ: لَا حَاجَةَ لَنَا فِيكُمْ إِنَّمَا أَرَدْنَا بَنِي عَمِّنَا فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «قُمْ يَا حَمْزَةُ قُمْ يَا عَلِيُّ قُمْ يَا عُبَيْدَةُ بْنَ الْحَارِثِ» . فَأَقْبَلَ حَمْزَةُ إِلى عتبة وَأَقْبَلْتُ إِلَى شَيْبَةَ وَاخْتَلَفَ بَيْنَ عُبَيْدَةَ وَالْوَلِيدِ ضَرْبَتَانِ فَأَثْخَنَ كُلُّ وَاحِدٍ مِنْهُمَا صَاحِبَهُ ثُمَّ مِلْنَا عَلَى الْوَلِيدِ فَقَتَلْنَاهُ وَاحْتَمَلْنَا عُبَيْدَةَ. رَوَاهُ أَحْمد وَأَبُو دَاوُد

તેની પાછળ તેનો પુત્ર અને તેના બંને ભાઈ હતા[૧] પુકાર્યું કે કોઈ મુક़ાબલામાં આવે છે ?! તો એના મુક़ાબલામાં અન્સારી જવાનોએ જવાબ આપ્યો[૨]. બોલ્યો, તમે કોણ લોકો છો ? તેમણે બતાવ્યું તો બોલ્યો, અમને તમારી જરૂરત નથી, અમે તો અમારા કાકાના પુત્રોને કહીએ છીએ[૩]. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, હે હમ્ઝા ઉઠો ! હે અલી ઉભા થાવ ! હે ઓબેદા ઈબ્ને હારિષ ઉઠો[૪]. જેથી હમ્ઝા તો ઉત્બાની તરફ આવ્યા અને હું શયબાની તરફ ગયો[૫]. અને ઓબેદા અને વલીદ વચ્ચે બે ચોટો થઈ[૬] તો તેમનામાંથી દરેક પોતાની સામેવાળાને ઠંડો કરી આપ્યો[૭]. પછી અમે વલીદ પર તૂટી પડયા, એને અમે ક़त्ल કર્યો અને અમે ઓબેદાને ઉઠાવી લાવ્યા[૮]." (અહમદ, અબૂ દાઉદ)

૧. એટલે ઘમસાણની જંગથી પહેલાં મુબારઝતની જંગ (એક એક જણની લડાઈ) એ રીતે શરૂ થઈ કે ઉત્બા ઈબ્ને રબીઆ, તેનો પુત્ર વલીદ ઈબ્ને ઉત્બા અને ઉત્બાનો ભાઈ શયબા ઈબ્ને રબીઆ કાફિરોની સફમાંથી મેદાનમાં આવ્યા અને મુસલમાનો પાસે પોતાના મુક़ાબલાનો માગ્યો. એ જમાનામાં સામૂહિક જંગથી પહેલાં વ્યક્તિગત જંગ થતી હતી.

૨. એ રીતે કે મુસલમાનોમાંથી ત્રણ અન્સારી નવજવાનો એમના મુક़ાબલામાં પહોંચ્યા. انتداب નો અર્થ છે જંગની દા'વત क़બૂલ કરવી.

૩. એટલે કે તમારી સાથે લડવું એ મારું અપમાન છે, અમારી સરખામણીના મક્કાના મુહાજિરો क़ર્શી જવાનોને મોકલો કે જેથી क़ર્શીનો મુક़ાબલો क़ર્શીથી થાય.

૪. હારિષ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ હુઝૂર ﷺ ના કાકા છે, ઓબૈદા તેમના પુત્ર. હારિષ ઈમાન ન લાવ્યા પણ ઓબૈદા શરૂમાં જ ઈમાન લાવ્યા. દારે અરક़મમાં હુઝૂરના તશરીફ લઈ જતા પહેલાં જ. ઓબૈદા ઉમરમાં હુઝૂર કરતાં વધારે હતા. એ વખતે વૃદ્ધ હતા.

૫. અબૂ દાઉદ, શરહે સુન્નહમાં બલ્કે મસાબીહના અમુક નુસ્ખાઓમાં એટલો વધારો છે કે હમ્ઝાએ તો ઉત્બાને क़ત્લ કરી આપ્યો અને મેં શયબાને क़ત્લ કરી આપ્યો. સારાંશ એ બંને સાહબોએ પોતાના હરીફોને દોઝખમાં પહોંચાડી આપ્યા. કેમ ન થતું કે એ બંને અલ્લાહના શેર હતા. શેરના મુકાબલામાં ભેળ (વરૂ) ક્યાંથી ટકી શકે !

૬. એ રીતે ઓબૈદાએ વલીદ પર તલ્વારનો વાર કર્યો જે તેને ઝખ્મી કરી ગયો અને વલીદે ઓબૈદાને ઝખ્મી કરી દીધા. બંને તરફ વાર ભરપુર થયા.

૭. અહીં ઠંડા કરવાથી મુરાદ મૌત નથી બલ્કે ઝખ્મોથી ચૂર કરીને ઝઈફ તથા કમજોર કરી દીધા. એટલે એ બંનેવ એકબીજાને પહોંચાડેલ ઝખ્મો વડે ચૂર થઈને નિઢાલ (નકામા) થઈ ગયા.

૮. એનાથી જાણવા મળ્યું કે જેહાદમાં વ્યક્તિગત જંગ (મુબારઝા) પોતાના હરીફ સિવાય બીજા પર હુમ્લો કરી દેવો પણ જાઈઝ છે. ઈમામ માલિક તથા શાફઈને ત્યાં તો મુત્લક़ન જાઈઝ છે. ઈમામ અબૂ હનીફાને ત્યાં ઈમામની ઈજાઝતથી જાઈઝ છે. એ જ ઈમામ અવઝાઈ ફર્માવે છે. અહીં હઝરત હમ્ઝા તથા અલીનું વલીદ પર તૂટી

પડવું હુઝૂર ﷺના ઈશારાથી થયું. યાદ રાખશો કે ઈતિહાસની કિતાબોમાં છે કે હઝરત અલી, વલીદના મુક़ાબલામાં ગયા હતા. જનાબ અલી પણ જવાન હતા અને વલીદ પણ. અને શયબા વૃદ્ધ હતો. આ તરફ હઝરત હમ્ઝા તથા ઓબૈદા વૃદ્ધ હતા. *(મિર્ક़ાત)*

★ હુઝૂર ﷺ મુસલમાનોની પનાહ છે ★

★ હદીષ : (૨૨)-૩૯૫૮ ★
وَعَن ابنِ عُمر قَالَ: بَعَثَنَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي سَرِيَّةٍ فَحَاصَ النَّاسُ حَيْصَةً فَأَتَيْنَا الْمَدِينَةَ فَاخْتَفَيْنَا بِهَا وَقُلْنَا: هَلَكْنَا ثُمَّ أَتَيْنَا رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقُلْنَا: يَا رَسُول الله نَحن الفارون. قَالَ: «بَلْ أَنْتُمُ الْعَكَّارُونَ وَأَنَا فِئَتُكُمْ». رَوَاهُ التِّرْمِذِيُّ. وَفِي رِوَايَةِ أَبِي دَاوُدَ نَحْوَهُ وَقَالَ: «لَا بَلْ أَنْتُمُ الْعَكَّارُونَ» قَالَ:فَدَنَوْنَا فَقَبَّلْنَا يَده فَقَالَ: «أَنا فِئَة من الْمُسْلِمِينَ» وَسَنَذْكُرُ حَدِيثَ أُمَيَّةَ بْنِ عَبْدِ اللَّهِ: كَانَ يَسْتَفْتِحُ وَحَدِيثُ أَبِي الدَّرْدَاءِ «ابْغُونِي فِي ضُعَفَائِكُمْ» فِي بَابِ «فَضْلِ الْفُقَرَاءِ» إِنْ شَاءَ اللَّهُ تَعَالَى

''હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એમને રસૂલુલ્લાહ ﷺ એ એક લશ્કરમાં મોકલ્યા તો લોકો ફરી ગયા પૂરુ ફરવું[૧] પછી અમે મદીના પહોંચ્યા તો ત્યાં છુપાઈ ગયા અને અમે વિચાર્યું કે અમે તો બર્બાદ થઈ ગયા[૨] અમે રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયા. અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે તો ભાગેડુ છીએ[૩] ફર્માવ્યું, બલ્કે તમે પલટનારા છો, અને હું તમારી પનાહ છું[૪] તિર્મિઝી તથા અબૂ દાઉદની રિવાયતમાં એના જેમ છે. અને ફર્માવ્યું, નહીં ! બલ્કે તમે પલ્ટાવી લેવાવાળા છો. ફર્માવે છે, તો અમે નજીક થયા, અમે હુઝૂર ﷺ ના હાથ ચૂમ્યા[૫] પછી ફર્માવ્યું, હું મુસલમાનોની પનાહ છું[૬] અને અમે ઉમૈયા ઈબ્ને અબ્દુલ્લાહની હદીષ કે كان ليستفتح અને અબૂ દર્દાની હદીષ કે મને તમારા કમજોરોમાં શોધો ઈન્શા અલ્લાહ ! બાબુ ફઝલે ફુકરામાં વર્ણવીશું[૭].''

૧. જાહેર એ છે કે અહીં ناس (નાસ)થી મુરાદ એ જ મુજાહિદ ગાઝી સહાબા છે. અને حيص નો અર્થ છે જંગના મેદાનથી પરત આવી જવું. કામયાબ થયા વિના. અને શક્ય છે કે ناس થી મુરાદ કાફિરો હોય અને حيص નો અર્થ હોય તેમનું મુસલમાનો પર પલટી પલટીને હુમ્લો કરવું. સારાંશ حيص નો અર્થ છે ફરવું, ખેંચાવું, મક़સદ એ છે કે અમે એ જંગમાં ફતહ હાંસલ ન કરી શક્યા કાફિરોના સખત હુમ્લાના કારણે જંગ જીત્યા વિના પરત થઈ ગયા.

૨. એ હઝરાત એવું સમજ્યા હતા કે જેહાદથી ભાગી જવું મુત્લક़ન ગુનાહે કબીરા છે ચાહે બુઝદિલીના કારણે હોય કે અથવા સખત મજબૂરીના કારણે હોય, જ્યારે કે મજબૂરન ભાગવું ગુનાહે સગીરા પણ નથી. આવી સખ્તીમાં જાન આપી દેવી અફ઼ઝલ છે, પણ જાન બચાવી ભાગી જવું ગુનોહ નથી. આ ખયાલથી એ હઝરાત હુઝૂર ﷺની બારગાહમાં હાજરીની હિંમત ન કરી શક્યા શર્મિંદગીના કારણે યાદ રાખશો કે રબને ઘણી પ્યારી છે.

★ મુસલમાનો ! હશ્રમાં હુઝૂરને મોઢુ બતાવવાનું છે ! ★

૩. હુઝૂરે અકરમ ﷺએ એ હઝરાતને મદીના મુનવ્વરા પહોંચવાનો દિવસ અને આટલા દિવસો સુધી બારગાહમાં હાજર ન થવાનો સબબ પૂછયો હશે, ત્યારે હઝરાતે આ અર્ઝ કર્યું કે અમે કયા મોઢે હુઝૂરની સમક્ષ આવતા ! અમે કરીને પણ શું આવ્યા હતા ? **મુસલમાનો ! યાદ રાખો કે આપણે પણ ક़બ્ર હશ્રમાં અલ્લાહ**

વ રસૂલ સામે રજૂ થવાનું છે, ભલા કયા મોઢે ત્યાં જઈશું ? આપણે કર્યું જ શું છે ? અલ્લાહ તઆલા બેઢંગો બે રંગોની લાજ રાખી લે, વિના પૂછતાછ જ બખ્શી દે. (શેઅર) :–

सदक़ा प्यारे की हयाका के न ले मेरा हिसाब–बख्श बे पूछे मेरे सारे गुनाह अय किर्दगार

૪. عكار બન્યુ છે عكر થી. અર્થ: વળી વળીને હુમ્લો કરવો. عكار મુબાલેગા છે. જેમ કે كرارفئة લશ્કરનો તે હિસ્સો અથવા તે સરદાર જેની તરફ પનાહ લેવામાં આવે. રબ તઆલા ફર્માવે છે : اَوْ مُتَحَيِّزًا اِلٰى فِئَةٍ (પણ લડાઈની કળા કરવા અથવા પોતાની જમાઅતમાં જઈને મળવા માટે. –સૂરએ અન્ફાલ, ૮/૧૬) મતલબ એ છે કે તમે ભાગેડુ નથી બલ્કે કાફિરો પર પલટી પલટીને હુમ્લો કરનારા શેર છો. તમારું મારી પાસે આવવું ભાગેડુપણુ નથી બલ્કે પોતાના શરણસ્થાન પાસે આવવું છે જેથી ફરી ફ્રેશ થઈને બીજીવાર કાફિરો પર હુમ્લો કરો. હું તમારી પનાહ, તમારી શક્તિ, તમારી તાકત છું. (શેઅર) :–

मुझसे बेबस की ताक़त पर दाईम दुरूद–मुझसे बेबसकी कुव्वत पे लाखों सलाम

જો શિકારના તરફથી સિંહ પલટી જાય તો બુઝદિલીના કારણે નથી પલટતો બલ્કે બીજીવાર હુમ્લો કરવા માટે પલ્ટો ખાય છે. તમે શેર છો, હું તમારી પનાહ. યા રસૂલલ્લાહ ! ﷺ આપ અમ ગુનેહગારો પર આવી રીતે અલ્તાફે કરીમાના ફર્માવજો, આપના સિવાય અમારી કોઈ પનાહ નથી. (શેઅર) :–

یارسول اللہ بدرگاہت پناہ آوردہ ام　　بچوکا ہے آمدم کو ہے گناہ آوردہ ام

અર્થાત : યા રસૂલલ્લાહ ! ﷺ આપના રોઝા મુબારક પર પનાહ લેવા આવ્યો છું. હું જો કે તણખલા જેવો હકીર (તુચ્છ) છું પરંતું ગુનાહોનો પહાડ લઈને આવ્યો છું.

૫. એ સમજીને કે અમે શું સમજ્યા હતા અને હુઝૂર ﷺએ શું બશારત આપી. આપણે આપણે છીએ તે તે છે ! આ કરમને જોઈને આપણે આપોઆપ હુઝૂરના હાથો પર તૂટી પડયા જે હાથોનો સહારો બંને જહાનને છે.
اللهم صل على سيدنا محمد وآله واصحابه وبارك وسلم

૬. એટલે فئة એટલે મુત્લક़ પનાહ છે જેનાથી સામાન્યપણુ હાંસલ થયું. હું મારી ઉમ્મતની પનાહગાહ છું, દરેક મુસીબતમાં કોઈ મુસીબત પડે તો મારી પનાહ લે. દીન તથા દુનિયાની આફત બલામાં હુઝૂર ﷺ સહારો છે. હુઝૂર ﷺ દરેક મુસલમાનની क़યામત સુધી પનાહ છે. (શેઅર) :–

करके तुम्हारे गुनाह मांगे तुम्हारी पनाह–तुम कहो दामन में आ तुमपे करोंलों दुरूद

૭. એટલે એ બંને હદીષો મસાબીહમાં અહીં જ હતી. અમે મુનાસિબતનો લેહાઝ રાખીને અલગ અલગ આ બે પ્રકરણોમાં વર્ણવી દીધી છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૨૩)-૩૯૫૯ ★
عَنْ ثَوْبَانَ بْنِ يَزِيدَ: أَنَّ النَّبِيَّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ نَصَبَ الْمَنْجَنِيقَ عَلَى أَهْلِ الطائفِ. رَوَاهُ التِّرْمِذِيّ مُرْسلا

''હઝરત षौબાન ઈબ્ને यઝદથી[૧] રિવાયત છે કે નબી કરીમ ﷺએ તાઈફવાળાઓ પર ગોફણ ફીટ કરી[૨]. '' (તિર્મિઝી, મુરસલન)[૩]

૧. હક્ક એ છે કે षૌર ઈબ્ને યઝીદ છે, કેમ કે षૌબાન ઈબ્ને યઝીદ સહાબા કે તાબઈનમાં કોઈનું નામ નથી.

અમુક નુસ્ખાઓમાં કેવળ ષૌબાન છે તે હુઝૂરના આઝાદ કરેલા ગુલામ છે પણ તેમના પિતાનું નામ યઝીદ નથી. ષૌર ઈબ્ને યઝીદ કલાઈ શામી હમ્સી છે. હઝરત ખાલિદ ઈબ્ને મઅ્દાનથી મુલાકાત છે. હિ.સ. ૧૫૫માં વફાત પામ્યા. *(મિર્ક़ાત)*

૨. એટલે કે હુઝૂરે અન્વર ﷺએ ગઝવએ તાઈફમાં તાઈફના કિનારા પર ગોફણ ફીટ કરી જેથી તેમાં પથ્થર રાખીને તાઈફ પર પથ્થરોની વર્ષા કરવામાં આવે. મોટી ગોફણથી કિલ્લાની દીવાલો સુધીને પણ તોડી કાઢવામાં આવતી હતી. તાઈફની તેહક़ીક़ પહેલાં કરવામાં આવી ચૂકી છે. ફક़ીરે તાઈફની ઝિયારત કરી છે, ત્યાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નો મઝારે પુરઅન્વાર છે.

૩. કેમ કે ષૌર ઈબ્ને યઝીદ તાબઈ છે, તેમણે સહાબીનું નામ નથી લીધું. એટલા માટે આ હદીષ મુરસલ થઈ. યાદ રાખશો કે તાઈફનો અર્થ છે ઘુમનાર. કેમ કે તાઈફનો રસ્તો વાંકોચૂકો છે કે મક્કા મોઅઝ્ઝમાથી તાઈફ જનાર ઘુમતો વળાંકો પાર કરતો જાય છે. તેમજ આ જમીન પહેલાં મુલ્કે શામમાં હતી. રબ તઆલાએ એ ઈબ્રાહીમ علیہ السلام ની દુઆના કારણે ત્યાંથી તબદીલ કરીને તેને બયતુલ્લાહનો તવાફ કરાવીને અહીં રાખી. તેમજ તુફાને નૂહમાં આ ભૂમિ અરસા સુધી પાણી પર ભ્રમણ કરતી રહી. આ કારણોસર તેને તાઈફ કહે છે. ઘણી લીલીછમ છે અને ત્યાંની આબોહવા ઘણી સારી છે. *(મિર્ક़ાત)*

બાબુ હુકમિલ ઉસરા باب حكم الاسراء
(કેદીઓના હુકમ વિશે[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. اسراء (અસ્રા) અલિફના ઝબરથી સીનના જઝમથી, બહુવચન છે اسارى (અસીર)નું અર્થ : કેદી. આ જમા કિ્લ્લત છે અને الجِهَاد જમા કષરત. કેમ કે જેહાદમાં ક્યારેક કાફિરો કેદ થઈને પણ આવે છે એટલા માટે કિતાબુલ્ જિહાદમાં એનું વર્ણન થયું.

"હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. ફર્માવ્યું, અલ્લાહ એ કૌમથી ખુશ થાય છે જેઓ બેડીઓ પહેરેલ જન્નતમાં દાખલ થાય છે[૧] અને એક રિવાયતમાં છે કે જન્નતની તરફ સાંકળોમાં ખેંચીને લાવવામાં આવે છે[૨]." (બુખારી)

★ હદીષ : (૧)-૩૯૬૦ ★

عَنْ أَبِي هُرَيْرَةَ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «عَجِبَ اللَّهُ مِنْ قَوْمٍ يُدْخَلُونَ الْجَنَّةَ فِي السَّلَاسِلِ» . وَفِي رِوَايَةٍ: «يُقَادُونَ إِلَى الجَنَّةِ بالسلاسل» . رَوَاهُ الْبُخَارِيّ

૧. એ રીતે કે જંગમાં ગિરફતાર થઈને આવે છે, પછી મુસલમાનોના અખ્લાક્ તથા ઈબાદતોથી અસર લઈને (પ્રભાવિત થઈને) મુસલમાન થઈ જાય છે. પછી રબ તઆલા તેમને હુસ્ને ખાત્મા (ઈમાન પર ખાત્મો) નસીબ કરીને જન્નતમાં દાખલ કરી આપે છે. આ કેદીપણુ તેમના દોઝખથી છૂટકારા અને જન્નતમાં દાખલાનો ઝરીયો બની જાય છે.

૨. સરકાર ﷺનું આ ફર્માને આલી બદરના કેદીઓને જોઈને હતું કે તે સર્વે મુસલમાન બલ્કે મુસલમાનગર બની ગયા. હઝરત અબ્બાસ, હઝરત અબુલ આસ વગેરે એ જ દિવસે ઈમાન લઈ આવ્યા હતા. ભલે અમુકે બાદમાં ઈમાનનો ઈઝહાર ફતહે મક્કાના દિવસે કર્યો. સારાંશ કે તેમના માટે કેદ થવું અલ્લાહની રહમત થઈ ગઈ. (અઝ અશિઅ્હ) આ ફર્માનની અન્ય પણ શરહો કરવામાં આવી. **અમુક લોકો દુનિયવી મુસીબતો, દુઃખ પામીને તૌબા કરીને જન્નતી બની જાય છે, તેમના માટે આ મુસીબતો ઝંજીરો (બેડીઓ) છે જેના ઝરીયાથી રબ તેમને જન્નતની તરફ ખેંચે છે.**

★ કાફિરના ખબરી જાસૂસની સજા ★

"હઝરત સલમા ઈબ્ને અકૂઅથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ ની પાસે મુશ્રિકોનો એક જાસૂસ આવ્યો જ્યારે કે હુઝૂર સફરમાં હતા. તો હુઝૂરના સહાબા પાસે બેસીને વાતો કરવા લાગ્યો, પછી ચાલ્યો ગયો[૧] નબી ﷺ એ ફર્માવ્યું, તેને તલાશ કરો અને તેને કત્લ કરી દો[૨] મેં કત્લ કરી દીધો તો હુઝૂરે તેનો સામાન મને બખ્શી આપ્યો[૩]." (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૨)-૩૯૬૧ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْ سَلَمَةَ بْنِ الْأَكْوَعِ قَالَ أَتَى النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَيْنٌ مِنَ الْمُشْرِكِينَ وَهُوَ فِي سَفَرٍ فَجَلَسَ عِنْدَ أَصْحَابِهِ يَتَحَدَّثُ ثُمَّ انْفَتَلَ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «اطْلُبُوهُ وَاقْتُلُوهُ» . فَقَتَلْتُهُ فنفَّلَنِي سلبَه

૧. એટલે કે મુસલમાનોની હાલતો જોઈને તેમના આગામી ઈરાદા માલૂમ કરીને, તેમની વાતો સાંભળીને મુશ્રિકોની તરફ ખબર પહોંચાડવા રવાના થઈ ગયો.

૨. એ જાસૂસ કયાં તો હર્બી કાફિર હતો જે વિના ઈજાઝતે દારુલ ઈસ્લામમાં ઘુસી આવ્યો હતો. અથવા કોઈ ઝિમ્મી કાફિર હતો જે હર્બી કાફિરની જાસૂસીના કારણે પોતાનો ઝિમ્મો તોડી ચૂક્યો હતો. આ બંને પ્રકારના કાફિરો ક़ત્લને પાત્ર છે. આજકાલ પણ એના પર અમલ છે. જો મુસલમાન કાફિરોની જાસૂસી કરે તો તેને ક़ત્લ કરવામાં તો નહીં આવે પણ તેને એવી સખત સજા આપવામાં આવશે કે ભવિષ્યમાં હિંમત ન કરે. (મિર્ક़ાત) પરંતુ જો કોઈ મુસલમાન ઈસ્લામી લશ્કરનું સ્થળ બતાવી દે, તેમના પર ગોળીબાર કરાવીને ઈસ્લામી લશ્કરને ક़ત્લ કરાવી દે તો યક़ીનન ! ક़ત્લ થશે. મુસલમાનને ક़ત્લ કરવું, ક़ત્લ કરાવવું, ક़ત્લનો સબબ બનવું, મુસ્લિમ ક़ૌમને તબાહ કરવી તે સૌની સજા ક़ત્લ છે.

૩. એટલે કે એ ક़ત્લ થનાર જાસૂસનો બધો જ સામાન ઘોડો, જોળા (કપડાં) હથિયાર, તેના શરીર પરનાં સોના ચાંદીનાં ઘરેણા મતલબ કે સર્વ ચીજો કાતિલ એટલે હઝરત સલમા ઈબ્ને અક્વઅને અતા ફર્માવી. આ મસ્અલાની ચર્ચા ઈન્શા અલ્લાહ ! એના સ્થાને આવશે. એમાં જે દીનના ઈમામોનો મતભેદ છે તે ત્યાં જ વર્ણન પામશે, ઈન્શા અલ્લાહ ! અહીં કેવળ એ સમજી લો કે જેહાદમાં ક़ાતિલને ક़ત્લ થનારનો સામાન ખમ્સ કાઢયા વિના આપી દેવો ઈમામ શાફઈને ત્યાં ઈસ્લામી કાનૂન છે કે ગમે તેમ પણ આપવો જ પડશે, અને આપણે ત્યાં જો ઈમામ એનું એલાન કરી દે તો આપવો વાજિબ છે, નહીં તો નહીં.

★ હદીષ : (3)-૩૯૬૨ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: غَزَوْنَا مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ هَوَازِنَ فَبَيْنَا نَحْنُ نَتَضَحَّى مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِذْ جَاءَ رَجُلٌ عَلَى جَمَلٍ أَحْمَرَ فَأَنَاخَهُ وَجَعَلَ يَنْظُرُ وَفِينَا ضَعْفَةٌ وَرِقَّةٌ مِنَ الظَّهْرِ وَبَعْضُنَا مُشَاةٌ إِذْ خَرَجَ يَشْتَدُّ فَأَتَى جَمَلَهُ فَأَثَارَهُ فَاشْتَدَّ بِهِ الْجَمَلُ فَخَرَجْتُ أَشْتَدُّ حَتَّى أَخَذْتُ بِخِطَامِ الْجَمَلِ فَأَنَخْتُهُ ثُمَّ اخْتَرَطْتُ سَيْفِي فَضَرَبْتُ رَأْسَ الرَّجُلِ ثُمَّ جِئْتُ بِالْجَمَلِ أَقُودُهُ وَعَلَيْهِ رَحْلُهُ وَسِلَاحُهُ فَاسْتَقْبَلَنِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَالنَّاسُ فَقَالَ: «مَنْ قَتَلَ الرَّجُلَ؟» قَالُوا: ابْنُ الْأَكْوَعِ فَقَالَ: «لَهُ سَلَبُهُ أَجْمَعُ»

"તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે હવાઝિન પર હુમ્લો કર્યો[૧] તો અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે નાશતો કરી રહ્યા હતા[૨] કે અચાનક એક શખ્સ લાલ ઊંટ પર આવ્યો, તેને બેસાડી આપ્યુ અને જોવા લાગ્યો અને અમારામાં કમજોર લોકો હતા અને સવારીઓમાં કમી હતી[૩]. અને અમારામાંના કેટલાક પગપાળા હતા કે તે દોડતો દોડતો નીકળ્યો[૪] પોતાના ઊંટની પાસે આવ્યો, તેને ઉઠાડયું, તેને લઈને ઊંટ દોડી ગયું. તો હું દોડતો દોડતો નીકળ્યો ત્યાં સુધી કે મેં મહાર પકડી લીધી, મેં તેને બેસાડી દીધું પછી મેં મારી તલ્વાર ખેંચી લીધી તો તેના માથા પર મારી દીધી[૫] પછી હું ઊંટ હાંકી લાવ્યો જેના પર તેનો સામાન, તેના હથિયાર હતાં. રસૂલુલ્લાહ ﷺ અને લોકો મને સામેથી મળ્યા તો ફર્માવ્યું કે એ શખ્સને કોણે ક़ત્લ કર્યો ? લોકોએ કહ્યું, ઈબ્ને અક્વઅએ. હુઝૂરે ફર્માવ્યું, એનો સર્વ સામાન એમનો જ છે[૬]."

(મુસ્લિમ, બુખારી)

૧. એ ગઝવાનું નામ ગઝવએ હુનૈન છે જે ફતહે મક્કા બાદ ૬ શવ્વાલ શનિવારના દિવસે જ થયો. હુનૈન મક્કા મોઅઝ્ઝમા અને તાઈફ વચ્ચે એક વાદી (પહાડીઓ વચ્ચે મેદાન)નું નામ છે. ફ઼ક़ીરે એની ઝિયારત કરી છે. હવાઝિન આ કાફિરોના ક़બીલાનું નામ છે. જે ત્યાં મુસલમાનોની સામે જંગમાં હતા પછી તેઓ મુસલમાન થઈ ગયા.

૨. ضحى تضحى થી અર્થ ચાશત. એટલા માટે ચાશતના સમયની નમાઝને સલાતુદ્દોહા કહે છે. અમુક

શરહકર્તાઓએ એનો અહીં એ અર્થ કર્યો છે : એટલે કે અમે ચાશ્તની નમાઝ પઢી રહ્યા હતા. પણ મજબૂત એ જ છે કે અહીં નાશ્તાનું ખાવુ મુરાદ છે, એટલે કે અમે લશ્કરવાળા હુઝૂર ﷺની સાથે નાશ્તામાં મશ્ગૂલ હતા.

૩. ضعفة ઢ઼વાદના ઝબર, અ્યનના પણ ઝબરથી. બહુવચન છે ضعيفનું. અર્થ : કમજોરી. અને ضعفનો અર્થ થાય છે પાતળાપણુ, ગલતનું વિરુદ્ધાર્થી. અહીં તંગી તથા કમી મુરાદ છે. એટલે કે અમારી પાસે એ જમાનામાં જંગનો સામાન ત્યાં સુધી કે સવારીઓની પણ કમી હતી, અને અમે લોકો શારીરિક રીતે કમજોર પણ હતા.

૪. જેથી અમારી આ કમજોરી તથા બેસામાનીની ખબર અમારા હરીફ કાફિરોને આપીને તેમને અમારા મુકાબલા માટે દિલેર કરે. એટલે હું ઝડપભેર તેની પાછળ દોડયો ત્યાં સુધી કે તેના ઊંટ સુધી પહોંચ્યો. આગળ વધીને તેની મહાર પકડીને રોકી લીધો. અલ્લાહુ અકબર ! આ ઈસ્લામી હિંમત ! આપે એ ખયાલ ન કર્યો કે તે મારા મહાર પકડતાં પકડતાં મને ક़ત્લ કરીને ભાગી જશે, જે મર્દે મૈદાન હથેળી પર માથુ રાખી લે તે સર્વ કાંઈ કરી શકે છે.

★ જાસૂસની સાબિતી માટે નિશાનીઓ જ પૂરતી છે ★

૫. કે તે મરી ગયો. આ ગયબી સમર્થન હતું કે એ દરમ્યાનમાં તેણે આપને શહીદ ન કરી દીધા, તેની હિંમત જ ન થઈ : من كان لله كان الله له એનાથી પણ જાણવા મળ્યું કે **જાસૂસનો ક़ત્લ જાઈઝ છે, અને જાસૂસની સાબિતી માટે કેવળ નિશાનીઓ જ પૂરતી છે, બાકાયદા ગવાહોની જરૂરત નથી.** આજે પણ જેની પાસે ખબર પહોંચાડવાના માધ્યમો જોવા મળે છે તેને જાસૂસ માની લેવામાં આવે છે.

૬. એટલે કે કેવળ તેનો લિબાસ જ નહીં બલ્કે હથિયાર, લિબાસ, ઘરેણા, સવારી, કાઠી વગેરે જે કાંઈ એ ક़ત્લ થનારની પાસે હતું તે એમને આપી દો અને એમાં ખમ્સ પણ ન લેવામાં આવે. આ જ અમારો મઝહબ છે કે ક़ાતિલ ગાઝીને કાફિર ક़ત્લ થનારનો બધો જ સામાન આપવામાં આવે, એમાં ખમ્સ નથી.

★ સરદારની તા'ઝીમ માટે ઉભા થવું સુન્નત ★

★ હદીષ : (૪)-૩૯૬૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ قَالَ: لَمَّا نَزَلَتْ بَنُو قُرَيْظَةَ عَلَى حُكْمِ سَعْدِ بْنِ مُعَاذٍ بَعَثَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِليه فَجَاءَ عَلَى حِمَارٍ فَلَمَّا دَنَا قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «قُومُوا إِلَى سَيِّدِكُمْ» فَجَاءَ فَجَلَسَ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ هَؤُلَاءِ نَزَلُوا عَلَى حُكْمِكَ» . قَالَ: فَإِنِّي أَحْكُمُ أَنْ تَقْتُلَ الْمُقَاتِلَةُ وَأَنْ تُسْبَى الذُّرِّيَّةُ. قَالَ: «لَقَدْ حَكَمْتَ فِيهِمْ بِحُكْمِ الْمَلِكِ» . وَفِي رِوَايَة: «بِحكم الله»

"હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે બની કુરૈઝે હઝરત સઅદ ઈબ્ને મઆઝના હુકમ પર ઉતરવા ચાહ્યું[૧] તો રસૂલુલ્લાહ ﷺ એ તેમને બોલાવી મંગાવ્યા તો તે ગધેડા પર સવાર થઈને આવ્યા[૨] જ્યારે નજીક આવ્યા તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, તમારી સરદારની તરફ઼ ઉઠો ચાલો[૩] જેથી તેઓ આવ્યા, બેસી ગયા. રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે આ લોકો તમારા હુકમ પર ઉતરી રહ્યા છે[૪] ફર્માવ્યું કે હું તો હુકમ આપુ છું કે તેમના લડવૈયા ક़ત્લ કરી દેવામાં આવે અને બાળકોને કેદ કરી લેવામાં આવે[૫]. ફર્માવ્યું, તમે એમના સંબંધે ફરિશ્તાનો હુકમ આપ્યો[૬] અને એક રિવાયતમાં છે, અલ્લાહનો હુકમ આપ્યો[૭]." (મુસ્લિમ, બુખારી)

૧. આ બનાવ શવ્વાલ હિ.સ. પનો છે કે મદીનાના યહૂદી બની કુરૈઝાએ હુઝૂર ﷺ અને મુસલમાનો સાથે

કરાર ભંગ (બદ્અહદી) કરીને મક્કાના મુશ્રિકોને મુસલમાનોની વિરુદ્ધ ઉશ્કેર્યા જેના કારણે ગઝવએ અહઝાબ એટલે ગઝવએ ખંદકથી ફારિગ થઈને ખુદાના હુકમથી તે વચનભંગ કરનારા યહૂદીઓ બની કુરૈઝાનો મહોલ્લો ઘેરી લીધો. એ લોકો પચીસ દિવસ પોતાના કિલ્લાઓમાં ઘેરાયેલા રહીને તંગ આવી ગયા. તો તેમણે હુઝૂર ﷺની પાસે પૈગામ મોકલ્યો કે અમે હઝરત સઅદ ઈબ્ને મઆઝના ફૈસલા પર રાજી છીએ. તે અમારા સંબંધે જે ફૈસલો કરે તે અમને મંજૂર છે. હુઝૂરે અકરમ ﷺએ પણ તેમની એ દરખાસ્ત કબૂલ કરી લીધી. કેમ કે હઝરત સઅદ ઈબ્ને મઆઝ કબીલા અવસના સરદાર હતા અને બની કુરૈઝા જાહિલિયતના જમાનામાં તેના હલીફ હતા. એટલા માટે એમને યકીન હતું કે હઝરત સઅદ અમારા હલીફ હોવાનો લેહાઝ કરીને અમારા પર નરમી કરશે. એટલા માટે તેઓ આપના ફૈસલા પર રાજી થયા. પણ ફૈસલો તે થયો જે આગળ આવે છે.

૨. આપ ગઝવએ ખંદકમાં ઝખ્મી થઈ ગયા હતા, બીમાર હતા એટલા માટે સવારી પર હાજર થયા. આપ ક્યાંક દૂરથી આવ્યા ન હતા, પોતાના ઘરેથી જ આવ્યા હતા જે મદીના મુનવ્વરામાં હતું. *(મિર્કાત)*

૩. એમાં સંબોધન એ અન્સારને છે જેઓ બારગાહમાં હાજર હતા અથવા સર્વ હાજરજનોને. એટલે પોતાના આ સરદારની તા'ઝીમ માટે ઉભા થઈ જાવ અને તેમના સ્વાગત માટે જાવ. હઝરત સઅદનું ખચ્ચર દૂર જ હતું ત્યારે એ હુકમ આપ્યો. એનાથી જાણવા મળ્યું કે **બુઝુર્ગોના આગમન પર તેમની તા'ઝીમના માટે ઉભા થવું, તેમનું સ્વાગત કરવું સુન્નત છે. જે હદીષોમાં તા'ઝીમી કયામથી મના કર્યું છે તે એ છે કે સરદાર બેઠેલો હોય અને લોકો તેની સામે હાથ બાંધીને ઉભા હોય.** આ જ બહુમતી (જમહૂર) ઉલ્માનો મઝહબ છે. (મિર્કાત તથા અશિઅહ) અમુકે કહ્યું કે એ તા'ઝીમી કયામ ન હતો બલ્કે હઝરત સઅદ બીમાર હતા અને ખુદ ઉતરીને આવી શક્તા ન હતા તો તેમની મદદ માટે આ હુકમ આપવામાં આવ્યો. એટલા માટે અહીં لام (લામ) ન ફર્માવ્યું اِلٰى ઈર્શાદ થયું. પણ આ ખુલાસો કમજોર છે, નહીં તો કેવળ એક બે માણસને તેમને ઉતારવા માટે મોકલી દેતા, સૌને એ હુકમ ન થતો. قوموا બહુવચન છે. તેમજ પછી سيدكم ન ફર્માવવામાં આવતું બલ્કે مريضكم ઈર્શાદ થાત. سيدكم ફર્માવવાથી માલૂમ થાય છે કે આ કયામત સરદારીના કારણે હતો ન કે બીમારીના કારણે. કેમ કે કયામની સાથે સ્વાગત માટે આગળ મોકલવું પણ હતું એટલા માટે اِلٰى ઈર્શાદ થયું. "કયામે તા'ઝીમી"ની સંપૂર્ણ ચર્ચા અમારી કિતાબ "જા અલ્ હક્ક" (ભાગ–૧)માં જુઓ. (દયાદરા પણ ગુજરાતીમાં મળે છે) અને ઈન્શા અલ્લાહ ! આ કિતાબમાં બાબુલ કયામમાં આવશે.

૪. એટલે કે અહીં તમારા ફૈસલા પર બની કુરૈઝા રાજી છે અને અમને પણ મંજૂર છે જેથી તમે ફૈસલો કરો. જાણવા મળ્યું કે **કોઈને પંચ નક્કી કરવું, એનાથી ફૈસલો કરાવવો સુન્નતથી સાબિત છે.**

૫. જંગજૂ (લડવૈયા)થી મુરાદ મુત્લક્ન યુવાન મુરાદ છે, ચાહે જંગ કરતા હોય અથવા કરાવતા હોય, અથવા રાય આપતા હોય. અને ذَرِيَّة થી મુરાદ નાનાં બાળકો, સ્ત્રીઓ છે જેમને જંગથી કોઈ સંબંધ ન હોય. (મિર્કાત) યાદ રાખશો કે એ મદીનાના યહૂદીઓ અને કાફિરો મુશ્રિકોમાં એ નક્કી થયું હતું કે મુશ્રિકો બહારથી મદીનાના મુસલમાનો પર હુમ્લો કરે અને આપણે મદીનાની અંદરથી મુસલમાનોને મારીએ, અને મુસલમાનોને એવા કચડી નાખીએ જેવી રીતે કે ઘંટીમાં દાણા. એટલા માટે એમના યુવાનોને કત્લ કરાવવામાં આવ્યા. જેથી હદીષ પર એ વાંધો નથી કે ગઝવએ અહઝાબમાં બાકાયદા જંગ થયો જ નથી. મુશ્રિકો ખંદક જોઈને હેરાન રહી ગયા, મદીનાના યહૂદીઓ તેમની રુકાવટ તથા હેરાનીના કારણે બાકાયદા જંગ ન કરી શક્યા.

૬. ફરિશ્તાથી મુરાદ ક્યાં તો જિબ્રઈલ عليه السلام છે અથવા તે ફરિશ્તા જે મો'મિનના દિલમાં ઈલ્હામ રૂપે સારા ખયાલો પેદા કરે છે.

૭. એટલે કે તમે એવો હુકમ આપ્યો જેનાથી અલ્લાહ રાજી છે અથવા અલ્લાહ તઆલાએ ફરિશ્તાના થકી તમારા દિલમાં હુકમ નાખ્યો અને તમે સંભળાવ્યો. જીભ તમારી છે ફૈંસલો રબનો છે. سبحان الله ! કેવી શાન છે હઝરત સઅદની ! رضی الله عنه એનાથી જાણવા મળ્યું કે **મોટા મહત્વના ફૈંસલાઓમાં પણ હકમ (પંચ) બનાવવું જાઈઝ છે અને પંચના ફૈંસલા પર બંને પક્ષે રાજી થવું પડશે. પંચના ફૈંસલાની અપીલ નથી.** સુલ્તાન પણ પોતાનું પંચ બનાવી શકે છે. *(મિર્કાત)*

★ હુઝૂર ﷺના વર્તાવથી કાફિરોના સરદારે ઈમાન લાવીને શું કહ્યું ★

"હઝરત અબૂ હુરૈરહ رضی الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ નજ્દની તરફ કેટલાક સવાર મોકલ્યા[૧] તે લોકો બની હનીફાનો એક શખ્સ પકડી લાવ્યા જેને ષુમામા ઈબ્ને ઉસાલ કહેવામાં આવતો હતો, એટલે યમામાવાળાઓનો સરદાર[૨]. તો એની તરફ રસૂલુલ્લાહ ﷺ તશરીફ લાવ્યા. ફર્માવ્યું, તારી પાસે શું છે ?[૩] હે ષુમામા ! તે બોલ્યો, હે મુહમ્મદ ! મારી પાસે ભલાઈ છે[૪] જો આપ ક़त्ल કરશો તો ખૂનવાળાને ક़त्ल કરશો[૫] અને જો આપ એહસાન કરો તો શુક્રગુઝાર પર કરશો[૬] જો તમે માલ ચાહતા હોવ તો તલબ કરો જે ચાહશો હાજર કરવામાં આવશે[૭] તેને રસૂલલ્લાહ ﷺ એ છોડી આપ્યો[૮] ત્યાં સુધી કે કાલનો દિવસ થયો તો ફર્માવ્યું, હે ષુમામા ! તારી પાસે શું છે ? તે બોલ્યો, મારી પાસે તે જ છે જે મેં આપને અર્ઝ કર્યું કે જો એહસાન કરશો તો શુક્ર ગુઝાર પર એહસાન કરશો અને જો ક़त्ल કરશો ઘણા ભારે ખૂનવાળાને ક़त्ल કરશો. અને જો માલ ચાહતા હોવ તો તલબ કરો હાજર કરવામાં આવશે જે આપ ચાહશો તેને. ફરીથી હુઝૂરને છોડી દીધો ત્યાં સુધી કે પરમ દિવસ થયો. તો તેને ફર્માવ્યું કે ષુમામા ! તારી પાસે શું છે ? તે બોલ્યો, મારી પાસે તે જ છે જે મેં અર્ઝ કર્યું કે જો આપ એહસાન કરશો તો શુક્ર ગુઝાર પર કરશો અને જો ક़त्ल કરશો તો ભારે ખૂનવાળાને ક़त्ल કરશો અને જો આપ માલ ચાહતા હોવ તો તલબ કરો જે આપ ચાહશો હાજર કરવામાં આવશે[૧૦] તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ષુમામાને

★ હદીષ : (૫)-૩૯૬૪ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: بَعَثَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ خَيْلًا قِبَلَ نَجْدٍ فَجَاءَتْ بِرَجُلٍ مِنْ بَنِي حَنِيفَةَ يُقَالُ لَهُ: ثُمَامَةُ بْنُ أُثَالٍ سَيِّدُ أَهْلِ الْيَمَامَةِ فَرَبَطُوهُ بِسَارِيَةٍ مِنْ سَوَارِي الْمَسْجِدِ فَخَرَجَ إِلَيْهِ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «مَاذَا عِنْدَكَ يَا ثُمَامَةُ؟» فَقَالَ: عِنْدِي يَا مُحَمَّد خير إِن نقْتل تَقْتُلْ ذَا دَمٍ وَإِنْ تُنْعِمْ تُنْعِمْ عَلَى شَاكِرٍ وَإِنْ كُنْتُ تُرِيدُ الْمَالَ فَسَلْ تُعْطَ مِنْهُ مَا شِئْتَ فَتَرَكَهُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ حَتَّى كَانَ الْغَدُ فَقَالَ لَهُ: «مَا عِنْدَكَ يَا ثُمَامَةُ؟» فَقَالَ: عِنْدِي مَا قُلْتُ لَكَ: إِنْ تُنْعِمْ تُنْعِمْ عَلَى شَاكِرٍ وَإِنْ تَقْتُلْ تَقْتُلْ ذَا دَمٍ وَإِنْ كنتَ تريدُ المالَ فسَلْ تعط مِنْهُ مَا شِئْتَ. فَتَرَكَهُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ حَتَّى كَانَ بَعْدَ الْغَدِ فَقَالَ لَهُ: «مَا عِنْدَكَ يَا ثُمَامَةُ؟» فَقَالَ: عِنْدِي مَا قُلْتُ لَكَ: إِنْ تُنْعِمْ تُنْعِمْ عَلَى شَاكِرٍ وَإِنْ تَقْتُلْ تَقْتُلْ ذَا دَمٍ وَإِنْ كُنْتَ تُرِيدُ الْمَالَ فَسَلْ تُعْطَ مِنْهُ مَا شِئْتَ. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَطْلِقُوا ثُمَامَةَ»

فَانْطَلَقَ إِلَى نَخْلٍ قَرِيبٍ مِنَ الْمَسْجِدِ فَاغْتَسَلَ ثُمَّ دَخَلَ الْمَسْجِدَ فَقَالَ: أَشْهَدُ أَنْ لَا إِلَهَ إِلَّا اللَّهُ وَأَشْهَدُ أَن مُحَمَّدًا عَبْدُهُ وَرَسُولُهُ يَا مُحَمَّدُ وَاللَّهِ مَا كَانَ عَلَى وَجْهِ الْأَرْضِ وَجْهٌ أَبْغَضُ إِلَيَّ مِنْ وَجْهِكَ فَقَدْ أَصْبَحَ وَجْهُكَ أَحَبَّ الْوُجُوهِ كُلِّهَا إِلَيَّ وَاللَّهِ مَا كَانَ مِنْ دِينٍ أَبْغَضَ إِلَيَّ مِنْ دِينِكَ فَأَصْبَحَ دِينُكَ أَحَبَّ الدِّينِ كُلِّهِ إِلَيَّ وَوَاللَّهِ مَا كَانَ مِنْ بَلَدٍ أَبْغَضَ إِلَيَّ مِنْ بَلَدِكَ فَأَصْبَحَ بَلَدُكَ أَحَبَّ الْبِلَادِ كُلِّهَا إِلَيَّ. وَإِنَّ خَيْلَكَ أَخَذَتْنِي وَأَنَا أُرِيدُ الْعُمْرَةَ فَمَاذَا تَرَى؟ فَبَشَّرَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَمَرَهُ أَنْ يَعْتَمِرَ فَلَمَّا قَدِمَ مَكَّةَ قَالَ لَهُ قَائِلٌ: أَصَبَوْتَ؟ فَقَالَ: لَا وَلَكِنِّي أَسْلَمْتُ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَاللَّهِ لَا يَأْتِيكُمْ مِنَ الْيَمَامَةِ حَبَّةُ حِنْطَةٍ حَتَّى يَأْذَنَ فِيهَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ. رَوَاهُ مُسلم وَاخْتَصَرَهُ الْبُخَارِيّ

ખોલી દો[૧૧] તો મસ્જિદની નજીકના બાગની તરફ ગયો, ગુસ્લ કર્યું પછી મસ્જિદમાં આવ્યો[૧૨] કહ્યું, હું ગવાહી આપુ છું કે અલ્લાહ સિવાય કોઈ ઈબાદતના લાયક નથી અને ગવાહી આપુ છું કે મુહમ્મદ અલ્લાહના બંદા તેના રસૂલ છે. હે મુહમ્મદ! ﷺ અલ્લાહની કસમ ! મને પૃથ્વીના પટ પર કોઈ ચીજ તમારા ચહેરાથી વધુ નાપસંદ ન હતી, હવે આપનું રૂએ અન્વર (મુબારક ચહેરો) સર્વ ચહેરાઓ કરતાં મને પ્યારુ થઈ ગયું[૧૩] અલ્લાહની કસમ મને કોઈ દીન આપના દીન કરતાં વધુ નાપસંદ ન હતો, પણ હવે આપનો દીન મને તમામ દીનો કરતાં અધિક પ્યારો થઈ ગયો[૧૪]. અલ્લાહની કસમ! કોઈ શહેર મને આપના શહેર કરતાં વધુ નાપસંદ ન હતું, પણ હવે મને આપની નગરી સર્વ શહેરો કરતાં અધિક પ્યારી થઈ ગઈ[૧૫] અને આપના લશ્કરે મને એ હાલમાં ગિરફતાર કર્યો કે હું ઉમરાનો ઈરાદો કરી રહ્યો હતો, હવે આપ શું મુનાસિબ સમજો છો ?[૧૬] તેને રસૂલુલ્લાહ ﷺ એ ખુશખબરી આપી અને ઉમરા કરવાનો હુકમ આપ્યો[૧૭] તો જ્યારે તે મક્કા આવ્યા તો તેમને કોઈએ કહ્યું કે શું તમે બેદીન થઈ ગયા ?[૧૮] તે બોલ્યા, નહીં ! પરંતું હું તો રસૂલુલ્લાહ ﷺ ની સાથે ઈમાન લઈ આવ્યો[૧૯] અને ખુદાની કસમ ! યમામાથી તમારી પાસે ઘઉંનો એક દાણો ન પહોંચશે ત્યાં સુધી કે તેની ઈજાઝત રસૂલુલ્લાહ ﷺ આપે[૨૦] . (મુસ્લિમ) અને બુખારીએ એને ટૂંકાણમાં રિવાયત કરી.

૧. આ બનાવ હિ.સ. ૬નો છે, نجد નો શાબ્દિક અર્થ છે ઊંચી જમીન, પણ એનાથી મુરાદ થાય છે અરબનું એક રાજ્ય. કેમ કે આ રાજ્ય યમનથી નીચુ છે, **હિજાઝ, ઈરાક, યમન, બહરૈન, નજદ, આ પાંચ રાજ્યોનું નામ અરબ છે બાકી અજમ.**

૨. યમામા નજદના ઈલાકામાં એક શહેર છે. મક્કા મોઅઝ્ઝમાથી સોળ મંઝિલ છે, અહીં જ મુસૈલમા કઝ્ઝાબ પેદા થયો હતો. બની ખલીફા એક કબીલાનું નામ છે, એ જ કબીલામાં મુસૈલમા પેદા થયો.

૩. મસ્જિદે નબવીના થાંભલાથી બાંધી દીધો જેથી ષુમામા અહીં રહીને હુઝૂર ﷺને આવતાં જતાં ઉઠતાં બેઠતાં જુએ અને તેને ઈમાન નસીબ થઈ જાય. જેમ કે માલૂમ થયું કે કોણ છે જે ધ્યાનપૂર્વક હુઝૂર ﷺને જુએ અને તેમના પર ફિદા ન થઈ જાય !

કુફ્ ઈસ્લામ કે ઝઘળે તેરે છુપને સે બળ્હે–તૂ અગર જલ્વા દિખા દે તો તૂ હી તૂ હો જાએ

એનાથી જાણવા મળ્યું કે કાફિરે મસ્જિદમાં આવવું, તેને ત્યાં લાવવો, ત્યાં રાખવો, ત્યાં બાંધવો જાઈઝ છે. ષુમામા સામાન્યતઃ એ થાંભલા સાથે બાંધેલો રહેતો હતો. પેશાબ જાજરૂ માટે તેને બહાર લઈ જવામાં આવતો હતો. ખાવા પાણી ત્યાં જ આપવામાં આવતુ હશે. તડકાનો ત્યાં સવાલ જ પેદા થતો નથી. સારાંશ કે ષુમામાને ત્યાં કોઈ તકલીફ ન હતી. ત્યાં બંધાયેલા રહેવામાં તેમને એ લિજ્જત આવતી હશે જે અવર્ણનીય છે. મહબૂબ ﷺનો જલ્વો આવતા જતાં જોતા. અત્યાર સુધી લોકો આ સુતૂનની (થાંભલાની) ઝિયારત કરે છે જેનાથી ષુમામાને બાંધવામાં આવ્યા હતા. ષુમામા ત્યાં ત્રણ દિવસ બંધાયેલા રહ્યા.

૪. એટલે તારો શું હાલ છે ? તને ખાવા પીવા વગેરેની કોઈ તકલીફ તો નથી ? અથવા તારો અમારા સંબંધે શું ખયાલ છે ? અમે તારી સાથે શો વર્તાવ કરીશું ? (અશિઅહ તથા મિર્કાત) આ કેદ પર હજારો આઝાદીઓ કુર્બાન !

દેખા ઉન્હેં મેહશરમેં તો રહમતને પુકારા–આઝાદ હૈ જો આપકે દામન સે બંધા હો

૫. એટલે કે દરેક રીતે ખૈરિયત તથા આરામથી છું મને કોઈ તકલીફ નથી. સહાબાએ કિરામ મારી રાહતનો ખૂબ ખયાલ રાખે છે. અથવા હુઝૂરના સંબંધે મારો ખયાલ ખૈર છે કેમ કે મુહસિન છે, આપથી મને જુલ્મનો અંદેશો નથી. *(મિર્કાત)*

૬. دم દાલથી છે (દમ) અર્થ લોહી અને લોહીવાળાથી મુરાદ છે કત્લનો મુસ્તહિક્ અથવા શરીફ કૌમ. એટલે કે જો મને આપ કત્લ કરી દો તો ખરેખર હું કત્લનો જ મુસ્તહિક્ છું કે આપના દુશ્મનોમાંથી છું. આ કત્લમાં આપ જાલિમ ન હશો. અથવા આપ ઘણા કિંમતી લોહીવાળાને કત્લ કરશો કેમ કે હું મારી કૌમનો સરદાર છું અને સરદારનું લોહી ઘણુ મહત્વનું હોય છે. અમુક રિવાયતમાં ઝમ, નુકતાવાળી ઝાલથી છે. અર્થ ઝિમ્મો અને વચન. એટલે કે આપ ઘણા જિમ્મેદારને કત્લ કરશો. હું મામૂલી માણસ નથી, મારી કૌમનાં જિમ્મેદાર છું, સરદાર છું. પણ આ રિવાયત ગૈર મશહૂર જેવી છે.

૭. એટલે કે જો તમે મારા પર એહસાન કરીને મને છોડી આપશો તો જીવનભર આપનો શુક્રગુઝાર રહીશ, હું એહસાન ફરામોશ નથી, એહસાનમંદ રહીશ.

૮. એટલે કે આપ મને ફિદિયો લઈને છોડવા ચાહો તો હું ઘણો જ મોટો માલદાર કોમનો સરદાર છું. મારી કૌમને પયગામ મોકલો, જેટલો માલ ચાહશો આવી જશે.

૯. એને હાલમાં બાંધેલો રહેવા દીધો ન કત્લ કરાવ્યો ન આઝાદ કર્યો ન કોઈ માગણી કરી. અહીં અશિઅતુલ લમ્આતમાં ફર્માવ્યું કે એ દિવસોમાં હુઝૂરે અન્વર ﷺએ એના દિલ પર તવજ્જોહ ફર્માવી, બાતિનમાં તસર્રુફ ફર્માવ્યો એનું પરિણામ ત્રીજા દિવસે જાહેર થયું.

૧૦. યાદ રાખશો કે એ ત્રણેવ દિવસોમાં હુઝૂર ﷺનો સવાલ એ જ રહ્યો, પણ ષુમામાએ પ્રથમ દિવસે જવાબમાં કત્લનો ઉલ્લેખ પ્રથમ કર્યો અને એહસાન તથા માલનો ઉલ્લેખ બાદમાં કર્યો. પણ પાછલા બે દિવસોના જવાબમાં ઈનામ તથા રહમે ખુસ્રવાની (શાહી તરીકાથી રહમ)નો ઉલ્લેખ પહેલાં કર્યો અને કત્લનો ઉલ્લેખ બાદમાં કર્યો, કેમ કે ષુમામાની નજર પહેલા દિવસે પોતાના જુર્મ પર હતી અને બીજા દિવસોમાં હુઝૂર ﷺના રહમો કરમ તથા એહસાન પર હતી.

સૂફિયા ફર્માવે છે કે મુજરિમે જોઈએ કે પોતાના જુર્મનો સ્વીકાર કરે પછી ઈસ્તિગફાર (માફી) માગે. ષુમામા પર પ્રથમ દિવસે ભય સવાર હતો, બાકીના દિવસોમાં ઉમ્મીદ સવાર હતી. પ્રથમ દિવસે ભય સવાર હતો, બાકીના

દિવસોમાં ઉમ્મીદ સવાર હતી. પ્રથમ દિવસે ષુમામા અજનબી હતા આખર દિવસોમાં રહમે ખુસ્રવાના, કરમે શાહાનાથી માહિતગાર થઈ ચૂક્યા હતા. *(અઝ : મિર્કાત)*

૧૧. ત્રણ દિવસ જમાલનો નજારો કરાવીને પોતાની અદાઓ દેખાડીને ફર્માવ્યું કે ષુમામાને આજે કેદથી આઝાદ કરી દો જ્યાં ચાહે જાય. પણ ષુમામાનું દિલ પોતાની મહોબ્બતમાં કેદ કરી લીધું. પક્ષીની પાંખો કાપીને પિંજરાથી કાઢી નાખો અને કહો, જા ઉડી જા ! પણ તે હવે ઉડે કઈ ચીજ વડે ! ઉડવાવાળી ચીજ તો ખતમ થઈ ચૂકી. સહાબાએ વિચાર્યું હશે કે ષુમામા ગયા, પણ ક્યાં જતા ? જવાને કાબેલ જ ન રહ્યા !

ताल सूख पर भट हुवा और हंसा कहीं न जाऐं–बांधे पिछली प्रित के वो कंकर चुन चुन खाऐं

હંસ તળાવના કિનારે રહે છે. તળાવ સૂકાઈ જતાં જ માટી ચાટીને દમ તોડી દે છે, પણ તળાવ છોડીને નથી જતો.

૧૨. હઝરત ષુમામા رضی اللہ عنہ ને પહેલાં કેદ કરીને લાવવામાં આવ્યા હતા, હવે જાતે જ કેદ થઈને આવ્યા !

गिर के क़दमों पर वह क़ुर्बान हो गया–पढ़ लिया कलमा मुसलमान हो गया

જાણવા મળ્યું કે ઈસ્લામ લાવતી વખતે ગુસ્લ કરવું સહાબાની સુન્નત છે. અમુક નુસ્ખાઓમાં نجل જીમથી છે, અર્થ થોડુ અથવા વહેતુ પાણી. પણ મજબૂત રિવાયત نخل ખેથી છે. એટલે કે તે નજીકના બાગમાં ગયા જેમાં થોડુક પાણી હતું ત્યાં ગુસ્લ કર્યું. જાણવા મળ્યું કે વહેતા પાણીથી વુઝૂ તથા ગુસ્લ કરી લેવું જાઈઝ છે. માલિકને પૂછવાની જરૂરત નથી કે એટલા પાણી માટે સામાન્યતઃ મના નથી કરવામાં આવતું.

૧૩. ચહેરાથી મુરાદ જાત છે. કેમ કે મુલાકાતના સમયે પ્રથમ ચહેરો જ જોવામાં આવે છે એટલે જાતના માટે ચહેરો જ બોલી દેવામાં આવે છે. એટલે કે હમણા થોડીક મિનિટો પહેલાં આપનાથી ખૂબ જ નફરત તથા અદાવત હતી પણ કેદથી છૂટતાં જ મારા દિલની દુનિયા બદલાઈ ગઈ કે મારું દિલ આપની મહોબ્બતથી એવું ભરાય ગયું કે હવે જેટલા આપ મને પ્યારા છો એવું પ્યારુ કોઈ નથી ન મા બાપ, ન ઔલાદ બલ્કે ન પોતાની જાત, સર્વ ચીજોમાં આ બધુ જ દાખલ છે. જાણવા મળ્યું કે જ્યારે દિલમાં ઈમાન આવે છે તો પ્રથમ મહબ્બતે રસૂલ આવે છે. આ મહબ્બતે રસૂલ જ અસલી ઈમાન છે. જેમણે હુઝૂર ﷺ ને જાદૂગર કહ્યા તેમણે કુર્આનને જાદૂ કહ્યું. જેમણે હુઝૂર ﷺ ને કાહિન (જ્યોતિષ) કે શાયર કહ્યા, તેમણે કુર્આનને ભવિષ્યવાણી (કહાનત) અને શેઅર (નોવેલ) કહ્યું. જેમણે હુઝૂર ﷺ ને રસૂલુલ્લાહ કહ્યા તેમણે કુર્આન શરીફને કિતાબુલ્લાહ કહી. કુર્આન બલ્કે રહમાનની ખબર હુઝૂર ﷺ છે. આપની મઅરેફતથી કુર્આન તથા રહમાન સુધી પહોંચવામાં આવી શકે છે.

૧૪. દીને ઈસ્લામમાં તૌહીદ, કુર્આન, હશ્ર નશ્ર, ફરિશ્તા, ક્યામત વગેરે સૌ સામેલ છે. એટલે આપની મહોબ્બતથી એને સૌની મહોબ્બત નસીબ થઈ ગઈ. ઘરમાં જ્યારે ઘરવાળો આવે છે તો સામાન સાથે આવે છે. હુઝૂર ﷺ ની મહોબ્બત દિલોની મકીન (રહેવાસી) છે અને આ સર્વ મહોબ્બતો એ મહોબ્બતનો સામાન છે.

૧૫. એટલે કે હવે મને મદીના પાકના ગલી કૂચા અર્શ તથા ફર્શના દરેક મકામ કરતાં વધુ પ્યારા થઈ ગયા. જાણવા મળ્યું કે મદીના મુનવ્વરાની મહોબ્બત ઈમાનની અલામત (નિશાની) છે. ત્યાંના રજકણો બંને જહાન કરતાં પ્યારા છે. (શેઅર) :–

خاک طیبہ ازدو عالم خوشتر است　　اے خنک شہرے کہ دروے دلبر است

અર્થાત : મારા માટે મદીનાની માટી બંને જહાનો કરતાં અધિક મહેબૂબ છે. કેટલા પ્રમાણમાં ઠંડક પહોંચાડનારી તે વસ્તી જેમાં મહબૂબ રહે છે !

કહાં યહ મર્તબે અલ્લાહુ અકબર સંગે અસ્વદકે–યહાં કે પત્થરોંને પાંઉ ચુમે હૈ મુહમ્મદ ﷺ કે

આ મદીનાની મહોબ્બત ઈમાનની નિશાની અને નજાતનો ઝરીયો છે. અલ્લાહ નસીબ કરી દે.

من مذهبی حب الدیار لاهلها　　وللناس فیما یعشقون مذاهب

અર્થાત : મારો ખયાલ એ છે કે ઘરોથી તે ઘરોમાં રહેવાવાળાઓના કારણે મહોબ્બત કરવામાં આવે છે, અને મહોબ્બતના મામલામાં લોકોના પોત પોતાના ખયાલો (માન્યતાઓ) હોય છે.

૧૬. એટલે કે હું પોતાના ઘરેથી ઉમરા કરવા મક્કા મોઅઝ્ઝમા જઈ રહ્યો હતો એવામાં મુસલમાનોના હાથે ગિરફતાર કરી લેવામાં આવ્યો. હવે ફર્માવો, ઉમરા માટે જઉં કે ન જાઉં ? સુબ્હાનલ્લાહ ! કુદરતે કહ્યું હશે કે, હે ષુમામા ! મદીનાના રસ્તાથી મક્કા મોઅઝ્ઝમા જાવ. ખુદ રબ્બે કા'બાને મળવુ હોય તો મદીનાના રસ્તાથી મળ વામાં આવે છે તો કાબા પર એ રસ્તે થઈને જવું જોઈએ.

તયબહસે નજફસે કર્બલાસે – મિલતે હૈં સબ અહલે દિલ ખુદાસે

ષુમામાની ઈમાની કુવ્વતનો એ હાલ થઈ ગયો કે હવે ઉમરો પણ કરવો છે તો હુઝૂરે અકરમ ﷺને પૂછીને ! આપ ફર્માવો તો ઉમરા કરું નહીં તો ન કરું. દરેક ઈબાદત એમની ઈજાઝતથી કરવામાં આવે તો ઈબાદત છે.

૧૭. પહેલાં જન્નત રઝાએ ઈલાહીની ખુશખબરી આપી બાદમાં ઉમરા કરવાનો હુકમ આપ્યો. બતાવ્યું કે ઈસ્લામની બરકતથી તમારા સર્વ ગુનાહો માફ થઈ ગયા, નેકીઓ કબૂલ થઈ ગઈ.

૧૮. صبوت બન્યુ છે صبوથી, અર્થ મેલ, ઝુકી જવું. ઈલ્મથી જેહાલત અને દીનથી બેદીની તરફ ઝુકી જવાને صبو કહે છે મક્કાના કાફિરો ઈસ્લામ લાવવાને صبو અને મુસલમાનને صابٔ કહે છે. એટલે ષુમામા તમે તમારા બાપદાદાઓના દીનને છોડીને બેદીન થઈ ગયા.

૧૯. એટલે કે તમે ઉલ્ટી વાત કહી રહ્યા છો, અત્યાર સુધી હું બેદીન હતો હવે દીનવાળો થઈ ગયો. અત્યાર સુધી કાફિર હતો હવે મોમિન બની ગયો. હું તો જાણે હમણા પેદા થયો. અહીં સાથથી મુરાદ જમાનાની હમરાહી નહીં બલ્કે દીનમાં સાથે હોવું મુરાદ છે, નહીં તો હુઝૂર ﷺ તો એ વખતના મોમિન છે જ્યારે કે દુનિયાની કોઈ ચીજ હતી.

૨૦. જેમ કે ષુમામાએ યમામા પહોંચીને હુકમ આપી દીધો કે મક્કા મોઅઝ્ઝમા ઘઉં, જવ, કોઈ અનાજ ન જવા પામે અને યમામાના અનાજ પર જ મક્કાવાસીઓનો ગુજારો હતો. કુરૈશી ભૂખે મરવા લાગ્યા ત્યારે તેમણે હુઝૂર સૈયદે આલમ ﷺની બારગાહમાં પત્રો અને માણસ મોકલ્યા કે ખુદાનો વાસ્તો, આપણી સગાઈઓના સદકામાં આપ ષુમામાને અનાજ મોકલવાનો હુકમ કરી આપો ? અમે છેવટે છીએ તો તમારા સગા વહાલા ! ત્યારે હુઝૂર ﷺએ ષુમામાને હુકમ આપ્યો અને મક્કાવાસીઓને રોજી નસીબ થઈ. ફકીહો ફર્માવે છે કે જંગના જમાનામાં કાફિરોને ન હથિયાર વેચવામાં આવે ન અનાજ. એનાથી કાફિરોને શક્તિ હાંસલ થશે. અને અમ્નના જમાનામાં ભલે અનાજ એમના હાથે વેચી શકાય છે, પણ હથિયાર તો પણ ન વેચો. કાફિરો સાથે સદવર્તાવ (સુલૂક) તથા એહસાન કરવું જાઈઝ છે ત્યાં સુધી કે જંગી કાફિર કેદીને કોઈ બદલા વિના છોડી આપવો પણ જાઈઝ છે, જ્યારે કે એમાં મસ્લેહત હોય. જેમ કે હુઝૂર ﷺએ આસ ઈબ્ને રબીઆને એહસાન ફર્માવીને છોડી મૂક્યો હતો. એ બદરમાં કેદી થયા હતા. એમાં ઈસ્લામના ઈમામોનો મતભેદ છે તે ફિકૃહની કિતાબોમાં જુઓ. આ હદીષથી ઘણા બધા મસાઈલ નીકળી શકે છે જેમાંથી કેટલાક અમે શરહ દરમ્યાન વર્ણન કરી આપ્યા, બાકી તેહકીક માટે મિર્કાતમાં આ જગાએ અભ્યાસ કરો. ષુમામાની બરકતથી ઘણા બધા લોકો ઈમાન લઈ આવ્યા.

★ હદીષ : (૬)-૩૯૬૫ ★

وَعَن جُبَير بن مطعم أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ فِي أُسَارَى بَدْرٍ: «لَوْ كَانَ الْمُطْعِمُ بْنُ عَدِيٍّ حَيًّا ثُمَّ كَلَّمَنِي فِي هَؤُلَاءِ النَّتْنَى لتركتهم لَهُ» . رَوَاهُ الْبُخَارِيّ

હઝરત જુબેર ઈબ્ને મુત્ઈમથી[1] રિવાયત છે કે નબી કરીમ ﷺ એ બદરના કેદીઓના વિશે ફર્માવ્યું કે જો મુઅતમ ઈબ્ને અદી જીવતા હોય પછી તે મને તે ગંદાઓના વિશે વાતચીત કરતા તો તેમના કારણે તેમને હું છોડી દેતો. (બુખારી)

★ મુત્ઈમની સિફારિશથી કેદી મુક્ત થઈ શક્તા હતા ★

૧. આપ જુબેર ઈબ્ને મુત્ઈમ ઈબ્ને અદી નોફેલ ઈબ્ને અબ્દે મુનાફ છે. કુન્નિયત અબૂ મુહમ્મદ છે. ફતહે મક્કા અથવા ખૈબરના દિવસે ઈમાન લાવ્યા. મોટા શાઈર, નસબોના આલિમ, કૌમના સરદાર હતા. હઝરત અબૂ બક્ર સિદ્દીક़ رضی اللہ عنہ ના શાગિર્દ હતા. હિ.સ. ૫૪માં વફાત પામ્યા. આપે આ હદીષ કુફ્રના જમાનામાં સાંભળી હતી અને ઈસ્લામ લાવ્યા બાદ રિવાયત કરી. મુત્ઈમથી મુરાદ જુબેર ઈબ્ને મુત્ઈમના પિતા છે. તે ગંદાઓથી મુરાદ ક્યાં તો બદરમાં ક़त્લ થયેલ કાફિરો છે કે તેઓ કુફ્ર પર મર્યા અથવા બદરના કેદી કે તે એ વખતે કુફ્રની ગંદકીમાં હતા. યાદ રાખશો કે મુત્ઈમ ઈબ્ને અદીએ તાઈફમાં તાઈફના કાફિરોને હૂઝૂરથી હટાવ્યા હતા, અને હુઝૂરની જબરદસ્ત તરફદારી કરી હતી. ફર્માવ્યું કે હે જુબેર ! તમારા પિતાનું મારા પર એહસાન છે. જો આજે તે ઝિંદા હોત અને તે કાફિરોની સિફારિશ કરતા તો તેમની સિફારિશ પણ હું તે સૌને બદલા વિના છોડી આપત. યાદ રાખશો કે ઈસ્લામના શરૂમાં કાફિર કેદીઓને એહસાન કરીને છોડી આપવા જાઈઝ હતું પછી મન્સૂખ થઈ ગયું. આ જ મઝહબ છે ઈમામ અબૂ હનીફા, માલિક તથા અહમદનો, ઈમામ શાફઈને ત્યાં હજી પણ જાઈઝ છે. તેમની દલીલ આયતે કરીમા છે અને આ હદીષ છે. આપણે ત્યાં એ બંને આ આયતથી મન્સૂખ છે : قَاتِلُوا الْمُشْرِكِينَ كَآفَّةً (અને મુશ્રિકો સાથે દરેક વખતે લડો, જેવા તેઓ તમારી સાથે દરેક વખતે લડે છે. સૂ. તૌબા, ૯/૩૬) (જુઓ : ફત્હુલ ક़દીર અને મિર્ક़ાત વગેરે) હઝરત જુબેર ફખ્રિયા તૌર પર (ગર્વરૂપે) આ રિવાયત કરી રહ્યા છે કે હુઝૂરે મારા પિતાની આવી ઈજ્જત કરી.

★ હદીષ : (૭)-૩૯૬૬ ★

وَعَن أنس: أَنَّ ثَمَانِينَ رَجُلًا مِنْ أَهْلِ مَكَّةَ هَبَطُوا عَلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْ جَبَلِ التَّنْعِيمِ مُتَسَلِّحِينَ يُرِيدُونَ غِرَّةَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَصْحَابِهِ فَأَخَذَهُمْ سِلْمًا فَاسْتَحْيَاهُمْ. وَفِي رِوَايَةٍ: فَأَعْتَقَهُمْ فَأَنْزَلَ اللَّهُ تَعَالَى (وَهُوَ الَّذِي كَفَّ أَيْدِيَهُمْ عَنْكُمْ وَأَيْدِيَكُمْ عَنْهُمْ ببطنِ مكة)رَوَاهُ مُسلم

★ એંસી કાફિરોનું અચાનક હુમ્લો કરવું ★

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે મક્કાવાસીઓમાંથી ૮૦ માણસો તન્ઈમ પહાડથી હથિયારબંધ થઈને રસૂલુલ્લાહ ﷺ પર કૂદયા.[1] તેઓ નબી ﷺ ની ગફલત અને હુઝૂર ﷺ ના સહાબાની ગફલતના ઈરાદામાં હતા.[2] કે એમને જીવતા ગિરફતાર કરી લીધા[3] પછી તેમને જીવતા છોડી આપ્યા. અને એક રિવાયતમાં છે કે તેમને આઝાદ કરી દીધા[4] ત્યારે અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી કે તે રબ તે છે જેણે મક્કાના દરમિયાન તેમના હાથોને તમારાથી અને તમારા હાથોને તેમનાથી રોકી લીધા.[5] (મુસ્લિમ)

૧. આ બનાવ હુદૈબિયાના વરસનો છે. تنعيم (તન્ઈમ) મક્કા મોઅઝ્ઝમાથી ત્રણ માઈલના અંતરે હરમની બહાર એક જગાનું નામ છે. અહીંથી ઉમરાનો એહરામ બાંધવા લોકો મક્કા મોઅઝ્ઝમાથી આવે છે. સૌથી નજીક આ જ જગા છે. અહીં જ મસ્જિદે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا છે. ફકીરે ઝિયારત કરી છે. એને તન્ઈમ એટલા માટે કહેવામાં આવે છે કે તેની જમણી બાજુ નઈમ પહાડ આવેલ છે અને ડાબી બાજુ નાઈમ પહાડ આવેલ છે. એ જંગલનું નામ નોઅમાન છે. (જુઓ મિર્કાત) એ ૮૦ માણસો ઢાલ તલ્વાર વગેરે હથિયારોથી સજ્જ હતા. તેમની નિય્યત ખરાબ હતી. હુઝૂર ﷺ અને સહાબા હઝરાત તો ઉમરાના એહરામમાં હતા અને તેમના ઈરાદા કાંઈ અલગ જ હતા.

૨. એટલે એમની નિય્યત એ હતી કે મુસલમાન ગાફેલ થાય તો અમે તેમના પર તૂટી પડીએ અને બધાને શહીદ કરી દઈએ. غرة ગયનના ઝબરથી, અર્થ ગફલત તથા ધોકો.

૩. سلم સીનના ઝેર અથવા ઝબર અને લામના જઝમથી, અર્થ : સુલહ, સલામી, આજ્ઞાપાલન, સોપી દેવું. રબ તઆલા ફર્માવે છે : وَاَلْقَوْا اِلَيْكُمُ السَّلَمَ (અને ન લડે અને ન સુલહ પયામ નાખે. સૂ. નિસાઅ, ૪/૯૦) અને ફર્માવે છે : رَجُلًا سَلَمًا لِّرَجُلٍ (અને એક નર્યા એક માલિકના. સૂ. ઝુમર, ૩૯/૨૯) એક તથા એકથી વધારે પર બોલવામાં આવે છે. અહીં સલામતીના અર્થમાં અથવા ફર્માબરદારી એટલે કે તમામે તમામ સહી સલામત અથવા આજ્ઞાંકિત તથા ફર્માબરદાર થઈને ગિરફતાર કરી લેવામાં આવ્યા.

૪. એટલે હુઝૂરે અન્વર ﷺએ ન તો તેમને કત્લ કર્યા ન કેદી, બલ્કે એ જ પ્રમાણે છીડી આપ્યા જેથી કરીને તેમના પોતાનો જુર્મ અને હુઝૂર ﷺની માફીની અસર પડે. જો આ એહસાન કરવામાં ન આવત તો મક્કાના કાફિરો સાથે જંગ છેકડાય જાત.

૫. એટલે કે અલ્લાહ તઅલાનો જ કરમ હતો કે તેણે તે ૮૦ કાફિરોનાં દિલમાં રોઅબ નાખી દીધો જેના લીધે તેઓ તમારાથી લડી ન શક્યા બલ્કે ગિરફતાર થઈ ગયા અને તમારા દિલમાં રહમો કરમ નાખી દીધી જેના લીધે તમે તેમને કત્લ કે કેદ ન કર્યા બલ્કે છોડી આપ્યા જેના પરિણામે છેવટે સુલહ થઈ. એ જગાને બતને મક્કા એટલા માટે કહે છે કે મક્કા મોઅઝ્ઝમાથી હુદૈબિયા ખૂબ જ નજીક છે ત્યાં સુધી કે તેનો એક હિસ્સો હરમ શરીફમાં જ આવેલો છે. આ આયતે કરીમાની અન્ય ઘણી તફસીરો કરવામાં આવી છે પણ મજબૂત તફસીર આ જ છે. એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ બલ્કે સહાબાએ કિરામને બારગાહે ઈલાહીમાં એ કુર્બ હાંસલ છે કે તેમના ફેઅલને રબ તઆલા પોતાના ફેઅલ ઠરાવી દે છે કે અહીં આ આયતે કરીમામાં રબે ફર્માવ્યું : كَفَّ اَيْدِيَهُمْ (અને તે જ છે જેણે તેમના હાથ તમારા પર રોકી દીધા. સૂ. ફતહ, ૪૮/૨૪)

★ હુઝૂર ﷺનું મુડદાં કાફિરો પાસે જઈ વાત કરવું અને હઝરત ઉમરનું સવાલ કરવું ★

હઝરત કતાદા رضی اللہ عنہ થી[૧] રિવાયત છે. ફર્માવે છે કે અમારાથી અનસ ઈબ્ને માલિકે અબૂ તલ્હાની રિવાયતથી વર્ણવ્યું કે નબી ﷺએ બદરના દિવસે કુરેશના ચોવીસ સરદારોના વિશે હુકમ આપ્યો[૨] તો તે બદરના કૂવાઓમાંથી એક ગંદા તથા નાપાક કૂવામાં[૩] ફેંકી દેવામાં આવ્યા[૩] અને જ્યારે હુઝૂર કોઈ કોમ પર

★ હદીષ : (૮)-૩૯૬૭ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ قَتَادَةَ قَالَ: ذَكَرَ لَنَا أَنَسُ بْنُ مَالِكٍ عَنْ أَبِي طَلْحَةَ أَنَّ نَبِيَّ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَمَرَ يَوْمَ بَدْرٍ بِأَرْبَعَةٍ وَعِشْرِينَ رَجُلًا مِنْ صَنَادِيدِ قُرَيْشٍ فَقُذِفُوا فِي

طَوِيٍّ مِنْ أَطْوَاءِ بَدْرٍ خَبِيثٍ مُخْبِثٍ وَكَانَ ذَا ظهرَ عَلَى قَوْمٍ أَقَامَ بِالْعَرْصَةِ ثَلَاثَ لَيَالٍ فَلَمَّا كَانَ بِبَدْرٍ الْيَوْمَ الثَّالِثَ أَمَرَ بِرَاحِلَتِهِ فَشُدَّ عَلَيْهَا رَحْلُهَا ثُمَّ مَشَى وَاتَّبَعَهُ أَصْحَابُهُ حَتَّى قَامَ عَلَى شَفَةِ الرَّكِيِّ فَجَعَلَ يُنَادِيهِمْ بِأَسْمَائِهِمْ وأسماءِ آبائِهم: «يَا فُلَانَ بْنَ فُلَانٍ وَيَا فُلَانُ بْنَ فُلَانٍ أَيَسُرُّكُمْ أَنَّكُمْ أَطَعْتُمُ اللَّهَ وَرَسُولَهُ؟ فَإِنَّا قَدْ وَجَدْنَا مَا وَعَدَنَا رَبُّنَا حَقًّا فَهَلْ وَجدتمْ مَا وعدَكم رَبُّكُمْ حَقًّا؟» فَقَالَ عُمَرُ: يَا رَسُولَ اللَّهِ مَا تُكَلِّمُ مِنْ أَجْسَادٍ لَا أَرْوَاحَ لَهَا؟ قَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:«وَالَّذِي نَفْسُ مُحَمَّدٍ بِيَدِهِ مَا أَنْتُمْ بِأَسْمَعَ لِمَا أَقُولُ مِنْهُمْ».وَفِي رِوَايَةٍ: «مَا أَنْتُمْ بِأَسْمَعَ مِنْهُمْ وَلَكِنْ لَا يُجِيبُونَ».مُتَّفَقٌ عَلَيْهِ. وَزَادَ الْبُخَارِيُّ: قَالَ قَتَادَةُ: أَحْيَاهُمُ اللَّهُ حَتَّى أَسْمَعَهُمْ قولَه توْبيخاً وتصغيرا ونقمة وحسرة وندما

ગાલિબ આવતા હતા તો જંગના મેદાનમાં ત્રણ રાત રોકાણ કરતા હતા[૪] જેથી જ્યારે બદરમાં ત્રીજો દિવસ થયો તો પોતાની સવારીના વિશે હુકમ આપ્યો તો એનો પાલાન (કાઠલો) બાંધી દેવામાં આવ્યો[૫] પછી હુઝૂર ﷺ ચાલ્યા અને હુઝૂરના સહાબા પાછળ પાછળ ચાલ્યા ગયા ત્યાં સુધી કે કૂવાના કિનારા પર ઉભા રહ્યા[૬] તો તેમને તેમના તથા તેમના બાપદાદાઓના નામથી પુકારવા લાગ્યા, હે ફલાણા ઈબ્ને ફલાણા ! અને હે ફલાણાના પુત્ર ફલાણા ![૭] શું હવે તમને પસંદ છે કે તમે અલ્લાહ રસૂલની ઈતાઅત (આજ્ઞાપાલન) કરી હોત[૮] અમે તો એ હક્ક પામ્યું જે અમને અમારા રબે વાયદો કર્યો હતો[૯] તો તમે પણ તે હક્ક (સત્ય) પામી લીધું જે તમારાથી તમારા રબે વાયદો કર્યો ?[૧૦] તો હઝરત ઉમરે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! હુઝૂર ! એ શરીરોથી વાત કરો છો જેમનામાં જીવ નથી ?![૧૧] નબી ﷺ એ ફર્માવ્યું, એની કસમ જેના કબજામાં મુહમ્મદ (ﷺ)ની જાન છે ! મારા ફર્માન તમે લોકો એમના કરતાં વધુ નથી સાંભળી શકતા[૧૨] અને એક રિવાયતમાં છે કે, તમે લોકો એમનાથી વધુ નથી સાંભળતા, પરંતુ તેઓ જવાબ નથી આપતા[૧૩] (મુસ્લિમ, બુખારી) બુખારીએ એટલો વધારો કર્યો કે કતાદાએ ફર્માવ્યું કે અલ્લાહે એમને જીવતા કર્યા ત્યાં સુધી કે હુઝૂર ﷺ નો કૌલ સંભળાવી દીધો ફટકાર, બેઈજ્જતી, બદલો, અફસોસ, શર્મિંદગીના માટે.[૧૪]

૧. આપ કતાદા ઈબ્ને વઆમા છે. કુન્નિયત અબુલ ખત્તાબ છે. નાબીના હતા. હઝરત અનસ અને અબ્દુલ્લાહ ઈબ્ને હસન સિદ્દીકથી મુલાકાત છે. તાબઈ છે. હિ.સ. ૧૦૭ વફાત થઈ. *(અકમાલ)*

★ કુરેશના સરદારોને એક કૂવામાં ફેંક્યા ★

૨. ગઝવએ બદરમાં ૭૦ કાફિરો મારી નાખવામાં આવ્યા હતા અને સિત્તેર કેદી. મરનારાઓમાં ૨૪ ઘણા ટોચના સરદારો હતા જેમની લાશો ખાસ કરીને અહીં ફેંકાવવામાં આવી હતી. صناديد બહુવચન છે صنديدનું. صنديدનો અર્થ છે : રઈસ, સરદાર, બહાદુર, અશરફ, અઝીમ. અહીં સર્વ અર્થો બની શકે છે.

૩. طوى તોયના ઝબરથી અને વાવના ઝેર, યેની તશ્દીદથી. અર્થ થાળા વાળો કૂવો જેનો કિનારો ગોળ દીવાલથી ઘેરી દેવામાં આવ્યો હોય કે એમાં કોઈ પડી ન જાય. ક્યાં તો પહેલેથી એ કૂવો ગંદો હતો કે ત્યાં ગંદકીઓ

નાખવામાં આવતી હતી અથવા આજે એ ખબીષોની લાશો નાખવાના કારણે ગંદો થઈ ગયો. અમુક રિવાયતોમાં છે કે તે ક़બીબ એટલે કૂવાની ગુફામાં નાખવામાં આવ્યા હતા. શક્ય છે કે અમુક લાશો કૂવામાં નાખવામાં આવી હોય અને અમુક તેની ગુફામાં.

૪. એટલે કે મુબારક તરીકો એ હતો કે ફતહ કર્યા બાદ તરત પરત થઈ જતા ન હતા બલ્કે ત્રણ દિવસ એ મેદાનમાં રોકાણ કરતા હતા. પછી ત્યાંથી પરત થતા. عرصه (અરિસા) તે જંગલ છે જેમાં કોઈ ઈમારત ન હોય.

૫. એટલે કે પરત થવા માટે સવારીઓ તૈયાર કરવામાં આવી અને તેના પર સફરનો સામાન રાખી દેવામાં આવ્યો.

૬. જે કૂવામાં એ સરદારોની લાશો પડી હતી એ કૂવાના કિનારા પર ઉભા રહ્યા. હવે તે કૂવો અદશ્ય (લાપતા) થઈ ગયેલ છે. હું કેટલીયવાર બદર શરીફમાં હાજર થયો અને સર્વ ઐતિહાસિક સ્થળોની ઝિયારત કરી પણ એ કૂવો જોવા ન મળ્યો. જાણવા મળ્યું કે ગુમ થઈને રહી ગયો છે.

૭. એટલે કે અબૂ જહલ, ઉમૈયા ઈબ્ને ખલફ વગેરેમાંથી દરેકને અલગ અલગ નામ લઈને પુકાર્યા અને વાત સૌની સાથે સામૂહિક રીતે કરી . એનાથી જાણવા મળ્યું કે મુર્દાઓને પુકારવા જાઈઝ છે ભલે મુડદાં કાફિરો જ હોય અને તેમની સાથે વાત કરવી દુરુસ્ત છે. હઝરત ઈબ્રાહીમ عليه السلامએ તો ઝબહ કરેલા જાનવરોને પુકાર્યાં. ثُمَّ ادْعُهُنَّ يَأْتِيْنَكَ سَعْيًا (પછી તેમને બોલાવો તેઓ તારી પાસે ચાલતાં આવશે. સૂ. બક़રહ, ૨/૨૬૦) કબરોની ઝિયારતના મોકા પર મુર્દાઓને પુકારીને સલામ કરવી, તેમનાથી વાત કરવી સુન્નત છે.

૮. સવાલ નિશ્ચિતપણે છે, એટલે કે હવે તો યક़ીનન ! તમને એ આરઝૂ છે કે કાશ ! અમે ઈસ્લામ ક़બૂલ કરી લીધો હોત અને અલ્લાહ રસૂલની ફર્માબરદારી કરી હોત ! જે હક़ીક़ત હતી તે હુઝૂરે વર્ણન કરી આપી. યાદ રાખશો કે મૃત્યુ બાદ રૂહ પોતાના સ્થાન પર પહોંચાડી દેવામાં આવે છે. મોમિનની સારા મક़ામ પર અને કાફિરની રૂહ અઝાબના મક़ામ પર, પણ રૂહ જ્યાં પણ હોય તેને કબર તથા શરીરથી સંબંધ જરૂર રહે છે. જેવી રીતે ઊંઘવાની હાલતમાં રૂહ આલમની સૈર કરે છે પણ ઊંઘી રહેલાના શરીરથી સંબંધ રાખે છે, કે જેવો શરીરને હાથ લગાડયો, તેને અવાજ આપ્યો તો રૂહને ખબર થઈ ગઈ. એટલે કબર પર જઈને સલામ તથા કલામ કરવામાં આવે છે. એની તેહક़ીક़ અમે અમારી તફસીરે નઈમી પારા દોમ بل احياء ની તફસીરમાં પણ કરી છે. અને આ જ મિર્આત બાબુલ જુમ્આ મસ્અલા હયતુન્નબીમાં પણ કરી છે. મુડદાંઓની હયાત, શહીદોની હયાત તથા હયાતુન્નબી ﷺનો ફરક ત્યાં જુઓ.

૯. આ વાયદાથી મુરાદ અમુક તે રબ્બાની વાયદા છે જેનો ઝહૂર દુનિયામાં થઈ ચૂક્યો છે. બદરમાં થોડા મુસલમાનોનું ખૂબ જ શક્તિશાળી સશસ્ત્ર કાફિરો પર ગલ્બો (સરસાઈ) પામવું, ફરિશ્તાઓનું મુસલમાનોની મદદ માટે ઉતરવું વગેરે, એ વાયદા મુરાદ નથી જેનો ઝહૂર મૃત્યુ બાદ અથવા ક़યામત બાદ થશે કે એ વાયદા તો પૂરા થશે, હજી પૂરા થયા નથી.

૧૦. આ વાયદાથી મુરાદ તે ચેતવણીઓ (વઈદો) છે જે હુઝૂરે અન્વર ﷺની મારફત કાફિરો સુધી પહોંચી, ચાહે દુનિયવી હોય કે બરઝખી. જેમ કે બદરમાં મુસલમાનોના હાથે હાર પામવું અને ક़બ્રનો અઝાબ વગેરે. આખેરતની (ઉખરવી) વઈદો (ચેતવણીઓ) જેનો ઝહૂર કયામતમાં અથવા ક़યામત બાદ થશે તે મુરાદ નથી, કે તે હજી પૂરી નથી થઈ, ભાવિમાં થશે. જેથી હદીષ બિલ્કુલ સ્પષ્ટ છે, કોઈ વાંધો નથી. આ ફર્માને આલીનો મક़સદ એ કાફિરોને ફટકાર કરવાનો છે.

૧૧. એટલે કે આ મુડદાં ન તો આપનું ફર્માન સાંભળી શકે છે ન જવાબ આપી શકે છે. એવા લોકો સાથે વાત કરવી બેકાર છે, બેકાર કામ શાને નબુવ્વતની વિરૂધ્ધ છે.

૧૨. ﴿سمع﴾ ઈસ્મે તફસીલ છે જે ઝિયાદતી સાંભળવા પર દલીલ પૂરી પાડે છે. જ્યારે તફઝીલની નફી (નકાર) થઈ તો ઝિયાદતીની નફી થઈ. એટલે તમે જીવતા આ મુડદાંથી વધુ સાંભળનાર નથી, અને તમારા બરાબર બલ્કે તમારાથી વધુ પણ સાંભળે છે કે તમે કેવળ સાંભળી રહ્યા છો પણ તેઓ મારુ કલામ (વાણી) સાંભળી પણ રહ્યા છે અને કબ્રનો અઝાબ જોઈ પણ રહ્યા છે.

૧૩. એવો જવાબ જે પબ્લિક સાંભળી શકે, નહીં તો મૈયતનું સાંભળવું, તેનાં જવાબ આપવું હદીષોથી સાબિત છે, પણ તે જવાબ આમ લોકો નથી સાંભળતા. બારગાહના મકબૂલ બંદાઓ, ખાસ કરીને કબરોના કશ્ફવાળા હઝરાત મૈયત સાથે સલામ કલામ અને વાતચીત સર્વ કાંઈ કરી લે છે.

૧૪. એટલે બદરના કત્લ થનારા કાફિરો દરેક વખતે જીવતાઓની વાત નથી સાંભળતા. આ કૌલ કતાદાનો છે.

★ મુડદાંના સાંભળવા વિશે મસ્અલો ★

યાદ રાખશો કે અંબિયાએ કિરામ હઝરાત, અવલિયા અલ્લાહનું વફાત બાદ સાંભળવું, જોવું, તસર્રુફ કરવાના સંબંધે સર્વ ઈસ્લામી ફિર્કા એના પર એકમત છે કે એ હઝરાત મૃત્યુ બાદ સાંભળે, જુએ, આલમમાં તસર્રુફ કરે છે. કેમ કે અંબિયા હઝરાત દુનિયવી હકીકી હયાતની સાથે ઝિંદા છે અને અવલિયા હઝરાત ઉખરવી હયાત, રૂહાની હયાત સાથે ઝિંદા છે (અશિઅતુલ લમ્આત) આમ મુડદાંઓના સાંભળવા સંબંધે ઉલમાએ ઈસ્લામની ત્રણ જમાઅતો છે : **એક** જમાઅત કહે છે કે આમ (સામાન્ય) મુડદાં કદી નથી સાંભળતાં. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا પણ પહેલાં એ જ ફર્માવતાં હતાં, પણ બાદમાં આપે એનાથી રુજૂઅ કરી લીધું અને મુડદાંના સાંભળવા વિશે માનનાર થઈ ગયાં. (અશિઅતુલ લમ્આત) **બીજી** જમાઅત કહે છે કે મુડદાં સામાન્ય સંજોગોમાં તો નથી સાંભળતાં પણ ખાસ સમયોમાં સાંભળે છે, જેમ કે દફન બાદ, કે દફન કરનારાઓના જોડાઓની આહટ (પગરવ) સાંભળે છે. અથવા હુઝૂર ﷺના આ ફર્માનના સમયે કત્લ થનારાઓમાં જિંદગી પેદા થઈ ગઈ જેનાથી તેમણે હુઝૂર ﷺનું આ ફર્માન સાંભળી લીધુ. આ કૌલ હઝરત કતાદાનો છે જેવું કે અહીં વર્ણન થયો. **ત્રીજી** જમાઅતનો કૌલ છે કે આમ મુડદાં પણ દરેક વખતે સાંભળે છે, આવનારાઓને જુએ ઓળખે છે.

★ મુડદાંના સાંભળવાના મુન્કિરોની દલીલો ★

(૧) કુર્આને કરીમ ફર્માવે છે : اِنَّكَ لَا تُسْمِعُ الْمَوْتٰى وَ لَا تُسْمِعُ الصُّمَّ الدُّعَآءَ (બેશક ! તમારા સંભળાવ્યે નથી સાંભળતાં મુડદાં અને ન તમારા સંભળાવ્યે પુકાર સાંભળે. (સૂ. નમ્લ, ૨૭/૮૦) હે મહબૂબ ! તમે મુડદાંને નથી સંભળાવી શકતા, ન બહેરાઓને પોકાર સંભળાવી શકો. (૨) કુર્આને કરીમ ફર્માવે છે : وَ مَاۤ اَنْتَ بِمُسْمِعٍ مَّنْ فِی الْقُبُوْرِ (અને નથી તમે સંભળાવવાવાળા તેમને જેઓ કબરોમાં પડેલા છે. સૂ. ફાતિર, ૩૫/૨૨) જે કબરોમાં છે આપ તેમને નથી સંભળાવી શકતા. (૩) હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا નું ફર્માન છે કે મુડદાં નથી સાંભળતાં. (૪) ફકીહો ફર્માવે છે કે જે કોઈની સાથે ન બોલવાની કસમ ખાય લે પછી તેની સાથે મૃત્યુ બાદ વાત કરે, તો તેની કસમ તૂટશે નહીં, કેમ કે મૈયત કલામ (વાત) સાંભળતી સમજતી નથી. મુડદાંના સાંભળવાનું નકારનારાઓની આ ચાર દલીલ છે.

★ મુડદાંના સાંભળવા વિશે માનનારાની દલીલો ★

(૧) કુર્આનમાં છે : હઝરત સાલેહ علیہ السلام જ્યારે અઝાબ પામેલી કૌમની લાશો પાસેથી જ્યારે પસાર થયા તો આપે તેમને સંબોધીને ફર્માવ્યું : يٰقَوْمِ لَقَدْ اَبْلَغْتُكُمْ رِسَالَةَ رَبِّیْ وَ نَصَحْتُ لَكُمْ وَ لٰكِنْ لَّا تُحِبُّوْنَ النّٰصِحِيْنَ (હે મારી

ક़ૌમ ! બેશક ! મેં તમને મારા રબની રિસાલત પહોંચાડી આપી અને તમારુ ભલુ ચાહ્યું પણ તમે શુભેચ્છકોને પસંદ કરનારા નથી. –સૂરએ અઅ્રાફ, ૭/૭૯)

(૨) કુર્આને કરીમમાં છે કે હઝરત શોએબ عليه السلام પોતાની કાફિર અઝાબ પામેલી કૌમની લાશો પર ગુજર્યા તો : فَتَوَلّٰى عَنْهُمْ وَ قَالَ يٰقَوْمِ لَقَدْ اَبْلَغْتُكُمْ رِسٰلٰتِ رَبِّيْ وَ نَصَحْتُ لَكُمْ ۚ فَكَيْفَ اٰسٰى عَلٰى قَوْمٍ كٰفِرِيْنَ (હે મારી ક़ૌમ ! હું તમને રબની રિસાલત પહોંચાડી ચૂક્યો અને તમારા ભલા માટે નસીહત કરી, તો શા માટે ગમ કરું કાફિરોનો. (સૂ. અઅ્રાફ, ૭/૯૩) એટલે હે કૌમ ! મેં તમને અહકામે ઈલાહી પહોંચાડયા, તમારી ઘણી શુભેચ્છા ચાહી, તો હવે હું કાફિર ક़ૌમ પર કેવી રીતે ગમ કરું. (૩) કુર્આને કરીમ ફર્માવે છે : وَسْـَٔلْ مَنْ اَرْسَلْنَا مِنْ قَبْلِكَ مِنْ رُّسُلِنَاۤ اَجَعَلْنَا مِنْ دُوْنِ الرَّحْمٰنِ اٰلِهَةً يُّعْبَدُوْنَ (અને તેમને પૂછો, જે અમે તમારાથી પહેલાં રસૂલ મોકલ્યા. શું અમે રહમાન સિવાય કોઈ અન્ય ખુદા ઠરાવ્યા જેને પૂજ્યા હોય. સૂ. ઝુખ્રુફ, ૪૩/૪૫) હે મહબૂબ ! તમારાથી પહેલાંના રસૂલોને પૂછી લો, અમે અલ્લાહ સિવાય કોઈ મઅબૂદ બનાવ્યા હોય જેની પૂજા કરવામાં આવે. (૪) આ જ હદીષ જે મુસ્લિમ, બુખારીએ રિવાયત કરી. જેનાથી માલૂમ પડયું કે કાફિર મુડદાં પણ સાંભળે છે. (૫) મુસ્લિમ શરીફમાં છે કે દફન બાદ જ્યારે લોકો પાછા ફરે છે તો મુડદુ તેમના જોડાઓની આહટ (પગરવ) સાંભળે છે. (૬) હુઝૂર ﷺ જ્યારે મદીના મુનવ્વરાના ક़બ્રસ્તાનમાં તશરીફ લઈ જતા તો તેમનાથી સંબોધન કરીને સલામ પણ કહેતા હતા અને વાત પણ કરતા હતા, કે તમે અમારા પૂર્વજ (સલફ) છો અમે તમારાથી પાછલા (ખલફ) છીએ. (૭) હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا જ્યારે મક્કા મોઅઝ્ઝમામાં પોતાના ભાઈ અબ્દુર્રહમાનની કબર પર પહોંચ્યાં તો સલામ કરી અને ફર્માવ્યું કે હે અબ્દુર્રહમાન ! જો હું ઈન્તેક़ાલ વખતે મૌજૂદ હોત તો તમને ત્યાં જ દફન કરતી જ્યાં તમારી વફાત થઈ હતી. (૮) હઝરત આઈશા સિદ્દીક़ા رضی اللہ عنہا ફર્માવે છે કે જ્યાં સુધી મારા હુજરામાં હુઝૂર ﷺ અને અબૂ બક્ર સિદ્દીક़ દફન રહ્યા ત્યાં સુધી હું હિજાબ વિના અંદર ચાલી જતી હતી. જ્યારથી હઝરત ઉમર દફન થયા છે ત્યારથી હું હિજાબ સાથે અંદર જઉં છું. હઝરત ઉમરથી શરમ તથા હયાના કારણે. (૯) ફક़ીહો ફર્માવે છે કે ક़બ્રસ્તાનમાં જાય તો ક़બ્રવાસીઓને સલામ કરે. આમ (સામાન્ય) મો'મિનોને આ પ્રમાણે કહે : السلام عليكم دار قوم من المسلمين وانا ان شاء الله لا حقون نسأل الله لنا ولكم العافية શહીદોને આ પ્રમાણે સલામ કરે : سلٰمٌ عَلَيْكُمْ بِمَا صَبَرْتُمْ فَنِعْمَ عُقْبَى الدَّارِ અવલિયા અલ્લાહને આ પ્રમાણે સલામ કરે. سلامٌ عليكم بما كسبتم فنعم عقبى الدار અને જાહેર છે કે ન સાંભળનારાઓને સલામ કરવી મના છે. જુઓ ! સૂતેલાને સલામ ન કરો કે તે સાંભળતો નથી, તેમજ જે સલામનો જવાબ ન આપી શકતો હોય તને સલામ કરવી મના છે. જે નમાઝ પઢી રહ્યો છે, ઈસ્તિંજા કરી રહ્યા છે, તેને સલામ ન કરો કે ભલે સલામ સાંભળે તો છે પણ જવાબ આપી નથી શકતો. જો કબરવાળાં મુડદાં સલામ સાંભળતાં ન હોતાં અથવા જવાબ ન આપી શકતા તો એમને સલામ કરવું મના થાત. જાણવા મળ્યું કે તે સાંભળે છે જવાબ પણ આપે છે.

મુડદાંના સાંભળવાના મન્કિરોની ચારેવ દલીલો ખૂબ જ કમજોર છે, તેના જવાબો નીચે મુજબ છે :

જવાબ–૧ : આયતે કરીમા اِنَّكَ لَا تُسْمِعُ الْمَوْتٰى (બેશક ! તમારા સંભળાવ્યે નથી સાંભળતાં મુડદાં. સૂરએ નમ્લ, ૨૭/૮૦) માં મુર્દા તથા બહેરાથી મુરાદ દિલના બહેરા કાફિરો છે, જેઓ હુઝૂર ﷺની તબ્લીગને ફાયદાની રીતે નથી સાંભળતા. કેમ કે આ જગાએ કુર્આને કરીમે ફર્માવ્યું : اِنْ تُسْمِعُ اِلَّا مَنْ يُّؤْمِنُ بِاٰيٰتِنَا (તમારા સંભળાવ્યે તો એઓ જ સાંભળે છે જે અમારી આયતો પર ઈમાન લાવ્યા. સૂ. નમ્લ, ૨૭/૮૧) આપ એમને જ સંભળાવી શકો છો જે અમારી આયતો પર ઈમાન લાવે છે. જુઓ, અહીં મોતના વિરૂધ્ધાર્થીમાં ઈમાનનો ઉલ્લેખ કર્યો. જાણવા મળ્યું કે

મોતથી મુરાદ કુફ્ર છે. કુર્આને કરીમે ખુદ એની તફસીર કરી આપી.

જવાબ–૨ : આયત : مَآ اَنْتَ بِمُسْمِعٍ مَّنْ فِي الْقُبُوْرِ (અને તમે નથી સંભળાવનાર તેમને જેઓ કબરોમાં પડેલા છે. સૂ. ફાતિહ, ૩૫/૨૨)માં પણ કબરવાળાઓથી મુરાદ કાફિરો છે જેમનાં મુર્દા દિલ તેમનાં સીનાઓમાં જડવત છે. કુર્આન કરીમે આંખ, કાન, નાકવાળા કાફિરોને બહેરા, આંધળા કહ્યા છે. ફર્માવે છે : صُمٌّۢ بُكْمٌ عُمْيٌ فَهُمْ لَا يَرْجِعُوْنَ (બહેરા, ગુંગા, આંધળા તો ફરી તે આવનાર નથી. સૂ. બકરહ, ૨/૧૮) આ કુર્આની આયતોથી સ્પષ્ટ છે કે જો ધારો કે માની લેવામાં આવે કે આ બંને આયતોમાં મુડદાં જ મુરાદ છે તો પણ એમાં મુડદાંને સાંભળવાનો નકાર નથી, બલ્કે હુઝૂરના સંભળાવવાનો ઈન્કાર છે. એટલે કે મુડદાંને આપ નથી સંભળાવી શકતા, અમે સંભળાવી શકીએ છીએ. અથવા સંભળાવવું ફાયદાકારક છે, એટલે કે મુડદાં આપની વાત સાંભળીને ફાયદો નથી ઉઠાવી શકતાં કે ફાયદો જિંદગીમાં ઉઠાવી શકાતો હતો.

જવાબ–૩ : અમે અશિઅતુલ લમ્આતના હવાલાથી અર્ઝ કરી ચૂક્યા કે એનાથી રુજૂઅ કરી લીધું. તે પહેલાં મુડદાના સાંભળવાથી ના પાડતા હતાં, પછી માનતાં થઈ ગયાં. ખુદ તેમણે હઝરત અબ્દુર્રહમાન رضی اللہ عنہ ની કબર પર જઈને તેમને સંબોધન કર્યું. હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ના દફન થઈ જવા પર રોઝાએ અન્વરમાં બાપર્દા જવાની વ્યવસ્થા કરી, હઝરત ઉમરથી શર્મો હયાના કારણે.

જવાબ–૪ : કસમમાં ઉર્ફનો એતબાર હોય છે. જુઓ, માછલીને કુર્આને કરીમમાં ગોશ્ત ફર્માવી : لَحْمًا طَرِيًّا (તાજો ગોશ્ત ખાવ છો. સૂ. નહ્લ, ૧૬/૧૪) પણ ફકીહો કસમના મોકા પર એને ગોશ્ત નથી માનતા. **જે શખ્સ ગોશ્ત ન ખાવાની કસમ ખાય લે તે માછલી ખાવાથી હાનિષ (કસમ તોડનાર) નથી થતો.** એટલા માટે કે તેને ઉર્ફમાં ગોશ્ત નથી કહેતા, જેથી મુડદાથી બોલવાને ઉર્ફના મુજબ બોલવાનું નથી કહેતા. એટલા માટે મુડદાથી વાત કરનાર કસમ તોડનાર નથી થતો. સારાંશ, એ દલીલો ખૂબ જ કમજોર છે.

બીજી જમાઅત પાસે કોઈ દલીલ નથી, કેવળ હઝરત કતાદાની રાય છે જે કુર્આને કરીમની પણ વિરૂધ્ધ છે અને હદીષ શરીફની પણ. મુડદામાં અમુક સમય જાન પડી જવું પછી નીકળી જવું, આ પડતા નીકળતા રહેવું એ કતાદાની રાય છે, કોઈ આયત કે હદીષમાં એનો ઉલ્લેખ નથી. જેથી એનો જવાબ આપવાની જરૂરત જ નથી. સારાંશ હક્ક એ છે કે મુડદાં ઝિંદાઓની વાત સાંભળે, તેમને જાણે પહેચાને છે.

કબરોથી ફયઝ લેવો : એની સંપૂર્ણ ચર્ચા અમે મિર્આત ભાગ–૨, પ્રકરણ ઝિયારતે કબ્રમાં કરી ચૂક્યા છીએ. અહીં એટલુ સમજી લો કે અમુકની એ વાતચીત સાંભળી લેવી એ હુઝૂરે અકરમ ﷺ ની ખુસૂસિયત (વિશિષ્ટતાઓ)માંથી છે જે રબ તઆલાએ એક ખાસ હિકમતથી ત્યાં જાહેર કરી, નહીં તો આમ મુડદાં બલ્કે ખુદ ઉલમા તેના મુન્કિર થયા છે, પણ કશ્ફવાળા અવલિયા તથા ઉલમાનો અકીદો છે કે બુઝુર્ગાને દીનની કબરોથી મદદ લેવી, ફયઝ હાંસલ કરવો બિલ્કુલ દુરુસ્ત છે. તેમના ફયઝોથી નિરાશ થવું એ કાફિરોનો તરીકો છે. રબ તઆલા ફર્માવે છે : يَئِسُوْا مِنَ الْاٰخِرَةِ كَمَا يَئِسَ الْكُفَّارُ مِنْ اَصْحٰبِ الْقُبُوْرِ (તેઓ આખેરતથી આશા છોડી બેઠા છે જેવી રીતે કાફિરો આશા છોડી બેઠા કબ્રવાળાઓથી. સૂ. મુમ્તહિના, ૬૦/૧૩) જાણવા મળ્યું કે કબ્રવાળાઓથી આશા છોડી બેસવું એ કાફિરોનો તરીકો છે. હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا એ એકવાર વરસાદ માટે હુઝૂરે અન્વર ﷺ ના રોઝા મુબારકની છત ખોલાવી દીધી તો તરત વરસાદ આવ્યો. (મિશ્કાત શરીફ, બાબુલ કરામત) રબ્બુલ આલમીને બની ઈસ્રાઈલને હુકમ આપ્યો : ادْخُلُوا الْبَابَ سُجَّدًا وَّ قُوْلُوْا حِطَّةٌ (દરવાજામાં સજદા કરતા દાખલ થાવ અને કહો અમારા ગુનાહ માફ થાય. સૂ. બકરહ, ૨/૫૮) બયતુલ મુકદ્દસના દરવાજામાં સજદા કરતા જાવ અને કહો કે મૌલા !

માફી આપી દે. ત્યાં શા માટે મોકલ્યા ? દફન થયેલા અંબિયાએ કિરામ عليهم السلام ની કબરોથી ફયઝ હાંસલ કરવા માટે. હઝરત મૂસા عليه السلام એ હુઝૂરે અન્વર ﷺ ની મેઅરાજની રાતે પચાસ નમાઝોની પાંચ કરાવી દીધી. આ કબરવાળાઓની જ મદદ તો છે. આ મસ્અલાની તેહકીક મિર્આત, જિલ્દ દોમ બાબ ઝિયારતે કબ્રમાં જુઓ, અને હયાતુલ અંબિયાની તેહકીક બાબુલ જુમ્આમાં કરવામાં આવી ચૂકી છે.

★ હવાઝિન કબીલાના કેદીઓની મુક્તિનો બનાવ ★

મરવાન[૧] તથા હઝરત મિસ્વર ઈબ્ને મખ્રમાથી[૨] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ કયામ કર્યો જ્યારે કે હુઝૂરની પાસે હવાઝિનનું પ્રતિનિધિમંડળ મુસલમાન થઈને આવ્યું[૩] તો તેમણે હુઝૂર ﷺ ને સવાલ કર્યો કે તેમને તેમના માલ તથા કેદી પરત કરી આપે.[૪] તો ફર્માવ્યું કે તમે લોકો એ બેમાંથી એકને અપનાવી લો, ક્યાં તો કેદી અથવા માલ. તો તેઓ બોલ્યા કે અમે અમારા કેદી અપનાવીએ છીએ.[૫] ત્યારે રસૂલુલ્લાહ ﷺ એ કયામ કર્યો, અલ્લાહની તે તારીફ કરી જે તેની શાનને લાયક છે. પછી ફર્માવ્યું કે હમ્દ બાદ, તમારા ભાઈ તૌબા કરતા આવ્યા છે[૬] હું મુનાસિબ સમજુ છું કે તેમના કેદી તેમને પરત કરી દઉં[૭] તો તમારામાંથી જે પસંદ કરે કે બખુશી એ કરે તો તે કરે.[૮] અને તમારામાંથી જ પોતાના હિસ્સા પર રહેવા ચાહે ત્યાં સુધી કે એમાંથી આપે જે અલ્લાહ આપણને ગનીમત આપે તો તે એવું કરે[૯] ત્યારે લોકોએ અર્ઝ કર્યું કે, યા રસૂલુલ્લાહ ! અમે બખુશી કબૂલ કરી લીધું[૧૦] તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે અમને તમારામાંથી ઈજાઝત આપનારાઓની ખબર ન પડી એમનામાંથી જેમણે ઈજાઝત આપી[૧૧] તો તમે પાછા ચાલ્યા જાવ ત્યાં સુધી કે તમારા સરદાર તમારો ઈરાદો અમારા સુધી પહોંચાડે[૧૨] ત્યારે લોકો પરત થઈ ગયા. પછી તેમની સાથે તેમના સરદારે વાતચીત કરી. પછી તે રસૂલુલ્લાહ ﷺ ની તરફ પરત થયા, ખબર આપી કે તે સૌએ ખુશ દિલીથી ઈજાઝત આપી દીધી.[૧૩] (બુખારી)

★ હદીષ : (૯)-૩૯૬૮ ★

وَعَنْ مَرْوَانَ وَالْمِسْوَرِ بْنِ مَخْرَمَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَامَ حِينَ جَاءَهُ وَفد من هَوَازِنَ مُسْلِمِينَ فَسَأَلُوهُ أَنْ يَرُدَّ إِلَيْهِمْ أَمْوَالَهُمْ وَسَبْيَهُمْ فَقَالَ: " فَاخْتَارُوا إِحْدَى الطَّائِفَتَيْنِ: إِمَّا السَّبْيَ وَإِمَّا الْمَالَ ". قَالُوا: فَإِنَّا نَخْتَارُ سَبْيَنَا. فَقَامَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَثْنَى عَلَى اللَّهِ بِمَا هُوَ أَهْلُهُ ثُمَّ قَالَ: «أَمَّا بعدُ فإِنَّ إِخْوانَكم قدْ جاؤوا تَائِبِينَ وَإِنِّي قَدْ رَأَيْتُ أَنْ أَرُدَّ إِلَيْهِمْ سَبْيَهُمْ فَمَنْ أَحَبَّ مِنْكُمْ أَنْ يُطَيِّبَ ذَلِكَ فَلْيَفْعَلْ وَمَنْ أَحَبَّ مِنْكُمْ أَنْ يَكُونَ عَلَى حظِّه حَتَّى نُعطِيَه إِيَّاهُ منْ أَوَّلِ مَا يَفِيءُ اللَّهُ عَلَيْنَا فَلْيَفْعَلْ» فَقَالَ النَّاسُ: قَدْ طَيَّبْنَا ذَلِكَ يَا رَسُولَ اللَّهِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّا لَا نَدْرِي مَنْ أَذِنَ مِنْكُمْ مِمَّنْ لَمْ يَأْذَنْ فَارْجِعُوا حَتَّى يَرْفَعَ إِلَيْنَا عُرَفَاؤُكُمْ أَمْرَكُمْ» . فَرَجَعَ النَّاسُ فَكَلَّمَهُمْ عُرَفَاؤُهُمْ ثُمَّ رَجَعُوا إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَخْبَرُوهُ أَنَّهُمْ قد طيَّبوا وأَذنوا. رَوَاهُ الْبُخَارِيّ

★ ઈજાઝત વિના સરદાર, ગાઝીનો માલે ગનીમત પરત ન કરી શકે ★

૧. એમનું નામ મરવાન ઈબ્ને હકમ ઈબ્ને અબુલ આસ ઈબ્ને ઉમૈયા ઈબ્ને શમ્સ ઈબ્ને અબ્દે મુનાફ છે. હિ.સ. ૨ અથવા ખંદકના વરસે પેદાઈશ છે. હુઝૂર ﷺ ની ઝિયારત નથી કરી, કેમ કે હુઝૂર ﷺ એ તેમના બાપ હકમને એક જુર્મના કારણે મદીનાથી કાઢીને તાઈફ મોકલી આપ્યા. મરવાન એની સાથે હતો. ઉષ્માની યુગમાં હકમને મદીના મુનવ્વરા

આવવાની ઈજાઝત મળી, ત્યારે એ પોતાના પિતાની સાથે મદીના મુનવ્વરા આવ્યો. તેની કુન્નિયત અબ્દુલ મલિક છે. હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ ના દાદા છે. મુઆવિયહ ઈબ્ને યઝીદ બાદ સલ્તાનતના તખ્ત પર કબજો કર્યો. હિ.સ. ૬૫માં દમિશ્ક વફાત થઈ. તાબઈ છે. હઝરત ઉષ્માન તથા હઝરત અલી رضی اللہ عنہما માંથી હદીષો લીધી અને તેનાથી હઝરત ઉરવા ઈબ્ને ઝુબેર તથા અલી ઈબ્ને હુસૈને એટલે ઈમામ ઝયનુલ આબિદીને હદીષો રિવાયત કરી. **યાદ રાખશો કે હઝરત ઉષ્માનનું હકમ તથા મરવાનને મદીના મુનવ્વરા પરત બોલાવવું સાચી તૌબાના આધાર પર હતું અને દુરુસ્ત હતું. એટલા માટે હઝરત અલી** رضی اللہ عنہ **એ પોતાની ખિલાફતના દૌરમાં તેને મદીના મુનવ્વરાથી કાઢયો નહીં, બલ્કે હઝરત ઉષ્માનના પરત બોલાવવાને કાયમ રાખ્યું, જો હઝરત ઉષ્માન** رضی اللہ عنہ **પર વાંધો ઉઠાવવામાં આવે તો હઝરત અલી મુર્તઝા** رضی اللہ عنہ **પર પણ વાંધો થશે.**

૨. આપ ઝહરી કુરૈશી છે. હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફના ભાણીયા છે. હિજરતના બે વરસ બાદ મક્કા મોઅઝ્ઝમામાં પેદા થયા. હુઝૂર ﷺની વફાતના સમયે આઠ વરસના હતા. હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہ ના કત્લ સુધી મદીના મુનવ્વરામાં રહ્યા. પછી મક્કા મોઅઝ્ઝમાનો ઘેરાવ કરાવીને મિન્જિનીક (ગોફણ) વડે ત્યાં પથ્થર વરસાવ્યા. આપ હતીમ શરીફમાં નફલ પઢી રહ્યા હતા કે અયન નમાઝની હાલતમાં એક પથ્થર આપને વાગ્યો જેનાથી આપ શહીદ થઈ ગયા. બરાબર કાબાના હતીમમાં આ બનાવ રબીઉલ અવ્વલના શરૂમાં હિ.સ. ૬૪માં બન્યો. આપનાથી ઘણા બધા લોકોએ હદીષો રિવાયત કરી.

૩. ફતહે મક્કા બાદ ગઝવએ હુનૈન થયો. એ ગઝવા એ જ કબીલા હવાઝિન પર થયો હતો. એમાં ઘણા કેદી અને ઘણો બધો ગનીમતનો માલ મુસલમાનોને હાંસલ થયો. પછી એ જ લોકો મુસલમાન થઈને મદીના મુનવ્વરા હાજર થયા અને હુઝૂર ﷺથી દરખાસ્ત કરી તો સરકાર ﷺએ તેમના પર રહમ ફર્માવી.

૪. એટલે એ કબીલાએ દરખાસ્ત પેશ કરી કે અમારા કેદી છોડી દેવામાં આવે અને અમારો માલ જે ગનીમત બની ચૂક્યો છે અમને પરત કરી દેવામાં આવે. કેદી સાત હજાર હતા અને માલનો તો હિસાબ જ નથી. *(મિર્કાત)*

૫. જ્યારે હવાઝિન કબીલાને યકીન થઈ ગયું કે હુઝૂરે અન્વર ﷺ બંને યીજો પરત નહીં કરે તો બોલ્યા કે, સારું ! અમારા ગુલામ બનવામાં અમારી ઝિલ્લત છે.

૬. આ છે રબ તઆલાની બેનિયાઝી કે જે કાલ સુધી મુસલમાનોના સખત દુશ્મન હતા તેઓ આજે મુસલમાન થઈને ભાઈ બની ગયા, અને આ છે હુઝૂરે અન્વર ﷺની કરમનવાઝી કે દુશ્મનને ગળે લગાડી લેતા હતા.

૭. એટલે સર્વ હવાઝિની કેદીઓને ફિદિયો લીધા વિના છોડી દો.

૮. હવાઝિનના કેદી મુસ્લિમ ગાઝીઓમાં વહેંચી દેવામાં આવ્યા હતા. હવે હુઝૂરે અન્વર ﷺની રાય એ થઈ કે તે સર્વે કેદી આવનારા હવાઝિનને પરત કરી દેવામાં આવે, ફિદિયા વગર છોડી દેવામાં આવે. જેથી એ ગાઝીઓને ફર્માવ્યું કે દરેક શખ્સ પોતાના હિસ્સાનો કેદી પરત કરી આપે. જે ઉઝરત પરત કરવા ચાહે ખુશદિલીથી એવું જ કરે.

૯. એટલે કે જે ગાઝી ઉઝરત (બદલા) વિના પરત કરવા ચાહે તો અમે વાયદો કરીએ છીએ કે હવે જે જેહાદમાં પણ કાફિર કેદીઓ હાથ લાગશે તેને એના બદલામાં ગુલામ આપવામાં આવશે. જાણવા મળ્યું કે કેદી પરત કરવાનો હુકમ સરકારી હતો જેના પર અમલ કરવો દરેક ગાઝી પર વાજિબ હતો, અને બદલો લેવા ન લેવાનો અખત્યાર હતો. યાદ રાખશો કે فَيْء બન્યું છે فَيْء થી. ફઈ તે માલ છે જે કાફિરોથી જંગ લડયા વિના હાંસલ કરવામાં આવે. જિઝિયા તથા ખિરાજ પણ એમાં સામેલ છે, પણ અહીં ફઈથી મુરાદ ગનીમત છે. (મિર્કાત વ અશિઅહ) ગનીમત તે માલ છે જે કાફિરોથી જંગની હાલતમાં હાંસલ કરવામાં આવે.

૧૦. એટલે કે સર્વ સહાબીઓએ એક ઝબાન થઈને અર્ઝ કરી કે અમે વિના બદલા (મુઆવિઝા)એ ખુશીભેર પોત પોતાનો કેદી પરત કરીએ છીએ અને બદલાની માગણી નથી કરતા.

★ હાકિમ કે અન્ય કોઈની માલિકીનો માલ તેની રજા વિના ★

૧૧. એટલે કે અમે તમારામાંથી દરેક શખ્સથી અલગ અલગ નથી પૂછી શકતા. સંયુક્તપણે સવાલ જવાબ થયો છે. શક્ય છે કોઈ શખ્સ બદલો જ ચાહતો હોય, પણ અત્યારે મજલિસમાં ખામોશ રહ્યો હોય, અથવા બોલ્યો હોય તો આ અવાજોમાં તેનો અવાજ દબાય ગયો હોય, એટલા માટે આ સંયુક્તપણે ઈજાઝત પૂરતી નથી. યાદ રાખશો કે હુઝૂર ﷺ દરેક શખ્સના દિલના ઈરાદાથી ખબરદાર છે, પણ ઉમ્મતની તાલીમના માટે આ કાળજી લઈ રહ્યા છે, જેથી બાદશાહ કે હાકિમ અથવા અન્ય કોઈની માલિકીનો માલ તેની સ્પષ્ટ ઈજાઝત વિના કદી ન લે, નહીં તો હુઝૂર ﷺ તો મુસલમાનોની જાન તથા માલના માલિક છે. આપણે સૌ હુઝૂર ﷺના લોંડી ગુલામ છીએ. આપણો માલ જેને ચાહે વગર પૂછયે આપી દે. (જુઓ અમારી કિતાબ "સલ્તનતે મુસ્તફા" ﷺ ગુજરાતી પણ દયાદરા મળશે.) અહીં તાલીમ આપવાનો હેતુ છે.

૧૨. عرفاء બહુવચન છે عريفનું. عريفનો અર્થ છે : રઈસ,આગેવાન, સરદાર. એટલે કે દરેક કબીલાનો દરેક શખ્સ પોતાના સરદારને પોતાનો ઈરાદો વર્ણવે અને તે સરદાર અમારા સુધી પૈગામ પહોંચાડી આપે.

૧૩. એટલે કે એવું જ થયું કે દરેકે દરેક કબીલાનો સરદાર પોતાના કબીલાના દરેક ગાઝી સહાબીથી મળ્યો, દરેકનો ઈરાદો વ્યક્તિગત રીતે માલૂમ કર્યો, પછી હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં રજૂ કર્યો.

હઝરત ઈમરાન ઈબ્ને હુસૈન رضی اللہ عنہ થી રિવાયત છે કે બની ઉકૈલના હલીફ હતા.[૧] તો બની ઉકૈલે રસૂલુલ્લાહ ﷺના સહાબામાંથી બેને કેદ કરી લીધા અને રસૂલુલ્લાહ ﷺના સહાબાએ બની ઉકૈલમાંથી એક શખ્સને કેદ કરી લીધો.[૨] તો તેને બાંધી દીધો પછી તેને હર્રા સ્થળે રાખી દીધો[૩] પછી તેના પર રસૂલુલ્લાહ ﷺ પસાર થયા[૪] તેણે હુઝૂરને પુકાર્યા, હે મુહમ્મદ ! હે મુહમ્મદ ! મને કયા ગુનામાં પકડવામાં આવ્યો ? ફર્માવ્યું, તમારી કૌમના હલીફ બની ઉકૈલના જુર્મમાં[૫] પછી હુઝૂરે તેને આમ જ છોડયો અને ચાલી નીકળ્યા. તેણે ફરી કહ્યું, હે મુહમ્મદ ! એના પર રસૂલુલ્લાહ ﷺએ રહમ કરી પરત આવ્યા.[૬] ફર્માવ્યું, તારો શું હાલ છે ? તેણે કહ્યું, હું મુસલમાન છું ![૭] ફર્માવ્યું, તું આ વાત એ વખતે કહેતો જ્યારે તું તારા મામલાનો માલિક હતો[૮] તું પૂરી કામયાબી પામતો[૯] રાવી ફર્માવે છે કે પછી તેને રસૂલુલ્લાહ ﷺએ એ બે શખ્સોના ફિદિયામાં આપી દીધો જેમને બની ઉકૈલે ગિરફતાર કરી લીધા હતા.[૧૦] (મુસ્લિમ)

★ હદીષ : (૧૦)-૩૯૬૯ ★

وَعَن عمرَان بن حُصَيْن قَالَ: كَانَت ثَقِيفٌ حَلِيفًا لِبَنِي عُقَيْلٍ فَأَسَرَتْ ثَقِيفٌ رَجُلَيْنِ مِنْ أَصْحَابِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَسَرَ أَصْحَابُ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَجُلًا مِنْ بَنِي عُقَيْلٍ فَأَوْثَقُوهُ فَطَرَحُوهُ فِي الْحَرَّةِ فَمَرَّ بِهِ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَنَادَاهُ: يَا مُحَمَّدُ يَا مُحَمَّدُ فِيمَ أُخِذْتُ؟ قَالَ: «بِجَرِيرَةِ حُلَفَائِكُمْ ثَقِيفٍ» فَتَرَكَهُ وَمَضَى فَنَادَاهُ: يَا مُحَمَّدُ يَا مُحَمَّدُ فَرَحِمَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم فرجعَ فَقَالَ: «مَا شَأْنُكَ؟» قَالَ: إِنِّي مُسْلِمٌ. فَقَالَ: «لَوْ قُلْتَهَا وَأَنْتَ تَمْلِكُ أَمْرَكَ أَفْلَحْتَ كُلَّ الْفَلَاحِ».قَالَ:فَفَدَاهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بالرجلين اللَّذين أسرَتْهُما ثقيفٌ. رَوَاهُ مُسلم

★ ઈસ્લામમાં હલીફ વિશે હુકમો ★

૧. એટલે કે ઈસ્લામથી પહેલાં બની ષકીફ જે હવાઝિનનું એક ખાનદાન છે બની ઉકૈલનું હલીફ હતું. **"હલીફ" તે કહેવાતો હતો જેનો કોઈની સાથે ક૨ાર થઈ જાય કે આપણે બંને દરેક નેક તથા બુરા, સારા તથા બુરામાં એકબીજાના સાથી રહીશું. આ ક૨ારને હલફ કહેતા હતા, અને કરાર કરનારાઓને હલીફ કહેતા હતા.** ઈસ્લામે પાછલા ક૨ારોને થોડાક ફેરફાર સાથે બાકી રાખ્યા કે સારી વાત પર ક૨ાર બરાબર છે અને બુરી વાત પર ક૨ાર કરવું ગલત છે. ભાવિ માટે હલીફને મના કરી આપ્યું કે હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો : لا خلف في الاسلام કેમ કે ઈસ્લામનો ક૨ાર જ પૂરતો છે.

૨. એ જમાનાના કાયદા મુજબ એક હલીફ બીજા હલીફના જુર્મમાં પકડવામાં આવતો હતો. ષકીફે મુસલમાન પકડી લીધા તો એના બદલામાં ષકીફના હલીફ બની ઉકૈલનો એક માણસ પકડી લીધો કે જેથી બની ષકીફ પોતાના હલીફને છોડાવવા માટે અમારા મુસલમાનને છોડી આપે.

૩. હર્રા મદીના બહાર મેદાનનું નામ છે જે પથરીલો ઈલાકો છે, ત્યાં સાયો વગેરે નથી. કાળા પથ્થર છે ત્યાં નાખ્યો જેથી એ કેદી પોતાની તકલીફ પોતાની કૌમને પહોંચાડે જેથી તે લોકો જલ્દીથી જલ્દી તેને છોડાવવા માટે મુસલમાનોને મુક્ત કરી દે. એ જમાનામાં પણ મદીનામાં મુનાફિકો કાફિરોના જાસૂસ હતા જેઓ અહીંના હાલાત કાફિરોને બતાવતા રહેતા હતા.

૪. કે જેથી તેનું દુ:ખ દર્દ જુએ અને સાંભળે, તેના ખાવા પાણીની વ્યવસ્થા કરી આપે, એટલા માટે ખુદ જાતે પોતે મદીના શહેરથી હર્રા શરીફ તશરીફ લઈ ગયા.

૫. યાદ રાખશો કે કબીલા બની ષકીફ અને રસૂલુલ્લાહ ﷺની વચ્ચે ક૨ાર થઈ ચૂક્યો હતો કે આપણે બંને પક્ષ સુલહથી રહીશું. ષકીફે હુઝૂર ﷺથી બદઅહદી (કરારભંગ) કરી તો બની ઉકૈલનો ફર્ઝ હતો કે તે પોતાના તે હલીફોને આ કરારભંગથી મના કરતા, પણ તેઓ ખામોશ રહ્યા. આ તેમની તરફથી જાણે બદઅહદી થઈ. એટલે કે તું બની ઉકૈલની એક વ્યક્તિ છે જેથી બની ષકીફના ક૨ારનો હલીફ છે. તારા હલીફોએ અમારાથી બદઅહદી (કરાર ભંગ) કરી જેથી તેમના જુર્મમાં તું ગિરફતાર થયો.

૬. એવા કેદીઓ પર કોણ રહમ કરે છે, પણ હુઝૂર ﷺ રહમતુલ્લિલ્આલમીન છે કે એવાઓ પર પણ રહમ ફર્માવે છે, એવાઓની પણ સાંભળે છે. (શેઅર)

એક તુમ હો કે બખ્શ દેતે હો – કોન ઈન જુર્મો પર સઝા ન કરે

૭. ક્યાં તો પહેલેથી જ મુસલમાન હોય અથવા હવે હુઝૂર ﷺના દીદારની બરકતથી મુસલમાન થઈ ગયા હોય. (મિર્કાત) પણ બીજો અર્થ અધિક મજબૂત છે, જેવું કે જાહેર છે.

★ કેદી વિશે હુકમો ★

૮. એટલે કેદ થતા તથા ગિરફતાર થતા પહેલાં કહી આપત તો પકડવામાં ન આવત. યાદ રાખશો કે જો કાફિર કેદી કહે કે હું તો પકડાતા પહેલાં જ મુસલમાન હતો તો તેની વાત માનવામાં આવશે નહીં જ્યાં સુધી પોતાના દાવા પર શરઈ ગવાહી ક૨ાયમ ન કરે, અને જો કેદ થયા બાદ મુસલમાન થઈ જાય તો તેને ક૨્લ કરવામાં ન આવશે, પણ ગુલામ બનાવી લેવામાં આવે. એ સમયનો ઈસ્લામ (ઈમાન લાવવું) ક૨્લથી બચાવી લેશે પણ ગુલામિયતથી બચાવી શકશે નહીં. અને જો કેદી કેદ થઈ ગયા બાદ જિઝિયો ક૨ૂબૂલ કરી લે તો એના ક૨્લના જાઈઝ હોવામાં ઉલમાનો મતભેદ છે. *(મિર્કાત)*

૯. એ રીતે કે દુનિયામાં તો કેદ તથા ગુલામીપણાની ઝિલ્લતથી બચી જાત અને આખેરતમાં અલ્લાહના અઝાબથી. હવે અત્યારે મુસલમાન થવાથી તું આગથી બચી ગયો પણ ગુલામીપણાની કેદથી ન બચી શક્યો. અહીં અશિઅતુલ લમ્આતમાં ફર્માવ્યું કે હુઝૂર ﷺએ તેનો એ ઈસ્લામ ક़બૂલ ન કર્યો, કેમ કે હુઝૂર ﷺને તેના મુનાફિક़ હોવાની ખબર હતી. ક્યારેક હુઝૂરે અન્વર ﷺ હક़ીક़ત પર હુકમ લાગુ પાડતા હતા. ઈસ્લામના દાવેદારના ક़ત્લનો હુકમ આપ્યો અને પછી થોડાક અરસા બાદ તે કાફિર થઈને મર્યો. *(અશિઅહ)*

૧૦. એટલે કે કેટલાક અરસા પછી હુઝૂરે અન્વર ﷺએ તેને કાફિરોના હવાલે કરી આપ્યો અને તેના બદલામાં પોતાના મુસલમાન કેદી કાફિરો પાસેથી છોડાવી લીધા. એનાથી જાણવા મળ્યું કે જે શખ્સ કેદી થઈ ગયા બાદ મુસલમાન થાય તેને પૂરાણા મુસલમાનને છોડાવવા માટે ફિદિયામાં આપી શકાય છે. હિદાયામાં છ કે એવા કેદીને ફિદિયામાં આપી શકાય છે. હિદાયામાં છે કે એવા કેદીને ફિદિયામાં આપવો જાઈઝ નથી જે કેદની હાલતમાં મુસલમાન થઈ ચૂક્યો હોય. જો આપણો અને કાફિરોનો ક़રાર એ પ્રકારનો થઈ ચૂક્યો હોય કે સુલહ બાદ બંને પક્ષો પોતાના કેદીઓને છોડી દે તો એવા મુસલમાન કેદીઓને છોડવા પડશે. (મિર્ક़ાત) પણ એવી સ્ત્રીઓ બાળકોને ફિદિયામાં પણ આપવામાં નહીં આવે જેઓ કેદ થઈને મુસલમાન થઈ ગયાં હોય. એની સંપૂર્ણ ચર્ચા ફ઼ત્હુલ ક़દીરમાં અને આ જગાએ મિર્કાતમાં જુઓ.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હઝરત ઝયનબનું અબુલ આસના ફિદિયામાં હાર મોકલવું અને અબુલ આસનું ઈમાન લાવવું ★

★ હદીષ : (૧૧)-૩૯૭૦ ★

عَنْ عَائِشَةَ رَضِيَ اللَّهُ عَنْهَا قَالَتْ: لَمَّا بَعَثَ أَهْلُ مَكَّةَ فِي فِدَاءِ أُسَرَائِهِمْ بَعَثَتْ زَيْنَبُ فِي فِدَاءِ أَبِي الْعَاصِ بِمَالٍ وَبَعَثَتْ فِيهِ بِقِلَادَةٍ لَهَا كَانَتْ عِنْدَ خَدِيجَةَ أَدْخَلَتْهَا بِهَا عَلَى أَبِي الْعَاصِ فَلَمَّا رَآهَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَقَّ لَهَا رِقَّةً شَدِيدَةً وَقَالَ: «إِنْ رَأَيْتُمْ أَنْ تُطْلِقُوا لَهَا أَسِيرَهَا وَتَرُدُّوا عَلَيْهَا الَّذِي لَهَا» فَقَالُوا: نَعَمْ وَكَانَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَخَذَ عَلَيْهِ أَنْ يُخَلِّيَ سَبِيلَ زَيْنَبَ إِلَيْهِ وَبَعَثَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ زَيْدَ بْنَ حَارِثَةَ وَرَجُلًا مِنَ الْأَنْصَارِ فَقَالَ: «كونا ببطنِ يأجج حَتَّى تَمُرَّ بِكُمَا زَيْنَبُ فَتَصْحَبَاهَا حَتَّى تَأْتِيَا بِهَا» . رَوَاهُ أَحْمد وَأَبُو دَاوُد

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે, જ્યારે કે મક્કાવાળાઓએ પોતાના કેદીઓના ફિદિયા મોકલ્યા[૧] હઝરત ઝયનબે પણ અબુલ આસના ફિદિયામાં કેટલોક માલ મોકલ્યો[૨] એ માલમાં તે પોતાનો હાર મોકલ્યો જે જનાબ ખદીજાની પાસે હતો જેને આપીને ઝયનબને અબુલ આસને ત્યાં મોકલ્યાં હતાં[૩] તો જ્યારે રસૂલુલ્લાહ ﷺએ એ હાર જોયો તો હુઝૂર પર એની ઘણી રિક્કત છવાઈ (લાગણીવશ થયા)[૪] અને ફર્માવ્યું, જો તમે લોકો યોગ્ય સમજો તો ઝયનબના કેદીને છોડી દો અને એમની ચીજો એમને પરત કરી દો[૫] સૌએ કહ્યું, હા ! જરૂર. અને રસૂલુલ્લાહ ﷺએ અબુલ આસથી વાયદો લીધો કે જનાબ ઝયબનો રસ્તો ખાલી કરી દે[૬]. અને રસૂલુલ્લાહ ﷺએ ઝયદ ઈબ્ને હારિષાને અને એક અન્સારીને મોકલ્યો[૭] કે તમે લોકો બતન યાજજ રહેજો[૮] કે જેથી તમારા પાસે ઝયનબ ગુજરે તો તેણીને પોતાની સાથે લઈ આવજો. (અહમદ, અબૂ દાઊદ)

૧. આ બનાવ ગઝવએ બદરનો છે કે ૭૦ કાફિરો તો મુસલમાનોના હાથે ક़त्ल થયા હતા અને ૭૦ કેદી. એ કેદીઓના વિશે હુકમ થયો હતો કે ફિદિયામાં માલ આપો અને આઝાદ થઈ જાવ. એ લોકોએ મક્કા મોઅઝ્ઝમા પોતાના સગાંઓને પૈગામ મોકલ્યા ત્યાંથી તેમનાં સગાંઓએ માલ મોકલીને તેમને આઝાદ કરાવ્યા.

૨. હઝરત ઝયનબ હુઝૂર ﷺનાં મોટા સાહબઝાદી છે જે અબુલ આસ ઈબ્ને રબીઅ ઈબ્ને રબીઅ ઈબ્ને અબ્દુલ ઉઝઝા ઈબ્ને અબ્દે શમ્સ ઈબ્ને અબ્દે મુનાફના નિકાહમાં હતાં અને મક્કા મોઅઝ્ઝમામાં રહેતાં હતાં. અબુલ આસ, બીબી ખદીજા رضی اللہ عنہا ના ભાણીયા હતા. જંગે બદરમાં કાફિરો સાથે મુસલમાનો સાથે જંગ કરવા આવ્યા હતા. ગિરફતાર થઈ ગયા. હઝરત ઝયનબે તેમને છોડાવવા માટે ફિદિયાનો માલ મોકલ્યો. યાદ રાખશો કે તે વખતે મો'મિના સ્ત્રીનો નિકાહ કાફિર પુરૂષ સાથે જાઈઝ હતો. એટલા માટે હઝરત ઝયનબ બિન્તે રસૂલુલ્લાહ ﷺ અબુલ આસના નિકાહમાં રહ્યાં જો કે આપ મો'મિના હતાં અને અબુલ આસ કાફિર હતા. બાદમાં એ હુકમ મન્સૂખ થઈ ગયો. હવે **મો'મિના સ્ત્રી ન કાફિર સાથે નિકાહ કરી શકે છે ન તેના નિકાહમાં રહી શકે છે.**

૩. એટલે કે એ હાર ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબરા رضی اللہ عنہا નો હતો જે દહેજમાં આપે જનાબ ઝયનબને આપ્યો હતો. હુઝૂર ﷺને એ જોઈને હઝરત ખદીજતુલ કુબરા યાદ આવી ગયાં.

૪. જનાબ ખદીજાને યાદ કરીને તેમની નિશાની જોઈને પોતાની સાહબઝાદી ઝયનબની બેકસી તથા બેબસી (મજબૂરી)નો ખયાલ કરીને આપની આંખોમાં આંસૂ આવી ગયાં. હુઝૂરે અન્વર ﷺને જનાબ ખદીજા رضی اللہ عنہا થી ખૂબ જ મહોબ્બત હતી. એકવાર કોઈ સ્ત્રીનો અવાજ સાંભળ્યો જે હઝરત ખદીજા رضی اللہ عنہا જેવો હતો તો આપ રડી પડયા.

૫. એટલે કે જો તમારા લોકોની રાય હોય તો અબુલ આસને ફિદિયા વિના એહસાન રૂપે છોડી આપવામાં આવે. **હુઝૂરે અન્વર ﷺ માલિક છે, જે ચાહે કરે, પણ આ રાય લેવું આપણા લોકોની તા'લીમ માટે છે.**

૬. એટલે કે અબુલ આસને છોડી તો આપ્યા પણ તેમનાથી એ વાયદો લીધો કે મક્કા મોઅઝ્ઝમા પહોંચીને હઝરત ઝયનબને હિજરત કરીને મદીનાપાક આવી જવાની ઈજાઝત આપી દે બલ્કે દારુલ ઈસ્લામની હદ સુધી પહોંચાડી જાય. અબુલ આસમાં ઈમાન તો એ જ વખતે આવી ગયું હતું પણ તેનો ઈઝહાર (પ્રદર્શન) બીજા સમયે થયો.

૭. જેથી જનાબ ઝયનબને લઈ આવે. એ વખતે ગૈર મેહરમ સાથે સ્ત્રીઓનું સફર કરવું જાઈઝ હતું. કેમ કે અબુલ આસ તે વખતે કાફિર હતા, મદીના મુનવ્વરા આવી શકતા ન હતા. અને મુસલમાન મક્કા મોઅઝ્ઝમા જઈ શકતા ન હતા. એટલા માટે આ વ્યવસ્થા કરવામાં આવી. જેથી હદીષ સ્પષ્ટ છે.

૮. અબતન યાજજ મક્કા મોઅઝ્ઝમાથી બહાર એક નાળુ છે જે મક़ામે તન્ઈમની પાસે મસ્જિદે હઝરત આઈશાની નજીક છે.

૯. જેથી અબુલ આસે પોતાનો વાયદો પૂરો કર્યો કે મક્કા મોઅઝ્ઝમા પહોંચીને પ્રથમ કામ એ જ કર્યું કે હઝરત ઝયનબને ત્યાં પહોંચાડી આપ્યાં. થોડાક અરસા બાદ અબુલ આસ શામના વેપારી સફરથી પરત થતી વેળા મદીના મુનવ્વરા નજીકથી પસાર થયા, તો મુસલમાનોએ ચાહ્યું કે તેમનો માલ છીનવી લઈને તેમને ગિરફતાર કરી લઈએ. હઝરત ઝયનબને ખબર પડી તે બોલ્યાં, હું તેમને અમાન આપુ છું એ સાંભળીને સહાબાએ કિરામ હથિયાર વિના અબુલ આસને મળ્યા, તેમને ઈસ્લામની તબ્લીગ કરી. તેમણે જવાબ આપ્યો કે હમણા મારી પાસે મક્કાના કાફિરોની કેટલીક અમાનતો છે, હું તે અમાનતો આપીને મુસલમાન થઈશ. જેથી આપ મક્કા મુકર્રમા ગયા. હુઝૂર ﷺએ એ જૂના નિકાહ પર નવા નિકાહ પઢયા, કે હઝરત ઝયનબને તેમના હવાલે કર્યા. હુઝૂર ﷺને અબુલ આસથી ઘણી જ મહોબ્બત હતી. હઝરત અબુલ આસ સિદ્દીકી ખિલાફતમાં ગઝવએ યમામાં શહીદ થયા. (رضی اللہ عنہ) (અશિઅ્હ) અલ્લાહ તઆલા તેમના તુફૈલ આપણને ઈમાન પર અડગતા, હુસ્ને ખાતિમા નસીબ ફર્માવે. (આમીન)

★ હદીષ : (૧૨)-૩૯૭૧ ★	*તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ જ્યારે બદરવાળાઓને કેદ કર્યા તો ઉકબા ઈબ્ને અબી મુઈત અને નઝર ઈબ્ને હારિષને તો કત્લ કરી દીધા[૧] અને અબૂ ઉઝ્ઝા જમહી પર પર એહસાન કર્યું[૨]. (શરહે સુન્નહ)*
وَعَنْهَا: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَمَّا أَسَرَ أَهْلَ بَدْرٍ قَتَلَ عُقْبَةَ بْنَ أَبِي مُعَيْطٍ وَالنَّضْرَ بْنَ الْحَارِثِ وَمَنَّ عَلَى أَبِي عَزَّةَ الْجُمَحِيِّ. رَوَاهُ فِي شَرْحِ السّنة وَالشَّافِعِيّ وَابْن إِسْحَاق فِي «السِّيرَة»	

૧. ઉકબા ઈબ્ને અબી મુઈત તે મલઊન છે જેણે એકવાર હુઝૂર ﷺની પીઠ મુબારક પર સજદાની હાલતમાં ઊંટની નજાસત નાખી હતી અને એને જનાબ ફાતિમા رضی اللہ عنہا એ હટાવી હતી. નઝર ઈબ્ને હારિષ પણ હુઝૂરનો ઘણો જ સખત દુશ્મન હતો. એ બંને કત્લ કરી દેવામાં કુફ્રની શક્તિને તોડી નાખવું હતું, એટલા માટે કત્લ કરવામાં આવ્યા. *(અશિઅ્હ)*

૨. અબૂ ઉઝ્ઝા જમહી કાફિરોનો શાયર હતો જે ઈસ્લામ વિરુદ્ધ કસીદા (કાવ્યો) લખ્યા તથા પઢયા કરતો હતો તેને ફિદિયો લીધા વિના જ છોડી આપ્યો. એના માટે છોડી આપવું લાભદાયી હતું. હુઝૂરે અન્વર ﷺ હકીમ છે. હકીમ બીમારી તથા બીમારની હાલતથી ખૂબ ખબરદાર હોય છે. આ હદીષ તેમની દલીલ છે જેઓ એહસાન કરીને કાફિરોને છોડી આપવા આજે પણ જાઈઝ સમજે છે. હનફીઓની નજીક આ હુકમ મન્સૂખ છે. યાદ રાખશો કે કેદી કાફિરોને કોઈ ગાઝી જાતે કત્લ નથી કરી શકતો બલ્કે ઈમામની રાયથી કત્લ કરશે. અરબના મુશ્રિકો તથા મુર્તદો માટે ક્યાં તો કત્લ છે ક્યાં તો ઈસ્લામ. ન તેમને ગુલામ બનાવવામાં આવશે ન તેમનાથી જિઝિયો લેવામાં આવશે. અને કાફિર કેદી મુસલમાન થઈ જાય તેને કત્લ નથી કરી શક્તા, ગુલામ બનાવી શકીએ છીએ. અને જે કાફિર કેદ થતા પહેલાં મુસલમાન થઈ જાય તેને ન કત્લ કરવામાં આવે ન કેદ કરવામાં આવે બલ્કે તે આઝાદ થશે. તફસીલ આ જગાએ મિર્કાતમાં જુઓ.

★ હદીષ : (૧૩)-૩૯૭૨ ★	*હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ જ્યારે ઉકબા ઈબ્ને અબી મુઈતના કત્લનો ઈરાદો કર્યો તો તે બોલ્યો, બાળકોનું કોણ છે?[૧] ફર્માવ્યું, આગ[૨]. (અબૂ દાઉદ)*
وَعَنِ ابْنِ مَسْعُودٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَمَّا أَرَادَ قَتْلَ عُقْبَةَ بْنَ أَبِي مُعَيْطٍ قَالَ: مَنْ لِلصِّبْيَةِ؟ قَالَ: «النَّار» . رَوَاهُ أَبُو دَاوُد	

૧. صبية સાદના ઝેર બેના જઝમથી. બહુવચન صبيٌ છે અર્થ : નાનાં બાળકો. એટલે કે આપ મને તો કરી દો છો, મારાં બાળકો, મારાં નાનાં બાળકોને કોણ પાલવશે પોષણ કરશે.

૨. એટલે કે તારા માટે આગ છે, તારી ફિકર કર ! બાળકોની ફિકર શા માટે કરે છે ? અથવા એ મતલબ છે કે તારા બાળકોને આગ પાલવશે. આ ફર્માન ગઝબ પ્રદર્શિત કરવા માટે છે. આ અર્થના આધારે આ ગયબી ખબર છે તારાં બાળકો પણ તારી જેમ દોઝખી છે, તે પણ તારી જેમ કાફિર જ મરશે.

★ બદરના કેદીઓને છોડવામાં તથા ફિદિયો લેવામાં મતભેદ ★

★ હદીષ : (૧૪)-૩૯૭૩ ★	*હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે, તે રસૂલુલ્લાહ ﷺ થી રાવી કે જિબ્રઈલે અમીન હુઝૂરની પાસે હાજર થયા. અર્ઝ કરી કે આપ એ હઝરાત એટલે*
وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ	

عَلَيْهِ وَسَلَّمَ: " أَنَّ جِبْرِيلَ هَبَطَ عَلَيْهِ فَقَالَ لَهُ: خَيِّرْهُمْ يَعْنِي أَصْحَابَكَ فِي أُسارى بدر: القتلَ والفداءَ عَلَى أَنْ يُقْتَلَ مِنْهُمْ قَابِلًا مِثْلُهُمْ " قَالُوا الْفِدَاءَ وَيُقْتَلَ مِنَّا. رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيث غَرِيب

પોતાના સહાબીઓને બદરના કેદીઓના વિશે કૃત્લ તથા ફિદિયાનો અખત્યાર આપો[૧] એ શર્ત પર કે આવતા વરસે એટલા જ એમનામાંથી કૃત્લ કરવામાં આવશે. તે બોલ્યા, ફિદિયો જોઈએ અને અમારાથી જ કૃત્લ કરવામાં આવે[૨]." (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે[૩].

૧. બદરના સિત્તેર કેદીઓના વિશે હુઝૂર ﷺએ સહાબાએ કિરામથી મશ્વરો કર્યો તો હઝરત અબૂબક્રએ તો એમને ફિદિયો લઈને છોડી આપવાની રાય આપી કે કદાચ ભાવિમાં એ લોકો મુસલમાન થઈ જાય અને આપણને એ માલથી શક્તિ હાંસલ થાય. અને હઝરત ઉમર તેમજ અમ્ર ઈબ્ને સઅદે મશવરો આપ્યો કે સૌને કૃત્લ કરી દેવામાં આવે કે એ કુફ્રના સરદારો છે, એમના કૃત્લથી કુફ્રનું જોર તૂટશે. ત્યારે હઝરત જિબ્રઈલે અમીને આ અર્ઝ કર્યું જે અહીં વર્ણન થયું છે કે તમામ સહાબાએ કિરામની સામે હઝરત સિદીક્ તથા ફારૂકની રાય રજૂ કરી આપો. તે લોકો આ બંને રાયોમાંથી જે પણ રાય ચાહે પસંદ કરી લે. જો તેમને કૃત્લ કરી દે તો ઠીક અને જો તેમને ફિદિયો લઈને છોડી આપે તો એના બદલામાં આગલા વરસે ગઝવએ ઓહદમાં એમનામાંથી પણ સિત્તેર સહાબીઓ શહીદ થશે. અમારી શરહથી હદીષ સ્પષ્ટ થઈ ગઈ. જનાબ સિદીક્ તથા ફારૂકથી રાય લેવી અને તમામ સહાબાને અખત્યાર આપવો, બંને દુરુસ્ત થઈ ગયાં. આ અખત્યાર આપવું પણ રબ તઆલાની તરફથી ઈમ્તેહાન હતું.

૨. એટલે કે અમને આવતા વરસે શહાદતની સઆદત (ખુશનસીબ) મંઝૂર છે, એ કેદીઓને ફિદિયો લઈને છોડી આપવામાં આવે. યાદ રાખશો કે લોકોએ માલની મહોબ્બતમાં ફિદિયો નથી અપનાવ્યો બલ્કે પોતાની શહાદત અને લોકોના ઈમાન લાવવાની લાલચમાં એ અખત્યાર કર્યું કે ક્યાં તો ખુદ એ લોકો અથવા તેમની ઔલાદ ઈમાન લાવીને દીનની ખિદમત કરશે. પણ રબ તઆલાનો ઈરાદો તો એ હતો કે જે સહાબાની રાય હોય તે જ થાય, એટલે ફિદિયો લઈને છોડી દેવામાં આવવું. પણ મરજી એ હતી કે એમને કૃત્લ કરી દેવામાં આવે. સહાબાએ કિરામની આ રાય અલ્લાહના ઈરાદા પ્રમાણે થઈ, રઝાએ ઈલાહીની વિરુદ્ધ. એટલા માટે એ હઝરાત પર એ એતાબ આવ્યો જે આયતે કરીમામાં વર્ણન થયેલ છે : لَوْ لَا كِتٰبٌ مِّنَ اللّٰهِ سَبَقَ لَمَسَّكُمْ فِيْمَآ اَخَذْتُمْ عَذَابٌ عَظِيْمٌ (જો અલ્લાહ પહેલાં એક વાત લખી ચૂક્યો ન હોત તો હે મુસલમાનો ! તમે જે કાફિરોથી બદલાનો માલ લઈ લીધો એમાં તમારા પર મોટો અઝાબ આવતો. સૂરએ અન્ફાલ, ૮/૬૮)

★ રબના ઈરાદા તથા રબની રઝામાં ફરક ★

ઈરાદા તથા રઝામાં ઘણો ફરક છે. આદમ عَلَيْهِ السَّلَام નું ઘઉં ખાય લેવું અલ્લાહના ઈરાદાના અયન મુતાબિક્ હતું અને રઝાએ ઈલાહીની વિરુદ્ધ. રઝાની વિરુદ્ધતાના કારણે તેમના પર એતાબ થયો, જેનાથી તૌબા કરાવવામાં આવી. અલ્લાહના ઈરાદાની મુતાબિકતના કારણે આપને જમીની ખિલાફત અતા થઈ એ હઝરાત પર રઝાએ ઈલાહીની વિરુદ્ધતાને કારણે એતાબ થયો, અઝાબથી ડરાવવાનું થયું. અને અલ્લાહના ઈરાદાની મુવાફિકતનો અંજામ એ થયો કે કેદી મુસલમાન થયા, ઈસ્લામી ખિદમતો અંજામ આપી. આ જવાબ ખૂબ જ બારીક છે. યાદ રાખશો કે હવે એ હદીષ તથા આયત એતાબની વિરુદ્ધ નથી. શરહકર્તાઓએ અન્ય ખુલાસો કર્યા છે, પણ ઈન્શા અલ્લાહ ! ફકીરની આ સ્પષ્ટતા મજબૂત છે. સહાબા હઝરાત અલ્લાહના મહબૂબ છે. આ હદીષથી જાણવા મળ્યું કે ગઝવએ ઓહદમાં પેશ આવનારી તકલીફોથી ન તો હુઝૂર ﷺ બેખબર હતા ન તો ખાસ સહાબા. એ પણ જાણવા મળ્યું કે

અલ્લાહનો એતાબ નારાઝગીના કારણે જ નથી થતો, એમાં અન્ય હિકમતો પણ હોય છે. એ પણ જાણવા મળ્યું કે કોઈ બંદાને અખ્તયાર આપીને પણ એતાબ થઈ શકે છે, બલ્કે અઝાબથી ડરાવવામાં આવી શકે છે કે તમે બીજુ પાસુ કેમ ન અપનાવ્યું ? આ અખ્તયાર આપવું પણ ઈમ્તેહાન હતું.

૩. આ હદીષ પર તઅન (કટાક્ષ) નથી, હદીષ બિલ્કુલ સહીહ છે, ભલે ગરીબ છે. ગરીબ હોવું સેહત (સહીહ હોવા)ની વિરુદ્ધ નથી. જુઓ, મિર્કાત અને અશિઅતુલ લમ્આત, ગરાબત સેહતની વિરુદ્ધ નથી.

★ બની કુરૈઝાના કેદી ★

★ હદીષ : (૧૫)-૩૯૭૪ ★

عَن عَطِيَّة القَرظِي قَالَ: كنتُ فِي سَبِي قُرَيْظَةَ عُرِضْنَا عَلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَكَانُوا يَنْظُرُونَ فَمَنْ أَنْبَتَ الشَّعَرَ قُتِلَ وَمَنْ لَمْ يُنْبِتْ لَمْ يُقْتَلْ فَكَشَفُوا عَانَتِي فَوَجَدُوهَا لَمْ تُنْبِتْ فَجَعَلُونِي فِي السَّبْيِ. رَوَاهُ أَبُو دَاوُد وَابْن مَاجَه. والدارمي

હઝરત અતિય્યહ કરઝીથી રિવાયત છે. ફર્માવે છે કે હું કુરૈઝાના કેદીઓમાં હતો[૧] અમને સૌ નબી ﷺ સમક્ષ રજૂ કરવામાં આવ્યા. તો તપાસ કરવામાં આવતા હતા જેના વાળ ઉગી ગયા હતા તેને કત્લ કરી દેવામાં આવ્યો અને જેના ન ઉગ્યા હતા તેને કત્લ કરવામાં ન આવ્યો. જેમ કે મારું ડૂંટી નીચેનું શરીર પણ ખોલ્યું તો મહેસૂસ કર્યું કે ન ઉગ્યા હતા તો મને કેદીઓમાં કરી દેવામાં આવ્યો[૨].

(અબૂ દાઉદ, ઈબ્ને માજહ, દારમી)

૧. એટલે મારી કૌમ બની કુરૈઝાના યુવાન વૃદ્ધ તો સર્વ કત્લ કરી દેવામાં આવ્યા, બાળકો છોડી દેવામાં આવ્યાં, જેમના યુવાન હોવાની શંકા હતી તેમની તેહકીક કરવામાં આવી. હું એ ત્રીજી જમાઅતમાં હતો. યાદ રાખશો કે આ અતિય્યહ છે તો સહાબી પણ ન તેમનું પૂરુ નામ માલૂમ થઈ શક્યું, ન તેમનાં બાપનું, ન હાલાતની ભાળ મળી.

૨. યાદ રાખશો કે બાળકના બાલિગ થવાની નિશાની એહતેલામ છે, અને ડૂંટી નીચે વાળનું આવી જવું. કેમ કે એ લોકો કત્લના ડરથી એહતેલામના વિશે ગલત ખબર આપી દેતા હતા એટલા માટે ડૂંટી નીચેના વાળ જોવામાં આવ્યા.

★ સુલહે હુદૈબિયા ★

★ હદીષ : (૧૬)-૩૯૭૫ ★

وَعَنْ عَلِيٍّ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: خَرَجَ عِبْدَانٌ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَعْنِي الْحُدَيْبِيَةَ قَبْلَ الصُّلْحِ فَكَتَبَ إِلَيْهِ مَوَالِيهِمْ قَالُوا: يَا مُحَمَّدُ وَاللَّهِ مَا خَرَجُوا إِلَيْكَ رَغْبَةً فِي دِينِكَ وَإِنَّمَا خَرَجُوا هَرَبًا مِنَ الرِّقِّ. فَقَالَ نَاسٌ: صَدَقُوا يَا رَسُولَ اللَّهِ رُدَّهُمْ إِلَيْهِمْ فَغَضِبَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَقَالَ: «مَا أَرَاكُم تنتهونَ يَا مَعْشَرَ قُرَيْشٍ حَتَّى يَبْعَثَ اللَّهُ عَلَيْكُمْ

હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, બે ગુલામ રસૂલુલ્લાહ ﷺ ની તરફ આવ્યા. હુદૈબિયાના દિવસે સવારથી પહેલાં[૧]. તો હુઝૂરની ખિદમતમાં તેમના માલિકોએ લખ્યું. બોલ્યા, હે મુહમ્મદ ! ખુદાની કસમ ! આ લોકો આપની પાસે આપના દીનથી મહોબ્બતના કારણે નથી આવ્યા, તેઓ તો કેવળ ગુલામીપણાથી ભાગીને નીકળ્યા છે[૨]. તો કેટલાક લોકો બોલ્યા, યા રસૂલલ્લાહ ! ﷺ તેઓ સાચા છે, હુઝૂર તેમને તેમની તરફ પરત કરી દો[૩]. ત્યારે રસૂલુલ્લાહ ! ﷺ નારાજ થયા[૪] અને ફર્માવ્યું કે હે કુરેશના ગિરોહ ! તમે લોકો નહીં અટકો ત્યાં સુધી કે અલ્લાહ તઆલા તમારા પર તેને મોકલે જે એના

مَنْ يَضْرِبُ رِقَابَكُمْ عَلَى هَذَا».وَأَبَى أَنْ يَرُدَّهُمْ وَقَالَ: «هُمْ عُتَقَاءَ اللَّهِ». رَوَاهُ أَبُو دَاوُد

પર તમારી ગરદનો મારી દે[૫] અને તેમને પરત કરવાથી ઈન્કાર કરી આપ્યો અને ફર્માવ્યું કે એઓ અલ્લાહના આઝાદ કરેલા છે. (અબૂ દાઉદ)

૧. એટલે કે જે દિવસે હુઝૂર ﷺ હુદૈબિયાના મેદાનમાં રોકાણ કરી ચૂક્યા હતા ત્યારે મક્કાના મુશ્રિકોના ગુલામોમાંથી બે ગુલામ મુસલમાન થઈને હુઝૂરે અન્વર ﷺની પાસે પહોંચી ગયા. સુલહનામુ તેમના આવી ગયા બાદ લખવામાં આવ્યું. એ સુલેહનામામાં એક શર્ત એ પણ હતી જે કાફિર મુસલમાન થઈને હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં હાજર થઈ જાય તેને હુઝૂર પરત કરી આપે પણ કેમ કે એ બંનેવ આ લખાણ પહેલાં જ આવી ચૂક્યા હતા એટલા માટે તેમને પરત કરવામાં ન આવ્યા. એટલા માટે રાવીએ قبل الصلح ની તસ્રીહ (સ્પષ્ટતા) કરી.

૨. ખુલાસો એ છે કે એ લોકો દિલથી મુસલમાન થયા ન હતા, કેવળ ગુલામીપણાથી ભાગી નીકળવા માટે ઈસ્લામ જાહેર કરીને આપની પાસે પહોંચી ગયા છે, દિલમાં કાફિર જ છે જેથી આપ એમને પરત કરી દો. યાદ રાખશો કે અમુક શરહકર્તાઓએ અહીં ગુલામોથી મુરાદ આઝાદ કરેલા ગુલામ લીધેલ છે તેઓ અને رق થી મુરાદ رق ની અસર લે છે. મિર્કાતમાં એ પણ સંભાવના લીધી છે પણ પ્રથમ ખુલાસો અધિક પુખ્તા છે કે એ બંને ગુલામ જ હતા.

૩. એટલે કે અમુક સહાબીઓએ જાહેર હાલને જોઈને કાફિરોના આ લખાણનું સમર્થન કર્યું કે જાહેર એ છે કે એ લોકો આઝાદ થવા માટે અહીં આવ્યા છે.

૪. હુઝૂર ﷺ સમર્થન કરનારા સહાબીઓ પર નારાજ થયા કેમ કે એ હઝરાતે કેવળ પોતાના ખયાલથી શરઈ હુકમ વિરુદ્ધ રાય આપી. તેમજ મુસલમાન થઈ જનારાઓ પર વિના દલીલે શંકા કરી, તેમના ઈખ્લાસનો ઈન્કાર કર્યો, તેમજ વિના દલીલે મુશ્રિકોનું સમર્થન કર્યું. આ ત્રણ કારણે નારાજી, પ્રદર્શિત કરી.

૫. કુરૈશના ગિરોહથી મુરાદ તે કાફિરો છે જેમણે આ લખાણ મોકલ્યું હતું, તેમના પર જ ગઝબ પ્રદર્શિત કર્યો છે. જાહેર એ છે કે હુઝૂરે અન્વર ﷺએ આ ફર્માને આલી તે સંદેશવાહકોની સામે ફર્માવી આપ્યું કે તે લોકોને એમના સુધી પહોંચાડી આપે. લખીને ન મોકલ્યું. એટલે કે તમે પોતે તો કાફિર છો, મુસલમાનોને મુર્તદ કરવાની કોશિશ કરો છો. તમારી આ સરકશી (નાફર્માની)નો અંજામ એ થશે કે તમારા પર મુસલમાનનું રાજ થશે, પછી તમારે મુસલમાન થવું પડશે. યાદ રાખશો કે અરબના કાફિરો જિઝિયો નથી આપી શક્તા. તેમના માટે કેવળ તલ્વાર અથવા ઈસ્લામ છે. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે રબ તઆલા ફર્માવે છે : لَآ اِكْرَاهَ فِى الدِّيْنِ (દીનમાં કાંઈ જબરદસ્તી નથી. સૂરએ બકરહ, ૨/૨૫૬) આ આયતથી અરબના કાફિરો ક્યાં તો અપવાદ છે અથવા કેમ કે અરબના કાફિરોને વતન છોડી દેવાની ઈજાઝત છે એટલા માટે તે પણ આ આયતમાં દાખલ છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે هٰذا થી નિર્દેશ એ જુલ્મ તથા સખ્તી અથવા મુર્તદ કરવાની કોશિશની તરફ છે. એટલે એવો ઈસ્લામી હાકિમ તમારા પર નિયુક્ત થશે જે તમને આ જુલ્મની સજા આપશે. આ સ્થિતિમાં હદીષ બિલ્કુલ જાહેર છે.

૬. એનાથી જાણવા મળ્યું કે જો કાફિર ગુલામ, મુસલમાન થઈને દારુલ હર્બથી દારુલ ઈસ્લામમાં આવી જાય તો તે આઝાદ થશે. એ પણ જાણવા મળ્યું કે કોઈ કલ્મો પઢી લેનાર પર વિના દલીલે શરઈ મુનાફિકતની શંકા કરવી કદાપિ જાઈઝ નથી. હા ! નિફાકની નિશાનીઓ અથવા કુફ્રની નિશાનીઓ મૌજૂદ હોય તો તેમને કાફિર કે મુનાફિક કહી શકાય છે. રબ તઆલાએ મદીનાના મુનાફિકોને જૂઠા તથા મુનાફિક કહ્યા, જેમ કે ઈર્શાદ છે : وَاللّٰهُ يَشْهَدُ اِنَّ الْمُنٰفِقِيْنَ لَكٰذِبُوْنَ (અને અલ્લાહ ગવાહી આપે છે કે મુનાફિક જરૂર જૂઠા છે. સૂરએ મુનાફિકૂન, ૬૩/૧) સહાબા હઝરાતે ઝકાતના મુન્કિરો પર જેહાદ કર્યો, અને તકદીરના મુન્કિરોને કાફિર કહ્યા, ભલે તેઓ કલ્મો પઢનારા હતા.

(વિભાગ : 3) الفصل الثالث

★ બની ખુઝૈમાના કેદીઓ સંબંધે ઈબ્ને ઉમર તથા ખાલિદમાં મતભેદ ★

★ હદીષ : (૧૭)-૩૯૭૬ ★

عَنِ ابْنِ عُمَرَ قَالَ: بَعَثَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ خَالِدَ بْنَ الْوَلِيدِ إِلَى بَنِي جَذِيمَةَ فَدَعَاهُمْ إِلَى الْإِسْلَامِ فَلَمْ يُحْسِنُوا أَنْ يَقُولُوا: أَسْلَمْنَا فَجَعَلُوا يَقُولُونَ: صَبَأْنَا صَبَأْنَا فجعلَ خالدٌ يقتلُ ويأسِرُ وَدَفَعَ إِلَى كُلِّ رَجُلٍ مِنَّا أَسِيرَهُ حَتَّى إِذَا كَانَ يَوْمٌ أَمَرَ خَالِدٌ أَنْ يَقْتُلَ كُلُّ رَجُلٍ مِنَّا أَسِيرَهُ فَقُلْتُ: وَاللَّهِ لَا أَقْتُلُ أَسِيرِي وَلَا يَقْتُلُ رَجُلٌ مِنْ أَصْحَابِي أسيره حَتَّى قدمنَا إِلَى النَّبِي صلى الله عَلَيْهِ وَسلم فذكرناهُ فَرَفَعَ يَدَيْهِ فَقَالَ: «اللَّهُمَّ أَنِّي أَبْرَأُ إِلَيْكَ مِمَّا صنعَ خالدٌ» مرَّتين. رَوَاهُ الْبُخَارِيّ

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ ખાલિદ બિન વલીદને બની જુઝૈમાની તરફ મોકલ્યા[૧] તો ખાલિદે તેમને ઈસ્લામની દા'વત આપી. તેમણે એવું જાણ્યું કે કહી દેતા અમે ઈસ્લામ લાવ્યા તો કહેવા લાગ્યા અમે દીનથી નીકળી ગયા[૨] નીકળી ગયા. તો હઝરત ખાલિદ તેમને ક़त्ल કરવા તથા કેદ કરવા લાગ્યા[૩] અને અમારામાંથી દરેકને તેના કેદી બનાવી દીધા, ત્યાં સુધી કે એક દિવસ એવું થયું કે હઝરત ખાલિદે હુકમ આપ્યો કે અમારામાંથી દરેક શખ્સ પોતાના કેદીને ક़त्ल કરી દે[૪] તો હું બોલ્યો, અલ્લાહની ક़સમ! હું તો મારા કેદીને ક़त्ल કરીશ નહી[૫]. અને ન મારા સાથીઓમાંથી કોઈ પોતાના કેદીને ક़त्ल કરે. ત્યાં સુધી કે અમે નબી ﷺ ની ખિદમતમાં હાજર થયા તો આ બનાવ અમે હુઝૂર ﷺ ને વર્ણવ્યો, તો હુઝૂર ﷺ એ પોતાના હાથ ઉઠાવ્યા, ફર્માવ્યું : ઈલાહી! હું આનાથી તારી તરફ બેઝારી જાહેર કરું છું જે ખાલિદે કહ્યું. બે વાર ફર્માવ્યું[૬]. (બુખારી)

૧. જેથી તેમને ઈસ્લામની દા'વત આપે, જો તેઓ ક़બૂલ ન કરે તો તેમના પર જેહાદ કરે. જુઝૈમા જીમના ફતહ (ઝબર), ઝાલના ઝેરથી એક મશહૂર કબીલો હતો.

૨. તેમનો મક़સદ એ હતો કે અમે અમારા પૂરાણા દીનથી નીકળી ગયા, ઈસ્લામમાં દાખલ થઈ ગયા. હઝરત ખાલિદ એવું સમજ્યા કે કહે છે, અમે દીને ઈસ્લામથી નીકળીને જ રહીશું, મુસલમાન ન થઈશું. અરબીમાં صابِئ બેદીનને કહે છે, જે દીનથી નીકળી જાય. સારાંશ કે આપ એમનો મક़સદ ન સમજી શક્યા.

૩. એટલે કે અમુકને એમણે તરત જ ક़त्ल કરી દીધા અને અમુકને કેદ કરી લીધા. ભાવિમાં ક़त्ल કરવા કે ગુલામ બનાવી લેવાની નિય્યતથી હાકિમને અધિકાર હોય છે તુરંત ક़त्ल કરી દે અથવા કાંઈક બાદમાં ક़त्ल કરે.

૪. એટલે કે એ કેદી ગાઝીઓમાં વહેંચી દેવામાં આવ્યા જેથી તેમને ક़त्लના હુકમ સુધી સાચવી રાખે. પછી એક દિવસ હુકમ આપ્યો કે દરેક શખ્સ પોતાની પાસેના મેહફૂઝ ગુલામને ખુદ ક़त्ल કરી દે.

૫. કેમ કે મને શક છે કે આ લોકો મુસલમાન થઈ ચૂક્યા છે, તેમનું કાફિર રહેવું યક़ીની નથી. આ છે મુજતહિદોનો મતભેદ કે એક શબ્દને હઝરત ખાલિદે કુફ્રની દલીલ બનાવ્યો અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہ એ ઈસ્લામની દલીલ ઠરાવ્યો. આ બંને હઝરાત પોતાના ખયાલમાં સાચા છે, પણ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ હક્ક़ પર છે, અને હઝરત ખાલિદ رضی اللہ عنہ થી ખતા થઈ.

૬. એટલે કે હઝરત ખાલિદે તેમના વિશે ગલત રાય ક़ાયમ કરી અને તેમને ક़त्લ અથવા કેદ કર્યા, એ ગલત કર્યું. ખુદાયા ! હું ખાલિદના કૃત્યથી રાજી નથી. પણ હઝરત ખાલિદને ન તો દિયતનો હુકમ આપ્યો ન તૌબાનો. જાણવા મળ્યું કે **ભલે મુજતહિદથી ઘણી ભારે ગલતી થઈ જાય, ત્યાં સુધી કે ક़त्લનો બનાવ પણ બની જાય તો પણ તેની પકડ નથી. જેથી હઝરત અલી અને હઝરત અમીર મુઆવિયહ તથા હઝરત આઈશા સિદ્દીક़ા** رضوان اللہ تعالیٰ علیہم اجمعین **માંથી કોઈના પર ગુનોહ નથી કે ત્યાં રક્તપાત થયો પણ નફ્સાનિયતથી નથી થયો બલ્કે લિલ્લાહિયતથી થયો. એમાં કોઈ કોઈનો અંગત દુશ્મન ન હતો. રાયના મતભેદથી એ સર્વ કાંઈ થયું.** એમના વિશે રબ ફર્માવે છે : رُحَمَآءُ بَيْنَهُمْ (અને આપસમાં નરમ દિલ. સૂરએ ફતહ, ૪૮/૨૯)

બાબુલ અમાન بَابُ الْأَمَانِ

(અમાન વિશે વર્ણન[૧])

૧. અમાન તથા અમ્ન વિરુદ્ધાર્થી છે ભયનું પણ અને જંગનું પણ. અહીં કાફિરોને અમાન આપવું મુરાદ છે. આ અમાનની ઘણી સ્થિતિઓ છે : "મુસ્તામિન"ને અમાન આપવું કે જે કાફિર દારુલ હર્બથી આપણા દેશમાં થોડા દિવસો માટે આપણી ઈજાઝતથી આવે તેને મુસ્તામિન કહે છે. જંગની હાલતમાં કોઈ કાફિરને અમાન આપવી, કોઈ મસ્લહેતથી ઝિમ્મી કાફિરને ક़ાયમી અમાન આપવી, જે કાફિર ક़ૌમથી આપણી સુલહ તથા ક़રાર થઈ ગયો છે તેને સુલહના જમાનામાં અમાન આપવી, કાફિરોના ક़ાસિદ કે એલચીનું આપણે ત્યાં પૈગામ પહોંચાડવા માટે આવવું એને અમાન આપવી, જેવું કે હમણા હદીષોમાં આવી રહ્યું છે.

★ હઝરત ઉમ્મે હાનીનો અમાન આપવાનો બનાવ ★

હઝરત ઉમ્મે હાની બિન્તે અલી તાલિબથી[૧] રિવાયત છે ફ઼માવે છે કે હું રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં ફ઼તહના વરસે ગઈ[૨] તો મેં આપને ગુસ્લ કરતાં પામ્યા અને આપની પુત્રી ફ઼ાતિમા આપના પર કપડા વડે આડ કરેલ હતાં[૩] તો મેં સલામ કરી[૪] ફ઼માવ્યું, એ કોણ છે ? મેં કહ્યું, ઉમ્મે હાની બિન્તે અબી તાલિબ. ફ઼માવ્યું, ઉમ્મે હાની ! ભલે પધાર્યાં ![૫] પછી જ્યારે પોતાના ગુસ્લથી ફ઼ારિગ થઈ ગયા તો ઉભા થયા એક કપડામાં લપેટાયેલ આઠ રકાતો પઢી[૬]. પછી ફ઼ારિગ થયા તો મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! મારા માના જણ્યા અલી કહે છે[૭] કે તે એ શખ્સને ક़ત્લ કરશે જેને હું અમાન આપી ચૂકી છું. હુબૈરાનો પુત્ર ફ઼લાણો[૮]. તો રસૂલુલ્લાહ ﷺએ ફ઼માવ્યું, હે ઉમ્મે હાની ! જેને તમે અમાન આપી દીધી એને અમે પણ અમાન આપી દીધી[૯] ઉમ્મે હાની ફ઼માવે છે કે એ ચાશ્તનો સમય હતો. (મુસ્લિમ, બુખારી) અને તિર્મિઝીની રિવાયતમાં છે કે ફ઼માવે છે કે મેં મારા દિયરોમાંથી બે શખ્સોને અમાન આપી દીધી હતી[૧૦] તો રસૂલુલ્લાહ ﷺએ ફ઼માવ્યું કે અમે તેમને અમાન આપી દીધી.

★ હદીષ : (૧)-૩૯૭૭ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَن أم هَانِئ بنت أَبي طالب قالتْ: ذهبتُ إِلى رسول الله عَامَ الْفَتْحِ فَوَجَدْتُهُ يَغْتَسِلُ وَفَاطِمَةُ ابْنَتُهُ تَسْتُرُهُ بِثَوْبٍ فَسَلَّمْتُ فَقَالَ: «مَنْ هَذِهِ؟» فَقُلْتُ: أَنَا أُمُّ هَانِئٍ بِنْتُ أَبِي طَالِبٍ فَقَالَ: «مَرْحَبًا بِأُمِّ هَانِئٍ» فَلَمَّا فَرَغَ مِنْ غُسْلِهِ قَامَ فَصَلَّى ثَمَانِيَ رَكَعَاتٍ مُلْتَحِفًا فِي ثَوْبٍ ثُمَّ انْصَرَفَ فَقُلْتُ: يَا رَسُولَ اللَّهِ زَعَمَ ابْنُ أُمِّي عَلِيٌّ أَنَّهُ قَاتِلٌ رَجُلًا أَجَرْتُهُ فُلَانَ بْنَ هُبَيْرَةَ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «قَدْ أَجَرْنَا مَنْ أَجَرْتِ يَا أم هَانِئ» قَالَت أُمَّ هَانِئٍ وَذَلِكَ ضُحًى. مُتَّفَقٌ عَلَيْهِ. وَفِي رِوَايَةٍ لِلتِّرْمِذِيِّ: قَالَتْ: أَجَرْتُ رَجُلَيْنِ مِنْ أَحْمَائِي فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «قد أمنا من أمنت»

૧. આપનું નામ ફાખ્તા અથવા આઈલા છે. અબૂ તાલિબનાં પુત્રી, જનાબ અલીયે મુર્તઝાના બહેન, હુઝૂર ﷺના કાકાની પુત્રી છે. તેમના જ ઘરેથી હુઝૂર ﷺને મેઅરાજ થઈ. ફતહે મક્કાના દિવસે ઈમાન લાવ્યાં, અમીર મુઆવિયહ رضی اللہ عنہ ના જમાનામાં હિ.સ. ૫૧માં વફાત પામ્યાં. આપનાથી હઝરત અલી તથા અબ્બાસ رضی اللہ عنہما તેમજ ઘણા તાબઈને રિવાયત કરી. *(અશિઅહ)*

૨. એટલે કે ખાસ ફતહે મક્કાના દિવસે જ્યારે હુઝૂરે અન્વર ﷺ સૌને અમાન આપીને ફારિગ થઈ ચૂક્યા હતા, ગુસ્લ કરી રહ્યા હતા.

૩. એ રીતે કે હુઝૂરે અન્વર ﷺ તેહબંદ શરીફ બાંધીને ગુસ્લ કરી રહ્યા હતા, કેમ કે ગુસલખાનામાં ન હતા એટલા માટે જનાબ ફાતિમા કપડુ તાણીને સામે ઉભાં હતાં. આ કપડુ ગુસલખાનાની દીવાલની જેમ આડનું કામ કરી રહ્યું હતું. ગુસલખાનામાં પણ તેહબંદ બાંધીને ગુસલ કરવું જોઈએ.

૪. હુઝૂર ﷺને અથવા ફાતિમા ઝહરાને, કેમ કે જે તેહબંદ (લુંગી) બાંધીને ગુસલ કરી રહેલ હોય તેને સલામ કરવી જાઈઝ છે. હા ! નગ્ન શરીરે નહાય રહેલાનાને સલામ ન કરે કે નગ્ન માણસ સલામનો જવાબ નથી આપી શક્તો, એટલા માટે પેશાબ, જાજરૂ, ઈસ્તિંજા કરનારને સલામ કરવી મના છે કે તે નગ્ન છે.

૫. જાણવા મળ્યું કે ગુસ્લની હાલતમાં વાત કરી શકીએ છીએ, વુઝૂ કરતી વખતે દુનિયવી કલામ, સલામ, સલામનો જવાબ સૌ મના છે, કેવળ દુઆઓ પઢે. દરેક ગુસ્લનો આ જ હુકમ છે. જનાબતનું ગુસ્લ હોય કે કોઈ અન્ય. એ પણ જાણવા મળ્યું કે **આવનારા પ્યારાના આગમન પર ખુશી પ્રદર્શિત કરતા શબ્દો કહેવા સુન્નત** છે.

૬. ચાશતની નમાઝ જેમ છે. તિર્મિઝીએ શમાઈલ શરીફમાં ફર્માવ્યું, એક કપડામાં નમાઝના હુકમો કિતાબુસ્સલાત બાબુસ્સતરમાં વર્ણન થઈ ચૂક્યા.

૭. હઝરત અલી જનાબ ઉમ્મે હાનીના સગા ભાઈ છે પણ કેવળ માનો ઉલ્લેખ કર્યો મહોબ્બત પ્રદર્શિત કરવા, જેમ કે હારૂન عليه السلام એ મૂસા عليه السلام ને ફર્માવ્યું, ઈબ્ને અમ.

૮. હુબૈરા ઈબ્ને વહબ ઈબ્ને અમ્ર ઈબ્ને આઈઝ ઈબ્ને ઈમરાન ઈબ્ને મખ્ઝૂમ જનાબ ઉમ્મે હાનીના પતિ છે. એ ફલાણાનું નામ જાણી ન શકાયું એટલે કે મેં મારા પતિના પુત્રને જે મારા પેટથી છે અથવા તેમની બીજી પત્નીના પેટથી છે અમાન આપી દીધી, પણ અલી તેની તલાશમાં છે ક़त्ल કરવા માટે. યાદ રાખશો કે જનાબ ઉમ્મે હાનીના ઈસ્લામ લાવવા પર હુબૈરાથી આપની જુદાઈ થઈ ગઈ. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે આ ફલાણાનું નામ હારિષ ઈબ્ને હિશામ ઈબ્ને મુગીરા ઈબ્ને અબ્દુલ મલિક ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અમ્ર ઈબ્ને મખ્ઝૂમ છે. પણ પ્રથમ રિવાયત મજબૂત છે કે તે શખ્સ હુબૈરાનો પુત્ર છે, ઉમ્મે હાનીનો સગો કે મત્રાઈ (સોતેલો) પુત્ર. (જુઓ મિર્કાત તથા અશિઅતુલ લમ્આત) હુઝૂરે અન્વર ﷺનું આ ગુસ્લ ક્યાં તો ખુદ ઉમ્મે હાનીના ઘરે હતું અથવા હઝરત અલીના ઘરે અથવા કોઈ અન્ય જગાએ. અમુક રિવાયતોમાં છે કે ફર્માવે છે, હુઝૂરે મારા ઘરમાં ગુસ્લ કર્યું.

૯. એટલે કે તમારી અમાન અમારી અમાન છે. હઝરત અલી એને ક़त्ल નહીં કરશે.

૧૦. આ બંને શખ્સ જેઓ હઝરત ઉમ્મે હાનીના દિયર છે, એક તો અબ્દુલ્લાહ ઈબ્ને અબી રબીઅહ ઈબ્ને મુગીરા છે, બીજા હારિષ ઈબ્ને હિશામ ઈબ્ને મુગીરા છે. બંને મખ્ઝૂમી છે. આ બંને રિવાયતોમાં કોઈ વિરોધ નથી. જનાબ ઉમ્મે હાનીએ એ બંનેવને પણ અમાન આપી હતી અને હુબૈરાના પુત્રને પણ. હુઝૂરે અન્વર ﷺએ સૌની અમાન માન્ય રાખી.

(વિભાગ : ૨) الفصل الثانی

★ સ્ત્રી અમાન આપી શકે છે ★

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે સ્ત્રી પૂરી ક़ૌમના માટે

★ હદીષ : (૨)-૩૯૭૮ ★

عَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّ

الْمَرْأَةَ لَتَأْخُذُ لِلْقَوْمِ» يَعْنِي تُجيرُ على الْمُسلمين. رَوَاهُ التِّرْمِذِيّ

અમાન આપી શકે છે[૧] એટલે કે મુસલમાન પર અમાન આપી શકે છે[૧]. (તિર્મિઝી)

૧. એટલે કે એક મુસલમાન સ્ત્રી કાફિરની ક़ૌમને અમાન લઈ શકે છે. કોઈ કોમને તેનું કહી દેવું કે મેં તમને અમાન આપી એ વિશ્વસનીય છે અને એ ક़ૌમને અમાન મળી જશે.

૨. આ વાક્ય અમાનમાં લેવાની શરહ છે. જેમ કે હઝરત ઝયનબ બિન્તે રસૂલુલ્લાહ ﷺએ પોતાના પતિ અબુલ આસને અમાન આપી દીધી, જેવું કે પહેલાં આવી ગયું અને હઝરત ઉમ્મે હાનીએ પોતાના બે દિયરો અને પોતાના પુત્રને અમાન આપી દીધી અને સર્વ ગાઝી સહાબીઓએ એ અમાન માનવી પડી.

★ અમાન આપ્યા બાદ ક़त्લ કરનાર વિશે ★

★ હદીષ : (3)-૩૯૭૯ ★

وَعَنْ عَمْرِو بْنِ الْحَمِقِ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم يَقُول: «من أَمَّنَ رَجُلًا عَلَى نَفْسِهِ فَقَتَلَهُ أُعْطِيَ لِوَاءَ الْغَدْرِ يَوْمَ الْقِيَامَةِ» . رَوَاهُ فِي شَرْحِ السُّنَّةِ

*હઝરત અમ્ર ઈબ્ને હમિકથી[૧] રિવાયત છે. ફ़र्માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફ़र्માવતાં સાંભળ્યા, **જે કોઈ શખ્સને એની જાન પર અમાન આપી દે પછી તેને ક़त्લ કરી દે, તેને ક़યામતના દિવસે ગદ્દારી (વચનભંગ)નો ઝંડો આપવામાં આવશે[૨].** (શરહે સુન્નહ)*

૧. આપ ક़બીલા બની ખુઝાઆથી છે. સહાબી છે. હજ્જતુલ વિદાઅમાં હુઝૂર ﷺના હાથ પર ઈમાન લાવ્યા. હુઝૂર ﷺની વફ़ાત બાદ પ્રથમ કૂફ़ામાં પછી મિસર વસ્યા. હિ.સ. ૫૧માં મૌસલમાં અજીબો ગરીબ તરીક़ાથી ક़त्લ કરવામાં આવ્યા. એમના ક़त्લનો અજીબ ક़िસ્સો ઈમામ સિયૂતી رحمۃ اللہ علیہએ જમઉલ જવામિઅમાં અને શયખ અબ્દુલ હક્ક رحمۃ اللہ علیہએ કિતાબ નઅમીમુલ બશારતના હાશિયામાં લખ્યો છે ત્યાં જુઓ.

૨. એને બેઈજ્જત કરવા માટે, અને આ ઝંડો વચનભંગ તથા ગદ્દારીની નિશાની હશે, જેનાથી મેહશરવાળા તેની ગદ્દારી જાણી જશે. યાદ રાખશો કે **ક़યામતમાં મુસલમાનોના છુપા અયબો જાહેર કરવામાં નહીં આવે, એલાનિયા અયબો (જે જાહેરમાં કર્યા હશે)નું એલાન થશે.** જેથી આ હદીષ પર્દાપોશીની હદીષોથી વિરુદ્ધ નથી.

★ અમ્ર બિન અબ્સાનું અમીર મુઆવિયાને ચેતવવું ★

★ હદીષ : (૧૪)-૩૯૮૦ ★

وَعَنْ سُلَيْمِ بْنِ عَامِرٍ قَالَ: كَانَ بَيْنَ مُعَاوِيَةَ وَبَيْنَ الرُّومِ عَهْدٌ وَكَانَ يَسِيرُ نَحْوَ بِلَادِهِمْ حَتَّى إِذَا انْقَضَى الْعَهْدُ أَغَارَ عَلَيْهِمْ فَجَاءَ رَجُلٌ عَلَى فَرَسٍ أَوْ بِرْذَوْنٍ وَهُوَ يَقُولُ: اللَّهُ أَكْبَرُ اللَّهُ أَكْبَرُ وَفَاءٌ لَا غدر فَنظر فَإِذا هُوَ عَمْرو ابْن عَبسَةَ فَسَأَلَهُ مُعَاوِيَةُ عَنْ ذَلِكَ فَقَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُول: «مَنْ كَانَ بَيْنَهُ وَبَيْنَ قَوْمٍ عَهْدٌ فَلَا يَحُلَّنَّ عَهْدًا

હઝરત સુલૈમ ઈબ્ને આમિરથી[૧] રિવાયત છે. હઝરત મુઆવિયહ رضی اللہ عنہ અને રોમની વચ્ચે ક़રાર હતો[૨] અને જનાબ મુઆવિયહ તેમની શહેરોની તરફ़ ચાલી નીકળ્યા. જેથી જ્યારે ક़રાર પૂરો થઈ જાય તો તરત જ તેમના પર હુમ્લો કરી દે[૩] તો એક શખ્સ તર્કી અથવા અરબી ઘોડા પર સવાર એવું કહેતો આવ્યો[૪] અલ્લાહુ અકબર ! અલ્લાહુ અકબર ! વાયદા (ક़રાર)નું પાલન કરવામાં આવે, વચનભંગ ન થાય[૫]. લોકોએ ધ્યાન કર્યું તો તે હઝરત અમ્ર ઈબ્ને અબસા હતા[૬] તો એના વિશે એમને હઝરત મુઆવિયહ رضی اللہ عنہ એ

وَلَا يَشُدَّنَّهُ حَتَّى يُمْضِيَ أَمَدَهُ أَوْ يَنْبِذَ إِلَيْهِمْ عَلَى سَوَاءٍ» . قَالَ: فَرَجَعَ مُعَاوِيَةُ بِالنَّاسِ. رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد

પૂછ્યું[૬] તો ફર્માવ્યું, આપે રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે જેનો કોઈ કોમ સાથે ક઼રાર હોય, તો તે ન ક઼રાર ખોલે (તોડે) ન તેને બદલે[૯]. ત્યાં સુધી કે તેની મુદ્દત પસાર થઈ જાય[૯]. અથવા તેમને બરાબરી માટે ખબર આપી દે[૧૦]. ફર્માવે છે કે હઝરત મુઆવિયહ رضی اللہ عنہ લોકોને પરત લઈ ગયા[૧૧]. (તિર્મિઝી, અબૂ દાઊદ)

૧. આપ તાબઈ છે. શામમાં વસવાટ કર્યો હતો પોતાના સમયના આલિમ તથા ફ઼ક઼ીહ હતા. અબૂ હાતિમ કહે છે કે આ રાવી ષિક઼હ છે.

૨. એટલે કે હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ પોતાની સલ્તનતના જમાનામાં રોમના કાફિરો સાથે અમુક દિવસો માટે ટેમ્પરરી સુલહ કરી હતી, કે ફલાણી તારીખ સુધી અમે તમારી સાથે જંગ કરીશું નહીં.

૩. એટલે કે જ્યારે સુલહની મુદ્દત ખતમ થવાની નજીક આવી તો આપ મોટા લશ્કર સાથે શામથી રોમની તરફ રવાના થઈ ગયા, એ ઈરાદાથી કે ક઼રારની મુદ્દત થતા પહેલાં રોમીઓની સરહદ પર પહોંચી જઈએ અને ક઼રારની મુદ્દ પૂરી થતાં જ તેમના પર હુમ્લો કરી દઈએ.

૪. فرس અને برذون બંનેનો અર્થ છે ઘોડો, પણ અહીં فرس થી મુરાદ છે અરબી ઘોડો અને برذون થી મુરાદ છે તર્કી ઘોડો. રાવીને શક છે કે તે કયા ઘોડા પર સવાર હતા.

૫. એટલે કે સહાબીઓની જમાઅત ! અથવા હે ઉમ્મતે મુસ્તફા ! ﷺ અથવા હે અમીરુલ મો'મિનીન અમીર મુઆવિયહ ! તમારા લોકોની શાન વચન પાલન છે, બેવફાઈ તમારી શાનની વિરુદ્ધ છે. આપે મુદ્દત ખતમ થતા પહેલાં એ કાફિરોની તરફ કૂચ કરવી, એમની સરહદ પર પહોંચી જવું પણ વચનભંગ સમજ્યું. આ એ સ્થિતિમાં છે કે કાફિરો મુસલમાનો પર હુમ્લાની તૈયારી ન કરી રહ્યા હોય. જો તેઓ એવું કરી રહ્યા છે તો સુલેહની મુદ્દતમાં તેમની સરહદ પર પહોંચી જવું અને મુદ્દત ખત્મ થયા બાદ અચાનક તેમના પર હુમ્લો કરી દેવું, તેમને હુમ્લાનો મોકો ન આપવું જરૂરી છે કે હવે વચનભંગ તેમના તરફથી છે ન કે આપણી તરફથી. એ વખતે રોમીઓએ એ હરકત કરી ન હતી. (મિર્ક઼ાત)

૬. આપ મશહૂર સહાબી છે. ચોથા મુસલમાન છે. શામના રહેવાસી છે. આપના હાલાત વારંવાર વર્ણન થઈ ચૂકેલ છે. આપે સુલહના જમાનામાં એ રોમી ઈસાઈઓની સરહદ પર પહોંચી જવાને પણ વચનભંગમાં ગણ્યું એટલા માટે આવું કહ્યું.

૭. એટલે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ આ ફત્વાની દલીલ હદીષથી જાણવા ચાહી.

૮. અમુક રિવાયતોમાં આ પ્રમાણેના શબ્દો છે فيشده ولا يحله એટલે એ ક઼રારને પાકો તો કરી દે પણ ખોલે એટલે તોડે નહીં. આ લખાણ સ્પષ્ટ છે شد નો અર્થ મજબૂતી (પુખ્તા). અહીં આ વાક્યનો મતલબ એ છે કે ન તો કરારને મુદ્દતની અંદર તોડે ન તો કાફિરો સાથે નવસેરથી ક઼રાર અથવા ક઼રારના સમર્થનની માગણી કરે. એટલે કે એવું ન કહે કે આ અહદની મજબૂતી કરો કે એનાથી કાફિરો સમજશે કે મુસલમાનોએ એ ક઼રાર કમજોર કરી આપ્યો એટલા માટે હવે એની મજબૂતીની માણગી કરી રહ્યા છે. આમાં પણ ખયાનતની ગંધ છે. અમે لا يشدنه નો અર્થ જે કર્યો, ન બદલે એ લાઝમી અર્થ છે, નહીં તો અર્થ એ છે કે ન કરારની મજબૂતીની માગણી કરે.

૯. સારાંશ કે સુલહની મુદ્દત ગુજરતા સુધી કાફિરો સાથે કોઈ ટકરાવ ન કરે, આપનું ત્યાં જવું એની વિરુદ્ધ છે. સુબ્હાનલ્લાહ ! આ તક્વા પર કુર્બાન !

૧૦. એટલે કે જો સુલહ તોડવાની જરૂરત જ ઉભી થઈ જાય તો હુમ્લો કરવાના ઘણા પહેલાં તેમને ખબર ખરી દે કે અમે મજબૂત આ ક્રરાર તોડી રહ્યા છીએ તો તમે તૈયાર થઈ જાવ. આ જ મતલબ છે علیٰ سواء. કુર્આને કરીમ ફર્માવે છે : وَإِمَّا تَخَافَنَّ مِنْ قَوْمٍ خِيَانَةً فَانْبِذْ إِلَيْهِمْ عَلَىٰ سَوَاءٍ (અને જો તમે કોઈ ક્રૌમથી દગાનો અંદેશો કરો તો તેમનો ક્રરાર તેમની તરફ ફેંકી દો બરાબરી માટે. –સૂરએ અન્ફાલ, ૮/૫૮) આ હદીષ આ આયતની તફસીર છે.

૧૧. એટલે કે અમીર મુઆવિયહ رضی اللہ عنہ હુઝૂર ﷺનું આ ફર્માને આલી સાંભળતાં જ લશ્કર સાથે પરત થઈ ગયા. જાણવા મળ્યું કે રોમ હઝરત અમીર મુઆવિયહ رضی اللہ عنہના સલ્તનતના જમાનામાં હિ.સ. ૫૧માં ફતહ થયું. આ ફતહમાં યઝીદ ઈબ્ને મુઆવિયહ સેનાપતિ હતા. (અકમાલ) અને એ મહાન લશ્કરમાં હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, અબૂ ઐયૂબ અન્સારી, અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર, હુસૈન ઈબ્ને અલી رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેવા હઝરાત સિપાહિયાના શાન સાથે સામેલ હતા. (અલ બિદાયા વન્નિહાયા) યઝીદ ઈબ્ને મુઆવિયહ رضی اللہ عنہએ હઝરત અબૂ ઐયૂબ અન્સારી رضی اللہ عنہની નમાઝે જનાઝા પઢાવી. તેમણે કુસ્તુન્તુનિયાની દીવાલની નીચે આપને દફન કર્યા અને એલાન કર્યું કે જો કોઈ ઈસાઈએ આ ક્રબ્ર શરીફને કોઈ નુકસાન પહોંચાડયુ તો હું સર્વ અરબના ઈસાઈઓને ક્રત્લ તથા તેમનાં ચર્ચા તોડી નાખીશ. અલ્લાહની શાન છે જેનાથી ચાહે દીનની ખિદમત લે.

★ અબૂ રાફેઅના ઈસ્લામ સ્વીકારનો બનાવ ★

હઝરત અબૂ રાફેઅથી રિવાયત છે. ફર્માવે છે કે મને કુરૈશે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં મોકલ્યો[૨] તો જ્યારે મેં રસૂલુલ્લાહ ﷺને જોયા તો મારા દિલમાં ઈસ્લામ નાખી દેવામાં આવ્યો[૩] તો મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ખુદાની ક્રસમ ! હું તો હવે તેમની તરફ કદી પરત થઈ નહીં[૪]. તો ફર્માવ્યું કે અમે ન તો વચન તોડીએ છીએ અને ન ક્રાસિદોને રોકીએ છીએ[૫] પરંતુ તમે હમણા પરત જાવ પછી જો તમારા દિલમાં તે રહે જે અત્યારે છે તો પરત આવી જજો[૬]. ફર્માવે છે કે હું ચાલ્યો ગયો. ફરી નબી કરીમ ﷺની ખિદમતમાં હાજર થયો અને મુસલમાન થઈ ગયો[૭]. (અબૂ દાઉદ)

★ હદીષ : (૫)-૩૯૮૧ ★

وَعَن أَبِي رافِعٍ قَالَ: بعثَنِي قُرَيْشٌ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَلَمَّا رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أُلْقِيَ فِي قَلْبِيَ الْإِسْلَامُ فَقُلْتُ: يَا رَسُولَ اللَّهِ إِنِّي وَاللَّهِ لَا أَرْجِعُ إِلَيْهِمْ أَبَدًا قَالَ: «إِنِّي لَا أَحِيسُ بِالْعَهْدِ وَلَا أَحْبِسُ الْبُرُدَ وَلَكِنِ ارْجِعْ فَإِنْ كَانَ فِي نَفْسِكَ الَّذِي فِي نَفْسِكَ الْآنَ فَارْجِعْ» . قَالَ: فَذَهَبْتُ ثُمَّ أَتَيْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم فَأَسْلمت. رَوَاهُ أَبُو دَاوُد

૧. આપનું નામ શરીફ અસ્લમ છે. આપ પહેલાં સૈયદના અબ્બાસ رضی اللہ عنہના ગુલામ હતા. તેમણે હુઝૂર ﷺને હદિયા રૂપે પેશ કરી આપ્યો. જેથી આપ હુઝૂરે અન્વર ﷺના ગુલામ થઈ ગયા. પછી આપે જ હઝરત અબ્બાસ رضی اللہ عنہના ઈમાન લાવવાની ખબર હુઝૂરે અન્વર ﷺને આપી. હુઝૂર ﷺએ આ ખબર લાવવાની ખુશીમાં તેમને આઝાદ કરી આપ્યા. અલ્લાહ તઆલા મારો અબૂ રાફેઅ હબ્શી رضی اللہ عنہના ગુલામોમાં હશ્ર નસીબ કરે. (શેઅર)

જો બંદા તુમ્હારા વો બંદા ખુદાકા–જો બંદા ખુદાકા વો બંદા તુમ્હારા

આપ ઘણા જ ખુશનસીબ સહાબી છે. કિબ્તી નસલવાળા છે. *(અશિઅ્હ, મિર્ક્રાત, લમ્અ્હાત)*

૨. સુલહે હુદૈબિયાના દિવસે કાફિરોએ મને પોતાનો પ્રતિનિધિ બનાવીને હુઝૂરે અન્વર ﷺની ખિદમતમાં મોકલ્યો જ્યારે કે હુઝૂર ﷺ હરમની હદોમાં હુદૈબિયાના મેદાનમાં સહાબાની જમાઅત સાથે જલ્વા અફરોઝ હતા. મિર્કાતે અહીં ફર્માવ્યું કે, એનાથી માલૂમ થાય છે કે આ અબૂ રાફેઅ તે નથી જે હુઝૂરના આઝાદ કરેલા ગુલામ છે. તે તો બદરથી પહેલાં જ ઈસ્લામ લાવી ચૂક્યા હતા. તો હવે હુદૈબિયામાં તેમનું મક્કાના તરફથી સુલહના પ્રતિનિધિ બનીને આવવું કેવું ? આ કોઈ અન્ય રાફેઅ છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

૩. હુઝૂર ﷺનો પાક ચહેરો ખુદ મો'જિઝો હતો કે હોશવાળા માણસો કેવળ જોઈને જ ઈમાન લઈ આવતા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને સલામનો પણ એ જ બનાવ બન્યો કે ચેહરએ અન્વર જોતાં જ તેમના દિલમાં ઈમાન આવી ગયું.

दीअे मो'जिज़े अंबिया को ख़ुदाने–हमारा नबी मो'जिज़ा बनके आया

૪. એટલે કે ઈમાન પણ નસીબ થઈ ગયું અને વતન, બીવી બચ્ચાં, માલ સંપત્તિની મહોબ્બત એકદમ જતી રહી, એટલા માટે દેશ છોડીને પરદેશમાં જવા, ઘરબાર ઔલાદ છોડીને હુઝૂર ﷺની પાસે વસી જવા માટે તૈયાર થઈ ગયા. ગુનેહગાર અહમદ યાર પોતાનો અનુભવ રજૂ કરે છે કે જ્યારે આ ફકીર આમિના رضی اللہ عنہا ના મઝાર પર હાજર થયો તો દિલ ચાહતુ હતું કે સર્વ કાંઈ છોડી છાડીને અહીં કબર શરીફ પર ફકીર મુજાવર બનીને બેસી જાઉં. આ આકર્ષણ પણ એ હઝરાતનો જીવતો જાગતો મો'જિઝો તથા કરામત છે. જનાબ આમિના رضی اللہ عنہا ના મઝાર શરીફમાં ખૂબ જ આકર્ષણ (ખેંચાણ) છે જે વર્ણન નથી થઈ શકતું.

૫. اخیشअે خیشથી બન્યું છે, અર્થ ધોકો અથવા વચનભંગ કરવું અને કોઈ કાસિદને પોતાને ત્યાં રોકી લેવો એ અમારી શાન નથી કે એ પણ વચનભંગ છે. بردअે برید નું બહુવચન છે અર્થ ટપાલી અથવા એલચી. તમે જેવી રીતે એમનો પયગામ લઈને અમારી પાસે આવ્યા છો એ જ પ્રમાણે અમારો જવાબ લઈને તેમની પાસે જાવ.

૬. એટલે કે જે દીવાનગી અત્યારે તમારા દિલમાં છે તે જો મક્કા મોઅઝ્ઝમા પહોંચી ગયા બાદ અમારો જવાબ સંભળાવ્યા બાદ પણ રહે તો ચાલ્યા આવજો. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺએ એમનો ઈસ્લામ તો કબૂલ કરી લીધો પણ એ વખતે હિજરતની ઈજાઝત ન આપી, જેનું કારણ પોતે જ વર્ણવી આપ્યું. જેથી આ હદીષ ફકીહોના એ કૌલની વિરુદ્ધ નથી કે જે મુસલમાન થવા ચાહે તેને ટાળો નહીં, બલ્કે તરત જ મુસલમાન કરી લો. હુઝૂર ﷺએ એવું નથી ફમાવ્યું કે હમણા મુસલમાન ન બનો, પાછા આવો ત્યારે બનજો. તેમ જ હુઝૂર ﷺએ એ વખતે તેમને પોતાનો ઈસ્લામ છુપાવવાનું તથા તેને જાહેર કરવાથી મના કર્યું કે જેથી મક્કાના કાફિરોની બુરાઈથી મહેફૂઝ રહે.

૭. અથવા હુદૈબિયામાં જ સુલેહનામાના લખાણથી પહેલાં અથવા અમુક અરસા પછી મદીના મુનવ્વરામાં પહોંચીને મુસલમાન થઈ ગયાનો અર્થ એ છે કે મેં મારો ઈસ્લામ જાહેર કરી આપ્યો, એલાનિયા મુસલમાન થઈ ગયો. મિર્કાતે આ જ સ્પષ્ટતા દર્શાવી. જેથી હદીષ બિલ્કુલ સ્પષ્ટ છે કે ઈસ્લામી કાનૂનની વિરુદ્ધ નથી.

★ મુસૈલમાનો એલચી દરબારે નબવીમાં ★

હઝરત નઈમ ઈબ્ને મસઊદથી[૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ તે બે શખ્સોને ફમાવ્યું જેઓ મુસૈલમાની પાસેથી આવ્યા હતા[૨] કે જો એ કાનૂન ન હોત કે કાસિદ કત્લ કરવામાં નથી આવતા, તો હું તમારી ગર્દન ઉડાડી દેત. (અહમદ, અબૂ દાઊદ)

★ હદીષ : (૬)-૩૯૮૨ ★

وَعَنْ نُعَيْمِ بْنِ مَسْعُودٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ لِرَجُلَيْنِ جَاءَا مِنْ عِنْدِ مُسَيْلِمَةَ: «أَمَّا وَاللَّهِ لَوْلَا أَنَّ الرُّسُلَ لَا تُقْتَلُ لَضَرَبْتُ أَعْنَاقَكُمَا» . رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُد

૧. આપ અશ્જઈ મદની છે. ગઝવએ ખંદકમાં ઈમાન લાવ્યા. ઈસ્લામથી પહેલાં અહઝાબના બનાવમાં તેમની કોશિશ રહી કે બની કુરૈઝા અને અબૂ સુફ્યાનની વચ્ચે એ જ વાસ્તો તથા સંદેશાવાહક હતા. અબૂ સુફ્યાન એ જંગે અહઝાબમાં કાફિરોના સરદાર હતા. ખિલાફતે ઉષ્માનીમાં મૃત્યુ પામ્યા અથવા ખિલાફતે હૈદરીમાં જંગે જુમલમાં ક़त्ल થયા.

★ ક़ાસિદ સફીરોને ક़त्ल કરવામાં નથી આવતા ★

૨. એ બંને પુરૂષોનાં નામ અબ્દુલ્લાહ ઈબ્ને નવાહા અને બીજો ઈબ્ને ઉષાલ છે. એ બંનેવ મુસૈલમા કઝ્ઝાબ પર ઈમાન લાવી ચૂક્યા હતા. જેમ કે આપણે ત્યાં ક़ાદયાની જે મિર્ઝા ગુલામ અહમદ મરદૂદ પર ઈમાન લાવી ચૂક્યા છે. મુસૈલમા કઝ્ઝાબે હુઝૂર ﷺના જમાનામાં જ નબુવ્વતનો દાવો કરી આપ્યો. સિદ્દીક़ી ખિલાફતમાં સિદ્દીક़ી તલ્વારથી જહન્નમમાં પહોંચ્યો. હઝરત વહશી رضی اللہ عنہ એ તેને ખૂબ જ બેઈજ્જતીપૂવક મારી નાખ્યો. તેની સાથે જંગે યમામાની લડાઈ થઈ. એટલે કે તમે મારી સામે મુસૈલમા કઝ્ઝાબની નબુવ્વતનો સ્વીકાર કરી રહ્યા છો જેથી ક़त्લના પાત્ર છો પણ કેમ કે ક़ાસિદોને ક़त्ल કરવું દુરુસ્ત નથી, એટલા માટે તમને છોડું છું અને પાછા જવા દઉં છું. ક़ાસિદો, એલચીઓ, પ્રતિનિધિઓ તથા સફીરોને ક़त्ल ન કરવામાં ઘણી બધી મસ્લેહતો છે. આજે પણ એ ક़ાનૂન પર અમલ છે

હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે તે પોતાના પિતાથી રાવી છે કે રસૂલુલ્લાહ ﷺ એ પોતાના ખુત્બામાં ફમાવ્યું કે જાહિલિયતના દોરના ક़રારો પૂરા કરી દો કેમ કે ઈસ્લામ તેમની મજબૂતી જ વધારે છે[૧] ઈસ્લામમાં વિના હલફ ન કરો[૨] અને હઝરત અલીની હદીષ المسلمون تتكافأ. كتاب القصاص *માં વર્ણવવામાં આવી.*

★ હદીષ : (૭)-૩૯૮૩ ★

وَعَنْ عَمْرِو بْنِ شُعَيْبٍ عَنْ أَبِيهِ عَنْ جَدِّهِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ فِي خطْبَة: «أَوْفوا بحلف الْجَاهِلِيَّة فَإِنَّهُ لَا يزِيد يَعْنِي الْإِسْلَامَ إِلَّا شِدَّةً وَلَا تُحْدِثُوا حَلِفًا فِي الإِسلامِ». رَوَاهُ الترمذيُّ من طريقِ ابنِ ذَكْوَانَ عَنْ عَمْرٍو وَقَالَ:حَسَنٌ وَذَكَرَ حَدِيثَ عليٍّ:«المسلمونَ تَتَكَافَأ»فِي«كتاب الْقصاص»

૧. એટલે કે તમે લોકોએ ઈસ્લામથી પહેલાં જે વાયદા ક़રાર કાફિરો સાથે કરી લીધા હતા તે સર્વે બધા જ પૂરા કરો, કેમ કે ઈસ્લામમાં ક़રાર વિરુદ્ધ વર્તવું જુર્મ છે.

૨. એની શરહ એ હદીષ છે કે لا حلف فى الاسلام ઈસ્લામમાં હલફ નથી, એટલે કાફિરોના હલીફ બનવું જાઈઝ નથી. હલફમાં એકબીજાની મદદનો ક़રાર પણ થયો હતો અને એકબીજાના વારસાનો પણ વાયદો, કે જે ક़રાર કરનાર મરે તેનો માલ તેનો હલીફ લે.

(વિભાગ : 3) الفصل الثالث

★ મુસૈલમાના બે ક़ાસિદ હુઝૂર ﷺના દરબારમાં ★

હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ થી રિવાયત છે. ફમાવે છે કે ઈબ્ને નવાહા તથા ઈબ્ને ઉષાલ મુસૈલમા કઝ્ઝાબના ક़ાસિદ નબી ﷺની ખિદમતમાં આવ્યા[૧] તો હુઝૂરે તેમને ફમાવ્યું કે શું તમે ગવાહી આપો છો કે હું અલ્લાહનો રસૂલ છું ?[૨] તો તેઓ બોલ્યા કે અમે ગવાહી આપીએ છીએ કે

★ હદીષ : (૮)-૩૯૮૪ ★

عَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: جَاءَ ابْنُ النَّوَّاحَةِ وَابْنُ أُثَال رَسُولَا مُسَيْلِمَةَ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ لَهُمَا: «أَتَشْهَدَانِ أَنِّي رَسُولُ اللَّهِ؟» فَقَالَا: نَشْهَدُ أَنَّ

مُسَيْلِمَةَ رَسُولَ اللَّهِ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «آمَنْتُ بِاللَّهِ وَرَسُولِهِ وَلَوْ كُنْتُ قَاتِلًا رَسُولًا لَقَتَلْتُكُمَا» . قَالَ عَبْدُ اللَّهِ: فَمَضَتِ السُّنَّةُ أَنَّ الرُّسول لَا يُقتَلُ. رَوَاهُ أَحْمد

મુસૈલમા અલ્લાહનો રસૂલ છે[૩] ત્યારે નબી ﷺએ ફર્માવ્યું કે હું અલ્લાહ અને રસૂલ પર ઈમાન લાવ્યો[૪] અને જો હું કાસિદને ક़त्ल કરતો હોત તો તમને ક़त्ल કરી આપત.[૫] અબ્દુલ્લાહ કહે છે કે પછી તરીકો લાગુ થઈ ગયો કે ક़ાસિદને ક़त्ल કરવામાં ન આવે.[૬] (અહમદ)

૧. એલચી બનીને કોઈ પયગામ લઈને. મુસૈલમા કઝ્ઝાબે હુઝૂર ﷺથી ડાયરેક્ટ મોંઢા મોંઢ પણ વાતચીત કરી છે અને એલચીઓના માધ્યમથી પણ. જેમ કે એકવાર તેણે હુઝૂરે અન્વર ﷺથી રૂબરૂ અર્ઝ કરી હતી કે જો આપ આપના બાદ ખિલાફત મારા માટે લખી આપો તો હું આપનાથી સુલહ કરી લઉં. એટલે કે નબુવ્વત છોડી આપુ. હુઝૂરે અન્વર ﷺના હાથ શરીફમાં એક લીલી મિસ્વાક હતી. આપે ફર્માવ્યું કે જો તું આ લીલી મિસ્વાક પણ મારાથી માગે તો તને આપીશ નહીં, અને તારો જે અંજામ થવાનો છે તે મને ખ્વાબમાં દેખાડી દેવામાં આવ્યો છે. આ તેની વાતચીત તે છે જે પયગંબરના કાસિદ થકી તેણે કરી. તેનું વર્ણન હમણા પાછલી હદીષમા થઈ ચૂક્યું.

૨. તો હુઝૂરે અન્વર ﷺએ ઈસ્લામની તબ્લીગ કરતાં આ ફર્માવ્યું અથવા કોઈ મો'જિઝો દેખાડીને આવો ઈર્શાદ કર્યો. સારાંશ એનાથી જાણવા મળ્યું કે કાફિર એલચીને ઈસ્લામની તબ્લીગ કરવી જાઈઝ છે.

૩. એટલે نعوذ باللّٰه (નઊઝુબિલ્લાહ !) આપ અલ્લાહના રસૂલ નથી બલ્કે મુસૈલમા અલ્લાહનો રસૂલ છે. આપ ખાતમુન્ નબીય્યીન નથી, આપના જમાનામાં અન્ય રસૂલ પણ થઈ શકે છે. પ્રથમ સ્થિતિમાં તે અસલી કાફિર છે, બીજી સ્થિતિમાં તે બંનેવ હાલના કાદયાનીઓની જેમ મુર્તદ છે. કેમ કે ઈસ્લામી કલ્મો પઢનારા ગુમરાહ ફિર્ક़ા જેમની ગુમરાહી કુફ્રની હદ સુધી પહોંચી જાય તેઓ મુર્તદીન હોય છે. એટલા માટે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ ઝકાતના મુન્કિરો તથા મુસૈલમા કઝ્ઝાબને તેના માનનારાઓ સહિત મુર્તદ ખયાલ કર્યો. મુર્તદથી ન જિઝિયો લેવામાં આવે છે ન સુલહ, તેના માટે કેવળ તલ્વાર અથવા ઈસ્લામ છે. રબ તઆલા ફર્માવે છે : تُقَاتِلُوْنَهُمْ اَوْ يُسْلِمُوْنَ (તેમનાથી લડો અથવા તેઓ મુસલમાન થઈ જાય. સૂ. ફતહ, ૪૮/૧૬) એનાથી જાણવા મળ્યું કે **જે શખ્સ હુઝૂરે અન્વર ﷺના જમાનામાં અન્ય પણ કોઈને નબી માને તે મુર્તદ છે,** એનાથી વર્તમાનકાળના દેવબંદીઓએ સબક લેવો જોઈએ. **હુઝૂરે અન્વર ﷺ ખાતમુન્નબીય્યીન છે કે ન તો હુઝૂરના જમાનામાં ન હુઝૂરે અન્વર ﷺના બાદ કોઈ નબી થઈ શકતુ નથી, ન અસલી નબી ન ઝિલ્લી, બરૂઝી, મરાતી, મઝાકી, અફ્રીણી, ચરસી નબી. હુઝૂર ﷺની નબુવ્વત સર્વ નબીઓની નબુવ્વતની નાસિખ (મન્સૂખ કરનાર) છે. હુઝૂર ﷺ જ આખરી નબી છે.**

૪. આ ફર્માને આલીમાં رسولہ થી મુરાદ જિન્સે રસૂલ છે, એટલે હું અલ્લાહના સર્વ સાચા નબીઓ પર ઈમાન લાવ્યો. મુસૈલમાના જૂઠા હોવાની મોટી દલીલ એ છે કે મેં તેને જૂઠો બેદીન કહ્યો.

૫. કેમ કે તમે મુર્તદ છો અને મુર્તદને ક़त्ल કરવો વાજિબ હોય છે, પણ એલચી છો એટલે ક़त्ल કરવામાં નહીં આવો, ખૈરિયતથી પાછા ચાલ્યા જાવ.

૬. એટલે ક़ાસિદ એલચી ભલે જાતે પોતે ક़त्લના પાત્ર હોય પણ જ્યારે કાસિદ બનીને આવશે તો સલામતી સાથે પરત કરવામાં આવશે. એનાથી જાણવા મળ્યું કે જો આપણો મુસલમાન ઝિના, ચોરી, ક़त्ल કરીને, મુર્તદ થઈને દારુલ હર્બમાં ચાલ્યો જાય, પછી તે કોઈ કાફિરનો એલચી બનીને આપણા ત્યાં આવે તો એ હાલતમાં ક़त्ल કરવામાં નહીં આવે ભલે તે અમુક કારણોસર ક़त्લને પાત્ર છે. આ વાક્ય મુત્લક़ દરેક પ્રકારના ક़त्લને પાત્ર કાસિદને સમાવે છે. અહીં સુન્નત એ કાનૂને ઈસ્લામના અર્થમાં છે, ફર્ઝ, વાજિબના મુકાબલામાં નહીં. એટલે કે આ ફર્માને આલી પછી એ ક़ાનૂન લાગુ થઈ ગયો અને આજ સુધી આ ક़ાનૂન દરેક દેશ તથા કૌમમાં લાગુ છે.

باب قسمة الغنائم والغلول

બાબુ ક़िસ્મતિલ્ ગનાઈમિ વલ્ગુદૂલ

(ગનીમતોની વહેંચણી અને એમાં ખયાનત કરવા વિશે[૧])

(વિભાગ : ૧) الفصل الاول

★ ગનીમત, ફઈ, જિઝિયા તથા ખિરાજનો ફરક ★

૧. કિસ્મતનો અર્થ બખ્શિશ કરવું પણ છે અને અંદાઝો લગાડવો પણ છે. ગનીમત એ માલ છે જે જંગની હાલતમાં કાફિરોથી છુપાવવામાં આવે. અને ફઈ તે માલ છે જે કાફિરોથી હાંસલ કરવામાં આવે ચાહે જબરદસ્તીથી ચાહે સુલહથી, શર્ત એ કે હલાલ તરીકાથી હાંસલ કરવામાં આવે. જેથી ગનીમત ખાસ છે ફઈ આમ છે. જેમ કે ગનીમત, જિઝિયો, ખિરાજ, માલે સુલહ જે કાફિરોથી સુલહ કરીને હાંસલ કરવામાં આવે, એ સૌને ફઈ કહેવામાં આવે છે. *(અશિઅ્હ)*

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી. અમારાથી પહેલાં કોઈના માટે ગનીમતો હલાલ ન થઈ.[૧] આ એટલા માટે છે કે અલ્લાહે અમારી કમજોરી અમારી આજિઝી જોઈ તો તેણે આપણા માટે આ હલાલ કરી આપ્યું.[૨]

★ હદીષ : (૧)-૩૯૮૫ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «فَلَمْ تَحِلَّ الْغَنَائِمُ لِأَحَدٍ مِنْ قَبْلِنَا ذَلِكَ بِأَنَّ اللَّهَ رَأَى ضعفنا وعجزنا فطيها لنا»

★ આગલી ઉમ્મતોના માલે ગનીમત તથા કુર્બાનીને આગ સળગાવી દેતી ★

૧. મિશ્કાત શરીફના અમુક નુસ્ખાઓમાં છે : لم تحل ફે વગર, આ સ્થિતિમાં આ કલામ મુસ્તક़िલ છે અને જો فلم تحل ફે થી હોય તો આ કલામ કોઈ પાછલા કલામ પર મુરત્તબ છે. આ પૂરું કલામ શરીફ આ જ પ્રકરણના ત્રીજા વિભાગમાં આવશે. એટલે ગનીમતનો માલ અમારાથી પહેલાં કોઈ નબીની ઉમ્મતના માટે હલાલ ન કર્યો. તે લોકો જ્યારે જેહાદમાં કાફિરોથી માલ છીનતા હતા, તો એ સર્વ માલ એકત્ર કરીને કોઈ જગાએ રાખતા હતા. આસ્માનથી ગયબી આગ ધૂમાડા વગરની આવતી હતી તે તેને સળગાવી જતી હતી. એ આગનું સળગાવી દેવું એની નિશાની હોતી કે આ જેહાદ મક़્બૂલ છે અને ગનીમતમાં ખયાનત નથી થઈ. જો આગ ન સળગાવતી તો એ લોકો સમજી જતા કે ક્યાં તો જેહાદ મરદૂદ થઈ ગયો અથવા આ ગનીમતમાં કાંઈક ખયાનત થઈ છે. એ જ હાલ એમની કુર્બાનીઓનો હતો. આપણા માટે ગનીમત તથા કુર્બાની બંનેવ ચીજો હલાલ કરી દેવામાં આવી.

(અઝ : મિર્ક़ાત તથા લમ્આત વધારા સાથે)

૨. એટલે કે એ અગાઉ થઈ ગયેલી ક़ોમોના લેહાઝથી અમે લોકો શારીરિક રીતે કમજોર પણ છીએ અને માલમાં ઓછા પણ છીએ. અને ક़યામત સુધી ઘણા કમજોર તથા ગરીબ લોકો જેહાદ કર્યા કરશે. આ કારણોસર આપણા માટે ગનીમત હલાલ કરી આપી કે જેહાદમાં સવાબ પણ પામીએ અને માલ પણ. આ રાહત હુઝૂર ﷺના સદક़ામાં છે. આ હદીષથી જાણવા મળ્યું કે જેહાદ પાછલા દીનોમાં પણ હતા. અમે અમારી તફસીરે નઈમીમાં સાબિત કર્યું છે કે જેહાદ હઝરત ઈબ્રાહીમ عليه السلام ના સમયથી શરૂ થયો.

★ હઝરત અબૂ ક़તાદાનો બનાવ ★

★ હદીષ : (૨)-૩૯૮૬ ★ (مُتَّفِق عَلَيْهِ)

وَعَن أَبِي قتادةَ قَالَ: خَرَجْنَا مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَامَ حُنَيْنٍ فَلَمَّا الْتَقَيْنَا كَانَتْ لِلْمُسْلِمِينَ جَوْلَةٌ فَرَأَيْتُ رَجُلًا مِنَ الْمُشْرِكِينَ قَدْ عَلَا رَجُلًا مِنَ الْمُسْلِمِينَ فَضَرَبْتُهُ مِنْ وَرَائِهِ عَلَى حَبْلِ عَاتِقِهِ بِالسَّيْفِ فَقَطَعْتُ الدِّرْعَ وَأَقْبَلَ عَلَيَّ فَضَمَّنِي ضَمَّةً وَجَدْتُ مِنْهَا رِيحَ الْمَوْتِ ثُمَّ أَدْرَكَهُ الْمَوْتُ فَأَرْسَلَنِي فَلَحِقْتُ عُمَرَ بْنَ الْخَطَّابِ فَقُلْتُ: مَا بَالُ النَّاسِ؟ قَالَ: أَمْرُ اللَّهِ ثُمَّ رَجَعُوا وَجَلَسَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «مَنْ قَتَلَ قَتِيلًا لَهُ عَلَيْهِ بَيِّنَةٌ فَلَهُ سَلَبُهُ» فَقُلْتُ: مَنْ يَشْهَدُ لِي؟ ثُمَّ جَلَسْتُ ثُمَّ قَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِثْلَهُ فَقُمْتُ فَقَالَ: «مَا لَكَ يَا أَبَا قَتَادَةَ؟» فَأَخْبَرْتُهُ فَقَالَ رَجُلٌ: صَدَقَ وَسَلَبُهُ عِنْدِي فَأَرْضِهِ مِنِّي فَقَالَ أَبُو بَكْرٍ: لَا هَا اللَّهِ إِذًا لَا يعمدُ أَسَدٍ مِنْ أُسْدِ اللَّهِ يُقَاتِلُ عَنِ اللَّهِ وَرَسُولِهِ فَيُعْطِيكَ سَلَبَهُ. فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «صَدَقَ فأعطه» فأعطانيه فاتبعت بِهِ مَخْرَفًا فِي بَنِي سَلِمَةَ فَإِنَّهُ لَأَوَّلُ مالٍ تأثَّلْتُه فِي الإِسلامِ

હઝરત અબૂ ક़તાદા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમે નબી ﷺ ની સાથે હુનૈનના વરસે ગયા.[૧] તો જ્યારે અમે મળ્યા તો મુસલમાનોમાં બેચેની થઈ ગઈ. મુશ્રિકોના એક શખ્સને જોયો[૨] કે બે મુસલમાનોમાંથી એક મુસલમાન પર ગાલિબ આવી ગયો.[૩] તો મેં તેના પાછળથી તેની ગરદનની રગ પર તલ્વાર મારી[૪] તો મેં બખ્તર કાપી નાખ્યું. મારા પ્રતિ ધ્યાનિત થઈ ગયો, મારાથી ખૂબ લપેટાઈ ગયો. મેં તેનાથી મોતની બૂ પામી લીધી[૫] પછી તેણે મોત પામી લીધી ત્યારે તેણે મને છોડી આપ્યો. હું હઝરત ઉમર ઈબ્ને ખત્તાબને મળ્યો. મેં કહ્યું, લોકોનો શો હાલ થઈ ગયો છે ? ફર્માવ્યું, અલ્લાહનો હુકમ.[૬] પછી ગાઝી પલટી આવ્યા[૭] અને નબી ﷺ તશરીફ ફર્મા થયા તો ફર્માવ્યું કે જેણે કોઈ ક़ત્લ થનારાને ક़ત્લ કર્યો હોય જેની ગવાહી તેની પાસે હોય તો તેનો સામાન કાતિલનો જ છે[૮] તો હું બોલ્યો કે મારી ગવાહી કોણ આપશે ? પછી હું બેસી ગયો. પછી નબી ﷺ એ એ જ પ્રમાણે ફર્માવ્યું. મેં ફરી કહ્યું કે મારી ગવાહી કોણ આપશે ? પછી હું બેસી ગયો પછી નબી ﷺ એ એ જ પ્રમાણે ફર્માવ્યું. હું ફરી ઉભો થયો[૯] તો ફર્માવ્યું, હે અબૂ ક़તાદા તમારો શો હાલ છે ? જેથી મેં હુઝૂરને ખબર આપી તો એક શખ્સ બોલ્યો, હુઝૂર ! આ સાચા છે અને આ કાફિરનો સામાન મારી પાસે છે. હુઝૂર તેમને મારા સંબંધે રાજી કરી લો.[૧૦] અબૂબક્ર સિદ્દીક़ે ફર્માવ્યું, અલ્લાહની ક़સમ ! ત્યારે તો હુઝૂર ﷺ ના શેરોમાંથી એક શેર (સિંહ)ની એ ઈરાદો પણ નહીં કરે કે જે અલ્લાહ વ રસૂલની તરફ જેહાદ કરે તને એનો સામાન આપી દે.[૧૧] ત્યારે નબી ﷺ એ ફર્માવ્યું, આ સાચા છે એને સામાન આપી દો. જેથી તેણે તે મને આપી દીધો તો મેં તેનો એક બાગ બની સલમામાં ખરીદયો[૧૨] આ પહેલો માલ હતો જે મેં ઈસ્લામમાં જમા કર્યો. (મુસ્લિમ, બુખારી)

૧. હઝરત અબૂ ક़તાદા મશહૂર સહાબી છે. અને હુનૈન એ મક્કા મોઅઝ્ઝમા તથા તાઈફની વચ્ચે એક જંગલ છે. ફતહે મક્કા પછી ત્યાં ક़બીલા બની હવાઝિનથી સાથે મુસલમાનોની મશહૂર જંગ થઈ થઈ છે. ફક़ીરે એ

જંગલની ઝિયારત કરી છે. આ જંગનો ઉલ્લેખ કુર્આને કરીમમાં સ્પષ્ટપણે થયો છે.

★ રબના કરમથી નજર હટવાનું પરિણામ ! ★

૨. حولة નો શાબ્દિક અર્થ છે બેકરારી, હરકત, આગળ પાછળ દોડવું. રાવીએ ગઝવએ હુનૈનની શરૂની હાલતને મુસલમાનોની હાર નથી ફર્માવ્યું, કેમ કે હકીકતમાં હાર ન થઈ હતી બલ્કે હવાઝિનની સખત તીરંદાઝીના કારણે મુસલમાન પહેલાં કાંઈક ગભરાય ગયા હતા અને એમનામાં ભાગદોડ મચી ગઈ હતી. હુઝૂર ﷺની સાથે એક જમાઅત પોતાની જગાએથી તદ્દન હલી ન હતી, જેથી મુસલમાનોનીની આ ભાગદોડ હાર ન કહેવાશે. એનું કારણ એ બન્યું હતું કે એ જંગમાં મુસલમાન બાર હજાર હતા અને કાફિરોની સંખ્યા એના કરતાં ઓછી હતી. તેમના દિલમાં ખયાલ થયો કે આજે અમે ખૂબ સંખ્યામાં છીએ જેથી જરૂર સવાર થઈ જઈશું. રબને એ પસંદ ન આવ્યું કે મુસલમાનો બલ્કે ખાસ કરીને સહાબાની નજર રબના કરમથી હટે. પોતાની અધિક સંખ્યા પર ભરોસો કર્યો જેથી એ ભાગદોડ ઉભી થઈ. રબ તઆલા ફર્માવે છે : اِذْ اَعْجَبَتْكُمْ كَثْرَتُكُمْ (અને હુનૈનના દિવસે જ્યારે તમે પોતાની કષરત (ખૂબ અધિક સંખ્યા) પર ગર્વ કરી બેઠા હતા. સૂ. તૌબા, ૯/૨૫) અહીં એનું વર્ણન છે.

૩. એ રીતે કે એ મુશ્રિકે મુસલમાનને દબોચી લીધો હતો અને કત્લ કરવા માટે તલ્વાર કાઢી હતી એવામાં પાછળથી મેં એ મુશ્રિક પર હુમ્લો કરી આપ્યો.

૪. હબલ આતિકા તે રગ છે જે ગરદનથી ખભા સુધી છે તે ઘોળી નસ નથી.

૫. એટલે કે મેં એ મુશ્રિક પર એવો વાર કર્યો કે તેનુ બખ્તર કાપીને ગરદનને પણ સખ્ત ઝખ્મી કરી દીધી. તે એનાથી ગભરાય ગયો, અને તે દબોચેલા મુસલમાનને છોડીને મારી સાથે લપેટાઈ ગયો, પણ તેના પર સકરાતની અસરો જાહેર હતી અને તે મૌતની નજીક હતો. જેથી તે કાફિર એ જ હાલતમાં મરી ગયો.

૬. એટલે કે મુસલમાનોની આ ભાગદોડ રબ તઆલાના ઈરાદાથી છે. જે તે ચાહે છે તેવું થાય છે. અથવા ગભરાવ નહીં ! અમને અલ્લાહની નુસ્રત (મદદ) જરૂર હાંસલ થશે અને મુસલમાનોના ઉખડેલા કદમ ફરી જામી જશે અને મુસલમાનોની જીત થશે. અલ્લાહ તઆલાએ હઝરત ઉમરની આ પેશનગોઈ સાચી કરી આપી. *(મિર્કાત વ અશિઅ્હ)*

૭. એ રીતે કે અબૂ સુફ્યાન رضی اللہ عنہ આજે હુઝૂરે અન્વર ﷺની સવારની મહાર પકડેલ હતા અને હઝરત અબ્બાસ رضی اللہ عنہ સવારીની પાછળ હતા. હઝરત અબ્બાસ رضی اللہ عنہ એ ગર્જના કરીને પોકાર્યું કે, અલ્લાહના બંદાઓ! રસૂલુલ્લાહ ﷺ અહીં છે ! તેમની પાસે આવો ! આ અવાજ સર્વ ગાઝીઓના કાનમાં પહોંચ્યો. સર્વ લોકો હુઝૂર ﷺની પાસે જમા થઈ ગયા, અને પછી જામીને હુમલો કર્યો અને અલ્લાહ તઆલાના ફઝ્લથી જંગ જીતી લીધી. આ મોકા પર હુઝૂર ﷺની એ શુજાઅત (બહાદુરી) જાહેર થઈ કે સુબ્હાનલ્લાહ ! હુઝૂરે અન્વર ﷺના સાથી થોડાક ગાઝી હતા. સર્વ કાફિરોએ મળીને હુઝૂર ﷺની સવારીને ઘેરી લીધી અને ચોતરફથી હુઝૂર ﷺ પર હુમ્લો કરી આપ્યો. હુઝૂરે અન્વર ﷺ એવું કહેતાં સવારી પરથી ઉતર્યા : انا النبی لا کذب انا ابن عبد المطلب હું જૂઠો નબી નથી, હું અબ્દુલ મુત્તલિબનો પૌત્રો છું ! તલ્વાર ખેંચી સવારીથી ઉતરવું હતું કે કાફિરો લીલની જેમ ફાટી ગયા અને કોઈ હુઝૂર ﷺની ઉપર હુમ્લો ન કરી શકયો.

૮. سلبہ થી મુરાદ કત્લ થનારનો સામાન છે જેમ કે લિબાસ, ઘોડો, હથિયાર વગેરે. આ ગઝવએ હુનૈનમાં હઝરત અબૂ તલ્હાએ વીસ કાફિરોને કત્લ કર્યા અને સૌનો સામાન મેળવી લીધો. યાદ રાખશો કે હઝરત ઈમામ શાફઈ તથા અહમદ رضی اللہ عنہما ને ત્યાં એ શરઈ કાનૂન છે કે જે ગાઝી કોઈ કાફિરને મારે તો તેનો સામાન તેને મળશે, એ શર્તે કે એ ગનીમતનો હિસ્સો લેવાનો હક્કદાર હોય. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં એ કાનૂન નથી બલ્કે નફ્લ

રૂપે મળશે, જો હાકિમ ચાહે તો આપે. કેમ કે આ હદીષમાં એવું છે કે હુઝૂર ﷺએ ક़ાતિલ ગાઝીને ફર્માવ્યું لیس لك حتی سلب قتیلك الا طابت به نفس امامك તમને ક़त्લ થનારનો તે જ માલ મળશે જે ઈમામ ચાહે. તેમજ અબૂ જહલને બે સાહબો મઆઝ ઈબ્ને અમ્ર તથા મઆઝ ઈબ્ને અફ્રએ કત્લ કર્યો પણ હુઝૂર ﷺએ એ મરદૂદનો સામાન એક સાહબ મઆઝ ઈબ્ને અમર ઈબ્ને જમૂહને આપ્યો. જેથી હક્ક़ એ જ છે કે હુઝૂરે આલીનું આ ફર્માન જેહાદનો ક़ાનૂન નથી બલ્કે પોતાના અખત્યારનું એલાન છે.

૯. આ વારંવાર ઉભા થવું ગવાહની તલાશ માટે હતું. યાદ રાખશો કે ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં ક़ાતિલ ગાઝીને ક़ત્લ થનારાનો સામાન શરઈ ગવાહી મળવા પર આપવામાં આવશે. ઈમામ માલિકને ત્યાં આ બારામાં કેવળ ગાઝીનો ક़ૌલ વિશ્વસનીય થશે, ગવાહી જરૂરી નથી. તે ફર્માવે છે કે જો શરઈ ગવાહી હોત તો બે ગવાહ હોવા જોઈતા હતા, એક પૂરતો ન થાત. કેમ કે આ માલ સર્વ ગાઝીઓનો હક્ક़ હતો, કેવળ એક ગવાહથી કઈ રીતે આપવામાં આવી શકતો હતો. જેથી ઈમામ માલિકને ત્યાં અહીં. بیّنہ થી મુરાદ ગવાહ નથી બલ્કે મુત્લક़ન, સબૂત છે, ચાહે કોઈ ગાઝીનું સમર્થન થાય અથવા અન્ય કોઈ નિશાની, *(જુઓ : મિર્ક़ાત)*

૧૦. એટલે કે ખરેખર આ કાફિરનો ક़ાતિલ એ જ છે, આ કત્લ થનારનો સામાન મેં લઈ લીધો છે. હુઝૂર એમને ફર્માવી દો કે એ સામાન મને આપી દે અથવા મને એમાં શરીક કરી લે, એમની મહેરબાની થશે.

૧૧. સુબ્હાનલ્લાહ ! હઝરત સિદ્દીક़ે અકબર તથા અત્હર رضی اللہ عنہ એ કેટલો સરસ જવાબ આપ્યો, એટલે એવું કેવી રીતે થઈ શકે છે કે બહાદુરીના જૌહર તો અબૂ ક़તાદા દેખાડે અને એમનો હક્ક़ તમને આપી દેવામાં આવે. એનાથી જાણવા મળ્યું કે જેહાદમાં બહાદુરી દેખાડનારાઓને ખાસ ઈનામ તથા ઈકરામ અથવા પદક વગેરે આપવું જાઈઝ છે, એનાથી ગાઝીઓની હિંમત વધે છે, બીજા લોકોને બહાદુરી દેખાડવાનો શોખ થાય છે. આ ઈનામથી આખેરતનો સવાબ મુત્લક़ન ઓછો નથી થતો. આજે પણ ગવર્નમેન્ટો એના પર અમલ કરે છે. આ અમલ આ હદીષથી સાબિત છે.

★ ઈમામે આ'ઝમ, શાફ઼ઈ, માલિક رِضْوَانُ اللهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَ માં માલે ગનીમત વિશે મતભેદ ★

૧૨. જાણવા મળ્યું કે એ માલ ઘણો બધો હતો અને કિંમતી હતો જેનાથી પૂરો બાગ ખરીદી લેવામાં આવ્યો. યાદ રાખશો કે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ ની નજીક આ ક़त्લ થનારનો સામાન ગાઝી કાતિલને આપવો નફલ રૂપે છે, જો સુલ્તાન ચાહે તો આપે. અને ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં ક़ાનૂને શરઈ છે, સુલ્તાન રાજી હોય કે ન હોય. સારાંશ સામાન કાતિલને જ મળશે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલો હતી હદીષોમાં જે અહીં મિર્ક़ાતે નકલ કરી : એક એ જે તિબ્રાનીએ મોઅજમે ક़બીર તથા મોઅજમે અવસત હબીબ ઈબ્ને સલમાની રિવાયતથી નકલ કરી કે હઝરત હબીબે ક़બ્રસવાળાને ક़ત્લ કર્યો જેની પાસે જુમુર્રુદ (કિંમતી પથ્થર) અથવા યાકૂત, મોતી વગેરે ઘણો બધો સામાન હતો અને પાંચ ખચ્ચર રેશમી કાપડ હઝરત અબૂ ઔબેદા ઈબ્ને જર્રાહ رضی اللہ عنہ ની ખિદમતમાં લાવ્યા. જનાબ અબૂ ઔબૈદાએ એમાં ખમ્સ લેવા ચાહ્યું, તેમણે આ જ હદીષ રજૂ કરી : من قتل قتیلا فلهٗ سلبهٗ તો હઝરત ઓબાદાએ ફર્માવ્યું : انما للمراء ما طابت به نفس امامه બીજી તે હદીષ જે મુસ્લિમ, બુખારીએ નકલ કરી કે હુઝૂર ﷺએ અબૂ જહલના બે ક़ાતિલોથી ફર્માવ્યું કે તમે બંનેએ એને ક़ત્લ કર્યો પણ અબૂ જહલનો સામાન કેવળ મઆઝ ઈબ્ને અમ્રને અર્પણ કર્યો. ત્રીજો ગઝવએ મૌતાનો તે બનાવ જે મુસ્લિમ તથા અબૂ દાઉદે ઔફ઼ ઈબ્ને માલિક અશ્જઈની રિવાયતથી રિવાયત કર્યો કે, એક શખ્સે કોઈ રોમી કાફિરને ક़ત્લ કર્યો જેની પાસે ઉચ્ચ કોટીના ઘોડા, સોનાની ઝીન, ઘરેણાઓથી સજાવેલ હથિયારો હતાં. એ શખ્સે એ સૌ ખુદ લેવા ચાહ્યું તો હઝરત ખાબિદ બિન વલીદે

ઈન્કાર કર્યો. આ કેસ બારગાહે નબુવ્વતમાં રજૂ થયો. પ્રથમ તો હુઝૂર ﷺએ ફર્માવ્યું કે ખાલિદ એને એ બધું જ આપી દો, પછી ફર્માવ્યું એને કાંઈ ન આપો, અમે અમારા સરદારોની ઝિલ્લત નથી ચાહતા. જેથી આ સૌ નફ્લ છે, જો ઈમામ ચાહે તો આપે અથવા ન આપે.

★ ગનીમતમાં સવાર તથા પગપાળાના હિસ્સા વિશે વર્ણન ★

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ પુરૂષને અને તેના ઘોડાને ત્રણ હિસ્સા આપ્યા, એક હિસ્સો તેને અને બે હિસ્સા તેના ઘોડાને[૧] (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૩)-૩૯૮૭ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَسْهَمَ لِلرَّجُلِ وَلِفَرَسِهِ ثَلَاثَةَ أَسْهُمٍ: سَهْمًا لَهُ وَسَهْمَيْنِ لِفَرَسِهِ

૧. એટલે કે એક જેહાદમાં હુઝૂર ﷺએ પગપાળા ગાઝીને માલે ગનીમતથી એક હિસ્સો આપ્યો અને સવાર ગાઝીને ત્રણ હિસ્સા આપ્યા, એ રીતે કે એક હિસ્સો ગાઝીનો અને બે હિસ્સા તેના ઘોડાના. આ હદીષના આધારે જમહૂર ઉલમાએ ફર્માવ્યું કે સવાર ગાઝીને ત્રણ હિસ્સા મળશે, એટલે ઘોડાના બે અને ગાઝીનો એક. પણ હઝરત અલી, અબૂ મૂસા અશઅરી, ઈમામે આ'ઝમ અબૂ હનીફાનું ફર્માન છે કે સવારી ગાઝીને બે હિસ્સા મળશે. એક ઘોડાનો એક ગાઝીનો. આ હદીષમાં કાનૂનનો ઉલ્લેખ નથી, બલ્કે એક ખાસ પ્રસંગનો ઉલ્લેખ છે જેમાં હુઝૂરે અકરમ ﷺએ સવારને ત્રણ હિસ્સા આપ્યા હતા એ રીતે કે એ ઘોડાનો હિસ્સો એક અને નફ્લ રૂપે એક હિસ્સો ઘોડાને અધિક આપ્યો. ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہની દલીલો નીચે મુજબ છે : (૧) મુસ્લિમ શરીફમાં ઈબ્ને ઉમર رضی اللہ عنہماની રિવાયતથી છે કે હુઝૂરે قسم النفل للفارس سهمين والرجال سهما હુઝૂરે નફ્લની વહેંચણી એ રીતે કરી કે ઘોડે સવારના બે હિસ્સા, પગપાળાનો એક. (૨) મોઅઝમે તિબ્રાનીએ મિક્દાદ ઈબ્ને અમ્રથી રિવાયત કરી કે હું જંગે બદરમાં મારા ઘોડા સબહા પર સવાર થઈને શરીક થયો તો હુઝૂરે મને બે હિસ્સા આપ્યા, એક મારો અને એક મારા ઘોડાનો, (૩) ઈબ્ને મરદૂવિયાએ ઉરવા અન આઈશા સિદ્દીક़ાની રિવાયતથી રિવાયત કરી કે ગઝવા બની મુસ્તલક़માં હુઝૂર ﷺએ પગપાળા ગાઝીને એક હિસ્સો આપ્યો સવારને બે. (૪) ઈબ્ને અબી શયબાએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી કે નબી ﷺએ સવાર ગાઝીને બે હિસ્સા, પગપાળાને એક. (૫) દારકુત્નીએ તે જ ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી આ જ રિવાયત કરી. જુઓ કિતાબ મુઅ્તલિફ લિદારકુત્ની. આ હદીષોથી માલૂમ પડે છે કે સવાર ગાઝીના બે હિસ્સા છે ન કે ત્રણ. જે રિવાયતોમાં ત્રણ હિસ્સાઓનું વર્ણન છે ત્યાં આકસ્મિક બનાવ વર્ણન થયેલ છે કે ઘોડાને નફ્લ રૂપે એક હિસ્સો વધારે આપવામાં આવ્યો. એટલા માટે આ હદીષોમાં માજી મુત્લક़ ફર્માવ્યું. કહ્યું, كان يعطى من છે, આ સ્થિતિમાં હદીષો જમા થઈ જશે, ટકરાવ ન થશે અને આ બુઝુર્ગોના ક़ૌલ પર બે હિસ્સાવાળી રિવાયતો છોડવી પડશે. સારાંશ મઝહબે ઈમામે આ'ઝમ ખૂબ જ મજબૂત છે. બે હિસ્સાઓનું સમર્થન આ રિવાયતથી પણ થઈ રહ્યું છે જે મિશ્કાત શરીફના બીજા વિભાગમાં હઝરત મજઅથી આમ રહી છે. હમણા આગલી હદીષમાં આવી રહ્યું છે કે ગઝવા ઝીકર્દમાં હુઝૂર ﷺએ હઝરત સલમા ઈબ્ને અક્વઅને પગપાળા અને સવાર બંનેના હિસ્સા આપ્યા તો એક ગાઝીને બંને હિસ્સા ભેગા કરી આપવા એ વિશિષ્ટતા છે, ક़ાનૂન નથી. એ જ પ્રમાણે આ છે.

યઝીદ ઈબ્ને હુરમુઝથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે નજદા હરૂરીએ[૨] હઝરત ઈબ્ને અબ્બાસને પત્ર

★ હદીષ : (૪)-૩૯૮૮ ★

وَعَنْ يَزِيدَ بْنِ هُرْمُزَ قَالَ: كَتَبَ نَجْدَةُ الْحَرُورِيُّ إِلَى

ابْنِ عَبَّاسٍ يَسْأَلُهُ عَنِ الْعَبْدِ وَالْمَرْأَةِ يَحْضرَانِ لمغنم هلْ يُقسَمُ لَهما؟ فَقَالَ لِيزِيدَ: اكْتُبْ إِلَيْهِ أَنَّهُ لَيْسَ لَهُمَا سَهْمٌ إِلَّا أَنْ يُحْذَيَا. وَفِي رِوَايَةٍ: كَتَبَ إِلَيْهِ ابْنُ عَبَّاسٍ: إِنَّكَ كَتَبْتَ إِلَيَّ تَسْأَلُنِي: هَلْ كَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَغْزُو بِالنِّسَاءِ؟ وَهَلْ كَانَ يَضْرِبُ لَهُنَّ بِسَهْمٍ؟ فَقَدْ كَانَ يَغْزُو بِهِنَّ يُدَاوِينَ الْمَرْضَى وَيُحْذَيْنَ مِنَ الْغَنِيمَةِ وَأَمَّا السَّهْمُ فَلَمْ يَضْرِبْ لَهُنَّ بِسَهْمٍ. رَوَاهُ مُسلم

લખ્યો. તે આપને એ ગુલામ તથા સ્ત્રીના વિશે પૂછતો હતો જે ગનીમતમાં હાજર હોય કે શું તેમને હિસ્સો આપવામાં આવે ? તો આપે યઝીદને ફર્માવ્યું કે તેને લખી દો કે તેમના માટે હિસ્સો નથી પણ એ કે કાંઈક આપી દેવામાં આવે.[૩] અને એક રિવાયતમાં છે કે તેને હઝરત ઈબ્ને અબ્બાસે લખ્યું કે તેં લખીને મને પૂછયું છે કે શું રસૂલુલ્લાહ ﷺ સ્ત્રીઓની સાથે ગઝવા કરતા હતા ? અને કહ્યું, તેમના માટે હિસ્સો નક્કી કરતા હતા ? તો યકીનન ! હુઝૂરે અન્વર તેણીઓ સાથે ગઝવા કરતા હતા, એઓ બીમારોના ઈલાજ કરતી હતી અને ગનીમત કાંઈક આપી દેવામાં આવતુ હતું પણ તેમનો હિસ્સો નિશ્ચિત ન હતો.[૪] (મુસ્લિમ)

૧. આપ હમ્દાની છે. બની લૈષના ગુલામ છે. તાબઈ છે. ષિકૃહ છે. મદીનાવાસીઓમાંથી છે.

૨. નજદા ખારજીઓમાંથી હતો. હરૂરા કૂફા નજીકની એક વસ્તીનું નામ છે. એ જ વસ્તીમાં ખારજીઓનો ઈજતેમા (મેળાવડો) હતો એટલા માટે ખારજીઓને હરૂરી કહેવામાં આવે છે, જેમ કે આપણે ત્યાં કાદયાની એક મુર્તદ ફિર્કાનો લકૃબ છે. કૃાદયાન વસ્તીની તરફ નિસ્બત છે.

૩. એટલે કે જો ગુલામ જેહાદ કરે અથવા સ્ત્રી ઝખ્મી ગાઝીઓની મલમપટ્ટી કરે તો ગનીમતથી કાંઈક આપી દેવામાં આવશે. જે નિશ્ચિત હિસ્સાઓથી ઓછુ હશે, પૂરો હિસ્સો આપવામાં નહીં આવે. પરંતુ ગુલામ જો કેવળ માલિકની ખિદમત કરે અને સ્ત્રી કેવળ પોતાના પતિનું કામ કરે તો તેમને કાંઈ મળશે નહીં કે આ સ્થિતિમાં તે એ વેપારીની જેમ છે જે જેહાદમાં દુકાન લઈને જાય.

૪. મોટાભાગના ઉલમાનો એ જ કૃૌલ છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો પણ એ જ મઝહબ છે કે સ્ત્રી તથા ગુલામને ગનીમતમાંથી કાંઈક આપી દેવામાં આવે અને બાકાયદા પૂરો હિસ્સો આપવામાં ન આવે, એ શર્તે કે ગુલામ માલિકની ઈજાઝતથી જંગ કરે અથવા ઈજાઝત વિના, અને સ્ત્રી ગાઝીઓની સેવા ચાકરી કરે કે સ્ત્રીની સેવા ચાકરી જંગની જેમ છે.

★ હઝરત રબાહનો ફઝારી ડાકૂથી મુકૃાબલો ★

★ હદીષ : (૫)-૩૯૮૯ ★

وَعَنْ سَلَمَةَ بْنِ الْأَكْوَعِ قَالَ: بَعَثَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِظَهْرِهِ مَعَ رَبَاحٍ غُلَامِ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَنَا مَعَهُ فَلَمَّا أَصْبَحْنَا إِذَا عَبْدُ الرَّحْمَنِ الْفَزَارِيُّ قَدْ أَغَارَ عَلَى ظَهْرِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقُمْتُ عَلَى أَكَمَةٍ فَاسْتَقْبَلْتُ الْمَدِينَةَ

હઝરત સલમા ઈબ્ને અકૂઅથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ પોતાની સવારી પોતાના ગુલામ રબાહની સાથે મોકલી અને હું તેમની સાથે હતો.[૨] તો જ્યારે અમે સવાર કરી તો અચાનક અબ્દુર્રહમાન ફઝારીએ રસૂલુલ્લાહ ﷺ ની સવારી પર હુમ્લો કરી આપ્યો[૩] તો હું એક ટેકરી પર ઉભો થયો[૪] પછી મદીનાની તરફ મોં કર્યું અને પોકાર કર્યો,

فَنَادَيْتُ ثَلَاثًا يَا صَبَاحَاهْ ثُمَّ خَرَجْتُ فِي آثَارِ الْقَوْمِ أَرْمِيهِمْ بِالنَّبْلِ وَأَرْتَجِزُ وَأَقُولُ:أَنَا ابْنُ الْأَكْوَعْ وَالْيَوْمُ يَوْمُ الرُّضَّعْ فَمَا زِلْتُ أَرْمِيهِمْ وَأَعْقِرُ بِهِمْ حَتَّى مَا خَلَقَ اللَّهُ مِنْ بَعِيرٍ مِنْ ظَهْرِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِلَّا خَلَّفْتُهُ وَرَاءَ ظَهْرِي ثُمَّ اتَّبَعْتُهُمْ أَرْمِيهِمْ حَتَّى أَلْقَوْا أَكْثَرَ مِنْ ثَلَاثِينَ بُرْدَةً وَثَلَاثِينَ رُمْحًا يَسْتَخِفُّونَ وَلَا يَطْرَحُونَ شَيْئًا إِلَّا جَعَلْتُ عَلَيْهِ آرَامًا مِنَ الْحِجَارَةِ يَعْرِفُهَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَصْحَابُهُ حَتَّى رَأَيْتُ فَوَارِسَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَلَحِقَ أَبُو قَتَادَةَ فَارِسُ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِعَبْدِ الرَّحْمَنِ فَقَتَلَهُ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «خَيْرُ فُرْسَانِنَا الْيَوْمَ أَبُو قَتَادَةَ وَخَيْرُ رَجَّالَتِنَا سَلَمَةُ» . قَالَ: ثُمَّ أَعْطَانِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سَهْمَيْنِ: سَهْمَ الْفَارِسِ وَسَهْمَ الرَّاجِلِ فَجَمَعَهُمَا إِلَيَّ جَمِيعًا ثُمَّ أَرْدَفَنِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَرَاءَهُ عَلَى الْعَضْبَاءِ رَاجِعِيْنِ إِلَى الْمَدِينَةِ. رَوَاهُ مُسلم

હે સબાહા ! પછી હું એ ક़ૌમની પાછળ ચાલી નીકળ્યો. એમના પર તીરંદાઝી કરતો હતો[૫] અને આ બહાદુરીનું ગીત ગાતો હતો[૬] કે હું અકૂઅનો બેટો છું આજે દૂધ છૂટવાનો દિવસ છે[૭] તો હું તીર મારતો રહ્યો, તેમનાં જાનવર કાપતો રહ્યો[૮] ત્યાં સુધી કે અલ્લાહને હુઝૂરની સવારીઓમાંથી કોઈ ઊંટ ન પેદા કર્યું હતું પણ મેં તેને મારી પીઠની પાછળ કરી લીધાં[૯] પછી હું તીરો મારતો મારતો તેમની પાછળ ચાલ્યો, ત્યાં સુધી કે તેઓ ત્રીસ ચાદરોથી વધુ અને ત્રીસ ભાલા ફેંકી ગયા[૧૦] હલકા થવા માટે. અને તેઓ ન ફેંકતા હતા[૧૧] કોઈ ચીજ પણ પર હું એના પર પથ્થરોની નિશાનીઓ રાખી દેતો હતો[૧૨] જેને રસૂલુલ્લાહ ﷺ તથા આપના સહાબા પહેચાની લે[૧૩] ત્યાં સુધી કે મેં રસૂલુલ્લાહ ﷺ ની સવાર ફોજ જોઈ લીધી અને અબૂ ક़તાદા એટલે રસૂલુલ્લાહ ﷺ ના સવાર અબ્દુર્રહમાન (ડાકૂઓના સરદાર) પર જઈને પડયા અને તેને ક़ત્લ કરી દીધો.[૧૪] રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે આજે અમારા બેહતરીન સવારોમાં બેહતરીન સવાર અબૂ ક़તાદા છે અને પ્યારાઓમાં બેહતરીન[૧૫] સલમા છે. પછી મને રસૂલુલ્લાહ ﷺ એ બે હિસ્સા અતા કર્યા, એક હિસ્સો સવારનો અને એક હિસ્સો પગપાળાનો. આ બંને હિસ્સા મારા માટે ભેગા કરી આપ્યા[૧૬] પછી મને રસૂલુલ્લાહ ﷺ એ પોતાની પાછળ અઝબા પર સવાર કર્યો[૧૭] મદીના મુનવ્વરા પરત થતી વખતે.[૧૮] (મુસ્લિમ)

૧. આપ મશહૂર સહાબી છે. બહાદુરીમાં અજોડ હતા. એકલા પગાપાળા ઘણા સવાર કાફિરો સાથે લડતા હતા. કુન્નિયત આપની અબૂ મુસ્લિમ હતી. મદની છે. બયઅતુર્રિદવાનમાં શરીક રહ્યા. એંસી વરસની ઉમર થઈ. *(અકમાલ, અશિઅહ વગેરે)*

૨. ઝહર તે ઊંટને કહે છે જેની પીઠ સવારીના કામ આવતી હોય,એટલે સવારીનું ઊંટ રેબાહ રેના ઝબરથી, હુઝૂર ﷺના ગુલામ છે એટલે કે હુઝૂર ﷺએ પોતાના કેટલાક લાયક સવારી ઊંટો મદીના મુનવ્વરાથી કોઈ જગાએ મોકલ્યાં, તેમની હિફાઝતના માટે મને તથા રબાહને મોકલવામાં આવ્યા.

૩. અબ્દુર્રહમાન ફઝારી અરબનો ઘણો મશહૂર ડાકૂ હતો જેની સાથે તેના સાથીઓની ટોળી હતી. જેમ કે હાલ પણ મશહૂર ડાકૂ ટોલીવાળા હોય છે. એ ડાકૂએ એ મોકા પર કેવળ બે જણને જોઈને હુઝૂરે અન્વર ﷺનાં ઊંટ લૂટી લીધાં અને હાંકીને લઈ ગયો. આ બનાવ હિ.સ. ૬માં થયો એનું નામ ગઝવા ઝીક़ર્દ છે. ક़ર્દ મદીનાની પાસે એક જગા છે. *(મિર્ક़ાત)*

૪. كَبْه તે ઊંચી જગા છે જે પહાડથી નાની હોય જેને ઉર્દૂમાં ટીલા (ટેકરી) કહે છે.

૫. અરબમાં સખત ખતરાનું એલાન કરવા માટે يَاصَبَاح "યા સબાહ"નો શબ્દ પુકારવામાં આવતો હતો. જાણે કે એ શબ્દ ખતરાની ઘંટી (સાયરન) હતો. સામાન્યપણે દુશ્મનનો હુમ્લો સવારના સમયે થતો હતો એટલા માટે એ શબ્દ પોકારવામાં આવતો હતો. એટલે કે હાય ! હે લોકો ! સવારના સમયની રાહ જોઈ લો, સવારે તમારા પર હુમ્લો થવાનો છે. આ પણ હઝરત સલમા ઈબ્ને અકૂઅની કરામત હતી કે એક ટેકરી પર ઉભા રહીને પોતાની પુકાર પૂરા મદીનામાં પહોંચાડી આપી. હઝરત ઈબ્રાહીમ عليه السلام એ કાબા બનાવીને જે અવાજ આપ્યો કે, હે અલ્લાહના બંદાઓ ! અલ્લાહના ઘરની તરફ આવો ! તે પૂરી દુનિયામાં પહોંચી ગયો. કયામત સુધી આવનારી રૂહોએ તેને સાંભળી લીધી. આ મો'જિઝો હઝરત ઈબ્રાહીમ عليه السلام નો હતો.

૬. આ છે હઝરત સલમાની બહાદુરી ! કે મુસલમાનોનું દળ પહોંચવાની રાહ ન જોઈ, કેવળ ખબર આપીને એકલા જ પૂરી ટોળીની પાછળ પગપાળા લાગી ગયા. અરબીમાં રજમ એ શેઅરોને કહે છે જે જંગ વખતે બહાદુર પોતાની બહાદુરીને પ્રદર્શિત કરવા માટે પઢયા કરતા હતા. કાફિરોના મુકાબલામાં ફખ્ર કરવો ઈબાદત છે.

૭. ضِ રના પેશ દવાદની તશદીદ તથા ઝબરથી અથવા તો ضِرَاضٌ અર્થ ખબીષનું બહુવચન છે, અથવા ضِيْزٌ અર્થ માનુ દૂધ છોડેલ, બાળકનું બહુવચન છે. એટલે કે આજે કમીનોની સજાનો દિવસ છે, અથવા આજે તમે દૂધ પીતા કમજોર બાળકોની તબાહીનો દિવસ છે. અથવા તમે ضِيْزٌ બનાવી દેવાનો દિવસ છે. અન્ય પણ એના ઘણા અર્થો કરવામાં આવ્યા છે.

૮. اعقر એ عقر થી બન્યું છે અર્થ પગ અથવા પગની રગો કાપવું. એનાથી મુરાદ છે જાનવરોને હલાક કરી દેવાં. એટલે કે એ ડાકૂઓને પણ મારતો રહ્યો અને તાકી તાકીને તેમનાં જાનવરોને પણ મારતો રહ્યો જેના લીધે તે લોકો મારી જેમ પગપાળા થતા ગયા.

૯. એટલે કે મેં એકલાએ હુઝૂરે અન્વર ﷺ નાં સર્વ ઊંટ એ ડાકૂઓથી છીનવીને મારા કબજામાં કરી લીધાં કે તેમને મારી પાછળ કરી લીધાં અને હું તેમની આગળ થઈ ગયો અને ડાકૂઓની પાછળ દોડતો રહ્યો.

૧૦. અરબીમાં મિખ્તાત (લીટીઓવાળી) તથા ધારીવાળી ચાદરને પણ بُرْدٌ (બુર્દા) કહે છે અને مِرْبَعٌ કંબલને પણ જેને ગામડાવાસી લોકો પહેરે છે. અહીં બંને મુરાદ હોય શકે છે.

૧૧. એટલે કે તે કાફિર ડાકૂઓને પોતાની ચાદરો, કંબલ, હથિયારને ભાગવામાં સંભાળવું મુશ્કેલ હતું જેથી તેમણે એ ચીજો વબાલ સમજીને ફેંકી દેવામાં પોતાની નજાત સમજી જેથી તેના ભારથી હલકા થાય અને ભાગવામાં આસાની પામે. આ છે તે મુહમ્મદી બહાદુર શેરની દિલેરી ! رضی اللہ عنہ.

૧૨. એટલે કે મેં એમનામાંથી કોઈ ચીજ ઉઠાવી પણ નહીં જેથી મને તેમનો પીછો કરવામાં આસાની રહે, અને નિશાની વગર છોડી પણ નહીં જેથી મારી પાછળ આવનારા સહાબીઓ એમના પર કબજો કરી લે.

૧૩. અરબનો દસ્તૂર હતો કે જ્યારે કોઈ શખ્સ કોઈ ચીજ પર નિશાની રાખી દેતા હતા તો એની પાછળ આવનારા સાથી તેને ઉઠાવી લેતા.

૧૪. એટલે કે હઝરત અબૂ કતાદા મારા આ રસ્તાથી કતરાઈને બીજી બાજુથી ડાકૂઓના સરદાર અબ્દુર્રહમાન ફઝારી સુધી પહોંચી ગયા અને તેને કત્લ કરી દીધો. આ છે દુશ્મનને ઘેરામાં લઈ લેવું જેને આજે મોટો કમાલ સમજવામાં આવે છે. આ તો સહાબાએ કિરામનો મામૂલી અમલ હતો.

★ જંગના સમયે કેટલાક જાણવા જેવા મસ્અલા ★

૧૫. એટલે કે આ ગઝવા ઝી ક़ર્દમાં હઝરત સલમાએ પગપાળા ફોજનો કમાલ બનાવ્યો અને અબૂ ક़તાદાએ સવાર ફોજનો કમાલ દેખાડયો. બંને પોત પોતાની કળામાં ઘણા જ કામિલ જાહેર થયા. ફરસાન એ ફારસનું બહુવચન છે, અર્થ ઘોડે સવાર رجال જીમની તશ્દીદથી, બહુવચન راجلનું અર્થ : પગપાળા. જેમ કે સાઈરનું બહુવચન સૈયારા અને નાઝિરનું બહુવચન નઝારા. આ હદીષથી અમુક મસ્અલા માલૂમ પડયા : જંગના વખતે રજ્મ (શૌર્ય ગીત) પઢવું સુન્નત છે. (૨) દુશ્મનનાં જાનવર જગમાં ક़ત્લ કર દેવાં જાઈઝ છે કે જેનાથી એમનુ જોર તૂટે. (૩) ગર્વ રૂપે એવું કહેવું કે ફલાણાનો પુત્ર છું એ આવા મોકા પર જાઈઝ છે. (૪) કોઈની સામે એની પ્રશંસા કરવી જાઈઝ છે જ્યારે કે એમાં મસ્લેહત હોય. (૫) પોતાને રાહે ખુદામાં ખતરામાં ફેંકી દેવો આ'લા દરજાનો જેહાદ છે. જુઓ હઝરત સલમાએ એકલા આટલા ટોળા પર હુમ્લો કરી દીધો, જ્યારે કે આપ પગપાળા હતા. (૬) જરૂરતના સમયે ઈમામની ઈજાઝત વિના કાફિરો પર હુમ્લો કરી દેવો પણ જાઈઝ છે.

૧૬. આ બે શખ્સોનું ભેગુ કરી આપવું નફલ રૂપે હતું જે બહાદુરીના ઈનામમાં આપવામાં આવ્યું. સવારના હિસ્સાથી મુરાદ ક્યાં તો બીજો હિસ્સો છે, જેમ કે હનફીઓ કહે છે, અથવા ત્રીજો હિસ્સો જેમ કે શાફઈઓનો ક़ૌલ છે. એટલે કે મને ત્રણ કે ચાર હિસ્સા આપ્યા, બાકી હિસ્સા બીજા સાથે આવનારા સહાબીને અતા કર્યા. કેમ કે જે ઈરાદાપૂર્વક જેહાદમાં પહોંચી જાય, ભલે તે જેહાદ ન પણ કરે તો પણ ગનીમતમાંથી હિસ્સો લેશે.

૧૭. આ બહાદુરી તથા હિંમતનું પદક (ઈનામ) અતા થયુ, એટલે પોતાનો કુર્બ જે સર્વ ઈનામોથી અફઝલ હતું.

૧૮. عضبا સ્ત્રી લિંગ છે اعضبનું, અર્થ કાન કપાયેલ જાનવર. તો عضباء અઝબાનો અર્થ થયો કાન કપાયેલી ઊંટણી. હુઝૂર ﷺની એ ઊંટણી જન્મજાત કાન કપાયેલી હતી, બાદમાં કાન કાપ્યા ન હતા. (અશિઅ્હ)એ ઊંટણીનું નામ ક़સ્વા પણ હતું એ લેહાઝથી એટલે હુઝૂરે અન્વર ﷺએ મને એ બહાદુરીના બદલામાં એ ઈનામ (પદક) અતા કર્યું કે પોતાની રદીફ (પાછળ બેસાડીને) બનાવીને મને મદીના મુનવ્વરા સુધી લાવ્યા. આ હદીષ બુખારી તથા મુસ્લિમ બંનેમાં છે. (મિર્ક़ાત) પણ મિશ્કાતના અમુક નુસ્ખાઓમાં બુખારીનો હવાલો છે અને અમુકમાં મુસ્લિમનો. યાદ રાખશો કે راجعين સ્ત્રી લિંગ પણ થઈ શકે છે. અને બહુવચન પણ, બંને દુરુસ્ત છે.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ કાંઈક અધિક અતા કરી આપતા હતા. અમુક મોકલેલાં લશ્કરોને તેમની ખાસ જાતના માટે લશ્કરના આમ હિસ્સા ઉપરાંત.[૧] (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૬)-૩૯૯૦ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يُنَفِّلُ بَعْضَ مَنْ يَبْعَثُ مِنَ السَّرَايَا لِأَنْفُسِهِمْ خَاصَّةً سِوَى قِسْمَةِ عَامَّةِ الْجَيْشِ

૧. نفلનો અર્થ છે, વધારો. એનાથી છે : انفال અને નાફિલા, એ શરઈ ઈસ્તિલાહમાં નફ્લ તે માલ કહેવાય છે જે કોઈ ગાઝીને તેના હિસ્સા કરતાં વધુ આપવામાં આવે, અથવા કોઈ બહાદુરીના બદલામાં અથવા જેહાદનું આકર્ષણ આપવા માટે. હદીષનો મક़સદ એ છે કે હુઝૂરે અન્વર ﷺ ક્યારેક કેટલાક ગાઝીઓને તેમના સામાન્ય હિસ્સા જેના તેઓ મુસ્તહિક થતા હતા તેના ઉપરાંત પણ કાંઈક વધુ અતા કરતા હતા. આ વધારામાં ઘણી હિકમતો રહેતી હતી.

તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ અમને અમારા હિસ્સા ઉપરાંત ખમ્સથી

★ હદીષ : (૭)-૩૯૯૧ ★

وَعَنْهُ قَالَ: نَفَّلَنَا رَسُولُ اللَّهِ صلى الله عَلَيْهِ وَسلم نَفَلًا

નફ્લ રૂપે અતા કર્યું[૧] તો અલગ શારિફ મોટી ઉમરની ઊંટણી છે.[૨] (મુસ્લિમ, બુખારી)	سِوَى نَصِيبِنَا مِنَ الْخُمُسِ فَأَصَابَنِي شَارِفٌ والشارف: المسن الْكَبِير

★ ગનીમતના પાંચ હિસ્સાઓની વહેંચણી ★

૧. એટલે કે એક જેહાદમાં હુઝૂર ﷺએ ગનીમતથી ખમ્સ લીધુ. એ ખમ્સમાંથી અમને લોકોને એક એક ઊંટ અધિક આપ્યું નફલ રૂપે. યાદ રાખશો કે આજકાલ ફોજી સિપાહીઓના પગાર થાય છે પણ ગનીમતમાં હિસ્સો તદ્દન નથી મળતો, પણ એ જમાનામાં પગાર તદ્દન ન મળતો હતો. ગનીમતના પાંચ હિસ્સા કરીને એક હિસ્સો અલ્લાહ રસૂલના નામ પર લઈ લેવામાં આવતો હતો, એને ખમ્સ કહેતા હતા, અને બાકીના ચાર હિસ્સા ગાઝીઓમાં વહેંચી દેવામાં આવતા હતા. અહીં એનું વર્ણન છે. એટલે હુઝૂરે અન્વર ﷺએ એ નફ્લ અમને લોકોને ખમ્સમાંથી આપ્યું, ગાઝીઓના હિસ્સામાંથી નથી આપ્યું.

૨. شارفની આ તફસીર કોઈ અન્ય રાવીએ કરી છે, હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ની નથી. (મિર્કાત) નફ્લનો અર્થ હમણા વર્ણન કરવામાં આવ્યો, એનાથી છે આ નફલી નમાઝ તથા રોઝા, એટલે કે ફર્ઝથી વધારે.

તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, મારો ઘોડો ભાગી ગયો તો તેને દુશ્મને પકડી લીધો. પછી તેમના પર મુસલમાન ગાલિબ આવી ગયા તો તે ઘોડો હુઝૂરના જ જમાનામાં તેમને પરત કરી દેવામાં આવ્યો.[૧] અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે તેમનો ગુલામ ભાગીને રોમને મળી ગયો, પછી તેમના પર મુસલમાન ગાલિબ આવી (સરસાઈ પામી) ગયા તો નબી ﷺ પછી ખાલિદ બિન વલીદે તેમના પર પરત કરી દીધો.[૨] (બુખારી)	**★ હદીષ : (૮)-૩૯૯૨ ★** وَعَنْهُ قَالَ: ذَهَبَتْ فَرَسٌ لَهُ فَأَخَذَهَا الْعَدُوُّ فَظَهَرَ عَلَيْهِمُ الْمُسْلِمُونَ فَرُدَّ عَلَيْهِ فِي زَمَنِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ. وَفِي رِوَايَةٍ: أَبَقَ عَبْدٌ لَهُ فَلَحِقَ بِالرُّومِ فَظَهَرَ عَلَيْهِمُ الْمُسْلِمُونَ فَرَدَّ عَلَيْهِ خَالِدُ بْنُ الْوَلِيدِ بَعْدَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ. رَوَاهُ الْبُخَارِيُّ

★ જે માલ પર હર્બી કાફિર કબજો કરી લે તેનો હુકમ ★

૧. એટલે કે જંગની હાલતમાં મારો ઘોડો છૂટીને કાફિરોની તરફ ચાલ્યો ગયો. તેમણે પકડી લીધો, પછી જંગના પરિણામ રૂપે મુસલમાન કાફિરો પર સરસાઈ પામી (ગાલિબ આવી) ગયા તો એમનો માલે ગનીમત અમારા હાથ લાગ્યો, એ માલમાં એ ઘોડો પણ હતો તો હુઝૂરે અન્વર ﷺએ એને ગનીમત બનાવીને વહેંચણીમાં દાખલ ન કર્યો બલ્કે મને આપી દીધો. એનું કારણ જાહેર છે કે કાફિરો એ ઘોડાને હમણા પોતાની માલિકીમાં લઈ ગયા હતા. તેમજ ગનીમતની વહેંચણી પહેલાં એ ઘોડો હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما એ ઓળખી લીધો. આવો માલ અહનાફની નજીક પણ માલિકને મળે છે, ગનીમતમાં નહીં. મતભેદ એ માલમાં છે કે જે મુસલમાનનો હતો અને કાફિરોની માલિકીમાં રહી ગયો, તેઓ છિનવીને પોતાના દેશમાં લઈ ગયા અને પછી ગનીમતમાં આવ્યો જેની વહેંચણી કરી દેવામાં આવી, પછી માલિકે ઓળખ્યો.

૨. એ ગુલામ મુસલમાન હતો અને ભાગીને દારુલ હર્બ એટલે રોમમાં પહોંચી ગયો તેને કાફિરોએ પકડી લીધો. એવો ગુલામ કાફિરોની માલિકીમાં નથી જતો. જ્યારે ગનીમતમાં આવશે તો માલિકને મળશે. હા! જે ગુલામ મુર્તદ થઈને દારેહર્બમાં પહોંચી જાય અને કાફિરો તેના પર કબજો કરી લે પછી ગનીમતમાં આવે તો એ માલે ગનીમત થઈને વહેંચાશે, માલિકને પાછો મળશે નહીં. જેથી આ હદીષ બિલ્કુલ જાહેર છે. યાદ રાખશો કે જે

મુસલમાન અથવા માલદાર હર્બમાં રહી જાય અથવા કાફિરો જંગમાંથી છીનવીને પોતાના દેશમાં લઈ જાય તે માલ અહનાફ (હનફીઓ)ને ત્યાં કાફિરોની મિલ્કત બની જાય છે અને મુસલમાનની માલિકીથી નીકળી જાય છે. જેથી જો કોઈ મુસલમાન એ માલ કાફિરોથી ખરીદીને આપણા દેશમાં આવે તો પ્રથમ માલિક તેની પાસેથી નથી લઈ શકતો. એ ખરીદાર માલિક થશે. એ જ પ્રમાણે તે માલે ગનીમતમાં આવી જાય તો વહેંચણી થશે. એ માલિકને નહીં મળે. આ અહનાફનો મઝહબ છે, પણ ઈમામ શાફઈને ત્યાં એ માલ મુસલમાન માલિકનો જ રહેશે, તેને જ પરત આપવામાં આવશે. તેઓ આ હદીષથી પણ દલીલ પકડે છે અને આ બનાવથી પણ કે એકવાર હુઝૂર ﷺની ઊંટણી અઝબાને મદીનાના કાફિરો લઈ ગયા અને એક મો'મિના સ્ત્રીને પણ. એક રાતે મોક઼ો પામીને એ સ્ત્રી એ જ ઊંટણી પર સવાર થઈને મદીના મુનવ્વરા પહોંચી ગઈ અને નઝર માની કે મૌલા ! જો હું ખૈરીયતથી મદીના પહોંચી જઉં તો એ ઊંટણીને ઝબહ કરીને તારા નામ પર ખૈરાત કરી દઈશ. જ્યારે હુઝૂરે અન્વર ﷺને આ બનાવ વર્ણવવામાં આવ્યો તો ફર્માવ્યું કે ગૈર માલિકીમાં નઝર જાઈઝ નથી અને ઊંટણી હુઝૂર ﷺએ ખુદ લઈ લીધી કે આપની હતી. પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે એ ઊંટણી હજી દારુલ હર્બ સુધી પહોંચી ન હતી અને રસ્તામાંથી જ બીબી સાહેબા લઈને આવી ગયાં અને તે ગુલામ મુસલમાન હતો જેથી એ બંનેવ કાફિરોની માલિકીમાં ન આવ્યાં. ઈમામે આ'ઝમ رضی اللہ عنہની દલીલો આ પ્રમાણે છે : (૧) કુર્આને કરીમે તે મુહાજિરોને જેઓ મક્કા મોઅઝ્ઝમામાં પોતાનો માલ સંપત્તિ છોડીને આવ્યા હતા તેમને ફુક઼રા ફર્માવ્યા. જેમ કે ફર્માવ્યું : لِلْفُقَرَآءِ الْمُهٰجِرِيْنَ الَّذِيْنَ اُخْرِجُوْا مِنْ دِيَارِهِمْ (તે ફક઼ીર હિજરત કરનારાઓના માટે જે પોતાના ઘરો તથા માળોથી કાઢવામાં આવ્યા. સૂ. હશ્ર, ૫૯/૮) અને ફક઼ીર તે હોય છે જે માલનો માલિક ન હોય કે તેને છોડયા બાદ તેઓ પોતાના છોડેલા માલોના માલિક ન રહ્યા. (૨) હુઝૂરે અન્વર ﷺએ ફતહે મક્કા કરીને મુહાજિરોનાં મકાનો સંપત્તિઓ પરત ન કરી, ત્યાં સુધી કે કાફિરોએ જે માલ એમાંથી વેચી નાખ્યા હતા તેનું વેચાણ જાઈઝ રાખ્યું. (૩) ઉક઼ૈલ ઈબ્ને અબૂ તાલિબે જે મકાનો વેચી નાખ્યાં તેનું વેચાણ જાઈઝ રાખ્યું કે ફતહે મક્કાના દિવસે ફર્માવ્યું, અમે ક્યાં રોકાઈએ ? ઉક઼ૈલે અમારા માટે કોઈ મકાન બાકી ન છોડયું. જ્યારે કે એ મકાનોના માલિક હઝરત અલી તથા જઅફર પણ હતા. (૪) અબૂ દાઉદે પોતાની મરાસીલમાં તમીમ ઈબ્ને તરફાથી રિવાયત કરી કે એક શખ્સે કોઈની પાસે પોતાની ઊંટણી જોઈ. તે બંને હુઝૂર ﷺની બારગાહમાં હાજર થયા માલિકે પોતાના માલિકપણા પર ગવાહી કાયમ કરી આપી. પ્રતિવાદીએ એના પર ગવાહી રજૂ કરી દીધી કે મેં કાફિરોથી આ ખરીદી છે. તો હુઝૂરે પહેલા માલિકને ફર્માવ્યું કે તમે ખરીદી શકો છો આમ જ નથી લઈ શકતા. (૫) બયહક઼ી તથા દારકુત્નીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી, મુસલમાનનો જે માલ કાફિરો પોતાના દેશમાં લઈ જાય પછી મુસલમાન તેમનાથી ગનીમતમાં તે માલ લઈ લે, તો જો ગનીમતની વહેંચણી પહેલાં માલિકે લઈ લીધો તો તેનો છે અને વહેંચણી બાદ ગનીમત જેને મળી જાય તેનો છે. (૬) દારકુત્નીએ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત કરી. (૭) તિબ્રાનીએ હઝરત ઈબ્ને ઉમરથી મરફુઅન આ જ રિવાયત કરી. (૭) (૮) તહાવીએ ક઼બીસા ઈબ્ને ઝુવૈબ, હઝરત ઉમરથી આ જ રિવાયત કરી. (૯) તહાવીએ હઝરત ઝૈદ ઈબ્ને ષબિતથી આ જ રિવાયત કરી. (૧૦) તહાવીએ હઝરત અલી رضی اللہ عنہ થી રિવાયત કરી તો આપે ફર્માવ્યું કે, મુસલમાનનો માલ જે કોઈ દારુલ હર્બમાં કોઈ કાફિરથી ખરીદે તો સોદો દુરુસ્ત છે. સારાંશ કે હનફી મઝહબ ઘણો જ મજબૂત છે.

★ ખૈબરની જમીનની વહેંચણી ★

★ હદીષ : (૯)-૩૯૯૩ ★
وَعَن جُبيرِ بن مُطعمٍ قَالَ: مَشَيْتُ أَنَا وَعُثْمَانُ بْنُ

હઝરત જુબેર ઈબ્ને મુત્ઈમથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હું તથા ઉષ્માન ઈબ્ને અફ઼્ફાન, નબી

عَفَّانَ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقُلْنَا: أَعْطَيْتَ بَنِي الْمُطَّلِبِ مِنْ خُمُسِ خَيْبَرَ وَتَرَكْتَنَا وَنَحْنُ بِمَنْزِلَةٍ وَاحِدَةٍ مِنْكَ؟ فَقَالَ:«إِنَّمَا بَنُو هَاشِمٍ وَبَنُو المطلبِ وَاحِدٌ» . قَالَ جُبَيْرٌ: وَلَمْ يَقْسِمِ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِبَنِي عَبْدِ شَمْسٍ وَبَنِي نوفلٍ شَيْئا. رَوَاهُ الْبُخَارِيّ

ﷺની ખિદમતમાં હાજર થયા તો અમે અર્ઝ કરી કે હુઝૂર ! આપે ખૈબરના ખમ્સથી બની મુત્તલિબને તો દીધો[૨] અને અમને છોડી આપ્યા, જ્યારે અમે લોકો આપનાથી એક જ દરજા (સગાઈ)માં છીએ. તો ફર્માવ્યું કે બનૂ હાશિમ અને બનૂ મત્તલિબ એક જ ચીજ છે.[૩] હઝરત જુબેર કહે છે કે નબી ﷺએ બની અબ્દે શમ્સ અને બની નૂફેલને કાંઈ ન આપ્યું.[૪]" (બુખારી)

૧. આપ જુબેર ઈબ્ને મુત્ઈમ અદી કર્શી નૌફેલ છે. કુન્નિયત અબૂ મુહમ્મદ છે. ફતહે મક્કાથી પહેલાં ઈસ્લામ લાવ્યા. મદીના પાકમાં રહ્યા. હિ.સ. ૫૪માં વફાત થઈ.

૨. એટલે કે અમે તથા બની મુત્તલિબ બંને અબ્દે મુનાફની ઔલાદ છે. તો અમારો તેનો સગાઈ સંબંધ આપનાથી એક સરખો છે. યાદ રાખશો કે અબ્દે મુનાફ હુઝૂર ﷺના ચોથા દાદા છે. મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને અબ્દુલ મુત્તલિબ ઈબ્ને હાશિમ ઈબ્ને અબ્દે મુનાફ અને એ અબ્દે મુનાફ પુત્ર હાશિમ મુત્તલિબ નૌફેલ અબ્દે શમ્સ છે. જુબેર નૌફેલની ઔલાદ છે અને ઉષ્માનગની અબ્દે શમ્સની ઔલાદ અને હુઝૂર હાશિમની ઔલાદથી. જુબેર ઈબ્ને મુત્ઈમ ઈબ્ને અદી ઈબ્ને નૌફેલ ઈબ્ને અબ્દે મુનાફ છે, અને ઉષ્માન ઈબ્ને અફ્ફાન ઈબ્ને અબુલ આસ ઈબ્ને ઉમૈયા ઈબ્ને અબ્દે શમ્સ ઈબ્ને મુનાફ છે.

૩. યાદ રાખશો કે આ મુત્તલિબ મુનાફના પુત્ર છે એ અલગ છે, અને અબ્દે મુત્તલિબ જે હુઝૂર ﷺના દાદા છે, તે અલગ છે. હેતુ એ છે કે ખરેખર નસબી (વંશિક) લેહાઝથી એ ચારેવ ખાનદાન એક સરખાં છે, એટલે બની હાશિમ તથા બની મત્તલિબ, બની નૌફેલ, બની અબ્દે શમ્સ સૌ અબ્દે મુનાફની ઔલાદ છે, પણ તહાલિફે તથા તઆવુન (આપસમાં મદદની કસમ)ના લેહાઝથી બની હાશિમ અને બની મુત્તલિબ તો એક છે, તેઓ જ ખમ્સના હિસ્સાના મુસ્તહિક્ છે, પણ બની નૌફેલ અને બની અબ્દે શમ્સ અલગ છે, તેઓ એના મુસ્તહિક્ નથી, કેમ કે હિજરતથી પહેલાં બની નૌફેલ અને બની અબ્દે શમ્સ અન્ય મક્કાના મુશ્રિકોથી મળીને મુસલમાનોના બોયકોટમાં શરીક થઈ ગયા અને બની મુત્તલિબ તથા બની હાશિમનો બોયકોટ કરી દીધો. આ તઆવુનના કારણે એ બંને એક છે, અને એ બંનેવ જ ખમ્સના મુસ્તહિક્ છે.

૪. યાદ રાખશો કે કુર્આન મજીદમાં ખમ્સના હક્કદાર અલ્લાહ તઆલા, રસૂલુલ્લાહ ﷺ, હુઝૂરના સગાંઓ, યતીમ, મિસ્કીનો અને મુસાફરોને ઠરાવવામાં આવ્યા કે ઈર્શાદ થયો : وَاعْلَمُوْٓا اَنَّمَا غَنِمْتُمْ مِّنْ شَیْءٍ فَاَنَّ لِلّٰهِ خُمُسَهٗ وَلِلرَّسُوْلِ وَلِذِی الْقُرْبٰی (અને જાણી લો કે જે કાંઈ ગનીમત લો તો તેનો પાંચમો હિસ્સો ખાસ અલ્લાહ અને રસૂલ તથા સગાંઓ અને યતીમો અને મોહતાજો અને મુસાફરોનો છે. સૂ. અન્ફાલ, ૮/૪૧) અલ્લાહનો ઝિક્ર બરકતના માટે છે. કુલ મસરફ (ઝકાત જેમને આપી શકાય) પાંચ રહ્યા. હુઝૂર ﷺ આ ખમ્સના ફરી પાંચ હિસ્સા કરતા હતા : એક હિસ્સો એટલે ગનીમતનો પચ્ચીસમો હિસ્સો પોતાના પર ખર્ચ કરતા હતા. એક હિસ્સો બની હાશિમ બની મુત્તલિબનાં સગાઓ પર, બાકી ત્રણ હિસ્સા યતીમો, મિસ્કીનો પર. મુસાફરો પર હુઝૂર ﷺની વફાત બાદ હુઝૂરનો પોતાનો હિસ્સો તો ખતમ થઈ ગયો તે હુઝૂર ﷺની પાક બીવીઓ અથવા ઔલાદ પાકને ન આપવામાં આવ્યો. જેમ કે હુઝૂરે અન્વર ﷺ કદીક ગનીમતથી કોઈક ખાસ ચીજ લઈ લેતા હતા જેને સફી કહેવામાં આવતુ હતું. જેમ કે હુઝૂર ﷺએ ઉત્બા ઈબ્ને હજ્જાજ કાફિરની તલ્વારે

ઝુલ્ફિકાર ખુદ રાખી અને ખૈબરની ગનીમતમાંથી સફિય્યા બિન્યે હય્ય ઈબ્ને અખ્તબને ખુદ કબૂલ ફર્માવ્યાં પણ હુઝૂર ﷺની વફાતથી એ સફી બંધ થઈ ગયો. એ જ પ્રમાણે આપનો ખમ્સ પણ ખત્મ થઈ ગયો. જેમ કે આ ખમ્સના હિસ્સા પાંચને બદલે ત્રણ કરવામાં આવશે, જે યતીમો, મિસ્કીનો, મુસાફરો પર ખર્ચ થશે. હા ! હુઝૂર ﷺના સગાં ઘરવાળાં, યતીમો, મિસ્કીનો, મુસાફરોને અગ્રતા આપવામાં આવશે કે પ્રથમ તેમને બાદ અન્યોને અતા થશે, કેમ કે અન્ય ફકીરો તો ઝકાત પણ લઈ શકે છે પણ આ હઝરાત ઝકાત નથી લઈ શકતા. આ છે ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ નો મઝહબ ! પણ ઈમામ શાફઈને ત્યાં આજે પણ ખમ્સના પાંચ ભાગ થશે. હુઝૂરનો હિસ્સો ઈસ્લામી સુલ્તાનને મળશે અને હુઝૂરનાં સગાંઓનો હક્ક દસ્તૂર મુજબ એ જ પ્રમાણે લાગુ થશે. જે સાદાતને આપવામાં આવશે ભલે તેઓ ફકીર હોય કે અમીર. પણ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો કૌલ ખૂબ જ મજબૂત છે કેમ કે ખુલફાએ રાશિદીન હઝરાતે ખમ્સના ત્રણ હિસ્સા જ કર્યા, ન હૂઝૂર ﷺનો હિસ્સો ન સગાઓનો હિસ્સો કોઈએ નથી કહ્યો. અને કોઈ સહાબીએ એના પર વાંધો નથી કર્યો. એ પણ ખયાલ રાખશો કે આ ત્રણ હિસ્સા ભલે ત્રણેવ પ્રકારોને આપવામાં આવે અથવા એકને જ દરેક રીતે જાઈઝ છે. જેવી રીતે ઝકાત મસારિફનો હાલ છે કોઈ શખ્સે અબૂ જઅફર મુહમ્મદ ઈબ્ને અલીથી પૂછ્યું કે હઝરત અલીએ પોતાની ખિલાફતમાં ઝીકૂર્બાનો હિસ્સો ખમ્સથી કાઢયો કે તેમણે ? તો આપે ફર્માવ્યું, નહીં ! કેમ કે હઝરત અલી, સિદ્દીકે અકબરના માર્ગે જ ચાલ્યા. (તહાવી, મિર્કાત) સારાંશ તેના ત્રણ હિસ્સા કરવા પર ખુલફાએ રાશિદીનનો અમલ એ સહાબાનો ઈજમાઅ થયો એની ઉમદા તેહકીક ફત્હુલ કદીરમાં જુઓ અથવા અહીં જ મિર્કાતમાં અભ્યાસ કરો.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે વસ્તીમાં તમે પહોંચો અને એમાં તમે રોકાણ કરો તો એમાં તમારો હિસ્સો છે.[૧] અને જે વસ્તી અલ્લાહ વ રસૂલની નાફર્માની કરે તો તેનો પાંચમો હિસ્સો અલ્લાહ વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ નો છે, પછી બાકીનો તમારો.[૨] (મુસ્લિમ)

★ હદીષ : (૧૦)-૩૯૯૪ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَيُّمَا قَرْيَةٍ أَتَيْتُمُوهَا وأقمتمْ فِيهَا فَسَهْمُكُمْ فِيهَا وَأَيُّمَا قَرْيَةٍ عَصَتِ اللّٰهَ وَرَسُولَهُ فَإِنَّ خُمُسَهَا لِلّٰهِ وَلِرَسُولِهِ ثُمَّ هِيَ لَكُمْ» . رَوَاهُ مُسلم

૧. એટલે કે કાફિરોની જે વસ્તી જેહાદ વિના કેવળ સુલહથી કબ્જામાં આવી જાય તો તે ગનીમત ન હશે બલ્કે ફઈ હશે. જેમાં સર્વ મુસલમાન મુજાહિદો અથવા બીજા સમાન હક્કદાર થશે કે ફઈનો હુકમ એ જ હોય છે. એ ફઈમાં ખમ્સ પણ નથી લેવામાં આવતુ, જેમ કે આગલા લખાણથી જાહેર છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં ફઈમાંથી પણ ખમ્સ લેવામાં આવશે. આ હદીષ તેમની વિરૂધ્ધ છે.

૨. એટલે કે જે ઈલાકો જેહાદ કરીને તમે હાંસલ કરો તે ગનીમત હશે, એમાં ખમ્સ કાઢીને બાકીના ચાર હિસ્સા ગાઝીઓ પર વહેંચાશે. યાદ રાખશો કે જે શહેર જંગથી ફતહ થયું એમાં સુલ્તાને ઈસ્લામને અખત્યાર છે. ચાહે તે જમીન ત્યાંના રહેવાસીઓના માલનો પાંચમો ભાગ કાઢીને બાકી ચાર હિસ્સા નમાઝીઓમાં વહેંચી આપે, જેમ કે હુઝૂરે અન્વર ﷺએ ખૈબરમાં કર્યું, ચાહે તે જમીન ખુદ ત્યાંના રહેવાસી કાફિરોના હવાલે કરીને તેમના પર જિઝિયો લાગુ કરી દે અને જમીન પર ઉશ્ર લગાડી આપે. એટલા માટે હઝરત ઉમર رضی اللہ عنہ એ ફર્માવ્યું કે જો મુસલમાનોની ભાવિ પેઢીઓનો મને ખયાલ ન હોત તો જે ઈલાકો ફતહ થાત તેને હું ખમ્સ પછી ગાઝીઓમાં વહેંચી આપત. જેવું કે હુઝૂરે અન્વર ﷺએ ખૈબર વહેંચી આપ્યું. હુઝૂરે અન્વરે અડધુ ખૈબર તો પોતાની જરૂરિયાત માટે

અને અડધા ખૈબરના ૩૬ હિસ્સા કર્યા, એક હિસ્સો સો ગાઝીઓને આપ્યો. અને હઝરત ઉમર رضی اللہ عنہ એ ઈરાક જેહાદથી ફતહ કર્યું પણ તેને ગાઝીઓમાં ન વહેંચ્યું, અને આયતથી દલીલ પકડી : مَآ اَفَآءَ اللّٰهُ عَلٰى رَسُوْلِهٖ مِنْ اَهْلِ الْقُرٰى فَلِلّٰهِ وَلِلرَّسُوْلِ وَلِذِى الْقُرْبٰى (જે ગનીમત અપાવી અલ્લાહે પોતાના રસૂલને શહેરવાળાઓથી તે અલ્લાહ અને રસૂલની છે અને સગાંઓ. સૂ. હશ્ર, ૫૯/૭) الخ ''وَالَّذِيْنَ جَآءُوْ مِنْۢ بَعْدِهِمْ (અને તે જેઓ એમના પછી આવ્યા, અર્ઝ કરે છે, હે અમારા રબ ! અમને બખ્શી દે !..... સૂ. હશ્ર, ૫૯/૧૦) છેવટ સુધી. સર્વ સહાબાએ આપનો એ ફૈસલો માન્યો સિવાય સલ્માન ફારસી તથા બિલાલના, બાદમાં એ બંને સાહબ પણ માની ગયા. આ પૂરી ચર્ચા મિર્કાતમાં જુઓ.

★ હદીષ : (૧૧)-૩૯૯૫ ★

وَعَن خَوْلَةَ الْأَنْصَارِيَّةِ قَالَتْ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «إِنَّ رِجَالًا يَتَخَوَّضُونَ فِي مَالِ اللَّهِ بِغَيْرِ حَقٍّ فَلَهُمُ النَّارُ يَوْمَ الْقِيَامَةِ» . رَوَاهُ الْبُخَارِيّ

ખૌલા અન્સારિયાથી[૧] રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે ***કેટલાક લોકો અલ્લાહના માલમાં નાહક ઘુસી પડે છે, તેમના માટે કયામતના દિવસે આગ છે[૨].*** *(બુખારી)*

૧. આપ ખૌલા બિન્તે ષામિર છે. મશહૂર સહાબિયા છે. અન્સારિયા છે.

★ ઝકાત વગેરે પર નાજાઈઝ કબજો કરનારની સજા ★

૨. એટલે કે અમુક લોકો ઝકાત, ગનીમત, ફઈ વગેરે પર નાજાઈઝ કબજો તથા તસર્રુફ કરે છે. જો એને હલાલ સમજીને કરે છે તો હમેશાં દોઝખમાં રહેશે અને જો હરામ સમજીને કરે છે તો ફાસિક્ છે, સજા માટે દોઝખમાં જશે. ભલે સર્વ માલો અલ્લાહના છે. અલ્લાહના માલથી મુરાદ તે માલ છે જેને રાહે ખુદામાં ખર્ચ કરવો જોઈએ.

★ ખયાનત કરનાર વિશે ઉગ્ર ચેતવણીરૂપ હદીષ ★

★ હદીષ : (૧૨)-૩૯૯૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَن أَبِي هُرَيْرَةَ قَالَ: قَامَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ ذَاتَ يَوْمٍ فَذَكَرَ الْغُلُولَ فَعَظَّمَهُ وَعَظَّمَ أَمْرَهُ ثُمَّ قَالَ: " لَا أُلْفِيَنَّ أَحَدَكُمْ يَجِيءُ يَوْمَ الْقِيَامَةِ عَلَى رَقَبَتِهِ بَعِيرٌ لَهُ رُغَاءٌ يَقُولُ: يَا رَسُولَ اللَّهِ أَغِثْنِي فَأَقُولُ: لَا أَمْلِكُ لَكَ شَيْئًا قَدْ أَبْلَغْتُكَ. لَا أُلْفِيَنَّ أَحَدَكُمْ يَجِيءُ يَوْمَ الْقِيَامَةِ عَلَى رَقَبَتِهِ فُرْسٌ لَهُ حَمْحَمَةٌ فَيَقُولُ: يَا رَسُولَ اللَّهِ أَغِثْنِي فَأَقُولُ: لَا أَمْلِكُ لَكَ شَيْئًا قَدْ أَبْلَغْتُكَ لَا أُلْفِيَنَّ أَحَدَكُمْ يَجِيءُ يَوْمَ الْقِيَامَةِ عَلَى رَقَبَتِهِ شَاةٌ لَهَا ثُغَاءٌ يَقُولُ: يَا رَسُولَ اللَّهِ أَغِثْنِي فَأَقُولُ: لَا

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે એક દિવસ અમારામાં રસૂલુલ્લાહ ﷺ ઉભા થયા તો ખયાનતનો ઉલ્લેખ કર્યો[૧] તો તેને અને તેના મામલાને મહાન ગુનો બતાવ્યો. પછી ફર્માવ્યું કે હું તમારામાંથી કોઈને ન પામુ કે કયામતના દિવસે એ રીતે આવે કે તેની ગરદન પર ઊંટ હોય ચીસો પાડતુ અર્ઝ કરે, યા રસૂલલ્લાહ ! મારી મદદ કરો ![૨] હું કહી આપું કે હું તારા માટે કોઈ ચીજનો માલિક નથી, હું તને તબ્લીગ કરી ચૂક્યો[૩] હું તમારામાંથી કોઈને એ રીતે ન પામુ કે કયામતના દિવસે એ રીતે આવે કે તેની ગરદન પર ઘોડો હોય હણહણતો[૪] પછી કહે, યા રસૂલલ્લાહ ! ﷺ મારી મદદ ફર્માવો ! હું કહી આપુ કે તારા માટે કોઈ ચીજનો માલિક નથી, હું તને તબ્લીગ કરી ચૂક્યો[૫] હું તમારામાંથી કોઈને ન પામુ એ રીતે કે

أَمْلِكُ لَكَ شَيْئًا قَدْ أَبْلَغْتُكَ لَا أُلْفِيَنَّ أَحَدَكُمْ يَجِيءُ يَوْمَ الْقِيَامَةِ عَلَى رَقَبَتِهِ نَفْسٌ لَهَا صِيَاحٌ فَيَقُولُ: يَا رَسُولَ اللَّهِ أَغِثْنِي فَأَقُولُ: لَا أَمْلِكُ لَكَ شَيْئًا قَدْ أَبْلَغْتُكَ لَا أُلْفِيَنَّ أَحَدَكُمْ يَجِيءُ يَوْمَ الْقِيَامَةِ عَلَى رَقَبَتِهِ رِقَاعٌ تَخْفِقُ فَيَقُولُ: يَا رَسُولَ اللَّهِ أَغِثْنِي فَأَقُولُ: لَا أَمْلِكُ لَكَ شَيْئًا قَدْ أَبْلَغْتُكَ لَا أُلْفِيَنَّ أَحَدَكُمْ يَجِيءُ يَوْمَ الْقِيَامَةِ عَلَى رَقَبَتِهِ صَامِتٌ فَيَقُولُ: يَا رَسُولَ اللَّهِ أَغِثْنِي فَأَقُولُ: لَا أَمْلِكُ لَكَ شَيْئًا قد أبلغتك ". وَهَذَا لفظ مُسلم وَهُوَ أتم

તે કયામતમાં આ રીતે આવે કે તેની ગરદન પર બકરી હોય. બેં બેં કરતી[૬] અઝ કરે, યા રસૂલલ્લાહ ! ﷺ મારી મદદ ફમાવો ! હું ફમાવી દઉં કે હું તારા માટે કોઈ ચીજનો માલિક નથી, હું તો તને તબ્લીગ કરી ચૂક્યો. તમારામાંથી કોઈને ન પામું, કે કયામતના દિવસે એ રીતે આવે કે તેની ગરદન પર ગુલામ હોય જેની ચીસ હોય[૭] કહે, યા રસૂલલ્લાહ ! મારી મદદ ફમાવો ! તો હું કહી દઉં કે હું તારા માટે કોઈ ચીજનો માલિક નથી. હું તમને તબ્લીગ કરી ચૂક્યો છું. તમારામાંથી કોઈને ન પામુ કે કયામતના દિવસે એ રીતે આવે કે તેની ગરદન પર કપડાં હોય ચર ચર કરતાં[૮] તો તે કહે યા રસૂલલ્લાહ ! ﷺ મારી મદદ કરો ! હું કહી દઉં કે હું તારા માટે કોઈ ચીજનો માલિક નથી. હું તને તબ્લીગ કરી ચૂક્યો. અને હું તમારામાંથી કોઈને ન પામુ કે કયામતના દિવસે એ રીતે આવે કે તેની ગરદન પર સોનુ ચાંદી હોય[૯] તે કહે, યા રસૂલલ્લાહ ! મારી મદદ કરો ! હું કહી દઉં કે હું તારા માટે કોઈ ચીજનો માલિક નથી, હું તને તબ્લીગ કરી ચૂક્યો. (મુસ્લિમ, બુખારી) અને આ શબ્દો મુસ્લિમના છે તે ખૂબ જ સંપૂર્ણ છે.

૧. غلول માલે ગનીમતમાં ખયાનત કરવાને કહે છે. અહીં તો એ જ મુરાદ છે, અથવા મુત્લકન દરેક ખયાનત. બીજો અર્થ અધિક જાહેર છે. અલ્લાહ બેહતર જાણનાર છે.

★ અલ્લાહના મહબૂબોથી મદદ માગવી જાઈઝ ★

૨. એ રીત કે મારી શફાઅત ફમાવીને અઝાબે ઈલાહીથી બચાવે એનાથી જાણવા મળ્યું કે અલ્લાહના મહબૂબોથી મદદ માગવી, તેમને મદદના માટે પુકારવા જાઈઝ છે. કયામતમાં સૌથી પ્રથમ આ જ ઈસ્તિઆનત (મદદ)નું કામ થશે, બીજાં કામો બાદમાં થશે. જેથી આજે પણ એવું કહેવું કે يارسول الله اغثنى (યા રસૂલલ્લાહ ! મારી મદદ ફમાવો !) બિલ્કુલ દુરુસ્ત છે. આજે હુઝૂર ﷺથી મદદ માગો કે જેથી કયામતમાં ઈસ્તિમદાદ (મદદ માગવું) કામ આવે.

૩. જો અહીં એ લોકો મુરાદ છે જેઓ ખયાનતને હલાલ જાણીને કરે તો તે કાફિર થઈ ચૂક્યા અને કાફિરના માટે શફાઅત નથી. અને જો મુસલમાન ફાસિક મુરાદ છે જેઓ આવી હરકતો હરામ સમજીને કરે તો એ ફર્માન ધમકાવવા ડરાવવા માટે છે, નહીં તો હુઝૂર ﷺની શફાઅત મોટાથી મોટા ગુનેહગાર મુસલમાનને નસીબ થશે. ફર્માવે છે : شفاعتى لاهل الكبائر من امتى (મારી શફાઅત મારી ઉમ્મતના કબીરા ગુનાહોવાળા માટે છે) અને **ફર્માવે છે કે મેં મારી ખાસ દુઆને કયામતમાં શફાઅત કરવાના માટે છુપાવી રાખી છે અને તે દુઆ**

દરેક મુસલમાનને પહોંચે જે "ઈમાન" પર મરે.

૪. એ રીતે કે તેણે ગનીમતના માલથી ઘોડાની ખયાનત કરી, તે ઘોડો ક્યામતમાં તેની ગરદન પર સવાર થયો, જેવી રીતે કે ઝકાત ન કઢાયેલો માલ તેના પર સવાર થશે.

૫. એટલે દુનિયામાં હું તમને સૌને કહી ચૂક્યો હતો કે ખયાનત તથા ગફલો કરવો સખત હરામ છે. એ હક્કુલ એબાદ (બંદાઓનો હક્ક) છે, જે તૌબાથી પણ માફ નથી થતો. તેં મારા ફર્માન પર અમલ કેમ ન કયો ? કેમ ખયાનત કરી ? હવે મારી પાસે શા માટે અને કયા મોઢે આવ્યા છો ? હમણા અમે વર્ણવી ચૂક્યા કે આ ફર્માને આલી ડરાવવા ધમકાવવાના માટે છે, પણ અંજામ આ થશે :– (શેઅર)

દેખી જો બેકસી તો ઉન્હેં રહમ આ ગયા–ગમ્ભરા કે હો ગયે વો ગુનેહગાર કી તરફ

૬. ثُغَاءٌ બકરીની અવાજને કહે છે જેનો તર્જુમો ઉર્દૂમાં છે : મમયાના (બેં બેં કરવું). આ બકરી તથા ઘોડા વગેરે જાનવર છે જેમને એ શખ્સે ખયાનતરૂપે લઈ લીધા હતા. તેમના અવાજો તે શખ્સને બદનામ તથા બેઈજ્જત કરવા માટે હશે. અમે વર્ણવ્યું છે કે મુસલમાનોના છુપા ગુનાહ ક્યામતમાં છુપાવવામાં આવશે પણ જાહેર ગુનાહ ત્યાં જાહેર કરી દેવામાં આવશે. આ ખયાનત તથા ગફલો કરવું છેવટે જાહેર થાય છે, એટલા માટે એનું ત્યાં એલાન કરી દેવામાં આવ્યું.

૭. નફ્સથી મુરાદ તે લોંડી ગુલામ છે જેમને તેણે ખયાનતના રૂપે લઈ લીધાં હતાં. તે ખયાનત કરનારની ગરદન પર સવાર થઈને શોર મચાવતાં હશે. યાદ રાખશો કે **ક્યામતમાં નેક અમલો ઈન્સાનની સવારી બનશે અને બુરા અમલો ઈન્સાન પર સવાર થશે.** જેવી રીતે અહીં થોડા ખોરાક પર માણસ સવાર થાય છે અને વધુ પડતો ખોરાક માણસ પર સવાર થાય છે જેને તે ઉઠાવીને ફરતો રહે છે. જેથી હદીષે પાક બિલ્કુલ જાહેર છે, એમાં કોઈ તાવીલની જરૂરત નથી.

૮. رِقَاع બહુવચન છે رِقعَةٌનું અર્થ કપડાં. خفق કહે છે ચર ચર અવાજ કરવાને. અહીં رقعه થી મુરાદ ક્યાં તો કપડાના થાન (તાકા) છે જેને તેણે ખયાનતથી લઈ લીધા. અથવા તે કાગળના દફ્તર છે જેમનામાં ગાઝીઓ મુજાહિદોનાં નામ તેમની ગનીમતના હિસ્સાઓ સાથે લખેલાં હતાં, તે તેણે ગુમ કરી દીધાં જેથી નજા કાગળ બને જેમાં વધઘટ કરીને પોતે ખુદ ખબૂ અધિક લઈ લે. પ્રથમ અર્થ અધિક મજબૂત છે. (અશિઅહ)

૯. صامتએ صمتથી બન્યું છે, અર્થ ખામોશી. صامت અર્થ ખામોશી. એનાથી મુરાદ થાય છે કે સોનુ, ચાંદી વગેરે માલ કે જાનવર તો અવાજ ધરાવે છે આ બોલતાં નથી ન અવાજ આપે. અને એનાથી એ સોનુ ચાંદી મુરાદ છે જે તેણે ખયાનતરૂપે લીધું હતું તે ખયાનત કરનારના માથા પર સવાર થશે.

તેમનાથી જ રિવાયત છે કે એક શખ્સે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં એક ગુલામ રજૂ કર્યો જેને મિદઅમ કહેવામાં આવતો હતો[૧]. તો એ હાલતમાં કે મિદઅમ રસૂલુલ્લાહ ﷺનો સામાન ઉતારી રહ્યો હતો એવામાં તેને ગાઈબાના[૨] તીર વાગ્યું જેણે તેને મારી નાખ્યો. તો લોકો બોલ્યા, મુબારક થજો એને જન્નત![૩] ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, કદાપિ નહીં ! એની ક્સમ જેના કબજામાં મારી જાન છે, તે ચાદર જે

★ હદીષ : (13)-૩૯૯૭ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: أَهْدَى رَجُلٌ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ غُلَامًا يُقَالُ لَهُ: مِدْعَمٌ فَبَيْنَمَا مِدْعَمٌ يَحُطُّ رَحْلًا لِرَسُولِ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسلم إِذْ أَصَابَهُ سهم عاثر فَقَتَلَهُ فَقَالَ النَّاسُ: هَنِيئًا لَهُ الْجَنَّةُ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كَلَّا وَالَّذِي نَفسِي بِيَدِهِ إِن

الثملة الَّتِي أَخَذَهَا يَوْمَ خَيْبَرَ مِنَ الْمَغَانِمِ لَمْ تُصِبْهَا الْمَقَاسِمُ لَتَشْتَعِلُ عَلَيْهِ نَارًا» . فَلَمَّا سَمِعَ ذَلِكَ النَّاس جَاءَ رجل بشرك أَوْ شِرَاكَيْنِ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «شِرَاكٌ مِنْ نَارٍ أَوْ شِرَاكَانِ من نارٍ»

તેણે ખૈબરના દિવસે ગનીમતમાં વહેંચણી થતા પહેલાં લઈ લીધી હતી તે એના પર આગ ભડકાવી રહી છે જ્યારે લોકોએ એ સાંભળ્યું તો એક શખ્સ નબી ﷺની ખિદમતમાં એક અથવા બે તસ્મા (જોડાની દોરીઓ) લાવ્યો. તો ફર્માવ્યું કે આ દોરીઓ આગની છે બે દોરીઓ આગ છે. (મુસ્લિમ, બુખારી)

૧. مدعم મીમના ઝેર દાલના જઝમથી. (મિદઅમ). આ હઝરત રફાઆ ઈબ્ને ઝયદ ઈબ્ને વહબ ખદામીના ગુલામ હબ્શી હતા, જેમણે હુઝૂર ﷺની ખિદમતમાં હદિયા રૂપે પેશ કરી આપ્યો હતો. પેશ કરનાર હઝરત રફાઆ ઈબ્ને ઝયદ હતા. *(અશિઅહ, મિર્કાત)*

૨. કોઈ મંઝિલ પર સફરમાં આ ખિદમત અંજામ આપી રહ્યા હતા.

૩. કેમ કે મિદઅમ હુઝૂર ﷺના ખાસ ખાદિમ રહ્યા અને હવે શહીદ થયા. આ ખિદમત અને શહાદત યકીનન જન્નતનો ઝરીયો છે.

★ હુઝૂર ﷺ સૌના ઉઘાડા છુપા અમલો તથા તેના આખેરતમાં અંજામને જાણે છે ★

૪. એટલે કે મિદઅમે એક ગલતી કરી હતી કે ગઝવએ ખૈબરની ગનીમતમાંથી એક ચાદર વહેંચણી વિના લઈ લીધી હતી. આ થઈ ખયાનત ! કેમ કે ગનીમતનો માલ વહેંચણી પહેલાં ગાઝીઓનો સંયુક્ત હોય છે. એનો માલિક કોઈ શખ્સ નથી બની શક્તો, વહેંચણી પછી માલિકીમાં આવે છે. એટલા માટે અત્યારે તકલીફમાં છે, હજી જન્નતમાં નથી પહોંચ્યો. મિર્કાતમાં છે કે અમુક રિવાયતોમાં આ પ્રમાણે છે કે, હું તેને આગમાં જોઈ રહ્યો છું. એનાથી અમુક મસ્અલા જાણવા મળ્યા : એક એ કે **હુઝૂર ﷺ સૌના ઉઘાડા છુપા અમલોને જોઈ રહ્યા છે,** કેમ કે ચાદર લેવું એક છુપો અમલ હતો જે હુઝૂર ﷺની નિગાહમાં હતો. બીજુ એ કે **હુઝૂરે અન્વર ﷺ દુનિયામાં રહીને આખેરત તથા ત્યાંના હાલાતને જોઈ રહ્યા છે** કે ફર્માવે છે, મિદઅમ આગમાં છે. ત્રીજુ એ કે **શહાદતથી સર્વ ગુનાહો માફ થઈ જાય છે પણ બંદાનો હક્ક માફ નથી થતો.** જુઓ મિદઅમ શહીદ થઈ ગયા પણ બંદાઓના હક્કને કારણે ગિરફતાર થયા. યાદ રાખશો કે મિદઅમનું તે ચાદર લઈ લેવું ક્યાં તો ગનીમતના મસ્અલાની બેખબરીના કારણે હતું અથવા ગુનાહે સગીરા હતો. જેથી એનાથી તેમની અદાલતમાં (આદિલ હોવામાં) ફરક નથી આવ્યો. સર્વ સહાબીઓ આદિલ છે. ચાદરને ખૂબ જ મામૂલી ચીજ સમજ્યા, તેના મહત્વથી માહિતગાર ન થયા. જેવું કે આગલા લખાણથી જાહેર છે કે એ સાંભળીને અમુક સહાબીઓ જોડાની દોરીઓ લાવ્યા. જેથી આ રિવાયતના આધારે સહાબા પર ટીકા કરવામાં નહીં આવે. યાદ રાખશો કે મિદઅમને આ અઝાબ ટેમ્પરરી હતો જે એ વખતે થઈ રહ્યો હતો.

૫. એટલે કે **જો તમે એ દોરીઓ હાજર ન કરી આપત તો એ પણ તમારા મૃત્યુ બાદ તમારા માટે આગ બની જાત.** એ હઝરાતના વહેમ તથા ગુનાહમાં પણ તેનું આટલુ મહત્વ ન હતું. યાદ રાખશો કે હુઝૂર ﷺ ભલે દરેક શખ્સના દરેક ખુલ્લા છુપા અમલથી વાકેફ છે પણ આપના પર એ લાઝિમ નથી કે દરેક જણની છુપા અમલ પર પકડ કરે કે એમાં મુસલમાનોની અયબજૂઈ (ખામી શોધવું) પણ છે અને પર્દાદારી (ઢાંકવું) પણ છે. એટલા માટે ન તો હુઝૂર ﷺએ એ લોકોને હુકમ આપ્યો કે તે દોરીઓ (જોડાની) હાજર કરો ન મિદઅમને

હુકમ આપ્યો હતો કે એ ચાદર હાજર કરે. જેથી હદીષ સ્પષ્ટ છે. એ પણ યાદ રાખશો કે મિદઅમની શહાદત કબૂલ હતી પણ શહાદતના ફાયદાનો ઝહૂર કેટલાક અરસા પછી થયો. પ્રથમ ચાદરની ખયાનતની સજા પહોંચી ગઈ. શહાદતના માટે જરૂરી નથી કે શહીદ ગુનાહોથી, કરજ વગેરે હક્કોથી પાક સાફ થાય ત્યારે શહીદ થાય.

★ ખયાનતની કંબલ અઝાબનો સબબ બની ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺના સામાન પર એક શખ્સ હતો જેને કરકરા કહેવામાં આવતો હતો[૧] તે મરી ગયો તો રસૂલુલ્લાહ ﷺએ ફમાવ્યું કે તે આગમાં છે. તો લોકો તલાશ કરવા લાગ્યા, એક કંબલ પામી જેની તેણે ખયાનત કરી લીધી હતી[૨].

★ હદીષ : (૧૪)-૩૯૯૮ ★

وَعَن عبدِ اللهِ بنِ عَمْرٍو قَالَ: كَانَ عَلَى ثَقَلِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ رَجُلٌ يُقَالُ لَهُ كَرْكَرَةُ فَمَاتَ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هُوَ فِي النَّارِ» فَذَهَبُوا يَنْظُرُونَ فَوَجَدُوا عَبَاءَةً قد غلها. رَوَاهُ الْبُخَارِيّ

૧. મગરિબમાં છે કે દરેક ઉમદા તથા કિંમતી સામાનને ثقل કહેવામાં આવે છે. كركرة ક્યાં તો બંને કાફના ઝબરથી છે અથવા ઝેરથી અથવા પહેલા કાફના ઝબરથી બીજાના ઝેરથી. *(મિર્કાત, અશિઅહ)*

૨. غلول આ ખયાનત શું થઈ કે કંબલ તેના આ અઝાબનો સબબ બની ગઈ. એની તેહકીક હમણા થઈ ચૂકી કે આ અમલ એ સહાબીની અદાલત (આદિલ હોવા)ની વિરુદ્ધ નથી. સર્વ સહાબીઓ આદિલ છે, માસૂમ કે મહેફૂઝ નથી. **હુઝૂર ﷺની નિગાહે આલીને કુર્બાન ! કે આ જહાનમાં બેસીને તે જહાનની ખબર આપી રહ્યા છે.**

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે અમે લોકો અમારા જેહાદમાં મધ દ્રાક્ષ પામતા હતા તો ખાય લેતા હતા.

★ હદીષ : (૧૫)-૩૯૯૯ ★

وَعَن ابْن عمر قَالَ: كُنَّا نُصِيبُ فِي مَغَازِينَا الْعَسَلَ وَالْعِنَبَ فنأكله وَلَا نرفعُه رَوَاهُ الْبُخَارِيّ

★ ગનીમતમાં મળેલ ખાવાની ચીજો વિશે હુકમ ★

૧. એનાથી જાણવા મળ્યું કે ગાઝી જંગના મેદાનમાં કાફિરોથી હાંસલ કરેલુ ખાવા, દૂધ, ઘી, ફળ, રોટી,ગોશ્ત વગેરે જરૂરત મુજબનું ખાય શકે છે. એના માટે જેહાદના અમીરથી ઈજાઝત લેવાની જરૂરત નથી. એ જ પ્રમાણે દવાઓ વાપરી શકે છે, પોતાના જાનવરને એ માલથી ચારો આપી શકે છે, પણ સંગ્રહ કરીને પોતાના ઘેર નથી લાવી શકતો. એ જ પ્રમાણે જંગના હથિયાર વાપરી શકે છે પણ તે ઉપયોગ કર્યા બાદ ગનીમતમાં પરત કરવાં પડશે. એ જ પ્રમાણે ઠંડાં ગરમ કપડાં જરૂરત મુજબ પહેરી શકે છે પણ એને પણ બાદમાં ગનીમતમાં સામેલ કરવાં પડશે. જો એ ચીજો વપરાશથી ખરાબ કે નષ્ટ થઈ જાય તો એનો તાવાન (દંડ) એ ગાઝી પર નથી. એ જ પ્રમાણે જરૂરત હેઠળ કાફિરોથી હાંસલ કરેલ જાનવર ઝબહ કરીને ખાય શકે છે પણ તેનું ચામડુ ગનીમતમાં જમા કરવું પડશે. એની તફસીલ ફિકહની કિતાબોમાં અને મિર્કાતમાં જુઓ. પણ આ ઈજાઝત ગાઝીઓના માટે છે, જે વેપારીઓ કે ખિદમતગાર તેમની સાથે ગયા છે તેમને એની ઈજાઝત નથી પરંતુ તેઓ પણ ઉપયોગ કરી લે તો તેમના પર ઝમાન (દંડ) નથી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુગફ્ફલથી[૧], ફર્માવે છે કે ખૈબરના દિવસે મેં એક ચરબીનો થેલો જોયો તો હું તેનાથી લપેટાઈ ગયો. મેં કહ્યું કે આજે હું આમાંથી કોઈને કાંઈ આપીશ નહીં[૨] પછી મેં આમ તેમ જોયું તો રસૂલુલ્લાહ ﷺ મારી તરફ સ્મિત કરી રહ્યા હતા[૩] (મુસ્લિમ, બુખારી) હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ ની હદીષ ماأعطيكم છેવટ સુધી હાકિમોની રોજીના બારામાં વર્ણવી દેવામાં આવી[૪].

★ હદીષ : (૧૬)-૪૦૦ ★

(مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ مُغَفَّلٍ قَالَ: أَصَبْتُ جِرَابًا مِنْ شَحْمٍ يَوْمَ خَيْبَرَ فَالْتَزَمْتُهُ فَقُلْتُ: لَا أُعْطِي الْيَوْمَ أَحَدًا مِنْ هَذَا شَيْئًا فَالْتَفَتُّ فَإِذَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يبتسم إِلَيَّ. مُتَّفق عَلَيْهِ. وَذكر الحَدِيث أَبِي هُرَيْرَةَ «مَا أُعْطِيكُمْ» فِي بَابِ «رِزْقِ الْوُلَاةِ»

૧. આપ સહાબી છે અસ્હાબે સુફ્ફાથી છે. મુઝની છે. મદીના મુનવ્વરામાં રહ્યા. ખિલાફતે ફારૂકીમાં દસ ફકીહો બસરામાં મોકલવામાં આવ્યા લોકોને ઈલ્મે દીન શીખવવા માટે તેમાં આપ પણ હતા. ત્યાં જ હિ.સ. ૬૦માં વફાત પામ્યા. ખ્વાજા હસન બસરી رضی اللہ عنہ ફર્માવે છે કે બસરામાં એમનાથી બેહતર કોઈ ન થયું.

૨. લગભગ આપને એ વખતે સખત જરૂરત હતી એટલા માટે મજબૂરીમાં આ શબ્દ આપના મોઢેથી નીકળ્યો, નહીં તો સહાબા હઝરાત પોતાની જરૂરિયાત પર અન્યને પ્રાધાન્ય આપતા હતા. يُؤْثِرُوْنَ عَلٰٓى اَنْفُسِهِمْ وَلَوْ كَانَ بِهِمْ خَصَاصَةٌ (અને પોતાની જાનો પર તેમને અગ્રતા આપે છે ભલે તેમને સખ્ત મોહતાજી હોય. –સૂરએ હશ્ર, ૫૯/૯)

૩. એટલે કે હુઝૂરે અન્વર ﷺએ મને આ ઈરાદાથી તથા આ કબજાથી રોકયો નહીં બલ્કે સ્મિત કર્યું જેનાથી ઈજાઝત માલૂમ થઈ. કેમ કે કોઈને જોઈને મના ન કરવું ઈજાઝતની નિશાની છે. મુહદ્દિષો એને સુન્નતે સુકૂતી કહે છે.

૪. એટલે કે આ હદીષ મસાબીહમાં મુકર્રર (ડબલવાર આવેલ) હતી. કિતાબુલ કઝા બાબુર્રિઝ્ક વલાતમાં પણ હતી અને અહીં પણ. મેં કેવળ ત્યાં વર્ણવી અહીં ઉડાડી દીધી. *(મિર્કાત)*

(વિભાગ : ૨)

★ આપણા માટે ગનીમતો હલાલ કરી આપી ★

હઝરત અબૂ ઉમામાથી તે નબી ﷺ ફર્માવ્યું કે અલ્લાહે મને સર્વ નબીઓ પર બુઝુર્ગી આપી[૧]. અથવા ફર્માવ્યું કે મારી ઉમ્મતને સર્વ ઉમ્મતીઓ પર બુઝુર્ગી આપવામાં આવી[૨] અને અમારા માટે ગનીમતો હલાલ કરી આપી[૩]. (તિર્મિઝી)

★ હદીષ : (૧૭)-૪૦૦૧ ★

[redacted]

૧. તમામ નબીઓ પર અગણિત બુઝુર્ગીઓ આપી. હુઝૂર ﷺ થયેલા)ના નબી, હમેશાં માટેના નબી બનાવ્યા, રહમતલુલ્ લિલ્આલમીન, શફીઉલ મુઝનબીન ઠરાવ્યા. તમામ અંબિયા તથા રસૂલો કાલે ક્યામતમાં હુઝૂર ﷺ

મખ્લૂકના વહેમ તથા ગુમાનથી પર છે, ક્યાં તો આપનારો રબ જાણે અથવા પામનાર મહેબૂબ જાણે. (શેઅર)

[redacted]

અર્થાત : મને સમજમાં નથી આવતુ કે હું આપની શાનમાં શું શું કહું ! એટલા માટે કે હું જે પણ કહું આપનો મક્મ એનાથી બુલંદતર છે.

હયરાં હૂં મેરે શાહ મૈં કયા કયા કહૂં તુઝે

૨. કેમ કે આ ઉમ્મત ખૈરુર્રુસૂલની ઉમ્મત છે એટલા માટે તમામ ઉમ્મતોથી અફઝલ છે. રબ ફર્માવે છે : [redacted] (તમે બેહતરીન છો એ ઉમ્મતોમાં જે લોકોમાં જાહેર થઈ. સૂરએ આલે ઈમરાન, ૩/૧૧૦) શેઅર : [redacted]

એટલે જ્યારે અલ્લાહ તઆલાએ આપણા રસૂલને રસૂલોમાં અફઝલ કહ્યા તો આપણે અફઝલ ઉમ્મત થઈ ગયા. યાદ રાખશો કે જેવી રીતે હુઝૂર [redacted]
પ્રમાણે હુઝૂર [redacted]નાં માબાપ તમામ નબીઓના ગૈર નબી માબાપોથી અફઝલ છે. હુઝૂર [redacted] તમામ સહાબાથી, હુઝૂર [redacted]નાં અહલે બયત તમામ નબીઓના અહલે બયતથી, હુઝૂર [redacted] જમાનાઓથી, હુઝૂર [redacted]નું શહેર મદીના તમામ નબીઓના શહેરોથી. સારાંશ કે હુઝૂર [redacted] (સંબંધિત) ચીજ અન્ય અંબિયાએ કિરામની દરેક ચીજથી અફઝલ છે. હુઝૂર [redacted]ની પાક બીવીઓ તમામ નબીઓની અઝવાજથી અફઝલ. રબ તઆલા ફર્માવે છે : [redacted] (હે નબીની બીવીઓ ! તમે અન્ય સ્ત્રીઓની જેમ નથી. સૂરએ અહઝાબ, ૩૩/૩૨)

૩. એટલે કે આ ઉમ્મતની ઘણી બધી વિશિષ્ટતાઓ છે, એમાંથી એક એ છે કે કેવળ આ ઉમ્મત માટે જેહાદની ગનીમતો હલાલ કરવામાં આવી, પાછલી ઉમ્મતોમાં જેહાદ હતો પણ ગનીમતો હલાલ ન હતી, જેમ કે કુર્બાનીનો ગોશ્ત કે કેવળ આપણા માટે હલાલ થયો. [redacted]માં હુઝૂર અન્વર [redacted]
પણ ઉમ્મતની સાથે ઝિક્ર ફર્માવી.

★ જંગમાં કાફિરને ક્ત્લ કરનારને તેનો સામાન મળે ★

હઝરત અનસ [redacted]
રસૂલુલ્લાહ [redacted]
ફર્માવ્યું કે જે કોઈ કાફિરને ક્ત્લ કરે તો એ કાફિરનો સામાન એનો થશે[૧] જેમ કે એ દિવસે અબૂ તલ્હાએ વીસ માણસો માર્યા અને તેમના સામાનો લીધા[૨]. (દારમી)

★ હદીષ : (૧૮)-૪૦૦૨ ★

[redacted]

૧. [redacted]ના સામાન્યપણા (ઉમૂમ)થી જાણવા મળે છે કે જે મુસલમાન જેહાદમાં કાફિરને ક્ત્લ કરે તેને ક્ત્લ થનારનો સામાન મળશે ભલે તે ગનીમતના હિસ્સાનો મુસ્તહિક હોય કે ન હોય. જેથી ગુલામ, બાળક, સ્ત્રી, નોકર, વેપારી વગેરે પણ એમાં સામેલ છે. અમુકે ફર્માવ્યું કે [redacted]
મુસ્તહિક્ લોકો. પણ પ્રથમ સંભાવના મજબૂત જણાય છે. આ સલબના બારામાં ઈમામોનો મતભેદ અમે પહેલાં વર્ણન કરી ચૂક્યા છીએ કે અહનાફને ત્યાં એ શરઈ કાનૂન નથી, જો હાકિમ જેહાદમાં એ એલાન કરી દે તો મળશે, નહીં તો નહીં. શાફઈઓને ત્યાં એ કાનૂન છે.

૨. એનાથી જાણવા મળ્યું કે આ હુકમ કેવળ એક સલબના માટે નથી જેટલા ક્ત્લ થનાર માર્યા સૌનો સામાન લે. સામાનમાં સવારી, કપડાં, ઘરેણાં, હથિયાર સૌ સામેલ છે.

હઝરત ઔફ ઈબ્ને માલિક અશ્જઈ અને ખાલિદ બિન વલીદ [ ] [1] રિવાયત છે કે રસૂલુલ્લાહ [ ] એ ક़ત્લ થનારના સામાનનો ફૈંસલો કાતિલના માટે કર્યો અને એ સામાનથી ખમ્સ ન લીધું[2].

(અબૂ દાઊદ)

★ હદીષ : (૧૯)-૪૦૦૩ ★

[ ]

૧. આપના હાલાત પહેલાં વર્ણન થઈ ચૂક્યા કે આપ ગઝવએ ખૈબરમાં શરીક રહ્યા અને ફતહે મક્કાના દિવસે કબીલા અશ્જઅનો ઝંડો આપના હાથમાં હતો. શામમાં વસવાટ રહ્યો અને ત્યાં જ હિ.સ. ૭૩માં વફાત પામ્યા. અને હઝરત ખાલિદ ઈબ્ને વલીદ તો ઈતિહાસના આકાશમાં સૂરજની જેમ ચમકી રહ્યા છે. ઉમ્મતે રસૂલુલ્લાહ [ ]ના ઘણા બહાદુર સહાબી, સહાબાની જમાઅતમાં ઘણા પાયાના સહાબી છે. આપના હાલાત વારંવાર વર્ણન થઈ ચૂક્યા. (رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ)

૨. એટલે પૂરો સલ્બ કાતિલ ગાઝીને બખ્શ્યો. તેની પાસે ખમ્સ પણ ન લીધું. ગનીમતમાં ખમ્સ લેવામાં આવે છે પણ આમાં નહીં. એની તફસીલ પ્રથમ વિભાગમાં વર્ણન થઈ ચૂકી.

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ [ ] થી રિવાયત છે કે મને રસૂલુલ્લાહ [ ] એ બદરના દિવસે અબૂ જહલની તલ્વાર અતા ફર્માવી અને તેને તેમણે જ ક़ત્લ કર્યો હતો[1]. (અબૂ દાઊદ)

★ હદીષ : (૨૦)-૪૦૦૪ ★

[ ]

૧. અબૂ જહલને ક़ત્લ તો કર્યો હતો બે અન્સારી બાળકોએ, જ્યારે કે ઈબ્ને મસ્ઊદ [ ] પાસે પહોંચ્યા તો તે સિસકીઓ ભરી રહ્યો હતો. આપે તેનું માથુ નાપાક શરીરથી અલગ કર્યું. જેથી આ હદીષ એ આવનારી હદીષની વિરુદ્ધ નથી જેમાં એ બે બાળકોને કાતિલ દર્શાવ્યાં છે.

★ હઝરત ઉમૈર, લહમના મૌલાનો બનાવ ★

હઝરત ઉમૈરથી રિવાયત છે જે અબી લહમનો મૌલા છે[1] ફર્માવે છે કે હું મારા માલિકોની સાથે ખૈબરમાં હાજર થયો તો મૌલાએ મારા વિશે રસૂલુલ્લાહ [ ] [2] અને અર્ઝ કર્યું કે હું ગુલામ છું. તો મારા વિશે હુકમ આપ્યો. મને એક તલ્વાર પહેરાવી દેવામાં આવી તો હું તેને ઘસેડતો ખસેડતો હતો[3] પછી મારા માટે કેટલાક મામૂલી સામાનનો હુકમ આપ્યો[4] અને મેં હુઝૂર [ ] પર એક મંત્ર પેશ કર્યો જે હું દીવાનાઓ પર કરતો હતો. તો હુઝૂરે મને કાંઈક કાઢી નાખવાનો હુકમ આપ્યો. અને કાંઈક બાકી રાખવાનો[5]. (તિર્મિઝી, અબૂ દાઊદ)

★ હદીષ : (૨૧)-૪૦૦૫ ★

[ ]

પણ અબૂ દાઊદની રિવાયત તેમના ફ़ૌલ ખત્મ થઈ ગઈ.

૧. હઝરત ઉમૈર એ વખતે ગુલામ હતા, બાદમાં આઝાદ થયા. તેમને એ વખતે મૌલા (મુફ્તી), ફર્માવવું ભાવિના લેહાઝથી છે. જેથી હદીષ સ્પષ્ટ છે.

૨. હઝરત ઉમૈર એ વખતે ગુલામ હતા, બાદમાં આઝાદ થયા. તેમને એ વખતે મૌલા (મુફ્તી) ફર્માવવું ભાવિના લેહાઝથી છે. જેથી હદીષ સ્પષ્ટ છે.

૩. આ તલ્વારની અતા (અપર્ણ કરવું) જેહાદથી પહેલાં અથવા જેહાદ દરમિયાન હતું કે હુઝૂરે અન્વર ની તરફથી મને તલ્વાર પહેરાવવામાં આવી, પણ એટલો નાનો અથવા ઠીંગણો હતો કે તલવાર મારા શરીરની નીચે ઘસેડાતી હતી.

૪. ખેના પેશ રેના જઝમથી, અર્થ લાલ કીડી. હવે આમ બોલીમાં મામૂલી તથા નાની ચીજને કહે છે. થી મુરાદ ઘરનો સામાન, જેમ કે હાંડલી, લોટો વગેરે. એટલે મને જેહાદ પછી ગનીમતની વહેંચણી વખતે કેટલોક મામૂલી સામાન અતિયા રૂપે એનાયત કર્યો, બાક़ાયદા હિસ્સો ન આપ્યો. કેમ કે ગુલામને ગનીમતનો હિસ્સો નથી મળતો.

૫. એટલે કે મને કાંઈક દમ (મંત્ર) યાદ હતો જે દીવાનાઓ પર પઢીને દમ કર્યા કરતો હતો. જ્યારે હુઝૂરે અન્વર પર પેશ કર્યો તો નાજાઈઝ તથા શિર્કિયા કુફ્રિયા શબ્દો કાઢી નાખવાનો હુકમ આપ્યો. અને જે શબ્દો જાઈઝ હતા તેમને બાકી રાખવાની ઈજાઝત આપી. કુર્આની આયતો અને નક़્લ થયેલ દુઆઓ સિવાય સર્વ વઝીફ઼ાઓનો આ જ હુકમ છે કે જાઈઝ શબ્દો બાકી રાખવામાં આવે અને નાજાઈઝ કાઢી નાખવામાં આવે. ઈન્શા અલ્લાહ ! એની તેહક़ીક़ બાબુર્રક़ામાં આવશે.

હઝરત મુજમ્મઅ ઈબ્ને જારિયાથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે ખૈબર હુદૈબિયાવાળાઓ પર વહેંચી દેવામાં આવ્યું[૨] જેમ કે રસૂલુલ્લાહ હિસ્સાઓમાં વહેંચ્યું અને લશ્કર ૧૫૦૦ વ્યક્તિઓ હતા. જેમનામાં ત્રણસો સવાર હતા. તો સવારને બે હિસ્સા અતા કર્યા અને પગપાળાને એક હિસ્સો[૩]. (અબૂ દાઊદ) અને અબૂ દાઊદે કહ્યું કે ઈબ્ને ઉમરની રિવાયત અધિક સહીહ છે અને એના પર અમલ છે. મુજમ્મઅની હદીષમાં વહેમ એ થઈ ગયો કે તેમણે કહ્યું, ત્રણસો સવાર, જ્યારે કે હતા બસો સવાર[૪].

★ હદીષ : (૨૨)-૪૦૦૬ ★

૧. મીમના પેશ જીમના ઝબરથી, બીજી મીમની તશ્દીદથી. આપ પોતે તો સહાબી છે પણ આપનો બાપ જારિયા સખત મુનાફિક़ હતો. એ મુનાફિક़ોમાંથી હતો જેમણે મસ્જિદે દર્રાર બનાવી હતી. હઝરત મુજમ્મઅ મદની છે. કુર્આનના ક़ારી હતા. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ
હતું. અમીર મુઆવિયા

શાન છે કે બાપ મુનાફિક અને બેટો મુસ્લિમ ! (ઝિંદાને મુર્દાથી કાઢે અને મુર્દાને ઝિંદાથી. સૂરએ અન્આમ, ૬/૯૫)

૨. હુઝૂરે અન્વર

મુજાહિદોમાં વહેંચી આપ્યો. અને અડધા હિસ્સાની વહેંચણીનું અહીં વર્ણન છે. ફતહે ખૈબર સુલહે હુદૈબિયાના એક વરસ બાદ થઈ. એ જંગમાં કેવળ હુદૈબિયાવાળા સહાબીઓ જ શરીક કરવામાં આવ્યા અને કોઈને શિર્કતની ઈજાઝત ન આપવામાં આવી હતી, એટલા માટે વહેંચણી પણ એમનામાં જ થઈ. એનું વર્ણન સૂરએ ફતહ શરીફમાં છે. *(અઝ : અશિઅહ, મિર્કાત)*

★ સવાર તથા પગપાળા ગાઝીના હિસ્સા વિશે ★

૩. એટલે કે હુઝૂરે અન્વર

એક હિસ્સો સો ગાઝીઓના માટે નક્કી કર્યો. ખૈબરના ગાઝીઓ કુલ ૧૫૦૦ હતા જેમાંથી ત્રણ સો સવાર અને ૧૨૦૦ પગપાળા. ત્રણસો સવારને છ હિસ્સા (પ્લોટ) આપ્યા અને બાકીના બારસો પગપાળાઓને બાર હિસ્સા એટલે ૧૨ પ્લોટ અર્પણ કર્યા, તો પગપાળાઓમાંથી એક પ્લોટ સો ગાઝીઓને અતા કર્યો અને સવારોમાંથી એક પ્લોટ પચાસ ગાઝીઓને આપ્યો. જેથી છ પ્લોટ તેમના અને બાર પ્લોટ પગપાળાઓનો. જેથી સવારને ડબલ આપવામાં આવ્યા, પગપાળાઓને સિંગલ. આ હદીષ હઝરત ઈમામે આ'ઝમ
ગાઝી કરતાં ડબલ મળે છે. ઈમામ શાફઈ
થવા જોઈતા હતા. નવ હિસ્સા ત્રણસો ગાઝી સવારોના, અને બારસો (પગપાળા)ના બાર પ્લોટ, પણ હિસ્સા અઢાર છે.

૪. એટલે કે મુજમ્મઅની હદીષથી હઝરત ઈબ્ને ઉમરની હદીષ અધિક સહીહ છે જેમાં ઈર્શાદ થયો છે કે સવારના ત્રણ હિસ્સા છે જે હમણા થોડાક અગાઉ વર્ણન થઈ ગઈ. અમે ત્યાં જ અર્ઝ કરી આપ્યું કે હદીષ ઈબ્ને ઉમરમાં ટકરાવ છે. આપના થકી ડબલ હિસ્સાની રિવાયત પણ છે જેથી ઓછાવાળી રિવાયત પર અહનાફે અમલ કર્યો કે ઓછુ યકીની છે, વધારે શંકાસ્પદ છે. અન્ય ઈમામોએ વધારેવાળી શંકાસ્પદ રિવાયત પર અમલ કર્યો.

૫. પણ આ હિસાબથી પણ આ વહેંચણી સહીહ નથી થતી. કેમ કે ખૈબરના ગાઝીઓ કુલ ૧૫૦૦ હતા. જો બસો સવાર હોય અને તેમના હિસ્સામાં છ પ્લોટ હોય તો બાકી પગપાળા ગાઝી તેરસો થયા તેમને ૧૩ પ્લોટ મળવા જોઈએ. તો કુલ ૧૯ પ્લોટ થાય છે, જ્યારે કે હુઝૂરે અન્વર
ઈબ્ને અબ્બાસ *(મિર્કાત, અશિઅહ)*

હઝરત હબીબ ઈબ્ને મુસ્લમા ફહરીથી[૧] રિવાયત છે કે નબી કરીમ
શરૂમાં હુઝૂરે ચહારૂમ (૧/૪) નફલ આપ્યા અને પરત થવા પર ૧/૩ આપ્યા[૨]. (અબૂ દાઉદ)

★ હદીષ : (૨૩)-૪૦૦૭ ★

૧. આપ કુર્શી ફહરી છે. આપને હબીબે રોમ કહેવામાં આવતા હતા. કેમ કે આપે રોમ પર ઘણા જેહાદ કર્યા. મહાન બુઝુર્ગ મકબુલુદ્ દુઆ સહાબી છે. હિ.સ. ૪૨માં શામમાં વફાત પામ્યા. (અકમાલ, અશિઅહ, મિર્કાત)
હઝરત ઉમર

૨. જ્યારે બંને પક્ષોના લશ્કરોનો અમુક હિસ્સો જંગના મેદાનમાં પહોંચી ચૂક્યો હોય, બાકી લશ્કર પાછળ આવી રહ્યું હોય તેને

રજૂઅ કહે છે. બુદઅવાળાઓની જંગ આસાન છે કે લશ્કર પાછળ આવી રહ્યું છે. તેમની મદદ મળી જશે, પણ રજઅતવાળાઓનો જેહાદ ખૂબ જ મુશ્કેલ છે તેમને મદદ મળવાની ઉમ્મીદ નથી કે લશ્કર જઈ ચૂક્યું. એટલા માટે હુઝૂરે અન્વર

અધિક આપ્યા, એટલે કુલ ગનીમતનો ત્રીજો (૧/૩) ભાગ.

તેમનાથી જ રિવાયત છે કે રસૂલુલ્લાહ ચહારૂમ નફલ (ચોથાઈ) આપતા હતા ખમ્સ પછી અને જ્યારે પરત આવતા તો ત્રીજો ભાગ નફલ આપતા હતા, ખમ્સ પછી[૧]. (અબૂ દાઊદ) (નફલ એટલે જંગ વગર હાંસલ થનાર ફાયદો)

★ હદીષ : (૨૪)-૪૦૦૮ ★

૧. એટલે કે જો કોઈને ગનીમતના માલથી નફલ આપતા હતા તો ખમ્સ કાઢીને આપતા હતા ચાહે ચહારૂમ (ચોથાઈ) અતા કરી દે અથવા ત્રીજો ભાગ, એ રીતે કે પ્રથમ ગનીમતથી ખમ્સ કાઢી લીધો પછી બાકીના ચાર હિસ્સાઓમાંથી આ નફલ આપી. પછી બાકી ગનીમત ગાઝીઓ પર વહેંચી આપી પરંતુ સલબ એટલે કત્લ થનારના સામાનથી ખમ્સ લેતા ન હતા, જેથી આ હદીષ એ હદીષની વિરુદ્ધ નથી જેમાં છે કે હુઝૂરે અન્વર સલબથી ખમ્સ લેતા ન હતા. અમુક શરહકર્તાઓએ આ વાક્યનો અર્થ એ કર્યો કે આ નફલ ખમ્સમાંથી અતા કરતા હતા. એટલે પ્રથમ સર્વ ગનીમતમાંથી ખમ્સ કાઢી લીધુ પછી એ ખમ્સની ચોથાઈ અથવા ત્રીજો ભાગ બહાદુરોને નફલના રૂપે અતા કર્યો, પણ આ અર્થ ખૂબ જ અલગ પડી જાય છે, પ્રથમ અર્થ અધિક જાહેર છે.

હઝરત અબૂ જુવૈરિયા જર્મીથી કે મેં મુઆવિયહની સલ્તનતના જમાનામાં[૧] રોમની જમીનમાં એક લાલ ઘડો પામ્યો. જેમાં અશરફીઓ હતી અને અમારા હાકિમ રસૂલુલ્લાહ સહાબામાંથી એક સાહબ હતા. બની સુલૈમ જેમને મઅ્ન ઈબ્ને યઝીદ કહેવામાં આવતા હતા[૨] હું તે સૌની પાસે લાવ્યો. આપે તે મુસલમાનોમાં વહેંચી આપ્યો. અને એમાંથી મને એટલુ જ આપ્યું જેટલુ એમાંથી એક શખ્સને આપ્યું[૩] પછી ફર્માવ્યું, જો રસૂલુલ્લાહ એવું કહેતાં ન સાંભળ્યા હોત કે નથી નફલ પણ ખમ્સ પછી, તો હું તમને આપી દેત[૪]. (અબૂ દાઊદ)

★ હદીષ : (૨૫)-૪૦૦૯ ★

૧. આપનું નામ હત્તાન ઈબ્ને ખફ્ફાફ છે. કબીલા જરમથી છે. તાબઈ છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ અને મઅન ઈબ્ને યઝીદથી સમાઅ (સાંભળવું) સાબિત છે, બસરાના રહેવાસી છે. હઝરત ઈબ્ને અબ્બાસ અને ઓબાદા ઈબ્ને સામત

★ હિ.સ. ૫૧માં યઝીદ સેનાપતિ હતો ત્યારે કુસ્તુન્તુનિયા જીતાયુ નથી ★

૨. એટલે કે અમીર મુઆવિયહ
એમાંથી એક ગઝવામાં પણ શરીક હતો જેમાં મારો આ બનાવ ઉપસ્થિત થયો. આ બનાવ ફતહે કુસ્તુન્તુનિયાનો નથી, કેમ કે એ ગઝવામાં મઅન ઈબ્ને યઝીદ સિપેહ સાલાર (સેનાપતિ) ન હતા, બલ્કે યઝીદ ઈબ્ને મુઆવિયહ સેનાપતિ હતો. આ ગઝવો હિ.સ. ૫૧માં થયો. એ લશ્કરમાં હઝરત અબૂ અૈયૂબ અન્સારી તથા ઈમામ હુસૈન, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર, અબ્દુલ્લાહ ઈબ્ને ઝુબેર જેવા હઝરાત સિપાહિયાના શાન સાથે સામેલ થયા. (અલ બિદાયા વન્નિહાયા, ભાગ–૮, પેજ–૫૧, હાશિયા બુખારી, અકમાલ) જેથી આ ગઝવો તો રોમ પર જ પણ ફતહે કુસ્તુન્તુનિયાનો ગઝવો નથી.

૩. મઅન ઈબ્ને યઝીદ ઈબ્ને અખનસ સલ્લમી ખુદ પણ સહાબી, પિતા પણ સહાબી અને દાદા પણ. બદરમાં હાજર થયા. કૂફામાં વસવાટ રહ્યો. ઘણા જ શાનદાર સહાબી છે. (અકમાલ) એટલે મને અશરફીઓથી ભરેલો ઘોડો મળી ગયો. ગનીમતમાં મેળવ્યો ન હતો. એ ઘડો એ જ પ્રમાણે સિપેહસાલાર પાસે લાવ્યો.

૪. એટલે કે એ ઘડામાં આપે બે અમલ કર્યા : એક એ કે એમાંથી ખમ્સ ન લીધું. બીજુ એ કે મને કાંઈ પણ વધારે ન આપ્યું, સર્વ ગાઝીઓના બરાબર આપ્યું.

૫. આ વાક્યના ઘણા બધા અર્થો કરવામાં આવ્યા છે, મજબૂત અર્થ એ છે જે શયખે અશિઅતુલ લમ્આતમાં કર્યો. તે એ કે એ માલ ગનીમતનો નથી બલ્કે ફઈ છે જે લડયા વિના કાફિરથી હાંસલ થયો છે અને ગનીમતમાં બે ચીજો એવી છે જે ફઈમાં નથી : એક એ કે ગનીમતથી ખમ્સ લેવામાં આવે છે કે પાંચમો હિસ્સો અલ્લાહ રસૂલનો, બાકી ચાર હિસ્સા મુજાહિદોના. બીજુ એ કે ગનીમત નફલ પણ આપવામાં આવી શકે છે.ફઈમાંથી ખમ્સ લેવામાં આવશે ન નફલ આપવામાં આવે. એટલા માટે હું તમને કાંઈ અધિક નથી આપી શકતો. જો આ માલ ખમ્સને પાત્ર હોત તો હું તમને નફલ પણ આપત. હવે સર્વ મુજાહિદોને સરખુ જ આપીશ. જેથી અહીં હતું મહઝૂફ છે. મિર્કાતે એક અર્થ એ પણ વર્ણવ્યો કે નફલ ખમ્સ પછી જ થાય છે અને ખમ્સ ત્યારે લેવામાં આવે છે જ્યારે તે માલ દારુલ ઈસ્લામમાં મેહફૂઝ થઈ જાય. હજી એ માલ ત્યાં પહોંચ્યો નથી જેથી ન ખમ્સને પાત્ર છે ન નફલ. મિર્કાતે આ સ્પષ્ટતાને પસંદ કરી.

★ હઝર અબૂ મૂસા અશઅરીનો બનાવ ★

હઝરત અબૂ મૂસા અશઅરી
છે ફર્માવે છે કે અમે આવ્યા તો અમે રસૂલુલ્લાહ
તે વખતે પામ્યા જ્યારે આપે ખૈબર ફતહ કર્યો.[૧] તો હુઝૂર
એ અમારા માટે પણ હિસ્સો નક્કી કર્યો કે એમાંથી અમને પણ આપ્યું અને જે ફતહે ખૈબરથી ગાયબ રહ્યો હતો એને ગનીમતથી કાંઈ ન આપ્યું સિવાય તેમના જેઓ આપની સાથે હાજર થવા સિવાય અમારી કશ્તીવાળાઓ જઅફર અને તેમના સાથીઓના કે એમની સાથે એમનો પણ હિસ્સો કર્યો.[૨] (અબૂ દાઊદ)

★ હદીષ : (૨૬)-૪૦૧૦ ★

૧. હઝરત અબૂ મૂસા અશઅરી યમનના રહેવાસી હતા. મક્કા મોઅઝ્ઝમામાં આવીને મુસલમાન થઈ ગયા.

પછી યમન ચાલ્યા ગયા પછી ત્યાંથી હિજરતના ઈરાદાથી મદીના મુનવ્વરા દરિયાના રસ્તે રવાના થયા. વિરોધી પળને તેમની કશ્તીને મદીના મુનવ્વરાને બદલે હબ્શા જઈને ફેંકયા. ત્યાં જઅફર અને તેમના સાથીઓએ મદીના પાકની તરફ હિજરત કરી તો આપ પણ તેમની સાથે હિજરત કરીને આવ્યા. સંજોગોવસાત ફતહે ખૈબરના દિવસે ખૈબરમાં હુઝૂરે અન્વર [redacted]ની પાસે પહોંચ્યા. હુઝૂરે અન્વર [redacted]
હઝરત અબૂ મૂસા અશ્અરીથી અહીં પહોંચવાના સંબંધે અન્ય રિવાયતો પણ છે, પણ આ રિવાયત હાશિયા લમ્આતમાં નકલ થયેલી છે અને સહીહ શરહ અમુક રિવાયતોમાં છે. હઝરત અબૂ મૂસા પ્રથમ હબ્શામાં હિજરત કરીને ગયા હતા, પછી ત્યાંથી મદીના મુનવ્વરા હિજરત કરીને આવ્યા. [redacted]

૨. એટલે કે ખૈબરની ગનીમતોથી હિસ્સો કેવળ તે મુજાહિદોને જ આપ્યો જે એ ગઝવામાં જ શરીક હતા, કેવળ અમારી જમાઅત તે હતી જે ગઝવામાં શરીક ન થઈ અને એને ગનીમતનો હિસ્સો મળ્યો. અહનાફની નજીક આ હિસ્સો આપવાનું કારણ એમની વિશિષ્ટતા છે કે સરકારે અન્વર [redacted]
હઝરાતને પણ હિસ્સો આપી દીધો. જેમ કે હુનૈનના ગાઝીઓથી ઈજાઝત લઈને હવાઝિનને તેમના કેદી પરત કરી દીધા. ઈમામ શાફઈ [redacted]
હજી માલે ગનીમત ભેગો કરવામાં ન આવ્યો હતો એવામાં આ લોકો પહોંચ્યા. એના કારણે તે ફર્માવે છે કે જો જેહાદ પછી ગાઝીઓની કુમક (દળ) પહોંચે જ્યારે કે ગનીમત એકત્ર ન કરવામાં આવી હોય તો એ કુમકવાળાઓને પણ ગનીમતથી હિસ્સો મળશે. હુઝૂરે અન્વર [redacted]
અન્વર [redacted]
ઘણી મજબૂત છે. એટલા માટે હઝરત અબૂ મૂસા અશ્અરીએ ફખ્રિયા તૌર પર (ગર્વરૂપે) આ બનાવનો ઉલ્લેખ કર્યો. જાણવા મળ્યું કે આ હિસ્સો અતા થવું તેમની વિશિષ્ટતાઓમાંથી છે. યાદ રાખશો કે હઝરત અબૂ મૂસા પોતાના બે મોટા ભાઈઓ સમેટ લગભગ પચીસ માણસો યમનથી હબ્શા પહોંચ્યા હતા અને ત્યાંથી ખૈબર. *(મિર્કાત)*

યઝીદ ઈબ્ને ખાલિદ [redacted] [૧] રિવાયત છે કે રસૂલુલ્લાહ [redacted]
દિવસે વફાત પામી ગયો. લોકોએ રસૂલ્લાહ [redacted] વર્ણવ્યું તો ફર્માવ્યું, તમે લોકો તમારા સાહબ માટે નમાઝ પઢી લો, જેનાથી લોકોના મોઢાના રંગ બદલાય ગયા.[૨] તો ફર્માવ્યું કે તમારા આ સાહબે રાહે ખુદામાં ખયાનત કરી છે[૩] જેથી અમે તેના સામાનની તલાશી લીધી તો અમે કેટલાક મણકા યહૂદીઓના મણકાઓથી પામ્યા જે બે દિરહમોના બરાબર હતા[૪].

(માલિક, અબૂ દાઊદ, નિસાઈ)

★ હદીષ : (૨૭)-૪૦૧૧ ★

[redacted]

૧. અહીં સંપાદકથી ખતા થઈ ગઈ. યઝીદ ઈબ્ને ખાલિદ કોઈ સહાબી નથી બલ્કે આપ ઝયદ ઈબ્ને ખાલિદ છે. તેમની કુન્નિયત અબૂ તલ્હા છે અથવા અબૂ અબ્દુર્રહમાન જહની છે કૂફામાં રહ્યા. પચાસ વરસની ઉમર પામી. હિ.સ. ૮૫માં વફાત પામ્યા. *(અશિઅ્હ)*

૨. અફસોસ તથા આશ્ચર્યના કારણથી કે હુઝૂરે અન્વર
હાજરીન સહાબાથી પઢાવી. જાણવા મળ્યું કે હુઝૂર
કે સરકારે આલી

૩. એટલે કે ગનીમતમાં ખયાનત કરી, અને ગનીમતનો માલ એ રાહે ખુદાનો માલ છે.

★ મામૂલી મણકા ગનીમત વહેંચાયા પહેલાં લીધા હતા તો હુઝૂરની નમાઝથી વંચિત થઈ ગયા ! ★

૪. એટલે કે આ મરનારે ખૂબ જ મામૂલી પ્રકારનાં કેટલાક નાના મોતીઓ વહેંચણી પહેલાં લઈ લીધાં હતાં. એ મામૂલી ચીજના કારણે હુઝૂર
જે એકવાર આ સહાબીથી થઈ ગયો. જેથી એ ફિસ્ક નથી. સર્વ સહાબીઓ આદિલ છે. ફિસ્કનો અર્થ છે ગુનાહે કબીરા કરવું અથવા ગુનાહે સગીરા હમેશાં કરતા રહેવું. અલ્લાહ તઆલાએ પોતાના મહબૂબ
ફિસ્કથી બચાવ્યા છે
કરજદાર સહાબીઓ જેમના પર હૂઝૂરે અન્વર
મકબૂલિયત યકીની છે. હુઝૂરે અન્વર
આદમ

★ ગનીમતમાંથી મામૂલી વાળો લેવા પર હુઝૂરની નારાઝગી ! ★

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અમ્રથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ
કરતા તો બિલાલને હુકમ આપતા. તે લોકોમાં એલાન કરતા. લોકો પોત પોતાની ગનીમત લઈ આવતા. આપ ખમ્સ કાઢી લેતા અને પછી તેને વહેંચી નાખતા.[૧] એક દિવસ એક શખ્સ વાળોની લગામ એના પછી લાવ્યો[૨] બોલ્યો, યા રસૂલલ્લાહ !
ગનીમતમાંથી છે જે અમે હાંસલ કરી હતી. તો ફર્માવ્યું કે શું તમે સાંભળ્યું ન હતું કે બિલાલે ત્રણ પોકાર કર્યા હતા ? બોલ્યા, હા ! ફર્માવ્યું, તો તને એને લાવવાથી કોણે રોકયો ? તે બહાનુ કરવા લાગ્યો.[૩] ફર્માવ્યું, તમે એ જ પ્રમાણે રહો કે તેને કયામતના દિવસે લાવશો.[૪] હું તમારાથી હરગિઝ સ્વીકારીશ નહીં![૫] (અબૂ દાઊદ)

★ હદીષ : (૨૮)-૪૦૧૨ ★

૧. એટલે કે સહાબાએ કિરામ ફતહથી ફારિગ થઈને કાફિરોના છોડેલા માલો પર કબજો કરી લેતા હતા. પછી એ કબજે કરેલો માલ દારુલ ઈસ્લામમાં લઈ આવતા હતા. પછી હઝરત બિલાલ એલાન કરતા હતા કે હુઝૂરે અકદસ
હુકમ ફર્માવી રહ્યા છે કે જેની પાસે જે માલે ગનીમત હોય તે હાજર કરો. જેથી સર્વ લોકો હુઝૂર
પાસે માલ જમા કરી દેતા. પછી હુઝૂર

૨. એટલે કે માલે ગનીમત જમા થઈ ચૂક્યા બાદ ખમ્સ કાઢીને વહેંચણી કરી આપ્યા બાદ લાવ્યો.

૩. એટલે કે તેણે કોઈ એવું બહાનું દર્શાવ્યું જે સાંભળવાને પાત્ર ન હતું. એ રીતે કોઈ બહાનુ બનાવ્યું શર્મિંદગી મિટાવવા માટે, પણ ખબીર તથા અલીમની સામે શું ચાલે ! (શેઅર) :

ક્યા બને બાત જહાં બાત બનાએ ન બને

૪. એટલે કે હવે તમે એને તમારી પાસે જ રાખો, તમે જ ઉપયોગ કરો. આ ફર્માને આલી નારાઝગી પ્રદર્શિત કરવાના માટે છે. તેમને માલિક બનાવી દેવા માટે નહીં. અને તે સાહબ આ ફર્માને આલીથી એ ચીજના માલિક નથી થઈ ગયા અને તેમને એનો ઉપયોગ જાઈઝ ન થઈ ગયો.

★ હડપ કરનાર તૌબા કરે તો શું કરે ? ★

૫. કેમ કે આ લગામમાં સર્વ મુજાહિદોનો હિસ્સો હતો અને તે સૌ હઝરાત વિખેરાય ગયા હતા, તો ન જાણે તે કોના હિસ્સામાં આવત, હવે અમે કોનાથી માફી અપાવી દઈએ. યાદ રાખશો કે આ સર્વ કાંઈ પણ નારાઝગી પ્રદર્શિત કરવા માટે છે. એનો મક્સદ એ નથી કે એ જુર્મની તૌબા જ નથી થઈ શકતી. તૌબા તે કુફ્રથી પણ થઈ જાય છે. યાદ રાખશો કે **ફુક્હો ફર્માવે છે કે જો ગસબ (હડપ) કરનારને તૌબાની તૌફીક મળે પણ હડપ કરેલા માલના માલિકની ખબર ન હોય અથવા ગાયબ થઈ ચૂક્યો હોય તો એના નામ પર એ ચીજ ખૈરાત કરી દેવામાં આવે, પણ જો ખૈરાત કર્યા બાદ ફરી માલિક આવી જાય તો તેની કિંમત અદા કરવી પડશે.** આ ફિક્હી મસ્અલો આ હદીષની વિરૂધ્ધ નથી કે અહીં ગઝબને પ્રદર્શિત કરવાનો હેતુ છે અને આપણા જેવાને ગઝબથી ડરાવવું છે.

હઝરત અમ્ર ઈબ્ને શોએબથી રિવાયત છે, તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રાવી કે રસૂલુલ્લાહ [redacted] અને હઝરત ઉમરે ખયાનત કરનારનો સામાન સળગાવ્યો, તેને માર્યો.[1] *(અબૂ દાઉદ)*

★ હદીષ : (૨૯)-૪૦૧૩ ★

[redacted]

૧. આ હદીષના આધારે ખ્વાજા હસન બસરી વગેરે ફુક્હાએ ફર્માવ્યું કે જાનવર, ગુલામ, કુર્આન મજીદ સિવાય બાકી હડપ કરેલો સામાન સળગાવી આપ્યો. ઈમામ અહમદ તથા ઈસ્હાકે ફર્માવ્યું કે આ હડપ કરેલ માલ ન સળગાવવામાં આવે કે એ તો મુજાહિદોનો હક્ક છે. હડપ કરનારનો ખુદ પોતાનો તે માલ સળગાવી દેવામાં આવે જેને લઈને તે જેહાદના મેદાનમાં ગયો હતો. ઈમામે આ'ઝમ તથા શાફઈ તથા માલિક [redacted]
અમલ શરીફ ડાંટ ફટકાર (ધાક ધમકી) હતો, હવે એનો કોઈ માલ સળગાવવામાં નહીં આવે, બલ્કે તેને તઅઝીર તથા સજા આપવામાં આવશે. જેમ કે અમુક હદીષોમાં એ પણ છે કે હુઝૂરે અન્વર [redacted]
પણ તેનો માલ નથી સળગાવ્યો. તેમજ આ હદીષથી પણ જાણવા મળ્યું છે કે હઝરત અબૂબક્ર સિદ્દીક્, ઉષ્માન ગની, અલી મુર્તઝાએ પણ સળગાવેલ નથી. જેથી આ અમલ ફક્ત ધમકાવવા ડાંટ ફટકાર માટે હતો.

★ ખયાનત કરનારને છુપાવનાર પણ તેના જેવો જ છે ★

હઝરત સમુરહ ઈબ્ને જુન્દુબથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ [redacted] જે

★ હદીષ : (30)-૪૦૧૪ ★

[redacted]

કોઈ ખયાનત કરનારને છુપાવે તો તે પણ એની જેમ જ છે.[૧] *(અબૂ દાઉદ)*

૧. કેમ કે જુર્મની મદદ કરવી પણ જુર્મ છે અને મદદ આપનાર મુજરિમ છે.

હઝરત અબૂ સઈદથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ [redacted] ખરીદારીથી મના કર્યું.[૧] *(તિર્મિઝી)*

★ હદીષ : (૩૧)-૪૦૧૫ ★

૧. [redacted]થી મુરાદ ખરીદ વેચાણ બંને છે. એટલે કોઈ ગાઝી પોતાનો માલે ગનીમત વહેંચણી અને કબજાથી પહેલાં ન વેચે અને ન કોઈ તેને ખરીદે. કેમ કે વહેંચણીથી પહેલાં એ પોતાના હિસ્સાનો માલિક જ નથી, અને ગૈર માલિક વેચાણ નથી કરી શકતો. અને જો એવી રીતે વેચ્યું કે જે મને હિસ્સો મળશે તે વેચુ છું તો એ મજહૂલ તથા નામાલૂમ ચીજનો સોદો છે, એ પણ મના છે, તેમજ શું ખબર કે એને ગનીમતથી કાંઈ મળશે કે નહીં. ઘણીવાર કોઈ કારણસર ગાઝી ગનીમતથી વંચિત થઈ જાય છે. જેથી એ સોદો ખતરનાક છે.

હઝરત અબૂ ઉમામાથી રિવાયત છે, તે નબી [redacted] થી રાવી કે આપે વહેંચણીથી પહેલાં હિસ્સાઓને વેચવાથી મના કર્યું.[૧] *(દારમી)*

★ હદીષ : (૩૨)-૪૦૧૬ ★

૧. એનો મતલબ તથા કારણ હમણા વર્ણન થઈ ચૂક્યાં. યાદ રાખશો કે જમીનનો હિસ્સો મશાઅ (અનિશ્ચિત) વેચાય શકે છે. જેમ કે સંયુક્ત જમીનમાંથી કોઈ ભાગીદાર પોતાનો હિસ્સો વેચી દે પણ ત્યાં જેહાલત (અજાણતા)થી ઝઘડો ન થશે. અહીં ઝઘડો પેદા થવાની મજબૂત શક્યતા છે એટલા માટે મકાન અથવા દુકાનનો હિસ્સો મશાઅ (ભાગીદારીવાળો) વેચવો મના છે.

હઝરત ખૌલા બિન્તે ક़ૈસથી[૧] *રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ [redacted] માલ લીલોછમ મીઠો છે*[૨] *જે તેને હક્ક़થી લેશે, તેને તેમાં બરકત આપવામાં આવશે.*[૩] ***ઘણા તે લોકો જેઓ અલ્લાહ તઆલાના માલમાં ઘૂસી જાય છે જેવું એમનું દિલ ચાહે. ક़યામતના દિવસે તેમના માટે આગ સિવાય કાંઈ નથી.***[૪] *(તિર્મિઝી)*

★ હદીષ : (૩૩)-૪૦૧૭ ★

૧. આપને ખોવૈલા પણ કહેવામાં આવે છે. જનાબ હમ્ઝા [redacted]

(અશિઅતુલ લમ્આત)

૨. અહીં માલથી મુરાદ માલે ગનીમત છે, અથવા માલથી મુરાદ અમવાલ (માલો) બહુવચન છે. એટલા માટે એને માલ માનવામાં આવ્યો. અને [redacted]

વગેરે સેગામાં પુ. લિંગ લાવવામાં આવ્યાં. સારાંશ કે અર્થથી સ્ત્રી લિંગ છે શાબ્દિક રીતે પુ. લિંગ. જેથી ઝમીરોની વિવિધતાથી વાંધો નથી થઈ શકતો. એટલે કે **આ માલો જોવામાં સારા, ઉપયોગમાં મજેદાર જણાતા હોય છે પરંતું જો હરામ હોય તો છે મહાન ખતરનાક !**

૩. હક્કથી મુરાદ જાઈઝ ઝરીયો છે અથવા નૈતિક અધિકાર. એટલે કે જો માલ હલાલ રસ્તાથી આવે તો બરકતવાળો છે, નહીં તો બર્બાદી. જો હવા બાગના રસ્તેથી આવે તો બીમારોને શિફા આપી દે છે અને જો ગંદકીના રસ્તેથી આવે તો તંદુરસ્તોને બીમાર કરી દે છે.

૪. બન્યુ છે

મૃત્યુનો સબબ છે કે ડૂબીને કે લહેરોથી વહીને માણસ મરી જાય છે. એ જ પ્રમાણે તેહકીક કર્યા વગર દરેક પ્રકારનો માલ લઈ લેવો બર્બાદીનો સબબ છે. યાદ રાખશો કે **હુઝૂરે અન્વર**

છે કે જેવી રીતે લીલોતરી જલ્દી સૂકાય જાય છે એ જ પ્રમાણે માલ ઘણો જ જલ્દી ખત્મ થઈ જાય છે. એના માટે પોતાનું ઈમાન ઈમાન તથા તકવો બર્બાદ કરી લેવો, અલ્લાહ રસૂલને નારાજ કરી લેવા સખત ગલતી છે. આ અફસહુન્નાસની ફસાહત પર કુર્બાન !

હઝરત ઈબ્ને અબ્બાસ

નબી

નફલ રૂપે સ્વીકારી[૧] ઈબ્ને માજહ, તિર્મિઝીએ આ વધારો પણ કર્યો કે આ તે જ તલ્વાર છે જેના સંબંધે હુઝૂર [૨].

★ હદીષ : (૩૪)-૪૦૧૮ ★

★ હઝરત અલી ★

૧. બન્યુ છે થી એનો અર્થ છે નફલ એટલે વધારે કબૂલ કરવું, લઈ લેવું.

અર્થ થાય છે, બીજો નફલ આપવું. એટલે હુઝૂરે અકદસ

સફી કહે છે એટલે કે હુઝૂરે અન્વર નો પસંદ કરેલો માલ. બહુવચન છે

લખાણના વાક્યને ફકરો કહેવામાં આવે છે. કેમ કે એ તલ્વારમાં જોડ હતા. પરત પરત જેમ કે હોકીની લાકડી. અથવા એમાં મોતીના મણકા એવા જડેલા હતા જેમ કે પીઠનું હાડકુ. (કરોડ), એટલા માટે એને ઝુલ્ફિકાર એટલે જોડવાળી તલ્વાર કહેવામાં આવતી હતી. આ તલ્વાર અન્બા ઈબ્ને હજ્જાજ કાફિરની હતી જે બદરમાં માર્યો ગયો. પછી હુઝૂરે અન્વર ની પાસે રહી. હુઝૂરે અન્વર

હુઝૂરે અન્વર એ એ ઝુલ્ફિકાર હઝરત અલી

અબૂ જઅફર ઈબ્ને અલી બાકિરથી રિવાયત છે કે બદરના દિવસે એક ફરિશ્તાએ પુકાર્યું હતું. (મિર્કાત) હવે લોકોએ તેને આ પ્રમાણે બનાવી લીધું. : (શેઅર)

અર્થાત : હઝરત અલી બહાદુરોના બાદશાહ, ખુદાના સિંહ અને પરવરદિગારની કુવ્વત (શક્તિ) છે. એમના જેવો કોઈ જવાન નથી અને ઝુલ્ફિકાર જેવી કોઈ તલ્વાર નથી.

૨. હુઝૂરે અન્વર

હલાવી તો તેનો વચ્ચેનો હિસ્સો તૂટી ગયો. બીજી વાર હલાવી તો પહેલાં કરતાં પણ સારી થઈ ગઈ. એ ખ્વાબ એ

તલ્વારના વિશે હતો કે તૂટી અને જોડાઈ ગઈ. તા'બીર આપી હતી કે ઓહદમાં મુસલમાનોને તકલીફ થશે, પછી પહેલાંથી પણ સારા થઈ જશે. એવું જ થયું કે ઓહદમાં તકલીફ પામી પછી દરેક મેદાનમાં જીત્યા.

★ ગનીમતના માલથી સવારી, કપડાં ખાવા વગેરેના ઉપયોગના અહકામ ★

હઝરત રવૈફઅ ઈબ્ને ષાબિતથી[૧] રિવાયત છે કે નબી

આખરી દિવસ પર ઈમાન રાખતો હોય તે મુસલમાનોની ગનીમતથી કોઈ ઘોડા પર સવાર ન થાય કે જ્યારે તેને દૂબળો કરી દે તો ગનીમતમાં પરત કરી દે[૨] અને જે શખ્સ ઈમાન ધરાવતો હોય અલ્લાહ અને આખરી દિવસ પર તો તે મુસલમાનોની ગનીમતથી કપડુ ન પહેરે કે જ્યારે તેને જૂનુ કરી દે તો ગનીમતમાં પરત કરી દે.[૩] (અબૂ દાઊદ)

★ હદીષ : (૩૫)-૪૦૧૯ ★

૧. આપ સહાબી છે. અન્સારી છે. અમીર મુઆવિયહ
૪૬માં અમીર મુઆવિયહ
શામમાં વફાત પામ્યા. *(અશિઅહ)*

૨. એટલે કે કોઈ ગાઝી વહેંચણી પહેલાં વિના જરૂરત માલે ગનીમતનો ઘોડો ન ઉપયોગમાં લે કે તેને દૂબળો કરીને ફરી ગનીમતમાં પરત રાખી દે. એનાથી જાણવા મળ્યું કે એવા ઘોડા પર જેહાદ કરવો જાઈઝ છે કે એ જરૂરત માટેનો ઉપયોગ છે અને વિના જરૂરત પણ થોડીક સવારી કરી લે જેનાથી ઘોડો કમજોર ન થાય એ જાઈઝ છે. *(અશિઅહ)*

૩. એટલે કે ગનીમતના માલનું કપડુ વહેંચણી પહેલાં વિના જરૂરત ઉપયોગમાં ન લે અને એવી હરકત ન કરો કે કપડુ જૂનુ કરીને ફાડીને પછી પરત કરી દે.

હઝરત મુહમ્મદ ઈબ્ને અબી મુજાદિલથી રિવાયત છે. તે અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફાથી[૧] રાવી. ફર્માવે છે, મેં પૂછયું, શું આપ લોકો[૨] રસૂલુલ્લાહ ના જમાનામાં ખાવાથી ખમ્સ કાઢયા કરતા હતા?[૩] તે બોલ્યા, અમે ખૈબરના દિવસે ખાવા પામ્યું તો કોઈ શખ્સ આવતો તો તેમાંથી પોતાને હિફાઝત કરે તેટલુ લઈ લેતો પછી પરત થઈ જતો.[૪] (અબૂ દાઊદ)

★ હદીષ : (૩૬)-૪૦૨૦ ★

૧. મુહમ્મદ ઈબ્ને અબી મુજાલિદ તાબઈ છે. કૂફાના રહેવાસી છે. ઘણા સહાબીઓથી આપની મુલાકાત છે અને અબ્દુલ્લાહ ઈબ્ને અબી ઔફા મશહૂર સહાબી છે. અન્સારી છે. ઓહદ તથા ઓહદ બાદ ગઝવાતમાં શરીક થયા. હિ.સ. ૫૪માં મદીના મુનવ્વરામાં વફાત પામ્યા અને જન્નતુલ બકીઅમાં દફન થયા.

૨. મુહમ્મદ ઈબ્ને અબુલ મુજાલિદે હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઔફા સહાબીથી સર્વ સહાબાએ કિરામનો અમલ પૂછયો. તેણે તથા

૩. (તઆમ)થી મુરાદ પકાવેલુ ખાણુ અને શાકભાજીઓ અને લીલા એવા જે જલ્દી ખરાબ થઈ જાય છે કે એમાં પણ ખમ્સ બાદ ગનીમતની વહેંચણી થતી હતી અથવા એ ચીજોમાં આઝાદી હતી ?

૪. ખુલાસો એ છે કે આ પ્રકારની ગનીમતથી ખમ્સ લેવામાં ન આવતુ હતું, પણ દરેક મુજાહિદ પોતાની જરૂરત પૂરતુ લઈ લેતો હતો. અને સંગ્રહ કરીને ઘરે લાવતો ન હતો બલ્કે ત્યાં જ ઉપયોગ કરી લેતો હતો. એવું વિગતવાર વર્ણન આવી ગયું. એટલે કે એ જરૂરીયાતથી બાકી બચતુ હતું તેનાથી ખમ્સ લેવામાં આવતુ ન હતું, બાકાયદા વહેંચવામાં આવતુ હતું.

હઝરત ઈબ્ને ઉમર
રસૂલુલ્લાહ
મધ ગનીમતમાં હાંસલ કર્યું હતું તો એનાથી ખમ્સ ન લેવામાં આવ્યું.[૧] (અબૂ દાઉદ)

★ હદીષ : (૩૭)-૪૦૨૧ ★

૧. એટલે કે જે અનાજ, મધ વગેરે ખાય લેવામાં આવ્યું તેમાંથી ખમ્સ લેવામાં ન આવ્યું. આ ખાવામાં ખાયેલા દાણા, ખાધેલાં જાનવર વગેરે સૌ સામેલ છે.

હઝરત ક़ાસિમ મૌલા અબ્દુર્રહમાનથી[૧] રિવાયત છે. તે રસૂલુલ્લાહ
ફર્માવે છે કે અમે ગઝવામાં એક ઊંટ ખાય લીધા કરતા હતા, તેની વહેંચણી કરતા ન હતા કે ત્યાં સુધી કે જ્યારે અમે અમારી મંઝિલની તરફ પરત થતા તો અમારી થેલીઓ તેનાથી ભરેલી હોતી.[૨] (અબૂ દાઉદ)

★ હદીષ : (૩૮)-૪૦૨૨ ★

૧. ક़ાસિમ તાબઈ છે. શામી છે. આપની કુન્નિયત અબૂ અબ્દુર્રહમાન. આપની મુલાકાત ૪૦ સહાબાએ કિરામથી છે. હિ.સ. ૧૨૨માં વફાત પામ્યા. આપની મોટાભાગની રિવાયતો હઝરત અલી, સલ્માન, મુઆવિયહ અને અમ્ર ઈબ્ને અબ્બાસથી છે. (અશિઅહ) આપના મૌલા (માલિક)નું નામ અબ્દુર્રહમાન ઈબ્ને ખાલિદ છે. તે તાબઈ છે. તેમની મુલાકાત હઝરત અબૂ ઉમામાથી છે.

૨. એ
વતનનું ઘર નથી બલ્કે સફરની હાલતમાં તંબૂ મુરાદ છે જ્યાં મુસાફરો કામ ચલાઉ રોકાય છે. જેથી આ હદીષ પાછલી હદીષની વિરૂધ્ધ નથી. મતલબ એ છે કે અમે તંબૂવાળા મુસાફરોમાંથી એક માણસ એ ઊંટના ગોશ્તથી ગુણ ભરી લાવતો હતો પોતાના બધા જ તંબૂવાળાઓનો હિસ્સો. ફક़ીહો ફર્માવે છે કે ગાઝી વધેલુ ખાણુ, ચારો વગેરે ગનીમતમાં પરત કરે. ફક़ીહોનો આ ફત્વો આ હદીષની વિરૂધ્ધ નથી.

★ સોય દોરો પણ ગનીમતમાં જમા કરવું ★

હઝરત ઓબાદા ઈબ્ને સામિત
રિવાયત છે કે નબી
સોઈ સુધી પણ અદા કરો.[૧] અને ખયાનતથી બચો કે

★ હદીષ : (૩૯)-૪૦૨૩/૪૦૨૪ ★

આ ખયાનત ક़યામતના દિવસે ખાઈન (ખયાનત કરનાર) પર શર્મિંદગી બનશે.[૨] (દારમી)

અને નિસાઈએ અમ્ર ઈબ્ને શોએબ અન અબિયા અન જદ્દા રિવાયત કરી.

૧. મિર્ક़ાતમાં ફર્માવ્યું કે અને બંનેનો અર્થ છે દોરો. નું બહુવચન કે તેનું બહુવચન અથવા આવે છે ન કે અશિઅતુલ લમ્આતમાં ફર્માવ્યું કે બર વઝને છે. સીવવાનું ઓજાર. એટલે સોય. જેથી દોરો અને પણ વહેંચણી વિના ન લો.

૨. કેમ કે **ક़યામતમાં ખયાનતનો માલ ખાઈન (ખયાનત કરનાર)ના ખભા પર હશે, જેને તે સખત મુશ્કેલીથી ઉઠાવતો ફરશે, તકલીફ પણ ઉઠાવશે અને બદનામ પણ થશે.** જેવું કે પહેલાં હદીષે અબૂ હુરૈરહથી જાણવા મળ્યું.

હઝરત અમ્ર ઈબ્ને શોએબ છે. તે પોતાના પિતાથી તે પોતાના દાદાથી રાવી. ફર્માવે છે કે નબી ખાંધથી એક બાલ લીધો[૧] પછી ફર્માવ્યું, હે લોકો! આ ફઈમાંથી મારા માટે કાંઈ નથી અને ન આ વાળ.[૨] અને પોતાની આંગળી શરીફ઼ ઉઠાવી સિવાય ખમ્સના.[૩] અને ખમ્સ પણ તમારા પર જ પલ્ટી જાય છે[૪] જેથી સોય દોરો પણ અદા કરી દો. તો એક શખ્સ ઉભો થયો જેના હાથોમાં વાળોનું પીલ્લુ હતું. બોલ્યો, મેં આ લીધુ છે જેથી એના વડે કંબલને ઠીક કરું.[૫] તો નબી ફર્માવ્યું કે જો મારી અથવા અબ્દુલ મુત્તલિબની ઔલાદની હોય તો એ તારા માટે છે[૬] તે બોલ્યો, કે આ આટલી હદે પહોંચેલ છે જે હું જોઈ રહ્યો છું તો મને એની જરૂરત નથી.[૭] (અબૂ દાઊદ)

★ હદીષ : (૪૧)-૪૦૨૫ ★

૧. ખાસ ઊંટના વાળને કહે છે અને શઅર દરેક વાળને કહે છે. સનામ ઊંટની પીઠમાં ઉભરેલુ હાડકુ જેને ખાંધ (કોહાન) કહે છે.

૨. એટલે કે તુચ્છમાં તુચ્છ અને મામૂલીથી મામૂલી ચીજ પણ ગનીમતથી મારો હિસ્સો નથી. એનાથી સફી અપવાદ છે. સફી તે ચીજ છે જેને હુઝૂર

હતી અથવા ગઝવએ ખૈબરમાં સફિય્યા યહૂદીના સરદારની પુત્રી હતાં. એમનું હુઝૂર
જ યોગ્ય હતું. અથવા ઝુલ્ફિકાર કાફિરોના સરદારની તલ્વાર હુઝૂરે અન્વર
માટે અધિક જલવાનો સબબ હતો. સારાંશ નહીં કાનૂનનો ઉલ્લેખ છે અને સફીનો અખત્યાર કરવું કાયમી કાનૂન ન હતો, ક્યારેક સંજોગોવસાત હતો.

૩. ઈશારા માટે કેવળ એક આંગળી ઉઠાવી એટલે કે કેવળ એક ખમ્સ જ અમારો હક્ક છે, એના સિવાય કાંઈ નહીં.

૪. એટલે કે એ પણ તમારી મસ્લેહતોમાં જ ખર્ચ થતો હોય છે કે એ ખમ્સથી જંગી સામાન, ઘોડા, તીર વગેરે ખરીદીએ છીએ, પ્રસંગોપાત મિસ્કીનોની મદદ કરીએ છીએ.

૫. એટલે કે આ મામૂલી દોરાની દડી છે. મકસદ કેવળ એ છે કે મારુ ફાટેલ કંબલ ફાટેલુ કે ઉખડેલુ છે તેને ઠીક કરવા ચાહું છું, જો ઈજાઝત હોય તો લઈ લઉં.

૬. એટલે કે જો આ દોરાની દડી મારા ખમ્સમાં આવી ગઈ તો મારા તરફરથી તેને ઈજાઝત હશે અથવા મારા કોઈ સગા મુત્તલબીને ગનીમતના હિસ્સાથી મળી ગઈ તો એમના તરફથી તને ઈજાઝત આપુ છું, પરંતું જો કોઈ અન્યના હિસ્સામાં પહોંચી ગઈ તો પછી તું જાણે અને તે માલિક જાણે.

૭. એટલે કે જ્યારે આ મામૂલી ચીજમાં એવી પાબંદી અને એવી તંગી છે તો મને એની જરૂરત નથી કે પહેલાં તો કોઈની માલિકીમાં આવવાની રાહ જોઉં, પછી માલિકથી ખુશામદ કરીને માગુ, એવું કહ્યું અને દડી ત્યાં જ રાખી દીધી. જાણવા મળે છે તે ડરી ગયા.

★ તમારી ગનીમતોમાં મારા માટે વાળ બરાબર હલાલ નથી ★

હઝરત અમ્ર ઈબ્ને અબસાથી રિવાયત છે. ફર્માવે છે કે અમને રસૂલુલ્લાહ
ઊંટોની તરફ નમાઝ પઢાવી[૧] પછી જ્યારે સલામ ફેરવી તો ઊંટની કરવટ (પાસા)થી વાળ લીધો, પછી ફર્માવ્યું કે તમારી ગનીમતોમાંથી મારા માટે આટલુ પણ હલાલ નથી સિવાય ખમ્સના અને ખમ્સ પણ તમારામાં જ પલ્ટાવવામાં આવે છે.[૨] (અબૂ દાઉદ)

★ હદીષ : (૪૨)-૪૦૨૬ ★

૧. એ રીતે કે એ ઊંટને સુતરો બનાવીને તેની પાછળ નમાઝ પઢાવી. જાણવા મળ્યું કે એ જ પ્રમાણે બેઠેલા માણસની પીઠને સુતરો બનાવવો દુરુસ્ત છે.


૨. આ બનાવ બીજો છે અને જે પહેલાં વર્ણન પામ્યો હતો એ બીજો બનાવ હતો, એ જ જાહેર છે.

★ નૌફલ તથા અબ્દુશ્શમ્સની ઔલાદને ખમ્સથી ભાગ આપવા સંબંધે ★

હઝરત જુબેર ઈબ્ને મુઅતિમથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે રસૂલુલ્લાહ
સગાઓનો હિસ્સો બની હાશિમ અને બની મુત્તલિબમાં વહેંચી આપ્યો.[૨] તો હું અને હઝરત ઉષ્માન ઈબ્ને

★ હદીષ : (૪૩)-૪૦૨૭ ★

અફ્ફાન હુઝૂરે અકરમ ની ખિદમતમાં હાજર થયા. અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! આ અમારા ભાઈ બની હાશિમ, અમે એમની બુઝુર્ગીના મુન્કિર નથી આપના હોવાના કારણે, કે રબે આપને તેમનામાં પેદા કર્યા.[૩] અમારા ભાઈઓ બની મુત્તલિબના વિશે ફર્માવો કે આપે તેમને આપ્યા અને અમને છોડી આપ્યા.[૪] જ્યારે અમારો તેમનો સંબંધ એક જ છે. તો રસૂલુલ્લાહ એ ફર્માવ્યું કે બનૂ હાશિમ અને બનુ મુત્તલિબ એ રીતે એક છે, અને પોતાની આંગળીઓને મિલાવી દીધી.[૫] (શાફઈ, અબૂ દાઉદ) અને નિસાઈની રિવાયતમાં આ જ પ્રમાણે છે, અને એમાં એ છે કે હું તથા બની મુત્તલિબ ન દૌરે જાહિલિયતમાં અલગ થયા ન ઈસ્લામમાં. અમે તથા તે એક જ ચીજ છે અને આંગળીઓ શરીફ[૬] મિલાવી દીધી.



૧. આપ મશહૂર સહાબી છે. નૌફલ ઈબ્ને અબ્દે મુનાફની ઔલાદથી છે. અબ્દે મુનાફના ચાર પુત્રો હતા : હાશિમ, મુત્તલિબ, નૌફલ અને અબ્દે શમ્સ. હઝરત જુબેર તો નૌફલની ઔલાદથી હતા. હઝરત ઉષ્માન અને તમામ બની ઉમૈયા અબ્દે શમ્સની ઔલાદથી હુઝૂર

૨. અને નૌફલ તથા અબ્દે શમ્સની ઔલાદને એ ખમ્સમાંથી કાંઈ ન આપ્યું, જેમ કે પહેલાં વર્ણન થયું. અને નૌફલની ઔલાદમાંથી હું હતો, અબ્દે શમ્સથી હઝરત ઉષ્માન رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ

૩. એટલે કે વંશિક સંબંધમાં આપણે સૌ હુઝૂર
એટલા માટે બુઝુર્ગી છે કે હુઝૂર

૪. શું અમે હુઝૂર ના ઝી ક़રાબહ (કુટુંબવાળા) નથી, યક़ીનન ! છીએ. તો હુઝૂરે અન્વર અમને ઝીકુર્બાનો હિસ્સો ખમ્સથી કેમ ન આપ્યો ?

૫. એટલે કે નિસ્બતમાં તમે તથા બની મુત્લક બરાબર છો, પણ ખિદમતમાં બની મુત્લક તમારાથી વધીને છે. કેમ કે ઈસ્લામના શરૂમાં તેમણે ઈસ્લામની ઘણી ખિદમતો અંજામ આપી. તમે લોકો બાદમાં ઈસ્લામમાં દાખલ થયા. બોયકોટના જમાનામાં બની હાશિમ તથા મુત્તલિબ એક રહ્યા પણ બની નૌફલ અને બની અબ્દે શમ્સ બોયકોટમાં કાફિરોની સાથે મળી ગયા. જેથી એમને તમારા કરતાં અગ્રતા હાંસલ છે.

૬. એનાથી જાણવા મળ્યું કે **મુસીબતના સમયે સાથ આપનાર ઘણી ક़દર તથા સમ્માનને પાત્ર છે.** આ લોકો કેમ કે મુસીબતના સાથી છે, જેથી આ ખમ્સના હક્ક़દાર છે. એના સંબંધી ફિક़્હી અહકામ ખગાઉ વર્ણન થઈ ચૂક્યા.

(વિભાગ : 3)

★ જંગે બદરમાં અબૂ જહલના ક़ત્લનો બનાવ ★

હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફથી[૧] રિવાયત છે ફર્માવે છે કે હું બદરના દિવસે સફમાં ઉભો હતો તો મેં

★ હદીષ : (૪૪)-૪૦૨૮ ★


મારી જમણે ડાબે જોયું તો હું અન્સારના બે નાની વયના બાળકોની વચ્ચે હતો[૨] મેં તમન્ના કરી કે હું એમના કરતાં બહાદુરોની વચ્ચે હોત[૩] એ બંનેમાંથી એકે મને ઈશારો કર્યો[૪] બોલ્યો, હે કાકા ! શું તમે અબૂ જહલને ઓળખો છો ?[૫] મેં કહ્યું, તને એનાથી શું કામ છે ? હે ભત્રીજા ?! તે બોલ્યો, મને ખબર મળી છે કે તે રસૂલુલ્લાહ

કબજામાં મારી જાન છે ! જો મેં તેને જોઈ લીધો તો મારુ શરીર તેના શરીરથી અલગ ન થશે કે જેથી અમારાથી જલ્દી મોતવાળો મરી જાય.[૬] ફર્માવે છે, મેં એના પર આશ્ચર્ય કર્યું[૭] ફર્માવે છે, બીજાએ પણ મને ઈશારો કર્યો તો મને એ રીતે કહ્યું તો હું ન થોભ્યો ત્યાં સુધી કે મેં અબૂ જહલને જોઈ લીધો જે લોકોની વચ્ચે ગુમી રહ્યો હતો.[૮] તો હું બોલ્યો શું તમે જોતા નથી આ તમારો તે યાર છે[૯] જેના વિશે તમે મને પૂછી રહ્યા છો. એવામાં તે બંનેવ પોતાની તલ્વારો લઈને તેના પર ઝપટી પડયા, તેને માર્યો, ત્યાં સુધી કે તેને ક़ત્લ કરી આપ્યો.[૧૦] પછી બંને રસૂલુલ્લાહ

ખબર આપી[૧૧] તો ફર્માવ્યું, તમે બંનેમાંથી કોણે તેને ક़ત્લ કર્યો ? દરેક બોલ્યા કે તેને મેં માર્યો છે[૧૨] ફર્માવ્યું, શું તમે તમારી તલ્વારો લુછી નાખી છે ? તેઓ બોલ્યા, નહીં ! રસૂલુલ્લાહ

ફર્માવ્યું, તમે બંનેવે જ એને ક़ત્લ કર્યો છે.[૧૩] અને રસૂલુલ્લાહ

ઈબ્ને અમ્ર ઈબ્ને જમૂહના માટે કર્યો[૧૪] અને તે બંને સાહબ મઆઝ ઈબ્ને જમૂહ અને મઆઝ ઈબ્ને અફરા હતા.[૧૫] (મુસ્લિમ, બુખારી)



૧. આપની કુન્નિયત અબૂ મુહમ્મદ છે. ઝહરી છે. કુરૈશી છે. અશ્રાએ મુબશ્શિરામાંથી છે. હઝરત અબૂબક્ર સિદ્દીક़

મદીના મુનવ્વરા તરફ. સર્વ ગઝવાતમાં હુઝૂર ની સાથે રહ્યા. હુઝૂરે અન્વર

ફજરની એક રકાત આપની પાછળ પઢી. ગઝવએ ઓહદમાં વીસ ઝખ્મો ખાધા. અમુક ઝખ્મોના કારણે આપનો એક પગ બેકાર થઈ ગયો હતો. આમ્મુલ ફીલ (હાથીવાળા વરસ)ના દસ વરસ બાદ પેદા થયા. હિ.સ. ૩૨માં વફાત થઈ. ૭૨ વરસની ઉમર પામ્યા. મદીના મુનવ્વરામાં દફન થયા.

૨. જંગે બદર હિ.સ. ૨ રમઝાન મહીનામાં થઈ જેમાં મુસલમાન ૩૧૩ હતા, અને કાફિરો શરૂમાં ૯૫૦ હતા અને અબૂ સુફયાનનો કાફલો મળી ગયા બાદ એક હજાર થઈ ગયા. મુસલમાનોની પાસે કેવળ બે ઘોડા, છ બખ્તર, આઠ તલ્વારો હતી. બાકીના ગાઝીઓ પાસે ખજૂરની લાકડીઓ હતી.

૩. જેથી જંગના વખતે મને એમનાથી મદદ મળતી. કેમ કે સિપાહીને પોતાના બાઝૂઓથી મદદ મળે છે. કેમ કે એ બંને નાની વયના હતા એટલા માટે હઝરત અબ્દુર્રહમાને તેમને કમજોર સમજ્યા. તેમજ તે બંને અન્સાર હતા V G[A CFNZLDFDJCFHZMDXCZ CTFP *(મિર્કાત)*

૪. [redacted] નો અર્થ દબાવવુ પણ છે અને આંખથી ઈશારો કરવું પણ છે. અહીં દબાવવું છે, એટલે મારો હાથ દબાવીને મને પોતાની તરફ ધ્યાનિત કર્યો. અને પછી ધીમેથી આવું પૂછ્યું.

૫. અરબવાસીઓ પોતાનાથી મોટાઓને કાકા કહીને પુકારે છે. અહીં એ જ મુહાવરો વપરાયો છે, નહીં તો હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફ વંશિક સંબંધમાં એ બાળકોના કાકા ન હતા. કાફિરોનું લશ્કર સામે હતું. એ બંનેવે પૂછ્યું કે આ જે સામે લશ્કર છે એમાં અબૂ જહલ કોણ છે ?

૬. સુબ્હાનલ્લાહ ! આ છે ઈમાન અને આ છે ઈશ્કે રસૂલુલ્લાહ [redacted] ! અબૂ જહલને હઝૂર [redacted] શાનમાં ગુસ્તાખી કરતાં સાંભળ્યો ન હતો, બલ્કે આમ જ ઉડતી ઉડતી ખબર પહોંચી હતી તો તડપી ગયા, અને મારવા તૈયાર થઈ ગયા. એનો તર્જુમો આ પ્રમાણે કરવામાં આવ્યો છે.

ક़સમ ખાઈ હૈ દોનોંને કરેંગે ક़ત્લ નારી કો – સુના હૈ ગાલિયાં દેતા હૈ વો મહબૂબે બારી કો

૭. કેમ કે મેં સમજ્યું કાંઈ અલગ હતું અને જાહેર કાંઈ અલગ થયું. આ બંને તો બહાદુરોના સરદાર નીકળ્યા ! હોંસલો ઘણો જ બુલંદ જાહેર થયો.

૮. એટલે કે પોતાના લશ્કરમાં ચક્કર લગાડી રહ્યો હતો, તેમને ગોઠવી રહ્યો હતો.

૯. અહીં સાહબ અથવા યાર એ દોસ્તના અર્થમાં નથી બલ્કે તમારા મતલબનો માણસ છે જેને તમે શોધો છે ! એટલે કે તમે જેની શોધમાં છો તે આ જ છે સામે, એ જુઓ !

★ અબૂ જહલનો ક़ત્લ ★

૧૦. એટલે આ બંને એકલા તેની ફોજમાં પહોંચ્યા અને કોઈ યાર કે મદદગાર સાથે લીધા વિના તેના પર તૂટી પડયા અને તેને સંભલવાનો મોકો ન આપ્યો કે તેને મારીને ફેંક્યો. યાદ રાખશો કે એ બંનેવે તેને તદ્દન મારી નાખ્યો ન હતો બલ્કે મૃત્યુ નજીક કરી આપ્યો હતો જેવું કે આગળ જતાં માલૂમ પડશે. તેને સિસકતો છોડીને નાઠા કે એમની ફોજમાં ઘેરાય ગયા. એ બંને ચાંદાનો બે હાલાઓ (ચાંદ ખાસપાસ વતુળ) એ ઘેરી લીધા. એ મોક़ા પર એક હાથ બાવડેથી કપાય ગયો જેને તેમણે ખુદ પગો નીચે દબાવીને તોડી નાખ્યો અને પછી તેઓ કાફિરોનો સામનો કરતા કરતા હાથ ઉઠાવીને હુઝૂર [redacted] ની બારગાહમાં હાજર થયા. હુઝૂરે અન્વર [redacted]
લુઆબે દહન લગાડી આપ્યું તો તે હાથ જોડાઈ ગયો, અને બીજા હાથ કરતાં અધિક મજબૂત થઈ ગયો. જેવું કે ઈન્શા અલ્લાહ ! બાબુલ મોજિઝાતમાં વર્ણન કરવામાં આવશે.

૧૧. અબૂ જહલના ક़ત્લની પણ ખબર આપી અને ક़ત્લના બનાવની પણ ખબર આપી કે આ રીતે અમે તેને પછાડયો અને આ રીતે ક़ત્લ કર્યો. હુઝૂર [redacted]
જેમ કે બીજી રિવાયતોમાં છે. યાદ રાખશો કે પોતાના જાની માલી દુશ્મનના મૃત્યુ પર ખુશી મનાવવી મના છે.

અર્થાત : દુશ્મન પણ મરી જાય તો એ ખુશીનો મક઼ામ નથી, કેમ કે અમારી જિંદગી પણ હમેશાં રહેવાની નથી.

પણ ક઼ૌમી, દીની, મુલ્કી દુશ્મનના મરી જવા પર શુક્ર કરવો સુન્નત છે. **આશૂરા એટલે ૧૦ મુહર્રમનો રોઝો એટલા માટે સુન્નત છે કે એ દિવસે ફિરઓન ડૂબી ગયો છે.** દીની દુશ્મનના મરી જવાથી ખુદાની મખ્લૂક઼ તેના ફસાદથી મેહફૂઝ થઈ જાય છે.

૧૨. બંનેવે સાચુ કહ્યું કેમ કે તલ્વારના વાર એ મરદૂદ પર બંનેવે કર્યા હતા, ભલે એકે પહેલ કરી હશે અને એકનો જ કારમો વાર લાગ્યો હશે જેનાથી તે નારી જહન્નમ રસીદ થઈ ગયો. સારાંશ બંને સાચા છે. ખુદ હુઝૂર એ પણ તેનું સમર્થન કર્યું જેવું કે આગળ આવે છે.

૧૩. એટલે કે ખરેખર તમે બંને તેના ક઼ત્લમાં શરીક છો. તમારા બંનેના વારોથી તેને અલ્લાહે નારમાં દાખલ કરી આપ્યો. તમે બંને સાચા છો. આ ફર્માન તે બંનેને ખુશ કરવા માટે છે.

૧૪. એટલા માટે કે હુઝૂર
અશિઅ઼હમાં લખ્યું કે ક઼ત્લ કરવામાં એ બંનેવ શરીક હતા પણ તેને ફેંકનાર પછાડનાર મઆઝ ઈબ્ને અમ્ર ઈબ્ને જમૂહ હતા. એટલા માટે સલબ કેવળ તેમને અતા કર્યો. બલ્કે આ ખાસ કરવું વિના કારણે ન હતું બલ્કે કારણસર હતું.

૧૫. યાદ રાખશો કે એ બંને બુઝુર્ગોનું નામ મઆઝ અથવા મુઅવ્વઝ છે. એ બંને હઝરાત મત્રાઈ ભાઈ (મા એક) છે. તેમનાં માનુ નામ અફ઼રા છે. તેમના એક પતિનું નામ અમ્ર ઈબ્ને જમૂહ છે, બીજા પતિનું નામ હારિષ છે. જેથી મઆઝ ઈબ્ને અફ઼રામાં નિસ્બત માની તરફ઼ છે. અમુક રિવાયતોમાં એ બંને મઆઝોને ઈબ્ને અફ઼રા કહેવામાં આવે છે, એ પણ દરુસ્ત છે. બંનેની નિસ્બત માની તરફ઼ છે. (અશિઅહ) આ હદીષથી કેટલાક મસાઈલ સાબિત થયા: **એક** એ કે કોઈ મુસલમાનને તેની ઓછી વયના કારણે કમજોર સમજવો ન જોઈએ. ઘણીવાર નાના તથા દૂબળા માણસો એ કામ કરી દેખાડે છે જે ઉમરવાળા જાડા તગડા માણસથી ન થઈ શકે. **બીજુ** એ કે અલ્લાહ વ રસૂલના માટે અદાવત તથા મહોબ્બત સહાબાની સુન્નત છે. **ત્રીજુ** એ કે નિશાનીઓ જોઈને ગવાહ વિના સલબ આપવું જાઈઝ છે કે હુઝૂરે અન્વર
નિશાનીઓ ન હોવાની સ્થિતિમાં છે. પાંચમુ એ કે હઝરત સહાબાની હિંમત તથા બહાદુરી અજોડ હતી.

હઝરત અનસ
કે ફર્માવ્યું રસૂલુલ્લાહ [1] *કે કોણ જોઈને મને બતાવશે કે અબૂ જહલને શું થયું*[2] *તો ઈબ્ને મસ્ઊદ ચાલ્યા, તેને પામ્યો કે અફ઼રાના પુત્રોએ તેને મારી નાખ્યો છે ત્યાં સુધી કે ઠંડો થઈ ગયો છે*[3] *આપે તેની દાઢી પકડીને કહ્યું*[4] *કે શું તું જ અબૂ જહલ છે ? તે બોલ્યો કે શું તમે મારાથી ઉપરવાળાને પણ ક઼ત્લ કર્યો છે ?*[5] *એક રિવાયત છે કે બોલ્યો, કાશ ! મને કિસાનના બદલે કોઈ અન્ય કત્લ કરતો.*[6] *(મુસ્લિમ, બુખારી)*

★ હદીષ : (૪૫)-૪૦૨૯ ★

૧. આ મુબારક આદેશ ગઝવએ બદર ખત્મ થઈ ચૂક્યા પછી અને સુકૂન હાંસલ થઈ ગયા બાદ થયો. જંગ દરમ્યાન આ તરફ ધ્યાન જ નથી જતુ. એટલે કોઈ શખ્સ કાફિરોની લાશોમાં ઝખ્મીઓમાં અબૂ જહલને શોધે, તે જીવી રહ્યો છે કે મરી ગયો છે, મુડદાંઓમાં પડયો છે કે જીવતાંઓમાં.

૨. જો [redacted] મઅરૂફ છે તો તર્જુમો એ જ છે જે મેં કર્યો છે. અને જો [redacted]
જહલ સાથે શું કરવામાં આવ્યું. રબે એની સાથે શો મામલો કર્યો. તેને મોત આપી દીધું કે હમણા નથી આપ્યું, અને મોત આપી દીધુ છે તો કઈ હાલતમાં ?

૩. અહીં ઠંડો પડી જવાથી મુરાદ જો મરી જવું છે તો મતલબ એ થશે કે ઠંડો થઈ જવાની નજીક થઈ ગયો છે. અને મુરાદ શરીરનું લોહી નીકળીને અસલી ગરમીનું ખત્મ થઈ જવું છે. તો મતલબ બિલ્કુલ જાહેર છે. એટલે કે એનું શરીર ઠંડુ થઈ ચૂક્યું છે એટલે તે મૃત્યુની નજીક છે, કૂતરા જેમ સિસકારીઓ ભરી રહ્યો છે. યાદ રાખશો કે અબૂ જહલને મક્કાના સર્વ કાફિરો એ હાલતમાં છોડીને નાસી છૂટયા હતા.

૪. જાણવા મળ્યું કે એ જમાનામાં મુશ્રિકો પણ એક મુટ્ઠી દાઢી રાખતા હતા. એ પણ જાણવા મળ્યું કે કાફિરની દાઢીની કોઈ ઈજ્જત તથા હુર્મત નથી. તેને પકડવી ખેંચવી જાઈઝ છે. મુસલમાનની દાઢી ઘણી હુર્મતની (સમ્માનની) ચીજ છે કે રસૂલુલ્લાહ [redacted]

૫. એટલે કે આજના કત્લ થનારાઓમાં સૌથી અધિક ઈજ્જત તથા મહાનતાવાળો હું જ છું. કે સર્વ મક્કાના કાફિરો બલ્કે અરબના કાફિરોનો સરદાર છું.

★ અબૂ જહલ ફિરઔન કરતાંય વધુ ઘમંડી ★

૬. એટલે મને એ બેઈજ્જતીનો ગમ છે જે આ કત્લમાં મને પહોંચી કે (મને મદીનાના બે અન્સારના બાળ કોએ કત્લ કર્યો. મદીના વાસીઓ મોટાભાગે ખેતવાડી કર્યા કરતા હતા એટલા તેણે તેમને કિસાન કહ્યા. મને કોઈ મોટો ઈજ્જતદાર કત્લ કરતો. જાણવા મળ્યું કે **અબૂ જહલ ફિરઔનની સરખામણીમાં અધિક ઘમંડી હતો. કેમ કે ફિરઔન ડૂબતી વખતે બોલી ઉઠયો :** [redacted] (ઈમાન લાવ્યો કે કોઈ સાચો મઅબૂદ નથી તેના સિવાય જેના પર બની ઈસ્રાઈલ ઈમાન લાવ્યા. –સૂરએ યૂનુસ, ૧૦/૯૦) **પણ આ મરદૂદ હવે આ હાલતમાં પણ શયખી જ મારી રહ્યો છે.** જો આ હાલતમાં કલમો પઢી લેત તો કદાચ કાંઈ ફાયદો ઉઠાવી લેત.

હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ [redacted]
રિવાયત છે ફર્માવે છે કે રસૂલૂલલાહ [redacted]
જમાઅતને અતિયો ફર્માવ્યો. હું બેઠેલો હતો. રસૂલુલ્લાહ [redacted]
છોડી આપ્યો જે એ સૌમાં મને અધિક પસંદીદા હતો[૧] હું ઉઠયો અને મેં અર્ઝ કરી, ફલાણાના વિશે શું મુબારક રાય છે ? હું તો તેને મો'મિન સમજુ છું.[૨] ત્યારે હુઝૂર [redacted] *એ ફર્માવ્યું, બલ્કે મુસ્લિમ કહો[૩] સઅદે આ ત્રણવાર અર્ઝ કરી અને હુઝૂરે એ જ પ્રમાણે જવાબ*

★ હદીષ : (૪૬)-૪૦૩૦ ★ [redacted]

[redacted]

આપ્યો. પછી ફર્માવ્યું કે હું કદી કોઈ શખ્સને આપુ છું જો કે બીજો શખ્સ મને અધિક પ્યારો હોય છે[૪] એ ડરથી કે પોતાના મોઢાભેર આગમાં ફેંકવામાં આવે.[૫] (મુસ્લિમ, બુખારી) અને તેમની એક રિવાયતમાં છે, ઝહરીએ ફર્માવ્યું, અમે સમજીએ છીએ કે ઈસ્લામ કલ્મએ તૈયેબહ છે અને ઈમાન એક અમલ છે.[૬]



૧. એટલે કે હુઝૂરે એવા શખ્સને અતિયો ન આપ્યો જે ઈમાન તથા અમલમાં મને ઘણો પસંદીદા હતો.

૨. એટલે કે જ્યાં સુધી મને જાણ છે આ સાહબ મો'મિને કામિલ છે અને સંપૂર્ણ આલિમ છે. ઈમાન તથા તકવા બંનેના સંગમ છે.

★ ઈમાનની ગવાહી આપવાનો શો હુકમ છે ? ★

૩. આ ફર્માને આલીમાં એ સાહબના ઈમાનની નફી (નકાર) નથી બલ્કે હઝરત સઅદને તાલીમ છે કે કોઈના વિશે તેના ઈમાનની ગવાહી કતઈ ન આપો, કેમ કે ઈમાન દિલી સમર્થનનું નામ છે જેના પર અલ્લાહ તઆલા જ ખબરદાર છે. ઈસ્લામ જાહેરનું નામ છે તો તમે તેની ગવાહી આપી શકો છો. યાદ રાખશો કે ક્યારેક ઈમાન તથા ઈસ્લામ સમાનઅર્થી આવે છે અને ક્યારેક એમનામાં ફરક કરવામાં આવે છે કે દિલી અકીદાઓનું નામ ઈમાન હોય છે અને જાહેરી ફર્માંબરદારી (ઈતાઅત)નું નામ ઈસ્લામ હોય છે. અહીં બીજો અર્થ મુરાદ છે. રબ તઆલા ફર્માવે છે : (તમે ફર્માવો, તમે ઈમાન તો નથી લાવ્યા, હા ! એવું કહો કે અમે મુતીઅ (આજ્ઞાંકિત) બન્યા. સૂરએ હુજુરાત, ૪૯/૧૪) અને ફર્માવે છે : (તો જ્યારે એ બંનેવે અમારા હુકમ પર ગરદનો રાખી. સૂ. સાફ્ફાત, ૩૭/૧૦૩) અને ફર્માવે છે : (જ્યારે કે તેને તેના રબે ફર્માવ્યું, ગરદન રાખ ! અર્ઝ કરી, મેં ગરદન રાખી તેના માટે જ રબ છે સર્વ જહાનોનો. સૂ. બકરહ, ૨/૧૩૧) આ આયતોમાં ઈસ્લામથી મુરાદ જાહેર ઈતાઅત (આજ્ઞા પાલન) તથા ફર્માબરદારી છે.

૪. એટલે અમારુ કોઈને ઓછુ આપવું એની નિશાની છે કે અમે એનાથી નારાજ છીએ અથવા એને મુસલમાન નથી સમજતા, અને કોઈને વધારે આપવુ એની નિશાની નથી કે અમે એનાથી રાજી છીએ, અને કામિલ મો'મિન સમજીએ છીએ, બલ્કે કયારેક એનાથી વિરૂધ્ધ પણ હોય છે કે કામિલ મો'મિનને ઓછુ આપીએ છીએ અથવા કાંઈ નથી આપતા અને મુઝબ્ઝબ્ને અધિક અતા કરીએ છીએ.

૫. એટલે કે આ આપવું ફઝાઈલના કારણે નથી બલ્કે ઝઈફુલ ઈમાન (કમજોર ઈમાનવાળા) લોકોને અમે અતાઓ (તોહફા) આપીએ છીએ કે જો તેમને ન આપે તો ખતરો છે કે તેઓ ફરી કુફ્રની તરફ પલ્ટી જાય અને દોઝખમાં પડી જાય. પુખ્તા મોમિનો પર અમને વિશ્વાસ છે કે તેમને માલ મળે કે ન મળે તેઓ મો'મિન જ રહેશે. તેમને આપવાની વ્યવસ્થા નથી કરતા. તેમને ન આપવું તેમના ઈમાનની મજબૂતીના કારણે છે. આ જ સુન્નતે ઈલાહિયા છે. વારંવાર મકબૂલ બંદાઓ પર મુસીબતો મોકલી આપે છે અથવા તેમને ઓછુ આપે છે, કેમ કે તેઓ ગમે તે રીતે મો'મિન રહેશે, કાંઈ મળે કે ન મળે. કાચી ખેતીને પાણી ખૂબ આપવામાં આવે છે, તેની રખેવાળી અધિક કરવામાં આવે છે કે તેની જડો મજબૂત નથી, પાણી ન મળવા પર સૂકાય જશે. મજબૂત ઝાડાની અધિક પરવા નથી કરવામાં આવતી કેમ કે એનાં મૂળો મજબૂત હોય છે, પાણી ન મળવા પર પણ હર્યાંભર્યાં રહે છે.

૬. એટલે કે સરકારે આલી ના
ફરકમાં ઘણી સંભાવનાઓ છે : એક એ કે કેવળ કલ્મએ તૈયેબહ પઢી લેવો ઈસ્લામ છે અને સાથોસાથ નેક અમલો પણ કરવા ઈમાન. અને બંનેમાં અન્ય પણ ઘણા ફરકો કરવામાં આવ્યા છે.

★ હઝરત ઉષ્માનની ગેરહાજરીમાં તેમની બયઅત તથા ગનીમતનો હિસ્સો ★

હઝરત ઈબ્ને ઉમર
રસૂલુલ્લાહ
ફર્માવ્યું કે ઉષ્માન અલ્લાહ તઆલાના કામ તથા તેના રસૂલની ખિદમતમાં ગયા છે[૧] તેમની બયઅત હું કરું છું[૨] જેમ કે રસૂલુલ્લાહ
નક્કી કર્યો, તેમના સિવાય કોઈ ગેરહાજર શખ્સનો હિસ્સો નક્કી ન કર્યો.[૩] (અબૂ દાઉદ)

★ હદીષ : (૪૭)-૪૦૩૧ ★

૧. ગઝવએ બદરના મોકા પર હુઝૂરે અન્વર
નાં પત્ની સાહેબા હતાં તે સખ્ત બીમાર હતાં. તેમની સવા ચાકરી કરવા માટે ઉષ્માન ગની
એ મદીના મુનવ્વરામાં જ છોડયા. બદરમાં સાથે નથી લઈ ગયા, ત્યાં સુધી કે હુઝૂરની પાછળ જ તેમની વફાત થઈ ગઈ અને દફન કરી દેવામાં આવ્યાં. (મિર્કાત) આ આલી ફર્માન બદરની ગનીમત વહેંચતી વખતનું છે.
યાદ રાખશો કે જનાબ રુકૈયા ની સેવા ચાકરી હુઝૂર
કહેવામાં આવ્યું. જાણવા મળ્યું કે હુઝૂર

૨. જેમ કે હુઝૂરે અન્વર
પોતાના જમણા હાથને ફર્માવ્યું કે આ અમારો હાથ છે. અને ખુદ જ હઝરત ઉષ્માન
આ "બયઅતે ઉષ્માન"નો બનાવ બે વાર થયો, એક તો ગઝવએ બદરમાં અને બીજો બયઅતે રિઝવાનમાં હુદૈબિયા સ્થળે. આ હઝરત ઉષ્માન

દસ્તે હબીબે ખુદા જો કે યદુલ્લાહ થા – હાથ બના આપકા આપ વો ઝીશાન હૈં

૩. એટલે હઝરત ઉષ્માનને બદરવાળાઓનો કેવળ સવાબ ન મળ્યો, બલ્કે ગનીમતનો હિસ્સો પણ મળ્યો. આપ કેવળ હુકમની રીતે બદરના ગાઝી ન બન્યા બલ્કે હકીકતમાં ગાઝી માનવામાં આવ્યા. જાણવા મળ્યું કે હુઝૂર માલિકો મુખ્તાર છે. જો ચાહે તો મદીનાની જમીનને બદરનું મેદાન બનાવી દે, ઘરમાં રાખીને ગાઝીઓમાં મિલાવી દે. આ ફર્માને આલીથી જાણવા મળ્યું કે હુઝૂર
હઝરત ઉષ્માન મદીના મુનવ્વરામાં હુઝૂર ના કામના માટે રહ્યા હતા, એટલે બીબી રુકૈયાની સેવા ચાકરી. પણ ફર્માવ્યું, હાજતથી મુરાદ કામ અથવા ખિદમત છે ન કે જરૂરત, કેમ કે અલ્લાહ તઆલા જરૂરત તથા મોહતાજીથી પાક છે.

હઝરત રાફેઅ ઈબ્ને ખદીજથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ગનીમતની વહેંચણીમાં

★ હદીષ : (૪૮)-૪૦૩૨ ★

દસ બકરીઓ એક ઊંટની સરખામણીમાં કરતા હતા[૨]. (નિસાઈ)




૧. આપ સહાબી, અન્સારી, ખ્વારઝમી અથવા હારિષી, અવસી છે. ગઝવએ બદરના સિવાય સર્વ ગઝવાતમાં હાજર રહ્યા, બદરના દિવસે આપ નાની વય (કમસિન) હતા. હિ.સ. ૭૪માં મદીના મુનવ્વરામાં વફાત પામ્યા. ૮૬ વરસની ઉમર થઈ. આપના હાલાત પહેલાં પણ વર્ણન થઈ ચૂકેલ છે. *(અશિઅ્હ)*

૨. એટલે કે ગનીમતની વહેંચણીમાં એક ઊંટને દસ બકરીઓની બરાબર રાખતા હતા કે જો કોઈ ગાઝીને એક ઊંટ હિસ્સામાં મળ્યું તો બીજા ગાઝીને દસ બકરીઓ અતા થઈ. કુર્બાનીમાં એક ઊંટ તથા ગાય સાત બકરીઓ બરાબર માનવામાં આવે છે.

★ પહેલી ઉમ્મતોમાં જેહાદ કેવળ ચૂશઅ ★

હઝરત અબૂ હુરૈરહ્ ફર્માવે છે કે રસૂલુલ્લાહ નબીઓમાંથી એક નબીએ જેહાદ કર્યો[૧] પોતાની કોમને ફર્માવ્યું કે મારી સાથે તે શખ્સ ન આવે જે કોઈ સ્ત્રીની શર્મગાહનો માલિક હોય અને રૂખસતી કરવા ચાહે છે, હજી સુધી કરી નથી[૨]. અને ન તે ચાહે જેણે મકાનો બનાવ્યાં અને તેની છતો તૈયાર નથી કરી[૩] અને ન તે શખ્સ જાય જેણે બકરી અથવા સગર્ભા ઊંટણીઓ ખરીદી અને તેના બચ્ચુ જન્મ આપવાની રાહ જોઈ રહેલ છે[૪] જેથી તેમણે જેહાદ કર્યો તો વસ્તીથી અસરની નમાઝ અથવા એની નજીક થયા તો તેમણે સૂરજને ફર્માવ્યું કે તું પણ હુકમના હેઠળ છે અને હું પણ, ઈલાહી! એને અમારા પર રોકી દે[૫]. જેથી સૂરજ રોકી દેવામાં આવ્યો ત્યાં સુધી કે અલ્લાહે એમને ફતહ આપી[૬]. પછી ગનીમતો જમા કરી તો તે એટલે આગ ખાવા માટે આવી પણ તેમને ખાધી નહીં[૭]. ફર્માવ્યું કે જરૂર તમારામાં ખયાનત છે[૮] દરેક કબીલાથી એક એક શખ્સ મારાથી બયઅત કરે. જેથી એક માણસનો હાથ તેમનાથી જ ચોંટી ગયો. તો ફર્માવ્યું, તમારા લોકોમાં ખયાનત છે[૯]. પછી બે સોનાનાં માથાં લાવ્યા જે ગાયના માથાની જેમ હતાં[૧૦] તેને રાખી દીધાં. પછી આગ આવીને તેને ખાઈ ગઈ[૧૧]. મુસ્લિમની રિવાયતમાં છે, આ વધારો કર્યો કે અમારાથી પહેલાં કોઈના માટે ગનીમત હલાલ

★ હદીષ : (૪૯)-૪૦૩૩ ★



ન થઈ, પછી અલ્લાહે આપણા માટે ગનીમતો હલાલ કરી આપી. આપણી કમજોરી આપણી આજીજી જોઈ તો તેમને આપણા માટે હલાલ કરી[૧૨].

૧. નબીથી મુરાદ હઝરત યૂશઅ [redacted] છે. એટલે મૂસા [redacted]ના ખલીફા, અને ગઝવાથી મુરાદ બયતુલ મુક़દ્દસ પર જેહાદ આ બનાવ હઝરત મૂસા [redacted] બાદ થયો. *(અશિઅહ, મિર્ક़ાત)*

૨. એટલે કે જેનો નિકાહ થઈ ચૂક્યો છે અને હજી વિદાયગીરી નથી થઈ, એની તૈયારીમાં છે. અરબવાસીઓ સુહાગરાત વખતે તંબૂ વગેરે બનાવતા હતા એમાં સુહાગરાત કરતા હતા. *(અશિઅહ)*

૩. એટલે કે મકાન બનાવવામાં મશગૂલ છે, ઈમારત અધૂરી છે એની પૂર્ણતા કરી રહ્યો છે.

૪. એટલે કે જેની બકરીઓ અથવા ઊંટણીઓ સગર્ભા છે તેને તેનાં બચ્ચાં જોવાનો, દૂધ પીવાનો ઘણો ઈન્તેઝાર છે. મક़સદ એ છે કે મારી સાથે જેહાદમાં ફારિગુલ બાલ (બીવી બચ્ચાંની જવાબદારીથી મુક્ત હોય તે) જાય, જેનું દિલ દુનિયામાં લાગેલુ છે તે ન જાય, જેથી આ ઈબાદતમાં ધ્યાનભંગ ન થાય. જેમ કે આજે પેશાબખાનાની સખત હાજતને લઈને નમાઝ પઢવી મના છે કે એનાથી નમાઝમાં દિલ લાગશે નહીં.

૫. એટલે હે સૂરજ ! તને રફ્તારનો (ગતિ માટેનો) હુકમ છે અને મને જેહાદનો હુકમ છે. જો તું અત્યારે ડૂબી ગયો અને હું બયતુલ મુક़દ્દસ ફતહ ન કરી શક્યો તો શનિવારનો દિવસ શરૂ થઈ જશે જેમાં જેહાદ કરવું હરામ છે, પછી કાફિરોને ઘણી બધી મોહલત મળી જશે અને બયતુલ મુક़દ્દસ ફતહ કરવું મુશ્કેલ થઈ જશે. ખુદાયા ! તું સૂરજને રોકી દે ! જ્યારે આ બયતુલ મુક़દ્દસ ફતહ કરી લઉં ત્યારે સૂર્યાસ્ત થાય. જાણવા મળ્યું કે **હઝરાત અંબિયાએ કિરામ ચાંદ સૂરજથી પણ વાતચીત કરે છે અને તે તેમનાથી વાતચીત કરે છે અને તેમની આજ્ઞાનું પાલન કરે છે.** મૌલાના ફર્માવે છે :

[redacted]

અર્થાત : પાણી, ખાક તથા માટી દરેકની બોલી અલ્લાહવાળા જાણે છે. ફિલોસોફર જેને "ઉસ્તવાને હન્નાના" જેવા મામલાની સમજ નથી એટલા માટે તે એવી ચીજોનો મુન્કિર હોય છે. એ જ કારણે તે અવલિયાના મક़ામ તથા મર્તબાથી વાકેફ નથી.

એ જેહાદ જુમ્આના દિવસે થયો હતો. એ દીનમાં શનિવારના દિવસે જેહાદ પણ મના હતો. *(મિર્ક़ાત)*

★ હઝરત યૂશઅ [redacted] ★

૬. અલ્લાહના હુકમથી સૂરજ થોભી ગયો અને જ્યારે બયતુલ મુક़દ્દસ ફતહ થઈ ગયું ત્યારે ડૂબ્યો. આ હઝરત યૂશઅ [redacted]નો મો'જિઝો થયો. યાદ રાખશો કે યૂશઅ [redacted]
નથી આવ્યો. આપણા હુઝૂર [redacted]
મેઅરાજ બાદ જ્યારે મક્કાના કાફિરોએ હુઝૂર [redacted]
ફર્માવ્યું, હા ! બોલ્યા, એ મક્કા ક્યારે પહોંચશે ? ફર્માવ્યું, બુધની સવારે. કાફલાને આવવામાં કાંઈક મોડુ થઈ ગયું તો બુધના દિવસે સૂરજને રોકી દેવામાં આવ્યો, ત્યાં સુધી કે જ્યારે કાફલો મક્કા મોઅઝ્ઝમા પહોંચ્યો ત્યારે સૂરજ

તુલૂઅ થયો. અને ગઝવએ ખૈબરના મોક़ા પર સહબા સ્થળે અસર બાદ હુઝૂર
માથુ રાખીને આરામ કર્યો હતો. જનાબ અલી
ની દુઆથી સૂરજ પરત આવ્યો, હઝરત અલી
હદીષોને મૌઝૂઅ કહી પણ તહાવીએ મુશ્કિલુલ હદીષમાં, ક़ાઝી અ્યાઝે શિફા શરીફમાં તેમને સહીહ કહી. ઈબ્ને મુન્ઝિર ઈબ્ને શાહીને તેની તસ્હીહ કરી (સહીહ કહી), તિબ્રાનીએ મોઅજમમાં હસન સનદ સાથે હઝરત જાબિર
થી સૂરજ રોકી દેવામાં આવનારી હદીષ નક़લ કરી છે. **સારાંશ સૂર્યનું રોકાવું હઝરત યૂશઅ**
થયું, અને રોકાવું તથા પરત આવવું આપણા હુઝૂર એ જે હદીષમાં છે કે યૂશઅ
સિવાય કોઈના માટે સૂરજ ન રોકાયો, એનાથી મુરાદ હુઝૂર *(મિર્ક़ાત, અશિઅહ)*
ફ઼ક़ીરે મક़ામે સહબાની ઝિયારત કરી છે જ્યાં સૂરજ પલટાવાયો હતો. આ જગા ખૈબરથી લગભગ એક માઈલ દૂર મદીના મુનવ્વરાની તરફ઼ છે. આમ લોકો ઝિયારત કરે છે. આ'લા હઝરતે શું સરસ કહ્યું છે : (શેઅર)

ઈશારે સે ચાંદ ચીર દિયા, છુપે હુએ ખુર કો ફ઼ેર લિયા—ગયે હુએ દિન કો અસ્ર કિયા, યહ તાબો તવાં તુમ્હારે લીયે

★ ગનીમતના મરદૂદ થવાનો બનાવ અને એક શખ્સના હાથનું ચોંટી જવું ★

૭. એ જમાનામાં ગનીમતનો માલ ભેગો કરીને કોઈ પહાડી કે મેદાનમાં રાખી દેવામાં આવતો હતો. ગયબી આગ આવીને તેને સળગાવી જતી હતી. એટલા માટે એવું કહેવામાં આવ્યું.

૮. એટલા માટે આગ આવી તો હતી પણ તેને સળગાવ્યું નથી. અહીં ખાવાથી મુરાદ સળગાવવું છે. પાછલા દીનોમાં આ માલે ગનીમત અને કુર્બાનીઓના ગોશ્ત ગેબી આગ સળગાવ્યા કરતી હતી.

૯. આ પણ યૂશઅ નો મો'જિઝો છે કે જેમાં ખયાનત હતી, એના સરદારનો હાથ યૂશઅ
હાથ સાથે ચોંટી ગયો જેનાથી ખયાનત પકડાઈ ગઈ.

૧૦. એટલે કે આ ગનીમતના માલમાં સોનાની ગાયનુ માથુ જે સામાન્ય ગાયોના માથા બરાબર હતું તેની ખયાનત કરવામાં આવી જે હવે હાજર કરવામાં આવી.

૧૧. એ જમાનામાં ગયબી આગનુ સળગાવી જવું ક़બૂલિયતની નિશાની હતી અને ન સળગાવવું મરદૂદિયત (**Rejected**)ની નિશાની હતી. ખયાનતવાળી ગનીમત મરદૂદ માનવામાં આવતી હતી.

★ પહેલી કોઈ ઉમ્મતને માટે ગનીમત હલાલ ન હતી ★

૧૨. એટલે કે મારી ઉમ્મત સામાન્યપણે કમજોર તથા ગરીબ થઈ ગઈ જેથી એના માટે માલે ગનીમત હલાલ કરી દેવામાં આવ્યો કે એ માલના થકી જેહાદમાં શક્તિ હાંસલ કરે. આ રબ તઆલાની ખાસ મહેરબાની છે. એ જ પ્રમાણે કુર્બાનીનો ગોશ્ત પણ આ ઉમ્મતના માટે હલાલ કરી દેવામાં આવ્યો કે કુર્બાની ઈબાદત પણ છે અને મુસલમાનોનો ખોરાક પણ છે. આ ખાસ કરમ છે !

હઝરત ઈબ્ને અબ્બાસ
ફ઼રમાવે છે કે હઝરત ઉમર
જ્યારે ખૈબરનો દિવસ થયો તો નબી
સહાબાની એક જમાઅત આવી. તે બોલ્યા, ફલાણો

★ હદીષ : (૫૦)-૪૦૩૪ ★

અને ફલાણો શહીદ છે, ત્યાં સુધી કે એક શખ્સ પાસે થઈને પસાર થયા તો બોલ્યા, ફલાણો શહીદ છે[૧] ત્યારે રસૂલુલ્લાહ [redacted]
આગમાં જોયો છે ![૨] એક ચાદર અથવા એક જબ્બાના કારણે[૩] પછી રસૂલુલ્લાહ [redacted]
ઈબ્ને ખત્તાબ ! જાવ ! લોકોમાં ત્રણવાર એલાન કરી દો કે જન્નતમાં ન જશે પણ મો'મિન. જેથી હું નીકળ્યો અને મેં એલાન કર્યું કે જન્નતમાં ન જશે પણ મો'મિન લોકો. ત્રણવાર[૪]. (મુસ્લિમ)

[redacted]

૧. જાણવા મળે છે કે ખૈબરમાં અમુક હઝરાત શહીદ થયા હતા. અમે ખૈબરમાં ૧૭ ખૈબરના શહીદોના મઝારોની ઝિયારત કરી જે તબૂકની સડક પર આવેલ છે. જેમાંથી હઝરત સલમા ઈબ્ને અકૂઅ અને બરાઅ ઈબ્ને બુશ્રના નામ માલૂમ થઈ શક્યાં, બાકીનાં નામો અમારા ગાઈડને પણ માલૂમ ન હતાં. અલ્લાહ બેહતર જાણનાર છે. એ બુઝુર્ગોનો મતલબ એ હતો કે આ લોકો શહીદ છે અને તરત જન્નતમાં પહોંચી ગયા, કેમ કે શહીદની રૂહ મરતાં જ જન્નતમાં પહોંચી જાય છે એટલા માટે એને શહીદ કહે છે, એટલે જન્નતમાં હાજર થઈ જનાર.

૨. એટલે કે એ શખ્સ શહીદ તો છે પણ જન્નતમાં ન પહોંચ્યો, દોઝખની આગની સજા પામી રહ્યો છે, કેમ કે ખયાનત એ શહાદત માટે નુકસાનકર્તા નથી પણ સવાબ માટે નુકસાનકર્તા છે.

૩. એટલે કે કેમ કે તેણે ગનીમતના માલથી એક ચાદર વહેંચણી પહેલાં લઈ લઈ લીધી હતી જેથી તે આગનો અઝાબ પામી રહ્યો છે, હું તેને આગમાં જોઈ રહ્યો છું. જાણવા મળ્યું કે, **હુઝૂર આ દુનિયામાં રહીને આલમે ગયબની પણ દરેક ચીજ જોઈ રહ્યા છે અને દરેક શખ્સના દરેક ઉઘાડા છુપા અમલો પણ જોઈ રહ્યા છે.** કેમ કે ફર્માવ્યું, તે આગમાં છે કેમ કે તેણે ખયાનત કરી હતી. **આગમાં હોવું આલમે ગયબની ખબર છે અને ખયાનત એ અહીંનો છુપો અમલ છે.** અહીં આગથી મુરાદ દોઝખની આગ છે.

૪. અહીં જન્નતમાં દાખલ થવાથી મુરાદ છે સજા ભોગવ્યા વિના શરૂથી પ્રવેશ, અને મો'મિનથી મુરાદ મો'મિને કામિલ છે, એટલે મુત્તકી મુસલમાન. એટલે કે જન્નતમાં શરૂથી પ્રવેશ કામિલ મો'મિનને નસીબ થશે. જે ઈમાન તથા અમલનો સંગમ છે. ખયાનત કરનાર મો'મિન ભલે શહીદ પણ થઈ જાય પણ શરૂથી જન્નતમાં ન જઈ શક્શે. એનાથી **જાણવા મળ્યું કે એ જે હદીષ શરીફમાં છે કે શહીદના સર્વ ગુનાહ માફ થઈ જાય છે, ત્યાં અલ્લાહના હક્કોના ગુનાહ મુરાદ છે, માનવ હક્કોની માફી મુરાદ નથી.** જેથી હદીષોમાં ટકરાવ નથી.

બાબુલ જિઝિયા باب الجزية

(જિઝિયા વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. جزيه બન્યું છે جزاءٌથી, અર્થ : બદલો, જિઝિયો, બદલાનો માલ. શરીઅતમાં જિઝિયો એ ટેક્ષ છે જે ઈસ્લામી સુલ્તાન કાફિર પ્રજાથી વસૂલ કરે છે, તેમની જાન માલની રક્ષાના બદલામાં આ જિઝિયો ખૂબ જ મામૂલી રકમ છે. મુસલમાનો પાસેથી ઝકાત વસૂલ કરવામાં આવે છે જે ઘણે અંશે વધારે હોય છે. એ જ પ્રમાણે મુસલમાનો પર ફિત્રા, કુર્બાની સર્વ કાંઈ વાજિબ છે જે કાફિરો પર નથી. આજે જિઝિયા પર વાંધો ઉઠાવવાને બદલે વર્તમાન સમયમાં રિવાજ પામેલા ટેક્ષોની ભરમારને જુઓ ! (IT, GST, CST, ઘરવેરો, નળ વેરો, જમીન મહેસૂલ અને ટોલ ટેક્ષ અને શું શું નામે વેરા લેવામાં આવે છે. ચો તરફથી ટેક્ષોની માર પડી રહી છે !) જિઝિયો બે પ્રકારનો છે : એક તે જેના પર ઝિમ્મી કાફિરથી સુલહ થઈ જાય. તે જિઝિયો મસ્લેહત પૂરતો જ રહેશે. જેમ કે હુઝૂર ﷺએ નજરાનના ઈસાઈઓથી બેહજાર જોડો વાર્ષિક પર સુલહ કરી હતી. એક હજાર જોડો સફર મહીનામાં અને એક હજાર રજબ મહીનામાં . હઝરત ઉમરે બની તગલબના ઈસાઈઓથી એ સુલહ કરી હતી કે મુસલમાનોથી વસૂલ રકમ કરતાં બમણી અદા કરે. બીજો તે જિઝિયો તે જિઝિયો જે સુલ્તાને ઈસ્લામ ખુદ નિશ્ચિત કરી આપે. તેના માટે શરઈ કાનૂન એ છે કે માલદાર જિમ્મીઓ પર વાર્ષિક ૩૮ દિરહમ એટલે મંથલી ચાર દિરહમ (સવા રૂપિયો), અને મધ્યમ કક્ષાની હૈસિયત ધરાવનારા કાફિરો પર ૨૪ દિરહમ એટલે મંથલી બે દિરહમ (આઠ આના.) ગરીબ કાફિરો પર બાર દિરહમ એટલે માસિક એક દિરહમ (ચાર આના.) એ જ અહનાફનો મઝહબ છે. ઈમામ શાફઈને ત્યાં દરેક બાલિગ કાફિર પર બાર દિરહમ વાર્ષિક છે. ઈમામ માલિકને ત્યાં માલદાર કાફિર પાસેથી ચાર દીનાર એટલે ૪૮ દિરહમ વાર્ષિક અને ગરીબ પાસેથી દસ દિરહમ વાર્ષિક. ઈમામ અહમદને ત્યાં જિઝિયો નિશ્ચિત નથી. ઈમામ તથા ઝિમ્મી પ્રજા જેના પર સુલહ કરી લે તે જ નિશ્ચિત થશે. (મિર્કાત) લો ! આ છે તે જિઝિયો જેના પર વર્તમાન ઈસાઈઓ તથા અન્ય ગૈર મુસ્લિમો શોર મચાવી રહ્યા છે કે ઈસ્લામે ઝિમ્મી કાફિરો પર જિઝિયો નિશ્ચિત કરીને જુલ્મ કર્યો.

★ મજૂસીથી જિઝિયો તથા શાદી વિશે હુકમ ★

★ હદીષ : (૧)-૪૦૩૫ ★

عَن بَجالَةَ قَالَ: كُنْتُ كَاتِبًا لِجَزْءِ بْنِ مُعَاوِيَةَ عَمِّ الْأَحْنَفِ فَأَتَانَا كِتَابُ عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ عَنْهُ قَبْلَ مَوْتِهِ بِسَنَةٍ: فَرِّقُوا بَيْنَ كُلِّ ذِي مَحْرَمٍ مِنَ الْمَجُوسِ وَلَمْ يَكُنْ عُمَرُ أَخَذَ الْجِزْيَةَ مِنَ الْمَجُوسِ حَتَّى شَهِدَ عَبْدُ الرَّحْمَنِ بْنُ عَوْفٍ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ أَخَذَهَا مِنْ مَجُوسِ هجَرَ. رَوَاهُ الْبُخَارِيّ وذُكرَ حديثُ بُريدةَ: إِذَا أَمَّرَ أَمِيرًا عَلَى جَيْشٍ فِي «بَابِ الْكتاب إِلَى الْكفَّار»

હઝરત મજાલાથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હું અહનફના કાકા જઝ્અ ઈબ્ને મુઆવિયહ કાતિબ હતો[૨] અમારી પાસે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબનું લેખિત ફર્માન આવ્યું તેમની વફાતના એક વરસ પહેલાં કે મજૂસી (અગ્નિપૂજક)ના દરેક રહમી સગાઓની વચ્ચે જુદાઈ કરી દો[૩]. અને હઝરત ઉમરે મજૂસીથી જિઝિયો લીધો ન હતો, ત્યાં સુધી કે અબ્દુર્રહમાન ઈબ્ને ઔફે ગવાહી આપી કે રસૂલુલ્લાહ ﷺએ હજરના મજૂસથી જિઝિયો વસૂલ કર્યો હતો[૪]. (બુખારી) અને બુરૈદાની હદીષ اذا امر امير الخ *કિતાબુલ કફ્ફારના પ્રકરણમાં વર્ણવી આપી છે.*

૧. મજાલાના મીમના ઝબર જીમના ઝબરથી, તાબઈ છે. આપનું નામ મજાલા ઈબ્ને અબ્દ તમીમી મક્કી છે. ષિક़હ છે. હઝરત ઈમરાન ઈબ્ને હસીન સહાબીથી મુલાકાત છે.

૨. જઝઅ મુઆવિયહ જીમના ઝબર, ઝેના જઝમથી. એ તાબઈ છે. હઝરત ઉમર رضی اللہ عنہ ની તરફથી અહવાઝ સ્થળના હાકિમ હતા અને અહનફ ઈબ્ને ક़ૈસ તાબઈ છે. તેમણે હુઝૂર ﷺનો જમાનો પામ્યો પણ મુલાકાત નથી કરી. મહાન આલિમ મુત્તક़ી. હઝરત અમ્ર, ઉષ્માન, અલી તથા અબ્બાસથી મુલાકાત કરી. હિ.સ. ૬૨માં કૂફામાં વફાત પામ્યા. જંગે સિફ્ફીનમાં હઝરત અલી رضی اللہ عنہ સાથે હતા. આપે હઝરત અલી رضی اللہ عنہ ની ઘણી મદદ કરી. رِضْوَانُ اللّٰهِ تَعَالٰى عَلَيْهِمْ أَجْمَعِيْنَ હઝરત અલી رضی اللہ عنہ ની વફાત બાદ અમીર મુઆવિયહ رضی اللہ عنہ એ તેમનો ઘણો એહતેરામ કર્યો. *(મિર્ક़ાત, અશિઅહ)*

૩. મજૂસી પોતાની બહેન, પુત્રી વગેરે નિકાહ કરી લેતા હતા. હઝરત ઉમર رضی اللہ عنہ એ હુકમ આપ્યો કે એમને એવું કરવા ન દો. અને મજૂસી (પારસી)ના નિકાહમાં તેની બહેન પુત્રી વગેરે હોય તેમને અલગ કરી દેવામાં આવે કે એ ભલે એમના દીનમાં જાઈઝ છે. અને ઝિમ્મી કાફિરને મઝહબી આઝાદી આપી છે પણ આ હરકત ઈન્સાનિયતની વિરુદ્ધ છે એટલા માટે તેમને તેની ઈજાઝત આપવામાં નહીં આવે.

૪. હજર યમનનું એક શહેર પણ છે અને મદીના મુનવ્વરાની નજીક એક વસ્તી છે અને બહરૈનનું એક ગામ પણ છે જ્યાંના ઘડા, માટલાં મશહૂર છે, એ મદીના પાકની પાસે વાળુ હજર છે અને અહીં બહરૈનવાળુ હજર મુરાદ છે. હઝરત ઉમર رضی اللہ عنہ નો ખયાલ હતો કે અરબના અહલે કિતાબથી જિઝિયો લઈ શકાય છે અને મજૂસ અહલે કિતાબ નથી, જેથી તેમનાથી જિઝિયો લેવામાં ન આવે. પણ જ્યારે આપને આ હદીષ પહોંચી ત્યારે આપે તેમનાથી જિઝિયો ક़બૂલ ફર્માવ્યો. હઝરત અલી رضی اللہ عنہ ફર્માવે છે કે મજૂસી પણ અહલે કિતાબ છે, તેમની કિતાબ તેમનાથી ઉઠાવી લેવામાં આવી. *(મિર્ક़ાત)*

૫. એટલે કે લમ્આતમાં એ હદીષ આ જગાએ હતી, અમે મુનાસિબતના લેહાઝથી આ પ્રકરણમાં નકલ કરી આપી અને અહીં વર્ણન કરી.

(વિભાગ : ૨) الفصل الثانی

★ જિઝિયાની માત્રા વિશે ★

હઝરત મઆઝ رضی اللہ عنہ થી રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ જ્યારે એમને યમનની તરફ મોકલ્યા તો હુકમ આપ્યો કે દરેક બાલિગ એટલે એહતેલામ (સ્વપ્નદોષ)વાળાથી એક દીનાર અથવા તેના બરાબર મઆફિરી[૧]. એટલે મઆફિરી તે કપડુ છે જે યમનમાં થાય છે[૨].

★ હદીષ : (૨)-૪૦૩૬ ★

عَنْ مُعَاذٍ: أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ لَمَّا وَجَّهَهُ إِلَى الْيَمَنِ أَمَرَهُ أَنْ يَأْخُذَ مِنْ كُلِّ حَالِمٍ يَعْنِي مُحْتَلِمٍ دِينَارًا أَوْ عَدْلَهُ مِنَ الْمَعَافِرِيِّ: ثِيَابٌ تَكُونُ بِالْيَمن. رَوَاهُ أَبُو دَاوُد

૧. આ હદીષથી જાણવા મળ્યું કે જિઝિયો કેવળ ઝિમ્મી પુરૂષ આકિલ બાલિગથી લેવામાં આવશે. સ્ત્રી, બાળક, પાગલ પર જિઝિયો નથી. એના પર સર્વ ઉલમાની એકમતી છે. એ જ પ્રમાણે અંધ, હાથ પગ વિનાના, લક્વાગ્રસ્ત, ઘણા જ વૃદ્ધ ઝિમ્મી પર જિઝિયો નથી. તેમજ જે ગરીબ કમાણી કરવાને પાત્ર ન હોય તેના પર જિઝિયો નથી. એમાં ઈમામ શાફઈનો મતભેદ છે. હઝરત ઉમર رضی اللہ عنہ એ જ્યારે ઉષ્માન ઈબ્ને હુનૈફને હાકિમ બનાવીને મોકલ્યા તો

તેમને હુકમ આપ્યો કે ઝિમ્મી ફકીર (ગરીબ)થી જિઝિયો ન લે. તેમજ હઝરત ઉમર رضی اللہ عنہ એ એક વૃદ્ધ ઝિમ્મીને ભીખ માગતાં જોયો તો પૂછયું કે તું શા માટે ભીખ માગી રહ્યો છે ? તે બોલ્યો, મારા પર જિઝિયો લાઝિમ છે તેને અદા કરવા માટે માગુ છું. ત્યારે આપે આપના હાકિમોને લખ્યું કે વૃદ્ધ ઝિમ્મીઓથી જિઝિયો લેવામાં ન આવે. એ જ પ્રમાણે ઝિમ્મી ગુલામ મકાતિબ મુદબ્બિર અમ્મે વલદ પર જિઝિયો નથી. તેમના પાદરીઓ પર પણ જિઝિયો નથી. (મિર્કાત) આ હદીષ જાહેરી રીતે ઈમામ શાફઈ رضی اللہ عنہ ની દલીલ છે કે દરેક ઝિમ્મી પર જિઝિયો વાજિબ છે માલદાર હોય કે ગરીબ. પણ આપણે ત્યાં આ હદીષ આમ મખ્સૂસુલ વઅઝથી છે જેનાથી ઝિમ્મી ફકીરો (ગરીબો) અલગ છે. અથવા એ ક઼ૌમ સાથે એના પર જ સુલહ થઈ હશે કે દરેક બાલિગ પર જિઝિયો હોય, અથવા સંજોગોવસાત તે ક઼ૌમમાં સર્વ અમીર હશે, કોઈ ફક઼ીર ન હશે, જેવી રીતે કે આજે ખોજા જોહરી કે એમનામાં કોઈ ગરીબ નથી.

૨. મઆફિર યમનમાં એક વસ્તી છે. કેમ કે તેને મઆફિર ઈબ્ને યઅફરે વસાવી હતી, જેથી મઆફિર કહેવાય છે. ત્યાનું કપડુ ખૂબ જ મશહૂર છે જેવી રીતે આપણે ત્યાં ઢાકાની મલમલ મશહૂર છે.

★ એક જમીનમાં બે ક઼िબ્લા યોગ્ય નથી ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે એક જમીનમાં બે ક઼िબ્લા યોગ્ય નથી[૧] અને મુસલમાન પર જિઝિયો નથી[૨]. (અહમદ, તિર્મિઝી, અબૂ દાઉદ)

★ હદીષ : (3)-૪૦૩૭ ★

عَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَصْلُحُ قِبْلَتَانِ فِي أَرْضٍ وَاحِدَةٍ وَلَيْسَ عَلَى الْمُسْلِمِ جِزْيَةٌ» . رَوَاهُ أَحْمد وَالتِّرْمِذِيّ وَأَبُو دَاوُد

૧. આ ફર્માને આલીના બે મતલબ છે. એક એ કે ارض واحدہ થી મુરાદ અરબની જમીન છે, અને બે કિબ્લાઓથી મુરાદ બે કિબ્લાવાળા લોકો છે. એટલે કે મુસલમાન અને યહૂદ તથા ઈસાઈ. એટલે કે અરબની જમીન અથવા હિજાઝની જમીનમાં યહૂદી તથા ઈસાઈને વસવા ન દો. આ દેશ કેવળ મુસલમાનો માટે છે. એની તફસીર તે હદીષ છે કે અરબ દ્વિપથી યહૂદી તથા ઈસાઈને કાઢી મૂકો. આ સ્થિતિમાં હદીષ બિલ્કુલ જાહેર છે. બીજુ એ કે એક જમીનથી મુરાદ સામાન્ય જમીન છે, બે ક઼िબ્લાઓના સમૂહથી મુરાદ મુસલમાનો અને યહૂદી તથા નસારા (ઈસાઈ)નું સમાનતાની શાનથી એક દેશમાં રહેવું છે. એટલે કે ન તો મુસલમાન કાફિરના મુલ્કમાં દબાયને રહે, જો તેની દીની આઝાદી ન હોય તો હિજરત કરી જાય, અને ન યહૂદી તથા ઈસાઈ મુસલમાનોના દેશમાં બરાબરીની સાથે રહે. બલ્કે જો રહે તો ઝિમ્મી થઈને રહે અને તે આપણા મુલ્કમાં પોતાના દીનનો ફેલાવો ન કરી શકે ન કોઈ મુસલમાનને પોતાના મઝહબમાં લઈ શકે, બલ્કે કેવળ ખુદ આઝાદ છે અને બસ.

૨. આ ફર્માન શરીફના પણ બે મતલબ છે : એક એ કે જો કોઈ ઝિમ્મી જિઝિયાની અદાયગી પહેલાં મુસલમાન થઈ જાય તો તેનાથી જિઝિયો વસૂલવામાં ન આવે ન ભાવિમાં લેવામાં આવશે. કેમ કે હવે એ મુસલમાન છે અને મુસલમાન પર જિઝિયો નથી. બીજુ એ કે કોઈ મુસલમાન કાફિરના મુલ્કમાં જિઝિયો આપીને ઝલીલ થઈને ન રહે. મુસલમાન પર જિઝિયો કેવો ? ઈજ્જત અલ્લાહ, રસૂલ તથા મુસલમાનોની છે. યાદ રાખશો કે જો કાફિર ગુલામ મુસલમાન થઈ જાય તો આઝાદ ન થશે, ગુલામ જ રહેશે. એ જ પ્રમાણે જે કાફિરની જમીન પર ખિરાજ (મહેસૂસ) લાગી ગયું જો તે મુસલમાને ખરીદી લીધી તો તેના પર ખિરાજ જ રહેશે, પણ જિઝિયાનો હુકમ અલગ છે તેની પૂરી ચર્ચા આ જગાએ મિર્કાત તથા ફિક઼હની કિતાબોમાં જુઓ.

★ હદીષ : (૪)-૪૦૩૮ ★

وَعَن أنس قَالَ: بَعَثَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ خَالِدَ بْنَ الْوَلِيدِ إِلَى أُكَيْدِرِ دُومَةَ فَأَخَذُوهُ فَأَتَوْا بِهِ فَحَقَنَ لَهُ دَمَهُ وَصَالَحَهُ على الْجِزْيَة. رَوَاهُ أَبُو دَاوُد

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ખાલિદ ઈબ્ને વલીદ رضی اللہ عنہ ને દૂમહવાળા ઉકૈદિરની તરફ મોકલ્યા[૧] તો મુસલમાનોએ તેને ગિરફતાર કરી લીધો. તેને લઈ આવ્યા. તો હુઝૂર ﷺ એ તેનું લોહી મહેફૂઝ કરી આપ્યું અને તેની સાથે જિઝિયા પર સુલહ કરી લીધી[૨]. (અબૂ દાઉદ)

૧. دومه દૂમહ એ શામની એક વસ્તી છે જે તબૂકની નજીક છે અને ઉકૈદિર ત્યાંના બાદશાહનું નામ હતું જે ઈસાઈ હતો. હુઝૂર ﷺ એ ખાલિદ ઈબ્ને વલીદ رضی اللہ عنہ ની આગેવાનીમાં એક નાનુ સરખુ લશ્કર મોકલ્યું અને હઝરત ખાલિદને ફર્માવી આપ્યું કે તમે ઉકૈદિરને શિકાર કરતો જોશો જે ગૌરખરનો શિકાર કરતો હશે. જેમ કે તે અને તેનો ભાઈ હસ્સાન ચાંદની રાતમાં શિકાર કરતાં પકડાઈ ગયા. હસ્સાનને ક़ત્લ કરી દેવામાં આવ્યો અને ઉકૈદિરને મદીના હાજર કરવામાં આવ્યો. હુઝૂર ﷺ એ ઉકૈદિરને ક़ત્લ કરવાથી મના કરી આપ્યું. (મિર્ક़ાત)

૨. પછી બાદમાં ઉકૈદિર ખૂબ જ મુખ્લિસ મુસલમાન બની ગયા. *(અશિઅહ, મિર્ક़ાત)*

★ મુસલમાન પર જિઝિયો નથી ★

★ હદીષ : (૫)-૪૦૩૯ ★

وَعَنْ حَرْبِ بْنِ عُبَيْدِ اللَّهِ عَنْ جَدِّهِ أَبِي أُمِّه عَنْ أَبِيهِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ:«إِنَّمَا الْعُشُورُ عَلَى الْيَهُودِ وَالنَّصَارَى وَلَيْسَ عَلَى الْمُسْلِمِينَ عُشُورٌ».رَوَاهُ أَحْمَدُ وَأَبُو دَاوُدَ

હર્બ ઈબ્ને ઓબૈદુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે. તે નાનાથી રાવી, તે પોતાના પિતાથી[૧] કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે ઉશર કેવળ યહૂદીઓ તથા ઈસાઈઓ પર છે અને મુસલમાનો પર ઉશર નથી[૨]. (અહમદ, અબૂ દાઉદ)

૧. હર્બ ઈબ્ને ઓબૈદુલ્લાહ ષક़ફી છે. તાબઈ છે. તેમના નાના અને નાનાના પિતાના નામમાં ઘણો જ મતભેદ છે.

૨. અહીં ઉશરથી પેદાવારનું ઉશર (દસમો ભાગ) નથી કે તે તો મુસલમાન પર વાજિબ છે, બલ્કે એનાથી મુરાદ વેપારના માલનો ટેકસ (ચૂંગી)નું મહેસૂલ છે. જો કાફિરો આપણા મુસલમાન વેપારીઓથી ચૂંગી મહેસૂલ દસમો હિસ્સો લેતા હશે, તો આપણે પણ એમના વેપારીઓથી એટલુ જ લઈશું. જો તે આપણાથી કાંઈ લેતા નહીં હોય તો આપણે પણ એમનાથી કાંઈ લઈશું નહીં. એ જ અહનાફનો મઝહબ છે. *(અશિઅહ, મિર્ક़ાત)*

★ હદીષ : (૬)-૪૦૪૦ ★

وَعَنْ عُقْبَةَ بْنِ عَامِرٍ قَالَ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ إِنَّا نَمرُّ بِقَوْمٍ فَلَا هُمْ يُضَيِّفُونَا وَلَا هُمْ يُؤَدُّونَ مَا لنا عَلَيْهِم منَ الحقِّ وَلَا نَحْنُ نَأْخُذُ مِنْهُمْ. فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنْ أَبَوْا إِلَّا أنْ تأخُذوا كُرهاً فَخُذُوا» . رَوَاهُ التِّرْمِذِيّ

હઝરત ઉક़્બા ઈબ્ને આમિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે કોઈ ક़ૌમ પર ગુજરીએ છીએ તો તેઓ ન તો અમારી મહેમાની કરે છે અને અમને ન તે હક્ક આપે છે જે અમારો એમના પર છે. તો રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જો તેઓ કોઈ રીતે ન માને એ સિવાય કે તમે તેમનાથી જબરદસ્તી વસૂલ કરો, તો લઈ લો[૧]. (તિર્મિઝી)

૧. આ સવાલ તથા જવાબમાં એ ઝિમ્મી કાફિરોની તરફ નિર્દેશ છે જેમની સાથે સુલહમાં એ શર્ત લગાડવામાં આવતી હતી કે જો તમારી વસ્તીઓ પર અમારી ગાઝી ફોજ ગુજરે તો તમે તેમને રાશન કે દા'વત આપજો, એ શર્ત પર કે તેમના પર ઈસ્લામી ફોજની આ દા'વત લાઝિમ હતી. જો તેઓ આ શર્ત પૂરી ન કરે તો ઝિમ્મીથી જબરદસ્તી દા'વત લેવી કદાપિ જાઈઝ નથી, પણ ઈઝતેરારે શરઈની સ્થિતિમાં કે જ્યારે ભૂખથી જાન પર આવી બને અને જબરદસ્તી કરવા સિવાય કોઈ સ્થિતિ ન હોય તો જાઈઝ છે. *(મિર્કાત)*

(વિભાગ : 3) الفصل الثالث

★ હઝરત ઉમર رضی اللہ عنہ એ શું જિઝિયો નિશ્ચિત કર્યો ? ★

અસ્લમથી[૧] રિવાયત છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબે સોનાવાળાઓ પર જિઝિયો ચાર અશરફીઓ નિશ્ચિત કરી[૨] અને ચાંદીવાળાઓ પર ચાલીસ દિરહમ તેની સાથે મુસલમાનોનુ ભોજન, એટલે ત્રણ દિવસની મહેમાની[૩]. (માલિક)

★ હદીષ : (૭)-૪૦૪૧ ★

عَنْ أَسْلَمَ أَنَّ عُمَرَ بْنَ الْخَطَّابِ رَضِيَ اللَّهُ عَنْهُ ضَرَبَ الْجِزْيَةَ عَلَى أَهْلِ الذَّهَبِ أربعةَ دنانيرَ وعَلى أهلِ الوَرِقِ أَرْبَعِينَ دِرْهَمًا مَعَ ذَلِكَ أَرْزَاقُ الْمُسْلِمِينَ وَضِيَافَةُ ثلاثةِ أيامٍ. رَوَاهُ مَالك

૧. આપનું નામ અસ્લમ છે. કુન્નિયત અબૂ ખાલિદ છે. હઝરત ઉમર رضی اللہ عنہ ના ગુલામ છે. હબ્શી હતા. હઝરત ઉમર رضی اللہ عنہ એ આપને હિ.સ. ૧૧માં ખરીદયા. ઘણા મુત્તકી તાબઈ છે. મરવાનની હુકૂમતમાં વફાત પામ્યા. ૧૧૪ વરસની ઉમર થઈ.

૨. સોનાવાળાઓથી મુરાદ કર્યા તો સોનાના વેપારી છે અથવા તે લોકો જેમને સોનુ આપવું આસાન હોય. તેમના પર વાર્ષિક ચાર અશરફીઓ અને છ માસિક બે અશરફીઓ લાઝિમ છે.

૩. ત્રણ દિવસની મહેમાની તફસીર છે મુસલમાનોના ખાવા માટેની. એટલે તેમના પર મજકૂર જિઝિયો પણ નિશ્ચિત થયો અને એ પણ કે જ્યારે ઈસ્લામી લશ્કર અથવા અન્ય કોઈ મુસલમાન તેમની વસ્તીથી પસાર થાય તો તેમને ત્રણ દિવસ દા'વત આપે. આ હદીષ એ અગાઉ ગુજરેલી હદીષની શરહ છે કે જો તમને મહેમાની ન આપે તો જબરનૂ લઈ લો.

ઉપસંહાર : જિઝિયાના સંબંધે અમુક બાબતો ધ્યાનમાં રાખશો. એક એ કે અજમી કાફિરો પર જિઝિયો છે, ભલે મુશ્રિકો હોય કે અહલે કિતાબ અથવા મજૂસી. બીજુ એ કે અરબના મુશ્રિકોથી જિઝિયો લેવામાં નહીં આવે, ત્યાંના અહલે કિતાબથી જિઝિયો હશે પણ અરબના મુશ્રિકો માટે ક્યાં તો ઈસ્લામ અથવા કત્લ. પણ શાફઈઓને ત્યાં કેવળ અહલે કિતાબ તથા મજૂસીઓથી જિઝિયો લેવામાં આવશે. મુશ્રિકોથી મુત્લકન લેવામાં નહીં આવે. ત્રીજુ એ કે મુર્તદ પુરૂષથી જિઝિયો લેવામાં નહીં આવે, તેના માટે ક્યાં તો કત્લ છે અથવા ઈસ્લામ. રબ ફર્માવે છે : تُقَاتِلُوْنَهُمْ اَوْ يُسْلِمُوْنَ (કે તેમનાથી લડો અથવા તે મુસલમાન થઈ જાય. સૂરએ ફતહ, ૪૮/૧૬) ચોથુ એ કે મુર્તદોના બીવી બચ્ચાં જેઓ મુર્તદ થઈ જાય તેમને કત્લ કરવામાં નહીં આવે, ગુલામ બનાવી લેવામાં આવશે. જેમ કે હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ એ મુસૈલમા કઝ્ઝાબને નબી માનનાર બની હુનૈફા પર જેહાદ કર્યો, તેમની સ્ત્રીઓ બાળકોને ગુલામ લોંડી બનાવ્યાં. જેમ કે ખૌલા બિન્તે જઅફર હુનૈફા હઝરત અલી رضی اللہ عنہ ને આપવામાં આવ્યાં જેમનાથી મુહમ્મદ ઈબ્ને હુનૈફા પેદા થયા. *(મિર્કાત)*

બાબુસ્સુલહ باب الصلح

(સુલહ વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. સુલહ તથા સલાહ, અર્થ દુરુસ્તી તથા મસાલેહત (સમાધાન) છે. એનું વિરુદ્ધાર્થી ફસાદ (ઝઘડો, હંગામો) છે. હર્બી કાફિર સાથે સુલહ જાઈઝ છે એ શર્તે કે મુસલમાનોની મસ્લેહત હોય. જેમ કે હુઝૂરે અન્વર ﷺએ હિ.સ. ૬માં મક્કાના કાફિરોથી હેદૈબિયા સ્થળે સુલેહ કરી લીધી જેમાંની સર્વ શરતોમાં એક શર્ત એ પણ હતી કે દસ વરસ સુધી અમારા તમારામાં જંગ ન થાય, પણ મક્કાના કાફિરોએ એ સુલેહનામાની એક શર્ત તોડી નાખી કે તેમણે પોતાના હલીફ બની બકરની મદદ કરી હુઝૂર ﷺના હલીફ બની ખુઝાઆની વિરુદ્ધમાં, એટલા માટે હુઝૂર ﷺએ તેમના પર હુમ્લો કરીને મક્કા મોઅઝ્ઝમા ફતહ કર્યું.

★ હદીષ : (૧)-૪૦૪૨ ★

عَنِ الْمِسْوَرِ بْنِ مَخْرَمَةَ وَمَرْوَانَ بْنِ الْحَكَمِ قَالَا: خَرَجَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَامَ الْحُدَيْبِيَةِ فِي بِضْعَ عَشْرَةَ مِائَةً مِنْ أَصْحَابِهِ فَلَمَّا أَتَى ذَا الْحُلَيْفَةِ قَلَّدَ الْهَدْيَ وَأَشْعَرَ وَأَحْرَمَ مِنْهَا بِعُمْرَةٍ وَسَارَ حَتَّى إِذَا كَانَ بِالثَّنِيَّةِ الَّتِي يُهْبَطُ عَلَيْهِمْ مِنْهَا بَرَكَتْ بِهِ رَاحِلَتُهُ فَقَالَ النَّاسُ: حَلْ حَلْ خَلَأَتِ القَصْوَاءُ خلأت الْقَصْوَاءِ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا خَلَأَتِ الْقَصْوَاءُ وَمَا ذَاكَ لَهَا بِخُلُقٍ وَلَكِنْ حَبَسَهَا حَابِسُ الْفِيلِ» ثُمَّ قَالَ: «وَالَّذِي نَفْسِي بِيَدِهِ لَا يَسْأَلُونِي خُطَّةً يُعَظِّمُونَ فِيهَا حُرُمَاتِ اللَّهِ إِلَّا أَعْطَيْتُهُمْ إِيَّاهَا» ثُمَّ زَجَرَهَا فَوَثَبَتْ فَعَدَلَ عَنْهُمْ حَتَّى نَزَلَ بِأَقْصَى الْحُدَيْبِيَةِ عَلَى ثَمَدٍ قَلِيلِ الْمَاءِ يَتَبَرَّضُهُ النَّاسُ تَبَرُّضًا فَلَمْ يَلْبَثْهُ النَّاسُ حَتَّى نَزَحُوهُ وَشُكِيَ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ الْعَطَشَ فَانْتَزَعَ سَهْمًا مِنْ كِنَانَتِهِ ثُمَّ أَمَرَهُمْ أَنْ يَجْعَلُوهُ فِيهِ فو الله مَا زَالَ يَجِيشُ لَهُمْ بِالرِّيِّ حَتَّى صَدَرُوا عَنْهُ فَبَيْنَا هُمْ

મિસ્વર ઈબ્ને મખ્રમાથી તથા મરવાન ઈબ્ને CSDYL[૧] *રિવાયત છે. બંનેએ કહ્યું કે નબી કરીમ ﷺ હુદૈબિયાના વરસે અન્ય બીજા દસ સો સહાબીઓની જમાઅતમાં તશરીફ લઈ ગયા[૨] તો જ્યારે ઝુલ હલીફા પહોંચ્યા તો હદીને હાર પહેરાવ્યો અને શેઅરો કહ્યા[૩] અને ત્યાંથી ઉમરાનો એહરામ બાંધ્યો અને ચાલ્યા ત્યાં સુધી કે જ્યારે એ પહાડી પર પહોંચ્યા જ્યાંથી મક્કાવાળાઓ પર ઉતરવામાં આવે છે[૪] તો આપને લઈને આપની સવારી બેસી ગઈ, તો લોકો બોલ્યા, ઉઠ ! ઉઠ ! ક़સ્વા અડિયલ થઈ ગઈ, ક़સ્વા અડિયલ થઈ ગઈ[૫]. ત્યારે નબી ﷺએ ફર્માવ્યું કે ક़સ્વા અડિયલ નથી થઈ ગઈ, ન એ એની આદત છે, પરંતું તેને હાથીઓને રોકવાવાળાઓએ રોકી લીધી[૬] પછી ફર્માવ્યું, તેની ક़સમ જેના કબજામાં મારી જાન છે કે તે મારાથી કોઈ માગણી એવી નહીં કરે જેમાં અલ્લાહની હુર્મતોની તા'ઝીમ કરશે પણ હું તેમને આપી દઈશ[૭]. પછી તેને ધમકાવી તો તે કૂદીને ઉઠી પછી હુઝૂરે તેમનાથી વિમુખતા અપનાવી[૮] ત્યાં સુધી કે હુદૈબિયાના કિનારે ઉતર્યા થોડા પાણીવાળી જગા પર કે ત્યાંથી લોકો થોડુ થોડુ પાણી લેતા હતા[૯] તો ન છોડયો તેને લોકોએ કે તેને સૂકવી દીધો અને રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં તરસની શિકાયત કરી[૧૦] તો હુઝૂર ﷺએ પોતાના કમંડળથી એક તીર કાઢયું પછી તેમને હુકમ*

كَذَلِكَ إِذْ جَاءَ بُدَيْلُ بْنُ وَرْقَاءَ الخزاعيُّ فِي نفرٍ منْ خُزَاعَةَ ثُمَّ أَتَاهُ عُرْوَةُ بْنُ مَسْعُودٍ وَسَاقَ الْحَدِيثَ إِلَى أَنْ قَالَ: إِذْ جَاءَ سُهَيْلُ بْنُ عَمْرٍو فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " اكْتُبْ: هَذَا مَا قَاضَى عَلَيْهِ مُحَمَّدٌ رَسُولُ اللَّهِ ". فَقَالَ سُهَيْلٌ: وَاللَّهِ لَوْ كُنَّا نَعْلَمُ أَنَّكَ رَسُولُ اللَّهِ مَا صَدَدْنَاكَ عَنِ الْبَيْتِ وَلَا قَاتَلْنَاكَ وَلَكِنِ اكْتُبْ: مُحَمَّدَ بْنَ عَبْدِ اللَّهِ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " وَاللَّهِ إِنِّي لَرَسُولُ اللَّهِ وَإِنْ كَذَّبْتُمُونِي اكْتُبْ: مُحَمَّدَ بْنَ عَبْدِ اللَّهِ " فَقَالَ سُهَيْلٌ: وَعَلَى أَنْ لَا يَأْتِيَكَ مِنَّا رَجُلٌ وَإِنْ كانَ على دينكَ إِلاَّ رددْتَه علينا فَلَمَّا فَرَغَ مِنْ قَضِيَّةِ الْكِتَابِ قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لِأَصْحَابِهِ: «قُومُوا فَانْحَرُوا ثُمَّ احْلِقُوا» ثُمَّ جَاءَ نِسْوَةٌ مُؤْمِنَاتٌ فَأَنْزَلَ اللَّهُ تَعَالَى: (يَا أَيُّهَا الَّذِينَ آمَنُوا إِذا جاءكُم المؤمناتُ مهاجراتٌ)الْآيَةَ. فَنَهَاهُمُ اللَّهُ تَعَالَى أَنْ يَرُدُّوهُنَّ وَأَمَرَهُمْ أَنْ يَرُدُّوا الصَّدَاقَ ثُمَّ رَجَعَ إِلَى الْمَدِينَةِ فَجَاءَهُ أَبُو بَصِيرٍ رَجُلٌ مِنْ قُرَيْشٍ وَهُوَ مُسْلِمٌ فَأَرْسَلُوا فِي طَلَبِهِ رَجُلَيْنِ فَدَفَعَهُ إِلَى الرَّجُلَيْنِ فَخَرَجَا بِهِ حَتَّى إِذَا بَلَغَا ذَا الْحُلَيْفَةِ نَزَلُوا يَأْكُلُونَ مِنْ تَمْرٍ لَهُمْ فَقَالَ أَبُو بَصِيرٍ لِأَحَدِ الرَّجُلَيْنِ: وَاللَّهِ إِنِّي لَأَرَى سَيْفَكَ هَذَا يَا فُلَانُ جَيِّدًا أَرِنِي أَنْظُرْ إِلَيْهِ فَأَمْكَنَهُ مِنْهُ فَضَرَبَهُ حَتَّى بَرَدَ وَفَرَّ الْآخَرُ حَتَّى أَتَى الْمَدِينَةَ فَدَخَلَ الْمَسْجِدَ يَعْدُو فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَقَدْ رأى هَذَا ذُعرًا» فَقَالَ: قُتِلَ واللَّهِ صَحَابِيّ وَإِنِّي لَمَقْتُولٌ فَجَاءَ أَبُو بَصِيرٍ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ:

આપ્યો કે એને એ કૂવામાં નાખી દો[૧૧] તો અલ્લાહની ક़સમ! એ કૂવો પાણીથી જોશ મારતો રહ્યો ત્યાં સુધી કે એ લોકો ત્યાંથી પરત થઈ ગયા[૧૨] તેઓ એ સ્થિતિમાં હતા એવામાં બુદૈલ ઈબ્ને વરક़ા ખઝાઈ ખઝાઆની એક જમાઅત હુઝૂર ﷺ ની પાસે આવી[૧૩] પછી આપની પાસે ઉરવા ઈબ્ને મસ્ઊદ આવ્યો[૧૪] હદીષ પૂરી વર્ણવી, ત્યાં સુધી કે કહ્યું, જ્યારે સુહૈલ ઈબ્ને અમ્ર આવ્યો[૧૫] તો નબી ﷺ એ ફર્માવ્યું કે લખો આ તે સુલહનામુ છે જેના પર અલ્લાહના રસૂલ મુહમ્મદે ફૈસલો કર્યો[૧૬] તો સુહૈલ બોલ્યો, ખુદાની ક़સમ! જો અમે આપને અલ્લાહના રસૂલ જાણતા તો આપને બયતુલ્લાહથી રોકતા નહીં, ન આપનાથી જંગ કરતા, પરંતું આપ આવુ લખો, મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ[૧૭] રાવી કહે છે કે હુઝૂર ﷺ એ ફર્માવ્યું, વલ્લાહ! હું રસૂલુલ્લાહ છું, અને જો જૂઠલાવો જ છો તો લખી લો, મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ[૧૮] પછી સુહૈલ બોલ્યો કે એ શર્ત પર સુલહ છે કે અમારામાંથી કોઈ માણસ આપની પાસે ન આવે ભલે આપના દીન પર હોય પણ આપ એને અમારી તરફ પરત કરી દો[૧૯]. જ્યારે લખાણ વંચાણના ઝઘડાથી પરવાર્યા તો રસૂલુલ્લાહ ﷺ એ પોતાના સહાબાને કહ્યું, કુર્બાનીઓ કરો પછી માથુ મૂંડાવો[૨૦]. પછી કેટલીક મો'મિના સ્ત્રીઓ આવી તો અલ્લાહ તઆલાએ આ આયત ઉતારી : હે ઈમાનવાળાઓ! જ્યારે તમારી પાસે મો'મિન સ્ત્રીઓ હિજરત કરીને આવે.....છેવટ સુધી. જેમ કે અલ્લાહ તઆલાએ તેમને એ સ્ત્રીઓ પરત કરવાથી મના કરી આપ્યુ[૨૧]. અને એ હુકમ આપ્યો કે તેમની મહેર પરત કરી દો[૨૨]. પછી હુઝૂર ﷺ મદીના પરત થયા તો આપની ખિદમતમાં એક ક़ર્શી શખ્સ અબૂ બસીર મુસલમાન થઈને આવ્યા[૨૩]. મક્કાવાળાઓએ તેમને લેવા માટે બે શખ્સોને મોકલ્યા. તો હુઝૂરે તેમને તે બે શખ્સોના હવાલે કરી આપ્યા. તેઓ તેમને લઈને નીકળ્યા ત્યાં સુધી કે જ્યારે ઝુલ હલીફા પહોંચ્યા તો પોતાની ખજૂરો ખાવા માટે ઉતર્યા[૨૪] તો અબૂ બસીરે તેમનામાંથી એકને કહ્યું,

«وَيْلَ أُمِّهِ مِسْعَرَ حَرْبٍ لَوْ كَانَ لَهُ أَحَدٌ» فَلَمَّا سَمِعَ ذَلِكَ عَرَفَ أَنَّهُ سَيَرُدُّهُ إِلَيْهِمْ فَخَرَجَ حَتَّى أَتَى سِيفَ الْبَحْرِ قَالَ: وَانْفَلَتَ أَبُو جَنْدَلِ بْنُ سُهَيْلٍ فَلَحِقَ بِأَبِي بَصِيرٍ فَجَعَلَ لَا يَخْرُجُ مِنْ قُرَيْشٍ رَجُلٌ قَدْ أَسْلَمَ إِلَّا لَحِقَ بِأَبِي بَصِيرٍ حَتَّى اجْتَمَعَتْ مِنْهُمْ عِصَابَةٌ فو الله مَا يَسْمَعُونَ بِعِيرٍ خَرَجَتْ لِقُرَيْشٍ إِلَى الشَّامِ إِلَّا اعْتَرَضُوا لَهَا فَقَتَلُوهُمْ وَأَخَذُوا أَمْوَالَهُمْ فَأَرْسَلَتْ قُرَيْشٌ إِلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ تُنَاشِدُهُ اللَّهَ وَالرَّحِمَ لَمَّا أَرْسَلَ إِلَيْهِمْ فَمَنْ أَتَاهُ فَهُوَ آمِنٌ فَأَرْسَلَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم إِلَيْهِم. رَوَاهُ الْبُخَارِيّ

હે ફલાણા ! ખુદાની કસમ ! હું તારી આ તલ્વારને ઘણી સારી જોઈ રહ્યો છું, મને દેખાડ તો હું એને જોઉં. તેણે એમને તલ્વાર પર કાબૂ આપી દીધો. તેમણે તેને મારી દીધી ત્યાં સુધી કે તે ઠંડો થઈ ગયો, અને બીજો નાસી છૂટ્યો[૨૫] ત્યાં સુધી કે મદીના પહોંચ્યો, દોડતો દોડતો મસ્જિદમાં આવ્યો તો નબી કરીમ ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ એ ફર્માવ્યું, એણે કોઈ સખત ભય જોયો છે[૨૬] તે બોલ્યો, વલ્લાહ ! મારો સાથી તો કત્લ કરી દેવામાં આવ્યો અને હું પણ કત્લ થઈ જઈશ[૨૭] એટલામાં અબૂ બસીર આવી ગયા તો નબી કરીમ ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ એ ફર્માવ્યું, એની માની ખરાબી છે ![૨૮] એનો કોઈ મદદગાર હોય તો એ જંગ ભડકાવી દે[૨૯] તેમણે જ્યારે આ સાંભળ્યું તો પહેચાની ગયા કે હુઝૂર તેમને મક્કાવાળાઓના હવાલે કરી દેશે[૩૦] તો એ નીકળી પડયા ત્યાં સુધી કે સમુદ્રના કિનારે આવી ગયા[૩૧] ફર્માવે છે કે પેલી તરફ અબૂ જુન્દલ ઈબ્ને સુહેલ છૂટી ગયા તો અબૂ બસીરથી મળી ગયા[૩૨] પછી કુરૈશનો કોઈ માણસ જે મુસલમાન થઈ જતો તે ન નીકળતો પણ અબૂ બસીરને મળી જતો[૩૩] ત્યાં સુધી કે એમની એક ટોળી ભેગી થઈ. પછી તો ખુદાની કસમ ! એ લોકો ન સાંભળતા કુરૈશના કોઈ કાફલાને જે શામની તરફ નીકળતો પણ તેની આડે આવતા, તેમને કત્લ કરી દેતા અને તેમનો માલ લઈ લેતા[૩૪]. ત્યારે કુરૈશે નબી ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ ની તરફ પયગામ મોકલ્યો જેમાં તેઓ હુઝૂરને ખુદાની કસમ ! સગાઈ સંબંધનો વાસ્તો આપવા લાગ્યા કે હુઝૂર ! તેમને બોલાવી લે, હવે જે આપની પાસે આવે તેને અમાન છે. જેથી નબી કરીમ ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ એ તેમને બોલાવી મંગાવ્યા[૩૫]. (બુખારી)

૧. મરવાન ઈબ્ને હકમ કુર્શી ઉમ્વી છે. હુઝૂર ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ ના જમાનામાં પેદા થયો પણ હુઝૂર ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ ની ઝિયારત ન કરી શક્યો, જેથી સહાબી નથી. કેમ કે હુઝૂરે અન્વર ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ એ તેના બાપને મદીના મુનવ્વરાથી તડીપાર કરીને તાઈફ મોકલી આપ્યો. મરવાન તેની સાથે ગયો. એના અમુક હાલાત બાબુલ અસ્રાના પ્રથમ વિભાગમાં આવી ગયા.

૨. હુઝૂર ﺻﻠﻰ ﷲ ﻋﻠﻴﻪ ﻭﺳﻠﻢ ઝી કઅદા હિ.સ. ૬ દો શંબા (સોમવાર)ના દિવસે ઉમરાની નિય્યતે મદીના મુનવ્વરાથી રવાના થયા અને હુદૈબિયામાં રોકાયા. હુદૈબિયા એક કૂવાનું નામ છે, એ નામથી તે મેદાન મશહૂર થઈ ગયું જેમાં એ કૂવો છે. આ જગા જિદ્દા, મક્કા મોઅઝ્ઝમા વચ્ચે છે. મક્કા મોઅઝ્ઝમાથી નજીક છે. એનો અમુક હિસ્સો

હરમમાં સામેલ છે, અમુક હિસ્સો હિલમાં. મક્કા મોઅઝ્ઝમાથી લગભગ ૧૨ માઈલ અરબી પર આવેલ છે અથવા નવ માઈલ. એ વરસનું નામ સાલે હુદૈબિયા છે. કેમ કે એ વરસે સુલહે હુદૈબિયાનો બનાવ બન્યો. અરબીમાં શબ્દ بِضْع ૩ થી ૯ સુધીની એક સંખ્યાને કહે છે. એમાં ભાગ લેનાર સહાબા ૧૪૦૦ કે ૧૫૦૦ હતા. હુઝૂર ૧૪૦૦ની જમાઅત લઈને મદીના મુનવ્વરાથી રવાના થયા. રસ્તામાં અન્ય લોકો મળતા રહ્યા. હુદૈબિયા પહોંચતાં પહોંચતાં ૧૫૦૦ થઈ ગયા. (અશિઅહ) આ મોકા પર હુઝૂર ﷺ હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમ્મે મક્તૂમ નાબીનાને પોતાના નાયબ નિયુક્ત કરી ગયા.

૩. ઝુલ હલીફા એ જ જગા છે જેને બીરે અલી કહેવામાં આવે છે, એ મદીના મુનવ્વરાથી મક્કા તરફ ૩૦૦ માઈલના અંતરે છે. એ મદીનાવાળાઓની મીકાત એટલે એહરામની જગા છે. જેવું કે હજ્જના વર્ણનમાં આવી ગયું. તક્લીદનો અર્થ છે હદી. જાનવરના ગળામાં જોડા અથવા કોઈ અન્ય ચીજને મજબૂત રસ્સીમાં બાંધીને જાનવરના ગળામાં હારની જેમ બાંધી દેવું. અશ્અરનો અર્થ છે, ઊંટની ખાંધના જમણા કે ડાબા હિસ્સામાં ભાલો મારીને ખાંધને લેપ આપવો. આ બંને અમલ નિશાની રૂપે હદીમાં કરવામાં આવે છે. તેની ચર્ચા હજ્જના પ્રકરણમાં વર્ણન થઈ ચૂકી.

૪. ثَنِيَه (ષાનિયા)એ પહાડીને કહે છે જેમાં રસ્તો હોય જ્યાંથી પસાર થઈને બીજી બાજુ જઈ શકાય. એટલે કે આપ મક્કા મોઅઝ્ઝમાની નજીક પહોંચ્યા કે પહાડીને પાર કરીને મક્કા મોઅઝ્ઝમા પહોંચી જાત.

૫. قصواء (ક્સ્વા)નો અર્થ છે કાન કપાયેલી ઊંટણી. હુઝૂર ﷺની ઊંટણી કાન કપાયેલી ન હતી પણ એ એનું નામ હતું. મતલબ એ છે કે સહાબાએ કિરામ સમજ્યા કે આજે ક્સ્વામાં ઉડી જવાનો અયબ પેદા થઈ ગયો.

૬. એટલે કે ક્સ્વા ન તો પહેલાં અડિયલ હતી ન આજે છે. એને રબ તઆલાએ રોકી લીધી જેમ કે હાથીવાળાઓને રોકી લીધા હતા. મક્સદ એ છે કે હરમ શરીફમાં સમય સંજોગ વિના જંગ તથા રક્તપાત ન થાય. યાદ રાખશો કે જ્યારે અબરહા બાદશાહે હાથીઓનું લશ્કર લઈને મક્કા મોઅઝ્ઝમા પર ચઢાઈ કરી તો જ્યારે ઝુલ મજાદ પહોંચ્યો તો એનો હાથી મક્કા મોઅઝ્ઝમાની તરફ ચાલી ન શક્યો. જ્યારે તેને બીજી બાજુ ચલાવતા તો ચાલી નીકળતો અને મક્કા બાજુ ચલાવતા તો ન ચાલતો. આ ફર્માને આલીનો એના પ્રતિ નિર્દેશ છે. ઝુલ મજાદ અરફાતથી એક માઈલ દૂર બજાર છે.

૭. એટલે કે હુઝૂરે અન્વર ﷺએ સર્વ સહાબાએ કિરામને ગવાહ બનાવીને એવું ફર્માવ્યું જેથી જાણ થાય કે જંગનો મક્સદ નથી, શક્ય ત્યાં સુધી આપણે જંગથી દૂર રહીશું, અને મક્કાના કાફિરોની દરેક તે શરત માની લઈશું જેમાં અલ્લાહના હરમની બેઅદબી ન થાય. આ ફર્માને આલી ભાવિ સુલહની પ્રસ્તાવના હતી.

૮. અટલે કે એ રસ્તા પર તશરીફ ન લઈ ગયા જે તરફથી આમ લોકો મક્કા મોઅઝ્ઝમા જાય છે અને જે બાજુ મક્કાના કાફિરોનો સમૂહ હતો, બલ્કે બીજો રસ્તો અપનાવ્યો. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺને ગદીરે અશ્તાત પર ખબર મળી ગઈ હતી કે કુરૈશ અમને રોકવા માટે એ બાજુ ભેગા થયેલા છે.

૯. ثَمِيلَ મીમના ઝબરથી અર્થ થોડુ પાણી. અહીં એ જગા મુરાદ છે જ્યાં થોડુ પાણી હોય, કેમ કે આગળ થોડા પાણીનું વર્ણન આવી રહ્યું છે. *(મિર્કાત, અશિઅહ)*

૧૦. એટલે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ તરસ લાગી છે, પાણીની જરૂરત છે અને કૂવો સૂકાય ગયો છે. જાણવા મળ્યું કે **અલ્લાહની નેઅમતો હુઝૂર ﷺથી માગી શકો છો.** જ્યારે હઝરત રબીઆ رضی اللہ عنہ એ હુઝૂર ﷺથી જન્નત માગી અને મેળવી લીધી તો અન્ય ચીજોની તો હક્ીક્ત જ શું છે ?! હુઝૂરે અકરમ ﷺ અલ્લાહના ખજાનાઓના માલિક છે.

૧૧. સુબ્હાનલ્લાહ ! આ તીરને કૂવામાં ફેંકવાથી ઈશારામાં સમજાવ્યું કે જે ચીજને મારો હાથ લાગી જાય તેના ઝરીયાથી પણ અલ્લાહની નેઅમતો મળી જાય છે. આ પાણીમાં બરકત આપી દેવી એ તીરનો કમાલ ન હતો પણ કમાલ એ હાથ પાકનો હતો જેની સાથે તીર સ્પર્શી ગયું. *(મિર્કાત)* અવલિયા અલ્લાહ હુઝૂર ﷺની નિગાહે કરમથી કુદરતનું તીર છે. તેમની નિગાહે કરમથી તકદીરો પલ્ટાઈ જાય છે.

ہر مشکل دی کنجی یار ہتھ مرداں دے آئی　　مرد نگاہ کرن جس ویلے مشکل رہے نہ کائی
دردمنداں دے دردنہ چھوڑن اوگن دے گن　　کردے کامل لوگ محمد بخشا لعل بنان پتھر دے

અર્થાત : દરેક મુશ્કેલીનો હલ અલ્લાહે પોતાના મહબૂબ બંદાઓને અતા કર્યો છે. મર્દે કામિલ જેના પર નિગાહે કરમ કરી દે તેની મુશ્કેલી ટળી જાય છે. મર્દે કામિલ મળી જાય તો એ દર (દરવાજા)ને ન છોડો કે તે અયબવાળાને ખૂબીવાળો બનાવી દે છે. મુહમ્મદ બખ્શ અલ્લાહવાળા પથ્થરને લઅલ (હીરો) બનાવી દે છે.

૧૨. એનાથી એ સાબિત નથી થયું કે એ કૂવો બાદમાં સૂકાય ગયો. મતલબ એ છે કે હઝરાત સહાબાએ કિરામ તેને જોશ મારતો છોડી આવ્યા.

૧૩. ખઝાઆ અઝ્દના એક મહોલ્લાનું નામ છે. અહીંના લોકો ખઝાઈ કહેવાય છે. એ લોકો પોતાનું એ સ્થળ છોડીને મક્કા મુકર્રમામાં સ્થાયી થઈ ગયા હતા. એ લોકો હુઝૂર ﷺના ઘણા જ શુભેચ્છક હતા. બુદૈલ પોતાના પુત્ર અબ્દુલ્લાહની સાથે ફતહે મક્કાના દિવસે મુસલમાન થઈ ગયા. *(અશિઅહ)*

૧૪. આ સાહબ ષકૂફી છે. હિ.સ. ૯માં ગઝવએ તાઈફ પછી ઈમાન લાવ્યા. *(અશિઅહ)*

૧૫. સુહેલ ઈબ્ને અમ્ર કુરેશના સરદારોમાંથી હતા. ગઝવએ બદરમાં કેદી થઈને મદીના મુનવ્વરા આવ્યા. હઝરત ઉમર رضی اللہ عنہ એ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ એના દાંત તોડી નાખો કે હવે એ મુંહથી આપની બદગોઈ ન કરે. હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું, નહીં ! એનો અંજામ સારો થશે. જેમ કે એ ફતહે મક્કા પછી મુસલમાન થઈ ગયા અને હુઝૂર ﷺની વફાત બાદ જ્યારે અમુક મક્કાવાળા મુર્તદ થવા લાગ્યા તો આપે તેમને ખૂબ જ સારા તરીકાથી ઈર્તેદાદ (ફરી જવા)થી રોકયા, અને હુઝૂર ﷺની ગયબી ખબર તથા પેશનગોઈ એ રીતે પૂરી થઈ. આજે જ્યારે સુહેલ આવ્યા તો હુઝૂર ﷺએ ફર્માવ્યું, ઈન્શા અલ્લાહ ! કામ સરળ તથા આસાન થઈ ગયું. જેમ કે સુહેલે સુલહનામુ લખાવ્યું.

૧૬. આ ફર્માને આલી હઝરત અલી رضی اللہ عنہ ને છે, કેમ કે સુલેહનામુ આપે જ લખ્યુ હતું. صالح બાબે મફાઅેલાથી છે જેનો અર્થ છે, એકબીજાએ આપસમાં સુલહ કરી. (મિર્કાત) હુઝૂરે અન્વર ﷺએ ફર્માવ્યું હતું, હે અલી ! લખો بسم اللہ الرحمن الرحیم તો સહલ બોલ્યા, આ بسم اللہ ને અમે નથી જાણતા. આપ તે જ بسم اللہ લખો : باسمك اللهم. હુઝૂર ﷺએ ફર્માવ્યું, સારું ! હે અલી ! એ જ પ્રમાણે લખો. પછી એ ફર્માવ્યું જે અહીં વર્ણન થયેલ છે. *(મિર્કાત)*

૧૭. એટલે કે કેમ કે અમે આપને રસૂલુલ્લાહ નથી માનતા એટલા માટે આ સુલહનામામાં એવું લખવા દઈશું નહીં, એ લખાવીશું જેના પર અમે તથા તમો સહમત છીએ. એટલે કે મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ લખો (ﷺ) اکتب નો મતલબ એ છે કે આપે જનાબ અલીને એ લખવાનો હુકમ આપો, કેમ કે વકીલનું કામ ખુદ મુઅક્કિલ (વકીલ બનાવનાર)નું કામ હોય છે.

★ સુલહ વખતે રસૂલુલ્લાહ કટ કરી ઈબ્ને અબ્દુલ્લાહ હાથ વડે લખ્યું ★

૧૮. જેમ કે હુઝૂરે અન્વર ﷺએ હઝરત અલી رضی اللہ عنہ ને હુકમ આપ્યો કે "રસૂલુલ્લાહ" શબ્દ કાઢી નાખીને "ઈબ્ને અબ્દુલ્લાહ" લખી દો. હઝરત અલી رضی اللہ عنہ એ અર્ઝ કરી, કસમ ખુદાની ! હું એ શબ્દને છેકીશ નહીં. જેથી હુઝૂરે અન્વર ﷺએ સુલહનામાને પોતે હાથ મુબારકમાં લઈને તે શબ્દ કાઢી નાખીને પોતાના હાથ મુબારક વડે "ઈબ્ને અબ્દુલ્લાહ" લખ્યું. (મિર્કાત, બુખારી વગેરે) અહીં ત્રણ ચીજો યાદ રાખો : **એક** એ કે હુઝૂરે અન્વર ﷺનું ખુદ લખવું મોજિઝો છે, કેમ કે હુઝૂરે અન્વર ﷺએ લખવાનું ન તો શીખ્યું હતું ન કદી લખ્યુ હતું. કુર્આને કરીમ ફર્માવે છે : وَّلَا تَخُطُّهٗ بِيَمِيْنِكَ (અને ન પોતાના હાથથી કાંઈ લખતા હતા. સૂ. અન્કબૂત, ૨૯/૪૮) કુર્આને કરીમે લખવાની આદતનો ઈન્કાર કર્યો, અને અહીં લખવું મોજિઝા રૂપે સાબિત છે. એની સંપૂર્ણ ચર્ચા અહીં મિર્કાતમાં જુઓ. **બીજુ** હઝરત અલી رضی اللہ عنہ ના બાવડાંઓમાં એ શક્તિ છે કે ખૈબરનો દરવાજો ઉખેડી કાઢે પણ હૈદરી બાવડાંમાં હુઝૂરે અન્વર ﷺના નામને છેકવાની શક્તિ નથી. કેમ કરીને હોય કે તે નામને બુલંદ કરનારા છે ન કે કટ કરનારા. **ત્રીજુ** એ કે હઝરત અલી رضی اللہ عنہ એ بسم اللہ الرحمن الرحیم ના ફેરફાર પર કોઈ મઅઝેરત (મજબૂરી) ન દર્શાવી પણ હુઝૂર ﷺના લકબની તબદીલી પર મઅઝેરત કરી દીધી. જાણવા મળ્યું કે :–

ادب گاہیست زیر آسماں از عرش نازک تر نفس گم کردہ می آید جنید و بایزید اینجا

અર્થાત : આસ્માનની નીચે એક એવો અદબ તથા એહતેરામનો મકામ છે જે અર્શથી પણ વધુ નાઝુક છે. અહીં જુનૈદ બગદાદી અને બાયઝીદ બુસ્તામી જેવી મહાન હસ્તીઓ પણ બેઅદબીના ડરથી પોતાના શ્વાસો રોકી લે છે.

બાખુદા દીવાના વ બા મુસ્તફા હોશ્યાર બાશ. નબુવ્વતનો અકીદો ઉલૂહિયતના અકીદાથી અધિક નાઝુકતર છે. જનાબ અલી رضی اللہ عنہ ના આ અદબ પર આપણા જાન માલ કુર્બાન ! رضی اللہ عنہ

૧૯. એટલે કે સુલહનામામાં ઘણી બધી શરતો લખવામાં આવી. એ બધામાં એક શર્ત તો એ હતી કે જો મક્કાવાસી મુસલમાન થઈને મદીના મુનવ્વરા આવે તેને આપ મદીના મુનવ્વરામાં ન રાખો અને અમને પરત કરી આપો. અને અમુક શરતો એના ઉપરાંત હતી જે તેના મોકા પર વર્ણવવામાં આવશે.

૨૦. અને બંને પક્ષની સહીઓ સુલેહનામા પર થઈ ગઈ. એનાથી જાણવા મળ્યું કે જરૂરતના મોકા પર ખાસ કરીને જ્યારે કે હરમ શરીફનો એહતેરામ અને મુસલમાનોના ખૂનનો મસ્અલો ઉપસ્થિત થાય. દરેક તે જાઈઝ શર્ત કબૂલ કરી લેવી જાઈઝ છે જેમાં શરીઅતની રૂએ કોઈ વાંધો ન હોય, અને મોટો ઝઘડો રોકાય જતો હોય. કેમ કે શરીઅતમાં આ બંને લખાણો باسمك اللھم અને "મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ" લખવું હરામ નથી, અને આ લખાણમાં મસ્લેહત હતી.

★ દમે એહસાર એટલે શું ? ★

૨૧. એને શરીઅતમાં કહે છે "દમે એહસાર" કે જે કોઈ હજ કે ઉમરાનો એહરામ બાંધી લે પછી હજ તથા ઉમરા ન કરી શકે તો તે જ એહરામ ખોલી દે અને જાનવર ઝબહ કરે. આ દમે એહસારના માટે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની નજીક હરમમાં ઝબહ થવું શર્ત છે. ઈમામ શાફઈને ત્યાં હિલ્લમાં પણ ઝબહ થઈ શકે. હુદૈબિયાનો એક હિસ્સો હરમમાં સામેલ છે, આ ઝબહ તે હિસ્સામાં થયું. કેમ કે આ સુલેહનામામાં એક શર્ત એ પણ હતી કે, આપ અત્યારે ઉમરા કર્યા વિના પરત જાવ અને આવતા વરસે આ જ ઝીકઅદા મહીનામાં તશરીફ લાવો, ઉમરા કરો અને મક્કા મઅઝ્ઝમામાં ત્રણ દિવસ રોકાણ કરો. એટલા માટે એહસાર (એટલે રુકાવટ) પામી લેવામાં આવી અને ત્યાં જ એહરામ ખોલી નાખવામાં આવ્યો. દમે એહસારના વિશે હનફી મઝહબ મજબૂત છે કે એનું સમર્થન રબ તઆલાના આ ફર્માનથી થાય છે : وَلَا تَحْلِقُوْا رُءُوْسَكُمْ حَتّٰى يَبْلُغَ الْهَدْيُ مَحِلَّهٗ (અને તમારાં માથાં ન મૂંડાવો જ્યાં સુધી કુર્બાની

પોતાના ઠેકાણે ન પહોંચી જાય. સૂ. બકરહ, ૨/૧૯૬) બીજી જગાએ ફર્માવે છે : هَدْيًا بٰلِغَ الْكَعْبَةِ (એ કુર્બાની થાય કે કા'બાને પહોંચતી. સૂ. માઈદા, ૫/૯૫) અહીં કા'બાથી મુરાદ મક્કા છે.

૨૨. એટલે કે સુલહે હુદૈબિયા બાદ મક્કા મોઅઝ્ઝમાથી કેટલીક સ્ત્રીઓ મુસલમાન થઈને મક્કા મોઅઝ્ઝમા આવી તો એમના વિશે આ આયતે કરીમા નાઝિલ થઈ જેમાં એ સ્ત્રીઓને પરત કરી દેવાથી મના કરી દેવામાં આવ્યું. યાદ રાખશો કે સુલેહનામા જે હુદૈબિયામાં લખવામાં આવ્યું તેનું લખાણ આ પ્રમાણે હતું. : رجل الا اردته અમારો જે "રજલ" આપની પાસે આવે તેને પરત કરી દેશો. "રજલ" પુરૂષને કહે છે, જેમાં સ્ત્રીઓ સામેલ નથી. જે રિવાયતોમાં "રજલ"ને બદલે "અહ્દ" છે ત્યાં રિવાયત બિલ્મઅના (ભાવાર્થરૂપે) છે. રાવીએ રજલને બદલે અહદ રિવાયત કરી આપી. અમુકે ફર્માવ્યું કે સુલહ પુરૂષ તથા સ્ત્રી બંને સંબંધે હતી પણ આ આયતથી એ શર્ત સ્ત્રીઓના હક્કમાં મન્સૂખ થઈ ગઈ. પણ પ્રથમ કથન અધિક મજબૂત છે.

૨૩. એટલે કે જે પરણીત મુશ્રિકા કાફિરા સ્ત્રીઓ મુસલમાન થઈને આવે તમે તેમની મહેર તેમના પતિઓને પરત કરી દો અને જો કુંવારી છોકરીઓ હોય અથવા પરણીત સ્ત્રીઓએ મહેર પોતાના પતિઓથી લીધેલ ન હોય તો કોઈ ચીજને પરત કરવાની જરૂરત નથી. એટલા માટે જાણવા મળ્યું કે **જો કાફિરા સ્ત્રી મુસલમાન થઈને દારુલ ઈસ્લામમાં આવે તો તે પોતાના કાફિર પતિના નિકાહથી નીકળી જશે અને હવે બીજા નિકાહ માટે ઈદ્દત વાજિબ ન થશે, કેવળ ઈસ્તબરા માટે એક હૈઝ જોવામાં આવશે.** અમુક ઉલમાએ ફર્માવ્યું કે મહેર મોકલવાનો હુકમ મન્સૂખ છે. અતા, કતાદા અને મુજાહિદનું એ જ ફર્માન છે. અમુકની નજીક એ હુકમ બાકી છે. તફસીરે મદારિકે મન્સૂખ માન્યું. જુઓ તફસીરે મદારિક તથા મિર્કાત.

૨૪. એમનું નામ ઉત્બા ઈબ્ને ઉસૈદ છે. ષકફી છે. સહાબી છે. હુઝૂર ﷺની હયાત મુબારકમાં જ મૃત્યુ પામ્યા.

૨૫. ઝુલ હલીફા મદીના મુનવ્વરાથી ત્રણ માઈલના અંતરે મક્કા મોઅઝ્ઝમા તરફ એક મંઝિલ છે જેને હવે બીરે અલી કહેવામાં આવે છે. એ અહલે મદીનાનો મીકાત છે. હવે ત્યાં મોટી આબાદી છે.

૨૬. યાદ રાખશો કે એ બંને કાફિર હર્બી હતા અને અબૂ બસીર મુસલમાન હતા, અને હર્બી કાફિરને દરેક રીતે હીલા બહાનાથી કત્લ કરી દેવા જાઈઝ છે, એટલા માટે અબૂ બસીર પર કેસાસ અથવા અન્ય કોઈ કફ્ફારો લાઝિમ ન થયો.

૨૭. ذعر ઝાલના પેશ, અયનના જઝમથી અર્થ : ખૌફ તથા ડર. એની તન્વીન તાઝીમની છે તો અર્થ થયો, સખત ડર તથા ખૌફ તથા ભય. *(મિર્કાત, અશિઅહ)*

૨૮. કેમ કે અબૂ બસીર નગ્ન તલ્વાર લઈને હમણા મારી પાછળ આવી રહ્યા છે, મને છોડશે નહીં.

૨૯. આ શબ્દો એટલે ويل امه આશ્ચર્ય તથા નારાઝગીના મોકા પર બોલવામાં આવે છે. અહીં આશ્ચર્યના માટે છે, અને આશ્ચર્ય અબૂ બસીરની હિંમત તથા તદબીર (યુક્તિ) પર છે જે તેમણે પોતાના છૂટકારા માટે કરી છે કે હુઝૂરે અન્વર ﷺનો કરાર પણ સચવાય રહ્યો અને તે છૂટી પણ ગયા.

૩૦. આ વાક્યના ઘણા અર્થો કરવામાં આવ્યા છે. અમે જે અર્થ કર્યા છે તે ખૂબ જ સ્પષ્ટ છે. એટલે مسعر حرب જઝા મુકદ્દમ છે, અને لوكان الخ શર્ત મોઅખ્ખર અને لو ની જઝા શર્તથી પહેલાં આવી શકે છે. અમુક લોકોએ لو ની જઝા પોશીદા માની છે અને તેને અલગ વાક્ય બનાવેલ છે. مسعر سعار થી ઈસ્મે આલા છે જે سعرت النار થી બન્યું છે, અર્થ : આગ લગાડવાનુ ઓજાર. જંગને આગ સાથે સરખાવવામાં આવ્યો. અને અબૂ બસીરને આગ ભડકાવનાર ઠરાવવામાં આવ્યા. અને શક્ય છે કે બાબે અફઆલનો ઈસ્મે ફાઈલ હોય એટલે કોઈ પણ તેને મદદગાર મળી જાય તો એ મક્કાવાસીઓ સાથે લડાઈનું બજાર ગરમ કરી દે.

★ અબૂ બસીરનું મદીના ન રોકવાનું કારણ ★

૩૧. એટલે અબૂ બસીર આ ફર્માને આલીથી સમજી ગયા કે જો હું મદીના મુનવ્વરા રોકાઈશ તો મક્કાના કાફિરો ફરી મને પકડવા આવી જશે અને હુઝૂરે અન્વર ﷺ મને તેમના હવાલે કરી દેશે અને હવે હું મક્કા પહોંચીને ક़त्ल કરી દેવામાં આવીશ, કેમ કે મેં તેમનો એક માણસ મારી નાખ્યો છે.

૩૨. આ અબૂ જંદલ ઈબ્ને સુહૈલ ઈબ્ને અમ્ર એ જ છે જે મક્કા મોઅઝ્ઝમામાં ઈમાન લઈ આવ્યા હતા એના પર એમના બાપે એમને કેદ કરી દીધા હતા. અને એમના બાપ સુહૈલ ઈબ્ને અમ્ર હુઝૂર ﷺથી સુલેહનામુ લખાવી રહ્યા હતા તો એ મુસલમાનો પાસે પહોંચી ગયા હતા અને પછી મક્કા મોઅઝ્ઝમા પરત કરી દેવામાં આવ્યા હતા, અને પછી ત્યાં કેદ કરી દેવામાં આવ્યા હતા. તેમણે ઈસ્લામ ખાતર ઘણી જ મુસીબતો વેઠી હતી. હવે એ કોઈક રીતે છૂટયા તો મદીના મુનવ્વરા આવવાના બદલે સૈફુલ બહર પર અબૂ બસીરની પાસે પહોંચી ગયા.

૩૪. કેમ કે મક્કા મોઅઝ્ઝમામાં મશહૂર થઈ ગયું હતું કે સુલેહનામા મુજબ મદીના મુનવ્વરાથી અમને પરત કરી દેવામાં આવશે, એટલા માટે મદીના મુનવ્વરા આવવાના બદલે ત્યાં જવા લાગ્યા.

૩૫. કેમ કે એ જગા મક્કા મોઅઝ્ઝમા તથા શામની વચ્ચે આવેલી છે. મક્કાવાસીઓનો ગુજારો એ જ શામના વેપાર પર હતો એટલા માટે એ લોકો આ તરફ સફર કરવા મજબૂર હતા.

૩૬. આ હુઝૂર ﷺની પ્રથમ ફતહ હતી જે આપને અલ્લાહે કાફિરો પર અતા કરી કે મક્કાના કાફિરોએ પોતે જ પોતાની શર્ત તોડી નાખી અને હુઝૂર ﷺની ખુશામદ કરીને એ શર્તને તોડવાની દરખાસ્ત કરી.

હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ હુદૈબિયાના દિવસે મુશ્રિકો સાથે ત્રણ ચીજો પર સુલહ કરી.[૧] એ ચીજ પર કે આપની પાસે મક્કાના કાફિરમાંથી જે આવે તેને તેમની તરફ પરત કરી આપો.[૨] અને મુસલમાનોમાંથી જે કોઈ તેમની પાસે પહોંચે તેને તેઓ પરત નહીં કરે. અને એના પર કે આવતા વરસે આપ મક્કા આવો[૩] અને ત્યાં ત્રણ દિવસ રોકાણ કરો. અને ત્યાં ન આવો પણ હથિયાર, તલ્વાર, કમાન વગેરે ઢાંકેલ હોય.[૪] તો આપની પાસે અબૂ જંદલ પોતાની ક़ૈદની હાલતમાં આવ્યા તો આપે તેમને કાફિરોની તરફ પરત કરી આપ્યા.[૫] (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૨)-૪૦૪૩ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ الْبَرَاءِ بْنِ عَازِبٍ قَالَ: صَالَحَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ الْمُشْرِكِينَ يَوْمَ الْحُدَيْبِيَةِ عَلَى ثَلَاثَةِ أَشْيَاءَ: عَلَى أَنَّ مَنْ أَتَاهُ مِنَ الْمُشْرِكِينَ رَدَّهُ إِلَيْهِمْ وَمَنْ أَتَاهُمْ مِنَ الْمُسْلِمِينَ لَمْ يَرُدُّوهُ وَعَلَى أَنْ يَدْخُلَهَا مِنْ قَابِلٍ وَيُقِيمَ بِهَا ثَلَاثَةَ أَيَّامٍ وَلَا يَدْخُلَهَا إِلَّا بِجُلُبَّانِ السِّلَاحِ وَالسَّيْفِ وَالْقَوْسِ وَنَحْوِهِ فَجَاءَ أَبُو جَنْدَلٍ يَحْجِلُ فِي قُيُودِهِ فَرده إِلَيْهِم

૧. અહીં ત્રણ શર્તો મુરાદ છે, નહીં તો તેમના સિવાય અન્ય શર્તો પણ હતી, દા.ત. એ કે દસ વરસો સુધી તમારી અમારી જંગ ન થશે, અને એ કે તમારા તથા આપના હલીફ આપસમાં લડે તો તમે તથા અમે નિષ્પક્ષ રહીએ કે ન તો આપ આપના હલીફની મદદ કરો ન અમે અમારા હલીફની મદદ કરીએ.

૨. આ શર્ત મુસલમાનોની કમજોરીના કારણે કબૂલ કરવામાં આવી ન હતી, બલ્કે હરમ શરીફના એહતેરામના તૌર પર કરી હતી, નહીં તો મુસલમાન એ સમયે અલ્લાહના ફઝ્લથી ઘણા જ શક્તિશાળી હતા. એવું ચાહતા હતા કે હરમની જમીનમાં ખૂનરેજી ન થાય, નહીં તો હવે મુસલમાન બાદશાહ એ શર્ત કબૂલ નહીં કરે. *(મિર્કાત)*

૩. આ શર્ત એટલા માટે લગાડી હતી કે તેઓ એ વરસે હુઝૂર ﷺના થકી ઉમરો કરી લેવામાં પોતાની તૌહીન સમજતા હતા કે લોકો કહેશે કે મક્કાના કાફિરો દબાય ગયા અને મુસલમાનોને ઉમરાની ઈજાઝત આપી દીધી.

૪. કેમ કે એ જમાનામાં બંધ તલ્વાર સુલહની નિશાની હતી અને નગ્ન તલ્વાર જંગની પેહચાન હતી એટલા માટે એ લોકોએ એ શર્ત લગાડી.

૫. જો કે અબૂ જંદલનું આગમન સુલહનામાના લખાણ દરમિયાનમાં હતું અને સુલેહનામાની જાહેરાત સંપૂર્ણ થયા બાદ થાય છે, પણ સુહૈલે જીદ કરી કે જો તમે એને પરત નથી કરતા તો હું સુલહ નથી કરતો. તેની જીદના કારણે તેમને પરત કરવામાં આવ્યા. જેમ કે બુખારી શરીફ વગેરેમાં છે.

★ હુદૈબિયામાં સુલેહનામાની શર્તોથી સહાબાને આશ્ચર્ય અને હુઝૂરની સ્પષ્ટતા ★

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે કે કુરેશે નબી ﷺ થી સુલહ કરી તો નબી ﷺ પર એ શર્ત લગાડી કે તમારામાંથી જે શખ્સ અમારી પાસે આવશે એને અમે તમને પરત કરીશું નહીં, અને અમારામાંથી જે શખ્સ તમારી પાસે આવશે આપ એને અમારા તરફ પરત કરી દેશો.[૧] તો સહાબાએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું આપ એવું લખી રહ્યા છો ?[૨] ફર્માવ્યું, હા ! જે અમારામાંથી એમની પાસે જાય તો તેને અલ્લાહે દૂર કરી આપ્યો[૩] અને એમનામાંથી અમારી પાસે આવશે તો અલ્લાહ તેના માટે રસ્તો અને ગુંજાઈશ કરી આપશે.[૪] (મુસ્લિમ)

★ હદીષ : (૩)-૪૦૪૪ ★

وَعَن أنس: أَنَّ قُرَيْشًا صَالَحُوا النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَاشْتَرَطُوا عَلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنَّ مَنْ جَاءَنَا مِنْكُمْ لَمْ نَرُدَّهُ عَلَيْكُمْ وَمَنْ جَاءَكُمْ مِنَّا رَدَدْتُمُوهُ عَلَيْنَا فَقَالُوا: يَا رَسُولَ اللَّهِ أَنَكْتُبُ هَذَا؟ قَالَ: «نَعَمْ إِنه من ذهبَ منَّا إِليهم فَأَبْعَدَهُ اللَّهُ وَمَنْ جَاءَنَا مِنْهُمْ سَيَجْعَلُ اللَّهُ لَهُ فرجا ومخرجاً» . رَوَاهُ مُسلم

૧. એની શરહ હમણા વર્ણન થઈ ચૂકી કે જે કાફિર મક્કા મોઅઝ્ઝમાથી મુસલમાન થઈ ને મદીના મુનવ્વરા આવે તેને આપ મક્કા પરત કરી આપો અને જે મુસલમાન મુર્તદ થઈને મક્કા મોઅઝ્ઝમા આવે તેને અમે મદીના મુનવ્વરા પરત કરીશું નહીં, અમારે ત્યાં જ રાખી લઈશું. આવવાથી મુરાદ પોતાનો દીન છોડીને ત્યાં વસવાટ માટે આવવું છે.

૨. આ પ્રશ્ન આશ્ચર્યના કારણે છે. એ હઝરાતને બે કારણે આશ્ચર્ય થયું : એક એ કે આ શર્ત કબૂલ કરવી એ જાહેરી રીતે કાફિરોથી અતિશય દબાય જવું છે. જ્યારે કે અમે એ વખતે ૧૫૦૦ યુવાન હતા. ગઝવએ બદરમાં અમે ૩૧૩ જણાએ કાફિરો પર જીત મેળવી લીધી હતી, તો પછી દબાવાનું શું કારણ ?! બીજુ એ કે કાફિર મુસલમાન થઈને મદીના મુનવ્વરા આવે, તેને મક્કા પરત કરવો જાણે કે તેને મુર્તદ થઈ જવાનો માર્ગ ખોલી આપવું છે, કેમ કે મક્કા પરત જઈને તેનું મુસલમાન રહેવું મુશ્કેલ છે. પણ આ શર્તની મસ્લેહતો બાદમાં થનારા બનાવોએ જાહેર કરી આપી. હુઝૂર ﷺ જેવો રાજનીતિજ્ઞ પેદા થયો ન પેદા થશે. એ તો સહાબાએ કિરામની અત્યંત વફાદારી હતી કે આવી શર્તો જોતા રહ્યા અને વિદ્રોહ ન કર્યો. જો અહીં મૂસા عليہ السلام ના સહાબા હોતા તો બગાવત કરી દેતા, જેમ કે હુઝૂરે અન્વર ﷺ તમામ નબીઓના સરદાર છે એ જ પ્રમાણે હુઝૂર ﷺ ના સહાબીઓ તમામ નબીઓના સહાબીઓના સરદાર છે.

૩. એટલે કે જે મુસલમાન મુર્તદ થઈ જાય તેનું મદીના મુનવ્વરામાં રહેવું ખતરનાક છે તેને મક્કા મોઅઝ્ઝમા મોકલી દેવું જ ફાયદામંદ છે. **સડેલુ અંગ શરીરથી અલગ થઈ જાય એ જ સારું છે.**

૪. એટલે કે જે કાફિર મુસલમાન થઈને મદીના મુનવ્વરા આવી જાય અને આપણે તેને પરત કરી દઈએ તો તે મક્કા મોઅઝ્ઝમા પહોંચીને મુર્તદ ન થશે, બલ્કે ઈસ્લામનો મુબલ્લિગ બનીને અન્ય મક્કાવાસીઓને મુસલમાન બનાવશે. જેને અમે (હુઝૂર ﷺ) નિગાહ ભરીને જોઈ લે તે ક્યાં જઈ શકે છે ?! (શેઅર)

તૂ લલકાર દે આતા હુવા ઉલ્ટા ફિર જાએ—તૂ જો ચમકાર દે હર ફિર કે હો તેરા તેરા

તેની સાથે પણ ઈન્શા અલ્લાહ ! તે મક્કાવાળાઓના હાથે હલાક ન થશે. અલ્લાહ તઆલા તેમની હિફાઝત કરશે. તેના માટે કોઈ માર્ગ કાઢી આપશે. તેણે તો મૂસા عليه السلام નો ફિરઔનની ગોદમાં ઉછેર કરાવ્યો, તે ફિરઔન જેણે મૂસા عليه السلام ને રોકવા માટે એંસી હજાર બાળકો ઝબહ કરાવ્યાં હતાં ! હૂઝૂર ﷺ ની આ ગયબી ખબર પૂરી થઈને જ રહી, જેવું કે હદીષોથી તથા ઈતિહાસથી સાબિત છે.

★ સ્ત્રીઓ સાથે બયઅતનો સુન્નત તરીકો ★

હઝરત આઈશા رضي الله عنها થી રિવાયત છે. આપ સ્ત્રીઓની બયઅતના વિશે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ તેમનું આ આયતથી ઈમ્તેહાન લેતા હતા, હે નબી! જ્યારે આપની પાસે મો'મિના સ્ત્રીઓ બયઅત કરવા આવે... છેવટ સુધી. તો એમનામાંથી જે બીબી આ શર્તનો સ્વીકાર કરી લેતી, તેણીને હુઝૂર ફર્માવતા કે મેં તમને બયઅત કરી લીધાં એ વાતથી જે આપ તેની સાથે કરતા. ***અલ્લાહની કસમ ! બયઅતમાં હુઝૂરનો હાથ મુબારક કોઈ સ્ત્રીને ન સ્પર્શ્યો***[૧] *(મુસ્લિમ, બુખારી)*

★ હદીષ : (૪)-૪૦૪૫ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَن عَائِشَةَ قَالَتْ فِي بَيْعَةِ النِّسَاءِ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ يَمْتَحِنُهُنَّ بِهَذِهِ الْآيَةِ: (يَا أَيُّها النبيُّ صلى الله عَلَيْهِ وَسلم إِذا جاءكَ المؤمناتُ يبايعنَكَ)فَمَنْ أَقَرَّتْ بِهَذَا الشَّرْطِ مِنْهُنَّ قَالَ لَهَا: «قَدْ بَايَعْتُكِ» كَلَامًا يُكَلِّمُهَا بِهِ وَاللَّهِ مَا مَسَّتْ يَدُهُ يَدَ امْرَأَةٍ قَطُّ فِي الْمُبَايَعَةِ

૧. એટલે હુઝૂર ﷺ પુરૂષોથી બયઅત લેતા તો મુસાફો કરીને બયઅત લેતા, પણ સ્ત્રીઓથી કદાપિ મુસાફો ન કરતા, **કેવળ વાત થકી બયઅત કરતા, કેમ કે ગૈર સ્ત્રીને હાથ લગાડવો હરામ છે, ચાહે પીર હોય કે આલિમ અથવા શયખ અથવા કોઈ અન્ય.** હઝરત ઉમ્મે કુલ્થૂમ બિન્તે ઉકબા ઈબ્ને અબી મુઈત મોમિના મુહાજિરા થઈને મદીના મુનવ્વરા આવ્યાં. કુંવારા હતાં. તેમનાં ઘરવાળાંઓએ તેમને બોલાવ્યાં તો હુઝૂર ﷺ એ તેમને પરત મોકલવાથી ઈન્કાર કરી આપ્યો અને આ રીતે એમની સાથે બયઅત લીધી. સારાંશ **પીરોએ જોઈએ કે સ્ત્રીઓ સાથે આ રીતે (બાપર્દા) બયઅત લે.**

(વિભાગ : ૨) الفصل الثانى

મિસ્વર તથા મરવાનથી રિવાયત છે કે મુસલમાનોએ દસ વરસો સુધી જંગ બંધ રહેવા પર સુલહ કરી. એ વરસોમાં લોકો અમ્નથી રહે.[૧] *અને એ શર્ત પર કે આપણા દરમિયાન બંધ સંદૂક હોય*[૨] *અને એ કે ન તલ્વાર ખેંચવાનુ થાય ન બખ્તર પહેરવાનું.*[૩] *(અબૂ દાઊદ)*

★ હદીષ : (૫)-૪૦૪૬ ★

عَن المِسْوَرِ وَمَرْوَانَ: أَنَّهُمُ اصْطَلَحُوا عَلَى وَضْعِ الْحَرْبِ عَشْرَ سِنِينَ يَأْمَنُ فِيهَا النَّاسُ وَعَلَى أَنَّ بَيْنَنَا عَيْبَةً مَكْفُوفَةً وَأَنَّهُ لَا إِسْلَالَ وَلَا إِغْلَالَ. رَوَاهُ أَبُو دَاوُد

૧. પણ આ શર્ત હોવા છતાં ફતહે મક્કા બે સાલ બાદ જ થઈ ગઈ. કેમ કે મુશ્રિકોએ એ સુલેહનામાની બે શર્તો પોતે જ તોડી નાખી અને જ્યારે સુલેહનામાની એક શર્ત પણ તૂટી જાય તો બધી જ શર્તો તૂટી જાય છે.

૨. عيبه ચામડા વગેરેનું તે પાકીટ કે પેટી જેમાં ઉમદા કપડાં રાખવામાં આવે. مكفوفه એ كف થી બન્યું છે, અર્થ : રોકવું એટલે ખુલવાથી રોકવું (મજબૂતીથી બંધ તથા તાળાવાળુ) એટલે આ દસ વરસમાં તમારા અમારા વચ્ચે જંગ એવી બંધ રહે કે ખુલી ન શકે જેમ કે તાળાવાળી પેટી.

૩. اسلال એ سلٌّ થી બન્યું છે અર્થ તલ્વાર ખેંચવું, એટલા માટે નગ્ન તલ્વારને સૈફે મસ્લૂલ (મ્યાનમાંથી નીકળેલી તલ્વાર) કહે છે. اغلال મસ્દર છે જેનો મસ્દર છે غل અર્થ : છુપાવવું. એનાથી બન્યું છે غلاله અર્થ નીચેની સદરી. અહીં મુરાદ છે બખ્તર પહેરવું જેનાથી શરીર ઢંકાય જાય છે. અમુક શરહકર્તાઓએ કહ્યું કે اسلال નો અર્થ છે, છુપાયેલી અદાવત અને اغلال નો અર્થ છે ખયાનત. પણ પ્રથમ અર્થ અધિક યોગ્ય છે (અશિઅ્હ) મતલબ એ છે કે એ દિવસે વરસ દરમિયાન જંગ તો શું જંગની તૈયારી પણ ન થાય.

★ ક઼રારનું મહત્વ હુઝૂર ﷺના શબ્દોમાં ★

સફ઼વાન ઈબ્ને સુલૈમથી[૧] રિવાયત છે તે વિવિધ સહાબાએ રસૂલ ﷺના પુત્રોથી[૨] રાવી, તેઓ પોતાના પિતાથી[૩] રાવી, તે રસૂલુલ્લાહ ﷺથી રાવી. ફર્માવ્યું કે ***ખબરદાર રહો ! જેણે કોઈ ક઼રારવાળા કાફિર પર જુલ્મ કર્યો અથવા વાયદો તોડ્યો[૪] અથવા તેને શક્તિ બહારની તકલીફ આપી અથવા તેની પાસેથી કોઈ ચીજ નાખુશ દિલીથી લીધી[૫] તો ક઼યામતના દિવસે તેના સામનામાં હું હોઈશ.[૬]***

(અબૂ દાઊદ)

★ હદીષ : (૬)-૪૦૪૭ ★

وَعَنْ صَفْوَانَ بْنِ سُلَيْمٍ عَنْ عِدَّةٍ مِنْ أَبْنَاءِ أَصْحَابِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ آبَائِهِمْ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «أَلَا مَنْ ظَلَمَ مُعَاهِدًا أَوِ انْتَقَصَهُ أَوْ كَلَّفَهُ فَوْقَ طَاقَتِهِ أَوْ أَخَذَ مِنْهُ شَيْئًا بِغَيْرِ طِيبِ نَفْسٍ فَأَنَا حَجِيجُهُ يَوْمَ الْقِيَامَةِ» . رَوَاهُ أَبُو دَاوُدَ

૧. આપ જલીલુલક઼દ્ર તાબઈ છે. મર્તબાવાળાઓમાંથી છે. ઘણા જ આબિદ તથા ઝાહિદ હતા. ચાલીસ વરસ સુધી જમીન સાથે પોતાની પીઠ નથી લગાડી. સજદાઓની અધિકતાના કારણે પેશાનીમાં ખાડો પડી ગયો હતો. હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને ઔફના આઝાદ કરેલા હતા. બેસીને જાન આપી. આપનો જન્મ હિ.સ. ૬૦માં થયો અને વફાત હિ. ૧૩૨માં થઈ. ઈબ્ને ઉમર, અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર, અનસ ઈબ્ને માલિક رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ أَجْمَعِيْنَ થી મુલાકાત છે, અને એ હઝરાતથી તથા ઘણા બધા તાબઈનથી હદીષો રિવાયત કરે છે. *(અશિઅ્હ)*

૨. એ પુત્રોમાં અમુક તો પોતે જ સહાબી છે અને અમુક તાબઈ છે. *(મિર્ક઼ાત)*

૩. એ સર્વ સહાબીઓ છે. જાણવા મળે છે કે સહાબીઓ સર્વ આદિલ છે, તેમનું નામ રિવાયતમાં ન આવવું હદીષને ઝઈફ નથી કરતુ. પરંતું એ સહાબાના તે પુત્રો જેમનાથી સફ઼વાન આ રિવાયત લઈ રહ્યા છે એ સર્વ હઝરાત સફ઼વાનની નજીક ષિક઼્હ છે, એટલા માટે એમનું નામ બતાવ્યા વિના બેધડક હદીષ નકલ કરી રહ્યા છે.

૪. ક઼રારવાળાથી મુરાદ ઝિમ્મી કાફિર અને મુસ્તામિન કાફિર સૌ જ છે. ક઼રાર (વચન) ભંગ કરવાથી મુરાદ ક્યાં તો મુસ્તામિનની અમાનની મુદ્દતમાં વિના કારણે કમી કરી દેવું છે અથવા જે વાયદા એનાથી કરવામાં આવ્યા હતા તેમને પૂરા ન કરવું છે.

૫. આ ફર્માને આલીમાં ઘણી જ વિશાળતા છે. ઝિમ્મીઓ પર જિઝિયો તેમની હૈસિયત કરતાં વધુ નક્કી કરી

દેવો, પેદાવારનું મેહસૂલ આડેધડ નક્કી કરી દેવું, જિઝિયો, ખિરાજની વસૂલીમાં તેમના પર નાજાઈઝ સખ્તી કરવી. તેમનાથી હદિયા, તોહફાની ટોપલીઓના બહાને તેમનો માલ વસૂલ કરવો, તેમની પાસેથી લાંચી લેવી...વગેરે.

૬. એટલે કે હું એ જાલિમ હાકિની શફાઅત કરવાને બદલે તેની શિકાયત કરીશ, અને અઝાબથી બચાવવાને બદલે તેને અઝાબમાં સપડાવીશ. આ તે રહમતુલ્લિલ આલમીનનું ફર્માન છે કે જેમની રહમતથી કાફિરો પણ વંચિત નથી.

★ સ્ત્રીઓનુ હાથમાં હાથ લઈ બયઅતની ખ્વાહિશ કરવું અને જવાબ ★

હઝરત ઉમૈમા બિન્તે રકીકાથી[1] રિવાયત છે. ફર્માવે છે, મેં નબી ﷺ થી અમુક સ્ત્રીઓની જમાઅતમાં બયઅત કરી તો ફર્માવ્યું, એમાં જેમાં તમે શક્તિ તથા કુદરત ધરાવો[2] મેં કહ્યું, અલ્લાહના રસૂલ અમારા પર અમારા કરતાં વધુ રહીમ છે[3] બોલી, યા રસૂલલ્લાહ ! ﷺ અમારાથી બયઅત લો, એટલે અમારી સાથે મુસાફો કરો. તો ફર્માવ્યું, મારું સો સ્ત્રીઓને ફર્માન એવું જ છે જેવું એક સ્ત્રીને ફર્માન છે.[4]

★ હદીષ : (૭)-૪૦૪૮ ★

وَعَن أُميمةَ بنت رقيقَة قَالَتْ: بَايَعْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي نسْوَةٍ فَقَالَ لَنَا: «فِيمَا اسْتَطَعْتُنَّ وَأَطَقْتُنَّ» قُلْتُ: اللَّهُ وَرَسُولُهُ أَرْحَمُ بِنَا مِنَّا بِأَنْفُسِنَا قُلْتُ: يَا رَسُولَ اللَّهِ بَايِعْنَا تَعْنِي صَافِحْنَا قَالَ: «إِنَّمَا قَوْلِي لِمِائَةِ امْرَأَةٍ كَقَوْلِي لِامْرَأَةٍ وَاحِدَةٍ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَمَالِكٌ فِي الْمُوَطَّأ

૧. ઉમૈમા તસ્ગીર (તુંકારવાચક) છે. આપ ઉમૈમા બિન્તે અબ્દુલ્લાહ છે. રકીકા આપનાં માનુ નામ છે રકીકા એ હઝરત ખદીજતુલ કબરા ઉમ્મુલ મો'મિનીનનો બહેન છે. તો ઉમૈમા હઝરત ઉમ્મુલ ખદીજા رضی اللہ عنہا ની ભાણકી છે. આપનાં વાલિદા રકીકા બિન્તે ખુવૈલદ છે.

૨. એટલે કે અમે બયઅતમાં નેક અમલો કરવાનો, ગુનાહોથી બચવાનો વાયદો કર્યો, પણ એ ભૂલી ગયાં કે યથા શક્તિની શર્ત લગાડી લેતાં, તો હુઝૂરે અન્વર ﷺએ અમને ખુદ યાદ અપાવ્યું કે એ કેદ લગાડી લો કે શક્તિ અનુસાર નેકીઓ કરીશું.

૩. ક્યાં તો જીભથી કહ્યું અથવા દિલમાં વિચાર્યું, કેમ કે હુઝૂરે અન્વર ﷺનું ફર્માન એ રબ તઆલાનું ફર્માન છે. سبحان الله ! અલ્લાહ રસૂલની મહેરબાની અમારા પર એટલી છે કે ખુદ અમારા પર અમને એટલ મહેરબાની નથી. એમનો રહમ તથા કરમ અમારા ખયાલથી પર છે.

૩. આપ સમજ્યાં કે મુસાફા વિના બયઅત થતી જ નથી, એટલા માટે અર્ઝ કરી, હુઝૂર ! બયઅત કરી લો. જવાબે આલીનો ખુલાસો એ છે કે સ્ત્રીઓથી બયઅત કેવળ વાતથી લેવામાં આવે છે. અને એક સ્ત્રીથી બયઅત અને સો સ્ત્રીઓથી બયઅત અને સો સ્ત્રીઓથી બયઅત એક જ કલામ (વાત) શરીફથી થઈ જાય છે. આ હદીષને બર્ક, તિર્મિઝી, નિસાઈ, ઈબ્ને માજહ, મોઅત્તા ઈમામ માલિકે મુહમ્મદ ઈબ્ને મુન્કદિરની રિવાયતથી નકલ કર્યું પણ સાહિબે મિશ્કાત (મિશ્કાતના લેખક)ને આ નથી મળ્યા એટલા માટે તેમણે રવાહ ફર્માવીને જગા ખાલી છોડી આપી. તિર્મિઝીએ ફર્માવ્યું, આ હદીષ હસન સહીહ છે. એટલા માટે રાવી મુહમ્મદ ઈબ્ને મુન્કદિર છે. *(મિર્કાત, અશિઅહ)*

(વિભાગ : 3) الفصل الثالث

હઝરત બરાઅ ઈબ્ને આઝિબ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઝી કઅદામાં ઉમરા કર્યા[1] તો મક્કાવાળાઓએ મક્કામાં

★ હદીષ : (૮)-૪૦૪૯ ★ (مُتَّفَق عَلَيْهِ)

عَن الْبَرَاءِ بْنِ عَازِبٍ قَالَ: اعْتَمَرَ رَسُولُ اللَّهِ صَلَّى

اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي ذِي الْقَعْدَةِ فَأَبَى أَهْلُ مَكَّةَ أَنْ يَدَعُوهُ يَدْخُلُ مَكَّةَ حَتَّى قَاضَاهُمْ عَلَى أَنْ يَدْخُلَ يَعْنِي مِنَ الْعَامِ الْمُقْبِلِ يُقِيمُ بِهَا ثَلَاثَةَ أَيَّامٍ فَلَمَّا كَتَبُوا الْكِتَابَ كَتَبُوا: هَذَا مَا قَاضَى عَلَيْهِ مُحَمَّدٌ رَسُولُ اللَّهِ. قَالُوا: لَا نُقِرُّ بِهَا فَلَوْ نَعْلَمُ أَنَّكَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَا منعناك وَلَكِنْ أَنْتَ مُحَمَّدُ بْنُ عَبْدِ اللَّهِ فَقَالَ: «أَنَا رَسُولُ اللَّهِ وَأَنَا مُحَمَّدُ بْنُ عَبْدِ اللَّهِ» . ثُمَّ قَالَ لِعَلِيِّ بْنِ أَبِي طَالِبٍ: " امْحُ: رَسُولَ اللَّهِ " قَالَ: لَا وَاللَّهِ لَا أَمْحُوكَ أَبَدًا فَأَخَذَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَلَيْسَ يُحْسِنُ يَكْتُبُ فَكَتَبَ: " هَذَا مَا قَاضَى عَلَيْهِ مُحَمَّدُ بْنُ عَبْدِ اللَّهِ: لَا يُدْخِلُ مَكَّةَ بِالسِّلَاحِ إِلَّا السَّيْفَ فِي الْقِرَابِ وَأَنْ لَا يَخْرُجَ مِنْ أَهْلِهَا بِأَحَدٍ إِنْ أَرَادَ أَنْ يَتْبَعَهُ وَأَنْ لَا يَمْنَعَ مِنْ أَصْحَابِهِ أَحَدًا إِنْ أَرَادَ أَنْ يُقِيمَ بِهَا " فَلَمَّا دَخَلَهَا وَمَضَى الْأَجَلُ أَتَوْا عَلِيًّا فَقَالُوا: قُلْ لِصَاحِبِكَ: اخْرُجْ عَنَّا فَقَدْ مَضَى الْأَجَلُ فَخَرَجَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ

પ્રવેશની ઈજાઝત આપવાથી ઈન્કાર કરી આપ્યો. ત્યાં સુધી કે એમની સાથે એ શર્ત પર સુલહ થઈ કે આગલા વરસે તશરીફ લાવે, મક્કામાં ત્રણ દિવસ રોકાણ કરે[૨] તો જ્યારે તેમણે લખાણ કર્યું તો લખ્યું કે આ તે છે જેના પર મુહમ્મદ રસૂલુલ્લાહ ﷺએ ફૈસલો કર્યો. તે બોલ્યા, અમે એનો ઈક્રાર નથી કરતા, કેમ કે જો અમે જાણતા હોત કે આપ અલ્લાહના રસૂલ છે તો આપને ન રોકતા, પરંતું આપ મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ છે.[૩] તો ફર્માવ્યું કે હું રસૂલુલ્લાહ પણ છું અને મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહ પણ છું[૪] પછી અલી ઈબ્ને અબી તાલિબને ફર્માવ્યું, શબ્દ રસૂલુલ્લાહને છેકી કાઢો.[૫] તે બોલ્યા, અલ્લાહની કસમ ! હું કદી આપને છેકીશ નહીં.[૬] ત્યારે રસૂલુલ્લાહ ﷺએ પકડયું, જ્યારે કે આપ સારી રીતે લખતા ન હતા. પછી લખ્યું, આ તે છે જેના પર પર મુહમ્મદ ઈબ્ને અબ્દુલ્લાહે સુલહ કરી[૭] કે મક્કામાં દાખલ ન થશે હથિયારો સાથે સિવાય તલ્વારના તે પણ મ્યાનમાં[૮] અને એ કે મક્કાના રહેવાસીઓમાંથી જે આપની સાથે જવા ચાહે એને ન લઈ જશો, અને એ કે આપના સહાબામાંથી ન રોકીશું જો તે મક્કામાં રહેવા ચાહે[૯] પછી જ્યારે હુઝૂર મક્કામાં તશરીફ લાવ્યા અને મુદ્દત ગુજરી ગઈ તો મક્કાવાળા અલીની પાસે આવ્યા, બોલ્યા, તમારા ઈમાનના સાથીને અર્ઝ કરો[૧૦] કે અમારી પાસેથી તશરીફ લઈ જાય કે મુદ્દત ગુજરી ગઈ. જેથી નબી ﷺ તશરીફ લઈ ગયા.[૧૧] (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે ઉમરાનો ઈરાદો કર્યો, એહરામ બાંધી લીધો. આ બનાવ હિ.સ. ૬માં સોમવારે (દો શમ્બા) બન્યો. *(મિર્કાત)*

૨. આ બનાવ અગાઉ વર્ણન થઈ ચૂક્યો.

૩. એટલે કે આપ આ સુલેહનામામાં પોતાના નામ શરીફની સાથે "રસૂલુલ્લાહ" ન લખે બલ્કે "ઈબ્ને અબ્દુલ્લાહ" લખાવે, કેમ કે આપને રસૂલુલ્લાહ માનતા ન હતા ન માને છે. અને આ શબ્દ સુહૈલ ઈબ્ને અમ્રના મોંથી નીકળી રહ્યા છે. નજીકમાં એ જ સુહૈલ શહાદતનો કલમો પઢશે અને મુસલમાન બનશે. આ છે તારા રબની બેનિયાઝી !

૪. એટલે કે આ બંને શબ્દો હક્ક છે. અમારામાં બંને સિફતો મૌજૂદ છે, જે ચાહો લખી લો એના પર અમને વાંધો નથી. સુબ્હાનલ્લાહ ! આ છે સંયમ આપણા નબી ﷺનો. મક્સદ એ હતો કે જંગ ન થાય જેથી. હરમ

શરીફ અને બયતુલ્લાહમાં ખૂનરેજી ન થાય, સુલહ થઈ જાય.

૫. અને એની જગાએ લખી આપો "ઈબ્ને અબ્દુલ્લાહ" જેવો કે સુહેલનો આગ્રહ છે.

૬. એટલે કે અલીના હાથ વડે "રસૂલુલ્લાહ" શબ્દ પર કલમ ચાલશે નહીં. આ હુકમની નાફર્માની નથી બલ્કે અતિશય ઈમાની જોશ અને ઈશ્કે રસૂલુલ્લાહ ﷺનો જોશ છે. મહોબ્બત તથા ઈખ્લાસની હદ થઈ ગઈ. આપ જાણતા હતા કે આ હુકમ શરઈ રીતે વાજિબ થવા માટે નથી. સારાંશ જનાબ અલી મુર્તઝા رضی اللہ عنہ નો આ અમલ ખૂબ જ દાદને પાત્ર છે.

૭. એટલે હુઝૂરે અન્વર ﷺએ ન તો કોઈની પાસેથી લખવાનું શીખ્યું ન પોતે કદી લખવાની પ્રેક્ટિસ કરી, ન એનાથી પહેલાં કદી કાંઈ લખ્યું હતું. આજે અચાનક પોતાના હાથ મુબારક વડે આખુ લખાણ લખ્યું. યાદ રાખશો કે આ હદીષ આ આયતે કુર્આનની વિરૂધ્ધ નથી : وَمَا كُنْتَ تَتْلُوْا مِنْ قَبْلِهٖ مِنْ كِتٰبٍ وَّلَا تَخُطُّهٗ بِيَمِيْنِكَ (અને એનાથી પહલાં તમે કોઈ કિતાબ ન પઢતા હતા અને ન પોતાના હાથ વડે કાંઈ લખતા હતા. સૂ. અન્કબૂત, ૨૯/૪૮) કેમ કે આયતે કરીમામાં નબુવ્વતના ઝહૂર (જાહેરાત) પહેલાં કિતાબ પઢવાનો તથા લખવાનો નકાર છે. અને અહીં આ પ્રસંગે લખવાની સાબિતી છે. આ પ્રસંગ નબુવ્વતની જાહેરાતના વરસો પછી છે અને આ લખવું પણ હુઝૂરે અન્વર ﷺનો મોજિઝો છે. અથવા એવું કહો કે આયતે કરીમામાં લખવાની આદતનો નકાર છે અને અહીં એકવાર લખવાની સાબિતી છે. જેમ કે કુર્આને મજીદ ફર્માવે છે. وَمَا عَلَّمْنٰهُ الشِّعْرَ (અને અમે તેમને શેઅર કહેવું નથી શીખવાડયું. સૂ. યાસીન, ૩૬/૬૯) અને હદીષોથી સાબિત છે કે કેટલીય વાર હુઝૂરે અન્વર ﷺના મુંહ શરીફથી શેઅર બહાર પડયા, જેમ કે هل انت الا اصبع رميت તથા જેમ કે كل امرئ مصبح فى اهله વગેરે. આયતે કરીમાથી શેઅર ગોઈની આદતનો નકાર છે અને હદીષ શરીફમાં બે ચાર શેઅર બહાર પડવાની સાબિતી છે.

૮. એટલે અમે આવતા વરસે ઉમરા કરવા આ ઝીકઅદાના મહીનામાં આવીશું. તીર, કમાન વગેરે જંગનો સામાન સાથે લાવીશું નહીં, કેવળ તલ્વાર સાથે લાવીશું તે પણ મ્યાનમાં બંધ.

૯. એની શરહ પહેલાં વર્ણન થઈ ચૂકી. કેવળ ત્રણ શર્તોનું વર્ણન છે પણ શરતો એના ઉપરાંત અન્ય પણ હતી. જે અમે પહેલાં વર્ણવી ચૂક્યા છીએ. આ શર્તનો મતલબ એ છે કે જે મક્કા મોઅઝ્ઝમાનો કાફિર મુસલમાન થઈને મદીના મુનવ્વરા રહેવા ચાહે તેને આપ ન રાખો અને જે મદીના મુનવ્વરાનો મુસલમાન મુર્તદ થઈને મક્કા મોઅઝ્ઝમા રહેવા ચાહે તો આપ તેને ન રોકશો. હુઝૂરે અન્વર ﷺએ આ શરત મંજૂર કરી લીધી.

૧૦. صاحبكનો આ તર્જુમો ખૂબ જ યોગ્ય છે. સાથી ઘણા પ્રકારના હોય છે. વતનના સાથી, ધંધાના સાથી, ઘરના સાથી, બહારના સાથી, દિલના સાથી, જાનના સાથી, ઈમાનના સાથી. અહીં ઈમાનના સાથી મુરાદ છે. હુઝૂર ﷺ આપણા સૌના ઈમાનના સાથી છે.

૧૧. જેથી જ્યારે હુઝૂર રવાના થયા તો હઝરત હમ્ઝાનાં પુત્રી હુઝૂરે અન્વર ﷺની સાથે આવી ગયાં. જેવું કે બીજી રિવાયતમાં છે.

باب اخراج اليهود من جزيرة العرب

બાબુલ ઈખ્રાજુલ યહૂદ મિન જઝીરતુલ અરબ

(અરબ દ્વિપથી યહૂદીઓને કાઢવા વિશે[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. અમે પ્રથમ વર્ણવી ચૂક્યા છીએ કે અરબ એ દ્વિપનું નામ છે જે બહરે હિંદ (હિંદી મહાસાગર), બહરે શામ, દજલા, ફુરાતથી ઘેરાયેલ છે. અદનથી શામ સુધી લાંબો છે. જિદ્દાથી ઈરાક સુધી પહોળો છે. તેનાં પાંચ રાજ્યો છે : હિજાઝ, ઈરાક, યમન, નજદ, બહરૈન. બાકી અન્ય દેશોનું નામ અજમ છે. જો કે અરબથી બંનેવ યહૂદ તથા નસારા બંનેને કાઢવામાં આવશે પણ અહીં કેવળ યહૂદનું વર્ણન કરવામાં આવ્યું. કેમ કે હુઝૂરે અન્વર ﷺએ હુકમ તો બંને ગૃપોને કાઢવાનો આપ્યો પણ અમલ શરીફ યહૂદને કાઢવાનો કર્યો. *(અશિઅહ)*

★ હદીષ : (૧)-૪૦૫૦ ★ (مُتَّفِق عَلَيْهِ)

عَن أَبِي هُرَيْرَةَ قَالَ: بَيْنَا نَحْنُ فِي الْمَسْجِدِ خَرَجَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «انْطَلِقُوا إِلَى يهود» فخرجنا مَعَه حَتَّى جِئْنَا بَيت الْمدَارِس فَقَامَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «يَا مَعْشَرَ يَهُودَ أَسْلِمُوا تَسْلَمُوا اعْلَمُوا أَنَّ الْأَرْضَ لِلَّهِ وَلِرَسُولِهِ وَأَنِّي أُرِيدُ أَنْ أُجْلِيَكُمْ مِنْ هَذِهِ الْأَرْضِ. فَمَنْ وَجَدَ مِنْكُمْ بِمَالِهِ شَيْئًا فليبعه»

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે અમે નબી કરીમ ﷺ ની મસ્જિદમાં હતા કે હુઝૂરે ફર્માવ્યું, યહૂદની તરફ ચાલો[૧] જેથી અમે હુઝૂરની સાથે ચાલ્યા ત્યાં સુધી કે અમે તેમના મદ્રસામાં પહોંચ્યા[૨] તો નબી કરીમ ﷺએ ક્યામ ફર્માવીને ફર્માવ્યું, હે યહૂદની જમાઅત ! ઈસ્લામ કબૂલ કરી લો સલામત રહેશો[૩] જાણી લો કે જમીન અલ્લાહ રસૂલની છે[૪] અને હું ઈરાદો કરી રહ્યો છું કે તમને આ જમીનથી તડીપાર કરી આપું[૫] તો તમારામાંથી જે પોતાનો કાંઈ માલ પામે તો તેને વેચી દે.[૬] (મુસ્લિમ, બુખારી)

૧. તબ્લીગના માટે જેનું વર્ણન આગળ આવી રહ્યું છે.

૨. مدارس ક્યાં તો درس થી બન્યું છે અથવા دراسة તથા تدريس થી બન્યુ છે. بيت المدارسનો અર્થ સબક લેવાનું તાલીમ હાંસલ કરવાનુ ઘર, ક્યારેક યહૂદીઓના આલિમને પણ મુદર્રિસ કહે છે એટલે દર્સ આપનાર. અમુક રિવાયતોમાં આ પ્રમાણે છે : حتى اتى المدارس સારાંશ એનાથી મુરાદ ક્યાં તો યહૂદીનો દીની મદરસો છે અથવા એમના પોગ પાદરીનું ઘર જે મદીના મુનવ્વરામાં હતું. એનાથી જાણવા મળ્યું કે તબ્લીગના માટે કાફિરોનાં ઘરો, તેમના મદરસાઓ, ખાનકાહોમાં જવું સુન્નતથી સાબિત છે.

★ તબ્લીગ નરમીથી કરવી બેહતર ★

૩. એટલે કે આપ ત્યાં બેઠા નથી પણ ઉભા ઉભા તેમની સાથે વાત કરી, અથવા એટલા માટે વઅઝ તથા ખુત્બો ઉભા રહીને કરવો બેહતર છે. અથવા એના માટે કે આપે એ કાફિરો સાથે બેસવાનુ પસંદ ન કર્યું. સલામત રહેશોનો અર્થ છે દીન તથા દુનિયાની આફતોથી બચેલા રહેશો. **ઈસ્લામ તથા નમાઝ રહમાની કિલ્લો છે જેમાં**

દાખલ થઈને માણસ ઘણી બધી આફતોથી બચી જાય છે. એનો ઘણો જ અનુભવ છે. જાણવા મળ્યું કે તબ્લીગ GZDLYLSZJLA[CTZK[V G[0ZFJJFSZTFAXFZTA[CTZK[S[Ch]Z[V gJZ ﷺએ તેમને ઈસ્લામ લાવવા પર સલામતીની બશારત (ખુશખબર) આપી.

★ દુનિયા તથા આખેરત અલ્લાહ રસૂલની છે કહેવું શિર્ક નથી ★

૪. જાહેર છે કે ارض થી મુરાદ સર્વ જમીન છે અને મતલબ એ છે કે જમીન રબ તઆલાની મખ્લૂક તથા મમ્લૂક છે, પછી એના બનાવવાથી મારી માલિકીની છે. اِنَّ الْاَرْضَ لِلّٰهِ ۙ يُوْرِثُهَا مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ (બેશક ! જમીનનો માલિક અલ્લાહ છે પોતાના બંદાઓમાં જેને ચાહે વારસ બનાવે. સૂ. અઅરાફ, ૭/૧૨૮) આ ફર્માને આલીથી જાણવા મળ્યું કે અલ્લાહ રસૂલનો મિલાવીને ઝિક્ર કરવો હરામ નથી. અને એ કહેવું કે, **"અમે અલ્લાહ રસૂલના છીએ, દુનિયા તથા આખેરત અલ્લાહ વ રસૂલની છે" એ શિર્ક નથી.** હુઝૂર ﷺ અલ્લાહના માલિક બનાવવાથી દરેક ચીજના માલિક છે. (શેઅર)

ख़ालिके कुलने आपको मालिके कुल बना दिया—दोनों जहां हैं आपके क़ब्ज़ा व इख्तियार में

૫. જેથી મદીનાની જમીન તમારા અશુભ વજૂદથી પાક થઈ જાય અને અહીં કેવળ ઈસ્લામ જ રહે. એ યહૂદીઓના કારણે દિવસ રાત ફિત્ના રહેતા હતા. અહઝાબ જેવી તકલીફ મુસલમાનોને એ જ મદીનાના યહૂદીઓના કારણે પહોંચી. હમેશાં સલ્તનતો પોતાના દેશથી ગદ્દારો, ફિત્નાખોરોને કાઢે છે. જર્મનીના હિટલરે યહૂદીઓને જર્મનથી કાઢયા હતા. આજે પણ ખાસ મુજરિમોને કાળા પાણીની સજા આપવામાં આવે છે. યાદ રાખશો કે હુઝૂર ﷺનું મદીનાના યહૂદી બની નઝીરને કાઢવા અલ્લાહના હુકમથી છે, કેમ કે આપ ખલીફતુલ્લાહ છે, જેથી ફર્માવે છે કે હું તમને તડીપાર કરવા ચાહું છું.

૬. بِـ ની બે عن ના અર્થમાં છે. એટલે અમે તમને માલ ઝબ્ત કરી લેવાની સજા નથી આપતા, તમે મન્કૂલ માલ (દર્શાવેલ માલ) સાથે લઈ જાવ અને ગેર મન્કૂલ માલ (ન દર્શાવેલ) વેચીને કિંમત મેળવી લો. યાદ રાખશો કે મદીના મુનવ્વરામાં યહૂદીઓના બે કબીલા આબાદ હતા, બની કુરૈઝા અને બની નઝીર. જ્યારે તેમણે મુસલમાનોને સંપૂર્ણપણે મિટાવી દેવાની કોશિશ કરી જેના કારણે અહઝાબનો બનાવ ઉપસ્થિત થયો ત્યારે હુઝૂરે અન્વર ﷺએ બની કુરૈઝાને તો કત્લ કરાવી નાખ્યા અને બની નઝીરને તડીપાર કરી દીધા. આ વાતચીત બની નઝીરથી છે. આ બનાવ હિ.સ. ૪માં થયો અને બની કુરૈઝાની કત્લ હિ.સ. ૫માં થઈ. અને હઝરત અબૂ હુરૈરહ હિ.સ. ૭માં ઈમાન લાવ્યા. આ હદીષના આધાર પર અમુક ઉલમાએ મજબૂરની બયઅ (ખરીદ વેચાણ) જાઈઝ માની. યાદ રાખશો કે બયએ મુઝતર અલગ છે અને બયએ મકરૂહ અલગ છે. અહીં બયએ મુઝતર થશે બયએ મકરૂહ ન થશે. બયએ મકરૂહ (મકરૂહ સોદો) એ છે કે કોઈ શખ્સ પોતાની ચીજ વેચવા ન ચાહે તેને મારી પીટીને બયઅ કરાવી લેવામાં આવે. આ બયઅ (સોદો) સર્વ સંમતિએ નાજાઈઝ છે. યાદ રાખશો કે ઈમામ માલિકને ત્યાં કોઈ કાફિરને અરબ મુલ્કમાં રહેવાની ઈજાઝત નથી. ઈમામ શાફઈને ત્યાં મક્કા, મદીના, યમામા માટે આ હુકમ છે. તેમજ ઉલમા ફર્માવે છે કે કોઈ કાફિરને હિજાઝમાં આવવાની ઈજાઝત નથી. હા ! સૈર રૂપે આવે તો ત્રણ દિવસથી વધુ ત્યાં ન રોકાય. જો છુપી રીતે આવી જાય તો કાઢી મૂકવામાં આવે. જો ત્યાં મરીને દફન થઈ જાય તો તેમની લાશ હિજાઝથી કાઢી ચૂકવામાં આવે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં કાફિરો ટેમ્પરરી હિજાઝ બલ્કે હરમમાં જઈ શકે છે. એની સંપૂર્ણ ચર્ચા ફિકહની કિતાબો તથા મિર્કાતમાં જુઓ.

★ હઝરત ઉમરે યહૂદને ખૈબરથી તડીપાર કર્યા ★

★ હદીષ : (૨)-૪૦૫૧ ★

وَعَن ابْن عمر قَالَ: قَامَ عُمَرُ خَطِيبًا فَقَالَ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ عَامَلَ يَهُودَ خَيْبَرَ عَلَى أَمْوَالِهِمْ وَقَالَ: «نُقِرُّكُمْ مَا أَقَرَّكُمُ اللَّهُ» . وَقَدْ رَأَيْتُ إِجْلَاءَهُمْ فَلَمَّا أَجْمَعَ عُمَرُ عَلَى ذَلِكَ أَتَاهُ أَحَدُ بَنِي أَبِي الْحُقَيقِ فَقَالَ: يَا أَمِيرَ الْمُؤْمِنِينَ أَتُخْرِجُنَا وَقَدْ أَقَرَّنَا مُحَمَّدٌ وَعَامَلَنَا عَلَى الْأَمْوَالِ؟ فَقَالَ عُمَرُ: أَظَنَنْتَ أَنِّي نَسِيتُ قَوْلَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كَيْفَ بِكَ إِذَا أُخْرِجْتَ مِنْ خَيْبَرَ تَعْدُو بِكَ قَلُوصُكَ لَيْلَةً بَعْدَ لَيْلَةٍ؟» فَقَالَ: هَذِهِ كَانَتْ هُزَيْلَةً مِنْ أَبِي الْقَاسِمِ فَقَالَ كَذَبْتَ يَا عَدُوَّ اللَّهِ فَأَجْلَاهُمْ عُمَرُ وَأَعْطَاهُمْ قِيمَةَ مَا كَانَ لَهُمْ مِنَ الثَّمَرِ مَالًا وَإِبِلًا وَعُرُوضًا مِنْ أَقْتَابٍ وَحِبَالٍ وَغَيْرِ ذَلِكَ. رَوَاهُ الْبُخَارِيُّ

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે, ફર્માવે છે કે જનાબ ઉમર ખુત્બો ફર્માવવા ઉભા થયા તો ફર્માવ્યું કે રસૂલુલ્લાહ ﷺ એ ખૈબરના યહૂદીઓથી તેમના માલો પર મામલો નક્કી કર્યો હતો અને ફર્માવ્યું હતું, જ્યાં સુધી અલ્લાહ તમને બરકરાર (યથાવત) રાખે અમે તમને યથાવત રાખીશું.[૧] હું તેમને તડીપાર કરવાને યોગ્ય સમજુ છું[૨] જ્યારે હઝરત ઉમરે એનો સંપૂર્ણ ઈરાદો કરી લીધો તો બની અબૂ હકીકનો એક શખ્સ આવ્યો[૩] બોલ્યો, હે અમીરુલ મોમિનીન ! આપ તો અમને કાઢી રહ્યા છો, જ્યારે કે હુઝૂરે અમને યથાવત રાખ્યા હતા અને અમારી સાથે માલો પર મામલો કર્યો હતો ! તો હઝરત ઉમરે ફર્માવ્યું કે શું તું સમજે છે કે હું હુઝૂર ﷺ નું એ ફર્માન ભૂલી ગયો કે તારો શું હાલ થશે જ્યારે તને ખૈબરથી કાઢવામાં આવશે કે તને રાત રાતભર ફરતી રહેશે[૪]. તે બોલ્યો, એ તો અબુલ કાસિમની મજાક હતી. તો આપે ફર્માવ્યું, હે અલ્લાહના દુશ્મન ! તું જૂઠો છે[૫] જેથી તેમને કાઢી મૂક્યા અને તેમને તેમનાં જે કાંઈ ફળો, માલ, ઊંટો, સામાન, રસ્સીઓ વગેરે હતાં તેમની કિંમત આપી દીધી.[૬] (બુખારી)

૧. એટલે કે હુઝૂર ﷺ એ ખૈબર ફતહ કરીને ખૈબરના યહૂદીઓને ત્યાં ટેમ્પરરી રોકાણની ઈજાઝત આપી હતી, એ રીતે કે પોતાના બાગોમાં તેઓ કામકાજ કરે અને અડધી ઉપજ તેમની હોય અને અડધી મુસલમાનોની. અને ફર્માવ્યું હતું કે આ મામલો હમેશાં માટે નથી, જ્યારે અમે ચાહીશું તમને કાઢી મૂકીશું. આ હુઝૂરે અન્વર ﷺ ની વિશિષ્ટતાઓમાંથી છે, નહીં તો હવે બાગ અથવા ખેતરનો ઠેકો આ રીતે આપવો જાઈઝ નથી. ઠેકા માટે સમય મર્યાદા નિશ્ચિત હોવી જરૂરી છે કે ફલાણા સમય સુધી. *(મિર્કાત)*

૨. એટલે કે હવે ચાહું છું કે આ યહૂદીઓને ખૈબરથી પણ કાઢી મૂકું. તેમનુ ખૈબરમાં રહેવું પણ ખતરનાક છે, અને મારુ કાઢવું એ ખુદ હુઝૂર ﷺ નું કાઢવું છે.

૩. બની હકીક યહૂદીઓનો ઘણો જ માલદાર કબીલો હતો. હકીક બર વઝને કરીમ. એમનો કોઈ અમીર અથવા સરદાર આવ્યો તેનું નામ જાણી ન શકાયું.

૪. સુબ્હાનલ્લાહ ! હુઝૂર ﷺ ની આ ગયબી ખબર તો મોજિઝો અને હઝરત ઉમર رضی اللہ عنہ નું આ ફર્માનને આ રીતે યાદ રાખવું આપની કરામત છે. જાણે કે આપ એ સમયના હાલાત પોતાની આંખો વડે જોઈ રહ્યા હતા. આ ફર્માનમાં એ પણ ઈશારો હતો કે **તમે લોકોને અરબથી એ રીતે કાઢવામાં આવશે કે કોઈ દેશ તમને સ્વીકારશે નહીં, માર્યા માર્યા ફરશો. તેઓ અત્યાર સુધી માર્યા માર્યા ફરી રહ્યા છે. હવે અમેરિકાએ**

તેમને પેલેસ્ટાઈનમાં ચૌદસો વરસ પછી વસાવ્યા, અને ઈન્શા અલ્લાહ ! ફરી નીકળશે.

૫. કેમ કે હુઝૂર ﷺની કોઈ વાત ગલત નથી હોતી, દરેક વાત વહીયે ઈલાહી હોય છે.

૬. એ રીતે કે એ વરસની પેદાવાર (ખેતીની ઉપજ)ના અડધા ભાગની કિંમત તેમને આપી અને તે જે સામાન ન લઈ જઈ શકે તેની કિંમત અતા કરી આપી. જો આજની હુકૂમતો હોત તો તેમના સર્વ માલ કબજે કરીને કાઢી મૂકતી કેમ કે તેઓ દેશ તથા ઈસ્લામના ગદ્દાર હતા. તેમણે હુઝૂર ﷺને ઝહેર આપ્યું હતું અને અન્ય પણ હરકતો કરતા રહેતા હતા.

★ મુશ્રિકોને અરબદ્વિપથી કાઢી મૂકો.... ★

★ હદીષ : (૩)-૪૦૫૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عَبَّاسٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسلم أَوْصَى بِثَلَاثَةٍ: قَالَ: «أَخْرِجُوا الْمُشْرِكِينَ مِنْ جَزِيرَةِ الْعَرَبِ وَأَجِيزُوا الْوَفْدَ بِنَحْوِ مَا كُنْتُ أُجِيزُهُمْ» . قَالَ ابْنُ عَبَّاسٍ: وَسَكَتَ عَنِ الثَّالِثَةِ أَو قَالَ: فأنسيتها

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ત્રણ ચીજોની વસિયત કરી : મુશ્રિકોને અરબ દ્વિપથી કાઢી મૂકો[૧] અને પ્રતિનિધિમંડળોને અતિયા (તોહફા) આપો જેવા તેમને અતિયા આપતો હતો.[૨] ઈબ્ને અબ્બાસે ફર્માવ્યું કે ત્રીજી વસિયતથી ખામોશી ફર્માવી.[૩] અથવા કહ્યું કે હું ભૂલી ગયો. (મુસ્લિમ, બુખારી)

૧. અમુક શરહકર્તાઓએ અહીં અરબ દ્વિપથી મુરાદ હિજાઝ લીધેલ છે. ઈમામ શાફઈ رضی اللہ عنہ ને ત્યાં પણ કેવળ હિજાઝ મુરાદ છે એટલે મક્કા, મદીના અને યમામા. *(અશિઅહ)*

૨. આ બીજી વસિયત છે એટલે જે લોકો પોતાની કૌમના પ્રતિનિધિ બનીને મદીના મુનવ્વરા આવે તેની આગતા સ્વાગતા કરો, તેને ભેટ સોગાદો આપો, જેવો કે મારો અમલ રહ્યો. સરકાર ﷺએ પ્રતિનિધિમંડળોના આગમન પર ખૂબ જ ખુશી જાહેર કરતા હતા. એ લોકો પોતાની કૌમની તરફથી ઈમાન, તેમની વફાદારીના વયનો વાયદા લઈને આવતા હતા. હુઝૂર ﷺ સાથે બયઅત કરાવતા હતા, હુઝૂરથી બયઅત કરતા હતા. તેમની બયઅત આખી કૌમની બયઅત રહેતી હતી.

૩. અહીં કાંઈક કાતિબ (લહિયા)ની ગલતી છે قال (કાલ)નો ફાઈલ (કર્તા) હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما નથી, બલ્કે સુલેમાન અહવલ છે જે સઈદ ઈબ્ને જુબેરથી રાવી, તે અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રાવી. એટલે કે સુલેમાન કહે છે કે સઈદ ઈબ્ને જુબેર ત્રીજી વસિયતના બયાનથી ખામોશ રહ્યા. અથવા તેમણે બયાન કરી હતી પણ મને યાદ ન રહી. શક્ય છે કે ત્રીજી વસિયત એ હોય કે તમે મારી કબ્રને મૂર્તિ ન બનાવી લેશો. જેની પૂજા કરવામાં આવે. واللّٰہ و رسولہ اعلم *(મિર્કાત)*

★ હદીષ : (૪)-૪૦૫૩ ★

وَعَنْ جَابِرِ بْنِ عَبْدِ اللَّهِ قَالَ: أَخْبَرَنِي عُمَرَ بْنِ الْخَطَّابِ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّهُ سَمِعَ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: «لأخرجنَّ اليهودَ والنصَارى من جزيرةِ الْعَرَبِ حَتَّى لَا أَدَعَ فِيهَا إِلَّا مُسْلِمًا».رَوَاهُ مُسْلِمٌ وَفِي رِوَايَةٍ:

હઝરત જાબિર ઈબ્ને અબ્દુલ્લાહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મને ઉમર ઈબ્ને ખત્તાબે ખબર આપી કે તેમણે રસૂલુલ્લાહ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે હું યહૂદીઓ ઈસાઈઓને અરબ દ્વિપથી કાઢી મૂકીશ ત્યાં સુધી કે એમાં છોડીશ નહીં પણ મુસલમાનને[૧] (મુસ્લિમ) અને એક રિવાયતમાં આ પ્રમાણે છે કે જો

«لَئِنْ عِشْتُ إِنْ شَاءَ اللَّهُ لَأُخْرِجَنَّ الْيَهُودَ وَالنَّصَارَى مِنْ جَزِيرَةِ الْعَرَبِ»	*હું જીવંત રહીશ તો ઈન્શા અલ્લાહ ! યહૂદીઓ ઈસાઈઓને અરબ દ્વિપથી કાઢી મૂકીશ.*[૨]

૧. એટલે કે અમારો ઈરાદો એ છે કે અરબથી સર્વ દીનોને કાઢી નાખું, અહીં કેવળ મુસલમાન રહે જેથી આ જગા ફિત્ના ફસાદની ન રહે. કેવળ હજ, ઉમરા, ઝિયારત તથા ઝિક્રે ઈલાહીના માટે રહે, જ્યાં કેવળ ઈબાદતો થાય, રાજનીતિનો અડ્ડો અને ફિત્ના ફસાદનો અખાડો ન બને.

૨. હુઝૂર ﷺએ મદીના મુનવ્વરાને યહૂદીઓથી ખાલી કરાવી લીધુ, એ રીતે કે ત્યાંના યહૂદીઓમાંથી બની કુરૈઝાને કત્લ કરી દીધા અને બની નઝીરને તડીપાર કરી દીધા. ખૈબર ફતહ કર્યો તો ત્યાંના યહૂદીઓને ટેમ્પરરી અમુક દિવસ રહેવા સહેવાની ઈજાઝત આપી. પછી હઝરત ઉમર رضی اللہ عنہએ તેમને ત્યાંથી પણ કાઢી મૂક્યા. આ રીતે હુઝૂરે અન્વર ﷺની એ ખ્વાહિશ રબે પૂરી કરી આપી.

(વિભાગ : ૨) الفصل الثانی

لَيْسَ فِيهِ إِلَّا حَدِيثُ ابْنِ عَبَّاسٍ «لَا تَكُونُ قِبْلَتَانِ» وَقَدْ مَرَّ فِي بَاب الْجِزْيَة	*આમાં કેવળ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની જ રિવાયત છે કે બે કિબ્લા ન હોય અને તે જિઝિયાના પ્રકરણમાં વર્ણન થઈ ચૂકી.*[૧]

૧. એટલે કે મસાબીહમાં એ હદીષમાં અહીં જ હતી અને બીજા વિભાગમાં કેવળ એ એક જ હદીષ હતી, અમે તેને બાબુલ જિઝિયામાં વર્ણવી આપી. જો અહીં પણ લાવતે તો ડબલવાર થઈ જાત એટલા માટે અમે અહીં નથી લાવ્યા અને બીજો વિભાગ હદીષથી ખાલી રહ્યો.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૫)-૪૦૫૪ ★ (مُتَّفَقٌ عَلَيْهِ) عَنِ ابْنِ عُمَرَ: أَنَّ عُمَرَ بْنَ الْخَطَّابِ رَضِيَ اللَّهُ عَنْهُمَا أَجْلَى الْيَهُودَ وَالنَّصَارَى مِنْ أَرْضِ الْحِجَازِ وَكَانَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَمَّا ظَهَرَ عَلَى أَهْلِ خَيْبَرَ أَرَادَ أَنْ يُخْرِجَ الْيَهُودَ مِنْهَا وَكَانَتِ الْأَرْضُ لَمَّا ظُهِرَ عَلَيْهَا لِلَّهِ وَلِرَسُولِهِ وَلِلْمُسْلِمِينَ فَسَأَلَ الْيَهُودُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَنْ يَتْرُكَهُمْ عَلَى أَنْ يَكْفُوا الْعَمَلَ وَلَهُمْ نِصْفُ الثَّمَرِ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «نُقِرُّكُمْ على ذَلِك مَا شِئْنَا»	*હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ યહૂદી તથા નસારા (ઈસાઈ)ને હિજાઝની ભૂમિથી કાઢી મૂક્યા.*[૧] *અને રસૂલુલ્લાહ ﷺ જ્યારે ખૈબરવાળાઓ પર ગાલિબ થયા હતા તો ત્યાંથી યહૂદને કાઢવા ચાહ્યા હતા*[૨] *જ્યારે હુઝૂર એના પર ગાલિબ થયા તો એ જમીન અલ્લાહ રસૂલની અને સર્વ મુસલમાનોની હતી.*[૩] *ત્યારે યહૂદીઓએ રસૂલુલ્લાહ ﷺને એ સવાલ કર્યો કે તેમને ત્યાં જ છોડી દો એ શર્ત પર કે એ લોકો કામકાજ કરે અને મુસલમાન માટે અડધાં ફળ હોય.*[૪] *ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અમે તમને એ જ શર્ત પર રાખીએ છીએ જ્યાં સુધી ચાહીશું. જેથી તેઓ કાયમ*

રહ્યા ત્યાં સુધી કે તેમને હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાની ખિલાફતમાં તયમા અને અરીહાની તરફ તડીપાર કરી દીધા.[૫] (મુસ્લિમ, બુખારી)	فَأُقِرُّوا حَتَّى أَجْلَاهُمْ عُمَرُ فِي إِمارته إِلى تَيماءَ وأَريحاء

૧. અહીં મિર્કાતે ફર્માવ્યું કે હિજાઝની જમીનથી મુરાદ અરબ દ્વિપ છે એટલે હઝરત ઉમર رضی اللہ عنہ એ સર્વ અરબ મુલ્કથી યહૂદીઓને કાઢી મૂક્યા.

૨. આ કાઢવાનાં કેટલાક કારણો અમે અગાઉ વર્ણન કરી ચૂક્યા છીએ.

૩. એટલે કે એ જમીન મુસલમાનની માલિકીની ઠરાવવામાં આવી. બીજા ઈલાકાઓની જેમ જમીન ત્યાંના રહેવાસીઓની ન રાખવામાં આવી. અલ્લાહનો ઝિક્ર બરકતના માટે છે.

૪. એટલે બાગોની ખિદમત આ લોકો કરે અને માલિક મુસલમાન હોય, અને ઉપજ અડધી અડધી હોય. એ રીતે કે મુસલમાનોને માલિકીના કારણે અડધી ઉપજ મળે અને એ યહૂદીઓને ખિદમતના કારણે અડધી ઉપજ મળે. એને ઉર્દૂમાં ઠેકો કહે છે.

૫. આ બંને વસ્તીઓ બયતુલ મુકદ્દસની પાસે છે, પેલેસ્ટાઈન દેશમાં. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે તયમા તો અરબમાં આવેલ છે અને અરીહા પેલેસ્ટાઈન દેશમાં કહેવાય છે.

બાબુલ ફઈ بابالفئ
(ફઈનું વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

★ 'ફઈ'નો અર્થ અને તેના હુકમો ★

૧. ક્યારેક ફઈ ગનીમતના અર્થમાં આવે છે, એટલે કે જે માલ કાફિરો પાસેથી જંગની હાલતમાં લડીને લેવામાં આવે, અને ક્યારેક ફઈ તે માલ કહેવાય છે કે જે કાફિરોથી જંગ વિના મળે. ગનીમતથી ખમ્સ કાઢીને બાકીના ચાર ખમ્સ મુજાહિદોને આપવામાં આવતા હતા, પણ ફઈમાં ન ખમ્સ છે ન વહેંચણી. અહીં ફઈનો એ જ અર્થ છે. જેમ કે આ પ્રકરણમાં વર્ણવેલ હદીષથી માલૂમ પડશે. આ ફઈમાં હુઝૂર ﷺ મુખ્તારે મુત્લક હતા, જ્યાં ચાહે ખર્ચ કરે. હવે ફઈ ખિરાજના હુકમમાં છે કે તે મુસલમાનની મસ્લેહતોમાં ખર્ચ થશે, જેમ કે પુલ બનાવવા, ક़ાઝીઓ, ઉલમાના પગારો, પોલીસ પર ખર્ચ. (મિર્ક़ાત) ઈમામ શાફઈને ત્યાં ફઈ, જિઝિયા, ખિરાજમાંથી પણ ખમ્સ લેવામાં આવશે, પણ આ ક़ૌલ ઈજમાઅની વિરૂધ્ધ છે, કોઈ હદીષથી એ સાબિત નથી કે હુઝૂર ﷺએ ખિરાજથી ખમ્સ લીધો. (મિર્ક़ાત) અને એમનાથી પહેલાં તથા પછી કોઈએ એ ક़ૌલ ન કર્યો.

★ હદીષ : (૧)-૪૦૫૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

عَن مالكِ بن أَوْسِ بنِ الحَدَثَانِ قَالَ: قَالَ عُمَرُ بْنُ الْخَطَّابِ رَضِيَ اللَّهُ عَنْهُ: إِنَّ اللَّهَ قَدْ خَصَّ رَسُولَهُ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي هَذَا الْفَيْءِ بِشَيْءٍ لَمْ عطه أحدا غيرَه ثُمَّ قَرَأَ (مَا أَفَاءَ اللَّهُ عَلَى رَسُولِهِ مِنْهُم)إِلى قولِه (قديرٌ)فكانتْ هَذِه خَالِصَة لرَسُول اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يُنْفِقُ عَلَى أَهْلِهِ نَفَقَةَ سَنَتِهِمْ مِنْ هَذَا الْمَالِ. ثُمَّ يَأْخُذُ مَا بَقِيَ فَيَجْعَلُهُ مَجْعَلَ مَالِ اللَّهِ

હઝરત માલિક ઈબ્ને અવસ ઈબ્ને હદષાનથી[૧] રિવાયત છે. ફર્માવે છે, હઝરત ઉમર ઈબ્ને ખત્તાબે ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ ﷺ ને આ ફઈમાંથી એવી ચીજથી ખાસ કર્યા જે એમના સિવાય કોઈને ન આપી[૨] આ આયત (સૂ. હશ્ર, ૫૯/૬) તિલાવત કરી :

وَ مَآ اَفَآءَ اللّٰهُ عَلٰى رَسُوْلِهٖ مِنْهُمْ فَمَآ اَوْجَفْتُمْ عَلَيْهِ مِنْ خَيْلٍ وَّ لَا رِكَابٍ وَّ لٰكِنَّ اللّٰهَ يُسَلِّطُ رُسُلَهٗ عَلٰى مَنْ يَّشَآءُ ؕ وَ اللّٰهُ عَلٰى كُلِّ شَیْءٍ قَدِيْرٌ

(અન જે ગનીમત અપાવી અલ્લાહે પોતાના રસૂલને તેમનાથી તો તમે એમના પર ન પોતાના ઘોડા દોડાવ્યા હતા અને ન ઊંટ. હા! અલ્લાહ પોતાના રસૂલોના કાબૂમાં આપી દે છે જેને ચાહે. અને અલ્લાહ સર્વ કાંઈ કરી શકે છે.)[૩] તો એ હુઝૂર ﷺ માટે ખાસ રહ્યું કે આપ આપનાં ઘરવાળાંઓને આ માલમાંથી વરસભરનો ખર્ચ આપતા હતા[૪] પછી જે બચતુ હતુ તો તેને લેતા, અલ્લાહના માલના મસ્રફમાં ખર્ચ કરતાં.[૫] (મુસ્લિમ, બુખારી)

૧. આપ બસરી છે. સહીહતર એ છે કે સહાબી છે પરંતું આપનાથી કોઈ રિવાયત સાબિત નથી. સહાબાએ કિરામથી હદીષો રિવાયત કરે છે. આપની મોટાભાગની રિવાયતો હઝરત ઉમર رضی اللہ عنہ થી છે. મદીના મુનવ્વરામાં રહ્યા. હિ.સ. ૯૨માં વફાત પામ્યા. *(મિર્ક़ાત, અશિઅહ)*

૨. એમાં ઈશારો આ આયતે કરીમાની તરફ છે : فَمَآ اَوْجَفْتُمْ عَلَيْهِ مِنْ خَيْلٍ وَّلَا رِكَابٍ (એમનાથી તો તમે એમના પર તમારા ઘોડા દોડાવ્યા ન હતા અને ન ઊંટ. સૂ. હશ્ર,૫૯/૬) એટલે કાફિરોનો જે માલ જંગ વિના મુસલમાનોના હાથ લાગે એમાં ન ખમ્સ છે ન વહેંચણી. બલ્કે હુઝૂરે અન્વર ﷺને આ પ્રકારના માલોમાં બિલ્કુલ અખત્યાર છે જેવી રીતે ચાહે તસર્રુફ (હેરફેર) કરે.

★ ફઈ અને ગનીમતનો તફાવત ★

૩. યાદ રાખશો કે કબીલા બન નઝીરને મદીના મુનવ્વરાથી તડીપાર કરવામાં આવ્યો, તેમના માલ મદીના પાકમાં રહી ગયા. એક ક્રૌમ મદીના મુનવ્વરાથી કેવળ એક માઈલના અંતરે હતી. સહાબાએ કિરામ પગપાળા અને હુઝૂર ﷺ સવાર થઈને ત્યાં પહોંચ્યા અને જંગ વિના તેમના પર કબજો કરી લેવામાં આવ્યો. મુસલમાનોનો ખયાલ હતો કે એ પણ માલે ગનીમતની જેમ વહેંચાશે, ત્યારે આ આયત ઉતરી જેમાં ફર્માવવામાં આવ્યું કે વહેંચણી ગનીમતમાં થાય છે, આ ગનીમત નથી, પણ ફઈ છે. જેથી એ માલો હુઝૂરે અન્વર ﷺના છે. *(મિર્કાત, અશિઅ્હ)*

★ ઘરવાળાં માટે સાલભરનું રાશન ખરીદવું સુન્નત ★

૪. યાદ રાખશો કે હુઝૂરે અન્વર ﷺએ ખુદ પોતાની જાતના માટે એક વરસનો ખર્ચ એ જમાના બાદ અતા કર્યો. જેથી આ હદીષ એની વિરૂધ્ધ નથી જે મરવી છે કે હુઝૂર ﷺએ કાલના માટે કાંઈ ન રાખ્યું. એનાથી માલૂમ પડયું કે પોતાનાં બીવી બચ્ચાં માટે વરસભરના ઘઉં લાકડી વગેરે ખરીદી લેવું સુન્નત છે કે એમાં બેફિક્રી પણ છે અને બરકત પણ છે.

૫. એટલે હુઝૂર ﷺ આ ફઈમાંથી પોતાનો વરસનો ખર્ચ કાઢીને બાકી ફકીરો મિસ્કીનો તથા દીની જરૂરતોમાં ખર્ચ કરતા હતા. આ જ હવે ઈસ્લામી સુલ્તાનોને હુકમ છે કે ફઈનો સર્વ માલ મુસલમાનોની ભલાઈ પર ખર્ચ કરે, આ માલથી પુલોનું બાંધકામ, લશ્કરો માટે હથિયારોની ખરીદારી, કાઝીઓ તથા ઉલમાએ દીનના પગારો અદા કરે. આ જ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો મઝહબ છે. અમુક ફકીહો ફર્માવે છે કે ફઈમાંથી પણ ખમ્સ લેવામાં આવશે, ગનીમતની જેમ બાકી ચાર ખમ્સ મુજાહિદો પર ખર્ચ થશે. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે. *(મિર્કાત)*

★ ફઈનો માલ અધિકત્તર જેહાદની તૈયારીમાં ખર્ચ થતો ★

★ હદીષ : (૨)-૪૦૫૬ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَن عمر قَالَ: كَانَتْ أَمْوَالُ بَنِي النَّضِيرِ مِمَّا أَفَاءَ اللَّهُ عَلَى رَسُولِهِ مِمَّا لَمْ يُوجِفِ الْمُسْلِمُونَ عَلَيْهِ بِخَيْلٍ وَلَا رِكَابٍ فَكَانَتْ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ خَالِصَةً يُنْفِقُ عَلَى أَهْلِهِ نَفَقَةَ سَنَتِهِمْ ثُمَّ يَجْعَلُ مَا بَقِيَ فِي السِّلَاحِ وَالْكُرَاعِ عُدَّةً فِي سَبِيلِ اللهِ

હઝરત ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે બની નઝીરના માલ એમનામાંથી હતા જે અલ્લાહ તઆલાએ પોતાના રસૂલ પર ફઈ ફર્માવ્યા જેના પર મુસલમાનોએ ઘોડા દોડાવ્યા ન ઊંટ. જેથી એ રસૂલ ﷺ માટે ખાસ કરીને રહ્યા કે આપ આપનાં ઘરવાળાઓને એક વરસનો ખર્ચ આપી દેતા હતા, પછી જે બાકી રહેતું હતું તેને અલ્લાહની રાહમાં હથિયારો, જાનવરોમાં ખર્ચ કરતા હતા.[૧] (મુસ્લિમ, બુખારી)

૧. એનો મતલબ એ જ છે કે બની નઝીરના તડીપાર થઈ ગયા બાદ તેમના ત્યજેલા માલોને હુઝૂર ﷺ એ રીતે ખર્ચ કરતા હતા કે પ્રથમ પોતાનો ઘરનો વરસભરનો ખર્ચ કાઢયો પછી બાકી માલ મુજાહિદો પર ખર્ચ કર્યો. યાદ રાખશો કે એ જે મુબારક હદીષમાં છે કે ઉમ્મુલ મો'મિનીન આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે કે અમારા ઘરમાં બે બે મહીના સુધી આગ સળગતી ન હતી. અથવા એ કે હુઝૂર ﷺએ સતત બે દિવસ પેટ ભરીને ખાવા

નથી ખાધુ. આ બનાવો બની નઝીરના માલ હાંસલ કરવા પહેલાંના છે. બાદમાં રબ તઆલાએ અધિકતા આપી દીધી પછી એ જમાના પછી જે ફક્રો ફાકા઼ની નોબત આવી હતી એનું કારણ અઝવાજે પાકનું અધિક ખૈરાત તથા સદકા કરવું હતું કે એ હઝરાત ગરીબો પર ખૂબ ખૈરાત કરી આપતાં હતાં જેથી વરસભરનો ખર્ચ જલ્દી ખત્મ થઈ જતો હતો અને ફાકા઼ની પરિસ્થિતિ ઉભી થતી હતી. તેમજ એ વરસના ખર્ચામાં હતું. એ જે હદીષ શરીફમાં છે કે હુઝૂર ﷺ દુનિયાથી તશરીફ લઈ ગયા પણ તેમ છતાં સતત બે દિવસ ઘઉંની રોટી ધરાઈને ન ખાધી. એનો મતલબ પણ એ જ છે કે ખાવા કદી રોટી કદી ખજૂરો હતી. અહીં મિર્કા઼તે ફર્માવ્યું કે, એ જમાનામાં પુલોનું બાંધકામ, કાઝીઓ, ઉલમાના પગારોનો રિવાજ ન હતો અને દરેક વખતે જેહાદની તૈયારી રહેતી હતી એટલા માટે હુઝૂરે અન્વર ﷺ ફઈનો માલ એના પર જ ખર્ચ કરતા હતા. હવે સુલ્તાનો પુલ, મસ્જિદોની આબાદી, ફકી઼હો, ઉલમાએ દીનના પગારો પર પણ ખર્ચ કરશે, સરકાર ﷺએ ફઈથી ફકી઼રો, મુહાજિરો પર પણ ખર્ચ કરતા હતા. *(મિર્કા઼ત)*

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (3)-૪૦૫૭ ★

عَن عوفِ بْنِ مَالِكٍ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَ إِذَا أَتَاهُ الْفَيْءُ قَسَمَهُ فِي يَوْمِهِ فَأَعْطَى الْآهِلَ حَظَّيْنِ وَأَعْطَى الْأَعْزَبَ حَظًّا فَدُعِيتُ فَأَعْطَانِي حَظَّيْنِ وَكَانَ لِي أَهْلٌ ثُمَّ دُعِيَ بَعْدِي عَمَّارُ بْنُ يَاسِرٍ فَأُعْطِيَ حَظًّا وَاحِدًا. رَوَاهُ أَبُو دَاوُد

હઝરત ઔફ ઈબ્ને માલિક رضی اللہ عنہ થી[1] રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺની પાસે જ્યારે ફઈ આવતો હતો એ જ દિવસે વહેંચણી કરી દેતા હતા, એ રીતે કે ઘરબારવાળાઓને બે હિસ્સા અને એકલાને એક હિસ્સો આપતા[2] જેમ કે મને બોલાવવામાં આવ્યો તો મને બે હિસ્સા આપ્યા મારા, તો તેમને એક હિસ્સો અતા કર્યો.[3] (અબૂ દાઉદ)

૧. આપ કબીલા બની અશજઅથી છે. ગઝવએ ખૈબર અને બાદના સર્વ ગઝવાતમાં શરીક થયા. ફતહે મક્કાના દિવસે કબીલા બની અશજઅના ઝંડાધારી હતા. શામમાં વસવાટ રહ્યો અને ત્યાં જ વફાત પામ્યા.

૨. એટલે શાદીશુદાને બે હિસ્સા, તેનો અને તેની પત્નીનો. કુંવારા અથવા પત્ની વિનાને એક હિસ્સો કેવળ તેનો જ. (મિર્કા઼ત) ઈસ્તેલાહમાં اهل (અહલ) પત્નીને કહેવામાં આવે છે. اهل ઈસ્મે ફાઈલ અર્થ પત્નીવાળો.

૩. કેમ કે એ વખતે હઝરત અમ્માર પાસે પત્ની ન હતાં.

★ હદીષ : (૪)-૪૦૫૮ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَوَّلُ مَا جَاءَهُ شيءٌ بدَأَ بالمحرَّرينَ. رَوَاهُ أَبُو دَاوُد

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺને જોયા કે જ્યારે પ્રથમ કોઈ ચીજ આવતી તો આઝાદ થયેલાઓથી શરૂ કરતા. (અબૂ દાઉદ)

૧. શરહકર્તાઓએ મુહર્રરીનના ત્રણ અર્થ કર્યા છે : આઝાદ કરેલ ગુલામ કેમ કે તેઓ મોટાભાગે ગરીબો હોય છે. મકાતિબીન, જે માલ આપીને આઝાદ થાય એમની ઈમદાદ એ માલથી કરતા. આબિદીન, જેમણે પોતાને દીનની ખિદમતના માટે વકફ કરી આપ્યા હોય. (મિર્કા઼ત) એમાં ઉલમા, કા઼ઝી સાહબો સામેલ છે.

★ હદીષ : (૫)-૪૦૫૯ ★

وَعَنْ عَائِشَةَ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أُتِي

હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે કે નબી ﷺની પાસે એક થેલી લાવવામાં આવી જેમાં મણકા

بطبية فِيهَا خَرَزٌ فَقَسَمَهَا لِلْحُرَّةِ وَالْأَمَةِ قَالَتْ عَائِشَةُ: كَانَ أَبِي يَقْسِمُ لِلْحُرِّ وَالْعَبْدِ. رَوَاهُ أَبُو دَاوُدَ

હતા તો તેને આઝાદ લોંડીઓમાં વહેંચી કાઢયા[૧] હઝરત આઈશા ફર્માવે છે કે મારા પિતા આઝાદ ગુલામોમાં વહેંચતા હતા.[૨] (અબૂ દાઊદ)

૧. એટલે કે ફઈમાં એક થેલી મોતીઓની આવી તો હુઝૂરે અન્વર ﷺએ એ મોતી સ્ત્રીઓમાં વહેંચ્યાં, લોંડીઓને પણ આપ્યાં, આઝાદ સ્ત્રીઓને પણ.

૨. જાણવા મળ્યું કે મોતી કેવળ સ્ત્રીઓ માટે ખાસ નથી પુરૂષોને પણ આપવામાં આવશે. હુઝૂર ﷺના અમલની તફસીર આ અમલ શરીફ છે. ગુલામથી મુરાદ ક્યાં તો આઝાદ કરેલો ગુલામ છે અથવા મકાતિબ ગુલામ છે, કેમ કે ગુલામ કોઈ ચીજનો માલિક હોતો જ નથી, તેનો ખર્ચ માલિક પર કે બયતુલ માલ પર હોય છે.

★ હદીષ : (૬)-૪૦૬૦ ★

وَعَن مالكِ بن أوسِ بن الحدَثانِ قَالَ: ذكر عمر بن الْخطاب يَوْمًا الْفَيْءَ فَقَالَ: مَا أَنَا أَحَقُّ بِهَذَا الْفَيْءِ مِنْكُمْ وَمَا أَحَدٌ مِنَّا بِأَحَقَّ بِهِ مِنْ أَحَدٍ إِلَّا أَنَّا عَلَى مَنَازِلِنَا مِنْ كِتَابِ اللَّهِ عَزَّ وَجَلَّ وَقَسْمِ رَسُولِهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَالرَّجُلُ وَقِدَمُهُ وَالرَّجُلُ وَبَلَاؤُهُ وَالرَّجُلُ وَعِيَالُهُ وَالرَّجُلُ وَحَاجَتُهُ. رَوَاهُ أَبُو دَاوُدَ

હઝરત માલિક ઈબ્ને અવસ હદષાનથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ رضی اللہ عنہ એ એક દિવસ ફઈનો ઉલ્લેખ કર્યો તો ફર્માવ્યું કે આ ફઈનો ન તો હું તમારા કરતાં અધિક હક્કદાર છું[૧] ન અમારામાંથી કોઈ એનો અધિક હકદાર છે[૨] પણ અમારામાંથી દરેક કિતાબુલ્લાહથી પોતાના દરજા પર છે હુઝૂરની વહેંચણી પર. જેથી પુરૂષને આપવામાં આવશે તેના કદીમુલ ઈસ્લામ (શરૂમાં ઈમાન લાવનાર) હોવા પર.[૩] અને પુરૂષને તેની તકલીફ પર[૪] અને પુરૂષને તેનાં બીવી બચ્ચાં પર પુરૂષને તેની જરૂરત પર.[૫] (અબૂ દાઊદ)

★ ઈસ્લામી સુલ્તાન ફઈના માલમાં હક્કદાર નથી ★

૧. એટલે કે જેવી રીતે રસૂલુલ્લાહ ﷺ એ માલની ફઈના હક્કદાર હતા કે હુઝૂર એનાથી પોતાનો ખર્ચ વસૂલ કરતા હતા પછી જ્યાં ચાહતા ખર્ચ કરતા. મારો એ હાલ નથી. હું કેવળ મુસલમાનોની ભલાઈ પર જ ખર્ચ કરીશ. જાણવા મળ્યું કે સુલ્તાને ઈસ્લામ અને ખલીફતુલ મુસ્લિમીન ફઈના માલના ન માલિક છે ન મુસ્તહિક, ન એમનો એમાં કાંઈ હિસ્સો નિશ્ચિત છે અને કેવળ કૌમી કામોમાં ખર્ચ કરે.

૨. એટલે અમે મુસલમાનોથી અથવા અમારાં ઘરવાળાઓમાંથી કોઈ એની ફઈના અધિક હક્કદાર નથી. સુબ્હાનલ્લાહ ! કેટલાક પ્રમાણમાં સાફ તથા ઈન્સાફવાળુ કલામ (વાણી) છે.

૩. قِدَم કાફના ઝેરથી પણ થઈ શકે છે, અર્થ પૂરાણા હોવું, અને કાફના ઝબરથી પણ, અર્થ દીન પર અડગ હોવું. એટલે કે હવે ફઈની વહેંચણીમાં માણસનું કદીમુલ ઈસ્લામ હોવું અથવા દીન પર અડગ હોવું જોવામાં આવશે કે દરેક એવા મોમિન અને અડગ મો'મિનને ફઈથી જરૂર આપવામાં આવશે. વાવ ક્યાં તો આતિફા છે અથવા હ્નના અર્થમા. જો આતિફા હોય તો قِدَمને પેશ હશે, અને જો હ્નના અર્થમાં હોય તો ઝબર હશે. આ રીતે وبلاء તથા وعيالهની તરકીબ છે.

૪. એટલે કે ફઈની વહેંચણીમાં મુસલમાનની સબ્ર અથવા બહાદુરીનો લેહાજ થશે. بَلَاءનો અર્થ મુસીબત પણ છે, અને બહાદુરી પણ. અહીં બંને અર્થો બની શકે છે. એટલે કે જે મુસલમાનોએ જેહાદોમાં બહાદુરીઓ બતાવી છે

તેમને બીજા કરતાં અગ્રતા આપવામાં આવશે. સારાંશ કે દીની દરજાવાળાને અગ્રતા આપવામાં આવશે.

૫. આ બંને દુનિયવી પાત્રતાના કારણનું વર્ણન છે એટલે જરૂરતમંદ મુસલમાનને એ જ પ્રમાણે બીવી બચ્ચાંવાળા મો'મિનને અન્ય ગૈર જરૂરતમંદ અને એકલા પર અગ્રતા આપવામાં આવશે. યાદ રાખશો કે આ ચીજો મૂળ પાત્રતા (નફસે ઈસ્તેહક़ાક़)માં ફરકનો સબબ નથી બલ્કે દરજા મર્તબા અને હિસ્સામાં અધિકતામાં ફરકનો સબબ છે. આપ માલૂમ કરી ચૂક્યા છો બીવી બચ્ચાંવાળાને બે હિસ્સા અર્પણ થયા અને એકલા માણસને એક હિસ્સો. આ ફરક ક્યાં તો રબ તઆલાની તરફથી છે કે રબ તઆલા ફર્માવે છે : وَالسّٰبِقُوْنَ الْاَوَّلُوْنَ مِنَ الْمُهٰجِرِيْنَ وَالْاَنْصَارِ (અને સૌમાં આગલા પહેલા મુહાજિર અને અન્સાર. સૂ. તૌબા, ૯/૧૦૦) અથવા હુઝૂર ﷺની તરફથી. (મિક़ાત) આ હદીષથી પણ જાણવા મળ્યું કે હઝરત ઉમર رضی اللہ عنہ એના માનનાર હતા કે ફઈમાંથી ખમ્સ લેવામાં નહીં આવે. એ જ અહનાફનો ક़ૌલ છે.

★ હદીષ : (૭)-૪૦૬૧ ★

وَعَنْهُ قَالَ: قَرَأَ عُمَرُ بْنُ الْخَطَّابِ رَضِيَ اللّٰهُ عَنهُ: (إِنَّما الصَّدَقَاتُ للفقراءِ والمساكين)حَتَّى بَلَغَ (عَلِيمٌ حَكِيمٌ)فَقَالَ : هَذِهِ لِهَؤُلَاءِ. ثُمَّ قَرَأَ (وَاعْلَمُوا أَنَّ مَا غَنِمْتُمْ مِنْ شيءٍ فإنَّ للّٰهِ خُمُسَه وللرَّسول)حَتَّى بلغَ (وابنِ السَّبِيلِ)ثُمَّ قَالَ: هَذِهِ لِهَؤُلَاءِ. ثُمَّ قَرَأَ (مَا أَفَاءَ اللّٰهُ عَلَى رَسُولِهِ مِنْ أَهْلِ الْقرى) حَتَّى بلغَ (للفقراءِ)ثُمَّ قرأَ (والذينَ جاؤوا منْ بعدِهِم)ثُمَّ قَالَ: هَذِهِ اسْتَوْعَبَتِ الْمُسْلِمِينَ عَامَّةً فَلَئِنْ عِشْتُ فَلَيَأْتِيَنَّ الرَّاعِيَ وَهُوَ بِسَرْوِ حِمْيَرَ نَصِيبُهُ مِنْهَا لَمْ يَعْرَقْ فِيهَا جَبِينُهُ. رَوَاهُ فِي شرح السّنة

તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ એ આ આયત તિલાવત કરી કે સદક़ા ફકીરો (ગરીબો) તથા મિસ્કીનો માટે છે, ત્યાં સુધી કે عليم حكيم સુધી પહોંચે. પછી ફર્માવ્યું કે આ તે લોકો માટે છે[૧] પછી તિલાવત કરી, જાણી લો જે ચીજ તમે ગનીમત લો તેનો પાંચમો હિસ્સો (ખમ્સ) રસૂલુલ્લાહ ﷺ નો છે ત્યાં સુધી કે ابن سبيل સુધી પહોંચ્યા. ફર્માવ્યું, આ તે લોકો માટે છે[૨] પછી તિલાવત કરી, જે વસ્તીવાળા અલ્લાહ અને પોતાના રસૂલ પર ફઈ કરે... ત્યાં સુધી કે للفقراء સુધી પહોંચ્યા.[૩] પછી તિલાવત કરી, તેઓ જે આવ્યા એમના બાદ. પછી ફર્માવ્યું કે આ આયતે સર્વ મુસલમાનોને ઘેરી (સમાવી) લીધા.[૪] જો હું ઝિંદા રહીશ તો ચરવાહા આવશે જે બસર તથા હમીરનો હશે[૫] એનો હિસ્સો પણ એનાથી હશે કે જેમાં એની પેશાની પરસેવાવાળી ન થઈ.[૬] (શરહે સુન્નહ)

૧. એટલે ઝકાતના મસ્રફ (આપવાના સ્થાનો) તે આઠ છે જે આયતે કરીમામાં વર્ણન થયેલ છે : ફકીરો, મિસ્કીનો, આમિલો, મુઅલ્લિફતુલ કુલૂબ, ગરદનો છોડાવવી, કરજદાર, મુસાફિર ફી સબીલિલ્લાહ એટલે મુજાહિદો.

૨. એટલે કે હવે માલે ગનીમતનો ખમ્સ એ ચાર મસ્રફો પર ખર્ચ થશે : ઝી કુર્બા, યતીમ, મિસ્કીનો, મુસાફિર. એઓ ખમ્સના પાત્ર છે.

૩. એટલે કે "ફઈ" કે જે કાફિરોના માલ તેમની સાથે લડયા ઝઘડયા વિના મળી જાય તે અલ્લાહ રસૂલનો છે. તેને આ પાંચ સ્થાનોએ ખર્ચ કરવામાં આવે જે આ આયતમાં વર્ણવેલ છે. અલ્લાહ રસૂલ, ઝી કુર્બા, યતીમ, મિસ્કીન, મુસાફર. એની તફસીલ ફિક़્હની કિતાબોમાં જુઓ.

★ ફઈમાં ખમ્સ નથી ★

૪. એટલે કે અલ્લાહ તઆલાએ ફઈની વહેંચણીના બયાનમાં وَالَّذِيْنَ جَآءُوْ مِنْۢ بَعْدِهِمْ (અને તેઓ જે

એમના બાદ આવ્યા. સૂ. હશ્ર ૫૯/૧૦) ફર્માવીને ક્યામત સુધીના મુસલમાનોને સામેલ કરી લીધા. જેનાથી જાણવા મળ્યું કે ફઈને એવાં કામો પર ખર્ચ કરવામાં આવશે જેનાથી સર્વ મુસલમાન, તેમની ભાવિ પેઢીઓ ફાયદો ઉઠાવતી રહે. જેમ કે ગાઝીઓ, ઉલમા, કાઝીઓ, પુલોનાં બાંધકામો પર. પહેલી બે આયતો વિપરિત કે ઝકાત ખર્ચ કરવાના સ્થાનો અને ગનીમત વાપરવાના સ્થાનો ખાસ લોકો ઠરાવવામાં આવ્યા.

૫. બસર અને હમીર યમનની બે વસ્તીઓ છે. બસર યમનનું એક ગામ છે અને હમીર ત્યાંનું એક પ્રખ્યાત શહેર છે. આ વસ્તીઓ મદીના મુનવ્વરાથી ઘણા અંતરે છે એટલા માટે દૃષ્ટાંત રૂપે એમનું નામ લીધુ. એટલે કે દૂર દૂરના મુસલમાનોનો પણ ફઈમાં હિસ્સો છે.

૬. એટલે કે તે દૂર દરાઝના મુસલમાન જેમણે કદી જેહાદ ન કર્યા તેઓ પણ આ ફઈના ભાગીદાર છે. યાદ રાખશો કે હઝરત અબૂ બક્ર સિદીક્ રضی اللہ عنہ ફઈની વહેંચણીના સમાન હિસ્સાને માનનાર હતા. આ એમનો ઈજતેહાદી મતભેદ હતો. જેમ કે હઝરત ઉમર ફઈની અતામાં જનાબ આઈશા رضی اللہ عنہا ને પોતાની પુત્રી હફસા પર અગ્રતા આપતા હતા. ફર્માવતા હતા કે ભલે એ બંને હુઝૂર ﷺની પત્નીઓ છે પણ હઝરત આઈશા رضی اللہ عنہا મહબૂબા પત્ની છે અને હફસાના પિતા એટલે હું હુઝૂર ﷺને એટલો પ્યારો ન હતો જેટલા હઝરત આઈશા رضی اللہ عنہا ના પિતા હઝરત અબૂ બક્ર رضی اللہ عنہ હુઝૂર ﷺના પ્યારા હતા. (મિર્ક્વાત) હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને એકવાર ફઈનો હિસ્સો હઝરત ઓસામા ઈબ્ને ઝયદ رضی اللہ عنہ કરતાં ઓછો આપ્યો. તો હઝરત અબ્દુલ્લાહ رضی اللہ عنہ એ અર્ઝ કરી કે હું અને ઓસામા હિજરતમાં સમાન છે તો પછી આપે આપવામાં ફરક કેમ કર્યો ? તો આપે જવાબ આપ્યો કે ઓસામાના બાપ ઝયદ હુઝૂર ﷺને તમારા બાપ ઉમર કરતાં અધિક પ્યારા હતા અને ઓસામા رضی اللہ عنہ તમારા કરતાં હુઝૂર ﷺને અધિક પ્યારા હતા. (મિર્ક્વાત) સારાંશ કે હઝરત ફારૂક્ આ'ઝમ رضی اللہ عنہ ફઈની વહેંચણીમાં ફરકના માનનાર હતા. ઈમામ શાફઈ رضی اللہ عنہ સમાનતાના માનનાર હતા. તેઓ ફઈને વારસા તથા ગનીમત પર ક્યાસ કરતા હતા, કે વારસો આલિમ તથા જાહિલ પુત્રને સરખો મળે છે એ જ પ્રમાણે ગનીમતનો માલ અફઝલ તથા અદના મુજાહિદને બરાબર મળે છે. *(મિર્ક્વાત)*

★ હદીષ : (૮)-૪૦૬૨ ★

وَعنهُ قَالَ: كانَ فِيمَا احتجَّ فيهِ عُمَرُ أَنْ قَالَ: كَانَتْ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ ثَلَاثُ صَفَايَا بَنُو النَّضِيرِ وخيبرُ وفَدَكُ فَأَمَّا بَنُو النَّضِيرِ فَكَانَتْ حَبْسًا لِنَوَائِبِهِ وَأَمَّا فَدَكُ فَكَانَتْ حَبْسًا لِأَبْنَاءِ السَّبِيلِ وَأَمَّا خَيْبَرُ فَجَزَّأَهَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ ثَلَاثَةً أَجزَاء: جزأين بينَ المسلمينَ وجزءً نَفَقَةً لِأَهْلِهِ فَمَا فَضُلَ عَنْ نَفَقَةِ أَهْلِهِ جَعَلَهُ بَيْنَ فُقَرَاءِ الْمُهَاجِرِينَ. رَوَاهُ أَبُو دَاوُدَ

તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે જેમનાથી હઝરત ઉમર رضی اللہ عنہ એ દલીલ પકડી એમનામાં આ હતું કે ફર્માવ્યું, રસૂલુલ્લાહ ﷺની ત્રણ ચીજો પસંદ કરેલી હતી,[૧] બની નઝીર, ખૈબર અને ફિદક.[૨] તો બની નઝીર એ તો આપની જરૂરતો માટે ખાસ હતો[૩] પરંતું ફિદક્ તો તે મુસાફરો માટે ખાસ ખાસ મૌકૂફ હતો[૪] પરંતું ખૈબર તો તેને રસૂલુલ્લાહ ﷺએ ત્રણ ભાગોમાં વહેંચી આપ્યો.[૫] બે હિસ્સાને મુસલમાનો વચ્ચે અને એક હિસ્સો પોતાનાં ઘરવાળાંઓનો ખર્ચ માટે પછી પોતાના ઘરના ખર્ચમાંથી જે બચ્યું તેને ફક્રીરો, મુહાજિરો વચ્ચે વહેંચી આપ્યું.[૬] (અબૂ દાઉદ)

૧. صفايا એ صفيه નું બહુવચન છે અર્થ પસંદ કરેલી ચૂંટી કાઢેલી ચીજ. હક્ક્ તઆલાની તરફથી હુઝૂર ﷺને હક્ક્ હતો કે માલે ગનીમતમાં જે ચાહે પોતાના માટે પસંદ કરી લે બાકીનું વહેંચી આપે. હઝરત સફિય્યા ઉમ્મુલ મો'મિનીન رضی اللہ عنہا ને સફિય્યા એટલા માટે કહેવામાં આવતાં હતાં કે હુઝૂરે અન્વર ﷺએ તેમને પોતાના

માટે ખાસ કર્યા હતાં, કેમ કે આપ યહૂદીઓના સરદારની પુત્રી અને હઝરત મૂસા عليه السلام તથા હારૂન عليه السلامની ઔલાદથી હતાં. તેમને આઝાદ કરીને તેમનાથી નિકાહ કરી લીધા.

૨. બની નઝીરની જમીન મદીના મુનવ્વરાથી ત્રણ માઈલના અંતરે હતી. ખૈબર ત્યાંથી એકસો સાઈઠ માઈલના અંતરે છે. અને ફિદક ખૈબરથી ત્રણ માઈલ છે. હવે કેવળ જમીન સુફેદા (ખૂબસૂરત જમીન) છે ત્યાં બાગ નથી. અમે ખૈબરની ઝિયારત કરી છે.

૩. કે ત્યાંની આવક પોતાની પાક બીવીઓ, મહેમાનો વગેરે પર ખર્ચ કરતા હતા.

૪. એટલે કે મુસાફરોના માટે મૌકૂફ હતું કે દરેક જરૂરતમંદ મુસાફર એમાંથી ખર્ચ કરે.

૫. એટલે કે હુઝૂરે અન્વર ﷺએ ખૈબરના ત્રણ હિસ્સા કરી આપ્યા હતા, કેમ કે ખૈબરની ઘણી બધી વસ્તીઓ હતી. તેમજ ખૈબરનો કેટલોક હિસ્સો લડીને પ્રાપ્ત કર્યો હતો અને અમુક હિસ્સો સુલેહથી પ્રાપ્ત કરેલો હતો, જેથી એ ફઈ પણ હતો (મિર્કાત) જે હિસ્સો લડીને ફતહ કર્યો હતો એમાં હુઝૂરે અન્વર ﷺનો ખમ્સ હતો અને જે હિસ્સો લડયા વિના હાંસલ કર્યો હતો તે ફક્ત હુઝૂરે અન્વર ﷺનો હતો. એ વહેંચણીનો સબબ આ હતો.

૬. તે ખાલિસ પોતાની માલિકીમાં હતો. એનાથી ઘર ખર્ચ ચાલતો હતો, પરંતું એ ખર્ચથી જે બચી રહેતુ હતું તે પણ મુહાજિરો, ફકીરો (ગરીબો) પર ખર્ચ કરી આપતા હતા તેમની ગરીબીના કારણે. અન્સાર બફઝલિહી તઆલા માલદાર હતા. એટલા માટે એમના પર ખર્ચ ન કરતા. (અશિઅતુલ લમ્આત) આ સ્પષ્ટતાથી હદીષ એકદમ જાહેર થઈ ગઈ.

(વિભાગ : 3) الفصل الثالث

★ નબીઓનો છોડેલ માલ વક્ફ હોય છે ★

★ હદીષ : (૯)-૪૦૬3 ★

عَنِ المغيرةِ قَالَ: إِنَّ عمرَ بنَ عبد العزيزِ جَمَعَ بَنِي مَرْوَانَ حِينَ اسْتُخْلِفَ فَقَالَ: إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ كَانَتْ لَهُ فَدَكُ فَكَانَ يُنْفِقُ مِنْهَا وَيَعُودُ مِنْهَا عَلَى صَغِيرِ بَنِي هَاشِمٍ وَيُزَوِّجُ مِنْهَا أَيِّمَهُمْ وَإِنَّ فَاطِمَةَ سَأَلَتْهُ أَنْ يَجْعَلَهَا لَهَا فَأَبَى فَكَانَتْ كَذَلِكَ فِي حَيَاةَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي حَيَاتِهِ حَتَّى مَضَى لسبيلِه فَلَمَّا وُلِّيَ أَبُو بكرٍ علم فِيهَا بِمَا عَمِلَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فِي حَيَاتِهِ حَتَّى مَضَى لِسَبِيلِهِ فَلَمَّا أَنْ وُلِّيَ عُمَرُ بْنُ الْخَطَّاب عَمِلَ فِيهَا بِمِثْلِ مَا عَمِلَا حَتَّى مَضَى لِسَبِيلِهِ ثُمَّ اقْتَطَعَهَا مَرْوَانُ ثُمَّ صَارَتْ لِعُمَرَ بْنِ عَبْدِ الْعَزِيزِ

હઝરત મુગીરાથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝે મરવાનની ઔલાદને ભેગી કરી[૨] જ્યારે આપ ખલીફા બન્યા. પછી ફર્માવ્યું કે ફિદક રસૂલુલ્લાહ ﷺનો હતો જેનાથી આપ ખર્ચ કરતા હતા, અને તેનાથી બની હાશિમના બાળકો પર પલ્ટાવતા હતા, એમાંથી જ અને એનાથી તેમની વિધવાઓના નિકાહ કરતા હતા.[૩] હઝરત ફાતિમાએ આપને સવાલ કર્યો હતો કે એ એમને આપી દે તો ના પાડી આપી હતી.[૪] પછી તે હુઝૂર ﷺની જિંદગી શરીફમાં એ જ પ્રમાણે રહ્યો ત્યાં સુધી કે હુઝૂર પોતાની રાહે તશરીફ લઈ ગયા. પછી જ્યારે અબૂબક્ર સિદ્દીક્ رضی اللہ عنہ ખલીફા બનાવવામાં આવ્યા તો આપે એમાં એ જ અમલ કર્યો જે રસૂલુલ્લાહ ﷺ પોતાની જિંદગી શરીફમાં કરતા હતા, ત્યાં સુધી કે આપ પણ પોતાના માર્ગે ગયા. પછી જ્યારે હઝરત ઉમર ઈબ્ને ખત્તાબ ખલીફા બનાવવામાં આવ્યા તો તેમણે એમાં

فَرَأَيْتُ أَمْرًا مَنَعَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَاطِمَةَ لَيْسَ لِي بِحَقٍّ وَإِنِّي أُشْهِدُكُمْ أَنِّي رَدَدْتُهَا عَلَى مَا كَانَتْ. يَعْنِي عَلَى عَهْدِ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَأَبِي بَكْرٍ وعمرَ. رَوَاهُ أَبُو دَاوُد

એ જ કામ કર્યું જે એ બંને બુઝુર્ગોએ કર્યાં હતાં[૫] ત્યાં સુધી કે તે પણ પોતાના રસ્તે ગયા. પછી એને મરવાને વહેંચી લીધું.[૬] પછી તે ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝની પાસે પહોંચ્યું તો (કહ્યું :) હું સમજુ છું કે જે ચીજને હુઝૂર ﷺ એ જનાબ ફાતિમાને ન આપી, એમાં મારો હક્ક નથી કે હું તમને ગવાહ બનાવું છું કે હું એને એ હાલની તરફ પલ્ટાવું છું જ્યાં પર (જે સ્થિતિમાં) એ હતુ, એટલે કે હુઝૂર તથા અબૂ બક્ર તથા ઉમરના જમાનામાં.[૭] (અબૂ દાઉદ)

૧. યાદ રાખશો કે મુગીરા ત્રણ છે : એક સહાબી, બે તાબઈ. મુગીરા ઈબ્ને શઅબા સહાબી છે જેમના હાલાત ઘણીવાર વર્ણન થઈ ચૂક્યા, અને મોટાભાગે કેવળ મુગીરા કહેવાથી એ જ મુરાદ હોય છે. બીજા મુગીરા ઈબ્ને ઝયદ મૂસલી એ તાબઈ છે. ઈમામ અહમદ ઈબ્ને હંબલ رضی اللہ عنہ ફર્માવે છે કે એ મુન્કિરુલ હદીષ (જેની રિવાયતો ઝઈફ અને કૂવી રાવીઓની રિવાયતો વિરૂધ્ધ) છે. ત્રીજા મુગીરા ઈબ્ને મક્સમ કૂફી નાબીના હતા. ફકીહ તથા મુત્તકી, હિ.સ. ૧૩૨માં તેમની વફાત થઈ. અહીં એ ત્રીજા મુગીરા મુરાદ છે ન કે મુગીરા ઈબ્ને શઅબા સહાબી. કેમ કે હઝરત મુગીરા સહાબીનો ઈન્તેકાલ હિ.સ. ૫૦માં થયો અને ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ હિ.સ. ૯૯માં વાલી બન્યા. તો આ બનાવ હઝરત મુગીરા સહાબી કેવી રીતે વર્ણવી શકે છે ?! (મિર્કાત) પણ હઝરત શયખને અહીં સખત ધોકો લાગ્યો કે તે મુગીરા ઈબ્ને શઅબા દર્શાવી ગયા. અહીં ત્રીજા મુગીરા એટલે ઈબ્ને મક્સમ કૂફી મુરાદ છે.

૨. આપ ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ ઈબ્ને મરવાન ઈબ્ને હકમ છે. કુર્શી છે. ઉમ્વી છે. તાબઈ છે. આપની કુન્નિયત અબૂ હફ્સ છે. આપનાં વાલિદા લયલા બિન્તે આસિમ ઈબ્ને ઉમર ઈબ્ને ખત્તાબ છે એટલે હઝરત ઉમર ફારૂક رضی اللہ عنہ ની પોત્રી. આપ હિ.સ. ૯૯માં સુલૈમાન ઈબ્ને અબ્દુલ મલિક બાદ ખલીફા બન્યા. અને હિ.સ. ૧૦૧માં વફાત પામ્યા. ખિલાફતનો સમય કુલ બે વરસ પાંચ મહીના રહ્યો. ઉમર શરીફ ચાલીસ વરસ થઈ અથવા એનાથી પણ થોડાક મહીના ઓછા. મુત્તકી, ઝાહિદ, શબ બેદાર, ખૂબ જ ખૌફે ખુદા રાખનારા બુઝુર્ગ હતા. જ્યારે આપનાં પત્ની ફાતિમા બિન્તે અબ્દુલ મલિકને આપની ખિલાફતના જમાનાના હાલાત પૂછવામાં આવ્યા તો કહેવા લાગ્યાં કે ખલીફા બન્યા બાદ કદી ગુસ્લે જનાબત નથી કર્યું, રાતનો મોટાભાગનો હિસ્સો આહો ઝારીમાં ગુજારતા હતા.

૩. એટલે કે બાગે ફિદક્ની આવકથી હુઝૂરે અન્વર ﷺ આ કામ કરતા હતા, પ્રથમ પોતાના ઘરબાર પર ખર્ચ, પછી ફકીરો (ગરીબો) તથા સગાં પર ખર્ચ કરતા. يعود નો અર્થ છે વારંવાર એમના પર ખર્ચ કરવું. આ ફરક છે આઈદા તથા ફાઈદા વચ્ચેનો. ફાઈદા એકવાર નફી અને આઈદા વારંવાર નફી.

૪. એટલે **હઝરત ફાતિમા ઝહ્રા رضی اللہ عنہا એ હુઝૂર ﷺ ની પાક જિંદગીમાં બાગે ફિદક હુઝૂર ﷺ થી માગ્યો. આપે તમ્લીક (માલિક બનાવવા)થી ઈન્કાર કરી આપ્યો. હુઝૂર ﷺ ચાહતા હતા કે બાગ મારા બાદ વકફ રહે, કેમ કે હઝરાત અંબિયાએ કિરામનો છોડેલો માલ વકફ રહેતો હતો. જેથી એવું જ થયું ત્યાં સુધી કે હઝરત અલી رضی اللہ عنہ એ પણ એને પોતાની ખિલાફતમાં ન વહેંચ્યો.**

૫. એટલે કે હઝરત અબૂ બક્ર સિદ્દીક અને ઉમર ફારૂક رضی اللہ عنہما એ કેવળ મુતવલ્લી હોવાની હૈસિયતથી એ બાગની આવકની વ્યવસ્થા કરી પણ કોઈએ તેને પોતાની મિલ્કત ન ઠરાવી. ઉમ્મહાતુલ મો'મિનીન હઝરાતે,

ઉષ્માન ગની رضی اللہ عنہ ને હઝરત સિદ્દીકે અકબર رضی اللہ عنہ ની પાસે વારસાની માગણી માટે મોકલવા ચાહ્યું તો હઝરત આઈશા رضی اللہ عنہا એ મના કરી આપ્યું, એ હદીષ સાંભળીને કે અંબિયાએ કિરામ હઝરાતનો વારસો વહેંચાતો નથી. (જુઓ અશિઅ્તુલ લમ્આતમાં આ હદીષની શરહ) **જનાબ ફાતિમા ઝહરા رضی اللہ عنہا એ સિદ્દીકે અકબર رضی اللہ عنہ પાસે વારસો માગ્યો તો આપે એ જ હદીષ સંભળાવીને વારસાની વહેંચણીથી મના કરી આપ્યું જેને હઝરત ઝહરા رضی اللہ عنہا એ સ્વીકારી લીધું, અને એના વિશે કદી ઉલ્લેખ પણ ન કર્યો. કેવી રીતે બની શકે છે કે આપ નબી ﷺ નું ફર્માન સાંભળીને નારાજ થાય !** فغضبت નો અર્થ કાંઈક જુદો છે જે ઈન્શા અલ્લાહ ! એના સ્થાને વર્ણન થશે. સારાંશ આ બાગ વક્ફ રહ્યો.

૬. એટલે કે મરવાન ઈબ્ને હકમે પોતાની સત્તાના સમયમાં બાગે ફિદક પોતે પોતાનામાં વહેંચી લીધો કે અમુક હિસ્સો પોતાની પાસે રાખ્યો, અમુક પોતાનાં સગાંઓને આપ્યો. એ જ સહીહ છે. મિર્કાતે ફર્માવ્યું કે **મરવાનની આ વહેંચણી ઉષ્માની ખિલાફતમાં થઈ તે તદ્દન ગલત છે** એવું કેવી રીતે થઈ શકે છે કે હઝરત ઉષ્માન તથા અલી ઝિંદા હોય અને મરવાનની આ હરકત જોઈને ખામોશ રહે અને હઝરત અલી رضی اللہ عنہ પોતાના હુકૂમતકાળમાં એની એ વહેંચણી કાયમ રાખે. મિર્કાતે આ સખત ગલતી કરી છે. આશિઅતુલ લમ્આતે એ જ ફર્માવ્યું કે મરવાનની આ હરકત પોતાના સત્તાકાળમાં હતી. યાદ રાખશો કે મરવાન ઈબ્ને હકમએ હઝરત ઉમર ઈબ્ને અબ્દુલ અઝીઝ رضی اللہ عنہ ના દાદા છે. એ નબવી જમાનામાં પેદા તો થયો પણ હુઝૂર ﷺ ના દીદારથી વંચિત રહ્યો કેમ કે હુઝૂરે અન્વર ﷺ એ તેના બાપ હકમને મદીનાથી તાઈફ કાઢી મૂકેલ હતો. એ તે સમયે ખૂબ જ નાની વયનો હતો. ઉષ્માની ખિલાફતમાં એ મદીના મુનવ્વરા આવ્યો, જેથી મરવાન સહાબી નથી.

૭. એટલે કે એ બાગમાં મારો કોઈ હિસ્સો નથી. એ એ જ પ્રમાણે રહેશે જેવો એ હઝરાતના જમાનામાં વક્ફ હતો. જેથી આપે સર્વ બની ઉમૈયાથી એ બાગ પરત લઈને એ જ પ્રમાણે વક્ફ ઠરાવી આપ્યો. આ અદ્લો ઈન્સાફ આપના અત્યંત તક્વા, તહારત (પાકી), ખૌફે ખુદાની દલીલ છે યાદ રાખશો કે હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાની ખિલાફતમાં બાગે ફદક હઝરત અલી તથા અબ્બાસ رضی اللہ عنہما ના મુતવલ્લીપણામાં આપી દીધો હતો, એ બંને હઝરાત મુતવલ્લી હતા ન કે માલિક. પછી એ બંનેવે એની વહેંચણી ચાહી તો જનાબ ફારૂક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે વહેંચણી કેવી ?! આ તમારી મિલ્કત નથી પણ કેવળ મુતવલ્લીપણુ છે. આ કિસ્સો બુખારી શરીફ વગેરેમાં ખૂબ જ વિગતવાર વર્ણન થયેલ છે. યાદ રાખશો કે હઝરત અલી તથા હઝરત અબ્બાસ رضی اللہ عنہما એ મિલ્કતની વહેંચણી ચાહી ન હતી બલ્કે મુતવલ્લીપણાની વહેંચણીની ખ્વાહિશ કરી હતી. હઝરત ઉમર رضی اللہ عنہ એ એને પણ ન સ્વીકાર્યું કે આગળ જતાં એ વહેંચણી માલિકીપણાનો ઝરીયો ન બની જાય. હુઝૂર ﷺ નો છોડેલો માલ સર્વ મુસલમાનોના લાભ પર ખર્ચાશે પણ તેની વ્યવસ્થા ક્યાં તો બાદશાહ કરશે અથવા જેને ઈસ્લામી બાદશાહ નિયુક્ત કરે તે કરશે.

كتاب الصيد والذبائح

કિતાબુસ્સૈદ વઝ્ઝબાએહ

(શિકાર તથા ઝબીહાઓનું વર્ણન[૧])

الفصل الاول (વિભાગ : ૧)

૧. صيد મસ્દર છે અર્થ શિકાર કરવો. ક્યારેક ખુદ શિકાર કરેલ જાનવરને પણ صيد કહે છે. એટલે કે મફઉલ પર મસ્દર બોલી દે છે. હરમનો શિકાર હરામ છે, એ જ પ્રમાણે એહરામની હાલતમાં શિકાર કરવો હરામ છે, કેવળ ખેલકૂદ માટે શિકાર કરવો બેહતર નથી. હુઝૂર ﷺએ કદી શિકાર ન કર્યો. અમુક સહાબાએ કિરામ શિકાર કરતા હતા. હઝરત ઈસ્માઈલ عليه السلام શિકાર કર્યા કરતા હતા. ઝબાએહ એ ઝબીહાનું બહુવચન છે, અર્થ ઝબહ કરવામાં આવેલ જાનવર.

★ શિકારના હુકમો ★

★ હદીષ : (૧)-૪૦૬૪ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَن عدِيِّ بنِ حاتِمٍ قَالَ: قَالَ لِي رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا أَرْسَلْتَ كَلْبَكَ فَاذْكُرِ اسْمَ اللَّهِ فَإِنْ أَمْسَكَ عَلَيْكَ فَأَدْرَكْتَهُ حَيًّا فَاذْبَحْهُ وَإِنْ أَدْرَكْتَهُ قَدْ قَتَلَ وَلَمْ يَأْكُلْ مِنْهُ فَكُلْهُ وَإِنْ أَكَلَ فَلَا تَأْكُلْ فَإِنَّمَا أَمْسَكَ عَلَى نَفْسِهِ فَإِنْ وَجَدْتَ مَعَ كَلْبِكَ كَلْبًا غَيْرَهُ وَقَدْ قَتَلَ فَلَا تَأْكُلْ فَإِنَّكَ لَا تَدْرِي أَيُّهُمَا قَتَلَ. وَإِذَا رَمَيْتَ بِسَهْمِكَ فَاذْكُرِ اسْمَ اللَّهِ فَإِنْ غَابَ عَنْكَ يَوْمًا فَلَمْ تَجِدْ فِيهِ إِلَّا أَثَرَ سَهْمِكَ فَكُلْ إِنْ شِئْتَ وَإِنْ وَجَدْتَهُ غَرِيقًا فِي الْمَاءِ فَلَا تَأْكُلْ»

હઝરત અદી ઈબ્ને હાતિમથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે મને રસૂલ ﷺએ ફર્માવ્યું, જ્યારે તમે તમારો કૂતરો છોડી તો અલ્લાહનું નામ લઈ લો.[૨] પછી જો કૂતરો તમારા પર રોકી રાખે પછી તમે તેને જીવંત પામી લો[૩] અને જો એવો પામો કે કૂતરાએ ક઼ત્લ કરી દીધેલ (મારી નાખેલ) હોય અને તેને ખાધો ન હોય તો પણ ખાય લો અને જો ખાય લીધેલ હોય તો તેણે પોતાની જાતના માટે રોકેલ છે[૪] જો પોતાના કૂતરાની સાથે બીજો કૂતરો પામો જ્યારે ક઼ત્લ કરવામાં આવેલ હોય તો ન ખાવ.[૫] કેમ કે તમે નથી જાણતા કે એમાંથી કોણે ક઼ત્લ કર્યો. અને જ્યારે તમે પોતાનું તીર મારો તો અલ્લાહનું નામ લઈ લો[૬] પછી જો શિકાર તમારાથી દિવસભર ગાયબ રહે, તમે તેમાં તમારા તીરની અસર સિવાય ન પામો તો જો ચાહો તો ખાય લો[૭] અને જો તમે એને પાણીમાં ડૂબેલુ પામો તો ન ખાવ.[૮] (મુસ્લિમ, બુખારી)

૧. આપ અદી ઈબ્ને હાતિમ ઈબ્ને અબ્દુલ્લાહ ઈબ્ને સઅદ તાઈ છે. શાબાન હિ.સ. ૭માં બારગાહે નબુવ્વતમાં હાજર થયા. પછી હઝરત અલી رضی اللہ عنہ ની પાસે કૂફામાં રહ્યા. હઝરત અલી સાથે જંગે જુમલ, સિફ્ફીન, નહરાનમાં હાજર રહ્યા. જંગે જુમલમાં આપની એક આંખ જતી રહી. કૂફા સ્થળે હિ.સ. ૬૭માં વફાત પામ્યા. એકસો વીસ વરસની ઉમર પામી. આપ ખૂબ જ કદાવર સખી હતા.

૨. એટલે કે શિકારી કૂતરાને بسم الله الله اكبر કહીને છોડો કે શિકારી કૂતરો તીરની જેમ માનવામાં આવેલ છે. જેવી રીતે શિકાર પર તીર ફેંકતી વખતે بسم الله કહેવું જરૂરી છે એવી જ રીતે એ વખતે, જેથી જો શિકારી કૂતરો જાતે જ શિકાર પર હુમ્લો કરી દે તો ઝબહ વિના શિકાર હલાલ ન થશે.

૩. એટલે કે કૂતરાએ જાનવરને પકડી લીધું પણ મારી નથી નાખ્યું, તમે તેને જીવતુ પામી લીધુ તો ઝબહ કરવું ફર્ઝ છે, અને જો ઝબહ ન કર્યું અને હવે તે મરી ગયું તો હરામ થઈ ગયું.

૪. આ બાબત અબાહત (મુબાહ હોવા)ના માટે છે એટલે કે એ જાનવર હલાલ છે એને ખાય શકો છો અને "નહી" તહરીમ (મકરૂહે તહરીમી)ના માટે છે, એટલે કે જો કૂતરાએ એના ગોશતથી કાંઈક ખાય લીધુ તો તમારે એને ખાવું હરામ છે, કેમ કે એ ખાય લેવાથી જાણવા મળ્યું કે મુઅલ્લમ (Trained) નથી શિકારમાં જાહિલ છે, અને જાહિલ કૂતરાનો શિકાર હરામ છે જો મરી ગયેલ હોય.

૫. આ એ સ્થિતિમાં છે કે બીજો કૂતરો ગૈર મુઅલ્લમ (Untrained) હોય તો તેને શિકાર પર ન છોડવામાં આવ્યો હોય અથવા જાણી જોઈને بسم الله ન પઢવામાં આવી હોય અથવા કોઈ મજૂસી અથવા હિંદુ વગેરેએ છોડેલ હોય જેનું ઝબહ કરેલુ હરામ છે. જો બીજો કૂતરો પણ મુઅલ્લિમ કોઈ મુસલમાન શિકારીએ بسم الله પઢીને છોડયો હોય, પછી એ બંનેવે શિકાર કર્યો તો શિકાર હલાલ છે (જુઓ કુતુબે ફિકૃહ, અને મિર્કાત) જો શર્તોમાંથી કોઈ શર્તનો ઈલ્મ ન હોય તો પણ શિકાર હરામ છે. સારાંશ એમાં ઘણી જ પાબંદી છે. *(અશિઅહ)*

૬. તીરથી મુરાદ દરેક ધારદાર અથવા અણીદાર હથિયાર છે જે શરીરને ધારથી કાપી શકે, જેથી જો શિકારી જાનવર પર તલવાર અથવા ચાકૂ ફેંકીને માર્યું અને તે ધાર અથવા અણી તરફથી લાગ્યું તો પણ હલાલ છે, પરંતું ગિલોલ કે ગોળીથી મારેલુ હરામ છે ત્યાં સુધી કે ઝબહ ન કરવામાં આવે.

૭. એટલે કે જો તમારું દિલ ગવાહી આપે કે એ તમારા તીરથી જ મર્યુ છે તો ખાય શકો છો, જો દિલ ન ચાહે, એમાં શંકા હોય કે કદાચ કોઈ અન્ય કારણે માર્યું હશે તો ન ખાવ. *(મિર્કાત)*

૮. કેમ કે હવે શંકા છે કે કદાચ એ ડૂબીને મર્યુ હોય. શંકાસ્પદ ચીજથી પરહેઝ કરો.

★ હદીષ : (૨)-૪૦૬૫ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ إِنَّا نُرْسِلُ الْكِلَابَ الْمُعَلَّمَةَ قَالَ:«كُلْ مَا أَمْسَكْنَ عَلَيْكَ» قُلْتُ: وَإِنْ قَتَلْنَ؟ قَالَ:«وَإِنْ قَتَلْنَ» قُلْتُ: إِنَّا نَرْمِي بِالْمِعْرَاضِ. قَالَ: «كُلُّ مَا خزق وَمَا أَصَاب بعرضه فَقتله فَإِنَّهُ وقيذ فَلَا تَأْكُل»

તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ! ﷺ અમે અમારા શીખવાડેલ કૂતરા છોડીએ છીએ.[૧] ફર્માવ્યું, જે તમારા પર રોકી લે તે ખાય લો. મેં કહ્યું, ભલે મારી નાખે ? ફર્માવ્યું, ભલે મારી નાખે.[૨] મેં કહ્યું, અમે તીરથી મારીએ છીએ.[૩] ફર્માવ્યું, જે ફાડી નાખે તે ખાય લો અને જે પહોળાઈમાં લાગે પછી કૃત્લ કરી દે તો તે મુરદાર છે, તે ન ખાવ.[૪]

(મુસ્લિમ, બુખારી)

૧. કલ્બે મુઅલ્લમ (શિકારી) તે કૂતરો છે જે માલિકના છોડવા પર દોડી જાય, પરત થવાના ઈશારા પર પરત થઈ જાય અને શિકારમાં કાંઈ ન ખાય. જ્યારે ત્રણવાર એનો અનુભવ કરી લેવામાં આવે તો તે મુઅલ્લમ (Trained) છે. જો તે જાનવરને ઝખ્મી કરી દે અને જાનવર મરી જાય તો હલાલ છે, અને ઝખ્મ વિના મરી જાય તો હરામ છે.

૨. એ શર્તે કે જાનવર તેના દાંતથી ઝખ્મી થાય, લોહી વહ્યું હોય.

૩. મિઅૂરાઝ તે ભારે તીર છે જેમાં ન પાંખ હોય ન અણીવાળુ લોખંડ, લાકડી અણીદાર હોય.

૪. એટલે કે એ તીર મધ્યના લેહાઝથી લાઠી છે, કિનારાના લેહાઝથી તીર છે, જેથી જો અણીની તરફથી લાગે તો હલાલ છે, જો અણી બાજુ વાગે તો હલાલ છે, જો લાઠીની જેમ વચ્ચેથી લાગે જેના બોજથી શિકાર મરી જાય તો એ લાઠી વડે મરેલુ છે.

★ અહલે કિતાબથી ખરીદ વેચાણ અને હદિયા દુરુસ્ત છે ★

★ હદીષ : (3)-૪૦૬૬ ★

(مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَن أَبِي ثَعْلَبَة الْخُشَنِي قَالَ: قُلْتُ: يَا نَبِيَّ اللَّهِ إِنَّا بِأَرْضِ قوم أهل كتاب أَفَنَأْكُلُ فِي آنِيَتِهِمْ وَبِأَرْضِ صَيْدٍ أَصِيدُ بِقَوْسِي وَبِكَلْبِي الَّذِي لَيْسَ بِمُعَلَّمٍ وَبِكَلْبِي الْمُعَلَّمِ فَمَا يصلح؟ قَالَ: «أما ذَكَرْتَ مِنْ آنِيَةِ أَهْلِ الْكِتَابِ فَإِنْ وَجَدْتُمْ غَيْرَهَا فَلَا تَأْكُلُوا فِيهَا وَإِنْ لَمْ تَجِدُوا فاغسلوها وَكُلُوا فِيهَا وَمَا صِدْتَ بِقَوْسِكَ فَذَكَرْتَ اسْمَ اللَّهِ فَكُلْ وَمَا صِدْتَ بِكَلْبِكَ الْمُعَلَّمِ فَذَكَرْتَ اسْمَ اللَّهِ فَكُلْ وَمَا صِدْتَ بِكَلْبِكَ غَيْرِ معلم فأدركت ذَكَاته فَكل»

હઝરત અબૂ ષઅલ્બા ખુશનીથી[૧] રિવાયત છે. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા નબીયલ્લાહ ! અમે એહલે કિતાબની જમીનમાં રહીએ છીએ તો શું અમે તેમના વાસણોમાં ખાય શકીએ છીએ ?[૨] અને અમે શિકારની જમીનમાં જ છીએ, અમારી કમાન અને અમારા શીખાવેલા કૂતરા વડે અને વિના શીખવાડેલ કૂતરા વડે શિકાર કરું છું તો શું કઈ ચીજ દુરુસ્ત છે ?[૩] ફર્માવ્યું કે જે તમે કિતાબીઓના વાસણો વિશે પૂછયું તો જો તમે એના સિવાય અન્ય વાસણો પામતા હોવ તો એમાં ન ખાવ, અને જો ન પામો તો તેને ધોઈ લો અને એમાં ખાવ[૪] અને જો તમે તમારી કમાનથી શિકાર કરો એના પર અલ્લાહનું નામ લીધું હોય તો ખાય લો અને પોતાના ગૈર શીખવાડેલ કૂતરાથી શિકાર કરો, એના પર અલ્લાહનું નામ લો તો ખાય લો અને જો પોતાના ગૈર શીખવાડેલ કૂતરા વડે શિકાર કરો તો તેના ઝબહને પામી લો તો ખાય લો.[૫] (મુસ્લિમ, બુખારી)

૧. આપ આપની કુન્નિયતમાં મશહૂર છે. કબીલા ખુશનથી છે. બૈઅતુર્રિઝવાનમાં શરીક થયા. હુઝૂર ﷺએ આપને પોતાની કૌમના મુબલ્લિગ બનાવીને મોકલ્યા. આપની તબ્લીગથી તે સૌ મુસલમાન થઈ ગયા. આપનો વસવાટ શામમાં રહ્યો. હિ.સ. ૭૫માં વફાત પામ્યા. *(અશિઅહ, મિર્કાત)*

૨. એટલે અમારે એ અહલે કિતાબના ઘરો કે દુકાનોમાં કદીક ખાવુ પડે છે અથવા એ લોકો કદીક અમને શાક વગેરે મોકલે છે તો શું અમે એમનાં વાસણોમાં ખાય લીધા કરીએ ? યાદ રાખશો કે અહલે કિતાબથી ખરીદ વેચાણ પણ જાઈઝ છે, તેમના હદિયા સ્વીકારવા પણ જાઈઝ છે.

૩. એટલે કે અમારા મુલ્કમાં શિકાર ખૂબ જોવા મળે છે અને અમે લોકો સામાન્યપણે શિકાર કર્યા કરીએ છીએ. તીરો વડે પણ અને શિકારી કૂતરાઓ વડે પણ અને આવારા કૂતરાઓ વડે પણ. તો એમાંથી કયો શિકાર હલાલ છે કયો નહીં. સવાલ ખૂબ કાબેલિયતવાળો છે કે એક વાક્યમાં ચાર મસ્અલા પૂછી લીધા.

૪. આ અજોડ અનુપમ જવાબમાં ફત્વો પણ છે, તકવો પણ છે કે તેમનાં વાસણોમાં ન ખાવ, અને ફત્વો એ છે કે ધોઈને ખાવ. આ તે કાફિરોના વાપરેલાં વાસણોનું વર્ણન છે જેમાં મજબૂત સંભાવના એ છે કે તેઓ સુવ્વર તથા શરાબ ઉપયોગમાં લેતા હશે. તેમના વણ વપરાયેલાં વાસણો જે તદ્દત નવાં હોય તેમને ધોવાની જરૂરત નથી. તેમને ત્યાં રાંધવામાં આવેલુ ખાવા પણ એ જ તફસીલ પર છે કે તકવો એ છે કે ન ખાવ, શક્ય છે તેમણે એવા વાસણમાં રાધ્યું હોય જેમાં સુવ્વર પણ રાંધતા હોય. અને ફત્વો એ છે કે જો એની પાકી વિશે અધિકતર ગુમાનથી માલૂમ થાય તો ખાય લો, એની વિગત ફિકહની કિતાબોમાં જુઓ.

૫. એટલે કે بسم الله الله اكبر પઢીને તીર માર્યુ હોય, હકીકતમાં પઢયું હોય કે હુકમની રીતે અને જાનવર

મરી ગયું હોય તો ખાય લો કે તેનું એ ઝબીહા થઈ ગયું. યાદ રાખશો કે જો મુસલમાન ઝબહ કરતી વખતે કે તીર મારતી વખતે بِسْمِ اللّٰه પઢવું ભૂલી ગયો હોય તો ઝબીહા તથા શિકાર હલાલ છે અને જાણી જોઈને બિસ્મિલ્લાહ છોડી દીધું તો અહનાફને ત્યાં હરામ છે, શાફઈઓને ત્યાં જાઈઝ છે. તેહક़ીક़ માટે ફિક़્હની કિતાબો વાંચો.

૬. એટલે કે શિકારી કૂતરો જેના પર છોડતી વખતે بِسْمِ اللّٰه પઢી આપવામાં આવી હોય અને જો જાનવર તેનાથી ઝખ્મી થઈને મરી ગયું હોય તો પણ હલાલ છે. અને આવારા કૂતરાનો શિકાર જો જીવતો મળી જાય અને ઝબહ કરી લેવામાં આવે તો હલાલ છે, નહીં તો હરામ. ખુલાસો એ છે કે મુર્દા શિકારના હલાલ હોવાની ત્રણ શર્તો વર્ણવી : કૂતરાનું મુઅલ્લમ એટલે શિકારી હોવું, તેને છોડતી વખતે بِسْمِ اللّٰه પઢી લેવું, ઝખ્મી થઈને જાનવરનું મરવું કે તેનું લોહી વહી જાય. જો આમાંથી કોઈ શર્ત ન હોય તો શિકાર હરામ છે. રબ તઆલાનો ફઝ્લ છે કે હું આજકાલ તફસીરે કુર્આનનો છઠ્ઠો પારો લખી રહ્યો છું અને મિર્આતની છઠ્ઠી જિલ્દ, અને યોગાનુ યોગ છે કે આજે તફસીરે નઈમીમાં સૂરએ માઈદાની તફસીરમાં શિકારની આયતની તફસીર, શિકારના મસાઈલ આજે જ લખ્યા છે, અને મિર્આતમાં પણ એ જ મસાઈલ આજે જ લખી રહ્યો છું. રબ તઆલા કબૂલ ફર્માવે. (આમીન) આ આજે ૧૫ જમાદિયુલ આખર હિ. ૧૩૮૫, ૧૧–ઓક્ટોબર ઈ.સ. ૧૯૬૫ બરોઝ દો શંબા (સોમવાર)ના રોજ લખી રહ્યો છું. રબ તઆલા બંને કિતાબો કબૂલ ફર્માવીને સદક़એ જારિઆ બનાવે.

★ પોતાનો શિકાર ત્રણ દિવસ બાદ પામે અને ગંધાય નહીં ખાય ★

★ હદીષ : (૪)-૪૦૬૭ ★	*તેમનાથી જ રિવાયત છે. તે નબી ﷺ થી રાવી. હુઝૂર ﷺ એ એના વિશે ફર્માવ્યું, જો પોતાનો શિકાર ત્રણ દિવસ બાદ પામો ખાય લો જ્યાં સુધી ગંધ ન આપે.[1] (મુસ્લિમ)*
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا رَمَيْتَ بِسَهْمِكَ فَغَابَ عَنْكَ فَأَدْرَكْتَهُ فَكُلْ مَا لَمْ يُنْتِنْ» . رَوَاهُ مُسْلِمٌ	

૧. આ એ સ્થિતિમાં છે જ્યારે માલૂમ હોય કે જાનવર તીરથી જ મર્યું છે, કોઈ અન્ય સબબથી નથી મર્યું. પરંતું જો એમાં શક હોય તો ન ખાય. દા.ત. તીર વાગેલુ જાનવર પાણીમાં ડૂબેલુ હોય, તો ન ખાવ કે કદાચ પાણીમાં ડૂબીને મર્યું હોય. સડેલો વાસી ગોશ્ત અથવા અન્ય ખોરાક જે દુર્ગંધમય હોય તેને ખાવું મકરૂહે તન્ઝીહી છે અને જો તંદુરસ્તી માટે નુકસાનકર્તા હોય તો મકરૂહે તહરીમી છે. (ષનાઈ, મિર્ક़ાત) પણ સડેલી ચરબી જે ગંધવાળી હોય જો પકાવીને ખાવામાં આવે જેનાથી તેની ગંધ અને નુકસાન બંને જતાં રહે તો જાઈઝ છે.

★ હદીષ : (૫)-૪૦૬૮ ★	*તેમનાથી જ રિવાયત છે : ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, જ્યારે તમે તમારું તીર મારો પછી શિકાર તમારાથી ગાયબ થઈ જાય, પછી તમે એને મેળવી લો તો જ્યાં સુધી ગંધ ન આપે ખાવ.[1] (મુસ્લિમ)*
وَعَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ فِي الَّذِي يُدْرِكُ صَيْدَهُ بَعْدَ ثَلَاثٍ: «فكله مَا لم ينتن» . رَوَاهُ مُسلم	

૧. ત્રણ દિવસની કૈદ (શર્ત) સંજોગો પર આધારિત છે જો ઋતુ ગરમીની હોય અને એકાદ બે દિવસમાં જ દુર્ગંધ પેદા થઈ જાય તો ન ખાય, અને જો સખત ઠંડીની ઋતુ હોય કે ચાર દિવસમાં પણ ગંધ પેદા ન થાય તો ખાય લેવામાં આવે.

★ હદીષ : (૬)-૪૦૬૯ ★	*હઝરત આઈશા رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે, લોકોએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અહીં*
وَعَن عَائِشَة قَالَت: قَالُوا: يَا رَسُولَ اللّٰهِ إِنَّ هُنَا أَقْوَامًا	

حَدِيثٌ عَهْدُهُمْ بِشِرْكٍ يَأْتُونَنَا بِلُحْمَانٍ لَا نَدْرِي أَيَذْكُرُونَ اسْمَ اللَّهِ عَلَيْهَا أَمْ لَا؟ قَالَ: «اذْكُرُوا أَنْتُم اسمَ اللَّهِ وكلوا» . رَوَاهُ الْبُخَارِيّ

કેટલીક એવી કૌમો છે જેમનો જમાનો શિર્કના નજીકમાં[1] છે તેઓ અમારી પાસે ગોશ્ત લાવે છે. અમે જાણતા નથી કે એના પર અલ્લાહનું નામ લે છે કે નહીં. ફર્માવ્યું, بسم الله કરો અને ખાવ.[2] (બુખારી)

૧. એટલે કે એ લોકો મુસલમાન તો થઈ ગયા છે પણ તેમને મુસલમાન થવાને થોડો અરસો જ ગુજર્યો છે. ઈસ્લામી હુકમોથી અજાણ છે. ઝબહ વગેરેના અહકામ જાણતા નહીં હોય. એમના વિશે શક જ છે કે તેમણે بسم الله થી ઝબહ કર્યું છે કે વિના બિસ્મિલ્લાહ આમ જ ઝબહ કર્યું.

૨. એટલે કે તમે વિના કારણે મુસલમાનના ઝબહ કરેલા પર શક ન કરો, તે હલાલ છે. તમે વિના દગદગાએ (ખચકાટ વિના) بسم الله કરીને ખાવ. એનો મતલબ એ નથી કે જો ઝબહ વખતે بسم الله ન પઢવામાં આવી તો હવે ખાતી વખતે بسم الله પઢવું પૂરતુ થશે, એ તો અશક્ય છે. જેથી આ હદીષ સ્પષ્ટ છે.

★ હદીષ : (૭)-૪૦૭૦ ★

وَعَن أَبِي الطُّفَيْل قَالَ: سُئِلَ عَلِيٌّ: هَلْ خَصَّكُمْ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِشَيْءٍ؟ فَقَالَ: مَا خَصَّنَا بِشَيْءٍ لَمْ يَعُمَّ بِهِ النَّاسَ إِلَّا مَا فِي قِرَابِ سَيْفِي هَذَا فَأَخْرَجَ صَحِيفَةً فِيهَا: «لَعَنَ اللَّهُ مَنْ ذَبَحَ لِغَيْرِ اللَّهِ وَلَعَنَ اللَّهُ مَنْ سَرَقَ مَنَارَ الْأَرْضِ وَفِي رِوَايَةٍ مَنْ غَيَّرَ مَنَارَ الْأَرْضِ وَلَعَنَ اللَّهُ مَنْ لَعَنَ وَالِدَهُ وَلَعَنَ اللَّهُ مَنْ آوَى مُحْدِثًا» . رَوَاهُ مُسْلِمٌ

હઝરત અબૂ તુફૈલથી[1] રિવાયત છે. ફર્માવે કે હઝરત અલીને પૂછવામાં આવ્યું, શું તમને રસૂલુલ્લાહ ﷺ એ કોઈ ચીજ વડે ખાસ કર્યા છે? ફર્માવ્યું[2] અમને હુઝૂરે કોઈ ખાસ ચીજ નથી આપી જે આમ લોકોને ન આપી હોય[3] સિવાય એના જે મારી આ તલવારના પર્તલા (ચામડાનો પટ્ટો તલ્વાર લટકાવવાનો)માં છે.[4] જેમ કે આપે એક પુસ્તિકા કાઢી જેમાં હતું કે અલ્લાહ એના પર લઅનત કરે જે ગૈર ખુદાના નામ પર ઝબહ કરે.[5] અને અલ્લાહ એના પર લઅનત કરે જે જમીનનાં નિશાન ચીરે. એક રિવાયતમાં આ પ્રમાણે છે કે જે જમીનનાં નિશાન બદલે[6] અને પોતાના બાપ પર લઅનત કરે[7] અને અલ્લાહ એના પર લઅનત કરે જે બિદઅતીને જગા આપે[8] (મુસ્લિમ)

૧. આપનું નામ **આમિર ઈબ્ને વાષિલા** છે. લૈષી કુનિયતમાં મશહૂર છે. હુઝૂર ﷺની વફાતથી આઠ વરસો પહેલાં ઈમાન લાવ્યા. હુઝૂર ﷺ બાદ હઝરત અલી رضی اللہ عنہની સાથે રહ્યા. હિ.સ. ૧૦૨માં મક્કા મોઅઝ્ઝમામાં વફાત પામ્યા. **પૃથ્વીના પટ પર આખરી સહાબી આપ જ છે, જેમની વફાતથી સહાબાનો દૌર ખત્મ થયો અને આપની વફાતથી જમીન સહાબીઓથી ખાલી થઈ ગઈ.** ખૂબ જ ફસીહ (ઉમદા સ્પીચવાળા) અને હાજર જવાબ હતા. رضی اللہ عنہ *(મિર્કાત તથા અશિઅહ)*

૨. ખિલાફતે હૈદરીમાં રાફઝીઓ જાહેર થયા. એ લોકોએ મશહૂર કર્યું હતું કે અસલી કુર્આન અને અસલી ઈસ્લામી તાલીમ અહલે બયતે અત્હાર પાસે, ખાસ કરીને હઝરત અલી رضی اللہ عنہની પાસે છે, જે એ હઝરાતને હુઝૂર ﷺ આપી ગયા છે. અન્ય કોઈની પાસે નથી. એટલા માટે લોકો આપની ખિદમતમાં હાજર થઈને આવા સવાલો કર્યા કરતા હતા.

૩. એટલે કે તે જ કુર્આન અને હુઝૂર ﷺની એ જ તા'લીમ મારી પાસે છે જે સામાન્ય મુસલમાનો પાસે છે. હુઝૂર ﷺ પૂરી શરીઅત સર્વ લોકોને આપી ગયા છે.

૪. તલ્વારથી મુરાદ ઝુલ્ફિકાર છે જે નબી ﷺએ હઝરત અલી رضی اللہ عنہ ને અતા કરી હતી. قِرَاب ક़ાફના ઝેરથી તલ્વારનો પટ્ટો જેમાં મ્યાન કરેલી તલવાર રાખવામાં આવે છે. એટલે કે કેટલાંક પાનાં થોડાં સરખાં છે જે મેં મારી યાદદશ્તના માટે એ પટ્ટામાં રાખેલ છે અને એટલાં થોડાં છે જે એમાં આવી ગયાં. સિત્તેર ગજ લાંબુ પહોળુ કુર્આન મજીદ એ પટ્ટામાં કેવી રીતે આવી શકે છે.

૫. જેવી રીતે મુશ્રિકો પોતાની મૂર્તિઓના નામથી ઝબહ છે. જે મુસલમાન આ અમલ જાઈઝ સમજીને કરે તે મુશ્રિક તથા મુર્તદ છે.

૬. مَنَار એ مَنَارَةનું બહુવચન છે, અર્થ : નિશાની. જાહેર એ છે કે એનાથી જમીનની હદોની નિશાનીઓ મુરાદ છે જે દેશોની હદો હોય અથવા વ્યક્તિગત હદો. દા.ત. કોઈ પડોશી પોતાના પડોશીના ખેતર, બાગ, મકાનના હિસ્સાઓ પર નાજાઈઝ કબજો કરવા માટે તેની હદો મિટાવી દે. એ જ પ્રમાણે દેશોની સરહદોનો હાલ છે. અને બની શકે છે કે નિશાનીઓથી મુરાદ માર્ગના માર્ગદર્શનની નિશાનીઓ હોય જે મુસાફરનું માર્ગદર્શન કરે છે, જેમ કે માઈલ, ફરલાંગ. અથવા રસ્તો દેખાડનાર નિશાનીઓ, જેમ કે ચાર રસ્તાઓ પર લાકડીના હાથ લાગેલા હોય છે જેના પર લખેલુ હોય છે કે ફલાણા શહેરનો રસ્તો આ છે. કેમ કે એને મિટાવવાથી મુસાફરને સખત તકલીફ પડે છે, એટલા માટે એના પર આ ધમકી આપવામાં આવી.

★ માબાપને ગાળ આપવાની બે સ્થિતિઓ ★

૭. પોતાના બાપને ગાળ આપવાની બે સ્થિતિઓ છે : સીધી ગાળ આપવી. બીજુ એ રીતે કે તમે કોઈના બાપને ગાળ આપો તો જવાબમાં તે તમારા બાપને ગાળ આપે, કે આ પદ્ધા પાછળ તમારું જ ગાળ આપવું છે. (શેઅર)

گر مادر خویش دوست داری دشنام مدہ بمادر کس

અર્થાત : જો તમને તમારી માની ઈજ્જત પ્યારી છે તો બીજાની માને ગાળ ન આપો.

૮. مُحْدِث દાલના ઝેરથી. એના બે અર્થ છે : એક છે જાની જાલિમ જે કોઈને ક़ત્લ અથવા ઝખ્મી કરે જેનાથી એના પર ક़ેસાસ લાઝિમ થાય, જે એને છુપાવે તેને શરણ આપે, તેની તરફદારી કરે એના પર લઅનત છે. જાલિમને સજા અપાવવી જોઈએ, તેને છુપાવવા કે બચાવવાની કોશિશ ન કરવી જોઈએ. (મિર્ક़ાત) બીજા બિદઅતી, અને એનાથી મુરાદ અક़ીદાની બિદઅત છે એટલે કે ઈસ્લામમાં નવા અક़ીદા કાઢનાર પણ લઅનતી છે, અને જે તેનું સમર્થન કરે કે તેની રક્ષા કરે, તેની મદદ કરે તે પણ લઅનતી છે. જેમ કે મોઅતઝલા, ખારજી, રાફ઼ઝી વગેરે. તેમની ઈસ્લાહ કરવી જોઈએ ન કે તેમની તરફદારી .(અશિઅ્હ) યાદ રાખશો કે મો'મિન ગુનેહગારને વસ્ફ (તે ખાસિયત) વડે લઅનત કરવી જાઈઝ છે, જેમ કે જૂઠાઓ પર લઅનત. પણ નામ લઈને લઅનત કેવળ કાફિરો માટે છે. અને મૃત્યુ બાદ એ કાફિર પર લઅનત જાઈઝ છે જેનું કુફ્ર કરવું દલીલોથી માલૂમ હોય, ત્યાં એવું કહી શકીએ છીએ કે ફલાણો કાફિર લઅનતી હતો. *(અશિઅ્હ)*

★ દરેક ધારવાળી ચીજથી ઝબહ દુરુસ્ત છે ★

હઝરત રાફેઅ ઈબ્ને ખદીજથી રિવાયત છે. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે કાલે દુશ્મનથી ટકરાનારા છીએ અને અમારી પાસે

★ હદીષ : (૮)-૪૦૭૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَن رَافِعِ بن خديج قَالَ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ إِنَّا لَاقُوا الْعَدُوَّ غَدًا وَلَيْسَتْ مَعَنَا مُدًى أَفَنَذْبَحُ بِالْقَصَبِ؟

قَالَ: " مَا أَنْهَرَ الدَّمَ وَذُكِرَ اسْمُ اللَّهِ فَكُلْ لَيْسَ السِّنَّ وَالظُّفُرَ وَسَأُحَدِّثُكَ عَنْهُ: أَمَّا السِّنُّ فَعَظْمٌ وَأَمَّا الظُّفُرُ فَمُدَى الْحَبَشِ " وَأَصَبْنَا نَهْبَ إِبِلٍ وَغَنَمٍ فَنَدَّ مِنْهَا بَعِيرٌ فَرَمَاهُ رَجُلٌ بِسَهْمٍ فَحَبَسَهُ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِنَّ لِهَذِهِ الْإِبِلِ أَوَابِدَ كَأَوَابِدِ الْوَحْشِ فَإِذَا غَلَبَكُمْ مِنْهَا شَيْءٌ فَافْعَلُوا بِهِ هَكَذَا»

છરીઓ જ નથી તો શું અમે વાંસથી ઝબહ કરીએ[૧] ફર્માવ્યું, જે લોહી વહાવી દે અને અલ્લાહનું નામ લેવામાં આવે તો ખાય લો[૨]. દાંત તથા નખો સિવાય. હું એના વિશે બતાવું છું, પણ દાંત તો હાડકું છે[૩] પરંતુ નખો તો હબ્શીઓની છરી છે[૪] અને અમે ઊંટ તથા બકરીઓ ગનીમતમાં હાજર કરી તો એમનામાંથી એક ઊંટ નાસી ગયું તો એક શખ્સે એને તીર મારીને ફેંકી દીધું[૫] રસૂલલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે એ ઊંટોની આદતો જંગલીઓની આદતો જેવી છે[૬]. તો જ્યારે એમનામાંથી કોઈ જાનવર પર સવાર (ગાલિબ) થઈ જાય તો તમે એમનાથી એ જ કરો[૭]. (મુસ્લિમ, બુખારી)

૧. કાલથી મુરાદ તો આગલો સમય છે, અથવા આવતી કાલ. મક્સદ એ છે કે અમે જેહાદમાં જઈએ છીએ. તેમનાં જાનવર ગનીમતમાં મળે છે. ક્યારેક તેને ઝબહ કરવું પડી જાય છે અને અમારી પાસે છરી હોતી નથી તો શું અમે વાંસની પટ્ટીથી ઝબહ કરી લઈએ ? કેમ કે એમાં પણ ધાર હોય છે, જાનવર ઝબહ થઈ શકે છે. વાંસનું નામ દૃષ્ટાંત રૂપે લીધુ છે, મુરાદ એ છે કે દરેક ધારદાર ચીજ, વાંસનો ટુકડો હોય કે કાચનો કે પથ્થરનો.

૨. એટલે કે હા ! ઝબહ કરી શકો છો અને ખાય શકો છો. આ હુકમ શિકાર તથા ગૈર શિકાર સૌમાં સામેલ છે. તીર અથવા તલ્વારથી શિકારને ક્તલ કર્યો તો હલાલ છે, એ જ પ્રમાણે ધારદાર ઓજાર વડે બકરીને ઝબહ કરી હલાલ છે.

★ હાડકા વડે ઝબહ કરવું મના છે ★

૩. અને હાડકા વડે જેવી રીતે ઈસ્તિંજા કરવું મના છે કે એનાથી તે નાપાક થઈ જાય છે એવી જ રીતે ઝબહ કરવું મના છે કે એનાથી તે નાપાક થશે. એ આપણા ભાઈ જિન્નાતનું ખાણુ છે.

૪. જેથી એના વડે ઝબહ કરવામાં હબ્શાના કાફિરો સાથે મુશાબેહત (મળતાપણુ) છે જેથી એનાથી બચો. યાદ રાખશો કે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની નજીક જડબામાં જડેલાં દાંતો વડે અને પોતાના સ્થાને લાગેલ નખોનું ઝબહ કરેલુ (ઝબીહા) હરામ છે. અને અલગ દાંત અલગ નખો વડે ઝબહ કરવું મકરૂહ છે પણ તેનાથી ઝબહ થઈ જશે. બાકી ઈમામોને ત્યાં મુત્લક્ન દાંત તથા હાડકા વડે થયેલ ઝબીહા હરામ છે દલીલો ફિક્હની કિતાબોમાં અને મિર્કાત તથા અશિઅ્હમાં જુઓ.

૫. એટલે કે ગનીમતનું એક ઊંટ નાફર્માન થઈને ભાગી ગયું જે પકાડાતુ ન હતું. એક જણે એને તીર માર્યું જેનાથી તે ઝખ્મી થઈને પડી ગયું અને મરી ગયું. *(મિર્કાત)*

૬. اوابد એ آبِدَةٌ નું બહવુચન છે, آبِدَةٌ નો અર્થ છે : નફરત તથા જંગલીપણાની આદત. એટલે કે ઊંટ તો પાલતુ છે પણ કદીક એનામાં જંગલી જાનવરોની નફરત તથા જંગલીપણુ આવી જાય છે અને એ જંગલી બની જાય છે.

૭. એટલે કે પાલતુ જાનવરનું ઝબહ હલક તથા ગળામાં હોય છે અને શિકારનું જાનવર જે કબજામાં ન હોય તેનું ઝબહ એ છે કે જ્યાં પણ શિકારીનું તીર લાગી જાય અને લોહી વહી જાય તે ઝબહ થઈ જશે, પણ જ્યારે પાલતુ જાનવર જંગલી બનીને કાબુ બહાર થઈ જાય અને ઝબહ પણ એ રીતે દુરુસ્ત થશે કે જ્યાં તીર લાગી જાય લોહી

નીકળી જાય, એ ઝબહ દુરુસ્ત છે. એનાથી જાણવા મળ્યું કે જો બકરી અથવા મરઘી કૂવામાં પડી જાય અને ત્યાં મરી રહી હોય તો તેનું ઝબીહા પણ આ રીતે થઈ જશે.

હઝરત કઅબ ઈબ્ને માલિકથી[1] રિવાયત છે કે તેમની એક બકરી હતી સલઅમાં ચરતી હતી[2] તો અમારી એક લોંડીએ એક બકરીને મરતી જોઈ તો તેણીએ એક પથ્થર તોડયો તેના વડે તેને ઝબહ કરી દીધી[3] તો તેમણે નબી ﷺ ને પૂછયું તો હુઝૂરે તેને ખાવાની ઈજાઝત આપી[4]. (બુખારી)

★ હદીષ : (૯)-૪૦૭૨ ★

وَعَن كعب بن مَالك أَنه كانَ لَهُ غَنَمٌ تُرْعَى بِسَلْعٍ فَأَبْصَرَتْ جَارِيَةٌ لَنَا بِشَاةٍ مِنْ غَنَمِنَا مَوْتًا فَكَسَرَتْ حَجَرًا فَذَبَحَتْهَا بِهِ فَسَأَلَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأمره بأكلها. رَوَاهُ الْبُخَارِيّ

૧. આપ મશહૂર સહાબી છે. અન્સારી છે. આપ જ ગઝવએ તબૂકથી રહી ગયા હતા. આપના જ વિશે સૂરએ તૌબાની મશહૂર આયતો નાઝિલ થઈ.

૨. સલબ મદીના મુનવ્વરામાં પશ્ચિમ બાજુ મશહૂર પહાડ છે જેના પર ગુફા આવેલી છે. લોકો એની ઝિયારત કરે છે. ફકીરે પણ ઘણીવાર એની ઝિયારત કરી છે.

૩. એટલે કે એક બકરી ટોળામાં અચાનક મરવા લાગી તો ચરાવનારી લોંડીએ એક પથ્થર લંબાઈમાં તોડયો જેનાથી એનામાં ધારદાર કિનારો પેદા થઈ ગયો. એ ધારની તરફથી તેને ઝબહ કરી દીધી, કેમ કે છરી હાજર ન હતી.

૪. એટલે કે બકરી હલાલ થઈ ગઈ. એને ખાવું જાઈઝ છે. જાણવા મળ્યું કે **જે પણ ધારદાર ચીજ વડે ઝબહ કરી દેવામાં આવે તો ઝબહ થઈ જાય છે, છરી કે ચાકુ શર્ત નથી.**

★ ઝબહ પહેલાં છરી તેજ કરી લેવી તેમજ જાનવરને ખવડાવી પીવડાવી લેવું ★

હઝરત શદ્દાદ ઈબ્ને અવસથી[1] રિવાયત છે. તે રસૂલુલ્લાહ ﷺ થી રાવી. ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ દરેક ચીજ પર એહસાન કરવાનો હુકમ આપ્યો છે[2] જેથી જ્યારે તમે કત્લ કરો તો એહસાન તથા ભલાઈ સાથે કરો[3]. અને જ્યારે તમે ઝબહ કરો તો ઝબહ ભલાઈ સાથે કરો[4] તમારામાંથી દરેક પોતાની છરી તેજ કરી લીધા કરે અને પોતાના ઝબીહાને રાહત આપે[5]. (મુસ્લિમ)

★ હદીષ : (૧૦)-૪૦૭૩ ★

وَعَنْ شَدَّادِ بْنِ أَوْسٍ عَنْ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِنَّ اللَّهَ تَبَارَكَ وَتَعَالَى كَتَبَ الْإِحْسَانَ عَلَى كُلِّ شَيْءٍ فَإِذَا قَتَلْتُمْ فَأَحْسِنُوا الْقِتْلَةَ وَإِذَا ذَبَحْتُمْ فَأَحْسِنُوا الذِّبْحَ وَلْيُحِدَّ أَحَدُكُمْ شَفْرَتَهُ وَلْيُرِحْ ذَبِيحَتَهُ» . رَوَاهُ مُسلم

૧. આપ હઝરત હસ્સાન ઈબ્ને ષાબિતના ભત્રીજા છે, કેમ કે અવસ તથા હસ્સાન બંને ષાબિતના પુત્રો હતા. પોતે પણ સહાબી છે અને આપના પિતા એટલે ષાબિત ઈબ્ને મુન્ઝિર પણ સહાબી છે. હઝરત અબૂ દર્દા અને ઓબાદા ઈબ્ને સામિત ફર્માવે છે કે અલ્લાહ તઆલાએ શદ્દાદ ઈબ્ને અવસને ઈલ્મ તથા હિલ્મ (નમ્રતા, સહનશીલતા) બંને અતા કર્યાં. *(અશિઅ્તુલ લમ્આત)*

૨. એટલે કે ઈન્સાન હોય કે જાનવર, મો'મિન હોય કે કાફિર, સૌની સાથે તેને યોગ્ય ભલાઈનો વર્તાવ કરવો લાઝિમ છે. જુલ્મ કોઈના પર જાઈઝ નથી. આ છે હુઝૂર ﷺ ના રહ્મતુલ્ લિલ્આલમીન હોવાની શાન !

૩. એટલે કે જો તમે કાતિલ કે કાફિરને કેસાસ અથવા જંગમાં કત્લ કરો તો એનાં અંગો ન કાપો, મુષ્લા ન કરો,

પથ્થરની છરી તથા બુટ્ઠી તલ્વારથી ક़त्ल ન કરો, કે એ રહમની વિરુદ્ધ છે.

૪. આ ભલાઈની કેટલીય સ્થિતિઓ છે, દા.ત. જાનવરને ઝબહ કરતાં પહેલાં ખૂબ ખવડાવવા પીવડાવવામાં આવે, એકની સામે બીજાને ઝબહ કરવામાં ન આવે, તેની સામે છરી તેજ કરવામાં ન આવે, માની સામે બચ્ચાને અને બચ્ચાની સામે માને ઝબહ કરવામાં ન આવે. ઝબહના સ્થાને ઘસેડીને લઈ જવામાં ન આવે, અને જાન નીકળી જવાથી પહેલાં તેનું ચામડુ ન ઉતારવામાં આવે, કે એ સર્વ બાબતો જુલ્મ તથા ઝિયાદતી છે.

૫. તેજ છરી વડે ઝબહ કરી દેવામાં રાહત છે, બુટ્ઠી છરી વડે ઝબહ કરવામાં ખૂબ જ તકલીફ થાય છે જેથી એનાથી બચે. પૂરી ગરદન ન કાપી નાખે કેવળ ગળુ તથા રગો કાપે.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, મેં રસૂલુલ્લાહ ﷺ થી સાંભળ્યું કે આપ હુઝૂર જાનવર વગેરેને ક़त्ल કરવા માટે બાંધવાથી મના કરતા હતા[૧].

★ હદીષ : (૧૧)-૪૦૭૪ ★

(مُتَّفِق عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: سَمِعْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَنْهَى أَنْ تُصْبَرَ بَهِيمَةٌ أَو غيرُها لِلْقَتْل

૧. એ રીતે કે જે જાનવર પોતાના કબજામાં હોય તેને બાંધી દેવામાં આવે અને તેના પર તીરનું નિશાન લગાડવામાં આવે અને શિકારની જેમ તેને મારવામાં આવે. અથવા એ મતલબ છે કે ઝબહથી કેટલાક દિવસ પહેલાં તેને ભૂખ્યુ તરસ્યુ બાંધીને રાખવામાં આવે પછી કમજોર થઈ જવા પર તેને ઝબહ કરવામાં આવે.

તેમનાથી જ રિવાયત છે કે નબી કરીમ ﷺ એ એના પર લઅનત કરી જે એવી ચીજને નિશાનો બનાવે જેમાં રૂહ હોય[૧].

★ હદીષ : (૧૨)-૪૦૭૫ ★

(مُتَّفِق عَلَيْهِ)

وَعَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَعَنَ مَنِ اتَّخَذَ شَيْئًا فِيهِ الرُّوحُ غَرَضًا

૧. એનો મતલબ એ જ છે કે જાનવરને બાંધીને તેને તીરનો નિશાનો બનાવવામાં આવે એ હરામ છે, કે એમાં જો એ મરી ગયું તો જાનવર હરામ થઈ ગયું, ન મર્યું અને ઝબહ કરવામાં આવ્યું તો તેને વિના કારણે ડબલ તકલીફ આપવામાં આવી. સારાંશ મતલબ સ્પષ્ટ છે.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું કે કોઈ એવી ચીજને નિશાનો ન બનાવો જેમાં જાન છે[૧]. (મુસ્લિમ)

★ હદીષ : (૧૩)-૪૦૭૬ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَا تَتَّخِذُوا شَيْئًا فِيهِ الرُّوحُ غَرَضًا» . رَوَاهُ مُسلم

૧. એનો મતલબ પણ એ જ છે જે હમણાં વર્ણવવામાં આવ્યો, નહીં તો શિકાર તો હલાલ છે જેનું વર્ણન કુર્આન મજીદમાં છે.

★ માણસ કે જાનવરને ચહેરા પર મારવું મના ★

હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ચહેરામાં મારવા ચહેરામાં ડામ દેવાથી મના કર્યુ[૧]. (મુસ્લિમ)

★ હદીષ : (૧૪)-૪૦૭૭ ★

وَعَنْ جَابِرٍ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنِ الضَّرْبِ فِي الْوَجْهِ وَعَنِ الْوَسْمِ فِي الْوَجْه. رَوَاهُ مُسلم

૧. માણસ કે જાનવરના ચહેરા પર મારવું સખત મના છે. મોં પર તમાચો મારે ન કોરડો વગેરે, કેમ કે ચહેરામાં નાઝુક અંગો છે જેમ કે આંખ, નાક, કાન જેના પર માર પડવાથી મૌત તથા અંધ થઈ જવાનો અથવા ચહેરા બગડી જવાનો ખતરો છે, અને ચહેરામાં ડામ આપવો તો ખૂબ જ બુરુ છે કે એમાં તકલીફ પણ ખૂબ જ છે અને મોંને બગાડી નાખવું છે.

તેમનાથી જ રિવાયત છે કે નબી ﷺ પાસેથી એક ગધેડો પસાર થયો જેના ચહેરામાં ડામ આપવામાં આવ્યો હતો. તો ફર્માવ્યું કે, અલ્લાહ એના પર લઅનત કરે જેણે આને ડામ દીધો[૧]. (મુસ્લિમ)

★ હદીષ : (૧૫)-૪૦૭૮ ★

وَعَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مَرَّ عَلَيْهِ حِمَارٌ وَقَدْ وُسِمَ فِي وَجْهِهِ قَالَ: «لَعَنَ اللَّهُ الَّذِي وَسَمَهُ» . رَوَاهُ مُسْلِمٌ

૧. જો એ ગધેડુ કોઈ કાફિર કે મુનાફિકનું હતું અને તેણે જ આ હરકત કરી ત્યારે તો લઅનતનો અર્થ બિલ્કુલ જાહેર છે અને જે કોઈ મુસલમાનનું હતું તો લઅનત બિલ્વસ્ફ (જે તે ખાસિયત સાથે) ગુનેહગાર મુસલમાન પર જાઈઝ છે. જેમ કે કહેવામાં આવે છે કે જૂઠા પર લઅનત. યાદ રાખશો કે ચહેરા પર ડામ દેવો મુત્લક્ન હરામ છે, ચાહે જાનવરને લગાડે કે ઈન્સાનને. ચહેરા સિવાય જાનવરોને ડામ આપવો નિશાની તથા ઓળખ માટે જાઈઝ છે, ખાસ કરીને ઝકાત તથા જિઝિયાના જાનવરો. માણસને ડામ દેવો ઈલાજ માટે જાઈઝ છે, જેમ કે અમુક બીમારીઓનો ઈલાજ ડામ દેવું જ હોય છે, ઈલાજ સિવાય મના છે. હઝરત ઉબય ઈબ્ને કઅબ, સઅદ ઈબ્ને મઆઝ, હઝરત જાબિર અને અસ્અદ ઈબ્ને ઝરારા વગેરે સહાબાએ કિરામે અમુક ઝખ્મોમાં ડામ લગાડયા છે હુઝૂર ﷺના હુકમથી. એ ડામને અરબીમાં ગય્ય કહે છે. જે હદીષોમાં ગય્ય એટલે ડામથી મના ફર્માવ્યું છે ત્યાં કારણ કાંઈક અલગ છે. જે ઈન્શા અલ્લાહ ! અમે કિતાબુત્તિબ્બમાં વર્ણવીશું.

★ જાનવરોનો ડામ દેવા વિશે ★

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે હું રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં અબ્દુલ્લાહ ઈબ્ને અબૂ તલ્હાને લઈ ગયો જેથી આપ એની "તહનીક" કરી આપે[૧]. તો મેં આપને જોયા કે આપના હાથમાં ડામ દેવાનું ઓજાર હતું. સદ્કાનાં ઊંટોને ડામ દઈ રહ્યા હતા[૨]. (બુખારી)

★ હદીષ : (૧૬)-૪૦૭૯ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَن أنس قَالَ: غَدَوْتُ إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِعَبْدِ اللَّهِ بْنِ أَبِي طَلْحَةَ لِيُحَنِّكَهُ فَوَافَيْتُهُ فِي يَدِهِ الْمِيسَمُ يَسِمُ إِبِلَ الصَّدَقَةِ

૧. અબ્દુલ્લાહ ઈબ્ને અબૂ તલ્હા હઝરત અનસના મત્રાઈ ભાઈ છે. એટલે તેમના માતા એક છે. હઝરત અનસ رضی اللہ عنہ તો ઉમ્મે સુલૈમના પ્રથમ પતિથી પેદા થયા હતા પણ આ અબ્દુલ્લાહ હઝરત અબૂ તલ્હાથી હતા. સહાબા હઝરાત પોતાના નવા જન્મતા બાળકને હુઝૂર ﷺની ખિદમતમાં લાવતા હતા. હુઝૂર ﷺ ખજૂર ચાવીને પોતાની ઝબાને શરીફથી બાળકના ટાળવે લગાડી દેતા હતા જેથી બાળકના મોંમાં સૌ પ્રથમ હુઝૂર ﷺનું લુઆબ (થૂક) શરીફ પહોંચે. આ અમલનું નામ "તહનીક" છે.

૨. એટલે કે આપ જાતે પોતે એ ઓજાર વડે ઝકાતનાં ઊંટોને ડામ દઈ રહ્યા હતા, જેથી ઝકાતનાં ઊંટ બીજા ઊંટોથી અલગ થઈ જાય. એ ડામ ચહેરા સિવાય અન્ય કોઈ અંગ પર લગાડવામાં આવતા હતા. લોખંડનો ટુકડો ગરમ કરીને જાનવરની જાંગ પર, ટાંગ પર ડામ દેવામાં આવે છે. એ ડામ પછી કદી જતો નથી. રંગ વગેરેનાં નિશાનો નષ્ટ થઈ જાય છે. અમે અમુક હબ્શીઓને જોયા કે તેમના ચહેરા પર રેખાઓ ડામેલી હોય છે. એ હરામ છે જેમ કે અગાઉ ગુજરેલી હદીષથી જાણવા મળ્યું.

★ હદીષ : (૧૭)-૪૦૮૦ ★

(مُتَّفَقٌ عَلَيْهِ)
وَعَنْ هِشَامِ بْنِ زَيْدٍ عَنْ أَنَسٍ قَالَ: دَخَلْتُ عَلَى النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَهُوَ فِي مِرْبَدٍ فَرَأَيْتُهُ يَسِمُ شَاءَ حسبته قَالَ: فِي آذَانِهَا

હિશામ ઈબ્ને ઝયદથી રિવાયત છે. તે હઝરત અનસ رضی اللہ عنہ થી રાવી. ફર્માવ્યું કે હું નબી ﷺ ની ખિદમતમાં હાજર થયો. આપ તબેલામાં હતા. આપને જોયા કે આપ બકરીઓને ડામી રહ્યા હતા. મને ખયાલ છે કે ફર્માવ્યું, તેમના કાનોમાં[૧]. (મુસ્લિમ, બુખારી)

૧. حسبته માં "હે"નો મરજઅ હઝરત અનસ છે અને આ ક़ૌલ એ હિશામ ઈબ્ને ઝયદ તાબઈનો છે જે હઝરત અનસ رضی اللہ عنہ થી આ હદીષ રિવાયત કરી રહ્યા છે. એટલે મને ખયાલ છે કે હઝરત અનસ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે હુઝૂરે અન્વર ﷺ સદક़ાની બકરીઓના કાનોમાં ડામ દઈ રહ્યા હતા. જાણવા મળ્યું કે કાનમાં ડામ દેવો પણ બિલ્કુલ જાઈઝ છે.

(વિભાગ : ૨) الفصل الثانی

★ હદીષ : (૧૮)-૪૦૮૧ ★

عَنْ عَدِيِّ بْنِ حَاتِمٍ قَالَ: قُلْتُ يَا رَسُولَ اللَّهِ أَرَأَيْتَ أَحَدُنَا أَصَابَ صَيْدًا وَلَيْسَ مَعَهُ سِكِّينٌ أَيَذْبَحُ بِالْمَرْوَةِ وَشِقَّةِ الْعَصَا؟ فَقَالَ: «أَمْرِرِ الدَّمَ بِمَ شِئْتَ وَاذْكُرِ اسْمَ اللَّهِ» . رَوَاهُ أَبُو دَاوُد وَالنَّسَائِيّ

હઝરત અદી رضی اللہ عنہ થી ઈબ્ને હાતિમ રિવાયત કરે છે. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ ફર્માવો કે અમારામાંથી કોઈ શિકાર પામે અને તેની પાસે છરી ન હોય તો શું પથ્થર વડે અથવા લાઠીની અણી વડે ઝબહ કરી દે[૧] તો ફર્માવ્યું, જે ચીજથી ચાહો લોહી વહાવી દો[૨]. અને અલ્લાહનું નામ લઈ લો.
(અબૂ દાઉદ, નિસાઈ)

૧. مروة (મરવા) સફેદ પથ્થરને કહે છે એટલા માટે મક્કાના એક પહાડનું નામ પણ મરવા છે. إِنَّ الصَّفَا وَ الْمَرْوَةَ مِنْ شَعَآئِرِ اللّٰهِ (બેશક ! સફા અને મરવા અલ્લાહની નિશાનીઓમાંથી છે. સૂરએ બક़રહ, ૨/૧૫૮) પથ્થરથી મુરાદ પથ્થરનો એ ટુકડો છે જે ધારદાર હોય. એ જ પ્રમાણે લોહીના ટુકડાથી મુરાદ વાંસની ધારદાર તેજ છે જેનાથી ઝબહ કરી શકાય છે.

૨. امر એ امراء થી બન્યુ છે, અર્થ ગુજારવું (પસાર કરવું) અને વહાવવું. અહીં વહાવવાના અર્થમાં છે. અમુક નુસ્ખાઓમાં امر "રે"ના "ઝેર"થી છે. કેમ કે લોહી વહીને પોતાની જગાએથી વહે છે એટલા માટે વહાવવાને امراء કહી દે છે. بِمَ شِئْتَમાં مَا નો અલિફ પાડી દેવામાં આવ્યો છે.

★ શું ઝબહ ગળા તથા સીના વગર નથી થતું ? ★

★ હદીષ : (૧૯)-૪૦૮૨ ★

وَعَن أَبِي الْعُشَرَاءِ عَنْ أَبِيهِ أَنَّهُ قَالَ: يَا رَسُولَ اللَّهِ أَمَا تَكُونُ الذَّكَاةُ إِلَّا فِي الْحَلْقِ وَاللَّبَّةِ؟ فَقَالَ: «لَوْ طَعَنْتَ فِي فَخِذِهَا لَأَجْزَأَ عَنْكَ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ وَابْنُ مَاجَهْ وَالدَّارِمِيُّ وَقَالَ أَبُو دَاوُدَ: وَهَذِهِ ذَكَاةُ الْمُتَرَدِّي وَقَالَ التِّرْمِذِيُّ: هَذَا فِي الضَّرُورَة

હઝરત અબૂ ઉશરાથી રિવાયત છે, તે પોતાના પિતાથી[૧] રાવી કે તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ શું ઝબહ ગળા તથા સીના સિવાય નથી જ થતું[૨] ? તો ફર્માવ્યું, જો તમે તેની જાંગમાં ભાલો મારો તો પૂરતો છે[૩]. (તિર્મિઝી, અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહ, દારમી) અબૂ દાઉદે ફર્માવ્યું કે એ પડી ગયેલાનું ઝબહ છે[૪] અને તિર્મિઝીએ ફર્માવ્યું કે એ જરૂરતની હાલતમાં છે[૫].

૧. અબુલ ઉશરા અ़યનના પેશથી. એમનું નામ ઓસામા ઈબ્ને માલિક છે. તાબઈ છે. દારમી બસરી છે. પોતાના પિતાથી રિવાયત કરે છે. અમુક મુહદ્દિષોએ એમને ઝઈફ કહેલ છે. જેમ કે ઈબ્ને હબ્બાને તેને સમર્થન કર્યું છે, અને ઈમામ અહમદ ઈબ્ને હંબલ તેમને ઝઈફ કહ્યા. *(અશિઅ़હ)*

૨. لبة ગળાનો આખરી કિનારો જે છાતી સાથે જોડાયેલ છે અથવા છાતીનો ઉપરી કિનારો જે ગળાથી નજીક છે. સવાલનો મક़સદ એ છે કે શું ઝબહની આ જ રીત છે કે ગળા અને છાતીની વચ્ચે હોય. જો એ જ ઝબહ છે તો જે જાનવર કબજામાં ન હોય અને મરી રહ્યું હોય તો કેવી રીતે કરવામાં આવે ? જેમ કે કૂવામાં પડી ગયેલી બકરી.

૩. આ ઈઝતેરારી ઝબહનું વર્ણન છે જ્યારે કબજામાં ન હોય અને ઝબહ કરવું જરૂરી હોય તો જ્યાં ક્યાંય ભાલો નેઝો મારી દેવામાં આવે અને લોહી વહી જાય તો ઝબહ થઈ જશે, જેમ કે નાસી છૂટેલી ગાય, કૂવામાં પડેલુ જાનવર અને તીરથી મારેલો શિકાર.

૪. એટલે કૂવામાં પડેલુ જાનવર કે તેને કાઢવાની કોઈ સ્થિતિ ન હોય અને તેના મરી જવાનો અંદેશો હોય ત્યારે આ રીતે ઝબહ કરી લેવામાં આવે.

૫. આ તફસીર પહેલી તફસીર કરતાં વધુ આમ અને અધિક સામેલ છે. એમાં કેટલીય સ્થિતિ સામેલ છે જે હમણા અમે હાશિયા નં. ૨માં વર્ણવી જેને ઝબહે ઈઝતેરારી કહે છે.

★ હદીષ : (૨૦)-૪૦૮૩ ★

وَعَن عدي بن حَاتِم أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَا عَلَّمْتَ مِنْ كَلْبٍ أَوْ بَازٍ ثُمَّ أَرْسَلْتَهُ وَذَكَرْتَ اسْمَ اللَّهِ فَكُلْ مِمَّا أَمْسَكَ عَلَيْكَ» . قُلْتُ: وَإِنْ قَتَلَ؟ قَالَ: «إِذَا قَتَلَهُ وَلَمْ يَأْكُلْ مِنْهُ شَيْئًا فَإِنَّمَا أَمْسَكَهُ عَلَيْكَ» . رَوَاهُ أَبُو دَاوُد

હઝરત અદી ઈબ્ને હાતિમથી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું, જે કૂતરા અથવા બાઝને તમે શીખવી દો પછી તેને છોડી આપો અને અલ્લાહનું નામ ઝિક્ર કરી દો તો એમાંથી ખાવ[૧] જે એણે તમારે માટે રોકી રાખેલ છે. મેં અર્ઝ કરી કે ભલે તે ક़ત્લ કરી દે ? ફર્માવ્યું, ભલે ક़ત્લ કરી દે[૨] . અને એમાંથી કાંઈ ન ખાય, કેમ કે એણે તમારા માટે રોક્યું છે[૩]. (અબૂ દાઊદ)

૧. કૂતરા તથા બાઝનું વર્ણન દૃષ્ટાંત રૂપે છે, નહીં તો દરેક શિકારી જાનવરનો આ જ હુકમ છે જેમ કે શીખવાડવામાં આવેલ ચિત્તો અથવા શકરો. હા ! બિલાડી આ હુકમથી બહાર છે કે તે આ અર્થમાં શિકારી નથી કે જંગલમાં દોડીને હુમ્લો કરીને જાનવર શિકાર કરે, તે તો કેવળ ઘરના ઉંદરો, મરઘીઓનો શિકાર કરે છે.

૨. જાણવા મળ્યું કે આ પ્રકારના શિકાર, શિકારી જાનવરનું ક़ત્લ કરી નાખવું નુકસાનકર્તા નથી, બલ્કે ખાવું નુકસાનકર્તા છે, જો ખાય લીધું છે તો બાકીનો ગોશ્ત હરામ છે, નહીં તો હલાલ છે.

૩. એટલે કે તેનું કાંઈ ન ખાવું એ વાતની નિશાની છે કે તેણે એ ગોશ્ત તમારા માટે બચાવીને રાખ્યો છે અને તે શીખવાડવામાં (ટ્રેઈન કરવામાં) આવેલ શિકારી છે.

★ હદીષ : (૨૧)-૪૦૮૪ ★

وَعَنْهُ قَالَ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ أَرْمِي الصَّيْدَ فَأَجِدُ فِيهِ مِنَ الْغَدِ سَهْمِي قَالَ: «إِذَا عَلِمْتَ أَنَّ سَهْمَكَ

તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું શિકારને તીર મારું છું તો કાલે એમાં પોતાનું તીર પામુ છું[૧] ફર્માવ્યું, જ્યારે તમે યક़ીન કરી લો કે તમારા તીરે એને માર્યું છે અને એમાં

દરિન્દા (ફાડી ખાનાર જાનવર)ની અસર ન જુઓ તો ખાય લો[૨]. (અબૂ દાઊદ)	قَتَلَهُ وَلَمْ تَرَ فِيهِ أَثَرَ سَبُعٍ فَكُلْ» . رَوَاهُ أَبُو دَاوُدَ

૧. એટલે કે આજે મારો શિકાર ગાયબ થઈ ગયો, શોધવા છતાં ન મળ્યો. કાલે મરેલો મળ્યો જેમાં મારા કાલવાળા તીરનો ઘા છે, તે હલાલ છે કે નહીં ?

૨. દરિન્દાનું વર્ણન દૃષ્ટાંત રૂપે છે, નહીં તો મસ્અલો એ છે કે જો કોઈ અન્ય કારણે એના મરવાની સંભાવના હોય તો કદાપિ ખાવામાં ન આવે. દા.ત. પાણીમાં ડૂબ્યું છે. કેમ કે ખબર નથી કે મરીને પાણીમાં પડયું અથવા પડીને મર્યું છે. એવા શંકાસ્પદ શિકારને કદાપિ ખાવામાં ન આવે.

હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમને મજૂસીઓના કૂતરાના શિકારથી મના કરવામાં આવ્યું[૧]. (તિર્મિઝી)	**★ હદીષ : (૨૨)-૪૦૮૫ ★** وَعَن جابرٍ قَالَ: نُهِينَا عَنْ صَيْدِ كَلْبِ الْمَجُوسِ. رَوَاهُ التِّرْمِذِيّ

૧. કેમ કે મજૂસી (અગ્નિપૂજક)નું ઝબીહા હરામ છે તો એનો મારેલો શિકાર હલાલ નથી. અને જો મુસલમાનનો કૂતરો મજૂસીએ છોડયો તો એનો મારેલો શિકાર હરામ છે અને જો મુસલમાન તથા મજૂસી બંનેએ પોતાના કૂતરાઓને છોડયા, બંનેવે મળીને શિકાર કર્યો તો પણ જાનવર હરામ છે. મુસલમાન કદાપિ ન ખાય. સારાંશ કે કૂતરો છોડનારનો એતબાર છે, કૂતરાનો એતબાર નથી. એ ખૂબ જ ધ્યાનમાં રાખવું જોઈએ. (મિર્કાત) એનાથી જાણવા મળ્યું કે ઈસાઈ યહૂદીનો શિકારી કૂતરો શિકાર કરે તો હલાલ છે, ભલે તેને ઈસાઈ કે યહૂદીએ છોડયો હોય. અહલે કિતાબનું ઝબીહા હલાલ છે તો એનો શિકાર પણ હલાલ છે, પણ શર્ત એ છે કે એ કૂતરો પણ بسم الله પઢીને છોડે, મસીહ અથવા અઝીઝના નામ પર ન છોડે કેમ કે ગૈરે ખુદાના નામ પર ઝબીહા તો મુસલમાનનું પણ હરામ છે.

હઝરત અબૂ ષઅલ્બા ખુશનીથી રિવાયત છે. ફર્માવે છે, મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે લોકો સફરવાળા છીએ[૧] યહૂદી તથા ઈસાઈઓ અને મજૂસીઓ પાસેથી પસાર થઈએ છીએ તો એમનાં વાસણો સિવાય અન્ય વાસણો નથી પામતા. ફર્માવ્યું, જો એમના સિવાય ન પામો તો એમને પાણી વડે ધોઈ લો પછી એમાં ખાવ પીઓ[૨]. (તિર્મિઝી)	**★ હદીષ : (૨૩)-૪૦૮૬ ★** وَعَن أَبِي ثَعْلَبَة الْخُشَنِي قَالَ: قُلْتُ: يَا رَسُولَ اللَّهِ إِنَّا أَهْلُ سفر نمر الْيَهُود وَالنَّصَارَى وَالْمَجُوس فَلَا نَجِدُ غَيْرَ آنِيَتِهِمْ قَالَ: «فَإِنْ لَمْ تَجِدُوا غَيْرَهَا فَاغْسِلُوهَا بِالْمَاءِ ثُمَّ كلوا فِيهَا وَاشْرَبُوا» . رَوَاهُ التِّرْمِذِيّ

૧. એટલે કે હું અને મારા કબીલાવાળા લોકો મોટાભાગે સફરમાં રહે છે. અને અમને મોટાભાગે એ બનાવ ઉપસ્થિત થાય છે જે વર્ણવી રહ્યા છે.

૨. આ હુકમ સાવચેતી પૂરતો છે, કેમ કે યહૂદી તથા નસારા પોતાનાં વાસણોમાં સુવ્વર તથા શરાબ ઉપયોગમાં લે છે પછી બાકાયદા તેને પાક નથી કરતા એટલા માટે આ સાવચેતીનો હુકમ આપવામાં આવ્યો. ફતવો એ છે કે યહૂદી તથા નસારા (ઈસાઈ) બલ્કે મુશ્રિકોનાં વાસણો, તેમનાં રાંધવામાં આવેલ ખાણા પાક છે જ્યાં સુધી કે આપણને એના નાપાક હોવાની ખબર ન હોય. શરીઅત જાહેર પર છે. આજે વિલાયતી દવાઓ, ઘી અને ઘણા પ્રકારના બિસ્કિટ, ચોકલેટ વગેરે વિલાયત (પરદેશ)થી બનીને આવે છે જેને મુસલમાન સામાન્યપણે ઉપયોગ કરે છે. એ જ પ્રમાણે વિલાયતી દૂધ બલ્કે વિલાયતી ડબ્બાઓનો ગોશ્ત એ સર્વ કાંઈ શરઅન પાક તથા હલાલ છે, કેમ કે

એના નાપાક હોવાની કોઈ દલીલ નથી. તક્વો એ છે કે એને ખાવાથી પરહેઝ કરે. (જો કે વર્તમાનકાળમાં મોટાભાગે મશીની ઝબીહા જે થાય છે અને ગૈરોને ત્યાંથી પેક થઈને ગૈરોના મારફત જ્યાં પણ પહોંચે, જેમ કે હરમૈન શરીફૈનમાં પણ એ જ હોય છે એ હલાલ નથી. જુઓ કિતાબ : મશીની ઝબીહા, અઝ : મુફ્તી નિઝામુદ્દીન રઝવી, મુબારકપુરી. –અનુવાદક) તક્વો એ છે કે એને ખાવાથી પરહેઝ કરે. એ જ પ્રમાણે વિલાયતી (પરદેશી) કપડાં પાક છે, તેમને ધોવું લાઝિમ નથી. સહાબાએ કિરામ હઝરાત બલ્કે હુઝૂર ﷺએ કાફિરોના હદિયા રૂપે મોકલેલ કપડાં ઉપયોગમાં લીધાં, એમાં નમાઝો પઢી. આ સૌ ફત્વા છે, અહીં તક્વાની તા'લીમ છે. અને આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે.

ક્બીસા ઈબ્ને હુલ્બથી રિવાયત છે. તે પોતાના પિતાથી રાવી[૧] ફર્માવે છે કે મેં નબી ﷺ થી ઈસાઈઓના ખાણાના વિશે પૂછયું. અને એક રિવાયતમાં છે કે હુઝૂર ﷺ થી એક માણસે પૂછયું[૨] તો ફર્માવ્યું, ખાણાઓમાંથી એક ખાણુ છે જેમાં અમે વાંધો સમજીએ છીએ[૩] ફર્માવ્યું, તમારા સીનામાં કાંઈ ન ચુભવું (ખટકવું) જોઈએ[૪] તમે એ બારામાં ઈસાઈયતથી મુશાબેહ (મળતા જુલતા) થઈ ગયા[૫].

(તિર્મિઝી, અબૂ દાઉદ)

★ હદીષ : (૨૪)-૪૦૮૭ ★

وَعَنْ قَبِيصَةَ بْنِ هُلْبٍ عَنْ أَبِيهِ قَالَ: سَأَلْتُ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ طَعَامِ النَّصَارَى وَفِي رِوَايَةٍ: سَأَلَهُ رَجُلٌ فَقَالَ: إِنَّ مِنَ الطَّعَامِ طَعَامًا أَتَحَرَّجُ مِنْهُ فَقَالَ: «لَا يَتَخَلَّجَنَّ فِي صَدْرِكَ شَيْءٌ ضَارَعْتَ فِيهِ النَّصْرَانِيَّةَ» . رَوَاهُ التِّرْمِذِيّ وَأَبُو دَاوُد

૧. ક્બીસા તાબઈ છે. તેમના પિતા હલ્બ સહાબી છે. હલ્બ એમનો લક્બ છે. નામ યઝીદ ઈબ્ને ક્નાફા છે. ક્બીલા બની તયથી છે. ક્બીસાને નિસાઈ ઈબ્ને મદયને મજહૂલ કહ્યા. ઈમામ અજલી અને ઈબ્ને હબ્બાને ષિક્હ કહ્યા. (અશિઅહ, મિર્ક્વાત) અબૂ દાઉદ અને તિર્મિઝીએ એમનાથી કેવળ આ જ હદીષ રિવાયત કરી.

૨. એટલે કે યહૂદી તથા નસારાના રાંધેલાં હલાલ ખાણા મુસલમાનોએ ખાવાં મુબાહ છે કે નહીં ? જેમ કે તેમના હાથની પકાવેલી રોટી, ચાવલ, દાળ, બકરી વગેરેનો ગોશ્ત. એ પૂછનારા અદી ઈબ્ને હાતિમ હતા જે પહેલાં ઈસાઈ હતા બાદમાં મુસલમાન થયા. જેમ કે અશિઅહમાં છે.

૩. એટલે કે અહલે કિતાબ વગેરેનાં પકાવેલાં ખાણાઓમાં અમને શંકા રહે છે કે આ ખાણા અથવા પાણી અથવા વાસણો પાક છે કે નહીં, અમે એમને ખાઈએ કે ન ખાઈએ.

૪. એટલે કે એવા કોઈ ખાણામાં વિના કારણે શક ન કરો, શોખથી ખાવ, વિના દલીલે કોઈ ચીજને નાપાક ન સમજો. ઈસ્લામમાં આસાની છે, આવી સખ્તીઓ નથી. યાદ રાખશો કે અહીં વહેમનો ઉલ્લેખ છે, એટલે કે વિના દલીલે એવાં ખાણાઓને નાપાક અથવા હરામ સમજવાં કે કદાચ પકાવનારાના હાથ અથવા વાસણો ગંદાં હોય અથવા કેવળ વહેમ.

૫. એટલે કે તમે આવી શંકાઓ કરીને મુત્તક્વી ન થશો બલ્કે ઈસાઈયતના મુશાબેહ (મળતા જુલતા) થઈ જશો જેઓ આ પ્રકારના વહેમમાં પડીને સન્યાસી અને પાદરી બની જાય છે. ઈસ્લામમાં એવા વહેમોનો એતબાર નથી. કેમ કે હઝરત અદી ઈબ્ને હાતિમ પહેલાં ઈસાઈ હતા એટલા માટે હુઝૂરે અન્વર ﷺએ ઈસાઈયતનો ઉલ્લેખ કર્યો કે તમે મુસલમાન થઈ ગયા બાદ પણ ઈસાઈઓના જેવા (મુશાબેહ) કેમ બનો છો ? (અશિઅહ) ઈસ્લામમાં જાહેરનો એતબાર છે. જૂઠા વસવસા, શંકાઓ ઈસ્લામમાં વિશ્વસનીય નથી. આ હદીષે મામલો જ સ્પષ્ટ કરી આપ્યો.

★ હદીષ : (૨૫)-૪૦૮૮ ★

وَعَنْ أَبِي الدَّرْدَاءِ قَالَ: نَهَى رَسُولُ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ أَكْلِ الْمُجَثَّمَةِ وهيَ الَّتِي تُصْبَرُ بالنَّبلِ. رَوَاهُ التِّرْمِذِيّ

હઝરત અબૂ દર્દા رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે નબી કરીમ ﷺ એ મુજષ્ષમાના ખાવાથી મના કર્યું[૧] મજષ્ષમા તે જાનવર છે જેને તીર વડે પાડી દેવામાં આવે[૨]. (તિર્મિઝી)

૧. એટલે કે જે જાનવર પોતાના કબજામાં હોય તેને બાંધીને તીરનો નિશાનો બનાવવામાં આવે અને શરઈ ઝબહને બદલે એને એ રીતે મારવામાં આવે એ હરામ છે. કબજામાંનું જાનવર ઝબહ થઈ જવું જોઈએ. તીરનું ઝબહ કરવું મજબૂરીની હાલતમાં છે જ્યારે જાનવર કબજામાં ન હોય.

૨. مجثمه એ جثوم થી બન્યું છે જેનો અર્થ છે, છાતી જમીનથી લગાડી દેવી. રબ તઆલા ફર્માવે છે : فَأَصْبَحُوْا فِيْ دِيَارِهِمْ جٰثِمِيْنَ (તો સવારે પોતાનાં ઘરોમાં ગુઠણભેર પડેલા રહી ગયા. સૂરએ હૂદ, ૧૧/૬૭) અહીં جاثمين નો એ જ અર્થ છે.

★ હદીષ : (૨૬)-૪૦૮૯ ★

وَعَنِ الْعِرْبَاضِ بْنِ سَارِيَةَ أَنَّ رَسُولَ اللّٰهِ صَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى يَوْمَ خَيْبَرَ عَنْ كُلِّ ذِي نَابٍ مِنَ السِّبَاعِ وَعَنْ كُلِّ ذِي مِخْلَبٍ مِنَ الطَّيْرِ وَعَنْ لُحُومِ الْحُمُرِ الْأَهْلِيَّةِ وَعَنِ الْمُجَثَّمَةِ وَعَنِ الْخَلِيسَةِ وَأَنْ تُوطَأَ الْحَبَالَى حَتَّى يَضَعْنَ مَا فِي بُطُونِهِنَّ قَالَ مُحَمَّدُ بْنُ يَحْيَى: سُئِلَ أَبُو عَاصِمٍ عَنِ الْمُجَثَّمَةِ فَقَالَ: أَنْ يُنْصَبَ الطَّيْرُ أَوِ الشَّيْءُ فَيُرْمَى وَسُئِلَ عَنِ الْخَلِيسَةِ فَقَالَ: الذِّئْبُ أَوِ السَّبُعُ يُدْرِكُهُ الرَّجُلُ فَيَأْخُذُ مِنْهُ فَيَمُوتُ فِي يَدِهِ قَبْلَ أَنْ يذكيها. رَوَاهُ التِّرْمِذِيّ

હઝરત ઈરબાઝ ઈબ્ને સારિયાથી[૧] રિવાયત છે. રસૂલુલ્લાહ ﷺ એ ખૈબરના દિવસે દરેક કીલ (અણીવાળા દાંત)વાળા દરિન્દા (ફાડી ખાનાર જાનવર)થી[૨] અને દરેક પંજાવાળા પક્ષીથી[૩] અને પાલતુ ગધેડાઓના ગોશતથી[૪] અને મુજષ્ષમાથી ખલીસાથી મના કર્યું[૫] અને એનાથી કે સગર્ભા સ્ત્રી સાથે સોહબત કરવામાં આવે ત્યાં સુધી કે પોતાનાં પેટોનાં બાળકો જણી દે[૬]. મુહમ્મદ ઈબ્ને યહયાએ કહ્યું, અબૂ આસિમથી મુજષ્ષમાના વિશે પૂછવામાં આવ્યું[૭] તો ફર્માવ્યું, એ છે કે પક્ષી અથવા કોઈ ચીજ બાંધવામાં આવે પછી તીર મારવામાં આવે[૮] અને ખલીસાના બારામાં પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું, વરૂ તથા દરિન્દા જેને માણસ પામી લે તો તેને છોડાવી લે પછી તે ઝબહ કરતા પહેલાં તેના કબજામાં મરી જાય[૯]. (તિર્મિઝી)

૧. આપ સહાબી છે. સુફ્ફાવાળા ગરીબ સહાબીઓ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી છે. આપ એ જમાઅતથી છે જેમણે જેહાદના માટે હુઝૂરે અન્વર ﷺ થી સવારીઓ માગી પણ ન પામી તો રડતા રડતા પરત થયા. જેમનો એ જ બનાવ કુર્આને કરીમમાં વર્ણન પામેલ છે. હિ.સ. ૭૫માં વફાત પામ્યા. *(અશિઅહ)*

૨. જેમ કે કૂતરો, બિલાડી, સિંહ, વરૂ વગેરે જેમના મોઢામાં કીલ (અણીવાળા દાંત) હોય છે પણ શિકાર નથી કરતાં જેથી હલાલ કીલમાં શિકારીની શર્ત એટલા માટે રાખી.

૩. અહીં પણ પંજાવાળાં શિકારી પક્ષીઓ મુરાદ છે. જેમ કે શકરા, બાઝ, સક્ર વગેરે. કાગડો પણ શિકારી છે, પંજાવાળો પણ છે. તે પણ હરામ છે. પોપટમાં મતભેદ છે, અમુકને ત્યાં એ હલાલ છે ભલે એ પંજાવાળો તો છે પણ શિકારી નથી. અરબીમાં એને યલગાર કહે છે. જે બેવકૂફોએ કાગડાને હલાલ માન્યો તેમણે આ હદીષ ન જોઈ.

તેમની બુદ્ધિઓ પર પર્દા પડી ગયા !

૪. જંગલી ગધેડો, નીલગાય હલાલ છે. ગધેડો પહેલાં હલાલ હતો. ખૈબરના દિવસે હરામ કરી આપ્યું.

૫. ખલીસાની તફસીર આગળ આવી રહી છે. એને ખાવું ત્યારે હરામ છે જ્યારે કે એ ઝબહ વિના મરી જાય, જો ઝબહ કરી લેવામાં આવે તો હલાલ છે, પછી તે ખલીસા નથી.

૬. એટલે કે જેહાદમાં જે સ્ત્રીઓ કેદ થઈને મુસલમાનના હાથ આવી તેમને લોંડીઓ બનાવવામાં આવે, પણ સગર્ભા હોય તો તેમની સાથે સંભોગ હરામ છે. જો સગર્ભા ન હોય તો એક હૈઝની રાહ જાયા બાદ તેણીઓથી સોહબત દુરુસ્ત છે.

૭. અબૂ આસિમ શયખ છે મુહમ્મદ ઈબ્ને યહયાના અને મુહમ્મદ ઈબ્ને યહયા શયખ છે ઈમામ તિર્મિઝીના જેઓ આ હદીષના રાવી છે. એટલે કે હું અબૂ આસિમની પાસે હતો, એવામાં એમને કોઈએ પૂછયું કે મુજષ્ષમા ક્યા જાનવરને કહે છે જેને શરીઅતે હરામ કરેલ છે ? એની હક़ીક़ત શું છે ?

૮. એટલે કે મરઘી, બકરી વગેરે આપણા કબજા હેઠળનાં જાનવર છે. તેને બાંધીને તીર મારવામાં આવે એ રીતે એ મરી જાય તો એ હરામ છે, જો એ ઝખ્મીને ઝબહ કરી લેવામાં આવે તો ગોશ્ત હલાલ છે પણ આ કામ હરામ છે.

૯. એટલે કે જો મરઘીને બિલાડી અથવા બકરીને વરૂ અથવા ચિત્તો વગેરે જાનવર પકડે અને લોકો તેના મોંઢેથી છોડાવી લે, ઝબહ ન કરી શકે, તે ઝખ્મના કારણે મરી જાય એ ખલીસા છે અને હરામ છે. خَلِيسَةٍ એ خلس થી બન્યું અર્થ અચાનક લેવું, છીનવી લેવું એનાથી اختلاس છે.

હઝરત ઈબ્ને અબ્બાસ તથા હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہما થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ શૈતાનના નસ્તર મારેલાથી મના ક્યું[૧] ઈબ્ને ઈસાએ એ અધિક ફર્માવ્યું કે તે એવું ઝબીહા છે જેનું ચામડુ કાપી દેવામાં આવે અને રગો કાપવામાં ન આવે પછી છોડી દેવામાં આવે ત્યાં સુધી કે મરી જાય[૨]. (અબૂ દાઉદ)

★ હદીષ : (૨૭)-૪૦૯૦ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ وَأَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْ شَرِيطَةِ الشَّيْطَانِ. زَادَ ابْنُ عِيسَى: هِيَ الذَّبِيحَةُ يُقْطَعُ مِنْهَا الْجِلْدُ وَلَا تُفْرَى الْأَوْدَاجُ ثُمَّ تُتْرَكُ حَتَّى تَمُوتَ.رَوَاهُ أَبُو دَاوُد

૧. شريطه એ شرط الحجام થી બન્યું છે. લોહી ચૂંસવાવાળાનું નસ્તર મારવું. ચામડી ચીરીને લોહી કાઢવું. જે શખ્સ જાનવરની ફકત ચામડી કાપી નાખે, ગળુ તથા રગો ન કાપે તે જાણે કે હજામ જેવો નસ્તર મારે છે, કેમ કે આવું ઝબહ કરવું એ શૈતાની તા'લીમથી છે જે કાફિરોમાં રિવાજ પામેલ હતું. એટલા માટે એને "શરીતાએ શૈતાન" કહેવામાં આવ્યું એટલે શૈતાનનો શીખવાડેલો નસ્તર.

૨. આ હરકતથી જાનવરને સખત તકલીફ પણ થાય છે કે જાન ખૂબ જ મોડેથી અને મુશ્કેલીથી નીકળે છે અને એને ખાવું પણ હરામ થઈ જાય છે. لاتفرى એ فرى થી બન્યું છે, અર્થ : કાપવું. ઈસ્તેલાહમાં ફસાદના (ખરાબ લોહી કાઢવા) માટે કાપવાને فرى કહેવામાં આવે છે અને اوداج એ ودج નું બહુવચન છે. ودج ગળાની આસપાસની રગો જેમને કાપવું ઝબહ માટે જરૂરી છે.

★ પેટના બચ્ચાનું ઝબહ એની માનુ ઝબહ છે ★

હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺ એ ફર્માવ્યું કે પેટના બાળકનું ઝબહ એની માનુ

★ હદીષ : (૨૮)-૪૦૯૧/(૨૯)-૪૦૯૨ ★

وَعَنْ جَابِرٍ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ:

«ذَكَاةُ الْجَنِينِ ذَكَاةُ أُمِّهِ» . رَوَاهُ أَبُو دَاوُد والدارمي وَرَوَاهُ التِّرْمِذِيّ عَن أَبِي سعيد

ઝબહ છે[૧]. (અબૂ દાઉદ, દારમી)

અને તિર્મિઝીએ હઝરત અબૂ સઈદથી રિવાયત કરી.

૧. એટલે કે જો બકરી અથવા ગાય ઝબહ કરવામાં આવી તેના પેટમાં બચ્ચુ મરેલુ નીકળ્યું તે હલાલ છે કે માની ઝબહથી તે પણ ઝબહ માનવામાં આવશે. યાદ રાખશો કે ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ ને ત્યાં એવું બચ્ચુ મુત્લક્ન હલાલ છે ભલે તેના શરીર પર બાલ જમા થયેલા હોય કે કેવળ ગોશતનો લોથળો હોય. ઈમામ માલિકને ત્યાં જો બાળક પૂરુ બની ચૂક્યું છે ત્યાં સુધી કે તેના શરીર પર વાળ પણ ઉગી ગયા છે તો હલાલ છે, નહીં તો હરામ. આપણા ઈમામે આ'ઝમ رحمۃ اللہ علیہ ની નજીક જો બાળક જીવતું નીકળ્યું અને તેને ઝબહ કરી લેવામાં આવ્યું તો હલાલ છે, નહીં તો હરામ. આ હદીષ ઈમામ શાફઈની દલીલ છે. અમુકે ફર્માવ્યું કે જો બચ્ચુ જીવતુ નીકળ્યું પછી મરી ગયું તો પણ હલાલ છે. અમુકે ફર્માવ્યું કે એવું બચ્ચુ હરામ છે. ઈમામ સાહબ ફર્માવે છે કે પ્રથમ તો એ હદીષ સહીહ નથી, જો સહીહ હોય તો એનો અર્થ એ છે કે પેટના બચ્ચાનું તેની માના ઝબહની જેમ છે, એટલે કે જેવી રીતે તેની માને ગળુ તથા રગોને કાપીને ઝબહ કરવામાં આવે છે એ જ પ્રમાણે તેના બચ્ચાને ઝબહ કરવામાં આવશે. અને زكوٰة امه માં ઝકાત મન્સૂબ છે, કાફ જારા પોશીદા છે એ મન્સૂબ નઝઉલ ખાફિઝ છે, કેમ કે એવો શિકાર જો પાણીમાં ડૂબેલો જોવામાં આવે તો ખાવો હરામ છે કે કદાચ પાણીથી મર્યો હોય. એ જ પ્રમાણે એ મરેલા બાળકમાં શંકા છે કે તે દમ ઘૂંટાવાના કારણે મર્યું હોય. ઈમામ શાફઈની દલીલ ત્યારે નથી જ્યારે કે લખાણ (વાક્ય) આ પ્રમાણ હોય زكوٰة الحيوان زكوٰة الجنين જેથી આ હદીષ ઈમામે આ'ઝમ رَحْمَةُ اللهِ عَلَيْهِ ની દલીલ છે ન કે ઈમામ શાફઈની. *(મિર્કાત, અશિઅહ)*

★ હદીષ : (30)-૪૦૯૩ ★

وَعَن أَبِي سعيدٍ الخدريِّ قَالَ: قُلْنَا: يَا رَسُولَ اللَّهِ نَنْحَرُ النَّاقَةَ ونذبح الْبَقَرَة وَالشَّاة فنجد فِي بَطنهَا جَنِينا أَنُلْقِيهِ أَمْ نَأْكُلُهُ؟ قَالَ: «كُلُوهُ إِنْ شِئْتُمْ فَإِنَّ ذَكَاتَهُ ذَكَاةُ أُمِّهِ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَابْن مَاجَه

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે, અમે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે ઊંટણી ઝબહ કરીએ છીએ અને ગાય તથા બકરી ઝબહ કરીએ છીએ તો એમના પેટમાં બાળક પામીએ છીએ, શું એને ફેંકી દઈએ કે ખાય જઈએ ?[૧] ફર્માવ્યું, જો ચાહો તો ખાય લો કેમ કે તેનું ઝબહ તેની માના ઝબહની જેમ છે[૨]. (અબૂ દાઉદ, ઈબ્ને માજહ)

૧. એટલે કે જો જીવતુ બચ્ચુ નીકળ્યું તો એને આમ જ ફેંકીને મરી જવા દઈએ કે પછી તેને ઝબહ કરીને ખાય લઈએ ? એના સંબંધે ઈર્શાદ થયો.

૨. આ વાક્યનો તે જ અર્થ છે જે હમણા વર્ણવવામાં આવ્યો કે જો તેને ખાવ તો ઝબહ કરીને ખાવ અને એને ઝબહ કરવું પણ એની માની જેમ છે.

★ હદીષ : (31)-૪૦૯૪★

وَعَنْ عَبْدِ اللَّهِ بْنِ عَمْرِو بْنِ الْعَاصِ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ قَتَلَ عُصْفُورًا فَمَا فَوْقَهَا بِغَيْرِ حَقِّهَا سَأَلَهُ اللَّهُ عَنْ قَتْلِهِ» قِيلَ: يَا رَسُولَ اللَّهِ وَمَا حَقُّهَا؟

હઝરત અબ્દુલ્લાહ અમ્ર ઈબ્ને આસથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે કોઈ પક્ષી અથવા તેનાથી ઉપરના કોઈ જાનવરને નાહક્ક મારી નાખે[૧] તો તેના કત્લના સંબંધે અલ્લાહ તેને પૂછશે. અર્ઝ કરવામાં આવી, યા રસૂલલ્લાહ ! ﷺ એનો હક્ક શું

છે ? ફર્માવ્યું કે એને ઝબહ કરીને ખાય, એવું ન કરે કે તેનું માથુ કાપે અને પછી તેને ફેંકી દે[૨]. *(અહમદ, નિસાઈ, દારમી)*	قَالَ: «أَنْ يَذْبَحَهَا فَيَأْكُلَهَا وَلَا يَقْطَعَ رَأْسَهَا فَيَرْمِيَ بِهَا» . رَوَاهُ أَحْمد وَالنَّسَائِيّ والدرامي

૧. હલાલ જાનવરના શિકારનો હક્ક છે, તેને શિકાર કરીને ખાવું. જો ખાવાનો હેતુ ન હોય પણ કેવળ આનંદ માટે ટાઈમ પાસે માટે શિકાર કરે તો આખેરતમાં પકડ છે. હરામ જાનવરના શિકારનો હેતુ ક્યાં તો તેના ચામડા તથા વાળથી નફો હાંસલ કરવું છે અથવા એ તકલીફથી મખ્લૂક્ને બચાવવું છે જેમ કે જંગલી જાનવર સુવ્વરનો શિકાર કે એ બુરાઈ દૂર કરવા માટે પણ છે. અને તેના અંગોથી લાભ ઉઠાવવા માટે પણ છે, જેમ કે હાથીનાં હાડકાં, દાંત વગેરે ઘણા કામમાં આવે છે. એ જ પ્રમાણે સિંહ તથા ચિત્તાનું ચામડુ, ચરબી વિવિધ રીતે ઉપયોગમાં આવે છે. અહીં હલાલ જાનવરોના શિકારનું વર્ણન છે, જેથી હદીષથી એ લાઝિમ નથી કે હરામ જાનવરોનો શિકાર કરવો હરામ છે કેમ કે એ ખાવામાં નથી આવતાં. આ તેહક્રીક્ ધ્યાનમાં રાખશો.

૨. આ હદીષના આધારે ઉલમા ફર્માવે છે કે હલાલ જાનવરોનો શિકાર કેવળ ખાવા માટે કરવામાં આવે અને તેને જરૂર ખાય લેવામાં આવે. (મિર્ક્રાત) આ હુકમ શિકાર માટે છે. કુર્બાનીમાં ગોશ્ત હેતુ નથી હોતો કેવળ લોહી વહાવીને રબને રાજી કરવાનું હોય છે. જેથી મક્કા મોઅઝ્ઝમામાં જે હજારોથી વધુ કુર્બાનીઓ ગુફામાં દાટી દેવામાં આવે છે એ બિલ્કુલ જાઈઝ છે, કે ત્યાં હેતુ હાંસલ થઈ ગયો લોહી વહાવવાનો. આ હદીષથી એ પણ જાણવા મળ્યું કે શિકારનું જાનવર જો જીવતુ મળી જાય તો તેને ઝબહ જ કરવું પડશે, ઝબહ કર્યા વિના હલાલ ન થશે.

★ જીવંત જાનવરનું અંગ કાપી ખાવું હરામ ★

હઝરત અબૂ વાક્રિદ લૈષીથી[૧] રિવાયત છે ફર્માવે છે કે નબી કરીમ ﷺ મદીનામાં તશરીફ લાવ્યા જ્યારે કે લોકો ઊંટની ખાંધ બકરીનુ થાપુ કાપી લીધા કરતા હતા[૨] તો હુઝૂરે ફર્માવ્યું કે ***જે હિસ્સો જાનવરનો કાપી લેવામાં આવે અને જાનવર જીવંત હોય તો તે હિસ્સો મુરદાર છે ખાવામાં ન આવે[૩].*** *(તિર્મિઝી, અબૂ દાઉદ)*	**★ હદીષ : (૩૨)-૪૦૯૫ ★** عَن أَبِي وَاقِد اللَّيْثِيّ قَالَ: قَدِمَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ الْمَدِينَةَ وَهُمْ يَجُبُّونَ أَسْنِمَةَ الْإِبِلِ وَيَقْطَعُونَ أَلْيَاتِ الْغَنَمِ فَقَالَ: «مَا يُقْطَعُ مِنَ الْبَهِيمَةِ وَهِيَ حَيَّةٌ فَهِيَ مَيْتَةٌ لَا تُؤْكَلُ» . رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبُو دَاوُد

૧. આપનું નામ હારિષ ઈબ્ને ઔફ છે. અબૂ વાક્રિદ કુન્નિયત છે. કબીલા બની લૈષથી છે. કદ્દીમુલ ઈસ્લામ છે. બદ્રમાં હાજર થયા. બાદમાં મક્કા મોઅઝ્ઝમા રહ્યા. ત્યાં જ હિ.સ. ૬૮માં વફાત પામ્યા. ૭૫ વરસની ઉમર થઈ.

૨. એટલે કે જરૂરત પ્રમાણે જીવતા ઊંટ જીવતી બકરીનાં અંગ કાપીને ખાય લેતા. જાનવર એ જ પ્રમાણે ચીખતુ રહેતું. મહીનાઓ સુધી તેના અંગો કાપી કાપીને ખાતા રહેતા, તે જીવતું તડપતુ રહેતુ. જે ક્રૌમ પોતાની બાળકીઓને પોતાના હાથથી જીવતી દફન કરી દેતા તેના થકી આ કામ કોઈ દૂરની વાત નથી.

૩. એટલે કે જીવતા જાનવરનું જે અંગ કપાય જાય તે મુરદાર છે. તેને ખાવું હરામ છે. જેથી જો શિકારને ભાલો કે તીર માર્યું જેનાથી તેનો હાથ કે પગ કપાયને અલગ થઈ ગયો પછી તેને ઝબહ કરવામાં આવ્યું તો એ કપાયેલો પગ હરામ છે બાકીનું હલાલ. અમુક લોકો જીવતા ઘેટાની ચક્કી (શરીરના ભાગ)થી ચરબી કાઢી લે છે એ ચરબી ખાવી પણ હરામ છે. યાદ રાખશો કે આ હદીષ જાનવરના અંગો ખાવાના સંબંધે છે, જીવતા ઘેટાનું ઊન, જીવતા

હાથીના કાપેલા દાંતનો ઉપયોગ હલાલ છે. અને જીવતા જાનવરના પેટથી કાઢેલુ બચ્ચુ જે પેટ ચીરીને કાઢવામાં આવે અને હોય મરેલુ તો તેને ખાવું હરામ છે.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (33)-૪૦૯૬ ★

عَنْ عَطَاءِ بْنِ يَسَارٍ عَنْ رَجُلٍ مِنْ بَنِي حَارِثَةَ أَنَّهُ كَانَ يَرْعَى لِقْحَةً بِشِعْبٍ مِنْ شِعَابِ أُحُدٍ فَرَأَى بِهَا الْمَوْتَ فَلَمْ يَجِدْ مَا يَنْحَرُهَا بِهِ فَأَخَذَ وَتِدًا فَوَجَأَ بِهِ فِي لَبَّتِهَا حَتَّى أَهْرَاقَ دَمَهَا ثُمَّ أَخْبَرَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَأَمَرَهُ بِأَكْلِهَا. رَوَاهُ أَبُو دَاوُدَ وَمَالِكٌ وَفِي رِوَايَتِه: قَالَ: فذكاها بشظاظ

હઝરત અતા ઈબ્ને અસારથી[૧] રિવાયત છે. તે બની હારિષાના એક શખ્સથી રાવી[૨] તે ઓહદની ઘાટીઓમાંથી કોઈ ઘાટીમાં ઊંટણી ચરાવ્યા કરતા હતા[૩] તો એના પર મૌત જોયું અને એવી ચીજ ન પામી જેનાથી તેને ઝબહ કરે. તેમણે એક ખીલો જોયો તેને તેના ગળામાં ખોસી દીધો[૪] ત્યાં સુધી કે તેનું લોહી વહાવી દીધું. પછી રસૂલુલ્લાહ ﷺ ને ખબર આપી તો હુઝૂરે અન્વર ﷺ એ એને ખાવાનો હુકમ આપ્યો. (માલિક) અને એમની રિવાયતમાં છે કે ફર્માવ્યું, એને ધારદાર લાકડી વડે ઝબહ કરો[૫].

૧. તાબઈ છે. કુન્નિયત અબૂ મુહમ્મદ છે. ઉમ્મુલ મો'મિનીન મૈમૂના رضی اللہ عنہا ના આઝાદ કરેલા ગુલામ છે. મદીના મુનવ્વરામાં વસવાટ કર્યો ૮૪ વરસની ઉમર પામી હિ.સ. ૯૭ માં વફાત પામ્યા.

૨. કેમ કે આ સાહબ સહાબી છે અને સહાબીઓ સર્વે આદિલ ષિક્હ છે એટલા માટે એમનું નામ માલૂમ ન હોવું હદીષના સહીહ હોવા માટે નુકસાનકર્તા નથી.

૩. લિકહા તે સગર્ભા ઊંટણી જેનું બચ્ચુ નજીકમાં જ પેદા થવાનું હોય અથવા નજીકમાં જ પેદા થઈ ચૂક્યું હોય. શિઅ્બ બે પહાડો વચ્ચેની ખાઈ અથવા બે પહાડો વચ્ચેનો રસ્તો અને પાણી જવાનો રસ્તો. (મિર્ક઼ાત, અશિઅહ) ઓહદ મદીના મુનવ્વરાનો મશહૂર પહાડ છે જેની ઝિયારત કરવામાં આવે.

૪. એ રીતે કે એ ખીલાને ખોસવાથી તેના ગળામાં કાળુ પડી ગયું અને લોહી વહી ગયું અને ગળુ કપાય ગયું.

૫. شظاظ શીનના ઝેર, પ્રથમ ઝોયની તશ્દીદ, અર્થ બે ધારવાળી લાકડી જેની બંને તરફ ધાર થઈ ગયો હોય. *(અશિઅ્હ)*

★ દરિયાઈ જાનવરોમાં કેવળ માછલી હલાલ ★

★ હદીષ : (૩૪)-૪૦૯૭ ★

وَعَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «مَا من دَابَّة إِلَّا وَقَدْ ذَكَّاهَا اللَّهُ لِبَنِي آدَمَ» . رَوَاهُ الدَّارَقُطْنِيّ

હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે કોઈ દરિયાઈ જાનવર હલાલ નથી, પણ તેને અલ્લાહે આદમની ઔલાદ માટે[૧] હલાલ કરી આપ્યું. (દારકુત્ની)

૧. એટલે કે દરિયાઈ જાનવરને ઝબહ કરવાની જરૂરત નથી, તે વિના ઝબહ હલાલ છે, કેમ કે એમાં વહેતુ લોહી નથી, યાદ રાખશો કે માછલી સર્વ સંમતિએ હલાલ છે, માછલી સિવાયનાં બાકીનાં દરિયાઈ જાનવર ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની નજીક હરામ છે. દરિયાઈ જાનવરોમાં કેવળ માછલી હલાલ છે.

بابذكرالكلب

બાબુઝ્ ઝિકુલ કલ્બ

(કૂતરા વિશે વર્ણન[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. એ વર્ણન કે કયો કૂતરો પાળવો જાઈઝ છે કયો નહીં. અને કયો કૂતરાનું ક़त्ल કરેલું જાઈઝ છે કોનુ નહીં. કેમ કે શિકારના વર્ણનમાં કૂતરાનો ઉલ્લેખ પણ કર્યો હતો કે શિકારી કૂતરાનો શિકાર હલાલ છે, ભલે તે કૂતરાના મોઢામાં મરી જાય. એટલા માટે હવે સંપાદકે કૂતરાના પ્રકારો તથા હુકમ વિશે પ્રકરણ રચ્યું. આ પ્રકરણ પહેલા પ્રકરણનો બાકી હિસ્સો છે.

★ કૂતરાના પ્રકારો અને તેના હુકમો ★

★ હદીષ : (૧)-૪૦૯૮ ★ (مُتَّفِق عَلَيْهِ)

عَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «مَنِ اقْتَنَى كَلْبًا إِلَّا كَلْبَ مَاشِيَةٍ أَوْ ضَارٍ نَقَصَ مِنْ عَمَلِهِ كُلَّ يَوْمٍ قِيرَاطَانِ»

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે જાનવરો અથવા શિકારી કૂતરા સિવાય[૧] કોઈ અન્ય કૂતરુ પાળે તો દરરોજ એના અમલથી બે દાંગ ઓછુ થશે[૨].

(મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે જાનવરોની હિફાઝત અથવા શિકારના માટે કૂતરો રાખવો પાળવો બિલ્કુલ દુરુસ્ત છે જેનાથી કોઈ બુરી અસર નથી પડી. ضار અસલમાં ضارى હતું. "યે"નો ઘટાડો કરીને પાડી દેવામાં આવી હતી. ضارىએ ضرىથી બન્યું છે અર્થ ભડકાવવું. ضارى એટલે શિકારને ભડકાવનાર કૂતરો એટલે શિકારી કૂતરો.

૨. અમલથી મુરાદ નેક અમલોનો સવાબ છે ન કે મૂળ અમલ. કેમ કે **મઝહબે અહલે સુન્નત એ છે કે કોઈ ગુનાહના કારણે નેકી બર્બાદ નથી થતી. નેકીઓ કેવળ કુફ્રથી બર્બાદ થાય છે.** અને કૂતરો પાળવો ગુનો છે કુફ્ર નથી. મતલબ એ છે કે નેકીઓનો જે સવાબ કૂતરુ ન પાળનારને મળે છે તે કૂતરુ પાળનાર નથી મળતો. આ કમીનું કારણ એ છે કે એવા કૂતરાથી રહમતના ફરિશ્તા ઘરમાં નથી આવતા, અથવા એટલા માટે કે કૂતરાથી લોકોને તકલીફ પહોંચે છે, અથવા એટલા માટે કે કૂતરાવાળા ઘરનાં વાસણો તથા કપડાં શંકાસ્પદ હોય છે. કેમ કે ક્યારેક કૂતરો એ ચીજો ચાટી લે છે અને ઘરવાળાંને ખબર નથી હોતી. જેથી જેટલી યક़ીની પાકી તથા તહારત કૂતરા વિનાના ઘરમાં હોય છે એવી પાકી કૂતરાવાળા ઘરમાં નથી હોતી. આ તેહક़ીક़ જરૂર ધ્યાનમાં રાખવામાં આવે. (મિર્કાત) સારાંશ નેકીઓથી તો ગુનાહ નષ્ટ થાય છે. اَنْ تَحْبَطَ اَعْمَالُكُمْ وَاَنْتُمْ لَا تَشْعُرُوْنَ (બેશક ! નેકીઓ બુરાઈઓને મિટાવી દે છે. –સૂરએ હૂદ, ૧૧/૧૧૪) પણ ગુનાહોથી નેકીઓ કદી નથી નષ્ટ થતી, તે કેવળ કુફ્રથી નષ્ટ થાય છે : اِنَّ الْحَسَنٰتِ يُذْهِبْنَ السَّيِّاٰتِ (કે ક્યાંક તમારા અમલો બેકાર ન થઈ જાય અને તમને ખબર ન પડે. –સૂરએ હુજુરાત, ૪૯/૨) ક़िરાત એક ખાસ વજનનું નામ છે. અહીં ક़िરાત કહેવું સમજાવવા માટે છે, નહીં તો અમલોના સવાબ અહીંના વજનકાંટાથી નથી તોલવામાં આવતા.

★ હદીષ : (૨)-૪૦૯૯ ★

(مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صلى الله عَلَيْهِ وَسلم: «من اتَّخَذَ كَلْبًا إِلَّا كَلْبَ مَاشِيَةٍ أَوْ صَيْدٍ أَو زرعٍ انتقَصَ منْ أجرِه كلَّ يومٍ قِيرَاط»

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે જાનવરો અથવા શિકાર અથવા ખેતીવાડીના કૂતરાંઓ સિવાય અન્ય કોઈ કૂતરો પાળ્યો તો એના સવાબથી દરરોજ એક ક़िરાત ઓછો થશે[૧]. (મુસ્લિમ, બુખારી)

★ હિફાઝત તથા શિકાર માટે કૂતરો પાળી શકાય ★

૧. આ હદીષમાં ખેતીવાડીના કૂતરાનો વધારો છે, એટલે ખેતરની રક્ષાના માટે કૂતરો પાળવો પણ જાઈઝ છે. એટલા માટે બાગની હિફાઝત પણ છે અને ઘરની હિફાઝત પણ. યાદ રાખશો કે મક્કા મોઅઝ્ઝમા, મદીના મુનવ્વરામાં વિના જરૂરત કૂતરાં પાળવા પર બે ક़िરાતની કમી થશે અને કોઈ જગાએ એક ક़िરાતની. અથવા ગામ તથા જંગલોમાં કૂતરાં પાળવા પર એક કિરાતની કમી છે, શહેરમાં બે ક़िરાતની. કેમ કે કૂતરાથી અધિક તકલીફ શહેરમાં થાય છે. અથવા એ કે શરૂમાં બે ક़िરાતની કમીનો ક़ાનૂન હતો પછી હુકમો નરમ થવા પર એક ક़िરાતની કમી રહી ગઈ. સારાંશ કે આ હદીષ પાછલી બે ક़िરાતવાળી હદીષની વિરુદ્ધ નથી. (મિર્ક़ાત) પણ અશિઅતુલ લમ્આતે ફર્માવ્યું કે اقتناء અલગ છે અને اتخاذ કાંઈ અલગ. اقتناء માં બે ક़िરાત ઓછા થશે, اتخاذ માં એક ક़िરાત. મહોબ્બતથી કૂતરો પાળવો, તેને પોતાની સાથે બેસાડવો, સાથે ખવડાવવો એ اقتناء છે. પણ તેને પાળવો, તેનાથી મહોબ્બત કરવી, તેનાથી અલગ રહેવું اتخاذ છે. જેથી હદીષોમાં ટકરાવ નથી.

★ તદ્દન કાળા કૂતરાના ક़त्લનો હુકમ ★

★ હદીષ : (૩)-૪૧૦૦ ★

وَعَن جَابِر قَالَ: أَمَرَنَا رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِقَتْلِ الْكِلَابِ حَتَّى إِنَّ الْمَرْأَةَ تَقْدَمُ منَ الباديةِ بكلبِها فنقتلَه ثُمَّ نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ قَتْلِهَا وَقَالَ: «عَلَيْكُمْ بِالْأَسْوَدِ الْبَهِيمِ ذِي النقطتين فَإِنَّهُ شَيْطَان» . رَوَاهُ مُسلم

હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ કૂતરાં હલાક કરી દેવાનો હુકમ આપ્યો[૧] ત્યાં સુધી કે એક સ્ત્રી ગામડેથી પોતાનો કૂતરો સાથે લાવતી તો અમે તેને ક़त्લ કરી દેતા હતા[૨]. પછી રસૂલુલ્લાહ ﷺ એ તેમના ક़त्લથી મના કરી આપ્યું અને ફર્માવ્યું કે તમે અતિશય કાળા અતિશય બે દાગવાળાને ક़त्લ કરો[૩] કે તે શૈતાન છે[૪]. (મુસ્લિમ)

૧. સામાન્ય કૂતરાં કે ખાસ કૂતરાં મદીના મુનવ્વરાનાં મારી નાખવાનો હુકમ આપ્યો, કેમ કે મદીના મુનવ્વરા વહીના નુઝૂલનું સ્થળ છે, ત્યાં આવી ગંદી ચીજની મૌજૂદગી સારી નથી.

૨. સ્ત્રીનું વર્ણન સંજોગોવસાત છે કે મોટાભાગે અરબ સ્ત્રીઓ જ કૂતરાં સાથે રાખતી હતી. મતલબ એ છે કે જે બહારનો કૂતરો મદીના મુનવ્વરામાં આવી જતો અમે તેને પણ છોડતા ન હતા. તેની માલિકણની ઈજાઝતના વિના જ તેને મારી નાખતા હતા. જાણવા મળ્યું કે નાજાઈઝ કૂતરો, સુવ્વર, શરાબ, જૂગારનો સામાન વગેરે, એ જ પ્રમાણે તબલા, સારંગી વગેરે નાજાઈઝ તથા હરામ ગાવાનાં સાધનો માલિકની ઈજાઝત વિના પણ નષ્ટ કરી શકાય છે. એમાં નષ્ટ કરનારા પર તાવાન (દંડ) નથી. આ હદીષ ઘણા બધા હુકમોનો માખઝ છે.

૩. سود કાળો અને بهيم ખૂબ કાળો જેમાં અન્ય કોઈ રંગ ન હોય. ذوالنقطتين તે કૂતરો અથવા સાપ જેની આંખોની ઉપર બે દાગ હોય એ અધિક ખતરનાક હોય છે અને ડરામણો પણ. આ પ્રકારનો સાપ તો ઘણો જ ખતરનાક છે. કૂતરો પાગલ બનીને સાપ કરતાં વધુ ખતરનાક થઈ જાય છે કે પાગલ (હડકાયા) કૂતરાનો કરડેલો જો કોઈને કરડી ખાય તો તે પણ એવો જ થઈ જાય છે. અને હડકાયા કૂતરાનો કરડેલો ખુદ હડકાયો બનીને ઘણી મુસીબતથી ઘણા અરસામાં મરે છે, કૂતરાની જેમ ખુદ ભોંકે છે.

૪. એટલે કે એવો કૂતરો નુકસાનમાં શૈતાનની જેમ છે. મિર્કાતે ફર્માવ્યું કે ઈસ્લામમાં પ્રથમ સર્વ કૂતરાંઓના કત્લનો હુકમ આપવામાં આવ્યો, પછી કેવળ કાળાં, આંખો પર દાગવાળાં કૂતરાંના કત્લનો હુકમ રહ્યો. સર્વ કૂતરાંના કત્લનો હુકમ મન્સૂખ થયો. હવે હુકમ એ છે કે નુકસાન ન કરતાં કૂતરાંનો હુકમ મન્સૂખ છે, ચાહે કાળાં હોય કે અન્ય કાંઈ. નુકસાન પહોંચાડતાં, ખાસ કરીને હડકાયાં કૂતરાંને કત્લ કરવું જરૂરી છે, અને જરૂરત વિના કૂતરુ પાળવું મના છે.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ શિકારનાં કૂતરાં અને બકરીઓનાં કૂતરાં અને જાનવરોનાં કૂતરાં સિવાય બાકી સર્વ કૂતરાંને મારવાનો હુકમ આપ્યો[૧]. (મુસ્લિમ)

★ હદીષ : (૪)-૪૧૦૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَمَرَ بِقَتْلِ الْكِلَابِ إِلَّا كَلْبَ صيدٍ أَو كلب غنم أَو مَاشِيَة

૧. એના સંબંધે મસ્અલો હમણા વર્ણવવામાં આવ્યો કે સામાન્યપણે કૂતરાંના કત્લનું વાજિબ હોવાનો હુકમ મન્સૂખ છે. એક શર્ત હેઠળ ઈસ્તેહબાબી (મુસ્તહબ હોવાનો) હુકમ બાકી છે. નુકસાન કરનાર તથા પાગલ (હડકાયા) કૂતરાંને કત્લ કરવું હજી પણ વાજિબ છે.

(વિભાગ : ૨) الفصل الثانی

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મુગફ્ફલથી રિવાયત છે. તે નબી કરીમ ﷺ થી રાવી કે ફર્માવ્યું, જો એવું ન હોત કે કૂતરાં પણ મખ્લૂકમાંથી એક મખ્લૂક છે તો હું એ સૌના કત્લનો હુકમ આપત.[૧] તો તમે દરેક તદ્દન કાળા કૂતરાને કત્લ કરી દો[૨] (અબૂ દાઊદ, દારમી) અને તિર્મિઝી, નિસાઈએ એ વધારો કર્યો કે કોઈ ઘરવાળાં નથી જે કૂતરાં પાળે પણ દરેક દિવસે તેમના અમલથી એક કિરાત ઓછો થાય છે, સિવાય શિકારી કૂતરા અથવા ખેતીના માટે અથવા બકરીઓનાં કૂતરાં.[૩]"

★ હદીષ : (૫)-૪૧૦૨ ★

عَن عبد الله بن مُغفَّلٍ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «لَوْلَا أَنَّ الْكِلَابَ أُمَّةٌ مِنَ الْأُمَمِ لَأَمَرْتُ بِقَتْلِهَا كُلِّهَا فَاقْتُلُوا مِنْهَا كُلَّ أَسْوَدَ بَهِيمٍ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالدَّارِمِيُّ وَزَادَ التِّرْمِذِيُّ وَالنَّسَائِيُّ: «وَمَا مِنْ أَهْلِ بَيْتٍ يَرْتَبِطُونَ كَلْبًا إِلَّا نَقَصَ مِنْ عَمَلِهِمْ كُلَّ يَوْمٍ قِيرَاطٌ إِلَّا كَلْبَ صَيْدٍ أَوْ كَلْبَ حَرْثٍ أَوْ كَلْبَ غنم»

૧. આ ફર્માને આલીમાં આ આયતે કરીમા તરફ નિર્દેશ છે: وَمَا مِنْ دَآبَّةٍ فِي الْاَرْضِ وَلَا طٰٓئِرٍ يَّطِيْرُ بِجَنَاحَيْهِ اِلَّآ اُمَمٌ اَمْثَالُكُمْ (અને નથી કોઈ જમીનમાં ચાલનાર અને ન કોઈ પક્ષી કે પોતાની પાંખો પર ઉડે છે પણ તમારા જેવી ઉમ્મતો. સૂ. અન્આમ, ૬/૩૮) મતલબ એ છે કે કૂતરાં પણ મખ્લૂક છે. એક ગિરોહ છે જેના પેદા કરવામાં હિકમત છે અને માણસને એનાથી ફાયદો પણ છે કે હિફાઝત તથા શિકારમાં કામ આવે છે, એટલા માટે એને બિલ્કુલ નષ્ટ કરવું યોગ્ય નથી. યાદ રાખશો કે કૂતરાં પાળવાનો હુકમ અલગ છે અને નાશ કરવાનો હુકમ અલગ છે. ફાયદા વિના એને પાળવું નાજાઈઝ છે. ફાયદો હિફાઝત અથવા શિકાર છે અને નુકસાન વિના એને મારવું મના છે. નુકસાન ચાહે કૃત્ય થકી હોય કે એની સંભાવના હોય.

૨. અહીં મિર્કાતે ફર્માવ્યું, જાનવરોને ઝબહ કરવું કેવળ બે કારણે જાઈઝ છે, ક્યાં તો નફો હાંસલ કરવા માટે અથવા એનું નુકસાન દૂર કરવા માટે. કેમ કે તદ્દન કાળો કૂતરો ફાયદો ઓછો આપે છે અને નુકસાન વધુ, એટલા માટે એને મારી નાખવાનો હુકમ છે. અમે પહેલાં વર્ણવી ચૂક્યા છીએ કે આ હુકમ પણ મન્સૂખ છે, હવે કેવળ નુકસાન કરતો કૂતરો મારવામાં આવે ચાહે કાળો હોય કે અન્ય રંગનો. એનાથી જાણવા મળ્યું કે વીછી, તેમનાથી લાભ કોઈ નથી તેમને મારવું મુત્લક્ન દુરુસ્ત છે.

૩. બકરીથી મુરાદ સર્વ પાલતુ પ્રાણીઓ છે, જેમ કે ગાય, ભેંસ વગેરે કે તેમની રક્ષા માટે કૂતરો પાળવો જાઈઝ છે. એ જ પ્રમાણે બાગ ઘર તથા દુકાનની હિફાઝત માટે પાળવું દુરુસ્ત છે. જાનવરના ટોળાની હિફાઝતવાળાં કૂતરાં વરૂને પણ ભગાડી મૂકે છે. અમલો ઓછા થવાનો મતલબ અને તેનું કારણ અમે અગાઉ વર્ણવી ચૂક્યા છીએ.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ જાનવરો લડાવવાથી મના કર્યું[1] *(તિર્મિઝી, અબૂ દાઊદ)*

★ હદીષ : (૬)-૪૧૦૩ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنِ التَّحْرِيشِ بَيْنَ الْبَهَائِمِ. رَوَاهُ التِّرْمِذِيُّ

૧. અલ્લાહ તઆલા રહમ ફર્માવે. આજે મુસલમાનોમાં મરઘા લડાવવા, કૂતરાં લડાવવાં, ઊંટ, બળદ લડાવવાનો ઘણો શોખ છે, એ હરામ સખત હરામ છે કે એમાં વિના કારણે જાનવરોને ઈજા પહોંચાડવું છે. પોતાનો સમય બર્બાદ કરવું છે. અમુક જગાએ માલની શરત પર જાનવર લાડાવવામાં આવે છે, એ જૂગાર પણ છે અને હરામ પર હરામ છે. જ્યારે જાનવરોને લડાવવુ હરામ છે તો માણસને લડાવવું સખત હરામ છે. યાદ રહે કે ઈસ્લામી ફોજને કાફિરો સાથે લડાવવું જેહાદ છે. એ જ પ્રમાણે મિશનના માટે તૈયારી અને જેહાદના માટે કુશ્તી લડવી લડાવવી એ જેહાદની તૈયારી છે. આ બંને કામ ઈબાદત છે. મુસલમાનોની આપસમાં જંગ કરાવવી એ હરામ છે, લડાવવું અલગ ચીજ છે, કુશ્તી તથા જેહાદ અલગ ચીજ છે.

باب مایحل اکلہ ومایحرم

બાબુ માયુહિલ્લ અકલુહુ વમા યરહમ

(કયા જાનવરને ખાવું હલાલ છે અને કયુ હરામ ?[૧])

(વિભાગ : ૧) الفصل الاول

૧. કેમ કે મૂળ સ્થિતિ હલાલ હોવું છે, ટેમ્પરરી હાલત હરામ હોવું છે. તેમજ હલાલ ચીજો વધુ છે અને હરામ ઓછી, એના કારણોસર હલાલનો ઉલ્લેખ પ્રથમ કર્યો અને હરામનો બાદમાં. (મિર્કાત) કુર્આને કરીમે કેવળ છ ચીજો હરામ કરી : (૧) મુરદાર (૨) લોહી (૩) સુવ્વરનો ગોશ્ત (૪) ગૈરે ખુદાના નામ પર ઝબીહા (૫) ગળુઘોંટેલ જાનવર (૬) પડીને મરી જનાર. હુઝૂર સૈયદે આલમ ﷺએ આ ચીજો હરામ કરી : જેમ કે દરેક કીલ (અણીયાણા દાંતવાળાં) શિકારી, દરિન્દા (ફાડી ખાનાર) જાનવર જેમ કે કૂતરો, બિલાડી વગેરે. અને દરેક બચ્ચાવાળો શિકારી જેમ કે કાગડો, બાઝ, શકરો વગેરે. જે જાનવરોની હુર્મત (હરામ હોવું) કતઈ યકીની હદીષથી સાબિત છે તેમની હુર્મતમાં તમામ ઉમ્મતની એકમતી છે, જેમ કે કૂતરુ, બિલાડી વગેરે જેમની હુર્મત ઝન્ની હદીષોથી સાબિત છે તેમની હુર્મતમાં મતભેદ છે. જેમ કે આપણા ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ને ત્યાં માછલી સિવાયનાં સર્વ દરિયાઈ જાનવરો હરામ છે. ઈમામ માલિકને ત્યાં દરિયાઈ સુવ્વર સિવાય અને દરિયાઈ માનવના સિવાય સર્વ દરિયાઈ જાનવર હલાલ છે. ઈમામ શાફઈને ત્યાં સર્વ દરિયાઈ જાનવર હલાલ છે. તે આ આયતથી દલીલ લે છે : أُحِلَّ لَكُمْ صَيْدُ الْبَحْرِ (હલાલ છે તમારા માટે દરિયાનો શિકાર. સૂ. માઈદા, ૫/૯૬) અને આ હદીષથી هو الطهور ماء والحل ميتته આપણા ઈમામની દલીલ આ આયત وَيُحَرِّمُ عَلَيْهِمُ الْخَبٰٓئِثَ (અને ગંદી ચીજો એમના પર હરામ કરશે. સૂ. અઅરાફ, ૭/૧૫૭) સારાંશ કે હરામ તથા હલાલનો મસ્અલો ખૂબ જ મહત્વનો છે. ઈમામ અહમદને ત્યાં મન્સૂસ મુહર્રમાત (કુર્આની આયતોથી હરામ કરેલ) સિવાય જેને અરબ પાક તથા હલાલ કહે તે હલાલ છે. *(અશિઅતુલ લમ્આત)*

★ હદીષ : (૧)-૪૧૦૪ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «كُلُّ ذِي نَابٍ مِنَ السِّبَاعِ فَأَكْلُه حرامٌ» . رَوَاهُ مُسلم

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે દરેક કીલવાળા દરિન્દા (અણીદાર દાંતવાળા જંગલી જાનવર)ને ખાવું હરામ કર્યું[૧]. (મુસ્લિમ)

૧. એટલે કે જે અણીદારવાળાં જાનવર પોતાનાં દાંતો વડે શિકાર કરે તે હરામ છે, જેમ કે ચિત્તા, વરૂ, કૂતરુ વગેરે. આ કાયદો ખૂબ જ સામાન્ય તથા જરૂરી છે.

★ હદીષ : (૨)-૪૧૦૫ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ كُلِّ ذِي نَابٍ مِنَ السَّبَاعِ وَكُلِّ ذِي مِخْلَبٍ مِنَ الطَّيْرِ. رَوَاهُ مُسْلِمٌ

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ દરેક કીલવાળાં (અણીદાર દાંતવાળાં) જાનવરો, દરેક પંજાવાળાં પક્ષીઓને ખાવાથી મના કર્યું[૧]. (મુસ્લિમ)

★ હરામ જાનવરનું દૂધ તથા ઇંડુ પણ હરામ ★

૧. યાદ રાખશો કે હરામ જાનવરનું દૂધ પણ હરામ છે સિવાય માનવના. એ જ પ્રમાણે હરામ જાનવરનાં ઈંડા હરામ છે. આ યાદ રાખશો.

હઝરત અબૂ ષઅલ્બાથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ પાલતુ ગધેડાના ગોશતને હરામ કર્યો[૧]. (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (3)-૪૧૦૬ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ أَبِي ثَعْلَبَةَ قَالَ: حَرَّمَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لُحُومَ الْحُمُرِ الْأَهْلِيَّةِ

★ નીલ ગાય હલાલ છે ★

૧. જંગલી ગધેડો એટલે નીલ ગાય સર્વ સંમતિએ હલાલ છે, પાલતુ ગધેડાના હરામ હોવામાં ચર્ચા છે. જમહૂર ઉલમાની નજીક ગધેડુ હરામ છે. હઝરત શુરૈહ, હસન, અતા ઈબ્ને અબી રબાહ, સઈદ ઈબ્ને જુબેર, હમ્માદ ઈબ્ને અબી સલમાથી મરવી છે કે તેઓ એને હલાલ કહે છે. (મિર્કાત) પણ આમ ફકીહો તથા મુજતહિદો એને હરામ કહે છે. તેમની દલીલ આ જ હદીષ છે, અને આ આયત : وَّالْخَيْلَ وَالْبِغَالَ وَالْحَمِيْرَ لِتَرْكَبُوْهَا وَزِيْنَةً (અને ઘોડા અને ખચ્ચર અને ગધેડા એમના પર સવાર થાવ અને શોભા માટે. સૂ. નહ્લ, ૧૬/૮) જેનાથી જાણવા મળે છે કે ઘોડા, ખચ્ચર, ગધેડાં ખાવા માટે નથી બલ્કે સવારી, વજન વહન તથા શોભા માટે છે. એટલા માટે આયતે કરીમામાં ઘોડા, ખચ્ચર અને ગધેડાંને મિલાવીને વર્ણવ્યું છે અને એ ત્રણેવનો એક જ મક્સદ વર્ણવ્યું જેનાથી જાણવા મળ્યું કે આ ત્રણેવ જાનવર હરામ છે. એ જ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ નો મઝહબ છે.

★ હલાલ હરામ ઓળખવાનો કાયદો ★

પેહચાન : હરામ તથા હલાલ જાનવર ઓળખવા માટે કાયદો એ છે કે દરિયાઈ જાનવર બે પ્રકારનાં છે : પક્ષીઓ તથા ચરનારાં, પક્ષી જાનવરો શિકારી બચ્ચાંવાળાં જાનવર હરામ છે, બાકી હલાલ છે. ચરનારાં જાનવરોમાં કીડા, મકોડા હરામ છે, જેમ કે સાફ, ઉંદર, ગોહ વગેરે. તેમના ઉપરાંત નહોરવાળાં શિકારી જાનવર હરામ છે, બાકી હલાલ છે. એ જ હનફી મઝહબ છે.

હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ખૈબરના દિવસે પાલતુ ગધેડાના ગોશતોને મના કર્યું. [૧] અને ઘોડાઓના ગોશતોની ઈજાઝત આપી.[૨] (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૪)-૪૧૦૭ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْ جَابِرٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى يَوْمَ خَيْبَرَ عَنْ لُحُومِ الْحُمُرِ الْأَهْلِيَّةِ وَأَذِنَ فِي لُحُومِ الْخَيْلِ

૧. એટલે કે ઈસ્લામના શરૂમાં પાલતુ ગધેડો હલાલ હતો. ગઝવએ ખૈબરમાં કયામત સુધીના માટે હરામ કરી આપ્યો. આ ખૈબરમાં સ્ત્રીઓ સાથે મુત્અહ (ટેમ્પરરી નિકાહ) હરામ થયો. એનું હરામ હોવું પણ કયામત સુધીના માટે છે.

૨. ઘોડાની હિલ્લત (હલાલ હોવામાં) ફકીહોમાં મતભેદ છે. ઈમામ શાફઈ, અહમદ તથા સાહિબૈનની નજીક હલાલ છે. આ હદીષ હલાલ કહેનારાઓની દલીલ છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ તે આયતે કરીમા છે જે પાછલી હદીષમાં અમે વર્ણવી કે રબ તઆલાએ ગધેડુ, ખચ્ચર, ઘોડા એ ત્રણેવને ભેગાં કરીને ફર્માવ્યું : لِتَرْكَبُوْهَا وَزِيْنَةً

(એમના પર સવાર થાવ અને શોભા માટે. સૂ. નહ્લ, ૧૬/૮) કે એ ત્રણેવ જાનવરો સવારી તથા શોભા માટે પેદા કર્યાં. જાણવા મળ્યું કે એ ત્રણેવમાંથી કોઈ ખાવા માટે નથી પણ કેમ કે ઘોડાનું હરામ હોવું શરાફત તથા કરામતના કારણે છે એટલા માટે એનું એઠુ પાક છે. જેમ કે માણસ કે એનો ગોશ્ત હરામ પણ એઠું પાક છે. તેમજ અબૂ દાઉદ, નિસાઈ, ઈબ્ને માજહએ હઝરત ખાલિદ બિન વલીદ رضی اللہ عنہ થી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ઘોડા, ખચ્ચર તથા ગધેડાના ગોશતોથી મના કર્યું. તેમજ નિસાઈ શરીફે હઝરત સલમા ઈબ્ને નુફેલ સકૂનીથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ ઘોડાને ઝલીલ કરવા અને તેના પર ઝિલ્લતથી બોજ લાદવાથી મના થર્યું.

આ હદીષના કેટલાક જવાબ આપ્યા : એક એ કે આ હદીષ મન્સૂખ છે, તેની નાસિખ (મન્સૂખ કરનાર) એ જ ખાલિદવાળી હદીષ છે જે હમણા વર્ણવવામાં આવી. બીજુ એ કે ઘોડાના વિશે હિલ્લત (હલાલ હોવા) તથા હુર્મત (હરામ હોવા) વિશે બંનેની રિવાયતો છે, અને જ્યારે હિલ્લત તથા હુર્મતમાં ટકરાવ હોય તો હુર્મત (હરામ હોવા)ને અગ્રતા આપવામાં આવે છે. ત્રીજુ એ કે અહીં اذن એ رخص ના અર્થમાં છે. બલ્કે અમુક રિવાયતોમાં رخص જ છે. જેથી મતલબ એ થયો કે ગઝવએ ખૈબરમાં એક જરૂરતના કારણે ઘોડો ખાવાની ઈજાઝત આપી. આ ઈજાઝત ખાસ હતી. ચોથુ એ કે જો ઘોડો ગાય, ભેંસની જેમ હલાલ હોત તો તેની કુર્બાની પણ જાઈઝ હોત, જ્યારે કે એની કુર્બાની કોઈએ જાઈઝ નથી કરી. પાંચમુ એ કે હુઝૂર અને ખુલફાએ રાશિદીનથી ઘોડો ખાવો કદી સાબિત નથી. યાદ રાખશો પહેલાં ઘોડો જંગલી જાનવર હતો. હઝરત ઈસ્માઈલ عليہ السلام એ સૌ પ્રથમ એના પર સવારી કરી ત્યારથી એ જાનવર પાલતુ બન્યું. (મિર્કાત વ અશિઅહ) સારાંશ ઘોડાના વિશે ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ના મઝહબમાં એહતેયાત (સાવધાની) છે અને બાકી મઝહબોમાં અવકાશ (ગુંજાઈશ) છે. યાદ રાખશો કે સહાબાએ કિરામમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما સિવાય કોઈ સહાબી ગધેડાના હલાલ હોવાને માનનાર નથી.

★ **હદીષ : (૫)-૪૧૦૮** ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَن أبي قتادةَ أَنَّهُ رَأَى حِمَارًا وَحْشِيًّا فَعَقَرَهُ فَقَالَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «هَلْ مَعَكُمْ مِنْ لَحْمِهِ شَيْءٌ؟» قَالَ: مَعَنَا رِجْلُهُ فَأَخَذَهَا فَأَكَلَهَا

હઝરત અબૂ કતાદા رضی اللہ عنہ થી રિવાયત છે કે તેમણે જંગલી ગધેડાને (નીલ ગાયને) જોયું તો તેને મારી નાખ્યું[૧] ત્યારે નબી ﷺએ ફર્માવ્યું કે શું એનો કાંઈક ગોશ્ત તમારી પાસે છે? અર્ઝ કરી, અમારી પાસે એનો પગ છે. હુઝૂરે સ્વીકાર્યો અને ખાધો.[૨]

(મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે એનો શિકાર કરી લીધો. જંગલી ગધેડો એટલે નીલ ગાય સર્વ સંમતિએ હલાલ છે. દરેક જગાએ શિકાર કરવામાં આવે છે અને ખાવામાં આવે છે. ઘોડાની જેવું હોય છે. જંગલોમાં જોવા મળે છે.

૨. હઝરત અબૂ કતાદાએ તો પૂછયું હતું કે, શું એ હલાલ છે ? હુઝૂરે અન્વર ﷺએ જવાબ આપ્યો કે એને ખાયને બતાવી આપ્યું આ જવાબ મજબૂત જવાબ છે, અધિક મજબૂત છે.

★ **હદીષ : (૬)-૪૧૦૯** ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَن أنس قَالَ: أَنْفَجْنَا أَرْنَبًا بِمَرِّ الظَّهْرَانِ فَأَخَذْتُهَا فَأَتَيْتُ بِهَا أَبَا طلحةَ فذبحها وَبَعَثَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بوَرِكِها وفخذيها فقبِله

હઝરત અનસ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે અમે મર્રિઝ ઝહરાનમાં[૧] એક સસલાને ભડકાવ્યું તો મેં એને પકડી લીધુ તો હું તેને અબૂ તલ્હાની પાસે લાવ્યો, તેમણે ઝબહ કર્યું[૨] અને રસૂલુલ્લાહ ﷺની પાસે તેની પુઠ અને બંને જાંગો મોકલી તો હુઝૂરે એને કબૂલ કરી લીધું. (મુસ્લિમ, બુખારી)

૧. મર્રિઝ્ ઝહરાન હરમૈન શરીફૈનની વચ્ચે મક્કા મોઅઝ્ઝમાની નજીક એક વસ્તી છે ત્યાં તેમણે જીવતુ સસલુ પકડી લીધું. હઝરત અબૂ તલ્હાએ ઝબહ કર્યું. હઝરત અબૂ તલ્હા એ હઝરત અનસ સોતેલા પિતા છે.

૨. જાણવા મળ્યું કે સસલુ હલાલ છે. એ જ મોટાભાગના મુસલમાનોનો અક્વીદો છે. અમુક લોકોએ એને મકરૂહ કહ્યું છે, એટલા માટે કે તેની માદાને હૈઝ આવે છે. *(મિર્કાત)*

★ હદીષ : (૭)-૪૧૧૦ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «الضَّبُّ لَسْتُ آكُلُهُ وَلَا أُحَرِّمُهُ»

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે ગોહને ન તો હું ખાઉં છું ન તેને હરામ કહું છું.[૧] (મુસ્લિમ, બુખારી)

૧. આ હદીષ એ હઝરાતની દલીલ છે જેઓ ગોહને હલાલ કહે છે, જેમ કે ઈમામ શાફઈ તથા અહમદ. આપણે ત્યાં મના છે. આપણી દલીલ બીજા વિભાગમાં આવી રહી છે. હુઝૂર ﷺએ ગોહ ખાવાથી મના કર્યું. આ હદીષ ક્યાં તો મન્સૂખ છે અથવા ટકરાવના કારણે મરજૂઅ (રજૂઅ પામેલી, પરત થયેલી) છે. અશિઅ્તુલ લમ્આ્તે ફર્માવ્યું કે નર ગોહનાં બે લિંગ હોય છે અને તેની માદાને બે ગુપ્તાંગો હોય છે. કદી પાણી નથી પીતુ, ચાલીસ દિવસમાં એક ટીપુ પેશાબ કરે છે. એકી સમયે ૭૦ ઈંડાં આપે છે. એની ઉમર સાતસો વરસ સુધીની હોય છે. ગોહે જ હુઝૂર ﷺની ગવાહી ફસીહ (ઉમદા) બોલીમાં આપી હતી. *(અશિઅહ)*

★ હુઝૂર ﷺએ ગોહ ખાવાથી મના ફર્માવ્યું ★

★ હદીષ : (૮)-૪૧૧૧ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَن ابنِ عبَّاسٍ: أَنَّ خَالِدَ بْنَ الْوَلِيدِ أَخْبَرَهُ أَنَّهُ دَخَلَ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَلَى مَيْمُونَةَ وَهِيَ خَالَتُهُ وَخَالَةُ ابْنِ عَبَّاسٍ فَوَجَدَ عِنْدَهَا ضَبًّا مَحْنُوذًا فَقَدَّمَتِ الضَّبَّ لِرَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَرَفَعَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَدَهُ عَنِ الضَّبِّ فَقَالَ خَالِدٌ: أَحَرَامٌ الضَّبُّ يَا رَسُولَ اللَّهِ؟ قَالَ: «لَا وَلَكِنْ لَمْ يَكُنْ بِأَرْضِ قَوْمِي فَأَجِدُنِي أَعَافُهُ» قَالَ خَالِدٌ: فَاجْتَرَرْتُهُ فَأَكَلْتُهُ وَرَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَنْظُرُ إِلَيَّ

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે, કે ખાલિદ ઈબ્ને વલીદે તેમને ખબર આપી કે તે રસૂલુલ્લાહ ﷺની સાથે મૈમૂનાની પાસે ગયા, તે તેમનાં તથા ઈબ્ને અબ્બાસનાં માસી છે[૧] તો એમની પાસે શેકેલી ગોહ જોયી.[૨] તો તેમણે ગોહ રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં પેશ કરી તો રસૂલુલ્લાહ ﷺએ ગોહથી પોતાનો હાથ ઉઠાવી લીધો.[૩] ત્યારે ખાલિદ બોલ્યા, શું ગોહ હરામ છે ? ફર્માવ્યું, નહીં ! મારી કૌમની જમીનમાં ન હતી.[૪] જેથી હું મારામાં ઘૃણા અનુભવું છું. ખાલિદ ફર્માવે છે કે મેં તેને ખેંચી લીધી તો મેં ગોહ ખાધી અને રસૂલુલ્લાહ ﷺ મને જોતા રહ્યા.[૫] (મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે ઉમ્મુલ મો'મિનીન બીબી મૈમૂના હઝરત ખાલિદનાં પણ માસી છે અને હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસનાં પણ માસી છે. આ વાક્ય વાંધો દર્શાવનારૂ છે, જેમાં કારણ વર્ણવ્યું કે હું હઝરત મૈમૂનાની પાસે શાથી ગયો.

૨. عشوئ એ ગોશ્ત છે જે દેગચીમાં શેકવામાં આવ્યો હોય. અને محنوذا તે ગોશ્ત છે જે ગરમ પથ્થર વડે

શેકવામાં આવ્યો છે. કુર્આને કરીમ ફર્માવે છે : جَآءَ بِعِجْلٍ حَنِيْذٍ (એક વાછરડુ શેકેલુ લઈ આવ્યા. સૂ. હૂદ, ૧૧/૬૯)

૩. એટલે કે એ ગોશ્ત ન ખાધો બલ્કે ચેહરએ અન્વર પર કરાહત (અણગમા)ની અસરો જાહેર થઈ જેનાથી તે સવાલ કરવામાં આવ્યો જે આગળ વર્ણન થયો છે.

૪. એટલે કે ગોહ શરીઅતની રૂએ હરામ નથી, પણ મને તેનાથી સ્વભાવિક નફરત છે, કેમ કે અમારી પરવરિશ જનાબ હલીમાને ત્યાં થઈ છે ત્યાં ગોહ ન હતી એટલે અમે કદી ખાધી નથી, હવે ખાવા માટે દિલ નથી ચાહતું, સ્વભાવિક કરાહત થાય છે.

૫. આ હદીષના આધારે ઈમામ શાફઈ તથા દીનના અન્ય ઈમામો رِضْوَانُ اللهِ تَعَالٰى عَلَيْهِمْ اَجْمَعِيْنَ એ ફર્માવ્યું કે ગોહ હલાલ છે. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દૃષ્ટિએ મના છે. તે હઝરાત ફર્માવે છે કે જો હરામ હોત હુઝૂરે અન્વર ﷺ ની સામે ખાવામાં ન આવત. ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે આ હદીષ મન્સૂખ છે અને નાસિખ હદીષ આગળ આવી રહી છે. જ્યારે અબાહત (મુબાહ હોવું) અને મનાઈમાં ટકારાવ થાય તો અગ્રતા મનાઈને આપવામાં આવે છે.

હઝરત અબૂ મૂસાથી રિવાયત છે. ફર્માવે છે મેં રસૂલુલ્લાહ ﷺ ને મરઘી ખાતાં જોયા.
(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૯)-૪૧૧૨ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَن أَبِي مُوسَى قَالَ: رَأَيْتُ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَأْكُلُ لَحْمَ الدَّجَاجِ

૧. دجاج નર તથા માદા બંનેને કહે છે. دِيك કેવળ મરઘીને કહે છે. મિર્કાતે અહીં ફર્માવ્યું કે ગરીબોએ મરઘીઓ પાળવી જોઈએ અને માલદારો બકરીઓ પાળે. અને અહીં તેમણે અજીબ અજીબ હિકાયતો વર્ણવી. સારાંશ હદીષથી બે મસ્અલા જાણવા મળ્યા : એક એ કે મરઘી હલાલ છે. બીજુ એ કે **મરઘી ખાવી તકવાની વિરૂધ્ધ નથી. અલ્લાહ આપે તો આ'લા નેઅમતો પણ ખાવ પણ પોતાને ટેસ્ટી ખોરાકોના આદી ન બનાવો. પોતાની તબીઅતને દરેક રીતના આદી રાખો.**

★ તીડ હલાલ છે અને ખાવું સુન્નત છે ★

હઝરત ઈબ્ને અબી ઔફાથી[૧] રિવાયત છે. ફર્માવે છે, અમે રસૂલુલ્લાહ ﷺ ની સાથે સાત ગઝવા કર્યા. અમે હુઝૂર ﷺ ની સાથે તીડ ખાતા હતા.[૨]
(મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૦)-૪૧૧૩ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَن ابنِ أَبِي أَوْفَى قَالَ: غَزَوْنَا مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ سَبْعَ غَزَوَاتٍ كُنَّا نَأْكُلُ مَعَهُ الجرادَ

૧. તેમનું નામ અબ્દુલ્લાહ છે. પિતાનું નામ અનીસ છે. કબીલા જહનિયાથી છે. ગઝવએ ઓહદમાં શરીક થયા. હિ. ૫૪માં મદીના મુનવ્વરામાં વફાત પામ્યા.

૨. તીડો હલાલ છે. હુઝૂર ﷺ ની સામે સહાબાએ ખાધા છે, પણ હુઝૂર ﷺ એ ખુદ કદી ન ખાધા, બલ્કે ફર્માવ્યું કે આ અલ્લાહ તઆલાની મોટી મખ્લૂક છે, હું ન એને ખાઉં છું ન હરામ કરું છું. અમે પ્રથમ વર્ણવી આપ્યું કે ખુશ્કી (જમીન પરનાં) લોહી વગરનાં સર્વ જાનવરો હરામ છે સિવાય તીડના.

★ એક મહીના સુધી ખાધી એવી મોટી માછલી ! ★

હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે મેં પાંદડાંવાળા લશ્કરમાં ગઝવા કર્યો[૧] અને અબૂ

★ હદીષ : (૧૧)-૪૧૧૪ ★ (مُتَّفَقٌ عَلَيْه)

وَعَن جابرٍ قَالَ: غَزَوْتُ جَيْشَ الْخَبَطِ وَأُمِّرَ عَلَيْنَا أَبُو

عُبَيْدَةَ فَجُعْنَا جُوعًا شَدِيدًا فَأَلْقَى الْبَحْرُ حُوتًا مَيِّتًا لَمْ نَرَ مِثْلَهُ يُقَالُ لَهُ: الْعَنْبَرُ فَأَكَلْنَا مِنْهُ نِصْفَ شَهْرٍ فَأَخَذَ أَبُو عُبَيْدَةَ عَظْمًا مِنْ عِظَامِهِ فَمَرَّ الرَّاكِبُ تَحْتَهُ فَلَمَّا قَدِمْنَا ذَكَرْنَا ذَلِكَ لِلنَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ فَقَالَ: «كُلُوا رِزْقًا أَخْرَجَهُ اللَّهُ إِلَيْكُمْ وَأَطْعِمُونَا إِنْ كَانَ مَعَكُمْ» قَالَ: فَأَرْسَلْنَا إِلَى رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ مِنْهُ فَأَكَلَه

ઓબૈદાને અમીર બનાવવામાં આવ્યા. તો અમે સખત ભૂખ્યા થઈ ગયા. પછી દરિયાએ એવી મરેલી માછલી ફેંકી કે એના જેવી જોવામાં ન આવી[૨] જેને અંબર કહેવામાં આવતી હતી. અમે તેમાંથી અડધો મહીનો ખાધુ[૩] પછી અબૂ ઓબૈદાએ તેનાં હાડકાંમાંથી એક હાડકુ લીધુ તો સવાર તેની નીચે થઈને પસાર થઈ ગયો[૪] પછી જ્યારે અમે આવ્યા તો અમે નબી કરીમ ﷺ ને જણાવ્યું. ફર્માવ્યું, ખાવ તે રોજી જે અલ્લાહે તમારા તરફ જાહેર કરી અને અમને પણ ખવડાવો જો તમારી પાસે હોય. ફર્માવે છે કે પછી અમે એમાંથી રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં મોકલ્યું તો આપે તેનાથી ખાધુ.[૫] (મુસ્લિમ, બુખારી)

૧. خبط નો અર્થ છે ઝાડોનાં પાંદડાં. કેમ કે એ ગઝવામાં સહાબા હઝરાતે ભૂખના કારણે પાંદડાં ખાધાં હતાં એટલે એને ગઝવએ ખબ્ત પણ કહે છે અને એ ગાઝીઓના લશ્કરને જયશે ખબ્ત કહે છે. આ ગઝવો હિ.સ. ૬માં સુલહે હુદૈબિયા પહેલાં થયો. *(અશિઅ્હ)*

૨. એ રીતે કે દરિયાએ માછલી કિનારા પર ફેંકી તે જમીન પર આવીને મરી ગઈ. નહીં તો **જે માછલી દરિયામાં મરીને તરી જાય તે હરામ** છે. જેથી હદીષ સ્પષ્ટ છે. એ જે હદીષે પાકમાં છે કે દરિયાનું મરેલુ હલાલ છે, એનો અર્થ એ છે કે જે દરિયાના કારણે મરી જાય એટલે પાણી ન મળવાથી જે પાણીમાં મરીને તરી જાય તે દરિયા (નદી)નું મુર્દા નથી બલ્કે કોઈ બીમારીનું મુર્દા છે.

૩. એટલે કે ત્યાં રહીને પંદર દિવસ ખાધી અને પરત થતાં રસ્તામાં પંદર દિવસ અથવા મદીના મુનવ્વરા પહોંચીને ૧૫ દિવસ સુધી ખાતા રહ્યા. જેથી આ હદીષ આ રિવાયતથી વિરૂધ્ધ નથી જેમાં એક મહીના સુધી ખાવાનું વર્ણન છે. એ માછલીને અંબર એટલા માટે કહેતા હશે કે એમાંથી અંબર નીકળે છે અથવા આ પ્રકારની માછલીનું નામ અંબર છે. *(અશિઅ્હ)*

૪. અમુક રિવાયતોમાં છે કે હઝરત અબૂ ઓબૈદાએ સૌથી ઊંચુ ઊંટ તેના હાડકાની નીચેથી પસાર કર્યું તો તે ઊંટ એ હાડકાની નીચેથી પસાર થઈ ગયું.

૫. આ અમલ શરીફથી માછલીની હિલ્લત (હલાલ હોવું) અમલી રીતે બતાવી દેવામાં આવી, જાણે ફૌલી (વાણીથી) ફત્વો પણ આપી દેવામાં આવ્યો અને અમલી ફત્વો પણ.

★ વાસણમાં માખી પડે તો આખી ડૂબાડી ફેંકી દેવી ★

★ હદીષ : (૧૨)-૪૧૧૫ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا وَقَعَ الذُّبَابُ فِي إِنَاءِ أَحَدِكم فَلْيَغْمِسْهُ كُلَّهُ ثُمَّ لِيَطْرَحْهُ فَإِنَّ فِي أَحَدِ جَنَاحَيْهِ شِفَاءً وَفِي الْآخَرِ دَاءً».رَوَاهُ الْبُخَارِيُّ

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી કરીમ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈના વાસણમાં માખી પડી જાય તો તેને આખી ડૂબાડી દે પછી તેને ફેંકી દે[૧] કેમ કે એની પાંખોમાંથી એક પાંખમાં શિફા છે અને બીજામાં બીમારી છે.[૨] (મુસ્લિમ, બુખારી)

૧. ذِبَاب એ ذَبَّ થી બન્યું છે અર્થ દૂર કરવું. માખીને ذِبَاب એટલા માટે કહે છે કે તેને વારંવાર દૂર કરવામાં આવે છે છતાં પણ તે આવ્યા જ કરે છે. ذِبَاب અર્થ દૂર કરેલી ચીજ. આ ફર્માને આલીથી જણાય રહ્યું છે કે માખી નજીસ (નાપાક) નથી, પાક છે. અને કેમ કે એમાં વહેતુ લોહી નથી એટલા માટે પાણી, દૂધ, રસા વગેરેમાં ડૂબીને મરી જવું એને નાપાક નથી કરતું. એ પણ જાણવા મળ્યું કે કેવળ એ સંભાવના કે કદાચ માખી નાપાકી પર બેસીને આવી હોય, કદાચ એના પર ગંદકી લાગી હોય એટલા માટે એ શેરવો (રસો) નાપાક થઈ ગયો હોય, એ (ધારણા) વિશ્વાસપાત્ર નથી. શરીઅત જાહેર પર છે.

૨. હદીષ બિલ્કુલ જાહેરી અર્થ પર છે, કોઈ અર્થઘટન કે ખુલાસાની જરૂરત નથી. અલ્લાહ તઆલાએ ઘણાં જાનવરોમાં ઝહેર તથા તિર્યાક (તેનું મારણ) એકત્ર કરી આપેલ છે. મધમાખીના મોંથી મધ નીકળે છે જે બીમારીઓની શિફા છે, અને તેના ડંખથી ઝહેર નીકળે છે જે બીમારી છે. વીછીના ડંખમાં ઝહેર છે અને ખુદ વીછીના શરીરની રાખ ઝહેરનો ઈલાજ છે. બીજી રિવાયતમાં છે કે માખી પ્રથમ ઝેરીલી પાંખ નાખે છે તમે બીજી પાંખને ડૂબકી મરાવીને ફેંકો, ઝેરીલી પાંખ પ્રથમ નાખવી તેની ફિતરી વાત છે. જુઓ કીડીને રબ તઆલાએ કેવી કેવી વાતો શીખવાડી આપી છે : ગુંદર ભેગો કરે છે. જો ભીનો ગુંદર હોય તો તેને સૂકવે છે, પછી એ રીતે રાખે છે કે હવે પછી ન પલળી શકે. બે ટુકડા કાપીને રાખે છે કે જેથી ઉગી ન જાય. ધાણાને નથી કાપતી કે તે સીધો પણ નથી ઉગતો. પાક છે તે રબ બેનિયાઝ જેણે બુધ્ધિહીન જાનવરોને આવી સમજ આપી. એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ દરેક મખ્લૂકની દરેક ખાસિયતથી ખબરદાર છે. હાકિમ પણ છે હકીમ પણ છે. ﷺ.

હઝરત મૈમૂના رضی اللہ عنہا થી રિવાયત છે કે ઘીમાં ઉંદર પડીને મરી ગયો[૧] તો રસૂલુલ્લાહ ﷺ થી એના વિશે પૂછવામાં આવ્યું. ફર્માવ્યું, એને તથા એના આસપાસનાને ફેંકી દો અને એ જ ઘીને ખાવ.[૨] (બુખારી)

★ હદીષ : (૧૩)-૪૧૧૬ ★

وَعَن ميمونةَ أَنَّ فَأْرَةً وَقَعَتْ فِي سَمْنٍ فَمَاتَتْ فَسُئِلَ رَسُول الله صلى الله عَلَيْهِ وَسلم فَقَالَ: «ألقوها وَمَا حولَهَا وكلوه» . رَوَاهُ الْبُخَارِيّ

૧. ઘી બાઝેલુ હતું જેવું આવતા લખાણમાં માલૂમ પડી રહ્યું છે.

૨. એટલે કે જો બાઝી ગયેલા ઘીમાં ઊંદર મરી જાય તો તેના મૃત શરીરથી જોડાયેલ જે ઘી છે તે નાપાક થઈ ગયું છે, બાકી પાક છે, એ નાપાકને ફેંકી દો બાકીનું ખાય લો. એ નાપાક ઘી ખાવા સિવાય બીજા ઉપયોગમાં લાવી શકો છો, જેમ કે એનાથી દીવો સળગાવી શકો છો, કશ્તીમાં ચોપડી શકો છો. પાતળા તેલમાં જો ઉંદર મરી જાય તો તેને ખાવામાં ન આવે. હા ! તે અમુક રીતોથી પાક થઈ શકે છે જેમાં આસાન તરીકો એ છે કે નાપાક ઘી અથવા તેલને પાક ઘીની સાથે એ રીતે વહાવી દેવામાં આવે કે કોઈ આગળ પાછળ ન થાય, સાથે વહે. એની તેહકીક શામીમાં જુઓ.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. તેમણે નબી કરીમ ﷺ ને ફર્માવતાં સાંભળ્યા કે સાપોને મારો[૧] ખાસ કરીને બે ધારીવાળાને અને બંડાને[૨] કેમ કે એ બંનેવ દૃષ્ટિ ખત્મ કરી દે છે અને ગર્ભ પાડી નાખે છે[૩] અબ્દુલ્લાહ ફર્માવે છે[૪] એ દરમ્યાનમાં કે હું એક સાપ પર હુમ્લો કરી રહ્યો હતો કે એને મારી નાખું.

★ હદીષ : (૧૪)-૪૧૧૭ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَن ابْن عمر أَنَّهُ سَمِعَ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَقُولُ: " اقْتُلُوا الْحَيَّاتِ وَاقْتُلُوا ذَا الطُّفْيَتَيْنِ وَالْأَبْتَرَ فَإِنَّهُمَا يَطْمِسَانِ الْبَصَرَ وَيَسْتَسْقِطَانِ الْحَبَلَ قَالَ عَبْدُ اللَّهِ: فَبَيْنَا أَنَا أُطَارِدُ حَيَّةً أَقْتُلُهَا نَادَانِي أَبُو لُبَابَةَ: لَا

تَقْتُلْهَا فَقُلْتُ:إِنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَمَرَ بِقَتْلِ الْحَيَّاتِ.فَقَالَ: إِنَّهُ نَهَى بَعْدَ ذَلِكَ عَنْ ذَوَات الْبُيُوت وَهن العوامر

મને અબૂ લુબાબાએ પોકાર્યા કે એને ન મારો. તો મેં કહ્યું, રસૂલુલ્લાહ ﷺ એ સાપોને ક્તલનો હુકમ આપ્યો છે. તે બોલ્યા કે, એના બાદ હુઝૂર ﷺ એ ઘરવાળા સાપોથી મના કર્યું, આ સાપ ઘરવાળા છે.[૫]
(મુસ્લિમ, બુખારી)

૧. એટલે કે દરેક પ્રકારના સાપ મારી નાખો, જાડા, પાતળા, કાળા પીળા વગેરે.

૨. طيفيه અર્થ ધારી, આ એક પ્રકારનો કાળો સાપ છે. એના શરીર પર બે સફેદ ધારીઓ હોય છે. એ ખબીષતરીન સાપ છે. બંડા એ સાપ છે જેની પૂછડી જાડી અને નાની હોય છે. અમુક લોકો કહે છે કે જ્યારે સાપની ઉમર બસો વરસની થઈ જાય છે તો તેની પૂછડી જાડી થઈ જાય છે અને ઘણો જ ઝેરીલો થઈ જાય છે. والله اعلم અલ્લાહ તઆલા બંનેથી બચાવે.

૩. એટલે કે જો માણસની નજર તૈની નજરથી મળી જાય તો માણસ આંધળો થઈ જાય છે. અને જો સગર્ભા સ્ત્રીની નજર એની નજરથી લડી જાય તો તેનો ગર્ભ પડી જાય છે, ક્યાં તો ડરના કારણે અથવા ઝહેરની અસરથી. અલ્લાહની પનાહ ! અહીં મિર્ક઼ાતે લખ્યું છે કે એક સાપ નાઝિર કહેવાય છે તે જે જાનદારને જોઈ લે તે પાણી થઈને વહી જાય છે, અલ્લાહની પનાહ !

૪. મુહદ્દિષો જ્યારે અબ્દુલ્લાહ મુત્લક઼ન બોલે છે તો અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ મુરાદ લે છે, પણ અહીં અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર મુરાદ છે. કેમ કે હમણા એમનું નામ શરીફ પણ વર્ણન થઈ ચૂક્યું. *(મિર્ક઼ાત)*

૫. એટલે કે જે સાપો ઘરોમાં રહે છે, વસે છે, કોઈને તકલીફ નથી આપતા તે જિન્નાત છે, સાપ નથી, આ હુકમ ક્યાં તો મદીના મુનવ્વરા માટે છે અથવા આમ મકાનો માટે છે. હઝરત અબૂ હુરૈરહ તથા ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہما થી મરફુઅન રિવાયત છે કે સાપને મારવો એવો સવાબ છે જેવું ગાઝીનું કાફિરને ક઼ત્લ કરવું.

★ નવ વિવાહિત યુવાન અને સાપ વિશે બનાવ ★

★ હદીષ : (૧૫)-૪૧૧૮ ★

وَعَن أَبِي السَّائِب قَالَ: دَخَلْنَا عَلَى أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ فَبَيْنَمَا نحنُ جلوسٌ إِذ سمعنَا تَحت سَرِيره فَنَظَرْنَا فَإِذَا فِيهِ حَيَّةٌ فَوَثَبْتُ لِأَقْتُلَهَا وَأَبُو سَعِيدٍ يُصَلِّي فَأَشَارَ إِلَيَّ أَنِ اجْلِسْ فَجَلَسْتُ فَلَمَّا انْصَرَفَ أَشَارَ إِلَى بَيْتٍ فِي الدَّارِ فَقَالَ: أَتَرَى هَذَا البيتَ؟ فَقلت: نعم فَقَالَ: كَانَ فِيهِ فَتًى مِنَّا حَدِيثُ عَهْدٍ بِعُرْسٍ قَالَ: فَخَرَجْنَا مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ إِلَى الْخَنْدَقِ فَكَانَ ذَلِكَ الْفَتَى يَسْتَأْذِنُ رَسُولَ اللَّهِ صَلَّى

હઝરત અબૂ સાઈબથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે અમે અબૂ સઈદ ખુદરીની પાસે ગયા એ દરમિયાનમાં કે અમે બેઠેલા હતા કે અચાનક અમે તેમના તખ્તની નીચે હરકત સાંભળી.[૨] તો અમે જોયું ત્યાં સાપ હતો. હું તેને મારી નાખવા માટે કૂદયો અને જનાબ અબૂ સઈદ નમાઝ પઢી રહ્યા હતા. તો તેમણે મને ઈશારો કર્યો કે બેસી જાવ.[૩] હું બેસી ગયો. જ્યારે તે ફારિગ થયા તો ઘરની એક ઓરડી તરફ ઈશારો કર્યો. ફર્માવ્યું, શું તમે આ ઓરડીને જુઓ છો ? મેં કહ્યું, હા ! ફર્માવ્યું, અમારો એક નવ વિવાહિત યુવાન હતો[૪] ફર્માવે છે કે અમે સૌ રસૂલુલ્લાહ ﷺ ની સાથે ખંદક઼ની તરફ ગયા.[૫] તો તે યુવાન બપોરના સમયોમાં

اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِأَنْصَافِ النَّهَارِ فَيَرْجِعُ إِلَى أَهْلِهِ فَاسْتَأْذَنَهُ يَوْمًا فَقَالَ لَهُ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «خُذْ عَلَيْكَ سِلَاحَكَ فَإِنِّي أَخْشَى عَلَيْكَ قُرَيْظَةَ» . فَأَخَذَ الرَّجُلُ سِلَاحَهُ ثُمَّ رَجَعَ فَإِذَا امْرَأَتُهُ بَيْنَ الْبَابَيْنِ قَائِمَةٌ فَأَهْوَى إِلَيْهَا بِالرُّمْحِ لِيَطْعَنَهَا بِهِ وَأَصَابَتْهُ غَيْرَةٌ فَقَالَتْ لَهُ: اكْفُفْ عَلَيْكَ رُمْحَكَ وَادْخُلِ الْبَيْتَ حَتَّى تَنْظُرَ مَا الَّذِي أَخْرَجَنِي فَدَخَلَ فَإِذَا بِحَيَّةٍ عَظِيمَةٍ مُنْطَوِيَةٍ عَلَى الْفِرَاشِ فَأَهْوَى إِلَيْهَا بِالرُّمْحِ فَانْتَظَمَهَا بِهِ ثُمَّ خَرَجَ فَرَكَزَهُ فِي الدَّارِ فَاضْطَرَبَتْ عَلَيْهِ فَمَا يُدْرَى أَيُّهُمَا كَانَ أَسْرَعَ مَوْتًا: الْحَيَّةُ أَمِ الْفَتَى؟ قَالَ: فَجِئْنَا رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ وَذَكَرْنَا ذَلِكَ لَهُ وَقُلْنَا: ادْعُ اللَّهَ يُحْيِيهِ لَنَا فَقَالَ: «اسْتَغْفِرُوا لِصَاحِبِكُمْ» ثُمَّ قَالَ: «إِنَّ لِهَذِهِ الْبُيُوتِ عَوَامِرَ فَإِذَا رأيتُم مِنْهَا شَيْئا فحرِّجوا عَلَيْهَا ثَلَاثًا فإنْ ذَهَبَ وَإِلَّا فَاقْتُلُوهُ فَإِنَّهُ كَافِرٌ» . وَقَالَ لَهُمْ: «اذْهَبُوا فَادْفِنُوا صَاحِبَكُمْ» وَفِي رِوَايَةٍ قَالَ: «إِنَّ بالمدينةِ جنًّا قد أَسْلمُوا فَإِذا رأيتُم مِنْهُم شَيْئًا فَآذِنُوهُ ثَلَاثَةَ أَيَّامٍ فَإِنْ بَدَا لَكُمْ بَعْدَ ذَلِكَ فَاقْتُلُوهُ فَإِنَّمَا هُوَ شَيْطَانٌ» . رَوَاهُ مُسلم

રસૂલુલ્લાહ ﷺ થી ઈજાઝત લીધા કરતો હતો અને પોતાના ઘેર પરત થઈ જતો હતો[૮] એક દિવસે તેણે હુઝૂર ﷺ થી ઈજાઝત માગી તો તેને રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે તમારાં હથિયાર લેતા જાવ કેમ કે હું તમારા સંબંધે કુરૈઝાથી ડરું છું[૯] જેથી તે શખ્સે પોતાનાં હથિયાર લઈ લીધાં પછી ચાલ્યો ગયો. અચાનક એની પત્ની દરવાજામાં ઉભી હતી[૧૦] તેણે પત્નીની તરફ ભાલાથી ઈશારો કર્યો કે જેથી તેણીને મારી દે. તેને ગૈરત (શરમ) આવી ગઈ[૧૧] એ બોલી કે તમારો ભાલો રોકી રાખો, ઘરમાં જાવ કે જેથી જાતે જ જોઈ લો કે મને કઈ ચીજે કાઢેલી છે.[૧૦] જેથી તે ગયો તો એક મોટો સાપ બિસ્તર પર ગુછળુ વળીને (લહેરાઈ રહ્યો છે)[૧૧] તે એ સાપની તરફ ભાલો લઈને ઝુકયો, તેને ભાલામાં પરોવી લીધો.[૧૨] પછી નીકળ્યો પછી ઘરમાં ખોસી લીધો તો સાપે તડપીને એના પર હમ્લો કર્યો[૧૩] પછી ખબર નથી કે એ બંનેમાં જલ્દી કોણ મર્યું, સાપ કે યુવાન[૧૪] રાવી ફર્માવે છે કે પછી અમે રસૂલુલ્લાહ ﷺ ની ખિદમતમાં હાજર થયા અને આ બનાવ વર્ણવ્યો અને અમે અર્ઝ કરી[૧૫] કે અલ્લાહથી દુઆ કરી આપો કે તેને અમારા માટે જીવતો કરી આપે[૧૬] ફર્માવ્યું, તમારા સાથી માટે બખ્શિશની દુઆ કરો[૧૭] પછી ફર્માવ્યું કે એ ઘરોમાં કેટલાક જિન્નાત રહેનારા છે[૧૮] જ્યારે તમે એમનામાંથી કાંઈક જોઈ લો તો તેને ત્રણ દિવસ તંગી કરો. પછી જો તે ચાલ્યો જાય તો ઠીક નહીં તો તેને મારી દો કે તે કાફિર છે.[૧૯] અને ફર્માવ્યું કે જાવ, તમારા સાથીને દફન કરી દો[૨૦] અને એક રિવાયતમાં છે કે મદીનામાં અમુક જિન છે જેઓ મુસલમાન થઈ ચૂક્યા છે.[૨૧] તો જ્યારે એમનામાંથી કાંઈ જુઓ તો તેને ત્રણ દિવસ સુધી ખબરદાર કરો. અને જો પછી એના બાદ જાહેર થાય તો તેને મારી નાખો કે તે શૈતાન છે.[૨૨] (મુસ્લિમ)

૧. આપ તાબઈ છે. હિશામ ઈબ્ને નમીરાના આઝાદ કરેલા ગુલામ છે. મદીના મુનવ્વરામાં રહ્યા.

૨. એટલે અમને એમના બિસ્તર નીચે સળવળાટ મેહસૂસ થયો.

૩. નમાઝમાં ઈશારાથી કોઈને કાંઈ સમજાવી દેવું જરૂરત પર જાઈઝ છે, વિના જરૂરત મના છે. ઈશારો એવો

ન હોય જે નમાઝ તોડનાર હોય છે.

૪. જેની નવી નવી શાદી થઈ હતી. ઉર્સ અર્થ શાદી. ઉરૂસ દુલ્હા દુલ્હન બંનેને કહે છે.

૫. ગઝવએ ખંદકના મોકા પર એ યુવાન પણ ખંદક ખોદવા માટે લાગેલો હતો. તેમનું ન જાણી શકાયું.

૬. કેમ કે નવો દુલ્હો હતો. બપોરે આરામ કરવા ઘરે જતો હતો. દિવસ ઢળતાં પરત આવી જતો. પોતાના કામ એટલે ખંદક ખોદવામાં લાગી જતો હતો.

૭. કુરૈઝા યહૂદીઓની તે જમાઅત (ગૃપ) જે મદીના મુનવ્વરા નજીક હવાલીમાં રહેતી હતી. તેણે નબી કરીમ ﷺથી કરારભંગ કર્યો હતો. મક્કાના કાફિરોથી મળીને એ જમાઅતે મદીના મુનવ્વરા પર ચઢાઈ કરાવી હતી. એ લોકોથી આંત્રિક હુમ્લાનો દર વખતે ખતરો રહેતો હતો એટલા માટે આવો આદેશ આપ્યો.

૮. દરવાજાની ચોખટના બે ભાગોની વચ્ચે ઉભી હતી. તેનું કારણ આગળ આવી રહ્યું છે.

૯. જો કે ગલીમાં એ વખતે કોઈ પુરૂષ ન હતો જેનાથી બેપર્દગી થાય, પણ એ ગૈરતમંદ સહાબીને ગૈરત આવી કે મારી પત્ની આવી જગાએ કેમ આવી જ્યાં બેપર્દગીનો ખતરો હોય. આનાથી તે લોકો બોધ ગ્રહણ કરે જેઓ પોતાની પુત્રીઓ પત્નીઓને બેપર્દા ઘુમાવે છે.

૧૦. જેથી તમને ખબર પડે કે હું મજબૂરીમાં બહાર નીકળી છું. આવી મજબૂરીમાં પર્દો લાઝિમ નથી રહેતો. જીભ વડે ન બતાવ્યું બલ્કે તેને દેખાડવાની કોશિશ કરી.

૧૧. હવે એ યુવાનને જાણ થઈ કે તેની પત્ની બહાર કેમ નીકળી હતી.

૧૨. એ રીતે કે ભાલો સાપના શરીરમાં ખોસી દીધો અને સાપને તોકની જેમ બનાવી લીધો. એની એ હાર સાથે સરખામણી કરવામાં આવી જેમાં મોતીઓ પરોવી લેવામાં આવે.

૧૩. એ રીતે કે ઝખ્મી સાપે જોર માર્યું તેના બરછાથી અલગ થઈને જવાનને કરડી ખાધો. ઝખ્મી બલ્કે લાઠી ખાધેલો સાપ જરૂર હુમ્લો કરે છે. એટલા માટે સાપને મારનારા તેને લાઠી મારીને તરત જ પોતાની જગાએથી હટી જાય છે કેમ કે સાપ ઉછળીને એ જગાએ આવીને પડે છે જ્યાં લાઠીવાળો ઉભો હોય.

૧૪. એટલે કે યુવાન તરત જ મરી ગયો સાપની સાથે અથવા કાંઈક આગળ પાછળ મેહસૂસ ન થયેલ સમયગાળામાં. અરબનો સાપ સામાન્યપણે ઘણો જ ઝેરીલો હોય છે. આપણે ત્યાં પણ રેતાળ વિસ્તારના સાપ ઘણા ઝેરીલા હોય છે.

૧૫. આ બનાવ નકલ કરનારા હઝરત અબૂ સઈદ ખુદરી છે અને હુઝૂર ﷺની ખિદમતમાં આ બનાવ વર્ણન કરનારા આપ હાજરજનો છે. *(મિર્કાત)*

૧૬. સહાબાએ કિરામે હુઝૂર ﷺની ખિદમતમાં કદી મુડદાં ઝિંદા કરવાના વિશે અર્ઝ નથી કર્યું. આજે આ અર્ઝ કરવું ક્યાં તો એ મરહૂમ નવા પરણેલા તથા નવી પરણેલી દુલ્હન પર દયા ખાઈને હતું. અથવા એ હઝરાત સમજ્યા કે યુવાન મર્યો નથી બલ્કે બેહોશ થઈ ગયો છે. અશિઅ્તુલ લમ્આ્તે બીજી સંભાવના અખત્યાર કરી.

૧૭. એટલે કે એને ઝિંદા કરાવવા કરતાં બેહતર એ છે કે રબ તઆલાથી એને બખ્શાવો. દુઆએ ખૈર બીજીવારની જિંદગી કરતાં અફઝલ છે. યાદ રાખશો કે આ ફર્માને આલીનો મકસદ એ નથી કે હુઝૂર ﷺ એ મોજિઝા પર કાદિર નથી. હુઝૂર ﷺના દસ્તે અકદસ પર કેટલાંય મુડદાં જીવંત થયાં છે જેને અમે અમારી કિતાબોમાં વિગતવાર વર્ણવેલ છે. વાલિદૈન કરીમૈનને જીવંત કરીને તેમને મો'મિન સહાબી બનાવવું તો મશહૂર છે જ. હઝરત શયખે મદારિજુન્નબુવ્વતમાં મુડદાં ઝિંદા કરવાના બનાવો ખૂબ જ વિગતવાર વર્ણવેલા છે. જે ઝાતે કરીમ

નિર્જીવ લાકડીઓમાં જિંદગી પેદા કરીને કલમો પઢાવી શકે છે તે મુડદાંને પણ જીવંત કરી શકે છે.

૧૮. આજકાલ મદીના મુનવ્વરાનાં ઘરેમાં કેટલાક જિન્નાત સાપના રૂપમાં રહે છે જેમનામાંથી અમુક મોમિન પણ છે, જેથી આ હુકમ દરેક જગાના માટે નથી બલ્કે ખાસ મદીના મુનવ્વરા માટે છે, તે પણ એ જમાના પાકના માટે છે, જેવું કે હમણા આ રિવાયતમાં આવી રહ્યું છે.

૧૯. જો તમારી મોહલતથી એ ફાયદો ન ઉઠાવે અને ઘરેથી ન ભાગે તો ક્યાં તો એ ખરેખર સાપ જ છે અથવા કાફિર જિન છે તો મારી દો.

૨૦. એના કફન દફનની વ્યવસ્થા કરો, પછી એની મૈયત અમારી પાસે લાવો. અમે જનાઝાની નમાઝ પઢાવીશું. કેમ કે હુઝૂર ﷺ દરેક સહાબીની જનાઝાની નમાઝ શક્ય ત્યાં સુધી ખુદ પઢાવતા હતા.

૨૧. આ વાક્યથી જાણવા મળ્યું કે હુકમ કેવળ મદીના મુનવ્વરા માટે હતો અને તે પણ એ ખાસ જમાનામાં હતો. જેવી રીતે મુસલમાન માણસ મદીનાની ગલીઓને તરસે છે એ જ પ્રમાણે એ જમાનામાં મોમિન જિન્નાત પણ ત્યાં રહેવાના ઈચ્છુક હતા. તેમનો લેહાઝ કરીને આ હુકમ આપવામાં આવ્યો હતો.

૨૨. એટલે કે મૂઝી સાપ છે અથવા કાફિર જિન છે અથવા ખરેખર ઈબ્લીસની ઔલાદ છે. જાણવા મળ્યું કે જિન તે આગની મખ્લૂક છે જે વિવિધ સ્વરૂપો ધારણ કરી શકે છે. યાદ રાખશો કે મદીના મુનવ્વરામાં એ જમાનામાં સાપને આ મોહલત આપવાનો હુકમ ઈસ્તહબાબી (મુસ્તહબ રૂપે) હતો, વાજિબ રૂપે ન હતો. જો કોઈ મુસલમાન જિન સાપના રૂપમાં હોય અને મુસલમાનના હાથે માર્યો જાય તો મારનાર મુસલમાન ન તો ગુનેહગાર છે ન તેના પર દિયત કે કેસાસ છે, કેમ કે તે ગૈર શકલ (ગેર સ્વરૂપ)માં માર્યો ગયો છે એ મુસલમાનની કત્લ નથી બલ્કે સાપને મારવું છે. જેમ કે કોઈ શખ્સ મોરના સ્વરૂપમાં પોતાના કોઈ દોસ્તની ઘેર ઘુસી જાય અને ઘરવાળો પોતાની હિફાઝતના માટે તેને મારી દે. પછી ખબર પડે કે આ તો મારો ફલાણો દોસ્ત છે જે મજાકમાં ચોરના સ્વરૂપમાં આવ્યો હતો, તો એ કાતિલ પર કેસાસ કે દિયત નથી. કેમ કે એ કત્લ ન તો કત્લે અમ્દ છે ન તો કત્લે ખતા. એ તો પોતાની જાનની હિફાઝતમાં દુશ્મનનો કત્લ છે. એ જ પ્રમાણે જેહાદમાં ગાઝી કોઈ મુસલમાનને હર્બી કાફિર સમજીને મારી દે તો એના પર કેસાસ કે દિયત નથી.

★ કાંચડાને મારવા વિશે હુકમ ★

હઝરત ઉમ્મે શરીકથી[1] રિવાયત છે, રસૂલુલ્લાહ ﷺ એ કાચંડાને મારવાનો હુકમ આપ્યો[2] કે તે હઝરત ઈબ્રાહીમ પર ફૂંકો મારતો હતો.[3] (મુસ્લિમ, બુખારી)

★ હદીષ : (૧૬)-૪૧૧૯ ★ (مُتَّفَقٌ عَلَيْهِ)

وَعَن أم شريك: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَمَرَ بِقَتْلِ الْوَزَغِ وَقَالَ: «كَانَ يَنْفُخُ عَلَى إِبْرَاهِيمَ»

૧. ઉમ્મે શરીક બે છે, અને બંને સહાબિયા છે. એકનું નામ ઉઝમા બિન્તે દહદાન છે. કુરૈશિયા આમિરિયા છે, લૂવી ઈબ્ને ગાલિબની ઔલાદથી છે. બીજાં અન્સારિયા છે. ખબર નહીં આ કોણ ઉમ્મે શરીક છે. (મિર્કાત, અશિઅહ) પણ એ બેખબરી નુકસાનકર્તા નથી કેમ કે સર્વ સહાબા આદિલ છે.

૨. وزغ, બહુવચન છે وزغة નું, અર્થ કાંચડો મશહૂર જાનવર જે છીપકલીથી થોડુક મોટુ છે. પૂછડી લાંબી હોય છે. રંગ બદલે છે. લીલોતરીમાં રહે છે.

★ નબીની અદાવત તથા મહોબ્બતનો અંજામ ★

૩. એટલે કે જ્યારે હઝરત ઈબ્રાહીમ عليه السلام ને નમરૂદી આગમાં નાખવામાં આવ્યા તો આ મરદૂદ આગથી

માઈલો દૂર બેસીને આગ તરફ ફૂકો મારી રહ્યો હતો કે આગ તેજ થાય અને હઝરત ઈબ્રાહીમને તકલીફ પહોંચે. ભલે એની ફૂકથી આગ તેજ ન થઈ ગઈ, તેને તો ગુલઝાર કરી દેવામાં આવી. પણ એ હરકતથી તેના દિલની હાલત માલૂમ થઈ ગઈ કે એ ખલીલ عليه السلام નો દુશ્મન છે, એટલા માટે એને મારી દેવાનો હુકમ આપવામાં આવ્યો એનાથી ઉલ્ટુ હુદહુદ પોતાની લાંબી ચાંચમાં પાણી લાવતુ હતુ અને દૂરથી આગ પર નાખી દેતુ હતું કે આગ ઓલવાય જાય. તેને પાણીનો બાદશાહ કરી દેવામાં આવ્યો કે તેને હઝરત સુલૈમાન عليه السلام નો સાથી બનાવી દેવામાં આવ્યો. એના થકી યમનની મલિકા બિલ્કીસને હિદાયત આપવામાં આવી. જેવી કે કુર્આને કરીમમાં સૂરએ નમ્લમાં વર્ણન થયેલ છે. જાણવા મળ્યું કે નબીની અદાવતનો અંજામ બુરો છે અને મહબ્બતે રસૂલનો અંજામ સારો છે. એ પણ જાણવા મળ્યું કે જાનવરોમાં પણ અમુક નબી ﷺ નાં મુહિબ્બ છે અમુક નબીનાં દુશ્મન છે. હુઝૂર ﷺ ફર્માવે છે કે ઓહદ પહાડ મારાથી મહોબ્બત કરે છે, ઈયર પહાડ મારાથી અદાવત કરે છે.

★ હદીષ : (૧૭)-૪૧૨૦ ★

وَعَنْ سَعْدِ بْنِ أَبِي وَقَّاصٍ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ أَمَرَ بِقَتْلِ الْوَزَغِ وَسَمَّاهُ فُوَيْسِقًا. رَوَاهُ مُسْلِمٌ

હઝરત સઅદ ઈબ્ને અબી વક્કાસ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ કાચંડાને મારી દેવાનો હુકમ આપ્યો અને એનું નામ બદકાર રાખ્યું.[૧] (મુસ્લિમ)

૧. فويسق તસ્ગીર છે فاسق ની. અર્થ બદકારની, એટલે જેમ કે ઉંદર, ચીલ, કાગડો, વીછી વગેરે મૂઝી જાનવરોને હિલ્લો હરમમાં ક़ત્લ કરી દેવાં જાઈઝ છે, બલ્કે સવાબ છે. ચીલ, કાગડા વગેરે તો એટલા فويسق છે કે પોતાના લાભ વિના માણસોને નુકસાન કરે છે અને આ એટલા માટે فويسق છે કે ખલીલ عليه السلام નો દુશ્મન છે.

★ હદીષ : (૧૮)-૪૧૨૧ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «مَنْ قَتَلَ وَزَغًا فِي أَوَّلِ ضَرْبَةٍ كتبت لَهُ مِائَةُ حَسَنَةٍ وَفِي الثَّانِيَةِ دُونَ ذَلِكَ وَفِي الثَّالِثَة دون ذَلِك» . رَوَاهُ مُسلم

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જે કોઈ કાચંડાને પ્રથમ ઘામાં મારી નાખે તો એના માટે સો નેકીઓ લખવામાં આવે છે અને બીજા ઘા માં એનાથી ઓછી અને ત્રીજા ઘામાં એનાથી ઓછામાં.[૧] (મુસ્લિમ)

આ ફર્માને આલીનો મક़સદ એ છે કે કાચંડાને જલ્દી મારી દેવા આકર્ષિત કરવું, જોરથી ઘા મારવો કે એક જ ઘામાં લોટપોટ થઈ જાય, હલકા ઘામાં શક્ય છે કે ભાગી જાય. અહમદ તથા ઈબ્ને હબ્બાને હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہ ની રિવાયતથી મરફુઅન નક़લ કર્યું કે જે સાપને મારે તેને સાત નેકીઓ છે અને જે કાચંડાને મારે તો તેને એક નેકી. તિબ્રાનીએ ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા رضی اللہ عنہا ની રિવાયતથી નકલ કર્યું કે જે કાચંડાને મારી દે તેના સાત ગુનાહ અલ્લાહ તઆલા માફ ફર્માવી દેશે. (મિર્ક़ાત) સારાંશ એને ક़ત્લ કરવું સવાલ છે.

★ હદીષ : (૧૯)-૪૧૨૨ ★ (مُتَّفِقٌ عَلَيْهِ)

وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " قَرَصَتْ نَمْلَةٌ نَبِيًّا من الأنبياءِ فأمرَ بقريةِ النَّمْلِ

તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે એક કીડીએ નબીઓમાંથી કોઈ નબીને કરડી લીધું[૧] તો તેમણે કીડીઓની વસ્તી સળગાવી દેવાનો હુકમ આપ્યો. સળગાવી દેવામાં આવી.[૨] તો અલ્લાહ તઆલાએ તેમને

فَأُحْرِقَتْ فَأَوْحَى اللَّهُ تَعَالَى إِلَيْهِ: أَنْ قَرَصَتْكَ نَمْلَةٌ أَحْرَقْتَ أُمَّةً مِنَ الْأُمَمِ تُسَبِّحُ؟ "

વહી કરી કે આપને એક કીડીએ કરડયું હતું અને આપે ઉમ્મતીઓમાંથી એક ઉમ્મતને સળગાવી દીધી જે તસ્બીહ પઢતી હતી.[૩] (મુસ્લિમ, બુખારી)

૧. એ નબી મૂસા عليه السلام છે. અમુક શરહકર્તાઓએ ફર્માવ્યું કે એ નબી દાઉદ عليه السلام છે. અરબીમાં બચકું ભરવાને قرص કહે છે અને કરડી ખાવાને عض કહે છે. પણ قرص ના અર્થમાં છે કેમ કે કીડી કરડે છે બચકું નથી ભરતી. (મિર્કાત) યાદ રાખશો કે عض મોં વડે કરડી ખાવાને કહે છે. છરી ચાકૂ વડે કાપી કાઢવાને قطع કહે છે. ફાડી કાઢવાને خرق અને તોડી કાઢવાને كسر કહે છે. આ ઈસ્તેલાહો (બોલીઓ) ધ્યાનમાં રહેવી જોઈએ. ફરક બારીક છે. દંશવાને لدغ કહે છે.

૨. કીડીઓની વસ્તીથી તેમના ભેગા થવાની જગા છે જ્યાં ઘણી કીડીઓ રહે છે. અહીં મિર્કાતે ફર્માવ્યું કે મૂસા عليه السلام એ બારગાહે ઈલાહીમાં અર્ઝ કરી હતી કે મૌલા ! તું કાફિરોની વસ્તીઓ પર અઝાબ મોકલે છે બલ્કે તેમાં અમુક મોમિન બલ્કે સાલેહીન પણ હોય છે તેને શા માટે તબાહ કરી દેવામાં આવે છે. ત્યારે તે એક ઝાડના મૂળમાં ગયા. ઠંડી હવા હતી. સૂઈ ગયા. સૂતાં જ એક કીડીએ કરડી લીધું જેનાથી તેમની ઊંઘ ઉડી ગઈ. ત્યારે તેમણે તે કીડીઓનું દર જ સળગાવી દીધું. એટલે કે રબ તઆલાએ ખુદ જ તેમના અમલ શરીફથી તેમને જવાબ સમજાવી દીધું. *(મિર્કાત)*

૩. એમના દીનમાં મૂઝી જાનવરોને જીવતાં સળગાવી દેવું જાઈઝ હશે એટલા માટે એમના પર એતાબ (ચેતવણી) ન થયો. ઈસ્લામમાં ઝિંદાને સળગાવવું મના છે. તેમજ આપણે ત્યાં ચાર જાનવરોને મારવાં મના છે જેમનામાં કીડી પણ છે, જેવું બીજા વિભાગમાં આવશે. યાદ રાખશો કે જો જાનવરને ઝિંદા જલાવ્યા વિના મારવું શક્ય ન હોય તો તેને સળગાવી દેવું જાઈઝ છે. (મિર્કાત) જેમ કે ખાટલાના માંકડ, કાણામાં ઘુસેલો સાપ જેને ઉકળતા પાણીથી મારવામાં આવે છે અથવા ભીંગડાઓનો પૂરો જેને આગથી સળગાવવામાં આવે છે કે એના સિવાય તેમને મારવાં શક્ય નથી, જો કે દરેક ચીજ રબ તઆલાની તસ્બીહ કરે છે, પણ કીડી તસ્બીહ પણ કરે છે અને નુકસાનકર્તા પણ નથી. જે કીડી નુકસાન કરે અથવા કરડી ખાય તેને મારી નાખવી જાઈઝ છે. ક્યારેક કીડીનું કરડવું જૂવો કરતાં વધુ સખત હોય છે તેને મારવું જાઈઝ છે. જેમ કે બિલાડીને મારી નાખવી જાઈઝ નથી પણ મૂઝી બિલાડીને મારી નાખવી જાઈઝ છે. *(મિર્કાત)*

(વિભાગ : ૨) الفصل الثانى

★ ઉંદર ઘીમાં પડી જાય તો શું કરવું ? ★

★ હદીષ : (૨૦)-૪૧૨૩/(૨૧)-૪૧૨૪ ★

عَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا وَقَعَتِ الْفَأْرَةُ فِي السَّمْنِ فَإِنْ كَانَ جَامِدًا فَأَلْقُوهَا وَمَا حَوْلَهَا وَإِنْ كَانَ مَائِعًا فَلَا تَقْرَبُوهُ» . رَوَاهُ أَحْمد وَأَبُو دَاوُد

وَرَوَاهُ الدَّارِمِيّ عَن ابْن عَبَّاس

હઝરત અબૂ હુરૈરહ رضي الله عنه થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે ઉંદર ઘીમાં પડી જાય તો જો ઘી જામેલુ હોય તો ઉંદર ફેંકી દો અને તે જે એની આસપાસ છે[૧] અને જો પાતળુ હોય તો તેની નજીક ન જાવ.[૨] (અહમદ અને અબૂ દાઉદ)

દારમી ઈબ્ને અબ્બાસની રિવાયતથી.

૧. એટલે કે જો ઉંદર જામેલા ઘીમાં પડીને મરી જાય તો તેને કાઢીને ફેંકી દો અને તેને લાગેલુ ઘી પણ ખવરીને ફેંકી દો. જો જીવતો ઉંદર નીકળ્યો તો ઘી પાક છે.

૨. અમુક ઉલમાએ એનો અર્થ એ કર્યો કે તેને કોઈ રીતે પણ વપરાશમાં ન લો ન ખાવામાં ન લગાડવામાં ન દીવો સળગાવવામાં. પણ હક્ક એ છે કે એનો મતલબ એ છે કે તેને ખાવાની નજીક ન જાવ, બીજી રીતે એનો ઉપયોગ દુરુસ્ત છે. જેમ કે એનાથી દીવો સળગાવવો. જો તેલ નાપાક થઈ જાય તો તેને સાબુમાં વાપરી લેવું. યાદ રાખશો કે આ હદીષનો મતલબ એ જ છે જે પહેલાં વર્ણવવામાં આવી ચૂક્યો છે. કે પાતળા નાપાક ઘીનું આસપાસનું ફેંકી દેવું પૂરતુ નથી, એને એ રીતે પાક નથી કરી શકાતુ. પાતળુ ઘી, તેલ, દૂધ તેને પાક કરવાનો એ તરીકો છે જે પહેલાં વર્ણન થયો કે તેને પાતળા પાક ઘીની સાથે વહાવી દો તો પાક થઈ જશે. મણ બે મણ ઘી તેલ અથવા દૂધ ફેંકવામાં નહીં આવે. પાતળી ચીજોને પાક કરવાના ત્રણ ચાર તરીકા શામી વગેરેએ લખ્યા છે.

★ બટેર (તેતર) હલાલ છે ★

હઝરત સફીનાથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે મેં રસૂલુલ્લાહ ﷺની સાથે બટેરનો (તેતર જેવું પક્ષી) ગોશ્ત ખાધો[૨]. (અબૂ દાઉદ)

★ હદીષ : (૨૨)-૪૧૨૫ ★

وَعَنْ سَفِينَةَ قَالَ: أَكَلْتُ مَعَ رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ لَحْمَ حُبَارَى. رَوَاهُ أَبُو دَاوُد

૧. આપ હુઝૂર ﷺના આઝાદ કરેલા ગુલામ છે અથવા હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا ના આઝાદ કરેલા ગુલામ છે. ઉમ્મુલ મો'મિનીને આપને એ શર્ત પર આઝાદ કર્યા હતા કે જિંદગીભર હુઝૂર ﷺની ખિદમત કરે. આપનું નામ રિબાહ અથવા મહરાન અથવા રોમાન છે. હુઝૂર ﷺએ એક સફરમાં તલ્વાર, ઢાલ, ભાલો કાંઈક અન્ય સામાન એમના પર લાદી દીધો અને ફર્માવ્યું, તમે અમારી સફીના એટલે કશ્તી છો, ત્યારથી આપનો લકબ સફીના પડી ગયો. આપના ચાર પુત્રો છે : અબ્દુર્રહમાન, મુહમ્મદ, ઝિયાદ અને કષીર.

૨. જાણવા મળ્યું કે બટેર હલાલ છે. એને ખાવું સુન્નત છે. ખૂબ જ સીધુ પક્ષી છે અરબવાળા મૂર્ખ માણસને કહે છે : انت حبارى તું તો નર્યો બટેર છે. حبارة એકવચન પણ છે બહુવચન પણ. સ્ત્રી લિંગ છે પુ.લિંગ પણ. તેનો અસલી લકબ છે.

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ જલ્લાલાના ખાવાથી અને એમના દૂધોથી મના કર્યું[૧]. (તિર્મિઝી) અને અબૂ દાઉદની રિવાયતોમાં છે કે જલ્લાલાની સવારીથી મના કર્યું[૨].

★ હદીષ : (૨૩)-૪૧૨૬ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ أَكْلِ الْجَلَّالَةِ وَأَلْبَانِهَا. رَوَاهُ التِّرْمِذِيُّ وَفِي رِوَايَةِ أَبِي دَاوُدَ: قَالَ: نُهِيَ عَنْ رُكُوبِ الْجَلَالَة

૧. جلالة (જલ્લાલા) તે ગાય છે જે ખૂબ જ નજાસત (નાપાકી) ખાય છે, ત્યાં સુધી કે તેના ગોશ્તમાં બદબૂ પેદા થઈ જાય છે. તેનો દુર્ગંધમય ગોશ્ત, દૂધને ખાવુ પીવુ મકરૂહ છે. તેને અમુક દિવસો સુધી બાંધીને રાખવામાં આવે. જ્યારે તેના શરીરથી દુર્ગંધ આવવાની બંધ થઈ જાય ત્યારે ઝબહ કરવામાં આવે. ઈમામ માલિકને ત્યાં જલ્લાલાનો ગોશ્ત વિના કરાહત જાઈઝ છે. તે ફર્માવે છે કે તેનો ગોશ્ત સારી રીતે ધોઈ લેવામાં આવે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہما છૂટેલી મરઘીને ત્રણ દિવસ બાંધીને રાખતા હતા પછી ઝબહ કરતા હતા. જે જાનવર કદી કદી ગંદકી ખાય લે તે જલ્લાલા નથી. *(મિર્કાત)*

૨. આ મનાઈ તન્ઝીહી કરાહત છે, કેમ કે જલ્લાલાનો પરસેવો પણ દુર્ગંધમય હોય છે. શક્ય છે કે સવારના કપડાંમાં પરસેવો લાગે અને તે પણ દુર્ગંધમય થઈ જાય.

હઝરત અબ્દુર્રહમાન ઈબ્ને શિબ્લીથી રિવાયત છે. નબી કરીમ ﷺએ ગોહ ખાવાથી મના કર્યું[૧]. (અબૂ દાઉદ)

★ હદીષ : (૨૪)-૪૧૨૭ ★

وَعَن عبدِ الرَّحمنِ بنِ شِبْلٍ: أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْ أَكْلِ لَحْمِ الضَّبِّ. رَوَاهُ أَبُو دَاوُدَ

★ ગોહ હરામ છે ★

૧. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે કે ગોહ હરામ છે. એની ચર્ચા પહેલાં વર્ણન થઈ ચૂકી છે. આ હદીષ ઈબ્ને અસાકિરે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ની રિવાયતથી રિવાયત કરી.

★ બિલાડી હરામ છે ★

હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત છે કે નબી ﷺએ બિલાડી ખાવાથી અને તેની કિંમત ખાવાથી મના કર્યું[૧]. (અબૂ દાઉદ, તિર્મિઝી)

★ હદીષ : (૨૫)-૪૧૨૮ ★

وَعَنْ جَابِرٍ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ النَّبِيَّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْ أَكْلِ الْهِرَّةِ وَأَكْلِ ثَمَنِهَا. رَوَاهُ أَبُو دَاوُدَ وَالتِّرْمِذِيُّ

૧. સર્વ દીનના ઈમામોની એના પર એકમતી છે કે બિલાડી ખાવી હરામ છે, અલ્બત્ત એના વેચાણ તથા એની કિંમતના વિશે ઉલમાનો મતભેદ છે. અમુકની નજીક બિલાડીની કિંમત વિના કરાહત જાઈઝ છે. અમુકની નજીક મકરૂહ છે. આ હદીષ મકરૂહ કહેનારાઓની દલીલ છે. એની ચર્ચા કિતાબુલ બુયૂઅમાં વર્ણન થઈ ચૂકી. યાદ રાખશો કે બિલાડી શિકારી જાનવર પણ છે અને નહોરવાળી પણ છે, જેથી આ કાયદાથી પણ હરામ છે કે નબી કરીમ ﷺએ દરેક નહોરવાળી પણ છે, જેથી આ કાયદાથી પણ હરામ છે કે નબી કરીમ ﷺએ દરેક નહોરવાળા શિકારી જાનવરને ખાવાથી મના કર્યું. આ હદીષ ઈબ્ને માજહ તથા હાકિમે પણ રિવાયત કરી.

★ નહોરવાળાં અને પંજાવાળાં પ્રાણી હરામ ★

તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺએ ખૈબરના દિવસે[૧] પાલતુ ગધેડા અને ખચ્ચરોના ગોશ્તને હરામ કર્યો, અને દરેક નહોરવાળા દરિન્દા (ફાડી ખાનાર જાનવરો) અને દરેક પંજાવાળા પક્ષી હરામ કર્યાં[૨]. (તિર્મિઝી) અને ફર્માવ્યું, આ હદીષ ગરીબ છે[૩].

★ હદીષ : (૨૬)-૪૧૨૯ ★

وَعنهُ حَرَّمَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَعْنِي يَوْمَ خَيْبَرَ الْحُمُرَ الْإِنْسِيَّةَ وَلُحُومَ الْبِغَالِ وَكُلَّ ذِي نَابٍ مِنَ السِّبَاعِ وَكُلَّ ذِي مِخْلَبٍ مِنَ الطَّيْرِ. رَوَاهُ التِّرْمِذِيُّ وَقَالَ: هَذَا حَدِيث غَرِيب

૧. ફતહે ખૈબરથી પહેલાં અરબમાં ગધેડાને ખાવાનો રિવાજ હતો. ઈસ્લામના શરૂમાં પણ રહ્યો. ખૈબરના દિવસે તેને હરામ કરવામાં આવ્યું, જેમ કે બીજી રિવાયતમાં છે. યાદ રાખશો કે હેમાર વહશી જંગલી ગધેડો, ફારસીમાં ગોરખર અને ઉર્દૂમાં નીલ ગાય કહે છે, એ હલાલ છે. સામાન્યપણે એનો શિકાર કરવામાં આવે છે અને ખાવામાં આવે છે.

૨. એટલે નીચેવાળાં શિકારી પક્ષીઓ હરામ કરી આપ્યાં. જેમ કે પ્રથમ વિભાગમાં વર્ણન થઈ ચૂક્યું.

૩. એટલે આ અસ્નાદો તથા આ શબ્દોથી આ હદીષ ગરીબ છે. નહીં તો મુસ્લિમ, બુખારીએ હઝરાત બરાઅ ઈબ્ને આઝિબ, જાબિર, અલીયે મુર્તઝા, ઈબ્ને ઉમર, અબી ષઅલ્બા رضوان الله تعالى عليهم اجمعين થી રિવાયતોથી કરી કે નબી કરીમ ﷺએ પાલતુ ગધેડુ ખાવાથી મના કર્યું, અને સિહાહ સિત્તહમાં અબૂ ષઅલ્બાથી રિવાયત કરી કે હુઝૂર ﷺએ દરેક પંજાવાળા શિકારી પક્ષીથી મના કર્યું. એ જ પ્રમાણે વીછી ખાવો હરામ છે. જેમ કે અહમદ તથા ઈસ્હાક઼ે અબૂ યઅ્લા મૂસલી અન અબ્દુલ્લાહ ઈબ્ને ઝયદથી મરફૂઅન્ રિવાયત કરી. *(મિર્કાત)*

હઝરત ખાલિદ ઈબ્ને વલીદથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺએ ઘોડાઓ, ખચ્ચરો તથા ગધેડાઓનો ગોશ્ત ખાવાથી મના કર્યું[૧]. (અબૂ દાઊદ, નિસાઈ)[૨]

★ હદીષ : (૨૭)-૪૧૩૦ ★

وَعَن خالدِ بْنِ الْوَلِيدِ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ نَهَى عَنْ أَكْلِ لُحُومِ الْخَيْلِ والبِغالِ والحميرِ. رَوَاهُ أَبو دَاوُد وَالنَّسَائِيّ

૧. આ હદીષ હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی الله عنه ની દલીલ છે કે ઘોડો હરામ છે, જેમ કે ખચ્ચર તથા ગધેડો હરામ છે. એનું સમર્થન આ આયતે કરીમાથી છે : وَّالْخَيْلَ وَالْبِغَالَ وَالْحَمِيْرَ لِتَرْكَبُوْهَا وَزِيْنَةً (અને ઘોડા અને ખચ્ચર અને ગધેડા કે એના પર સવાર થાવ અને ઝીનતના માટે. –સૂરએ નહ્લ, ૧૬/૮) જેનાથી જાણવા મળ્યું કે ઘોડા, ગધેડા અને ખચ્ચરની પેદાઈશ સવારી તથા શોભા માટે છે, ન કે ખાવા માટે. તેમજ ઘોડો જેહાદનો ઝરીયો છે, ત્યાં સુધી કે ગનીમતમાં એનો પણ હિસ્સો રાખવામાં આવે છે. એને ખાવાથી જેહાદના સાધનની કમી થઈ જવાનો ખતરો છે. الحمد لله ! કે સામાન્યપણે સર્વ મુસલમાન ઈમામે આ'ઝમ رضی الله عنه નો ક઼ૌલ માને છે. અમે અરબ તથા અજમ પણ ઘોડાનો ગોશ્ત ખાતાં, વેચતાં, માર્કેટમાં આવતાં નથી જોયો.

૨. આ હદીષ ઈબ્ને માજહએ પણ રિવાયત કરી. મુન્ઝરીએ કહ્યું કે આ હદીષ ઝઈફ છે. અબૂ દાઊદે કહ્યું કે આ હદીષ મન્સૂખ છે. સહાબાએ કિરામ رضوان الله تعالى عليهم اجمعين થી ઘોડો ખાવું સાબિત છે પણ હક્ક એ છે કે આ હદીષ કુર્આની આયતો તથા અન્ય રિવાયતોના સમર્થનથી ક઼વી (મજબૂત) છે. જે સહાબાએ કિરામે ઘોડો ખાધો તે ક્યાં તો હરામ થતા પહેલાં ખાધો અથવા તેમને મનાઈની હદીષ પહોંચી નથી, બેખબરીમાં ખાધો. (અઝ્ : મિર્કાત) અમે મિર્આતની પ્રસ્તાવનામાં વર્ણવી ચૂક્યા છીએ કે ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی الله عنه ની હદીષોને ઝઈફ સાબિત કરવી આસાન નથી, કેમ કે ઈમામે આ'ઝમ رضی الله عنه નો જમાનો હુઝૂર ﷺથી ખૂબ જ નજીક છે, ત્યાં અસ્નાદોમાં ઝઈફ રાવી થોડી મુશ્કેલીથી જ દાખલ થઈ શકે છે. જો બાદના મુહદ્દિષોને કેટલીય હદીષો ઝઈફ થઈને મળે તો ઈમામે આ'ઝમ رضی الله عنه ને એ ઝઈફ નુકસાનકર્તા નથી.

★ ઝિમ્મીઓનો નાહક્ક઼ માલ ખાવો હરામ ★

તેમનાથી જ રિવાયત છે. ફ઼રમાવે છે કે મેં ખૈબરના દિવસે નબી કરીમ ﷺની સાથે જેહાદ કર્યો તો યહૂદી આવ્યા. તેમણે ફ઼રિયાદ કરી કે લોકોએ તેમની લીલછમ ખજૂરોની તરફ઼ જલ્દી કરી[૧] ત્યારે રસૂલુલ્લાહ ﷺએ ફ઼રમાવ્યું, ખબરદાર ! ઝિમ્માવાળાઓના નાહક્ક઼ માલ હલાલ નથી[૨]. (અબૂ દાઊદ)

★ હદીષ : (૨૮)-૪૧૩૧ ★

وَعَنْهُ قَالَ: غَزَوْتُ مَعَ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَوْمَ خَيْبَرَ فَأَتَتِ الْيَهُودُ فَشَكَوْا أَنَّ النَّاسَ قَدْ أَسْرَعُوا إِلَى خَصَائِرِهِمْ فَقَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «أَلَا لَا يَحِلُّ أَمْوَالُ المعاهِدينَ إِلاَّ بحقِّها» . رَوَاهُ أَبو دَاوُد

૧. خضائر એ خضيرةનું વચન છે خضيرة એ ખજૂરનું નામ છે જેનાં ફળો હજી કાચાં હોય, લીલાં હોય. خضيرةથી બન્યું અર્થ લીલોતરી. એટલે કે મુસલમાન અમારા બાગોમાં પહોંચ્યા અને તેમણે અમારાં લીલાં ફળો તોડીને ખાધાં, ન અમને કિંમત આપી, ન અમારાથી ઈજાઝત લીધી.

૨. એટલે કે કેમ કે ખૈબરના યહૂદી આપણા ઝિમ્મી બની ચૂક્યા છે અને જિઝિયા સિવાય અને મુસ્તામિનથી વેપારના ટેક્સ સિવાય અન્ય માલ લેવો જાઈઝ નથી. જેથી તમો ખૈબરના યહૂદીઓના માલથી કાંઈ ન લો. حقهاથી એ જ હક્ક મુરાદ છે જે વર્ણવવામાં આવ્યો, એટલે જિઝિયો અથવા જે માલ પર તેમની સાથે સુલહ થઈ જાય.

★ માછલી તથા તીડ અને કલેજી તથા તલી હલાલ ★

હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે આપણા માટે બે મુર્દા અને બે લોહી હલાલ કરવામાં આવ્યાં. બે મુર્દા તો માછલી અને તીડ છે[૧] અને બે લોહી કલેજી તથા તલી છે[૨]. (અહમદ, ઈબ્ને માજહ)

★ હદીષ : (૨૯)-૪૧૩૨ ★

وَعَنِ ابْنِ عُمَرَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " أُحِلَّتْ لَنَا مَيْتَتَانِ وَدَمَانِ: الْمَيْتَتَانِ: الْحُوتُ وَالْجَرَادُ وَالدَّمَانِ: الْكَبِدُ وَالطِّحَالُ ". رَوَاهُ أحمدُ وابنُ مَاجَه وَالدَّارَقُطْنِيّ

૧. એટલે કે બંને જાનવર ઝબહ વિના હલાલ છે, કેમ કે એમાં વહેતુ લોહી નથી, અને ઝબહ કરવું એને જ (લોહીને) અલ્લાહના નામ પર કાઢી નાખવા માટે હોય છે. જ્યારે એ ચીજો એમનામાંથી નથી તો તેમનું ઝબહ પણ નથી. યાદ રાખશો કે માછલી ઘણા પ્રકારની છે અને દરેક પ્રકારની હલાલ છે. ઝબહ વિના ખાવી દુરુસ્ત છે. અમુક માછલીઓમાં લોહી નીકળતુ જોવા મળે છે પણ તે લોહી નથી હોતુ બલ્કે લાલ પાણી હોય છે એટલા માટે તડકામાં સફેદ થઈ જાય છે.

૨. એટલે કે કલેજી તથા તલી જામેલુ લોહી છે અને હલાલ છે. એ બંને ચીજો ગોશ્ત નથી. એટલા માટે જ ગોશ્ત ન ખાવાની ક઼સમ ખાય લે પછી કલેજી કે ખલી ખાય લે તો હાનિષ (ક઼સમ તોડનાર) ન થશે.

★ માછલી પાણીમાં મરીને તરી જાય તો ન ખાવ ★

હઝરત અબૂ ઝુબેરથી[૧] તે હઝરત જાબિરથી રાવી. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જેને દરિયો ફેંકી દે અને તેનાથી પાણી હટી જાય તો તેને ખાય લો. અને જે દરિયામાં મરી જાય અને તે તરી જાય તો તેને ન ખાવ[૨]. (અબૂ દાઊદ, ઈબ્ને માજહ) અને મોહયુસ્સુન્નહએ ફર્માવ્યું કે મોટાભાગના મુહદ્દિષો એના પર છે કે આ હદીષ હઝરત જાબિર પર મૌકૂફ છે[૩].

★ હદીષ : (30)-૪૧૩૩ ★

وَعَن أَبِي الزُّبيرِ عَنْ جَابِرٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسلم: «مَا أَلقاهُ البحرُ وجزر عَنْهُ الْمَاءُ فَكُلُوهُ وَمَا مَاتَ فِيهِ وَطَفَا فَلَا تَأْكُلُوهُ» . رَوَاهُ أَبُو دَاوُدَ وَابْنُ مَاجَهْ وَقَالَ مُحْيِي السُّنَّةِ: الْأَكْثَرُونَ عَلَى أَنَّهُ مَوْقُوفٌ على جَابر

૧. આપનું નામ મુહમ્મદ ઈબ્ને મુસ્લિમ છે. મક્કી છે. હઝરત હકીમ ઈબ્ને હિઝામના આઝાદ કરેલા ગુલામ છે. મક્કા મોઅઝ્ઝમાના તાબઈનમાંથી છે. હાફિઝ છે. ષિક઼હ છે. વિશાળ ઈલ્મવાળા છે. હઝરત જાબિર, હઝરત આઈશા સિદ્દીક઼ા, ઈબ્ને ઉમર અને ઈબ્ને અબ્બાસ رضوان اللہ تعالیٰ علیہم اجمعین થી મુલાકાત છે. પણ મોટાભાગે હઝરત જાબિર رضی اللہ عنہ થી રિવાયત લે છે. હિ.સ. ૧૨૫ કે ૧૨૮માં વફાત પામ્યા. આપના થકી ઘણા મુહદ્દિષોએ રિવાયત લીધી. *(મિર્ક઼ાત, અશિઅહ)*

૨. ખુલાસો એ છે કે જે માછલીનું મૃત્યુ પાણી ન મળવા અથવા ઓછુ મળવાના કારણે થાય તે હલાલ છે અને જે માછલીનું મૃત્યુ બીમારીના કારણે થાય કે પાણીમાં રહેવા છતાં મરી જાય અને પાણી પર તરીને આવી જાય તો મના છે. એ જ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ નો મઝહબ છે કે તાફી (મર્યા બાદ પાણી પર તરી આવે તે) માછલી મકરૂહ છે. ઈમામ શાફઈ તથા માલિક رحمۃ اللہ علیہما એને વિના કરાહત જાઈઝ કહે છે. આ હદીષ ઈમામે આ'ઝમ رضی اللہ عنہ ની દલીલ છે. યાદ રાખશો કે جزر નો અર્થ છે સંકોચાય જવું અને વિરુદ્ધાર્થી છે مَدّ એનાથી છે مدو جزر. એ જ હદીષ શરીફમાં છે : حل ميتته દરિયાનું મુરદાર હલાલ છે, તો એ જ છે જેના મૃત્યુનો સબબ દરિયો બને ન એ જેના મૃત્યુનો સબબ કોઈ બીમારી હોય. હમણા જે હદીષ વર્ણન પામી કે બે મુરદાર હલાલ છે, આ હદીષ એની શરહ છે કે દરિયા (નદી)નું તે મુરદાર છે જે દરિયાના કારણે મરે.

૩. કોઈ વાંધો નહીં. આ પ્રકારની હદીષ મૌકૂફ પણ મરફૂઅના હુકમમાં હોય અને એના પર મરફૂઅ હદીષના હુકમો લાગુ થાય છે. યાદ રાખશો કે ઈમામ શાફઈ સહાબાએ કિરામના ઈજતેહાદી મસાઈલમાં તેમનું અનુસરણ નથી કરતા. તે ફર્માવે છે : هم رجال ونحن رجال તે પણ મર્દ હતા આપણે પણ મર્દ છીએ. પણ ઈમામે આ'ઝમ અબૂ હનીફા رضی اللہ عنہ સહાબાની તક્લીદને લાઝિમ જાણે છે તેમના ઈજતેહાદી મસાઈલ પર અમલ જરૂરી જાણે છે. *(અશિઅહ)*

હઝરત સલ્માનથી રિવાયત છે કે નબી ﷺ થી તીડ વિશે પૂછવામાં આવ્યું તો ફર્માવ્યું કે અલ્લાહનું મોટુ લશ્કર છે[૨] હું ન એમાંથી ખાઉં છું ન તેને હરામ કરું છું[૩]. (અબૂ દાઉદ) મોહયુસ્સુન્નહએ ફર્માવ્યું કે આ હદીષ ઝઈફ છે[૩].

★ હદીષ : (૩૧)-૪૧૩૪ ★

وَعَن سلمَان قَالَ: سُئِلَ النَّبِيُّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ الْجَرَادِ فَقَالَ: «أَكْثَرُ جُنُودِ اللَّهِ لَا آكُلُهُ وَلَا أُحَرِّمُهُ» .

رَوَاهُ أَبُو دَاوُدُ وَقَالَ محيي السّنة: ضَعِيف

૧. કે તેમને પેદા કરવામાં શું હિકમત છે અને એને ખાવું હલાલ છે કે હરામ.

૨. એટલે પક્ષીઓમાં સૌથી મોટી જમાઅત તીડોની છે અને જ્યારે ખુદા તઆલા કોઈ ક઼ૌમ પર ગઝબ કરે છે તો તેમના પર તીડોનો અઝાબ મોકલે છે. તેઓ એ ક઼ૌમની ખેતીવાડી, ઝાડ, ફળ વગેરે સર્વ કાંઈ ખાય જાય છે અને એના પર દુકાળ લાગુ થઈ જાય છે. નહીં તો રબની મોટામાં મોટી મખ્લૂક઼ તો ફરિશ્તા છે. હક્ક઼ તઆલા એના વિશે ફર્માવે છે : وَ مَا يَعْلَمُ جُنُوْدَ رَبِّكَ اِلَّا هُوَ (અને તમારા રબના લશ્કરોને એના સિવાય કોઈ નથી જાણતુ. સૂરએ મુદ્દષ્ષિર, ૭૪/૩૧) *(મિર્ક઼ાત)*

૩. એટલે કે તીડો શરીઅતની રૂએ હરામ નથી, હું પોતે એને ખાતો નથી, સ્વભાવિકપણે એનાથી નફરત છે. કદાચ સાઈલના સવાલનો મક઼સદ એ હતો કે હુઝૂર ખાય છે કે નહીં ? એને અમે ખાઈએ કે નહીં ? જેથી જવાબ બિલ્કુલ બરાબર થઈ ગયો કે હું નથી ખાતો, તમે ખાવ. યાદ રાખશો કે તીડોના હલાલ હોવા પર સર્વ મુસલમાનોનો ઈજમાઅ છે.

૪. આ હદીષ અસ્નાદથી પણ ઝઈફ છે અને અર્થથી પણ. અસ્નાદથી તો એટલા માટે કે તેના સર્વ રાવીઓ ક઼વી તથા ષિક઼હ નથી. અર્થથી એટલા માટે કે ઘણી બધી હદીષોની વિરુદ્ધ જણાય છે જેમાં તીડોનું હલાલ હોવું સ્પષ્ટપણે વર્ણવેલ છે. અહીં મિર્ક઼ાતે તીડોના હલાલ હોવાના વિશે ઘણી બધી અજબની રિવાયતો વર્ણવી. જેમ કે ફર્માવ્યું કે હઝરત મરયમ બિન્તે ઈમરાને દુઆ કરી હતી કે મૌલા ! મને લોહી વિનાનો ગોશ્ત આપ. તો રબ તઆલાએ તેમને આ જ તીડ આપ્યા. આપે દુઆ કરી કે ઈલાહી ! એને માના દૂધ વિના જીવંત રાખ, અને વિના કોઈ હાંકનાર અને અવાજ વિના એમનામાં તન્ઝીમ (નિયંત્રણ, સભ્યતા) આપ. અને ફર્માવ્યું કે હઝરત યહયા عليه السلام સામાન્યપણે તીડો ખાયા કરતા હતા. અને ફર્માવ્યું કે હુઝૂરે અન્વર ﷺ ની પાક બીવીઓ એકબીજીને તબાક (થાળી) ભરીને તીડો હદિયામાં આપતી હતી. વગેરે.

★ મરઘાંને બુરો કહેવાની મનાઈ ★

★ હદીષ : (૩૨)-૪૧૩૫ ★
وَعَن زيدِ بن خالدٍ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ سَبِّ الدِّيكِ وَقَالَ: «إِنَّهُ يُؤَذِّنُ للصَّلاةِ» . رَوَاهُ أَبو دَاوُد

હઝરત ખાલિદ ઈબ્ને ઝયદથી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ મરઘાને બુરો કહેવાથી મના કર્યું[૧] અને ફર્માવ્યું કે એ નમાઝની ખબર આપે છે[૨]. (શરહુસ્સુન્નહ)

૧. ديك ઈસ્મે જિન્સ છે, એક વચન બહુવચન સૌના પર બોલવામાં આવે છે, નર મરઘાના અર્થમાં. માદાને دجاجه કહે છે. એટલે મરઘાને બુરો ન કહો ન બુરો સમજો. એ ઘણુ મુબારક જાનવર છે.

૨. એટલે તહજ્જુદની નમાઝ અને ફજર માટે ઉઠાડે છે. મરઘામાં કુદરતે અજબનો કરિશ્મો રાખ્યો છે કે એ રાતના સમયોથી ખબરદાર રહે છે. રાત લાંબી હોય ટૂંકી. આખરી ત્રીજા ભાગની રાતમાં પણ બોલે છે અને સુબ્હ સાદિકના સમયે પણ. ત્યાં સુધી કે અમુક ઉલમાએ મુજર્રબ (અજમાયેલ) મરઘાના અવાજ પર તહજ્જુદની નમાઝ પઢવું જાઈઝ ઠરાવ્યું. અને કહ્યું કે એના અવાજ પર વિશ્વાસ કરવો જાઈઝ છે. અમુક સહાબાએ કિરામ સફરમાં મરઘાને સાથે રાખતા હતા નમાઝોના માટે. સફેદ મરઘાના ઘણા ફઝાઈલ છે, તેનો ગોશ્ત તથા દિલ ખૂબ જ મજબૂત હોય છે. *(મિર્કાત)*

★ હદીષ : (૩૩)-૪૧૩૬ ★
وَعَنْهُ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «لَا تَسُبُّوا الدِّيكَ فَإِنَّهُ يُوقِظُ للصلاةِ» . رَوَاهُ أَبو دَاوُد

તેમનાથી જ રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે મરઘાને બુરો ન કહો કેમ કે તે નમાઝ માટે જગાડે છે[૧]. (અબૂ દાઉદ)

૧. અમુક રિવાયતોમાં છે કે અર્શે આ'ઝમની નીચે એક જાનવર સફેદ મરઘાના સ્વરૂપનું છે. દરેક સવારે અઝાન આપે છે. તેની અઝાન સાંભળીને જમીનના સર્વ મરઘાઓ સવારની અઝાન આપે છે. એટલા માટે સવારના મરઘાની અઝાન વખતે દુઆઓ કબૂલ થાય છે. (મિર્કાત)

★ ઘરમાં સાપ નજર આવે તો શું કરવું ?! ★

★ હદીષ : (૩૪)-૪૧૩૭ ★
وَعَنْ عَبْدِ الرَّحْمَنِ بْنِ أَبِي لَيْلَى قَالَ: قَالَ أَبُو لَيْلَى: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: " إِذَا ظَهَرَتِ الْحَيَّةُ فِي الْمَسْكَنِ فَقُولُوا لَهَا: إِنَّا نَسْأَلُكِ بِعَهْدِ نُوحٍ وَبِعَهْدِ سُلَيْمَانَ بْنِ دَاوُدَ أَنْ لَا تُؤْذِينَا فَإِنْ عَادَتْ فَاقْتُلُوهَا ". رَوَاهُ التِّرْمِذِيُّ وَأَبو دَاوُدَ

*અબ્દુર્રહમાન ઈબ્ને અબી લયલાથી[૧] રિવાયત છે. ફર્માવે છે ફર્માવ્યું અબૂ યઅ્લાએ કે નબી ﷺ એ ફર્માવ્યું કે **જ્યારે ઘરમાં સાપ નજર આવે તો તેને કહી દો કે અમે હઝરત નૂહ તથા હઝરત સુલૈમાનના કરાર કરનારાઓના વાસ્તે તારાથી સવાલ કરીએ છીએ[૨] કે તું અમને ન સતાવ. અને પછી રહે તો તેને મારી નાખો.** (તિર્મિઝી, અબૂ દાઉદ)[૩]*

૧. આપની કુન્નિયત અબૂ ઈસા છે. ષિકહ તાબઈ છે. હઝરત ઉમર رضی اللہ عنہ ની ખિલાફતના જ્યારે છ વરસ બાકી રહ્યા તો આપ પેદા થયા. કૂફાના રહેવાસી છે. હિ.સ. ૮૩માં બસરામાં નહેરમાં ડૂબીને આપની વફાત થઈ. વીસ સહાબાથી આપની મુલાકાત છે, જેમાં હઝરત ઉષ્માન તથા અલી, અબૂ એૅયૂબ અન્સારી, અબૂ દર્દા છે.

આપનાથી ઘણા લોકોએ રિવાયતો કરી. આપના પુત્રનું નામ મુહમ્મદ હતું. ઈબ્ને અબી લયલા કુન્નિયત હતી. કૂફાના ક़ાઝી હતા. મહાન ફ़ક़ીહ હતા. જ્યારે ફ़ક़ીહો ઈબ્ને અબી લયલા કહે છે તો તે જ મુહમ્મદ મુરાદ હોય છે. મુહમ્મદ હિ.સ. ૭૪માં પેદા થયા. હિ.સ. ૧૪૮માં વફાત પામ્યા. *(અશિઅ્હ તથા મિર્ક़ાત)*

૨. લગભગ નૂહી અહદથી મુરાદ તે ક़રાર છે. આપે આપની કશ્તી (નાવ)માં સવાર કરતી વખતે સાપથી ક़રાર કર્યો હતો કે વિના કારણે કોઈને ઈજા ન આપવી. જાણવા મળ્યું કે અમુક સાપ માણસોની બોલી સમજે છે અને તેમને વાયદો (ક़રાર) યાદ પણ આવી જાય છે. (અઝ મિર્કાત) અમુક સાપોના સમજવાના બનાવો મશહૂર છે.

૩. સાપની પ્રાકૃતિક ઉમર એક વરસની હોય છે. દર વર્ષે પોતાની ચામડી (કાચડી) ઉતરે છે. તેની આંખમાં કીકી ભ્રમણ નથી કરતી. તેના દાંત તોડી નાખવામાં આવે તો પછી જલ્દી જ ઉગી જાય છે. પૂછડી કાપી નાખવામાં આવે તો જલ્દી ઉગી જાય છે. માણસથી ખૂબ જ ડરે છે. આગથી ખુશ થાય છે. દૂધ ખૂબ જ શોખથી પીએ છે. જો ઝબહ કરી દેવામાં આવ્યો તો કેટલાય દિવસ સુધી જીવતો રહે છે. જ્યારે આંધળો થઈ જાય તો લીલી વરીયાળી જે ઝાડમાં લાગી હોય તેની સાથે પોતાની આંખો ઘસે છે તો દેખતો થઈ જાય છે. સાપ ખાવો હરામ છે. તેના ગોશ્તથી બનેલી તિર્યાક (ઝેરનું મારણ) ખાવું પણ હરામ છે, ઈઝતેરારની હાલત (જીવન માટે કોઈ ઉપાય ન હોય) સિવાય. *(મિર્ક़ાત)*

★ જે સાપને બદલાના ડરથી છોડી આપે તે અમારામાંથી નથી ★

હઝરત ઈકમા رضی اللہ عنہ થી રિવાયત છે તે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રાવી. ફર્માવે છે[૧] કે હું નથી જાણતો પણ એ કે તેમણે હદીષને મરફૂઅ કરી કે તે સાપના ક़ત્લનો હુકમ આપતા હતા[૨] અને ફર્માવ્યું કે જે તેમને બદલાના ડરથી છોડી આપે તે અમારામાંથી નથી[૩]. (શરહે સુન્નહ)

★ હદીષ : (૩૫)-૪૧૩૮ ★

وَعَن عكرمةَ عَن ابنِ عبَّاسٍ قَالَ: لَا أَعْلَمُهُ إِلَّا رَفَعَ الْحَدِيثَ: أَنَّهُ كَانَ يَأْمُرُ بِقَتْلِ الْحَيَّاتِ وَقَالَ: «مَنْ تَرَكَهُنَّ خَشْيَةَ ثَائِرِ فَلَيْسَ مِنَّا» . رَوَاهُ فِي شَرْحِ السّنة

૧. આ قال (ક़ાલ)નો કર્તા ક્યાં તો ઈકરમા છે અથવા અસ્નાદના એક રાવી ઐયૂબ છે. એટલે ઈકરમા અથવા ઐયૂબ કહે છે કે મને ગાલિબ ગુમાન છે કે આ હદીષ મરફૂઅ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما એ હુઝૂર ﷺ થી રિવાયત કરી છે. ખુદ તેમનો પોતાનો ક़ૌલ નથી, એટલે હદીષ મૌક़ૂફ़ નથી.

૨. આ હુકમ ઈસ્તેહબાબી (મુસ્તહબ રૂપે) છે. મદીના મુનવ્વરાની આબાદી એટલે ઘરોના સાપોને મોહલત આપીને પછી ક़ત્લ કરવામાં આવે. અને બીજી જગાના સાપોને તરત જ જોતાં જ મારી નાખવામાં આવે. એ મતલબ પણ થઈ શકે છે કે હવે મદીના મુનવ્વરાનાં ઘરોના સાપોને પણ તરત ક़ત્લ કરી દેવામાં આવે. આ સ્થિતિમાં આ હદીષ સાપને મોહલત દેવાની હદીષની નાસિખ છે.

૩. એટલે કે અમારી સુન્નતને ત્યજનાર છે. પહેલાં અરબના જાહિલો કહેતા હતા અને અહીંના જાહિલો હજી સુધી કહે છે કે સાપને મારનારથી તેની નાગણ બદલો લે છે, એટલા માટે સાપને ન મારો. આ ફર્માને આલીમાં એ જ ખયાલને રદિયો છે. ભલા સાપણ નાગણને શું ખબર કે કોણે માર્યો છે ?! લોકોમાં મશહૂર છે કે મારેલા સાપની આંખોમાં મારનારનો ફોટો આવી જાય છે, તે ફોટા વડે નાગણ મારનારને ઓળખી લે છે. એટલા માટે સાપને મારીને તેનું માથુ સળગાવી દેવામાં આવે છે કે જેથી આંખોમાં ફોટો ન રહે. પણ **એ પણ ગલત છે.** તેનુ માથુ સળગાવી દેવું તેને મારી નાખવાના માટે છે. તે લાઠી ખાઈને બેહોશ થઈ જાય છે, લોકો મુર્દા સમજીને છોડી દે છે. તે અમુક

અરસા બાદ ફરી હોશમાં આવીને ચાલ્યો જાય છે. આગમાં સળગાવવું એટલા માટે છે કે જેથી ખરેખર મરી જાય. યાદ રાખશો કે જ્યાંથી સાપ ઊંધો ન થઈ જાય કે પેટ ઉપર આવી જાય ત્યાં સુધી તે જીવતો છે.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારથી અમે સાપો સાથે જંગ કરી પછી સુલહ ન કરી[૧] અને જે કોઈ એમનામાંથી કોઈ સાપને છોડી આપે ડરીને તો અમારામાંથી નથી. (અબૂ દાઊદ)

★ હદીષ : (૩૬)-૪૧૩૯ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «مَا سَالَمْنَاهُمْ مُنْذُ حَارَبْنَاهُمْ وَمَنْ تَرَكَ شَيْئًا مِنْهُمْ خِيفَةً فَلَيْسَ مِنَّا» . رَوَاهُ أَبُو دَاوُد

૧. આ ફર્માને આલીમાં એ બનાવની તરફ ઈશારો છે કે પહેલાં સાપ જન્નતમાં રહેતો હતો. ખૂબ જ સુંદર હતો. શૈતાનને જ્યારે જન્નતથી કાઢવામાં આવ્યો તો તે સાપના મોઢામાં બેસીને જન્નતમાં ગયો અને હઝરત આદમ عليه السلام ને ધોકો આપ્યો, તેમને ઘઉં ખવડાવ્યો. રબ તઆલા ફર્માવે છે : اهْبِطُوْا بَعْضُكُمْ لِبَعْضٍ عَدُوٌّ (અને અમે ફર્માવ્યું, નીચે ઉતરો આપસમાં એક તમારો બીજાનો દુશ્મન. સૂરએ બકરહ, ૨/૩૬) હે આદમ ! તમે અને હવ્વા સાપ જન્નતથી ઉતરી જાવ, તમારામાં અમુક અમુકના દુશ્મન રહેશે. એટલે ઈન્સાન સાપનો દુશ્મન અને સાપ ઈન્સાનનો દુશ્મન. ત્યારથી આપણી તથા સાપની દુશ્મની કાયમ છે. મુશ્રિકો સાપના ફોટાને તો પૂજે છે પણ અસલી સાપથી નાસે છે, તેને મારવાની કોશિશ કરે છે. *(અઝ : મિર્કાત)*

૨. એનો મતલબ પણ એ જ છે કે જે નાગણના બદલાના ડરથી સાપને ન મારે તે મારી સુન્નત મારા તરીકાથી અલગ છે.

★ દરેક પ્રકારના સાપોને મારી નાખો ★

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે, રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સર્વ સાપોને મારી નાખો. જે એના બદલાથી ડરે તે અમારામાંથી નથી[૧]. (અબૂ દાઊદ, નિસાઈ)

★ હદીષ : (૩૭)-૪૧૪૦ ★

وَعَنِ ابْنِ مَسْعُودٍ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «اقْتُلُوا الْحَيَّاتِ كُلَّهُنَّ فَمَنْ خَافَ ثَأْرَهُنَّ فَلَيْسَ مِنِّي» . رَوَاهُ أَبُو دَاوُدَ وَالنَّسَائِيُّ

૧. શક્ય છે કે આ આમ હુકમમાં મદીના મુનવ્વરાના સાપ પણ દાખલ છે અને આ હદીષ અગાઉ વર્ણવેલી મોહલતવાળી હદીષની નાસિખ (તેને મન્સૂખ કરનારી) હોય.

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ અમે ચાહે ઝમઝમ (ઝમઝમના કૂવાને) સાફ કરવા ચાહીયે છીએ અમે એમાં આ જિન્નાત એટલે પાતળા નાના સાપ છે[૧] તો હુઝૂર ﷺ એ તેમને મારી દેવાનો હુકમ આપ્યો[૨]. (અબૂ દાઊદ)

★ હદીષ : (૩૮)-૪૧૪૧ ★

وَعَنِ العَبَّاسِ رَضِيَ اللَّهُ عَنْهُ قَالَ: يَا رَسُولَ اللَّهِ إِنَّا نُرِيدُ أَنْ نَكْنُسَ زَمْزَمَ وَإِنَّ فِيهَا مِنْ هَذِهِ الْجِنَّانِ يَعْنِي الْحَيَّاتِ الصِّغَارِ فَأَمَرَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ بِقَتْلِهِنَّ. رَوَاهُ أَبُو دَاوُد

૧. جنان જીમના ઝેર, નૂનના તશ્દીદથી. બહુવચન جَانّ. અર્થ પાતળો સાપ. રબ તઆલા ફર્માવે છે : كَأَنَّهَا جَآنٌّ (જાણે સાપ છે પીઠ ફેરવીને ચાલ્યો. –સૂરએ નમ્લ, ૨૭/૧૦) મૂસા عليه السلام નો અસા પાતળા સાપની જેમ થઈ ગયો. એટલે કે ઝમઝમના કૂવામાં નાના સાપો ઘણા છે જેમને માર્યા વગર કૂવાની સફાઈ નથી થઈ શકતી. તો

હુઝૂરેવાલાનો આ સાપોના વિશે શો હુકમ છે ? ચાહે ઝમઝમમાં એક હબ્શી પડીને મરી ગયો હતો. હઝરત અબ્બાસ رضی اللہ عنہ ઝમઝમના વ્યવસ્થાપક હતા. તેમણે ચાહે ઝમઝમ પાક કરવા ચાહ્યો ત્યારે આ સવાલ કર્યો. તે એવું ચાહતા હતા કે હવે કૂવો પાક તો કરવાનો જ છે તો લાવો એની સફાઈ પણ કરી દઈએ. તેનું કીચડ વગેરે સૌ કાઢી નાખીએ. *(મિર્કાત)*

૨. એ સાપોના કત્લનો હુકમ ચાહે ઝમઝમ (ઝમઝમના કૂવા)ની સફાઈ માટે છે, જેથી આ હદીષ આવનારી હદીષની વિરુદ્ધ નથી.

હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું, સર્વ સાપોને મારી નાખો સિવાય પાતળા સફેદ સાપના જે ચાંદીની શાખ (ડાળી)ની જેમ હોય[૧]. (અબૂ દાઊદ)

★ હદીષ : (૩૯)-૪૧૪૨ ★

وَعَنِ ابْنِ مَسْعُودٍ رَضِيَ اللَّهُ عَنْهُ أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللهُ عَلَيْهِ وَسلم قَالَ: «اقْتُلُوا الْحَيَّاتِ كُلَّهَا إِلَّا الْجَانَّ الْأَبْيَضَ الَّذِي كَأَنَّهُ قضيب فضَّة» . رَوَاهُ أَبُو دَاوُد

૧. ક્યાં તો એટલા માટે કે એવા સાપ નુકસાનકર્તા નથી હોતા, તે કરડતા નથી. જો કરડી પણ લે તો તેમનામાં ઝહેર નથી, કોઈને નુકસાન નથી પહોંચતું. અથવા એટલા માટે કે મો'મિન જિન આ પ્રકારના સાપમાં ફેરવાય જાય છે, જેથી એમને ન મારો.

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે તમારામાંથી કોઈના વાસણમાં માખી પડી જાય તો તેને ડૂબકી મરાવી દો, કેમ કે તેની એક પાંખમાં બીમારી છે બીજીમાં શિફા[૧] છે અને તે પોતાની એ પાંખથી બચાવ કરે છે જેમાં બીમારી છે જેથી એને પૂરી ડૂબાડી દો[૨]. (અબૂ દાઊદ)

★ હદીષ : (૪૦)-૪૧૪૩ ★

وَعَنْ أَبِي هُرَيْرَةَ قَالَ: قَالَ رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: «إِذَا وَقَعَ الذُّبَابُ فِي إِنَاءِ أَحَدِكُمْ فَامْقُلُوهُ فَإِنَّ فِي أَحَدِ جَنَاحَيْهِ دَاءً وَفِي الْآخَرِ شِفَاءً فَإِنَّهُ يَتَّقِي بِجَنَاحِهِ الَّذِي فِيهِ الدَّاءُ فَلْيَغْمِسْهُ كُلَّهُ» . رَوَاهُ أَبُو دَاوُد

૧. આ હદીષ પહેલાં આવી ચૂકી છે. તેની શરહ પણ કરવામાં આવી શકે છે કે અલ્લાહ તઆલાએ ઘણી ચીજો બલ્કે ઘણા જાનવરોમાં બે વિરોધાભાસી ચીજો ભેગી કરી છે. ઉલમા ફર્માવે છે કે અનુભવ એ છે કે માખી શેરવા (રસા) વગેરેમાં પોતાની ડાબી પાંખ નાખે છે. જેનાથી જાણવા મળે છે કે તેની ડાબી પાંખમાં ઝહેર છે અને જમણીમાં શિફા છે. માખીની બનાવટમાં અમુક અજબની ચીજો છે : (૧) તેમાં ઝેહર તથા તિર્યાક (ઝેરનું મારણ) બંને ભેગાં છે. (૨) તે જાણે પહેચાને છે કે કઈ પાંખમાં ઝહેર છે અને કઈમાં તિર્યાક, એટલા માટે પ્રથમ ઝેરીલી પાંખ નાખે છે. (૩) સફેદ કપડા પર કાળુ પાખાનુ કરે છે, કાળા કપડા પર સફેદ. (૪) દૂધીના ઝાડ પર બહુ જ ઓછી બેસે છે, એટલા માટે યૂનુસ علیہ السلام ને માછલીના પેટથી બહાર આવવા પર દૂધીના ઝાડની નીચે રાખવામાં આવ્યા, જેવું કે કુર્આને મજીદમાં છે, જેથી આપ માખીઓથી મહેફૂઝ રહે. (૫) તે ગંદી તથા દુર્ગંધની જગામાં ખૂબ જ હોય છે, પણ હજ્જના જમાનામાં મિના શરીફમાં નથી હોતી, જ્યારે કે ત્યાં કુર્બાનીઓ, હાજીઓની નિષ્કાળજીઓના કારણે ગંદકી તથા દુર્ગંધ ખૂબ જ હોય છે. (૬) એટલી બહાદુર છે કે બાદશાહોના મોં તથા માથા પર નિઃસંકોચ બેસે છે. એનાથી ઘમંડીઓનો ઘમંડ તૂટે છે. એ જ જવાબ ઈમામ શાફઈએ મામૂન રશીદને આપ્યો હતો. જ્યારે તેણે પૂછયું હતું કે માખી કેમ પેદા કરવામાં આવી. (૭) તેની ઉમર ચાલીસ દિવસ હોય છે. (૮) મધની માખી સિવાય સર્વ

માખીઓ દોઝખમાં હશે, દોઝખીઓને અઝાબ આપવા માટે. (૯) હુઝૂર ﷺના જિસ્મે અત્હર (પવિત્ર શરીર મુબારક) અને આપના કપડાં પર કદી માખી ન બેઠી. (૧૦) એ હજમ નથી થતી. જો પેટમાં ચાલી જાય તો માણસને ઉલ્ટી થઈ જાય છે. *(મિર્કાત)*

૨. જાણવા મળ્યું કે માખી ડૂબીને મરી જવાથી પાણી કે શોરવો (રસો) દૂધ વગેરે ન તો નાપાક થાય છે ન હરામ થાય છે, બલ્કે તે પાક રહે છે, હલાલ રહે છે, કેમ કે માખીમાં લોહી નથી.

હઝરત અબૂ સઈદ ખુદરી رضی اللہ عنہ થી રિવાયત છે તે નબી ﷺ થી રાવી. ફર્માવે છે કે જ્યારે ખાવામાં માખી પડી જાય તો તેને ડૂબકી મરાવી દો. કે તેની એક પાંખમાં ઝહેર બીજીમાં શિફા છે. અને તે ઝેરીલી પાંખ આગળ નાખે છે શિફાવાળીને પાછળ રાખે છે[૧]. (શરહે સુન્નહ)

★ હદીષ : (૪૧)-૪૧૪૪ ★

وَعَنْ أَبِي سَعِيدٍ الْخُدْرِيِّ رَضِيَ اللَّهُ عَنْهُ عَنِ النَّبِيِّ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ قَالَ: «إِذَا وَقَعَ الذُّبَابُ فِي الطَّعَامِ فَامْقُلُوهُ فَإِنَّ فِي أَحَدِ جَنَاحَيْهِ سُمًّا وَفِي الْآخَرِ شِفَاءً وَإِنَّهُ يُقَدِّمُ السَّمَّ وَيُؤَخِّرُ الشِّفَاءَ» . رَوَاهُ فِي شرح السّنة

૧. અહીં મિર્કાતે ફર્માવ્યું કે માખી હરામ નથી, હા ! એનાથી તબીઅત ઘૃણા અનુભવે છે. અને એ નુકસાનકર્તા પણ છે, એના કારણે ખાવુ મના છે. અમુક બીમારીઓમાં માખીનુ પાખાનુ પતાશામાં રાખી દેવામાં આવે છે. ફકીરે પણ એ જોયું છે.

★ ચાર જાનવરોને મારવાની મનાઈ ★

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ચાર જાનવરોને કત્લથી મના કર્યુ[૧] કીડી, મધમાખી, હુદ હુદ અને મમૂલા[૨]. (અબૂ દાઉદ, દારમી)

★ હદીષ : (૪૨)-૪૧૪૫ ★

وَعَنِ ابْنِ عَبَّاسٍ قَالَ: نَهَى رَسُولُ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ عَنْ قَتْلِ أَرْبَعٍ مِنَ الدَّوَابِّ: النَّمْلَةِ وَالنَّحْلَةِ وَالْهُدْهُدُ وَالصُّرَدُ. رَوَاهُ أَبُو دَاوُدَ وَالدَّارِمِيُّ

૧. એને મારવાની મનાઈની હિકમતો આ જગાએ મિર્કાતે ઘણી વર્ણવી છે ત્યાં જોઈ લેશો. અમે પણ અમુક વર્ણવીએ છીએ.

૨. કેમ કે એ જાનવર હરામ પણ છે અને નુકસાન ન કરનારુ પણ છે. તેને મારી નાખવામાં કોઈ ફાયદો પણ નથી. અને ફાયદા વિના જાનવરને કત્લ કરવું મના છે. મધમાખી ઘણી મુબારક છે કે તેના મોંથી મધ તથા મીણ મળે છે, નુકસાનકર્તા નથી, તેનો ઉછેર કરવો જોઈએ. તેને મારવી મના છે. نملہ થી મુરાદ મોટી કીડી છે. જેના પગો મોટા મોટા હોય છે. તે તદ્દત નુકસાનકર્તા નથી હોતી. એ જ પ્રમાણે હુદહુદ હઝરત સુલૈમાન علیہ السلام નું ખાસ ખાદિમ છે. તેને ખાવું હરામ છે. ગોશ્ત દુર્ગંધમય પણ હોય છે. صرد અજબનું સર્જન પામેલુ પક્ષી છે. તેનું માથુ મોટુ હોય છે. ચકલીઓનો શિકાર કરે છે. તેની પાંખો મોટી હોય છે, અડધી સફેદ અડધી કાળી. અરવાસીઓ તેને મન્હૂસ જાણે છે. તેના અવાજથી આ ફાલ લે છે જેવી રીતે આપણા દેશના જાહિલો ઉલ્લુ (ઘુવડ)ને મન્હૂસ સમજે છે. નાની કીડીને ذر અને નાની કીડીને نمل કહે છે. અહીં મિર્કાતે હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત કરી કે હુદ હુદના માટે જમીન સાફ સ્વચ્છ કાચની જેમ છે. તે જમીનના તળમાં પાણી જોઈ લે છે. એટલા માટે હઝરત સુલૈમાન علیہ السلام એ એક સફરમાં હુદહુદને આ પ્રમાણે ફર્માવ્યું, مَالِيَ لَا أَرَى الْهُدْهُدَ (મને શું થયું કે હું હુદહુદને નથી જોતો. સૂરએ

નમ્લ, ૨૭/૨૦) કેમ કે આપને વુઝૂની જરૂરત હતી. હુદહુદ જમીનની નીચેનું પાણી બતાવતું. જિન્નાત કૂવો તૈયાર કરતા. આપ વુઝૂ કરતા. અહીં જ મિર્કાતે એ દા'વતનો ઉલ્લેખ કર્યો જે હુદહુદે હઝરત સુલૈમાન عليه السلامની કરી હતી અહીં મિર્કાતે જાનવરોના પ્રકારો, તેમના હુકમો ખૂબ જ ખુલાસા સાથે વિસ્તારપૂર્વક કેટલાય પેજોમાં વર્ણન કર્યા.

(વિભાગ : 3) الفصل الثالث

★ હદીષ : (૪૩)-૪૧૪૬ ★

عَنِ ابْنِ عَبَّاسٍ رَضِيَ اللَّهُ عَنْهُمَا قَالَ: كَانَ أَهْلُ الْجَاهِلِيَّةِ يَأْكُلُونَ أَشْيَاءَ وَيَتْرُكُونَ أَشْيَاءَ تَقَذُّرًا فَبَعَثَ اللَّهُ نَبِيَّهُ وَأَنْزَلَ كِتَابَهُ وَأَحَلَّ حَلَالَهُ وَحَرَّمَ حَرَامَهُ فَمَا أَحَلَّ فَهُوَ حَلَالٌ وَمَا حَرَّمَ فَهُوَ حَرَامٌ وَمَا سَكَتَ عَنْهُ فهوَ عفْوٌ وتَلا (قُلْ لَا أَجِدُ فِيمَا أُوحِيَ إِلَيَّ مُحَرَّمًا عَلَى طَاعِمٍ يَطْعَمُهُ إِلَّا أَنْ يَكُونَ مَيْتَةً أَو دَمًا)رَوَاهُ أَبُو دَاوُد

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે. ફર્માવે છે કે જાહિલિયતવાળા લોકો કેટલીક ચીજો ખાતા હતા અને કેટલીક ચીજોથી ઘૃણા કરતાં છોડી દેતા હતા[૧]. ત્યારે અલ્લાહે પોતાના નબીને મોકલ્યા અને પોતાની કિતાબ ઉતારી અને હલાલને હલાલ કર્યું અને હરામને હરામ ઠરાવ્યું[૨]. તો જે હલાલ કરી આપ્યું તે હલાલ છે અને હરામ કરી આપ્યું તે હરામ છે અને જેનાથી ખામોશી રાખી તે માફ છે[૩] અને આ આયત તિલાવત કરી : ફર્માવી દો, હું મારી વહીમાં કોઈ ચીજ કોઈ ખાનાર પર જેને તે ખાય લે હરામ નથી પામતો પણ એ કે હોય મુરદાર, પૂરી આયત[૪]. (અબૂ દાઉદ)

૧. એટલે કે એમને ત્યાં હરામ હલાલનો કોઈ કાયદો ન હતો, કેવળ પોતાની રાયથી અમુક ચીજોને હરામ સમજતા હતા અને અમુકને હલાલ. તદ્દન લાફ઼ાનૂની હતી કેમ કે ઈબ્રાહીમી તા'લીમ દુનિયાથી ગુમ થઈ ચૂકી હતી. આજે અહીંના મુશ્રિકોના દીનમાં કોઈ ફ઼ાનૂન નથી. અમુક હિંદુ દરેક જાનવરને હરામ સમજે છે અને અમુક કેવળ ગાયને. અમુક ગૃપો એમનામાંથી ગાય પણ ખાય લે છે. એ જ પ્રમાણે હરામ તથા હલાલ સ્ત્રીઓ માટે કોઈ ફ઼ાનૂન નથી. ખૂબ જ ઉમદા ફ઼ાનૂન તો ઈસ્લામના જ છે.

૨. એટલે કે જે ચીજો હલાલ હોવાને પાત્ર હતી તેમને હલાલ કરી અને જે ચીજો હરામ હોવાને પાત્ર હતી તેમને હરામ કરી. યહૂદી પર અમુક પાક ચીજો પણ હરામ કરી દેવામાં આવી હતી, જેમ કે હલાલ જાનવરોની અમુક ચરબીઓ, અને ઈસાઈઓ પર અમુક ગંદી ચીજો પણ હલાલ કરી દેવામાં આવી હતી, જેમ કે શરાબ. ઈસ્લામ પ્રાકૃતિક ધર્મ છે, એમાં બુરી ચીજોને હરામ કરવામાં આવી છે અને સારી ચીજોને હલાલ.

૩. ખુલાસો એ છે કે ચીજો ત્રણ પ્રકારની છે : તે જેમનું હલાલ હોવું કુર્આન તથા હદીષમાં સ્પષ્ટપણે વર્ણવેલ છે. બીજુ તે જેમનું હરામ હોવું કુર્આન તથા હદીષમાં સ્પષ્ટપણે વર્ણન પામેલ છે. ત્રીજુ તે જેનું વર્ણન ન કુર્આનમાં છે ન હદીષમાં. પ્રથમ પ્રકાર ક઼તઈ હલાલ છે. બીજો પ્રકાર ક઼તઈ હરામ છે. ત્રીજો પ્રકાર માફ છે એટલે કે એ પણ હલાલ છે. આ હદીષથી જાણવા મળ્યું કે સર્વ ચીજો અસલ ઈબાહત (મુબાહ હોવું) છે કે જેનાથી સુકૂત (મૌન) એટલે ખામોશી છે તે મુબાહ છે. આ ઈસ્લામનો કુલ્લિયા ફ઼ાનૂન છે જેનાથી લાખો ચીજોના હાલ માલૂમ થઈ શકે છે. કેરી, મોસંબી વગેરે શા માટે હલાલ છે ? એટલા માટે કે શરીઅતમાં એમની મનાઈ નથી. યાદ રાખશો વનસ્પતિઓનું ખાવા માનવ ખોરાક છે જેમ કે શાકભાજી, દાણા વગેરે. ક્યારેક નિર્જીવ ચીજો જેમ કે મોતી, અંબર, મુશ્ક વગેરે, પ્રાણીઓ પણ. વનસ્પતિ તથા પ્રાણીઓ માટે કાયદો છે કે જે શાકભાજીઓ અથવા દાણા તંદુરસ્તી માટે નુકસાનકારક હોય તે હરામ છે, જે નુકસાનકર્તા ન હોય તે હલાલ છે. જાનવરો અમુક હરામ છે અમુક હલાલ. કુર્આને કરીમે

બિલ્કુલ હરામ કેવળ એક જાનવરનો ઉલ્લેખ કર્યો એટલે કે સુવ્વરનો. તે પણ તેના ગોશતનો ઉલ્લેખ કર્યો. કૂતરો, બિલાડી, રીંછ, હાથી, ગધેડુ વગેરે હુઝૂર ﷺએ જ હરામ કર્યાં. સુવ્વરનો કેવળ ગોશત કુર્આને પાકે હરામ કર્યો બાકી તેની કલેજી, ગુર્દા, ચરબી હદીષે હરામ કર્યાં. વળી એ હરામ જાનવરોની હુર્મત હિજરત બાદ કુર્આને પાકમાં આવી. મદની સૂરતોમાં જ હરામ સ્ત્રીઓ, હરામ ખોરાકોનો ઉલ્લેખ છે, પણ હુઝૂરે અન્વર ﷺએ હિજરત પહેલાં જ એ સૌથી મુસલમાનોને મના કરી આપ્યું હતું. મુસલમાનોને કદી મા બહેનથી નિકાહ અને સુવ્વર, કૂતરુ, બિલાડી ખાવાની ઈજાઝત ન આપી. જાણવા મળ્યું કે હરામ તથા હલાલ કરનાર હુઝૂર નબી કરીમ ﷺ છે. એની ચર્ચા અમારી તફસીરે નઈમી, પારા–૮માં જુઓ.

૪. એટલે કે આ આયતે પણ એ જ બતાવ્યું કે જેની હુર્મત (હરામ હોવું) ન મળે તે હલાલ છે. અસલ ચીજોમાં અબાહત (મુબાહ હોવું) છે. એની તેહક़ીક અમારી કિતાબ જાઅલ હક્ક़, ભાગ–૧માં જુઓ (ગુજરાતીમાં દયાદરાથી મળે છે) અને રાહે જન્નતમાં જુઓ.

★ પાલતુ ગધેડો શરૂમાં હલાલ હતો, ખૈબરમાં હરામ થયો ★

ઝાહિર અસ્લમીથી[૧] રિવાયત છે. ફર્માવે છે કે હું ગધેડાઓના ગોશતો પર હાંડલીઓની નીચે આગ સળગાવી રહ્યો હતો. એવામાં હુઝૂરના કોઈ મુનાદી (એલાન કરનાર)એ અવાજ આપ્યો કે રસૂલુલ્લાહ ﷺએ ગધેડાઓના ગોશતથી તમને મના કર્યું છે[૨]. (બુખારી)

★ હદીષ : (૪૪)-૪૧૪૭ ★

وَعَن زاهرٍ الأسلميِّ قَالَ: إِنِّي لَأُوقِدُ تَحْتَ الْقُدُورِ بِلُحُومِ الْحُمُرِ إِذْ نَادَى مُنَادِي رَسُولِ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ: أَنَّ رَسُولَ اللَّهِ صَلَّى اللَّهُ عَلَيْهِ وَسَلَّمَ يَنْهَاكُمْ عَنْ لُحُومِ الْحُمُرِ. رَوَاهُ الْبُخَارِيّ

૧. આપ ઝાહિર ઈબ્ને અસ્વદ છે. અસ્લમી છે. બયઅતુર્રિદવાનમાં હાજર થયા. કૂફામાં વસવાટ રહ્યો. (મિર્ક़ાત) સહાબી છે.

૨. જાણવા મળ્યું કે પાલતુ ગધેડો શરૂ ઈસ્લામમાં હલાલ હતો. ખૈબરના દિવસે હરામ થયો અને ક़યામતના દિવસ સુધીના માટે હરામ થઈ ગયો. ગધેડો, ખચ્ચર, ઘોડો હરામ છે.

હઝરત અબૂ ષઅલ્બા ખુશનીથી રિવાયત છે તે તેને મરફૂઅ કરે છે કે જિન્ન ત્રણ પ્રકારના છે : એક પ્રકાર તે જેમને પાંખો છે, તેઓ હવામાં ઉડે છે. એક પ્રકાર સાપ અને કૂતરા છે. એક પ્રકાર છે જે રોકાણ પણ કરે છે અને સફર પણ કરે છે[૧]. (શરહે સુન્નહ)

★ હદીષ : (૪૫)-૪૧૪૮ ★

وَعَن أَبِي ثعلبةَ الخُشَنِيِّ يَرْفَعُهُ: «الْجِنُّ ثَلَاثَةُ أَصْنَافٍ صِنْفٌ لَهُمْ أَجْنِحَةٌ يَطِيرُونَ فِي الْهَوَاءِ وَصِنْفٌ حَيَّاتٌ وَكِلَابٌ وَصِنْفٌ يُحلُّونَ ويظعنونَ» . رَوَاهُ فِي شرح السنَّة

૧. જે લોકો જિન્નાતના આમિલ છે તેમણે જિન્નાતના આ ત્રણેવ પ્રકારનો અનુભવ કરેલો છે. મદીના મુનવ્વરામાં મોટાભાગે કૂતરાં અજીબ હરકતો કરતા જોવા મળે છે, જેનાથી જાણવા મળે છે એ જિન્નાત છે. માણસો પણ ત્રણ પ્રકારના છે : અમુક જાનવરોની જેમ છે બેસમજ, અમુક શૈતાનોની જેમ ગુમરાહ છે, અને અમુક ફરિશ્તાઓથી પણ ઉચ્ચ છે. *(મિર્ક़ાત)*

(અલ્હમ્દુલિલ્લાહ ! ભાગ–૫નો અનુવાદ સંપૂર્ણ થયો. મંગળવાર, તા. ૩૦–૪–૨૦૨૪, રાતના ૮–૪૫, ૨૦–શવ્વાલ, હિ.સ. ૧૪૪૫)